Acknowledgable, *a.* (ઍક્નૉલેજેબલ્) Recognisable; admitable. માન્ય રખાય તેવું-કબુલ કરાય-સ્વીકારાય તેવું; ઉપકાર માનવા જોગ.

Acknowledgment, *n.* (ઍક્નૉલેજમેન્ટ્) Confession; avowal; recognition. અંગીકાર કદર; પ્હોંચ, ઉપકાર; ઓળખાણ; પ્રત્યુપકાર.

Acme, *n.* (ઍક્મી) Highest point; crisis; zenith ટોચ; શિખર; ઉચ્ચકોટિ; પરાકાષ્ઠા; કટાકટી;

Acolyte, *n.* (ઍકોલાઈટ્) An assistant; attendant. મદદનીસ; પરિચારક; હજુરીયો. [Gr. *akolouthos*, an attendant.]

Aconite, *n.* (ઍકોનાઈટ્) A poisonous plant called wolf's bane. વચ્છનાગ નામનો ઝેરી છોડ.

Acorn, *n.* (ઍકૉર્ન્) The seed or fruit of the oak. ઓક નામના ઝાડનું ફળ અથવા બીજ; બલુત.

Acoustic, *a.* (ઍકુસ્ટીક-ઍકૌસ્ટીક) Pertaining to the sense of hearing or to the theory of sound. કાન; શ્રવણ અથવા અવાજ સંબંધીનું. *n. pl.* the science of sounds. ધ્વનિશાસ્ત્ર; શ્રવણવિદ્યા

Acquaint, *vt.* (ઍક્વેઇન્ટ્) To make familiar with. વાકેફ થવું અથવા કરવું; જણાવવું; ખબર આપવી; ઓળખાણ અથવા માહીતી આપવી-મેળવવી. [L. *ad*, & *cognitus*. Known.]

Acquaintance, *n.* (ઍક્વેઇન્ટન્સ્) Familiarity. પરિચિત; માહીતગાર; ઓળખીતો; પરિચિત માણસ. **Acquanited**=પરિચિત; ઓળખીતું.

Acquiesce, *vi.* (ઍક્વીએસ્) To rest satisfied; to assent. રાજી રહેવું; માન્ય રાખવું; કબુલ કરવું; સંતોષ પામવો; ખુશ રહેવું-થવું. [L. *ad.* & *quies*, rest.]

Acquiescence *n.* (ઍક્વીઍસન્સ્) Assent; submission. કબુલાત; અધીનતા; સંમતિ; સંતોષ; માન્ય રાખવું તે; ખુશી.

Acqiescent, *a.* (ઍક્વીએસન્ટ્) Disposed to assent or submit. વાંધો ઉઠાવે નહી તેવું; હાજીહા ભણે તેવો.

Acquire, *vt.* (ઍક્વાઈઅર્) To obtain; to attain to. મેળવવું, પ્રાપ્ત કરવું; સંપાદન કરવું; કમાવવું. [L. *ad.* & *quaerere*, to seek.]

Acquirement, *n* (ઍક્વાએરમેન્ટ્) Something gained by effort or labour. સંપાદન કરેલી વસ્તુ.

Acquisition, *n.* (ઍક્વિઝિશન્) The act of acquiring or the thing acquired. પ્રાપ્તિ; પ્રાપ્ત કરેલી વસ્તુ; લાભ; ગુણ; જ્ઞાન.

Acquisitive, *a.* (ઍક્વિઝિટિવ્) Desirous of gain. લાભની ઇચ્છાવાળું; પ્રાપ્ત કરવા માટે આતુર.

Acquisitiveness, *n.* (ઍક્વિઝિટિવનેસ્) Greed; desire for gain. લોભ, અભિલાષા.

Acquit, *vt.* (ઍક્વિટ્) To release; to settle; to behave. છુટું કરવું; નિર્દોષ ઠેરવવું; મુક્ત કરવું; ચુકાવી દેવું; વર્તન ચલાવવું; પોતાની ફરજ અદા કરવી. [L. *ad.* *quietere*, to give rest].

Acquittal, *n.* (ઍક્વિટલ્) Discharge from an accusation. નિરપરાધી ઠરવું તે; છુટકારો; મુક્તિ; મોચન.

Acquittance *n.* (ઍક્વિટન્સ્) Discharge from debt: receipt to testify to this discharge. કર્જમાંથી ફારગતી; તેની પ્હોંચ.

Acre, *n.* (એકર્) A measure of land; equal to 4840 sq. yds. ૪૮૪૦ ચોરસ વારનું-આસરે પોણાબે વિઘાનું-માપ. [L. *ager*, sand, *ajras*, a plain].

Acreage, *n.* (એયકરેજ્) The total number of acres. કુલ એકર. **Acred**=Possessing acres or land. જમીનદાર.

Acrid, *a.* (ઍક્રિડ્) Sharp; bitter; pungent. તીક્ષ્ણ; કડવું; તમતમું; તીખું; ધમધમાટ; સખત. [L. *acris*, sharp].

Acrimony, **acritude**, *n.* (ઍક્રીમની-ઍક્રીટ્યુડ્) Bitterness of feeling or language. કડુતા; તીખાશ, ચળકાટ; ઉગ્રતા.

Acrimonious, *a.* (ઍક્રીમોનીએસ્) Sharp; bitter. કડુ; તીક્ષ્ણ; ઉગ્ર.

Acrobat, *n.* (ઍક્રોબૅટ્) A rope-dancer. દોરડાપર નાચી જાણનાર; ખેલાડી; નટ.

Acropolis, *n.* (ઍક્રોપોલીસ્) Citadel; fort. ગઢ; કિલ્લો; શહેરનો ઉંચો ભાગ. [Gr. *aeris*, the highest & *polis*, a city].

Across, *prep* or *adv.* (ઍક્રૉસ્) From side to side. આડું; આરપાર; ત્રાંસી રીતે; ઉપર થઈને.

Acrostic, *n.* (ઍક્રૉસ્ટીક્) A poem in which the first or the last letters of each line, taken in order, make up a word or a phrase. પ્રથમાક્ષરબંધ; અંત્યાક્ષરબંધ; આદ્યાંતાક્ષરાપિકા. [Greek, *akros*, extreme, *stichos*, a line].

Act, *vi.* (ઍક્ટ્) To do; to perform an action; to behave; to exert; to feign. કરવું; ચાલવું; વર્તવું; અસર ચલાવવી–થવી; ઢોંગ કરવો. *vt.* to play the part of. પાઠ–પાર્ટ ભજવવો; બજાવવુ. (2) To perform. કરવું; બજાવવું. *n.* Division of a play; deed; performance; a thing done once for all; laws; edict; doing. નાટકનો અંક; કર્મ; ક્રિયા; આચરણ; કૃત્ય; કાયદો; ઠરાવ; કરવાને તૈયારી. [L. *agere*; to put in motin, Sans. *aja*, to drive].

Acting, *n.* (ઍકટિંગ્) Action; performing a part; doing duty for another. કર્મ, પાઠ ભજવવો તે; કામ ચલાવું; હંગામી; બદલે કામ કરતો.

Action, *n.* (ઍકશન્) Deed; a suit; effect; gesture; battle. કર્મ; દાવો; કોરટકામ; અસર; પ્રવૃત્તિ; ગતિ; હીલચાલ; ચાળા; લટકા; અભિનય; જંગ; લડાઈ.

Actionable=Liable to a law-suit; Capable of being sued જેના ઉપર ફરીયાદ થઇ શકે તેવું.

Active, *a.* (ઍકિટવ્) Busy; nimble; effective; practical. ચાલાક; ચપળ; અસરકારક; વ્યવહાર-ઉપયોગી; ક્રિયાવાળું. (2) Denoting action. કર્મદર્શક; સકર્મક **Actively,** *adv.* (ઍકિટવલી)= ચાલાકીથી; અસરકારક રીતે; ધમધોકાર.

Activity, *n.* (ઍકિટવિટી) Nimbleness; the state of being always busy or active. ચાલાકી; ઝડપ; તેજી; ઉદ્યોગ; પ્રવૃત્તિ; કાર્યપરતા–also Activeness.

Actor, *n.* (ઍક્ટર્) Player; doer. પાઠ ભજવનાર; નાટકીયો; કામ કરનાર; કર્તા. 2. A plaintiff. ફરીયાદી. 3. An advocate. વકીલ; પક્ષ ખેંચીને બોલનાર.

Actress (feminine of actor)=પાઠ ભજવનાર–નાટકમાં કામ કરનાર સ્ત્રી.

Actual, *a.* (ઍકચ્યુઅલ્) Real; existing; present. ખરેખરૂં; વાસ્તવિક; હસ્તી ધરાવતું; સત્ય; વર્તમાન; હાલનું.

Actualize, *vt.* (ઍકચ્યુઍલાઈઝ) To put in practice or show in action. ખરેખરૂં કરી બતાવવું.

Actually, *adv.* (ઍકચ્યુઅલી) Really; positively. ખરેખરી રીતે; કર્મ કરીને; યથાર્થ રીતે.

Actuary, *n.* (ઍકચ્યુઅરી) A fire-insurance Statistics expert. વિમાનો હીસાબ ગણનાર.

Actuate, *vt.* (ઍકટ્યુએટ્) To influence or to move into action. પ્રેરણા કરવી; ચલાવવું; ગતિમાં પ્રવર્તાવવું; ઉશ્કેરવું. [L. *actus*, an action].

Acumen, *n.* (ઍક્યુમેન્) Sharpness. તીવ્ર બુદ્ધિ; બુદ્ધિની તીક્ષ્ણતા.

Acute, *a.* (ઍક્યુટ) Sharp; Shrill. તીક્ષ્ણ; તીણો. 2. Less than a right angle. કાટખુણાથી ન્હાનો–સાંકડો (ખુણો). 3. Shrewd. તીવ્ર બુદ્ધિવાળું; ઉંડી નજરનું; બુદ્ધિશાલી. 4. Severe. સખ્ત. [L. *acuo*, I sharpen].–*n.* **Acuteness** તીક્ષ્ણતા; તીવ્રતા; સખ્તાઈ.

Acuteness, *n.* (ઍક્યુટનેસ્) The state of being acute. તીક્ષ્ણતા; તીવ્રતા; સખ્તાઈ.

Adage, *n.* (ઍડેઈજ્) An old saying; a proverb. કહેણી; કહેવત. [L. *ad*, *aio*, I say].

Adam, *n.* (ઍડમ્) The first man; a jailer. ખ્રિસ્તિ મત પ્રમાણે સૌથી પહેલાં પેદા થયેલ પુરૂષ; જેલર.

Adamant, *n* (ઍડમૅન્ટ્) A very hard stone; the diamond; anything very hard. વજ્ર; હીરો; ઘણોજ કઠણ પથરો; પદાર્થ. 2. A loadstone; A magnet. લોહચુંબક. [Gr. *a. damaeian*, to break].

Adamantine, *adj.* (ઍડમૅન્ટાઇન્) Like adamant; unbreakable. વજ્ર જેવું; ન ભાંગી શકાય તેવું; કઠણ.

Adapt, *vt.* (ઍડૅપ્ટ્) To make suitable to; to fit. લાયક અથવા બંધબેસતું કરવું. [L. *ad*, *aptāre*, to fit]. [કરાય તેવું.

Adaptable, *adj.* (ઍડૅપ્ટબલ્) બંધબેસતું

Adaptation, *n.* (ઍડૅપ્ટેશન્) બંધબેસતું કરવું તે; રૂપાન્તર. [દેવું; ઉમેરવું.

Add, *vt.* (ઍડ્) To join to; to sum up. જોડી

Addendum, *n.* (ઍડેન્ડમ્) ઉમેરો; પૂરવણી; ધન.

Adder, *n.* (ઍડર્) The viper. એક જાતનો ઝેરી નાગ.

Addition, *n.* (ઍડિશન્) સરવાળાની વિધિ; ઉમેરો.

Additional, *adj.* (ઍડિશનલ્) ઉમેરેલું; વધારાનું.

Addict, *vt.* (ઍડિક્ટ) To give one's self up to. વ્યસન કરવું; પાછળ મંડવું. [L. *ad*, *dicĕre*. to declare]. [પાછળ મંડેલો.

Addicted, *adj.* (ઍડિકટેડ) વ્યસનમાં પડેલો;

Addiction, *n.* (ઍડિકશન્) a bad habit; devotion. વ્યસન; આસક્તિ; ચાહના.

Addle, *adj.* (ઍડલ્) Diseased; barren; corrupt. દર્દી; ખાલી; સડેલું. [A. S. *adila*, mud].

Addled, *same as Addle.* [વિચારશૂન્ય.

Addle-headed, *adj.* (ઍડલ-હેડેડ) મૂર્ખ;

Address, *vt.* (ઍડ્રેસ) To direct, speak or write to. શિરનામું કરવું; ઉદ્દેશીને બોલવું અથવા લખવું. 2. To court. લગ્નનું માગું કરવું. 3. To arrange. ક્રમવાર ગોઠવવું. 4. To devote. લાગી પડવું; પાછળ મંડવું.

Address, *n.* (ઍડ્રેસ) શિરનામું; લખાણ અથવા ભાષણ; માગું; ગોઠવણી; સંરાગ. 2. Style of speech; manners. વાત કરવાની રીતિ; રીતભાત. [L. *ad*, *directum*, straight].

Adduce, *vt.* (ઍડ્યૂસ) To cite or quote; to bring forward. અવતરણ–દાખલો–ટાંકવો; બતલાવવું; હાજર કરવું. [L. *ad*, *ducĕre*, to bring].

Adducible, *adj.* બતલાવાય તેવું; હાજર કરી શકાય તેવું.

Adduction, *n.* (ઍ'ડક્શન) The act of bringing forward. ટાંકવા-બતલાવવા-ની વિધિ; શરીરનો અવયવ બહાર ખેંચવાની ક્રિયા. **Adductive,** *adj.* આગળ લાવી બતાવે તેવું.

Adept, *n.* or *adj.* (ઍ'ડેપ્ટ; ઍડે'પ્ટ) An expert; proficient. પ્રવીણ પુરૂષ; પ્રવીણ. [L. *adipisci*, to attain].

Adequate, *adj.* (ઍ'ડિકવેટ) Sufficient, equal to પૂરતું; ની બરોબર. [L. *ad. aequus*, equal].

Adequacy, *n.* (ઍ'ડિક્વસી) Sufficiency. પૂરતાપણું.

Adequatness, *n.* (ઍ'ડિક્વેટનેસ) પૂરતાપણું.

Adequately, *adv.* પૂરતી રીતે; બરોબર

Adhere, *vi.* (ઍડહી'અર) To stick to; to remain attached to. ચોટવું; વળગી રહેવું [L. *ad*, *haerēre*, to stick].

Adherence, *n.* (ઍડહી'અરન્સ) Sticking to; attachment. વળગી રહેવું તે.

Adherent, *adj.* (ઍડહી'અરન્ટ) વળગી રહેલું.–*n.* Follower. અનુયાયી; એકજ પક્ષનો; વળગી રહેનાર.

Adhesion, *n.* (ઍડહી'ઝશન) વળગી રહેવું તે; સજ્જડ ચોટી રહેવું તે.

Adhesive, *adj.* (ઍડહી'સિવ) વળગી–ચોટી–[રહે તેવું.

Adhesively, *adv.* (ઍડહી'સિવલી) ચોટક રીતે.

Adhesiveness, *n.* (ઍડહી'સિવનેસ) ચોટી રહેવાનો સ્વભાવ.

Adieu, *adv.* (ઍ ડ્યૂ) Farewell. રામ રામ; ઈશ્વર તમારૂં ભલું કરો. [Fr. *à*, to, *Dieu*, God].

Adipose, *adj.* (ઍ'ડિપોઝ) Fatty. ચરબીવાળું; પુષ્ટ. [L. *adeps*, soft fat].

Adjacent, *adj.* (ઍડજે'સન્ટ) Neighbouring; near to. પાસેનું; પડખેનું [L. *ad jacere*, to lie].

Adjacency, *n.* (ઍડજે'સન્સી) પાસે હોવું તે.

Adjacently, *adv.* પડખે રહીને; પાસે.

Adjective, *n.* (ઍ'ડજેક્ટિવ) A qualifying word. વિશેષણ.

Adjectival, *adj.* (ઍડજેક્ટા'ઈવલ) વિશેષણને લગતું; વિશેષક; ગુણદર્શક. [L. *ad.jacere*, to throw].

Adjoin, (ઍડજૉ'ઇન) To lie next or close to. નજીક હોવું. [L. *ad. jungo*, I join].

Adjoining, *adj.* (ઍડજૉ'ઇનિંગ) Adjacent. નજીકનું; પડખેનું; જોડાએલું.

Adjourn, *vt.* (ઍડજ'ર્ન) To put off to another day; to postpone મોકુફ રાખવું; થોડા વખત સુધી પડતું મેલવું [L. *ad*, *diurnus*, daily].

Adjournment, *n.* (ઍડજ'ર્નમેન્ટ) મોકુફી; તહકુબી; કામ બંધ રહેવાનો વખત.

Adjudge, *vt.* (ઍડજ'જ) To decide; to assign; to sentence. નિકાલ કરવો; ઠરાવ કરી આપવો; શિક્ષા કરવી. [L. *ad*, *judico*, I judge].

Adjudgment, *n.* (ઍડજ'જમેન્ટ) ઠરાવ; ચુકાદો; શિક્ષા.

Adjudicate, *vt.* (ઍડજ્યૂ'ડિકેટ) To decide legally. ન્યાય અથવા કાયદાની રૂએ ચુકાદો કરવો. *vi.* ચુકાદો આપવો.

Adjudication, *n.* (ઍડજ્યુડિકે'શન્) દેવાદારને દિવાળીઓ ઠરાવીને તેની મિલ્કત ટ્રસ્ટીને સોંપવી તે; ઠરાવ.

Adjunct, *adj.* (ઍ'ડજન્કટ) Joined or added to. – જોડેલું અથવા ઉમેરેલું; વિશેષણ. — *n.* The thing joined or added to another. જોડેલો શબ્દ અથવા વસ્તુ અથવા ગુણ.

Adjunction, *n.* (ઍડજ'ન્કશન) જોડવાની ક્રિયા.

Adjunctive, *adj.* (ઍડજ'ન્કિટવ) જોડનારૂં.

Adjuration, *n.* (ઍડજ્યુરેશન) Charge on oath. શપથ; સમ અથવા સોગંદ ખાઇને કહેવરાવવું તે.

Adjuratory, *adj.* (ઍડજ્યૂ'રેટરી) ગંભીર ભલામણ કરતું; સોગંદપૂર્વક કહેવરાવતું.

Adjure, *vt.* (ઍડજ્યૂ'ર) To charge an oath; to cause to swear. ગંભીરતાથી ભલામણ કરવી; સોગંદ લેવરાવવા. [L. *ad*, *jurāre*, to swear].

Adjust, *vt.* (ઍડજ'સ્ટ) To settle; to fit. ગોઠવવું; નિકાલ કરવો; બંધ બેસતું કરી દેવું. [L. *ad*, *juxta*, near].

Adjustable, *adj.* (ઍડજ'સ્ટબલ) બંધ બેસતું કરી શકાય તેવું.

Adjustment, *n.* નિકાલ; બંધબેસતું કરવું તે.

Adjutant, *n.* (ઍ'ડજ્યૂટન્ટ) A military assistant, not above the rank of major. લશ્કરી કારભારી; આડજ્યુટંટ.—2. A species of stork. સારસ પક્ષી. [L. *ad*, *juvāre*, to assist].

Adjutancy, *n.* (ઍ'ડજ્યૂટન્સી) The office of an adjutant. આડજ્યુટંટની પદ્દી.

Administer, *vt.* or *vi.* (ઍડમિ'નિસ્ટર) To act as a minister; to manage; to give out or distribute. પ્રધાનપદું કરવું; વ્યવસ્થા રાખવી; આપવું કે વહેંચવું. [L. *ad*, *ministro*, I serve].

Administration, *n.* (ઍડમિનિસ્ટ્રે'શન) Management; giving out. કારભાર; વહીવટ; આપવું તે.

Administrative, *adj.* (ઍડમિ'નિસ્ટ્રેટિવ) [કારભાર ને લગતું; વહીવટી.

Administrator, *n.* (ઍડમિનિસ્ટ્રે'ટર) કારભારી, વહીવટ કરનાર; આપનાર.

Admiral, *n.* (ઍ'ડ્મિરલ) The commander of a fleet, the admiral's ship. નૌકાસૈન્યાધિપતિ; દરિયાઈ સેનાપતિ; એવા સેનાપતિનું વહાણ. [Arab. *ameer*, a lord]

Admiralty, *n.* (ઍ'ડ્મિરૅલ્ટી) The office, court or department of an admiral. દરિયાઈ સેનાપતિનો હોદ્દો, કોર્ટ, કચેરી અથવા ખાતું; નૌકાખાતું.

Admire, *vt.* (ઍડ્માʼયર) To respect with wonder and delight; to have great affection for. માન અથવા પ્રીતિની નજરે જોવું; વખાણ કરવાં; શોખ હોવો. [L. *ad, mirāri,*to wonder].

Admirable, *adj.* (ઍʼડ્મિરબલ) અચરતી ઉપજાવે તેવું; વખાણવા લાયક.

Admiration, *n.* (ઍડમિરેʼશન) આશ્ચર્ય; માન; ચાહના.

Admirer, *n.* (ઍડમાʼયરર) ચાહનાર;ચકિત થનાર.

Admit, *vt.* (ઍડમિʼટ્) To let in; to own the truth of. અંદર આવવા દેવું; સ્વીકારવું, કબૂલ કરવું.

Admissible, *adj.* (ઍડમિʼસિબલ) માન્ય કરવા જોગ; કબૂલ કરવા લાયક. [L. *ad, mittĕre,* to send]

Admission } *ns.* પ્રવેશ, દાખલ થવાનો હક્ક
Admittance } અથવા રજા. Right to enter.

Admixture, *n.* (ઍડમિʼક્સ્ટ્યુર).Something added as a mixture. ભેગ; મેળવણી. [L. *ad, mixtūra,* mixture].

Admonish, *vt.* (ઍડમૉʼનિશ). To warn; to reprove calmly. ચેતવણી આપવી; ઠપકા રૂપે સલાહ આપવી. [L. *admonēre,* to warn].

Admonitory *n.* (ઍડમૉʼનિટરી) ચેતવનાર; બોધદાયક; શીખામણનું.

Admonition *n.* (ઍડમૉʼનિશન) One who warns or advises. ચેતવણી–સલાહ–દેનાર.

Ado, *n.* (ઍડૂʼ) Bustle; trouble. ઘોંઘાટ; ડખો; મહેનત.

Adolescence, *n.* (ઍડોલેʼસન્સ) The period of youth. જુવાની; તરૂણાવસ્થા. [L. *ad, olescĕre,* to grow].

Adolescent, *adj.* (ઍડોલેʼસન્ટ) Youthful. ઉગતી વયનું; જુવાન

Adopt, *vt.* (ઍડૉʼપ્ટ) To take up; to take another's child as one's own. લેવું; ગ્રહણ કરવું; દત્તક કરી લેવું.

Adoption, *n.* (ઍડૉʼપ્શન) સ્વીકાર; ગ્રહણ કરવું તે; દત્તક લેવું, દેવું તે. [L. *ad, optāre,* to choose].

Adoptive,*adj.*(ઍડૉʼપ્ટિવ)દત્તકલેનાર;દત્તકલીધેલું.

Adore, *vt.* (ઍડોʼર) To worship; to admire highly. આરાધન કરવું; ભક્તિ કરવી; અતિશય ચાહના રાખવી. [L. *ad, orāre,* to pray].

Adorable, *adj.* (ઍડોરʼબલ) Fit to be worshipped or loved. પૂજવા લાયક; પ્રીતિને લાયક; ચાહવા જેવું.

Adoration, *n.* (ઍડોરેʼશન) ભક્તિ;પ્રીતિ;ચાહના.

Adorer, *n.* (ઍડોʼરર) ભક્ત; ચાહનાર.

Adorn, *vt.* (ઍડૉર્ન) To beautify with dress or ornaments; to embellish. શણગારવું; અલંકારથી સજવું; સુશોભિત બનાવવું. [L.*ad, ornāre,* to furnish.]

Adornment, *n.* (ઍડૉʼર્નમેન્ટ) શણગાર.

Adown, *adv.* or *prep.* (ઍડાʼઉન) Down. નીચે.

Adrift, *adj.* or *adv.* (ઍડ્રિʼફ્ટ) Floating as driven; moving at random. ઘસડાતું; તણાતું.

Adroit, *adj.* (ઍડ્રૉʼઈટ) Dexterous; skilful. ચાલાક, ચતુર.

Adroitly, *adv.* ચાલાકીથી.

Adroitness, *n.* ચાલાકી; ચપળતા.

Adulate, *vt.* (ઍʼડ્યુલેટ) To flatter servilely. અતિશય ખુશામત કરવી. [L. *adulari,* to fawn upon].

Adulation, *n.* (ઍડ્યુʼલેશન) Servile flattery. નીચ ખુશામત. [હલકી ખુશામતવાળું; માખણીયું.

Adulatory, *adj.* (ઍʼડ્યુલેટરી) Flattering.

Adult, *n.* (ઍડʼલ્ટ) A grown up person. આધેડ માણસ; પુખ્ત ઉમ્મરનું માણસ.–*adj.* Grown up. પુખ્ત. [L. *ad, olescĕre,* to grow].

Adulterate, *vt.* (ઍડʼલ્ટરેટ) To debase the quality of a thing by mixing another with it. ભેગ કરી બગાડવું; ભેગ કરવો.–*adj.* Debased by adultery. સેળભેળથી બગડેલું; દૂષિત થયેલું.

Adulterant, *n.* (ઍડʼલ્ટરન્ટ) ભેગ કરનાર.

Adulterated, *adj.* (ઍડʼલ્ટરેટેડ) ભેગવાળું; ભેગું કરેલું.

Adulteration, *n.* (ઍડલ્ટરેʼશન) ભેગ કરવો તે.

Adulterer, *n.* (ઍડʼલ્ટરર) One who has intercourse with another's wife. વ્યભિચારી માણસ; છિનાળવો.

Adulteress,*n.*(ઍડʼલ્ટરેસ)છિનાળ;વ્યભિચારિણી.

Adulterine, *adj.* (ઍડʼલ્ટરિન) Spurious. છિનાળવું જણેલું.–*n.* The offspring of adultery. છિનાળનું જણેલું છોકરૂં.

Adultery,*n* (ઍડʼલ્ટરી)વ્યભિચાર;છિનાળું;જારકર્મ.

Adumbrate, *vt.* (ઍડʼમ્બ્રેટ; ઍʼડમ્બ્રેટ) To show faintly or imperfectly. આભાસ દેખાડવો; ખ્યાલ આપવો.

Adumbration, *n.* (ઍડમ્બ્રેʼશન) આભાસ; છાંય; પ્રતિમા. [L. *ad, umbra,* a shadow].

Adust, *adj.* (ઍડʼસ્ટ) Burnt up; browned with the sun. બળી ગયેલું; સુકાઈ ગયેલું.

Advance, *vt.* (ઍડ્વૅʼન્સ) To put forward; to promote; to pay beforehand. આગળ લાવવું; ચઢાવવું; ઉત્તેજન આપવું; આગળથી ભરી દેવું.–*vi.* આગળ ચાલવું; પ્રગતિ કરવી; ચ્હડવું.

Advance, *n.* (ઍડ્વૅʼન્સ) પ્રગતિ; અગાઉથી નાણું આપવાં–ધીરવાં તે. [L. *ad, ante,* before].

Advancement, *n.* પ્રગતિ;આગળથી ભરી દેવું તે.

Advantage, *n.* (ઍડ્વૅʼન્ટેજ) Gain; superiority; opportunity. લાભ; ફાયદો; ચઢીયાતાપણું; તક.–*vt.* To profit. લાભ લેવો.

Advantageous, *adj.* (ઍડ્વૅન્ટે'જીઅસ) Useful. લાભદાયી; હિતકારી. [Fr. *avant*, before].

Advent, *n.* (ઍ'ડ્વેન્ટ) Coming or arrival. આગમન; બેસવું અથવા શરૂ થવું તે. *The* advent= ઈશુનો અવતાર-નું આગમન. [L. *ad. venire*, to come].

Adventitious, *adj.* (ઍડ્વેન્ટિ'શસ) Accidently; casual. બીનઆવશ્યક; બાહ્ય; બહારથી ચોંટેલું.

Adventure, *n.* (ઍડ્વે'ન્ચ્યર) Accident; risk; chance; the spirit of enterprise. દૈવજોગ; જોખમભરેલું કામ; સાહસ; અણધારેલો બનાવ.

Adventure, *vi.*-To attempt; to dare. સાહસ ખેડવું.-*vt.*-જોખમ વ્હોરી લેવું; સટ્ટો કરવો.

Adventurer, *n.* (ઍડ્વે'ન્ચ્યરર) સાહસી; નશીબ અજમાવનાર; સટ્ટોડિયો. [L. *ad, venire*, to come].

Adventurous, } *adj.* (ઍડ્વે'ન્ચ્યરસ) }
Adventuresome, } *adj.* (ઍડ્વે'ન્ચ્યરસમ) } સાહસિક; ભયભરેલું.

Adventurously, *adv.* સાહસ ખેડીને.

Adventurousness, *n.* સાહસિક વૃત્તિ.

Adverb, *n.* (ઍડ્વર્બ) A modifying word. ક્રિયાવિશેષણ અવ્યય. [L. *ad, verbum*, a word].

Adverbial, *adj.* (ઍડ્વ'ર્બિઅલ) ક્રિયાવિશેષણ સંબંધીનું-ના જેવું.

Adverbially, *adv.* ક્રિયાવિશેષણ તરીકે; નાઅર્થમાં.

Adversary, *n.* (ઍ'ડ્વર્સરી) An opponent; enemy. પ્રતિપક્ષી; વિરૂદ્ધ પક્ષનું; દુશ્મન.

Adversative, *adj.* (ઍડ્વ'ર્સેટિવ) Denoting opposition or variety. વિપરીતાર્થ; ભિન્નતાર્થ-વાચક [L. *ad, vertère*, to turn].

Adverse, *adj.* (ઍ'ડ્વર્સ) Opposed to; unfortunatele; harmful. પ્રતિકૂળ; દુઃખદાયી; આડું; વાંકું.

Adversely, *adv.* દુઃખ થાય તેવી રીતે; આડી રીતે.

Adverseness, *n.* પ્રતિકૂળતા; દુઃખાવસ્થા.

Adversity, *n.* (ઍડ્વ'ર્સિટિ) Affliction; misfortune. વિપત્તિ; આફત; કમનશીબી [L. *ad, vertère*, to turn].

Advert, *vi.* (ઍડ્વ'ર્ટ) To refer to. ધ્યાન આપવું; ઉદ્દેશીને અથવા ની સંબંધી કહેવું. [L. *ad, vertère*, to turn].

Advertence } *ns.* ધ્યાન; લક્ષ.
Advertancy }

Advertent, *adj.* (ઍડ્વ'ર્ટન્ટ) Heedful. [ધ્યાનવાળું.

Advertise, *vt.* (ઍડ્વર્ટા'ઇઝ; ઍ'ડવર્ટાઈઝ) To give public notice. જાહેરાત—જાહેર ખબર—આપવી. [L. *ad, vertère*, to turn].

Advertisement, *n.* (ઍડ્વ'ર્ટિસમેન્ટ) જાહેર ખબર.

Advertiser, *n.* (ઍડ્વર્ટા'ઈઝર) જાહેર ખબર [આપનાર.

Advice, *n.* (ઍડ્વા'ઈસ) Counsel. શિખામણ; સલાહ.—2. Information. ખબર; બાતમી.

Advise, *vt.* (ઍડ્વા'ઈઝ) To give counsel to. શિખામણ આપવી.-2. To inform. ખબર આપવી.-*vi.* To deliberate, વિચાર કરવો; મસલત ચલાવવી. [L. *ad, viso*, I view].

Advisability, *n.* (ઍડ્વાઈઝૅબિ'લિટિ) Fitness. યોગ્યતા; ઉચિતપણું.

Advisable, *adj.* (ઍડ્વા'ઈઝબલ) સારી શિખામણનું; યોગ્ય; દુરસ્ત; વ્યાજબી. [શિખામણ દેનારૂં.

Advisory, *adj.* (ઍડ્વા'ઈઝરી) સલાહકારક;

Advised, *adj.* (ઍડ્વાઇઝ્'ડ) Cautious. સાવધાન; ચેતીને ચાલનારૂં [જાણી જોઈને.

Advisedly, *adv.* (ઍડ્વા'ઇઝ્ડ્લી) વિચારીને;

Adviser, *n.* (ઍડ્વા'ઈઝર) સલાહ દેનારૂં.

Advocacy, *n.* (ઍડ્વૉકસી) A pleading for; defence. હિમાયત; વકીલાત; પક્ષ તાણવો તે.

Advocate, *n.* (ઍડ્વોકેટ) One who pleads the cause of another. વકીલ; પક્ષ તાણીને બોલનાર.-*vt.* વકીલાત કરવી; હિમાયત કરવી; એક પક્ષ તરફથી બોલવું. [L. *ad, vocare*, to call].

Advowson, *n.* (ઍડ્વા'ઉઝન) The right of appointing to a church benefice. ખાલી પડેલી જગ્યા ઉપર નવો પાદરી નીમવાનો હક. [L. *advocatus*, a patron].

Adze *or* **Adz,** *n.* (ઍડ્ઝ) A carpenter's tool. વાંસલો. [A. S. *adesa*].

Aegis, *n.* (ઈ'જીસ) Anything that protects; a shield; originally, given by Jupiter to Minerva. ઢાલ; રક્ષક સાધન. [Gr. *aigis*].

Aeolian, *adj.* (ઇઓ'લિઅન) Acted on by the wind. પવનથી વાગતું. [*Aeolis*, a district of Asia Minor, colonised by the Greeks].

Aeon *or* **Eon,** *n.* (ઇ'ઑન) An age or a series of ages. યુગ; મહાયુગ; જમાનાના જમાના. [Gr. *aiôn*].

Aerate, *vt.* (એ'અરેટ) To supply with carbonic acid or other gas. કારબૉનિક વાયુ સાથે મેળવવું. [સાથે મેળવેલ.

Aerated, *adj.* કારબૉનિક અગર બીજા વાયુ

Aerator, *n.* વાયુ સાથે મેળવવાનું યંત્ર.

Aeration, *n.* (એઅરે'શન) વાયુ સાથે મેળવણી કરવાની ક્રિયા.

Aerial, *adj.* (એઇ'રિઅલ) Belonging to the air. વાયુ-હવા-સંબંધી; હવામાં વસનારૂં; વાયુજ; વાયુરૂપ. [L. *aër*, air].

Aerie, *n.* (એ'રી; ઈ'રી) The nest of an eagle or any other bird of prey; a house built on some high, lonely place; the brood of birds or children. શિકારી પક્ષીનો,

ગરૂડ અથવા ગીધનો માળો; ઉંચું, અટુલું ઘર; ગીધ, ગરૂડ વગેરેનાં બચ્ચાં; છોકરાંનું વેતર.–Also, **Aery, Eyrie, Eyry**. [L. *area*, a spot of level ground; M. E. *ey*, an egg].

Aeriform, *adj.* (એ'અરિફૉર્મ) Of the form or nature of air. વાયુરૂપ; હવાવાળું; હવા જેવું. 2. Unreal. આભાસરૂપ; માયારૂપ. [L. *aër*, air, *forma*, form].

Aerify, *vt.* (ઍ'અરીફાઇ) To change into air or gas; To fill with air. વાયુરૂપ કરવું; વાયુ સાથે મેળવવું.

Aerification, *n.* (એઅરીફીકે'શન) વાયુરૂપ બનાવવાની ક્રિયા; વાયુ સાથે મેળવવાની ક્રિયા. [L. *aër*, air, *facĕre*, to make].

Aerolite, *n.* (ઍ'અરોલાઈટ) A meteoric stone. હવામાંથી અથવા ખરતા તારામાંથી પડેલો પત્થર; ઉલ્કા. [Gr. *aër*, air, *lithos*, a stone].

Aerology, *n.* (એઅરૉ'લૉજી) The branch of science which treats of the atmosphere. વાયુશાસ્ત્ર. [Gr. *aër*, air, *logos*, discourse].

Aeromancy, *n.* (એઅરૉ'મૅન્સી) Foretelling by means of air phenomena. હવા અથવા વાતાવરણથી ભવિષ્ય કહેવું તે. [Gr. *aër*, air, *manteia*, divination].

Aerometer, *n.* (એઅરૉ'મેટર) An instrument for measuring the weight or density of gases. વાયુમાપક યંત્ર. [Gr. *aër*, *metron*, a measure].

Aeronant, *n.* (એ'અરૉનૉટ) One who sails in a balloon or air-ship. વિમાનગામી; હવામાં ફરનાર.

Aery, *adj.* (એ'અરી) Aeriel; spiritual; visionary. હવા સંબંધીનું; અશારીરિક; વાયુરૂપ; આભાસરૂપ.

Aesthetics, *n.* (ઈસ્થે'ટિક્સ) Philosophy of the fine arts; principles of taste, beauty etc. રસશાસ્ત્ર, સૌંદર્યજ્ઞાન. [Gr *aisthanesthai*, to feel or perceive].

Aesthetic, *adj.* રસશાસ્ત્ર સંબંધીનું.

Afar, *adv.* (ઍફા'ર) From or to a great distance. ઘણે દૂર; ઘણે દૂરથી.

Affable. *adj.* (ઍ'ફબલ) Courteous; condescending. વિવેકી; ભલું; મિલનસાર. [L. *ad*, *fari*, to speak].

Affability, *n.* (ઍફબિ'લિટિ) ભલમનસાઇ; સભ્યતા.

Affably, *adv.* (ઍ ફબ્લી) સભ્યતાથી; ભલીભાતે.

Affair, *n.* (ઍફે'ર) Business; a small battle. કામ; વાત; ઝપાઝપી; ન્હાની લડાઈ. [L. *ad*, *facĕre*, to do].

Affect, *vt.* (ઍ'ફેક્ટ) To pretend to have; to act upon; to influence. હોવાનો ખોટો ડોળ ઘાલવો; અસર કરવી; મન ઉપર અસર કરવી; પીગળાવવું. [L. *ad*, *facĕre*, to do].

Affectation, *n.* (ઍફેક્ટે'શન) ઢોંગ; નખરાં.

Affected, *adj.* (ઍફે'ક્ટેડ) અસરથી ઉભરાએલ; વફાદાર; ઢોંગી.

Affectedly, *adv.* (ઍફે'ક્ટેડ્લી) પીગળી જઇને; અસરથી; દંભથી.

Affectedness, *n.* (ઍફે'ક્ટેડનેસ) The state of being full of feeling or pretence. લાગણી ભરેલી અથવા ઢોંગી વૃત્તિ.

Affecting, *adj.* (ઍફે'ક્ટિંગ) Pathetic. લાગણીવાળું; પીગળાવે તેવું. [લાગણીપૂર્વક.

Affectingly, *adv.* લાગણીથી પીગળી જઇને;

Affection, *n.* (ઍફે'કશન) Kindness or love; an attribute, disposition or disease of the mind. સ્નેહ; પ્રેમ; લાગણી; વસ્તુનો ગુણધર્મ; અમુક મિજાજ અથવા સ્થિતિ; મગજનો વિકાર.

Affectionate, *adj.* (ઍફે'કશનેટ) Full of affection. સ્નેહાળ; પ્રેમાળ; મમતાવાળું.

Affectionateness, *n.* (ઍફે'કશનેટનેસ) સ્નેહ; પ્રેમી વૃત્તિ.

Affiance, *n.* (ઍફા'અન્સ) Marriage pledge; trust. સગાઈ; વેવિશાળ; વિશ્વાસ. [L. *ad*, *fides*, faith].

Affidavit, *n.* (ઍફીડે'વિટ) A written statement upon oath. એકરાર; કસમપર જુબાની; એકરારનામું.

Affiliate, *vt.* (ઍફિ'લિએટ) To receive as a member; to attach to; to establish the paternity of. દત્તક લેવું; સંબંધ સ્થાપવો; સંયુક્ત કરવું; બાપનો સંબંધ સ્થાપવો. [L. *ad*. *filius*, a son].

Affiliation, *n* (ઍફિલિએ'શન) સંયુક્ત કરવું તે; દત્તક લેવું તે; અનૌરસ છોકરાને તેના બાપને સોંપવો તે.

Affinity, *n.* (ઍફિ'નિટી) Relationship; resemblance. સગપણ; મળતાપણું. 2. Attraction. આકર્ષણ; સ્નેહાકર્ષણ. [L. *ad*, *finis*, boundary]. –*adj.* Affinitive (ઍફિ'નિટિવ).

Affirm, *vt.* (ઍફ'ર્મ) To assert positively; to confirm. ખાતરીથી કહેવું; બહાલ રાખવું; ફરી પાછું ખરૂં ઠરાવવું. [L. *ad*, *firmus*, firm].

Affirmable, *adj.* (ઍફ'ર્મબલ) ખાતરીથી બોલી શકાય તેવું; ખરૂં ઠરાવી શકાય તેવું.

Affirmance, *n.* (ઍફ'ર્મન્સ) Assertion; confirmation. ખસુસ અભિપ્રાય; ખરૂં ઠરાવવું તે.

Affirmant, *adj.* *or* *n.* ખરૂં ઠરાવતું; ખરૂં ઠરાવનાર; ખાત્રીથી કહેનાર.

Affirmation, *n.* (ઍફર્મે'શન) Act of affirming; that which is affirmed. ખસુસ અભિપ્રાય; ખાત્રીથી અથવા સાચું ઠરાવવા બોલવું તે; ખાત્રીપૂર્વક બોલેલી વાત; સાગન લીધા સિવાય સત્ય જાહેર કરવું તે.

Affirmative, *adj.* (ઍફ'ર્મેટિવ) ખાત્રીથી બોલનાર; દેખાડનાર; હકારતું; ખરૂં ઠરાવનાર.–2. Dogmatic. એકપક્ષી; હઠીલું; એકસત્તાવલંબી.–*n.* હા કહેવી તે; હકાર.

Affirmatory, *adj*. (ઍફ્'મેં'ટરી) હકારક; ખરૂં કરાવનાર; ખાત્રી કરાવનાર.

Affix, *vt*. (ઍફિ'ક્સ) To fix to; to attach to; to add. જોડવું; બેસાડવું; ચોટાડવું; ઉમેરો કરવો.

Affix, *n*. An addition to a root, base, or word. પ્રત્યય. [L. *ad*, *figére*, to fix].

Afflatus, *n*. (ઍફ્લે'ટસ) Blowing of the wind; inspiration in a poet, an orator or a preacher. પવનનું વાવું તે; ઈશ્વરી પ્રેરણા; દૈવી જુસ્સો. [L. *ad*, *flāre*, to breathe].

Afflict, *vt*. (ઍફ્લિ'ક્ટ) To give pain; to distress. પીડા કરવી; દુઃખી કરવું; દુઃખ દેવું.–2. To annoy; to vex. મુંઝવવું; ચીડ ચડાવવી. [L. *ad*, *fligere*, to dash to the gronnd].

Afflicted, *adj*.(ઍફ્લિ'ક્ટેડ)Suffering; harassed or vexed. દુઃખી; ખિન્ન; ચીડાએલ; મુંઝાએલ.

Affliction, *n*. Distress; vexation. દુઃખ; ખિન્નતા; ચડિ.

Afflictive, *adj*.(ઍફ્લિ'ક્ટિવ)Causing distress or annoyance. દુઃખદાયક; ક્લેશકારક.

Affluence, *n*. (ઍ'ફ્લૂઅન્સ) Abundance; wealth; richness. પુષ્કળતા; સમૃદ્ધિ; તવંગરી; છત; દ્રવ્ય. [L. *ad*, *fluĕrre*, to flow].

Affluent, *adj*. (ઍ'ફ્લૂઅન્ટ) Abounding; wealthy. સમૃદ્ધિશાલી; શ્રીમંત; તવંગર.—*n* A stream. વહેનીયું; ઉપનદી; વ્હેકળો.

Afflux, *n*. (ઍ'ફ્લક્સ) A flow; an addition. વહન; મોટો ઉમેરો; એકદમ વધારો. [L. *ad*, *fluĕre*, to flow].

Afford, *vt*. (ઍફૉ'ર્ડ) To produce; to be able to bear. માંથી ઉપજવું; આવક થવી; ને પરવડવું, ભોગવવું, પાલવવું; ઉઠાવી શકવું. [L. *fortis*, Strong].

Affray, *n*. (ઍફ્રે') An alarming fight; a quarrel; a brawl. ત્રાસદાયક બખેડો; ધમાલ; તકરાર; કજીયો. *vt*.-To frighten. ત્રાસ આપવો; બ્હીવરાવવું. [L. *ex*, *fragor*, a crash; Ger. *friede*, peace].

Affright, *vt*. (ઍફ્રા'ઇટ) To frighten. ડરાવવું; ભડકાવવું; ચમકાવવું.–*n*. Sudden terror. બ્હીક; ભડકામણ; ગભરાટ. [A. S. *fyrhto*, fear].

Affront, *vt*. (ઍફ્ર'ન્ટ) To meet face to face; to insult. સ્હામે ખડા થવું; અપમાન કરવું. *n*. Insult; contempt; disgrace. અપમાન; તિરસ્કાર; નામોશી. [L. *ad*, *front*, the forehead].

Affuse, *vt*. (ઍફ્યૂઝ) To pour; to sprinkle water at Baptism. ધાર કરવી; રેડવું; નામાભિધાન વખતે જલાભિષેક કરવો. [L. *ad*, *fusum*, to pour].

Affusion, *n*. (ઍફ્યૂ'ઝન) રેડવું તે; જલાભિષેક.

Afield, *adv*. (ઍફી'લ્ડ) To, in, or on the field. ખેતરભણી-માં-ઉપર; મેદાનમાં.

Afire, *adv*. (ઍફા'યર) On fire, બળતું; જાજ્વલ્યમાન; ભભુકી ઉઠેલું.

Aflame, *adv*. (ઍફ્લે'મ) On fire, સળગી ઉઠેલું.

Afloat, *adj*. or *adv*. (ઍફ્લો'ટ) Resting or moving on water; on board a ship; passing or circulating, as a rumour; drifting, તરતું; વ્હાણ ઉપર; (અફવા) ઉડતી; ઘસડાતું; પ્રવૃત્ત; પ્રસૃત.

Afoot, *adv*. (ઍફુ'ટ) On foot; in action. પગભર; પ્રવૃત્ત; પ્રસૃત.

Aforesaid, *adj*. (ઍફો'રસેડ) Said afore or before; Already mentioned. ઉપર કહેલું; સદરહુ; મજકુર. [આગળના વખતમાં.

Aforetime, *adv*. In former times. પુરા;

Afraid, *adj*. (ઍફ્રે'ઈડ) Filled with fear or suspense; alarmed. બ્હીનેલું; ભયભીત; શંકા હોય તેમ; લાગેલું; ધારતી રહેલી.

Afresh, *adj*. (ઍફ્રે'શ) Fresh; from the beginning again. નવેસર; ફરી પાછું; નવે નામે.

Aft, *adj*. or *adv*. (ઍફ્ટ) At the back part; near the strean. પાછલા ભાગમાં; ડબુસા તરફ; વહાણના પાછલા ભાગ પાસે. [A. S. *aeft*]

After, *adj*. (ઍ'ફ્ટર) Later; near the back part. પછીનું; પાછળનું; ડબુસાનું—*prep*. Behind; in search of. પછવાડે, પુઠે લાગેલું; પાછળ મડેલું. (3). Next in order. પછીનું. (4) According to. ની પ્રમાણે; ની મુજબ.

After-age, *n*. (ઍ'ફ્ટર એ'જ) પછીનો કાળ-જમાનો; પછીના લોક.

After-all, *adv*. (ઍ'ફ્ટર-ઑલ) When every consideration is allowed. બધું કહ્યા પછી પણ; એકંદરે; બધો વિચાર કર્યા છતાં.

After-birth, *n*. (ઍ'ફ્ટર-બ'ર્થ) The placenta in which the fetus is involved. ઓર.

After-crop, *n*. (ઍ'ફ્ટર-ક્રૉપ) Second crop during the same year. બીજો પાક; પાછોતરો પાક; બીજું તુલ.

After-life, *n*. (ઍ'ફ્ટર-લા'ઇફ) Old age. ઉત્તર કાળ; વૃદ્ધાવસ્થા; પાછોતરી વયે. (2) Next life. બીજો જન્મ; આગળ; આ જીંદગી પછીનું જીવન.

After-math, *n*. (ઍ'ફ્ટર-મૅથ) Reaping of the second crop of grass, etc. ઘાસની બીજી કાપણી; બીજી કાપણી; બીજીવાર લણવું તે. (2) Results; fruits. પાછળનાં, બીજાં, પરિણામ; અમુક કાર્યનાં પાછળનાં ફળ.

After-most, *adj*. (ઍ'ફ્ટર-મો'સ્ટ) Hindmost. સૌથી પાછળનું; છેવટનું.

After-noon *n.* (ઍ'ફ્ટર–નૂ'ન) The period of the day after the noon, up to nearly 4 o'clock; the time between midday and evening. બપોર; રોંઢો; મધ્યાન્હ અને સાંજની સંધ્યા વચ્ચેનો વખત.

After-pains, *n.* (ઍ'ફ્ટર–પે'ઈન્સ) The pain after childbirth. છોકરૂં જન્મ્યા પછી દુઃખ અથવા વેદના થાય તે; જરાયુ વેદના.

After-piece, *n.* (ઍ'ફ્ટર–પીસ) A farce or other minor piece performed after a play. ઉપનાટક;નાટક પૂરૂં થયાપછી ભજવેલું ફારસઅથવા ખેલ.

After-thought, *n.*(ઍ'ફ્ટર–થૉટ્) A thought after an action; a later thought. પછવાડેથી સુઝેલો વિચાર; પશ્ચિમબુદ્ધિ.

After-wise, *adj.* (ઍ'ફ્ટર–વા'ઇઝ્) Thinking after an action; thinking too late. પશ્ચિમબુદ્ધિવાળું–નું.

After-wards, *adv.* (ઍફ્ટર-વર્ડ્ઝ્) Later; subsequently; in aftertime. પછી; પછવાડે; આગળ જતાં; વળતી.

Again, *adv.* (ઍગે'ન્) Once more; back; in return. ફરી;ફરીથી;પાછું;બીજીવાર. [A. S.*agen*,on.]

Again and again, વારંવાર; ફરીને.

As much again as, બમણું; એટલું બીજું.

Against, *prep.* (અગે'નસ્ટ્, અગે'ઈન્સ્ટ્) Opposite to; in contact or collision with; instead of; in provision for. ઉલટું; સામું; વિરૂદ્ધ; ને બદલે; ના સાટામાં, ની પૂરવણી કરવા માટે. [A. S. *ougen*, opposite to.]

Agape, *adv.* or *adj.* (ઍગે'ઈપ્) Gaping from wonder, or expectation, or attention; having the mouth wide open. ઉત્સુક; ડાચું ફાડીને; ગ્હોડું વકાસીને; બગાસું ખાઇને.

Agate, *n.* (ઍ'ગેઈટ્) A precious stone; a variety of quartz. અકીક; ગોમેદ 2 A kind of letters. એક જાતના અક્ષરો. [Gr. *achates*, first found near the river Achates in Sicily.]

Agave, *n.* (ઍગે'ઇવ્) A genus of plants. કેતકી; એક જાતનો કેવડો. [Gr. *aganos*, noble.]

Age, *n.* (એઈજ્) Life-time; mature years; a period of time; any great period of human history; a generation of men; a century. આયુષ્ય; આવરદા; ઉંમર; પાકી વય; ઘડપણ; લાયક ઉમર; યુગ; કાળ; પેઢી;જમાનો; સૈકો;સદી. [L. *aevun*. age.]

Aged, *adj.* (એ'ઇજેડ્) Advanced in age. પાકી વયનું; ઘરડું; જઈફ.–*n.* (the) ઘરડાં.–(એ'ઈજડ્) of the age of. ની ઉમ્મરનું.

Agency, *n.* (એ'ઈજન્સી) Office; business; instrumentality.સત્તા;શક્તિ;કરવું તે;મારફત;આડત; કારણ; ગુમાસ્તાગીરી; મુખત્યારી. [L. *agere*,to do.]

Agent, *n.* (એ'ઈજન્ટ્) One exerting power; an attorney; a substitute; an active cause or power. કર્તા; કારક; શક્તિ ધરાવનાર; વકીલ; આડતીયો; મુનીમ; ગુમાસ્તો; શક્તિ; સાધન; સત્તા.

Agendum, *n.* (ઍજે'ન્ડમ્) A thing to be done; a memorandum-book. કર્તવ્ય; કરવાનું કામ; યાદી; નોંધપોથી. (pl. *agenda*).

Agglomerate, *vt.* (ઍગ્લૉ'મરેઈટ્) To make into a ball or a mass. નો ગોળો વાળવો; ગોળાકૃતિ કરવી; ઢગલો કરવો; પિંડ કરવો.–*vi.* To grow into a mass. ગોળો અથવા ઢગલો થઈ જવું. [L. *ad*, *glomus*, a ball.]

Agglomeration, *n.* (ઍગ્લૉમરે'ઇશન્) ગોળો; ઢગલો; ઝૂંડ; જથ્થો.

Agglutinate, *vt.* (ઍગ્લૂ'ટિનેઈટ્) To cause to adhere by glue or cement; to stick; to affix. સરસ અથવા સિમેટથી ચોટાડવું; ચોટાડવું; જોડવું; વળગાડવું. [L. *ad*, *gluten*, glue.]

Aggrandize-se, *vt.* (ઍ'ગ્રૅન્ડાઇઝ્) To make great or large; to promote in power, rank or honour. મ્હોટું કરવું; વધારવું; વિશાળ અથવા વિસ્તૃત બનાવવું; ચઢાવવું; ચઢતી પાયરી કરવી; મોભો અથવા માન વધારવું. [L. *ad*, *grandis*, large.]

Aggrandise-(ze)-ment, *n.* (ઍ'ગ્રૅન્ડાઈઝ્-મેન્ટ્; ઍગ્રૅ'ન્ડિઝ્-મેન્ટ્) Promotion; making great or large. ચઢતી; ઉન્નતિ; સરફરાજી; મ્હોટું કરવું અથવા વધારવું તે.

Aggravate *vt.*(ઍ'ગ્રૅવેઇટ્) To make heavier or more serious or worse; to provoke; to exaggerate. વધારે ભારે કરવું; વધારે ગંભીર અથવા ખરાબ બનાવી દેવું; ખીજવવું; મીઠું મરચું ભેળી કહેવું; અતિશયોક્તિ કરવી. [L. *ad*, *gravis*, heavy.]

Aggravation, *n.* (ઍગ્રૅવે'ઇશન્) A making worse;exaggeration; displeasure. વધારે ખરાબ કરવું તે; અતિશયોક્તિ; કોપ; ખીજવણી.

Aggregate, *vt.* (ઍ'ગ્રેગેઈટ્) To collect into a mass; to accumulate. એકઠું કરવું; ભેગું કરવું. —*vi.*—to add; to combine with. વધારવું; સાથે જોડવું.—*adj.* Formed of parts; એકંદર; એકઠું કીધેલું; જૂદા જૂદા ભાગથી બનેલું.—*n.*—The sum total; mass. સમૂહ; જથ્થો; જુમલો; કુલ.

Aggregation, *n.* (ઍગ્રેગે'ઈશન્) State of being collected together; act of collecting; an aggregate. ભેગું થવું તે; ભેગું કરવાની ક્રિયા; સમૂહ; કુલ.

Aggress, *vi.* (ઍગ્રે'સ્) To attack first; to commence a quarrel; to intrude; પહેલો હુમલો કરવો; હલ્લો કરવો; લડાઈ અથવા તકરાર શરૂ કરવી; ઘૂસવું; દખલ કરવી. [L. *ad*, *gradi*, to step.]

Aggression, *n.* (ઍગ્ગ્રે'શન્) First act of hostility or injury; a breach of the peace; an attack on public privileges. પહેલો હલ્લો; સુલેહ અથવા શાન્તિનો ભંગ; જાહેર હક ઉપર ત્રાપ મારવી તે; દખલ; પહેલ.

Aggressive, *adj.* (ઍગ્ગ્રે'સિવ્) પહેલી લડાઈ અથવા તકરાર કરે તેવું; હલ્લો કરે તેવું; ઘાતક; આક્રમણ કરનારૂં.

Aggressive-ness, *n.*(ઍગ્ગ્રે'સિવ-નેસ) પહેલી તકરાર કરવાની વૃત્તિ; ત્રાપ મારવાની વૃત્તિ.

Aggresor, *n.* (ઍગ્ગ્રે'સર) One who attacks first; હલ્લો કરનાર; ત્રાપ મારનાર.

Aggrieve, *vt.* (ઍગ્ગ્રી'વ્) To give pain or sorrow or injury; to press heavily upon; to oppress; દુ:ખ દેવું; પીડા અથવા ઇજા કરવી; ઉપર જુલમ ગુજારવો;હેરાન કરવું.[L. *ad*, *gravis*, heavy.]

Aghast, *adj.* or *adv.* (ઍગૅ'સ્ટ્) Stupefied with horror; frightful. બ્હાવરૂં; ગભરાયેલું; બ્હીકથી; ચકિત થઇને. [A.S. *gast*, a ghost.]

Agile, *adj.* (ઍ'જીલ્) Active; nimble. ચાલાક; ચપળ; ચંચળ. [L. *Agilis*—*agere*, to do or act.]

Agility, *n.* (ઍજી'લિટિ) Activity; liveliness: ચપળતા; ચંચળતા; ઝડપ.

Agio, *n.* (ઍજીઓ;એ'જીઓ) Discount; premium; the difference between the real and nominal value of money. વટાવ; ભાવમાં આપેલો વધારો; વધારાનો ભાવ; નામની અને ખરી કીંમત વચ્ચેનો તફાવત. [It. *aggio*, ease, exchange.]

Agitate, *vt.* (ઍ'જીટેઈટ્) To stir briskly; to discuss; to disturb; to excite. હલાવવું;ડોળી નાખવું વાદ કરવો; તકરાર કરવી; ચળવળ ચલાવવી; ઉશ્કેરવું; ખળભળાવવું.[L.*agitare-agêre*,to put in motion.]

Agitation, *n.* (ઍજીટે'ઇશન્) Public excitement; discussion; perturbation of mind; stirring. ખળભળાટ;ઉશ્કેરણી;ચર્ચા;વ્યાકુળતા;ઉઠાવત.

Agitative, *adj.* (ઍ'જીટેટિવ્) ઉશ્કેરે તેવું; વ્યાકુળ કરે તેવું; ચર્ચા ચલાવવું.

Agitator, *n.* (ઍ'જીટેઇટર્) ઉશ્કેરણી કરનાર; ચળવળ અથવા ચર્ચા ચલાવનાર.

Agnate, *adj.* or *n.* (ઍ'ગ્નેઈટ્) Related on the father's side or through males only; allied; akin. બાપની અથવા પુરૂષની પેઢીદ્વારા સગું; ગોત્રજ; પિત્રાઇ; ને મળતું આવતું; મળતું. [L. *ad*, *nasci*, to be born.]

Agnation, *n.* (ઍગ્ને'ઇશન્) Relation through males. ગોત્રસંબંધ; પિતૃ પક્ષનો સંબંધ.

Agnostic, *n.* (ઍગ્નૉ'સ્ટિક્)One who believes that we know nothing beyond the ordinary phenomena. અજ્ઞેયવાદી; પરલોક અથવા ઈશ્વર વિષે કંઈ ખબર ન પડી શકે એવો મત ધરાવનાર. [Gr. *agnostos*, not knowing.]

Ago, *adv.* (ઍગો') Gone; past since. થયાં; અગાઉ; ઉપર. [A. S. *a*, *gna*, to go.]

Agog, *adj* or *adv.* (ઍગૉ'ગ) Eager; excited. આતુર; આતુરતામાં; તલપી રહેલું; ઉત્કંઠાથી.

Agoing, *adv.* (ઍગો'ઇંગ) Going on; current. ચાલતું; જારી.

Agony, *n.* (ઍ'ગની) Extreme pain; a violent struggle; the death's struggle. મહાવ્યથા; ટળવળાટ; તીવ્ર વેદના; પ્રાણાન્ત કષ્ટ.

Agonise, *vi.* or *vt.* (ઍ'ગનાઇઝ્) To struggle; to suffer or give extreme pain. રીબાવવું;ઘણું કષ્ટ પામવું અથવા દેવું. [Gr. *Agon*, contest.]

Agony-column, *n.* (ઍ'ગનિ-કૉલમ) The part of a newspaper contaning advertisements for missing friends, etc. દુ:ખદાયી જાહેર ખબરવાળો વર્તમાનપત્રનો ભાગ.

Agrarian, *adj* (ઍગ્રે'રિયન્) Pertaining to land or its management. ખેતી અથવા તેના વહીવટ સંબંધી. [L. *ager*, a field.]

Agree, *vi.* (ઍગ્રી') To concur; to be of one mind; to assent to; to be consistent; to settle; to resemble; to suit; to be in concord with. એકમત રાખવું; કબૂલ રાખવું; સંમતિ આપવી; ને મળતું આવવું; માફક આવવું; સદવું; અન્વય હોવો. [L. *ad*, *gratus* pleasing.]

Agreeable, *adj.* (ઍગ્રિ'અબલ્) Suitable; pleasant; consenting to. રૂચિકર; માફક આવે તેવું; ખુશકારક; અનુકૂળ; મળતું આવે અથવા કબૂલ રાખે એવું; પ્રમાણે મુજબ. [અનુસરીને; ની પ્રમાણે.

Agreeably, *adv.* મનગમતી રીતે; સુખેથી;

Agreement, *n.* (ઍગ્રી'મેન્ટ્) Unity; bargain; contract; harmony. ઐક્ય; સાટું; શરત; બોલી; સંપ; બનાવ.—2. concord. સમન્વય; એકરૂપતા.

Agriculture, *n.* (ઍ'ગ્રિકલ્ચ્યર્) The art or practice of cultivating the land. ખેતીવાડી;ખેતી; કૃષિવિદ્યા.[L. *ager*,a field,*cultura*=cultivation.]

Agricultural, *adj.*(ઍગ્રિક'લ્ચ્યૂરલ્) Relating to agriculture. ખેતીવાડીને લગતું; કૃષિવિદ્યા સંબંધી.

Agriculturist, *n.* (ઍગ્રિક'લ્ચ્યૂરિસ્ટ્) One proficient in agriculture; a farmer. ખેતીવાડીમાં નિપુણ વ્યક્તિ; ખેડૂત; ખેતીશાસ્ત્રી. (also *agricult'uralist.*)

Aground, *adv.* (ઍગ્રા'ઉન્ડ્) Stranded; fixed in or touching the ground. તળે ચોટી બેઠેલું; જમીનને અડકીને; ભોંયભેગું.

Ague, *n.* (એ'ઈગ્યૂ) A periodical fever with shivering; fit; chilliness. આંતરીયો તાવ; ટાઢીયો તાવ; ધ્રુજારી; ટાઢ. [fr. *aign* sharp.]

Ah, Aha, *in.* (આ, આહા') An exclamation of surprise, joy, pity or contempt. છી! છટ! ઓહો! હું! શાબાશ! વાહવાહ! અરેરે! હાયહાય! ઓરે!

Ahead, *adv.* (અ્હે'ડ્) Farther on; headlong; in advance. આગળ; મોખરે; આંખો મીંચીને;ધસીને.

Aid, *vt.* (એઇડ) To help. મદદ કરવી; સહાય આપવી; કુમકે આવવું.—*n.* Help; an auxiliary; money grant. મદદ; સહાયક; પૈસાની મદદ. [L. *ad, juvare,* to help.]

Aid-de-camp, *n.*(એ'ઈડ્-ડે-કૅાન્) An officer attending a general. સેનાપતિ તરફથી હુકમ લઈ જનાર; પરિચારક; ખાસો; નકીબ; મુસાહીબ.

Ail, *vi.* (એઈલ્) To feel pain, to be troubled. દુઃખ થવું; દુઃખવું.–*vt.* To give trouble or pain. દુઃખ દેવું; પીડા કરવી. [A. S. *aglan,* to pain.]

Ailment, *n.* (એ'ઇલ્મેન્ટ્) Pain; Disease. દુઃખ; દર્દ; બેચેની.

Aim, *vi.* or *vt.* (એઈમ્) To point at with a weapon; to direct the intention or endeavour at. નિશાન તાકવું; તકાવવું; ઉદ્દેશ હોવો; યત્ન કરવો; ને માટે ઈરાદો રાખવો.–*n.*–The pointing of a weapon; the thing pointed at; plan; intention. નિશાન તાકવું તે; નિશાન;યોજના; ઈરાદો; ઉદ્દેશ. [L. *aestimo,* I estimate.]

Aimless, *adj.* (અ્'ઇમ્લેસ્) Without aim; વગર નિશાનનું; લક્ષ્ય વગરનું; ચોટ વિનાનું; અમથું; નિશ્ચિત ઉદ્દેશ વિનાનું; ઠાલું.

Air, *n.* (એ'અર્) The atmosphere; the fluid we breathe; any special condition; વાતાવરણ; હવા; હવાની અમુક સ્થિતિ, 2. Publicity. **To take air**=ઉઘાડું પડી જવું; ખુલ્લું થઈજવું; વાત બહાર આવવી. **To take the air** = હવા ખાવી. Change of air=હવા ફેર; પાણી ફેર. 3. A tune, a song. રાગ; અમુક ઢબનું ગીત. 4. Manner; look. ડોળ; દેખાવ *vt.* To expose to the air; to dry; to display. હવામાં મેલવું; સુકવવું; હવા ખાવા દેવી; ડોળ કરી દેખાડવું. (L. *aër,* air.)

Airs, *n.* (એ'અર્સ્) Affectation; pretention; haughtiness;pride.મિજાજ;હુશિયારી;ડોળ;અકડાઈ; મગરૂરી; અભિમાન.

Air-bladder *n.* (એ'અર-બ્લૅ'ડર્) An organ in some fishes. વાયુકોષ; હવાથી ભરેલી કોથળી.

Air-gun, *n.* (એ'અર-ગન્) A gun which is fired by means of compressed air. હવા ભરીને ફોડવાની બંદુક.

Airily, *adv.*(એ'અરિલી) Gaily. મોજથી;આનંદથી.

Airiness, *n.* વાયુરૂપ હોવાની સ્થિતિ; મોજીલો આનંદી સ્વભાવ.

Airing, *n.* હવા ખાવા બહાર ફરવું તે; સહેલ.

Air-hole, *n.*વાતાયન;હવા આવે તેવું બાકોરૂં;ગવાક્ષ.

Air-pump, *n.* An instrument for pumping the air out of a vessel. કોઇ વસ્તુ અગર વાસણમાંથી હવા કાઢી નાખવાનું યંત્ર; વાતાકર્ષક અથવા વાયુરેચક યંત્ર.

Air-tight, *adj.* Impermeable to air; such that the air cannot enter through. હવા ન આવી શકે એવું સજ્જડ; તંગ; વાયુપ્રતિબંધક.

Aisle, *n.* (આઈલ્) The side portions of a church;a wing,of a building. મકાન અથવા દેવળની આજુબાજુ. પડખેનો ભાગ; સભાસ્થાન (L.*ala*,a wing.)

Agar, *adv.* (અ્જા'ર્) Partly open. અધખોલું; અધું ઉઘાડું;થોડું ઉઘાડું.[A. S. *on, cyrr,* a turn.]

Akimbo, *adj.* (અ્કિ'મ્બો) With hand on hip and elbow bent outward. કેડે હાથ દઇને;કમર પર બન્ને હાથ ટેકાવીને અને કોણીઓને બહાર કાઢીને.

Akin, *adj.*(અ્કિ'ન્) Related by blood;resembling. સગું; સંબંધી; સગોત્ર; એક જાતનું; મળતું આવતું; સરખું.

Alabaster, *n.* (અ્'લૅબૅસ્ટર્) A kind of stone resembling marble; a semi-transparent kind of gypsum. સંગેમરમરના જેવો એક જાતનો સહેજ પારદર્શક પત્થર.—*adj.*–આલાબાસ્ટરનું (also alabas'trian)[Gr.*albasrton*,a town in Egypt.]

Alack, *in.*(અૅલૅક્) An exclamation expressing sorrow. હાયહાય! અફસોસ! તોબાતોબા!

Alack-a-day,*in.*(અૅલૅ'ક્-અ્-ડે)હાયહાય! વગેરે.

Alacrity, *n.* (અૅલૅ'ક્રિટિ) Cheerful readiness; briskness; promptitude. હોંશ; ઉત્સાહ; ઉલટ; ચપળતા; શીઘ્રતા. [L. *alacris,* brisk.]

Alalia, *n.* (અૅલે'લિયા) Loss of speech; મુંગા થઈ જવું તે. [Gr. *a, lalein,* to take.]

Alamode, *adv. adj.* (અૅલૅમો'ડ્) According to the mode or fashion. ફાસન પ્રમાણે; રિવાજ; રીતિ અનુસાર.–*n.* A kind of silk. ઝીણું, સુંવાળું, ચળકતું રેશમ. [Fr. *ā,lamode,* according to the mode.]

Alarm, *n.* (અૅલા'ર્મ્)Sudden surprise; notice of danger; a call to arms; a mechanical contrivance to arouse from sleep or to call attention; ચોંકાવવું તે; ભયની ખબર; ચેતવણી; ધ્વનિ; સજ્જ થવાનો હુકમ અથવા હથીયારબંધ થવાનો હુકમ; આલારામ; ધ્યાન ખેંચવા અથવા જગાડવાનો ઘંટ. *vt.* to give notice of danger; to surprise or fill with fear; to call to arms; to rouse, ભયની ખબર આપવી; ચોંકાવવું; ભયભીત કરવું; હથીયારબંધ થવા હુકમ કરવો; ભડકાવવું. [L. *ad, arma,* arms.]

Alarming,*adj.*(અૅલા'રમિંગ્)Surprising;terrifying; ચોંકાવનારૂં; ભયાનક; બ્હીવરાવનારૂં; ત્રાસજનક.

Alarmist, *n.* (ઍલા'મિસ્ટ્) ચોંકાવનારૂં; ભયભીત કરનાર; ભયવિષે ભવિષ્ય ભાંખતો-*adj*-ચોંકાવનારૂં.

Alarm-bell, *n.* (ઍલા'મ્-બેલ્) ચેતવણી આપનાર ઘંટ.

Alarm-clock, *n.* (ઍલા'મ્-ક્લૉક) જગાડે તેવી રીતે વાગતું ઘડીઆળ.

Alas, *in.* (ઍલાસ્) Denoting grief. અરેરે! અફ્સોસ! હાયહાય!

Alb, *n.* (ઍલ્બ્) A white linen worn by the priest. પાદરીનો ધોળો જામો.

Albatross, *n.* (ઍ'લ્બૅટ્રૉસ્) A Species of sea-birds. હંસ જાતનું દરીયાઈ પક્ષી.

Albeit, *adj.* (ઑલ્બી'ઈટ્) Notwithstanding; even if; although. તોપણ; જોકે; યદ્યપિ;અગરજો.

Albino, *n.*,(ઍલ્બા'ઇનો) A person or animal whose skin and hair are extremely white, and whose pupil is pink. અતિશય ધોળી ચામડી તથા ધોળા વાળવાળું તથા ભૂરા ગુલાબી ડોળાવાળું માણસ અથવા પ્રાણી. [L. *albus*, white.]

Album, *n.* (ઍ'લબમ્) A register; a blank book for the insertion of extracts;autographs; pictures; verses; stamps or the like. સારાં સારાં ચિત્રો, લખાણ, હસ્તાક્ષર, સ્મરણાંજલિ, ટિકિટ વગેરે રાખવાનું જડું, કોરૂં પુસ્તક.[L. *albus*,white.]

Albumen, *n.* (ઍલ્બ્યૂ'મેન) The white of eggs; a like substance. ઇંડાંની સફેતી અથવા તેના જેવો પદાર્થ [L. *albus*, white.]

Alchemist, *n.* (ઍ'લ્કેમિસ્ટ) One proficient in alchemy. કિમયાગર; રસાયણી.[Ar. *al kimia*, the black.]

Alchemy, *n.* (ઍ'લકિમિ) The infant stage of chemistry which aimed at transmitting the other metals into gold;and to discover the elixir of life. કીમિયો; રસાયણ; રસવિદ્યા;રસસિદ્ધિ.

Alchemic, *adj.* (ઍલ્કે'મિક્) Belonging to alchemy. કિમિયા સંબંધીનું.

Alcohol, *n.* (ઍ'લ્કોહૉલ્) Pure spirit; the intoxicating element of fermented liquors. મદ્યસાર; દારૂનો અર્ક; મદ્યાર્ક. [Ar. *al. koh'l* fine powder of antimony.]

Alcoholic, *n.* (ઍલ્કોહૉ'લિક્) Of or like alcohol. દારૂના અર્કવાળું; દારૂના અર્કની સંબંધી.

Alcove, *n.* (ઍલ્કો'વ્) A recess in a room or a garden; a shady retreat. ઓરડામાં ખાનું એ એકાન્ત બેઠક; કુંજ; વાડીનો એકાન્ત માંડવો; પર્ણ શાળા; ગોદ. [Ar. *al*, *qobbah*, a vault.]

Alderman, *n.* (ઑ'લ્ડરમૅન્) A magistrate of a town corporate. ગામનો કારભાર ચલાવનારી મંડળીનો સભાસદ; મતદાર; શહેરનો કોટવાળ. [A. S. *Ealdor-man*, ruler, chief magistrate.]

Ale, *n.* (ઍઈલ્) A liquor made from an infusion of malt. જવનો બનાવેલો એક જાતનો દારૂ. (2). a festival ગામડામાં રમતગમતનો અને દારૂ પીવાનો તહેવાર અથવા મેળો. [A. S. *alu*, ale.]

Ale-house, *n.* પીઠું; કલાલની દુકાન.

Ale-wife, *n.* કલાલની બૈરી; કલાલેણ; એક જાતની માછલી.

Alert, *adj.* (ઍલ'ર્ટ્) Watchful; active; brisk. સાવધ; સાવધાન; જાગૃત; ચંચળ; ચાલાક. **On the alert** = Watchful. સાવધાન; ચોકી ઉપર. [L. *erectus*, erect.]

Alert-ness, *n.* (ઍલ'ર્ટનેસ્) Watchfulness; vigilance; briskness. હોશીયારી; સાવધાનતા; ચાલાકી.

Algebra, *n.* (ઍ'લ્જિબ્રૅ) The science of calculating by symbols. બીજગણિત;અક્ષરગણિત. [Ar. *al—gebr*, combination.]

Algebraic, **Algebraical**, *adj.* (ઍલ્જીબ્રે'ઇક્) (ઍલ્જીબ્રે'ઇકલ્) Pertaining to algebra. બીજગણિતને લગતું.

Algebraist,*n.*(ઍલ્જીબ્રે'ઈસ્ટ) One skilled in algebra.બીજગણિતમાં હોંશિયાર;બીજગણિતશાસ્ત્રી.

Alias, *adv.* or *n.* (ઍ'ઇલિઍસ્) Otherwise; 2 An assumed name. ઉર્ફે; બીજે નામે; બીજું નામ; ધારણ કરેલું નામ. [Gr. *allos*, other.]

Alibi, *n.* (ઍ'લિબાઈ) The plea that the accused was elsewhere when the crime was committed. ગુન્હો થયો તે વખતે આરોપી બીજે સ્થળે હતો તેવી દલીલ. **To prove an alibi** = બીજે ઠેકાણે હતો તેવું સાબીત કરવું. [L. *alius*, other, *ibi*, there.]

Alien, *adj.* (એ'લિઅન્; એલ્યન્) Foreign; different in nature; opposed to. પરાયા દેશનું; વિદેશીય; પારકું; વિરોધી; વિરૂદ્ધ; ઉલટું; વિજાતીય; ભિન્ન;જૂદું.-*n.*a foreigner.વિદેશી;પરદેશી;અજાણ્યો; બીનઓળખીતો. [L. *aluenus-alius*, other.]

Alienage, *n.* (એ'લ્યનેઈજ્) The state of being an alien. પરાયાપણું; વૈદેશીય હોવાની સ્થિતિ; વિદેશીયતા.

Alienate, *vt.* (એ'લ્યનેઈટ્) To transfer to another; to withdraw love or affection; to misapply. બીજાને સોંપવું અથવા હવાલે કરવું; બીજાને નામે ચઢાવવું; મન છૂટું થઈ જવું; સ્નેહ ઉતારી નાખવો; ગેરઉપયોગ કરવો; ખોટી રીતે નિયોગ કરવો.—*adj.* withdrawn; estranged. મન છૂટાં પડેલાં; સ્નેહ ઉતરી ગયેલ હોય તેવું;ઉલટું; વિરૂદ્ધ. (also, **alienated**. **Alienated land** = બહારખળી જમીન; બારખલ્લી જમીન).

Alienation, *n.* (ઍલ્યેને'ઈશન્) Transfer; estrangement;delirium. બીજાને સોંપવું તે;જુદાઈ; મનઉતારો; વિરાગ; ઉચાટમન;બુદ્ધિ;ઘેલછા;ચિત્તભ્રમ.

Alight, *vi.* (અલાઇટ્) To come down; to land; to fall upon. નીચે ઉતરવું;જમીન પર ઉતરવું; પડવું; આવી પડવું. [A. S. *alihtan,* to come down.]

Align, *vt.* (અલા'ઇન્) To regulate by a line; to form in line. લીટી મારવી; લીટી અથવા મર્યાદા નક્કી કરવી; હારબંધ ઉભા રહેવું. 2. To lay out a ground plan. ખીતીઓ મારી હદ મુકરર કરવી,આંધવી.

Alike, *adj.* (અલા'ઇક્) Like one another; resembling. એક સરખું; સમાન; તુલ્ય.—*adv.* In the same manner or form;equally.એકસરખી રીતે; સમાનતાથી; બરાબર.

Aliment, *n.* (ઍ'લિમેન્ટ્)Provision; nourishment; food. આહાર; અન્ન; ખોરાક; પુષ્ટિ.—*vt*; to support; to sustain; to make provision. ભરણ-પોષણ કરવું; પોષણને માટે સગવડ કરવી. [L. *alere,* to nourish.]

Alimental,*adj.*(ઍલિ'મેન્ટલ્)Supplying food. ખોરાક પુરો પાડવું.

Alimentary, *adj.*(ઍલિમે'ન્ટરિ) Relating to aliment;nutritive.ખોરાક સંબંધી;પુષ્ટિકારક;પૌષ્ટિક.

Alimony, *n.* (ઍ'લિમનિ) An allowance for supporting divorced wife. છાંડેલી બૈરીને અપાતી ખોરાકી પોષાકી;-નું ભરણપોષણ.

Aliquot, *adj.* (ઍ'લિક્વૉટ્) Such a part of a number as will divide it without a remainder. નિઃશેષ ભાજક.[L *alius,*other, *quot,* how many.]

Alive, *adj.* (અલા'ઇવ્) Living; susceptible; in a state of action; lively. જીવતું; સજીવ; વિષે જાણીતું; હોશિયાર; સમજે તેવું; ચાલુ; જારી; ચપળ; ચાલાક. [A. S. *lif,* life.]

Alkali, *n.* (ઍ'લ્કલિ-લાઇ) A substance which combines with acid, forming a salt. ખાર; ક્ષાર. [Ar. *al qualiy,* ashes.]

Alkaline, *adj.* (ઍ'લ્કલિન્-લાઇન્) Having the properties of an alkali. ખારના ગુણવાળું; ક્ષારધર્મક; ક્ષારમય; ખારવાળું.

All, *adj.* (ઑલ) The whole of; any one; every one. બધું; આખું; સઘળું; એકેએક; ગમે તે. -*adv.* Wholly; completely. તમામ; પૂરી રીતે; સર્વથા; મુળગું; તદ્દન.-*n.* The whole; the total; the universe. સર્વસ્વ; તમામ; કુલ; સમષ્ટિ.

All in all, *n.* સર્વસ્વ; તમામ માલમતા. *adv.*-taken wholly; on the whole. સામટી રીતે લેતાં; સમગ્રદષ્ટિથી; એકંદર વિચાર કરતાં.

All but, *n.* or *adv.* Every thing or person except; almost. લગભગ બધા; લગભગ; ઘણુંખરૂં.

All over, *adv.* Thoroughly; entirely. બધી રીતે; સંપૂર્ણ રીતે.

All over with, *adj.* Finished; done with. ખલાસ; ખતમ; પૂરૂં.

All right, બહુ સારૂં; ઠીક; અચ્છા.

At all, *adv.* In the least degree. કંઈપણ છેક; જરાયે; મુદ્દલ.

For good and all, *adv.* Finally. છેવટને માટે; સદંતર. Once for all *adv.* once only; સદાને માટે; એકવાર.

All powerful,*adj.*Omnipotent.સર્વશક્તિમાન્.

All fools' day, *n.* The first of April. એપ્રિલ મહીનાની પહેલી તારીખ; એપ્રિલ ફુલ.

To be on all fours,*vi.*=Equally;adequately. બંધ બેસતું હોવું; સર્વ રીતે સરખું હોવું.

Allay, *vt.* (ઍલે') To lighten;relieve;to make quiet or calm.હલકું કરવું;ભાર ઉતારવો; મુક્ત કરવું; શાન્ત કરવું; ઠંડું પાડવું;સમાવવું. [L.*ad,levis* light.]

Allegation, *n.* (ઍલેગે'ઈશન્) Positive assertion; a plea. ખાત્રીથી કહેલું તે;નિશ્ચયપૂર્વક બોલવું તે; તકરાર; દલીલ.

Allege, *vt.* (ઍલે'જ્)To assert;to give proof; to produce an argument or plea. ખાત્રીથી કહેવું; ઠોકીને કહેવું; સાબિતી આપવી; તકરાર અથવા દલીલ કરવી.[L.*ad litigare*; to clear at law.]

Alleged, *adj.* (ઍલેજડ્) Cited as proof or intance or charge; quoted. દલીલ, સાબીતી અથવા આરોપ તરીકે મૂકેલ; કહેવામાં આવતું;ટાંકેલું.

Allegiance, *n.* (ઍલ્લે'જીઅન્સ) The fidelity of a subject to his liege or ruler. પ્રજાધર્મ; વફાદારી; રાજનિષ્ઠા. [L. *ad, lego,* I bind.]

Allegory, *n.* (ઍ'લેગોરિ) A description of one thing under the guise of another; a speech or writing which has a meaning different from the literal one. દૃષ્ટાન્તરૂપી કથા; રૂપકકથન; રૂપક; અન્યોક્તિ. [Gr. *allos,* other, *agora,* an oration.]

Allegoric-al, *adj.*(ઍલેગો'રિક્-કલ્) Figurative; in the form of an allegory. દૃષ્ટાન્તરૂપે; રૂપક-જેવું; અન્યોક્તિ જેવું.

Allegorist, *n.* (ઍ'લેગોરિસ્ટ્) One who uses allegory. દૃષ્ટાન્ત આપનાર;દૃષ્ટાંત આપીને સમજાવનાર.

Allegorise, *vt.* or *vi.* (ઍ'લેગોરાઇઝ્) To put in the form of or to use an allegory. દૃષ્ટાન્તના રૂપમાં કહેવું; દૃષ્ટાન્ત આપીને વર્ણન કરવું; સમજાવવું.

Alleviate, *vt.* (ઍલ્લી'વિએટ્) To make light; mitigate; to lessen. હલકું કરવું; નરમ પાડવું; સમાવવું. [L.*ad, levis,* light.]

Alleviation, *n.* (ઍલિવિએ'ઈશન્) Making light; mitigation. હલકું-ઓછું કરવું તે;શમન;શાંતિ.

Alley, *n.* (ઍ'લિ) A walk or a path in a garden or a city; a long narrow inclosure. બાગ અથવા શહેરમાંનો સાંકડો રસ્તો; પગથી; ચાલ; ગલી; કુંજ; વાડ. [Fr. *aller,* to go.]

Alliance, *n.* (ઍલ્લા'યન્સ્) State of being allied; union by treaty or marriage; friendship; assistance. સંપ; સગાઈ; સંબંધ, સુલેહ-સંપ; મિત્રાચારી; સહાય. [L. *ad, lego,* I bind.]

Alligation, *n.* (ઍલિગેશન્) A rule in arithmetic. મિશ્રરાશિ; મિશ્રગણિત; મિશ્રનિયમ. [L. *ad, lego,* I bind.]

Alligator *n.* (ઍ'લિગેઇટર્) An animal of the crocodile group. મગર; સોસવાટ. [L. *lacerta,* a lizard.]

Alliteration, *n.* (ઍલિટરે'ઈશન્) The repetition of the same letter or sound at the beginning of two or more words in close succession; initial rhyme. અનુપ્રાસ; એકના એક અક્ષરનું અથવા અવાજનું ફરી ફરી આવ્યા કરવું તે; અક્ષરસગાઈ; ઝડઝમક. e.g. Apt alliteration's artful aid (Pope.) જે ગમે જગતગુરૂ દેવ જગદીશને તે તણો ખરેખરો ફોક કરવો. (નરસિંહમહેતા.)

Alliterative, *adj.* (ઍલિ'ટરેઇટિવ્) Containing alliteration. અનુપ્રાસિક; ઝડઝમકવાળું. [L. *ad, litera,* a letter.]

Allocate, *vt.* (ઍ'લોકેઈટ્) To assign to each his share; to distribute; to place. હિસ્સો આપવો; વહેંચી દેવું; ને માટે જૂદું રાખવું. [*ad,* to, *locus,* a place.]

Allocation, *n.* (ઍલોકે'ઇશન્) હિસ્સો વહેંચી દેવો તે; જૂદું રાખવું તે.

Allocution, *n.* (ઍલોક્યુ'શન્) An address. સંભાષણ; ધર્માચાર્યનું વ્યાખ્યાન. [L. *ad, loqui,* speech.]

Allodium, *n* (ઍલ્લો'ડિયમ્) Free-hold estate. ખુદ ખાસ્તાની જમીન; મિલ્કત; પસાયતું; કુલ સત્તાવાળી જમીન; બહારખલી જાગીર.

Allodial, *adj.* (ઍલ્લો'ડિયલ્) Free hold; held independently. ઈનામી; પસાયતી; બહારખલી.

Allopathy, *n.* (ઍલ્લો'પથિ) Orthodox medical practice; the practice of curing a disease by its antidvte as opposed to Homeop'athy. અસાધ્યોપચાર; ગરમી વગેરે ઠંડા વગેરે ઉપચારોથી મારવાની રીત. [Gr. *allos,* other, *pathos,* suffering.]

Allot, *vt.* (ઍલો'ટ્) To distribute by lot, or in portion; to give; to assign or appoint. ચિઠ્ઠી નાખી વહેંચવું; નશીબ પ્રમાણે ભાગલા પાડવા; ભાગ પાડવા; વહેંચણી કરવી; આપવુ; સોંપવું; ઠરાવવું. [A. S. *hlot,* lot.]

Allotment, *n.* (ઍલો'ટમેન્ટ્) The act of alloting; the portion or part alloted; વહેંચવું તે; વહેંચણી; ભાગ; ફાળો; હિસ્સો.

Allow, *vt.* (ઍલા'ઉ) To give; to admit; to approve; to permit; to deduct. આપવું; કબૂલ કરવું; માન્ય રાખવું; પસંદ કરવું; મંજુર કરવું; છૂટ મૂકવી; બાદ કરવું; મજરે આપવું; રજા; સંમતિ આપવી. [L. *ad. laudāre,* to praise; *locāre,* to place.]

Allowable, *adj.* (ઍલા'ઉવ્બલ્) That may be allowed; lawful. આપવા જોગ; યોગ્ય; રજા અપાય તેવું; દરગુજર કરવા લાયક; કાયદેસર.

Allowance, *n.* (ઍલા'વન્સ્) That which is allowed. દરમાયો; પગાર; નવાજમ; રોજ; રજા; કબુલાત; છૂટ; કપાત; વળતર; ઘટાડો; નિભાવ; માફી.

Alloy, *vt.* (ઍલો'ય્) To mix a baser metal; to debase; to temper or qualify. ધાતુને ભેગવાળી કરવી; ભેળ કરવો; ઉતરવું; હલકું કરી નાખવું; કમી કરવું; થોડી મજા ઉડાવી દેવી.—*n.* Mixture; baser metal; anything that debases or qualifies or lessens. ભેગ; મિશ્રણ; બગાડ; ક્ષીણતા; કમી.

All—spice, *n* (ઑ'લ્સ્પાઈસ્) Jamaica pepper. કબાબચીની; ચીનીકબાલા. [L. *ad, lex,* law.]

Allude, *vi.* (ઍલ્લ્યૂ'ડ્) To refer to. વિષે બોલવું; લાગુ પડવું; ઉદ્દેશીને કહેવું. [L. *ad* to, *ludĕre,* to play.]

Allure, *vt.* (ઍલ્લ્યૂ'ર્) To draw on by some temptation; to entice. લલચાવવું; લોભાવવું; મોહમાં નાખવું; ફસાવવું [Fr. *à, lurer,* to decoy.]

Allurement, *n.* (ઍલ્લ્યૂ'ર્-મેન્ટ્) The act of alluring; that which allures. લલચાવવાનો યત્ન; લોભન; લોભાવનારી વસ્તુ.

Alluring, *adj.* (ઍલ્લ્યૂ'રિંગ્) That which allures. લલચાવે તેવું; મોહક; લોભક.

Alluvian, *n.* (ઍલ્લ્યૂ'વિઅન્) Land gained from the sea by the washing up of sand and earth. પાણીના પ્રવાહથી ધસડાઈ આવેલી જમીન; નવું ભાઠું; ચગુ; કાંપથી બનેલી જગ્યા. [L. *ad, luĕre,* to wash.]

Alluvium, *n.* (ઍલ્લ્યૂ'વિઅમ્) The mass of matter deposited by rivers, etc. પાણીના પ્રવાહથી ધસડાઈ આવેલી રેતી; કાદવ વગેરે *pl.* allúvia. [L. *ad, lauāre,* to wash.]

Alluvial, *adj.* (ઍલ્લ્યૂ'વિઅલ્) Pertaining to alluvium. ધસડાઇ આવેલી રેતી વગેરેને લગતું; ચગાનું; ધોવાણથી બનેલું; નવા ભાઠાનું—ને લગતું.

Ally, *vt.* (ઍલા'ઇ) To form a relation by marriage, treaty, similarity or friendship. સગાઈ કરવી; સંબંધ સ્થાપવો; સુલેહ કરવી; મિત્રાચારી રાખવી; સમાન હોવું; સહાયક બનવું. [L. *ad, legare,* to bind.]

Alma—Mater, *n.* (ઍ'લ્મા-મેઈટર્) Fostering mother. ઉછેરનારી મા; જે સંસ્થામાં કેળવણી લીધી હોય તે વિદ્યાદાત્રી માતા. [Ar. *almah,* learned.]

Almanac, *n.* (ઑ'લ્મૅનૅક્) A register of the days of the year. પંચાંગ; ટીપણું. [Sp. Ar. *al-manākah,* almanac.]

Almighty, *adj.* (ઑલમા'ઇટિ) Omnipotent; possessing all might; very powerful. સર્વશક્તિમાન્;સમર્થ. The Almighty=God.પ્રભુ;ઈશ્વર.

Almond, *n.* (આ'મન્ડ્) A kind of fruit or tree. બદામ; બદામડી.

Almonds, *n.* (આ'મન્ડ્ઝ્) A kind of fruit; the tree; tonsils or glands of the throat. બદામો; બદામડીઓ; લાળીઓ.

Almoner, *n* (ઍ'લ્મનર્) A distributer of alms. દાન આપનાર; સદાવ્રત દેનાર; ભિક્ષા આપનાર; દાનાધિકારી.

Almonry, *n.* (ઍ'લ્મન્રી) The place where alms are distributed. દાનગૃહ; સદાવ્રતશાળા; અન્નાશ્રમ; દાનાધિકારી ગૃહ; ગોખલો; દાનગોખ.

Almost, *adv.* (ઑ'લ્મોસ્ટ્) Nearly; all but લગભગ; નજદીક; ઘણું કરીને; આશરે.

Alms, *n* (આમ્ઝ્) Food; money or some other help given out of pity to the poor. ભીખ; ભિક્ષા; દાન; ખેરાત; ધરમ. [Gr. *elleo*, I pity.]

Alms-deed, *n.* A charitable deed. દાન અથવા ધર્મનું કામ.

Alms-man, *n.* One who lives by alms. દાન અથવા ભિક્ષા ઉપર ગુજરાન ચલાવતો માણસ.

Aloe, *n.* (ઍ'લો) A bitter plant; a kind of wood. કુંવાર; કુંઆર; અગર. [L. *aloe*, aloe.]

Aloes, *n.* (ઍ'લોઝ્) A purgative bitter drug; the juice of the aloe. એળીયો.

Aloft, *adv.* (ઍલો'ફ્ટ્) Overhead; at a great height; above the deck; at the mast head; aloof. ઉપર; ઉંચે; વહાણના ડોલ ઉપર; અલગ; અળગું; છેટું. [Icel. *alopt*, on high.]

Alone, *adj. adv.* (ઍલો'ઉન્) Solitary; only one of its kind; single; singly; by one's self only. એકલું; છડું; માત્ર; ફક્ત, એકજ. To let alone=જેમને તેમ રહેવા દેવું;છેડવું નહિ;દખલ ન કરવી.

Along, *adj.* (ઍલૉ'ન્ગ્) Lengthwise; by or through the length of; throughout; onward; in company of. સીધું; ઉભું; આગળ; સરેરાશ; સદંતર; ની સાથે. *prep.* By the side of; near. પડખે; સાથેસાથે; પાસે; નજદીકનું. [A. S. *ano*, against, *lang*, long.]

Along-side, *prep.* By the side; beside. પડખે; આજુબાજુએ; સાથે.

Aloof, *adv.* (ઍલૂ'ફ્) At a distance; apart. દૂર, અળગું; અલગ; નિરાળું; નોખું; આઘે.

Aloof-ness, *n.* (ઍલૂ'ફ્-નેસ્) Withdrawal, or remaining apart from another's action or sympathy. નોખા, નિરાળાપણું; અળગા રહેવું તે;ભાગ ન લેવો તે.

Alopecia, *n.* (ઍલોપી'સિયા) Baldness; a skin disease producing baldness. બોડકું; મુંડો; વાળ ખરી જવાનો રોગ; ઉંદરી [Gr. *alopex*, a fox.]

Aloud, *adv.* (ઍલાઉડ્) Loudly; with a loud voice. મ્હોટે સાદે; મ્હોટેથી; ઘાંટો પાડીને; બૂમ પાડીને; તાણીને [A. S. *a*, *hlúd*, noise.]

Alpaca, *n.* (ઍલ્'પેકા) The Peruvian sheep; cloth made of its wool. એક જાતનું ઘેટું; તેના ઉનનું બનાવેલું કપડું; આલપાકો-કા.

Alphabet, *n.* (ઍ'લ્ફબેટ્) The letters of a language in order. મૂળાક્ષર; કક્કો; વર્ણમાળા. [Gr. *alpha*,*beta*, the first two Greek letters.]

Alphabetarian, *adj.* (ઍલ્ફબેટે'રિયન્) A beginner; a student of alphabets. શરૂ કરનાર; શીખાઉ; નવો નવો; જૂદી જૂદી ભાષાના મૂળાક્ષરનો અભ્યાસી.

Alphabetic-al, *adj.* (ઍલ્ફબે'ટિકલ્) Relating to or in the order of an alphabet. મૂળાક્ષર સંબંધી; વર્ણમાળાને ક્રમે ગોઠવેલો; કક્કાવાર.

Already, *adv.* (ઑલરે'ડિ) Before the time; previously. પહેલેથીજ; ક્યારનું, અગાઉથી.

Also, *adv.* (ઑ'લ્સો)In like manner;further; more-over. પણ; વળી; તે મુજબ; તદુપરાંત; અપરંચ.

Alter, *n.* (ઑ'લ્ટર્) An elevated place or structure; the communion table;a platform or pit into which sacrifices are offered;a place of worship. સ્થંડિલ; યજ્ઞવેદિ; કુંડ; ભોગ આપવાની પવિત્ર જગ્યા. At the altar of the mother-land,justice etc.=સ્વદેશ;ન્યાય વગેરેના યજ્ઞકુંડ આગળ, સ્વદેશ ન્યાય વગેરેની ખાતર. [L. *altus*, heigh.]

Alter, *vt.* (ઑલ્'ટર્) To change; to castrate. બદલવું; ફેરવી નાખવું; નું રૂપાન્તર કરવું; 2. ખસી કરવી.—*vi.* to become different. બદલાઇ જવું; માં ફેરફાર થવો. [L. *alter*, another.]

Alterable, *adj.* (ઑ'લ્ટરબલ્) That may be altered. બદલાય-ફેરવાય તેવું.

Alteration, *n.* (ઑલ્ટરે'ઇશન્) Change; the state of being altered. ફેર; ફેરફાર; વિકૃતિ; બદલાવું તે; રૂપાંતર.

Altercate, *vi.* (ઑલ્ટરકેઈટ્) To dispute; to quarrel. હોંશાતોંસી, બોલાબોલી, તકરાર, ટપ્પાટપ્પી કરવી. [L. *altercāre*, to bandy words form one to the other.]

Altercation, *n.*(ઑલ્ટરકે'ઈશન્)Controversy; quarrel. વાદવિવાદ; રકઝક; બોલાચાલી; તકરાર.

Alter ego, *n.* (ઑ'લ્ટર્, ઇ'ગો)Second self; double;counterpart.બીજો પંડ; બીજું રૂપ; પ્રતિમા. [L. *alter*, other, *ego*, I.]

Alternate, *vi. vt.* (ઑ'લ્ટરનેઇટ્;ઑલ્ટ'ર્નેઇટ્) To be or to act by turns; to cause to follow by turn. અવાર નવાર થવું,આવવું; વારાફરતી બનવું, એકાંતરે આવવું; એક પછી એક કરવું; વારાફરતી કરવું; લાવવું-*adj.* One after the other. વારાફરતી, એક પછી એક, એક પછી એક થવું.-*adv.* alternately.

Alternation, *n* (ઑલ્ટર્ને'ઈશન્) Interchage; the act of alternating; reading or singing antiphonally. અદલાબદલી; વિપર્યય; વારાફરતી આવવું; કરવું તે; પ્રતિઘોષ; સામસામું; એક પછી એક બોલવું; વાંચવું અથવા ગાવું તે.

Alternative, *adj.* (ઑલ્ટ'ર્નેટિવ્) Offering a choice of two things. વિકલ્પ આપવું; ઈલાજ દર્શાવવું; બેમાંથી એકની પસંદગી કરવાની તક આપવું. -*n.* A choice between two things. બીજો ઉપાય; બેમાંથી એકની પસંદગી; વિકલ્પ; પક્ષાન્તર.-*adv.* alternatively. [L. *alter*, other.]

Although, *conj.* (ઑલ્ધો') Notwithstanding that; admitting all that. જોકે; યદ્યપિ, અગરજો.

Altitude, *n.* (ઍ'લ્ટિટ્યુડ) Height; high rank or eminence; highest point. ઉંચાઇ; ઉન્નતાશ; ક્ષિતિજથી માંડીને ઉંચાઇ; ઉંચો દરજ્જો; મ્હોટી પદવી; ઉત્કૃષ્ટતા; કેન્દ્ર. [L. *altus*, height.]

Altitudes, *n.* (ઍ'લ્ટિટ્યુડ્ઝ્) Passion; excitement; plural of altitude. આવેશ; ઉશ્કેરણી; ગુસ્સો; જુદી જુદી ઉંચાઈ.

Altogether, *adv.* (ઑલ્ટુગે'ધર્) Wholly; without exception; all together. છેક; સમુળગું; સર્વથા; તદ્દન; બધું સાથે; એકંદર.

Altruism, *n.* (ઍ'લ્ટ્રૂઈઝમ્) The principle of living and acting for the good of others. પરોપકારબુદ્ધિ; પારકાનું કલ્યાણ કરવાની વૃત્તિ; સર્વભૂતહિતે રતિ. [L. *alter*, another.]

Altruistic, *adj.* (ઍલ્ટ્રુઈ'સ્ટિક) Filled with altruism. પરોપકાર બુદ્ધિવાળું, નું; પરગજુ.

Alum, *n.* (ઍ'લમ્) A mineral salt. ફટકડી; ફટકી.

Alumnus, *n.* (ઍલ'મ્નસ્) A pupil of a college. વિદ્યાર્થી; વિદ્યાલયમાતાનો પુત્ર; શિષ્ય. [L. *alère*, to nourish.]

Alvine, *adj.* (ઍ'લ્વિન્) Of or from the belly. પેટ-આંતરડાં-સંબંધી;આંતરડાના મળ સંબધી. [L. *alvus*, belly].

Always, *adv.* (ઑ'લ્વેઈઝ્) For ever; in or by all ways; continually. નિરંતર; સર્વદા; હમેશાં; અહોનિશ; ચાલુ; જારી.

Am, *vi.* (ઍમ્) The first pers. sing; of the verb, *to be*. છું. [Sans. अस्मि.]

Amain, *adv.* (ઍમે'ઈન્) With force; suddenly; exceedingly. વેગ-ઝડપ, જોરથી; એકાએક; એકદમ; અતુળ; ઘણુંજ. [As. *a malgon*, force.]

Amalgam, *n.* (ઍમ'લ્ગૅમ્) A compound of mercury with mercury with another metal; a mixture of different things. પારો અને બીજી કોઇ ધાતુની મેળવણીથી બનેલી ધાતુ; ભેગ; મિશ્રણ; મેળવણી; મેળો; ઠઠ.

Amalgamate, *vt.* or *vi.* (ઍમ'લ્ગમેઇટ્) To mix with mercury with another metal; to mix together. પારો અને બીજી કોઇ ધાતુને મિશ્ર કરવી; મિશ્ર; ભેગું કરવું; એકઠું થવું; જોડવું. [L. Gr. *malassein*, to soften.]

Amalgamation, *n.* (ઍમૅલ્ગૅમે'ઇશન્) Mixture, પારો અને બીજી ધાતુને મિશ્ર કરવી તે; નું મિશ્રણ; ભેગ; મેળવણી.

Amanuensis, *n.* (ઍમૅન્યૂએ'ન્સિસ્) One who writes to dictation; a copyist; a secretary. કોઈ લખાવે તે પ્રમાણે લખનાર; ઉતારો, નકલ કરનાર; લહીઓ; મંત્રી; કારકુન. [L. *ab*, *manus*, the hand.]

Amaranth, *n.* (ઍ'મૅરન્થ્) A genus of plants; the cock's-comb flower; a colour similar to purple. ગુલકેશ; માટની ભાજી; જાંબુ રંગને સ્હેજ મળતો રંગ; ન કરમાતું ફુલ. 2 An emblem of immortality. અમરત્વનું ચિન્હ-નો નમુનો. [L. *a*, *mori*, to die.]

Amaranthine, *adj.* (ઍમૅરૅ'ન્થાઈન્) Pertaining to amaranth. ગુલકેશને લગતું; કરમાઈ ન જાય એવું; લગભગ અમર જેવું.

Amass, *vt.* (ઍમૅ'સ) To gather in a mass; to accumulate. એકઠું કરવું; નો સંચય, સંગ્રહ, ઢગલો કરવો.

Amateur, *n.* (ઍ'મૅટ્યૂર, ઍમૅટ'ર) One who studies an art or does something else for the love of it, and not professionally or for money. વિદ્યાકળાનો શોખીન; શોખને માટેજ અભ્યાસ કરનાર. 2. A novice. શિખાઉ; રમતરાળાં કરનાર. [L. *amator*, a lover.]

Amatory, *n.* (ઍ'મૅટરિ) Relating to or causing love; affectionate. પ્યાર; શૃંગાર; હેત સંબંધી; મોહક; રત્યુત્પાદક; સ્નેહાળ.

Amatorial, *adj.* (ઍમૅટો'રિયલ્) Amative; produced by illicit sexual intercourse. મોહક; મુગ્ધ; જારજ; રાંડના પેટનું; વ્યભિચારથી પેદા થયેલું.

Amaze, *vt.* (ઍમે'ઈઝ્) To confound with surprise or wonder. દંગ, ચકિત, છક, તાજુબ કરી નાખવું; આશ્ચર્ય પમાડવું.-*n.* Astonishment. તાજુબી; આશ્ચર્ય. [Ice. *a*, *masa*, to jabber.]

Amazement, *n.* (ઍમે'ઈઝ્મેન્ટ્) Astonishment; perplexity. આશ્ચર્ય; દિઙ્મૂઢતા; ગભરાટ.

Amazing, *adj.* આશ્ચર્યકારક; અદ્દભૂત; અજબ; દંગ કરે તેવું.

Amazon, *n.* (ઍ'મૅઝૉન્) A masculine woman; a virago. લડાયક, શૂર બૈરી; ચણ્ડિકા; વીરાંગના. [Gr. *a*, *mazos*, a breast.]

Ambassador, *n.* (ઍમ્બૅ'સૅડર્) A representative of the sovereign at the court of another. પ્રતિનિધિ; એલચી; રાજા તરફનો વકીલ; સંદેશવાહક. [A. S. *ambikt*, a servant.]

Amber, *n.* (ઍ'મ્બર્) A yellowish fossil resin. કેરબો; તૃણમોણ. 2. Amber gris. અમ્બર. *adj.* made of amber hue. કેરબાનું બનાવેલું; તૃણમોણના રંગ જેવું.

Ambidexter, *adj.* or *n.* (ઍમ્બિડૅ'ક્સ્ટર્) Able to use, or one who uses both hands with equal ease; double-dealing; double dealer. ઉભયસાચી; બન્ને પક્ષ ખેંચનાર; દગાબાજ; બે ગોળીનો ચડવો.-*adj.* Ambidex'trous. [L. *ambo*, both *dexter*, right hand.]

Ambient, *adj.* (ઍ'મ્બિયન્ટ્) Surrounding; going round. આસપાસનું; ફેરા કરતું; ફરતું.-*n.* An encompassing sphere; the air or sky. ઘેરાવો; હવા; વાતાવરણ; આકાશ. [L. *ambi*, about, *ire*, to go.]

Ambiguous, *adj.* (ઍમ્બિ'ગ્યુઅસ્) Having more than one meaning; equivocal; indistinct; wavering or uncertain. બે અર્થવાળું; દ્વિઅર્થી; શકભરેલું. [L. *ambi*, *agère*, to drive.]

Ambiguity, *n.* (ઍમ્બિગ્યુ'ઇટિ) Uncertainty of meaning. અર્થનું અનિશ્ચિતપણું; શકભરેલો અર્થ; સંદિગ્ધતા.

Ambit, *n.* (ઍ'મ્બિટ્) Surroundig space; a circuit: extent of meaning. ઘેરાવો; ચક્કર; હદ; વિસ્તૃત અર્થ; અર્થનો વિસ્તાર.

Ambition, *n.* (ઍમ્બિ'શન્) Desire of power or honour. મ્હોટાઈ મેળવવાની ઇચ્છા; તૃષ્ણા; રાજ્યલોભ; લોકૈષણા. [L. *ambi*, *itun*, to go.]

Ambitious, *adj.* (ઍમ્બિ'શસ્) Full of ambition; greedy of power, etc. કીર્તિલોભી; રાજ્યલોભી; માનભૂખ્યો. 2. Pretentious. દાંભિક.

Amble, *vi.* (ઍ'મ્બલ્) To move as a horse, midway between trotting and walking; to move at an easy pace or affectedly. રવાલ ચાલ ચાલવી; ડોળઘાલુ ચાલ ચાલવી.-*n.* રવાલ ચાલ. [L. *ambutare*, to walk about.]

Ambler, *n.* (ઍ'મ્બ્લર્) One that ambles. રવાલે ચાલનારો ઘોડો; ઠેકો મારીને ચાલનાર.

Ambrosia, *n.* (ઍમ્બ્રો'ઝિયા) Food of the gods; the anointing oil of the gods; something delightfully sweet and pleasing. દેવનું અન્ન; અમૃત; પુરાણમાં ખાણું અથવા ચીજ; દેવાભિષેક તેલ; તેલ.

Ambrosial, *adj.* (ઍમ્બ્રો'ઝિયલ્) Immortal; heavenly; delicious; fragrant. અમૃત સરખું; અમર; દૈવી; મધુર; ખુશબોદાર. [Gr. *a*, *brotos*, mortal; Sans, *amrita*. nectar, not dead.]

Ambry, *n.* (ઍ'મ્બ્રિ) A niche for sacred utensils; a cupboard for victuals. ગોખલો; પૂજાનાં વાસણ રાખવાનો ગોખ; ખાવાનું રાખવાનું કબાટ; પેટી. [L. *armarium*, a chest for arms.]

Ambulance, *n.* (ઍ'મ્બ્યુલન્સ્) A special conveyance for the sick or injured; a movable field hospital; a unit of succour. માંદા પડેલા અથવા ઘાયલ થયેલાને લઈ જવા માટેનું એક ખાસ વાહન; ઘાયલ થયેલા માટેનું હરતું ફરતું દવાખાનું; જખમી સિપાઇને મદદ કરવારી ટોળી. Also, *adj.* એમ્બ્યુલન્સને લગતું.

Ambulant or Ambulatory, *adj.* Moving from place to place. હરતું ફરતું; ફરવાની શક્તિવાળું.

Ambuscade, *n.* (ઍ'મ્બસ્કેઇડ્) A hiding to attack suddenly; a body of troops in hiding; the hidden place of attack એકાએક હુમલો કરવા સંતાઇ રહેવું તે; છાનોમાનો હુમલો કરવા ભરાઇ બેઠેલી લશ્કરની ટુકડી; ગુપ્તદળ; હુમલો કરવા માટે સંતાઇ રહેવાની જગ્યા. [L. *in*, *boscus*, a bush.]

Ambush, *n.* & *v.* (ઍ'મ્બુશ્) Same meanings as ambuscade.

Ameliorate, *vt.* (અમિ'લ્યોરેઇટ્) To make better; to improve. સુધારવું; ચઢતી દશામાં લાવવું.-*vi.* to grow better. સુધરવું; સારૂં થવું. [L. *ad*, *milior*, better.]

Amelioration, *n.* (અમિલ્યોરે'ઇશન્) Improvement or the means of improvement; the state of being made better. સુધારો; સુધરવું તે; સુધરવાનો રસ્તો; સાધન; ઉન્નતિ; સુધારવું તે; સુધરાવાવું તે.-*adj.* **Amel'iorative,** સુધારક; સુધારે તેવું.

Amen, *int.* (ઍ'ઇમે'ન્, આ'મે'ન્) So let it be. અસ્તુ; તથાસ્તુ; તેમ થાઓ; આમીન. *vt.* To say amen to anything; to confirm. તથાસ્તુ એમ કહેવું, ગંભીરતાથી ટેકો આપવો. [Hel. *amen*, firm, true].

Amenable, *adj.* (ઍમી'નૅબલ્) Easy to be led or governed; responsible; liable or subject to. માને તેવું; વશ; આધીન; જવાબદાર; જોખમદાર. [L *ad*, *mener*, to lead.]-*ns.* Amenabili'ty, amen'ableness=જવાબદારી; આધીનતા.

Amend, *vt.* (ઍમે'ન્ડ્) To correct; to make better; to alter in detail. ચૂક સુધારવી; સુધારવું; સારે રસ્તે લાવવું; વિગતવાર બદલી નાખવું.-*vi* To become better. સુધરવું. [L. *e*, *menda*, a fault.]

Amendment, *n.* (ઍમે'ન્ડ્મેન્ટ્) Correction; improvement; alteration; a counter proposal.

ભૂલ સુધારવી તે; સુધારણા; ફેરફાર; સુધારો; સુધારાની દરખાસ્ત-*adj.* amend'able. સુધારાય તેવું; amend'atory=સુધારક; સુધારે તેવું.

Amends, *n.* (ઍમે'ન્ડ્ઝ્) Compensation; reparation.બદલો;અવેજ;ખોટ ભરપાઇ કરી આપવીતે.

Amenity, *n.* (ઍમે'નિટિ) Pleasantness with regard to manners, climate etc. સુજનતા; ભલાઈ; રમ્યતા; શોભા; મનોરંજકપણું; ખુશનુમાઈ. [L. *amoenus* plesant.]

Amenities, *n.* Pleasant manners; Scenes. સુશીલ રીતભાત; રમણીય દેખાવ વગેરે.

Amenorrhea, *n.* (ઍમેનોરી'યે) Absence of menstruation. ઋતુ પ્રાપ્તિમાં હરકત; ઋતુ પ્રાપ્તિનો અભાવ; અભડાય નહિ અથવા અનિયમિત વખતે અભડાય તે; ઋતુકૃચ્છ્ર. [Gr. *a*, *men*, month, *roia*, a flowing.]

Amerce, *vt.* (ઍમ'ર્સ) To punish by a fine; to deprive; to inflict loss. દંડ કરવો; લઇ લેવું; ખોટમાં ઉતારવું;સજા,શિક્ષા કરવી.-*n.* amerce'ment =શિક્ષા; દંડ. [L. *merces*, wages, fine.]

Amethyst,*n* (ઍ'મેથિસ્ટ) A kind of precious stone; a bluish violet variety of quartz. યાકુત. [Gr. *a*, *methu*, wine; *sans.* મધુ, sweet.]

Amiable, *adj.* (ઍ'મિઍબલ્) Lovely; worthy of love; of sweet disposition. પ્યાર ઉપજાવે એવું; મળતાવડું; ભલું; પ્રીતિપાત્ર; સુશીલ; સુજન. [L. *amare*, to love.]

Amiability, *n.* (ઍમિઍબિ'લિટિ) Quality of being amiable. પ્રીતિપાત્રતા; પ્યાર ઉપજાવે તેવા ગુણ; મળતાવડાપણું; ભલાઇ; સુજનતા. *n.*-**Am'iableness** *adv.* **Amiably**.

Amicable, *adj.* (ઍ'મિકેબલ્) Friendly. મિત્રાચારીભરેલું; સંપીલું; સમાધાનીવાળું; મિલનસાર -*ns.* **Amicabil'ity, Am'icableness.** મળતાવડાપણું.

Amicably, *adv.* (ઍ'મિકબ્લી) In a friendly manner. ઘરમેળે; સમાધાનીથી;સલાહસંપથી; ખાનગી રાહે. [L, *amicus*, a friend.]

Amid, Amidst, *prep.* (ઍમિ'ડ, ઍમિ'ડસ્ટ) In the middle or midst; among. મધ્યે; વચમાં; અંદર; માંહે.-*adv.* **Am'idmost.** બરાબર વચમાં.

Amidships, *adv.n.* (ઍમિ'ડશિપ્સ) Half way between the stem and stern of a ship. વહાણના મોખરા અને વરામ અથવા પાછલા ભાગની અધવચ.

Amiss, *adj.* (ઍમિ'સ) Wrong; improper. ખોટું;ગેરવ્યાજબી;અયોગ્ય;આડું.-*adv.* In a faulty manner. અયોગ્ય રીતે;અડીક;ખોટી રીતે **No book comes amiss to him.** બધી ચોપડીઓનું જ્ઞાન હોય એવું તે દેખાડે છે. **To take amiss.** ખોટું; માઠું લગાડવું; ખોટો, ઉંધો અર્થ લેવો; વાંકું પાડવું.

Amity, *n.* (ઍ'મિટિ) Friendship; goodwill. મિત્રાચારી; સ્નેહ; સંપ. [L. *amicus*, a friend.]

Ammonia, *n.* (ઍમો'નિઍ) An alkali which is gaseous if not combined. નવસાર; નવસાગર. [L. *ammon*, a title of Jupiter.]

Ammunition, *n.* (ઍમ્યુનિ'શન્) Military stores; anything used for defence. દારૂગોળા; લડાઇનો સામાન; યુદ્ધસામગ્રી; રક્ષકસાધન. [L. *ad*, *munio*, I fortify.]

Amnesia, *n.* (ઍમ્નિ'સિઍ) Loss of memory. યાદદાસ્તનો અભાવ, ખામી; શૂન્યમન.

Amnesty, *n.* (ઍ'મ્નેસ્ટિ) General pardon of political offenders; the proclamation of such pardon; an act of forgetfulness. સઘળા રાજદ્રોહી ગુન્હેગારને એક સામટી માફી; રાજક્ષમા; ક્ષમાપત્ર; માફીનું જાહેરનામું; ભૂલી જવું તે. [Gr. *a*-*mnestos*, not remembered.]

Among, Amongst, *prep.* (ઍમ'ન્ગ, ઍમ'ન્ગ્સ્ટ) Amidst; of the number of. મધ્યે; અંદર; માંનું; માંહેનું. **From among**=પૈકી; માંથી. [A. S. *mengan*, to mingle.]

Amorous, *adj.* (ઍ'મરસ) Inclined to love; relating to or indicating love. કામી; સ્ત્રીલંપટ; ઇશ્કબાજ; વિલાસી; પ્રેમસંબંધી; ઇશ્કી; પ્રેમદર્શક. **Amorous airs**=શૃંગારનાં નખરાં, ની ચાલચલગત.

Amorphous, *adj.*(ઍમો'ર્ફસ) Of irregular shape; shapeless; uncrystallised. અનિયમિત આકારનું; ઢંગ વગરનું; ડોળ વિનાનું; ઘાટ વિનાનું; સ્ફટિક જેવું નહિ. [Gr. *a*, *morphe*, form.]

Amount, *vi.* (ઍમા'ઉન્ટ) To rise to; to result in; to mean in substance. એકંદર, સામટું થવું; સરવાળો થવો; પરિણામ આવવું; સારાંશ, સાર હોવો.-*n.* The whole sum; the total effect or result. સરવાળો; સાર; એકંદર અસર અથવા પરિણામ. [L. *ad*, *mont*, a mountain.]

Amour, *n.* (ઍમૂ'ર) A love-intrigue; illicit affection. પરસ્ત્રીસંગ; રંડીબાજી; નખરું; વ્યભિચાર.

Amphibious, *adj.* (ઍમ્ફિ'બિઅસ્) Having the power of living in two elements, land and water. પાણી અને જમીન બન્નેમાં રહી શકે એવું; જળસ્થળચર; જળ અને વાયુમાં વિચરી શકે તેવું. [Gr. *amphi*, both, *bios*, life.]

Amphibia, *n.* (ઍમ્ફિ'બિઍ) Animals capable of living both under water and on land. ઉભયચારી પ્રાણીઓ; જળસ્થળચર પ્રાણીઓ.

Amphitheatre, *n.* (ઍમ્ફિથિ'યેટર) An oval or circular arena in which public scenes are shown; anything like an amphi theatre in form. ચઢતી ચઢતી બેઠકવાળી, મ્હોટી ગોળાકાર

નાટકશાળા; રંગભૂમિ; ગોળાકાર અથવા અંડાકાર વાડો, મેદાન. [Gr. *amphe*, round about, *theatron*, a place for scenes.]

Ample, *adj.* (ઍ'મ્પલ્) Spacious; wide; large enough; fully sufficient; copious; liberal. મ્હોટું; વિશાળ; પહોળું; જોઇએ તેટલું; પુષ્કળ; વિસ્તીર્ણ; ઘોતાળ; ઉદાર.–*n* ampleness. [L. *amplus*, large.]

Amplify, *vt.* (ઍ'મ્પ્લિફાઈ) To make more copious; to enlarge; to add to. લંબાવી, વિસ્તારીને કહેવું, બોલવું; વધારે મ્હોટું કરવું; વધારવું;લંબાવવું. –*n.* **Am'plifier**=વધારનાર; દુરબીન.

Amplification, *n.* (ઍમ્પ્લિફિકે'ઈશન્) Enlargement. વિસ્તાર; વૃદ્ધિ; વધારો; લંબાણ.

Amplitude, *n.* (ઍ'મ્પ્લિટ્યુડ્) Largeness; abundance; splendour; capacity; distance from the horizon. વિસ્તાર; લંબાઈ; પહોળાઈ; પુષ્કળતા; ભભકો; બુદ્ધિની વિશાળતા; અગ્રાંશ.

Amputate, *vt.* (ઍ'મ્પ્યુટેઈટ્) To cut off a limb; to prune; અંગ કાપવું; છેદવું; (છોડવો) સોરવો; કાપીને ઠીક ઠાક કરવું. [L. *am*, round about, *putare*, to cut.]

Amputation, *n.* (ઍમ્પ્યુટે'ઈશન્) The cutting of a limb or a plant. અંગ કાપવું તે; સમારવું; સોરવું તે.

Amuck, *adv.* (ઍમ'ક્) Madly. ગાંડાતુર બનીને. to run amuck. ગાંડાતુર બનીને જેને તેને મારવા દોડવું; ઝારવું; હાથથી જવું.

Amulet, *n.* (ઍ'મ્યુલેટ્) A gem or other object used as a charm against evil. રક્ષા; તાવીજ; માદળીયું; દોરો; મંતરજંતર.

Amuse, *vt-vi.* (ઍમ્યૂ'ઝ્) To please the mind; to deceive with expectaion; to divert. મનરંજન કરવું; રીઝવવું; રમાડવું, ખુશકરવું; દિલગીરી ઉડાવી દેવી; ખોટી આશાથી રીઝવવું, પંપાળવું, મજા કરવી. [Fr. *muser*=to loiter.]

Amusement, *n.* (ઍમ્યૂ'ઝ્મેન્ટ) Pastime; diversion; anything pleasing; pleasure. રમત; તમાસો; મજા; વિનોદ; મનોરંજક વસ્તુ; મનરંજન; આનંદ –*adj.* amusing. મનોરંજક.

An, *adj.* (ઍન્) One; the indefinite article, used before initial vowel sound. એક.

Anachronism, *n.* (ઍને'ક્રોનિઝમ્) An error in regard to time. કાળભૂલ; કાળપરિમાણ વિષે ચુક; અમુક બનાવ વિષે ખોટો સમય આપવો. 2 Anything untimely. સમયને અનુકૂળ ન હોય તે; કવખતનું. [Gr. *ana*, backwards, *chronos*, time.]

Anaemia, *n* (ઍની'મિઍ) Lack or poverty of blood. રાતા સરસ લોહીનો અભાવ; લોહી ન રહે તેવો રોગ. [Gr. *an*, not. *haima*, blood.]

Anal, *adj.* (ઍ'નલ્) Pertaining to or near the anus. મળદ્વાર, ગાંડની નજીકનું.

Analeptic, *adj.* (ઍનલે'પ્ટિક્) Comforting; restorating; invigorating. સુખચેનકારક; પૌષ્ટિક; બળવર્ધક;પુષ્ટિકારક.–*n.* a medicine which gives strength or comfort. શાંતિ અથવા બળ આપનારી દવા; પૌષ્ટિક ઔષધ. [Gr. *analêptikos*, restorating.]

Analogical, *adj.* (ઍનૅલૉ'જિકલ્) Founded on or pertaining to analogy. ઉપમા સહિત; ઉપમાવાળું; મુકાબલો કરનારૂં; સપ્રમાણ.

Analogous, *adj.* (ઍનૅ'લૉગસ્) Having analogy: similar in certain respects. તુલ્ય; અનુરૂપ; સરખું; મળતું આવતું; સદૃશ.

Analogue, *n.* (ઍ'નૅલૉગ્) A word or body bearing resemblance. મળતો આવતો શબ્દ અથવા પદાથ; સરખો શબ્દ અથવા વસ્તુ.

Analogy, *n.* (ઍનૅ'લૉજી) A resemblance or correspondence in certain respects between things otherwise different; likeness, proportion; similarity in derivation or inflectional processes. ઉપમા; સાદૃશ્ય; સરખાપણું; મુકાબલો; સજાતીયતા; પ્રમાણ; સમરૂપ વ્યુત્પત્તિ; સદૃશ રૂપરૂપાન્તર. [Gr. *ana*, according to, *logos*, ratio.]

Analyse, *vt.* (ઍ'નેલાઈઝ્) To resolve a body into its elements; to separate into parts. મૂળતત્ત્વ જૂદાં પાડવાં; પૃથક્કરણ કરવું. [Gr. *analyen*, to unloose.]

Analysis, *n.* (ઍનૅ'લિસિસ્) A resolving or separating a thing into its elements or parts. પદચ્છેદ; વ્યાકરણ; મૂળતત્ત્વ જૂદાં પાડવાં તે; વ્યવચ્છેદ; વિભાગ; તત્ત્વવિવેચન; પૃથક્કરણ; વિશ્લેષણ. 2. Consideration by parts. કોઈ વસ્તુ અથવા વિષયના ભાગોનો એક પછી એક વિચાર કરવો તે; પૃથગ્વિચાર. 3. A brief explanation of the principles of a science. સાર; વિષયવિચાર; નિષ્કર્ષ; શાસ્ત્રસાર. (4). (in *math.*). Solution by the algebraic method. બીજગણિતથી છોડવું, ગણવું તે. 5. A syllabus or synopsis. સૂચનાવળી; સારાવળી; તારીજ.

Analyst, *n.* (ઍ'નૅલિસ્ટ્) One skilled in analysis, *esp.* chemical analysis. પૃથક્કરણકર્તા.

Analytic-al, *adj.* (ઍનૅલિ'ટિક્) Pertaining to analysis. પૃથક્કરણ સંબંધી.

Analytics, *n.* (ઍનૅલિ'ટિક્સ્) The name given by Aristotle to his treatises on logic; the science of analysis. ઍરિસ્ટૉટલનું પ્રમાણશાસ્ત્ર; પૃથક્કરણ વિદ્યા.

Analyze, *vt.* (ઍ'નૅલાઈઝ્) To analyse. પૃથક્કરણ કરવું.

Anapaest, anapest, *n.* (ઍ'નૅપેસ્ટ્) A

foot consisting of three syllables, two unaccented or short and the third accented or long. પહેલા બે સ્વરચિન્હવાળા અથવા લઘુ અને ત્રીજા ગુરૂ અક્ષરવાળું ચરણ; "સલગમ્"વાળું ચરણ; સગણ. *e.g.* colonnade'-*adj.* **Anapaes'tic, -al** [Gr. *anapai-stos*, reversed.]

Anarchic-al, *adj.* (ઍનૅ'ર્કિક્-અલ્) Without rule or government. અરાજક; રાજનીતિરહિત; અવ્યવસ્થિત; અંધેરવાળું.

Anarchist, *n.* (ઍ'નૅર્કિસ્ટ્) One who promotes anarchy. ફિતુરી; બંડ કરાવનાર; અંધાધૂની કરનાર.

Anarchy, *n.* (ઍ'નૅર્કિ) Want of government: political confusion; conflict of opinion. અરાજકતા; ગેરબંદોબસ્ત; અંધેર; ઝઘડો.

Anathema, *n.* (ઍનૅ'થૅમા) An ecclesiastical curse or excommunication: any person or thing under anathema or any execration. શાપ દઈને મંડળમાંથી બહાર મૂકવું તે; બહિષ્કાર; શાપ; બદદુવા; શાપિત પુરૂષ વસ્તુ; અપશુકનીયું. [Gr. *ana*, up, *tithenai*, to place.]

Anathematise, *vt.* (ઍનૅ'થૅમટાઇઝ્) To pronounce accursed or excommunicated. બહિષ્કાર કરવો; શાપ દેવો; અમાંગલિક ગણવું.

Anatomy, *n.* (ઍનૅ'ટોમિ) The science of the structure of the body learned by dissection; the art of dissection; skeleton; a mummy; shadow; the body; analysis. મુડદાં ચીરીને શરીરના અવયવોની રચના જોવાની વિદ્યા; કળા; શરીર શાસ્ત્ર; મુડદેહાલ; હાડપિંજર; શરીર; પૃથકરણ; વિવેચન. [Gr. *ana*, up, *tame*, a cutting,]

Anatomic,-cal, *adj.* (ઍનૅટો'મિક્-અલ્) Relating to anatomy. શરીરશાસ્ત્ર સંબંધી.

Anatomist, *n.* (ઍનૅ'ટોમિસ્ટ્) A person skilled in anatomy. શરીરછેદન કર્તા; શારીરવૈદ્ય.

Anatomise, *vt.* (ઍનૅ'ટોમાઇઝ્) To dissect; to show forth minutely. અવયવ છેદન કરવું; પૃથકરણ કરવું; વિગતવાર વિવેચન કરવું.

Ancestor, *n.* (ઍ'ન્સેસ્ટર્) A forefather; one from whom a person has descended. આદિ પુરૂષ; પૂર્વજ; બાપદાદો; વડવો. [L. *ante*, before, *cedere*, to go.]

Ancestral, *adj.* (ઍન્સે'સ્ટ્રલ) Relating to ancestors. બાપદાદાનું; પરંપરાગત; વડીલોપાર્જીત; ઘરડાનું.

Ancestry, *n* (ઍ'ન્સેસ્ટ્રિ) A line of ancestors; lineage; honourable descent. કુળ; વંશ; ઓલાદ; પેઢી; ખાનદાની; કુલીનતા.

Anchor, *n.* (ઍ'ન્ગકર્) An implement for keeping a ship in one place in the water. લંગર; લાંગર; બિલાડી, મીંદડી (ભરાવવાની લોઢાની). 2. Anything that gives safety or defence. બચાવનો આધાર; આધાર; સલામતીનું સાધન. 3. Anything that gives stability or security. સ્થિરતાનું સાધન; પકડ.-*vt.* to fix by an anchor; to fasten. લંગર નાખવું; ઠરીઠામ બેસાડવું; મજબુત કરવું.-*vi.* To cast anchor; to step or depend upon. લંગર નાખવું; ના ઉપર આધાર રાખવો. **To cast achor**=લંગર નાખવું. 2. **To weigh anchor**=લંગર ઉપાડવું. 3. **At anchor**= લંગારેલું. [Gr. *angkos*. a bend.]

Anchorage, *n.* (ઍન્ગકરેજ્) (1) The act of anchoring; (2) The place where ships anchor; (3) The anchor and other necessary tackle for anchoring; (4) Anything that supports or protects; (5) Duty imposed on ships for anchoring. (૧) લાંગરવું તે; (૨) વહાણ લાંગરવાની જગ્યા; ઓરવો; લંગરવાડો; (૩) લંગર વગેરે સામાન; (૪) સલામતીનું સાધન; આધાર; (૫) લાંગરવાનો કર; ખુંટો.-*n.* **Anchor-ground** (ઍન્ગકર્-ગ્રાઉન્ડ) લાંગરવાની જગ્યા.

Anchoret or Anchorite, *n.* (ઍ'ન્કૉરેટ્, ઍ'ન્કૉરાઈટ્) One who has withdrawn from the world for meditation; a recluse; a hermit. વનવાસી જોગી; વિરાગી; તપસ્વી; બાવો; વાનપ્રસ્થ. [Gr. *ana*, a part *chōrein*, to go.]

Ancient, *adj.* (ઍન્શ્યન્ટ્) Old; belonging to former times; of great age or duration; venerable; experienced; old fashioned. જૂનું; પુરાણું; પુરાતન; પ્રાચીન; અસલી; વયોવૃદ્ધ; લાંબા કાળનું; પૂજ્ય; અનુભવી; અસલી ઘાટનું-*n.* A patriarch; an aged man; one superior in age or dignity. વડો ગૃહસ્થ; વયોવૃદ્ધ પુરૂષ; વધારે ઉંમર અથવા મોભાવાળી વ્યક્તિ. **The ancients**=પુરાણા લોક, કવિઓ, લેખકો.

Ancillary, *adj.* (ઍ'ન્સિલૅરિ) Subservient; subordinate. તાબાનું; હાથ નીચેનું; સહાયક; પેટાનું. [L. *ancilla*, a maid servant].

And, *conj* (ઍન્ડ્) Signifies addition or repetition; a connection, અને; તથા; ઇત્યાદિ; વગેરે; જૂદી જૂદી જાતના.

Androgynous, Androgynal, *adj.* (ઍન્ડ્રૉ'જીનસ્,નલ્) Having the characteristic of both male and female in one; hermaphrodite સ્ત્રી પુરૂષ બન્નેની જાતિનું; ઉભયલિંગી; ઉભયજાતિના લક્ષણવાળો. [Gr. *andros*, a land, *gynē*, a woman.]

Anecdote, *n.* (ઍ'નેકડોટ્) A short story. an incident of private life; કોઇ માણસના જીવનની ટૂંકી વાર્તા; વાત; કહાણી; કથા. *adj.* **An'ecdotal.** [Gr. *an*, *ekdotos*, published.]

Anent, *prep. & adv.* (ઍને'ન્ટ્) In a line

with; towards; against; in regard to; about. એક સરખું; નીતરફ; નીસામે; વિષે; સંબંધી.

Aneurism, *n.* (ઍન્યુરિઝમ્) The dilatation of an artery; the tumour arising from it; any abnormal enlargement. ધોરી રગનો પડદો ઢીલો પડવાથી થયેલો સોજો; ગાંઠ; ફુલી જવું તે. [Gr. *ana*, up, *eurys*, wide.]

Anew, *adv.* (ઍન્યૂ) Afresh; again. નવેસરથી; નવેનામે; ફરીથી; પાછું.

Anfracture, *n.* (ઍન્ફ્રૅક્ટચૂર્) A mazy winding; ભૂલભુલામણી.

Angle, *n.* (ઍ'ઈન્જલ્),A divine messenger; attendant spirit; a pure person; a beautiful person; a messenger. દેવદૂત; માણસ; દૂત, કાસદ; જાસુસ.

Angelic,-cal, *ad.* (ઍઈન્જે'લિક્;-અલ્) Pertaining to an angel. દેવદૂત સંબંધી; ના જેવું. [Gr. *angelos*, a messenger.]

Anger, *n.* (ઍ'ન્ગર્) Resentment; wrath; rage. ગુસ્સો; કોપ; ક્રોધ; રીસ; આવેશ. *vt.* to irritate; to make angry. ગુસ્સે કરવું; કોપાયમાન કરવું; રીસ ચઢાવવી; ખીજવવું. [L. *ango*, I torture.]

Angry, *adj.* (ઍ'ન્ગ્રિ) Excited with anger; inflamed; lowering. ગુસ્સે થયલું; ખફા; ક્રોધયુક્ત; ક્રોધસૂચક; લાલચોળ; જોશવું; તોફાની.

Angle, *n.* (ઍ'ન્ગલ્) A corner. ખુણો; કોણ; ૨ A fishing tackle; a hook. માછલાં પકડવાનો આંકડો; ગળ. ૨ A simpleton; a gull. ભોળીઓ મૂર્ખ. **A right angle**=કાટખુણો; **An obtuse angle**=પહોળો ખુણો; **An acute angle**=સાંકડો ખુણો; **An oblique angle**=વાંકો ખુણો. **A complementary angle**=કોટિકોણ; **Supplementary angle**=સંપૂરકકોણ. **Vertical angle**=માથાનો કોણ; ઇનતાંશકોણ [L. *angulus*, a corner.]

Angle, *vt.* to fish with an angle. ગળવતી માછલાં પકડવાં- *vi.* To entice; to try to gain by some artifice. લાલચ બતાવવી; મેળવવાને માટે ફાંફાં મારવાં.

Angler, *n.* One who fishes with an angle; a voracious fish. ગળવતી માછલાં પકડનાર. એક જાતની ભક્ષક માછલી.

Angular, *adj.* (ઍ'ન્ગ્યુલર્) Having angles or corners, ખુણાવાળું; ખુણાનું.

Angularity, *n.* (ઍન્ગ્યુલૅ'રિટિ) Quality of being angular; peculiar têmperament. ખુણાખુણાહોવાનો ગુણ;વિશેષગુણ;સ્વભાવનીઅણુઘડતા.

Anglican, *adj.* (ઍ'ન્ગ્લિકન્)English અંગ્રેજી; ઇગ્લાંડને લગતું. (2) Belonging to the church of England. ઇંગ્લાંડના ધર્મ સંબંધીનું; – *n.* A member of the church of England. ઇંગ્લાંડનો રાષ્ટ્રીય ધર્મ સ્વીકારનાર.

Anglicise,-ze *vt.* (ઍ'ન્ગ્લિસાઇઝ્)To make English; to express in English idioms. અંગ્રેજી લબાસમાં લાવી દેવું અથવા કહેવું; અંગ્રેજી ઢબનું બનાવવું.

Anglicism, (ઍ'ન્ગ્લિસિઝમ્) An English idiom. અંગ્રેજી ભાષાની ઢબ પ્રમાણે બોલ કે વાકય; અંગ્રેજી રૂઢિ.

Anglo, *pfx.* (ઍ'ન્ગ્લો) English. અંગ્રેજી.

Anglomania, *n.* (ઍ'નગ્લોમે'નિઍ) A mania for what is English: blind admiration of English things. અંગ્રેજી વસ્તુ માટે ગાંડો મોહ. *n.* **Ang'loman'iac.** એવો મોહ રાખનાર.

Anglophobia,*n.*(ઍન્ગ્લોફો'બિઆ)Fear and dislike of England or what is English.વિલાયત અથવા વિલાયતી વસ્તુ માટે ભય અને અણુગમાની નજર.

Anguish, *n.* (ઍ'ન્ગ્વિશ્) Excessive pain of body or mind; grief; distress. મન, શરીરનું અતિશય દુઃખ; સંતાપ; મનસ્તાપ; વેદના; ખળાપો. [L. *anguere*, to press tightly; to strangle.]

Anile, *adj.* (ઍ'નાઇલ્) Old, womanish; imbecile; ઘરડી ડોશી જેવું; કમજોર; અશક્ત; નબળું; મંદ બુદ્ધિનું. [L. *anus*, an old woman.] *n.* **Anility** (ઍનિ'લિટિ) Dotage. ઘરડી ડોશીના જેવી અવસ્થા; સાઠી બુદ્ધિ. (also, Anileness.)

Animadvert, *vi.* (ઍનિમૅડવ'ર્ટ્)To criticise or censure. નિંદા કરવી; ટીકા કરવી; ચર્ચા, નિંદા કરવી; ઠપકારૂપે બોલવું; ગોણુ દોષ બતાવી બોલવું. 2. To turn the mind to. મન દેવું, ધાલવું; લક્ષ, ધ્યાન આપવું.–*n.* Animadversion. [L. *animus*, the mind, *ad*, to, *vertere*, to turn.]

Animal, *n.* (ઍ'નિમલ્) An organised being endowed with life, sensation and voluntary motion.પ્રાણી,જીવ. *adj.* Consisting of the flesh of the animal. માંસવાળો; માંસનું. 2. Sensual. ઇન્દ્રિયજન્ય, વિષયી. **Animal spirits**= cheerfulness; exuberance of health and life. ખુશમિજાજ; જોસ. [L. *anima*, breath.]

Animal, *n.* (ઍ'નિમલ્) Irrational being; Beast. પશુ; હેવાન; જાનવર.–*adj.* Relating to animals. પ્રાણી, જીવ વિષેનું, સંબંધી.

Animalcule, *n.* (ઍનિમૅ'લ્કયુલ્) A little animal that cannot be seen by the eye. છેક ન્હાનાં જીવજન્તુ; પોરા જેવાં જીવ; જીવાત.

Animality,-ness, *n.* (ઍનિમૅ'લિટિ; ઍ'નિમલ્નેસ્) Animal existence. હેવાનપણું; પશુત્વ.

Animalize *vt.* (ઍ'નિમૅલાઈઝ્) To endow with animal life; to change into animal matter. સજીવન, સચેત કરવું; પ્રાણી બનાવવું;

પ્રાણીના ગુણ આરોપવા. (2) To consider as a mere animal. હેવાનતુલ્ય ગણવું. પશુતુલ્ય કરવું.

Animate, *vt.* (ઍ'નિમેઇટ્) To give life to. સજીવન; જીવતું કરવું. 2. To inspire; to infuse courage; to incite. ચેતન રેડવું; ઉત્તેજન આપવું; હિંમત આપવી. (3) To heighten the power of. સૂર ચઢાવવો; તંગ કરવો.-*adj*. living. સજીવ; જીવતું. [L. *anima*, breath.]

Animated, *adj.* (ઍ'નિમેઇટેડ) Lively; vigorous; full of spirit; endowed with life. ઉત્સાહી; ઉલ્લાસવાળું; પ્રફુલ્લ; જોરદાર; જોસભરેલું; હોંશાતોશીવાળું; સજીવ; સચેતન.

Animation, *n.* (ઍનિમે'ઇશન્) The act of animating. સજીવન કરવું તે; સચેત કરવું તે. 2. Liveliness; vivacity; vigour. ઉત્સાહ; હોંશ; ઉત્તેજન; ઉલ્લાસ –*n.* **A'nimator** ચેતન રેડનાર.

Animosity, *n.* (ઍનિમૉ'સિટિ) Bitter hatred or enmity. વૈરભાવ; શત્રુવટ; દુશ્મનાઈ; ખાર; ઝેર. [L. *animositas*, fullness of spirit.]

Animus, *n.* (ઍ'નિમસ્) Intention; actuating spirit; prejudice. હેતુ; ભાવ; આવેશ; અંટસ; આંટી; દ્વેષ.

Anise, *n.* (ઍ'નિસ્) An aromatic plant. સુવાનો છોડ; અનિસુનો છોડ. **Anice seed**= સુવા; અનિસુનાં બીયાં.

Ankle, *n.* (ઍ'ન્કલ્) The join connecting the foot and leg. પગની ઘુંટી. [Ger. *enkel*, ankle.]

Anklet, *n.* (ઍ'ન્કલેટ્) An ornament for the ankle. કલ્લાં; સાંકળાં; ઝાંઝર; તોડા; લંગર.

Annals, *n.* (ઍ'નલ્ઝ્) History; records of events;chronological history. દર વર્ષનો ઇતિહાસ; વૃત્તાંત; જુના ઇતિહાસનાં દફતરો, પુસ્તકો; કાળાનુક્રમે ગોઠવેલો ઇતિહાસ; સાલવાર અખબાર. [L. *annus*, a year.]

Annalist, *n.* (ઍ'નૅલિસ્ટ્) A writer of annals. સાલવાર ઇતિહાસ, તવારીખ લખનાર; ઇતિહાસકાર; વૃત્તાન્ત લેખક.

Anneal, *vt.* (ઍની'લ્) To temper glass or metals by great heat and gradual cooling; to heat for fixing colours. પકવવું;તપાવીને ટીપાય તેવું કરવું; પાકો રંગ કરવા સારૂ કાચ વગેરે ચીજ તપાવવી. [A. S. *aelan*, to burn.]

Annex, *vt.* (ઍને'ક્સ્) To unite at the end; affix. જોડવું; લગાડવું; વધારવું. To unite; to take possession. જોડી દેવું; મેળવી દેવું; સાંધી દેવું; કબજે કરી લેવો. (3) To connect with; to mention in connection with. સાથે, છેડે લખવું.-*vi.* To be united. જોડાવું; સંધાવું; સાથે ભળી જવું.- *n.* something added or united; a supplementary building. જોડાયેલો ભાગ; જોડાણ; સાંધણ; અનુબંધ; ભળતું આવતું ઘર. [L. *ad*, to *nexus*, tied.]

Annexation, *n.* (ઍનેક્સે'ઇશન્) The act of annexing or being annexed. છેડે જોડવું તે; ખાલસા કરવું તે; સંયોગ.-*n.* **Annexture** સાંધણ; પરિશિષ્ટ; જોડેલી ચીજ.

Annihilate, *vt.* (ઍના'ઇહિલેઇટ્) To reduce to nothing; to destroy; to render null and void. સદંતર નાશ કરવો; નામ સહિત ભૂંસી નાખવું; હતું ન હતું કરી દેવું; જડમૂળથી ઉખેડી નાખવું; રદ કરવું. [L. *ad*, to *nihil*, nothing.]

Annihilation, *n.* (ઍનાઇહિલે'ઇશન્) Act of destroying; state of being reduced to nothing; destruction of both soul and body. નાશ, ઉચ્છેદ કરવો તે; નાશ; લય; ક્ષય; શરીર તથા આત્માની અવનતિ, નાશ.

Anniversary, *n.* (ઍનિવ'ર્સરિ) A day celebrated annually; the day of the year on which an event happened. વાર્ષિક દિવસ; સંવત્સરી; વર્ષી; મૃત્યુતિથિ; જયન્તિ; સાલગિરિ. **A. of birth**=જન્મગાંઠ; વર્ષગાંઠ; સાલગ્રહ. **A. of death.** વર્ષી;સંવત્સરી;સમચરી;છમછરી; મૃતતિથિ; ઓરસ. **A. of an avatar**=જયન્તિ; જયન્તિનો ઉત્સવ.-*adj.*Annual; recurring every year. પ્રતિવાર્ષિક; દરેક વર્ષે આવતું. [L. *annus*, a year, *versum*, to turn.]

Anno Domini, (ઍનોડૉમિનાઇ) Contracted as A. D. In the year of the Lord.ઇસ્વીસન; ઈશુખ્રિસ્તને વર્ષે.

Annotate, *vt.* (ઍ'નોટેઈટ્) To make notes upon. ટીકા, ટીપ્પણ, ભાષ્ય, વિવરણ કરવું; સટીક બનાવવું [L. *ad*, *notare*, to work.]

Annotation, *n.* (ઍ'નોટેઇશન્) Comment; explanatory note. ટીકા; વ્યાખ્યાન;ટીપ્પણી;ભાષ્ય. (2) Symptoms of an intermittent fever. આંતરીયા તાવની નિશાની.

Annotator, (ઍ'નોટેઇટર્) *n.*A commentator; a writer of notes. ટીકાકાર;ટીપ્પણ કર્તા;ભાષ્યકાર.

Announce, *vt.* (ઍના'ઉન્સ્) To proclaim;to declare; to make notes; to publish. પ્રસિદ્ધ, જાહેર, પ્રગટ કરવું; કહેવું; ખબર આપવી. [L. *ad*, *nuntare*, to deliver news.]

Announcement, *n.*(ઍના'ઉન્સ્મેન્ટ્)Proclamation; declaration; publication. જાહેર ખબર, નામું; જાહેરાત; નિવેદન; ખ્યાપન; કહેવું તે; સમાચાર; સંદેશો.

Annoy, *vt.* (ઍનૉ'ય્) To trouble; to molest; to vex. મુંઝવવું; હરકત કરવી; ઈજા, દુઃખ કરવું; સંતાપ, ત્રાસ, કંટાળો આપવો; ખોટું,માઠું લગાડવું. [L. *ad*, *noceo*, I hurt.]

Annoyance, *n.* (ઍન્નૉ'યન્સ્) That which annoys; vexation; molestation. કનડગત કરનાર વસ્તુ; ઇજા; ત્રાસ; પજવણી; હેરાનગતિ; કંટાળો.

Annual, *adj.* (ઍ'ન્યુઅલ્) Yearly; coming every year. વરસદહાડે આવતું; વાર્ષિક; વર્ષનું. (2) Requiring to be revived every year; lasting a year. દરેક વર્ષે નવું, ફરી પાછું કરવું પડે તેવું; એક વર્ષ ચાલે, ટકે તેવું.–*n.* a book or pamphlet published every year.વર્ષે વર્ષે છપાતું પુસ્તક અથવા ચોપાનીયું. (2) A plant that lives one year only. એક વર્ષ રહે એવો રોપો. છોડવો.–*adv.* annually=દર વર્ષે. [L. annus, a year.]

Annuity, *n* (ઍન્યુ'ઇટિ) A payment made annually or at a certain period continually. વર્ષાશન; વરસોણ;-સોન; સાલીયું; સાલીયાણું; વરસાન. *n.* **Annu'itant**–વર્ષાસન ભોગવનાર.

Annual, *vt.* (ઍન'લ) To make null; to abolish; to repeal or abrogate. રદ, બાતલ કરવું; કાઢી નાંખવું; નકામું છે તેમ ગણવું; નાશ કરવો *n.*Annul'ment=રદ કરવું તે [L.*ad*,*nullus*,none.]

Annular.-**y***adj.*(ઍન્યુલર,-રી)Ring shaped; having the form of a ring. વીંટીના આકારનું; વલયાકાર; કુંડલાકાર; કંકણાકૃતિ. **An annular eclipse** કુંડલાકાર ગ્રહણ.[L. *annulus*, a ring.]

Annulet, *n.* (ઍ'ન્યુલેટ્) A little ring. ન્હાની વીંટી; ગોળ કડી. (2) A small flat fillet. થાંભલાની આસપાસ મૂકેલી ઝાલર; નાડું; કોર. (3) A little circle on coats of arms. ઢાલનું ચિન્હ; ગ્રહછાપનું ગોળાકાર ન્હાનું નિશાન.

Annumerate, *vt.* (ઍન્યૂ'મરેઇટ્) To add. ઉમેરો; વધારો કરવો [L. *ad*, *numeres*, number.]

Annunciate, *vt.* (ઍન'નસિએઇટ્) To proclaim; જાહેર કરવું; ખબર આપવી, કરવી. [L. *ad*, *nuncio*, I tell.]

Annunciation *n.* (ઍ'નનસિએઈશન્) The act of announcing, *esp.* the birth of Christ. વધામણી; ખબર; ઈશુ ખ્રિસ્તના અવતારની ખબર; મરિયમને કહેલી તે. **A. day**=માર્ચની પચીશમી તારીખ; જે દિવસે દેવતાઈ દૂતે માતા કુમારિકા મેરીને પોતાના પ્રણામ કહાવ્યા તે.

Anodyne, *n.*(ઍ'નોડાઇન્)A medicine which allays pain. દુઃખ, વેદના નરમ પાડનારૂં ઔષધ, દવા. *adj.* That which allays pain. દુઃખ નરમ પાડે તેવું; શામક. [Gr. *an*, *odyné*, pain.]

Anoint, *vt.* (ઍનૉ'ઇન્ટ્) To smear with oil, or ointment; to consecrate with oil. તેલ ચોપડવું, લગાડવું; તેલનો લેપ કરવો; તેલ રેડીને પ્રતિષ્ઠા કરવી; અભિષેક, અભ્યંગ કરવો. (2) To pour oil upon; to spread over. ઉપર તેલ રેડવું; ભરી દેવું.પાથરી દેવું.[L.*an*.*ungo*,I smear.]–*n.* **Anoint'ment.** અભિષેક કરવાની ક્રિયા.

Anointed, *adj.* (ઍનૉ'ઇન્ટેડ્) Consecrated with oil. અભિષિક્ત; લિપ્ત; ચોપડી પવિત્ર કરેલું; તેલવાળી કરેલું.-**The anointed**=The Messiah. ઈસુખ્રિસ્ત.

Anomalism, *n.*(ઍનૉમ'લિઝમ્)Irregularity; a departure from rule. નિયમ વિરૂદ્ધની વાત; નિયમ વિરૂદ્ધતા; વિચિત્રતા.

Anomalistic,-al, **Anomalous**, *adj.* (ઍનૉમૅલિ'સ્ટિક,-કલ્; ઍનૉ'મૅલસ્) Irregular; deviating from rule. નિયમ વિરૂદ્ધ; વિલક્ષણ; વિચિત્ર; રીતરિવાજથી ઉલટું; ગેરશિરસ્ત.

Anomaly, *n.* (ઍનૉ'મૅલિ) Irregularity; a departure from rule. નિયમ વિરૂદ્ધતા; ભંગ; વિલક્ષણતા, વિચિત્ર રીતિ; ગેરશિરસ્તપણું. [Gr. *an*, *homalos*, even, similar.]

Anon, *adv.* (ઍનૉ'ન્) In one instant;immediately, તત્ક્ષણ; તરતજ; ઝટપટ; જલદીથી.(2) At another time; again. બીજીવાર; ફરીથી. **Ever and anon**=વારેઘડીયે; વારંવાર.

Anonymous, *adj.* (ઍનૉ'નિમસ્)Wanting a name; nameless. વગર નામનું;નનામું; નામરહિત. [Gr. *an*, *onoma*, a name]—*.ns.* an'onym.=નનામી વ્યક્તિ;જેનું નામ આપવામાં ન આવ્યું હોય તે.*n.*

Anonym'ity=નનામું રહેવાની સ્થિતિ.—*adv.* **Anon'ymously**=નનામી રીતે.

Anorexy, *n.* (ઍનૉરેક્સિ) Want of appetite. અરૂચિ; મંદાગ્નિ. [Gr. *an* not, *oreo*, I desire.]

Another, *adj.* (ઍન'ધર્) Different; one more; a second; any other. જુદું;બીજું; અન્ય; બીજું એક; એક વધારે; ગમે તે બીજું.° Place = House of Lords.

Answer, *vt.* (ઍ'ન્સર્) To reply to. જવાબ દેવો, વાળવો; ઉત્તર, પ્રત્યુત્તર આપવો. 2. To suit; to satisfy; to be sufficient for. બરાબર કામમાં આવવું; ગરજ સારવી. (3) To reply; to give tit for tat. બદલો વાળવો; પ્રતિકાર કરવો. (4) To be responsible for. ને માટે જવાબદાર હોવું. (5) To refute. નું ખંડન કરવું; તોડવું.-*vi.* (6) To correspond with. ને મળતું આવવું. (7) To stand as opposite or correlative. બરોબર, અન્યોઅન્ય હોવું; સામસામુ હોવું.—*n.* a reply; a solution. જવાબ; ઉત્તર; પ્રત્યુત્તર; રદીયો. (2) Account; justification. હિસાબ; દોષ ઉડાવી દેવો તે.(3)Refutation.વાદખંડન.ઇન્કાર.(4) Echo. પડઘો; પ્રતિધ્વનિ. [A. S. *swerian*, to swear.]

Answerable, *adj.* (ઍ'ન્સૅરૅબલ્) Such as can be answerd. સંતોષકારક જવાબ આપી શકાય તેવું; હિસાબ ચૂકવી શકાય તેવું. (2) Responsible,

જવાબદાર;જુમ્મેદાર.(3) Suitable; proportionate; equal. માફક આવતું; મળતું આવતું; પ્રમાણસર; બંધબેસતું;અનુકૂળ.–*adv* a'nswerably.–*n.*an'swerer.

Ant, *n.* (ઍન્ટ્) A pismire; the emmet. કીડી. **Black ant.** મંકોડો. **Red ant**=ધીમેલ; ઝીમેલ. **White ant**=ઉધઈ; ઉધ્ધી.

Antagonism, *n.* (ઍન્ટૅ'ગૉનિઝમ) Oppositions of things, persons or principles; a contending. વિરૂધ્ધતા; વિરોધ; સ્હામાપણું; પ્રતિપક્ષીપણું; વૈર; દુશ્મનાઈ.

Antagonist,*n.*(ઍન્ટૅ'ગૉનિસ્ટ્) An adversary or opponent. શત્રુ; પ્રતિપક્ષી; પ્રતિસ્પર્ધી; હરીફ. [Gr. *anti*, against, *agón*, contest.]—*adj.* **Antagonist**, = વિરૂધ્ધ;પ્રતિપક્ષી.—*adv.* **Antagonis'tically**.

Antarctic, *adj.* (ઍન્ટા'ર્કિટ્ક્) Opposite to the Arctic or Northern pole; relating to the south pole or to south polar region. દક્ષિણધ્રુવ સંબંધી; દક્ષિણધ્રુવ આગળના પ્રદેશ સંબંધી A circle = દક્ષિણવૃત્ત.

Antecedent, *adj.* (ઍન્ટેસી'ડેન્ટ્) Prior; previous; foregoing. આગળનું; પૂર્વનું.–*n.* That which is prior. આગલી વાત, બીના; 2. The noun to which a relative refers. આગલો સંબંધી શબ્દ; તત્પદ. (3) The first of two propositions. પ્રતિજ્ઞાવાક્ય (પ્રમાણશાસ્ત્રમાં). (4) The first of two terms of a ratio. અગ્રપદ; પ્રમાણનું પહેલું પદ. (*pl.*) a man's earlier career. માણસનો આગલો ઇતિહાસ, હેવાલ, સ્થિતિ.

Antecessor, *n.* (ઍન્ટેસે'સર્) Predecessor; a leader. પૂર્વજ; વડિલ; અગ્રગામી; નાયક, નેતા. સરદાર.

Ante-chamber, *n.* (ઍ'ન્ટે-ચેમ્બર) A chamber or room leading to the chief apartment; an outer apartment. દિવાનખાનાની બ્હારનો ઓરડો; જ્યાંથી મુખ્ય ઓરડામાં જવાય તે જગ્યા.

Ante-date, *n.* (ઍ'ન્ટે-ડેઈટ્) A date earlier than the actual one. આગલી તારીખ; પૂર્વ મિતિ; –*vt.* To date before the true time. ખરી તારીખની અગાઉની તારીખ લખવી, કહેવી;To bring about at an earlier date. ઠરાવેલી તારીખ પહેલાં કરી લેવું. (3) To anticipate; to accelerate. આગળથી ધારી લેવું; ઝડપ કરવી.

Ante-diluvian,-al (ઍન્ટેડિલ્યુ'વિઅન્, ઍન્ટેડિલ્યુ'વિઅલ્) Existing or happening before the deluge or flood; very old fashioned; primitive, જળ પ્રલય પહેલાંનું; પુરાણું; ઘણું જૂનું; નોહાના વખતનું.–*n.* જળ પ્રલય પહેલાનું માણસ; ઘણું જીવનારૂં માણસ.

Antelope, *n.* (ઍ'ન્ટેલોપ્) A deer; a sort of deer. હરણ; કાળીયેર. મૃગ; કુરંગ. [Gr. *anthos*, beautiful, *ōps*, an eye.]

Ante-meridian, *adj.* (ઍન્ટેમેરિ'ડિઅન્) Before noon or midday;contracted as A.M. મધ્યાહ્ન પહેલાંનું; પહેલા પહોરનું; બપોર અગાઉનું.

Ante-penult, *n.* (ઍન્ટેપે'નલ્ટ્) The syllable before the penultimate syllable of a word; the last syllable of a word but two. ઉપાન્ત અક્ષરની પૂર્વેનું પદ, અક્ષર; ઉપાન્ત્યપૂર્વપદ.

Ante-penultimate, *adj.*(ઍન્ટેપેન'લ્ટિમેઈટ્) Relating to the last syllable but two. ઉપાન્ત્ય અક્ષરની પૂર્વેના પદ સંબંધી.

Ante-port, *n.* (ઍન્ટે-પો'ર્ટ) An outer gate or port. આગલો દરવાજો.

Anterior, *adj.* (ઍન્ટિ'રિઅર્) Before, in time or place; in front. આગળનું;પૂર્વનું;પ્રથમ;અગાઉનું.

Anthem, *n.* (ઍ'ન્થમ્) The sacred song or hymn set to music; any song of praise or gladness. કીર્તન; સ્તોત્ર; ભજન; ગીત. [Gr. *anti*, against *phoné*, the voice.]

Ant-hill, *n.* (ઍ'ન્ટ-હિલ્લ્) The hillock raised as nest by ants or termites; (fig.) The earth. રાફડો; કીડીનું દર; પૃથ્વી.

Anthology, *n.* (ઍન્થૉ'લૉજિ) A collection of flowers; a collection of poems or select extracts. ફુલનો સંગ્રહ; હાર; ફુલમાળા; સુંદર કવિતા અથવા ઉતારાનો સંગ્રહ. (2) A discourse on flowers. પુષ્પવર્ણન. [Gr. *anthos*, a flower, *legein*, to gather.]

Anthracite, *n.* (ઍ'ન્થ્રસાઈટ્) A kind of coal consisting almost entirely of carbon, hard and compact. એક જાતનો કઠણ કોયલો. [Gr. *anthrax*, coal.]

Anthropology, *n.* (ઍન્થ્રૉપૉ'લૉજિ) The science of man, as a social animal; the natural history of man in its widest sense. મનુષ્યના સામાજિક, શારીરિક, માનસિક બંધારણ વિષેનું મતતંત્ર; મનુષ્ય જાતની ઉત્પત્તિ, વિકાસ વગેરેનો ઇતિહાસ.–*n.* Anthropol'ogist. તે મતતંત્ર અથવા ઇતિહાસ સારી રીતે જાણનાર.[Gr. *anthrópos*, man, *logos*, discourse.]

Anthropometry, *n.* (ઍન્થ્રોપૉ'મેટ્રિ) The measurement of the human body for comparison. મનુષ્યના શરીરના માપની વિદ્યા; દેહમાનવિદ્યા. [Gr. *metron*, measure.]

Anthropomorphism,*n.*(ઍન્થ્રૉપૉમૉ'ર્ફિઝમ્) The representation of God with human

attributes. માણુસને હોય તેવાં આકાર, ભાવના વગેરે ઈશ્વરને પણ હોય તેવું વર્ણન; નરત્વારોપ.

Anthropophagy, *n.* (ઍન્થ્રૉપૉ'ફૅજિ) Cannibalism.મનુષ્યમાંસાહાર.–*n.(pl.)* **Anthropoph'agi**=man-eaters,cannibals;મનુષ્યમાંસાહારીઓ; રાક્ષસો. [Gr. *phag-ein*, to eat]

Anti, *pfx.* (ઍન્ટિ) Against; rivalling; simulating. વિરૂદ્ધ; સ્હામે; ઉલટું; હરીફ; ખોટો ડોળ-એવું બતાવનારો એક ઉપસર્ગ.

Antic, *adj.* (ઍ'ન્ટિક્) Odd; grotesque. વિચિત્ર; કઢંગું; હાસ્યજનક; અયોગ્ય; અસંગત.–*n.* A buffoon. મશ્કરો; વૈહાસિક; રંગલો; ડાગલો; ભાંડ. (*pl.*) Odd devices; mimicry. ઠઠ્ઠાબાજી; ચાળા. [L. *antiquus*, old.]

Anticipate,*vt.*(ઍન્ટિ'સિપેઇટ્) To be beforehand. પ્રથમથી, અગાઉથી કરી લેવું અથવા ધારી લેવું. (2) To foresee, to expect. અગાઉથી જોવું, ધારવું, જાણવું, અનુભવ લેવો, વિચાર કરવો, આશા રાખવી. (3) To count upon as certain. ચોક્કસ રીતે માની લેવું.–*vi.* to increase speed; to occur earlier. ઝડપ કરવી; ના કરતાં વહેલું બનવું. [L. *ante*, before, *capĕre*, to take.]

Anticipation, *n.* (ઍન્ટિસિપે'ઈશન્) Taking up or considering beforehand. આગળથી કરવું, ચાલવું, ધારી લેવું તે; (2) Foretaste. પૂર્વાનુભવ; પૂર્વભોગ. (3) Hasty notion or presentiment. ઉતાવળથી બાંધેલો વિચાર; આગળથી થયેલી શંકા. (4) Expectation. આશા; અગમબુદ્ધિ. –*adj.* **Anticipatory** = અગાઉથી ધારેલું, કરેલું.

Anti-climax, *n.* (ઍન્ટિ-ક્લા'ઇમૅક્સ) A sentence in which the ideas become less important towards the close; descent as against the previous rise; the opposite of climax. જે વાકયમાં શરૂઆતથી માંડીને ઉતરતા વિચાર ચાલ્યા આવતા હોય તે વાકય; સારાલંકારવિપક્ષ.

Antidate, *n.* (ઍ'ન્ટિડોટ્) A medicine to remedy or to prevent any bad effect; a counter poison. વિષઘ્ન; વિષનાશક ઉપાય; દરદનું વારણ; ઝેર ઉતારવાનું ઔષધ, મ્હોરો; પાવઝેર. (2) (*fig.*) Anything that prevents, evil. દુઃખ, અનિષ્ટ દૂર કરે એવો ઉપાય; ઉતાર; મારણ; નિવારક ઇલાજ.–*adj.* **Antidotal** નિવારક. [Gr. *anti*, *dizómi* to give.]

Antifebrile, *adj.* (ઍન્ટિફે'બ્રાઈલ્) Efficacious against fever. જ્વરનાશક; તાવ કાઢનારૂં.–*n.* a substance that cures fever. તાવ કાઢનારો પદાર્થ, ઔષધ; જ્વરઘ્ન. [Gr. *anti*, *febris*, a fever.]

Antimony, *n.* (ઍ'ન્ટિમનિ) A white metal used in the arts and in medicine. સુરમાની [illegible]; સુરમો.–*adj.* Antimon'ial.

Antinomy, *n.* (ઍ'ન્ટિનોમિ, ઍન્ટિ'નોમિ) Contradiction in a law; conflict of authority; incompatible conclusions. કાયદા કાયદાની વિરૂદ્ધતા; અસંગતતા; સત્તા સત્તાની વચ્ચે વિરોધ, ઘર્ષણ; એક બીજાં પ્રમાણની અથડાઅથડી; અસંગત અનુમાન; વિરૂદ્ધ વાત, કાયદો અથવા બીજું કંઈ. [Gr. *anti*, *nomos*, a law.]

Antipathy,*n.*(ઍન્ટિ'પથિ)Natural aversion. સ્વાભાવિક વેર; હાડવેર; જન્મવેર. (2) Opposition in properties; opposition. પદાર્થોના ગુણોની વિરૂદ્ધતા; વૈગુણ્ય; વિરોધ; અવિશ્વાસ. (3) The object of antipathy. વેર અથવા વિરોધનો હેતુ.–*adj.* Antipathet'ic.–*n.* Antip'athist. વેર રાખનાર. [Gr. *anti*, *pathos*, feeling.]

Antipodes, *n.* (ઍન્ટિ'પૉડિઝ્) Those living on opposite sides of the globe. પૃથ્વીની સ્હામસ્હામી બાજુએ રહેનારા; જેમના પગ એકબીજાની સ્હામસ્હામા હોય છે તે લોકો; પરસ્પરાભિમુખપાદલોક; કુદલાંતરવાસી લોક. (2) Opposite regions on the earth's surface. પરસ્પરાભિમુખપ્રદેશ. (3) Exact opposite of a person or thing. બિલકુલ વિરૂદ્ધ **At antipodes**=બરાબર સ્હામે. [Gr. *anti dodas*, a foot.]

Antiquarian, *adj.* (ઍન્ટિકવૅ'રિયન્) Pertaining to antiquity. પુરાણું; પ્રાચીન. (2) Having a very large size. મ્હોટા કદનું.–*n.* One devoted to the study of antiquity. પુરાણી વસ્તુઓનો અભ્યાસી, સંગ્રહ કરનાર; પ્રાચીનવિષયજ્ઞ.

Antiquary, *n.* (ઍ'ન્ટિકવૅરિ) One who studies or collects old things out of curiosity. પ્રાચીન વસ્તુ, વિષયનો શોખીન, સંગ્રહ કરનાર, માહીતગાર, અભ્યાસી. [L. *antiquus*, old.]

Antiquate, *vt.* (ઍ'ન્ટિકવૅઈટ્) To make old; to put out of use. જૂની ઢબ પ્રમાણે કરવું; નિરૂપયોગી, નકામું પાડી દેવું; રદ કરવું.

Antiquated, *adj.* (ઍ'ન્ટિકવૅઇટિડ્) Grown old; or out of fashion; obsolete. જૂનું; પ્રાચીન; અપ્રચલિત; બાતલ, રદ થયેલું.

Antique, *adj.* (ઍ'ન્ટિક્) Old. જૂનું; પ્રાચીન કાળનું; પુરાણું. (2) Old fashioned. જૂની ઢબ, છબ, ચાલ, તરાહનું. (3) Imitating ancient things. પ્રાચીન કાળની નકલ કરતું. (4) Grotesque; wild; odd; fantastic. કઢંગુ;વિચિત્ર; વિલક્ષણ;જંગલી;ઓર.

Antiquity, *n.* (ઍન્ટિ'કિવટિ) Ancient times or people. જૂનો જમાનો; જૂના જમાનાના લોક; અસલના લોક. (2) Great or old age. ઘણો વખત; મ્હોટી ઉંમર; ઘડપણ. (3) A good, old man. બુઢા કાકા; ભલા ડોસા. (4) (*pl.*) manners, customs or the remains of ancient times. જૂના જમાનાની રીતભાત; વસ્તુઓ.

Antiseptic, *adj.* (ઍન્ટિસે'પ્ટિક્) Counteracting putrefaction, fermentation or corruption. કોહવાણ, સડો,બગાડ અટકાવનાર;અનીતિ અટકાવનાર.–*n.* That which prevents decay. કોહવાટ, સડો, બગાડ અટકાવનારો ક્ષાર જેવો પદાર્થ; અનીતિ અટકાવનાર વાત. [Gr. *anti*, *sepo*, I make putrid.]

Antispasmodic, *adj.* (ઍન્ટિસ્પૅઝ્મૉ'ડિક્) Resisting convulsions. ખેંચતાણ, ગોળો, ગોટો બંધ પાડતું.–*n.* a remedy for convulsions. ખેંચતાણ બંધ પાડતું ઓસડ.

Antithesis, *n.* (ઍન્ટિ'થેસિસ્) A figure of speech in which thoughts or words are set in contrast; opposition; contrast. શબ્દ; શબ્દાર્થ વિરોધ; પ્રતિપક્ષતા; મુકાબલો; વિરોધ. [Gr. *anti*, *lithēmi*, to place.]

Antitype, *n.* (ઍ'ન્ટિટાઇપ્) That which corresponds to the type; that of which the type is the model. પ્રતિબિંબનું મૂળ; પ્રતિબિંબ, મૂર્તિ; આદર્શ; દર્શક વિષય.

Antler, *n.* (ઍ'ન્ટ્લર્) A branch of a stag's horn. સાબરનાં શીંગડાની શાખા; સાબરશીંગું; સાબરની શીંગોટી.

Anus, *n.* (એ'ઇનસ્) The lower orifice of the bowels; the opening through which excrement passes out. ગાંડ. [L. *as-nus*, sitting part.]

Anvil, *n.* (ઍ'ન્વિલ્) An iron block on which metals are hammered into shape. એરણ. **On or upon the anvil.** In preparation; under discussion. બનતું જતું; તૈયાર થતું; ઘડાતું; ચર્ચાતું. [A. S. *on*, *filtan*, to weld.]

Anxiety,*n.*(ઍન્ઝા'ઇટિ)Worry; uneasiness; care. ચિન્તા; ફિકર; તીવ્ર ઇચ્છા; ઇંતેજારી; આતુરતા; ચટપટી; ઉત્કંઠા; ઉત્સુકતા; ઉચાટ; કાળજી.

Anxious,*adj.*(ઍ'ન્ક્શ્યસ્)Uneasy;worrying; full of care. ચિંતાતુર; ફિકરમંદ; વલોપાતીયું;ઇંતેજાર; આતુર. [L. *ang–ĕre* to press lightly.]

Anxiously, *adv.* (ઍ'ન્ગ્ક્શ્યસ્લિ) In an anxious manner. ચિન્તા, ફિકરપૂર્વક; આતુરતા, ઉત્કંઠા, કાળજીથી.–*n.* Anxiousness. ચિન્તાતુરતા.

Any, *adj.* (ઍ'ન્નિ) One; some one; whoever. કોઈ; કોઇએક; કંઈ, હરેક; ગમે તે.

Anybody,*n.*(ઍ'નિબૉડિ) Any single individual. ગમે તે એક વ્યક્તિ; હરકોઇ. (1) **Any how** =ગમે તે રીતે; છતાં પણ; છેવટ. (2) **Anything–a'rian.** One who has no definite belief. હરકોઈ મતને સ્વીકારનાર; બહુરુપિયો; એક પણ નિશ્ચિત મત વગરનો. (3) **At any rate**=ગમે તે થાય પણ; છેવટ એટલું. (4) **If any thing**=જો કંઇ પણ હોય તો.

Aorist, *n.* (એ'ઓરિસ્ટ્)The name of certain tenses in Greek; an indefinite past tense. ગ્રીક ભાષાનો અનિયમિત ભૂતકાળ. [Gr. *a*, not, *horos*, a limit.]

Aorta, *n.* (એ'ઑર્ટા) The great artery rising from the heart. હૃદયની ડાબી બાજુએથી નીકળતી મ્હોટી, ઘોરી નસ. [Gr. *aeiro*, I raise up.]

Apace, *abv.* (ઍપે'ઇસ્) At a quick pace; swifty; જલદીથી; ઝટપટ; એકદમ ચાલીને; ઉભેપગે; સત્વર; તાકીદથી.

Apart, *adv.* (ઍપા'ર્ટ) Separately; aside; out of cosideration; aloof. પૃથક્; જુદું; નોખું; પડખે; એકાન્તે; અલગ; બાજુએ; તટસ્થ; કકડે કકડે; છૂટું છૂટું.

Apartment, *n.* (ઍપા'ર્ટમેન્ટ્) A room; chamber; ઓરડો; ખંડ. **Women's or inner apartment.** જનાનખાનું; અંતઃપુર; જનાનો. [L. *a*, *partis*, a part.]

Apathetic,–al, *adj.* (ઍપથે'ટિક–અલ્) Wanting in feeling; indifferent; insensible; લાગણીશૂન્ય, રહિત; તટસ્થ; બેદરકાર; જડ; મંદ; ઉદાસી; નિઃસ્પૃહી. [Gr. *a*, not, *pathos*, feeling.]

Apathy, *n.* (ઍ'પથિ) Want of feeling or passion; indifference. લાગણી શૂન્યતા; બેપરવાઈ; જડતા; નિઃસ્પૃહતા.

Ape, *n.* (એઈપ્) A monkey without a tail or with a short one; a monkey. પૂંછડી વગર અથવા ટૂંકી પૂંછડીવાળો વાંદરો; કપિ; વાનર. (2) A servile imitator; a foolish fellow. આંધળી નકલ કરનાર; ચાળા કરનાર; મૂર્ખ.–*vt.* to imitate; to mimick. નકલ કરવી; ચાળા પાડવા; ને મળતું આવવું. **God's ape**=a born fool. देवानांप्रियः પ્રતિનિવિષ્ટ મૂર્ખ. (2) **To make any one his ape**=to make a fool of any one. કોઇને મૂખ બનાવવો.

Apepsy,–Apepsia, *n.* (ઍપે'પ્સિ; ઍપે'પ્સિઍ) Weakness of digestion. અપચાનો રોગ; મંદાગ્નિ; અજીર્ણ. [Gr. *a*, *peptein*, to digest.]

Aperture, *n.* (ઍ'પર્ટ્યૂર) An opening; a hole; a gap. કાણું; નાકું; બાકું; છિદ્ર; ચીરો; ભોક. [Gr. *a perirē*, to open.]

Aperient, *adj.* (ઍપી'રિએન્ટ્) Opening; laxative; ખોલે, ઉઘાડે તેવું; સુખરેચક; હલકો જુલાબ લાવે તેવું.–*n.* a laxative. રેચક દવા; સુખરેચક; ઔષધ.

Apetalous, *adj.* (ઍપે'ટલસ્) Without petals. પાંખડી વગરનું; અપટલ; નિષ્પત્ર. [Gr. *a*, not, *petalon*, a petal.]

Apex, *n.* (ઍ'ઇપેક્સ્) The top or point of anything. શિખર; અગ્ર; ટોચ; ભેગું; કળશ, કલગી;

અણી. (2) The mark of a long syllable. દીર્ઘાક્ષરની નિશાની. [L. *apex*, the peak of the flamen's cap.]-*adj*. Ap'ical.

Aphorism, *n*. (ઍ'ફ્રિઝમ્) A maxim; a brief, pithy saying. સૂત્ર; ઉક્તિ; વચન; [Gr. *apo*, from. *horos*, a limit.]

Apiary, *n*. (ઍ'યૂપિઍરિ) A place where bees are kept. મધમાખો રાખવાની જગ્યા, કંડીયો, પૂડો; મધુમક્ષિકાગૃહ. [L. *apis*, a bee.]

Apiece, *adv*. (ઍપીસ્) To each; to the share of each. દરેકને; માથાદીઠ; દરેકને ભાગે; પ્રત્યેક, હરેકને ભાગે.

Apish, *adj*. (એ'ઇપિશ) Having the qualities of an ape; foppish; foolish; વાંદરા જેવું; ફક્કડ; ચિબાવલું; ચબાવલું; મૂર્ખાઈ ભરેલું.

Apocryphal, *adj*. (ઍપૉ'ક્રિફ્લ) Not canonical; of doubtful authority; fictitious. અશાસ્ત્રીય; અપ્રમાણ; શક પડતું; બનાવટી; તરકટી. [Gr. *apo*, from, *crypt-ein*, to hide.]

Apodal,-ous, *adj*. (ઍપૉડલ્-ડસ્) Without feet. પગ વગરનું; અપંગ. [Gr. *a podos*, a foot.]

Apogee *n*. (ઍ'પૉજી) The point in the moon's orbit most remote from the earth. ચંદ્રની કક્ષા માંહેનું; પૃથ્વીથી આઘામાં આઘું બિન્દુ; ભૂમ્યુચ્ચ.

Apologist, *n*. (ઍપૉ'લૉજિસ્ટ્) One who makes an apology; a defender. ખુલાસો, બચાવ કરનાર; માફી માગનાર.

Apologise, *vi*. (ઍપૉ'લૉજાઇઝ્) To make excuse; to express regret for a misdeed. બચાવ કરવો; માફી માગવી; આજીજી કરવી.-*adj*. apologet'ic. માફી માગતું; આજીજી ભર્યું.

Apologue, *n*. (ઍ'પૉલૉગ્) A moral fable. નીતિની કલ્પિત વાર્તા; કહાણી; કથા; ઉપકથા.

Apology, *n*.(ઍપૉ'લૉજી) Defence or vindication. બચાવ; ખુલાસો; દોષ ઉડાવી દેવા માટેનું ભાષણ, લખાણ. (2) An excuse. બ્હાનું; બહાનું; આજીજી;ક્ષમા;માફી. (3) Makeshift. ખોટો બદલો; ડોળ; થાગડથીગડ. [Gr. *apo*, *logos*, speech.]

Apoplexy, *n*. (ઍ'પૉપ્લેક્સિ) Sudden loss of sense and motion. મગજે લોહી ચઢી જવાનો રોગ; સ્તબ્ધતા; શૂન્યતા; બુદ્ધિભ્રંશ. [Gr. *apo*,away. *pléss-ein*, to strike.]

Apostasy,-cy, *n*. (ઍપૉ'સ્ટસી) Abandonment of one's religion, principles, duty or party. સ્વધર્મ, સિદ્ધાંત, પક્ષત્યાગ;ધર્મપતન;ધર્મભ્રંશ; પરધર્માશ્રય. [Gr. *apo*, *stasis*, a standing.]

Apostate, *n*. (ઍપૉ'સ્ટેટ્) One who abandons his religion etc. સ્વધર્મ, સિદ્ધાંત, પક્ષત્યાગી; ધર્મભ્રષ્ટ; પતિત.-*adj*. false; traitorous; fallen. દગાખોર; પતિત.

Apostatise, *vi*. (ઍપૉ'સ્ટેટાઈઝ્) To abandon one's religion etc. સ્વધર્મ, સિદ્ધાંત, પક્ષનો ત્યાગ કરવો; પરધર્માશ્રય કરવો.-*adj*. Apostat'ic,—al.

A posteriori, *adj*. (એઇપૉસ્ટિરિઑ'રાઇ)From effect to cause; reasoning from experience. અનુભવસિદ્ધ; કાર્ય, પરિણામ ઉપરથી કારણ વિષે બોધ લેવું; કાર્ય ઉપરથી તર્ક કરીને કાઢેલું. [L. *ab*, *posterus*, after.]

Apostle, *n*. (ઍપૉ'સલ્) One sent to preach the gospel; a disciple of Christ; a champion. ખ્રિસ્તી ધર્મનો બોધ કરવા માટે મોકલેલો દૂત; પયગંબર; ઈશ્વર-દૂત; ધર્મસંસ્થાપક; અમુક ધર્મ, સિદ્ધાંત, પક્ષનો ચુસ્ત હિમાયતી. [Gr. *apo*, away, *stell-ein*, to send.]

Apostolic-al, *adj*. (ઍપૉસ્ટૉ'લિક્,-કલ્) Pertaining to an apostle. ઈશ્વરપ્રેરિત દૂત સંબંધી; ઇશુખ્રિસ્તના ધર્મશિષ્ય સંબંધી. (2) Relating to apostles or their time. દેવદૂત અગર તેમના સમય વિષેનું. (3) Delivered or taught by the apostles.ઇશુખ્રિસ્તના શિષ્યોએ આચરેલું,સ્થાપેલું,કરેલું.

Apostrophe, *n*. (ઍપૉ'સ્ટ્રોફે) A turning away from the ordinary course of a speech to address some person or object present or absent or imaginary. ભાષણની વચમાં સંબોધન કરવું તે; સંબોધન. (2) The mark used to show that a word is contracted, ('). શબ્દસંક્ષેપ ચિન્હ; લુપ્તાક્ષર ચિન્હ. (3) The contraction of a word by the omission of a letter or letters. અક્ષરનો લોપ કરીને અથવા ઉડાવી દઇને શબ્દનો સંક્ષેપ કરવો તે. [Gr. *apo* from, *strophe*, a turning.]

Apostrophise, *vt*. (ઍપૉ'સ્ટ્રૉફાઇઝ્) To address by apostrophe. ગેરહાજર અથવા કલ્પિત વ્યક્તિનું સંબોધન કરવું; ને સંબોધન કરીને કહેવું. (2) To work with an apostrophe. લુપ્તાક્ષર ચિન્હ મૂકવું.

Apothecary, *n*. (ઍપૉ'થેકરી) One who prepares and sells drugs; a druggist. ઓષધ તૈયાર કરીને વહેંચનાર; ગાંધી; ભેષજવિક્રયી. [Gr. *apo*, *theka*, a storehouse.]

Apothegn, *n*. (ઍ'પૉથેન્) An aphorism; a pointed aphorism. કહેવત; સૂત્ર; કહાણિ; સુભાષિત; નીતિવચન. [Gr. *apo*, *phthengomai*, I speak.]

Apotheosis, *n*. (ઍપૉથિ'ઑસિસ્; ઍપૉથિઑ'સિસ્) Deification of a mortal. મરનાર માણસ અથવા બાદશાહને દેવ કરીને માનવો તે; દેવત્વ અર્પણ કરવું તે; દેવીકરણ. [Gr.*apo*, *theos*, a God.]

Apotheosise, *vt*. (ઍપૉથિ'ઑસાઇસ્) To deify. દેવ કરીને માનવું; દેવની પદ્વી આપવી.

Appall, Appal, *vt.* (ઍપ્પૉ'લ્) To terrify; to dismay. બ્હીવરાવવું; ડરાવવું; ત્રાસી જાય તેમ કરવું; નાશીપાશ કરવું.-*vt.* To be dismayed or terrified; બ્હીવું; ચકિત; વિસ્મિત, નાશીપાસ થવું.–*n.* Dismay; terror. ભય; ધાક; બ્હીક; ત્રાસ; વિસ્મય. [L. *ad*, *palleo*, I grow pale.]

Appalling, *adj.* (ઍપ્પૉ'લિંગ્) Shocking, છાતી, હૈયું, કાળજું, ફાડી, ચીરી નાંખે તેવું; ત્રાસદાયક; ધાક બેસાડનારૂં.

Appanage. (ઍ'પ્પૅનેઈજ) The portion of land and feudal rights assigned by a sovereign for the sustenance of his younger sons. રાજકુંવરોના ગુજરાન તથા મોભા માટેની જાગીર; ભાયાતની કપાળ ગરાસ. (2) Sustenance. ઉપજીવિકા; ગુજરાન; નિભાવ; નિર્વાહ; ગુજારો. (3) An adjunct or attribute. વિશેષણ; ગુણદર્શક વસ્તુ અથવા શબ્દ; આડંબર. [L. *ad*, *pen-is*, bread.]

Apparatus, (ઍપ્પૅરે'ઈટસ્) A set of instruments; material; material for the proper study of a document. યંત્ર; ઓજાર; સાજ; સરંજામ; સાધન; સાહિત્ય; દસ્તાવેજનાં ઉકેલ કરવા માટેનાં પૂરતાં સાધનો. [L. *ad*, *aparātus*, prepared.]

Apparel, *n.* (ઍપ્પૅ'રેલ્) Dress, garment; aspect; લુગડાં; કપડાં; વસ્ત્ર; દેખાવ; સરંજામ-*vt.* to dress; to adorn; વસ્ત્ર પ્હેરાવવાં; શણગારવું; સજ્જ કરવું. [L. *ad*, *paro*, I prepare.]

Apparent, *adj.* (ઍપ્પે'રેન્ટ) Visible. નજરે દેખાતું; પ્રત્યક્ષ; (2) Obvious; evident. સ્પષ્ટ; સાફ; ઉઘાડું; ખુલ્લેખુલ્લું. (3) Seeming but not real. માત્ર દેખાવમાં ખરૂં ભાસતું, ઉપર ઉપરથી સાચું લાગતું; મિથ્યા. **Heir apparent**= પાટવી કુંવર; યુવરાજ; ટીકાયત. [L *ad*, *pareo*, I become visible.]

Apparition, *n.* (ઍપૅરિ'શન્) An appearance. દેખાવ. (2) Appearance of a spirit; a ghost or a spectre. ભૂત; ચુડેલ; પિશાચ; વેતાલ. (3) A visible object or form. દેખાતો આકાર, વસ્તુ; છાયા; આભાસ; [L. *ad*, *parēre*, to come forth.]

Appeal, *vi.* (ઍપ્પી'લ્) To call upon; to resort to. સંબોધન કરવું; માગણી કરવી; આશ્રય લેવો; મદદ માગવી. (2) To refer to another; to settle a question or to give justice. સવાલનો નિકાલ કરવા અથવા ન્યાયને સારૂ બીજા, ત્રાહિત ધણીને અરજ કરવી, કહેવું; (3) To remove a case from an inferior to a superior court. નીચલી કોર્ટથી નારાજ થઈ કેસના ચુકાદા માટે ઉપલી કોર્ટને અરજ કરવી; અપીલ કરવી.–*vt.* To remove a case to another court; અપીલ, અરજી કરવી.–*n.* Act of appealing; supplication. આજીજી કરવી તે; અરજ કરવી તે. (2) Recourse. આશ્રય લેવો તે; શરણ; ઓથ. (3) Removal of a case to a superior court. ઉપલી કોર્ટને કરેલી અરજ; અપીલ. [L. *ad*, *pello*, I drive.] **Appealing**=અસરકારક; હૃદય હલાવે તેવું.

Appear, *vi.* (ઍપી'ર્) To be in sight. નજરે પડવું; દેખાવું. (2) To come before. (3) To stand in the presense of. સમક્ષ ઉભા થવું. હાજર, રજુ થવું; to be obvious or clear. સ્પષ્ટ; ખુલ્લું પ્રગટ થવું. (4) To look or seem. લાગવું; ભાસવું; દેખાવવું; માલૂમ પડવું; જણાવું. [L. *ad*, *pareo*, I show myself.]

Appearance, *n.* (ઍપી'રૅન્સ્) Act of appearing, દેખાવું તે; દર્શન; ઉદય; પ્રાદુર્ભાવ; આવિર્ભાવ. (2) The thing seen; a phenomenon. દેખાવ; કુદરતી ચમત્કાર, બનાવ. (3) Apparent likeness. દેખીતું સરખાપણું; છાયા; આભાસ; (4) Manner; aspect; mien; આકૃતિ; ડોળ; આકાર; ચ્હેરો મ્હોરો. (5) Likelihood; probability. સંભવ; અનુમાન. (6) Appearing at a court. રજુવાત; હાજરી.

Appease, *vt.* (ઍપી'ઝ્) To pacify; to reconcile; to conciliate. શાન્ત કરવું; શાન્ત્વન કરવું; નરમ પાડવું; મટાડવું. [L. *ad*, *pax*, *pacis*, place.]-*adj.* Appeas'able. શાન્ત કરાય તેવું.

Appellant, *n.* (ઍપ્પે'લૅન્ટ્) One who appeals. અપીલ, અરજ કરનાર.

Appellate, *adj.* (ઍપ્પે'લેઈટ્) Pertaining to appeals; having power to hear appeals. અપીલ સંબંધી; અપીલ સાંભળનારી.

Appellation, *n.* (ઍપ્પેલે'ઈશન્) Name; title. નામ; ખિતાબ; અભિધાન; સંજ્ઞા.

Append *vt.* (ઍપ્પે'ન્ડ્) To attach; to affix; to hang. લગાડવું; ટાંકવું; આમેલ કરવું; લટકાવવું. (2) To annex; to subjoin. ઉમેરો કરવો; સાંધણ કરવું. [L. *ad*, *pendo*, I cause to hang down.]

Appendage, *n.* (ઍપ્પે'ન્ડેઇજ્) Something appended; an adjunct; a subordinate part. જોડેલો, વધારેલો ભાગ; અનુબંધ; અનુષંગી; સાંધણ; પેટાભાગ.

Appendant, *adj.* (ઍપ્પે'ન્ડૅન્ટ્) Hanging. લટકતું; જોડેલું (2) Subjoined; subordinate. ઉમેરેલું; ટાંકેલું; પેટાભાગ તરીકેનું.–*n.* that which is appended. ટાંચણ; પેટાભાગ; ઉમેરો.

Appendix, *n.* (ઍપ્પે'ન્ડિક્સ્) Something appended; supplement. જોડેલો, વધારેલો ભાગ; સાંધણ; પરિશિષ્ટ; પુરવણી; શેષસંગ્રહ.

Apperception, *n.* (ઍપ્પર્‌સે'પ્શન્) Consciousness; spontaneous thought. જ્ઞાન; સમજણ; સ્ફુરણા.

Appertain, *vi.* (ઍપ્પર્‌ટે'ઇન્) To belong to. નું હોવું; સંબંધ, નિસ્બત હોવી. [L. *ab, per, teneo,* I hold.]

Appetence,-y, *n.* (ઍ'પિટન્સ્,-સી) Desire; tendency; attraction. ઇચ્છા; વલણ; આકર્ષણ.

Appetite, *n.* (ઍ'પીટાઇટ્) Natural desire; desire for food; relish; passion. અભિલાષા; રૂચિ; ભૂખ; ક્ષુધા; ઇચ્છા; તૃષ્ણા; વાસના. **Sensual appetite**=વિષયવાસના; કામવાસના; ભોગતૃષ્ણા. [L. *ad, peto,* I seek.]

Applaud, *vt.* (ઍપ્લૉ'ડ્) To praise by clapping the hands, etc; to praise highly; to commend. તાળી વગેરે પાડીને ધન્યવાદ આપવો; વખાણ, સ્તુતિ કરવી; શાબાશી આપવી. [L. *ad, plaudo,* I clap the hands.]

Applause, *n.* (ઍપ્લૉ'ઝ્) Praise; huzzas. વખાણ; સ્તુતિ; શાબાશી; ધન્યવાદ; તાળી; હુરા.

Apple, *n.* (ઍ'પ્પલ્) A fruit or tree of the genus, pyrus. સેબ; સેબફળ; સફરજન. **Apple of the eye.** આંખની કીકી, ડોળો, પુતળી. (2) **Adam's apple**=ગળાનો હેડો. **Apple of discord** કજીયાનું મૂળ, કારણ; કલહબીજ. **Apple-pie-order.** પૂરેપૂરી વ્યવસ્થા; સંપૂર્ણ બંદોબસ્ત; ચકચકાટ.

Appliance, *n.* (ઍપ્પ્લા'ઈઍન્સ્) Act of applying or the thing applied. લાગુ પાડવું તે; સાજ; સાધન; સરંજામ; સાહિત્ય.

Applicable, *adj.* (ઍ'પ્લિકૅબલ્) That may be applied; suitable; fit. લાગુ પાડવા જોગ; લાયક; બંધબેસતું.

Applicant, *n.* (ઍ'પ્લિકૅન્ટ) One who applies or makes application. અરજ કરનાર; અરજદાર; દાદ માગનાર; દાદી; લગાડનાર.

Application, *n.* (ઍપ્લિકે'ઈશન્) Act of applying. લગાડવું તે; ઉપયોગ; પ્રયોગ; વિધાન. (2) Request; petition. અરજી; વિનંતિ; પ્રાર્થના. (3) Close study or attention; assiduity. સાવધાનતા; એકાગ્રતા; ચિત્તાસક્તિ; પરાયણતા; ખંત. (4) That which is applied. લેપ. (5) Reference; transference. બીજે ઉપયોગ કરવો તે; ઉપયોગ; જોડવું તે; ને બદલે મૂકવું તે.

Apply, *vt.* (ઍપ્પ્લા'ય્) To join or attach; to lay. જોડવું; લગાડવું; ચોપડવું; મૂકવું. (2) To use; to devote. ઉપયોગમાં, કામમાં લેવું, વાપરવું. (3) To use, refer or put as suitable. બંધબેસતી રીતે વાપરવું, કહેવું, ટાંકવું, પ્રયોગ કરવો. (4) To engage with attention or diligence. ખંતથી અથવા ધ્યાનપૂર્વક લાગૂ થઈ જવું; મંડયા રહેવું; મન, ચિત્ત બેસાડવું, ઘાલવું, વાળવું, લગાડવું.-*vi.* to suit. લાગૂ પડવું; મળવું હોવું. (2) to make request; to resort to; to gain. અરજી, વિનંતિ, પ્રાર્થના કરવી; લાભની ખાતર લાગૂ થવું. [L. *ad, plico,* I fold.]

Appoint, *vt* (ઍપ્પૉ'ઈન્ટ્) To fix; to establish; to settle. સ્થાપવું; મજબુત કરવું; મુકરર કરવું; નક્કી કરવું. (2) To assign; to nominate; to order. સોંપવું; નીમવું; નિર્માણ કરવું; હુકમ આપવો. (3) To prescribe; to ordain. ઠરાવવું; નક્કી કરવું; વિધાન કરવું. (4) To equip. સજ્જ કરવું; તૈયાર કરવું.-*vi.* (1) To determine. નક્કી, નિર્માણ કરવું. [L. *ad, punctum,* a point.]

Appointment, *n.* (ઍપ્પૉ'ઈન્ટમેન્ટ્) Designation to an office; an office held. નીમણૂક; સ્થાપન; હોદ્દો; અધિકાર; ચાકરી. (2) Arrangement; fixing by mutual agreement. વાયદો; સંકેત; ઠરાવ; વ્યવસ્થા. (3) Salary or pension; an allowance. દરમાયો; વર્ષાસન (*pl.*) Equipments. સરંજામ; સાજ; સામગ્રી.

Apportion, *vt.* (ઍપ્પો'ર્શન્) To divide into shares; to assign in just proportion. ભાગ, ભાગલા પાડી દેવા; ભાગે પડતું, બરાબર, હિસ્સા મુજબ વહેંચી આપવું. [L. *ad, portio,* a portion.]

Apportionment, *n.* (ઍપ્પો'ર્શન્‌મેન્ટ્) A dividing into shares. ભાગેપડતી વહેંચણી; બાટણી; વાટણી.-*n.* Appor'tioner. ભાગ પાડી આપનાર.

Apposite, *adj.* (ઍ'પ્પોઝિટ્) Suitable; fit; relevant; well adapted to બંધબેસતું; યોગ્ય; વ્યાજબી; લાયક; લાગુ પડતું; સંગત; યથાર્થ; યુક્ત.-*adv.* Ap'positely.

Apposition, *n.* (ઍપ્પોઝિ'શન્) The relation of agreeing in case between nouns, pronouns or noun clauses. એકાન્વય; સમાનાધિકરણ; અભેદ-સંબંધ. (2) Addition; accretion. ઉમેરો; પૂરવણી. -*adj.* Appositional. [L. *ad, pono,* I put.]

Appraisal, *n.* (ઍપ્પ્રે'ઈઝલ્) Putting a price or value upon; valuation by authority. આંકણી; નિરૂપિત મૂલ્ય; અંદાજ; કિંમત.

Appraise, *vt.* (ઍપ્પ્રે'ઇઝ્) To set or fix a price or value on. કિંમત ઠરાવવી; મુલ્ય આંકવું; મૂલવવું. [L. *ad, pretium,* a price.]

Appraisement, *n.* (ઍપ્પ્રે'ઈઝ્‌મેન્ટ) Setting the value; valuation. કિંમત ઠરાવવી તે; ઠેરવેલી કિંમત; મુલવણી; આંકણી.—*n.* apprais'er. આંકણી કરનાર.

Appreciable, *adj.* (ઍપ્પ્રિ'શિઍબલ્) That may be appreciated; estimable; perceptible.

કદર, કિંમત, બુજ કરવા જોગ; જેની આંકણી, ગણતરી થઈ શકે તેવું; દીસી આવે તેવું.

Appreciate, *vt.* (ઍપ્રિ'શિએઇટ્) To value; to estimate properly; to be able to perceive or notice. કિંમત આંકવી; કદર, બુજ જાણવી; ગુણ જાણવા, માનવા; જોઇ શકવું -*vi.* To rise in value. મોંઘું થવું. [L. *ad*, *pretium*, price.]

Appreciator, *n.* (ઍ'પ્રિશિએઇટર્) One who appreciates. ગુણગ્રાહી; ગુણજ્ઞ; કદરદાન; બુજ કરનાર.

Appreciation, *n.* (ઍપ્રિશિએ'ઈશન્) Act of appreciating; just valuation of merit etc. increase in price. ખરી કીંમત ઠરાવવી તે; બુજ; કદર; ગુણજ્ઞતા; કિંમત, ભાવમાં વધારો.-*adj.* Appreciatory. કદરવાળું; કરતું.

Apprehend *vt.* (ઍપ્રિહે'ન્ડ્) To take hold of; to arrest. પકડવું; ઝાલવું; કબજે કરવું. (2) To believe; to understand; to imagine; to fear. ધારવું; મનમાં ગ્રહણ કરવું; સમજવું; કલ્પના કરવી; શક લાવવો; શંકા રાખવી; ધાસ્તી. દહેશત, અંદેશો, ભય હોવો.-*vi.* To think; to imagine. ધારવું; માનવું; કલ્પી લેવું. [L. *ad*, *pro*, *hendo*, I seize.]

Apprehensible (ઍપ્રિહે'ન્સિબ્લ્) Conceivable. સમજાય; કલ્પી શકાય એવું; મનમાં લાવી શકાય એવું. (2) Dreadful. શંકા, ભય, દહેશત, રાખવા જેવું.

Apprehension, *n.* (ઍપ્રિહે'ન્શન્) Arrest; seizure. પકડવું તે; ગ્રહણ; કબજો લેવો તે; કેદ કરવું તે. (2) The act of contemplating. વિચાર કરવો તે; વિચારવિધિ (3) Thought; opinion; conception. વિચાર; સમજણ; માન્યતા; કલ્પના; તર્કશક્તિ. (4) Suspicion; dread; fear. ધાસ્તી; ભય; શંકા; અંદેશો; દહેશત. **Of dull A.** જાડી, ઠોઠ બુદ્ધિનું. **Of quick A.** તીક્ષ્ણ, ચાલાક, કુશાગ્ર બુદ્ધિવાળો.

Apprehensive, *adj.* (ઍપ્રિહે'ન્સિવ્) Quick of apprehension; fearful;believing;conscious or sensible. તુરત ચોંકે એવું; શંકાશીલ; બ્હીકણ; માની બેસે એવું; જાણકાર.

Apprentice, *n.* (ઍપ્રે'ન્ટિસ્) One bound to another to learn an art or an occupation. કરાર કરીને, હુન્નર અથવા ધંધો શીખવા રહેલો માણસ; શિષ્ય; શિખાઉ.-*vt.* To put as an apprentice. ધંધો શીખવા મૂકવું; દુકાને મૂકવું. [L. *ad*, *pre*, *hendo*, I seize.]

Apprenticeseip, *n.* (ઍપ્રે'ન્ટિસ્શિપ્) The period during which an apprentice serves. શિખાઉની મુદત; અવધ. (2) State of being an apprentice. શિખાઉપણું; શાગિર્દી; ઉમેદવારી.

Apprise, *vt.* (ઍપ્રાઈઝ્) To inform; to make acquainted. જણાવવું; કહેવું; ખબર આપવી; ચેતવવું; સૂચવવું. (followed by **of**) [L.*ad*, *pre*, *hendo*, I seize.]

Approach, *vt.* (ઍપ્રો'ચ્) To come; go near to; to bring near. પાસે આવવું; જવું; આવી પહોંચવું; પાસે, લગભગ લાવી મૂકવું; થવાપર આવવું. (2) To approximate; to be similar. લગભગ પહોંચવું; લગભગ, બરાબર, સરખું હોવું, ઉતરવું.-*n.* A coming near. પાસે આવવું તે.

Approachable, *adj.* (ઍપ્રો'ચબલ) Accessible ઉપગમ્ય, પાસે જઇ શકાય એવું. [L. *ad*, *proprius*, nearer.]

Approbation, *n.* (ઍપ્રોબે'ઈશન્) Approval; a liking; support; consent. પસંદગી; અનુમોદન; સંતોષ; સંમતિ; અનુમતિ; વખાણ; ધન્યવાદ. [L. *ad*, *probo*, I prove.]

Appropriable, *adj.* (ઍપ્રૉ'પ્રિઍબ્લ્) Capable of being set apart for a particular use. અલગ રાખી મૂકાય તેવું; જમે પડાય તેવું; પોતાનું કરી લેવાય તેવું; બંધ બેસતું.

Appropriate, *vt.* (ઍપ્રો'પ્રિએઈટ્) To take as one's own; to claim or use exclusively. પોતાનું કરી લેવું; પચાવી પડવું; ખાઈ જવું; ઉચાપત કરવું. 2. To set apart; alienate, નોખું કાઢવું; જૂદું રાખી મૂકવું; અમુક કામ માટે રાખવું, વાપરવું; (3) To make fit or peculiar to; ખાસ લાગૂ અથવા બંધ બેસતું કરવું-*adj.* Peculiar; set apart for some use or person; ખાસ પોતિકું; સ્વકીય; ખાસ ઉપયોગ અથવા વ્યક્તિ માટે અલગ રાખેલું. 2. Suitable; fit; adapted. બંધ બેસતું; ઉચિત; યોગ્ય; લાયક. [L. *ad*, *proprius*, one's own.]

Appropriateness, *n.* (ઍપ્રો'પ્રિએઈટ્નેસ) The quality of being fit or peculiar. યોગ્યતા; ઔચિત્ય; અલગપણું.

Appropriation, *n.* (ઍપ્રોપ્રિએ'ઇશન્) Application to a special use or purpose. ખાસ ઉપયોગ માટે જૂદું રાખી મૂકવું, લાગૂ પાડવું તે; ખાઇ જવું; વિનિયોગ 2. Something thus set apart. ખાસ હેતુ માટે જૂદી રાખેલી ચીજ, નાણું.

Approvable, *adj.* (ઍપ્રૂ'વૅબ્લ) Worthy of approval; fit to be praised. સંમતિ આપવા જોગ; વખાણવા જોગ; સ્તુતિપાત્ર; તારીફ લાયક.

Approval, *n.* (ઍપ્રૂ'વૅલ્) Sanction; commendation. મંજૂરી; અનુમોદન; સંમતિ; અનુમતિ; પસંદગી; વખાણ.

Approve, *vt.* (ઍપ્રૂ'વ્) To consider or pronounce to be good. સારૂં છે એમ માનવું અથવા કહેવું. (2) To be satisfied or pleased with. થી સંતોષ પામવો; પસંદ કરવું; રૂચવું; રાજી, ખુશી થવું; માન્ય રાખવું. (3) To commend; to justify. વખાણ, સ્તુતિ, પસંદગી કરવી; સારૂં અથવા સાચું છે એવી હિમાયતી કરવી. (4) To

sanction. બહાલ રાખવું; મંજૂર કરવું.-*vi.* To think well of. સારૂં છે એમ માનવું; સંમતિ દેવી. [L. *ad, probare,* to test, to prove]

Approximate, *vt.* (ઍપ્રૉ'ક્સિમેઈટ્) To cause to approach, or to be nearly equal to. લગભગ બરાબર, મળતું કરવું.-*vi.* to approach; to come near to. પાસે જવું; લગભગ બરાબર, મળતું થવું.-*adj.* Nearly equal or like or true; approaching to. લગભગ, ઘણુંખરૂં, બરાબર, મળતું. (2) Next; near. પાસે, નજદીક, સાથે, પડખેનું, પાસપાસેનું [L. *ad, proximus,* nearest.] –*n.* **Approximation.**–*adj.* **Approximative.**

Appurtenance, *n.* (ઍપ'ર્ટેનન્સ) An adjunct; an appendage. જોડણ; સાધણ; વળગણ; ઉપાંગ; અનુબંધ; વધારો; અનુષંગી પદાર્થ.

Appurtenant, *adj.* (ઍપ'ર્ટેનન્ટ્) Pertaining or belonging to. લગતું; જોડેલું; સબદ્ધ; સંબંધ રાખતું, ધરાવતું.

Apricot, *n.* (એ'પ્રિકૉટ) A delicious kind of fruit. એક જાતનું સ્વાદિષ્ટ ગોટલાવાળું ફળ. [L. *proe, coquo,* I ripen.]

April, *n.* (એ'પ્રિલ્) The fourth month of the Christian Era. અંગ્રેજી વર્ષનો ચોથો મહીનો. [L. *aperio,* I open]

A priori, *adv.* or *adj.* (એપ્રાયો'રિ) The method of reasoning from cause to the effect. કારણ ઉપરથી કાર્યસિદ્ધિ; અનુમાન.

Apron, *n.* (એ'પ્રન્) A cloth or piece of leather worn as a protection to the clothes. પહેરેલાં કપડાં ખરાબ ન થાય તે માટે ઉપર પહેરેલું લુગડું અથવા ચામડું. (2) A piece of leather spread before a person riding in a carriage to protect him from rain or dust. ગાડીમાં બેઠેલા માણસને ધૂળ અથવા વરસાદ ન ઉડે તે માટે બાંધવામાં આવતું કપડું અથવા લેધરક્લૉથ. (3) A sill of window. બારીનો તલઘટ. (4) A fat skin over the belly of a goose. બતકાંના પેટ ઉપરની જાડી ચામડી.–*vt.* to put an apron on. ઉપલું વસ્ત્ર, ઉપેરણું પહેરાવવું, આપવું. [Fr. *nappe,* a table-cloth.]

Apropos, *adj* or *adv.* (ઍપ્રોપો') Pertinent; opportunely; hitting the mark; by the way. અનુરૂપ; વિષયને બરાબર લગતું; અણીને વખતે; વખતસર; ખરે તાકડે; બરાબર સચોટ; પ્રસંગોપાત. [Fr. *a, propos,* purpose.]

Apt, *adj.* (ઍપ્ટ્) Fit; pertinent. બંધ બેસતું યોગ્ય; ઉચિત; બરાબર. (2) Liable to. બને એવું; વશ; શીલ. (3) Ready; having a mind for. તત્પર; વલણવાળું; પાત્ર. (4) Quick; dexterous. ચપળ; દક્ષ; હોંશીયાર; કુશળ; [L. *apiscor,* I attain; *Gr. hapto,* I join.]

Apterous, *adj.* (ઍ'પ્ટરસ્) Destitute of wings. પાંખ વગરનું. [Gr. *a* not, *ptery,* a wing.]

Aptitude, *n.* (ઍ'પ્ટિટ્યુડ) Fitness; tendency; readiness. લાયકી; વલણ; યોગ્યતા; ગુણ; સ્વભાવ; શીલ; ચપલતા; શક્તિ.-*also,* A'ptness.

Aquariun, *adj* (ઍક્વે'રિયન્) An artificial pond for rearing aquatic plants or animals. વનસ્પતિ કે જલચર રાખવા માટેનું તળાવ કે જગ્યા.

Aquarius, *n.* (ઍક્વે'રિયસ્) A sign in the zodiac which the sun enters about the twenty first of January; the water-bearer. કુંભરાશિ.

Aquatic, *adj.* (ઍક્વે'ટિક) Pertaining to or living in water. પાણીને લગતું, માં રહેતું અથવા ઉગતું; જળચર; અબ્જ.–*n.* A (plant) Plant growing in water. પાણીમાં ઉગતી વનસ્પતિ; જલ વનસ્પતિ. [L. *aqua,* water.]

Aqueduct, *n.* (ઍ'ક્વીડક્ટ્) A conduit or a channel for conveying water. જળમાર્ગ; નેહેર; પાણી લઇ જવા માટે નળ. [L. *aquae ductus,* a leading or conveyance of water. *Aqua Duct.*]

Aqueous, *adj.* (ઍ'ક્વીઅસ્) Of the nature of water or produced by water; watery. પાણીનો ગુણ ધરાવતું; જલના સ્વભાવવાળું; જળનું; પાણીનું; જળમય. [L. *aqua,* water.]

Aquiline, *adj.* (ઍ'ક્વિલાઈન્) Curved and hooked like the beak of an eagle.(2)Belonging to the eagle. ૧. ગરૂડ પક્ષીની ચાંચ જેવું વાંકું; વક્ર. ૨. ગરૂડનું; ગરૂડના જેવું. [L. *aquila,* an eagle.]

Arab, *n.* (ઍ'રબ્) A native of Arabia. આરબ; અરબસ્તાનનો રહેવાશી. (2) A neglected outcast boy or girl of the streets. કોઈ સંભાળ ન રાખે તેવું રખડતું રઝળતું છોકરૂં.

Arabian, *adj.* (ઍરે'બિઅન્) Pertaining to Arabia. અરબસ્થાનનું; અરબસ્થાની.–*n.* An Arab. આરબ.

Arabic, *adj.* (ઍ'રબિક્) Belonging to Arabia or the language of Arabia. અરબસ્તાન દેશનું; અરબી ભાષા.

Arable, *adj.* (ઍ'રબલ્) Cultivable; fit for ploughing or tillage. ખેડવા લાયક; ખેતી લાયક. [L. *aro, arare,* to plough.]

Arbiter, *n.* (આ'ર્બિટર્) An umpire; an arbitrator; a person appointed in controversy to settle differences. કજીઓ ચૂકવવાને નીમેલો પુરૂષ; મધ્યસ્થ; પંચ; લવાદ. (2) One who can exercise control. કર્તાહર્તા; ઈશ. [L. Arbiter.]

Arbitrary, *adj.* (આ'ર્બિટ્રરિ) Depending solely on one's own will or discretion. મરજી પ્રમાણે કરેલું; મનમાં આવે તેવું. (2) Absolute; capricious. સ્વતંત્ર; સ્વચ્છંદી; (3) Despotic, tyrannical; uncontrolled. કાયદા વગરનું; સ્વચ્છંદી; નિરંકુશ

Arbitrate, *vi.* (આ'ર્બિટ્રેઇટ્) To act as an arbitrator. પંચ તરીકે ચુકાદો કરવો; પંચાત કરવી.

Arbitration, *n.* (આર્બિટ્રે'શન્) Act of arbitrating. પંચ તરીકે ચુકાદો કરવો તે; પંચાયત. (2) The hearing and determination of a case between parties. લવાદી; અમીની; મુનસફી.

Arbitrator, *n.* (આ'ર્બિટ્રેઈટર્) A person who arbitrates; an umpire; an arbiter. લવાદ; અમીન; પંચ; મધ્યસ્થ.

Arbor, *n.* (આ'ર્બર્) The principal axis; an axle; the main support of a machine. ધરી. [L. *arbor.*]

Arbor, *n.* A little tree, shrub. ન્હાનું ઝાડ; છોડવો. The Latin word for tree.

Arboreous, *adj.* (આર્બો'રિઅસ્) Of or belonging to trees. વૃક્ષ સંબંધી; ઝાડ ઉપર ઉગતું,-થતું,-રહેતું; ઝાડરૂપ; ઝાડવાળું.

Arc, *n.* (આર્ક્) Any part of the circumference of a circle. વર્તુલ, ગોળના પરીઘનો કોઇ પણ ભાગ. (2) Any curved line. વાંકી લીટિ; ચાપ. [L. *arcus,* a bow.]

Arcade, *n.* (આર્કે'ઇડ્) A series of arches; a walk arched above. લાંબી કમાન; કમાનની હાર; કમાનવાળો રસ્તો. (2) An ornamental dressing in a wall. દિવાલ ઉપર શોભાપ્રદ નકશીકામ; ભીંત શોભા માટે કોતરકામ. (3) An arched building or gallery. કમાનવાળું મકાન અથવા પરસાળ, ઝેલરી. (4) A curve in a passage containing shops. મહેરાબદાર છાપરાવાળો રસ્તો. [L. *arcus,* a bow or arch.]

Arcanum, *n.* (ઍર્કે'ઈનમ્) A mystery; a secret; (generally used in plural.) ભેદ; છાનો ભેદ; રહસ્ય; ગૂઢાર્થ. [L. *arcanus,* secret, hidden.]

Arch, *n.* (આર્ચ્) A structure composed of pieces arranged in a curved line; a vault; the vault of heaven. કમાન; ગુમજ; ઘુમટ; નભોમંડળ.-*vt.* To cover with an arch; to form with a curve. કમાન કરવી; કમાનદાર, મહેરાબદાર કરવું. [L. *arcus,* a bow, arch, arc.]

Arch, *adj.* (આર્ચ્) Chief; of the first class or rank. મુખ્ય; શ્રેષ્ઠ; શિરોમણિ; મ્હોટું. [Gr. *archos,* chief.]

Arch, *adj.* (આર્ચ્) Cunning; sly; roguish. પક્કું; ખંધું; પ્રપંચી; પેચવાળું; લુચ્ચું; ધૂર્તતાભરેલું.

Archaeology, *n.* (આર્કીયો'લૉજિ) Learning pertaining to antiquity, specially to the remains of antiquity; knowledge of ancient art; science which investigates the history of a race by the help of remains of the early periods. પ્રાચીનવસ્તુવિદ્યા, વિજ્ઞાન; ઇતિહાસ ચિન્હવિદ્યા; પુરાણવસ્તુશાસ્ત્ર [Gr. *archaios,* ancient, *logos,* discourse.]

Archangel, *n.* (આર્કે'ઈન્જલ્) An angel of the highest rank; a chief angel. ઉત્તમ વર્ગનો દેવદૂત; મહાદૂત; વડો ફિરસ્તો. [*arch* and *angel.*]

Archbishop, *n.* (આર્ચ્-બિ'શપ્) A chief bishop. વડો પાદરી; મુખ્ય ધર્માધ્યક્ષ. [*arch* and *bishop.*]

Archdeacon, *n.* (આર્ચ્-ડી'કન્) An English church dignitary under a bishop. મુખ્ય ધર્માધ્યક્ષનો સહાયક. [*arch,* deacon.]

Archer, *n.* (આ'ર્ચર્) One who shoots with a bow and arrow; a bowman. ધનુર્ધર; તીરકામઠાવાળો; તીર મારનાર. [L. *arcus,* a bow.]

Arhery, *n.* (આ'ર્ચરિ) The practice, skill or art of archers; art of shooting with a bow and arrow. ધનુર્વિદ્યા; તીરંદાજી.

Archetype, *n.* (આ'ર્કી-ટાઇપ્) The original model from which a thing is made; the pattern. જે નમુના પ્રમાણે કામ કીધું હોય તે મૂળ નમુનો; મૂળ; આદિરૂપ; અસલ; મૂળ પ્રત. [Gr. *arche,* beginning and *typos,* type.]

Archipelago, (આર્કિપે'લેગો) A group of islands; a sea abounding in small islands. બેટનો સમૂહ; દ્વીપસમૂહ; બહુ બેટવાળો સમુદ્ર. [Gr. *archos,* chief and *pelagos,* the sea.]

Architect, *n.* (આ'ર્કિટેક્ટ્) One skilled in the art of building. ઘર વગેરે બાંધવાના કાર્યમાં નિષ્ણાત, પ્રવીણ, હોંશીઆર; શિલ્પશાસ્ત્રી. (2) A contriver, a maker. યોજના કરનાર, ઘડનાર. **Man is the architect of his own fortune.** પોતાના નસીબનો ઘડનાર માણસ પોતે છે. [Gr. *archi,* chief, and *tektón,* a worker.]

Architecture, *n.* (આ'ર્કિટેક્ટ્યૂર) The art or science of building. શિલ્પવિદ્યા, કળા; ઇમારતો બાંધવાનો હુનર; શિલ્પશાસ્ત્ર. (2) Structure; workmanship. બાંધણી; કારિગિરી. Archilêctural. *adj.* ઘરબાંધણી વિષે, નું.

Archives, *n. pl.* (આર્કાઇવ્ઝ્) The place in which records are kept. દફતરખાનું,-શાળા; દફતર મુકવાની જગ્યા. (2) Records of a family, city or kingdom etc. દફતર. [L. *archivum,* a place for keeping public records.]

Archness, *n.* (આર્ચ્-નેસ્) Slyness. ધૂર્તતા-પણું; લુચ્ચાઈ. (2) Waggishness. મશ્કરી; ઠઠ્ઠાબાજી; ઠેકડી; રમુજ.

Archway, *n.* (આર્ચ્‌ઉવે) A passage under an arch. કમાનની નીચે જતો રસ્તો.

Arctic, *adj.* (આ'ર્કટિક) Pertaining to the regions about the north pole; northern; cold. ઉત્તર ધ્રુવના પ્રદેશ સંબંધી; ઉત્તરનું,-તરફનું; શીત. (2) **A. circle.** ઉત્તરવૃત્ત. [L. *arcticus*, a bear, the northern constellation.]

Arcuate, *adj.* (આ'ર્ક્યુએઇટ) Arched; bent or curved. વાંકું; વક્ર; કમાનદાર. [L. *arcus*, a bow.]

Ardency, *n.* (આ'ર્ડન્સિ) Ardour; the state of being ardent; eagerness. આતુરતા; હોંસ; ઉત્સાહ; આવેશ; પાણી.

Ardent, *adj.* (આ'ર્ડન્ટ્) Hot; burning. ગરમ; ઉનું; ઉત્કટ; જલદ. (2) Having the appearance of fire; દેવતા જેવું; લાલ; લાલચોળ; પ્રચંડ. (3) Passionate; zealous. eager; warm. આવેશી; ઉત્સુક, હોંશીલું; ઉત્સાહી; આતુર; પ્રેમી. [L. *ardeo*, I burn.]

Ardour, *n.* (આ'ર્ડર્) Same as Ardency. 2. Heat, literally or figuratively. તાપ; ઉત્સાહ.

Arduous, *adj.* (આ'ર્ડ્યુઅસ્) Steep; high; lofty. 2. Hard to attain; difficult; labourious. ૧. ઉંચું; ઉન્નત. ૨. કઠણ; અઘરૂં; મુશ્કેલ; વિકટ; દુષ્કર; દુર્ઘટ; મહેનત પડે તેવું. [L. *ardus*, high.]

Are, (આર્) The present tense plural of the verb, *to be*. છે; છુંનું બહુવચન; છીએ.

Are, *n.* (આર્) A French superficial or square measure containing 100 square metres or 1076·44 English square feet. એક જાતનું ફ્રેંચ ચોરસ માપ. સો ચોરસ મિટર= ૧૦૭૬·૪૪ ચોરસ ફીટ. [L. *area*.]

Area, *n.* (ઍરીઍ) Any plain or open surface. કોઈ પણ સપાટ અથવા ખુલ્લી જમીન. (2) (in geometry) Superficial contents. ક્ષેત્રફળ; વિસ્તાર. (3) A site. ઘરની જમીન. (4) A yard. વાડો; આંગણું; છૂટું મેદાન, જમીન. [L. *area*, any level, open piece of land.]

Areca, *n.* (ઍરિ'કા) A genus of palms including the betel-nut and cabbage-trees. સોપારી વગેરે તાડની જાતનું ઝાડ **A. nut.** સોપારી.

Arefy *vt., vi.* (ઍ'રિફાઇ) To dry up; to wither. સુકવવું; સુકાવું. (*obs.*)

Arena, *n.* (ઍરી'ને) An open space. or ground. મેદાન; જમીન; ક્ષેત્ર. (2) Any place of public contest or show. અખાડો; મલ્લ-યુદ્ધશાળા; રંગભૂમિ; તાલીમખાનું; અગડ–*adj.* Arena'ceous. રેતીનું; રેતાળ. [L. *arena*, (originally harena) a sandy place.]

Areometer, *n.* (ઍરિઑ'મિટર્) A hydrometer; an instrument for measuring the specific gravity of liquids. પ્રવાહી પદાર્થનું વિશિષ્ટ વજન માપવાનું યંત્ર; વિશિષ્ટગુરૂત્વ માપવાનું યંત્ર [L. *arious*, rare, thin; *metron*, a measure.]

Argentine, *adj.* (આ'ર્જેન્ટાઇન્) Silvery; like silver; રૂપા જેવું; રૂપેરી; રૂપાનું. [L. *argentum*, silver.]

Argil, *n.* (આ'ર્જિલ્) Potter's earth; pure clay; white clay. ચીકણી માટી; ગારો; સ્વચ્છ મટોડી; ધોળી માટી. [L. and Gr. *argilla*, white clay.]

Argue, *vi.* and *vt.* (આ'ર્ગ્યુ) To offer reasons in order to make something clear; to offer reasons in favour of some view or opinion. કંઈપણ વાતનું શુદ્ધ સ્વરૂપ બતાવવા કારણો આપવાં; કોઈ પણ પક્ષને વળગી રહી દલીલ કરવી. (2) To dispute; debate; to reason. વાદવિવાદ કરવો; તકરાર કરવી; ચર્ચા કરવી; તર્ક કરવો.-*vt.* to make clear or manifest; to show; to show reason for; to debate; to discuss; to evince; to prove. ચોકખું કરવું; શુદ્ધ સ્વરૂપ બતાવવું; બતાવવું; કારણ આપવાં; વાદવિવાદ કરવો; ચર્ચા કરવી; સાબિત કરી આપવું. [L. *arguere*, to show or to prove.]

Argument, *n.* (આ'ર્ગ્યુમેન્ટ્) A proof: process of reasoning; a plea. પ્રમાણ; દલીલ. (2) Subject of any discourse; abstract or summary of a book or its section in the beginning. વિષય; ગ્રંથમાં લખેલા વિષયની તે ગ્રંથને આરંભે લખેલી ટુંક મુખ્ય હકીકત, સાર. (3) Controversy. વાદવિવાદ. [L. *argumentum*, proof; theme; subject matter.]

Argumentation, *n.* (આર્ગ્યુમેન્ટે'ઇશન્) Act of arguing or reasoning; a using of arguments. વાદવિવાદ; નિરૂપણ; તર્ક; યુક્તિ; દલીલ.

Argumentative, *adj.* (આર્ગ્યુમે'ન્ટેટિવ્) Containing arguments. (2) Fond of arguments. ૧. પ્રમાણ, દલીલથી ભરેલું; પ્રમાણદર્શક. ૨. તર્કબાજ; દલીલખોર; વિવાદશીલ; તકરારી.

Arid, *adj.* (ઍ'રિડ્) Barren; dry; parched. સૂકું; કોરાડ; કોરૂં; કોરડું; સુકાઈ ગએલું; વન્ધ્ય. (2) Uninteresting. નીરસ; રસરહિત.

Aridity or Aridness, (ઍરિ'ડિટિ; ઍ'રિડનેસ્) Barrenness; state of being arid. સુકાપણું; શુષ્કતા; વન્ધ્યત્વ. [L. *areo*, I am dry.]

Aries, *n.* (એ'રિઇઝ્) The Ram; the first of twelve signs of the zodiac. મેષરાશિ; બાર રાશિમાંની પહેલી, મેષરાશિ. [L. *aries*, a ram.]

Aright, *adv.* (ઍરાઇટ્) On right; rightly; duly; justly. વાસ્તવિક રીતે; ન્યાયપૂર્વક; બરાબર રીતે; બરાબર; યોગ્ય રીતે. [Prefix *a*, for, and right.]

Arise, *vi.* (ઍરા'ઇઝ્) To ascend; to mount up; to rise up; to get up; to come into view or notice. ઉપર ચઢવું; ઉંચે જવું; ઉઠવું; પ્રગટ થવું; દેખાવું. (2) To spring upwards; to originate; to revive from death. ઉઠવું; ઉત્પન્ન થવું; ઉદ્ભવવું; સજીવન થવું. (3) To come above the horizon; to exert power. ઉદય થવો; સત્તામાં આવવું. [Past tense, *arose*, p. p. *arisen*.]

Aristocray, *n.* (ઍરિસ્ટૉ'ક્રસિ) A form of government in which the nobility or most eminent citizens have power. (2) The nobility. ૧. અમીરોનું રાજ્ય; મ્હોટા ઉમરાવોનું રાજ્ય. ૨. અમીર; ઉમરાવ. [Gr. *aristos*, best; *kratos*, power; sovereignty.]

Aristocrat, *n.* (ઍ'રિસ્ટૉક્રૅટ્) One who favours aristocracy; one who belongs to the aristocracy. અમીરોના રાજ્યને ચાહનાર,–નો પક્ષી; અમીર.

Aristocratic, *adj.* (ઍરિસ્ટૉક્રૅ'ટિક્) Pertaining to aristocracy. ઉમરાવ લોકોના રાજ્યનું,-વિષે; ઉમરાવનું; અમીરને છાજતું, ઘટતું.

Arithmetic, *n.* (ઍરિ'થમેટિક્) That branch of mathematics which treats of numbers. અંકગણિત; અંકવિદ્યા. [Gr. *arithmos*, number.]

Arithmetician, *n.* (ઍરિથ્મેટિ'શૅન્) One skilled in arithmetic. અંકવેત્તા; અંકગણિતમાં નિષ્ણાત, પ્રવીણ; અંકગણિતમાં હોશીઆર; અંકગણિતવેત્તા.

Ark, *n.* (આર્ક્) A chest or coffer; a depository. પેટી; કોષ. (2) The large floating vessel in which Noah and his family were preserved during the deluge. જળપ્રલયની વખતે જે વહાણમાં નોઆહ અને તેનું કુટુંબ રહ્યું હતું તે વહાણ. [L. *arca*, a chest.]

Arm, *n.* (આર્મ્) The limb of the human body from the shoulder to the hand. હાથ; ભુજ; બાહુ. (2) Anything extending from the main body, trunk or stem, as an inlet of the sea; branch of a tree. કંઇ પણ વસ્તુનો બહાર પડતો ભાગ;જેમકે, ખુરશીનો હાથ, સમુદ્રનો ફાંટો; ઝાડની શાખા. (3) (fig.) power; strength; might. બાહુબળ; શક્તિ; સામર્થ્ય. **A. chair**= હાથાવાળી ખુરશી. [L. *armus*, the shoulder.]

Arm, *n.* (આર્મ્) A weapon; a branch of the military service. હથિયાર; લશ્કરી ખાતાની એક શાખા.–*pl.* (1) War. લડાઇ; યુદ્ધ. (2) The military profession. લશ્કરી ધંધો. (3) Armour. બખ્તર; કવચ. (4) Armorial bearings. ખાનદાની બતાવવા માટે કવચ ઉપર બતાવેલું ચિન્હ; ઉચ્ચકુલદર્શક ચિન્હ.–*vt.* To furnish or equip with arms; to prepare for war; to protect. હથિયારબંધ, સજ્જ કરવું; શસ્ત્ર આપવાં; યુદ્ધ માટે તૈયાર કરવું; હિંમત લાવવી; રક્ષણ કરવું.–*vi.* To take or put on arms. શસ્ત્ર સજવાં.

Armada, *n.* (આર્મે'ઇડા–મા'ડા) A fleet of armed ships; a squadron. નૌકાસૈન્ય; લડાઇના વહાણનો કાફલો. [L. *arma*, armour.]

Armament, *n.* (આ'ર્મ-મેન્ટ) A land or naval force equipped or armed for war. લડાઈ માટે સજ્જ કરેલી ફોજ; વહાણનો કાફલો. 2. The munitions of war or ships. વહાણમાં રાખેલી યુદ્ધસામગ્રી. [L. *arma–menta*=implements.]

Armful, *n.* (આ'ર્મ્ફુલ્) As much as the arms can hold. હાથમાં સમાય તેટલું.

Armhole, *n.* (આ'ર્મ્હોલ્) The armpit; a cavity under the shoulder. બગલ; કાખ; કક્ષા. (2) A hole for the arm in a garment. બહું; બાંય.

Armipotent, *adj.* (આર્મિ'પોટન્ટ્) Powerful in arms. યુદ્ધવીર; બળવાન.

Armistice, *n.* (આ'ર્મિસ્ટિસ્) A truce. યુદ્ધવિશ્રાન્તિ; તહ;હંગામી સુલેહ;લડાઈ થોડી વાર બંધ રહે તે. [L. *arma*, arms, *sisto*, I stop.]

Armlet, *n.* (આ'ર્મ્લેટ્) A bracelet; an ornament for the arm. કડું; પહોંચી; બંગડી; બાજુબંધ; ઘુઘરી. 2 A small arm of the sea. સમુદ્રનો ન્હાનો ફાંટો; ઉપશાખા.

Armour, Armor, (આ'ર્મર્) Defensive arms. કવચ; બખ્તર; ચિલખત. (2) The steel or iron covering for protecting a ship of war. મનવાર ઉપર ચઢાવેલું પોલાદ કે લોઢાનું પતરૂં. (3) Any defensive covering. રક્ષણનો સાજ. [L. *armare*, to arm.]

Armorial, *adj.* (આ'મોરિયલ્) Belonging to coats of arms or armours. કુલચિન્હને લગતું; ખાનદાનની નિશાનીવાળો; બખ્તરને લગતું.

Armoury, armory, *n.* (આ'મરિ) A place where arms and weapons are kept. શસ્ત્રાગાર; શિલેખાનું. (2) Armour or arms. શસ્ત્રાસ્ત્ર; હથીઆરો. (3) The place where arms are made. હથીયાર બનાવવાની જગ્યા.

Armpit, *n.* (આ'ર્મપિટ્) The hollow place under the shoulder. બગલ; કાખ.

Arms, *n.* (આ'ર્મ્ઝ્) Weapons. હથીઆર; શસ્ત્ર. (2) Great deeds in a war. વીરપરાક્રમ; યુદ્ધલીલા. (3) Coat of arms. કુલચિન્હ. **To be up in arms.** લડવાને માટે સજ્જ થવું; બંડ મચાવવું.

To be under arms. લડાઈ માટે સજ્જ થઇ રહેવું. **To taka arms.** હથીયાર લેવાં. **To arms.** લડાઈ માટે સજ્જ થાઓ.

Army, *n.* (આ'ર્મિ) A body of men armed for war. લશ્કર; સેના; ફોજ; સૈન્ય; અનીક (2) A host: a vast multitude. સમુદાય; સમૂહ; જથ્થો; ટોળું. [L. *armatus,* to arm.]

Aroma, *n.* (ઍરો'મા) A pleasant odour; perfume; fragrance. સુગંધ; સુવાસ; ખુશબો; પરિમલ.

Aromatic, *adj.* (ઍરોમૅ'ટિક્) Fragrant; having an aroma; odoriferous. સુગંધવાળું; ખુશબોદાર; સુવાસિત. (2) Spicy. મસાલાવાળું; મસાલાદાર.-*n.* A fragrant plant, substance or drug; a perfume. સુગંધી છોડ, વસ્તુ અથવા દવા, સુવાસ.

Around, *prep.* (ઍરાં'ઉન્ડ્) On all sides; about. આસપાસ; ચારે તરફ; ચોમેર; ફરતું.-*adv.* In a circle; on every side. ગોળ ફરતું; ચક્રમાં. [prefix *a*, on, and *round.*]

Arouse, *vt.* (ઍરા'ઉઝ્) To awaken; to stir up; to excite into action. જગાડવું; જાગૃત કરવું; ઉશ્કેરવું. [*a* and *rouse.*]

Arquebus, arquebuse, *n.* (આ'ર્કિવ્બસ્) An old fashioned handgun. ન્હાની બંદુક.

Arraign, *vt.* (ઍરે'ઇન્) To call to account before a court of justice. દોષારોપનો જવાબ આપવા માટે ન્યાયાધીશ પાસે ઉભું કરવું. (2) To call for a defence or justification. તહોમતનો જવાબ આપવા કોર્ટમાં બોલાવવું. (3). To indict; to accuse. દોષ મુકવો; આરોપ મુકવો. [L. *ad* to and *ratis,* account.]

Arraignment, *n.* (ઍરે'ઈન્મેન્ટ્) A calling in question; accusation. તોહોમત; દોષારોપ.

Arrange, *vt.* (ઍરે'ઇન્જ્) To put in order; to range in ranks; to settle; to classify. રચવું; ગોઠવવું; વ્યવસ્થા કરવી; ગોઠવણ કરવી; પતાવવું; નક્કી કરવું; વગ પાડવા. [L. *ad,* to and *ranger,* to range.]

Arrangement, *n.* (ઍરે'ઈન્જ્મેન્ટ) Adjustment; orderly disposition; act of arranging. રચના; ગોઠવણ; વ્યવસ્થા. 2. Classification. ક્રમ પાડવો તે; અનુક્રમ. (3) Settlement. નિવેડો; તોડ; ફડચો; ચુકાદો; નિકાલ; પતવણી.

Arrant, *adj.* (ઍ'રન્ટ્) Notorious; shameless; downright; thorough. નામીચું; બેશરમ; હડહડતું; પક્કું. [Originally, vagabond, wandering, hence worthless. L. *erro,* I wander.]

Array, *n.* (ઍરે') Regular order. રચના; ગોઠવણ. 2. Order of battle. વ્યૂહ; સૈન્યરચના. Array of troops. સૈન્યરચના. Battle array=યુદ્ધરચના. (3) An orderly collection. સમૂહ; ગોઠવેલું ટોળું. (4) Dress; apparel. પોષાક; શણગાર; શણગાર.-*vt.* To place or dispose in order. ગોઠવવું; હારદોર ઉભું કરવું. 2. To deck or dress; to adorn; to equip. શણગારવું; વસ્ત્ર સજવાં; તૈયાર કરવું. [O.Fr. *arrai,* order, arrangement, dress.]

Arrear, *n.* (ઍરી'ર્) That which is unpaid or undone even though the due time is past (usually in plural) ચઢેલું, બાકી રહેલું; પાછળ પડેલું. **Arrears of pay.** ચઢેલો પગાર. **Arrears of work.** ચઢેલું કામ. [L. *ad,* to and *retro,* behind.]

Arrest, *vt.* (ઍરે'સ્ટ્) To obstruct, stop or stay. અટકાવવું; હરકત કરવી. (2). To seize. પકડવું; કેદ કરવું. (by authority of law). 3. To engage; to catch (as attention). (ધ્યાન) દોરવું; ખેંચવું; ગુંથવું. *n.* A stopping. અટકાયત. 2. A seizure by warrant or authority. કેદ પકડવું તે; કેદ કરવું તે. (3). Hindrance; delay. અટકાવ; નિરોધ; પ્રતિરોધ. **Arrest of judgment**= ફેસલાનો અટકાવ. [L. *ad.* to, *restare,* to remain.]

Arrival, *n.* (ઍરા'ઇવલ્) A coming; act of coming to a place. આગમન; આવી પહોંચવું તે. (2) A person or thing arriving. નવો આવેલો માણસ કે વસ્તુ. (3) Attainment. પ્રાપ્તિ.

Arrive, *vi.* (ઍરા'ઇવ્) To come to a place or point; to reach. આવવું; પહોંચવું; દાખલ થવું. (2) To attain to a certain result or state. પ્રાપ્ત કરવું; લાવવું; મેળવવું. (3) To reach a destination in a progress. મહેનતથી આવી પહોંચવું; પ્રાપ્ત કરવું. (followed by *at*). [L. *ad,* to, and *ripa,* the bank.]

Arrogance, *n.* (ઍ'રોગૅન્સ્) Insolent bearing; pride; presumption. ગર્વ; અહંકાર; જુઠો ડોળ; ઠાઠ; ડીફાસ.

Arrogant, *adj.* (ઍ'રોગૅન્ટ્) Overbearing; haughty; assuming. ઉદ્ધત; અહંકારી; ગર્વિષ્ઠ; ડોળી; માની.

Arrogate, *vt.* (ઍ'રોગેઇટ્) To claim unduly; to demand overbearingly. ડોળ ઘાલવો; ઉદ્ધતાઇથી પોતાનું માની લેવું; ગેરવ્યાજબી હક્ક માગવો, લેવો; દંભ કરવો. [L. *ad, rogo,* I claim.]

Arrow, *n.* (ઍ'રો) A straight pointed weapon, discharged from a bow. બાણ; તીર; શર.-*adj.* Arrowy.

Arrow-root, *n.* (ઍ'રોરૂટ્) A kind of plant. એક જાતનો છોડ. 2. The nutritive starch of the plant. આર; આરારૂટ; ખેર; પૌષ્ટિક કાંજી.

Arsenal, *n.* (આ'ર્સિનૅલ્) A magazine of warlike stores; a place where military arms

and equipments are manufactured or stored. તોપખાનું; દારૂખાનું; શસ્ત્રગૃહ; આયુધાગાર.

Arsenic, *n.* (આ'ર્સેનિક્) A kind of virulent poison; a chemical element of a still blue colour. સોમલ. [Gr. *arsên*, male.]

Arson, *n.* (આ'ર્સૉન્) The malicious setting on fire of a house etc. વૈર લેવા માટે કોઇના ઘરને, વહાણ વગેરેને આગ લગાડવી તે.

Art, *n.* (આર્ટ્) A system of rules for the preformance of certain actions. વિદ્યા; શાસ્ત્ર. 2. Practical application of such rules. કળા. 3. Skill; dexterity; craft. કરામત; ઇલમ; કસબ; હુન્નર; કળા. 4. Cunning; deceit; artifice. પેચ; હિકમત; દગો; કાવાદાવા; કપટ;કાવતરું. 5. Profession of a painter or a sculptor; profession. ચિત્રકાર અથવા કોતરનારનો ધંધો; ધંધો; હુન્નર. 6. The second person singular indicative present tense of the verb **To be.** હુ થી ક્રિયાપદના વર્તમાનકાળનું બીજા પુરૂષનું એકવચન; છે; છું. **Arts**=Non-professional subjects.બીન-ધંધાદારી વિષયો; ઉચી કળા. 2. **Six fine arts**= લલિતકળા; કાવ્ય, ચિત્રકળા; સાહિત્યકળા; કોતરકામ; શિલ્પકળા; સંગીત. [L. *artis*, art.]

Artery, *n.* (આ'ટરિ) One of the blood vessels, conveying the blood from the heart to all parts of the body. ધોરી નસ; ધમની; રક્તવાહિની [Gr. *aer*, air, *tereo*, I contain. *airo*, I raise up-].–*adj.* arte'rial.ધોરી નસ સંબંધી.

Artful, *adj.* (આ'ર્ટ્ફુલ્) Full of art, or skill. કળાવાળું; હુન્નરી; ચાતુરીભરેલું; કૃત્રિમ; હાથથી બનાવેલું. 2. Cunning; crafty; skilful. કપટી; કારસ્થાની; પેચી; પેચવાળુ ; દગાખોર; ચતુર; કુશળ; નિપુણ.–*adv.* art'fully.—*n.* art'fulness.

Article, *n.* (આ'ર્ટિકલ્) A prose contribution to a newspaper or any other periodical. વર્તમાનપત્ર અથવા ચોપાનીયામાં લખેલો લેખ, નિબંધ. 2. A clause, condition or stipulation. કલમ; શરત; કરાર. 3. A separate item. જૂદી બાબત, વિગત, મુદ્દો. 4. A regulation; a point of faith. નિયમ; પ્રકરણ; બાબ; ધર્મકાનુન. 5. A particular thing or commodity. જણસ; ચીજ; દ્રવ્ય; વસ્તુ. 6. A part of speech. એ, ઍન્, ધી. 7. A distinct part. પૃથક્, નોખો ભાગ.-*vt.* To accuse or charge by articles. ઉપર આરોપ, તહોમત મૂકવું. 2. To draw up in particulars or articles. કલમ, ભાગ પાડીને લખવું; કલમબંધી કરવી. 3. To bind by articles. કરાર, શરત કરી રાખવું. [L. *artus*, a joint.]

Articulate, *adj.*(આર્ટિ'કયુલેઇટ્) Pronounced distinctly; clear. સ્પષ્ટ;સાફ;ખુલ્લું;વ્યક્ત;બોલે એવું. 2. Jointed; separated into distinct members. સંધિયુક્ત; જોડેલું; જૂદા ભાગ પાડેલું.–*vt.* To put to gether; to unite. સાંધવું; સંધિ કરવી; જોડવું. 2. To utter or pronounce distinctly.સ્પષ્ટ ઉચ્ચાર કરવો.-*vi.* To utter distinctly. સ્પષ્ટ ઉચ્ચાર કરવો.

Articulation, *n.* (આર્ટિ'કયુલે'શન્) A joining or juncture of bones; a joint. હાડકાંને જોડવાં તે; સાંધો. (2) Joint as in cane. નેતરમાં હોય છે તેવા ગાંઠા. 3. Distinct utterance. સ્પષ્ટ ઉચ્ચાર.

Artifice, *n.* (આ'ર્ટિફિસ્) A device; plan. યુક્તિ; કળા; હિકમત. 2. Trick; fraud; craft. કપટ; કાવતરૂં; પેચ; છળ. [L. *artis*, art, and *facio*, I make.]

Artificer, *n.*(આર્ટિ'ફિસર)One who contrives; an artist; a mechanic or workman. કારિગર; કસબી; હુન્નરી.

Artificial, *adj.* (આર્ટિફિ'શલ્) Not natural; fictitious; affected; imitating what is real or natural. કૃત્રિમ; બનાવટી; જૂઠું; હસ્તકૃત; હુન્નરી.

Artillerist, *n.* (આર્ટિ'લરિસ્ટ્) A person clever in gunnery. ગોલંદાજ; તોપખાનાનો વ્યવસ્થાપક,–નિયામક.

Artillery, *n.*(આર્ટિ'લરિ)Cannon or ordnance; great guns and their appendages. મ્હોટી તોપો અને તેને લગતી બીજી વસ્તુ. 2. The troops who manage them. તોપખાતાનાં માણસ. (3) The science of gunnery. તોપ સંબંધી શાસ્ત્ર.

Artisan, *n.* (આ'ર્ટિઝૅન્) A mechanic; a handicraftsman; one clever in any art. કારીગર; હુન્નરી; કળાપ્રવીણ. [L. *artitus*, skilled in art.]

Artist, *n.* (આ'ર્ટિસ્ટ્) One clever in the practice of some arts. કોઈ પણ કળામાં પ્રવીણ. 2. Specially one clever in one of the five arts as painting, singing etc ચિત્રકાર; સંગીત પ્રવીણ; કોતરનાર વગેરે; કિસબી;શિલ્પી;શિલ્પકાર વગેરે.

Artless, *adj.* (આ'ર્ટલેસ્) Simple; sincere. ભોળું; સરલ; નિષ્કપટ; નિખાલસ; દિલોજાન. 2. Wanting art or skill. અણઘડ.

Artlessness, *n.* (આ'ર્ટલેસ્નેસ્) Sincerity; simplicity. સરળતા; ભોળપણું; ભોળપ; નિખાલસપણું.

As, *adv.* and *conj.* (ઍઝ્) Like; similar. બરાબર સરખું; ના જેવું; તે પ્રમાણે. 2. While; when; because; since. જેવું–તેવું; જ્યારે–ત્યારે; કારણકે; કેમકે; તેથી; માટે. 3. Who; which. જે તે, જેઓ તેઓ. As in, 'Give help to such as are poor'. 4. Thus. દાખલા તરીકે.

Asafetida, Asafoetida, *n.* (ઍસફી'ટિડા) A fetid juice હિંગ; હિંગનું ઝાડ. [Per. *aza*, gum and *foetidus*, fetid.]

Ascend, *vi.* (ઍસ'ન્ડ્) To go or come up; to move upwards. ચઢવું; ઉપર આવવું. 2. To rise, ઉદય થવો; ચઢતી થવી.–*vt.* to climb. ચઢવું. [L. *ad* and *scando*, I mount or climb.]

Ascendant, *adj.* (ઍસ્સે'ન્ડૅન્ટ્) Directed upwards; ઉપર જતું. 2. Superior. ચઢીયાતું; ચઢતું; પ્રધાન; ઉત્તમ; પ્રાબલ્યવાન; ઉદય પામેલું. 3. Above the horizon. ક્ષિતિજ ઉપર જતું.-*n.* Superiority; predominance. પ્રાધાન્ય; ચઢીયાતાપણું; ઉપરપણું. 2. Progenitor. વડીલ; પૂર્વજ.

Ascendancy, - dency, (ઍસ્સૅ'ન્ડૅન્સિ, ઍસ્સે'ન્ડૅન્સિ) Power; domination; authority. સત્તા; પ્રભુત્વ; ઉપરીપણું.

Ascension, *n.* (ઍસ્સૅ'ન્શન્) The act of ascending. આરોહણ; ચઢવું તે; ઉદય.

Ascent, *n.* (ઍસ્સે'ન્ટ્) Rise. ઉદય; ચઢવું તે; આરોહણ. 2. The way by which one ascends. ચઢવાનો રસ્તો, ઉપાય. 3. An upward slope; an eminence. ચઢા; ચઢાણ; ચઢણ; ચઢાવ.

Ascertain, *vt.* (ઍસ્સર'ટેઇન્) To make sure or certain; to determine. નક્કી કરવું; ખાત્રી કરવી; શોધી કાઢવું; મુકરર કરવું; ચોક્કસ કરવું. [L. *certus*, sure, *ad*, to].

Ascertainment, *n.* (ઍસ્સરટે'ઇન્મેન્ટ્) The act of ascertaining. નિશ્ચય; ખાત્રી; નિરૂપણ. કરવું તે.

Ascetic, *adj.* (ઍસ્સે'ટિક્) Austere; rigid. તપોનિષ્ઠ; કષ્ટવાળું; કઠણ; તીવ્ર; ઉગ્ર.–*n.* A hermit; a recluse, તપસ્વી; યોગી; મુનિ; જતિ; વેરાગી; સંન્યાસી. [Gr. *askeo*, I exercise.]

Ascribable, *adj.* (ઍસ્ક્રા'ઇબૅબલ્) That may be ascribed; attributable; imputable. ઠરાવવા જોગ; કારણ બતાવી શકાય તેવું.

Ascribe, *vt.* (ઍસ્ક્રા'ઇબ) To assign; to attribute or impute to; to refer to. નું છે એવું માનવું; કારણ છે એવું માનવું. [L, *ad* and *scribo*, I write.]

Ash, *n* (ઍશ્) A kind of tree. આશ નામનું એક વૃક્ષ.–*adj.* pertaining to the ash; made of ash. ઍશ વૃક્ષ સંબંધી;–નું.

Ashamed, *adj.* (ઍશે'ઈમ્ડ્) Abashed; put to shame; exhibiting shame. લજ્જિત; લજવાયેલું; શરમિંદુ; શરમાયેલું; શરમથી ગભરાએલું; શરમાઇ ગએલું. [Prefix *a*, intense; and *shame*.]

Ashes, *n.* (ઍશેઝ્) The remains of a body that is burnt; powdery substance of a body which is burnt by fire. રક્ષા; રાખ; રાખોડી; ભસ્મ; ખાખ. 2. Remains of a human body either burnt or decayed. ચિતા ભસ્મ; મૃત શરીરની મટ્ટી; મડદાની માટી. 3. (fig.) Dead body. લાશ; મુડદું; શબ; મૃતશરીર.

Ashore, *adv.* (ઍશો'ર્) At the shore; on shore; on the land. કિનારે; ધરતી ઉપર; ખુશ્કી પર.

Ashy, *adj.* (ઍ'શિ) Pale; having the colour of ashes. 2. Belonging to ashes. ૧. ઝાંખું; ખાખી રંગનું; રાખના જેવું ઝાંખું; રાખના રંગનું. ૨. ભસ્મનું; રાખનું.

Asiatic, *adj.* (એઇશિઍ'ટિક્ of એઈઝિઍ'ટિક્) Belonging to Asia. એશિઆ ખંડનું,–સંબંધી; *n.* A native of Asia. એશિઆનો વતની, રહેવાશી.

Aside, *adv.* (ઍસા'ઈડ્) To or on one side. 2. Out of the line; કુમાર્ગે; આડે રસ્તે. 3. Spoken and supposed not to be heard. સ્વગત; આડું મો રાખીને; બીજા ન સાંભળે તેમ. **To set aside**; To coneal. રદ કરવું.

Asinine, *adj.* (ઍ'સિનાઈન્) Belonging to or resembling an ass. ૧. ગધેડા સંબંધી, નું; ૨. ગધેડા જેવું; હઠીલું; બેવકુફ; મૂર્ખ. [L. *asinus*, an ass.]

Ask, *vt.* (આસ્ક) To question; to demand; to request; to inquire. પ્રશ્ન પૂછવો; માંગવું, કહેવું, લેવું; અરજ કરવી; તપાસ કરવી; પૂછવું.–*vi.* To make request or inquiry. અરજ કરવી; તપાસ કરવી. [A. S. *a'scian*, to ask.]

Askance, askant, *adv.*(ઍસ્કૅ'ન્સ્, ઍસ્કૅ'ન્ટ્) Obliquely; sideways; toward one corner of the eye. આડું; વાંકું; ત્રાંસું; તિરકસ; આડુંઅવળું.

Askew, *adv* (ઍસ્ક્યૂ') Obliquely; askant; contemptuously. આડું; વાંકુ; તિરસ્કારભરેલી રીતે; તિરસ્કારથી; બેદરકારીથી. [Prefix. *a*, on and *skew*.]

Asleep, *adv.* (ઍસ્લી'પ્) Sleeping; at rest. સૂતેલું; નિદ્રાવશ; નિદ્રાધીન; ઉંઘેલું. (2) Dead. મૃત; મરી ગયેલું; મુવેલું.

Asp, *n.* (ઍસ્પ્) A kind of poisonous serpent. એક જાતનો ઝેરી સાપ; ઝેરી સર્પ. [L. and Gr. *aspis*.]

Aspect, *n.* (ઍ'સ્પેક્ટ્) Countenance; look; appearance; view. ચહેરો; સુરત; મુદ્રા; દેખાવ; આકાર; રૂપ. 2. Position; situation. અભિમુખતા; સ્થિતિ; મુખ; મ્હોડું. The house has an eastern aspect=ગૃહ પૂર્વાભિમુખ છે; ઘરનું મ્હોડું પૂર્વ તરફ છે. 3. The situation of one planet with respect to another. દશા; દૃષ્ટિ; દર્શન. [L. *aspectus*, look, appearance].

Asperity, *n.* (ઍસ્પે'રિટિ) Roughness or harshness to the touch, taste, hearing or feeling. સ્પર્શ, સ્વાદ, શ્રવણ અથવા ભાવનામાં વિષમતા. (1)Roughness of surface. ખડબચડાપણું. 2. Sourness. ખટાશ; ખટાઈ. 3. Harshness of sound. ખોખરાપણું; કઠોર અવાજ. 4. Roughness

or sharpness of temper. આકરાપણું; કરડો સ્વભાવ; તીક્ષ્ણતા; કઠોરતા. [L. *asper*, rough.]

Asperse, *vt.* (ઍસ્પ'ર્સ) To sprinkle. છાંટવું. To slander; to vilify; to cast blots upon the character. બટ્ટો ચઢાવવો; બદનામ કરવું; નિંદા કરવી; આળ ચઢાવવું. [L. *ad* to and *spargo*, I sprinkle, scatter.]

Aspersion, *n.* (ઍસ્પ'ર્શન્) A sprinkling. છાંટણ; છાંટવું તે. 2. Defamation; censure. બદનક્ષી; બટ્ટો; આળ; નિંદા.

Asphalt-tum, *n.* (ઍસ્ફૅ'લ્ટ, ઍસ્ફૅ'લ્ટમ્) Mineral pitch. એક જાતનો ડામર.

Aspirant, *adj.* & *n.* (ઍસ્પા'ઇરૅન્ટ) One who aspires; a candidate. અભિલાષી; આકાંક્ષી; ઉમેદવાર—also *adj.* [*aspire* and *ant.*]

Aspirate, *vt.* (ઍ'સ્પિરેઈટ) To pronounce with a full breath. 2. To pronounce with the sound of the letter " h ". મહાપ્રાણયુક્ત ઉચ્ચાર કરવો.–*n.* The letter "h". "હ" અક્ષર. 2. An aspirated sound like that of "h" મહાપ્રાણી ઉચ્ચાર. [L. *aspiratus*, aspirated.]

Aspiration, *n.* (ઍસ્પિરે'ઇશન્) The act of aspirating; an aspirated sound. મહાપ્રાણી ઉચ્ચાર કરવો તે; મહાપ્રાણ. 2. Ardent desire; ambition to reach or attain. ઉત્કંઠા; મહત્વાકાંક્ષા; અભિલાષા; સ્પૃહા.

Aspire, *vt.* (ઍસ્પા'યર્) To aim at what is noble or great; to soar. મોટી આશા રાખવી; ઉંચે ચઢવું; ઉચ્ચ કામના કરવી. 2. To pant after something; to desire eagerly. ઘણી ઇચ્છા કરવી; આતુર મનથી ઉમેદ રાખવી; ઉત્કંઠા રાખવી; લાલસા રાખવી [followed by *to* or *after.*] [L. *ad*, to, *spiro*, I breathe.]

Aspiring, *adj.* (ઍસ્પા'યુરિંગ્) Ambitious; having aspirations. મહાત્વાકાંક્ષાવાળું; કીર્તિલોભી; ઉચ્ચાભિલાષી; મ્હોટી ઇચ્છા રાખનાર.

Ass, *n.* (ઍસ્) A donkey. ગધેડો; ખર; ગર્દભ; લંબકર્ણ. 2. A dull stupid person. મૂર્ખ; બેવકૂફ; ગદ્ધો. [L. *asinus.*]

Assail, *vt.* (ઍસ્સે'ઈલ્) To attack; to assault. હલ્લો કરવો; હુમલો કરવો; તૂટી પડવું; તકરાર કરવી; સામા થવું. [L. *ad*, to and *salio*, I leap.]

Assassin, *n.* (ઍસ્સૅ'સિન્) One who kills or attempts to kill by secret assaults. મારો; ગુપ્ત રીતે ઠાર કરનાર; છૂપી રીતે મારવા આવનાર. [Ar. *hashashin.*]

Assassinate, *vt.* (ઍસ્સૅ'સિનેઈટ) To murder by surprise or secret assault. છાપો મારી કતલ કરવું; ગુપ્ત રીતે હલ્લો કરી મારવું; દગાથી ઠાર કરવું.

Assassination, *n.* (ઍસ્સૅ'સિને'ઈશન્) Act of assassinating. ગુપ્ત ઘાત; છૂપું ખુન; કતલ; વધ.

Assault, *vt.* (ઍસ્સૉ'લ્ટ્) To assail; to make an attack; to storm. હુમલો કરવો; ચઢાઈ કરવી.–*n.* A violent attack. હુમલો; હલ્લો; ચઢાઇ. [L. *ad*, to and *salio*, I leap.]

Assay, *n.* (ઍસ્સે'ય્) 1. Examination; proof; trial. કસોટી; પરીક્ષા. 2. Determination of the quantity of metal or of gold or silver in a coin. ધાતુની પરીક્ષા; કસોટી; તપાસણી.–*vt.* To make an assay of; to analyse chemically. કસોટી કરવી; કસ કાઢવો; રસાયણ વિદ્યાના નિયમાનુસાર વિવરણ કરવું.–*vi.* To try; to attempt; પ્રયત્ન કરવો; પ્રયાસ કરવો.

Assayer, *n.* (ઍસ્સે'યર્) One who assays. સોનારૂપાની કસોટી કરનાર; સોનુંરૂપું પારખનાર; ચોકશી; ધાતુ કસનાર; યત્ન કરનાર.

Assemblage, *n.* (ઍસ્સે'મ્બ્લેઈજ) A collection of individuals or of particular things. મંડળી; સમુદાય; ટોળું; સંચય; સમૂહ; જમાવ; જથ્થો; ઢગલો; ઓઘ.

Assemble, *vt.* (ઍસ્સે'મ્બલ્) To collect; to call together. એકઠું, ભેગું કરવું; સાથે મેળવવું; (સભા) બોલાવવી.–*vi.* To meet together; to collect. ભેળા, એક ઠેકાણે મળવું; એકઠું, ભેળું થવું. [2. *ad*, *simul*, together.]

Assembly, *n.* (ઍસ્સે'મ્બ્લિ) An assemblage; a meeting. મંડળી; મિજલસ; સભા. 2. A legislative body. ધારાસભા. 3. A religious society. ધર્મસભા. ભરસભા. **A full assembly.**

Assent, *vi.* (ઍસ્સે'ન્ટ્) To be of the same opinion; to consent. સંમત હોવું; અનુમતિ, રજા આપવી; કબુલ, માન્ય કરવું.–*n.* Concurrence; consent. સંમતિ; અનુમતિ; હા કહેવી તે; અંગીકાર; સ્વીકાર; કબુલાત. [L. *ad*, *sentio*, I think.]

Assentation, *n.* (ઍસ્સેન્ટે'ઇશન્) Flattery. ખુશામત; હલકી ખુશામત. [L. *assentor*, I flatter.]

Assert, *vt.* (ઍસ્સ'ર્ટ્) To affirm positively; to vindicate. નિશ્ચય, પ્રતિજ્ઞા, ખાત્રીપૂર્વક બોલવું, સ્થાપવું, પ્રતિપાદન, સિદ્ધ કરવું; ખરૂં છે તેમ બતાવવા પ્રયત્ન કરવો. 2. To come forward; to assume one's rights and liberties. પોતાના હક્ક અને સ્વતંત્રતા લેવાં, સિદ્ધ કરવાં. [L *ad*, *sero*, I join.]

Assertion, *n.* (ઍસ્સ'ર્શન્) Affirmation; positive declaration; vindication. નિશ્ચયપૂર્વક કહેવું તે; પ્રતિજ્ઞા; ચોક્કસ કહેલું હોય તે; સ્થાપન; પ્રતિપાદન; એકરાર.–*adj.* assertive.

Assess, *vt.* (ઍસ્સે'સ્) To fix a certain sum as a rate or tax. કર બેસાડવો, ઘાલવો; દર નક્કી કરવો. 2. To settle the value of, for the purpose of taxation. કર વગેરે નક્કી કરવા માટે કિંમત ઠરાવવી, આંકવી; જમાબંધી કરવી. 3. To determine; to estimate. નક્કી કરવું; ઠરાવવું; આંકવું. [L. *ad*, *sedeo*, I sit.]

Assessment, *n.* (ઍસ્સે'સ્મેન્ટ્) Valuation; a tax; a rate. આંકણી; જમાબંધી; કર આંકવો તે; દર નક્કી કરવો તે; કર; વેરો; છાપો; નુકશાનની આંકણી.—*adj.* Assess'able. જેના પર કર લઈ શકાય, આંકણી કરી શકાય તેવું.

Assessor, *n.* (ઍસ્સે'સ્સર્) One who assesses. કર આંકનાર; જમાબંધી કરનાર; કિંમત ઠરાવનાર. 2 A legal adviser to a magistrate or judge. મસલત, મદદ કરનાર; કાયદામદદનીશ; આસેસર -*adj.* Assess'orial. આસેસરને લગતું.

Assets, *n.* (ઍ'સ્સેટસ્) Property actually possessed as opposed to liabilities. માલમતા; મિલ્કત; તારણુ; પુંજી; દાવા ચુકવવા માટે જેટલી મિલ્કત હોય તે. [*L. ad*, and *satis*, enough.]

Asseverate, *vt.* (ઍસ્સે'વરેઈટ્) To affirm solemnly; to protest. પ્રતિજ્ઞાપૂર્વક બોલવું; પ્રતિજ્ઞા કરી કહેવું. [L. *ad*, *severes*, severe.] —*n.* Assevera'tion.

Assiduity, *n.* (ઍસ્સિડયુ'ઈટિ) Diligence; perseverance; vigilance. ઉદ્યોગ;પરાયણતા; ખંત; સાવધાની; આખેબ. [*L. ad. sedeo*, I sit.]

Assiduous, *adj.* (ઍસ્સિ'ડયુઅસ) Diligent; persevering; vigilant. ઉદ્યોગી; ઉદ્યમી; મહેનતુ; પરાયણ; તત્પર; ખંતીલું; મંડયા, મચ્યા રહેતું.

Assign, *vi.* (ઍસ્સા'ઇન) To allot; apportion. વહેંચી આપવું; ભાગ પાડીને આપવું. 2. To fix; to appoint. ઠરાવવું; નીમી, ઠરાવી આપવું; નીમવું. 3. To allege. આગળ ધરવું; કહી દેખાડવું. 4. To make over to another. બીજાને નામે, હવાલે કરી દેવું; સોંપવું. 5. To vest in assignees for creditors. લ્હેણદારોને માટે મુખત્યારને હવાલે કરવું. [L. *ad*, *signo*, I allot.]

Assignation, *n.* (ઍસ્સિગ્ને'ઇશન્) Act of assigning; an appointment by lovers. સોંપવું તે; પ્રીતમ અને પ્રિયાનો મળવા માટે સંકેત, વાયદો.

Assignee, *n.* (ઍસ્સાઈની') A person to whom an assignment is made. મુખત્યાર; પ્રતિનિધિ; જેને મિલ્કત સોંપી હોય તે ધણી.

Assignment, *n.* (ઍસ્સા'ઇન્મેન્ટ્) Act of assigning; thing assigned. વહેંચવું, ઠરાવવું, નીમવું તે; વહેંચેલો, ઠરાવેલો ભાગ. 2. A transfer of title or interest. હોદ્દો અથવા હક બીજાને સોંપવો તે. 3. A writ. મિલ્કતનો હક સોંપવા બાબતનો લેખ.

Assimilate, *vt.* (ઍસ્સિ'મિલેઈટ્) To make similar to, ના સરખું, જેવું, મળતું કરવું; 2. To turn to its own nature. ના ખરેખરા રૂપમાં ફેરવવું; સમપદાર્થ, સમધર્મક કરવું; ખોરાકને પચાવવો; 3. To absorb. બરાબર ચૂસી લેવું; એકરસ કરી દેવું; બરાબર સમજવું, પચાવવું; સેળભેળ, ઓતપ્રોત કરી દેવું.—*vi* To grow similar to; to be turned into its own nature; સરખું થવું; બરાબર પચવું; એકરસ, ઓતપ્રોત થઈ જવું. [L. *ad* and *similis*, similar.]

Assimilation, *n.* (ઍસ્સિમિલે'ઇશન્) The process by which animals and plants convert and absorb nutriment. પાચન; પરિપાક. 2. Act of assimilating. સમીકરણ; સરખાપણું.

Assist, *vt.* (ઍસિ'સ્ટ્) To aid; to sustain; મદદ આપવી; સહાય કરવી; ટકાવી રાખવું.-*vi.* To contribute aid; to take part in. મદદ આપવી; ભાગ લેવો. [L. *ad* and *sisto*, I stand.]

Assistance, *n.* (ઍસિ'સ્ટન્સ્) Help; support; મદદ; કુમક; સહાય; ટેકો.

Assistant, *adj.* (ઍસિ'સ્ટન્ટ્) Helping; auxiliary. સહાયકારી, કારક-*n.* One who helps; an auxiliary. મદદનીશ, ગાર; આસિસ્ટંટ.

Assize, *n.* (ઍસા'ઇઝ્) A statute for regulating weights etc. તોલ, ભાવ, કે માપ ઠરાવવાનો કાયદો. 2. Weights etc. thus regulated. ઠરાવેલા તોલ વગેરે. 3. The periodical session of judges of superior courts. ઇંગ્લાંડની વડી અદાલતની પરગણામાં થતી બેઠક; સેશન; ન્યાય સભા. [used in the plural.] [*L. ad*, *sedeo* I sit].

Assize, *vt.* (ઍસ્સા'ઈઝ) To assess. કરનો દર ઠરાવવો. 2. To regulate weights, prices etc. કાયદાથી માપ, ભાવ, તોલ વગેરે ઠરાવવું.

Associable, *adj.* (ઍસ્સો'શિઍબલ્) Companionable; that may be associated with; sociable. ૧. સમાગમ કરવા લાયક; સંસર્ગ રાખવા જોગ; સોબતી લાયક; ૨. મલતાવડું; મિલનસાર.

Associate, *vt.* (ઍસ્સો'શિએઇટ્) To unite; to join in company as a friend, companion or partner. સાથે ભળવું; સમાગમ કરવો; સોબત કરવી, કરાવવી; સામેલ કરવું; મિત્ર, સહચર અથવા ભાગીદાર તરીકે ભળવું. 2. To combine. એકઠું કરવું, મેળવવું.-*vi.* To unite one's self with another; to keep company. સોબતી થવું; જોડાવું; સંગતિ કરવી; સામેલ થવું; સંગતમાં આવવું અથવા રહેવું. *adj.*-Connected; joined to or with. સંયુક્ત; જોડાએલું; સંબદ્ધ; સાથે રહેલું; અનુષંગી; શામેલ.-*n.* One joined or united with another; a mate; a friend; a companion. સાથી; સોબતી; મિત્ર; સહચર. 2. A partner. મળતીયો; ભાગીદાર; ભાગીયો. [L. *ad*, and *socio*, I join.]

Association, *n.* (ઍસ્સોશિએ'ઇશન્) Act of associating; connection; combination; union. સોબત; સંયોગ; સંયોજન; સંબંધ; સંમેલન; સંહતિ; એકત્રતા. 2. A society joined together

for the furtherance of some object. અમુક ઉદ્દેશ પાર પાડવા માટે એકત્ર થયેલ સંઘ; સભા; મંડળી; મંડળ; પંક્તિ. 3. A tendency which one idea or feeling &c. has to recall another; વિચાર સાહચર્ય; ભાવ સાહચર્ય; એક વિચાર પછી તુરત બીજો વિચાર આવે, એક ભાવના થાય કે તુરત બીજી ભાવના સાથે સાથે ઉત્પન્ન થાય, આવી સ્થિતિ.

Assort, *vi.* (ઍસ્સૉ'ર્ટ) To arrange; to distribute into classes or kinds; to sort. ગોઠવવું; વર્ગ પાડવા; ક્રમવાર ગોઠવવું. *vi.* To agree; to suit. અનુકૂળ આવવું; માફક આવવું; બંધબેસતું થવું. [L. *ad* to and *sortis,* a lot.]

Assortment, (ઍસ્સૉ'ર્ટમેન્ટ) Act of assorting. 2. A mass or quantity assorted. ૧. વર્ગીકરણ; વર્ગ પાડવા તે; ૨. વર્ગ પાડેલી ચીજનો ઢગલો, સમૂહ, જથ્થો. 3. A variety. ભાત; પ્રકાર.

Assuage, *vt.* (ઍસ્સ્વે'ઈજ્) To pacify; to calm; to mitigate. શાંત કરવું; નરમ પાડવું; શમાવવું; દિલાસો દેવો.-*vi.* To subside; to abate. ઠંડું પડવું; ઓછું થવું; ઉતરી જવું; ઓસરવું. [L. *ad,* to and *suavis,* sweet.]

Assuasive, *adj.* (ઍસ્સ્વે'ઇસિવ્) Softening; persuasive; tranquillizing. શાંત પાડતું; દિલાસો આપે તેવું; સાન્ત્વન કરતું; નરમ પાડતું; શામક. [L. *ad,* to, and *suavis,* mild.]

Assume, *vt.* (ઍસ્સ્યૂ'મ્) To take to or upon one's self; to arrogate. હાથમાં લેવું; ધારણ કરવું; (કોઇના આપ્યા વિના). 2. To take for granted; to suppose as true. ધારવું; પ્રમાણ વિના સત્ય માની લેવું. 3. To pretend to possess. ડોળ ઘાલવો; ઢોંગથી ધારણ કરવું; વેષ લેવો. 4. To usurp. પચાવી પડવું; ધણી થઇ બેસવું.-*vi.* To be arrogant; to claim more than what is due. ઉદ્ધતાઈ કરવી; ઉદ્ધત થવું; હક કરતાં વધારે માગવું. [L. *ad,* to, and *sumo,* I take.]

Assuming, *adj.* (ઍસ્સ્યૂ'મિંગ્) Presumptuous; haughty; arrogant. અહંકારી; અભિમાની; ગર્વિષ્ઠ; મગરૂર; ડોળી; ઉદ્ધત; તોછડો.

Assumption, *n.* (ઍસ્સ'મ્શન્) Act of assuming. પોતાના હાથમાં લેવું તે; ગ્રહણ; ધારણ. 2. A postulate. કલ્પના; ધારેલી વાત; ધારણા. 3. Supposition. પ્રમાણ વિના કબુલ કરવું માનવું તે. 4. The minor premis (in logic). પ્રતિજ્ઞા.

Assurance, *n.* (ઍશ્યૂ'રૅન્સ) Act of assuring; full confidence or trust. ખાતરી; ખચિત કહેવું તે; સંપૂર્ણ ભરોસો, વિશ્વાસ. 2. Self-reliance; certain knowledge. સ્વાશ્રય; હિમ્મત; શ્રદ્ધા; નિશ્ચયાત્મક જ્ઞાન. 3. Impudence. અસભ્યતા; અમર્યાદા. 4. Insurance. વીમો. 5. Positive declaration or writing. ભરોસાપાત્ર, સત્ય, ચોક્કસ જાહેરાત અથવા લખાણ, લેખ; દસ્તાવેજ.

Assure, *vt.* (ઍશ્યૂ'ર્) To make certain. ખાત્રી કરવી; ભરોસો આપવો. 2. To insure. વીમો ઉતરાવવો. [L. *ad,* to, and *securus,* secure.]

Asterisk, *n.* (ઍ'સ્ટરિસ્ક્) A little star; a figure of a star thus (*) used in writing and printing. ચોકડી; ફુદડી. [Gr. *aster,* a star.]

Asterism, *n.* (ઍ'સ્ટરિઝમ્) A small cluster of stars. તારામંડળ; તારાગણ. 2. A constellation. નક્ષત્ર. 3. An asterisk. ફુદડી.

Astern, *adv.* (ઍ'સ્ટર્ન) Backward; behind; પાછું; પાછળ. 2. In or at the hinder part of a ship. વહાણના પાછલા ભાગ તરફ. [Prefix *a* on or in and *stern*]

Asteroid, *n.* (ઍ'સ્ટરૉઇડ્) A small plant. એક ન્હાનો ગ્રહ. [Gr. *aster,* a star and *eidos,* form.]

Asthma, *n.* (ઍ'સ્મૅ, ઍ'સ્થ્મૅ) A disorder of respiration. દમ; મુંઝ; હાંફ; દમનો રોગ. [Gr, *azo,* I pant.]

Asthmatic, *adj.* (ઍસ્મૅ'ટિક્) Suffering from the disease of asthma. દમિયલ; દમ સંબંધી; દમના રોગવાળું.

Astonish, *vt.* (ઍસ્ટૉ'નિશ્) To astound; to amaze: to strike with surprise. અચંબો પમાડવો; અચરત પમાડવું; વિસ્મિત કરવું; દંગ કરી નાખવું; ચકિત કરવું. [L. *ad,* to, and *tonare,* to thunder.]

Astonishing, *adj.* (ઍસ્ટૉ'નિશિંગ્) Wonderful; marvellous; આશ્ચર્યકારક; અચરત, અજાયબી, તાજુબી ભરેલું.

Astonishment, *n.* (ઍસ્ટૉ'નિશ્મેન્ટ્) Amazement; confusion; wonder; આશ્ચર્ય; અચંબો; વિસ્મય; ગભરાટ.

Astound, *vt.* (ઍસ્ટા'ઉન્ડ્) To astonish; to stun; દિંગ્મૂઢ બનાવી દેવું; ચકિત કરવું;-*adj.* Astounding.

Astral, *adj.* (ઍ'સ્ટ્રલ્) Belonging to the stars; starry; તારાનું, સંબંધી; ગ્રહવાસી; તારાવાળું; તારા જેવું.-**A. plane**=ભુવર્લોક; પિતૃલોક. [L. *astrum,* a star.]

Astray, *adv.* (ઍસ્ટ્રે'યૂ) Out of the right way. અવળે રસ્તે; કુમાર્ગે; ખોટે, ઉંધે રસ્તે; ભૂલું.

Gone astray=ખોટે રસ્તે ચઢેલ; ભૂલું પરેલ.

Astride, *adv.* (ઍસ્ટ્રા'ઈડ્) With the legs wide apart or on either side. પહોળા પગ કરીને; બન્ને બાજુએ એકેકો પગ મૂકીને; પલાંગીને.

Astringe, *vt.* (ઍસ્ટ્રિ'ન્જ્) To bind fast; compress. તાણીને બાંધવું; દબાવી બાંધવું.

Astringency, *n.* (અસ્ટ્રિં'જન્સ) The quality of contracting. બંધકગુણ. 2. Slight bitterness. તુરાશ.

Astringent, *adj.* (ઍસ્ટ્રિં'જન્ટ) Contracting the tissues; checking excessive discharges. કોઠાને મજબુતી આપે તેવું; બંધક, સ્તમ્ભક, બંધકોષ, કબજીયત કરે તેવું. 2. Slightly bitter. તૂરૂં.—*n.* A medicine that contracts. કબજીયત કરે તેવું; કોઠાને મજબુતી આપે એવું ઓસડ. [L. *ad*, *stringo*, I bind.]

Astrologer, *n.* (ઍસ્ટ્રૉ'લૉજર) One versed in astrology. જોષી; જ્યોતિષી; ભવિષ્ય કહેનાર; ગ્રહદશા જોનાર; નજુમી.

Astrology, *n.* (ઍસ્ટ્રૉ'લૉજી) The so-called science or art of foretelling future events by the situation and aspects of the stars. જ્યોતિષ; મુહૂર્તશાસ્ત્ર,ગ્રહદશાદર્શન;નજુમ.—*adj.* Astrolog'ical. [Gr. *astron*, a star, *logos*, discourse.]

Astronomer, *n.* (ઍસ્ટ્રૉ'નોમર) One versed in astronomy. ખગોળવિદ્યા જાણનાર; ખગોળવેત્તા; જ્યોતિષી.

Astronomy, *n.* (ઍસ્ટ્રૉ'નોમિ) The science which treats of the celestial bodies. ખગોળવિદ્યા; જ્યોતિષશાસ્ત્ર; સિદ્ધાંતજ્યોતિષ.—*adj.* Astron'omical. [Gr. *astron*, *nomos*, a law, or a rule.]

Astute, *adj.* (ઍસ્ટયૂ'ટ) Shrewd; sharp; crafty. ચતુર; તીક્ષ્ણ બુદ્ધિવાળું; વિચક્ષણ; ધૂર્ત; ધુતારૂં; લુચ્ચું. [L. *astus*, subtleness.]

Astuteness, *n.* (ઍસ્ટયૂ'ટનેસ) Sharpness; cunning. વિચક્ષણતા; તીક્ષ્ણતા; ધૂર્તતા; પક્કાઇ.

Asunder, *adv.* (ઍસ'ન્ડર) Apart; separately. જુદું; છૂટું; અળગું.

Asylum, *n.* (ઍસાઇ'લમ) A place of refuge for debtors or criminals. આશરો; ઓથ; 2. An institution for the protection of the unfortunate. નિરાધાર લોકોને આશરો આપવાની જગ્યા; અનાથાશ્રમ, ગૃહ; ધર્મશાળા. An asylum for brutes. પાંજરાપોળ. [Gr. *a*, without; *sule*, right of seizure.]

At, *prep.* (ઍટ) Near. પાસે; નજીક; આગળ. 2, In. માં; માંહે; ઉપર. 3. Towards. તરફ; સામે. 4. According to. ના દરથી; પ્રમાણે. **At all**. જરાએ; સમુળગું. **At best**. બહુ બહુતો. **At command**. હાજરાહજુર; તાબામાં; સમક્ષ. **At large**=છૂટું; સામટું. **At one**. એકમતનું. **At pleasure**. મરજી પ્રમાણે. **At random**. જેમતેમ. **At sight**. દેખતાં વેત; દેખત. **At three months' sight**. ત્રણ મહિનાની મુદતે.

Atheism, *n.* (એ'યૂથીઇઝમ) The doctrine that there is no God; disbelief in God. ઈશ્વર નથી એમ માનવું તે; નાસ્તિકમત, પણું; [Gr. *a*, *theos*, God.]

Atheist, *n.* (એ'યૂથીઈસ્ટ) One who disbelieves the existence of God or gods. નાસ્તિક.

Atheistic,-al, *adj.* (એ'યથીઇ'સ્ટિક, કલ) Pertaining to atheism. નાસ્તિક મત સંબંધી. 2. Irreligious; impious. અધર્મી; નાસ્તિક મતવાળો; દેવનિંદા કરનારૂં.

Athirst, *adj.* (ઍથ'ર્સ્ટ) Wanting drink; thirsty. તરસ્યું; પ્યાસું; તરસ લાગેલું. [*a* and *thirst*.]

Athlete, *n.* (ઍ'થ્લીટ) One who is trained to exercises of strength and agility. તાલીમબાજ; કસરતીયો; મલ્લ; પહેલવાન. [Gr. *athlos*, a contest.]

Athletic, *adj.* (ઍથ્લે'ટિક) 1. Strong; robust. બળવાન; જોરવાળું; કદાવર; જબરૂં. 2. Pertaining to athletes or their exercises. મલ્લ સંબંધી; મલ્લવિદ્યા સંબંધી; પહલવાનનું; પહેલવાનની કસરત સંબંધી; અંગ કસરત સંબધી તાલીમબાજી સંબંધી;—*n.* (pl.) મલ્લવિદ્યા;અંગકસરત.

Athwart, *prep.* (ઍથ્વૉ'ર્ટ) From side to side of; across. આડું; વાંકું.—*adv.* Crossly; wrongly. આડી રીતે; આડે રસ્તે; ગેરશિરસ્તે. [Prefix. *a*, on, thwart.]

Atlantic, *adj.* (ઍટલૅ'ન્ટિક) Pertaining to the ocean which lies between Europe and America. યુરોપ અને અમેરીકાની વચમાં આવેલા મહાસાગર સંબંધી.—*n.* The **A.** ocean. ઍટલૅંનટિક મહાસાગર [From *Atlas*, a mountain in Africa.]

Atlas, *n.* (ઍ'ટલૅસ) A collection of maps. નકશાનું પુસ્તક. 2. A volume of pictures. સમજાવવાનાં ચિત્રનું પુસ્તક.

Atlas, *n* (ઍ'ટલેસ) A kind of silk-satin સાટી. (Ar.)

Atmosphere, *n.* (ઍ'ટમૉસ્ફીર) Air; the whole mass of air surrounding the earth. વાતાવરણ; વાયુમંડળ; વાતચક્ર. 2. Any pervading influence. આસપાસ પસરી રહેલી અસર. e. g. **He was brought up iu a moral atmosphere**. ધાર્મિક વાતાવરણમાં તે ઉછરેલો હતો [Gr. *atmos*, vapour, *sphaira*, sphere.]

Atmospheric,-cal. (ઍટમૉસ્ફે'રિક,-કલ) Depending on atmosphere; pertaining to the atmosphere. વાતાવરણ ઉપર આધાર રાખવું, ને આધીન; વાતાવરણ સંબંધી.

Atom, *n.* (ઍ'ટામ) A molecule; the smallest component part of any body; any thing extremely small; a very minute

particle of matter. અણુ; રજકણ; પરમાણુ; અતિસૂક્ષ્મ પદાર્થનો ભાગ; કણ; લેશ; છાંટો. [Gr. *a*, not, *tenno*, I cut; L. *atomus*, an atom; what is indivisible.]

Atomic,-cal, *adj.* (ઍટૉ'મિક્,-કલ્) Extremely minute; pertaining to or consisting of atoms. અતિસૂક્ષ્મ; પરમાણુ સંબંધી; પરમાણુનું બનેલું.

Atomism, *n.* (ઍ'ટોમિઝમ્) Atomic philosophy. 2. The doctrine of atoms. પરમાણુવાદ.

Atone, *vi.* (ઍટો'ન્) To expiate; to make reconciliation; to answer for. પ્રાયશ્ચિત્ત કરવું; પાપનિવારણ કરવું; બદલો વાળવો; સમાધાની કરવી; જવાબ આપવો. 2. To make satisfaction for. બદલો-અવેજ આપવો; નુકસાની ભરી આપવી. [Compounded of *at* and *one.*]-*vt.* પ્રાયશ્ચિત્ત કરવું; સમાધાની કરવી.

Atonement, *n.* (ઍટો'નમેન્ટ્) The act of atoning; expiation; satisfaction. પ્રાયશ્ચિત્ત; સમાધાન; પાપનિવારણ; મેળ.

Atrocious, *adj.* (ઍટ્રો'શસ્) Horrible; frightful; extremely heinous; cruel. ઉગ્ર; ઘોર; ત્રાસજનક; અતિદુષ્ટ; ઘાતકી.

Atrocity, *n.* (ઍટ્રૉ'સિટિ) Horrible cruelty; enormous wickedness. કાળો કેર; મહા પાપ; ઘોરકર્મ.

Atrophy, *n.* (ઍ'ટ્રૉફિ) Emaciation; a wasting away with loss of strength. ક્ષીણતા; ક્ષયરોગ; કમતાકાત; શરીરનું ગળવું તે; શરીરશોષણ.

Attach, *vt.* (ઍટ્-ટૅ'ચ્) To annex; to affix. જોડવું; બાંધવું; ચ્હોટાડવું. 2. To seize; to take. બળાત્કારથી લઈ લેવું; પકડવું. 3. To arrest or seize by authority. જપ્ત કરવું; જપ્તિ કરવી, લાવવી. 4. To attract or charm; to gain over; to win. મુગ્ધ કરવું; મન હરી લેવું; મોહવશ કરવું; પ્રીતિ-સ્નેહ બંધાવવો.-*vi.* To be attached; to be connected; to adhere. ચોંટવું; જોડાઈ જવું. [L. *ad*, to, E. *tack*, a small nail.]

Attache, *n.* (ઍટ્-ટૅ-શે'ય્) One attached to the suit of an ambassador. એલચીના તાબાનો નોકર; અનુષંગી.

Attachment, *n* (ઍટ્-ટૅ'ચ્મેન્ટ્) State of being attached; act of attaching; a tie; union; tender regard. વળગણ; સ્નેહગ્રંથિ; પ્યાર; પ્રીતિ. 2. A seizing. જપ્તિ. 3. Adherence; fidelity. વળગણ; વળગી રહેવું તે; વફાદારી.

Attack, *vt.* (ઍટ્-ટૅ'ક્) To try to injure by any act, speech or writing. કર્મ, વચન અથવા લેખથી નુકશાન કરવા, દુઃખ દેવા, પ્રયત્ન કરવો; લડત ચલાવવી; વાદવિવાદ કરવો. 2. To assault; to make an onset upon. હલ્લો કરવો; હુમલો કરવો; તૂટી પડવું. 3. To seize as a disease. દરદમાં પકડાવું; ને વળગવું, લાગવું; આવવું. **He is attacked by fever.** તેને તાવ આવે છે.-*n.* An assault; હલ્લો; હુમલો. 2. Seizure. ચઢવું, આવવું, થવું તે.

Attain, *vt.* (ઍટ્-ટે'ઈન્) To come to; to obtain; to achieve. પહોંચવું; મેળવવું.-*vi.* To reach; to come. (followed by *to.*) પ્રાપ્ત થવું; સંપાદન હોવું. e. g. **He has attained to perfection.** તેણે સંપૂર્ણતા પ્રાપ્ત કરી છે. [L. *ad*, to, *tango*, I touch.]

Attainable, *adj.* (ઍટ્-ટે'ઇનૅબલ્) That may be attained. સાધ્ય; પ્રાપ્ય; મેળવાય તેવું.

Attainder, *n.* (ઍટ્-ટે'ઇન્ડર્) Loss of civil rights through conviction for high treason. રાજદ્રોહ અથવા બેવફાઇના કારણથી રૈયત તરીકેના હક ગુમાવવા તે. [L. *attigere.*]

Attainment, *n.* (ઍટ્-ટે'ઈન્મેન્ટ્) Accomplishment; act of attaining; acquirement. મેળવવું તે; પ્રાપ્તિ; સંપાદન. (pl.) accomplishments. ગુણ; જ્ઞાન; સંપાદિત ગુણ; નિપુણતા. **A man of rare attainments.** અલૌકિક શક્તિવાળો મનુષ્ય.

Attaint, *vt.* (ઍટ્-ટે'ઈન્ટ્) To deprive of rights for being convicted of treason; to affect with attainder. રૈયત તરીકેના હક લઇ લેવા; રાજદ્રોહ માટે શહેરી તરીકેનો અધિકાર છીનવી લેવો; રાજદ્રોહ કે એવા મહા અપરાધથી ગુન્હેગાર ઠરાવવું. To stain (from a fanciful connection with *taint.*) લાંછન લગાડવું; કલંકિત કરવું.-*n.* A hit. આઘાત; ટકોરો. 2. Stain; disgrace. નામોશી; બદનક્ષી; બટ્ટો; લાંછન; બેઆબરૂ.

Attemper, *vt.* (ઍટ્-ટે'મ્પર્) To moderate; to temper; to modify. ઘટાડવું; ઓછું કરવું; નરમ કરવું. 2. To accomodate; to fit. બંધબેસતું કરવું; અનુસરતું કરવું; માફક આવે તેમ કરવું. [L. *ad*, *tempero*, I mix in due proportion.]

Attempt, *vt.* (ઍટ્-ટે'મ્પ્ટ્) To essay; to make an effort. પ્રયત્ન કરવો; કોશીશ કરવી; યત્ન કરવો; અજમાવવું. 2. To attack. હુમલો કરવો; હલ્લો ક૦ -*n.* Endeavour; an attempt; trial; enterprise. પ્રયત્ન; કોશીશ; તજવીજ; અજમાયશ; સાહસ; જોખમ. 2. Attack. હલ્લો; હુમલો; આક્રમણ. [L. *ad*, to *tempto*, I try.]

Attend, *vt.* (ઍટ્-ટૅ'ન્ડ્) To be present with or at; to wait upon. હાજર રહેવું; તહેનાતમાં રહેવું. 2. To follow; to watch or observe. સાંભળવું; ગણકારવું; અનુસરવું. 3. To accompany. ની સાથે રહેવું; હોવું. To A. as a physician; to A. school=ઓસડ આપવું, કરવું; નિશાળમાં જવું. -*vi.* (followed by *to* and *upon.*) to listen to. સાંભળવું. 2. To wait upon. સેવા કરવી;

ખિજમતમાં રહેવું; તહેનાતમાં રહેવું. [L. *ad*, to, *tendo*, I stretch.]

Attendance, *n.* (ઍટ્‌ ટૅ'ન્ડૅન્સ્‌) Act of attending; service. હાજરી; નોકરી; સેવા; હાજર રહેવું તે. 2. Persons attending. હાજરીમાં રહેનારા લોકો; હાજર હોનાર. 3. Number present. હાજરી.

Attendant, *adj.* (ઍટ્‌-ટૅ'ન્ડૅન્ટ્‌) Consequent upon; following. અનુષંગી; ની પાછળ આવનાર, જનાર; સંબંધ ધરાવનાર. 2. Being present; accompanying. સાથે રહેનાર; લગતું.-*n.* A follower; a servant; one who attends or waits on another. અનુચર; સેવક; ચાકર; નોકર. 2. One who is present; that which accompanies. હાજર રહેનાર; સાથી; સહચર.

Attention, *n.* (ઍટ્‌-ટૅ'ન્શન્‌) Act of attending; care; heed. ધ્યાન; લક્ષ; મન; ચિત્ત; સાવધાનતા; સંભાળ. 2. An act of civility. વિવેક; સત્કાર; આદર.

Attentive, *adj.* (ઍટ્‌-ટૅ'ન્ટિવ્‌) Observant; heedful; mindful. લક્ષ લગાડનાર; ચિત્ત ચોટાડનાર; ધ્યાન દેનાર; સાવધ. 2. Civil. આદરભાવિક; સત્કારયુક્ત.

Attenuate, *vt.* (ઍટ્‌-ટૅ'ન્યુએઈટ્‌) To make thin. ઝીણું, બારીક, પાતળું કરવું. 2. To lessen the strength of. સત્વ ઓછું કરવું. 3. To break into minute parts. ચુરો કરવો; વાટવું. 4. To extend in length. લંબાવવું; તાણવું; ખેંચવું. 5. To show to be less. ઓછું બતાવવું; ગુન્હો, વાંક ઓછો કરી બતાવવો.-*vi.* To become thin; to diminish. પાતળું, ઝીણું, બારિક, કૃષ, ઓછું, ક્ષીણ થવું; ઘટવું. *adj.* Atten'uated. પાતળું; નાજુક.-*n.* Attenua'tion. [L. *ad*, *tenuo*, I make thin.]

Attest, *vt.*, (ઍટ્‌-ટૅ'સ્ટ્‌) To bear witness to; to certify; સાક્ષી, સાહેદી આપવી; to give proof of. સાબિતિ આપવી; ના ઉપરથી સિદ્ધ કરવું. 3. To call to witness. સાક્ષી તરીકે રજુ કરવું. [L. *ad*, *testis*, a witness.]

Attestation, *n.* (ઍટ્‌-ટૅસ્ટૅ'ય્શન્‌) Evidence; testimony; સાક્ષી; શાખ; સાહેદી; પ્રમાણ; સાબિતી.

Attestor,-ter, *n.* (ઍટ્‌-ટૅ'સ્ટર્‌) A witness. સાક્ષી આપનાર.

Attic, *n.* (ઍ'ટ્ટિક) A garret. ઘરનું કાતરીયું; માળો; મેડો.-*adj.* Elegant in style of language. સફાઈદાર; સંસ્કારી; સુંદર. [L. *atticus.*]

Attire, *vt.* (ઍટ્‌-ટા'યર્‌) To dress finely; to array; to adorn. સુંદર વસ્ત્ર, પોષાક, પહેરાવવો; શણગાર સજવો; ઠીકઠાક ગોઠવવું.-*n.* Dress; raiment. વસ્ત્ર; પોષાક; સાજ.

Attitude, *n.* (ઍ'ટિટ્યુડ્‌) State; posture; સ્થિતિ; આસન; આકાર; નોક; અભિનય. 2. Condition; position. દેખાવ; આકૃતિ; 3. Disposition. વૃત્તિ; મનની સ્થિતિ. [L. *aptus*, fit.]

Attorney, *n.* (ઍટ્‌-ટ'ર્નિ) One appointed to act in place of another; a legal agent; મુનિમ: પ્રતિનિધિ; મુખત્યાર; વકીલ. **A. general.** સરકારી વકીલ. **Letter or power of A.** મુખત્યારનામું; વકીલાતનામું. [L. *ad*, O. Fr. *torner*, to turn.]

Attract, *vt.* (ઍટ્‌-ટ્રૅ'ક્ટ્‌) To draw towards. આકર્ષણ કરવું; to induce; to allure; લલચાવવું; મનોહરણ કરવું. [L. *ad*, *traho*, I draw.]

Attraction, *n.* (ઍટ્‌-ટ્રૅ'કશન્‌) Drawing towards. આકર્ષણ; ખેંચાણ; તાણ; 2. The force which attracts; આકર્ષણ શક્તિ; 3. Enticement. લાલચ; મોહ. **A. of gravitation.** ગુરુત્વાકર્ષણ. **Tapillary A.** કેશાકર્ષણ; તત્વાકર્ષણ. **Electric A.** વિદ્યુદાકર્ષણ.

Attractive, *adj.* (ઍટ્‌-ટ્રૅ'ક્ટિવ્‌) Having the power of drawing towards. આકર્ષક; આકર્ષક શકિતવાળું; 2. Alluring; charming. મોહક; ચિત્તાકર્ષક; મનોહર.

Attractiveness, *n.* (ઍટ્‌-ટ્રૅ'ક્ટિવનેસ્‌) Power of attracting. આકર્ષક શક્તિ; મનોહરતા; મનોરંજકતા.

Attribute, *vt.* (ઍટ્‌-ટ્રિ'બ્યુટ) To assign; to impute; લગાડવું; કારણ જણાવવું; ને લીધે છે એમ માનવું; આરોપ કરવો;-*n.* Property; characteristic; an adjective. ધર્મ; ગુણ; ઉપાધિ; વિશેષક શબ્દ અથવા વાકયાંશ-*adj.* Attributable. આરોપ્ય; લગાડવા જોગ.

Attribution, *n.* (ઍટ-ટ્રિબ્યુ'શન્‌) The act of attributing; the thing or quality ascribed. આરોપ; આરોપણ; ગુણ; ધર્મ; આરોપિત વસ્તુ.

Attributive, *adj.* (ઍટ્‌-ટ્રિ'બ્યુટિવ્‌) Attributing; ગુણ બતાવતું; ગુણદર્શક; વાચ્ય; લગતું. 2. Coming before the qualified noun. નામની પહેલાં આવતું; વિશેષણ રૂપ.-*n.* A word expressing quality. વિશેષણ.

Attrite *adj.* (ઍટ-ટ્રા'ઈટ્‌) Worn away by friction; ઘસાઈ ગયેલું.

Attrition, *n.* (ઍટ-ટ્રિ'શન્‌) Act of wearing away by friction; abrasion. ઘસારો; ઘર્ષણ; ઘસાઇ જવું. 2. Grief for past misdeeds. પશ્ચાત્તાપ; અનુતાપ. [L. *ad*, *tero*, I rule.]

Attune, *vt.* (ઍટ્‌-ટ્યૂ'ન્‌) To put in tune; to adjust; સૂર, રાગ મેળવવો; ગાયન ઉતારવું; બંધ બેસતું, ઠીકઠાક કરવું; અનુકૂળ બનાવવું.

Auburn, *n.* (ઑ'બર્ન્‌) Reddish brown; rich chestnut; રાતો ભુરો; ગૌર. [L. *ālbus*, white.]

Auction, *n.* (ઑ'ક્શન્‌) A mode of public sale in which the article is sold to the highest bidder. હરાજી; લિલામ; [L. *augeo*, I increase.]

Auctioneer, *n.* (ઑક્શની'ર્) The person who sells by auction. હરાજી, લિલામ કરનાર.

Audacious, *adj.* (ઑડે'યુશસ્) Bold in a bad sense; impudent; shameless; ઉદ્ધત; ધૃષ્ટ; ધીટ; બેમરજાદ, અદબ; નિર્લજ્જ; 2. Committed in defiance of law. કાયદાને તરછોડીને કરેલ. Bold. બહાદુર. [L. *aveo*, I desire; *oudeo*, I dare.]

Audaciousness, *n.* (ઑડે'યુશસ્નેસ્) Insolence; effrontery; ઉદ્ધતાઈ; બેઅદબી; નિર્લજ્જતા. 2. Boldness. સાહસ; છાતીજોર; હિમ્મત.

Audacity, *n.* (ઑડૅ'સિટિ) Undesirable boldness; insolence. ધૃષ્ટતા; ઉદ્ધતાઈ, નિર્લજ્જતા.

Audible, *adj.* (ઑ'ડિબ્લ્) Capable of being heard. સાંભળી શકાય એવું; સ્પષ્ટ.–*n.* Audib'ility. [L. *audio*, I hear.]

Audience, *n.* (ઑ'ડિઅન્સ્) Act of hearing. સાંભળવું, ધ્યાન દેવું તે; શ્રવણ. 2. The persons hearing; an auditory. શ્રોતાજન; સાંભળનાર; પ્રેક્ષકવર્ગ. 3. Admittance to a hearing; interview. અરજ સાંભળવા માટે મુલાકાત. [L. *audio*, I hear.]

Audit, *n.* (ઑ'ડિટ્) An audience or hearing. શ્રવણ. 2. An official examination of accounts. હિસાબ તપાસણી. 3. Final account. છેવટનો હિસાબ; ચોકખો હિસાબ. 4. Any examination. તપાસણી; પરીક્ષા.–*vt.* To examine accounts. હિસાબ તપાસવો, નક્કી ક૦ [L. *audio*, I hear.]

Auditor, *n.* (ઑ'ડિટ્ર) A hearer; a person appointed to examine accounts. સાંભળનાર; હિસાબ તપાસનાર, લેનાર; આડિટર.

Auditory, *adj.* (ઑ'ડિટોરિ) Able to hear. સાંભળવાની, શ્રવણશક્તિવાળો. 2. Pertaining to the sense or organs of hearing. કાનસંબંધી; શ્રવણ, શ્રુતિસંબંધી, વિષયક.–*n.* Audience. શ્રોતાજન; સાંભળનારી મંડળી. 2. A place for lecturing. વ્યાખ્યાનગૃહ; ભાષણમંદિર.

Auger, *n.* (ઑ'ગર્) An instrument for boring large holes. સારડી; ત્રેવણ. [A. S. *nafu*, the nail, *gar*, a dart.]

Aught, *n.* (ઑટ્) Anything. કંઈપણ વસ્તુ; કંઈપણ; સહેજપણ.

Augment, *vt.* (ઑગ્મે'ન્ટ્) To increase; to enlarge. વધારવું; મ્હોટું કરવું.–*vi.* To increase; to grow large. વધવું; મ્હોટું થવું.–*n.* Increase. વધારો; વૃદ્ધિ, ઉપસર્ગ. [L. *augeo*, I increase.]

Augmentation, *n.* (ઑગ્મેન્ટે'યશન્) Act of augmenting. વધારો કરવો તે. વર્ધન. 2. State of being increased. વૃદ્ધિંગત થવું તે 3. A thing added. વધારો.

Augmentative, *adj.* (ઑગ્મેન્ટૅ'ટિવ્) Having the quality or power of increasing. વર્ધકગુણ, શક્તિવાળું; વધારો કરે એવું.–*n.* A word expressing greatness opposed to **diminutive**. વૃદ્ધિદર્શક શબ્દ, નામ.

Augur, *n* (ઑ'ગર્) A foreteller; a soothsayer. પક્ષીઓના ઉડવા ઉપરથી અગર બીજાં શુકન જોઈને ભવિષ્ય કહેનાર; શુકન, ભવિષ્ય જોનાર.–*vi.* To conjecture; to bode; to be a sign. અટકળ બાંધવી; જણાવું; સારાનરસા શુકન તરીકે જણાવું.–*vt.*–Guess; to predict; to forebode. અટકળ કરવી; ભવિષ્ય કહેવું; આગળથી જણાવવું. [L. *avis*, a bird.]

Augural, *adj.* (ઑ'ગ્યુરલ્) Pertaining to an augur, to divination. ભવિષ્યવેત્તા; ભવિષ્યવિદ્યાને લગતું. 2. Initial. પ્રારંભિક; શરૂવાતનું; પહેલા શુકનનું.

Augury, *n.* (ઑ'ગ્યુરિ) Art or practice of an augur; an omen. ભવિષ્ય કહેવાની વિદ્યા, કળા; શુકન.

August, *n.* (ઑગ'સ્ટ્) Grand; majestic. પ્રૌઢ; પ્રતાપી; ગંભીર; મોભાદાર; ભભકાદાર. [L. *augeo*, I increase.]

August, *n.* (ઑ'ગસ્ટ્) The eighth month of the Christian year; named in honour of the Roman Emperor **Augustus**. અંગ્રેજી વર્ષનો આઠમો મહીનો; શ્રાવણ–ભાદરવો.

Aunt, *n.* (આન્ટ) The sister of one's father or mother. ફોઈ, માશી. 2. Wife of the brother of one's father or mother. કાકી, મામી.

Aura, *n.* (ઑ'રે) An exhalation; an emanation. શરીરમાંથી નીકળતા અણુ, રજ; તેજપુંજ; પ્રભા; દીપ્તિ. [Gr. *ao*, I blow.]

Aurate, *adj.* (ઑ'રેટ્) Resembling gold; gilded. સોના, સોનાના રંગ જેવું; ઢોળ ચઢાવેલું; સોનેરી.

Aurated, *adj.* (ઑરે'ઇટેડ્) Having ears. કાનવાળું. [L. *auris*, an ear.]

Aurelia, *n.* (ઑરિ'લિઅ) The chrysalis of an insect. કોશ; કોશવાસી જીવડો. [L. *aurum*, gold.]

Aureola,–**e**, *n.* (ઑરિ'ઑલ,–ઑ'રિઓલ્) A halo of light round a saint; a circle of rays. તેજોમંડળ; કિરણચક્ર; કીર્તિતેજ.

Auricle, *n.* (ઑ'રિક્લ્) The external ear; કર્ણપુટ; કાનનો બહારનો ભાગ. 2. Either of the two muscular cavities at the base of the heart. હૃદયની નીચેની કોથળી. 3. The trumpet of the ear. કાનની ભુંગળી. [L. *auris*, an ear.]

Auricular, *adj.* (ઑરિ'ક્યુલૅર્) Pertaining to the ear. કાનને લગતું, સંબંધી. 2. Heard by the ear. સાંભળેલું; કાને પડેલું; દીઠેલું નહિ તેવું. 3. Secret; confidential. કાનમાં કહેલું; ખાનગી.

Auriform, *adj.* (ઑ'રિફૉર્મ્) Of the shape of the ear. કર્ણાકાર.

Aurora, *n.* (ઑરો'રે) The dawn. પ્રાતઃકાલ; પરોઢીયું;અરૂણોદય;વહાણું.**A.Borealis** (ઑરો'રા બોરિએ'યલિસ) The northern light. ઉત્તર ગોળાર્ધમાં થતા ઝઘારા; પ્રકાશ; સુમેરૂ જ્યોતિ. **A. australis.** (ઑરો'રે ઑસ્ટ્રે'યલિસ્) દક્ષિણ ગોળાર્ધમાં થતા ઝઘારા; કુમેરૂ જ્યોતિ. [*Sans. usha*, the dawn.]

Auspice, *n.* (ઑ'સ્પિસ્) Omens drawn from birds; foresign. પક્ષીની ગતિ પરથી લીધેલાં શુકન; નિમિત્ત; પૂર્વચિન્હ. 2. (*pl*) Protection; patronage. આશ્રય; અનુગ્રહ; નેકનજર; કૃપાદૃષ્ટિ. [L. *avis*, a bird, *specio*, I observe.]

Auspicious, *adj.* (ઑસ્પિ'શસ્) Having omens of success; fortunate; માંગલિક; શુભ; કલ્યાણકારી, શ્રેયસ્કર; ભાગ્યશાળી; અનુકૂળ; આબાદ.

Austere, *adj.* (ઑસ્ટી'ર) Sour; acerb. ખાટું; તૂરૂં; કર્કશ; રૂક્ષ. 2. Severe; stern. ઉગ્ર; આકરૂં; કઠોર; કરડું; સખત.

Austereness, *n.* (ઑસ્ટી'રનેસ્) Severity; harshness in taste. સખ્તાઇ; ખટાશ; તુરાશ; કર્કશતા.

Austerity, *n.* (ઑસ્ટે'રિટિ) Severity of manners or life;penance. આકરાપણું; કઠોરતા; સખ્તસંયમ;ઉગ્રતા;તપશ્ચર્યા;વૈરાગ્ય.Power acquired through **A.** તપોબળ.

Authentic,-al, *adj.* (ઑથે'ન્ટિક્,-કલ્) With no doubt about its truth; genuine; from the author's or doer's own hand. ખરેખરૂં; નિઃસંદેહ; ખાત્રીવાળું; સપ્રમાણ; કરનાર માણસનુંજ; સાચેસાચું. [Gr. *anthentikos*, true.]

Authenticate,*vt.* (ઑથે'ન્ટિકેઇટ) To discover the authorship or truth of; to prove as real or true. ખરેખરી બાતમી મેળવવી; સાબીત કરવું; સાચું, સપ્રમાણ ઠરાવવું; કર્તા કોણ તે જાણવું.

Authentication, *n.* (ઑથેન્ટિકે'ઈશન્) Confirmation. સાબીત, સાચું કરી બતાવવું, ઠરાવવું તે; મંજૂરી; ટેકો.

Authenticity, *n.* (ઑથેન્ટિ'સિટી)Genuineness. ખરાપણું; સત્યતા; અસલતા; સપ્રમાણતા.

Author,*n.*(ઑ'થર્)One who does something; a writer of books. કર્તા; ચોપડી લખનાર; ગ્રંથકાર; લેખક. 2. One who starts a thing. પ્રવર્તક; જનક; મૂળ હિલચાલ કરનાર; ઉત્પાદક. [L. *augeo*, I increase.]

Authoress,*n.f.* (ઑ'થરેસ્) A female writer, or doer. ગ્રંથકર્ત્રી; સ્ત્રીલેખક; કરનારી; ચલાવનારી.

Authoritative, *adj.* (ઑથૉ'રિટેટિવ્) Having authority;commanding. સત્તાવાર; દાબ વાળું; દમામયુક્ત; સ્વામિત્વસૂચક. 2. Positive; peremptory. સપ્રમાણ; પ્રમાણયુક્ત; આપ્ત; ઝટપટ; દમામસર.

Authority, *n.* (ઑથૉ'રિટી) Power given by law or position. કાયદેસર સત્તા; હોદ્દાની સત્તા; અધિકાર; અખત્યાર; મુન્સફી; સત્તા; ઐશ્વર્ય. 2. Power derived from opinion, testimony, respect or esteem. પ્રમાણ; આધાર; વજન; ભરૂસો; વક્કર; વિસાત; માન્યસત્તા; સાક્ષીઆધાર; સાબીતી; પુરાવો. 3. A precedent. દાખલો; ઉદાહરણ; પ્રમાણ. 4. An official statement. શાસનપત્ર; મુખત્યારપત્ર; સનદ; હુકમ.- (pl.).-The persons who put the law in force; the ruling body. સત્તાધિકારીઓ; શાસનકર્તાઓ; રાજ્યાધિકારીઓ.

Authorize,-se, *vt.* (ઑ'થોરાઇઝ્) To give right or power to do; to empower. સત્તા આપવી; હક્ક આપવો. 2. To sanction. મંજૂરી આપવી. 3. To give credit. ટેકો, આધાર, પ્રમાણ આપવું; સત્ય ઠરાવવું. 4. To establish by custom, etc. રૂઢિ, વિધિ, લોકાચારથી સ્થાપવું; પ્રચલિત કરવું. *n.* Authorisa'tion. રજા; પ્રમાણ;અધિકાર આપવો તે.

Authorship, *n.* (ઑ'થરશિપ્) State of being an author. ગ્રંથકારપણું; કર્તૃત્વ.

Autobiographer, *n.* (ઑટોબાઈઑ'ગ્રફર્) One who writes about his own life. પોતાનું જીવનચરિત્ર લખનાર; સ્વચરિત્ર લખનાર.

Autobiography, *n.* (ઑટોબાઈઑ'ગ્રફી) A person's life written by himself. આત્મચરિત્ર; સ્વચરિત્ર; આત્મકથા; વર્ણન. [Gr. *autos*, self; *bios*, life; *grapho* I write.]

Autocracy, *n.* (ઑટૉ'ક્રસિ) Full power in the hands of one man; self-supremacy. મુખત્યારી; આપઅખત્યારી; સ્વતંત્ર અધિકારી, આપખુદી. [Gr. *autos* self, *kratos*, power]

Autocrat, *n.* (ઑ'ટોક્રેટ)An absolute prince or sovereign; one who uses full power. સ્વતંત્ર રાજા; આપઅખત્યાર; કુલમુખત્યાર; આપખુદ.

Autograph, *n.* (ઑ'ટોગ્રૅફ) A person's own hand-writing; one's own signature. સ્વહસ્તાક્ષર; પોતાની સહી; હાથનો લેખ. [Gr. *autos*, *grapho*, I write.]

Automatic,-al, *adj.* (ઑટોમૅ'ટિક્-કલ્) Self-moving; not depending on the wish or will. પોતાની મેળે, આપોઆપ હાલતું ચાલતું; સ્વક્રિય; સ્વયંવહ; આત્મચાલક; આપોઆપ; સ્વયમ્. [Gr. *automatos* self-moving]. — *adv.* Automat'ically.

Automatism,*n* (ઑટૉમૅ'ટિઝમ) Self-moving power. આત્મચલન શક્તિ; સ્વયંવાહિની શક્તિ.

Automaton,*n.*(ઑટૉ'મૅટન્) A self-moving machine. સ્વયંચાલક યંત્ર.

Autonomy, *n.* (ઑટૉ'નૉમી) Self-government. સ્વસત્તા, શાસન, રાજ્ય; આંતરિક સ્વતંત્રતા. [Gr. *autos, nomos,* a law].–*adj.* Auton'omous. સ્વસત્તાક.

Autumn, *n.* (ઑ'ટમ્) The third season of the year, when fruits are gathered in; the season in which leaves fall down. શરદ ઋતુ; શરત્કાલ; ખરીફનો સમય; પાનખર ઋતુ 2. Decline; third stage. પડતીનો સમય; પડતીની શરૂઆત; ત્રીજી અવસ્થા. [L. *augere,* to increase.]

Autumnal, *adj.* (ઑટ'મ્નલ) Pertaining to autumn. શરદ, પાનખર ઋતુ નું, સંબંધી. 2. Produced in autumn. શરદ્ ઋતુમાં ઉગતું, નિપજતું. 3. Flowering in autumn. શરદ્ ઋતુમાં ફાલતું, ફુલતું, 4. In the third stage; past the middle age. ઉતરતી વયનું; આધેડ અવસ્થા પછીનું; પડતીનું.

Auxiliary, *adj.* (ઑગ્ઝિ'લ્યરી) Subsidiary; giving help. સહાયકારી; મદદગાર.–*n.* A helper; a verb that helps. મદદગાર; સહાયકારી ક્રિયાપદ. (pl.). Foreign or helping troops; allies. પરદેશી લશ્કર; કુમકે આવેલી સેના; મિત્ર સૈન્ય [L. *auxilium,* help].

Avail, *vt.* (ઍવે'ઇલ) To be of use to; to suit; to benefit. કામમાં આવવું, લેવું; ફાયદો, લાભ લેવો, કરવો; તક સાધવી; કામ કાઢવું.–*vi.* To answer a purpose; to be of use. કામ આવવું; ઉપયોગી થવું; ચાલવું; થી વળવું, પાર પડવું, ફળ મળવું.–*n.* Use; benefit. ઉપયોગ; હાંસિલ; ગુણ; હિત; ફાયદો; ફળ.–(pl.) Proceeds; fruits. ઉત્પન્ન; ઉપજ; પેદાશ; ફળ. **Of no avail**= નકામું; વ્યર્થ; નિષ્ફળ. [L. *ad, valeo,* I am strong.]

Available, *adj.* (ઍવે'ઇલૅબલ) That can be made use of; at hand; profitable. ઉપયોગમાં, કામમાં લઈ શકાય તેવું; મળી શકે એવું; પ્રાપ્ય; લાભકારક; ફાયદો, ગુણ કરનારૂં; ફલદાયી. 2. Valid; sound. સધર; યોગ્ય; જબરૂં.

Avalanche, *n.* (ઍ'વૅલૅન્શ) A mass of snow or ice creeping down a mountain. પહાડ ઉપરથી સરતો બરફનો ઢગલો, ની શિલા. [L. *ad, vallis,* a valley.]

Avarice, *n.* (ઍ'વૅરિસ્) Greed of wealth; acquisitiveness. લોભ; તૃષ્ણા; લાલસા; કૃપણતા; ધનાભિલાષા. [L. *avaritia,* greed.]

Avaricious, *adj.* (ઍવૅરિ'શસ્) Greedy of gain. ધનલોભી; કૃપણ; લાલચુ.

Avast, *interj.* (ઍવા'સ્ટ) Stop. સબૂર; બસ; સાવધાન.

Avaunt, *interj* (ઍવૉ'ન્ટ) Begone; away. ચલ જાઓ; બહાર નિકલ; કાળું કર; હટ જા

Avenge, *vt.* (ઍવે'ન્જ) To take vengeance; to punish in return; to vindicate. બદલો લેવો; વેર વાળવું; વેરની વસુલાત કરવી. [L. *ad, vindicare,* to claim for.]

Avenue, *n.* (ઍ'વેન્યૂ) A passage shaded with trees; a street. ઝાડીની અંદર થઇને જતો રસ્તો, માર્ગ, દ્વાર, કુંજગલી; વૃક્ષવાટ; પહોળો રસ્તો. [L. *ad, venire,* to come.]

Aver, *vt.* (ઍવ'ર) To state firmly; to declare to be true. ખાતરીથી કહેવું; સાચું, ખરૂં છે એમ ભાર દઇને કહેવું; પ્રતિજ્ઞા, નિશ્ચયપૂર્વક જાહેર કરવું. [L. *ad, verus,* true.] *n.* **Aver'ment** ખાતરીથી કહેવું તે; કહેવું તે.

Average, *n.* (ઍ'વરેઇજ્) The sum of several amounts divided by their number; a mean proportion. સરેરાશ; સરાસરી; મધ્ય પ્રમાણ.–*adj.* Rising to an average. સરાસરીનું; મધ્યમ.–*vt.* To find the mean of. સરાસરી કાઢવી; સરેરાશ શોધવું –*vi.* To form the mean of. સરેરાશ હોવું, થવું. [L. *averia,* cattle; *harbeo,* I have.]

Averse, *adj.* (ઍવ'ર્સ) Turned away from; having a dislike to. વિરક્ત; વિયુક્ત; વિમુખ; નારાજ; નાખુશ; પ્રતિકૂલ. [L. *ab, verto,* I turn.]

Averseness, *n.* (ઍવ'ર્સનેસ્) Dislike. અણગમો; વિરક્તતા.

Aversion, *n.* (ઍવ'ર્શન્) Dislike; the person or thing disliked. અણગમો; નાખુશી; અણગમતો માણસ, વસ્તુ; અપ્રીતિ; અભાવ; પ્રતિકૂલતા; વિરાગ.

Avert, *vt.* (ઍવ'ર્ટ) To turn aside; to ward off; to prevent. ફેરવી નાંખવું; વારવું; દૂર કરી નાંખવું; અટકાવવું. [L. *ad, verto,* I turn.]

Aviary, *n.* (ઍ'વિઍરિ) A bird-cage; a place or an inclosure for keeping birds. પક્ષીગૃહ, ભવન; પાંજરૂં; પક્ષીઓ માટે જગ્યા, અખાડો, વાડો. [L. *avis,* a bird.]

Avidity, *n.* (ઍવિ'ડિટી) Keenness; great desire; eagerness. તીવ્ર ઇચ્છા; લોલુપતા; હોંશ; સ્પૃહા; લાલસા.–*adj.* **Avid**; **Avidious.** આતુર; ભૂખ્યો; બ્હાવરો. [L. *aveo,* I desire.]

Avocation, *n.* (ઍવોકે'શન્) One's regular employment or occupation. ધંધો; નોકરી; કાર્ય; પ્રવૃત્તિ; પેશો; વૃત્તિ; વ્યાપાર; કામકાજ. [L. *ad, voco,* I call.]

Avoid, *vt.* (ઍવૉ'ઇડ્) To evade; to keep out of the way of; to shun. છટકી જવું; ઉડાવી દેવું; અખાડા કરવા; અલગ રહેવું; છોડી, ત્યજી દેવું; થી દૂર રહેવું; વજવું.

Avoidable, *adj.* (ઍવૉ'ઇડૅબલ) That can be shunned; capable of being escaped from. તજવા જેવું; થી દૂર રહી શકાય તેવું; વર્જ્ય; નિવાર્ય;

નામંજૂર કરી શકાય એવું; જેમાંથી છટકી જવાય એવું. -*n.* **Avoid'ance.** છોડી દેવું તે.

Avordupois, *n.* or *adj.* (ઍવરડયૂપૉ'ઈઝ્) A system of weight in which a pound is equal to sixteen ounces; in or of that weight. એક જાતનું વિલાયતી તોલ, જેમાં એક પાઉન્ડના સોળ ઔંસ ગણવામાં આવે છે; તેવી રીતના તોલ સંબંધી, નું. [Fr *avoir du pois,* to have weight.]

Avouch, *vt.* (ઍવા'ઉચ્) To declare openly; to confess. ખુલ્લી રીતે કહેવું, જાહેર કરવું; કબૂલ, માન્ય કરવું; સ્વીકાર, અંગીકાર કરવો. [L.*ad, voco,* I call.]

Avow, *vt.* (ઍવા'ઉ) To confess freely; to declare frankly. ખુલ્લેખુલ્લું કબૂલ કરવું, કહી દેવું, જાહેર કરવું. [L. *ad, vótum,* a vow.]

Avowal, *n.* (ઍવા'ઉઍલ) An open declaration. ખુલ્લેખુલ્લી કબૂલાત, જાહેરાત

Avowedly, *adv.* (ઍવા'ઉએડ્લી) Openly. ખુલ્લે ખુલ્લી રીતે; સ્પષ્ટતાથી; દેખીતી રીતે.

Await, *vt.* (ઍઉવે'ઈટ્] To wait for; to expect. ની રાહ, વાટ જોવી; આશા કરી બેસવું. 2. To be in store for. ને માટે તૈયાર હોવું; ભાવિમાં હોવું, બનવું; ને સારૂ રાખેલુંજ હોવું.

Awake,-n, *vt.* (ઍઉવે'ઈક્,-કન્) To rouse from sleep. જગાડવું; ઉઠાડવું. 2. To give new life or vigour to. સચેત કરવું; નવજીવન રેડવું; જાગૃત કરવું.-*vi.* To stop sleeping. જાગવું; જાગરણ કરવાં; જાગી ઉઠવું. 2. To be active. સાવધ થવું; સચેત થવું; જાગૃત બનવું; પ્રબુદ્ધ થવું.

Awake, *adj.* (ઍઉવે'ઈક) Not sleeping; on the watch. જાગતું; સાવધાન; હોશીયાર; જાગૃત.

Awakening, *adj.* (ઍઉવે'ઇકનિંગ્) Rousing from sleep; reviving જાગૃત, પ્રબુદ્ધ કરતું; જગાડતું; સચેત કરતું.-*n.* Rousing; revival. જાગવું તે; જાગૃતિ; પ્રબોધ; પુનરૂદ્ધાર.

Award, *vt.* (ઍવૉ'ર્ડ) To adjudge. ચુકાદો, નિર્ણય, ન્યાય કરીને આપવું, અપાવવું.-*vi.* To judge; to determine. ન્યાય, નિર્ણય, ચુકાદો આપવો.-*n.* A judgment; decision; a prize given. નિર્ણય; હુકમનામું; ચુકાદો; ન્યાય; ફેંસલો; ઇનામ; ફેંસલનામું.

Aware, *adj.* (ઍવે'અર્) On the watch; having information; knowing. સાવધ; સચેત; માહિતગાર; જાણતું; વાકેફ; જાણકાર.

Away, *adv.* (ઍવે'ય્) On the way; absent; at a distance. ગેરહાજર; દૂર; છેટે; આઘે.

Awe, *n.* (ઑ) Fear and reverence; fear with admiration; reverence. આદરયુક્ત ભય; દબદબો; શેહ; હાક; ત્રાસ; દાબ; મોભો.-*vt.* To inspire with reverential fear; to strike with great fear. ધાક, દાબ, બેસાડવી; શેહ પાડવો; ત્રાસ પાડવો; ભય પેસાડવો.

Awful, *adj.* (ઑ'ફુલ્) Dreadful; solemn; awe-inspiring. પ્રૌઢ; ગંભીર; ધાસ્તી, ધાક, શેહ ભરેલું; ભીષણ; ભયંકર; દારૂણ; પૂજ્ય; માનનીય. 2. Detestable. ધિક્કારવાજોગ; કઢંગું; ઘણુંજ અનિષ્ટ. -*adv.* **Awful'y.**

Awfulness, *n.* (ઑ'ફુલ્નેસ્) Dreadfulness; solemnity. દારૂણતા; ભીષણતા; ગંભીરતા; ઘોરતા; દબદબો.

Awhile, *adv.* (ઍહ્વા'ઈલ્) For a time. થોડીવાર સુધી; ટુંક સમય માટે; ક્ષણવાર.

Awkward, *adj.* (ઑ'કુવર્ડ) Ungraceful in manners; clumsy; wanting dexterity or skill. અણઘડ; બેડોળ; અણકીસબી; અનાડી; બદશિકલ; બેઢંગું; કઢંગું. 2. Unfavourable; adverse. પ્રતિકૂળ; અગવડભરેલું; અસાંપ્રત; નાપસંદ. [Scand. *awk,* the left hand.]

Awkwardness, *n.* (ઑ'કવર્ડનેસ્) Ungracefulness; want of skill. અણઘડતા; બેડોળ, બેઢંગા, કઢંગાપણું; અકૌશલ્ય; વિચિત્રતા.

Awl, *n.* (ઑલ્) A boring tool. સોયો; મોચીનું ટાંચણું; આર.

Awn, *n.* (ઑન્) The beard of corn. અનાજ, ઘાસનું સુંખળું.

Awning *n.* (ઑનિંગ્) A covering to keep off the sun's light or heat. છત; છાટ; ચંદરવો; ચંદની.

Awry, *adj.* (ઑરી') To one side; off the straight line. વાંકુંચુકું; પડખે; ત્રાંસુ; આડકતરૂં.-*adv.* Crookedly. ત્રાંસી રીતે; પડખેથી; આડકતરીથી; વાંકું પાડીને.

Axe, *n.* (ઍક્સ્) An instrument for cutting wood. કુહાડી; કુહાડો; કુઠાર.

Axial *adj.* (ઍ'ક્સિઅલ્) Pertaining to an axis. ધરીને લગતું.-*also.* **Axile,** (ઍ'કસાઇલ્).

Axil, *n.* (ઍ'ક્સિલ્) The angle between a leaf or branch and the stem; the armpit. પાન અથવા ડાળી અને થડ વચ્ચેનો વાંક; સાંધો, ખુણો; બગલ.

Axilla, *n.* (ઍ'ક્સિલ્લૅ) The armpit. કાખ; બગલ.

Axiom, *n.* (ઍ'ક્સિઅમ્) A self-evident truth; a statement requiring no proof. પ્રત્યક્ષ પ્રમાણ; સિદ્ધ સૂત્ર; પ્રથમ મુદ્દો. 2. An estiblished principle. સિદ્ધાંત. 3. Maxim. સામાન્ય વચન, સૂત્ર. [Gr. *axido,* I deem worthy; *axios,* worthy.]

Axiomatic,-al, *adj.* (ઍક્સિઓમૅ'ટિક્,-કૅલ્) Self evident; pertaining to an axiom. સ્વતઃ, સ્વયંસિદ્ધ; પ્રત્યક્ષ પ્રમાણ સંબંધીનું; પ્રત્યક્ષ.

Axis, *n.* (ઍ'ક્સિસ્) The real or imaginary

line on which a body turns or revolves. ધરી; અક્ષ; ધ્રુવ; ગુણ; આંસ.

Axle, *n.* (ઍ'ક્સલ્) The rod or pin on which a body revolves. ધરી.–**Axle-tree**= The pole on which a body revolves. મુખ્ય ધરી; મોટી ધરી.

Ay, Aye, *adv.* (આય) Yes. હા; ઠીક; બહુ સારૂં.

Aye, *n.* (આય;આઇ) An affirmative note. હકાર.

Aye, *adv.* (એય્) Always; ever. હમેશાં; સદા; નિત્ય.

Azimuth, *n.* (ઍ'ઝિમથ્) An arc of the horizon between the meridian of a place and the vertical circles. સમાંશ. **The co-azimuth**=દિગંશ.

Azote, *n.* (ઍ'ઝોટ્) A name formerly given to Nitrogen. નાયટ્રોજન; એક જાતની ઝેરી હવા [Gr. *a* not, *zôe* life.]–*adj.* Azot'ic.

Azure, *adj.* (એ'ય્રઝ્યૂર્) Resembling the blue colour of the sky. આસ્માની; નીલવર્ણું; વાદળી રંગનું.–*n.* The fine blue colour of the sky. આસ્માની, નીલ, વાદળી રંગ, વર્ણ. [Ar. *lazward*, blue.]–*vt.* To give an azure colour or tint to. આસ્માની રંગ, છાંય પૂરવી.

B.

B, (બી) The second letter and first consonant of the English alphabet. બ; અંગ્રેજી મૂળાક્ષરનો બીજો અક્ષર; પહેલો વ્યંજન; બીજા વર્ગ અથવા ભાગનું.

Baa, *n.* (બૅ) The cry of a sheep or a goat. ઘેટાં કે બકરાંનો અવાજ, બેં બેં.–*vi.* To bleat. બેં બેં અવાજ કરવો.

Babble, *vi.* (બૅ'બ્બલ્) To utter indistinctly. તોતડું બોલવું. 2. To talk irrationally or idly. મૂર્ખાઇ કે અવિચારીપણાથી બોલવું; લવરી કરવી; બકવું; ઠાલો બડબડાટ, બડબડાટ કરવો; ફાવે તેમ બોલ્યા જવું. મગચણા ભરડવા. 3. To reveal secrets. છાની વાત ફોડી દેવી. 4. To make a continuous murmur. ખળખળ, અવાજ કર્યા કરવો.–*vt.* To talk idly or irrationally; to prate. બડબડવું; લવારો કરવો.–*n.* Idle talk. બડબડાટ; લવારો;બકબક; ખળભળાટ.–*n.* Babbler. બડબડીયો; બકબક કરનાર.

Babe, Baby, *n.* (બે'ઈબ્, બે'ઈબિ) An infant. બચ્ચું; બાળક;બાળકી. A doll for children. ઢીંગલી; રમકડું.– *n.* Babyhood. શૈશવ; છોકરાંની અવસ્થા; બચપણ.

Babel, *n.* (બે'યૂબેલ્) Confusion; disorder. ઘોંઘાટ; કોલાહલ; અવ્યવસ્થા; ગોટાળો; ગડબડ; ધાંધલ. [From *Babel*, the city where the confusion of tongues took place.]

Babish,-yish, *adj.* (બે'યૂબિઈશ્) Childish; like a babe. છોકરવાદી, મતીલું; નાદાન; છોકરાં, બચ્ચાંને શોભે, છાજે એવું.

Baboon, *n.* (બૅબૂ'ન્) A kind of monkey, having a dog like muzzle, short tail, and cheek pouches. એક જાતનું વાંદરૂં.

Baby-farmer, *n.* (બે'યૂબિફા'ર્મર્) One who brings up children for money. ભાડૂતી ધાત્રી; પૈસા લઈ છોકરાં ઉછેરનાર.

Bacchanal, *n.* (બૅ'ક્કૅનૅલ્) One who indulges in drunken revels; a drunken feast. દારૂડીયો; છાકટો; મોજીલો; મસ્તીમિજલસ; દારૂડીયા પાર્ટી.–*adj.* Riotous and drunken. છાકટું; છકેલું; તોફાની. 2. Revelling. મસ્ત; ખ્યાલી, ખુશાલી સંબંધી. [L. *Bacchus*, the god of wine.]

Bacchanalia,-ls, *n.* (બૅક્કૅને'લિઍ,-બૅ'ક્કૅનૅલ્ઝ) Drunken feasts, originally in honour of Bacchus દારૂડીયાની મીજલસ; પાનોત્સવ; પાનસમારંભ; તોફાન મસ્તી.

Bacchanalian, *adj.* (બૅક્કૅને'લિઍન્)Bacchanal. છાકટું; દારૂડીયું.–*n.* દારૂપાર્ટી; ઉન્માદ.

Bachelor, *n.* (બૅ'ચેલર્) A man who has not been married; a person who has taken the degree below that of Master or Doctor. કુંવારો; અવિવાહિત; વાંઢો; મહાવિદ્યાલયની પહેલી પદ્વી મેળવનાર; માસ્ટર અથવા ડાક્ટરથી નીચલી પદ્વી ધરાવનાર; બી. એ., વગેરે.

Back, *n.* (બૅક) The hinder part of the body in man, and the upper in other animals. પુંઠ; પીઠ; વાંસો; બરડો. 2. The hinder part of a thing; the rear. પાછળનો ભાગ; આગલા ભાગ કરતાં દૂર રહેલ જગ્યા; પછવાડું; પૃષ્ઠ ભાગ; પૃષ્ઠ; પાછળનો નીચલો ભાગ. 3. A Broad, high ridge. કરોડ; પૃષ્ઠ. 4. The invisible part. અદૃશ્ય ભાગ; બીજો છેડો; અંત ભાગ. 5. The thick part of a tool. હથિયારનું ઠુંઠું; હથિયારનો જાડો છેડો, કુંદો.–*adv.* Again to the same place. પાછું; વળતું; ફરીને. 2. Toward the rear. પાછલા ભાગ, છેડા તરફ; પુંઠે; વાંસે; પછાડી. 2. To a former state or condition. અસલની સ્થિતિએ; જ્યાંનું ત્યાં; ત્યાં નું ત્યાં. 4. Toward things or times past. આગળ; અગાડી; ગત, ભૂતકાળ, બીના તરફ; પાછલી વાત પરત્વે. 5. In return. બદલામાં; સાટામાં; પાછું.–*adj.* Belonging to the back; remote. પાછળનું; દૂર; આઘેનું.–*vt.* To support; to second. ટેકો, મદદ, ઉત્તેજન આપવું; પુષ્ટિ આપવી; ઉપરાણું કરવું. 2. To endorse. શેરો મારવો; મંજૂર કરવું. 3. To drive away. પાછા હઠાવવું. 4. To furnish with a back. પુંઠું ચઢાવવું; પુંઠું; પીઠ કરવી.–*vi.* To move behind. પાછા હઠવું, ખસવું.

Back-bite, *vt.* (બૅ'ક્બાઇટ્) To speak ill of a person who is away. પાછળથી નિંદા કરવી, ભુંડું બોલવું, કરવું; ચાડી ખાવી; પાછળથી કાપવું, વાટવું.-*vi.* To censure one who is absent. ચાડીચુગલી ખાવી, કરવી, ભરવી.

Back-biter, *n.* (બૅ'ક્બાઈટર્) One who backbites; a secret calumniator. ચાડી ખાનાર, ભરનાર; ચાડીઓ; ચુગલીખોર; છાનાંછપતરાં કરનાર; છાની સોચ.

Back-biting, *n.* (બૅ'ક્બાઈટિંગ) Secret censure. ચાડી; ચુગલી; નિંદા; પાછળથી વાટવું, કાપવું તે.

Back-bone, *n.* (બૅ'ક્બોન્) The bone of the back; chief support; firmness. કરોડ; મુખ્ય, મૂળ ટેકો, આધાર; દ્ઢતા; સ્થિરતા.

Backgammon, *n.* (બૅકગૅ'મન્) A game for two played on a board with dice and fifteen 'men' each. એક જાતની ચોપાટ, ચોપટ જેવી રમત.

Background, *n.* (બૅ'ક્ગ્રાઉન્ડ્) The space behind the figures in a picture; obscure position. ચિત્રમાંની આકૃતિઓની પાછળનો ભાગ; નીચી સ્થિતિ; ગુપ્ત, ઝાંખી, પાછળ રહી ગએલી સ્થિતિ. **In the Background.**=અપ્રસિદ્ધ; પાછળ.

Back-house, *n.* (બૅ'ક્હાઉસ્) A building behind the main building. ઘરની પાછળના ઓરડા, ઓરડીઓ; ઉપગૃહ. 2. A privy. જાજરૂ; પાયખાનું; વાડો; સંડાસ.

Back-side, *n.* (બૅ'ક્સાઇડ્) The hinder part. પાછલો ભાગ; પૃષ્ઠ; ગાંડ. 2. The rear of a house. ઘરની પાછળનો ભાગ; વાડો; વંડો.

Back-slide, *vi.* (બૅ'ક્સ્લાઇડ્) To slide back; to fall off from right; to apostalize. પાછળ સરકી જવું; નીતિ, ધર્મમાર્ગથી ભ્રષ્ટ, ચ્યુત, પતિત થવું; સ્વધર્મ ત્યાગ કરવો.

Back-stairs, *n.* (બૅ'ક્સ્ટેઅર્ઝ્) A stairs in the back part of a house; private stairs. પાછલો દાદર, સીડી; છુપી, ખાનગી સીડી, દાદર.-*adj.* Pertaining to backstairs; underhand; unfair; secret. પાછલા દાદરને લગતું; પાછળનું; અપ્રમાણિક; અનીતિભરેલું; છુપું; ખાનગી. **Backstairs influence**=છુપી, ખાનગી, અનીતિ ભરેલી લાગવગ.

Backsword, *n.* (બૅ'ક્સોર્ડ્) A sword with one sharp edge. એકધારી તલવાર. 2. A kind of stick. લકડી; લાઠી.

Backward, *adj.* (બૅ'ક્વર્ડ્) Towards the back. પુંઠે; પાછળ; પછાડી. 2. Slow; dull. મંદ; સુસ્ત; ડોઠ; પાછળ રહી જાય તેવું. 3. Late. પાછોતરૂં; મોડું; પછીનું. 4. Contrary; cross. અવળું; ઉંધું. 5. Unwilling; averse. નારાજ; નાખુશ; વિમુખ; પછાત.

Backwards, *adv.* (બૅ'ક્વર્ડ્ઝ્) Towards the back. પાછળ; પુંઠે. 2. On the back. ચત્તું; વાંસા, પીઠ ઉપર ટેકીને. 3. With the back first or forward. પાછે પગે; ઉંધું. 4. In the past. ગતકાળનું, માં; થઇ ગએલું. 5. Reversely. ઉંધી રીતે; અવળી રીતે; ઉલટું. **To go or fall backwards**=અવનતિ થવી; ઉતરતી, પડતી દશા થવી.

Backwoods, *n.* (બૅ'ક્વૂડ્ઝ્) Places in woods far from towns. શહેર કે કસ્બાથી દૂરની ઝાડીઓ.

Bacon, *n.* (બે'યકન્) Swine's flesh cured. ડુક્કર, સુઅર કે ભુંડનું, પીઠ અને પડખાનું મસાલાદાર માંસ.

Bad, *adj.* (બૅડ્) Not good; corrupt. ખરાબ; નઠારૂં; દુષ્ટ; ભૂંડું; દુરાચારી. 2. Harmful; unwholesome. નુકશાનકારક; ઇજા કરે તેવું; અપથ્ય. 3. Infirm; noxious; defective. માંદુ; અસ્વસ્થ; દુઃખાટ ઉપજાવે તેવું; બગડેલું; ખામીવાળું; અપૂર્ણ; સદોષ; બાધક; કાચું; ઓછી આવડતવાળું; વાંધાપડતું. 4. Incompetent; evil. નાલાયક; અધુરૂં; અશુભ; ખોટું; નકામું.

Bade, *vt.* (બૅડ) Past tense of **bid.** ફરમાવ્યું; કહ્યું.

Badge, *n.* (બૅજ્) A mark worn to distinguish a person; a special sign or symbol. ખાસ ચિન્હ; પટ્ટો; ચપરાશ; ખાસ બિલ્લો, પોશાક; વિશિષ્ટ નિશાની, લક્ષણ, ચિન્હ.

Badger, *n.* (બૅ'જર્) An animal of the bear kind. એક જાતનું રીંછ જેવું પ્રાણી. 2. A brush made of the badger's hair by artists. બ્રશ; કુચડી; પીંછી.-*vt.* To worry; to pester; to persecute. સંતાપવું; મુંઝવવું; ખરાબ વચનો સંભળાવી છેડવું, ખીજવવું; વાંસે લાગવું, પડવું; પત્તર ઓખણવી, ધમવી; દમન ચલાવવું. [L. *ab*, *latum*, carried.]

Badinage, *n.* (બૅ'ડિનેઈજ્; બૅ'ડિનાશ્ઝ) Light or playful talk. ઠઠ્ઠા; ટોળ; મશ્કરી; અમનચમનની વાતો; લ્હેર, લીલા, ગમ્મત, મજાક, વાણું ભાષણ. [Fr. *badiner*, to banter.]

Badminton, *n.* (બૅ'ડ્મિન્ટન્) An outdoor game played with shuttlecocks. લૉનટેનિસ જેવી, પરંતુ પીછાંવાળા દડાથી રમાતી રમત. 2. A kind of summer beverage. ઉન્હાળામાં પીવાનો દારૂ, શરબત.

Baffle, *vt.* (બૅ'ફલ્) To make one's efforts fruitless; to balk or frustrate. નિષ્ફળ, વ્યર્થ, નકામું કરવું; ગુંચવવું; હરાવવું; હઠાવવું; પરાજય કરવો; ફાવવા, વળવા, ચાલવા ન દેવું.

Bag, *n.* (બૅગ્) A pouch or sack. થેલી, થેલો; કોથળી, કોથળો. 2. A sort of silken purse. રેશમી કોથળી. 3. As much as can be contained in a bag. કોથળા કે કોથળીમાં સમાય તેટલું; થેલો. *vt.* To fill into a bag; to steal. કોથળામાં ઘાલવું, મૂકવું; કોથળો ભરવો; કોથળામાં સીવીને ભરી

દેવું, પૅક કરવું; ઢાંકી દેવું; સંતાડી દેવું. 2. To entrap; to capture. સપડાવવું; પકડવું.-*vi.* To bulge like a bag. ભરચક થેલી માફક ફુલવું; ઢમઢોલ થવું; ફુલીને દડા જેવું, ગોળમટોળ બનવું, થવું. **Bag and baggage**,=altogether=બિલકુલ; ગાંસડાં પોટલાં સહિત; સદંતર. (2) **A bag of bones**= સુકલકડી; હાડકાંનો માળો; અતિદુર્બલ. (3) **A bag of game**=શિકાર લઇ જવાનો કોથળો. (4) **A bag or a whole bag of tricks**= ઘણી, ઘણી કળવકળ; અનેક યુક્તિપ્રયુક્તિ, ખટપટ. (5) **A good bag**=સારો શિકારી માલ, માંસ. (6) **Got the bag or sack.**=નાળીયેર મળ્યું; રૂખ્સત મળી; કઢાયો. (7) **The bottom of the bag**=છેલ્લી યુક્તિ. (8) **To empty the bag**=બધી વાત કહી નાંખવી; છાનુંછપરૂં, બધું બહાર પાડવું. (9) **To let the cat out of the bag**=છાની વાત ખુલ્લી કરી દેવી (10) **Bag o' Nails**=Bacchanals=પીઠું; વેશ્યાગૃહ.

Bagatelle, *n.* (બૅગટે'લ) A trifle. નજીવી વાત; ક્ષુદ્ર, ક્ષુલ્લક વિષય, વાત, બીના; માલ, સાહ વગરની વાત. 2. A kind of play. એક જાતની રમત.-*exclam.* Nonsense. છટ્; ટટ્.[L. *bacca*, berry].

Baggage, *n.* (બૅ'ગે'ઈજ્) Goods carried by traveller; the necessaries of an army. મુસાફ્રોનો સરસામન, ખટલો, પેટીપટારા; ગાંસડાંપોટલાં; તંબુ વગેરે લશ્કરી સામન, સાજ.

Bagman, *n.* (બૅ'ગ્મેન્) A commercial traveller. નમુનાઓથી ભરેલી કોથળીઓ લઇને વેપાર માટે ફરતો મુસાફર.

Bagnio, *n.* (બૅ'ન્યો) A bath; a prison; a brothel. હમામખાનું; જેલખાનું; વેશ્યાગૃહ; અખાડો; ખાંજરૂં.

Bagpipe, *n.* (બૅ'ગ્પાઈપ્) A musical instrument made up of a windbag and pipes. કોથળીવાળી, બહુમુખી શરણાઈ, વાંસળી, મોરલી.

Bah, *interj.* (બા) An exclamation expressing contempt or disbelief. વાહ; છટ્; બાપલીયા.

Bail, *vt.* (બેઇલ્) To give security for a person's appearance; to let go on the promise of another. જામીન આપવા; જામીનપર છોડવું. 2. To deliver in trust. અનામત સોંપવું, મેલવું.-*n.* One who gives security; the security given. જામીન આપનાર; જામીન; જામીનગીરી. [L. *Bajulus*, a bearer]. **To bail up**=લુંટી લેતાં પહેલાં હથીયાર છોડાવી દેવાં; હથિયાર ઝુંટવી લેવાં.

Bail, *n.* (બેઈલ્) A cross-bar; a little stick on the stumps in Cricket; handle. આડો દાંડો; ક્રિકેટની દાંડીઓ ઉપર મૂકેલી ફરકડીઓ; હાથો; દાંડો. [L. *baculum*, a rod or staff.]

Bail, *vt.* (બેઇલ્) To free from water with a bucket or other utensil. પાણી ઉલેચવું, ડોળચી ભરી ભરીને કાઢી નાંખવું. [Fr. *baille*, a bucket.]

Bitterness, *n.* (બિટ'નૅસ્) The quality of being bitter.કડવાસ.2.Keenness of reproach; deep distress of mind. તીક્ષ્ણ ભાષણ; મેણું; મર્મ. 3. Severity; hatred; enmity; sorrow; deepdistress આકરાપણું;સખ્તાઈ;દુઃખ;ઉંડી લાગણી.

Bitumen, *n.* (બિટ્યૂ'મૅન્) A mineral,pitchy inflammable substance. શિલાજીત [L.*bitumen* of unknown origin and connections.]

Bituminous, *adj.*(બિટ્યૂ'મિનસ્)Having the qualities or containing bitumen. શિલાજીતવાળુ.

Biweekly, *adj.* (બાઈવિ'ક્લિ) Appearing every two weeks. દ્વિ અઠવાડીક.

Bivaulted, *adj.* (બાઇવૉ'લ્ટેડ્) Having two vaults. બે કમાનવાળુ.[L.*bis* twice,*volvo* I rose.]

Blab, *vt.* (બ્લૅબ્) To tell or make known indiscreetly; to disclose unthinkingly; to

chatter about; લવરી કરવી; વિચાર્યા વગર બોલવું; બકવું; રહસ્ય બોલવું.—*vi.* To talk confusedly; to prattle. બકવું; લવારો કરવો.—*n.* A telltale. બહુ બોલો; છુપી વાત ફોડનાર, જાહેર કરનાર.

Blabber, *n.* (બ્લૅબર) One who blabs; a telltale; a tattler. લવારો કરનાર; અછકલા પેટવાળો; જલ્પક.

Black, *adj.* (બ્લૅક) The opposite of white; destitute of light; dark; darkened. અંધારા વાળું; કાળું; શ્યામ; કૃષ્ણ. 2. Dismal; gloomy; calamitous; overclouded; sullen. ઉદાસી; દીલગીરી ભરેલું; દુઃખથી ઘેરાયેલું. 3. Horrible; atrocious; evil; wicked. ઘાતકી; કાળું; અતિદુષ્ટ.—*n.* The darkest colour. શ્યામવર્ણ; કાળો રંગ. 2. A negro. હબસી; સીદી 3. A black dress. શોકનાં લુગડાં.—*vt.* To blacken; to soil. કાળું, મેલું કરવું.

Blackamoor, *n.* (બ્લૅ'કમૂર) A negro; a black man or woman. હબસી; સીદી.

Black-art, *n.* (બ્લૅ'ક આર્ટ) Conjuration; magic. જાદુ, મેલી વિદ્યા; કુવિદ્યા.

Black-bird, *n.* (બ્લૅ'ક બર્ડ) A species of thrush of a black colour. થ્રશ નામનું એક જાતનું કાળું પક્ષી.

Black-board, *n.* (બ્લૅ'ક બોર્ડ) A board used in schools for various purposes of instruction. નિશાળનું કાળું પાટીયું.

Black-coat, *n.* (બ્લૅ'ક કોટ) A clergy man. પાદરી.

Blacken, *vt.* (બ્લૅ'કન્). To make black; to darken; to sully; to soil; to defame; to slander. કાળું અગર શ્યામ કરવું; માં અંધારૂ કરવું; બટ્ટો, લાંછન, એબ લગાડવી; બે આબરૂ કરવી *vi.* To grow dark. કાળુ થઈ જવું.

Black-friar, *n.* (બ્લૅ'ક ફ્રાઅર્) A friar of the Dominican order so named from the colour of his garments. ડોમીનીકન પંથનો ધર્માધ્યક્ષ.

Black-guard, *n.* (બ્લૅ'ક ગાર્ડ) A mean, vile, scurrilous fellow; a scoundrel. હલકો માણસ; ચંડાળ; લબાડી; 2. A dirty fellow. ગંદો માણસ. *vt.* To revile in scurrilous language. ગાળ દેવી; નિંદા કરવી.—*adj* Abusive. ભાંડ; ખરાબ; પાજી.

Blacking, *n.* (બ્લૅ'કિન્ગ) A substance used for polishing shoes. બુટ પાલીસ.

Blackish, *adj.* (બ્લૅ'કિશ) Somewhat black. કાળાશ મારતું.

Black-lead, *n.* (બ્લૅક'લેડ્) A mineral substance of a dark colour for pencils; plumbago; graphite. પેનસિલ બનાવવાનો ખનિજ પદાર્થ.

Black-list' *n.* (બ્લૅક'લિસ્ટ) A printed list containing the names of persons who have been bankrupt. દેવાળીઆના નામનું છાપેલું પત્રક,

Black-mail, *n.* (બ્લૅક'મેઈલ્) Money paid to certain men allied with robbers to be protected by them from pillage; extortion by means of intimidation. ચોરોને આપવામાં આવતી ખંડણી; ધમકીથી કઢાવેલા પૈસા.

Black-mouthed, *adj.* (બ્લૅ'ક માઉથ્ડ) Using foul language. નઠારી ભાષા વાપરનાર.

Blackness, *n.* (બ્લૅ'ક્નેસ) Quality of being black; black colour; darkness; sombreness; severe aspect; enormity of wickedness. કાળાપણું; કાળો રંગ; અંધારૂં; ઘાતકીપણું; દુષ્ટતા.

Black-smith, *n.* (બ્લૅક્સ્મિથ) A smith who works in iron; લુહાર; લવાર.

Black-wood, *n.* (બ્લૅ'ક્વુડ) A kind of precious wood. સિસમ.

Bladder, *n.* (બ્લૅ'ડર્) A bag or sack in animals. કોથળી; આશય. 2. Any visicle filled with air. ફોલ્લો; ઝળેલો. 3. (fig). Anything inflated, empty, or unsound. પરપોટો; અસાર વસ્તુ; શબ્દાડંબરી.

Bladdery, *adj.* (બ્લૅ'ડરિ) Resembling a bladder. કોથળી, ફોલ્લો, પરપોટાને મળતું આવતું.

Blade, *n.* (બ્લૅ'ઈડ્) The leaf of grass; a leaf; cutting part of a sword shaped like a grass leaf; a broad bone of the shoulder; flat part of an oar; a swaggerer. ઘાસનું પાંતરૂં; પાતરૂં; પતું; પાનું; ફળ; હલેસાનો પહોળો ભાગ; ખભાનું પહોળું હાડકું; બડાઈખોર—*vi.* To furnish with a blade. પાનાવાળું કરવું—*vt.* To have a blade. પાનું હોવું. [A-S. *blaed*, a leaf.]

Bladed, *adj.* (બ્લે'ડેડ) Furnished with blades પાનાવાળું.

Blain, *n.* (બ્લૅઇન્) A blisher; pustule; blotch. ફોલ્લો; ગડ; ગુમડું

Blameable, *adj.* (બ્લૅ'ઇમેબલ્) Deserving of censure; faulty; culpable. દોષપાત્ર; ઠપકાજોગ.

Blameably, *adv.* (બ્લૅ'ઇમેબ્લિ) Culpably. દોષિત રીતે.

Blame, *vt.* (બ્લૅઇમ) To censure; to find fault with; to disparage; to condemn; to uubraid; to reprimand ઠપકો દેવો; દોષ મુકવો; દોષિત ઠરાવવું; ખોડ કાઢવી; ધિક્કારવું—*n.* Censure; imputation of fault; crime; sin; reprehension. ઠપકો; દોષારોપણ; દૂષણ; દોષ; વાંક; ગુન્હો.

Blameful, *adj.* (બ્લે'મ્ફુલ) Reprehensible; faulty; guilty;criminal. અપરાધી;દોષિત;કલંકિત.

Blameless, *adj.* (બ્લે'મ્લેસ્) Innocent; guiltless. નિરપરાધી; નિર્દોષ; નિષ્કલંક; દોષ રહિત.

Blamer, *n.* (બ્લે'મર) One who blames or finds faults or censures.અપરાધી,દોષિત ઠરાવનાર.

Blameworthy, *adj.*(બ્લે'મવર્થિ) Deserving blame; reprehensible. દોષ મુકવાયોગ્ય ઠપકાપાત્ર.

Blanch, *vt.* (બ્લૅન્શ) To whiten; to change to white. સફેદ કરવું, બનાવવું—*vt.* To grow white. સફેદ થવું.

Bland, *adj.* (બ્લૅન્ડ) Mild; soft; soothing; gentle; kindly. લાડીલું;ખુશામતીયું; વિવેકી; પ્રેમીલું. નરમ; પોચું; માયાળુ. [L. *blandus*, mild.]

Blandish, *vt.* (બ્લૅ'ન્ડિશ) To caress; લાડ લડાવવાં; ચઢાવવું; ખુશામત કરવી.—*vt.* To speak affectionately. વિવેકી થવું; પ્રેમથી બોલવું.

Blandishment, *n.* (બ્લૅ'ન્ડિશ્મેન્ટ) Artful caresses. નખરાં; હાવભાવ; ચાળાં; લાલિત્ય.

Blank, *adj.* (બ્લૅન્ક) Of a white or pale colour. સફેદ; ઝાંખું; ફિકું; 2. Pale from fear or terror; confused; dejected. ઉદાસી; ગાભરૂં; ઘોળુફક; આકુળ; ઉદાસી. 3. Empty. કોરૂં; ખાલી; પોલું. 4. Rare; mere કેવળ; તદ્દન. 5.Without rhyme. અનુપ્રાસ રહિત; યમક વગરનું—*n.* Any void space. ખાલી, કોરી જગ્યા. 2. A ticket in a lottery which draws no prize. ખાલી ગએલી ટીકેટ. 3.A paper unwritten.કોરો કાગળ.—*vt.* To annul. 2. To dispirit મન ભાંગવું; ઉદાસી કરવું.

Blanket, *n.*(બ્લૅ'ન્કેટ્) A woollen covering for a bed. કામળો; ધાબળો; બનુસ.—*vt.*To cover with a blanket ધાબળી લપેટવી, ઢાંકવી.

Blaspheme, *vt.* (બ્લૅસ્ફી'મ્) To speak impiously of God; to speak evil of; to utter abuse against. દેવનિંદા કરવી; નું ભુંડું બોલવું; ની બગદોઈ કરવી.—*vi.* To utter blasphemy. ઈશ્વર નિંદા કરવી [Gr. *blapsis* injury, *pheme* speech]

Blasphemous, *adj.* (બ્લૅ'સ્ફીમસ્) Containing bhasphemy; impiously reproachful towards God. ઈશ્વરનિંદક; દેવનિંદક. [L. *blasphemus.*]

Blasphemy, *n.* (બ્લૅ'સ્ફીમિ) The language of one who blasphemes;an indignity offered to God by words; impious malediction; outragious language. ઈશ્વરનિંદા; ઈશ્વર પ્રત્યે શબ્દોમાં બતાવેલો તિરસ્કાર.

Blast, *n.* (બ્લૅસ્ટ્) A forcible stream of air. ફુંક; ફુંફાડો; 2. A gust of wind.પવનનો ઝપાટો; સપાટો. 3. The sound made by blowing a wind instrument. મ્હોંડે વગાડવાના વાજીંત્રમાંથી નીકળતો અવાજ. 4. The rending of rocks. ધડાકો. 5. A blight. મરકી; નાશકારક અસર.—*vi.* To blow up by gun powder. સરંગથી ઉરાડવું. 2. To destroy; to injure. ભાંગી, તોડી પાડવું; ઉતારવું. 3. To confound. ગભરાવવું. 4. To blight.ચીમળાવી નાખવું.-*vi.*To be blighted. કરમાઇ જવું. [A. S. *blœst*, a puff of wind.]

Blaster, *n.* (બ્લૅ'સ્ટર્) One who blasts: સપાટો લગાવનાર.

Blaze, *n.* (બ્લૅ'ઇઝ્) A flame; the flame of a burning body; conflagration. ભડકો; જ્વાળા; ઝાળ 2. Sunlight; offulgence;brilliance. તેજ; અજવાળુ; ઉજેસ. 3. A white spot on the forehead of a horse. ચાંદ. 4. A bursting out; શોરબકોર; ઘોંઘાટ.—*vi.* To shine with flame. ભડકો થવો; સળગવું. 2. To send forth light. પ્રકાશવું. 3. To be cospicuous. પ્રખ્યાત થવું. *vi.*—To make public. પ્રગટ, જાહેર કરવું.

Blazing-star, *n.*(બ્લૅ'ઇઝિન્ગ સ્ટાર્) A comet. પુછડીઓ તારો; ધૂમકેતુ.

Blazon, *n.* (બ્લૅ'ઝાન્) A coat of arms; show; pompous display. યુદ્ધ શાસ્ત્રનું ચિત્રામણુ; ભભકો; આડંબર,

Blazoment, *n.* (બ્લૅ'ઝન્મેન્ટ)Emblazonment. શોશની.

Blazon, *vt.* (બ્લૅ'ઝન્) To display. બતાવવું. 2. To adorn. શણગારવું; શોભાવવું.

Bleach, *vt.* (બ્લીચ્) To make pale by removing colour; to make white. ધોળું કરવું; નિખાળવું.—*vi.* To grow white કોઇ રીતે સફેદ થવું [A. S. *blœcon*, to make white.]

Bleak, *adj.* (બ્લીક્) Open to winds and cold; exposed; chill; dreary;desolate. ખુલ્લું; આશ્રય વગરનું; ઠંડું; શર્દ; શીતળ; એકાન્તિયુ.

Bleakly, *adv.* (બ્લીક્લિ) Coldly. ઠંડથી; શીતળતાથી.

Bleakness, *n.* (બ્લી'ક્નેસ્) Openness of situation; exposure to the wind; coldness. ખુલ્લું; અનાશ્રયપણું; શરદી; ઠંડક.

Blear, *adj.* (બ્લીર્) Dim sighted. ઝાંખવાળુ.—*vt.* To make sore; to dim with soreness; to deceive. દુખવા આવવું;ઝાંખપ આવવી;છેતરવું.

Blear-eyed, *adj.* (બ્લી'રઆઇડ્)Having sore eyes; dim sighted. દુઃખવા આવેલી આંખવાળું; ઝાંખ વળતી હોય તે.

Bleat, *vi.* (બ્લીટ્) To make the noise of a sheep; to cry as a sheep. બેં બેં કરવું; મેંઢાની પેઠે બોલવું.—*n.* The cry of a sheep. બેં બેં.

Bleb, *n.* (બ્લેબ્) A little tumour; bister; a bubble as in water. નાનો ફોલ્લો; પરપોટો.

Bleed, *vi.* (બ્લીડ) To emit blood; to lose blood;લોહી નીકળવું,વહેવું.2.To die by slaughter; to feel pain or agony. કપાઇ મરવું; કમોતે મરવું. 3. To loose sap, gum or juice. રસ ઝરવો, નીકળવો. *vt.* To take blood from. નું લોહી લેવું. 2.To extort money from. પૈસા પડાવી લેવા.

Blemish, *vt.* (બ્લે'મિશ્) To injure; to mar; to tarnish; to taint; to sully. ખોડ, ખામી આણવી; બેડોળ કરવું; ફજેતી કરવી; બટ્ટો લગાડવો.–*n.* A mark of imperfection. ખામી; ખોડ;દોષ; ખાંપણ. 2. A sear; defect; speck; spot; flaw; fault; stain; taint; dishonour. બટ્ટો; કલંક; અપયશ; લાંછન; ડાઘ; ખોડ.

Blench, *vi.* (બ્લેન્શ્) To shrink; to give way; to flinch. પાછા હઠવું; હઠી જવું.-*vt.* To baffle. નિષ્ફળ કરવું; હરાવવું.

Blend, *vt.* (બ્લેન્ડ્) To mix or mingle together; to confound. ભેળસેળ કરવું, થવું;મિશ્ર કરવું; મેળવવું.—*vi.* To be mixed;to be united. મળી જવું; એકઠા થવું—*n.* A mixture of colours. રંગની મેળવણી.

Bless, *vt.* (બ્લેસ્) To make happy or prosperous; to wish happiness to; to invoke a blessing upon; to praise; to extol; to esteem happy; to confer prosperity upon. સુખી, આબાદ કરવું; નું કલ્યાણ, કુશળ, મંગળ, ભલુ, સારૂં કરવું; આશીર્વાદ દેવો; દુઆ માગવી; સ્તુતિ, વખાણ કરવાં.

Blessed, *adj.* (બ્લે'સેડ્) Happy; fortunate; prosperous; adorable; highly favoured. સુખી; કુશળ; કૃતકૃત્ય; કૃતાર્થ; સુખદ; સ્વર્ગીય; દિવ્ય.

Blessing, *n.* (બ્લે'સિન્ગ્) A prayer imploring happiness upon another; benediction. આશીર્વચન; વરદાન; દુઆ; સુખસાધનલાભ; પ્રસાદ; બક્ષીસ.

Blest, *adj.* (બ્લેસ્ટ્) See, *blessed.*

Blessedness, *n.* (બ્લે'સેડ્નેસ્) Happiness; felicity; beatitude; sanctity. સુખ; કલ્યાણ; કૃતકૃત્યતા; ઈશ્વર કૃપાનો અનુભવ.

Blight, *vt.* (બ્લાઈટ્) To affect with blight; blast; to wither; to frustrate. કરમાવી નાખવું; બાળી નાખવું; નિષ્ફળ કરવું; ભંગ કરવું.-*n.* Mildew. છારી; સળો. 2. A plant louse. છોડને નાશ કરનાર કીડો.-*vi.* To injure as by a blight. કરમાવું.

Blind, *adj.* (બ્લાઈન્ડ્) Destitute of the sense of seeing; not having sight; wanting discernment. આંધળું; અંધ. 2. Unable to judge; ignorant. અજાણ્યું; હૈયાફૂટું; અજ્ઞાન. 3. Morally depraved. વિવેકહીન. 4. Closed. બંધી. 5. Inconsiderate. અવિચારી; બેપરવા.–*vt.* To make blind; to darken; to obscure; to conceal. કાણું, ઝાંખું કરવું; ઢાંકી દેવું.-*n.* Screen; cover. પડદો; ચક. 2. Something to mislead the eye or the understanding. અંધાર પિછોડો; આંધળા પાટા; નજરબંધી; અંધારી.

Blind-fold, *adj.* (બ્લાઈન્ડફોલ્ડ્) Having the eyes covered; having the mental eye darkened. ભુલાવામાં પડેલું; હૈયાફુટ.-*vt.* To cover the eyes of. આંખે પાટા બાંધવો; અંધારી બાંધવી.

Blindly, *adv.* (બ્લા'ઈન્ડ્લિ) In a blind manner; heedlessly; inconsiderately; recklessly. આંખ મીચીને; વગર વિચારે; આંધળીઆં કરીને; વિવેક વગર.

Blind-man's-buff, *n.* (બ્લા'ઈન્ડ્-મૅન્સ્-બફ્) A play in which one person is blindfolded and tries to catch some one of the company and tell who it is. આંધળો પાટો-તે નામની રમત.

Blindness, *n.* (બ્લા'ઈન્ડ્નેસ્) State of being blind; want of bodily sight;ignorance; folly; delusion. અંધાપો; અંધત્વ; અજ્ઞાન; અવિવેક; અવિચાર; અજાણપણું; મોહ.

Blink, *vi.* (બ્લિન્ક્) To wink; to twinkle; to see obscurely; to get a glimpse; to glimmer. વારેવારે આંખ મીચવી ને ઉઘાડવી;મટકાં મારવાં,ઝાંખું તેજ આપવું; બળવું -*vt.* To avoid. ઉડાવવું; ટાળી દેવું.-*n.* Glance. કટાક્ષ; ઝાંખી. 2. Glimmering light. આભાસ; ઝાંખી રોશની. [A. S. *blical,* to gleam.]

Blinkard, *n.* (બ્લિ'ન્કાર્ડ્) A person who blinks or has bad eyes. ચુંધળી આંખનો માણસ; ચુંચળો.

Bliss, *n.* (બ્લિસ્) Perfect happiness; blessedness; supreme felicity; heavenly joys. પરમસુખ; અત્યાનંદ; સુખાવસ્થા; પરમાનંદ.

Blissful, *adj.* (બ્લિ'સ્ફુલ્) Full of bliss; full of joy and felicity. પરમ સુખનું; સુખાવહ.

Blissfully, *adv.* (બ્લિ'સ્ફુલિ) In a blissful manner. સુખાવહ રીતે; પરમસુખથી.

Blister, *n.* (બ્લિ'સ્ટર્) A thin bladder on the skin. ફોલ્લો; ઝળેલો. 2. A pustule; a vesicatory. ફોલ્લો ઉઠાડવા મારેલી પટ્ટી; પ્લાસ્ટર.–*vi.* To rise in blisters. ફોલ્લા ઉઠવા.-*vt.* To raise blisters upon. ફોલ્લા ઉઠાડવા.

Blithesome, *adj.* (બ્લા'ઇધસમ્) Gay; merry; cheerful; full of blitheness. આનંદી; મોજી; હસમુખું; ઉલ્લાસી; ખુશમિજાજ.

Blob, *n.* (બ્લૉબ્) A dew drop; a blister; a bubble. ઝાકળનું ટીપું; ફોલ્લો; પરપોટો.

Block, *n.* (બ્લૉક્) A heavy piece of wood or stone; a lump or mass of solid matter,

અચ્છિયું; ઢીમચું; ગઠ્ઠો. 2. A mould on which something is formed. ટોપી, પાઘડી વગેરે બનાવવાનું લાકડાનું માથું. 3. A square mass of building in a town. ઘરોની હાર; ચાલ; ચાલી. 4. A stop; hindrance; an obstacle. અડચણ; ખલેલ; હરકત. 5. A bock-head. ઠોઠ; પથ્થર.-*vt.* To inclose or shut up; to stop us; to obstruct. બંધ કરવું; રોકવું. 2. To support by means of a block. ઢીમચાથી ટેકવવું.

Blockade, *n.* (બ્લૉકેઈડ્) The blocking up or shutting up of a place. ઘેરો; નાકાબંધી-*vt.* To block up; to shut up. ઘેરો ઘાલવો.

Block-head, *n.* (બ્લૉ'ક્-હેડ્) A stupid fellow; a dolt. ઠોઠ; મૂર્ખ; શંખ; પથરો.

Blockish, *adj.* (બ્લૉ'કિશ્) Like a block; stupid; dull. મુરખ; અનાડી.

Blond, Blonde, *adj.* (બ્લૉન્ડ્) Of a fair colour or complexion. ગોરૂં; ગભરૂં. *n.*—:A person of very fair complexion.ગોરૂં માણસ.

Blondness, *n.*(બ્લૉ'ન્ડ્નેસ્)Fairness.ગોરાંપણું.

Blood, *n* (બ્લડ્)The fluid which circulates through veins of body. લોહી; રૂધિર; રક્ત. 2. Consanguinity. સગપણ; સગાઈ; લોહી. 3. Honourable birth; royal lineage. કુલીનતા; વર્ણશ્રેષ્ઠતા;ખાનદાની;ઉંચુ કુળ.4.Murder; shedding of blood. ખુન;ઝપાઝપી.5. A man of fire;rake. રંગીબાજ; કામી.—*vt.* To bleed. લોહી કાઢવું. 2. To stain with blood. લોહીવાળું કરવું. 3. To inure to blood. લોહી ચખાડવું.-*vi.* To bleed. લોહી નીકળવું.

Blood-heat, *n.* (બ્લ'ડ્હીટ્) Heat equal to the temperature of blood.લોહી જેટલી ગરમી.

Blood horse, *n.* (બ્લ'ડ્હૉર્સ) A horse of a breed derived from a cross with the Arabian horse. ઉંચા તુખમના ઘોડો.

Blood-hound, *n.* (બ્લ'ડ્-હાઉન્ડ) A fierce kind of dog which has an acute sense of smell. એક જાતનો શિકારી કુતરો.

Blood-less, *adj.* (બ્લ'ડ્-લેસ્) Without blood; without life; dead. લોહી વગરનું; મુએલું. 2. Without slaughter. ખુનરેજી વગરનું. 3. Without spirit. દમ વગરનું; નિર્જીવ.

Blood-shed, *n.* (બ્લ'ડ્-શેડ્) The shedding or spilling of blood; slaughter; waste of life. કતલ; કાપાકાપી; ખુનરેજી.

Blood-shot, *adj.* (બ્લ'ડ્-શૉટ્) Red and inflamed by frigid state of the blood vessels. લાલચોળ.

Blood-thirsty, *adj.* (બ્લ'ડ્-થર્સ્ટિ)Thirsting for blood; eager to shed blood લોહીનું; ખુની; હિંસક.

Blood-vessel, *n.* (બ્લ'ડ્-વેસેલ્) Any artery or a vein. નસ; રગ.

Bloody, *adj* (બ્લ'ડિ) Pertaining to blood or blood-shed; stained with or mixed with blood; cruel; given to the shedding of blood, marked by bloods-hed out of cruelty; murderous. લોહીલોહાણ; કાપાકાપી થઈ હોય તેવું; ઘાતકી; ક્રૂર; ખુની; હત્યારૂં.-*vi.* To stain with blood. લોહીલોહાણ કરવું.

Bloom, *n.* (બ્લૂમ્) A blossom; a flower; an exapanded end; the opening of flowers. મોર; ફુલ; ખીલેલી કળી; વિકાસ; ખીલેલાં ફુલ. 2. State of youth or prime of life; fulness of life and vigour. જોબન; નવયૌવન; ભરજોબન. 3. A period of high success; flourishing condition. મહાન ફતેહ; ચઢતી સ્થિતિ. 4. Native flush on the cheek. ગાલની લાલી; ગુલાબી.-*vi.* To yield flowers. મોર આવવો; ખીલવું; ફુલ બેસવાં.-*vt.* To show beauty and freshness as of flowers. જોબનમાં આવવું; ખીલવું. [L. *flos*, a flower.]

Blooming,*adj* (બ્લૂ'મિન્ગ્)Showing blooms; flourishing; showing the freshness and beauty of youth. ખીલેલ કળી, મોરવાળું; ભરજુવાનીવાળું.

Bloomy, *adj.* (બ્લૂ'મિ) See, **Blooming**.

Blossom,*n.*(બ્લૉ'સમ્)The flower of a plant-the bloom;state of having flowers;blooming state or period. ફુલ; મોર; પલ્લવ; પુષ્પ—*vi.* To bloom. ફુલ લાગવાં; મોર આવવો. 2. To flourish and prosper. ખીલવું; ફુલવું; ફુલવું. [A. S. *blotoma* a blossom.]

Blot, *vt.* (બ્લૉટ્) To spot or to stain, to blur; to blemish. ડાઘ; ડપકો પાડવો; 2. To tarnish; to disgrace. બટ્ટો લગાડવો; લાંચ્છન લગાડવું. 3. To obliterate. છેરી નાખવું. 4. To efface; to destroy. ભૂસી નાખવું; મનમાંથી કાઢી નાખવું-*n.* A spot; a stain;a blur; a blemish; an obliteration of something written. ડાઘો; છાંટો; ડપકો; બદનામી; કલંક; બટ્ટો; એબ; લાંછન; વિસ્મરણ; છેકો.

Blotting,-paper, *n.* (બ્લૉ'ટિન્ગ્ પેપર્) Unsized paper serving to imbibe ink and thus prevent blots. શાહીચુસ કાગળ.

Blow, *vt* (બ્લો) To throw or drive wind upon; to swell up or inflate; to sound by the breath. વગાડવું; ફુંકવું,ફુંક મારવી;વા નાખવો. 2. To impel. ધસડી જવું. 3. To publish; to

betray. ખુલ્લું કરવું, 4. To deposit.આસન મુકવું. 5. To blow through. પરપોટા કરવા-*vi.* To form a current of air. ફુંક મારવી; ફુંકવું. *2.* To pant; to puff. હાંફવું. 3. To move (as air) વાવુ; આવવું 4. To sound. વાગવું. 5. To boast; to brag. ફુલાઇ જવું; ગર્વ કરવો.-*n.* A stroke with the fist or an instrument. મુક્કી; લપડાક; ધોલ; ધપ્પો; ઠોંસો; તમાચ; ફટકો; પ્રહાર. 2. A sudden or severe calamity.વિપત્તિ; આફત; ગજબ; ધોકો. 3. A voilent wind gale. પવનનો ઝપાટો-**To blow out**=ભુંડું બોલવું. 2. To blow over=વિખરાઇ જવું. 3. To blow up=ઉડવું. 4. To blow hot and cold=બન્ને બાજુની ઢોલકી બજાવવી. 5.To blow off=કાઢવી; જવા દેવી; ખરી પડવું.

Blow-pipe, *n.* (બ્લો'પાઈપ્) A tube for driving a current of air through a flame. ભુંગળી.

Blowze, *n.* (બ્લાઉઝ્) A fat faced woman. જાડા મ્હોંવાળી સ્ત્રી.

Blowth, *n.* (બ્લોથ્) Bloom or blossoms in general. ફુલ; મોર. 2. State of blossoming. ફુલાવો.

Blubber, *n.* (બ્લ'બર્) The fat of whales and other large sea animals. વ્હેલ અગર બીજાં મોટાં દરીઆઈ પ્રાણીઓની ચરબી.-*vi.* To weep in a noisy way. પોક મુકવી; મોટેથી રડવું. -*vt.* To disfigure with weeping. રડવાથી બેડોળ થવું.

Bludgen, (બ્લ'ડજન્) *n.* A short stick with one end heavier than the other and used as a weapon. ડાંગ; ડંગોરો; ગદા.

Blue, *n.* (બ્લ્યૂ) The colour which the sky exhibits. વાદળી, નીલો; આસમાની રંગ. 2. (pl.) Low spirits. ખિન્નતા; ઉદ્વેગ; દિલગીરી; ઉદાસી; શોક.—*adj.* Of a blue colour;sky-coloured; azure. વાદળી; આસમાની રંગનું. 2. Melancholy ઉદાસી; ખેદયુક્ત; શોકાતુર.

Blue-coat-boy, *n.* (બ્લ્યૂ'-કોટ-બૉય્) A boy attending certain charity schools in England being dressed in a blue coat and yellow stockings. આસમાની કોટ અને પીળાં મોજાં પહેરી ઇંગ્લાંડની ધર્માદા શાળામાં ભણતો છોકરો.

Blue-jacket, *n.*(બ્લ્યૂ'જૅકેટ્)A sailor. ખલાસી.

Blue-stocking, *n.*(બ્લ્યૂ'-સ્ટૉકિંગ્)A literary lady;a female pedant. પાંડિત્ય ધરાવનારી સ્ત્રી.

Blue-vitriol, *n.* (બ્લ્યૂ'-વિ'ટ્રિઓલ્) Sulphate of copper. મોરથુથુ.

Bluish, *adj* (બ્લ્યૂ'ઇશ્) Blue in a small degree. નીલાશ પડતું; કંઇક ગુઢું, ભુરૂં.

Bluff, *adj.* (બ્લફ્) Blunt; hearty. અસભ્ય; જંગલી; દિલોજાન; બડો આનંદી; બાખાબોલું.

Blunder, *vi.* (બ્લ'ન્ડર)To mistake grossly; err stupidly; to flounder; to stumble. મોટી ભૂલ ખાવી; ઠોકર ખાવી; મૂર્ખાઇ કરવી.—*vt.* To confound; to mismanage. ગેરવ્યવસ્થા કરવી; ગોટાળવું.-*n.* A gross mistake;a stupid error; inadvertence. મોટી ભૂલ, ચૂક; ગોથું; સ્ખલન.

Blunderbuss, *n.* (બ્લ'ન્ડર્બસ) A short gun. મ્હોટા મ્હોડાવાળી, ઘણી ગોળી છોડનારી બંદુક.

Blunder-head, *n.* (બ્લ'ન્ડરહેડ્) A stupid fellow; one who blunders. બેવકુફ; મૂર્ખ.

Blunt, *adj.*(બ્લન્ટ)Dull on the edge or point; having a thicke dge. બુઠું (હથિઆર.) 2. Not sharp; dull in understanding; unpolished. જડ; ઠોઠ; બોથડ. 3. Abrupt in speech;rude. અસભ્ય; તોછડું.—*vt.* To make blunt;to dull the edge of; to weaken; to make dull as to feeling. બુઠું કરવું; ધાર ખાંડી કરવી;ની અસર ઓછી કરવી; તું જોર દબાવવું; નિષ્ઠુર બનાવવું.

Bluntness, *n.*(બ્લ'ન્ટનેસ્)Dullness of edge or point; state of being blunt. બુઠાપણું. 2. Want of polish; rude sincerity;coarseness of address. અસભ્યતા.

Blur, *n.* (બ્લર્) A dark spot; a stain; a blot. ડાઘો; ડાઘ; ડપકો.2.Confused appearance. ઝાંખ; અંધાધુંધી. 3. A stain or injury. બટ્ટો; લાંછન; કલંક.—*vt.* To blot; to obscure; to soil; to stain; to blemish. ઝાંખુ કરવું; કલંક લગાડવું; એબ લગાડવી.

Blurt, *vt.* (બ્લર્ટ) To utter suddenly,inadvertently; or rudely; to divulge unadvisedly. ઉતાવળ કરી બોલવું; લપલપ કરવું; ભડકાવવું.—To blurt at=To ridicule.=ધિક્કારવું;તિરસ્કાર કરવો.

Blush, *vi.* (બ્લશ્) To redden in the cheeks or face;to redden with shame or confusion; to become reddish;to bear a red blooming colour. શરમાવવું; ઝાંખુ પડવું;લજવાઈજવું;મ્હોંએ શેરડા પડી જવા; શરમ લાગવી; શરમથી મ્હોં પર શેરડા પડવા; રાતું થવું; રાતા રંગથી દીપવું; દીપવું.-*n.* A red colour on the cheeks or face caused by shame or confusion.શરમથી થએલે મ્હોં પરની લાલાશ, ગુલાબી, શેરડો. 2. Sudden appearance; view. પહેલોજ દેખાવ;પ્રથમ દર્શન. [A. S. *blyxan*, to glow.]

Blushing, *pr.* (બ્લ'શિંગ્) Reddening in the cheeks or face;bearing a bright colour;

roseate; ruddy; blooming;showing blushes. મ્હોં પરની લાલાશવાળું; શરમાળ; ખીલતું.

Bluster, *vi.* (બ્લ'સ્ટર) To roar like the loud wind or storm; to make a loud noise; to be biosterous; to bully; to boast; to swagger. જોરમાં વાવું (પવનનું); પતરાજી, બડાઈ કરવી; ફુલાઈ જવું; બરાડા પાડી મોટેથી બોલવું.–*n.* A voilent gust of wind;tumult; boisterousness; boasting; swaggor. સુસવાટો; ઝપાટો; પતરાજ; બડાઈ; શેખી.

Boa, *n.*(બો) The name of a certain kind of serpents destitute of fangs and venom. ધામણ.2.A long round article of dress for the neck. ગળે પહેરવાનો બો. [L. *boa,* a serpent.]

Boa-constrictor, *n.* (બો-કૉ'ન્સ્ટ્રિ'કટર) A large and powerful serpant. અજગર. [L. *con, stringo* I strain]

Boar, *n.* (બોર) The wild hog. ડુક્કર; ભુંડ.

Board, *n.* (બોર્ડ) A plank; a table. પાટીયું; ફલક. 2. A table to put food upon. ખાણું પીરસાવાનું ટેબલ, મેજ. 3. Food; provison. ખાણું; જમણ; સુખડી. 4. A council. મંડળી. 5. The deck of a ship. વહાણનું પડખું, બાજુ. 6. A table for a game. બાજી. 7. A paste-board. પુંઠાનો જાડો કાગળ.—*vt.*To spread with boards. પાટીયાં જડવાં. 2. To supply with food for compensation. પૈસો લઈ ભોજન કરાવવું.-*vi.* To play loosely. છુટાછવાયા રમવું. 2. To obtain food for compensation. પૈસો આપી ખાવું પીવું.– **On board** = into the ship. વહાણમાં.2.The boards = The stage of a theatre = થીએટરનું સ્ટેજ. [A. S. *bord,* a table.]

Boarder, *n.* (બો'ર્ડર) One who receives food and lodging at a stated charge. છાત્રી.

Boarding-house, *n.* (બો'ર્ડિંન્ગહાઉસ) A house where board and lodging is furnished. વીશી; છાત્રાલય.

Boarding-school, *n.* (બો'ર્ડિંન્ગ-સ્કૂલ) A school in which scholars receive board and lodging as well as instruction.વિદ્યાર્થીઓ માટે ખાવા અને સુવા બેસવાનું પણ હોય તેવી શાળા.

Boarish, *adj.* (બો'રિશ) Brutal; cruel. ઘાતકી; ક્રુર.

Boast, *vi.* (બોસ્ટ) To vaunt; to glory; to brag; to magnify. પતરાજ;બડાઇ મારવી;ફુલાવું; શેખી, ગર્વ કરવો. 2. To dress a stone with a board chisel. પથ્થર ઉતારવો. 3.**To shape** roughly. ડોળવું; ડોળીયુ કરવું.–*n.* A vaunting speech; brag. પતરાજ; બડાઈ; શેખી;ગર્વ;ફુલાસ.

Boastful, *adj.*(બોસ્ટફુલ)Given to boasting પતરાજખોર; બડાઈ હાંકનાર; ફુલણજી.

Boasting, *n.* (બો'સ્ટિન્ગ) Glorifying vaunting. અહંકાર; બડાઇ; ગર્વ; ફુલાસ; શેખી.

Boat, *n.* (બોટ) A small open vessel. હોડી મછવો; નાવ —*vt.* To transport in a boat.હોડીમાં લઇ જવું.-*vi.*To go in a boat.હોડીમાં બેસી જવું

Boatsman, *n.* (બો'ટસમૅન) A man who manages a boat; the rower of a boat ખારવો; ખલાસી.

Boatswain, *n.* (બો'સ્વેન) A ship's officer who has charge of boats,sails,rigging etc વહાણનો મુખ્ય ટંડેલ.

Bob, *n.* (બૉબ) An ornament at the ear a pendent. લોલક; મણકો; ઝુમખો. 2. The ball of a pendulum. લોલકનો ગોળ ભારે ભાગ 3. A short jerking motion. ઝોલો.4. A blow or a jog. ધક્કો; હડસેલો.—*vt.* To move in a short jerking motion. હલાવવું; ધુણાવવું. 2 To beat ઠોંસો મારવો. 3. To cheat ઠગવું.-*vi.* To play loosely.ઝુલવું;લટકવું.2. To angle with a bob. લોલકથી માછલી પકડવી.

Bobbin, *n.* (બૉ'બિન) A cylindrical piece round which yarn is wound; a spool. સુતર વિંટાળવાની ફિરકી;બોબીન [L.*bomby,*a silkworm.

Bode, *vt, vi.* (બોડ)To portend;to foreshow to presage;to give promise;to presage evil પૂર્વ સૂચન, દર્શન કરવું;અગાઉથી સૂચવવું;જણાવવું ભરોસો આપવો; માઠું જણાવવું.—*n.* An omen portent. ભવિષ્ય વાણી; સૂચન.

Bodement, *n.* (બો'ડ્-મેન્ટ્)Omen; portent prognostic. શુકન; ભાવિચિન્હ; પૂર્વસૂચન, દર્શન

Boding, *pa.* (બો'ડિન્ગ) Foreshowing અગાઉથી સૂચના આપવું; સૂચક. *n.* An omen; a prognostic. શુકન; ભાવિચિન્હ; ભવિષ્ય સૂચન.

Bodice, *n.* (બૉ'ડિસ) A corset; stays. ચોળી સ્રીઓનો કબજો; કાંચળી; કંચુકી; બદન.

Bodiless, *adj.* (બૉ'ડિલેસ) Having no body; incorporeal. વિદેહી; નિરાકાર.

Bodily, *adv.* (બૉ'ડિલિ) Having a body corporeal. શરીર, દેહવાળું; શરીરમાન; દૈહિક;કાયિક; શારીરિક. 2. Entirely. બધું; તદ્દન.

Bodkin, *n.* (બૉડકિન) A pointed pin of steel for piercing holes in cloth. કાણું પાડવાની મોટી સોય, સોયો. 2. A sharp tool for picking out letters in making correction. પ્રુફ સુધારતાં અક્ષર ખેંચવા મુકવાનો ચીપીઓ; પીન્ચીસ. A species of rich cloth of silk and gold. કીનખાબ; જરીયાન.

Body, *n.* (બૉડિ) The trunk of an animal; the frame of an animal. શરીર; અંગ; તન; કાયા; દેહ. 2. The main portion of anything ધડ; મુખ્ય ભાગ; થડ 3. A number of persons spoken of collectively;corporation.સમૂહ;સભા; મંડળ; સમાજ. 4. A person; human body. માણસ; જણ. 5. Collective mass;main army. સંગ્રહ;સંહિતા;સેના;દળ;લશ્કર.6. Any substance distinct from others.પદાર્થ;વસ્તુ.7.Thickness. જાડાશ; ઘટ્ટપણું. 8. Strength. કસ; માલ; જીવ; સત્વ; દમ; પોત. [A. S. *boding*, a body.]

Body-guard, *n.*(બૉ'ડિગાર્ડ્)The guard that protects or defends one's person. હજુરી; અંગરક્ષક.

Bog, *n.* (બૉ'ગ્) A quagmire; a marsh; a morass. પોચી ઘાસવાળી જમીન; પંક.-*vt.* To whelm in mud. જમીનમાં ગરી, ડુબી જવું.

Boggle, *vi.* (બૉ'ગલ્) To stop; to hesitate; to waver; to doubt. ખંચાવું; વિચારમાં પડવું; આનાકાની કરવી.-*vt.* To embarrass with difficulty. ગુંચવવું; ગભરાવવું; બિવડાવવું.

Boggy, *adj.* (બૉ'ગી)Swampy;marshy; miry. કળાય તેવું પોચું; ઘાસવાળું.

Bogey-bogy-bogle-boggle,*n.*(બો'ગે-બો'ગિ-બો'ગલ્-બૉગલ્)A bug bear; a spectre. હાઉ; ઘોઘર; ભૂત.

Boil, *vi.* (બૉઇલ્) To bubble. ઉકળવું; ખદબદ થવું; ઉનું થવું. 2. To be in ebullition.ઉછળવું; તળે ઉપર થવું. 3. To be voilently agitated; to be hot; to be excited. ઉકળવું; તપી જવું, ઉશ્કેરાઈ જવું; રંધાવું. *vt.* To heat to a boiling state.ઉકાળવું;ઉનું કરવું;ખદખદાવવું.2.To seethe;to prepare by boiling and evaporation.ઉકાળીને, બાળીને બનાવવું. [L. *bullio* I bubble up.]

Boil, *n.* (બૉઈલ્) A swelling or tumour; a sore angry swelling. ગડ; ગુમડું.

Boiler, *n.* (બૉ'ઈલર્) A person who boils. રાંધનાર. 2. A vessel in which anything is boiled. કઢાઈ;દેગ;ચરૂ;દેગડો.3.A strong metallic vessel in which steam is generated. બૉઇલર.

Boisterous, *adj.* (બૉ'ઇસ્ટરસ્) Voilent; tempestuous; stormy;turbulent; noisy.જબરો; પ્રચંડ; ગરબડીયું; ધાંધલીયું; તોફાની.

Bold, *adj.* (બોલ્ડ) Daring; courageous; dauntless; intrepid; bold; fearless. સાહસિક; જવાંમર્દ. 2. Impudent. નિર્લજ્જ; તોછડું;બેઅદબ. 3. Overstepping usual limits. અમર્યાદ; નિર્લજ્જ. 4. Striking to the sight. વિસ્મયોત્પાદક; ખુલ્લું.

Bold-faced, *adj.* (બો'લ્ડ-ફેસ્ડ્) Impudent. બેશરમું; બેઅદબ; તોછડું.

Boldness, *n.* (બો'લ્ડનેસ્) Quality of being bold; courage; intrepidity; bravery.હીમ્મત; છાતી; શૂર; શૌર્ય. 2. Impudence; rudeness. અવિનય; અમર્યાદા; તોછડાઈ.

Bolster, *adj.* (બો'લ્સ્ટર્) A long pillow or cushion. ઓસીકું. 2. A pad. ગાદી; તકીઓ. 3. Something in the shape of a bolster used as a support.ભાર ઝીલતો આડો ભારવટીઓ; માદળીયું. 4. A hollow stool for punching holes. પંચ.—*vt.* To support; to support with a bolster. ઉપરાણું, પક્ષ ખેંચવો; નીચે તકીઓ મુકવો; ઓસીકું મુકવું.-*vi.* To lie together on the same bloster. એક ઓસીકે સાથે સુવું. [A. S. *bolster*,a pillow.]

Bolt, *n.*(બોલ્ટ્)An arrow;a dart; a pointed shaft. બાણ; ભાલો; તીર. 2. A moveable bar which fastens a door, gate etc. આગળી; ભોગળ; સાંકળ; આડ. 3. A thunderbolt; a stream of lightening. વજ્ર; વિજળીનો ચમકારો. 4. A shackle. બેડી. *vt.* To shoot forth suddenly. એકદમ ઉગી નીકળવું. 2. To fasten; to restrain. બાંધવું; અટકાવવું. 3. To utter or throw out. ફેંકવું; ઉતાવળું બહાર નીકળવું. 4. To swallow without chewing. ચાવ્યા વિના ઉતારવું; ઠાંસવું.

Bolt, *vt.* (બોલ્ટ્) To sift good from bad or the like. ચારણી કે બીજા સાધનથી ચાળવું. 2. To examine. ધ્યાન દઈને તપાસીને જોવું—*vi.* To spring or move abruptly.ઝડપથી બહાર નીકળવું. 2. To fall suddenly. અફાળવું; ઓચિન્તું પડવું.

Bolter, *n.* (બો'લ્ટર્) One that bolts; an instrument for bolting bran from flour. ભડકતો (ઘોડો); ચાલણી.

Bolus, *n.* (બો'લસ્) A soft round mass of anything medicinal to be swallowed at once. એકદમ ગળવાની ગોળી; 2. A large pill. મોટી ગોળી. 3. A variety of clay. માટી. [L. *bolus*, morsel.]

Bomb, *n.* (બૉમ્) A large round hollow ball of cast iron filled with explosive material. છરાનો ગોળો; ગરબછોટ. 2. The stroke upon a bell. ટકોરો; રણકો. [L. *bombus*, deep sound].

Bombard, *vt.* (બૉ'મ્બાર્ડ) To attack with shells or shot thrown from mortars or guns. છરાના ગોળાનો માર ચલાવવો. [L. *bombus.*]

Bombardier, *n* (બોમ્બાર્ડિ'ર્)An artillery man. ગોલંદાજ.

Bombardment,*n.*(બૉમ્બા'ર્ડમેન્ટ્)An attack with bombs. ગરબછોટના મારાનો હુમલો.

Bombast, *n.* (બૉ'મ્બાસ્ટ્) High sounding words;an inflated style;fustian.ભભકાદાર ભાષણ.

Bombastic, *adj.* (બૉમ્બૅ'સ્ટિક્) High sounding; inflated; turjid. બડબડાટ; અર્થ-રહિત; ડોળવાળું; ડોળી.

Bombyx, *n.* (બૉ'મ્બિક્સ્) A silk worm. રેશમનો કીડો.

Bond, *n.* (બૉન્ડ) A band; ligament. બંધ; દોરી; સાંકળ, 2. (pl.) captivity or chain. કેદ; બેડી; શૃંખલા. 3. A binding force; a uniting tie. સંબંધ; સંયોગ; ગાંઠ. 4. A moral obligation. ફરજ બંધન. 5. A deed. ખત; લેખ. *vt.*–To give bond for. ખત, દસ્તાવેજ લખી આપવો.

Bondage, *n.* (બૉ'ન્ડેજ્) State of being in bond or slavery; thraldom; captivity; imprisonment; restraint. ગુલામગીરી; દાસત્વ; કુંડાપણું; કેદ; બંધન; કાબુ; બંધન; ફરજ.

Bond-maid, *n.* (બૉ'ન્ડ-મેઇડ્) A female slave. દાસી; લૈંડી; ગુલામડી.

Bond-man, *n.* (બૉ'ન્ડ-મૅન્) A man-slave or one bound to service without wages. ગુલામ; દાસ. 2. A tenant in villenage. બાકુતી; કુંડો

Bondsman, *n.* (બૉ'ન્ડ્ઝમૅન) A surety. હામીદાર.

Bone, *n.* (બોન્) A firm hard substance composing the internal skeleton of an animal body. હાડકું; અસ્થિ.–**To be upon the bones.**=હુમલો કરવો. 2. To make no bones= સંશય નહિ લાવવો; ને વાર નહિ લગાડવી. 3. To pick a bone with any one.=તકરાર કરવી.–*vt.* To take out bones from the flesh. માંસમાંથી હાડકાં વીણી કાઢવાં.

Boned, *adj.* (બોન્ડ્) Having bones. હાડકાંવાળું.

Bonelace, *n.* (બોનલેસ્) A variety of lace made with bobbins which were originally of bone. શાલુની ફીત.

Bonfire *n.* (બૉ'નફાયર્) A large fire lighted up in the open air as an expression of public joy. જયસૂચક અગ્નિ. [Fr. *bon,* good, fire.]

Bonnet, *n.* (બૉ'નેટ્) A kind of hat or cap; a dress for the head worn by women; સ્ત્રીઓની ટોપી. 2. An elevated part of a parapet. કોટનો ઉંચો ભાગ—*vi.* To make obeisance=સલામ ભરવી.

Bonny, *adj.* (બૉ'નિ) Handsome; beautiful; gay; blithe. સુંદર; ફુટડું; રૂપાળું; આનંદી; ગમતી; ખુશ મીજાજી. 2. Plump; well-formed. ગોળ-મટોળ ભરેલું; તાજું હૃષ્ટપુષ્ટ. [Fr. *bon,* good.]

Bonus, *n* (બો'નસ્) A premium. વ્યાજ; મંડામણ. 2. Something in addition to what is due. સુખડી; પંચડી. 3. A extra dividend paid to shareholders. વ્યાજ ઉપરાંત નફામાંથી ભાગીદારોને અપાતા પૈસા.

Bony, *adj.* (બો'નિ) Consisting of bones. હાડકાનું, વાળુ, સંબંધિ. 2. Stout; strong. મજબુત; લઠ, જોરાવર; જબ્બર.

Booby, *n.* (બૂ'બિ) A blockhead; a dunce; a bubber; a stupid fellow. જડ, ઠોઠ, મૂરખ, ખલ પુરૂષ. 2. A kind of fowl. એક જાતનું પક્ષી. [L. *balbus,* stammering.]

Book, *n.* (બુક) Any printed or written literary composition forming a considerable collection of leaves. પુસ્તક; પોથી; ગ્રંથ; કિતાબ; ચોપડી. 2. A part of treatise of literary work. ખંડ; ભાગ; અધ્યાય. 3. A division of a subject in the same volume; a record. શરાફી નામાનો ચોપડો; વહી —*vt.* To enter or write in a book. નોંધવું; લખી રાખવું; ચઢાવવું—**In the books of**=in favour with=માનીતું; વહાલું.

Book-binder, *n.* (બુ'ક બાઈન્ડર્) One whose occupation is to bind books. ચોપડી બાંધનાર.

Book-binding, *n.* (બુ'ક બાઈન્ડિંગ્) The act of binding books or of sewing the sheets and covering them with leather or other materials. ચોપડી બાંધવાનો કસબ.

Bookish, *adj.* (બુ'કિશ્) Given to books or reading; theoretical. વિદ્યા વ્યસની; વાંચવાનો શોખીન; વેદિયું.

Book-keeper, *n.* (બુ'ક્ કીપર્) One who keeps account. હીસાબી કારકુન; મહેતો.

Book-keeping, *n* (બુ'ક્ કીપિંગ્) The art of recording mercantile transactions in a regular and systematic manner. નામું લખવાની કળા; રીત; નામુંઠામું.

Book-worm, *n.* (બુ'ક્ વર્મ) A worm that eats holes in books. આંતરી; ઉધાઈ. 2. A student closely attached to study; a reader without appreciation. પુસ્તક વ્યસની; વિદ્યાવ્યસની; ચોપડીનો કીડો; વેદીઓ.

Boom, *n.* (બૂમ્) A long pole running out from a vessel to extend the bottom of a sail. શઢ નીચેની કાઠી. 2. A barrier of timber across a river to prevent ships from passing in. નદીમાં અથવા સમુદ્રમાં થોડું પાણી હોય ત્યાં નિશાની તરીકે રોપેલી કાઠી. 3. A hollow roar. ધુધવાટો, સુસવાટો; ગર્જના.—To cry with hollow note. જાડા સ્વરથી બોલવું; બાંટો પાડવો. 2. To make a hollow sound as of waves or cannon. ધુધવાટો, ગર્જના કરવી.

Boon, *n.* (બૂન્) A favour granted; a gift, grant or benefaction. બક્ષિસ; દાન; પ્રસાદ. 2. A request. આજીજી; અરજી; પ્રાર્થના.—*adj.* Gay;

merry; pleasant; jolly. આનંદી; રંગીલું; ગમતી. 2. Kind; beautiful; દયાળુ; મનપસંદ.

Boor, *n.* (બૂર્) A rustic; a rude peasant; a clown; an ill-mannered or illiterate fellow. ગામડિયો; ગમાર; રેંચો.

Boorish, *adj.* (બૂ'રિશ્) Clownish; rustic; rude; illiterate. અભણ; ગામડીયું; જંગલી; રાનડું.

Boose-ze, *vi.* (બૂઝ્) To drink largely; to juggle liquor; to tipple.ખુબ પીવું;છાકટા બનવું.

Boosy-zy, *anj* (બૂ'ઝી) A little introxicated; merry with liquor; fuddled. છાકટો; દારૂડીઓ.

Boot, *vt.* (બૂટ્) To profit; to advantage; to benefit. નફો મેળવવો; લાભ મળવો.—*n.* A cover for the foot and leg. બુટ; જોડા. 2. An apron for a carriage. ગાડી પર નાખવાનો ઓઢો.—**To boot**=વધારામાં. 2. To put boots on=જોડા પહેરવા. [Gr.*butis,* flask.]

Booth, *n.* (બૂથ્) A house or shed erected with boughs, branches, boards, etc. for temporary occupancy. છાપરૂં; માંડવો.

Bootless, *adj.* (બૂટલેસ્) Having no boots. બુટ વિનાનો; ઉઘાડપગો. 2 Unavailing;useless. નિષ્ફળ; મિથ્યા; ફોગટ; વ્યર્થ; નિરર્થક;નકામું;ખાલી.

Boot-tree-last, *n.* (બૂ'ટ્-ટ્રી-લાસ્ટ્) An instrument for stretching a boot. કાલબુત.

Booty, *n.* (બૂ'ટિ) Spoil taken from an enemy in war; plunder; pillage.લૂંટ;લૂંટફાટ.

Borax, *n.* (બો'રૅક્સ્) A salt found in a crude state or prepared from boracic acid and carbonate of soda. ટંકણખાર.

Border, *n.* (બૉ'ર્ડર્) The outer edge of anything; margin; boundary. કોર;છેડો;કોરણ; કાંઠો; સેડો; કિનારો; પાળ; સંજાપ; પાલવ; મગજી; સીમાડો; સરહદ.—*vi.* To be contiguous or adjacent.. હદપર હોવું, આવવું 2. To come near to. આવી પહોંચવું; મળતું આવવું.—*vt.* To be near or close to; to be contiguous to; to surround or adorn with a border; to reach to. સુધી પહોંચવું, આવવું, હદ હોવી; હદપર હોવું; કોરથી શણગારવું;

Bore, *vt.* (બોર્) To pierce through; to perforate; to make a hole in. સારવું; કાણું પાડવું. 2.To tease with ceaseless repitation. ચીડવવું. 3. To wax. હેરાન કરવું; થકવવું. 4. To go through with difficulty.મહામુસીબતે પસાર કરવું.—*vi.* To pierce by boring. સારવું, To be perforated. છેદ પાડવો.3. To push forward. આગળ ચાલવા કરવું.—*n.* Cavity of a gun.છેદ; કાણું; બાકું; સાર; મોં; કાન; છિદ્ર. 2. A person that wearies by iteration. માથું પકવનાર. કાળી-માથ ટાચવું;બપ. (fig) ઉપાધિ;પીડા;જંજાળ;ઉપાડખાલ.

Bore, *n.* (બોર્)A tidal flood.ભારે ભરતી;રેલ;ઘોડો.

Boreas, *n.* (બો'રિઅસ્) Cold northernly wind. ઓતરાતો, ઉતરાદો થંડો પવન; ઉત્તરાય. [L. *boreas,* storm.]

Born, *p. p.* **of Bear,** (બૉર્ન) Brought forth; produced. જન્મેલું; અવતરેલું; ઉદ્ભૂત; પેદા થએલું.

Borne,(બૉર્ન)Carried; conveyed; supported. સહન કરેલું; ખમેલું; લઇ જવાએલું.

Borough, *n.* (બ'રો) A corporate town; a town with a municipal goverment; a town that sends one or more members to parliament. સનંદીયા ગામ. [L *burgus,* a town.]

Borrow, *vt.* (બૉ'રો) To ask from another on trust. ઉછીનું લેવું; વ્યાજે લેવું. 2. To adopt; to appropriate; to assume. ઉતારી લેવું; ધારણ કરવું; સ્વીકારવું; ગ્રહણ કરવું. 3. To copy from the book of another. બીજાના પુસ્તકમાંથી ઉતારી લેવું. [A. S. *borgion,* to take on security.]

Bosh, *n.* (બૉશ્) Nonsense; absurdity; trash; folly. દમદમાટ; ખોટી વાત; મૂર્ખાઈ.

Bosom, *n.* (બૂ'ઝમ્) The breast of human beings. છાતી; વક્ષ; વક્ષસ્થળ. 2. The seat of secrets and desires. હૃદય; અંતઃકરણ; કાળજું; મન. 3. The interior. અભ્યંતર; ગર્ભ; પેડું.-*adj.* Intimate; confidential; much beloved. પ્રિય; વહાલું; દીલોજાન; તનબદન.—*vt* To inclose in the bosom; to cherish intimately. પેટમાં રાખી મુકવું. 2. To conceal. ઢાંકવું; સંતાડવું.

Boss, *n.* (બૉસ્) A protuberant part; a stud; a knob. ઢુટો; બહાર પડતી ગાંઠ. 2. A round swelling body. ઉપસેલી ગોળાકૃતિ. 3. A wooden vessel for the mortar. કોલ, ગારો ભરવાનું વાસણ; તગારૂં; 4. A wild ox. ગોધો; સાંઢ.

Botanic-al, *adj.* (બૉટૅ'નિક્-કલ્) Pertaining to botany. વનસ્પતિ સંબંધિ, વિદ્યાનું;

Botanist, *n.* (બૉ'ટનિસ્ટ્) One skilled in botany. વનસ્પતિ વિદ્યાવેત્તા; વનસ્પતિશાસ્ત્રજ્ઞ.

Botany, *n.* (બૉ'ટનિ) The science which treats of the structure etc.of plants. વનસ્પતિ-વિદ્યા; ઉદ્ભિજ્જવિદ્યા. [Gr. *botany,* fodder.]

Botch, *n.* (બૉચ્) A swelling on the skin. ગોડ; ફોલ્લો; ગડ; ગુમડું. 2. Ill finished work in mending.બેડોળ થિગડું.3.Clumsy performance. બેડોળ, ઢંગધડા વિનાનું કામ.—*vt.* To mark with botches; to mend clumsily;to perform in a bungling manner. બેડોળ થિગડું દેવું; થિગડથાગડ, આળસમરોળું કરવું.

Botchy, *adj.* (બૉચી) Marked with botches; full of botches. ડાઘવાળું.

Both, *adj. pron.* (બોથ્) The two taken by themselves; the one and the other; the pair or the couple. બન્ને; બેય; ઉભય. [L. *ambo*, both].

Bother, *vt.* (બૉ'ધર્) To tease, perplex or annoy. માથું પકવવું; દુખવવું; કાયર કરવું; પજવવું. પીડવું; હેરાન કરવું. *vi.*—To trouble or worry one's self. હેરાન થવું.

Bottle, *n.* (બૉ'ટલ્) A hollow vessel of glass; with a narrow mouth for holding liquors. સીસો; બાટલી; કુપ્પી; કુંડી; કુલ્લી.—A bottle of hay=a bundle of hay. ઘાસની પુળી.

Bottom, *n.* (બૉ'ટમ્) The lowest part; the base. તળીયું; તળેટી. 2. Foundation or ground work. તળ; આધાર; પાયો; બેસણી. 3. A dale; a valley. ખીણ; ખો. 4. Power of endurance. દમ; જીવ; જોર; પાણી. 5. Dregs; sediments. મેલ; કચરો. 6. Limit. હદ: પાર; છેડો.—*adj.* At the bottom; undermost. તળની; નીચેની.—*vt* To build upon; to base. પાયો નાખવો; બાંધવું, *vi.* To rest upon. આધાર રાખવો.–To the bottom=પુરતી રીતે; ઠેઠ સુધી 2. To be at the bottom of=કારણ હોવું; માં સામેલ હોવું. 3. At bottom=વસ્તુત; સત્ય રીતે.

Bottomless, *adj.* (બૉ'ટમ્લેસ્) Without a bottom; fathomless. અથાગ; અગાધ.

Bottomry, *n.* (બૉ'ટમ્રિ) The act of borrowing money on a ship's bottom. વહાણનું ખોખું ઘરેણે મુકવું તે.

Boudoir, *n.* (બૂ'ડ્વાર્) A small room private to a lady; a lady's private sitting room. સ્ત્રીઓને માટે નાનું ખાનગી ઘર, ઓરડો.

Bough, *n.* (બાઉ) The large branch of a tree. ડાળ; ડાળી; શાખા (A. S. *bog*, an arm.]

Bought, *imp.* and *p. p.* of **Buy** (બૉટ્) ખરીદ્યું— *n.* A twist; a link. વળ; આમળો. 2. The part of a sling which holds a stone. ગોફણનું ચાડું.

Bounce, *vi.* (બાઉન્સ) To leap or spring suddenly. કુદકો, છલંગ મારવી. 2. To beat or thump. ખખડવું; ઠોકવું. 3. To blast or bully. પતરાજી કરવી; બડાઈ હાંકવી—*vt.* To dive against anything suddenly. અફાળવું; પછાડવું.—*n.* A sudden leap or bound. કુદકો; ફલંગ. 2. A heavy blow or thump. ધક્કો; આચકો; ધબાકો. 3. Bold lie. હડહડતું જુઠાણું.

Bound, *n.* (બાઉન્ડ્) That which limits; a boundary. હદ; સીમા; મર્યાદા. *vt.*—To limit; to restrict; to restrain; to confine; to border; to terminate. હદ, સીમા બાંધવી; દાબમાં રાખવું. 2. To mention the boundary of. ખુંટ લખવા. [L. *bonna*, a boundary.]

Bound, *vi.* (બાઉન્ડ) To leap; to jump; to spring; to rebound. કુદવું; કુદકો મારવો; ઠેકડો ભરવો.—*adj.* Going or intending to go. જવું; જનાર. [L. *bombus*, deep sound.]

Boundary, *n.* (બા'ઉન્ડરિ) Termination; border; a bound. હદ; સીમા; મર્યાદા.

Bounden, *adj.* (બા'ઉન્ડેન્) Obliged or beholden; appointed; indespensable; obligatory. ઋણી; આભારી; જરૂરનું; અગત્યનું; ખાસ; અનિવાર્ય.

Boundless, *adj.* (બાઉ'ન્ડલેસ્) Without bound or limit; unlimited; unconfined. અપાર; અનંત; બેસુમાર; બેહદ.

Bountiful-eous, *adj.* (બાઉ'ન્ટિફુલ્-ટીઅસ્) Liberal; kind; beneficent; generous. ઉદાર; દાતા; સખી; માયાળુ.

Bounty, *n.* (બાઉ'ન્ટી) Liberality; munificence; generosity; free gift. ઉદારતા; દાન; અનુગ્રહ.

Bouquet, *n.* (બુકે) A nosegay. ગોટો; કલગી. 2. An agreeable perfume. ખુશબો; સુવાસ.

Bout, *n.* (બાઉટ્) A turn, bend or loop. ખેપ; ફેરો; ગાળો; વખત. 2. A contest; a conflict. ધમાધમી; કોશીશ; તકરાર.

Bovine, *adj.* (બો'વાઇન્) Pertaining to oxen and cows; dull; stupid. બળદ, ગોવિષયક; મૂર્ખ; ઠોઠ. [L. *bos*, an ox.]

Bow, *vt.* (બાઉ) To bent; to curve; to arch. વાંકુ વાળવું, નમાવવું. 2. To incline; to bend in token of respect. પગે પડવું; પ્રણામ કરવા. 3. To depress; to subdue. વશ કરવું; તાબે કરવું.—*vi.* To bend the head in civility. નમવું; પગે લાગવું; નમસ્કાર કરવા. 2. To yield; to stoop; to submit. વશ થવું; તાબે થવું. *n.* A bending of the body in token of reverence. નમસ્કાર; અભિવંદન; પ્રણામ. 2. The stem of a ship. વહાણનો ગોળ મોખરાનો ભાગ. [L. *fugio*, I flee.]

Bow, *n.* (બો') A curved instrument to shoot arrows; anything bent or in the form of a curve. કામઠું; ધનુષ્ય; ગાંડીવ; વક્રવસ્તુ; જોતર 2. An instrument to produce sound. તંબુરો વગેરે વગાડવાની નાની કામઠી.

Bowels *n. pl.* (બૉ'વેલ્સ) Entrails; guts. આંતરડાં. 2. Compassion. દયા; માયાળુતા. 3. Interior part of anything. અભ્યંતર; ગર્ભ; પેટ્ડુ. To move the bowels of. ઝાડો, દસ્ત થવા. આંતરડાં કાઢવાં.

Bower, *n.* (બા'વર) A country seat. બેઠક; ઝુંપડી. 2. An arbour. માંડવો; કુંજ; મંડપ.

Bowie-knife, *n.* (બો'ઇનાઇફ્) A long knife. ખંજર.

Bowl, *n.* (બોલ્) A ball of wood or other material used for playing on a level surface. દડો. 2. Concave drinking vessel. પ્યાલો; વાડકો; છાલું. 3. The hollow part of anything. ચાડું; ખાંગેલું.—*vt.* To roll; to pelt with. ગબડાવવું; ફેંકવું. –*vi.* To play with bowls; to roll the ball. દડે રમવું; દડો નાખવો. [L. *butta,* a ball.]

Bow-man, *n* (બો'મૅન્) A man who shoots with the bow; An archer. ધનુર્ધર; ધનુર્ધારી; તિરંદાજ.

Bow-shot, *n.*(બો'શૉટ્)The distance which an arrow will fly when shot from a bow. બાણું; ગોચર; તીરવો.

Bow-string, *n.* (બો'સ્ટ્રિંગ્)The spring of a bow. કામઠાની દોરી; પણછ; જ્યા.

Bow-window, *n.* (બો'વિન્ડો) A window that projects from a wall and is curved in plan. બારી; ગોખ; ઝરૂખો.

Box, *n.* (બૉક્સ્) A case of wood, metal etc.પેટી;પટારો; કંડીઓ;દાબડો.2.A compartment in a play house or public room. નાટકમાંની અલગ બેઠક.3.A money chest.પૈસા રાખવાની પેટી; ગલ્લો; તીજોરી. 4. A driver's seat in a carriage. ગાડીમાં હાંકનારને બેસવાની જગો. 5. A small dwelling house used by sportsmen. રમત રમનારાઓને માટે નાનું ઝુંપડું.—*vt.* To put in a box; to confine. પેટીમાં પુરવું;બંદીખાને નાખવું. 2. To furnish with boxes, as a wheel. પૈડાને માળખું ઘાલવું. 3. To strike the ear or side of the head. લપડાક, ધોલ મારવી. **In a box**= ગુંચવણમાં;વિટંબણામાં. 2. In a wrong box= ભૂલેલું; ભૂલમાં [L. *boxus,* the boxtrer.]

Box, *n* (બૉક્સ્) A blow with the fist; a blow with the open hand on the ear.મુક્કી; તમાચો; લપડાક; ધોલ—*vi.* To fight with the fists. મુક્કામુક્કી-ઠોંસાઠોંસીથી લડવું.

Boxing,*n.* (બૉ'કિસન્ગ્) The art of fighting with the fist; pugilism. મુક્કામુક્કી; મુષ્ટિયુદ્ધ; ધપ્પાધપ્પી.

Boy, *n.* (બૉય્) A male child; a male beyond the period of infancy. and under that of manhood; A lad. છોકરો; પોરીઓ; કુમાર; કીકો. 2. Sometimes it is used in contempt for a man. હલકો માણસ; નોકર.

Boy-hood, *n.*(બૉ'યહુડ્) The state of a boy or of immature age. બાળપણું; બચપણું; નાનપણું.

Boyish, *adj.* (બૉ'ઈશ્) Belonging to a boy; childish. છોકરવાદ; નાદાન.

Brace, *n.* (બ્રેસ્) That which ties together, fastens, strengthens or supports. માદર; ટેકો. 2. A cincture or bandage. પાટો; દોરી; પટો; બંધ. 3. Brackets. કૌંસ. 4. A pair. જોડ; જોડી. 5. A thick strap. નાડી. 6. (pl) Straps; suspenders. સુરવાલ કે લેંઘાને તંગ રાખવા અને ભરવાના પટ્ટા. 7. Cords of a drum for tightening the heads. ઢોલ કે નરઘાં ઉપર તેને તંગ રાખવા રાખેલી દોરીઓ. *vt.* To draw tight; to tighten; to bind or tie close; to make tense; to strain up; to strengthen; to hold firmly. ટેકો આપવો; ટેકવવું; શક્તિ, કૌવત આપવું; ખેંચીને મજબુત બાંધવું; ટકી રહેવું; પાર પાડવું. [L. *brachia,* arms.]

Bracelet, *n.* (બ્રે'સ્લેટ્) An ornament which goes round the wrist; a piece of defensive armour for the arm. ચુડી; બંગડી; કડું; ગુજરી; સાંકળાં; પોંચી; કંકણ; પાટલી; હાથના રક્ષણ માટેનું બખ્તર. [L. *brachium,* arm.]

Bracket, *n.* (બ્રૅ'કેટ્) A piece or combined pieces of wood etc. projecting from or fastened to a wall. માદર; ટેકો. 2. One of two hooks used for various purposes. કૌંસ. —*vt.* To place with in brackets. કૌંસ દોરવો.

Brackish, *adj.* (બ્રૅ'કિશ્) Saltish.થોડું ખારૂં.

Brad, *n.* (બ્રૅડ્) A small nail with little or no head. ચૂંક; નાનો ખીલો.

Brag, *vi.* (બ્રૅગ્) To boast; to vaunt; to swagger; to talk big. બડાઇ, પતરાજ, શેખી, ફુલાસ મારવી.—*n.* A boast or boasting; a vaunt or the thing boasted of; a game at cards. અહંકાર; ગર્વ; બડાઈ; શેખી; ફુલાસ;પતરાજ; ડંફાસ; પાનાની રમત.

Braggadocio, *n.*(બ્રૅગૅડો'શિઓ)A boasting fellow; boastful words; brag; pretention. ફુલણજી; પતરાજખોર; તિસમારખાં; ઢોંગ; શેખઇ.

Braggart, *n.* (બ્રૅ'ગાર્ટ) A boaster; a vain fellow. બડાઇખોર પુરૂષ.—*adj.* Boastful. પતરાજીખોર; અહંકારી.

Braid *vt.* (બ્રેડ્) To weave or knit together; to intertwine. ગુંથવું;વણવું. 2. To mingle by rubbing fluid. હલાવવું; ચોળવું.–*n.* A texture formed by weaving different strands together. ગુંથેલી દોરી; નાડું; કસ.–Braid of hair=અંબોડો; વેણી.

Brain, *n.* (બ્રેન્) A whitish soft mass in the skull of a man. મગજ; ભેજું. 2. The understanding. બુદ્ધિ; અક્કલ;સમજણ;શક્તિ;મતિ.

Brainless, *adj.* (બ્રેન્લેસ્) Without brains or understanding; silly;thoughtless;witless. બેવકુફ; મૂર્ખ; અબુજ.

Brain pan, *n,* (બ્રે'ન્પૅન્) The skull. ખોપરી; કપાળ.

Brait,*n* (બ્રેટ્)A rough diamond. હીરાનો પથ્થર.

Brake, *n.* (બ્રેઇક્) An instrument to break flax. શણ કુટવાનો સાંચો. 2. The handle by which a pump is worked. બમ્બો ચલાવવાની લાટ. 3. A sharp bit. કડક લગામ. A frame for confining refractory horses. ઘોડાને નાળ જડતી વખત કબજે રાખવાની કચામત;ઢોરને રાખવાનો ડબ્બો.5.A large heavy harrow for breaking clods. સમાર. 6. A contrivance for stopping the motion of carriage wheels. ગાડીની ગતિ અટકાવવાનું યંત્ર; અટકાવવાનું યંત્ર; અટકણ; બ્રેક. 7.A heavy vehicle used in breaking horses. જેંસલો. 8. A thicket. ઝાડી.

Bramble, *n.* (બ્રૅમ્બલ્) A rough prickly shrub. કાંટાવાળું ઝાડ; જાળુ; કાંટો.

Bran, *n.* (બ્રૅન્) The husk of wheat or other grain. છાલાં; છોતરાં.

Branch, *n.* (બ્રૅન્શ્) A bough; a shoot. ડાળ;શાખા;ડાળી. 2. Any part shooting from the main body of a thing. ફાંટો; ફણગો; પાંખુ; શાખા. 3. A section or department. ભાગ; અંગ; અધ્યાય; પ્રકરણ.4.A line of family descent. વંશ; પેઢી; શાખા. 5. A chandelier. ઝુમ્મર; ઝાડ (દીવાનું) *vi.*-To shoot in branches. ડાળ, શાખા, ફણગો ફુટવો. 2. To divide into parts. જુદા પડવું.-*vt.* To divide. વિભાગ, ફાંટા પાડવા. 2. To adorn with needle work. ગુંથી, ભરીને શણગારવું.

Brand,*n.*(બ્રૅન્ડ્)A burning or partly burned piece of wood. બળતું લાકડું; ખોરીયું; ઉંબાડીયું. 2. A sword. તરવાર 3. A mark made with a hot iron. અમુક જણસની જાત વગેરે બતાવવા નિશાની; જાત; નમુનો. 4. A mark of infamy or stigma. કલંક; બટ્ટો; લાંચન; ડાઘ.—*vt.* To impress a mark with a hot iron.ડામ દેવો; ડામવું; નિશાની કરવી. 2. To fix a mark of infamy. કલંક લગાડવું; કાળીટીલી લગાડવી.

Brand-iron, *n.* (બ્રૅન્ડાયર્ન) A branding iron. ડામણ; ડમેણું; 2. A trivet.તિરપાઈ;ઘોડી.

Brandish, *vt.* (બ્રૅન્ડિશ્) To weave, to shake or flourish as a weapon.ફેરવવું;પટા ખેલવા.

Brandnew,*adj.*(બ્રૅન્ડ્ન્યૂ)Quite new;bright as brand of iron.કોરૂં કડકડતું; નવું નકોર; તાજું.

Brandy, *n.* (બ્રૅન્ડિ) An ardent spirit distilled from wine. એક જાતનો જલદ દારૂ;બ્રાન્ડિ.

Brangle,*n.*(બ્રૅન્ગલ્)Wrangle.ટંટો;કલહ;લડાઈ.

Brasier, *n.* (બ્રેઈઝ્યર્) An artificer who works in brass. કંસારો.

Brass, *n.* (બ્રાસ્) An alloy of copper and zink. પીતળ. 2. Impudence. ઉદ્ધતાઈ;તોછડાઇ. 3.Utensils etc. made of brass.પીત્તળની જણસો.

Brassy, *adj.* (બ્રાસિ) Made of brass;hard as brass; like brass. પીત્તળના જેવું કઠણ; ના જેવા રંગવાળું;પિત્તળમય 2.Impudent.ઉદ્ધત;તોછડું.

Brat, *n.*(બ્રૅટ્)A child, so called in contempt. છોકરૂં; બચ્ચું. Brat and bantling.=બાળબચ્ચાં.

Bravado,*n.*(બ્રૅવૅ'ડો)A boast or brag;defiant air assumed. શેખી; ધમકી; ફિશિઆરી; બડાઈ.

Brave, *adj.* (બ્રેવ્)Courageous;bold;gallant; valiant; dauntless; noble. હિંમતવાન; બહાદુર; વીર;જવાંમર્દ; ઉમદા. 2. Lofty; excellent.ઉમદા; ખાનદાન; ઉદાર.—*n.* A bold daring person; a man daring beyond decency. વીર પુરૂષ; વગર વિચારે છાતી ચલાવનાર બહાદુર પુરૂષ.-*vt.* To challenge;to defy;to encounter with courage and fortitude. છાતી ચલાવી ચઢવું; સામા નબી રહેવું; ટક્કર ઝીલવી.

Bravery, *n.* (બ્રે'વરિ) Courage; heroism; valour; dauntlessness; intrepidity; fine appearance. શૂરપણું; હિમ્મત; બહાદુરી;જવાંમર્દી; છાતી; પરાક્રમ; ઉમદાપણું; તેજ; ભભકો.

Bravo,*n.*(બ્રા'વો) A daring villain. મારો;ખુની; ઘાતક. 2.-*interj.* Well done. શાબાશ; વાહવાહ.

Brawl, *vi.* (બ્રૉલ્) To make a loud noise or disturbance; to quarrel noisily and indecently. ગાળાગાળી, કજીઓ, ટંટો કરવો. 2. To scold. ઘોંઘાટ, શોરબકોર કરવો. 3. To roar as water. ધુધુ કરવું; (પાણી જેવો) શોર કરવો.-*n.* A noisy quarrel. ઘોંઘાટ; કજીઓ; ટંટો.

Brawny, *adj.* (બ્રૉ'નિ) Muscular; fleshy; strong; bulky. જોરાવર;માતુ;શરીરે ભરેલું;મજબુત.

Bray, *vt.* (બ્રે) To pound.કુટવું;ખાંડવું;કચરવું.-*vi.*To utter harsh cry, as an ass. ભૂંકવું.2. To make a harsh noise.જાડો,ખોખરો અવાજ કાઢવો.-*n.* The roar of an ass. ગધેડાનું ભૂંકવું તે; ખોખરો જાડો અવાજ.

Braying, *pa.* (બ્રે'ઈન્ગ્) Making a harsh noise; જાડો અવાજ કરવું.—*n.* The noise of an ass. ગધેડાનું ભૂંકવું. 2.Roar;noise.ઘોંઘાટ;ખખડાટ.

Brazen, *adj.*(બ્રે'ઝન્)Made of brass;pertaining to brass. પિત્તળનું-સંબંધિ. 2. Impudent; impenetrable. ઉદ્ધત; તોછડું; બેશરમું; છકેલ; ફાટેલ.—*vt.* To behave with insolence. ઉદ્ધતાઈથી વર્તવું.

Brazen-faced, *adj.*(બ્રે'ઝન્-ફેસ્ડ)Impudent; bold to excess;shameless.ઉદ્ધત;તોછડું;નિર્લજ્જ.

Brazenness, *n.* (બ્રે'ઝનેસ) Impudence. નિર્લજ્જપણું; બેશરમપણું; ઉદ્ધતાઇ; તોછડાઈ.

Breach, *n.* (બ્રીચ્) The act of breaking; a rupture; a break;a gap; an opening;disruption; infraction; infringement; violation; difference; quarrel; injury. ફાટ; ચીરો;બાકોરું; કાણું; ભગદાળું; ઉલ્લંઘન; ભંગ; તુટ; ફુટ; કજીઓ; નુકશાન; મતભેદ. [A. S. *brice* a breaking.]

likeness=આબેહુબ ચિતાર ઉતારવો. **To c. the idea of**=અર્થ બરાબર મગજમાં ઉતારવો. *n.* A handle. હાથી; નાકું; પકડ. 2. Profit; opportunity; advantage. લાભ; ભક્ષ; ચોટ; તાકડો; પ્રસંગ. 3. A bait for cheating. ફસાવવાને માટે આપેલી લાલચ. **Catch-out**=ક્રીકેટની રમતમાં દડો ઝીલાયાથી આઉટ થવું તે. **He was caught by the trick**=આ યુક્તિથી તે છેતરાયો.

Catching, *a.* (કે'ચીન્ગ) Contagious. ચેપી; ઉડતો. 2. Pleasing; witty. મનોહર; ધ્યાન ખેંચે તેવું; વિનોદી.

Catchpenny, *n.* (કે'ચપેની) Trash literature written with view only of the monetary gain. પૈસા કમાવવાના ઇરાદેજ લખાયેલું નકામું પુસ્તક.

Catchword, *n.* (કે'ચવર્ડ) A word to catch the attention of or the eye of; amongst the actors the last word uttered which is humorous. ધ્યાન-આંખ ખેંચવા માટે બોલાતો શબ્દ; રંગભૂમિ ઉપરના એકટરનો છેલ્લો પેટંટ શબ્દ.

Catechetic-cal, *a.* (કેટીકે'ટિક-કલ) Relating to or consisting in asking questions and receiving answers. પ્રશ્નોત્તરરૂપ-પ્રશ્નોત્તરનું.

Catechise, *vt.* (કે'ટીકાઇઝ) To educate by questions and answers. પ્રશ્નોત્તર કરી શીખવવું.

Catechism, *n.* (કે'ટીકિઝમ્) Method of instruction by question and answer. પ્રશ્નોત્તર કરી શીખવવાની રીત; પ્રશ્નોત્તરી.

Catechu, *n.* (કે'ટીચ્યુ) A dry, brown extract of a tree eaten with betel-leaf. કાથો.

Categorical, *a.* (કેટીગૅા'રિકલ) Plain; positive; absolute. નિરપેક્ષ; નિશ્ચયાત્મક; ખુલ્લી; સ્પષ્ટ; સાફ. 2. About a category or kind. પંક્તિ સંબંધી

Catenate, *vt.* (કે'ટીનેટ) To join in links; to chain. સાંકળીમાં-સાંકળીરૂપે જોડવું.

Category, *n.* (કે'ટીગરી) Condition; state. હાલત; સ્થિતિ; અવસ્થા; દશા. 2. Predicament. પંક્તિ; કોટિ; જાત; પદાર્થ. [L. *categoria*, an assembly].

Catenation, *n.* (કેટીને'શન) Linking. સંધાન; જોડવું તે.

Cater, *vi.* (કે'ટર્) To provide food; to provision. ખોરાક-મોદીખાનું પુરૂં પાડવું. *n.* A rovision seller. મોદી. **Caterer**=મોદી; મોદીખાનું-ખોરાકનો સામાન પુરો પાડનાર.

Caterpillar, *n.* (કે'ટરપિલર્) A kind of insect. એક જાતનો ટીડો-છોડ.

Catery, *n.* (કે'ટરી) Granary. ખોરાકનો જથ્થો રાખવાનો ભંડાર-કોઠાર.

Cates, *n.* (કેટસ્) Provisions. ખોરાકને લગતી વસ્તુઓ.

Cat-eyed, *a* (કે'ટઆઇડ) Having eyes like those of a cat. માંજરી આંખવાળું; માંજરૂં.

Cat-gut, *n.* (કે'ટગટ) String made from the intestines of animals like sheep. પશુઓના આંતરડાની બનાવેલી દોરી-તાંત.

Cat-hammed, *a.* (કે'ટહૅમ્ડ) Hairless; bald. બોડું; ટાલવાળું.

Catharist, *n.* (કે'થૅરિસ્ટ) A hypocrite who pretends chastity. ચોખ્ખાઇનો ડોળ ઘાલનાર માણસ.

Cathartic, *n.* (કે'થાર્ટિક) Inducing motions; purgative. રેચક; જુલાબ [Gr. *cathoros*, clean].

Cathedral, *n.* (કેથી'ડ્રલ) The church of the bishop. બીશપના ધર્માસનવાળું મોટું દેવળ. [Gr. *cata* & *hedra*, a seat].

Catheter, *n.* (કે'થીટર્) A tube like instrument introduced into the urinary passage to take out urine in cases of stricture. પેશાબ બંધ થયો હોય ત્યારે પેશાબ કાઢવા માટે વપરાતી સળી; મૂત્રશલિકા.

Catholic, *n.* (કે'થૅાલિક) A believer in Roman Catholicism. રોમન કૅથૅાલિક ધર્મમાં માનનાર. *a.* About the R. catholics. રોમન કૅથૅાલિક લોકો સંબંધી. 2. Liberal; universal. ઉદાર ભાવનાવાળું; સાર્વજનિક. **Catholicism**=રોમન કૅથૅાલિક ધર્મ.

Catholicity, *n.* (કૅથૅાલિસિટી) Liberality of sentiment. ઉદાર-પ્રૌઢ વિચાર. 2. Orthodox faith in the old Christian doctrines. જુના ખ્રીસ્તી ધર્મમાં શ્રદ્ધા. **Catholicize** = રોમન કૅથૅાલિક કરવું-થવું.

Catholically, *adv.* (કે'થૅાલિકલી) Universally; generally. સામાન્ય રીતે-સાધારણ રીતે.

Catholicon, *n.* (કે'થૅાલિકૅાન્) A panacea. ઘણા દરદો ઉપર સામાન્ય ઓસડ; સર્વ રોગનાશક. [Gr. *katho*, throughout & *holos* whole].

Cat's-paw, *n.* (કે'ટસપૅા) A puppet; a tool; a dupe. ભોળો; હોળીનું નાળીએર; હૈયાકૂટો; છેતરાએલો માણસ. 2. A light wind. આછોપવન.

Cattle, *n.* (કે'ટલ) Domestic quadrupeds. ઢોર. **C. show**=ઢોરનું પ્રદર્શન.

Caudal, *a.* (કૅા'ડલ) Relating to the tail. પુછડા સંબંધી.

Caudle, *n.* (કૅા'ડલ) A decoction for the sick. માંદા માણસને પીવાનો ઉકાળો-કઢો-કાવો.

Caul, *n* (કૅાલ) A covering for the head. ટોપ.

Cauliflower, *n.* (કૅા'લિફ્લાવર્) A flower used as vegetable; cabbage. કોબીજ; ફ્લાવર. [L. *caulis*, a cabbage].

Causal, *a.* (કૉ'ઝલ્) Showing or relating to cause. કારણ બતાવતું-કારણ સંબંધી,વિષે. *n.* A word that shows cause. પ્રયોજન; કારણ બતાવવાનો શબ્દ.

Causality, *n.* (કૉઝૅ'લિટી) The power of inductive reasoning. કાર્યના કારણ શોધવાની શક્તિ. 2. The agency of a cause. કારણકાર્ય.

Causative, *a.* (કૉ'ઝેટીવ્) Showing cause. કારણ બતાવતું; કારણદર્શક.

Cause, *n.* (કૉઝ્)Ground of action at law; a suit at court. મુકરદમો. 2. The agency or the set of circumstances that give rise to a particular effect. કારણ; સબબ. 3. A party or side in a controversy. પક્ષ; બાજુ. *vt.* to bring into being as an effect.પેદા-ઉત્પન્ન કરવું; કારણરૂપ થઇ પડવું.

Causeless, *a.* (કૉ'ઝલેસ્) Without any apparent cause. નિષ્કારણ; કારણ રહિત; અમથું.

Causeway, Causey, *n.* (કૉ'ઝવે-કૉ'ઝી) Overhead way. બાંધતો-માથા ઉપરથી જતો પુલ-રસ્તો વગેરે.

Causer, *n.* (કૉ'ઝર્)One who causes.કારણરૂપ થઈ પડનાર.

Causelessly,*adv.*(કૉ'ઝલેસલી)Groundlessly. કારણ રહિત;નિષ્કારણ;નિર્માલ્ય;વગર કારણે;અમથુંજ.

Caustic-cal, *a.* (કૉ'સ્ટિક-કલ્) Corroding or burning; (hence) Pungent; cutting; severe (as remarks &c.) બળતું; દાહક; સખ્ત; બળી જાય એવું. **C. silver**=પારો. *n.* A corroding substance. બાળતો-દાહક પદાર્થ. (Gr. *kaio*, I burn].

Cauter, *n.* (કૉ'ટર્) A searing hot iron. ડામ દેવા માટે તપાવેલી સળી-લોઢું.

Cauterization, *n.*(કૉટરાઈઝે'શન્) Burning of morbid parts by the application of caustics. ડામવું-કાસ્ટીક લગાડી બાળવું.

Cauterize, *vt.* (કૉ'ટરાઈઝ્) To burn with caustic. ડામ દેવો-કૉસ્ટીક લગાડી બાળવું.

Cautery, *n.* (કૉ'ટરી) Act of burning. બાળવું-ડામ દેવા તે.

Caution, *n.* (કૉ'શન્) Provident care; warning; information before-hand of some impending evil or danger. સાવચેતી;ખબરદારી; હુશીયારી. **C. money**=જામીનગીરીમાં આપેલો પૈસો. *vt.* to give a warning. ભયની ચેતવણી આપવી. [L. *caveo*, I take heed].

Cautious, *a.* (કૉ'શસ્) Watchful; circumspect. સાવચેત;સાવધ;હોશીયાર. **Cautiously,** *adv.*=સાવધપણે; સાવચેતીથી.

Cavalcade, *n.* (કૅ'વૅલકેડ્) A procession on horses. ઘોડા ઉપરની સવારી; અશ્વારોહશ્રેણી. [L. *cavalus*, an inferior horse].

Cavalier, *n.* (કૅવૅલી'ર્) A dragoon; one of a cavalry-party. લશ્કરી ઘોડેસ્વાર. *a.* Off hand; liberal; gay; easy. ઉદાસ; ફક્કડ; લહેરી; બાંકો. [L. *cavallus*, a horse].

Cavalierly, *adv.* (કૅવેલી'ર્લી) Arrogantly; in proud disdain. તોરથી; મીજાજથી; ગર્વિષ્ઠપણે.

Cavalry, *n.* (કૅ'વૅલ્રી) A part of armed soldiers on horseback.ઘોડેસવારોની ફોજ;અશ્વદળ.

Cave, *n.* (કે'વ્) An underground passage or den. ગુફા; ભોંયરૂં. **C. lion**=પત્થરની કુદરતી સિંહાકૃતિ. **To c. in**=ઢળી-ફસાઈ પડવું. [L. *cavus*, a hollow].

Caveat, *n.* (કે'વિઍટ્) A process to stop legal proceedings. સામા પક્ષનો પુરાવો લીધા વગર ફેંસલો નહી આપવો એવા મતલબની દરખાસ્ત. (preceded by "to enter"). 2. A hint or warning. સૂચના; સાવચેતી. **C. emptor**=Let the purchaser beware. ખરીદનારને જોઈ તપાસી ખાત્રી કરવાને આપેલી સૂચના. [L. *cavent*, let him beware].

Cavern, *n.* (કૅ'વર્ન) A long and deep cave. ઉંડી ગુફા-ભોંયરૂં. [L. *cavus*, hollow].

Cavernous, *a.* (કૅ'વર્નસ્) Hollow; full of caves. પોકળ; પોલું; ગુફામય.

Cavil, *vi.* (કૅ'વિલ્) To find fault with for insufficient reasons; to carp. નિંદા કરવી; વખોડવું; ખોટી રીતે દોષ કાઢવો.-*vt.* to balance unreasonably. ખોટી રીતે ન્યાય કાઢવો. *n.* A captiuous or fivolous objection. ખોટી-નકામી હરકત. [L. *cavillari.*]

Cavilous, *a.* (કૅ'વિલસ્) Carping; apt to blame unreasonably. દોષ કાઢતું; ખોટી રીતે નિંદા કરતું; દોષદર્શી.

Cavity, *n.* (કૅ'વિટી) A hollow; the state of being hollow. પોલી જગ્યા; ગુફા; બાંકું; દર; પોલાણ; પોલું. [L. *cavus*, a hollow].

Caw, *vi.* (કૉ) To cry out like a crow. કા કા કરવું. *n.* the cry of a crow. કૉ કૉ. **Cawing**=કૉ કૉ.

Cayenne-pepper, *n.* (કેએ'ન્-પેપર્) A kind of pepper, very pungent in taste. ઘણા તીખાં અને ઝીણાં કાળાં મરી.

Cazzan, *n.* (કૅ'ઝૅન્) Cow dung dried and used as fuel. છાણાં.

Cease, *vt.* (સીસ્) To be finished; to come to an end; to stop. બંધ પડવું; બંધ પાડવું; પુરૂં થઇ જવું.

Ceaselessly, *adv.* (સીસ્લેસલી) Without stopping or intermission. સદાકાળ; અટકયા વગર; નિરંતર. **Ceaseless** = Continual; incessant. સદાકાળ; નિરંતર; અખંડ.

Cecity, *n.* (સીસીટી) Want of sight; blindness. આંધ્રળાપણું; અંધાપો.

Cecutiency, *n.* (સી'કયુટીઅન્સી) Dimness of sight. ઝાંખ; ઝાંખું દેખાવવું તે.

Cedar, *n.* (સીડર્) The devdar tree which is used for timber. દેવદારનું ઝાડ.

Cede, *vt.* (સીડ્) To resign; to relinquish to; to surrender or give up the possession of something to. ને સોંપવું-ને શરણ થવું-ને છોડીદેવું.

Ceded, *a.* (સી'ડેડ્) Transeferred by lapse or resignation of one's rights. સોંપેલું; આપેલું; ઉપરના હક્ક બીજાને સ્વાધીન કરેલું.

Ceduous, *a.* (સી'ડયુઅસ્) Ripe for felling. કાપવા યોગ્ય-પાડવા લાયક.[L.*caedeo*, I cut down.]

Ceil, *vt.* (સીલ્) To cover with a ceiling; to overlay the inner side of. થેપ દેવો; છાપરાને છત કરવી.

Ceiling, *n.* (સી'લીન્ગ્) The upper inside lining of a roof overhead. છત.

Celature, *n.* (સી'લેચર્) Sculpture; the art of engraving. શિલ્પકળા; કોતરવાની કળા 2. The designs engraved. કોતરી કાઢેલું કસબ. [L.*calere*, to engrave in relief.]

Celebrant, *n.* (સે'લીબ્રન્ટ્) A public celebrator of public ceremonies, functions &c. લોકોની તરફથી જાહેર ધર્મક્રિયા કરનાર.

Celebrate, *vt.* (સે'લીબ્રેટ્) To solemnise; to perform with due rites. નો ઉત્સાહ-સમારંભ વિધિપૂર્વક ઉજવવો. 2. To commemorate. યાદગીરી તરીકે હોવું-ઉજવવું. *a.* famous. પ્રખ્યાત-મશહુર. 3. To praise or extol. વખાણ કરવાં; સ્તુતિ કરવી-ગાવી. [L. *celer*, famous.]

Celebrated, *a.* (સે'લેબ્રેટેડ્) Famous; distinguished પ્રખ્યાત; વિખ્યાત; મશહુર; નામાંકિત; પ્રતિષ્ઠિત.

Celebration, *n.* (સે'લીબ્રેશન્) Observance with due rites. વિધિયુક્ત કોઇ પણ સમારંભ-ઉત્સાહ ઉજવવો તે. 2. Commendation. કીર્તન; સ્તવન; સ્તુતિ.

Celebrity, *n.* (સીલે'બ્રીટી) Distinction; fame. નામ; ખ્યાતિ; પ્રખ્યાતિ; નામાંકિતપણું. 2. One who is famous. નામાંકિત-પ્રખ્યાત વ્યક્તિ.

Celerity, *n.* (સીલે'રીટી) Quickness or rapidity of motion. ચપળતા; ઝડપ; તાકીદ; ઉતાવળ.

Celestial, *a.* (સીલે'સ્ટીઅલ્) Pertaining to heaven; heavenly. સ્વર્ગનું-સ્વર્ગ સંબંધી 2. A Chinese or an inhabitant of China. ચીનો; ચીન દેશનો રહીશ. **C. city** = વૈકુંઠ. **C. empire** = ચીન દેશ. [L. *Caelum*, heaven].

Celiac, *a.* (સી'લીઍક્) About the abdomen. ઉદર સંબંધી-નું.

Celibacy, *n.* (સે'લીબૅસી) The unmarried state; a single life. કુંવારાપણું; કુંવારી જીંદગી; બ્રહ્મચર્ય. [L. *coelebus*, unmarried.]

Celibate, *n.* (સે'લીબેટ્) An unmarried person. કુંવારો માણુસ-સ્ત્રી; વાંઢો. **Celibatist** = કુંવારો-વાંઢો માણુસ.

Cell, *n.* (સેલ્) A very close and small room. સાંકડી અને ન્હાની ઓરડી. 2. A small monastical apartment. મઠમાંની એક નાની ઓરડી. 3. A very small sac. ઝીણું ખાનું. *vt.* to imprison in a cell. ને ભોયરામાં પુરવું-કેદ કરવું. [L. *celo*, I hide].

Cellar, *n.* (સે'લર્) A small underground room generally used as store room for wine &c. ભોયરૂં. [L. *celo*, I hide].

Cellerage, *n.* (સે'લરેજ્) The hire of a cellar. ભોયરાનું ભાડું.

Cellular, *a.* (સે'લ્યુલર્) Composed of small cells. છિદ્રવાળું; ન્હાનાં ન્હાનાં ખાંકાવાળું.

Celt, *n.* (સેલ્ટ્) One of the races of Western Europe. પશ્ચિમ યુરોપવાસી એક જાત. 2. An instrument used in ancient time by the Celts for cutting &c. એક જાતનું કાપવાનું જુના જમાનાનું હથીયાર-ઓજાર.

Cellule, *n.* (સે'લ્યુલ્) A very minute cell. ઘણુંજ નાનું છિદ્ર-ખાનું.

Celtic, *a.* (સે'લ્ટીક્) Of or pertaining to the Celts. સેલ્ટ લોકોનું-તેમના સંબંધીનું વગેરે. **Celticism** = સેલ્ટીક લોકોની રીતભાત-રૂઢી રીવાજ વગેરે.

Cement, *n.* (સીમે'ન્ટ્) Mortar; any substance which serves to adhere and unite bodies. સીમેંટ; વસ્તુઓને ચોટાડનાર પદાર્થ; ઝારવામાં વપરાતો ધાતુનો ભુકો. *n.* A bond of union. ગાંઠ; બંધ. *vt.* to unite firmly. સજ્જડ ચોંટાડવું; ચોંટવું; મજબુત જોડવું.

Cementation, *n.* (સીમેન્ટે'શન્) Firm union; the act of cementing. સીમેંટથી જોડવું તે; મજબુત જોડવું તે. [L. *coementum*, rough stone].

Cemetery, *n*, (સે'મીટરી) Burial – place; grave-yard. કબ્રસ્તાન; દફનગાહ. [Gr. *koimao*, I put to bed].

Cenobite, *n.* (સે'નોબાઇટ્) A monk. મઠવાસી; બાવો; ગોસાઈ; જોગી. [Gr. *kinos*, common & *bios*, life].

Cenotaph, *n.* (સે'નોટૅફ્) A sepulchral monument erected to a person buried

elsewhere. બીજી જગ્યાએ દાટેલા માણસના માનમાં બાંધેલી ખાલી કબર.

Cense, *n.* (સેન્સ્) Incense. ધુપ. *vi. vt.* To burn incense for &. ને ધુપ દેવો.

Censer, *n.* (સે'ન્સર્) A vessel in which incense is burnt. ધુપદાની; લોબાનદાની.

Censor, *n.*(સે'ન્સર્) An ancient magistrate of . Rome. પ્રાચીનકાળનો રોમ લોકનો એક મૅજીસ્ટ્રેટ. 2. A public official empowered by the government to examine pamphlets newspapers,books &.to see that they contain nothing obnoxious or treasonable. છાપાંઓ, નવાં છપાંએલા પુસ્તકો વગેરે તપાસનાર એક સરકારી અમલદાર.

Censorial, **Censorian**,*a* (સેન્સો'રીઅલ્-સેન્સો'રીઅન્)About the censor; relating to the improvement of the public morality. સેન્સોર અમલદારના હોદ્દા વગેરે સંબંધી;સામાન્ય-લોકનીતિસુધારક.

Censorious, *a.* (સેન્સો'રિઅસ્) Given to undue blaming. નકામો દોષ કાઢવું; નિંદક; નિંદા કરવું.

Censurable, *a.*(સે'ન્શર્અબલ્)Reprehensible; blameworthy. દૂષણાર્હ; નિંદાપાત્ર; ઠપકાપાત્ર; દોષપાત્ર.

Censure, *n.* (સે'ન્શર્) Reproach; blame. ઠપકો; દૂષણ; નિંદા. 2.(Originally) A judgment or opinion. ન્યાયાધીશનું મત-ફેંસલો. *vt.* to reprove; reprehend or blame. દોષ કાઢવો-દૂષણ દેવું; નિંદા કરવી ઠપકો આપવો.

Census,*n.*(સે'ન્સસ્) An official enumeration of the population of a country. વસ્તીની ગણત્રી; સેન્સસ.

Cent, *n.* (સેન્ટ્) An American coin of the smallest value. એક અમેરિકન નાણું, અર્ધા પેન્સ જેટલું.(ઓછામાં ઓછી કીંમતનું). 2.One hundred. એકસો; સૈકો; સેંકડો. [L. *centum*, a hundred].

Centage, *n.* (સે'ન્ટેજ્) Rate per hundred; percent. ટકા-સેંકડા-સૈકા-સોનો ભાવ.

Centaur,*n.*(સે'ન્ટૉર્)A mythological animal half-horse, half,man.અર્ધો માણસ અર્ધો ઘોડો એવા આકારનું એક કલ્પિત પશુ.

Centenarian, *n.* (સેન્ટીને'રીઅન્) A man who has completed a century of his life. શતવર્ષી-શતાયુ પુરૂષ; સો વરસ જીવેલો માણસ.

Centenary. *n.* (સે'ન્ટીનરી)The celebration of the hundredth anniversary of an event. શતવર્ષી. 2. A collection of hundred things. સૈકો-સેંકડો. [L. *centum*, hundred].

Centennial, *a.* (સેન્ટે'નીએલ્) Relating to the hundresth anniversary. શતવર્ષી વિષે; શતવાર્ષિક; સોમી વર્ષગાંઠનું. [L. *centum*, a hundred, and *annus*, a year].

Centre, **Center**, *n.* (સે'ન્ટર્) The point which is equidistant from all others; the middle point; the point of concentration; the nucleus into or around which things are collected. મધ્યબિંદુ; મધ્યભાગ; કેંદ્ર; ગર્ભ; મુખ્ય ઠેકાણું-સ્થાન વગેરે. **C. of gravity**=ગુરુત્વ મધ્યબિંદુ. **C. of gyration**=ભ્રમણ મધ્યબીંદુ. **C.of inertia**=જડ પદાર્થનું મધ્યબીંદુ. **Centre of attraction**=આકર્ષણ-ખેંચાણ થવાનું મુખ્ય સ્થાન-કારણ.*vi.*to be in a central position. મધ્યે હોવું.2.To collect at one point; to be concentrated. સ્થિર-એકત્ર કરવું; એકજ ઠેકાણે લાવવું. [L. *centrum*, a centre].

Centisimal,*a.*(સેન્ટે'સીમૅલ્)The hundredth. એક શતાંશ.*n.*The hundredth part of anything. કોઈપણ વસ્તુનો સોમો ભાગ. [L. *centum*, a hundred].

Centifolious, *a.* (સેન્ટીફો'લીએસ્)Hundred-leafed. સો પાંદડાંવાળું.[L. *centum*, a hundred, and *folium*, a leaf.]

Centigrade, *a.* (સે'ન્ટીગ્રેડ્) Divided into a hundred parts. સો ભાગ-અંશવાળું. **C. thermometer**=સો અંશના માપવાળું થર્મોમીટર. [L. *centum*, hundred & *gradus*, a degree.]

Centipede, *a.* (સે'ન્ટીપીડ્) Hundred-footed. સો પગવાળું. *n.* An insect having many feet. કાનખજુરો. [L. *centum*, a hundred, & *pedius*, a foot].

Central, *a.* (સે'ન્ટ્રલ્) Occupying a middle position. મધ્ય ભાગનું-મધ્ય ભાગમાં હોવું [L. *centrum*, a centre]. *v.* Centralize.

Centrifugal, *a.* (સેન્ટ્રી'ફ્યુગલ્) Tending to recede from the centre; acting by or depending upon the centrifugal action. કેન્દ્રાપગામી; મધ્યકેન્દ્રત્યાગી. **C. force**=કેન્દ્રાપગામી જોર-બળ. [L. *centrum*, & *fugo*, I fly].

Centripetal, *a.* (સેન્ટ્રી'પીટલ્) Tending to move towards the centre. કેન્દ્રાભિમુખ; મધ્ય-કેન્દ્ર તરફ લઈ જવું. **C. force**=કેન્દ્રાભિસારી બળ. [L. *centrum*, & *peto*, I move towards.]

Centrolineal, *a.* (સેન્ટ્રોલી'નીઍલ્) Centripetal; converging to a centre. કેન્દ્રાભીમુખ; મધ્ય કેન્દ્ર તરફ લઈ જવું. [L. *centrum*, & *linea*, a line].

Centuple, *a.* (સે'ન્ટયુપલ્) Hundred times; hundred-fold, સોગણું; સોપુટ. *vt.* to become

hundred-fold. સોગણું થવું. [L. *centum*, hundred & *plico*, I fold].

Centurial, *a.* (સેન્ટ્યુ'રીયલ્) Relating to or about a century. સો વરસ-સૈકા સંબંધી.

Centurion, *n.* (સેન્ટ્યુ'રીઅન્) The head of a party of hundred troops. સો સીપાઇના ટુકડીનો કપ્તાન-સરદાર.

Century, *n.* (સે'ન્ચરી-સે'ન્ટ્યુરી) A hundred of anything; an aggregate of hundred. સો; શતક. 2. A period of one hundred years. સૈકો; સદી; સો વર્ષ; સેંકડો.

Cephalalgic, *a.*(સીફૅલૅલ્જીક) Affected with head-ache. માથાના દુઃખ-દુખવા સંબંધી.

Cephalalgy-gia, *n.* (સીફૅલૅલ્જી-જીઆ) Neuralgia of the head; head-ache. માથાનું દરદ; માથું દુખવું તે. [Gr. *kephale*, head & *algos*, pain].

Cephalitis, *n.* (સીફૅલીટીસ્) A disease of the brain. મગજનો એક રોગ.

Cephalotomy, *n.*(સીફૅલૉટોમી) Vivesection of the head; brain-dissection. માથાની વાઢકાપ-પૃથઃકરણ.

Ceraceus, *a.* (સીરૅ'શીએસ્)Waxy;wax-like. મીણ જેવું-મીણને લગતું-મળતું.

Cerate, *n.* (સીરેટ્) A thick ointment containing wax &c.એક જાતનો મીણનો બનાવેલો મલમ [L. *cera*, wax.]

Cerberus, *n.* (સ'બ'રસ્) The three headed dog who is said to watch the doors of Hell. નર્કના દરવાજા ઉપર પહેરો ભરતો ત્રણ માથાવાળો કુતરો.

Cere, *n.* (સીર્) To cover with wax. મીણ ચોપડવું-લગાડવું.

Cereal, *a.* (સી'રીએલ્) Pertaining to edible grain. અનાજસંબંધી. *n.* Edible grain like wheat &c. ઘઉં વગેરે અનાજ. [L. *cerealis*, pertaining to agricuture.]

Cerebellum, *n.* (સેરીબે'લમ્) The little brain. મગજનો પાછળનો ભાગ;મસ્તિષ્ક.[L. dim. of *cerebrum*, brain.]

Cerebral, *a.* (સે'રીબ્રલ્) Relating to the brain. મગજ સંબંધી. *n.* A consonant of the Sanskrit alphabets. મૂર્ધન્ય અક્ષર.

Cerecloth, *n.* (સી'રક્લૉથ્) Waxed cloth. મીણકાપડ.

Ceremonial, *a.* (સેરીમો'નીઅલ્) Relating to religious rites & observances, ceremonies &c. ધર્મકર્મ - વિધિ - ક્રિયાસંબંધી. 2. Formal. રીતનું; વિધિપૂર્વક. *n.* Religious rites and observances. ધર્મવિધિ. 2. Formality or formal observance. રીવાજ; વિધિ; ક્રિયા. 3. A book containing the code of formal procedure on public occasions. ધર્મવિધિ-પદ્ધતિનું પુસ્તક.

Ceremonious, *a.* (સેરીમો'નીએસ્) Formally civil; formal. રીતભાતમાં ચોક્કસ; આદરસત્કારના બાહ્યવિધિમાં ચોક્કસ. 2. In accordance with the prescribed religious rites.યથાવિધિ;કર્મનિષ્ઠ.

Ceremony, *n* (સે'રીમની) Outward religious rite or observance. ધર્મક્રિયા-વિધિ. 2. Civil formality. વિવેક; આદરસત્કાર. [L. *coeremonia*, ceremony.]

Ceriferous, *a* (સે'રીફેરસ્) Wax-producing. મીણ ઉત્પન્ન કરનારૂં. [L. *cera*, wax & *fero*, I bear.]

Certain *a.*(સ'ર્ટન્)Indubitable; undoubted; assured; definite. ખાતરીવાળું; ખરૂં; ચોક્કસ; મુકરર; અમુક એક. 2. Inevitable; sure to happen. નિઃસંદેહ; અચુક. 3.Effective; unfailing (as a cure). સચોટ; અચુક; રામબાણ. 4. Fixed. નિશ્ચિત. **For Certain** = નિશ્ચિત; બેશક.

Certainly, *adv.* = undoubtedly. ખચિત; નક્કી. [L. *certus*, certain].

Certainty, *n.* (સ'ર્ટન્ટી) Full assurance; state of being assured or without doubt; truth. નિશ્ચય; ખાતરી; સ્પષ્ટતા; સત્ય; ખરી હકીકત; નિશ્ચિતપણું. (also **Certainness**).

Certes, *adv.* (સ'ર્ટીઝ્) Verily; surely; certainly. સત્ય રીતે; ખચિત; મુકરર; નક્કી નિશ્ચિત. [L. *certus*, certain].

Certificate, *n.* (સર્ટી'ફીકેટ્) A credential; an authenticated written testimony. ખાતરી-પ્રમાણપત્ર. **Trial by C.** = સર્ટીફીકેટ આપનારની જુબાની ઉપર મુખ્ય આધાર રાખતો હોય એવો કેસ. *vt.* to give a certificate to. ને પ્રમાણપત્ર આપવું. [Fr. *certificat*, a certificate].

Certificated, *a.* (સર્ટીફીકે'ટેડ્) Possessing a certificate. સનંદી સર્ટીફીકેટવાળું.

Certification, *n.* (સર્ટીફીકે'શન્) The act of giving a written and authenticated testimonial to. સનંદ-સર્ટીફીકેટ લખી આપવું તે. **The powers of C.** = લોકમત વિરૂદ્ધ કોઈ પણ કામ કરવાની (હિંદુસ્તાન જેવા દેશમાંના ગવર્નરોને) જીતનાર દેશ તરફથી આપવામાં આવતી સત્તા.

Certifier, *n.* (સ'ર્ટીફાયર્) One who gives credentials or certificates; an authenticator. પ્રમાણપત્ર-સર્ટીફીકેટ લખી આપનાર.

Certify, *vt.* (સ'ર્ટીફાઇ) To authenticate or certify in writing. પ્રમાણપત્ર-સર્ટીફીકેટ આપવું. 2. To attest or assure. ખાતરી આપવી. [L. *certus*, certain and *facio*, I make.]

Certitude, *n.*(સર્ટીટ્યુડ્)State of certainty; assurance. ખાતરી, નિઃસંશયપણું; નિશ્ચય. [L. *certus,* certain.]

Cerulean, *a.* (સેર્યુ'લીઅૅન્) Azure; blue; sky-coloured. આસ્માની રંગનું. [L. *caeruleus,* dark blue].

Ceruse, *n.* (સે'રુઝ્) White lead. સફેતો-સફેદો.

Cespitose, *a.* (સે'સ્પીટોઝ્) Turf-like.ઢેફાની આકૃતિનું. [L. *cœspus,* turf.]

Cess, *n.* (સેસ્) A rate; tax. વેરો; કર *vt.* to tax. ની ઉપર કર નાંખવો-બેસાડવો [L. *census*].

Cessant, *a.* (સે'સન્ટ) Inactive; idle; sluggardly. આળસુ; ઉંઘણસી.

Cessation, *n.* (સેસે'શન્) Suspension; stoppage. વિરામ; થેભવું તે; બંધ થવું તે. **C. of arms**=તકપુર્તી થએલી સલાહ.

Cession, *n.* (સેશન્) Yielding up or handing over of something as territories &c.; the act of yielding or giving way. સોંપવું-તાબે કરવું તે; ઉપરથી હક ઉઠાવી લેવો તે. 2. Concession. સ્વીકાર.[L.*cedo,*I give way].

Cesspool, *n.* (સે'સપુલ્) A cavity or excavation where dirty water of the privy-room accumulates. ખાળકુવો.

Cestus, *n.* (સે'સ્ટસ્) The waist-band of Venus. રતિનો કમરપટો.

Cetacia, *n.*(સેટે'શીઆ)An order of marine mammals including whales. વ્હેલ વગેરે માદા જેવા આંચળવાળાં દરીયાઇ પ્રાણી. **Cetaceous**= Pertaining to such animals.દરીયાઈ,આંચળવાળાં પ્રાણી સંબંધીનું.

Chafe, *vt.* (ચેફ્) To fret; to heat by friction. ચોળીને ઘસી નાંખવું-ઘસીને ગરમ કરવું. *vi.* to be rubbed or used up. ઘસાઈ જવું. 2. To be irritated. ચીઢાઈજવું *n.* Heat through friction. ઘસવાથી થયેલી ગરમી. [L. *calidus,* hot and *facio,* I make.]

Chafer, *n.* (ચે'ફર્) One who chafes. ઘસીને ગરમ કરનાર; ખીજવનાર; ચીઢવનાર. 2. A hot-water vessel. પાણી ગરમ કરવાનું વાસણ.

Chaff, *n.* (ચૅફ્) Husks of grain; anything of no use; a worthless thing; refuse. છાલા; કચરો; નકામી-નજીવી વસ્તુ. *vt.* to make game of; to banter. મશ્કરી કરવી; બનાવવું (used colloquially only). **Chaffer,** *n.* (ચૅફર્)= A banterer; one who makes game of someone else. મશ્કરી કરનાર; બનાવનાર.

Chaffer, *vi.* (ચૅ'ફર્) To bargain; to transact business. ભાવ ઠેરવવો; સોદો કરવો. *n.* the act of bargaining. સોદો કરવો-ભાવ ઠેરવવો તે.

Chaffery=વેપાર; લેવડદેવડ; ખરીદી.

Chaffy. *a.* (ચૅ'ફી) Full of husks (as grain &c.) છોડ-છાલાંવાળું; ફોતરાં, કસોજણવાળું.

Chaffing,*n.*(ચૅ'ફીન્ગ્) Heating by friction. ઘસીને ગરમ કરવું તે. **C. dish**=Portable grate for coals. સગડી.

Chagrin, *n.* (શૅગ્રી'ન્) Annoyance; humiliation; mortification. ગુસ્સો; ખેદ; રીસ; ચીઢ. *vt.* To irritate; to mortify; to vex. ચીઢવવું; ખીજવવું; પજવવું; ખોટું લગાડવું. *vi.* to be mortified.રીસ ચઢાવવી;ખીજવાઇ જવું;બળવું; બળવું.

Chain, *n.* (ચેઇન્) Fetters; bonds. બેડી. 2. A series of connected links. સાંકળી; સાંકળ. 3. A continuous series or line of things. હાર; માળા; લાઇન. 4. A surveying link. જમીન માપવાની સાંકળી. **C. mail**=સાંકળનું બખ્તર. *vt.* to fetter or enslave. બેડી નાંખવી; ગુલામ કરવું; પરતંત્ર કરવું. 2. To link together or bind with a chain. સાંકળીથી જોડવું; સાંકળથી બાંધવું (કોઇ પણ પ્રાણીને).**Chain-bridge**=Hanging bridge. ઝુલતો પુલ; લટકતો પુલ.

Chain-let, *n.* (ચે'ઈનલેટ) A small chain. નાની સાંકળ.

Chain-rule, *n.* (ચે'ઈનરુલ્)(In Arithmetic) The method of solving problems by the compounding of the ratios given. સાંકળરીત; ત્રિરાશિ વગેરે.

Chain-shot *n.* (ચે'ઈનશૉટ) Balls connected by links. જંજીરી ગોળો.

Chair, *n.* (ચેર્) An article of furniture consisting of a single movable seat with a back. ખુરશી. 2. A seat of office, justice or authority. હોદ્દાની માનની બેઠક-આસન. **To take the chair**=પ્રમુખપદ લેવું-સ્વીકારવું. **He was in the chair**=એ પ્રમુખ હતો. **Arm-chair**=હાથાવાળી ખુરશી. **Easy C.**= નિરાંતે પગ લાંબા કરીને બેસવાની ખુરશી. To put in the chair=પ્રમુખ તરીખે નીમવો.

Chairman, *n.* (ચે'રમૅન્) The President. પ્રમુખ; સરનશીન; સભાપતિ; અધ્યક્ષ. **C.ship**= અધ્યક્ષ-પ્રમુખપણું.

Chaise, *n.* (શેઝ્) A light two-wheeled horse-carriage. બે પૈડાવાળી નાની ઘોડાગાડી.

Chalcedony, *n.* (કૅલસે'ડૉની) A variety of quartz. ચકમકનો પથ્થર; શિવધાતુ.

Chalcographer-graphist, *n.* (કૅલકૉ'ગ્રૅફર્-કૅલકૉ'ગ્રૅફીસ્ટ્) An engraver on brass or copper. તાંબાપીતળ ઉપર નકશી કોતરનાર.

Chalcography, *n*. (કૅલ્કૉ'ગ્રફી) The science and art of engraving on copper or brass. તાંબાપીતળ ઉપર નકશી કોતરવાની કળા.

Chaldee, Chaldean, Chaldaic, *adj*. (કૅલ્ડી'-કૅલ્ડી'એન્-કૅલ્ડી'એક્) Pertaining to Chaldea or its people, Chaldea being an ancient country on the Euphrates in Asia. એશીયામાં આવેલા યુફ્રેટીસ નદી ઉપર જુના વખતમાં આવેલું કૅલ્ડીઅ રાષ્ટ્ર અથવા તેના લોકો વિષે-નું-સંબંધી.

Chalice, *n*. (ચૅ'લીસ્) A cup used in celebrating Lord's supper; a drinking cup or bowl. પવાલું; પાણી પીવાનું વાસણ; પંચપાત્ર. [L. *calix*, a cup].

Chalk, *n*. (ચૉક્) A wel-known white substance containing carbonate of lime. ચાક; સફેતો; ખડી. **By a long chalk** = લાંબે રસ્તે. **C. drawing** = ચિત્રશલાકાથી કાઢેલું ચિત્ર. **C. lime** = એક જાતની દોરી. *vi*. to write or mark with a chalk. ચાકથી લખવું-નિશાની કરવી. **To Chalk at a path** = અમુક એક કાર્યની રૂપરેખા નક્કી-મુકરર કરવો. [L. *calix*, limestone.]

Chalky, *a*. (ચૉ'કી) Consisting of or containing lime or chalk; white. ખડી-ચાકવાળું; સફેદ.

Chellenge, *n*. (ચૅ'લેન્જ્) A right or claim. હક. 2. A summons or invitation to a duel, a contest of superiority &c. હોડ; યુદ્ધનિમંત્રણ; સામા થવા આમંત્રણ. An objection taken to certain jurors in a trial by the defendant. જુરીના અમુક માણુસ સામે પ્રતિવાદીએ ઉઠાવેલો વાંધો. **C. to the array** = જુરીના દરેક માણુસ સામે પ્રતિવાદી વાંધો ઉઠાવે તે. *vt*. to invite for a trial of superiority; to defy. હોડ બકવી; યુદ્ધનિમંત્રણ આપવું. 2. To object to; to blame; to take exception to. ની સામે વાંધો ઉઠાવવો; ની ઉપર ઠપકો-દોષ-આળ મૂકવું. ની સામે વાંધો ઉઠાવવો. 3. to call in question ones sight (as that of voting &). સામા માણુસના કોઈ પણ હક સામે વાંધો ઉઠાવવો-એને એ હક નથી એમ કહેવું. *vi*. to put forth a claim. હક-માગણી કરવી; હક બતાવવો-હક્થી માગણી કરવી. [L. *calumnia*, a false accusation.]

Chalybean, *a*. (કૅલી'બીઍન્) Pertaining to an ancient people called the Chalybees. કૅલીબીઍન લોકો વિષે, ની, બાબતમાં.

Cham, *n*. (કૅમ્) The Prince of Wales of Tartary. ટાર્ટર દેશનો શાહજાદો. (2) A literary giant, esp. Dr. Johnson.

Chamber, *n*. (ચે'મ્બર્) An apartment; a hall; a retired room. એકાંત આરામ લેવાની કોટડી; ખંડ; સભાગૃહ; ઓરડી. 2. A meeting; an assembly; a coroporate body composed of the representatives of a particular profession &c. (as a chamber of commerce). સભા; મંડળ; સંસ્થા. 3. A room where the judge transacts business other than that of judging cases. જજનો પરચુરણ સરકારી કામ કરવા માટેનો ઓરડો. **Chamber of commerce** = વેપારી મંડળ; સમસ્ત વેપારી પંચ. **Chamber-council** = ગુપ્ત મંડળ. **A Chamber-counsel** = ખાનગી સલાહ આપનાર વકીલ.

Chamberlain, *n*. (ચે'મ્બરલિન્) An officer of state entrusted with the royal househola of a King. ગૃહપતિ; રાજાના મહેલનો એક મોટો અધિકારી; રાજાનો બક્ષી.

Chamber-lye, *n*. (ચૅ'મ્બરલાઈ) Urine. મુતર; પેશાબ.

Chamber-maid, *n*. (ચૅ'મ્બરમેઇડ્) A female attendant in charge of the chambers of the lady of the house. દાસી; ચાકરડી.

Chamber-practice, *n*. (ચૅ'મ્બર્પ્રૅક્ટીસ્) The habit of giving legal counsel in private only (without appearing at the courts). ખાનગીમાં કાયદાની બાબતમાં સલાહ આપવાની રીત.

Chameleon, *n*. (કૅમી'લીઑન્) An insect-eating species of lizard, noted for its ability of changing the colors of its body rapidly. કાચીડો; કાકીડો; સરડો.

Chamfer, *vt*. (ચૅ'મ્ફર્) To hollow out a groove in. અંદર નીક-ખાંચણુ કાપવી

Chamfret, *n*. (ચૅ'મ્ફ્રેટ્) A small gutter or furrow. નેર; નિક; ખાંચણુ.

Chamois, *n*. (શૅ'મી) Soft leather from deer, sheep, etc. હરણુ વગેરેનું સુંવાળું ચામડું. (૨) શૅ'મ્વાહ્-યુરોપનું પહાડી કાળીયેર.

Champ, *vi*. (ચૅમ્પ્) To bite the bit (as a horse). લગામ દાંતમાં લેવી-ચાવવી. 2. to devour with a violent action of the teeth. બરડ બરડ કરીને ચાવવું. [L. *campus*, a field].

Champagne, *n*. (શૅમ્પે'ન્) A kind of wine extracted from certain flowers. એક જાતના ફૂલનો દારૂ; શૅમ્પેન દારૂ.

Champaign, *n*. (શૅ'મ્પેન્) A plain open country. ખુલ્લું મેદાન a flat. સપાટ.

Champion, *n*. (ચૅ'મ્પિઅન્) A hero; a man of valour; one who bravely defends the cause of another. વીર પુરુષ; યોદ્ધો; બીજાની વતી લડનાર-બીજાનો બચાવ કરનાર. [L. *campus*, a field].

Chance, *n.* (ચૅન્સ્) Likelihood; possibility. બનવાનો જોગ-સંભવ-તાકડો. 2. Luck. નશીબ; કિસ્મત. 3. An accident. અચાનક બનાવ. 4. Probability. સંભવ. **To wait for one's c** =તકની રાહ જોવી. **To take one's chance**=નશીબ અજમાવવું. **To mind one's chance**=તકનો લાભ લેવો. *adv.* Occurring by chance. નશીબજોગે બનેલું. **By chance**=દૈવયોગે. *vi.* or *vt.* To occur accidentally or by luck દૈવયોગે બનવું. [L. *cado*, I fall].

Chancel, *n.* (ચૅન્સેલ્) The part of the altar where the holy communion is placed. યજ્ઞવેદિ.

Chencellor, *n.* (ચૅન્સેલર્) The highest judicial officer. ન્યાયાધીશ; ન્યાયમંદિરનો અધ્યક્ષ. **C. of a University**=વિદ્યાપીઠનો કુલપતિ; યુનીવર્સીટીનો અધ્યક્ષ. **Lord High C.**=અંગ્રેજી રાજ્યમાંનો સર ન્યાયાધીશ-મોટામાં મોટો ન્યાયાધીશ.

Chancery, *n.* (ચૅન્સરી) That division of the High Court of Justice in England presided over by the Lord High Chencellor. ન્યાયમંદિરનો એક ભાગ; સદર અદાલત.

Chancre, *n.* (શૅન્કર્) A venereal sore or cancer. સ્રીસંભોગમાં થતું ચાઠું-ચાંદી.

Chandelier, *n.* (શૅન્ડીલીઅર્) A frame or omamental support with branches to hold a number of candles at a time. (દીવાનું) ઝાડ; ઝુમર.

Chandler, *n.* (ચૅન્ડલર્) A manufacturer and seller of candles. મીણબત્તી બનાવનાર અને વેચનાર.

Chandlery, **Chandry**, *n.* (ચૅન્ડલરી-ચૅન્ડ્રી) The business of a dealer in groceries &c. પરચુરણ વેપારની ચીજો.

Chanfrin, *n.* (શૅનફ્રીન્) A horse's head. ઘોડાના માથાનો આગલો ભાગ.

Change, *n.* (ચેન્જ્) Alteration; variation; passage from one phase to another. અવસ્થાંતર; રૂપાંતર; ફેર; અદલાબદલી; ફેરફાર, *vt.* To exchange or alter. રુપાંતર-અદલાબદલ-ફેરફાર કરવો; બદલવું. **To C. hands**=ધણી બદલવા-એકના હાથમાંથી બીજાના હાથમાં જવું. *vi.* To be altered or transformed. બદલાવું.

Change, *n.* (ચેન્જ્) Small money. પરચુરણ; ખુરદો. *vt.* To give small money in return for a standard coin, as a rupee &c. નું પરચુરણ-ખુરદો આપવો.

Changeabla, *a.* (ચેન્જૅબલ્) Capable of variations; alterisig; appearing different. બદલાય એવું; જુદું.

Changeful, *a.* (ચેન્જફુલ્) Fickle. ફેરફારવાળું; અસ્થિર; ચંચળ.

Changeless *a.* (ચેન્જલેસ્) Fixed; immutable. સ્થિર; નહી બદલાય એવું; દ્રઢ; અચલ; હંમેશનું.

Changling, *n.* (ચેન્જલીન્ગ્) A fickle person. ચંચળ વૃત્તિનો માણસ. 2. A child substituted for another. બદલે મુકેલું-લીધેલું છોકરૂં.

Changer, *n.* (ચેન્જર્) One who alters. બદલનાર; ફેરફાર કરનાર. **A money-changer**=શરાફ.

Channel, *n.* (ચેનલ્) A strait. ખાડી. 2. A water-course; a canal. નહેર-નાળું; વહેળો-નીક; કાંસ; 3. Passage; way; means. માર્ગ-વાટ-રસ્તો-સાધન. *vt.* To dig a canal. નહેર-નીક ખોદવી.

Chant, *vt.* (ચૅન્ટ્) To celebrate something in a song; to sing. ગાવું-કોઈપણ વિષય વિષે ગાવું-કવિતા બોલવી. *vi.* To sing. રાગ ખેંચવો. *n.* A humming or warbling melody. ગાયન-રાગ. **To Chant praises**=ના ગુણ ગાવા.

Chanter, *n.* (ચૅન્ટર્) One who chants. રાગ ખેંચનાર પુરૂષ.

Chantress, *n.* (ચૅન્ટ્રેસ્) A female singer. રાગ ખેંચનાર સ્રી.

Chantry, *n* (ચૅન્ટ્રી) A chapel where priests sing. કીર્તન કરવાની જગ્યા; રોમન કૅથોલીક ધર્મોપદેશકોની પ્રાર્થના કરવાની જગ્યા.

Chaos, *n.* (કેઑસ) Disorder; confusion. ગોટાળો; ઘાલમેલ; ખીચડો. 2. A void. અગાધ ઊંડી જગ્યા-ખાઈ. [Fr. Gr. *cha*, to yawn].

Chaotic, *a.* (કેઑટીક) Disordered; confused. વેરણછેરણ; અસ્ત વ્યસ્ત.

Chap, *n.* (ચૅપ્) A youngster. જવાન; છોકરો. 2. One of the jaws. ડાચું; જડબું. 3. A blow. લપડાક. *vt.* To strike or split. ઠોકવું; મારવું; ચીરવું. *vi.* To be cracked. ચીર-ફાટ પાડવી.

Chape, *n.* (ચેપ્) The catch or guard of a sword or dagger. તરવારની મુઠ-અડકણ.

Chapel, *n.* (ચૅપલ્) A small Christian temple of worship attached to houses, prisons &c. દેવળ; ન્હાનું મંદિર; દહેરૂં.

Chaperon, *n.* (શૅપેરોન્) A hood. એક જાતનો ટોપ-બુરખો. 2. An elderly female escort. છોકરીઓની ઉપર દેખરેખ રાખનાર પુખ્ત ઉમરની સ્રી. *vt.* To act as a chaperon or matron to. ની ઉપર દેખરેખ રાખવી, ની સંભાળ રાખવી.

Chap-fallen, *a.* (ચૅપફૉલન્) Disappointed; dejected. ઉદાસ; ગમગીન; જુસ્સા વિનાનું; મ્હોં ઉતરેલું; દુઃખી; નિરાશ થયેલું.

Chaplain, *n.* (ચૅપ્લેન્) The pastor of a chapel. ન્હાના ખ્રીસ્તીમંદિરનો પુજારી-પાદરી.

Chaplet, *n.*(ચૅ'પ્લેટ્)A wreath to be worn on the head. ગજરો; માળા; માથામાં પેહરવાની ફૂલની વાડી.

Chapman, *n.* (ચૅ'પમૅન્) A pedlar. ફેરીઓ. 2.A buyer.ખરીદનાર.(obsolete in this sense).

Chapter,*n.*(ચૅ'પ્ટર્)An important division of a book or treatise. પ્રકરણ; અધ્યાય; પર્વ; સ્કંધ; ભાગ. 2. A society or community of clergymen. ધર્મોપદેશક લોકોની મંડળી-સંસ્થા. 3. An organised branch of some society. કોઈ સમાજની શાખા. *vt.*To reprove.ઠપકો આપવો. [L. *caput,* the head].

Char, *vt.* (ચાર્) To singe; to burn or reduce to coal. બાળીને કોયલો કરવો; બાળવું. *n.* A piece of charcoal. કોયલાનો કટકો. 2. Anything burnt. બળેલી વસ્તુ.

Character, *n.* (કૅ'રૅક્ટર્) Handwriting; letter. લખવાની-છાપવાની પદ્ધતિ-હરફ; વર્ણ; દસ્કત; અક્ષર; લીપી. 2. Distinctive qualities. વિશેષ ગુણ 3. Moral excellence. ચારિત્ર્ય;શીલ;સદ્ગુણ. 4·The qualifications, credit &c. of a person. માણસની આબરૂ-શાખ-યોગ્યતા. 5. A certified account of a servants qualifications&c. from a previous employer. ઓળખાણ; સર્ટીફીકેટ; પ્રમાણપત્ર. 6. A fictitious person in a drama or fiction. નાટકનું પાત્ર. 7. A person with peculiar traits of character. વ્યક્તી; મૂર્તિ; જુદાજ પ્રકારનો માણસ [L. *charasso,* I cut or engrave].

Characteristic-cal, *a.* (કૅ'રૅક્ટરીસ્ટીક્-કલ) Distinctive; peculiar; forming a special feature. સૂચક; દર્શક; વિશિષ્ટ; લાક્ષણિક; અમુક એક ખાસ ગુણ બતાવતું-સૂચવતું.

Characteristic, *n.* (કૅરૅક્ટરી'સ્ટીક્) A distinctive feature, quality &. ખાસીયત; ખાસ ગુણ; લક્ષણ; ખુબી.

Characterize,*vt.*(કૅ'રૅક્ટરાઇઝ્)To designate, stamp or mark out. નિશાન-ચિન્હ કરવું. 2. To distinguish by a peculiar sign, stamp &c. મુદ્રિત કરવું-કોતરવું. 3. To enumerate or distinguish the character of. ની વર્તણુક-ગુણ બતાવવા.

Charade, *n.* (શે'રાડ્) An enigma of words. શબ્દસમસ્યા-ઉખાણો.

Char-coal, *n.* (ચા'ર્કોલ્) Burnt-wood-coal. કોયલો; કોલસો. **Live C.**=દેવતા-અગ્નિ.

Chare, *n.* (ચેર્) An alley. ન્હાની શેરી.

Charge, *n.* (ચાર્જ) A trust. હવાલો; સોંપેલી વસ્તુ. 2. A load. ભાર. 3. Duty; responsibility; management, કારભાર; કામ. 4.An order. હુકમ; તાકીદ. 5. Care. ચિન્તા. 6. Expenses. ખરચ. 7. Price. કીંમત-મૂલ. 8. An accusation. આળ; તોહમત; બટ્ટો. 9. A sudden rush or attack (as of an army) હુમલો; એકદમ આગળ ધસારો. 10. The loading of a gun for firing or the material inserted at that time. બંદુક ભરવી તે; બંદુકમાં ભરેલો દારૂગોળો વગેરે *vt.* To trust; to make responsible for; to entrust. કામનો બોજો-ભાર મુકવો; કામ સોંપવું; કોઈપણ કામ ફરજ અથવા ટ્રસ્ટ તરીકે માથે નાંખવું-સોંપવું. 2. To order. હુકમ કરવો. 3. To price goods at a certain rate.અમુક કીંમત રાખવી.4.To debit. ખાતે લખવું-ઉધારવું. 5. To fill with gunshot; to load. બંદુકનો ભાર ભરવો. 6. To assume as a sign. ચિન્હ તરીકે ધારણ કરવું.

Chargeable, *a* (ચા'ર્જેબલ્) Liable. જોખમદાર. 2. Capabale of being charged. ઉપર મુકવા-રાખવા જોગ.

Charger, *n.* (ચા'ર્જર્) A war-horse. લડાઇનો ઘોડો. યુદ્ધાશ્વ. 2. An accuser. આળ-તોહમત મુકનાર.

Charily, *adv.* (ચૅ'રીલી) Economically; frugally. કરકસરથી. 2. Cautiously; carefully. સાવચેતીથી; સંભાળપૂર્વક; સાવધાનીથી.

Chariot, *n.* (ચૅ'રીઅટ્) A carriage of state; a war-carriage; યુદ્ધરથ; લડાઇનો રથ; સવારીનો રથ. **Charioteer**=સારથિ; રથ-ગાડી હાંકનાર.

Charitable, *a* (ચૅ'રીટૅબલ્) Generous; benevolent. ઉદાર; દયાળુ; પરોપકારી. 2. Given in or pertaining to charity. ધર્માદા; ધર્માર્થ; દાન-પુણ્ય સંબંધી.

Charitably, *adv.* (ચૅ'રીટૅબ્લી) Generously. ઉદારતાથી.

Charity,*n* (ચૅ'રીટી) Benevolence; liberality. પરોપકારબુદ્ધિ; પ્રીતિભાવ; ઉદારતા. 2. Alms. દાન. 3. Large or broad-mindedness. મ્હોટું મન; ઉદારતા. 4. A benevolent action. પરોપકારનું-ધર્માદા કામ. 5. An institution whose avowed object is to help others. ધર્માદાખાતું. [L. *cerus,* dear].

Chark, *n.* (ચા'ર્ક્) Charcoal. કોયલો. *vt.* to burn to charcoal. બાળીને ખાક કરવું.

Charlatan, *n.* (શા'ર્લૅટન્) An empiric; a quack; a mounte-bank. ઉંટવૈદ;ઠગારો **Charlatanry**=ઉંટવૈદું.

Charles swain, *n.* (ચાર્લ્સ'ઝ-સ્વેન્) The Great Bear. સપ્તર્ષિ.

Charm, *n.* (ચાર્મ્) A talisman; a magic spell. તાવીજ; માદળીયું; મંત્ર; જાદુ. 2.Fascination. મોહિની. *vt.* To fascinate or bring under control by magic. મંત્રબળથી વશ-તાબે કરવું; જાદુ કરવું; મોહમાં નાખવું.

Charmer, *n.* (ચા'ર્મર) A magician. જાદુગર; મદારી. 2. A delightful and lovable person. મનરંજન કરનાર; મનમોહન.

Charming, *a.* (ચા'ર્મીન્ગ્) Fascinating; delightful; pleasing in a high degree. મનોહર, આનંદદાયક.

Charred, *a.* (ચા'ર્ડ) Burnt to charcoal. બાળીને કોયલો કરેલું-બળી ગયેલું.

Chart, *n.* (ચાર્ટ) A map or plan. નકશો; પટ; પ્લાન. 2. A document or like. સનંદ. *vt.* To draw the plan or map of. નો નકશો-પ્લાન દોરવો.

Charter; *n.* (ચા'ર્ટર) A written document bestowing a privilege, conferring a right or given as an evinence of a grant, a contract &c. સનંદ; ખતપત્ર; હક બતાવનાર દસ્તાવેજ. *vt.* To prove or establish by charter. સનંદ-ખતપત્રથી સ્થાપવું-સાબીત કરવું. **Charterd** =ખાસ હક્ક ધરાવનાર; સનંદી. **C. party**=માલ લઈ જવા માટે વહાણના માલીક સાથેનો કરાર.

Char-woman, *n.* (ચા'રવુમન્) A female labourer hired for odd work. મજુરણ; પરચુરણ કામ માટે રોકેલી સ્ત્રીમજુર.

Chary, *a.* (ચૅ'રી) Cautious; careful. સાવચેત; સાવધાન. 2. Frugal; sparing; economical. કરકસરી. [A. S. *caerig*, full of care.]

Chase, *n.* (ચેઈઝ્) An open hunting-ground. મૃગયાભૂમિ; શીકારગાહ. 2. The act of ursuing the quarry in a hunt. મૃગયા. 3. The hunted animal. શીકાર *vt.* to hunt. નો શીકાર કરવો 2. To follow with eagerness or desire. નો કેડો લેવો-ની પાછળ પડવું.

Chaser, *n.* (ચે'ચ્ઝર) One who hunts or pursues something very eagerly. શીકારી; કોઈપણ બાબતની પાછળ પડનાર માણસ.

Chasm, *n.* (કૅઝમ્) An abyss; a cleft; a gap. પોલ; ઉંડી ફાટ; ચીર. [Gr. *chaino*, I gape].

Chasmy, *a* (કૅ'ઝમી) Abounding in abysses ઉંડી ફાટો-ચીરાવાળું; ખોવાળું.

Chaste, *a.* (ચેસ્ટ્) Unpolluted or pure in mind or body. શુદ્ધ; પવિત્ર; નિર્મળ; પતિવ્રતા; સતી. [L. *castus.*]

Chasten, *vt.* (ચે'સન્) To free from blemish, error &c. દોષમુક્ત કરવું; સુધારવું. 2. To inflict corrective punishment. સુધારો થાય એ હેતુથી શિક્ષા કરવી. 3. To purify. શુદ્ધ કરવી. [L. *castus*, pure].

Chasteness, *n.* (ચે'સ્ટનેસ્) Purity; chastity. પાતિવ્રત્ય; સતીત્વ; નિર્દોષતા; નિર્મળતા; શુદ્ધતા.

Chastise, *vt.* (ચૅસ્ટા'ઇઝ્)To inflict corrective punishment. શિક્ષા કરવી. 2. To flog, 3. To purify. ફટકા મારવા. To purify. શુદ્ધ કરવું. **Chastisement**=શિક્ષા; સજા.

Chastity, *n.* (ચૅ'સ્ટીટી) Moral or physical purity; stainlessness. પાતિવ્રત્ય; સતીત્વ; શુદ્ધતા; નિર્મળતા; નિર્દોષપણું; સતીપણું; પાકદીલી; નેકી. [L. *castus*, pure].

Chat, *vi.* (ચૅટ) To gossip; to talk lightly. ગપાટા મારવા; તડાકા મારવા. *vt.* To gossip lightly about. વિષે વાતચીત કરવી; ની વિષે ગપાટા મારવા. *n.* Idle gossip. ગપાટા, ગપસપ.

Chateau, *n.* (શૅ'ટો) A country-seat or residence; a castle.શહેર બહારનું રહેઠાણ;કીલ્લો.

Chattel, *n* (ચૅ'ટ્લ)An item of movable or immovable property. સરસામાન; જંગમ મીલકત.

Chatter, *vi.* (ચૅ'ટર)To gossip;to talk idly. ગપ્પા મારવા; તડાકા મારવા. *n* Idle talk. ગપસપ; ગપાટા.

Chatter-box, *n.* (ચૅ'ટરબૉકસ્)A talkative fellow; an idle gossip. ગપાટા મારનાર; બકબક કરનાર; લવારો કરનાર; લવારીખોર; બકવાખોર.

Chatterer, *n.* (ચૅ'ટરર્) One who chatters. ગપાટા મારનાર. 2.A kind of bird famous for its prattle. એક જાતનું અમેરિકન પક્ષી.

Chatty,*a.* (ચૅ'ટી)Conversing freely.વાતુડીયો; બકબક કરનાર; ઘણી વાતો કરનાર.

Chat-wood, *n.*(ચૅ'ટવુડ) Small sticks.લાકડાં.

Chauffeur, *n*, (શૅાફ'ર) A motorcar driver. મોટર હાંકનાર.

Cheap, *a.* (ચીપ્) Low priced. સોંઘું; સસ્તું. **Dog or damn cheep**=ઘણુંજ સસ્તુ; માટીના પાણીના મોલનું.

Cheapen, *vt.* (ચી'પન્) To make cheap; to depreciate the price of.સોંઘું-સસ્તું કરવું.*vi.*To become cheap. સોંઘું-સસ્તું થવું.

Cheaply, *adv.* (ચી'પલી) In a cheap manner; at a small price or low rate. સોંઘે ભાવે; સસ્તું; સોંઘું.

Cheapness, *n.* (ચી'પનેસ્) Smallness of price; lowness of rate. સોંઘવારી; હલકો ભાવ; સોંઘાઈ; સસ્તાઈ.

Cheat, *vt.* (ચીટ્) To beguile or deceive. છેતરવું; દગો દેવો; ઠગવું; ફસવવું. *n.* Deceit trick; fraud. કપટ; છળ; દગો; છેતર પીંડી. 2. One who deceives. છેતરનાર; દગોદેનાર; કપટ કરનાર; ઠગ; ધુતારો.

Cheating, *n.* (ચી'ટીન્ગ્) Trick; fraud. કપટ; છળ પ્રપંચ; છેતરપીંડી; ઠગાઇ, ધુતારાપણું.

Check, *n.* (ચેક્) Obstruction; stop. રોકાણ; અટકાવ. 2. A tick. હીસાબ તપાસતી વખતે યાદ રાખવા માટે કરેલી નીશાની. 3. A counter-foil.

આમું–બીજું અડધીયું. 4. A cheque or draft. ફરકો; હુંડી; ચેક. *vt.* To restrain. અટકાવવું. 2. To mark with a tick or other sign for identification. ઓળખાવવા માટે નીશાની કરવી. 3. To blame. ઠપકો આપવો. *vi.* 1. To pause or cease. રોકાવું; બંધ પડવું; થોભવું. 2. To serve as as a restraint. અંકુશ–દાબ તરીકે હોવું–કામ આવવું.

Checker, *n.* (ચે'કર્) A piece in chess. શેત્રંજમાંનું એક મોહરૂં. **C. board,**=શેત્રંજનો ચોસઠ ખાનાવાળો પટ. *vt.* To adorn with or variegate with different colours. રંગબેરંગી બનાવવું; જુદા જુદા રંગ આપવા: ચિત્રવિચિત્ર બનાવવું;

Checkered, *a.* (ચે'કર્ડ્) Diversified in colours. રંગબેરંગી; 2. Crossed with lines. લીટીવાળું; પટ્ટાવાળું.

Checkers, *n.* (ચેકર્સ્) Draughts એક જાતની રમત; ડાકટ.

Check-mate, *n.* (ચે'કમેટ્)The final winning move in the game of chess. માત. **C. with a pawn**=પ્યાદેમાત. 2. Overthrow; defeat;check.હાર;પરાજય;પરાભવ;અડચણ.*vi.* To win in the game of chess. શાહેમાત કરવી. 2. To frustrate; to arrest the progress of a scheme and defeat it.હરાવવું, માત કરવું.

Cheek, *n.* (ચીક્) The side of the face below the eyes, on each side. ગાલ2. Any one of a duplicate piece of machinery. કોઈપણ સંચાકામના બે સરખા પડમાંનું એક. 3. Cool confidence; impudence (used vulgarly in these senses) ધીટ ઠઠ્ઠાપણું.

Cheep, *vi.* (ચીપ્) To chirp (as a small bird) ચું ચું કરવું. *n.* A chirp. ચું ચું કરવું તે.

Cheer, *n.* (ચીર્) Joy; jollness. આનંદ; ગંમત; ખુશી. 2. A shout or an exclamation of joy; a hurrah. હર્ષનાદ; ખુશાલીનો પોકાર. *vt.* To inspirit or gladden. રાજી કરવું; ખુશી ઉપજાવવી; આનંદ આપવો. 2. To applaud or urge on by cheers. હર્ષનાદ–ખુશાલીના પોકારથી વધાવી લેવું; હર્ષનાદ–પોકાર કરવો.

Cheerful, *a.* (ચી'રફુલ્) Happy; lively; mirthful.આનંદી;ખુશમીજાજી;સુખી;ગમતી;હસમુખો.

Cheerfully, *adv.* (ચી'રફુલી) Merrily; mirthfully. આનંદી–ગમતી રીતે; ખુશમીજાજથી.

Cheerfulness, *n.* (ચી'રફૂલનેસ્) Mirth; joyfulness; merriness. આનંદ;ગંમત;ખુશમીજાજ.

Cheering, *adj.* (ચી'રીન્ગ્) Gladdening; making merry. આનંદ–ગંમત ઉપજાવતું; ખુશી ઉપજાવનાર; આનંદદાયક.

Cheerless, *a.*(ચી'રલેસ્)Sad.ખિન્ન;દુખી; ઉદાસ.

Cheery, *a.* (ચી'રી) Joysome; mirthful. આનંદી; ખુશમીજાજી; ગમતી.

Cheese, *n.* (ચીઝ્) A kind of fruit. એક જાતનું ફળ.2.A sweetmeat made from milk પનીર. **Cheese cake**=દહીંત્રાં; દહીંથરાં.

Chemical, *a.* (કે'મીકલ્) Relating to chemistry. રસાયણશાસ્ત્ર સંબંધી–વિષયક;શાસ્ત્રીય.

Chemicals, *n.* (કે'મીકલ્સ્) Chemical substanaces, ingredients &c. રસાયણો; રાસાયણિક વસ્તુઓ.

Chemise, *n.* (શેમી'ઝ્) A female's petticoat. સ્ત્રીઓની ચોળી.

Chemist, *n.* (કે'મીસ્ટ્) A dealer in drugs; a druggist. દવાઓ બનાવનાર અને વેચનાર. 2. One versed in the science of chemistry. રસાયનશાસ્ત્ર વિશારદ; વિજ્ઞાનાચાર્ય; રસાયણશાસ્ત્ર પ્રવીણ માણસ.

Chemistry*n.*(કે'મીસ્ટ્રી)The science relating to the properties of matter, their actions and reactions on one another &c.રસાયણશાસ્ત્ર.

Cheque, *n.* (ચે'ક્) The order of a depositor in a bank in writing asking the banker to pay the money to certain person on sight. હુંડી; બેંકનો ચેક; નાણાં મળવાની ચીઠ્ઠી.

Chequer, *vt.* (ચે'કર્) To mark with little squares or stripes of different colours. ચિત્રવિચિત્ર–લીટી અથવા ખાનાખાનાવાળું બનાવવું; રંગબેરંગી કરવું; ચોકડીઓ પાડવી. *n.* A chess-board. શેત્રંજનો પટ 2. The exchequer or national treasury. રાજ્યની તીજોરી. *adj.*—ed. વિવિધ; ચડતી પડતી વાળું.

Cherrif, *n.* (ચે'રીફ્) The prince of Mecca. મક્કાનો શાહજાદો.

Cherish, *vt.* (ચે'રીશ્) To foster; to treat with tenderness and affection. માયા–હેત દેખાડવું; લાડથી ઉછેરવું. 2. To hold dear. પ્યારૂં માનવું. 3. To treasure up; to encourage or harbour in one's mind. ખ્યાલ–વિચારને વળગી રહેવું–ઉત્તેજન આપવું.

Cheroot, *n.* (ચીરૂ'ટ્) A small cigar with both ends cut square off. તમાકુનાં પાનડાની બીડી; ચીરૂટ.

Cherry, *n* (ચે'રી) A kind of fruit-bearing tree or its nut. આલુફળ; આલુફળનું ઝાડ. 2. A kind of wine made from this fruit. ચેરીફળનો બનાવેલો દારૂ. [L. *ceraus.*]

Cherry-merry, *n.* (ચે'રીમેરી) Gift. પાનસોપારી; બક્ષીસ.

Chersonese, *n.* (ચે'સોનીઝ્) A peninsula. દ્વીપકલ્પ. [Gr. *chersos,* land & *nesos*, an island.]

Cherub, *n* (ચે'રબ્) *pl. Cherubim.* An angel. દેવદૂત; ફીરસ્તો. 2. A lovely baby. રૂપાળું-ખુબસુરત છોકરૂં.

Chess, *n.* (ચેસ્) An ingenious game played by two parties with thirty- two pieces of different forms (making an empire and named after its different officers &c) on a board divided into sixty-four squares. શેત્રંજની રમત. 2. A kind of grass. એક જાતનુ ઘાસ. **Chess-man** = One of the pieces of the game of chess. શેત્રંજની રમતમાંનુ મ્હોરૂં. [P. *shah,* king.

Chest, *n.* (ચેસ્ટ્) A wooden box or coffin. લાકડાની પેટી-ખોખું; કફન; ખારદાન. 2. The thorax or the cavity of the body containing the lungs. the heart &c. છાતી. 3. Strife. કજીયો; લડાઈ. (rarely used).

Chestnut, *n.* (ચે'સ્ટનટ્) A horse of red colour. લાલ રંગનો ઘોડો. 2. A kind of fruit. એક જાતનું ફળ. 3. A bright brown colour. ચળકતો ભુરો રંગ. [L. *castanea*]

Chevalier, *n.* (શેવૅલી'ર્) A cavalry-man; a horse-man. ઘોડે સવાર. 2. A knight or cavalier. નાઈટ. **C. de industries**= ખીસા કાતરૂ.

Cheveril, *n.* (શેવેરી'લ્)A kind of soft and smooth leather.બકરીના બચ્ચાનું સુંવાળું ચામડું. 2. **A** soft nature. નમે એવો સ્વભાવ.

Chew, *vt.* (ચ્યુ) To masticate. ચાવવું. **To chew the cud**=વાગોળવું *n.* a cud. ચાવવાનો પદાર્થ.

Chicanry, Chicanery, *n.* (શીકે'નરી) Trickery; the use of mean strategems, or the unfair tricks in litigation, arguments &c. છળપ્રપંચ; કપટ; દાવ. *vi.* To use mean and underhand artifices. પ્રપંચ-પેચ કરવા.

Chich, *n.* (ચીચ્) A small pea or bean. ન્હાનો વટાણો-ચણો.

Chicken, *n.* (ચી'કન્) The young one of a hen. મરઘીનું બચ્ચું. 2. Hence a child or young one. બચ્ચું;નાદાન બચ્ચું.**C.hearted**= Timid. કાયર; બાયલો; બ્હીકણું **C. pox,**=A mild attack resembling small-pox અછબડા.

Chide, *vt.* (ચાઈડ્) To take to task; to rebuke. ધમકાવવું; ઠપકો દેવો.

Chief, *n.* (ચીફ્) The principal person; the leader; the head person; one's superior in office. આગેવાન; મુખ્ય માણસ; પટેલ; મુખ્ય કર્તા હર્તા; ઓફીસમાંનો સાહેબ 2. The main part. મુખ્ય ભાગ-અંશ. *a.* Principal; head; main; important. પરમ; મુખ્ય; ઉત્તમ; શ્રેષ્ઠ; અગ્રેસર; સૌથી મોટા-વારે દરજ્જાવાળું.

Chiefly, *adv.* (ચી'ફ્લી) In the main; principally. ઘણું કરીને.

Chieftain,*n.* (ચી'ફ્ટેન્)Leader,commander or captain. સરદાર; આગેવાન; નાયક.

Chiefship, Chieftainship, Chieftainry, *n.* (ચી'ફશીપ્-ચી'ફ્ટેનશીપ્-ચી'ફ્ટેનરી) Headmanship; the rank or office of a chieftain. નાયકપણું; સરદારી; આગેવાની.

Child, *n.* (ચાઈલ્ડ્) An offspring of the human race; a son or daughter. છોકરૂં; ફરજન; બાળક.**Spoilt C.**=વંઠેલ-બગડી ગયેલું લાડકું છોકરૂં. **To be with Child**=સગર્ભા હોવું. **Child's play**=છોકરાની રમત. **Child-bearing, Child-bed, Child—birth** = Labour; travail; parturition. સુવાવડ; પ્રસૂતિ; પ્રસવ; પ્રસવાવસ્થા.

Child-hood, *n.* (ચા'ઇલ્ડહુડ્) The state or time of being a child. બચપણ. 2. Dawn; infancy; beginning. શરૂવાત; પ્રારંભ; અરૂણોદય; આરંભ. **Second childhood**=ઘડપણ; વૃદ્ધાવસ્થા.

Childish, *a.* (ચા'ઇલ્ડીશ્) Foolish; silly; puerile. છોકરવાદી; બાળકબુદ્ધીનું; અણસમજુ; નાદાન. **Childish-ness**=છોકરવાદ-નાદાનપણું.

Child-less, *a.* (ચા'ઇલ્ડલેસ્) Without an issue. વાંઝીયું; નિઃસંતાન.

Child-like, *a.* (ચા'ઇલ્ડલાઈક્) Innocent; simple; unassuming. સાદુ; નમ્ર; ગરીબ;ભોળું.

Chiliad, *n.* (કિ'લીઅડ્) One thousand. હજાર; સહસ્ર.2. A period equal to ten centuries. હજાર વરસ; સહસ્રાબ્દી.

Chill, *n.* (ચિલ્) A cold draught. શરદી. *a.* cold;affected with cold draught. શીતળ; ઠંડું; શરદ; ટાઢ ચઢી ગયેલું, શરદીવાળું.*n.* Depression; discouragement;a throwing cold water upon. ના ઉમેદી; ધૈર્યભંગ; હર્ષભંગ. *vt.* To make cold ઠંડુ-શીતળ બનાવવું. 2. To throw cold water upon. નાઉમેદ-નાસીપાસ કરવું; ધૈર્યભંગ કરવો.

Chilli, *n.* (ચી'લ્લી) Red pepper. મરચું; લાલ મરચાં.

Chilly, *a.* (ચીલી) Shivering. cold. શરદ; શીતળ; ટાઢું.

Chime, *n.* (ચાઈમ્) Musical sound of bells. એકનાદ; એકરાગ ઘંટાવલિ. *vi.* To sing in a

musical sound as bells. એક રાગે વાગવું. 2. To say "yes"; to express assent. હા ભણવી. *vt.* To sing or ring bells &c. harmoniously એક રાગે વગાડવું. [L. *cymbalum*, a cymbal].

Chime, *n.* (ચાઈમ્) The edge of a cask. પીપની કોરાણુ કોર.

Chimera, *n.* (કિમી'રૅ) A fire-breathing monster of the Greek mythology. ગ્રીક લોકોના પુરાણનો એક અગ્નિભક્ષક કલ્પિત રાક્ષસ. Hence, 2. A mere phantasm of the imagination; a vain or idle fancy. કલ્પિત-પુરાવા વગરની વાત-વિચાર. [L. *chimaira*, a she-goat.]

Chimerical, *a.* (કિમે'રીકલ્) Imaginary; unfounded; fanciful. કલ્પિત; અસંભવિત; વૃથા, ખાલી.

Chimney, *n.* (ચીમની) An out-let or passage for allowing the smoke to go out. ધુમાડીયું. 2. A grate for fire. ચુલો. 3. Glass globes or tubes of lamps. ચીમની; ગ્લોબ. **C. money**=ચુલાવેરો.

Champanzee, (ચમ્પૅ'નઝી) A large species of apes of West Africa. પશ્ચિમ આફ્રિકા વાસી એક વાંદરાની જાત.

Chin, *n.* (ચિન્) The point of the under-jaw. હનવટી; ડાચુ; દાઢી; હડપચી.

China, *n.* (ચા'ઇનૅ) A country in Asia inhabited by the Chinese. ચીન દેશ. 2. Polished earthenware which is a speciality of china. ચીની કામ; ચિનાઇ વાસણ. **Chinaware**= ચીની કામ-ચિનાઈ વાસણ.

Chin-cough, *n.* (ચી'નકફ) A kind of severe spasmodic cough. ઉટાંટીયો; ખોખલો; સખ્ત ઉધરસ.

Chine, *n* (ચાઈન્) An animal spine. કરોડ; બરડો. *vt.* to cut the spine of or through the spine of. કરોડ-બરડામાંથી કાપવું.

Chinese, *n.* (ચા'ઇનીઝ્) A native of China. ચીનો, ચીનનો રહેવાસી-માણસ. 2. Their language ચીની ભાષા. 3. Anything pertaining to China. ચીનનું-વિષયી-સંબંધી.

Chink, *n.* (ચિન્ક) A fissure; a gap. ચીરો. *vt.* to make a gap in; to rend. માં ચીરો પાડવો. 2. To fill up the gaps of. ની ફાટો-ચીરો કચરાથી ભરવી-પુરી દેવી. **To chink a wall**=ભીંતની સાંધ બીડવી.

Chink, *n.* (ચીન્ક) Clanging metallic sound. ખણખણાટ; રણકારો. 2. Cash; money. રોકડ; પૈસો. *vt.* to make a clanging metallic sound. ખણખણ વાગવું.

Chinky, *a.* (ચી'ન્કી) Full of rents, gaps or fissures. ગેપવાળુ; ફાટેલું; ચીરાવાળું; ફાટવાળું.

Chintz, *n* (ચી'ન્ટ્ઝ) Coloured and printed cotton cloth. છીંટ; સુતરાઉ રંગીન અને છાપેલું કાપડ.

Chip, *vt.* (ચિપ્) To hew or cut into small pieces. ચીપ કાઢવી-ઉતારવી. *vi.* to fly into small pieces. ચીપ ઉખડવી-નીકળવી; છોડીયાં ઉખડી જવાં. *n.* A small piece of wood, stone &c. cut off by a sharp instrument. ચીપ. **A chip of the old block**=મા કે બાપને મળતું છોકરૂં.

Chirm, *vt.* (ચર્મ્) To chirp in a melancholy manner (as a captive bird). ઉદાસીન અવાજ કરવો (પક્ષીને પેઠે).

Chirographer, *n.* (ચી'રોગ્રૅફર્) A palmist; a fortune teller or astrologer. સામુદ્રિક; જોષી; હાથ જોનાર. 2. One who teaches the art of writing. લેખનકલા શીખવનાર.

Chirograph, *n.* (ચી'રોગ્રાફ) A deed, instrument or writing. દસ્તાવેજ; લખાણ.

Chirology, *n.* (ચી'રૉલૉજી) The deaf-mute language of signs. કરપલ્લવી ભાષા. [Gr. *cheir*, a hand & *logos*, a science.]

Chiromancer, *n.* (ચી'રૉમૅન્સર્) A palmist; an astrologer. સામુદ્રિક જાણનાર; હસ્તરેખા પરીક્ષક.

Chiromancy, *n.* (ચી'રૉમૅન્સી) Palmistry; astrology. સામુદ્રિક શાસ્ત્ર; હસ્તલક્ષણવિદ્યા. [Gr. *cheir*, the hand & *mantus*, divination.]

Chirp, *vt.* (ચર્પ્) To make a shrill sharp sound like sparrows. ચકચક-ચીંચીં કરવું. *n.* Such a sound made by sparrows. ચીંચીં-ચકચક.

Chirrup, *vt.* (ચી'રપ્) To chirp. ચીંચીં કરવું-ચકચક કરવું. *n.* A chirp. ચીંચીં-ચકચક.

Chirugeon, *n.* (કાઈરજન્) A surgeon. ઓપરેશન કરનાર ડાકટર; સર્જન; વાઢકાપ કરનાર વૈદ; શસ્ત્રવૈદ.

Chisel, *n.* (ચી'ઝલ્) A sharp iron instrument used in cutting wood, &c. ફરસી, વિંધણું; ટાંકણું. *vt.* to act or fashion with a chisel. ચીરવું; કોરવું; ફરસીથી કોતરી કાઢવું.

Chit, *n.* (ચીટ્) A child. બચ્ચું. 2. A young and pert girl. ઉચ્છૃંખલ-ઉદ્દામ છોકરી. 3. A sprout or shoot. ફણગો; પેશી. 4. A very short note. ચીઠ્ઠી.

Chit-Chat, *n.* (ચીટ-ચૅટ) Prattle; familiar or trifling talk; gossip. તડાકા; ગપાટા; ઢંડા પ્હોરની વાતો.

Chivalrous-ric, *a.* (શી'વલ્રીક-શી'વલ્રસ્) Gallant; warlike; bold. સભ્ય; સાહસિક; મર્દાની;

બહાદુર; ખાનદાન; અમીરી.2. pertaining to war. લડાઈ-યુદ્ધ વિષયી-નું.

Chivalry, *n.* (શી'વલ્રી) A rank of knighthood. નાઇટની પદવી-હોદ્દો. 2. Qualities required in a knight. બાહદુરી; મર્દાનગી. ક્ષત્રિયસુજનતા. 3. Cavalry. અશ્વદળ. 4. adventures; exploits. કરામત; પરાક્રમ; કૌતુક. 5. Heroic defence of life and honour.પોતાનાં જાન અને માલનો મર્દાની બચાવ. 6. The system of knighthood; knights at the court of a king in ancient times collectively. પરાક્રમી યોદ્ધાઓ; નાઈટો.

Chives, *n.* (ચાઇવ્સ્) Cives. ફૂલના તંતુ.

Chlorodyne, *n.* (ક્લૉ'રોડાઇન્) A patent medicine, made of opium, chloroform &c. and possessing the property of stopping diarrhoea. ક્લૉરોડાઇન; ઝાડા બંધ કરવાનું એક વીલાયતી ઓસડ.

Chloroform, *n.*(ક્લૉ'રોફૉર્મ્)A liquid used as an anaesthetic in surgical operations. ક્લૉરો ફૉર્મ; એક જાતની બેસુધ કરવાની અંગ્રેજી દવા.

Chock, *vt.* (ચૉક્) To wedge. ફાચર મારીને મજબુત ક૦ 2. To choke; to fill up as a cavity. ખાડો પુરવો; ખાડો ભરી કાઢવો. 3. To meet. મુલાકાત-ભેટ લેવી. *n.* A wedge. ફાચર.

Choicc, *n.* (ચૉઈસ્)The power of choosing; પસંદગી; પસંદ કરવું તે; મરજી; ખુશી; ચુંટણી. 2. the art of selection. 2. The selection; the thing chesen. પસંદ કરેલી વસ્તુ. 3. The cream or best part of anything.ઉત્તમ-સૌથી સારો ભાગ *a.* Chosen; select. સૌથી સારો; ઉત્તમ; કીમતી; વણેલું; ચુંટી કહાડેલું.

Choir, *n.* (ક્વાઈર્) A company of singers in a chorus. ગાનાર મંડળી. 2. The place of their singing. દેવળમાં ગાનારને બેસવાની જગ્યા. 3. A part of a church. ખ્રીસ્તી દેવળનો એક ભાગ. [L. *chorus*, a song.]

Choke, *vt.* (ચોક્) To throttle or strangle; to suffocate. ગુંગળાવવું. 2.To stop or block up. પુરી નાંખવું; ખીચોખીચ ભરવું.3.To suppress or hinder. અટકાવવું.4.To be affected with strong emotion. હૈયુ ભરાઇ આવવું. *n.* strangulation; suffocation. ગુંગળાટ; રૂંધામણ.

Choke-damp, *n.* (ચો'કડૅમ્પ્) Noxious suffocating vapour issuing from drains, unused well &c. ઝેરી-ખરાબ હવા.

Choler, *n.* (કૉ'લર્) Hot temper. તમોગુણ પિત્તપ્રકૃતિ; ખરાબ સ્વભાવ. 2. Anger. ચીઢ;ક્રોધ; ગુસ્સો. 3. Bile. પિત્ત. **Cholerous** = Hot-tempered. ચીઢયું; ક્રોધી; ગુસ્સાવાળુ.

Cholera, *n.* (કૉ'લેરા) A kind of malignant and often fatal disease, infectious in character, characterised by an immoderate degee of vomiting and purging and nervous prostration. કૉલેરા; મરકી; કોગળીયું.

Choleric, *a.* (કૉ'લેરીક્) Irritable; angry. તમોગુણી; ચીઢીયું; તામસી:ગુસ્સાવાળુ. 2.Pertaining to cholera. કૉલેરાના રોગનું.

Choose, *vt.* (ચુઝ્) To exercise the power of choice; to show preference for; to select. પસંદ કરવું; ચુંટી કાઢવું; પસંદ કરવાની સત્તા વાપરવી.

Chop, *vt.* (ચૉપ) To cut off into small pieces. કાપી નાંખવું; ઉરાડી દેવું; કાપવું. 2. To eat greedily. ડબોડબ ખાઈ જવું. 3. To exchange. અદલાબદલી કરવી; બદલાબદલ કરવી. 4. To interrupt. બોલતાં અટકાવવું. 5. To buy in lot. ઉચડ-સાટામાં ખરીદવું. *n.* A cutting stroke. છેદ; ઘા. 2. A slice of meat. માંસનો કટકો 3. A gap. ફાટ-ચીરો. 4. The jaws. ડાચાં; જડબાં. 5. The cheeks. ગાલ. 6. The land at each side of the mouth of a river. નદીના મુખના બે બાજુની જમીન.

Chop-fallen,*a.*(ચૉપ-ફૉલન્)Dis-appointed. નાઉમેદ-નાસીપાસ; નિરાશ થઈ ગયેલું.

Chopping, *n.* (ચૉ'પીન્ગ્) The act of cutting. કકડા કરવા તે-કાપવું તે. 2. Having tumbling waves. છોળા લેવું, ઉછળવું. **C. knife** = A big knife for cutting meat. છરો; માંસ કાપવાની મોટી છરી **Chopper** = One who minces meat; a cleaver. માંસ કાપનાર; ખાટકી.

Choral, *a.*(કૉ'રલ્)About a choir or chorus. ગાયક મંડળોનું; ગાયનનું.*n.*A chorus.સાથે ગાએલું ગાયન-ભજન.

Chord, *n.*(કૉર્ડ્) A string of a musical instrument. સતાર વગેરે વાદ્યોની તાર. 2. A straight line intersecting a circle in two and two points only. ત્રિજ્યા. *vt.* To put on a wire on a musical instrument. તાર ચઢાવવો-બાંધવો.

Chorist, *n.*(કૉ'રીસ્ટ્)A singer in a chorus. ગાયન મંડળીનો ગવૈયો; કીર્તનકાર.

Chorister,*n.*(કૉ'રીસ્ટર્) A chorist.કીર્તનકાર; ભજનમંડળીમાં ગાનાર.

Chorographer *n.* (કૉ'રૉગ્રફર્) One who draws a map of a particular district, province &c. નકશો દોરનાર-કાઢનાર.

Chorography, *n* (કૉ'રૉગ્રફી) The science or art of drawing a map of a particular district, province &c. નકશો દોરવાની કલા-શાસ્ત્ર. [Gr. *choros*, place & *grapho*, write.]

Chorogrdphist, *n.* (કો'રોગ્રૅફીસ્ટ્) A chorographer. નકશો કાઢનાર-દોરનાર.

Chorus, *n.* (કો'રસ્) A piece of musical composition sung or performed by the whole company in concert. સાથે-બધાએ મળીને ગાવાનું ગાયન.2.A company of singers singing or performing together.ગાનારમંડળ. 3. The recurring stanza of a song. ધ્રુવ;ટુંક.

Chouse, *vt.* (ચાઉસ્) To deceive. છેતરવું.*n.* A simpleton. તદ્દન સાદો-ભોળો માણસ 2.cheat. ધુતારો; લુચ્ચો; ઠગ. 3. trick. કપટ; ઠગાઈ.

Chowry, *n.* (ચાઉરી) A whisk to keep off flies. ચૌરી; ચમરી; ચમ્મર; ચામર.

Chrism, *n.* (ક્રી'ઝમ્) Holy oil. દેવાર્પણ કરેલું તેલ. [Gr. *crio*, I annoint.]

Christ, *n.* (ક્રાઈસ્ટ્) The Saviour; the founder of Christianity, Jesus Christ. ઈશુ ખ્રીસ્ત;ખ્રીસ્ત; ખ્રીસ્તી લોકોનો ધર્મસ્થાપક દેવાંશી પયગમ્બર.

Christen, *n.* (ક્રિ'સન્) To baptize. ખ્રીસ્તી ધર્મમાં લાવી નામ પાડવું.

Christendom, *n.* (ક્રિ'સનડમ્) The religion of Christ. ખ્રીસ્તી ધર્મ-મત-પંથ. 2. The body of Christians. ખ્રીસ્તી ધર્મ માનનાર લોકોનો સમૂહ 3. The aggregate part of the world believing in Christianity. ખ્રીસ્તી ધર્મમાં માનનાર મુલક-પ્રદેશ; ખ્રીસ્તી દેશો.

Christian, *n.* (ક્રિ'સ્ટ્યન્) A believer in Jesus Christ, and his religion. ઇશુ ખ્રીસ્તના મતમાં માનનાર; ખ્રીસ્તી. *a.* Pertaining to christ and his religion. યેસુખ્રીસ્ત અને તેના ધર્મ વિષે. 2. Believing in Christianity. ખ્રીસ્તી ધર્મમાં માનનાર. 3. Ecclesiastical. ધર્મ સંબંધી. **C. era**=ખ્રીસ્તી સંવત.

Christianity, *n.* (ક્રીસ્ટીઍ'નીટી) Belief in Christ and his religion. ખ્રીસ્તી ધર્મ. 2. The Christian part of the world collectively. ખ્રીસ્તી સમાજ-જનસમૂહ.

Christianise, *vt.* (ક્રી'સ્ટીઍનાઈઝ્) To convert to Christianity. ખ્રીસ્તી ધર્મમાં આણવું; વટલાવી ખ્રીસ્તી કરવું.

Christmas, *n.* (ક્રિ'સ્મસ્) The festival held by the Christian church in memory of Christ's birth, and observed annually on the 25th day of December. ખ્રીસ્તી લોકોની દીવાળી; નાતાલ. **C. box** નાતાલના નજરાણાની પેટી. **C. gifts.**=નાતાલમાં આપવામાં આવતી ભેટ.

Chromatic, *a.* (ક્રોમૅ'ટીક્) Relating to colour or to coloured inks. રંગ સંબંધી. 2. Proceeding from the smaller intervals of the scale. "સા રી ગ મ "ના ગૌણસુરમાંથી ઉદ્ભવતું. [Gr. *chromator*, colour].

Chromatics, *n.* (ક્રોમૅ'ટીક્સ્) The science of colours. રંગશાસ્ત્ર; રંગવિદ્યા; રંગ કલા.

Chronic-cal, *n.* (ક્રૉ'નીક-કલ્) About time. વેળકાળ સંબંધીનું. 2. Lasting for a long period of time. લાંબી મુદત ચાલતું;ઘણા દહાડાનું.

Chronicle, *n.* (ક્રૉ'નીકલ્) A historical account of facts or events disposed of in the order of time; history, more specially of a simple character. કાલક્રમ વૃતાંત; તવારીખ; ઇતિહાસ; આખ્યાન.

Chronological, *a.* (ક્રૉનૉલૉ'જીકલ્) Pertaining to chronolgy. કાલગણના-કાલમાન વિદ્યા સંબંધી.[L.*chronos*, time & *logos*, discourse].

Chronologer-logist, *n.* (ક્રૉ'નૉલૉજર્-લૉજીસ્ટ્)A person well-versed in chronology. કાલગણના કરનાર; કાલમાન વિદ્યા જાણનાર; કાળમાનવેત્તા; તારીખ વાર ઇતિહાસ વૃતાંત લખનાર.

Chronology. *n:* (ક્રૉનૉ'લૉજી The science of ascertaining the dates and time of past events; the computation of time for historical purposes. કાલમાન-કાલગણના વિદ્યા. [L. *chronos*, time & *logos*, discourse].

Chronometer, *n.* (ક્રૉનો'મીટર્) A watch, timepiece &c. adjusted to measure smallest intervals of time to the most exact degree. ઘડીયંત્ર; ખગોળવિદ્યા માટે વપરાતું ઘણું ચોકસ ઘડયાળ; કાળમાન.

Chrysalis, *n.* (ક્રી'સૅલીસ્) The grub state of certain insects like the silk-worm. કોશસ્થ દશા; કોશીટો; કોશવો.[Gr.*chrusos*,gold].

Chrysolite, *n.* (ક્રી'સોલાઇટ્) A gem of yellowish or greenish colour. not very valuable. લસણીયો. [Gr. *chrusos* gold and *litho*, stone].

Chrystal, *n.* (ક્રી'સ્ટલ્) A crystal; glass. બીલોર; કાચ.

Chub, *n.* (ચબ્) A carp—a kind of fish. કાર્પ જાતની એક માછલી.

Chubby, *a.* (ચ'બી) Like a chub.ગાંઠા જેવું.

Chuck, *vt.* (ચક્) To chick મરઘીની માફક બોલવું. *n.* To call of a hen. મરઘીનો અવાજ.

Chuck, *vt.* (ચક્) To throw off quickly. ઝડપથી ફેંકી દેવું. *n.* A jack or clamp. પકડ; મુઠ; ચાંપ. 2. A slight touch on the chin. દાઢીમાં હાથ ઘાલવો તે. 3. A gentle throw. ધીમેથી ફેંકવું તે.

Chuckle, *vt.* (ચ'કલ્) To make a chuckling noise like a hen. મરઘીની માફક બોલવું-અવાજ કાઢવો. *vi.* To laugh in a suypressed broken manner. મનમાંને મનમાં-ગાલમાં ધીમેથી હસવું; હસી કાઢવું.

Chuff, *n.* (ચફ્) A dullard. ગામડીઓ; ઠોઠ; મુરખો. *a.* surly. ચીઢખોર; ખીજવાઈ જાય એવું.

Chum, *n.* (ચમ્) A sharer of one's rooms or chambers. સહનિવાસી; એકજ ઓરડીમાં રહેનાર. 2. An intimate friend; a close companion. જીવજાન દોસ્ત; ખાસ દોસદાર.

Chunam, *n.*(ચુ'નૅમ્)Quick-lime.ચુનો;કળી ચુનો.

Church, *n.* (ચર્ચ) A Christian place of worship.ખ્રીસ્તી લોકોનું દેવળ.2.A body of believers in a particular form of Christian worship. અમુક એક ખ્રીસ્તી પંથનો સમુદાય. 3. Chritians collectively.ખ્રીસ્તી સમાજ.4.The ecclesiatical officers of the church of England. પાદરી વર્ગ **Church of England**=અંગ્રેજ લોકોનો રાજધર્મ.**The church and the state**= ધર્મસત્તા અને રાજસત્તા.**Church man**=પાદરી; ચર્ચમાં જનાર માણસ. **C. yard**=the place where persons are buried. કબ્રસ્થાન; દફનગાહ.

Churl, *n.* (ચર્લ્) A rustic labourer.મજુરીયો. 2.A miser;a niggard.કંજુસ માણસ;મખ્ખીચુસ. 3. An ill-bred or mannerless fellow. જંગલી માણસ; અસભ્ય-વિનયહીન માણસ.

Churlish, *a.*(ચ'ર્લિશ્)Ill-bred; mannerless. જંગલી; અસભ્ય; વિનયહીન. 2. Unyielding. જીદ્દી; હઠીલું. 3. Miserly. કંજુસ.

Churn, *n.* (ચર્ન) A vessel of beating milk into butter વલોણું ગોળી **C, rope**= નેતરૂં; નેતરાં. *vi.* To stir for making into butter. માખણ બનાવવા માટે છાસ વલોવવી. **Churning**=વલોણું; વલોવવું તે. (2) એક ટંકે ઉતરેલું માખણ. **C. staff**=વલોણાનો વાંસ; રવૈયો; વલોણું; રવાઇ.

Chyle, *n.* (કાઈલ્) The milky and nutritive extract of food, running through the blood. અન્નરસ. [Gr. *chulos*, juice].

Chylifactive, *a.* (કા'ઈલીફૅકટીવ) Being converted into chyle;nutritious. અન્નરસકારક; પૌષ્ટિક.

Chyme, *n.* (કાઈમ્) The pulpy mass of food partially digested. આમરસ; અન્નરસ.

Cicade, *n.* (સિકે'ડે) An insect of the locust tribe. તીડ.

Cicatrix, *n.* (સિ'કૅટ્રીક્સ) A scar. ચાંદું; ચાઢું.

Cicatrize, *vt.* (સી'કૅટ્રાઈઝ્) To heal up. રૂઝવવું. *vi*, To be healed up. રૂઝવું.

Cicerone. *n.* (સીસીરો'ન્) A guide or a personal conductor of a tourist. રસ્તો બતાવનાર; માહીતગાર; ભોમીયો [L. *cicero*, the Roman Orator].

Cidevant, *a.* (સીડેવાન્) Preceding. પેહલાનું; પાછળનું; આગળનું.

Cider, *n.* (સા'ઈડર્) A kind of intoxicating drink made from apple-juice. એક જાતનુ પીણું-દારૂ; શેબફળનો રસ.

Cigar, *n.* (સીગાર્) A cigarette made of the leaves of tobacco. સીગારેટ; તમાકુના પાંદડાની બનાવેલી બીડી.

Cilicious, *a* (સી'લીશસ્) Hairy. વાળવાળું. [L. *cilicium*, a covering].

Cimeter, *n.* (સીમેટર્) A short sword. A long dagger. ખંજર; કટાર.

Cimmerian, *a.* (સીમ્મે'રીઅન્) Pertaining to the Cimmerian people who according to an ancient legend lived in perpetual darkness. સીમેરીયન લોકો સંબંધી-નું. 2. Hence, extremely dark. ઘણુજ અંધકારવાળું, તદ્દન પ્રકાશ રહિત.

Cinchona, *n.* (સીન્કો'ના) A kind of tree whose bark is used for medicinal purposes. સીંકોનાનુ ઝાડ અને તેની ઓસડ તરીકે વપરાતી છાલ.

Cincture, *n.* (સી'ન્કચર્) A girdle. કમરપટ્ટો.

Cinder, *n* (સી'ન્ડર્) Ashes; embers. અંગારો; તણખો; ખાખ; રાખ.

Cinnabar *n.* (સી'ન્નેબાર્) Red sulphate of mercury. રક્ત પારદ.

Cinnamon, *n.* (સી'નૅમન્) Inner bark of a tree growing in Ceylon used as a spice. તજ; દાલચીની.

Cion, *n.* (સાઈ ઓન્) See "Scion"

Cinque, *n.* (સીન્ક) The number five on dice or cards. પંજો; પાંચ; પંચકડી.

Cipher, *n.* (સા'ઈફર) Zero. શૂન્ય; મીંડુ. 2. A worthless man. નકામો માણસ-આદમી; ટકાનો માણસ. 3. A code letter or alphabet. સાંકેતિક-ગુપ્ત ભાષા; સાંકેતિક-ગુપ્ત અક્ષર. *vt.* to show by code-letters. સાંકેતિક-ગુપ્ત શબ્દથી બતાવવું. *vi.* to use code-letter. સાંકેતિક અક્ષરો વગેરે વાપરવા.

Circian, *a.* (સર્સી'ઍન્) Magical; sensually fascinating. અતિ મનોહર; ચિત્ત હારક; ભાન ભુલાવનાર. (સૌંદર્ય વગેરે).

Circle, *n.* (સર્કલ્) A plane figure bounded by a curved line which is equidistant from a fixed point in the figure itself and called centre of the circle. ગોળ; વર્તુળ.

2. A compass. ચકર; હોકાયંત્ર. 3. A series that ends where it begins. ચક્રાકાર; ઘટમાલ. 4. Company; set. ટોળી; મંડળ; સમૂહ; અમુક એક મતની વ્યક્તિઓનો સમૂહ. 5. A disc or an orb. ગોળો. *vi.* to move round and round (as birds &c) ગોળ કુંડાળામાં ફરવું; ચક્કર ચક્કર ફરવું; ચકર મારવું. **To C. in** = ઘેરી રાખવું-આંતરી લેવું.

Circuit, *n.* (સ'ર્કીટ્) An organised journey from place to place on the part of judges and other officers, in pursuance of their duties in the districts under their jurisdiction. જજની હકુમત; સરકારી નોકરે નો પોતાના ડીસ્ટ્રીક્ટમાં ફેરો-ચકર--સરકીટ 2. The measurment around something ઘેરાવો.3.The space inclosed by a circle. વર્તુલના અંદરની જગ્યા. *vt.* To cause to move round. ગોળ ફેરવવું.

Circuitous, *a.* (સ'ર્ક્યુટસ્) Indirect; round about. આડું; દીર્ઘ; શુભ; ફેરાવાળું; દ્રાવિડી પ્રાણાયમ જેવું. [L. *circum,* around and *co,* I go].

Circular, *n.* (સ'ર્ક્યુલર્) A notice &c. addressed to a number of persons &c. સર્ક્યુલર:ફેરવવાની નોટીસ;પરિપત્ર. *a.* Round; having the shape of a circle. ગોળ; કુંડાળા જેવું; વર્તુલાકારનું.

Circulate, *vt.* (સ'ર્ક્યુલેટ્) To move in a circle; to pass from hand to hand. ગોળ-ચારે બાજુ ફરવું; એક માણસ પાસેથી બીજા માણસ પાસે જવું; પરિભ્રમણ કરવું. *vi.* to cause to move in a circle or to cause to pass from hand to hand. ગોળ ફેરવવું.

Circulation, *n.* (સ'ર્ક્યુલેશન્) Currency. ચલણી-બજારમાં ચાલતું નાણું. 2. The act of moving in a circle or passing from hand to hand. ગોળ ફરવું તે; એક માણસ પાસેથી બીજા માણસ પાસે જવું તે. 3. The movement of the blood from the heart through the arteries and back again to the heart through the veins. રૂધીરાભિસરણ;લોહીની ગતિ. 4. The extent to which anything is circulated,as a book, newspaper &c.dissemination વિસ્તાર; ફેલાવો; પ્રચાર; વાંચકોની સંખ્યા (ન્યુસ-પેપર અથવા પુસ્તકની).

Circulatory, *a.* (સ'ર્ક્યુલેટરી) Moving with a circular motion. ગોળ ગતિથી ફરતું-ભ્રમણ કરતું. 2. To be circulated amongst all concerned (as an order of Govt. etc). લાગતાવળગતા તરફ મોકલી આપવાનું;પ્રચાર કરવાનું.

Circumambient, *a.* (સર્કમૅમ્બીયન્ટ્) Encircling or surrounding on all sides. ચોતરફથી ઘેરી લેતું. [L. *circum,* around and *ambio,* I go round].

Circumabulate, *vi.* (સર્કમૅમ્બ્યુલેટ) To go or walk round. પ્રદક્ષિણા-પરિક્રમા ક૦ [L. *circum,* round & *cadeo,* I walk].

Circumcize, *vi.* (સ'ર્કમસાઈઝ્) To cut off the foreskin of the infant's penis.સુન્નત કરવી-સુન્તા કરવી. [L. *circu* , round & *cædo,*I cut.]

Circumference, *n.* (સર્ક'મફરંન્સ્) The st. line enclosing a space in a circle.પરિઘ. 2. The space so enclosed. વર્તુળમંડળ; વર્તુળના અંદરની જગ્યા.[L.*circum,*round & *fero,*I bear].

Circumfluence, *n.* (સર્ક'મફ્લુઅન્સ્) An inclosure, a flowing in all sides of water. ચોતરફ ફેલાઇ જવું તે. [L. *circum,* round & *fluo,* I flow].

Circumfuse, *vt.* (સર્કમફ્યૂઝ્) To spread all round; to pour on all sides.આસપાસ ફેલાઇ જવું; ચોતરફ રેડાવું [L. *circum,* round & *fundo,* I bear.]

Circum-adjacent, *a.* (સર્કમઍડજે'સન્ટ્) Bounding or lying near by on all sides. ચોતરફ આવેલું-ફરતું પડેલું [L. *circum,* around & *faceo,* I tie.]

Circumlocution, *n.* (સર્કમલૉ'ક્યુશન્) Bombastic style af speaking.દીર્ઘસૂત્રિક ભાષણ. **C. locutory** + દીર્ઘસૂત્રિક કરવું.

Circum-navigate, *vt.* (સર્કમનૅ'વ્હીગેટ) To go round in a vessel; to sail round on all sides. જળપ્રદક્ષિણા કરવી-વહાણમાં બેસીને પ્રદક્ષિણા કરવી. [L. *circum* round & *navigo,* I navigate].

Circum-polar, *a.* (સ'ર્કમ-પોલર્) Surrounding or lying about one of the poles. પૃથ્વીના એક ધ્રુવ પાસનું-આસપાસનું-નજીકનું. [L. *circum,* round and *poles*].

Circum-rotary, *a.*(સર્કમ રો'ટરી) Whirling round and round. ગોળ ચકર ચકર ફરતું. [L. *circum,* round & *roto,* I revolve].

Circumscribe, *vt.* (સ'ર્કમસ્ક્રાઈબ્) To draw a line or lines about;(in geometry) To draw a figure about another so as to touch it without cutting its sides. ની ફરતે લીટીઓ દોરવી; ની ફરતે-ગોળ દોરવું. 2. To limit or bound. આંતરવું; ઘેરવું; હદબાંધવી.

Circumscribed, *a.*(સ'ર્કમસ્ક્રાઇબ્ડ્) Limited; bounded on all sides. સમર્યાદ; પરિમિત; ચોતરફથી બંધ કરેલું-ઘેરી લીધેલું.

Circumspect, *a.* (સ'ર્કમ્સ્પેક્ટ્) Watchful; cautious; prudent. સાવધ; ડાહ્યો; સાવધાન; કાળજીવાળો;ચોક્કસ;હોંશિયાર.**Circumspection** =સાવચેતી; હોશીયારી; સાવધાની; ચોકસાઇ; ડહાપણ. [L. *circum*, round and *specto*, I look].

Circumstance, *n.* (સ'ર્કમ્સ્ટન્સ્) An incident; an event; resultant or attendant state of things. હેવાલ; વાત; ખીના; પ્રસંગ; આસપાસની લગતી ખીના. *pl.* state of affairs; one's state or condition in life. હાલ; હેવાલ; દશા;સ્થિતિ.**Low c. s.**=ગરીબાઇ. **Affluent c. s.**=ખાઈ પીને સુખી હોવું તે. **Of easy C. s**=ચેનમાં જીંદગી ગુજારવું. [L. *circum*, around & *sto*, I stand.]

Circumstanced,*a.*(સ'ર્કમસ્ટન્સ્ટ)Situated; placed in a particular position or situation. અમુક એક સ્થિતિમાં મુકેલું.

Circumstantial,*a.*(સર્કમસ્ટૅ'ન્શલ્)Relating to certain facts or state of affairs.આસપાસની લગતી હકીકત સંબંધી-નું;અનુષંગિક 2.Incidental. આનુષંગિક. 3. Particular; minute. ઝીણું. 4. Exhibiting all the circumstances.આસપાસની હકીકતને મળતું. **C. evidence**=અનુમાનપ્રમાણ.

Circum-vallation, *n.* (સર્કમવૅલે'શન્) A line of fortifications around a besieged place. કોટબંધી; મોરચો. [L. *circum*, round and *vallum*, a rampart.]

Circumvent, *vi.* (સર્કમવે'ન્ટ) To gain advantage over by a strategem;to outwit or outreach; to deceive. યુક્તિપ્રયુક્તિથી હરાવવું-ઠગવું;પહોંચી વળવું. [L. *circum* round & *venio*, I come.]

Circumvention, *n.* (સર્કમવે'ન્શન્) Outwitting; deceit. કપટબાજી; છળપ્રપંચ; કાવાદાવા; છેતરપીંડી.

Circumvolve, *vt.* (સર્કમવૉ'લ્વ્) To cause to revolve;to put into a circular motion. ગગડાવવું; ગોળ ફેરવવું.*vi.* To revolve.ગોળ ફરવું.

Circum-vollution, *n.* (સર્કમવૉ'લ્યુશન્)A whirling or circular motion. ગગડાવવું તે; ગોળ ફરવું તે.

Circus, *n.* (સ'ર્કસ્) A place where feats of horse-manship and other acrobatic displays are performed. સર્કસ; ખેલ-તમાશા કરવાની જગ્યા. 3 A company of acrobatic performers. સર્કસમાં કામ કરનાર લોકો-સર્કસની કંપની વગેરે. [L. *circus*, a circle].

Cis, *a.* (સિસ્) Situated on this side આણી તરફનું; આ બાજુનું. **Cis-Alpine**=આલ્પ્સ પર્વતની આ બાજુનું.

Cistern, *n.* (સિ'સ્ટર્ન્) A reservoir for water. ટાંકી; કુંડ. [L. *cista*, a box.]

Citadel, *n.* (સિ'ટેડલ્) A strong-hold; a fortress. કોટ; ગઢ; કીલ્લો.

Citation, *n* (સાયટે'શન્) Summons. હાજર રહેવાનો સરકારી હુકમ. 2. The act of quoting. ગ્રંથનો ઉતારો કરવો તે; ગ્રંથમાંથી અમુક ભાગ મોઢે બોલવો તે.

Cite, *vt.* (સાઈટ્) To repeat or quote. દાખલા તરીકે રજુ કરવો; કોઈપણ ગ્રંથનો કોઈ ભાગ કહેવો. 2. To summon. અધિકારની રૂએ હાજર રહેવા ફરમાવવું.

Citizen, *n.* (સિ'ટીઝન્) An inhabitant of a city or a town; an inhabitant who enjoys the full military and political privileges of a town or country. શહેરી; શહેરવાસીના સંપૂર્ણ હક ભોગવનાર રહેવાસી.

Citizenship, *n.* (સિ'ટીઝનશીપ્) The state of being vested with the rights and privileges of a citizen. નાગરિકના હક; શહેરીના બધા હક હોવા તે.

Citric, *a.* (સિ'ટ્રીક) Made from lemon-juice. મીઠા લીંબુના રસમાંથી બનાવેલું.

Citron, *n.* (સિ'ટ્રન્) Sweet-lemon. મીઠું લીંબુ.

City,*n.*(સિ'ટી)The collective body of citizens. શહેરીઓ; નાગરિકજન; નગરવાસીઓ. 2. A large town. નગર; શહેર;

Civet, *n.*(સિ'વેટ્) A perfume extracted from the glands of the civet-cat. માર્જારકસ્તુરિકા.

Civic, *a.* (સિ'વિક્) Pertaining to a city. નાગરિક; શહેર વિષયી-સંબંધનું; શહેરને લગતું.

Civil, *a.* (સિ'વિલ્) Courteous; polite. સભ્ય; વિનયશીલ. 2 Refined; civilised. સુશિક્ષિત. 3. Civic. શહેર સંબંધી. 4. Relating to the non-military or non-foreign part of the adminstration of a country. મુલકી પ્રકરણનું. 5. Non-criminal; relating to the rights of property &c. દિવાની. **Civil war**=અંતરવિગ્રહ; એકજ દેશના લોકોની માંહોમાંહે લડાઈ-ઝગડો.

Civilian, *n.* (સિવિ'લીઅન્) One engaged in non-military pursuits; one who has passed the civil service examination and is serving in the civil administration department of a country. મુલકી ખાતામાં નોકરી કરતો માણસ; સીવીલીયન.

Civility, *n.* (સિવિ'લીટી) Courtesy. રીતભાત; સભ્યતા. 2. The state of being civilized. સુધરેલી સ્થિતિ. *pl.* The acts of politeness on meeting or in welcoming guests & others. આદરસત્કારના વિધિ.

Civilization, *n.* (સિવીલાઇઝે,'શન્) The act of civilising or the state of being civilized. સુધારો; સુધરેલી રીતભાત; કલાકૌશલ્ય તથા રહેવા કરવાની સ્થિતિમાં સુધારો; સંસ્કૃતિ.

Civilized, *a.* (સિ'વીલાઈઝ્ડ) Cultivated; refined.શિષ્ટ;સંસ્કૃત;કેળવણી પામેલું;સુધારેલું;સુધરેલું.

Civilize, *vt.* (સિ'વીલાઈઝ્) To reclaim from savage state; to refine;enlighten;to elevate in social life. રેહવા કરવાની રીતભાતમાં સુધારો કરવો;કેળવણી આપવી;સંસ્કારી કરવું.[L.*civilis*,civil.]

Civilly, *a.* (સિ'વિલ્લી) In a polite manner. સભ્યતાથી; સભ્ય રીતે; સુધરેલી રીતે. 2. In a manner relating to the civil adminstration or to the law about the private rights of citizens. દિવાની કાયદા પ્રમાણે;રાજ્યને લગતી રીતે.

Clack, *vi.* (ક્લૅક્)To make a sharp sudden sound. એકદમ તીણો અવાજ થવો.*vt.* To cause something to make such a sound. થી—નો એકદમ તીણો અવાજ કરવો.*n.*A sharp, sudden sound. એકદમ થયેલો"કટક" એમ અવાજ.

Clad, *a.* (ક્લૅડ્) Robed; clothed. વસ્ત્રવાળું; પ્હેરેલું. *vt.* to put clothes on. ને વસ્ત્ર લુગડાં પ્હેરાવવાં.

Claim, *vt.* (ક્લે,મ્) To put forth a right to. દાવો કરવો; હક કરીને માંગવું. 2. To have a right to. ની ઉપર હક હોવો-ધરાવવો 3. To assert. ભારપૂર્વક કહેવું. *n.*A right;a demand as a right. માંગણી; દાવો; હક્ક તરીકે માગણી.

Claimant, claimer, *n.* (ક્લે,'મૅન્ટ-ક્લે,'મર્) One who demands something as a right. હક તરીકે માગણી કરનાર; દાવાદાર.

Claiming, *n.* (ક્લે,'મિન્ગ્)The act of demanding some thing as ones right.હકથી માંગવું તે; હક પૂર્વક માગણી; સ્વીકાર;અંગીકાર કરવો તે.

Clairvoyance, *n.* (ક્લેરવૉ'યન્સ્) A power attributed to persons in mesmeric state, by which he discerns objects concealed from sight, tells what is happening at a distance &c. અપ્રત્યક્ષ વિષયદર્શન;અતીન્દ્રીયદર્શન;ભેદ સમજવાની શક્તિ. [L. *clarus*, clear and *video*, I see.]

Clairvoyant, *adj.* (ક્લેરવૉ'યન્ટ્) A person possessing the powers of clairvoyance. અપ્રત્યક્ષ વિષય જ્ઞાનશક્તિ ધરાવનાર વ્યક્તિ.

Clam, *vt.* (ક્લૅમ્) To clog. ચીકણા પદાર્થથી ભરવું-પુરી દેવું. *vi.* To make sticky. ચીકણું-ચીકણું કરવું.

Clamber, *vi.* (ક્લૅ'મ્બર્)To ascend or climb up with difficulty on hands and feet. હાથ પગ ટેકી ટકીને મુશ્કેલીથી ચડવું.

Clammy, *a.* (ક્લૅ'મી) Adhesive; viscious; soft and sticky. ચીકણું.

Clamourous, *a.* (ક્લૅ'મરસ્) Turbulent; noisy. ફીસાદી; ગડબડ કરનાર; ઘોંઘાટ કરનાર;તોફાની.

Clamour, *n.* (ક્લૅ'મર્) Tumult; continued loud noise. ઘોંઘાટ; ખુમાટ; અવાજ. *vt.* To make a loud noise. ઘોંઘાટ કરવો; ગડબડ કરવી 2. To make importunate demands. અમુક વસ્તુની બુમાબૂમ કરી માગણી કરવી.

Clamp, *n.* (ક્લૅમ્પ) A binder. પટો. 2. A thing for holding the screw in its place. ચાંપ. 3. A support put crosswise. મજબુત કરવાને બીજી વસ્તુની આડો મુકેલો લાકડાનો કકડો. 4. A mass of bricks heaped up for being burnt. ઈંટવાડો. *vt.* To fix with a clamp. ચાપડાવતી મજબુત કરવું.

Clan, *n.* (ક્લૅન્) A tribe. જાત. 2. A society; a clique. એકસંપી મંડળ.

Clandestine, *a.* (ક્લૅન્ડે'સ્ટિન્) Concealed; hidden. સંતાડેલું; છાનુંમાનું. [L- *clandestinus*, secret.]

Clandestinely, *adj.* (ક્લૅન્ડે'સ્ટિન્લી) In a secret or concealed manner.છાની રીતે;ગુપ્તપણે.

Clandestineness, *n.* (ક્લૅન્ડે'સ્ટિનનેસ્) The state of being concealed; secrecy. છાની રીતે-છુપી રીતે કોઈપણ કામ કરવું તે; ચોલટાપણું; ગુપચુપપણું.

Clang, *vt.* (ક્લૅન્ગ્) To cause to make a ringing, metallic sound. ખણખણાવું. *vi.* To make a metallic sound. ખણખણવું. *n.* A sharp metallic sound. ખણખણાટ.

Clanger, *n.* (ક્લૅ'ન્ગર-ક્લૅ'ન્કર્) A metallic sound. ખણખણાટ. (also "Clangour".)

Clank, *vt.* (ક્લૅન્ક્) To cause to make a metallic sound. ખણખણ કરવું. *vi.* To clang. ખણખણવું. *n.* A sharp ringing metallic sound. ખણખણાટ.

Clanship, *n.* (ક્લૅ'નશીપ્) Union into a tribe or clan. એકસંપ; એકગાંઠ.

Clansman. *n.* (ક્લૅ'ન્ઝ્મૅન્)One of a tribe. ટોળી-જાત-કુટુંબમાંનો એક માણસ.*pl.***Clansmen.**

Clap, *vt.* (ક્લૅપ્) To bring together so as to make a loud noise. અવાજ થાય એવી રીતે ઠોકવું-ધબ લઈને અથડાવવું. **To clap one's hands**=તાળી પાડવી. **To C.hold of**=એકદમ ઝડપથી ઝાલવું. **To clap a dish at the wrong door**=જ્યાં દાદ ન લાગે એવી જગ્યાએ અરજ ગુજારવી-દાદ માગવી. *n.* A sharp sudden noise. કડાકો; ઝપાટો.

Clap-trap, *n.* (ક્લૅ'પટ્રૅપ્) Bunkum; a trick or device by which one can secure applause. શાબાસી, તાળી મેળવવા સારુ કરેલું તર્કટ. *a.* Calculated to gain applause. શાબાસી મેળવવા સારૂ કરેલું.

Clarification, *n.* (ક્લૅરીફીકે,'શન્)The clearing or refining of a liquid, by chemical means. રસાયણથી શુદ્ધ કરવું તે. [L. *clarus*, clear & *facio*, I make.]

Clarified, *a.* (ક્લૅ'રીફાઇડ્) Refined; made pure. સારૂં-શુદ્ધ કરેલું. **C, butter** = ઘી.

Clash, *vt.* (ક્લૅશ્) To dash against; to come into collision with. સામસામું અફળાવવું-અથડાવવું. *n.* A collision; a loud noise resulting from it. અથડાવવું તે; અથડામણ; વિરોધ; વિરુદ્ધતા; અથડામણથી થયેલો અવાજ. **Clashing** = અથડામણ; અફળાવું; અથડાવું તે; અથડાતું. *a.* Conflicting; interfering mutually opposing. આડું; અથડાતું; વિરુદ્ધ; પ્રતિકૂળ; ઉલટું.

Clasp, *n.* (ક્લૅસ્પ્) A broad hook. ચાપડો; કડી; મ્હોળો હુક. *vt.* To embrace or clasp. બાથમાં ભીડવું; ભેટવું; આલિંગન દેવું. 2. To grasp. હાથમાં પકડવું-પકડી રાખવું. 3. To surround and cling to. બાઝવું અને ઘેરી નાખવું.

Class, *n.* (કલાસ્) A group of students, of the same standard, sitting together; the place where they sit. વર્ગ; કલાસ. 2. A large group or order of thing or persons. વર્ગ; પ્રકાર; જાત; પ્રત. *vt.* To rank or distribute; to form or arrange into classes or sets. જુદા જુદા પ્રકાર-વર્ગ પાડવા. *vi.* To be grouped into class. સમાઇ જવું; એકઠું થઈ જવું; અમુક એક વર્ગ-પ્રકાર-જાતમાં ગણાઇ જવું.

Classic, classical, *a.* (કલા'સિક્-કલા'સિકલ્) Relating to Greek or Roman literature. ગ્રીક અથવા રોમન સાહિત્ય સંબંધી. 2. Standard in literary quality; of the first or highest order. ઉત્તમ; સરસ; સર્વોત્તમ; શ્રેષ્ઠ; સરસ; પ્હેલા વર્ગનું-ખરનું; ઉચ્ચ પ્રકારનું; સાક્ષરી. *n.* A book or other literary work standard in literary quality. ઉચ્ચ પ્રકારનું પુસ્તક-ગ્રંથ; ઉત્તમ ગ્રંથ. 2. One well-versed in the best literary books. સાક્ષર; સારા પુસ્તકોનું સારૂં જ્ઞાન ધરાવનાર; ઉત્તમ ગ્રંથમાં પ્રવીણ પુરૂષ.

Classification, *n.* (કલાસીફીકે,'શન્) A distribution into a systematic and scientific arrangement into classes or other division. વર્ગીકરણ; જાતવાર રીતસર ગોઠવવું તે.

Classify, *vt.* (ક્લૅ'સીફાઇ) To divide into classes, sets or orders &c.; to systematise. જાતવાર ગોઠવવું; વર્ગ પાડવા; વર્ગીકરણ કરવું. [L. *classis*, class & *facio*, I make.]

Clatter, *n.* (ક્લૅ'ટર્) A rattling noise. ખડખડાટ. 2. A repitetion of short and abrupt rounds. ટપટપ એવો અવાજ. *vi.* To make a rattling noise. ખડખડાટ-પટપટ એવો અવાજ કરવો. 3. To prattle. લવારો કરવો.

Clause, *n.* (ક્લૉઝ્) A distinct part of contract, a will, an agreement &c. જુદોજ ભાગ-પ્રકરણ. 2. Sub-division of a sentence. અર્ધવાકય; વાકયનો ભાગ. [L. *claudo*, I shut.]

Clavical, clavicle, *n.* (ક્લૅ'વિકલ્) The collar-bone in man and the corresponding bones in other aminals. હાંસડીનું હાડકું.

Claw, *n.* (ક્લૉ) The paw of an animal covered with sharp nails. પંજો; નહોર; પંજાવાળો જાનવરનો પગ. *vt.* To tear or pull with nails. નખથી ખેંચવું-નોહોરીયાં ભરવાં. 2. To scold or rail at. ગાળો દેવી-નિંદવું. 3. To tickle. ખંજવાળવું. **To C. on the back** = ખરડો થાબડવો.

Clay, *n.* (ક્લે)Plastic and soft earth made into earthenware. ચીકણી-પીળી સંટાડી-માટી. **Potter's clay** = કુંભારકામમાં વપરાતી મંટોડી-માટી.

Clayey, clayish, *n.* (ક્લે'ઈ-ક્લે'ઈશ્)Made of or full of clay. માટીથી ભરપુર-માટીમય-માટીનું બનાવેલું.

Clay-more, *n.* (ક્લે'મૉર્)A heavy, double-edged thigh-band sword. હાઇલેન્ડરોની મોટી બે ધારવાળી તલવાર.

Clean, *a.* (ક્લીન્) Complete. પુરું. 2. Pure. નિષ્પાપ. 3. Free from dirt. કચરા વગરનું-ચોખ્ખું. 4. Correct શુદ્ધ. 5. Healthy. તનદુરસ્ત. 6. Comely; shapely. આકારશુદ્ધ; ડોળદાર; ઘાટદાર. **A Clean bill of health**, = ચેપી રોગોથી મુક્ત છે એવું સર્ટીફીકેટ-પ્રમાણપત્ર. **To make a clean breast of** = હૃદય ખોલવું; મનની વાત ખુલ્લે ખુલ્લી કહી દેવી. *adv.* Perfectly, completely. બીલકુલ *vt.* to make pure; to free from dirt. ચોખ્ખું કરવું; વાળવું; મેલ દૂર કરવો.

Cleaning, *n.* (ક્લી'નીન્ગ્) The after-birth of cows and other animals. ગાય બેટાં વગેરેની ઓર. 2. the act of freeing from dirt. ચોખ્ખું કરવું-વાળવું તે.

Cleanly, *adv.* (ક્લે'નલી) In a clean or pure manner. ચોખ્ખી રીતે-નિર્દોષપણે. *a.* Innocent; free from dirt; pure. શુદ્ધ; ચોખ્ખું;

નિર્દોષ; સાફ; નિષ્પાપ; નિષ્કલંક. 2. Dexterous; skilful. કુશલ; કાર્યદક્ષ; ચતુર.

Cleanliness, cleanness, *n.* (ક્લે'ન્લિનેસ્-ક્લી'નનેસ્) The state of being free from dirt; clearness. ચોખ્ખાઈ; શુદ્ધતા; સફાઈ.

Cleanse, *vt.* (ક્લેન્ઝ્) To free from dirt; to render clean. ચોખ્ખું કરવું; શુદ્ધ કરવું; ધોવું-મેલરહિત કરવું.

Clear, *a.* (ક્લીર્) Transparent; pure. નિર્મળ; શુદ્ધ; સ્વચ્છ. 3. Keen. તીક્ષ્ણ બુદ્ધિવાળું. 4. Quite pure. ચોખ્ખું; સાફ. 5. Plain. ખુલ્લે મુલ્લું. 6. Complete પુરેપુરૂં *adv.* Evidently; plainly. સાફ-ખુલ્લે ખુલ્લી રીતે. *vt.* To make bright or transparent. સાફ-નિર્મળ કરવું; માંજવું. 2. To make evident. ખુલ્લું-ઉઘાડું કરવું. 3. To vindicate or justify. નિર્દોષ ઠરાવવું, દોષમુક્ત કરવું. **To C. a ship at the custom-house**=ફૂરજામાંથી વહાણ હાંકવાની પરવાનગી મેળવવી. **To clear up**=સ્પષ્ટીકરણ કરવું; સમજાવવું. 4. To settle cross-accounts by the payment of difference as in the case of loans. લેવડદેવડનો હીસાબ ચુકવવો; જમે ઉધાર કરી હીસાબ ચુકતો કરવો. **To clear out**= પોલ થવું; નહાસી જવું; ચાલતી પકડવી. **To clear off**=પોલ થવું; નહાસી જવું. 2. હિસાબ ચુકતે આપવો.

Clearance, *n.* (ક્લી'રન્સ્) Permission to sail. વહાણ હંકારવાની પરવાનગી. 2. The act of making pure. સાફ કરવું તે; ચોખ્ખું કરવું તે. 3. Clear margin or profit. ચોખ્ખો નફો. 4. Sale of goods, stock &c. માલનો ઉઠાવ-ઉપાડ.

Clearly, *adv.* (ક્લી'રલી) Distinctly; plainly; explicitly. સફાઇથી; સ્પષ્ટ-ઉઘાડી રીતે; સ્પષ્ટતાથી; ચોખ્ખી રીતે.

Clearness, *n.* (ક્લી'રનેસ્) Explicitness; distinctness. સ્પષ્ટતા; સફાઈ.

Clear-sighted, *a.* (ક્લી'ર સાઇટેડ્) Perspicacious; discerning. સમજુ; ડાહ્યો; દૂરદર્શી.

Cleave, *vt.* (ક્લીવ્) To rend; to split. ફાડવું; ચીર પાડવી. *vi.* To stick closely to. વળગી રેહવું.

Cleaver, *n.* (ક્લી'વર્) A butcher's knife. કસાઈનો છરો. 2. One who cleaves. ચીર-ફાટ પાડનાર માણસ.

Cleft, *n.* (ક્લેફ્ટ્) A gap; a crack; a crevice. ફાડ; ચીર; તરડ.

Cleg, *n.* (ક્લેગ્)A flea; a horse-fly.ડાંસ;બગાઈ.

Clemency, *n.* (ક્લે'મન્સી) Gentleness or mildness of temper. નરમાશ; દયાભાવ; રહેમીયત; ભલાપણું.

Clement, *a.* (ક્લે'મન્ટ્) Gentle; merciful; mild. ક્ષમાવંત; સુશીલ; કૃપાળુ; દયાળુ; કોમળ; ભલું. [L. *clemens*, mild.]

Clergy, *n.* (ક્લર્જી) A body of Christian priests. ધર્મોપદેશક મંડળ. પાદરી વર્ગ. **C.man**= ખ્રીસ્તી ધર્મોપદેશક; પાદરી.

Clerical, *a* (ક્લે'રીકલ્) Relating to the work of a clerk. કારકુનના કામ સંબંધી-કારકુની બાબતનું; લખવાનું. 2. About the clergy. ધર્મોપદેશક લોકો સબંધી. **Clerical error**= લખવામાં-નકલ કરવામાં થયેલી ભૂલ.

Clerk, *n.* (ક્લાર્ક) A scribe; a penman. ક્લાર્ક; કારકુન. 2. A clergyman. ધર્મોપદેશક.

Clever, *a.* (ક્લે'વર્) Possessing skill, talent or ability. હોશીયાર; ચાલાક; ચતુર; અક્કલવંત.

Clew, *n.* (ક્લુ) A clue. પત્તો;પગલું;ગુંચવણમાં ખરે રસ્તે લઈ જનાર. 2. A ball of thread. દોરાનું પીલ્લું-પીંડું. *vt.* To take along the right path. રસ્તે પાડવું.

Click, *n.* (ક્લિક્) A small sharp sound. ટકટક-કટકટ એવો અવાજ. 2. A latch. આગળો; કડી. *vi.* To make a small sharp sound. ટકટક-કટકટ કરવું. *vt.* To catch hold of hastily. ઝડપથી પકડવું.

Client, *n* (ક્લા'યન્ટ્) One who employs a lawyer; one whose interests are represented by another. કુલ; અસીલ.

Cliff, *n.* (ક્લિફ્) A precipice; a steep rock. પહાડ; ઉભી કરાડ.

Climacteric, *n.* (ક્લિમૅક્ટે'રીક) Critical period of human life. જીંદગીનો અણીનો-બારીક સમય-વખત. *a.* Critical; crucial. અણીનું; બારીક.

The grand climacteric=માણુસની ઉમરનું ૬૩મું વરસ કે જેમાં સામાન્ય માન્યતા પ્રમાણે માણસની જીંદગીમાં મોટા ફેરફાર થાય છે તેમજ મોટો ભય રહે છે.

Climate, *n.* (ક્લા'ઇમેટ્) Atmospheric condition. આબોહવા; હવાપાણી. 2. A region having similar atmospheric conditions. પ્રદેશ; મુલક. [Gr. *clima*, a slope].

Climax, *n.* (ક્લા'ઇમૅક્સ્)A figure of speech in which the language rises step by step in dignity ending in some remarkable statement. સારાલંકાર; ઉત્તરોત્તરવૃદ્ધિ. 2. Fulmination; acme; the highest point. પરિસીમા; સીમા. **To cap the climax**= દરેક વસ્તુ-બાબતમાં તપી જવું.

Climb, *vt.* (ક્લાઇમ્બ્) To mount up or ascend. ઉપર ટેકાટેકીને ચઢવું.

Clime, *n.* (ક્લાઇમ્) A tract or region of the earth. દેશ;પ્રદેશ. 2. Climate. આબોહવા;હવાપાણી.

Clinch, *vt.* (ક્લિન્શ્) To fasten or set firmly together. સજ્જડ પકડવું; સખત વળ દેવો; મજબુત ચોંટાડવું. *vi.* To be fimly fastened. સજ્જડ ચોંટી જવું. **This clinched matters** =એથી તે બાબતનો અંત-છેડો આવ્યો, ટોચે ચ્હડી *n.* A holding fast. કબજો.

Cling, *vi.* (ક્લિન્ગ્) To stick closely to. વળગી રેહવું. *vt.* To wither or dry. સુકવી નાંખવું.

Clinic-cal, *a.* (ક્લી'નીક-ક્લી'નિકલ્) Pertaining to a sick-bed. માંદા માણસના સારવારની બાબતમાં. **C. lecture.**=દર્દીઓને બતાવીને તથા તેમને તપાસીને તેની સાથેજ તેમના દરદ વિષે આપેલું ભાષણ. *n.* One confined to bed. માંદો-પથારીવશ-ખાટલે પડેલો દરદી-માણસ. 2. A laboratory or school where medicine, and practical surgery are taught. વૈદશાળા; વિદ્યાર્થીઓની સમક્ષ દરદીઓની તપાસ તથા સારવાર કરીને જ્યાં દવા તથા વાઢકામ વિષે જ્ઞાન આપવામાં આવે છે એવી શાળા.

Clink, *vt.* (ક્લિન્ક્) To make a short ringing sound. ખણખણાવું. ટણ-ટાણ વગાડવું. *n.* A short ringing sound. ખણખણાટ.

Clip, *vt.* (ક્લિપ્) To shear; to cut off. કાતરવું; ટુંકું કરવું. 2. To surround. ઘેરી લેવું. 3. To embrace or hug. ભેટવું. *n.* A cutting short; shearing. કાતરવું-કાપવું તે.

Clipping, *n.* (ક્લિ'પીન્ગ્) The act of shearing. છાટણી; કાપી નાંખવું તે. 2. The act of embracing. ભેટવું-આલિંગન આપવું તે. 3. Anything cut off or sheared. કતરામણ; છાંટ; કાપલા.

Clique, *n.* (ક્લિક્) A party (of conspiratars); a set (of rascals); a cabal. સોનેરી ટોળી; શયતાન ટોળી; ચંડાળ ચોકડી. *vi.* To conspire, કાવત્રાં રચવા સારૂં ભેગા મળવું. [L. *claque*, a clique.]

Cloak, *n.* (ક્લોક્) A long loose outer garment. ઝભ્ભો; ડગલો. 2. A disguise. વેષ ધારણ કરવો તે; પડદો; બહાનું; મિષ; ડોળ. *vt.* To conceal or hide. છુપાવવું-લપાવવું.

Clock, *n.* (ક્લૉક) A wall timepiece. મોટું ઘડીયાળ; દીવાલ પર લટકાવવાનું ઘડીયાળ. **C. work**= Machinery and movement of a clock or watch. ઘડીયાળનું યંત્ર તથા અંદરની મશીનરી વગેરે.

Clod, *n.* (ક્લૉડ્) A lump of clay. ઢેફું. 2. Body made from earth. માટીની કાયા. 3. A dullard. જડબુદ્ધિનો માણસ. *vt.* To pelt with clods. ઢેફાં મારવાં. *vi.* To clot. બંધાઈ-ગંઠાઇ જવું.

Cloddy, *a.* (ક્લૉ'ડી) Full of clods ઢીફાંવાળું.

Clod-hopper, *n.* (ક્લૉ'ડહૉપર્) A dolt; a clown. ગામડીયો.

Clod-pate-poll, *n.* (ક્લૉ'ડપે,ટ-પોલ્) A blockhead; a dullard. જંગલી; ઠોઠ; મૂરખ; અક્કલહીન.

Clog, *vt.* (ક્લૉગ્) To choke up. બંધ કરી નાંખવું. 2. To burden. બોજો મુકી ભારે કરવું. 3. To perplex or confuse. અડચણ-હરકત કરવી. *vi.* To become burdened. ભારે થવું. 2. To stick. ચોંટવું *n.* A burden. ભાર. 2. A weight tied to an animal to hinder its motion. કાષ્ઠઘંટા. 3. A wooden shoe. પાવડી.

Cloister, *n.* (ક્લૉ'ઈસ્ટર્) A place inclosed or shut up; hence, a place of religious retirement; a monastery or a convent. ચોતરફથી ઘેરી લીધેલી-બંધ એવી જગ્યા; મઠ; વિહાર. *vt.* To shut up or immure in a convent. મઠમાં પુરવું. [L. *clando*, I shut].

Cloistress, *n.* (ક્લૉ'ઈસ્ટ્રેસ) A nun. આશ્રમવાસિની; મઠવાસિની.

Close, *a.* (ક્લોઝ્) Closed or shut. બંધ કરેલું. 2. Strictly confined; excluded. છાનું; એકલું; પુષ્કળ જાપ્તામાં રાખેલું. 3. Narrow. સાંકડું. 4. Secretive. રાખે એવું. 5. Thick; dense જાડું; ઘટ્ટ. 6. Brief. સંક્ષિપ્ત. 7. Near by. પાસેનું; નિકટ. 8. Short. ટુંકું; ઓછું. 9. Very intimate. ગાઢ; જીવજાન. 10. Attentive. ધ્યાન-ચિત્ત આપતું; એકાગ્ર. 11. Nearly equal. બરોબર. *adv.* In secret. ખાનગીમાં. or clandestine manner. છાની, છુપી રીતે. *vt.* To inclose or shut up. ઘેરી લેવું. 2. To shut. ઘેરી લેવું. 3. To finish. પૂરૂં કરવું. *vi.* To come together. મટવું; સંધાવું. 2. To come to an end; to be finished. પૂરૂં થવું-પાર પાડવું; અંત-છેડો આવવો. **To close with**=કબુલ રાખવું; મંજુર કરવું. **To close upon**=એકમત થવું. **To close one's eyes**=દેહ મુકવો-મરણને શરણ થવું. **To close one's lips**=હોઠમાં ને હોઠમાં ધીમે ધીમે બોલવું. *n.* The act of shutting. બંધ કરવું તે. 2. Finish; completion; end. સમાપ્તિ; પૂર્ણાહુતિ. 3. Coming to close quarters in wrestling. કુસ્તીમાં બાથ ભીડવી તે. 4. (Music) Cadence. ઉતરતો સ્વર.

Close-fisted, *a.* (ક્લો'ઝફીસ્ટેડ) Miserly; niggardly. મખ્ખીચુસ; કૃપણ; કંજુસ; બખીલ; સુમ.

Closely, *adv.* (ક્લો'ઝલી) Privately; secretly. છુપી-છાની રીતે 2. Nearly; densely. ખીચોખીચ; ઘટ્ટ, 3. With attention. ધ્યાનપૂર્વક; છાની રીતે. એકાગ્રતાથી.

Closeness, *n.* (ક્લૉ'ઝનેસ્) Narrowness; denseness. રહસ્ય; ઘટ્ટતા; ઘનતા; સંકડામણ; સંકડાસ; ઉકળાટ.

Closet, *n.* (ક્લૉ'ઝેટ્) A private room. ખાનગી ઓરડી–એકાંતમાંની ઓરડી. *vi.* To be shut up in a private room. ખાનગી ઓરડીમાં જઇ વાતચીત કરવી. *vt.* To shut up privately. ખાનગી રીતે પુરી રાખવું; સંતાડવું.

Closh, *n.* (ક્લૉ'શ્)A feet-disease of cattle. ઢોરના પગમાં થતો એક જાતનો રોગ.

Closure, *n.* (ક્લો'ઝ્યર્)The act of shutting or that which closes or shuts. અટકાવવું; બંધ કરવું, વાસવું તે; બંધ કરવામાં આવેલી વસ્તુ. 2. End. અન્ત. 3. A fence. વાડ.

Clot, *n.* (ક્લૉટ્) A mass of soft or fluid matter hardened; a coagulated mass as of blood. નરમ–ચીકણી વસ્તુની ગાંઠ. *vt.* To form into soft masses. બંધાઇ–ગંઠાઇ જવું. *vi.*To be formed into soft masses. ગંઠાયેલું–ગઠ્ઠા બાઝી ગયેલું હોવું.

Cloth, *n.* (ક્લૉથ્) A woven material or fabric. કાપડ; લુગડું. 2. Garments; dress. પોષાક; ડ્રેસ; પ્હેરવેશ. **Cloth of Gold**=જરીનું કાપડ, લુગડું.

Clothe, *vt.* (ક્લો,ધ્) To provide with clothes; to put garments on. લુગડાં પુરાં પાડવા; લુગડાં પ્હેરાવવાં. 2. To cover with clothes. કપડાં–લુગડાંથી ઢાંકવું. *vi.* To put on. કપડાં પ્હેરવાં.

Clothier, *n.* (ક્લો,'ધીઅર્) A seller or manufacturer of cloth. લુગડાં બનાવનાર; કાપડીયો; કાપડનો વેપારી.

Clothes, *n.* (ક્લો,'ધ્ઝ્) Raiment; dress. કપડાંલત્તાં; ડ્રેસ; લીબાસ; પ્હેરવેશ; **Clothes horse**=લુગડાં ભેરવવાની ઘોડી.

Clothing, *n.* (ક્લો,'ધીન્ગ્) The providing of clothes. લુગડાં પુરાં પાડવાં તે. 2. Dress. કપડાં-લત્તાં; પ્હેરવેશ. 3. The art of making clothes. કપડાં બનાવવાની કળા–નો હુનર.

Clot-poll, *n.*(ક્લૉ'ટ પૉલ્) See **"clot-pole"**

Cloud, *n.* (ક્લાઉડ્) A collection of visible vapour suspended in the air at some height from the earth in monsoon &c. વાદળું. **The clouds**=મેઘમંડળ. 2. A collection of smoke or dust &c. floating in the air. ગોટેગોટ. 3. A dark spot. કાળો ડાઘો. 4. Defeat; blemish; tarnishing. ખોડ; ડાઘ. 5. A big crowd. ટોળું. 6. The state of obscurity, darkness or gloom. અંધારૂં. 7. Anything that obscures or darkens. અંધારૂં કરનાર; ઝાંખું કરનાર; વિપત્તિ. **To be under a cloud**=કોઇના ઓહમ નીચે હોવું–કોઇની ખપ્પામરજી,ખોફ થયેલું હોવું. *vt.* To cover or overspread (as the sky) with clouds. વાદળાંથી છવાઇ લેવું–ઢાંકી નાંખવું. 2. To darken or obscure. ઝાંખું–કાળુંક૦. 3. To make gloomy. શોકાતુર–ખીન્ન ઉદાસીન કરવું. *vi.* To become darkened (as the sky) with clouds. વાદળાથી ઘેરાઈ જવું.

Cloud-capt, *a.* (ક્લા'ઉડ કૅપ્ટ્) Lofty; towering. ગગનભેદી; ગગનચુંબક; બહુજ ઉંચું; વાદળાને અડકતું.

Cloudiness, *n.* (ક્લા'ઉડીનેસ્) The state of being darkened with clouds; gloominess. વાદળાથી ઘેરાયેલું હોવું તે; અંધારૂં; અંધારી; ઘટા; ઉદાસીનતા–ખિન્નતા.

Cloudless, *a.* (ક્લાઉ'ડલેસ્) Bright; free from cloud; clear, unstained. સ્વચ્છ; વાદળા વગરનું; નિરભ્ર; ઉઘાડું; નિર્મળ.

Cloudy, *a.* (ક્લા'ઉડી)Darkened by clouds. વાદળાંવાળું. 2. Dim, lustreless. ઝાંખું;એબવાળું; તેજોહીન. 3. Gloomy. ઉદાસીન,શોકાતુર;ગૂઢ,ગહન.

Clough, *n.* (ક્લફ્) A precipice. ડુંગરમાંની કરાડ. 2. An allowance in weight. વજનમાં આપેલી છુટ–કપાત. [A. S. *cleojan.*]

Clout, *n.* (ક્લાઉટ્) A rag; a patch &c. ચામડાનો કટકો; ચીથરૂં. 2. The bull's eye of a target. નિશાનનું–ચોટનું મધ્યબિંદુ.3. A blow of the fist. મુક્કો. *vt.* to mend or patch. ચીંથરૂં ચોઢવું; કપ્પો મારવો.

Clouterly, *adv.* (ક્લા'ઉટરલી) Awk-ward; ill-formed. બેડોળ; કદરૂપું; જેવુંતેવું.

Clove, *n.* (ક્લોવ્) A kind of spice. લવિંગ. 2. A cleft. ફાટ; ચીરો.

Cloven, *a.* (ક્લો'વન્) Having clefts. ચીરેલું; ફાટેલું.

Cloven-footed, *a.* (ક્લોવનફૂટેડ્) Having clefts. બે ખરીવાળું.

Clown, *n.* (ક્લાઉન્) A buffoon or fool. વિદૂષક;મશ્કરો.2.A rustic.ગામડીયો.**Clownish** =Rustic. ગામડીયું; ગામડીયા જેવું.

Cloy, *vt.* (ક્લૉય્) To spike as cannon. તોપના કાનની અંદર ખીલો ઠોકી નકામી કરવી. 2. To fill. ભરી દેવું.

Club, *n.* (ક્લબ્)A heavy cudgel or stick. ડીંગેરો; ધોકો;ગદા;ડાંગ;સોટો.2. A suit in card. પાનાની રમતમાં કાળી, બદામ. 3. A society or association. મંડળ; ક્લબ. *vt.* To unite for a common purpose. એકઠા થવું–અમુક એક કામ માટે એકસંપ કરવો; અમુક એક કામમાં બધાએ ભાગ લેવો. 2. To cudgel. ડીંગાથી કુટવું.

Club-foot, *n.* (કલ'બફૂટ્) A short distorted foot, a result of disease. મુશલપા; બેડોળ પગ.

Cluck, *vi.* (કલક્) To make noise like that of a hen calling its chickens. મરઘીની માફક અવાજ કરવો.

Cule, (ક્યૂલ્) See. "**Clew**"

Clump, *n.* (કલમ્પ્) A grove or cluster. ઘટા; ઝુંડ. 2; **A** huge shapeless mass. લાકડાની ગાંઠ-વેઢો. *vi.* To walk heavily. ભારે પગ મુકીની ધબધબ ચાલવું.

Clumsily, *adv.* (કલ'મ્ઝીલી) Awkwardly. બેઢંગી રીતે; બેડોળ રીતે; અકુશળતાથી.

Clumsy, *a.*(કલ'મ્ઝી) Awkward; mis-shapen; ill-made. બેડોળ; ઘાટ વગરનું. 2. Benumbed or stiff. ટાઢથી ઠરી ગયેલું.

Cluster, *n.* (કલ'સ્ટર્) A bunch (of fruit) ઝુમખો. 2. A mob or a crowd. ઝુંડ; ટોળું. *vt.* To make into bunches. ઝુમખા બનાવવા. *vi.* To grow in bunches. ઝુમખે ઝુમખાં ઉગવાં-ઉગી આવવાં.

Clutch, *vi.* (કલચ્) To catch hold of something fimly with one's hand. હાથમાં સજ્જડ પકડી રાખવું. મુઠ્ઠી વાળવી. *vt.* To seize or catch hold of. ઝાલવું; પકડવું. *n.* Grasp; the act of seizing. પકડવું તે. 2. Firmly closed fist. ઘટ્ટ વાળેલી મુઠ્ઠી. 3. *Fig.* Authority; control. કબજો; સત્તા. 4. An instrument for catching hold of things &c. ચાંપ; દાબણું; પકડ; ચીપીયો.

Clutter *n.* (કલ'ટર્) Clatter; bustle. ખણખણાટ. **To C. a room**=ઓરડીમાં ચીજો આમતેમ નાંખીને ભરવી. *vi.* make a fuss over; to bustle. ધામ ધુમ-ગરબડ ધાંધલ કરી મુકવી-મચાવવી.

Clutter, *n.* (કલ'ટર્) An enema. નીચેના આંતરડામાં પીચકારીથી મારેલી દવા.

Coach, *n.* (કો,ચ્) A luxurious carriage. ગાડી. 2. Tutor to prepare students for examinations. પરીક્ષાની તૈયારી કરાવવા સારૂ રાખેલો ખાસ શિક્ષક. **Mail-coach**=ડાક-ટપાલ ગાડી. *vt.* To carry in a coach. ગાડીમાં બેસાડીને લઈ જવું. 2. To prepare a student privately for an examination. ખાનગી રીતે પરીક્ષાને માટે તૈયાર કરવું.

Coach-box, *n.* (કો,'ચ બૉક્સ્) The seat of the driver of a coach. ગાડી હાંકનારની બેસવાની જગ્યા.

Coach-man, *n.* (કો,'ચ મૅન્) The driver of a coach. ગાડીવાન; ગાડી હાંકનાર.

Coaction, *n.*(કોઍ'કશન્) Concurrent action. એકકે સાથે મળીને કરેલું કામ. 2. Compulsion; force. જબરાઈ; જબરદસ્તી; જુલમ; બળાત્કાર.

Co-active, *a.* (કોઍ'ક્ટીવ્) Acting together. એકે સાથે કામ કરતા. 2. Forced; compulsory. બળજબરીનું; જોરજુલમનું.

Co-adjument, *n.* (કો-ઍ'ડજ્યુમેન્ટ્) Mutual help or aid. અરસપરસ મદદ-સહાયતા.

Co-adjutant, *a.* (કોઍ'ડજ્યુટૅન્ટ્) Mutually helping. અરસપરસ મદદ કરતું.

Co-adjutor, *n.* (કોએ'ડજ્યુટર) A helper; an assistant. મદદનીસ-સહાયકારી.

Co-agulate, *vt.* (કોઍ'ગ્યુલેટ્) To cause to thicken like curds. આખરવું-જમાવવું. *vt.* To undergo co-agulation. જામી જવું-અખરાઈ જવું. *a.* co-agulated. જામેલું.

Co-agulation, *n.*(કોઍગ્યુલે,'શન્) A co-agulated substance. જામી ગયેલો-ઘટ્ટ બનેલો પદાર્થ. [L. *co*, together & *agulum*, I urge].

Coal, *n.* (કો,લ્) Charcoal; burnt wood turned into carbon. કોલસો; કોયલો. **A live coal or a coal of fire**= અંગારો-જીવતો કોયલો. **To carry coals to Newcastle**=હુવારવાડે સોય વેંચવા જવું. **Coal-oil**=પેટ્રોલ. *vt.* To draw with a charcoal. કોલસા વડે ચિત્ર પાડવું.2.To provide coal for. ને કોયલા પુરા પાડવા.

Coalery, *n.* (કો'લરી) Colliery.કોયલાની ખાણ.

Coalesce, *vi.*(કોએલે'સ્) To grow together. સાથે ઉગવું. 2. To associate, confederate or unite. એક સંપ કરવો; સાથે ભળવું; એક થવું.

Coalescence, *n.* (કોએલે'સૅન્સ્) Union; confederation; coalition. એકઠું ઉગવું તે-એકઠું થવું તે; એક સંપ કરવો તે. [L. *con*, together and *alesco*, I grow.]

Coalition, *n.* (કોએલિ'શન્) Combination; union. સંયોગ. 2. A confederation or union of persons, parties, nations &c. માણસોનું-પક્ષોનું-રાષ્ટ્રોનું એકસંપી થવું તે; સંઘ.

Coarse, *a.* (કોર્સ) Rough; not nice. જાડું ખરછટ. 2. Ill-mannered; rough; rude. અણુકસબી; અણઘડ; તોછડું; બેમર્યાદ; અસભ્ય.

Coarsely, *adv.*(કો'ર્સલી) Roughly; rudely. જાડી રીતે; અસભ્યતાથી, વિનયહીન રીતે.

Coarseness, *n.* (કો'ર્સનેસ્) Roughness. જાડાશ. 2. Bad manners. અસભ્યતા.

Coast, *n.* (કો,સ્ટ્) The sea-shore.સમુદ્રકીનારો. 2.The exterior limit or boundary of a country. દેશની બહારની હદ-સીમા.*vi.* To sail near the coast: કીનારે કીનારે વહાણ લઇ જવું.2. To sail

inlands. એજ દેશના એક બંદરમાંથી બીજે બંદરે જવું *vt.* To keep by the side of. ની બાજુએ રાખવું. [L. *costa*, a rib.]

Coaster, *n.* (કો,'સ્ટર્) A vessel engaged in inland trade. કીનારે કીનારે ફરતું વહાણ. 2. One who steers such a vessel. એવી રીતે વહાણ હાંકનાર માણસ.

Coat, *n.* (કોટ્) An outer garment, worn generally by men. કોટ; ડગલો; અંગરખો. *vt.* To wear or put on a coat. કોટ-ડગલો પ્હેરાવવો. 2. To spread a layer of something over something else. કોઈ પણ પદાર્થનું થર ચઢાવવું. **Coating**=પડ; થર.

Coax, *vt.* (કો,કસ્) To cajole or wheedle. પટાવવું; ફોસલાવવું; સમજાવવું. *n.* A simpleton. ભોળો માણસ. **Coaxing**=પટાવી ખાવું તે; ફોસલાવવું તે; ફોસલામણી.

Cob, *n* (કૉબ્) Head; top. શિખર; ટોચ; અણી. 2. A greedy but wealthy person. પૈસાદાર લોભી માણસ. 3. The young one of a spider. કરોળીઆનું બચ્ચું. 4. Herring fish. એક જાતની માછલી. 5. Mixed clay. ગારો. 6. A short horse. એક જાતનો ટટુ. *vt.* To shatter to pieces with a hammer.હથોડાવતી કકડે કકડા કરવા.

Cobbing, *a.* (કૉ'બિન્ગ્) Arrogant; haughty; over-proud. મગરૂર; અહંકારી; ગર્વિષ્ઠ.

Cobble, *vt.* (કૉ'બલ્) To patch or mend. જોડા શીવવા; જોડાને થીંગડા દેવા-મારવા. *n.* A fishing boat. માછલી મારવાની હોડી. 2. A large round pebble. મોટો ગોળ પથ્થર.

Cobbler, *n.* (કૉ'બ્લર્) One who patches and mends shoes. જોડાને થીંગડાં મારનાર-દેનાર; ચમાર; મોચી.

Cobra, *n.* (કો'બ્રા) A big poisonous snake found all over the world with a big hood. નાગ; ફણાવાળો સાપ. **A hood of a cobra** =ફણા; ફેણ. (નાગની).

Cob-web, *n.* (કૉ'બ-વેબ્) The web of a spider. કરોળીયાની જાળ; જાળાં. 2. A snare or net for entrapping. મોહજાળ; ફસાવવા-લલચાવવા નાંખેલી જાળ.

Cochineal, *n* (કો'ચીનીલ્)A kind of color-stuff. કરમજ.

Cochleary, *a* (કો'ક્લીઍરી) Spiral. શંખાકાર. [L. *coch-leatus*]

Cock, *n.* (કૉક્) The male-fowl. મરઘો; કુકડો. 2. A device to regulate the flow of water from a pipe. કાક; ચકલી. 3. A weather-cock. વાયુગતિસૂચક યંત્ર. 4. The hammer of a gun. બંદુકનો ઘોડો. *vt.* To look with an air of pertness. આંખો કાતરવી. 2. To draw back the cock of a gun in order to fire it. બંદુકનો ઘોડો ખેંચવો.

Cockade, *n.* (કૉકે,'ડ) A ribbon, worn by the officers of an army, in the hat. તુરો, પીછાંનો ગુચ્છો.

Cockatoo *n.* (કૉકેટૂ) A bird of the parrot kind. કાકાકઉઓ.

Cockatrice, *n.* (કૉ'કેટ્રીસ્) A huge serpent of mythological existence. એક પ્રકારનો વિકાળ સાપ.

Cock-crow, *n.* (કૉ'ક્રો) Dawn; day-break. પ્રભાતકાળ; મળસકું.

Cocket, *a.* (કૉ'કેટ્) Pert; brisk. ચાલાક; ચંચળ. *n.* A certificate form the customs authorities. કસ્ટમનુ સર્ટીફીકેટ.

Cock-eyed, *a.* (કૉ'ક-આઈડ્) Squinting. કાણું; ત્રાંસું જોનાર.

Cock-horse, *n.* (કૉ'કહૉર્સ) A toy-horse. રમવાનો ઘોડો.

Cockle, *n.* (કૉ'કલ્) A kind of shell-fish. એ છીપવાળી માછલી. **Cockle-stairs.** ગોળ ફરતો-કમાનદાર દાદર-પગથીયાં.

Cock-pit. *n.* (કૉ'ક-પિટ્) A privy council room at Westminister. વેસ્ટમીનીસ્ટરમાં ખાનગી મંડળીને બેસવાનો ઓરડો. 2. A place where cocks fight. મરઘા લડવાની જગ્યા.

Cock-roach, *n.* (કૉ'કરોચ્) A kind of insect. વાંદો; વંદો.

Cock's-comb, *n.* (કૉકસ્-કોમ્બ્) The ornamentel hood of a cock. મરઘાની કલગી-માંજર. 2. A cox-comb; a vein-glorious person. અક્કલબાજ-ફાંકડો: ઈશ્કી જવાન.

Cocoa, *n.* (કો'કો) A kind of drink. કોકો; એક જાતની દૂધમાંપીવાની વસ્તુ. 2 The tree poducing cocoa-nut. નાળીએરનું ઝાડ.

Coco-nut, *n.* (કો'કોનટ્) The fruit of the cocoa-palm. નાળીએર; શ્રીફળ.

Cocoon, *n.* (કોકૂ'ન્) The web woven by a silk-worm. રેશમના કીડાનો કોશેટો. [L. *coucha*, muscle-shell].

Cod, *n.* (કૉડ્) A cushion or pillow. ઉશીકું. 2. A pod. ફળી; શીંગ. 3. A sack or bag. થેલી; કોથળી. 4. A kind of fish from whose liver a medical oil (called cod-liver oil) is extracted. કોડ માસો-એક જાતની માછલી.

Coddle, *vt.* (કૉ'ડલ્) To make delicate by over-nursing; to pamper or fondle. અતિ લાડ કરી બાયલો બનાવવો. (છોકરાને). *n.* An over-indulged pampered being. લાડઘેલું બાળક.

Code, *n.* (કો,ડ્) Systematic collection or digest of laws. સારસંગ્રહ; કાયદાનો સંગ્રહ; સંહિતા. 2. A system of signals or arbitrary words agreed on, to be used for brevity, secrecy &c.સાંકેતિકભાષા;ગુપ્ત ભાષા;કોડ (સીગ્નલનો)

Codger, *n.* (કૉ'જર્) A greedy miser. લોભી કૃપણ માણસ

Codicil, *n.* (કો'ડીસીલ્) A supplementary will; a post-script to a will. પુરવણી મૃત્યુપત્ર-વસીયત નામું [L. *codicillus*, a codicillus, a codicil].

Codify, *vt.* (કો,'ડીફાઈ) To systematise into a code. કાયદાનો સંગ્રહ કરવો; કોડની-ગુપ્ત ભાષા બનાવવી.

Co-effeciency, *n.* (કોએફી'શીઅન્સી) Co-operation; joint effeciency, or work. એકઠા મળી કામ કરવું તે; સહકારિતા.

Co-effecient, *a.* (કોએફી'શીએન્ટ્) Cooperating; jointly effecient. સહાયકારી. *n.* A number or quantity that multiplies or measures another. ગુણક; વર્ણ.

Coeqal, *a.* (કોઈ'ક્વલ્) Of the same rank, dignity, power &c. બરોબરીનું-સરખું. *n.* An equal in rank, power &c. બરોબરીયો; સરખો માણસ. [L.*co*,together,and *aequalis*, equal].

Coerce, *vt.* (કોઅ'ર્સ) To compel or restrain by force. બળાત્કાર-જોરજુલમથી અટકાવવું-કામ કરાવવું.

Coercion, *n.* (કોઅ'ર્શન્) Forcible restraint or compulsion. દબાણ; જોરજુલમથી કામ કરવું-અટકાવવું તે; ફરજ પાડવી તે. 2. The application of moral or physical force. જોરજુલમ; બળાત્કાર.

Coercive, *a* (કોઅ'ર્સીવ્) Compulsory; compelling. જોરજુલમનું; બળાત્કારનું; પ્રતિરોધક; નિગ્રાહક; જબરાઇનું.

Co-essential, *a.* (કોઈસે'ન્શલ્) Of one essence; partaking of the same essence. એકજ મૂળતત્વનું; સમભાવવાળું-નું.

Co-etaneous, *a.* (કોએ'ટેનીઅસ્) Equal in age. સરખી ઉમરનું; એકવયી. [L. *co.* equal & *aetas*, age.]

Coeternal,*a.*(કોઈટ'ર્નલ્)Equally everlasting. અનાદિ કાળનું; સાથેનું; સમસ્થાયી.

Coeval, *a.* (કોઈ'વલ્) Contemporary; of the same age or duration. સમવયસ્ક; સમકાલીન; એકવયી. [L. *co*, equal & *oaeuum*, age.]

Co-exist, *vt.* (કોઈગ્ઝી'સ્ટ્) To exist simultaneously. એકજ વખતે-કાળે હોવું.

Co-existence, *n.* (કોએગ્ઝી'સસ્ટેન્સ્) Contemporary existence. સહવર્તમાનપણું; સમકાલીનતા; એકજ વખતે હોવું તે.

Co-existent, *a.* (કોએગ્ઝી'સ્ટન્ટ્) Contemporary. સહવર્તમાન.

Co-extend, *vt.* (કોએક્સટે'ન્ડ્) To make equally long.સરખું વધારવું.**Co-extensive**= સમવ્યાપક; સરખુંજ લાંબું.

Co-extension, *n.* (કોએક્સટે'ન્શન્) The state of being equally extended with. સમવ્યાપકતા; સમવિસ્તાર; અભિવ્યાપ્તિ.

Coffee, *n.* (કૉ'ફી) The seed of a tree used as drink. બુંદ-દાણા. 2. A drink made by boiling it with sugar and milk. કાફી. **C. house**=કાવાખાનું; હૉટેલ.

Coffer, *n.* (કૉ'ફર) A box, trunk or chest. પેટારો; પેટી; ટ્રંક; ગલ્લો. *2.* Funds or treasure; money. પૈસા; ખજાનો. *vt.* To put into a cash-box ગલ્લામાં-પેટીમાં મુકવું-સંઘરી રાખવું.

Coffin, *n.* (કૉ'ફીન્) A chest in which a corpse is placed for burial. શબપેટિકા,વાહિની. *vt.* To put into a coffin. કફનમાં મુકવું-રાખવું.

Cog, *n.* (કૉગ્) The tooth or gear of a wheel by which it drives another. ચક્રના ઘેરાપરના દાંત. *vt.* To fix gears or cogs. નાં ઉપર દાંતા બેસાડવા. 2. To cheat or deceive. (rarely used). ફોસલાવવું-છેતરવું.

Cogency, *n.* (કો,'જેન્સી) Conclusiveness; convincing or persuading power. સબળપણું; જોર; પ્રાબલ્ય; સામાના મન ઉપર અસર કરવાનું બળ-જોર.

Cogent, *a.* (કો'જન્ટ્) Conclusive;convincing. મનને સમજાવે તેવું; સબળ; ખાત્રી કરાવનાર. 2. Forcible. જોરદાર. [L. *co* & *ago*, I drive.]

Cogitate,*vi.*(કૉજી'ટે,ટ) To reflect or ponder over. ચિંતન-મનન કરવું; એકસરખો વિચાર કરવો. *vt.* To plan; to think over. મનમાં ઘોળવું; ઉપર ખુબ વિચાર કરવો; યુક્તિ રચવી. [L. *co* & *agito*, I agitate.]

Cognate, *a.* (કૉ'ગ્ને,ટ) Kindred; related to; altered by birth or blood. સગોત્રી; સંબંધી; સગું. 2. Of a like origin or formation. સરખું; સદૃશ; સજાતીય. *n.* A relation. સજાતીય-સગું. 2. One of things of like origin. સજાતીય.

Cogniac, *n.* (કૉ'ગ્નીઍક) High quality of brandy. ઉંચી જાતની બ્રાન્ડી-દારૂ.

Cognition *n.* (કૉ'ગ્નીશન્) Perception; knowledge. વિજ્ઞાન; જ્ઞાન. 2. Anything known. જ્ઞાનવિષય. [L. *con* & *gnoso*, I know.]

Cognative, *a.* (કૉ'ગ્ને,ટીવ્) Understanding; knowing or comprehending. સમજે એવું; સમજણ પડે એવું.

Cognizable, *a.*(કૉ'ગ્નીઝેબલ)Apprehensible; understandable. સમજણ પડે એવું; જાણી શકાય એવું. 2. Such as can be investigated by a court of law.કોર્ટ સાંભળી તપાસ ચલાવી શકે તેવું.

Cognizance, *n.* (કૉ'ગ્નીઝેન્સ) Understanding; knowledge. સમજ; જ્ઞાન; ચોકસી 2. Confession; acknowledgment. કબુલાત. 3. Jurisdiction. સાંભળવાનો કોરટનો અધિકાર-સત્તા.4. Recollection; recognition. સાવચેતી;યાદ-સ્મૃતિ.

Cognisant, *a.* (કૉ'ગ્નીઝેન્ટ) Knowing; having knowledge of. જાણીતું; માહીતગાર; વાકેફગાર.

Cognomen, *n.* (કૉગ્નો,'મેન) A surname. ઉપનામ; અટક; કુળનામ. [L. *con*, together and *nomen*, a name].

Cohabit, *vi.* (કોહૅ'બીટ) To live together. એકઠું-ભેગા-એક સ્થળે રહેવું. 2. To live together in marital relations;to sleep together. ભેગા સુવું; ધણી ધણીયાણી તરીકે સાથે રહેવું-સબંધ રાખવો. [L. *con* & *habito*, I dwell.]

Co-heir, *n.* (કોએ,'ર) One of two or more heirs. સહવારસ; ભાગીદાર; ભાગીયો. [L. *con*, together & *hares*, a heir].

Cohere, *vi.* (કોહી'ર) To adhere or stick together. એકઠું વળગી-જોડાઈ રહેવું. 2. To agree or suit. બંધ બેસતું આવવું; અનુકૂળ આવવું. [L. *con*, together and *hæreo*, I stick.]

Coherence-ency, *n.* (કોહી'રન્સ-રન્સી) Adhesiveness; the quality of sticking together. એકઠા વળગી-બાઝી રહેવું છે; ઘનતા. 2. Harmonious connection; connectedness; congruity; consistence.સંપ; સંગતપણું;સંબંધ; સંગતિ.

Coherent, *a.* (કોહી'રન્ટ) Adhesive. વળગી રહેતું-ચોંટી રહેતું. 2. Connected; consistent. મુનાસબ; યોગ્ય;તુટક તુટક નહિં એવી રીતે(બોલવું તે); સ્પષ્ટ રીતે.

Cohesion, *n.* (કોહી'શન) Attraction of the atoms of a body towards each other. સ્નેહાકર્ષણ. 2. Adhesiveness; close union. ચોંટી-વળગી રહેવું તે. 3. Congruity; consistence. સંબંધ; સંગતિ; સ્પષ્ટતા.

Cohesive, *a.*(કોહી'ઝીવ) Adhering together. સંબંધક; સંયોજક; ચિકણું. [L. *con*, together & *hoesum*, stuck.]

Cohort, *n.* (કો'હર્ટ) A body of 500 or 600 troops. પાંચસો-છસો સિપાઈની ટુકડી.[L.*cohors*].

Coiffure, *n.* (ક્વા'ફૂર) A wig; a head dress. ટોપી.

Coil, *n.* (કૉઈલ)To roll up in a cylindrical form. વિંટવું; ગોળ વાળવું. *n.* A roll with rings within rings. વિંટો. [L. *con*,together & *lego*, I gather.]

Coin, *n* (કૉઈન)A stamped piece of metal.નાણું; સિક્કો.2.A legal tender.ચલણી નાણું, નોટ વગેરે. *vt.* or *vi.* To stamp with the current mark (on currency); to mint. પૈસા ઉપર છાપીને સિક્કો પાડવો. 3. To invent or fabricate. કંઇ નવું શોધી કાઢવું.

Coinage, *n.* (કૉ'ઇને,જ) Stamping process of current coins. નાણાં ઉપર છાપીને સિક્કા પાડવા તે 2. Currency; coins. સિક્કા; નાણાં. 3. The charges for minting or coining. સિક્કા પાડવાનો ખરચ. 4. Invention. નવી શોધ.

Coincide, *vt.* (કોઈનસા'ઈડ) To correspond to exactly; to occupy the same area. બંધબેસતું આવવું; એકસરખી જગ્યા રોકવી;સમ હોવું. 2. To agree in opinion. એકમત થવું. [L. *con*, together & *cado*, I fall.]

Coincidence, *n.* (કોઇ'નસીડન્સ) Exact corresponding to; falling together. બેસતું આવવું તે. 2. Concurrence; agreement. સંધિ. 3. Contemporiousness. સહવર્તમાનપણું.

Coincident, *a.*(કોઈ'નસીડન્ટ)Corresponding; consistent; agreeing.સમકાલીન;મળતું,બંધ બેસતું.

Coir. *n.*(કૉઇર)The fibres of the coco-nut.કાથો.

Coition, *n.* (કોઈ'શન) Copulation; sexual intercourse. મૈથુન; સ્રીસંભોગ.

Coke, *n.* (કો,ક) Coal made from coal. કોલસાને બાળીને બનાવેલો કોલસો.

Colander, *n.* (કૉ'લૅન્ડર) A vessel with little holes at bottom used in sifting &c. ચાલણી; ગલણી. [L. *colum*.]

Cold, *a.* (કો,લ્ડ) Chilly; frigid. ઠંડું; શરદ. 2. Indifferent; unconcerned. જુસ્સા વગરનું-હોંશ વગરનું; ટાઢું. 3. Not satisfactory. અસંતોષકારક. 4. Not interesting. રસહીન; અગમ્ય. **In cold blood**=જાણીજોઇને; ખુન કરવાના ઇરાદાથી. **To give one the cold shoulder**=કોઈની સામું એ ન જોવું. *n.*Chilliness; absence of warmth. ટાઢ; શરદી. 3. (Med.) Catarrh. સળેખમ.

Cold-blooded, *a.* (કો,લ્ડબ્લ'ડેડ) Without feeling or sensibility. લાગણી વગરનું. 2. Having cold blood. ઠંડા લોહીવાળું.

Coldly, *a.* (કો,'લ્ડલી) In a cold manner. બેદીલથી; બેદરકારીથી; ટાઢી રીતે; શરદી થાય એવી રીતે.

Coldness, *n.* (કો,'લ્ડનેસ) Chilliness; absence of warmth. શીતળતા; ઠંડક. 2. Unconcern; indifference. બેદરકારી.

Colic, *n.* (કૉ'લીક્) Acute pain in the bowels. પેટશળ; ચુંક; ઉદરશૂળ. *a.* Affecting the bowels. આંતરડાંવિષયી.

Colicky, colic, colical, *a.* (કૉ'લીકી–કૉ'લીક્–કૉ'લીકલ્) About colic. ઉદરશૂળ–ચુંક સંબંધી.

Collaborator, *n.* (કૉલૅ'બોરે,ટર્) A co-worker in literary labours. સહઉદ્યોગી; સાથે લખનાર–કામ કરનાર.

Collapse, *vi.* (કૉલૅ'પ્સ્) To fall together; to close by falling together. સાથે પડવાથી દબાઈ જવું; પડી જવું; એકદમ ભાંગી જવું. 2. To come to nothing; to break down. એકદમ નિષ્ફળ–વ્યર્થ જવું. *n.* A falling in or together. એકદમ પડી જવું–ભાંગી પડવું તે. 2. A physical break-down. શારીરિક અસ્વસ્થતા; એકદમ માંદું પડવું તે. [L. *con*, together & *labor*, I fall.]

Collar, *n.* (કૉ'લર્) A coloured ring round the neck. કંઠપાશ; કાંઠલો; કંઠલો. 2 A cincture or ring. ઘેર. 3. A garment to be worn round the neck. ગલપટ્ટો; કૉલર. **To slip the collar**=પહેરામાંથી છટકી–નહાસી જવું; પોલ થવું. *vt.* To catch by the collar. ગળાથી પકડવી. [L. *collum*, the neck.]

Collar-bone, *n.* (કૉ'લર–બો,ન્) The clavicle. હાંસડીનું હાડકું; હાંસડી.

Collate, *vt.* (કૉલે,'ટ્) To confer or bestow. બક્ષીસ આપવું. 2. To contrast and compare critically. બારીકાઈથી મુકાબલો કરવો. *vi.* To bestow a benefice upon. પુરોહિત વૃત્તિમાં મૂકવું. [L. *con*, together and *latus*, carried].

Collateral, *a.* (કૉલૅ'ટરલ્) Near by; adjacent to. પાસેનું; બાજુનું. 2. Inferior or subordinate to. પેટાનું; થી ઉતરતું. 3. In addition to; additional. વધારાનું; વધતું. 4. Allied by blood. સગોત્ર; નાતાનું; પડખાનું. **C. security**= પેટા બાંહેધરી. *n.* A relation. સગો. [L. *con* & *latus*, side].

Collation, *n.* (કૉલે,'શન્) A lunch. ફળાહાર. 2. Placing together for comparison. સાથે મુકીને સરખાવવું તે.

Colleague, *n.* (કૉ'લીગ્) An ally; a partner; a co-worker; an associate. સાથી; સહકારી; સાથેકામ કરનાર માણસ. *vt.* or *vi.* To associate or unite in office with. સાથે રહીને કામ કરવું; ની સાથે મળીને કામ કરવું. [L. *co*, & *lego*, I select].

Collect, *vt.* (કૉલે'ક્ટ્) To gather together. ભેગું–એકઠું કરવું. 2. To conclude or infer from. પરિણામ તરીકે અનુમાન કરવું. 3. To demand and obtain payment of money due. પૈસા ઉઘરાવવા–વસુલ કરવા. **To collect oneself**=શુદ્ધિપર આવવું–ભાન પર આવવું. *vi.* To be gathered together. એકઠાં–જમાવ થયેલા હોવું; સંચય થયેલો હોવું. *n.* A short prayer. ટુંકી પ્રાર્થના.

Collection, *n.* (કલે'કશન્) A crowd of persons or objects. સમૂહ; સંઘ. 2. Gathering together of funds for some particular object. અમુક એક કામ માટે પૈસા ઉઘરાવવા તે. 3. Accumulation or gathering together of anything. સંગ્રહ; સમુદાય; સમૂહ; એકઠું કરવું તે.

Collective, *a.* (કલે'ક્ટીવ્) Showing an aggregate of things. સમુદાય વાચક. 2. Formed by accumulation or gathering. એકઠુંકરીને કીધેલું.

Collector, *n.* (કલે'ક્ટર્) One who gathers. જુદી પડેલી ચીજો એકઠી કરનાર માણસ. 2. An officer of the Govt. in charge of the collection of revenue &c. of a district. કલેક્ટર; વસુલાતી અધિકારી.

Collectorship, collectorate, *n.* (કલે'ક્ટરશીપ્–કલે'ક્ટરે,'ટ્) The rank, dignity or office of a collector of revenue, taxes &c. કલેક્ટરનો હોદ્દો–હુકુમત વગેરે.

College, *n.* (કૉ'લેજ્) A school of higher education. મહાવિદ્યાલય; કૉલેજ. 2. An institution or society of scholars. પંડિતસમાજ. 3. A body of men invested with certain powers. અમુક એક સત્તા–અધિકાર ધરાવતું મંડળ. [L. *con*, together and *lego*, I gather.]

Collegian, *n.* (કૉલી'જીએન્) A student studying at a college. મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી.

Collet, *n.* (કૉ'લેટ્) A small metal ring. ધાતુની નાની કડી. 2. A small collar. ન્હાનો ગલપટ્ટો. [L. *collum*, neck.]

Collide, *vi.* (કૉલા'ઈડ્) To dash against one another; to come together with a crash. સામેસામ અથડાવવું. [L. *con*, together & *ledo*, I strike.]

Collier, *n.* (કૉ'લ્યર્) A coal-miner or merchant. કોયલો ખોદી કહાડનાર; કોલસાનો વેપારી. 2. A vessel employed in coal trade. કોયલાના વેપારમાં રોકાયેલું વહાણ.

Colliery, *n.* (કૉ'લ્યરી) A coal mine. કોયલાની ખાણ. 2. The coal trade. કોયલાનો વેપાર–ધંધો.

Collision, *n.* (કૉલિ'શ્ઝન્) A dashing against one another. અથડાઅથડી. 2. Conflict; interference. વિરોધ.

Collocate, *vt.* (કૉલોકે,'ટ્) To arrange in rows. હારબંધ ગોઠવવું. [L. *con*, together & *locus*, a place.]

Collocution, *n.* (કૉલોક્યુ'શન્) Dialogue; conference. બોલચાલ; સંભાષણ; કથાપ્રસંગ; વાદવિવાદ. [L. *con*, & *loquor*, I speak.]

Colloquial, *a.* (કૉલો'ક્વીઅલ્) Used in every day speech. સાધારણ વાતચીતમાં-બોલીમાં વપરાતું. **C. words**=ઘરગતુ શબ્દો.

Colloquialism, *n.* (કૉલો'ક્વીઅલીઝમ્) An idiom of every day language. સાધારણ ભાષારૂઢિ.

Colloquy, *n.* (કૉ'લોક્વી) Dialogue between two or more men. બે અથવા વધારે માણસ વચ્ચેની બોલચાલ-વાતચીત.

Collude, *vi.* (કૉલ્યુ'ડ્) To act in concerts; to conspire together. કપટ-દગામાં સામેલ હોવું; ભેગા મળી કપટ કરવું.

Collusion, *n.* (કૉલ્યુ'શ્ઝન્) Conspiracy; action in concert. દગા-કપટમાં સામેલ હોવું તે.

Collusive-sory, *a.* (કૉલ્યુ'સિવ્-સરી) Full of conspiracy. છળ-કપટ-દગા ભરેલું.

Colly, *vt.* (કૉ'લ્લી) To blacken with soot. મેશથી કાળું કરવું. *n.* Soot. મેશ.

Collyrium, *n.* (કૉલી'રીઅમ્) An eye-salve; an eye-wash. કાજળ; નેત્રાંજન.

Colocynth, *n.* (કૉ'લોસીન્થ્) The bitter apple of the shops. ઇન્દ્રવરણનાં કડવાં ફળ. 2. A violent purgative made from them. એક તેમાંથી બનતી જુલાબની દવા. [Gr. *coilia*, the belly, & *kineo*, I move.]

Cologne, *n.* (કો'ન્) A scented or perfumed liquid. એક પ્રકારનું સુગંધી પાણી **Cologne-water**=કોલનવાટર.

Colon, *n.* (કો,લો'ન્) Big intestines. મોટા આંતરડાં; નળ **Wind in the C.**=નળબંધ વાયુનો રોગ. 2. A mark of punctuation written thus. [:] અપૂર્ણવિરામ ચિન્હ.

Colonel, *n.* (ક'ર્નલ્) A military officer next high in rank to a captain. પલટણનો મુખ્ય સરદાર; કર્નલ.

Colonelcy, *n.* (ક'ર્નલ્સી) The office, rank or commission of a colonel. કર્નલનો હોદ્દો; કર્નલની જગ્યા વગેરે.

Colonial, *a.* (કૉલો'નીઅલ્) Relating to a colony. પરદેશી વસાહત સંબંધી.

Colonist, *n.* (કૉ'લૉનિસ્ટ્) The resident of a colony. પરદેશી થાણાનો રહેવાસી;સંસ્થાનવાસી.

Colonise, *vt.* (કૉ'લૉનાઈઝ્) To establish a colony. પરદેશમાં થાણું વસાવવું-વસાહત કરવી. *vi.* To emigrate. પરદેશી થાણામાં જઇને રહેવું.

Colonnade, *n.* (કૉ'લોને,ડ્) A regular line of columns. સ્તંભાવલી; થાંભલાની હાર. [L. *columna*, a column.]

Colony, *n.* (કૉ'લૉની) A body of emigrants or the place where they have settled; a foreign possession of a nation. પરદેશી થાણું; તે થાણામાં વસતા લોકો.

Colour, *n.* (ક'લર્) That property of bodies which gives them a different appearance to the eye, independent of its form, and depending upon the reflection of light from the body. રંગ. **Primary colours**=મૂળરંગ (લાલ, પીળો ને વાદળી). **To change colour**=જુદા રંગનું થઈ જવું;વિવર્ણ,ફીકા થઇ જવું. 2. Pigments; paints. રંગવાના પદાર્થ. 3. Species; kind. પ્રકાર; જાત. *pl.* The national flag of a country. નિશાન; રાષ્ટ્રધ્વજ. **To come off with flying colours**= કોઇપણ યુદ્ધમાં વિજયી થઇ પાછા ફરવું; વિજય-ફતેહ પામવી. *vt.* To give a false appearance to. ખોટું રૂપ આપવું. 2. To dye. રંગ આપવો; રંગાવવું. 3. To whitewash. દોષ છુપાવવો; ઢાંકપીછોડ કરવી. *vi.* To blush or change colour. નાથી લાજવું; ઝંખવાણા પડવું.

Colourable, *a.* (ક'લરૅબલ્) Plausible; specious; intended to deceive. સત્યભાસાત્મક; વાસ્તવિક જણાતું; સત્યદૃશ; બરાબર.

Coloured, *a.* (ક'લર્ડ્) Dyed or painted. રંગેલું-રંગાવેલું 2. Of any other colour except white. રંગીન.-also, Colored, etc.

Colourless, *a.* (ક'લરલેસ્) Having no colour. રંગહીન; વર્ણહીન; નિર્મળ.

Colossal, *a.* (કૉલૉ'સૅલ્) Gigantic; very large; huge. રાક્ષસી; જબરૂં; કદાવર; ઘણુંજ મોટું. [L. *colossus*.]

Collosus, *n.* (કૉલૉ'સસ્) A gigantic statue. રાક્ષસી પુતળું. 2. Something vast or gigantic. રાક્ષસી-બહુજ મોટી વસ્તુ.

Colt, *n.* (કો,લ્ટ્) The young one of a mare. વછેરો; ઘોડાનું બચ્ચું. **Colt's tooth**=જુવાન ઘોડાઓનો વધારાનો કે કાચો દાંત **To have a colt's tooth**=જુવાનીના તોરમાં-મદમાં ચકેલ થવું-વંઠી જવું. **To cast one's C's. tooth**=જુવાનીના મદમાંથી ઉતરવું.

Colter, *n.* (કો'લ્ટર્) The spike of a plough. હળની કોશ.

Column, *n.* (કૉ'લમ્) A round pillar. ગોળ સ્તંભ. **C. of water**=પાણીનો ધોધ. 2. A body of troops. લશ્કરની ટુકડી. 3. A perpendicular set of lines separated from others. ખાનું; કોઠો; કૉલમ.

Coma, *n.* (કો,'મા) Deep sleep; lethargy; an unnatural deep and profound sleep. ઘેન. 2. The tail of a comet. પુંછડીયા તારાની પુંછડી [Gr *koma*, lethargy and *koma*, tail.]

Comart, *n.* (કો'મૅર્ટ્) An agreement; a treaty. કરાર; તહ.

Comate, *a.* (કો'મેટ્) Covered with hair. વાળવાળું.

Comatose, *a.* (કો'મૅટો,સ્) Lethargic; drowsy. ઉંઘણુસી; સુસ્તીવાળું; ઘેનમાં આવેલું.

Comb, *n.* (કો,મ્બ્) A structure of cells, made by the bees, of wax, for storing their honey. પુડો. **Honey-comb**=મધપુડો. 2.A small toothed instrument for adjusting and cleaning hair, wool &c. કાંસકો-કી. 3. The crest of a cock. મરઘાંના માથા ઉપરનો તુરો-માંજર. *vt.* To clean and adjust with a comb. વાળ ઓળવા-ઉકેલવા-છુટા પાડવા.

Combat, *n.* (કૉ'મ્બૅટ્) A fight; a battle; a duel. લડાઈ. *vi.* To fight or engage in a battle. લડાઈ કરવી; લડવું. **Single combat** દ્વંદ્વ યુદ્ધ.

Combatant, *n.* (કૉ'મ્બૅટંન્ટ્) A person engaged in active war, controversy or argument. વીર; લડનાર; તકરાર લેનાર, વાંધો ઉઠાવનાર.

Combative, *a.* (કૉ'મ્બૅટીવ્) Warlike; quarrelsome; disposed to fight. લઢવાને તૈયાર; લડાઇખોર; યુદ્ધશીલ.

Combination, *n.* (કૉમ્બીને,'શન્) Union by affinity. રસાયન સંયોગ. 2. Confederacy; union. સંપ; એકો; સંયોગ. **Combination lock**=આંકડાંવાળું તાળું.

Combine, *vt.* (કમ્બા'ઇન્) To unite. ભેગું-એકઠું કરવું-થવું; મિશ્રણ કરવું-થવું; ભેળવવું. *vi.* to form a union. એકસંપ કરવો.

Combustible, *a.* (કમ્બ'સ્ટીબલ્) Capable of catching fine; inflammable દાહ્ય; બળે-સળગે એવું. *n.* An inflammable substance. બળે એવો પદાર્થ-દાહ્ય પદાર્થ.

Combustion, *n.* (કમ્બ'શન્) The act of burning or consuming by fire. દાહ-દહનક્રિયા.

Come, *vi.* (કમ્) To approach; to move hither. આવવું. 2. To arrive. આવી પહોંચવું. 3. To happen as the result of a cause. ઉપજવું; બનવું. 4. To be evident. દેખાવું; ઉપર આવવું. 5. To take place. થવું. **To come**=આવવું. **In times to come**=ભવિષ્યમાં; આવતા જમાનામાં. **To come about**=To take place. બનવું; થવું. 2. To change. ફરવું. **To come abroad**=પરદેશમાં જવું-આવવું. ૨. જાહેરમાં આવવું-જાહેર થવું. **To come across**=મળી આવવું; જડવું; અનાયાસે મળવું; મળવું; ભેટ થવી. **To come again**=પાછું જવું-ફરવું. **To come after**=અનુસરવું; પછવાડે જવું. ૨. લેવા આવવું. **To come away**=છોડીને ચાલ્યા આવવું. **To come between**=વચ્ચે-આડા આવવું. **To come by**=મેળવવું; સંપાદન કરવું; જડી આવવું. **To come home**=To impress one's mind deeply. અંતઃકરણ ઉપર ભારે અસર કરવી. **To come in**=કબુલ કરવું; નમતું-પડતું મુકવું. ૨. ના ભાગ હોવું-થવું. ૩. લાભ-નફા તરીકે મેળવવું. **To come in force**=અમલમાં આવવું. **To come in for**=લેવું; ફસાવું; હક-દાવો બતાવવો-ધરાવવો. **To come into**=માં સામેલ થવું-દાખલ થવું. **To come it over**=આંધળા પાટા બંધાવવા. **To come of**=ના વંશજ હોવું. ૨. પરિણામ તરીકે બનવું-થવું. **To come off**=પુરૂં થઈ જવું; થઈ જવું; પસાર-છુટા થઇ જવું; બચી જવું. **To come off from**=છોડવું; પડતું મુકવું; તજી દેવું. **To come on**=આગળ આવવું; ધસારો કરવો. 2. વૃદ્ધિ થવી; વધવું. 3.નો અમલ થવો; પાસે આવવું. **To come over**=મળવું. **To come out**=નિકળવું; જણાવું; દેખાવું; ઉગવું. **To come out with**=જાહેર-પ્રસિદ્ધ કરવું. **To come round**=ઠેકાણે આવવું; નિયમિત કાળે આવવું. **To come short**=ઓછું-ઘટતું હોવું; ખુટવું. **To come to**=કબુલ-માન્ય કરવું. 2. એકંદર-જુમલે થવું. 3. શુદ્ધિમાં-હોશમાં આવવું. **To come to oneself**=ભાનમાં-શુદ્ધિમાં આવવું. **To come to pass**=બનવું; થવું. **To come to time**=બરાબર વખતસર આવી ચઢવું. **To come true**=સત્ય હોવું; ખરૂં પડવું. **To come under**=પડવું-માં હોવું. **To come up with**=પકડી પાડવું. **To come upon**=ગુજરવું; સહન કરવું પડવું; વીતવું. **To come at**=યુક્તિપ્રયુક્તિથી ફાવી જવું.

Comedian, *n.* (કૉમી'ડીએન્) A comic actor. હાસ્યરસ પ્રધાન નાટક ભજવનાર.

Come-down, *n.* (ક'મડાઉન્) Humiliation; down-fall. માનભંગ; નાશ; પડતી; ખરાબી.

Comedy, *n* (કૉ'મેડી) A dramatic composition of mirthful or laughable character. હાસ્યરસ પ્રધાન, સુખાંત નાટક [Gr. *kumos*, a jolly festivity.]

Comeliness, *n.* (ક'મલીનેસ્) Good looks; beauty of face and figure. શોભા; ખુબસુરતી; ખુબી; કાન્તિ.

Comely, *a.* (ક'મલી) Good-looking; handsome. ખુબસુરત; રૂપાળું; મનોહર; સુંદર; ફાંકડું. 2. Decent; proper; becoming; appropriate. યોગ્ય-લાયક-બંધબેસતું.

Comet, *n.* (કૉ'મેટ) A heavenly body belonging to the solar system appearing at long intervals and often having a long tail behind it. પુચ્છડીયો તારો; ધુમકેતુ.

Comfit, *n.* (કૉ'મ્ફીટ્) Dried sweet-meat. ખાંડ પાઇને સુકવેલી મિઠાઇ. *vt.* To preserve after drying with sugar. ખાંડ પાઈને સુકવી રાખી મુકવી [L.*con*, together and *facio*, I make.]

Comet-finder, *n.* (કૉ'મેટ્ફાઈન્ડર્) A powerful telescope used in locating comets. ઘણું જ દુર દેખી શકાય એવું દુર્બિન.

Comfort, *n.* (કં'મ્ફર્ટ) Moderate enjoyment; freedom from trouble, sorrow or affliction; solace; consolation. સુખ; સ્વસ્થતા; આશ્વાસન; દિલાસો; હિંમત; ધીરજ; કુશળતા. 2. A quilt. રજાઈ. 3. A cause of comfort. સુખનુ-હિંમતનું કારણ [L. *confortis*, strong.]

Comfortable *a.* (કં'મ્ફર્ટેબલ્) Affording moderate enjoyment. શાંતિકારક; સુખકારક; દિલાસો-હિંમત આપનાર.

Comforter, *n.* (કં'મ્ફર્ટર્) A consoler; one who gives solace in trouble. ધૈર્ય-ધીરજ-દિલાસો-આશ્વાસન આપનાર.2.A woollen muffler. ઉનનો ગલપટ્ટો.

Comfortless, *a.* (કં'મ્ફર્ટલેસ્) Uneasy; unhappy; બેચેન; અસ્વસ્થ; સુખસાધન રહિત; વગર સોઈનું; અસુખી; અસંતોષકારક.

Comical, *a.* (કૉ'મીકલ્) Humorous; provoking laughter. હાસ્યોત્પાદક; હાસ્યજનક; ગમતી; હસાવે એવું. 2. About a comedy. હાસ્યરસ પ્રધાન નાટક સંબંધી.

Comity, *n.* (કૉ'મીટી) Politeness; affability. સભ્યતા; સભ્યવ્યવહાર;સુજનતા.[L.*comis*,affable].

Comma, *n.* (કૉ'મા)A sign of punctuation [,]. અલ્પવિરામ કે જે [,] એમ લખાય છે.[Gr. *komma*, a clause].

Command, *n.* (કમ્મૅ'ન્ડ્) Supreme power; final authority. સરદારી; આધિપત્ય. 2. An authoritative order.સત્તાવાર-અધિકારપૂર્વક હુકમ. 3. The exercise of authority. સત્તા; હુકુમત. *vt.* To enjoin or order authoritatively. સત્તાવાર રીતે હુકમ કરવો-આજ્ઞા કરવી. 2. To govern; to exercise military authority or control over; to lead as a general.ના ઉપર (લશ્કરી) સત્તા ચલાવવી-હુકુમત ચલાવવી; ના સેનાધ્યક્ષ હોવું. 3. To exact or compel by moral influence. હક તરીકે પામવું; સર, અખત્યાર કરવું. 4. To have at one's disposal. ની પાસે હોવું-હાથમાં હોવું. [L. *con*, together and *mando*, I order.]

Commander, *n.* (કમૅ'ન્ડર્) The person who commands. આજ્ઞા-હુકમ આપનાર. 2. Chief. સરદાર; નાયક; સેનાધ્યક્ષ.

Commandment, *n.* (કમ્મૅ'ન્ડમેન્ટ્) An authoritative order.સત્તાવાર આજ્ઞા-હુકમ.2.One of the ten enjoinments attributed to God in the Bible. પરમેશ્વરે બાઈબલમાં આપેલી દશ આજ્ઞામાંથી એક.

Commemorate, *vt.* (કૉમ્મે'મોરેટ્) To celebrate the memory of something with honour and solemnity.સંભારણુ-યાદદાસ્તી રાખવા સારૂ મહોત્સવ કરવો. [L.*con* & *memor*,mindful.]

Commemoration, *n.*(કૉમ્મેમોરે,'શન્) The celebration of the memory of some person or event. સ્મરણોત્સવ; સંભારણુ-યાદદાસ્તી રાખવા માટે કરવામાં આવેલો ઉત્સવ.

Commemorative, commemoratory, *a.* (કૉમે'મોરેટીવ્-કૉમે'મોરેટરી) Serving to celebrate the memory of some person or event. યાદગીરીનું; સ્મારક.

Commence, *vi.* (કૉમ્મે'ન્સ્) To make a beginning. શરૂ કરવું; માંડવું. 2. To take a university degree. કૉલેજમાંની પદવી લેવી. *vt.* To begin something. કોઈપણ કામની શરૂઆત ક૦.

Commencement, *n.* (કમે'ન્સમેન્ટ્) Beginning, dawn or rise of something. શરૂઆત; પ્રારંભ; આરંભ. 2. Convocation day. પદીદાન સમારંભનો દિવસ. [L. *con* & *initio*, I begin.]

Commend, *vt.* (કૉમે'ન્ડ્) To praise. વખાણવું; સ્તુતિ કરવી. 2. To entrust or commit to the care of another. સંભાળને માટે સોંપવું; ભાળવવું; હાથમાં મુકી દેવું. 3. To recommend. ભલામણ કરવી. [L. *con*, & *mando*, I order.]

Commendable, *a.* (કૉમે'ન્ડેબલ્) Praiseworthy; laudable. વખાણવાલાયક; સ્તુત્ય.

Commendation, *a* (કૉમેન્ડે,'શન્) Laudation; praise. વખાણ; સ્તુતિ. 2. Compliment. હેત-વ્હાલ-માનનો સંદેશો. 3. Recommendation. ભલામણ; શિફારસ.

Commendatory, *a.* (કૉમે'ન્ડેટરી) Laudatory; praising. ભલામણ; સ્તુતિ-વખાણથી ભરપુર; વખાણતું; સ્તુતિ કરતું.

Commensality, *n.*(કૉમે'ન્સૅલીટી) Company at dinner. એકપંક્તિ ભોજનવ્યવહાર.

Commensurable, *a.* (કૉમે'ન્સ્યુરૅબલ્)That may be measured by the same number or quantity. સમપ્રમાણ; સમપરિમાણ; સપ્રમાણિક; અનુરૂપ.

Commensurate, *a.* (કૉમે'ન્સ્યુરેટ્) Equal or having a common measure. સમાન; સમ-

પરિમાણુક. *vt.* to reduce to a common measure. સમપ્રમાણ કરવું.

Comment, *vt.* (કૉ'મેન્ટ્) To criticize or explain critically. ની ઉપર ટીકા કરવી; ના ગુણદોષ બતાવવા. *vt*To criticize. ટીકા કરવી-ગુણદોષ બતાવવા. *n.* Criticism. ટીકા, ગુણદોષ, સામ્ય. [L. *commentor*, I meditate upon.]

Commentary, *n.* (કૉ'મેન્ટરી) A criticism; a critical study of something (as a book &c.) ભાષ્ય; વિવેચન 2. A note; a noting down. બયાન; હકીકત; નોંધ.

Commentator, *n.* (કૉ'મેન્ટે,ટર) An annotator; one who criticizes; a critic. ટીકાકાર.

Commerce, *n.* (કૉ'મર્સ) Trade; traffic. વેપાર; લેવડ દેવડ. 2. Dealings;communication; social intercourse. વ્યવહાર; સામાજીક સંબંધ. 3. A game at cards. પત્તાની એક રમત. *vt.* to trade. વેપાર કરવો-લેવડ દેવડ કરવી.

Commercial, *a.* (કૉમ'ર્શલ્) Pertaining to trade; relating to commerce. વેપાર વિષયક; વેપાર સંબંધી. *vi.* To be mixed together. સેળભેળ થવું.

Commingle, *vt.* (કૉમ્મી'ન્ગલ્) To be mixed together. શેળભેળ થવું. *vt.* to mix or blend together. શેળભેળ-મિશ્રણ કરવું. [L. *c.n.* & *mingle.*]

Comminute, *vt.* (કૉ'મ્મીન્યુટ્) To grind to fine dust; to pulverize. ખાંડવું; પીસવું; ઝીણું-બારીક દળવું; ભુકો કરવો.

Commiserate, *vt.* (કૉમી'ઝરે,ટ્) To take compassion upon; to pity. દયા રાખવી-રહેમ નજર રાખવી. [L. *com*, & *miser* wretched.]

Commiseration, *n.* (કૉમ્મીઝરે',શન્)Sympathy; pity; compassion. દયા; દિલદાઝ; કરૂણા; અનુકંપા; બીજાને દુઃખને માટે દિલગિરી.

Commiserative, *a* (કૉમી'સરે,ટીવ્) Pitying; compassionate; sympathetic. અનુકંપાશીલ; કરૂણાત્મક; દયાશીલ.

Commisariat, *n.* (કૉમીસ્સે',રીઍટ્) The provisions department of the army. લશ્કરનાં મોદીખાનાનું ખાતું.

Commisary-general, *n.* (કૉ'મીસરી-જેનરલ્) The head of the provision department of the army. લશ્કરના મોદીખાનાનો મુખ્ય અધિકારી.

Commision, *n.* (કમિ'શન્) The act of doing, committing or trusting. કામ કરવું તે-બનાવવું તે-સોંપવું તે; આચરણ 2. The duty entrusted.સોંપેલી ફરજ. 3. A formal written authority bestowing certain rights &c. મુખત્યારનામું. 4. A number of persons entrusted with the duty of investigating some question. પંચ; કમિશન; સમિતિ. 5. Brokerage. દલાલી; આડત; હકસાઈ; કમિશન. *vt.* To authorise or empower. સત્તા-અધિકાર આપવો. 2. To dispatch after properly authorising a person.યોગ્ય સત્તા આપી મોકલવું.

Commisioner, *n.* (કમિ'શનર્) An officer in charge of a public department. કમિશનર; સરકારી ખાતાનો ઉપરીઅધિકારી.

Commisure,*n.*(કૉમિ'સ્યુર)A joint.સાંધ;જોડાણ.

Commit, *vt.* (કૉમ્મિ'ટ્) To entrust. સોંપવું; હાથમાં આપવું. 2. To do (something evil or bad); to perpetrate. કોઈપણ ખરાબ કૃત્ય કરવું. 3. To pledge.બંધાવવું.4.To take to prison. કેદમાં લઇ જવું; કેદ કo. **To commit to memory**=To learn by heart.મ્હોડે કરવું-પાઠે કરવું.*vi.*To do some evil action.પાપ કo.

Commitment, *n.* (કમિ'ટમેન્ટ્) A sending to prison; a warrant of imprisonment. કેદ કરવું તે; કેદ કરવાનો હુકમ.

Committal, *n.* (કમ્મિ'ટલ્)A pledge.એકરાર; કબુલાત. 2. The act of entrusting. સોંપવું-હવાલે કરવું તે.

Committee, *n.* (કમિ'ટી) A number of persons to whom any business is referred. સમિતિ; કમિટિ; સરપંચ.

Commix, *vt.* (કૉમ્મિ'ક્સ્) To bend or mix together. મિશ્ર કરવું; એકઠું-ભેગું કરવું. [L. *con*, & *misceo*, I mix.]

Commixture *n.* (કૉમ્મિ'ક્સટ્યુર) Blending; adulterating. ભેળવવું; મિશ્રણ કરવું. 2. Mixture; adulteration. ભેળવણી; મિશ્રણ; ભેગ.

Commodious, *a.* (કૉમો',ડીએસ્) Spacious; convenient. સોઇદાર; ઉચિત; યોગ્ય; સગવડવાળું. [L. *con*, together & *modus*, measure.]

Commodity, *n.* (કૉમૉ'ડીટી) Merchandise; goods. માલ; સોદો; ચીજ.

Commodore, *n.* (કૉ'મોડોર) The flag-ship of the fleet. નૌકાસૈન્યનું મુખ્ય વહાણ. 2. The naval commander of a squadron. નૌકાસૈન્યાધ્યક્ષ; જલસેનાધિપતિ. [L. *con* & *mando*, I order.]

Common, *a.* (કૉમન્) Belonging to all; general; universal. સામાન્ય; સાધારણ; સર્વસાધારણ. 2. Usual. હંમેશનું; સામાન્ય; સાધારણ. 3. Public. સાર્વજનિક. 4. Ordinary. સાધારણ; સામાન્ય. **C. carrier**=ભાડું લઈ સામાન લઈ જનાર. **C. crier**=ઢોંડીયો; ઢોંડીગર; દાંડી પીટનાર. **C. measure or divisor**=સાધારણ૰.

C. gender=સામાન્ય જાતિ. **Common Law**=દેશના રીતરિવાજ ઉપરથી પડેલો કાયદો. **C. noun**=સામાન્ય નામ. **C. school**=સાર્વજનિક નિશાળ. **In common**=ભાગીયામાં;સહીયારૂ. **Out of the common**=અસાધારણ; વિચિત્ર; અસામાન્ય. *n.* A public ground. ગામનું પાધર. 2. The right of participating in the income of land. જમીનનાં ઉત્પન્નમાં ભાગ લેવાનો હક્ક. *vi.* To have a common right. બીજાને સાથે હક્ક ધરાવવો.

Commonalty, *n.* (કૉ'મનૅલ્ટી) The mass; the laymen. સાધારણ-વચલા વર્ગના લોક; સામાન્ય જનતા.

Commoner,*n* (કૉ'મનર્)An M.P.; a member of the parliament. બ્રિટિશ પાર્લમેન્ટનો સભાસદ. 2. A layman. સામાન્ય માણસ; સાધારણ માણસ.

Commonly, *adv.* (કૉ'મનલી) Generally; ordinarily. સર્વ સાધારણ રીતે; સામાન્ય રીતે; ઘણું કરીને; સાધારણપણે, બહુધા; વારંવાર.

Commonplace, *a.*(કૉ'મનપ્લે,સ) Ordinary. સાધારણ; સામાન્ય; નવું-વિચિત્ર નહિં એવું. *n.* An ordinary remark. સાધારણ ભાષણ. 2. A memorandum. નોંધપુસ્તક.

Commonplace-book *n.*(કૉ'મનપ્લે,સ બુક્) A diary. નોંધ પુસ્તક; સ્મરણવહી.

Commons, *n.*(કૉ'મન્ઝ્) The mass. સામાન્ય જનતા. 2. The House of Commons. આમ સભા **To be on the short commons**= ખોરાક થોડો મળવો.

Commonwealth, *n.* (કૉ'મનવેલ્થ્) A free state; a republic; a body politic. પ્રજાસત્તાક રાજ્ય. **The Commonwealth**=ઑલીવર ક્રૉમવેલની કારકિર્દીમાં ઈંગ્લંડમાં ચાલતું રાજ્ય.

Commotion, *n.* (કૉમો',શન્) Tumult; hubbub; agitation. ફિતુર; તોફાન; બંડ; ખળભળાટ 2. Mental unrest. ક્ષોભ; અશાંતિ; સંતાપ; ગભરાટ.

Commune, *vi.* (કૉમ્યૂ'ન્)To talk familiarly. વાતચીત ક૦. 2. To take part in the sacred supper. પ્રભુ ભોજનમાં ભાગ લેવો. **To C. with oneself or one's own heart**=મનમાં ને મનમાં વિચાર કરવો; વિચારવું; મનન કરવું.[L. *communeo*, I communicate].

Communicate, *vt.* (કૉમ્યુ'નિકે,ટ્) To make known or recount. પ્રસિદ્ધ-પ્રકાશન કરવું; જાહેર ક૦; જણાવવું; નિવેદન-વિદિત કરવું. *vi.* To have intercourse. સાથે સંબંધ હોવો-ધરાવવો.

Communication, *n.*(કૉમ્યુનિકે',શન્) Intercourse. વ્યવહાર; સંબંધ. 2. The act of making known. નિવેદન-વિદિત કરવું તે. માલમ કરવું-ખબર આપવી તે; નિવેદન. 3. Company. સોબત; સમાગમ. 4. Passage; way. માર્ગ, રસ્તો. 5. News. ખબર; સમાચાર.

Communicative *a.* (કૉ'મ્યુ'નિકે,ટીવ્) Open; free; not secretive. છાની વાત કહી દે એવું; બોલકણું; વાતોડીયું.

Communion, *n.* (કૉમ્યુ'ન્યન્) Social intercourse. વ્યવહાર.સંસર્ગ; સંબંધ.2. Fellowship; agreement. સમાગમ; સોબત 3. The celebration of Lord's Supper. પ્રભુ ભોજનોત્સવ. **C. with God**=પ્રભુ ભક્તિ; ઈશ્વરનું ચિંતન; પ્રભુ સ્મરણ.

Community, *n.* (કૉમ્યુ'નિટી) Society generally. જનસમૂહ 2. A caste; a tribe. જ્ઞાતિ; જાત; વર્ણ; નાત.

Commutable, *a.* (કૉમ્યુ'ટબલ્) Convertible; inter-changeable. અદલાબદલ-ફેરબદલ કરી શકાય એવું.

Commutation, *n.*(કૉમ્યુટે',શન્) Exchange; barter. અદલાબદલી-સાટું. 2. Change. ફેરફાર; અદલાબદલ. 3. The lessening of a punishment. ભારે સજા માફ કરી હલકી સજા કરવી તે.

Commute, *vt.* (કૉમ્યૂ'ટ) To alter or exchange. ફેરબદલ-અદલાબદલ કરવી 2. To lessen or diminish. ઓછું કરવું; ઘટાડવું; કમી કરવું. *vi.* To effect an exchange. અદલાબદલી-સાટું કરવું. [L. *con*, together & *muto*, I change.]

Commutual, *a.* (કૉમ્યુ'ચ્યુઍલ્) Reciprocal, mutual. અરસપરસ; આપસમાંનું; આમનસામન.

Compact, *a.* (કૉમ્પૅ'ક્ટ) Danse; close. ઘન; ઘટ્ટ. 2. Joined or held together. સાથે મજબુત જોડાએલું. 3. Short; brief. ટુંક; સંક્ષિપ્ત. *vi.* To unite or join. મજબુત જોડવું. [L. *con*, together & *pango*, I fasten].

Compact, *n.* (કૉ'મ્પેક્ટ) An agreement; a contract. કોલકરાર; ઠરાવ; શરત; બોલી.

Companion, *n.* (કમ્પૅ'ન્યન) A comrade; a friend. સાથી; સોબતી. 2. An order of nights. "નાઇટ"નો હલકામાં હલકો હોદ્દો.

Companionable, *a.* (કમ્પૅ'ન્યનૅબલ્) Sociable; amiable. મળતાવડું; મિલનસાર; ગમતી.

Companionship, *n.* (કૉમ્પૅ'ન્યનશીપ્) Association; fellow-ship. સમાગમ; સોબત; સાથીપણું; સંગાત.

Company, *n.* (કં'મ્પની) Society; assemblage of persons. મંડળી; સભા; સોબતી; સાથી. 2. Friendship; fellow-ship. સંગત; સોબત. 3. A corporate partnership (in business &c.) પેઢી; કંપની. 4. A party of soldiers. લશ્કરની ટુકડી. 5. The actors in a drama; a dramatic business. નાટક મંડળી.

Comparable, *a.* (કં'મ્પેરૅબલ્) That can be compared. સરખાવવા લાયક; સરખામણી કરવાને યોગ્ય.

Comparates, *n.* (કૉમ્પૅ'રેટિસ્) Things compared together. સરખામણી કરેલી બે વસ્તુ.

Comparative, *a.* (કમ્પૅ'રેટીવ્) Showing or relating to comparison. સરખામણી કરતું; તુલનાત્મક; મુકાબલો-સરખામણી-ઉપમાનું. 2. Resulting from comparison. ઉપમાનુસારી.3. Relative. મુકાબલાનું. **Comparatively**=સરખાવી જોતા; સરખામણી કરતાં; અપેક્ષાએ

Compare, *vt.* (કમ્પે',ર) To set or bring together and examine the relations between two things. સરખામણી-તુલના કરવી. 2. To liken. ઉપમા આપવી. *n.* Comparison. ઉપમા. **Beyond compare**=અનુપમ; અપ્રતિમ.

Comparison, *n.* (કમ્પૅ'રીસન્)Examination of the similarities and dis-similarities between things. સરખામણી; તુલના.2. Simile. ઉપમા; તુલના.

Compartment, *n.* (કમ્પા'ર્ટમેન્ટ) One of component parts. ખંડ; ભાગ.

Compass, *n.*(કં'મ્પૅસ)Circular measurement. ઘેર; ચક્કર. 2. Boundary; built. મર્યાદા; હદ. 3. Reach; capacity; extent. પ્હોંચ; શક્તિ; મર્યાદા;ટપ્પો.4.An instrument for ascertaining the direction, composed of a magnetic needle &c. હોકાયંત્ર. **Points of the compass**=બત્રીસ દિશા. **To fetch a compass**=પ્રદક્ષિણા કરવી; ચક્કર મારવું. *vi.* to go round. ગોલ ફરી વળવું; પ્રદક્ષિણા કરવી.

Compassable, *a.* (કં'મ્પૅસૅબલ્) Capable of being compassed.ની આગળપાછળ ફરી રેહવા લાયક; પ્રાપ્તવ્ય.

Compassion, *n.*(કૉમ્પૅ'શન્)Pity; sympathy in sorrow or distress. અનુકંપા; દયા; દિલદાઝ; કરૂણા.*vt.*To pity.દયા આણવી-ખાવી;કરૂણા બતાવવી. [L. *con*, together and *patior*, I suffer.]

Compassionate, *a.* (કૉમ્પૅ'શને,ટ) Pitiful; merciful. દયાશીલ; દયાળુ; કરૂણા બતાવતું. *vt.* To pity. દયા ખાવી-આણવી.

Compatability, *n.* (કૉમ્પૅટબિ'લીટી) Consistency; congruity. સંભવ;સંભવિતપણું;શકયતા; મેળાપ; અવિરોધ.

Compatible, *a.* (કૉમ્પૅ'ટિબલ્) Consistent; agreeable; suitable. સંભવિત; બનવાજોગ;શકય; લાયક; યોગ્ય; બંધબેસતું.

Compatriot, *n.* (કૉમપે'ટ્રીઅટ્) A countryman. સ્વદેશી; દેશી ભાઈ. [L. *com*, & *patrius*, native land.]

Compeer, *n.* (કૉમ્પિ'ર્) An equal in rank &c. સાથી; બરોબરીયો. [L. *com* & *par*, equal.]

Compel, *vt.* (કૅમ્પે'લ્) To force, to necessitate; to oblige; to use compulsion. બળજબરીથી કામ કરાવવું; જોરજુલમથી કામ લેવું; ફરજ પાડવી. 2 to take by force. જોરજુલમથી પકડવું. [L. *com* & *pello*, I drive].

Compendium, *n.* (કૉમ્પે'ન્ડીઅમ્) A summary; an epitome; an extract. સારસંગ્રહ; ટુંકમાં સાર. [L. *con* & *pendo*, I weigh.]

Compendious, *a.* (કૉમ્પે'ન્ડીઅસ્) Concise; brief; short. ટુંકું; સંક્ષિપ્ત.

Compensate, *vt.* (કૉ'મ્પેનસે,ટ્) To make good; to remunerate; to make amends for. બદલો વાળવો; નુકસાન ભરપાઈ કરી આપવી; બરાબર-સમતોલ કરવું; ખોટ ભરી આપવી. [L. *con* & *pendo*, I weigh.]

Compensation, *n.*(કૉમ્પેનસે,'શન્) Amends; recompense; remuneration. બદલો; સાટું; નુકશાની; ખોટ; ખાડ; અવેજ; નુકસાન ભરપાઈ.

Compensative, *a.* (કૉમ્પે'નસૅ'ટીવ્) Giving compensation; making good or making amends for. ખોટ ભરી આપતું; નુકશાન ભરપાઈ કરતું; બદલો-અવેજ વાળતું; પાડ માનતું, વાળતું.

Compete, *vt.* (કૉમ્પી'ટ્) To rival; to seek or strive for the same thing as another; to contend. બરાબરી-હરિફાઈ કરવી. [L. *con*, together & *peto*, I seek.]

Competence-tency, *n.* (કૉ'મ્પીટન્સ્-ટન્સી) Capability. યોગ્યતા;લાયકાત; શક્તિ.2. Sufficient means or property. પેટ પુરતું ધન. 3. Legal capacity. કાયદા પ્રમાણે યોગ્યતા-લાયકાત.

Competent, *a.* (કૉ'મ્પીટન્ટ્) Qualified; able; capable. કાબેલ; સમર્થ; લાયક; યોગ્ય. 2.Belonging by right.વાસ્તવિક સત્તા-અધિકારનું.

Competetion, *n.* (કૉમ્પીટી'શન્) Emulation, rivalry; contention for the same thing or in a similiar field. હરિફાઇ; બરાબરી; સ્પર્ધા; પ્રતિસ્પર્ધા; ચડસાચડસી.

Competetive, *a.* (કૉમ્પી'ટીટીવ્) Emulous; rival. પ્રતિસ્પર્ધાવાળું; હરિફાઈમાં ઉતરતું; હરીફાઇવાળું; સ્પર્ધાસંબધી.

Competitor, *n.* (કોમ્પી'ટીટર્) A rival; one who competes. હરિફ; પ્રતિસ્પર્ધી;એકાર્થાભિલાષી.

Compilation, *n.* (કૉમ્પાઇલે',શન્) Anything (a book &c.) compiled. સારસંગ્રહ; સંહિતા; સાર; સંગ્રહ.

Compile, *vt.* (કૉમ્પા'ઈલ્) To collect from different sources.ભેગું કરવું.2.To be composed

of. માં સમાવેશ થવો. 3. To compose out of the materials from other books. જુદા જુદા ગ્રંથ ઉપરથી ગ્રંથ રચવો. **Compiler** = ગ્રંથાકાર; સંહિતાકાર; સારસંગ્રહ લખનાર.

Complacence, complacency, *n.* (કૉમ્પ્લે,'સૅન્સ્-કૉમ્પ્લે,'સન્સી) A feeling of quiet satisfaction with oneself; gratification. ખુશાલી; ખુશી; હર્ષ; સંતોષ. 2. Complaisance. આદરશીલતા; સભ્યતા; હર્ષ; ભલાઈ; સુજનતા. [L. *complacentis.*]

Complacent, *a.* (કૉમ્પ્લે,'સન્ટ્)Self-satisfied; gratified. પ્રસન્ન; સંતોષ-આનંદવાળું, [L. *con placeo*, I please.]

Complain, *vi.* (કૉમ્પ્લે,'ન્) To accuse or charge. ફરિયાદ-દાવો માંડવો. 2. To express sorrow, distress, grief &c. to murmur; to express dissatisfaction, or a sense of injury against. દોષ કાઢવો; ફરિયાદ કરવી. [L. *con* & *plango*, I bewail.]

Complainant, *n.* (કૉમ્પ્લે,'નન્ટ) One who lodges a complaint; the plaintiff. વાદી; ફરિયાદી; અભિયોક્તા.

Complaint, *n.* (કૉમ્પ્લે,'ન્ટ) Murmuring; fault-finding; expression of a sense of injury or of dissatisfaction against. દોષ; ફરિયાદ; ખેદ; વિલાપ; બડબડાટ. 2. A disease; a malady. પીડા; રોગ;વ્યાધિ. 3. The formal lodging of a complaint in a court of Law. ફરિયાદ.

Complaisance, *n.* (કૉ'મ્પ્લે,ઝન્સ્) Gratification Politeness; courtesy. સભ્યતા;સુજનતા.

Complaisant, *a.* (કૉ'મ્પ્લે,ઝન્ટ્) Polite; gratifying. સભ્ય; સુશીલ, આદરશીલ;માનભરેલું.

Complement, *n.* (કૉ'મ્પ્લીમેન્ટ્) Addition; that which completes. પૂરણ; પૂરણી; પૂરવણી; વધારો. 2. Complete number, amount &c. ભરતી; જોઈએ તેટલું. 3. Quantity added to make two numbers equal. ભરણ.

Complemental, *a.* (કૉમ્પ્લીમે'ન્ટલ્) Completing; supplying a deficiency. પૂરક; પૂરવણીનું; ભરતીનું.

Complementary, *a* (કૉમ્પ્લીમે'ન્ટરી) Complimental; completing. ખુટતું, ખોટ પુરી કરનાર. **C. angle** = બન્ને મળીને એક કાટખુણો થાય એવા બે ખુણામાંનો એક.

Complete, *a.* (કૉમ્પ્લી'ટ્) Perfect; entire. સંપૂર્ણ; પૂર્ણ; પૂરૂં; આખું; સમાપ્ત. **C. army**= ચતુરંગસેના *vt.* To finish; to carry to a close; to perfect. પાર ઉતારવું; પુરૂં કરવું;સમાપ્ત કરવું. [L. *con*, together and *pleo*, I fill.]

Completely, *adv.* (કૉમ્પ્લી'ટ્લી) Entirely; fully. તદ્દન; છેક; સંપૂર્ણ રીતે; બીલકુલ; પુરેપુરૂં; તમામ.

Completion, *n.* (કૉમ્પ્લી'શન્) The act of completing or the state of being complete. સંપૂર્ણતા;પૂર્તિ. 2. Perfection; fulfilment. અંત; પાર; સમાપ્તિ; સફળતા.

Complex, *a.* (કૉ'મ્પ્લેક્સ) Composite; composed of two or more distinct parts. સંયુક્ત; મિશ્ર; વિષમ; બે અથવા વધારે ભાગનું બનેલું. 2. Intricate; complicated. ગુંચવણ ભરેલું.

Complexion, *n.* (કૉમ્પ્લે'ક્શન્) The colour or hue of the skin particularly of the face; general appearance. અંગવર્ણ; કાંતિ; રૂપ; ડોળ; ઘાટ; રંગ; ચ્હેરો; બંધારણ; બાંધો.

Complexity, *n.* (કૉમ્પ્લે'ક્સીટી) Entanglement; inricacy; complicatedness. ગુંથાગુંથ; ગુંચવણ; ઘોટાળો; મિશ્રતા; ગુંચવડો.

Compliance, *n* (કૉમ્પ્લા'યૅન્સ) Assent or consent. સ્વીકાર; કબુલ રાખવું તે; સંમતિ; માન્ય કરવું-હા ભણવી તે. 2. Submission; obedience. આજ્ઞાધારકપણું; બીજાનું કહેલું માન્ય રાખે એવો સ્વભાવ-પ્રકૃતિ.

Compliant, *a.* (કૉમ્પ્લા'યન્ટ્) Submissive; yielding. સત્કારી; વિવેકી; સુજન; આદરશીલ; વિનયી; મર્યાદાશીલ; હાજી ભણે એવું.

Complicacy, *n.* (કૉ'મ્પ્લીકસી) Intricacy. ગડબડ; ઘોટાળો; ગુંચવણ.

Complicate, *vt.* (કૉ'મ્પ્લીકે,ટ્) To make or render intricate or complex. ગુંચવી નાંખવું; ગુંચવવું; ગુંચવડો કરવો; ગડબડઘોટાળો વાળવો. *a.* Complex. ગુંચાએલું; ગુંચવેલું.

Complication, *n.* (કૉમ્પ્લીકે,'સન્)Complexity; rendering more intricate; entanglement. ગડબડઘોટાળો; ગુંચવણ; ગુંચવડો. 2. A disease accompanying another. રોગમાં બીજો રોગ થવો તે.

Complicity, *n.* (કૉમ્પ્લી'સિટી) Partnership in crime. ગુન્હામાં સામેલ હોવું તે-સામેલીયત-હાથ હોવો તે; લાગતુંવળગતું.

Compliment, *n.* (કૉ'મ્પ્લીમેન્ટ્) Regards; respects (as in the phrase "Best compliments".) આશીર્વાદ-સલામ-પ્રણામ. 2. A piece of delicate flattery; a polite or flattering remark. સ્તુતિ; પ્રશંસા; આદરસત્કાર; સલામ. *vt.* To pay a compliment; to express approbation, praise &c.; to flatter. સલામ કરવી; સ્તુતિ-પ્રશંસા-વખાણ કરવાં. [L. *con*, & *pleo*, I fill].

Complimental-ary, *a.* (કૉમ્પ્લીમે'ન્ટલ્-મે'ન્ટરી) Expressing civility or regard. સ્તુતિ-

મય; આશીર્વાદ-પ્રણામનું. 2. Praising; congratulating, flattering. વખાણ-પ્રશંસા કરવું.

Comply, *vt.* (કૉમ્પ્લા'ઈ) To assent or consent. સંમતિ આપવી; કબુલ-માન્ય કરવું; હા કહેવી. [L. *con,* together & *plico,* I fold].

Component, *a.* (કૉમ્પો,'નન્ટ) Comprising; composing; constituting. અંગભૂત; એક ભાગ તરીકે હોવું. *n.* A part constituting a whole. અંશ; ભાગ; અંગ; સાધન; અવયવભૂત.

Comport, *vt.* (કૉમ્પો,'ર્ટ) To endure. ખમવું. 2. agree or suit. મળતું-બેસતું આવવું. *n.* Department; conduct; behaviour. વર્તણુક; ચાલચલગત; આચારવિચાર; વ્યવહાર.

Comportable, *a.* (કૉમ્પો,'ર્ટબલ્)Agreeable; suitable; consistent. બેસતું; મળતું; યથાયોગ્ય; અનુકૂળ; માફક.

Comportment, *n.* (કૉમ્પો,'ર્ટમેન્ટ) See **"Comport."**

Compose, *vt.* (કૉમ્પો,'ઝ્) To collect; to put together. ભેગા કરવું. 2. To compile. રચવું; બનાવવું. 3. To adjust. બરાબર કરવું; ગોઠવવું; મુકવું; પતાવવું; સમજુતી કરવી. 4. To make tranquil. શાંત કરવું-ઠંડું પાડવું. 6. To set types in order for printing. છાપવા માટે બીબાં ગોઠવવાં.

Composed, *a.* (કૉમ્પો,'ઝ્ડ) Tranquil; quiet; calm. શાંત; સ્થિર; અચલ.

Composedly, *adv.* (કૉમ્પો,'ઝ્ડલી) Calmly; quietly; tranquilly. શાંત રીતે; સ્થિરપણે; ગભરાટ વગર; અચલ રીતે.

Composer, *n.*(કૉમ્પો,'ઝર)One who composes or copies. ગ્રંથકાર; પુસ્તક-કવિતા વગેરે રચનાર; બીબાં ગોઠવનાર.

Composite, *a.* (કૉ'મ્પોઝીટ) Made up of separate parts. મિશ્રિત; ભાગવાળું; સંયુક્ત. **Composite number** = ગુણક સંખ્યા.

Composition, *n.* (કૉમ્પોઝી'શન્) The act of mixing. ભેગા કરવું, મિશ્રણ બનાવવું તે. 2. Arrangement of literary matter in an essay-form. નિબંધ. 3. Setting of types for printing. બીબાં ગોઠવવાં તે. 4. Arrangement. રચના; વ્યવસ્થા; સંયોગ. 5. Mixture. મેળવણી; મિશ્રણ. 6. Repayment of debt. પતાવટ-નિકાલ; તોડ. 7. A musical or literary production. કવિતા; નિબંધ; ગ્રંથ; ગાયન. [L. *con* together & *posum,* I place.]

Compositor, *n.* (કૉમ્પો'ઝીટર્) One who arranges the types in order for printing. બીબાં ગોઠવનાર.

Composure, *n.* (કૉમ્પો'ઝ્અર્) Orderly arrangement. રીતસર ગોઠવણી-રચના. 2. Calmness; tranquillity; sedateness. નિવૃત્તિ; ગંભીરતા; સ્વસ્થતા; શાંતિ.

Compound, *a.* (કૉમ્પા'ઉન્ડ્) Made of more than one. મિશ્રિત; મેળવણીથી બનેલું. **C. interest** = ચક્રવૃદ્ધિ વ્યાજ. *n.* A yard. કંપાઉન્ડ; મકાનનીઆસપાસનો વંડો;ચોગાન. *vt.* tomix;combine or put together. સાથે-એકઠું-મિશ્રણ કરવું. 2. To compile. બનાવવું; રચવું. 3. To arrive at a compromise. સમાધાની કરવી-ફેંસલો-ફડચો લાવવો. [L. *com,* together & ponere, to put.]

Compounder, *n.* (કૉમ્પા'ઉન્ડર) The assistant in a dispensary who mixes up the medicines according to the prescription. કમ્પાઉન્ડર; દવા તૈયાર કરી આપનાર. 2. One who makes a compromise. સમાધાની કરનાર; ફેંસલો-ફડચો લાવનાર.

Comprehend, *vt.*(કૉ'મ્પ્રીહેન્ડ) To compose. સમાવેશ-સમાસ કરવો. 2. To grasp or to understand. સમજવું-ગ્રહણ કરવું; મનમાં ઉતરવું-આવવું. 3. To contain. માં આવવું-હોવું. [L. *con.* & *prehendo,* I take].

Comprehensible, *a.* (કૉમપ્રીહે'ન્સીબલ) Intelligible; that can be understood. સમજાય એવું. 2. Contained in. અંદર સમાવેશ થયેલું.

Comprehension, *n.* (કૉમપ્રીહે'ન્શન્) Understanding. સમજશક્તિ; બુદ્ધિ. 2. Inclusion. સમાવેશ. **Power of C.** = મગજશક્તિ; સમજ શક્તિ.

Comprehensive, *a.*(કૉમપ્રીહે'ન્સીવ્)Extensive; broad. બહુવ્યાપી; બહોળું. 2. Having the power to comprehend or understand. અક્કલમંદ; સમજ શક્તિ-મગજ શક્તિવાળું.

Compress, *vt.* (કૉમ્પ્રે'સ્) To fold or press together. સંકોચવું-દાબવું. *n.* A quilt. ગાદી; ગાદલું.

Compressibility, *n.* (કૉમ્પ્રેસીબી'લીટી) The quality of being compressible. સંકોચક્ષમતા.

Compressible, *a.* (કૉમ્પ્રે'સીબલ્) Capable of compression. સંકોચનીય.

Comprisal, *n.* (કૉમપ્રા'ઈઝલ્) Inclusion; a compilation. સમાવેશ; સાર; સાર સંગ્રહ.

Comprise, *vt.* (કૉમ્પ્રા'ઈઝ્) To be composed of. સમાવેશ ક૦; સમાસ ક૦; નું બનેલું હોવું. [L. *con,* & *prehendo,* I take].

Comprobate, *vt.* (કૉ'મ્પ્રોબે,ટ) To concur or agree in testimony. પુરાવામાં-સાબેતીમાં મળતું આવવું. [L. *con,* together and *probo,* I prove].

Compromise, *n.* (કૉ'મ્પ્રોમાઇઝ) An amicable agreement to settle differences by mutual concessions. સમાધાન; સમજુત; તોડ; નિકાલ. *vi.* To make a compromise. પતવવું; તોડ કાઢવો. *vt.* To settle by mutual concession. સમાધાની-સમજુતી કરવી. [L, *con,* & *pro* & *mitto,* I send].

Comptroller, *n.* (કૉન્ટ્રો,'લર્) An officer who examines the accounts of the collectors of public money. હિસાબ તપાસનાર અધિકારી.

Compulsatory, *a.* (કૉમ્પલસે,'ટરી) Compulsory. બળાત્કાર કરતું; ફરજ પાડતું; ઉપર બોજો નાખતું.

Compulsory, *a.* (કૉમ્પ'લસરી) Obligatory; enforced; constraining; coercive. ફરજિયાત; બળાત્કાર-જોરજુલમ-જબરાઈથી કરાવવાનું-કરાવવાની સત્તાવાળું; આવશ્યક; જરૂરનું.

Compulsion, *n* (કૉમ્પ'લ્શન્) Coercion; constraint. જબરદસ્તી; બળાત્કાર; બળ; હઠ; જોરજુલમ; ફરજિયાતપણું.

Compunction, *n.* (કૉમ્પ'ન્કશન્) Regret combined with some pity; remorse; contrition. પશ્ચાત્તાપ; પસ્તાવો; કચવાટ; ખેદ; ખટકો; બળાપો. [L. *con,* together & *pungo,* I pick].

Compunctious, *a.* (કૉમ્પ'ન્ગશસ્) Remorseful; contrite. પશ્ચાત્તાપ-પસ્તાવો કરતું; જીવને કચવાવે એવું.

Computable, *a.* (કૉમ્પ્યૂ'ટબલ્) Capable of being counted ગણી શકાય તેવું.

Computation, *n* (કૉમ્પ્યૂટે,'શન્) Reckoning calculation. હિસાબ; ગણત્રી; ગણના; સુમાર; અડસટો; આશરો.

Compute, *vi.* (કૉમ્પ્યૂ'ટ) To count up or reckon. ગણત્રી-ગણના કરવી; અડસટો-સુમાર કાઢવો; ગણવું. [L. *con* & *puto,* I reckon].

Comrade, *n.* (કૉ'મ્રેડ) A companion. મિત્ર; સોબતી, સાથી. [L. *camera,* a chamber-fellow].

Con-catenate, *vt.* (કૉનકૅ'ટીને,ટ) To chain or link together. વળગાડવું; સાથે જોડવું. [L. *con,* & *catena,* a chain].

Concatenation, *n* (કૉનકૅટીને,'શન્) A chain; a series. સાંકળ; શ્રેણી; માળા.

Concave, *a.* (કૉ'ન્કે,વ્) Curved and hollow. અંતર્ગોળ. *n.* A hollow. પોકળ; પોલાણ. *vt.* To make hollow. પોલું કરવું. [L. *con,* & *cavus,* a hollow].

Conceal, *vt.* (કૉન્સી'લ્) To secrete or hide. છુપાવવું; ગુપ્ત-છાનું રાખવું; સંતાડવું; ઢાંકવું. [L. *con,* together & *celo,* I hide].

Concealment, *n.* (કૉન્સી'લમેન્ટ્) Privacy. છુટાપણું; અપ્રકાશ. 2. The act of concealing. છુપાવવું-સંતાડવું તે. 3. A secret hiding place. છુપવાની-સંતાવવાની જગ્યા.

Concede, *vt.* (કૉન્સી'ડ્) To grant; to give as a concession. નમતું આપવું-મુકવું; વગર તકરારે કબુલ-માન્ય રાખવું. *vt.* to consent. હા પાડવી; કબુલ થવું. [L. *con* & *cedo,* I yield].

Conceit, *n.* (કૉન્સી'ટ) Vanity; arrogance. ગુમાન; ગર્વ; મગરૂરી. 2. Opinion; conception; fantastical notion. વિચાર; ખ્યાલ; કલ્પનાશક્તિ.

Conceited, *a.* (કૉન્સી'ટેડ) Vain-glorious; egotistical. અહંકારી; ગર્વિષ્ઠ; પતરાજખોર; ગુમાની; મગરૂર; ખુમારી ધરાવતો.

Conceivable, *a.* (કૉન્સી'વૅબલ્) Imaginable. કલ્પનીય; ખ્યાલ કરી શકાય તેવું.

Conceive, *vt.* (કૉન્સી'વ્) To form a full idea in the mind; to realize mentally. ધારવું; વિચારવું; મનમાં યોજવું. 2. To become pregnant with. ગર્ભધારણ ક૦. [L. *con,* & *capio,* I take.]

Conceiving, *n.* (કૉન્સી'વિન્ગ્) Pregnancy. દહાડા રહેવા તે; ગર્ભધારણ; હમેલ.

Concentre, concenter, *vi.* (કૉન્સે'ન્ટર) To meet in one centre; to come to one point. એક બિંદુ-એકત્ર થવું. *vt.* To direct or draw to a common centre. એક સામાન્ય બિંદુમાં લાવવું. [L. *con,* together and *centum,* a centre.]

Concentrate, *vt.* (કૉ'ન્સેન્ટ્રે,ટ) To cause to convrege or meet together at one point. જોડવું; મધ્યબિંદુ-કેન્દ્રમાં લાવવું; એક સામાન્ય બિંદુમાં લાવવું. 2. To bring to bear on one subject, to direct towards one subject (said of the mind or attention). ની એકાગ્રતા કરવી; એકચિત્ત થવું-કરવું. [L. *con,* together & *centum,* a centre].

Concentration, *n.* (કૉનસેન્ટ્રે,'શન્) The act or process of concentrating. સંઘટન; સંગઠન; એક કેન્દ્રમાં લાવવું તે C. of the mind = એકચિત્ત; એકાગ્રતા; સમાધિ; ધ્યાન.

Concentrativeness, *n.* (કૉનસેન્ટ્રે,'ટીવનેસ્) The power of the concentration of the mind એકચિત્તપણું; એકાગ્રતા.

Concentric, *a.* (કૉનસે'ન્ટ્રીક) Meeting in or having one common centre (as circles.) સમકેન્દ્ર; એકજ મધ્ય બિંદુવાળું; કેન્દ્રાનુસારી. [L. *con* & *centum,* a centre].

Conception, *n.* (કૉન્સે'પ્શન્) The state of being pregnant. દહાડા રહેવા તે; ગર્ભધારણ; ગર્ભ રહેવો તે. 2. Image in the mind; notion; idea; thought. વિચાર કલ્પના; ધ્યાન; સમજ; ખ્યાલ; ધારણા.

Concern, *n.* (કૉન્સ'ર્ન) Affair; interest; business; connection. સંબંધ; લેવાદેવા; કામ. 2. Importance; moment. વજન; વિસાત; અગત્ય; ઉપયોગ; જરૂરિયાત. 3. Care; regard; solicitude; anxiety. કાળજી; હેત; દરકાર; માયા; ચિંતા. 3. [Com.] A manufacturing or commercial firm or establishment. પેઢી; કંપની; કારખાનું.

Concerning, *prep.* (કૉન્સ'ર્નીન્ગ) Relating or pertaining to. વિષે; સંબંધી.

Concert, *n.* (કૉ'ન્સર્ટ) A musical entertainment or performance. સંગીતનો જલસો. 2. Harmony. એકરાગ-એક મત; એક વિચાર; સુરમેળ. 3. Cooperation or agreement in a design or plan or scheme. કોઈપણ કામમાં સામેલિયત-મદદ આપવી-સાથે કામ કરવું તે. *vi.* To act in harmony or together. સંપમાં ચાલવું; એક સંપી થવું. *vt.* To devise, frame or contrive a plan &c. by mutual communication of opinion. સાથે મળીને વિચાર ઘડવો-યોજના ઘડવી-નક્કી કરવી. 2. To plan or arrange. ગોઠવણ ક૦; ગોઠવવું. [L. *con* together & *certo*, I strive].

Concert-hall *n.* (કૉ'ન્સર્ટ-હૉલ) A public enterainment place. સંગીતશાળા; થિએટર.

Concertina, *n.* (કૉનસર્ટી'ના) A kind of accordion-like musical instrument. એક જાતનું હાથે વગાડવાનું ન્હાનું વાજું.

Concession, *n.* (કૉનસે'શન) The act of yielding or granting. હક આપવો તે; બક્ષીસ આપવું તે; મ્હેરબાની ખાતર કંઈપણ બક્ષવું તે. 2. A grant; the thing yielded. બક્ષીસ; હક. 3. A privilege granted by the government. સરકારે બક્ષેલો હક. [L. *con* & *cedo*, I yield.]

Conch, *n.* (કૉન્ક) A shell of the sea. શંખ. 2. A concave surface. અંતર્ગોળ સપાટી. 3. The external ear. કાનનો બાહ્યભાગ. [L. *concha*, a shell.]

Conciliate, *vt.* (કૉન્સિ'લિએટ)To propitiate or pacify;to gain or win over the friendship of. ની પ્રીતિ-નું મન મેળવવું-સંપાદન કરવું; સમાધાની કરવી.[L.*concilo*, I bring together.]

Conciliation, *n.*(કૉન્સીલીએ'શન)Reconciliation; the act of gaining the friendship of. સુલેહ;સમજુતિ;પ્રીતિ;સંપાદન કરવી તે;મન મેળવવું તે.

Conciliatory, *a.*(કૉન્સીલીએ'ટરી)Pacifying; propitiating.મન-પ્રીતિ સંપાદન કરે તેવું;શાંતિપ્રિય.

Concise, *a.* (કૉ'નસાઇસ) Abridged. સંક્ષિપ્ત; ટુંકું; અલ્પ. [L. *con* & *cado*, I cut.]

Concision, *n.* (કૉનસી'ઝન)A cutting off; a division. વિભાગ; છેદન; ભાગ. [L. *con* & *cisso*, I cut.]

Conclave, *n.* (કૉ'નક્લેવ) An assembly of cardinals. ધર્માધ્યક્ષોની સભા. 2. A private meeting or gathering. ખાનગી-ગુપ્ત સભા. 3. A private chamber. ખાનગી સભાની ઓરડી. [L. *con* & *clevis*, the key.]

Conclude, *vt.* (કૉનક્લ્યૂ'ડ) To finish. પુરૂં કરવું; આટોપી લેવું; બંધ કરવું. 2. To infer; to give a final judgment. નિર્ધારવું; છેલ્લો ઠરાવ કરવો; અનુમાન કાઢવું. *vi.* To form a final judgment; to decide. છેલ્લો ઠરાવ કરવો; નિશ્ચય ઉપર આવવું; નિર્ણય ઉપર આવવું [L. *con claudo*, I shut.]

Concluding, *a.* (કૉનક્લ્યૂ'ડીન્ગ) Winding up; final. અંતનું; છેવટે; પુરૂં કરતાં; આખરનું.

Conclusion, *n.* (કૉનક્લ્યૂ'ઝશન)End; Close termination. આખર; છેવટ; અંત. 2. Decision નિશ્ચય-નિર્ણય-છેલ્લો ઠરાવ. 3. Inference. અનુમાન; તર્ક; ખ્યાલ; નિશ્ચય. 4. [In **Logic**] The truth inferred from a given set o premisses. સિદ્ધાંત. **In conclusion** = આખરમાં; અંતે; પુરૂ કરતાં.

Conclusive, *a.* (કૉનક્લ્યૂ'સિવ) Decisive final; convening. નિશ્ચયાત્મક;નિર્ણયિક;પ્રતિપાદક છેડો-અંત આણે એવું.

Conclusiveness, *n.* (કૉનક્લ્યૂ'સિવનેસ) Finality; the quality of being convincing નિશ્ચયાત્મકપણું; નિર્ણયિકપણું; સચોટપણું.

Concoct, *vt.* (કૉનકૉ'ક્ટ) To devise, plo or plan. રચવું; યોજના કરવી; તૈયાર કરવું **Concocted evidence** = બનાવટી પુરાવો [L. *con*, together & *coquo*, I cook]

Concoction, *n.* (કૉનકૉ'ક્શન) The act o devising or planning something. રચવું તે યોજના કરવી-તૈયાર કરવું તે. 2. Forging (as o evidence) પુરાવાની બનાવટ.

Concommittance, *n.* (કૉનકૉ'મીટૅન્સ) A bringing together or in connection wit another thing. સાથે-સોબતમાં હોવું તે સહચાર; અનુષંગ.

Concommitant, *a.* (કૉનકૉ'મીટૅન્ટ) Accompanying; coming together; concurren સાથે-જોડે આવનાર; એક સાથે આવતું; [L. *con* & *comos*, a companion.]

Concord, *n.* (કૉ'ન્કૉર્ડ) Union; agreemen peace; unity; harmony. એકરાગ-એકસંપ એકમત; ઐક્ય; એકતા; શાંતિ; સંપ. 2. Agreeme of words with one another (in gramma

(શબ્દોનું) મળતાપણું. 3. Consonance. સુરમેળ. [L. *con*, together & *cordis*, heart.]

Concordance, *n.* (કૉનકૉ'ર્ડન્સ) Concord; agreement; harmony. મળતાપણું; એકસંપ; અન્વય. 2. Contents (of a book) અનુક્રમણિકા; સાંકળીયું.

Concordant, *a.* (કૉનકૉ'ર્ડન્ટ) Harmonious; agreeing; united. એક સંપી; મળતું;માફક;યોગ્ય.

Con-corporate, *vt.* (કૉનકૉ'રપોરેટ) To consolidate or unite in one mass. એક, ભેગું કરી દેવું. [L. *con* & *corpus*, the body.]

Concourse, *n.* (કૉ'નકોર્સ) A throng, crowd or assemblage of persons or things. મેળાવડો; ગીર્દી; ટોળું. 2. Confluence; place of meeting. સંધી સ્થાન; એકઠા થવાની જગ્યા. 3. A place where roads meet. ચૌટા; પંચવટી; ચાર રસ્તા મળે તે સ્થળ.

Concrete, *a.* (કૉ'ન્ક્રીટ) United in a solid form; material; existing in a subject; not abstract. ઘટ્ટ; સ્થુલ (દાખલો.) *n.* A material made up of broken stones and cement. પથ્થરના કટકાનું બનેલું ઢેકૂં. *vt.* or *vi.* To make up into a mass. જામવું; ઘટ્ટ થવું; જામી જવું; જમાવવું; ઘટ્ટ કરવું.

Concretion, *n.* (કૉન્ક્રી'શન) Solid mass. ઢેકૂં; ગોળો; ગઠ્ઠો.

Concubine, *n.* (કૉ'ન્કયુબાઈન) A mistress. રાખેલી સ્ત્રી; રખાત. [L. *con*, with or together & *cubo*, I lie down.]

Concupiscence, *n.* (કૉનકયુ'પીસન્સ) Coition; sexual intercourse. સ્ત્રી સમાગમ-સંભોગ; વિષય ભોગ.

Concur, *vi.* (કૉનક'ર) To agree or come to one opinion. એકમત થવું; એકરાગ થવું; મતમાં મળતા આવવું; [L. *con*, together & *curro* I run.]

Concurrence, *n.* (કૉનક'રન્સ) Concord or agreement of opinion; union. એક સંપ; મતનું મળતાપણું; એકમત.

Concurrent, *a.* (કૉનક'રન્ટ) Adjoining. જોડે રહેલું; સહગામી; સહકારી. 2. Acting or working together. જોડે-સાથે કામ કરનાર. 3. Joint & equal. સમાધિકારી. *n.* A man following the same profession as another. એકજ જાતનો-તેજ જાતનો ધંધો કરનાર માણસ.

Concussion, *n.* (કૉનક'શન) The act of violent shaking by dashing against another body. આંચકો-ધક્કો; અથડામણ. 2. A shock or injury to the brain or other organs by a fall, blow &c. પડવા-અથડવાથી શરીરના કોઈ અવયવને થયેલી ઈજા. [L. *con*, together & *quatio*, I shake].

Condemn, *vt.* (કૉન્ડે'મ) To declare guilty or in the wrong. દૂષિત-ખોટું ઠરાવવું; ગુન્હો-દોષ-અપરાધ જણાવવો. 2. To sentence or pronounce a judgment. ગુન્હેગારને શિક્ષા કરવી. 3. To reject or declare to be unfit or useless. વાપરવા લાયક નથી એમ ઠરાવવું; નકામું ઠરાવવું; [L. *con*, & *demno*, I condemn.]

Condemnable, *a.* (કૉન્ડે'મ્નેબલ) Culpable; blameable; useless. રદ કરવાજોગ-ધિક્કારવાજોગ; ગુન્હેગાર ઠેરવવા યોગ્ય.

Condemnation, *n.* (કૉન્ડેમ્ને,'શન)Culpability; blame. દૂષણ; નિંદા. 2. Declaring guilty. ગુન્હેગાર-સજાપાત્ર ઠરાવવું તે. 3. The act of sentencing (a criminal). સજા કરવી-શિક્ષા ફરમાવવી તે. 4. Order of forfeiture. જપ્તીનો હુકમ. 5. The cause of being declared guilty or the state of being so. ગુન્હેગાર ઠરાવ્યાનું કારણ; ગુન્હેગાર ઠરવું તે; શિક્ષા.

Condemnatory, *a.* (કૉન્ડેમ્ને,'ટરી)Expressing condemnation or censure. અપવાદક; નિંદાત્મક; શિક્ષાપાત્ર-ગુન્હેગાર ઠેરવતું.

Condensate, *vt.* (કૉન્ડેન્સે,'ટ) To thicken or condense. ઘટ્ટ-જાડું કરવું. *a.* Condensed. ઘટ્ટ-જાડું કરેલું; જામેલું.

Condensation, *n.*(કૉન્ડેન્સે,'શન)Thickening. જાડું-ઘટ્ટ કરવું તે.

Condense, *vt.* (કૉન્ડે'ન્સ) To thicken or make more dense or compact. ઠરાવવું-જાડું-ઘટ્ટ બનાવવું-કરાવવું-રૂપમાં ફેરવવું. [L. *con* & *densus*, dense.]

Condensity, *n.* (કૉન્ડે'ન્સીટી) Denseness. જાડાશ; ઘટ્ટપણું; ઘનતા.

Condescend, *vi.* (કૉન્ડીસે'ન્ડ) To deign; to be gracious or complaisant to an inferior. મહેરબાની કરવી; મોટાઈ-માન મુકી કરવું-આચરવું-બોલવું; રહેમ નજર બતાવવી. [L. *con*, *de*, down & *scando*, I climb.]

Condescending, *a.* (કૉન્ડીસે'ન્ડીંગ) Affable; complaisant; gracious or patronising to an inferior. વિવેકી; દયાળુ; મ્હોટા મનનું.

Condescension, *n.*(કૉન્ડીસે'ન્શન)Graciousness; affability; Complaisance. મહેરબાની; નિરભિમાનીપણું.

Condign, *a.* (કૉનડા'ઈન) Worthy; deserving. લાયક; યોગ્ય; ઘટતું; વાજબી. [L. *con* & *dignus*, worthy.]

Condiment, *n.* (કૉ'ન્ડીમેન્ટ) Spices used in relishing food. મશાલો; મરીમરચું વગેરે; વઘાર. [L. *con* & *do*, I preserve.]

Condition, *n.* (કૉન્ડી'શન્) Temperament. સ્વભાવ; પ્રકૃતિ. 2. State. હાલત; સ્થિતિ. 3. A stipulation or provision; an antecedent circumstance. શરત–બોલી–કરાર. *vt.* To stipulate or contract. શરત કરવી; ઠરાવ–બોલી–કરાર કરવો. *vi.* To stipulate or make terms. શરત-કરાર ક૦. [L. *con* & *do*, I give.]

Conditional, *a.* (કૉન્ડી'શનલ્) Subject to stipulations. શરતવાળું. 2. Showing a condition or supposition &c. (in grammar.) સંકેતાર્થ; ધારણા–શરત બતાવતું.

Condole, *vi.* (કૉન્ડો,'લ્) To sympathise with; to console. પારકા દુઃખે દુઃખી થવું. *vt.* To bewail. ને માટે શોક-દિલગીરી પ્રદર્શિત કરવી. [L. *con*, together & *doleo*, I feel pain.]

Condolement, *n.* (કૉન્ડો,'લમેન્ટ) Sympathy in distress. પરદુઃખે દુઃખ; દિલાસો; ખેદ; દિલગીરી; શોચ; શોક.

Condolence, *n.* (કૉન્ડો,'લન્સ) Commisseration; expression of sympathy. દિલાસો; પર દુઃખે દુઃખ; શોચ.

Conduce, *vi.* (કૉન્ડ્યૂ'સ) To further or promote an end. વધારવું; ઉપયોગી-કારણભૂત હોવું. *vt.* To lead to. લઈ જવું; પરિણામ લાવવું. [L. *con*, together & *duco*, I lead.]

Conducive, *a.* (કૉન્ડ્યૂ'સિવ્) Promoting or furthering an object; tending or leading to. સાધક; સહકારી; ઉપયોગી; કારણભૂત હોવું; વધારવું; લઈ જવું; પરિણામ લાવવું.

Conduct, *n.* (કૉ'ન્ડક્ટ) Generalship; skilful guidance. હોશિયારીથી દોરવું તે. 2. Guidance. વહિવટ. 3. Behaviour; personal deportment. ચાલચલગત; વર્તણુક. 4. Convoy. સંઘ; રક્ષક; વળાવો. *vt.* (કૉન્ડ'ક્ટ) To escort, guide or lead. લઈ જવું; દોરવું; વળાવવું; વળાવવા જવું; સેનાપતિ તરીકે દોરવું; લઇ જવું. 2. To regulate or manage. ચલાવવું; વહિવટ ક. 3. To behave or deport oneself. વર્તવું; આચરણ ક. *vi.* To act or to behave. વર્તવું; આચરવું. [L. *con*. together and *duco*, I lead.]

Conductive, *a.* (કૉન્ડ'ક્ટીવ) Having the power to lead. લઇ જાય એવું; આગેવાન.

Conductor, *n.* (કૉન્ડ'ક્ટર) A guide or leader. આગેવાન; રસ્તો બતાવનાર. 2. The director of a chorus. ગાયન શરૂ કરનાર 3. A substance transmitting heat or electricity to another in contact with it ઉષ્ણતા-વિદ્યુતવાહક.

Conduit, *n.* (ક'ન્ડિટ) A channel or pipe for conveying water &c. નળ; નિક; નેહેર; નગી. [L. *con*, & *duco*, I lead.]

Cone, *n.* (કોન્) A tapering, circular-based body. શંકુ. 2. A fruit of that shape. તેવા આકારનું ફળ *vt.* To make like a cone in shape. શંકુ જેવા આકારનું બનાવવું-કરવું.

Coney-cony, *n.* (કો,'ની, કૉની) A rabbit. સસલું. 2. A fish. માછલું. [L. *coniculus*, a rabbit.]

Confabulation, *n.* (કૉનફૅબ્યુલે,'શન્) Gossip; familiar talk. વાતચીત; ગપાટા; ગપસપ; બોલાચાલી. [L. *con* & *fabula*, a fable.]

Confection, *n.* (કૉનફે'કશન્) Sweet-meats; confit. મિઠાઈ; મુરબ્બો; હલવો.

Confectioner; *n* (કૉનફે'કશનર) A dealer of sweetmeats. કંદોઇ; સુખડીયો; હલવાઇ; મિઠાઈવાળો.

Confectionery, *n.* (કૉનફે'કશનરી) Sweetmeats. મિઠાઈ. 2. The place where sweetmeats are sold. કંદોઈ આળ; મિઠાઇ બજાર.

Confederacy, *n.* (કૉનફે'ડરસી) A union or league of persons, parties, states or nations. માણસ-પક્ષ-રાષ્ટ્રસંઘ, એકસંપી; સંપ; મસલત.

Confederate, *n.* (કૉનફે'ડરે,ટ) A person in league; an ally. એકસંપીલો; સંઘમાં સામેલ માણસ. *a.* Leagued or united. એકસંપી; સંપ-સંઘમાં સામેલ. *vt.* To unite or league. એક-સંપ-એક્કો કરવો. [L. *con*, together & *fœdus*, a league.]

Confederation, *n.* (કૉનફેડરે,'શન્) A covenant or league. સંઘ; એકસંપ; એક્કો.

Confer, *vt.* (કૉ'ન્ફર) To bestow or grant. કબજે આપવો-બક્ષવું; હક બક્ષવો-આપવો. 2. To present. બક્ષિસ આપવું. *vi.* To counsel, advise, or consult together on some important question. મસલત ચલાવવી; સલાહ લેવી. [L. *con*, together & *fero*, I bear.]

Conference, *n.* (કૉ'ન્ફરન્સ) A meeting of representatives &c, to discuss some important question. કૉનફરન્સ; પરિષદ્; સભા. 2. Bestowal or grant. બક્ષવું તે.

Conferee, *n.* (કૉનફરી') One on whom something is bestowed. બક્ષિસ મેળવનાર-જેને કંઇ હક વગેરે બક્ષવામાં આવ્યો હોય એવો માણસ.

Confess, *vt.* (કૉનફે'સ) To admit as true or acknowledge some fault, crime &c. વાંક-ગુન્હો-દોષ વગેરે કબુલ કરવો; એકરાર આપવો; સાચેસાચું કહી દેવું; માનવું. 2. To disclose or recapitulate one's sins to a priest or holy man with a view of getting absolution. પાદરી પાસે પોતાના ગુન્હા કબુલ કરી તેના માટે

ઈશ્વર પાસે માફી માંગવી. [L. *con* & *fetior*, I confess].

Confessedly, *adv.* (કૉનફે'સેડ્લી) Acknowledgedly; undeniably. મુકરર; નિઃસંશય; ખચિત; પોતાનીજ કબુલત પ્રમાણે; નિર્વિવાદ.

Confession, *n.* (કૉનફે'શન્) Acknowledgment or admission as true of a debt, crime, charge &c. દેવું-ફરજ-ગુન્હાની કબુલત. 2. Recapitulating of one's sins to a priest or holy man. પાદરી આગળ કરેલું પાપનિવેદન. **Confession of faith**=ખ્રિસ્તી ધર્મમાં માનવાનો એકરાર-કબુલત.

Confessional, *n.* (કૉનફે'શનલ્) A seat or chapel in which Roman catholics make their confessions to the priest. પાપશ્રવણ કરનાર પાદરીનું આસન.

Confidant, confidante, (fem.) *n.* (કૉન્ફીડૅ'ન્ટ્-કૉન્ફીડૅન્ટ્) One entrusted with secrets; a bosom or confidential friend. ઇષ્ટમિત્ર; જીગરજાન દોસ્ત; વિશ્વાસુ ભાઇબંધ, બ્હેન, બાઈ.

Confide, *vi.* (કાનફા'ઈડ્) To rely upon; to put faith in; to trust. ની ઉપર વિશ્વાસ-ભરોસો-આકીન રાખવો-વું. *vt.* To entrust. સોંપવું; ને ભરોસે મુકવું-રાખવું. [L. *con* & *fido*, I trust.]

Confidence, *n.* (કૉ'નફીડન્સ્) Reliance; trust; faith. ભરોસો; વિશ્વાસ. **In confidence**= ખાનગી-ગુપ્ત રીતે. **Vote, of confidence** ="વિશ્વાસ છે" એવો ઠરાવ. **I do not share his confidence**=મને એના મનની વાતની ખબર નથી. **Confidence in oneself**= આત્મ-વિશ્વાસ; સ્વાશ્રય; સ્વાભિમાન.

Confident, *a.* (કૉ'નફીડૅન્ટ્) Reliant; trustful. ભરોસો-વિશ્વાસ રાખનાર-મુકનાર. 2. Secret; not divulged to all; giving occasion for confidence. વિશ્વાસુ; ખાનગી.

Confidential, *a.* (કૉનફીડૅ'ન્શલ્) Trustworthy; reliable. વિશ્વાસુ; ભરોસેદાર-પાત્ર. 2. Not public; secret. ખાનગી; ગુપ્ત.

Confidently, *adv.* (કૉ'ન્ફીડન્ટ્લી) Trustfully; reliantly. વિશ્વાસુપણે; ભરોસો રાખી. 2. Without doubt; with assurance. નિઃસંશય; ખાતરીપૂર્વક; નિઃશંક.

Configure, *vt.* (કૉનફી'ગર્) To array in a given shape. અમુક આકારમાં ગોઠવવું. [L. *con* & *figura*, a figure.]

Confine, *vt.* (કૉનફા'ઈન્) To limit or set a boundary to. સીમા-હદ બાંધવી; મર્યાદિત કરવું. 2. To imprison or shut up. કેદમાં રાખવું; ગોંધવું. **To be confined**=ખાટલે-સુવાવડમાં હોવું. [L. *con* & *finis* boundary.]

Confines, *n.* (કૉ'નફાઈન્સ્) Limit; boundary. હદ; સીમા; સરહદ.

Confinement, *n.* (કૉનફા'ઈનમેન્ટ્) Restraint; limitations. મર્યાદા; પ્રતિબંધ; નિરોધ; અટકાવ; બંધન; હદ-મર્યાદામાં રાખવું તે. **Place of confinement**=બંદીખાનું. 2. સૂતિકાગ્રહ. 2. Child-birth. સુવાવડ.

Confirm, *vt.* (કૉનફ'ર્મ્) To render firm. મક્કમ-મજબુત બનાવવું. 2. To corroborate; to verify. ખરૂં છે એમ ઠસાવવું-ખાત્રી આપવી. 3. To authorise or justify. બહાલ-મંજુર-કાયમ કરવું; પરવાનગી-મંજુરત આપવી [L. *con* & *fermus*, firm.]

Confirmation, *n.* (કૉનફર્મે,'શન્) Sanction or ratification (of a superior authority.) મંજુરાત; વરિષ્ઠ અધિકારી તરફથી પરવાનગી. 2. Corroboration. વધુ પુરાવો-ખાત્રી. 3. The act of making strong or firm. મજબુત-મક્કમ બનાવવું તે.

Confirmatory, *a.* (કૉનફર્મે,'ટરી) Ratifying; corroborating. પુષ્ટિ મજબુતી-મંજુરાત-પરવાનગી-વધુ પુરાવો આપતું.

Confiscable, *a.* (કૉ'નફીસ્કૅબલ્) Liable to confiscation. જપ્ત કરવા લાયક-કરી શકાય એવું.

Confiscate, *vt.* (કૉ'નફીસ્કે,ટ્) To take possession of property as a penalty. જપ્ત-કબજે કરવું; જપ્તી લાવવી. *a.* Appropriated property &c. કબજે-જપ્ત કરેલો (માલ વગેરે). [L. *con*, together & *fiscus*, a money bag.]

Confiscation, *n.* (કૉનફીસ્કે,'શન્) The act of taking possession of property as a penalty. કબજે-જપ્ત કરવું તે.

Conflagration, *n.* (કૉનફ્લૅગ્રે,'શન્) A fire which has spread to many objects. મ્હોટી આગ; વણુવો; જંગલ, વનદાહ. [L. *con*, together and *flagro*, I blaze.]

Conflict, *n.* (કૉ'ન્ફ્લીક્ટ્) Battle; contest. લડાઈ; યુદ્ધ. 2. Violent collision; opposition; clashing together. અથડા અથડી; વિરોધ; ધક્કા ધક્કી. *vi.* To oppose or clash together; to fight. લડાઈ કરવી; સામે થવું; અથડા અથડી થવી; વિરોધ પડવો. **Conflict of interests**= સ્વાર્થનો વિરોધ; એકનો સ્વાર્થ તે બીજાનો નાશ-ખરાબી હોવી એવી સ્થિતિ.

Conflicting, *a.* (કૉનફ્લી'કટીન્ગ્) Clashing; incompatible; opposing; contradictory. પ્રતિકૂળ; પરસ્પર વિરોધી વિરૂદ્ધ; ઉલટું.

Confluence, *n.* (કૉ'નફ્લુઅન્સ) A junction of rivers. streams &c; a place of meeting together. સંગમ; ત્રિવેણી. 2. Crowd or concourse. ટોળી; ભીડ; ઠઠ.

Confluent, *a.* (કૉ'નફ્લુઅન્ટ્) Running or flowing together. સંગત થનાર; એકત્ર થનાર; સંમેલક.

Conflux, *n.* (કૉ'નફ્લક્સ્) Confluence. સંગમ; ત્રિવેણી. 2. Concourse. દાટી; ભીડ; ઠઠ.

Conform, *vt.* (કૉન્ફૉ'ર્મ્) To render like; to cause to resemble. ના જેવું; પ્રમાણે કરવું. *vt.* To act according to (followed by *to*) ના પ્રમાણે વર્તવું; તાબે રહેવું, થવું; હુકમ માથે ચઢાવવો. [L. *con*, together and *forma*, a form]

Conformable, *a.* (કૉન્ફૉ'ર્મેબલ્) Like; similar. સરખું; મળતું. 2. Becoming; proper; ઘટતું. 3. Compliant; submissive. આધીન. 4. (Geology) Parallel. સમાંતર.

Conformation, *n.* (કૉનફૉર્મે,'શન્) Configuration; structure; form. ઘાટ; આકાર; આકૃતિ; રચના. 2. The act of conforming. પ્રમાણે-સરખું-ને મળતું કરવું-બનાવવું તે.

Conformist, *n.* (કૉનફૉ'ર્મિસ્ટ્) A believer in the established Church of England. ઇંગ્લંડમાં સ્થાપિત ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ચાલનાર.

Conformity, *n.* (કૉનફૉ'ર્મિટી) A like structure or formation; resemblance; આકારનું સરખાપણું-મેળ-મળતાપણું. 2. Belief in the Established Church of England. ઇંગ્લાંડમાં સ્થાપિત ખ્રિસ્તી ધર્મમાં માન્યતા.

Confound, *vt.* (કૉનફા'ઉન્ડ્) To entangle or mix together. ગુંચવી નાંખવું. 2. To confuse or mistake one for another. ભુલથી એકને બદલે બીજાને ધારવું-ગણવું; ખોટું ઓળખવું. 3. To amaze or astound. દિંગ-આશ્ચર્યચકિત કરવું. 4. To bring to naught or overthrow. ધૂળમાં મેળવવું; નકામું કરવું; ગુંચવી નાંખવું. [L. *con*. together & *fundo*, I pour.]

Confounded, *a.* (કૉનફા'ઉન્ડેડ્) Perplexed; confused. વ્યાકુળ; ગભરાએલું; બાવરું; છક્ક; ગુંચવાડામાં પડેલું.

Confraternity, *n.* (કૉનફ્રૅટ'ર્નિટી) A union. મંડળ; બંધુવર્ગ મંડળ. [L. *con*, together and *frater*, a brother.]

Confront, (કૉનફ્ર'ન્ટ્) *vt.* To face; to stand face to face; to oppose. સન્મુખ-સામે ઉભું રહેવું; સામા થવું. 2. To bring face to face. રૂબરૂમાં હાજર કરવું; સમક્ષ મુકવું. [L. *con* & *frons*, the forehead.]

Confrontation, *n.* (કૉનફ્રન્ટે',શન્) Comparison; the act of confronting. મુકાબલો; રૂબરૂમાં હાજર કરવું તે.

Confuse, *vt.* (કૉનફ્યુ'ઝ્) To disconcert; to perplex. ગુંચવવું; ગભરાવવું; ગુંચવડામાં-ઘોટાળામાં નાંખવું. 2. To entangle. ગુંચવી નાંખવું. [L. *con*, together & *fundo*, I pour.]

Confusion, *n.* (કૉનફ્યૂ'શ્ઝન્) Indiscriminate mingling; disorder. અવ્યવસ્થા; ઘોટાળો; ગુચવણ; ધાલમેલ. 2. Perplexity; agitation. મનની ગુંચવાએલી-અસ્વસ્થ સ્થિતિ.

Confutable, *a.* (કૉ'નફ્યુટેબલ્) Refutable. ખંડન કરવા લાયક-જેવું; ખંડનીય; ખોટું પાડી શકાય એવું.

Confutation, *n.* (કૉનફ્યૂટે,'શન્) Refutation. ખંડન; રદિઓ; વિતંડાવાદ; તકરાર; સામો જવાબ.

Confute, *vt.* (કૉનફ્યૂ'ટ્) To refute or answer. દલીલનું ખંડન કરવું-રદિઓ આપવો; મ્હો (સામાનું) બંધ ક૦ [L. *con*, together and *futo*, I argue.]

Conge, *n.* (કૉન્જી') Farewell; dismissal. છેલ્લી સલામ. *vi* To bid farewell to. સલામ-રામરામ ક૦; છેલ્લા સલામ ક૦. [L. *con* & *eo*, I go]. C. d' elire (કૉન્જીડેલી'ર્) ધર્મગુરૂ ચુંટવાની રજા.

Congeal, *vt.* (કૉન્જી'લ્) To make cold or chill. ઠંડુ-શિથિલ પાડવું. 2. To freeze. ઘટ્ટ કરવું; જમાવવું. *vi.* To become frozen. ઘટ્ટ થવું; જામી જવું. [L. *con* & *gelo*, I freeze.]

Congealment, } (કૉનજી'લમેન્ટ્, કૉન્જીલે,'શન્)
Congealation, } The act or process of freezing or the state of being frozen. ઠારવું-ઠરેલું હોવું તે.

Congener, *n.* (કૉ'ન્જીનર) A thing of the same class or genus. સજાતીય-એકજાતીય વસ્તુ; સમજાતીય વસ્તુ. [L. *con* & *genera*, race].

Congeneric-ous, *a.* (કૉન્જે'નેરીક્-કૉન્જે'નેરસ્) Of the same genus. એક જાતનું; સમજાતીય.

Congenial, *a.* (કૉન્જી'નીઍલ્) Kindred. સમજાતીય. 2. Naturally adapted. કુદરતથી માફક આવતું. [L. *con* & *genialis*, genial.]

Congenital, *a.* (કૉનજે'નિટલ્) Existing from birth. જન્મનું-થીજ હોવું; સ્વાભાવિક. [L. *con* & *gero*, I bear].

Congest, *vt.* (કૉન્જે'સ્ટ્) To freeze or congeal. જમાવવું-એકઠું કરવું.

Congestion, *n.* (કૉનજે'સ્ચન્) The act of gathering in heaps or masses. જમાવ; ભરતી-ભરાવો; ઢગલો. 2. (Med.) Undue stagnation of the blood. શરીરનાં કોઇપણ ભાગમાં લોહીનું જામી જવું.

Congestive, *a.* (કૉનજે'સ્ટિવ્) Causing stagnation of blood. રક્તાવરોધસૂચક; લોહીની ગાંઠ બંધાવું.

Conglomerate, *a.* (કૉનગ્લૉ'મરે,ટ્) Collected; concentrated. ગઠ્ઠાબંધ; જથાબંધ; કડીબંધ. *vt.* To gather in a round ball or body. ગઠ્ઠારૂપે-એક

આકારમાં એકઠા થવું. *n.* A pebble-rock. ગોળ કકડાનો ખડક.

Conglomeration, *n.* (કૉન્ગ્લોમરે,'શન્) The act of gathering in a round body. સમુદાય; સંગ્રહ; જમાવ.

Conglutinate, *vt.* (કૉન્ગ્લુ'ટિને,ટ્) To stick together with glue. જોડવું. *vi.* To coalesce. સાંધવું; જોડવું. [L. *con*, together & *glutinos*, I glue].

Conglutination, *n.* (કૉન્ગ્લુટિને,'શન્) Junction; gluing together. સંયોગ; સાંધવું તે; જોડવું તે.

Congratulate, *vt.* (કૉન્-ગ્રૅ'ટ્યુલે,ટ્) To felicitate; to wish joy. મુબારકબાદી આપવી–અભિનંદન કરવું–આપવું. **To C. oneself**=પોતાને મુબારકબાદી આપવી; આનંદિત થવું. [L. *con*, together & *gratus*, pleasure.]

Congratulation, *n.* (કૉન્ગ્રૅટ્યુલે,'શન્) Felicitation; a wishing joy. અભિનંદન; મુબારકબાદી.

Congregate, *vt.* (કૉન્'ગ્રેગે,ટ) To gather together or assemble. જમાવ-મેલાવડો કરવો; એકઠું થવું. *vi.* To come together. એકઠું થવું. *a.* Close; collected. સજ્જડ; ઘન; ઘટ્ટ; એકઠું થયેલું. [L. *con*, together & *gres*, flock.]

Congregation, *n.* (કૉન્ગ્રેગે,'શન્) An assembly of persons. માણસનો જમાવ–એકઠા થવું છે; ગિર્દી; મંડળ; પ્રાર્થનામંડળ.

Congregation, *a.* (કૉન્ગ્રેગે,'શનલ્) Relating to a congregation. પ્રાર્થના સમાજ–મંડળ વિષયી–નું.

Congregationalism, *n.* (કૉન્ગ્રેગે,'શનૅલીઝમ્) A system of church government.–ચર્ચનો અધિકાર અમુક મંડળના હાથમાંજ હોય એવી વ્યવસ્થા–રીતિ.

Congregationalist, *n.* (કૉન્ગ્રેગે,'શનૅલિસ્ટ્) A believer in the system of congregationalism. સામાજીક પંથનો–સમુદાયનો માણસ.

Congress, *n.* (કૉ'ન્ગ્રેસ્) An assemblage of persons. લોકોનો સમૂહ – સમુદાય. 2. A conference of the representatives of nations, meeting to discuss important problems. પ્રતિનિધિઓની સભા; રાજપ્રતિનિધિ–પરિષદ. **The Indian National Congress**=An independent body now composed of the representatives of different races, provinces &c. of India, holding annual sessions at different centres to arrive at a satisfactory solution of the political problems before India. હિંદી રાજકીય મહાસભા. [L. *con*, together & *gradior*, I go].

Congressive, *a.* (કૉન્ગ્રે'સિવ્) Tending to assemble or gather together. મળવું; એકઠું થવું; જમાવ થવું.

Congruence-cy, *n.* (કૉ'ન્ગ્રુઅન્સ્) Concord; agreement. એકરાગ; મેળ.

Congruous, congruent, *a.* (કૉ'ન્ગ્રુઅસ, કૉ'ન્ગ્રુઅન્ટ્) Harmonious; agreeing; fit; suitable. અનુરૂપ; સંબંદ્ધ;યોગ્ય; માફક; બેસતું; મળતું.

Congruity, *n.* (કૉન્ગ્રૂ'ઈટી) Harmony; agreement; fitness. એકરાગ;યોગ્યતા; મળતાપણું.

Conical, *a.* (કૉ'નિકલ્) Like a cone; tapering upwards. શંકુના આકારનું. **C. section**=શંકુચ્છેદ.

Conics, *n.* (કૉ'નિક્સ્) That part of solid geometry dealing with the properties of cone &c. શંકુચ્છેદ ભૂમિતિ.

Conjecturable, *a.* (કૉન્જે'ક્ચ રૅબલ્) Guessable. અનુમાનનીય; અનુમાનસાધ્ય; અનુમાનથી જણાય એવું.

Cojectural, *a.* (કૉન્જે'ક્ચરૅલ્) Hypothetical; depending on guess. અનુમાનનું;કલ્પિત;અટકળીયું.

Conjecture, *n.* (કૉન્જે'ક્ચર) Guess; probable inference. ધારણા; ઉડ્ડાંગ; કલ્પના;ક્યાસ;અનુમાન. *vt.* To guess or draw a probable inference from. અનુમાન–ક્યાસ–અટકળ કo. [L. *con*, & *jacio*, I throw].

Conjoin, *vt.* (કૉન્જૉ'ઈન્) To join together. સાંધવું; એકઠા જોડવું; સંયોગ કo. *vi.* To unite. સંયુક્ત–એકત્ર થવું. [L. *con*, together & *ungo*, I join.]

Conjoint, *a.* (કૉન્જૉ'ઇન્ટ) Joint; united. સાંધેલું; જોડેલું.

Conjointly, *adv.* (કૉન્જૉ'ઈન્ટલી) In unison with; together with. એકઠું; મળીને;સાથે;જોડે.

Conjugal, *a.* (કૉ'ન્જુગૅલ્) Pertaining to matrimony. વિવાહિક; વિવાહ સંબંધીનું. **C. happiness**=દંપતિ સુખ–સૌખ્ય. **C. rights**=ધણી–ધણીયાણી તરીકેના હક્ક–ફરજો. [L. *con*, together & *jugum*, a yoke].

Conjugate, *vt.* (કૉ'ન્જુગે,ટ્) To unite in wedlock. લગ્ન–વિવાહ કo. 2. [In Grammar] To give the different inflections of a verb. ક્રિયાપદના રૂપાખ્યાન આપવાં-કo. [L. *con*, together, & *jungo*, I join].

Conjugation, *n.* (કૉન્જુગે,'શન્) Assemblage; union. જોડાણ; એકઠા કરવું તે. 2. The inflection of verbs. ક્રિયાપદનાં રૂપાખ્યાન.

Conjunct, *a.* (કૉન્જ'ન્કટ્) Joint; united. સંયુક્ત; જોડેલું.

Conjunction, *n.* (કૉન્જ'ન્કશન્) Association; union. જોડાણ; સંયોગ; સંબંધ. 2. [In

grammar] A word showing connection or relation between two words or sentences. ઉભયાન્વયી અવ્યય. 3. The meeting together of two planets in one sign of the zodiac. યોગ. **C. of the Sun & the Moon**= સૂર્ય ચંદ્ર સંયોગ. **In C. with**=જોડે; ની સાથે.

Conjunctive, *a.* (કૉનજ'ક્ટિવ્) Joining together. સાથે જોડનાર; જોડનારૂં.

Conjuncture, *n.* (કૉનજ'ક્ચર્) Critical time or crisis. અણીનો–બારીક વખત; સંયોગ; યોગ; પ્રસંગ. 2. Union. સંયોગ.

Conjuration, *n.* (કૉનજુરે,'શન્) Incantation. મંત્ર ભણવા તે; જાદુમંત્ર; નજરબંદી. 2. Binding by an oath. સમ ઘાલવા તે.

Conjure, *vt.* (કૉનજૂ'ર્) To bind by an oath. સમ ઘાલવા; સોગંદ ઘાલીને બોલાવવું. 2. To solicit earnestly. કાલાવાલા કરવા–કગળી પડવું. [L. *con* and *juro*, I wear].–(ક'નજર્) To produce magical effects. નજરબંધી; જાદુ કરવું.

Conjurer-or, *n.* (ક'નજરર્) A performer of tricks. જાદુગર; મદારી; ગારૂડી. 2. A very clever man. પુષ્કળ હોશિયાર ચાલાક માણસ; કામણગારો.

Connate, *a.* (કૉને,'ટ્) One of twins. બીજાની સાથે જન્મેલું; જોડમાંનું એક. 2. (Botany.) Of one origin. એકજ બી–મૂળમાંથી ઉત્પન્ન થયેલું. [L. *con*, together & *natus*, born].

Connatural, *a.* (કૉનનૅ'ચરલ્) Of one genus or species. સજાતીય; એક જાતિનું.

Connect, *vt.* (કૉને'ક્ટ્) To join together. સંબંધ જોડવો; સાંધવું. *vi.* to be related, joined &c. સાંધેલું–જોડાએલું–સંબંધી હોવું. [L. *con* together & *necto*, I bind].

Connected, *a.* (કૉને'ક્ટેડ્) Joined. સંધાએલું. 2. Related. સગપણ ધરાવતું.

Connection, connexion, *n.* (કૉને'ક્શન્) A relation. સંબંધી; સગો. 2. Junction. સંયોગ; સંબંધ. 3. That which connects or joins. અનુસંધાન; સંબંધ. 4. Relation. સંબંધ.

Connective, *a.* (કૉને'ક્ટિવ્) Possessing the power of joining. સંયોગ–જોડવાની શક્તિવાળું; અનુસંધાન કરતું.

Connivance, *n.* (કૉના'ઇવૅન્સ્) Voluntary blindness to an act or ignorance of it. આંખ આડા કાન કરવા તે; આંખમિચામણી.

Connive, *vt.* (કૉના'ઇવ્) To close the eyes to or overlook a fault &c. out of sympathy for the doer; to forbear. આંખ આડા કાન કરવા; આંખ મીચવી. [L. *con.* & *nivo*, I close.]

Connoisseur, *n.* (કૉનસ'ર્) A critical judge of any art. માર્મિક માણસ; મર્મજ્ઞ; પરીક્ષક; જાણકાર; રસજ્ઞ; પ્રવીણ–નિપુણ માણસ. [L. *con*, & *noseo*, I learn].

Connote, *vt.* (કૉનો,'ટ્) To include in the meaning; to imply. ના અર્થમાં સમાવેશ હોવો; ગુણ બતાવવો. [L. *con.* & *noto*, I mark.]

Connotation, *n.* (કૉનોટે,'શન્) Implied meaning. અંદર સમાએલો અર્થ; સંકેતાર્થ.

Connubial, *a.* (કૉન્યુ'બિઍલ્) Relating to marriage. વિવાહવિષયી–નું. [L. *con*, together & *nubo*, I marry.]

Conquer, *vt.* (કૉન્કર્) To vanquish or subdue. જીતવું; જીત મેળવવી; ફતેહ પામવું. [L. *con.* & *quæro*, I seek.]

Conquerable. *a.* (કૉ'ન્કરૅબલ્) Vanquishable. જીતી–હરાવી શકાય એવું.

Conqueror, *n.* (કૉ'ન્કરર્) Hero; vanquisher. વિજયી વીર; જીતનાર. **A mighty conqueror** =દિગ્વિજય મેળવનાર વીર; ચક્રવર્તિ; સમ્રાટ.

Conquest, *n.* (કૉ'ન્કવેસ્ટ્) Victory; success. વિજય; ફતેહ; જીત. 2. [In Law] Aquisition of property by means other than bequest. પોતાની કમાવેલી મિલ્કત.

Consanguineous, *a.* (કૉનસૅન્ગ્વિ'નીઅસ્) Kindred; allied by blood. એકજ લોહીનું–સગાઇ ધરાવતું. [L. *con*, & *sequinous*, blood.]

Consanguinity, *n.* (કૉનસૅન્ગ્વિ'નિટી) Blood-relationship. સગાઈ.

Conscience, *n.* (કૉ'ન્શન્સ્) One's own moral sense of right and wrong. સદસદ્‌વિચારબુદ્ધિ; અંતઃકરણનો અવાજ; હૃદયનો અવાજ; આત્મા; સદ્વિવેકબુદ્ધિ. **A matter of conscience**= ધર્મ, નીતિની બાબત.

Conscientious, *a.* (કૉન્સિએ'ન્શસ્) Righteous; influenced by the dictates of one's conscience. નેકીવાળો; ન્યાયનિષ્ઠ; સત્યપ્રિય; સદાચારી; પોતાના અંતઃકરણના અવાજ મુજબ વર્તનાર; ટેક જાળવનાર. 2. Done according to the dictates of one's conscience. અંતઃકરણના અવાજ મુજબ કરેલું (કામ).

Conscientiousness, *n.* (કૉન્સિએ'ન્શસ્નેસ્) Highly cultivated sense of morality. સાચી નિષ્ઠા; સત્યપ્રિયતા; એક ટેક; સદાચાર.

Conscious, *a.* (કૉ'ન્શસ્) In one's senses; knowing; aware. વાકેફ; જાણકાર; જાણનાર.

Consciousness, *n.* (કૉ'ન્શસનેસ્) The state of being in one's senses. ભાનમાં–શુદ્ધિમાં હોવું તે. **To bring to consciousness**= સાવધ ક૦. **To return to consciousness**=ભાનમાં આવવું; સાવધ થવું.

Conscribe, *vt.* (કૉન્સ્ક્રા'ઈબ્) To enlist or write down. નોંધવું; લખી લેવું-રાખવું.[L. *con.* & *scribo,* I write].

Conscript, *n.* (કૉ'ન્સ્ક્રિપ્ટ્) A compulsory recruit to the front. ફરજીયાત કાયદાથી પકડવામાં આવેલો (લશ્કરમાં નોકરી કરવા સારૂ) માણસ; રિક્રૂટ; રંગરૂટ.2.Any writen document &c.નોંધ;લખાણ.

Conscription,*n.*(કૉન્સ્ક્રિ'પ્શન્)Compulsory enrollment in the military. લશ્કરમાં ફરજિયાત ભરતી. 2. Enrollment. નોંધ.

Consecrate, *vt.* (કૉ'ન્સીકેટ્) To declare sacred. પવિત્ર કરવું-ઠેરવવું. 2. To dedicate to a sacred purpose. પવિત્ર કામ માટે યોજવું. 3. To canonize. પૂજ્ય-પ્રતિષ્ઠિત ઠરાવવું

Consecration, *n.* (કૉન્સીકે'શન્) The act of consecrating.દેવાર્પણ;કૃષ્ણાર્પણ;પ્રતિષ્ઠા; સંસ્કાર.

Consecrator, *n.* (કૉ'ન્સીકેટર્) One who consecrates. દેવાર્પણ કરનાર.

Consecution. *n.* (કૉન્સીક્યુ'શન્)A sequel; a following in order. પરંપરા; અનુક્રમ; માલા; હાર; પરિણામ.

Consecutive, *a.* (કૉન્સેક્યુટિવ્) Following each other in regular order;next in rank &c. અનુક્રમમાં પછીથી આવતું. 2. Resulting. પરિણામરૂપ, અસર તરીકે આવતું [L. *con,* together & *sequor,* I follow.]

Consent, *n.* (કૉનસે'ન્ટ્) Concurrence; accord. અનુમતિ; સંમતિ. 2. Agreement. એક મત-રાગ. **With free consent of parties**=બન્ને પક્ષની રાજીખુશીથી કરેલો (કરાર) *vi.* To say "yes;" to agree to; to comply with &c. હા પાડવી; મળતા થવું. [L. *con,* together and *sentio,* I feel.]

Cosentaneous,*a.*(કૉન્સેન્ટે'નીએસ્) Concurrent;agreeing. અનુકુલ; લાયક; યોગ્ય;મળતું;બેસતું.

Consentient,*a.*(કૉનસે'ન્ટિએન્ટ્)Accordant; agreeing to. અનુકુલ; રાજી; કબુલ; હા ભણવું-પાડવું; સંમત.

Consequence, *n.* (કૉ'ન્સીકવેન્સ્) Effect; result. પરિણામ; અસર. 2. [Logic.] Conclusion or inference. અનુમાન. ii. Causal relationship. કાર્યકારણસંબંધ. 3. Moment; importance. વજન. **Of no consequence**=નકામું; નિરર્થક. **In consequence of**=એના પરિણામ રૂપ. *vt.* To infer. અનુમાન કાઢવું.

Consequent, *a.* (કૉ'ન્સીકવેન્ટ્) Resulting from. પરિણામરૂપ; માંથી ઉપજતું. 2. [Logic] Following as a natural inference. અનુમાન રૂપ. *n.* An infere nce or a conclusion. અનુમાન; તર્ક; સિદ્ધાંત.

Consequential, *a.* (કૉન્સીક્વે'ન્શલ્) Pretending dignity or importance. ગૌરવવાળું; ડોળવાળું; ગર્વિષ્ઠ; માની. 2. Coming as a result. પરિણામક-પરિણામરૂપ.

Consequentially, *adv.* (કૉન્સીક્વે'ન્શલી) At last. આખર. 2. In a vain-glorious manner. માની-ગર્વિષ્ઠ રીતે.

Consequently, *adv.* (કૉ'ન્સીક્વન્ટલી) As a result of this. એને-તેને લીધે; એટલા માટે; તેથી કરીને.

Conseravancy,*n.*(કૉન્સ'રવન્સી) Conservation; preservation. સંરક્ષણ; રક્ષણ; સંભાળ.

Conservation, *n.*(કૉન્સરવે',શન્)Preservation. સંભાળ; સંરક્ષણ; રક્ષણ.

Conservatism,*n.*(કૉન્સ'રવૅટિઝમ્)Toryism; the principle of sticking to old things; "let alone" policy. ચાલતી રૂઢિ પ્રમાણે તંત્ર ચલાવવાની નીતિ; સંરક્ષક સુધારારીતિ; તેવો સ્વભાવ.

Conservative,*a.*(કૉન્સ'રવૅટિવ્)Preserving. સંભાળનાર-નારૂં; રક્ષણ કરનાર-રૂં; સરક્ષણ કરનારૂં. 2. Inclined to "no change" policy. ચાલતા રીતરીવાજને વળગી રહે એવું. *n.* A tory; one opposed to any radical change in the existing order of things either in the social or political field. છે તેમાં ઉચ્છેદ સારો નહિં એમ મત ધરાવનાર માણસ.

Conservator, *n.*(કૉ'ન્સરવે,ટર્)A preserver; a protector. **C. of forests**=જંગલ ખાતાનો સૌથી ઉપરી અધિકારી.

Conservatory, *a.* (કૉન્સ'રવૅ,ટરી)Preservative. રક્ષણ કરનારૂં; સંરક્ષક. *n.* A kind of green-house where tender plants are put when in bloom. ગ્રીન હાઉસ; કુમળા છોડને રાખવાની સૂર્યના તાપથી સંરક્ષિત એવી બનાવવામાં આવેલી જગ્યા.

Conserve, *vt.* (કૉન્સ'ર્વ્) To preserve; economise or save. સંભાળ રાખવી; સંરક્ષણ-રક્ષણ કરવું; સંભાળી રાખવું; સહીસલામત રાખવું. 2. To preserve things with sugar. નો મુરબ્બો બનાવવો. [L. *con,* together & *servo,* I keep.]

Consider *vt.* (કૉન્સિ'ડર્) To think or reflect over. ની ઉપર વિચાર-મનન કરવું. 2. To attend to. ધ્યાનમાં-લક્ષમાં લેવું. 3. To judge to be or to reckon. તરીકે ગણવું; ધારવું; વિચારવું; ગણવું. [L. *con,* together & *sideo,* I sit]

Considerable, *a.* (કૉન્સિ'ડરેબલ્) Moderately large. મ્હોટી સંખ્યામાં;ઘણા 2. Deserving notice; of distinction. વિચારવા જેવું; મહત્વનું.

Considerably, *adv.*=Much; greatly. ઘણું; ઘણુંએક.

Considerate, *a.* (કૉ'ન્સિડરે,ટ્) Thoughtful; polite; regardful. વિવેકી; વિચારશીલ; બીજાના સુખદુઃખ તરફ ધ્યાન આપનાર; સભ્ય. **Considerately,** *adv.*=વિવેકપૂર્વક-રાખી; સભ્યતાથી; બીજાની લાગણીને માન આપી.

Consideration, *n.* (કૉન્સિડરે,'શન્) Notice; serious deliberation. વિચાર; ધ્યાન; નજર નીચે હોવું તે. **C. of pros & cons**=આગળ-પાછળનો વિચાર; ફલાફલ-કાર્યાકાર્ય વિચાર. 2. Sympathetic regard for the feelings of others. બીજાના સુખદુઃખ તરફ લક્ષ-લાગણી દુઃખાય નહિં તેનો વિચાર. 3. Importance. પ્રતિષ્ઠા; માન; ગૌરવ. 4. Motive of action or ground of conduct. કાર્યની પ્રેરક વસ્તુ-કારણ-હેતુ વગેરે. 4. An equivalent in return; a compensation. બદલો; અવેજ.

Considering, *pre. part.* (કૉન્સિ'ડરિન્ગ્) Taking into account or consideration. ની તરફ ધ્યાન આપતાં; નો વિચાર કરતાં.

Consign, *vt.* (કૉન્સા'ઇન્) To entrust, commit or give in the charge of. આપવું; સોંપવું; હવાલે કરવું. 2. [Comm.] To send goods to an agent in trust for sale. આડતીયાને માલ મોકલવો.

Consignor-er, *n.* (કૉન્સા'ઇનર) The principal who sends goods to an agent in trust for sale. આડતીયાને માલ મોકલનાર ધણી. **Consignee**=The agent to whom goods are so consigned. આડતીયો. (Pronounced કૉન્સાઇની').

Consignment, *n.* (કૉનસા'ઇનમેન્ટ્) Goods consigned to the care of an agent in trust for sale &c. આડતીયાને વેચવા સારૂ સોંપેલો માલ. [L. *con,* together & *signo* I mark.]

Consist, *vt.* (કૉન્સિ'સ્ટ્) To include or be composed of. નું બનેલું હોવું; નું હોવું. 2. To contain. માં હોવું-રહેવું.

Consistence, consistency, *n.*(કૉન્સિ'-સ્ટૅન્સ્-ટન્સી) Coherence, firmness or solidity. ઘનતા-દ્દઢતા-મજબુતી. 2. Congruity; accordance; harmony. પૂર્વાપર સંબંધીપણું-સંગતિ; મેળ; બેસતું-મળતું-અનુસરતું આવવું, હોવું તે.

Consistent, *a.* (કૉન્સિ'સ્ટન્ટ્) Congruous; accordant. બંધબેસતું; મળતું; પૂર્વાપર સંબંધ પ્રમાણે; અનુસરતું.

Consistently, *adv.* (કૉન્સિ'સ્ટન્ટલી) Congruously. મળતી-બંધબેસતી રીતે; અનુસરીને; પૂર્વાપર સંબંધ પ્રમાણે.

Consistory, *n.* (કૉનસિ'સ્ટરી) A conference (of bishops and other dignitaries of the church). ધર્માધ્યક્ષોની ધર્મકાર્ય સભા.

Consociate, *n.*(કૉન્સો'શિએ,ટ્) An associate. સાથી-સોબતી. *vt.* To associate. સભા બોલાવવી-સંગતિ કરવી.

Consolable, *a.* (કૉન્સો,'લબલ્) Capable of being consoled for a loss &c. દિલાસો-સુખ મેળવી શકે-આપી શકાય એવું.

Consolation, *n.* (કૉનસોલે,'શન્) Solace, comfort or sympathy in grief or distress. આશ્વાસન; સમાધાન; દિલાસો; શોચ; દુઃખશાંતિ.

Consolatory, *a.* (કૉનસો'લૅટરી) Acting as a solace or comfort in grief. આશ્વાસન-દિલાસો-સમાધાન-આપતું કરતું.

Console, *vt.* (કૉનસો,'લ્) To offer one's sympathy in distress; to cheer up in distress, sorrow, grief &c. મન વાળવું; સમાધાન કરવું; દિલાસો આપવો. [L. *cod,* & *solor,* I comfort.] *n.* A bracket. માંડણી; ટેકો. [L. *con,* & *solidus,* firm.]

Consolidate, *vt.* (કૉનસૉ'લીડે,ટ) To solidify; to make firm. ઘટ્ટ-ઘન કરવું. 2. To establish on a sound basis. મજબુત પાયાપર રચવું; ઉંડા પાયા નાંખવા. 3. Unite bones by means of applications [In Surgery]. હાડકાંને કંઇ લગાડી ને સાંધવાં. *vi.* to grow firm. ઘટ્ટ-મજબુત-કઠણ થવું. [L. *con,* together and *solidus,* firm.]

Consols, *n.* (કૉનસૅ'લ્ઝ્) Funded g overnment securities. વિલાયતમાં બજારમાં વેચાતી એક જાતની વ્યાજુ નોટો.

Consonance, consonancy, *n.* (કૉનસો-નન્સ-નન્સી) Harmony of sounds. સ્વરમેળ; સુસ્વર; એકરાગ; એકતાલ. **In C. with**= પ્રમાણે. 2. Friendship. મૈત્રી. [L. *con,* together and *sono,* I sing.]

Consonant, *n* (કૉ'ન્સૅાનન્ટ) An alphabetical sound other than a vowel. વ્યંજન. **Conjunct C.** = જોડાક્ષર. *a.* Consistent; congruous. બેસતું-મળતું આવતું; અનુસરતું.

Consonantal, *a.* (કૉનસોનૅ'ન્ટલ્) Relating to consonants. વ્યંજન સંબંધી-નું.

Consort, *n.* (કૉ'ન્સૉર્ટ્) A partner or companion espacially applied to a husband or a wife. સાથી; ભાગીદાર; ભાગિઓ; સોબતી; ભાગિઅણ (ખાસ કરીને) પતિ અથવા પત્ની; ધણી અથવા ધણીઆણી. 2. Consent or concord. એકમતિ; અનુમતિ. 3. Company. મંડળ-જથ્થો 3. Consonance. એકસ્વર; સ્વરમેળ; એકરાગ. **Prince-consort**=રાજ્યકર્ત્રી રાણીનો ધણી. **Queen consort**=રાજકર્તા રાજાની સ્ત્રી. *vt.* To unite (generally in marital relationships.) ની સોબત-સંગત કરવો; પરણવું. [L. *con,* together & *sors,* lot.]

Conspiccuous, *a.* (કૉન્સ્પિ'ક્યુઅસ્) Evident; manifest; obvious or prominent to the eye. સ્પષ્ટ દેખાતું; ખુલ્લું; નજર ખેંચતું; દૃષ્ટિને આકર્ષણ કરતું. 2. Illustrious; eminent. પ્રખ્યાત;પ્રતિષ્ઠિત, નામચીન; મશહુર [L. *con*, & *specto*, I see.]

Conspicuousness, *n.* (કૉન્સ્પિ,'ક્યુઅસનેસ્) Prominence to sight; the state of being conspicuous. દૃષ્ટિ-નજર ખેંચતું હોવું તે; ખુલ્લાપણું સ્પષ્ટ દેખાવવું તે. 2. Illustriousness. પ્રખ્યાતિ; પ્રતિષ્ઠા.

Conspiracy *n.* (કૉન્સ્પિ'રસી) A secret combination of men for an evil, a treasonable &c. purpose. સંપ; કાવત્રું; તરકટ.

Conspirator, *n.* (કૉન્સ્પિ'રે,ટર્) A plotter of evil. કાવત્રું-તરકટ રચનાર માણસ.

Conspire, *vi.* (કૉનસ્પા'અર્) To combine for an evil purpose; to agree by oath &c. to commit crime. ખરાબ કર્મ-દુષ્ટ કૃત્ય કરવા સારૂ એકઠું થવું; કાવત્રું રચવું. 2. To tend to one end (as events &c.) એકજ પરિણામ લાવવું. *vi.* To plot a conspiracy. કાવત્રાં કરવાં. [L. *con*, together & *spiro*, I breathe.]

Conspirer, *n.* (કૉન્સ્પા'યરર્) A conspirator. કાવત્રાં રચનાર માણસ.

Constable, *n.* (કૉ'ન્સ્ટેબલ) A police officer. પોલિસનો નાયક. **Lord High Constable** =અસલના વખતનો રાજાના મ્હેલ ઉપર દેખરેખ રાખનાર ગાર્ડનો સૌથી મોટો ઉપરિ અધિકારી.

Constancy, *n.* (કૉ'ન્સ્ટૅન્સી) Fidelity; steadiness to one purpose. અચળપણું; સ્થિરતા; દૃઢભાવ; નિશ્ચળતા.

Constant, *a.* (કૉ'ન્સ્ટન્ટ્) Firm; immovable; સ્થિર સ્થાયી; દૃઢ; નિશ્ચળ. 2. Ever-lasting. અચળ; ચિરસ્થાયી. 3. Remaining unchanged or invariable. બદલાય નહિં એવું; સ્થિર; નિત્ય.

Constantly *adv.* (કૉ'ન્સ્ટન્ટલી) Perserveringly; continuously. નિરંતર; નિત્ય; હંમેશા; એક સરખું; દૃઢપણાથી; અચળપણે.

Constellation, *n.* (કૉન્સ્ટેલે,'શન્) A cluster of fixed stars. નક્ષત્ર રાશિ. 2. An assemblage of splendours or excellences. તેજપુંજ. [L. *con*, together and *stella*, a star.]

Consternation, *n.*(કૉન્સ્ટરને,'શન્)Dismay; panic; horror. ગભરાટ; બેબાકળાપણું; સંભ્રમ; ત્રાસ; વિસ્મય.

Constipate, *vt.* (કૉ'ન્સ્ટિપે,ટ્) To press together. દબાવીને થોડામાં સમાવવું. 2. To make costive. મળાવરોધ કo; ઝાડો કબજ કo [L. *con*, together and *stepo*, I crowd].

Constipation, *n.* (કૉનસ્ટિપે,'શન્) Costiveness. દસ્તની કબજિયાત.

Constituency, *n.* (કૉન્સ્ટિ'ટ્યુએન્સી) The body of electors on whose votes a representative is dependent for his election. મતવર્ગ; મત આપનારાઓની સંખ્યા; મતદારો; મતદારમંડળ.

Constituent, *a.* (કૉન્સ્ટિ'ટ્યુએન્ટ્) Constituting; elemental. અંગભૂત; કારણભૂત; હેતુ-અવયવ ભૂત. *n.* The person who plans &c. યોજક માણસ. 2. The person representated by virtue of his vote. મતદાર. 3. The person acting for another. પોતાનો પ્રતિનિધિ હોય એવો; જેના માટે બીજો કામ કરે છે એવો માણસ; અસીલ.

Constitute, *vt.* (કૉ'ન્સ્ટિટ્યુટ્) To compose. મળીને થવું-હોવું. 2. To establish. ઠરાવવું; સ્થાપવું. *n.* An established law. સ્થાપિત કાયદો. [L. *con*, & *statuso*, a statute.]

Constitution, *n.* (કૉન્સ્ટિટ્યુ'શન્) Policy of government &c. રાજનીતિ-બંધારણ; રાજ-શાસન પદ્ધતિ. Laws in aggregate passed by the govt. ઠરાવ; નિયમ; સરકારી કાયદા. 3. Enactments relating to the manner of of govt. & its powers &c. રાજ્ય પદ્ધતિના કાયદા. 4. Nature; bodily built, structure and other personal peculiarities. બાંધો; પ્રકૃતિ; અવસ્થા.

Constitution, *a.* (કૉન્સ્ટિટ્યુ'શનૅલ્) Relating to the constitution of the body or mind. સ્વભાવ-પ્રકૃતિ-શરીરના બંધારણ વિષેનું. 2. According to the constitution of the government or society &c. તંત્રના બંધારણ પ્રમાણે સંબંધી-નું.

Constitutionally, *adv.* (કૉન્સ્ટિટ્યુ'શનલી) In a constitutional manner. સ્વભાવત; પ્રકૃતિથીજ; બંધારણની રીતે, પ્રમાણે.

Constitutive, *a.* (કૉન્સ્ટિ'ટ્યુટિવ્)Essential; elemental. અંશભૂત; બીજનું; મુળનું; અંગભૂત. 2. Institutive. સ્થાપના કરતું; સ્થાપક.

Constrain, *vi.* (કૉન્સ્ટ્રે'ન્) To force or compel. ફરજ-જરૂર પાડવી. 2. To bind. બંધનમાં નાંખવું-બાંધવું. 3. To repress, check, or restrain. અટકાવવું; અટકાવ કરવો. [L. *con* & *stringo*, I bind].

Constraint, *n.* (કૉન્સ્ટ્રે,'ન્ટ્) Compulsion, force or necessity. ફરજ પાડવી-જરૂર પાડવી તે. 2. Embarrassment or rererve. સંકોચ પામવો તે-શરમાવવું તે. 3. Restraint or check. અટકાવવું તે.

Constrict, *vt.* (કૉન્સ્ટ્રિ'ક્ટ) To cause to shrink; to make narrow. દાબવું; સંકોચ પામે એવું ક૦; દબાવવું. [L. *con,* & *stringo,* I bind.]

Constriction, *n.* (કૉન્સ્ટ્રિ'ક્શન્) The act of constricting or the state of being constricted. સંકોચ; સંકોચન; આકુંચન; સંકોચ પામવો.

Construct, *vt.* (કૉન્સ્ટ્ર'ક્ટ) To form or build. રચવું; બાંધવું; તૈયાર કરવું. 2. To put in order or arrange. રચવું. [L. *con,* & *struo,* I build up].

Construction. *n.* (કૉન્સ્ટ્ર'ક્શન્) The act of building; erection. ઘાટ; બાંધણી; રચના. 2. Interpretation; explanation. માયનો; અર્થ; અન્વય.

Costructionalist, *n.* (કૉન્સ્ટ્ર'ક્શનૅલિસ્ટ) An interpreter. અર્થ કરનાર; દુભાષીઓ.

Constructive, *a.* (કૉન્સ્ટ્ર'ક્ટિવ્) Having the ability to construct, or relating to construction. રચનાત્મક; યોજક; ઉત્પાદક.

Constructure, *n.* (કૉન્સ્ટ્ર'ક્ચર) An edifice or building. રચના; મકાન; ઈમારત.

Constructor, *n.* (કૉન્સ્ટ્રક્ટર) An overseer of buildings. ઓવરસીઅર; મકાન વગેરે બાંધનાર.

Construe, *vt.* (કૉ'ન્સ્ટ્રૂ) To interpret or explain the construction of. ની રચનાનો અર્થ સમજાવવો. 2. To misunderstand or understand. અર્થ કરવો-ખોટો-ખરો અર્થ કરવો.

Consubsist, *vi.* (કૉનસબ્સિ'સ્ટ) To live together. સાથે રહેવું.

Consubstantial, *a.* (કૉનસબ્સ્ટૅ'ન્શલ્) One in essence. એકજ જાતનું-તત્વનું-બીજનું.

Consuetude, *n.* (કૉ'નસ્વીટ્યુડ) Local usage; the customs & manners of a people. લોકવ્યવહાર; લોકાચાર; રૂઢિ; ચાલ.

Consul, *n.* (કૉ'ન્સલ્) A foreign ambassador, residing abroad to guard the interests of the people of his country in that place. કૉન્સલ: પરદેશમાંનો એલચી-રાજકીય પ્રતિનિધિ.

Consular, *a.* (કૉ'ન્સ્યુલર) About the consul. પરદેશી દેશમાં એલચી સંબંધી-નું.

Consulate, *n.* (કૉ'ન્સ્યુલેટ) The rank, office, dignity or official residence of a consul abroad. પરદેશી એલચીનો હોદ્દો અથવા તેની ઓફિસ અથવા રહેઠાણ.

Consulship, *n.* (કૉ'ન્સલશિપ્) The dignity of a consul; consulate. કૉન્સલનો હોદ્દો.

Consult, *vt.* (કૉન્સ'લ્ટ) To take advice, opinion &c. of somebody. સલાહ-વિચાર-મત લેવો. 2. To deliberate upon. ઉપર વિચાર કરવો; ઝું મનન ક૦. [L. *con,* & *sulo,* I consult].

Consultation, *n.* (કૉ'નસલ્ટે,'શન્) Taking the advice or opinion of. સલાહ-મસલત-વિચાર વગેરે લેવો તે; એકઠો વિચાર.

Consultative, *a.* (કૉન્સલ્ટે,'ટિવ્) Relating to consultation. સલાહ-મસલત-સંબંધીનું.

Consume, *vt.* (કૉનસ્યૂ'મ્) To eat up, destroy or waste slowly. ખાઇ જવું; બાળી નાંખવું; નાશ કરવો. *vi.* To waste away slowly. ધીમે ધીમે ખવાઈ જવું; નાશ થવો. [L. *con,* & *suma,* sum.]

Consummate, *vt.* (કૉનસ'મેટ) To complete, perfect or bring to completion. પૂર્ણ-પરિપૂર્ણ-સિદ્ધ ક૦. *a.* Complete; perfect; thorough. પૂર્ણ; પરિપૂર્ણ; સિદ્ધ; પૂરેપૂરૂં.

Consummation, *n.* (કૉનસમે,'શન) Termination; completion. પરિપૂર્ણતા; સંપૂર્ણતા: આખર; લય: અંત; છેડો; નાશ.

Consumption, *n.* (કૉન્સ'મ્શન્) The process of being slowly consumed. ઉપભોગ; વાપર; ક્ષય; નાશ; ખપત. 2. [Medicine] Pthisis. ક્ષયરોગ; ખઈ. [L. *con,* & *sumo,* I take].

Consumptive, *a* (કૉન્સ'મ્પ્ટિવ્) Suffering from consumption. ક્ષય રોગવાળું; ખઈવાળું; ક્ષય રોગી; દમીએલ.

Contact, *n.* (કૉ'ન્ટૅક્ટ) Close juncture of bodies; touch. સંસર્ગ, સંયોગ; સ્પર્શ. [L. *con,* & *tango,* I touch].

Contagion, *n.* (કૉન્ટે,'જન્) Infection through air &c. ચેપી રોગનું ઉડવું તે; સ્પર્શસંચરણ-સંચાર; ચેપ.

Contagious, *a.* (કૉન્ટે,'જસ) Communicable through contact. ઉડતું; ચેપી; સ્પર્શજન્ય; ચેપથી થાય એવું; સ્પર્શથી થાય એવું.

Cantain, *vt.* (કૉન્ટે,'ન્) To consist of; to hold (as a hollow vessel); to compress; to be composed of. સમાવવું; માં હોવું. 2. To confine. મર્યાદા, હદમાં રાખવું.

Contaminate, *vt.* (કૉન્ટૅ'મિનેટ) To taint, tarnish or pollute. એબ-દૂષણ-કલંક-ડાઘ લગાડવો; વટાળવું; અભડાવવું; ભ્રષ્ટ કરવું. *a.* Tainted. બગડેલું; ભ્રષ્ટ; અપવિત્ર; કલંકિત; મલિન.

Cuntamination, *n.* (કૉન્ટૅમિને,'શન) Taint; pollution; de-filement; rendering unchaste &c. એબ; લાંછન; ડાઘ; દૂષણ; કલંક

Contango, *n.* (કૉન્ટૅ'ન્ગો) A sum paid to the seller of stock by the buyer, or his agent on his behalf (generally in share markets) so that the latter might defer the day of the demanding the money & so accommodate the buyer. હુંડામણી; વટાવ; વ્યાજખાદ. [A fanciful word.]

Contemn, *vt.* (કૉન્ટે'મ્) To condemn or despise. તિરસ્કાર ક૦; અપમાન ક૦; દૂષણ આપવું; ગુનેહગાર ઠરાવવું.

Contemper, *vt.* (કૉન્ટે'મ્પર્)To pacify or allay. નરમ ક૦; ઘટાડવું; જોર ઓછું-કમી ક૦; શાંત પાડવું.

Contemplate,*vt.*(કૉ'ન્ટેમ્પ્લે'ટ્)To meditate upon; to study attentively.મનન-ચિંતન-ધ્યાન ક૦. ધ્યાનમાં લેવું-ધરવું. 2. To intend or look forward to. ધારણા-ઈરાદો રાખવો; વિચાર હોવો; ધારવું. *vi.* to think deeply. ઉંડો વિચાર કરવો; ધ્યાન-ચિંતન-મનન ક૦. [L *contemptor*, I look round carefully on all sides].

Contemplation,*n.*(કૉન્ટેમ્પ્લે,'શન્)Meditation, pondering over; continued and fixed attention. ધ્યાન; મનન; ચોતરફ ધ્યાન; ચિંતન; ગાઢ વિચાર. 2. Intention. ઇરાદો; વિચાર. **To have in C.**=નો વિચાર-ધારણા ક૦; ઈરાદો રાખવો; ના વિચારમાં હોવું.

Contemplative, *a.* (કૉન્ટે'મ્પ્લૅટિવ્) Addicted to contemplation; thoughtful.વિચારશીલ; ધ્યાનમગ્ન; ધ્યાની; ચિંતનશીલ.

Contemporaneous, *a.*(કૉન્ટેમ્પૉરે'નીઅસ્) Contemporary; living at the same time. સમવયસ્ક; સમકાલીન; એકજ કાલનું. [L. *con*, & *tempus*, time.]

Contemporary,*a.*(કૉન્ટે'મ્પોરરી)Simultaneously existent. સમકાલીન; એકજ વખત-કાળનું. *n.* A person living at the same time as another. સમકાલીન માણસ.

Contempt, *n.* (કૉન્ટે'મ્પ્ટ્) Derision; disdain. ધિક્કાર: તિરસ્કાર. 2. Disgrace;shame;want of honour.અપમાન.[L.con, & *temno*, I despise].

Cotemptible, *a.*(કૉન્ટે'મ્પ્ટિબલ) Despicable; mean; vile. ધિક્કારવા જોગ; તિરસ્કારપાત્ર.

Contemptuous, *a.* (કૉન્ટે'મ્પ્ટ્યુઅસ્) Disdainful;scornful.ધિક્કાર-અપમાન-તિરસ્કાર ભરેલું.

Contend, *vi.* (કૉન્ટે'ન્ડ્) To oppose or fight. સામસામે લડવું. 2. To argue. વાદવિવાદ-તકરાર કરવી. *vt.* To dispute for. ને માટે લડવું-બાથ ભીડવી. [L. *con* & *tendo* I stretch].

Contending, *a.* (કૉન્ટે'ન્ડિન્ગ્) Contesting; disputing. વિરૂદ્ધ; વિરોધી; કલહશીલ; સામસામેનું.

Content, *n.* (કૉન્ટે'ન્ટ્) Satisfaction.સમાધાન; સંતોષ. *a.* Satisfied. તૃપ્ત; સંતુષ્ટ. *vt.* to satisfy the desires or expectations of. ને સંતુષ્ટ-તૃપ્ત કરવું; ની મનની આશા પુરી કરવી.

Contents, *n.* (કૉન્ટે'ન્ટ્સ્) Things &c. contained in anything. અંદર સમાવેશ થયેલી ચીજો. **The contents (of a book)**= સાંકળીઉ; અનુક્રમણિકા.

Contented, *a.* (કૉન્ટે'ન્ટેડ્) Satisfied. સંતોષ પામેલું; તૃપ્ત; સંતુષ્ટ.

Contentedness, *n.* (કૉન્ટે'ન્ટેડનેસ) The state of being contented. સંતુષ્ટ-તૃપ્ત હોવું તે; સમાધાન; સંતોષ.

Contention, *n.* (કૉન્ટે'ન્શન્) Dispute or quarrel, ઝગડો; લડાઈ; ટંટો; કજીયો. 2. Point of dispute,controversy &c. વિવાદ, તકરાર, ઝગડાનો મુદ્દો, નું કારણ.

Contentious, *a.* (કૉન્ટે'ન્શસ) Given to disputing; quarrelsome. લડાઈખોર;કજીયાખોર. 2. Relating to quarrels. ટંટા-લડાઇનું.

Contentment, *n.* (કૉન્ટે'ન્ટમેન્ટ્) Content; acquiescence in one's present state without disquiet. સમાધાન; સંતોષ.

Conterminous, *a.* (કૉનટ'મિનસ્)Bounded by the same limits. એકજ હદ-સીમાવાળું; નિકટનું; નિકટવર્તી; લગોલગ; નજદીકનું. [L. *con*, & *terminus*, a boundary.]

Contest,*vt.*(કૉન્ટે'સ્ટ્)To claim in opposition; to dispute. તકરાર-વાંધો ઉઠાવવો. 2. To rival or oppose. ટક્કર ઝીલવી; હરીફાઈ કરવી. 3. To fight. લડવું. **To C. an election** = ઉમેદવાર તરીકે ચુંટણીમાં બીજા માણસ સામે ઉભું રહેવું. 2. થયેલી ચુંટણી કાયદેસર નથી એમ વાંધો ઉઠાવવો. *vi.* To fight. લડવું. *n.* Debate; argument; dispute. તકરાર; લડાઈ; વાંધો.

Contestable, *a.* (કૉન્ટે'સ્ટેબલ્)Disputable; debatable.વાંધો-તકરાર ઉઠાવવા યોગ્ય;વિવાદ યોગ્ય.

Context*n.* (કૉ'ન્ટેક્સ્ટ્) Passages of a book which throw light on the meaning of a sentence and which immediately precede or follow it. પૂર્વાપર સંબંધ; અર્થાન્વય [L. *con* & *texo*, I weave.]

Contexture, *n.* (કૉન્ટે'ક્સચર્) Texture; constitution; composition of parts. બંધારણ; સંરચના; પોત અથવા કુમાશ (કાપડનું). [L. *con*, together & *texo*, I weave].

Contiguity,*n.*(કૉન્ટિગ્યુ'ઇટી)Approximation; the state of being near by. નિકટપણું; સાન્નિધ્ય; સંનિધતા. [L. *con*, & *tango*, I touch].

Contiguous, *a.* (કૉન્ટિ'ગ્યુઅસ્) Near; adjacent; touching. પાસેનું; નજદીકનું; સમીપનું; સરસું; અડકતું.

Continence, *n.* (કૉ'ન્ટિનન્સ્) Retention of one's semen;Brahmcharya. બ્રહ્મચર્ય;કામસંયમ.

Continent, *a.* (કૉ'ન્ટિનન્ટ્) Abstemious. સંયમી; અટકાવ કરતું. 2. Continuous; incessant. જારી; સંતત. *n.* A large body of land on the globe. ખંડ; મહાદ્વીપ.

Continently, *adv.* (કૉ'ન્ટિનન્ટલી) Abstemiously; temperately. સંયમી રીતે; સંયમથી.

Contingence-cy, *n.* (કૉન્ટિ'ન્જન્સ-કૉન્ટિ'ન્જન્સી) Chance; incident; probability; casualty. દૈવયોગ; નિમિત્ત; જોગ; સંભવ. 2. A helper or an adjunct. મદદગાર; સાથી. [L. *con*, & *tango*, I touch.]

Contingent, *a.* (કૉન્ટિ'જન્ટ્) Accidental; casual. દૈવયોગી; અનિશ્ચિત-અણજાણ્યા બનાવો ઉપર આધાર રાખતું. *n.* A casual event. દૈવયોગ; નશીબજોગ.

Continual, *a.* (કૉન્ટિ'ન્યુઅલ્) Incessant. નિરંતર; નિત્ય; જારી; જાથુ; અખંડ; વારંવારનું.

Continually, *adv.* (કૉન્ટિ'ન્યુઅલી) Incessantly; very often. નિરંતર; અખંડ; નિત્ય; વારંવાર.

Continuance, *n.* (કૉન્ટિ'ન્યુઅન્સ) Continuation; stay; duration. અખંડિત-નિરંતર-પણું; નિત્યતા; વારંવાર થવું તે; ચાલુ રહેવું તે. 2. The postponement of a suit. મુકરદમાની મોકુફી.

Continuation, *n* (કૉન્ટિન્યુએ'શન્) Continuance; protraction. ચાલુ રાખવું-લંબાવવું તે. 2. An addition, extension or the thing added. પુરવણી; સાંધણ; વધારો; અનુસંધાન; વિસ્તાર; વૃદ્ધિ

Continue, *vt.* (કૉન્ટિ'ન્યુ) To carry further or to go on with; to keep up. ચાલુ રાખવું; જારી રાખવું. 2. To persevere or persist in. ચલાવવું; આગળ ચલાવવું; જારી રાખવું; ચાલુ રાખવું. 3. To prolong or extend. લંબાવવું; સુધી લઈ જવું. 4. To suffer or cause to remain as before. પહેલાંની માફકજ રહેવા દેવું. *vt.* To abide, endure or keep on. ચાલુ-જારી રહેવું; ચાલવું; ટકવું. [L. *continuo*, I connect.]

Continuity, *n.* (કૉન્ટિન્યુ'ઇટી) The state of being continued. જારીપણું; નિરંતરપણું; ચાલુ રહેવું તે.

Continuous, *a.* (કૉન્ટિ'ન્યુઅસ્) Continued; unbroken; connected. લાગટ; અખંડ; નિરંતર; સળંગ 2 Uniform. એકસરખું; નહિં બદલાતું.

Continuously, *adv.* (કૉન્ટિ'ન્યુઅસલી) In an unbroken or connected manner. અટકયા વગર; એકસરખી રીતે; અખંડ; લાગલાગટ; સળંગ.

Contort, *vt.* (કૉન્ટો'ર્ટ) To writhe; to cause to twist. આમળવું; વળ દેવો. [L. *con*, & *torqueo*, I twist.]

Contortion, *n.* (કૉન્ટૉ'ર્શન્) A writhing or twisting. આમળવું-વળ દેવો તે; ચાળા પાડવા તે.

Contour, *n.* (કૉન્ટૉ'ર્) The figure or outline of anybody &c. (especially the outline of female chest.) ઘાટ; આકૃતિ; ગોળાઇ.

Contra, *a* (કૉ'ન્ટ્રા) In opposition to; against. વિરૂદ્ધનું; સ્હામું; સ્હામે; ઉલટું. [L. *contra*, against.]

Contraband, *a.* (કૉ'ન્ટ્રૅબૅન્ડ્) Smuggling; illegal or prohibited traffic. મનાઇનો-બંધી કરેલો વેપાર; જે ચીજો વેચવાની મનાઈ હોય તે છુપી રીતે વેચવી તે. *vt.* To declare some traffic illegal. કોઈપણ ચીજનો વેપાર કરવાની મનાઇ કરવી તે. [L. *contra*, against and *bandium*, a public edict.]

Contract, *n.* (કૉ'ન્ટ્રૅક્ટ) A legal agreement; an agreement by tender to supply something. કરાર; બોલી; ઠરાવ; ઈજારો; કંટ્રાકટ. *vt.* (કૉન્ટ્રૅ'ક્ટ્) to diminish or shorten. ટુંકું-સંક્ષિપ્ત-ન્હાનું ક૦. 2. To knit or wrinkle ખેંચવું-ચઢાવવું. 2. To make a formal agreement to do something. કરાર-બોલી-ઠરાવ કરવો. *vi.* to become shortened. ટુંકું-નાનું થવું. 2. To enter into an agreement for supply. ઇજારો-કંટ્રાકટ રાખવો-માથે રાખવું.

Contractible, *a.* (કૉન્ટ્રૅ'ક્ટિબલ્) That can be contracted. ટુંકાય-સંકોચાઈ જાય એવું.

Contractile, *a.* (કૉન્ટ્રૅ'ક્ટાઇલ્) Inclined or tending to be contracted. સંકોચશીલ; સંક્ષિપ્ત; ટુંકુ કરે એવું; ટુંકુ થઈ જાય તેવું.

Contraction, *n.* (કૉન્ટ્રૅ'ક્શન્) The quality of contracting or the state of being contracted. સંકોચવું-ટુંકુ-સંક્ષિપ્ત થવું તે; સંકોચન. 2 [In mathematics] A method of short cut. ગુણાકારની ટુંકી રીત; સંક્ષેપ. 4. Marriage. લગ્નની બોલી

Contractor, *n.* (કૉન્ટ્રૅ'ક્ટર્) One who agrees to do or supply something. કરાર-બોલી કરનાર; ઈજારો-કંટ્રાકટ રાખનાર.

Contradict, *vt.* (કૉન્ટ્રૅડિ'ક્ટ્) To deny the truth of; gainsay. થી ઉલટું-વિરૂદ્ધ બોલવું; ખોટું ઠરાવવું [L. *contra*, against & *dico*, I say.]

Contradiction. *n.* (કૉન્ટ્રૅડિ'ક્શન્) Denial; inconsistency with itself. વચન વિરોધ; ઉલટું વચન-બોલ.

Contradictory, *a.* (કૉન્ટ્રૅડિ'ક્ટરી) Denying; contrary. વિરોધી; વિપરીત; ઉલટું. *pl.* Words &c. of contradictory meaning. ઉલટો અર્થ ધરાવતા શબ્દો વગેરે; વિરોધી શબ્દ.

Contradistinct, *a.* (કૉન્ટ્રૅડિસ્ટિ'ન્ક્ટ્) Characterised by opposite qualities. જુદું; ઉલટું.

Contra-distinction, *n.* (કૉન્ટ્રૅડિસ્ટિ'ન્કશન્) Possession of opposite qualities. ઉલટાપણું; તફાવત; જુદાપણું; વિરૂદ્ધતા.

Contra-distinguish, *vt.* (કૉન્ટ્રૅડિસ્ટિં'ન્ગ્વીશ) To compare by contrast. મુકાબલો કરવો; વિરૂદ્ધ દેખાડવું.

Contrariety, *n.* (કૉન્ટ્રૅરા'ઇટી) Contrast; opposition. ઉલટાપણું; ભિન્નતા; વિરૂદ્ધપણું.

Contrarywise, *a.* (કૉ'ન્ટ્રરીવાઇઝ્) On the contrary. એથી ઉલટું-સામું-વિરૂદ્ધ ભાવનું; ઉંધી-પ્રતિકૂળ રીતે.

Contrarious, *a.* (કૉન્ટ્રૅ'રિઅસ્)Repugnant; opposite. વિરૂદ્ધ; આડું; સામું; ઉલટું.

Contrariousness, *n.* (કૉન્ટ્રૅ'રિઅસનેસ્) Opposition; repugnancy. ઉલટાપણું; વિરૂદ્ધતા; સામાભાવ-ગુણ.

Contrary, *a* (કૉ'ન્ટ્રરી)Opposite; inconsistent. વિરૂદ્ધ; ઉલટું. *n.*. *pl.* Opposite qualities. વિરૂદ્ધ-ઉલટા ગુણ. *vt.* To oppose or contrast. વિરૂદ્ધતા દેખાડવી; મુકાબલો કo.

Contrast, *vt.* (કૉન્ટ્રૅ'સ્ટ્) To exhibit the differences between. ઉલટા ગુણ-વિરૂદ્ધતા બતાવી મુકાબલો કરવો. *n.* Comparison of opposing qualities. વિરૂદ્ધતા-ઉલટા ગુણનો મુકાબલો.

Contravallation, *n.* (કૉન્ટ્રૅવૅલે,'શન્) A trench. ખાઈ; ખંદક.

Contravene, *vt.* (કૉન્ટ્રૅવી'ન્) To oppose or conflict. વિરૂદ્ધ આવવું-હોવું; સામે થવું-આવવું; ને હરકત-અડચણ કરવી; તોડવું. [L. *contra*, against and *venio*, I come.]

Contravention, *n.* (કૉન્ટ્રૅવે'ન્શન્) Conflict or opposition. અડચણ; નિષેધ; ઉલ્લંઘન; ભંગ; હરકત; અડચણ.

Contribute, *vt.* (કૉન્ટ્રિ'બ્યુટ્) To pay as a share or in common with others. આપવું. *vt.* To support. સહાયકારી-મદદરૂપ થવું. [L. *con*, & *tribuo*, I grant.]

Contribution, *n.* (કૉન્ટ્રિબ્યુ'શન્) The act of contributing or the amount &c. contributed. મદદ આપવી તે; આપેલી મદદ; સામાન્ય ભંડોળમાં ભરેલો ભાગ.

Contributive, *a.* (કૉન્ટ્રિ'બ્યુટિવ્) Inclined or tending to contribute. ભાગ-હિસ્સો આપવા કબુલ-આપનારૂં.

Contributor, *n.* (કૉન્ટ્રિ'બ્યુટર્) One who contributes. ભાગ-હિસ્સો-ફાળો આપનાર-ભરનાર.

Contrite, *a.* (કૉ'ન્ટ્રાઇટ્) Repentant. પશ્ચાત્તાપ કરતું, અનુતાપી. [L. *con*, & *tero*, I rub.]

Contrition, *n.* (કૉન્ટ્રિ'શન્) Repentance. પશ્ચાત્તાપ; અનુતાપ.

Contrivance, *n.*(કૉન્ટ્રા'ઈવન્સ્)An artifice; an invention; the act of contriving. કળા; યુક્તિ; હિકમત; તદબીર; કરામત; યોજના; રચના.

Contrive, *vt.* (કૉન્ટ્રા'ઈવ્) To plan or devise. યુક્તિ રચવી; યોજવું; કરામત કરવી; કળા-કરામત લડાવવી; તદબીર ખોળવી; રચના કરવી; ઘાટ ઘડવો.

Control, *n.* (કૉન્ટ્રો,'લ્) Check. અંકુશ; અટકાવ; હદ બાંધવી તે. 2. A counter-register. જોડીયું પત્રક. 3. Authority to restrain. અટકાવ કરવાની સત્તા-અધિકાર *vt.* to check or restrain. દાબમાં રાખવું; અંકુશમાં રાખવું; અટકાવવું.

Controller, *n.* (કૉન્ટ્રો,'લર્) An officer of the government who controls some department &c. હિસાબ તપાસવા તથા કોઈ પણ ખાતા ઉપર અંકુશ રાખવા નીમેલો સરકારી અધિકારી.

Controversial-tial, *a.*(કૉન્ટ્રોવ'ર્શલ્)About dispute; disputed. વિવાદ-તકરાર સંબંધી; વાંધા ભરેલું; તકરાર-વિવાદ હોય એવું.

Controversialist, *n.* (કૉન્ટ્રોવ'ર્શલિસ્ટ) A disputing party. તકરાર-વાંધો ઉઠાવનાર માણસ; વાદવિવાદ કરનાર.

Controversy, *n.* (કૉ'ન્ટ્રોવર્સી) Quarrel; discussion; contention. તકરાર; વાંધો; મતભેદ; વાદવિવાદ; વાગ્યુદ્ધ.

Controvert, *vt.* (કૉ'ન્ટ્રોવર્ટ) To discuss. વાદવિવાદ-તકરાર-વાગ્યુદ્ધ ચલાવવું; વાંધો ઉઠાવવો; તકરાર કરવી. [L. *contra*, against and *verto*, I turn.]

Controvertible, *a.* (કૉન્ટ્રોવ'ર્ટિબલ્) Objectionable; that can be disputed. વાંધો લેવા જોગ; વિવાદપાત્ર; મતભેદયોગ્ય.

Controvertist, *n.* (કૉન્ટ્રોવ'ર્ટિસ્ટ્)One who disputes. વાદવિવાદ કરનાર; વાંધો ઉઠાવનાર; તકરાર લેનાર.

Contumacious, *a.*(કૉન્ટ્યુમે',શસ્) Stubborn. જિદ્દી; હઠીલું. 2. Wilfully disobedient to the orders of the court. અદાલતનું-કોરટનું જાણી જોઈને અપમાન કરનાર.

Contumacy, *n.* (કૉ'ન્ટ્યુમસી) Wilful disobedience. દુરાગ્રહ; હઠ; જીદ; ઘણી બ.રે જક્ક; જક્કીપણું.

Contumellious, *a.* (કૉન્ટ્યુમી'લિઅસ્) Impudent; insolent. તિરસ્કાર-અપમાન કરતું; ઉતારી પાડે એવું. નિંદાત્મક; ઉદ્ધત; ઉચ્છૃંખલ; સામે થાય એવું.

Contumely, *n.* (કૉ'ન્ટ્યુમીલી)Contemptuousness; haughty insolence. તિરસ્કાર; ગર્વિષ્ઠપણું; ધિક્કાર [L. *con*, & *temno*, I despise.]

Contuse, *vt.* (કૉન્ટ્યુ'ઝ્) To bruize. કચરી નાંખવું; છૂંદી નાંખવું. [L. *con*, & *tundo*, I beat.]

Contusion, *n.* (કૉન્ટ્યુ'ઝ્યન્) A bruise. સોળ; ઉઝરડી પાડવા તે; કચરી નાંખવું તે.

Conundrum, *n.*(કૉ'નન્ડ્રમ્)A riddle. ઉખાણું.

Convalescence, convalescency, *n.* (કૉન્વૅલે'સન્સ્-સન્સી) The gradual return of health and strength of a sick man. સુધરતી હાલત; સુધારો; તબિયત સારી થતી જવી તે (મંદવાડ પછી).

Convalescent, *a.* (કૉન્વૅલે'સન્ટ્) Gradually recovering health and strength. તબિયત સુધરવું; તંદુરસ્તીમાં આવવું.

Convene, *vt.* (કૉન્વીન્) To convoke or call together. ભેગા બોલાવવું; સભા બોલાવવી. 2. To summon to meet legally. કાયદાથી મળવા બોલાવવું. *vi.* to gather or assemble. સભા ભરવી-મળવી; ભેગા-એકઠા થવું-આવવું.

Convenience-cy, *n.* (કૉન્વી'નિઅન્સ-અન્સી) Ease; comfort; freedom from trouble. અનુકૂળતા; સુખસાધન; જોગવાઈ. 2. Fit or convenient or suitable time. ફુરસદ; સવડ; સગવડ; સગવડતા.

Convenient, *a.* (કૉન્વી'નિએન્ટ્) Becoming or suitable. લાયક; યોગ્ય. 2. Affording ease, comfort or giving no cause for trouble. ઠીકપડતું; સુતરૂં; સોઈદાર; ફાવતું; સોઈવાળું.

Convent, *n.* (કૉ'ન્વેન્ટ્) Gathering together. સાથે મળવું-એકઠા થવું તે. 2. A company of monks. મઠવાસીઓનું મંડળ. 3. A monastery. મઠ; વિહાર. (ખાસ કરીને વિરક્ત થયેલી સ્ત્રીઓ માટે). *vt.* to summon before a judge. ન્યાયાધીશ આગળ બોલાવવું.

Conventicle, *n.* (કૉન્વે'ન્ટિકલ્) A gathering. સમાજ; સભા. *vt.* to be a member of a conventicle. સમાજ-સભામાં ભાગ લેવો-સંબંધ હોવો.

Convention, *n.* (કૉન્વે'ન્શન્) An informal agreement. કાચો ઠરાવ. 2. Local usage. ચાલ; ધારો; રિવાજ; રૂઢિ.

Conventional, *a.* (કૉન્વે'ન્શનલ્) Arising out of usage or custom. લોકવ્યવહારનું-પ્રમાણે; રૂઢિરિવાજ મુજબ. 2. Depending on an agreement. કરાર પ્રમાણે કરેલું.

Conventual, *a.* (કૉન્વે'ન્ટ્યુઅલ્) Monastic; pertaining to a convent. મઠ-વિહાર સંબંધી-વિષયનું.

Converge, *vt.* (કૉન્વ'ર્જ્) To tend to centre in one point. એકજ બિંદુ-કેન્દ્ર તરફ વળવું; કેન્દ્રાભિમુખ થવું. 2. To approach in character. ના સરખું રૂપ-ગુણમાં થવા લાગવું.

Convergence-gency, *n.* (કૉન્વ'ર્જન્સ-જન્સી) Tendency to come to one point. એક બિંદુ તરફ વલણ; સંપાત.

Convergent-ging, *a.* (કૉન્વ'ર્જન્ટ્-કૉન્વ'ર્જિંગ્) Tending to one point. એક બિંદુ તરફ વળતું; કેન્દ્રાભિમુખ; પાસે આવતું.

Conversable, *a.* (કૉન્વ'ર્સબલ્) Disposed to conversation. વાતચીત યોગ્ય રીતે કરી શકે તેવું.

Conversance-sancy, *n.* (કૉન્વ'ર્સન્સ-સન્સી) Familiarity. અતિ પરિચય; અભ્યાસ; વહિવટ.

Conversant, *a.* (કૉ'ન્વર્સન્ટ્) Well-versed; dexterous; skilled; familiar with. પ્રવીણ; નિપુણ; જાણકાર. 2. Associating with. સાથે રહેવું-સોબતી. 3. Related or concerned with. સાથે સંબંધ ધરાવતું.

Conversation, *n.* (કૉન્વર્સે'શન્) Deportment; behaviour. વર્તણુક; આચાર; ચાલ; વર્તન. 2. Familiar talk or discourse. વાતચીત; સંભાષણ; વાત.

Conversational, *a.* (કૉન્વર્સે'શનલ્) Relating to conversation. વાતચીત-સંભાષણ સંબંધી નું.

Conversazione, *n.* (કૉન્વરસૅટ્સિઓ'ની) *pl.* Conversazioni. A meeting for chatting. વાતચીત માટે થયેલો મેળાવડો.

Converse, *vi.* (કૉન્વ'ર્સ) To carry on conversation. વાતચીત ચલાવવી; વાતો કરવી; સંભાષણ ચલાવવું. *n.* Conversation; gossip. વાતચીત; સંભાષણ; ગપ્પા.

Converse, *n.* (કૉ'ન્વર્સ) Turned so as to be transposed or inverted; reversed; put the opposite or contrary way. ઉલટું પદ; વ્યુત્ક્રમ પદ, સિદ્ધાંત વગેરે. 2. Frequent intercourse. સહવાસ; બેઠક. પરિચય; સમાગમ.

Conversion, *n.* (કૉન્વ'ર્શન્) Transposition. રૂપાંતર. 2. Change of parties. મતાંતર; ધર્માંતર. 3. [Logic] Transposition of the terms of a proposition. પદવ્યુત્ક્રમ; પદનું રૂપાંતર. 4. Change of religion, faith, beliefs &c. ધર્માંતર; વિચારમાં ફેરઃ સન્માર્ગ સ્વીકાર.

Convert, *n.* (કૉ'ન્વર્ટ્) A person who has changed his religion, deed, opinions &c. વટલેલો માણસ-ધર્માંતર કરેલો માણસ. *vt.* (કૉન્વ'ર્ટ્) To alter or turn. આકાર બદલવો; ફેરવવું. 2. To change the opinions, religion &c. of. નું ધર્માંતર-મતાંતર ક૦. 3. To translate. ભાષાંતર કરવું; રૂપાંતર કરવું. 4. To exchange. સાટું-બદલો કરવો.

Convertible, *a.* (કૉન્વ'ર્ટિબલ્) That can be changed or altered. બદલાય તેવું; ફેરવી શકાય એવું; ફેરવાય એવું.

Convex, *a.* (કૉ'ન્વેક્સ) Swelling on the exterior side into a sphere. બાહ્યગોળ આકારનું. *n.* A convex part. બાહ્યગોળ ભાગ-વસ્તુ.

Convexity, *n.* (કૉન્વે'ક્સીટી) The state of being convex. બાહ્યગોળપણું; બાહ્યગોળાકૃતિ.

Convey, *vt.* (કૉન્વે,') To carry from one place to another. એક જગા ઉપરથી બીજી જગ્યા ઉપર લઈ જવું. 2. To transmit. માંથી જવું; પહોંચાડવાનું સાધન હોવું. 3. To hand over or give to others the interest in some

property. મિલ્કત કોઇના નામ પર ચઢાવવી 4. To manage privately. ખાનગી રીતે વહીવટ ચલાવવો-કારભાર કરવો.5. To go with.સાથે જવું.

Conveyable, *a.* (કૅાન્વે',અૅબલ્) That can be transmitted. લઇ જવા જેવું; બીજાને આપી દેવા યોગ્ય.

Conveyance, *n.*(કૅાન્વે,'યન્સ)Transporting; carrying; the act of conveying. પોહચાડવું-લઈ જવું તે.2.Means of transport. વાહન;ગાડી. 3. The document formally transferring the possession &c. of some property. વેચાણખત-દસ્તાવેજ.

Conveyancer, *n.* (કૅાન્વે'યૅન્સર) Deed of transfer of some property. બીજાના નામ ઉપર ચઢાવનાર ખત; વેચાણખત.

Conveyer, (કૅાન્વે',અર્) *n.* A thing that or one who carries from one place to another.એક જગાએથી બીજી જગ્યાએ લઈ જનાર. 2. A performer of sleight of hand tricks. હાથચાલાકી કરનાર; મદારી.

Convict, *n.* (કૅાં'ન્વિક્ટ્)A person sentenced for a crime. શિક્ષા થયેલો ગુન્હેગાર. *vt.* To condemn or sentence. ગુન્હેગાર-અપરાધી ઠેરવવું. 2. To prove to be false. ખોટું-જુઠું છે એમ સાબીત ક૦.[L.*con*,& *vinco*,I conquer.]

Conviction, *n.* (કૅાન્વિ'કશન્) The act of condemning or sentencing. અપરાધી-ગુન્હેગાર છે એમ સાબીત કરવું; અપરાધી ઠેરવવું. 2. Strong assurance or belief.ખાત્રી;વિશ્વાસ.

Convictive, *a.* (કૅાન્વિ'કિટવ્) Serving to convince. ખાત્રી કરી આપતું; વિશ્વાસ બેસાડતું; દોષી ઠેરવતું; સબળ; નિશ્ચયકારક.

Convince, *vt.* (કૅાન્વિ'ન્સ્) To satisfy the mind by evidence or proof. ખાત્રી કરવી; સબળ પુરાવો આપવો; ખાતર જમા ક૦.

Convincing, *a.* (કૅાનવિ'ન્સિન્ગ્)Leaving no doubt; compelling assent.ખાત્રી કરી આપે તેવું.

Convivial,*a.* (કૅાન્વિ'વિઅૅલ્)Festive;feastial; social; jolly. આનંદી; મિજબાનીનું; ખુશબખ્તી ભરેલું; ઔત્સવિક. [L. *con*, & *vivo*, I live.]

Conviviality, *n.*(કૅાન્વિવિઅૅ'લિટી) Festive good-humour or mirth. ઉત્સવ; મિજબાની વખતની મોજમઝા-ખુશબખ્તી-આનંદ.

Convocate, *vt.* (કૅાં'નવૅાકે,ટ્) To convene a meeting. એકઠી કરવી; સભા ભરવી. [L *con*, together and *voco*, I call.]

Convocation, *n.*(કૅાન્વોકે,'શન્)A meeting or an assembly. સભા; મંડળી. 2. The annual degree conferring ceremonial of a University. વિદ્યાપીઠનો-યુનિવર્સિટીનો પદ્વીદાન સમારંભ. 3. The act of convening. સભા બોલાવવી તે-એકઠી કરવી તે.

Convoke, *vt.* (કૅાન્વો,'ક્) To convene a meeting of. સભા બોલાવવી-એકઠી કરવી. [L. *con*, & *voco*, I call.]

Convolution, *n.* (કૅાન્વોલ્યુ'શન્) The act of winding. વાળવું-વિંટવું તે. 2. The state of being wound. વળ; વીંટો.

Convolve, *vt.* (કૅાન્વૅા'લ્વ્) To wind up; to roll together. વિંટવું; ગોળ વાળવું. [L. *con*, & *volvo*,, I roll.]

Convoy, *n.* (કૅાન્વૅા'ય્) An escort. રખેવાળ; રક્ષણ કરનાર માણસો. 2. The men or property that is protected on its way by an escort. રખવાળ સહિત જનાર ગાડાનું લંગર-વહાણો. 3. Conveyance. વહાણ; વાહન; જલયાન. *vt.* To escort. રક્ષણ કરવા સારૂ સાથે જવું-હોવું. [L. *con*, together & *via*, way.]

Convulse, *vt.* (કૅાન્વ'લ્સ્) To contract violently as the muscles; to be affected with spasms. આંચકા આવવા; આંકડી આવવી; દુઃખ આ૦ 2. To put into a commotion, agitate or disturb. ખળભળાટ મચાવવો; તોફાન મચાવી મૂકવું. [L. *con*, & *vello*, I pluck].

Convulsion, *n.* (કૅાન્વ'લ્શન્) Violent muscular spasms. આંકડી; કંપ. 2. Agitation; tumult;commotion.ક્ષોભ;તોફાન. **A political c** =રાજ્યક્રાંતિ; હુલ્લડ; તોફાન દંગો.

Convulsive, *a.* (કૅાન્વ'લ્સિવ) Producing violent spasms. આંકડી આણે તેવું.

Cony, *n.* (કો,'ની) A kind of rabbit. એક જાતનું સસલું. **Coo,** *vi.* (કુ૩) To make a low sound like a pigeon કુ-ઉ-ઉ એમ બોલવું; કોયલની માફક બોલવું-ટહુકાર કરવો. [also " cook "]

Cook, *vt.* (કુક્) To prepare as food by heat &c. રાંધવું. *n.* One who does cooking work. રસોઇઓ; બબરચી; મહારાજ. [L. *cocus*, a cook.]

Cookery. *n.* (કુ'કરી) The art of preparing food. રસોઈઆનો ધંધો; પાકશાસ્ત્ર; રાંધવાની કળા.

Cool, *a.* (કૂલ) Cold. શીતળ; ઠંડું; હેત-માયા વગરનું; ગરમાવા વગરનું. *n.* Coldness (in a moderate degree). શીતળતા; ઠંડક. *vt.* to render cool. ટાઢું-ઠંડું પાડવું. 2. To pacify. શાંત પાડવું.

Cooler, *a* (કૂ'લર) More cool. વધારે ઠંડું-હેત વગરનું. *n.* A cooling vessel or that which cools. ઠંડું પાડનાર વાસણ; શાંત પાડનાર માણસ.

Coolie, *n.* (કૂ'લી) A labourer. મજુર; હમાલ; વેતરો; બેગારી.

Coolly, *adv.* (કૂ'લી) In a cool manner. ટાઢી રીતે; શાંતપણે; ગભરાયા વગર; સમયસૂચકતાથી.

Coolness, *n.* (કૂ'લનેસ્) Want of ardour or enthusiasm. બેપરવાઇપણું; શાંતપણું; ઉત્સાહહીનતા; ટાઢાપણું. *2.* Coldness. ઠંડક.

Coom, *n.* (કૂમ્) Soot. કાજળ; મેશ.

Cooper, *n.* (કૂ'પર્) A cask-manufacturer. પીપ બનાવનાર.

Cooperage, *n.* (કૂ'પરેજ્) The factory of a cooper. પીપ બનાવવાનું કારખાનું. 2. The price or charges made by him. એ કામ માટે આપેલી રકમ.

Cooperate, *vi.* (કો-ઑ'પરેટ્) To work together or in unison with. કામમાં મદદ-સહાય કરવી; મળીને કામ કરવું. [L. *con*, together & *opus*, work].

Co-operation, *n.* (કો-ઑ'પરે,શન્) The union of small capitalists for the purpose of the purchase, production or distribution of goods &c. for their joint benefit. સહકારીપણું. 2. Mutual help. અરસપરસ સહાય-મદદ; સામેલગીરી.

Co-operating, Co-operative, *a.* (કો-ઑ'પરે,ટિન્ગ્-ઑ'પરે,ટિવ્) Operating jointly to the same end. પરસ્પર સહાયકારી. **Co-operative Society**=ભાગીદારના નફા સારૂ થોડા થોડા પૈસા દર ભાગીદાર પાસેથી લઈ તેને અમુક વસ્તુઓ ફક્ત નામનોજ નફો લઇ વેચે એવી સંસ્થા; અરસપરસ સહાયકારી મંડળ.

Co-opt, *v.* (કોઑ'પ્ટ્) Add by election. ચુંટીને વધારવું, ઉમેરવું.

Coordinate, *a.* (કો-ઑ'ર્ડિને,ટ્) Holding the same rank, degree, position &c. સરખું; બરાબરીનું; એક ધુંસરીનું. *vt.* to equal in rank. બરોબરીઉં કરવું; એકસરખા દરજ્જાનું બનાવવું. *n.* An equal in rank, position &c. બરોબરીઉં; સરખા દરજ્જાનું. 2. *pl.* [Mathematics]. Lines or other elements of reference. સંબંધ-સૂચના દર્શાવનારી લીટીઓ; આકૃમાં દિશા તથા અંતર દર્શાવનારાં બિંદુઓ. [L. *con*, together and *orda*, order.]

Coot, *n.* (કૂટ)A duck; a water-fowl.જળકુકડી; જળચર પક્ષી.2.A block-head.જડબુદ્ધિ;ઠોઠ માણસ.

Copal, *a.* (કો,'પલ્) The hard juice of certain trees made into varnish. ચંદ્રસ.

Co-parcenary, *n.* (કોપા'ર્સનૅરી) Equal heir-ship in a legacy. વારસામાં સરખો ભાગ-હક્ક ધરાવવો તે.

Co-parcener, *n.* (કો-પા'સંનર) Joint and equal heir. વારસામાં સરખો ભાગીદાર. [L. *co*, equal & *pars*, part.]

Co-partner, *n.* (કો-પા'ર્ટનર્) A joint partner. ભાગીદાર; ભાગીઓ. [L. *co*, equal & *pars*, part.]

Co-partnership or Co-partnery, *n.* (કોપા'ર્ટનરશીપ્-પા'ર્ટનરી) Joint partnership. ભાગીદારપણું; ભાગીઆ હોવું તે

Cope, *n.* (કો,પ્) A helmet. શિરસ્રાણ. 2. A robe of the clergy. પાદરીઓનો ડગલો. *vi.* To rival, equal or match. બરાબરી કરવી-બાથ ભીડવી; પ્હોંચી વળવું. *vt.* to rival with. ની સાથે હરીફાઈમાં ઉતરવું;ની સાથે બાથ ભીડવી;ની બરાબરી ક૦.

Copeck, *n.* (કો,'પેક) એક તૃતીયાંશ પેન્સ જેટલો રશિયાનો એક સિક્કો,-રૂપાના રૂબલનો સોમો ભાગ.

Copernican, *adj.* (કો,પ'ર્નિકન્)કોપર્નિકસના ખગોલશાસ્ત્રી સંબંધી.

Cope-stone, *n.* (કો,'પસ્ટો,ન્) The stone on the top. શિખરનો-ટોચ ઉપરનો પથ્થર.

Copier, Copyist, *n.* (કૉ'પિઅર, કૉ'પિઇસ્ટ્) નકલ કરનાર.

Copious, *a.* (કો'પિઅસ્)Plentiful;abundant. બહુ. ઘણું; પુષ્કળ; વિપુલ; વિશેષ; વિશાળ. [L. *copia*, abundance].

Copiously, *adv.* (કો'પિઅસલી)Abundantly; plentifully; largely. ભરપુર; અતિ; ખુબ;ઘણું; પુષ્કળ; વિપુલપણે; મનમાનતું.

Copiousness, *n.* (કો'પિઅસનેસ્) Amplicity; plentifulness; abundance. વિપુલતા;પુષ્કળપણું; ઘણું હોવું તે; મનમાગતું હોવું તે. 2. Bumbast. વાક્ વિસ્તાર.

Copper, *n.* (કૉપર્) A reddish metal of great use. ત્રાંબું. 2. A copper coin. તાંબાનું નાણું. 2. A copper pan. કઢાઈ. **Sulphate of copper**=મોરથુથૂ. **Calx-copper**= તામ્રભસ્મ. **Copper change**=છુટા પૈસા. *vt.* To cover with copper sheet. ની ઉપર ત્રાંબાના પત્રાં જડી લેવાં. [Remotely from Cyprus, a place where Romans found it.]

Copperas, *n.* (કૉ'પરૅસ્) Green vitriol. હીરાકશી.

Copper-plate, *n.* (કૉ'પરપ્લે,ટ) Engraved sheet of copper. તામ્રપત્ર; અક્ષર કોતરેલું તાંબાનું પતરૂં.

Copper-smith, *n.* (કૉ'પરસ્મિથ્) One who makes copper vessels. કંસારો.

Coppice or copse, *n.* (કૉ'પિસ-કૉ'પ્સ્) An undergrowth of bushes. વૃક્ષવાટિકા; ઝાડી;જંગલ.

Coptic, *a.* (કૉ'પ્ટિક્) Relating to the Copts or their language. પ્રાચીન મિસર દેશના લોકોના ખ્રિસ્તી ધર્મ પાળનાર વંશજ અથવા તેમની ભાષાને-વિષે.

Copula, *n.* (કો'પ્યુલા) A long ligament. અસ્થિબંધન. 2. A word which unites the

subject and predicate of a proposition. ઉદ્દેશ્ય તથા વાચ્યને જોડનાર શબ્દ.

Copulate, *vt.* (કૉ'પ્યુલે,ટ) To come together in sexual inter-course. મૈથુન-સંભોગ કરવો.

Copulation, *n.* (કૉપ્યુલે,'શન્) Sexual intercourse; coition. વિષય; સંભોગ; મૈથુન; કામ-રતિક્રીડા.

Copulative, *a.* (કૉ'પ્યુલે,ટિવ્) That which joins. જોડનાર; ઉભયાન્વયી (અવ્યય).

Copy, *vt.* (કૉ'પી) To transcribe in duplicate; to imitate. નકલ કરવી; ઉતારો કરવો; ઉતારવું. *vi.* to imitate. કોઈપણ વસ્તુ-બીજાની નકલ કરવી. *n.* original printed matter. અસલ-પહેલાની પ્રત. 2. Sample; pattern. પ્રત; નમુનો; સૅમ્પલ. 3. Imitation; word to word transcription. નકલ; શબ્દે શબ્દની કૉપી. **C. book**=કિત્તો; અક્ષર સુધારવા માટે ઘુંટવાની કોપીબુક.

Copy-hold, *n.* (કૉ'પી-હોલ્ડ) A tenure of land &c. held by virtue of a copy of the court-roll. પટો-સનંદની કૉપીની રૂએ જમીનનો ભોગવટો. 2. Land so held. એવી રીતે ભોગવાતી માલમિલ્કત-જમીનજુમલો.

Copyist, *n.* (કૉ'પીઇસ્ટ્) An imitator. નકલ કરનાર. 2. A copying clerk. અસલ ઉપરથી નકલ કરનાર કારકુન.

Copy-right, *n.*(કૉ'પી-રાઈટ્)The exclusive right given by law to print or reproduce for a limited number of years, to the author of a book, painting, musical composition &c. or to his assignees. સર્વ હક્ક સ્વાધીનતા; છપાવવાનો તથા પ્રસિદ્ધ વગેરે કરવાનો હક્ક.

Coquet, *vi.* (કોકે'ટ્) To flirt.નખરાં-લટકા ૪૦. *vt.* to attract the attention or love of. ની પ્રીતિ પોતાની તરફ આકર્ષી લેવાનો પ્રયત્ન કરવો.

Coquetry, *n.* (કો'કિટ્રી) Affectation of amorous advances; flirtation. હાવભાવ; લટકા; નખરાં.

Coquette,*n* (કોકે'ટ્)A flirt.નાઝનીન;નખરાબાજ સ્રી; લટકાવાળી સ્રી;હાવભાવથી પોતા તરફ પુરૂષોનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરતી સ્રી.

Coquettish,*a.*(કોકે'ટિશ્)Flirting.નખરાંબાજ; લટકાવાળી; હાવભાવથી પુરૂષનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરતી.

Coral,*n.*(કૉ'રલ્)A hard calcareous substance, found in the ocean, secreted by marine polyps, for their common support and habitation, red in colour and used mainly for ornamentation of the cheaper sort. પરવાળું; પ્રવાળ. *a.* Red like coral; pink. પ્રવાળ જેવા સુંદર ગુલાબી-લાલ રંગનું. 2. Made of coral. પ્રવાળનું બનેલું.

Coral-tree, *n.* (કૉ'રલટ્રી) A tropical white-flowered plant. પારિજાત વૃક્ષ;પારિજાતક.

Corb, *n.* (કૉર્બ) A basket.એક જાતની ટોપલી. 2. An ornamental bracket in a wall &c. દિવાલનો એક જાતનો શણગાર.

Cord, *n.* (કૉ'ર્ડ) A piece of small rope. દોરડું; દોરી. *vt.* To fasten with a cord. દોરડાવતી બાંધી લેવું,

Cordage, *n.* (કૉ'ર્ડેજ્) Rope-work. દોરડાનું બનાવેલું કામ.

Cordial, *a.* (કૉ'ર્ડિઅલ્) Tonic; stimulating; invigorating. બળ-જોર-જુસ્સો આપનાર (દવા વગેરે)!2.Hearty; sincere;warm and friendly. ખરા દિલનું;મનપૂર્વક.*n.* A tonic or stimulant. બળ જોર-જુસ્સો લાવનાર દવા; શક્તિવર્ધક દવા.

Cordiality, *n.* (કૉર્ડિઍલિ'ટિ) Warmth of heart; genial sincerity; heartiness, sincere kindness. ખરો ભાવ-હેત; મનપૂર્વક આપેલો આવકાર.

Cordially, *a.* (કૉ'ર્ડિઍલી) Genially; in a heart-felt manner. ખરા ભાવ-હેતથી; મનપૂર્વક; ખરા દિલથી.

Cordon, *n.* (કૉ'ર્ડન્) An ornamental badge -ribbon. માનની નિશાની તરીકે પેહરવામાં આવતી ફીત 2. A row of projecting stones. ઈમારતની બહારની બાજુએ ફરતી કરેલી પથ્થરની કિનારી. 3. A line or series of military posts for enclosing, hemming in or cutting off communication. શત્રુના લશ્કરની ફરતે પોતાના લશ્કર-વહાણથી ઘેરો ઘાલી તેમને આવજાવ કરતા અટકાવવું તે; ચક્રવ્યૂહ.

Cordnan-cordwain, *n.* (કૉ'ર્ડનિન-કૉ'ર્ડવે,ન્) Spanish leather. સ્પેન દેશમાં બનતું એક જાતનું ચામડું.

Cordwainer, *n.* (કૉ'ર્ડવે,નર્)A cobbler; a shoe-maker. મોચી; જોડા બનાવનાર-શીવનાર.

Core, *n.* (કોર્) The heart or inner part of a thing (like fruit). માંહેનો-અંદરનો ભાગ-ગર્ભ. **The core of one's heart**=હૃદયનો ઉંડાણ ભાગ. 2. An assembly. ટોળું. *vi.* to remove the inner part of. અંદરનો ગર્ભ બહાર કાઢવો [L. *cor*, heart.]

Corf, *n.* (કૉર્ફ) A big besket. મોટી ટોપલી. 2. A low wooden cart. નાના પૈડાનું ગાડું.

Coriander, *n.* (કૉરિઍ'ન્ડર્) A kind of plant. કોથમીર; ધાણા.

Cork, *n.* (કોર્ક્) The outer bark of a species of oak made into stoppers for

bottle &c. બુચ. 2. A stopper made of cork. બાટલીનો બુચ *vt.* to put the cork on. બુચ દેવો-મારવો; દાટો દેવો [*L. corticis*, bark.]

Corked, *a.* (કો'ર્ક્ડ્) Stopped or fitted with cork. દાટો દીધેલો; બુચ મારેલો.

Cork-leg, *n.* (કો'ર્કલેગ્) An artificial leg made of cork & fitted on amputated feet. બુચનો બનાવેલો પગ.

Cork-screw, *n.* (કો'ર્કસ્ક્રુ) An instrument resembling a screw used in drawing the cork from a bottle. દાટો ઉઘાડવાનો સ્ક્રુ.

Corn, *n.* (કૉર્ન્) Grain. દાણો; અનાજ. 2. A hard painless swelling on feet caused through tight shoes &c. આંટણ. *vt.* To form into small grains. દાણા પાડવા; દાણાદાર કરવું. 2. To salt. મીઠું પાવું (માંસને).

Corn-dealer, *n.* (કૉ'ર્નડીલર) A corn-merchant. કણીયો; અનાજનો વેપારી.

Corn-field, *n.* (કૉ'ર્નફીલ્ડ) A plantation or field of corn. અનાજનું ખેતર.

Corn-floor, *n.* (કૉ'ર્નફ્લોર્) A floor for thrashing corn. ખળ; ખળું; ખળી.

Corn-mill, *n.* (કૉ'ર્ન-મિલ્) A flour-mill. અનાજ દળવાની ઘંટી.

Cornea, *n.* (કો'ર્નીઆ) The horny transparent membrane in the forepart of the eye. આંખના ઉપરનો મજબુત પારદર્શક પડદો.

Cornelian, *n.* (કૉર્નીલિઅન્) A kind of precious stone red in colour. અકીક; હકીક.

Corner, *n.* (કૉ'ર્નર્) Direction. દિશા. 2. An angle or a projecting part. ખુણો. 3. Any part. પ્રદેશ; દેશ. *vt.* To drive into a position of difficulty. ખુણામાં લઈ જવું; ભારે મુશ્કેલીમાં લાવવું. [L. *cornu*.]

Corner-stone, *n.* (કૉ'ર્નરસ્ટોન્) The principal stone which lies at the corner uniting two walls. ઈમારતમાં મુખ્ય પાયાનો પથ્થર. Hence 2. The foundation of a system &c. પાયો; મુખ્ય આધાર.

Cornet, *n.* (કૉ'ર્નેટ્) A band-instrument. બૅન્ડમાંનું એક વાજું. 2. A cavalry troop. લશ્કરમાંના ઘોડેસ્વાર. 3. The standard or flag. વાવટો. 2. The flag-bearer (of an army &c.) વાવટો રાખનાર અફસર.

Cornice, *n.* (કૉ'ર્નિસ્) An ornamental projection on walls &c. કાંગરી. [L. *corona*, head.]

Corny, *a.* (કૉ'ર્ની) Horny. શિંગડા જેવું શીંગડું અને કઠણ.

Corollary, *n.* (કૉ'રૉલરી) Addition. ઉમેરો; વધારો. 2. [Geometry]. Something which immediately follows from a theorem &c. in addition to the truth already proved. ઉપસિદ્ધાંત; ઉપલક્ષ્ય; અનુષંગી સિદ્ધાંત. [L. *corrolarium*, a corollary.]

Coronal, *a.* (કૉ'રોનલ્) Belonging or relating to the crown. રાજતાજને લગતું; મુકુટનું-વિષે. *n.* The fore-head bone. કપાળનું હાડકું.

Coronation, *n.* (કૉરોને,'શન્) The solemn public ceremony of crowning a sovereign. રાજ્યાભિષેક.

Coroner, *n.* (કૉ'રોનર) An officer whose chief duty is to preside over a court of inquiry in a case of sudden or violent death from unknown causes. અકસ્માતથી થયેલા મરણ વિષે તપાસ ચલાવનાર ઓફીસર;કોરોનર.

Coronet, *n.* (કૉ'રોનેટ) A ducal crown. અમીર-ઉમરાવનો મુગટ.

Corporal, *n.* (કૉ'પોરલ્) The lowest officer in a company of infantry. લશ્કરનો સૌથી નાનો અમલદાર. *a.* Relating to the body; bodily; physical. શારીરિક. [L. *corpus* body.]

Corporate, *a.* (કૉ'પોરિટ્) United. એકઠું; જોડેલું. 2. Formed into a legal body. સરકારી સનંદ અગર કાયદાથી સમગ્ર થયેલું;સનંદી. 3. Belonging to a coroporation. સનંદી સભા અગર મંડળને લગતું. *vt.* to give legal existence to a body of persons સનંદી-કાયદેસર મંડળ બનાવવું. *vi.* To unite in a body by law. કાયદેસર મંડળ તરીકે બનવું. [L. *corpus*, a body].

Corporation, *n.* (કૉરપોરે,'શન્) A coroporate body of persons united for some definite purpose. સનંદી મંડળી-કંપની; જમાત; મ્યુનિસિપાલિટિ વગેરે.

Corporator, *n.* (કૉ'રપોરે,ટર) One who belongs by right to a coroporation. કંપની-સનંદી મંડળનો સભાસદ;મ્યુનિસિપાલિટીનો સભાસદ.

Corporeal, (કૉર્પો'રીઅલ્) Possessing a body. શરીરમય; દેહવાળું; સ્થૂલાકાર. [L. *corpus*, body.]

Corps, *pl.* **same**, *n.* (કોર્ *pl.* કોર્ઝ્) A code of laws. કાયદાનો કોડ-સંગ્રહ. 2. Body of troops. સૈન્યની ટુકડી-લશ્કરનો ભાગ. [L. *corpus*, a body.]

Corpse, *n.* (કો'ર્પ્સ્) A dead human body. શબ; મુડદું; લાશ; પ્રેત, [L. *corpus*, a body].

Corpulence-cy, *n.* (કો'ર્પ્યુલન્સ્) Stoutness in excess; obesity. અતિશય જાડાપણું.

Corpulent, *a.* (કો'ર્પ્યુલન્ટ્) Very fat, અતિશય જાડું.

Corpuscle, *n.* (કૉ'પ'સલ્) A physical atom. લોહીનું પરમાણુ. [L. *corpus.*]

Corpuscular, *a.* (કૉર્પ'સ્કયુલર્) Relating to physical atoms. કણ; રજનું-વિષે. અણુરૂપ; અણુમય; અતિસૂક્ષ્મ; બહુજ ઝીણું.

Corpuscularian, *n.* (કૉર્પ'સ્કયુલૅ'રિઅન્) A believer in the Corpuscular theory of light. સૂક્ષ્મવાદી.

Correct, *a.* (કૉરે'કટ્) Right. સત્ય; ખરૂં; બરાબર. 2. True; without mistake. શુદ્ધ; દોષ-રહિત; ખરેખરૂં; વાજબી; યોગ્ય. *vt.* To improve or set right. સુધારવું; બરાબર કરવું. 2. To chastise. શિખામણ-ઠપકો આપી સુધારવાનો પ્રયત્ન કરવો. [L. *con,* & *recto,* I lead straight].

Correction, *n.* (કૉરે'કશન્) Chastisement. શિખામણ; ઠપકો. 2. The act of setting right. સુધારવું તે. **House of correction**= Reformatory. હલકી સજા માટે કેદખાનું.

Corrective, *a.* (કૉરે'કટિવ્) Rectifying; improving; by way of chastisement. સુધારનારૂં; સારે પંથે દોરે એવું. *n.* Anything having the power to improve. સુધારનાર વસ્તુ.

Correctly, *adv.* (કૉરે'કટલી) Accurately; exactly. દોષ-ભૂલ વગર. શુદ્ધ રીતે; વગર ભૂલે.

Correctness, *n.* (કૉરે'કટનેસ) Exactness; accuracy. શુદ્ધતા; દોષરહિત પણું; શુદ્ધપણું. 2. Acting in accordance with settled rules. સ્થાપેલા નિયમાનુસાર વર્તન.

Corrector, *n.* (કૉરે'કટર્) Chastiser; one who corrects. શિક્ષા કરનાર; સુધારનાર.

Correlate, *vt.* (કૉ'રીલે,ટ્) To place in mutual relation. અરસપરસ સંબંધ હોય એવી રીતે રાખવું. *vi.* To be reciprocally related. અરસ પરસ સંબંધ હોવો. *n.* Anything reciprocally related. અન્યોન્યાપેક્ષક; અરસ પરસ સંબંધ રાખનાર-હોય એવું. [L. *con,* & *relatus,* related.]

Correlation, *n.* (કૉરીલે,'શન્) Mutual or reciprocal relation. અરસપરસ સંબંધ; એક બીજા ઉપર આધાર.

Correption, *n.* (કૉરે'પ્શન્) Reproof; chiding. ઠપકો; શિખામણ [L. *con,* & *rapio,* I seize.]

Correspond, *vt.* (કૉરીસ્પૉ'ન્ડ્) To agree, fit or suit. મળતું-બેસતું આવવું. 2. To communicate by letters. પત્રવ્યવહાર રાખવો-હોવો. [L. *cor,* & *respondēre,* to answer.]

Correspondence, *n.* (કૉરીસ્પૉ'ન્ડન્સ્) Suitability. મળતું-બેસતું હોવું તે. 2. Intercourse by letters. પત્રવ્યવહાર; કાગળની આવજા.

Correspondent, *n.* (કૉરીસ્પૉ'ન્ડન્ટ્) One who corresponds. પત્રવ્યવહાર રાખનાર-હોનાર; કાગળ-ખબર લખનાર; ન્યુસપેપરોનો ખબરપત્રી. 2. Suiting. મળતું-બેસતું આવતું.

Corresponding, *a.* (કૉરીસ્પૉ'ન્ડિન્ગ્) Writing and receiving letters. પત્રવ્યવહાર રાખતું. 2. Fitting or suiting. બેસતું; મળતું; સરખું; યોગ્ય.

Corridor, *n.* (કૉ'રિડૉર્) A passage into which a number of rooms open. પરસાળ; ગૅલેરી. [L. *curro,* I run]

Corrigible, *a.* (કૉ'રિજિબલ) Chastisable. શિક્ષા કરવા-ઠપકો આપવા યોગ્ય. 2. That may be reformed. સુધારી શકાય એવું; સુધારવા લાયક. [L. *corrigo,* I correct.]

Corroborate, *vt.* (કૉરૉ'બોરે,ટ) To strengthen; to support; to add assurance to; to make more certain. વધારે મજબુત-જોરદાર કરવું-બનાવવું; ટેકો-પુષ્ટિ-મજબુતી આપવી; સાબિતિમાં વધારો ક૦. [L. *con,* together and *robur,* strength].

Corroboration, *n.* (કૉરૉ'બોરે,શન્) Additional strengthening proof. વધારે સાબિતી-ખાતરી- મજબુતી-ટેકો-પુષ્ટિ.

Corroborative, *a.* (કૉરૉ'બોરે,ટિવ્) Serving to strengthen or make more certain. વધારે મજબુત-ખાત્રીપૂર્વક નિઃસંશય કરતું. પુષ્ટિ-ટેકો-વધારે સાબિતી આપતું. *n.* A tonic. શક્તિવર્ધક દવા.

Corrode, *vt.* (કૉરો,'ડ) To burn or eat away by degrees. ધીમે ધીમે ખાઈ જવું-ઘસાઈ જવું; બાળવું; દાઝવું. [L. *con,* & *rodo,* I gnaw.]

Corrodant, *n.* (કૉરો',ડન્ટ) Anything that corrodes. ધીમે ધીમે ખાઈ જાય એવું; બાળે એવું; દાઝે એવું.

Corrosible, *a.* (કૉરો',ઝિબલ્) That can be corroded. ખાઈ-ખવાઈ જાય એવું; ખાઈ નાંખનારૂં; સડો પેસાડે એવું.

Corrosion, *n.* (કૉરો'ઝ્શન્) Action of corroding or the state of being corroded. ખાઇ જવું-ખવાઇ જવું તે; સડો પેસવો તે.

Corrosive, *a.* (કૉરો,'સિવ-ઝિવ્) Causing corrosion. ખાઈ નાખનારૂં; સડો પેસાડે એવું; સડો કરે એવું.

Corrugate, *vt.* (કૉ'રૂગે,ટ્) To cause to wrinkle. કરચલી પાડવી-પડવી-વળવી. **Corrugated iron**=સળ પાડેલાં લોઢાનાં પત્રાં.

Corrugation, *n.* (કૉરૂગે,'શન્) Wrinkling. સંકોચન; કરચલી પડવી તે.

Corrupt, *a.* (કૉર'પ્ટ્) To defile or vitiate. બગાડવું; ખરાબ કરવું. 2. To bribe. લાંચ આપી ફોડવું. 3. To waste, બગાડ કરવો. *vi.* To become

putrid or tainted. સડી જવું;બગડવું; કોહી જવું. 2. To become immoral or vitiated. ભ્રષ્ટ-નીતિભ્રષ્ટ-દુરાચરણી થવું; વંઠી જવું; બગડવું. *a.* Vitiated; immoral. ભ્રષ્ટ; નીતિભ્રષ્ટ; દુરાચરણી; વંઠેલ; સડેલું; પતિત; લાંચખાઉ. 2. Incorrect. ભુલોથી ભરપુર. [L. *con*, *rumpo*, I break.]

Corruptible, *a.* (કૉર'પ્ટિબલ્) Vitiable capable of corruption or decay. ભ્રષ્ટ-સડેલું-લાંચીયું થઈ શકે એવું;લાંચ આપી ફોડી શકાય એવું;નાશવાન

Corruption, *n.* (કૅાર્'પ્શન્) Bribery. લાંચ; રૂશવત. 2. Impureness. અશુદ્ધતા. 3. Vitiation; immorality. નીતિભ્રષ્ટતા; દુરાચરણ; વંઠેલપણું.

Corruptive, *a.* (કૅાર'પ્ટિવ્) Immoral; vitiating. નીતિભ્રષ્ટ કરે એવું.

Corruptly, *adv.* (કૅાર'પ્ટલી) Immorally. નીતિના વિરૂદ્ધ; અનીતિ કરીને; દુષ્ટપણાથી;દુર્બુદ્ધિથી; દુરાચરણથી; કુકર્મથી.

Corsair, *n.* (કૉ'સેં,ર્) A sea-sobber or a pirate or pirate ship. ચાંચીઓ; ચોરવહાણ.

Corse, *n.* (કૉર્સ્) A human dead body. શબ; લાશ; પ્રેત; મુડદું.

Corselet, *n.* (કૉ'સ'લેટ્) A piece of armour to protect the chest &c. છાતી વગેરે આગલા ભાગનું રક્ષણ કરનાર બખ્તર.

Corset, *n.* (કૉ'સેંટ) A tight female undergarment. ચોળી; કબજો; કાંચળી.

Cortege *n.* (કોર્ટે,'શ્ઝ્) A train of attendants. પરિવાર; સવારી.

Coruscant, *a.* (કૉ'રૂસ્કૅન્ટ્) Flashing; gleaming. ચકચકતું; ચળકતું.

Coruscate, *vi.* (કૉ'રસ્કે,ટ) To flash. ચળકવું; ઝબકવું. [L. *corrusco*, I flash.]

Corruscation, *n.* (કૅારસ્કે,'શન્) A sudden flash of light. ચળકાટ; ઝબકો; ઝબુક.

Cosey, cozy, *a.* (કો,'ઝી) Comfortable; snug; easy. સુખકારી. 2. Social. મિલનસાર.

Cosmetic, *a.* (કૅાઝમે'ટિક્) Improving the beauty of the skin. ખુબસુરતી વધારે એવું-રૂપવર્ધક; કાંતિ વધારે સુંદર કરે એવું. *n.* A toilet-powder. ઉટણું.

Cosmic, cosmical, *a.* (કૉ'ઝમિક-કૉ'ઝમિકૅલ્) Pertaining to the universe. સૃષ્ટિ-ત્રિભુવન-બ્રહ્માંડ સંબંધી. 2. Harmonious. વ્યવસ્થિત.

Cosmogany, *n.* (કૅાઝમૉ'ગની) The origin or creation of the world or the universe. બ્રહ્માંડની ઉત્પત્તિ-જગદુત્પત્તિ; વિશ્વોત્પત્તિ. [Gr. *kosmos*, the world.]

Cosmography, *n.* (કૅાઝમૉ'ગ્રૅફી) The science or description of the origin &c. of the Universe. સૃષ્ટિવિદ્યા; વિશ્વોત્પત્તિજ્ઞાન; સૃષ્ટિજ્ઞાન;સૃષ્ટિવર્ણન. [Gr, *kosmos*, the Universe.]

Cosmopolitan, cosmopolite, *a.* (કૅાઝમોપૉ'લિટન્-કૅાઝમૉ'પોલાઇટ્) Free from local, provincial or national prejudices or attachments. નાતજાત દેશના ભેદથી પર,મુક્ત. *n.* A citizen of the world. જગતૃનિવાસી માણસ; દેશીય ભાવનાશીલ. [Gr. *cosmos*, the world and *polite*, a citizen].

Cost, *n.* (કૅાસ્ટ્) Price, value, expense. મૂળ કિંમત; પડતર; લાગત. 2. Loss; pain; suffering. દુઃખ; નુકશાન; હાનિ; શ્રમ; મહેનત. 3. The expenses of a lawsuit દાવાખરચ. *vt.* To be bought for; to have as price. કિંમત બેસવી-મહ્ય હોવું 2. To require to be borne or suffered. દુઃખ-શ્રમ-મહેનત વેઠવી પડવી. (અમુક એક વસ્તુ મેળવવા સારૂ). [L *con*, & *sto*, I stand]

Costal, *a.* (કૅા'સ્ટલ્) Relating to the ribs. શરીરની બાજુ વિષે-પાંસળીનું. [L. *costa*, a side or rib]

Coster-monger, *n.* (કૅા'સ્ટર્-મન્ગર્) A fruit-seller. ફળ વેચનાર.

Costive, *a.* (કૅા'સ્ટિવ્) Constipated or causing constipation. દસ્ત કબજ થયેલું અથવા કબજિયાત કરનાર (ખોરાક વગેરે.)

Costliness, *n.* (કૅા'સ્ટ્લિનેસ્) Expensiveness; great cost or expense. કિંમતીપણું; ભારે કિંમત-મૂલ્ય; બહુ મૂલ્ય.

Costly, *a.* (કૅા'સ્ટલી) Of great cost; expensive. કિંમતી; મૂલ્યવાન; મોંઘું.

Costume, *n.* (કૅા'સ્ટયુમ્) Garb, dress or attire of a particular style; a woman's dress or gown. લેબાસ; પોશાક; પહેરવેશ; વેશ; સ્ત્રીનાં લુગડાં-કપડાં લત્તાં-સાડી ચોળી વગેરે.

Cot-cote, *n.* (કૅાટ્-કોટ્) A hut. ઝુંપડી. 2. A small boat. નાની હોડી.

Cot-cott. *n.* (કૅા'ટ) A small bed-stead or sofa. ખાટલો.

Cotemporaneous, *a.* (કોટેમ્પોરે'નીઅસ્) Same as "**Contemporaneous**"

Cotemporary, *a.* (કોટે'મ્પરરી) Same as "**Contemporary**"

Coterie *n.* (કો,'ટરી-રે) A meeting of friends. મિત્રમંડળ.

Cottage, *n.* (કૅા'ટિજ્) A hut. ઝુંપડી;નાનું ઘર.

Cottager, *n.* (કૅા'ટિજર્) A rustic or villager; one who lives in a cottage. ઝુંપડીમાં રહેનાર, ગામડિયો.

Cotton, *n.* (કૅા'ટન્) A soft downy substance resembling fine wool, growing in the pods

of severals pecies of plants. કપાસ; રૂ; કપાસનો છોડ. 2. Cotton-cloth. સુતરાઉ કપડું. **Cottons,**= જુદી જુદી જાતના કપાસ; જુદી જુદી જાતનાં સુતરાઉ કાપડો-કપડાં. *a.* Made of cotton or consisting of it. સુતરાઉ (કાપડ); કપાસનું બનેલું **C. gin**= કપાસ લોઢવાનો સંચો. **C. cleaver**=Carder of cotton. પીંજારો. **C. mill**=કાપડ વણવાની મિલ. **C. press**=રૂની ગાંસડી દાબવાનો સંચો. **C. king**.=કપાસનો મોટામાં મોટા વેપારી; કાપડ બજારનો સૌથી મોટો-ધનવાન વેપારી.

Couch, *vi.* (કાઉચ્) To recline, or lie down આડા પડવું; આરામ લેવો. 2. To lie down with the body close to the ground and make ready for a spring (like a leopard &c.) વાઘની માફક તરાપ મારવા જમીન પર દબાઈ બેસવું. 3. To stoop. વાંકા વળવું. *vt.* To lie down on ઉપર સુવું-આડા થવું. 2. To express in a language; to comprise. બોલવું; અમુક જાતની ભાષામાં બોલાએલું-લખાએલું હોવું. 3. To level, (as a spear &c.) (બરછી-ભાલો) ફેંકવાની તૈયારી કરવી; મારવા સારૂ આડો હાથમાં પકડવો *n.* A bed; a place or seat of repose. ખાટલો; પથારી; કોચ; આરામની જગ્યા. [L. *con*, together and *loco*, I place].

Cough, *n.* (કૉફ્) A violent convulsive effort of the lungs to throw out a white sticky irritating secretion. ખાંસી; ઉધરસ; બળખો. **Whooping cough**=ડાંગીયો; ઉટાગીઓ. *vi.* To expel violently and convulsively from the lungs. ખાંસી-ઉધરસ ખાવી; બળખો કાઢવો.

Council, *n.* (કાઉન્સિલ્) A body of men called togther for consultation, advice, law-making & the like. સભા; સલાહકાર મંડળ. **Legislative council** = ધારાસભા. **Executive C.**=કાર્યવાહક સમિતિ-સભા. **Council of War**=લડાઈ-યુદ્ધની કાર્યવાહક સમિતિ. **Council-chamber** = સભાગૃહ; મંડળ એકઠું મળવાની જગ્યા. **Privy-council**= રાજાને દેશના કારભારમાં મદદ કરનાર ખાસ અમાત્યોનું મંડળ; અમાત્ય-પ્રધાનમંડળ. **C. board**= સભાગૃહમાંનું કામકાજ જેનાપર ચલાવવામાં આવે છે તે ટેબલ.

Councillor, *n.* (કાઉન્સિલર) A member of a council. સભામંડળનો સભાસદ (ખાસ કરીને ધારાસભા-પ્રધાનમંડળ વગેરેનો).

Counsel, *n.* (કાઉન્સેલ્) Advice, consultation; mature consideration. મસલત-અભિપ્રાય-મત-મનસુબો-પરસ્પર વિચાર-પુખ્ત વિચાર-સલાહ. 2. An advising lawyer. સલાહ આપનાર વકીલ. *vt.* To give advice or opinion &c, સલાહ-મસલત આપવી. **To take counsel together** = ખાનગીમાં વિચાર-વાટાઘાટ કo. **In counsel**=ખાનગીમાં; ગુપ્તપણે.

Counsellor, *n.* (કાઉન્સેલર) An advisor; a lawyer or barrister. સલાહ આપનાર વકીલ વગેરે; સલાહકાર; મત આપનાર.

Count, *vt.* (કાઉન્ટ) To reckon or number. સંખ્યા ગણવી; ગણવું. 2. To consider or ascribe. ગણવું; માનવું; લેખવું; ધારવું. **To count out**= કોઈપણ ગણનામાંથી બાતેલ કo. *vi.* To be counted or numbered. ગણાવું. 2. To care for. દરકાર-પરવા-ફીકર રાખવી. *n.* The act of numbering or the number so ascertained. ગણત્રી-સંખ્યા; ગણવું તે. 2. [Law] Formal declaring of the Plaintiff's cause of complaint. વાદીની ફરિયાદ વાંચી સંભળાવવી તે. 3. Estimation, consideration or value. લેખવું તે; ગણત્રી; કિંમત; માલ; મૂલ. [L. *con*, together & *puto*, I think.]

Count, *n.* (કાઉન્ટ) A nobleman next in dignity to a Duke. ડયુકથી ઉતરતા દરજ્જાનો અમીર.

Countenance, *n.* (કાઉન્ટેનન્સ) Face. ચ્હેરો. **A weeping c.** = રડતી સુરત. **A laughing or cheery c.** =હસતું વદન-મુખ. 2. Help. મદદ. 3. Outward appearance. દેખાવ **In countenance**=Not dis-concerted. બેધડક. **Out of c.**=Disconcerted. ગભરાઇ ગયેલું. *vt.* To encourage, aid or abet. મદદ આપવી-ઉત્તેજન આપવું. **To keep countenance**= ચ્હેરો શાંત રાખવો. [L. *con*, & *teneo*, I hold.]

Counter, *n.* (કાઉન્ટર) One who or a machine that counts. હિસાબ કરનાર માણસ-મશીન. 2. A piece of metal &c. used in reckoning. ગણવાના કામમાં વપરાતો ધાતુનો ટુકડો. 3. A table in a shop over which the salesman exhibits the goods. માલ વેચવાનું-ઘરાકને માલ બતાવવાનું ટેબલ; પૈસા ગણવાનું ટેબલ. *a.* Opposite. વિરૂદ્ધ; સામું; ઉલટું.

Counter-act, *vt.* (કાઉન્ટરૅક્ટ) To withstand, defeat or frustrate. ધુળમાં મેળવવું; નકામું કરવું; અટકાવવું; પ્રતિકાર કરવો. 2. To act in oppositon to. સામા થવું; વિરૂદ્ધ ચાલવું-કામ કરવું. [L. *contra*, against & *ago*, I go.]

Counter-action, *n.* (કાઉન્ટર-ઍકશન્) Hindrance; action in opposition. વિરૂદ્ધ વર્તન; અટકાવ; સામા થવું તે; પ્રતિકાર.

Counter-balance, *vt.* (કાઉન્ટર-બૅલન્સ્) To weigh against with an equal weight. સામું સરખું વજન મુકવું. 2. To act against with equal power or effect; to nullify. તેટલાજ જોસથી સામે થવું; ભરપાઈ કરવી-નકામું

કરવું,n.Equal and opposite weight or force. સમતોલ; સમજોરતા.

Counter-charm, n. (કા'ઉન્ટરચાર્મ્) An opposing charm. મંત્રનો ઉતાર-ઉતારો. *vt.* To oppose a charm with another.મંત્રનો ઉતારો કરવો-સામો મંત્ર મુકવો.

Counter-evidence, n. (કા'ઉન્ટરએવિડન્સ્) Testimony in opposition. સામો પુરાવો-ઉલટ સાક્ષી પુરાવો.

Counterfeit, *vi.* (કા'ઉન્ટરફીટ્) To forge or imitate especially coins &c. ની નકલ કરવી; ખોટા નાણાં પાડવા; જુઠાણુ ઉભુ કરવું; તરકટ ક૦. *vt.* To pretend or fabricate. ખોટું રૂપ ધારણ કરવું; બ્હાનું કરવું. *a.* Imitated or fabricated. બનાવટી; ખોટું (નાણું). 2. Hypocritical. ઢોંગ બ્હાનું કરનાર. *n.* An imitated or fabricated thing; a false coin. બનાવટી વસ્તુ ખોટું નાણું; [L. *contra* & *facio*, I do].

Counter-mand, *vt.* (કાઉન્ટરમૅન્ડ્) To revoke or annul a former command (by a contrary one) આગલો હુકમ ફેરવી બીજો હુકમ આપવો; પ્હેલો હુકમ રદ કરવો. 2. To stop or prohibit. અટકાવવું. *n.* A contrary order ઉલટો-વિરૂદ્ધ હુકમ. [L. *contra*, against and *mando*, I order].

Counter-march, *n.* (કા'ઉન્ટર-માર્ચ) A march in an opposite direction. ઉલટી દિશામાં કૂચ. *vi.* To march back. પાછું કૂચ ક૦.

Counter-mark, *n.* (કા'ઉન્ટર-માર્ક્) A distinguishing mark on a bale of goods. માલની ગાંસડી પરની ખાસ નિશાની. *vt.* To make such a mark. માલની ગાંસડીપર નિશાની ક૦

Counter-mine, *n.* (કા'ઉન્ટર-માઈન)A mine or trench formed to defeat the enemy's purpose. દુશ્મનોને સુરંગ ખોદતા અટકાવવા તથા તેમની સુરંગનો નાશ કરવા સારૂ ખોદેલી સુરંગ. *vt.* to make such mine. સામો સુરંગ ખોદવો. 2. To frustrate or undermine તોડી પાડવું નકામું કરવું.

Counter-part, *n.* (કા'ઉન્ટર-પાર્ટ) A corresponding part. મળતો-બેસતો ભાગ, બીજા ભાગના જેવો ભાગ; નકલ. 2. A person or thing closely resembling another. બીજા માણસ (અથવા વસ્તુ) જેવો માણસ (અથવા વસ્તુ) 2. One of a pair of parts; one of a pair of documents or its copy. બે ભાગમાંનો એક એક ભાગ; બે દસ્તાવેજમાંથી એક દસ્તાવેજ અથવા તેની નકલ; ઉતારો.

Counterplea, *n.* (કા'ઉન્ટરપ્લી) The argument of the opposite party. સામો રદીયો; સામી તકરાર.

Counter-plot, *n.* (કા'ઉન્ટરપ્લૉટ્) To hatch a plot to defeat another. કાવત્રા સામે કાવત્રું કરવું. *n.* An opposing plot. કાવત્રા સામે કરેલું કાવત્રું.

Counter-poise, *vt.* (કા'ઉન્ટરપૉઈઝ્) To equal in weight. સમતોલ થવું. *n.* An equal weight. ધડો; સરખું વજન; સાટું અવેજ.

Counter-sign, *n.* (કા'ઉન્ટર-સાઇન્) A pass-word or military watch-word. સંકેત શબ્દ; ગુપ્ત ઇસારાનો શબ્દ.2.Additional signature. વધારામાં બીજા ઑફિસરની સહી. *vt.* To sign in addition to confirm or satisfy. સામી સહી કરવી; ખરી હકીકત છે એમ બતાવવા વરિષ્ઠ અધિકારી તરીકે સહી કરવી.

Counter-vail, *vt.* (કાઉન્ટરવે,'લ્) To oppose with equal force. તેટલાજ જોરથી સામે થવું; નું સાટું વાળવું. *n.* Revenge, retaliation or compensation. સાટું; બદલો; ખંગ; અવેજ. [L. *counter*, against & *valeo*, I am strong.]

Counter-weight, *n.* (કા'ઉન્ટરવે,ટ્) Equal and opposite weight. ધડો

Countess, *n.* (કા'ઉન્ટેસ્) The lady of a Count. કાઉન્ટની બૈરી.

Count-less, *a.* (કા'ઉન્ટલેસ્) Innumerable; beyond count. અસંખ્યાત; અગણિત; અનંત.

Country, *n.* (કન્ટ્રી) A territory or region. દેશ; પ્રદેશ. 2. The land of one's birth. સ્વદેશ; જન્મભૂમિ. 3. State or kingdom. રાજ્ય; દેશ. **The Country** = The rural parts of a region or its inhabitants. પ્રદેશનાં ગામડાંનો ભાગ -તે ભાગની વસ્તી. *a.* Rustic; rude. ગામડિયું; અસભ્ય; ઉદ્ધત. 2. Pertaining to the country; rural. સ્વદેશ સંબંધી-લગતું-નું; ગામડિયું. **Country-made** = સ્વદેશી.

Country-seat, *n.* (કન્ટ્રીસીટ્) A residence away from the city, in the rural parts. ગામડાનું નિવાસસ્થાન-રહેઠાણ.

County, *n.* (કા'ઉન્ટી) A part of a territory or region. પ્રગણું. 2. The estate of a count. કાઉન્ટના તાબાનો-માલિકીનો દેશનો ભાગ. **C. seat** = પરગણાનું મુખ્ય શહેર.

Coup, *n.* (કૂ) successful stroke or move. આબાદ ફટકો; સફળ પ્રવૃત્તિ. – C. de grace (દગ્રૅસ્) છેવટનો ઘા.–C. de main. એકદમ ઓચિંતો ફટકો.

Couple, *n.* (કપ્લ્) A pair. જોડ; જોડી. 2. A married pair. ધણી-ધણીયાણી; વરકન્યાનું જોડું. 3. That which links or unites two things. બે વસ્તુને જોડનાર વસ્તુ. *vt.* To unite, connect or join together. બાંધવું; સાંધવું;

એકઠું કરવું: જોડવું. 2. To unite in wed-lock. પરણવું. [L. *copula*, I join.]

Couplet, *n.* (કપ્લેટ) Two-lined, rhyming poem. બે સરખા અનુપ્રાસની કવિતા-ચરણ.

Coupon, *n.* (કૂ'પન્) An interest warrant or similar other ticket &c. કૂપન;વ્યાજુચિઠ્ઠી; ચઢેલા વ્યાજની ચીઠ્ઠી; ટિકેટ વગેરે.

Courage, *n.* (ક'રિજ્) Bravery; manliness. હિંમત; શૂરાપણું. **Moral courage** = હૃદયબળ; મનોબલ. [L. *cordis*, heart.]

Courageous, *a.* (કરે'જસ્) Valorous. હિંમતવાન; બહાદુર; મર્દ; શૂરવીર; સાહસિક;બેધડક. **Courageouly,** *adv.* = હિંમતથી; બહાદુરીથી; શૂરપણે.

Courier, *n.* (કૂ'રિઅર્) A messenger sent express for carrying dispatches. કાસદ; જાસુસ. [L. *curro*, I run.]

Course, *n.* (કોર્સ્) Passage; progress.વહેણ: ઓઘ; પ્રવાહ; ગતિ; ચાલ. 2. Path; way;track, માર્ગ;રસ્તો.3.Direction or line or progress. પ્રગતિની દિશા. 4.Conduct;behaviour.આચરણ; રહેણી; ચાલચલગત; વર્તણુક. 5. Acts done. કરેલાં કામ; કૃત્યો; કમ. 6. Turn; order. વારો; ફેરો; આંટો. 7. *pl.* menses. આભડછેટ. **In monthly course**=અભડાએલું. **In the course of time**=વખત વીત્યા પછી;કેટલાક વખત પછી; દિવસે દિવસે *vi.* To race or run fast.ઉતાવળે દોડવું. *vt.* To run through માં રહીને દોડવું. [L. *curro*, I run.]

Courser, *n.* (કો'સર્) A war-horse;a swift horse. પાણીદાર-લશ્કરી ઘોડો. 2. A hunter. શિકારી; મૃગયા કરનાર.

Court, *n.* (કોર્ટ્) A court-yard; an area of land or space inclosed before or behind a house. ચોક; વાડો;વંડો.2.Regal residence. રાજમહેલ. 3. Royal retinue; the persons by whom the king is always surrounded. દરબારના માણસ. 4. The office of justice or the place where a judge decides cases; judgment-house.કોરટ;અદાલત.**The Courts of the Lord**=જેરૂસલેમના દેવળ.**Court-breeding**=રાજ્યદરબારમાં સભ્યતા વગેરેની લીધેલી કેળવણી. **C. dress**=દરબારી પોશાક. **To pay one's court**=ની મહેરબાની-પ્રીતિ મેળવવાનો પ્રયાસ ક૦. **High Court**=વડી અદાલત. *vt.* To woo.ની પ્રીતિ મેળવવાનો પ્રયત્ન કરવો; પ્રેમયાચના ક૦; સંવનન ક૦. **To court favour**=ની મહેરબાની મેળવવાનો પ્રયત્ન કરવો. *vi.* To imitate the manners of a court. દરબારી ચાલચલગત-રીતભાતની નકલ કરવી.

Court-baron,*n.*(કોર્ટ્-બૅરન્)A nobleman's levee. અમીરનો દરબાર.

Courteous, *a.* (કો'ર્ટીઅસ્) Polite. સભ્ય: આદરશીલ; વિનયી; રીતભાતવાળું.

Courtesan, *n* (કો'ર્ટિઝન્) A harlot or prostitute. વેશ્યા; રાંડ; પાતર; લવંડી; રામજણી.

Courtesy, *n.* (કો'ર્ટસી) Politeness. વિવેક; આદર; સભ્યતા. 2. Favour. મહેરબાની; દયા; રહેમિયત. 3. A polite act, word &c. સભ્ય કામ, શબ્દ; સભ્યતા.

Courtier, *n.* (કો'ર્ટિઅર) A member of the royal court. દરબારી માણસ.

Court-like, courtly, *a.* (કો'ર્ટ્લાઇક-કો'ર્ટ્લી) Well-bred. સભ્ય; કેળવાએલું: રાજદરબારી; વિવેકી; શિષ્ટ. 2. Flattering. હાજીહા કરતું; ખુશામતિયું.

Courtliness, *n.* (કો'ર્ટલીનેસ) Well-bred manners. સભ્યતા; આદરશીલપણું; વિવેક; શિષ્ટાચાર; રાજદરબારી રીતભાત; સુજનતા.

Court-martial, *n.* (કોર્ટમા'ર્શલ્) **Pl. Courts-martial.** A summary military court to try military offences. લશ્કરી અદાલત-કોરટ.

Court-ship, *n.* (કો'ર્ટશિપ્) Favour seeking. મહેરબાની મેળવવાનો પ્રયાસ. 2. Wooing or paying address to a woman. પ્રેમયાચના: પ્રીતિ મેળવવાનો પ્રયાસ.

Court-yard, *n.* (કો'ર્ટયાર્ડ) An inclosed free space in front or back of a house. વંડો; ચોક; વાડો.

Cousin, *n.* (ક'ઝિન્) Son or daughter of an uncle or aunt. કાકા-મામાનો છોકરો-છોકરી. 2. Blood-relation or kinsman. સગું. **C. german**=મામા-કાકાના છોકરા. *pl.* Cousins-german. **Cousinly** *adv.* = સગાને ઘટે એવું.

Cove,*n.*(કોવ્)A cave, a nook or a mountain-recess. નાની ખાડી; પર્વતમાં એકાંત ખુણો-બેઠક; બખોલ. *vt.* to think over deeply. મનન કરવું; ખુબ વિચાર કરવો.

Covenant, *n.* (કૉ'વેનન્ટ્) An agreement. ઠરાવ: બોલી; કરાર; કરારનામું. 2. The promise of God (as given in the Bible.) ઈશ્વરવચન (બાઈબલમાં આપેલ). *vi.* To agree or contract. ઠરાવ-કરાર-બોલી ક૦.*vt.*To give by agreement. ઠરાવ-બોલી-કરારની રૂએ આપવું-બક્ષવું. [L. *con*, together and *venio*, I come.]

Covenantee, *n.* (કૉ'વેનન્ટી) A person with whom an agreement is made or a contract entered into. જેની સાથે કરાર-ઠરાવ-બોલી કરી હોય તે માણસ-શખસ.

Covenanter, covenantor, *n.* (કૉ'વેનન્ટર્) The person who makes an agreement or enters into a contract. કરાર કરનાર વનચ; આપનાર માણસ-શખસ.

Cover, *vt.* (કવર્) To over-spread. ઢાંકી દેવું; ઉપર પાથરવું; પાથરી દેવું. 2. To hide, screen or conceal. છુપાવવું; ઢાંકવું; સંતાડવું. 2. To shelter, protect or shield. ઢાંકવું; બચાવ કરવો. 4. To be sufficient for; to include or comprehend. પુરતું હોવું; સમાવવું; સમાવેશ કરવો. **To c. ground or distance**=રસ્તો કાપવો; પસાર કરવું. *n.* A lid or screen &c. આચ્છાદન; ઢાંકણું; આવરણ. 2. Protection, defence or shelter. રક્ષણ; બચાવ; આશ્રય. 3. An undergrowth of bushes. ઝાડી (શિકાર ભરાઈ રહે એવી). **Under cover** = પરબીડિયામાં-લખોટામાં. 2. ઝાડ વગેરેનો આશ્રય લઈ (શત્રુ પર હલ્લો કરવો).[L. *con*, & *opirire*, to cover.]

Covering, *n.* (કવરિંગ્) Anything that covers or overspreads as a lid, screen &c. ઢાંકણું; ઢાંકનાર વસ્તુ; આવરણ. આચ્છાદન; ચાદર; પુંઠું; સુજની; પડ. **Covering the retreat or advance of an army**=પાછળ પડતા અથવા આગળ ધસતા લશ્કરનો બચાવ કરવું.

Coverlet, *n.* (કૉ'વરલેટ્) Sheet spread on a bedding. ચાદર; પલંગપોશ.

Covert, *a.* (કવર્ટ્) Not open; kept secret or concealed. ઢાંકેલું; છુપાવી રાખેલું; ખુલ્લે ખુલ્લું નહિ એવું; ગુપ્ત. 2. Private; sheltered. ખાનગી; સુરક્ષિત. *n.* A shelter or defence. રક્ષણ કરે-બચાવે એવી જગ્યા; આશ્રય સ્થાન. 2. A thicket. દાટ-ગીચોગીચ ઝાડી. 3. *pl.* Tail feathers of a bird. પક્ષીના પુંછડાની બાજુના પીંછા.

Coverture, *n.* (કવર્ચર્) Defence or shelter. આશ્રય; રક્ષણ; બચાવ. 2. [Law.] The legal state and condition of a married woman who is considered to be under the guidance and protection of her husband. પરણેલી સ્ત્રીનું પોતાના વર ઉપર આશ્રિતપણું-આધીન પણું.

Covet, *vt.* (કૉ'વેટ્) To desire greedily; to desire earnestly to obtain. મેળવવાની આતુર ઇચ્છા રાખવી-હોવી.*vi.* To have an inordinate desire. તૃષ્ણા, આતુર ઇચ્છા-વાંછના-લાલસા; અભિલાષા-લોભ રાખવો-કરવો *n.* Eager desire. આતુર ઇચ્છા; લાલસા; અભિલાષા; તૃષ્ણા; વાંછના; ઉમેદની આશા.

Covetous, *a.* (કૉ'વેટસ્) Greedily; earnestly desirous. અભિલાષી; આતુર ઇચ્છા-લોભ-લાલસા-તૃષ્ણા રાખવું-વાળું; લોભી; લાલચુ; અતિલોભી.

Covetousness, *n.* (કૉ'વેટસનેસ્) Cupidity; greediness. અતિલોભ; તૃષ્ણા; ધનલોભ; લાલસા; લાલચ; અતિલોભ; અતિ લાલચ.

Covey, *n.* (કવે,) A flock of birds.પક્ષીઓનું ટોળું. [L. *cubo*, I lie down.]

Covin. *n.* (કૉ'વિન્)A fraudulent agrement. જુઠો-તરકટી-બનાવટી કરારનામું.

Cow, *n.* (કાઉ) The female of the bull, valuable as a milch-cattle &c. ગાય; ગો; ધેનુ. 2. *v.* To overawe; discourage or dishearten. દબાવવું; બ્હીકથી મારી નાખવું; ટરકાવવું; ખુબ ગભરાવવું.

Coward, *a.* (કા'વર્ડ) Dastardly; timid; base. બ્હીકણું; બાયલો; ડરપોક. *n.* A craven;polroon; timid fellow. બીકણુ-બાયલો-ડરપોક માણસ. *vt.* To make afraid. બ્હીવરાવવું.

Cowardice, cowardliness, *n.*(કા'વર્ડિસ્-કા'વર્ડલિનેસ્) Extreme timidity; baseness; fear of exposing one's person to danger. બાયલાપણું; કાયરતા; બીકણપણું; ડરપોકપણું.

Cowardly, *a. adv.* (કા'વર્ડ્લી) Fearful or timidly બ્હીકણું; કાયર; ભયમાંથી ઉત્પન્ન થતું; નામર્દ; બ્હીકણપણાથી; નામર્દાઈથી.

Cow-dung,*n.* (કા'ઉ-ડન્ગ્)Cow's excrement used as fuel, in cleansing rooms &c.છાણ.

Cow-herd, *n.* (કા'ઉ-હર્ડ) A cow-boy; one who tends cows.ગોરખો;ગોવાળીયો;રબારી.

Cow-hide, *n.* (કા'ઉહાઇડ) The hide of a cow. ગાયની ચામડી-ચામડું.

Cowl, *n.* (કાઉલ્) The hood of monks. વેરાગી-સાધુઓનો માથાનો ટોપ.

Cowpen-shed-house, *n.* (કા'ઉપેન-શેડ-હાઉસ્) A place where cows are kept. ગાયો બાંધવાની જગ્યા; ગૌશાળા.

Cowry, *n.* (કા'ઉરી) A small shell (used in some places as small money as well as in games of boys &c.) કવડી; કોડી.

Cox-comb *n.* (કૉક્સ-કોમ્) A comb or feather &c.resambling that of a cock,worn by dandies. માથામાં ખોસવાનો તુરો. 2. A dandy or fop.અક્કડબાજ માણસ;છરકો જવાન; છેલ; કુક્કડજી.

Cow-pox. *n.* (કા'ઉપૉક્સ્) A disease of the cows. ગૌશીતળા; ઓરી.

Cox-combical,*a.*(કૉ'ક્સ-કા,મિકલ્) Foppish. ઈશ્કી; અક્કડબાજ; કુક્કડ.

Coy, *a.* (કૉય્) Modest; bashful. શરમાળ; લાજવું; લજ્જામય.

Coyish, *a.* (કૉ'યિશ્) A bit coy. જરાક શરમાળ; જરાક લાજવું.

Cozen, *vt.* (કો'ઝન્)To defraud or deceive. ને છેતરવું; ની પાસેથી છેતરપીંડી કરી પડાવવું. *vi.* To act deceitfully. છેતરવું-કપટ કરવું.

Cozenage, *n.* (ક'ઝનિજ્) Trick or artifice. યુક્તિ; કપટ; ઠગાઇ.

Cozy. *a.* (કોઝી) Snug; comfortable. સુખકારી; સુખદ; સગવડવાળું. 2. Chatty. વાતુડિયું.

Crab, *n.* (ક્રૅબ્) A kind of animal of the sea. કરચલો. 2. A sign of Cancer. કર્કરાશિ. *a*. Austere, sour or rough. કઠોર; કરડું; કર્કશ. *vi.* To embitter. ચીઢિયું-કર્કશ-ઉદાસ કરવું.

Crabbed, *a.* (ક્રૅ'બ્ડ્) Morose; ill-tempered; peevish; uninviting. ચીઢિયું; કઠોર; કર્કશ; ઉદાસ.

Crack. *vt.* (ક્રૅક્) To rend or break. ભાંગવું. 2. To throw out or utter with sharpness. ચટ દઇને-મશ્કરી કરવી. 3. To make crazy. મગજ ખસી જવું-જાય એવું કરવું. **To crack jokes**=મશ્કરી કરવી. **To crack a bottle**= શીશો ખલાસ કરવો. *vi.* To make a sharp sudden noise like that of grass breaking. કડાક-કડ-ડ-ડ એવો અવાજ થવો;ફટાકડા ફુટવા.*n.*A chink, fissure or breach. ફાટ; ચીર. 2. The change of voice at puberty. ઉમ્મર લાયક થયે ઘાટી ફુટવી તે. 3. A half-mad or crazy person. તુરંગી-અરધ ગાંડો માણસ.

Crack-brained, *a.* (ક્રૅ'કબ્રે,ન્ડ્) Crazy; whimsical; deranged. વાયલ-મગજનો ફાટેલો-તુરંગી-ઉન્મત્ત-અર્ધું ગાંડું.

Cracker, *n.* (ક્રૅ'કર્) A small firework. ફટાકો; ટેટો. 2. One of the teeth. દાંત. 3. Hard bread. કઠણ રોટલી. 4. A person who or a thing that cracks. ભાંગ-તડ-ફાટ પાડનાર માણસ-વસ્તુ. **A nut-cracker** =સુડી.

Crackle, *vi.* (ક્રૅ'કલ્) To m ıke small abrupt noises like glass when cracking. તડતડવું; તડતડ થવું.

Cradle, *n.* (ક્રે,'ડલ્) A small movable bed or cot in which an infant is rocked. ઝોળી; પારણું; ઘોડીયું. 2. The place where something is nurtured or cradled. જન્મભૂમિ; પ્રારંભ-આરંભ-શરૂઆત થવાની જગ્યા. *vt.* or *vi.* To rock in a cradle. પારણામાં સુવાડવું.

Craft, *n.* (ક્રૅ'ફ્ટ્) Dexterity, ability, art or skill. યુક્તિ; હુન્નર; ચતુરાઈ; કળા. 2. Trade, profession or manual art. ધંધો; રોજગાર. 3. A vessel or ship. મછવો; જહાજ; વહાણ.

Craftily, *adv.* (ક્રૅ'ફ્ટિલી) Cunningly; artfully. કાવાદાવાથી; છળકપટથી; કળાથી; યુક્તિથી.

Craftiness, *n.* (ક્રૅ'ફ્ટિનેસ્) Cunningness; artfulness. કાવાદાવા; છળકપટ.

Craftsman, *n.* (ક્રૅ'ફ્ટસમૅન્) One following manual trade or business. કારીગર; કસબગાર.

Crafty, *a.* (ક્રૅ'ફ્ટી) Cunning. કાવાદાવાવાળું; કપટી; છળપ્રપંચ કરનાર; પેચી. 2. About an artifice. યુક્તિ, કળા સંબંધી.

Crag, *n.* (ક્રૅગ્) A rugged steep rock. ખડક. 2. Neck. ગળું; ગર્દન.

Cragged, *a* (ક્રૅ'ગેડ્) Full of rugged rocks. ખડકવાળું; ખડબચડું.

Cragginess, *n.* (ક્રૅ'ગિનેસ્) The state of being full of rocks. ખડકવાળું હોવું તે.

Cram, *vt.* (ક્રૅમ્) To learn by heart without properly grasping. ઘોખણપટ્ટી કરવી; ઘોખી મારવું; સમજ્યા વગર મોઢે કરવું. 2. To run down or stuff. ઠાંસવું; દાબી દાબીને ભરવું. *vi.* To devour greedily. ઠાંસી ઠાંસીને ખાવું-પેટમાં ભરવું. 2. To commit one's lessons to memory without understanding. સમજ્યા વગર ઘોખણપટ્ટી કરવી.

Cramming, *n.* (ક્રૅ'મિન્ગ્) Preparation for examination by committing one's lessons to memory without understanding. સમજ્યા વગર લેસનની ઘોખણપટ્ટી કરી પરીક્ષાની તૈયારી કરવી તે. 2. Stuffing. ઠાંસી ઠાંસીને પેટમાં ભરવું તે.

Cramp, *n.* (ક્રૅમ્પ્) Restriction or limit. પ્રતિબંધ. 2. A piece of bent iron. છેડેથી વાળેલો લોઢાનો સળીયો. 3. A painful and conclusive contraction of a limb (as foot). આંકડી આવવી તે. *vi.* To constrain, confine or restrain. પ્રતિબંધ-અટકાવ કરવો; સંકોચાવવું. 2. To affect with convulsions as limbs. શરીરના અમુક ભાગને આંકડી આવવી. 3. To fasten with a cramp. ચાંપ જડવી; ચાંપડો જડી બેસાડવું.

Crane, *n.* (ક્રે,ન્) A stork (a kind of bird). કરકોચો; બગલું. 2. A machine used for lifting heavy weights. ભારે વજન ઉપાડવાનું એક યંત્ર.

Craniology, *n.* (ક્રૅ,નિઑ'લૉજી) Phrenology. મસ્તિષ્કશાસ્ત્રવિદ્યા. [L. *kara*, the head & *logos*, speech.]

Cranium, *n.* (ક્રૅ'નિઅમ્) *pl.* Animal skull. ખોપરી; કપાળ.

Crank, *n.* (ક્રૅન્ક્) A contrivance for producing a horizontal or perpendicular motion by means of a rotary motion. ચક્રાકારમાં સંચો હલાવવાને કરેલો પેચ. *a.* Wanting steadiness. ઉંધુ વળે એવું.

Cranny, *n.* (ક્રૅ'ની) A chink. ફાટ; તરડ. 2. A nook or retired corner. ખુણો ખાંચરો. *a.* Quick. ઉતાવળીયું. *vt.* To make fissures. ફાટ-ચીરો પાડવો.

Crape, *n.* (ક્રે,પ) A thin, transparent, black stuff made from raw silk. કાચા રેશમનું કાળું પારદર્શક લુગડું; ક્રેપ. *vt.* To curl, (as hair). ગુચ્છા બનાવવા. [L. *crispus*, curled].

Crash, *vt.* (ક્રશ) To break violently. જોરથી અફાળી કકડે કકડા કરવા. *vi.* To make a loud dashing noise. ધડાકો-કડાકો થવો. *n.* A loud dashing noise. ધડાકો-કડાકો; કડડભુસ.

Crass, *a.* (ક્રૅસ) Thick. જાડું. [L. *crassus*, thick.]

Crassament, *n.* (ક્રૅ'સમેન્ટ) The clotty part of blood. લોહીની ગાંઠ.

Crassamentum, *n.* (ક્રૅ'સમેન્ટમ) Moral; purport. સાર; સારાંશ.

Crate, *n.* (ક્રે,ટ) A basket. કરંડીઓ; કંડીઓ.

Crater, *n.* (ક્રે',ટર) The mouth of a volcano. જ્વાલામુખી પર્વતનું મ્હોં.

Craunch, *vt.* (ક્રાન્ચ) To munch; to chew with a munching noise. બચડ બચડ ચાવી જવું; કચકચ કરી ખાવું.

Cravet, *n.* (ક્રવૅ'ટ) A kind of neck cloth for men. ગલપટો; ગલેબંધ.

Crave, *vt.* (ક્રે,વ) To beseech, implore, or beg for. કાલાવાલા કરીને માગવું. 2. To wish earnestly for. તૃષ્ણા-આતુરતા હોવી.

Craven, *n.* (ક્રે',વન) A coward. નામર્દ; બાયલો; બ્હીકણ. *a.* Cowardly. નામર્દ. *vt.* To make timid. બીકણ બનાવવું.

Craving, *n.* (ક્રે',વિન્ગ) A longing for. આતુર તૃષ્ણા.

Craul, *vi.* (ક્રાલ) To creep. પેટે ચાલવું. 2. To insinuate oneself. ધીમે ધીમે યુક્તિ-પ્રયુક્તિથી દાખલ થવું.

Crayon, *n.* (ક્રૅ'યૉન) Chalk; chalk-like substance. ચાક અથવા બીજો ચાક જેવોજ નરમ પથ્થરનો (લખવામાં વપરાતો) કટકો 2. A sketch in chalk. ચાકથી દોરેલું ચિત્ર. *vt.* To chalk. ચાકવતી દોરવું-લખવું. [L. *creta*, a chalk.]

Craze, *n.* (ક્રે,ઝ) A passion; a mania or an inordinate desire. અતિ ઉત્કટ ઈચ્છા, *vt.* To make deranged. ગાંડું ક૦; ઘેલું કરવું. *vi.* To be deranged. ગાંડું-ઘેલું થઇ જવું.

Craziness, *n.* (ક્રે,'ઝિનેસ) Deranged state. ગાંડપણ; ઘેલછા.

Crazy, *a.* (ક્રે,'ઝી) Mad or deranged. ચસ્કેલું; દિવાનું; ગાંડું; ઘેલું.

Creak, *vi.* (ક્રીક) To make a sharp harsh grating sound. તીણો-ચરરચુઈ કરીને અવાજ કરવો. *n.* A sharp grating sound તીણો અવાજ.

Cream, *n.* (ક્રીમ) The richest thick part of milk. મલાઇ; તર. 2. The best part of anything. ઉત્તમાંશ; સારામાં સારો ભાગ. **Ice-cream**=આઈસક્રીમ. **Face-cream**= ખુબસુરતીમાં વધારો કરતો મોઢા પર લગાડવાનો લેપ. *vi.* To be covered with cream. મલાઇ ઉપર તરી આવવી; *vt.* To skin milk. મલાઇ તારવી લેવી. [L. *cremor*, thick juice.]

Crease, *n.* (ક્રીસ) A wrinkle in a cloth &c. કોઈપણ વસ્તુ વાળ્યાથી પડેલી નિશાની-વળ. *vt.* To make a wrinkle. વાળી નિશાની પાડવી.

Create, *vt.* (ક્રીએ,'ટ) To bring into existence. ઉત્પન્ન ક૦; પેદા ક૦; સરજાવવું 2. To originate or organize. બનાવવું; નીમવું; ફેરવવું. [L. *creo.*]

Creation, *n.* (ક્રીએ,'શન) The act of creating. ઉત્પત્તિ; ઉત્પન્ન કરવું તે. 2. The act of investing with or conferring some office &c. નિમણુક. 3. The worldor universe. સૃષ્ટિ; જગત. **Creation of the mind or imagination**=માનસ સૃષ્ટિ; વિચાર તરંગ.

Creative *a.* (ક્રીએ,'ટિવ) Possessing the power of originating or creating &c. ઉત્પાદક; નવા વિચાર દાખલ કરી શકે એવું.

Creator, *n.* (ક્રીએ,'ટર) One who creates or originates. ઉત્પન્ન કરનાર; બનાવનાર; સરજનહાર. 2. God. જગત્કર્તા; ઈશ્વર.

Creature, *n.* (ક્રીચર) A living being. પ્રાણી; જીવ; મનુષ્ય; માણસ. 2. A mean flattering fellow. ખુશામતીયો.

Credence, *n.* (ક્રે'ડન્સ) The act of believing or giving credit to; full belief or trust in some story &c. ભરોસો. **A letter of C.**= આબરૂનો દાખલો-પ્રમાણપત્ર; શીફારસ. *vt.* to believe. ભરોસો—વિશ્વાસ રાખવો,

Credendum, *n.* (ક્રેડે'ન્ડમ) An article of faith; a thing to be believed in. શ્રદ્ધા.

Credentials, *n.* (ક્રીડે'ન્શલ્સ) Certificates of credit; testimonials. પ્રમાણપત્ર; આબરૂનો દાખલો; શિફારસપત્ર; અખત્યારનામું.

Credibility, *n.* (ક્રેડિબિ'લિટી) Believableness. ભરોસો-વિશ્વાસ; વિશ્વાસપાત્રતા.

Credible, *a.* (ક્રે'ડિબલ) Believable. વિશ્વાસ-ભરોસાપાત્ર.

Credibly, *adv.* (ક્રે'ડિબ્લી) In a believable manner. વિશ્વાસ-ભરોસાપાત્ર રીતે.

Credit, *n.* (ક્રે'ડિટ) Prestige. આબરૂ; પ્રતિષ્ઠા. 2. Trust; belief. ભરોસો; ઈતબાર; વિશ્વાસ; પતીજ. 3. [Com.] Transfer of goods in confidence of future payment. ઉધારી. 4. Reputation for commercial or pecuniary stability. આબરૂ; શાખ. 5. The payment side of an account. જમા બાજુ-પાસું. **Public credit**=

સરકારની સાખ. *vt.* To attribute or set to the credit of. કોઈપણ સારો ગુણ વગેરે અમુક માણસમાં છે એમ માનવું-લગાડવું. 2. To believe or trust in. માં ભરોસો-વિશ્વાસ રાખવો. 3. To enter into the credit side of an account. ને ખાતે જમે કo. **To do credit to**=શોભાવવું; દીપાવવું; અલંકારરૂપ હોવું. **To get credit from a bank** = બૅંકમાંથી પૈસા આપવા બીજા માણસ ઉપર હુંડી વગેરે મેળવવી. **Letters of credit**=શિફારસ-પ્રમાણપત્ર.

Creditable, *a.* (ક્રે'ડિટેબલ્) Worthy of confidence or trust. વિશ્વાસ-ભરોસાપાત્ર. 2 Estimable; possessing prestige; reputable. આબરૂદાર; સાખવાળું; ઈજ્જતદાર; પ્રતિષ્ઠિત.

Creditably, *adv.* (ક્રે'ડિટેબ્લી) With honour or credit. નામ રાખીને; વખાણવાજોગ રીતે; શાબાશીથી; ઉત્તમ-ઉમદા રીતે.

Creditor, *n.* (ક્રે'ડિટર્) One to whom a person owes something. લેણદાર; માંગનાર; ધીરનાર.

Credulity, *n.* (ક્રેડ્યુ'લિટી) A disposition to believe on slight evidence. અંધશ્રદ્ધા; કહેલી વસ્તુ તરત માની લે એવો સ્વભાવ; ભોળાપણું.

Credulous, *a.* (ક્રે'ડ્યુલસ્) Easily deceived; unsuspecting; apt to believe on slight evidence. શ્રદ્ધાળુ; ભોળું; તરતજ છેતરાય એવું.

Creed, *n.* (ક્રીડ્) A belief; a system of principles that are believed in. ધર્મમત; પંથ; માર્ગ; સંપ્રદાય. [L. *credo*, I believe.]

Creek, *n.* (ક્રીક્)A small inlet, bay or cave. ન્હાની ખાડી; નાળું.

Creel, *n.* (ક્રીલ્) A basket of osiers. વાંસની છીપની ટોપલી.

Creep, *vi.* (ક્રીપ્) To move on one's belly like a reptile. પેટે ચાલવું. 2. To move stealthily. ધીમે રહીને છાનામાના જવું.

Creeper, *n.* (ક્રી'પર્) One who creeps. પેટે ચાલતું જાનવર. 2. A plant which clings to supports by small rootlets and cannot stand erect like ordinary trees. વેલો; વેલ. 3. A kind of grapnel or drag. એક જાતની અણીવાળી વિલાયતી પાવડી.

Creepingly, *adv.* (ક્રી'પિંગ્લી) On one's belly; slowly. પેટે ચાલીને, ધીમેથી.

Cremation, *n.* (ક્રીમે'શન્) The practice of burning the dead. પ્રેતદહન.

Creole, *n.* (ક્રી'ઓલ્) A descendant of the Europeans inhabiting West Indies in old times. યુરોપીયન ઓલાદનો વેસ્ટઈન્ડીઝનો વતની.

Crepane, or Crepance, *n.* (ક્રી'પે,ન— ક્રી'પન્સ) A fault or blemish in a horse's leg. ઘોડાના પગમાં ખોડખાપણ. [L. *crepo*, I crack]

Crepitate, *vt.* (ક્રે'પિટે,ટ્)To snap or crackle. તણતણવું; તડતડવું.

Crepuscule, *n.* (ક્રીપ'સ્કલ્) Dusky light; twilight. ઝળઝળીયું; ઝળઝુલ.

Crepuscular, *a.* (ક્રીપ'સ્કયુલર્)Glimmering. ઝાંખું ઝળઝળતું.

Crescent, *a.* (ક્રે'સન્ટ્) Shaped like half the disc of the moon. અર્ધચંદ્રાકારી. *n.* The disc of the moon. નવચંદ્રકળા. 2. The Turkish dominion. તુર્કસ્તાનના રાજ્યની સત્તા. *vi.* To ornament with the shape of a crescent.

Cresset, *n.* (ક્રે'સેટ્) A fire-pan or lamp hung on the top of a pole. આકાશ દીવો; મ્હોટી મશાલ.

Crest, *n.* (ક્રેસ્ટ્) A tuft or plume of the head of birds like cock &c. માંજર-પીંછાની કલગી; છોગું. 2. A crown. તાજ; મુકુટ. 3. The top or summit. ટોચ; શિખર. 4. Lofty mien; pride or spirit. ગર્વ; તોર; રોફ. **Crest-jewel**=ચુડામણિ. *vt.* To ornament with a crest. તુરાથી શણગારવું (ટોપી વગેરે).

Crest-fallen, *a.* (ક્રે'સ્ટફૉલન્) Bowed down; humiliated; sunk; dejected; dispirited; spiritless. નિરાશ; નાઉમેદ; હોંશ-જોર વગરનું; ગર્વ-તોર ઉતરી ગયેલું; નરમ પડી ગયેલું; માનહાનિ-ગર્વભંગ થયેલું. 2. Having its mane hanging on one side (a horse). એક બાજુએ લટકતા વાળવાળું.

Crevice, *n.* (ક્રે'વિસ્) A crack; a cleft. ચીર; તરડ. *vt.* To crack. ચીર-તરડ પાડવી. [L. *crepo*, I crack.]

Crew, *n.* (ક્રૂ) A crowd. ટોળું. 2. Seamen who man a vessel. વહાણના ખલાસીઓ.

Crib, *n.* (ક્રિબ્) A pasture. ઢોરની ગયાણ; ચરાણ. 2. A stable for cattle. ઢોરોનો તબેલો. 3. A store-box. દાણા વગેરે ભરી મુકવાની પેટી. 4. Key or translation of a book for the aid of students. પુસ્તકનું ભાષાંતર-ની કુંચી. 5. A small theft or a thing so stolen. ચોરી-ચોરીનો માલ. *vt.* To cage. પાંજરામાં મુકવું. 2. To steal or purloin. ચોરી-ઉપાચત કo. [A. S. *crib*, a crib.]

Cribbage, *n.* (ક્રિ'બે,જ્) A game of cards. એક જાતની પાનાની રમત.

Cribble, *n.* (ક્રિ'બલ્) A sieve. ચારણી. 2. Coarse flour. ભરડો. *vt.* To sift. ચાળવું [L. *cribrum*, a seive.]

Crick, *n.* (ક્રિ'ક્) A creaking noise. બારણાનો ચીંચી-કડકડ એવો અવાજ. 2. A stabbing pain in some part of the body. કળતર; ચસકા; વા; તાણ.

Cricket, *n.* (ક્રિ'કેટ્) A kind of game played with bat & ball. ક્રિકેટ્ દડાની રમત. 2. A kind of insect. એક જાતનો જીવ-જંતુ.

Crier, *n.* (ક્રા'યર્) One who makes a proclamation. દાંડીયો; પોકારનાર. 2. One who cries. બૂમ પાડનાર-રડનાર.

Crime, *n.* (ક્રાઈમ્) A breach of law; iniquity; vice. ગુન્હો; અપરાધ; પાતક; તક્સીર. 2. Cause of crime. ગુન્હાનું કારણ. **Capital C.**=દેહાંત દંડને યોગ્ય ગુન્હો [L. *cerno*, I judge.]

Criminal, *n.* (ક્રિ'મિનલ્) A felon; one who is found guilty of a crime. અપરાધી; ગુન્હેગાર. *a.* Involving a crime; culpable; iniquitous. પાપી; અપરાધી; ગુન્હેગાર **Criminality**=ગુન્હેગારપણું; પરદારાસંગ.

Criminality, *n* (ક્રિમિનૅ'લિટી)A violation of law; guiltiness. ગુન્હેગારી; અપરાધ; પાપ; તક્સીર; પાતક.

Criminally, *adv.* (ક્રિ'મિનલી) In criminal manner; iniquitously. ફોજદારી રાહે;ગેરવાજબી-ગુન્હેગાર ઠરે એવી રીતે.

Criminate, *vt.* (ક્રિ'મિનેટ્) To allege to be guilty of a crime;to accuse or charge. અપરાધી-ગુન્હેગાર ઠરાવવું; ગુન્હામાં લાવવું.

Crimination, *n.* (ક્રિમિને,'શન્)Accusation; charge. આરોપ; તોહમત; દોષારોપ; દોષરોપણ. [L. *crimen*, a charge.]

Criminatory, *a.* (ક્રિ'મિને',ટરી) Accusing; involving a crime.દોષ લાવતું;અપરાધી-ગુન્હેગાર બનાવતું; શિક્ષા-દંડપાત્ર.

Crimp, *a.* (ક્રિમ્પ્) Brittle. સહેલાઈથી ભાંગે એવું; કકરૂં; બટકણું. *vt.* To curl. ગુચ્છા-ઝુમખા વાળવા. 2. To pinch and hold. ચીમટામાં લેવું. *n.* પત્તાની એક રમત. 2. A recruiting-broker. લોકોનો લશ્કરમાં લોભાવી-લલચાવી-ફોસલાવીને લઈ જનાર દલાલીયો.

Crimson, *n.* (ક્રિ'મઝન્)A bluish deep-red colour. કરમજી રંગ. *a.* Of crimson colour. કરમજી.*vt.*To colour crimson.કરમજી રંગ આપવો.

Cringe, *vt.* (ક્રિન્જ્) To cause to contract. સંકોચાવવું. *vi.* To fawn upon; to behave or bend servilely. ખુશામત કરવી.*n.* Servile civility. ખુશામતીયાપણું.

Cringeling, *n.* (ક્રિ'ન્જલિન્ગ્) A servile flatterer. ખુશામતિયો.

Cripple, *n.* (ક્રિ'પલ્) A lame person. પાંગળો-લુલો-લંગડો માણસ. *a.* Lame. લુલું; લંગડું. *vt.* To make lame. લુલું-લંગડું કરવું. 2. To disable or impair. બળહીન-અશક્ત બનાવવું-કરવું.

Crisis, *n.* (ક્રા'ઇસિસ્)(*pl.* Crises.) A critical time. અણીનો-બારીક સમય-વખત. [L.]

Crispy, *a.* (ક્રિ'સ્પી) Brittle. તરત ભાંગી જાય એવું. 2. Curly. ગુચ્છાગુચ્છાવાળું; વાંકદાર (વાળ). [L. *crilpus.*]

Criterion, *n.* (ક્રાઇટી'રીઅન્)A test; a mark or standard by which a correct judgment or estimate can be formed. કસોટી; પરીક્ષા; પારેખ. *pl.* Criteria [Gr. *crites*, a judge.]

Critic, *n.* (ક્રિ'ટિક્) A person skilled in judging the merits of a literary work. ગ્રંથવિવેચક;રસજ્ઞ; પરીક્ષક; વિવેચક. 2. A close or severe examiner. આકરો વિવેચક-પરીક્ષક. 3. Art of criticism. ટીકા.*a.*About criticism. ટીકા-બારીક તપાસ સંબંધી.[L. *criticus*,acritic.]

Critical,*a.*(ક્રિ'ટિકલ્)Dangerous;momentous; involving a crisis.અણીનું; બારીક;અણીના સમયનું; દેહશતભરેલું. 2. Relating to or containing criticism; nicely judicious. બારીક; ગુણદોષનું વિવેચન કરતું.3.Inclined to find fault.દોષ કાઢતું.

Criticize, *vt.* (ક્રિટિ'સાઈઝ્) To judge the merits of. ગુણદોષનું વિવેચન કરવું; ટીકા કરવી. 2. To find fault with.ભુલો કાઢવી;ખોતરણાં કo. *vi.* To pick out faults. દોષ કાઢવા; ભુલો કાઢવી. 2. To judge critically. ગુણદોષનું બારીક વિવેચન કરવું.

Criticism, *n.* (ક્રિ'ટિસિઝમ્) The art of judging the merits of a literary work. ગુણદોષ નિરૂપણ; વિવેચનશાસ્ત્ર; ગુણાગુણ પરીક્ષા; ટીકા; વિવેચન; પ્રવચન.

Critique, *n.* (ક્રિટિ'ક્) The art of criticism. વિવેચનશાસ્ત્ર-કળા. 2. A critic. પ્રવચન-વિવેચન કરનાર. *vt.* To criticize. ટીકા કરવી; ગુણદોષનું વિવેચન કરવું. [Gr. *kritike.* the critical art.]

Croak, *vi.* (ક્રો,ક્)To make a hoarse noise in the throat like frogs. આરડવું.2.To bode evil without much cause; to grumble. રોદણાં રોવાં-બબડવું. *n.* A low hoarse noise. દેડકા બોલે તેવો અવાજ; ડ્રાંઉ ડ્રાંઉ.

Croaker, *n.* (ક્રો,'કર્) An alarmist; a grumbler. રોદણાં રોનાર; બડબડનાર.

Croceous, *a.* (ક્રો'શસ્)Resembling saffron. કેસરનું-જેવું.

Crock, *n.* (ક્રૉક્) An earthen-pot. માટીનું વાસણ. 2. Soot. મેશ; કાજળ. *vt.* To place in

an earthen-pot. માટીના વાસણમાં મુકવું. 2. To blacken with soot. મેશથી કાળું કરવું.

Crockery, *n.* (ક્રૉ'કરી) Potter;earthenware. હલકાં ચીનાઇ વાસણ; માટીનાં વાસણ.

Crocky, *a.* (ક્રૉ'કી)Sooty.મેશવાળું;કાજળવાળું.

Crocodile, *n.* (ક્રૉ'કોડાઈલ્) An alligator. મગર. **C. tears**=બીજાને છેતરવા સારૂ ઢાળેલાં જુઠાં આંસુ; બગભગતપણું.

Croft, *n.* (ક્રૉફ્ટ્) A small fenced field. નાનું વાડવાળું ખેતર.

Crone, *n.* (ક્રોન્) An old hag. ડોકરી;ડોશી. 2. An old ewe. ઘરડી ઘેટી.

Crony, *n.* (ક્રો,'ની)A very intimate friend. જીગરજાન દોસ્ત;પ્રિય મિત્ર;ગોઠીઓ;રાતદિવસનો સોબતી.

Crook, *n.* (ક્રુક) Any bend or curve. વલણ; વાંક. 2. A trick. કપટ. 3. A curved instrument or staff &c. છેડો વાળેલું ઓજાર-દંડુકો વગેરે. 4. A shady person. ચોરી વગેરે કરનાર માણસ; દુર્જન. **By hook or crook**=ગમે તેમ કરીને; સીધે રસ્તે નહિ તો પછી આડે રસ્તે. *vt.* To curve or bend. વાંકું કરવું-મરડવું. *vi.* To be bent. વાંકું વળવું; મરડાવું.

Crooked, *a.* (ક્રૂ'કેડ્) Bent. વાંકું; મરડાએલું. 2. Deviating from the path of rectitude. આડે રસ્તે જનાર. 3. Deceitful or false. ખોટું; આડું; બીજાને છેતરે એવું. **C. bodied**=અષ્ટાવક્ર.

Crop, *n.* (ક્રૉપ્) Standing grain or harvest. ઉભું અનાજ; પાક; ફસલ. 2. A short whip without a lash. ચાબુક. 3. Act of clipping hair. વાળ ટુંકા કાપવા તે. *vt.* To cut close (as hair). વાળ ટુંકા કાપવા. 2. To gather harvest from. પાક એકઠો કરવો-કાપવો. *vi.* To give as harvest. પાક આવવો-નિપજવું. **To crop up or out** =સપાટી ઉપર જણાવું; ઉગી નીકળવું; ફૂટી નીકળવું.

Croquet, *n.* (ક્રો,'કે) An open-air game. ગેંડીદડા અને ખીતી ચકરડાંથી રમાતી રમત.

Crore, *n* (ક્રો,રૂ)Ten millions. સો લાખ; કરોડ.

Cross, *a.* (ક્રૉસ્) An instrument of death in ancient times shaped like + on which malefactors were put to death. બે આડા લાકડાનો (ચોકડીના આકારનો) બનાવેલો વધસ્તંભ. 2. The symbol of the Christian religion or the religion itself. ખ્રિસ્તી ધર્મનું નિશાન; ખ્રિસ્તી ધર્મ. 3. Any mark, sign &c. shaped like +. ચોકડીના આકારની નિશાની વગેરે. 4. Anything that thwarts, obstructs or perplexes. અડચણ; વિઘ્ન; હરકત; ખલેલ; નડતર; વચમાં આડું આવવું તે. 5. A mixing of breeds; a hybrid. વર્ણસંકર; સંકર જાતિ. *a.* Transverse. વાંકું; ત્રાંસું. 2. Thwarting; perverse. આડું ઉતરવું; ખલેલ-હરકત કરવું. 3. Peevish; fretful. ચીઢીયું. 4. Made by the opposite party. સામા પક્ષનું. **Cross action**=સામો દાવો. **C. wind**= પ્રતિકૂળ પવન. **To take up the cross**= સંકટ ખમવું; વિપત્તીઓ સહન કરવી. *prep.* Transverse; athwart. વાંકું. *vt.* To mark with a cross. ચોકડીની નિશાની ક૦. 2. To put across. ત્રાંસું-આડું મૂકવું. 3. To traverse. પેલે પાર જવું. 4. To thwart or obstruct. વચમાં આડું આવવું; હરકત કરવી; અટકાવ ક૦. 5. To erase. છેકવું. **To C. one's path**=કોઈ માણસનો મનસુબો-મુરાદ-યુક્તિની આડે આવવું. [L. *crux*, a cross.]

Cross-bow, *n.* (ક્રૉ'સ-બો) An ancient form of bow. કામઠું; એક જાતનું ધનુષ્ય.

Cross-examine, *vt.* (ક્રૉ'સ-ઈગ્ઝૅમિન્) To question or examine, as a witness. ઉલટ તપાસ ક૦; ઉલટપાલટ સવાલ ક૦; સ્હામા પક્ષના સાક્ષીને સવાલ પુછવા.

Cross-grained, *a.* (ક્રૉ'સગ્રે,ન્ડ્) Perverse; intractable. આડું ઉતરવું; નહિ માને એવું. 2. Having cross fibres. વિલોમ; આડાઅવળા રેસા, દાણાવાળું.

Crossness, *n.* (ક્રૉ'સનેસ્) Fretfulness; ill-humour; peevishness. જીદ; જક્કીપણું; ચીઢિયાપણું; આડાઈ; અવળાઈ.

Cross-purpose, *n.* (ક્રૉ'સપર્પસ્) Opposite intention. ઉલટો વિચાર-મનસુબો. **To be at C.**=અજાણતા એકબીજાથી ઉલટું વર્તવું; આંત્રળે બ્હેરૂં કુટવું

Cross-wise, *a.* (ક્રૉ'સ-વાઈઝ્) Transverse; across. ત્રાંસું; આડું.

Crotch, *n.* (ક્રૉચ્) A fork or forking. બે ડાળી હોવાથી બનેલો ખુણો.

Crotchet, *n.* (ક્રૉ'ચેટ્) A bracket. કૌંસ. 2. A hooked instrument. વાંકું હથીયાર-ઓજાર. 3. A musical symbol. ગાયનનું એક સુરદર્શક ચિન્હ. 4.Arrangement of troops.લશ્કરની ગોઠવણ-રચના.

Crotten-oil, *n.* (ક્રૉ'ટન-ઑઈલ્) The oil of an East Indian shrub possesing dangerous purgative properties. જમાલ ગોટાનું તેલ.

Crouch, *vi.* (ક્રાઉચ્) To cringe or fawn. ખુશામત-ગાંડીગુલામી કરવી. 2. To bend down. દબી જવું; દબાઈને બેસવું.

Croup, *n.* (ક્રૂપ્) The place behind a saddle. ઘોડાના જીનની પાછળનો ભાગ.

Croupier, *n.* (ક્રૂ'પિઅર્) A collector of stakes at a gambling table. જુગારમાં હોડો ભેગી કરનાર માણસ.

Crow, *n.* (ક્રો) A large black bird. કાગડો. 2. An iron bar. કોશ. 3. The "caw caw"

of a crow. કૉ કૉ એવો (કાગડાનો) અવાજ. 4. The voice of a cock. કુક કુક એવો મરઘાનો અવાજ. *vi.* To make a shrill sound like a cock. મરઘાની માફક બોલવું. 2. To swagger, vaunt or boast. બડાઈ મારવી. **To crow over one**=ની પાસ શીતાફી-બડાઈ મારવી. **As the crow flies**=નાકની દાંડી સામે; સીધી લીટીએ.

Crow-bar, *n.* (ક્રો'બાર્) An implement of iron sharp at one end used in digging. કોશ; પરાડ; પહારઈ.

Crowd, *n.*(ક્રાઉડ્)An assemblage of persons or things. ટોળું; સમુદાય; દાટી; ગીર્દી; જથો; ભીડ. *vt.* To press or drive together. મા ભીડ કરવી; ખિચોખીચ ભરવું. *vi.* To throng, collect in multitudes or be numerous. ભીડ થવી-ખિચોખીચ હોવું; ગીર્દી થવી. [A. S. *cruden*, to press.]

Crown, *n.* (ક્રાઉન્) Regal diadem; royal head-dress. તાજ; મુગટ. 2. The king or sovereign. રાજા; બાદશાહ. 3. Royalty. રાજસત્તા. 4. Honour માન; શોભા. 5. The top or summit. શિખર; ટોચ; મથાળું; માથું. 6. Perfection or action. પરિપૂર્ણતા; સિદ્ધિ; સરસાઇ; પરાકાષ્ઠા; પરિસીમા. 7. A coin current in England worth 5 s.પાંચ શિલિંગની કિંમતનો અંગ્રેજી સિક્કો-નાણું. 8. Dome of a furnace. ભઠ્ઠીનો ઘુમટ. 9. A wreath. ગજરો-હાર. 10. A size of writing paper. કાગળનું અમુક કદ. **Crown-prince** = યુવરાજ. *vt.*To invest with regal dignity and power. તાજ પહેરાવવો-રાજમુગટ પહેરાવવો;રાજ્ય આપવું. 2. To cover the top of. ની ટોચ-શિખર-માથાપર હોવું. 3.To perfect or complete.સિદ્ધિ ક૦;સંપૂર્ણ-પરિપૂર્ણ ક૦. [L. *corona*, a crown.]

Crucial, *a.* (ક્રશિઅલ્)Cross-wise.આડું-ત્રાંસુ. 2. Decisive; forming a thorough test.સખત; કસોટી લે-પરીક્ષા કરે એવું; ચોકસ ગુણદોષ બતાવનાર. [L. *crua*, a cross.]

Cruciate, *vt.* (ક્રૂ'શિએટ્)To torture.રિબાવવું; કષ્ટ આપવું.

Crucible, *n.* (ક્રૂ'સિબલ્) A glass vessel used for melting &c. ધાતુઓ વગેરે ગાળવાની કુલ્લી-નળી.

Crucifix, *n.* (ક્રૂ'સિફિક્સ્) The figure of crucified Christ. ઇસુખ્રિસ્તની સુળીએ ચઢાવવાના દેખાવની મૂર્તિ. [L. *crux*,cross & *figo*,I fix.]

Crucifixion, *n.* (ક્રૂસિફિ'કશન્) The act of crucifying a person. કોઈપણ માણસને ક્રોસ ઉપર ખીલા જડીને મારી નાખવો તે; ઈસુવધ, ભોગ.

Crucify, *vt.* (ક્ર'સિફાઇ) To kill by nailing to a cross. ક્રૉસપર ચઢાવી મારી નાંખવો. 2. To torture. રિબાવવું; કષ્ટ-દુઃખ આપવાં. [L. *crux*, a cross and *figo*, I fix.]

Crude, *a.* (ક્રૂડ્) Raw; unformed.કાચું; અધુરૂં. 2. Unrefined. કેળવણી વિનાનું; સુધરે નહિ એવું.

Crudely, *adv.* (ક્રૂ'ડલી)In a crude manner. કાચી-અધુરી રીતે; પુખ્ત વિચાર વગર.

Crudeness, *n.* (ક્રૂ'ડનેસ) Immaturity; the state of not being fully or well-formed. અધુરૂં હોવું તે; અપૂર્ણતા.

Cruel, *a.* (ક્રૂ'એલ્) Unkind; inhuman. ઘાતકી; નિર્દય; નિષ્ઠુર; કઠોર; ક્રૂર.

Cruelly, *adv.* (ક્રૂ'એલી) Inhumanly. ઘાતકી-ક્રૂર-નિર્દય રીતે.

Cruelty, *n.* (ક્રૂ'એલ્ટી) Mercilessness; inhumanity. ઘાતકીપણું; ક્રૂરપણું; ક્રૂરતા; નિર્દયતા 2. A cruel action. ક્રૂર કર્મ.

Cruentate *a.*(ક્રૂ'એન્ટેટ્)Bloody. લોહીવાળું; લોહીમાં રગદોળાએલું.

Cruet-stand, *n.* (ક્રૂ'એટ-સ્ટૅન્ડ) A stand for small bottles. સીસીખાનું.

Cruise, *n.* (ક્રૂઝ્) A voyage at sea. સમુદ્ર પર્યટન; દરિયાઈ સફર *vt.* To sail hither and thither. સમુદ્રમાં આમતેમ ફેરવું (વહાણ વગેરે).

Cruiser, *n.* (ક્રૂ'ઝર્) A swift armed ship for protecting commerce or attacking the enemy. સમુદ્રમાં ફરનાર લશ્કરી વહાણ-માણસ.

Crumb, *n.* (ક્ર'મ્) A small piece of bread. રોટલીનો કટકો. 2. A fragment. કકડો.

Crumble, *vt.* (ક્ર'મ્બલ્) To break into fragments; to pulverise. ભાંગીને કકડા-કચરો-ચુરો કરવો. *vi.* To go to pieces or to be pulverized. ભાંગીને ભુકો-ચુરો થવો. *n.* Small fragments. કકડા; ભુકો; ચુરો.

Crumenal. *n.*(ક્રૂ'મીનલ્) A purse. થેલી;કોથળી.

Crump, *n.* (ક્રમ્પ્) Curved or crooked. આડું-વાંકું.

Crumple, *vt.* (ક્ર'મ્પલ્) To form into folds or wrinkles. કરચલી વાળવી; સંકોચવું. *vi.* To wrinkle. કરચલી વળવી. *n.* A wrinkle. કરચલી.

Crupper, *n.* (ક્ર'પર્) A leather-strap buckled to saddle. દુમચી; ચામડાનો પટ્ટો. *vt.* To equip or furnish with a crupper. ના ઉપર ચામડાનો પટ્ટો-દુમચી ચઢાવવી.

Crural, *a.* (ક્રૂ'રલ્) Pertaining to the leg. પગનું; પગવિષે. **C. arteries**=પગની નસો.

Crusade,*n.* (ક્રૂ'ઝેડ્) Religious war between the Christians and the Mohomedans for the restoration of Jerusalem to the Christian powers. જેરૂસલેમ પાછું મેળવવા માટે ખ્રિસ્તી

તથા મુસલમાન લોકો વચ્ચેનું ધર્મયુદ્ધ. *vi.* To engage in a religious war. ધર્મયુદ્ધમાં ઉતરવું. [L. *crux*, a cross].

Crusader, *n.* (ક્રૂસે,'ડર્) One engaged in a Crusade. ધર્મયુદ્ધમાં સામેલ માણસ.

Cruse, *n.* (ક્રૂસ્) A small bottle &c. નાની બાટલી-સીસો-પ્યાલો.

Cruset, *n.* (ક્રૂ'સેટ્) A vessel for melting metals used by goldsmiths. મુસ; સોનું ગાળવાની કુલ્ફી.

Crush, *vt.* (ક્રશ્) To squeeze or press tightly. પીલવું; કચરવું; છુંદવું; ચગદવું. 2. To overpower or subdue દબાવી નાંખવી-દાબી દેવું-હરાવવું. **To C. a cup**=ગટગટાવી જવું; પી જવું. **To C. out**=દાબીને કાઢવું. *n.* A violent pressing or compression. દાબી નાંખવું-કચરવું તે.

Crust, *n.* (ક્રસ્ટ્) The outer surface. પોપડી; પોપડો; ઉપલો થર (પૃથ્વીનો). 2. Piece. ટુકડો *vt.* To incrust. ઉપરક ઠણ પડ-પોપડો ચઢાવવો-બાઝવો.

Crusta, *n.* (ક્ર'સ્ટા) An engraved gem. કોતરેલું નંગ. 2. A shell. છીપ.

Crustacea, *n.* (ક્રસ્ટે,'શીઆ) Hard shelled animals like crabs, tortoises &c. કાચબા જેવાં કઠણ પીઠવાળાં પ્રાણી.

Crustily, *adv.* (ક્ર'સ્ટિલી) Fretfully; peevishly. ચીડથી; ચણકાથી; મિજાજથી.

Crusty, *a.* (ક્ર'સ્ટી) Resembling a crust. પોપડા જેવું. 2. Fretful. ચીડિયું; મિજાજી.

Crutch, *n.* (ક્રચ્) A wooden support used by lame persons. કાખલાઘોડી; લંગડાની ઘોડી. *vt.* To walk on crutches. કાખમાં લાકડી ઝાલી ચાલવું.

Cry, *vt.* (ક્રાઈ) To shout. બુમ પાડવી; શોરબકોર ક૦; પોકાર ક૦. 2. To weep loudly. પોક મુકવી; રડવું; દિલગીરી ક૦. 3. To scream or shriek. ચીસ પાડવી **To C. out aganist**=To protest against. ની સામે પોકાર ઉઠાવવો. **To cry to**=આજીજી કરવી. *vt.* To proclaim publicly. નો ઢંઢેરો-ઢોંડી પીટવી. **To C. down**=વખોડવું; નિંદવું; દોષ કાઢવો. *n.* Loud weeping, lamentation or shouts. બુમાબુમ; શોરબકોર; પોકાર; રડારોળ; રૂદન; વિલાપ; આક્રંદ. 2. Public report. લોકવાણી. [Fr. *crier*.]

Crypt, *n.* (ક્રિપ્ટ્) A cellar. ભોંયરૂં. 2. A grave. ઘોર-કબર. 3. A secret place. ખાનગી જગ્યા.

Crystal, *n.* (ક્રિ'સ્ટલ્) A superior kind of glass. બિલોરી કાચ. 2. The glass cover of a watch. ઘડિયાળનો કાચ. [Gr. *cystallos*, ice.]

Crystalline, *a.* (ક્રિ'સ્ટલાઈન્) Made of crystal. બિલોરી કાચનું. 2. Clear and transparent (like crystal.) કાચની માફક સફેદ અને નિર્મળ.

Crystallization, *n.* (ક્રિસ્ટલાઇઝે,'શન્) The process of forming into crystals. ગાંગડા-પાસલા બાંધવાની ક્રિયા-બાંધવા તે.

Crystallize, *vt.* (ક્રિ'સ્ટલાઈઝ્) To cause to form crystals. ગાંગડા-ગઠ્ઠા બંધાય એવું કરવું; ગાંગડા-પાસલા બાંધવા.

Cub, *n.* (કબ્) The young one of a bear or tiger. રીંછનું-વાઘનું-સિંહ વગેરેનું બચ્ચું. *vi.* To bring forth a cub (said of wild animals). બચ્ચું જણવું.

Cube, *n.* (ક્યુબ્) A solid square body. ઘન; ઘનાકૃતિ. 2. The product of a quantity multiplied by itself thrice. ઘન. **C root**=ઘનમૂળ. *vt.* To raise to the third power. નો ઘન કરવો.

Cubeb, *n.* (ક્યુ'બેબ્) A kind of tropical plant. ચીનીકબાલા.

Cubical, *a.* (ક્યુ'બિકલ્) Resembling a cube in shape. ઘનાકાર.

Cubit, *n.* (ક્યુ'બિટ્) A unit of measure (for length). (ભરતનો) હાથ. 2. The fore-arm. આગળનો હાથ.

Cuckold, *n.* (ક'કોલ્ડ્) The husband of an adultress; the man whose wife is false to his bed. છીનાળનો ધણી; ભડવો. [L. *cuculous*.]

Cuckoo, *n.* (કુ'કૂ) A kind of singing bird. કોયલ; કોકિલા.

Cucumber, *n.* (ક્યુ'કમ્બર્) A kind of tree & its fruit. દુરીયું; કાંકડી.

Cud, *n.* (કડ્) The food which animals like the cow ruminate. વાગોળ. **To chew the cud,**=વાગોળવું.

Cuddle, *vi.* (ક'ડલ્) To crouch. છુપાઈ-દબાઈ બેસવું. *vt.* To hug or embrace. બાથમાં લેવું; આલિંગન દેવું.

Cudgel, *n.* (ક'જલ્) A thick, short staff. દંડુકો. **To take up the C. for**=ને માટે લડાઈમાં ઉતરવું *vt.* To give a sound drubbing. ડંગોરાથી મારવું.

Cue, *n.* (ક્યૂ) A straight rod for playing billiards. "બીલિયર્ડ" રમવાની લાકડી. **2. Tail.** પુંછડું. 3. An intimation or a hint. ઇશારો; સૂચના; નાટકી પાઠના છેલ્લા શબ્દો જેના પરથી બીજાને બોલવાનું સૂચન થાય તે. [L. *cauda*, a tail.]

Cuff, *n.* (કફ્) A blow with an open hand. તમાચો; થપ્પડ; ધોલ. 2. The folded part at the end of a sleeve. બાંહ્યાં, બાંયનો વાળેલો ભાગ-કફ. *vt.* To beat with an open hand. ધોલ-થપ્પડ-તમાચો મારવો.

Cuirass, *n.* (ક્વિરૅ'સ્) An armour for protecting the trunk of a man fighting. બખ્તર; શરીરનું રક્ષણ કરનાર બખ્તર,

Culinary, *a.* (ક્યુ'લિનરી) Pertaining to the kitchen. રસોઈ વિષે. **C. art**=પાકશાસ્ત્ર. [L. *culina,* a kitchen.]

Cull, *vt.* (કલ્) To pick or select. વિણવું; ચુંટી કાઢવું. [L. *con* & *lego.*]

Cullender, *n.* (ક'લેન્ડર્) A strainer or seive. ચાળણી; ઢવાલો.

Cully, *n.* (ક'લી) A simpleton ભોળો માણસ. *vt.* To make fool of; to cheat. છેતરવું;બનાવવું.

Culminate, *vt.* (ક'લ્મિનેટ્) To end in; to reach the highest point physically or in rank, dignity &c. ઉંચામાં ઉંચું આવવું; પરાકાષ્ઠાએ પહોંચવું; પરિસીમા થવી; અંત આવવો; છેવટે આવવું.

Culminating, *a.* (ક'લ્મિનેટિંગ્) Forming the highest altitude or zenith. ઉન્નત; સૌથી ઉંચું; ચઢતી સ્થિતિએ પહોંચેલું; ઉંચટનું; પરિસીમાનું.

Culmination, *n.*(કલ્મિને'શન્) The highest point or zenith. ઉંચામાં ઉંચો દરજ્જો;અંત-છેડો.

Culpability, *n.* (કલ્પૅબિ'લિટી) Guiltiness. વાંક; ગુન્હો; દોષ; તકસીર.

Culpable, *a.* (ક'લ્પૅબલ્) Guilty. વાંક-કસુરવાળું; ગુન્હેગાર. [L. *culpa,* a fault.]

Culprit, *n.* (ક'લ્પ્રિટ્) A guilty person. ગુન્હેગાર; અપરાધી. [L. *culpa,* a fault.]

Cultivate, *vt.* (ક'લ્ટિવેટ્) To till. ખેડવું-ખેડાણ કરવું. 2. To refine and improve; to strive; to make better by labour &c. ઉપર મહેનત લઈ સુધારવું; નો ખાસ અભ્યાસ કરવો-ઉપર વિશેષ ધ્યાન આપવું. 3. To civilize. સુધારો કરવો. [L. *colo,* I till.]

Cultivation, *n.* (કલ્ટિવે'શન્) The act of tilling. ખેડાણ; કૃષિકર્મ. 2. Attempt to improve by labour &c. સુધારો કરવાને મેહનત-અભ્યાસ. 3. Civilization or refinement. સુધારો; કેળવણી.

Cultivator, *n.* (ક'લ્ટિવેટર્) Tiller of the soil. ખેડુત; ખેડાણ કરનાર 2. One who tries to civilize or educate. કેળવણી આપવાને-સુધારો કરવાને મહેનત કરનાર.

Culture, *n.* (ક'લ્ચર્) Tillage. ખેતી. 2. Refinement or civilization. કેળવણી; સુધારો; વૃદ્ધિ. *vt.* To cultivate or till. ખેડવું-ખેડાણ ક૦ 2. To refine or educate. સુધારો કરવો.

Culver, *n.* (ક'લ્વર્) A pigeon. કબુતર. 2. A small cannon. નાની તોપ.

Cumbent, *a.* (ક'મ્બન્ટ્) Recumbent; lying down. હેઠળ-નીચે પડેલું. [L. *cumbo,* I lie down.]

Cumber, *vt.* (ક'મ્બર્) To overload or encumber; to embarrass. ભારે ભારવું; ભાર સાથે હોવું; અડચણ-ત્રાસ આપવો. *n.* Hindrance; embarrassment. અડચણ-નડાવ. [L. *cumulous,* heap.]

Cumbersome, *a.* (ક'મ્બરસમ્) Burdensome; embarrassing. ભારે પડે એવું-અડચણ કરે એવું. 2. Unwieldy or unmanageable. નહિં વ્યવસ્થા કરી શકાય-નહિં ચલાવી શકાય એવું (સહેલાઈથી).

Cumbrance, *n.* (ક'મ્બ્રન્સ્) Hindrance or encumbrance. અડચણ; અટકાવ; હરકત; ભાર; વજન; જોખમ.

Cumbrous, *a.* (ક'મ્બ્રસ્) Causing encumbrance. ભારે; અડચણ કરે એવું; અગવડભરેલું. 2. Troublesome. ત્રાસદાયક.

Cumin-seed, *n.* (ક'મિનસીડ્) A kind of seed often used as a condiment. જીરૂં.

Cumulate, *vt.* (ક્યુ'મ્યુલેટ્) To collect; to gather together. ઢગલો વાળવો; એકઠું કરવું; એકત્ર કરી ઢગલો વાળવો. [L. *cumulus,* a heap.]

Cumulation, *n.* (ક્યુમ્યુલે'શન્) Heaping together; a heap. ઢગલો કરવો તે; ઢગલો; સંચય.

Cumulative, *a.* (ક્યુ'મ્યુલેટિવ્) Making a heap. ઢગલાના આકારનું; ઢગલા કરતું. 2. Increasing. વધતું; વર્ધમાન. 3. Over and above what is already bequeathed. આપેલા વારસા ઉપરાંત આપેલું.

Cunning, *a.* (ક'નિંગ્) Wily; crafty; artful. કારસ્થાની; કપટી; ખંધું; લુચ્ચું. *n.* Craft; wiliness; artfulness; deceit. કાવાદાવા; પક્કાઇ; ભેદ; પેચ.

Cup, *n.* (કપ્) A small utensil for drinking. પ્યાલો-પવાલું; જામ. **To be in one's cups**= છાકટા-પીધેલ હોવું.

Cup-board, *n.* (ક'બર્ડ્) A piece of furniture in a room with shelves to receive things. કબાટ. *vt.* To gather. ભેગું-એકઠું ક૦.

Cupel, *n.* (ક્યુ'પેલ્) A utensil used in refining metals &c. કિમતી ધાતુઓ ગાળવાની કુલ્ફી. [L. *cupella,* a small cask.]

Cupid, *n.* (ક્યુ'પિડ્) The God of Love. મદન; કામદેવ; અનંગ. [L. *cupido,* I desire.]

Cupidity, *n.* (ક્યુપિ'ડિટી) Avarice. લોભ; અતિતૃષ્ણા; આતુર ઇચ્છા.

Cupola, *n.* (ક્યુ'પોલૅ) A dome. કળસ; ઘુમટ. [L. *cupa,* a tube.]

Cupreous, *a.* (ક્યુપ્રી'અસ્) Of copper. તાંબા જેવું બનાવેલું; તાંબાનું. [L. *cuprum,* copper.]

Cur, *n.* (કર્) A worthless dog. હલકી જાતનું કુતરૂં-માણસ; કુરકુરીયું.

Curable, *a.* (ક્યુ'રેબલ્) That can be cured. મટાડી શકાય-સારૂં કરી શકાય એવું; સાધ્ય; ચિકિત્સાધીન

Curate, *n.* (ક્યુ'રે,ટ્) A clergy-man. પાદરી; ખ્રિસ્તી ધર્મોપદેશક. [L. *cura*, care.]

Curative, *a.*(ક્યુ'રેટિવ્)Possessing properties that cure a disease. રોગ મટાડે-સારો કરે એવું.

Curator, *n.* (ક્યુરે',ટર્) A supervisor or one who takes care of. કોઇ ચીજ સાચવનાર-જાળવનાર. **C. of a library**=ગ્રંથશાળાધિકારી. [L. *cura*, care.]

Curb, *n.* (કર્બ્) Restraint; check. અંકુશ; સંયમ. 2. The bit of a horse. લગામનું ચોકડું. *vt.* To restrain or check. અંકુશમાં રાખવું; ઉપર સંયમ રાખવો. [L. *curus*, bent.]

Curd, *n.* (કર્ડ્) The thickened part of milk or any other liquid. દહીં; કોઈપણ પ્રવાહીનો જામેલો ભાગ. *vt.* To cause to thicken. જમાવવું.

Curdle, *vi.* (ક'ર્ડલ્) To change into curds. દહીં બનાવવું. 2. To freeze or run slow with terror. ગભરાટથી લોહીનું થંડું પડી જવું. *vt.* To make curds of. નું દહીં બનાવવું; ને જામવવું-જમાવવું.

Cure, *vt.* (ક્યુર્) To restore to health and strength; to heal. સાજા-સારા ક૦; રોગ મટાડવો. *vi.* To become well. સાજા થવું; સુધરવું;થી મુક્ત થવું. *n.* The office of a curate. પાદરીનો હોદ્દો. 2. Healing or remedial treatment. ઉપચાર; ઓસડપાણી; દવા કરવી તે. 3. Freedom from disease. રોગમુક્તતા; સાજા થવું તે. [L. *cura*, care.]

Curfew, *n.* (ક'ર્ફ્યુ) A bell rung at night at nine O'clock (in middle ages) for extinction of all fires. દીવા હોલવવાનો ઈસારો કરતો ઘંટનાદ.

Curiosity, *n.*(ક્યૂરિઑ'સિટી)A strong desire to see something novel; inquisitiveness શોધકબુદ્ધિ; જિજ્ઞાસા. 2. An interesting spectacle; a rarity. જોવા લાયક વસ્તુ. [L. *curiosus.*]

Curious, *a.* (ક્યુ'રિઅસ્) Inquisitive. શોધક; જિજ્ઞાસુ. 2. Strange; rare; singular. તરેહવાર; વિલક્ષણ. 3. Careful. બારીક; ઝીણું.

Curl, *n.* (કર્લ્) A waving or ringlet of hair. વાંકડી; ગુચ્છો. *vt.* To make or form into ringlets. ગુચ્છા વાળવા. *vi.* To rise in waves or undulations. ઉછાળવું.

Curly, *a.* (ક'ર્લી) Having curls. ગુચ્છાવાળું.

Currency, *n.* (ક'રન્સી) Circulation;general acceptance. ચલણ; રિવાજ; પ્રચાર 2. Coins current. ચલણી નાણું. 3. Current value. ચાલતી કિંમત. [L. *curro*, I run.]

Current, *a.* (ક'રન્ટ્) Moving quickly. જલદીથી દોડતું. 2. Common; passing from hand to hand. ચાલતું; સાધારણ; ચલણીરૂઢ. *n.* A stream. રેલો; ધાર; પ્રવાહ; વ્હેણ. 2. General course or progress. સંકલના; ક્રમ; આક્રમણ.

Currently, *adv.* (ક'રન્ટલી) Commonly; generally. સાધારણ રીતે; ઘણું કરીને; લોકમાં; સર્વલોકમાં; સામાન્ય જનતામાં.

Curricle, *n.* (ક'રિકલ્) A two-wheeled chaise. બે પૈડાંની ગાડી. 2. A short cut. ટુંકો માર્ગ-રસ્તો. [L. *curro*, I run.]

Curriculum, *n.* (કરિ'ક્યુલમ્) A course of study fixed for a particular degree examination. અભ્યાસક્રમ; મુકરર કરેલો અભ્યાસ.

Currier *n.* (ક'રિઅર્)A dresser of leather. ચામડાને કમાવનાર; ચામડિઓ.

Curry *n.* (ક'રી) A kind of Indian sauce with spices &c. કઢી *vt.* To dress and tan (leather.) ચામડું, કેળવવું, કમાવવું 2. To prepare with curry. કઢી સાથે રાંધવું. 2. To rub and clean a horse with a comb. ઘોડાને ખરેરો કરવો. **To curry favour**=To seek favour by servile flattery, officiousness &c. ખુશામતથી વહાલા થઈ જવું; ગાંડી ગુલામી કરવી.

Curry-comb, *n.* (ક'રી-કો,મ્) A brush to clean horses. ખરેરો **To C. a horse** ઘોડાને ખરેરાથી સાફ કરવો તે.

Curse, *n.* (કર્સ્) A malediction; an evil wish. શાપ; બદદુઆ. *vt.* To give utterance to a malediction or an evil wish. શાપ દેવો-બદદુઆ દેવી. *n.* Trouble or vexation. ઉપાધિ; સંકટ; આપદા.*vi.* to be vexed or troubled. સંકટ-ઉપાધિ આવી પડવી.

Cursed, *a.* (ક'ર્સિડ્) Deserving or under a curse. શાપિત; શાપ દેવા યોગ્ય. 2. Abominable; detestable. બહુ ખરાબ; ધિક્કારવા જોગ. 3. Vexatious. અતિ દુઃખદ; ત્રાસદાયક.

Cursory, *a.* (ક'સૅરી) Careless; superficial; slight. ઉપરચોટીયું; ઉપલક; બેદરકારીભરેલું; ઉપરટપકાનું.

Curt, *a.* (કર્ટ્) Snappish; brief and abrupt. ટુંકું ને તોછડું. [L. *emtus.*]

Curtail, *vt.* (કર્ટે',લ્) To shorten or make concise or brief. ટુંકું-સંક્ષિપ્ત કરવું; કાપવું; કાતરવું; ઓછું-ન્યૂન કરવું.

Curtain, *n.* (ક'ટ'ન્) A screen. પડદો; ચકપટ. **A mosquito curtain**=મચ્છરદાની. **To draw the curtain over**=ઉપર પડદો

ખેંચવો-ઢાંકવું; ઢાંકપીછોડ ક૦. **To drop the curtain**=વાત પુરી ક૦. **Curtain lecture**=સ્ત્રી ખાનગીમાં, પડદાવાળા પલંગમાં, વરને વઢે તે; સ્ત્રિયાખ્યાન.

Curtsy, Curtsey, *n.* (કર્ટ્સી) A respectful bending by a female.ઘુંટણ નમાવી પ્રણામ કરવા તે.

Curvated, *a.* (કર્વેટેડ) Bent or curved. ચાંસું; વાંકું. [L. *curves.*]

Curvation, *n.*(કર્વે'શન) The act of curving or the state of being curved. વાંકું વાળવું-વાળેલું હોવું તે.

Curvature, *n.* (કર્વેચર) Curved shape; the continual bending of a line. વક્રીભવન; વાંક; વક્રતા; વક્રીભાવ; વાંકો આકાર.

Curve, *n.* (કર્વ) Angleless bent or flexture. વાંક; વર્તુળાકાર. *vt.* To form into a curve. વાંકું કરવું. *vi.* To bend into a curve. વાંકું હોવું.

Curvet, *n.* (કર્વેટ) A kind of horse-leap. ઘોડાની અમુક તરેહની છલંગ-ઉડાણ. *vi.* To frisk & leap. કુદીને ગેલ કરવી. *vt.* To cause to leap & frick. કુદાવવું; ગેલ કરાવવી.

Curvilinear, *a.* (કર્વિલિ'નીઅર) Bounded by or consisting of lines of a curved shape. વાંકી લીટીવાળું. [L. *curva,* curved & *lines,* a line.]

Curvity, *n.* (કર્વિટી) State of being curved. વાંકું હોવું તે; વાંક; વાંકાપણું. [L *curvus,* a curve.]

Cushion, *n.* (કુ'શન) A pillow used to lean against. તકીયો; ગાદી. *vt.* to seat on a pillow. ગાદી તકીયા ઉપર બેસાડવું.

Cusp, *n.* (કસ્પ) An ornamental projection of an arch. અણીદાર કમાનની ઝાલર. 2. Moon's disc. ચંદ્રકોર. [L. *curpis,* a point]

Custard, *n.* (કસ્ટર્ડ) A dish of sweetened milk and eggs. ઇંડા અને દુધમાં ખાંડ નાખી બનાવેલી એક જાતની રાબડી. [L. *custe,* a crust]

Custard-apple. *n.* (કસ્ટર્ડ'ઍપલ) A kind of fruit. સીતાફળ; રામફળ.

Custodian, *n.* (કસ્ટો'ડિઅન) One who has custody or care of a person or thing. જાળવનાર; રખવાલ; કાળજી રાખનાર.

Custody, *n.* (ક'સ્ટડી) Entrustment for safe keeping. સંભાળ; નીગેબાની. 2.Imprisonment. પેહરો; કેદ; જાપ્તો. [L. *custos,* guard]

Custom, *n.* (ક'સ્ટમ) Conventional manner. રીત; રૂઢી; રિવાજ. 2. Habitual purchase of goods. ઘરાકી. 3. Tax on imports, exports &c. જકાત. *vt.* to levy a tax or to pay a tax. જકાત લેવી-આપવી. [L. *cosumentume,* a custom.]

Customs, *n.* (ક'સ્ટમ્સ) Toll; goods-tax. દાણ; જકાત.

Customary, *a.* (ક'સ્ટમરી) Habitual. રીત-રૂઢી-રિવાજનું; હમેશનું. 2. Entitled to by custom. દસ્તુર મુજબ.

Customer, *n.* (ક'સ્ટમર) Purchaser. ઘરાક; ખરીદનાર; ગ્રાહક. 2. Customs officer. જકાત વસુલ કરનાર અધિકારી

Custom-house, *n.* (ક'સ્ટમ હાઉસ) The office of the customs department. જકાત-ખાનું; માંડવી; નાકું.

Cut, *vt.* (કટ) To pierce. નું હૃદય ભેદવું. 2. To carve. કોતરવું. 3. To sever in pieces. કાપવું; કકડા કરવા. 4. To intersect. છેદવું. **Cut and dried**=તૈયાર; ટુંકુંટચ. **To cut down**=આછું કરવું; કાપી નાખવું; પાડવું. **To cut the Gordian knot**=મોટી મુશીબત-સંકટમાંથી પાર ઉતરવું. **To cut lots**=ભાગ પાડવા; ચિઠ્ઠી નાંખવી. **To cut off**=જુદું કરવું; કાપી નાંખવું (2) વેતરવું; કોતરીને ડોળ-ઘાટ કાઢવો. (3) અટકાવવું; પાછા જવાનો રસ્તો બંધ કરવો; ઘેરી લેવું.(4) To kill. કતલ કરવી. **To cut short**=ટુંકું-સંક્ષિપ્ત કરવું. **To cut the teeth**=દાંત ફૂટવા. **To have cut one's eye-teeth**=હોશિયાર-ચંચળ થવું.**To cast one's wisdom-teeth**=સમજતા થવું; માણસમાં આવવું.*vi.* To be severed. કપાવું.2. To perform the act of cutting &c. કાપવાની ક્રિયા કરવી; કાપવું વગેરે ક૦ **To cut a cross,**=સીધું જવું. **To cut in or into,**=ખલેલ-હરકત કરવી. *n.* A blow with a sharp instrument; a wound. ચીરો; કાપ; ટચકો; જખમ; વાઢ; ઘા. 3. A turn or anything that wounds one's feelings. મેહેણું; કટુ-કઠોરવચન. 3. A furrow. ખાંચુ; ખોભણ. 4. The piece or part cut. ટુકડો; કકડો. 5. An engraved block. છાપ; બીબું. 6. Division of cards among players after shuffling. વ્હેંચણી; કાપવું તે. **A short cut**=ટુંકો-નજીકનો રસ્તો.

Cutaneous, *a.* (ક્યુટે'નીઅસ) Relating to the skin. ચામડી સંબંધીનું. [L. *cutis,* skin.]

Cuticle, *n.* (ક્યુ'ટિકલ) The middle skin or the outer skin. ઉપલી અથવા વચલી ચામડી, ત્વચા. 2. The bark of a tree. ઝાડની ઉપલી છાલ.

Cutlass, *n.* (ક'ટલૅસ) A broad sword, પોહળી વાંકી તલવાર.

Cutler, *n.* (ક'ટલર) A manufacturer of sharp instruments. કાપવાના હથિયાર બનાવનાર અને વેચનાર લુહાર.

Cutlery, *n.* (ક'ટલરી) The business of a cutler. હથિઆર બનાવવાનો હુન્નર. 2. Sharp

instruments in general. ધારવાળાં હથિયાર ઓજાર-વસ્તુઓ.

Cut-purse, *n.* (કટ્પર્સ્) A pick-pocket. ગજવાં કાતરૂ.

Cutter, *n.* (કટર્) One who cuts. કાપનાર 2. An instrument that cuts. કાપે એવું હથિયાર-ઓજાર. 3. The fourth tooth. આગલો દાંત. 4. Small boat. ન્હાની હોડી. 5. A small carriage. ન્હાની ગાડી.

Cut-throat, *n.* (કટ્-થ્રોટ્) An assassin. ગળા કાપુ; ખુની માણુસ; ખુન કરવાના ઇરાદાથી આવેલો માણુસ; ફાંસીઓ.

Cutting, *n.* (કટિન્ગ્) The act of making a cut. કલમ; કાપ; કટકો; છેદ 2. The part cut. છેદેલો ભાગ; કાપેલો ભાગ.

Cycle, *n.* (સાંયકલ્) A bycicle. બે પૈંડાની પગે ચલાવવાની ગાડી; સાયકલ. 2 Recurring periodical space of time. કાળચક્ર; યુગ; સંવત્સરચક્ર.

Cyclic-cal *a.* (સાયૃ'કિલક્-કલ્) Relating to cycles. કાળચક્ર સંબંધી. **Cyclic poets** = કેટલાંક ઐતિહાસિક કાવ્યો લખનાર કવિઓ.

Cyclone, *n.* (સાં'યૂકલોન્) A violent whirlwind at sea. દરિયાઈ તોફાન-વંટોળીઓ. [Gr. *kuklos*, a circle.]

Cyclopedia, *n.* (સાયૂકલોપી'ડિઆ) A work, generally like a dictionary containing general information on all principal subjects. જ્ઞાનાવળી; સર્વ વિદ્યા-માળા સંગ્રહ. [Gr. *kuklos*, a circle & *paedia*, education.]

Cyclops, *n.* (સાં'ઈકલૅપ્સ્) A kind of one-eyed mythical giants. એક આંખવાળા રાક્ષસ; ભાલલોચન રાક્ષસ.

Cylinder, *n.* (સી'લિન્ડર્) A roller-like body. ભુંગળ જેવું-નળીના આકારની વસ્તુ; ભુંગળું; નળાકાર.

Cylindrical, *a.* (સીલિ'ન્ડ્રિકલ્) Shaped like a cylinder. નળાકાર; ભુંગળા જેવું.

Cymbal, *n.* (સી'મ્બલ્) A kind of musical instrument. ઝાંઝ; કરતાલ.

Cynical, *a.* (સી'નિકલ્) Surly; sneering. ચિઢીયું; રિસાળ; કુટિલ. 2. About the dog-star. લુબ્ધ તારા સંબંધી. [Gr. *kuon*, a dog.]

Cynic, *n.* (સી'નિક્) A surly man; a man of curish temper. ચિઢીયો-રિસાળ માણુસ;સર્વદ્વેષી

Cynicism, *n.* (સી'નિસિઝમ્) Currish or surly temper. ચિઢીયાપણું; સંસારના વૈભવનો ચિઢથી તિરસ્કાર.

Cynosure, *n.* (સાં'ઇનોસ્ઝર્) Constellation of the Lesser Bear. ધ્રુવનો તારો. 2. An attractive thing. બધાનું ધ્યાન ખેંચનાર વસ્તુ.

Cypress, *n.* (સાં'યૂપ્રેસ્) A kind of tall straight tree. સરૂનું ઝાડ-સરૂવૃક્ષ.

Cyprus, *n.* (સાં'યૂપ્રસ્) A kind of fine black cloth. એક જાતનું પાતળું કાળું કાપડ.

Cytherean, *a.* (સીથેરી'અન્) About Venus-star. શુક્રના તારાને લગતું; વીનસ; રતિને લગતું.

Czar, *n.* (ઝાર્) The Emperor of Russia. રશિયાનો શહેનશાહ.

Czarina, *n.* (ઝારી'ના) The Empress of Russia. રશિયાની રાણી.

Czaro-witz, *n.* (ઝા'રોવિટ્સ્) The Russian Crown Prince. ઝારનો પાટવી કુંવર.

Czarevna, *n.* (ઝારે'વના) The wife of the Russian 'Prince of Wales.' ઝારના પાટવી કુંવરની રાણી.

D.

D, (ડી), Is the fourth letter of the English alphabet and the third consonant. અંગ્રેજી મૂળાક્ષરનો ચોથો અક્ષર અને ત્રીજો વ્યંજન 2. Roman sign for 500. રોમન અંકમાં પાંચસો માટેની સંજ્ઞા.

Dab, *n* (ડૅબ્) A skilful hand. ચાલાક માણુસ. 2. A gentle blow. થપ્પડ. *vt.* To beat or strike gently. ધીમેથી થપ્પડ મારવી; ટીપવું.

Dabble, *vt* (ડૅ'બલ્) To moisten or sprinkle. ભીનું કરવું-છાંટવું. *vi.* to play in water. પાણીમાં રમત કરવી. 3. To do anything slighty or superficially; to interfere unnecessarily. માથું મારવું; ઉપલગ કામ કરવું.

Dabbler, *n.* (ડૅ'બ્લર્) A person who dabbles. ભીંજવનાર; ઉપલગ ઉપલગ કામ કરનાર; માથું મારનાર. [H. *dakait*, a robber.]

Dacoit, *n.* (ડૅકૉ'ઈટ્) One of a gang of robbers. ધાડપાડુ.

Dacoity, *n.* (ડૅકૉ'ઈટી) The practice of looting in gangs. ધાડ; લુંટ.

Dactyl, *n.* (ડૅ'કિટલ્) A foot of a verse. કવિતાનો એક છંદ.

Dactylology, *n.* (ડૅકટીલૅ'લૉજી) Language of signs. કરપલ્લવી ભાષા. [L. *dactulus*, finger and *logos*, speech.]

Dagger, *n.* (ડૅ'ગર્) A poniard; a stiletto. કટાર; ખંજર. 2. A sign (†) used as a mark of reference. કટારના આકારનું નિશાન. **To look or speak daggers** = ગુસ્સાથી જોવું-બોલવું. **To be at daggers drawn** = ની વચ્ચે દુશ્મનાવટ હોવી-સખ્ત અણબનાવ હોવો. **To plunge a dagger** = ના પેટમાં ખંજર મારવું.

Daggle, *vi.* (ડૅ'ગલ્) To be dirtied with mud. ખરડાઈ જવું. *vt.* To moisten. પલાળવું.

Dahlia, *n.* (ડૅ'લિયા) A kind of flowering plant. ગુલ દાઉદી.

Daily, *a.* (ડે,લી) Taking place every successive day.દરરોજનું, નિત્યનું. *adv.* Every day. દરરોજ. *n.* A pamphlet or publication published every day. દૈનિક; દરરોજ પ્રગટ થતું પત્ર.

Dainty, *n.* (ડે',ઈન્ટી) A delicious food. સ્વાદિષ્ટ ભોજન; મિષ્ટાન્ન. *a.*Toothsome; delicious. રૂચિકર; સ્વાદિષ્ટ; ભાવતું; મનગમતું.

Dairy, *n.* (ડે',રી) A place where milk is collected and its products prepared and sold. ગોરસશાળા; ડેરી.

Dairy-maid, *n.* (ડે,'રીમે,ડ્) Milk-maid. દુધવાળી; દુધ દોહનાર સ્ત્રી.

Dais, *n.* (ડૅ'ઈસ્) A raised seat (of honour like a throne). ઉંચું આસન. [L. *discus*, a quoit.]

Dale, *n.* (ડે,લ્) A valley. ખીણ; બે પહાડો વચ્ચેનો પ્રદેશ. [Gr. *dolos*, a rotunda.]

Dalliance, *n.* (ડૅ'લિઍન્સ્) Exchange of voluptuous caresses; fondling;delay;trifling. કામક્રીડા; વિષયવિલાસ; વિલાસ; વિલંબ; ગમ્મત.

Dally, *vi.* (ડૅ'લી)To fondle or waste time in voluptuous caresses & pleasure;to delay. કામક્રીડા-વિષયવિલાસ કરવો; વિલંબ કરવો.

Dam, *n.*(ડૅમ્)A barrier,artificially erected to prevent the flow of water in a river. બાંધ; પુસ્તો; પાણી ખાળવાને માટે બાંધેલી પાળ. 2. King in chess. શેત્રંજમાંનો રાજા. 3. The female parent in beasts. માદા.[L.*domina*, a mistress.]

Dam, *vi.* (ડૅમ્) To confine by means of a dam (as the water of a river.) પાળ બનાવીને (નદીનું પાણી) અટકાવવું-પ્રવાહ બંધ કરવો. *interj.* An ejaculation of contemptuous anger. ડૅમ; તિરસ્કારયુક્ત ગુસ્સો બતાવનાર શબ્દ.

Damage, *n.* (ડૅ'મિજ્) Injury; detriment; harm. ખલેલ; નુકસાન; હાનિ; ધોકો; ખરાબી. 2. (Law) Compensation in money for some harm done &c. નુકસાન ભરપાઇ-નુકસાનીનો બદલો.*vt.*To hurt or injure.ખલેલ-ધોકો-નુકસાની પહોંચાડવી; ખરાબી કરવી. [L. *damnum*, loss.]

Damask,*n.*(ડૅ'મસ્ક્)A fine and beautiful quality of silk originally manufactured in Damascus in Asia Minor. એક જાતનું સુંદર રેશમી કાપડ.*a.*Manufactured in or resembling the silk manufactured in Damascus. ડૅમસ્કસ શહેરમાં બનતા રેશમી માલ જેવું. [From *Damascus*, a city in Asia Minor.]

Dame, *n.* (ડે,મ્) Mistress; lady; mother. ઘરધણીયાણી; બાઈ; બાનું; મા.

Damn, *vt.* (ડૅમ્) To curse or condemn as bad or fit for punishment. દૂષિત-શિક્ષાપાત્ર ઠરાવવું; ધિક્કારી કાઢવું. 2. to send to hell. નરકમાં પડજે એવી બદદુવા દેવી.

Damnable, *a.* (ડૅ'મ્નૅબલ્) Condemnable. શિક્ષા-દૂષણપાત્ર; નરકમાં નાંખવા લાયક; ધિક્કારવા જેવું.

Damnation, *n.* (ડૅમ્ને',શન્) Eternal hell. નરકવાસ. 2.Censure; condemnation. ધિક્કારવું તે; દૂષણ; શિક્ષા; દુર્ગતિ; અધોગતિ.

Damnatory, *a.* (ડૅમ્ને'ટરી) Conclusively condemning; condemnatory. ધિક્કારતું; પાપી-દોષિત-ગુન્હેગાર ઠેરવતું [L. *damnum*, loss].

Damp, *n.* (ડૅમ્પ્) Wetness;moisture.ભીનાશ; સરદી *a.*Moist.સરદી,ભીનાશવાળું.2.Discouraged. ઉદાસ. *vt.* to discourage, depress or make dull આશાભંગ-ઉત્સાહભંગ કરવો; દાબી દેવું; નરમ કરવું-પાડવું; ઉદાસ કરવું.

Damsel,*n.*(ડૅ'મસેલ્)A maiden;an unmarried girl. યુવતી; છોકરી; તરૂણી; મુગ્ધા; કુમારી; કન્યા. **Celestial damsels,**=અપ્સરાઓ.**Bevy of damsels**=તરૂણી ગણ.

Dance, *vi.*(ડૅ'ન્સ્)To move with measured steps regulated to music.નાચવું.*vt.*To cause to dance. નચાવવું. *n.* A measured tread regulated to music. નાચ; નૃત્ય.

Dancing-girl, *n.* (ડૅ'ન્સિન્ગર્લ્) A female dancer. નાચનારી છોકરી.

Dander, *n.* (ડૅ'ન્ડર્) Wrath. ગુસ્સો. 2. Scorf on the head. ખોડો; ટાલ. *vi.* to wander either physically or in words.રખડવું;ફાવે તેમ બકવું.

Dandle, *vi.* (ડૅ'ન્ડલ્) To move to and fro on one's knees.ખોળામાં રમાડવું.2.To wheedle. મીઠીમીઠી વાતો કરીને ફોસલાવવું.

Dandy, *n.* (ડૅ'ન્ડી) A coxcomb; a fop; a beau. ફક્કડ; છેલ; ઇશ્કી જવાન; છકેલ છોકરો.

Dandyism, *n.* (ડૅ'ન્ડીઈઝમ્) Foppery. ઇશ્કીપણું; છકેલપણું.

Dane, *n.* (ડે,ન્) A resident of Denmark. ડેનમાર્ક દેશનો રહેવાસી.

Danish, *a.* (ડે,'નિશ્) Pertaining to the Danes. ડેઇન લોકોનું.

Danger, *n.* (ડે,'ન્જર્) Risk of or exposure to loss, injury &c. ભય; જોખમ. 2. Difficulty. કષ્ટ; સંકટ. [L. *damnum*, loss & *gero*, I bear.]

Dangerous, *a.* (ડે,'ન્જરસ્) Risky; giving rise to danger, difficulty &c. હાનિકારક; ભયંકર; દહેશતભરેલું; ભય લગાડવું-પમાડવું.

Dangerously, *adv.* (ડે,'ન્જરસલી) Perilously; riskily; seriously (as ill.) ધાસ્તીભરેલી રીતે; દહેશત-ભય રાખવા જેવું.

Dangle, *vi.* (ડૅ,'ન્ગલ્) To hang flowing or loose; to hang about a person. લડલડવું;લટકવું; ઝુલવું; કોઇ પણ માણસના પાછળ પાછળ ફરવું. **To D. about one**=કોઇપણ માણસની ખુશામત કo.

Dank, *a.* (ડૅન્ક્) Wet; moist. શરદ; ભીનું. *n.* Wetness. શરદી; ભીનાશ.

Dapper, *a.* (ડૅ'પર્) Short and active. ઠીંગણું અને ચાલાક; સાફસુફ રહેનાર.

Dapple, *a.* (ડૅ'પલ્) Piebald; spotted. કાબરચિતરૂં. *n* Spot of a spotted animal. કાબરચિતરા જાનવર ઉપરના ડાઘામાંનો એક ડાઘો. *vt.* To spot. રંગબેરંગી-કાબરચિતરૂં બનાવવું.

Dare, *vt.* (ડે,ર્) To venture or have courage to do something. કંઇપણ કરવાની હીંમત કરવી. *vi.* To have courage. હીંમત રાખવી. 2. To defy, challenge or provoke. હીંમત હોય તો કરવા કહેવું; ચડસે ભરાવવું; પડકાર, આવ્હાન કo.

Daring, *a.* (ડે,'રિન્ગ્) Venturesome; courageous. બહાદુર; સાહસિક; હીંમતવાન. *n.* A task requiring boldness; a venture. સાહસિક-હીંમતવાળું કામ; મર્દાની કામ.

Dark, *a.* (ડાર્ક્) Secret. ગુપ્ત;છાની. 2. Mysterious. સમજાય નહિં એવું. 3. Wanting light. કાળું; અંધારાવાળું. 4. Uncultivated. અજ્ઞાન; મૂર્ખ. 5. Presaging evil. ભયાનક, ખરાબ પરિણામ સૂચવતું. 6. Sinister; wicked. પાપી;અનીતિવાળું. 7. Wheat-coloured. શામળા રંગનું; ઘઉંવર્ણું, 8. Blind. આંધળું.

Darken, *vt.* (ડાર્કન્) To drain or deprive of light. ઝાંખું-અંધારૂં કરવું. 2. To make ignorant. અજ્ઞાન કરવું. 3. To make less understandable or intelligible. ન સમજાય એવું-અગમ્ય કરવું. *vi.* To become dark or cloudy. શ્યામ-કાળું-અંધકારમય થઇ જવું.

Darkish, *a.* (ડા'ર્કિશ) Somewhat dark or dim; dusky. લગીર અંધારૂં; શ્યામળું.

Darkness, *n.* (ડાર્કનેસ્) Absence of light; gloom. અંધારૂં; અંધકાર. 2 Secrecy; privacy. ગુપ્તપણું; છાનું રાખવું તે. 3. Want of refinement; ignorance. અજ્ઞાન; નિર્વિદ્યાપણું.

Darksome, *a.* (ડા'ર્કસમ્) Obscure; gloomy; dark. અંધકારમય; કાળું; અંધારૂં.

Darling, *a.* (ડા'ર્લિન્ગ્) Very dear. બહુજ વહાલું. *n.* A very dear person; a beloved. પ્રાણપ્યારૂં; લાડકું.

Darn, *vt.* (ડાર્ન્) To sew together imitating the texture of the cloth. રફૂ કરવું; તુણવું.

Dart, *n.* (ડાર્ટ્) A pointed missile like a spear, an arrow &c. તીર; બાણ; ભાલો વગેરે. *vt.* to launch or hurl a missile. ફેંકવું. *vi.* to come swiftly. તીરની પેઠે આવવું.

Dash, *vt.* (ડૅશ્) To shatter. તોડી પાડવું. 2. To knock suddenly and violently. આફળવું; અફળાય તેમ ફેંકવું. 3. to cancel by a stroke of the pen. ચીરી નાંખવું; છેકવું. *vi.* to collide or come together with violence. અથડાવવું. *n.* A horizontal small line like [–] ગુરુરેખા. 2. Concussion or collision. ટક્કર; અથડાઅથડી. 3. Pushing nature; grit. જોસ; ધુંસણીઓ સ્વભાવ; તાકાત. **Dashing**=Colliding. અથડનારૂં; ધસનારૂં.

Dastard, *n.* (ડૅ'સ્ટર્ડ્) A coward; an effeminate person. બાયલો; બીકણ. **Dastardly,** *adv.* (ડૅ'સ્ટર્ડલી) In a cowardly manner. બાઇલી રીતે; નામર્દાઇથી.

Date, *n.* (ડે,ટ) The consecutive number of a day in a month. મિતિ; તારીખ; તિથિ; દહાડો-વાર. 2. Exact day, time &c. વર્ષ; વરસ. 3. The fruit of the date palm. ખજુરીનું ફળ. 4. Length of time; duration. મુદ્દત. 5. Ground of inference (L. *data*). આધાર; મુદ્દાની વાત. *vi.* To have a date. તારીખ હોવી. 2. To begin from a particular time. પ્રારંભ-આરંભ-મંડાણ હોવું. *vt.* to note the day of writing on something. તારીખ નાંખવી.

Date-tree, *n.* (ડે,ટ-ટ્રી) Date palm. ખજુરીનું ઝાડ.

Dative, *n.* (ડે,'ટિવ્) (*In grammar*) Case of nouns expressing the remoteness of objects. ચોથી વિભક્તિ.

Daub, *vt.* (ડૉબ્) To apply or paint with some sticky substance. ચોપડવું; લપેટવું. 2. To decorate badly. કઢંગી રીતે શણગારવું. 3. To disguise. ઢાંકવું. *n.* A spotted and spoiled picture. ડાઘાડાઘા પાડેલું ચિત્ર-છબી.

Dauby, *a.* (ડૉબી) Adhesive; viscous. ચીકટ; ચીકણું.

Daughter, *n.* (ડૉ'ટર્) A female issue of human beings. છોકરી; દીકરી; બેટી; પુત્રી;કન્યા. 2. Daughter-in-law. દીકરાની વહુ.

Daunt, *vt.* (ડૉન્ટ્) To terrify or intimidate. નાહિમ્મત-ધૈર્યભંગ કરવો; ડરાવવું; ગભરાવવું; ડરાવવું; હિમ્મત દાબી નાંખવી.

Dauntless, *a.* (ડૉ'ન્ટલિસ્) Courageous; bold. મર્દ; હિમ્મતવાન; ધૈર્યવાન.

Dawdle, *vi.* (ડૉ'ડલ્) To kill time. વખત કાઢવો.

Dawn, *n.* (ડૉન્) Day-break.પ્રાતઃકાળ;પ્રભાત; પરોઢિયું; મળસ્કું. 2. Rise; beginning; first appearance, beams.ઉદય;પ્રારંભ;આરંભ;શરૂઆત.

Day, *n.* (ડે,)The time between the rising and the setting of the sun. દિવસ; દિન; દહાડો. 2. A period of 24 hours. દિનરાત. **Auspicious day**=શુભ મુહૂર્તનો દિવસ **Day to day**=દિવસેદિવસે;પ્રતિદિન.**Now-a-days** =હમણાંહમણાં;હાલ**To win the day**=જય-વિજય મેળવવો. **Week-days**=કામ કરવાના દિવસ. 3. Time; age. કાળ; જમાનો; **Day-bed**= A sofa. કોચ; સોફા. **Day-book**=A book of daily account. રોજમેળ.**Day-break**= પ્રાતઃકાળ; પ્રભાત. **Day-maid**=દૂધવાળી. **Day-star**=the morning star.શુક્રનો તારો. **Day-light**=સૂર્યનું અજવાળું.**Day-time**= દિવસનો વખત.**Day-long**=આખો દિવસ ચાલતું.

Dazzle, *vt.* (ડૅઝલ્)To blind by the glare of intense light. અંખવી-આંજવી નાંખવું. 2.To confound or overpower by show,splendour &c.; to strike with wonder or admiration. છક્ક કરી દેવું; આશ્ચર્ય પમાડવું; ચકિત કરવું.*n.* A blinding glare. આંજી નાખે એવું તેજ;ઝળહળાટ.

Deacon, *n.* (ડીકન્) An officer of the Romish church, next to the bishops & priests. ડીકન; ધર્માધિકારી. [L. *diaconus*, a servant.]

Dead, *a.* (ડેડ્)Lifeless. મરેલું; મુએલું. **Dead body**=મુડદું. 2 Death-like; inanimate. મરી ગયા જેવું; જડ; નિર્જીવ. 3. Din; not brilliant. ઝાંખું; મંદ; ફિક્કું. 4. Soundless. અવાજ વગરનું. **A dead shot**=આબાદ-રામબાણ નિશાન તાકનાર-તિરંદાજ. **A dead language**=બોલાતી નહિં એવી ભાષા. **A dead letter**=ન ધણિયાતો કાગળ. *n.* The dead persons (preceded by "the").

Deaden, *vt.* (ડેડન્) To blunt; to dim; to make less acute, vigorous &c; to retard. અશક્ત-કમી કરવું; નો વેગ ઓછો કરવો; અવાજ વગેરે બુઠો કરવો.

Deadly, *a.* (ડેડ્લી) Mortal. પ્રાણઘાતક;મારક. 2. Not be pacified. કટ્ટો. 3. Mortal. મરણાધીન. વિનાશી.**Deadof night**=મધ્યરાત્ર.**Deadly wound**=કારમો, જીવલેણ ઘા.

Dead-march, *n.* (ડેડમાર્ચ્) A funeral song. મૃત્યુ રાગ.

Deaf *a.* (ડૅફ્) Deficient in the faculty of hearing. સુનકાર; બધિર; બ્હેરૂં. 2. Careless; unheeding બેદરકાર; નિષ્કાળજી.

Deafen,*vt.*(ડૅફન્)To make deaf.બહેરૂં કરવું.

Deaf-mute, *n.* (ડૅફમ્યૂટ્)A person wanting both speech and hearing. મુંગું તથા બ્હેરૂં માણસ.

Deal, *n.* (ડીલ્) Distribution of cards. પાનાની વ્હેંચણી. 2. A plank or board. દેવદારનું પાટીયું. 3. A share. ભાગ (મોટો). **A deal of trouble**=ઘણીજ મુશ્કેલી. *vt.*To divide or distribute. વહેંચવું; માંથી ભાગ કાઢી આપવો; ભાગ આપવો. 2. To give (as a blow &c.)

Dealing, *n.* (ડીલિંગ્) Behaviour. વર્તણુંક; ચાલચલગત; વહેવાર;આપલે;લેવડદેવડ.2. Exchange of goods; trade. વેપાર; લેવડદેવડ; ધંધો. 3. મારવું; લગાવવું. *vi.* To trade(followed by *in*). નો વેપાર કરવો; વેપાર ધંધો કરવો. 2. To distribute cards. પાનાં વહેંચવાં. 3. To behave or act. ચાલવું; વર્તન રાખવું. **To deal by**= વર્તવું. To deal in=નો વેપાર કરવો. **To deal with**=વર્તન રાખવું; ચાલવું; ખબર લેવી: ને યોગ્ય શિક્ષા વગેરે કરવી. **To deal out a blow**=માર મારવો. **A dealer**=વેપારી; ગંજીફાનાં પાનાં વહેંચનાર.

Dean, *n.* (ડીન્) An officer of (1) a university (2) a church. યુનિવર્સિટીનો અથવા ધર્મનો અધિકારી; ધર્માધિકારી; કુલનાયક.

Deanery, *n.* (ડીનરી) The residence or office of a dean. "ડીન"નું મકાન અથવા હોદ્દો.

Dear, *a.* (ડીર્) Scarce and costly. મોંઘું; ભારે કીંમતનું. 2. Loved; esteemed. લાડકું; વહાલું. *adv.* At a high rate; dearly. ભારે કીંમતે; મોંઘું. *n.* A beloved. વહાલું; પ્રાણપ્રિયા; વ્હાલી.

Dear-born, *n.* (ડીરબૉર્ન્) A four-wheeled light carriage. ચાર પૈડાની એક હલકી ગાડી.

Dearly, *adv.* (ડીર્લી) At a high price. મોંઘું; ઘણી કીંમતે. 2. With great love. ઘણા પ્યારથી-વહાલથી.

Dearth, *n.* (ડાર્થ્) Want; famine; scarcity. દુકાળ; દુષ્કાળ; અછત; તોટો; મોંઘવારી; તંગાશ; અભાવ; ખોટ.

Death, *n.* (ડેથ્) Decease; extinction. મરણ; મોત. **Hour of do**=મરણઘડી-મરણકાળ. 2. Destruction; extinction. લોપ; નાશ. 3. The God of Death. જમદુત; કાળ. 4. A serpent so called from its poisonous bite. સર્પટોળી; લીલો અતિઝેરી સાપ. **Death bell**=મરણઘંટ. **Do warrant**=ફાંસીએ લટકાવવાનો સત્તાવાર હુકમ. **Do wound**=જીવલેણ ઘા. **To be the death of**=ના મરણનું-નાશનું કારણરૂપ થઈ પડવું. **Civil death**=દેશનિકાલની-જન્મટીપની સજા. **Spiritual do**=અતિ પાપીષ્ટપણું; ધર્મપતન. **Death-bed**=મરણપથારી; મરણશૈયા.

Death-less, *a.* (ડે'થ્લેસ્) Immortal; perrenial. અમર; ચિરસ્થાઈ; હંમેશ ટકી રહે એવું.

Debar, *vt.* (ડીબા'ર્) To bar or shut out from. અમુક કામમાંથી રદબાતલ કરવું; વચ્ચે આવી નડવું.

Death-struggle, *n.* (ડે'થસ્ટ્રગલ્) The agony at the time of death. મરણવેદના; મરણકષ્ટ.

Debark, *vt.* (ડીબા'ર્ક્) To land from a vessel. વહાણમાંથી કિનારે ઉતરવું. *vi.* To lend. કિનારે ઉતરવું-કાંઠે જવું.

Debase, *vt.* (ડીબે,'સ્) To demean, or degrada. હલકું પાડવું-કરવું; ઉતારવું.

Debeasment, *n.* (ડીએયસ્મેન્ટ્) Humiliation. માનહાનિ; નિચી સ્થિતિ; ઘટાડો; બગાડો.

Debasing, *a.* (ડીએય્સિન્ગ્) Degrading; tending to lower or de grade. નીચું-હલકું પાડનાર; નીચું પાડે એવું.

Debate, *n.* (ડીબે,'યટ્) Wordy contention or dispute. વાકયુદ્ધ; તકરાર; વાદવિવાદ; કજીયો; તકરાર. *vi.* To argue; to discuss to strive to maintain a cause by roasouing. વાદવિવાદ ચલાવવો-તકરાર કરવી. *vt.* To argue about something. ની વિષે વાદવિવાદ-તકરાર ચલાવવી.

Debater, *n.* (ડીબે'યટર્) An arguer; a man who discusses a point. વાદવિવાદ કરનાર; તકરાર ચલાવનાર.

Debauch, *vt.* (ડીબૉ'ચ્) To currupt or vitiate; to pollute. ને નીતિભ્રષ્ટ કરવું; બગાડવું; નું પતિવ્રત ભંગ કરવું; ની આબરૂ લેવી. *vi.* To revel or riot. વ્યભિચાર વગેરે બદકર્મો કરવાં. *n.* Intemperance; lewdness; drunkenness. છાકટાઇ; વ્યભિચાર.

Debauchee, *n.* (ડીબૉ'ચી) A profligate. રંડીબાજ: વ્યભિચારી; છાકટો; લંપટ; છીનાળવો.

Debauchery, *n.* (ડીબૉ'ચરી) Sensual indulgence; profligacy. રંડીબાજી; વ્યભિચાર; છાકટાઇ; બદકર્મ; દુર્વ્યસન,

Debenture, *n.* (ડીબે'ન્ચર્) A deed or document issued generally by corporate bodies, changing certain property with the repayment of money lent and with interest on the sum lent. લ્હેણુચિઠ્ઠી; ડીબેન્ચર. 2. A custom-house certificate. કસ્ટમનું સર્ટિફિકેટ-રજાચિઠ્ઠી.

Debilitate, *vt.* (ડેબિ'લિટે,ટ્) To weaken. ની શક્તિ ઘટાડવી. [L. *de*, & *habilis*, able.]

Debility, *n.* (ડેબિ'લિટી) Weakness; want of strength or vigour. કમકૌવત; નાકૌવત; અશક્તાઇ; નબળાઇ; નબળાપણું.

Debit, *n.* (ડેબિટ્) That which is entered in account as a debt. ઉધાર રકમ 2. The side of an account in which all the debts are entered. ઉધાર બાજુ. 3. Debt or money due. લહેણું. *vt.* To enter an account on the debtor side of the ledger; to charge with a debt. ખાતે લખવું-ખાતે લહેણું કઢાડવું; ખાતે ઉધારવું. [L. *debed*, I owe.]

Debonair, *a.* (ડેબૉને',ર્) Urbane; polite. નમ્ર; સભ્ય; બેધડક.

Debris, *n.* (ડે',બ્રી) Ruins; rubbish; fragments. કચરો; ભુકો; પહાડમાંથી જુદા પડેલા તળેટીના પથરા,

Debt, *n.* (ડેટ્) Anything that one owes; an obligation; a liability. દેવું; કરજ. **The d. of nature** = મરણ. [L. *debeo*, I owes;

Debtor, *n.* (ડે'ટર્) One who owes something; an obligee. દેવાદાર; કરજદાર. [L. *debe,o* 1 owe.]

Debut, *n.* (ડે',બુ) A first appearance or entrance as of an actor upon stage &c.; a beginning. પ્રારંભ; પહેલ વહેલુંજ આવવું-દેખાવવું તે; આરંભ; શરૂઆત.

Decade, *n.* (ડી'કે,ડ્) A period of ten years. દસકો; દશક.

Decagon *n.* (ડે'કૅગૉન્) A figure of ten sides and ten angles. દસ બાજુ અને દસ ખુણાવાળી આકૃતિ. [Gr. *deca*, ten and *gonia*, an angle.]

Decalogue, *n.* (ડે'કૅલૉગ્) The ten commandments of God ઈશ્વરનાં દસ વચનો-દસ આજ્ઞા. [Gr. *deca*, ten & *logos*, speech.]

Decamp, *vi.* (ડીકૅ'મ્પ્) To march off or depart from a camp; to take oneself off secretly. છાવણી-મુકામ ઉઠાવવો; ન્હાસી જવું; પોલ થવું.

Decant-tate, *vt.* (ડીકૅ'ન્ટ-ડીકૅ'ન્ટે,ટ્) To pour off gently from a vessel. નિતારવું; ઉપર ઉપરથી નિતારી લેવું.

Decanter, *n.* (ડીકૅ'ન્ટર્) A glass vessel. કાચનું પવાલું-પ્યાલો. [Gr. *kanthalos*, a large drinking vessel.]

Decapitate, *vt.* (ડીકૅ'પિટે,ટ્) To behead. ગર્દન મારવી; નિરચ્છેદ કરવો; નું માથું-ડોકું કાપવું. [L. *de* & *caput*, the head.]

Decapitation, *n.* (ડીકૅપિટે,'શન્) Beheading; execution. ગર્દન મારવી તે; માથું-ડોકું કાપવું તે. [L. *de*, and *caput*, the head.]

Decay, *vi.* (ડીકે,') To decline; waste, wither, diminish, fade or rot gradually. નાશ પામવું-કરમાઇ-ચિમળાઈ જવું; બગડી જવું; ધીમે ધીમે ખરાબ થતું જવું. *vt.* To cause to waste, wither or rot. બગાડવું; કોહવડાવવું; નાશ પામે-કરમાઇ જાય એવું

કરવું. *n.* Destruction; corruption; decline; rotting. બગાડ-કોહી જવું તે-નાશ; ખરાબી. [L. *de* & *cado*, I fall.]

Decease, *n.* (ડીસી'સ્) Death; departure. મોત; મરણ. [L. *de* & *cedo*, I go.]

Deceased, *n.* (ડીસી'સ્ડ્) The person dead. મરનાર માણસ; મૃત.

Deceit, *n.* (ડીસી'ટ્) Deception; fraud; a trick with an intention to cheat. ઠગાઇ; લુચ્ચાઈ; હરામખોરી; પ્રપંચ; યુક્તિ; કપટ.

Deceitful, *a.* (ડીસી'ટ્ફુલ્) Treacherous; cheating. ધૂર્ત; ઠગ; પ્રપંચી; દગલબાજ; કપટી. **Deceitfulness** = Treachery; cheating. દગલબાજી; ઠગવાની ટેવ; કપટ; છળવિદ્યા; ધૂર્તપણું.

Deceive, *vt.* (ડીસી'વ્) To cheat, delude or defraud. ઠગવું; છેતરવું; ભોળવવું; ભરમાવવું; છળ-પ્રપંચ કરવો; દગો દેવો.

Deceiver, *n.* (ડીસીવ'ર્) One who cheats. દગો દેનાર; દગલબાજ માણસ.

December, *n.* (ડીસે'મ્બર્) The last month of the English year. અંગ્રેજી વર્ષનો છેલ્લો મહીનો. [L. *decem*, ten.]

Decency, *n.* (ડી'સન્સી) Refinement; politeness; seemliness; becoming behaviour; freedom from obscenity. યોગ્યતા; સભ્યતા; વિનય; લાયકી.

Decennial, *a.* (ડીસે'નિઍલ્) Occurring or coming every tenth year (as the census). દશ વર્ષનું; દર દશ વરસે આવતું; દશ વાર્ષિક.

Decent, *a.* (ડી'સન્ટ્) Seemly; becoming. યોગ્ય; ઘટિત; લાયક; ઉચિત. 2. Comely; graceful. દેખાવડું; સુંદર; ખુબીવાળું. 3. Respectable. આબરૂદાર; નઠારું ન દેખાય એવું; વ્યવહારિક.

Decently, *adv.* (ડી'સન્ટ્લી) In a decent manner. યોગ્ય-લાયક-ઘટતી રીતે.

Deception, *n.* (ડીસે,'પ્શન્) Fraud; artifice. છેતરપીંડી; છળ; કપટ. 2. Deceit; duplicity; guide; double-dealing; delusion. છેતરવું તે; કપટ; પ્રપંચ.

Deceptive, *a.* (ડીસેપ્ટિવ્) Fraudulent; deceitful. છેતરતું; કપટ-પ્રપંચ કરતું; ભ્રાંતિજનક; ભુલાવામાં નાખે એવું.

Decidable, *a.* (ડીસા'ઈડબલ્) Capable of being determined. ઠરાવવા યોગ્ય-નક્કી કરવા જેવું.

Decide, *vt.* (ડીસા'ઇડ્) To resolve; to determine; to settle; to fix. ચુકવવું; નો નિવેડો-ફેંસલો આપવો; નિશ્ચય કરવો. [L. *de* & *caedeo*, I cut.]

Decided, *a.* (ડીસા'ઈડિડ્) Resolute; fixed; settled. નિશ્ચિત; નિશ્ચયવાળું; સિદ્ધ; શંકા વિનાનું; શક રહિત.

Decidedly, *adv.* (ડીસા'ઇડિડ્લી) Certainly; clearly; undoubtedly. સાફ-સ્પષ્ટ રીતે.

Decimal, *a.* (ડે'સીમલ્) Tenth; reckoned or numbered by ten. દશામું; દશાંશ. **D. fractions.** = દશાંશ અપૂર્ણાંક. **D. point,** = દશાંશ ચિન્હ. *n.* A decimal fraction. દશાંશ અપૂર્ણાંક. **Recovering d.** = પુનરાવર્તી દશાંશ અપૂર્ણાંક. [L. *decem*, ten.]

Decimate, *vt.* (ડે'સીમે,ટ્) To divide into ten parts and select one of them. નો દશમો ભાગ-દશાંશ લેવો; ના દસભાગ કરી તેમાંથી એક ચુંટી કાઢવો. [L. *decem*, ten.]

Decipher, *vt.* (ડીસા'ઇફ્ર્) To render readable or intelligible. ઉકેલવું; સમજાવવું; બેસાડવું; નો અર્થ બેસાડવો-કેહેવો. 2. To mark. ચિન્હ-નિશાન કરવું; ને માટે અંકાવું; અંકિત કરવું.

Decision, *n.* (ડીસિ'શ્ઝન્) Resolution; settlement. ઠરાવ; નિશ્ચય; નિવેડો; તોડ; ફેંસલો. 2. The written judgement of the court. નિવાડાનું-ફેંસલાનું હેવાલપત્રક 3. Unwavering firmness. દ્રઢ નિશ્ચય; દ્રઢતા; સંકલ્પ. 4. The act of separation or cutting of, (rarely used in this sense.) ભાગ જુદા પાડવા તે-કાપવું તે; કાપણી.

Decisive, *a.* (ડીસા'યુસિવ્) Conclusive; final; absolute. છેલ્લું; આખરનું; નિશ્ચયકારક.

Deck, *vt.* (ડેક્) To decorate, cover, spread or array with. આચ્છાદિત કરવું; પેહરાવવું; ઉપર પાથરવું; ઢાંકવું; શણગારવું. 2. To prepare the deck of a vessel. વહાણનું તુતક જડવું. **To clear the deck** = લડાઈ માટે તૈયારી કરવી.

Declaim, *vi.* (ડીક્લે,'મ્) To harangue; to make a formal speech or deliver an oration. મોટે સાદે ભાષણ કરવું; લાંબીલાંબી વાતો કરવી; લેકચર આપવું. [L *de* & *clamo*, I cry out.]

Declamation, *n.* (ડેક્લૅમે'યુશન્) Ostentations speech or display. શબ્દપાંડિત્ય; ભાષણ આપવું તે.

Declamatory, *a.* (ડીક્લૅ'મે,ટરી) Ostentations; figurative. અલંકારિક; શબ્દપાંડિત્યવાળું.

Declaration, *n.* (ડેક્લૅરે'યુશન્) A pubiic proclamation or announcement; a written document announcing something. જાહેરનામું; ઢંઢેરો; જાહેર ખબર; પ્રસિદ્ધિ; પ્રકટીકરણ; સ્પષ્ટ વચન; કહેલી વાત; એકરાર-કબુલત. **A solemn d.** = પ્રતિજ્ઞા,

Declarative, *a.* (ડીક્લૅ'રેટિવ્) Announcing or proclaiming something. જાહેર કરતું-પ્રતિજ્ઞા કરતું; એકરારવાળું.

Declare, *vt.* (ડીક્લે'અર્) To announce, proclaim, assent publicly; to make clear. છાતી ઠોકીને-ખાત્રીપૂર્વક કહેવું; જાહેરનામું-ઢંઢેરો ફેરવવો; એકરાર-કબુલત આપવી; સાફ-સ્પષ્ટ કહેવું. *vi.* To proclaim oneself (a king &c.).પ્રગટ થવું; પોતે અમુક હોવાનું ઢંઢેરો-જાહેરનામું ફેરવવું.

Declension, *n.* (ડીક્લે'ન્શન્) A refusal. નકાર. 2. Incline. ઉતરતો ઢાળ-ઢોળાવ-ઝોક. 3. Cases of nouns. વિભક્તિરૂપ-પદ્ધતિ.

Declinable, *a.* (ડીક્લા'ઇનૅબલ્) That can be inflected for cases. જેને વિભક્તિરૂપ લાગે એવાં (નામ).

Declination, *n.* (ડેક્લિને'શન્) Decay. પડતી દશા, કળા. 2. Inclination. નીચું નમવું-નમાવવું તે. 3. Refusal. નકાર. 4. Obliquity. વાંકા-આડા ચાલવું તે. 5. Distance from the celestial equator. ક્રાંતિ. 6. Horizon. દૃષ્ટિ-મર્યાદાનું વર્તુલ; ક્ષિતિજ.

Decline, *vt.* (ડીક્લા'ઈન્) To inflect. વિભક્તિનાં રૂપો લગાડવાં. *vi.* To refuse or not to comply. ના કહેવી; ઈન્કાર કરવો. ના પાડવી. 2. To decay. ઓછું થવું-ઘટવું; નમવું; ની પડતી આવવી. *n.* Gradual decay or determination. ઉતરતી અવસ્થા-કળા; પડતી. **D. of life** = ઉત્તર વય. 2. (**In medicine**) The time when a disease is becoming less and less dangerous. રોગ ઓછો થતો હોય તે વખત. [L. *de*, & *cleno*, I bend.]

Declivity, *n.* (ડેક્લિ'વિટી)A sloping incline. ઉતરતો ઢાળ; ઢોળો. [L. *de* & *clevis*, a slope.]

Declivous,*a.*(ડે'ક્લિવસ્)Sloping; inclining. ઢાળ-ઢોળાવવાળું; ધીમે ધીમે ઉતરતું.

Decoction, *n.* (ડીકૉ'ક્શન્) Boiled extract of something. કાઢો; ઉકાળો. [L. *de* & *coqno*, I cook.]

Decompose, *vt.* (ડીકૉમ્પો,'ઝ્) To resolve into original elements. મૂળ તત્વો જુદા પાડવાં-પૃથક્કરણ-વિઘટન કરવું. **Decomposition** = Separation into constituent parts. પૃથક્કરણ; વિઘટન.

Decompound, *vt.* (ડીકૉ'મ્પાઉન્ડ્) To compound a second time. ફરીથી-બીજીવાર મેળવવું. *a.* So compounded. એવી રીતે બીજીવાર મેળવેલું.

Decorate, *vt.* (ડે'કોરે,ટ્) To ornament; to beautify; to deck; to adorn; to embellish. શણગારવું; સુશોભિત કરવું; દેખાવડું કરવું; શોભાયમાન કરવું; ઘરેણાં પહેરાવવાં. [L. *decoro*, I render beautiful.]

Decoration,*n.*(ડેકૉરે'શન્)Ornamentation; the act of beautifying. શોભાયમાન કરવું તે; પહેરાવવું તે; શણગારવું તે. 2. A sign of distinction or honour. ચાંદ વગેરે.

Decorative, *a.* (ડે'કોરે,ટિવ) Adorning; serving to decorate or embellish. શોભાયમાન કરવું; અલંકૃત કરવું; શણગારવું-શણગારવા લાયક.

Decorous *a.* (ડીકો,'રસ્) Seemly; befitting; becoming. ઘટિત; તથા યોગ્ય; ઘટે એવું;શોભે એવું.

Decorum, *n.*(ડીકો,'રમ્) Decency; propriety of manner or behaviour. યથાયોગ્ય વર્તણુક; માનપાન; આદર સત્કાર.

Decoy, *vt.* (ડીકૅ'ય્) To allure, entrap or deceive. લલચાવવું; ફસાવવું; પેચમાં નાંખવું; ફોસલાવવું. *n.* A bait; an allurement for entrapping. લલચાવનાર-ફંદામાં નાખનાર વસ્તુ.

Decrease, *n.* (ડીક્રી'સ્) The wane (of the moon) ચંદ્રનો કળાક્ષય. 2. Gradual diminution or decay. ધીમે ધીમે ઓછું થવું તે. *vi.* To lessen gradually. કમી-ઓછું-ટુંકું થવું. *vt.* To cause to lessen gradually. કમી-ઓછું-ન્યૂન-ટુંકુ કરવું. [L. *de*, small & *cresco*, I grow.]

Decree, *n.* (ડીક્રી') An authoritative order, especially that of a court of law. કોરટનો ફેંસલો-નું હુકમનામું. 2. Destiny. ભાવિ-કર્મ-લિખિત ભવિષ્ય; વિધિલેખ.*vt.* To give a judgment in a court of law. ઠરાવ-હુકમનામું કરવું. 2. To give a final decision. છેવટનો નિકાલ-ફેંસલો આપવો.[L.*de*,& *cerno*, I judge.]

Decrement, *n.* (ડે'ક્રીમેન્ટ્) Gradual dimunition. ન્યૂનતા; ઓછા પણું; ઘટ.2. A quantity of decrease. તુટ; ખોટ; ઘટ; ઓછા થયાનું પ્રમાણ.

Decript, *a.* (ડીક્રે'પ્ટ્) Bowed down with age. જરાગ્રસ્ત; ઉમરને લીધે વાંકુ વળી ગયેલું. [L. *de* & *crepo* I crack.]

Decrepitude, *n.* (ડીક્રે'પિટ્યુડ્) Broken and crazy physical state due to old age. જરાવસ્થા; ઘડપણ; વૃદ્ધાવસ્થા.

Decrescent, *a.* (ડીક્રે'સન્ટ્) Gradually diminishing. ઓછું થતું.

Decretal, *a.* (ડીક્રી'ટલ્) In the form of or containing a decree. હુકમનામા-ઠરાવ સંબંધી. *n.* A decree. સત્તાથી કરેલી આજ્ઞા.

Decrial, *n.* (ડીક્રા'ઍલ્) A crying down. આક્ષેપ; અપવાદ; ધિક્કારવું તે; ઠપકો દેવો તે.

Decumbent, *a.* (ડીકં'મ્બન્ટ્) Recumbent; prostrate. પડેલું; સુતેલું. [L. *de*, & *cumbo*, I lie down.]

Decuple, *a.* (ડે'ક્યુપલ્) Tenfold. દશગણું; દશપુટ. *n.* A tenfold number.દશગણી સંખ્યા-આંકડો. *vt.* To decimate. દશગણું કરવું.

Dedecorate, *vt.* (ડીડે'કોરેય્ટ) To deprive of all ornamentation; to humble down the respect&c.of.માનભંગ કરવો-શણગાર ઉતારી લેવો.

Dedicate, *vt.* (ડેડિકે,'ટ્) To Set apart and consecrate for sacred purpose; to devote to a sacred use.ધર્મના-પવિત્ર ઉપયોગ માટે કાઢવું; ચઢાવવું; અર્પણ કરવું. 2.To devote oneself or to give oneself up wholly to. તનમન અર્પણ કરવું.3.To inscribe or address to a patron or friend. ગ્રંથાર્પણ ક૦. [L. *de*, & *deco*, I proclaim]

Dedication, *n* (ડેડિકે'યશન્)Consecration; solemn appropriation; complete devotion of oneself. અર્પણ. ધર્માર્પણ; દેવને અર્પણ કરવું તે. 2.An address to a patron.ગ્રંથાપણ.

Dedicatory, *a.* (ડે'ડિકેયૂટરી) Serving as a dedication. અર્પણાત્મક; ગ્રંથાર્પણાત્મક.

Deduce, *vt.*(ડીડયૂ'સ)To draw a conclusion from; to conclude from.માંથી ખ્યાલ બાંધવો; માંથી કાઢવું-દોરવું; માંથી અનુમાન-સિદ્ધાંત કાઢવો; ઉપરથી અનુમાન કરવું. 2. To deduct. (used rarely). બાદ કરવું-ઓછું કરવું.

Deducement, *n.* (ડીડયૂ'સમેન્ટ્) Conclusion; inference. અનુમાન; તર્ક.

Deducible, *a.* (ડીડયુ'સિબલ) Capable of being inferred from or concluded from. ઉપરથી અનુમાન કરી શકાય એવું; અનુમાનસાધ્ય; સિદ્ધાંતપૂર્વક અનુમાન થઈ શકે એવું.

Deduct, *vt.* (ડીડ'કટ્) To lessen (from); to take away (from). બાદ કરવું-ઓછું કરવું. 2. To infer. તર્ક-અનુમાન દોરવું. [L. *de*, out of and *duco*, I lead.]

Deduction, *n.* (ડીડ'કશન્) Conclusion; inference. અનુમાન; તર્ક; સિદ્ધાંતપૂર્વક અનુમાન. 2. The process (in logic) of arriving at a correct conclusion from a given set of premisses. સિદ્ધાંતપૂર્વક અનુમાન કાઢવાની તર્કશાસ્ત્રના નિયમ પ્રમાણે ક્રિયા. 3. Lessening from; taking away from. બાદબાકી; બાદ-ઓછું કરવું તે.

Deductive, *a.* (ડીડ'ક્ટિવ્) Pertaining to deduction; arrivable at by deduction (as a conclusion.) અનુમાનથી કાઢી શકાય એવું (સત્ય).

Deed, *n.* (ડીડ્) An achievement; an act પરાક્રમનું કામ; કામ. 2. A written document. દસ્તાવેજ; લેખ. **D. of acqittance** = રાજીનામું; ફારગતી. **Indeed** = ખરી વાત; બેશક; ખરેખર.

Deem, *vi.* (ડીમ્) To think. ખ્યાલ બાંધવો; ધારવું; વિચાર કરવો. *vt.* To be of opinion. વિચાર કરવો.

Deep, *a.* (ડીપ્) Descending far downward. ઉંડું; ખોલ. 2. Profound; penetrating. ભરપુર; ગાઢ; ઘોર; પુરે; પક્કું; ઉંડું; ઉંડી ભાવના-વિચારવાળું. 3. Strongly coloured. ઘેરા રંગનું. 4. Unintelligible; mysterious. ગહન; ગૂઢ; ભારે. *n.* (The) ocean; sea. સમુદ્ર; દરિયો. 2. Anything incomprehensible, mysterious, dark &c. નહિં સમજી શકાય તેવી-ગૂઢ-ગહન બાબત.

Deepen, *vt.* (ડી'પન્) To make deep. ઉંડું-ખોલ કરવું. 2. To make more intense or dark (as colour.) વધારે ઘેરૂં-ગાઢું-ઘેરા રંગનું કરવું. 3. To make more grave, sad, gloomy &c. વધારે ગંભીર, દુ:ખી બનાવવું, વધારે વિચારશીલ બનાવવું. *vi.* To become deeper,more profound &c. વધારે ઉંડું-ગંભીર-વિચારશીલ બનતા જવું.

Deep-laid, *a.* (ડી'પલે,ડ) Organised well (as a plot &c).ચતુરાઈ-હોશિયારીથી કરેલું(કાવત્રું). 2. Placed deep under ground (as pipes &c). જમીનની ખુબ નીચેથી લઈ જવામાં આવેલું.

Deeply, *adv.* (ડી'પલી) Gravely. ગાંભીર્યથી. 2. With great sorrow. ઘણી દિલગિરી સાથે. 3. Far below the surface. ઘણે ઉંડે સુધી. 4. With profound skill or learning. ઘણીજ ચતુરાઈથી-હોશિયારીથી;વિદ્વાન રીતે;વિદ્વતાભરેલી રીતે.

Deepness, depth, *n.* (ડી'પનિસ-ડેપ્થ્) profoundness; the state or quality of being deep. ગાંભીર્ય; ઉંડાપણું; ઉંડાઇ; ગાઢતા; પ્રૌઢતા; ગંભીરપણું; ગંભીરતા.

Deer, *n.* (ડીર્) A ruminant horned quadruped of the forest. હરણ; સાબર.

Deer-hound, *n.* (ડી'ર હાઉન્ડ્) A hound used to chase the deer. મૃગયાનો એક કુતરો.

Deface, *vt.* (ડીફે,'સ્) To render ugly or disfigure; to erase or cancel. કદરૂપું કરવું: ની સુરત બગાડવી; તે છેકવું-છેકાછેકી કરવી. [L. *de*, & *facio*, I do.]

Defacement, *n.*(ડીફે,'સમેન્ટ્) Disfigurement. સુરત બગાડવી તે; છેકાછેકી કરવી તે; છેકવું તે.

Defalcate, *vt.* (ડીફે'લકે.ટ) To take away or deduct. લઇ જવું; ઓછું કરવું. *vi.*To embezzle money given in trust or during the course of official duties &c. ભરોસે મુકેલા-આપેલા નાણાં ખાઇ જવાં-ઉચાપત કરવાં. [L. *de*, & *facis*, a sickle.]

Defalcation, *n.* (ડીફૅલ્કે'યૂશન્) Lessening; diminution. ઓછું થવું તે; ઘાટ. 2. Embezzlement. નાણાંની ઉચાપત.

Defamation, *n.* (ડીફૅ'મે,શન્) Calumny; slander; aspersion. લાયબલ; આબરૂ-ઈજ્જત લેવી તે; બદનામી.

Defamatory, *a.* (ડીફૅ'મેટરી) Libelous; calumnious. આબરૂને નુકસાન પહોંચાડે એવું; આબરૂ જાય એવું, કીર્તિહારક.

Defame, *vt.* (ડીફે,'મ્) To libel or calumniate. આબરૂ લેવી; પ્રતિષ્ઠા ઘટાડવી. 2. To accuse. ની ઉપર તહોમત–આરોપ મૂકવો. *n.* Disgrace. બેઆબરૂ; અપકીર્તિ. [L. *e*, *fama*, a report.]

Default, *n.* (ડીફૉ'લ્ટ્) Fault; failing; failure; offence; a neglect of duty; a breach of duty. ભુલ; ચુક; ગફલત; કસુર; વાંક; ગુન્હો. **In default of**=એમ ન થાય–બને તો. *vt.* To fail to perform; to neglect; to make a mistake. ભૂલ–ચુક–કસુર–ગફલત કરવી. 2. To fail to appear when summoned in court. કોર્ટમાં હાજર થવાનું ચુકી જવું. **Defaulter**=One who neglects, makes a mistake, or fails to perform some duty. ચુક–ગફલત કરનાર, હિસાબચોર. 2. One who fails to appear at a court of law when summoned. કોરટમાં હાજરી નહીં આપનાર.

Defeasance, *n.* (ડીફી'ઝન્સ્) Rendering null and void; cancellation. રદબાતલ કરવું તે–નકામું કરવું તે. 2. A condition which render a contract null and void. મુખ્ય દસ્તાવેજ રદ થાય એવી કોઈ શરત. 3. Defeat. હાર.

Defeasible, *a.* (ડીફી'ઝિબલ્) Voidable; cancellable. રદબાતલ કરી શકાય એવું; બાતલ કરવા યોગ્ય.

Defeat, *n.* (ડીફી'ટ્) An overthrow. પરાજય; હાર; પરાભવ. 2. Ruin; destruction. નાશ. *vt.* To vanquish; to frustrate; to render null and void. હરાવવું; ધૂળ મેળવવું; રદ–બાતલ કરવું; પરાભવ–પરાજય કરવો.

Defecate, *vt.* (ડૅ'ફીકે,ટ્) To purify or clean. સાફ–નિર્મળ કરવું. [*de* & *fecis*, dregs.]

Defect, *n.* (ડીફે'ક્ટ્) Fault; blemish; deficiency. ખોડખાપણ; અપૂર્ણતા; ખામી; દોષ; એબ; કસર. [L. *de* & *facio*, I do.]

Defection, *n.* (ડીફે'કશન્) A falling away; a back-sliding a desertion; revolt from duty or allegiance. ત્યાગ; પરિત્યાગ; ફીતુરી; તોફાન; છોડીને નાસી જવું તે; પાછા પડવું તે.

Defective, *a.* (ડીફે'ક્ટિવ્) Possessing defect; faulty. ખોડખાપણવાળું; અપૂર્ણ; ખામીવાળું; દોષયુક્ત; એબવાળું. 2. Lacking in some forms (as a verb.) ક્રિયાપદના પુરેપુરાં રૂપાખ્યાન ન આપી શકાય એવું.

Defedation, *n.* (ડીફેડે',શન્) Corruption. ખરાબી; ભ્રષ્ટતા; વટાળ. [L. *de*, & *fœtedus*, foul.]

Defence, *n.* (ડીફે'ન્સ્) Shelter; protection, રક્ષણ; આશ્રય; શરણાગત; બચાવ. 2. The answer of the defendant to charge. પ્રતિવાદીનો રદીઓ–ઉત્તર–જવાબ–બચાવ.

Defenceless, *a.* (ડીફે'ન્સલેસ્) Unsheltered; unprotected. રક્ષણ વિનાનું; બચાવ રહિત; આશ્રય વિનાનું.

Defend, *vt.* (ડીફે'ન્ડ્) To guard, protect or shelter. રક્ષણ–બચાવ કરવો; નો બચાવ કરવો. 2. To contest; to argue against; to oppose. સામી તકરાર લેવી; સામે જવાબ દેવો. [L. *de*, & *fendo*, I strike.]

Defendant, *n.* (ડીફે'ન્ડન્ટ્) A protector. રક્ષણ કરનાર–આશ્રય આપનાર. 2. The party against whom a complaint is lodged in a Court of Law. પ્રતિવાદી.

Defender, *n.* (ડીફે'ન્ડર્) A shelterer. રક્ષણ–બચાવ કરનાર.

Defensible, *a.* (ડીફે'ન્સિબલ્) Capable of being defended. શરણીય; બચાવ કરી શકાય એવું; રક્ષણીય.

Defensive, *a.* (ડીફે'ન્સિવ્) Serving as a protection or defence. રક્ષણોપયોગી, બચાવ કરવાને યોગ્ય–લાયક; બચાવ–રક્ષણ કરે એવું. **D. weapons**=રક્ષણોપયોગી શસ્ત્ર; બચાવનાં સાધન.

Defer, *vt.* (ડીફ'ર્) To postpone or delay. મુલતવી રાખવું. 2. To refer or lay before. ને રજુ કરવું; ની આગળ મુકવું–લઈ જવું. 3. To offer. અર્પણ કરવું. *vi.* To submit. તાબે થવું. 2. To put off or delay. વાર લગાડવી. [L. *dis*, & *ferro*, I bear.]

Deference, *n.* (ડૅ'ફરન્સ) Respect; high regard. વિનય; માન; મર્યાદા.

Deferential, *a.* (ડૅફરે'ન્શલ્) Respectful.

Defiance, *n.* (ડીફા'યન્સ્) Regardless trespass. અવગણના; બેદરકારી. 2. Challenge. યુદ્ધનિમંત્રણ. **To bid defiance**="આવી જા" એમ કહેવું; સામા થવું.

Defiant, *a.* (ડીફા'યન્ટ્) Characterized by boldness or insolence. ઉદ્ધત; લઢવાને તત્પર; કેડ બાંધીને ઉભેલું; બેદરકારીવાળું.

Deficiency, *n.* (ડીફિ'શન્સી) Inadequacy; failure; want. કસર; ખોટ; કમીપણું; કોતાઇ; ન્યૂનતા.

Deficient, *a.* (ડીફિ'શન્ટ્) Wanting; inadequate. ઘટતું; ખુટતું; કસરવાળું; થોડું; ન્યૂન; અપૂર્ણ; અધુરૂં; ઓછું; કમી.

Defile, *vt.* (ડીફા'ઇલ્) A ravine. નેળ; નાળ; ગલી; સાંકડો રસ્તો. 2. The raising of exterior defences in a fort. કિલ્લાના અંદરના ભાગનું રક્ષણ કરવા સારૂ આગળનો ભાગ ઉંચો કરવો તે. *vt.* To corrupt or make dirty or foul.

અપવિત્ર-ભ્રષ્ટ-મેલું-ગંદું કરવું. 2. To ravish. આબરૂ લેવી; પતિવ્રત ભંગ કo. 3. To render unclear. વટલાવવું. *vi.* To march in a file. એક લાઇનમાં ચાલવું.

Defilement, *n.* (ડીફાઈલમેન્ટ્) Corruption; uncleanliness; foulness. મલિનતા; અપવિત્રતા; ભ્રષ્ટતા; બગાડ; આભડછેટ; વટાળ. 2. Ravishment. પાતિવ્રત્ય ભંગ.

Definable, *a.* (ડીફાઈનબલ્) Ascertainable; determinable. વ્યાખ્યા આપી શકાય-નક્કી કરી શકાય એવું.

Define, *vt.* (ડીફાઈન્) To bound or limit. ની સીમા-મર્યાદા બાંધવી. 2. To make certain. ચોક્કસ રીતે કહી-બતાવી આપવું. 3. To give the definition of. ની વ્યાખ્યા-નો અર્થ આપવો. [L. *de* & *finis*, limit.]

Definite, *a.* (ડેફિનિટ્) Fixed; limited. સીમા-મર્યાદાવાળું; ચોક્કસ.

Definiteness, *n.* (ડેફિનિટનેસ્) Certainty; precision. નક્કીપણું; ચોક્કસપણું; ચોકસાઈ.

Definition, *n.* (ડેફિનિ'શન્) Explanation of the meaning of a word. વ્યાખ્યા 2. The act of defining. વ્યાખ્યા આપવી તે.

Definitive, *a.* (ડીફિ'નિટિવ્) Conclusive; final; positive; express. ચોક્કસ; છેલ્લું; મર્યાદા-સીમા બાંધી આપનારૂં. **Definitively,** *adv.* = Positively. નક્કી; ચોક્કસ.

Deflagration. *n.* (ડેફ્લૅગ્રે,'શન્) A sparkling fire or conflagration. એકદમ તણખા નીકળે એવું બળવું; જોસભેર એકદમ ઉત્પન્ન થયેલ દાહ, વનદાહ.

Deflect, *vi.* (ડીફ્લે'ક્ટ્) To turn aside. વળવું; માર્ગ છોડવો; એક માર્ગ ઉપર બીજો માર્ગ લેવો. *vt.* To cause to turn aside. વળાવવું; એક માર્ગ ઉપરથી બીજા માર્ગ ઉપર લઈ જવું. [L. *de*, & *flecto*, I bend.]

Deflouration, *n.* (ડીફ્લાવ્રે,'શન્) Rape. નું કૌમાર્ય ભંગ કરવું તે.

Deflower, Deflour, *vt.* (ડીફ્લા'વર) To strip of flowers or bloom and beauty. ફૂલ-ફૂલો ઉતારી લેવા. ખુબસુરતીનો નાશ-ભંગ કo. 2. To deprive of virginity. નું કૌમાર્ય ભંગ કરવું. [L. *de*, & *fluo*, I flow].

Defluxion, *n.* (ડીફ્લ'ક્શન્) *n.* A discharge of fluid matter from numerous membranes રસનું ઉતરવું-વહેવું તે. [L. *de* & *fluo*, flow)

Defoliation, *n.* (ડીફોલિએ,'શન્) Leaf-fall; the act of shedding leaves. પાંદડાં ખરી પડવાં તે. [L. *de*, & *folium*, leaf.]

Deform, *n.* (ડીફૉ'ર્મ્) To render or make ugly. બેડોળ-કદરૂપું બનાવવું; આકાર-ડોળ બગાડવો. *a.* Ugly. કદરૂપું; બેડોળ. [L. *de*, & *forma*, shape.]

Deformity, *n.* (ડીફૉ'ર્મિટી) Ugly shape; want of shape. કદરૂપાપણું; ખોડ-ખાંપણ; બદસુરત; કૂબડાપણું; ખામી; એબ.

Defoul, *vt.* (ડીફા'ઉલ્) To corrupt or defile. બગાડવું; અપવિત્ર, ખરાબ કરવું; ભ્રષ્ટ-મેલું કo.

Defraud, *vt.* (ડીફ્રૉ'ડ) To deceive or cheat. દગો દેવો; ઠગવું; છેતરવું; ધૂતવું; પચાવી પાડવું. [L. *de*, & fraud.]

Defray, *vt.* (ડીફ્રે.) To pay, discharge or bear the expenses of. ખર્ચના પૈસા આપવા. 2. To satisfy. સંતોષ પમાડવો; સંતોષાવવું.

Defunct, *a.* (ડીફ'ન્ક્ટ્) Deceased. મયત; મરનાર; મરેલું-મુવેલું. *n.* A dead person. મરી ગયેલો માણસ; મરનાર માણસ. [L. *de*, & *fungor*, I do.]

Defy, *vt.* (ડીફા'ઈ) To set at naught; to challenge. "આવી જા" એમ કહેવું; તુચ્છ-ન ગણકારવું; લડવાનું આમંત્રણ આપવું; આવ્હાન આપવું. [L. *dis*, & *fidel*, faith.]

Degeneracy, *n.* (ડીજે'નરસી) A decline in good qualities or virtues &c. ક્ષીણતા; ભ્રષ્ટતા; નબળી-ઉતરતી દશા; નબળું પડવું તે; નબળાપણું; બાપદાદાના સદ્ગુણો આપણામાં ન હોવા તે.

Degenerate, *a.* (ડીજે'નરેટ)Having declined in physical or moral worth. પતિત; બગડેલું; ઉતરતી દશા બેઠેલું; ક્ષીણ. *vi.* To decay or become worse physically or morally. બગડવું; ભ્રષ્ટ થતા જવું.

Degeneration, *n.* (ડીજેનરે,'શન્) Degeneracy. ક્ષીણતા; નબળી સ્થિતિ. 2. The thing degenerated. નબળી પડી ગયેલી વસ્તુ-ચીજ. [L. *de* & *genus*, race.]

Deglutition, *n.* (ડીગ્લુટિ'શન્) Swallowing. ગળી જવું-ગળે ઉતારવું તે.

Degradation, *n.*(ડેગ્રેડે,'શન્) A reducing in rank, office, dignity &c.; dishonour. હલકી પાયરીએ-દરજ્જે ઉતારવું તે; કિંમત-માનવજનમાં ઘટાડો કરવો તે.

Degrade, *vt.* (ડીગ્રે'ડ) To lessen the value of. ની કિંમત ઘટાડવી; ને નીચું-હલકું પાડવું. 2. To lower in dignity or rank. પદભ્રષ્ટ-માનભ્રષ્ટ, બેઆબરૂ કરવું. [L. *de* & *gradus*; a step.]

Degraded, *a.* (ડીગ્રે'ડેડ્) Debased or dishonoured. માનભ્રષ્ટ;પદભ્રષ્ટ;પતિત; નીચું; હલકું.

Degree, *n.* (ડીગ્રી') Rank. પદ્વી; પાયરી; દરજ્જો. 2. Grade. ક્રમ; અનુક્રમ; પ્રમાણ દરજ્જો; પદસ્થાન. 3. Measure of an angle. અંશ. 4. One three hundred and sixtieth of the circumference of a circle. ગોળ, વર્તુળાકારના પરિઘનો $\frac{1}{360}$ ભાગ. **D. of Latitude** = અક્ષાંશ. **D. of longi-**

tude=રેખાંશ. 4. A recognised diploma of a university or college. વિદ્યાલય તરફથી અપાતી પદ્વી. **By degrees**=ધીમે ધીમે **To a degree**=બે સુમાર; ઘણુંજ,બેહદ,બહુજ.

Dehort, *vt.* (ડીહૉ'ર્ટ્) To dissuade. થી આઘા રહેવાનો-ને તજી દેવાનો ઉપદેશ આપવો.[L. *de* & *horteo,* I urge.]

Deification, *n.* (ડીઈફીકે',શન્) Exaltation to the rank of a deity. દેવ તરીકે માનવું-પૂજવું તે.

Deiform, *a.* (ડીઇ'ફૉર્મ્) God-like in form. દેવરૂપ-દેવાકારનું.

Deify, *vt.* (ડી'ઇફાઈ) To worship as god' દેવ તરીકે માનવું-પૂજવું; ઈશ્વર રૂપે ગણવું-દૈવત તરીકે માનવું; દેવ ગણવો; દેવની હાર-પંક્તિમાં મુકવું. [L. *deus,* God & *facio,* I make.]

Deign, *vt.* (ડેન્) To condescend or vouchsafe. ની કૃપા-મહેરબાની ક૦. યોગ્ય જાણવું; બક્ષવું; લાયક ગણવું. *vi.* To think worthy. લાયક ગણવું.

Deism, *n.* (ડી'ઇઝમ્) A deist's creed or doctrine. સાંખ્યેશ્વર વાદ; ઈશ્વર માત્ર સૃષ્ટિ પેદા કરે છે પણ તે ચાલે છે મેળે, પોતાની પ્રકૃતિથી એવો મત; ઈશ્વર વિષે તર્કવાદ.

Deist,n.(ડી'ઈસ્ટ્)A reasonable believer in the existence of God. તર્કથી ઈશ્વરવાદી. [L. *deus,* God.]

Deity, *n.* (ડી'ઈટી) God; divinity. ઈશ્વર; દેવ; દેવી; દેવતા; ઈશ્વરત્વ.

Deject, *vt.* (ડીજે'ક્ટ્) To make spirit-less. નાઉમેદ-નાહિમ્મત કરવું;ઉદાસ-દિલગીર કરવું. *a.* Sad. દિલગીર; ઉદાસ; ખિન્ન. [L. *de* & *jacio,* I throw.]

Dejected, *a.* (ડીજે'ક્ટેડ) Heavy at heart; sad. ખિન્ન; ઉદાસ; દિલગીર.

Dejection, *n.* (ડીજે'ક્શન્) Sadness; spiritlessness; disheartenment. નિરૂત્સાહ; દિલગીરી; નાઉમેદી; અફસોસ; વિષાદ. 2. Weakness. નબળાઇ.

Delay, *n.* (ડીલે,') To postpone or retard. ખોટી કરવી; વાર લગાડવી; ઢીલ કરવી. *n.* Postponement. વાર; ઢીલ. 2. Detention. રોકાણ.

Dele, *vt.* (ડીલી') To cancel. છેકવું; રદ કરવું. [L. *deleto,* I erase.]

Delectation, *n.* (ડીલેક્ટે,'શન્) Transport of joy. આનંદની અતિશયતા. [L.*delcto,* I delight.]

Delegate, *vt.* (ડે'લીગે,ટ્) To depute or commission. મુખત્યાર-વકીલ-પ્રતિનિધિ તરીકે હક આપી મોકલવું; ને સત્તા સોંપવી. *n.* One who is authorised to represent others. પ્રતિનિધિ; મુખત્યાર. [L. *de* & *lego,* I choose.]

Delegation, *n.* (ડેલીગે,'શન્) Choice or authorization of a delegate. વકીલની નીમણુંક; વકીલને સત્તા-અધિકાર સોંપવો તે.

Delete, *v.* (ડીલી'ટ્) Blot out. છેકી, કાઢી નાંખવું. [L. *de, letum,* death.]

Deleterious, *a.* (ડેલીટી'રીઅસ્) Pernicious; destructive. ઝેરી; ઘાતક; નુકસાન કરે એવું. [L. *deleo,* I destroy.]

Delf, *n.* (ડેલ્ફ્) A pit. ખાડો. 2. Enamelled earthenware. સફેદ રોગાન ચઢાવેલાં વાસણ.

Deliberate, *vt.* (ડીલિ'બરે,ટ્) To reflect deeply; to think maturely. પાકો-પુખ્ત વિચાર કરવો. *a.* Slow and mature. ધીરૂં; ઠાવકું. 2. Formed (as an opinion) or taken (as an action) after mature reflection. ખુબ વિચારીને કરેલું; પુખ્ત વિચાર પછી કરેલું.

Deliberately, *adv.* (ડીલિ'બરે,ટલી) Purposely; after mature thought. જાણી જોઈને-બુઝીને; બુદ્ધિસર; વિચાર પૂર્વક.

Deliberation, *n.* (ડીલિબરે,'શન્) Mature reflection. પુખ્ત-ઠરેલ વિચાર; જાણી જોઇને કરવું તે. 2. Advice. મસલત; સલાહ; મનસુબો.

Deliberative, *a.* (ડીલિબરે,'ટિવ)Proceeding or acting by deliberation. વિચારપૂર્વક કરવું; વિચારશીલ.

Delicacy, *n.* (ડે'લિકસી) Nicety; daintiness. લાલિત્ય; રમણીયતા; સુંદરતા; રૂચિરતા. 2. Tenderness or softness. નરમાશ; મૃદુતા; કોમળતા. 3. Refined taste. સુધરેલપણું; સભ્યતા. 4. Effeminacy or weakness. નાજુકાઇ; દુર્બળતા. 5. Nice critical perception. સૂક્ષ્મ દૃષ્ટિ. *n.* A dainty food. મિષ્ટાન્ન; સ્વાદિષ્ટ જમણ. [L. *de,* & *lacio,* I entice.]

Delicate, *a.* (ડે'લીકે,ટ્) Fine; nice; elegant; luxurious. મધુર; શોભીતું; એશઆરામી; વિલાસી. 2. Slender or fine. નાજુક; ઝીણું; કાવલું; પાતળું. 3. Smooth or soft. સુંવાળું; નરમ; મુલાયમ. 4. Effeminate; not able to endure hardship. નબળું; અશક્ત; બાયલું; દુર્બળ.

Delicately, *adv.* (ડે'લિકે,ટલી) In a delicate manner. સુંદર-સુંવાળી રીતે; નાજુક પણે; ખોટું નહિ લાગે એવી રીતે; કોમલતાથી; મૃદુપણે.

Delicious, *a.* (ડીલિ'શસ્) Exquisite; delightful. મધુર; આનંદ દાયક; ખુશનુમા;રમણીય. 2. Highly pleasing to taste or any other of one's senses. મધુર; રૂચિકર; મીઠું; સ્વાદિષ્ટ. **Delicious,landscape**=રમણીય સૃષ્ટિશોભા.

Delight, *n.* (ડીલા'ઈટ્) Great pleasure; joy. આનંદ; હર્ષ. *vt.* to cause great joy or to please highly. સંતોષ પમાડવો; આનંદ-હર્ષ ઉપજાવવો; ને ખુશ કરવું.[L. *de,* & *lacio,* I allure.]

Delighted, *a.* (ડીલા'ઇટિડ્) Highly pleased. આનંદી; ખુશ; સંતોષી; ઉલ્લાસી; હર્ષિત.

Delightful, *a.* (ડીલા'ઇટફૂલ) Highly pleasing or charming; exquisite. રમણીય; મઝેનું; આનંદકારી; હર્ષજનક; આનંદજનક.

Delineament, *n.* (ડીલિ'નીઆમેન્ટ) Picture; sketch. ચિત્ર; આલેખન; વર્ણન; રેખાચિત્ર.

Delineate, *vt.* (ડીલિ'નીએ,ટ) To sketch or draw a picture of; to describe. આલેખવું; રેખા કાઢવી; ચીતરવું; વર્ણન આપવું-કરવું.

Delineation, *n.* (ડીલિનીએ,'શન્) The act of sketching or describing. રેખાચિત્ર દોરવું-વર્ણન કરવું તે. 2. The sketch or description. રેખાચિત્ર; વર્ણન. [L. *de* & *linea*, a line.]

Delinquency, *n.* (ડીલિ'ન્ક્વન્સી) A crime; a mis-deed; a fault. અપરાધ; તકસીર; ખોટું કામ; દોષ; કસૂર.

Delinquent, *a.* (ડીલિ'ન્ક્વન્ટ) A guilty person; the defaulter. તકસીરવાન; દોષવાન; ગુન્હેગાર; પાપી; અપરાધી. [L. *de* & *linquo*, I leave.]

Deliquate, *vt.* (ડીલિક્વે,'ટ) To melt. પીગળાવવું. *vi.* To be melted. પીગળવું. [L. *de* & *liquo*, I make liquid.]-Deliquesce.

Deliquescence, *n.* (ડીલિક્વે'સન્સ) Liquification. પ્રવાહી-દ્રવીકરણ.

Deliquescent, *a.* (ડીલિક્વેસન્ટ) Changable to water by the heat of atmosphere. હવાથી ઓગળી-પીગળી જનાર.

Delirious, *a.* (ડીલિ'રિઅસ) Deranged. સનેપાત થયેલું; બકવા-લવારા પર ચઢેલું; ભ્રાન્તચિત્ત; સન્નિપાત થયા સરખું. [L. *de* & *lira*, a furrow.]

Delirium, *n.* (ડીલિ'રિઅમ્) Deranged state of the mind. ચિત્તભ્રમ; સન્નિપાત; ઉન્મત્ત વાયુ; જ્વરમોહ; ચાળો-લવારો-બકવા.

Deliver, *vt.* (ડીલિ'વર્) To release. છુટું કરવું; છોડી મુકવું; કેદમાંથી મુક્ત ક૦. 2. To rescue. છોડવવું; બચાવવું; છુટકારો કરવો. 3. To speak. બોલવું. **To deliver a lecture**=ભાષણ કરવું; વ્યાખ્યાન આપવું. 4. To entrust or make over; to give in possession of. (followed by "to".) આપવું; સ્વાધીન કરવું; આપી દેવું. 5. To give birth to a child. જણવું; પ્રસવ કરવો. [L. *de* & *libero*, I free.]

Deliverance, *n.* (ડીલિ'વરન્સ્) Rescue. છુટકારો; બચાવ. 2. Labour (of child-birth.) પ્રસવ; પ્રસૂતિ. 3. Speaking. બોલવું તે.

Delivery, *n.* (ડીલિ'વરી) Liberation; release. બચાવ; છુટકો; છુટકારો. 2. Surrender. શરણ. 3. Style of speaking. બોલવાની છટા; વાક્શૈલી. 4. Child-birth. પ્રસવ.

Dell, *n.* (ડેલ્) A small valley. ન્હાની ખોખીણ. 2. A young muwao. જુવાન સ્ત્રી.

Delta, *n.* (ડે'લ્ટા) A letter of the Greek alphabet. ગ્રીક મૂળાક્ષરનો ચોથો અક્ષર. 2. The mouth of a river. નદીનું મુખ.

Delude, *vt.* (ડીલ્યૂ'ડ્) To deceive; to dupe. ભરમાવવું; ફસાવવું; ધૂતવું; ભોળવવું. 2. To disappoint. નાઉમેદ કરવું. [L. *de* & *ludo*, I play.]

Deluge, *n.* (ડે'લ્યૂજ્) Innundation or flood. જલપ્રલય; રેલ. *vt.* to flood or innundate. પાણી પાણી કરી મુકવું; જલમય કરી મુકવું; ડુબાવવું. *vi.* To be flooded. રેલ આવવી; પાણી પાણી થઈ જવું. [L. *de* & *lavo*, I wash.]

Delusion, *n.* (ડીલૂ'ઝ્યન્) Mental deception; false belief. ભ્રમ; ભ્રાંતિ; માયા. 2. State of being misled. મોહ; ભુલવણી. 3. Cheating. છેતરવું તે; કપટ, મોહ.

Delusive, Delusory, *a.* (ડીલૂ'સિવ-ડીલૂ'સરી) Beguiling; deceptive. ભ્રમ-ભ્રાંતિમાં નાંખનાર; મોહ પમાડનાર; છેતરે-ભુલથાપ દે એવું; ભ્રાંતિજનક.

Delve, *vt.* (ડેલ્વ્) To dig. ખોદવું; પાણીમાં ડુબકી મારવી. *vi.* To labour with a spade. પાવડાથી મજુરી કરવી.

Demagogue, *n.* (ડે'મૅગૉગ્) A leading political orator. લોકનાયક; લોકોનો સરદાર. [L. *demos*, people & *ago*, I lead.]

Demand, *vt.* (ડીમૅ'ન્ડ્) To question or interrogate authoritatively. સત્તાવાર રીતે પુછવું. 2. To ask for as a right. હકથી માંગવું. 3. To need. ની જરૂર હોવી; જરૂર તરીકે માગવું. 4. To call into court. કોરટમાં બોલાવવું. *vi.* To ask. પુછવું. *n.* A rightful claim. હકદાર માગણી. 2. The thing claimed. દાવો. 3. Claiming what is due. ઉઘરાણી; દાવો; માગણી. 4. The thing claimed as due. લહેણું; માગણું. **On D.**=માગે ત્યારે.

Demandable, *a.* (ડીમૅ'ન્ડબલ) Claimable. હકથી માગવા યોગ્ય; દાવો કરવા યોગ્ય.

Demandant, *n.* (ડીમૅ'ન્ડન્ટ) Claimant. હકદાર; દાવો કરનાર; વાદી.

Demarkation, *n.* (ડીમાર્કે,'શન્) The act of limiting; a limit. સીમા બાંધવી-મર્યાદા નક્કી કરવી તે; મર્યાદા. [L. *de* & *mark*, a limit.]

Demean, *vt.* (ડીમી'ન્) To dishonour. હલકું-નીચે પાડવું; માનભંગ ક૦. 2. To behave. વર્તણુંક ચલાવવી; વાગવું; આચરવું; વર્તવું. [L. *de* & *mineo*, I threaten.]

Demeanour, *n.* (ડીમી'નર્) Conduct. વર્તણુંક.

Demency, *n.* (ડીમે'ન્સી) Deranged state of mind. બુદ્ધિ ભ્રંશ; ગાંડાપણું; ઘેલપણું; ચિત્ત ભ્રમ. [L. *de* & *mens*, the mind.]

Dement, *a.* (ડીમે'ન્ટ) Deranged. ગાંડું. *vt.* To make insane or delirious.ગાંડું-ઘેલું બનાવવું.

Dementate, *a.* (ડીમે'ન્ટેટ) Mad. ગાંડું; ઘેલું; દીવાનું. *vt.* To deprive of reason. ગાંડું-ઘેલું બનાવવું.

Demerit, *n.* (ડીમે'રિટ) Slight fault; defect. વાંક; દોષ; તકસીર.[L. *de* & *merio* I deserve.]

Demesmerise, *vt.* (ડીમે'ઝ્મેરાઈઝ) To release from hypnotic influence. તાંત્રિક જાદુ, મનોબળથી થએલ બેભાન અવસ્થામાંથી સચેતન કરવું-ચેતનમાં લાવવું.

Demi, *a.* (ડેમિ) Half. અર્ધું; અડધું.[L. *demi*, half.]

Demi-god, *n.* (ડે'મિ-ગૉડ્) Half God, half a deity. અર્ધ દેવ.

Demise, *n.* (ડીમા'ઇઝ્) The decease of a distinguished man નામાંકિત માણસનું મોત-મરણ. [L. *de* & *mitto*, I send.]

Democracy, *n.* (ડીમૉ'ક્રસી) Government of the people, by the people themselves. પ્રજાસત્તાક રાજ્ય. 2. People collectively. લોક સમસ્ત; જનતા. [L. *demos*, the people & *kratos*, strength.]

Democrat, *n.* (ડે'મોક્રૅટ) A believer in democracy. પ્રજાસત્તાક રાજ્યમાં માનનાર. 2. One of the representatives of the people. પ્રજાથી નીમાયેલો માણસ.

Democratic-cal, *a.*(ડેમો'ક્રૅટિક-કલ્)Favouring or relating to democracy. પ્રજાસત્તાક રાજ્ય સંબંધી-રાજ્યને લગતું; પ્રજાસત્તાક રાજ્યમાં મનાતું.

Demolish, *vt.* (ડીમૉ'લિશ્) To abolish or to raze to the ground. ભાંગી તોડી નાંખવું; તોડી પાડવું; જમીન સપાટ-દોસ્ત કરવું. [L. *de* & *moles*, a mass.]

Demolition, *n.* (ડીમૉલિ'શન્) Utter overthrow; abolition; destruction; ruin. સત્યાનાશ; પાયમાલી; ખરાબી.

Demon, *n.* (ડી'મન્) A devil or an evil spirit. ભૂત; પિશાચ. 2 An infuriated or fiend-like person. ક્રોધોન્મત્ત માણસ; રાક્ષસી માણસ.

Demoniac, demonial, *a.* (ડીમો'નિઍક-ડીમો'નિઅલ્) About the demons.અસુર સંબંધી; આસુરી; પિશાચી. 2. Influenced by demons. ભૂત ભરાએલું. 3. Extremely wicked or cruel. રાક્ષસી; આસુરી; અતિ ક્રૂર.

Demonic, *n.* (ડૅમૉ'નિક) A possessed human being. ભૂત આવેલું માણસ.

Demonstrable, *a.* (ડીમૉ'નસ્ટ્રબલ્) Capable of proof. સાબીત-સિદ્ધ થવા જોગ.

Demonstrate, *vt.* (ડૅમૉ'ન્સ્ટ્રેટ્) To prove. સાબીતી આપવી-સિદ્ધ કરવું. 2. To show clearly; to make evident; to exhibit. બતાવવું-દેખાડવું. [L. *de* & *monstro*, I show.]

Demonstration, *n.* (ડૅમૉન્સ્ટ્રે'શન્)Proof. પ્રતિપાદન; સિદ્ધાંત. **Occular demonstration**=પ્રત્યક્ષ પ્રમાણ. 2. A show or manifestation. દેખાવ. 3. The act of giving a logical proof of a syllogism. પ્રતિપાદન; અવયવ સિદ્ધાંત. 4. A mass of troops. આડંબર માટે એકઠું કરેલું લશ્કર.

Demonstrative, *a.* (ડીમૉ'ન્સ્ટ્રૅટિવ્) Serving to prove. સિદ્ધ કરનાર-સાબીતી આપનાર; પ્રતિપાદક; બતાવી આપનાર. 2. Outwardly expressive of one's feeling. મનોવિકારદર્શક; દેખાવ,ડોળ કરે એવું.**D.pronoun**=દર્શક સર્વનામ.

Demoralization, *n.* (ડીમૉરલાઇઝે'શન્) Corruption of morality. આચાર ભ્રષ્ટતા; ખરાબ-અનીતિમાન વર્તણૂંક.

Demonstrator, *n.* (ડે'મૉન્સ્ટ્રેટર્) Professor's assistant. વડા ગુરૂ ઉપદેશે તે પ્રયોગ કરી દેખાડનાર; રસાયણ તથા પદાર્થ વિજ્ઞાનના પ્રયોગ કરનાર મદદનીશ.

Demoralize, *vt.* (ડીમૉ'રલાઇઝ્) To vitiate or deprave. નીતિભ્રષ્ટ કરવું; બગાડવું. 2. To deprive of courage. નાહીમ્મત કરવું.

Demotic, *a.* (ડીમૉ'ટિક્) Pertaining to the people. લોકો વિષે-નું.

Demulcent, *a.* (ડીમ'લસન્ટ્) Mollifying; softening; lenient. નરમ પાડનાર; પોચું કરનાર [L. *de* & *mulceo*, I soften.]

Demur, *vi.* (ડીમ'ર્) To hesitate, pause or delay. અચકવું; ખમચાવું; ઢચુપચુ રાખવું; આંચકો ખાવો. 2. To object. વાંધો ઉઠાવવો. *vt.* To entertain a doubt about. નો શક હોવો; ને આનાકાની-વિલંબ કરાવવો. *n.* Hesitation; objection. વિચાર; અટકાવ; આનાકાની; વાંધો. [L. *de* & *mora*, delay.]

Demure, *a.* (ડીમ્યૂ'ર્) Consciously grave; affectedly modest. ગંભીરપણાનો-લજ્જાનો-શરમાળપણાનો દેખાવ કરતું; ગોમુખું; ગરિબડું; શાણી બાઈ; બગભક્ત.

Demurely, *adv.* (ડીમ્યુ'રલી) In a demure manner. ગંભીરપણાનો દેખાવ કરી.

Demurrage, *n.* (ડીમ'રેજ્) The time during which a vessel is detained, beyond that originally stipulated, in loading or unloading. કરારખતમાં ઠરાવ્યા કરતાં માલ ચઢાવવા ઉતારવામાં માલધણી તરફથી વહાણને વધારે વખત થયેલું રોકાણ. 2. The compensation in money

made by the freighter for such delay. ડામરેજ; આવી રોકાણ માટે માલધણીએ વહાણના માલિકને આપેલી નુકસાની; સ્ટેશનેથી માલ વખતસર નહિં લઇ જવા બદલ રેલ્વે વગેરેને આપવાનું મહેનતાણું.

Demurer, *n.* (ડીમ'રર) One who hesitates. ઢચુપચુ કરનાર; વાંધો લેનાર. 2. A stop by a party to an action. કાયદાનો વાંધો.

Demy, *a.* (ડીમા'ઇ) A size of paper about 22 by 18″. બાવીસ ઇંચ લાંબો અને અઢાર ઇંચ પહોળો કાગળ; ડીમાઈ કાગળ.

Den, *n.* (ડેન્) A cave. ગુફા; *vt.* To dwell in a cave. ગુફામાં રહેવું-ભરાઇ બેસવું.

Dendrology, *n.* (ડેન્ડ્રૉ'લૉજી) The natural history of trees. વૃક્ષવર્ણનવિદ્યા. [Gr. *dendron*, a trees & *logos*, discourse.]

Denial, *n.* (ડીના'યલ્) Refusal. ઈનકાર; ના પાડવી તે; ખરૂં નથી એમ કહેવું તે. 2. A refusal to grant. આપવાની ના; નિષેધ. **D. of oneself** =ઇન્દ્રિયદમન; નિગ્રહ.

Denizen, *n.* (ડે'નિઝન્) A naturalized foreign citizen. શહેરી તરીકે ગણાયેલો પરદેશી; રહીશ.

Denominate, *vt.* (ડીનૉ'મિને,ટ્) To name, designate or entitle. સંજ્ઞા આપવી; નામ આપવું. [L. *de* & *nomen*, a name.]

Denomination, *n.* (ડીનૉમિને,'શન્) Designation or naming. નામ-સંજ્ઞા આપવી તે. 2. A name, designation or epithet. સંજ્ઞા; નામ; વિશેષણ. 3. A party. ટોળી; પક્ષ; પંથ.

Denominator, *n.* (ડીનૉ'મિને,ટર) Origin of a name or designation. સંજ્ઞા-નામનું મૂળ. 2. That number placed below the line in vulgar fractions, which shows into how many equal parts, the integer is divided. છેદ (વ્યવહારૂ અપૂર્ણાંકનો).

Denotable, *a.* (ડીનો,'ટબલ્) That may be denoted or marked. સૂચનીય; લક્ષણીય; દર્શનીય; અભિધેય.

Denotation, *n.* (ડીનોટે',શન્) The act of denoting. સૂચન; નિશાની ચિન્હ; નિર્દેશ.

Denote, *vt.* (ડીનો',ટ્) To point out or indicate; to be the sign of. બતાવવું; દર્શાવવું; નું ચિન્હ-નિશાનીરૂપ હોવું. [L. *de* & *nota*, a mark.]

Denouement, *n.* (ડે,નૂ'માં) The unravelling of a mystery. ભેદપરિસ્ફોટ; છુપો ભેદ પ્રગટ થવો તે; નાટકનો અંતભાગ.

Denounce, *vt.* (ડીના'ઉન્સ્) To inform against; to accuse publicly. ઉપર તહોમત-આરોપ મુકવો; ગુન્હેગાર ઠરાવવું. [L. *de* & *nuncio*, gannounce.]

Denouncement. *n.* (ડીના'ઉન્સમેન્ટ્) Threat; menace; accusation. તોહમત; આરોપ; નિંદન; દૂષણ; ધમકી; બ્હીક બતાવવી તે.

Dense, *a.* (ડેન્સ) Compact; close; thick. ગહન; ઘાડું; ઘન; ઘટ્ટ; ગાઢ; જાડું. [L. *densus*, thick]

Density, Denseness, *n.* (ડે'ન્સિટિ-ડે'ન્સનેસ્) Compactness; the state or quality of being dense or thick. જાડા-ઘાડા પણું; ઘનતા; ઘટ્ટપણું -તા; ગાઢાપણું.]L. *densus*, thick.]

Dent, *n.* (ડેન્ટ્) A stroke or blow. ઘા; છેકો; ખાંચ; કાપો. 2. The mark of a stroke. ફટકાની-ઘાની નિશાની. 3. The tooth of a wheel. દાંત; દંતી; દાંતો. *vt.* To indent or make a mark. ખુણો-નિશાની પાડવી.

Dental, *a.* (ડે'ન્ટલ્) Relating to or about teeth. દાંતનું-દાંત સંબંધી. [L. *dentis*, teeth.]

Dentifrice, *n.* (ડે'ન્ટિ,ફ્રિસ્) A tooth-powder. દંત મંજન; દાંત સાફ કરવાનું પાઉડર. [L. *dentis*, a tooth.]

Dentist, *n.* (ડે'ન્ટિસ્ટ્) A dental surgeon. દાંતનો ડાક્ટર; દંતવૈદ્ય.

Dentistry, *n.* (ડે'ન્ટિસ્ટ્રી) The profession or art of a dentist. દંતવૈદ્યવિદ્યા. [L. *dentis*, a tooth.]

Denudation, *n.* (ડીન્યુડે',શન્) The act of making bare or nude. છેક ઉઘાડું-ખુલ્લું-સાફ કરવું તે. 2. The gradual wearing away of rocks, by the action of the wind and the waves. ખડકોનું ઘસાઇ જવું તે.

Denude, *vt.* (ડીન્યૂ'ડ્) To make bare or naked. નાગું-ખુલ્લું-ઉઘાડું કરવું. 2. To wear away, as rocks. ઘસાવવું; ઘસાઇ જવું. [L. *de* and *nudo*, nude.]

Denunciate, *vt.* (ડીન'ન્શિએ,ટ્) To inform against. ની વિરૂદ્ધ ખબર આપવી [L. *de* & *nuncio*, I give a message.]

Denunciation, *n.* (ડીનન્સિએ',શન્) The act of threatening or of denouncing a person. સૂચના-ધમકી આપવી તે; દોષ-આરોપ મુકવો તે; ગુન્હેગાર ઠરાવવું-જાહેર કરવું તે.

Deny, *vt.* (ડીના'ઈ) To assert to be untrue; to refuse. ઈન્કાર ક૦-ખરૂં નથી એમ કહેવું; ના પાડવી. 2. To refuse to grant; to withhold. આપવાની ના કહેવી; ની ના પાડવી. [L. *de* & *nego*, I say no.]

De-ob-struct, *vt.* (ડી-ઑબ્સ્ટ્ર'ક્ટ્) To remove an obstruction from, હરકત-અડચણ દૂર કરવી, નિર્વિઘ્ન કરવું.

De-obstruent, *a.* (ડી-ઑબ્સ્ટ્રૂ'અન્ટ્) Having the power to clear or open the natural

ducts in human body. શરીર-પેટ સાફ કરનાર; જુલાબ; રેચક. *n.* An aperient. રેચક; જુલાબ

De-odorize, *vt.* (ડી-ઑ'ડરાઇઝ઼) To make odourless, or smell-less. વાસ-ગંધ વિનાનું કરવું-બનાવવું. [L. *de* & *oder*, smell.]

Deoxidize, *vt.* (ડી-ઑ'ક્સિડાઈઝ઼) To take away "oxygen" from. કોઈપણ પદાર્થમાંથી "ઑક્સીજન", પ્રાણવાયુ છુટા કરવો.

Depart, *vt.* (ડીપા'ર્ટ) To go away or forth (from.) જવું; નીકળી જવું. 2. To die. નાશ પામવું, મરીજવું; જતા રેહવું. 3. To leave. તજી-છોડી દેવું; છોડીને જવું. [*de* & *pars*, a part.]

Department, *n.* (ડીપા'ર્ટમેન્ટ) A portion, sub-division or part. ભાગ; વિષય. 2. Appointed province or sphere. પ્રકરણ; કારખાનું; ખાતું. 3. Province. મહાલ; પરગણું. 4. A part of a region for military purposes. કોઈ દેશનો લશ્કરી મહાલ.

Departmental, *a.* (ડીપાર્ટમે'ન્ટલ)Pertaining or relating to a department. ખાતાને લગતું ખાતા સંબંધી. **Departmental inquiry**, અમુક ખાતા સંબંધી-અમુક ખાતાદ્વારા કરેલી તપાસ.

Departure, *n.* (ડીપા'ર્ચર) The act of going away. ગમન; ચાલ્યા જવું તે; મુકીને જવું તે. 2. Relinquishment or deviation. ત્યાગ; પ્રમાણે ન ચાલવું તે. 3. Decease. પરલોકગમન. 4. Exit. છુટકારો; ચાલ્યા જવું તે.

Depauperate, *vt.* (ડીપૅ'પરેટ) To make poor. ગરીબ કરવું. *a.* Fading. સુકાઇ-કરમાઈજવું. [L. de & *pauper*, poor.]

Depend, *vt.* (ડીપે'ન્ડ) To trust or rely for support. આધાર રાખવો. 2. To trust or confide in. વિશ્વાસ-ભરોસો રાખવો. 3. To be or act as one dependant. આશ્રિત-તાબેદાર તરીકે વર્તન રાખવું. [L. *de* & *pendeo*, I hang.]

Dependence, *n.* (ડીપે'ન્ડન્સ) Support. આધાર; ટેકો. 2. Confidence. ભરોસો. 3. State of being at the disposal of another. તાબેદારી; પરાધીનતા. 4. Inter-relation. અરસપરસ સંબંધ.

Dependency, *n.* (ડીપે'ન્ડન્સી) A colony. તાબાનો મુલક. 2. State of subjection or subordination. તાબેદારી; પરાધીનતા; ભરોસો. 3. That which depends upon another. બીજાને આધારે છે એવી વસ્તુ; અનુયાયી.

Dependent-dant, *a.* (ડીપે'ન્ડન્ટ) Subject to another's control or power. તાબેદાર; પરાધીન. *n.* One who relies upon another for support &c. આશ્રિત માણસ; તાબેદાર; આધારે લટકતી વસ્તુ.

Depeople, *vt.* (ડીપી'પલ) To ravage or lay waste. ઉજ્જડ-વસ્તી વગરનું કરવું.

Depict, *vt.* (ડીપિ'ક્ટ) To sketch or portray. ની છબી પાડવી; ચિતરવું; આલેખવું. 2. To describe in words. નિરૂપણ-વર્ણન કરવું. [L. *de* & *pingo*, I paint.]

Depilate, *vt.* (ડે'પિલેટ) To deprive of hair. વાળ કાઢી નાંખવા.

Depilous, *a.* (ડે'પિલસ) Bald; hair-less. બોડું; વાળ વગરનું. [L. *de* & *pilous*, hair.]

Deplete, *v.* (ડીપ્લી'ટ) To reduce or empty. ખેંચીને ઓછું કરવું, ખાલી કરવું.-*n.* Depletion-*adj.* Depletive.

Deplorable, *a.* (ડીપ્લો'રબલ) Pitiable; lamentable. શોચનીય; દિલગીરી ઉપજાવનાર.

Deplore, *vt.* (ડીપ્લો'ર) To lament or bewail. શોક-વિલાપ કરવો; દુઃખ કરવું; ને માટે દુઃખ દિલગીરી ઉત્પન્ન થવી.

Deploy, *vt.* (ડીપ્લૉ'ઈ) To stand in a row. હારબંધ-દંડવ્યૂહમાં ઉભા રહેવું. *vi* To line up in a file for battle. દંડવ્યૂહમાં હારબંધ ઉભા રહેવું. [L. *de* & *plico*, I fold.]

Deplume, *vt.* (ડીપ્લ્યુ'મ) To take off the plumes from. નાં પીછાં તોડી લેવા. [L. *de* & *pluma*, a feather.]

Depone, *vt.* (ડીપો',ન) To state or wager. હોડમારવી; શરત બકવી. 2. To assert solemnly or on oath. સોગનખાઈ-પ્રતિજ્ઞા ઉપર કહેવું. [L. *pono*, I put.]

Deponent, *a.* (ડીપો,'નન્ટ) Having a passive meaning. અર્થ મૂળભેદ અને રૂપ સહ્યભેદનું હોય એવું. *n.* A witness on oath. જુબાની આપનાર; સાક્ષી; શાહેદ.

Depopulate, *vt.* (ડીપૅ'પ્યુલેટ) To lay waste or to deprive of population. વસ્તી છેક ઓછી કરી નાંખવી; ઉજ્જડ કરવું [L. *de* & *populus*, people.]

Depopulation, *n.* (ડીપૅપ્યુલે'શન) A decrease of population through destruction or expulsion. વસ્તી ઓછી થવી તે.

Deport, *vt.* (ડીપો'ર્ટ) To transport or exile. દેશનિકાલ-દેશપાર કરવું-મોકલવું 2. To act or behave. વર્તન રાખવું-ચલાવવું. [L. *de* & *porto*, I carry].

Deportation, *n.* (ડીપોર્ટે'શન)Transportation or exile from one's country. દેશપારની સજા; દેશનિકાલ.

Deportment, *n.* (ડીપો'ર્ટમેન્ટ) Behaviour or conduct. આચરણ; વર્તન.

Deposal, *n.* (ડીપો,'ઝલ) Depriving of an office or dignity. પદભ્રષ્ટ કરવું તે; ગાદી પરથી ઉતારી-ઉઠાડી મુકવું તે.

Depose, *vt.* (ડીપો,'ઝ્) To deprive of an office or dignity; to dethrone. પદભ્રષ્ટ કરવું; ગાદીપરથી ઉઠાડી મુકવું. 2. To assert solemnly. પ્રતિજ્ઞા-સોગન ઉપર કહેવું-સાહેદી આપવી. 3. To bear witness. *vi.*ની સાક્ષી આપવી. To assert as a witness. સાહેદી-સાક્ષી આપવી. [L. *de* & *pono*, I put].

Deposit, *n.* (ડીપૉ'ઝિટ્) To put up or lay down. ભરી રાખી મુકવું; થાપણ મુકવું; 2. To keep in or entrust to a bank &c. સોંપવું; બૅન્કમાં મુકવું. *n.* That which is deposited. ઘસડાઈ આવેલી ચીજ; થાપણ; અનામત મુકેલી થાપણ-પૈસા; "બૅન્ક"માં મુકેલા પૈસા.

Depositary, *n.* (ડીપૉ'ઝીટરી) A trustee of a deposit. અનામત-થાપણ રાખનાર. 2. Bailee. જેને જામીનપર માલ આપવામાં આવે છે તે.

Deposition, *n.* (ડીપોઝિ'શન્) The act of depositing. ઘસડાઇ આવવું તે. 2. A showing or presentation. પ્રદર્શન-ની આગળ મુકવું-બતાવવું તે. 3. [Law] Written solemn affirmation. સાક્ષી; જુબાની; એકરાર. 4. Depriving of an office; dethrone-ment. પદભ્રષ્ટ કરવું તે; રાજગાદી પરથી ઉઠાડી મુકવું તે; પદભ્રષ્ટતા; રાજભ્રષ્ટતા. 5. Incrustation. જાડા થર-પડ બાઝી જવાં તે.

Depository, *n.* (ડીપૉ'ઝિટરી) A place for safe-keeping. ભંડાર; વખાર; બૅન્ક વગેરે.

Depot, *n.* (ડે'પો) A godown. ભંડાર; કોઠી; વખાર; ગોદામ. 2. A military store-house. લશ્કરી વસ્તુ રાખવાનું ભંડાર-વખાર-મથક.

Depravation, *n.* (ડીપ્રૅવે,'શન્) Slander; ill-natured criticism. નિંદા; કોઈનું ખોટું બોલવું તે. 2. Corruption or degradation. ખરાબ કરવું; ભ્રષ્ટ કરવું-બગાડવું તે. 3. Degenerary. દુષ્ટતા; ભ્રષ્ટતા; દુષ્ટબુદ્ધિ.

Deprave, *vt.* (ડીપ્રે',વ્) To slander or speak ill of. નું ખરાબ બોલવું; ની નિંદા કરવી. 2. To corrupt or defile. નીતિભ્રષ્ટ કરવું;ખરાબ કરવું; બગાડવું. [L. *depravus*, crooked.]

Depraved, *a.* (ડીપ્રે,'વ્ડ) Corrupt હરામી; ભ્રષ્ટ; પતિત; આચારભ્રષ્ટ; પાપી; દુષ્ટ.

Depravity, *n.* (ડીપ્રૅ'વિટી) Unprincipled character; unscrupulousness; wickedness. દુષ્ટતા; આચાર ભ્રષ્ટતા; હરામીપણું; પાપ; નીતિ ભ્રષ્ટતા; કુબુદ્ધિ.

Deprecate, *vt.* (ડે'પ્રીકે,ટ) To plead against; to express disapproval of or regret for. ની વિરૂદ્ધ દલીલ કરવી; ના તરફ સખત અણગમો જાહેર કરવો; નાપસંદગી જાહેર કરવી-બતાવવી. 2. To pray for deliverance from or prevention of. નિવારણ થાય-અમલમાં ન આવે એવું માગવું; છુટકારો માગવો; ક્ષમા યાચવી.

Deprecation, *n.* (ડેપ્રીકે,'શન્) Prayer for deliverance from some evil. સંકટ નિવારણ માટે કરેલી પ્રાર્થના. 2. Dis-approval. નાપસંદગી; અણગમો.

Deprecatory, *a.* (ડે'પ્રીકે,ટરી) About a prayer for deliverance. દુ:ખ નિવારણ થાય તે માટે પ્રાર્થના કરવું. 2. Expressing disapproval. ના પસંદગી-અણગમો જાહેર કરવું-બતાવવું.

Depreciate, *vi.* (ડીપ્રી'શિએટ્) To fall in value, price &c. કિંમત ઓછી થવી-ઘટવી. *vt.* To lessen in price; to desparage, belittle or under-rate. ની કિંમત ઘટાડવી-ઓછી કરવી; ની કિંમત ઓછી આંકવી. [L.*de* & *pretium*,price.]

Depreciation, *n.* (ડીપ્રીસિએ',શન્) Fall in value. કિંમતમાં ઘટાડો; કિંમત ઓછી કરવી-આંકવી તે.

Depreciatory, *a.* (ડીપ્રી'શિએટરી) Tending to lessen the price or value of. કિંમત ઘટે-ઘટાડે એવું; નિંદક; કિંમત ઘટાડતું.

Depredate, *vt.* (ડે'પ્રીડે,ટ્) To loot or despoil. લુંટવું;લુંટી લેવું. *vi.*To make predatory expeditions. લુંટવા સારૂ હુમલો-સવારી કરવી. 2. To be worn by eating. ખવાઈ જવું; ઘસાઈ જવું. [L. *de* & *proeda*, plunder.]

Depredation, *n.* (ડેપ્રીડે',શન્) Looting; plunder. ધાડ; લુંટ; લુંટફાટ; દરોડો. 2. Despoilation. બગાડ.

Depredator, *n.* (ડે'પ્રીડે,ટર્) A dacoit; a plunderer. ધાડપાડુ; લુટારૂ; પિંઢારો; તારાજ કરી મુકનાર.

Depress, *vt.* (ડીપ્રે'સ્) To lower or let fall. ઉતારવું; નમાવવું; નીચું રાખવું-કરવું. 2. To disspirit. નાઉમેદ-આશાભંગ કરવું; તાઢું પાડવું. 3. To make less active. ની ચાલાકી-તેજી ઘટાડવી-ઓછી કરવી. 4. To depreciate. ની કિંમત ઘટાડવી.

Depression, *n.* (ડીપ્રે'શન્) Humiliation of pride. માનભંગ; ગર્વભંગ; નરમ પડવું તે; ઘટાડો. 2. Spirit-lessness; sadness; dejection. ઉત્સાહભંગ; હર્ષભંગ; ઉદાસીનતા; ગમગીનપણું. 3. The act of lowering. નીચે પાડવું-નમાવવું તે.

Depressive, *a.* (ડીપ્રે'સિવ્) Causing or tending to depression. નીચે પાડે એવું; નમાવે-દબાવે એવું.

Deprivation, *n.* (ડીપ્રાઈવે,'શન્) Loss; the act of depriving. ખોટ; હાનિ; છીનવી લેવું તે.

Deprive, *vt.* (ડીપ્રા'ઇવ્) To dispossess. પાસેથી છીનવી લેવું; હરી લેવું; લઈ લેવું. 2. To divest of office, dignity &c. પદભ્રષ્ટ; કરવું;

અધિકાર ઉપરથી કાઢી મુકવું. **D of wealth**= નિધન ક૦. [L. *de* & *privus*, one's own.]

Depth, *n.* (ડેપ્થ્) The middle part. મધ્ય ભાગ. 2. Power of grasping. ગ્રહણશક્તિ. 3. Deepness.ઉંડાણ;ઉંડાઇ.4. Incomprehensibility. ગૂઢતા; ગહનતા; પાકાઈ. 5. Sobriety or gravity. પ્રૌઢતા; ગાંભીર્ય; ગંભીરતા.

Depthless, *a.*(ડેપ્થલિસ્)Shallow.ઉંડાણ વિનાનું; છાલકું; છાછરૂં; ઉંડો વિચાર કરવાની શક્તિ વગરનો.

Depulse, *vt.* (ડીપ'લ્સ્) To deport or drive away. કાઢી-હાંકી મુકવું. [L. *de* & *pulsus*, drive].

Depurate, *vt.* (ડે'પ્યુરે,ટ્) To refine or make pure. નિર્મળ-શુદ્ધ કરવું; સ્વચ્છ-સાફ કરવું; કચરો કાઢી નાંખવો.

Deputation, *n.* (ડેપ્યુટે,'શન્) Appointing a representative, મુખ્ત્યારી; પ્રતિનિધિ નીમવો-બતાવવો તે. 2. An assemblage of representatives. પ્રતિનિધિ મંડળ; મુખ્ત્યાર.

Depute, *vt.* (ડીપ્યૂ'ટ્) To delegate; to appoint as a substitute to do a work for another. પ્રતિનિધિ કરવું; વતીનું કામ કરવાને નીમવું. [L.-*deputo*, I send an ambassador.]

Deputy, *n.* (ડે'પ્યુટી) A representative, delegate or agent. વકીલ; મુખત્યાર; પ્રતિનિધિ; મુખત્યાર; ડીપુટી; મદદનીશ.

Derange, *vt.* (ડીરે',ન્જ્) To dis-arrange. ગરબડ સરબડ-ઘોંટાળો કરી નાખવો; અવ્યવસ્થિત કરવું. 2. To make insane or mad. ગાંડું-ઘેલું બનાવવું-કરવું. 3. To disturb the action of. કામ બગાડવું. [L. *dis* & *rang*, row.]

Deranged, *a.* (ડીરે',ન્જ્ડ્) Mad; insane. ગાંડું; ઘેલું;ભ્રાંતચિત્ત; ચસકેલું; બુદ્ધિભ્રષ્ટ; અવ્યવસ્થિત.

Derangement, *n.* (ડીરે',ન્જમેન્ટ) Disorder; confusion. ખલેલ; ગાંડપણ; ગરબડ સરબડ; અવ્યવસ્થા; વિકાર; બગાડ. 2. Madness. ગાંડપણ; ઘેલછા; દિવાનાપણું; ભ્રાન્તચિત્તતા; ચિત્તભ્રમ.

Deray, *n.* (ડીરે',) Disorder.બગાડ-અવ્યવસ્થિતપણું; ગેરબંદોબસ્ત; વિકાર. [L. *dis* & *rai*, order.]

Derelict, *n.* (ડે'રીલિક્ટ્) A voluntarily relinquished thing. છોડી દીધેલી ચીજ. 2. A vessel abandoned and left floating about at sea. દરિયામાં આમતેમ ફરતું માણસોએ છોડી-ત્યજી દીધેલું વહાણ; માણસ વગરનું વહાણ. *a.* Relinquished or abandoned. છોડી દીધેલું; ત્યજેલું. [L. *de* & *linquo*, I leave.]

Dereliction, *n.*(ડેરીલિ'ક્શન્)Abandonment; forsaking. ત્યાગ; વર્જન; ભૂલ; ગફલત.

Deride, *vt.* (ડીરા'ઈડ્) To ridicule.ની તરફ ધિક્કારથી હસવું; ને હસી કાઢવું; ની મજાક-મશ્કરી હાંસી કરવી. [L. *de* & *rideo*, I laugh].

Derision, *n.* (ડીરિ'ઝ્અન્) Ridicule mockery. હાંસી; મશ્કરી; મજાક; ઠઠ્ઠા. 2. A butt of ridicule. ઉપહાસપાત્ર; હાંસીનું પાત્ર.

Derisive, *a.* (ડીરા'ઈસિવ) Ridiculing. હસી કાઢવું; ઉપહાસસૂચક; મશ્કરી-ઠઠ્ઠાથી ભરેલું;મજાક કરવું.

Derivable, *a.* (ડીરા'ઇવબલ્) That can be derived or inferred from. તર્કથી-અનુમાનથી જણાય એવું.

Derivation, *n.* (ડેરિવે',શન્) Inference of an effect from a cause. કંઈ કારણ-મૂળ ઉપરથી પરિણામ મેળવવું તે. 2. The act of finding out the root or origin of. નું મૂળ-વ્યુત્પતિ-ઉત્પત્તિ કાઢવી તે. 3. A word derived from another. ધાતુસાધિત શબ્દ.

Derivative, *a.* (ડેરિ'વૅટિવ્) Secondary; derived. સાધિત; બીજા ઉપરથી બનેલું-નીકળેલું. *n.* A word derived from another. ઉપસર્ગ-પ્રત્યય લગાડવાથી નીકળતો-બનતો શબ્દ.

Derivatively, *adv.* (ડેરિ'વૅટિવ્લી) By derivation. સાધિત રીતે.

Derive, *vt.* (ડીરા'ઈવ્) To find out the root or origin of. નું મૂળ વ્યુત્પત્તિ-ઉત્પત્તિ બતાવવી-કાઢવી. 2. To get or receive. માંથી મળવું; કાઢવું; મેળવવું. [L. *de* & *rivus*, a stream]

Derm, *n.* (ડર્મ્) The skin. ત્વચા; ચામડી.

Dern, *a.* (ડર્ન્) Concealed; secret. છુપું; સંતાડેલું; છાનું. 2. Sad; lonely. દિલગીર; શોકાતુર.

Derne, *vt.* (ડર્ન્) To conceal or hide. છુપાવવું; સંતાડવું.

Dernful, *a.* (ડર્ન્ફૂલ્) Mournful; sad. દિલગીર; ઉદાસ; ખીન્ન.

Dernier, *a.* (ડ'ર્નિયર) Final; last. છેલ્લું; છેવટનું; અંતનું; આખેરનું.

Derogate, *vt.*(ડે'રોગે,ટ) To limit or restrict. ની મર્યાદા-હદ બાંધવી. 2. To lesson or depreciate. હલકું કરવું-ઘટાડવું. *vi.* To lessen or take away from. ઓછું કરવું; માંથી લઇ લેવું. 2. To act beneath ones dignity.પોતાની પદ્દીને ન છાજે એવું કામ કરવું.

Derogation, *n.* (ડેરોગે,'શન્)Depreciation; detraction. કિંમત હલકી પાડવી તે; હલકું કરવું તે.

Derogative-derogatory, *a.* (ડેરૉ'ગે, ટિવ્-ડેરૉ'ગે,ટરી) Depreciating; detracting. હલકું પાડે એવું-ઓછું કરે એવું.

Derwish-dervish, *n.* (ડ'ર્વિશ્) A tribe of Arabs. અરબ લોકોની એકજાત. 2. A persian monk. ઇરાની ફકીર.

Descant, *n.* (ડીસ્કૅ'ન્ટ્) Singing with a variation of air. સુર-રાગ ફેરવીને-આલાપસાથે ગાવું તે. 2. A commentary. ભાષ્ય; ટીકા. *ર્ણ,*

To sing with varied melody. રાગ-તાન-સુર ફેરવીને ગાવું. 2. To comment upon some book &c. ટીકા કરવી; ગુણદોષ બતાવવા. [L. *dis* & *cantus*, song].

Descend, *vt.* (ડીસે'ન્ડ્) To alight or come down. નીચે ઉતરવું. 2. To attack suddenly and with violence. તુટી પડવું. 3. To be in or of a certain generation, family &c. કુળ-વંશ-ઓલાદમાં હોવું. [L. *de* & *scando*, I climb.]

Descendant, *n.* (ડીસે'ન્ડન્ટ્) A person descending from an ancestor; an off-spring. ઓલાદ; સંતાન; સંતતિ; વંશજ; વંશનું માણસ.

Descending, *a.* (ડીસે'ન્ડિન્ગ્) Moving downwards. નીચે આવતું-ઉતરતું; ઢોળાવવાળું. 2. Gradually decreasing. ધીમે ધીમે ઓછું થતું.

Descent, *n.* (ડીસે'ન્ટ્) The act of coming down; alighting ઉતરવું-નીચે આવવું તે. 2. Sudden attack. હુમલો; હલ્લો 3. Transmission from father to son. વારસાથી હાથમાં આવવું-મળવું તે. 4. Extraction. વંશ; કુળ; ઓલાદ.

Describable, *a.* (ડીસ્ક્રા'ઇબેબલ્) Relatable; capable of being described. વર્ણનીય; વર્ણન કરવા લાયક.

Describe, *vt.* (ડીસ્ક્રા'ઇબ્) To relate; to give an account of; to sketch. કહેવું; વર્ણન કરવું; ચિત્ર વગેરે દોરવું; વર્ણવવું; બ્યાન કરવું. [L. *de* & *scribo*, I write.]

Descrier, *n.* (ડીસ્ક્રા'યર) One who sees. જોનાર; દેખનાર.

Description, *n.* (ડીસ્ક્રિપ'શન્) The act of sketching. દોરવું-કાઢવું તે. 2. A relating or an account. બ્યાન-વર્ણન-નિરૂપણ.

Descriptive, *a.* (ડીસ્ક્રિ'પ્ટિવ્) Containing description. વર્ણનાત્મક; વર્ણનરૂપ; વર્ણવનારૂં; દર્શાવે એવું.

Descry, *vt.* (ડીસ્ક્રા'ઇ) To see. દેખવું; જોવું.

Desecate, *vt.* (ડે'સીકે,ટ્) To reap or mow. લણવું; કાપણી કરવી. [L. *de* & *seco*, I cut.]

Desecrate, *vt.* (ડે'સીક્રે,ટ્) To profane or commit sacrilege on. પતિત-ભ્રષ્ટ કરવું; વટલાવવું; થી વટલાવું. [L. *de* and *sacer*, sacred.]

Desert, *n.* (ડે'ઝર્ટ્) A treeless sandy plain. રણ; રેતીનું મેદાન; વેરાન પ્રદેશ. 2. A wilderness. રાન; વગડો; વેરાન પ્રદેશ; જંગલ. *vt.* (ડીઝ'ર્ટ્) To relinquish or abandon. તજી-મુકી-છોડી દેવું. *vi.* To leave service especially in the army without permission. લશ્કરમાંથી પરવાનગી-રજા વગર નાસી જવું; બેવફાઈ કરવી.

Deserts, *n.* (ડીઝ'ર્ટસ્) Merit; qualities (especially good ones.) ગુણ; યોગ્યતા.

Deserter, *n.* (ડીઝ'ર્ટર્) A man who runs away from the army without permission. લશ્કરમાંથી નાસી જનાર. 2. One who forsakes his party &c. પોતાના પક્ષમાંથી બીજા પક્ષમાં જનાર.

Desertion, *n.* (ડીઝ'ર્શન્) Abandonment of service from army; leaving one party for another. લશ્કરમાંથી નાસી જવું તે; એક પક્ષમાંથી બીજા પક્ષમાં જવું તે.

Deserve, *vt.* (ડીઝ'ર્વ્) To merit or be worthy of. ને લાયક-પાત્ર હોવું; જેટલી યોગ્યતા હોવી. *vi.* To be worthy of something as thanks, recognition, honour &c. માનપાત્ર વગેરે હોવું. [L. *de* and *servio*, I serve.]

Deservedly, *adv.* (ડીઝ'ર્વિડ્લી) Rightly, justly; in a deserving manner. ઉચિતપણે; વાજબી રીતે; ન્યાયની રીતે; યથાયોગ્ય-ઘટિત રીતે.

Deserving, *a* (ડીઝ'ર્વિન્ગ્) Worthy; meritorious. લાયક; યોગ્ય; ગુણપાત્ર.

Desiderate, *vi.* (ડીસિ'ડરે,ટ્) To wish for, long, want or lack. ની ખોટ-જરૂર લાગવી; ની ઇચ્છા હોવી.

Desiderative, *a.* (ડીસિ'ડરે,ટિવ્) Showing desire. ઇચ્છા બતાવનાર; ઇચ્છાદર્શક. *n.* The thing desired. ઇચ્છિત વસ્તુ; ઇચ્છાફલ; જોઈતી ચીજ-વસ્તુ.

Desideratum, *n.* (ડીસિડરે,'ટમ્) A thing of which want is felt. જોઈતી-ખોટ જણાતી વસ્તુ.

Desidious, *a.* (ડીસિ'ડિઅસ્) Lazy; idle. આળસુ; નિરૂદ્યોગી; સુસ્ત [L. *de* and *sideo*, side.]

Design, *vt.* (ડીઝા'ઇન્) To sketch or delineate. નો આકાર-ચિત્ર દોરવું; આલેખવું. 2. To project or form a plan of. ની યોજના-તજવીજ કરવી; નો આકાર ઘડવો. *vi.* To act according to a plan. ઇરાદા-મનસુબા પ્રમાણે વર્તવું. *n.* Picture or sketch. ચિત્ર; રૂપરેખા; નકશો; આલેખન. 2. Plot or device. યુક્તિ; ઘાટ; તદબીર; રચના 3. Intention. ઇરાદો; ખેત; વિચાર. 4. Consciousness. બુદ્ધિ; ભાન.

Designate, *vt.* (ડે'ઝિગ્ને,ટ્) To show or indicate. સૂચવવું; દેખાડવું. 2. To distinguish and name. જુદું પાડી નામ આપવું. 3. To appoint. નીમવું; નિમણુક કરવી.

Designate, designated, *a* (ડે'ઝિગ્ને,ટ-ગ્ને,ટેડ) Particularly named. ઓળખાવેલું; બતાવી આપેલું. 2. Appointed. નીમેલું. [L. *de* & *signum*, a name]

Designation, *n.* (ડેઝિગ્ને,'શન્) A title of distinction. નામ; ખિતાબ; સંજ્ઞા. 2. The giving of a distinguishing name. ઓળખાવનારૂં નામ-સંજ્ઞા; નીમણુક; યોજના.

Designedly, *adv.* (ડીઝા'ઇનિડ્લી) Intentionally; purposely. જાણી જોઈને; ઈરાદાથી; જાણી બુઝીને.

Designer, *n.* (ડીઝા'ઇનર્) One who plans or desins. રચનાર; યોજનાર. 2. A plotter or conspirator. કાવત્રાખોર; કાવત્રાબાજ માણસ

Designing, *a.* (ડીઝા'ઇનિન્ગ્) Artful; cunning; scheming. દગાખોર; કાવત્રાખોર; દગલબાજ.

Desipient, *n.* (ડેસિ'પિઅન્ટ્) Silly; foolish. મૂર્ખ; બેવકૂફ; ડોઠ. [L. *de* & *sipeo*, I am wise.]

Desirable, *a.* (ડીઝા'ઇરબલ્) Agreeable; pleasing. ચહાવા-ઇચ્છવાયોગ્ય.

Desire, *vt.* (ડીઝા'યર્) To long or wish for. ઇચ્છા રાખવી; ઇચ્છવું; વાંછા રાખવી. *n.* Inclination; longing. ઇચ્છા; આશા. 2. Object of desire. ઇચ્છિત વસ્તુ. 3. Covetousness. અતિશય લોભ; લાલસા; અતિ લોભ. **Carnal desire**=કામ; વિષયેચ્છા. [L. *desidero*, I wish for]

Desirous, *a.* (ડીઝા'યરસ્) Longing; eager; covetous; solicitous. આશા રાખનારૂં; ઇચ્છા રાખનારૂં; ઇચ્છાતુર; લોભી; ચાહનારૂં.

Desirously, *a.* (ડીઝા'યરસ્લી) Eagerly; solicitously. આતુરતાથી; ઉત્કંઠિતપણે; ઇચ્છાથી.

Desist, *vt.* (ડીસિ'સ્ટ્) To withdraw, cease or stop; to stand aside. અટકવું; છોડી દેવું; ત્યજવું; કોરે જવું; ખસી જવું; થી વેગળા-દૂર રહેવું; આગળ વધતાં બંધ પડવું. [L. *de* & *sisto*, I stand.]

Desk, *n.* (ડેસ્ક) A sloping table. ઢળતું મેજ. 2. A seat of the clergy. પાદરીનું આસન. *vt.* To shut up in a desk. ડેસ્કમાં મુકી દેવું.

Desolate, *vt.* (ડે'સોલિટ્) To ravage or lay waste. નાશ કરવો; ઉજ્જડ કરવું; ધુળધાણી-પાયમાલી કરવી; નિર્જન કરવું-બનાવવું. 2. To leave alone. એકલું રહેવા દેવું. *a.* Unpeopled; waste; deserted; destroyed. તારાજ; પાયમાલ-નાશ થયેલું; બેદાનમેદાન; ઉદસ્ત; વેરાન; નિર્જન; વસ્તી વિનાનું-વસ્તીરહિત. 2. Lonely; forsaken. અનાથ; નિરાધાર; નિરાશ્રિત; એકલું. [L. *de* & *solus*, alone.]

Desolation, *n.* (ડેસોલે,'શન્) Destruction; ravaging. તારાજી; ખરાબી; નાશ; પાયમાલી. 2. A desolate place. ઉજ્જડ જગ્યા.

Despair, (of) *vt.* (ડીસ્પે,'ર્) To become hopeless of; to make hopeless. નાઉમેદ થવું; નિરાશ થવું-કરવું. *n.* Loss of hope. નિરાશા; નાઉમેદી.

Despatch, *vt.* (ડીસ્પૅ'ચ્) Same as "Dispatch."

Desperado, *n.* (ડેસ્પરે,'ડો) A desperate man; a cut-throat ruffian. મરણીયો માણસ; હરામખોર; લુટારૂ.

Desperate, *a.* (ડે'સ્પરેટ્) Reduced to extremity and reckless of consequences. મરણીયું; સાહસિક. 2. Hopeless. નિરૂપાય; નિરાશ; અસાધ્ય.

Desperation, *n.* (ડેસ્પરે,'શન્) Desperate state. મરણીયાપણું; નિરાશાપણું; નાઉમેદી.

Despicable, *a.* (ડે'સ્પીકૅબલ્) Vile; worth-less; mean. હલકું; નીચ; કોડીનું; દમડીનું; પાજી; ટકાનું; ક્ષુદ્ર; નિકૃષ્ટ.

Despise, *vt.* (ડીસ્પા'ઇઝ્) To hold in contempt, to disdain or scorn. તુચ્છ-હલકું-નીચ ગણવું; ધિક્કારવું; ની અવગણના કરવી; તરછોડવું; નો તિરસ્કાર કરવો [L. *de* and *specio*, I look.]

Despite, *n.* (ડીસ્પા'ઇટ્) Extreme malice or hatred. અતિતિરસ્કાર-ધિક્કાર; ખાર; અદાવત; કીનો; ખુન; દ્વેષ; *vt.* To despise or offend. તિરસ્કારયુક્ત ગણવું; ચીઢવવું; સતાવવું. *prep.* In spite of. છતાં; એમ છતાં.

Despiteful, *a.* (ડીસ્પા'ઇટફૂલ્) Malicious or full of hatred. કીનાંખોર; દ્રોહી કપટી; ખૂની; ખારીલું; ડંશીલું; દ્વેષી; અદાવત રાખનાર.

Despoil, *vt.* (ડીસ્પૉ'ઈલ્) To rob or strip of. હરણ કરવું; લુંટી લેવું; ધૂતવું. *n*; Stripping of. લુંટવું તે-હરણ કરવું તે. [L. *de* & *spolium*, spoil.]

Despond, *vt.* (ડીસ્પૉ'ન્ડ્) To despair or lose courage. નિરાશ થવું; આશા છોડી બેસવું. *n.* Despair. નિરાશા; નાઉમેદી.

Despondency, *n.* (ડીસ્પૉ'ન્ડન્સી) Despair; discouragenent. નિરાશા; નાઉમેદી: ઉદાસી; વિષાદ; મનોભંગ.

Despondent, *a.* (ડીસ્પૉ'ન્ડન્ટ્) Despairing. નાહીંમત કરતું; નાઉમેદ કરતું; નાઉમેદ; નિરૂત્સાહ; નાહીંમત; નિરાશ.

Desponding, *a.* (ડીસ્પૉ'ન્ડિન્ગ્) Discouraging. નાઉમેદ-નિરાશ-નાહીમ્મત કરતું.

Despot, *n.* (ડે'સ્પટ્) A tyrant; an absolute monarch. કુલ અખત્યાર ભોગવનાર રાજા.

Despotic-cal, *a.* (ડીસ્પૉ'ટિક્-ટિકલ્) Arbitrary; tyrannical. આપખુદી; પોતાની સત્તા ચલાવનાર; જુલમી

Despotism, *n.* (ડે'સ્પટિઝમ્) Absolute power. સ્વતંત્રતા; અપ્રતિબદ્ધ સત્તા; કુલ અખતીયાર; જુલમ; આપખુદી. 2. An absolute monarchy. અપ્રતિબદ્ધ રાજસત્તાવાળું રાજ્ય.

Dessert, *n.* (ડીઝ'ર્ટ્) That which is served at the close of a dinner, as sweet-meats. મુખવાસ. ફ્લ, મીઠાઈ વગેરે. [L *de* & *servio*, I serve.]

Destination, *n.* (ડેસ્ટિને,'શન્) Point of place aimed at; goal. ધારેલી જગ્યા; જે જગ્યાએ જવાનું હોય એ. 2. Fate; predetermined end. આગળથી ધારી મુકેલી વાત; નિર્માણ.

Destine, *vt.* (ડે'સ્ટિન્) To allot, doom or ordain. નક્કી ઠેરવવું; નિર્માણ કરવું.

Destined, *a.* (ડે'સ્ટિન્ડ્) Allotted; ordained. નિર્માણ; બ્રહ્મલિખિત; નિર્મિત; નક્કી કરેલું-ઠેરવેલું. [L. *de* & *sto,* I stand.]

Destiny, *n.* (ડે'સ્ટિની) Fate. બ્રહ્મલેખ; નિર્માણ; નશીબ. 2. Ultimate fate; divine doom. નશીબ; કિસ્મત; પ્રારબ્ધ; દૈવ; ભવિષ્ય; નશીબમાં લખેલી વાત.

Destitute, *a.* (ડે'સ્ટિટ્યુટ્) Indigent; needy. ગરીબ; લાચાર; દરિદ્રી; નિરાધાર; અનાથ; રંક; તંગીવાળું. 2. Lacking in or wanting; devoid of. વિનાનું; હીન.

Destitution, *n.* (ડેસ્ટિટ્યુ'શન્) Indigence; want; poverty. અભાવ; હીનતા; તંગી; લાચારી; ગરીબી; રંકપણું; દારિદ્રય; નિરાધારપણું; અનાથપણું.

Destroy, *vt.* (ડીસ્ટ્રૉ'ય્) To demolish. પાડી નાંખવું; ભાંગી-તોડી નાંખવું. 2. To kill. મારવું-નાશ કરવો. [L. *de* & *struo,* I build.]

Destroyer, *n.* (ડીસ્ટ્રૉ'યર્) One who kills or destroys. મારી નાંખનાર; મારનાર; નાશ કરનાર; સંહારક. 2. A war-ship લશ્કરી વહાણ.

Destructible, *a.* (ડીસ્ટ્ર'ક્ટિબલ્) Capable of ruin or destruction. નાશવંત; નાશ પામે એવું; ફાની.

Destruction, *n.* (ડીસ્ટ્ર'ક્શન્) Devastation; demolition. નાશ; ક્ષય; સંહાર. 2. Utter ruin. પાયમાલી; ઉચ્છેદ; સત્યાનાશ.

Destructive, *a.* (ડીસ્ટ્ર'ક્ટિવ્) Fatal; pernicious; ruinous. તારાજ-પાયમાલ-નાશ કરે એવું; નાશવંત; પાયમાલી કરનાર.

Desuetude, *n.* (ડી'સ્વટ્યુડ્) Disuse. વહીવટ-ઉપયોગ-ચાલ નીકળી જવો તે. [L. *de* & *suesco,* I am accustomed to.]

Desultory, *a.* (ડે'સલ્ટરી) Aimless; immethodical; disconnected. અવ્યવસ્થિત; અસ્થિર; જેમ તેમ કીધેલું; જેહાં માથા વગરનું. [L. *de* & *salio,* I leap.]

Desume, *vt.* (ડીસ'યૂમ્) To borrow or take from. ઉછીનું-ઉધાર લેવું; ની પાસેથી લેવું. [L. *de* & *sumo,* I take.]

Detach, *vt.* (ડીટૅ'ચ્) To separate; to part. જુદું પાડવું; છુટું પાડવું; અમુક મુકરર બાબત-ઉપયોગમાંથી જુદું-છુટું પાડવું.

Detached, *a* (ડીટૅ'ચ્ડ્) Unconnected; separate. જુદું; છુટું છુટું; અલગ; ભિન્ન; પૃથક્.

Detachment, *n.* (ડીટૅ'ચમન્ટ્) Separation. વિભાગ; વિયોગ; જુદું જુદું-છુટું છુટું થવું તે. 2. A body of troops. લશ્કરની ટુકડી.

Detail, *vt.* (ડીટૅ',લ) To narrate or relate in full. તપસીલવાર-વિગતવાર જણાવવું. 2. To depute or appoint for a particular task. અમુક કામગીરી ઉપર મોકલવું-નીમવું. *n.* (ડી'ટૅ,લ) A particular. તપસીલ; વિગત; વિસ્તાર.

Detain, *vt.* (ડીટૅ',ન્) To restrain or withhold; to stop from proceeding. અટકાવવું; અટકાવી રાખવું; આગળ જતાં-વધતાં રોકવું. 2. To take in custody. કેદખાનામાં રાખવું. [L. *de* & *teneo,* hold.]

Detainment, *n.* (ડીટૅ,'નમન્ટ્) Detention. રોકાણ; અટકાવ.

Detect, *vt.* (ડીટૅ'ક્ટ્) To lay open or find out a secret thing. શોધી-પકડી કાઢવું. 2. To charge. ની ઉપર તોહોમત-આરોપ મુકવો. [L. *de* & *tego,* I cover.]

Detection, *n.* (ડીટૅ'ક્શન્) Discovery; the act of detecting. તપાસ; શોધ; ખોળ; ભાળ; પત્તો.

Detective, *n.* (ડીટૅ'ક્ટિવ્) A police of the C. I. D. સી આ. ડી. ખાતાનો પોલીસ; ગુન્હાઓ છુપી રીતે પકડનાર પોલીસ. *a.* Clever in detecting. ગુનાહ પકડવામાં-છુપી વાતો બહાર લાવવામાં ચાલાક.

Detention, *n.* (ડીટૅ'ન્શન્) Restraint; delay; confinement. નજરકેદ; ચોકી ઉપર બેસાડવું તે. 2. The act of stopping, detaining or holding back. અટકાવવું-અટકાવી રાખવું તે; રોકાણ.

Deter, *vt.* (ડીટ'ર્) To stop or prevent through fear, warning &c. રોકવું; અટકાવવું; ખાળવું. [L. *de* & *terreo,* I frighten.]

Deterge, *vt.* (ડીટ'ર્જ) To purify or cleanse. મેલ કાઢી નાંખવો; લુછી સાફ કરવું. [L. *de* & *turgeo,* I rub.]

Detergent, *a.* (ડીટ'ર્જન્ટ્) Purifying; purging. સાફ કરે એવું; મેલ કાઢી નાંખે એવું. *n.* A purgative. જુલાબ.

Deteriorate, *vt.* (ડીટી'રિઓરે,ટ્) To reduce in quality; to make worse. બગાડવું; ખરાબ કરવું. *vi.* To become worse; to become reduced in quality. ખરાબ થવું-બગડી જવું. [L. *deterior,* worse.]

Deterioration, *n.* (ડીટીરિઓરે,'શન્) The state or process of growing worse. અપકર્ષ; અધોગતિ; બગાડ; વિકાર.

Determinate, *a.* (ડીટ'રમિને,ટ્) Fixed or established. નિયમિત; નક્કી; ચોક્કસ; અમુક. 2. Undoubted. નિ:શંક; શક નહિં રહે એવું. 3. Firm. દૃઢ નિશ્ચયવાળું. *vt.* to bring to a conclusion. અંત-છેડો આણવો.

Determination, *n.* (ડીટરમિને,'શન્) The act of determining or fixing. નિર્ધારણ; નિર્ધાર,

2. Concluding. નીવેડો; ફેંસલો; ચુકાદો; ફડચો; તોડ; નિકાલ. 3. Intention; purpose; tendency. વલણ; સંકલ્પ; નિશ્ચય; વિચાર. 4. Resolve; firmness. આગ્રહ; નિશ્ચય; દૃઢતા.

Determine, *vt.* (ડીટ'રમિન્) To bound or limit. ની હદ-સીમા બાંધવી. 2. To end or conclude. નો અંત-છેડો-નિકાલ-ફડચો આણવો-લાવવો; નો તોડ કાઢવો. 3. To fix. નક્કી કરવું. 4. To resolve on. નિશ્ચય કરવો; નિર્ણય કરવો; ચોક્કસ વિચાર હોવો [L. *de* & *terminus*, an end.]

Determined, *a.* (ડીટ'રમિન્ડ્) Resolute. નિશ્ચયી; સંકલ્પવાળું; ધીર; વજ્રસંકલ્પી

Detest, *vt.* (ડીટે'સ્ટ્) To abhor, hate or hold in contempt. ધિક્કારવું; નો તિરસ્કાર કરવો; નો ધિક્કાર કરવો. [L. *detestari*, to abhor]

Detestable, *a.* (ડીટે'સ્ટબલ્) Worthy of abhorrence or contempt. તિરસ્કાર-ધિક્કારપાત્ર; ધિક્કારવા જોગ.

Detestation, *n.* (ડીટેસ્ટે,'શન્) Contempt; hatred; abhorrence. તિરસ્કાર; ધિક્કાર; ધિક્કારવું તે; નામ ન ગમવું તે; કંટાળો આપવો તે.

Dethrone, *vt.* (ડીથ્રો,'ન્) To depose from kingship. ગાદી ઉપરથી ઉઠાડી મુકવું; રાજ્યભ્રષ્ટ કરવું. [L. *de* & *thronus*, throne.]

Dethronement, *n.* (ડીથ્રો,'નમેન્ટ્) Deposition: removal from throne. ગાદી ઉપરથી ઉઠાડી મુકવું તે; પદભ્રષ્ટ કરવું તે.

Detinue, *n.* (ડે'ટિન્યુ) A hostage. ખાત્રી તરીકે રાખેલો માણસ-ચીજ.

Detonate, *vt.* (ડે'ટોને,ટ્) To cause to explode. ફોડાવવું; ફોડવું; બાર કરવો. *vt.* To explode. ફૂટવું; બાર થવો. [L. *de* & *tono*, I thunder.]

Detort, *vt.* (ડીટૉ'ર્ટ્) To distort, wrest or pervert. વળ દેવો; અર્થનો અનર્થ કરવો; ફેરવવું. [L. *de* & *turqueo*, I twist.]

Detour, *n.* (ડીટૂ'ર્) A going round about. ફેરો; ફરીને આવવું તે. 2. A round about or circuitous way. ફરીને જવાનો-દૂરનો રસ્તો.

Detract. *vt.* (ડીટ્રૅ'કટ્) To take away or withdraw. ઘટાડવું; ઓછું કરવું; લઇ લેવું. 2. To disparage. વખોડવું; નિંદા કરવી. *vi.* To defame. માન-આબરૂ ઘટાડવી-ઓછી કરવી. [L. *de* & *traho*, I draw.]

Detraction, *n.* (ડીટ્રૅ'કશન્) The act of decreasing, lessening or withdrawing. ઘટાડવું-ઓછું કરવું તે; હલકું પાડવું તે. 2. Defamation. નિંદા; બેઆબરૂ કરવી તે.

Detractive, *a.* (ડીટ્રૅ'કિટવ્) Defamatory. નિંદા કરતું; બેઆબરૂ કરતું; વખોડતું; માનભંગ કરતું; માન-આબરૂ ઓછી કરતું; આબરૂને નુકસાન પહોંચાડતું.

Detriment, *n.* (ડે'ટ્રિમેન્ટ્) Harm; mischief; damage. અડચણ; હાનિ; ખલેલ; નુકસાન; બીગાડ; ક્ષતિ. 2. A charge. ચઢતર; ખરાજાત. *vt.* To harm or hurt નુકસાન કરવું; ઇજા પહોંચાડવી. [L. *de* & *tero*, I rub.]

Detrimental, *a.* (ડેટ્રિમે'ન્ટલ્) Hurtful; injurious; causing loss or damage. હાનિકારક. નુકસાન પહોંચાડે એવું; ખલેલ કરે એવું; બગાડે એવું.

Detrition, *n.* (ડીટ્રિ'શન્) A rubbing or wearing away. ઘસાઈ જવું તે; ઘસારો. [L. *de* & *tero*, I rub.]

Detritus, *n.* (ડીટ્રા' યટસ્) A mass of matter worn off from solid bodies. નક્કર પદાર્થ ઘસાવાથી પડેલો કચરો.

Deturbation, *n.* (ડીટર્બે,'શન્) Humiliation; degradation. માનભંગ; હલકું પાડવું.

Deturperate, *vt.* (ડેટ્યુ'પરે,ટ્) To corrupt or defile. ભ્રષ્ટ કરવું-ખરાબ-અપવિત્ર કરવું. [L. *de* & *turpis*, ugly.]

Deuce, *n.* (ડયુસ) The devil. પિશાચ; ભુત; સેતાન; રાક્ષસ. [L. *dusis*, armour.] ગંજીફા, પાસાની દુડી; ટેનિસમાં 40 all, games all-એ સ્થિતિ. [L. *duo*, two.]

Deuterogamy, *n.* (ડયુટરો'ગૅમી) Custom of second marriage of a widow or widower. પુનર્લગ્ન; બીજલગ્ન. [L. *deuteros*, second & *gamos*, marriage.]

Devast, devastate, *vt.* (ડે'વસ્ટ્-ડે'વૅસ્ટે,ટ્) To ravage, lay waste, desolate or plunder. લુંટવું; ઉજ્જડ કરવું; ખરાબ કરવું; વેરાન-નિર્જન કરવું; ખેદાનમેદાન કરી નાખવું. [L. *de* & *vasto*, I waste.]

Devastation, *n.* (ડેવસ્ટે,'શન્) Laying waste. ખરાબી; ખેદાનમેદાન કરવું તે; પાયમાલી; નાશ; વેરાની.

Develop, *vt.* (ડીવે'લપ્) To progress in growth. ખીલવું; વિકાસ પામવો. 2. To mature. પાકું થવું-પક્વાવસ્થામાં આવવું. **To develop a disease** = રોગ થવો [L. *de* & *valvo*, I roll.]

Development, *n.* (ડીવે'લપમેન્ટ્) The act of developing or its progress. ખીલવું તે. 2. Unravelling of a mystery &c. વિકાસ; પ્રાદુર્ભાવ; જાણીતું-ખુલ્લું-સ્પષ્ટ થવું તે; આગળના બનાવો.

Devergence-cy. *n.* (ડીવ'રજેન્સ-ડીવ'રજન્સી) Sloping; a slope. ઢાળ; ઢોળાવ; ઉતરાણ.

Devex, *a.* (ડીવે'કસ્) Sloping; bending down. ઢળતું; નીચે નમતું; ઢોળાવવાળું; વાંકું વળેલું. [L. *de* & *vehio*, I carry.]

Deviate, *vt.* (ડી'વિએ,ટ્) To wander, stray or err. આડા ફાટવું; ખસવું; ચળવું; માર્ગ મુકીને આડા જવું. [L. *de* & *via*, way.]

Deviation, *n.* (ડીવિએ,'શન્) Wandering or straying. ચગવું-ખસવું-આડા ફાટવું તે. ચાતરવું. 2. Sin. પાપ; અપરાધ; તકસીર; ચુક; ભુલ.

Device, *n.* (ડીવા'ઇસ્) A trick or contrivance. હિકમત; કળા; યુક્તિ; ઉપાય; કરામત. 2. An invention. શોધખોળ; બનાવટ. [L. *divido,* I separate.]

Devil, *n.* (ડે'વિલ્) Deuce or satan. દૈત્ય. ભૂત; પિશાચ; સેતાન. 2. A big scissors-like machine. સુતર વગેરે કાપવાનું કાતર જેવું મોટું યંત્ર. 3. A very cruel or wicked person. અતિખરાબ-અતિક્રૂર માણસ. **D. dealer**= ભુવો. **To play with the devil**=આગ સાથે રમવું; જીવ જોખમમાં નાંખવો.

Devilish, *a.* (ડે'વિલિશ્) Demoniacal; diabolical. સેતાન-ભુત જેવું; અતિક્રૂર; અતિદુષ્ટ.

Devious, *a.* (ડી'વિયસ્) Crooked; winding. વાંકુંચુંકું; આડું. [L. *de* & *via.*]

Devise, *vi.* (ડીવા'ઈઝ) To plan or invent. યોજવું; યુક્તિ હીકમત ખોળી કાઢવી; શોધી, વિચારી કાઢવું. 2. To bequeath. વારસામાં આપવું. *vt.* To invent or plan. ખોળી-શોધી કાઢવું. *n.* Bequeathing of property. મિલ્કત વારસામાં આપવી તે. 2. A real estate will. સ્થાવર મિલ્કતનું વસીયતનામું. [L. *divido,* I divide.]

Devisable, *a.* (ડીવા'ઈઝબલ્) Capable of contrivance or invention. કલ્પના કરવા જોગ; શોધ કરવા જોગ; યોજવા જોગ. 2. Capable of being bequeathed. વારસામાં આપવા જોગ.

Devisee, *n.* (ડીવાઇઝી') One to whom a real estate is bequeathed by will. સ્થાવર મિલ્કતનો વારસ.

Devisor, *n.* (ડીવા'ઈઝર્) A contriver or inventor. યોજના ઘડનાર; યુક્તિ રચનાર; શોધ-ખોળ કરનાર.

Devisor, *n.* (ડીવા'ઈઝર્) One who bequeathes real estate by a will. વસીયત નામું કરી મિલ્કત વારસામાં આપનાર.

Devoid, *a.* (ડીવૉ'ઈડ્) Empty; vacant; voice. પોકળ; ફોકટ; ખાલી. 2. Lacking; wanting in; destitute of. રહિત; વિનાનું; શૂન્ય; નિરાળું; વેગળું.

Devolution, *n.* (ડીવોલ્યુ'શન્) Passing from one man to another. એક પાસેથી બીજા પાસે જવું-બીજાના હાથમાં આવવું તે.

Devolve, *vt.* (ડીવૉ'લ્વ્) To pass from one person to another; to hand over. હાથોહાથ આપી દેવું. *vi.* To roll downward. ઉતરવું; નીચે ગબડવું. 2. To pass from one person to another. ના હાથમાં આવવું-મળવું.[L.*de,* & *volvo,* I roll.]

Devote, *vt.* (ડીવો,'ટ્) To give up to; to dedicate. માં વાપરવું; અર્પણ કરવું. 2. To be absorbed in; to engage solely in. માં મચ્યા રહેવું-મચવું. 3. To give oneself up to. સ્વાધીન કરવું [L. *de,* & *voveo,* I vow.]

Devoted, *a.* (ડીવો,'ટિડ્) Strongly attached or given up to a person or cause. ફીદા; તલ્લીન; ભાવિક; એકનિષ્ઠ; આસક્ત; પરાયણ; તત્પર.

Devotee, *n.* (ડેવટી') A worshipper; one who is devoted. સંત; પુજારી; જોગી; યોગી; ભગત; ભક્ત; વેરાગી; ધર્માંધ માણસ.

Devotion, *n.* (ડીવો,'શન્) Strong attachment to or absorption in. એકનિષ્ઠા; સેવા; અનન્ય ભાવ; ભક્તિ. 2. Object of devotion. પૂજ્યસ્થાન; ભક્તિનું સ્થાન; મૂર્તિ.

Devotional, *a.* (ડીવો,'શનલ્) Relating to worship or devotion. પૂજા-ભક્તિ સંબંધી.

Devour, *vt.* (ડીવૅ'વર્) To eat ravenously. એકદમ, ફાડી ખાઈ જવું. **To devour a book**=કોઈપણ પુસ્તક ઘણાજ આનંદથી વાંચવું. [L. *de,* & *voro,* I eat whole.]

Devout, *a.* (ડીવા'ઉટ્) Reverent; pious. પરમ-ભક્તિવાળું; ભાવિક; પરમધાર્મિક. 2. Religious. ઈશ્વરનિષ્ઠ.

Dew, *n.* (ડ્યૂ) Atmospherical moisture deposited on ground &c. only in the morning. ઝાકળ; ઓસ.

Dew-lap, *n.* (ડ્યુ'લૅપ્)Loose skin that hangs from the throats of cow or oxen. બળદ અથવા ગાયના ગળા નીચે જે ચામડીની ઝુલ, ગભગંબ, ધાબળો લટકતો હોય છે તે; ગોદડી.

Dewy, *a.* (ડ્યુ'ઈ) Full of dew. ઝાકળથી ભરેલું.

Dexter, *a.* (ડે'ક્સ્ટર્) Right. જમણું; જમણો.

Dexterity, *n.* (ડેક્સ્ટે'રિટી) Expertness; skill; readiness in action. ખબરદારી; દક્ષતા; કસબ; કારાગીરી; ચપળતા; ચાલાકી; હોશીયારી; કુશળતા. 2. Right-handedness. જમણા હાથથી કામ કરવાની ટેવ.[L.*dexter,*right hand.Sans.દક્ષ.]

Dexterous, dextrous, *a.* (ડે'ક્સટરસ્-ટ્રસ્) Skilful; expert.દક્ષ;ચંચળ;ચાલાક;ચતુરાઈથી કરેલું; હોશીયાર; ખબરદાર; ચપળ; કસબગાર.

Diabetes, *n.*(ડાઈઍબી'ટીઝ્)A urinary disease accompanied by great physical debility. મુત્રાતિસાર: સાકરીયો પરમીયો, પ્રમેહ.

Diabolical, *a.* (ડાયૅબૉ'લિકલ્) Infernal; devilish.સેતાની;અતિક્રૂર [Gr.*diabolos,*the devil.]

Diadem, *n.* (ડા'યડમ્) The regal crown or any other ornamental head-dress. રાજમુકુટ-શણગારેલો માથાનો ઝુંડો. [L. *dia,* throughout & *dignos,* I bind.]

Diagnosis, *n.* (ડાયૅગ્નો,'સિસ્) Determination of a disease from its symptoms,

રોગપરીક્ષા-રોગનિદાન; રોગચિકિત્સા.2. Scientific determination of any kind. શાસ્ત્રાનુસારી નિશ્ચય-ઠરાવ. [Gr. *dea*, through & *gignasko*, I know.]

Diagonal, *a.* (ડાયૅ'ગનલ્) Extending from one angle to another of a quadrilateral. કર્ણરેખાકૃતિનું; કર્ણાકૃતિનું. [Gr. *dia*, through & *gonia*, an angle.]-*n.* કર્ણરેખા.

Diagram, *n.* (ડા'યૅગ્રૅમ્) An illustrative figure or sketch.સિદ્ધાંત સિદ્ધ કરવા સારૂ દોરેલી-કાઢેલી આકૃતિ. [Gr. *dia*, through & *grephos*, I write.]

Dial, *n.* (ડા'યલ્) A sun-dial. છાયાયંત્ર. 2. The face of watch, or clock on which the figures are written. ઘડિયાળના જે ભાગ ઉપર આંકડા લખ્યા હોય તે ભાગ, ચાંદો. 3. The compass. હોકાયંત્ર.

Dialect, *n.* (ડા'યલેક્ટ્) Language or sub-language. ભાષા; બોલી; પ્રાંતભાષા. [Gr. *dia*, & *lego*, I speak.]

Dialectical, *a* (ડાયૅલે'ક્ટિકલ્) Relating to a language. ભાષા વિષે-નું. 2. Logical. તર્કશાસ્ત્રી વિષેનું.

Dialectics, *n.* (ડાયલે'ક્ટિક્સ્) Science of reasoning; Logic. તર્કશાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર; ન્યાય.

Dialectician, *n.* (ડાયલેક્ટિ'શન્) A logician. ન્યાયશાસ્ત્ર-તર્કશાસ્ત્રવેત્તા.

Dialogue, *n.* (ડા'યલૅાગ્) A conversation between two or more person. સંવાદ; સવાલ જવાબ; વાતચીત. *vi.* To converse. સંવાદ-વાતચીત કરવી; સવાલ જવાબ કo. [L. *dia* and *lego*, I speak.]

Diameter, *n.* (ડાયૅ'મીટર્) The chord of a circle passing through its centre. મધ્ય, વ્યાસ રેખા. 2. Breadth or width. પહોળાઈ. [L. *dia* & *metron*, a measure.]

Diametrical, *a.* (ડાયૅ'મેટ્રિકલ્) About the diameter of a circle. મધ્ય,વ્યાસ રેખા સંબંધી. 2. Contrary. વિરૂદ્ધ; ઉલટું.

Diametrically, *adv.*(ડાયે'મેટ્રીકલી)Directly; in toto; completely. તદ્દન; શુદ્ધ; સીધું; છેક ખરેખરૂં.

Diamond, *n.* (ડા'યમન્ડ્) One of the costly jewels. હીરો. 2. One of a suit of cards. ગંજીફામાં ચોકડીનાં પાનાં. 3. Very small type. ઘણો નાનો ટાઇપ. **D. bits**=હીરાકણી [L. *adamas*, adament.]

Diaper, *n.* (ડા'યપર્) Chequered linen cloth &c. શણ; ચિત્રવિચિત્ર લીટી-નકશી વાળું કપડું. *a.* Chequered. ચિત્રવિચિત્ર; નકશીવાળું. *vt.* To chequer cloth. કપડા ઉપર તરેહતરેહના ચિત્ર-બુટ્ટા કાઢવા-તરેહ કાઢવી.

Diaphanous, *a.* (ડાયૅ'ફનસ્) Clear; transparent. સ્વચ્છ; નિર્મળ; પારદર્શક. [L. *dia*, through & *phanio*, I see.]

Diaphoretic, *a.* (ડાયૅફોરે'ટિક્) Tending to promote perspiration in fevers. પરસેવા લાવવાની-વધારવાની શક્તિ ધરાવનાર. *n.* A medicine possessing this property. પરસેવા લાવનારી દવા. [Gr. *phero*, I carry.]

Diaphragm, *n.* (ડા'યૅફ્રૅમ્) A muscle separating the walls of the chest. પેટમાંહેનો પડદો. 2. A thin partition. આંતરો-પાતળો પડદો. [Gr.*dia*, through & *phrasso*, a fence.]

Diarrhoea, *n.* (ડાયરી'અૅ) A kind of disease marked by violent & frequent purging. સંગ્રહણી; અતિસાર; હાથ ધોણું [Gr. *dia* & *rheo*, flow.]

Diarchy, *n.* (ડા'યાર્કી) Government by two authorities. દ્વિશાસન પદ્ધતિ; દ્વિરાજક તંત્ર.

Diary, *n.* (ડા'એરી) A small note-book for daily record purposes. ડાયરી: નોંધવહી. 2. A daily record. નિત્યનોંધ; દિનચર્યા. [L. *dies*, day]

Diatribe, *n.* (ડા'યટ્રાઇબ્) A tiresome discourse. ટહાયલું; સંવાદ. 2. A strain of reproach. ઠપકો. [*diatriba*, a learned discussion.]

Diatribist, *n.* (ડા'યટ્રાઇબિસ્ટ્) The author of a diatribe. ટાયલું-વાદવિવાદ-સંવાદ કરનાર.

Dibble, *n.* (ડિ'બલ્) A pointed iron instrument. ફરસી; કોદાળી. *vt.* To dig with a spade and sow. કોદાળીથી ખોદીને વાવવું.

Dice, *n.* (ડાઇસ્) *pl.* of die. Small numbered cubes used in gambling. રમવાના પાસા. 2. Gambling. જુગાર.

Dicephelous, *a.* (ડાઇસે'ફેલસ્) Two headed. એક ધડ ઉપર બે માથાવાળું.

Dichotomy, *n.* (ડિકૅા'ટમી) Division into two. બબ્બેનું વર્ગીકરણ.

Dictate, *vt.* (ડિક્ટે,'ટ્) To speak so that another may write. લખાવવું. 2. To give an absolute order or command. સત્તાવાર-ઉપરીપણાથી હુકમ આપવો-આજ્ઞા કરવી. [L. *dico*, I say.]

Dictate, *n.* (ડિ'ક્ટે,ટ્) An order or command. આજ્ઞા; હુકમ; ફરમાન; પ્રેરણા; સૂચના.

Dictation, *n.* (ડિક્ટે,'શન્) Writing down as another speaks. લખી લેવું તે; શુદ્ધ લેખન.

Dictator, *n.* (ડિક્ટે,'ટર્) An absolute commander or ruler. સર મુખત્યાર; હુકમ-આજ્ઞા આપનાર; પુરેપુરી સત્તા ધરાવનાર; કુલ અધિકારી.

Dictatorial, *a.* (ડિક્ટૅટા,'રિઅલ્) Unlimited; absolute. અપ્રતિબદ્ધ; કુલ. 2. Imperious. તોરી; જહાંગીરી; અખત્યારી હોય એવું.

Diction, *n.* (ડિ'કશન્) Style of expression; language. ભાષા; વાક્યરચના; શૈલી;લખવાની રીત. [L. *dico*, I say.]

Dictionarian, *n.* (ડિકશને'રિઅન્) The author, compiler &c. of a dictionary. શબ્દ-કોશ લખનાર; કોશકર્તા; કોશકાર.

Dictionary, *n.* (ડિ'કશનરી) Vocabulary; a lexicon. શબ્દકોશ; શબ્દસંગ્રહ; ડિક્ષનેરી; ફરહંગ.

Dictum, *n.* (ડિ'કટમ્) A judicial or other authoritative opinion or assertion. સત્તાવાર વાક્ય: ઉક્તિ; વચન; મુકર્દમાનો ચુકાદો [L. *dico.*]

Did, (ડિડ્) Past tense of "do." કીધું; કર્યું.

Didactic-cal, *a.* (ડિડૅ'કિટક્-કલ્) Advisory; instructive. ઉપદેશાત્મક; બોધાત્મક; બોધ-ઉપદેશ કરવાને યોજેલું. [Gr. *didaseo*, I teach.]

Dido, *n.* (ડિડો) A buffoon. મશ્કરીયો; ઠઠ્ઠાબાજ માણસ. 2. A conspiracy 3. A leap. ઠેકડો;છલંગ.

Die, *n.* (ડાય્) A small numbered cube used in gambling. રમવાનો પાસો. 2. A coining stamp.સીક્કો પાડવાની મુદ્રા.**The die is cast**=કામ કરી ચુકયા છે. હવે બનવાનુ હોય તે બને. *vt.* To expire or cease to exist. રામ રમી જવા; મરણ પામવું; દેહત્યાગ કરવો; મરવું. 2. Become ruined or non-existent. નાશ પામવું; જતા રેહવું. **To die in the last ditch,**=મરણીયા થઈ લડવું; કેસરીયાં કરવા. **To die out**=ધીમેધીમે મરણ પામવું-બંધ પડવું. **D. hard**=પોતાનો મત કેમે કરી છોડે નહિ, સ્હામાના દબાણને ઠેઠ સુધી વશ થાય નહિ એવો.

Diet, *n.* (ડાં'એટ્)Usual food.ખાનપાન;ખોરાક; ખાણું; ભોજન. 2. An advisory council. રાજસભા; મંત્રીમંડળ. 3.Regimen.પરહેજી; પથ્ય. [L. *dieta*, manner of living.]

Dietetic-cal, *a.*(ડાયીટૅ'ટિક્-કલ્)About diet. પથ્ય-પરહેજી સંબંધી; હમેશના ખોરાકનું.

Differ, *vt.* (ડિ'ફર્) To dissent, vary or dis-agree. સરખું-જેવું ન હોવું; પૃથક્-ભિન્ન હોવું; તફાવત હોવો; જુદા પડવું; મત-વિચારમાં મળતા ન થવું; મતભેદ હોવો. [L.*dis*,& *ferro*,I carry.]

Difference, *n.* (ડિ'ફરન્સ્)Variation.તફાવત; ફેરફાર. **Slight difference**=હેરફેર. 2. Remainder after deduction. બાકી; શેષ. *vt.* To make different. ભેદ-તફાવત ગણવો.

Different, *a.* (ડિ'ફરન્ટ્) Dissimilar;distinct; varying. વિજાતીય; નિરાળું; જુદું; ન્યારૂં.

Differentia, *n.*(ડિફરે'ન્શીયા)*pl.* Differentiæ. Specific difference. વિશેષતા. [Logic.]

Difficult, *a.* (ડિ'ફિકલ્ટ્) Hard; not easy. અઘરૂં; કઠણ; મેહનતનું; જડ; દુર્ઘટ.2.Unyielding; stubborn. જીદ્દી; કકડ; હઠીલું.

Diffide, *vi.* (ડિફા'ઈડ્) To want confidence or trust in. ભરોસો-વિશ્વાસ ન હોવો.

Diffidence,*n.*(ડિ'ફિડન્સ્) Want of confidence; dis-trust. અણવિશ્વાસ; ભરોસો, ખાત્રી ન હોવી-રાખવી તે. 2. Timidity; bashfulness. આત્મશંકા; શરમાતા; શરમાળપણું; [L. *dis*, & *fido*, I trust.]

Difficulty, *n.* (ડિ'ફિકલ્ટી) State of being hard. મુશ્કેલી; કઠિણતા;ગુંચવણ.2.An objection. અડચણ; તકરાર; હરકત.

Diffident, *a.*(ડિ'ફિડન્ટ્)Distrustful; wanting confidence. ભરોસો-વિશ્વાસ નહિં હોય-કરે એવું. 2. Wanting in self-confidence. આત્મશંકિત.

Diffuse,*vt.*(ડિફ્યૂ'ઝ્)To spread.પ્રસારવું;ફેલાવવું; વિસ્તારવું; પસરાવવું. [L. *dis*, &*fundo*,I pour.]

Diffuseness, *n.*(ડિફ્યુ'સનિસ્) Lengthiness; looseness. લંબાણ; ફેલાવો; વિસ્તાર; છિન્નભિન્નતા.

Diffusible, *a.* (ડિફ્યૂ'ઝિબલ્) Capable of being spread. વિસ્તાર કરાય-પથરાય એવું.

Diffusion, *n.* (ડિફ્યૂ'ઝ્ઝન્) Circulation; dissemination; extension. પ્રચારણ; ફેલાવો; વિસ્તાર; પ્રસાર.

Diffusive, *a.*(ડિફ્યુ'સિવ્) Liable to circulate or diffuse. ફેલાય-પ્રસરે એવું; વ્યાપક.

Dig, *vt.* (ડિગ્) To turn up earth with a sharp instrument; to excavate. ખોદવું. 2. To poke. આંગળીઓ ઘોંચવી; ગોદા મારવા. *vi.* To work with a spade. કોદાળીથી ખોદવું. *n.* A thrust. ધક્કો.

Digest, *vt.* (ડિજે'સ્ટ્) To arrange. વ્યવસ્થિત રીતે ગોઠવવું. 2.To turn into nutritive elements. પાચન કરવું; પચવવું. *vi.* To become digested. પાચન-હજમ થવું;પચવું.*n*(ડાં'યજેસ્ટ્) Summarised collection. કાયદાગ્રંથસંગ્રહ;સાર. [L.*dis* & *gero*, I bear.]

Digestible, *a.* (ડિજે'સ્ટિબલ્) That can be digested. પચનીય; પાચન કરી શકાય એવું.

Digestion, *n.* (ડિજે'સ્ચન્) The process of the conversion of food into chyme. પાચનક્રિયા; પચનશક્તિ. **Slowness of d.**= મંદાગ્નિ 2. The act of digesting. પાક; પરિપાક.

Digestive, *a.* (ડિજે'સ્ટિવ્) Promoting digestion. પાચક; પચાવે એવું. *n.* A tonic, શક્તિની દવા.

Digit, *n.* (ડિ'જીટ્) A finger or a measure equal to it. આંગળી; પોણો તસુ; 2. Any single arithmetical figure. નવ સુધીનો કોઈ પણ અંક. *vt.* To point out with the finger. આંગળીથી બતાવવું. [L. *digitus*.]

Dignification, *n.* (ડિગ્નિફિકે,'શન્) Exaltation. વધારે રોફ-દમામવાળું કરવું તે; વધારે ઉંચી પદ્દવીએ ચઢાવવું તે. [L. *dignues*, worthy & *facio*, I make.]

Dignified, *a.* (ડિ'ગ્નિફાઈડ્) Marked with dignity;stately.પ્રૌઢ;ગૌરવવાળું; માનનીય;પ્રતિષ્ઠિત.

Dignify, *vt.* (ડિ'ગ્નિફાય્) To exalt; to make illustrious; to honour. ઉંચી પદ્દવી આપવી; ઉચ્ચ દરજ્જાપર ચઢાવવો; પ્રતિષ્ઠિત-મ્હોટું કરવું.

Dignitary, *n.* (ડિ'ગ્નિટરી) An officer &c. high in rank especially a clergy-man of high rank. પદવીવાળો માણસ; ઉંચી પદ્દવીનો ધર્માધિકારી.

Dignity, *n.* (ડિ'ગ્નિટી) High mind or character. મનની મ્હોટાઈ; પ્રભુતા; માહાત્મ્ય. 2. Stateliness. રૉફ; માન; મોભ્ભો, પ્રભાવ 3. High rank. મ્હોટી પદ્દવી. 4. Loftiness. દાબ; દમામ; દબદબો. **To stand upon one's dignity**=પોતાની ઉંચી પદ્દવી અથવા માન પ્રતિષ્ઠાનો ફાંકો રાખવો.

Digress, *vt.* (ડિગ્રે'સ્) To stray; to turn aside; to deviate. આડા ફાટવું; આડે રસ્તે જવું; સીધો રસ્તો મૂકી વળવું. [L. *dis*. & *gradior*, I walk.]

Digression, *n.* (ડિગ્રે'શન્) A straying from the right path. શાખા; ફાંટો; સીધા માર્ગમાંથી આડા જવું તે. 2. A by-the-way talk away from the main topic. આડી અવળી વાતો;વિષયાંતર. [L. *dis*, & *gradsor* I walk.]

Dike, *vi.* (ડાઈક્) To excavate. ખોદવું. *n.* An artificial wall raised to prevent the seawater from flooding the low-levelled land. પુસ્તો; બાંધ. 2. A canal. પાણીનો માર્ગ; ન્હેર. *vt.* To drain by a dike. બાંધ વડે પાણી કાઢી નાંખવું.

Dilacerate, *vt.* (ડાયલૅ'સરે,ટ્) To rend asunder. જોરથી જુદું પાડવું-ફાડવું. [L. *dis*, & *lacero*, I tear]

Dilapidate, *vt.* (ડિલૅ'પિડે,ટ્) To demolish or bring into a decayed condition. ભાંગી-તોડી નાંખવું. 2. To be consumed by use. વપરાશથી ઓછું થવું. [L. *dis* & *lapis*, a stone.]

Dilapidated,*a.*(ડિલૅ'પિડે,ટિડ્) Demolished; decayed. ખંડેર; નાશ પામેલું; ભાંગી-તુટી પડેલું.

Dilapidation, *n.* ડિલૅપિડે'શન્) The act of demolishing or the state of being decayed. ભાંગી તુટી ગયેલું હોવું તે; ખરાબ કરવું-તોડી પાડવું તે; પાયમાલી; ખંડેર. 2. [Law] The delition of a building. ઈમારત જમીન દોસ્ત કરવી-પાડી નાંખવી તે.

Dilatation, *n.* (ડિલેટે',શન્) Expansion. વિસ્તાર; ફેલાવો. 2 [Surgery] The enlargement of a canal. કે ઇપણ ઇંદ્રિયનો વિસ્તાર-ફેલાવો.

Dilate, *vt.* (ડાઈલે',ટ્) To broaden or expand. ફેલાવવું. 2. To dwell upon. ઉપર લંબાણથી વિવેચન કરવું. *vi.* To broaden. પોહળું થવું. 2. To lecture at length. લાંબુ વિવેચન કરવું. [L. *dis*, & *latus*, wide.]

Dilation, *n* (ડાઇલે',શન્) Expansion; extent. ફેલાવો; વિસ્તાર. 2. Delay. વાર; ઢીલ; વાર-ઢીલ લગાડવી વ [L. *delatio*.]

Dilatory, *a.* (ડિલૅ'ટરી) Delaying; tardy. ઢીલું; ઢીલ કરતું. 2. Making late. વારલગાડે એવું.

Dilatoriness, *n.* (ડિ'લૅટરીનેસ્) Sluggardliness; tardiness; lateness; slowness. સુસ્તી; ધીમાપણું; ધીમાશ; મંદપણું.

Dilection, *n.* (ડાયલે,કશન્) Love.પ્રેમ;પ્રીતિ. 2. Choice. પસંદગી.

Dilemma, *n.* (ડિલે'મે) An argument in which two opposite truths are proved with equal conclusiveness.બેઉ તરફથી બરાબર બાંધી લે એવી દલીલ. 2. A difficult or doubtful choice: a state of things in which there is no escape from evil any way. સુડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ; વિટંબણા; ધર્મસંકટ. [L. *dis*, twice and *lemma*, an assumption]

Dilettante, *n.* (ડિલિટૅ'ન્ટિ) *pl.* Dilettanti. An amateur artist or an admirer or fine arts. સારા રસિક હુન્નરોને પસંદગી આપનાર; રસજ્ઞ માણસ; ડોળઘાલુ રસજ્ઞ.

Diligence, *n.* (ડિ'લિજન્સ્) A kind of four-wheeled carriage.ચાર પૈંડાવાળી ઘોડાગાડી. 2. Steady application; industry. મહેનત; ઉદ્યોગ;ઉદ્યોગીપણું. **To do one's diligence, to use diligence, to give diligence**, =પોતાથી બનતી મહેનત કરવી-ઝેહમત ઉઠાવવી. [L. *dis* & *lego*, I choose.]

Diligent, *a.* (ડિ'લિજન્ટ્) Industrious; assiduous. ખંતથી ધ્યાન લક્ષ આપનાર; મહેનતુ; ઉદ્યોગી; ઉદ્યમી.

Diligently, *adv.*(ડિ'લિજન્ટલી)In a diligent manner. ખંતથી; મહેનતથી; ઉદ્યોગથી

Dilly-dally *vt.* (ડિ'લી-ડૅલી) To trifle or loiter; to kill time. વખત નકામો ગુમાવવો; રઝળવું; રમીખાવું,

Dilucidate, *vt.* (ડિલ્યુ'સિડે,ટ્) To make clear or evident. સ્પષ્ટ-ચોખ્ખું કરવું; ગુંચવણ-મુંઝવણ દૂર કરવી. [L. *dis* & *lux*, light.]

Diluent, *a.* (ડિ'લ્યુઅન્ટ્)Making more thin or watery. વધારે પાતળું કરતું.*n.* That which thins. પાતળી કરનાર દવા વગેરે પદાર્થ.

Dilute, *vt.* (ડિલ્યૂ'ટ્) To make watery or liquid. વધારે પાણીમય-પાતળું કરવું-બનાવવું [L. *dis* & *luo*, I wash.]

Diluted, *a.* (ડિલ્યૂ'ટિડ્)Reduced in strength; watery; thin. પાતળુ;પાણીમય;નરમ;પાણી નાખેલું.

Dilution, *n.*(ડિલ્યૂ,'શન્)The act of diluting or the strength of being diluted. પાણીમય હોવું-કરવું તે; નબળું હોવું-કરવું તે.

Diluvian, *a.* (ડિલ્યૂ'વિયન્) Relating to flood. રેલ આવી હોય તે વખતે લાગતું.

Diluvium, *n.* (ડિલ્યૂ'વિયમ્) Deposit of rubbish by the action of the sea. દરીયાના પાણીના જોસથી ઘસડાઈ આવેલી રેતી; કચરો વગેરે. [L. *de* & *lavo*, I wash.]

Dim, *a.* (ડિમ્) Obscure; dusky; not bright. ઝાંખું. 2. Not seeing clearly. ઉપરચોટીયું દેખાતું. *vt.* To obscure. ઝાંખું કરવું.

Dimension, *n.* (ડિમે'ન્શન્) Extension in a single direction. એકજ તરફનું-લીટીનું માપ 2. *pl.* Size; extent. ક્ષેત્રફળ; વિસ્તાર. [L. *de*, & *metior*, measure.]

Diminish, *vt.* (ડિમિ'નિશ્) To make less. ઘટાડવું-ઓછું કરવું; માંથી લઈ લેવું. *vi.* To become less. ઓછું થવું; ઘટવું. [L. *dis* & *minus*, less.]

Diminutive, *a.* (ડિમિ'ન્યુટિવ્) Small; narrow. નાનું; બારીક; ઝીણું. *n.* A word formed from another to express a small thing of the same kind. નાના હોવાનો ગુણ બતાવનાર, લઘુવાચક શબ્દ; અલ્પાર્થસાચિત નામ.

Dimissory, *a.* (ડિમિ'સરી) Granting leave to depart. જવાની રજા આપતું; પરવાનારૂપ; રૂખસત આપતું. [L. *dis* & *mitto*, I send.]

Dimity, *n.* (ડિ'મિટી) A kind of stout cotton fabric. એક જાતનું સુતરાઉ કાપડ. [L. *dis*, twice & *mitos*, the warp-thread.]

Dimly, *adv.* (ડિ'મલી) Obscurely. ઝાંખી રીતે; સ્પષ્ટ રીતે નહિં એવું.

Dimness, *n.* (ડિ'મનિસ્) Obscureness. ઝાંખાપણું; અસ્પષ્ટ રીતે દેખાવવું તે. 2. Dull intellect. મંદબુદ્ધિ.

Dimple, *n.*(ડિ'મ્પલ્) A small natural depression on the cheek or chin. ગાલ ઉપરનો સ્હેજ પડતો ખાડો, કરચલી. *vt.* to form dimples. ગાલપર રેખા પાડવી.

Din, *n.* (ડિન્) Loud or tumultous noise or sound. મોટો અવાજ; શોરબકોર. *vt.* To stun with noise. અવાજથી કાન ફોડવા-બહેરા કરવા.

Dine, *vt.* (ડાઈન્) To give a dinner to. ખાણું-ભોજન આપવું. *vi.* To take meals especially at noon. બપોરનું,સાંજનું ભોજન લેવું-ખાણું ખાવું. **To dine with Duke Humphrey**=ભોજન વગર ચલાવવું; ભુખે મરવું. [L. *dis* & *jegunas*, fasting.]

Ding-dong. *n.* (ડિ'ન્ગડૉન્ગ) The ringing sound of bells. ઘંટનાદ; ઘંટાનો અવાજ; ડીંગ ડીંગ એવો અવાજ.

Dingle, *n.* (ડિ'ન્ગલ્) A vale. ખીણ.

Dingy, *a.* (ડિ'ન્જી) Sooty; black;dirty. કાળા-ધુળના રંગનું.

Dint, *n.* (ડિન્ટ્) A blow or its mark. ઝપાટો; ઘા; ગોબો; સળ. 2. Power exerted; force. બળ; જોર. **By dint of**=થી કરીને; ના બળ ઉપર-જોરથી. *vt.* To make a mark of a blow. ઘાની નીશાની કરવી.

Dinner, *n.* (ડિનર્) The principal noon-time meal. બપોરનું ભોજન-જમણ. 2. A dinner party. પાર્ટી; ખાણું; ભોજન; ઉજાણી; જમણવાર.

Diocesan, *a.* (ડાયૉ'સિઝન્) Relating to the diocese. બિશપની સત્તા નીચેના ભાગ વિષે.

Diocese, *n.* (ડા'યૉસીસ્) A clergyman's or bishop's ecclesiatical jurisdiction. બિશપની સત્તા નીચેનો મુલક; પાદરીની હુકૂમતનો મુલક. [Gr. *dia* & *okia*, a house.]

Diorama, *n.* (ડાયોરૅ'મા) A contrivance for optical illusion in case of scenic representations. ચિત્ર વધારે સરસ અને ભભકાદાર દેખાય એવી યુક્તિ. [Gr. *dia*, & *horao*, I see.]

Dip, *vt.* (ડિપ્) To plunge. ડબોળવું; બોળવું. 2. To undertake some business. કોઇ કામમાં ઉતરવું-ભાગ લેવો. **To dip the colours** =વાવટા નમાવીને પાછા ઠેકાણે મુકવા. *vi.* To glance over. ઉપલક ઉપલક જોવું. *n.* The act of plunging. બોળવું તે, ડૂબકી. 2. Gravy. રેસવો. 3. Dipped candle. બોળેલી મીણબત્તી-દીવેટ વગેરે.

Diphthong, *n.* (ડિ'ફ્થૉન્ગ) A combined vowel-sound. દ્વિસ્વર; સંધિસ્વર. [L. *dis* & *pthongos*, sound.]

Diploma, *n.* (ડિપ્લો,'મા)A deed in writing of honour, power. privilege &c. પરવાનો; સનંદ; પ્રમાણપત્ર; સર્ટીફીકેટ; પદ્દવી-અધિકારદર્શક પત્ર. [Gr. *diplos*, two-fold]

Diplomacy, *n.* (ડિપ્લો,'મસી) The art of negotiating between parties, nations &c. એલચીપણું; બે રાષ્ટ્ર વચ્ચે શિષ્ટાઈ કરવાની કળા. 2. Skill in securing advantages for oneself. શિષ્ટાઇ; વકીલાત કરવી તે.

Diplomatic, *a.* (ડિપ્લોમૅ'ટિક્) Relating to ambassadors. એલચીઓ સંબંધી. 2. Relating to a diploma. સનંદી. 3. Skilful; dexterous, ખબરદાર; હોશ્યાર,

Diplomatist, *n.* (ડિપ્લો'મૅટિસ્ટ્) A skillful ambassador. બાહોશ એલચી, સંચાલક.

Dipper, *n.* (ડિ'પર્) One who dips.બોળનાર; ડુબાવનાર. 2. A kind of utensil. કડછી; કડછો; પળી; પળો.

Dire, *a.* (ડાયર્) Destructive; dreadful; terrible;evil in great degree.ભયંકર;ભયાનક; અતિ દુષ્ટ; અતિ ઘાતકી. [L. *dirus*.]

Direful,*a* (ડા'યરફૂલ્)Terrible.ભયંકર;ક્રૂર;ઘાતકી.

Direct, *a.* (ડિરે'ક્ટ્) Express; straight to the point; straight. સાફ; સીધું; પાધરૂં. 2. Of the same generation. પેઢીનું. 3. From west to east. પશ્ચિમથી પૂર્વ દિશાનું. *vt.* To regulate or manage.કારભાર–વહીવટ ચલાવવો. 2. To aim. નો લાગ સાધવો; તાકવું. 3. To conduct or guide. ખરે રસ્તે દોરવું. 4. To order. હુકમ આપવો–આજ્ઞા કરવી.*vi.* To show the road. રસ્તો–માર્ગ બતાવવો. [L *dis* & *rego*, I rule.]

Direction, *n.* (ડિરે'ક્શન્) Management. અમલ; વહિવટ; કારભાર. 2. Order;instructions to proceed a certain way. હુકમ; રસ્તો બતાવવો તે. 3. Line or point of tendency according to the compass. દિશા. 4. Board of directors. ડાયરેક્ટરો. **In all directions**=ચોતરફ; બારેવાટ.

Directly, *adv.* (ડિરે'ક્ટલી) In a straight direction or manner. બારોબાર; સીધું ને સીધું. 2. At once; without delay; *instantly*. તાબડતોબ; તરતજ.

Directness, *n.* ડિરે'ક્ટનિસ્) Straightness; straight–forwardness. પાધરા–સીધાપણું.

Director, *n.* (ડિરે'ક્ટર્)One who manages or superintends. કારભાર–વહિવટ ચલાવનાર; ડાયરેક્ટર. **Directorate**=વહિવટદાર મંડળ.

Directorial, *a.* (ડિરે'ક્ટોરિયલ્) Pertaining to a director. વહિવટદાર સંબંધી. 2. Of the nature of an order. આજ્ઞા આપતું; રસ્તો બતાવતું; હુકમરૂપ.

Directory, *n* (ડિરે'ક્ટરી)A book in which different orders are filed. આજ્ઞાપત્રિકા. 2. An almanack. કોઇ શહેર વગેરેમાં રહેનાર વેપારીઓ વગેરેનાં નામઠામ આપનાર યાદીનું પુસ્તક.

Dirge, *n.* (ડર્જ્) A funeral tune or song. રાજીયો; શોકજનક ગીત; મરણગીત.

Dirk, *n.*(ડર્ક્)A sort of short dagger.કટીયાર; ખંજર; કીરપાન. *vt.* To stab with a dagger. કટીયાર-ખંજર ભોંકવું. *a.* Dark. ઝાંખું.

Dirt, *n.* (ડર્ટ્) Filth; dirty residue. કચરો; મેલ. 2. Meanness. હલકાપણું.

Dirtiness, *n.* (ડ'ર્ટીનેસ્) Uncleanliness; filthiness. મેલાપણું; ગંદાપણું; મલિનતા.

Dirty, *a.* (ડ'ર્ટી) Filthy; foul. મેલું.2.Mean; sordid. નીચ. 3. Clouded. ઘેરૂં; ઝાંખું. 4. Stormy. તોફાની. *vt.* To make unclean. ગંદુ-મેલું કરવું; નીચ બનાવવું.

Dis-ability, *n.* (ડિસઍબિ'લિટી) Want of capacity or competency (in law); weakness. અશક્તાઇ; નિર્બળપણું; નાલાયકપણું; અયોગ્યતા.

Disable, *vt.* (ડિસે'બલ્) To make unable or incapable. અશક્ત, શક્તિહીન ક૦. 2. To render incompetent (in Law.) યોગ્ય હક વિનાનું કરવું.

Dis-abuse, *vt.* (ડિસ-ઍબ્યુ'ઝ્) To set right; to free from erroneous ideas. ભુલ ભ્રાંતિમાંથી મુક્ત કરવું; ભ્રાંતિ-ખોટા ખ્યાલ ટાળવો દૂર કરવો.

Dis-advantage, *n.* (ડિસઍડવૅ'ન્ટેજ્) An unfavourable state. પ્રતિકૂલતા; ગેરફાયદો. 2. Detriment; loss. નુકશાન; હાનિ; ગેરફાયદો.

Dis-advantageous, *a.* (ડિસ-ઍડવૅનટે'-જસ્) Prejudicial or unfavourable to success. ગેરફાયદાકારક; પ્રતિકૂલ; નુકશાનકારક.

Dis-affect, *vt.* (ડિસ-ઍફે'ક્ટ્) To make dis-contented or unfriendly. ભાવ-પ્યાર-મમતા ઓછી કરવી-ઘટાડવી; અસંતોષ ફેલાવવો.

Dis-affected, *a.* (ડિસ-ઍફે'ક્ટેડ) Dis-contented. અસંતોષી; ભાવ-પ્રીતિ-પ્યાર ઉઠી ગયેલું.

Dis-affection, *n.* (ડિસઍફે'ક્શન્) Discontentment. અપ્રીતિ; અસંતોષ; નારાજપણું. 2. Want of order. ગેરબંદોબસ્ત.

Dis-affirm, *vt.* (ડિસઍફ'ર્મ્) To deny or contradict; not to confirm. ના પાડવી, કહેવી; નામંજુર કરવું.

Dis-agree, *vt.* (ડિસ-ઍગ્રી') To differ; not to agree. મતભેદ હોવો; જુદા પડવું; મળતા ન આવવું; મતમાં-વિચારમાં-અભિપ્રાયમાં જુદા હોવું. 2. Not to be congenial or suitable. માફક ન આવવું.

Dis-agreeable, *a.* (ડિસ-ઍગ્રી'અબલ્) Unpleasing. ના પસંદ; ન ગમતું; માફક ન આવતું.

Dis-agreement, *n.* (ડિસ-ઍગ્રી'મન્ટ્) Variation. ભિન્નતા; જુદાપણું 2. Difference of opinion. મતભેદ. વિચારનું જુદાપણું. 3. A quarrel; a falling out. ફાટાફૂટ; અણબનાવ.

Dis-allow, *vt.* (ડિસ-ઍલા'ઉ) Not to permit; to refuse sanction to. પરવાનગી આપવાની ના પાડવી; ના મંજુર કરવું.

Dis-allowance, *n.* (ડિસ-ઍલા'વન્સ્) Refusal of permisson. પરવાનગી–રૂખસદ ન

આપવી તે; રજા આપવાની ના પાડવી તે; ગેર મંજુરી; ના મંજુર ક૦ તે.

Dis-animate, *vt.* (ડિસ-ઍ'નિમે,ટ્) To kill. ચેતન, જીંદગી વગરનું કરવું. 2. To damp the spirits of. ને ના હિમ્મત કરવું; ના ઉમેદ કરવું.

Dis-appear, *vi.* (ડિસઍપી'ર્)To cease to be visible; to vanish from sight. ગુમ–અલોપ–અદૃશ્ય થવું; દેખાતા બંધ થવું; જતા રહેવું.

Dis-appearance, *n.* (ડિસઍપી'રૅન્સ્) Vanishing from sight. અદૃશ્યતા; નજરથી ગુમાવવું તે; દેખાતા બંધ થવું તે; જતા રહેવું તે.

Dis-appoint, *vt.*(ડિસ-ઍપૉ'ઈન્ટ્)To damp or frustrate the hopes of. ની ઉમેદ ધુળમાં મેળવવી; નાઉમેદ કરવું; આશાભંગ-નિરાશ કરવું.

Dis-appointed, *a.* (ડિસ-ઍપૉ'ઈન્ટેડ્) Hopeless. નિરાશ; નાઉમેદ; આશાભંગ થયેલું.

Dis-appointment, *n.*(ડિસ-ઍપૉ'ઇન્ટમેન્ટ્) Despair;hopelessness.નિરાશા;આશાભંગ;નાઉમેદી.

Dis-appreciate, *vt.* (ડિસઍપ્રી'શિએટ્) To disapprove. નાપસંદ હોવું. 2 To disparage. ની ઓછી કિંમત આંકવી.

Dis-approbation, *n.* (ડિસ-ઍપ્રૉબે,'શન્) Dis-approval. નાપસંદગી; અણગમો; ઈનકાર; અસ્વીકાર; ગેરખુશી.

Dis-approve, *vt.*(ડિસ-ઍપ્રૂવ્)To dis-like. નાપસંદ હોવું; અણગમો લાવો.

Dis-arm, *vt.* (ડિસ-આ'ર્મ્) To deprive of arms. હથિયાર રહિત-વિનાનું કરવું;હથિયાર છીનવી લેવાં. 2. To deprive of. મુક્ત, હીન ક૦

Dis-arrange, *vt.*(ડિસઍરે,'ન્જ્) To unsettle or disturb the order or arrangement of. અવ્યવસ્થિત કરવું; ગોઠવણમાં ભંગ કરવો.

Dis-array, *vt.* (ડિસ-ઍરે',) To throw out of order; to unsettle; to disorder. ધાલમેલ-ઉથલપાથલ કરવી;ગોઠવણમાં ભંગ કરવો;અવ્યવસ્થિત ક૦. 2. To take off the clothes. નો પોષાક-કપડાં ઉતારી લેવાં. *n.* Dis-arrangement. ગેરવ્યવસ્થા; ઉથલપાથલ.

Disaster, *n.* (ડિઝે'સ્ટર્) A catastrophe; a calamity. વિપત્તિ; સંકટ; આપદા.2.Bad union of planets. તારાનો અશુભ-અમંગળ યોગ. [Gr. *dis*, and *aster*, a star.]

Disatrous, *a.* (ડિઝે'સ્ટ્રસ્)Calamitous.સંકટ-વિપત્તિ ભરેલું.2. Not propitious.અમંગળ;અશુભ.

Dis-avow, *vt.* (ડિસઍવા'ઉ) To dis-claim or dis-own. નાકબુલ કરવું; નામુકરર કરવું; પોતાનું નથી-જુદું છે એમ કહેવું.

Dis-avowal, *n.* (ડિસ-ઍવા'વલ્) Rejection; dis-claiming; dis-owning. નાકબુલ-નામુકરર કરવું તે;કબુલ નથી એમ કહેવું તે;જુદું છે એમ કહેવું તે.

Dis-band, *vt.* (ડિસ-બૅ'ન્ડ્) To displace or break up as a body of troops. વીખેરી નાંખવું; લશ્કરી નોકરીમાંથી રજા આપવી. 2. To liberate. સ્વતંત્ર-છૂટું કરવું. *vi.* to be separated. છૂટા પડવું.

Dis-bar, *vt.* (ડિસબા'ર્) To expel from the bar. વકીલની-બૅરિસ્ટરની સનદ છીનવી લેવી.

Dis-belief, *n.* (ડિસબીલી'ફ્) Incredulity; want of trust in. અમાન્યતા; અણવિશ્વાસ.

Dis-believe, *vt.* (ડિસબીલી'વ્) Not to put faith in. ન માનવું; ખોટું માનવું; વિશ્વાસ ન રાખવો; ભરોસો ન રાખવો.

Disbeliever,*n.*(ડિસબીલિ'વર્)One who does not put faith in. ખોટું માનનાર.

Dis-blame, *vt.* (ડિસબ્લે',મ્) To clear from blame. ઠપકામાંથી મુક્ત ક૦; ઠપકો ન રહે એવું કરવું.

Disburden, *vt.* (ડિસબ'ર્ડન્) To remove load, embarrassment &c. ભાર-બોજો હલકો કરવો; મુશ્કેલીમાંથી મુક્ત કરવું.

Disburse, *vt.* (ડિસબ'ર્સ્) To defray. ખરચવું; ખર્ચ કરવો; આપવું.

Disbursement, *n.*(ડિસબ'ર્સમેન્ટ્)Expense; paying out. ખરચ; ખરચવું તે.

Disburthen, *vt.* (ડિસબ'ર્ધન્) To relieve of a load; to disburden. હલકું કરવું; બોજો હલકો કરવો.

Disc, *n.* (ડિસ્ક્) Any flat circular face or surface. ચકતી; ચકડું; ચંદો. 2. Face of the sun, the moon &c. બિંબ; કળા. 3. A circular wheel. ચકર; ચક્ર.

Discard, *vt.* (ડિસ્કા'ર્ડ) To throw off. નાંખી ફેંકી દેવું. 2. To dismiss; to put or thrust away. કાઢી મુકવું; કાઢી નાખવું.

Discern, *vt.* (ડિસ'ર્ન્) To distinguish. પારખી કાઢવું; પારખવું. 2. To perceive or grasp. સમજવું; સમજી લેવું. *vi.* To make distinction. ભેદ સમજવો.

Discernible, *a.* (ડિસ'ર્નિબલ્) Distinguishable; discoverable. દૃશ્ય; દૃષ્ટિગોચર; શોધી કઢાય એવું.

Discerning, *a.* (ડિસ'ર્નિંગ્) Penetrating; acute. બારીક-તીક્ષ્ણ નજરનું; ચતુર; વિવેકી.

Discernment, *n.* (ડિસ'ર્નમેન્ટ્) Penetration; acuteness. બારીક-તીક્ષ્ણ નજર; વિવેક; ચતુરાઇ.

Discharge, *vt.* (ડિસ્ચા'ર્જ) To unload. માલ ખાલી કરવો. 2. To fire (a gun) બાર કરવો; ફોડવું. 3. To pay off (as debts). અદા કરવું; ફેડવું; વાળવું. 4. To sack or dismiss. કાઢી મુકવું. 5. To release. છોડી મુકવું; તોહમતથી

મુકત ક૦. 6. To complete. બજાવવું; કરવું. 7. To emit. માંથી વેહવું-નીકળવું. *n.* Unloading. માલ ઉતારવો તે 2. Firing; explosion. બાર; ધડાકો; ફોડવું તે 3. Release. છુટકારો; તોહમતમાંથી મુક્તિ. 4. Dismissal. બરતરફ કરવામાં આવવું-કરવું તે. 5. Pronunciation. ઉચ્ચારણ, ઉદ્ગાર.

Discide, *vt.* (ડિસાઈડ્)To cut into pieces; to sever. કકડા કરવા; ભાગ કરવા. [L. *dis* & *caedo*, I cut.]

Disciple, *n.* (ડિસા'ઈપલ્) A follower; a scholar. ચેલો; શિષ્ય;વિદ્યાર્થી.[L.*disco*,I learn.]

Disciplinarian, *n* (ડિસિપ્લિને'રીઅન્)One who maintains discipline well. બંદોબસ્ત રાખવામાં હોશીયાર માણસ. *a.* About discipline. કાયદા-બંદોબસ્તને લગતું.

Disciplinary, *a.*(ડિસિપ્લિનરી) Pertaining to or intended for discipline or training. બંદોબસ્ત-શિક્ષા-કેળવણી-કાયદા-નિયમ સંબંધીનું-લગતું; સુધારવા-નિયમમાં રાખવા સારૂં કરેલું.

Discipline, *n.* (ડિસિપ્લિન્) Drill. કવાયત 2. Training. કેળવણી; શિક્ષણ. 3. Order or control. વ્યવસ્થા; બંદોબસ્ત.4.Severe training. સખ્તી.5.A code of rules and duties.દિનચર્યાની-નિયમોની શ્રેણી. *vt.* To train or bring into orderly state. નિયમ-નીતિ-બંદોબસ્તમાં લાવવું; કેળવણી આપવી.

Disclaim, *vt.* (ડિસકલે,'મ્) To disown. બીજાનો-પોતાનો હક નથી-દાવો નથી એમ કહેવું; બીજાનો હક નાકબુલ કરવો.

Disclose, *vt.* (ડિસકલો,'ઝ્)To open. ઉઘાડવું. 2. To reveal. ખુલ્લું કરવું; નજર પડે એમ કરવું; બહાર પાડવું.

Disclosure, *n.* (ડિસકલો'ઝર્) Revealing. ઉઘાડું કરવું તે 2. Thing &c. revealed. બહાર પાડેલી-ખુલ્લી થયેલી વાતો-બીના.

Discoid, *n.*(ડિ'સ્કૉઇડ્)A disc-shaped thing. ચક્રીના આકારનો પદાર્થ. [Gr. *discus*, round & *eidos*, form.]

Discolour, *vt.*(ડિસક'લર્)To atter or spoil the natural colour of. નો રંગ બદલવો-રૂપ બદલવું; નો અસલ રંગ બગાડવો.

Discolouration, *n.*(ડિસકલરે,'શન્)Change of colour (for worse.) રંગ બદલવો તે; વર્ણ-વિકાર. 3. A stain. ડપકો; ડાઘો.

Dis-comfit, *vt.* (ડિસ-કૉ'મ્ફિટ્) To frustrate or defeat. ની યુક્તિ ધુળ મેળવવી; ને હરાવવું *n.* Dis-appointment. નાઉમેદી.

Discomfiture, *n.* (ડિસ-કૉ'મ્ફિચર્) Defeat; frustration; rout. નિરાશા; આશાભંગ; હાર; પરાજય; પરાજિત બની જવું તે.

Discomfort, *n.* (ડિસ-ક'મ્ફર્ટ્) Sorrow; uneasiness. બેચેની; હેરાનગતી. *vt.* To vex or make uneasy. બેચેન-હેરાન કરવું.

Discomfortable, *a.* (ડિસક'મ્ફર્ટબલ્) Causing discomfort. બેચેન-હેરાન કરતું; અસુખાકારી; અણગમતું; ત્રાસ આપતું.

Discommode, *vt* (ડિસ-કૉમો,'ડ્) To trouble or molest. હેરાન કરવું; ત્રાસ આપવો. [L. *dis* & *commodus*, fit.]

Discompose, *vt.* (ડિસકૉમ્પો,'ઝ્) To disarrange. અવ્યવસ્થિત કરવું; ચોળી નાંખવું. 2. To disturb or agitate; to harass. સંતાપમાં નાંખવું; દુઃખ આપવું; હેરાનગતી ક૦; આકુળવ્યાકુળ કરવું; ત્રાસ આપવો.

Discomposure, *n.* (ડિસકૉમ્પો'ઝર્) Harassment; agitation. ક્ષોભ; સંતાપ; અકળામણ; ગરબડસરબડ.

Disconncert, *vt.* (ડિસકૉન્સ'ર્ટ)To bewilder. ગભરાવવું.2. To frustrate. નિષ્ફળ કરવું; ધુળ મેળવવું. *n.* Want of harmony. બેરાગ-બેસુર.

Disconnect,*vt.*(ડિસકને'ક્ટ્)To sever.separate or disperse. જુદું પાડવું; છુટું કરવું; ભાગલા પાડવા; નિરાળું-જુદું જુદું કરી નાંખવું; સંબંધ તોડી નાંખવો.

Disconnection, *n.* (ડિસકને'કશન્) Separation; severance. જુદા પાડવું તે; છુટાપણું; પૃથકતા; વિયોગ.

Disconsolate, *a.* (ડિસ-કૉ'ન્સોલે,ટ્) Deeply grieved. દુઃખમાં ગરક થયેલું; દુઃખમાં ડુબી ગયેલું. *vt.* To grieve. દુઃખી-ઉદાસ-ગમગીન કરવું.

Disconsolation, *n.* (ડિસકૉન્સોલે,'શન્) Grief; dejection. દિલગીરી;શોચ;ઉદાસીનતા;બેચેની.

Discontent; *n.* (ડિસકૉન્ટે'ન્ટ્) Uneasiness or inquietude of mind. બેચેની;અસંતોષ; બેદીલી. *a.* Dissatisfied. બેદિલ; અસંતોષી; નારાજ. *vt.* To make uneasy; to dis-satisfy. નારાજ-અસંતુષ્ટ થવું-કરવું.

Discontented, *a.* (ડિસકૉન્ટેટે'ડ્) Dissatisfied; uneasy or unquiet in mind. નારાજ; અસંતોષી; અસંતુષ્ટ; બેદિલ.

Discontinuance, *n.* (ડિસકૉન્ટિ'ન્યુઅન્સ્) Cessation; intermission; a breaking off. તુટ; વિરામ; બંધ પડવું-પાડવું તે.

Discontinue, *vt.* (ડિસકૉન્ટિ'ન્યુ) To stop or cause to cease. તોડવું; બંધ પાડવું; ત્યજવું. *vi.* To be stopped or separated. બંધ પડવું; માં તુટ પડવી; ભાગ થવા.

Discontinuity, *n.* (ડિસકૉન્ટિ'ન્યુઇટી) Breakage; separation of parts. ખંડિતત્વ; ભાગ જુદા પાડવા તે.

Discord, *n.* (ડિ'સ્કૉર્ડ) Strained relations. અણબનાવ; વિરોધ 2. Harshness; want of

melody. બેસુરપણું; કઠોરતા. *vi.* To have strained relations. કુસંપ-વિરોધ-ઉંચુ મત-અણુ બનાવ થવો. [L. *dis* & *cor*, the heart.]

Discordance-dancy, *n.* (ડિસકૉ'ર્ડન્સ-ર્ડન્સી) Inconsistency; want of harmony. વિરોધ; વિરૂદ્ધતા; અણબનાવ.

Discordant, *a.* (ડિસકૉ'ર્ડન્ટ) Contrary; out of harmony; opposing. ઉલટું; વિરૂદ્ધ; બેસુર; બદસુર; કઠોર; કર્કશ.

Discount *n.* (ડિ'સકાઉન્ટ) A rebate allowed upon accounts. વટાવ; વ્યાજખાધ. 2. Rate of discount. વટાવનો દર. *vt.* To allow a rebate on. છુટ મુકવી. **To discount a bill**, હુંડી વટાવવી. 2. To ignore or depreciate. ની દરકાર-સંભાળ ન રાખવી-ઓછી રાખવી. *vi.* To pay cash for a bill, after deducting discount. હુંડીનો વટાવ કાપી નાણું આપવાં.

Discountenance, *vt.* (ડિસકા'ઉન્ટિનન્સ) To shame. શરમાવવું; શરમીંદા પાડવું. 2. To damp the courage of. નાહીમ્મતક૦; હીંમત ભંગ કરવું. *n.* Want of cordiality. અવકૃપા; ગેર-મહેરબાની.

Discourage *vt.* (ડિસક'રિજ) To damp the spirits of. નાહીમ્મત ક૦. 2. To disincline or deter. અટકાવવું; મન ફેરવી નાંખવું. *n.* Want of courage. નામર્દાઈ; બાઇલાપણું.

Discouragement, *n.* (ડિસક'રિજમન્ટ) Disheartening; dejection. ના હીંમત કરવું તે.

Discourse, *n.* (ડિસકો'ર્સ) Conversation (of a serious nature.) ગંભીર બાબતો ઉપર વાતચિત. 2. Reasoning. વિચારસંકળના 3. A thesis. નિબંધ. *vi.* To talk. વાતચિત કરવી. *vt.* To converse upon. ની ઉપર વાતચિત કરવી. [L. *dis* & *curro*, I run.]

Discourteous, *a.* (ડિસકો'ર્ટીઅસ) Rude; impolite. અસભ્ય; અવિનયી; બેઅદબી; અશિષ્ટાચારી.

Discourtesy, *n.* (ડિસકો'ર્ટિસી) Bad manners. અસભ્યતા; અવિનય.

Discover, *vt.* (ડિસ્ક'વર) To show. બતાવવું; જણાવવું. 2. To find out. શોધી કહાડવું; ખોળી કહાડવું. *vi.* To prove oneself to be. દેખાવવું.

Dis-covery, *n.* (ડિસક'વરી) A showing. બતાવવું તે. 2. An invention. શોધ; શોધી કહાડવું તે; પ્રસિદ્ધ કરવું તે.

Dis-credit, *n.* (ડિસક્રે'ડિટ) Bad reputation. અપકીર્તિ; બેઆબરૂ. 2. Dis-belief. અણુવિશ્વાસ. *vt.* To disbelieve. વિશ્વાસ ન રાખવો-આણવો; ખરૂં છે એમ કબુલ ન કરવું. 2. To tarnish. નામોશી લગાડવી.

Dis-creditable, *a.* (ડિસક્રે'ડિટબલ) Disreputable; disgraceful. અપજશીયું; બેઆબરૂ કરે એવું; નામોશી લગાડે એવું.

Discreet, *a.* (ડિસક્રી'ટ) Cautious; prudent. વિચારવંત; ચતુર; ઠરેલ. [L. *dis* & *cerno*, I separate.]

Discreetly, *adv.* (ડિસક્રી'ટલી) Circumspectly; prudently. ચોકસાઈથી; ચતુરાઈથી; ડહાપણથી.

Discrepance ancy, *n.* (ડિસક્રે'પન્સ-પન્સી) Inconsistency; want of union or agreement. ઉલટાપણું; વિરોધ; અસંબંદ્ધતા.

Discrepant, *a.* (ડિસક્રે'પન્ટ) Dis-agreeing; dis-cordant. જુદું; વિરોધી; ઉલટું; બંધબેસતું નહી એવું

Discrete, *a.* (ડિસક્રી'ટ) Distinct; separate. અલગઅલગ; જુદું; છુટું; નિરાળું; ભાગલાવાળું. 2. Separating. જુદું પાડનારૂં; છુટું પાડનારૂં.

Discretion, *n.* (ડિસક્રે'શન) Prudence. ચોકસાઈ; ચતુરતા; ડહાપણ. 2. Separating. છુટા-જુદા પાડવું તે; જુદાઈ. 3. Liberty of action. મરજીમાં આવે તેમ કરવાની છુટ. **At discretion** =મરજી મુજબ.

Discretional-nary, *a* (ડિસક્રે'શનલ-શનરી) Left to discretion. વિચાર-વિવેકાધીન; વિચાર પર રાખેલું.

Discriminate, *vt.* (ડિસક્રિ'મિને,ટ) To distinguish or separate. છુટું પાડવું; પારખવું; પારખી કહાડવું; ઓળખી કહાડવું; જુદું પાડવું. *vi.* To distinguish accurately. બારીકાઇથી પરીક્ષા કરવી; જુદું પાડીને ઓળખવું. [L. *dis* & *cerno*, I separate.]

Discriminating, *a.* (ડિસ્ક્રિ'મિને,ટિન્ગ) Able to make nice distinction. ભેદ જાણનારૂં; સારૂં નરસું પારખનારૂં. 2. Distinctive. ભેદવાળું.

Discrimination, *n.* (ડિસક્રિમિને,'શન) Acute penetration. પારખવાની તીવ્ર શક્તિ. 2. Severe test. બરોબર પરીક્ષા-કસોટી.

Discriminative *a.* (ડિસક્રિ'મિને,ટિવ) Distinctive; characteristic. જુદું પડી આવે એવું; સૌથી જુદું પાડે એવું.

Discriminous, *a.* (ડિસ્કિ'મિનસ) Risky; dangerous; hazardous. જોખમી; ભય-સંકટ ભરેલું.

Discrown, *vt.* (ડિસક્રા'ઉન) To depose. ગાદી ઉપરથી ઉઠાડી મુકવું; મુકટ-તાજ વિનાનું કરવું.

Disculpate, *vt.* (ડિસક'લ્પે,ટ) To excuse; to free from blame or suspicion &c. તોહમતમાંથી-દોષમાંથી મુક્ત કરવું; માફ કરવું. [L. *dis* & *culpa*, a fault.]

Discursive, *a.* (ડિસક'ર્સિવ) Logical. તાર્કિક; અક્કલવાળું; બુદ્ધિવાળું. 2. Including many subjects. ચોતરફ-બહુ બાબતો ઉપર ફરી વળનાર

Discus, *n.* (ડિ'સ્કસ્) A small disc. બિંબ; ચક્કર; ચકતી.

Discuss, *vt.* (ડિસક'સ્) To argue, debate or examine. વિષે વાદવિવાદ-તકરાર ચલાવવી; ચર્ચા ક૦; ચર્ચવું; તપાસવું. [L. *dis* & *quatio*, I shake.]

Discussion, *n.* (ડિસ્ક'શન્) Disputing; debate. વાદવિવાદ; તકરાર; ચર્ચા. 2. The act of opening abscess. ગુમડું ફોડી પરૂ કાઢી નાંખવું તે.

Discutient, *a.* (ડિસ્ક્યુ'શન્ટ્) Dispersing morbid matter. ગુમડું-પરૂ મટાડે એવું. *n.* A medicine possessing such property. પરૂ મટાડે એવી દવા-ઓસડ.

Disdain, *vt.* (ડિસ્ડે,'ન્)To hold in contempt or scorn. ધિક્કારવું; હલકું-તુચ્છ ગણી કાઢવું. *n.* Scorn; contempt. તિરસ્કાર; ધિક્કાર. [L. *dis* & *dignus*, worthy.]

Disdainful, *a.* (ડિસડે,'નફૂલ્) Contemptuous ધિક્કારનારૂં; તિરસ્કાર ભરેલું.

Disdainfully, *adv.*(ડિસ્ડે,'નફૂલી)Contemptuously. તિરસ્કારપૂર્વક.

Disease, *n.* (ડિઝિ'ઝ્) Distress; uneasiness. સંકટ; બેચેની; દુઃખ. 2. Sickness; malady. વ્યાધિ; રોગ; માંદગી.*vt.* To trouble. દુઃખ દેવું; હેરાન કરવું. 2. To make ill. માંદા પાડવું.

Diseased, *a.*(ડિઝી'ઝ્ડ્)Unhealthy; afflicted with a disease; in a morbid state. રોગી; બગડેલું; રોગિષ્ટ; આજારી.

Disembark, *vt.* (ડિસએમ્બા'ર્ક્) To land; to put on shore. વહાણમાંથી કિનારાપર ઉતારવું; નીચે ઉતારવું.

Disembarrass, *vt.* (ડિસએમ્બૅ'રસ્) To extricate; to free from perplexity. અડચણ મુશ્કેલીમાંથી દૂર કરવું; ગભરાટ દૂર કરવો.

Disembodied, *a.* (ડિસએમ્બૉ'ડીડ્) Made bodi-less. દેહ-શરીર વિનાનું કરેલું.

Disembody, *vt.* (ડિસએમ્બૉ'ડી) To make bodi-less. શરીર-દેહ વિનાનું ક૦.

Disembroil, *vt.* (ડિસએમ્બ્રૉ'ઈલ્) To disembarrass. ગભરાટમાંથી મુક્ત કરવું.

Disembowel,*vt.*(ડિસએમ્બૉ'વિલ્)To remove the entrails of.નાં આંતરડાં બહાર કાઢવાં-કાઢી લેવાં.

Disenchant, *vt.* (ડિસએન્ચૅ'ન્ટ્) To free from the influence of an enchantment. મંત્ર ઉતારવો; જંતર-મંતરમાંથી મુક્ત કરવું.

Disencumber, *vt.* (ડિસએનક'મ્બર્) To unburden. ભાર-બોજામાંથી મુક્ત કરવું; પીડા-હરકતમાંથી મુક્ત કરવું.

Disengage, *vt.* (ડિસઈન્ગે',જ્) To free. છૂટા-જુદા કરવો; છોડાવવું; ઉકેલવું; જુદું કરવું; છૂટું કરવું.

Disengaged, *a.* (ડિસઈન્ગે,'જ્ડ્) At leisure. નવરૂં; નકામું; છુટું; ફારગતવાળું.

Disengagement, *n.* (ડિસઈન્ગે',જમન્ટ્) The act of setting free. છુટું કરવું; છોડવું તે. 2. Freedom from occupation. નવરાશ; નવરાશપણું; ફુરસદ.

Disenroll, *vt.* (ડિસએનરો',લ્) To cancel from the list. યાદીમાં નામ કાઢી નાંખવું-છેકી નાંખવું.

Disentangle, *vt.* (ડિસએન્ટૅ'ન્ગલ્) To bring in an orderly state. ઉકેલવું; ગુંચ કાઢવી. 2. To disembarrass.ગભરાટ-અડચણમાંથી મુકત કરવું.

Disenthral, *vt.* (ડિસએનથ્રૉ'લ્) To emancipate. ગુલામગીરીમાંથી મુકત ક૦.

Disenthrone, *vt.* (ડિસએનથ્રો',ન્) To depose. ગાદી પરથી ઉઠાડી મુકવું.

Disentrance, *vt.*(ડિસએન્ટ્રૅ'ન્સ્) To awaken from a trance. સમાધિમાંથી જાગૃત કરવું-સચેતન કરવું.

Disesteem, *n.* (ડિસએસ્ટી'મ્) Bad reputation. બેઆબરૂ. *vt.* To show disfavour; not to esteem. અણગમો હોવો; નાપસંદ કરવું;ધિક્કારવું.

Disfavour, *n.* (ડિસફે,'વર્) Want of esteem or favour. ઈતરાજી; ખપામરજી; ગેર મહેરબાની. *vt.* Not to show favour to.ની ઉપર ગેરમહેરબાની-ખપા મરજી કરવી. *vi.* To be displeased. ખપા મરજી-ઇતરાજી થવી.

Disfiguration, *n.* (ડિસફિગરે,'શન્) Deformation; defacement; disfigurement. રૂપનાશ; બદશીકલ; આકાર-રૂપ બગાડી નાંખવું તે.

Disfigure, *vt.* (ડિસફિ'ગર્) To deform or deface; to mar the figure of. બદશીકલ ક૦; ઘાટ-રૂપ બગાડવું; આકાર બગાડવો.

Disfigurement, *n.* (ડિસફિ'ગરમન્ટ્) Defacement.રૂપ, ઘાટ બગાડવો તે; બદસુરતી; બદશીકલ.

Disenfranchise, *vt.* (ડિસએનફ્રૅ'ન્ચાઈઝ્)To deprive of a right of vote. સનંદ-મત આપવાનો હક અથવા બીજો કોઈ હક ખુંચવી લેવો.

Dis-garnish, *vt.* (ડિસગા'ર્નિશ્) To take off the ornaments of. ઘરેણાં ઉતારી લેવાં.

Disgorge, *vt.* (ડિસગૉ'ર્જ્) To yield up or surrender a wrongfully got thing.છોડી દેવું; આપી દેવું;ખોટી રીતે મેળવેલી વસ્તુ પાછી આપી દેવી.

Disgrace, *n.* (ડિસગ્રે,'સ્)Dishonour.અપમાન. 2. Disfavour. ઈતરાજી; ગેરમહેરબાની. *vt.* To bring into dishonour. અપમાન કરવું; આબરૂ લેવી.2.To degrade,to upbraid or to revile. આળ ચઢાવવું; દૂષણ દેવું.

Dis-graceful, *a.* (ડિસગ્રે,'સફૂલ્) Dishonourable; shameful; infamous. નામોશી ભરેલું; શરમ ભરેલું.

Disguise, *n.* (ડિસગા'ઈઝ્) A change of dress &c. વેષ બદલવો તે. 2. A hypocritical or false appearance. કપટ; ખોટો દેખાવ; વેષ. *vt.* To change one's dress &c. with a view to concealment. વેષ બદલવો;ખોટો દેખાવ કરવો.

Disguised, *a.* (ડિસગા'ઈઝ્ડ્)Marked;having changed his dress. વેશ બદલેલો.

Disgust, *n.* (ડિસગ'સ્ટ્) Contempt. તિરસ્કાર; કંટાળો.*vt.*To cause abhorrence or contempt. તિરસ્કાર-કંટાળો ઉપજાવવો.[L.*dis*,& *gustus*,taste.]

Disgustful *a.* (ડિસગ'સ્ટફૂલ્) Offensive to taste; provoking abhorrence.કંટાળા ભરેલું.

Dish, *n.* (ડિશ્) A circular, broad open vessel used in serving. થાળી; રકાબી;કથરોટ 2.Food served.જમણ;ભાણું.*vt.*To disappoint. નાઉમેદ કરવું. **To dish out**=થાળીમાંથી પીરસવું.

Dishabille, *n.*(ડિસૅબી'લ્)A loose morning dress.સવારમાં પહેરવાનો એક જાતનો ઢીલો પોષાક; બરાબર પોષાક નહિં પહેરેલો એવી સ્થિતિ.

Dishearten, *vt.* (ડિસહા'ર્ટન્) To deject or discourage. મનભંગ ક૦; નાહિંમત કરવું.

Dishevel, *vt.* (ડિશે'શલ્) To scatter or hang lossely. વિખેરી નાંખવું; છુટું લટકાવવું. *vi.* To be scattered or spread. છુટું થવું; વિખેરાઇ જવું.

Dishevelled, *a.* (ડિશે'વલ્ડ્) Scattered; loose. લટકતું; વિખરાએલું; છુટું કરેલું.

Dishonest, *a.* (ડિસૉ'નેસ્ટ્) Knavish; fraudulent; having a disposition to cheat. બેઈમાન; દગાખોર; અપ્રમાણિક; છેતરે એવું; દગા ભરેલું 2. Disgraceful. નામોશી લગાડે એવું *vt.* To shame. ને બટ્ટો-શરમ લાગવી-લગાવવી.

Dishonestly, *adv.*(ડિસ્ઑનેસ્ટલી) Fraudulently. દગાખોર રીતે-બેઈમાની રીતે; અપ્રમાણિકરીતે.

Dishonesty, *n.* (ડિસ્ઑનેસ્ટી) Fraud; knavishness. અપ્રમાણિકપણું; બેઈમાની; દગો

Dishonour, *n.* (ડિસઑનર) Disgrace. બે આબરૂ; અપમાન. 2. Not paying or not accepting a bill of exchange. હુંડીનો અસ્વીકાર. *vt.* To disgrace. બે આબરૂ કરવી; અપમાન કરવું. 2. To ravish. નું પ્રતિવ્રત્ત ભંગ કરવું. 3. To refuse to honour a bill of exchange. હુંડીનો અસ્વીકાર કરવો.

Dishonourable,*a* (ડિસઑ'નરબલ્) Shameful; disgraceful. શરમ ભરેલું; અપમાન ભરેલું 2. Want in nobleness. આબરૂ વગરનું; લાયકાત વગરનું.

Disimprove, *vt.* (ડિસઇમ્પ્રૂ'વ્) To make worse. વધારે ખરાબ કરવું-બગાડવું.

Disincarcerate, *vt.* (ડિસઇનકૅ'સરિટ્) To release from prison. બંદીખાનામાંથી-કેદમાંથી મુક્ત કરવું.

Disinclination, *n.* (ડિસઈનકલીને',શન્) Aversion; dislike. અપ્રીતિ; અરૂચિ; અણગમો; ગેરમરજી.

Disincline, *vt.* (ડિસઇનકલા'ઈન્) To cause to dislike. અપ્રીતિ થાય એવું કરવું; નું મન ઉઠાવવું.

Disinfect, *vt.* (ડિસઈન્ફે'કટ્) To free from infection. ચેપ દૂર કરવો-કાઢવો.

Disinfectant, *n* (ડિસઇનફે'કટન્ટ્) A medicine that removes infection. ચેપ દૂર કરનાર ઓસડ-દવા.

Disingenuous, *a.* (ડિસઈન્જેન્યુઅસ્) Not frank or candid; sly; cunning. હલકું; મેલા મનનું; મેલું; પાપબુદ્ધિનું; મનમાં રાખે એવું.

Disingenuousness, *n.* (ડિસઇન્જે'ન્યુઅસનિસ્) Slyness; want of candour. હલકું-મેલું મન ;વાત મનમાં રાખવી તે; પાપબુદ્ધિ.

Disinherit, *vt.* (ડિસઈનહે'રિટ્) To deprive of a heritage. વારસો-વારસાનો હક ન આપવો-છીનવી લેવો.

Disintegrate, *vt.* (ડિસઇ'ન્ટીગ્રે ટ્) To dis-adhere or separate; to break into parts. કડકા કરવા; ભાગો છૂટા પાડવા; છૂટું કરી નાંખવું. [L. *dis* & *integer*, whole.]

Disintegration, *n.* (ડિસઈન્ટીગ્રે,'શન્) Dis adherence; breaking into parts. ભાંગી ભુકો થવો; કડકા થઈ જવા તે.

Disinter, *vt.* (ડિસઈન્ટ'ર્) To take out from the grave. ઘોરમાંથી બહાર કાઢવું; ખોદી કઢાડવું.

Disinterested, *a.*(ડિસઇ'ન્ટરિસ્ટિડ્) Selfless; unselfish. નિ:સ્વાર્થ;બેગરજ;સ્વાર્થ રહિત; નિર્લોભી; સ્વાર્થવિનાનું.

Disinterestedness, *n.*(ડિસઈ'ન્ટરેસ્ટેડનેસ્) Selflessness; impartiality. નિ:સ્પૃહતા. નિ:સ્વાર્થીપણું; નિર્લોભીપણું; બેગરજી; અસ્વાર્થતા.

Disinterment, *n.* (ડિસઈન્ટ'રમેન્ટ્) The act of disinterring. ઘોરમાંથી ખોદી કઢાડવું તે.

Disen-in-thralment,*n.*(ડિસઈનથ્રૉ'લમન્ટ્) Emancipation. ગુલામગીરીમાંથી મુક્ત કરવું તે.

Disinvolve, *vt.* (ડિસઇન્વૉ'લ્વ્) To reveal. ઉઘાડું-ખુલ્લું કરવું

Disjoin, *vt.* (ડિસજૉ'ઈન્) To separate. જુદું પાડવું; ભાગ છુટા પાડવા. *vi.* To become separated. છુટું-જુદું પાડવું. [L. *dis*, & *jungo*, I join.]

Disjoint, *n.* (ડિસજૉ'ઈન્ટ્) To separate the joints of. ના ભાગ છુટા પાડવા; ના સાંધા ઉખેડવા. 2. To make unconnected. અસંબદ્ધ કરવું.

Disjointed, *a.* (ડિસજૉ'ઈન્ટેડ્) Out of place. સ્થાન ભ્રષ્ટ; ઉતરી ગએલું.

Disjunct, *a.* (ડિસજ''ક્ટ્) Separate. અલગ; નિરાળું; જુદું; છૂટું.[L. *dis*, & *jungo*, I join].

Disjunction, *n.* (ડિસજ''ક્શન્) Separation. જુદાઈ; વિયોગ 2. A disjunctive proposition. વિરૂદ્ધાર્થી વાક્યયોગી.

Disjunctive, *a.* (ડિસજ''ક્ટિવ્) Separating. જુદું પાડનારૂં. 2. A conjunction that shows that the sentence following is opposite of the preceding. ભિન્નાર્થ–વિરૂદ્ધાર્થ વાક્યયોગી.

Disk, *n.* (ડિસ્ક) A disc. ચકતી. 2. Discus. ચકતું; ચક્કર; બિંબ; 3. The circular face of the sun or the moon &c. બિંબ.

Dislike, *vt.* (ડિસલા'ઇક્) To be averse to; to displeasure. નાપસંદ કરવું; ની તરફ અણગમો હોવો; નાખુશ–નારાજ કરવો. *n.* Displeasure. અણગમો; નારાજી; નાખુશી.

Dislikeness, *n.* (ડિસલા'ઈકનિસ) Want of resemblance;dis–similtude.સરખું ન હોવું-મળતું ન આવવું તે;તફાવત-ફેર-જુદાપણું;એકસરખું ન હોવું તે.

Dislocate, *vt.* (ડિ'સલોકે,ટ) To sever from the joint. સાંધામાંથી જુદું પાડવું-છુટું કરવું.[L. *dis* & *locus*, place.]

Dislocated, *a.* (ડિ'સલોકે.ટિડ)Displaced;out of place. ઉતરી ગયેલું; સાંધામાંથી છુટું પડેલું.

Dislocation, *n.* (ડિસલોકે,'શન્) The act of being out of place or the state of being so. ઉતરી જવું-સાંધામાંથી છુટું પડવું તે.

Dislodge, *vt.* (ડિસલૉ'જ્)To remove from a place occupied or a place of hiding or defence. જગ્યા ઉપરથી ખસેડવું; સંતાઈ બેઠેલા જગ્યા ઉપરથી બહાર કાઢવું-નસાડવું.

Disloyal, *a.* (ડિસલૉ'યલ્) Faithless; treacherous. બેઈમાની; ફીતુરી; નિમકહરામ;બેવફા. 2.Not paying due allegiance to the king. રાજદ્રોહી;રાજા તરફ બેઇમાનદારી કરનાર-બતાવનાર.

Disloyalty, *n.* (ડિસલૉ'યલટી) Treachery; faithlessness; want of allegiance to the king.રાજદ્રોહ;રાજ તરફ બેઈમાનદારી;નિમકહરામી.

Dismal,*a.*(ડિ'ઝ્મલ્)Gloomy & monotonous. ઘોર; ઉગ્ર; ભયાનક; દારૂણ; દુ:ખજનક-સૂચક.

Dismantle, *vt.* (ડિસમૅ'ન્ટલ્) To deprive of covering, dress &c. પોષાક કપડાં વગેરે ઉતારી લેવાં; સરંજામ કાઢી લેવો; સામાન દૂર કરવો.

Dismarch, *n.* (ડિસમા'ર્ચ) To march off. કૂચ કરીને ચાલ્યા જવું.

Dismask, *vt.* (ડિસમૅ'સ્ક્) To remove the veil from; to unmask. બુરખો દૂર કરવો-કાઢી નાંખવો; ઉઘાડું પાડવું; ખુલ્લેખુલ્લું કરવું.

Dismast, *vt.* (ડિસમા'સ્ટ્) To remove the mast from a vessel.વહાણનો કુવો-ડોળ ભાંગી-તોડી પાડવો-કાઢી નાંખવો

Dismay, *vt* (ડિસમે,') To strike with a sudden feeling of terror. એકદમ ગભરાવવું; દેહશત-બ્હીક ઘાલવી-દેવી. *n.* Sudden extreme panic or terror. ગભરાટ; દેહશત; બ્હીક.

Dismember, *vt.* (ડિસમે'મ્બર્) To separate the members of; to cut off the limbs of; to mutilate. ના અવયવો છુટા-જુદા પાડવા-તોડી પાડવા; હાથપગ કાપી નાંખવા.

Disemmberment, *n.* (ડિસમે'મ્બરમન્ટ્) Separation; mutilation; division. ભાગ; જુદાઇ; ભિન્નતા.

Dismiss, *vt.* (ડિસમિ'સ્) To give leave to go; to send away. મોકલી દેવો. 2. To discharge or remove from office, service &c. નોકરી પરથી રજા આપવી; બરતરફ કરવો.

Dismissal, *n.* (ડિસમિ'સલ્) Discharge from service &c. બરતરફી; રૂખસત; રજા; છુટી.

Dismission, *n.* (ડિસમિ'શન્) Permission to depart. જવાની રજા, છુટ; બરખાસ્તી. 2. Dismissal. વિદાયગીરી; રજા; બરતરફી; નોકરીમાંથી રજા આપવી તે. [L. *mitto*, I send.]

Dismount, *vt.* (ડિસમા'ઉન્ટ્) To cause to come down from a horse. ઘોડા ઉપરથી નીચે ઉતારવું-પાડવું. 2. To lower ઉંચી જગ્યા ઉપરથી નીચે પાડવું 3. To cause to alight from a carriage. ગાડીમાંથી ઉતારવું. *vi.* To alight or get down [from a horse, carriage &c.] નીચે ઉતરવું.

Disobedience, *n.* (ડિ'સોબીડિઅન્સ્) Breaking or trespassing against an order. આજ્ઞા ભંગ, અનાદર, અવગણના.

Disobedient, *a.* (ડિસ્ઓબી'ડિઅન્ટ્) Refractory; neglecting or refusing to obey. આજ્ઞાનો ભંગ કરનાર, અવગણના કરનાર.

Disobey, *vt.* (ડિસઓબે,') To neglect or refuse to obey. ન માનવું; આજ્ઞા તોડવી; અવગણના ક૦; આજ્ઞાનો ભંગ કરવો.

Disoblige, *vt.* (ડિસઓબ્લા'ઇજ્) To vex or displease. ખોટું-માઠું લગાડવું; નાખુશ કરવું. 2. To free from obligations. બંધનમાંથી-ઉપકારના બોજામાંથી-ફરજમાંથી મુક્ત કરવું.

Disobliging, *a.* (ડિસઓબ્લા'ઈજિન્ગ્) Unaccommodating. અનુપકારી; તોછડું.

Disorder, *n.* (ડિસઓ'ર્ડર્) Dis-arrangement. અવ્યવસ્થા. 2. Want of order. અનિયમિતપણું 3. Disease. દરદ; રોગ; આજાર. 4. Tumult. બખેડો. *vt.* To disarrnge. અવ્યવસ્થિત ક૦; ગુંચવણ-ગભરાટમાં નાંખવું.

Disordered, *a.* (ડિસૉ'ર્ડર્ડ) Disarranged. અવ્યવસ્થિત.

Disorderly, *adv.* (ડિસૉ'ર્ડર્લી) In disorder. અવ્યવસ્થિત રીતે પડેલું-આવેલું, બંદોબસ્ત વગરનું. 2. Violent. તોફાની.

Disorganization *n.* (ડિસ્ઑર્ગનાયઝે,'શન્) The act of destroying the order or arrangement of. ની વ્યવસ્થા-નું બંધારણ-નો બંદોબસ્ત તોડી પાડવો તે; અવ્યવસ્થિત કરવું તે.

Disorganize, *vt.* (ડિસઑ'ર્ગનાઇઝ઼) To disarrange or disorder. અવ્યવસ્થિત કરવું; બંધારણ તોડવું; ઉથલપાથલ કરવી.

Disown, *vt.* (ડિસઓ',ન્) To disclaim or not to acknowledge. ના કબુલ ક૦. પોતાનું નથી એમ કહેવું; ના કહેવી.

Disparage, *vt.* (ડિસપૅ'રિજ્) To depreciate or undervalue. નિંદા કરવી; ની કિંમત ઓછી આંકવી; ને વખોડવું-તોડી પાડવું. [L. *dis*, *par*, & *ago*, I compel.]

Disparagement, *n.* (ડિસપૅ'રિજમન્ટ્) Derogation; detraction. ની નિંદા કરવી તે; ને વખોડવું-ની ઓછી કિંમત આંકવી તે; ને તોડી પાડવું તે; કિંમતમાં ઘટાડો કરવો તે.

Disparity, *n.* (ડિસ્પૅ'રિટી) Dissimilitude, inequality. તફાવત; ફેર; ફરક; ભેદ. [L. *dis*, & *par*, equal.]

Dispart, *vt.* (ડિસપા'ર્ટ્) To separate or sever the parts of. કાપવું; ભાગ પાડવા; જુદું પાડવું તે.

Dispassion, *n.* (ડિસપૅ',શન્) Apathy; absence of all emotion. સ્થિતપ્રજ્ઞતા; ઠંડો મિજાજ; શાંતિ.

Dispassionate, *a.* (ડિસપૅ'શને,ટ્) Cool. શાંત-ઠંડા મિજાજનું. 2. Impartial. ઉદાસીન; નિષ્પક્ષપાતી. [L. *dis*, & *partio*, I suffer.]

Dispatch, *vt.* (ડિસપૅ'ચ્) To send off. મોકલવું; દોડાવવું. 2. To kill. મારી નાંખવું. 3. To decide. નો ફડચો લાવવો-નિકાલ કાઢવો. 4. To release. મુક્ત ક૦; છુટું કરવું. 5. To send post-haste. જલદીથી-ઉતાવળથી મોકલવું. *n.* A sending. મોકલવું. 2. Quick execution of some work. ઉતાવળે ફડચો લાવવો-કામ કરવું તે. 3. Official communication. સરકારી લખોટો. 4. A telegram. તાર.

Dispel, *vt.* (ડિસ્પે'લ્) To banish or drive away. દૂર કરવું; ઉડાવી દેવું; કાઢી મુકવું. [L. *dis*, & *pello*, I drive.]

Dispensary, *n.* (ડિસ્પે'ન્સરી) A hospital. દવાખાનું; ઔષધશાળા.

Dispensation, *n.* (ડિસ્પેન્સે,'શન્) A distribution or dealing out. વહેંચણી. **Divine dispensation** = Order of things as decreed by God. કુદરતી-ઈશ્વરી વ્યવસ્થા; ઇચ્છા.

Dispensatory, *a.* (ડિસ્પે'ન્સેટરી) Having the power to grant dispensations. વહેંચવાની શક્તિ ધરાવતું. *n.* A pharmaceutical encyclopedia. દવા બનાવવા-તૈયાર કરવાની રીતની ચોપડી.

Dispense, *vt.* (ડિસ્પે'ન્સ્) To carry out. અમલમાં આણવું. 2. To divide. વહેંચવું. 3. To give exemption from. છૂટ-માફી આપવી. **To dispense with** = ના વગર ચલાવવું; ને કાઢી મુકવું-ઉડાવી દેવું. *vi.* To make good. નો બદલો વાળવો. 2. To make up medicines according to prescription. ડાકટરના પ્રીસ્ક્રિપશન પ્રમાણે દવાઓ તૈયાર ક૦. 3. To allow by dispensation. માફી-રજા આપવી; પરવાનગી આપવી.

Dispenser, *n.* (ડિસ્પે'ન્સર્) A distributor. વહેંચનાર; વહેંચણી કરનાર; વાટનાર.

Dispeople, *vt.* (ડિસપી'પલ્) To depopulate. નિર્જન કરવું; ઉજ્જડ કરવું.

Disperse, *vt.* (ડિસપ'ર્સ) To scatter or spread out. આમતેમ વિખેરવું. *vi.* To separate. જુદું પાડવું; ભાગલા પાડવા. 2. To become scattered; to go away, make go. જતા રહેવું; જવા દેવું. [L. *dis* & *spargo*, I scatter.]

Dispersion, *n.* (ડિસ્પ'ર્શન્) The act of scattering. વિખેરવું તે; વેરવું તે. 2. The division of light into rain-bow colours પ્રકાશનું જુદા જુદા રંગના કિરણોમાં વિખેરાઈ જવું તે.

Dispirit, *vt.* (ડિસસ્પિ'રિટ્) To discourage or damp the spirits of. નિરૂત્સાહ-ઉત્સાહ ભંગ કરવો; મન ભાંગવું; નાહિંમત કરવું.

Displace, *vt.* (ડિસપ્લે,'સ્) To change the position of. લઈ જવું; ખસેડવું; જગ્યા ઉપરથી ખસેડવું. 2. To dismiss. જગ્યા ઉપરથી દૂર કરવું. 3. To replace. ની જગ્યા લેવી.

Displacement, *n.* (ડિસપ્લે,'સમન્ટ્) Removal; change of position. ખસેડવું તે; લઈ જવું-જગ્યા લેવી તે. 2. Weight of the quantity of water displaced as by a ship. વહાણ વગેરે પાણીમાં હોવાથી જેટલા પાણીની જગ્યા રોકે છે તેટલા પાણીનું વજન.

Displant, *vt.* (ડિસપ્લૅ'ન્ટ્) To root out. મૂળમાંથી ઉખેડી નાંખવું.

Display, *vt.* (ડિસ્પ્લે,') To open. ખોલવું. 2. To make a show of. ભભકો-દેખાવ-ડોળ કરવો; બતાવવું. *n.* Ostentation. બ્હારનો ભપકો-ડોળ; પ્રદર્શન. [L. *dis* & *plico*, I fold.]

Displease, *vt.* (ડિસપ્લી'ઝ્) To cause displeasure; to make angry. ગુસ્સે કરવું; ખીજવવું; નાખુશ-નારાજ કરવું. *vi.* To become vexed. ખીજવાઈ જવું; નારાજ થવું; ગુસ્સે થવું; માઠું લાગવું.

Displeasure, *n.* (ડિસપ્લે'ઝર) Disapprobation; resentment. ખીજવાઈ જવું-ગુસ્સે થવું તે; નારાજ-નાખુશ થવું તે; માઠું લગાડવું તે; નાપસંદગી; અપ્રસન્નતા. 2. The state of disgrace. અપજશ-અપમાન પામવું તે.[Fr. *dis* & *plasaire*, pleasure.]

Displode, *vt.* (ડિસપ્લો,'ડ્) To fire (a gun &c.) બાર કરવો; ફોડવું. *vi.* To explode. ધડાકો, મ્હોટો બાર થવો. [L. *dis*, & *plaudeo*, I clap.]

Displosion, *n.* (ડિસપ્લો,'ઝન્) Explosion. બાર; ધડાકો; મ્હોટો અવાજ.

Disponge, *vt.* (ડિસ્પ'ન્જ) To sprinkle water with a sponge. વાદળીમાંથી પાણી છાંટવું.

Disport, *vi.* (ડિસ્પો'ર્ટ) To play; to sport. રમત કરવી; રમવું. 2. To sail away from a port (as a ship). વહાણ બંદરમાંથી હંકારવું.

Disposal, *n.* (ડિસ્પો,'ઝલ્) A settling or arranging. ગોઠવણ; રચના. 2. The power of arranging, using or employing. અધિકાર; તાબે અખ્તિયાર; મુનસફી; ફાવે તેમ કરવાનો અધિકાર.

Dispose, *vt.* (ડિસ્પો,'ઝ્) To arrange. ગોઠવણ કરવી; ગોઠવવું. 2. To distribute. વ્હેંચણી કરવી; વ્હેંચવું. 3. To incline. ઇચ્છા ઉત્પન્ન કરાવવી. **To dispose of** = નો નીકાલ કરવો-ફડચો લાવવો ૨. ઉપયોગ-ને માટે નક્કી કરવું. *vi.* To bargain for. વેચાણનો બંદોબસ્ત કરવો.

Disposition, *n.* (ડિસપોઝિ'શન્) Temperament. સ્વભાવ; મન; પ્રકૃતિ. 2. Management or arrangement. રચના; વહીવટ.

Dispossess, *vt.* (ડિસપઝે'સ્) To deprive of possession of. નો કબજો મુકાવવો-લઇ લેવો; ની પાસથી પડાવવું-લઇ લેવું.

Dispossession, *n.* (ડિસપઝે'શન્) Depriving of. ની પાસેથી પડાવવું-લઈ લેવું તે. 2. Wrongfully taking possession of something [Law]. ખોટી રીતે કબજો લઈ લેવો તે.

Dispraise, *vt.* (ડિસપ્રે,'ઝ્) To blame. નિંદા કરવી; વખોડવું; દોષ દેવો-કાઢવો. *n.* Blame. ઠપકો; નિંદા; દોષ.

Disprivilege, *vt.* (ડિસપ્રિ'વિલેજ્) To wrest a lawful right from. નો કાયદેસર હક ખુંચવી લેવો.

Disprofit, *vt.* (ડિસપ્રૉ'ફિટ્) Not to profit by. માંથી કંઇ નફો-કાંટો નહી કાઢવો. *n.* Loss. ખોટ; નુકસાની.

Disproof, *n.* (ડિસપ્રૂ'ફ્) Refutation. ખંડન; રદિયો; સામો જવાબ.

Disproportion, *n.* (ડિસપ્રપો'રશન્) Unsuitableness. અયોગ્યતા 2. Want of symmetry or proportion. વિષમ પ્રમાણ *vt.* To make relatively unequal. પ્રમાણમાં નાનું મ્હોટું કરી મુકવું.

Disproportional, disproportionate *a.* (ડિસપ્રપો'રશનલ્-ડિસપ્રપો'રશનિટ્) Out of proportion; relatively unequal. વિષમ; અસમાન.

Disprove, *vt.* (ડિસપ્રૂ'વ્) To falsify or refute. ખોટું છે એમ સાબીત કરવું; જુઠું પાડવું; રદિયો-સામો જવાબ આપવો; ખંડન કરવું.

Disputable, *a.* (ડિસપ્યુ'ટબલ્) Controvertible; contentious. તકરાર-વાંધો લેવાજોગ; હુજ્જતી; વાદવિવાદ કરી શકાય એવું; વાંધાભરેલું.

Disputant, *n.* (ડિ'સ્પ્યુટન્ટ્) One who disputes. વાંધો ઉઠાવનાર; તકરાર લેનાર. *a.* Given to disputing. તકરાર લેવું-વાંધો ઉઠાવવું

Disputation, *n.* (ડિસપ્યુટે,'શન્) Dispute. વાદવિવાદ; હુજ્જત. 2. Logical argument. તાર્કિક વાદવિવાદ.

Disputatious, *a.* (ડિસ્પ્યુટે,'શસ્) Given to objecting વાદી; હુજ્જતી; તકરારી; વાંધાખોર.

Dispute, *n.* (ડિસપ્યૂ'ટ્) Quarrel. કજીયો; ભાંજગડ. 2. Debate or discussion. વાદવિવાદ; હુજ્જત. *vi.* To discuss. વાદવિવાદ કરવો. 2. To oppose. બાથ ભીડવી; સામા થવું. *vt.* To discuss about or object to. ની બાબતમાં તકરાર ઉઠાવવી-વાંધો લેવો 2. To oppose. સામે થવું.

Disqualification, *n.* (ડિસક્વૉલિફિકે,'શન્) Unsuitableness; disability. નાલાયકપણું; અયોગ્યતા; અમુક એક જગ્યા-નોકરી માટે જોઇતા ગુણો-લાયકાત ન હોવી તે.

Disqualify, *vt.* (ડિસક્વૉ'લિફાઇ) To make incompetent for; to incapaciate. અયોગ્ય કરવો; નાલાયક ઠરાવવો.

Disquiet, *vt.* (ડિસક્વા'એટ્) To disturb the tranquillity of; to make uneasy. બેચેન કરવું; મન ઉંચું કરવું. *n.* Want of peace. બેચેની; મનની અસ્વસ્થતા.

Disquietly, *adv.* (ડિસક્વા'એટલી) Anxiously; uneasily. ઉચાટપણે; ચિંતાથી; બેચેનીથી.

Disquietude, *n.* (ડિસક્વા'ઈટ્યુડ) Anxiety; disturbed state of mind. વ્યાકુળતા; બેચેની; ઉદ્વેગ; ઉચાટ; મનની અસ્વસ્થતા.

Disquisition, *n.* (ડિસક્વિઝિ,'શન્) Thesis. નિબંધ; પ્રબંધ; વિવેચન; નિરૂપણ. [L. *dis* & *quaere*, I seek.]

Disregard, *n.* (ડિસરીગા'ર્ડ્) Carelessness. બેપરવા; બેતમા; નિષ્કાળજી. *vt.* Not to care for. ને ન ગણકારવું-લેખવું; ની તરફ ધ્યાન ન આપવું.

Disrelish, *vt.* (ડિસરે'લિશ્) Tastelessness; want of taste. બદસ્વાદ; અરૂચિ. *vt.* Not to like the taste of. ન ભાવવું-ગમવું. 2. To make tasteless. સ્વાદ વિનાનું કરવું.

Disrepair, *n.* (ડિસરીપે,'ર્) Dilapidated condition. ભાંગી-તુટી ગયેલું હોય-મરામત કરવા જેવું હોય એવી સ્થિતિ.

Disreputable, *a.* (ડિસ્રે'પ્યુટબલ્) Without prestige; notorious. આબરૂ વિનાનું; બેઆબરૂવાળું.

Disrepute, *n.* (ડિસ્રિપ્યૂ'ટ્) Bad prestige; notoriousness. નામોશી; અપકીર્તિ; માનભંગ. *vt.* To defame. નું અપમાન-બેઆબરૂ કરવી.

Disrespect, *n.* (ડિસ્રીસ્પે'કટ્) Want of respect; rudeness. બેઅદબી; અપમાન; ઉદ્ધતાઇ. *vt.* Not pay proper respect to. નું અપમાન ક૦.

Disrespectful, *a.* (ડિસ્રીસ્પે'કટફૂલ્) Rude; wanting in respect. બેઅદબી; અપમાનભરેલું; નાલાયક; અમર્યાદ.

Disrespective, *a.* (ડિસરીસ્પે'ક્ટિવ્) Disrespectful. અમર્યાદ; નાલાયક.

Disrobe, *vt.* (ડિસરો,'બ્) To take off the clothing of. ના લુગડાં ઉતારી લેવાં: ને લુગડાં વિનાનું કરવું.

Disrout, *vt.* (ડિસરા'ઉટ્) To disperse. નસાડી મુકવા; જુદી જુદી દિશામાં વિખેરી નાંખવાં.

Disrupt, *vt.* (ડિસર'પ્ટ્) To tear asunder; to sever. ફાડ પાડવી; ભાંગવું. 2. Torn. ચીરાએલું; ફાટી ગયેલું. [L. *dis*, & *rumpo*, I break.]

Disruption, *n.* (ડિસર'પ્શન્) Break; breach. બીગાડ; ટુટ; ખલેલ; ચીરો. 2. Quarrel. અણબનાવ.

Disruptive, *a.* (ડિસર'પ્ટિવ્) Causing or making a breach; bursting. ભાંગતું; ફાટતું; બિગાડ કરતું.

Dissatisfaction, *n.* (ડિસસૅટિસફૅ'કશન્) Discontent. અસંતોષ; અપ્રસન્નતા; નાખુશી; નારાજી.

Dis-satisfactory, *a.* (ડિસસૅટિસફૅ'કટરી) Causing discontent. નાખુશ કરતું; અસંતોષકારક.

Dissatisfy, *vt.* (ડિસસૅ'ટિસફાઇ) To displease or cause dis-content. અપ્રસન્ન-નાખુશ-અસંતુષ્ટ ક૦.

Dissect, *vt.* (ડિસે'કટ્) To cut up and examine; to analyse. ચીરીને તપાસવું-પરીક્ષા કરવી; ફાડી-તોડીને જોવું. [L. *dis*, & *secto*, I cut.]

Dissection, *n.* (ડિસે'કશન્) The act of cutting up the parts of a body for the purpose of critical examination. અવયવ-શરીર-છેદન. 2. Analysis. પૃથક્કરણ; વિવેચન.

Dis-seize, *vt.* (ડિસ-સી'ઝ્) To deprive of the possession of. કબજ કરવું; લઈ લેવું; નો કબજો છોડાવવો

Dissemblance, *n.* (ડિસ્સે'મ્બલન્સ્) Difference. ફેરફાર; તફાવત.

Dissemble, *vt.* (ડિસ્સે'મ્બલ્) To hide under a disguise or by false pretences. હોય તેથી જુદું બતાવવું; નું બહાનું બતાવવું. *vi.* To assume a false appearance. છેતરવા સારૂ ખોટો ઢોંગ ક૦. [L. *dis*, & *similus*, like.]

Dissembler, *n.* (ડિસ્સે'મ્બલર્) A hypocrite. ઢોંગી માણસ; વેષધારી; ખોટો ડોળ-દેખાવ કરનાર માણસ.

Disseminate, *vt.* (ડિસ્સે'મિને,ટ્) To disperse or spread. પાથરવું; ફેલાવવું; પ્રચાર કરવો. [L. *dis*, & *semen*, seed.]

Dissemination, *n.* (ડિસ્સેમિને,'શન્) A scattering or dispersion. વિસ્તાર; ફેલાવો; પ્રચાર; પ્રસારણ.

Dissension-tion, *n.* (ડિસે'ન્શન્) Quarrel; discord; strife. વિરોધ; ઝઘડો; કજીઓ; કલહ; કુસંપ; ફુટફાટ; ફુટ; અણબનાવ.

Dissentious, *a.* (ડિસે'ન્શસ્) Quarrelsome. ક્લેશ કરાવનાર; લડાઈખોર; કજીઓ-ટંટો કરાવનાર.

Dissent, *vt.* (ડિસે'ન્ટ્) To dis-agree or differ. મતભેદ હોવો; અભિપ્રાયમાં જુદા પડવું; જુદો મત ધરાવવો. [L. *dis*, & *sentio*, I feel.]

Dissenter, *n.* (ડિસે'ન્ટર્) A Non-conformist. રાજ્યસ્થાપિત ધર્મના મતથી દૂર-જુદો પડનાર. 2. One who differs. મતભેદ ધરાવનાર.

Dissentient, *a.* (ડિસ્સે'ન્શન્ટ્) Differing; dis-agreeing. ગેરરાજી; જુદો મત ધરાવનાર; મતભેદ ધરાવનાર.

Dissertation, *n.* (ડિસ્સર્ટે,'શન્) An essay; a thesis. નિબંધ; પ્રબંધ; વિવરણ; લખાણ. [L. *dissero*, I argue.]

Disserve, *vt.* (ડિસ્'સર્વ્) To harm or hurt; to injure. હાનિ-નુકશાન કરવું; દુઃખ દેવું; ઈજા કરવી.

Disservice, *n.* (ડિસ્સ'ર્વિસ્) Mischief; harm; injury. હાનિ; નુકશાન; માઠું.

Dis-serviceable, *a.* (ડિસ્સ'ર્વિસબલ્) Harmful; mischievous. નુકસાનકારક; હાનિ કરે એવું; ગેરફાયદાકારક.

Dissever, *vt.* (ડિસ્સ'વર્) To part in two. જુદું કરવું; બે ભાગ કરવા-પાડવા: બે કકડા કરવા.

Dissidence, *n.* (ડિ'સ્સીડન્સ્) Dissent; difference of opinion. મતાંતર; મતભેદ. [L. *dis* & *sedeo*, I sit.]

Dissident, *a.* (ડિ'સ્સીડન્ટ્) Differing. મતભેદ હોનાર-પાડનાર; જુદો મત ધરાવનારૂં.

Dissimilar, *a.* (ડિસ્સિ'મિલર્) Not like or similar. ભિન્ન; જુદું; અસમાન.

Dissimilarity, *n.* (ડિસ્સિમિલૅ'રિટી) Want of likeness or resemblance; difference. અસમાનતા; ભેદ; જુદાપણું; તફાવત; ભિન્નતા.

Dissimulation, *n.* (ડિસ્સિમ્યુલે,'શન્) False pretence; hypocrisy. કપટ; માયા; છળભેદ.

Dissipate, *vt.* (ડિ'સ્સિપે,ટ્) To disperse. વિખેરી નાંખવું. 2. To use up. ખાઈ જવું; વાપરી નાંખવું. *vi.* To squander. ખરચી-ઉડાવી નાંખવું.

Dissipated, *a.* (ડિ'સ્સિપે,ટિડ્) Dissolute; extravagant. બદફેલ; વિષયલંપટ; ઉડાઉ; દુરાચારી

Dissipation, *n.* (ડિસ્સિપે,'શન્) A squandering away. ઉડાઉપણું; ઉડાવી નાંખવું તે.

Dis-social, *a.* (ડિસસો,'શલ્) Reserved; unfriendly. સ્વાર્થપરાયણ; સાંકડા મનનું; એકલપેટું.

Dissociate, *vt.* (ડિસો,'શિએ,ટ્) To separate. ભાગ પાડવા; જુદું પાડવું; અલગ અલગ કરવું. [L. *dis*, & *socius*, a companion.]

Dissoluble, *a.* (ડિ'સોલ્યુબલ્) Capable of being dissolved. પાણીની અંદર ઓગળી શકે-પ્રવાહી થઈ શકે એવું.

Dissolubility, *n.* (ડિસ્સોલુબિ'લિટી) State of being dissoluble. ગરમીથી અથવા પાણીની અંદર પીગળી જાય એવો ગુણ.

Dissolute, *a.* (ડિ'સોલ્યુટ્) Sensuous લંપટ; દુર્વ્યસની; દુરાચારી; બદફેલ.

Dissolution, *n.* (ડિસોલુ'શન્) A melting of. પીગળી-ઓગળી જવું; પ્રવાહી બની જવું તે. 2. Separation or dispersion of a crowd &c. વિખેરી નાંખવું-જુદા પડવું તે; તુટાતુટ; ફાટ. 3. Death. મરણ; મોત. 4. Decomposition. વિચ્છેદ. 5. Bad morals. દુરાચાર; લંપટપણું; દુર્વ્યસન; વ્યભિચાર.

Dissolvable, *a.* (ડિઝૉ'લ્વબલ્) That can be dissolved. ઓગળે-પીગળે એવું; ઓગળવા-પીગળવા લાયક.

Dissolve, *vt.* (ડિઝૉ'લ્વ્) To melt. પીગાળવું; ગાળવું. 2. To separate into component parts. પૃથક્કરણ કરવું; અંદરના ભાગ જુદા પાડવા. 3. To separate. છુટું પાડવું. 4. To solve (as a doubt). (સંશય-ભ્રમ) દૂર કરવો-છેદવો. 5. To cancel. નામંજુર કરવું; રદ કo. 6. To scatter or dismiss. બરખાસ્ત કરવી (સભા વગેરે). *vi.* To be melted. પીગળવું. 2. To be decomposed. નું ભાંગી જવું-પૃથક્કરણ થવું. 3. To go away. જતા રહેવું. [L. *dis* & *solvo*, I loose.]

Dissolvent, *a.* (ડિઝૉ'લ્વન્ટ્) Possessing the power of dissolving. પીગળાવે-ઓગાળે એવું.

Dissonance, *n.* (ડિ'સોનન્સ્) Want of harmony in notes of music. બેસુર-બેરાગ અવાજ.

Dissonant, *a.* (ડિ'સોનન્ટ્) Wanting in harmony; harsh. બેસુર; કઠોર; બેરાગ. [L. *dis* & *sono*, sound]

Dissuade, *vt.* (ડિસ્વે,'ડ્) To persuade not to do something. અમુક કામ ન કરવાની સલાહ-શીખામણ આપવી. [L. *dis* & *suadio*, I advise.]

Dissuation, *n.* (ડિસ્વે,'શન્) A persuading against. ન કરવાની સલાહ-શીખામણ.

Dissuasive, *a.* (ડિસ્વે,'સિવ્) Trying to persuading against. મન ફેરવનાર; નિષેધાર્થક; ન કરવાની સલાહ-શીખામણ આપનાર.

Dis-syllable, *n.* (ડિ'સ્સીલેબલ્) A word of two syllables. દ્વિપદ શબ્દ.

Distaff, *n.* (ડિ'સ્ટૅફ્) The spindle. ચરખાની ત્રાક-દાંડી. 2. [Figuratively.] The female sex. સ્ત્રીજાતિ.

Distain, *vt.* (ડિસ્ટે,'ન્) To discolour or stain. ડાઘો-ડબકો પાડવો. [L. *dis*, *tingo*, I dye.]

Distance, *n.* (ડિ'સ્ટન્સ્) Length of space between objects. અંતર-છેટું. 2. Remoteness of a place. જગ્યાનું અંતર-છેટું. 3. Interval of time. વખતનો અંતર-આંતરો. **To keep one's distance** =થી દૂર-અલગ રહેવું; પોતાનું માન વગેરે જાળવવું.

Distant, *a.* (ડિ'સ્ટન્ટ્) Remote in length of space, time &c; at a distance. દૂર; વેગળું; લાંબું; જુદું. [L. *dis* & *sto*, I stand.]

Distaste, *n.* (ડિસટે,'સ્ટ્) Dislike or aversion of taste. અરૂચિ; અભાવ. *vt.* Not to like; to dis-relish. ન ગમવું; અભાવ-અરૂચિ હોવી.

Distasteful, *a.* (ડિસટે,'સ્ટફૂલ્) Unpleasant to the taste. બેસ્વાદ; અરૂચિ-અભાવ લાવે એવું. 2. Displeasing. પસંદ ન પડે એવું; ન ગમે એવું.

Distemper, *n.* (ડિસટે'મ્પર્) Illness. રોગ; વ્યાધિ. 2. Bad humour. ચિઢીયાપણું; બેચેની. 3. Quarrel. ટંટો; બખેડો. *vt.* To disease. બિમારી થવી-કરવી. 2. To ruffle. ખીજવવું *n.* A kind of paint. એક જાતનો રંગ. *vt.* To paint. રંગ આપવો.

Distend, *vt.* (ડિસ્ટે'ન્ડ્) To expand or inflate. લંબાવવું; વિસ્તારવું. *vi.* To become inflated. ફુલવું; ફુલી આવવું; લાંબું થવું; ઉપસવું. [L. *dis* & *tendo*, I stretch.]

Distention, *n.* (ડિસટે'ન્શન્) The act of distending. વિસ્તાર; ફુલવું તે. 2. Width. પહોળાઇ.

Distich, *n.* (ડિ'સ્ટિક્) A couplet. બે લીટીની કવિતા. [Gr. *dis* & *stichos*, a roro.]

Distil, *vt.* (ડિસ્ટિ'લ્) To fall in drops. ટપકવું. 2. To extract the oil or spirit or essence from by evaporation. અર્ક-દારૂરૂપે કાઢવું. 3. To dissolve. ઓગાળવું. [L. *de* & *stillo*, I drop.]

Distillation, *n.* (ડિસ્ટિલે,'શન્) The process of extracting spirits or wine. દારૂ-અર્ક કાઢવાની ક્રિયા. 2. Falling in drops. ટપકારૂપે પડવું તે.

Distillery, *n.* (ડિસ્ટિ'લરી) Wine distilling factory. દારૂ ગાળવાની ભઠ્ઠી-જગ્યા; દારૂખાનું.

Distinct, *a.* (ડિસ્ટિ'ન્કટ્) Markedly different. ચોખ્ખો તફાવત-ફેર હોય એવું. 2. Separate. જુદું જુદું. 3. Evident. સ્પષ્ટ; ખુલ્લું.

Distinction, *n.* (ડિસ્ટિ'ન્કશન્) Sign of difference. ફેર-તફાવતની નિશાની. 2. Power of discrimination. સારાસાર વિવેક. 3. Difference. ફેરફાર. 4. Estimation of difference. ભેદદષ્ટિ. 5. Fame. પ્રખ્યાતિ.

Distinctive, *a.* (ડિસ્ટિ'ન્કટિવ્) Discerning. પારખનાર; ઓળખનાર. 2. That makes distinct. ચોખ્ખી રીતે જુદું પાડે એવું.

Distinctly, *adv.* (ડિસ્ટિ'ન્કટલી) Evidently. ખુલ્લી-સ્પષ્ટ રીતે.

Distinguish, *vt.* (ડિસ્ટિ'ન્ગ્વિશ્) To show distinctly. ચોખ્ખી રીતે જુદું પાડવું-ઓળખાવવું. 2. To divide. ના ભાગ-વિભાગ પાડવા. 3. To know distinctly. ઓળખવું-પારખવું. 4. To make famous or well-known. પ્રખ્યાત-નામચીન-મશહૂર કરવું. *vi.* To make distinctions. ફેર-તફાવત શોધી કાઢવો-બતાવવો.

Distinguished, *a.* (ડિસ્ટિ'ન્ગ્વિશ્ડ્) Illustrious; well-known. પ્રખ્યાત; વિખ્યાત; નામીચું; મશહૂર; જાણીતું.

Distinguishing, *a.* (ડિસ્ટિ'ન્ગ્વિશિન્ગ્) Characterstic; peculiar. ભેદદર્શક;ખાસ;વિલક્ષણ.

Distort, *vt.* (ડિસ્ટૉ'ર્ટ્) To twist from or out of natural shape; to pervert. કુદરતી આકૃતિ-આકાર બદલી નાંખવો; અર્થનો અનર્થ કરવો. [L. *dis* & *torqueo*, I twist.]

Distortion, *n.* (ડિસ્ટૉ'ર્શન્) Crookedness; a being twisted out of shape. વાંકાપણું;ફરી જવું તે.

Distract, *vt.* (ડિસ્ટ્રૅ'ક્ટ્) To madden. ગાંડું-ઘેલું કરવું. 2. To perplex. ગભરાવવું-ગરબડ કરાવી મુકવી. 3. To separate. જુદું પાડવું-ખેંચવું. [L. *dis* & *traho*, I draw.]

Distracted, *a.* (ડિસ્ટ્રૅ'ક્ટેડ) Mad; bewildered. ગભરાયેલું; ગુંચવાઈ ગયેલું; ગાંડું; ઘેલું; દિવાનું.

Distraction, *n.* (ડિસ્ટ્રૅ'ક્શન્) Separation, જુદું પાડવું તે. 2. Bewilderment. ગુંચવણ. 3. Quarrel. બખેડો. 4. Extreme agitation. ગભરાટ; અતિક્ષોભ. 5. Madness. ગાંડપણ.

Distrain, *vt.* (ડિસ્ટ્રે'ન્) To tear or rend. ભાંગવું. 2. To confiscate in payment for a debt. કરજના-લેણાના બદલામાં મિલ્કત જપ્ત કo-મિલ્કતનો કબજો લઈ લેવો. [L. *dis* & *stringo*, I draw tight.]

Distress, *n.* (ડિસ્ટ્રે'સ્) Calamity; sorrow. દુ:ખ; આફત; આપત્તિ. 2. The confiscation of property in payment of debt. લેણાની પેટે મિલ્કત જપ્ત કo તે. *vt.* To grieve or pain. દુ:ખમાં-આફતમાં નાંખવું. **D. warrant** = લેણાની પેટે મિલ્કત કબજે કરવાનું વૉરન્ટ-નો સત્તાવાર હુકમ.

Distressful, *a.* (ડિસ્ટ્રે'સ્ફુલ્) Sorrowful. દુ:ખદાયક; દુ:ખદાયી.

Distressing, *a.* (ડિસ્ટ્રે'સિન્ગ્) Causing distress. પીડા કારક; દુ:ખ દાયક; સતાવવું;ક્લેશ કરવું.

Distribute, *vt.* (ડિસ્ટ્રિ'બ્યુટ) To divide or distribute. વહેંચવું; વહેંચણી કરવી; વિભાગ પાડવા-કરવા. [L. *dis.* & *tribuo*, I give.]

Distribution, *n.* (ડિસ્ટ્રીબ્યૂ'શન્) The act of distributing. વહેંચણી કરવી તે. 2. Classifying. વિભાગ; વર્ગીકરણ; વ્યવસ્થા. 3. Type-arranging. બીબાં ગોઠવવાં તે.

Distributive, *a.* (ડિસ્ટ્રિ'બ્યુટિવ્) Dividing. હિસ્સા-વિભાગ પાડતું. **A distributive adjective or pronoun** = વિયોજક વિશેષણ કે સર્વનામ.

Distributively, *adv.* (ડિસ્ટ્રિ'બ્યુટિવલી) Dividedly; not collectively; singly. જુદું જુદું એકેક એકેક.

District, *n.* (ડિ'સ્ટ્રિક્ટ્) A portion of a territory for administrative purposes. જીલ્લો; પ્રાંત; ડિસ્ટ્રિક્ટ.

Distriction, *n.* (ડિસ્ટ્રિ'કશન્) Glitter; flash. ચળકાટ; ઝબકારો.

Distrust, *n.* (ડિસ્ટ્ર'સ્ટ્) Want of confidence or reliance. અણવિશ્વાસ; વહેમ; શંકા. *vt.* Not to trust in. વિશ્વાસ-ભરોસો ન હોવો-રાખવો.

Distrustful, *a.* (ડિસટ'સ્ટફુલ્) Wanting in confidence. અણવિશ્વાસ હોય એવું; વિશ્વાસ-ભરોસો ન રાખતું.

Distrustfulness, *n.* (ડિસટ્ર'સ્ટફૂલનિસ્) Want of reliance or confidence. અણવિશ્વાસ; અણભરોસો.

Distrustless, *a.* (ડિસટ્ર'સ્ટ-લિસ્) Confiding વિશ્વાસ રાખતું.

Disturb, *vt.* (ડિસ્ટ'ર્બ્) To vex or perplex. ગભરાટમાં નાંખવું; ત્રાસ આપવો. 2. To interrupt. વચમાં હરકત કરવી-ખલેલ પહોંચાડવી. [L. *dis*, & *turba*, a tumult.]

Disturbance, *n.* (ડિસ્ટ'ર્બન્સ્)Interruption. ખલેલ; હરકત. 2. Perplexity. ગભરાટ. 3. Riot; tumult. હુલ્લડ.

Dis-union, *n.* (ડિસ-યુ'ન્યિન્) Quarrel. કજીયો. 2. Separation. જુદાઇ. 3. Want of union. કુસંપ.

Disunite, *vt.* (ડિસયુના'ઈટ્) To separate or divide or part. જુદું-છુટું પાડવું; કુસંપ જગાવવો-કરવો. *vi.* To part. જુદું પાડવું.

Disunity, *n.* (ડિસ્યુ'નિટી)Want of union. કુસંપ; જુદાઇ.

Disuse, *n.* (ડિસ્યૂ'સ્) Want of use. વપરાસમાં નહિં હોવું તે; ગેરવહીવટ; બીનરિવાજ; અવ્યવહાર. *vt.* (.ઝ્)To cease using. વપરાસમાંથી કાઢી નાંખવું.

Disutilized, *a.* (ડિસ્યુ'ટિલાઈઝ્ડ્) Without use. વાપર વિનાનું.

Disvouch, *vt.* (ડિસવા'ઉચ્)Not to believe; to contradict. ન માનવું; વિશ્વાસ ન રાખવો; ઉલટું કહેવું.

Ditch, *n.* (ડિચ) A drainage pit. ખોદેલી ખાડી. *vt.* To dig a pit. ખાઇ ખોદવી-ખાડી ખોદવી.

Dition, *n.* (ડિ'શન્)Power; rule. સત્તા; ધારો; કાયદો.

Ditto, *n.* (ડિ'ટો)A thing same as above or aforesaid. ઉપર પ્રમાણે-મુજબ; સદર; હાજી, હા.

Ditty, *n.* (ડિ'ટિ) A song. ગીત; ગાયન. *vi.* To sing. રાગ તાણવો; ગાવું. [L. *dico,* I say.]

Diuretic, *a.* (ડાયુરે'ટિક્) Promoting the secretion of urine. મૂત્રોત્પાદક; મૂત્રવર્ધક. [Gr. *dis* & urine.]

Diurnal, *a.* (ડાય'ર્નલ્) Pertaining to or happening in the day-time. દહાડા-દિવસનું-સંબંધી; દિવસે બનતું-થતું. 2. Daily. દરરોજનું. *n.* A day-book. રોજમેળ; ડાયરી.

Divan, *n.* (ડિવૅ'ન્) Court of justice. ઠરાવ કરનારી સભા. 2. Council chamber. દિવાનખાનું. 3. Prime minister. દિવાન; અમાત્ય.

Divaricate, *vt.* (ડિવૅ'રિકે,ટ્) To divide in two. બે ભાગ કરવા. 2. To become wide. પહોળું થવું. [L. *dis* & *varns,* bent.]

Dive, *vi.* (ડાઇવ્) To plunge in or go under water. પાણીમાં ડૂબકી મારવી-ખાવી. 2. To study deeply. પુરેપુરી રીતે જાણવું-અભ્યાસ કરવો. *n.* A plunge under water. પાણીમાં ડુબકી મારવી તે.

Diver, *n.* (ડા'ઈવર્) One who dives. પાણીમાં ડુબકી મારનાર; કોઈપણ વિષયનો ઉંડો અભ્યાસ કરનાર.

Diverge, *vt.* (ડિવ'ર્જ્) To radiate or spread out from a common point. એક જગ્યાએથી-મધ્યબિંદુમાંથી નીકળીને જુદી જુદી દિશાઓમાં પસરવું.

Divergence-Divergency, *n.* (ડિવ'ર્જન્સ્-જન્સી) Radiation from a common point. કેન્દ્રાભિપ્રસરણ. 2. Difference. તફાવત; ફેર.

Divergent, *a.* (ડિવ'ર્જન્ટ્) Going astray; diverging. આડું ફાટનારૂં.

Divers, *a.* (ડા'ઈવર્ઝ્) Different; various. જુદું જુદું; અલગ અલગ. 2. More than one. કેટલાંએક.

Diversification, *n.* (ડિવર્સિ'ફિકે,'શન્) Alteration; change. ફેર; તફાવત; ફેરફાર. 2. The act of changing forms. રૂપ-આકાર બદલવો તે.

Diversify, *vt.* (ડિવ'ર્સિફાય્)To make various or different. જુદું જુદું બનાવવું; જુદી જુદી જાત કરવી. [L. *diversus,* differnt & *facto,* I make.]

Diversion, *n.* (ડિવ'ર્શન્) Difference; change. પરિવર્તન; ફેરફાર. 2. Amusement. રમત; વિલાસ; મજા.

Diversity, *n.* (ડિવ'ર્સિટી) Variousness. જુદાજુદાપણું; ભિન્નતા. 2 Want of similitude. અસમાનતા; જુદાઈ.

Divert, *vt.* (ડિવ'ર્ટ્)To cause to turn aside. આડે રસ્તે લઈ જવું; આડું ચલાવવું; ફેરવવું. *vt.* To amuse. મનરંજન-ચિત્તરંજન કરવું; ગંમત કરવી.

Diverting, *a.* (ડિવ'ર્ટિંગ્) Entertaining; amusing. મનોરંજક; ગમત પડે એવું.

Diversment, *n.* (ડિવ'ર્સમન્ટ્) Amusement. ગમત; મનરંજન.

Divest, *vt.* (ડિવે'સ્ટ્) To deprive of; to strip (as clothes &c). ઉતારી લેવું; લઈ લેવું; છીનવી લેવું; જોરજુલમથી લઈ લેવું. [L. *dis* & *vestio,* I clothe.]

Dividable, *a.* (ડિવા'ઇડબલ્) That can be divided. વિભાજ્ય; વહેંચવા લાયક; ભાગલા પાડવા લાયક; જુદું વહેંચેલું.

Divident, *a.* (ડિવિ'ડન્ટ્)Separate; divided. વહેંચેલું; જુદું જુદું થયેલું.

Divide, *vt.* (ડિવા'ઈડ્) To make parts of. ના વિભાગ-ભાગલા કરવા. 2. To separate. જુદું કo-પાડવું. 3. To distribute. વહેંચવું; વહેંચી આપવું. 4. To disagree. મતભેદ-મતાંતર હોવો-પડવો. *vi.* To be separated. જુદું થવું-પડવું; ભાગ થવા-પડવા. 2. To have a share. માં ભાગ-હીસ્સો હોવો.

Dividend, *n.* (ડિ'વિડન્ડ્) An amount to be divided (usually the profits of a joint concern.) ભાગ; હીસ્સો; વાંટો; ફાળો; નફાનો ભાગ.

Divider, *n.* (ડિવા'ઇડર્) One who or that which divides. વહેંચનાર; ભાજનાર; છેદક; ભાજક; (કમ્પાસ).

Divination, *n.* (ડિવિને,'શન્) Prophesying. ભવિષ્ય વર્તાવવું તે.

Divine, *a.* (ડિવા'ઈન્) Pertaining to God or divinity; god-like. ઈશ્વરી-દિવ્ય. *n.* A priest. પાદરી; ધર્મોપદેશક. *vt.* To predict or foretell events. ભવિષ્ય વર્તાવવું-કહેવું. *vi.* To make a guess. ધારણા-અટકળ બાંધવી. 2. To augur. શુકન-ભવિષ્ય કહેવું.

Divinity, *n.* (ડિવિ'નિટી) God. ઈશ્વર; પરમેશ્વર. 2. The qualities &c. attributed to God. ઈશ્વરપણું. 3. Pl. The priests (collectively.) પાદરી લોકો; ધર્મોપદેશકો.

Divisibility, *n.* (ડિવિઝિબિ'લિટી) The quality of being divisible. વહેંચાઈ, ભાંગી શકાય એવો ગુણ.

Divisible, *a.* (ડિવિ'ઝિબલ્) Capable of being divided. ભાગ પાડી શકાય-વહેંચી શકાય એવું.

Division, *n.* (ડિવિ'શ્ઝન્) The act of dividing or the state of being divided. ભાગ પાડવા-જુદું પાડવું તે; વહેંચણી; વિભાગ; 2. Discord. વિરોધ. 3. The process of dividing a number into a certain number of parts. ભાગાકાર. 4. Parts of a discourse. પ્રકરણ; વિભાગ. **To claim or ask for a division**=પોતપોતાના મત પ્રમાણે સભ્યોને જુદા જુદા બેસાડી મતની ગણત્રી લેવાની માગણી કરવી.

Divisive, *a.* (ડિવા'ઇઝિવ્) Dividing. ભાગ પાડતું; વહેંચી આપતું. 2. Creating disunion. કુસંપ કરતું.

Divisor, *n.* (ડિવા'ઇઝર્) The quantity which divides another. ભાજક.

Divorce, *n.* (ડિવો'ર્સ) Legal separation of husband and wife. ફારગતી: છુટા છેડા કરવા તે. 2. The legal decree authorizing it. ફારગતી-છુટા છેડા કરનાર આજ્ઞાપત્ર. *vt.* To separate legally (as husband & wife.) ફારગતી આપવી; છુટા છેડા કરવા.

Divorcement, *n.* (ડિવો'ર્સમેન્ટ્)The act of divorcing. છુટા છેડા કરવા તે.

Divulge, *vt.* (ડિવ'લ્જ્) To reveal. પ્રગટ-પ્રસિદ્ધ-ખુલ્લું ક૦ *vi.* To be revealed. ઉઘાડું પડવું;પ્રસિદ્ધ થવું-ક૦.[L.*dis*,&*vulgus*,multitude.]

Dizziness.*n.*(ડિ'ઝિનિસ્)Vertigo; giddiness. ચકરી; ચક્કર;ફેર; તમ્મર.

Dizzy, *a.* (ડિ'ઝી) Giddy. ચક્કર-ફેર આવતું. 2. Causing dizziness (said of height &c.) ફેર-ચક્કર-તમ્મર લાવે એવું. *vt.*To make giddy. ચક્કર-ફેર આવે એમ કરવું.

Do, *vt.* (ડૂ) To perform; to cause. કરવું; ચાલવું; કરાવવું. 2. To complete. પૂર્ણ-પુરું કરવું. 3. To make ready. તૈયાર-કામમાં આવે એવું કરવું.**To do away with**=To remove. દૂર ક૦;કાઢી નાંખવું **To do one's business** =To ruin. નું કાટલું-કાસલ કાઢવું.**To do to death**=ત્રાસ આપી મારી નાખવું. 2. મરણીયા થઇ કામ કરવું. **To do with**=To dispose. ની વ્યવસ્થા-ગોઠવણ કરવી. **To have to do with**=ની સાથે કામ-લાગતું વળગતું હોવું.**Done up**=નાશ પામેલું. 2. થાકીને લોથપોથ થઇ ગયેલું. *vi.* To act. વર્તણુક-ચાલચલગત હોવી; કરવું 2. To fare.સારૂં-ખરાબ ચાલવું.**To do withal**= To prevent.અટકાવવું.**To do one's best** બનતો પ્રયાસ કરવો **To be done for**=ને માટે નકામું હોવું **To do one's bit**=પોતાનો ફાળો આપવો. **To be done by**=છેતરાવું **To do for**=To suit. ને માટે લાયક હોવું-ચાલવું. **To have done**=પુરૂં કરવું. **To have done with**=ની સાથે કંઇ લેવાદેવા નહિં હોવી; લાગતું વળગતું બંધ થવું. **To do into**=ભાષાંતર કરવું.**To doup**=બાંધી મુકવું. [A. S. *don*, to do.]

Doab, *n.* (દો'આબ્) The territory lying between two rivers. બે નદી વચ્ચેનો મુલક.

Doat, *vt.* (ડોટ્) See 'Dote".

Docible, *a.* (ડોસા'ઇબલ્) Tractable; docile. સહેલાઇથી શીખવી શકાય-પાળી શકાય એવું;વિનયી;નમ્ર.

Docile, *a.* (ડૉ'સાઈલ્) Tractable; pliant; easily taught or managed. પાળી શકાય એવું; માની લે એવું; શીખવી શકાય એવું; વિનયી; નમ્ર. [L. *docio*, I teach.]

Docility, *n.* (ડોસિ'લિટી) Tractability. ગરીબ સ્વભાવ; વિનયીપણું; નમ્રતા.

Docimasy, *n.* (ડૉ'સિમસી) The art or practice of assaying ores. ધાતુના કસની તપાસ. [L. *doskimos*, tested.]

Dock, *n.* (ડૉક્) Space between piers where ships enter the harbour. વહાણ ઉભા રહેવાની જગ્યા. 2. The criminal's cage. ગુન્હેગારને ઉભા રહેવાનું પાંજરૂં. **Dry docks**=પાણી દૂર ખસેડી શકાય એવી ગોદી. **Wet docks**= વહાણની આવજા જેટલું પાણી રાખેલું હોય એવા ગોદી.

Dockage, *n.* (ડૉ'કિજ્) Charge for the use of docks. ગોદીનું ભાડું.

Docket, *n.* (ડૉ'કિટ્) A label on goods. માલ સાથે બાંધેલી ચિઠ્ઠી. 2. A summary.ટાંચણ. 3. [Law.] Summary of charges. કોરટના મુકરદમાની નોંધ. **On the docket**=હાથમાં *vt.* To summarize and enter in a book. લખાણનો સાર લખી લેવો.

Dock-yard *n.* (ડૉ'કયાર્ડ્) A lumber-yard near a harbour. વહાણના સામાનની વખાર-ગોદી.

Doctor, *n.* (ડૉ'કટર્) A physician. વૈદ્ય; ડાકટર. 2. A very learned man; one who has obtained the highest degree of a faculty. વિદ્વાન; પંડિત; વિદ્યાની સૌથી ઉંચી પદ્દી ધરાવનાર માણસ. *vt.* To treat with medicines &c. દવા કરવી.

Doctrinal, *a.* (ડૉ'કિટ્રનલ્)Relating to a doctrine. મત સંબંધી. 2. In the form of a teaching. ઉપદેશ રૂપ-બોધરૂપ.

Doctrine, *n.* (ડૉ'કટ્રિન્) A tenet; a teaching. શિક્ષા; દીક્ષા; ઉપદેશ; બોધ; સંપ્રદાયનું મત; ધર્મમત. **Traditional doctrine**=સંપ્રદાય. **D. of evolution**=પરિણામવાદ.

Document,*n* (ડૉ'ક્યુમેન્ટ્)A written evidence of something. દસ્તાવેજ; કાગળપત્ર; લેખ; લખાણ.

Documental-tary, *a.* (ડૉ'ક્યુમેન્ટલ-ન્ટરી) Consisting of documents; pertaining to written evidence. દસ્તાવેજી; લખાણનું; લેખી.

Dodecagon *n.* (ડોડે'કૅગોન્) A regular figure of twelve equal sides and angles. બાર સરખી બાજુ અને બાર ખુણાવાળી આકૃતિ. [Gr. *dodeka*, twelve & *gonia*, an angle.]

Dodge, *vi.* (ડૉજ્) To move aside suddenly. એકાએક ખસી જવું 2. To play false. છળભેદ કરવો. *vt.* To evade. ટાળાટાળ કરવી; ઉડાવવું; માથેથી કાઢી નાંખવું. *n.* An artifice or trick. યુક્તિ; છળભેદ; કપટ; દાવપેચ; પેચ.

Doe, *n.* (ડો) The female of a deer. મૃગી; હરણી; સાબરી.

Doff, *vt.* (ડૉફ્) To put off. ઉતારવું; દૂર કરવું. 2. To rid oneself of. કાઢી નાંખવું. *vi.* To remove the hat. ટોપી ઉતારવી.

Dog, *n.* (ડૉગ્) A kind of four footed domestic animal. કુતરો: શ્વાન. 2. One of the constellations. લુબ્ધકનો તારો. 3. A fire-prong. ચીપીઓ. **A dog-in-manger**=ઘાસની ગંજીના કુતરા જેવું હલકું. **Dog cheap**=ઘણુંજ સસ્તુ-સોંઘું. **To throw to the dog**=નકામું ગણી ફેંકી દેવું. **To go to dogs**=બુરા હાલ થવા; પાયમાલી-નાશ થવો.

Dog-cart, *n.* (ડૉ'ગકાર્ટ્) A light two-wheeled horse-carriage. બે પૈડાંવાળી હલકી ઘોડાગાડી.

Dog-ear, *vt.* (ડૉ'ગ-ઈર્) To mark the page of a book by folding the corner. પાનાના ખુણા વાળી નિશાની કરવી. **Dog's-ear**. એવો ખુણો.

Dog-fox, *n.* (ડૉ'ગ-ફૉ'ક્સ) He-fox. નરશિયાળ; શિયાળનો નર.

Dogged, *a.* (ડૉ'ગિડ્) Stubborn. જીદ્દી; નિશ્ચયી; હઠીલું.

Doggerel, *n.* (ડૉ'ગરલ્) Poor poetry; wretched verse. નકામી-ફેંકી દેવા લાયક કવિતા; જેમ તેમ ગોઠવી બેસાડેલી લીટીઓ.

Doggish, *a.* (ડૉ'ગિશ્) Churlish; like a dog. ડાચી નાંખતું; હઠીલું; કુતરા જેવું.

Dogma, *n.* (ડૉ'ગ્મા) A doctrine. મત; વાકય. 2. An established tenet. સ્થાપિત મત-વાત [Gr. *dokeo*, I think.]

Dogmatic-cal, *a.* (ડૉગમૅ'ટિક-ટિકલ્) Pertaining to a dogma. સ્થાપિત મતસંબંધીતું; અમુક એક મતને લગતું; અસહિષ્ણુ; જીદ્દી.

Dogmatism, *n.* (ડૉ'ગમટિઝમ્) Opinionativeness. પોતાના મતને ગમે તે સંજોગોમાં વળગી રહેવું એવો સ્વભાવ; સ્વમતાભિમાન; હઠ.

Dogmatist, *n.* (ડૉ'ગમટીસ્ટ્) One who sticks to one's opinion સ્વમતાગ્રહી; સ્વમતવાદી; સ્વમતાભિમાની.

Dogmatize, (ડૉ'ગમૅટાઈઝ્) *vt.* To preach a dogma. અમુક એકમત શિખવવો-મતનો ફેલાવો કરવો.

Dog-sleep, *n.* (ડૉ'ગસ્લીપ્) Pretence of sleep. ખોટી નિદ્રા; ઢોંગ કરીને ઉંઘવું તે; શ્વાનનિદ્રા.

Dog-star, *n.* (ડૉ'ગ-સ્ટાર્) Sirius. લુબ્ધકનો તારો.

Dog-tooth, *n.* (ડૉ'ગ-ટૂથ્) An eye-tooth. રાક્ષસી-કુતરીયો દાંત.

Doily, *n.* (ડૉ'ઇલી) A kind of woolen cloth. એક જાતનું ઉનનું કપડું; ન્હાનો રુમાલ.

Doit, *n.* (ડૉઈટ્) A very small Dutch coin. આસરે બે પાઈની કિંમતનો હૉલંડનો સિક્કો.

Dole, *n.* (ડોલ્) A dividing amongst a number of persons. વહેંચણી; ભાગ પાડવા તે. *vt.* To distribute. વહેંચવું; વહેંચણી કરવી-વહેંચી આપવું તે.

Doleful, *a.* (ડો',લફૂલ) Sorrowful; melancholy; grievous. શોચનીય;દિલગીરી ભરેલું;શોકાતુર.

Dolent, dolesome, *a.* (ડો',લન્ટ ડો',લસમ્) Dismal; sorrowful. દિલગીરી ભરેલું; ઉદાસીન; શોકાર્ત.

Doll, *n.* (ડૉલ્) A toy puppet. ઢીંગલી; રમકડું; પુતળી; પુતળું.

Dollar, *n.* (ડૉલર્) A coin, current in some European countries, of silver or gold, and worth about 2¼. or 4s. અમેરિકન ડૉલરનો સિક્કો-ચાર શિલિંગ, ત્રણ રૂપૈયા જેટલો.

Dolour, *n.* (ડૉ'લર્) Grief; distress. શોક; ખેદ; સંકટ; દુ:ખ.

Dolorous, *a.* (ડૉ,'લરસ્) Expressing pain or grief; dismal. ખેદકારક-દર્શક; શોચનીય; શોક-દુ:ખ બતાવતું.

Dolphin, *n.* (ડૉ'લફિન્) A kind of fish. એક જાતની માછલી.

Dolt, *n.* (ડોલ્ટ્) A dullard. તદ્દન ઠોઠ-બુદ્ધિહીન માણસ; ગધેડો. *vi.* To kill time. નકામો વખત ગુમાવવો.

Doltish, *a.* (ડો,'લ્ટિશ્) Somewhat dull. મંદ બુદ્ધિનું; ઠોઠ; મૂર્ખ; જડબુદ્ધિ

Domain, *n.* (ડૉમે,'ન્) Kingdom. રાજ્ય. 2. Territory. પ્રદેશ. 3. The estate of a landlord. જમીનદારની વતની જમીન.

Dome, *n.* (ડો,મ્) A roof rising up in the form of an inverted cup. કળશ; ઘૂમટ; ઘુમટ. 2. A house. ઇમારત; ઘર. [L. *domus*, a house.]

Domestic, *a.* (ડોમે'સ્ટિક્) About home. ઘરનું-ઘર સંબંધી. 2. Not wild; tame. પાળેલાં (જાનવરો) 3. Made in one's country, town, village &c. સ્વદેશી; ગામઠી; ઘરગતું; ઘરમાંહે.

n. A menial house-hold servant, ચાકર; નોકર. 2. Home-spun cotton-goods. ગામઠી સુતરાઉ કાપડ.

Domestical, *a.* (ડોમે'સ્ટિકલ્) About home or family ઘર-કુટુંબ સંબંધી. *n.* A household. કુટુંબ; ઘર.

Domesticate, *vt.* (ડોમે'સ્ટિકે,ટ્) To habituate to live in a home. ઘરમાં-ઘરકામમાં રહેવાની ટેવ પાડવી. 2 To tame. પાળવું-હેળવવું.

Domestication, *n.* (ડોમેસ્ટિકે,'શન્) Taming (of wild animals.) જાનવરોને હેળવવા-કેળવવાં-પાળવાં તે. 2. Accustoming to home-living. ઘરકામમાં-ઘેર રહેવાની ટેવ પાડવી તે.

Domesticity, *n.* (ડોમિસ્ટિ'સિટી) Privacy, etc. of home. ગૃહપ્રેમ, રહસ્ય વગેરે.

Domicile, *vt.* (ડૉ'મિસાઇલ્) To establish a family residence. ઘર-રહેઠાણ કરવું. *n.* A habitation. ઘરબાર; રહેઠાણ.

Dominant, *a.* (ડૉ'મિનન્ટ્) Predominant; governing. પ્રધાન;પ્રબળ;જબરૂં; શ્રેષ્ઠ;સત્તા ચલાવતું.

Dominate, *vt.* (ડૉ'મિને,ટ્) To govern. ની ઉપર રાજ્ય-સત્તા ચલાવવી. *vi.* To predominate. પ્રધાન હોવું; પ્રાબલ્યવાન-જબરદસ્ત થવું. [L. *dominus*, a lord.]

Domination, *n.* (ડૉમિને,'શન્)Government; rule. સત્તા. 2. Arbitrary authority. આપખુદી સત્તા. **To be under one's domination**=નું દબાએલું હોવું; ની સત્તાની તાબે હોવું.

Domineer, *vt.* (ડૉમિની'ર્) To rule arbitrarily; to govern tyranically. (followed by "over"). ની ઉપર આપખુદીથી સત્તા ચલાવવી-હકૂમત-રાજ્ય ચલાવવું.

Dominican, *n.* (ડૉમિ'નિકન્) An order of friars. બાવાઓનો એક પંથ.

Dominion, *n.* (ડૉમિ'ન્યન્) Government; rule. રાજ્ય; સત્તા. 2. Territory. તાબાનો મુલક; પ્રદેશ; રાજ્ય.

Domino, *n.* (ડૉ'મિનો) A kind of mask. એક જાતનો લુગડાનો ઝભ્ભો. 2. A person wearing such a mask. લુગડાનો બુરખો-ટોપ પહેરનાર માણસ.

Don, *vt.* (ડૉ'ન્) To put on. પહેરવું; ચઢાવવું. *n.* An aristrocrat. સરદાર.

Donate, *vt.* (ડૉ'ને,ટ્) To subscribe to a fund. ફંડમાં આપવું; બક્ષવું; બક્ષીસ તરીકે આપવું.

Donation, *n.* (ડોને',શન્) A gratuity or present. ભેટ; બક્ષીસ; બક્ષવું-આપવું તે; ફંડમાં ભરેલી રકમ.

Donative, *n.* (ડો'નટિવ્)A gratuity or present ભેટ; બક્ષીસ. 2. A benefice. પાદરીની આજીવિકા.

Done, *p. p.* (ડન્) Completed; finished. પુરૂં કરેલું; કરેલું; કીધેલું.

Donee, *n.* (ડો,ની') The recepient of a gift or present. બક્ષીસ લેનાર શખસ.

Donjon, *n.* (ડૉ'ન્જન્) Great tower or keep of a castle. કિલ્લાનો મુખ્ય બુરજ; અન્તર્ગઢ.

Donkey, *n.* (ડૉ'ન્કી) An ass. ગધેડું; ખચ્ચર. 2. A block-head. મુરખ-ઠોઠ માણસ.

Donor, *n.* (ડો'નર્) The giver of a gift. ભેટ-બક્ષીસ-ફંડમાં પૈસા આપનાર.

Doodle, *n.* (ડૂ'ડલ્) A simpleton. ભોળાનાથ; તદ્દન ભોળો, મૂર્ખ માણસ.

Dooly, *n.* (ડૂ'લી A palanquin. ડોળી; પાલખી.

Doom, *n.* (ડૂ'મ્) Evil destiny. દુર્દૈવ; વગતિ. 2. Death. મોત; મરણ. 3. Ruin. પાયમાલી; નાશ. *vt.* To condemn. સજા-શિક્ષા-દંડ ફરમાવવો. 2. To judge. નો ઇન્સાફ-ન્યાય આપવો. 3. To destine to an evil fate. દુર્દૈવ માટે નિમવું-નિર્માણ કરવું.

Dooms day, *n.* (ડૂ'મ્ઝ્ડે) The day of Judgment. કયામતનો દિવસ.

Doomsday-book,*n* (ડૂ'મ્ઝ્ડેબુક)A revenue and survey register of William the Conqueror. પેહલા વિલિયમ રાજાના હુકમથી બનાવવામાં આવેલું જમીન તથા તેની માપણી માલેકી વગેરેનું દફતર.

Door, *n.* (ડોર્) An entrance. દરવાજો; બારણું. 2. A frame of movable boards opening and shutting at the entrance &c. of a room. બારણું. **Out of doors**=બહાર. **Indoors**=ઘરની અંદર. **To lie at one's door**=ને માથે(આળ,દોષ)આવવું;નો આરોપ આવવો.

Door-case, *n.* (ડો'રકે,સ્) The frame of a door. બારણાનું ચોકઠું.

Door-keeper, *n.* (ડો'રકીપર્) A footman. દ્વારપાળ; દરવાન; પ્રતિહાર.

Door-post,*n.*(ડો'ર-પોસ્ટ્)The upright piece at the side of a door. બારણાની બાજુએ હોતું ઉભું લાકડું; બારસાખ; દ્વારશાખા.

Door-way, *n.* (ડો'ર-વે) The entrance; door. દરવાજો; વાટ; બારણાનો રસ્તો.

Dormancy, *n.* (ડૉ'ર્મન્સી) State of being dormant; quiescence; abeyance. વિશ્રાંતિ; ઉંઘ; આરામ; ગુપ્ત સ્થિતિ.

Dormant, *a.* (ડૉ'ર્મન્ટ્) Suspended; not in action; sleeping. ઉંઘતું; કામમાં નહિં હોય એવું. **A dormant partner**=a sleeping partner. વહિવટમાં ભાગ ન લેનાર ભાગીદાર. **A dormant table**=લખવાનો સરસામાન રાખવાનું મેજ. [L. *dormio*, I sleep.]

Dormitory, *n.* (ડૉ'ર્મિટરી) Sleeping apartments. શયનગૃહ; સુવાની જગ્યા-ઓરડો.

Dormouse, *n.* (ડૉ'ર્માઉસ) A wild mouse. જંગલી ઉંદર.

Dorothy bag, *n.* (ડૉ'રથિબૅગ) Lady's handbag. યુરોપીઅન વગેરે સ્ત્રીઓ કાંડે લટકાવે તે પૈસાની થેલી.

Dorsal, *a.* (ડૉ'ર્સલ) About the back. વાંસા-પીઠ સંબંધી-નું. [L. *dorsum*, the back.]

Dose, *n.* (ડોઝ) Quantity of medicine to be taken at one time. ડોઝ; એક વખતની દવા. [L. *do*, I give.]

Dost, *n* (ડસ્ટ) Second person singular of "do". તું કરે છે.

Dot, *n.* (ડૉટ) A point. મીંડું; ટપકું *vt.* To mark with dots. ટપકાંટપકાં પાડવાં.

Dotage, *n.* (ડો,'ટેજ) Blind love or infatuation. પ્રેમાતિરેક; ગાંડાઇ. 2. Imbecility of the mind. સાઠી બુદ્ધિ.

Dotard, *n.* (ડો,'ટર્ડ) An old imbecile. ક્ષીણ બુદ્ધિનો ડોસો; સાઠી બુદ્ધિનું માણસ.

Dotation, *n.*(ડોટે,'શન)The act of giving dowry. વહુ દીકરીને પહેલું વગેરે આપવાની રીત;કોઈપણ સ્ત્રીને પરણવાની રીત આપવી તે.[L.*dotis*,dowry.]

Dote, *v.* (ડો,ટ) To entertain excessive fondness for. અત્યંત-બેહદ ચાહવું-પ્રેમ રાખવો. 2. To have the intellect impaired by age. ઘડપણને લીધે બુદ્ધિ-મગજ નબળું થવું.

Dotingly,*adv.*(ડો,'ટિન્ગલી) With excessive or foolish fondness. પ્રેમાતિરેકથી; કમ અક્કલથી; મૂર્ખાઈથી.

Dotish, *a.* (ડો',ટિશ) Weak. imbecile. નબળા મનનું; કમ અક્કલનું; મૂર્ખ.

Double, *a.* (ડ'બલ) Taken twice. બેવડું. 2. Couple. જોડ. *adv.* Two-fold. બમણું; બેગણું. *vt.* To take twice. બમણું-બેગણું કરવું. 2. To march quickly. જલદીથી કૂચ કરવી. *vi.* To grow two-fold. બમણું થવું.

Double-barrelled, *a.* (ડ'બલ-બૅરલ્ડ)With two barrels. બે નળીવાળી (બંદુક).

Double-dealing, *a.* (ડબલ ડી'લીન્ગ) Hypocritical.કપટી;પ્રપંચી.*n.*Deceit;hypocrisy. દગો;કપટ;પ્રપંચ;તર્કટ;બન્ને બાજુ ઢોલકી બજાવવી તે.

Double-entendre, *n.* (ડુબ્લ-આંતાં'ન્દ્ર) A word capable of double or two interpretations. દ્વિઅર્થી શબ્દ-વાક્ય.

Double-faced,*a.*(ડ'બલ-ફે,સ્ડ)Hypocritical. બે મ્હોડાનું; દગાખોર; ઉભયમુખ.

Double-hearted,*a.*(ડ'બલ-હાર્ટેડ)Treacherous. દગાખોર; કપટી; પ્રપંચી.

Double-minded, *a.* (ડ'બલ-માઈન્ડેડ) Wavering. અનિશ્ચિત; ચલિત.

Doublet, *n.* (ડ'બ્લિટ) A couple. જોડ; એકજ વ્યુત્પત્તિવાળો બીજો શબ્દ.2.A misprint consisting of doubling a word. ભુલથી બીજીવાર છપાઈ ગયેલો શબ્દ.2. A vest. બંડી; બદન. (૧૪-૧૮ સદી)

Double-tounged, *a.* (ડબલ-ટન્ગડ) Hypocritical. બે બોલીવાળું; દ્વિમુખ.

Doubling, *n.* (ડ'બ્લિન્ગ)The act of taking a thing &c. twice. બમણું બેગણું કરવું તે. 2. Quick march. જલદી કૂચ; પ્રદક્ષિણા.

Doubly, *adv* (ડ'બ્લી)To twice the degree; in double the quantity. દ્વિગુણ; બમણું;બેવડું.

Doubt.*n.*(ડાઉટ)Suspicion; undeterminedness. વહેમ; શંકા; સંશય.**No doubt**=નિઃશંક બેશક. *vt.*Not to believe or confide in.અણુવિશ્વાસ-ભરોસો ન-હોવો;શક-સંશય હોવો.*vi.*To entertain doubts.શંકા-સંશય હોવો [L.*dubitus*,doubtful.]

Doubtful, *a.* (ડા'ઉટફુલ)Uncertain.અનિશ્ચિત. 2. Capable of being doubted. શક ભરેલું; સંશયવાળું. 3. Dubious. સમજાય નહિ એવું.

Doubtless, *a* (ડા'ઉટલિસ) Certain. નિઃશંક; સંશયરહિત.*adv.*Without doubt.બેશક;નિઃસંશય.

Douceur, *n,*(ડૂ'સર)A gift or a bribe. ભેટ; ઉપહાર; લાંચ. [Fr.]

Douche, *n.* (ડૂશ) Jet bath. ફૂવારા સ્નાન.

Doubtlessly, *adv.* (ડા'ઉટલેસલી)Certainly. નિઃશંક; નિઃસંશય; ખચિત; સંદેહ વિના; નિશ્ચયપૂર્વક; નક્કી.

Dough, *n* (ડો)Wetted flour to be made into bread. કણક; બાંધેલો લોટ.

Doughty, *a.* (ડા'ઉટી)Gallant;brave.પરાક્રમી; પ્રતાપી; બહાદુર; જવાંમર્દ;હિંમતવાન.

Doughy, *a.* (ડો'ઇ) Soft like dough. કણક જેવું નરમ-પોચું.

Douse, *vi.* (ડાઉસ) To fall suddenly into water.પાણીમાં એકદમ પડવું. *vt.* To immerse or drench in water.પાણીમાં બોળીકાઢવું-ડુબકી મારવી-ભીંજવવું; પલાળી નાંખવું.

Dove, *n* (ડવ)A tame pigeon.કબુતર (પાળેલું). **Dovecot**=ખબુતરખાનું.

Dovelet, *n.* (ડ'વલેટ) A small pigeon. ન્હાનું ખબુતર.

Dovelike, *a.* (ડ'વલાઇક) Like dove; mild; gentle. કબુતર જેવું નરમ સ્વભાવવાળું; ગરીબ ગાય જેવું; ગરીબડું.

Dovetail, *n.* (ડ'વટે,લ)Fastening of boards together. સાલ, ખાંચ બેસાડવી તે. *vt.* To fasten boards in a particular manner by letting one board into another. સાલ બેસાડવી.

Dowager, *n.* (ડૉ'વેજર્) A titled widow. સરદાર વગેરે ખિતાબ ધરાવનારની વિધવા. 2. A widow having a life-interest in an estate. મિલ્કતના ભોગવટાનો હક ધરાવનાર વિધવા.

Dowdy, *n.* (ડા'ઉડી) An ugly or awkward woman. બદસુરત-કદરૂપી બૈરી. *a.* Ugly. બદસીકલ; બેડોળ.

Dower, *n.* (ડા'વર્) A dowry. પહેરામણી; પલ્લું. 2. A present. બક્ષીસ.

Down, *n.* (ડાઉન્) Furry growth on the bodies of animals. પર; રૂંવાં. *vt.* To stuff with down. રૂંવાં-પરથી ભરવું. *n.* A meadow; a sandy plain. મેદાન; ખરાબો; ખરાબાની જમીન. *prep.* From a higher place, state &c. to a lower one. નીચે. 2. Towards the mouth of a river. નદીના મુખ તરફ. **Up and down**= ઉપરનીચે. **To be down and out upon** =ની ઉપર ખીજવાવું-આંખ હોવી. **Down with** =કાઢી નાંખવું; ઉડાવી દેવું; ફેંકી દેવું.

Downcast, *a.* (ડા'ઉનકાસ્ટ્) Sad; disappointed; dejectd. ઉદાસીન; મ્હોડું ઉતરી ગયેલું.

Down-fall, *n.* (ડા'ઉનફૉલ્) Ruin; destruction. વિનાશ; નાશ; ખરાબી; પાયમાલી; સત્યાનાશ; ક્ષય. 2. A falling down. પડવું તે; ધોધ; ધોધવો.

Down-hill *a.* (ડા'ઉનહિલ્) Sloping. ઢોળાવ-ઉતારવાળું; ઢળતું. *n.* Slope; descent. ઉતરણ; ઉતાર; ઢોળ.

Down-right, *adv.* (ડા'ઉનરાઇટ્) At once. તરતજ; ઢીલ કર્યા વગર. 2. Absolute. ચોખ્ખું-ચોખ્ખી; સાફ; સીધું *a.* Evident. દેખીતું. 2. Simple. સાદું.

Down-sitting, *a.* (ડા'ઉન-સિટિન્ગ્) At rest. વિશ્રાંતિ લેતું-આરામવાળું. *n.* Rest; repose. આરામ; વિશ્રાંતિ.

Down-trodden, *a.* (ડા'ઉન-ટ્રૉડન્) Trampled; completely suppressed. ચગદી નાંખેલું; ચગદાઈ ગયેલું

Down-ward, down-wards, *adv.* (ડા'ઉનવર્ડ-વર્ડ્ઝ્) In a lower state direction &c. ઉપરથી નીચે; કંગાલ સ્થિતિમાં; ઉચ્ચમાંથી નીચ સ્થિતિમાં.

Downy *a.* (ડા'ઉની) Covered with down. રૂંવાંવાળું. 2. Soft; delicate and smooth. સુકુમાર; નરમ, કોમળ; સુંવાળું.

Dowry, *n.* (ડા'વરી) A present. બક્ષીસ; ઈનામ. 2. Marriage-portion given with a wife. પહેરામણી; પલ્લું

Dowse, *n.* (ડા'ઉસ્) A blow on the face. તમાચો; ધોલ. *vt.* To immerse or dip in water. પાણીમાં બોળી કહાડવું-પલાળવું. 2. To beat. મારવું.

Doxology, *n.* (ડૉકસૉ'લૉજી) A hymn in praise of God. ઈશ્વરસ્તુતિપદ; ગાવાનાં (ખ્રિસ્તી પુસ્તમાંનાં) ભજન. [Gr. *doxa*, glory & *logos*, speech.]

Doxy, *n.* (ડૉ'કસી) A loose wench. વેશ્યા; છીનાળ; પાતર.

Doze, *vi.* (ડો,ઝ્) To become drowsy. ઝોકાં-લાં ખાવાં. *vt.* To pass in drowsiness. સુસ્તી-ઉંઘમાં કાઢી નાંખવું. 2. To make dull. આળસુ-સુસ્ત કરવું-બનાવવું.

Dozen, *n.* (ડ'ઝન્) A set of twelve. બારનો સમૂહ; ડઝન. **A baker's or devil's dozen**=તેર.

Dozing, dozy *a.* (ડો,'ઝિન્ગ્-ડો,'ઝી) Sleepy. ઉંઘતું; ઉંઘણસી; સુસ્ત; ઝોકાં ખાતું.

Drab *n.* (ડ્રૅબ્) A loose woman. વેશ્યા; છીનાળ; કુલટા. *vi.* To practise looseness. છીનાળવું કરવું. *n.* A kind of cotton stuff. એક જાતનું કપડું. *a.* Dull. કંટાળો આપે એવું; શોકીયું.

Dracunculus, *n.* (ડ્રૅકયુ'નકયુલસ્) Pl. **Dracunculi**. A kind of plant. એક જાતનો છોડવો-ઝાડ.

Draff, *n.* (ડ્રૅફ્) Dregs; refuse. કચરો; મેલ; કીટૂ; ફોતાં; છુછાં.

Draffy, draffish, *a.* (ડ્રૅ'ફી-ડ્રૅ'ફિશ્) Full of refuse or dregs. કચરા-કીટાવાળું; મલિન; અસાર; હલકું.

Draft, *n.* (ડ્રા'ફ્ટ્) Drawing. ઘસડવું-ખેંચવું તે; ચિત્ર દોરવું તે. 2. Choice of a military party. લશ્કરી માણસોની પસંદગી. 3. A bill of exchange. હુંડી; ચેક. 4. As ketch. રેખાચિત્ર 5. A current of air. પવનનો ઝપાટો-લહેર. 6. Rough outline of a piece of composition &c. ખરડો; રફ નકલ. *vt.* To outline. નું રેખાચિત્ર દોરવું. 2. To make a draft of. નો ખરડો કરી લખવું. 3. To send by means of a bill of exchange હુંડીથી મોકલી આપવું.

Drafts-horse, *n.* (ડ્રા'ફ્ટસ્હૉર્સ્) A heavy load-horse. ભારનો ઘોડો.

Draftsman, *n.* (ડ્રા'ફ્ટસમન્) One who draws designs, plans &c. નમુના-પ્લાન દોરનાર.

Drag, *vt.* (ડ્રૅગ્) To pull along ground with force. જમીનપર જોરથી ખેંચવું-ઘસડવું. *n.* A grapnel. પાણીમાંથી વસ્તુઓ કાઢવાની ખિલાડી, મીંદડી. [L. *traho*, I draw.]

Drag-bar, drag-bolt, *n.* (ડ્રૅ'ગબાર-બોલ્ટ) A coupling or bolt. આગળો; જોડવાનો-ખેંચવાનો સળીયો.

Drag-hook, *n.* (ડ્રૅ'ગ-હુક) An angling hook. માછલી પકડવાનો ગલ.

Drag-man, *n.* (ડ્રૅ'ગ-મન્) A fisher-man. માછી,

Draggle-tail, *n.* (ડ્રૅ'ગલ-ટે,લ્) A dirty woman. ગંદી સ્ત્રી.

Dragoman, *n.* (ડ્રૅગોમન્) An interpreter. દુભાષીઓ; સમજાવનાર.

Dragon, *n.*(ડ્રૅગન્) A mythological monster winged serpent. પાંખોવાળો રાક્ષસી કલ્પિત સાપ, ઘોડો વગેરે. 2. A short musket. નાની બંદુક.

Dragoon, *n.* (ડ્રગૂ'ન્) A cavalry soldier. બરકંદાજ; ઘોડેસ્વાર બંદુકવાળો. 2. A kind of pigeon. એક જાતનું ખબુતર.[L.*draco*, a dragon.]

Drain, *vt.* (ડ્રે,ન્) To flow away slowly. ધીમે ધીમે વહી જાય-ખાલી થાય એમ કરવું; વહેવરાવવું. 2. To empty. ખાલીખમ કરવું. 3. To filter. ગાળવું. *vi.* To flow gradually or be emptied. પાણી ધીમે ધીમે વહી જવું-નીકળી જવું; ખાલી થવું. *n.* A drainage pit &c. ખાળ; મોરી.

Drainable, *a.* (ડ્રે,'નબલ્) Capable of letting water flow away slowly. પાણી વહી જઇ શકે એવું.

Drainage, *n.* (ડ્રે,'નિજ્) A slow flowing away (of liquids).પાણી વગેરે પ્રવાહીઓનું ધીમે ધીમે વહી જવું તે; પાણીનો નીકાસ; ધસડાઇ જવું 2. A system of drains for the water of a city to flow away. પાણી જવા માટેની ગટરો વગેરે.

Drainer, *n.* (ડ્રે,'ઇનર્) One who or that which drains. ગાળનાર; ગળણી.

Drake, *n.* (ડ્રે,ક્) A male duck નર બતક. 2.A male fly.નર માખ. **To make ducks and drakes of one's money**=ખોટે રસ્તે પૈસા વેડફી મારવા.

Dram, *n.*(ડ્રૅમ્)A measure of weight=60 grains or one-eighth of an ounce.સાઠ ગ્રેન અથવા એક આઉંસનો આઠમો ભાગ.2.A mouthful of wine &c. દારૂનો ઘુંટડો. [L. *drachma.*] *also*, Drachm.

Drama, *n.* (ડ્રા'મા)Representation of acts or actions by players on the stage. નાટક. 2. A composition or plot representing a picture of human life. નાટકનું પુસ્તક રચના વગેરે. [Gr. *drao*, I act or do.]

Dramatic-tical, *a.* (ડ્રૅમૅ'ટિક-ટિકલ્)About drama. નાટક સંબંધી; નાટકનું.

Dramatist, *n.* (ડ્રૅ'મૅટિસ્ટ્) A dramatic author. નાટકકાર.

Dramatize, *vt.* (ડ્રૅ'મેટાઇઝ્) To give the form of a drama.નાટકનું રૂપ આપવું;નાટક રચવું.

Dran, *n.* (ડ્રૅન્) A male-bee. મધમાખીનો નર.

Drape, *vt.* (ડ્રે,પ્) To cover with cloth. વસ્ત્રથી ઢાંકવું-સજ્જીત કરવું.2. To furnish with curtains. પડદા લગાવવા.

Draper, *n.* (ડ્રે,'પર્) A mercer; a clothier. કપડાનો વેપારી; કાપડીઓ.

Drapery, *n.* (ડ્રે',પરી) Cloth-business. કપડાંનો વેપાર. 2. Hangings, curtains &c. પડદા વગેરે.

Drastic, *a.* (ડ્રૅ'સ્ટિક્) Strong; severe; powerful. કડક સખ્ત; જોરવાળું; ઉચ્છેદક. *n.* [Med.] A strong purgative. આકરો જુલાબ.

Draught, *n.* (ડ્રાફ્ટ્) The act of drinking. પીવું તે. 2. Thing drawn. ખેંચાયેલી વસ્તુ. 3. Quantity drunk at one time. ઘુંટડો; ઘુંટ. 4. A current of air. પવનનો સપાટો.5. One who draws. ખેંચનાર 6.A drain.નીક;ખાળકુવો; મોરી. 7. Depth of water necessary for floatation of a ship. વહાણને તરવાને જોઇએ તેટલી પાણીની ઉંડાઈ. **Draughts**=A kind of game like chess. શેત્રંજ જેવી એક રમત; સોકટાબાજી.

Draught-board,*n.* (ડ્રા'ફ્ટ-બોર્ડ્) A board over which draughts are played, square in shape. રમત રમવાનું પાટીયું.

Draught-horse, *n.* (ડ્રા'ફ્ટ-હૉર્સ્) A heavy-load carrying house.ભાર ઉપાડનાર ઘોડો.

Draughtsman, *n.* (ડ્રા'ફ્ટસમૅન્) One who sketches plans or designs. નકશા ચીતરનાર; ચિત્રો દોરનાર. 2. A piece in chess. શેત્રંજનું મોહરૂં.

Draw, *vt.* (ડ્રૉ) To pull along. ખેંચવું. 2. To bring out. બહાર લાવવું. 3. To remove a deposit. થાપણ ઉપાડવી-કાઢી લેવી. 4. To elect by lots. ચિઠ્ઠીઓ નાંખી નક્કી કરવું. 5. To take in air. શ્વાસોચ્છ્વાસ લેવો.6. To sketch a picture. નું ચિત્ર દોરવું-આલેખવું. **Drawn game or battle**=જેમાં કોઈ પણ પક્ષની હાર કે જીત ન થઈ હોય એવી રમત અથવા લડાઈ. **To draw a line**=હદ નકી કરવી-બાંધવી. **To draw lots**=ચિઠ્ઠીઓ નાંખવી. **To draw off**=ખેંચવું-કાઢી લેવું. **To draw out**, = લંબાવવું (2.) ટીપીટીપીને લાંબુ કરવું. **To draw the long bow**=અતિશયોક્તિ કરવી; અસંભવિત વાતો કરવી; ગપ મારવી. 6. To array. હારબંધ ગોઠવવું-વ્યૂહરચનામાં ઉભું રાખવું. *vi.* To draw from the sheath. મ્યાનમાંથી બહાર કાઢવું. 2. To sketch. ચિત્ર કાઢવું. 3. To contract. સંકોચાઈ જવું-નાનું નાનું થવું. 4. To write a bill of exchange. હુંડી લખવી. To draw up. =હારબંધ-વ્યૂહરચનામાં ગોઠવવું-ઉભા રહેવું.

Draw-back, *n.* (ડ્રૉ'બૅક્) A disadvantage. ખામી; ખોટ. 2. An allowance. ઉપરિયામણ નાણું; જકાતપરત નાણું.

Draw-bridge, *n.* (ડ્રૉ'-બ્રિજ્) A portable bridge generally over moats of castles. ઉપાડી લઈ શકાય અને પાછો મૂકી શકાય એવો પૂલ.

Drawee, *n.* (ડ્રૉઇ') A person on whom a bill of exchange is drawn. હુંડી સીકારનાર માણસ.

Drawer, *n.* (ડ્રૉ'અર્) A person who draws a bill of exchange. હુંડી લખનાર શખસ. 2. A sliding box in a table. ટેબલનું ખાનું 3. Trousers. સુરવાળ-પાયજામો.

Drawing, *n.* (ડ્રૉ'ઈન્ગ્) The act of attracting or pulling. ખેંચવું-આકર્ષવું તે. 2. A sketch. ચિત્ર; નકશો; છબી; આલેખન. 3. The declaration of winners &c. in lottery. લોટરીમાં ઈનામ કાઢવું તે.

Drawing-master *n.* (ડ્રૉ'ઈન્ગ માસ્ટર્) A teacher who teaches drawing. ચિત્ર કલા શિક્ષક.

Drawing-room, *n.* (ડ્રૉ'ઇન્ગ રૂમ્) A hall for the reception of visitors. દિવાનખાનું; દર્શનગૃહ; બેસવા ઉઠવાનો ઓરડો.

Drawl, *vt* or *vi.* (ડ્રૉલ્) To speak in a slow, lengthened tone. ધીમેથી લંબાવીને-ઉંઘણસીની પેઠે બોલવું

Dray, *n.* (ડ્રે) A cart. ભારનું ગાડું. **A dray-horse**=ભારનો ઘોડો.

Dread, *n.* (ડ્રેડ) Extreme fear. બ્હીક; ભય; ધાસ્તી; ધાક. *a.* Feared and respected. શક્તિશાલી;ભવ્ય.*vt.* To be very much afraid of. બહુજ બ્હીક હોવો-ભય હોવો; થી ડરવું-ગભરાઈ જવું.

Dreadful, *a.* (ડ્રેડફુલ્) Full of fear.ધાસ્તી ભરેલું-ભયવાળું; ભયંકર.

Dreadless, *a.* (ડ્રે'ડલિસ્) Fearless; bold. હિંમતવાન; નીડર; ભયહીન; નિર્ભય; બહાદુર.

Dream, *n.* (ડ્રીમ્) A vision.સ્વપ્નું. *vt.* To have a vision in sleep.સ્વપ્નું આવવું. 2. To imagine. ખ્યાલ કરવો; ધારવું; વિચારવું.

Dreamy, *a.* (ડ્રી'મી) Visionary.અસાર;સ્વપ્ન જેવું-સ્વપ્નનું; સ્વપ્નથી ભરપુર.

Drear, *n.* (ડ્રીર્) Dread. ધાસ્તી; ભય. *a.* Dismal. ઉદાસીનતા ઉપજાવે એવું.

Dredge, *n.*(ડ્રેજ્)A drag-net.એક જાતનું જાળું. *vt.* To catch with a kind of net. જાળામાં પકડવું-સપડાવવું. 2. To sprinkle flour on. ની ઉપર લોટ છાંટવો.

Dreggy, Dreggish, *a.*(ડ્રે'ગી-ડ્રેગિશ્) Full of refuse. કચરા-કીટવાળું; મેલું.

Dregs, *n.* (ડ્રેગ્ઝ) The sediment of liquors; sweeping; refuse. કચરો;મેલ. **D. of society** =અધમ કોટિના માણસ; સમાજનો કચરો.

Drench. *vt.* (ડ્રેન્શ્) To force to drink. ને બળજબરીથી-જોરજુલમથી પાવું. 2. To wet all over. પલાળી નાંખવું-ભીંજવવું.*n.* A draught ઘુંટડો

Dress, *vt.* (ડ્રેસ) Clothes. કપડાં; પોશાક; લુગડાં. **D. of honour**=માનનો પોશાક; ખીલાત. *vt.* To put dress on. લુગડાં પહેરાવવાં; કપડાં પહેરાવવાં; શણગારવું. 2. To apply healing herbs. ને મલમપટ્ટો લગાડવો. 3. To prepare. કમાવું (ચામડું); ઓળવા; મસાલા વગેરેથી તૈયાર કરવું. *vi.* To put on clothes. કપડાં પહેરવાં.

Dresser, *n.* (ડ્રે'સર્) One who dresses. કપડાં પહેરનાર. 2. A dressing-table. એક જાતનું કપડાં મૂકવાનું ટેબલ. 3. A hospital assistant. દવાખાનામાં મલમપટ્ટા બનાવનાર. 4. A cup-board for placing utensils. રાંધવાનાં વાસણ મૂકવાનું કબાટ.

Dressing, *n.* (ડ્રે'સિન્ગ્) Clothes. લુગડાં. 2. A healing medicine or preparation. મલમ-પટ્ટો-પટ્ટો;ઓળવું વ૰ 3. Gum, starch &c. used in preparing linen, clothes &c. ખેળ (કાપડનો).

Dressing-gown, *n.* (ડ્રે'સિન્ગ-ગાઉન્) A gown used at home. ઘરમાં પહેરવાનો ઝભ્ભો.

Dressy, *a.* (ડ્રે'સી) Gaudy.ભપકાદાર;શોખીન; બહારનો દેખાવ ગમે એવું.

Dribble, *vi.* (ડ્રિ'બલ્) To leak in drops. ઝરવું. 2. To weaken.નબળા-ધીમું પડવું.

Dribblet, *n.* (ડ્રિ'બ્લેટ્) A small piece or part. નાની સંખ્યા-રકમ. **In dribblets**= કકડે કકડે; થોડી થોડી સંખ્યામાં.

Drift, *n.* (ડ્રિફ્ટ્) Speed; force. પ્રવાહ; વેગ. 2. Intention. હેતુ; ધારણા. 3. Meaning. અર્થ; તાત્પર્ય. 4. A deposit from running water. પાણીથી ઘસડાઇ આવેલો કચરો.*vi.*To be carried aimlesslessly (as a ship).આમતેમ તણાવું-ખેંચાવવું.

Drill, *n.* (ડ્રિલ્) Military training. લશ્કરી કવાયત.*vt.* To train in martial movements. કવાયત કરાવવી.*vi.* To muster for drill.કવાયત માટે ભેગું કરવું-જમાવવું-એકઠું કરવું

Drill sergeant, *n.* (ડ્રિ'લ-સાર્જન્ટ્) A sergeant who drills recruits. ડ્રિલ શીખવનાર ઑફિસર.

Drink, *vt.* (ડ્રિન્ક્) To swallow a liquid. પી જવું. 2. To take in or absorb. ચુસી લેવું. **To drink, off**=ગટગટાવી પીવું-પી જવું. **To drink to the health of**=અમુકના માનમાં-અમુક માણસ ખુશીમાં રહે એવું ઇચ્છી દારૂ પીવો. *vi.* To drink to excess. દારૂ ઢીંચવો. *n.* A liquid. પીવાનું પ્રવાહી; પીણું.

Drinking, *n.* (ડ્રિં'ન્કિન્ગ્) Intemperance. છાકટાપણું; અતિશય દારૂ પીવાની ટેવ.

Drip, *vt.* (ડ્રિપ) To dribble. ટપકાં પાડવાં. *vi.* To let fall in drops. ટપકાં પડવાં. *n.* A falling in drops.ટપકે ટપકે પડવું તે;ટપકવું તે;સ્રાવ.

Drive, *vt.* (ડ્રાઇવ્) To force to move.હાંકવું; હંકારવું. 2. To carry in a vehicle. ગાડીમાં લઈ જવું. 3. To dig. ખોદવું. 4. To compel.

ફરજ પાડવી; જરૂર પાડવી. *vi.* To be forced along. ધમકાઇ જવું 2 To go in a carriage. ગાડીમાં બેસી જવું. *n.* An excursion in a carriage.ગાડીમાં બેસી ફરવા જવું તે-સહેલ કરવી તે.

Drivel, *vi.* (ડ્રિ'વેલ્) To let fall saliva. લાળ ગળવી. 2. To be helpless or weak. નિર્બળ હોવું-થવું *n.* Saliva. થુંક; લાળ.2. A drudge. વૈતરો; નોકર; ચાકર.

Driveller, *n.* (ડ્રિ'વેલર્) An idiot. મૂર્ખ માણસ; દિવાનો.

Drivelling, *a.* (ડ્રિ'વેલિન્ગ્) Speaking senselessly. અર્થ વગર લવતો 2.Very foolish. ગાંડો. *n.* Foolishness. "સાઠી બુદ્ધિ નાઠી" એ

Driver. *n.* (ડ્રા'ઈવર્) A coachman. ગાડી હાંકનાર માણસ. 2. The main driving wheel of a locomotive. આગગાડીનો સંચો ચલાવનાર મ્હોટું પૈડું.

Drizzle, *vt.* (ડ્રિ'ઝલ્) To rain gently in small drops. ઝરમર ઝરમર વરસવું

Droll, *a.* (ડ્રોલ્) Comic. હાંસી કરાવે એવું. *n.* Comic thing. હાસી ઉપજાવનાર ચીજ-માણસ; મશ્કરીઓ. *vi.* To jest. મશ્કરી કરવી.

Drollery, *n.* (ડ્રો'લરી) Humour. હાસ્યવિનોદ. 2. A show of puppets. પુતળાની રમત-સર્કસ. 2. A comic sketch. હાસ્યજનક છબી-ચિત્ર.

Dromedary, *n.* (ડ્રૉ'મિડરી) A camel of high breed. સાંઢણી. [Gr. *dromo,* I run.]

Drone, *n.* (ડ્રોન્) A male bee. મધમાખીનો નર. *vi.* To make a buzzing noise. "ગણુગણુ" એવો અવાજ કરવો.

Dronish,*a.*(ડ્રો'નિશ્)Idle. આળસુ; હરામી;સુસ્ત.

Droop, *n.* (ડ્રૂપ્) A drooping position or state. ખુંધું થઈ ગયેલું હોવું એવી સ્થિતિ. *vi.* To sink down. લબડી જવું; ખુંધા થવું.

Drop, *n.* (ડ્રૉપ્) A minim. એક ટીપું. 2. Forward stage-curtain. રંગભૂમિનો આગલો પડદો. *vt.* To pour in drops. ટપકારૂપે રેડવું. 2. To allow to fall. પડવા દેવું-નાંખવું. 3. To send by post. ટપાલમાં મોકલવું. 4. To let fall by mistake. ગુમાવવું-ગુમ થવા દેવું. *vi.* To fall in drops. ટપકાં પડવાં. 2. To come unexpectedly. અણધાર્યા-ઓચિંતું આવવું. **To drop down**=વહાણ હંકારવું. **To drop a card**=કાગળ લખવો **To drop a habit**=ટેવ મૂકી દેવી-છોડવી. **To take a drop**=થોડો દારૂ પીવો. **You can drop this passage**=આ ફકરો તમે મૂકી દઈ શકો છો.

Dropsical, *a.* (ડ્રૉ'પ્સિકલ) Affected with dropsy. ઉદરરોગી; જલંદર રોગવાળું.

Dropsy, *n.* (ડ્રૉ'પ્સી) A kind of disease characterised by watery state of the skin. ઉદરરોગ; જલંદર રોગ. [Gr. *hyder,* water and *ops,* face.]

Dross, *n* (ડ્રૉસ્) The refuse left after smelting ores. ધાતુનો મેલ-કીટ.

Drossy, *a.* (ડ્રૉ'સી) Full of refuse. કચરા-કીટવાળું; મલિન; નકામું.

Drought, *n.* (ડ્રાઉટ્) Failure of the monsoon. અવૃષ્ટિ; અવર્ષણ; વરસાદની અછત. 2. Thirst. તરસ. 3. Lack; want. ભીડ; તંગી; અછત; ખોટ.

Droughty, *a.* (ડ્રા'ઉટી) Arid. સુકું; જ્યાં વરસાદ કદી નહિં પડતો હોય એવું.

Drove, *n.* (ડ્રોવ્) A herd of cattle. ઢોરનું ટોળું, ધણ.2. A road over which cattle can be driven. ઢોર હાંકવાનો રસ્તો.

Drover, *n.* (ડ્રો'વર્) Driver of cattle. ઢોરનો હાંકનાર માણસ.

Drovy, *a.* (ડ્રો'વી) Muddy; dirty. ગંદું; મેલું; અસ્વચ્છ; મલિન; કચરાવાળું.

Drown, *vt.* (ડ્રાઉન્) To overwhelm with water. પાણીમાં ડુબવું-ડુબાડવું. 2. To be absorbed in care. ચિંતામાં મગ્ન હોવું. *vi.* To be suffocated to death in water. પાણીમાં ડુબી ગુંગળાઈ મરી જવું.

Drowse, *vt.* (ડ્રાઉઝ્) To make idle. આળસુ-એદી-સુસ્ત કરવું. 2. To sleep. ઉંઘવું. *n.* Slight nap. આડું પડવું-જરાક ઉંઘ લેવી તે.

Drowsy *a.* (ડ્રા'ઉઝી) Sleepy. ઉંઘ આવતી હોય એવું; સુસ્ત; ઉંઘણસી. 2. Producing sleep. ઉંઘ લાવે એવું.

Drubbing, *n.* (ડ્ર'બિન્ગ્) Flogging. લાકડીનો માર-ફટકા.

Drudge, *vi.* (ડ્રજ્) To do hard and laborious work. સખ્ત મજુરી કરવી; વૈતરૂં કરવું. *n.* A hard labourer. મજુર; વૈતરો; વેઠીઓ.

Drudgery, *n* (ડ્ર'જરી) Hard and laborious work. વૈતરૂં; સખ્ત મજુરી.

Drug, *n.* (ડ્રગ્) A medical substance. ઓષધિ; કરિયાણું; ઓષધના કામમાં વપરાતી વસ્તુ. 2. A labourer. મજુર *vi.* To season with drugs. મસાલો ચઢાવવો.

Druggist, *n.* (ડ્ર'ગિસ્ટ્) A dealer in drugs. કરીયાણાનો વેપારી; દવાઓ વેચનાર.

Druid, *n.* (ડ્રુ'ઈડ્) An ancient Celt priest. અસલના વખતમાંનો સેલ્ટ લોકોનો ગુરૂ-ધર્મોપદેશક.

Druidism, *n* (ડ્રુ'ઇડિઝમ્) The religion of the Druids. ડ્રુઈડી ધર્મ.

Drum, *n.* (ડ્રમ્) A kind of instrument. ઢોલ; પડઘમ. 2. The tympanum of the ear. કાનનો પડદો, ઢોલ. *vi.* To beat a drum. પડઘમ-ઢોલ વગાડવી. 2. To gather. ભેગા-એકઠું કરવું.

Drummer, *n.* (ડ્'મર્) One who plays on the drum. તબલચી; પડધમ વગાડનાર.

Drunk, *a.* (ડ્રન્ક્) Intoxicated with spirituous liquors. છાકટું; પીધેલ; મસ્ત.

Drunkard, *a.* (ડ્'ન્કર્ડ્) One who drinks to excess. છાકટો; નીશાબાજ; દારૂડીયો.

Drunken, *n.* (ડ્'ન્કન્) Drunk. પીધેલ; છાકટું; બહુ પીવાની ટેવવાળું.

Drunkenness, *n.* (ડ્'ન્કનનિસ્) Drinking to excess. છાકટાપણું; અતિ પીવાની ટેવ; નીસ્સો; કેફ.

Druxy, *a.* (ડ્'ક્સી) Having decayed spots. છુંદાએલું. ચાંદાવાળું; સડેલા ટપકાવાળું.

Dry, *a.* (ડ્રાય્) Not moist. નીરસ; સુકું. 2. Not giving milk. દૂધ ઉડી ગયેલું હોય એવું; વગર દુઝાણું. 3. Thirsty. તરસ્યું. 4. Plain. નીરસ; અસાર; સાદું. **Dry light**=સાફ અજવાળું. **Dry talk or lecture**=નીરસ ટાયલું *vt.* To deprive of moisture. સુકું કરવું. *vi.* To evaporate wholly. સુકાઈ જવું.

Dryad, *n.* (ડ્રા'યડ્) A female Diana. વનદેવી.

Dry-foot, *n.* (ડ્રા'યફૂટ્) A hunting dog. શિકારી કુતરો.

Dry-goods, *n.* (ડ્રા'યગુડ્ઝ્) Cloths. કપ્પડ; કાપડ; કપડાં.

Dry-shod, *a.* (ડ્રા'યશૉડ્) Without wetting the feet. પગ ભીંજવ્યા વગર; કોરે પગે.

Dual, *a.* (ડયુ'અલ્) Consisting of two. દ્વિસંખ્ય; બે એ સંખ્યા બતાવનારૂં; દ્વિવાચક. [L. *duo*, two.]

Dualism, *n.* (ડયુ'અલિઝમ્) A doctrine of two original principles of good and evil &c. પાપપુણ્યવાદ; દેવદાનવવાદ.

Duality, *n.* (ડયુ'ઍલિટી) Twoness. દ્વૈતભાવ; દ્વૈત.

Dub, *vt.* (ડબ્) To deck. શણગારવું. 2. To smooth લીસું કરવું. *vi.* To make a quick noise. જલદીથી અવાજ કરવો.

Dubber, *n.* (ડ'બર્) One who dubs. ઇલ્કાબ-હોદ્દો આપનાર. 2. A vessel to hold ghee &c. ડબ્બો; કુપ્પી; કુલ્લી.

Dubious, *a.* (ડયુ'બિયસ્) Doubtful. વહેમવાળું; અસ્થિર. 2. Causing doubt. શક ભરેલું; સમજાય નહીં એવું; શક ઉપજે એવું. [L. *dubius*]

Ducal, *a.* (ડયુ'કલ્) About or relating to a Duke. ડયુક વિષે-નું.

Ducat, *n.* (ડ'કટ્) An ancient coin. જુના વખતનો ઈટાલિનો સોનાનો સિક્કો=૯ શિ.

Duchess, *n.* (ડ'ચિસ્) The wife of a Duke. ડયુકની બૈરી-સ્ત્રી.

Duck, *n.* (ડક્) A kind of cloth. એક જાતનું કાપડ. 2. A water-fowl. જળકૂકડી; બતક. **To make ducks and drakes of one's money**=પૈસા વેડફી મારવા-ઉડાવવા *vi.* To nod. ઊંકું-માથું, લુણાવવું.

Duckling, *n.* (ડ'કલીન્ગ્) A small duck. નાનું બતક.

Duct, *n.* (ડક્ટ્) A tube. નળી; શીરા; નસ. 2. Direction. શિક્ષા; દોરવણી [L. *duco*, I lead.]

Ductile, *a.* (ડ'ક્ટાઇલ્) Capable of being easily drawn into wires. જેમાંથી સહેલાઈથી તાર ખેંચી શકાય એવું; નરમ.

Ductility, *n.* (ડક્ટિ'લિટી) The quality of being ductile. તાર ખેંચી શકાય એવો ગુણ; વળકણાપણું; યોગ્યતા.

Duds, *n.* (ડડ્ઝ્) Rags. ચીંથરાં; ફાટેલા કપડાં.

Due, *a.* (ડ્યુ) Proper. વાજબી. 2. Owing. માગતું. 3. Sufficing. બરોબર. 4. Expected to arrive at a particular time. અમુક વખતે આવનાર-આવવાવાળું. 5. Owing to. ની લીધે થનારૂં. *adv.* Directly. સીધું. *n.* Debt. દેવું. 2. Toll. દાણ; કર. 3. Claim. દાવો; વાજબી હક.

Duel, *n.* (ડયુ'ઇલ્) A fight between two persons. બે પુરૂષો વચ્ચેની લડાઈ-દ્વંદ્વ યુદ્ધ. *vi.* To fight. દ્વંદ્વ યુદ્ધ કરવું. [L. *duo*, two.]

Duelist, *n* (ડયુ'ઈલિસ્ટ્) A fighter in a duel. દ્વંદ્વ યુદ્ધ કરનાર.

Duet, *n.* (ડયુએ'ટ્) A composition of music to be sung by two in concert. બે જણને સાથે ગાવાનું ગાયન.

Dug, *p. p* (ડગ્) Past tense & Past participle of "**To dig**". ખોદ્યું; ખોદેલું.

Duke, *n.* (ડયુક્) One belonging to the highest order of nobility in England. સૌથી ઉંચી પદ્વીનો અમીર; ડયુક. **To dine with Duke Humphrey**=ભુખે મરવું; ખાવાના ફાંફાં પડવા. [L. *dux*, a leader.]

Dukedom, *n.* (ડયુ'ક્ડમ્) The possessions, rank &c. of a Duke. "ડયુક"ના તાબાનો મુલક; ડયુકનો દરજ્જો, પદ્વી વગેરે.

Dulcet, *a.* (ડ'લ્સિટ્) Sweet; delicious. સ્વાદિષ્ટ; મીઠું; મધુર [L. *dulcis*, sweet.]

Dulcify, *vt.* (ડ'લ્સિફાઈ) To make delicious; to sweeten. ગળ્યું-મીઠું-સ્વાદિષ્ટ બનાવવું; લહેજતદાર બનાવવું. [L. *dulcis*, sweet & *facio*, I make.]

Dulcimer, *n.* (ડ'લ્સિમર્) A harp-like instrument. એક જાતનું તારવાળું વાજિંત્ર.

Dull, *a.* (ડલ્) Foolish. મૂર્ખ. 2. Awkward. બેડોળ; બ્હેર મારી ગયેલું. 3. Blunt. ધાર વિનાનું; બુઠું. 4. Dim. ઝાંખું. 5. Interestless. રસકસ વગરનું; મઝા વગરનું. *vt.* To make stupid મૂર્ખ બનાવવું. *n.* A block-head. નાઉમેદ કરવું; દિલગીર કરવું.

Dullard, *n.* (ડ'લર્ડ્) A block-head. ઠોઠ-અક્કલ વગરનો માણસ. *a.* Sluggish. મંદ બુદ્ધિનું.

Dullness, *n.* (ડ'લનિસ્) Stupidity. ઠોઠપણું; મૂર્ખતા; બેવકૂફ પણું; રીત મુજબ,

Duly, *adv.* (ડ્યુ'લી) Properly.વાજબી-યોગ્ય-ઘટતી રીતે; જેમ જોઇએ તેમ.

Dumb, *a.* (ડમ્મ્) Not possessing the power of speech.મુંગું.**To strike dumb** = વાચા (આશ્ચર્ય વગેરેથી) બંધ થઈ જવી.

Dumb-bells, *n.* (ડ'મ્બેલ્સ્) A kind of excercising apparatus. મગદળ.

Dumble-dor, *n.* (ડ'મ્બલડોર્) A drone. ભમરો; ભ્રમર.

Dumbfound, *vt.*(ડમફા'ઉન્ડ્)To strike dumb with terror &c. આશ્ચર્ય વગેરેથી મ્હો બંધ કરી દેવું; ચુપ કરી નાંખવું.

Dummy, *n.* (ડ'મી) A dumb man. મુંગો માણસ. 2. A model. નમુનો; બનાવટી વસ્તુ. *a.* Artficial. બનાવટી: ખોટું. *n.* A blockhead. ઠોઠ માણસ.

Dump, *n.* (ડમ્પ્) Neglect. ગાંડાઇ,બેભાનપણું. 2. A melancholy air in music. શોકજનક સુર. *vt.* To throw down. પાડી નાંખવું.

Dumpy, *a.* (ડ'મ્પી) Short & thick. બટકું, ટુંકું અને જાડું. 2. Sullen. ઉદાસીન: ખીજવાએલું.

Dun, *a.* (ડન્) Dull brown. તપખીરી-બદામી રંગનું. *vt.*To press for payment.ઉઘરાણી કરવી.

Dunce,*n* (ડન્સ્)A block-head.ઠોઠ માણસ;મુરખ.

Duncify, *vt.* (ડ'ન્સિફાઇ) To make foolish. મૂર્ખ બનાવવું-કરવું.

Dung, *n.*(ડન્ગ્)Animal excrement of cows &c. છાણ. *vt.* To manure with dung. છાણનું ખાતર નાંખવું.

Dungeon, *n.* (ડ'ન્જન્) A prison-house. અંધારી કોટડી; કેદખાનું.

Dung-hill,*n.* (ડ'ન્ગ-હિલ્)A heap of dung. ઉકરડો; છાણનો ઢગલો.

Duo-decimal*a.*(ડ્યુઓ-ડે'સિમલ્)Proceeding in computation by twelves. દ્વાદશ ગુણનું; બાર સહાંનું. [D. *duo*, two & *decima*, ten.]

Duo-decimo, *a.* (ડ્યુઓ-ડે'સિમો) Oftwelve leaves to a sheet. એક તાવના બાર પાનાં કર્યાં હોય એવું. **Duo-decimos**=એક તાવ-તાનાં બાર પાના કરી બાંધેલી ચોપડી.

Dupe, *n* (ડ્યુપ્)A person who is deceived by another. બીજાએ છેતરેલો-ભોળો માણસ. *vt.* To deceive or cheat. છેતરવું; ફસાવવું.

Duplex, *a.* (ડ્યૂ'પ્લેક્સ્) Two-fold; double. દ્વિગુણ; બમણું; બેવડું.[L.*duo*,two & *plico*,I fold.]

Duplicate, *a.* (ડ્યૂ'પ્લિકેટ્) Double. બેવડું; બમણું. *n.* A copy. નકલ;'બીજો' ઉતારો. *vt.* To copy. નકલ કરવી. [L. *duo*, two & *plico*, I fold.]

Duplicity, *n.* (ડ્યૂપ્લિ'સિટી) Guile; deceit; double-dealing. છેતરપીંડી; કપટભાવ; દોરંગપણું. 2. Doubleness. બેવડાપણું.

Duply, *n.* (ડ્યૂ'પ્લાઈ) Second answer. જવાબની નકલ; બીજો જવાબ.

Durable, *a.* (ડ્યૂ'રૅબલ્) Lasting. ટકાઉ; મજબુત; સ્થાયી. [L. *durus*, hard].

Durance, *n.* (ડ્યુ'રન્સ્) Duration. મુદત; લંબાણ. [L. *durans*]

Duration, *n.* (ડ્યુરે'શન્) Time of continuance. મુદત; કાળમર્યાદા. 2. Durability. નિભાવ; ટકાવ: સ્થિતિ **Of long duration**,= ચિરસ્થાયી; લાંબો વખત ટકી રહેનાર. **Of short duration** = ક્ષણભંગુર.

Duress, *n.* (ડ્યુ'રિસ્) Distress. દુ:ખ; બળાત્કાર; ત્રાસ.

During, *adv.* (ડ્યુ'રિન્ગ્) In the interval of or time of. સુધીમાં.

Dusk, *n.* (ડસ્ક્) Twilight; half-darkness half-light. ઝાંખો પ્રકાશ; ઝળઝળું. *vt.* To obscure. ઝાંખુ કરવું.

Dusky, *a.* (ડ'સ્કી) Obscure. ઝાંખુ. 2. Partially black. કાળાશ પડતું.

Dust, *n.* (ડસ્ટ્) Fine earth. માટી; ધુળ;મંટોડી. 2. Fine powder. બારીક ભુકો. **To throw dust in one's eyes** = છેતરી જવું. *vt.* To clean dust from. ધુળ ખંખેરવી-કાઢી નાંખવી. 2. To spread dust on. ધુળ છાંટવી.—*n.*Duster. સાફ કરવાનો કટકો.

Dusty, *a.* (ડ'સ્ટી) Full of or covered with dust. ધુળવાળું.

Duteous, dutiful, *a.*(ડ્યૂ'ટીઅસ્-ડ્યૂ'ટિફૂલ્) Obedient. વિનયશીલ; આજ્ઞાંકિત; આજ્ઞાધારી; મર્યાદશીલ.

Dutiable, *a.* (ડ્યૂ'ટિ,અબલ્) Subject to a duty (goods &c.) જકાત લેવા લાયક (માલ).

Duty, *n.* (ડ્યૂ'ટી) Moral obligation. ફરજ. 2. Reverence. ભક્તિ, માન. 3. Any business, service or office. કામ ધંધો. 4. Toll; tax on goods exported. દાણ; જકાત; કસ્ટમનો વેરો.

Duumvirate, *n.* (ડ્યુઅ'મવિરેટ્) A form of government in which supreme power rests with two persons jointly. દ્વિશાસનસત્તા; બે અફસરને સત્તા હોય એવું રાજ્ય. [L. *duo*, two.]

Dwarf, *n.* (ડ્વાર્ફ્) A short man. ઠીંગણો માણસ; વામનજી.*vt.*To make short or small. ન્હાનું-ઓછું કરવું; ટુંકું કરવું.

Dwarfish, *a.* (ડ્વાર્ફિશ્) Very short. ઠીંગણું; ઘણું ન્હાનું.

Dwell, *vt.* (ડ્વેલ્) To inhabit. રહેવું; વસવું. **To dwell upon**=લંબાણથી વિવેચન-પ્રવચન કરવું.

Dwelling, *n.* (ડ્વે'લિન્ગ્) Residence. રહેઠાણ; મકાન; ગૃહ; ઘર.

Dwindle, *vt.* (ડ્વિ'ન્ડલ્) To become less and less. ઓછું થતા જવું; ઘટવું.

Dye, *vt.* (ડાઇ) To colour. રંગવું; *n.*Colour. રંગ. 2. Destiny. નશીબ; ભવિષ્ય.

Dyeing, *n.* (ડા'ઈન્ગ્) Colouring. રંગવું તે; રંગવાનો હુન્નર-કળા.

Dyer, *n.* (ડા'યર્)One who colours clothes. રંગરેજ; કપડાં રંગનાર.

Dying, *a.* (ડા'યિન્ગ્) Subject to death. વિનાશી; નાશવંત; મરતું. 2. About death. મોત-મૃત્યુ સંબંધી.

Dynamics, *n.* (ડાયનૅ'મિક્સ્) The science of force in motion. ગતિશાસ્ત્ર; સારશક્તિશાસ્ત્ર.

Dynamo, *n.* (ડા'યનૅમો,) Electric machine. વિદ્યુત્જનક યંત્ર.

Dynasty, *n.* (ડીનૅસ્ટી) A line of kings of the same race.એકજ વંશના-કુળના રાજાઓ; રાજાઓની વંશાવળી. [L. *dynastes*, a chief.]

Dysenteric-terical, *a.* (ડીસેન્ટે'રિક્-રિકલ્) Suffering from dysentery. સંગ્રહણી-અતિસારવાળું; હાથધોણું, મરડો થયો હોય એવું.

Dysentery, *a.* (ડી'સેન્ટરી) Diarrhoea accompanied by bloody discharge. અતિસાર; સંગ્રહણી; મરડો.

Dyspepsia-sy, *n.* (ડિસ્પે'પ્સીઆ-પેપ્સિ) A gastric disorder. અજીર્ણ; બદહજમી. [L. *dys*, bad *pepto*, I digest.]

Dyspeptic,*a.*(ડિસપે'પ્ટિક્) Suffering from dyspepsia. અજીર્ણ થયેલું; અજીર્ણ રોગી.

Dysphagia, *n.* (ડીસફૅ'જીઆ) Difficulty in swallowing. ગલાવરોધ. [L. *dys*, bad, *phoegin*, to eat.]

Dyspnœa, *n.* (ડીસ્પની'અ) Difficulty in breathing. શ્વાસાવરોધ. [L. *dys*, bad and *pheo*, I breathe.]

Dysury,*n.*(ડી'સ્યુરી)Difficulty in discharge of the urine. મૂત્રાવરોધ;પેશાબ કરવાની અડચણ. [Gr. *dys*, bad & *ouron*, urine.]

E.

E, (ઈ, અ, એ,) The second vowel and the fifth letter of the English alphabet. અંગ્રેજી મૂળાક્ષરનો બીજો સ્વર અને પાંચમો અક્ષર. (2) The tride tone in music. સારીગમનો ત્રીજો સૂર.

Each. *adj.* (ઈચ્) Everyone of any number separately considered or treated; everyone of two or more considered individuals. પ્રત્યેક; હરેક; દરેક; પ્રતિ; પરસ્પર; અન્યોન્ય;

Eager, *adj.* (ઈગર્) Ardent to pursue; earnest; vehement; intense; zealous; fervent. આતુર; ઉત્કણ્ઠિત; ઝનુની. [L. *acer*, sharp.]

Eagerly, *adv.* (ઇ'ગર્લિ) In an eager manner; earnestly. આતુરતાથી; ઉત્કંઠાથી.

Eagerness, *n.* (ઈ'ગરનિસ્) Earnestness; zeal; fervour. આતુરતા; હોંસ; ઉત્સુકતા; ઉત્સાહ;હર્ષ.

Eagle, *n.* (ઇ'ગલ્) A rapacious bird of the falcon family. ગરૂડપક્ષી; પક્ષીરાજ. [L. *aquila*, eagle.]

Eagle-eyed, *adj.* (ઇ'ગલ આઇડ્) Sharp-sighted as an eagle; having an acute sight. તીક્ષ્ણ, બારીક, ઝીણી નજરવાળું,

Eaglet, *n.* (ઇ'ગ્લેટ્) A small or young eagle. ગરૂડપક્ષીનું બચ્ચું.

Eame, *n.* (ઈમ) મામા; Uncle.

Ear,*n.* (ઇર)The organ of hearing;કાન.(2)the organ by which sound is perceived. શ્રવણેન્દ્રિય. Attention લક્ષ. (1) To set by the ears=to make strife between=લડાવવું; કજીઆ ટંટા કરાવવો. (2) To give ears=to pay attention=કાને ધરવું. (3) To poison one's ears=To speak ill of others. ના કાન ભંભેરવા. (4). Up to the ears, over head and ears=Over whelmed= ગરક થઈ ગએલો. (5). To turn a deaf ear to=Not to listen=ન ગણકારવું. [L. *auris*.]

Ear, *vt.* (ઇર્) To forth the ear in growing. કણસલાં આવવાં.

Ear-ache, *n.* (ઇ'રેક્) Pain in the ear. કર્ણશૂળ.

Ear-borer, *n.* (ઇ'રબોરર્) One who bores the ears. કાન વિંધનાર.

Ear-drop, *n.* (ઇ'રડ્રૉપ્) An earring for the ear. કાનની કડી; કુંડળ.

Ear-finger, *n.* (ઇ'ર ફિંગર્) Last and short finger of the hand. ટચલી આંગળી. E. mark. માલપર માલિકની નિશાની; ખાસ અલગ રાખવું. E. shot. સંભળાય તેટલું અંતર. E. ring. એરિંગ.

Earl, *n.* (અર્લ) A British title of nobility, the third in rank, being next below a marquis and next above a viscount. ઇંગ્લાંડની એક અમીરી પદ્વી; અર્લ.

Earldom, *n.* (અ'ર્લડમ્) The domain, or title or dignity of an earl. અર્લની પદ્વી, અમલ. મહાલ, હકુમત.

Earless, *a.* (ઈ'ર્લિસ્) Not having the sense of hearing. કાનવિનાનો.

Earliness, *n.* (અ'ર્લિનિસ્) State of advance or forwardness. ત્વરા; તાકીદ.

Early, *adv.* (અર્લિ) In good season, soon, betimes, forward, prior in time, before the usual time. સવેળું; વહેલું; નૂતન; સવારે; જલદી.–Early days=childhood. બાલ્યાવસ્થા.

Earn, *vt.* (અર્ન) To merit or deserve by labour or by any performance. કાંઈ કરીને યોગ્ય અથવા લાયક થવું. (2.) To acquire by labour. કમાવું; રળવું.

Earn, *vi.* (અર્ન) To feel anxiety, ચિંતાગ્રસ્ત થવું. (2.) To curdle. જામવું.

Earnest, *n.* (અ'ર્નિસ્ટ્) Seriousness. ખરાપણું. Something given by way of token or pledge to bind the bargain. બાનું.—To be earnest=to be determined=ખરા ભાવથી કo.–*a.* eager to obtain. ઉત્સાહી—*adv.* In an earnest manner, warmly, eagerly.આતુરતાથી, ઉત્કંઠાથી–*n.* Earnestness=eagerness; ardour; zeal; fervour. ઉત્કંઠા; આતુરતા.

Earnings, *n.* (અ'ર્નિંગ્સ્) The giving of labour for recompense; wages; reward. કમાઈ; મહેનતાણું.

Ear-pick, *n.* (ઇ'ર્પિક્) An instrument to clean the ear. કાન ખોતરણી; કર્ણકંડુયન.

Earring, *n.* (ઇ'ર્રિંગ્) Eardrop. કાનની કડી. (2) Pendant. લોળીઉં.

Earshot, *n.* (ઇ'ર્શૉટ્) Reach of the ear; the distance at which words may be heard. સંભળાઈ શકે એટલું અંતર; કર્ણપથ; શ્રવણગોચર; અવાજનો ટપ્પો.

Earth, *n.* (અર્થ) The particles which compose the mass of the globe. પૃથ્વી. (2) Dry land. જમીન. (3) The ground, soil. માટી; મટોડી. (4) The hole in which a fox hides itself.શિયાળની બોડ.(5)The people on the globe. દુનિયા; જગત; સૃષ્ટિ—Face of the earth=ભૂતળ–*vt.*To hide in the earth; to cover with earth or mould=દાટવું;દફન કરવું—*vi.*To retire under-ground;to burrow. દફન કરવું; બો, બોયરામાં રહેવું.

Earthen, *a.* (અ'ર્થન્) Made of earth or clay. માટી અથવા કાદવનું, મૃણ્મય

Earthling, *n.* (અર્થલિંગ્) An inhabitant of the earth; a mortal; a frail creature; worlding. મૃત્યુ લોકનો માનવી; માનવી; મર્ત્ય.

Earth-apple, *n.*(અ'ર્થઍપલ્)A cucumber. કાકડી. A potato=બટાકો.

Earth-quake, *n.* (અ'ર્થ્ક્વે,ક્) Trembling of the earth. ધરતીકંપ; ભૂકંપ.

Earth-lore, *n* (અ'ર્થ્લોર) Knowledge about earth; geology. ભૂસ્તરવિદ્યા.

Earth-worm, *n.* (અ'ર્થ્વર્મ્) The common worm found in the soil,without legs.અળશીઉં.

Earthly, *adj.* (અ'ર્થ્લી) Made of earth. મટોડીનું; પાર્થિવ. (2). Pertaining to earth. પૃથ્વી પરનું, સંબંધી.

Eartrumpet,*n.* (ઇ'ર્ટ્રમ્પેટ્)An instrument in the form of a tube used to aid in hearing. બહેરાને સાંભળવાનું કાન ભુંગળું

Ear-wax, *n.* (ઇ'ર્વૅક્સ્) The cerumen. કાનનો મેલ

Ear-witness, *n.* (ઇ'ર્વિટનિસ્) One who is able to give testimony to a fact from his own hearing. કાને સાંભળેલું કહેનાર સાક્ષી.

Ease, *n.* (ઇઝ્) Freedom from pain; relief from labour; rest. આરામ; ચેન; મનઃશાંતિ. 2. Freedom from constraint. સહેલાઈ. 3. Tranquillity. નિરાંત; શાંતિ. *vt.* To free from pain; to relieve; to give rest to. આરામ આપવો; ચેન પાડવું. 2. To release from pressure. બોજામાંથી મુક્ત કરવું.

Ease-ful, *a.* (ઇ'ઝ્ફુલ્) Giving ease. સ્થિર; શાંત; સ્વસ્થ; નિશ્ચિંત.

Easel, *n.* (ઇ'ઝલ્) Frame to support picture, etc. ચિત્ર, પાટીયાની ઘોડી, ચોકઠું.

Ease-less, *a.* (ઈ'ઝ્લિસ્) Rest-less; wanting ease. બેચેન; અસ્વસ્થ; ચિંતાગ્રસ્ત.

Ease-ment, *n.* (ઇ'ઝ્મન્ટ્) That which gives relief or ease or assistance. આરામ આપનાર; શાંતિ; બીજાની જમીન પર ચાલવાનો હક; વચારાનું ઢાળીયું.

Easily, *adv.* (ઇ'ઝિલી) In an easy manner, with ease; smoothly. સહેલાઈથી; સરળતાથી.

East, *n.* (ઇસ્ટ) The point in the heaven where the sun rises. પૂર્વ; પ્રાચીન; ઉગમણી દિશા. [Gr. *eos*, the dawn.]

Easter, *n.* (ઈ'સ્ટર) Good-friday. ઈસ્ટરના તહેવાર. [A. S. *eastre*, easter.] માર્ચની ૨૧મી કે ત પછી.

Easterly, *a.* (ઇ'સ્ટર્લિ) Coming from the east. પૂર્વ તરફથી આવતું. *adv.* On the east, in the direction of the east. પૂર્વ તરફનું.

Eastern, *a.* (ઇ'સ્ટર્ન્) Belonging to the east, situated towards the east; oriental. પૂર્વ તરફનું; પૂર્વ તરફ જતું; પૌરસ્ત્ય. [A. S. *easterne.*]

Easy, *a.* (ઇ'ઝી) Having ease; free from pain or care; tranquil. સુખી; શાંત; ચિંતામુક્ત. 2. Not difficult. સહેલું. 3. Furnishing comfort or giving rest. આરામ આપનારૂં; સગવડવાળું.

4. Yielding; gentle; moderate; complying. કહ્યાગરૂં; ભલું; રાંકડું. 5. Not straitened as to money-matters. પૈસા સંબંધી તંગી વિનાનું.

Eat, *vt.* (ઈટ) To chew and swallow as food. ખાવું. 2. To corrode. ખાઈ જવું. 3. To gnaw. કાતરી ખાવું. 4. To wear away. ઘસાઇ જવું. To eat one's words=To retract one's assertions. બેવચની થવું; થુંકીને ચાટવું. To eat out. ખાઈ જવું; ખવાઈ જવું. -*vi.* To take food, to feed, to take a meal. ખાવું-વિશિમાં ખાવું.

Eatable, *adj.* (ઇ'ટબલ્) Fit to be eaten. ખાવાજોગ; ખાદ્ય.

Eaves, *n.* (ઈ'વ્ઝ્) The edges or lower boarders of the roof of a building. છાપરાની પાંખ; નેવ.

Eaves-drop, *vt.* (ઈ'વ્ઝ્ડ્રોપ્) To listen secretly. છાનુંમાનું સાંભળવું. *n.* નેવનાં પાણી.

Ebb, *n.* (એબ્) The reflux of the tide; the return of tide water toward the sea. ઓટ; ભરતીનું ઉતરી જવું. *vi* To decline. ઉતરતી દશા હોવી. 2. To flow back. ભરતી ઉતરતી જવી.

Ebb-tide, *n.* (એ'બ્ટાઈડ્)The reflux of tide water; the retiring tide. ઓટ.

Ebony, *n.* (અ'બની) A species of hard heavy durable wood. અબનુસનું લાકડું. [L. *ebenus.*]

Ebriety, *n.* (ઈબ્રા'ઇટી) Drunkenness; intoxication by liquors. છાકટાપણું. [L. *ebrietes.*]

Ebrious, *a.* (ઇ'બ્રિઅસ્) Drunkard. દારૂડીઓ; પીધેલ.

Ebullient, *a.* (ઈબ'લિઅન્ટ્) Boiling over as a liquor; over enthusiastic. ઉકળવું; જોસવાળું.

Ebullition, *n.* (ઇબ્યુલિ'શન્) The operation of boiling. ઉકળવાની ક્રિયા 2. An out-burst of feeling. લાગણીનો ઉભરો. 3. Effervescence. ઉભરો

Ecandate, *a.* (ઈ'કૉડે,ટ્) Without a tail or spur, tailless. બાંડું; પૂંછડી વિનાનું. [L. *ex*, out of & *canda*, a tail.]

Eccentric, *a.* (ઍકસે'ન્ટ્રિક્) Departing from the centre. મધ્યબિંદુ ત્યાગી. 2. Not having the same centre. અસમકેન્દ્ર. 3. Irregular; odd; strange; vhimscial. વિલક્ષણ. *n.* A circle not having the same centre. સમકેન્દ્ર વિનાનું વર્તુળ.

Eccentricity, *n.* (ઍકસેન્ટ્રિ'સિટી) State of being eccentric. મધ્યબિંદુત્યાગ. 2. The distance between the centre of an ellipse and its focus. વિષમકેન્દ્રતા. 3. Deviation from the customary line of conduct. વિલક્ષણતા.

Ecclesiastic, *n.* (ઇક્લિઝિઍ'સ્ટિક)A person consecrated to the service of the church and the ministry of religion; a priest; a clergyman. પાદરી. [Gr. *ekklesia*, the church.]

Ecclesiastical, *a.* (ઈક્લિઝિઍ'સ્ટિકલ્) Pertaining to church; not secular. દેવળ સંબંધી; ખ્રિસ્તિ ધર્મસંબંધી.

Echo, *n.* (એ'કો) Sound returned. પડઘો. *vt.* to send back. પાછું મોકલવું. *vi.* To give out an echo. પ્રતિધ્વનિ, પડછંદ આપવો.

Eclaircissement, *n.* (એકલે,સિં'સ્મઙ઼) The clearing up of a plot; explanation. કાવતરાનો સ્ફોટ; સમજુતી.

Eclat, *n.* (એકલૅ',) A burst of applause; glory. જયપોકાર; પ્રતાપ; શોભા; દબદબો. [Fr. *esclater* to glitter.]

Eclectic, *a.* (ઈકલે'ક્ટિક) Proceeding by the method of selection. ચુંટી કાઢવું; સર્વ ધર્મસારગ્રાહી. [Gr. *ek*, out & *lego*, I choose.]

Eclipse, *n.* (ઈક્લિ'પ્સ્) An obscuration of the light of the sun, moon or other luminous body by intervention of some other body; obscuring of glory. ગ્રહણ; તેજક્ષતિ. *vt.* To darken; to obscure, to cloud the glory of. ઝાંખું કરવું; ઢાંકવું; પ્રતાપ ઓછો કરવો. *vi.* To suffer an eclipse. ગ્રહણ થવું; ઝાંખું પડવું. [L. *eclipsis*]

Ecliptic, *n.* (ઇક્લિ'પ્ટિક) A great appearing circular path of the sun in heaven. સૂર્યમાર્ગ; ક્રાંતિવૃત્ત. *a.* Pertaining to the ecliptic. સૂર્યમાર્ગ સંબંધીનું.

Economic, **Economical**, *a.* (ઇકનૉ'મિક્-કલ્) Managing pecuniary circumstances with frugality; not extravagent; frugal; relating to the science of economics. કરકસરીયું; ઉડાઉ નહિ એવું; અર્થશાસ્ત્ર સંબંધીનું.

Economically, *adv.* (ઇકનૉ'મિકલી) With frugality. કરકસરતાથી.

Economics, *n.* (ઈકનૉ'મિક્સ્) Political economy. અર્થશાસ્ત્ર.

Economist, *n.* (ઇકૉ'નૉમિસ્ટ્) One who practises or is bersed in economy. કરકસરીઓ; અર્થશાસ્ત્રી.

Economize, *vt.* (ઇકૉ'નમાઈઝ્)To use frugally. કરકસરથી જોઇએ તેટલું વાપરવું.

Economy, *n.* (ઇકૉ'નમી) The management of a household. ગૃહખર્ચ વ્યવસ્થા. 2. Judicious use of money. નાણાંનો વાસ્તવિક ખર્ચ. Domestic economy=Political economy. અર્થશાસ્ત્ર.

Ecstasy, *n.* (એ'ક્સ્ટસી) A degree of delight that arrests the whole mind; excessive elevation and absorption of mind. આનંદની પરાકાષ્ઠા; તલ્લીનતા. [Fr. *ek*, out & *stasis*, a standing.]

Ecstatic, *a.* (ઈક્સ્ટૅ'ટિક્) Pertaining to ecstasy. આનંદમગ્ન; ધ્યાનમગ્ન. *adv.* In an ecstatic manner. ધ્યાનમગ્નતાથી.

Ecumenical, *a* (ઈક્યુમે'નિકલ્) Universal; an epithet applied to the ecclesiastical councils regarded as representing the whole christian church. સામાન્ય; સાધારણ; સમસ્ત ખ્રિસ્તી ધર્મમંડળીઓનું પ્રતિનિધિત્વ દર્શાવનારૂં વિશેષણ.

Edacious, *n.* (ઇડે,'શસ્) Voracious; gluttonous. ઘણું જ ખાનારૂં. *adv.* In an edacious manner. અકરાંતીઆપણે. *n.* **Edacity,** greediness; voracity. ખાઉધરાપણું. [L. *edacitas.*]

Edder, *n.* (એ'ડર્) A serpent. સાપ. *vt.* To make tight by edder. ખીંટી કરવાને અણીવાળા લાકડાંથી મજબુત બાંધવું.

Eddish, *n.* (એ'ડિશ્) The grass that comes after reaping. ફરી ફુટતો ઘાસ.

Eddy, *n.* (એ'ડી) Whirlpool. પાણીનો વમળ. 2. Wind with circular direction. વંટોળીઓ. *vi.* To move circularly. ચક્કરમાં ફરવું.

Eden, *n.* (ઈ'ડન્) The garden in which Adam and Eve were placed by God; a delightful residence. આદમને હવને ખુદાએ જે વાડીમાં મુકેલાં તે વાડી; સુખદાયક સ્થાન. *a.* Edenic; blissful. સુખદાયી.

Edge, *n.* (એજ્) An abrupt border; the brink; keenness; fitness for action; sharpness; acrimony. પોળ; ધાર; કિનારા; તીક્ષ્ણતા; કાર્યદક્ષતા; કુશાગ્રતા; ઉગ્રતા. To set the teeth on E = To cause tingling sensation in the teeth. દાંત કચકચાવવા, અંબાઇ જવા. *vt.* To furnish with an edge; to sharpen; to border. ધાર ચઢાવવી; તીક્ષ્ણ કરવું. *vi.* To move side-ways; to retire gradually. ધીરે ધીરે ખસવું.

Edged, *a.* (એ'જ્ડ્) Sharp; bordered; keen. તીક્ષ્ણ ધારવાળું.

Edging, *n.* (એ'જિંગ) A border; fringe; trimming. કિનારી; કોર; સંજાપ.

Edge-ways,edgewise, *adv.* (એ'જ્વે,ઝ્-એ'જ્વાઈઝ્) In the direction of the edge; with the side foremost. ધાર આગળ કરીને; પાસું આગળ કરીને.

Edible, *a* (એ'ડિબલ્) Eatable. ખાદ્ય; ખાવાજોગ. [L. *edo*, I eat.]

Edict, *n* (ઇ'ડિક્ટ્) A decree; a proclamation; a rule ordered by the prince to his subject. ફરમાન; કાયદો.–Edicted. *a* Pertaining to edict. આજ્ઞા સંબંધીનું. [Fr. *e*, out and *dico*, I speak.]

Edification, *n.* (એડિફિકે'શન્) The act of building; improvement of mind; knowledge; morals; faith and holiness. બાંધકામ; જ્ઞાન તથા ચારિત્ર્યવિકાસ. [L. *aedes*, a house and *facio*, I make.]

Edifice, *n.* (એ'ડિફિસ્) A building; a grand building. ઈમારત; મંદિર; ભવ્યગૃહ.

Edify, *vi.* (એ'ડિફાઇ) To build up morally; to instruct in morals, faith or in holiness. ચારિત્ર્ય બાંધવું; પવિત્રતા, નીતિ વધારવાં. 2. To improve; to inform. સુધારવું; સમજાવવું.

Edit, *vt.* (એ'ડિટ્) To prepare as a book or paper for publication; to manage as regards literary matters. પુસ્તક યા પત્ર પ્રકાશન કરવું; સાહિત્યવિષયને લગતી વ્યવસ્થા કરવી. [L. *edo*, I give forth, I publish.]

Edition, *n.* (ઇડિ'શન્) The whole number of copies of a work published at once. પ્રત; આવૃત્તિ. 2. Publication of literary work. પુસ્તક પ્રકાશન; પુસ્તક છપાવી બહાર પાડવું તે.

Editor, *n.* (એ'ડિટર્) One who edits, revises, corrects and prepares books or newspapers for publication. ગ્રંથમાળા રચનાર; વર્તમાનપત્રનો અધિપતિ.

Editorial, *a.* (એડિટો'રિયલ્) Pertaining to an editor. અધિપતિ સંબંધીનું. *n.* An editorial or leading article. અગ્રલેખ; અધિપતિનો લેખ.

Editor-ship, *n.* (એ'ડિટરશિપ્) The post or the business of an editor. અધિપતિનું કામ; અધિપતિનો હોદ્દો.

Educate, *vt.* (એ'ડ્યુકે,ટ્) To cultivate and train the mental powers of; to instruct; to teach; to train. ની માનસિક શક્તિ કેળવવી તથા વિકસાવવી; શિખવવું; કેળવવું. [L. *e*, out & *duco* I lead.]

Education, *n.* (એડ્યુકે',શન્) The act of educating; instruction; tuition; learning; schooling. શિખવવાની ક્રિયા; શિક્ષણ; વિદ્યા; ભણતર. 2. The art of developing moral; mental and physical faculties. સર્વદેશી કેળવણી.

Educational, *a.* (એડ્યુકે',શનલ્) Pertaining to education. કેળવણી સંબંધીનું.

Educationist, *n.* (એડ્યુકે',શનિસ્ટ્) One well-versed in education; educationalist. શિક્ષણ શાસ્ત્રી.

Educe, *vt.* (ઈડ્યૂ'સ્) To draw out; to lead forth. બહાર કાઢવું.—Educible. *a.* That may be educed. ખેંચી કઢાય એવું. [L. *e*, out & *duco*, I lead.]

Edulcorate, *vt.* (ઈડ'લ્કોરેટ્) To sweeten; to free from salts, acids; to purify. મધુર બનાવવું; તેજાબ અને ક્ષારથી છુટું પાડવું; સ્વચ્છ કરવું.

Eel, *n.* (ઇલ) A snake-like fish. સાપ જેવી માછલી; સરકી, છટકી જાય તે.

E'en = Even. **E'er** = Ever.

Eerie-ry, *a.* (ઇ'રી) Timid; weird. બ્હેમી; અપશુકનથી ડરે એવું; ભય ઉપજાવે એવું વિચિત્ર.

Effable, *a.* (એ'ફેબલ્) That may be spoken; utterable. બોલવા જોગ. [L. *ef* for *ex*, out & *fari*, to speak.]

Efface, *vt.* (ઈફે',સ્) To destroy; to erase; to cancel. ચેરવું; છેકવું; ભુંસવું; કમી કરવું.

Effacement. *n.* (ઈફે',સમન્ટ્) Act of effacing. ભુંસી નાંખવું; ચેરી નાંખવું તે.

Effect, *n.* (ઇફે'કટ્) The result of an action or a cause or agent; consequence; force; purport; perfection; execution. અસર; પરિણામ. જોસ; ભાવાર્થ; પૂર્ણતા; સિદ્ધિ. pl. Movables; goods. સામાન; માલમતા. *vt.* To cause to be; to accomplish; to execute. ઉત્પન્ન કરવું; પ્રાપ્ત કરવું. [L. *effectus.*]

Effection, *n.* (ઇફે'કશન્) Creation; working; event. સૃષ્ટિ; કાર્ય; ઘટના.

Effectible, *a.* (ઇફે'કિટબલ્) That may be effected; practicable. વ્યવહારૂ.

Effective, *a.* (ઇફે'કિટવ્) Effectual; efficacious; active; serviceable. અસરકારક; કાર્ય સાધે એવું; ચપળ; ઉપયોગી.

Effectively, *adv.* (ઇફે'કિટવ્લી) With due effect; powerfully. અસરકારક રીતે; શક્તિથી.

Effect-less, *a.* (ઇફે'કટલિસ્) Without effect; useless. અસર ન કરે એવું; નકામું.

Effectuate, *vt.* (ઈફે'કટ્યુએ,ટ્) To carry into effect; to accomplish. પાર પાડવું; સાધવું.

Effeminacy, *n.* (ઇફે'મિનસી) The state of being effaminate. બાયલાપણું.

Effeminate, *a.* (ઇફે'મિનિટ્) Womanish; unmanly. સ્ત્રી જેવું; નામર્દ *vt.* to make womanish; to weaken. સ્ત્રી જેવું બનાવવું; નરમ બનાવવું. *vi.* to grow or become weak or womanish. સ્ત્રી જેવા નબળા થવું. [L. *femina*, woman.]

Expel, *vt.* (ઇક્સ્પે'લ્) To drive out; to exile. બહાર કાઢવું; દેશવટો આપવો. [L. *ex*, & *pellere*, to drive.]

Expend, *vt.* (ઇક્સ્પે'ન્ડ્) To spend; to consume. ખરચવું; વાપરવું; ખુટાડી દેવું; ખલાસ કરવું. [L. *ex*, & *pendere*, to weigh.]

Expenditure, *n.* (ઇક્સ્પે'ન્ડિચર્) Expense; money expended. ખર્ચ; ખર્ચાયેલા પૈસા.

Expense, *n.* (ઇક્સ્પે'ન્સ્) That which is expended; cost; charge. ખર્ચાયેલી વસ્તુ; કિંમત; લાગત, લાગો.

Expensive, *a.* (ઇક્સ્પે'ન્સિવ્) Costly; lavish. કિંમતી; ખર્ચાળ; ઉડાઉ.

Expensiveness, *n.* (ઇક્સ્પે'ન્સિવ્નિસ્) Costliness. મોંઘાપણું; કિંમતીપણું.

Experience, *n.* (ઇક્સ્પી'રિઅન્સ્) Practical knowledge of any matter; wisdom learnt by trials in life; thorough trial. અનુભવ; કોઇ વસ્તુનું વહેવારૂ જ્ઞાન; જીવનમાં અનેક પ્રસંગોથી મેળવેલું ડહાપણ; પૂર્ણ અજમાયશ. *vt.* To make trial of; to undergo; to make personal acquaintance with. અજમાયશ કરવી; અનુભવ કરવો; જ્ઞાન મેળવવું. [L. *ex*, & *periri*, to try.]

Experienced, *a.* (ઇક્સ્પી'રિઅન્સ્ડ્) Taught by experience; wise by experience. અનુભવી; અનુભવથી કુશળતાવાળું.

Experiential, *a.* (ઇક્સ્પી'રિએન્શલ) Pertaining to or based on experience. અનુભવ સંબંધી; અનુભવપર આધાર રાખતું.

Experiment, *n.* (ઇક્સ્પે'રિમન્ટ) A trial. પ્રયત્ન; પ્રયોગ. 2. An operation to discover some theory or to prove some truth. કોઈ સિદ્ધાંત શોધવા તથા ખાત્રી કરવા કરેલું કામ. *vt.* **To make experiment**. પ્રયોગ કરવો; અજમાયશ કરવી. [L. *experiri*, to try fully.]

Experimental, *a.* (ઇક્સ્પેરિમે'ન્ટલ્) Pertaining to or based on experiment. પ્રયોગ સંબંધી; અનુભવ ઉપર આધાર રાખતું; પ્રાયોગિક.

Expert, *n.* (ઇક્સ્પ'ર્ટ્) Taught by experience; skilful. અનુભવથી કુશળ થયેલું; કુશળ; નિષ્ણાત; દક્ષ. *n.* A specialist in any art. કોઇપણ બાબતમાં ખાસ કુશળતાવાળો; કીસબી.

Expertly, *adv.* (ઇક્સ્પ'ર્ટલી) Skilfully. કુશળતાથી; દક્ષતાથી.

Expiate, *vt.* (એ'ક્સ્પિએ,ટ્) To atone for. પ્રાયશ્ચિત્ત કરવું. 2. To make reparation for. નો બદલો ભરપાઇ કરવો.

Expiation, *n.* (એક્સ્પિએ,'શન્) Atonement. પ્રાયશ્ચિત્ત.

Expiator, *n.* (એ'ક્સ્પિએ,ટર્) One who atones for. પ્રાયશ્ચિત્ત કરનાર વ્યક્તિ.

Expire, *vt.* (ઇક્સ્પા'યર્) To breathe out. દમ, શ્વાસ બહાર કાઢવો. *vi.* To die out; to

die. હોલવાઈ જવું; મરી જવું; અંત આવવો. [L. *ex* & *spira re*, to breathe.]–**Expiration,** *n.* act of breathing out; death; end. ઉચ્છ્વાસ; શ્વાસ બહાર કાઢવો તે; મોત; અંત.

Expiry, *n.* (ઇક્સ્પા'યરી) End; expiration. ઉચ્છ્વાસ; અંત; મોત.

Expiscate, *vt.* (ઇક્સ્પિ'સ્કે,ટ) To find by artful means or observation. યુક્તિથી શોધી કાઢવું; અવલોકનથી શોધી કાઢવું.

Explain, *vt.* (ઇક્સ્પ્લે,'ન) To make clear; to disclose the meaning; to expound. સ્પષ્ટ કરવું; અર્થ ખુલ્લો કરવો; સમજાવવું; વિવરણ કરવું. [L. *ex*, out & *planus*, plain.]

Explanation, *n.* (એક્સ્પ્લૅને,'શન) Act of explaining. સમજાવવું તે; માંહોમાંહેની સમજુત; ટીકા; વિવરણ.

Explanatory, *a.* (ઇક્સ્પ્લૅ'નેટરી) Containing explanation. સમજાવતું; વિવરણ કરતું; ટીકાવાળું.

Expletive, *a.* (ઇક્સ્પ્લી'ટિવ્) Added to fill up. વધારાનું, પૂર્ણ કરવા મૂકાયલું; વાક્યપૂરક તરીકે વપરાયલું. [L. *ex* & *plere*, to fill.]

Explicate, *vt.* (એ'ક્સ્પ્લીકે,ટ) To lay open; to explain. ખુલ્લું કરવું; અર્થ સમજાવવો. **Explication**, explanation. સમજુતી; સ્પષ્ટીકરણ. [L. *ex* & *plico*, I fold.]

Explicit, *a.* (ઇક્સિપ્લ'સિટ્) Clear; plain in language. સ્પષ્ટ; ઉઘાડું; સાદી ભાષાવાળું. **Explicitly**, *adv.* Openly. ઉઘાડી રીતે; સ્પષ્ટપણે.

Explode, *vt.* (ઇક્સ્પ્લો,'ડ) To disrepute. નાલાશી કરવી; વખોડવું. 2. To cause to blow up. ઉંચે ઉડાવી દેવું; ઉંચે ઉડાવી ટુકડા કરી નાખવા. *vt.* To burst with violence. જોસથી બહાર નીકળવું; ફૂટવું. [L. *ex* & *plaudo*, to applaud.]

Exploit, *n.* (એ'ક્સ્પ્લૉઇટ્) A heroic deed. વીરકાર્ય; પરાક્રમ. *vt.* To work up; to utilise. મેળવવું; સાધવું; સંપાદન કરવું; પરાક્રમ કરવું. **Exploitation,** *n.* The act of working successfully. સફળતાથી કાર્ય સાધવું તે.

Exploration, *n.* (ઇક્સ્પ્લોરે,'શન) Careful search. બારીક શોધ; કાળજીપૂર્વક તપાસ.

Explore, *vt.* (ઇક્સ્પ્લો'ર) To travel to make discovery; to search carefully. નવું શોધવા મુસાફરી કરવી; બારીક તપાસ કરવી. **Explorer,** *n.* One who explores. મુસાફરી કરી શોધ કરનાર વ્યક્તિ. [L. *explorere*.]

Explosion, *n.* (ઇક્સ્પ્લો'શ્ઝન) A sudden burst of loud report or feeling. એકદમ થએલો ધડાકો; એકદમ દર્શાવેલી લાગણી.

Explosive, *a.* (ઇક્સ્પ્લો'સિવ્) Bursting out with noise. ધડાકા સાથે બહાર આવતું. 2. Causing explosion. ધડાકો કરતું. *n.* Anything that explodes. ધડાકો કરે એવી કોઈ ચીજ.

Exponent, *n.* (ઈક્સ્પો,'નન્ટ્) One who expounds; that which represents. સમજાવનાર વ્યક્તિ; દર્શાવનાર વસ્તુ; ઘાત પ્રકાશક ચિન્હ. [L. *ex* & *ponere*, to put.]

Exponible, *a.* (ઇક્સ્પો'નિબલ) Fit to be explained. સમજાવવા જોગ.

Export, *vt.* (ઇક્સ્પો'ર્ટ્) To send out (goods in commerce) વેપાર માટે માલ પરદેશ મોકલવો; નિકાશ કરવી *n.* Act of exporting; goods exported. નિકાશ; બહારગામ વેપાર માટે મોકલેલી વસ્તુ. [L. *ex* & *portare*, to carry.]

Exportable, *a.* (ઈક્સ્પો'ર્ટબલ) That may be exported. નિકાશ તરીકે મોકલાય એવું

Exportation, *n.* (એક્સ્પોર્ટે,'શન) Export. નિકાશ; નિકાશ થએલી વસ્તુ.

Expose, *vt.* (ઈક્સ્પો,'ઝ્) To lay forth to public view. જાહેરમાં મૂકવું. 2. To disclose. ખુલ્લું કરવું; ઉઘાડું પાડવું. 3. To remove from shelter. આશ્રય આપતા બંધ થવું; જોખમમાં નાંખવું. 4. To put for sale. માલ વેચાણ માટે ખુલ્લો મૂકવો. 5. To explain. સમજાવવું *n.* A shameful exposure. Exposition. ઉઘાડું પાડવું, હલકા પાડવું તે; પ્રદર્શન; જાહેર કરવું તે. [L. *exponere*, to expose.]

Exposed, *a.* (ઈક્સ્પો'ઝડ) Open to danger; unprotected. ખુલ્લું; ભય આવી પડે એવું; અરક્ષિત.

Exposition, *n.* (એક્સ્પોઝિ'શન) Act of laying open. ખુલ્લું કરવું તે. 2. Explanation. સમજુતિ, સ્પષ્ટી કરણ.

Expositive, *a.* (ઇક્સ્પૉ'ઝિટિવ્) Explanatory; serving to expose. વિવરણ કરતું; સ્પષ્ટીકરણ કરતું; ખુલ્લું કરતું.

Expositor, *n.* (ઈક્સ્પૉ'ઝિટર) One who expounds. વિવરણ, સ્પષ્ટીકરણ કરનાર વ્યક્તિ.

Expostulate, *vi.* (ઇક્સ્પૉ'સ્ટ્યૂલે,ટ) To remonstrate. સમજાવવું; આચરણ સુધારવા દલીલથી સમજાવવું; વાદ કરવો.

Expostulation, *n.* (ઇક્સ્પૉસ્ટ્યૂલે,'શન) Remonstrance. દલીલથી સમજાવવું, ઉપદેશવું તે. [L. *ex*, out & *postulo*, I demand.]

Exposure, *n.* (ઇક્સ્પો'શ્ઝર) Act of laying open; act of showing an evil; openness to danger; position as regards the sun. ખુલ્લું કરવાની ક્રિયા; કોઈનું દૂષણ દેખાડવું તે; ભય આવી આવી પડે એવી સ્થિતિ; સૂર્ય સંબંધી સ્થિતિ.

Expound, *vt.* (ઇક્સ્પા'ઉન્ડ) To explain, to clear the meaning of. સમજાવવું; સ્પષ્ટ

કરવું; અર્થ ખુલ્લો કરવો. [L. *ex*, out, *ponere*, to place.]

Express, *vt.* (ઇક્સ્પ્રે'સ્) To press out. બહાર ધકેલવું, કાઢવું. 2. To utter. બોલવું, ઉચ્ચારવું. 3 To reveal; to disclose. જણાવવું; કહેવું; ખુલ્લું કરવું. 4. To designate. બતાવવું; ઓળખાવવું. *adv.* With haste. ઉતાવળથી. Specially. ખાસ કરીને. *n.* A messenger or conveyance sent specially. ખાસ કામે મોકલવામાં આવતું વાહન અથવા દૂત. 2. A quick conveyance. ઉતાવળે જતું વાહન. *a.* Pressed out; directly stated; clear; sent purposely. દાબી કાઢેલું; પરોક્ષ જણાવેલું; સ્પષ્ટ; ખાસ હેતુથી મોકલેલું. [L. *ex*, *pressum*, press.]

Expression, *n.* (ઇક્સ્પ્રે'શન્) Act of pressing out. ચગદી બહાર કાઢવું તે. 2. Act of uttering. ઉચ્ચારણ કરવું તે. 3. Representation by language or features. ભાષાથી અથવા લક્ષણથી દર્શાવવું. 4. That which expresses; look. બોલાયલું, દર્શાવાયલું: મોઢા ઉપરના ભાવ.

Expressional, *a.* (ઈક્સ્પ્રે'શનલ્) Pertaining to expressions. ઉચ્ચારણ, મુખના ભાવ સંબંધીનું.

Expressive, *a.* (ઈક્સ્પ્રે'સિવ્) Emphatic; full of expressions; serving to express. અસરકારક, ભાવભરેલું; દર્શક; વાચક.

Expressly, *adv.* (ઈક્સ્પ્રે'સ્લી) Purposely; clearly. ઈરાદાપૂર્વક; સ્પષ્ટ રીતે.

Expropriate, *vt.* (એક્સ્પ્રો'પ્રિએ,ટ્)To dispossess. માલિકી જવી; ગુમાવવું. [L. *ex* & *proprium*, property.]

Expulsion, *n.* (એક્સ્પ'લ્શન્) Banishment. દેશનિકાલપણું.

Expunge, *vt.* (ઈક્સ્પ'ન્જ્) To rub out; to wipe out. ભુંસી નાંખવું; લુછી કાઢવું. [L. *ex* & *pungere*, to erase.]

Expurgate, *vt.* (એ'ક્સ્પર્ગે,ટ્)To make pure. સ્વચ્છ, સાફ યા પવિત્ર કરવું. [L. *ex*, out & *purgo*, I purge.]

Exquisite, *a.* (એ'ક્સ્કિવઝિટ્) Excellent. અતિ સુંદર; ઉત્તમ. 2. Highly perceptive or discriminate. તરત સમજી જાય એવું; વિવેકી. 3. Exceeding. પરાકાષ્ઠાએ પહોંચેલું. *n.* A beau. સુંદર કપડાં પહેરેલી વ્યક્તિ; છેલબટાઉ. [L. *ex*, out & *quoerere*, to seek.]

Exquisitely, *adv.* (એ'ક્સ્કિવઝિટ્લી) Extremely. ખૂબ; અત્યંત; સૂક્ષ્મ રીતે.

Exscind, *vt.* (ઈક્સિ'ન્ડ્) To cut off. કાપી નાંખવું. [L. *scindere*, to cut]

Extant, *a.* (એ'ક્સ્ટન્ટ્) Still standing; not lost. કાયમ, હયાત, વિદ્યમાન [L. *ex*, out & *stare*, to stand.]

Extemporaneous, *a.* (ઈક્સ્ટેમ્પોરે,'નિઅસ્) Hastily prepared; done at the spur of the moment. એકદમ તૈયાર કરેલું; તેજ પળે કહેલું; પૂર્વે વિચાર કર્યા વગર તાત્કાલિક કરેલું.

Extempore, *adv.* (ઇક્સ્ટે'મ્પરી) On the spur of the moment; suddenly. તાત્કાલિક; ઝટ દઇને. [L. *ex*, out of & *tempus*, time.]

Extemporise *vi.* (ઇક્સ્ટે'મ્પરાઈઝ્) To speak extempore. તાત્કાલિક બોલવું; તૈયારી વિના બોલવું.

Extend *vt.* (ઇક્સ્ટે'ન્ડ્) To stretch out. લંબાવવું. 2. To widen, to expand. પહોળું કરવું; લંબાવવું, વધારવું. 3. To impart, આપવું. *vi.* To become larger; to stretch. વધવું: લાંબા થવું. [L. *ex*, out & *tendere*, to stretch]

Extendible, *a.* (ઇક્સ્ટે'ન્ડિબલ્) Capable of being extended. લંબાવી શકાય એવું.

Extension, *n.* (ઈક્સ્ટે'ન્શન્) Expansion; a stretching out. લંબાવવું તે; વધારો; વિકાસ; પહોળાઇ.

Extensity, *n.* (ઇક્સ્ટે'ન્સિટી) Sensation which gives perception of extension. વિકાસ અથવા વૃદ્ધિનું જ્ઞાન આપતી લાગણી.

Extensive *a.* (ઇક્સ્ટે'ન્સિવ્) Wide; large; embracing many objects. વિશાળ; મોટું; ઘણી બાબતો સાથે સંબંધ ધરાવતું.

Extent, *n.* (ઈક્સ્ટે'ન્ટ્) The space or degree to which a thing is extended. જે સ્થાન અથવા હદ સુધી વસ્તુ વધી હોય તે સ્થાન અથવા હદ. 2. Bulk; size. કદ, વિસ્તાર. *a.* Stretched out. વધેલું; લંબાયલું.

Extenuate, *vt.* (ઈક્સ્ટે'ન્યૂએ,ટ્) To make less; to underrate. ઓછું કરવું; હલકું ગણવું. [L. *tenuis*, thin.]

Extenuation, *n.* (ઇક્સ્ટેન્યુએ,'શન્) Mitigation; act of showing anything less wrong. ઓછી ભૂલ છે એવું બતાવવું તે.

Exterior, *a.* (ઈક્સ્ટી'રિઅર્)External; foreign. બહારનું; પરદેશી. *n.* Outward part; outward features. બહારનો ભાગ; દેખીતાં ચિહ્ન; લક્ષણ.

Exteriority, *n.* (ઇક્સ્ટિરિઑ'રિટી)Outwardness. બહાર હોવાપણું; ઉપર ઉપરનું હોવું તે.

Exterminable, *a.* (ઇક્સ્ટ'મિનબલ્)That can be exterminated. ઉચ્છેદ; નાશ કરાય એવું.

Exterminate, *vt.* (ઇક્સ્ટ'મિને,ટ્)To root out. નિર્મૂળ કરવું; જડમૂળથી નાશ કરવો. 2. To destroy completely. તદ્દન નાશ કરવો. [L. *ex* & *termino*, I terminate.]

Extermination, *n.* (ઇક્સ્ટમિને,'શન્) Complete destruction. સમૂળો નાશ; ઉચ્છેદ.

External, *a.* (ઇક્સ્ટ'ર્નલ્) Exterior. બહારનું; પરદેશી. 2. That can be seen. જોઈ શકાય એવું. 3; Accidental. અકસ્માત થએલું; અપ્રાસંગિક. 4. Not innate. આંતરનું, સ્વાભાવિક નહિં એવું. *n.* **Exterior**. બહારનો ભાગ; દેખાવ. 2. *pl.* Outward parts; outward ceremonies. બહારના ભાગ; બહારની ક્રિયા [Fr. *exter*, on the out side.]

Externally, *adv.* (ઇક્સ્ટ'ર્નલી) Outwardly, visibly. બહારથી; દેખીતી રીતે.

Extinct, *a.* (ઇક્સ્ટિ'ન્ક્ટ્)Extinguished; dead. બુઝાએલું; નાશ પામેલું; મૃત.

Extinction, *n.* (ઇક્સ્ટિ'ન્કશન્)Annihilation. નાશ; અંત.

Extinguish, *vt.* (ઇક્સ્ટિ'ન્ગ્વિશ્)To put out; to annihilate. હોલવવું; ઠારવું; બુઝવવું; અંત લાવવો; ઉચ્છેદવું. 2. To eclipse. ઝાંખું પાડવું; તેજ હરવું. *vt.* To die out. મરી જવું. [L. *stinguo*, I scratch out.]

Extirpate, *vt.* (એ'ક્સ્ટર્પે,ટ્) To root out. મૂળમાંથી ઉખેડી નાંખવું. 2. To remove completely. સમૂળો નાશ કરવો; સદાને માટે દૂર કરવું. [L. *ex*, out *strips*, a root.]

Extirpation, *n.*(એક્સ્ટર્પે,'શન્)Extermination. સમૂળો નાશ; ઉચ્છેદ; સંહાર.

Extol, *vt.* (ઇક્સ્ટૉ'લ્) To glorify; to praise. વખાણ કરવાં; મહિમા ગાવો. [L. *tolere*, to raise.]

Extort, *vt.* (ઇક્સ્ટૉ'ર્ટ્)To take by violence. જુલમથી લેવું; કઢાવવું.

Extortion, *n.*(ઇક્સ્ટૉ'ર્શન્)Illegal exaction. ગેરકાયદે કઢાવવું તે; જુલમથી લઈ લેવું તે.

Extortionate, *a.*(ઇક્સ્ટૉ'ર્શને,ટ્)Oppressive. જુલમી. **Extortioner**, Oppressor. જુલમગાર.

Extra, *a.* (એ'ક્સ્ટ્રા) More than needed or usual; additional; extraordinary. હંમેશ કરતાં વધારે; જોયતું હોય તથી વધારે; વધારાનું; અસાધારણ. *adv.* Unusually. હંમેશ કરતાં જુદી રીતે. *n.* What is additional. વધારાની વસ્તુ.

Extract, *n.* (એ'ક્સ્ટ્રૅક્ટ્) Anything drawn as an essence. સત્વરૂપ કાઢેલી વસ્તુ. 2. A passage selected from a writing. લખાણમાંથી ઉતારેલો પરિચ્છેદ. *vt.* To distil. અર્ક કાઢવો, સત્વ કાઢવું. 2. To draw out forcibly. બળથી કઢાવવું. 3. To select. પસંદ કરવું; ચુંટી કાઢવું. [L. *ex*, & *trahere*, to draw.]

Extraction, *n.*(ઇક્સ્ટ્રૅ'ક્શન્) Act of drawing out. બહાર ખેંચવું તે. 2. Act of drawing out essences. સત્વ કાઢવાં તે. 3. Lineage; birth. કુળ, વંશ. 4. That which is extracted. જે કાંઈ ખેંચી કાઢેલું તે.

Extradite, *vt.* (એ'ક્સ્ટ્રૅડાઇટ્) To hand over to justice. ન્યાય માટે સોંપી દેવું.-**Extradion**, *n.* delivery of a fugitive to authorities of a country from which he has come. ગુન્હો કરી બીજા દેશમાં આવેલા મનુષ્યને તેના દેશના અધિકારીને સોંપી દેવો તે. [L. *traditio*, a delivery.]

Extraneous, *a.* (ઇક્સ્ટ્રે'નીઅસ્) Exterior. બહારનું; પરદેશી. 2. Irrelevant. અસંગત; અપ્રાસંગિક.

Extraordinary, *a.* (ઇક્સ્ટ્રૉ'ર્ડિનરી) Remarkable; unusual. અલૌકિક; અસાધારણ; હંમેશ ન હોય એવું. 2. Special. ખાસ; ઉદ્દામ.

Extravagance-cy, *n.* (ઇક્સ્ટ્રૅ'વગન્સ્-ન્સી) A going beyond limit. હદ બહાર જવું તે. 2. Excess. વધારો. 3. Lavish expenditure. ઉડાઉ ખર્ચ. [L. *extra*, beyond & *vagans*, I wonder.]

Extravagant, *a.* (ઇક્સ્ટ્રૅ'વગન્ટ્) Irregular. અનિયમિત. 2. Excessive. વધારાનું, બેહદ. 3. Lavish in expenditure. ઉડાઉ; અતિ ખર્ચાળ.

Extravagate, *vi.* (ઈક્સ્ટ્રૅ'વગે,ટ્) To go beyond proper limit. હદ બહાર જવું.

Extreme, *a.* (ઇક્સ્ટ્રી'મ્) Outermost; last. અણીપરનું; છેક બહારનું; છેલ્લું. 2. Highest in degree. છેવટની હદનું; પારાવાર; અતિ (જરૂરી), અતિ (જુલમી), અતિ (વિશાળ) વગેરે. *n.* Utmost-limit. છેવટની હદ. 2. End. અંત, છેડો. 3. Great need. ઘણી જરૂર.-**Go to extremes**. બહુ દૂર જવું; છેવટના ઉપાય કામે લગાડવા.-**In the extreme**. છેવટે; આખરે.-**The last extremity**. મહાદુર્દૈવ; મૃત્યુ.

Extremely, *adv.*(ઇક્સ્ટ્રી'મ્લી) Exceedingly; greatly. અત્યંત; અતીવ.

Extremist, *n.* (ઈક્સ્ટ્રિ'મિસ્ટ્) A supporter of extreme doctrines. ઉદ્દામ પક્ષવાદી; છેવટના સિદ્ધાંતનો માનનાર.

Extremity, *n.* (ઇક્સ્ટ્રી'મિટી) The utmost limit or degree; the greatest distress. છેલ્લી હદ; મહાદુઃખ

Extricable, *a.* (એ'ક્સ્ટ્રિકબલ્) Capable of being extricated. વિઘ્નમાંથી મુક્ત કરી શકાય શકાય એવું. [L. *ex*, out *tricae*, hindrances.]

Extricate, *vt.* (એ'ક્સ્ટ્રિકે,ટ્) To free from obstacles. વિઘ્નમાંથી મુક્ત કરવું; છુટું કરવું— **Extrication**, *n.* Act of setting free. બંધમોચન; સ્વતંત્ર કરવું તે.

Extricinic-cal, *a.* (એક્સ્ટ્રિ'સિનિક-કલ્) External; exterior. બહારનું; પરદેશી; બીનજરૂરી. [L. *exter*, outside & *secus*, beside.]

Extrorse, *a.* (ઈક્સ્ટ્રૉ'ર્સ્) Turned outward. બહાર ઉલટાવી નાખેલું.

Extrude, *vt.* (ઈક્સ્ટ્રૂ'ડ્) To expel; to drive off forcibly. બહાર કાઢવું; બળપૂર્વક કાઢી મૂકવું. [L. *ex*, out & *trudere*, thrust.]

Extrusion, *n.* (ઇક્સ્ટ્રુ'ઝન્) A driving out. બહાર ધકેલી કાઢવું તે.

Exuberance, *n.* (ઇક્ઝ્યુ'બરન્સ્) Super abundance; outburst. વિપુલતા; ભરપુરપણું; ઉભરો; અતિશયતા. [L. *ex* & *uber*, rich.]

Exuberant, *a.* (ઇક્ઝ્યૂ'બરન્ટ્) Plenteous; superabundant; fruitful. અતિશય; અધિકતમ; ફળદ્રુપ.

Exudation, *n.* (એક્ઝ્યુડે,'શન્) Act of throwing out through pores. કાણાં વાટે બહાર કાઢવું તે; ઝમવું તે.

Exude, *vt.* (ઈક્સ્યૂ'ડ્) To discharge by sweating. પસીનો કાઢવો.–*vi.* To flow out through pores. ઝમવું; છિદ્રવાટે બહાર વહેવું. [L. *sudere*, sweat.]

Exulceration, *n.* (એગ્ઝલ્સરે,'શન્) Exasperation; ulceration. ક્રોધાયમાન કરવું તે; નાસુર; ચાંદાં; સડો.

Exult, *vi.* (ઇગ્ઝ'લ્ટ્) To rejoice beyond limit; to triumph. અતિઆનંદિત થવું; બહુ ખુશ થવું. [L. *ex* & *salire*, to jump.]

Exultant, *a.* (ઇગ્ઝ'લ્ટંટ્) Highly delighted; triumphant. અતિહર્ષિત; અત્યાનંદી.

Exultation, *n.* (એક્સલ્ટે,'શન્) Transport; Rapture. અતિહર્ષ; અત્યાનંદ.

Exuviæ, *n.* (એક્સ્યૂ'વિઇ) Cast off coverings of animals. પ્રાણીઓએ કાઢી નાંખેલાં ઢાંકણ; ચામડી વગેરે.

Eye, *n.* (આઇ) The organ of sight. જોવાની ઇંદ્રિય; આંખ. 2. Sight; view. દૃષ્ટિ; વિચાર. 3. Regard; respect; aim. દેખરેખ; માન; નેમ; નજર. 4. A hole or loop. કાણું (સોયનું). ગાળો; નાકું. 5. The seed bud of a potato or sugar cane. શેરડી અથવા બટાકાના બીજાંકુરનું સ્થાન. 6. Keeness of perception. જ્ઞાનશક્તિની તીક્ષ્ણતા. *vt.* To look on. નજર માંડવી; ને જોવું. 2. To observe. બારીક અવલોકન કરવું. *vi.* (Shak.) To appear. દેખાવું **Eye witness**. નજરોનજર જોનાર સાથી. **Eye of day**. સૂર્ય. **Be all eyes** પૂર્ણ ધ્યાન આપવું. **Cry one's eyes out**. અત્યંત રૂદન કરવું **Give an eye to**. ધ્યાન આપવું. **Green eye**. ઈર્ષ્યા, **Make eyes at**. આંખ મારવી; શૃંગારિક ચેષ્ટાથી જોવું. **Up to the eyes**. ખૂબ ગુંથાયલો; મશગૂલ થએલો.

Eyeball, *n.* (આ'ઇબૉલ્) Ball of the eye. ડોળો.

Eye-brow, *n.* (આ'ઇબ્રાઉ) Hairy arch above eyes. ભમર; ભવાં; ભ્રૂ.

Eyelash, *n.* (આ'ઇલૅશ) Hairy line at the edge of eyes. પાંપણ.

Eyelid, *n.* (આ'ઇલિડ્) The cover of the eye. પોપચું.

Eyeshot, *n.* (આ'ઇશૉટ્) Range of vision or sight. દૃષ્ટિમર્યાદા.

Eyesore, *n.* (આ'ઇસોર્) Anything offensive to eyes. આંખની કણી; જોવું ન ગમે એવું કાંઈ.

Eye-tooth, *n.* (આ'ઇટૂથ્) A fang. દાઢ; રાક્ષી.

Eyry, *n.* (આ'ઇરી) An abode of birds of prey. શિકારી પક્ષીનું રહેઠાણ.

F.

F, (એફ્) The sixth letter of the English alphabet and a non vocal consonant. અંગ્રેજી મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર.

Fable, *n.* (ફે,'બલ્) A ficticious narrative. કલ્પિત જોડી કાઢેલી વાત; જુઠાં; અસત્ય. 2. A feigned story. વાર્તા; કથા; ગાથા; કિસ્સો. [L. *feri*, to speak.]

Fabric, *n.* (ફૅ'બ્રિક્) Frame or structure of a building. ઈમારત; બાંધકામ. 2. Woven material; cloth manufactured. કાપડ; વણાટ. 3. Texture. બનાવટ. 4. That which is fabricated. બનાવટ.

Fabricate, *vt.* (ફૅ'બ્રિકે,ટ્) To make frame, or fashion. ઉભું કરવું; તૈયાર કરવું. 2. To make out of wood; metal or other material. લાકડ, ધાતુ કે બીજામાંથી બનાવવું. 3. To build; to construct. બાંધવું. 4. To devise; to invent. બનાવી કાઢવું [L. *fabrico*, to construct.]

Fabrication, *n.* (ફૅબ્રિકે,'શન્) A falsehood; a fiction. તરકટ; તુત. 2. Construction; manufacture. બનાવટ. [L. *fabrication.*]

Fabricator, *n.* (ફૅબ્રિકે,'ટર્) One who fabricates. પાખંડી; તરકટબાજ; બનાવનાર. [L. *fabricator.*]

Fabulist, *n.* (ફૅ'બ્યુલિસ્ટ્) The inventor or writer of fables. કલ્પિત વાત રચનાર. [L. *fabula*, fable.]

Fabulous, *a.* (ફૅ'બ્યુલસ્) Abounding in fables; fictitious. જોડેલું; તાર્કિક; ખોટું. [L. *fabula*, fable.]

Facade, *n.* (ફસૅ'ડ્) The front of a building. ઈમારતનો આગલો ભાગ. [L. *facies*, face.]

Face, *n.* (ફે,સ્) The front part of the human head; the front. મ્હોડું; ચ્હેરો; મુખ; ઉપલો ભાગ; મુખપૃષ્ઠ. 2. Visage; air of the face. સ્વરૂપ; દેખાવ. 3. Look; countenance; expression of the face. સુરત; ડોળ; સિકલ; સિક્કો. 4. The dial of a clock. ઘડીઆળનો ડાયલ, ચ્હેરો. 5. The principal flat surface of a part. [illegible]

સપાટી.—**To make F.**=To distort the countenance. ચાળા પાડવા. 2. **To fly in the F. of**=To defy. સામા થવું. 3. **To set in the face against**=સામા થવું.

Face-guard,*n.*(ફે,'સ-ગાર્ડ)A kind of mask to defend the face.એક જાતનો બુરખો; બખતર.

Faced, *a.* (ફે,'સ્ડ) Having a face marked with a face. મોંવાળું.

Facer, *n.* (ફે,'સર) One who faces;a blow in the face. સામો થનાર; મ્હોં પર મુક્કો.

Face-painter,*n.* (ફે,'સ-પે,'ન્ટર) A painter of portraits.છબી ચીતરનાર;મોઢાંની આકૃતિ કાઢનાર.

Facet, *n.* (ફૅ'સિટ)A small plane surface. નાનું મોં; પાસો; નાની સપાટી; પેલ.2. A small smooth surface. લીસી સપાટી. *vt.* To cut a facet. પેલ પાડવો. *a.* Witty. મશ્કરો.

Facetious, *a.* (ફસી'શસ) Merry; witty; humorous; jocular; sprightly; full of pleasantry; exciting laughter. રસિક; મશ્કરૂં; આનંદી; ગમ્મતી; મોજીલું; હસવું પેદા કરે તેવું. [L. *faceo*, I make.] *n.* Sportive humour; pleasantry. વિનોદ; ઠઠ્ઠાબાજી.

Facial, *a.* (ફે,'શલ) Pertaining to the face. મ્હોઢાનું; મ્હોં સંબંધી. [L. *facies*, face]

Facile, *a.* (ફૅ'સિલ) Easy to be done; not difficult. સ્હેલું; સુગમ; સરલ; સતર. 2. Easy of access or converse. સહેલાઈથી મેળવી શકાય અગર વાત કરી શકાય તેવું. 3. Easily persuaded to good or bad; yielding.ભોળું; તાબે થઇ જાય તેવું. 4. Easily conquered. ઝટ તાબે થઈ જાય તેવું. [L. *faceo*, I make.]

Facilitate, *vt.* (ફસિ'લિટે,ટ) To make easy or less difficult; to free from difficulty;to lessen the labour of. સ્હેલું; સુગમ કરવું; ભાર ઓછો કરવો. [L. *facilio*, easy.]

Facility, *n.* (ફસિ'લિટી)Ease.સહેલાઇ;સરળતા; સુગમતા. 2. Dexterity. ચંચળાઈ; અખત્યાર; ચપળતા. 3 Pliancy in character. નરમાશ; નબળાઇ. 4. Easiness of access. વિનય; સુશીલતા. [L. *facilis*, easy.]

Facing, *n.* (ફે,'સિન્ગ)A covering in front for defence. રક્ષણ માટે આગળનું ઢાંકણ. 2.The movement of soldiers in turning round to the left right.ડાબી; જમણી બાજુએ સિપાઈઓનું ફરવાનું હલનચલન.

Facsimile, *n.* (ફૅક્સિ'મિલી) That which is made exactly like; an exact copy.આબેહુબ નકલ. *vt.* To make a copy of.ની નકલ કરવી. [L. *facio*, I make & *similis*, like.]

Fact, *n.* (ફૅક્ટ) Anything done or that comes to pass; a deed; an event; an effect produced; reality; truth; verity. હકીકત; ખરી વાત; સત્ય બીના; પ્રમાણ; ખરેખરૂં; વાસ્તવિક હોય તે; ખરી બનેલી હકીકત. [L. *faceo*, I make.]

Faction,*n.*(ફૅ'કશન)A party unscrupulously promoting their private ends at the expense of the public good; a junto. પક્ષ; ટોળી. [L. *faction*, making a party.]

Factionary, factionist, *n.* (ફૅ'ક્શનરી-ફૅ'કશનિસ્ટ) A party man; one of a faction. ટોળીનો, પક્ષનો માણસ. 2. One who promotes faction. તડ પાડનારો.

Factious, *a.* (ફૅ'કશસ) Given to faction; addicted to form parties; prone to clamour against public measures; turbulent. ટોળીને લગતો;ટોળીવાળો; સાર્વજનિક કાયદાઓની સામે ઝગડો જગાવનાર; ફિતુરખોર. [L. *factiosus*, factious.]

Factitious, *a.* (ફૅકિટ'શસ) Artificial. બનાવટી. *adv.* In a factitious manner. બનાવટી રીતે. [L. *factitius*, made by art.]

Factive *a.* (ફૅ'કિટવ) Making; having power to make. કરવાની શક્તિ ધરાવતું.[L.*facio*,I make.]

Factor, *n.* (ફૅ'કટર) An agent; commission merchant. આડતિઓ; મારફતીઓ; વળીઆત. 2. A person appointed by a landholder to manage an estate. મિલ્કતની વ્યવસ્થા કરવા જમીનદારે રોકેલો માણસ. 3. One or more numbers which when multiplied together form a product. અંકપદ; અવયવ. [L. *factor*, a maer.]

Factorage, *n.* (ફૅ'કટરિજ) Agency of a factor, commission paid to a factor. આડત; ગુમાસ્તી; હકસાઇ, દલાલી.

Factorial, *a.* (ફૅકટો'રિઅલ) Pertaining to a factor in any sense. અવયવને લગતું.

Factory, *n.* (ફૅ'કટરી) A building or collection of buildings appropriated to the manufacture of goods; a manufactory; a house; godown. કારખાનું; વખાર; કોઠી.

Facula, *n.* (ફૅ'કયુલા) One of those spots sometimes seen on the sun's disk which appear brighter than the rest of his surface. સૂર્યના બિમ્બમાં જોવામાં આવતા ડાઘમાંનો એક કે જે તેની બીજી સપાટી કરતાં વધારે ઉજવળ જણાય છે.

Faculative, *a.* (ફૅ'ક્યુલે,ટિવ) Optional; contingent. ઓચિંતું; દૈવયોગી; વૈકલ્પિક.

Faculty, *n.* (ફૅ'કલ્ટી) Capacity; capability. શક્તિ;બળ.2.Intellectual endowment.બુદ્ધિબળ. 3. Mental or bodily power. માનસિક કે

શારીરિક શક્તિ. 4. Capacity for any action. કોઈપણ કાર્ય કરવાની શક્તિ. 5. Authority. સત્તા. 6.Persons having special privileges. ખાસ હકવાળા માણસો. 6. The masters and professors of the several departments of University. વિદ્યાપીઠની વિદ્યાસમિતિ.

Facund, *a.* (ફૅકન્ડ) Eloquent. છટાદાર. [L. *fari*, to speak.]

Fad, *n.* (ફૅડ) A favourite theory. ગમતો સિદ્ધાન્ત.

Fade, *vi.* (ફેડ) To lose colour. રંગ જતો રહેવો. 2. To lose strength or health. કમતાકાત, કમજોર થવું. 3. To decay. કરમાઇ જવું. 4. To perish. નાશ પામવું. 5. To grow dim. ઝાંખું થવું—*a*. Weak. ફીકું; નબળું. [L. *fapid*, inside.]

Fadeless, *a.* (ફે'ડ્‌લિસ્‌) Unfading. નહિ કરમાય તેવું.

Faddle, *vi.* (ફૅ'ડલ્‌) To trifle. નકામો વખત કાઢવો *vt.* To fondle. રમાડવું.

Fœces, *n.* (ફી'સીઝ્‌) Grounds; sediment; dregs; excrement. મળ, નીચે ઠરેલો કચરો. [L. *fœcis*, dregs.] વિષ્ટા.

Faffle, *vi.* (ફૅ'ફલ્‌) To stammer; to falter. ખંચાવું; બોલતાં અટકાવું.

Fag, *vi.* (ફૅગ્‌) To become weary. થાકી જવું. 2. To fail in strength. કમતાકાત થવું. 3. To be faint with weariness. થાકથી બેભાન થઇ જવું. 4. To labour hard. સખત મજુરી કરવી. 5. To work till wearied. થાકી જતાં સુધી કામ કરવું.—*vt*. To use or treat as a fag. વેઠ કરાવવી; હલકું કામ કરાવવું. 2. To exhaust. થાકીને લોથ થઇ જવું—*n*. A laborious drudge. વૈતરૂં કરનાર; વેઠ કરનાર.

Fagging, *n.* (ફૅ'ગિન્ગ્‌) Laborious drudgery. સખત વૈતરૂં; લોથ, થાકી જવું.

Fag-end, *n.* (ફૅ'ગ-એન્ડ) The end of a web of a cloth. લુગડાના થાનનો છેડો. 2. The untwisted end of a rope. આમળા વિનાનો દોરડાનો છેડો. 3. The meaner part of anything. કોઇપણ વસ્તુનો નકામો, છેવટનો ભાગ.

Fagot, faggot, *n.* (ફૅ'ગટ) A bundle of sticks. લાકડાની ભારી. 2. A bundle of pieces of iron for remanufacture. ફરી ઘડવાના લોઢાના ટુકડાનો જથ્થો. 3. A woman ઘરડી; ડમરી. *vt*. To bind in a bundle; to make a fagot of. જુથમાં બાંધવું. [L. *facis*, to roh.]

Fail, *vt.* (ફેલ) To become deficient. ખુટી જવું; ઓછું થવું; ઘટવું. 2. To be insufficient. [illegible] દેવું. 3. To come short. તંગી પડવી. 4.To decay or decline. કરમાઈ જવું. 5. To become weaker. અશક્ત; નબળું થઇ જવું. 6. Not to produce the effect. તારતમ્ય, અસર વિનાનું થવું. 7. To be unsuccessful. નિષ્ફળ થવું. 8. To err in judgment. ચુકવું. 9. To become bankrupt. ખુટવું; દેવાદાર થવું; દેવાળું કાઢવું. *vt*. To cease aid to. મદદ આપતા બંધ થવું. 2. To desert. છોડી દેવું. 3. To lose.માં મુકવું; ન પાળવું. *n*. **Failure**. નિષ્ફળતા. 2. Want. ખોટ; અભાવ. [L. *fallo*, I deceive.]

Failing, *n.* (ફે'લિંગ્‌)A natural weakness; foible: fault in character; deficiency. અશક્તપણું; ખોટ; ભુલ; ચૂક; ખામી; ખોડ: દેવાદાર થવું તે.

Failure, *n.* (ફે'લ્યર) Failing; becoming deficient. ટોટો; ખોટ; ત્રુટ. 2. Omission; non-performance. તોડવું; નહિં પાળવું તે. 3. Want of success. નિષ્ફળતા; નિષ્ફળ થવું તે; દેવાળું.

Fain, *a.* (ફેન) Glad; pleased. ખુશી; રાજી; આનંદી. 2. Well pleased; satisfied; contented. સંતુષ્ટ; ધરાએલું *adv*. Gladly; with joy or pleasure. ખુશીથી; મનથી; આનંદથી [A. S *fægen*, joyful.]

Faint, *a.* (ફેન્ટ) Weak; languid; feeble. નરમ; કમજોર; તાકાત વિનાનું. 2. Indistinct; not vivid. નબળું; અશક્ત; ઢીલું; ઝાંખું; ફીકું. 3. Dejected; depressed; dispririted. બ્હીકણું; બાયલું; કાયર.-*vi*. To become feeble; to lose strength and vigour. નબળું; અશક્ત થઈ જવું.2.To become senseless and motionless. મૂર્છા આવી જવી; ભાન; સાન વિનાના થઇ જવું. 3. To sink into dejection; to lose courage. ના હિંમત બનવું.—*n*. A fainting fit; a swoon. મૂર્છા. [L. *fingere*, to feign.]

Faint-hearted, *a.*(ફે'ન્ટ-હાર્ટિડ)Cowardly; timorous; dejected; easily depressed. બાયલો; બ્હીકણું; ભીરૂ.

Faintly, *adv.* (ફે'ન્ટલી) In a lanquid manner; feebly; languidly.દુર્બળતાથી; ભીરૂપણે.

Fainting, *n.* (ફે'ન્ટિન્ગ) બેભાનપણું; મૂર્છા.

Faintness, *n.* (ફે'ન્ટનિસ્‌) Feebleness; want of vigour; irresolution. મૂર્છાગત થવું તે; બેભાન પણું; નબળાઈ; કમજોર.

Fair, *a.* (ફેર) Pleasing to the ear. કાનને ખુશ કરે તેવું. 2. Beautiful; handsom. સુંદર; રૂપાળું. 3. White coloured; free from a dark line. ગોરૂં; રૂપાળું. 4, Not stormy. તોફાન વિનાનું. 5. Favourable. અનુકૂળ. 6. Frank; open; free from obstacle. હરકત વગરનું. 7. Honest; equal; just. પ્રમાણિક; નેક; [illegible]. 8. Impartial. નિષ્પક્ષ. 9. Peaceful. [illegible]. 10.

Untarnished. નિષ્કલંક. 11. Legible. સાફ,—*adv.* Openly; frankly; civilly; honestly; successfully. ચોખ્ખી રીતે;ખુલ્લી રીતે;પ્રમાણિકપણે; સફળ રીતે. *n.* A fair woman.સુંદર સ્ત્રી;સ્ત્રીજાત. **Fair one**=A beauty.=રૂપવંતી; સુંદરી. 2. **Fair play**, A fair or equal chance.= અદલ ન્યાય.3.**The fair sex**=The female sex.=સ્ત્રીજાતિ.4.**To be in a fair way to**=To stand fair to.=આશા હોવી; સંભવવું. *n.* **Fairness** Honesty;distinctness. પ્રમાણિકપણું; અનુકૂળતા; સ્વચ્છતા. [A.S. *fæger*, fair.]

Fair-world, *n.* (ફે'રવર્લ્ડ) State of property. સુખસંપત્તિ.

Fairy, *n.* (ફે',રી) An imaginary supernatural being. વનદેવતા; અપ્સરા. 2. A prophesying woman. ભવિષ્ય કહેનારી સ્ત્રી. *a.* Pertaining to faries. પરીનું, સંબંધી.

Fairing, *n.* (ફે,'રિન્ગ્) A present given at fair. મેળામાં આપેલી બક્ષિસ.

Faith, *n.* (ફે',થ્) Belief; trust; confidence; reliance or testimony. ભરોસો; આકીન; શ્રદ્ધા; વિશ્વાસ. 2. Religious belief of any kind. ધર્મ મત; સંપ્રદાય. 3. Fidelity to one's promises. વફાદારી. 4. Promise given. વચન— **In good faith**, =In real honesty; with perfect sincerity.=પ્રમાણિકપણે; શુદ્ધબુદ્ધિથી.

Faith-breach, *n.* (ફે,થ-બ્રીચ્) Disloyality. વિશ્વાસ ઘાત.

Faithful, *a.* (ફે,'થ-ફુલ્) Firmly adhering to duty; loyal; trusty; of true fidelity. વિશ્વાસુ;વફાદાર;ઇમાનદાર;નિમકહલાલ;વચની;સત્યવાદી

Faithfulness, *n.* (ફે,'થફુલનિસ્) Fidelity; constancy; loyalty; truth. વચન; વફાદારી; ઇમાન; વિશ્વાસ.

Faithless, *a.* (ફે,'થલિસ્) Destitute of faith; perfidious; unfaithful; false; deceptive. અવિશ્વાસુ; નાસ્તિક; નિમકહરામ; દગાખોર; બેવચની; હીનાખોર.*adv.* **in a faithless manner.** નિમકહરામ રીતે.—*n.* Perfidly; disloyalty. નિમકહરામી; દગાખોરી; બેવચનીપણું.

Fake, *n.* (ફે,ક્) A single turn or coil. ગુંચળું; આમળો.

Faitour, *n* (ફે,ટૂર) A doer or actor; an evildoer. ભુંડું કરનાર. [L.*facio*, I make.]

Fakir-fakeer, *n.* (ફકી'ર્) An ascetic or begging monk. સાધુ; સંત; ફકીર.

Falchion, *n.* (ફૉ'ચન્) A short-broad sword. ટુંકી પહોળી તલવાર. [L. *falx*, a sickle.]

Falci-form, *a.* (ફૉ'લ્સિફૉર્મ) Resembling a reaping hook. ઘાસ કાપવાના દાતરડા જેવું.

Falcon, *n.* (ફૉ'કન્) A hawk of any kind trained to hunt wild fowl. બાજ પક્ષી. [L. *falx*, a sickle.]

Falconer. *n.* (ફૉ'કનર) A person who breeds and trains falcons; one who follows the sport of fowling with hawks. બાજ પક્ષીથી શિકાર કરનાર; શિકારી.

Falconet, *n.* (ફૉ'કનેટ્) A little falcon. નાનું બાજ.

Falconry, *n.* (ફૉ'કન્રી) The art of training hawks to the exercise of hawking. બાજ પક્ષીનું શિકાર શિક્ષણ.

Falding *n.* (ફૉ'લ્ડિન્ગ્) A kind of coarse cloth. જાડું કપડું.

Faldstool, *n.* (ફૉ'લ્ડસ્ટૂલ્) A folding stool. નાનો બાજઠ. 2. A small desk at which in churches litany is said. પાદરીની ખુરશી.

Fall, *vi.* (ફૉલ્) To sink from a higher to a lower position. ઉંચ સ્થાનેથી નીચ સ્થાને ડુબવું. 2. To drop down. નીચે તુટી પડવું. 3. To sink. ડુબી જવું. 4. To empty. ખાલી કરવું. 5. To depart from faith. આસ્થાથી ચલિત થવું. 6. To sink into sin. પાપમાં પડવું. 7. To die by voilence. પડવું. 8. To come to an end suddenly. ઓચિંતો અંત આવવો. 9. To be ruined. નાસી પાસ થવું. 10. To become faint or feeble. અશક્ત થવું. 11. To decline in power. ભાંગતી આવવી. 12. To happen; to come to pass. બનવું. 1. **To f. away** To lose flesh; to revolt.= ગુરવું; કરમાઈ જવું. 2. **To f. back** To give way. પાછા હઠવું. 3. **To f. down**=To prostrate one's self in worship =લાંબા થઈ પગે પડવું. 4. **To f. foul**=To assault.= હુમલો કરવો. 5. **To f. in with**=To happen to meet. અચાનક મળવું. 6. **To f. out.**=To quarrel. કજીઓ કરવો. 7. **To f. short**=To be deficient=ખુટી પડવું. 8. **To fall through**=To fail. નિષ્ફળ જવું. 9. **To f. under** To be subjected to.= બીજાના તાબામાં આવવું. 13. **To f. upon**= To attack.=હુમલો કરવો. 11. **To f. to**= To begin hastily and eagerly.=આતુરતાથી ને ઉતાવળથી શરૂ કરવું.—*vt.* To let fall. પડવા દેવું. 2. To diminish. ઓછું થવું. 3. To cut down. કાપી નાંખવું. *n.* The act of dropping. પતન. 2. Death. મોત. 3. Downfall. પડતી; નાશ; ખરાબી; પાયમાલી. 4. Decrease of price. બેસી જવું તે. 5. Cataract. ધોધવો; ધોધ; પ્રપાત.

Falling-sickness, *n.* (ફૉ'લિંગ-સિકનિસ્) A name for epilepsy. ફેફરું વાયુ.

Fallacious, *a.* (ફૅલે'શસ્) Pertaining to something misleading; deceitful; deceptive; misleading; delusive; producing mistake. શક ઉત્પન્ન કરે એવું; ભ્રાન્તિજનક; ખોટે રસ્તે દોરી જાય તેવું; ભૂલ કરાવે એવું.[L. *fallaciosus*, deceitful.]

Fallacy, *n.* (ફૅ'લસી) Deception; deceitfulness; a mistaken argument. ભૂલ; ખોટ; ભ્રમણા; ભૂલવાળો વાદવિવાદ. 2. Sophism. આભાસ; ભ્રમ; સિદ્ધાન્ત ભાસ. [L. *fallo*, I deceive.]

Fallibility *n.* (ફૅલિબિ'લિટી) Quality or state of being fallible; liableness to error. ભૂલમાં પડી શકવું તે; ભ્રાન્તિ;

Fallible, *a.* (ફૅ'લિબલ) Liable to mistake; liable to err. ભૂલને પાત્ર. [L. *fallibilis*, I deceive.]

Fallow, *adj.* (ફૅ'લો) Pale red or yellow, ઝાંખા રાતા પિળા રંગનું. 2. Ploughed but not sowed. ખેડેલું પણ વાવ્યા વગરનું. 3. Uncultivated. પડતર. 4. Neglected. દરકાર રાખ્યા વગરનું.–*n.* Land ploughed but not cropped. ખેડ કરી રાખી મુકેલી જમીન.– *vt.* To plough. ખેડવું; ખેડ કરવી. [A. S. *fealo* pale red,]

Fallowness, *n.* (ફૅ'લોનિસ્) Barrenness. અફળદ્રુપતા.

False *adj.* (ફૉલ્સ્) Not true; not conformable to fact; counterfeit; forged; not real; hypocritical; feigned; spurious; not honest; fraudulent; treacherous, perfidious; deceitful; unfaithful; inconstant. ખોટું; જુઠું; પાયાવગરનું; અસત્ય; ઘડી કાઢેલું; જનુન ઉભુ કરેલું; ભરોસો રાખવા લાયક નહિં એવું; તરકટી; અપ્રમાણિક; અસલ નહિ તે;વિશ્વાસપાત્ર નહિ તે.[L. *falsus*,false.]

Falsely, *adv.* (ફૉ'લ્સ્લી) Untruly; erroneously; deceitfully. અસત્યતાથી; ભૂલથી:કપટથી.

False-hearted,*a* (ફૉ'લ્સ-હાર્ટિડ્)Having a false heart;deceitful;treacherous;perfidious. દગાખોર, બેવચની; બે ઈમાની.—*n* False-heartedness. The quality of being false-hearted. લુચ્ચાઇ; દગાખોરપણું.

Falsehood, *n.* (ફૉ'લ્સ-હૂડ) Error; untruth; falsity; fiction; fabrication; a lie; treachery; deceitfulness; perfidy. ભૂલ; અસત્ય, જુઠ; ગપ્પો; તોપ; કપટ; લુચ્ચાઇ; આડંબર; બેવચન. [L. *fallow*, I deceive,]

Falseness, *n.* (ફૉ'લ્સનિસ્) Untruthfulness; duplicity; deceit; treachery perfidy.અસત્યતા; કપટ; બેવફાઈ; બેઈમાની.

Falsifier, *n.* (ફૉ'લ્સિફાયર) One who falsifies; a falsificator. સાચી વાતને ખોટી પાડનાર; ખોટું કહેનાર; લબાડ.

Falsify, *vt.* (ફૉ'લ્સિફાય્) To make false; to represent falsely; to garble; to disprove. ખોટું કરવું; ખોટું બતાવવું; ખોટો આપ ચઢાવવો; ખોટું પાડવું. *vi.* To tell lies. અસત્ય બોલવું. [L *falsus*, false; and *facio*, I make.]

Falsism, *n.* (ફૉ'લ્સિઝમ્) A statement the falsity of which is painly apparent. જે ખુલ્લી રીતે જુઠું છે તે જુઠાણું.

Falsity, *n.* (ફૉ'લ્સિટી) The quality of being false; that which is false; a falsehood. ખોટાપણું; જુઠાણું; અસત્ય. [L. *falsitas*, false.]

Falsification,*n.*(ફૉલ્સિફિકે',શન્)A counterfeiting.ખોટું કરવું;પાડવું તે.2.The showing of an item of charge in an account to be wrong. હિસાબની રકમ ખોટી છે એમ બતાવી આપવું તે.

Falter, *vi.* (ફૉ'લ્ટર) To hesitate in an utterance of words; to stammer; to fail, tremble or yield in exertion; not to be firm and steady. તોતડું બોલવું; જીભ ચોંટવી; લડરડવું; ખંચાવું; ડગમગવું. *vt.* To thrash in the chaff. છોડામાંથી અનાજને કાઢવાને ગુંડવું તે.

Fama, *n.* (ફે'મા) A widely prevailing rumour, affecting the moral character of any one. કોઇપણ માણસની નૈતિક ચારિત્રને લગતું ગપગૅઝેટ. [L. *fam*, fame.]

Famble, *vi.* (ફે,'મ્બલ્) To stammer.ભાષણમાં અચકાવું; બોલતાં અચકાવું. *n.* A hand. હાથ.

Fame,*n.*(ફે,મ્)A public report or rumous; favourable report;celebrity;renown;reputation; credit; honour. લોકવાયકા;અફવા;પ્રસિદ્ધિ; કીર્તિ; નામના; આબરૂ; યશ; નામ. *vt.* To make famous. પ્રખ્યાત કરવું. [L. *fame*, fame.]

Fameless, *a.* (ફે,'મ્લિસ્) Without fame or renown.આબરૂ વગરનું;નામના વિનાનું;અપ્રસિદ્ધિ.

Familiar, *a.* (ફૅમિ'લ્યર્) Intimate; affable. ઘરવટ જેવું; સહવાસી;મિલનસાર; મળતાવડું;મિલાપી. 2. Well acquainted or conversant; well known. જાણીતું; પિરચિત; ઓળખીતું; પ્રખ્યાત. 3. Unceremonious; free; unconstrained. હળી ગયેલું; મળતાવડું. *n.* An intimate; a close companion;one long acquainted; a demon supposed to attend at call. ખાસ; દિલોજાન મિત્ર; લાંબા વખતની ઓળખાણવાળો; બોલાવતાંવાર હાજર થતું ભૂત.

Familiarity,*n.*(ફૅમિલ્યૅ'રિટી)State of being familiar; affability; intimacy;freedom from ceremony. ઘરોબો; ઘરવટ; પરિચય; સહવાસ; માહિતિ; વાકેફગારી. [L. *familia*, family.]

Famaliarize, *vt.* (ફૅમિ'લ્યરાઇઝ્) To make familiar or intimate; to habituate; to

accustom;to make well-known by practice. માહિતિ મેળવવી; ને મ્હાવરા કે અભ્યાસથી સ્હેલું કરવું; ટેવ પડવી; ધરવટ જેવું બનાવવું.

Familiarly, *adv.* (ફૅમિ'લ્યર્લી) In a familiar manner; unceremoniously. હળીમળીને; મિત્રભાવથી; ઘરમેળે.

Family, *n.* (ફૅ'મિલી) A household. કુટુંબ; પરિવાર; ઘરખટલો. 2. A tribe or race. વંશ; કુળ; ઓલાદ. 3.Genealogy.વંશ.4.Honourable descent. ઉચ્ચ કુળ; કુલીનતા; ખાનદાની. [L. *familia*, domestics.]

Famine, *n.* (ફૅ'મિન્) Scarcity of food; dearth; want; destitution. દુકાળ;અભાવ;અછત; મોંઘવારી; તંગી. [L. *fames*, hunger.]

Famish, *vt.* (ફૅ'મિશ્) To starve. ભૂખે મરવું. *vt.* To die of hunger. ભૂખે મરવું.

Famishment, *n.* (ફૅ'મિશમન્ટ્) Act of famishing; extreme want of substance. ભુખમરો; અતિશય ભુખ.

Famous, *a.* (ફે',મસ્) Renowned; illustrious; eminent; noted; admirable; પ્રખ્યાત; નામાંકિત; મશહુર;જગજાહેર;વખાણવા લાયક.*adv.*In a famous manner; capitally. જાહેરરીતે; નામાંકિતપણે.

Famulate, *vi.* (ફૅ'મ્યુલે,ટ્) To serve. ચાકરી કરવી, ઉઠાવવી. [L. *famulus*, servant.]

Famulus, *n.* (ફૅ'મ્યુલસ્) A sevant or attendant; pupil. નોકર ચાકર; સાથે ફરતો વિદ્યાર્થી.

Fan, *n.* (ફૅન્) An instrument for air. પંખો. 2. An instrument for blowing a fire. ધમણ. 3. An instrument for winnowing grain. સુપડું.-*vt.* To cool and refresh with a fan. પંખાથી ઠંડા કરવું. 2. To winnow. ઝાટકવું. 3. To stimulate. ઉશ્કેરવું. [A. S *fann*, fan.]

Fanal. *n.* (ફૅ'નલ્) A light-house. દિવાદાંડી.

Fanatic,Fanatical, *a.* (ફૅનૅ'ટિક-ફૅનૅ'ટિકલ્) Wild and extravagant in opinion; excessively enthusiastic. ધર્માન્ધ; ઝનુની.—*n.* An enthusiastic; a visionary. ધર્મના ઉપર અંધ શ્રદ્ધાવાળો; ઝનુની. [L. *fanaticus*, inspired by a deity.]

Fanaticalness, *n.* (ફૅનૅ'ટિકૅલ્નિસ્) Fanaticism. ધર્માન્ધપણું; ગાંડો જુસ્સો.

Fanaticism, *n.* (ફૅનૅ'ટિસિઝમ્) Religious frenzy; excessive enthusiasm. અતીવ ધર્માન્ધપણું; ધર્મને માટે ગાંડો જુસ્સો.

Fanciful, *a.* (ફૅ'ન્સિફુલ્) Full of fancy; dictated by fancy; full of wild images; visionary; whimsical; fantastical; wild. લહેરી; મનમોજી; તરંગી; કલ્પિત; માનસિક; વિચિત્ર-જંગલી. *adv.* Whimsically. જંગલીપણે. *n.* The quality of being fanciful. લહેરીપણું. *a.* Destitute of fancy. કલ્પના વિનાનો; વિચારહીન

Fancy, *n.* (ફૅ'ન્સિ) A phase of the intellectual faculty of a lighter cast than the imagination. તરંગ શક્તિ; તર્ક; લ્હેર શક્તિ. 2. An opinion or notion. મત કે વિચાર. 3. A supposition. તર્ક. 4. Conception. કલ્પના;ધારણા. 5. Caprice; humour; whim; conceit. તરંગ; બુટ્ટો; છંદ; લહેર, ખ્યાલ. 6. Inclination; liking. મરજી; ઇચ્છા;ભાવ;શોખ *vi.*To imagine; to believe without proof. તર્ક બાંધવો;સાબીતી વિના માની લેવું. *vt.* To imagine; to like; to be pleased with. તર્ક કરવો; પસંદ પડવું; નાખી સંતોષ થવો. *a.* Fine; elegant; ornamented. સુંદર; રૂપાળું; શણગારેલું. [Gr.*phanio*, I show.]

Fancy-fair, *n.* (ફૅન્સી-ફે,ર્) A bazaar. ચોટું; બઝાર.

Fane, *n.* (ફે,ન્) A place consecrated to religion; a temple; a church. દેરૂં; મંદિર; દેવાલય. [L. *fari*, to speak.]

Fanfaron, *n.* (ફૅ'નફૅરૉન્) A bully; an empty boaster; a vain pretender. તડાકા મારનાર; ગપ્પીદાસ.

Fang, *vt.* (ફૅન્ગ્) To seize; to take hold of; to catch. પકડવું; કબજામાં લેવું. *n.* A long pointed tooth. લાંબો અણીદાર દાંત. 2. The tusk of an animal. દંતુશળ. 3. The hollow poison tooth of a serpent. સર્પનો ઝેર રાખવાનો પોલો દાંત; ઝેરી દાઢ. 4. A claw. પંજો. [A. S. *fang*, a taking.]

Fangled, *a.* (ફૅ'ન્ગલ્ડ્) Showy; decorated. ભભકાદાર.

Fangle, *n.* (ફૅ'ન્ગલ્) A new attempt; a trifling scheme. ખોટા વિચાર; તરંગ.

Fantasia, *n.* (ફૅન્ટેઝિ'અ) A continuous composition. મરજીમા ગાયન; શબ્દચિત્ર.

Fantast, *n.* (ફૅ'ન્ટસ્ટ્) One whose mind is full of fantastic notions. મોટા વિચારથી ભરેલા મગજવાળો.

Fantastic, *a.* (ફન્ટૅ'સ્ટિક્) Pertaining to fancy; whimsical; caparicious; fanciful; odd; imaginary. તરંગી; કલ્પિત; ખોટું; મિથ્યા; વિચિત્ર. 2. Irregular; wild. જંગલી.

Fantasy, *vt.* (ફૅ'ન્ટસી) To imagine; to conjure up; to fancy. કલ્પના કરવી; વિચાર કરવો. *n.* a mental vision; a fancy. તરંગ; કલ્પના; ન કળિ શકાય એવું સ્વપ્ન.

Fantom, *n.* (ફૅ'ન્ટમ્) A ghost. ભૂત; પ્રેત; પિશાચ; પડછાયો.

Far, *a.* (ફાર્) Distant. દૂરે; આઘેનું. *adv.* To a great distance. દૂર; આઘે. 2. In a great part. ઘણું ખરૂં. **By far**=Very much. ઘણુંજ.

Farce, *n.* (ફાર્સ) Empty show; ridiculous parade; mere show; empty pageantry. હસવાલાયક; પોકળ; પ્રસન; ફારસ. *vi.* To render fat. જાડું કરવું. [L. *farcio*, I stuff.]

Fare, *vi.* (ફેર) To go; to pass; to move; forward; to travel. જવું; પસાર થવું; આગળ ખસવું; મુસાફરી કરવી. 2. To be entertained with food. જમવું; ખાવું; ભોજન કરવું. 3. To be in any state, good or bad. સારી કે નરસી સ્થિતિમાં હોવું. 4. To turn out or result. થવું –*n.* The sum charged for conveying a person by land or water. જમીન અગર પાણી ઉપર કોઇને ગાડી કે બોટ લઈ જવાનું, ભાડું. 2. food. ખોરાક.

Farewell, *interj.* (ફેરવે'લ) Good-eye; adieu. સલામ; પ્રણામ; નમસ્કાર *n.* Leave; departure; final look; reference; attention. છેલ્લી સલામ; છેલ્લું દૃશ્ય; ધ્યાન. *a.* Leave taking. રજા લેવી તે.

Far-fetched, *a.* (ફા'ર-ફે'ચ્ડ) Brought from a remote place; studiously sought; forced; strained. ઘણે દૂરથી આણેલું; તાણીખેંચીને મેળવેલું; આણેલું; લાવેલું.

Farsighted, *a.* (ફારસા'ઇટિડ) Seeing to a great distance. દૂરદર્શી.

Farina, *n.* (ફરા'ઇના) Meal; flour. અનાજનો લોટ. [L. *far*, a sort of grain.]

Farinaceous, *a.* (ફેરિને'શસ્) Made of farina yielding flour; mealy. લોટ વાળું; લોટનું બનાવેલું; લોટ આપતું.

Farm, *n.* (ફાર્મ) A portion of land under cultivation. ખેતર. Ground lent to a tenant for tillage. દાણે, ગણોતે આપેલી જમીન. A lease. ભાડુ ખાવાને આપેલી જમીનનો કંટ્રાક્ટ.–*vt.* To let out; to lease. ઇજારે આપવું. 2. To cultivate. ખેડવું.

Farmable, *a.* (ફા'ર્મબલ)Capable of being farmed. ખેડી શકાય તેવું.

Farmer, *n.* (ફા'ર્મર) One who cultivates a farm; an agriculturist; a husbandman. ગણોતિયો; ખેડુત; જમીનદાર. 2. One who collects (rates) at a certain rate. ઇજારો રાખનાર; કર મેળવનાર.

Farming, *n.* (ફા'ર્મિંગ) The business of a farmer; agriculture; tillage of land. ખેતી; કૃષિ; ખેડવાનું કામ.

Farraginous, *a.* (ફેરે'જીનસ્) Mixed; formed of various material. પંચરસનું મિશ્ર.

Farmost, *a.* (ફા'ર્મોસ્ટ) Most distant or remote. દૂરનું; આઘેનું.

Farrago, *n.* (ફેરે'ગો) A mass compound of various materials; medley. સેળભેળ; પંચરસ; ખિચડો.

Farrier, *n.* (ફે'રિઅર) A smith who shoes horses. ઘોડાને નાળ જડનારો. [L. *ferrum*, iron.]

Farrow *n.* (ફે'રો) A pig. ડુક્કર. *vt.* To bring forth pigs. ડુક્કરને હાંકી લાવવાં; કાઢવાં. [L. *porcus*, a pig.]

Farrow, *n. v.* (ફે'રૉ) Litter of pigs. ભૂંડ; ભૂંડનું ટોળું; ભૂંડને જન્મ આપવો.

Farrand, *n.* (ફ્રે'ન્ડ) Manner; custom. રિવાજ; ચાલ; રિતભાત.

Fart, *n.* (ફાર્ટ) Breaking of the wind. વાછુટ.

Farther, *a.* (ફા'ર્ધર) More remote; more distant than something else. વધારે દૂર. *adv.* At or to a greater distance; beyond; moreover. વધારે; પાર. *vt.* To promote. વધારવું.

Farthest, *adv.* (ફા'ર્ધિસ્ટ) At or to the greatest distance. ઘણોજ દૂર.

Farthing, *n.* (ફા'ર્ધિંગ) A British coin, the fourth of a penny; a very small price. ત્રણ પાઇનો સિક્કો; કોડી; દમડી.

Farthingale, *n.* (ફા'ર્ધિંગેલ) Circles of hoops formed of whalebone formerly used to extend the petticoat. યુરોપીઅન ઓરતના ઝભા હેઠળ રાખવાને મગરના હાડકાનો પટો. [L. *viridis*, green.]

Fascicle, *n.* (ફે'સિકલ) A small bundle; a collection. ઝુમખું; ઝુડી; થોકડી. *a.* **Fascicular.** United in a bundle. ઝુમખામાં બાંધેલાં. *adv.* In the form of bundles. ઝુડીના આકારમાં *a.* **Fascicled.** Growing in bundles. ઝુમખામાં ઉગતા. [L. *fasciculus*, a dim]

Fascinate, *vt.* (ફે'સિનેટ) To enchant; to bewitch; to charm; to captivate; to allure powerfully. મંતર મારવો; જાદુ કરવું; મોહ પમાડવું; વશ કરવું; તાબે કરવું. [L. *fascino*, I bewitch.]

Fascination, *n.* (ફેસિને'શન) Enchantment; a charm; a spell. મોહિની; વશીકરણ. 2. Witchcraft. વશીકરણ; જાદુ; નજરબંધી. [L. *fascinatio.*]

Fascine, *n.* (ફેસિ'ન) A bundle of rods. સળીઓનો ભારો.

Fash, *vt.* (ફેશ) To annoy; to trouble. દુઃખ આપવું.

Fashion, *n.* (ફે'શન)External appearance. ઘાટ; આકાર; રૂપ. 2. The cut of the form.

ઘુઅડંજો અપ. 3. Prevailing mode of dress; manner; sort; way; mode; custom. રીત; તરાહ; ચાલ; ઢબ; પ્રકાર; રૂઢિ; રિવાજ. *vt.* To give shape or figure to; to mould; to shape; to fit; to adapt. ઘડવું; બેસતું કરવું; ના જેવું કરવું.

Fashionable, *a.* (ફૅ'શનબલ્) Made according to prevailing mode; established by custom; genteel; well-bred; modish; stylish. ચાલુ ધારે, તરેહનું; વરણાગીયું; ટાપટીપીયું; વિવેકી; સભ્ય. *adv.* According to fashion. ચાલતી. ઢબથી. *n.* A person of fashion. વરણાગીયો; ફાંકડો.

Fast, *a.* (ફૅસ્ટ્) Firmly fixed; close; tight; closely adhering. સજ્જડ; મજબુત. 2. Strong against attack. હુમલા સામે મજબુત. 3. Close in adherence. વચની. Steadfast. દૃઢ. 4. Faithful. નિમકહલાલ. 5. Durable. ટકાઉ; પાકો. *adv.* Firmly; immovably. દૃઢતાથી.-**To play fast and loose**=To say one thing and do another. કહેવું કાંઈને કરવું કાંઈ; અબીબોલ્યા અબીફોક. *a.* Swift; moving rapidly; rapid. જલદ; ઝડપી. 2. Devoted to pleasure. આનંદમગ્ન.-*vi.* To abstain from food; to go hungry. ઉપવાસ કરવો. *n.* Abstinence from food. ઉપવાસ; લાંઘણ.

Fast-day, *n.* (ફૅ'સ્ટ-ડે) A day on which fasting is observed. ઉપવાસનો દિવસ.

Fasten, *vt.* (ફૅ'સન્) To fix tightly; to make fast. બાંધવું. 2. To lock; to bolt; to bar; to secure. તાળું દેવું; બંધ કરવું; ને આગળો દેવો. 3. To hold together; to attach; to affix; to annex. જડવું; બેસાડવું; બાંધવું.

Fastening, *n.* (ફૅ'સનિંગ્) Anything that fastens; that which binds and makes fast. બાંધણ; બંધ.

Faster, *n.* (ફા'સ્ટર્) One who fasts. ઉપવાસ કરનાર.

Fastidious, *a.* (ફૅસ્ટિ'ડિઅસ્) Delicate to a fault; overnice; difficult to please; dainty; disdainful. મિજાજી; ચિપાસીયું; ચિકણું; કાઢવું; ...નું; ખુશ કરવાને અઘરૂં [L. *fastus*, contempt.]

Fastness, *n.* (ફૅ'સ્ટનિસ્) A stronghold; a fortress. કિલ્લો; ગઢ; દુર્ગ.

Fat, *a.* (ફૅટ Fleshy; plump; corpulent. જાડું; પુષ્ટ; માતેલું. 2. Coarse; gross; dull; heavy; stupid. ખડબચડું; ઢંગધડા વગરનું; આળસુ; ભારે; મૂર્ખ. 3. Rich; fertile; fruitful; પૈસાદાર; ફળદ્રુપ; ફળદાયક. *n.* Tallow. ચરબી. 2. The best productions. ઉત્તમ ભાગ.

Fatal, *a.* (ફે'ટલ્) Proceeding from fate or destiny; causing death; deadly; mortal; destructive. નાશકારક; પ્રાણઘાતક; આયુષ્યનાશક; મૃત્યાધીન; નાશકારક. [L. *fatum*, prediction.]

Fatalism, *n.* (ફે'ટલિઝમ્) The doctrine that all things are subject to fate. પ્રારબ્ધવાદ; દૈવવાદ.

Fatality, *n.* (ફટૅ'લિટિ) Predestination. દૈવાધીનતા; નસીબ; મોત; સજા; અનિષ્ટપણું; પ્રાણઘાતક બનાવ.

Fata morgana, *n.* (ફે'ટમૉર્ગૅ'ન્ડા) ખાસ કરીને મેસિનાની સામુદ્રધુનીમાં દેખાતું મૃગજળ.

Fate, *n.* (ફેટ્) Inevitable necessity; destiny. પ્રારબ્ધ; ભાગ્ય; કિસમત. 2. Death. મરણ 3. A course of human life determined by a goddess વિધાતાનો લેખ. [L. *fari*, to speak.]

Fates, *n.* (ફેટ્સ) A goddess who determines the course of human life. વિધાતા; છઠ્ઠી દેવી.

Father, *n.* (ફા'ધર્) A male parent. બાપ. The first ancestor. મૂળ પુરૂષ. 3. The progenitor of a family. વંશોત્પત્તિ કરનાર. 4. A guardian. વાલી. 5. A protector. રક્ષક. 6. A teacher. શિક્ષક. 7. A creator. ઉત્પત્તિ કરનાર. 8. Author or founder. કર્તા. 9. The supreme being. ઈશ્વર. 10. A priest. પાદરી. *vt.* To become a father to. નો પિતા કે પાલક બનવું. 2. To adopt. દત્તક લેવું. 3. To assume as one's own. પોતાનું છે એમ ધારણ કરવું. [L. *pater.*]

Fatherhood, *n.* (ફા'ધર્-હુડ્) State of being a father or the authority of a father; paternity. બાપપણું; પિતૃત્વ.

Father-in-law, *n.* (ફૅ'ધર્-ઇન્-લૉ) The father of one's husband or wife. સસરો.

Fatherland, *n.* (ફૅ'ધર્લૅન્ડ્) One's native country. માતૃભૂમિ.

Fatherless, *n.* (ફૅ'ધર્લિસ્) Destitute of a living father. અનાથ; નબાપું. 2. Without a known author. કર્તા વિમુખ, વિનાનું.

Fatherliness, *n.* (ફૅ'ધર્લિનિસ્) Paternal kindness, care and tenderness. પિતાતુલ્ય સંભાળ અને માયાળુતા.

Fatherly, *a.* (ફા'ધર્લિ) Tender; paternal; protecting. પિતાતુલ્ય; રક્ષણકર્તા.

Fathom, *n.* (ફૅ'ધમ્) A measure of length containing six feet. વામ. 2. Depth of a place. ઊંડાણ. *vt.* To try the depth of; to find the bottom of. ની ઊંડાઈ માપવી; તું તળીયું શોધવું. 2. To master; to comprehend; to reach in depth. સમજવું; ઊંડા ઉતરવું. [A. S. *faethm*, a bottom.]

Fathomless, *a.* (ફૅ'ધમ્લિસ્) Not to be fathomed; bottomless; incomprehensible. અગાધ; ગૂઢ; અથાગ; અમાપ; અતળ.

Fatigue, *n.* (ફટી'ગ્) Lassitude; exhaustion; toil; labour undergone; weariness. થાક; શ્રમ; મહેનત; કષ્ટ. *vt.* To weary; to tire; to harass with toil. થકવવું; થકવી નાંખવું; સતાવવું; દુઃખ દેવું. [L *fatigo*, I am weary.]

Fatiloquist, *n.* (ફટિલો'ક્વિસ્ટ્) A fortune teller. ભવિષ્ય કહેનાર. [L. *fatum*, and *loqui*, to speak.]

Fatling, *n.* (ફૅ'ટ્લિંગ્) A lamb or other animal fattened for slaughter. મારવાનું મેઢું. 2. A fat animal. જાડું પ્રાણી.

Fatness, *n.* (ફૅ'ટનિસ્) Quality of being plump. જાડાઇ. 2. Richness. ધનાઢયપણું. 3. Fertility. ફળદ્રુપતા.

Fatten, *vi.* (ફૅ'ટન્) To make fat. જાડું બનાવવું; હૃષ્ટપુષ્ટ બનાવવું. 2. To feed for slaughter. મારવાને ખોરાકથી તાજું કરવું. 3. To make fertile and fruitful. ફળદ્રુપ બનાવવું. *vi.* To grow fat. જાડું થવું.

Fatty, *a.* (ફૅ'ટી) Greasy; unctuous; oleaginous. ચરબીદાર; ચીકણું.

Fatuity, *n.* (ફચ્યૂ'ઇટી) Foolishness; silliness; imbecility; feebleness of intellect. મૂર્ખતા; જડતા; જડબુદ્ધિ; ઘેલાનતા. [L. *fatutas*, foolish.]

Fatuous, *a.* (ફૅ'ટ્યૂઅસ્) Foolish; silly; simple; feeble in mind; stupid; imbecile. જડ; મૂઢ; ચળેલ; મિથ્યા; ખોટું. [L *fatuus*, foolish.]

Faucet, *n.* (ફૉ'સેટ્) The peg; spigot. દારૂ કાઢવા સારૂ પીપમાં મૂકેલી નળી. [L. *fauces*]

Fault, *n.* (ફૉલ્ટ્) A slight offence; a neglect of duty; a defect; a blemish; a flaw; a lost scent. ખોડ; ભૂલ; વાંક; ગુન્હો; ચૂક; ફરજ નહિ બજાવવી તે.–**At fault**=Puzzled. મુંઝવણમાં. 2. **To find fault**=To express blame. વાંક; ગુન્હો કાઢવો. 3. **To find fault with**=To censure. નિંદા કરવી. [L. *fallow*, I deceive.]

Fanbourg, *n.* (ફો'બુર્ગ) પરૂં; પારિસનું પરૂં.

Faultily, *adv.* (ફૉ'લ્ટિલી) Defectively; imperfectly; wrongly. ખોટી રીતે; અધુરાપણે.

Faultless, *a.* (ફૉ'લ્ટલિસ્) Perfect. સંપૂર્ણ; પુરેપુરો.

Faultlessness, *n.* (ફૉ'લ્ટલિસનિસ્) Freedom from faults, defects. નિર્દોષતા; પૂર્ણતા; નિરપરાધતા.

Faun, *n.* (ફૉ'ન્) A sylvan deity. અરધો માણસનો ને અરધો બકરાના રૂપનો દેવ. [L. *faunus*, a deity.]

Fauna, *n.* (ફૉ'નૅ) The animals of any epoch. કોઈ દિશા, દેશના પ્રાણી માત્ર. [L. *fauna*, goddess of fields.]

Favonion, *a.* (ફ઼ેવો'નિઅન્) Pertaining to the west wind. પશ્ચિમ તરફના પવનને લગતું. [L. *favonius*, the west wind.]

Favour, *n.* (ફે',વર્) Good-will; kind regard; friendly disposition. શુભેચ્છા; કૃપા; મહેરબાની; મિત્રભાવ. 2. Kind act; mildness. ઉપકાર; આભાર; નમ્રતા. 3. A token of love. પ્રેમની નિશાની. 4. Advantage. નફો; લાભ. 5. Aid; assistance. મદદ. 6. Benefit. લાભ. 7. Partiality. પક્ષપાત; વગ. *vt.* To support; to befriend. કૃપા; મહેરબાની રાખવી.–**In favour of**=Inside of.=વગમાં; પક્ષમાં; તરફ. 2. **With one's favour**=With leave.=રજા લઇને [L. *faveo*, I favour.]

Favourable, *a.* (ફે',વરબલ્) Kindly disposed; giving encouragement; propitious; friendly; conducive; advantageous. દયાળુ; કૃપાળુ; ઉત્સાહ પ્રેરક; લાભકારક; ફાયદાવાળું.

Favourableness, *n.* (ફે',વ્રબલ્નિસ્) The condition of being favourable; kindness. માયા; કૃપા; પ્રસન્નતા; અનુકૂળતા.

Favoured, *a.* (ફે',વર્ડ્) Treated with favour; featured. માનીતું; સુલક્ષણું.

Favourite, *n.* (ફે',વ્રિટ્) A person or thing regarded with favour; a darling. ઘણું વહાલું.

Favouritism, *n.* (ફે',વ્રિટિઝમ્) The disposition to have favourites; partiality. તરફદારી; પક્ષપાત; વગ; શાખરખાવટ.

Flame, *n.* (ફ્લેમ્) Light emitted from fire; a blaze; fire. ભડકો; ઝાળ; જ્યોત. 2. Heat of passion; violent emotion. આવેશ; ગુસ્સો; ઝનુન. 3 Tumult. ગભરાટ; ક્ષોભ; સંતાપ. 4. Ardent love. અતિશય પ્રેમ. 5. Rage; voilence. ગુસ્સો; હિંસકતા. *vi.* To burn. બળવું; ભડકો થવો. *vt.* To kindle. સળગાવવું. [L. *flamma*.]

Flaming, *a* (ફ્લે'મિંગ્) Emitting a flame; violent; vehement; burning. ભડકાવાળું; ગુસ્સાવાળું: જાજ્વલ્યમાન. *adv.* In a flaming manner. જાજ્વલ્યમાન રીતે.

Flamingo, *n* (ફ્લૅમિ'ન્ગો) A tropical bird; bright wren. રાજહંસ.

Flamy, *a.* (ફ્લે'મી) Having the nature of flames; having the colour of flame. ભડકે બળતું; જ્વાલામય.

Flange, *n.* (ફ્લૅન્જ) A projecting rim of any substance. કોઇ પણ ચીજની ઉપસેલી ધાર. કીનાર. *vt.* To furnish with a flange. કોર; ધાર કે કીનાર પાડવી.

Flank, *vt.* (ફ્લૅન્ક) To beat with a flap; to move; to stand at the side of; to attack the flank of. એક બાજુએ રહેવું; ની બાજુએ લાવવું; બાજુ પર હુમલો કરવો; હાલવું ચાલવું. *vi.* To move; to flutter; to be posted on the side. બાજુએ રહેવું; ફફડાવવું; ચાલવું. *n.* The hip; the division of an army; the side of a building. કુખ; કમર; લશ્કરની ટુકડી; ઇમારતનો એક ભાગ.

Flannel, *n.* (ફ્લૅ'નલ્) A soft, nappy woolen cloth of loose texture. ઉનનું એક જાતનું કપડું; ફલાલીન.

Flap, *n.* (ફ્લૅપ્) Some thing broad and flexible that hangs loose; the sound of anything broad and loose; a lappet; a skirt of coat. નીચે લબડતું રહે તેવું કાંઇ;કોઇપણ ઢીલી ને પહોળી વસ્તુનો અવાજ; ફડફડાટ; કોટની કીનાર. *vt.* To beat with a flap. ફફડાવવું. *vi.* To move as wings. પાંખો ફફડાવવી.

Flap-eared, *a.* (ફ્લૅ'પ-ઇર્ડ્) Having broad loose ears. પહોળા કાનવાળો.

Flap-mouthed, *a* (ફ્લૅ'પ-માઉથ્ડ્) Having loose hanging lips. લાંબા લબડતા હોઠવાળો.

Flapper, *n.* (ફ્લૅ'પર્) Fly-killer; young duck etc. માખી વગેરે મારવાનો વિંઝણો; જંગલી ન્હાનું બતક વગેરે; પક્ષિને ભગાડી, નસાડી મેલવાની કટકટી; હાથ; યાદગિરીનું ચિન્હ; અણુછતી, અપરિચિત છોકરી.

Flare, *vi.* (ફ્લેર) To burn with an unsteady light; to give out a dazzling light; to spread outward. અસ્થિરતાથી બળવું; આંખો નાખે તેવું તેજ આપવું; બહાર ફેલાવવું; ચળકવું.–**To flare up**=To become suddenly angry= એકદમ તપી જવું.

Flaring, *a.* (ફ્લૅ'રિંગ્) Sandy; glittering; showy. ચળકતું; ઝળહળતું; દેદીપ્યમાન.

Flash, *n.* (ફ્લૅશ્) A sudden burst of flame and light; a gleam; a sudden burst of merriment. એકાએક ચળકાટ; ઝબુકો; ચમકાર. *a.* Vulgarly showy. નીચ બીભત્સ ભભકાદાર *vi.* To give out a flash; to burst out; to break forth; to show a momentary brilliancy. એકાએક ચળકાટ મારવો.

Flashy, *a.* (ફ્લૅ'શી) Showy; gaudy; impulsive; fiery; insipid. ક્ષણિક; ચળકતું; ભભકદાર; ભભકી ઉઠે એવું; પાતળું પાણી જેવું; સ્વાદ વગરનું.

Flask, *n.* (ફ્લૅસ્ક) A kind of bottle; a narrow necked gobular glass bottle સીસો; બાટલી. 2. A vessel for containing gunpowder. બંદુકનો દારૂ લઇ જવાનું વાસણ.

Flat, *a.* (ફ્લૅટ્) Level; prostrate; tasteless; vapid; dead; dull; depressed; positive; not acute. સપાટ; સરખું; ચપટું; ચપાટ; ચત્તું; મંદ; બેસી ગયેલું; સાફ; જાડું; ખોખરૂં; મંદ; સ્વાદ વગરનું. *n.* A level surface; a low tract; a shoal; a flat bottomed boat. સપાટી; મેદાન; સપાટ તળીઆની હોડી. *vt.* To make flat. સપાટ કરવું. *vi.* To become flat. સપાટ થવું.

Flatness, *n.* (ફ્લૅ'ટનિસ્) Quality of being flat; levelness. સપાટપણું.

Flat-iron, *n.* (ફ્લૅ'ટ્-આયર્ન) An iron with a flat face for smoothing cloth. ઇસ્ત્રિ.

Flatly, *adv.* (ફ્લૅ'ટ્લી) Plainly; positively. સાફ રીતે. મોઢામોઢ મોકળી.

Flat-race, *n.* (ફ્લૅટ-રેસ્) A race over level or clear ground. સાફ કે સરખી જમીન પરની રમત

Flatten, *vt.* (ફ્લૅ'ટન્) To make flat; to level. સપાટ, સરખું, ચપટું કરવું, જમીન દોસ્ત કરવું. *vt.* To grow or become flat. સપાટ, ચપટું થવું.

Flatter, *vt.* (ફ્લૅ'ટર્) To compliment; to praise falsely; to raise false hopes in; to gratify; to soothe by praise. ખુશી કરવું; સંતુસ્ટ કરવું; ખુશામત કરવી.

Flatterer, *n.* (ફ્લૅ'ટરર્) One who flatters; a fawner; a wheedler. ખુશામતીયો.

Flattering, *a.* (ફ્લૅ'ટરિન્ગ) Bestowing flattery; gratifying; with partiality. ખુશામત ભરેલું; પ્રશંસામય, પક્ષપાતી.

Flattery, *n.* (ફ્લૅ'ટરી) False praise; adulation; sycophancy; cajolery. ખુશામત.

Flatulence, *n.* (ફ્લૅ'ટ્યુલન્સ્) State of being troubled with gases in the alimentary canal. આમવાયુ; વાત.

Flatulent, *a.* (ફ્લૅ'ટ્યુલન્ટ) Affected with gases in the stomach and intestines. આમવાયુવાળો.

Flaunt, *n.* (ફ્લૉન્ટ) Bold or impudent parade. બડાઇ;શેખી;ડોળ.2. Anything displayed for show. ભપકો. *vt.* To display impudently. છેલછબીલા થવું; રોફ મારવો; ભપકો મારવો.

Flautist, *n.* (ફ્લૉ'ટિસ્ટ) A player on the flute. વીણા વગાડનાર.

Flavour, *n.* (ફ્લે,'વર્) That quality which gratifies the palate; relish; zest; taste; smell. સોરમ; ગંધ; વાસ; રૂચિ; પ્રીતિ; ભાવ. *vt.* To give flavour to. ખુશબોદાર કરવું. [L. *flagro*, I smell.]

Flavorous, *a.* (ફ્લે,'વરસ) Having flavour; pleasant to the taste or smell. સુગંધિદાર; સ્વાદિષ્ટ; મજેદાર; રૂચિકર; રસિક.

Flavoured, *a.* (ફ્લે,'વર્ડ) Having flavour of this or that kind. અમુક જાતના સ્વાદવાળું; ખુશબોદાર.

Flavous, *a.* (ફ્લે,'વસ) Yellow. પીળું.

Flavourless, *a.* (ફ્લે',વરલિસ્) Tasteless. સ્વાદ વિનાનું.

Flaw, *n.* (ફ્લૉ) A crack; a blemish; a defect; a fault; an imperfection; a spot. તડ; ફાટ; ફાડ; ચીર; ડાઘ; ખોડ; ગુન્હો; ખાંપણ. 2. A sudden burst of wind. પવનનો ઝપાટો. *vt.* To make or produce a flaw in. ભાં ભૂલ કરવી.

Flawy, *a.* (ફ્લૉ'ઈ) Broken; defective; full of cracks. ખામીવાળું; ખોડવાળું. [સાથ.

Flax, *n.* (ફ્લૅક્સ્) A plant; linen. શણનો છોડ.

Flaxen, *a.* (ફ્લૅ'ક્સન્) Made of flax. શણનું.

Flay, *vt.* (ફ્લે,) To strip off the skin of an animal. ચામડી ઉતારવી; કાઢવી. *n.* One who flays. કસાઈ.

Flay-flint, *n.* (ફ્લે'-ફ્લિન્ટ્) A miserly fellow. કંજુસ.

Flea, *n.* (ફ્લી)A well-known insect whose bite is troublesome. ચાંચડ. *vt.* To flay. ચામડી, છોડું ઉતારવું.

Flea-bane, *n.* (ફ્લી'બે,ન્) A plant supposed to have efficacy in driving away fleas. કાળીજીરી.

Fleam, *n.* (ફ્લીમ્) A sharp instrument used for opening the veins of animals for letting blood. પ્રાણીઓની નસો ઉઘાડી અંદરથી લોહી કાઢવાનું ઝીણું હથિઆર.

Fleck, *n.* (ફ્લેક) A spot; a streak; a dapple; a stain. ટપકું; ટીલું; ચાઠું. *vt.* To spot; to variegate. ડાઘો પાડવો; ટપકું પાડવું; ચિત્રવિચિત્ર કરવું.

Fleckless, *n.*(ફ્લે'ક-લિસ્)Spotless;blameless. ડાઘા વગરનું; સ્વચ્છ; ચોકખું; નિર્મળ.

Flection, *n.* (ફ્લે'કશન્) Act of bending. વાળવું તે.

Fled, *p. p.* and *pret.* of **flee**, (ફ્લેડ્) Run away. નાશી ગયો, ગયેલો.

Fledge, *vt.* (ફ્લેજ્) To furnish with feathers. પીંછાં ઉગવાં *vi.* To become fledged. પાંખ આવવી *a.* Feathered. ઉડી શકે એવું [L. *flugge*.]

Fledgeling, *n.* (ફ્લે'જલિન્ગ્) A young bird just fledged. પાંખો આવેલું નાનું પક્ષી; તરતનું પાંખ આવેલું બચ્ચું.

Flee, *vi.* (ફ્લી) To run away; to run with rapidity; to hasten away. નાસવું; દોડવું. *vt.* To shut; to avoid. ત્યજવું; દૂર કરવું-**To flee the question.** સવાલ ઉપર મત આપવાનું ઉડાવી દેવું.

Fleece *n.* (ફ્લીસ્) The coat of wool that covers a sheep. એક વખત કાતરી લીધેલું ઘેટાનું ઉન. *vt.* To strip off the fleece. ઉન ઉતારી, કાતરી લેવું. 2. લૂંટી લેવું; નિચોવી લેવું.

Fleecer, *n.* (ફ્લી'સર્) One who fleeces. ઉન ઉતારનાર.

Fleecy, *a.* (ફ્લી'સી) Covered with a fleece; woolly; resembling wool. ઉનથી ઢંકાયેલું; ઉન જેવું.

Fleer, *vi.* (ફ્લીર્) To grin with an air of civility; to mock; to gibe; to leer; to deride. મશ્કરી કરવી; ચાળા પાડવા; સભ્યતાનો ડોળ રાખીને દાંત કાઢવા. *n.* A leer, derision or mockery. મહેણું; મશ્કરી; કટાક્ષ કરવી.

Fleet, *n.* (ફ્લીટ્) A squadron of ships; a number of ships in company. વહાણનો કાફલો; લડાઈના વહાણનો કાફલો; આરમાર. *a.* nimble; light and quick in motion. જલદ; વેગી; ઝડપી. *vt.* To fly swiftly; to hasten; to be in a transient state. જલદીથી ચાલવું. પસાર થવું.

Fleet street, *n.* (ફ્લી'ટ્ સ્ટ્રીટ્) Journalists; the press. છાપાંવાળા; અધિપતિઓ; છાપખાનાં [લંડનના એ નામના લત્તામાં ઘણાં છાપાની ઑફીસ આવેલી તેથી]

Fleeting, *p. a.* (ફ્લી'ટિન્ગ) Not durable; transient; momentary; transitory. ક્ષણિક; ફાની; ચલ; ક્ષણભંગુર; ક્ષણસ્થાયી.

Fleetly *adv.* (ફ્લી'ટ્લી) Rapidly; swiftly. ઝડપથી; વેગથી.

Fleetness, *n.* (ફ્લી'ટ્નિસ્) Swiftness; rapidity; speed; velocity. અતિવેગ.

Flesh, *n.* (ફ્લેશ્) The muscular part of an animal: beasts and birds used as food; the bodily frame; mankind; human nature; kindred; family; muscles. માંસ; શરીર; પિંડ; કાયા; મનુષ્ય, સ્વભાવ; સગું; ગર; માવો. *vt.* To accustom to flesh. માસ ખાતાં ટેવાવવું.

Flesh-brush, *n.* (ફ્લે'શ્-બ્રશ્) A brush for exciting action in the skin by friction. ચામડી ઘસવાનું બ્રશ.

Flesh-diet, *n.* (ફ્લે'શ્-ડાઇટ્) The food of flesh. માંસાહાર.

Fleshed, *a.* (ફ્લે'શ્ડ) Fat; fleshy. જાડો; ચરબીવાળો.

Flesher, *n.* (ફ્લે'શર્) A butcher. કસાઇ;પારધિ.

Fleshiness, *n.* (ફ્લે'શિનિસ્) Plumpness; corpulence. શરીરનું ભરાઉપણું; માંસપુષ્ટિ.

Fleshy, *a.* (ફ્લે'શી) Full of flesh; composed of firm pulp. માંસપુષ્ટ; માવાદાર; ગરવાળું.

Flesh-meat, *n.* (ફ્લે'શ-મીટ્) Animal food. માંસાહાર.

Flesh-pot, *n.* (ફ્લે'શ્-પૉટ) A vessel in which flesh is cooked. માંસ શેકવાનું વાસણ.

Fletch, *vt.* (ફ્લેચ્) To feather an arrow. તીરને પીછાં બાંધવાં.

Flex, *vt.* (ફ્લેક્સ્) To bend. વાળવું. [L. *flecto*, I bend.]

Flexibility, *n.* (ફ્લેક્સિબિ'લિટી) Pliancy; flexibleness; facility. પોચાશ; નરમાશ; સુગમતા. [L. *flexibilitas.*]

Flexible, *a.* (ફ્લે'ક્સિબલ્) Pliant; pliable; supple; tractable; plastic. વળે એવું; કેળવી શકાય એવું; શિખવી શકાય એવું [L. *flecto*, I bend.]

Flexion, *n.* (ફ્લે'ક્શન્) Act of bending; a bending; a bend; a fold. મરોડ; વાંક; વાળવું તે; મરડવું તે. [L. *flexis.*]

Flexture, *n.* (ફ્લે'ક્સ્ચર્) The act of bending. વાળવું તે; વળાટ.

Flick, *n.* (ફ્લિક્) A sharp sudden stroke. એકાએક તીનો ફટકો. *vt.* To strike with a flick. ફટકાથી મારવું.

Flicker, *vt.* (ફ્લિ'કર્) To flutter. વગર ઉડે પાંખ ફફડાવવી. 2. Waver unsteadily. પવનને લીધે ફફડવું, ધ્રુજવું, હાલવું.

Flier, *n.* (ફ્લા'યર્) One who flies. દોડનાર; ઉડનાર. 2. A part of a machine which moves very rapidly. ઘણી ઝડપથી ચાલનારો કે ફરનારો યંત્રનો ભાગ.

Flight, *n.* (ફ્લાઇટ્) Act of flying; volitation. નાસભાગ; નાસાનાસ; પલાયન; દોડાદોડ; ઉડવાની રીત; ઉડી જવું તે. 2. A flock of birds flying in company. પક્ષીનું ટોળું. 3. Stair. સીડી; નિસરણી. 4. Act of running away to escape danger. ભયમુક્ત થવાને દોડધામ કરવી તે.—**To put to flight or to turn to flight**=નસાડી મુકવું

Flightiness, *n.* (ફ્લા'ઇટિનિસ્) Levity; giddiness; wildness; volatility. સ્વચ્છંદ; ચંચળપણું; તરંગ; જલદપણું; ચંચળતા.

Flighty, *a.* (ફ્લા'ઇટી) Unsettled; volatile; giddy; fickle; swift; transient. ઝડપવાળું; જલદ; ચંચળ; ચપળ; વાયલું; તરંગી; લ્હેરી.

Flimsy, *a.* (ફ્લિ'મ્ઝી) Without strength; of loose structure; without reason; superficial; shallow. કમજોર; રેઢિઆર; ઢીલા બાંધાનું; મૂર્ખ; છીછરૂં. *n.* Weak texture; weakness. નબળું પોત; એક જાતનો પાતળો કાગળ; રિપોર્ટરની નકલ; બૅન્ક નોટ; દુર્બળતા; ક્ષીણતા.

Flinch, *vi.* (ફ્લિન્શ્) To draw back from pain; to shrink; to wince; to withdraw. હઠી જવું; ચમકવું; થથરી ઉઠવું; પાછા હઠવું. [L. *flectere*, to bind.]

Fling, *vt.* (ફ્લિન્ગ્) To throw; to hurt; to dart; to send forth; to emit; to scatter; to prostrate. ફેંકવું; નાંખવું; માંથી નીકળવું; પછાડવું; નીચે ફેંકી દેવું; વેરી નાંખવું. *vi.* To utter harsh language. મ્હેણું મારવું; ઠઠ્ઠો કરવો. 2. To rush away angrily. ગુસ્સામાં એકદમ

જતા રહેવું. *n.* A sarcasm; a gibe; a sneer. મ્હેણું; ટોણો; ઠપકો.—**To fling off**=To baffle in the chase. શિકારમાં નિષ્ફળ કરવું; શિકાર ચુકાવવો. [L. *fligo*, I strike.]

Flint, *n.* (ફ્લિન્ટ્) A piece of flinty stone. ચકમકનો પથ્થર. 2. Anything proverbially hard. વજ્ર જેવી કઠણ વસ્તુ.

Flint-hearted, *a.* (ફ્લિ'ન્ટ્-હાર્ટિડ્) Hard-hearted. પાષાણ હૃદયી; વજ્ર હૃદયનો.

Flinty, *a.* (ફ્લિ'ન્ટી) Very hard; not impressible; cruel; unmerciful. ચકમકવાળો; ચકમકનું; વજ્ર જેવું કઠણ *n.* Quality of being hard. વજ્ર જેવી કઠણતા.

Flip, *n.* (ફ્લિપ્)A blow with a whip.ચાબુકનો, ચમરીનો સખત ફટકો.

Flippancy, *n.* (ફ્લિ'પન્સી) Heedless pertness;undue levity;volubility of speech. બોલકણાપણું; મ્હોડાની ચપળતા; લાંબી-છુટી જીભ.

Flippant, *a.* (ફ્લિ'પન્ટ્) Heedlessly pert; showing undue levity; petulant; shallow; disrespectful; talkative; empty. બહુબોલું; વાચાળો; છુટી જીભનો; લાંબી જીભવાળો; બેદરકાર; નિ:સાર; ચપળ.=**A flippant person**= છુટી જીભનો, લવકણ માણસ. *adv.* In a flippant manner. વાચાળતાથી; ગંભીરતા વગર.

Flirt, *vt.* (ફ્લર્ટ્) To throw with a jerk; to toss; to move suddenly; to coquet. એકદમ જુસ્સાથી ફેંકવું; છાંટવું; ચાળા, નખરાં કરવાં; નેનજરા મારવા. *vi.* To run and dart about; to act with levity; to play the coquette; to throw sarcastic word. આમતેમ દોડવું; નખરાં મારવાં; મ્હેણાં મારવાં *n.*A sudden jerk; a quick throw; a coquette. છટકેલો; નખરાંખોર જુવાન સ્ત્રી.

Flirtation,*n.*(ફ્લર્ટે'શન્)A flirting;playing at courtship; coquetry. નખરાબાજી; હાવભાવ; નેનજરા; અદા; નખરાં; વિલાસ.

Flit, *vi.* (ફ્લિટ્) To fly along; to flutter; to rove on the wing;to remove;to migrate. ઝડપથી ઉડી જવું;પાંખો ફફડવી; ખસવું;રહેઠાણ બદલવું.

Flitch, *n.* (ફ્લિચ્) The side of a hog salted and cured as bacon. મીઠું દઇને સુકવેલું ડુક્કરનું પાસું

Flitter, *vi.* (ફ્લિ'ટર્) To flutter. ફફડાવવું. *n.* A small piece. નાનો લુગડાનો કકડો. *n.* Flitting; a flying with lightness and celerity; a fluttering. ફડફડાટ. *n.*A removal from one habitation on another. સ્થાનાંતર.

Flitter-mouse, *n.* (ફ્લિટર્મા'ઉસ્) A bat. ચામાચીડીયું; છાપું.

Float, *n.* (ફ્લોટ્) A floating mass;a raft; anything that floats on the surface તરાપો. 2. The float-board of a wheel. પૈડાનું પાટીઉં. *vi.* To swim; to be bouyed up; to move with a light course. પાણી પર કે હવામાં શાન્ત રીતે કે ધીમેથી જવું; તરવું. *vt.* To cause to float. તરાવવું. 2. To inundate. બુડાડી દેવું. 3. To support the credit of. ની આબરૂ, શાખ રાખવી.-**To float a scheme** =To bring it prominently before public notice. યોજના લોકોની જાણમાં લાવવી, ચલાવવી.

Floatage, *n.* (ફ્લો',ટિજ્) Anything that floats on the water. પાણી પર તરતી વસ્તુ.

Floater, *n* (ફ્લો'ટર્)One who floats.તરનાર.

Floating, *a.* (ફ્લો,'ટિન્ગ્) Disconnected; unattached; free or loose. છુટછુટું; વેરાએલું; અસ્થિર. 2. Buoyed upon. તરતું.

Float-man, *n.* (ફ્લો,'ટ-મન્) A seaman. ખલાસી; તારો; તર.

Flock *n.* (ફ્લૉક્) A lock of hair; the refuse of cotton and wool. વાળનો ગુચ્છો; રૂ અને ઉનનો કચરો.2.A company of sheep etc. ઘેટાનું ટોળું; જુથ. 3. A christian congregation. ખ્રિસ્તિલોકોનો ધર્મ સમાજ; મંડળી. *vi.*To gather in companies; to collect in multitudes; to crowd togather. ટોળાબંધ એકઠા, જમા થવું.

Flock-bed, *n.* (ફ્લૉ'ક-બેડ્) A bed filled with locks of coarse wool. ઉનનું ભરેલું ગાદલું.

Flocky, *a.* (ફ્લૉ'કી) Abounding in flocks. ટોળાબંધી.

Floe, *n.* (ફ્લો) A large mass of ice floating in the ocean. સમુદ્રમાં તરતો બરફનો ઢગલો.

Flog, *vt.* (ફ્લૉગ્) To whip; to scourge; to lash. ચાબુક મારવું. [L. *fligo*, I beat.]

Flogger, *n.* (ફ્લૉ'ગર્) One who flogs. ચાબુકે મારનાર.

Flogging, *n.* (ફ્લૉ'ગિન્ગ્) A whipping for punishment. ચાબુકમાર; ફટકા; ચાબખા.

Flood, *n.* (ફ્લડ્) A great flow of water; an inundation; a deluge; a river; the flowing or rising of the tide;superabundance. રેલ; પૂર; ભરતી; જવાળ; પુષ્કળપણું; મોટો જથ્થો; રેલછેલ; છોળપ્રવાહ. *vt.* To overflow; to inundate; to deluge;overwhelm.રેલ આવવી;ભરતી આવવી.

Flood-gate, *n.* (ફ્લ'ડ-ગે,ટ્ A gate to be opened for letting water flow through. પાણી આવતું જતું અટકાવવાનો દરવાજો.

Flood-tide, *n.*(ફ્લ'ડટાઈડ્)The rising tide. ભરતી.

Floor, *n.* (ફ્લોર) That part of a building on which we walk; a story in a building; a flat or body. ભોંય તળીયું; માળ; મજલો; કાચી ધાતુની સપાટ જમીન *vt.* To lay a floor upon; to furnish with a floor. પાટીઆંથી ઢાંકવું. [A. S. *flor*, a floor.]

Flooring, *n.* (ફ્લો'રિંગ્) A floor; materials for floor; the bottom of room pavement. ઓરડીનું તળીયું; ફરસબંધી.

Floor-cloth. *n.* (ફ્લો'ર-ક્લૉથ) Printed cloth for covering floors. જાજમ.

Flop, *vt.* (ફ્લૉપ્) To clap or flap; to let down suddenly. ફટકો, ટકોરો, થાપટ મારવી. *vi.* To flap; to jump down suddenly. ફટફટવું *n.* A sudden sinking to the ground. એકાએક જમીન પર પડવું તે. *a.* Having a tendency to flop. થાપડ કે ફટકો મારે એવું.

Flora, *n.* (ફ્લો'રૅ) The goddess of flowers ફુલની દેવી;વનસ્પતિ.A description of vegetable species. વનસ્પતિ વર્ણન.

Floral, *a.* (ફ્લો,'રલ) Pertaining to flowers; made of flowers. ફુલવાળું, સંબંધી [L. *floralis*, belonging to flower.]

Florescence, *n.* (ફ્લૉરે'સન્સ) A flowering; a putting forth of blossoms. ફુલ ખીલવાં તે; ફુલો ખીલવાની મોસમ; ફુલનો બાર.

Floret. *n.* (ફ્લા'રિટ્) A floweret. ફુલોનું ઝુમખું; ફુલપાંદડી.

Floriculture, *n.* (ફ્લૉ'રિકલ્ચર) The culture of flowers. ફુલોનું ખેડાણ. ઉગાણ; ઉત્પત્તિ શાસ્ત્ર.

Florid. *a.* (ફ્લૉ'રિડ્) Flowery; bright in colour; highly ornate. ફુલથી ભરપુર; રંગમાં પ્રકાશિત; લાલચોળ; તેજ, ચળકાટ મારતું. અતિ ભપકેદાર, અલંકારિક. [L. *floris*. flower.]

Floridness, *n.* (ફ્લૉ'રિડનિસ્) Quality of being florid; brightness of colour. સુરખી; લાલી; અલંકારિત્વ.

Floriferous, *a.* (ફ્લૉરિફે'રસ્) Producing flowers. પુષ્પાવહ; ફુલ આપતું; પુષ્પપ્રદ [L. *fero*, I bear.]

Florin, *n.* (ફ્લૉ'રિન્) A coin. એક જાતનો સિક્કો. [L. *flos*, flower.]=૨ શિલિંગ.

Florist, *n.* (ફ્લૉ'રિસ્ટ) One skilled in the cultivation of flowers. માળી [L. *flos*,flower.]

Floscule, *n.* (ફ્લૉ'સ્કયુલ) A little flower. નાનું ફુલ.

Fleroon *n.* (ફ્લૅરૂ'ન્) A border worked with flowers. ફુલની કોર, ઝાલર.

Florulent, *a.* (ફ્લૉ'રુલન્ટ્) Flowering; blossoming. મોર, કળીવાળું. [L. *flos*, flower.]

Floss, *n.* (ફ્લૉસ્) A downy or silken substance. રૂવાંનો અથવા રેશમી પદાર્થ. 2. Untwisted filaments of silk. કાચું રેશમ. [L. *flos*, flower.]

Flossy. *a.* (ફ્લૉ'સિ) Composed of floss. રૂવાં જેવા પદાર્થનું બનાવેલું.

Flotation, *n.* (ફ્લૉટે,'શન્) The act of floating bodies. તરતી વસ્તુ; તરણ; યોજના, કંપની ચાલતી કરવી તે.

Flotilla, *n.* (ફ્લૉટિ'લૅ) A little fleet or fleet of small vessels. નાનાં વહાણનો કાફલો.

Flotsam, *n.* (ફ્લૉ'ટસમ્) Such portion of the wreck of a ship and the cargo as continues floating. વહાણ ભાંગવાથી દરીઆમાં તરતો નચ્છણીઓ માલ. [L. *fluctuare*,to float.]

Flounce,*vi.*(ફ્લાઉન્સ)To twist with sudden effort; to move with jerks; to start away in anger. એકાએક બળથી આમળો, મરડ દેવી; હેલા મારતા ચાલવું; ગુસ્સામાં ચાલ્યા જવું. *vt.* To deck with a flounce. સંજામ મુકીને સુશોભિત કરવું. *n.* A sudden jerking motion of the body. આંચકો. 2.An ornamental appendage to the skirt of a lady's dress. સંજામ; કોર; કિનારી; પટી. [L. *frons*, the front.]

Flounder, *n.* (ફ્લા'ઉન્ડર) A common flat fish found in the sea. એક જાતની માછલી. 2. A tool used by boot-makers. મોચીનું એક ઓજાર *vi.*To fling the limbs and body; to struggle; to tumble about. તરફડીયાં મારવાં; તરફડવું.

Flour, *n.* (ફ્લાઉર)The meal of wheat fine ground and sifted. આટો; લોટ; રવો; મેંદો. *vi.* To grind; to convert into flour. દળવું; નો આટો કરવો.

Flourish, *n* (ફ્લ'રિશ)To grow luxuriantly. ઘણું વધવું; ફાલવું. 2. To be prosperous; to increase in wealth, honour, comfort, happiness etc. આબાદ થવું;સુખી થવું; માન વધવું. 3. To write graceful figures. સુંદર, સુશોભિત, લસરકાથી લખવું. *vt.* To develop. વધારવું. 2. To adorn with rhetoric figures. અલંકારિક કરવું. *n.* A flourishing condition. આબાદાની; ભપકો;અવાજ:-**Flourish of trumpets**=A prelude by trumpets on the approach of a person of distinction. કોઇ મોટા માણસના આવકારમાં વાજાં વગાડવાં તે.

Flourishing, *a.* (ફ્લ'રિશિન્ગ્) Thriving; prosperous;growing luxuriantly.આબાદીવાળું; ખાઉંપીઉં; આબાદ; ફાલતું.

Flout, *vt.* (ફ્લાઉટ્) To mock or insult; to treat with contempt; to jeer; to sneer. અપમાન કરવું; તુચ્છ કરવો; તરછોડવું; ધિક્કારવું; ની સાથે ધિક્કારથી વર્તવું. *n.* A mock; an insult. તિરસ્કાર; અપમાન; ધિક્કાર.

Floutingly, *adv.* (ફ્લાઉ'ટિન્ગ્લી) Insultingly; with flouting. તિરસ્કાર ભરેલી રીતે; અપમાનથી; ધિક્કારથી.

Flow *vi.* (ફ્લો) To move વહેવું. 2. To rise as the tide. ભરતી આવવી. 3. To issue forth. થી ઉત્પન્ન થવું; નીકળવું. 3. To discharge blood in excess from the uterus. લોહી વહી જવું; અધરોવું. 4. To hang loose and waving. ઝુલવું; લટકવું *n.* A stream of water or other fluid; current. પાણીનો રેલો; પ્રવાહ; ધાર. 2. A pouring out. શબ્દોની રેલ. 3. Abundance. પુષ્કળતા છેલપણું.—**To flow over** ઉભરાઈ જવું; રેલ છેલ થવું [L. *fluo*, I flow.]

Flowage, *n.* (ફ્લો'એજ્) Act of flowing; state of being overflowed. પાણી ફરી વળવું તે; રેલછેલ.

Flower, *n.* (ફ્લા'વર્) A bloom or blossom. ફુલ; પુષ્પ. 2. The early part of manhood; the prime; youthful vigour; youth; the prime of life. જોબન; જુવાની; ભર જુવાની. 3. A figure or ornamental expression. અલંકાર. 4. The choicest part of anything. કોઈ પણ ચીજનો સૌથી સરસ ભાગ. *vi.* To blossom; to bloom. ને મોર, ફુલ આવવાં; ફાલવું; ખીલવું. [L. *flos, floris*, flower.]

Flower-clock, *n.* (ફ્લા'વર્-ક્લૉક્) A means of measuring time by growing flowers that open and shut at certain hours of the day. ફુલો કે જે દિવસના અમુક કલાકે ખીલે ને બીડાય તે ઉપરથી વખત માપવાનું સાધન; પુષ્પ ઘટિકા.

Flowered. *a.* (ફ્લા'વર્ડ્) Flowery. ફુલવાળું.

Floweret, *n.* (ફ્લા'વરિટ્) A small flower. નાનું ફુલ.

Flower-garden, *n.* (ફ્લા'વર્ ગાર્ડન્) A garden of plants bearing flowers. ફુલબાગ.

Flower-pot, *n.* (ફ્લા'વર્ પૉટ્) A pot in which plants are grown. કુંડું; ફુલદાની.

Flowery, *a.* (ફ્લા'વરી) Full of blossoms; florid. ફુલવાળું; પુષ્પમય; સુપુષ્પ; અલંકાર યુક્ત. —**The flowery kingdom** = China. ચીન.

Fluctiferous, *a.* (ફ્લક્ટિ'ફરસ્) Tending to produce waves. મોજાં ઉત્પન્ન કરે એવું. [L. *fluctus*, wave & *fero*, I produce.]

Fluctisonus, *a.* (ફ્લક્ટિ'સોનસ્) Sounding like the waves. મોજાંના જેવો અવાજ કરતું. [L. *fluctus*, wave & *sonus*, sound.]

Fluctuant, *a.* (ફ્લ'ક્ચ્યૂઅન્ટ્) Wavering; unsteady. આમતેમ હાલતું; અસ્થિર.

Fluctuate, *vi.* (ફ્લ'ક્ચ્યૂએટ્) To move as a wave; to undulate; to waver; to hesitate. મોજાંની પેઠે હાલવું. ખદબાયા કરવું; ડચુપચુ થયા કરવું. *vt.* To cause to move as a wave. મોજાંની પેઠે હલાવવું; ચઢ ઉતર થવી

Fluctuation, *n.* (ફ્લક્ટ્યૂ'એશન્) A rising and falling; change; vicissitude અસ્થિરતા; અનિશ્ચય; ચઢઉતર; વધઘટ.

Flue, *n.* (ફ્લ્યૂ) A passage for smoke; a pipe for conveying heat to water in certain kinds of steam-boilers; light downy matter; soft down. ધુમાડીયું; અમુક જાતનાં એન્જીનોમાં પાણીમાં ગરમી લઈ જવાની નળી; નરમ રૂંવાટાં. [L. *flou*, I flow.]

Fluency, *n.* (ફ્લુ'અન્સી) Facility of words; volubility. જીભનું ચપળપણું; શબ્દચાતુરી; બોલવાની છટા; વક્તૃત્વ; વાક્પટુતા. [L. *fluentia*, a flowing.]

Fluent, *a.* (ફ્લુ'અન્ટ્) Flowing; ready in the use of words; having words at command; voluble. વહેતું; પ્રવાહી; બોલકણું; વાચાળ; વાક્પટુ; [L. *fluens.*]

Fluently, *adv.* (ફ્લુ'અન્ટ્લી) In a fluent manner. વગર અટકે; ઝપાટાબંધ; છટા બંધ.

Fluid, *a.* (ફ્લુ'ઇડ) Capable of flowing like water; liquid or gaseous. વહેતું; પ્રવાહી. *n.* A body whose particles move easily amongst themselves. પ્રવાહી પદાર્થ.

Fluidity, *n* (ફ્લુઇ'ડિટી) Qualitiy of being fluid; liquid state. પ્રવાહી પદાર્થનો ગુણ; દ્રવતા.

Fluke. *n.* (ફ્લૂ'ક) That part of an anchor which fastens in the gronnd; (*pl.*) the tail of a whale; a name for the flounder. લંગરનો આંકડો; દાંતો; કાંટો; મગર મચ્છની પુંછડી; એક જાતની માછલી.

Flume, *n.* (ફ્લૂમ) A stream. પાણીનો ઝરો; વહેળો. [L. *fluo*, I flow.]

Fluminous, *a.* (ફ્લૂ'મિનસ્) Pertaining to rivers; abounding in rivers. નદી નાળાંથી ભરપુર, સંબંધી.

Flummery, *n.* (ફ્લ'મ્મરી) A sort of jelly made of flour, etc. flattery; nonsense. એક જાતનું હલકું ખાણું; ખુશામત; અર્થ વગરનું નકામું બોલવું તે.

Flunkey, *n.* (ફ્લ'ન્કી) A male servant in livery; a cringing flatterer. ઓળખાણ આપવા

માટે અમુક પોશાકવાળો. ચાકર; ખુશામતીયો.2. An inexperienced jobber. અનુભવ વિનાનો દલાલ.

Flurry, *n.* (ફ્લ'રી) Bustle; hurry; agitation; commotion; a gust of wind; light things carried by the wind. ધામધુમ; ગરબડ; ધાંધલ; ધિંગાણું, લહેર; લફરાં. *vt.* To put in agitation; to agitate; to excite; to alarm. ઉશ્કેરવું.

Flush, *vi.* (ફ્લશ઼) To become suffused; to become suddenly red; to blush. એકદમ લાલ થવું; ના ગુસ્સાને ઉશ્કેરવું. *vi.* To cause to blush; to elate; to excite; to animate with joy; to spring; to flow and spread suddenly. એકદમ ચઢી જવું; અકદમ દેખાઈ આવવું; લાલ, ઉત્તેજીત કરવું; શેરડો, લાલી આણવી. એકદમ ચળકવું. *n* A sudden flow of blood to the face; warm glow; sudden thrill of feeling; bloom; vigour; a hand of cards of the suit. લોહી મ્હોં પર ચઢી જવું તે; લાલી; સુરખી; જુસ્સો; જોમ; ભાતના પત્તાનો હાથ, દાવ-*a.* Fresh; full of vigour. તાજું ચળકાટ મારતું [L. *fluxus*, a flow.]

Fluster, *vi.* (ફ્લ'સ્ટર્) To agitate; to confuse; to heat. ખળભળાટ કરવો; ગભરાવવું; તપાસવું-*n.* Agitation. ખળભળાટ.

Flute, *n.* (ફ્લૂટ્) A small wind instrument; વાંસળી; પાવો, મોરલી. 2. A stop in an organ. વાજાની કળ. 3. A kind of fly boat. એક પ્રકારની હોડી. *vi.* To play on flute. વાંસળી, પાવો કે મોરલી વગાડવી. [L. *flatus*, a blowing.]

Fluted, *a.* (ફ્લૂ'ટિડ્) Having flutes; channelled; thin; fine. તીણો; સારો; માટલી, પાવો કે વાંસળીના જેવો.

Fluting, *n.* (ફ્લૂ'ટિન્ગ્) Sound like that of a flute. વાંસળીના જેવો અવાજ.

Flutist, *n.* (ફ્લૂ'ટિસ્ટ) A performer on the flute. મોરલી, વાંસળી કે પાવો વગાડનાર.

Flutter, *vi.* (ફ્લ'ટર્) To move the wings rapidly; to move with quick motion; to be in agitation; to waver. ફફડાવવી; ખાલી, નકામી ધાંધલ કરવી; ફોગટ દોડધામ કરવી. *vt.* To vibrate or move quickly. ફફડાવવું.

Fluvial, Fluviatic, *n.* (ફ્લૂ'વિઅલ્-ફ્લૂ'વિઅટિક્) Pertaining to rives. નદી, સંબંધીમાં મળતું. [L. *fluo*, I flow.]

Fluvious, *a* (ફ્લૂ'વિઅસ્) Flowing in a large quantity. ઘણું વહેતું.

Flux, *n.* ફ્લક્સ્) Act of flowing; any flow of matter; the flow of the tide; fusion; the state of being liquid. પ્રવાહ; વ્હેણ; પ્રવાહી પદાર્થ; પીગળવું તે; ગળાવું તે; સ્રાવ; ધાતુ જેથી ઓગળી જાય એવો પદાર્થ; ખાર; સ્રાવક. 2. Flux and reflux. ભરતીઓટ. *vt.* To cause to melt or become fluid. પીગાળવું; પ્રવાહી કરવું. [L. *fluo*, I flow.]

Fluxible, *a.* (ફ્લ'ક્સિબલ્)Capable of being fused. જલદી પીગળી, ગળી જાય એવું.

Fluxion, *n.* (ફ્લ'કશન્) Act of flowing. વહેવું તે. 2. The matter that flows. પ્રવાહી પદાર્થ. [L. *fluxis*, a flowing.]

Fluxional, **Fluxionary**, *a.* (ફ્લ'કશનલ, ફ્લ'કશનરી) Pertaining to mathematical fluxions; inconstant; variable. ન્યુટનના કૅલ્ક્યુલસ; ચલનકલનને લગતું; બદલાય એવું.

Fluxure, *n.* (ફ્લ'કશ્યૂર) Quality of flowing. વહેવાનો ગુણ.

Fly, *vi.* (ફ્લાઈ) To move through air with wings; to rise in air; to pass away; to flee; to burst; to flutter; to vibrate. ઉડવું; ઉતાવળે જવું; નાસી જવું; પલાયન કરી જવું; પાંખેથી હવામાં ઉડવું; હવામાં ચડવું; ફફડાવવું. *vt.* To flee from; to shun; to cause to fly in the air; to hunt with a hawk. ઉડાડવું; ચગાવવું; બાજ પક્ષી સાથે રાખીને શિકાર કરવો. *n.* A winged insect; a light carriage formed for rapid motion; a cab; a gallery in theatre; a heavy wheel with weights. માખી; માખ; ઝડપથી ચાલે એવી ગાડી; ભારે ચક્ર; થીએટરમાંની ગૅલેરી.—**Fly-net** મચ્છરદાની. 2. **Fly-paper**. માખો મારી નાંખવાનો ઝેરી કાગળ. 3. **Fly-sheet**=જાહેર ખબર; હૅન્ડબિલ. 4. **On the fly**=Still in the air=ઉડતાં; અદ્ધર. [A. S. *fleoge*, the insect.]

Fly-bane, *n.* (ફ્લા'ઈ-બે,ન) A plant. એક જાતનો છોડ.

Fly-blow, *n.* (ફ્લા'ઇ-બ્લો) The egg of a fly laid on meat. માખીનું ઇંડું.

Fly-blown, *a.* (ફ્લા'ઇ-બ્લો,ન) Decayed. સડેલું; કીડાપડેલું.

Fly-boat, *n.* (ફ્લા'ઈ-બોટ્) A light swift kind of boat used on canals. સાંકડી હોડી; મછવો.

Fly-bridge, *n.* (ફ્લા'ઈ-બ્રિજ્) A bridge for crossing rivers in rapid movement. ટુંકી મુદત માટે મુકેલો પુલ.

Fly-catcher, *n.* (ફ્લા'ઈ-કૅચર્) A name of various birds which feed on flies. માખી ખાઇને રહેનારાં પક્ષી.

Fly-flap, *n.* (ફ્લા'ઇ-ફ્લૅપ) An implement for flying flies. ચમરી; ચમર; વીંઝણો.

Fly-leaf, *a.* (ફ્લાઈ-લીફ઼) A blank leaf at the beginning of a book. ચોપડીમાં આગળ પાછળ બાંધેલું કોરું પાનું.

Fly-wheel, *n.* (ફ્લાઇ-વ્હીલ્) A heavy wheel in machinery that equalizes its movements when the motive power is irregular. સાંચામાં સમતોલ રાખનાર ચક્કર.

Fo, *n.* (ફો) The Chinese name of Buddh. બુદ્ધ માટે ચીના લોકોની સંજ્ઞા.

Foal, *n.* (ફોલ્) The young of a mare; a colt; filly. વછેરો; વછેરી. *vt.* To bring forth a colt or filly. વછેરીને જન્મ આપવો.—:**Foal teeth**=ઘોડાના પહેલા દાંત. 2. **In foal**= ગાભણી. [A. S. *fola*, a foal.]

Foam, *n.* (ફોમ્) Froth; spume. ફીણ *vi.* To froth; to gather foam; to show forth at the mouth. ફીણ થવું; મોં પર ફીણ લાવવું. *vt.* To throw out foam. ફીણ બહાર કાઢવું.

Foamy, *a.* (ફો,'મી) Covered with foam. frothy. ફીણ વાળું, થી ઢંકાએલું.

Fob, *n.* (ફૉબ્) A little pocket in men's breeches for a watch. ઘડીઆળનું ગજવું. *vt.* To cheat; to trick. ઠગવું; ધૂતવું.

Fobbing, *n.* (ફૉ'બિન્ગ્) Treachery; trick. ઠગાઇ.

Focal, *a.* (ફો,'કલ્) Belonging to a focus. કેંદ્રને લગતું.

Focus, *n* (ફો,'કસ્) A point in which rays of light meet after being refracted. કેંદ્ર; પ્રતિબિંબ પડ્યા પછી પ્રકાશના કિરણ એકઠાં મળે તે બિંદુ 2. A central point. મધ્ય સ્થળ; મથક. [L. *focus*, hearth.]

Fodder, *n.* (ફૉ'ડર) Food for cattle. ચારો; ઘાસ. *vt.* To furnish with fodder. ચારો, ઘાસ નાખવું.

Foe, *n.* (ફો,) A enemy; an enemy in war; a hostile army; an adversary. સામાવાળો; હરીફ; દુશ્મન; શત્રુ.

Fœtal, *a.* (ફી'ટલ્) Pertaining to a fetus. ગર્ભ વિષે.

Fœnugreek, *n.* (ફી'ન્યૂગ્રીક) A kind of seed. મેથી.

Fœtus, *n.* (ફી'ટસ્) Fetus. ગર્ભ; હમેલ; ગાભ.

Fog, *n.* (ફૉગ્) A dense watery vapour; a cloud or dust of smoke; mental confusion. ધુમસ; ધુમર; માનસિક ગુંચવણ. 2. After-grass; a second growth બીજી વખત ઉગેલું ઘાસ.

Fog-bank, *n.* (ફૉગ-બૅન્ક) A bank of fog at sea sometimes resembling land at a distance. કોઇ કોઈ વાર ધૂમથી જમીન જેવો જણાતો દરિઆપરનો ધુમસનો ગોટો.

Foggy, *a.* (ફૉ'ગી) Filled with fog; misty; stupid. વાદળાં વાળું; ગોટાળીયું.

Fogey, *n.* (ફો,'ગી) A stupid fellow; an old fashioned person. મૂર્ખ; મંદ; ઠોઠ; જૂનો જોગી.

Foh, (ફૉ) An exclamation of disgust or contempt. તિરસ્કાર યુકત વચન કે અવાજ.

Foible, *n.* (ફૉ'ઇબલ્) A weak point in character; a failing; a frailty. કસુર; ખામી; એબ; ખોડ; દોષ: ચૂક;અપરાધ.[Fr.*foible*,feeble.]

Foil, *vt.* (ફૉઇલ્) To frustrate; to defeat; to baffle; to balk; to beat down with the feet. નિષ્ફળ કરવું; હરાવવું; પગથી ચગદવું;નિષ્ફળ કરી મેલવું. *n.* Defeat; frustration.હાર;પરાભવ. 2. A blunt sword. બુઠ્ઠી તલવાર. **To run a foil**=To lead astray. ભુલાવામાં નાખવું; અવળે રસ્તે દોરવું. *n.* A leaf or thin plate of metal; something resembling a leaf. ધાતુનું પતરૂં; વરખ; ડાક; મુખ્ય પાત્રને સરસ કરી દેખાડે એવું બીજું પાત્ર;પ્રતિમાન પાત્ર.[L.*folium*, *fullo*.]

Foin, *vi.* (ફૉઈન્) To push in fencing; to thrust with a sword; to plunge.ઓચિંતી તલવાર, ભાલો મારવો. *n.* A thrust with a sword or spear; a push. તલવાર કે ભાલો ભોંકવો. [Fr. *fouine*, a fish-spear.]

Foison, *n.* (ફૉ'ઇઝન્) Plenty; abundance. પુષ્કળ; ઘણું.

Foist, *vt.* (ફૉઇસ્ટ)To introduce wrongfully; to pass off. વગર સત્તાએ ઘુસાવી દેવું; ચલવી દેવું; ઘુસાડવું.

Fold, *n.* (ફોલ્ડ) The doubled part of any substance;a plait;one part bent and laid on another; a pen for sheep; a flock of sheep; a church. ઘડી; પાટલી; પટ: ગણું; બકરાંનો વાડો; ઘેટાંનું ટોળું; દેવળ. *vt.* To dooble; to enfold; to embrace; to shut up. ગડી કરવી; પાટલી વાળવી; સંકેલવું;ભેટવું; પુરવું. *vi.* To close together. એકઠું પુરી મુકવું. 2. To become folded. વળવું. **Fold yard**=An enclosure for sheep. ઘેટાંનો વાડો.

Folder, *n.* (ફો,'લ્ડર્)Knife-like instrument used for folding paper. કાગળ વાળવાનું ચાકુ જેવું હથિયાર.

Foliaceous, *a.* (ફોલિએ,'શસ્)Leafy; of the nature of a leaf. પાંદડાંવાળું, જેવું. [L. *folium*, leaf.]

Foliage, *n.* (ફો,'લિએજ્) The leaves of a plant;ornamental representation of leaves. પાત્રાં; પાલો; પાંદડાં; પલ્લવ; ચિતરેલાં પાંદડાં; ફુલ; વેલ, ડાળીઓ. [L. *folium*.]

Foliate, *vt.* (ફો,'લિએ,ટ્) To beat into a leaf or thin plate. ટીપીને પાતળાં પતરાં કરવાં. 2. To spread over with a thin coat of tin.કલાઇ કરવી; માટલાને પારો ચઢાવવો. 3. To decorate. પતરાંથી શણગારવું. [L.*folium.*]

Folio, *n.* (ફોં'લિઓ) A sheet of paper once folded;a book made of sheets of paper each folded once. એવડો વાળેલો કાગળ, અક્કેક કાગળનાં બે પાનાં કરીને કરેલી ચોપડી; રોજમેળ કે ખાતાવહીનું પાનું. [L. *folium*, a sheet.]

Foliole, *n.* (ફો'લિઓલ) A little leaf of a plant; a leaflet. નાનું પાનું કે પાંદડું. [L. *foliolum*, a leaf.]

Folk, *n.* (ફો,ક) People in general; persons. લોક; માણસ. [A. S. *folc* or *folk*, a people or nation.]

Folk-lore,*n.*(ફો'ક્-લોર)Rural superstitions, tales, traditions, or legends. દંતકથા; જ્ઞાન; લૌકિક વાર્તા; લોક ગાથા.

Folk-speech, *n.* (ફો'કસ્પીચ) The dialect of uneducated people. અભણ માણસોની વાતચીત, વાર્તાલાપ; પ્રાકૃત.

Follicle. *n.* (ફૉ'લિકલ) A little bag in animals and plants. પ્રાણી અગર છોડમાંની નાની કોથળી. [L. *folliculus*, a bag.]

Follow, *vt.* (ફૉ'લો) To go or come after; to walk or move behind. ની પાછળ ચાલવું; જવું; અનુસરવું. 2. To pursue; to chase; to go in pursuit of. પાછળ લાગવું; પુઠે પડવું. 3. To succeed in order of time; to come after. ની પછાડી આવવું, થવું; અનુસરવું. 4. To accept as authority; to take as an example. પ્રમાણ તરીકે માન્ય રાખવું; દાખલો લેવો. 5. To obey. ને તાબે રહેવું; સ્વીકારવું. 6. To copy after. ની નકલ, અનુકરણ કરવું. 7. To result from.થી ઉત્પન્ન થવું. 8. To understand the meaning of. સમજવું; ગ્રહણ કરવું. *vi.* To come after another; to ensue; to result.ની પાછળ જવું; ચાલવું;ને અનુસરવું; પરિણામ આવવું. **To follow suit**=To follow an example set.=ના દાખલા પ્રમાણે ચાલવું, વર્તવું.

Follower, *n.* (ફૉ'લોઅર્) One who follows; an adherent; a disciple;an imitator; a copier; a dependant. પાછળ લાગનાર; અનુયાયી;ચેલો;શિષ્ય.

Following, *n.* (ફૉ'લોઈન્ગ) Collection of followers or dependents; a body of retainers. અનુયાયી; પરિચારકો; સમૂહ; લશ્કર. *a.* Being next after; succeeding. પછીનું; નીચેનું.

Folly, *n.* (ફૉ'લી) Foolishness; imbecility of mind; a foolish act; silly conduct. બેવકુફી; મૂર્ખાઇ; ભૂલ; ભૂલ ભરેલું કામ. 2. Sin. પાપ. [Fr. *folia*, a fool.]

Foment, *vt.* (ફોમે'ન્ટ્) To apply warm lotions to; to bathe with warm water; to encourage; to abet; to stir up. ઉના પાણી વગેરે પ્રવાહી પદાર્થથી ઝારવું; શેકવું; શેક કરવો; ઉશ્કેરવું; જગાવવું; સળગાવવું. [L. *foveo*, I keep warm.]

Fomentation, *n.* (ફોમેન્ટે',શન્) Act of fomenting; warm lotion applied; instigation; encouragement. ઉનો શેક; ઉશ્કેરણી; ઉત્તેજન; મદદ; ઉઠાવણી.

Fomenter, *n.* (ફોમે'ન્ટર્) One who foments; an instigator. શેક કરનાર; ઉશ્કેરનાર.

Fond, *a.* (ફૉન્ડ) Foolish; weak; doting; weakly indulgent; loving ardently; relishing highly. મૂર્ખ રીતે માયાળુ, હેતાળ; શોખીલું; પ્રેમીલું. *vt.* To caress; to fondle. લાડ લડાવવાં. *vi.* To be fond of. શોખીલા હોવું.

Fondle, *vt.* (ફૉ'ન્ડલ)To treat with tenderness to caress. લાડ કરવાં, લડાવવાં; ને મોંએ ચડાવવું.

Fondling, *n.* (ફૉ'ન્ડલિન્ગ) A person or thing fondled or caressed. લાડ; કોડ; લાલન પાલન; લાડકવાયું. 2. A foolish creature. બેવકુફ, મૂર્ખ માણસ.

Fondly, *adv.* (ફૉ'ન્ડલી) Affectionately; tenderly. ઘણી મમતા, હેત, પ્યારથી, લાડથી.

Fondness, *n.* (ફૉ'ન્ડનિસ્) The quality of being fond; attachment; affection; tender liking. શોખ; મમતા; ઇચ્છા; અનુરાગ, આસક્તિ.

Font, *n.* (ફૉન્ટ્) A stone vessel in which water is contained for baptizing. જળસંસ્કાર કરવાને વાસ્તે પાણી ભરેલું પથ્થરનું વાસણ. 2. A fountain. ઝરો, ફુવારો દીવા, લૅમ્પનો ડબ્બો 3. a casting. ઓગાળવું તે. [L. *fons*, fountain.]

Fontal, *a.* (ફૉ'ન્ટલ) Pertaining to a font; original. ફુવારા, મૂળ સંબંધિ; મૂળનું. [L. *fons*, fountain.]

Food, *n.* (ફુડ)Aliment; nutriment; substance; victuals; provisions; what feeds and sustains. અન્ન; ખોરાક; આહાર; જે કોઈ ચીજ, પદાર્થ વડે પોષણ થાય તે; પોષક દ્રવ્ય

Foody, *a.* (ફૂ'ડી) Fertile; fruitful. ફળવંત; ફળદ્રુપ.

Foodless, *n.* (ફૂ'ડલિસ્) Not having food. ખોરાક વિનાનો.

Fool, *n.* (ફૂલ) An idiot; a simpleton; a silly person; a person who acts unwisely; a buffoon. બેવકુફ, મૂર્ખ, અક્કલવિનાનો, ગમાર, બાંમો, રાંમો, મશ્કરો, ભાંડ. **To make a**

fool of = To cause to appear ridiculous. = બેવકૂફ બનાવવું 2. **To play the fool** = To act the buffoon. = મશ્કરી કરવી, ગાંડાં કાઢવાં. [Fr. *fon*, a fool.]

Foolery, *n.* (ફૂ'લરી) The practice of folly; absurdity; the behaviour of a fool. મૂર્ખાઈ, બેવકુફાઇ, બેવકુફી ભરેલું કામ.

Fool-hardy, *a.* (ફૂ'લ્-હાર્ડિ) Daring without judgement; foolishly bold; venturesome; precipitate. અવિચારથી જોખમ ખેડનાર, કાળજા વગરનું; સાહસિક.

Foolish, *a.* (ફૂ'લિશ્) Void of understanding; weak in intellect; unwise; silly; ridiculous. મૂર્ખ; બેવકુફ; ગાંડું; મૂઢ.

Foolishly, *adv.* (ફૂ'લિશ્લી) In a foolish manner; unwisely. મૂર્ખાઈથી.

Foolishness, *n.* (ફૂ'લિશ્‌નેસ્) Quality of being foolish; folly. બેવકુફાઇ; ગાંડાઈ; મૂર્ખાઈ.

Foolscap, *n.* (ફૂ'લ્સકૅપ્) A size; kind of paper. પહોળો કાગળ [આ જાતના કાગળમાં ટોકરીવાળી ડાગલાની ટોપીની છાપ આવતી તેથી.]

Foot, *n.* (ફુટ્) The lower extremity of an animal's leg; the part of the leg on which we walk or stand. પગ; પંજો. 2. The lower end of anything; the bottom; the base; the foundation. તળીયું; પાયો; તળેટી. 3. An infantry. પાયદળ 4. A measure consisting of twelve inches. બાર ઇંચનું માપ; પાયો; તળેટી. પ્રમાણુ. 5. Basis. ધોરણ. 6. A certain number of syllables constituting part of a verse. ચરણ; પદ 7. A rank. દરજ્જો; પદ્ી. *vi.* To dance; to tread to music; to skip; to walk. નાચવું; ગાયનના તાલ સાથે નાચવું; ચાલવું. *vt.* To tread. પગવતે ચગદવું. **To be on F** = To be in motion. ગતિક્રિયામાં હોવું. 2. **To set on F.** = To originate. શુરૂ કરવું. 3. **Under F.** = At one's mercy. ના હાથમાં. 4. **To set one on his F.** = To assist to start. નું ટટ્ટુ ચલાવી આપવું. 5. **F. artillery**. પગે ચાલનાર તોપખાનાના સિપાહીઓ, 6. **F. iron** = The step of a carriage. ગાડીનું પગથીયું. 7. **To foot a bill** = To pay a bill. બીલના પૈસા ભરી દેવા. [L. *pedis*, a foot.]

Foot-ball, *n.* (ફુ'ટ્બૉલ્) An inflated ball. પવનથી ફુલાવેલો દડો. 2. The sport of kicking the foot-ball. દડાને ઠોકર મારી રમવાની રમત.

Foot-boy, *n.* (ફુ'ટ્બૉય્) A menial; an attendant in livery. ખીજમતદાર.

Foot-hot, *adv.* (ફુ'ટ્-હૉટ્) Immediately. તરતજ.

Foot-cloth, *n.* (ફુ'ટ્-ક્લૉથ્) The covering of horse. ઘોડાનો ઓઢો.

Foot-fall, *n.* (ફુ'ટ્-ફૉલ્) A footstep. પગથીયું.

Foot-hold, *n.* (ફુ'ટ્હોલ્ડ્) That on which one may tread or rest securely. જેનાપર કોઇપણ નિરાંતના ચાલી શકે કે આરામ લઈ શકે તે; આધાર.

Footing, *n.* (ફુ'ટિન્ગ્) Place for the foot to rest on. પગ મુકવાની જગ્યા; આધાર. 2. Firm position. પગપેસારો. 3. State; relative condition. હાલત; સ્થિતિ; અવસ્થા. 4. Tread or step. પગલું.

Foot-licker, *n.* (ફુ'ટ્-લિકર્) A mean flatterer. ખુશામતીઓ; પગ ચાટનાર; ગાંડીગુલામી કરનાર.

Foot-man, *n.* (ફુ'ટ્-મન્) A soldier who marches and fights on foot. પાયદળનો કોઇ એક માણસ. 2. A runner. પટાવાળો; દોડનાર; ખેપીઓ.

Foot-mark, *n.* (ફુ'ટ્-માર્ક) Mark of a foot; a track. પગલું.

Foot-note, *n.* (ફુ'ટ્-નોટ્) A note of reference at the bottom of a page. પાના નીચે લખેલી ટીકા.

Foot-pad, *n.* (ફુ'ટ્-પૅડ્) A highway man or robber on foot. રાહચાર; રસ્તે લુંટનાર ધાડપાડુ.

Foot-path, *n.* (ફુ'ટ્-પાથ્) A narrow path for foot passengers only. પગવાટ; પગથી; પગ, કેડી રસ્તો.

Foot-print, *n.* (ફુ'ટ્-પ્રિન્ટ્) The impression of the foot. પગલું; પગની નિશાની.

Foot-rule, *n.* (ફુ'ટ્-રૂલ્) A rule, 12 inches long. બાર ઇંચ લંબાઇની પટી.

Foot-soldier, *n.* (ફુ'ટ્-સોલ્જર્) A soldier that serves on foot. પાયદળ લશ્કરી સિપાઈ.

Foot-step *n.* (ફુ'ટ્-સ્ટેપ્) A track; token; mark; track; vestige. પગની નિશાની; પગલું; પાદન્યાસ; પાસ.

Foot-stool, *n.* (ફુ'ટ્-સ્ટૂલ્) A stool for the feet. પાદપીઠ; પાદાસન.

Foot-way, *n.* (ફુ'ટ્-વે) A path for passengers on foot. પગે ચાલતા માણસોને જવાનો રસ્તો.

Fop, *n.* (ફૉપ્) A vain silly man given to ostentation; a coxcomb; a dandy. ફાંકડો; વરણાગીયો.

Foppery, *n.* (ફૉ'પરી) Showy folly; idle affection; coxcombry. વરણાગી; ફાંકડા, ફાંકડાઈ વૈડા.

Foppish, *a.* (ફૉ'પિશ્) Dandyish; dressing in the example of fashion. ફાંકડું; વરણાગીયું; છેલ; અક્કડબાજ; ફૉપ્લી. *adv.* Like a fop or

dandy. વરણાગીઆ.ની માફક. *n* Showy vanity. વરણાગી; છેલી.

For, *prep.* (ફૉર્) Because of; in the place of; instead of; in exchange of. ના કારણને માટે; ને લીધે. 2. In the character of; toward. તરીકે. 3. In advantage of; on account of; conducive to; in favour of; leading to; in opposition to; by reason of; with regard to; on the part of; during; in quest of; as far as; on the side of; notwithstanding; in recompense of; by means of. ને માટે, ની ખાતર; કાજે; માટે; વાસ્તે; સારૂ; બદલે; તરીકે; લગી; સુધી; તેમ છતાં; ને બદલે; નાથી; ની બાજુએ; ની શોધમાં; ની બાબતમાં **For all the world**=wholly.=બીલકુલ; છેક. 2. **For as much as**=Seeing that. કારણ કે.

Forage, *n.* (ફૉ'રિજ્) Food for horses and cattle; act of providing provisions. ઘાસ દાણો; ઘોડાને, ઢોરને સારૂ ચારો; ઘાસ દાણો આપવો તે. *vi.* To collect forage; to roam in search of food; to feed on spoil. ઘાસ દાણાની શોધમાં ભટકવું; કચરો, મેલું ખાવું; શોધ માટે ફાંફાં મારવાં.

Forager, *n.* (ફૉ'રિજર્) One who goes in search of food for horses and cattle. ઘોડાને ઢોરને માટે ઘાસ ચારો લઈ જનાર.

Foramen, *n.* (ફૉરે,'મેન્) A small natural opening. પ્રાણીઓ કે છોડમાં નાનું કુદરતી કાણું; બાકું; છિદ્ર

Foraminous, *a.* (ફૉરૅ'મિનસ્) Full of minute holes or pores. છિદ્રોથી ભરપુર.

Foray, *n.*(ફૉ'રે,)A sudden incursion in a country. દેશપર એકાએક હુમલો કરવો તે;હલ્લો;ધાડ.

Forbear, *vi.* (ફૉ'ર્બેર્) To hold or keep away; to cease; to pause; to delay; to be patient; to refuse. બંધ રાખવું; બંધ કરવું; ઢીલ કરવી; અણુકારવું નહિં; ધ્યાન બહાર કાઢી નાખવું; થી દૂર રહેવું; ક્ષમા કરવી; સહેવું; ગમ ખાવી; ખામોશ રાખવી.

Forbearance, *n.* (ફર્બે,'રન્સ્) Act of forbearing; command of temper; restraint of passion; lenity; mildness. સહનશીલતા; ગમ; ખામોશ; ક્ષમા.

Forbearing, *a.* (ફર્બે,'રિન્ગ્)Patient; long suffering. સહન કરે એવું; ખામોશી રાખે એવું; સહનશીલ.

Forbid, *vt.* (ફર્બિ'ડ્) To prohibit; to interdict; to oppose; to hinder; to obstruct. મના કરવી;અટકાવવું *vi.* To prevent.અટકાવ કરવો.

Forbidden, *a.* (ફર્બિ'ડન્) Prohibited; interdicted;not allowed.મના કરેલું;પ્રતિબંધ કરેલું.

Forbidding, *a.* (ફર્બિ'ડિન્ગ્) Repelling approach; disagreeable; repellent; repulsive. નાપસંદ; ત્રાસદાયક; ગમે નહિં એવું. *adv.* Repulsively. ત્રાસદાયક રીતે.

Force, *n.* (ફોર્સ) Strength; vigour; might; energy. બળ; જોર; શક્તિ; કૌવત; તાકાત. 2. Violence; compulsion; coercion. જબરી; જોરાવરી; જુલમ. 3.Troops; an army or navy; war like array. સૈન્ય; બળ.4. Moral power to convince the mind. માનસિક બળ કે શક્તિ. 5. Efficacy; validity. જીવ; અસર; સત્તા; દમ. Momentum. વેગ; બળ. *vt.* To compel; to constrain; to impel; to assault; to ravish; to twist; to garrison. જબરીથી ઠસાવવું; મનમાં બળાત્કારે ઠસાવવું; લશ્કરી સિપાઇઓ પુરા પાડવા; હુમલો કરવો; ઘેરીને, જબરીથી લેવું. **Vital force.** That force which is inherent in organization. ચેતન; ચેતના શક્તિ. [L. *fortis*, strong.]

Force, *n.* (ફોર્સ) A waterfall.પાણીનો ધોધ.

Forced, *a.* (ફો'ર્સ્ટ્) Affected; overstrained; unnatural. જુલમથી કરેલું;કૃત્રિમ;તાણી ખેંચી કરેલું.

Forceful, *a.* (ફો'ર્સ્ફુલ્) Possessing; force; violent; impetuous. જોરદાર: જોરથી મારેલું: જોર, જુસ્સાવાળું

Forceps, *n.* (ફૉ'ર્સેપ્સ્) A pair of pincers or tongs. ચીપીઓ; સાણસી.

Forcer, *n.* (ફો'ર્સર્) The solid piston of a force-pump. પાણી કાઢવાના પમ્પનો પિસ્ટન.

Forcible, *a.* (ફો'ર્સિબલ્) Powerful; potent; weighty; cogent; violent. જોરવાળું; જબરૂં; જુલમ કરનારૂં; બળ વાપરનારૂં. *n* The quality of being forcible. કૌવત; જોર; તાકાત *adv.* Powerfully; by violence or force જોર,જુલમથી.

Ford, *n.* (ફૉર્ડ) A shallow place in a river. પાર; ઉતાર. 2. A stream. વહેળો. *vt.* To pass by wading; to wade through. પગે ચાલીને ઉતરવું. [A. S. *fort*, a ford.]

Fordable, *a.* (ફૉ'ર્ડબલ્) That may be waded. પગે પાર જઈ શકાય એવું. *n.* State of being fordable. પગે પાર જઇ શકાય એવી સ્થિતિવાળું.

Fordo,*vt.*(ફૉર્ડૂ')To destroy; to ruin.નાશ કરવો.

Fore, *a.* (ફોર) In front of something else; coming first. આગલું; અગ્ર; પૂર્વ. 2. In advance of something anterior; advanced in time. પહેલું; પ્રથમ. 3.Advanced in order. ક્રમમાં પહેલું.**Fore-wind.**Favourable wind. અનુકૂળ પવન. 2. To the fore. મોખરે.

Fore-arm, *n.* (ફો'ર્-આર્મ) That part of the arm which is farthest advanced; the

part between the elbow and the wrist. કોણી અને કાંડા વચ્ચેનો ભાગ. *vt.* To arm for attack before the time of need. લડાઈની આગમચ હથીયાર સજવાં.

Fore-bode, *vt.* (ફર્-બો,'ડ્) To bode beforehand; foretell; to presage. આગમચથી જણાવવું; આગળથી શુકન ભાખવું. 2. To augur despondingly. આગળથી અપશુકન જણાવવું, માઠું ફળ કહેવું.

Fore-cast, *vt.* (ફો'ર્-કૅસ્ટ્) To scheme beforehand;to foresee; to provide against. આગળથી ગોઠવણ કરી મુકવી; આગળથી વિચાર કરવો, કહી દેવું; અગાઉથી યુક્તિ કરવી. *n.* Contrivance beforehand; foresight; provision. અગમચેતી; દૂર અંદેશો.

Fore-castle, *n.* (ફૉ'કસલ્) That part of the upper deck of a vessel forward of the foremast. વહાણના આગલા ડોલની આગળનો ઉપલા તુતકનો ભાગ.

Fore-cited, *a.*(ફોર્-સા'ઇટિડ્) Stated before or above. સદરહુ.

Fore-close, *vt.* (ફોર્-કલો,'ઝ્) To preclude; to stop; to prevent. બંધ કરવું; અટકાવવું; રદ કરવું. **To F. a mortgage** = To compel the mortgager to pay the money due or forfeit his right to the state. કોર્ટના ન્યાયથી, ગીરો મુકનારનો માલ છોડાવવાનો હક રદ કરવો.

Fore-doom, *vt.* (ફોર્-ડૂ'મ્) To doom beforehand; to predestinate. અગાઉથી ઠરાવ કરવો; ભાવિ ઘડવું, આવી બનવું.–*n.* પહેલેથી કરેલો શિક્ષાનો હુકમ.

Fore-father, *n.* (ફો'ર-ફાધર્)An ancestor; a progenitor. વડિલ; પૂર્વજ.

Fore-fend, *vt.* (ફો'ર-ફૅન્ડ્) To hinder. અટકાવવું; ટાળવું. 2. To defend. બચાવવું; રક્ષણ કરવું.

Fore-finger, *n* (ફો'ર-ફિન્ગર્) The finger which is next to the thumb; index. અંગુઠાની પાસેની આંગળી; તર્જની; પ્રદેશિની.

Fore-foot, *n.* (ફો'ર-ફૂટ) One of the anterior feet of an animal. ચોપગાં જનાવરોનો આગલો પગ; અગ્રપાદ.

Fore go, *vt.* (ફોર્ ગો,') To go before; to precede. આગળ જવું; આવવું. 2. To quit. ત્યજી દેવું; છોડી દેવું. 3. To resign. ઉપરથી હાથ ઉઠાવવો. *n.* Ancestor. પૂર્વજ.

Fore-going, *a.* (ફોર-ગો'ઇન્ગ્) Preceding; going before; antecedent. આગળ ગુજરેલી, થઈ ગયેલી, જણાવેલું.

Fore-handed,*a.*(ફો'ર-હૅન્ડિડ્)Early;timely; seasonable;well-to-do;prosperous.વહેલા;વખતસર; નિયમિત; જોઈએ તે કરતાં જલ્દી કરેલું; આબાદ.

Fore-head, *n.* (ફૉ'રિડ્) The brow; confidence; assurance. લલાટ; કપાળ; વસ્તુનો અગ્રભાગ; અભિમાન; વિશ્વાસ.

Foreign, *a.* (ફૉ'રિન્) Belonging to another nation or country; coming from another country–alien;extraneous;remote; irrelevant. પરદેશી; પરદેશીય; વેગળું. [L. *foris,* abroad.]

Foreigner, *n.* (ફૉ'રિનર્) An alien, a person who is born in a foreign country. પરદેશી; પરમુલકી.

Fore-judge, *vt.* (ફોર-જ'જ્) To judge beforehand; to prejudice. પુરાવો સાંભળ્યા વગર ઠરાવકરવો; નિષ્કારણ મત, અંટસ બાંધી લેવી. 2. To expel from court for some offence. કોઈ ગુન્હાને વાસ્તે કોરટમાંથી કાઢી મુકવું.

Fore-know,*vt* (ફોર-નો,') To know beforehand; to fore-see. આગળથી જાણવું; ભવિષ્ય ભાખવું.

Fore-knowledge, *n.*(ફોર-નૉ'લિજ્)Knowledge of a thing before it happens. ભવિષ્ય જ્ઞાન; ભાવિજ્ઞાન.

Fore-land,*n.* (ફો'ર-લૅન્ડ્)A headland. ભૂશિર.

Forelock, *n.* (ફો'ર-લૉક્) The lock of hair that grows from the forepart of the head તાળવા પરનો વાળનો ગુચ્છો; ઝુલફાં; કટ.—**To take time by the forelock**=To be prompt in action; to let no opportunity escape. આવેલી તક જવા ન દેવી; તક સાધી લેવી.

Fore-man, *n.* (ફો'ર-મન્) The chief man; the chief man of jury. સરપંચ; સભાનો વડો મુખ્ય માણસ.

Foremast, *n.* (ફો'ર-માસ્ટ્) The forward mast in any vessel. કોઇપણ વાહણનો આગલો ડોલ.

Foremost, *a.* (ફો'ર-મોસ્ટ્) First in place, rank or dignity. પહેલું; ઉત્તમ; આગેવાન. 2. most advanced. ઘણું આગળ વધેલું.

Fore-named, *a.* (ફો'રને,મ્ડ્) Nominated before; mentioned before in the same writing. આગળથી નીમેલું; મજકુર; સદરહુ.

Fore-noon, *n.*(ફો'ર્-નૂન્)The part of the day before noon. બપોરની પહેલાંનો વખત.

Forensic, *a.* (ફૉરે'ન્સિક્) Belonging to courts of justice or to public discussion and debate. ઇન્સાફના દરબારને લગતું; અદાલતમાં થતું; વાદવિવાદને લગતું. [*forum,* a market place.]

Foreordain, *vt.* (ફોર-ઑર્ડે઼ન) To appoint before-hand; to predestinate. આગળથી ઠેરવી મુકવું.

Forepart, *n.* (ફો'ર-પાર્ટ) The anterior part;the beginning.આગલો ભાગ;મ્હોડું;શરૂઆત.

Forepayment,*n* (ફો'રપે,મન્ટ)Prepayment. અગાઉથી પગાર આપવો તે.

Fore-run, *vt.* (ફોર-રન) To run before; to precede; to usher in; to prognosticate; to be token. કોઈની આગળ વધવું; દોડવું; કહેવું; પ્રગટ કરવું; જાહેર કરવું; નિશાનીરૂપ હોવું.

Fore-runner, *n.*(ફો'ર-રનર)A prognostic; a herald; a precursor; a harbinger. આગળ મોકલેલો દૂત; ખેપીઓ; આગળ થતું ચિન્હ, નિશાની કે લક્ષણ.

Fore-say,*vt.*(ફો'ર-સે,)To predict.ભવિષ્ય કહેવું.

Fore-see, *vt.*(ફો'ર-સી)To see beforehand; to foreknow. બન્યા પહેલાં જાણવું; દૂરદેશી, દીર્ઘદૃષ્ટિ હોવી.

Fore-shadow, *vt.* (ફો'ર-શૅડો) To typify before-hand. આગળથી દેખાડવું; ની નિશાની આગમચથી થવી.

Fore-show, *vt.* (ફો'ર-શો) To show beforehand; to prognosticate; to predict;to foretell.આગળથી દેખાડવું;ભવિષ્યની સૂચના આપવી.

Fore-sight, *n.* (ફૉ'ર-સાઇટ) Prescience; fore-knowledge; forethought. અગમચેતી, બુદ્ધિ; આગળથી કરેલો વિચાર; દીર્ઘદૃષ્ટિ; દૂરદેશો.

Fore-signify, *vt.* (ફો'ર-સિગ્નિફાઇ) To foreshow;to typify;to predict.આગળથી દેખાડવું.

Fore-skin, *n.* (ફો'ર-સ્કિન) The prepuce. ઇંદ્રિયના ફુલ પરની પાપડી; ટોળી. **To cut the foreskin**=સુન્નત કરવો.

Forest,*n.*(ફૉ'રિસ્ટ)An extensive wood;a tract of uncultivated ground; a tract for hunt. જંગલ; વન; વેરાન; ઝાડી; શિકાર કરવાની જગા. [L. *foris*, out of doors, abroad.]

Forestal, *a.* (ફૉ'રિસ્ટલ) Pertaining to a forest. જંગલને લગતું.

Forestall, *vt.* (ફોર-સ્ટૉ'લ) To anticipate; to take beforehand. આગળથી ખોલવું, સમજવું. 2. To hinder by pre-occupation. અગાઉથી કબજે લેવો કે રોકવું.—**To forestall the market**=To by up merchandise on its way to market with the intention of selling it again at a higher price. ભારે કિંમતે વેચવાના ઇરાદાથી માલ બજારમાં જતાં પહેલાં ખરીદ કરી મુકવો.

Forester, *n.* (ફૉ'રિસ્ટર)One who has the charge of a forest; an inhabitant of a forest. જંગલ અને તેમાંના શિકારનું રક્ષણ કરનાર અમલદાર; જંગલનો રહેવાસી.

Fore-taste, *vt.* (ફો'ર-ટેસ્ટ) To have previous enjoyment.અગાઉથી કશાનો ભોગ હોવો. 2. To taste before another બીજાના પહેલાં સ્વાદ ચાખવો. *n.* ચખણી; પૂર્વાનુભવ.

Fore-tell,*vt.*(ફોર-ટે'લ) To tell beforehand; to foretoken; to foreshow; to predict; to prophesy.ભવિષ્ય કથન કરવું;ભવિષ્ય આગળથી કહેવું.

Foreteller,*n.*(ફોરટે'લર) One who foretells or predicts. ભવિષ્યવેત્તા; જોશી.

Fore-thought, *n.* (ફો'ર-થૉટ) A thinking beforehand; premeditation; foresight. પૂર્વ વિચાર; દીર્ઘદૃષ્ટિ. 2. Propense. અગાઉનોજ વિચાર.

Fore-tooth,*n.* (ફો'ર-ટૂથ)One of the teeth in the fore part. આગલો દાંત.

Fore-top, *n.* (ફો'ર-ટૉપ) Hair on the forepart of a head. કપાળપરના વાળ; આગલા ડોલનું શિખર.

For-ever, *adv.* (ફૉરે'વર) At all times; to eternity; constantly; cotinually; always. હંમેશાં; જીવતાંસુધી; શાશ્વત; સતત; ચાલુ.

Fore-warn, *vt.* (ફોર-વૉ'ર્ન) To admonish before-hand;to inform previously;to caution before-hand. અગાઉથી ખબર આપવી; જાહેર કરવું, જાણીતું કરવું, ચેતવણી આપવી.

Forfeit, *vt.* (ફૉ'ર-ફિટ) To lose the right to by some fault or crime; to become by misdeed liable to be deprived of. ભૂલ અથવા અપરાધ કરીને કબજાનો હક ખોવો; દંડાવું. *n.* That which is forfeited; a fine; penalty.જપ્ત કીધેલી ચીજ, માલ, કે મિલકત; દંડ; ગુન્હેગારી. [L. *foris*, out of doors and *facio*, I do.]

Forfeitable, *a.* (ફૉ'રફિટબલ) Liable to be forfeited; subject to forfeiture. ગુમાવવા જોગ; ગુમાવવા જેવું; દંડને, જપ્તીને પાત્ર.

Forfeiture, *n.* (ફૉ'રફિચર) The losing of some right, privilege, estate, honour by an offence, crime, or break of condition; a fine; penalty. દંડ આપવા; અપરાધ કરીને કાંઈ ખોવું; ગુમાવવું તે; ખાલસા.

Gin, *n.* Snare; trap; kind of crane and windlass; machine separating cotton from seed. જાળ; ભાર ચઢાવવા ઉતારવાનું યંત્ર; રૂમાંથી કપાસ છુટો પાડવાનું યંત્ર. *vt.* To trap; in gin. પકડવું; જીનમાં કામ ચલાવવું.

Gin, *n.* (જીન્) Geneva. **Gin-palace**=

બલકાદાર હોટલ. **Gin-sling,** આદાનું બનાવેલું ઠંડું પાણી.

Ginger, *n.* (જી'ન્જર્) Hot spicy root used in cooking and medicine. આદુ; સુંઠ. 2. Mettle;spirit.કૌવત;હિંમત;દૈવત. 3.Stimulation. ઉત્તેજન. **Ginger-beer**=Flavoured aerated drinks. ઠંડું પીણું. **Ginger-bread**=Flavoured treacle cake. આદાંનો રસ તથા મસાલો નાંખીને બનાવેલી ગળી રોટલી. **Gingerade**=Gingerbeer. **Gingery,** *a.* Spiced with ginger. આદાંવાળું.

Gingerly, *a.* (જી'ન્જર્લી) Careful;cautious. સંભાળવાળું; કાળજીવાળું. *adv.* Carefully, cautiously. કાળજીપૂર્વક; સંભાળપૂર્વક.

Gingham, *n.* (ગિ'ન્ગૅમ્) A cotton-cloth or linen cloth often striped. પટાવાળું સુતરાઉ કાપડ; છત્રી. 2. Umbrella. છત્રી.

Gipsy, *n* (જી'પ્સી)Member of a wandering race. રખડું ટોળીનો માણસ; ભાટચારણ; ચારણી.2. Mischievous or dark-complexioned woman. તોફાની અથવા કાળા રંગની સ્રી.

Giraffe *n.* (જીરા'ફ્) Camelopard; African ruminant quadruped. જીરાફ; આફ્રિકાનું ચોપગું પ્રાણી.

Gird, *vt.* (ગર્ડ્) To encircle with waist-belt. વીંટાળવું; કમર આસપાસ બાંધવું. **Gird one's loins, Gird up, Gird oneself**= Prepare for action. કમર કસીને તૈયાર થવું. 2. *vi.* To gibe at. મ્હેણું મારવું; હાંસી કરવી.

Girder, *n.* (ગ'ર્ડર્) Iron or steel beam for supporting joists.ગર્ડર;મોભ;મકાનમાં મુખ્ય લાકડું.

Girdle, *n.* (ગ'ર્ડલ્) Cord; belt tied round the waist. કમરપટો. *vt.*Surround with girdle. પટો બાંધવો.

Girdle, *n.* (ગ'ર્ડલ્) Round iron plate for cooking. લોઢી; તાવડી.

Girl,*n* (ગર્લ્)Female child;young unmarried woman. છોકરી;કન્યા;કુમારિકા. 2. Maidservant. ચાકરડી. **Girl-guides**=Organization parallel to Boy Scouts. બોય સ્કાઉટના જેવી છોકરીઓની ટુકડી. **Girlhood,***n.*Maidenhood. કુમારિકાપણું; કૌમાર્ય. **Girlish,** *a.* Girl-like. છોકરીના જેવું.

Girt, *vt.* (ગર્ટ્) Gird;encircle.બાંધવું; વિંટાળવું.

Girth, *n.* (ગર્થ્) Leather belt round body of horse to fasten the saddle. ઘોડાનો તંગ. *vt.*Secure the saddle with girth. તંગ બાંધવો.

Gist, *n.* (જિસ્ટ્) Substance; pith; point. સાર; ભાવ; મુદ્દો.

Give, *vi.* & *vt.* (ગિવ્) Bestow gratuitously confer ownership of;make present of.આપવું; બક્ષીસ દેવું. 2. To deliver. દેવું; આપી દેવું. 3. Grant; accord. મંજુર કરવું. 4. To consign. સોંપવું. 5. Devote; addict. અર્પણ કરવું; વ્યસન હોવું. **Give one a piece of one's mind**=To denounce his folly. મૂર્ખાઈ છતી કરવી; ચોકખું સંભળાવવું. **Give as good as one gets**=બરાબર સામો જવાબ વાળવો. **Give away** = આપી દેવું. 2. ઉઘાડું પાડવું. **Give back**=પાછું આપવું. **Give birth to**=જન્મ આપવો. **Give chase**=પાછળ પડવું. **Give ground**=પાછા હઠવું. **Give over**=પડતું મૂકવું; છોડી દેવું. **Give place to**=જગ્યા ખાલી કરી આપવી. **Give rise to**=પેદા કરવું; ઉત્પન્ન કરવું.**Give tongue**=સમજાવવું. **Give way**=હારી જવું; મૂકી દેવું. **Give and take**=વાર્તાલાપ;વિચારની અદલાબદલી.

Give, *n.* (ગિવ્) Elasticity. સ્થિતિ સ્થાપકતા.

Gizzard,*n.*(ગિ'ઝર્ડ્) Bird's second stomach. કોઠો. **Fret one's gizzard**=To worry. કંટાળો ઉપજાવવો. **Sticks in one's gizzard** = Is unpalatable. અસ્વાદિષ્ટ થવું; અપચો થવો; પેટમાં ખુંચે છે.

Glabrous, *a.* (ગ્લે'બ્રસ્) Smooth-skinned. લીસી ચામડીવાળું.

Glacial, *a.* (ગ્લે',શલ્) Of ice; icy; frozen. ઠરી ગએલું; બરફનું. **Glacial Epoch,** પૃથ્વી બરફથી ઢંકાએલી હતી તે વખત. **Glaciate,** *vt.* Cover with ice-sheet. બરફથી ઢાંકવું. **Glaciate** *n.* બરફનો થર.

Glacier, *n.* (ગ્લે,'શર્ ગ્લૅ'સિઅર્)Slowly moving mass of ice formed by accumulation of snow. બરફની નદી; બરફનું ક્ષેત્ર.

Glacis, *n.* (ગ્લે'સિસ્) Bank sloping down from fort. કિલ્લા આગળનો ઢોળાવ; ઢોળાવવાળો કિનારો. (ગ્લૅ'સિસ્, ગ્લાસ્હી').

Glad, *a.* (ગ્લૅડ) Joyful; pleased. ખુશી, રાજી; આનંદી. **Gladden,** *vt.* Make glad. ખુશી, રાજી, આનંદી કરવું.

Glade, *n.* (ગ્લે,ડ્) Clear passage in a forest. વનમાં ખુલો માર્ગ; ખુલો રસ્તો; વનરાજી.

Gladiate, *a.* (ગ્લૅ'ડિએ,ટ્) Of the shape of a sword. તરવારના આકારનું.

Gladiator, *n.* (ગ્લૅ'ડિએ,ટર્) Trained fighter in ancient Roman shows. મલ્લ; કુસ્તીબાજ. **Gladiatorial,** *a.*

Gladsome, *a.*(ગ્લૅ'ડ્સમ્)Giving or diffusing joy. આનંદી; ખુશકારક; આહ્લાદિત.

Glair, *n.* (ગ્લેર) White of egg; viscid substance prepared from it. ઈંડાંની જરદી; સફેદ ભાગ. *vt.* Smear with glair. જરદીમાં રગદોળવું; જરદી લગાડવી.

Glamonr, *n.* (ગ્લૅ'મર્)Magic enchantment; delusive or alluring beauty of charm. મોહકતા; ભ્રાંતિ; ખોટા મોહ. *a.* **Glamorous.**

Glance, *vi.* & *vt.* (ગ્લાન્સ)Glide off object. ત્રાંસું છુટવું. 2. Pass quickly over. ઉતાવળથી ફેરવી જવું. 3. Cast momentary look. ઉતાવળી દૃષ્ટિ, નજર નાંખવી. *n.* Swift oblique movement of the eye.આંખનો પલકારો;કટાક્ષ;દૃષ્ટિપાત.

Gland, *n.* (ગ્લૅન્ડ) Organ formed of the secreting cells. માંસની ગ્રંથી; કોથળી. also **Glandule.** *a.* **Glandular, Glandulous.**

Glanders, *n.* (ગ્લૅ'ન્ડર્ઝ) Contagious horse-disease.ઘોડાને થતો એક રોગ.*a.***Glandered. Glanderous.**

Glare,*vi.* (ગ્લેઅર) Shine dazzlingly. ચકચકવું; ચકચકાટ કરવો. 2. Stare; look fixedly. ટગર ટગર જોવું. *n.* ઉગ્રતેજ; ઝળઝળાટ અજવાળું; 2. ટગર ટગર જોવું તે.

Glass, *n.* (ગ્લાસ્) Transparent; brittle substance made by fusing sand with soda; potash,etc. કાચ. 2. **Glass-vessels,**કાચના વાસણ. 3.**Looking-glass,**Mirror.આરસો: દર્પણ;આયનો **Glass-paper**=કાચીઓ કાગળ. **Field-glass,**દુર્બિન **Hour glass,**કલાકની શીશી. **Optical - glass.** આંખના કાચ **Glasses,** ચશ્માં. **Weather-glass,** હવા માપવાનું યંત્ર. *a.* **Glassy,** કાચના જેવું લીસું.

Glaucoma, *n.* (ગ્લૉકો,'મા) Eye-disease ઝાંખરવા. *a.* **Glaucomatous.**

Glaucous, *a.* (ગ્લૉ'કસ્) Of dull greyish green or blue. ઝાંખા લીલા અથવા આસમાની રંગનું.

Glaze, *vt.* & *vi.* (ગ્લેઝ) To polish. લીસું કરવું. 2. To cover with vitreous substance. ગ્લેઝ ચઢાવવો. (pottery) 3. Cover with coating of different colours.જુદા જુદા રંગ ચઢાવવા.*n.* Substance used for glazing;surface produced by glazing. ઢોળ; રોગાન; ઓપ. **Glazier,** *n.* (ગ્લે'ઝ્યર, ગ્લે'ઝિઅર) One who sets glasses in windows.બારી વગેરેમાં કાચ બેસાડનાર. **Glazy** *a.*

Gleam, *n.* (ગ્લીમ્) Transient light; momentary show. ઝાંખુ તેજ; તેજનો ઝબુકો; ઘડિભરનો દેખાવ. *vi.* **Emit gleam.** પ્રકાશ નીકળવો; તેજનો ઝબુકો થવો. **Gleamy,** *a.*

Glean,*vi.*&*vt.* (ગ્લીન્) Gather corn left by reapers. ખેતરમાંથી દાણા ભેગા કરવા; દાણે દાણે વીણવું.**Gleaner,***n.*દાણા એકઠા કરનાર.**Gleaning**,*n.*દાણા એકઠા કરવા તે;ઉચ્છન**Gleanings,** *n.* What one has been able able to collect. માણસે પોતાની જીંદગીમાં જેટલું એકઠું કર્યુ હોય તે (સાહિત્ય, કળાના નમુના); કમાણી; સંગ્રહ.

Glebe *n.* (ગ્લીબ) Land attached to benefice. દેવળની,ધર્માદાની જમીન. 2. Earth; land; field. પૃથ્વી; જમીન. 3. Turf. જમીનનું ઢેફું.

Glee, *n.* (ગ્લી) Mirth; joy.આનંદ; મઝા;ખુશાલી. **Gleeful,** *a.*

Gleet, *n.* (ગ્લીટ્) Thin morbid discharge from urethra. પરમીઓ; પ્રમેહ.

Glen, *n.* (ગ્લેન્) Narrow valley. સાંકડી ખીણ.

Glib, *a.* (ગ્લિબ) Fluent; more voluble than sincere or sound. વાચાળ; બહુ બોલો. **Glibness,** *n.* વાકચાતુર્ય.

Glide, *vt.* & *vi.* (ગ્લાઈડ્) Proceed by smooth continuous movements. વહી જવું; ધીમે ધીમે તરવું. 2. Pass gradually or imperceptibly; cause to guide. સરી જવું: સેરવી નાંખવું. *n.* **Gliding motion.** લપસવું તે; સરવું તે. **Gliding by** *a.*

Glim, *n.* (ગ્લિમ્) Light. દીવો Dowse the glim. દીવો ઠારી નાંખવો; બુઝાવી દેવો.

Glimmer, *vi.* (ગ્લિ'મર) Shine faintly or intermittently. ઝાંખું બળવું; ઝાંખું તેજ આપવું. *n.* Faint light; gleam. ઝાંખુ તેજ. **Glimmering,** *a.* Faint. ઝાંખું.

Glimpse, *n.* (ગ્લિ'મ્પ્સ્) Faint transient appearance; brief view. ઉતાવળી નજર; ક્ષણિક દેખાવ;આભાસ;છાયા.*vt.* & *vi.* See or be seen faintly or partly. ઉતાવળી નજરથી જોવું;ઉતાવળી નજર નાંખવી; ઝાંખું જોવું; ઝાંખું, જરા દેખાવું.

Glint, *vt.* & *vi.* (ગ્લિન્ટ) Flash; glitter; reflect light. ચળકવું; ઝગઝગાટ થવો; પ્રતિબિંબ પડવું.

Glissade, *n.* (ગ્લિસે,'ડ્) Slide down slope of ice. બરફ ઉપરનો ઢોળાવ. *vi.* To slide. બરફ ઉપર લપસવું; સરકવું.

Glisten, *vi.* (ગ્લિ'સન્) Glitter; sparkle. ચળકવું.

Glister, *vi.* (ગ્લિ'સ્ટર્) To glitter. ચળકવું. *n.* ચળકાટ.

Glitter, *vi.* *n.*(ગ્લિ'ટર્) Shine with bright

tremulous light; sparkle. ચળકવું; ઝગઝગવું; ઝગઝગાટ; ચળકાટ.

Gloaming, *n.* (ગ્લો,'મિંગ્) Evening twilight. સંધ્યાકાળ; ઝળઝળાંઉ.

Gloat, *vi.* (ગ્લોટ્) Feast eyes or mind greedily, malignantly etc. ધારી ધારીને જોવું; ખરાઇને જોવું; વિચારવું; રાજી થવું.

Globe, *n* (ગ્લોબ્) Sphere; planet; star; sun. ગોળો; ગ્રહ; તારો; સૂર્ય. **The globe**=Earth. પૃથ્વી. **Terrestrial globe,** પૃથ્વીનો ગોળો. **Celestial globe,** ગ્રહસમૂહ.**Globe-fish,** ગોળમાછલી. **Globe – trotter**=Hurried sight-seeing traveller. પૃથ્વીની મુસાફરી કરનાર. **Globose, Globular, Globate,** *a.* Spherical. ગોળ; ગોળાકાર. **Globosity,***n.* ગોળાકાર; ગોળ હોવું તે. **Globule,** *n.* Small globe;pill.નાનો ગોળો;ગોળી.2.Blood corpuscle. લોહીનાં પિંડ. **Globulin,***n.*Proteid found in blood. લોહીમાંનો પદાર્થ.

Glomerate, *a.* (ગ્લૉ'મરેટ) Compactly clustered. મજબૂત ભેગું થએલું; વીંટાએલું.

Gloom, *n.* (ગ્લૂમ્) Darkness. અંધારૂં. 2. Melancholy; depression.ઉદાસી;ગ્લાનિ,ગમગિની. *vi.* & *vt.* Look depressed. ઉદાસી દેખાવું. 2. Be dull;make dark;dismal.અંધારૂં થવું;અંધકારથી છવાઈ જવું. **Gloomy,** *a.* **Gloominess,***n.* ઉદાસીનતા.

Glory, *n.* (ગ્લો,'રી) Renown, honourable fame. કીર્તિ; પ્રતિષ્ઠા; ખ્યાતિ. 2. Fit subject for boasting. મહિમા; પ્રતાપ; વડાઈ. 3. Resplendent majesty or beauty. સૌંદર્ય; ખુબી. **Go to glory,** Die. મરી જવું. **Send to glory**=Kill. મારી નાંખવું. **Be in one's glory,** સુખી હોવું. **Glory,** *vi.* To take glory in. વડાઈ માનવી. To take pride in. ખુશી થવું;રાજી થવું.**Glorify,***vt.*Make glorious. ગોરવ આપવું; વડાઇ આપવી. **Glorification,** *n.* પ્રશંસા; ગોરવ; ગુણગાન. **Gloriole,** *n.* Aureole; halo. તેજ;પ્રતાપ;ગોરવ;છાપ. **Glorious,** *a.* સ્તુત્ય;પ્રશંસાપાત્ર.

Gloss, *n.* (ગ્લૉસ્) Superficial lustre;specious appearance. ઓપ; ઝલક. *vt.* **To give gloss to,** Make specious. ઓપવું; સુશોભિત બનાવવું. **Glossy,** *a.* ચકચકિત.

Gloss, *n.* (ગ્લૉસ્) Explanatory word inserted in margin; comment. અર્થ; ટીકા. *vt.* & *vi.* Make comments; explain. ટીકા કરવી; અર્થ સમજાવવો. **Glossary,** *n.* Collection of comments; dictionary of technical or special words. શબ્દાર્થ; ટીકા; કોષ; ટીપ. **Glossarial,** (ગ્લૉસે'રિઅલ્) **Glossographer,** *n.* શબ્દકોષ લખનાર. **Glossology,** Terminology. શબ્દાર્થ; શબ્દ વર્ણન; શબ્દશાસ્ત્ર.

Glossitis,*n.*(ગ્લૉસા'યુટિસ્) Inflammation of tongue.જીભમાં બળતરા થવી તે;જીભ આવી જવી તે.

Glottis, *n.* (ગ્લૉ'ટિસ્) Opening at upper part of wind pipe and between vocal chords. શ્વાસ લેવાની નળી.

Glove,*n.*(ગ્લવ્)Hand-covering of leather or wool. હાથનું મોજું. **Throw down the glove**=Challenge to fight. લડવાને આહ્વાન આપવું;પડકાર કરવો.**Take up the glove**= Accept the challenge.લડવાનું આહ્વાન સ્વીકારવું. **Take off the glove,** Prepare for contest. તૈયાર થઇ જવું. *vt.* To provide with gloves. મોજું પહેરાવવું. **Glover,** *n.* **Glove-maker,**મોજાં બનાવનાર.

Glow, *vi.* (ગ્લો,) Emit flameless light and heat. બળવું; સળગવું; ધગધગવું; તમતમવું; જળવું; તપવું. 2. Shine like a thing intensely heated. સખત તપાવેલ ચીજના માફક લાલ ધગવું. 3. Burn with bodily heat or emotion. ગુસ્સા, આવેશથી બળવું. **Glow-worm,** *n.* Female coleopterous insect emitting green light at tail. આગિઓ.

Glower, *vi.* (ગ્લાવર્) Look angrily at. ગુસ્સાથી સામુ જોવું.

Gloze, *vi.* & *vt.* (ગ્લો',ઝ) Explain away; misconstrue. ખોટો અર્થ બતાવવો. 2. Use fair words. ખુશામત કરવી; મીઠું મીઠું બોલવું.

Glucose, *n.*(ગ્લૂ'કો,ઝ)Fruit-sugar. ફળનો શીરો.

Glue, *n.* (ગ્લૂ) Hard elatin made of hides, સરેશ. *vt.*Fasten with glue.સરેશવતી ચોંટાડવું; જોડવું.

Gluey, *a.* (ગ્લૂ'ઇ) Sticky; viscous, ચીકણું.

Glum, *a* (ગ્લમ્) Dejected; sullen. ઉદાસ.

Glume, *n,* (ગ્લૂમ્) Husks; chaff, ફોતરૂં.

Glut, *vt.* (ગ્લટ્) Feed to the full; sate; fill to excess. બહુ ખવરાવવું; વધારે પડતું લેવું; ભરવું. *n.* Full indulgence; surfeit; excessive supply. વધારે પડતો ભરાવ.

Gluten, *n.*(ગ્લૂ'ટિન્) Sticky substance;viscid part of flour. ચીકણો પદાર્થ; ઘઉંનું સત્વ, દુધ. **Glutinous,** *a.* Viscous, gluey. ચીકણું. **Glutinosity,** *n.* ચીકણાપણું; ચીકાશ.

Glutton, *n.* (ગ્લ'ટન્) Excessive eater. અકરાંતીઓ; ખાઉધરો. 2. Devourer (of books); person insatiably eager. અતિ વાંચનાર; બહુ-આતુર માણસ.3. Voracious animal of weasel kind. બહુ ખાનાર પ્રાણી. **Gluttonous.** *a.* **Gluttony.***n.*Voracity; excess in eating. અકરાંતીઆપણું અત્યાહાર. *vt.* Eat excessively. અકરાંતીઆની માફક ખાવું.

Glycerine, *n.* (ગ્લિ'સરિન્) Colourless sweet liquid got from oils. તેલમાંથી નીકળતો મીઠો પ્રવાહી પદાર્થ. **Glycerinate,** *vt.* Treat with glycerine. ગ્લિસરીન મેળવીને બનાવવું.

Glyptic, *a.*(ગ્લિ'પ્ટીક્) Of carving on gems. કોતર કામને લગતું. **Glyptography.***n.* Gem-en-graving. હીરામાણેકમાં કોતરકામ કરવું તે વિદ્યા.

Gnarled, *a.* (નાર્લ્ડ્) Knobby; rugged; twisted. ગાંઠાવાળું. also **Gnarly**. **Gnash** *vi.* & *vt.* (નૅશ્) (of teeth) Strike to-gether; grind one's teeth. દાંત પીસવા દાંત કડકડાવવા.

Gnat, *n.* (નૅટ્) Fly with a blood sucking proboscis. ડાંસ; મચ્છર.

Gnaw, *vt.* & *vi.* (નૉ) Bite persistently. દાંતવડે કરડવું. 2. (Of acid, pain, envy etc.) Corrode; torture. બળી જવું; ખવાઇ જવું.

Gnome, *n.* (નો.મ્) Maxim; aphorism. કહેવત. 2. Goblin; spirit. ભૂત. **Gnomic,** *a.* (નો,મિક્) Sententious. માર્મિક. **Gnomish,** (નો,મિશ્) Of, like gnome. કહેવતને લગતું

Gnomon, *n.* (નો',મન્) Rod, pin, of sun dial. દિવસનો વખત જાણવાના યંત્રનો કાંટો. 2. Part of parallelogram left when similar one is taken from its corner. એક ચોખુણમાં બીજું કાઢી લેવામાં આવે પછીની આકૃતિ.

Gnosis, *n.* (નો',સિસ્) Knowledge spiritual mysteries; gnosticism. ગૂઢ તત્ત્વજ્ઞાન;ધર્મનાં ગુહ્ય તત્ત્વનું જ્ઞાન.

Gnostic, *a.*(નૉ'સ્ટિક્)Having esoteric spiritual knowledge; mystic. ગૂઢ તત્ત્વજ્ઞાન સંબંધી; ને લગતું. *n.* **Gnosticism,** (નૉ'સ્ટિસિઝમ્)

Gnu, *n.* (ન્યૂ)Oxlike antelope. આફ્રિકાનું બળદ જેવું હરણ.

Go, *vi.* (ગો,) To move from one place to another. જવું. 2. Travel. મુસાફરી કરવી; 3. Proceed. આગળ વધવું. Walk. ચાલવું. 4. Go past. બાજુ થઇને જવું; આગળ થઇને જવું. To reach; terminate at. સુધી જવું. 6. Work; function. કામ કરવું; યંત્રનું ચાલવું. **To go ahead**=To proceed confidently. પોતાનામાં વિશ્વાસ રાખીને કર્યે જવું. **Go-ahead,** *a.* Enterprising. સાહસિક. **Go bad**=Become putrid. સડી જવું. **Go bail**=Act as bail. જામીન પડવું. **Go-between** *n.*=Intermediary. વચલો માણસ; દલાલ. **Go by**=To pass away unnoticed. ધ્યાન ખેંચ્યા વગર પસાર થવું. **Go-by,** *n.* Avoidance; ommission. ધ્યાન ન આપવું તે;જવા દેવું તે. **Go-cart.***n.* Wheeled frame for teaching a child to walk; perambulator. હિંડણ ગાડી; ઠેલણગાડી. **Go dry**=Prohibit sale of liquor; intoxicants=દારૂ, કેફી પદાર્થોની મનાઇ કરવી. **Go phut, fut**=Collapse; burst. ફાટી જવું; નકામું થઇ જવું. **Go halves**=Take half each. દરેકે અર્ધું લેવું. **Go in**=Compete. શરતમાં ઉતરવું. **Going**=Available. મળી શકે તેમ. 2. Working in order. ચાલુ; કામ કરતું. **Gone case**=Desperate state of things. ઘણી ખરાબ સ્થિતિમાં આવી જવું તે. **Gone coon**=Person in hopeless condition. નિરાશાજનક સ્થિતિમાં આવી પડેલો માણસ. **Go out**=Be extinguished. ઓલવાઇ જવું. 2. (Government) Leave office.કામ ઉપરથી નિવૃત્ત થઇ જવું. 3.(Historical) To engage in duel. દ્વંદ્વયુદ્ધમાં ઉતરવું. **Go the pace; go the whole Hog; go through**=Examine;revise; perform; experience. તપાસી જોવું; પુનરાવર્તન કરવું; ક્રિયા કરવી; અનુભવવું. **Go to one's heart**=Grieve. દુઃખ આપવું. **Go to hell; go to Jericho**=Be dammed. શાપિત થવું;ચુલામાં, પાટમાં પડ. **Go-tomeeting.** *a.* Sunday--best. સારાં (કપડાં); તહેવારને દિવસે પહેરવાનાં (કપડાં). **Go to sea** = Be sailor. ખલાસીનો ધંધો લેવો. **Go to seed**=Cease flowering. ફળવું બંધ થવું. **Go up the line**=Rise from base to front. નીચેથી ઉપર આવવું. **Go west**=Be killed; die મરી જવું; મરાઇ જવું. **Go,** *n.* Animation; dash હિંમત; કૌવત; જોર. 2. State of affairs. સ્થિતિ.. **All the go**=In fashion. ફેશનમાં. **Near go**=Close shave.હજામત. **No go**=Failure. નાશીપાસપણું; નાપાસ. **Goings-on,** *n.* Strange conduct. વિચિત્ર ચાલચલગત.

Goad, *n.* (ગો ડ્) Spiked stick for urging cattle. આર; અંકુશ; લાકડી. *vt.* Urge; drive. આર, અંકુશ ભોંકીને ચલાવવું; [illegible]

Goal, *n.* (ગો,લ) Point where race ends; object of effort; destination. શરતનું લક્ષ્ય; ઉદ્દેશ;હેતુ; મતલબ;મુખ્યસ્થળ;નિશાન;લક્ષ્ય. **Goal-keeper** = ફુટબૉલની રમતમાં લક્ષ્ય સંભાળનાર.

Goat, *n.* (ગો,ટ) Lively, wanton, horned, bearded ruminant quadruped. બકરું; અજ. 2. Zodiacal sign. બાર રાશિમાંની એક રાશિ; મેષરાશિ. **Goat-heard,** *n.* One who tends goats. ભરવાડ; રબારી.

Goatee, *n.* (ગો,ટી') Beard like goat's. બકરાના જેવી દાઢી. **Goatish, Goaty,** *a.* બકરાના જેવું.

Gob, *n.* (ગૉબ) Spittle; clot of spittle. થુંક; થુંકનો ગડફો. 2. Mouth. *vi.* To spit. થુંકવું.

Gobbet, *n.* (ગૉ'બિટ) Lump of meat. માંસનો કકડો. A mothful. કોળીઓ.

Gobble, *vt.* & *vi.* (ગૉ'બલ) Eat hurriedly and noisily; swallow in lumps. જલ્દી બચકારા બોલતે ખાવું; લપલપ ખાવું. 2. Make gurgling sound in throat, as a turkey. કુકડાના; જેવો ગળામાં અવાજ થવો. *n.* બતક, કુકડાનું બોલવું; ગળ ગળ અવાજ.

Goblet, *n* (ગૉ'બ્લિટ) Bowl-shaped handleless drinking-cup. પ્યાલો; લાંબું પ્યાલું; કટોરો.

Goblin, *n.* (ગૉબ્લિન) Mischievous demon. ભૂત; પિશાચ; જીન; પ્રેત વગેરે.

God, *n.* (ગૉડ) Superhuman being having power over nature & human fortunes; the Supreme Being. પરમેશ્વર; ઈશ્વર; ખુદા; દેવતા. **God-child** = Baptized person in relation to his God parent = ધર્મપુત્ર; ધર્મપુત્રી. **God-daughter** ધર્મપુત્રી. **God-father** = Male god-parent. ધર્મપિતા **God-fearing,** *a.* Religious. પ્રામાણિક; ધાર્મિક **God-forsaken,** *a.* Devoid of all merit; dismal. ગુણહીન; ભયંકર **God-man,** Christ. ઇશુ ખ્રિસ્ત. **God-mother** = Female god-parent. ધર્મમાતા. **God of the day** Phoebus. સૂર્ય. **God of fire** = Vulcan. અગ્નિદેવ. **God of heaven** = Jupiter. ઇંદ્ર. **God of hell** = Pluto. યમદેવ. **God of love** = Cupid. કામદેવ. **God of the sea** = Neptune. વરૂણદેવ. **God of war** = Mars. **God of wine** = Bacchus. **God-parent** = One's sponsor at baptism. ધર્મ ક્રિયા વખતે માબાપની ફરજ પોતાને માથે લે તે; ધર્મપિતા, માતા. **God's acre** = Churchyard. કબ્રસ્તાન; ભૂમિદાહ-સ્થાન. **God-send** = Piece of luck. સુભાગ્ય. **God-son** = Male God child ધર્મ પુત્ર.

Goddess = Female deity. દેવી. **Goddess of corn** = Ceres. **Goddess of heaven** = Juno. **Goddess of hell** = Proserpine. **Goddess of love** = Venus. **Goddess of the moon** = Diana. **Goddess of wisdom** = Minerva. **Goddess of war** = Bellona. **Godhead,** *n.* Divine nature; deity. સત્વગુણ; સત્વગુણી દેવ; પરમાત્મા. **Godless,** *a.* Impious; wicked. અધાર્મિક; દુષ્ટ. **Godlike,** *a.* પરમેશ્વર જેવો; દૈવી. **Godly** = Pious; devout. ધાર્મિકવૃત્તિવાળો; પવિત્ર.

Godown, *n.* (ગોડા'ઉન) Warehouse. ગોદામ; માલ ભરવાની જગ્યા.

God-wit, *n.* (ગૉ'ડવિટ) Marsh bird like curlew. એક જાતનું પક્ષી.

Goffer, gopher, gauffer. *vt.* (ગૉ'ફર) 2. Crimp with hot irons. કરચલી પાડવી; માંસમાં સળીઆ ચોડી દેવા. *n* Irons for crimping. ધગાવવાના સળીઆ. 2. Plaiting for frills. કડચલી; કોર. **Goffered,** *a.* Embossed. ઉપસેલી.

Goggle, *vi.* & *vt.* (ગૉ'ગલ) Roll about (eyes); project. ડોળા ફેરવવા; ડોળા કાઢીને જોવું. *a.* Protuberant; rolling. મોટા ડોળાવાળી. *n.* **Goggles** = Spectacles for protecting eyes from glare, dust. આંખના મ્હોટાં ચશ્માં. 2. Sheep diseases; stagers. ઘેટાંઓને થતો રોગ.

Goitre, *n.* (ગૉ'ઇટર) Morbid enlargement of thyroid gland. ગળાની નળીનું સુઝી આવવું તે, **Goitred, Goitrous,** *a.*

Gold, *n.* (ગો,લ્ડ) Precious yellow metal. સોનું. 2. Coins of gold. સોનાના સિક્કા. *a.* Of gold colour. પીળા રંગનું. **Gold beater's skin,** સોનું ટીપવામાં વપરાતું આછું ચામડું. **Gold-dust,** સુવર્ણ રેત. **Gold-field,** સોનાની ખાણવાળી જગ્યા. **Gold-finch,** સોનેરી પાંખવાળું પક્ષી. **Gold-fish,** એક જાતની સોનેરી માછલી. **Gold-foil, Gold-leaf,** સોનાનું આછું પતરું. **Gold stick** = Gilt rod borne on state occassions by colonel of Life-guard. સવારીમાં બેઠો ફરતો સોનાનો ઘોડો; સુવર્ણસ્તંભ; છડી.

Golden, *a.* (ગો,'લ્ડન) Of gold. સોનાનું. 2. Shining like gold. સોના જેવા રંગનું. 4. Precious. કિંમતી. **Golden age,** ઇતિહાસમાં કોઈપણ રાજ્યનો સારામાં સારો વખત; સુવર્ણ, સત્યુગ. **Golden bridge,** Honourable retreat. માનસહિત પાછા હઠવાનો રસ્તો. **Golden calf,**

Wealth as a God. લક્ષ્મી દેવ; કુબેર. **Golden Fleece,** Austrian and Spanish order of knighthood. આસ્ટ્રિઆ અને સ્પેઇનના અમીરોને અપાતો માનનો ઈલ્કાબ. **Golden mean,** શ્રેષ્ઠ, વચલો, રસ્તો; ઉપાય.**Golden syrup,** Pale treacle. પીળો ગોળ.

Golf, (ગૉલ્ફ) A kind of game with clubs and small hard ball. એક જાતની રમત. **Golf-club,** Society of golfers. ગોલ્ફ રમનારની મંડળી. 2. Stick for playing golf.ગોલ્ફ રમવાની લાકડી. **Golfer,** *n.* ગોલ્ફ રમનાર. *vi.* To play golf. ગોલ્ફ રમવું.

Goliath. *n.* (ગોલિ'આથ) Giant. રાક્ષસ.

Golliwog, *n.* (ગૉ'લિવૉગ્) Grotesque doll વિચિત્ર પુતળી.

Golly, *n.* (ગૉ'લી) God. ઈશ્વર;પરમેશ્વર. (used by negroes.)

Goluptious, *a.* (ગોલ'પ્શસ્) Delicious. સ્વાદિષ્ટ; મીઠું.

Gondola,*n.*(ગૉ'ન્ડો,લા)Light flat-bottomed Venetian canal-boat. વેનિસ શહેરમાં વપરાતી હોડી. **Gondolier,** *n.* Rower of Gondola. હોડી હંકારનાર.

Goner, *n.* (ગો,'નર્) Person or thing in desperate case. ખરાબ સ્થિતિમાં આવેલો માણસ, અથવા ચીજ.

Gonfalon, *n.* (ગૉ'નફલન્) Banner. વાવટો.

Gong, *n.* (ગૉન્ગ્) Resonant metal disk with turned rim;saucer-shaped bell.ઝાલર; ઘંટ.

Gonorrhoea, *n.*(ગૉનરી'આ) Inflammatory discharge from urethra or vagina. પરમીઓ; પ્રમેહ.

Good, *a.* (ગુડ્) Having the right qualities; adequate. સારૂં; બરાબર; જેવું જોઇએ તેવું. 2. Commendable; worthy. વખાણવા લાયક;પ્રશંસાપાત્ર. 3. Proper; expedient. વ્યાજબી **Good debts**=Sure to be paid. ભરાઇ જાય તેવું કરજ. **Good**=Thorough;considerable. સારા પ્રમાણમાં; ઘણું. **Good.** *n.* Profit; benefit. ફાયદો; નફો. Well-being.તંદુરસ્તી;સારૂં;ભલું. **Do good**=Benefit. ફાયદો કરવો. **Upto no good**=Bent on mischief.ખરાબ કરવું;બગાડવાનો ઇરાદો રાખવો. **For good** = Permanently. હંમેશના માટે. **Goods,** *n.* Moveable property; merchandise. મિલ્કત; સામાન. 2. Things to go by rail. ગાડીમાં મોકલવાનો સામાન. **Good-day** = Salutation. મળતી વખતે બોલવાનું. **Good-deal**=Condsiderable amount. ઘણું. **Good-evening,** સાંજને, રાતને વખતે, મળવા વખતે બોલવાનું. **Good-fellowship,**Conviviality.મળતાવડાપણું; મન.**Good-for-nothing,** Worthless. નકામો. **Good looking,** Handsome. દેખાવડો. **Good man,** Master of the house. ઘરધણી. **Good sense,** Practical wisdom. ડહાપણ. **Good turn,** Friendly action. સારો બદલો. **Good-wife,** Mistress of the house. ઘરની માલેક. **Good-will,** Kindly feeling. સારી લાગણી. **Good word.** પ્રશંસા; વખાણ.

Good-bye, *n.*(ગુડબા'ઇ) Farewell. સાહેબજી. છુટા પડતી વખતે બોલવાનું.

Goodly, *a.* (ગુ'ડલિ) Handsome; of imposing size. દેખાવડું; મોટું.

Goodness, *n.* (ગુ'ડ્નિસ્) Virtue; kindness; excellence. સદ્ગુણ; સારાપણું; ભલાઈ.

Goodness knows, God knows. ખુદા જાણે.

Goodwood, *n.* (ગુ'ડવુડ્) Race course, race-meeting. શરતનું મેદાન; શરતનો મેળાવડો.

Goody, *n.* (ગુ'ડી) Sweetmeat. મીઠાઈ. 2. Old woman of lower class. ઘરડી ડોસી. *a.* Feebly virtuous. સાધારણ સદ્ગુણવાળો.

Googly, *n.* (ગૂ'ગ્લી) Ball that swerves one way and breaks the other. એક બાજુ ફરી શકે અને બીજી બાજુ ભાંગી જાય તેવો દડો.

Goose, *n.* (ગૂસ્) Web-footed bird between duck & swan in size of the female sex. હંસ માદા; હંસ.2. (fig). Simpleton. મૂર્ખો; બોટ. 3. Tailor's smoothing iron. દરજીની ઇસ્ત્રી.

Goose-flesh,*n.* Bristling state of skin due to cold or fright. શરદી અથવા બીકને લઇને વાળ ઉભા થઈ જાય તે;રોમાંચ. **Goose-step,** Army recruit's balancing drill, લશ્કરી કવાયત.

Goose-berry, *n.* (ગૂ'ઝબેરી) A thorny shrub. એક જાતનો કાંટાવાળો છોડ. 2. Its edible fruit. તેનું ફળ. **Play goose,** Be chaperon to lovers. પ્રેમીયુગલના વાલી તરીકે વર્તવું.

Gordian, *a.* (ગૉ'ર્ડિઅન્) Cut the Gordian knot=solve problem by force or evasion; ગુહ્ય ભેદ ઉકેલવો; મુશ્કેલ; પેચદાર.

Gore, *n.* (ગો,ર્) Blood shed and clotted. ખુન; ઘામાંથી નીકળેલું લોહી. 2. Wedge-shaped piece inserted to narrow a garment. કપડાંમાંનો કકડો. *vt.* Pierce with horn or tusk. શિંગડાં વતી ભોકવું. *a.* **Gory,** (ગો,'રી) Bloody; covered with gore.લોહીથી ખરડાએલું; લોહીલોહાણ.

Gorge, *n.* (ગૉ'ર્જ્) Internal throat; ગળાંની અંદરનો ભાગ;ઘાટી. 2. Gorging, surfeit. વધારે ખાવું તે. 3. Solid thing served upon fish as bait. માછલીને પકડવાને ખવરાવવામાં આવતી ચીજ. 4. Neck of bastion; rear entrance to a work. બુરજનો ઉપરનો ભાગ; દાખલ થવાનું પાછલું બારણું. 5. Narrow opening between hills. ખીણ. *vi.* & *vt.* Feed greedily. અકરાંતીઆની માફક ખાવું, ખવરાવવું.

Gorgeous, *a.* (ગૉ'ર્જસ્) Splendid; dazzling. ભભકાદાર; રોનકદાર; આંજી નાખે તેવું.

Gorget, *n.* (ગૉ'ર્જિટ્) Armour for throat. ગળાનું બખ્તર. 2. Necklace. ગળામાં પહેરવાનો દાગીનો; ચંદનહાર વ.

Gorilla, *n.* (ગોરિ'લા) Large ferocious anthropoid ape.ભયંકર વાંદરો;ગોરીલો;ઉરાંગઉટાંગ.

Gormandize,*vi.* (ગો'ર્મન્ડાઇઝ્) Eat like a glutton. અકરાંતિઆની માફક ખાવું. **Gormandizer**, *n.* અકરાંતીઓ; કોદો; ખાઉધર.

Gorse, *n.* (ગૉર્સ્) Prickly yellow flowered shrub. કાંટાવાળો છોડ. **Gorsy**, *a.*

Goshawk, *n.* (ગૉ'સ્હૉક્) Large short-winged hawk. મોટું નાની પાંખવાળું બાજ.

Gosling, *n.* (ગૉ'ઝ્લિંગ્) Young goose. બતકનું બચ્ચું.

Gospel, *n.* (ગૅા'સ્પેલ્) Tidings preached by by Christ; Christian Revelation; distinctively Protestant or evangelical views. ઈશુ ખ્રિસ્તનો ઉપદેશ;ખ્રિસ્તિ ધર્મ. 2. Thing one may safely believe.માની શકાય તેવી સો ટકા સાચી,વાત. 3. Principle one acts on and preaches. માણસનો ઉદેશ. **Gospel-truth**, Truths contained in Bible. બાઇબલનાં સત્ય કથનો. 2. Thing as true as Gospel. બાઈબલના કથન જેવું સત્ય. **Gospeller**, Reader in Gospel. બાઈબલ વાંચનાર.

Gossamer, *n.* (ગૉ'સમર્) Filmy substance of small spider's webs floating in air or on grass. ખડ ઉપર અથવા હવામાં ઉડતો કરોળીઆની જાળ જેવું ઝીણું જાળું. 2. Thread of this. આનો દોરો. *a.* **Gossamery**.

Gossip,*n.*(ગૉ'સિપ્) Familiar acquaintance; woman. ઓળખાણવાળી સ્ત્રી. 2. Idle talker. ખાલી, ગોઠીયો; નકામી વાત કરનાર; ગપ્પીદાસ. 3. Informal talk about persons. ખાલી વાતચિત. *vi.* Talk or write. વાત કરવી. **Gossipy**,*a.*

Goth, *n.* (ગૉથ્) A German tribe who invaded Eastern and Western empires in 3rd–5th centuries. એક જર્મન જાત.2.Uncivilised person. જંગલી માણસ.

Gotham,*n.* (ગૉ'ટ્હમ્) Town of fools. મૂર્ખનું ગામ. **Wise man of Gotham**, Fool. મૂર્ખો **Gothamite**, *n.*

Gothic, *a.* (ગૉ'થિક્) Of Goths. ગૉથ લોકોનું. 2. In the pointed arch style prevalent in Western Europe in 12th–16th centuries. ગૉથિક શિલ્પશાસ્ત્રને લગતું.3.Barbarous;uncouth. જંગલી. *n.*Gothic language.ગૉથ લોકોની ભાષા. 2. ગૉથિક શિલ્પશાસ્ત્ર.

Gouge, *n.* (ગૂજ્, ગૉઉજ્) Concave bladed chisel. એક જાતનું વિંધણું. *vt.* To cut with chisel વિંધણુંવતી કાપવું.

Gourd, *n.* (ગોર્ડ્, ગૂર્ડ્) A climbing plant. તુંબડાંનો વેલો.2.Its fruit.તુંબડું;દુધી વગેરે.3.Dried rind like a bottle. વાસણ તરીકે વપરાતું તુંબડું.

Gourmand, *a.* (ગૂ'ર્મન્ડ્) Gluttonous. બહુ ખાવાવાળું. *n.* Glutton. બહુ ખાવાવાળો. 2. Lover of delicate fare. મિષ્ટાન્ન ખાવાવાળો. **Gourmandise**, **Gourmandism** = Gluttony. બહુ ખાવું તે.

Gourmet, *n.*(ગૂ'ર્મેટ્) Connoisseur of wine and table delicacies.મિષ્ટાન્નનો પારખનાર;શૉખીન; જીવડો.

Gout, *n.* (ગાઉટ્) Disease with inflammation of great toe. વાતરોગ; પગનો એક જાતનો રોગ. 2. Drop, splash of blood. લોહીનું ટીપું, ની છલક. **Gouty**, *a.*

Govern, *vt.* & *vi.* (ગ'વર્ન્) Rule; conduct the policy and affairs of state; regulate proceedings.રાજ્ય ચલાવવું;કામ ચલાવવું;સત્તા હોવી. 2.Curb; control. દાબમાંરાખવું; કબજે રાખવું. 3. Have depending on it.ના ઉપર આધાર રાખવો; સાથે જવું. (Grammar).**Governance**,*n.* Act of governing. રાજ્ય ચલાવવું તે; રાજ્ય કારભાર.

Governess.*n.* (ગ'વર્નિસ્) Female teacher of children in private household. ખાનગી શિક્ષિકા. **Governess cart**, Light two-wheeled cart with side seats face to face. સ્હામસામી બેઠકવાળી ગાડી.

Government, *n.* (ગ'વર્નમન્ટ્) Governance. રાજ્ય; રાજ્યકારભાર; સંભાળ; હુકમત; ફરમાન. 2. Province ruled by governor.ઈલાકો; પ્રાંત. 3. Persons governing a state. રાજ્યના કારભારી; રાજ્ય ચલાવનારા અમલદારો; રાજપુરુષો; હુકમત ચલાવનારાઓ.**Government house**, Official residence of governor. પ્રાંતના અમલદારને રહેવાનું મકાન. **Government paper**,

Bonds etc. issued by Government. સરકારી નોટ; પૈસાની નોટ. **Governmental**, *a.*

Governor, *n.* (ગ'વર્નર્) Ruler; official governing province or town. વહિવટદાર; રાજ્ય ચલાવનાર;હાકેમ;સ્વામી. 2.Representative of crown in colony or dependency.સંસ્થાન અથવા તાબાનાં રાજ્યમાં રાજા તરફથી કામ ચલાવનાર અમલદાર. 3. Automatic regulator of supply of steam etc. to machine. યંત્રનો વરાળને દબાણમાં રાખનારો ભાગ;સુબેદારી;હકુમત.**Governor-general**,One with deputy governors under him. મુખ્ય વહિવટદાર; રાજ્ય ચલાવનાર; લાટ સાહેબ. [કાયલ.

Gowk,-uk,*n.*(ગાઉક્)Fool.મૂર્ખ. 2. Cuckoo.

Gown, (ગાઉન્) Frock;loose flowing upper garment.ઝભો;સાયો;જામો. 2. Prescribed robe of alderman; judge; cleryman;university member etc.જજ;યુનિવર્સિટિના સભ્યો, ધર્માધ્યક્ષો વગેરેને પહેરવાનો ઝભો.**Gownsman**,Civilian; member of university. યુનિવર્સિટિના સભ્ય.

Grab, *vt.* & *vi.* (ગ્રૅબ્) Seize; Snatch.પડાવી લેવું; ઝોંટી લેવું. *n.* Sudden clutch or attempt to seize. ઝોંટ, પડાવી લેવાનો યત્ન.

Grabble, *vi.* (ગ્રૅબલ્) Grope; sprawl on all fours. અંધારામાં ગોતવું; ચારે પગે ચાલવું; ફાંફાં મારવાં.

Grabby, *n.* (ગ્રૅબી) Soldier. સૈનિક; સિપાઇ.

Grace, *n.* (ગ્રેસ્) Attractiveness; charm. આકર્ષકતા. 2. Becomingness. સમજણ. 3. Air; bearing. દેખાવ;રીત;ડોળ.4. Beauty. સૌંદર્ય. 5. Ornament. ઘરેણું. 6. Kindness.ભલાઈ. **Good graces**, Favour.મહેરબાની;મીઠી નજર.**Days of grace**, કાયદા મુજબ કરજ વ. ભરવામાં મળતા વધારાના ત્રણ દિવસ. *vt.* **Add grace to**. સૌંદર્યમાં વધારો કરવો. 2. Honour. માન આપવું. **Graceful**, *a.* આકર્ષક. **Graceless**, *a.* Shameless; depraved. બેશરમ.

Gracious, *a.* (ગ્રે'શસ્) Pleasing; kindly; indulgent. ખુશકારક; દયાળુ; ભલું. 2. Merciful; benign. દયાળુ. 3. Polite epithet of royal or ducal person. રાજકુટુંબના અથવા અમીર વર્ગના માણસોના નામ આગળ લગાડાય છે.

Gradation, *n.* (ગ્રડે'શન્) Each stage in transition or advance. આગળ વધવાનું પગથીયું; પગલું; ગોઠવણ. *vt.* & *vi.* **Gradate**, Pass by grade from one stage to another. અનુક્રમે ઉપર ચડવું. **Gradational**, *a.*

Grade, *n.* (ગ્રેડ્) Degree in rank and merit. અનુક્રમે ચઢ ઉતર. 2. Class. વર્ગ. 3. Hundredth part of right angle. કાટખુણાનો સોમો ભાગ. *vt.* Arrange in grade. અનુક્રમે ગોઠવવું [L. *gradus*, step.]

Gradiant, *n.* (ગ્રે'ડિઅન્ટ્) Amount of slope in road. ચઢાણ; ઢોળાવ. Barometric or thermometric relation between two regions. બે દેશ વચ્ચે હવાના દબાણના પ્રમાણનો સબંધ.

Gradual, *a.* (ગ્રૅ'ડ્યુઅલ્) Slow; not rapid or abrupt. ધીમું; ઉતાવળું નહિ; મંદ; ક્રમવારનું

Graduate, *vt.* & *vi.* (ગ્રૅ'ડ્યુએટ્) Take academic degree. પદ્વી લેવી. 2. Mark out in degrees or parts.ભાગ પાડવા;ભાગની નિશાની કરવી;આંકા પાડવા. 3. Apportion according to scale. હિસાબ પ્રમાણે ભાગ પાડવા. *n.* Holder of academic degree. પદ્વીધર.

Graduation, *n.* પદ્વી લેવી તે. 2. ભાગ પાડવા તે.**Graduator**,*n.* ભાગ પાડનાર.

Gradus, *n.* (ગ્રે,'ડસ્) Dictionary for use in writing Latin verse. લૅટિન કવિતામાં વપરાતો શબ્દકોષ.

Graffito, *n.* (ગ્રફિ'ટો) Drawing scratched on ancient wall.જુની દિવાલો ઉપર કોતરેલાં ચિત્રો.

Graft, *n.* (ગ્રાફ્ટ) Shoot; scion planted in slit of another stock. એક ઝાડની ડાળી બીજા ઝાડમાં વાવવામાં આવે તે. *vt.* Insert graft; transplant. બીજા ઝાડમાં ડાળી ખોસવી તે.

Grail, *n.* (ગ્રેલ્) **Holy grail**, Pewter in which Christ drank water. ઈશુ ખ્રિસ્તનું પ્યાલું.

Grain, *n.* (ગ્રેન્) Corn of a cereal. દાણો. 2. Particles of sand; salt. રેતીની, મીઠાંની કાંકરી. 3. Unit of weight. માપ. *vt.* & *vi.* Form into grains દાણા, કણદાર,બનાવવા. 2. To remove hair from hides. ચામડામાંથી વાળ કાઢવા. **Graining**, *n.* **Grainy**, *a.*

Grallatorial, *a.* (ગ્રલેટૉ'રિઅલ્) Of long-legged waddling birds લાંબા પગવાળાં પક્ષીના સંબંધી.

Gram, *n.* (ગ્રૅમ્) Chick-pea. ચણા.

Gram, *n.* (ગ્રામ્) Gramme. વજનનું માપ.

Gramarye, (ગ્રે'મરાઈ) Magic. જાદુ.

Gramercy,*int.*(ગ્રામ'સી)Thank you. ઉપકાર.

Graminivorous, *a.* (ગ્રૅમિનિ'વરસ્) Grass-eating. ખડખાનારાં. **Gramineous**, *a.* Of or like grass. ખડનું; ખડ જેવું. [L. *gramen*, grass.]

Grammalogue, *n.* (ગ્રૅ'મલૉગ્) Word represented by single sign. એક નિશાનીથી બતાવાતો અક્ષર.

Grammar, *n.*(ગ્રૅ'મર્)Science of phonology, accidence, and syntax in a language. વ્યાકરણ 2.Book on grammar.વ્યાકરણની ચોપડી. **Grammar - school,** Public school founded for teaching Latin. લૅટિન શીખવવાની નિશાળ. **Grammarian,** *n.*વ્યાકરણમાં એક્કો; વ્યાકરણશાસ્ત્રી. **Grammatical,** *a.* વ્યાકરણ સંબંધી. [L. *gramma,* a letter.]

Gramme,Gram,(ગ્રામ) Unit of weight in metric system. મેટ્રિક સિસ્ટમનું મુખ્ય એકમ માપ.

Gramophone, *n.* (ગ્રૅ'મફોન) Phonograph; instrument that records and reproduces sounds. ગ્રામોફોન; ફોનોગ્રાફ.

Granary, *n.* (ગ્રૅ'નરી) Store house for grain. કોઠાર.

Grand, *a.* (ગ્રૅન્ડ્) Chief; of highest rank. મુખ્ય. 2. Final; main; ultimate. મુખ્ય; છેવટનું. 3. Splendid; imposing. ભવ્ય. 4.Magnificent; noble; lofty. ઉમદા. **Grand-dad,** Grand father. દાદો; નાનો; વડવો. **Granddame,** Grand mother. દાદી; નાની; વડવી. **Grand child,** છોકરાંનું છોકરું **Grand-cross,** એક ઇતાબ; ઇલકાબ. **Grand-daughter,** પૌત્રી; દૌહિત્રી.**Grand-father,**દાદો;નાનો. **Grand -mamma.** દાદી;નાની. **Grand-monarch,** Louis XIV. ફ્રાન્સ નો ૧૪મો લુઈ. **Grand-mother,** નાની; દાદી. **Grand-national,** Annual steeple chase at Liverpool. એક રમત. **Grand son,** પૌત્ર; દૌહિત્ર.

Grande, *a.* (ગ્રાન્ડ) Grand toilette; ceremonial costume. પ્રસંગો ઉપર પહેરવાનો પોષાક.

Grandee, *n.* (ગ્રૅન્ડી') Spanish or Portuguese noble of high rank. સ્પેઈનનો અથવા પોર્ટુગલનો મોટો અમીર. 2. Great personage. મોટો માણસ.

Grandeur, *n.* (ગ્રૅ'ન્ડયર્) High rank; eminence. ઉચ્ચી પદ્વી. 2. Nobility of character. અમીર ખવાસ; ઉમદા સ્વભાવ 3. Splendour; dignity. મોટાઈ.

Grandiloquent,*a.*(ગ્રૅન્ડિ'લોક્વન્ટ્)Pompous; inflated in language. બોલવામાં મોટો ડોળ કરવું; આડંબરી **Grandiloquence,** *n.*વક્તૃત્વ;છટા.

Grandiose, *a.* (ગ્રૅ'ન્ડિઓઝ્) Producing imposing effect. ભવ્ય; અજાયબ કરે તેવું. **Grandiosity,** *n.* ભવ્યતા. [L. *grandis,* gr at.]

Grange, *n.* (ગ્રેન્જ્) Country-house with farm-buildings. ખળાંવાડ.

Grangerize, *vt.* (ગ્રે'ન્જરાઇઝ્) Illustrate with prints. ચિત્રો વડે સુશોભિત કરવું.

Granite, *n.* (ગ્રૅ'નાઈટ્) Granular crystalline rock of quartz; mica used in buildings. અકડીઓ પત્થર. **Granite city,** Aberdeen આબર્ડિન. **Granitic,** *a.*

Grant, *vt.* (ગ્રૅન્ટ્) Consent to fulfil. પાળવાનું વચન આપવું. 2. Concede; permit. આપવું. 3. Bestow formally, and legally. મંજુર કરવું; આપી દેવું. *n.* **Granting.** મંજુરી આપવી તે. 2. Thing granted. બક્ષીસની ચીજ આપી હોય તે.**Grantee,***n.*(-ટી') જે માણસને બક્ષીસ આપી હોય તે માણસ; દાતા. **Grantor,** *n.* બક્ષીસ આપનાર માણસ; પ્રતિગ્રહીતા

Granular, *a.* (ગ્રૅ'ન્યુલર્) Of or like grains. દાણાના જેવું; ગોળ. **Granularity,** *n.*દાણાના જેવું હોવું તે. **Granule,** *n.* Small grain. નાનો દાણો; ગોળી.

Granulate, *vt.* & *vi.* (ગ્રૅ'ન્યુલેટ્) Form into grains. દાણા બનાવવા. 2. Roughen surface of. સપાટી ખડબચણી બનાવવી.**Granulation,** *n.* Act of granulating.કણી કણી થવું તે.2. ખીલ. **Granu- lator,** *n.*

Grape, *n.* (ગ્રેપ્) Green or purple berry of vine. દ્રાક્ષ. **Grape shot,** Small balls as scattering charge for cannon. છરા. **Sour grapes,** Said when person disparages what he vainly desires. ઇચ્છિત વસ્તુ મળે નહિ ત્યારે તેનું ખરાબ બોલવું તે. અશક્તિમાન્ ભવેત્ સાધુ:

Graph, *n.* (ગ્રૅફ્) Symbolic diagram ex-pressing a system of connections. દાખલાનું ચિત્ર.

Graphic, *a.* (ગ્રૅ'ફિક્) Vividly descriptive. સુંદર રીતે વર્ણવેલું; આબેહુબ[L.*grapho,*I write.]

Graphite, *n.* (ગ્રૅ'ફાઇટ્) Plumbago. સીસાપેન થાય છે તે ધાતુ.

Graphology, *n.* (ગ્રૅફૉ'લજી) Study of handwriting as guide to character. હસ્તલેખન ઉપરથી ચારિત્ર્ય જાણવાની વિદ્યા.

Grapnel, *n.* (ગ્રૅ'પ્નલ્) Small many-fluked anchor. નાનું લંગર.

Grapple, *n.* (ગ્રૅ'પલ્) Clutching instrument. પકડવાનું હથિયાર; પકડ. 2. Grip of wrestler. કુસ્તી.*vt.* & *vi.* To seize.પકડવું.**To Grapple with,** Contend with. કુસ્તી કરવી.

Grasp, *vt.* & *vi.* (ગ્રાસ્પ્) Clutch; seize. પકડવું. 2. Understand. સમજવું. *n.* Fast

hold. પકડવું તે. 2. Grip. મુઠી. 3. Mastery; mental hold. સમજવું તે; ગ્રહણ શક્તિ.

Grass, *n.* (ગ્રાસ્) Herbage of which stalks, leaves are eaten by cattle. ઘાસ; ખડ. **Beat, send to grass,** Be out of work. કામ વગરના હોવું. **Go to, send to, grass,** Knock; be knocked. પછાડવું; પછડાઇ જવું. *vt.* Cover with grass ઘાસવતી ઢાંકવું. **Grass-hopper,** ખડમાંકડી. **Grass-widow,** ધણી દેશમાં ન હોય તેવી સ્ત્રી. **Grassy,** *a.*

Grate, *n* (ગ્રે,ટ્) Fire place. ચુલો. (Grating.)

Grate, *vt.* & *vi.* (ગ્રે,ટ્) Rub on rough surface. ઘસવું. 2. Grind teeth. દાંત કચકચાવવા. 3. Creak. અવાજ કરવો.

Grateful, *a.* (ગ્રે',ટ્ફુલ્) Thankful. આભારી; ઉપકારવશ. 2. Pleasant; acceptable. સ્વાદિષ્ટ; સારૂં. [L. *gratus,* agreeable.]

Grater, *n.* (ગ્રે.'ટર) ખમણી.

Gratify, *vt.* (ગ્રૅ'ટિફાઇ) Please; delight. ખુશી કરવું. 2. Remunerate; bribe. બદલો વાળવો; લાંચ આપવી. 3. Satisfy; quench. સંતોષ આપવો; શાંત પાડવું. **Gratification,** *n.* આનંદ. 2. સંતોષ. 3. શાંતિ.

Grating, *n.* (ગ્રે',ટિંગ્) Frame work of parallel or crossed bars. સળીઆની જાળી.

Gratis, *adv.* & *adj.* (ગ્રે,ટિસ્) Free of charge. મફત; ફોકટ; વિના મૂલ્ય. [L. *gratia,* favour.]

Gratitude, *n.* (ગ્રૅ'ટિટ્યુડ્) Thankfulness. આભાર; કૃતજ્ઞતા.

Gratuitous, *a.* (ગ્રટ્યુ'ઇટસ્) Got or done gratis. મફત કરેલું. 2. Uncalled for; motiveless. વગર કારણે; કારણ વગર. **Gratuity,** *n.* Money present to inferior for his services; bounty. નોકરને સારી નોકરીના બદલ અપાતા પૈસા; બદલો.

Gratulatory, *a.* (ગ્રૅ'ટ્યુલે,ટરી) Conveying congratulation. મુબારકબાદીનો; ખુશકાર.

Gravamen, *n.* (ગ્ર,વે'મેન્) Grievance. દુઃખ; દુઃખનું કારણ. 2. Memorial from lower to upper house on grievance. દુઃખ ટાળવાને માટે ઉપરની, અમીર સભાને કરેલી અરજી.

Grave, *n.* (ગ્રે,વ્) Hole dug for corpse. કબર. 2. Death. મૃત્યુ; મરણ. **Grave clothes,** ખાપણ. **Grave-stone,** કબર ઢાંકવાનો પથરો. **Grave-yard,** કબ્રસ્થાન; દાટવાની જગ્યા.

Grave, *vt.* (ગ્રે,વ્) Engrave; carve. કોતરવું. કોતરકામ કરવું. 2. Fix indelibly. સજ્જડ છાપ પડી જવી; પાડવી.

Grave, *vt.* (ગ્રે,વ્) Serious; weighty. અસાધારણ; વજનદાર. 2. Dignified; solemn. ગંભીર. [L. *gravis,* heavy.]

Grave, *vi.* (ગ્રે,વ્) Clean ship's bottom by burning and tarring. વહાણનું તળીઉં સાફ કરવું.

Gravel, *n.* (ગ્રૅ'વલ્) Coarse sand and small stone. રેતી; રેતીનાં કાંકરા. 2. Disease with aggregations of urinary crystals. પથરી. *vt.* રેતી પાથરવી. 2. Puzzle; non-plus. ગુંચવી મારવું.

Gravid, *a* (ગ્રૅ'વિડ્) Pregnant. બેજીવવાળી; સગર્ભા.

Gravity, *n.* (ગ્રૅ'વિટી) Solemnity. ગાંભીર્ય 2. Importance. જરૂરીઆત. 3. Weight. વજન. Specific gravity, સરખા પ્રમાણમાં પાણી સાથે સરખામણી કરીને વસ્તુનું વજન કાઢવું તે. **Gravitate,** *vi.* Move towards હાલવું; ખેંચાવું. 2. To be attracted. ખેંચાવું. **Gravitation,** *n.* ગુરૂત્વાકર્ષણ. **Gravitational,** *a.*

Gravy, *n* (ગ્રે,વી) Juice exuding from meat when being cooked. માંસમાંથી નીકળતો રસ.

Grayling, *n.* (ગ્રે,'લિંગ્) Silver-grey fresh-water fish. મીઠા પાણીમાં થતી રૂપેરી માછલી.

Graze, *vt.* & *vi.* (ગ્રે,ઝ્) Touch lightly in passing. ચાલતાં ઘસડાઇને જવું; અડી જવું.

Graze, *vt.* & *vi.* (ગ્રે,ઝ્) Feed, feed on grass. ચરવું; ચારવું. **Grazier,** *n.* ઢોર ચારનાર; ભરવાડ; ગોવાળ. **Graziery,** *n.* ગોવાળી; ઢોર ચારવું તે.

Grease, *n.* (ગ્રીઝ્) Fat of game. ચરબી. In grease = in pride, prime of grease = મારવાને લાયક. 2. Disease in horse's hoofs. ઘોડાની ખરીમાં થતો રોગ; ખરવા *vt.* To lubricate. ચરબી લગાડવી; તેલ લગાડવું. **Greaser,** *n.* સ્ટીમર ઉપરનો ફાયરમૅન. **Greasy,** *a.* Oily. ચરબીવાળું; તેલવાળું; ચીકણું.

Great, *a.* (ગ્રે,ટ્) Large; big. મોટું. 2. Important; distinguished; preeminent. જરૂરી; મોટો; પ્રખ્યાત. 3. Of great ability; of lofty character. હુશિયારીવાળો; સારી ચાલચલગતવાળો. 4. Fully deserving the name of. નામ લાયક. 5. Zealous. ખંતીલો. 6. One, two degrees more remote. દૂરનો. **Great assize,** The day of judgment. પ્રલયનો, કયામતનો દિવસ. **Great charter,** Magna charta. અંગ્રેજ લોકોને જોન રાજાના વખતમાં મળેલા હક. **Great coat,** લાંબા કોટ. **Great nephew,** niece. પોતાના ભાઇના ભત્રીજા; ભત્રીજી; વ.

Greaves, *n.* (ગ્રીવ્ઝ્) Armour for shin. પગ ઉપરનો બખ્તરનો ભાગ.

Greaves, *n.* (ગ્રીવ્ઝ) Tallow refuse, used as food or fish-bait. ચરબી.
Grecian, *a.* (ગ્રિ'શન્) Greek. ગ્રીક લોકોનું; ગ્રીસ દેશનું. *n.* **Greek scholar,** ગ્રીક ભાષાનો સાક્ષર.
Greed, *n.* (ગ્રીડ્) Insatiate desire for food or wealth. લોભ; તૃષ્ણા **Greedy,** *a.* લોભી.
Greek, *n* (ગ્રીક્) Native of Greece. ગ્રીસનો રહેવાશી. 2. Greek language. ગ્રીક ભાષા. *a.* ગ્રીસનું; ગ્રીક લોકોનું.
Green, *n. a. vt.* (ગ્રીન્) Of colour between blue and yellow. લીલા રંગનું; લીલું. 2. Pale; sickly-hued ફિક્કું; માંદું. 3. Unripe; young. કાચું; લીલું 4. Inexperienced. બીન અનુભવી. 5. Not dried. લીલું; સુકવેલું નહિ. *n.* લીલો રંગ. 2. Vigour; youth. જુવાની; કૌવત. 3. Public piece of grassy land, ઘાસ ઉગેલો જમીનનો ટુકડો. 4. Vegetables. શાકભાજી. *vi.* & *vt.* લીલું કરવું; લીલું બનાવવું. **Green-finch; green linnet.** એક જાતનું પક્ષી. **Green gage,** લીલા રંગનું કેળું. **Green grocery.** લીલા મેવા વેચવો તે. **Green horn;** simpleton. મૂર્ખો. **Green house.** છોડ ઉછેરવાનું કાચનું મકાન. **Green-sickness.** એક જાતની ઘાસણીનો રોગ. **Green sward.** જમીનનો ટુકડો. **Greenery,** Vegetation. ઝાડ લીલોતરી પાન. **Greenish, Greeny** *a.*
Greening, *n.* (ગ્રી'નિંગ્) Kind of apple green when ripe. એક જાતનું ફળ.
Greet, *vt.* (ગ્રીટ્) Accost with salutation; salute; receive. આવકાર આપવો; મળવું **Greeting,** *n.* આવકાર; સલામ; નમસ્કાર.
Greet, *vi.* Weep. રોવું.
Gregarious, *a.* (ગ્રીગે'રિઅસ્) Fond of company; living in flocks. ટોળાબંધ રહેનારૂં; એકઠું નહિ રહેનારૂં.
Gregory powder, *n.* (ગ્રે'ગરી પા'ઉડર્) Compound powder of rhubarb; an aperient. એક જાતની રેચક દવા.
Grenade, *n.* (ગ્રીને,'ડ્) Explosive shell; shot from rifle barrel. છરા. **Grenadier,** *n.* Soldier armed with gun. બંદુકવાળો સૈનિક. **Grenadiers,** (ગ્રીનડી,'ઝ) First regiment of house- hold infantry. પાયદળની ટુકડી.
Grinadine, *a.* (ગ્રી'નડાઇન્) Dish or larded glazed fillets of veal. માંસમાંથી બનતી ખાવાની ચીજ. 2. Dress fabric of silk. રેશમનું કાપડ. 3. Syrup of pomegranates. દાડમનો સુરબો.

Grey, Gray, *a.* (ગ્રે) Coloured like ashes or lead. ભુરા, ભુખરા, રંગનું. 2. Turning white. ધોળા (વાળ). 3. Aged; experienced; mature. ઘરડો; અનુભવી. *n.* **Grey colour** ભુરો રંગ. **The Greys,** 2nd Dragoons. લશ્કરની એક ટુકડી. *vt.* & *vi* **To make or become grey,** ભુરૂં થવું; ભુરૂં કરવું. **Grey beard,** Old man. ઘરડો માણસ.
Grey hound, *n.* (ગ્રે'હાઉન્ડ્) Slender swift dog used in coursing. શિકારી કુતરો.
Gride *vi.* (ગ્રાઇડ્) Cut; scrape; with grating sound. કાપવું. *n.* **Grating,** Sound. કર્કશ અવાજ.
Gridiron, *n.* (ગ્રિ'ડિરન્) Metal boiling, cooking, utensil. કડાઈ; તળો; લોઢી. 2. Framefor supporting ship in dock. ગોદીમાં વહાણ રાખવાનો કઠેડો. 3. Structure supporting mechanism for drop-scenes. પડદાઓને માટે ગોઠવેલો માંચડો.
Grief, *n.* (ગ્રીફ્) Deep sorrow. દુઃખ. **Come to grief,** દુખી થવું. **Grievance,** *n.* Real or supposed ground of sorrow. દુઃખનું કારણ. **Grieve,** *vt.* & *vi.* **Feel grief,** દુઃખી થવું; દિલગીર થવું. **Grievous,** *a.* Painful. દુઃખિત; દુઃખદ. Oppressive. અસહ્ય.
Griffin, *n.* (ગ્રિ'ફિન્) Newly arrived European. તાજો આવેલો યુરોપવાસી.
Griffin, Griffon, Griphon, *n.* (ગ્રિ'ફીન, (ગ્રિ'ફન) Fabulous creature with eagle's head and wings and lion's body. ગરૂડની જેવી પાંખો અને સિંહના જેવા શરીરવાળું પ્રાણી.
Grig, *n.* (ગ્રિગ્) Small eel. નાની માછલી.
Grill, *n.* (ગ્રિલ્) Gridiron. કડાઈ. 2. Latticed screen in doors. જાળીવાળો પડદો.
Grilse, *n.* ગ્રિલ્સ્)Young salmon. એક જાતની માછલી.
Grim, *a.* (ગ્રિમ્) Stern. કઠોર. 2. Merciless. ક્રૂર. 3. Of harsh aspect. ક્રૂર દેખાવનો. 4. Ghastly; joyless. ગમગીન.
Grimace, *n.* (ગ્રિ'મેસ્) Wry face made in disgust or in jest. મોઢું બગાડવું તે; ચાળા કરવા તે; ચાળા. *vi.* Make faces. મોઢું બગાડવું તે; ચાળા કરવા.
Grimalkin, *n.* (ગ્રિમૅ'લકિન્) Old she-cat. બિલાડી. 2. Spiteful hag. ઈર્ષ્યાખોર ડોસી.
Grime, *n.* (ગ્રાઈમ્) Soot; dirt. મસ; ધૂડ; કચરો. **Grimy,** *a.*
Grin, *vi.* (ગ્રિન્) Show teeth in pain, or

smile. દાંત દેખાડવા; દાંતીઆં કરવાં. *n.* Showing teeth. દાંત દેખાડવા તે; દાંતીઆં કરવાં તે.

Grind, *vt.* & *vi.* (ગ્રાઇન્ડ્) Crush to small particles between millstones or teeth.દળવું; ચાવીને ઝીણું કરવું. 2. Oppress; harass. દુઃખી કરવું. 3. Smooth; sharpen. ઘસવું; લીસું કરવું; સજવું. *n.* **Grinding,** Hard dull work. દળવું તે; ઘણું સખત કામ. **Grindstone,** *n.* સલી; સજવાનો પાણો; નીસરણો; દળવાની ઘંટીના પાણા. **Grinder,** *n.*ચાવવાનો દાંત.2.દળવાવાળો.

Grip, *n.* (ગ્રિપ્) Hold; grasp. મજબુત પકડી રાખવું તે;પકડ.2.Mastery; power.સત્તા;હુશિયારી. *vi.* & *vt.* **Grasp tightly,** મજબુત પકડવું.

Gripe, *vt.* & *vi.* (ગ્રાઇપ્) Clutch; grip. પકડવું. *n.* **Grip,** Hold. પકડવું તે; પકડ.

Grippe, *n.* (ગ્રિપ્) Influenza. ઝેરી તાવ.

Grisaille, *n.* (ગ્રિઝે,'લ્) Stained–glass window in grey monochrone. એક જાતની રંગેલા કાચવાળી બારી.

Grisette, *n.* (ગ્રિઝે'ત્) French working–class girl. ગરીબ માણસ અથવા મજુરની છોકરી.

Grisly, *a.* (ગ્રિ'ઝલી) Causing terror. ભયકારક; ભયંકર.

Grist, *n.* (ગ્રિસ્ટ્) Corn to grind. દળવાનો દાણો.

Gristle, *n.* (ગ્રિ'સલ્) Tough flexible tissue; cartilage. જાડું મજબુત કાપડ. **Gristly,** *a.*

Grit, *n.* (ગ્રિટ્) Particles of sand. રેતીના દાણા. 2. Pluck; endurance. હિમત સહનશક્તિ. *vt.* *vi.* Make grating sound. કર્કશ અવાજ કરવો 2. Grind teeth. દાંત કચકચાવવા. **Gritty,** *a.*

Grits, *n.* (ગ્રિટસ્) Oats. ઓટના દાણા; એક જાતનું અનાજ.

Grizzly, *a.* (ગ્રિ'ઝલી) Grey; grey–haired. ભુરૂં. *n.* **Grey bear,** ભુરૂં રીંછ. **Grizzed,** grizzly.

Groan, *vt.* & *vi.* (ગ્રો,ન્) Make deep sounds as of pain. દુઃખનો અવાજ કરવો;ઉંકારી ક૦.2. Be distressed. દુઃખી થવું. *n.* દુઃખનો અવાજ.

Groat, *n.* (ગ્રો,ટ્) Silver four penny piece. રૂપાનો ચાર પેન્સનો સિક્કો.

Groats, *n.* (ગ્રો,ટસ્) Hulled and crushed grains. સાફ કરેલા દાણા.

Grocer, *n.* (ગ્રો'સર્) Dealer in spices and domestic stores. ગાંધી;મોદી; ગંધીઆણું વેચનાર. **Grocery,** ગંધીઆણાનો વેપાર.

Grog, *n.* (ગ્રૉગ્) Drink of spirit and water. દારૂ અને પાણી મેળવી પીવું તે. **Groggy,** *a.* Drunk; bibulous. પીધેલો; નિસાબાજ.

Grogram, *n.* (ગ્રૉ'ગ્રમ્) Coarse fabric of silk, mohair. જાડું રેશમી કાપડ.

Groin, *n.* (ગ્રૉઇન્) Depression between belly and thigh. સાથળના ખાંચા; સાથળના ખુણાનો ભાગ.

Groom, (ગ્રૂમ્) Royal household officer. બાદશાહી નોકર; ખાનગી ખાતાનો અમલદાર. 2. Servant who tends horses. ઘોડા રાખવાવાળો; ડાણીઓ. 3. **Bridegroom,** વરરાજા. *vt.* & *vi.*Curry; tend a horse.ઘોડાને ખરેરો કરવો, રાખવો. **Well-groomed,** વાળ ઓળીને ફાંકડો થએલો. **Groomsman,** Best man. અણવર.

Groove, *n.* (ગ્રૂવ્) Channel; hollow. પોલાણ; ખાડો;ખાંચ. *vt.* Make groove in. ખાડો પાડવો. *vt.* **Make groove in,** ખાડો, ખાંચો પાડવો. **Groovy,** *a.*

Grope, *v.* (ગ્રો,પ્) Feel about as in dark. અંધારામાં ફાંફાં મારવાં; ગોતી કાઢવું.

Gross, *a.* (ગ્રોસ્) Luxuriant; rank. ઘણું; બહુ વધેલું. 2. Total. કુલ. 3. Thick; solid. જાડું; કઠણ; મજબુત. 4.Coarse; unrefined; indecent. ખરાબ. *n.* **Gross,** (plural) twelve dozens. બાર ડઝન; ૧૪૪.

Grotesque, *n.* (ગ્રોટે'સ્ક્) Decorative painting or sculpture. સુંદર; સુશોભિત ચિત્ર અથવા કોતરકામ. 2. Comically distorted figure. વિચિત્ર નમુનો. *a.* Distorted. બેડોળ; વિચિત્ર.

Grotto, *n.* (ગ્રૉ'ટો) Cave; artificial or picturesque. કૃત્રિમ ભોંયરૂં; સુંદર ભોંયરૂં. **Grotted,** *a.* (also **Grot.**)

Ground, *n.* (ગ્રા'ઉન્ડ્) Surface of earth. જમીન. 2. Foundation; motive. કારણ; હેતુ; નેમ. 3, Enclosed piece of land. ખેતર; વાડો. **Gain ground**=Advance. આગળ વધવું. **Lose ground**=પાછળ હઠવું. **Forbidden ground,** Tabooed subject. જેમાં નજર ન પહોંચતી હોય, નહિં કરાય તેવી વાત. *vt.* & *vi.* Base. આધાર રાખવો; ઉભાં કરવાં. 2. Instruct thoroughly.બરાબર શીખવવું.**Ground floor**=ભોંયતળીઉં. **Ground game,** Hares;rabbits. સસલાં.**Groundnut**=માંડવી;શીંગ.**Ground swell**=દરિઆમાં તોફાન. **Grounding,** પ્રાથમિક શિક્ષણ. **Ground work**=પાયો. 2. મુખ્ય ચીજ. **Groundless**=કારણ વગરનું; હેતુ વગરનું. **Ground,** Past part. of *Grind.*

Groundling, *n.* (ગ્રા'ઉન્ડ્લિંગ્) Kinds of ground fish. એક જાતની માછલી. 2. Spectator, reader; of inferior taste. સાધારણ શક્તિવાળો વાંચનાર, જોનાર.

Groundsel, *n.* (ગ્રા'ઉન્ડ્સેલ્) Kinds of weed. એક જાતનો છોડ.

Group, *n.* (ગ્રૂપ્) Number of persons near together. ટોળું. Two or more figures form-

ing one design. એકજ ચિત્રના જુદા ભાગ. *vt.* & *vi.* Form into; fall into group. ટોળાંમાં ગોઠવવું; ટોળું થઇ જવું. 2. Classify. વર્ગ પાડવા.

Grouse, *n.* (ગ્રાઉઝ્) Any gallinaceous bird with feathered feet. પીછાંવાળું પાળેલું પક્ષી.

Grouse, *vi.* & *n.* Grumble. ગણગણાટ કરવો.

Grout, *vi.* (ગ્રાઉટ્) Turn up earth. જમીન ખોદી કાઢવી.

Grove, *n.* (ગ્રોવ્) Small wood; group of trees. વાડી; વાંડીઉ; ઘટા; ઝાડની ઘટા.

Grovel, *vi.* (ગ્રૉ'વલ્) Lie prone. ઉંધા પડવું. 2. Abase onefelf. હલકા પડવું.**Grovelling,***a.* હલકું; નીચ. **Groveller,** *n.*

Grow, *vt.* & *vi.* (ગ્રો) Exist as plant. ઉગવું. 2. Develop. વધવું. 2. Increase in size,height. મોટું થવું. 3. Become gradually. ધીમે ધીમે થવું. 4. Advance in age. ઉમરે મોટા થવું. 5. Be covered with. માથે ઉગી જવું. **Grower,** ઝાડ, છોડ ઉગાડનાર; વાવનાર.

Growl, *n.*(ગ્રાઉલ્.)Sound of anger, murmur; complaint. ઘુરકવાનો અવાજ; ગણગણાટ. *vt.* & *vi.* To make a growl. ઘુરકવું. **Growler**= Four-wheeled cab. ચાર પૈડાંવાળી ગાડી.

Growth, *n.* (ગ્રોથ્) Increase. વધારો; વિસ્તાર; ફેલાવો. 2. Growing. ઉગવું તે; ફાલવું તે. 3. What has grown or is growing. ઉપજ; પેદાશ.

Groyne, *n.* (ગ્રૉઇન્) Structure erected to stop the shafting of sea-beach. પુસ્તો.

Grub, *vt.* & *vi.* (ગ્રબ્) Dig superficially. ખોદવું; ખાડો કરવો. 2. Clear away. સાફ કરવું. કાઢી નાંખવું. *n.* Dull drudge; sloven. ગંદો માણસ;અથવા ફુવડ.2. Food.ખોરાક **Grubby** *a.*

Grub-street, *n.* (ગ્ર'બ્-સ્ટ્રીટ્) (figurative) Needy and hack authors. ગરીબ સાધારણ, બાકુદી, લેખકો.

Grudge, *vt.* (ગ્રજ્) Be unwilling to give to give or allow. દેવામાં નારાજ થવું. 2. Be jealous of. ની ઈર્ષા કરવી. *n.* Resentment. ગુસ્સો. 2. Ill-will. ઈર્ષા; દ્વેષ.**Grudgeable,** *a.*

Gruel, *n.* (ગ્રૂ'ઇલ્) Liquid food of oat meal boiled in water. કાંજી; રાબડી. **Gruelling,** *n.* સાફ કરેલા દાણા. Groats. **Give one his gruel**=કતલ કરવી.

Gruesome, *a.* (ગ્રૂ'સમ્) Grisly; disgusting. ભયંકર; દુઃખાટ ઉપજાવનારૂં.

Gruff, *a.* (ગ્રફ્) Surly; rough-mannered, ખરાબ સ્વભાવનો; કઠોર.

Grumble, *n.* (ગ્ર'મ્બલ્) Faint growl; murmur. બડબડાટ કરવો; ગણગણાટ. *vi.* & *vt.* To utter grumble, To complain. બડબડાટ બડબડાટ કરવો; ગણગણવું.

Grumbler, *n.* બડબડાટ કરનાર. [મુંઝી.

Grumpy,*a.*(ગ્ર'મ્પી)Ill-tempered;surly. ઉદ્ધત;

Grunt, (ગ્રન્ટ્) Low gruff sound of hog. ડુક્કરનો અવાજ. *vi.* To utter grunt. ડુક્કરના જેવો અવાજ કરવો. **Grunter** *n,* Pig. ડુક્કર; ઘુરકો કરનાર.

Guarantee, *n.*(ગૅરન્ટી') Giver or recipient of security.જામીન;જામીનગીરી લેનાર.2.Security. જામીનગીરી. *vt.* Answer for fulfilment of. જામીન પડવું. **Guarantor,** *n.* જામીન. **Guaranty,** (ગૅ'રન્ટી) જામીનગીરી.

Heraldry, *n.* (હે'રલ્ડ્રી) The office of herald. રાજદૂતનો હોદ્દો-પદ. 2. The art of knowing and recognising heraldric signs and arms of English nobility. ઈંગ્લંડના અમીરોની વંશાવળી રાખવી અને તેઓના આયુધ ચિન્હોના અર્થ સમજવાની વિદ્યા.

Herb, *n.* (હર્બ્) A plant. વનસ્પતિ; ઝાડવું; ઔષધિ. 2. Grass. ઘાસ.

Herbaceous, *a.* (હર્બે'શસ્) About herbs. વનસ્પતિ-ઝાડવાનું-સંબંધી-વિષે.

Herbage, *n.* (હ'ર્બિજ્) Herbs in general. ભાજીપાલો; ઝાડવા; વનસ્પતિ.

Herbal, *a.* (હ'ર્બલ્) About herbs. વનસ્પતિ વિષે; ઝાડવાઓનું. *n.* A book descriptive of herbs. વનસ્પતિ વિષયક ગ્રંથ.

Herbalist, *n.* (હ'ર્બલિસ્ટ્) A botanist; ઔષધિ-વનસ્પતિવેત્તા.

Herbarium, *n.* (હર્બે'રીઅમ) A museum of herbs. વનસ્પતિ સંગ્રહ. 2. A case for herbs. વનસ્પતિઓ જાળવી રાખવાનો કેસ-ખોખું.

Herbid, *a.* (હ'ર્બિડ્) Covered with herbs. ભાજીપાલા-વનસ્પતિથી ભરેલું-ઢંકાએલું.

Herbivorus, *a.* (હર્બિ'વરસ્) Herb-eating. કંદમૂળ ખાનારો; ઔષધિ ઉપર જીવનારૂં.

Herculean, *a.* (હર્ક્યૂ'લીઅન્) Extraordinarily difficult or strong. મહા કઠણ; અગાધ બળ-સામર્થ્યવાળું.

Herd, *n.* (હર્ડ્) A collection of animals. પશુઓનું ટોળું-જુથ-ઝુંડ. *vt.* To collect in

herds. ટોળાબંધ રહેવું. 2. To tend cattle &c. ભરવાડનું કામ ક૦.

Herdsman, *n.* (હ'ર્ડ્ઝ્મન્) A shepherd. ગોરાખી; ભરવાડ; ગોવાળ.

Here, *adv.* (હીર્) In this place. અહીંઆં; આ જગ્યાએ. 2. In this world. આ લોકમાં-દુનિયામાં. 3. At this point of time. હમણાં; આજ વખતે.

Here-abouts, *adv.* (હી'ર-ઍબા'ઉટ્સ્) About this place. આટલામાં.

Here-after, *adv.* (હીર-આ'ફ્ટર્) After this time. હવે પછી; અતઃપર; પરલોકમાં.

Hereat, *adv.* (હીરૅ'ટ) At this or upon this. આ ઉપરથી; એને લીધે.

Hereby *adv* (હીરબા'ય્) Through or by this. આ ઉપરથી; આને લીધે.

Hereditament *n.* (હેરિડિ'ટમન્ટ્) Inheritance or inheritable property. વારસો;વારસામાં લઈ-આપી શકાય એવી મિલ્કત.

Hereditary, *a* (હિરે'ડિટરી) Descending from father to son. બાપદાદાનું; વડીલોપાર્જિત; વારસામાં મળી આવેલું; વડિલ પરંપરાગત. [L. *heres*, an heir.]

Hereof *adv.* (હીરઑ'વ્) Of or about this. આનું; આને લગતું.

Hereon, *adv.* (હીરઑ'ન્) On this. એ ઉપરથી; એનાપરથી.

Heresiarch, *n.* (હેરી'સિઆર્ક) Leader of heretics. પાખંડ મતનો પ્રમુખ-મુખ્ય. [Gr. *heresy*, & *archos*, a chief.]

Heresy, *n.* (હે'રિસી) An offence against Christianity. ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધ થવાનો ગુન્હો. 2. Holding of an opinion opposite to the established one. પાખંડ મત.

Heretic, *n.* (હે'રિટિક) A non-believer. પાખંડમતવાદી.

Heretical, *a.* (હીરે'ટિકલ્) Relating to heresy. પાખંડ મતનું-સંબંધિ.

Here-to-fore, *adv.* (હીર-ટૂ-ફો,'ર્) To this day; hitherto. પેહલાં; આજદિનસુધી

Here-unto, *adv.* (હીર-અ'ન્ટૂ) Hitherto. આ વખત સુધી; આજસુધી.

Herewith, *adv.* (હીરવિ'થ) With this. આ સાથે.

Heritable, *a.* (હે'રિટબલ્) Capable of being inherited. વારસામાં મળી શકે એવું.

Heritage, *n.* (હે'રિટિજ્) Inheritance. વારસો; વારસામાં મળેલી વસ્તુઓ.

Hermaphrodite, *n.* (હર્મૅ'ફ્રડાઈટ્) A neuter. હીજડો; નપુંસક માણસ.

Hermetic, hermetical, *a.* (હર્મે'ટિકલ્) Pertaining to alchemy. સોનું બનાવવાની વિદ્યા સંબંધી; ત્રિભુત શાસ્ત્ર સંબંધી.

Hermit, *n.* (હ'ર્મિટ્) A recluse; a sanyasi. વાન પ્રસ્થાશ્રમી; સંન્યાસી; એકાંતવાસી.

Hermitage, *n.* (હ'ર્મિટિજ્) The abode of a recluse. આશ્રમ; પર્ણકુટી.

Hernia, *n.* (હ'ર્નિયા) The disease of a rupture. અંતર્ગત અંડવૃદ્ધિ; હર્નીયા.

Hero, *n.* (હી'રો.) A person prominent for valour, intrepidity or enterprise. વીરપુરૂષ; પ્હેલવાન; જવાં મર્દ. 2. The chief personage in a novel, play, drama &c. નાયક; મુખ્ય પાત્ર.

Heroical, *a.* (હિરો'ઇકલ) Befitting a hero. વીર પુરૂષોનું-ને છાજે એવું. 2. Valorous; courageous. હિમ્મતવાન; બહાદુર. **Heroic poetry** = વીરરસપ્રધાન કાવ્ય.

Heroically, *adv.* (હિરૉ'ઇકલી) Courageously. બહાદુરીથી; પરાક્રમ-પુરૂષાર્થથી

Heroine, *n.* (હીરો'ઇન્) A female hero. નાયિકા; પરાક્રમી સ્ત્રી; વીરાંગના.

Heroism, *n.* (હે'રોઇઝ્મ્) Courage; valour. વીરતા; પરાક્રમ; બહાદુરી.

Heron, *n.* (હે'રન્) A wading bird. બગલું.

Herpes, *n.* (હ'ર્પીઝ) A skin-disease. દરાજ; ખરજવું; ખસ; ખુજલી.

Herring, *n.* (હે'રિન્ગ) A kind of fish. એક જાતની માછલી.

Herself, *pron.* (હરસે'લ્ફ઼) She in person. તેણી પોતે.

Hesitancy, *n.* (હે'ઝિટન્સી) Irresolution; wavering. અનિશ્ચય; અદઢતા; અચકાવું તે.

Hesitate, *v.* (હે'ઝિટે,ટ) To waver; to pause respecting decisions; to be irresolute or undecided. અચકાવું; આંચકો ખાવો; ખમચાવું; આનાકાની કરવી.

Hesitation, *n.* (હેઝિટે,'શન્) Wavering; irresolution; indecision. આંચકો; આનાકાની; અચકાવું તે.

Hesperian, *a.* (હેસ્પી'રીયન્) Western. પશ્ચિમનું. *n.* A westerner. પશ્ચિમ તરફના મુલકનો રહેવાસિ. [L. *hesperus*, the evening star.]

Heterodox, *a.* (હે'ટરડૉક્સ્) Heretical; not orthodox. શાસ્ત્રવિરુદ્ધ; પાખંડી. [Gr. *hateros*, another & *doxa*, a notion.]

Heterodoxy, *n.* (હે'ટરડૉક્સી) Heresy. પાખંડ; શાસ્ત્રવિરુદ્ધ મત ધરાવવું તે.

Heterogeneous, *a.* (હેટરોજી'નીઅસ્) Of different kinds or sorts. વિગુણ; વિજાતીય; જુદી જુદી જાતનું. [Gr. *heteros*, different & *genos*, race.]

Hew, *vt.* (હ્યુ) To cut with an axe. કુહાડીથી કાપવું-વાઢવું. 2. To form or shape. (હથીયારથી કોતરીને) ઘાટ ઘડવો.

Hewer, *n.* (હ્યુ'અર્) A wood-cutter. (લાકડાં) કાપનાર.

Hexagon, *n.* (હે'ક્સગૅાન્) A six angled regular figure. ષટ્કોણાકૃતિ. [Gr. *hex*, six & *gonia*, an angle.]

Hexahedron, *n.* (હેક્સહે'ડ્રન્) A six faced solid body. છ બાજુ-પાસાંવાળી આકૃતિ.

Hexameter, *n.* (હેક્સૅ'મિટર્) A six feet verse. છ ચરણવાળો છંદ. [Gr. *hex*, six & *metron*, a measure.]

Hexangular, *a.* (હેક્સૅ'ન્ગ્યુલર્) Six-angled. છ ખુણાવાળું-વાળી.

Hey, *interj.*(હે.) An exclamation of surprise, joy &c. આશ્ચર્ય-અચંબાનો ઉદ્ગાર. *a.* High. ઉંચું; ઉચ્ચ.

Hiatus, *n.* (હાયે,'ટસ્) A hole. બાકું; કાણું. 2. A meeting of vowel-sounds.દ્વીસ્વરમિલન. [L. *hio*, I open.]

Hibernal,*a.* (હાયુબ'ર્નલ્)Relating to winter. શિયાળા વિષે-નું.

Hibernate, *vi.* (હા'યબરને,ટ્) To winter or pass the winter in seclusion or sleep as certain animals do. શિયાળો ગાળવો.

Hiccough,-hiccup, *n.* (હિ'કપ્)A violent kind of cough. ડાંગીયો; હેડકી; વાધણી. *vi.* To have violent cough. ડાંગીયો-વાઘણી થવી.

Hickory, *n.* (હિ'કરી) An American tree of walunt family.એક જાતનું ઈમારતી લાકડાનું ઝાડ.

Hidden, *p. p.* (હિ'ડન્) Concealed. ગુપ્ત; છાનું; સંતાડેલું.

Hide, *vt.* (હાઇડ્) To secrete or conceal. છાનું રાખવું-સંતાડવું.2. To give refuge.આશ્રય આપવો. **To h. oneself**=પોતાની જાતને સહિસલામત રાખવી. **To h. the face**= મ્હોં છુપાવવું-સંતાડવું.*vi.*To remain concealed. છુપાઇ-સંતાઇ રેહવું. *n.* The skin of animals. પશુઓની ચામડી-ચામડું. **Hide & seek**= ડાહીનો ઘોડો. **Hide-bound**=શરીરને ચોંટી રહે એવા ચામડીવાળું; પદ્ધતિબદ્ધ; સજ્જડ.

Hideous, *a.* (હિ'ડીઅસ્) Shocking to the eye or ear; horrible.ભયાનક;વિકાળ;બિહામણું; આંખ-કાનને બિહક લાગે એવું. 2. Detestable. ધિક્કારવાલાયક. [L. *hispidus*, rough.]

Hie, *vi.* (હાય્) To hasten.ઉતાવળ-ઝડપથી જવું-ચાલવું. [A. S. *hiegan*.]

Hierarchy, *n.* (હા'યરાર્કી) Spiritual authority. ધર્માધિકાર; ચઢતો પદ્દીક્રમ. 2. Body of priests. ધર્માધિકારીઓ. 3. A form of church government ખ્રિસ્તી દેવળનો અધિકાર. [L. *hieros*, sacred & *arche*, rule.]

Hieroglyphic, *n.* (હાયરૉગ્લિ'ફિક્) Language of pictures. ચિત્રપદ્ધતી ભાષા-લિપિ.

Hierophant, *n.* (હા'યરૉફૅન્ટ્) Religious preceptor. ધર્મગુરુ.

Higgle, *vi.* (હિગ'લ્) To hawk food-stuffs. ફેરી કરીને ખોરાક વેચવો; રકઝક કરવી.

Higgler, *n.* (હિ'ગ્લર્) Haggler. ભાવતાલ નક્કી કરનાર; ભાંજગડીયો.

High, *a.* (હાય્) Tall; lofty. ઉંચું; ઉન્નત. 2. Famous. વિખ્યાત; પ્રખ્યાત; નામાંકિત 3. Of noble birth. ઉંચા કુળનું. 4. Difficult. અઘરૂં. 5. Precious. કિમતી; મોંઘું. 6. Acute. તીક્ષ્ણ. **High and dry**=પાણીની બહાર **High life**=શ્રીમંતોની જીંદગી. **High tide**=મોટી ભરતી. **With a high hand**=બળજબરીથી; જોરજુલમથી; અહંકારી-ગર્વિષ્ઠ રીતે.

High-born, *a.* (હા'ય-બૉર્ન્) Of noble family. સારા કુળનું; ઉચ્ચ કુળનું.

High-flier, *a* (હા'ય-ફ્લાયર્) An imaginative man. અમર્યાદ વિચાર કરનાર

High-flown, *a.* (હા'ય-ફ્લો,ન્) Elevated. ઉચ્ચ; મોટું. 2. Undue. અમર્યાદ.

High-handed,*a.*(હા'ય-હૅન્ડિડ્)Oppressive. જુલમી; બળજબરીનું; જુલમનું.

High-land, *n* (હા'ય-લૅન્ડ્) Raised plain. ઉચ્ચ પ્રદેશ.

Highly, *adv.* (હા'યુલી) In a high manner. ઉચ્ચ રીતે; બહુજ; ઘણું.

High-minded,*a.*(હા'ય્-માઇન્ડિડ્)Arrogant. અહંકારી; અભિમાની; ગર્વિષ્ઠ. 2. Noble. મોટા મનવાળું; ઉદાર મનનું; ઉચ્ચ; ઉન્નત.

Highness, *n.* (હા'યનિસ્) Height. ઉંચાઈ; ઉન્નતપણું. 2. Title of honour for kings. રાજા મહારાજાઓના નામ આગળ લગાડવામાં આવતો ઇલકાબ.

High-priest, *n.* (હા'ય્-પ્રીસ્ટ્) The chief clergyman. મુખ્ય ધર્માધિકારી.

High-souled,*a.*(હા'ય્-સો,લ્ડ્)Noble-minded. ઉદાર મનનું; મહાત્મા જેવું.

High sounding, *a.* (હા'ય્-સાઉન્ડિન્ગ્) Bombastic;ostentatious.દબદબાનું;કેવળ શબ્દઓરવવાળું.

High-spirited,*a.*(હાય-સ્પિ'રિટિડ્)Valorous. બહાદુર; બેધડક; છાતીવાળું. 2. Mettlesome. પાણીદાર (ઘોડો.)

High-water, *n.* (હા'ય્-વૉટર્) Tide time. ભરતીનો વખત.

High-way, *n.* (હા'યવે) The main-road. સરીયામ-મુખ્ય રસ્તો; રાજમાર્ગ; બાદશાહી રસ્તો. **H. of commerce**=વેપારનો માર્ગ.

Highwayman, *n.* (હા'યૃવેમન્) A robber on the road. ધાડપાડુ; રસ્તે લુંટનાર; લુંટારો.

High-wrought, *a.* (હા'યૃ-રૉટ્) Skilfully worked. કૌશલ્યથી બનાવેલું; કારિગરીવાળું. **H. & dry,** પાણીની બહાર રહેલું; કેવલ તાત્વિક; શુષ્ક. **H. & low,** બધી જાતના લોકો; સર્વ સ્થળે ઉંચે અને નીચે. **H. brow,** તટસ્થ; સ્વતંત્ર વિચારતું. **H. church,** પાદરી, કર્મકાંડ વગેરેને બહુ માન આપતો પંથ. **H. colour.** રાતોમાતો, ચોળ વર્ણ. **H. feeding.** સ્વાદિષ્ટ, ઉંચી જાતનું ખાણુંપીણું. **H. flier.** ઉંચી અભિલાષાવાળો અથવા વિખ્યાત માણસ. **H. handed.** સત્તાના જોરવાળો; અતિ દમામદાર. **H. jump.** અંગદ કુદકો; ઉંચે ઠેકવાનું. **H. lands.** પહાડી મુલક; સ્કૉટલાંડનો ઉત્તર પ્રદેશ. **H. road.** ચાહ, મુખ્ય રસ્તો. **H. spirits,** હિંમતવાળો, ખુરનુમા સ્વભાવ, વૃત્તિ. **H. strung.** અતિશય લાગણીવાળું. **H. time,** બરાબર વખત, તેથી પણ મોડું. **H. words.** ગુસ્સાના શબ્દો.

Hilarity, *n.* (હિલૅ'રિટી) Undue and noisy merriment. ખુશાલી; ગમત; મોજમજા.

Hilding, *n.* (હિ'લ્ડિન્ગ્) A menial. ચાકર; નોકર; નીચ-હલકો માણસ. *a.* Base. નીચ-હલકું.

Hill, *n.* (હિલ) An earthy eminence. ટેકરો; ડુંગર.

Hillock, *n.* (હિ'લક્) A small hill. નાનો ટેકરો.

Hilly, *a.* (હિ'લી) Covered with hills. ટેકરા-ડુંગરવાળું.

Hilt, *n.* (હિલ્ટ્) Handle of a sword. તલવારની મુંઠ.

Him, *pro.* (હિમ) The person spoken of. એને; તેને.

Himself, *pro.* (હિમ્સે'લ્ફ્) He in person. તે પોતે-એ

Hind, *a.* (હાઇન્ડ) Back. પાછળનું; પાછલું. *n.* Female deer. હરણી.

Hinder, *a.* (હા'ઇન્ડર) Back. પાછલું. *vt.* (હિ'ન્ડર્) To prevent or keep back. રોકવું; અટકાવવું; પ્રતિબંધ કરવો.

Hinderance-hindrance, *n.* (હિ'ન્ડરન્સ્-હિ'ન્ડ્રન્સ્) Prevention or keeping back from. રોકાણ; અટકાવ; પ્રતિબંધ.

Hindoo, *n.* (હિન્ડૂ') A caste in India. હિન્દુ જાત. *a.* હિંદુ જાતનો.

Hinduism, *n.* (હિન્ડૂ'ઇઝ્મ્) Hindu religion. હિંદુધર્મ; આર્યધર્મ;

Hinge, *vt.* (હિન્જ્) To attach hooks to. મજાગરા જડવા. *n.* A curved hooklike contrivance on which doors &c. turn. કડી મિજાગરું; મજાગરું. **To be off the hinges**=બેઠેકાણામાં હોવું.

Hint, *n.* (હિન્ટ્) A slight suggestion. ઇસારો; અણુસારો; સૂચના. *vt.* To suggest indirectly. ઇસારો કરવો; સૂચના આપવી. *vi.* To allude indirectly. કશાને ઉદ્દેશીને કહેવું.

Hinterland, *n.* (હિ'ન્ટરલૅન્ડ) District behind banks. કિનારા પાછળનો પ્રદેશ.

Hip, *n.* (હિપ) The waist-circle. કેડ-કમ્મરનું હાડકું-હાડું; નિતમ્બ. **To smite hip & thigh**= તદન હરવવું-હરાવી દેવું.

Hippocampus, *n.* (હિપોકૅ'મ્પસ્) નહાની માછલી; જળઘોડો.

Hippocas, *n.* (હિ'પોકસ) મસાલેદાર દારૂ.

Hippocreme, *n.* (હિ'પોક્રીમ્) Fount of the Muses. કલા દેવીઓનો ઝરો.

Hippodrome, *n.* (હિ'પોડ્રોમ) રથ વગેરેની શરત માટે મેદાન; જાનવરના ખેલ માટેનો મંડપ.

Hippopotamus, *n.* (હિપોપૉ'ટમસ્) A sea-horse. જળઘોડો. [Gr. *hippo*, a horse & *potamus*, a river.]

Hip-roof, *n.* (હિ'પ-રૂફ્) Roof with angles. ખુણાવાળું છાપરું

Hip-shot, *a.* (હિ'પ-શૉટ્) With a dislocated hip. વાંકી-લચેલી-કેડ-કમ્મરવાળું.

Hire, *vt.* (હાયર્) To procure for temporary use at a certain charge. ભાડે લાવવું-રાખવું-આપવું. *n.* Charge for hiring. ભાડું.

Hireling, *n.* (હા'યરલિન્ગ્) A mercenary. ભાડુતયો માણસ-મજુર.

Hirsute, *a.* (હ'રસ્યુટ્) Rough-haired. બરછટ વાળવાળું.

His, *pro.* (હિઝ્) Belonging to him. તેનું; તેની માલીકીનું.

Hispid, *a.* (હિ'સ્પિડ્) Bristly. કાંટાવાળું; કઠણ અને જાડા વાળવાળું.

Hiss, *n.* (હિસ્સ્) A repeated sound like "s". સુસવાટ; ફૂ ફૂ એમ કરવું તે. *vt.* To make such a sound. ફૂ-ફૂ-કરવું; ફૂં ફૂં કરવું; સુસવાટ કરવો.

Historian, *n.* (હિસ્ટો'રિયન્) An annalist; a chronicler; a writer of history. ઇતિહાસ લખનાર; ઇતિહાસ કર્તા.

Historical, *a.* (હિસ્ટૉ'રિકલ્) About or relating to history. ઇતિહાસ વિષે-નું; ઐતિહાસિક; ઇતિહાસરૂપ.

Historiographer, *n.* (હિસ્ટૉરિઑ'ગ્રફર્) A historian. ઇતિહાસ કર્તા.

History, *n.* (હિ'સ્ટરી) An account of facts respecting nations, races &c. ઇતિહાસ; તવારિખ. **Natural H**=સૃષ્ટિવર્ણન. [Gr. *historia*.]

Histrionic. *a.* (હિસ્ટ્રીઑ'નિક્) Theatrical. નાટકી; નાટક જેવું.

Hit, *vt.* (હિટ્) To strike. મારવું; ફટકો મારવો. 2. To guess. અટકળ-ધારણા બાંધવી. *vi.* To dash.અફળાવું;વાગવું.**To hit on or upon**= યુક્તિ સુઝવી-જડી આવવી. *n.* A stroke. ફટકો; ટકોરો: પ્રહાર.

Hitch, *n.* (હિચ્) A stoppage. એકદમ રોકાવું-અટકાવવું તે; રોકાણ; નડતર; હરકત; આંચકો. *vi.* To move with jerks. લથડાવવું. 2. To be entangled. ફસાઈ પડવું-ગુંચવાવું; ભેરવાઇ પડવું. *vt.* To fasten. ભેરવવું.

Hither, *adv.* (હિ'ધર્) Here. અત્રે; અહિં; આ જગ્યાએ. [L. *citre.*]

Hithermost, *adv.* (હિ'ધર-મો,સ્ટ્) Nearest on this side. આ બાજુએ નજીકમાં નજીક.

Hitherto, *adv.* (હિધરટૂ') To this place. આટલે સુધી. 2. To this time. આ વખત સુધી.

Hitherward, *adv.* (હિ'ધરવર્ડ) Towards here. આણીગમ-તરફ.

Hitter, *n.* (હિ'ટર્) One who hits. ફટકો મારનાર; પ્રહાર કરનાર.

Hive, *n.* (હાઇવ્) Place where bees live.

Hoary, *a.* (હો,'રી) White or gray (with age.) ધોળું; વયોવૃદ્ધ.

Hoard, *vt.* (હો,ર્ડ) To treasure up. સંઘરી રાખવું; સંગ્રહ કરવો. *n.* A treasure. દાટો; સંગ્રહ; સંચય.

Hoar-frost, *n.*(હો'ર્-ફ્રૉસ્ટ્) Snow-frost.હિમ

Hoarse, *a.* (હો,ર્સ) Rough; of grating or discordant sound. ભારે ધાંટાનું-ખોખરૂં.

Hoarsely, *adv.* (હો,'ર્સ્લી) Roughly; in a hoarse voice. ખોખરા અવાજમાં; ભારે ઘાંટાથી.

Hoax, *n.* (હો,કસ્)Adeceptive or mocking trick. કપટ; છળ. 2. Practical joke. મશ્કરી. *vt.* To cheat. છેતરવું.

Hob *n.* (હૉબ્)The central cylindrical part of a wheel.પૈડાની નાથડી.2.A fairy વનદેવી;પરી.

Hobble, *vt.* (હૉ'બલ્) To walk lame on crutches. લંગડાવવું; લંગડતા-લંગડતા ચાલવું. *n.* A limp. લંગડી ચાલ.

Hobbledehoy, *n.* (હૉ'બલ્ડીહો'ય્) Awkward youth. સુંથણીઓ; બેડોળ જુવાન.-also, **Hobbadehoy**.

Hobby, hobby-horse, *n.* (હૉ'બી-હૉ'બી-હૉર્સ) A favourite plan, game, subject. વહાલી-મનગમતી વાત-રમત-વિષય વગેરે. 2. A nag. ટટ્ટુ. **To ride a h.**=પોતાને વહાલી વાતો કર્યા કરવી.

Hobgoblin, *n.* (હૉ'બગૉબ્લિ'ન્)An imp; a demon. પિશાચ; ભૂત.

Hobnail, *n.* (હૉબ્ને,'લ્) મોટા માથા વાળો જોડાનો ખીલો; નાળનો ખીલો.

Hob-nob, *v.* (હૉ'બ-નૉબ) સાથે દારૂ ઢીંચવો; છૂટથી વાતચિત; ટોળ કરવી.

Hockey, *n.* (હૉ'કી) મોટી ગેડીદડાની રમત.

Hod-man, *n.* (હૉ'ડમન્) તગારાવાળો; લખવાનું વૈતરૂં કરનાર.

Hodden, *n.* (હૉ'ડન્) એક જાતનું જાડું ગરમ કપડું; ખેડુતનો ગામડી પ્હેરવેશ.

Hockle, *vt.* (હૉ'કલ્) To lame. પગની નસ કાપી લંગડુ-લુલું કરવું.

Hocus pocus, *n.*(હૉ',કસ-પો,કસ્)A juggler's incantation. છુમંતર.

Hod, *n.* (હૉડ્) A mortar-trough. કડીયા લોકોનું તગારૂં.

Hodge - podge, hotch - potch *n.* (હૉ'જપૉજ્-હૉ'ચપૉચ્)A mixed mass; a medley ખીચડો ખીચડી; સેળભેળ; પંચભેળ.

Hodiernal, *a.* (હૉ'ડિઅર્નલ્) To-day's; of to-day. આજના દિવસનું.

Hoe, *n.* (હો.) A kind of spade.કોદાળી; પાવડો. *vt.* To dig with spade. પાવડાવતી-કોદાળીથી ખોદવું. **To live one's hoe**=પોતાનું કામ કરી છુટવું.

Hog, *n.* (હૉ'ગ્) A quadruped of the pig family. ડુક્કર; સુવર.

Hoggish, *a.* (હૉ'ગિશ્) Gluttonous. આધાસી; ખાવપાધરૂં; અકરાંતીયું. 2. Curt. આકરૂં; કરડું.

Hogget, *n.* (હૉ'ગિટ્) એકાદ વરસનું ઘેટું.

Hoick, *v.* (હૉ'ઇક્) બલુન વગેરેને એકદમ ઉંચે ચઢાવવું.-**Hoicks,** *int.* શિકારી કુતરાને દોડવવાની બૂમ.

Hoipolloi, *n.* (હૉઇપૉ'લૉઈ) સામાન્ય લોક; અણસમજુ ટોળું.

Hogshead, *n.* (હૉ'ગ્સ-હેડ્)A wine-measure =63 gallons. ૬૩ ગૅલનનું દારૂનું માપ.

Hoiden, *n.* (હૉ'ઈડન્) A clown. ગામડીયો; ગમાર.

Hoist, *n.* (હૉ'ઈસ્ટ્) To elevate. ઉંચું કરવું-ચઢાવવું. *n.* The art of hoisting. ઉપર-ઉંચું ચઢાવવું તે.

Hoity-toity, *a.* (હૉ'ઇટી-ટૉ'ઇટી) Giddy. લહેરી; તરંગી: સ્વચ્છંદી.

Hokey-pokey, *n.* (હો',કી-પો',કી)Hocus-pocus; cheap ice-cream. જેવું તેવું ખાવાનું; ગડબડાટ; સાંઘો આઈસક્રીમ.

Hold, *vt.* (હો,લ્ડ્) To catch in hand. ઝાલવું; પકડવું. 2. To have or possess. ની, ધારો-

કબજામાં હોવું. 3. To check. દાબમાં રાખવું. 4. To continue.ચાલુ-જારી રાખવું. 5. To contain. અંદર રેહવું-માવું-સમાવું. 6. To stick to (an opinion &c.)મતધરાવવો-ને વળગી રેહવું; વિચારવું; ગણવું. 7. To bear. રાખવું. **To h. forth**=બતાવવું;ભાષણ કo.**To hold in hand**=પોતાના હાથમાં-શક્તિમાં હોવું. **To hold off**=આઘે-દૂર રાખવું. **To hold one's own**=ટકી રહેવું; પાછું ન હઠવું. **To h. one's place**=ચુપ રેહવું. **To hold out hope**=આશા આપવી. *vi.* To be continued. ચાલુ-જારી રેહવું. 2. To be attached to. વળગી રેહવું. **To hold on or up**=ધૈર્ય રાખવું; રાહ જોવી. **To hold out**=ટકી રેહવું; નભવું. *n.* A castle or fort કિલ્લો; ગઢ. 2. Grasp. પકડ; ઝાલવું તે 3. Right. હક; અખ્તિયાર 4. Authority or power of control. અખ્તિયાર; બંધન; અંકુશ. 5. Gaol. બંધીખાનું; કેદખાનું. 6. Imprisonment. કેદ. 7. Underground cell or the room below deck in a ship. ભોંયરૂં; વહાણનો ભંડાર.

Hold-all *n.* (હો,'લ્ડઑલ્) બધો સામાન મેલવાનો થેલો, ખડીઓ, બેડીંગ બાંધવાનું.

Hold-fast, *n.* (હો,'લ્ડ-ફાસ્ટ્) A hook. આંકડો-હુક.

Holding, *n.* (હો,'લ્ડિન્ગ્) Grasping. પકડવું; ઝાલવું તે. 2. A tenure or land held in lease &c. બીજાની પાસેથી મળેલી જમીન; પટ્ટો.

Hole, *n.* (હો,લ્) A hollow place. કાણું; બાકું. 2. An excavation. ખાડો. 3. A dark small cell. અંધારી કોટડી.

Holiday, *n.* (હૉ'લિડિ) A holy day. તેહવાર; પવિત્ર દિવસ. 2. A day of freedom from work. રજાનો દિવસ. **To give, take a h.** = રજા પાડવી. લેવી.

Holla, *v.&n.*શિકારી કુતરાઓને બૂમ મારવી; બૂમ.

Hollow, *a.* (હૉ'લો) Containing an empty space within; not solid. પોલું. *n.* A pit. ખાડો-પોલાણ. *vt.* To excavate. ખાડો ખોદવો.

Hollowness, *n.* (હૉ'લોનિસ્) State of being hollow. પોલાણ. 2. Untruth; inconsistency; insincerity. જુઠાણું; ઠગાઈ.

Holm, *n.* (હો,મ્) An evergreen. સદા લીલું રહે એવું એક જાતનું ઝાડ.

Holocaust, *n.* (હૉ'લોકૉસ્ટ્) A sacrificial fire. હોમ; યજ્ઞ.

Holograph *n.* (હૉ'લૉગ્રૅફ્) પોતાનાજ દસ્કતનું દસ્તાવેજ.

Holster, *n.* (હો,'લ્સ્ટર્) Leather pistol-case. પીસ્તોલ રાખવાની ચામડાની થેલી, પાકીટ.

Holy, *a.* (હો,લી) Sacred;consecrated. પવિત્ર; પવિત્ર. **Holy Land**=તીર્થ; પુણ્યક્ષેત્ર; પૅલેસ્ટાઈન. **Holy Ghost**=ક્રાઇસ્ટ. **Holy One** =પરમેશ્વર.**Holy rood**=ક્રૉસનું નિશાન.**Holy father**=પોપ; ધર્મગુરૂ. **Holy crusade** ધર્મયુદ્ધ. **Holy offerings**=ભોગ ધરાવવો તે.

Homage, *n.* (હૉ'મિજ્) Acknowledgement of inferiority or sovereignty. માન; આધરાજાભિવંદન; ભક્તિ. **To pay homage=to** વંદન કરવું; નું ચઢીયાતાપણું-સમ્રાટપણું કબુલ કરવું રાખવું.

Home, *n.* (હો,મ્) One's residence. સ્વગૃહ; ઘર. 2. One's country. સ્વદેશ. **At home** ઘેર-ઘરમાં; પોતાને ઘેર પાર્ટી આપવી તે **To be at home**=થી જાણીતા-વાકેફગાર હોવું; બરાબર આવડત હોવી. **To feel at home**=ઘર જેવું લાગવું. **To make one's self at home** પોતાના ઘરની માફકજ છુટ લઈ રેહવું.

Home-bred, *a.* (હો,'મ-બ્રેડ્) Native; domestic. ગામડી-સ્વદેશી. 2. Not polished. અસંસ્કારી; રીતભાતથી અજાણ્યું.

Home-felt, *a.* (હો,'મ-ફેલ્ટ્) Felt in the bottom of one's heart. દિલના ઉંડાણમાંનું.

Homeless,*a.* (હો,'મલિસ્)Without a home. ઘર વગરનું; રખડતું.

Homeliness, *n.*(હો,'મ્લિનિસ્)Domesticity. ઘરબારની સંભાળ-કાળજી. 2. Plainness. સાદાઈ; રૂપાળું નહિ હોવું તે.

Homely, *a.* or *adv* (હો,'મ્લી) Plain. સાદું; મધ્યમ; રૂપાળું નહિં એવું.2.Domestic, ઘરકામનું.

Home-made, *a.* (હો,'મ-મે,ડ)Prepared at home. ઘેર બનાવેલું; ઘરગથુ; દેશી;ગામડી; મુલકી.

Homeopathy, *n.* (હોમીઑ'પથી)A system of medical treatment founded on resemblance. જે પ્રકારનો રોગ હોય તેજ ગુણની દવા આપી રોગ મટાડવાની વિદ્યા. [Gr. *homois,* like and *pathos*, affection.]

Homesick, *a.* (હો,'મસિક્) Pining for home. ઘેર જવા માટે આતુર થઈ રહેલું.

Home-spun, *a.* (હો,'મસ્પન)Spun in one's country. સ્વદેશમાં કાંતેલું.

Home-stead, *n.* (હો,'મ-સ્ટેડ્) Home. ઘર; ગૃહ; ઘરની જગ્યા; ઘરખટલો.

Home-truth=કોઇપણ માણસનાં છિદ્ર,-ની ખરાબીનો તેને બહુજ દુઃખ થાય તેવી રીતે ઉલ્લેખ કરવો તે; અતિઅપ્રિય સત્ય; હૃદય ભોંકે એવું સાચેસાચું.

Homeward,*a* (હો,'મવર્ડ) Towards home. ઘર તરફ; સ્વદેશ તરફ.**Homeward bound**= સ્વદેશ તરફ-માતૃભૂમિ તરફ જતું (વહાણ).

Homicidal, *a.*(હૉમિસાઇ'ડિલ્) Pertaining to homicide; murderous. ખુનને લગતું;ઘાતકી;ખુની.

Homicide,*n.*(હૉ'મિસાઇડ્)Human slaughter; murder. મનુષ્ય વધ; ખુન. 2. A murderer. ખુની-ઘાતકી માણસ. [L. *homo*, man and *coedo*, I cat.]

Homily, *n.* (હૉ'મિલી)A serious lecture or piece of advice નીતિ-ધર્મવિષયક ભાષણ;બોધવચન

Homogeneous,*a.* (હૉમોજી'નીઅસ્) Of the same kind, sort &c. સજાતીય; એકજ જાતનું. 2. [alg.] Possessing the same number of factors. એકજ જાતના પદવાળું. [Gr. *homos*, same and *genos*, kind.]-**Homogeneity,** *n.* (હૉમોજીની'ઇટી).

Homologate, *vt.*(હૉમૉ'લૉગે,ટ્)To approve of. મંજુર-કબુલ રાખવું; ગમવું.

Homologous, *a.* (હૉમૉ'લૉગસ્)Correspondingly proportionate. સમપ્રમાણ-તુલ્ય. [Gr. *homo*, same, & *logos*, ratio.]

Hone, *vt.* (હો,ન્) To grieve for. ખેદ-દુઃખ થવું. *n.* Whet-stone.ચપ્પુ વગેરે ઘસવાની પથરી; સલી.-*v.* સલી પર ઘસવું.

Homonym, *n.* (હૉ'મનિમ્) સરખાજ અક્ષરનો પરંતુ જુદા અર્થવાળો શબ્દ; સરખા નામવાળો [G. K. *omuma*, name.]

Homuncule,-cle, *n.*(હૉમ'ન્કયુલ,ન્કલ્)Little man. નાનકડો, ઠીંગણો માણસ.

Homy, *a.* (હો,'મી) Suggestive of home. ઘરની યાદ આપતું; કૌટુમ્બિક વાતાવરણ જેવું.

Honest, *a.* (ઑ'નિસ્ટ) Frank; open;upright; righteous. પ્રામાણિક, નેક; ઇમાનદાર; નિષ્કપટ.

Honestly, *adv.* (ઑ'નિસ્ટલી) In a honest way. પ્રમાણિકપણે; ઇમાનદારીથી.

Honesty, *n.* (ઑ'નિસ્ટી) Uprightness; righteousness. ઈમાનદારી; પ્રામાણિકપણું.

Honey, *n.* (હ'ની) A sugary fluid collected from flowers by bees. મધ.

Honey-bag *n.* (હ'ની-બૅગ્) A small bag in the body of bees for storing honey. મધમાખીના શરીરમાંની મધની કોથળી.

Honey-comb, *n.* (હ'ની-કો,મ્) A waxy structure formed by bees. મધપુડો. **Honey -combed**=નાની નાની ઓરડીઓ વાળું.

Honeyed, *a.* (હ'નીડ્) Covered with honey. મધવાળું; મધથી ઢંકાયેલું 2. Sweet outwardly બહારથી મીઠું. **Honeyed words and killing deeds**=ગુણ ગાતી ને હૈયામાં કાતી; મુખમેં રામ ને બગલમેં છુરી.

Honey-moon, *n.* (હ'નીમુન્) The first month after wedlock. લગ્ન પછીનો પ્રથમ માસ; મધુચંદ્રિકા.

Honey-suckle, *n.* (હ'નીસકલ્) સુગંધી પીળાં ફૂલવાળી એક જાતની વેલ.

Honk, *n.* (હૉન્ક) જંગલી બતકની ચીસ; મોટરનાં ભુંગળાંનો અવાજ, અવાજ કરવો.

Honour, *n.* (ઑ'નર્) Prestige; respect. આબરૂ; પ્રતિષ્ઠા; ઇજ્જત; માન; સન્માન. 2. A title of honour. સન્માનની પદ્દવી *pl.* In the game of cards, the ace, king, queen & knave of trumps.હુકમનો,સરનો એક્કો-રાજા-રાણીને ગુલામને સટ **To do the honours**=આદર સત્કાર કરવો; માનપાન કરવા. **Word of honour**=પોતાનું વચન.-*a.* **Honorific** (ઑનરિ'ફિક્) માનસૂચક.

Honourable, *a.* (ઑ'નરબલ્) Respectable. માનનીય; સંભાવિત; આબરૂદાર. 2. Fair; not mean. આબરૂદારીનું-સારું; પ્રતિષ્ઠિત; નેક.

Honourably, *adv.* (ઑનરબ્લી) In an honourable manner. પ્રતિષ્ઠિત-આબરૂદાર-સંભાવિત રીતે.

Honorarium, *n.* (ઑનરે'રિઅમ્) A small fee for professional services. વકીલાત વગેરે માટે માનપૂર્વક આપેલી થોડી ફી.

Honorary, *a.*(ઑ'નરરી) Done for honour without the hope of pecuniary recompense. માનદ;મફત;માત્ર પ્રતિષ્ઠાને ખાતર કરેલું.2.Given as a sign of honour. માનની નિશાની તરીકેનું.

Hood, *n.* (હુડ) A cowl; a caplike covering for head. લુગડાંનો ટોપ; ગાડીની છત્રી.

Hooded, *a.* (હુ'ડિડ્) Equipped with a hood. છત્રીવાળું; ટોપવાળું; ટોપ પ્હેરેલું.

Hoodwink, *vt.* (હુ'ડવિન્ક) To blind-fold. આંખે પાટા-અંધારી બાંધવી.2. To impose upon. છેતરવું.

Hoof, *n.* (હુફ) The horny part of an animal foot. જાનવરોના પગની ખરી.**To show the cloven hoof**=જાતપર જવું; પોત પ્રકાશવું.

Hook, *n.* (હુક) A curved piece of metal. હુક; આંકડો. 2. A sickle. દાતરડું. **By hook or by crook**=ફાવે તે રીતે; ગમે તેમ કરીને. *vt.* To fasten with a hook. આંકડી ભેરવવી; ગલ નાંખીને પકડવું; હુક ચોંટાડવો-જડવો.

Hookan, *n.*(હુ'કાહ) Hubble-bubble. હોકો; હુકકો.

Hooligah, *n.* (હુ'લિગન્) લાફંગ; રખડતો; તોફાની માણસ; ધોંધાટીઓ.

Hooked, *a.* (હુ'કડ્) Having a hook. આંકડીવાળું; હુકવાળું-જેવું.

Hook-nosed, *a.* (હુ'ક-નો,ઝ્ડ) Having a curved nose.શુકનાસિકાવાળું;પોપટ જેવા નાકવાળું.

Hoop, *n* (હૂપ) A flexible piece of metal &c. bent into a circular form; a ring. પટો; ચક્કર; કડું. *vt.* To fasten with a hook. પાટાથી બાંધવું.

Hooping-cough, *n.* (હૂ'પિંગકફ) Same as "Whooping-cough." ડાંગીયો; ઉટાંટીયો.

Hoot, *vt.* (હૂટ) To utter contemptuous cries or shouts at. ધુતકારી કાઢવું; ધિક્કારથી બુમ પાડી ઉઠવું. 2. To cry as an owl. ઘુવડની માફક બોલવું. *n.* The cry of owl. ઘુવડનું બોલવું.

Hop, *vi* (હૉપ) To leap on one foot like birds. કુદતાં જવું-ઘંગડવું. *n.* A leap. કુદકો.

Hope, *n.* (હો,પ) An expectation of something good. ઉમેદ; આશા; મુરાદ; વિશ્વાસ; આકીન. *vi.* To expect. ઉમેદ-આશા રાખવી. *vt.* To entertain hopes of. ની આશા-ઉમેદ રાખવી.

Hopeful *a.* (હો',પફુલ) Expectant. આશાવાન્; ઉમેદવાળું.

Hopefully, *adv.* (હો',પફુલી) Expectantly. આસ્થાપૂર્વક; આશા-ઉમેદથી.

Hopeless, *a.* (હો',પલિસ્) Despairing. નાઉમેદ; નિરાશ; નાસીપાસ.

Hopelessness, *n.* (હો',પલિસનિસ્) Despair. નિરાશા; નાઉમેદી; નાસીપાસી.

Hopper, *n.* (હૉ'પર) One who hops. કુદનાર-ખેલનાર. *pl.* A kind of game. સાત સમુદ્રની રમત.

Hopple, *vt.* (હૉ'પલ) To entangle. ફસાવવું. ભેરવવું. 2. To tie the feet together. સાથે પગ બાંધવા.

Horde, *n.* (હોર્ડ) A group of nomads; a vast crowd. ફરતા લોકોનું ટોળું; ઘણો મોટો સમુદાય જથો-ઝુંડ.

Horizon, *n.* (હોરા'યઝન્) The seeming junction of the earth and the sky. દૃષ્ટિ મર્યાદા; ક્ષિતિજ. [Gr. *horos*, a limit.]

Horizontal, *a* (હૉરિઝૉ'ન્ટલ)About horizon. દૃષ્ટિ મર્યાદા સંબંધી. 2. Level. દૃષ્ટિ મર્યાદાની સમાંતરે; આડું.

Horn, *n.* (હૉર્ન) A bony projection on certain animal heads. શીંગડું 2. A musical wind instrument. રણશીંગું. **To take a horn**=દારૂ પીવો.

Horn-book, *n.* (હૉ'ર્ન-બૂક)The first book for children. પહેલી ચોપડી.

Horned, *a.* (હૉ'ર્નડ)Having horns. શીંગડાવાળું.

Hornet, *n.* (હૉ'ર્નિટ) A wasp. ભમરો. **H. fly**=એક જાતની માખી.

Hornless, *a.* (હૉ'ર્નલિસ્) Without horns. શીંગડા વગરનું

Hornpipe, *n.* (હૉ'ર્નપાઇપ) A musical instrument in bands. વાજું.

Horny, *a.* (હૉ'ર્ની) Full of or resembling horns. શીંગડાવાળું-જેવું કઠણ.

Horography, *n* (હૉરૉ'ગ્રફી) The art of making instruments for showing the hours. શંકુ-વખત બતાવવાના ઘડીયાળ વગેરે બનાવવાની વિદ્યા. [Gr. *Hora* an hour & *grapho*, I write.]

Horologe, *n.* (હૉ'રોલૉજ)A time-piece of any kind. કાલમાન, માપક યંત્ર; ઘડીયાળ.

Horological, *a.* (હૉરૉ'લૉ'જીકલ) About horology. કાલમાન, માપક યત્રવિદ્યા સંબંધી.

Horology, *n.* (હૉરૉ'લૉજી) The art of making timepieces of anykind. કાલમાન, માપક યંત્ર બનાવવાની વિદ્યા-કલા.

Horoscope, *n.* (હૉ'રસ્કો,પ) A record of the conjunction of planets at one's birth-time. જન્માક્ષર; જન્મકુંડલી. [Gr. *hora*, hour and *scopeo*, I observe.]

Horoscopy, *n.* (હૉ'રસ્કોપી) Astrology. સામુદ્રિક વિદ્યા; જ્યોતિષ.

Horrible, *a.* (હૉ'રિબલ) Terrible. ગભરાવે એવું; બીહામણું. ભયાનક.

Horrid *a.* (હૉ'રિડ) Horrible. ભયંકર; ધિક્કારવા જોગ.

Horror, *n.* (હૉ'રર) Terror. ભય; ત્રાસ; કંપ; બ્હીક; ડર.

Horse, *n.* (હૉર્સ) A kind of swift-footed domestic quadruped. ઘોડો. 2. Cavalry. અશ્વદળ;ઘોડાનું લશ્કર. **Iron horse**=આગગાડી ચલાવનાર યંત્ર. **To look a gift horse in the mouth**=ધર્મની ગાયના દાંત જોવા ઉધાર આપ અને ખરૂં જોખ. **To take to horse**= ઘોડા પર બેસીપલાયન કરવું **H. back**=ઘોડાની પીઠ; ઘોડાપરનું આસન.

Horse-breaker, *n.* (હૉ'ર્સ-બ્રેકર) One who trains horses. ચાબુક સ્વાર;ઘોડાઓ કેળવનાર. પલોટનાર.

Horse-guards, *n.* (હૉ'ર્સ-ગાર્ડ્ઝ)Mounted soldiers ગારદી; અશ્વદળ.

Horse-jockey, *n.* (હૉ'ર્સ-જૉકી) A professional horse-rider for races. શરતના ઘોડા કેળવનાર તથા તેની ઉપર સવારી કરનાર ચાબુક સ્વાર.

Horse-laugh, *n.* (હૉ'ર્સ-લાફ) Noisy laughter. અટ્ટહાસ્ય.

Horse-leech, *n.* (હૉ'સ઼ર્-લીચ્) A specialist in horse-diseases અશ્વપરીક્ષક-વૈદ્ય.

Horse-litter, *n.* (હૉ'સ઼ર્લિટર) A small two-horse carriage. બે ઘોડાની નાની ગાડી.

Horse-man, *n.* (હૉ'સ઼ર્મન્) A man on a horse. ઘોડે સવાર.

Horsemanship, *n.* (હૉ'સ઼ર્મનશિપ્) The art of riding and training a horse. અશ્વારોહવિદ્યા; અશ્વ વિદ્યા.

Horse-power, *n.* (હૉ'સ઼ર્-પાવર્) The power of a horse or its equivalent. એક ઘોડાનું-ઘોડા જેટલું જોર-એક સેકન્ડમાં ૫૫૦ રતલના વજનને એક ફૂટ ઉંચું કરે એટલું બલ.

Horse-shoe, *n.* (હૉ'સ઼ર્-શુ) The iron shoe of a horse. ઘોડાની નાળ.

Horse-whip, *n.* (હૉ'સ઼ર્-વ્હિપ) A whip. ઘોડાનો ચાબુક-ચાબકો. *vt.* To flog. ચાબકાથી ફટકારવું-ઝુડવું.

Hortation, *n.* (હૉર્ટે'શન્) An advisory discourse. બોધ; ઉપદેશ; શિખામણ [L. *hortor,* I exhort]

Hortative, *a.* (હૉ'ર્ટેટિવ્) Advising. ઉપદેશરૂપ; શિખામણ આપતું.

Hortatory, *a.* (હૉ'ર્ટેટરી) Exhorting. ઉત્તેજનરૂપ; શિખામણ આપતું; બોધ રૂપ.

Horticultural, *a.* (હૉર્ટિક'લ્ચરલ્) Relating to horticulture. બાગકામ, વિદ્યાનું-સંબંધી; બાગકામનું.

Horticulture, *n.* (હૉ'ર્ટિકલ્ચર્) The art of gardening. બાગ બનાવવાની કળા.

Horticulturist, *n.* (હૉર્ટિક'લ્ચરિસ્ટ) An horticultural expert. બાગવિદ્યામાં પ્રવીણ માણસ. [L. *hortus,* garden.]

Hortulan, *a.* (હૉ'ર્ટ્યુલન્) About gardens. બાગનું-સંબંધી.

Hortus siccus, *n.* (હૉ'ર્ટસ્ સિ'કસ્) સુકવેલા રોપાનો સંગ્રહ.

Hosanna, *n.* (હોઝૅ'ના) પાહિ મામ્; એ ખુદા! રક્ષણ કર, એ બૂમ.

Hose, *n.* (હોઝ્) Trousers. પાયજામો; પગનાં મોજાં 2. A flexible water-pipe. બંબાની સુંઢ.

Hosier, *n.* (હો'ઝર્) A dealer in hoses & underclothing in general. મોજાં, ગંજીફાક વગેરે વેચનાર.

Hosiery, *n.* (હો'ઝરી) Under clothing in general. મોજાં વગેરે 2. Hosier's business. મોજાં વગેરે વેચનારનો ધંધો.

Hospice, *n.* (હૉ'સ્પિસ્) સાધુબાવાનો મુસાફરો માટેનો ઉતારો; અપંગ, માંદા માટે ધર્મશાળા.

Hospitable, *a.* (હૉ'સ્પિટબલ્) Entertaining strangers with kindness. સારી રીતે આદર સત્કાર કરનારૂં; પરોણાની બરદાશ કરનારૂં.

Hospitably, *adv.* (હૉ'સ્પિટબ્લી) In a hospitable manner. સારી રીતે આદરસત્કાર કરીને; આદર સત્કારથી; મેહમાનદારીથી.

Hospital, *n.* (હૉ'સ્પિટલ) A residential dispensary. દવાખાનું; ઇસ્પીતાલ.

Hospitality, *n.* (હૉસ્પિટૅ'લિટી) Entertainment of guests. પરોણાચાકરી; મેહમાનગીરી; આગત સ્વાગત.

Host, *n.* (હો,સ્ટ) An entertainer of guests. યજમાન; પરોણાચાકરી કરનાર. 2. A horde. ટોળું; ઝુંડ. 3. An army લશ્કર.

Hostage, *n.* (હૉ'સ્ટિજ્) A person given as surety in treaties &c. સલાહના કોલ પાળવાની ખાત્રી માટે સાનમાં આપેલું માણસ, વગેરે. [L. *hospes.*]

Hostess, *n.* (હો'સ્ટિસ્)A lady-entertainer. ગૃહ સ્વામિની; સ્ત્રી યજમાન.

Hostel, *n.* (હૉ'સ્ટલ્) House for students. છાત્રાલય; વસતિગૃહ.

Hostile. *a.* (હૉ'સ્ટાઇલ) Unfriendly; inimical. વિરૂદ્ધ; પ્રતિપક્ષી, દ્વેશી, વેરી. [L. *hostis,* an enemy.]

Hostility, *n.* (હૉસ્ટિ'લિટી) Enmity. દુશ્મનાવટ; વેર; શત્રુભાવ.

Hostler, *n.* (ઑ'સ્લર્) The stableman of an inn. વિશીનો ઘોડાવાળો, તબેલા રખવાળ.

Hot, *a* (હૉટ) Heated; very warm. ઉષ્ણ; ગરમ; ઉનું; ધગધગતું; ખળખળતું. 2. Fiery; ardent. ગરમ સ્વભાવનું. **Hot water**= તકરાર,-અડચણ.

Hot-brained, *a.* (હૉ'ટ-બ્રેન્ડ) Fiery. તેજ મીજાજનું; ગરમ મીજાજનું.

Hotel, *n.* (હોટે'લ્) A house for entertainment of strangers. હૉટેલ; મુસાફરખાનું;વિશી.

Hottentot, *n.* (હૉ'ટનટૉટ) કેઇપ ઑવ્ ગુડ હોપની પાસે અગાઉ રહેતી એક જાત; બીન કેળવાયેલ; અણઘડ; વિદ્યાકળાનો દુશ્મન.

Hot-headed, *a.* (હૉ'ટ-હે'ડિડ) Rash; ઉતાવળીયું; કડક મીજાજનું.

Hot bed, ઉભરાતા ખાતરથી ગરમ કરેલી જમીન; ઉત્તેજન-ઉશ્કેરણી આપનારી જગ્યા.

H cockles. ગામઠી આંધળા પાડાની રમત. **H. foot.** બહુ ઝડપથી. **H. house.** ઘણું ખરે કાચનો બનાવેલો પરદેશી, કવખતનાં ફળફૂલ ઉગાડવાનો મંડપ. **H. pot.** ઢાંકણાવાળા હાંડલામાં બાફેલું, બટેટાં વગેરેવાળું માંસનું ઉધીયું.

Hotly, *adv.* (હૉ'ટ્લી) Passionately. ગુસ્સા-આવેશથી.

Hot-pressed, *a.* (હૉ'ટ-પ્રેસ્ટ) Pressed between hot plates. ગરમી લગાડીને દબાવેલું.

Hot-spur, *n.* (હૉ'ટસ્પર) An impetuous man. અવિચારી ઉતાવળીઓ માણુસ.

Houdah, *n.* (હૌ'દા) The seat on an elephant's back. અંબાડી; હોદ્દો.

Hound, *n.* (હાઉન્ડ) શિકારી કૂતરો.

Houri, *n.* (હૂરી, હાઉરી) મુસલમાની અપ્સરા; પરી.

Hour, *n.* (અવર) *n.* A part of day; 60 minutes. કલાક; અવર. 2. Time. કાળ;વેળ;સમય. **At all hours**=વેળાકવેળા; ફાવે ત્યારે. **To keep regular hours**=નિયમિત જીંદગી ગાળવી.

Hour-glass, *n.* (અ'વર-ગ્લાસ્) An Instrument for measuring time. ઘડી; વખત માપવાની શીશી; રેતીવાળી શીશી.

Hour-hand, *n.* (અ'વર-હૅન્ડ) The hand in a watch or clock which indicates hours. કલાકનો કાંટો.

Hourly, *adv.* (અ'વરલી) Happening every hour. કલાક કલાકનું; દર કલાકે; વારંવારનું.

House, *n.* (હાઉસ) A building for man's residence. ઘર; ગૃહ. 2. Domestic affairs. ઘરખટલો; સંસાર. 3. Family. ઘરનાં માણસો; કુટુંબ; વંશ;કુળ; ઓલાદ. 4. A firm. પેઢી; કંપનિ. 5. The place of planets &c. સ્થાન-ભવન. **House of Commons** = મિજલસેઆમ; આમસભા. **House of Lords**=દિવાનેખાસ. અમીરસભા.

House-breaker, *n.* (હા'ઉસ-બ્રેકર) A thief. ખાતરપાડુ; ચોર; ઘરફોડુ.

House-breaking, *n.* (હા'ઉસ-બ્રેકિન્ગ) The breaking open and entering a house for criminal purposes. ઘર ફોડી ખાતર પાડવું તે.

House-dog, *n.* (હા'ઉસ-ડૉગ) A domestic dog. ઘરમાં પાળેલો કુતરો.

House-hold, *n.* (હા'ઉસ-હોલ્ડ) The family that a house holds. એક ઘરમાં રહેનાર માણસો; કુટુંબજન.

House-holder, *n.* (હા'ઉસ-હોલ્ડર) The master of a house. ઘરધણી.

House-keeper, *n.* (હા'ઉસ-કીપર) One who looks after the domestic affairs of a house. ઘરખટલો સંભાળનાર;ઘરની સંભાળ રાખનાર.

House-keeping, *n.* (હા'ઉસ-કીપિન્ગ) Management of a household. ઘરખટલો સંભાળવો-ઘરનું કામકાજ કરવું તે.

Houseless, *n.* (હા'ઉસલિસ્) Homeless; without a house. ઘર વગરનું; નિર્ગૃહ.

House-maid, *n.* (હા'ઉસ-મેડ) A domestic waiting-woman. ઘરની ચાકરડી-દાસી; કામ કરનાર બૈરી.

House-warming, *n.* (હા'ઉસ્-વૉર્મિન્ગ) A festival made when entering a new house. વાસ્તુ; ગૃહપ્રવેશ.

House-wife, *n.* (હા'ઉસ-વાઈફ,હ'ઝિફ) The mistress of a household. ઘરધણીયાણી.

House-wifery, *n.* (હા'ઉસ-વાઈફ્રી) The work of a house-wife. ઘરખટલો સંભાળવાનું કામ; ગૃહિણીધર્મ.

House-wright, *n.* (હા'ઉસ-રાઇટ) An architect. મિસ્ત્રી; શિલ્પશાસ્ત્રી.

Housing, *n.* (હા'ઉઝિન્ગ) Residing in a house. ઘરમાં રહેવું-રાખવું તે. 2. Saddle-cloth. ઘોડાનો સાજ.

Hove, *v.* (હવ) Past tense of "Heave." મોજે ચડયો; સુજયું.

Hovel, (હૉ'વલ્ હ'વલ્) *n.* An open cottage. છાપરું; ઝુંપડી

Hover, *n.* (હૉ'વર) A refuge; a cover. આશ્રય; ઢાંકણ. *vi.* To hang fluttering in the air. પાંખ ફફડાવી ઉડવું. 2. To waver. અનિશ્ચિત હોવું.

How. *adv.* (હાઉ) In what way. કેમ; કઈ રીતે. 2. To what grade, degree &c. કેવડું; કેટલું.

Howbeit, *adv.* (હાઉબી'ટ) In spite of this. તોપણ; છતાં.

However, *adv.* (હાઉએ'વર) In whatever way. ગમે તે રીતે; ગમે તેમ; ગમે તેટલું.

Howitzer *n.* (હૉ'વિટ્ઝર) Short gun, firing high. ઉંચે ગોળો ફેંકે એવી તોપ.

Howl, *vi.* (હાઉલ) To cry out as a wolf, jackal, fox &c. શિયાળ વગેરે જાનવરોની માફક આરડવું-અવાજ કરવો; ભુકવું; રડવું. *n.* The cry of a wolf &c. શિયાળ-વરુ વગેરેનું આરડવું.

Howlet. *n.* (હા'ઉલિટ) A small owl. નાનું ઘુવડ.

Howling, *a.* (હા'ઉલિન્ગ) Filled with howling beasts. વાઘ વરુ વગેરે જંગલી જાનવરોના શબ્દોથી ગાજી રહેલું; જંગલી પશુઓથી, હિંસક પ્રાણીઓથી ભરેલું (વન-અરણ્ય): આરડતું.

Howsoever, *adv.* (હાઉસોએ'વર) To whatever degree or extent. ગમે તેવું-તેટલું; ગમે તે રીતે.

Hoy, *n.* (હૉય) A small vessel. નાનું વહાણ.

Hoyden, *n.* (હૉ'યડન) તોફાની બૂમરાણ કરતી છોકરી.

Hub, *n.* (હબ્) જેમાં આરા જડવામાં આવ્યા હોય તે (પૈડાનો) વચલો ગાળો; અંતર ચક્કર, ધરી.

Hubble-bubble, *n.* (હ'બલ-બ'બલ્) A long tobacco-pipe. હુક્કો.

Hubbub, *n.* (હ'બબ્) Noise; tumult; uproar. ગરબડ; ઘોંઘાટ.

Huckaback, *n.* (હ'કૅબૅક્) ટુવાલ વગેરે માટેનું ખડબચડું કપડ.

Huckster, *n.* (હ'કસ્ટર્) A hawker. ફેરીઓ. 2. A cheat. દગાખોર માણસ. *vt.* To hawk trifles. નાની નાની વસ્તુઓ વેચવી.

Huddle, *vi.* (હ'ડલ્) To crowd together. ભીડ-ગીચો ગીચ ગરદી કરી મુકવી-થવી; ખીચો ખીચ ભરવું, ભીડ કરવી. *n.* A dense crowd. અતિ ભીડ.

Hue, *n.* (હ્યુ) Tint; colour. રંગ; રંગની છટા.

Hued, *a.* (હ્યૂડ) Printed; coloured. રંગેલું; અમુક રંગની છટાવાળું.

Huff, *vt.* (હફ્) To inflate. ફુલાવવું; મોટું કરવું. *vi.* To become inflated. મોટું થવું-ફુલવું.

Huffish, *a.* (હ'ફિશ્) Puffed up. ગર્વિષ્ઠ; ફુલાઈ ગયેલું.

Hug, *vt.* (હગ્) To embrace; to clasp to the heart. ગાઢ આલિંગન દેવું.

Huge, *a.* (હ્યૂજ્) Enormous; very big. વિશાળ; ગજાવર; અતિશય મ્હોટું.

Hugger-mugger, *n.* (હ'ગર-મ'ગર્) Clandestineness. ચોરી; છાનુમાનું કરવું તે; ગુપચુપી; ગટર પટર;શટરપટર. Confusion ગોટાળો;ગેરવ્યવસ્થા *a.* Clandestine. ગુપચુપ; છુપી રીતે.

Huguenot, *n.* (હ્યુ'ગનૉટ) ફ્રાન્સનો પ્રૉટેસ્ટન્ટ.

Hulk, *n.* (હલ્ક્) Ship's body. વહાણનું ખોખું કાઢીયું *vt.* To take away the bowels of. ના આંતરડાં કાઢી લેવાં. **Hulking** *a.* કદ વર. બેડોળ.

Hull, *n.* (હલ્લ્) વહાણનું ખોખું; શીંગની છાલ, ફોતું. **H. down**-એટલે છેટે કે વહાણના ડોળ દેખાય પણ ખોખું ન દેખાય.

Hullo, *int.* (હલો,) આશ્ચર્ય દર્શક શબ્દ; ટેલીફોન પર બોલાવા કે જવાબ દેવાનો પહેલો શબ્દ.

Hullabaloo, *n.* (હલૅબલૂ') Uproar. બુમરાણ.

Hum, *vi.* (હમ્) To make a buzzing noise. ગણગણવું. 2. To show satisfaction. સંતોષ દર્શાવવો; હં કરવું. *n.* The buzz of a bee. માખીનો ગણગણાટ.

Human, *a.* (હ્યૂ'મન્) Relating to the human kind; natural to mankind. મનુષ્યનું; માનુષી; માણસનું; માણસ કરી શકે એવું; મનુષ્ય સુલભ.

Humane, *a.* (હ્યુમે,'ન્) Merciful; kind. દયાળુ; પરોપકારી. **H. society**. સંસ્થારી, ચાકરી, ડુબતાને બચાવનારી મંડળી.

Humanely, *adv.* (હ્યૂ'મનલી) Kindly. દયાળુ પરોપકારી રીતે.

Humanity, *n.* (હ્યુમૅ'નિટી) Mankind. માણસ જાત. 2. Human nature. મનુષ્યત્વ; મનુષ્ય સ્વભાવ. 3. Mercy. ભૂતદયા; સાહિત્ય; રહેમ; દયા.

Humanize, *vt.* (હ્યુ'મનાઈઝ્) To civilize or refine. સુધારવું; સંસ્કારી બનાવવી-વું 2. To soften. કોમળ-નરમ કરવું.

Human-kind, *n.* (હ્યુમન-કા'ઇન્ડ્) Mankind. માણસ જાત; મનુષ્ય વર્ગ.

Humanly, *adv.* (હ્યુ'મનલી) Befitting a human being. માણસની પેઠે.

Humble, *a.* (હ'મ્બલ્) Unostentatious; modest; lowly. ગરીબ; રાંક; નમ્ર **To eat the humble pie**-અપમાન ગળી જવું-ગરીબ થઇને ખમવું. *vt.* To make humble; to lower; to bring down the pride of. નીચું-હલકું પાડવું; ગર્વ ઉતારવો; માન ખંડન કરવું. [L. *humus*, earth.]

Humbly, *adv.* (હ'મ્બ્લી) Modestly. નમ્રતાથી; વિનયપૂર્વક.

Humbug, *n.* (હ'મ્બગ્) A hoax; a deception. ઉંધુચતુ; અષ્ટંગષ્ટં; છેતરપીંડી; ભુલથાપ; આંધળાપાટા *vt.* To cheat. ઉંધુચત્તુ સમજાવવું; બનાવવું; ગોળ ગોળ બોલી છેતરવું.

Humdrum, *a.* (હ'મડ્રમ્) Common place; homely. સાદું; મધ્યમ; કંટાળાવાળું; એક સરખું.

Humid, *a.* (હ્યુ'મિડ્) Moist; wet ભિનાશવાળું; થંડું.

Humidity, *n.* (હ્યુમિ'ડિટી) Wetness; moisture. ભિનાશ; શરદી.

Humiliate, *vt.* (હ્યુમિ'લિએ,ટ) To make humble; to bring down the pride, position &c. of. માનહાનિ કરવી; નીચે જોવરાવવું; ગર્વ-મદ ઉતારવો.

Humiliation, *n.* (હ્યુમિલિએ'શન્) Degradation; lowering of position &c માનહાનિ; માનભંગ;ગર્વ-મદ ઉતારવો તે;નામોશી;ફજેતી;હીણપદ.

Humility, *n.* (હ્યુમિ'લિટી) Humbleness; freedom from pride; modesty. વિનય;નમ્રતા; દીનતા; નિરભિમાન.

Humming, *a.* (હ'મિન્ગ્) Buzzing. ગણગણતું. *n.* Buzzing sound. ગણગણ કરવું તે.

Humour, humor, *n.* (હ્યુ'મર) Nature. સ્વભાવ;પ્રકૃતિ; મિજાજ 2. Fun; wit. હાસ્યરસ; મજા; રમુજ. 3. Whim. લ્હેર; તરંગ. **Good h.**=સારો સ્વભાવ; ખુશમિજાજ.

Humorous, *a.* (હ્યુ'મરસ્) Witty. હાસ્યરસ પરિપૂર્ણ; વિનોદી; રમુજી 2. Whimsical. તરંગી-લ્હેરી; મનમોજી.

Humoursome, *n.* (હ્યુ'મરસમ) Whimsical. તરંગી; વિલક્ષણું; લેહરી.

Hump, *n.* (હમ્પ) A fleshy prominence on the backs of certain animals. ખુંધ; ઢેકો.

Hump-back=ખુંધ નીકળેલું; ખુંધો.

Hunch-back, *a.* (હ'ન્ચ્ બેક) Hump-backed. ખુંધ નીકળેલું; ખુંધો.

Hunch, *n.* (હન્ચ) A hump. ખુંધ. *vt.* To jostle. કોણીથી ધક્કો મારવો.

Hundred, *n.* (હ'ન્ડ્રડ) Number ten times ten. સો. *a.* Ten times ten. સો.

Hundredth, *a.* (હ'ન્ડ્રડ્થ) Coming after ninety-ninth in order. સોમું-સોમો.

Hung, *p. p.* (હન્ગ) Suspended. લટકાવેલું લટકેલું.

Hunger, *n.* (હ'ન્ગર) Craving for food; ભુખ; ક્ષુધા. 2. Strong craving. લાલસા; આતુર-પ્રબળ ઇચ્છા.

Hungry, *a.* (હ'ન્ગ્રી) Craving for food; feeling hunger. ક્ષુધાતુર; ભુખ્યું.

Hunt, *vt.* (હન્ટ) To pursue game. નો શિકાર કરવો. 2. To chase. ની પાછળ મંડવું; પુઠે લાગવું-લાગવું. **To hunt down**=ની પુંઠ પકડી મારવું. *vi.* To follow game. મૃગયા-શિકાર કરવો. *n.* Pursuit of game &c. મૃગયા; શિકાર; પાછળ પાડવું-પુંઠ પકડવી તે.

Hunter, *n.* (હ'ન્ટર) One who hunts. શિકારી 2. A hunting dog. શિકારી કુતરો. 3. A horse used in hunting. શિકારી ઘોડો. 4. One who pursues something eagerly. ની પાછળ મંડનાર માણસ.

Hunting, *n.* (હ'ન્ટિન્ગ) The pursuit of game. શિકાર; મૃગયા. **H. horn**=શિકારની વખતે ફુંકવામાં આવતું બ્યુગલ.

Huntsman, *n.* (હ'ન્ટસમન) Hunter. શિકારી શિકાર કરનાર.

Hurdle, *n.* (હ'ર્ડલ) A portable twig-frame. ડાળીઓનો-ડાખળાઓનો ઝાંપો. *vt.* To fence. વાડ-તટ્ટી બાંધવી.

Hurl, *vt.* (હર્લ) To throw forcibly. જોરથી ફેંકવું. *n.* A forcible throw. જોરથી ફેંકવું તે.

Hurly-burly, *n.* (હ'ર્લિ-બર્લિ) Disorder; confusion. ગરબડ; તોફાન.

Hurrah, hurray, *interj.* (હુર્રા'-હુર્રે.) An exclamation of joy. આનંદ-ખુશાલીનો પોકાર.

Hurricane, *n.* (હ'રિકેન) A tempest. વાવાઝોડું; સખત તોફાન.

Hurriedly, *adv.* (હ'રિડલી) With haste. ઉતાવળે; જલદી; ઝટ.

Hurry, *vi.* (હ'રી) To make haste. ઉતાવળ-ઝડપ કરવી; ખેંચી, દોડાવી લઇ જવું; દોડાદોડ કરાવવી. *vt.* To take hurriedly. ખેંચી દોડાવી લઇ જવું. *n.* Haste. ઉતાવળ; દોડાદોડ; ઝડપ.

Hurst, *n.* (હર્સ્ટ) A grove. ઝાડોની ઘટા; જંગલ.

Hurt, *vt.* (હર્ટ) To injure. ઇજા કરવી; વગાડવું. 2. To pain the feelings of. નું દિલ દુખાવવું-નાખુશ કo. *n.* An injury. વ્યથા; જખમ; હરકત; હાનિ; નુકસાન, ઇજા.

Hurtful, *a.* (હ'ર્ટફુલ) Injurious. હાનિકારક; નુકસાન ભરેલું.

Hurtfulness, *n.* (હ'ર્ટફુલનિસ) Injuriousness. હાનિકારકપણું; નુકસાન કરે એવો ગુણ.

Husband, *n.* (હ'ઝબન્ડ) The man legally married to a woman. વર; ધણી; સ્વામી; પતિ. *vt.* To economise. કાટકસર કરવી, કરી વાપરવું.

Husbandman, *n.* (હ'ઝબન્ડમન) A farmer. ખેડુત 2. The master of a household. ઘરનો સ્વામી-માલેક.

Husbandry, *n.* (હ'ઝબન્ડ્રી) Farming. ખેતીનો ધંધો; ખેતીવાડી.

Hush, *vt.* (હશ) To make silent. છાનું-ચુપ રાખવું-કરવું. *vi.* To become silent. શાંત થવું-ચુપ રેહવું. *interj.* Be silent! ચુપ!

Hush-money, *n.* (હ'શ-મની) Money paid for not divulging a secret. છાનું રેહવા સારૂ આપેલી લાંચ-રૂશવત-પૈસા.

Husk, *n.* (હસ્ક) Chaff. ફોતું-છાલ. *vt.* To separate the chaff from. ના ફોતા-છાલાં કાઢવાં.

Huskiness, *n.* (હ'સ્કિનિસ) Hoarseness of voice. અવાજની કર્કશતા-કઠોરપણું. 2. State of being husky. ફોતાં-છાલાથી ભરપુર હોવું તે.

Hussy, *n.* (હ'સી) A jade; a forward or impudent girl. ઉદ્ધત બૈરી; કુલટા.

Hustings, *n.* (હ'સ્ટિન્ગ્ઝ) The old London Court. લંડન શહેરમાંની જુની કોર્ટ. 2. Electoral platform. ચુંટણી માટે ભાષણ આપવાની જગ્યા.

Hut, *n.* (હટ) A cottage. ઝુંપડી; છાપરી.

Hutch, *n.* (હચ) A store-house. ભંડાર-કોઠાર. *vt.* To store up. ભરી-સંઘરી રાખવું.

Huzza, *interj.* (હુઝા') Hurrah! વાહવાહ! શાબાશ!

Hyacinth, *n.* (હા'યૂસિન્થ) A kind of plant. એક જાતનો છોડ-ફુલ.

Hyades, hyads, *n.* (હા'યેડીઝ-ડ્ઝ) The constellation of Taurus. તારાઓમાં એક ઝુમખાનું નામ.

Hyaline, *a.* (હા'યેલાઇન) Glassy. કાચવાળું-જેવું. [Gr. *hylos* glass.]

Hybrid, *n.* (હા'યૂબ્રિડ) A cross between two species. દુબેડું; મિશ્ર.

Hydrant, *n.* (હા'યડ્રન્ટ) A water-pipe for fire. આગ ઓલવવા સારૂ રાખેલો પાણીનો નળ. [Gr. *hudor,* water.]

Hydraulic, *a.* (હાયડ્રૉ'લિક્) Pertaining to fluids in motion or the action of water used for mechanical purposes. જલશક્તિ અથવા વહેતા પાણી અથવા બીજા પ્રવાહી પદાર્થ સંબંધી. [Gr. *hudor,* water and *aulos,* a pipe.]

Hydraulics, *n.* (હાયડ્રૉ'લિક્સ્) Water power mechanics. જલશક્તિશાસ્ત્ર; વહમાન ઉદકશાસ્ત્ર; તરંગવેગ ગણિત.

Hydrogen, *n.* (હા'યડ્રોજિન્) A gas, which with oxygen forms water. હાયડ્રોજન વાયુ; ઉદકજનક વાયુ.

Hydrographer, *n.* (હાયડ્રૉ'ગ્રફર્) One who is proficient in hydrography. પાણીના ભાગોના નકશા બનાવનાર માણસ.

Hydrography, *n.* (હાયડ્રૉ'ગ્રફી) The art of mapping seas &c. સમુદ્ર-નદીયો વગેરે જલમાર્ગોના નકશા દોરવાની વિદ્યા.

Hydrology, *n.* (હાયડ્રૉ'લજી) Water science. ઉદકશાસ્ત્ર; જલવિદ્યા.

Hydromel, *n.* (હા'યડ્રોમલ્) Honey and water. મધપાણી.

Hydrometry, *n.* (હાયડ્રૉ'મીટ્રી) The art of ascertaining the gravity of fluids. જલગુરૂત્વદર્શનવિદ્યા.

Hydropathy, *n.* (હાયડ્રૉ'પથી) Cure by water. જલોપચાર; જલવૈદક. [L. *hudor,* water and *pathos,* affection.]

Hydrophobia, *n.* (હાયડ્રોફો'બિયા) The disease caused by the bite of a mad dog. હડકવો,-થી ઉપજતો પાણીનો ડર, જલભય.

Hydropical, *a.* (હાયડ્રૉ'પિકલ) Dropsical. જલંધર રોગ જેવું.

Hydrostatics, *n.* (હાયડ્રૉસ્ટૅ'ટિક્સ)Sciecce of the equilibrjum,pressure &c. of fluids. સ્થિરોદકવેગશાસ્ત્ર; સ્થિરપ્રવાહીશાસ્ત્ર.

Hydrous, *a.* (હા'યડ્રસ્) Watery. જળમયજેવું; પાણી જેવું.

Hyemal,*a.*(હા'યેમલ્)Wintry.શિયાળાનું-સંબંધી.

Hyena,*n.* (હાયી'ન) A carnivorous wolf-like animal. તરસ, સુવર.

Hygeian, *a.* (હાયૂજી'અન્) Relating to health-preservation. આરોગ્યવિદ્યા સંબંધી.

Hygiene, *n.* (હા'યૂજીઇન્)Science of health-preservation and promotion. આરોગ્યસંરક્ષણશાસ્ત્ર.

Hygrology, *n.* (હાયગ્રૉ'લજી) The science of ascertaining atmospherical moisture. વાયુજલપ્રમાણશાસ્ત્ર.

Hygrometer, *n.* (હાયગ્રૉ'મીટર્) A barometer. વાયુઉષ્ણતામાપક યંત્ર.

Hymen, *n.* (હા'યૂમેન્) Marriage. લગ્ન. 2. Coition. સ્ત્રીસંભોગ.

Hymenial,*a.*(હાયમિનિ'અલ્)About wedlock. લગ્ન સંબંધી-નું.

Hymn, *n.* (હીમ્) A song in praise of God. ભજન; સ્તવન; સ્તોત્ર; કીર્તન.

Hymnal, *a.* (હિમ્ન'લ) A collection of hymns. ભજનગ્રંથાવલી.

Hymnology, *n.* (હીમ્નૉ'લજી) Sacred literature. ભજનો-સ્તોત્રોના ગ્રંથો.

Hyperbola,*n.*(હાયૂપ'રબોલા)A conic curve. શંકુચ્છેદ.

Hyperbola,*n.* (હાયપ'રબોલ) Exaggeration of facts. અત્યુક્તિ; અતિશયોક્તિ.

Hyperborean,*a.*(હાયૂપરબો'રીઅન્)Belonging to the extreme North. છેક ઉત્તરના પ્રદેશનું. *n.* An inhabitant of the extreme North. ઉત્તરના પ્રદેશમાં રહેનાર. [Gr. *hyper,* beyond and *Boreas,* north wind.]

Hypercritical,*a.*(હાયૂપરક્રિ'ટિકલ)Carping; over-critical. બહુજ સૂક્ષ્મ દૃષ્ટિએ ટીકા કરનાર; અતિ ટીકાખોર; ચીપી ચીપીને ખોડ કાઢનાર.

Hyphen, *n* (હા'યૂફન્) A dash-like mark [—]. નાની લીટી [-] જેવું ચિન્હ.

Hypochondria, *n.*(હાયૂપોકૉ'ન્ડ્રીઅ)Melancholy. ઉદાસી; ઉદ્વેગ; વિષાદ.

Hypochondriac, *n.* (હાયૂપોકૉન્ડ્રિઍક્) A melancholy person. ઉદાસ-ખિન્ન માણસ.

Hypocrisy, *n.* (હિપૉ'ક્રિસી) Pretension; imposing upon; false disguise. પાખંડ; છળભેદ; કપટ; દંભ; ઢોંગ; બકધ્યાન. [Gr. *hypo,* under and *krino,* I separate.]

Hypocrite, *n.* (હિ'પોક્રિટ) A false pretender. બકભગત; ઢોંગી માણસ; પાખંડી-કપટી માણસ.

Hypocritical, *a.* (હિપોક્રિ'ટિકલ) Characterized with hypocrisy; insincere. ઢોંગી; દાંભિક; ભેતરપિંડીવાળું; ઢોંગનું.

Hypogastrium, *n.* (હાયૂપોગૅ'સ્ટ્રિઅમ્)The lower part of the abdomen. પેડું; પેડુ. [L. *hypo,* & *gaster,* the belly.]

Hypostatic, *a.* (હાયૂપોસ્ટૅ'ટિક્) Personal. જાતનું; ખુદનું; પોતાનું.

Hypotenuse, *n.* (હાયૂપૉ'ટિન્યુસ્) The side in a rt. angled triangle opposite the right angle. કાટખુણા સામેની બાજુ; કર્ણ.

Hypothecate,*vt.*(હાયપૅ'થિકેટ)To pledge. ગીરો રાખવું. [L. *hypothica,* pledge.]

Hypothesis, *n.*(હાયપૉ'થીસિસ્)An assumed truth not proved. પૂર્વ સિદ્ધાંત; માની લીધેલી વાત; કલ્પિતાર્થ.

Hypothetical, *a.* (હાયપૉથે'ટિકલ્) Supposed. માની લીધેલું.

Hyson, *n.* (હા'યસન્) A fragrant green tea. ખુશબોદાર વિલાયતી ચા.

Hysteria, *n.* (હિસ્ટી'રિઆ) A nervous disease of women. હર્ષવાયુ; હીસ્ટીરિયા.

Hysterical, *a.* (હિસ્ટે'રિકલ્) Suffering from hysteria. હર્ષવાયુ; હીસ્ટીરિયા થયેલું.

Hysterics, *n.* (હિસ્ટે'રિક્સ્) Hysterical fits. વાયુગોળો; ફિટ.

I.

I, (આય્) The ninth letter of the English alphabet represented in Gujrati by ઇ and આય્. ઇંગ્રેજી મૂળાક્ષરનો નવમો અક્ષર છે અને તે ગુજરાતીમાં ઇ અને આઇથી દર્શાવવામાં આવે છે. 2. As a numeral it stands for I. સંખ્યામાં તે 'એક'ને માટે વપરાય છે.

I, *pron.* (આય્) The nominative case of the pronoun of the first person. હું.

Iambic, *a.* (આયૅ'મ્બિક્) Consisting of a short syllable followed by a long one. લઘુ પછવાડે ગુરૂ સ્વરવાળું. 2. Pertaining to or composed of iambics. લઘુગુરૂ સંબંધી. *n.* 1. A foot consisting of two syllables, the first short and second long. પહેલો લઘુ અને બીજો ગુરૂ એવા બે અક્ષરનું ચરણ; લઘુગુરૂ. 2. A verse composed of short and long syllables alternately. લઘુ અને ગુરૂ અક્ષરો આવે એવી ટુંક. 3. A satirical poem; a lampoon. ઉપહાસક કવિતાસંગ્રહ-કાવ્ય.

Iambus, *n.* (આયૅ'મ્બસ્) A foot consisting of a short syllable followed by a long one; an iambic. લઘુ-ગુરૂ; બે અક્ષરનું ચરણ જેમાં પહેલો તાલ વગર અને બીજો તાલ સાથે બોલાતો હોય તે.

Ice, *n.* (આઇસ્) Water in a solid form. બરફ; બર્ફ. 2. Concreted sugar. ખાંડની ચાસણીનો ઢોળ. 3. Icecream. દુધમાં ખાંડ વગેરે નાંખીને તેને બરફના જોરથી ઠારીને કરેલી મલાઈ; આઈસક્રીમ. **To break the ice**=પગરણ, આરંભ કરવો. 2. To cover with concreteds ugar. ચાસણીનો ઢોળ ચઢાવવો. 3. To freeze. ઠારવું. નો બરફક૦.

Iceberg, *n.* (આ'ઇસ્બર્ગ્) A hill or mountain of ice. બરફનો ડુંગર. 2. A lofty body of floating ice. બરફનો દરીયામાં તરતો ટગલો-પહાડ.

Iceblink, *n.* (આ'ઇસ્બ્લિન્ક્) A bright appearance near the horizon, occasioned by the reflection of light from the ice. બરફમાંના પ્રકાશના પ્રતિબિંબવડે જણાતો પ્રકાશિત દેખાવ.

Ice-bound, *a.* (આ'ઇસબાઉન્ડ્) Totally surrounded with ice. ચોતરફ બરફથી ઘેરાઇ ગયેલું.

Icecream, *n.* (આ'ઇસક્રીમ્) Cream or milk sweetened; flavoured and congealed by a freezing mixture. સાકર નાંખી બરફથી ઠારેલી દુધની મલાઈ.

Icefield, *n.*(આ'ઇસ-ફીલ્ડ)A sheet of ice of a very great extent. મોટો લાંબો બરફ વિસ્તાર.

Ice-house, *n.* (આ'ઇસ-હાઉસ્) A repository for preserving ice during warm weather. ઉનાળામાં બરફ સાચવી રાખવાનું ઘર; બરફની વખાર.

Ichneumon, *n.* (ઇકન્યૂ'મન્) A kind of carnivorous mamal. મીસર દેશમાં મગરનાં ઇંડાં ખાઈ જનાર નોળીઆની જાતનું જનાવર-ઇકન્યૂમન-નોળીયો. [L. *ichno*, I hunt after.]

Ichor, *n.* (આ'ઇકૉર) An ethereal fluid that supplies the place of blood in veins of gods. દેવની નસમાં લોહીને બદલે વ્હેતો એક જાતનો દૈવી રસ. A thin watery discharge like whey. છાશ જેવી સફેદ, પાતળી, ગુમડામાંથી નીકળતી રસી.

Ichorous, *a.* (આ'ઇકરસ્) Thin; watery. પાણી જેવી પાતળી રસીવાળું.

Ichthyology, *n.* (ઇક્થિયૉ'લજી) The science of classification &c. of fishes. મત્સ્યવિદ્યા-વર્ણન. [Gr. *ichthus*, a fish & *logo*, discourse.]

Ichthyophagous, *a* (ઇકથિઑ'ફગસ્) Eating or subsisting on fish; માછલાં ખાઇ જીવનારૂં, નિર્વાહ કરનારૂં; મત્સ્ય. [Gr. *ichthus* a fish & *phago*, I eat.]

Icicle, *n.* (આ'ઈસિકલ્) A pendant conical mass of ice. ઘરના નેવ કે ઝાડની ડાખળી પરથી લટકટી શંકુ આકારની બરફની કટકી; હિમકણ.

Iciness, *n.* (આ'ઇસિનિસ્) The state of being cold. ઠરી જાય એવી અતિશય ઠંડ-શીતળતા.

Icing, *n.*(આ'ઇસિંગ્) A covering of concreted sugar. ચાસણી; ઢોળ-પડ.

Icon, *n.* (આ'ઇકન્) An image or representation. પ્રતિમા; આકૃતિ; છબી; સ્વરૂપ; મૂર્તિ.

Iconoclasm, *n.* (આઇકૉ'નૉક્લૅઝમ્) The act of destroying images. મૂર્તિભંગ; પ્રતિમાભંગ.

Iconoclast, *n.* (આઇકૉ'નૉક્લૅસ્ટ) A destroyer of images. મૂર્તિભંજક; મૂર્તિનું; મૂર્તિપૂજકનું ખંડન કરનાર. 2. One who destroys shams of any kind; a radical. કોઈ પણ જાતનો ઢોંગ, વેરાનું ઉચ્છેદન કરનાર-નો વેરી.

Iconolater, *n.* (આઇકૉ'નોલે,ટર્) One who worships images. મૂર્તિપૂજક; સેવક.

Icy, *a.* (આ'ઇસી) Cold; frosty. હિમમય; બરફ-વાળું; શાંત; શીતળ. 2. Chilling; indifferent. સ્નેહ વગરનું; ઘણું ઠંડું; બેદરકાર; નિરૂત્સાહ.

Idea, *n.* (આઇડી'અ) The transcribed image or picture of a visible object formed by the mind; mental image. દૃશ્ય પદાર્થની મન-કલ્પિત પ્રતિમા; મૂર્તિ; છબી; આકાર. 2. A general notion or conception. વિચાર; ખ્યાલ; ભાન. A thought; a notion. વિચાર; કલ્પના; તર્ક; સંકલ્પ. 4. A belief; a doctrine; a characteristic principle. મત; અભિપ્રાય; વિચાર; ભાવ. 5. Intention; design. હેતુ; આશય; ઈરાદો. 6. A rational conception. ભાવ; વિચાર.

Ideal, *n.* (આઇડી'અલ્) A mental conception as standard of perfection; a model of excellence, beauty &c. મનોરથ સૃષ્ટિ; આદર્શ; ઉપમાન. *a.* 1. Intellectual; mental. મનમાં કલ્પેલું; મનોગત; માનસિક. 2. Fit for a model; faultless &c. નમુનાને યોગ્ય; બિનખોડ; નિર્દોષ; નિષ્કલંક; શુદ્ધ; યથાર્થ. 3. Visionary. કલ્પિત; કાલ્પનિક; માનસિક.

Idealism, *n.* (આઇડી'અલિઝમ્) The state or quality of being ideal. કાલ્પનિક-મનોમય; માનસિક હોવાનો ગુણ-ધર્મ-સ્થિતિ. 2. Conception of the ideal; imagery. માનસિક સૃષ્ટિ; કલ્પનાસૃષ્ટિ. The system or theory that denies the existence of material bodies. અવિદ્યાવાદ; અવિદ્યામત; માયા; માયાવાદ.

Idealist. *n.* (આઇડી'અલિસ્ટ્) One who holds the doctrine of idealism. માયાવાદી; આદર્શી.

Ideality, *n.* (આઇડીઍ'લિટિ) Capacity or disposition to form ideas of beauty or perfection. કલ્પનાશક્તિ; તરંગી, ઉચ્ચાશયી, વેદિયા વૃત્તિ.

Ideally, *adv.* (આઇડી'અલી) In an ideal manner. કલ્પનાથી. ભાવના, આદર્શપૂર્વક.

Idealize, *vt.* (આઇડી'અલાઇઝ્) To make ideal or to give an ideal value to. કલ્પના કo; કલ્પિત ગુણ, ધર્મ, મૂકવા સ્થાપવા. *vi.* To form ideals. મનોરથ સૃષ્ટિ ઉત્પન્ન કરવી; આદર્શ બાંધવા.

Identical, *a.* (આઇડે'ન્ટિકલ્) The same; the self same; not different. તે જ; એકરૂપ; અભિન્ન; તન્મય; અભેદ; નિર્વિશેષ; સમ; સમાન. 2. Uttering the same truth; tautlogical. એકજ વાત જણાવનારૂં, સરખું; પુનરૂક્તિવાળું.

Identification, *n.* (આઇડેન્ટિફિકે'શન્) The act of proving the same. ઓળખાણ આપવું તે; સમીકરણ; એકરૂપતા; વિજ્ઞાન; વિભાવના.

Identify, *vt.* (આઇડે'ન્ટિફાઇ) To make to be the same. એકસમાન; એકરૂપ-તુલ્ય કo. 2. To ascertain or prove to be the same. તે એજ છે એમ સાબીત કરવું, જણાવવું; ઓળખાવવું. *vi.* To become the same. એકરૂપ સમાન થવું.

Identity, *n.* (આઇડે'ન્ટિટી) The state of being the same; sameness. ઐક્ય; અભેદતા; ઐક્યભાવ; અભેદ; અનન્યતા; એકરૂપતા-સામ્યતા; નિર્વિશેષતા. 2. The condition of being the same with something described or asserted. સમાનતા; 4. An identical equation. સમીકરણ.

Ideography, *n.* (આઇડીઑ'ગ્રફી) The representation of ideals independently of names. ચિત્રાક્ષર.

Ideology, *n.* (આઇડીઑ'લજી) The science of ideas. વિચારશાસ્ત્ર; તરંગ.

Ides, *n.* (આઇડ્ઝ) પ્રાચીન રોમમાં નોન્ઝ પછીનો આઠમો દિવસ; પંદરમી તારીખ.

Idiocrasy, *n.* (ઇડિઑ'ક્રસી) Peculiarity of conception. વિચિત્ર ખાસીયત. પ્રકૃતિ સ્વભાવ; પ્રકૃતિવિશેષ.

Idiocy, *n.* (ઇ'ડિઅસી) The condition of being an idiot or idiotic; absence of sense or intellect. મૂઢપણું; કમઅક્કલ; જડપણું; જડબુદ્ધિ; મૂર્ખતા.

Idiom, *n.* (ઇ'ડિઅમ્) A peculiar mode of expression. ભાષાની રૂઢિ; ભાષા સંપ્રદાય; વાક્ પદ્ધતિ. The peculiar cast of a language. ભાષાની ખાસ-ઢબ, શૈલી; પરિભાષા. [Gr. *idios*, one's own.]

Idiomatical, *a.* (ઇડિઓમૅ'ટિકલ્) Peculiar to a language; pertaining to a peculiar kind of expression. ભાષાની રૂઢિને લગતું, અનુસરતું.

Idiopathy, *n.* (ઇડિઑ'પથી) An individual nature or affection. માણસ, વ્યક્તિ, ખાસ સ્વભાવ. પ્યાર. 2. A primary disease. મૂળરોગ.

Idiosyncracy, *n.* (ઇડિઑસિ'ન્ક્રસી) A characteristic belonging to an individual; idiocracy. જાતિ સ્વભાવ; પ્રકૃતિ સ્વભાવ; વિલક્ષણતા. [Gr. *idios*, *syn* & *krasis*, temperance.]

Idiot, *n.* (ઇ'ડિઅટ્) A person in private life. નોકરી હોદ્દા પર નહિ એવો માણસ, 2. An unlearned or ignorant person. અભણ-અનક્ષર અજ્ઞાન માણસ. 3. A natural fool. જન્મથી બેવકુફ, મૂઢ માણસ. 4. A simpleton. ભોળીયો; ભોળીયો; મૂર્ખ.

Idiotcy, *n.* (ઇ'ડિઅટ્સિ) The state of being an idiot. મૂર્ખતા; મૂઢતા.

Idiotic-al, *a.* (ઇડિઑ'ટિક-કલ્) Familiar; plain; simple. સાદો; ભોળો.

Idiotism, *n.* (ઇડિઑ'ટિઝ્મ) An idiom. ભાષાસંપ્રદાય; રૂઢિ. 2. Idiotcy; foolishness. મૂર્ખતા; મૂઢતા.

Idle, *a.* (આ'ઇડલ્) Lazy; sloth. આળસુ; સુસ્ત. 2. Useless; thoughtless; vain. નકામું; ફાયદા વગરનું; નજીવું. 3. Unemployed; inactive. કામમાં ન લાગેલું; નવરાસનું; ફુરસદનું. 4. Not employed; inactive. નવરૂં; નિરૂપયોગી; નિરૂદ્યમી. 5. Lightheaded; foolish. કમઅક્કલ, સમજનું; મૂર્ખ. *vi.* To loose or spend one's time in action. વખત નકામો ગુમાવવો; ઝાળવો. To waste; to consume. આળસ નવરાસમાં વખત ખોવો, ગુમાવવો, કાળક્ષેપ કરવો.

Idleness, *n.* (આ'ઇડલ્નિસ્) Uselessness; laziness. આળસાઈ; નકામાપણું; સુસ્તાઈ; નિરૂદ્યોગ-વિમુખતા; કાર્યશૂન્યતા.

Idler, *n.* (આ'ઇડ્લર્) A lazy person; a sluggard. આળસુ માણસ; કાળક્ષેપક; નવરો.

Idly *adv.* (આ'ઇડલી) Vainly; lazily; carelessly. આળસથી; નિરર્થક રીતે; વૃથા.

Idol, *n.* (આ'ઇડલ્) An image; an image of a divinity. મૂર્તિ; પૂતળું; દેવમૂર્તિ-દેવપ્રતિમા. 2. A person or thing greatly loved or adored. હૈયાનો હાર; નેત્રમણિ. 4. A phantom; a fatuity. આભાસ; ઝંખના.

Idolater, *n.* (આઇડૉ'લટર્) A worshipper of idols. મૂર્તિપૂજક; પ્રતિમાપૂજક.

Idolatrous, *a.* (આઇડૉ'લટ્રસ્) Consisting in the worship of idols. મૂર્તિપૂજાનું-સંબંધી-વિષે.

Idolatry, *n.* (આ'ઇડૉ'લટ્રિ) The worship of idols or images; or what is not God. મૂર્તિપૂજા; ખોટી ભક્તિ.

Idolize, *vt.* (આ'ઇડલાઇઝ્) To make an idol of. દેવ જેવું માનવું. 2. To love to adoration. અતિ ચહાવું.

Idyll, *n.* (આ'ઇડિલ્) A short poem. ટુંકી કવિતા. [Gr. *eidos*, an image.] ગ્રામ્ય, ગોપ જીવનનું, આદર્શ જીવનનું ચિત્રકાવ્ય.

i. e. (આઇ-ઇ) That is. એટલે. [L. *id est*, that is.]

If, *conj.* (ઇફ) In the case that; granting that; જો.

Igneous, *a.* (ઇ'ગ્નીઅસ્) Pertaining to fire; resembling fire. અગ્નિનું; અગ્નિમય-વાળું.

Ignescent, *a.* (ઇગ્ને'સન્ટ) Emitting sparks of fire. તણખા પાડતું.

Ignis-fatuus, *n.* (ઇ'ગ્નિસ્ફૅ'ટ્યુઅસ્) A light that appears in the night over marshy grounds; will-o'-o-the-wisp. ભેજવાળી ભોંય ઉપર રાતે થતા ભડકા, ભૂતનાભડકા; ખોટી આશા. [L. *ignis*, fire and *fatuus*, foolish.]

Ignite, *vt.* (ઇગ્ના'ઇટ) To kindle or set on fire. ચેતવવું; સળગાવવું; બાળી-સળગાવી મુકવું. To take fire. સળગવું.

Ignitable, *a.* (ઇગ્ના'ઇટબલ્) Capable of being ignited, સળગી શકે એવું; જ્વાલાગ્રાહી.

Ignition, *n.* (ઇગ્નિ'શન્) The act of setting on fire. બાળવું તે-સળગાવવું તે; દહન.

Ignoble, *a.* (ઇગ્નો,'બલ્) Common; humble; અકુલીન; નીચા કુળનું. 2. Base. નીચ; હલકું; કમજાત; અધમ; પાજી.

Ignobly, *adv.* (ઇગ્નો,'બ્લિ) Meanly. નીચપણાથી.

Ignominious, *a.* (ઇગ્નૅમિ'નિઅસ્) Infamous; shameful; contemptible. અપજશનું; શરમ ભરેલું.

Ignominy, *n.* (ઇ'ગ્નમિની) Shame; reproach. શરમ; અપમાન; ફજેતી. [L. *in* & *nomen*, name.]

Ignoramus, *a.* (ઇગ્નરે',મસ્) *pl.* **Ignoramuses**; an ignorant person. મૂર્ખ માણસ: અભણ. [L. *ignorare*, to be ignorant of]

Ignorance, *n.* (ઇગ્નરન્સ્) Want of knowledge. અજ્ઞાનતા; મૂર્ખાઈ; અજ્ઞાન.

Ignorant, *a.* (ઇગ્નરન્ટ) Untaught; unstructed. અજ્ઞાન; અણુસમજુ; અભણ. 2. Unacquainted; unaware. અજાણ; ગેર માહિત; બિનવાકેફ.

Ignore, *vt.* (ઇગ્નો',ર્) To be ignorant of; અજાણ્યા હોવું. 2. To throw out as false or ungrounded. ખોટું, પુરાવા વગરનું કહીને કાઢી નાંખવું; ન કરવું, ગણકારવું.

Iguana, *n* (ઇગ્વા'ના) A lizard. પાટલા, ચંદન ઘો.

Iliac-al, *a.* (ઇ'લિઅક-કલ્) Pertaining to the ilium or flank bone. કમ્મર, પડખાના હાડકાને લગતું.

Iliad, **-Ill**, *a.* (ઇ'લિઅડ) An epic poem composed by Honer. હોમર નામના પુરાતન ગ્રીક કવિએ રચેલું રામાયણ જેવું વીર ચરિત્ર કાવ્ય. [Gr. *ilidos*, relating to Ilium.]

Ilk, *a.* (ઇલ્ક) The same; also; each; every. સદરહુ; મજકુર; દરેક: વળી.

Ill, *a.* (ઇલ્લ્) Bad; evil. ખરાબ; નઠારૂં. 2. Wicked. નઠારૂં; દુષ્ટ; પાપી. 3. Sick; unwell. માંદુ; બિમાર. **Ill turn** = An unkind act. નિર્દયકૃત્ય. **Ill breeding** = rudeness. બેઅદબી. **Ill fame** = Bad repute. અપકીર્તિ. **To take ill** = માઠું પડવું. **To take it ill.** માઠું લગાડવું. *adv.* Not easily; with pain or difficulty. બરાબર સારૂં, પુરતી રીતે નહિ; મુશ્કેલીથી.

Ill-advised *a.* (ઇલ્-ઍડવા'ઇઝ્ડ) Unthoughtful. ડહાપણ વગરનું; વગર વિચારે કરેલું; વગર વિચાર્યું.

Illapse, *n.* (ઇલૅ'પ્સ્) A sliding in; a sudden entrance. એકદમ પેસી જવું તે; હુમલો કરવો તે. [L. *in*, & *labito*, fail.]

Illation, *n.* (ઇલે',શન્) Inference; deduction. તર્ક-અનુમાન. [L. *in*, & *latns*, carried.]

Illative, *a.* (ઇલે,'ટિવ્) Inferential. અનુમાનસાધ્ય.

Ill-behaved, *a.* (ઇ'લ્બીહે,'વ્ડ) Of bad conduct. દુરાચારી; અસભ્ય; પાપી; કુચાલનું.

Ill-blood, *a.* (ઇ'લબ્લડ્) Resentment. દુશ્મનાવટ.

Ill-bred, *a.* (ઇ'લબ્રે'ડ્)Uncivil. અસભ્ય; જંગલી.

Ill-disposed, *a.* (ઇ'લ-ડિસ્પો,'ઝ્ડ) Malicious. ખારીલું; દ્વેષી. કાપટેસર.

Illegal, *a.* (ઇલ્લી'ગલ્) Unlawful. ગેરવાજબી;

Illegality, *n.* (ઇલ્લીગૅ'લિટી) Unlawfulness. અન્યાય; ગેરકાયદાપણું.

Illegalize, *vt.* (ઇલ્લી'ગલાઈઝ્) To render unlawful. અન્યાયી, ધારા, કાયદા વિરૂદ્ધ કરવું. ઠરાવવું.

Illegally, *adv.* (ઇલ્લી'ગલી) Unlawfully. ગેરકાયદે.

Illegibillity, *n.* (ઇલ્લેજિબિ'લિટી) The quality of being illegible. અશુદ્ધપણું; વાંચવાની મુશ્કેલતા.

Illegible, *a.* (ઇલ્લે'જીબલ્) Not to be read easily. વંચાય નહિ એવું.

Illegitimacy, *n* (ઇલિજી'ટિમસી) The state of bastardy. અનૌરસતા; જારઅવસ્થા.

Illegitimate, *a.* (ઇલિજી'ટિમિટ્) Unlawful. ગેરકાયદેસર. 2. Spurious. રાંડના પેટનું; વ્યભિચારોત્પન્ન.

Illegitimately, *adv* (ઈલ્લીજી'ટિમે,ટલી) Unlawfully. ગેરકાયદેસર; ગેરવ્યાજબીપણે; અશાસ્ત્રપણે.

Ill-fated, *a.* (ઇ'લફે,'ટિડ્) Unfortunate. ભાગ્યહીન.

Ill-favoured, *a.* (ઇ'લ્-ફે',વર્ડ) Ugly. કદરૂપું; બેડોળ.

Illiberal, *a.* (ઇલિ'બરલ્) Base; mean. કૃપણ; મખીચુસ; હલકું. [L. *in* & *liberates*, liberal.]

Illiberality, *n.* (ઇલિબરૅ'લિટી) Narrowness of mind. કૃપણતા; કંજુસાઈ; સાંકડું મન.

Illiberally, *adv.* (ઈલિ'બરલી) Ungenerously; uncharitably. કરકસરથી; કંજુસાઇથી

Illicit, *a.* (ઇલિ'સિટ્) Unlawful; prohibited. કાયદા વિરૂદ્ધ

Illimitably, *adv.* (ઇલિ'મિટબ્લી) Without limit. બેહદપણે; નિરવધિપણે.

Illiteracy, *n.* (ઇલિ'ટરસી) Want of learning. અજ્ઞાનતા.

Illiterate, *a.* (ઇલિ'ટરે,ટ્) Ignorant of letters or books. અભણ; વિદ્યા,જ્ઞાનહીન; અવિજ્ઞાન; અનક્ષર.

Illiterateness, *n* (ઇલિ'ટરટ્નિસ્) Want of learning. અજ્ઞાનપણું; અવિદ્વત્તા; અનક્ષરતા.

Ill-judged, *a.* (ઇ'લજજ્ડ્) Done without any thought or wisdom. અવિચારે વગર ડહાપણે કરેલું.

Ill-luck,--fortune, *a.* (ઇ'લ્લક-ફૉ'ર્ટયુન્) Misfortune. અવદશા; દુર્ભાગ્ય.

Ill-nature, *n.* (ઇ'લને,'ચર્) Bad or wicked disposition. દુષ્ટ સ્વભાવ; દુષ્ટ પ્રકૃતિ; દુષ્ટ વૃત્તિ.

Illnatured, *a.* (ઇ'લ્ને,'ચર્ડ) Cross; surly. ખરાબ; દુષ્ટ સ્વભાવનું; દુઃશીલ.

Illness, *n.* (ઇ'લનિસ્) Sickness. બિમારી.

Illogical, *a.* (ઇલ્લૉ'જીકલ્) Contrary to the rules of logic ન્યાયવિરૂદ્ધ; તર્કશાસ્ત્રના નિયમ વિરૂદ્ધ.

Illogically, *adv.* (ઇલૉ'જીકલી) In an illogical maner. શાસ્ત્રના નિયમથી ઉલટી રીતે.

Ill-omened, *a.* (ઇ'લઑ'મન્ડ) Unforunate. અપશુકનિયું; અશુભસૂચક.

Ill-starred, *n.* (ઇ'લ-સ્ટા'ર્ડ) Fated to be unfortunate. ભાગ્યહીન; કમનશીબ.

Ill-temper, *n.* (ઇ'લ્ટેમ્પર્) Bad temper. ખરાબ સ્વભાવ; દુષ્ટવૃત્તિ; વક્રભાવ.

Ill-tempered, *a.* (ઇ'લટે'મ્પર્ડ) Of bad temper, morose; peevish. દુષ્ટ, ખરાબ સ્વભાવનું. Not of good bodily constitution. ખરાબ બાંધાનું.

Ill-timed, *a.* (ઇ'લટા'ઇમ્ડ) Done or said at an unsuitable time. કવખતનું; કવેળાનું; અકાલ.

Ill-turn, *n.* (ઇ'લટર્ન) Not of good turn; loss. અકલ્યાણ; નુકશાન; અપકાર; પાપ.

Illude, *vt.* (ઇલ્લ્યૂ'ડ) To deceive or mock. ભૂલાવવું; ફસાવવું; અવળા પાટા બંધાવવા. [L. *illudo*, 1 play.]

Illuminate, *vt.* (ઇલ્લ્યૂ'મિને,ટ્) To enlighten; to throw light upon. પ્રકાશ; અજવાળું પાડવું; પ્રબોધિત કરવું. 2. To light up as a building. માં રોશની, દીવા કરવા. 3. To adorn a book. પુસ્તકને સોનેરી અક્ષરથી ચિત્રિત કરવું; શણગારવું. Enlighten. રોશની કરવી;

Illumination, *n.* (ઇલ્લ્યૂમિને',શન્) The act of illuminating. પ્રકાશન; દીપ્તિ; દ્યુતિ. 2. Festive decoration of a house. રોશની; દીપોત્સવ; દીપાવ; પ્રકાશ. 3. Adornment of books. પુસ્તકને ચિત્ર, સોનેરી અક્ષરથી શણગારવું; 4. Brightness. પ્રકાશ; તેજ; દીપ્તિ.

Illuminator, *n.* (ઇલ્લ્યૂ'મિને,ટર્) One that gives light. પ્રકાશિત કરનાર; પુસ્તકને સોનેરી અક્ષર, ચિત્રથી શણગારનાર. 2. A lense or mirror. દુરબીન; કાચ; આટલું.

Illumine, *vt.* (ઇલ્લ્યૂ'મિન્) To adorn. રોશની કરવી; શણગારવું.

Illusion, *n.* (ઇલ્લ્યૂ'ઝન્) A false show; a mockery. પ્રપંચ; મોહ; ઇંદ્રજાળ.

Illusionist, *a.* (ઇલ્લ્યૂ'ઝનિસ્ટ્) One given to illusion. મોહ, માયાને માનનાર; માયાવાદી.

Illusive, illusory, (ઇલ્લ્યૂ'સિવ્, ઇલ્લ્યૂ'સરી) Deceitful; false. માયારૂપ; કપટી; મોહિક; માયાવી.

Illustrate, *vi.* (ઇલ'સ્ટ્રેટ) To make clear or bright. પ્રકાશિત, ચળકતું કરવું; 2. To set in a clear light; to exhibit distinctly. ઉદાહરણ આપી કહેવું; સમજાવવું. 3. To adorn. શણગારવું; 4. To explain clearly. સરસ રીતે સમજાવવું. 5. To glorify. કીર્તિમાન કરવું; પ્રતિષ્ઠિત કરવું.

Illustration, *n.* (ઇલસ્ટ્રે'શન્) Example. ઉદાહરણ; દાખલો.

Illustrative, *a.* (ઇલ'સ્ટ્રેટિવ્) Exemplifying; explaining. પ્રકાશ; દાખલો આપી સ્પષ્ટ સમજાવનાર, કરતું.

Illustrious, *a.* (ઇલ'સ્ટ્રિઅસ્) Luminous; splendid. નામીચું; ઉમદા; નામાંકિત. 2. Brilliant; renowned. પ્રસિદ્ધ; કીર્તિવાન; તેજવંત.

Ill-will, *n.* (ઇ'લ-વિલ્)Enmity; malevolence. દ્વેષ; વેર; વેરભાવ; અદાવત.

Image, *n.* (ઇ'મિજ્) A visible presentation; a likeness; picture. પ્રતિમા; ચિતાર; તસ્વીર. A conception; idea. વિચાર; આભાસ; કલ્પના. [L. *imutor*, I imitate.]-*v.* To represent or form an image of. નું સ્વરૂપ રચવું; બાંધવું.

Imagery, *n.* (ઇ'મિજરી) Imitation work; images in general. મૂર્તિઓ; પુતળાં. Unreal show; appearance. ખોટું રૂપ; દેખાવ; ડોળ; આડંબર. 3. False ideas. ભાસ; માનસસૃષ્ટિ. 4. Figures in discourse. અલંકાર; દૃષ્ટાંત.

Imaginable, *a.* (ઇમૅ'જીનબલ્) Capable of being imagined. કલ્પી-ધારી શકાય એવું; કલ્પનીય.

Imaginary, *a.* (ઇમૅ'જીનરી) Existing only in fancy; not real.અવાસ્તવિક; કલ્પિત; અસત્ય.

Imagination, *n.* (ઇમૅજીને'શન્)The image-making power; a fancy. કલ્પના; વિચાર; ખ્યાલ; આકાર; સંકલ્પ. 2. Contrivance.

Imaginative, *a.* (ઇમૅ'જીનટિવ્) Proceeding from imagination. કલ્પિત. 2. Given to imagining. જેને કલ્પના કરવાનું ઘણું મન હોય તે; કલ્પનાશીલ.

Imagine, *vt.* (ઇમૅ'જીન્) To conceive; to produce by imagination. યોજના; કલ્પના ક. 2. To scheme; to devise. યુક્તિ કરવી. 3. To think. વિચારવું; ગણવું; ચિંતન કરવું.

Imbank, *vt.* (ઇમ્બૅ'ન્ક્) To inclose with a bank; to defend by banks. બંધ બાંધવો;પાળાથી રક્ષણ કરવું; પુસ્તો બાંધવો.

Imbankment, *n.*(ઇમ્બૅ'ન્કમન્ટ) The act of surrounding with a bank. પાળાથી પાણીનો અટકાવ. 2. Inclosure by a bank. રેલ, દરિયાના પાણીનો બાંધેલો બાંધ; પાળો બાંધેલો.

Imbecile, *a.* (ઇ'મ્બિસિલ) Weak; feeble decrepit. અશક્ત, મંદબુદ્ધિનું; નબળું; કમઅક્કલ.

Imbecility, *n.* (ઇમ્બિસિ'લિટી) Weakness; feebleness of body or of mind. નબળાઈ; અશક્તપણું; દુર્બળતા.

Imbed, *vt.* (ઇમ્બે'ડ્) To sink or lay as in a bed. દાટવું; ગાડવું.

Imbeded, *a.* (ઇ'મ્બેડિડ્) Buried. દાટેલું; ગાડેલું.

Imbibe, *vt.* (ઇમ્બા'ઈબ્) To drink into; absorb. ઘુટડા ભરવા; પીવું; ચુસવું. 2. To admit into the mind and retain. મનમાં લેવું; ઉતારવું; ગ્રહણ કરવું. [L. *in* & *bibo* I think.]

Imbitter, *vt.* (ઇમ્બિ'ટર્) To make bitter. To render unhappy. કડવું ક૦;દુઃખી કરવું;દુઃખી થવું 2. To render more violent; to exasperate. વધારે તીવ્ર, ઉગ્ર કરવું.

Imbosom, *vt.* (ઇમ્બુ'ઝમ્) To hold in the bosom; to admit to the affection. ખોળામાં, હૃદયમાં દાબવું; વહાલ રાખવું. 2. To inclose in the middle of. વચ્ચોવચ લાવવું.

Imbricated, *a.* (ઇ'મ્બ્રિકેટિડ્) Bent and hollowed. વળેલું અને પોલું.2.Lying over each other in regular order like tiles. નળીયાંની પેઠે ઉપરતળે ગોઠવેલું.

Imbrown, *vt.*(ઇમ્બ્રા'ઉન્)To make brown; to tan. બદામી કે તપખીરી રંગનું કરવું.

Imbrue, *vt.* (ઇમ્બ્રૂ') To moisten; to soak. પલાળવું; ભીંજવવું; લિપ્ત કરવું.-To pour out or distil. બહાર કાઢી નાંખવું; ઝરણરૂપે બહાર વહેવું.

Imbrute, *vt.* (ઇમ્બ્રૂ'ટ્) To degrade to the state of a brute; to reduce to brutality. પશુ જેવું નિર્દય કરવું;થી ક્રૂર કરવું;માન ઘટાડવું *vi.*-To sink to state of a brute.પશુ જેવું નિર્દય થવું.

Imbue, *vt.* (ઇમ્બ્યૂ') To tinge deeply; to dye. રંગવું. To tincture deeply; to cause to become impressed.ભરપુર,યુક્ત,ગુણમય કરવું.

Imitable, *a.*(ઇ'મિટબલ્) Capable or worthy of being copied. નકલ કરવા લાયક; અનુકરણીય.

Imitate, *vt.* (ઇ'મિટેટ) To follow as a pattern or example; to follow in manners. અનુસરવું; ની લઢણ પકડવી, દેખાદેખી કરવી. 2. To produce a semblance; to counterfeit. આબેહુબ ઉતારો, નકલ કરવી.

Imitation, *n.* (ઇમિટે'શન્) The act of imitating. દેખાદેખી નકલ; અનુકરણ; Likeness; resemblance. નકલ; ઉતારો; પ્રતિરૂપ; ઉપમાન.

Imitative, *a.* (ઇ'મિટેટિવ્) Inclined to imitate; imitating. અનુસરે, લઢણ, પકડે દેખાદેખી કરે એવું; અનુકરણશીલ. 2. Formed after a model or pattern. નકશીનું, નકલ કરવાનું, નમુના પ્રમાણે કીધેલું.

Imitator, *n.* (ઇ'મિટ,ટર)One who imitates or copies or follows. દેખાદેખી કરનાર; હતારો, નકલ કરનાર.

Immaculate, *n.* (ઇમ્મૅ'ક્યુલે,ટ્) Spot-less; unstained; pure. કલંક, ડાઘ વગરનું.

Immanency, (ઈ'મ્મેનન્સી) Inherence; an indwelling. વ્યાપકતા; સત્વ.

Immanent, *a.* (ઇમ્મેનેન્ટ્) Remaining within; internal. સ્વાભાવિક રહે એવું; મૂળનું; અંતર્ગત; અંતરસ્થ. [*in & maneo* I remain.]

Immaterial, *a.* (ઇમ્મટી'રિઅલ્) Not consisting of matter; incorporeal. અમૂર્તિમાન; નિરાકાર; અમૂર્ત; અશરીર; અપાંચભૌતિક. 2. Unimportant. નજીવું; હલકું; અપ્રધાન; સાધારણ.

Immaterialism, *n.* (ઇમ્મટીરિઅ'લિઝમ્)The doctrine that immaterial substances exist; or are possible. આત્મવાદ; દેહભિન્નાત્મવાદ; નિરાકાર-વાદ.

Immaterialist, *n.* (ઇમ્મૅ'ટીરિઅલિસ્ટ્) One who believes in immateriatism. આત્મ, નિરાકારવાદી.

Immature, *a.* (ઇમ્મૅચ્યૂ'ર્) Unripe; not perfect; unfinished. પાકેલું નહિ; કાચું; કુમળું; અપક્વ. 2. Too early; hasty;premature. ઘણુંજ વહેલું; અધુરૂં; અપૂર્ણ; અકાલિક.

Immaturity, *n.* (ઇમ્મૅચ્યૂ'રિટી) Unripeness; incompleteness. કાચાપણું;અપૂર્ણતા;અધુરી હાલત.

Immeasurable, *n.* (ઇમ્મે'ઝરબલ્) Incapable of being measured. અમાપ; બેહદ; અપરિમિત; અનંત; અસંખ્યાત.

Immediate, *a.* (ઇમ્મી'ડિઅટ્) Proximate; close. પાસેનું; નિકટ; નજીકનું. 2. Present; instant. તરતનું; તાત્કાલિક; હાલનું. 3. Acting or recognised directly. પાધરૂં; તરતને તરત સત્તા ચલાવતું; સાક્ષાત્સંબંધી.

Immediately, *adv.* (ઇમ્મી'ડિઅટ્લી) Proximately; directly. ઘણુંજ પાસે; તરતજ; પ્રત્યક્ષ; સાક્ષાત. 2. Without delay; instantly. તરત; તાબડતોબ; ઢીલ, વાર કર્યા વિના; તત્કાળ; અવિલંબે.

Immemorial, *a.* (ઇમ્મેમો'રિઅલ્) Beyond memory; out of mind. અતિ પ્રાચીન; ઘણુંજ જુનું; પુરાતન; અનાદિ; સ્મણાતિકાંત. **From times im-memorial.** અનાદિ કાળથી.

Immense, *a.* (ઈમ્મે'ન્સ્) Unlimited; very great; vast; huge. અપાર; બેહદ મ્હોટું; પુષ્કળ; અનંત; અત્યંત; અપરિમેય; નિઃસીમ; અમર્યાદ. [L. *in* & *metior*, I measure.]

Immensely, *adv.* (ઈમ્મે'ન્સ્લી) Infinitely; vastly. બેહદ; અતિશય; અનંત.

Immensity, *n.* (ઇમ્મે'ન્સિટી) Unlimited extension; infinity. બેહદ; વિસ્તાર; અનંતતા. 2. Vastness in extent or bulk; greatness. જે બેહદ-અતિઘણું છે તે; મહત્વ.

Immerge, *vt.* (ઈમ્મ'ર્જ) To plunge into or within anything; to immerse. કોઈપણ ચીજમાં બોળવું, ભીનું કરવું; નિમગ્ન કરવું. [L. *in* & *mergo* I plunge.]

Immerse, *vt.* (ઈમ્મ'ર્સ) To dip; to sink; to bury. બોળવું; ઢબોળવું; દાટવું. To involve. To overwhelm. દબાવવું; ગ્રસ્ત કરવું. Buried; hid; sunk. દાટેલું; સંતાડેલું; ઢબોળેલું.

Immersion, *n.* (ઈમ્મ'ર્શન્) A sinking within fluid; a dipping. બોળાવું; ડબોળવું તે; સ્નાન; અભિષેક. 2. Absorption. નિમગ્નતા; લીનતા. 3. Disappearance of a celestial body. લોપ-અલોપ; અસ્ત થવું તે; અસ્ત.

Immethodical, *a.* (ઈમ્મેથૉ'ડિકલ્)Without method or confused. બંદોબસ્ત વિનાનું; ક્રમહીન; અવ્યવસ્થિત.

Immigrant, *n.* (ઈ'મિગ્રન્ટ્) One who removes into a country for the purpose of permanent residence. જઈ રહેવા સારૂ પરદેશમાં આવી રહેલું પ્રાણી.

Immigrate, *vt.* (ઇ'મિગ્રે,ટ્) To remove into a country for the purpose of permanent residence. જઈ રહેવા સારૂ પરદેશમાં આવી રહેવું તે; દેશાંતરમાં જઈ વસવું તે.

Immigration, *n.* (ઇમ્મિગ્રે,'શન્) Removing into country for the purpose of permanent residence. પરદેશમાં આવી રહેવું તે; દેશત્યાગ દેશાંતરાધિવાસ.

Imminence, *n.* (ઇ'મ્મિનન્સ્) The condition of being imminent. ઝઝુમી રહેવું તે. 2. Impending evil or danger. આવી પડેલું જોખમ; ભય. [L. *in*, & *mineo*, I project.]

Imminent, *a.* (ઇ'મ્મિનન્ટ્) Near at hand; impending. નજીક; ઝઝુમતું; ઝઝુમી રહેલું. 2. Full of threats or danger. ભય-જોખમ ભરેલું.

Immixable, *a.* (ઇમ્મિ'ક્સબલ્)Not capable of being mixed. એકઠું કરાય, તોળાય નહિ એવું; અમેલનીય.

Immix, *vt.* (ઇમ્મિ'ક્સ્) To mix; to mingle. એકઠું કરવું; સંબંધ વહેવાર રાખવો.

Immobility, *n.* (ઇમ્મોબિ'લિટી) Fixedness in place or state. સ્થિરપણું; અચલ-ભાવ-અચળતા; સ્થિરતા; નિશ્ચલતા.

Immoderate, *a.* (ઇમ્મૉ'ડરે,ટ્) Excessive; extravagant. અતિશય; બેહદ; ઘણુંજ અમર્યાદ; અનંત; બિસુમાર.

Immoderately, *adv.*(ઇમ્મૉ'ડરે.ટ્લી) Excessively; unreasonably. અતિશય; બેહદપણે,અત્યંત.

Immodest, *a.* (ઇમ્મૉ'ડિસ્ટ્) Immoderate; arrogant; impudent.અમર્યાદ; બેઅદબ; નિર્લજ્જ. 2. Unchaste; lewd; obscene. લાજવિનાનું; વ્યભિચારી; વ્યભિચારને લગતું; બીભત્સ.

Immodestly, *adv.*(ઇમ્મૉ'ડિસ્ટ્લી)Indecently; unchastely; obscenely. બેઅદબી રીતે.

Immodesty, *n.* (ઇમ્મૉ'ડિસ્ટી) Want of modesty; unchastity. નિર્લજ્જપણું; બેઅદબી.

Immolate, *vt.* (ઇ'મ્મોલે,ટ) To sacrifice; to offer as a victim. બલિદાન આપવું, કરવું; નાશ કરવો.

Immolation, *n.* (ઇમ્મોલે,'શન્) The act of immolating.નો યજ્ઞ, નાશ કરવો તે. 2. Sacrifice. ભોગ; બલિદાન.

Immoral, *a.* (ઇમ્મૉ'રલ્) Wicked; unjust; dishonest;vicious. દુરાચરણી;પાપી.**Immorality**. An immoral act.અનીતિ;અધર્મ;અનાચાર; અન્યાય; દુષ્ટકર્મ; દુષ્ટતા; વ્યભિચાર; પાપ.

Immorally, *adv.* (ઇમ્મૉ'રલી) Wickedly; viciously. દુષ્ટ કર્મથી. અનીતિથી; અનાચારથી.

Immortality,*n.*(ઇમ્મોર્ટૅ'લિટી) Exemption from death; unending existence. અમર હોવું તે; અમરત્વ; અમૃતત્વ **Writ of I**. અમરપટો; અમરપણું. 2. Exemption from oblivion; perpetuity.નામ સનાતન રહેવું તે;નિત્યતા;સનાતનતા.

Immortalize, *vt.* (ઇમ્મૉ'ર્ટલાઇઝ્) To cause to live or exist for ever.મરે નહિ એવું કરવું; હમેશ રહે એવું, શાશ્વત કરવું 2.To exempt from oblivion; to perpetuate. નામ અમર કરવું.

Immovable, *a.* (ઇમ્મૂ'વબલ્) Firmly fixed; fast. અચલ; નિશ્ચલ; સ્થિર. 2 Steadfast; fixed. દૃઢ; નિશ્ચલ; સ્થાવર; અચળ. 3. Unalterable; unchangeable. બદલાય; ફેરવાય નહિ એવું. 4. Cruel; unfeeling. નિર્દય,કઠણ હૈયાનું. *n.* That which cannot be moved. જે દૃઢ, સ્થિર છે તે. 2. Place, lands, things adherent thereto. સ્થાવર, અચળ, વસ્તુ, મિલકત.

Immunity, *n.* (ઇમ્યુ'નિટી) Freedom from an obligation; a particular priviledge.માફી; સ્વાધીનતાનો હક; મોક્ષ. 2 Freedom. છુટકારો; ની રહિત રહેવું તે-અભાવ; ન્યૂનતા. [L. *in*, & *munus*, duty.]

Immure, *vt.*(ઇમ્યૂ'ર) To wall; to surround with wall. દિવાલો, ભીંતોથી ઘેરી લેવું-ની આગળ પાછળ-ભીંત બંધાવવી. 2. To shut up; to confine. ગોંધી લેવું-પુરી મુકવું-કેદ કરવું.

Immutability,*n.*(ઇમ્યુટૅબિ'લિટી)Unchangeableness;invariableness.નિર્વિકારી,અવિકારીપણું.

Immutable,*a.*(ઇમ્મ્યૂ'ટબલ્)Unchangeable; unalterable. અવિકારી; સ્થિર; નિર્વિકલ્પ;અવ્યય; નિર્વિકાર; નિત્ય.

Imp, *n.* (ઇમ્પ્) A shoot.નાની કુમળી ડાળ, ડાળી. 2. Progeny; child. ન્હાનું બચ્ચું છોકરું. A devil; a settled demon.ન્હાનો સેતાન; ભૂત *vt.* To graft. ઉપર કલમ કરવી.

Impact, *vt.* (ઇ'મ્પૅક્ટ) To drive close; to press or drive firmly. અફળાવવું. જોરથી લાગવું.—*n.* Collision; force communicated. ધક્કો; છાપ; મુદ્રા. [L. *in* & *pungo*, I drive.]

Impair, *vt.* (ઇમ્પે,'ર્) To lessen in power; to weaken; to enfeeble.ઘટાડવું;કમી ઓછું કરવું; ખરાબ કરવું; બગાડવું; કમજોર કરવું. [L. *in*, & *pejor*, worse.]

Impair, *a.* (ઇમ્પે,'ર્)Not fit;unsuitable.લાયક નહિ એવું; અયોગ્ય.-*n.* Diminution; decrease. ઘટાડો; ક્ષય; ન્યૂનતા; લોપ. [*in*, & *par*,equal.]

Impale, *vt.* (ઇમ્પે,'લ્) To put on a stake; to put to death by fixing on a stake. સુળીએ ચઢાવવું;સુળી દેવી. 2.To inclose as with stakes. પુરવું;ઠુંઠાં ખોડી બંધ કરવું.3.એક ઢાલ પર બે ચિન્હ કરવાં.

Impalement, *n.* (ઇમ્પે,'લમન્ટ્) The act of fixing on;closing with stakes.શૂળીએ ચઢાવવાની શિક્ષા; બાંધી લીધેલી જગ્યા. 2. An inclosed space. ગોંધવાની જગ્યા.

Impalpable, *a.* (ઇમ્પૅલ્પ'બલ્) Not to be felt; not coarse or gross. સ્પર્શથી માલમ પડે નહિ એવું; અસ્પર્શ્ય;સૂક્ષ્મ.2.Not readily apprehended in mind. મનને તરતજ અસર નહિ કરે એવું; અતિસૂક્ષ્મ.

Impanel, *vt.* (ઇમ્પૅ'નલ્) To write as the names of a jury, in a list.પંચનાં માણસોનાં નામની યાદી, ટીપ તૈયાર ક૦; પંચમાં નીમવું.

Imparity, *n.* (ઇમ્પૅ'રિટી) Inequality; disproportion. અસમાનતા; અસામ્ય. Difference of degree. તફાવત; ભિન્નતા.

Impark, *vt.* (ઇમ્પા'ર્ક) To enclose or shut up. પૂરી, ગોંધી લેવું; બાગ માટે વાડ કરવી.

Impart, *vt.* (ઇમ્પા'ર્ટ) To bestow a share or portion of. ભાગ આપવો; બક્ષીસ ક૦; આપવું; દાન, પ્રદાન ક. To make known; to show by words or tokens. જણાવવું; કહેવું; વિદિત ક૦ *vi.* To give a part or share. ભાગ આપવો. To hold a conference. વિચાર, સલાહ માટે મુલાકાત-બેઠક કરવી.

Impartial, *a.* (ઇમ્પા'ર્શલ્) Unprejudiced; just. અપક્ષપાત; નિષ્પક્ષપાતી; સમદર્શી; અદલ.

Impartiality,*n.* (ઇમ્પાર્શિઍ'લિટી)Disinterestedness; equitableness. અદલપણું; અપક્ષપાત.

Impartially, *adv.* (ઇમ્પા'ર્શલી) Without bias; equitably. અપક્ષપાતપણે; ન્યાજબી રીતે.

Impartible, *a.* (ઇમ્પા'ર્ટિબલ્) Indivisible. જેના ભાગ ન થઈ શકે એવું; અવિભાજ્ય. 2. Capable of being communicated. ભેટ આપવા જોગ; આપવા જેવું; પ્રદેય.

Impassable, *a.* (ઇમ્પૅ'સબલ્) Incapable of being passed; not admitting a passage. અગમ્ય; ગહન; દુસ્તર; અલંઘનીય; અગવડભરેલું.

Impassability, *n.* (ઇમ્પૅસિબિ'લિટી) The quality of being impassable. જડપણું; સુખદુ:ખ ન લાગે એવી સ્થિતિ; અચેતનતા; દુ:ખાસંગ.

Impassible, *a.* (ઇમ્પૅ'સિબલ્) Inaccessible to harm or pain; without sensation. જડ; સુખ દુ:ખ લાગે નહિ એવું; અચેતન. [L. *in* & *patiar*, I suffer.]

Impassion, *vt.* (ઇમ્પૅ'શન્)To oppress with strong feeling. જુસ્સામાં આવવું; જોસ, આવેશ ભરાવો, ચઢવો.

Impassionate, *vt.* (ઇમ્પૅ'શનિટ્) To affect powerfully. જુસ્સો આવવો. *a.* Strongly passionate. આવેશ, જોશ ભરેલું; રોગી; રોગાન્વિત; આસક્ત. 2. Without feeling. અસર નહિ લાગે એવું.

Impassioned, *a.* (ઇમ્પૅ'શન્ડ્) Animated; excited. જુસ્સામાં આવેલું; આવેશી; અનુરાગવાળું.

Impatience, *n.* (ઇમ્પે,'શન્સ્) Want of patience; uneasiness of pain or suffering. અધૈર્ય; અધીરાઈ; ઉતાવળ; અધીરતા; ઔત્સુક્ય; વ્યગ્રતા; ઉત્કંઠા. 2. Vehement passion; excitement. જુસ્સો; આવેશ. [L. *in* & *patior*, I suffer.]

Impatient, *a.* (ઇમ્પે,'શન્ટ્) Restless; hasty. અધીરૂં; ઉતાવળું; વ્યગ્ર. 2. Unenduring; intolerant. સાંખી ન શકે, સાંખવાને અશક્ત એવું; અક્ષમ; ધૈર્યહીન. 3. Prompted by impatience. અધીરાઈથી થયેલું.

Impawn, *vt.* (ઇમ્પૅા'ન્) To pledge; to deposit as security. હોડમાં ધરેણે, ગીરો મુકવું.

Impeach, *vt.* (ઇમ્પી'ચ્) To hinder; to impede. અટકાવવું; અડચણ, નડતર કરવી. To accuse. સરકારી કામબાબતપર દોષ, આરોપ મુકવો; દોષારોપ કરવો 3. To call in question. વાંધો, શક લેવો, ઉઠાવવો. *n.* Hindrance. અટકાવ; અડચણ; અવરોધ.

Impeachable, *a.* (ઈમ્પી'ચબલ્) Accusable. આરોપ મુકવા લાયક.

Impeachment, *a.* (ઈમ્પી'ચમન્ટ્)A calling to account; arrangement. વ્યાજબી સારૂં નહિ હોય એમ કહેવું, એવી તકરાર લેવી તે; શક; વાંધો.-Prevention; hindrance. અટકાવ; આડું આવવું તે. Censure; accusation. તહોમત; દોષારોપ; આરોપ.

Impearl, *vt.* (ઇમ્પ'ર્લ્)To form into pearls. મોતીના જેવું બનવવું. 2. To decorate with pearls. મોતીથી શણગારવું; મોતી જડવાં.

Impeccability, *n.* (ઈમ્પેકૅબિ'લિટિ) Exemption from sin, error or offence. જેનાથી પાપ, ભૂલ, વાંક નહિ થાય એવો-ગુણ; અપાપ; પવિત્રતા; નિર્દોષિતા.

Impeccable, *a.* (ઇમ્પે'કબલ્) Not liable to sin; exempt from sin. પાપાક્ષમ; નિષ્પાપ; પાપાતીત; નિર્દોષ. [L. *in* & *pecco*, I sin.]

Impede, *vt.* (ઈમ્પી'ડ)To hinder; to obstruct. અટકાવવું; વિઘ્ન કરવું; આડે આવવું. [L. *in* & *pes*, *pedis* foot.]

Impediment, *n.* (ઈમ્પે'ડિમન્ટ્) Hindrance; obstacle. અટકાવ; અડચણ; વિઘ્ન; હરકત; નડતર; આડ; અંતરાય; બાધ; વાંધો; પ્રતિબંધ. To obstruct; to hinder. અડચણ, નડતર, વિઘ્ન કરવું.

Impel, *vt.* (ઇમ્પે'લ્) To drive or urge forward to; to press on. આગળ ચલાવવું; ગમન કરાવવું; ઉશ્કેરવું; પ્રેરવું. [L. *in* & *pello*, I drive.]

Impellent, *a.* (ઇમ્પે'લન્ટ) Having the quality of impelling. ઘણા જોરથી દોડાવવું; ગમન કરાવનાર.-*n.*-Motive or impulsive power. અમલ ચલાવનારી-શક્તિ; પ્રવર્તક; પ્રેરણા.

Impend, *vi.* (ઇમ્પે'ન્ડ્) To hang over. માથા ઉપર આવી પહોંચવું; આવી પહોંચવું; પડવાની તૈયારીમાં હોવું; ઝઝુમવું. To pay; to render. આપવું; બનાવવું. [L. *in*, & *pendo*, I hung.]

Impendence, *n.* (ઈમ્પે'ન્ડન્સ્) Near approach; menacing attitude. માથા ઉપર આવી પડવું તે.

Impending, *n.* (ઇમ્પે'ન્ડિન્ગ્) Hanging over; impendent. આવી પડવું; માથા ઉપર આવવું; પડવું; ઝઝુમી રહેલું; ઉપસ્થિત; આસન્ન; નિકટવર્તી.

Impenetrability, *n.* (ઇમ્પેનીટ્રૅબિ'લિટી)The quality of being impenetrable. વજ્રતા; ગહનતા; દુર્ગમતા. That property of matter by which it excludes all other matter from the space it occupies. અભેદ્યતા. 3. Obtuseness; stupidity. જડબુદ્ધિ; મૂર્ખાઈ; મૂર્ખતા. 4. Want of sympathy; coldness. બેદરકારી; નિ:સ્પૃહતા.

Impenetrable, *a.* (ઇમ્પે'નિટ્રબલ્)Incapable of being pierced; not to be entered. જેમાં પ્રવેશ ના થઈ શકે એવું; અભેદ્ય; ગહન; દુર્ગમ; અભેદનીય. 2. Unimpressible; not to be moved by arguments, etc. કઠણ વજ્ર જેવું; અસર ન થાય એવું.

Impenitence, *n.* (ઇમ્પે'નિટન્સ્) Obduracy of heart; want of repentance. કઠણ હૈયું; અપશ્ચાત્તાપ; અખેદ; કઠિનતા; કઠોરતા.

Impenitent, *a.* (ઇમ્પે'નિટન્ટ્) Obdurate; of hard heart. કઠણ છાતીનું; પશ્ચાત્તાપ નહિં કરતું; ખેદહીન.

Imperative, *a.* (ઇમ્પે'રટિવ્) Commanding. હુકમ-આજ્ઞા કરતું; આજ્ઞાર્થ. Urgent. જરૂરી; દબાણ કરતું.

Imperatively, *adv.* (ઇમ્પે'રટિવલી) Authoritatively. સત્તાથી; આજ્ઞાથી; જરૂરી; દબાણથી.

Imperceptible, *a.* (ઇમ્પર્સે'પ્ટિબલ્) Insensible; impalpable. ઇંદ્રિયથી માલુમ પડે નહિ એવું; અગોચર; અદૃશ્ય; બેમાલુમ; અવ્યક્ત; અસ્પષ્ટ; અગમ્ય. 2. Very small; fine. ઘણું નાનું; સૂક્ષ્મ; બારીક.

Imperceptibleness, *n.* (ઇમ્પર્સે'પ્ટિબલ-નિસ્) The quality of being imperceptible. અદૃશ્યપણું; બહુ બારીકાઈ.

Imperfect, *a.* (ઇમ્પ'ર્ફેક્ટ્) અપૂર્ણ-અધુરૂં; અસિદ્ધ-ઉણું; ન્યૂન.

Imperfection, *n.* (ઇમ્પરફે'કશન્) અપૂર્ણતા. Incompleteness. અપૂર્ણતા; કસર; ખોટ; ખામી; દોષ; ન્યૂનતા.

Imperfectly, *adv.* (ઇમ્પ'ર્ફેક્ટલી) Not fully; not entirely. ખામીભરેલી, અપૂર્ણ રીતે.

Imperforable, *a.* (ઇમ્પ'ર્ફરબલ્) Having no opening. કાણું ન હોય, ન પાડી શકાય એવું.

Imperial, *a.* (ઇમ્પી'રીયલ્) Pertaining to an Emperor or an empire. શહેનશાહી; બાદશાહી; સામ્રાજ્યનું, સંબંધી. 2. સર્વોપરિ; પ્રતાપી; ભવ્ય. 3. બાદશાહી ફરમાનથી, કાયદાથી વપરાતું. 4. કાગળનું એક કદ.—*n.* નીચલા હોઠ તળે દાઢી પર રાખેલો વાળનો ગુચ્છો. 2. ગાડીના છાપરા પર મેલવાની ટ્રંક. 3. પંદર રૂપાના રૂબલ જેટલો રૂશિયાનો સોનાનો સિક્કો, નાણું.

Imperialist, *n.* (ઇમ્પી'રિયલિસ્ટ્) A subject or soldier of an Emperor. બાદશાહની રૈયત, સિપાઈ; સામ્રાજ્યનુંજ, શાહનું હિત સાચવનાર; સામ્રાજ્યવાદી. *ic* શાહી; કડક; ઉગ્ર; આજ્ઞાધારી, વાદી.

Imperil, *vt.* (ઇમ્પે'રિલ્) To bring into peril or to endanger. ભય, જોખમમાં નાંખવું.

Imperious, *a.* (ઇમ્પી'રિયસ્) Commanding. સત્તાએ ભરેલું; અહંકારી; કડક; કરડું.

Imperishable, *a.* (ઇમ્પે'રિશબલ્) Not subject to decay; indestructible. નાશ ન પામે એવું.

Imperishableness, *n.* (ઇમ્પે'રિશબલનિસ્) The quality of being imperishable. અચળતા; અવિનાશિતા.

Impermeability, *n.* (ઇમ્પરમીઍબિ'લિટી) The quality of being impermeable. અભેદ્યતા.

Impermeable, *a.* (ઇમ્પ'ર્મીઅબલ્) Impervious; impenetrable. પાણી પણ ન પેશી શકે એવું.

Impersonal, *a.* (ઇમ્પ'ર્સનલ્) Not representing a person. વ્યક્તિ. પુરૂષના ઉદ્દેશ વગરનું; નામરહિત; કર્તા વિનાનું; અકર્તૃકવાચ્ય. **Impersonal verb.** અકર્તૃકવાચ્ય ક્રિયાપદ.

Impersonate, *vt.* (ઇમ્પ'ર્સનેટ્) To invest with qualities of a human being. કોઈને મનુષ્યનું રૂપ આપવું. 2. Act. નો પાઠ ભજવવો; નું રૂપ લેવું.

Impertinence, *n.* (ઇમ્પ'ર્ટિનન્સ્) Incivility; irrelevance. બેઅદબી; અસભ્યતા; ઉદ્ધતાઈ; અપ્રસ્તુતતા.

Impertinent, *a.* (ઈમ્પ'ર્ટિનન્ટ) Not to the point; irrelevant. લાગુ નહિં પડે એવું; અપ્રસ્તુત; ઉદ્ધત; મુદ્દા વગરનું. [*in per* & *teneo*, I hold.]

Impervious, *a.* (ઇમ્પ'ર્વીઅસ્) Not admitting of a passage or entrance through. જેમાં પ્રવેશ નહિ થાય એવું; અભેદ્ય. [L. *in*, & *via*, way.]

Impetration, *n.* (ઇમ્પેટ્રે'શન્) The act of obtaining by prayer or petition. પ્રાર્થના, યાચના, હાજીહા, ખુશામતીથી મેળવવું તે. [L. *in*, & *petro*, I bring]

Impetuosity *n.* (ઈમ્પેટ્યુઑ'સિટી) Fury; violence. જુસ્સો; ઉદ્ધતાઈ; વગર વિચારીપણું. [L. *in* & *peto*, I seek, assail.]

Impetuous, *a.* (ઇમ્પે'ટ્યુઅસ્) Furious; forcible. વેગવાળું; જબરૂં; ઉદ્ધત.

Impetus, *n.* (ઈ'મ્પિટસ્) Force of motion. ગતિ આપનારૂં બળ; પ્રેરણા.

Impiety, **Impiousness**, *n.* (ઇમ્પા'ઇટી, ઈ'મ્પિઅસ્‌નિસ્) Ungodliness; wickedness. અધર્મ; પાપ; અભક્તિ; દેવનિંદા [L. *in* & *pious*.]

Impinge, *vt.* (ઈમ્પિ'ન્જ્) To fall against; to strike. અથડાવું. [L. *in* & *pango*, I drive.]

Impious, *a.* (ઇ'મ્પિઅસ્) Profane. પાપી; અધર્મી; ધર્મવિધિમાં નહિં માનનાર.

Implacability, *n.* (ઈમ્પ્લૅકબિ'લિટી) Inexorableness; irreconcilable enmity. દ્વેષ; દુશ્મનાવટ; અસભ્યતા; મનાય, રીઝવાય નહિંજ એવો સ્વભાવ. [*in* & *placeo*, I appease.]

Implacable, *a* (ઈમ્પ્લૅ'કબલ્) Inexorable; stubborn in enmity. અતિ દ્વેષી; કટ્ટું; હાડ.

Implacableness, *n.* (ઈમ્પ્લૅ'કબલ્‌નિસ્) The quality of being implacable. અસભ્યતા; દીર્ઘ દ્વેષ. To set, plant, or infix for the purpose of growth. સ્થાપવું; રોપવું; દૃઢ કરવું.

Implantation, *n.* (ઈમ્પ્લૅન્ટે'શન્) The act of imprinting, setting, or infixing. સ્થાપના; રોપણ.

Implead, *vt.* (ઇમ્પ્લી'ડ્) To institute and prosecute a suit in court. ફરીયાદ કરવી.

Implement, *n.* (ઇ'મ્પ્લીમન્ટ્) An instrument or utensil as supplying the requisites to the end. ઓજાર; સાધન; સામગ્રી.–*vt.* કંટ્રાકટ, વચન વગેરે અમલમાં મેલવું.

Impletion, *n.* (ઈમ્પ્લી'શન્)The act of filling. ભરવું તે; ભરતર; પુરણી. [*in* & *pleo*, I fill.]

Implex, *a.* (ઇ'મ્પ્લેક્સ્)Infolded; complicated. બાંધી લીધેલું; ગુંચવણ ભરેલું; કઠણ. [*in* & *plico*, I fold.]

Implicate, *vt.* (ઇ'મ્પ્લીકેટ્) To infold; involve. ગુંચવવું; બાંધવું; સંડોવવું. To be connected. માં સંડોવાવું. 3. To imply. સૂચવવું [*in* & *plico* I fold.]

Implication, *n.* (ઈમ્પ્લીકે'શન્)The act of implicating; inference. ધ્વનન; ફલિત દર્શન; અનુમાન; અટકળ; ઉપલક્ષણ; ગુંચવણ.

Implicative, *a.* (ઇ'મ્પ્લીકટિવ્) Tending to implicate. સામેલ; ગુંચવણ ભરેલું; સંકેત-સૂચિત ગર્ભિત

Implicit, *a.* (ઈમ્પ્લિ'સિટ્) Trusting fully in word or authority of another; complete; implied; not expressed. નિર્વિવાદ; સંપૂર્ણ; નિ:સંશય; સાફ; નિખાલસ; ગર્ભિત–સૂચિત.

Implied, *a.* (ઈમ્પ્લા'ઈડ્)Known by implication. ગર્ભિત; અટકળથી જણાએલું; અનુમાનસિદ્ધ; ઉપલક્ષિત; મોઘમ.

Implore, *vt.* (ઈમ્પ્લો,'ર્)To pray earnestly. કાલાવાલા કરવા; વિનંતી કરવી; આજીજીથી માંગવું. [*in* & *ploro*, I cry.]

Imply, *vi.* (ઈમ્પ્લા'ય્) To include virtually. ખરી–સત્ય રીતે અંદર લેવું; સમાવેશ કરવો; માંથી અર્થ નીકળવો; સૂચન ક૦

Impoison, *vt.* (ઈમ્પૉ'ઈઝન્) To affect with poison. ઝેર નાંખવું, દેવું, આપવું.

Impolicy, *n.* (ઇમ્પૉ'લિસી) Inexpediency; defec of wisdom. કુનીતિ; અવિચાર; અયુક્તિ; અનીતિ.

Impolite, *a.* (ઈમ્પલા'ઈટ્) Unpolite. બેઅદબ; તોછડું.

Impolitely, *adv.* (ઇમ્પલા'ઈટ્લી) In an impolite manner. અવિનયથી; અસભ્ય રીતે.

Impoliteness, *n.* (ઈમ્પલા'ઈટનિસ્) Quality of being impolite. અવિનય; બેઅદબી; અસભ્યતા.

Impolitic, *a.* (ઇમ્પૉ'લિટિક્)Unwise; imprudent; indiscreet. અવિચારી; અવિવેકી; કાર્યબાધક.

Imponderable, Imponderous, *a.* (ઈમ્પૉ'ન્ડરબલ ઈમ્પો'ન્ડરસ્) Without sensible weight. જોખાય નહિ એવું; હલકા વજનવાળું; ભાર વગરનું. [*in* & *ponderous*, weight]

Imporosity, *n.* (ઈમ્પોરૉ'સિટી) Want of porosity. ઘનતા; જાડાપણું; છિદ્રહીનતા; અતિઘનતા.

Imporous, *a.* (ઇમ્પો,'રસ્) Destitute of pores; solid. કાણાં વગરનું; નિરંધ્ર; નક્કર.

Import, *vt.* (ઇમ્પો'ર્ટ) To bring in from abroad. દેશાવર ખાતેથી આણવું; આયાત. 2. To imply. અર્થ દેખાડવો. 3. To be of importance or consequence to. ના કામનું, અગત્યનું હોવું.–*n.* (ઇમ્પોર્ટ)That which is imported or brought in from abroad. દેશાવરથી આવેલો માલ; આયાત. 2. Purport. અર્થ; અભિપ્રાય; ભાવાર્થ; મતલબ. 3. Importance; weight. વજન; મહત્વ; ભારબોજ.

Importable, *a.* (ઈમ્પો'ર્ટબલ્) Capable of being imported. પરદેશથી લાવવાજોગ.

Importance, *n.* (ઈમ્પૉ'ર્ટન્સ્)Consequence; weight; moment; significance. મહત્વ; અગત્ય; વજન; બોજ.

Important, *a.* (ઈમ્પૉ'ર્ટન્ટ)Of great import or consequence; weighty. વજનદાર; અગત્યનું; ઉપયોગી; ભારે; જરૂરનું.

Importation, *n.* (ઇમ્પોર્ટે'શન્) The act of importing from another country. બહાર દેશથી લાવવું તે; આયાત માલ.

Importunate, *a.* (ઈમ્પૉ'ર્ટ્યુનિટ્) Urgent in request or demand; persistent. અગત્યનું; ઘણા કાલાવાલા કરવું; અત્યાગ્રહી; ઘણું આગ્રહ કરવું.

Importunately, *adv.* (ઈમ્પૉ'ર્ટ્યુનિટ્લી) With pressing solicitation or request. ઘણું આગ્રહ કરવું.

Importune, *vt.* (ઈમ્પોર્ટ્યૂ'ન્) To request with urgency; to tease. વારેઘડીએ કાલાવાલા કરવા; ગળે પડવું. [*in* & *porto*, I bear.]

Importunity, *n.* (ઇમ્પોર્ટ્યુ'નિટી) Urgent request; pressing solicitation. અત્યાગ્રહ; કાલાવાલા.

Impose, *vt.* (ઇમ્પો,'ઝ્) To lay on; to put. મૂકવું; રેડવું. 2. To levy; to inflict. પર મુકવું, લાદવું. **I. upon**=ધાક બેસાડવી; ભય પમાડી છેતરવું.

Imposing, *a.* (ઇમ્પો,'ઝિંગ) Impressing; commanding. અસરકારક; ભવ્ય; ડોળદાર; અદ્ભૂત.

Imposition, *n.* (ઇમ્પોઝિ'શન્) The act of imposing or laying on. મૂકવું, બેસાડવું તે; આરોપ. 2. Burden; levy; tax. કર; જકાત; વેરો. 3. **An** extra exercise enjoined on a student as punishment. વિદ્યાર્થીને સજા દાખલ કંઈ લખવા આપવાનું અથવા મોઢે કરવા આપેલો પાઠ. 4. Deception. ઠગાઈ; છલ; પ્રપંચ; પારખું.

Impossibility, *n* (ઇમ્પૉસિબિ'લિટી) Impracticability. અશકયતા; અસંભવ; અસાધ્યતા.

Impossible, *a.* (ઇમ્પૉ'સિબલ્)Not possible; અશકય બાબત. impracticable. અસાધ્ય; અશકય; અસંભવિત; અશકય બાબત.

Impost, *n.* (ઇ'મ્પો,સ્ટ) A tax, tribute or duty. જગાત; દાણ; કર; લાગો.

Impostor, *n.* (ઇમ્પૉ'સ્ટર્) A deceiver. ઠગારો, ધુતારો.

Imposture, *n.* (ઇમ્પૉ'સ્ચર્) Fraud; cheat. ઠગો-ઠગાઈ; દગલબાજી.

Impotence,-cy, *n.* (ઇ'મ્પૉ'ટન્સ;-ન્સી) Weakness. અશક્તિ; નબળાઈ. 2. Inability to get children. નામર્દાઈ; બાયલાપણું; નપુંસકતા.

Impotent, *a.* (ઇ'મ્પટન્ટ) Destitute of force; weak. કમજોર; નબળું; કમજોર; અશક્ત. 2. Unable to copulate. નપુંસક; બાયલો; નામર્દ.

Impound, *vt.* (ઇ'મ્પાઉંડ) To confine. વાડામાં રાખવું. [*in pound*, enclosure.]

Impoverish, *vt.* (ઇમ્પૉ'વરિશ) To make poor. દરિદ્રી કરવું; ગરીબ કરવું. [*in pauper*, poor.]

Impoverishment, *n.* (ઇમ્પૉ'વરિશમન્ટ) Reduction to poverty. દરિદ્રતા; નિર્ધનતા.

Impracticability, *n.* (ઇમ્પ્રૅક્ટિકૅબિ'લિટી) Infeasibility. અશક્યતા; અસાધ્યતા; અવ્યવહારુતા.

Impracticable, *a.* (ઇમ્પ્રૅ'ક્ટિકબલ) Unpracticable; impossible. અશક્ય; અસાધ્ય.

Imprecate, *vt.* (ઇ'મ્પ્રીકે,ટ) To call by prayer. આજીજીથી વિનંતી કરી બોલવું. 2. Invoke evil on. શાપ દેવો; બદદુવા માગવી.

Imprecation, *n.* (ઇમ્પ્રીકે',શન્) A curse; execration; malediction. શાપ; બદદુવા.

Imprecision, *n.* (ઇમ્પ્રીસિ'શ્ઝન્) Want of exactness; defect of accuracy. અશુદ્ધતા-ભૂલ-ખામી.

Impregnable, *a.* (ઇમ્પ્રે'ગ્નબલ) Invincible; proof against attack. જીતાય નહિ એવું; અભેદ્ય; દુર્ગમ. [*in* & *prehendo*, I take.]

Impregnate, *vt.* (ઇમ્પ્રે'ગને,ટ) To saturate; to make pregnant. ગર્ભવંતું કરવું; હમેલ રાખવો; ભરવું; પુરવું. [*in* & *gigno*, I beget.]

Impregnation, *n.* (ઇમ્પ્રેગને'.શન્) Infusion; saturation; fecundation. ગર્ભધારણ, સ્થાપન; ભરવું તે.

Impress, *vt.* (ઇમ્પ્રે'સ) To imprint; to stamp. નિશાની પાડવી. 2. To fix deeply. ઠસાવવું. 3. Affect. અસર કરવી. *n.* A mark made by pressure. છાપ; મુદ્રા. 3. Mark of distinction. છાપ; નિશાની.

Impressible, *a.* (ઇમ્પ્રે'સિબલ) Capable of being impressed; susceptible. છાપ, અસર, પાડી શકાય એવું.

Impression, *n* (ઇમ્પ્રે'શન્) Mark; indentation; the act of impressing or stamping. છાપ મારવી, છાપવું તે. 2. Influence or effect on the sense or the intellect. અસર; સંસ્કાર; છાપ; છાપો. 3. An indistinct notion; resemblance of belief. થોડીક યાદ; ભાસ; ખ્યાલ. 4. Whole printed at a given time. આવૃત્તિ; સંસ્કરણ. *a.* Effective. અસરકારક.

Impressive, *a.* (ઇમ્પ્રે'સિવ્) Adapted to touch the sensibilities or the conscience. મનમાં ઠસી જાય એવું; હૃદયભેદક; અસરકારક.

Impressure, *n.* (ઇમ્પ્રે'શ્યર્) Indentation. છાપ.

Imprimis, *adv.* (ઇમ્પ્રા'યુમિસ્) First in order; from the beginning. પહેલેથીજ; પ્રથમથીજ; આદિથી; પ્રથમતઃ [*in* & *primus*, first in order.]

Imprint, *n.* (ઇ'મ્પ્રિન્ટ) Whatever is printed on the title page. છાપવાની જગા તથા તારીખ સાથેનું છાપવાનું નામ. (ઇમ્પ્રિ'ન્ટ)-*vt.* મુદ્રા; છાપ. To impress to stamp. છાપ મારવી; છાપ પાડવી. [*in print.*]

Imprison, *vt.* (ઇમ્પ્રિ'ઝન્) Confine; put into prison. કેદમાં, જેલમાં પૂરવું; ગોંધી રાખવું – *n.* **Imprisonment**.

Improbable, *a.* (ઇમ્પ્રૉ'બબલ) Not likely. અસંભવિત; નહિં બનવા જોગ. —*n.* **Improbability**.

Improbity, *n.* (ઇમ્પ્રૉ'બિટી) Dishonesty; wickedness. અપ્રમાણિકતા; દુષ્ટતા.

Impromptu, *adv a.n.* (ઇમ્પ્રૉ'મ્પ્ટયુ) Extempore; musical or other composition. તૈયાર થયા વગર; તત્ક્ષણ; તાત્કાલિક; ગીત; નિબંધ.

Improper, *a.* (ઇમ્પ્રૉ'પર) Wrong; unseemly. ભૂલ ભરેલું; અયોગ્ય; સારૂં સાચું લાગે નહિ એવું.

Impropriate, *vt.* (ઇમ્પ્રો'પ્રિએ,ટ) Place in hands of layman. પાદરી, ધર્મગુરૂ સિવાય બીજા કોઈ સામાન્ય જન હસ્તુ મેલવું —*n.*-**ation**,-*n.* -**ator**.

Impropriety, *n.* (ઇમ્પ્રોપ્રા'ઇટી) Solecism; unfitness. વ્યાકરણ, પરિભાષા, શિષ્ટાચારમાં દોષ; ભૂલ; અયોગ્યતા.

Improve, *vt.* (ઇમ્પ્રૂ'વ) Make or become better. સુધારવું; સુધરવું; નો લાભ લેવો; સદુપયોગ કરવો. **I. upon** = કંઈક વધારે સારૂં કરી બતાવવું. —*n* -**ability**, સુધારવા સુધરવાની યોગ્યતા, શક્તિ.—*n.* -**ment**, સુધારો —*n.* -**ver**. સુધારનાર; શીખવા ખાતર થોડે પગારે ધંધો કરનાર.

Improvident, *a.* (ઇમ્પ્રૉ'વિડન્ટ) Thriftless; unforeseeing. કરકસર વગરનો; ઉડાઉ; અવિચારી; દુર દેશી વગરનો.-*n.* **Improvidence**. ઉડાઉપણું.

Improvise, *vt.* (ઇ'મ્પ્રવાઈઝ઼) Utter, (verse, music, etc.) extempore; compose; provide. શ્લોક અથવા કવિતા તૈયારી વિના બોલવી; કવિતા રચવી; તાત્કાલિક, કામચલાઉ પુરૂં પાડવું.-*n.* **Improvisation**,-*a* **Improvisatory**.

Imprudent, *a.* (ઇમ્પ્રૂ'ડન્ટ્)Heedless; rash. બેઅદબ; ડહાપણ વગરનું; અવિચારી.–*n.***Imprudence**. Rashness. બેઅદબી. અવિચારીપણું.

Impudent, *a.* (ઇ'મ્પ્યુડન્ટ્) Insolent; shameless. બેશરમ; તોછડો-*n.***Impudence**, Insolence. તોછડાઈ.

Impugn, *vt.* (ઇમ્પ્યૂ'ન્) Challenge; call in question. ની ના કહેવી; ની વિરૂદ્ધ બોલવું *a.* **Impugnable**, *n.* **Impugnment**.

Impulse, *n.* (ઇ'મ્પલ્સ્) Impetus; push. ધક્કો;હડસેલો;તરંગ; પ્રેરણા.-*n.* **Impulsion**, *a.* **Impulsive**,Apt to be moved,prompted, by impulse. લહેરી; મનમોજી; તોરી.

Impunity, *n.* (ઇમ્પ્યુ'નિટી)Freedom from penalty or punishment. દંડ, સજામાંથી મોક્ષ; છુટકારો;માફી.

Impure, *a.* (ઇમ્પ્યૂ'ર) Unclean; dirty; unchaste;mixed with foreign matter.મલિન; ગંદું; ભેગ કરેલું;અપવિત્ર;અશુદ્ધ.–*n* **Impurity**,

Imputation, *a.*(ઇમ્પ્યૂ'ટબલ્) Attributable.

Imputation, *n.* (ઇમ્પ્યુટે,'શન્) Imputing anything; charge. દોષ લગાડવો તે-આળ; દોષ-ઠપકો; અભિપ્રાય; ખોટો જશ આપવો તે. 2. Intimation; opinion. ખબર; સૂચના; સમજુતી; આરોપ.

Impute, *vt.* (ઇમ્પ્યૂ'ટ્) To attribute. લગાડવું; નો આરોપ મુકવો; લાગુ પાડવું. To reckon; to regard. ગણવું; માનવું; લેખવું. [*in*, & *puto*, I reckon.]

In, *prep. adv.* (ઇન્) Within; inside of. અંદર; મધ્યે. To be in favour of a thing. કોઈ વસ્તુની તરફ હોવું. **In that, inasmuch as**, because. **To be in**, to be at home. ઘરમાં; ઘેર હોવું. **Ins & outs** કુંચીઓ; ખામીઓ; અંદર ખાનાની બધી વાત.

Inability, *n.* (ઇનઍબિ લિટી) Lack of ability. અશક્તિ; અસામર્થ્ય; ન આવડવું તે; દુર્બળતા.

Inaccessibility, *n.* (ઇનઍક્સેસિબિ'લિટી) The quality or state of being inaccessible or not to be reached. અગમ્યતા; અભેદ્યતા; દુઃખપ્રાપ્યતા.

Inaccessible, *a.* (ઇનઍક્સે'સિબલ્) Not to be reached; unobtainable. જવાય, અવાય નહિ એવું.

Inaccuracy, *n.* (ઇનઍ'ક્યુરસી) Defect. ચુક; ખોડ; અશુદ્ધતા; અંતર; તફાવત; ભૂલ.

Inaccurate, *a.* (ઇનઍ'ક્યુરેટ) Not correct. ખોટું; ભૂલ ભરેલું.

Inaction, *n.* (ઇનઍ'ક્શન્) Idleness. આળસ; તન્દ્રિલતા.

Inactive, *a.* (ઇનઍ'ક્ટિવ્) Idle. સુસ્ત.

Inactivity, *n.* (ઇનઍક્ટિ'વિટી) Idleness. સુસ્તી.

Inadequacy, *n.* (ઇનઍ'ડીક્વસી) Defectiveness. અપૂર્ણતા; અયોગ્યતા.

Inadequate,*a.*(ઇનઍ'ડીક્વેટ્)Unequal. અધુરૂં.

Inadequately, *adv.* (ઇનઍ'ડીક્વેટ્લી) Not fully or sufficiently. અપૂર્ણ રીતે; અસંતોષથી; અયોગ્યતાથી.

Inadhesive, *a.*(ઇનઍડ્હિ'સિવ્) Having the quality of not adhering. ચોંટે,વળગે નહિ એવું.

Inadmissible, *a.* (ઇનઍડમિ'સિબલ) Not fit to be admitted. અગ્રાહ્ય; અમાન્ય; નામંજુર; દાખલ ન કરાય એવું.

Inadvertence-cy, *n.* (ઇનઍડ્વ'ર્ટન્સ,-ન્સી) Inattention; negligence. ગફલત; ચુક; પ્રમાદ.

Inadvertent, *a.* (ઇનઍડ્વ'ર્ટન્ટ્)Heedless; careless. બેસુરત; ગાફેલ.

Inalienable, *a.* (ઇનએ'લિઅનબલ્) Incapable of being cut off. બીજાને અપાય નહિ એવું; વતનદારી; જુદું ન પાડી શકાય તેવુ. [*in* & *alienable.*]

Inamorata, *n.*(ઇનઍમરૅ'ટ)A female lover. પ્રિયા-માશુક.

Inamorato,*n.* (ઇનઍમરૅ'ટો) A male lover. પ્રિય; આશક.

Inanimate,*a.* (ઇનૅ'નિમટ્)Destitute of life; dead. જડ; અચેતન; નિર્જીવ. [*in animate.*]

Inanition, *n.* (ઇનનિ'સન્) Emptiness; exhaustion;want of food. ખાલીપણું; શૂન્યતા; લાંઘણ; ભૂખમરો.

Inanity, *n.* (ઇનૅ'નિટી) Vanity; emptiness. ઠાલાપણું; ખાલીપણું; ફોકટતા; શૂન્યતા.

Inappetence, *n.* (ઇનઍ'પીટન્સ) Want of disposition to seek nutriment. અરૂચી; અક્ષુધા; અભૂખ;

Inapplicability, *n.* (ઇનઍપ્લિકૅબિ'લિટી) Incapable of being applied. અનુચિતપણું; અયોગ્યતા; લાગુ ન પડે એવી સ્થિતિ.

Inapplicable,*a.*(ઇનઍ'પ્લિકબલ) Incapable of being applied. માફક,લાગુ ન પડે એવું;અનુચિત.

Inapposite, *a.* (ઈનઍ'પઝિટ્) Improper; unsuitable. અયોગ્ય; ગુંચવણ ભરેલું.

Inappropriate, *a.* (ઇનઍપ્રો,'પ્રીઅટ્) Improper; not skilful. અયોગ્ય; અનુચિત; અયુક્ત; અચતુર.

Inapt, *a.* (ઇનઍ'પ્ટ્) Unskilful; unfit. લાગુ ન પડે એવું; ચતુરાઈ વગરનું.

Inaptitude,*n.* (ઇનઍ'પ્ટિટ્યુડ્) Incapability; not possessing power enough to work. શક્તિહીનતા; અરૂચિ; અયોગ્યતા.

Inarticulate, *a.* (ઇનઆર્ટિ'ક્યુલટ્) Not articulate; dumb; indistinct. અસ્પષ્ટ; અવ્યક્ત; સહેલાઈથી સમજી ન શકાય તેવું; અબોલ. 2. Not jointed. સાંધા વિનાનું.

Inarticulation, *n* (ઇનઆર્ટિક્યુલે,'શન્) Indistinctness of sounds અસ્પષ્ટ ઉચ્ચાર.

Inartificial, *a.* (ઇન્આર્ટિફિ'શલ્) Natural; naked; artless. અકૃત્રિમ; જેવું પ્રથમ હોય તેવુંજ.

Inasmuch, *adv.* (ઇન્ઍ'ઝમચ્) Since. કારણ કે; એટલે અંશે.

Inattention, *n.* (ઇનઍટેન્'શન્) Heedlessness; inadvertence; carelessness. બે ધ્યાન; ચિત્ત ન લગાડવું તે; ગાફેલતા; બેપરવાઇ; બેદરકારી.

Inattentive, *a.* (ઇન્ઍટેન્ટિવ) Heedless. careless. ગાફેલ; અસાવધ; બેપરવા; બેદરકાર.

Inaudible, *a.* (ઇન્ઑડીબલ્) Incapable of being heard. સંભળાય નહિં એવું; અશ્રાવ્ય. [L. *in*, & *audio*, I hear]

Inaugural, *a.* (ઇન્ઑ'ગ્યુરલ્) Pertaining or pronounced at an inauguration. સ્થાપના, અભિષેકનું; પ્રારંભિક; પ્રાસ્તાવિક; શરૂઆતનું.

Inaugurate, *vt.* (ઇનઑ'ગ્યુરે,ટ્) To admit a person to an office in a formal manner. ક્રિયા, વિધીપૂર્વક દીક્ષા; સ્થાપના, પ્રતિષ્ઠા. પ્રારંભ; મંડાણ કરવું. [*in*, & *avis*, a bird; *garrio*, I try.]

Inauguration, *n.* (ઇનઑગ્યુરે',શન્) Investing a person to an office by appropriate ceremonies. ક્રિયા, દીક્ષા; વિધિપૂર્વક કરેલી સ્થાપના, પ્રતિષ્ઠાપન, પ્રારંભ.

Inauspicious, *a.* (ઇન્ઑસ્પિ'શસ્) Ill-omened; unlucky; unfavourable. અશુભ; અમંગળ; અભદ્ર; અપશુકનીયું.

Inauthentic, *a.* (ઇનઑથે'ન્ટિક) Not having proof; baseless. સાબિતિ વિનાનું; અપ્રમાણ; ઉડતા (ખબર.)

Inborn, *a.* (ઇ'નબોર્ન) Inherent; innate. કુદરતથી થયેલું; સહજ.

Inbred, *a.* (ઇ'નબ્રેડ્) Natural. સ્વાભાવિક; કુદરતી.

Incage, *vt.* (ઇ'નકેજ્) To coop; to prison in a cage. પાંજરામાં ઘાલવું; પાંજરામાં પુરવું.

Incalculable, *a.* (ઇન્ક'લ્કયુલબલ્) Beyond calculation; uncertain. અગણિત; અનંત; બેસુમાર; અસંખ્યેય; અચોક્કસ.

Incandescence, *n.* (ઇનકૅન્ડે'સન્સ)A white glow caused by intense heat. ધોળો પ્રકાશ; ધવલ, ગૌર કિરણાવલિ.

Incantation, *n.* (ઇનકૅન્ટે,'શન્) Magical formula; spell. જાદુ; મંતરમંતર; મેલી વિદ્યા. Enchantment. [*in* & *canto*, I sing.]

Incantatory, *a.* (ઇનકૅન્ટે'ટરી) Magical; casting spell. તંત્રિક; જંતરમંતરનું, સંબંધી.

Incapability, *n.* (ઇન્કે,પબિ'લિટી) Incapacity; want of power to work. અશક્તિ; અસામર્થ્ય.

Incapable, *a.* (ઇનકે,'પબલ) Not large; not wide enough to contain; unable. જેમાં માય નહિ એવું; અશક્ત; અસમર્થ. 2. Mentally unequal to work. આવડે નહિં એવું; અસમર્થ. 3. Morally weak. નાલાયક.

Incapacious, *a.* (ઇનકૅપે,'શસ્) Narrow. નહાનું; સાંકડું.

Incapacitate, *vt.* (ઇનકપૅ'સિટે,ટ્)To make incapable or unfit. અશક્ત, અસમર્થ કરવું તે.

Incapacity, *n.* (ઇનકપૅ'સિટી) Want of capacity; inability. અસામર્થ્ય; બુદ્ધિહીનતા; 2. Legal disqualification. અયોગ્યતા.

Incarcerate, *vt.* (ઇનકા'સરે,ટ્) To imprison. કેદ કરવું; તુરંગમાં નાંખવું [L. *in* & *carcer*, a prison.]

Incarceration, *n.* (ઇન્કાર્સરે',શન્) Imprisonment. ગીરફતારી.

Incarnate, *vt.* (ઇ'નકાર્ને,ટ્) To clothe with flesh. અવતાર લેવો, દેવો.–*a.* (ઇન્કા'ર્નટ્)invested with flesh. દેહધારી; અવતારી; મૂર્તિમાન. [*in* & *caro*, *carnis*, flesh.]

Incarnation, *n.* (ઇનકાર્ને',શન્) The act of taking human body; embodiment in flesh. અવતાર; શરીરધારણ; દેહધારણ.

Incarnative, *a.* (ઇનકા'ર્નટિવ્) Causing new flesh to grow. દેહધારણ કરવું; માંસવૃદ્ધિ કરવું.

Incase, *vt.* (ઇ'નકે,સ્) To inclose in a case; to inclose. ઢાંકવું, ઢાંકણ, ડબા, વેષ્ટનમાં ઘાલવું.

Incasement, *n.* (ઇનકે',સમન્ટ) The act of inclosing in a case-ment. ઢાંકણ, ડબામાં ઘાલવું તે.

Incatenation, *n.* (ઇનકૅટેને',નેશન્) The act of bringing together. જોડવું તે. [*in* & *catena*, chain.]

Incautious, *a.* (ઇનકૉ'શસ્) Heedless; inattentive. અસાવધ; ગાફેલ; બેદરકાર.

Incautiousness, *n.* (ઇનકૉ'શસ્નિસ્) Want of caution; inattention to caution. અસાવધપણું; ગફલત.

Incavated, *a.* (ઇનકવે,'ટિડ) Made hollow; bent round or in. કોતરેલું; પોલું કરેલું. [*in* & *cavus*, hollow.]

Incavation, *n.* (ઇનકૅવે,'શન્) The act of making hollow. પોલું કરવું, કોતરવું તે.

Incendiarism, *n.* (ઇનસે'ન્ડિઅરિઝમ્) The act or practice of maliciously setting fire to house. દ્વેષથી પારકાનું ઘર બાળી મુકવું તે.

Incendiary, *a.* (ઇન્સે'ન્ડીઅરી) Pertaining to the malicious burning of a dwelling. દ્વેષથી પારકાનું ઘર બાળી મુકવા સંબંધી. A person who sets fire to a building. આગ લગાડનાર; ગૃહદાહક.

Incense, *vt.* (ઇન્સે'ન્સ) To set on fire to kindle. સળગાવવું; ધુપ દેવો, કરવો. 2. To incite; to kindle. કોપાયમાન, ક્રોધાયમાન,ક૦ *n.* (ઇ'ન્સેન્સ) Perfume exhaled by fire. ધૂપ; ધૂપ-ગંધ; સુગંધ, વાસ.

Incentive, *a.* (ઇનસે'ન્ટિવ્) Inciting; encouraging. ઉશકેરનાર. Motive power ઉત્તેજન; પ્રેરણા, બલ.

Inception, *n.* (ઇનસે'પશન્) Beginning. શરૂઆત; પહેલ; આરંભ. [*in*, & *capio*, I take.]

Incertitude, *n.* (ઇનસ'ર્ટિટ્યુટ) Uncertainty. અનિશ્ચિતપણું; અચોક્કસપણું

Incessant, *a.* (ઇનસે'સન્ટ) Unceasing. બંધ નહિ પડે એવું-નિરંતર. [*in*, & *cesso*, I cease.]

Incest, *n* (ઇ'નસેસ્ટ) The crime of cohabitation between persons related within the degree wherein marriage is prohibited. નિકટના સગા સાથે સંભોગનો ગુન્હો, પાપ.

Incestuous, *a.* (ઇનસે'સ્ટયુઅસ) Guilty of incest. નીકટ સગાંસાથે સંભોગ કરનાર; ગોત્રગામી [*in*, & *castuf*, chaste.]

Inch, *n.* (ઇન્શ) A measure of the twelfth part of a foot. એક ફુટનો બારમો ભાગ-તસુ. 2. A critical moment. અણીનો વખત. **By inches** = Gradually. ધીમે, ધીમે. Every I.= દરેક અંગમાં, રીતે.

Inchoate, *v.* (ઇ'નકોએ,ટ) Begin. શરૂ કરવું- *a.* (ઇ'ન્કોઅટ) Incipient; incomplete. આરંભેલું; અધુરૂં; કાચું. [*incohatun.*, begun.]

Incidence, *n.* (ઇ'ન્સિડન્સ) An event. પ્રસંગ; ઘટના; વૃત્તાંત; બનાવ; બિના. [*in*, *cado*, I fall.]

Incident, *a.* (ઇ'ન્સિડન્ટ) Casual; accidental. કોઇ વેળા બનતું; અનિયમિત-અપ્રધાન; ગૌણ.

Incidental, *a.* (ઇન્સિડન્ટલ) Striking or falling upon. પડતું; થતું. 2. Casual. આવી પડેલું; પ્રાસંગિક. 3. Dependent on. આધાર રાખતું. *n.* An event. બનાવ; બીના.

Incidentally, *adv.* (ઇન્સિડે'ન્ટલી) Without intention. અકસ્માત્‌રીતે; પ્રસંગવશાત્.

Incinerate, *vt.* (ઇન્સિ'નરે,ટ) To burn to ashes. બાળીને ખાખ-ભસ્મ કરવી.

Incipiency, *a.* (ઇન્સિ'પિઅન્સી) Beginning; commencement. શરૂઆત; પહેલ; પ્રારંભ; મંડાણ; ઉપક્રમ.

Incipient, *a.* (ઇન્સિ'પિઅન્ટ) Beginning; commencing. શરૂઆતનું; આરંભનું; પહેલું; પ્રથમ.

Incipiently, *adv.* (ઇન્સિ'પિઅન્ટલી) In an incipient manner. અગાઉથી; પ્રથમથી.

Incision, *n.* (ઇન્સિ'ઝન્) The act of cutting. કાપવું તે. 2. A cut. કાપ; કાપો.

Incisive, *a.* (ઇન્સાઇ'સિવ્) Sharp. કાપે એવું. તીક્ષ્ણ.

Incisory, *n.* (ઇન્સા'યઝરી) Having the quality of cutting. કાપે એવું.

Incisure, *n.* (ઇન્સિ'ઝર) A cut. કાપો.

Incitation, *n.* (ઇન્સાઇટે,'શન્) The act of instigating. ઉશ્કેરવું તે; શિખવણી; ઉશ્કેરણી; ઉત્તેજન.

Incite, *vt.* (ઇન્સા'ઇટ) To move to action; to rouse. ઉશ્કેરવું; ચઢાવવું. [*in*, *cito*, I rouse.]

Incitement, *n.* (ઇન્સા'ઇટમન્ટ) The act of inciting. ઉશ્કેરવું તે; ઉશ્કેરણી; ઉત્તેજન.

Incivil, *a.* (ઇન્સિ'વિલ) Rude. અસભ્ય.

Incivility, *n.* (ઇન્સિવિ'લિટી) Rudeness. અસભ્યતા; અવિનય; તોછડાઇ [*in* & *civis*, a citizen.]

Inclasp, *vt* (ઇ'નક્લૅસ્પ) To hold fast. ભેટવું.

Inclemency, *n.* (ઇન્કલે'મન્સી) Harshness; severity. સખ્તાઇ; નિર્દયતા; કઠોરપણું.

Inclement, *a.* (ઇન્કલે'મન્ટ) Unmerciful severe. કઠોર; નિર્દય. [*in* & *c lament.* mind.]

Inclinable, *a.* (ઇન્કલા'ઇનબલ) Leaning; tending; disposed; favourable. વળે એવું; શીલ; વલણ થયેલું; તરફદારીવાળું.

Inclination, *n.* (ઇન્કિલને,'શન્) The act of inclining. વલણ; ઝોક 2. (Geom.) The angle made by two lines or planes which meet if produced. બે લીટીઓ જો લંબાવે તો તે મળેથી થતો ખુણો. 2. Bent; propensity. મનનું વલણ; રૂખત; રૂચિ; મન.

Incline *vt.* (ઇન્કલા'ઇન્) To lean. વળવું; મરડાવું. 2. To be disposed. વલણ થવું; મન વળવું, થવું. *n.* **An inclined-plane**; a grade. ઢોળાવ; ઢળતી સપાટી, પાટીયું. [*in*, & *clino*, I bend.]

Inclose, *vt.* (ઇન્કલો,'ઝ) To surround. વાડ બાંધી, કરાવી, ઘેરવું. 2. To put within a case. પેટીમાં ઘાલવું.

Inclosure, *n.* (ઇન્કલો',ઝર) The separation of land from common ground by a fence. વાડની અંદરની જગા; અલગ, બંધ જગ્યા.

Include, *vt.* (ઇન્ક્લુ'ડ) To hold; to contain. માં હોવું; સમાવેશ કરવો. [*in*, & *claudo*, I shut].

Inclusion, *n.* (ઇન્ક્લુ'ઝન્) The act of including. સમાવેશ; અંતર્ભાવ; અંતર્ગતતા; અભિવ્યાપ્તિ.

Inclusive, (of) *a.* (ઇન્ક્લૂ'સિવ્) Including. માં ગણાતું; પરિગ્રાહી; અભિવ્યાપક.

Incog,-Incognito, *adv.* (ઇનકૉ'ગ્,ઇનકૉ'ગ્નિટો) In concealment. ગુપ્ત વેશથી; ગુપ્તરૂપે.

Incognito, *a.* (ઇન્કૉ'ગ્નિટો) One in disguise or under a false name. ગુપ્ત વેષવાળો માણસ; વેષધારી. 2. *n.* The state of being in disguise. ગુપ્ત વેષ.

Incognizable, *a.* (ઇનકૉ'ગ્નિઝબલ્) Incapable of being recognized. ઓળખાય જણાય નહિ એવું.

Incoherence-cy, *n.* (ઇનકોહી'રન્સ્, ઇનકોહી'રન્સી) Want of cohesion or adherence. અસંયોગ; શિથિલતા; ઘટ્ટતા, ઘનતાનો અભાવ.

Incoherent, *a.* (ઇન્કોહી'રન્ટ્) Loose. અળગું; છુટું. Inconsistent. વિરૂદ્ધ; સંબંધ વિનાનું. [L. *in*, *con*, & *hereo*, I stick.]

Incoherently, *adv.* (ઇન્કોહી'રન્ટલી) Inconsistently. ગમેતેમ; સંબંધ વગર; યદ્વાતદ્વા. સંપ, ઘટ્ટતા વિના.

Incombustible, *a.* (ઇનકમ્બ'સ્ટિબલ્) Incapable of being burned; incapable of explosion. ફૂટે નહીં એવું; સળગે નહિ એવું.

Income, *n.* (ઇ'નકમ્) The gain from labour. આવક; પેદાશ; કમાઈ; ઉપજ; આમદાની; આયપત.

Incommensurate, *a.* (ઇન્કમે'ન્શરટ્) Not admitting of a common measure. સામાન્ય ભાજક રહિત; અપ્રમાણ; વિષમ પ્રમાણવાળું. 2. Not adequate. અધુરૂં.

Incommensurable, *a.* (ઇન્કમે'ન્શરબલ) Not having common measure or standard of comparison. સામાન્ય ભાજક રહિત; અસમ પરિમાણ; ભિન્ન પરિમાણક.

Incommodation, *n.* (ઇન્કૉમોડે',શન્) State of being incommodated. અગવડ; સંકડાશ; અડચણ.

Incommode, *vt.* (ઇન્કમો',ડ્) To disturb or molest; to impede. અવરોધ કરવો;ને અડચણ કરવી; ને અગવડમાં નાંખવું. [*in*, & *commodo*, I make fit.]

Incommodious, *a.* (ઇનકમો'ડિઅસ્) Unsuitable; inconvenient. અડચણ ભરેલું; સોઈ વિનાનું.

Incommunicable, *a.* (ઇન્કમ્યૂ'નિકબલ્) Incapable of being told or conveyed. બીજાને કહેવાય નહિ એવું.

Incommunicative, *a.* (ઇન્કમ્યુ'નિકટિવ્) Not free or apt to impart to others in conversation. બીજાની જોડે બહુ વાત નહિ કરે, કરી શકે એવું; મોઢ બોલું.

Incommutable, *a.* (ઇનકૉમ્યૂ'ટબલ્) Not capable of being exchanged with another; not convertible. અદલ બદલ ન કરાય એવું.

Incomparable, *a.* (ઇન્કૉ'મ્પરબલ્) Without an equal; unequal. અનુપમ; અપ્રતિમ; સર્વોત્તમ; સરખામણી ન થાય એવું.

Incompassionate, *a.* (ઇનકમ્પે'શનેટ્) Void of pity. દયા, અનુકંપારહિત; કઠોર; નિર્દય.

Incompatibility, *n.* (ઇન્કમ્પે'ટિબિલિટી) Inconsistency; opposition. વિરૂદ્ધતા; વિપરીતતા; અસંભવ.

Incompatible, *a.* (ઇન્કમ્પે'ટિબલ્) Inconsistent; discordant. વિરૂદ્ધ; અયુક્ત; અસંગત-વિપરીત.

Incompetence,-cy, *n.* (ઇન્કૉ'મ્પીટન્સ્, ઇન્કૉ'મ્પીટન્સિ) Insufficiency અશક્તિ; અસામર્થ્ય. 2. Want of legal fitness to be heard or admitted, as a witness. સાક્ષી તરીકે હાજર થવાની નાલાયકી.

Incomplete, *a.* (ઇન્કમ્પ્લી'ટ્) Unfinished. અધુરૂં; અપૂર્ણ.

Incompleteness, *n.* (ઇન્કમ્પ્લી'ટનિસ્) Defectiveness; absence of completeness. અધુરૂં હોવું તે; અપૂર્ણતા.

Incomprehensible, *a.* (ઇનકૉમ્પ્રિહે'ન્સિબલ્) Beyond the capacity of human intellect; inconceivable. ગૂઢ; ગહન; દુર્બોધ; અગમ્ય; સમજી શકાય નહિ એવું.

Incomprehensibility, *n.* (ઇનકૉમ્પ્રિહેન્સિબિ'લિટી) The quality of being beyond the human intellect; uninteligibility. ગૂઢતા; અગમ્યતા; ગહનતા.

Incompressible, *a.* (ઇનકૉમ્પ્રે'સિબલ્) That cannot be compressed. દબાય નહિ એવું.

Inconceivable, *a.* (ઇન્કન્સી'વબલ્) Incapable of being imagined. અકલ્પિત; ગૂઢ; ગહન; અકળ; કલ્પી શકાય નહિં એવું.

Inconclusive, *a.* (ઇન્કન્ક્લૂ'સિવ્) Unsettled; not conclusive. જેનો છેડો ન આવે એવું; અપાર; અપ્રમાપક; અપ્રમાણ્ય; વિકારી.

Incongruent, *a.* (ઇન્કૉ'નગ્રુઅન્ટ્) Incongruous; unsuitable. અયોગ્ય; બેસતું ન આવે એવું.

Incongruity, *n.* (ઇન્કૉન્ગ્રૂ'ઇટી) Inconsistency; absurdity; unsuitableness; disagreement. અયોગ્યતા; વિરૂદ્ધતા; અસંગતિ; અબંદ્ધ; અયુક્તિ.

Incongruous; *a.* (ઇન્કૉ'ન્ગ્રૂઅસ્) Unsuitable; out of place. અયોગ્ય; વિરૂદ્ધ.

Inconsequence, *n.* (ઇન્કૉ'ન્સિકવન્સ્) The quality of being inconsequent; want of logical consequence; inconclusiveness. કુતર્ક; અપ્રમાણતા; અનિશ્ચિતતા.

Inconsequent, *a.* (ઇન્કૉ'ન્સિક્વન્ટ્) Without regular inference. પ્રતિજ્ઞા, આપેલા પ્રમાણમાંથી ન નીકળતું; અનન્વિત.

Inconsiderable, *a.* (ઇન્કનસિ'ડરબલ્) Not important; trivial; immaterial. ધ્યાનમાં ન લેવા યોગ્ય; ન્હાનું; હલકું; નજીવું.

Inconsiderate, *a.* (ઇકન્સીડરટ્) Hasty; thoughtless. અવિચારી; અવિવેકી.

Inconsiderately, *adv.* (ઇન્ક'ન્સિડરટલી) Rashly; hastily. વગર વિચારે; અવિચારપૂર્વક; બેદરકારીથી.

Inconsideration, *n.* (ઇન્કન્સિડરે,'શન્) Inattention. અવિચાર; અવિવેક.

Inconsistence,-cy, *n.* (ઇન્કન્સિ'સ્ટન્સ્-સી) Disagreement;opposition;discrepancy.પરસ્પર વિરોધ, વિરૂદ્ધતા; વિપરીતતા.

Inconsistent,*a.*(ઇનકન્સિ'સ્ટન્ટ્)Discrepant; repugnant;discordant.એકબીજાથી ઉલટું;વિપરીત; અયુક્ત. 2. fickle. ચંચળ, અસ્થિર મનનું;સંકલ્પ વિકલ્પ કરનારૂં; અદૃઢ

Inconsistently, *adv.* (ઇન્કન્સિ'સ્ટન્ટલી) Incongruously; without steadiness or uniformity ઘટ, માથું ગમે તેમ હોય તે.વિપરીત; વિરૂદ્ધ; અસંગત રીતિએ.

Inconsolable, *a.* (ઇન્કૅાન્સો,'લબલ્) Not to be consoled; grieved beyond consolation. અતિ શોચ કરતું; શોકાકુળ.

Inconspicuous, *a.* (ઇનકૅાન્સ્પિ'ક્યુઅસ્) Hardly discernible. અસ્પષ્ટ;પરખાય નહિ એવું.

Inconstant,*a.* (ઇન્કૅા'ન્સ્ટન્ટ્) Not agreeing; inconsistent; discordant; jarring. અસ્થિર; ચંચળ; ચળિત, ઠેકાણા વગરનું;બેવફાદાર;વ્યભિચારી.

Inconstancy, *n.* (ઇન્કૅાન્સ્ટન્સી)Mutability. અસ્થિરતા; ચંચળતા. [*Lin,con* & *sto*,I stand.]

Incontestable. *a.* (ઇનકૅાન્ટે'સ્ટબલ્) Not to be disputed. નિર્વિવાદ; નિઃસંદેહ.

Incontinence,-cy, *n.* (ઇન્કૅા'ન્ટિનન્સ્,-ન્સી) Incapacity to hold વ્યભિચાર;લંપટતા; છિનાળતા.

Incontinent,*a*(ઇન્કૅા'ન્ટિનન્ટ)Unchaste.ઇંદ્રિય વશ; ઇંદ્રિયાધીન; લંપટ; વ્યભિચારી;છિનાળવો (પુરૂષ).

Incontinently, *adv.* (ઇન્કૅા'ન્ટિનન્ટલી) In an incontinent manner;unchastely.લંપટપણે; વ્યભિચારપણે. 2. Instantly; immediately; at once. એકદમ; તરતજ; લાગલુંજ.

Incontrovertible, *a.* (ઇન્કૅાન્ટ્રોવ'ર્ટિબલ્) Too clear or certain to admit of dispute or controversy. નિર્વિવાદ; અવિવાદ્ય; તકરાર, વાંધા વગરનું

Inconvenience. *n.* (ઇનકન્વી'નિઅન્સ્) The quality of being inconvenient; want of convenience. અસુગમતા; અગવડતા; પ્રતિકૂલતા.

Inconvenient, *a.* (ઇનકન્વી'નિઅન્ટ્) Unsuitable;giving some trouble or uneasiness. અસૂતર; અસુગમ; અનુકૂળ ન પડતું.

Inconvertible, *a.* (ઇનકનવ'ર્ટિબલ્) Not capable of being changed. ફેરવાય, બદલાય, વટાવાય નહિ એવું.

Incorporate, *vi.* (ઇનકૅા'પોરિ,ટ્) To form into one body; to unite. જોડી નાંખવું, દેવું. 2. Amalgamate. મેળવવું; સંપાદન કo. *vt.* to be mixed or blended; to grow into. જોડાવું; જોડાઈ, ભળી જવું. *a.* not consisting of matter. વિદેહી.

Incorporation, *n.*(ઇનકૅાપોરિ,'શન્)Union; the act of incorporating.સંયોગ;મેળાપ;જોડણી.

Incorporeal,*a.*(ઇનકૅાર્પોરી'લ્)Bodiless.વિદેહ; નિરાકાર; અનંગ

Incorrect, *a.* (ઇનકરે'ક્ટ્) Inaccurate. ચૂક, ભૂલવાળું; અશુદ્ધ. 2. Not in accordance with truth. અસત્ય; અનૃત. 3. Not in accordance with morality. અનીતિનું; ગેરવ્યાજબી.

Incorrectly, *adv.* (ઇનકરે'ક્ટલી) Inexactly; inaccurately. ભૂલચૂક કરીને; અશુદ્ધ રાખીને.

Incorrectness, *n.* (ઇનકરે'ક્ટનિસ્) Inaccuracy; inexactness; want of conformity to truth. ભૂલ; ચૂક; ખામી; દોષ.

Incorrupt, *a.* (ઇનકર'પ્ટ્) Unimpaired; pure; sound. ખરાબ થયેલું, બગડેલું નહિ એવું.

Incorruptible, *a.*(ઇનકર'પ્ટિબલ્) Free from decay; imperishable. અક્ષય; અવિનાશી. 2. બગડે, લાંચ ન લે એવું.

Incorruptibility, *n.* (ઇનકરપ્ટિબિ'લિટી) Quality of being incorruptible. અવિકારીપણું; અચલતા.

Increase, *vi* (ઇન્ક્રી'સ્) To grow; to expand. ઉગવું; વધવું. 2. To advance in value. કિંમતમાં વધવું. *vi.* To make greater or larger; to augment in bulk, quantity, etc. મ્હોટું કરવું; વજન વધારવું.

Incredibility, *n.* (ઇનક્રેડિબિ'લિટી) The quality of being too extraordinary to admit of belief;that which is incredible. અવિશ્વાસ; અણુપતિજ; અવિશ્વાસ્યતા.

Incredible, *a.* (ઇનક્રે'ડિબલ્) That cannot be believed; not to be credited. માન્યામાં ન આવે એવું; બેઈતબારી.

Incredibly, *adv* (ઇનક્રે'ડિબ્લી)In a manner to preclude belief. વગર ઈતબારથી;પતિજ વિના.

Incredulity, *n.* (ઇન્ક્રિડ્યૂ'લિટી) Disbelief; scepticism. અણભરોસો; અવિશ્વાસ.

Incriminate, *vi.* (ઇનક્રિ'મિને,ટ્)To accuse. આરોપ, દોષ, આળ ચઢાવવું. *n.* **Incrimination**=આળ; તેહોમત; ગુન્હો.

Incrust, *vi.* (ઇનક્રસ્ટ) To cover with a crust થર, પડ ચઢાવવું, પાથરવું.*n.* **Incrustation**=થર; પડ; પોપડો.

Incubate, *vi.* (ઇ'નક્યુબે,ટ) To brood or sit on eggs for hatching. સેવવું; ઈંડા પર બેસવું. [L. *in*, upon & *cubo*, I lie down].

Incubation, *n.* (ઇનક્યુબે,'શન) The act of incubating. સેવન (ઈંડાનું).

Incubator, *n.* (ઇ'નક્યુબે,ટર) One who hatches. સેવનાર.

Inculpate, *vi.* (ઇ'નકલપે,ટ) To blame; to accuse; to incriminate. ઠપકો દેવો;દોષ મુકવો.

Inculpation, *n.* (ઇનકલપે,'શન) The act of inculpating. ઠપકો; દોષ; ગુન્હો.

Inculpatory, *a.* (ઇનક'લ્પે,ટરી) Tending to inculpate or criminate. દોષ, ઠપકાને ઠરાવનાર, મુકનાર; માં સંડોવવું.

Incult, *a.* (ઇનક'લ્ટ) Not cultivated; unpolished. ખેડાયા વગરનું; નઠારૂં.

Incumbency, *n.* (ઇનક'મ્બનસી) State of being incumbent. બીજી વસ્તુ પર પડેલા, રહેલા હોવું તે. 2. ધર્મગુરૂની જગાએ કામ ચલાઉ હોવું તે, તે પદ. 3. A duty કર્તવ્ય; ફરજ.

Incumbent, *a.* (ઇનક'મ્બન્ટ) Resting on. ઉપર પડેલું; આડેલડું; ટેકવડું. 2. Supported. નું આશ્રિત, અવલંબિત. 3. Resting as obligation. માથે ચોટેલું; ફરજ દાખલ રહેલું.

Incumber, *n.* (ઇનક'મ્બર) One who rests. આશ્રિત.

Incur, *vi* (ઇનક'ર) To become liable to. પાત્ર થવું; વ્હોરી લેવું. [L. *in*, into & *curro*, I run.]

Incurable,*a.* (ઇનક્યૂ'રબલ) That cannot be cured. સારૂં, સાજું થાય નહિ એવું; અસાધ્ય 2. Irremediably. કંઇ ઉપાય ચાલે નહિં એવું; નિરૂપાય; અસાધ્ય

Incurious, *a.* (ઇનક્યુ'રિઅસ) Not curious to know. જાણવાની ઈચ્છા વગરનું; જીજ્ઞાસા રહિત; અજીજ્ઞાસુ-*adv.* **Incuriously**, અજીજ્ઞાસુ રીતે.

Incurvate, *vi.* (ઇનક'વે,ટ) To bend, to crook; to make curve. વાંકુ વાળવું; નમાવી દેવું.-*n.* **Incurvation**, વાંક; વળાટ [L. *in*, in & *curvo*, I bend.]

Indagate, *vi.* (ઇ'ન્ડગે,ટ) To seek or search out. શોધવું; ગોતવું; હાથ લાગવું-*n.* **Indagation**, શોધ; ગોત.

Indebted, *a.* (ઇનડે'ટિડ) Being in debt. દેવાદાર; ઋણી. (2) Obliged. કોઈની મહેરબાનીથી પ્રાપ્ત થયેલું; આભારી; ઉપકૃત.

Indecent, *a.* (ઇનડી'સન્ટ) Immodest; indecorous. નાગું; ઉઘાડું; બીભત્સ; નિર્લજ.

Indecisive, *a.*(ઇનડીસાં'ય્સિવ) Not brought to a final issue. નિકાલ, નિર્ણય ન થાય એવું; છેવટ, પરિણામ શૂન્ય;અચોક્કસ.

Indecision, *n.*(ઇનડીસિ'શન) Irresolution; hesitation. અનિશ્ચય; અનિર્ણય; સંદેહ; સંશય; સંકલ્પ વિકલ્પ.

Indeclinable,*a.*(ઇનડીક્લા'યનબલ)Not varied by terminations of cases, number, etc. જેને જાતી, વચન કે વિભક્તિ ન લાગે એવું; અવ્યય.

Indecorous, *a.* (ઇન્ડીકો'રસ) Unseemly; unbecoming; immodest. શોભે, છાજે નહિં એવું; અયુક્ત; અનુચિત.

Indecorum, *n.* (ઈન્ડીકો'રમ) Unbecoming conduct; impropriety of behaviour. અવિનય; અસભ્યતા; અવિનયાચાર.

Indeed, *adv.* (ઇન્ડી'ડ)In reality; in truth; certainly; surely. ખરેખર; ખચિત; તો ખરૂં.

Indefatigable, *a.* (ઇનડીફે'ટિગબલ) Untiring; unwearing. થાકી, શ્રમિત ન થાય એવું; અશ્રમિત; અતિ પરિશ્રમી.

Indefeasible, *a.* (ઇનડિફી'ઝિબલ) That cannot be lost or annulled; not defeasible. અખંડનીય; રદ ન કરી શકાય તેવું.

Indefensible, *a.* (ઈનડિફે'ન્સિબલ) That cannot be defended or maintained; untenable. ગેરવાજબી; અરક્ષણીય.

Indefinable, *a.* (ઈનડિફા'ઇનબલ) Not to be clearly explained by words; incapable of being defined. અલક્ષણીય; શબ્દોથી ન સમજાવી શકાય તેવું.

Indefinite, *a.* (ઈનડે'ફિનિટ) Unlimited; vague. અનિશ્ચિત; મોઘમ. (2) Not given or defined in magnitude, as a line.

Indefinitely, *adv.* (ઈનડે'ફિનિટલી) Not precisely; in an indefinite manner. અચોક્કસપણે; પાકી ગણત્રી વિના.

Indeliberate, *a.*(ઇનડિલી'બરે,ટ) Unpremeditated;unexpected;sudden,અનાયાસ;અચિંતિત.

Indelible, *a* (ઇનડે'લિબલ) That cannot be effaced, blotted out; ineffaceable. સહેજમાં ભુંસાઈ નહીં જાય તેવું; ભૂલી ન શકાય તેવું.

Indelicacy, *n.* (ઇનડે'લિકસી) The quality of being indelicate; want of a nice sense of propriety.અસંકોચ;જેમ આવ્યું તેમ; નિર્લજતા.

Indelicate, *a.* (ઇનડે'લિકટ) Offensive to purity, modesty, etc.; wanting delicacy; somewhat immodest.અવિનયી;અસભ્ય;વિવેકહીન.

Indemnification, *n.* (ઇન્ડેમ્નિફિકે,'શન્) Act of indemnifying; compensation. નુકશાન ભરી આપવું તે; નો બદલો આપવો તે.

Indemnify, *vt.* (ઇન્ડે'મ્નિફાય્) To make safe from loss or harm; to compensate for. નુકશાનથી બચાવવું; નો બદલો આપવો.

Indemnity, *n.* (ઇન્ડે'મ્નિટી) Exempt from penalty; security given against loss, damage, etc. જામિનગીરી; શિક્ષામાંથી મુક્તિ.

Indent, *vt.* (ઇન્ડે'ન્ટ્) To bind by indenture. લખીને માલ મંગાવવો. *n.* A cut or notch in the margin of anything. ખાંચ.

Indentation, *n.* (ઇન્ડેન્ટે,'શન્) A cut; act of indenting. કેરણુ; ખાંચ; ખાંચ કરવી તે.

Indenture, *n.* (ઇન્ડે'ન્ચર્) A mutual agreement in writing between two or more parties. કરારનામું. 2. The act of indenting. કેરણુ, ખાંચ કરવી તે. *vt.* To bind by agreement. લેખિત કરારથી બાંધી લેવું તે.

Independence, *n.* (ઇન્ડીપે'ન્ડસ્) Being independent; free to do anything. સ્વાધીનતા; સ્વાતંત્ર્ય. 2. Having large means for comfortable livelihood. જીવન સંપત્તિ.

Independency, *n.* (ઇન્ડિપે'ન્ડન્સિ) The state of being independent. સ્વતંત્રતા. સ્વાધીનતા.

Independent, *a.* (ઇન્ડિપે'ન્ડન્ટ) Not subordinate; not subject to the control of others; free. સ્વાધીન. 2. Affording a comfortable livelihood. સુખેથી ગુજરાન ચલાવતો.

Independently, *adv.* (ઇન્ડિપે'ન્ડન્ટ્લી) In an independant way; without biass or prejudice. સ્વતંત્ર રીતે; સત્યતાથી.

Indescribable, *a.* (ઇન્ડિસ્ક્રા'યબલ્) Beyond description; vague; indistinct. અવાચ્ય; ખ્યાલ ન આવે તેવું.

Indestructible, *a.* (ઇન્ડિસ્ટ્ર'કટિબલ્) Imperishable; that cannot be destroyed. નાશ ન પામે તેવું; અવિનાશી.

Indeterminable, *a.* (ઇન્ડિટ'ર્મિનબલ્) That cannot be ascertained or settled; not to be fixed. ચોક્કસ ન કરી શકાય તેવું.

Indetermination, *n.* (ઇન્ડિટ્રમિને.'શન્) A wavering state; vacillating. સંકલ્પ વિકલ્પ; અનિશ્ચય.

Indevotion, *n.* (ઇન્ડિવો,'શન્) Impiousness; want of devotion. ભક્તિ હીનતા; દુરાચાર.

Indevout, *a.* (ઇન્ડિવા'ઉટ્) Not pious; not devout. દુરાચારી; ભક્તિહીન.

Index, *n.* (ઇ'ન્ડેક્સ) Something that points; alphabetical list of subjects usual at the end of a book. સૂચના; આગાહી; વિષયસૂચિ.

Indexterity, *n.* (ઇન્ડેક્સ્ટે'રિટિ) Want of skill or dexterity. ચાતુર્યહીનતા.

India, *n.* (ઇ'ન્ડિઆ) A country in Southern Asia. ભરતખંડ; ભારત.

Indiaman, *n.* (ઇ'ન્ડિઅમન્) Ship in Indian trade. હિંદુસ્તાનનો વેપાર કરનાર વેપારીનું વહાણ.

Indian, *a.* (ઇ'ન્ડિઅન્) Of or pertaining to India. હિંદુસ્તાનનું અથવા હિંદુને લગતું.

Indian-corn, *n.* (ઇ'ન્ડિઅન્-કોર્ન) Maize. મકાઈ.

Indian fig-tree, *n.* (ઇ'ન્ડિઅન્-ફિગ્-ટ્રી) The bunyan. વડનું ઝાડ.

India-rubber, *n.* (ઇ'ન્ડિઅ-રબર્) A substance of extraordinary elasticity. રબર.

Indicant, *a.* (ઇ'ન્ડિકન્ટ્) Indicating; pointing out. સૂચક; દર્શક.

Indicate, *vt.* (ઇ'ન્ડિકે,ટ્) To show; to point out. બતાવવું; સૂચન કરવું.

Indication, *n.* (ઇન્ડિકે,'શન્) Act of indicating or pointing out; token; sign. સૂચના; ચિન્હ; નિશાની.

Indicative, *a* (ઇન્ડિ'કેટિવ્) Serving as a sign or indication. 2. Designating a mood of the verb that declares directly or that asks questions. આગાહી આપનાર; સૂચક.

Indicator, *n.* (ઇ'ન્ડિકે,ટર્) One who or that which indicates. દેખાડનાર; બતાવનાર. 2. An instrument for recording the pressure of steam. વરાળનો જોસ માપવાનું યંત્ર.

Indict, *vt.* (ઇન્ડા'ઇટ્) To accuse or charge with a crime or misdemeanour. દોષારોપણ કરવું.

Indictable, *a.* (ઇન્ડા'ઇટબલ્) Subject to indictment; liable to be indicted. દોષાર્હ; તોહોમત મુકવા લાયક.

Indictive, *a.* (ઇન્ડા'ઇટિવ્) Announced. proclaimed. જાહેર કરેલું.

Indictment, *n.* (ઇન્ડા'ઇટ્મન્ટ્) A formal charge against a person; the act of indicting. આરોપ; તોહોમત.

Indifference, *n.* (ઇન્ડિ'ફ્રન્સ્) Neutrality; absence of interest or attention. બેદરકારી; બેપરવાઈ.

Indifferent, *a.* (ઇન્ડિ'ફ્રન્ટ્) Neither good nor bad; impartial; neutral. તટસ્થ; નિષ્પક્ષપાતી.

Indifferently, *adv.* (ઇન્ડી'ફ્રન્ટલી) In an indifferent manner; without concern. તટસ્થ રીતે; બેપરવાઈથી.

Indigence, *n.* (ઇ'ન્ડિજન્સ્) In a state of want; penury; poverty. નિર્ધનતા; કંગાલપણું; ગરીબાઈ.

Indigenous, *a.* (ઇન્ડી'જીનસ્) Born in a country; belonging naturally, (to the soil etc.) દેશી મુલકી.

Indigent, *a.* (ઇ'ન્ડિજન્ટ્) Needy; poor. કંગાલ; દીન.

Indigestible, *a.* (ઇન્ડિજે'સ્ટિબલ્) Difficult to digest; not to be digested. સહેલાઈથી ન પચી શકે તેવું; અજીર્ણ કરે તેવું.

Indigestion, *n.* (ઇન્ડિજે'સ્ચન્) Undigested condition. અજીર્ણ.

Indignant, *a.* (ઇન્ડી'ગ્નન્ટ્) Affected with indignation; affected with anger mingled with scorn. ગુસ્સાભર્યું; ક્રોધ અને દ્વેષથી ચીડાયેલું.

Indignation, *n.* (ઇન્ડિગ્ને,'શન્) Displeased at what is unworthy or base; disgust; abhorrence. દુગ્છાટ; ક્રોધ.

Indignity, *n.* (ઇન્ડી'ગ્નિટિ) Insult; unworthy treatment; affront. તિરસ્કાર; દુગ્છાટ; અપમાન.

Indigo, *n.* (ઇ'ન્ડિગો,) A blue colouring substance. ગળી.

Indirect, *a.* (ઇન્ડિરે'ક્ટ) Not done by direct means; not straight to the point. આડકતરૂં; સીધી રીતે નહીં.

Indirection, *n.* (ઇનડાયરે'કશન્) Corrupt practices; indirectness: ઉંધો રસ્તો; અરૂજુતા.

Indirectly, *adv.* (ઇનડાયરે'ક્ટલી) In an indirect way; not by straight means. આડકતરી રીતે; ફેરાવો ખાઇને.

Indiscernible, *a.* (ઇનડિસ'ર્નિબલ્) Indistinct; not discernible. પારખી ન શકાય તેવું; અદશ્ય.

Indiscreet, *a.* (ઇનડિસ્ક્રી'ટ્) Unwary; injudicious; wanting in discretion. મૂર્ખ; મતિમૂઢ; વિચાર વગર કામ કરતો.

Indiscreetly, *adv.* (ઇનડિસક્રી'ટલી) In an indiscreet way; imprudently. વગર વિચાર્યું; ડહાપણ ભરેલી રીતે નહીં તે.

Indiscretion, *n.* (ઇનડિસ્ક્રે'શન્) Injudicious, imprudent conduct; a false step. અવિવેક; પ્રમાદ; ખોટું પગલું.

Indiscriminate, *a.* (ઇનડિસ્ક્રી'મિનટ્) Promiscuous; confused; without discrimination or distinction. ગૂંચવણ ભરેલું; જેમ આવ્યું તેમ.

Indiscrimination, *n.* (ઇનડિસ્ક્રિમિને,'શન્) Confusion; want of discrimination. ગૂંચવણ; ગોટો.

Indispensable, *a.* (ઇનડિસ્પે'ન્સબલ્) Not to be set aside; necessary; not to be omitted or remitted. ઘણુંજ જરૂરનું; જે વગર ચાલે નહીં તેવું.

Indispensably. *adv.* (ઇનડિસ્પે'ન્સબ્લી) In an indispensable manner; absolutely. ની વગર ન ચાલે તેમ.

Indispose, *vt.* (ઇનડિસ્પો,'ઝ) Make averse; make unfit or unable; to disqualify. નું મન બદલી નાંખવું; ને નકામું કરવું; રદ કરવું.

Indisposed, *a.* (ઇનડિસ્પો,'ઝડ) Disinclined; averse; some what ill. નારાજ; નાખુશ; નાદુરસ્ત.

Indisposition, *n.* (ઇનડિસ્પોઝી'શન્) Dislike; disinclination; slight disorder of the health. નારાજી; માંદગી.

Indisputable, *a.* (ઇનડિ'સ્પ્યૂટબલ્) Unquestionable; not to be disputed; positive; undeniable. નિઃસંશય; નિર્વિવાદ.

Indissoluble, *a.* (ઇનડી'સ્સલબલ્) Not capable of being dissolved; not to be broken; firm. ગળી ન શકાય તેવું; અભંગ; નક્કર.

Indissolvable, *a.* (ઇનડી'સ્સલવબલ્) Not capable of being separated; indissoluble. જૂદું ન પાડી શકાય તેવું; અભંગ.

Indistinct, *a.* (ઇનડિસ્ટી'ન્કટ) Not clear; not distinct; confused. અસ્પષ્ટ; ગૂંચવાડા ભરેલું.

Indistinctly, *adv.* (ઇનડિસ્ટી'ન્કટલી) Obscurely; not clearly; in an indistinct way. અસ્પષ્ટ રીતે; અવ્યક્ત રીતે.

Indistinctness, *n.* (ઇનડિસ્ટી'ન્કટનિસ્) The condition of being indistinct; confusion. અવ્યક્તિ; અસ્પષ્ટતા.

Indite, *vt.* (ઇનડાઇટ્) To compose or write; to dictate or direct. રચવું; લખવું; બોલી લખાવવું.

Inditement, *n.* (ઇનડાઇ'ટમન્ટ્) The act of inditing. મોઢેથી બોલી લખાવવું; રચવું.

Individual, *a.* (ઇન્ડિવી'ડ્યૂઅલ્) One; single; pertaining to one only. વ્યક્તિગત; પોતાનેજ લગતું.

Individualism, *n.* (ઇન્ડિવી'ડ્યૂઅલિઝમ્) The condition of being individual; individuality; self-interest. પ્રત્યેકતા; એકલપેટાપણું.

Individuality, *n.* (ઇન્ડિવિડ્યૂઍ'લિટિ) Individual existence or the state of oneness. પોતાની છાપ; એકત્વ.

Individually, *adv.* (ઇન્ડિવી'ડ્યૂઅલી) Severally; to the exclusion of others. એક એક; પ્રત્યેક.

Indivisibility, *n.* (ઇનડિવિઝિબી'લિટિ) State of being indivisible; not capable of being divided. અવિભાજ્યતા.

Indivisible, *a.* (ઇનડિવીઝબલ્) Not separable into parts. જેના ભાગ ન કરી શકાય તેવું.

Indocile, *a.* (ઇનડો,'સાઇલ) Not docile or teachable; intractable. શિક્ષણથી પાળી ન શકાય તેવું;

Indoctrinate, *vt.* (ઇનડૉ'ક્ટ્રિનટ્) To instruct; to imbue with any doctrine or principle. નાં મૂળતત્ત્વો શીખવવાં.

Indoctrination, *n.* (ઇનડૉક્ટ્રિને,'શન્) Instruction; act of indoctrinating. બોધ; કોઇપણ વિજ્ઞાનનાં મૂળતત્ત્વો સમજાવવા માટેનું શિક્ષણ.

Indolence, n. (ઇ'નડલન્સ્) Habitual love of ease; laziness; sluggishness. જાડ્ય; મંદતા; નિરૂદ્યમ; આળસ.

Indolent, *a.* (ઇ'નડલન્ટ્) Slothful; sluggish; idle. એદી; સુસ્ત.

Indolently, *adv.* (ઇ'નડલન્ટલી) Sluggishly; lazily. સુસ્તતાથી; એદીની માફક.

Indomitable, *a* (ઇનડૉ'મિટબલ્) Not to be subdued; irrepressible; unconquerable. જીતી ન શકાય તેવું; દાબી ન શકાય તેવું; દુર્જય.

Indorse, *vt.* (ઇનડો'ર્સ્) To write on the back of. ની પાછળ લખવું. 2. To put on the back of. ની પીઠ ઉપર મૂકવું.

Indorsee, *n.* (ઇનડોર્સી') The person to whom a bill is indorsed. જે માણસ માટે હૂંડી લખાએલી હોય તે.

Indorsement, *n.* (ઇન્ડૉર્સમન્ટ્) શેરો; કબુલાત.

Indraught, *n.* (ઇ'ન્ડ્રાફ્ટ્) Drawing in. અન્તર્પ્રવાહ.

Indubitable, *a.* (ઇન્ડ્યૂ'બિટબલ્) Beyond doubt. નિ:સંદેહ; ખચિત; નિશ્ચિત.

Induce, *vi.* (ઇન્ડ્યૂ'સ્) To prevail on; to entice. ઉશ્કેરવું; લલચાવવું. મન ફેરવવું 2. To cause. ઉત્પન્ન, પેદા કરવું.

Inducement, *n.* (ઇન્ડ્યૂ'સ્મન્ટ્) Attraction; that which induces. લાલચ; પ્રયોજન; ઉત્તેજન

Induct, *vt.* (ઇન્ડ'ક્ટ્) Install; to introduce as to an office. અધિકાર, પદ્દવી પર બેસાડવું.

Induction, *n.* (ઇન્ડ'ક્શન્) Inducting; commencement. શરૂઆત; પ્રારંભ 2. A conclusion drawn from a process of induction. અનુભવ, અનુમાન; સિદ્ધાંત.

Inductive, *a.* (ઇન્ડ'ક્ટિવ) Persuasive. લલચાવવું 2. Carrying to inferences. અનુમાનિક; તાત્પર્ય કાઢનારૂં; અનુભવ, પ્રત્યક્ષ પ્રમાણ પરથી લેવું.

Indue, *vt.* (ઇન્ડ્યૂ) To endow; to invest. ધીરવું, આપવું. 2 To put on. પ્હેરવું; ધારણ કરવું.

Indulge, *vi.* (ઇન્ડલ્જ્) To permit or to continue. રાખવું; અટકાવવું નહિં 2. To gratify. રજા, છુટ આપવી; લાડ લડાવવાં. 3. To grant as a favour. મહેરબાની કરવી.

Indulgence, *n.* (ઇન્ડ'લ્જન્સ્) Indulging. અનિગ્રહ 2. Favour or grant. લાડ; છૂટ. 3. બક્ષીસ; પ્રસાદ.

Indulgent, *a.* (ઇન્ડ'લ્જન્ટ્) Fondling; mild. લાડ લડાવનાર; દયાળુ; ક્ષમાશીલ.

Indurate, *vi.* (ઇ'ન્ડ્યુરે,ટ) To make unfeeling. નિર્દય, કઠોર કરવું [L. *induratus*, hardened & *in*, in.]

Induration, *n.* (ઇન્ડ્યુરે,'શન્) The act of hardening. કઠોરતા; નિર્દયતા.

Industry, *n.* (ઇ'ન્ડસ્ટ્રી) Steadiness at one's work; diligence. ઉદ્યોગ; ધંધો; પરિશ્રમ. -*a.* **Industrial**. ઉદ્યોગ; ધંધા સંબંધીનું.,-*a.* **Industrious**. ઉદ્યોગી; મહેનતુ; કામકરૂં, કરંદુ.

Inebriate, *vi.* (ઇનઈ'બ્રિએ,ટ) To make drunk; to intoxicate. નીશો ચઢાવવો; છાકટો કરવો. (2) To stupefy. બેશુદ્ધ, ભાન વગરનું કરવું.

Inebriation, *n* (ઇનઈબ્રિએ,'શન્) Drunkenness. છાકટા, પીધેલપણું.

Ineffable, *a.* (ઇનએ'ફબલ્) Unutterable; unspeakable. અવર્ણનીય; અવાચ્ય. [L. *in* and *effor*, I speak].

Ineffableness, *n.* (ઇનએ'ફબલ્નિસ્) Unutterableness. બોલાય નહિં તેવી સ્થિતિ; અકથનીયતા.

Ineffective, - ineffectual, - inefficacious, *a.* (ઇનઇફે'ક્ટિવ્), ઇનઇફે'કટ્યુઅલ્) ઇનએફિકે,'શસ્) Unavailing; inefficient. વ્યર્થ; નિષ્ફળ; નિરર્થક.

Inefficacy, *n.* (ઇનએ'ફિકસી) Inefficiency. નિષ્ફળતા; વ્યર્થતા.

Inefficient, *a.* (ઇનએફિ'શન્ટ્) Unable to produce any effect. અયોગ્ય; વ્યર્થ; નિષ્ફળ.

Inelegant, *a.* (ઇનએ'લીગન્ટ) Ugly; without polish or refinement. અચારૂ; બેડોળ; સારૂ થયું નહિં હોય એવું; ગંદુ.

Inelegance, *n.* (ઇનએ'લીગન્સ્) Want of beauty or polish. બેડોળપણું; કદરૂપતા. *adv.* **Inelegantly**=બેડોળપણાથી, બેડોળપણે.

Ineligible, *a.* (ઇનએ'લિજબલ્) Unsuitable; not deserving. અયોગ્ય; નાલાયક. *n.* **Ineligibility**=અયોગ્યતા; નાપસંદગી. *adv.*-**bly** =અયોગ્યપણે.

Inept, *a.* (ઇને'પ્ટ્) Unsuitable; improper. અયોગ્ય. 2. Foolish. મૂર્ખ; અક્કલ વગરનું. [L. *in* & *aptus*, apt.]

Inequality, *n.* (ઇનઇક્વૉ'લિટી) Difference. ભિન્નતા; વિષમતા. 2. Unsmoothness. ખડબચડાપણું. 3. Inadequacy. અસમતા; અપૂર્ણતા.

Inequitable, *a.* (ઇનએ'ક્વિટબલ્) Not fair or just. અયથાર્થ; ગેરવ્યાજબી; અન્યાયી.

Inert, *a.* (ઇન'ર્ટ્) Having inertia. જડ; અચેતન. 2. Dull; sluggish. મંદ બુદ્ધિનું; સુસ્ત. [L. *in*, not & *ars*, art.]

Inertia, *n.* (ઇન'ર્શિઅ) Inertness. જડત્વ; અચેતનતા.

Inertness, *n* (ઇન'ર્ટનિસ્) Want of activity. અચેતનતા.

Inestimable, *a.* (ઇન્એ'સ્ટિમબલ્) More than can be estimated or valued. અસંખ્ય; બેસુમાર. 2. Priceless. અમૂલ્ય.

Inevitable, *a.* (ઇન્એ'વિટબલ્) That cannot be avoided. ટળાય; દૂર થઈ શકે નહિ એવું; અનિવાર્ય. *n.* **Inevitableness.**

Inexact, *a.* (ઇનઇગ્ઝૅ'ક્ટ્) Not exact; not correct or true. બરાબર નહિં એવું; બિન ચોક્કસ; ભૂલ વાળું. [L *in*, not & *exact*, correct].

Inexactness, *n.* (ઇનઈગ્ઝૅ'ક્ટ્નિસ્) Incorrectness. બીન ચોકસી; ભૂલ.

Inexcusable, *a* (ઇનઇક્સ્ક્યૂ'સબલ્) Excuseless; which has no excuse. અક્ષમ્ય; માફ થઈ ન શકે એવું.

Inexertion, *n.* (ઇનઈગ્ઝ'ર્શન્) Want of effort. અપરિશ્રમ.

Inexecution, *n.* (ઇન્એગ્ઝીક્યુ'શન્) Want of execution. અમલમાં ન લાવવું તે.

Inexhausted, *a.* (ઇનઇગ્ઝૉ'સ્ટિડ્) Not worn out; not spent; not emptied. અખૂટ, અપાર; અથાક,-ગ; ખૂટે નહિં એવું.

Inexhaustible, *a.* (ઇનઇગ્ઝૉ'સ્ટિબલ્) Unworn; unspent. બેસુમાર; અપાર. [L. *in ex* & *hauris*, I draw].

Inexistence, *n.* (ઇનઇગ્ઝિ'સ્ટન્સ્) Want of being in existence. હયાતીમાં ન હોવું તે.

Inexorable, *a.* (ઇન્એ'ક્સરબલ્) Unyielding; hard-hearted. કઠણ; વજ્ર હૃદયનું.

Inexorably, *adv.* (ઇન્એ'ક્સરબ્લી) Hard-heartedly. કઠણરીતે; નિર્દયતાથી.

Inexpedient, *a.* (ઇનઇક્સપી'ડિઅન્ટ્) Improper; unfit. અનુચિત; અનુપયોગી; ડહાપણ વિરૂદ્ધનું.

Inexpediency, *n.* (ઇનઇક્સપી'ડિઅન્સી) Unsuitableness. અયોગ્યતા; અનુચિતતા; અકાલતા.

Inexpensive, *a.* (ઇનઇક્સપે'નસિવ્) Not costing much money. જેની બહુ કિંમત ન હોય એવું; સોંઘું; સસ્તું; બિનખર્ચાળ. [*in*, not.]

Inexperience, *n.* (ઇનઇક્સપી'રીઅન્સ્) Ignorance; absence of experience. અનનુભવ; બિનઅનુભવ; કચાશ; ગેરમાહિતી; બિનવાકેફગારી.

Inexperienced, *a.* (ઇનઈક્સપી'રિઅન્સ્ડ્) Without experience. અનુભવ વગરનું; અજાણ્યું; બિનવાકેફ.

Inexpert, *a.* (ઇનઇક્સપ'ર્ટ્) Not expert; without skill. અકુશળ; અનાડી; કૌશલ્યહીન; અચતુર.

Inexpiable, *a.* (ઇનઈ'ક્સ્પિઅબલ્) Admitting of no atonement or satisfaction જેનું પાયશ્ચિત્ત નથી એવું. 2. Implacable. ગુંચવણ ભરેલું; શાંત, સંતુષ્ટ ન કરી શકાય એવું.

Inexplicable, *a.* (ઇનઇ'ક્સ્પ્લિકબલ્) That cannot be explained. સમજાવી ન શકાય એવું.

Inexplicit, *a.* (ઇન્એક્સપ્લિ'સિટ્) Not fully opened out; not clearly stated. અવ્યક્ત; ખુલ્લેખુલ્લું ન સમજાય તેવું.

Inexpressible, *a.* (ઇનઇક્સપ્રે'સિબલ્) Unspeakable. જેનું બ્યાન ન કરાય તેવું; અનિર્વચ્ય; અકથનીય.

Inexpressive, *a* (ઇનઇક્સપ્રે'સિવ્) Not expressive. નહિં બોલતું; અવ્યક્ત; અસ્પષ્ટ; જડ; મંદ; મૂંગું.

Inextinguishable, *a.* (ઇનઇક્સ્ટિ'ન્ગ્વીશબલ્) Not capable of being extinguished. બુઝાય નહિ એવું; અશમનીય, ઓલવાય નહીં એવું.

Inextricable, *a.* (ઇન્એ'ક્સ્ટ્રિકબલ્) Not capable of being united. ગુંચવણમાંથી કઢાય નહિં તેવું; છૂટું ન કરી શકાય તેવું.

Ineye, *vt.* (ઇનઆ'ઈ) To inoculate as a tree or plant by the insertion of a bud. કલમ કરવી, રોપવી.

Infallibility, *n.* (ઇનફૅલિબી'લિટિ) The quality of being exempt from error. અસનાતન સત્ય, ઉચ્ચ સ્થિતિ, કપરિપક્વ. ચુકપણું; અભ્રાંતિ; નિઃસંશયતા.

Infallible, *a.* (ઇનફૅ'લીબલ્) સંપૂર્ણ; નિશ્ચિત.

Infamous, *a.* (ઈ'નફમસ્) Of ill report. બદનામીવાળું; ફજેત થયેલું; બે આબરૂનું. [L. *in*, & *fama*, fame.]

Infamy, *n.* (ઇ'નફમિ) Disgrace; dishonour. અપકીર્તિ; અપયશ; અપ્રતિષ્ઠા; બદનામ; નામોસી; બેઆબરૂ.

Infancy, *n.* (ઇ'નફન્સિ) The first part of life. બાલ્યાવસ્થા; બાળપણ; બચપણ.

Infallibly, *adv.* (ઇનફૅ'લીબ્લી) Certainly; surely. નિશ્ચયથી; નિઃસંશયતાપૂર્વક.

Infant, *n.* (ઇ'નફન્ટ) A child; a young baby. બાળક છોકરું; બચ્ચું; બેબી. [*in-fari* to speak]

Infanticide. *n.* (ઇન્ફે'ન્ટિસાઇડ) Murder of a newly born child. બાળહત્યા; ખુની;હત્યા કરનાર; દૂધ પીતી કરવી તે. [*in,fari & caedo*, I kill].

Infantile, *a.* (ઇ'ન્ફન્ટાઇલ) Pertaining to the first period of the life. બાળદશાનું; બચગીનું; બચપણનું.

Infantine, *a.* (ઇ'ન્ફન્ટાઇન્) Pertaining to infants or young children. બાળક સરખું; બાળકનું, ને લગતું.

Infantry, *n.* (ઇ'ન્ફન્ટ્રિ) Foot soldiers. પાયદળ; પગે ચાલનાર લશ્કર; [L. *in* & *fanto*, a foot-soldier.]

Infatuate, *vt.* (ઇનફે'ટ્યુએ,ટ) To make foolish. બુદ્ધિહીન કરવું; મોહમાં નાંખવું; ઉન્મત્ત બનાવવું. [L. *in*, & *fatua*, foolish.]

Infatuation, *n* (ઇનફેટ્યુએ,'શન્) Act of foolishness or stupidity. ઘેલાપણું; ગાંડાપણું; મૂર્ખાઈ; મોહ; ઉન્માદ.

Infeasible, *a.* (ઇનફી'ઝિબલ)Impracticable. અશક્ય; અસંભવિત; અવ્યવહારૂ.

Infect, *vt.* (ઇનફે'કટ)To taint with disease. ચેપ લગાડવો, બગાડવું; રોગ લગાડવો.

Infection, *n.* (ઇન્ફે'કશન્) The act of infecting. ચેપ લગાડવો તે. 2. That which infects or causes disease. ચેપ; ઉડતો રોગ; સંગદોષ.

Infectious, *a.* (ઇનફે'કશસ)Pestilential.ચેપી.

Infecund, *a.* (ઇન્ફી'કન્ડ) Not producing young; barren. વાંઝીયું:અફળવાન;પેદા નહિ કરતું.

Infecundity, *n.* (ઇન્ફીક'ન્ડિટિ)Unfruitfulness; barrenness.વાંઝીયાપણું;અફળતા,વંધ્યાપણું.

Infelicitous, *a.* (ઇન્ફિલિ'સિટસ) Unhappy. દુઃખી; બરાબર નહિં બંધબેસતું; તાણીતુંસેલું.

Infelicity, *n.* (ઇન્ફિલિ'સિટી) Unhappiness. અયોગ્યતા; કમનસીબ; દુઃખ. 2. Unfortunate state. દુઃખી હાલત.

Infer, *vt.* (ઇનફ'ર) To prove. અનુમાન કરવું; અટકળ કરવી. [L. *in*, *fero*, I bring.]

Inferable, *a.* (ઇ'ન્ફરબલ) Capable of being inferred. અટકળ; અનુમાન કરવાજોગ: અનુમેય; અનુમાનથી જાણી શકાય એવું.

Inference, *n.* (ઇ'ન્ફરન્સ) The act of inferring. અનુમાન; તર્ક.

Inferential, *a.* (ઇન્ફરે'ન્શલ) Deduced or deducible by inference. અટકળે, અનુમાનથી નક્કી કરેલું, કરી શકાય એવું.

Inferior, *a.* (ઇન્ફી'રિઅર્) Lower in place, rank. નીચેનું; ઉતરતા દરજ્જાનું *n.* A person lower in rank than another. બીજા કરતાં નીચી સ્થિતિ વાળો; ઉતરતી, હલકી, વ્યક્ત.

Inferiority, *n.* (ઇનફીરિઑ'રિટિ) A lower state or condition. ઉતરતો દરજ્જો; નીચાપણું; ગૌણત્વ; ઉતરતાપણું. [L. *infra*, beneath.]

Infernal, *a.* (ઇન્ફ'ર્નલ) Hellish. નર્ક સંબંધી; અતિ દુષ્ટ. An inhabitant of hell. નર્કવાસી.

Inferno, *n* (ઇન્ફ'નો) Hell. નર્ક.

Infertile, *a.* (ઇન્ફ'ર્ટાઇલ્) Unfruitful. અફળદ્રુપ.

Infertility, *n.* (ઇન્ફર્ટિ'લિટિ) Unproductiveness; barrenness. અફળદ્રુપતા; પેદા ન કરી શકે એવી સ્થિતિ.

Infest, *vt.* (ઇન્ફે'સ્ટ) To disturb; to harass. ઈજા, તસ્દી આપવી; હેરાન કરવું; ભરાઈને ત્રાસ આપવો. [L. *infestus*, hostile.]

Infestivity, *n.* (ઇન્ફેસ્ટિ'વિટિ) Want of cheerfulness,or mirth. ગમગીની; નાખુશી; દુઃખીપણું. [L. *in*, & *fendo*, I offend.]

Infidel, *n.* (ઇ'ન્ફિડલ્) Unbeliever. શાસ્ત્ર નિંદક; નાસ્તિક. A heathen. મૂર્તિપૂજક; પરધર્મી; અસદ્ધર્મી.

Infidelity, *n.* (ઇન્ફિડે'લિટિ) Want of faith or belief. બેઈમાની; અવિશ્વાસ; નાસ્તિકતા; જાર કર્મ; છિનાળું.

Infiltrate, *vt.* (ઇનફિ'લટ્રે,ટ) To enter by penetrating the pores of a substance. ઝમવું; ગાળવું; ગળવું.

Infiltration, *n.* (ઇન્ફિલટ્રે,'શન્) The process of filtering. પ્રવેશ; ઝરણ; ગાળવા, ગળવાની ક્રિયા.

Infinite, *a.* (ઇ'ન્ફિનિટ્) Unlimited in time or space. વખત, જગ્યામાં બેહદ, અપાર; ઘણુંજ મોટું અનંત; બેસુમાર

Infinitely, *adv.* (ઇ'ન્ફિનિટલી) Without bounds or limit. બેસુમાર;અપારપણે;અનંતતાથી.

Infiniteness,*n*.(ઇ'ન્ફિનિટનિસ્)Infinity; unlimitedness. અનંતતા;અનંત,બેહદ હોવાની સ્થિતિ.

Infinitesimal, *a.* (ઇન્ફિનિટે'સિમલ) Infinitely small. ઘણુંજ નાનું; અતિ સૂક્ષ્મ; અગણનીય.

Infinity, *n.* (ઇન્ફિ'નિટિ) Boundlessness. અપારતા; બેહદપણું; અનંતતા.

Infirm, *a.* (ઇન્ફ'ર્મ્) Weak; feeble. નબળો; અશક્ત; દુર્બળ; શક્તિ વગરનો.

Infirmary, *n.* (ઇન્ફ'ર્મરિ) A hospital where the infirm are lodged and nursed. રોગીશાળા; દવાખાનું.

Infirmity, *n.* (ઇન્ફ'ર્મિટી) The state of being infirm; a disease. અશક્ત થવું તે; અશક્તિ; શક્તિહીનતા; રોગ.

Infirmly, *adv.* (ઇન્ફ'ર્મલી) In an infirm manner; weakly. નબળાઈથી; શક્તિહીનતાથી.

Infirmness, *n.* (ઇનફ'ર્મ'નિસ્) The state of being infirm. દુર્બળતા; શક્તિહીનતા; કમજોર,-તાકાત.

Infix, *vt.* (ઇન્ફિ'કસ્) To fix; to fasten or tie. ચોંટાડવું; બાંધવું; ગંઠવું. 2. To fix; by piercing. ખોસવું; ઘાલવું 3. To implant or fix. મનમાં ઠસાવવું, દાખલ કરવું, રોપવું.

Inflame, *vt.* (ઇન્ફ્લે,'મ્) To kindle; catch fire; light up. સળગાવવું; પ્રગટાવવું; ચેતાવવું 2. To excite or increase. જાગૃત કરવું: ઉદીપ્ત ક૦; વધારવું. 3. To heat. (the body, blood etc.) તપાવવું; ગરમ, ઉષ્ણ કરવું.

Inflammable, *a.* (ઇન્ફ્લૅ'મબલ્) Easily kindled; that which can be kindled easily. તરત સળગી ઉઠે એવું; એકદમ ઝાળ, આગ લાગે એવું; શીઘ્રદાહી; જ્વાળાગ્રાહી.

Inflammation, *n.* (ઇન્ફ્લમે,'શન્) Act of inflaming. આગ ઉઠવી તે; સળગાવવું તે; આગ. 2. A redness or swelling of any part of an animal body. ગરમી ફુટી નીકળવી તે; સોજાની બળતરા, દાહ, અગન.

Inflammatory, *a.* (ઇન્ફ્લૅ'મટરી) Pertaining to inflammation. આગ સંબંધી. 2 (disease). દાહ ભરેલું, યુક્ત. 3. Tending to sedition. બંડ ઉઠાડે એવું; ઉશ્કેરણીવાળું.

Inflate, *vt.* (ઇન્ફ્લે,'ટ્) To swell by injecting air. હવા, પવનથી ફુલાવવું. 2. To elate; to raise above normal value. ગર્વ, મદથી ફુલાવવું, ચઢાવવું.

Inflation, *n.* (ઇન્ફ્લે,'શન્) State of being distended with air. ફુલાઇ જવું તે; ફૂલ, પતરાજ.

Inflated, *n.* (ઇન્ફ્લે,'ટિડ્) Bombastic; tumid; puffed up. ફુલેલું; ફોકટ, ખાલી ફુલ મારનારૂં, આડંબરવાળું, ભભકાવાળું.

Inflect, *vt.* (ઇન્ફ્લે'કટ્) To curve, bend. વાળવું; નમાવવું. 2. (in grammar.) To decline or conjugate. વિભક્તિ લગાડવી; રૂપાખ્યાન કરવાં. 3. To modulate as the voice. કંઠ ઉંચો નીચો ચઢાવવો, ઉતારવો.

Inflection, *n.* (ઇન્ફ્લે'કશન્) Curve; zigzag. વાંક. 2. Declension or conjugation. વિભક્તિ; રૂપાખ્યાન. 3 Modulation of the voice. કંઠ ઉંચો નીચો કરવો તે.

Inflective, *a.* (ઇન્ફ્લે'કિટવ્) Having the power of inflecting. વાંકું, ચુકું થાય એવું; વિભક્તિ લાગે એવું.

Inflexible, *a.* (ઇન્ફ્લે'કિસબલ્) That cannot be bent. અક્કડ, વાંકું વળાય નહિ એવું. 2. Firm in purpose. દૃઢ; ચોક્કસ; જીદ્દી; હઠે, ડગે નહિ એવું; આગ્રહી.

Inflexibility, *n.* (ઇન્ફ્લેકિસબિ'લિટી) Quality of being inflexible. દૃઢતા; ચોક્કસાઈ; જીદ; આગ્રહ

Inflexibleness, *n.* (ઇન્ફ્લે'કિસબલ્નિસ્) State or quality of being unbending; steadiness; firmness. દૃઢતા; નક્કીપણું.

Inflexibly, *adv.* (ઇન્ફ્લે'કિસબ્લી) Steadily; firmly. દૃઢતાથી; જીદ્દીપણે; હઠે નહિં એવી રીતે.

Inflexion, *n.* (ઇન્ફ્લે'કશન્) See "**Inflection**".

Inflict, *vt.* (ઇન્ફ્લિ'કટ્) To suffer or bear. ભોગવાવવું; સહન કરાવવું; દુઃખ દેવું; કંટાળો આપવો. 2. Make disgraced. નામોશી, બટ્ટો લગાડવો. [L. *in*, in & *fligo*, I strike.]

Infliction, *n.* (ઇન્ફ્લિ'કશન્) Trouble; calamity. દુઃખ; શિક્ષા.

Inflictive, *a* (ઇન્ફ્લિ'કિટવ્) Able or tending to make suffer. દુઃખ, આફત આપે એવું; અણગમો.

Inflorescence, *n.* (ઇન્ફ્લરે'સન્સ્) A flowering; collective flower of plant. પુષ્પ પ્રરોહ રચના; ફુલનો ગોટો; આખું ફુલ.

Influence, *n.* (ઇ'ન્ફ્લુઅન્સ્) Ability to move or affect. અસર; સત્તા. 2. Power arising from character, station, wealth etc. વજન; ઓળખાણ; વશીલો *vt.* To exercise influence on; to act on; to sway. ના પર સત્તા, રાજ્ય, અસર ચલાવવી.

Influent, *a.* (ઇન્ફ્લુ'અન્ટ્) Flowing in. અંદર વ્હેતું, આવતું.

Influential, *a.* (ઇન્ફ્લુએ'ન્શલ્) Having great influence; possessing power. વજનદાર; વગવસીલું; ઓળખવાળું; મરતબાવાળું. *adv.* **Influentially**.

Influenza, *n.* (ઇન્ફ્લુએ'ન્ઝા) An epidemic catarrh or cold of an aggravated kind. આકરો તાવ; સળેખમ; રસપૂર્ણી.

Influx, *n.* (ઇ'ન્ફ્લકસ્) Flowing in. અંદર વ્હેવું તે; અન્તઃપ્રવાહ; ભરતી; પુષ્કળ આવવું તે.

Infold, *vi.* (ઇન્ફો,'લ્ડ્) To wrap; to involve; to inclose. વિંટાળવું; વાળી દેવું; લપેટવું; સંકેલવું. 2. To embrace; to clasp with the arms. આલિંગન કરવું; ભેટવું; બાથમાં લેવું; છાતી સાથે ચાંપવું, દબાવવું.

Inform, *vt.* (ઇન્ફૉ'ર્મ) To give shape to; to give life to; to animate. સજીવન કરવું: આકાર, ઘાટ, જીંદગી આપવી; સચેતન ક૦. 2. To instruct; to communicate knowledge to. ખબર કરવી, આપવી; જણાવી દેવું; માહિતગાર કરવું; સૂચવવું. **To inform against**=અપરાધ સૂચવવો, જણાવવો; ચાડી ખાવી.

Informal, *a.* (ઇન્ફૉ'ર્મલ્) Without formality. અવ્યવસ્થિત; વિધિ, નિયમ રહિત.

Informant, *n.* (ઇન્ફૉ'ર્મન્ટ) An instructor; an informer; a fore-teller. ખબર, જાણુ, સૂચવનાર; અગાઉથી કહી દેનાર; ખબર આપનાર.

Information, *n.* (ઇન્ફરમે.'શન્) News; instructions. વર્તમાન; હકીકત; સમાચાર;બાતમી; સુચના.2.Knowledge derived from reading. વાંચન, બોધમાંથી મળેલું જ્ઞાન, માહિતી. 3. A charge or accusation. અપરાધ, ગુન્હાની સુચના, બાતમી.

Informer *n.* (ઇન્ફૉ'ર્મર્)One who fore-tells; a fore-instructor. બાતમી લાવનાર; સૂચવનાર; હકીકત કહેનાર; ચાડીયો.

Informative, *a.* (ઇન્ફૉ'રમે,ટિવ્)Instructive. અગાઉથી સૂચના, બાતમી આપે એવું; બોધદાયક.

Infraction, *n.* (ઇન્ફ્રૅ'કશન) Infringement; violation; breach. ખંડન; ભંગ; ઉલ્લંઘન.

Infringe, *vt.* (ઇન્ફ્રિ'ન્જ્) To transgress; to violate; to contravene; to break. ઉલ્લંઘન કરવું; ખંડન, ભંગ કરવો; સામા થવું.

Infringement, *n.* (ઇન્ફ્રિ'ન્જમન્ટ્)Infraction; violation; encroachment. ખંડન; ઉલ્લંઘન;ભંગ.

Infringible, *a.* (ઇન્ફ્રિ'ન્જીબલ્)Infractional; encroachable.ખંડન થાય,ભંગાય એવું;આક્રમણપાત્ર.

Infula, *n.* (ઇ'ન્ફ્યુલા) A kind of cap formerly put on by Roman priests. રોમના ધર્મોપદેશકોની ટોપી, મુંડી ઢાંકણુ.

Infuriate, *a.* (ઇન્ફ્યૂ'રિએ,ટ્) Enraged,mad; raging. ગુસ્સાથી ચકચર, માતેલું, ગાંડું થઈ ગએલું; કોપાયમાન; ક્રોધીલું. *vt.* To madden. ગાંડું કરવું, બનાવવું.

Infuse, *vt.* (ઇન્ફ્યૂ'ઝ્) To pour into. રેડવું; ધાર કરવી; ઓરવું. 2. To instil as principles. મનમાં ઠસાવવું; મનન કરાવવું. 3. પલાળવું; બોળી મુકવું; બાફવું.–*a.* **Infusive**. પલાળે એવું.

Infusion, *n.* (ઇન્ફ્યૂ'શ્ઝન્) Pouring. રેડવું તે. 2. Instilling. મગજમાં બેસાડવું તે.3.Liquid of medicine. ક્વાત; કાવો; પલાળીને કાઢેલો રસ.

Infusoria, *n.* (ઇન્ફ્યુસૉ'રિઍ) A kind of minute insects living in water. પાણીમાં રહેનારાં બારીક, ઝીણાં જંતુઓ, જીવડાં.

Ingathering, *n.* (ઇ'ન્ગૅધરિંગ્) Gathering in harvest. કાપણી; કાપણીની મોસમ.

Ingeminate, *vt.* (ઇન્જે'મિને,ટ્) Enjoin repeatedly; repeat. ફરી ફરી કહેવું, ઠસાવવું.

Ingenious, *a.* (ઇન્જી'નિઅસ્) Clever at contriving;having the faculty of invention. યુક્તિબાજ; નિપુણ; કલ્પક; કરામત, અક્કલવાળું. 2. Of curious design,structure or mechanism. અક્કલવાળું; કરામતવાળું. 3. Witty; humorous. આનંદી; મોજીલું; ચતુરાઈવાળું.

Ingenuity, *n.* (ઇન્જીન્યૂ'ઈટી) Ingeniousness. કરામત; અક્કલ; ડહાપણ, શોધક શક્તિ.

Ingenuous, *a.* (ઇન્જે'ન્યુઅસ્) Born in a high family. કુલીન; ઉંચા કુળનું; ખાનદાન. 2. Frank-hearted. નિખાલસ; ભોળા મનનું;નિષ્કપટ. 3. Noble; honourable. ઉદાર; લ્હેરી; મ્હોટા મનવાળું–*adv.* **Ingenuously**. મ્હોટું મને, થી; ભોળપણથી.–*n.* **Ingenuousness**. મ્હોટું મન; નિખાલસતા; ભોળપણ.

Injest, *vt.* (ઇન્જે'સ્ટ્) To throw into the stomach. પેટમાં નાંખવું, ઘાલવું. [L. *in*, & *gero*, I bear.]

Inglorious, *a.* (ઇન્ગ્લો'રિઅસ્) Obscure; dim; disgraceful; shameful. અપયશસ્વી; અપકીર્તિવાન; બટ્ટો, નામોશી, શરમવાળું.

Ingloriously, *adv.* (ઇન્ગ્લો'રિઅસ્લી) Disgracefully;obscurely.નામોશીથી;કલંકિતપણે.

Ingoing, *a.* *n.* (ઇન્ગો,'ઇંગ્) Going in; entrance. પ્રવેશ કરવું; દાખલ થવાની જગ્યા.

Ingot, *n.* (ઇ'ન્ગૉટ્) A mass of gold, silver etc.સોનું, રૂપું વગેરેનો ગઠ્ઠો, પાટલો,લાટ, પાટ,લગડી.

Ingraft, *vt.* (ઇન્ગ્રૅ'ફ્ટ્) To insert; to graft; to introduce. ઝાડ વગેરેની કલમ રોપવી. 2. To insert deeply. ઉંડું બેસાડવું, જડવું.

Ingrain, *vi.* (ઇન્ગ્રે,'ન્) See "**Engrain**"

Ingrate, *a.* (ઇન્ગ્રે,'ટ્)Ungrateful.નિમકહરામ; કૃતઘ્ન; ગુણહરામ.–*n.* Ungrateful person. નિમકહરામી; કૃતઘ્ની.

Ingratiate,*vt.*(ઇન્ગ્રે'શિએ,ટ્)To recommend; to insinuate. ઘુંસાડવું; જેમ તેમ પ્રાપ્ત કરાવવું.

Ingratitude *n.* (ઇન્ગ્રૅ'ટિટ્યુડ) Unthankfulness; ungratefulness. નિમકહરામતા; કૃતઘ્નતા; ગુણચોરપણું.

Ingredient, *n.* (ઇન્ગ્રી'ડિઅન્ટ્)A component of anything. અવયવ ભૂત વસ્તુ;અંશ;ભાગ; અંગ.

Ingress, *n.* (ઇ'ન્ગ્રેસ્) Entrance; a doorway; power, right or means of entrance. પ્રવેશ; પેસારો; દાખલ થવું તે; અંદર દાખલ થવાનો હક્ક, છૂટ.

Ingrowing, *a.* (ઇ'ન્ગ્રોઈન્ગ્) Growing into the flesh; growing inside the corners of a toe or finger nail. માંસની અંદર ઉગતું; આંગળીના નખ કે ખુણામાં ઉગતું–*n.* **In-growth**.

Inguinal, *a.* (ઇ'ન્ગ્વીનલ્)Belonging to the groin; situated in the groin. જાંઘના સાંધાનું, સંબંધી.

Ingulf, *vt.* (ઇન્ગ'લ્ફ્) To swallow up as in gulf, or whirpool. માં ગરક કરી નાંખવું; ડુબાડી દેવું.

Ingurgitate, *vt.* (ઇન્ગ'જી'ટે,ટ્) To swallow greedily. ગળી જવું; પી જવું. 2. To drink eagerly. અતિશય પીવું, ગળવું.

Inhabit, *vi.* (ઇન્હૅ'બિટ્) To dwell in; to occupy. માં નિવાસ કરવો, રહેવું, વસવું. [L. *in*, in & *habito*, I dwell in.]

Inhabitable, *a.* (ઇન્હૅ'બિટબલ્) Fit for dwelling in. રહેવા, નિવાસ કરવાને યોગ્ય.

Inhabitancy, *n.* (ઇન્હૅ'બિટન્સી) The state or quality of resident. કાયદેસર વાસ, રહેઠાણ.

Inhabitant, *n.* (ઇન્હૅ'બિટન્ટ્) One who resides; a dweller; a resident. નો રહીશ, વતનદાર; રહેવાસી. **Inhabitant of water.**=જળચર.

Inhabitation, *n.* (ઇન્હૅબિટે,'શન્) Place for dwelling. રહેવાની જગ્યા, મુકામ, સ્થાનક.

Inhale, *vt.* (ઇન્હે,'લ્) To suck in; to draw into lungs. દમ, શ્વાસ લેવો; અંદર લેવું; દમ ભરવો. [L. *in*, in & *halo*, I breadth.]

Inhalation, *n.* (ઇન્હલે,'શન્) Act of inhaling. શ્વાસ, દમ લેવો તે.

Inhaler, *n.* (ઇન્હે,'લર્) One who draws in. અંદર શ્વાસ લેનાર, ભરનાર, લેવાની નળી.

Inharmonious, *a.* (ઇન્હાર્મો'નિઅસ્) Unmusical; discordant; jarring. અપસ્વર; બેતાલ; બેસુર; વિસંવાદી. 2. Inclined to be quarrelsome. તકરારી; કુસંપી; કજીયાખોર.

Inhere, *vi* (ઇન્હી'ર) To be fixed; to be innate; to stick or remain firm in. ચોંટી રહેવું; વળગી રહેવું; માં સજ્જડ થઈ જવું. [L. *in*, in & *haereo*, I stick.]

Inherent, *a.* (ઇન્હી'રન્ટ્) Innate; inborn; natural. ચોંટી, વળગી રહે એવું; સ્વાભાવિક; સ્વભાવજ.

Inherit, *vt.* (ઇન્હે'રિટ્) To receive (property etc.) by the right of birth; to have by nature; to descend from fore-fathers. વારસો મળવો, મેળવવો; માં જન્મથી વંશપરંપરા આવવું, ઉતરવું.

Inheritable, *a.* (ઇન્હે'રિટબલ્) Capable of being handed from parents to child. વારસામાં મળે એવું.

Inheritance, *n.* (ઇન્હે'રિટન્સ્) An estate or property derived from an ancestor. વારસો. 2. Reception by hereditary right. વારસો હકથી લેવો તે, મેળવવો તે.

Inheritor, *n.* (ઇન્હે'રિટર્) Heir. વારસદાર.

Inhibit, *vt.* (ઇન્હિ'બિટ્) To prohibit; to restrain; to hinder; to hold back. નિષેધ કરવો; મના કરવી; અટકાવવું *n.* **Inhibition** મના; નિષેધ; અટકાવ. [L. *in*, in & *habeo*, I have.]

Inhospitable *a.* (ઇન્હૉ'સ્પિટબલ્) Not disposed; to receive; giving no shelter; dreary; cheerless; barren; wild. પરોણાગત, ચાકરી ન કરે એવું; બરદાસ ન કરે એવું; ઉજ્જડ; અમનોરંજક; વેરાન.

Inhospitality, *n.* (ઇન્હૉસ્પિટૅ'લિટી) The quality of being inhospitable. સ્વાગત ન કરવું તે; પરોણા, મ્હેમાનની ચાકરી, સેવા બરદાસ ન કરવી તે.

Inhuman, *a.* (ઇન્હ્યૂ'મન્) Savage; merciless; not humane; unfeeling. ઘાતકી; ક્રૂર; જંગલી; દયાહીન; નિર્દય.

Inhumanity, *n* (ઇન્હ્યુમૅ'નિટી) Cruelty; mercilessness દયાહીનતા; નિર્દયતા; ઘાતકીપણું; ક્રૂરતા.

Inhume, *vt.* (ઇન્હ્યૂ'મ્) To place in the ground; to bury. જમીનમાં મુકવું; દાટવું. [L. *in*, in & *humus*, the ground.]

Inimical, *a.* (ઇનિ'મિકલ) Hostile; unfriendly; harmful; repugnant; contrary. દ્વેષી; શત્રુવટ રાખે એવું; પ્રતિકૂળ; વિરોધી; નુકસાનકારક.

Inimitable, *a.* (ઇનિ'મિટબલ) Not able to be copied or imitated; matchless; surpassing or excelling. જેની નકલ ન થાય એવું; જેનું અનુકરણ ન થાય એવું; જેના જેવું બીજું કોઈ ન હોય એવું; અપ્રતિમ; અનુપમ.

Iniquitous, *a.* (ઇનિ'કવીટસ્) Unjust; wicked. અન્યાયી; ગેરવ્યાજબી; દુષ્ટ; નિર્દય.

Iniquity, *n.* (ઇનિ'કવીટી) Wickedness; unjustness; unrighteousness. અન્યાય; ગેરવ્યાજબીપણું; અપ્રમાણિકતા; દુષ્ટતા. 2. A crime or sin. પાપ; અપરાધ; ગુન્હો.

Initial, *a.* (ઇનિ'શલ્) At the head or beginning; not complete. આદિ, પ્રારંભનું *n.* The first letter of a name. આદ્યાક્ષર; નામનો પ્હેલો અક્ષર. *vt.* નામના પ્હેલા અક્ષર કરવા; લખવા.

Initiate, *vt.* (ઇનિ'શિએ,ટ) To introduce; to begin; to commence. પ્રારંભ કરવો. 2. To make a member into a society. કોઈ મંડળીમાં દાખલ કરવું; દીક્ષા, મંત્ર આપવો. 3. જણાવવું.

Initiated, *a.* (ઇનિ'શિએ,ટિડ્) Introduced; entered in order. રીતિ પ્રમાણે દાખલ થએલું.

Initiation, *n.* (ઇનિશિએ,'શન્) The act or process of initiating. શિખવવું તે. 2. Mode of entrance into an organized body. કોઇ ને ઉપદેશ, જ્ઞાન આપીને મંડળમાં દાખલ કરવું તે.

Initiative, *a.* (ઇનિ'શ્યટિવ્) Of the first step of a work. આરંભનું; પ્રથમનું. 1.-*n.*-Beginning; commencement. પ્રારંભ; શરૂઆત.

Initiatory, *a.* (ઇનિ'શ્યટરી) Introductory આરંભનું; શરૂઆતનું; દીક્ષાનું.

Inject, *vt.* (ઇનજે'ક્ટ્) To throw in. અંદર ઘાલવું. To inject with a syringe. પીચકારી મારવી.

Injection, *n.* (ઇન્જે'ક્શન્) The act of throwing in. પીચકારીથી શરીરમાં દાખલ કરવાનું ઓસડ, ઓષધ; પેસાડવું તે.

Injudicious, *a.* (ઇન્જુડિ'શસ્) Wanting in judgement; unwise. અવિચારી; અણસમજુ; બેસમજુ

Injunction, *n.* (ઇન્જ'ન્ક્શન્) An order; a command. આદેશ; હુકમ; સૂચના; અટકાયત; મનાઈ.

Injure, *vt.* (ઇ'ન્જર્)To do injustice; wrong; harm; damage; to hurt. વગાડવું; ઘાયલ કરવું. 2. To impair. હાનિ, નુકશાન કરવું. 3. To slander. આબરૂને નામોશી, બટ્ટો લગાડવો. 4. To grieve. મન દુખાવવું; માઠું લગાડવું. [L. *in*, in & *juris*, law.]

Injurious, *a.* (ઇન્જૂ'રિઅસ્) Wrongful; causing hurt or damage. દુઃખદાયક; દુઃખ આપનારૂં; ઈજા, હાનિ કરે એવું; નામોશી લગાડે એવું.

Injuriously, *adv.* (ઇન્જૂ'રિઅસ્લી) Wrongfully; in an injurious way, manner. નુકશાનથી; દુઃખ આપે એવી રીતે.

Injury, *n.* (ઇન્જ'રી) Mischief; hurt or damage. હાનિ; ઈજા; ખરાબી; નુકશાન, બટ્ટો; બગાડ.

Injustice, *n.* (ઇન્જ'સ્ટિસ્) Wrong; want of justice; iniquity. ગેરઈન્સાફ; અન્યાય.

Ink, *n.* (ઇન્ક્) A black, red or other coloured fluid used in writing. શાહી; રૂશનાઈ. *vi.* **Ink-bag** = એક જાતની માછલીમાં શાહીના રંગ જેવા પદાર્થની કોથળી. **Ink-eraser** = શાહી છેકવાનું રબર. **Ink-horn** = શીગડાંના જેવું શાહીનું ડબ્બ, ખડીઓ. **Ink-stand** = ખડીઓ; બોટો.

Inky, *a.* (ઇન્કી) શાહીથી ભરેલું; કાળું.

Inkle, *n.* (ઇ'ન્કલ્) A kind of broad linen tape. પ્હોળી ફીત; પાટી.

Inkling, *n.* (ઇ'ન્કિલ'ગ્) A hint; a whisper. સૂચના; ઈશારો; બાતમી.

Inland, *a.* (ઇ'ન્લૅન્ડ્) Not near the sea સમુદ્રથી દૂર; મધ્ય દેશનું. 2. Carried on within a country. દેશની અંદરનું. **In-lander** = one who lives in the interior of a country. દેશની અંદર રહેનારો, રહેવાસી.

Inlay,(with)*vt.* (ઇન્લે',) To stud with. જડવું; બેસાડવું.

Inlet, *n.* (ઇ'ન્લેટ) A way in; a narrow opening from the sea into the land. રસ્તો; માર્ગ; દ્વાર; ખાડી.

Inmate, *n.* (ઇ'ન્મે,ટ્) A dweller. રહેનાર; રહેવાસી 2. One received into a hospital. ઇસ્પીતાલ, દવાખાનામાં રહેનાર.

Inmost, *a.* (ઇ'ન્મો,સ્ટ્) Farthest in; deepest. ગુપ્ત; ઉંડું; છેક અંદરનું.

Inn *n.* (ઇન્) A house for the entertainment of travellers. ધર્મશાળા; વીશી; હોટેલ; મુસાફરખાનું.
Innkeeper. મુસાફરખાનાવાળો; વીશીવાળો.

Innate, *a.* (ઇ'ને,'ટ્) Natural; inherent; inborn. કુદરતી; સહજ; જન્મ સાથેજ આવેલું—*n.* °**ness**.

Innavigable, *a.* (ઇનનૅ'વિગબલ્) That connot be navigated. વહાણો ન ચાલી શકે તેવું.

Inner, *a.* (ઇ'નર્) Internal; not outward. અંદરખાનાનું. 2. A shot that strikes the centre.

Innermost, *a.* (ઇ'નર્મો,સ્ટ્) Deep; furthest inward. ઘણુંજ ઉંડું, અંદર ખાનાનું; બહુ ખાનગી.

Innervate, *v.* (ઇનર્'વેટ્) To give nervous stimulus or strength. તાકાત આપવી.

Inning, *n.* (ઇ'નિ'ગ) The ingathering of grain. કાપણી; પાક.—(*pl.*) **Innings**, (ઇ'નિં-ગ્ઝ્) Time of power of a political party, etc. રાજકીય પક્ષના ચડતા દિવસ. 2. That part of the game of cricket when one side is batting. ક્રીકેટની રમતમાં એક દાવ.

Innkeeper, *n.* (ઇ'ન્કીપર્) One who keeps an inn. હોટેલવાળો; લોજવાળો; હોટેલ અથવા લોજનો માલીક.

Innocence, Innocency, *n.* (ઇ'નસન્સ્, ઇ'નસન્સિ) The quality of being innocent; freedom from crime or sin; simplicity of heart. નિર્દોષતા; નિષ્પાપ; ભોળા; દિલનું હોવું તે.

Innocent, *a.* (ઇ'નસન્ટ્) Guiltless; upright; unharmful; simple-hearted. નિષ્કપટી; ભોળો. થી રહિત. *n.* An innocent person. ભોળો, નિર્દોષ માણસ.

Innocently, *adv.* (ઇ'નસન્ટ્લી) In an innocent way; harmlessly; guiltlessly. ખુલ્લા દીલથી; દગાબાજી વગર; શુદ્ધ બુદ્ધિથી.

Innocuous, *a.* (ઇનૉ'ક્યુઅસ્) Producing no evil effect; harmless. નિરુપદ્રવી; દુઃખ ન આપે તેવું.

Innominate, *a* (ઇનનૉ'મિનટ્) Anonymous; having no name. નામ વિનાનું; નામ જણાવેલ નહિં તેવું.

Innovate, *vi.* (ઇ'નવે,ટ્) To effect changes; to introduce novelties. ફેરફાર કરવા; નવી રીતિઓ દાખલ કરવી.

Innovation, *n.* (ઇનવે,'શન્) Changes made in the established order of things; the act of innovating. ફેરફાર; નવી રીતિ; ફેરફાર કરવો તે.

Innoxious, *a.* (ઇનનૉ'ક્શસ્) Harmless; free from mischievous tendencies. નિરુપદ્રવી; તોફાન, હાનિ ન કરે તેવું.

Innuendo, *n.* (ઇન્યુએ'ન્ડો,) An oblique remark or hint; a suggestion of evil. પરોક્ષસૂચના; ટકોર; અનિષ્ટની આગાહી.

Innumerable, *a.* (ઇનન્યૂ'મરબલ્)Countless; unlimited;too many to admit of numbering. ગણ્યા ગણાય નહિં તેટલા; અસંખ્ય; પાર વગરનું.

Innumerably, *adv.* (ઇનન્યૂ'મરબ્લી) Countlessly; without number. ન ગણાય તેવી રીતે; અસંખ્ય રીતે.

Innutrition, *n.* (ઇનન્યુટ્રિ'શન્) Failure of nourishment; want of nourishment. પુષ્ટિનો અભાવ; અપોષણતા.

Innutritious,*a.* (ઇનન્યુટ્રિ'શસ્) Unwholesome; wanting power to give nutrition. પુષ્ટિ, બળ ન આપે તેવું; અપુષ્ટિકારક.

Inobservant,*a.*(ઇનઑબઝ'ર્વન્ટ)Inattentive not keen or quick in observation; disobedient;not observing law ધ્યાન, ચપલતા વિનાનું; ઉદ્ધત; કાયદાનો ભંગ કરે તેવું.

Inobtrusive, *a.* (ઇનઑબ્ટ્રૂ'સિવ્) Unobtrusive. પાછળ પડી જવું; ધ્યાનમાં નહિં આવવું; શરમાળ.

Inoculable, *a.* (ઇનૉ'ક્યુલબલ્) Impregnable with germs (of a disease) esp. as a protective measure. જંતુઓનો ચેપ લગાડી, દાખલ કરી શકાય તેવું; રસી મુકી શકાય તેવું.

Inoculate, *vt.* (ઇનૉ'ક્યુલે,ટ) To communicate a disease to by the introduction of morbid matter into the blood. લોહીની અંદર ચેપી પદાર્થ નાખી ચેપ અટકાવવો; રસી મૂકવી.

Inoculation, *n.* (ઇનૉક્યૂલે,'શન્) The act of inoculating; the act of communicating a disease. રસી મુકવી તે.

Inodorous, *a.* (ઇનઓ,'ડરસ્) Odourless; without perfume or fragrance. વાસ વિનાનું; નિર્ગંધ.

Inoffensive, *a.*(ઇનઅફે'ન્સિવ્)Unoffending; harmless; not objectionable. નિરૂપદ્રવી; ઈજા ન કરે તેવું; વાંધા વગરનું.–*n.* Inoffensiveness.

Inofficial, *a.* (ઇનઑફિ'શલ્) Not possessing proper forms of authority; not official. બિન અમલદારી; ખાનગી.

Inoperative, *a.* (ઇનઑ'પરટિવ્)Producing no effect; not working or taking effect. અસર-ગુણ નહિં કરી શકે તેવું; અસાર; નિઃસાર; અમલ ન કરી શકે તેવું.

Inopportune, *a.* (ઇનઑ'પરચ્યુન્) Out of season; irrelevant; inconvenient. કવખતનું; અસંબંદ્ધ; ને ન લગતું; અગવડ ભરેલું.

Inopportunely, *adv.* (ઇનઑ'પરચ્યુનલી) In an inopportune way. કવખતે;અસંબદ્ધ રીતે.

Inordinate, *a.* (ઇનઑ'ર્ડિનટ્) Excessive; not moderate. અતિશય; વધારે પડતું. *n.* Inordinacy.

Inordinately, *adv.* (ઇનઑ'ર્ડિનટ્લી)Excessively; in an inordinate way. અતિશયતાથી; વધારે પડતી રીતે.

Inorganic, *a.*(ઇનઑરગૅ'નિક્)Not possessing the structure of a living being; without organs. નિર્જીવ; ચૈતન્યરહિત. 2. Not entering into composition of organised bodies. 3. બહારનું.

Inorganically, *adv.* (ઇનઑરગૅ'નિકલી) In an inorganic manner.

Inorganised, *a.* (ઇનઑ'ર્ગનાઈઝ્ડ્) Void of organs;not organised. ઇંદ્રિય રહિત; અવ્યવસ્થિત.

Inosculate *vi.* (ઇનૉ'સ્કયુલે,ટ્) To join by contact, as nerves, etc.; to be interwoven; to mingle. નસોની માફક પાસે રહી જોડાવું તે; ભેળસેળ થઈ જવી.

Inosculation, *n.* (ઇનૉસ્કયુલે,'શન્)The act of inosculating. નસો વગેરે જોડાવું તે; ભેળસેળ થઇ જવી તે.

In-patient, *n.* (ઇ'નપે,શન્ટ્) A person who is nursed and fed in a hospital. દવાખાનામાં રાખેલો દર્દી.

Inquest, *n.* (ઇ'નક્વેસ્ટ્) Inquiry; legal inquiry. તપાસ; શોધ; કોર્ટ તરફથી કાયદેસર તપાસ.

Inquietude, *n.* (ઇનક્વા'યટ્યૂડ્) Restlessness; want of quiet;uneasiness. બેચેની; અશાંતિ.

Inquiline, *n.* (ઇ'નક્વીલાઈન્) An animal that occupies a place properly belonging to another. પારકાનું રહેઠાણ પચાવી પાડનાર.

Inquire, *vi.*, *vt.* (ઇનક્વા'યર્) To seek information (of person about matter); search (into matter); ask to be told. -ની તપાસ કરવી; પુછવું; ના વિષે જાણવું; ના વિષે શોધ કરવી; ખબર મેળવવી.-*n.* **Inquiry** or **Enquiry**.

Inquirer, *n.* (ઇનક્વા'યરર્)One who inquires. તપાસ, બાતમી મેળવનાર.

Inquisition, *n.* (ઇનક્વિઝિ'શન્) Official inquiry; investigation. સરકારી શોધ; તપાસ.

Inquisitive, *a.* (ઇનક્વી'ઝિટિવ્) Curious; addicted to know the why and wherefore of things; prying. જીજ્ઞાસુ; જોવા જાણવાને ઇંતેજાર.

Inquisitor, *n.* (ઇનક્વી'ઝિટર્) One whose official duty is to inquire. બાતમી મેળવનાર. 2. A member of the Inquisition.

Inroad, *n.* (ઇ'નરોડ્) A riding in; an encroachment. પસારો; કોઈપણ દેશ પર હલ્લો, સ્વારી,હુમલો. 2. A sudden invasion on other's property. કોઈની માલ, મિલ્કતપર હલ્લો.

Inrush, *n.* (ઇન્રશ્) A sudden invasion; the act of rushing in. હલ્લો; હુમલો; હુલ્લડ.

Insalubrious, *a.* (ઇન્સૅલ્યૂ'બ્રિઅસ્) Unwholesome; not healthful; dangerous to health, રોગકારક, રોગી; તંદુરસ્તી સારી ન હોય એવું; વ્યાધિકારક.

Insalubrity, *n.* (ઇન્સૅલ્યૂ'બ્રિટી) Unwholesomeness; unhealthfulness. રોગ; વ્યાધિ; રોગજનકત્વ.

Insalutary, *a.* (ઇન્સૅ'લ્યુટરી) Unwholesome; unfavourable to health. વ્યાધિકારક;રોગકારક; રોગ ઉત્પન્ન કરે એવું.

Insane, *a.* (ઇન્સે,'ન્) Mad; crazy; senseless; unwise; imprudent. દિવાનું; ચક્કર જેવું; ગાંડું; ઘેલું; ભ્રમિષ્ઠ; ચળેલું.

Insanely, *adv.* (ઇન્સે,'નલી) Madly; senselessly; unwisely; crazily. દિવાનાપણાથી; ઘેલછાથી; ગાંડપણાથી.

Insanity, *n.* (ઇન્સૅ'નિટી) Madness; senselessness; not wisdom. દિવાનાપણું; ગાંડપણ;ઘેલછા; ગાંડાઈ; ચિત્ત, મન ઠેકાણે ન હોય એવી સ્થિતિ.

Insatiable, *a.* (ઇન્સે'શબલ્) Not to be satisfied or contented, unable to be satisfied. સંતોષાય નહિ એવું;અતિ લોભી; તૃષ્ણાલુ; અસંતોષી.

Insatiableness, *n.* (ઇન્સે'શબલ્નિસ્) Greediness that cannot be satisfied or fulfilled. લોભીપણું; તૃષ્ણા; અસંતોષ.

Insatiate, *a.* (ઇન્સે,'શ્યટ્) That can be never satisfied. તૃષ્ણા, લોભ કદિ પુરો ન થાય એવું; સદૈવ તૃષ્ણાતુર.

Inscribe, *vt.* (ઇન્સ્ક્રા'ઈબ્) To write on stone or paper. લખવું. 2. To engrave; to imprint deeply. કોતરવું; કોતરણી કરવી; કોરવું; ખોદવું. 3. To impress on. દબાવવું;દબાણ મુકવું; ઠસાવવું. 4. To address to. અર્પણ કરવું. 5. To mark with words. શબ્દાંકિત કરવું. [L. *in*, in & *scribo*, I write.]

Inscribable, *a.* (ઇન્સ્ક્રા'યબબલ્) Capable of being inscribed. કોતરી શકાય એવું; અર્પણ, નજર કરી શકાય એવું.

Inscription, *n.* (ઇન્સ્ક્રિ'પ્શન્) The act of inscribing. લેખ; ખિતાબ; કોતરણી.

Inscrutable, *a* (ઇન્સ્ક્રૂ'ટબલ્)Unsearchable. ગહન; અગાધ; ઉંડું; ગૂઢ.

Insect, *n.* (ઇ'ન્સેક્ટ્) An articular animal. જીવડું; જીવ; કૃમિ; જીવાત.

Insectivorous, *a.* (ઇન્સેક્ટિ'વરસ્) Subsisting on insects. જીવ, જંતુ ખાઈને જીવનારું; કીટભક્ષક.

Insecure, *a.* (ઈન્સીક્યૂ'ર) Not safe or secure. જોખમ ભરેલું; બે સહીસલામત.

Insecurity, *n.* (ઇન્સીક્યૂ'રિટી) Responsibility; danger. ભય; જોખમ.

Insensate, *a.* (ઇનસે'નસટ્) Without sense; foolish; stupid. લાગણીશૂન્ય; ગમ વગરનો; મૂર્ખ; બેવકૂફ.

Insensibility, *n.* (ઇનસેન્સિબી'લિટી) Unconsciousness; folly. બેભાનપણું; બેશુદ્ધિ; મૂર્ખાઈ.

Insensible, *a.* (ઇનસે'નસિબલ્) Destitute of the power of feeling or perceiving. બેશુદ્ધ; બેભાન; લાગણી વિનાનું.

Insensibly, *adv.* (ઈનસે'ન્સિબ્લી) Unconsciously; imperceptibly; by slow degrees. જાણી ન શકાય તેવી રીતે; ધીમે ધીમે.

Insentient, *a.* (ઇનસે'ન્શિઅન્ટ્) Without perception; not possessing senses. બુદ્ધિહીન; બુદ્ધિ વગરનું; જડ; અચેતન.

Inseparable, *a* (ઇનસે'પરબલ્)Not capable of being divided or separated; always together. જુદું પાડી ન શકાય તેવું: હમેશ સાથે રહે તેવું; સહયોગી.

Insert, *vt.* (ઇન્સ'ર્ટ) To put in; to thrust in. અંદર દાખલ કરવું; માં ઘાલવું. [L. *in*, & *sero*, I join in.]

Insertion, *n.* (ઇનસ'ર્શન્) The act of inserting; entrance. દાખલ કરવું તે, કરેલ વસ્તુ; શણગાર.

Inset, *n.* (ઇ'ન્સેટ્) પુસ્તક કપડાં વગેરેમાં મૂકેલો શણગાર; જાકીટના ખુલ્લા ભાગ માટેની બે પટ્ટી; મ્હોટા નકશા વગેરેની અંદર મેલેલો ન્હાનો નકશો વગેરે.

Inside, *a.* (ઇ'ન્સાઇડ્) Interior. અંદરનું.—*adv.* (ઇન્સા'ઇડ્)અંદર—*n*(ઇ'ન્સા'ઇડ્) અંદરની બાજુ;હોજરી.

Insidious, *a.* (ઇન્સિ'ડિઅસ્) Guileful; deceitful; designing; sly. દગાખોર; કપટી [*in*, & *sedio*, I sit.]

Insidiousness, *n.* (ઇન્સિ'ડિઅસ્નિસ્) A waiting for an opportunity to ensnare; deceitfulness. કપટીપણું; દગલબાજી; કપટ; પ્રપંચ; કાવાદાવા.

Insight, *n.* (ઇ'ન્સાઇટ્) Thorough knowledge or skill. પૂર્ણજ્ઞાન;ઉંડી નજર; પ્રવેશ; ખરી માહિતી.

Insignia, *n.* (ઇન્સિ'ગ્નિઅ) Distinguishing marks of honour. માનની નિશાની; અધિકારદર્શક ચિન્હ, લક્ષણ; છડી વગેરે.

Insignificance-cy, *n.* (ઇન્સિગ્નિ'ફિકન્સ-સિ) Want of significance or meaning. અર્થ;અગત્ય હીનતા; નજીવાપણું.

Insignificant, *a.* (ઇન્સિગ્નિ'ફિકન્ટ) Not significant; destitute of meaning; unimportant; weightless. અર્થવગરનું; નજીવું.

Insincere, *a.* (ઇન્સિન્સી'ર) Dissembling; hollow; deceitful. કપટી; ઢોંગી; કૃત્રિમ; દગલબાજ; કુટિલ.

Insincerely, *adv.* (ઇન્સિન્સી'ર્લી) With deceitfulness; in an insincere manner. દગાથી; કપટથી; કૃત્રિમપણાથી; દગલબાજીથી; કુટિલપણાથી.

Insincerity, *n.* (ઇન્સિન્સે'રિટી) Deceitfulness; slyness; દગો; કપટ; કુટિલપણું.

Insinuate, *vt.* (ઇન્સિ'ન્યુએ,ટ) To introduce gently. ધીરે રહીને, ધીરે ધીરે યુક્તિથી પેસાડવું. 2. To instill. ધીરે ધીરે મનમાં ઘાલવું; 3. To hint. સૂચના, ઇશારત આપવી. 4. To push or work oneself into favour. ની મરજી સંપાદન ન કરવી; *vi.* To wind. વાંકુંચુંકું ચાલવું; વળ લેવા. [L. *in*, & *sinus*, curve.]

Insinuating, *a.* (ઇન્સિ'ન્યુએ,ટિંગ) Tending to enter gently. યુક્તિથી કૃપા મેળવનારૂં; ધીરે ધીરે પોતાનું, પગદંડો જમાવનારૂં.

Insinuation, *n.* (ઇન્સિન્યુએ,'શન) A creeping or winding in. ધીરે ધીરે પેસાડવું, બેસવું તે; વક્રોક્તિ; વ્યંગ સૂચન.

Insinuator, *n.* (ઇન્સિ'ન્યૂએ,ટર) One who hints or advises. પ્રીતિ સંપાદન કરનાર; સલાહ, ઇશારત આપનાર.

Insipid, *a.* (ઇન્સિ'પિડ્) Destitute of taste; vapid; dull; spiritless. સ્વાદરહિત; ફીકું; મોળું; ચૈતન્યહીન; જુસ્સા વગરનું. [L. *sapio*, taste.]

Insipidity, *n.* (ઇન્સિપિ'ડિટી) Tastelessness; vapidity; lifelessness. નિ:સ્વાદ; રસહીનતા; વરસતા; લુખાપણું; જડતા.

Insipience, *n.* (ઇન્સિ'પિઅન્સ) Want of wisdom; folly; foolishness. મૂર્ખાઈ; કમઅક્કલ.

Insist, *vt.* (ઇન્સિ'સ્ટ) To urge. આગ્રહ-હઠ-જીદ કરવી; નો આગ્રહ હોવો. 2. To dwell upon a topic. નું વિસ્તારથી વર્ણન કરવું. [L. *in*, & *sisto*, I stand.]-**tent**, *adj.*-**tence**,-**cy**, *ns.*

Insnare, *vt.* (ઇન્સ્ને,'ર) To catch in snare; to entrap. ફસાવવું; ફાંદામાં નાંખવું; ફંદામાં નાંખવું.

Insobriety, *n.* (ઇન્સોબ્રા'અટી) Intemperance; drunkenness. છાકટા-પીધેલપણું; કેફ; મદ.

Insociable, *a.* (ઇન્સો',શબલ્) Incapable of being joined; worse; gloomy. જોડાય-સંધાય નહિ એવું; હળીમળી શકે નહિં એવું; અમિલનસાર.

Insolate, *vt.* (ઇ'ન્સોલે,ટ) To dry in the sun's rays. તડકે મૂકવું; સૂરજની ગરમીથી તૈયાર કરવું. [L. *in*, & *sol*, the sun.]

Insolence, *n.* (ઇ'ન્સલન્સ) Pride or haughtiness મગરૂરી; અહંકાર; અભિમાન; તોર; ઉદ્ધતાઈ. [L. *soleo*, I am wont.]

Insolent, *a.* (ઇ'ન્સલન્ટ) Proud or haughty without contempt of others. મગરૂર; ગર્વિષ્ઠ; ઉન્મત્ત; ઉદ્ધત; મસ્ત; શિરજોર; નિર્લજ્જ.

Insolently, *adv.* (ઇ'ન્સલન્ટલી) Haughtily; rudely. અહંકારથી; બેદરકારપણાથી.

Insolidity, *n.* (ઇન્સૉલિ'ડિટી) Want of solidity; weakness. પોચાપણું; અદ્દઢપણું; ઘનત્વ.

Insolubility, *n.* (ઇન્સૉલ્યુબિ'લિટી) The condition of not being soluble. ઓગળે, પીગળે નહિં એવો ગુણ. 2. That cannot be solved or explained. સમજાવાય નહિ એવો ગુણ; ગૂઢતા; અગમ્યતા.

Insoluble, *a.* (ઇન્સૉ'લ્યુબલ્) Not capable of solution. સમજાવી નહિ શકાય તેવું; અઘરૂં; દુર્બોધ. 2. Not capable of being loosened. છુટું કરી, પીગળાવી ન શકાય એવું.

Insolvency, *n.* (ઇન્સૉ'લ્વન્સી) The condition of one who is unable to pay his debts; the state of being an insolvent. દેવાળીઆપણું; નાદારી.

Insolvent, *a.* (ઇન્સૉ'લ્વન્ટ) Unable to pay one's debt as they fall due. નાદાર; દેવાળીઓ; દીવાળું કાઢનાર. 2. *n.* One who is unable to pay his debts. દેવાળીઓ; દેવાળું કાઢનાર; નાદાર.

Insomnia, *n.* (ઇન્સૉ'મ્નિઅ) Sleeplessness. અનિદ્રો; ઉંઘ ન આવવાનો રોગ.

Insooth, *adv.* (ઇન્સૂથ) In truth; truly; indeed. ખરેખર; ખચિત.

Inspect, *vt.* (ઇન્સ્પે'ક્ટ) To look up. જોવું તપાસવું; શોધન કરવું; પરીક્ષા કરવી. To view and examine officially. હોદ્દા અધિકારથી તપાસવું.

Inspection, *n.* (ઇન્સ્પે'કશન) Official examination. સરકારી તપાસ; ચોકસી; પરીક્ષા; 2. The act of inspecting. દેખરેખ; નીઘેબાની; તપાસ; ચોકસી; નિરીક્ષણ.

Inspector, *n.* (ઇન્સ્પે'ક્ટર) One who inspects or inquires; superintendent. તપાસનાર; પરીક્ષક; પરીક્ષા લેનાર અધિકારી; કર્માધિકારી; ચોકસી કરનાર.

Insphere, *vt.* (ઇન્સ્ફી'ર) To place in an arc or in a sphere. ગોળ કરવું; ગોળાકારમાં મૂકવું.

Inspirable, *a.* (ઇનસ્પા'યરબલ્) Inhalable; that can be drawn into the lungs. દમ, શ્વાસમાં લઈ શકાય એવું; પ્રેરી ઉત્તેજી, શકાય એવું.

Inspiration, *n.* (ઇન્સ્પીરે,'શન)The act of inspiring; inhalation. શ્વાસ; દમ લેવો તે; પ્રાણ. 2. A miraculous influence to receive and communicate divine truth. ઈશ્વરપ્રેરણા, સૂચના, બુદ્ધિ; ઈશ્વરપ્રેરિત જ્ઞાન; ઇલ્હામ.

Inspire, *vt.* (ઇન્સ્પા'યર્) To breathe; to blow gently. શ્વાસ ખેંચવો *vi.* 2. To breathe into. ફુંકવું, પ્રેરિત, ઉલ્લસિત કરવું. 3. To infuse by breathing. ધીમે ધીમે મનમાં ઉતારવું-ઠસાવવું, 4. To instil. ઈશ્વરી પ્રેરણા કરવી. 4. To fill with what animates, ધૈર્ય, ઉત્સાહ, ચૈતન્ય, જોમ આપવું. 5. To inhale. શ્વાસ લેવો.

Inspired, *a.* (ઇન્સ્પા'યર્ડ્) Breathed in; inhaled. શ્વાસ, દમથી લીધેલું. 2. Given by divine inspiration, ઈશ્વર પ્રબોધિત, પ્રેરિત.

Inspirit, *vt.* (ઇન્સ્પિ'રિટ્) To enliven; to invigorate. ઉત્તેજન આપવું; ઉશ્કેરવું; જુસ્સો. ચૈતન્ય આપવો.

Inspissate. *vt.* (ઇન્સ્પિ'સે.ટ્) To thicken by boiling as fluid. ઉકાળી જાડું કરવું; ઘટ્ટ કરવું.

Instability, *n.* (ઇન્સ્ટૅબિ'લિટિ) Inconstancy; changeableness; want of consistency. અસ્થિરતા; ચલિતપણું; ચંચળતા.

Instable, *a.* (ઇન્સ્ટે,'બલ્) Inconstant; fickle; changeable. વિચાર બહુ બદલે તેવું; અસ્થિર; ચંચલ.

Installation, *n.* (ઇન્સ્ટૉલે,'શન્) The act of giving possession of an office, mark or order. રાજ્યાભિષેક; પટ્ટાભિષેક. 2. Institution. સ્થાપના; પ્રતિષ્ઠાપન. *vt.* **Install,** રાજ્યાભિષેક કરવો; ચ્હડાવવું.

Instalment, *n.* (ઇન્સ્ટૉ'લ્મન્ટ) The act of giving possession of an office. પદ્દવી પર સંસ્કારપૂર્વક સ્થાપના કરવી તે. 2. A part payment. હફ્તો; કાંધું.

Instance, *n.* (ઇ'ન્સ્ટન્સ) Urgency; જરૂરીયાત. 2. A case occuring; example. નમુનારૂપ દાખલો. At the instance of. ના આગ્રહથી *-v.* To mention as an instance. નું ઉદાહરણ આપવું; નો દાખલો આપવો.

Instant, *a.* (ઇ'ન્સ્ટન્ટ) A moment. ક્ષણ; પળ. A day of the present or current month. ચાલતા માસની તારીખ. 3 *-a.* Urgent; pressing. બહુ જરૂરી.

Instantaneous, *a.* (ઇન્સ્ટનટે'નીઅસ) Done or occuring in an instant. કંઇ વાર લાગ્યા વગર બનેલું; એક ક્ષણ માત્રમાંજ બનેલું; તાત્કાલિક.

Instantaneously, *adv.* (ઇન્સ્ટનટે'નીઅસ્લી) In an instant; in a moment; immediately. તરતજ; તેજ ઘડીએ; કંઇ વાર લાગ્યા વિના.

Instate, *vt.* (ઇન્સ્ટે,'ટ્) To set or place; to install. અધિકાર પર બેસાડવું; સ્થાપવું; પદસ્થ કરવું.

Instantly, *adv.* (ઇ'ન્સ્ટન્ટ્લી) In an instant; without loss of time. તરતજ; તેજ ઘડીએ.

Instead, *adv.* (ઇન્સ્ટે'ડ્) In the place of. ને બદલે.

Insteep, *vt.* (ઇન્સ્ટી'પ્) To immerse. પલાળવું; ઝબોળવું.

Instep, *n.* (ઇ'ન્સ્ટેપ્) આંગળી અને ઘુંટી વચ્ચેનો પગનો ઉપલો ભાગ, જોડાનો ભાગ.

Instigate, *vt.* (ઇ'ન્સ્ટિગે.ટ્) To goad or urge forward; to excite; to stimulate. ઉશ્કેરણી, શિખવણી આપવી; ઉશ્કેરવું; પ્રેરવું.

Instigation, *n.* (ઇન્સ્ટીગે,'શન્) Incitement or impulse to evil; stimulation. શિખવણી; ઉશ્કેરણી; ઉત્તેજન; પ્રેરણા.

Instigator, *n.* (ઇ'ન્સ્ટિગે.ટર) One who incites another to an evil act. ઉશ્કેરણી આપનાર.

Instil-l. *vt.* (ઇન્સ્ટિ'લ્) To pour in by drops. ટીપે ટીપે રેડવું; 2. To infuse slowly. ધીરે ધીરે મનમાં ઘાલવું; [L. *in* & *stillo*, I drop.]

Instillation. *n.* (ઇન્સ્ટીલે,'શન્) The act of infusing by drops. ધીરે ધીરે રેડવું તે. 2. The act of infusing slowly in the mind. ધીરે ધીરે મનમાં ઉતારવું, ઠસાવવું તે.

Instinct, *n.* (ઇ'ન્સ્ટીન્ક્ટ્) Inward impulse; intuitive feeling. અંતર્જ્ઞાન; સ્વાભાવિક બુદ્ધિ; પ્રેરણા બુદ્ધિ; પશુ બુદ્ધિ; સહજ પ્રેરણા.

Instinctive, *a.* (ઇન્સ્ટી'ન્કટિવ) Determined by natural propensity. પ્રેરણા બુદ્ધિનું; સહજ.

Institute, *vt.* (ઇ'ન્સ્ટીટ્યુટ્) To set up; to establish. બાંધવું; ઠરાવવું; ઘડવું; ઉભું કરવું; નિમવું 2. To originate. સ્થાપન કરવું. 3. To begin. માંડવું; આરંભવું શરૂ કરવું. 4. To educate. મૂળતત્વ શિખવી વાકેફ કરવું *n.* The act of instituting; institution. સંસ્થાપન; સંસ્થા. 2. An established law. ધારો; રૂઢિ. Religious institution. ધર્મશાસ્ત્ર. **Is of Manu.** મનુસંહિતા; માનવશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર. 4. An institution; a college. શાળા. [L. *statuo*, I set up.]

Institution, *n.* (ઇન્સ્ટિટ્યૂ'શન્) 1. Establishment સ્થાપના. A permanent form of law. કાયદો; રૂઢિ; ધારો; નિયમ; વ્યવસ્થા 2. (a) An established custom. ચાલુ રીતિ; રિવાજ. (b) An organised society. સંસ્થા; સભા; મંડળ. Educational institution. વિદ્યાલય.

Institutional, *a.* (ઇન્સ્ટીટ્યૂ'શનલ્) Instituted by authority. અધિકારથી સ્થાપેલી. 2. Elementary. તત્વ, મૂળતત્વ, સંસ્થા સંબંધી.

Instruct, *vt.* (ઇન્સ્ટ્ર'ક્ટ્) To put in order; નિયામત કરવું. 2. To enlighten; to

teach. શિખવવું; કેળવણી આપવી; બોધ કરવો. (b) To direct. સૂચના કરવી.

Instructive, *a.* (ઇન્સ્ટ્રક્ટિવ્) Conveying instruction; knowledge; supplying instruction or information. બોધકારક; ઉપદેશક; બોધક.

Instructively, *adv.* (ઇન્સ્ટ્રક્ટિવ્લિ) In an instructive manner. બોધ આપે તેવી રીતે.

Instructiveness, *n.* (ઇન્સ્ટ્રક્ટિવ્નિસ્) The quality of being instructive. ઉપદેશ; શિખામણ; બોધકતા.

Instructor, *n.* (ઇન્સ્ટ્રક્ટર્) One who instructs; a teacher; શિક્ષક; ગુરૂ.

Instructress, *n.* (ઇન્સ્ટ્રક્ટ્રિસ) A tutoress; સ્ત્રી શિક્ષક.

Instrument, *n.* (ઇ'ન્સ્ટ્રુમન્ટ્) A tool. સાધન; યંત્ર; હથિયાર; 2. A musical instrument; વાજીંત્ર. A wind instrument. વાંસળી; પાવો; મોરલી વગેરે. Martial Instrument. = રણવાદ્ય. 3. A deed in writing. લેખ; ખત; દસ્તાવેજ. 4. Medium; a means; an agent. = કાર્યકર્તા; કાર્યસાધક; નિમત્ત; કારણ; સાધન; ઉપકરણ; વાહક,—ન.

Instrumental, *a.* (ઇનસ્ટ્રુમે'ન્ટલ્) Serving as a means; conducive; helpful. કાર્યસાધક, કારણભૂત; સાધનભૂત–સહકારી; સાધક. 2. Pertaning to; or prepared for musical instrument. વાજીંત્રથી કીધેલું; વાદ્યસિદ્ધ, માટેનું.

Instrumentality, *n.* (ઇન્સ્ટ્રુમેન્ટે'લિટિ) That which is instrumental. સાધકપણું; મારફતી; હથીયાર રૂપતા; ઉપકરણતા.

Insubjection, *n.* (ઇન્સબજે'કશન્) Want of subjection; disobedience to lawful authorities. શરણ, તાબે ન થવું તે; શિરજોરી.

Insubmission, *n.* (ઇન્સબ્મિ'શન્) Disobedience; disregard. શરણ, તાબે ન થવું તે.

Insubordinate, *a.* (ઇન્સબૉ'ર્ડિનટ્) Not submissive; disobedient to the authorities. ઉપરીને તાબે ન રહેવું; બેહુકમી; શિરજોર; માથાનો ફરેલ.

Insubordination, *n.* (ઇન્સબૉર્ડિને,'શન્) Disobedience to lawful authorities. શિરજોરી; બેહુકમીપણું; અવિનય; આજ્ઞાભંગ.

Insufferable, *a.* (ઇન્સ'ફરબલ્) Insupportable; intolerable. સહન થાય નહિ તેવું; સાંખી ન શકાય તેવું; અસહ્ય; અસહનીય; દુઃસહ.

Insufficiency, *n.* (ઇનસફિ'શન્સિ) Deficiency; inadequateness; અધુરાપણું; ન્યૂનતા; ખામી; 2. Inability; incapacity. અયોગ્યતા; નાલાયકી; શક્તિહીનતા.

Insufficient, *a.* (ઇન્સફિ'શન્ટ્) Inadequate; not sufficient; incomplete. 2. Wanting in skill or strength. પૂરતું નહિં; નાલાયક; અયોગ્ય; અનુચિત.

Insular, *a* (ઇ'ન્સ્યુલર) Belonging to an isle; surrounded by water; દ્વીપરૂપ; બેટ સંબંધિ; પાણીથી ઘેરાયલું; [L. *insula,* an island.] 2. Narrowminded. સંકુચિત; સાંકડું. —°**rity,** —°**rism,** *ns.*

Insulate *vt.* (ઇ'ન્સ્યુલે,ટ્) To make an isle of. નો દ્વીપ બનાવવો; 2. To place in a detached situation; to isolate; અળગું, વેગળું, મૂકવું; કોઇ સાથે સંબંધ નહિ રહે એવી રીતે મૂકવું. (3) To set alone. એકલું મૂકવું; જુદું પાડવું.

Insulated, *a.* (ઇ'ન્સ્યુલે,ટિડ્) Standing by itself; isolated. પોતાની મેળે એકલું ઉભું રહે એવું; છુટું; જુદું.

Insulation, *n.* (ઇન્સ્યુલે,'શન્) Detachment from others. વેગળું હોવું તે. 2. The act of separating a body from others, from nonconductors વીજળીની અસર ન થવા દે એવી ચીજથી એકચીજને જુદું પાડવું તે.

Insult, *n.* (ઇ'ન્સલ્ટ) Gross abuse; act or speech of contempt. અપમાન; ગેરઆબરૂ; માનભંગ. *v.* (ઇન્સ'લ્ટ્) To commit an indignity upon; to abuse. નું માનભંગ, અવજ્ઞા, તિરસ્કાર કરવો; અપમાન કરવું. To behave with insolent triumph. બેઅદબીથી વર્તવું, ચાલવું.

Insulting, *a.* (ઇન્સ'લ્ટિંગ્) Containing or conveying a great abuse. અપમાન ભરેલું, કારક. [L. *salio,* I leap.]

Insuperable, *a.* (ઇન્સ્યૂ'પરબલ્) Not superable; insurmountable. ઓળગાય નહિ એવું; તોડી ન શકાય તેવું. [L. *in* & *supero,* I pass over.]

Insupportable, *a.* (ઇન્સપો'ર્ટબલ્) Not supportable; incapable of being borne. ચાલી, ટકી ન શકે એવું; અસહ્ય; દુઃસહ; સહન ન થઈ શકે તેવું.

Insuppressible, *a.* (ઇન્સપ્રે'સિબલ્) Not to be suppressed. દાબી, છાનું ન રખાય એવું; અનિવાર્ય.

Insurable, *a.* (ઇન્શૂ'રબલ્) Capable of being insured against loss or damage. વીમો ઉતરાવી શકાય તેવું.

Insurance, *n.* (ઇન્શૂરન્સ્) The act of insuring against loss or damage. વીમો: વીમો ઉતરાવવો તે. *a.*—વીમાનું કામ કરતી.

Insure, *vt.* (ઇન્શૂ'ર્) To secure against possible loss. વીમો ઉતારવો-કરવો. *vi.* To secure. ઉપાય લેવો.

Insurer, *n.* (ઇન્શૂ'રર્) One who insures. વીમો ઉતારનાર; ઉપાય કરનાર.

Insurgent, *a.* (ઇન્સ'જન્ટ) Rising against political authority; mutinous; stormy. બળવાખોર, બંડ ઉઠાવનાર; ઉછળતું.

Insurmountable, *a.* (ઇન્સરમા'ઉન્ટબલ્) Incapable of being overcome; insuperable. ઓળંગી ન શકાય એવું; દુસ્તર, અલંઘનીય.

Insurrection, *n.* (ઇન્સરે'કશન્) A rebellion; a revolt. બળવો; દંગો; ફિતુર;રાજ્ય વિરૂદ્ધનો ઉઠાવ.

Insurrectionary, *a.* (ઇન્સરે'કશનરી) Rebellious; mutinous; riotous. બળવા સંબંધી,-ખોર.

Insusceptibility, *n.* (ઇન્સસેપ્ટિબિ'લિટી) Want of feeling; the quality of being insusceptible. અગ્રાહકતા; અસર નહીં થાય તેવો ગુણ, સ્થિતિ.

Insusceptible, *a.* (ઇન્ટસસે'પ્ટિબલ્) Not capable of being moved. અસર થાય નહિ એવું; અગ્રાહક, અવિકારી.

Intact, *a.* (ઇનટૅ'ક્ટ) Unimpaired; uninjured. અણિશુદ્ધ; તેવું ને તેવું.

Intaglio, *n.* (ઇનટૅ'લિઓ) A cutting or engraving on a stone;a gem with a figure. પત્થર પર કાઢેલું ચિત્ર; નકશીદાર મણિ [L. *in* & *taglio.*, to cut.]

Intangible, *a.* (ઇન્ટૅ'ન્જીબલ્) Not tangible or perceptible to the touch. સ્પર્શથી પરખાય નહિ એવું; અસ્પર્શનીય; સૂક્ષ્મ. *n.* **Intangibility** or **intangibleness**.

Integer, *n.* (ઇ'ન્ટીજર્) A complete entity; a whole. પૂર્ણ સંખ્યા; પૂર્ણાંક; અભિન્નરૂપ. [L. *tango*, I touch.]

Integral, *a.* (ઇન્ટી'ગ્રલ્)Complete; pertaining to a whole; essential. આખું; અખંડ; પૂર્ણ; સંગત; લગતું. *n.*A whole & entire thing.આખી ચીજ; રકમ; પૂર્ણાંક.

Integrate, *vt.* (ઇ'ન્ટીગ્રે,ટ) To make entire; to make one whole. આખું,સંબદ્ધ,પુરૂં કરવું; 2. To indicate the whole; to give the sum or total. સરવાળો કરવો.

Integrity, *n.* (ઇન્ટે'ગ્રિટી) Wholeness; entireness; unbroken state. પૂર્ણતા; અખંડતા; અભિન્નતા; અભેદ. 2. Moral soundness; honesty; rectitude. પ્રમાણિકપણું; સરળતા; વિમળતા; સાચવટ; નેક; સત્ય.

Integument, *n.* (ઇન્ટે'ગ્યુમન્ટ) That which naturally invests or covers another thing; a covering which invests the body. વેષ્ટન; આચ્છાદન; ચામડી.

Intellect, *n.* (ઇ'ન્ટિલેક્ટ) A faculty of the human soul; the power to judge & comprehend. મન; બુદ્ધિ; વિચારશક્તિ; જ્ઞાનેંદ્રિય. [L. *inter* & *ligo*, I choose.]

Intellective, *a.* (ઇન્ટિલે'ક્ટિવ્) Pertaining to or produced by the intellect or understanding; intellectual.માનસિક;બુદ્ધિવિષયક, જન્ય. 2. Intelligent;rational.બુદ્ધિશાળી;તાર્કિક.

Intellectual, *a.* (ઇન્ટિલે'ક્ટયુઅલ્) Belonging to the mind; mental. બુદ્ધિનું; બુદ્ધિવિષયક; મનનું; માનસિક. 2. Formed by and existing for the intellect alone. મનમાં આવેલું; કલ્પિત બુદ્ધિગમ્ય; મનોગમ્ય; મનોગત. 3. Having the power of understanding. સમજશક્તિવાળું. 4. Relating to the understanding; treating of the mind. બુદ્ધિને, મનને લગતું, સંબંધી.

Intellectually, *adv.* (ઇન્ટિલે'ક્ટયુઅલી) By means of the understanding or intelligence કલ્પનાથી; બુદ્ધિથી.

Intelligence, *n.* (ઇન્ટે'લિજન્સ) The act of knowing. જાણવું તે. 2. Understanding or readiness of comprehension; skill. બુદ્ધિ; ચાતુર્ય; ચતુરાઈ; મતિ; સમજ. 3. Notice; news; information. ખબર; સમાચાર; બાતમી; વાર્તા; સૂચના; વર્તમાન. 4. Acquaintance; intercourse. ઘરોબો; પરિચય; ઓળખાણ.

Intelligence office, મુખ્યત્વે કરીને નોકરો માટે ખાલી જગ્યાની ખબર મળે તેવી ઑફિસ

Intelligent, *a.* (ઇન્ટે'લિજન્ટ) Endowed with the faculty of understanding or reason. સમજ શક્તિવાળું; 2. Well informed; knowing; sensible. શાણું; ચતુર; કુશળ; નિપુણ સમજદાર; બુદ્ધિમાન; મતિમાન; ખબરદાર: સુજ્ઞ. 3. Cognizant; understanding. સુજાણ; સમજુ; જાણકાર.

Intelligible, *a.* (ઇન્ટે'લિજીબલ્) Capable of being understood or comprehended. સમજાય એવું; સ્પષ્ટ.

Intemperance, *n.* (ઇન્ટે'મ્પરન્સ) Excess in any kind of action or indulgence of the appetite or passions. અતિશયતા; અમર્યાદા; પરાકાષ્ઠા; અસંયમ; અનિગ્રહ; અત્યાહાર; અમિતાહાર; 2. Irrational or excessive indulgence of liquors અતિપાન;માદ્ય વસ્તુઓનું અતિશય પાન.

Intemperate, *a* (ઇન્ટે'મ્પરટ)Not moderate; passionate. અતિશય કરનાર; અતિભોગી, વિહારી; અત્યાહારી.

Intend, *vt.* (ઇન્ટે'ન્ડ) To stretch; to strain; to extend. લંબાવવું; ફેલાવવું; પ્રસરાવવું. 2. To mean; to design; to purpose. ધારવું; ઇરાદો, મનસુબો, કરવો, હોવો. 3. To fashion; to conceive. કરવું; મનમાં યોજવું. *vi.* To stretch

forward to; extend. લંબાવવું: ફેલાવવું; 2. To design; to purpose; to propose. ધારવું; મનસુબો કરવો; મનસુબો હોવો. [L. *tendo*, I stretch.]

Intendant, *n.* (ઇન્ટે'ન્ડન્ટ) One who has the charge of some public business. ચોકસી રાખનાર; અધ્યક્ષ.

Intended, *a.* (ઇન્ટે'ન્ડિડ) Proposed; designed. ધારેલું. 2. Betrothed. વિવાહ; સગાઈ, વાગ્દાન કરેલું; અદરાયલું.

Intense, *a.* (ઇન્ટે'ન્સ્) Stretched; tightly drawn; stern. ઘણું મજબુત કરેલું; સખ્ત. 2. (a) Ardent; fervent. (said of heat). ઘણું; ભારે; અતિ; તીવ્ર. (b) Keen; biting. (Said of cold) અતિ સખ્ત; કડકડતું; ગાઢ. (c) Vehement; earnest. (Said of excitement or feeling.) તીક્ષ્ણ; તીવ્ર; પ્રચંડ. (d) Severe; violent. (Said of pain) ભારે; જબર; અતિશય; પ્રબળ.

Intensely, *adv.* (ઇન્ટે'ન્સલી) To an extreme degree. ઘણું; અતિશય. 2. Attentively; earnestly. ઘણા ધ્યાનથી; આતુરતાથી.

Intenseness, *n.* (ઇન્ટે'ન્સનિસ) The state of being intense; intensity. અતિશયતા; બેહદપણું; સચોટતા; તીવ્રતા; પરાકાષ્ઠા; અત્યંતતા.

Intensify, *v.* (ઇન્ટે'ન્સિફાય્) To act with increasing power or energy; to render more intense. જુસ્સાદાર, સચોટ બનવું, બનાવવું; તીવ્ર કરવું.

Intension, *n.* (ઇન્ટે'ન્શન્) A stretching or bending. તંગપણું; તસત; વલણ. 2. Increase of power or energy of any quality. અતિશયતા; ભારેપણું; સખ્તાઈ; જબરાપણું. 3. (Logic) The comprehension or connotation. સમાવેશ; સમાસાર્થ; ગ્રહણશક્તિ.

Intensity, *n.* (ઇન્ટે'ન્સિટી) Intenseness; extreme degree. ઘણુંજ હોવું તે; ચંડતા; અત્યંતતા; પરાકાષ્ઠા. 2. (Physics & Mech.) Effectiveness. અસર; પરિણામ; કાર્યસાધકતા; પ્રબલતા.

Intensive, *a.* (ઇન્ટે'ન્સિવ્) Stretched; admitting of increase of degree. તસતસતું; ઘણું તંગ. 2. Intent; assiduous. લાગુ રહેનાર; ખંતીલું; ઉદ્યમી; 3. (Gram.) Serving to give force, emphasis. જોર, જમાવેલું. બળ આપતું; ભાર મુકે તેવું; વૃદ્ધિકર; પ્રબલતાદર્શક.

Intent, *a.* (ઇન્ટે'ન્ટ્) Fixed closely; anxiously diligent. એકાગ્રચિત્ત; એકનિષ્ઠ; માં લીન, ગરક; આસક્ત; વ્યગ્ર; તત્પર; નિષ્ઠ; પરાયણ. 2. Closely directed, bent. સચોટ; સીધેસીધું. *n.* Design; purpose; intention; aim. અભિપ્રાય; આશય; મુરાદ; મનસુબો; ઇરાદો; મતલબ **To all intents and purposes** = in all senses; really. બધી રીતે: સર્વથા; ઠેક; બીલકુલ.

Intention, *n.* (ઇન્ટે'ન્શન્) Closeness of application; earnestness. એકાગ્રતા; વિચાર. 2. The fixed direction of mind. મનસુબો; ઈરાદો; અભિપ્રાય; આશય; ઉદ્દેશ; હેતુ; સંકલ્પ; ઇચ્છા; ભાવ; 3. End; aim; design. કાર્ય; પ્રયોજન; અર્થ. **Purity of I.** ભાવ શુદ્ધિ, ચિત્ત શુદ્ધિ **Change of I.** બુદ્ધિ ભેદ. **Avowed intention.** પ્રકટિતાશય; જાહેર કરેલો મનસુબો. 4. The state of being strained. ખેંચાવું, તણાવું તે. 5. (Logic) Any comprehension of an object. કોઇપણ પદાર્થનો મગજમાં ખ્યાલ લાવવો, ઉતારવો તે; વસ્તુજ્ઞાન; અર્થ ગ્રહણ. **First I.** An idea or image. વિચાર; ધારણા; પ્રતિમા; **Second I.** An abstract notion. પૃથક્ કરેલી કલ્પના. **To heal by the first I.** To cicatrize. અંગુર આવવું; રૂઝવું; ભોંય રૂઝ આપવી. **To heal by the second I.** To unite after suppuration. પાચપરૂ કાઢી નાંખ્યા પછી જોડી, સાંધી દેવું તે.

Intentional, *a.* (ઇન્ટે'ન્શનલ્) Intended; designed. જાણીજોઈને કરેલું; જાણીબુઝીને કરેલું; અગાઉથી ધારી મુકેલું.

Intentionally, *adv.* (ઇન્ટે'ન્શનલી) With intention; purposely. જાણીજોઈને; સમજીને; જાણીબુઝીને; બુદ્ધિપૂર્વક

Intently, *adv.* (ઇન્ટે'ન્ટ્લી) In an intent manner; eagerly. એક ચિત્તે; તાકી રહીને.

Intentness, *n.* (ઇન્ટે'ન્ટ્નિસ્) The state of being intent; close application. તાકી રહેવું તે; એકાગ્રતા; એકનિષ્ઠા; આસક્તિ; અનન્ય વૃત્તિ.

Inter, *vt.* (ઇન્ટ'ર) To bury; to inhume. દાટવું; ગાડવું; ભૂમિસંસ્કાર કરવો. [L. *in* & *terra* the earth.]

Interact, *n.* (ઇન્ટરૅ'ક્ટ્) A short act or piece between others, as in a play. ઉપઅંક; નાટકના અંકમાંનો પેટાઅંક. 2. Intermediate employment or time. વચલો ગાળો. વખત-કાળ; વચમાં કરેલું કામ. *v.* Act on each other. એક બીજા પર અસર કરવી.

Intercalar-y, *n.* (ઇન્ટરકૅ'લર-ઇન્ટરકૅ'લરી) Inserted or introduced in the midst of others. વચમાં, વધતું દાખલ કરેલું, આણેલું; અધિક.

Intercalate, *vt.* (ઇન્ટ'રકલેટ્) To insert; to insert as a day or other portion of time in the calendar. પંચાગમાં (માસ-દિવસ) લેવો-આણવો; અધિક (માસ) લેવો. [L. *inter* & *calo*, I cull.]

Intercede, *vt.* (ઇન્ટર્સીડ્) To occur or pass between; to intervene. વચ્ચે પડવું–થવું. 2. Interpose to mediate. વચ્ચે પડી સમાધાન કરવું, સમજાવવું; મધ્યસ્થ થવું. (b) To plead in favour of one. બીજાને માટે પ્રાર્થના,તરફદારી કરવી.

Intercedent, *a.* (ઇન્ટસીંડન્ટ) Mediating; pleading; for. વચમાં પડવું; સમાધાન કરવું.

Intercept, *vt.* (ઇન્ટસેપ્ટ) To stop in its passage; to seize on by the way. વચમાંજ, વાટમાં અટકાવી લેવું; અટકાવવું. 2. To obstruct the progress of; to stop. આગળ વધતાં જતાં અટકાવવું; ખાળવું; અવરોધ કરવો. 3. To interrupt communication with; to cut off. જવા આવવા દેવાનો વ્હેવાર, સંબંધ બંધ કરવો; તોડવું; વિક્ષેપ નાંખવો.

Intercession, *n.* (ઇન્ટસેશન્) The act of interceding; mediation. મધ્યસ્થપણું; વચમાં પડવું તે. 2. Prayer or; solicitation in favour of. પરાર્થ પ્રાર્થના; અભ્યર્થના; તરફદારી.

Intercessor, *a.* (ઇન્ટસેસર્) One who pleads on behalf of another; mediator. વચ્ચે પડનાર; મધ્યસ્થ; પરાર્થ પાર્થના કરનાર. 2. A bishop. પાદરી; ધર્મગુરૂ.

Intercessory, *a.* (ઇન્ટસેસરિ) Involving intercession; interceding. મધ્યસ્થપણા, તરફદારીથી કરેલું; વચમાં પડવું.

Interchain, *vt.* (ઇન્ટર્ચેન) To link together; to unite firmly. સાંકળ કરવી; ની સાથે જોડી દેવું.

Interchange, *vt.* (ઇન્ટર્ચેન્જ) To exchange; to reciprocate; અદલબદલ કરવું; અરસપરસ લેવું ને આપવું; 2. To cause to follow or to alternate. પાછળ, એક પછી એક આવે એમ કરવું. *n.* The act of mutually changing; exchange. અદલાબદલી; આપલે; વિનિમય; દાનપ્રતિદાન; અદલબદલ કરવાનો વ્હેવાર; 2. Alternate succession. એક પછી એક આવવું તે; એકાંતર અનુક્રમ 3. Barter; commerce. વેપાર; સાટું; રોજગાર; આપલે.

Interchangeable, *a.* (ઇન્ટરચેન્જબલ્) Admitting of exchange. અદલબદલ કરાય એવું. 2. Following each other in alternate succession. એક પછી એક આવતું.

Intercommunication, *n.* (ઇન્ટર્કૉમ્યુનિકેશન્) Reciprocal communication or intercourse. અરસપરસનો વ્હેવાર; અંતર્વ્યવહાર.

Inter-costal, *a.* (ઇન્ટર્-કૉસ્ટલ) Placed or lying between the ribs. પાંસળાંની વચમાંનું, અંદર અંદરનું.–*n.* A part between the ribs. પાંસળી વચ્ચેનો ભાગ. [L. *inter* & *costa*, a leib.]

Intercourse, *n.* (ઇન્ટર-કોર્સ) Communication;commerce. આવવા જવા વગેરેનો વ્હેવાર; મિળાવડો; બેસવા ઉઠવાનો ખાવા વગેરેનો વહેવાર; અવરજવર; ઘરોબો; ઘરવટ; પરિચય; સંગ; સમાગમ; સંગતિ. **(Sexual)** મૈથુન; રતિક્રીડા–સ્ત્રી ભોગ, વિલાસ **Social I.** લોકવ્યવહાર; સમાજસંસર્ગ.

Intercurrence, *n.*(ઇન્ટર-કરન્સ)A passing or running between; occurrence. વચમાં પડવું, જવું તે; વચમાં બનેલો બનાવ.

Interdict, *vt.* (ઇન્ટડિક્ટ) To forbid; to prohibit. મના કરવી; વારવું; નિષેધ કરવો. 2. [Eccl.] To cut off from communion with a church. ખ્રિસ્તી મંડળના સંસર્ગમાંથી બાતલ કરવું. *n.* (ઇન્ટડિક્ટ) Prohibition મના; મનાઇ; નિષેધ; નિવારણ; બાધા; નિષેધનો ઠરાવ. **I. in the name of a king or state,** દુવાઇ; આણ. **Written I.** મના ચિઠ્ઠી. 2. [Eccl.] Prohibition from communion with a church by the Pope. રોમન કૅથોલિક મંડળીમાં ધર્મક્રિયા કરવાની પોપ તરફથી મનાઇ. [L. *dico*, I say.]

Interdiction, *n.* (ઇન્ટર્ડિક્શન્) Prohibition; inhibition; curse. મનાઈ કરવી તે; શાપ; નિષેધ; પ્રતિષેધ.

Interdictory, *a.* (ઇન્ટર્–ડિક્ટરી) Having the design or power to prohibit.મનાઈવાળું; નિષેધનું; નિષેધક; નિવારક; નિષેધકારક, રૂપ.

Interest, *vt.* (ઇન્ટ્રિસ્ટ્) To engage the attention of; to awaken curiosity in; to excite emotion or passion on behalf of a person or a thing. મન, ચિત્ત, લક્ષ્ય–ખેંચવું–વેધવું; આસ્થા ઉત્પન્ન કરવી; આસ્થાયુક્ત કરવું; નું મન અનુરંજન કરવું; સ્નેહ,અનુરાગ,રસ ઉત્પન્ન કરવો; મન આકર્ષવું; માં જીવ ઘાલવો; ધ્યાન ખેંચવું; પક્ષલાભમાં આણવું. 2. To be concerned with or engaged in; to effect; to concern; to excite. માં સ્વાર્થલાભ હોવો–માં લાગવું, વળગવું હોવું; માં હાથ હોવો; અસર કરવી;ની સાથ સંબંધ ધરાવવો; માં સામેલ હોવું. To cause or permit to share. ભાગ–પાંતી–અંશ આપવો, લેવોદેવો. *n.* Excitement of feeling; concern; sympathy; regard. કાળજી; આસ્થા; અનુકંપા;દરકારભાવ; રસ; મનોહરતા; મનોરંજક શક્તિ; કરુણારસ; હિતસોજી; લેવાદેવા. **Looking to one's own I.**= સ્વાર્થદૃષ્ટિ; સ્વાર્થ પરાયણતા. 2. Share; portion; part. હિસ્સો; ભાગ–પાંતી; અંશ. 3. Advantage; good; profit. હિત; અર્થ; ગુણ; લાભ; ફાયદો; કલ્યાણ; આદર; સ્નેહ. રાગ; અનુરાગ; સ્પૃહા. 4. Premium paid for the use of money. વ્યાજ. 5. Regard to private profit. સ્વાર્થ;

પોતીકી મતલબ; સ્વાર્થદૃષ્ટિ; સ્વહિતાવલોકન. 6. The person interested in any particular business. રસિયો; રસિક. 7. Connection with great person. વગવશિલો. **Compound I.** = ચક્રવૃદ્ધિ વ્યાજ. **Simple I.** = That which arises from the principal sum only. સાદું વ્યાજ.

Interested, *a.* (ઇ'ન્ટ્રિસ્ટિડ્) Having an interest; having the attention engaged; liable to be affected. લાભ નુકશાનમાં ભાગીદાર; ભાગીદાર સંબંધી; સંગી; આસક્ત; સ્વાર્થપર સ્વાર્થદર્શી; સ્વહિત પરાયણ; તત્પર; સ્વાર્થી; મતલબીઓ; રસ લે એવું; રસિક.

Interesting, *a.* (ઇ'ન્ટ્રિસ્ટિન્ગ્) Engaging the attention or curiosity. મનોરંજક; ખુશકારક; દીલપસંદ; વિનોદી; મનોહર; સરસ; રસિક; ચિત્તાકર્ષક; હ્રદયહારી, ગ્રાહી.

Interference, *n.* (ઇન્ટફી'રન્સ્) Intermeddling; interposition. વચ્ચે પડવું તે; હાથ ઘાલવો તે; મધ્યસ્થપણું; અંતરાગમ; નિરૂપણ, ચર્ચા. 2. Collision; clashing. એકબીજાને નડવું તે; અથડાઅથડી. 3. (Physics) Mutual influence. એકબીજાની અરસપરસ સત્તા, અસર.

Interfere, *vt.* (ઇન્ટરફી'ર્) To come in collision. એકબીજાને આડે આવવું; નડવું; સામસામા આવી જવું. 2. To intermeddle; to interpose. વચ્ચે પડવું; હાથ, માથું ઘાલવું. 3. (Far) To strike one's foot against its opposite. એક પગ બીજા સાથે અથડાવવો. 4. (Physics) To act reciprocally as to augment or diminish. પરસ્પર અસર કરવી તે. [L. *inter* & *fereo* I strike.]

Interim, *n.* (ઇ'ન્ટરિમ્) The mean time. વચમાંનો કાળ; અરસો; મધ્યકાળ; અંતર્ગતકાળ. 2. A celebrated decree of the Emperor Charles V. પાંચમાં રાજા ચાર્લ્સનું પ્રખ્યાત હુકમનામું; ફેંસલો.

Interior, *a.* (ઇાન્ટ'રિઅર્) Internal; inner. અંદરનું; માંહેનું; અંતસ્થ; અંતર્ગત; અંતર્ભૂત; 2. Inland. ભૂમિ, દેશની અંદરનું. **Interior planets** = The planets within the orbit of the earth. પૃથ્વીની કક્ષાની અંદર આવેલા ગ્રહ. *n.* Slope of a parapet; (Fort) the slope against which man leans in firing. બંદુક ફોડવાને માણસ જેના ઉપર અઢેલે છે તે; *n.* The internal part of thing; inside. અંદરની બાજુ; અંતર્ભાગ; ઉદર; ગર્ભ; અભ્યંતર 2. The inland part of a country, state or kingdom. અંતર્દેશ.

Interjacent, *a.* (ઇન્ટરજે,'સન્ટ્) Lying or being between; intervening. વચ્ચે આવેલું; મધ્યસ્થિત; મધ્યવર્તી. [L. *inter* & *jaceo*, I lie].

Interject, *vt.* (ઇન્ટરજે'ક્ટ) To throw in between; to insert. વચ્ચે નાંખવું. મૂકવું; બોલી ઉઠવું.

Interjection, *n.* (ઇન્ટરજે'કશન્) The act of throwing or lying between. વચ્ચે નાંખવું. મૂકવું, હોવું તે; મધ્યક્ષેપ. 2. A word in speaking or writing, thrown in between words to express some emotion or passion. કેવળ પ્રયોગી અવ્યય; ઉદ્ગાર.

Interlace, *vt.* (ઇન્ટરલે,'સ) To intermix; to weave or twine together. ભેળવું; ભેળવી દેવું; સેળભેળ કરવું; જડવું; મિશ્રિત કરવું; અંદર ગુંથવું, ભરવું. *vi.* To be interwoven or mixed. સાથે મળી, ભળી જવું.

Interlapse, *n.* (ઇન્ટરલૅ'પ્સ્) The lapse of time between two events. બે બનાવની વચમાંનો વખત.

Interlard, *vt.* (ઇન્ટરલા'ર્ડ) To diversify by mixture; to interpose between. માં વચ્ચે મૂકીને વિચિત્ર, રસિક કરવું.

Interleaf, *n.* (ઇન્ટર્લી'ફ્) A blank leaf inserted between two leaves. પાનાની વચમાં મૂકેલું કોરૂં પાનું.

Interline, *vt.* (ઇન્ટર્લા'ઇન્) To write between two lines. બે લીટીની વચ્ચે લખવું. 2. To write in alternate lines. એક એક લીટી છોડી દઈ લખવું.

Interlinear, *a.* (ઇન્ટરલિ'નીઅર્) Inserted between two lines. બે લીટીની વચ્ચે લખેલું; એકેકી લીટી મૂકીને લખેલું; અંતર રેખા સંબંધી.

Interlink, *vt.* (ઇન્ટરલિ'ન્ક) To connect by uniting links; to join. કડી એકઠી જોડવી; ની સાથે જોડવું.

Interlocution, *n.* (ઇન્ટરલક્યૂ'શન્) Dialogue; conference. સંવાદ; સંભાષણ. 2. An intermediate decree before final decision. છેલ્લા ચુકાદાની અગાઉનો હુકમ.

Interlocutor, *n.* (ઇન્ટરૉ'ક્યુટર્) A dialogist; a judgment of a court or sentence. બોલનાર, સંભાષણ, વાતચીત કરનાર; ચુકાદો; નિકાલ; ફેંસલો.

Interlocutory, *a.* (ઇન્ટર્લૉ'ક્યુટરી) Consisting of a dialogue. સંવાદાત્મક; વાતચીત સંબંધી. 2. Intermediate; not final or decisive. છેલ્લા નિકાલની અગાઉનું.

Interlope, *vi.* (ઇન્ટર્લો,'પ્) To trade without a proper license; to forestall; to prevent right. હક ન છતાં બીજાના કામમાં માથું મારવું, ઘાલવું; અન્યાયથી પેસવું; પરવાના વગર વેપાર કરવો.

Interloper, *n.* (ઇન્ટરલો,'પર્) One who runs into business, to which he has no right. વગર હકે બીજાના કામમાં માથું મારનાર; ઘુસણીઓ; ગોઠેલો.

Interlude, *n.* (ઇ'ન્ટરલ્યૂડ)An entertainment exhibited on the stage between the play and after-piece, to amuse the spectators. નાટકની વચ્ચે ખુશ કરવાને કરેલો તમાશો; ખેલ; ગમત; રમુજ; ફારસ; વિષ્કંભક; મ'ધ્યરંગ [L. *ludus*, play.]

Interlunary, *a.* (ઇન્ટલ્યૂ'નરિ-ઇન્ટલ્યૂ'નરિ) Belonging to the time when the moon, at its conjunction with the sun, is invisible. અમાવાસ્યાનું; ચંદ્રદર્શનરહિત.

Intermarriage, *n.*(ઇન્ટરૅમ'રિજ)Marriage between two families, castes or tribes. માંહો માંહે લગ્ન; એક ન્યાત અને બીજી ન્યાત વચ્ચે લગ્ન વ્યવહાર.

Intermarry, *vt.* (ઇન્ટરૅમ'રી) To become connected by a marriage, as two families, castes, etc. માંહો માંહે લગ્ન કરવું.

Intermeddle, *vi.* (ઇન્ટરમે'ડલ) To interfere improperly. બીજાના કામમાં માથું ઘાલવું; વગર સત્તાએ વચમાં પડવું; ઘુસવું.

Intermediate, Intermedial, *a.* (ઇન્ટ-મીં'ડિઅટ, ઇન્ટર્મી'ડિઅલ) Lying between. વચ્ચે પડેલું, આવતું; વચલો; મધ્યસ્થ; અંતર્ગત. **I. time**. કાલાંતર.

Intermediation, *n.* (ઇન્ટર્મીડિએ'શન) Intervention; interposition. મધ્યસ્થપણું; વચમાં આવવું તે.

Intermedium, *n.* (ઇન્ટર્મી'ડિઅમ) Intermediate space. મધ્યસ્થળ 2. An intervening agent or instrument. વચલો આડતિયો, વાહક-ન. યંત્ર.

Interment, *n.* (ઇન્ટ'મેન્ટ) The act of depositing a dead body in the earth; burial; sepulture. ભૂમિદાહ, સંસ્કાર-દાટવું તે; દફન.

Intermention, *vt.* (ઇન્ટરમે'ન્શન) To mention against other things or casually. માંહે કહેવું; વાત ઉપરથી વાત કહેવી, કાઢવી. *n.* વચમાંની વાત.

Interminable,*a.*(ઇન્ટ'મિનબલ) Boundless; endless. અનંત; બેહદ; થોડા વગરનું; નિરવધિ; નિઃસીમ; નિઃશેષ.2. *n.*Deity as not being confined by limits. પરમેશ્વર; ઈશ્વર;પ્રભુ; સર્વવ્યાપક. [L. *in*, & *terminus*, a boundary.]

Interminate, *a.* (ઇન્ટ'મિનટ) Endless; boundless. અનંત; અપાર.

Intermingle, *vt.* (ઇન્ટમિ'ન્ગલ) To mingle or mix together. ભેળું કરવું; એકઠું કરવું; સેળ ભેળ કરવું. *vi.* To be mixed or incorporated. સેળભેળ થઈ જવું; એકઠું થઇ જવું; ભળી જવું.

Intermission,*n.* (ઇન્ટમિ'શન) The state of intermitting. બંધ કરવું, પાડવું તે. 2. Cessation for a time; a temporary pause. અટકાવ; વિરામ; ખાડો; ખાંચો; ગાળો; તહકુબી; વ્યવચ્છેદ; નિવૃતિ. **Without I.**=નિરંતર; હમેશા; જારી; ચાલુ. 3. (Med.) The temporary cessation of a fever. તાવનું થોડા વખત અટકવું. બંધ રહેવું તે.

Intermissive, *a.* (ઇન્ટરમિ'સિવ) Coming by fits; not continual; alternating. રહી રહીને આવતું; સવિરામ; અંતરે અંતરે આવતું.

Intermit, *vt.* (ઇન્ટમિ'ટ) To interrupt; to suspend. વચ્ચે અટકાવવું; બંધ પાડવું. To cease for a time. વચ્ચે અટકવું; બંધ પડવું. **Intermitting, intermittent spring**= spring which flows at intervals; not apparently depending upon rain. થોડેથોડે અંતરે વહેતા અને દેખીતી રીતે જેને વરસાદનું પાણી જોઈતું નથી એવા ઝરા.

Intermittent, *a.* (ઇન્ટમિ'ટન્ટ) Ceasing at intervals. રહી રહીને, આંતરે આંતરે આવતું; તુટક તુટક. **I. fever**= આંતરીયો તાવ (Med.) A disease which ceases at intervals. આંતરે બંધ પડતું દરદ.

Intermix, *vt.* (ઇન્ટમિ'ક્સ) To mix together; to intermingle. ભેળી દેવું; મેળવવું; સેળભેળ,મિશ્રિત કરવું;એકઠું કરવું. *vi.* To be mixed together. સેળભેળ થઈ જવું.

Intermixture, *a.* (ઇન્ટમિ'ક્સ્ચર) A mass of ingredients mixed. મેળવેલા ભાગનો જથો; મિશ્રણ. 2.Admixture.મેળવણી;ભેળ;ભેગ;સંમિલન.

Intermundane, *a.* (ઇન્ટમ'ન્ડેન) Being between worlds; between orb & orb. બે દુનિયાના લોકોની વચ્ચેનું; જગન્મધ્યવર્તી; ભુવન-મધ્યસ્થિત. [L. *inter*,& *mundus*,the world.]

Intermural, *a.*(ઇન્ટમ્યૂ'રલ) Lying between walls. ભીંત, કરાની, વચ્ચેનું. [L. *inter*, & *munda*, a wall.]

Internal, *a.* (ઇન્ટ'નલ) Inward; interior. અંદરનું; માંહેનું; અંતર્ગત; અર્ન્તસ્થ. 2. Not foreign; within a country. દેશનું; દેશ માંહેનું. 3. Intrinsic; real. વાસ્તવિક; સહજ ખરું; મૂળનું. 4. Pertaining to the heart;spiritual.અંતઃકરણનું; માનસિક; આત્મિક; ધાર્મિક. **I. anguish**= અંતર્વેદના; અંતર્દાહ.

Internally, *adv.* (ઇન્ટ'નલિ) Inwardly. અંદરથી; માંહેથી. 2. Mentally; spiritually. મનમાં; અંતઃકરણથી; પેટથી.

International,*a.*(ઇન્ટરને'શનલ) Pertaining to relations of two or more nations. ...

જુદા દેશનું પરસ્પર વ્યવહાર સંબંધીનું; દેશદેશનું. આંતરરાષ્ટ્રીય.

Internecine, *a.* (ઇન્ટર્નીʼસાઇન્) Mutually destructive. અરસપરસનો સંહાર કરે એવું.

Internode, *n.*(ઇન્ટરનોʼડ) (Bot.) The space between two nodes or points of the stem from which the leaves arise. બે ગાંઠની વચમાંનો ભાગ; પેળિયું; પેરી; પર્વણી.

Interpellate, *vt.* (ઇન્ટરપેʼલેʼટ) Question an executive officer in explanation of his conduct, generally in Legislative Councils. બીજું કામ પડતું મેલાવી પ્રધાનને સવાલ કરવો;પૃછપરછ કરવી; ધારાસભાઓમાં મેમ્બર તરફથી સરકારી અમલદારોને તેમના કરેલા કામ બાબત-ખુલાસા માગવાને સવાલ કરવો.

Interpellation, *n.* (ઇન્ટરપેલેʼશન) Interruption. વચમાં બોલવું તે; ભંગાણ પડાવવું તે 2. The act of interposing or interceding. વચમાં પડવું તે. 3. The act of demanding of an officer an explanation of his action. કોઇપણ અધિકારીએ કરેલા કામ બાબત ખુલાસા તરીકે પુછવાનો સવાલ. 4. An official summons or citations. સરકાર તરફથી બોલાવવાનો હુકમ; સમન.

Interpolate, *vt* (ઇન્ટરપોલેʼટ) To renew, to begin again. ફરીથી નવું બનાવવું; શરૂ કરવું; 2. To insert as a spurious word or a passage in a manuscript or a book. મૂળ અસલ ગ્રંથ-લેખમાં (ખોટા શબ્દ વાકય) ઉમેરવું, વધારવું; ઘાલવું To alter or corrupt by the insertion of foreign matter. બીજો પદાર્થ ભેળવીને બગાડવું, ફેરફાર કરવો; 4. (Math.) To fill up intermediate terms of. વચલાં ખુટતાં પદ મેલી દેવાં.

Interpolation, *n.* (ઈન્ટરપલેʼશન) The act of foisting a word or passage into a book. અસલ લખાણ, ગ્રંથમાં નવા નવા શબ્દ ઉમેરવા તે; ઘાલ ઘુસડ; ક્ષેપ. A spurious word or passage.ખોટો,ભાડુતી ઘાલેલો;શબ્દ,વાકય;ક્ષેપક. 3. A method of finding intermediate, terms.વચમાં ઉમેરવાનાં પદ ખોળી શોધી કાઢવાની રીત.

Interposal, *n.* (ઇન્ટરપોʼઝલ)Interposition intervention. વગર કામે વચમાં ઘુસવું, આવવું તે; મધ્યસ્થગિરી; અંતરાગમન; મધ્યસ્થિતિ.

Interpose, *vt.* (ઇન્ટરપોʼઝ) To place between. ની વચ્ચે, મધ્યે મુકવું. 2. To thrust in; to intrude.વગર કામે માથું મારવું; ઘાલ ઘુસડ કરવી. 3. To introduce the parts of a conversation. કોઇ વાતના ભાગ શરૂ કરવા. *vi.* To put in by way of interruption, વચ્ચે પડી ને કહેવું, બોલવું; વચ્ચે બોલી ઉઠવું Intervene. સમાધાની, રદ કરવા વગેરે માટે વચમાં પડવું.

Interposit, *n.* (ઇન્ટર્પૉʼઝિટ) A place of deposit between two commercial cities. બે વેપારના મથકની વચ્ચે તેમનો માલ ઉતારવાની જગ્યા.

Interposition, *n.* (ઇન્ટરપઝિʼશન) Intervention. વચમાં આવવું, પડવું તે. મધ્યસ્થગિરી; મધ્યસ્થતા; 2. Intervenient agent. વચલો આડતિયો. 3. Agency between parties. બે મંડળી, પંથની વચ્ચે આડત. કારભાર 4. Any thing interposed; વચ્ચે મૂકેલી-આવેલી કોઈ પણ ચીજ.

Interpret, *vt.* (ઇન્ટʼરપ્રિટ) To explain the meaning of; to decipher; to define. અર્થ કરવો; સમજાવવું; ભાષાંતર, તરજુમો કરવો; વ્યાખ્યાન, વિવરણ કરવું, To unfold the meaning of (prediction; dreams) નો ખુલાસો કરવો-નો અર્થ છોડવો. 3. To represent by means of art. કલા, કારીગરીથી ભજવી બતાવવું. [L *inter* & *pretium,* price.]

Interpretable, *a.* (ઇન્ટʼપ્રિંટબલ) Capable of being interpreted or explained. ખુલાસો કરવા યોગ્ય; તરજુમો થઈ શકે સ્હમજાય એવું.

Interpretation,*n.*(ઇન્ટરપ્રિટેʼશન)Version; translation; construction. અર્થ કરવો તે; ભાષાંતર; તરજુમો-યોજના-વ્યાખ્યાન; નિરૂપણ; અર્થ બોધન; પ્રશ્ન-તોડ; વિચાર. **I. of a dream**. સ્વપ્ન-વિચાર. નિરૂપણ; સ્વપ્નાર્થ. 2. Meaning; sense; ખુલાસો; અર્થ; ટીકા. 3. The power of explaining; સમજાવવાની દુભાષિયાની શક્તિ, સમજાવવું તે. 4. (Math.) The process of applying general principles to the explanation. અમુક સમજુતીને સાધારણ નિયમ લગાડવાની રીત; વ્યાખ્યા, સમાવેશ.

Interpreter, *n.* (ઇન્ટʼરપ્રિટર)An expositor; a translator. ભાષાંતર કરનાર; અર્થ પ્રકાશક;બોધક, ટીકાકાર; સમજાવનાર; દુભાષિયો.

Interregnum, *n.* (ઇન્ટરરેʼગ્નમ્) The time in which the throne is vacant, between the death or abdication of a king and the accession of his successor. એક રાજાનું મરણ, યા રાજ્યત્યાગ અને બીજાનો રાજ્યાભિષેક એ બે વચ્ચેનો કાળ; અરાજક, નિર્નાયકી, સ્થિતિ; 2. Any period during which the executive branch of a government is suspended. જે વખતે રાજ્યના કામ-કાયદા અમલમાં લાવનારી શાખાનું કામ બંધ પડે છે તે વખત; બિન કારભારી અમલ, અરસો. 3. Pause; interval. વિરામ સમય; અંતરાય.

Interrogate, *vt.* (ઇન્ટʼરગેટ)To examine by asking questions. સવાલ પુછીને તપાસવું;

પરીક્ષા કરવી-લેવી; પ્રશ્ન કરવો; પૂછપરછ કરવી. *vi.* To inquire; to ask. પ્રશ્ન, સવાલ કરવો; પુછવું. To question. સવાલ, પ્રશ્ન, પૂછવા.

Interrogation, *n.* (ઇન્ટરૉગે'શન્) Examination by questions. સવાલ પુછીને તપાસવું, પરીક્ષા લેવીતે; પૂછપાછ, ગાછ પૂછપરછ કરવી તે. A question put; an inquiry. તપાસ-પૂછેલો સવાલ; પ્રશ્ન પૃચ્છા. 3. A note that marks a question. સવાલચિન્હ.

Interrogative, *a.* (ઇન્ટરૉ'ગટિવ્) Denoting a question; expressed in the form of a question. પ્રશ્ન, સવાલનું;પ્રશ્નરૂપ;પ્રશ્નાર્થક;પ્રશ્નાત્મક. (Gram.) A word used in asking questions. પ્રશ્નાર્થ શબ્દ, સર્વનામ.

Interrogatory, *n.* (ઇન્ટરૉ'ગટરી) A question or inquiry in writing લખીને આરોપીને પૂછેલો પ્રશ્ન, સવાલ.-*a.* Containing a question; expressing a question. પ્રશ્ન-સવાલનું; પ્રશ્નરૂપ.

Interrupt, *vt.* (ઇન્ટર'પ્ટ) To stop or hinder by breaking in upon the progress of. અટકાવવું; બંધ પાડવું; અટકાવ, હરકત, કરવી; વચમાં બોલવું. 2. To break continuity; to separate. તોડવું; કકડે કકડા કરવા; માં ભંગ થવો, પડવો; ખંડ, વિચ્છેદ કરવો.-*a.* Broken; interrupted. કકડા થયેલું; તુટેલું.

Interruption, *n.* (ઇન્ટર'પ્શન્) The act of interrupting or breaking in upon. અટકાવ, બંધ કરવું તે. 2. A break or breach. ભંગ;કકડો; ભાગ. 3. Stop; hindrance. અટકાવ; બંધ; અંતરાય; વિચ્છેદ; વિઘ્ન 4. Stop; cessation; (વાંચતી વખતે) અટકવું તે; વિરામ.

Interscapular, *a.*(ઇન્ટરસ્કૅ'પ્યુલર)Situated between the shoulder, blades. ખભાની હાંસડીની વચમાંનું.

Interseccant, *a.* (ઇન્ટસે'કન્ટ) Dividing into parts. ભાગ કરવું; કાપવું.

Intersect, *vt.* (ઇન્ટ સે'કટ્) To cut into or between; to divide into parts. વચમાંથી કાપવું, ભાંગવું; ભાગ કરવા. *vi.* To cut or cross mutually. પરસ્પર છેદવું; કાપવું; ભાંગવું; બે ભાગ કરવા; એક બીજાને કાપીને, છેદીને, જવું; કાપવું; છેદવું. [L. *inter,* & *seco,* I cut.]

Intersection, *n.* (ઇન્ટરસે'કશન્) The act of intersecting.કાપવું,છેદવું તે-છેદન;ખંડન;ભેદન. 2. (Geom.) The point or line at which two lines cut each other. જે બિંદુ લીટીમાં બે લીટીઓ એકબીજાને કાપે તે છેદન-બિંદુ.

Interspace,*n.*(ઇન્ટરસ્પે,'સ્) Space between. અંતર; ગાળો; બે વસ્તુની વચમાંની જગા.

Intersperse, *vt.* (ઇન્ટરસ્પ'ર્સ) To scatter or set here and there. વચ્ચે મેલવું, નાંખવું, ફેંકવું, વેરવું.

Interstellar, *a* (ઇન્ટર્સ્ટે'લર) Being between or among the stars. ગ્રહ,તારા વચમાંનું; તારામંડળમધ્યવર્તી.

Interstice, *n.* (ઇન્ટ'સ્ટિસ્) A hole; a crevice; an interval. ફાટ;સાંધ;છિદ્ર; ચીરો; તડ. 2. An interval of time between two acts. બે અંક, કામનો વચ્ચેનો વખત, ગાળો, આંતરો.

Intervention, *n.* (ઇન્ટવે'ન્શન્) Interposition. વચ્ચે આવવું, હોવું, પડવું તે; મધ્યસ્થિતિ; વ્યવધાન. 2. Any interference; mediation. દખલ કરવી તે; અંતરાગમન.-*v.* **Intervene.**

Interview, *n.* (ઇ'ન્ટવ્યૂ) A mutual sight or view; a meeting; a conference of thoughts. મુલાકાત; ભેટ; મેળાપ; વાતચિત;નજર; સમાગમ. **Dying interview**.છેલ્લી મુલાકાત, મોં જોવું. *vt.* To have an interview with. કંઇ ખબર મેળવવાને કોઇની મુલાકાત લેવી.

Interweave, *vt.* (ઇન્ટવી'વ્) To weave to-gether; to unite in texture. વણવું. 2. To intermingle; to connect closely. ભેળવી, ગુંથવી નાંખવું. To intermingle truth with falsehood. સાચું જુઠું કરવું. 3. To intermix. ભેળી દેવું; સેળભેળ કરવું. [L. *inter* & *weave.*]

Intestable, *a.* (ઇન્ટે'સ્ટબલ્)Not capable of making a will.વસ્યતનામું-મૃત્યુપત્રને અનધિકારી.

Intestate, *a.* (ઇન્ટે'સ્ટટ્) Without having made a will. વારસનામું, મૃત્યુપત્ર કર્યા સિવાયનું. 2. Not disposed of by will. વારસનામાથી વ્યવસ્થા ન કરી હોય તેવું. **I. property**= નિવારસી પુંજી; નવારસી મિલ્કત. *n.* A person who died without making a valid will. વારસનામું કીધા વિના મરી ગયેલું માણસ. [L. *in,* & *testo,* I make.]

Intestinal, *a.* (ઇન્ટે'સ્ટિનલ્) Pertaining to the intestines of an animal body. આંતરડાનું, સંબંધી.

Intestine, *a.* (ઇન્ટે'સ્ટિન્) Internal;inward. અંદરનું; શરીર, પદાર્થ માંહેનું; અભ્યાસ.Depending upon the internal constitution of a body. શરીરના અંદરના ભાગ ઉપર આધાર રાખવું.Domestic; not foreign. દેશ-સ્વદેશમાંનું;માંહેનું; માંહોમાંહેનું-સ્વદેશજ-દેશીય; સ્વદેશાંતર્ગત. **I. wars.** દેશ માંહેની,અંદરની લડાઈ;અંતરભેદ-યાદવી;જાદવાસ્થળી. 2.-*n.* The canal or tube which extends with convolutions from the right orifice of the stomach to the anus. આંતરડું.

Inthral, *vt.* (ઇન્થ્રૉ'લ્) To enslave; to shackle. દાસ, હુંડો, ગુલામ કરવો; ગુલામીમાં, બંધનમાં રાખવું.

Inthralment, *n.* (ઇન્થ્રૉ'લમન્ટ્) Servitude; bondage; slavery. ગુલામી; દાસપણું;ગુલામગીરી.

Inthrone, *vt.* (ઇન્થ્રો,'ન્) To place on a throne;to invest with sovereign authority. ગાદીએ બેસાડવું; રાજ્યાભિષેક કરવો.

Intimacy, *n.* (ઇ'ન્ટિમસી) Close familiarity or friendship. દિલોજાન દોસ્તી;મિત્રાચારી;ઘરબો; ઘરવટ; ગાઢ મૈત્રી; સંસગ ; સુપરિચય.

Intimate, *a.* (ઇ'ન્ટિમટ્) Inward. અંદરનું; માંહેનું 2. Near; close; complete;thorough. દૃઢ; ગાઢ; રૂઢ; બદ્ધ; ઘન; પૂર્ણ;પાકું.3. Familiar. જીવજાન; દિલોજાન; સુપરિચિત; પ્રિયતમ; પ્રાણપ્રિય; *vt.* To share together. સાથે ખાવું, કામ કo. To give a slight notice of. ખબર, સૂચના, માહિતી આપવી;જણાવવું. **To I. in writing**. લખીને જણાવવું. *n.* A familiar friend or associate. દિલોજાન, પ્રાણપ્રિય, ભાઈબંધ.

Intimately, *adv.* (ઇ'ન્ટિમટ્લી) Closely; familiarly. ઘરોબા,ઘરવટની રીતે:અતિપરિચયપૂર્વક.

Intimation, *n.* (ઇન્ટિમે,'શન્) A hint; a direct suggestion or notice. ખબર; સૂચના; સંદેશ;બાતમી. 2.Announcement; declaration. જાહેર ખબર; ઢંઢેરો.

Intimidate, *vt.* (ઇન્ટિ'મિડે,ટ) To make fearful;to dishearten;to deter with threats. ધમકીથી બ્હીવડાવવું; દહેશત લગાડવી; ધમકી આપવી; ધૈર્યભંગ કરવો; ધમકાવવું; ભડકાવવું.

Into, *prep.* (ઇ'ન્ટુ) Expressing insertion, inclusion. અંદર; માં; માંહે; વચ્ચે.

Intolerable, *a.* (ઇન્ટૉ'લરબલ્) Not to be borne or endured; insufferable. સહન ન થાય, સાંખી ન શકાય એવું; અસહ્ય; દુઃસહ. 2. Enormous. અત્યંત; બેહદ; પુષ્કળ.

Intolerably, *adv.* (ઇન્ટૉ'લરબ્લી) In an unendurable manner. ખમી ન શકાય, સાંખી ન શકાય એવી રીતે.

Intolerance, *n.* (ઇન્ટૉ'લરન્સ) Illiberality; bigotry. પરમતાસહિષ્ણુતા; પરધર્મદ્વેષ;અપ્રસન્નતા. ધર્માંધતા. 2. Want of capacity to endure. સહન ન કરવું તે; સહન કરવાની અશક્તિ; અક્ષમતા; અક્ષમા.

Intolerant, *a.* (ઇન્ટૉ'લરન્ટ) Not enduring difference in relation to religion. બીજા માણસોને તેઓના મત ધરાવવા અથવા ધરમ પાળવા દેવાને નારાજ; પરમતાસહિષ્ણુ; ધર્માંધ. 2. Not enduring. સહન ન કરે એવું; અક્ષમા, અસહનશીલ.

Intomb, *vt.* (ઇન્ટૂ'મ્) To deposit in a tomb; to bury; to entomb. કબરમાં મૂકવું; દાટવું; દફનાવવું; ગાડવું.

Intonation, *n.*(ઇન્ટોને,'શન્)A thundering; a thunder. ગડગડાટ; મેઘગર્જના. 2. (Mus.) The act of sounding the tones of musical-scale. કોઇ ગાયનના રાગ કાઢવા તે; ગાવું તે. 3. The act of modulating the voice. સ્વરભેદ; ગંભીર સ્વર; વાકછટા.

Intone, *vi.* (ઇન્ટો,'ન્) To utter a sound.સ્વર, અવાજ કાઢવો. *vi.* to utter a large protracted sound. તાણીને ગંભીર સ્વરે બોલવું; ગંભીર, છટાદાર સ્વર કાઢવો.

Intoxicate, *vt.* (ઇન્ટૉ'કિસકે,ટ) To make drunk; to inebriate. છાકટું-પીધેલું, ઉન્મત્ત કરવું-કેફ-મદ મસ્તીએ ચઢાવવું.2.To excite to a kind of delirium. સંનપાત,ઉન્માદ કરવો.*vi.*1. Inebriated. છાકટું; પીધેલ. 2. Over-excited. મસ્ત; પ્રમત્ત; ઉન્મત્ત; મદોન્મત્ત; મદમસ્ત.

Intoxication, *n.* (ઇન્ટૉકિસકે,'શન્) Inebriation. કેફ; નિસ્સો; ઉન્માદ.

Intoxicating, *a.* (ઇન્ટૉ'કિસકે,ટિન્ગ્) કેફી; નિસ્સાદાર; માદક; ઉન્માદ.

Intractability, *n.* (ઇન્ટ્રૅકટબિ'લિટી) Intractableness. હઠ; જીદ; અડીએલપણું; દુઃસાધ્યતા.

Intractable, *a.* (ઇન્ટ્રૅ'કટબલ્) Violent; stubborn; obstinate. હઠીલું; જીદી; અડીએલ; સમજે નહિ એવું;દુર્નિગ્રહ;અનિવાર્ય; ઉચ્છૃંખલ. 2. Indocile. શિખે નહિ એવું;વશ ન રહે એવું;અવિનયી.

Intractableness, *n.* (ઇન્ટ્રૅ'કટબલ્નિસ્) Obstinacy; perverseness. હઠીલાઈ; અડીએલપણું. 2. Indocility. શિખવાય નહિ એવું હોવું તે; અશિક્ષણીયતા; દુર્ઘટતા.

Intransient, *a.* (ઈન્ટ્રૅ'ન્સિઅન્ટ) Not passing suddenly away. જલદીથી ન જતું રહે એવું; અભંગુર; ચિરસ્થાયી; અક્ષણિક.

Intramural, *a.* (ઇન્ટ્રમ્યૂ'રલ્) શહેર, ઘર વગેરેની દિવાલ અંદર આવેલું, કરેલું. [L. *murus*, wall].

Intransitive, *a.* (ઇન્ટ્રૅ'ન્સિટિવ્) (Gram.) Not passing over to an object. અકર્મક.

Intransigent, *a.* (ઇન્ટ્રૅ'ન્ઝિજન્ટ) સ્વમતાગ્રહી; રાજકીય બાબતમાં નમતું ન આપે, સમાધાન ન કરે એવો.–*n.* ચુસ્ત પ્રજાસત્તાકવાદી, સ્વરાજીઓ.

Intransmutable, *a.* (ઇન્ટ્રૅન્સમ્યૂ'ટબલ્) Not capable of being changed into another substance. અપરિણામી; અવિકારી.

Intrench, *vt.* (ઈન્ટ્રે'ન્શ્) To fortify with a ditch and parapet. ની આસપાસ ખાઈ ખોદવી; પરિમિત કરવું; ખાઈ ખોદી મોરચો બાંધવો. 2. To furrow. ચાસવું; કરચલી પાડવી. To in-

trench on. (બીજાના હકમાં) પગ પેસારો કરવો. *vi.* To invade; to encroach. આક્રમણ, પગ પેસારો કરવો; હલ્લો કરવો.

Intrenchment, *n.* (ઇન્ટ્રે'ન્શમન્ટ્) The act of intrenching. ખાઈ ખોદવી તે. 2. (Mil.) A trench or ditch dug out for a defence against an enemy. દુશ્મનને અટકાવવાને, દુશ્મનથી બચાવ કરવાને ખોદેલી ખાઇ; મોરચો. 3. Any defence or protection. કોઇ પણ જાતનો બચાવ, રક્ષણ. 4. An encroachment on rights of another. બીજાના હકમાં પગ પેસારો કરવો તે.

Intrepid, *a.* (ઇન્ટ્રે'પિડ) Brave; undaunted. નિર્ભય; હિમ્મતવાન; છાતીજોર; બહાદુર; નિઃશંક; શૂર.

Intrepidity, *n.* (ઇન્ટ્રેપિ'ડિટી) Fearlessness; bravery; courage. બેધડકપણું; છાતી; હિમ્મત; હામ; શૌર્ય; વિક્રમ.

Intrepidly, *adv.* (ઇન્ટ્રે'પિડ્લી) Fearlessly; daringly; resolutely. બેધડકપણાથી; હિમ્મતથી; નિડરપણે; હામથી.

Intricacy, *n.* (ઇ'ન્ટ્રકસી) Perplexity; involution. ગુંચવણ; અસરળતા; ગહનતા; વિષમતા; કુટિલતા.

Intricate, *vt.* (ઇ'ન્ટ્રિકેટ) To perplex. ગુંચવણમાં પાડવું; ગુંચવવું. *a.* Perplexed; complicated. ગુંચવણ ભરેલું, વાળું; અસરળ; વિષમ; ગહન; દુર્બોધ; અસ્પષ્ટાર્થ. [L. *intricor,* I make difficulties.]

Intrigue, *n.* (ઇન્ટ્રી'ગ્) A complicated plot. કારસ્તાન; કાવતરૂં; કૂટપ્રબંધ; કપટપ્રબંધ; કુપ્રયોગ. The plot of a play. નાટક અથવા વાતનું ચોકઠું, બંધારણ વસ્તુ. 3. A secret understanding or commerce of forbidden love between two persons of different sexes. કામ ચરિત્ર; વ્યભિચાર કર્મ. 4. Complication. ગુંચવણ; અસરળતા. *vi.* To form a plot or scheme. કપટપ્રબંધ રચવો; કારસ્તાન; કાવતરૂં રચવું-કરવું. 2. To carry on a commerce of forbidden love. વ્યભિચાર કર્મ કરવું; કામચરિત્ર કરવું. *vt.* To purplex or render intricate. ગભરાવવું; ગુંચવણમાં નાંખવું.

Intriguer, *n.* (ઇન્ટ્રી'ગર્) One who intrigues or forms a plot. કારસ્તાન કરનાર; કારસ્તાની માણસ; કપટ પ્રબંધ યોજક-રચનાર.

Intrinsic-cal, *a.* (ઇન્ટ્રી'ન્સિક-કલ્) Inward; true. સ્વભાવિક; માંહેનું; સહજવર્તી અંતસ્થ; સત્ય; યથાર્થ; વાસ્તવિક; અકૃત્રિમ. 2. Intimate; closely familiar. જીવજાન; દિલોજાન; પ્રાણપ્રિય.

Introduce, *vt.* (ઇન્ટ્રોડયૂ'સ્) To lead or bring in. પ્રવેશ કરાવવો; અંદર લાવવું;લઇ જવું; ઘાલવું. To bring to be acquainted. ઓળખાણ, પિછાન; મુલાકાત કરાવવી; ની સમક્ષ રજુ કરવું. 3. To bring into notice or practice. રૂઢિ, પ્રચાર પાડવો; પ્રવૃત્ત કરવું; પ્રવર્તાવવું; ચલાવવું; ચાલુ, દાખલ કરવું. 4. To produce; to cause to exist. પેદા કરવું; પ્રવૃત્ત કરવું; પાડવું. 5. To put to notice; begin. આરંભ, પ્રસ્તાવ કરવો; ચાલુ, શરૂ કરવું.

Introduction, *n.* (ઇન્ટ્રોડ'ક્શન્) The act of introducing or bringing into notice. અંદર લાવવું તે; પ્રવેશ; સ્થાપના; પ્રવૃત્તિ; પ્રસિદ્ધિ; પ્રચાર. 2. The act of making persons known to each other. ઓળખાણ, પિછાન કરાવવી, આપવી તે; મુલાકાત; ભલામણ. 2. Preliminary matter; preface. પ્રસ્તાવના; મુખબંધ; ઉપક્રમ; આરંભ; ઉપોદ્ઘાત; દિબાચો. A treatise. આખ્યાન; ચર્ચાગ્રંથ; નિબંધ.

Introductive, *a.* (ઇન્ટ્રોડ'ક્ટિવ્) Serving as mean; to bring forward something; introductory. દાખલ, ચાલુ કરે એવું; પ્રવર્તક; સાધક; પ્રવેશ માર્ગ સાધક, પ્રાવેશિક; પ્રાથમિક; પ્રસ્તાવનારૂપ; પારિભાષિક.

Introductory, *a.* (ઇન્ટ્રોડ'ક્ટરી) Previous; preliminary; prefatory. દાખલ-ચાલુ કરે એવું; પ્રસ્તાવનારૂપ, નું. સંબંધી.

Introspection, *n.* (ઇન્ટ્રોસ્પે'ક્શન્) A view of the inside or interior; self-consciousness; reflection; inspection of one's own thoughts and feelings. અંદરની બાજુની તપાસ; અવલોકન; અંતરાવલોકન;આત્મનિરીક્ષણ;અંતર્દષ્ટિ. [L. *intro* & *specio* I see.]

Intrude, *vi.* (ઇન્ટ્રૂ'ડ્) To thurst oneself in; to enter unwelcome into company. વગર બોલાવે-તેડે અંદર જવું-આવવું; ઘુસવું-માથું મારવું. 2. To encroach upon. હક વગર કોઇ જગાએ જવું; મર્યાદા છોડી જવું. *vt.* To enter without leave or welcome. વગર તેડે જવું; માથું મારવું; વગર રજાએ પ્રવેશ કરવો. 2. To force or cast in. જોર જુલમથી અંદર જવું. 3.(Geol.) To force into the clefts or rocks. ખડકના ચિરામાં જોરથી ઘાલવું; ઠોકી બેસવું.

Intruder, *n.* (ઇન્ટ્રૂ'ડર) One who enters where he has no right. ઘુસણીઓ;માથું મારનાર. (at a feast) ઘોલ્લો; ઘોલીયો; વગર તેડે આવનાર.

Intrusion, *n.* (ઇન્ટ્રૂ'ઝન) The act of intruding without right or welcome. હક, રજા, વિના પ્રવેશ કરવો તે; ઘુસવું તે. 2. (Geol.) The penetrating of one rock while in a melted state into another rock. જ્યારે કોઇ ખડક ઓગળેલો હોય તે વખતે તેનો બીજા ખડકની અંદર પ્રવેશ. 3. (Law) The entry of stranger. આક્રમણ; બિનહકપ્રવેશ.

Intrusive, *a.* (ઇન્ટ્રૂ'સિવ્) Entering without right or welcome. વગર બોલાવે જાય, આવે એવું; ઘુસણીયું; માથામારૂં; ધૃષ્ટ; અગંતુક.

Intrust, *vt.* (ઇન્ટ્ર'સ્ટ) To deliver; entrust; to confide to the care of. સોંપવું; સ્વાધીન, હસ્તગત કરવું; હવાલે કરવું.

Intuition, *n.* (ઇન્ટયુઇ'શન્) A looking after; regard to; an aim. દરકાર રાખવી તે; ધારણા. 2. Immediate knowledge. અંતર્જ્ઞાન; તાત્કાલિક જ્ઞાન; સહજ જ્ઞાન; અપ્રાપ્ત જ્ઞાન. 3. A first truth. મૂળ સત્ય. [L. *in* & *tueor*, I look.]

Intuitive, *a.* (ઇન્ટયુ'ઇટિવ) Seeing clearly. સ્પષ્ટ રીતે જોતું. 2. Knowing by intuition. અંતર્જ્ઞાની; સહજ જ્ઞાની. 3. Obtained by simple inspection. જરા નજર કરવાથી મેળવેલું; સહજ.

Intuitively, *adv.* (ઇન્ટયુ'ઇટિવ્લી) Without reasoning. સહજ જ્ઞાનથી; અંતર્જ્ઞાને; કોઇના કહ્યા વગર; તરતજ; તત્કાળ.

Intumescence, *n.* (ઇન્ટયુમે'સન્સ્) The action of swelling. સુજવું તે. 2. A tumour. ગાંઠ; સોજો.

Intwine, *vt.* (ઇન્ટ્વા'ઇન્) To twist; to involve. વિંટાળવું; લપેટવું.

Intwist, *vt.* (ઇનટ્વિ'સ્ટ્) To interweave. વળ દેવો; ગુંથવું; વણવું.

Inundate, *vt.* (ઇ'નન્ડે,ટ) To overflow; to deluge; to flood. રેલ, પૂરથી બુડાડવું; જળમય, જળવ્યાપ્ત કરવું–થી પાણી પાણી થઈ જવું. 2. To fill with an overflowing abundance. રેલછેલ કરવું; ભરપૂર કરવું. The country is inundated with beggars=ભીખારીઓથી દેશ ભરપૂર થઇ ગયો છે. [L. *in* & *unda*, a weave.]

Inundation, *n.* (ઇનન્ડે,'શન્) An overflow of water or other fluid; a flood. જળપ્રલય થવું તે; જળપ્રલય; રેલ; પૂર. 2. An overflowing or superfluous abundance. રેલછેલ; પુષ્કળતા; વિપુલતા; પૂર.

Inure, *vt.* (ઇન્યૂ'ર) To habituate; to harden; to accustom. મ્હાવરો, ટેવ, આદત પાડવી: મ્હાવરાથી કઠણ, પરિચિત કરવું. *vi.* To pass into use; to be applied. કામમાં આવવું.

Inurement, *n.* (ઇન્યૂ'ર્મન્ટ્) Use; practice; habit. ટેવ–મહાવરાથી કઠણ થવું તે.

Inurn, *vt.* (ઈન'ર્ન) To bury; to inter. દાટવું. 2. To put in an urn. શીશેઇ, ચંબુમાં ભરવું.

Inutility, *n.* (ઇન્યુટિ'લિટી) Uselessness. વ્યર્થતા; નિરૂપયોગ.

Invade, *vt.* (ઈન્વે,'ડ) To attack; to enter with hostile intentions. હુમલો કરવો. 2. To infringe; to encroach upon. પગ પેસારો કરવો. દબાવવું; લઇ લેવાનું કરવું. [L. *in* & *vado*, I go.]

Invader, *n.* (ઇન્વે,'ડર્) An assailant. સ્વારી, હલ્લો કરનાર.

Invain, *adv.* (ઇન્વે,'ન્) Uselessly. ફોકટ; મિથ્યા.

Invalid, *a.* (ઈન્વૅ'લિડ) Enfeebled. નબળું; માંદું. 2. Void; null. રદ; બાતલ. *n.* A person who is weak and infirm. રોગી માણસ. 2. A soldier worn out in service. નોકરી કરવાથી અશક્ત થઈ રહેલો સિપાઇ.

Invalidate, *vt.* (ઇન્વૅ'લિડે,ટ) To render of no force or effect. રદ, નબળું, વ્યર્થ કરવું.

Invalidity, *n.* (ઇન્વૅલિ'ડિટી) Want of legal force or efficacy. નિર્બળતા; વ્યર્થતા. 2. Want of health. રોગીપણું; તંદુરસ્તી સારી નહિ હોવી તે.

Invaluable, *a.* (ઇન્વૅ'લ્યુઅબલ્) Precious; above estimation. અમૂલ્ય–અમૂલિક; ઘણુંજ કિંમતી; અણમોલ.

Invariable, *a.* (ઇન્વે,'રિઅબલ્) Unalterable. બદલાય નહિ એવું; એક સરખું; નિત્યના નિયમ પ્રમાણેનું.

Invariableness, *n.* (ઇન્વે'રિઅબલ્નિસ) Immutability. એકસરખાપણું; સ્થિરતા.

Invariably, *adv.* (ઇન્વે'રિઅબ્લી) Without alteration. એક સરખી રીતે; નિત્યના નિયમ પ્રમાણે.

Invasion, *n.* (ઇન્વે,'ઝન) Encroachment. પગપેસારો. 2. An incursion or plunder. દ્વેષભાવથી લુંટને માટે કરેલી સ્વારી; હુમલો; ચઢાઇ; હલ્લો.

Invasive, *a* (ઇન્વે,'સિવ) Tending to invade; aggressive. હલ્લાકારી; વેર ભાવથી હુમલા માટે પ્રવેશ કરવું; ઘુંસણ

Invective, *n.* (ઇન્વે'ક્ટિવ્) An expression which rails against a person. બદબોઇ; નિંદા; આક્ષેપ. *a.* Railing. નિંદા ભરેલું.

Inveigh, *vi.* (ઇન્વે,') To exclaim or rail against; to express reproach. ને કઠોર વચન કહેવું; ખખડાવવું. [L. *invehor*, I assail.]

Inveigher, *n.* (ઇન્વે'અર્) One who rails; a railer. કઠોર વચન કહેનાર.

Inveigle, *vt.* (ઇન્વે,'લ્) To seduce; to wheedle. ફોસલાવવું; તંતરવું; ધૂતવું; ભુલથાપ દેવી; છેતરવું; મોહમાં નાંખવું.

Inveigler, *n.* (ઇન્વે,'લર) One who entices or draws into any design by arter flattery. ફોસલાવનાર; ફસાવનાર; ભુલથાપ દેનાર; મોહક.

Invent, *vt.* (ઇન્વે'ન્ટ્) To hit on; to meet; to find. શોધી કહાડવું; યુક્તિ, હિમત રચવી; યોજવું; યુક્તિ, કલ્પના, શોધ, કરવી. To frame; to fabricate

mentally. કંઇ ખોટું બનાવવું; બનાવટ કરવી; કલ્પવું; બનાવવું

Invention, *n.* (ઇન્વે'ન્શન્) The act of finding out. શોધી કહાડવું તે;શોધ; ઉપાય; યોજના; કલ્પના;રચના;મનઃસૃષ્ટિ.**Of one's own intention**=સ્વકપોલ કલ્પિત.3.Thought;idea.વિચાર-કલ્પના. 4. Affection; a forgery; falsehood. બનાવટ; તરકટ; જુઠાણું;મિથ્યા કલ્પના. 5. Original contrivance or construction; a device. શોધ; ઘાટ; રચના; યુક્તિ; ઉટાંગ.

Inventive, *a.* (ઇન્વે'ન્ટિવ્) Able to invent; ready at expedients. નવું શોધી કાઢે એવું; કરામતી; યોજક.

Inventor, *n.* (ઇન્વે'ન્ટર્) One who finds out something new; a contriver. નવું શોધી કાઢનાર; યુક્તિ કાઢનાર; યોજક; યોજનાર.

Inventory, *n.* (ઇન્વે'ન્ટરી) A catalogue of goods & chattles. સામનની યાદી; ટીપ. To take an inventory. ની નોંધ, યાદી કરવી. To take a list of. યાદી કરવી.

Inverse, *a.* (ઇન્વ'ર્સ્) Inverted; reciprocal. ઉંધું; અવળું;વિપરીત;પ્રતિલોમ. 2.(Bot.) Inverted. મૂળ ઉપર અને ટોચ નીચે એવું; કુદરતી હોય તેનાથી ઉલટું. 3. (Math.) Opposite in effect. ઉલટી રીતનું; વિપરીત; વિપર્યાયી; વ્યસ્ત.

Inversion, *n.* (ઇન્વ'ર્શન્) The act of inverting. ઉંધું વાળવું, અવળું કરવું તે. A change of the natural order of things. કુદરતી નિયમથી ઉલટઃ નિયમમાં ચૂકે હોવી તે. 2. (Mil.) A movement of tactics of the right wing on the left and the left on the right and so on. કવાયતમાં, વ્યૂહ રચનામાં ડાબી તરફના માણસોએ જમણી તરફ જવું ને જમણી તરફના માણસોએ ડાબી તરફ જવું તે; પ્રતિલોમ રચના.3.A change in the order of terms of a proportion so that the second takes the place of the first and the fourth of the third. પ્રમાણના પદમાં ફેરફાર થવો તે, જેથી બીજું પદ પહેલું ને ચોથું ત્રીજું આવે. વ્યુત્ક્રિમ; વ્યસ્તતા. 4. (Mus.) Change of position by tones of a chord. ગાયનના નિયમિત રાગમાં ફેરફાર.

Invert, *vt.* (ઇન્વ'ર્ટ) To turn over; to put upside down; to beset. ઉલટાવવું; ઉથલાવવું; ઉંધું વાળવું;અનુક્રમ ફેરવવો.2.(Mus.) To change the position of. ની જગ્યા, સ્થિતિ બદલવી. 3. To divert, to embezzle. ફેરવવું; ખાઇ જવું; પડાવી લેવું. *n.* (Arch.) An inverted arch. ઉંધી-મથાળું, ટોચ નીચે એવી રીતે મુકેલી કમાન.

Inverted. *a.* (ઇન્વ'ર્ટિ'ડ) Changed in order; reversed. ઉલટે ક્રમે આવેલું, લખેલું; ઉંધું વાળેલું; વ્યસ્ત, વ્યુત્ક્રાંત; પ્રતિલોમ; વિપરીત. **Inverted arch.** An arch placed on with crown downward. ઉંધી, મથાળું નીચે એવી રીતે મૂકેલી કમાન. **I. commas.** અવતરણ ચિન્હ. (" ")

Invest, *vt.* (ઇન્વે'સ્ટ્) To put garments on; to dress. પહેરાવવું; સજાવવું. 2. To endow; to grace. બક્ષીસ કરવું; યુક્ત, વિશિષ્ટ કરવું. To invest one with an estate=કોઈ માણસને જાગીર, મિલ્કત બક્ષવી-આપવી. 3. To place in possession of rank or dignity; to adorn. પદ્વી-અધિકાર આપવો; શણગારવો; સુશોભિત કરવું. To invest with honour. માન આપવું. 4. (Mil.) To enclose; to surround; to block up. ઘેરી ઘેવું; ઘેરો ઘાલવો; ચારે બાજુથી રોકી લેવું. **To invest a town**=શહેર ઘેરી લેવું, ને ઘેરો ઘાલવો. 5. To lay out money so that it will be safe and yield profit. સલામત રહે અને ફાયદો મળે એવી રીતે રોકવું. To invest money in bank stock. શરાફી દુકાનમાં નાણાં મુકવાં-થાપણ મુકવી.

Investigate, *vt.* (ઇન્વે'સ્ટિગે,ટ) To follow up; to pursue; to search into. પછવાડે લાગવું; શોધવું; તલાસ, તજવીજ કરવી.

Investigation,*n.*(ઇન્વેસ્ટિગે,'શન્)Research; inquiry. તપાસ; શોધ; તજવીજ, તલાસ, ચોકસી; નિરૂપણ; વિચારણા; નિર્ણય; ચર્ચા; જીજ્ઞાસા; પરીક્ષા.

Investigative, *a.* (ઇન્વે'સ્ટિગેટિવ્) Given to investigation; inquisitive. તપાસ, ચોકસી, તલાસ, શોધન કરવું-શોધવું; અતિ જીજ્ઞાસુ.

Investigator, *a.* (ઇન્વે'સ્ટિગે,ટર્)One who investigates diligently into a subject. તપાસ-ચોકસી રાખનાર-નિરૂપક;નિર્ણયકાર; પરીક્ષક; ચોકસીદાર.

Investiture, *n.* (ઇન્વે'સ્ટિચર્) (Feudal law) The action of giving possession. કબજો આપવો તે 2. The right of giving possessions of any office or benefice; કોઇને પદ્વી, જગ્યા, ઉપાધ્યાય, પુરોહિતની વૃત્તિ-આપવાનો હક-સત્તા. 3. Investment. પ્રસ્થાન; અભિષેક; પ્રતિષ્ઠાપન; પ્રતિષ્ઠાસંસ્કાર.

Investment, *n.* (ઇન્વે'સ્ટમન્ટ) The action of investing. આપવું તે (અધિકાર-સત્તા). 2. A vestment or a robe. ઝભ્ભો; ડગલો. 3. (Mil.,. The act of surrounding or blocking up. ઘેરી લેવું, ઘેરો ઘાલવો, જવાનો માર્ગ બંધ કરવો તે; ઘેરો. 4. The lay in out of money in the purchase of property etc. મિલ્કત, જાગીર વગેરે ખરીદવામાં પૈસા રોકી રાખવા તે; રોકેલાં નાણાં; થાપણ.

Inveterate, *a.* (ઇન્વે'ટરટ્) Old; long established અસલી. 2. Deep-rooted; obstinate. કઠ્ઠું; હઠહઠઠું. 3. Firmly established by long continuance. દઢ થયેલું; ઘણા દહાડાનું. 3. Having habits fixed by long continuance; habitual. ટેવ-મ્હાવરો-આદત પડેલી હોય તેવું; બંધાણી; વ્યસની. [L. *in* & *vetus* old].

Inveteracy, *n.* (ઇન્વે'ટરસી) Long continuance or the firmness acquired by time. જુનાપણું; દઢતા; જીદ્દીપણું.

Invidious, *n.* (ઇન્વિ'ડિઅસ્) Envious; malignant. અદેખું; ખારીલું; કઠ્ઠું. 2. Enviable; desirable. અદેખાઈ, લાલચ ઉત્પન્ન કરે એવું; ઘણું ઇચ્છવા લાયક. 3. Likely to provoke on by hateful. ઈર્ષ્યા, અદેખાઇ ઉત્પન્ન કરે એવું; દ્વેષજનક; અનિષ્ટ.

Invidiously, *adv.* (ઇન્વિ'ડિઅસ્લી) In an invidious, manner. અદેખાઇથી; મત્સર, દ્વેષપૂર્વક.

Invigilance, *n.* (ઈન્વિ'જીલન્સ) Neglect of watching. અસાવધાની; ગફલત; ગેરહુશીઆરી.

Invigorate, *vt.*(ઇન્વિ'ગરે,ટ્) To strengthen; to animate; to give life and energy. જોર, બળ, તેજ, શક્તિ, કૌવત આપવું, વધારવું; પુષ્ટિ કરવી.

Invigorating,*a.*(ઇન્વિ'ગરે,ટિંગ્) Strengthening; animating. પુષ્ટિકારક; ધાતુ, બળવર્ધક; પૌષ્ટિક.

Invigoration, *n.* (ઇન્વિગોરે,'શન્) The act of invigorating. બળવર્ધન; જોર વધારવું તે.

Invincible, *a.* (ઇન્વિ'ન્સિબલ્) Unconquerable. જીતાય નહિ એવું; અજીત; અજીત્ય. [L. *in* & *vinco*, I conquer].

Inviolable, *a.* (ઇનવા'યલબલ) Not violable; without violation. તોડાય નહિં એવું; અખંડ; ભંગાય નહિં એવું; વિરોધ રહિત.

Inviolably, *adv.* (ઈન્વા'યલબ્લી) Without violation. ભંગાય નહિં એવી રીતે.

Inviolate, *a.* (ઈનવા'યલે,ટ) Unhurt, unpolluted; unbroken. ઇજા ન પામેલું; નહિ બગડેલું; અખંડ; દુસ્તર.

Invisibility, *n.* (ઇન્વિઝિબિ'લિટી) Incapacity of being seen; imperceptibility. અદ્રશ્યતા; ન દેખાય, જોવાય એવી સ્થિતિ.

Invisible, *a.* (ઇન્વિ'ઝિબલ્) Incapable of being seen; imperceptible to the sight. અદ્રશ્ય.

Invitation, *n.* (ઇન્વિટે,'શન્) The act of inviting; solicitation. નિમંત્રણ; અરજ; વિનંતિ; તેડું; ઇજન.

Invite, *vt.* (ઇન્વા'ઇટ્) To ask to an entertainment or visit. બોલાવવું; તેડું, નિમંત્રણ આપવું. 2. To allure. લલચાવવું; આકર્ષવું.

Inviting, *a.* (ઇન્વા'ઇટિંગ્) Alluring. મોહક.

Invitingly, *adv.* (ઇન્વા'ઇટિંગ્લી) In a manner to invite or allure. આકર્ષણથી; લલચાવીને.

Invocate, *vi.* (ઇ'ન્વોકે,ટ્) To invoke; to address in prayer. નામ સ્મરણ કo; નામ દેવું; આવાહન કરવું; પ્રાર્થના કરવી; આજીજીથી માગવું. [L. *in* & *voco* I call].

Invocation, *n.* (ઇન્વોકે,'શન્) The act of addressing in prayer. આવાહન; વિનંતિ; ઉચ્ચારણ.

Invoice, *n.* (ઇ'ન્વૉઇસ્) A written account of merchandise with price. ભરતિયું.–*v.* To make a written account of goods. ભરતીયું બનાવવું.

Invoke, *vt.* (ઇન્વો,'ક્) To call for or ask. વિનંતિથી માગવું. To address in prayer. નામનું સ્મરણ કરવું; આવાહન કo.

Involuntarily, *adv.* (ઇન્વૉ'લન્ટરિલી) Not by choice; not spontaneously. મરજી ન છતાં; સહજ.

Involuntary, *a.* (ઇન્વૉ'લન્ટરી) Not having will. મરજી વિનાનું; મરજી વિરૂદ્ધ-ઇચ્છાહીન.

Involution, *n.* (ઇન્વોલ્યૂ'શન્) The action of involving or infolding. લપેટવું વિંટાળવું તે. 2. Complication. ગુંચવણ; ગુંચવાડો. 3. The process of raising a quantity to any power assigned. ઘાતરીતિ; ઘાત.

Involve, *vt.* (ઇન્વૉ'લ્વ્) To envelop. લપેટવું; વિંટાળવું; ઢાંકવું. To imply. અનુમાનથી દેખાડવું; જણાવવું; ગર્ભિત, સુચિત હોવું. 3. To implicate. સામેલ કરવું; જોડવું. To entangle. ગુંચવવું. To overwhelm. ખુરાડવું; ગરક કરવું. To kill. ઘાત કo.

Invulnerable, *a.* (ઇન્વ'લ્નરબલ્) Incapable of being wounded. ઘા લાગે નહિ એવું; દુર્ભેદ્ય.

Inward, *a.* (ઇ'ન્વર્ડ્) Placed or being within; interior. અંદરનું; માંહેનું; માંહેમાંહે મૂકેલું. I. letters. આવકનુમાર. *adv.* Toward, to the inside. અંદર લગી.

Inwardly, *adv.*(ઇ'ન્વર્ડ્લી) Internally. અંદરથી.

Inweave, *vt.* (ઇન્વી'વ્) To weave together; to intermix by weaving. ગુંથવું; વણવું; વણીને ગુંથવું.

Inworking, *n.* (ઇન્વ'ર્કિંગ્) Internal operation; energy within. વિચાર, મનમાંનો શ્રમ, અંતર્ક્રિયા

Inwrap, *vt.* (ઇન્રૅ'પ્) To involve. લપેટવું.

Inwreathe, *vt.* (ઇન્રી'ધ્) To surround or encompass with a wreath. હારમાળાની માફક કરવું; માં ગુંથવું.

Inwrought, *a.* (ઇન્રૉ'ટ્) Worked in other things; adorned with figures. જડિત; જડેલું.

Iodide, *n.*(આ'યોડાઇડ્) A non-acid compound of iodine. એક જાતનો રસાયણી ક્ષાર

Iota, *n.* (આયોટે) A very small quantity or degree. પરમાણુ; લવલેશ. [Gr. the smallest letter in the Greek alphabet, corresponding to *i.*]

Irascibility, *n.* (ઇરૅસિબિ'લિટી) The quality of being easily excited. તપી જાય એવી તબીયત; ક્રોધી સ્વભાવ.

Irascible, *a.* (ઇરૅ'સિબલ્) Susceptible of anger. જરા વારમાં તપી જાય એવું; ક્રોધી; ગાંઝી; ચીઢીયું.

Irate, *a.* (આઈરે.'ટ) Angry. ગુસ્સાવાળું; ક્રોધાયમાન; ક્રોધી. [L. *ira*, anger].

Ire, *n.* (આ'યર) Anger. ક્રોધ. [L. *ira*, wrath].

Ireful, *a.* (આ'યરફુલ) Angry. ક્રોધી; તામસી.

Iris, *n.* (આ'યરિસ્) *plu.* Irises. The rainbow. વરસાદની કમાન; મેઘ, ઇન્દ્ર ધનુષ્ય. 2. A circle round the pupil of the eye. આંખની કીકીની આસપાસનું કુંડાળું.

Irish, *a.* (આ'યરિશ) Pertaining to Ireland. આયર્લાંડનું, ના રહેવાસીનું. 2. The language of the Irish આઇરિશ લોકોની ભાષા.

Irksome, *a.* (અ'ર્કસમ્)Tedious. કંટાળા ભરેલું.

Irksomeness, *n.* (અ'ર્કસમ્નિસ્) Tediousness; wearisomeness. ચીડ; કંટાળો; બેચેની.

Iron, *n.* (આ'યર્ન) One of the hard metallic elements. લોખંડ. 2. **Smoothing I.** ઈસ્રી. 3. *plu.* Fetters બેડી. 4. Strength. શક્તિ; બળ; જોર. Cast iron or pig iron. = પોલાદ Magnetic iron. = લોહચુંબક. 4. *a.*-Made of iron. લોઢાનું બનાવેલું. *vt.* To smooth by instrument of iron. ઈસ્રી કરવી. Wrought iron. = ખરૂં લોઢું.

Iron-bound, *a.* (આ'યર્ન બાઉન્ડ) Bound with iron. લોઢાથી બાંધેલું.

Iron-cased, *a.* (આ'યર્ન કેસ્ટ) Covered with iron. લોઢાથી મઢેલું, ઢાંકેલું.

Iron-clad, *a.* (આ'યર્ન ક્લૅડ) Clad in iron. લોઢાના પતરાથી મઢેલું;બખ્તરથી ઢાંકેલું. A ship of war covered with iron plates. લોઢાના પતરાથી મઢેલી મનવાર.

Iron-founder, *n.* (આ'યર્નફાઉન્ડર) One who makes iron-castings. લોઢાનું જાળીકામ કરનાર

Iron-foundry, *n.* (આ'યર્નફાઉન્ડ્રી) The place where iron-castings are made. લોઢાનું કારખાનું.

Iron-hearted, *a.* (આ'યર્નહાર્ટિડ) Of a hard heart; merciless કઠણ હૈયાનું–મનનું; નિર્દય.

Iron-monger, *n.* (આ'યર્નમંગર) A dealer in iron wares or hard wares. લોઢાનો સામાન વેચનાર.

Iron-smith, *n.* (આ'યર્નસ્મિથ્) A worker in iron. લોઢાનું કામ કરનાર–લુહાર

Iron-works, *n.* (આ'યર્નવર્ક્સ્) An iron foundry. લોઢાનું કારખાનું.

Ironical, *a.* (આયરૅા'નિકલ્) Pertaining to irony. અન્યોક્તિ, વ્યાજોક્તિને લગતું 2.Expressing one thing and meaning the other. કહેવું કંઈ અને ધારવું કંઈ; હોય તેથી ઉલટું; મશ્કરીનું; દાઢમાંથી બોલેલું; વ્યંગ; વક્ર.

Ironically, *adv.* (આયરૅાનિકલિ) By way of irony. વ્યંગોક્તિ; અન્યોક્તિ; હોય તેથી, ઉલટી રીતે.

Irony, *n.* (આ'યરનિ) A kind of ridicule which expresses errors or faults of others by seeming to adopt them. મરોડની બોલી–વ્યાજોક્તિ; વક્રોક્તિ; ઉપરોધ; દાઢમાંથી બોલવું તે.

Irradiance, *n.* (ઇરરે'ડિઅન્સ્) Emission of rays of light. અજવાળાનાં કિરણો નિકળવાં તે; પ્રકાશ.

Irradiate, *vt.* (ઇરરે'ડિએ,ટ) To illuminate. પ્રકાશિત કરવું. 2. To animate by heat or light. તાપ, પ્રકાશથી સતેજ કરવું.

Irradiation, *n.* (ઇરરેડિએ,'શન્)The act of smiting beams of light. પ્રદીપ્તિ; પ્રકાશન; પ્રકાશ.

Irrational, *a.* (ઇરૅ'શનલ) Void of reason or understanding. જ્ઞાનબુદ્ધિ, તર્કશક્તિ વિનાનું; ઢોર સરખું.

Irrationality, *n.* (ઇરૅશનૅ'લિટિ) Want of reason or understanding. જ્ઞાન–બુદ્ધિહીનતા–અજ્ઞાનતા

Irrationally, *adv.* (ઇરૅ'શનલી) Without reason; absurdly. મૂર્ખાઈથી; અજ્ઞાનભરી રીતે.

Irreclaimable, *a.* (ઇરિક્લે,'મબલ) Not capable of being reclaimed. ઠેકાણે પાછું મેળવાય નહિ એવું; ઠેકાણે પાછું લેવાય નહિ એવું.

Irreconcilable, *a.* (ઇરેકન્સા'યલબલ) Not reconcilable; implacable. શાંત પડે નહિ એવું; વિરોધી; કટ્ટું.

Irrecoverable, *a.* (ઇરિક'વરબલ્) Not capable of being restored. પાછું મેળવાય નહિ એવું; નિરૂપાય.

Irrecoverably, *adv.* (ઇરિક'વરબ્લી) Beyond recovery. નિરૂપાયથી; સદંતર; અસાધ્ય રીતે.

Irredeemable, *a.* (ઇરિડી'મબલ) Not redeemable. ન છોડવી લેવાય એવું

Irrefragable, irrefutable, *a.* (ઇરૅ'ફ્રગબલ–ઇરૅ'ફ્યુટબલ્) Not to be refuted or overthrown. ખંડન કરાય નહિ એવું; અખંડનીય; અનિવાર્ય. [L. *refragor*, I oppose.]

Irregular, *a.* (ઇરૅ'ગ્યુલર) Not according to common form or rules. સાધારણ નિયમ વિનાનું; અનિયમિત.

Irregularity, *n.* (ઇર્રેગ્યુલૅ'રિટી) Want of rule or method.રીતિ,નિયમ વિરૂદ્ધતા;અનિયમિતતા.

Irregularly, *adv.* (ઇર્રે'ગ્યુલર્લી) Without rule method or order. અવ્યવસ્થિત રીતથી-અનિયમિત રીતે.

Irrelative, *a.* (ઇર્રે'લટિવ્) Without mutual relations; unconnected. પારકું; સગાઇ, સંબંધ વગરનું.

Irrelevancy, *n.* (ઇરરે'લિવન્સી)The quality of not being applicable. અપ્રાસંગિકતા-લાગુ ન પડે એવું; અસંબદ્ધતા; અપ્રસ્તુત ભાવ.

Irrelevant, *a.* (ઇર્રે'લિવન્ટ) Not applicable or pertinent. લાગુ પડે નહિ એવું; અપ્રસ્તુત.

Irreligion,*n.*(ઇર્રિલિ'જન્)Want of religion or contempt of it;impiety. અધર્મ;દેવ,શાસ્ત્રનિંદા.

Irreligious. *a.* (ઇર્રીલિ'જસ્) Destitute of religion; ungodly. અધર્મી; અનાચારી; નાસ્તિક.

Irremediable, *a.* (ઇર્રિમી'ડિઅબલ્)Not to be remedied.જેનો ઉપાય ન થઇ શકે એવું;અનિવાર્ય.

Irremovable, *a.* (ઇર્રિ'મૂવબલ્) Not removable; immovable. ખસેડાય નહિ એવું; અચળ; સ્થિર.

Irreparable, *a.* (ઈર્રિપે,'બલ્) Not capable of being recovered or regained. પાછું મળે નહિ એવું; સુધરે નહિ એવું.

Irreprehensible, *a.* (ઇર્રેપ્રિહે'ન્સિબલ્) Not to be blamed or censured. ઠપકો ન દેવાય એવું; અનિંદ્ય.

Irrepressible, *a.* (ઈર્રિપ્રે'સિબલ્) Not capable of being repressed. દબાય નહિ એવું.

Irreproachable, *a.* (ઇર્રિપ્રો,'ચબલ્) Free from blame; upright; innocent. ઠપકો દેવાય નહિ એવું; શુદ્ધ; અનિંદ્ય.

Irreproachably, *adv.* (ઈર્રિપ્રો,'ચબ્લી) Blamelessly;uprightly.ઠપકો ન દેવાય એવી રીતે; શુદ્ધ રીતે.

Irreprovable, *a.* (ઈર્રિપ્રૂ'વબલ્) Blameless; upright. પ્રમાણિક; અદૂષણીય; નિર્દોષ.

Irreptitious, *a.* (ઈર્રિપ્ટિ'શસ્) Secretly introduced. છુપું રાખેલું, દાખલ કરેલું.

Irresistible, *a.* (ઇર્રિઝિ'સ્ટિબલ્) Superior to opposition. અટકાવી નહિ શકાય એવું; દુર્ધર્ષ; અનિવાર્ય.

Irresolute, *a.* (ઈર્રે'ઝોલ્યુટ) Not decided; not firm; wavering. ચલિત મનનું; અનિશ્ચયી.

Irresolution. *n.* (ઇર્રેઝોલ્યુ'શન્) Want of resolution or decision. અદૃઢતા; અસ્થિરતા.

Irrespective,*a.* (ઈર્રિસ્પે'ક્ટિવ્) Not having regard of. દરકાર, ધ્યાન ન રાખનાર; નિરપેક્ષ.

Irrespectively, *adv.* (ઇર્રિસ્પે'ક્ટિવ્લી) Without regard to. ધ્યાન, દરકાર, કાળજી રાખ્યા વિના

Irresponsible, *a.* (ઇર્રિસ્પૉ'ન્સિબલ્) Not responsible. બિનજવાબદાર.

Irretrievable, *a.* (ઇર્રિટ્રી'વબલ્)Not to be restored. ફરીથી મેળવાય, પાછું ખેંચાય નહિ એવું. પુનરપ્રાપ્ય.

Irreverence, *n.* (ઇર્રે'વરન્સ્) Absence or defect of reverence. અપમાન; અનાદર.

Irreverent,*a.*(ઇર્રે'વરન્ટ) Wanting respect to superiors. અપમાન, અનાદર, આજ્ઞાભંગકારી.

Irreversible, Irrevocable,*a.* (ઇર્રિવ'-સિબલ્, ઈર્રે'વોકબલ્) Incapable of being repealed or annulled. રદ કરાય, ન ફેરવાય એવું; અપરિવર્તનીય.

Irrigate, *v.* (ઇ'રિગે,ટ) To water land by causing a stream to flow upon and over it. નહેરવતી, ખેતર જમીનને પાણી પાવું; નહેર કાઢવી. [L. *ir* & *rigo* I water.]

Irrigation, *n* (ઇરિગે,'શન્)The operation of causing water to flow over lands. નહેરવતી ખેતરને પાણી પાવું તે.

Irriguous,*a.* (ઇર્રિ'ગ્યૂઅસ્)Watered. પલળેલું.

Irritability, *n.* (ઇર્રિટબિ'લિટિ) Vexation; fretfulness. ગુસ્સો; રીસ; તામસી વૃત્તિ.

Irritable, *a.* (ઇ'રિટબલ્)Capable of being irritated. ચિડાય, ખીજવાય એવું; ચિડાઉ.

Irritant. *a.* (ઇ'રિટન્ટ) Irritating. ગુસ્સે કરવું. *n.* A poison that produces inflammation. સોજો ચઢાવે એવું ઝેર, વિષ.

Irritate, *vi.* (ઇ'રિટેટ) To inflame or fret. લાહ્ય, ઝાળ ઉઠાડવી To provoke; to vex. ચિડવવું, ખીજવવું; ગુસ્સે કરવું.

Irritation, *n.* (ઇરિટે,'શન્) Provocation; exasperation, anger. ચીડ, ખીજ, ગુસ્સો.

Irritative, *a.* (ઇ'રિટેટિવ્) Serving to excite; irritatory. આગ ઉઠાડે એવું; ચીડવવું.

Irruption, *n.* (ઇર'પ્શન્) A breaking or bursting in. એકાએક ફાટીને આવવું તે.A sudden invasion or incursion. એકાએક કરેલી ચઢાઈ.

Irruptive, *a.*(ઇર'પ્ટિવ્)Rushing in or upon. એકદમ ફાટીને અંદર આવવું; ધુસવું; ફુટી નીકળવું.

Is, *vi.* (ઇઝ્) The third person singular of the substantive verb in the indicative mood. present tense. છે; હોય છે. [L. *esse* to be.]

Ischury, *n.* (ઇ'સ્ક્યુરી) A retention or suppression of urine. મૂત્રાવરોધ. [L. *iscuria.*]

Islam, *n.* (ઇ'સ્લૅમ્) The religion of Mahomedans and Mahomed. મુસલમાન લોકોનો ધર્મ.

Island, *n.* (આ'ય્લૅન્ડ્) A tract of land surrounded by water. ટાપુ, દ્વીપ; બેટ.

Islander, *n.* (આ'યલન્ડર્) An inhabitant of an isle. દ્વીપનો રહેવાસી; દ્વીપનિવાસી.

Isle, *n.* (આ'ઇલ)An island. ટાપુ.[L. *insula*].

Islet, *n.* (આ'ઇલેટ્) A little isle. નાનો ટાપુ.

Isolate, *vt.* (આ'ઇસોલે,ટ) To place in a detached situation. જુદું મૂકવું; અલગ, એકાંત રાખવું. [L. *insula*, island.]

Isolation, *n.* (આઇસોલે,'શન્) Insulation. અળગું, જુદું, વેગળું, હોવું તે; વેગળાપણું.

Isothermal, *a.* (આઇસોથ'મ'લ્) Having an equal mean temperature.સમશીતોષ્ણતાવાળું.

Isosceles, *a.* (આઇસૉ'સલિઝ) Having two legs or sides only, that are equal. સમદ્વિકોણ; સરખી બાજુવાળું. [Gr. *isos* equal & *skelos* a leg.]

Israelite, *n.* (ઇ'ઝ્રલાઇટ્) A descendant of Israel or Jacob; a jew. ઇસ્રાઇલ્, જેકબના વંશનું માણસ; યાહુદી. [Gr. *israel* a soldier of god.]

Issuable, *a.* (ઇશ્યૂ'અબલ્) Fit to be issued. બહાર કાઢવા યોગ્ય.

Issue, *n.* (ઇ'શ્યુ) The act of passing or going out. બહાર નીકળવું, આવવું તે; નિર્ગમન; નિકાસ. 2. (a) The whole quantity sent out at one time. એકજ વખત બહાર કાઢેલો; બધો જથો; ધાણ. (b) Ultimate result or end. છેવટનું પરિણામ. (c) Progeny; offspring. છૈયાં, છોકરાં; વિસ્તાર. 3. Any point made in a debate તકરારમાં ઉઠેલી, ઉત્પન્ન થયેલી બાબત; મુદ્દો. **At issue**=disputed. તકરારી. *vi.* To pass or flow out. બહાર નીકળવું. 2. To derive or descend. ઉત્પન્ન થવું; જન્મવું; પેદા થવું. *vt.* To send out. બહાર મોકલવું. 2. To deliver for use. વાંચવા, ઉપયોગ માટે આપવું. To deliver by authority. જાહેર કરવું.

Isthumus, *n.* (ઇ'સ્થમસ્) A neck or narrow slip of land by which two continents are connected. સંયોગીભૂમિ.

It, *prep.* (ઇટ) An impersonal neuter pronoun. તે; એ.

Italian, *a.* (ઇટૅ'લિઅન્) Pertaining to Italy. ઇટાલી દેશનું, ને લગતું *n.* A native of Italy. ઈટાલી દેશનો રહેનાર. 2. The language of Italy. ઇટાલી દેશની ભાષા, બોલી.

Italic, *a.* (ઇટૅ'લિક) Relating to Italy. ઈટાલીનું; સંબંધી. *pl.* Italics. An Italic letter or character. ઈટાલી, તિરકસ,વાંકા અક્ષર. *This line is printed in Italics.*

Italicize, *v.* (ઇટૅ'લિસાઇઝ્) To write or print out in Italics. ઈટાલી, વાંકા અક્ષરે લખવું, છાપવું.

Itch, *n.* (ઇચ્) An eruption of small isolated vesicles. ખસ; ખરજ; ખુજલી. 2. Its sensation. ખજવાળ; ચેળ; ચુંટ. 3. A constant irritating desire. વખવખ. *vi.* 1. To feel a particular uneasiness in the skin. ખંજવાળ. ચેળ, ચુંટ આવવી. To have a constant teasing desire. વખવખ કરવું; વલખાં ખાવાં, મારવાં.

Itchy, *a.* (ઇ'ચિ) Infected with the itch. ખસખસ, ખુજળીવાળું.

Item, *n.* (આ'ઇટમ) An article. કામ; રકમ; બાબત, 2. A hint, an innuendo. સૂચના; ઈસારત; વક્રોક્તિ. *vt.* To make a note. નોંધ કરવી. *adv.* Also. બીજું; વળી.

Iterate, *vt.* (ઈ'ટરે,ટ) To utter or do a second time; to repeat. ફરીથી, બીજી વાર બોલવું, કહેવું, કરવું, પુનરૂક્તિ કરવી. *a.* Repeated. ફરીથી. બીજીવાર કહેલું, કરેલું, બોલેલું [L. *iterum*, again.]

Itinerant, *a.* (ઇટિ'નરન્ટ્) Wandering; not settled. ભટકનાર; ગામોગામ ફરનાર; સ્થાયી નહિ તેવું. One who travels from place to place. ગામોગામ મુસાફરી કરનાર.

Itinerate, *vi.* (ઇટિ'નરે,ટ્) To travel from place to place for the purpose of preaching or lecturing; to wander without any settled habitation. બોધ, ઉપદેશ કરવાને ગામેગામ ફરવું; સ્થાયી રહેઠાણ નહિ રાખવું.

Itinerary, *a.* (ઇટિ'નરરી) Travelling; passing from place to place. ફરવું; ભટકવું; દેશાટન કરવુ. *n.* An account of travels. દેશાટન વૃતાંત યાત્રાનોંધ, પુસ્તક; મુસાફરીની ગાઈડ.

Itself. *pron* (ઇટસે'લ્ફ)The neuter reciprocal pronoun or substitute applied to things. પોતાની મેળે (નપુંસક લિંગે) ખુદ; જાતે.

Ivory, *n.*(આ'યવરી)A hard white substance; the tusks of the elephants હાથીનો દંતશૂળ; હાથીદાંત. 3. Teeth. દાંત.

Ivy, *n.* (આ'યવી) A plant whose stems cling to walls and trees by root-like fibers. એક જાતનો છોડ જેના ડાંખળા વેલાની પેઠે દીવાલો કે ઝાડે વળગી રહે છે તે; એક જાતની બારમાસી.

J.

J, (જે) The tenth letter of the English alphabet, developed from I, it denotes a consonant sound, is represented in Gujarati by the letter. જ.

Jab, *v.* (જૅબ્) Poke; thrust. ઓચિંતું, અણધારતાથી ભોંકવું; ઘોંચવું-*n.* ભોંકવું તે.

Jabber, *vi.* (જૅ'બર્) To gabble. ઝડપથી અસ્પષ્ટ વાત કરવી. *vt.* To utter indistinctly. બબડવું, લવારો કરવો-*n.* Rapid, indistinct speech. બબડાટ, લવરી, લવારો.

Jabot, *n.* (ઝૅબો,') Frill. ઝાલર.

Jacent, *adj.* (જે,'સન્ટ) Lying at length. લંબાણપૂર્વક, લાંબું પડેલું.

Jacinth, *n.* (જૅ'સિન્થ્) A gem. એક જાતનું નારંગી રતુંબડા રંગનું નંગ.

Jack, *n.* (જૅક્) Diminutive of John. જ્હોનનું ટૂંકું નામ. 2. A sailor. ખલાસી. 3. A screw.સ્ક્રુ. 4.A leather pitcher. ચામડાની ડોલ.શિરોઇ.ચંબુ, લોટો. 5.A knave in cards.પત્તામાંનો ગુલામ-ગોલો. **Jack-O'-Lantern**. ભૂતભડકા-Jackboots. ઘુંટણ ઉપર પહોંચતા જોડા.-**Jack-in office**. લુચ્ચો અભિમાની અધિકારી. **J.-in-the-box.** ઢાંકણું ખોલવાથી ઉભું થઈ જતું રમકડું; એક જાતની આતસબાજી. **Jackman**. બખ્તરથી સજ્જ થએલો સિપાઈ.-**Yellow Jack**. પિત્તજ્વર. **J. Ketch**. ફાંસીએ ચઢાવનાર.

Jackal, *n.* (જૅ'કૉલ્) A wild animal. શૃગાલ; શિયાળ.-A tool. એક જાતનું ઓજાર.

Jackanapes, *n.* (જૅ'કને,પ્સ) A coxcomb. ફક્કડ, લહરી આદમી.

Jackass, *n.* (જૅ'કૅસ) A male ass; a fool. ગધેડો; મૂર્ખ; અક્કલ વિનાનો. Jackdaw. ન્હાનો કાગડો.

Jacket, *n.* (જૅ'કિટ) A sleeveless coat. જાકીટ. [Fr. *Jaquette.*]

Jacobean, *adj.* (જૅકબિ'અન્) Of the period of James I from 1603-25. પહેલા જેમ્સના સમયને લગતું.

Jacobite, *n.* (જૅ'કબાઈટ) An adherent of James II and his descendants; a Syrian monophysite. ઇંગ્લાંડના રાજા જેમ્સ બીજા તથા તેના વંશજોનો વફાદાર અનુયાયી; ક્રાઈસ્ટનો સ્વભાવ એકજ છે એમ માનનાર સિરીયાનો પાદરી-*adj.* જેમ્સ બીજાના અનુયાયી સંબંધી.

Jaconet, *n.* (જૅ'કોનિટ્) જગનાથી.

Jactation, *n.* (જૅક્ટે,'શન્) Restlessness; boasting. બેચેની; બડાસ, ગપ્પા.

Jade,*n.*(જે,ડ્)An old mare. ઘરડી ઘોડી 2. A low woman. હલકી. નીચ સ્ત્રી.-*vt.* To fatigue. થકવવું. To harass. પજવવું [Scot.*yed*, a mare.]

Jadish, *adj.* (જે,'ડિશ્) Fatigued, unchaste. થાકી ગએલું, અપવિત્ર; વ્યભિચારી.

Jag, *n.* (જૅગ્) A notch. ખાડો, ખો-*vt.* To cut into notches, to stab. ખાડા પાડવા; ...ી, ભોંકી ખૂન કરવું.

Jag, *n.* (જૅગ્) A load, a saddle bag. સામાન;બોજ, પીઠપર નાખવાનો કોથળો-**Jagger,** *n.* a peddler. ફેરીઓ.

Jacob, *n.* (જે',કબ્) બાઇબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટ, પૂર્વ ભાગનું એક પાત્ર. **J.'s-ladder**.નીસરણીના આકારનો ગોઠવાએલો પાંદડાવાળો એક જાતનો છોડ; વહાણદોષ; છુંગો; નુકશાન; વાદળાંમાંથી આવતી કિરણજાળ; પહાડ પર ચડવાની નીસરણી. **J.'s-staff**. માપણીકાર, ઝરીફનો ગજ, પટ્ટી.

Jacobin, *n.* (જે'કોબિન્) ડૉમિનિકન સાધુ; પારિસની ૧૭૮૯માં પ્રથમ સ્થપાયેલી ઉદ્દામ મંડળીનો સભ્ય.

Jacquerie, *n.* (ઝૅકરી') ગામડી બંડ; ૧૩૫૭માં ફ્રાન્સમાં થયેલું ગામડીઆનું બંડ.

Jaguar, *n.* (જૅ'ગ્વર્)A beast like a leopard. ચિત્તા જેવું પ્રાણી.

Jail, *n.* (જે,લ્) A prison. કેદખાનું; જેલ. **Jail-bird** a man often imprisoned. વારંવાર જેલ જઇ આવેલો આદમી. [Fr. *Goale.*]

Jam, *vt.* (જૅમ્) To squeeze. ચગદવું; દબાવવું. *n.* ચબદાટ; દબાવવું તે; લોકો વગેરેની ભીડ, જમાવટ, જૂથ. 2. Conserve. મુરબ્બો.

Jangle. *vi.* (જૅ'ન્ગલ્) To sound discordantly. બેસુરો અવાજ થવો. To quarrel. કજીઓ, બોલાચાલી કરવી. *n.* Discordant sound, quarrel. બેસુરો અવાજ; બોલાબોલી; કજીઓ.

Janitor, *n.* (જે'નિટર્) A door-keeper. દ્વારપાળ; પોળીઓ. [L. *Janua,* door].

Janizary, *n.* (જે'નિઝરી) Formerly a Turkish soldier, now a soldier in infantry. તુર્ક સિપાઇ; પાયદળનો સિપાઇ.

Jansenism, *n.* (જૅ'ન્સનિઝમ્) મનુષ્યની ઇચ્છા હમેશાં અવળી દોડે છે અને સુધારી શકાતી નથી એવો મત.

January, *n.* (જૅ'ન્યુઅરી) The first month of the Christian year. ખ્રિસ્તી વરસનો પહેલો માસ.

Jap, *n.* (જૅપ્) Language or native of Japan, (coll.) જાપાની; જાપાની ભાષા; જાપાનનું.

Japan, *n.* (જપૅ'ન્) To varnish, to make black. વાર્નીશ લગાડવો; કાળું કરવું. **Black-Japan.** પતરાં, લાકડાં વગેરે પર લગાડવાનો કાળો વાર્નીશવાળો રંગ.

Japanese, *n.* (જૅપની'ઝ્) An inhabitant or the people of Japan. જાપાનનો રહેવાસી; જાપાનની પ્રજા. *adj.* Pertaining to Japan. જાપાન સંબંધીનું.

Jape, *vi.* (જે,પ્) To jest. મશ્કરી કરવી *n.* Jest. મશ્કરી.

Jar, *vi.* (જાર્) To give out discordant sound. બેસુરો અવાજ કાઢવો. 2. To quarrel with words. બોલાચાલી કરવી. 3. To

clash, dash. અફળાવું; આથડવું. *vt.* To shake. હલાવવું; ઝુલાવવું. *n.* Rattling sound; discord. બસુરો અવાજ; ખડખડતો અવાજ; વિરોધ; તકરાર.

Jar, *n.* (જાર) An earthen or glass vessel with a big mouth. પહોળા મોઢાનું માટી કે કાચનું વાસણ; બરણી. [O. Fr. *Jare.*]

Jargon, *n.* (જાર્ગન્) Unintelligible talk. ન સમજાય તેવી ગુંચવાડા વાળી વાતચીત, ભાષા; બડબડાટ. [Fr. *Jargon.*]

Jasmine, *n.* (જૅસ્મિન્) Fragrant shrub with white flowers. જાઈ; જાઈનો વેલો: સુગંધી ધોળાં ફૂલવાળો છોડ.

Jaundice, *n.* (જૉન્ડિસ્) A disease causing skin, eyes, etc. yellow. કમળાનો રોગ. [Fr. *Jaune*, yellow.]

Jaunt, *vi.* (જૉન્ટ) To ramble; To make trips. અહીંથી તહીં રખડવું; સફર કરવી. *n.* A trip. સફર.

Jaunty, *adj.* (જૉન્ટી) Affecting elegance; finical. સુંદરતાનો ડોળ કરતું; ભભકાદાર.

Javelin, *n.* (જૅવલિન્) Light spear. ન્હાનું ભાલું.

Jaw, *n.* (જૉ) The frame in which teeth are adjusted. જડબું. 2. Mouth. મોઢું. **Jawfallen**. *adj.* dejected. દિલગીર; ઉદાસીન થએલું **Jawtooth**, molar. રાક્ષી; દાઢ. **Break-jaw word**. જડબાતોડ શબ્દ; મુશ્કેલીથી ઉચ્ચારાય તેવો શબ્દ.

Jay, *n.* (જે) રંગબેરંગી પીછાંવાળું પક્ષી; મેના; મૂખ વાતુડીઓ.

Jealous, *adj.* (જેલસ્) Suspicious in love; uneasy for a rival's success; anxious. શંકાશીલ; વ્હેમધાલુ; પોતાના પ્રતિસ્પર્ધીની ફતેહને લીધે દુઃખી; અદેખું; ઈર્ષ્યાળુ, ખોર. [L. *Zelus*, emulation.]

Jealousy, *n.* (જેલસી) The quality of being jealous. પ્રેમમાં શંકા; ઈર્ષ્યા; અદેખાઇ.

Jean, *n.* (જેન્) જીન: કપડું.

Jeer, *vi.* (જીર) To laugh at, to gibe. હસવું; બનાવવું (મશ્કરીમાં). *n.* Mockery. ઉપહાસ; ટોણાં મારવાં તે.

Jehovah, *n.* (જીહો'વા) Hebrew name of the enternal deity. પરમેશ્વર-દેવનું-હીબ્રુ નામ.

Jehu *n.* (જી'હ્યુ) A driver. ગાડીવાન.

Jejune, *adj.* (જીજ્યૂન) Devoid of attraction. આકર્ષકતા, રસ વિનાનું. 2. Empty. ખાલી; સત્વહીન. [L. *Jejunus*, hungry.]

Jelly, *n* (જેલી) Fruit-juice boiled with sugar. મુરબ્બો. Anything sticky. ચીકણો પદાર્થ. *vt.* To turn into jelly. ચીકણું કરવું; મુરબ્બો બનાવવો. [L. *Jelare*, to freeze.]

Jemmy, *adj.* (જેમ્મી) Smart, neat. ચપળ; સાફ; સ્વચ્છ.

Jennet, *n.* (જેનિટ્) સ્પેઇનનો નાનો ઘોડો.

Jeopardy, *n.* (જેપર્ડી) Risk, hazard. જોખમ; ભય; હાનિ.

Jeopardize, *v.* (જેપર્ડાઇઝ્) To endanger. જોખમમાં, ભયમાં નાંખવું.

Jeremiad, *n.* (જેરીમા'યડ્) કરૂણ વિલાપ, ફરીયાદ.

Jerk, *n.* (જર્ક) A short, sudden pull. ધક્કો; આંચકો. *v.* To throw or pull with sudden motion. ધક્કો, આંચકો મારવો, ખાવો.

Jerkin, *n.* (જર્કિન્) A jacket. કબજો; બંડી.

Jerry, *n.* (જેરી) જર્મન સિપાઇ; મૂત્રપાત્ર. **J. builder**. જેવાં તેવાં સાધનથી ઘર બાંધનાર.

Jersey, *n.* (જર્ઝી) Very fine wool; a woollen jacket (woman's). બારીક ઉન; ચોળી; ચોળી ઘાઘરો.

Jess, *n.* (જેસ્) A short strap or short ribbon used in falconry. બાજપટ્ટો.

Jest, *n.* (જેસ્ટ) A joke. મજાક; મશ્કરી. 2. A laughing stock. ઉપહાસપાત્ર.

Jester, *n.* (જેસ્ટર) A buffoon. મશ્કરો; ભાંડ.

Jesting, *n.* (જેસ્ટિંગ્) Joking. ટોળ; મશ્કરી.

Jesuit, *n.* (જેઝ્યુઇટ) One of a religious order. રોમન કેથલિક ધર્મ જેમ તેમ કરીને ફેલાવનાર એક પંથનો અનુયાયી.

Jet, *n.* (જેટ્) A shooting forth; a spout of water. ફુવારો. **J. pumps**. ફુવારા નળી. *vi.* To jerk. ધક્કો-આંચકો મારવો. 2. To jut out; to shoot forward. બહાર નીકળવું. *n.* A variety of lignite of a very compact texture. એક જાતનો કોલસો.

Jetsam. *n.* (જેટ્સમ્) વહાણનો ભાર હલકો કરવા ફેંકી દીધેલો માલ. **Jettison**. આમ ફેંકી દેવાની ક્રિયા; ફેંકી દેવું.

Jetty, *a.* (જેટી) Black. કાળું.

Jet black. *a.* (જેટ-બ્લૅક) Deep black. કાળું ભમ્મર; કાળું મેશ.

Jet-dean, *n.* (જેટ-ડીન્) A stream of water spouting from a fountain or pipe. ફુવારો; ફરંજો.

Jew, *n.* (જ્યૂ) A Hebrew, an Israelite. યાહુદી Jew's frankincense. લોબાન; ધૂપ. Jew's pitch, bitumen. શિલાજીત્.

Jewess, *n.* (જ્યૂઇસ્) A Hebrew woman. યાહુદણ.

Jewel, *n.* (જ્યૂઅલ્) An ornament of dress of precious metals. જડાવ ઘરેણું. 2. A precious stone, a jem. રત્ન; મણિ; ઝવેર.

Jeweller, *n.* (જ્યૂઇલર્) One who deals in or makes jewels. ઝવેરી; સોની; જડીઓ.

Jewellery, *n.* (જ્યૂઇલરી) The art or trade of a jeweller. ઝવેરીનો ધંધો. 2. Jewels collectively. ઝવેરાત; જવાહિર; દરદાગીના.–also, **Jewelry** (જ્યૂઇલ્રી).

Jewish, *a.* (જ્યૂઇશ્) Of or pertaining to the Jews. યાહુદીનું–સંબંધી.

Jew's harp. *n.* (જ્યૂઝ હાર્પ્) An instrument of music. ચંગ; મોરચંગ.

Jezebel, *n.* (જેઝીબલ્) બેશરમ સ્ત્રી; નફ્ટ સ્ત્રી; ચ્હેરો ચિત્રનાર સ્ત્રી.

Jiffy, *n.* (જીફી) જરા; થોડો વખત.

Jib, *n.* (જિબ્) A triangular sail set upon a stay yard. વહાણના નાળ આગળનો ત્રિકોણાકાર સઢ. **J. crane,** ભાર ઉંચકવાનો આંકડો.

Jig, *n.* (જિગ્) A light, brisk musical movement in a rhythim of triplets ઝડપની ગત. 2. A ballad. લાવણી. 3. A light dance or dance tune. *vt.* To sing to the tune of a jig. નાચ પ્રમાણે ગાવું.

Jilt, *n.* (જિલ્ટ) A woman who capriciously deceives her lover. આશકને છોડી દે એવી સ્ત્રી, હલકી સ્ત્રી, ચપળા. *vt.* To deceive in love. પ્યાર છોડી દેવો માં દગો દેવો.

Jingle, *n.* (જિંગલ્) A rattling, clinking, tinkling sound. છમકારો,રણકો,રૂમઝુમ,ખણખણાટ. *vt.* To tinkle. છમછમ કo; **Jingling,** a clink. ઘંટનો રણકો.

Jingo, *n.* (જિંગો) *pl.* ખટપટીઓ–દેશાભિમાની; ૧૮૭૮ની બીકનસ ફીલ્ડની રાજ્યનીતિનો પક્ષકાર. By (the living) J. એક જાતના સોગન; સોગન ખાઈને.

Jinnee, *n.* (જિની) ભૂત.

Jinricksha-kisha, (જિનરિક્શા) માણસો જોડેલી ન્હાની ગાડી.

Jo, *n.* (જો) A sweet-heart, a darling દિલોજાન, પ્યારી.

Job, *n.* (જૉબ્) A public transaction done for private profit. હલકા–નીચા મનનું કામ 2. A situation or opportunity of work. નોકરી, કામ. **By the job**=ઉધડ, સામટું. 3. To hire. ભાડે લેવું. *vi.* To do chance work for hire, to do petty work. પરચુરણ કામ લેવું–કરવું; 2. To carry on the business in stocks. શેરનો ધંધો કરવો. **Job's comforter**=a false friend. ઢોંગી મિત્ર. 2. A boil. ગુમડું.

Jobber, *n.* (જૉબર્) One who works by the job. ઉધડ કામ કરનાર.

Jockey, *n.* (જૉકી) A professional rider in races. શરતનો ઘોડો હાંકનાર;ઘોડા પલોટનાર. *v.t.* છેતરવું.

Jocose, jocular, *a.* (જોકોસ્–જૉક્યુલર્) Given to jokes. મજાક–મશ્કરીખોર. [L. *Jocus,* a joke]

Joe, *n.* (જો) Not for J.=નહિજ.

Jocund, *a.* (જૉકન્ડ્) Merry; gay. ખુશમિજાજી.

Jog, *vt.* (જૉગ્) To push or shake with the elbow or hand. જરાક હડસેલો મારવો. 2. To drive at a jog. રવાલ ચાલે ચલાવવું. *n.* A slight shake. થોડો. સહજ ધક્કો–ઠોસો.

Jog-trot, *n.* (જૉગ્-ટ્રૉટ્) A slow, regular jolting gait. ધીમી ઝુલતી ચાલ.

Joggle, *v.* (જૉગલ્) To put in one's mind. યાદ દેવડાવવું. આપવું. 2. આંચકા મારતા ચાલવું. *n.* પત્થર વચ્ચેની આડચ.

Join, *vt.* (જૉઇન્) To connect. જોડવું. 2. Associate one's self to. ની સાથે થવું. 3. To unite in marriage. લગ્ન કo. 4. To engage in. માં કામે લાગવું. *vi.* To come together. સાંધો હોવો; મળેલા હોવું. 2. To be close together. લગોલગ હોવું. 3. To unite. ભેગા થવું. [L. *jungo,* I join].

Joiner, *n.* (જૉઇનર્)One who or that which joins. સાંધનાર; યોજક. 2. A carpenter. સુથાર.

Joinery, *n.* (જૉઇનરી) The art or trade of a joiner. સુથારકામ.

Joint, *n.* (જૉઇન્ટ્) Junction. સાંધો 2. Union of bones, knot. ગાંઠ, સાંધો. 3. An internode. પેરિયું; પેશી. Joint-hinge. પણીઆરૂં. **Out of joint**=disordered. ઢંગધડા વિનાનું. *a* Combined. બન્નેનું; સમગ્ર; સંયુક્ત. 2. Done by two or more working together.ભેળું;સહકારી. 3.Not solitary in interest or action.ભાગીદારીયું. 4. Shared by two or more. બે અથવા વધારે ભાગીદાર હોય એવું. **Joint stock.** stock held in company. કંપનીનો માલ. Joint tenant. મજીઆરો ભોગવટો ધરાવનાર. *vt.* To unite by a joint. સાંધથી જોડવું. *vi.* To fit. બરાબર બેસતા થવું–આવવું.

Joint-stock, *n.* (જૉઇન્ટ્ સ્ટૉક્) Fund. ફંડ; એકઠી કરેલી રકમ

Jointer, *n.* (જૉઇન્ટર્) One who or that which joints. સુથાર. 2. A plane for smoothing. રંદો. 3. The longest plane. મોટો રંદો.

Jointly, *adv.* (જૉઇન્ટ્લી) In a joint manner; together. સાથે મળીને, એકઠા થઈને.

Jointure, *n.* (જૉઇનચર્) A joining. સાંધો, 2. An estate settled on wife which she is to enjoy after her husband's decease પલ્લું; વિધવા ધન, સ્ત્રી ધન.

Jointress, *n.* (જૉઇન્ટ્રિસ્) વિધવા ધનવાળી સ્ત્રી.

Joist, *n.* (જૉઇસ્ટ્) A piece of timber laid horizontally. મોભ, ભારવટિયો; પીઢીઉં *vt.* To fit joists. મોભ ઘાલવો.

Joke, *n.* (જોક્) A jest. મજાક; મશ્કરી; ઠઠ્ઠો; ઉપહાસ. *vi.* To jest, to mock. મશ્કરી-મજાક કo.

Jole, *n.* (જોલ્) The cheek, the jaw. ગાલ; જડબું; ડાચું.

Jollity, *n.* (જૉ'લિટી) Gaiety. ખુશી; મઝા.

Jolly, *a.* (જૉ'લી) Jovial. ખુશમિજાજી; આનંદી.

Jolly-boat, *n.* (જૉ'લી બોટ્) A small boat. ન્હાની હોડી; મછવો.

Jolt, *vi.* (જોલ્ટ્) To shake. હીલારો-હલ્લો ખાવો. *vt.* To cause to shake. આંચકો આવવો-ખાવો. *n.* A sudden shock or jerk. આંચકો; ધક્કો.

Jostle, *vi.* & *vt.* (જૉ'સલ્) To push. હડસેલવું. *n.* A conflict by collision. આંચકો;ધક્કો.

Jot, *n.* (જૉટ્) An iota, a point. લવલેશ માત્ર; તલમાત્ર. *vt.* to write briefly; to make a note of, to take down. લખી લેવું:ટીપ્પણ કરી લેવું.

Jotting, *n.* (જૉ'ટિંગ્) A memorandum, a note to help the memory. યાદી; નોંધ.

Journal, *a.* (જ'ર્નલ્) Daily, diurnal. રોજનું; *n.* A diary. રોજનીશી. 2. A book of accounts in which daily transactions are entered. રોજમેળ. 3. A newspaper. વર્તમાન પત્ર. 4. A daily work or account of travels. રોજનું કામ અથવા મુસાફરી નોંધ. [L. *Diunrnalis*, diurnal.]

Journalism, *n.* (જ'ર્નલિઝમ્) The keeping of diary. રોજનો મેળ, ની નોંધ રાખવો તે. 2. The business of writing for newspapers. વર્તમાન પત્ર લખવાનો-ચલાવવાનો ધંધો.

Journalist, *n.* (જ'ર્નલિસ્ટ્) One who keeps a diary. રોજમેળ રાખનાર. 2. The conductor of public journal વર્તમાન પત્ર લખનાર-ચલાવનાર.

Journalize, *vt.* (જ'ર્નલાઇઝ્) To enter into diary. રોજમેળ રાખવો; *vi.* To conduct a public journal. વર્તમાન પત્રનો ધંધો ચલાવવો.

Journey, *n.* (જ'ર્ની) The travel or work of a day. મુસાફરી; દેશાટન; પ્રવાસ. *vi.* To travel from one place to another. મુસાફરી કo

Journey-man, *n* (જ'ર્ની-મન્) A workman. મજુર; રોજે કામ કરનાર; દહાડીઓ.

Joust. *n.* (જસ્ટ) A tournament. *vi.* to fight on horseback, tilt. ઘોડાદોડ; ભાલાંબાજી કરવી.

Jove, *n.* (જોવ્) The planet Jupiter. બૃહસ્પતિ.

Jovial, *a.* (જો'વિઅલ્) Gay, jolly, merry. આનંદી; વિનોદી; રંગીલું.

Jowl, *n.* (જાઉલ્) જડબાનું હાડકું; જાડી ગરદન.

Joy, *n.* (જૉય્) Gladness. આનંદ; હર્ષ. 2. Happiness, exultation. સુખ; પરમાનંદ.

Joyful, *a.* (જૉ'યફુલ્) Full of joy, glad. ખુશ; ખુશી; આનંદી.

Joyless, *a.* (જૉ'યલિસ્) Void of joy. નાખુશ; નિરાશ; શૂન્ય.

Joyous, *a.* (જૉ'યસ્) Glad, merry, cheerful. આનંદી; ખુશી.

Jubilate, *vt.* (જૂ'બિલેટ્) Exault. હર્ષમાં આવી જવું; આનંદ, મગરૂબી માણવી.

Jubilant, *a.* (જૂ'બિલન્ટ) Triumphant. હર્ષ, વિજયથી ઉન્મત્ત. [L. *Jubilo*, shout for joy.]

Jubilee, *n.* (જૂ'બિલી) A season of great joy and festivity. આનંદ-ખુશીનો દિવસ; ઉત્સવ. The fiftieth year, in which slaves and lands were released. ગુલામને છૂટા કરવાનો ઉત્સવદિન. **Silver J.** = પચ્ચીસમી વર્ષગાંઠ. **Golden J.**=સુવર્ણ મહોત્સવ; પચ્ચાસમી વર્ષગાંઠ. **Diamond J.** = હીરક મહોત્સવ; ૬૦મી વર્ષગાંઠ.

Judaise, *vi.* (જૂડે'ઝ્) To conform to the doctrines of the Jews. યાહુદી ધર્મને અનુસરવું.

Judaism, *n.* (જૂ'ડેઇઝ્મ્) The religious doctrines and rites of the Jews. યાહુદી લોકોનો ધર્મ-મત.

Judge, *n.* (જજ્) One authorised to determine causes in court. ન્યાયાધીશ; જડજ. 2. An expert, a critic. કદર બુજ; ખુબી જાણનાર; રસજ્ઞ; ગુણગ્રાહી. 3 An umpire. મધ્યસ્થ; લવાદ; ત્રાહિત. 4. The title of the seventh book of the Old Testament, the Book of Judges. બાઇબલના સાતમા પ્રકરણનું નામ *vi.* To decide as a Judge, to give judgment. ઇન્સાફ કo. 2. To assume the right to pass judgment on another. ન્યાય આપવાનો હક્ક, દાવો કરવો. To determine to distinguish. (ખરા ખોટાના) વિચાર-તોલ કo. *vt.* To hear and determine by authority. ન્યાય કo. 2. To examine and pass sentence on. ન્યાયથી શિક્ષા ઠરાવવી. 3. To reason. જાણવું; ગણવું; ધારવું. 4. To govern. સત્તા ચલાવવી. [L. *jus*, law; *dico*, I declare.]

Judgment, *n.*(જ'જમન્ટ) The act of judging. વિચાર કરવો તે; મુનસફી; દરીયાફ્ત. 2. The faculty of judging, good sense. વિવેક. 3. Opinion. અભિપ્રાય, મત; 4. The act of determining. ઠરાવ; ફેંસલો; ચૂકાદો. 5. The determination of the mind. નિશ્ચય; નિર્ણય.

J. day, ન્યાય આપવાનો-કયામતનો દિવસ. Also, **Judgement.**

Judgeship, *n.* (જ'જ્શિપ્) The office of a judge. ન્યાયાધીશનો હોદ્દો; મુનસફગિરી.

Judgment-day, *n.* (જ'જ્મન્ટ-ડે,) ન્યાય આપવાનો દિવસ. **J. hall**, કોરટ; ન્યાય આપવાનું મંદિર. **J. seat**, ન્યાયાસન.

Judicatory, *n.* (જૂ'ડિકેટરી) A court of justice; a tribunal. અદાલત;ન્યાયસભા;ધર્મસભા.

Judicature, *n.* (જૂ'ડિકેચર્) Power of distributing justice; jurisdiction. કાયદાથી મળેલો અધિકાર. 2. A court of justice. ઈનસાફ કરવાનો અધિકાર રાખનારી કોર્ટ.

Judicial, *a.* (જૂડિ'શલ્) Pertaining to courts of justice or to a judge. અદાલત-કોર્ટનું; 2. Fitted or apt for judging, ન્યાય કરવા જોગું-લાયક, સંબંધી. 3. Belonging to the judiciary. અદાલતને લગતું.

Judiciary, *n.* (જૂડિ'શિઅરી) The judges taken collectively. કોર્ટ, અદાલત. *a.* Pertaining to law-courts. અદાલતનું-સંબંધી.

Judicious, *a.* (જૂડિ'શસ્) According to sound judgment. ડહાપણ-વિવેક-વિચારથી કરેલું; ઘટિત; યોગ્ય. 2. Wise, prudent, sagacious. ડાહ્યું; વિવેકી; વિચારવંત; સમજુ.

Jug, *n.* (જગ)A vessel usually earthenware. કુંજો; લોટવો; લોટો; ચંબુ; સિરોઇ. 2. A pitcher, an ewer. ઘડો; ગાગર; તાંબડી; કળશીઓ.

Juggle, *vi.* (જ'ગલ્) To play tricks by sleight of hand. જાદુ ખેલ કo; છુમંતર કરવું. *n.* A trick by sleight of hand. હાથચાલાકી. [L. *Jocus*, a jest.]

Juggler, *n.* (જ'ગ્લર) A conjurer. ગારૂડી; બાજીગર; મદારી; જાદુગર. 2. A cheat. દગાખોર.

Jugglery, *n.* (જ'ગ્લરી) The art of a juggler, sleight of hand. હાથ ચાલાકી; નજરબંધી

Jugular, *a.* (જ્યુ'ગ્યુલર્) Of or pertaining to the throat or neck. ગરદન-ડોક-ગળાનું.

Juice, *n.* (જૂસ્) The sap of vegetables, fluid part of animal substances. રસ; પાણી; દ્રવ; સાર.

Juicy, *a.* (જૂ'સી) Full of juice. રસવાળું.

Jujube, *n* (જૂ'જબ્) A pulpy fruit, confection of sugar and gum, any fruity lozenge. ગરદાર ફળ. 2. The tree. બોરડી. The fruit. બોર.

Julep, *n.* (જૂ'લિપ્) A refreshed drink flavoured with aromatic herbs, a liquor or sirup. [illegible]; શરબત.

Jumble, *vt.* (જ'મ્બલ્) To mix in a confused mass. ગરબડ સરબડ-ધાલમેલ કરી મૂકવી. *n.* A confused mixture. ભેળસેળ; ધાલમેલ; લોચો.

Jumbo, *n.* (જ'મ્બો) An ugly person. કદરૂપો માણસ. *Pl. Jumboes.*

Jump, *n.* (જમ્પ) A kind of loose jacket for men. પહેરણ. 2. A bodice worn instead of stays by women. ચોળી; કાંચળી; કમખો. *vi.* To spring by raising both feet. બે પગે કૂદવું. 2. To cause to jump. કુદાવવું. *vt.* To pass by a leap, to skip over. ટપી-ઠેકી જવું. *n.* A leap; a bound; distance leapt. કૂદકો; છલંગ; ઠેકડો. **To jump one's bail**=જામિનગીરી આપીને છૂટા થયા પછી સટકી જવું.

Jumpy, કૂદતો,-તું. **Jumper**, *n.* (જ'મ્પર્) One who jumps. કુદનારો.

Junction, *n.* (જ'ન્ક્શન્) The act of joining, union. યોગ; સંયોગ. 2. The place or point of union. સંગમ; સંધિસ્થાન; સાંધો.

Juncture, *n.* (જ'ન્ક્ચર્) A joint. સાંધો. 2. A point of time. અવસર; અણી; જોગ; તક; તાકડો; ટાંકણું. [L. *Jungo*, I join].

Jungle, *n.* (જ'ન્ગલ્) A dense growth of brush wood, grasses. રાન; જંગલ; વગડો.

Junior, *a.* (જૂ'નિઅર્) Younger. બીજા કરતાં નહાનું. 2. Lower in standing or rank. નીચું; કનિષ્ઠ. [L. *Juvenis*, young.]

Juniper, *n.* (જૂ'નિપર) An evergreen shrub.

Junk, *n.* (જંક) A thick piece. નકર ટુકડો. Pieces of old cordage. કાથાના દોરડાના કટકા. 3. A chinese ship without keel or prominent stem. ચીનાઇ ત્રણ ડોળવાળું વહાણ. [L. *Juncus*, a rush.]

Junk, *n* (જંક) A chinese vessel. ચીનનું વહાણ.

Junket, *n.* (જ'ન્કિટ્) A cheese cake, a sweetmeat. મીઠાઇ; શિખંડ.

Junto, *n.* (જ'ન્ટો) A faction, a cabal. ફીતુરી મંડળી.

Jupiter, *n.*(જૂ'પિટર્)The supreme deity of gods and men, Jove.યુનાની અને રોમન લોકોનો મુખ્ય દેવ. 2. One of the planets being the highest except venus,બૃહસ્પતિ;રોમન-દેવેશ ગુરૂ.

Juridical, *a.* (જૂરિ'ડિકલ્) Pertaining to a judge, legal. ઇનસાફદારનું; કાયદાનું.2. Used in courts of justice. કોર્ટમાં વપરાતું.

Juris-consult, *n.* (જુ'રિસ્-કૉનસલ્ટ) A man learned in the civil laws. ન્યાયશાસ્ત્રી;ધર્મશાસ્ત્રી.

Jurisdiction, *n.* (જૂરિસ્ડિ'કશન્) Legal authority or power. કાયદાથી મળેલો અધિકાર-સત્તા.

Jurisprudence, *n.* (જ્યૂરિસ્પ્રૂ'ડન્સ્) The science of judicial law. ધર્મ, ન્યાયશાસ્ત્ર; સ્મૃતિશાસ્ત્ર.

Jurist, *n.* (જૂ'રિસ્ટ્) One who professes the science of law. ધર્મ, કાયદાશાસ્ત્રી.

Juror, *n.* (જૂ'રર) A member of a jury. જુરર; પંચનો સભ્ય.

Jury, *n.* (જૂ'રી) A body of men usually twelve, sworn to declare the truth on the evidence betore them. પંચ; જુરી [L. *Juro*, I swear]

Jury-man, *n.* (જૂ'રી મન્) A juror. પંચમાંનો એક; જુરર.

Just, *a.* (જસ્ટ્) Honest, true, upright, lawful. ખરૂં; વાજબી; અદુલ; નીતિમાન; નેક. 2. Equitable, fair, impartial. વાજબી; યોગ્ય; નિષ્પક્ષપાતી. *adv.* Precisely, exactly. બરાબર. 2. Closely. પાસેજ. 3. Barely. માત્ર. 4. Narrowly. લગભગ. I just escaped drowning. હું બુડતાં બુડતાં રહી ગયો. **Just now.** હમણાંજ.

Justice, *n.* (જ'સ્ટિસ્) The quality of being just, equity. ન્યાય; નીતિ; ન્યાયનિષ્ઠા; સાચવટ; પ્રમાણિકપણું 2. Justness. વાજબીપણું. 3. A Judge. ન્યાયાધીશ. 4. Application of equity. ઈનસાફ; દાદ. 5. Impartiality. અપક્ષપાત; સમભાવ.

J. of the peace=(J.P.) સુલેહનો અમલદાર.

Justiciary, *n.* (જસ્ટિ'સ્યરી) An old name for judges of the higher English courts. ઇન્સાફ કરનાર; મુનસફ; ન્યાયાધીશ; ધર્માધિકારી.

Justifiable, *a.* (જ'સ્ટિફાયબલ્) Capable of being justified. ખરૂં; વાજબી; યોગ્ય ઠરાવી શકાય એવું.

Justification, *n.* (જસ્ટિફિકે'શન્) The act of justifying or the state of being justified. વાજબી કરી આપવું તે; સમર્થન; પ્રતિપાદન. 2. The act of justifying in respect to God's requirements. દોષ-પાપ નિવારણ; શુદ્ધિ.

Justify, *vt.* (જ'સ્ટિફાય્) To prove to be just; to vindicate. વાજબી છે એમ બતાવવું. 2. To treat as if just. ન્યાયી છે એમ માનવું. 3. To judge rightly. વાજબી ઠરાવવું. 4. To space out in even lines. ભરી લેવું; માંથી લેવું. [L. *justus*, just; *facio*, I make.]

Justifier, *n.* (જ'સ્ટિફાયર) One who proves something to be a fact. ખરૂં છે એમ બતાવી આપનાર.

Justness, *n.* (જ'સ્ટનિસ્) The quality of being just, equity, propriety; fairness. ખરાપણું; સાચાઈ; યથાર્થતા.

Jut, *vi.* (જટ્) To shoot out. બહાર નીકળવું. 2. To butt. ટક્કર મારવી-લેવી.

Jute, *n.* (જૂટ) A substance like hemp, from which a coarse kind of cloth is woven. 2. Bengal hemp. શણ.

Juvenescence, *n.* (જૂવને'સન્સ્) A growing young; youth. યૌવન; જુવાની.

Juvenescent, *a.* (જૂવને'સન્ટ્) Becoming young. જુવાન થતું; જુવાન.

Juvenile, *a.* (જૂ'વિનાઇલ્) Young, youthful. જુવાન.

Juvenility, *n.* (જૂવનિ'લિટી) Youthfulness. જુવાની; યૌવન; તારૂણ્ય; યુવાવસ્થા.

Juxtapose *v.* (જ'કસ્ટપો,ઝ્) To put side by side. પડખે પડખે, પાસે પાસે મૂકવું.

Juxtaposition, *n.* (જક્સ્ટપોઝિ'શન્) Placing or being placed near; contiguity. પાસે પાસે નજીક મૂકવું તે; સમીપતા; સંન્નિધાન; નિકટતા.

K.

K. (કે) The eleventh letter of the English Alphabet. અંગ્રેજી મૂળાક્ષરનો અગીઆરમો અક્ષર.

Kaffir, *n.* (કૅ'ફર) An unbeliever. મુસલમાની ધર્મ નહિ માનનાર; કાફર. 2. An inhabitant of Africa. આફ્રિકાનો રહેવાસી; કાફર.

Kaiser, *n.* (કા'યઝર) German Emperor. જર્મની કે ઑસ્ટ્રેલીઆનો બાદશાહ. [L. *Caesar*,]

Kail, *n.* (કે,લ) A kind of headless cabbage. માથા વગરની કોબીજ. 2. Any cabbage. કોઇપણ જાતની કોબીજ. 3. Any broth. શેરવો; ખાણ. **K. yard.** શાકની વાડી. K. Y. Novelists. સ્કૉટલન્ડના જીવનના નવલકથાકારો.

Kaleidoscope, *n.* (કેલા'યૂડોસ્કો,પ) રંગીન પુષ્પચિત્રદર્શક ભુંગળું.

Kalender, *n.* (કૅ'લન્ડર) Same as **Calendar**

Kangaroo, *n.* (કૅન્ગરૂ') Any one of numerous species of jumping marsupials of the family Macopodidoe. કાંગારૂ; એક જાતનું ચોપગું પ્રાણી.

Kaw, *vi.* (કૉ) To crow as a crow. કાકા કo. *n.* Cry of the crow. કાકશબ્દ; કાકાકા; કાકારવ.

Keck, *vi.* (કેક) To heave or to retch as in effort to vomit. ઓકારી-બકારી, હીબકા ખાવા. *n.* An effort to vomit. બકારી-ઓકારી.

Kedge, *vt.* (કેજ) To move by carrying out of kedge in a boat, dropping it overboard and hurling the vessel up to

it. વહાણુને ખસેડવું. *n.* A small anchor. વહાણુનું નાનું લંગર.

Keel, *vt.* (કીલ્) To cool; to skim or stir. ઠંડુ; ટાઢું કo; હલાવવું.

Keel, *n.* (કીલ્) A longitude timber from stem to stem along the bottom of a vessel. વહાણુનું તળેનું પાયાનું ચોકઠું; ખોખું; વહાણુનું તળીઉં. 2. The whole ship. આખું વહાણ. 3. A barge used on the Tyne for carrying coals. ટાઇન નદીમાં વપરાતી નાની હોડી. One even K.= સીધું; સરખું; સપાટ. *vi.* To traverse with a keel; to navigate. ચલાવવું; હંકારવું. 2. To turn the bottom; to turn up keel. તળીયું ઉંધું વળી જવું.

Keen, *a.* (કીન્) Sharp. ધારવાળું; જલદ; ધારદાર. 2. Acute of mind; sharp. તીવ્ર; ચંચળ; તીક્ષ્ણ; કુશાગ્ર; ઝીણું. 3. Bitter; piercing; cutting. સખત; હૃદયભેદક; હાડોહાડ લાગે એવું. 4. Piercing; acrimonious. સખત; કડકડતી. 5. Eager; vehement; fierce. ઉગ્ર; જોસવાળું; ઉત્કટ; ઘણું આતુર. *vt.* To sharpen; to make cold. પાણીદાર કo; ધાર ચઢાવવી; ઠંડું કo.

Keenly. *adv.* (કીનલી) In a keen manner. કકડીને; આતુરતાથી.

Keep, *vt.* (કીપ્) To desire. દરકાર કરવી, રાખવી; ઈચ્છવું. 2. To hold; to restrain from departure or removal; to detain. રાખી રહેવું; રાખવું; ટકાવી, નભાવી શકવું 3. To cause to remain in a given situation or condition; to maintain unchanged. કબજામાં રાખવું; હાથમાં રાખવું, પકડવું. 4. To have in custody; to take charge of. રાખી રહેવું; રાખવું. 5. To preserve from danger, to guard. રક્ષણ કરવું; જાળવવું; જતન કરવું; સંભાળવું; સાચવવું 6. To preserve discovery. મનમાં, પેટમાં, છાનુંમાનું, ગુપ્ત રાખવું. 7. To attend upon; to tend. સાચવવું; ચારવું; ચરાવવું; ફેરવવું. 8. To record translations, accounts, or events in. હિસાબ રાખવો; નામું રાખવું. 9. To conduct; to manage. માંડવું; ચલાવવું. 10. To supply with necessaries of life; to entertain. ખવરાવવું; પીવડાવવું; રાખવું. 11. To hold; to maintain. રાખવું; પાળવું; ધારણ કરવું; પકડવું. 12. To confine oneself to; to hunt; to frequent. ભરાઈ રહેવું; માં પડ્યા રહેવું; માંથી ખસવું નહિ; વારેવારે જવું. To keep back (a) To reserve; to withold. થી ગુપ્ત છાનું; ગુપ્ત રાખવું. (b) To restrain. પાછું હઠાવવું; અટકાવવું; દૂર રાખવું; ના ઉપર દાબ રાખવો. To keep good (bad) hours; = to be customarily early (late) in returning home; or in retiring to rest. હંમેશ બરાબર વખતે સુઇ જવું અને ઉઠવું (નહિ) બરાબર નિયમસર (અનિયમિત) રહેવું. To keep house. = to occupy a separate house જુદું ઘર માંડવું. To K. the H.= to seclude one's self in one's house in order to evade the demands of creditors. દેવાળું કાઢીને, માંદગી, ઘરમાં ઉદાસીનતાને લીધે ભરાઇને બેસવું. To keep one's hand in = to keep up practice. ટેવ-આદત-મહાવરો રાખવો. To keep open house = to be hospitable. આગતાસ્વાગતા કરવામાં તત્પર રહેવું. To keep a stiff upper lip = to keep one's courage. હિંમત, ધૈર્ય રાખવું. To keep term = to reside during a term. અભ્યાસને માટે ઠરાવેલી મુદત ભરવી. To keep under = to hold in subjection. તાબા-દાબ-કાબુમાં રાખવું; જુલમ ગુજારવો. To keep = to maintain. ટકાવવું; નભાવવું; જાળવી, ટકાવી; નભાવી રાખવું; કાયમ-ચાલુ; જારી રાખવું. *vi.* To abide; to stay. રહેવું. 2. To last; to endure. ટકવું; રહેવું; બગડ્યા વગર રહેવું 3. To lodge. રહેવું; વસવું; વાસો કરવો. 4. To take care સંભાળ લેવી; ચોકી કરવી. 5. To be in session. ઉઘડવું; ચલાવવું. To keep from = to abstain from. દૂર રહેવું-અળગા-વેગળા-આઘા રહેવું. To keep in with = to be on good terms with. ની સાથે રાસ હોવી-ની સાથે સારું હોવું. To keep on = to go forward. મંડ્યા રહેવું. To keep to = to adhere strictly to. ને વળગ્યા-વળગી રહેવું.

Keep, *n.* (કીપ્) Guard; care; custody. સંભાળ; ચોકી; જતન; રક્ષણ; રખવાળી; બરદાસ; હવાલો; તાબો; જાપતો. 2. Condition; case. સ્થિતિ; હાલત; દશા; અવસ્થા; વૃત્તિ. 3. Support = maintenance. ખાનપાનની બરદાસી રાખવાનું; ખવરાવવાનું ખર્ચ. 4. (a) A strong hold castle. કિલ્લો; દુર્ગ; ગઢ. (b) Dunjon. બંધીખાનું; કારાગૃહ; અંધારી કોટડી.

Keeper, *n.* (કીપર્) One who or that which keeps. રાખનાર. 2. One who retains in custody. કબજે, જાપતો રાખનાર; રખવાળદાર; રક્ષક. 3. One who has the care or superintendence of any thing. રખવાળ; ઉપરિ; પાળક; સંરક્ષક. 4. One who remains or keeps in a place or position. ચાકર; નોકર. 5. A ring, strap, clamp or any device for holding any object in place. ચાપડો; દબાવ; ચાંપ.

Keeper of the Great Seal=રાજાની મહોર રાખનાર; રાજ્યમુદ્રાધિકારી. Keeper of the King's conscience. લોર્ડ ચૅન્સેલર.

Keeping, *n.* (કી'પિંગ્) A holding; charge; care; custody. કબજો; હાથ; હવાલો; સંભાળ; રક્ષણ; તાબો; ચોકી; રખવાળું. 2. Support; feed. ખાનપાન;ખરદાશ;પોષણ.3.Conformity;harmony. મેળ; ઘટાવ; બનાવ; અવિરોધ; સંગતિ; અનુરૂપતા; સરખાપણું. **In K. with**=મળતું; બંધબેસ્તું; અનુરૂપ. **K. room**=ખાનગી ઓરડો.

Keepsake, *n.* (કીપસે,ક) Anything kept or given to be kept for the sake of the giver. સંભારણું; યાદગીરી માટે ની ભેટ; સ્મૃતિદાન.

Keg, *n.* (કેગ્) A small cask or barrel. નાનું પીપ.

Kelp, *n.* (કેલ્પ) The calcined ashes of sea-weed. એક દરીયાઇ વનસ્પતિની ખાખ; ભસ્મ.

Kelpie, *n.* (કે'લ્પી) અશ્વાકાર જલપિશાચ.

Ken, *n.* (કેન્) A house, *esp.* one which is a resort for thieves. ચોરોનું રહેઠાણ. *vt.* To know; to understand. જાણવું; ની ખબર હોવી. 2. To recognise. ઓળખવું. *n.* View; cognizance. નિધા; ટપ્પો; ખબર. 2. Reach of sight. નજર; બુદ્ધિ; વિષયબુદ્ધિ; પહોંચ. *vi.* To look around. આસપાસ નજર કરવી.

Kennel, *n.* (કે'નલ્) The water recourse of a street; a gutter. નીક; મોરી; ગટર. 2. A house for dog or dogs. કુતરાની બોડ; કુતરા રાખવાનો ખંડ, ઓરડી. 3. A pack of hounds. શિકારી કુતરાનું જુથ; ટોળું. *vi.* To lie or lodge; to dwell. રહેવું; વસવું. To put or keep in a kennel. બોડ, બખોલમાં મૂકવું.

Kerchief, *n.* (કર્ચીફ્) A square of fine linen, worn by a woman as a covering for the head. બાયડીને માથે ઓઢવાનું ચોખંડું લુગડું; રૂમાલ.

Kermes, *n.* (કર્મીઝ્) સગર્ભ જંતુ; કીરમચી રંગ.

Kernel, *n.* (કર્નલ્) The essential part of the seed. બીમાંનું તત્વ; મગજ. 2. A single seed. દાણો; ગર્ભ; ગર; માવો. 3. A neuleus. માંસમાં ગાંઠ; ગડબ. 4. The gist. હાર્દ; મુદ્દો; આશય. *vi.* To produce kernels=માવો, ગર, ગર્ભ ઉત્પન્ન કરવો.

Kerosene, *n.* (કે'રોસીન્) ઘાસતેલ; ગ્યાસલેટ.

Kettle, *n.* (કે'ટલ) A metallic vessel with a wide mouth often with a cover used for heating and boiling water or other liquid. ચાહદાની; નાળચાવાળી દેગડી; કિટલી.

Kettle-drum, *n.* (કે'ટલ્ડ્રમ્) A drum made of thin copper in the form of hemispheric kettle with parchment stretched over the mouth. નગારૂં; ડંકો; તાંસું; ઢોલ; નોબત. 2. An informal social party. સાંજરે કરેલી મિજલસ.

Key, *n.* (કી) A ledge of rocks near the surface of water. બેટ, ખડકવાળી જમીન. 2. A quay. બંદર; ઘાટ; આરો.

Key, *n.* (કી) An instrument by means of which the bolt of a lock is shot or drawn. કુંચી; કોલી; ચાવી 2. An instrument which is turned like a key in fastening or adjusting any mechanism. ચાવી; કુંચી. 3. The part of an instrument or machine which serves as the means of operating it. કળ; કુંચી. 4. That which serves to unlock, open or solve something difficult; a solution. ખુલાસો; કુંચી; સમજુત; વ્યાખ્યા; ટીકા. 5. A piece of wood used as a wedge. ખીલી; ખુંત; ફાચર. 6. A key stone. કમાનનો વચ્ચેનો પત્થર. 7. A cotter; a force-lock. ફાચર; કળ. 8. (a) A family of tones. સુરનું ઘર; કુંચી; કળ.(b) Keynote=કળ. K. of position or country. કોઈ દેશમાં, જગ્યામાં ખરા દાવનું,પેસવાનું સ્થળ.Power of K.S.ધર્માધર્મ વિષે ન્યાય કરવાનો અધિકાર. *vt.* To fasten or secure firmly.કુંચી દેવી;સજ્જડ ક.To keep up K.s (a) to raise=ચાલુ રાખવું. by driving in the keys tone forcibly. કમાનના વચ્ચેના પત્થરને ખુબ જોરથી ઠોકીને ઉંચોનીચો ખસેડવો.(b) (Mus.) To raise the pitch of. નો સુર ચઢાવવો.

Key age, *n.* (કી'એ,જ્)Wharfage;quayage. બંદર પર લેવાતી જકાત.

Key-board, *n.* (કી'બો,ર્ડ) પીઆનો વગેરે પરની કળ.

Key hole, *n.* (કી'હો,લ) A hole or aperture in a door or lock for receiving a key. કુંચી ઘાલવાનું બાકું. 2. A mortise for a key or cotter. સાલનો વેહ, દર. K. hole saw. સાંકડી પાતળી આરી.

Key-note, *n.* (કી'નો,ટ) The first tone of the scale in which a piece of passage is written. તાલનું ઘર. 2. The fundamental fact or idea. મુખ્ય વિષય-મુદ્દો.

Key-ring, *n.* (કી'રિંગ્) કુંચીનો લુમખો, ઝુડાની કડી.

Key-stone, *n.* (કી'સ્ટો,ન્) કમાનનો વચલો પથ્થર; મૂળ, સૌથી અગત્યનો સિદ્ધાંત.

Khaki, *a.* (ખૅ'કી) ખાખી રંગનું.

K. election, *n.*(ખૅ'કીઇલે'કશન્) લડાયક જુસ્સાનો લાભ લઇ ચુંટણીમાં વધારે મત મેળવાય એવી ચુંટણી.

Kick, *vt.* (કિક) To strike with the foot. પાટુ, લાત મારવી. To kick the beam=to be found deficient in weight. વજન-તોલમાં ઓછું થવું-નિકળવું. To kick the bucket=to

lose one's life; to die. મરી જવું; દેહ છોડવો. *vi.* To thrust out the foot with violence. લાત મારવી; પાટુ મારવું. 3. To recoil. નો પાછો ધક્કો-આંચકો આવવો-લાગવો. *n.* A blow with foot or feet. પાટુ; પાદપ્રહાર. 2. The projection on the tang of the blade of a pocket knife. ચપ્પુનું પાનું વાસતી વખતે હાથમાં અથડાય નહિ તેટલા માટે રાખેલી ઠેસ. 3. The recoil of a musket or other fire-arm when discharged. બંદુક છોડયા પછી બંદુકનો આવતો ધક્કો. **K. bucket.** મરી જવું. **K. upstairs.** ઉમરાવપદ અથવા ખિતાબ આપીને કોરે મુકી દેવું.

Kick shaw, *n.* (કિ'કશૉ) Something fantastical; a toy. કોઇ વિચિત્ર-તરેહવાર-વિલક્ષણ વસ્તુ. 2. A fancy dish. વિચિત્ર ભોજન; મનપસંદ જમણ.

Kid, *n.* (કિડ્) A young goat. બોકડું; બકરીનું બચ્ચું; લવારીયું; બોકડીયું. 2. A young child or infant. નાનું બચ્ચું; બાળક. 3. A kind of leather. બકરાનું ચામડું. 4. Gloves made of kid. બકરાના ચામડાનાં મોજાં. *vi.* To bring forth a young goat. બચ્ચાંને જન્મ આપવો; વિયાવું.

Kid, *n.* (કિડ્) A fagot; a bundle of wood and furze. લાકડાની ભારી; ઝુડી.

Kidnap, *vt.* (કિ'ડ-નૅપ) To take by force or fear against one's will. મનુષ્યનું હરણ કરવું; પકડી જવું; ઉપાડી જવું.

Kiddy, *n.* (કિ'ડી) છોકરું; બચ્ચું.

Kidderminster, *n.* (કિ'ડરમિનસ્ટર્) જુદા જુદા બે રંગની ગુંથણી, વણાટ.

Kid-napper, *n.* (કિ'ડનૅપર્) A man-stealer. મનુષ્યહરણ કરનાર.

Kidney, *n.* (કિ'ડની) Gland separating execretae and other waste products from the animal body. મૂત્રપિન્ડ; મૂત્રાશય; ગુર્દો. 2. Habit; disposition. ટેવ; સ્વભાવ; પ્રકૃતિ; આદત.

Kidney, *n.* (કિ'ડની) મૂત્રપિંડ; સ્વભાવ.

Kidney-bean, *n.* (કિ'ડનીબીન્) A sort of bean. અડદ.

Kill *vt.* (કિલ્) To deprive of life by any means. મારી નાંખવું; મારવું; રામશરણ પ્હોંચાડવું; નો જીવ, પ્રાણ લેવો; હત્યા કરવી; કતલ કરવી 2. To destroy; to ruin. નાશ કરવો; ખરાબ કરવું. 3. To quell; to still. ઠંડુ-શાંત પાડવું; શમાવવું; બંધ પાડવું. 4. To destroy the effect of. અસર કાઢી નાખવી; મારવું. **To kill time.** to waste time. વખત કાઢવો.

Killing, *a.* (કિ'લિન્ગ) An act of killing; fascinating. મારી નાંખવું તે; મોહ પમાડે તેવું; મોહક.

Kiln, *n.* (કિ'લ્ન) A large stove or oven. ભઠ્ઠા; નિભાડો; નિંભાડો;નિભાહ. 2. A furnace for burning bricks. ભઠ્ઠી.

Kiln-dry, *vt.* (કિ'લડ્રાય્) To dry in kiln. ભઠ્ઠીમાં કોરૂં કરવું-સુકવવું.

Kilogram, *n.* (કિ'લોગ્રૅમ્) A measure of weight being a thousand grams; equal to 2·046 lb. advoirdupois. આશરે પાકા (કાચા બે) શેર જેટલું તોલ.

Kilt, *n.* (કિલ્ટ્) કમ્મરથી ઢીંચણ સુધીનું વસ્ત્ર. (સ્કોટલૅન્ડમાં પહેરાય છે.)

Kimbo, *a.* (કિ'મ્બો) Crooked; arched. વળેલું; વાંકું; વક્ર; કમાનદાર.

Kin, *n.* (કિ'ન્) A primitive Chinese instrument. એક તરેહનું રેશમી તારવાળું ચિનાઇ વાજું.

Kin, *n.* (કિ'ન્) Relationship. સગાઇ; સગપણ; લોહીની સગાઇ. 2. Relatives. સગાંવહાલાં.

Kindred, *n. a.* (કિ'ન્ડ્રિડ્)સગાં વહાલાં; સંબંધી; સજાતીય.

Kinsfollk, *n.* (કિ'ન્સ ફોક્) Blood relation. સગાં સબંધી, વહાલાં; સગોત્ર ધરાવનારાં.

Kind, *a.* (કા'ઇન્ડ્) Natural; native. કુદરતી. 2. Congenial; sympathetic. નમ્ર; દયાળુ; કૃપાળુ; પરોપકારી;કૃપાવંત.વત્સલ.3.Showing tenderness; gracious. રહેમીઅતવાળું; માયાળુ; દયાળુ. 4. Proceeding from goodness. સારૂં; દયાજનક; મધુર; પ્રિય.

Kind, *n.* (કા'ઇન્ડ્) Race; genus. વર્ગ; જાતિ 2. Nature; style; sort. જાત; ભેદ; રૂપ; પ્રકાર. તરાહ.

Kindle, *vt.* (કિ'ન્ડલ્) To set on fire. સળગાવી દેવું; ચેતાવવું. 2. To inflame; to rouse. ઉત્તેજવું; ઉશ્કેરવું; ક્રોધ ચઢાવવો. *vi.* To take fire. સળગવું; ચેતવું; બળવું; લાગવું. 2. To begin to be excited. તપવું; તપી જવું; તપવા માંડવું; ચડવું. [L. *Candeo*, I burn.]

Kindler, *n.* (કિ'ન્ડલર્) One who or that which kindles, stirs or sets on fire. ઉશ્કેરનાર; સળગાવનાર; સળી મુકનાર.

Kindliness, *n.* (કા'ઇન્ડ્લિનિસ્) Natural inclination. મનોવૃત્તિ. 2. Benevolence; gentleness; પરોપકાર, દયા, સ્નેહભાવ; પ્રીતિભાવ.

Kindly, *a.* (કા'ઇન્ડ્લી) Natural. કુદરતી. 2. Humane; gracious; kind. માયાળુ; કૃપાળુ; દયાળુ; પરોપકારી. Favourable; mild; gentle. માફકસર; ધીમું; શાંત; અનુકૂળ; લાભકારક. *adv.* In a kind manner. માયાળુપણે; હોંશથી.

Kindness, *n.* (કા'ઇન્ડ્નિસ્) Beneficence. માયા; મહેરબાની; કૃપા; પરોપકાર; અનુગ્રહ; મહેર;

ભલાઇ. 2. A kind act. ઉપકાર; કૃપા; મહેરબાની; અહેસાન.

Kindred, *n.* (કિન્ડ્રિડ) Relationship by birth or marriage; affinity; kin. સગાઇ; સગપણ. 2. Relations. સગાં; સગાંવહાલાં (a) Related. મળતું; એક જાતનું; સજાતીય.

Kine, *n.* (કાઇન્) (*pl. of* cow) cows. ગાયો.

King, *n.* (કિન્ગ્) A chief ruler; a sovereign. રાજા; નૃપતિ; રાણો; નરેંદ્ર; શહેનશાહ; બાદશાહ 2. One who or that which holds a supreme position or rank. પ્રમુખ; મોટો સરદાર. 3. A playing card having the picture of the king. રાજાનું પત્તું; રાજા. 4. The chief piece in the game of chess. શેતરંજનો રાજા; બાદશાહ. K.'s Counsel. સરકારી વકીલ. King's English, pure English. શુદ્ધ અંગ્રેજી ભાષા *vt.* To supply with a King. રાજા બેસાડવો, ક૦.

King-craft, *n.* (કિંગ્-ક્રૅફ્ટ) The craft of Kings; Royal policy. રાજનીતિ; રાજ્યચાતુર્ય.

King-cup, *n.* (કિંગ્-કપ્) The common butter-cup. એક જાતનું જંગલી ફુલ.

Kingdom, *n.* (કિંગડમ્) Royal authority; sovereign power. રાજત્વ; પ્રભુત્વ; રાજસત્તા; રાજ્યપદ; રાજ્યાધિકાર. 2. The territory or country subject to a king or queen. રાજ્ય-મુલક. 3. A principal division; a department. મહાકોટિ; મોટો વર્ગ; જાત. Animal K. પ્રાણિમાત્ર; જીવકોટિ. **Vegetable K.**=વનસ્પતિ માત્ર. **Mineral K.**=ખનિજ માત્ર, વર્ગ.

King-fisher, *n.* (કિંગ્-ફિશર્) Any one of numerous species of birds, constituting the family aleedo. એક જાતનું જળચર પક્ષી.

Kingly, *a.* (કિંગ્લી) Regal; royal; imperial. રાજાનું; રાજસત્તાક. 2. Becoming a king. અમીરી; દરબારી; ભવ્ય.

King's-bench, *n.* (કિંગ્સ્-બેંચ્) The highest court of common law in England. સૌથી મોટી સામાન્ય કાયદા કચેરી.

King-ship, *n.* (કિંગ્-શિપ) Royalty. રાજ્યપદ; રાજાધિકાર; નૃપત્વ.

King's-evil, *n.* (કિંગ્સ્-ઈવલ્) The scrofula કંઠમાળ.

Kin's-folk, *n.* (કિંન્સ્-ફોક્) Relatives; kindred; kin. સગાં: સગાંવહાલાં; બંધુજન; બંધુવર્ગ.

Kins-man, *n.* (કિંન્સ્-મન્) One related by blood. સગો; સંબંધી; બંધુજન; સ્વજન; કુટુંબી; સપિંડ; સગોત્ર.

King-maker, *n.* (કિંગ્-મેકર્) One who places kings on the throne. રાજા બનાવનાર, કરનાર, ઉડાવી નવો સ્થાપનાર.

King of Kings, પરમેશ્વર; ઈશ્વર. K. of Terrors. મૃત્યુ; મોત; મરણ.

Kip, *n.* (કિપ્) The hide of a young beasts. ન્હાનાં ઢોરનાં ચામડાં.

Kipe, *n.* (કાઇપ્) An osier basket used for catching fish. માછલીઓ પકડવાની ટોપલી.

Kip-skin, *n.* (કિપ્-સ્કિન્) Leather prepared from the skin of young or small cattle. ન્હાનાં ઢોરનાં સાફ કરેલાં ચામડાં.

Kirk, *n.* (કર્ક્) Church. મંદિર; દેવાલય.

Kirked, *a.* (કર્ક્ડ્) Turned upward; bent. વળેલું; વાંકું; વક્ર.

Kirk-man, *n.* (કર્કમન્) A priest. પાદરી. 2. A member of the church. ધર્મપંથી.

Kismet, *n.* (કિસ્મેટ્) Destiny; fate. નસીબ; ભવિષ્ય.

Kiss, *vt.* (કિસ્) Salute with the lips. બચ્ચી, બક્કી, ચુમી, ચુંબન ક૦. 2. To touch gently. સ્હેજ, ધીમેથી અડકવું. *vi.* To make salutation with the lips. બચ્ચી ક૦; વહાલથી અડકવું. *n.* Salutation with the lips. બચ્ચી; બક્કી; ચુંબન; ચુમી.

Kisser, *n.* (કિસર્) One who kisses. બચ્ચી કરનાર; ચુંબન કરનાર

Kist, *n.* (કિસ્ટ્) A chest; hence a coffin. પેટી; શબપિટિકા. *n.* Payment of rent for land. હફ્તો.

Kit, *vt.* (કિટ્) To cut. કાપવું. *n.* Kitten. બિલાડીનું બચ્ચું. 2 A small violin. ન્હાના બેઠા સુરની સારંગી.

Kit, *n.* (કિટ્) A large bottle. મોટો સીસો. 2. A wooden tub or pail smaller at the top than at the bottom. લાકડાનું પીપ. 3. A straw or rush basket. સળીની ટોપલી. 4. A whole outfit. બધો ખટલો; સરસામાન; ગવાળો.

Kitchen, *n.* (કિચન્) A cooking room. રાંધવાની ઓરડી; રસોડું; રાંધણીયું; પાકશાળા 2. A roasting meat. શેકાતો ખોરાક. [L. *culina*, kitchen]

Kitchen-garden, *n.* (કિચન ગાર્ડન્) A field or garden of vegetable. શાકભાજીનું ખેતર; વાડી.

Kitchener, *n.* (કિચનર્) A cook. રસોઇઓ, -યો; પાચક.

Kitchenery, *n.* (કિચનરી) A body of servants employed in the kitchen. રસોઇઆ.

Kite, *n.* (કાઇટ્) Any rapacious bird of the hawk kind. સમળી; સમડી; ચીલ. 2. A light frame of wood or other material covered with paper or cloth for flying in the air at the end of a string. પતંગ; કનકવો; પી; ટુક્કલ. 3. A lofty sail, carried only when the wind is light. પવન ઓછો હોય તે વખતે ચઢાવવાનો મોટો સઢ. 4. An accommoda-

tion cheque or bill. જામીનહુંડી, ચેક. *vi* To raise money by kites. હુંડી-ચેક લખી નાણું ભેગાં કરવાં.

Kite, *n.* (કાઇટ્) Belly. પેટ; હોજરી.

Kith, *n.* (કિથ્) Kindred. ઓળખીતું; સગું.

Kitling, *n.* (કિ'ટલિંગ્) A young kitten. બિલાડીનું બચ્ચું.

Kitten, *n.* (કિ'ટન્) Young one of cat. બિલાડીનું બચ્ચું; બચ્ચાં.

Knack, *vi.* (નૅક્) To crack; to chink. તરડવું. 2. To speak affectedly. ઢોંગથી, આડંબરથી બોલવું. *n.* A toy; a playing thing. રમકડું; ખેલ; જુક્તિ. 2. Skill; dexterity. ચાતુર્ય; હથોટી; કરામત; કસબ. 3. A trick; a device. જુક્તિ; કળ; પેચ; કિસબ.

Knacker, *n.* (નૅ'કર્) A harness maker. ઘોડાનો સામાન બનાવનાર. 2. One who slaughters worn out horses and sells their flesh for dog's meat. કુતરાને ખાવા સારૂ ઘોડાનું માંસ વેચનાર.

Knacky, *a* (નૅ'કી) Cunning; crafty. લુચ્ચું; કપટી; પેચી; કરામતી.

Knag, *n.* (નૅગ્) A knot in wood; a portuberance. ગાંઠ; ગાંઠો. 2. A wooden key for hanging things on. ખીલી; ખીંટી. 3. A prong of anther. સાબરશીંગ. 4. The rugged top of a hill. ટેકરી; કાંગરો.

Knaggy, *a.* (નૅ'ગી) Knotty; rough. ગાંઠાવાળું.

Knap, *n.* (નૅ'પ્) A sharp blow or slap. થપ્પડ; તમાચો; ધોલ; લપડાક *vt.* To bite. બચકું ભરવું. 2. To rap; to snap. જરા ખખડાવવું; થપ્પડ મારવી.

Knappish, *a.* (નૅ'પ્પિશ્) Snappish; peevish. ચીડીઓ; રીસાળ; ડાચી નાંખે એવો.

Knap-sack, *n.* (નૅ'પ સૅક) A case of canvas or leather for carrying necessaries or the clothing. ઝોપણો; બચકો; ખડીઓ; પાકીટ; થેલી.

Knar, *n.* (ના'ર્) ઝાડ ઉપરની ગાંઠ; છાલ, લાકડાનો ગઠ્ઠો.

Knave, *n.* (ને,'વ્) A boy. ચાકર. 2. Any male servant; a menial. ગુલામ; ચાકર. 3. A rogue; a villain. ઠગ; ઠગબાજ; ધુતારો. A pack or crew of knaves. મંડળ ચોકડી; ધૂર્તમંડળ. 4. A playing card marked with the figure of a servant; jack. ગુલામ (પત્તાનો.)

Knavery=હરામખોરી; લબાડી; ધૂર્તતા; ઠગબાજી; દગલબાજી; ઠગવિદ્યા.

Knavess, *n.* (ને,'વિસ્) A knavish woman. ઠગારી; ધુતારી; લુચ્ચી; છીનાળ.

Knavish, *a.* (ને,'વિશ્) Fradulent; dishonest; villainous. લુચ્ચો; ઠગ; હરામખોર; દગાબાજ; દગલબાજી; ધૂર્ત; હરામી. 2. Mischievous; roguish. ચેષ્ટાબાજ; ઉત્પાતી; ચેષ્ટાખોર; મસ્તીખોર.

Knavishly, *adv.* (ને,'વિશલિ) In a knavish manner. લુચ્ચાઇથી; ઠગાઇથી; ધુત્તાઇથી; દગલબાજીથી.

Knead, *vt.* (નીડ્) To work and press into a mass with the hands. ટૂંપવું; ગુંદવું; બાંધવી. To treat or form by kneading. ગુંદીને બનાવવું, બાંધવું.

Knee, *n.* (ની) In man the joint in the middle part of the leg. ઘુંટણ; ઢીંચણ; જાનુ. 2. The joint or region of the joint between the thigh and leg. ઘુંટણ ઉપરનો ભાગ.

Knee-cap, *n.* (ની'કૅપ્) ઘુંટણનું હાડકું; ઘુંટણ પરનો બખ્તરનો ભાગ.

Knee-deep, *a.* (નીડી'પ્) ગોઠણ જેટલું ઉંડું; ગોઠણુંવા.

Kneel, *vi.* (નીલ્) To bend the knee. ઘુંટણીએ પડવું.

Knee-pan, *n.* (ની'પૅન્) The patella; the knee-cap. ઢીંચણની કાચલી; જાનુફલક.

Knell, *n* (નેલ્) A death signal. મરણ, અથવા શબ લઇ જતી, વખતે વગાડેલો ઘંટ; પ્રેતઘંટ; મૃત્યુઘંટ. *vt.* To summon as by knell. ઘંટ વગાડીને બોલાવવો.

Knickerbockers, *n* (નિ'કરબૉકર્ઝ) સુંથણો; ઢીલાં બ્રિજીસ, બાંડીજ; વલંદા ઓલાદના ન્યુયૉર્કના રહીશ.

Knick-knack, *n.* (નિ'ક નૅક્) A trifle or toy. રમકડું; હલકું, તકલદી રમકડું; ખેલ; જુગતિ.

Knife, *n.* (નાઇફ્) An instrument consisting of a thin blade usually of steel and having a sharp edge for cutting. છરી; છરો; પાળી; સુડો; ચકકુ; ચપ્પુ. A sword or dagger. કટાર, તલવાર. **K. grass.** ચપ્પુની ધાર જેવું ઘાસ. War to the K. લોહીલુહાણ લડાઇ. *vt.* To prune with the knife. ખુટવું; ડાબવું; સમારવું. 2. To cut or stab with a knife. છરાવતી કાપવું, મારવું.

Knight, *n.* (નાઇટ્) A young servant or follower. નોકર; ચાકર. 2, (a) In feudal times a man at arms. ફ્યુડલ પદ્ધતિ પ્રમાણે શસ્ત્રધારી સૈનિક. (b) One on whom knighthood, a dignity next below that of baronet is conferred, to be addressed as *sir*. જેને સરનો ઇતાબ મળ્યો હોય તે પુરૂષ; સરદાર; બહાદુર; નાઇટ. (c) A champion; a partisan; a lover. વીર પુરૂષ; અગ્રણી; શૂરવીર; આસક. A piece used in the game of chess usually bearing a horse's head = શેતરંજનો ઘોડો. K. of the post. જુઠી સાક્ષી પુરનાર. *vt.* To dub or create a knight. સરનો ખિતાબ-પદવી આપવી.

Knight-hood, *n.* (નાઇટ્-હુડ્) The character, dignity or condition of a knight; chivalry. નાઇટ નામના સરદારની પદ્વી-ઓદ્ધો-સ્થિતિ; અમીરી; ક્ષત્રિય સુજનતા. 2. The whole body of knights. સરમંડળી.

Knightly, *adv.* (નાઇટ્લી) Becoming a knight. નાઇટને યોગ્ય એવું. *adv.* In a manner becoming a knight. નાઇટના જેવી રીતે.

Knit, *vt.* (નિટ્) To form into a knot or knots. બાંધવું; ગાંઠ વાળવી-બાંધવી-પાડવી. 2. To form as a textile fabric by interlacing of yarn or thread in a series of connected loops by means of needles either by hand or machinery. ગુંથવું; તુણવું. 3. To join. સાંધવું; જોડવું; ભેગું કરવું. 4. To unite closely. એકઠું, એકત્ર કરવું. 5. To draw together. સંકોચવું;ચઢાવવું. *vi.* To form a fabric by interlacing yarn or thread. ગુંથવું. To be united closely. જોડાવું; સંધાવું.

Knob, *n.* (નૉબ્) A hard protuberance. બહાર પડતી ગાંઠ; ગાંઠો; ગુઠો; ગુંચ; ગ્રંથિ; ટોચકું. 2. A knob-like ornament or handle. દટ્ટો; બારણાનો હાથો. 3. A rounded hill or mountain. ટેકરી. K. latch. કુંચી વગર દટ્ટાથી વાસવાની કળ.

Knobby, *a.* (નૉબી) Full of knobs. ગાંઠાવાળું. 2. Irregular. અનિયમિત. 3. Hilly. ટેકરા-ટેકરીવાળું.

Knock, *vi.* (નૉક્) To drive or be driven against something; clash. અથડાવું; અફળાવું; પછડાવું. 2. To strike with something hard or heavy. ઠોકવું. **To knock about** = to wander about રખડવું; રઝળવું; ભટકવું. **To be knocked up**=to fail of strength. થાકી જવું; તુટી પડવું. **To knock off** = to desist. અટકવું; વિસામવું; બંધ પડવું. **To knock under** = to yield. શરણ થવું; નમવું; આધીન થવું; તાબે થવું. *vt.* To strike with something hard or heavy. ઠોકવું; અથડાવું; પછડાવું; ફટકારવું. To rap upon as a door. બારણું ઠોકવું. **To knock down** = to strike down; to fell. ઠોકી, મારી પાડવું; પાડી નાંખવું; જમીનદોસ્ત કરવું. (b) To assign to a bidder in an auction. હરાજીમાં માગણી કરનારને આપવું. To knock on the head or in the head = to defeat; to frustrate; to quash. નું કાટલું કાઢવું; અંત આણવો; ભાંગી પાડવું. **To knock off** = (a) To force off by a blow or by beating. ઠોકી પાડવું. (b) To assign to a bidder at auction. હરાજીમાં છેલ્લા માગણી કરનારને આપવું. (c) To leave off=છોડી દેવું. **To knock up.** 2. (a) To arouse by knocking. ઠોકીને જગાડવું. (b) To tire out=થકવી નાંખવું; થકવીને લોથ કરી નાંખવું. 1. Blow=ભારે વસ્તુનો ઘા;ઠોક; પ્રહાર. 2. A rap. બારણું ઠોકવું તે-તાડન. **K. down**=પછાડી નાંખે એવું; હરરાજીમાં ઓછામાં ઓછી કિંમત. **K. about**=નુકશાન કરવું; રખડવું. ધમપછાડીઓ. **K. kneed**=રાંટા, એક બીજા સાથે અથડાતા પગવાળો. **K out**=હરાજીમાં એક સંપીથી માલ સસ્તો લઈ લેવાનું કાવતું. **K. up**= ચઢાવતા જવું; ઠોકી જગાડવું; થાકી જવું.

Knocker *n.* (નૉકર્) One who or that which knocks. ઠોકનાર; બારણું ઠોકવાનું કડું, ની કડી.

Knoll, *n.* (નોલ્) A little hill or mount. ટેકરી; નાની ટેકરી; ડુંગરી.

Knoll, *vt.* (નોલ્) To ring as a knell. મરણને વખતે ઘંટ વગાડવો. A bell. ઘંટ.

Knot, *n.* (નૉટ્) A fastening together of the parts or ends of one of more threads. ગાંઠ. A lump or loop formed in a cord, thread, rope &c. ગુંચવાયેલી ગાંઠ; ગુંચ. An ornamental tie. ગાંઠ; ગુંથણી. 2. A bond of union; a tie. સંબંધ; ગ્રંથિ. 3. An intricacy; a perplexity; a problem. કોયડો. ગુંચવાયલી; ગુંચવણની વાત. 4. A cluster of persons or things; a collection; a group; a band. ચોકડી; મંડળ; ટોળું; ટુકડી; ઝુમખો; ગુચ્છો. 5. The gist of a matter. મુદ્દો; ગાંઠ. 6. A nautical mile. દરિયાઇ માઇલ. *vt.* To tie in or with. ગાંઠ વાળવી. 2. To unite closely. સજ્જડ જોડવું; બાંધવું. 3. To puzzle. ગુંચવવું. *vi.* To form knots. ગુંચવાવું. 2. To copulate (said of toads). (દેડકાઓનું) મૈથુન કરવું.

Knotty, *a.* (નૉટી) Full of knots. ગાંઠવાળું; ગ્રંથિમય. 2. Hard. કઠણ; મજબુત. 3. Difficult. મુસ્કેલ; ગુંચવણ ભરેલું; વિષમ; ગહન; ગૂઢ; ગૂઢાર્થી.

Knout, *n.* (નાઉટ્) A kind of whip for flogging criminals. સજા કરવાનો ચાબકો; ચાબુક.

Know, *vt.* (નો,)To understand. જાણવું-ને ખબર માહિતી હોવી-સમજવું; નું જ્ઞાન હોવું. 2. To be convinced of the truth of. ની ખાત્રી હોવી. 3. To be acquainted with; to be familiar with. ઓળખાણ હોવી; નો પરિચય હોવો; થી જાણીતા, માહિતગાર હોવું; નો અનુભવ થવો; માં સમજવું 4. To recognize. ઓળખવું; ઓળખી, પારખી કાઢવું. 5. To have sexual commerce with. જોડે સંભોગ-મૈથુન કરવું-ની પાસે જવું-ગમન કરવું. *vi.* To have knowledge of. જાણવું-ને ખબર હોવી. 2. To be assured. ખાત્રી થવી.

Knowable, *a.* (નો,'અબલ્) That may be known. જાણી શકાય તેવું-જ્ઞેય-જ્ઞાનગમ્ય; જ્ઞાતવ્ય; બુદ્ધિગમ્ય.

Knowing, *a.* (નો'ઇંગ) Skilful. ચતુર; સમજુ; હોશિયાર; ખબરદાર; વાકેફ; પ્રવીણ; સમજદાર; વિચક્ષણ. 2. Artful; cunning. લુચ્ચો; કપટી; પક્કો; ખળ.

Knowingly, *adv.* (નો'ઇંગ્લી) With knowledge. જાણીજોઇને; જાણીબુજીને.

Knowledge, *n.* (નૉ'લિજ્) The act or state of knowing; cognition. જ્ઞાન; સમજણ. 2. That which is or may be known. જ્ઞાન; માહિતી; ખબર. Instruction; learning. જ્ઞાન; વિદ્યા; વિદ્વત્તા; પ્રવીણતા; નિપુણતા. Divine or spiritual knowledge. બ્રહ્મજ્ઞાન; બ્રહ્મવિદ્યા; તત્વજ્ઞાન; પરમાર્થવિદ્યા. 4. Practical skill. માહિતી; અનુભવ; ખબર;જ્ઞાન;ખબરદારી;ચતુરાઇ. 5. Notice; cognizance. માહિતી; જાણ. 6. Sexual intercourse. સંભોગ; ગમન; રતિક્રિયા; મૈથુન.

Knuckle, *n.* (ન'કલ્) The joint of a figure. હાથના આંગળાનો સાંધો; વેઢો; હાથના આંગળા વાળવાથી થયેલો ઢેકો. 2. The knee joint of a quadruped. પશુના પગનો સાંધો-ઢીંચણ. 3. The joint of a plant. છોડની ગાંઠ. *vi.* To yield; to submit. નમવું-શરણ-તાબે-વશ-આધીન થવું. *vt.* To pommel. આંગળીના ઢેકાથી ટકોરા મારવા.

Knut, *n.* (નટ્) જુવાનીઓ; રંગીલો.

Kohl, *n.* (કોલ) કાજળ; મેસ.

Kotow, *n.* (કટા'ઉ) પૂજા, તાબેદારી દર્શાવવા ચીના લોક જમીન સુધી કપાળ નમાવે છે તે.-*v.* તેવું નમન કરવું; બહુજ તાબેદારીથી વર્તવું.

Koumiss,*n.*(કૂ'મિસ્) ઘોડીના દૂધનો આસવ, દારૂ.

Kourbash, *n.* (કુ'ર્બૅશ્) ચામડાનો ચાબુક.

Kremlin, *n.* (ક્રે'મલિન્) રૂશિયાનો શાહી દુર્ગ.

Krone, *n.* (ક્રો,'ન) ઑસ્ટ્રીઆ (દશ પેન્સ), ડેનમાર્ક, નૉર્વે, અને સ્વીડન (ર૧ પેન્સ)નું રૂપાનાણું; જર્મની (દશ માર્ક)નું સોનાનાણું.

Kukri, *n.* (કુ'ક્રી) ગુરખાનો મોટો વાંકો છરો.

Kultur,*n.*(કુલટૂ'ર) સંસ્કૃતિ; કેળવણી. [German].

Kyanise, *vt* (કા'યૅનાઇઝ) To render (wood) proof against decay by saturating it with solution of corrosive sublimate in open tanks or under pressure. લાકડું સડી ન જાય માટે રસકપૂર લગાડવો કે એવી બીજી ક્રિયા કરવી.

L.

L, (એલ્) The twelfth letter and ninth consonant of the English alphabet. 2. Roman symbol for 50. અંગ્રેજી મૂળાક્ષરનો બારમો અક્ષર ર. રોમન અંકમાં પચાસ માટેની સંજ્ઞા.

La, *inter.* (લા) Look, see, behold, lo! જોજો; જુઓ. *n.* 2. Tone. ગાયનનો સુર.

Label, *n.* (લે,'બલ્) A slip of silk, paper &c. affixed to anything to indicate something. નિશાની સારૂ મારેલી ચિઠ્ઠી; ચક્તિ; લેબલ; ટિકિટ. 2. A writing annexed by way of addition. વધારો; પુરવણી. *vt.* To affix a label to. ઉપર ચિઠ્ઠી ચોંટાડવી, મારવી, વળગાડવી.

Labial, *a.* (લે'બિઅલ્) Pertaining to the lips. ઓષ્ઠસ્થાની; ઓષ્ઠય. *n.* Sound formed or uttered chiefly by the lips. ઓષ્ઠસ્થાની અક્ષરવર્ણ. 2. A flue-pipe. એક જાતની વાંસળી, વાજું.

Labio-dental, (લે'બિયો ડેન્ટલ્) Pronounced by the aid of the teeth and the lips together. દંતઓષ્ઠસ્થાની.

Laboratory, *n.* (લૅ'બરે,ટરી) A chemist's workroom. પ્રયોગશાળા. 2. A place where something is prepared. કારખાનું.

Laborious, *a.* (લેબો'રિયસ્) Requiring labour; toilsome; tiresome. મેહનત પડે એવું; શ્રમ, કષ્ટવાળું; કંટાળા ભરેલું. 2. Diligent; clever; industrions. મેહનતુ, શ્રમ લેનાર; ઉદ્યોગી; કામગરૂ.

Laboriously, *adv.* (લેબો'રિયસ્લી) Diligently; industriously. મ્હેનત, શ્રમપૂર્વક. પ્રયત્નપૂર્વક.

Laboriousness, *n.* (લેબો'રિયસનિસ્) Industry; diligence. ઉદ્યોગ; ખંત; પરિશ્રમ; ઉદ્યમ, દુઃખ, શ્રમ પ્હોંચાડે એવું હોવું તે.

Labour, Labor, *n.* (લે,'બર્) Exertion; work. મ્હેનત; આયાસ; પરિશ્રમ. 2. Pang; distress. વેદના; દુઃખ. 3. Whatever requires hard work. મજુરીનું-વૈતરાનું કામ; મજુરી; વૈતરૂં. 4. The pangs and efforts of childbirth. પ્રસુતિવેદના. *vi.* To work hard; to toil; to take pains. મ્હેનત, પ્રયાસ, મજુરી કરવી. 2. To suffer from the pangs of childbirth. પ્રસુતિ વેદનામાં હોવું. *vt.* To till; to cultivate. મ્હેનતથી ખેડવું, સુધારવું. 3. To beat. ગુંદીપાક આપવો; મારવું. [Fr. L. *labor*, *laboris*, to labour]. **L. of love** = હોંશથી લીધેલું, કરેલું કામ.

Laboured, *v.* (લે,'બર્ડ્) Worked hard; completed after labour. મેહનત કરી; માથાકુટ કરી. *a.* Accomplished with difficulty; not easy. મેહનતથી કરેલું; શ્રમસિદ્ધ; કષ્ટસિદ્ધ.

Labourer, *n.* (લે,'બરર્) One who labours; a man who does work that requires little skill or special training as opposed to a

skilled artisan; a manual worker. મજુરી, વૈતરૂં કરનાર; મજુર; વૈતરો; દાંડીઓ; રોજીઓ.

Laboursome, *a.* (લે,'બરસમ્) Labourious; requiring great labour. મેહનતવાળું; કષ્ટદાયક.

Labyrinth, *n.* (લૅ'બીરિન્થ્) An intricate enclosure in a park; a maze. ભુલભુલામણી. 2. A place full of intricate passages or ways. આડા અવળા રસ્તાવાળી જગ્યા; અતિ ગહન પ્રદેશ. 3. An inexplicable difficulty. ગુંચવણ ભરેલી મુશીબત; ગોટાળો. 4. A part of the internal ear. કાનની અંદરનો એક ભાગ. 5. An object of complicated nature. ગુંચાએલ વાત, મામલો,વસ્તુ.[L. *laburinthus,*Gr.*laburinthos,* uncertain].

Labyrinthian, Labyrinthine, *a.* (લૅબરિ'ન્થિયન્, લૅબરિ'ન્થાઇન્-થિન્) Perplexed; like a labyrinth. મુશ્કેલ, અઘરૂં; ગુંચવણવાળું; આડાઅવળા રસ્તાવાળું; ગહન.

Lac, *n.* (લૅક્) A resinuous substance. રાળ જેવો પદાર્થ; સીલ કરવાની-ચોટાડવાની લાખ 2. One hundred thousand. એક લાખ; લક્ષ [Fr. *laque,* Per. *lak.,* Sanskr. *laksha*].

Lace, *n.* (લે,સ્) Fine threads of silk or linen &c., used for decorating the female dresses. પટી; ફીત, કોર, લેસ, કલાબુત. 2. Cord or string used in tying boots. બુટ બાંધવાની દોરી *vt.* To fasten with a lace. ગુંથેલી દોરીથી બાંધવું. 2. To adorn with lace. કોર-ફીત મુકવી. *vi.* To be fastened with a lace. ફીતારી ચોટવી; ફીત રાખવી. [*Fr. lace.* L. *laques,* a nose, snare.]

Laced, *a.* (લે,સડ) Decorated with lace. ફીત-કસબી, કોર ચ્હોડેલું.

Lacerable, *a.* (લૅ'સરબલ્) That which can be torn or lacerated. ચીરી-ફાડી શકાય એવું.

Lacerate, *vi.* (લૅ'સરે,ટ્) To tear; to rend. ફાડવું; ચીરવું; ઉઝળવું; ઉખેડવું. 2. To torture. દુઃખ દેવું; રીબવું. [L. *lacers.* F. *lacer,* mangled or torn].

Laceration, *n.* (લૅસરે,'શન્) The act of lacerating.2. The breach made by rending. ૧. વિદારણ. ૨. ગાપચું; ઘા; ચીર; છિદ્ર.

Lacing, *n.* (લે,'સિંગ્) Fastening with a lace or cord. ગુંથેલી દોરી પરોવીને, કોર બાંધવી તે. 2. A cord used in tying the sail of a ship. શઢને બાંધવામાં વપરાતી એક દોરી.

Lack, *n.* (લૅક) Deficiency; want; need. ખોટ, જરૂર, અભાવ, ખામી, ન્યૂનતા. *vt.* To want, to need. ખોટ-જરૂર હોવી-કમી હોવું. *vi.* To be wanting. ખુટવું; ઘટવું; કમી હોવું. 2. To be in want. તંગી-અડચણમાં હોવું, *interj.* Exclamation of surprise or regret. તોબા તોબા; અફસોસ; અરેરે ! [Dan. *lac,* fault, want].

Lack-a-day, *interj.* (લૅક-અ-ડે) Alas ! હાય હાય !, અફસોસ ! ગજબ ! ગજબ !; તોબા ! તોબા ! !

Lack-brain, *a.* (લૅ'કબ્રે,'ન્) Deficient in understanding; witless. કમ અક્કલ; મુરખ *n.* A blockhead, a person who is deficient in brain power. થોડી અક્કલવાળો માણસ; મૂઢ.

Lacker, Laquer, *n.* (લૅ'કર્) One who lacks or is in want of. તંગી-જરૂરવાળો માણસ. 2. A kind of varnish. એક જાતનો રોગાન.

Lackey, *n.* (લૅ'કી) An attending male servant; a footboy; a footman. ખીજમતગાર, હજુરીયો; પટ્ટાવાળો; ચાકર પાર્શ્વાનુચર; ખવાસ; ગોલો. *vt.* To attend as a lackey; to wait upon. ચાકરી કરવી. ખીદમત ઉઠાવવી; બરદાસ કરવી. *vi.* To act as a lackey. ચાકરની માફક કામ કરવું [F. *laquais*].

Laconic-al, *a.* (લૅકૉ'નિક-લ્) Short, brief, pithy. ટુંકાણમાં કહી નાંખનાર-જવાબ દેનાર; મિતભાષી; અલ્પાક્ષર 2. Stern; cruel. કઠોર; ક્રૂર નિષ્ઠુર. [L. *laconicus.*]

Laconically, *adv.* (લૅકૉ'નિકલી) Pithily, briefly. ટુંકમાં; સંક્ષિપ્તપણેથી.

Laconicism, Laconism, *n.* (લૅકૉ'નિસિઝમ-લૅકૉ'નિઝમ્)A concise style.અલ્પાક્ષર,સંઘટ ભાષણ, શૈલી. 2. A brief or laconic phrase or expression. ટુંકમાં કહી નાંખેલો દાખલો; મિત ભાષણ; સૂત્ર. [F. *laceniame.*]

Laconize, *vi.* (લૅ'કોનાઇઝ્) To speak in a brief, pithy style. ટુંકમાં બોલવું; અલ્પ, તદ્દન થોડું, સૂત્રશૈલીથી બોલવું.

Lacquer, *n.* (લૅ'કર્) A sort of sealing wax. એક જાતનો રોગાન, લાખ. *vt.* To cover with lacquer. રોગાન લગાડવો; લાખવું. [F. *lacre.*]

Lacquerer, *n.* (લૅ'કરર્) One who does the work of lacquering. લાખનાર; રોગાન લગાડનાર.

Lacquering, *n.* (લૅ'કરિંગ્) The act of applying sealing wax. રોગાન લગાડવાની ક્રિયા.

Lactation, *n.* (લૅક્ટે',શન્) The act of suckling; the function of secreting and excreting milk. સ્તન પાન કરાવવું-ધવડાવવું તે; ધાવણ.[L. *lacto,* I give suck. F. *lactis,* milk.]

Lacuna, *n.* (લૅ'કયુના) A ditch. ખાડો; ગાળો; તમીઆસા ભાગ

Lacteal, *a.* (લૅ'કટીઅલ્) Pertaining to chyle. અન્નરસવાહક. 2. Pertaining to milk; milky. દુધનું-સંબંધી. *n.* The vessels conveying the chyle. અન્નરસવાહિની. [L. *lacteus*, milky].

Lacteous, *a.* (લૅકટીઅસ્) Milky. દુધનું-સંબંધી. 2. Conveying chyle. અન્નરસચાલક, અન્નરસવાહક.

Lactic, *a.* (લૅ'કિટક્) Pertaining to milk. દુધનું-સંબંધી. 2. Produced from sour milk or whey. છાસમાંથી ઉત્પન્ન થતું, મળતું [L. *lactis*, milk.]

Lactiferous, *a.* (લૅકિટ'ફરસ્) Containing milk or milky fluid. દુધ અગર દુધ જેવા પદાર્થવાળું; દુધવાહક-પ્રવાહક.

Lactometer, *n.* (લૅકટૉ'મીટર્) An instrument for ascertaining the purity of milk. દુધ શુદ્ધિદર્શક યંત્ર, દુગ્ધપરીક્ષક. [L. *lactis.*]

Lad, *n.* (લૅડ્) A stripling; a young man or boy. છોકરો; જુવાનીયો; કુમાર; પોરીઓ. 2. Comrade; fellow. સોબતી; સંગાથી; સાથી. [G. E. *ladde.*]

Ladder, *n.* (લૅ'ડર્) An article of wood, metal or rope consisting of two long side-pieces connected by several cross pieces forming steps by which persons may ascend or descend. નિસરણી; સીડી; દાદર. 2. A means of rising to eminence. ઉચ્ચ પદ્દવી પ્રાપ્ત કરવાનો રસ્તો. [O. E. *laddre*].

Lade, *vt.* (લે,ડ્) To put a load or cargo on or in; to load. લાદવું; ઉપર-માં ભરવું. *n.* 2. A ditch. પાણી જવાનો રસ્તો; ખાઈ. *vi.* To draw water. પાણી ખેંચવું (*p.* laded, *pp.* laden.) [A. S. *hladen*, to heap.]

Lading, *n.* (લે'ડિંગ્) Load; cargo. ભરેલો માલ; ભાર. 2. The act of loading. ભાર ભરવાનું કામ; લાદવું તે.

Lad-kin, *n.* (લૅ'ડ્-કિન્) A small boy. નાનો છોકરો; પોરીઓ.

Ladle, *n.* (લૅ'ડલ્-લે,'ડલ) An utensil like a spoon used in serving liquid foods. પળી; કડછી; ડોઇ; પળો. **Perforated ladle**=ઝારો; ઝરણી. Gun laddle = An instrument for drawing the charge from the gun, તોપનો ભાર કાઢવાનું હથીયાર, સળીયો, ગજ. *vt.* To serve with a ladle. કડછીથી પીરસવું-કાઢવું. [A. S. *hladel*, *hladan*, to draw water].

Ladleful, *a.* (લે''ડલફૂલ) As much as can be contained in a ladle. કડછીભેર; કડછીમાં માય તેટલું.

Lady, *n.* (લે,'ડી) A woman of rank or distinction (co-relative of *Lord*). આબરૂદાર સ્ત્રી; શેઠાણી; બાનુ; બાઇસાહેબ. 2. A woman of good breeding, education and refinement. સારી રીતે કેળવાએલી, સારા કુટુંબની, સભ્ય સ્ત્રી. 3. The female head of the household; mistress of the house. ગૃહિણી; ગૃહચારિણી. 4. A wife; a married woman. બા; ભાર્યા. **Lady in waiting** = A female servant who attends upon persons of rank. શેઠાણીની દાસી. **Lady's maid** = દાસી; લુંડી; ચાકરડી. [A. S. *hloef*, a loaf and *dey*, servant maid].

Lady-bird, *n.* (લે',ડીબર્ડ્) A species of winged insects. એક જાતનું જીવડું; ઇન્દ્રગોપ.

Lady-day, *n* (લે,'ડીડે) 25th of March, the day of the annunciation of Virgin Mary. ૨૫મી માર્ચ.

Lady-like, *a.* (લે,'ડી-લાઇક્) Like a lady in manners, well-bred woman. કુલીન, સભ્ય સ્ત્રી જેવી સુવિનીત. 2. Fit or becoming a lady. સભ્ય સ્ત્રીને છાજે-ઘટે એવું. 3. Tender; delicate. સુકુમાર; મૃદુ; નાજુક; કોમળ.

Lady-love, *n.* (લે,'ડીલવ્) A sweetheart. પ્રિયા; પ્રિયતમા; કાંતા; પ્રાણપ્રિયા; માશુક.

Lady-finger, *n.* (લે,'ડીફિંગર્) A kind of vegetable. ભીંડા.

Ladyship, *n.* (લે,'ડીશિપ્) The rank or position of a lady. કુલીન સ્ત્રીનો મરતબો-પદ્દી. 2. The word is applied as a title of honour for the wives of lords. આ શબ્દ સરદારોના સ્ત્રીને માટે માનાર્થે વપરાય છે.

Lag, *a* (લૅગ્) Slow; tardy. મંદ; સુસ્ત; શિથિલ; ધીમું. *n.* One who lags. પાછળ પડી જનાર. 2. The quality of retardation. પાછળ પડવાનો ગુણ. *vi.* To do something slowly; to remain behind. કામ ધીમું-મંદ રીતે કરવું, પાછળ રેહવું-પડી જવું. *vt* To cause to lag; to slacken. પાછળ પડવા-રેહવા દેવું [L. *languidus*, languid. Sw. *llag*, weak, languid.]

Laggard, *a.* (લૅ'ગર્ડ) Slow; sluggish; backward. મંદ; સુસ્ત; એદી; ધીરો. શિથિલ *n.* One who loiters, tarries or is slow or sluggish. એદી-સુસ્ત-મંદ માણસ; રખડનાર.

Lagger, *n.* (લૅ'ગર્) One who lags. પાછળ રેહનાર, રખડનાર.

Lagoon, *n.* (લૅગૂ'ન્) A shallow sheet of water bordering the sea. છાછરૂં-છાછર તળાવ. 2. A lake in a coral island. પરવાળાંવાળા બેટની અંદરનું સરોવર-તળાવ. [L. *lacuna-lacus*; a lake].

Laid, *p.* & *pp.* of **Lay.** (લે,ડ્) Kept; placed. રાખેલું; મુકેલું; મુકયું; મુકેલ.

Lair, *n.* (લે,ર્) The den or resting place of a wild beast. જંગલી પ્રાણીઓની રહેવાની જગ્યા, ગુફા, દર. [A. S. *leger*, a grave, bed, lying].

Laird, *n.* (લેર્ડ) A lord; a landowner; a house-proprietor. સરદાર; વતનદાર; ઘરધણી; જમીનદાર. [A form of Lord.]

Laity, *n.* (લે,'ટી) The common people as distinguished from the clergy. સંસારી લોક; ગૃહસ્થવર્ગ. 2. The state of a layman. સાંસારિક સ્થિતિ; ગૃહસ્થાશ્રમ. 3. Those not engaged in the genteel professions of a lawyer or a doctor. અમુક જાતના ધંધાદારી નથી એવા માણસ; બિનઅનુભવી.

Lake, *n.* (લે,ક્) A sheet or body of water wholly surrounded by land. સરોવર; જળાશય; તળાવ; કાસાર. 2. A pigment formed by combining certain colours. ચિતારાનો રંગ. 3. A fine kind of linen. એક જાતનું ઝીણું સણનું કાપડ. [Fr. L. *lacus*, a lake].

Lakelet, *n.* (લે,'ક્લિટ્) A small lake. નાનું તળાવ; સરોવર.

Laky, *a.* (લે,'કી) Pertaining to a lake. સરોવરનું-સંબંધી.

Lama, *n.* (લા'મા) A Tibetan monk or priest. ટીબેટ લોકોનો ધર્મગુરૂ.

Lamb, *n.* (લૅમ્) The young one of the sheep. ઘેટાનું બચ્ચું. 2. An innocent, gentle or meek person. ગરીબ, પોચા દિલનો માણસ. 3. A simple person. સાદો માણસ. **Lamb of God**=The Saviour, Jesus Christ. ઈશુખ્રિસ્ત. *vi.* To give birth to a lamb. [D. *lam*; Sw. *lamm*]

Lambkin, *n.* (લૅ'મકિન્) A diminutive form of lamb; a small lamb. નાનું ઘેટાનું બચ્ચું; ઓકડીયું.

Lamblike, *a.* (લૅ'મ્લાઇક્) Resembling a lamb; gentle; meek. ઘેટા જેવું; ગરીબડું; નિર્દોષ.

Lamb-skin, *n.* (લૅ'મસ્કિન્) The skin of a lamb made into leather. ઘેટાંનું ચામડું.

Lame, *a.* (લે,મ્) Crippled or disabled in a limb. લુલું; લંગડું; ખોડું; પાંગળું; પંગુ. 2. Limping; halting. લુલું-લંગડું ચાલતું.3.Unsatisfactory (as an excuse); imperfect; defective. અપૂર્ણ; દુર્બળ; ન્યૂન; ખોટું; ખાલી. *vt.* To make lame. લુલું કરવું. [A. S. *lama*=lame.]

Lamely, *adv.* (લે,'મ્લી) In a lame manner. લંગડાતું; ખોડાતું; લુલું લુલું.

Lameness, *n.* (લે,'મનિસ્) The state of being crippled; the impaired condition of a limb. લંગડાપણું; પંગુતા. 2. Imperfection; defect; weakness. દુર્બળતા; ન્યૂનતા; ખોટાપણું.

Lament, *vi.* (લૅ'મેન્ટ્) To weep; to wail; to grieve; to mourn; to express sorrow. દુઃખ-શોક કરવો; વિલાપ કરવો; શોચ-દિલગીરી-શોક-અફસોસી પ્રદર્શિત ક૦. *vt.* To mourn or grieve or weep for. ના માટે શોક-વિલાપ-ખેદ કરવો. *n.* Lamentation; mourning; grief; weeping. શોક; રડારડ; વિલાપ; રડારોળ; આક્રંદ; હાયહાય; વિલાપ. 2. An elegy or a mournful ballad. વિલાપ, રૂદન કાવ્ય; કરૂણપ્રશસ્તિ. [L. *lamento*, I wail.]

Lamentable, *a* (લૅ'મિન્ટબલ્) Grievous; mournful; sorrowful. ખેદજનક; શોકયુક્ત; દિલગીરી ઉપજાવનાર; શોચનીય; શોકાસ્પદ.

Lamentation, *n.* (લૅમિન્ટે,'શન્) The act of mourning; bewailing; grieving for; mourning; wailing રડારોળ; હાયપીટ; શોક; વિલાપ; આક્રંદ; કલ્પાંત; રડારડ. [L. *lamentatis.*]

Lamish, *a.* (લે,'મિશ્) Somewhat crippled થોડું થોડું લુલું, લંગડું, ખોડું.

Lamina, *n.* (લૅ'મિના) A thin plate or skin. ભીંગડું; પોપડી; વરખ.

Lamp, *n.* (લૅમ્પ્) A contrivance adopted to supply artificial light; a vessel containing oil or any other substance to be burned by means of a wick. દિવો; દીપક; દીપ; ચીરાગ;કોડીયું;ડબ્બો. **A cluster of lamps**= ઝુમ્મર; ઝુંમર; ઝાડ. **Arc lamps**=વિજળીના-ગેસના દીવા. **Flameless lamp**=શિખાહીન, શગ ન રહે એવો એકધારો દીપક.2.Metaphorically, something which communicates light or enlightens. સારૂં સુઝાડનાર કોઈપણ વસ્તુ-પ્રેરણા; જ્ઞાનદીપક. **To burn the midnight lamp** =to study hard. મોડી રાત સુધી અભ્યાસ કરવો. **To smell of the lamp**=To show sings of great study and labour. મહામ્હેનત, ગોખણપટ્ટીનાં ચિન્હો માલમ પડી આવવાં. **Alladins lamp**=જાદુઇ દીવો; પોતાની ઇચ્છિત ચીજ મેળવી આપનાર જાદુઇ વસ્તુ. [L. *lampus*, a lamp].

Lamp-black, *n.* (લૅ'મ્પ બ્લૅક્) The soot obtained from a lamp. કાજળ; મેસ.

Lamp-chimney, Lamp-glass, *n.* (લૅ'મ્પચિમ્ની-ગ્લાસ્) The glass shade or tube of a lamp. દિવાની, બત્તીની ચીમની; પોટો.

Lamp-light, *n* (લૅ'મ્પ લાઇટ્) The artificial light shed by a lamp. દિવાનું અજવાળું પ્રકાશ, તેજ.

Lamp-lighter, *n.* (લૅ'મ્પ લાઇટર્) One who lights street lamps. દિવો સળગાવનાર; ફાનસ.

2. Any contrivance for lighting a lamp. દિવો સળગાવવાની કોઈ પણ વસ્તુ.

Lamprey, *n.* (લૅમ્પ્રે) A kind of fish. એક જાતની માછલી.

Lampoon, *n.* (લૅમ્પૂન્) A personal and abusive satire in verse or prose. કોઈની નિંદા, નાલાશી, બદનામીનું લખાણ. *vt.* To make any one the subject of such a satire. ની નિંદા, નાલાશી લખવી. [L. *lampoon*].

Lampooner, *n.* (લૅમ્પૂનર્) One who writes abusive satires. નિંદાનો લેખ લખનાર

Lampstand, *n.* (લૅમ્પ સ્ટૅન્ડ્) The stand for a lamp. સમેદાની; દીવી; ચાડું; દીપાધાર.

Lance, *n.* (લૅન્સ) A spear especially a long spear, carrried by horsemen. ભાલું; ભાલો. 2. A soldier who carries a spear. ભાલાવાળો; ભાલેદાર. 3. An iron bar used in charging guns. બંધુકનો બાર ભરવાનો ગજ. **Free lance**=A knight or soldier; a freebooter; a highwayman. ઉમરાવ; ધાડપાડુ; સ્વતંત્ર, નિષ્પક્ષપાતી યોદ્ધો. **To break lance with**=સાથે લડાઈમાં ઉતરવું;ની સામે લડાઇ, દલીલ માટે તૈયાર થવું. *vt.* To wound with a spear. ભાલો, બરછી મારવી. 2. To open with a lancet. નસ્તર મૂકવું. [L. *lancea*, a lance].

Lancer, *n.* (લૅન્સર્) A soldier carrying a spear. ભાલેદાર; ભાલાવાળો સ્વાર. 2. A lancet. નસ્તર મુકવાનો ચપ્પુ.

Lancet, *n.* (લૅન્સિટ્) A small surgical instrument, sharp-pointed and generally two-edged used in letting blood and opening abscesses &c. નસ્તર મુકવાનો ચપ્પુ. 2. An iron bar used for tapping a melting furnace. પીગળતી ભઠ્ઠીમાં ઘાલવાનો લોઢાનો સળીયો, શીક. [L. *lancette*.].

Lancewood, *n.*(લૅન્સવૂડ્) A tough elastic wood. ચીકણું અને ભાંગે નહિં એવું એક જાતનું લાકડું.

Lacinate, *vt.* (લૅસિનેટ્) To lacerate; to rend. ફાડી નાંખવું; ભોંકવું; વિદારવું; ચીરી ઘાલવું. [L. *lacinare*, to tear.]

Lacination, *n.* (લૅસિને'શન્) The act of lacerating or cutting open or rending. 'વિદારણ. 2. A sudden sharp shooting pain. શૂળ; ચસકો.

Land, *n.* (લૅન્ડ્) The solid part of the surface of the globe. ધરતી; જમીન; ભોં; ભોંય. 2. An estate. જાગીર. 3. A country; a nation. રાષ્ટ્ર; દેશ. 4. The mainland as distinguished from island. મુલક; દેશ; પ્રાંત. 5. Soil; earth. ધરતી; જમીન; ભોંય; કસ; મટોડી. 6. Real estate. સ્થાવર મિલકત. 7. Ground;floor. ભોંયતળીયું. **Land's End**=ઇંગ્લંડમાંના એક ભાગનું નામ. **Land agent**=જમીનનું ભાડું ઉઘરાવવાને તથા જમીન વેંચવા કે ખરીદવા સારૂ રાખેલો માણસ; ઉઘરાતદાર. A person employed by the proprietor of an estate to collect rents, let farms and do the like work. **Land-force**=The part of the army fighting on land. જમીન ઉપર લડવાનું લશ્કર; ખુશ્કી ફોજ. **Land lady**=વીશી, ભાડુત રાખનાર સ્ત્રી; વીશી, ઘર માલેકની સ્ત્રી. **L. lord**=ઘર માલેક. **L. locked**=જમીનથી ઘેરાએલું. **L. lubber**=દરિયા, વહાણ વગેરેથી અજાણ્યુ માણસ. **L. mark**=સીમા સ્તંભ; માપ, પરિવર્તન દર્શક ચિહ્ન, બનાવ, તારીખ વગેરે. **L. of cakes.**=સ્કૉટલંડ. **L. of promise**=કનાન. **L. of the leal**=સ્વર્ગ. **L. of the living**=વર્તમાન જીવન; દુનિયાં. **L. slide**=જબરી રાજકીય હાર. પરાજય. **Land of nod**=slumber. ઉંઘ; નિદ્રા. **Land-revenue**=જમીનવેરો; જમીનની મહેસુલ. **Land tax**=જમીનવેરો; ભૂમિકર; જમીન ઉપર લેવાતો કર. **Land tenure**=પટેદારી; પટે રાખવું તે. **Unoccupied, fallow land**=પડતર જમીન. *vt.* To set on land or shore; to disembark; to debark. વહાણપરથી કિનારે ઉતારવું. 2. To capture and bring on land (as fish). પકડીને જમીન ઉપર લાવવું. *vi.* To go on shore from a ship; to disembark. વહાણમાંથી ઉતરી જમીન પર જવું; વહાણમાંથી ઉતરવું. [A. S. *land*, land.]

Landau, *n.* (લૅન્ડો) A kind of coach or carriage where top may be opened and thrown back. ચાર ચાકની છત્રીવાળી બગી. [From *Landau*, the name of a town in Germany where such carriages were originally prepared.].

Land-breeze, *n.* (લૅન્ડ બ્રીઝ્) The breeze or current of air setting from land to sea. કિનારા તરફથી વહેતો પવન.

Landed, *a.* (લૅન્ડડ્) Having an estate in land; consisting of real estate. જમીનદાર; ખેતીવાડીવાળી; ભોંયાભાડાંવાળું; જમીનનું; સ્થાવર. **Landed proprietor**=જમીન જુમલાવાળો આસામી. **Landed property**=ખેતીવાડીવાળી મિલકત.

Land-flood, *n.* (લૅન્ડફ્લડ્) Flowing over of the land by the water of the river or sea. પૂર; રેલ.

Land-holder, *n.* (લૅ'ન્ડહો,લ્ડર્) One who owns or possesses some land. વતનદાર; જમીનદાર; જાગીરદાર; ગરાસીયો.

Landing, *a.* (લૅ'ન્ડિન્ગ્) Used for landing or setting on shore. કિનારે લાવવા લઇ જવાનું; ઉતારવાનું. 2. *n.* The act of going or setting on land. કિનારાપર લઇ જવું-મુકવું તે. 3. The part of a stair which being level without steps connects one part of the stair with another. જુદી જુદી દિશાઓમાં જતા દાદરોને એક બીજા સાથે જોડનાર સપાટ ભાગ.

Land-lady, *n.* (લૅ'ન્ડલે,ડી) A woman having a house or other real estate. ઘર-જમીનની માલકેણ; જમીનદારેણ; જાગીરવાળી. 2. The mistress of an inn or hotel; a female lodging-house keeper. ઉતારા-વિશીની માલેક; ઘરવાળી; વિશીવાળી.

Landless, *a.* (લૅ'ન્ડલિસ્) Who has no land; having no landed property. જમીન જુમલા વગરનો.

Land-locked, *a.* (લૅ'ન્ડલૉક્ડ્) Encompassed or enclosed nearly by land (as a part of the sea). સઘળી બાજુએ જમીનથી આંતરી લીધેલું-ગયેલું.

Landloper, *n.* (લૅ'ન્ડલો,પર્) One who has no settled habitation; a vagrant; a vagabond. રખડેલ માણસ; ભટકનાર; રખડનાર.

Landlord, *n.* (લૅ'ન્ડલૉર્ડ) The owner of a piece of land or estate; the lord of a manor. જમીનદાર; વતનદાર; જાગીરદાર. 2. An innkeeper; the master of an inn. વિશીવાળો. 3. A host. ઘરધણી.

Landmark, *n.* (લૅ'ન્ડમાર્ક) A mark to designate the boundary of a piece of land; any fixed object by which the extent of a farm, a district &c. is marked. જમીનની હદનું નિશાન; સીમાસ્તંભ.

Landmeasuring, *n.* (લૅ'ન્ડમે,ઝરિંગ્) The process of surveying a piece of land. જમીનની માપણીનું કામ.

Landoffice, *n.* (લૅ'ન્ડઑફિસ્) Public land entries' registering office જમાબંદી ખાતાની કચેરી.

Landowner, *n.* (લૅ'ન્ડઓ,નર) One who possesses land or estate. જમીનદાર; જાગીરદાર.

Landscape, *n.* (લૅ'ન્ડસ્કે,પ્) A country scene; a piece of the scene of a land which can be taken in by the eye at one glance. નજરે પડતી જમીન તથા તે ઉપર આવેલા પદાર્થ; દ્રશ્યભૂમિ; નજરબાગ. 2 The scenery of a place. કોઇ પણ પ્રદેશનો ચિત્રાંતર્ગત દેખાવ. [A. S. *landscipe.*]

Landslip, *n.* (લૅ'ન્ડસ્લિપ્) The sliding down of a piece of land from a mountain. પહાડની ભેખડ પડવી તે. 2. The part so sliding down. આવી રીતે પડતો ડુંગર અથવા પર્વતનો ભાગ.

Landman, *n.* (લૅ'ન્ડસમન) A new sailor on his maiden voyage. તદન નવો, પહેલીજ વાર સફર પર જતો ખલાસી.

Landwaiter, *n.* (લૅ'ન્ડવે,ટર્) An officer at ports who takes care of newly landed goods. બંદરપર આવેલા માલનો તપાસ રાખનાર અધિકારી.

Landward, *adv.* (લૅ'ન્ડવર્ડ) Towards land. જમીન તરફ.

Landwind, *n.* (લૅ'ન્ડવિન્ડ્) The current of air blowing from the land. જમીનપરથી વેહતો પવન.

Lane, *n.* (લે,ન્) A narrow street or passage between a line of houses, hedges or men &c.; an alley. ગલી; નાળું-કું; શેરી. [A. S. *lane.* a lane].

Language, *n* (લૅ'ન્ગ્વિજ્) The expression of thoughts by words or articulate sounds; human speech. બોલી; ભાષા. [L. *lingua,* the tongue].

Languid, *a.* (લૅ'ન્ગ્વિડ્) Wanting in energy listless; flagging; drooping; sluggish. લુલું-લબડી ગયેલું; સુસ્ત; ઢીલુંઢફ. [L. *languidus,* I droop]

Languidly, *adv.* (લૅ'ન્ગ્વિડલી) Listlessly, without energy. લુલી રીતે; સુસ્ત રીતે, આળસુપણે.

Languish, *vi.* (લૅ'ન્ગ્વિશ) To lose strength or animation; to become feeble or weary. નરમ-નબળા થવું. 2. To cause to droop or pine. નબળા, ઢીલા કરવું. [L. *languere,* to languish].

Languishing, *a.* (લૅ'ન્ગ્વિશિંગ્) Becoming spiritless and feeble. અશક્ત-નબળું થઇ જવું.

Languishment, *n.* (લૅ'ન્ગ્વિશમન્ટ્) A spiritless and feeble condition; pining; drooping. અશક્તિ; નબળાપણું; ઉત્કંઠા.

Languour, *n.* (લૅ'ન્ગ્વર્) Faintness; feebleness; lassitude of body; ennui. થાક; કંટાળો; કમજોરી. [L. *languor.*]

Lank Lanky, *a.* (લૅન્ક-લૅ'ન્કી) Lean; thin; slender; gaunt. અશક્ત; પાતળું. 2. Sluggish; dull. મંદ-સુસ્ત.

Lansquenet, *n.* (લૅ'ન્સક્નેટ્) A card-game. પાનાં, પત્તાં, ગંજીફાની રમત.

Lantern, *n.* (લૅ'ન્ટર્ન) Any contrivance or a case which protects the light inside from wind or rain. ફાનસ. *vi.* To furnish with a lantern. ફાનસ આપવું, ધરવું [L. *lanterna*]. **Majic L.**=જાદુઇ ફાનસ.

Lanyard, *n.* (લૅ'નયાર્ડ) A short piece of rope or line used for fastening something in ships. વહાણોમાં બાંધવા માટે વપરાતું ન્હાનું દોરડું [L. *lana*, wool].

Lap, *n.* (લૅપ્) The lower part of a garment that hangs loosely; a skirt. ઘેર; ચાળ. 2. An edge; a border. કોર; છેડો. 3. The part of clothes that lies on the knees when a person sits down; hence the part of the knees in this position. ખોળો. *vt.* To rest in a lap. ખોળામાં સુવું. 2. To wrap; to twist over; to double; to fold. વાળવું; ઘડી, કફ્રી કરવી. *vi.* To lick up some liquor or liquid food with one's tongue. ચાટવું; બચબચ પી જવું; [A. S. *laepa*, a lap; A. S. *lapian*, to lap].

Lap-dog, *n.* (લૅ'પડૉગ) A small pet dog fondled in lap. ખોળામાં રમાડવાનો ન્હાનો લાડકો કુતરો.

Lap-ful, *a.* (લૅ'પફુલ) As much as can be held or contained in one's lap. ખોળાભર; ખોળો ભરાય એટલું; ખોળામાં માય એટલું.

Lapidary, *n.* (લૅ'પિડરી) One who polishes, cuts and engraves precious stones; a stone-cutter. ઝવેરાત ઉપર કોતરકામ કરનાર; રત્ન પરિષ્કાર 2. Pertaining to the art of cutting stones. ઝવેરાત-કોતરકામના હુન્નર વિષે. [L. *lapidarius*, a stone].

Lappet, *n.* (લૅ'પિટ્) A small decorative fold. ઝુલ; ઘેર. *vt.* To ornament with a lappet. ઝુલ-ઘેર રાખવો-રખાવવો [Dim. of *lap*].

Lapse, *vi.* (લૅપ્સ્) Gliding, slipping or passing away unnoticed (of time). કાલ ગતિ-ક્રમ. 2. A slip; an error; a fault; a failing in duty. ભૂલ; ફરજ બજાવવામાં થયેલી કસુર. 3. A slight deviation farmt ruth. અર્ધસત્ય; જૂઠાણું. *vi.* To pass slowly, and silently or by degrees. ધીમે ધીમે જવું. 2. To pass from one proprietor to another. એક માલેક પાસેથી બીજા માલેક પાસે જવું. 3. To become void (as right). હક ડુબી જવો. *vt.* To let slip; to allow; to pass. જવા દેવું; સોંપી દેવું. [L. *labor*, I slip.]

Lapstone, *n.* (લૅ'પસ્ટો,ન્) A piece of stone used by shoemakers in beating leather. ઓપરૂ; મોચીનો ચામડાં ટીપવાનો પત્થર.

Lapsus linguæ, *n.* (લૅ'પ્સસ્લિંગ્વિ) A slip of the tongue. જીભદોષ; વાક્દોષ; જીહ્વાદોષ; મુખદોષ. [A latin phrase].

Lapsus manus, *n.* (લૅ'પ્સસ્મે,નસ્) Slip of the hand. હસ્તદોષ. **L. calami,** *n.* (લૅ'પ્સસ્ કૅ'લમાય્) કલમદોષ.

Lapwing, *n.* (લૅ'પ્વિંગ્) A handsome plover-bird about the size of a pigeon. એક જાતનું પક્ષી; ટીટોડી; ટીટી; ટિટ્ટિભ.

Larboard, *n.* (લા'રબો,ર્ડ) The left hand side of a boat when a person stands with his face towards its head. વહાણનું ડાબું પડખું. [L. *lar*, empty.]

Larceny, *n.* (લા'રસની) Theft of goods or personal property. ચોરી. [L. *latis*, a robber.]

Lard, *n.* (લાર્ડ) Pig's fat. ડુક્કરની ચરબી. *vt.* To fill or stuff with lard. ચરબીથી ભરવું-ચીકણું કરવું. [L. *lardum*.]

Large, *a.* (લાર્જ) Extensive; big; ample. મોટું; વિશાળ; ઘણું; પુષ્કળ **At large**=1. Without restraint or confinement. સ્વેચ્છાચારે; મોકળું; છુટું. 2. In details; diffusely. લંબાણથી; વિસ્તારપૂર્વક. **A gentlemen at large**=કામધંધા વગરનો રખડેલ માણસ. [L. [*largus*, big.]

Large-hearted, *a.* (લા'ર્જહાર્ટિડ્) Noble-minded; having a broad or liberal view. મોટા મનવાળો; ઉદાર.

Largely, *adv.* (લા'ર્જલી) Extensively; amply; diffusely. ઉદારપણે; મોકળે હાથે; સારી પેઠે; વિસ્તારીને.

Largeness, *n.* (લા'ર્જનિસ્) The state or quality of being large; magnitude; greatness. મોટાપણું; ઉદારપણું; વિસ્તાર; મહત્તા.

Largesse, *n.* (લા'ર્જેસ્) A present; a gift; bounty bestowed. બક્ષીસ; બ્હોણી. 2. Liberality. ઉદારતા. [L. *largitio*.]

Lark, *n.* (લાર્ક) A species of singing birds. ગાનાર પક્ષીની એક જાત; ચંડોળ; લાવરી. 2. Sport; frolic; a piece of merriment. રમત; ગંમત; મજાક.

Larva, *n.* (લા'ર્વા) An insect in the caterpillar or grub stage. કીડાની જુદી જુદી બદલાતી સ્થિતિમાંની પૂર્ણ થતાં પહેલાંની સ્થિતિ. 2. A kind of insect. કીડાની એક જાત; કામળાની જાતનો કીડો; કામળો. [L *larva*, a spectre.]

Larynx, *n.* (લૅ'રિન્કસ્) The upper part of the windpipe; the sound-box in the throat. કંઠસ્થાન; નરડી; ઘાંટી; કંઠેન્દ્રિય. [G. *laryngos*.]

Lascivious, *a.* (લૅસિ'વિયસ્) Sensuous; lewd; lustful; exciting voluptuous passions. વિષયલંપટ; કામાંધ. [L. *lasoivia*, lewdness].

Lash, *n*. (લૅશ્) The cord of a whip. ચાબકાનો કોરડો-દોરી. 2. The stroke of a whip ચાબકાનો ફટકો, સપાટો. *vt*. To whip. ચાબકાનો ફટકો મારવો; ચાબુક મારવો. 2. To tie or fasten with a stout piece of string. મજબુત દોરડાથી બાંધવું, ગંઠવું. [L. *laxa*, a loose cord.]

Lass, *n*. (લૅસ્) A young girl. નાની છોકરી; પોરી; બુચી. [Sw. *loske*, unmarried].

Lassitude, *n*. (લૅ'સિટ્યુડ્) A dull-idle-spiritless or weary condition of the mind or body; mental or physical languour. શરીર અથવા મનની સુસ્તી,ગ્લાનિ,મંદપણું.[L.*larsus*]

Lasso, *n*. (લૅ'સો-લૅસૂ') A rope or cord with a running noose used for capturing animals like horses &c. પ્રાણીઓને પકડવામાં વાપરવામાં આવતું ફાંદા-ગાળાવાળું દોરડું. ફાંદો.

Last, *a*. (લાસ્ટ્) Latest;hindmost; ultimate; final. છેલ્લું; છેવટનું; અંત્ય. 2. Next before the present ગયું; પાછલું. **At last**=In the end; in conclusion. અંતે. **To the last**=Until the end. છેલ્લે સુધી. *vi*.to continue in time; to remain unimpaired; to hold out. નભવું; ટકવું; અમુક વખત ચાલવું. [A. S. *laestan*, to endure.]-*n*. મોચીનો કાલબુત. **Stick to one's last**=પોતાનુંજ કામ સંભાળી બેસવું; બીજે માથું ન મારવું.

Lasting, *a*. (લા'સ્ટિંગ્) Enduring; existing for a long time. ઠેઠ સુધી ટકી રહે એવું; ચિરસ્થાયી; સ્થિર.

Lastly, *adv*. (લા'સ્ટ્લી) Finally;in the last place, in conclusion. અંતમાં;છેલ્લીવારે; આખરે.

Latch, *n*. (લૅચ્) A catch for fastening a door. બારણું દેવાની આગળી-કડી, અડગળી, કડું, લાળો, ભોગળ. *vt*. to fasten with a latch. ને આગળી દેવી. [A. S. *loeccan*, to take hold of.]

Latchet, *n*. (લૅ'ચિટ્) A string that fastens a shoe. જોડા બાંધવાની દોરી. [A. S. *loeccan*.]

Late, *a*. (લેટ્) After due time. મોડા. 2. One deceased;out of office.મરનાર;મર્હુમ;માજી; ભૂતપૂર્વ. 2. Recent, not long past.થોડા વખત ઉપરનું. *adv*. After time. મોડું. **Of late**=હમણાં હમણાં. **Lately**=હમણાં. [A. S. *loet*, late.]

Lately, *adv*. (લેટ્લી) Not long ago. થોડા દહાડા, દિવસ પહેલાં; હમણાં.

Latency,*n*. (લે'ટન્સી) The quality of being latent, hidden or undetected. ગુપ્તપણું.

Latent, *a*. (લે'ટન્ટ) Unmanifest;not visible apparent or detectable. ગુપ્ત; જોઈ-માપી ન શકાય એવી. **Latent heat**=The heat which exists in any body without its having any visible effect. કેટલીક વસ્તુઓમાંની ગુપ્ત ઉષ્ણતા, શક્તિ. [L. *latens*.]

Later, *a*. (લેટર્) More late. વધારે મોડું. 2 Afterwards. તે પછી.

Lateral, *a*. (લૅ'ટરલ્) Proceeding from or pertaining to the side. બાજુ સંબંધી-ઉપરથી. [L. lateralis.]

Laterally, *adv*. (લૅ'ટરલી) By the side; sidewise. બાજુ ઉપરથી-માંથી; પડખેથી.

Lath, *n*. (લૅથ્) A thin narrow strip of wood. ચીપ; લાકડાનો પતળો, પાતળો કકડો. *vt*. to cover or line with laths. ચીપ-લાકડાના પાતળા કકડા જડી લેવા.

Lathe, *n*. (લેધ્) A machine on which articles of wood, ivory &c. are turned and made smooth and round. સંઘાડો; ચરખ; ભ્રમી; ચક્ર. [Dan. *loth*]

Lather, *n*. (લૅ'ધર્) The foam or froth made by soap being moistened in water. સાબુનાં ફીણ. *vt*. To spread over with lather. ફીણ ચોપડવાં; ફીણ કાઢવાં. [A. S. *laether*, lather].

Lathy,*a*.(લૅ'થી)Like a lath.ચીપ જેવું ઉંચું પાતળું.

Latin, *a*. (લૅ'ટિન્) Pertaining to Latium; the ancient language of Romans. અસલના રોમ સંબંધી; લૅટિન ભાષા સંબંધી. *n*. The people of Rome and Roman countries. રોમ અને રોમન દેશોનાં માણસો. 2. The Latin language spoken by them. એ લોકોમાં બોલાતી લૅટિન ભાષા. [L. latium.] **Classical L.**, 75 B. C.-175 A. D.; **Late L.**, up to 600 A. D.; **Medieval L.**; to 1500; **Modern L.**, since 1500; **Law L.**, 600-1500. **Dog L**=મિશ્ર લૅટિન ભાષા. **Thieves' L.**=ગુપ્ત ભાષા; સંકેત શબ્દ.

Latinism, *n*. (લૅ'ટિનિઝમ્) A Latin idiom. લૅટિન ભાષાપ્રયોગ, સંપ્રદાય.

Latinise, *vt*. (લૅ'ટિનાઇઝ્) To translate into Latin; to give Latin form or terminations of. લૅટિન ભાષામાં રૂપ કરવું, આપવું. 2. To make like the Roman Catholic Church. રોમન કૅથૉલીક ચર્ચ જેવું કરવું. *vi*. To use words or phrases borrowed from Latin. લૅટીન શબ્દ વાપરવા.

Latitude, *n*. (લૅ'ટિટ્યુડ્) Width; breadth, extent from side to side. પહોળાઈ. 2. (Geog.) Distance north to south of the equator measured on the merdian. અક્ષાંશ. 3. The distance of a star or any other heavenly

body north to south of the ecliptic. આકાશમાંના કોઇપણ ગોળનું ક્રાંતિવૃત્તથી અંતર. 3. Room; scope; looseners of application; extent of deviation from a standard. જગા;છુટ;સ્વતંત્રતા; શિથિલતા. [L. *latus*, broad, wide].

Latitudinal, *a.* (લૅ'ટિટ્યુડિનલ્)Pertaining to or in direction of the latitude. અક્ષાંશ સંબંધી; અક્ષાંશ તરફ.

Latitudinarian, *n.* (લૅટિટ્યુડિને'રિયન્)One who indulges in freedom of thinking or acting; an unorthodox man. સ્વતંત્ર વિચાર ધરાવનાર માણસ; સ્વેચ્છાચારી. *a.*Freethinking; liberal; unorthodox. સ્વતંત્ર મતવાળો.

Latitudinarianisn, *n.* (લૅટિટ્યુડિને'રિયનિઝમ્) Freedom of opinion, particularly in theology. વિચારની સ્વતંત્રતા; છુટ.

Latrine, *n.* (લૅ'ટ્રિન્) A water-closet; a privy.મોરી;સંડાસ; મૂતરડી; જાજરૂ; પાયખાનું;ગટર. [L. *latus*, I wash].

Latter, *a.* (લૅ'ટર) Later; coming after something else; opposed to former. પાછલું; પાછળનું; કહેલી બે વસ્તુમાંનું બીજું 2. Modern; lately done or past. અર્વાચીન; હમણાનું. [Irregular comp. of *late*].

Lattice, *n.* (લૅ'ટિસ્) Any structure like a window made by crossing laths or thin strips of wood and forming a network. જાળી. *vt.* To make a lattice of. જાળી, કઠેરા બનાવવા. [Fr. F. *lattis*, lath].

Laud, *n.* (લૉડ્) Praise; flattery. વખાણ; પ્રશંસા; સ્તુતિ. 2. A part of divine service. ઈશ્વરસ્તુતિ. *vt.* To praise; to flatter. વખાણ-સ્તુતિ કરવી. [L. *laudis*, praise].

Laudable, *a.* (લૉ'ડબલ્) Worthy of being praised. વખાણ કરવા લાયક; પ્રશંસનીય.

Laudanum,_n._(લૉ'ડેનમ્)Tincture of opium. અફીણનો અર્ક; અરખ; અરગ.

Laudation, *n.* (લૉડે,'શન્) Commendation; praise. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

Laudatory, *a.* (લૉ'ડેટરી) Containing or tending to praise. વખાણનું; સ્તવનાત્મક; સ્તુતિ પરાયણ.

Laugh, *vi.* (લાફ્) To show mirth. હસવું. **To laugh at**=હસી કાઢવું; મશ્કરી કરવી. **To laugh in the sleeve**=To laugh secretly. છાનુંમાનું હસવું. **To laugh to**=હસી કાઢવું. *vt.* To express by laughing. હાસ્યથી દર્શાવવું. **To laugh to scorn**=To deride; to ridicule. તિરસ્કારપૂર્વક હસી કાઢવું. [A. S. *Hlehhan*, to laugh].

Laughable, *a.* (લૅ'ફબલ્) Ridiculous; ludicrous; comic; fitted to excite laughter. હાસ્યજનક; હસામણું; હાસ્યોત્પાદક.

Laughing,_n._(લા'ફિંગ)The act of laughing. હસવું તે.

Laughing-stock, *n.* (લા'ફિંગસ્ટૉક) An object of derision or ridicule. હાસ્યોત્પાદક વિષય; બનાવી કઢાતો માણસ.

Laughter, *n.* (લા'ફ્ટર) The act or sound of laughing; expression of mirth. હાસ્ય; હાંસી. **A horse laughter**=અટ્ટહાસ્ય. [A. S. *hlehhan*, to laugh.]

Launch, *vt.* (લૅાન્ચ) To let fly; to cause to move or slide; to send out; to set going. હડસેલી મુકવું; જોરથી ફેંકવું; ધકેલવું; ચાલતું કરવું. 2. To set afloat. પાણીમાં ધકેલવું. (વહાણ અથવા નાવડાને). *n.* The act of launching. ધકેલવું તે. 2. The setting afloat of a ship in water. જહાજને પાણીમાં તરતું કરવું તે. 3. A kind of boat. એક જાતની હોડી.

Launder, *vi* (લૅા'ન્ડર) To clean or wash (clothes). કપડાં વગેરે ધોવાં-સાફ કરવાં. [L. *lavare*, to wash].

Laundress, *n.* (લૅા'ન્ડ્રિસ્) A washerwoman. ધોબણ; લુગડાં ધોનારી.

Laundry,_n._ (લૅા'ન્ડ્રી) Laundering; washing. ધોવું તે. 2. A room where laundering, ironing &c. is conducted. લુગડાં ધોવાનો ઓરડો-જગ્યા, દુકાન. [L. *lavare*, to wash.]

Laureate, *n.* (લૅા'રીએટ્) One crowned with laurels; a poet laureate. લૅારલ ધારણ કરેલો માણસ; રાજકવિ. *a.* Decorated with laurels. લૅારલથી શણગારેલું. [L. *laurea*, a laurel tree].

Laurel, *n.* (લૅા'રલ) An evergreen shrub. હમેશાં લીલો રહેનારોછોડવો;બારમાસી.2.A crown of laurels, (a symbol of honour or distinction). fame; honour. લૅારલનો મુકુટ (કે જે માનનું ચિહ્ન હતું); માન; પ્રતિષ્ઠા; વિજય ચિહ્ન. [L. *laurus*, a crown].

Lava, *n.* (લા'વા) Heated, liquefied rock ejected by volcanoes. જ્વાળામુખી રસ. [L. *lavo*, I wash].

Lave, *vi.* (લેવ્) To take a bath; to wash oneself. નહાવું. *vt.* To wash; to bathe. નવડાવવું; ધોવું; અવગાહન કરાવવું.[L. *lave*, to wash.]

Lavish, *a.* (લૅ'વિશ્) Extravagant; wasteful; profuse; prodigal. 2. Superfluous; superabunddant; liberal to a fault. ઘણુંજ; બહુ; અમિત. *vt.* To expend or bestow with

profusion; to waste; to squander. છૂટે હાથે ખર્ચવું–ઉડાવવું; ખુબ ખર્ચવું. [L. *lave*, to throw or pour out].

Lavishly, *a.* (લૅ'વિશલી) Profusely; wastefully; abundantly. ઉડાઉપણાથી; છુટા હાથે.

Law, *n.* (લૉ) The dictates of God ઈશ્વરી–નિયમ, વિધિ. 2. A rule of action laid down or prescribed by authority. કાયદો; કાનુન. 3. All such rules, decrees &c. relating to one point collectively. કાયદો; કોડ; નિયમ સંગ્રહ. 4. Jurisprudence; justice; principles of equity. કાયદા; ધર્મ; સ્મૃતિ. 5. A principle deduced from experiments or practical observation; a formal statement of facts, casually related, unvariably observed in natural pheunomenan. કુદરતી નિયમ. **The Law**=The code of Moses. જ્યુ લોકોના ધર્મ-ગુરૂ મોઝીસના કાયદાઓ. [A. S. *Lagu*=law].

Law-abiding, *a* (લૉ'અૅબા'ઇડિન્ગ) Obeying the law; observant of the law. કાયદા, નિયમ પ્રમાણે વર્તનાર, માનનાર.

Lawful, *a.* (લૉ'ફુલ્) Legitimate; allowed by law; just; recognised by the laws of the land.કાયદેસર; ન્યાયી;વ્યાજબી;કાયદા,નિયમ પ્રમાણે; શાસ્ત્રાનુસાર. *n.* **Lawfulness.**

Lawfully, *adv.* (લૉ'ફુલી) Legally; legitimately. કાયદેસર રીતે; યોગ્ય રીતે.

Lawgiver, *n*; (લૉ'ગિવર) One who makes laws; a legislator. કાયદા રચનાર.

Law-maker, *n.* (લૉ'મે,કર) One who enacts laws. કાયદા, કાનુન ઘડનાર, બનાવનાર.

Lawless, *a.* (લૉ'લિસ્) Not subject or obedient to law; illegal; contrary to law; unauthorised by law. ગેરકાયદેસર; બેકેદ; ધર્મ, નીતિને છોડીને ચાલે એવું; અધર્મી; અવ્યવસ્થિત.

Lawn, *n.* (લૉન્) A space of smooth level ground covered with grass. ચરમાં કાપી નાંખેલું ઘાસનું મેદાન,પાધર; લીલું મેદાન, ચોક. 2. A very fine linen fabric with a rather open texture. સણનું એક જાતનું ઝીણું કાપડ; લૉન. **Lawn-mower**=ઘાસ કાપવાનું યંત્ર. [O. E. *lawnde*, a clear space].

Lawsuit, *n.* (લૉ'સ્યૂટ્) An action at law. દાવો; મુકર્દમો; ફરિયાદ.

Lawyer, *n.* (લૉ'યર્) A legal practitioner. વકીલ; કાયદા જાણનાર; બારીસ્ટર. 2. One well-versed in law. કાયદા પંડિત.

Lax, *a.* (લૅક્ષ) Loose; flabby; soft; slack. ઢીલ–ઢીલું પડી ગયેલું; ઢીલું; શિથિલ, મંદ પડેલું. [L. *laxus*, lax].

Laxative, *a.* (લૅ'ક્સટિવ્) Having the quality of opening the bowels. રેચક *n.* A purgative. રેચક દવા; સુખરેચક. [L.laxteous]

Laxity, *n.* (લૅ'ક્સિટી) The state or quality of being lax;looseness;remissness. પોચાપણું; શિથિલતા; ઢીલાપણું; બેઢંગપણું. Dissoluteness. સ્વછંદીપણું. [L. *laxitas*, loose]

Lay, *a.* (લે.) Pertaining to people or laity. સંસારી. *n.* The common people or laity. સાધારણ લોક. 2. A narrative song or ballad. વર્ણનાત્મક ગીત; છંદ;લાવણી;ગરબો;રાસ.*vt.*To place in a lying position; to put down. મુકવું. 2. To contrive;to scheme; to prepare. રચવું; બનાવવું. 3. To bring forth and deposit. (ઇંડું) મુકવું. 4. To impose. મુકવું;બેસાડવું;સોંપવું.5. To state or allege. કહેવું; બતાવવું. 6. To hazard; to wager; to stake. સરત બકવી. **To lay aside**=બાજુએ મુકવું. To put off or away; to abandon or discard. **To lay by**=To save. બચાવવું. **To lay by the heels**=To confine; to put in prison. પકડીને કેદમાં નાખવું. **To lay down**=To resign; to stake; to delineate on paper. રાજીનામું આપવું; શરત બકવી; કાગળ ઉપર લખી આપવું. **To lay hold of-on**=To catch; to seize; to apprehend.ઝાલવું;પકડવું. **To lay violent hands on one's self**=To commit suicide. આપઘાત કરવો. **To lay in**=To collect and store. એકઠું કરી સંગ્રહ કરવો. **To lay open**=To make bare; to uncover. ખુલ્લું મુકવું-કરવું. **To lay of**=To spend. ખર્ચ કરવું. **To lay heads together** = To consult in unision. સાથે મસલત કરવી. **To lay to heart**=To consider seriously and intently. મનપૂર્વક ધ્યાનમાં લેવું. **To lay up** = To collect or store. સંઘરી–બચાવી રાખવું. **To be laid up**=To be confined to bed. માંદું, પથારીવશ પડવું. **To lay seige**=To beseige. ઘેરો ઘાલવો. **To lay waste**=To devastate. વેરાન કરવું. *vi.* To bring forth eggs. ઇંડાં મુકવાં. 2. To wager of stake money. પૈસાની શરત બકવી. **To lay on**=To deal blows. ટીપી રાખવું; ઘા કરવા; મારવું.[L. *laicus*, to lay].

Layer, *n.* (લે'યર્) One who lays. મુકનાર. 2. A stratum; a bed; a row. પડ;થર;થેપડો.

Layland, *n.* (લેલૅન્ડ) Waste land; uncultivated land. પડતર જમીન.

Layman, *n.* (લે,'મન્) One of the laity; a common man. સંસારિ માણસ; આમ સંબંધી

અ્હારને માણસ; બિનઅનુભવી. 2. A lay figure. માણસનું પુતળું; નવલકથાનુંપાત્ર;વ્યક્તિત્વહીન માણસ.

Laystall, *n.* (લે,'સ્ટૉલ)A dunghill.ઉકરડે;ઢંબર.

Lazar, *n.* (લૅ'ઝાર) A leper. રક્તપિત્તને રોગી; કોઢવાળો માણસ, કોઢીઉં; ગળતકુષ્ઠી. [From *Lazarus* in Bible].

Lazarhouse, *n.* (લૅ'ઝરહાઉસ્) A leper asylum. રક્તપિત્તના રોગીઓને માટે બંધાવેલું ઇસ્પીતાલ; કોઢીયા માટેનું દવાખાનું.

Lazily, *adv.* (લે,'ઝિલી) In an idle manner; sluggishly. સુસ્ત રીતે; આળસુપણાથી.

Laziness, *n.* (લે,'ઝિનિસ્) Idleness; sluggishness; tardiness; slowness. આલસ્ય; આળસ; સુસ્તી.

Lazy, *a.* (લે,'ઝી) Indolent; idle; averse to labour or exertion. આળસુ; સુસ્તી; દરિદ્રી. **Lazy Lateef**=A habitually idle man. હમેશ આળસ કરનાર માણસ;આળસુ.[L.*laxus*,lax.]

Lea ley, la, *n.* (લી-લે-લે) A measure of yarn. દોર-તારનું માપ. 2. A meadow; a grassy plain; a pasturage. ગોચરણ; બીડ; ચરણ. [Fr. A. S. *leah*, untilled land].

Lead. (લેડ્) *n.* A metal of a bright bluish colour used in pencils &c. સીસું. *a.* Made of lead. સીસાનું. *vt.* To cover with lead. ઉપર સીસું ચઢાવવું.

Lead, *vt.* (લીડ્) To guide or conduct. દોરવું; દોરી લઇ જવું; હાથ પકડીને તાણવું. 2. To precede; to introduce by going first. ની આગળ જવું. 3. To allure; to entice. લલચાવવું. **To lead astray**=આડે રસ્તે ચઢાવવું. **To lead captive**=To carry into captivity.કેદમાં લઇ જવું; કેદ કરવું. **To lead the way**=To go before and show the way. આગળ થઇ રસ્તો બતાવવો. સુઝાડવો. *vi.* To guide. દોરવું. *n.* Guidance; precedence. આગેવાની; અગ્ર પદ્વી. [A. S. *laeden*, to lead].

Leaden, *a.* (લે'ડન્) Made of lead. સીસાનું; સીસાનું બનાવેલું.

Leader, *n.* (લી'ડર્) One who leads or conducts; the chief or head of a party or faction. અગ્રેસર; આગેવાન; નેતા; મુખ્ય સરદાર. 2. The leading editorial article of paper. ન્યુસપેપરમાં આવતો અગ્રલેખ-તંત્રીને લેખ. 3. One of the front horses or other animal in a team. ઘોડા અગર બીજા જાનવરોની જોડીમાંને આગળને ઘોડો અગર જાનવર.

Leading, *a.* (લી'ડિંગ્)Chief; guiding; that which directs the rest. મુખ્ય; પ્રધાન; મોટામાં મોટું. **L. question**=મુખ્ય સવાલ. *n.* The act of guidance. દોરવાની ક્રિયા.

Leadpencil, *n.* (લે'ડ્પેન્સિલ) A pencil made of lead. સીસાપેન.

Leaf, *n.* (લીફ્) One of the parts of a plant. પાંદડું 2.. A part of a book containing two pages પુસ્તકનું પાનું (બન્ને બાજુ).3. A very thin plate. વરખ. **To turn over a new leaf**=To adopt a different and better line of conduct. પેહલાંથી જુદો અને સારો એવો રસ્તો લેવો; સુધરી જવું. *vi.* To produce leaves. પાંદડાં ફુટવાં. [A. S. *leaf*].

Leafless, *a.* (લી'ફ્લિસ્) Destitute of leaves. બોડું; પાંદડા વગરનું; નિષ્પત્ર.

Leaflet, *n.* (લી'ફ્લેટ્) A small leaf નાનું પાંદડું.

Leafy, *a.* (લી'ફી) Full of leaves. પાંદડાંથી ભરપુર.

League, *n.* (લીગ્) A confederacy; an alliance; a convent; a combination or union between princes or states for their mutual aid or defence. રાજ્ય અથવા માણસોને સંઘ અથવા એકો;સંઘ;મંડળ.2.A measure of length equal to three miles. ત્રણ માઇલના અંતરનું એક માપ. **League of Nations**=રાષ્ટ્રસંઘ. [L. *ligo*, I bind].

Leak, *n.* (લીક્) A crack; crevice; fissure or hole in a vessel permitting the escape of the contents. તડ; ફાટ; ચીર; વેહ. **To spring a leak**=To begin to let in water. અંદર પાણી આવવા લાગવું; કાણું પાડવું.*vi.* To let water or other liquor in or out of a vessel through such hole. ચુવું; ગળવું;ઝમવું; તડ, કાણામાંથી બ્હાર નીકળવું.

Leakage, *n.* (લિ'કજ્) Leaking. ગળી ગયેલું પાણી; ઝરણ. 2. An allowance generally made for the leaking of casks. ઝરવાથી થતા નુકશાન બદલ ઘટની કપાત-છુટના દામ.

Leaky, *a.* (લી'કી) Having a leak or leaks; permitting the fluid contained to leak. ફાટ-ગાબડું પડેલું; ચુતું; ગળતું. 2. Likely to disclose secrets. છાની વાત ઉઘાડી પાડે એવું.

Lean, *a.*(લીન્)Meagre;wanting flesh;not fat. પાતળું; નબળું; શક્તિ વગરનું; નિર્બળ; દુર્બળ. 2. Unfertile or barren. અનુત્પાદક;ઉજ્જડ. 3.That part of meat which consists of red flesh without fat. ચરબી વગરનું શુદ્ધ માંસ. *vi.* To slope, slant or deviate from the perpendicular line; to incline. વાંકા વળવું; નમવું. 2. To tend or incline in desire or opinion. ઢું

વલણ-રૂખ હોવી. 3. To depend for comfort, consolation &c. on. સંતોષ અથવા દિલસોજી માટે કોઈ ઉપર આધાર રાખવો. 4. To rely for support. અઢેલવું; ટેકો, આલિંગન દેવું; તકીયો કરવો. [A. S. *hlaenan*, to make to lean.]

Leanness, *n.* (લી'નનિસ્) Meagreness; the quality of being lean. નબળાઈ; કૃશતા; શક્તિહીનતા

Leap, *n.* (લીપ્) A jump; a spring; a bound. છલંગ; કુદકો. *vi.* To jump; to spring. કુદવું; છલંગ મારવી. *vt.* To cross or pass by leaping over. ઉપરથી કુદકો મારી જવું. [A. S. *hlaepon*, to leap.]

Leap-year, *n.* (લી'પયીર) Every fourth year. વરસના આંકને ચારે ભાગતાં શેષ કંઇ નહિં રહે તે વરસ; ચાંદ્રવષ.

Learn, *vt.* (લર્ન) To gain or acquire knowledge of or skill in. ભણવું; શિખવું. *vi.* To receive instruction. જ્ઞાન મેળવવું; ભણવું. 2. To get information. ખબર મળવી. **To learn by heart**=મોઢે કરવું. **To learn by rote**=સમજ્યા વગર બોલી બોલીને મોઢે કરવું.

Learned, *a.*(લ'ર્નિડ્)Well-educated;having a deep knowledge of. વિદ્વાન; પંડિત; જ્ઞાની.

Learnedly, *adv.* (લ'ર્નિડ્લી) In a learned manner. જ્ઞાનથી; વિદ્વત્તાથી.

Learner, *n.* (લ'ર્નર્) A student; one who learns શિખનાર; વિદ્યાર્થી.

Learning, *n.* (લ'ર્નિંગ) The acquisition of knowledge; education. ભણતર; વિદ્વત્તા; જ્ઞાન; પંડિતાઇ; પ્રવીણતા.

Leasable, *a.* (લી'સબલ્) Such as can be leased or let. મુદત બાંધી ભાડે-પટ્ટે-ગણોતે આપવા લાયક.

Lease, *n.* (લીસ્)A letting of land or other property for rent. મુદત બાંધી ભાડે-પટ્ટે-ગણોતે (જમીન અથવા બીજી મિલકત) આપવી તે.2. Any tenure by grant or permission. ગણોત પટો. 3. The document of contract for such a transaction. ભાડાચિઠ્ઠી; ગણોત-પટા-નું લખત. *vt.* to let or grant by lease. મુદત બાંધી ભાડે-ગણોતે-પટે આપવું. [Old. Fr. *lais*.]

Leasehold,*a* (લી'સહોલ્ડ)Held by a lease; tenure by lease. બાંધી મુદત ની શરતે ભાડે-ગણોતે-પટ્ટે રાખેલી. *n.*Tenure of lease. આ તેનો પટાનો-ગણોતનો ભોગવટો. 2. Property held in lease. એવી રીતે ભાડે-પટે-ગણોતે રાખેલી મિલકત. [*lease* and *hold*].

Leaseholder, *n.* (લી'સ્હોલ્ડર) ગણોતે ભાડે રાખનાર.

Leash, *n.* (લીશ્) A piece of string with a loop with which a hunter holds his hound or the falconer, his hawk. બાજને અગર કુતરાને બાંધવાની વાધરી-દોરી. [L. *laxus*, loose].

Leasing, *n* (લી'સિંગ્) Falsehood; lies. જુઠાણું. [L. *leas* false.]

Least, *a.* (લીસ્ટ) Smallest; lowest. ઘણુંજ ન્હાનું; અલ્પ *adv.* In the smallest or lowest degree. થોડામાં થોડું. **At least or at the least** At the lowest degree; to say no more; at the lowest estimate. ઓછામાં ઓછું. **In the least**=જરાપણ; લગાર પણ [L. *loes*, less].

Leather, *n.* (લે'ધર્) The skin of an animal dressed and prepared for use; tanned hides generally.કમાવેલાં ચામડાં. *a.* Made of leather. ચામડાનાં બનાવેલાં. [A. S.*lether*, leather]

Leather-dresser, *n.* (લે'ધરડ્રેસર્) One who tans and dresses leather. ચામડાં કમાવનાર; ચમાર; ખાલપે; ચામડીઓ [*leather* and dresser].

Leathern, *a.* (લે'ધર્ન) Made of leather, consisting of leather. ચામડાનું બનાવેલું.

Leathery, *a.* (લે'ધરી) Resembling leather; tough. ચામડા જેવું; કઠણ.

Leave, *n.* (લીવ્) Permission; allowance; liberty granted. રજા; છુટ; આજ્ઞા; પરવાનગી. *vt.* To let remain. રેહવા દેવું. 2. To depart; to quit; to abandon; to forsake. જુદા પડવું, કરવા; છોડી દેવું. 3. To have remaining at death. પાછળ મુકી જવું. 4. To commit or trust to as a deposit; to bequeath. અનામત તરીકે સોંપવા; વારસામાં મુકી જવું. 5. To refer or commit for decision. ન્યાય, તોડ કરવા માટે કોઇ પણ માણસ આગળ તે બાબત મુકવી. **To leave off**=To desist from. આઘા રહેવું; થી દૂર રેહવું; અમુક કામ કરવાનું મુકી દેવું. 2. To leave out=To omit. કાઢી નાંખવું; છોડી દેવું. 3. **To leave (one) to oneself**=To let alone; to cease to interfere or meddle. એકલું મુકી દેવું; વાગી મુકવું; માથું નહિં મારવું. *vi.* To set out or start. ચાલવું; પરગામ નીકળવું. 2. To desist. આઘા રેહવું. [A. S. *loefan*, to leave]

Leave, *vi.* (લીવ્) To put out leaves. પાંદડાં ફુટવાં.

Leaven, *n.* (લી'વન્) A substance that produces fermentation; yeast. આથો આવવાનું ઉપસાવવાનું આખરણ; ખમીર. *vt.* To mix with

leaven; to excite fermentation. ખીરૂં ચઢે તેમ કરવું; આથવું. [L. *levare*, to raise.]

Leaves, *n.* (લીવઝ) Plural of *leaf*; foliages. પાંદડાં; પાતરાં; પાનાં.

Leaving, *n.* (લી'વિંગ્) Things left; refuse; offal. કચરો; પુંજો; નકામો માલ.

Lecher, *n.* (લે'ચર્) A man given to lewdness છીનાળવો. *vt.* To indulge in lust; to practise lewdness. છીનાળવું કરવું. [L. *lecher*].

Lecherous, *a.* (લે'ચરસ્) Lewd, lustful; addicted to lewdness or lust. રંડીબાજ; કામી; કામાંધ.

Lechery, *n.* (લે'ચરી) Lewdness; free indulgence of lust. રંડીબાજી.

Lection, *n.* (લે'કશન્) A lesson or selection. પાઠ; પાઠાંતર. 2. A reading. સમુચ્ચય; પસંદગી. [L. *lectio*, I read].

Lectionary, *n.* (લે'કશનરી) A book or list of texts for reading at the divine service. ઇશ્વરભક્તિ સારૂ શાસ્ત્રમાંથી કાઢેલા વાકયોનો સંગ્રહ; સ્તોત્રસંગ્રહ.

Lecture, *n.* (લે'કચર્) A discourse on any subject; a speech. ભાષણ; લેકચર. 2. Reprimand; a formal reproof. ઠપકો. *vi.* To read or deliver a lecture. ભાષણ આપવું-કરવું. 2. To reprove or reprimand. ઠપકો આપવો. [L. *lectum*, I read].

Lecturer, *n.* (લે'કચરર્) One who lectures; a professor or lecturer who delivers lectures to students. ઉપદેશક; ભાષણકર્તા.

Lectureship, *n.* (લે'કચર્શિપ્) The office of a lecturer. ભાષણકર્તાની પદ્દવી, દરજ્જો.

Led, *pp.* (લેડ્) Guided; conducted. લઇ ગયેલું.

Ledge, *n.* (લેજ્) A narrow shelf on which articles may be laid. છાજલી; પાટલી. 2. A ridge or shelf of rocks. કોર; કડાણુ; ધાર. 3. A layer; a stratum; a crust. થર; પડ; પોપડો.

Ledger, *n.* (લે'જર્) A book of accounts containing a classified summary of all the commercial transactions. ખાતાવહી; ચોપડો. [*Dan.* legger.]

Lee, *n.* (લી) Dregs or sediment. કચરો. 2. The side towards which the wind blows. જે તરફ પવન વહે તે દિશા; પવનથી દૂર પ્રદેશ. *a.* Pertaining to the side towards which the wind blows. જે તરફ પવન વહે તે તરફથી-નું. [A. S. *hleo.*] *a.* and *adv.* **Leeward** (લ્યૂ'અડ્) પવનથી દૂર, રક્ષિત.

Leech, *n.* (લીચ્) A physician or doctor. હેકીમ વૈદ. 2. A border or edge at the side of a sail. સઢની આગળની કિનારી. 3. A name of several blood-sucking, wormlike animals, some of them used in medicinal practice. જળો. [L. *lacinoe*, I heal.]

Leer, *vt.* (લીર્) To throw a side-glance; to look through the corner of the eyes; to look archly. નેત્ર કટાક્ષ મારવી, થી લલચાવવું. 2. To learn. શિખવું. *n.* An oven in which glass-ware is anvilled. કાચના વાસણ પકાવવાની ભઠ્ઠી. [A. S. *hleor*, cheek.]

Leeshore, *n.* (લી'શોર્) The side opposite that towards which the wind blows. જે બાજુએ પવન વાતો હોય તેની સામેનો કિનારો.

Leeward, *a.* (લી'વર્ડ્) Pertaining to the side towards which the wind blows. પવન જે દિશા તરફ વહેતો હોય તે દિશા તરફનું.

Left, *pp.* (લેફ્ટ) Past tense of *leave*. મુકેલું; છોડેલું. 2. The side opposite to the right. ડાબું. **To take a person left and right** = To take him severely to task. ખુબ ઝડતી-ઝાટકણી કરવી. [A. S. *lef*, weak or infirm.] The left hand or side is generally weaker than the right one.]

Left-handed, *a.* (લૅ'ફ્ટહૅ'ન્ડિડ્) Using the left hand and arm with more strength and dexterity than the right arm. ડાબલીયો; ડાબા હાથથી કામ કરનાર; ડાબકડોયો.

Leg, *n.* (લેગ્) The limb on which an animal walks. પગ; સાથળથી પંજા સુધી કે ઘુંટણથી પેની સુધીનો પગ. 2. Whatever resembles a leg in form or use. પગના આકારની વસ્તુ, પાયો. **Legging** = A covering for the leg. પગનું ઢાંકણુ. **L. of mutton sail** = A triangular sail. ત્રિકોણાકાર સઢ. **To put one's best leg first** = પોતાથી બનતું બધું, ઉત્તમ રીતે કરવું. [Danish *loeg*, the calf.]

Legacy, *n.* (લે'ગસી) A bequest; a gift of property by will. વારસો; વારસામાં આપેલી વસ્તુ. **Legacy-hunter** = પરણીને કે બીજી રીતે વારસો પડાવવાની ઇચ્છા રાખનાર; વારસાબાજ. 2. Awkward. કઢંગો. **L. compliment** = વ્યાજસ્તુતિ; દાઢમાંથી કરેલાં વખાણ. **L. marriage** = morganatic marriage. વહુ કે વરને તથા તેમનાં છોકરાંને વર કે વહુની માલમિલ્કત વગેરેનો જેમાં વારસો ન મળે એવું લગ્ન. [L. *lego*, I bequeath]

Legal, *a.* (લી'ગલ્) Lawful; recognised or created by law. કાયદાસર; કાયદાનું.

Legality, *n* (લીગૅ'લિટી) Lawfulness; conformity to law. કાયદેસરપણું.

Legalise-ze, *vt.* (લી'ગલાઇઝ) To render lawful; to authorise; to make legal; to sanction. કાયદાસર ગણાય એમ કરવું.

Legally, *adv.* (લી'ગલી) Lawfully. કાયદેસરરીતે.

Legate, *n.* (લી'ગે,ટ્) An ambassador or envoy particularly that of the pope to a foreign prince or state; an ecclasiastic. ધર્મદૂત; પાદરી પ્રતિનિધિ. [L. *lego,* I send with a charge].

Legatee, *n.* (લેગટી') The heir to a legacy. વારસાનો હક્કદાર માણસ.

Legation, *n.* (લીગે,'શન્) An embassy; the persons sent as ambassadors. એલચી; વકીલ મંડળ. 2. The official residence of an ambassador at foreign courts. પરરાજ્યમાં મોકલેલા એલચીનું રહેઠાણ, નો મુકામ, ઑફિસ.

Legator, *n.* (લી'ગે,ટર્) A testator; one who leaves a legacy. વશીયતનામું કરનાર;વારસો મેલી જનાર. [L. *lego,* I commit.]

Legend, *n.* (લે'જન્ડ્) A tradition; a myth; a marvellous story handed down from early times; a fable. અદ્ભુત, દંત કથા. [L. *lego,* I read or gather.]

Legendary, *a.* (લે'જન્ડરી) Relating to traditions or fables; mythical; fabulous. દંતકથાનું;અદ્ભુત;કથારૂપ. *n.* A book of legends. દંતકથાની ચોપડી. 2. One who relates fables. દંતકથા કહેનાર.

Legerdemain, *n.* (લે'જરદમે,'ન) Sleight of hand;an adroit trick; jugglery; trickery. હાથચાલાકી. [L. *leger,* light; *de,* of; *Main= Manus,* hand.]

Legibility, *n.* (લેજીબિ'લિટી) The quality or state of being legible. વંચાય-ઉકેલાય તેવું હોવું તે; વાચ્યતા.

Legible, *a.* (લે'જીબલ્) Readable or distinguishable with ease; able to be read. વંચાય-ઉકેલાય એવું. [L. *legere,* to read].

Legibly, *adv.* (લે'જિબ્લી) In a readable or legible manner. વંચાય-ઉકેલાય એવી રીતે.

Legion, *n.* (લી'જન) A body of infantry amongst the Romans of about 3,000 to 6,000 soldiers; a military force. ત્રણથી છ હજાર સુધી માણસનું પાયદળ. 2. A great number. મોટી સંખ્યા.–*a.* અસંખ્ય. [L. *legs,* I gather].

Legislate, *vi.* (લે'જિસ્લે,ટ્) To make or enact a law or laws. કાયદા-કાનુન ઘડવા. [L. *lex,* law.]

Legislation,*n.*(લેજિસ્લે,'શન્)The enacting of laws or statutes. કાયદા ઘડવા તે. 2. The laws or statutes so enacted. ઘડેલા કાયદા.

Legislator, *n.* (લે'જિસ્લે,ટર્) A lawgiver; an enacter of laws; a maker of laws. કાયદા કરનાર-બનાવનાર. [L *lex,* law, *lat,* I carry.]

Legislative, *a.* (લે'જીસ્લે,ટિવ્) Pertaining to or capable of making laws. કાયદા કરનારું, બનાવનારું, કરવાની સત્તાવાળું.

Legislature, *n.* (લે'જીસ્લે,ચર્) A body of persons in the state authorised to enact laws.ધારાસભા;નિયમકાર સભા.2.The legislating power of a state. કોઇપણ રાજ્યના કાયદા ઘડનાર સત્તા

Legitimacy, *n.* (લિજી'ટિમસી) Lawfulness; legality;the state of being legitimate. ખરાપણું; હક્કદારી; લગ્નોત્પત્તિ.

Legitimate, *a.* (લિજી'ટિમે,ટ) In accordance or conformity with the law of the land. કાયદાસર.2.Lawfully born; born in a legal marriage. પરણીઆતનું; ઓરસ. 3. Genuine; not false or spurious. ખરું;સાચું; ઠોકી બેસાડેલું નહિં.4. Following a logical or natural order (as a conclusion). તાર્કિક રીતે, રીતસર નીકળતું. *vi.* To render legitimate; to legalise. કાયદાસર થાય એમ કરવું.

Legume, *n.* (લિગ્યૂ'મ) A pod. શીંગ; ફળી. માંડવી.2.Fruit of leguminous plants; pulse. શીંગમાં થતું અન્ન; કઠોળ; દાળ.

Leguminous, *a.* (લિગ્યૂ'મિનસ્) Pertaining to or consisting of pulse. દ્વિદલ-શૈમ્બ્ય અન્ન, શીંગવાળું. [L. *legumen,*]

Leisure,*n.* (લે'ઝર્) Freedom from labour, occupation or business; spare or vacant time. નવરાશ; ફુરસદ; અવકાશ. *a.* Not used or spent in any occupation. ફુરસદનો; નવરાશનો [L. *licere,* to be allowed].

Leisurely, *adv.* (લે'ઝરલી) Slowly; at leisure. નવરાશ, ફુરસદને વખતે. *a.* Not hasty; deliberate; slow. ધીમું; વિચારવંત; મંદ.

Leman, *n.* (લે'મન્) A mistress, a sweetheart. પ્યારી; માશુક; રખીયાત. [A. S. *leof,* dear.

Lemon, *n.*(લે'મન્)Acid fruit of the orange kind. લીંબુ; નિંબુ. 2. The tree that bears that fruit. લીંબુનું ઝાડ.

Lemon-grass, *n.* (લે'મનગ્રાસ્) A kind of tree giving fragrant oil સુગંધિદાર તેલ આપનારું વૃક્ષ, દ્રુમ, ઝાડ.

Lemonade,*n.*(લેમને,'ડ્)A drink containing the syrup of lemons. લીંબુનું શરબત.

Lend; *n.* (લેન્ડ) To grant to another for temporary use; to give as a loan. વાપરવા, ઉછીનું આપવું. 2. To allow possession and use of, on the condition of the return of an equivalent in kind. ધિરવું; હાથ ઉછીનું આપવું; વ્યાજે આપવું. **To lend a hand**= To aid, to help; to assist. મદદ કરવી. **To lend one's ears**=To hear attentively. ધ્યાન દઇને સાંભળવું **To lend oneself to a scheme**=કાર્યમાં મનપૂર્વક મદદ કરવી,માં ફસાવું. **To lend a name**= To give another the advantage of one's prestige or goodwill. બીજાને આપણી શાખનો લાભ આપવો. [A. S. *loenan*, to lend].

Lender, *n.* (લેં'ન્ડર્) One who lends. નાણું ધીરનાર; સાહુકાર; વ્યાજનો ધંધો કરનાર.

Length, *n.* (લેંન્થ) The longest dimension of any object. લંબાઇ; લંબાણ. 2. Duration; extent. લંબાણ; વખત; કાળ. 3. Amplification or details. લંબાણ: વિસ્તાર. 4. Degree, or extent of progress.આગળ પ્રગતિ.**At length** 1. In details. વિસ્તાર, લંબાણથી 2. At last. અંતમાં; છેલ્લે, છેવટે. [A. S. *lang*, long.]

Lengthen, *vt.* (લેં'ન્થન્) To increase in length.લાંબુ કરવું;લંબાઇ વધારવી;તાણીને લાંબુ કરવું.

Lengthwise, Lengthways, *adv.* (લેં'ન્થવાઇઝ-લેં'ન્થવે,ઝ) In the direction of the length; longitudinally. લંબાઇની બાજુમાં, લંબાઇની દિશામાં; લાંબુને લાંબું.

Lengthy, *a.* (લેં'ન્થી) Having length. લાંબું.

Lennience, Leniency, Lenity, *n.* (લી'ન્યન્સ; લી'ન્યન્સી; લે'નિટી) The quality of being lenient; gentleness; mildness. નરમાશ; કુમળાશ; ઉદારતા; છૂટ.

Lenient, *a* (લી'ન્યન્ટ)Gentle;mild; clement. કોમળ;નરમ;ઉદાર.[L.*lenis*,I make soft or mild].

Leniently, *adv.* (લી'ન્યન્ટ્લી) Mercifully; gently. નરમાશથી

Lenity, *n.* (લે'નિટી) Mildness; kindness; mercy નરમાશ; કોમળતા; દયાભાવ.

Lens, *n.* (લેન્ઝ્) A transparent substance, usually glass, so formed that the rays of light passing through it appear magnified or diminished in size; one of the glasses of a telescope; microscope &c. કાચ; દૂરબીનકાચ.**Concave lens**=અંતર્ગોળ કાચ**Convex lens**=બાહ્યગોળ કાચ. **A crystal lens**= સૂર્યકાંત.[L. *lens*]

Lent, *pp.* (લેન્ટ્) Given as a loan. ઉધાર આપેલું; ધીરેલું.*n.* A forty days' fast observed in Christian churches in commemoration of the forty days' fast of Christ, from Ash Wednesday to Easter Eve. ઇશુ ખ્રિસ્તના પુનરૂત્થાનના અંગને ૪૦ દિવસનો પાળવામાં આવતો ઉપવાસ [A. S. *lencten.*]

Lentigo, *n.* (લેન્ટિગો) A freckly eruption on the skin. ચામડીપર થતો એક જાતનો રોગ. [L. *lentigo.*]

Lentil, *n.* (લે'ન્ટિલ્) A pealike plant cultivated in Egypt &c. having seeds which form a very nutritious diet. મસુરની દાળ; એક જાતનો વીલાયતી છોડ; દ્વિદળ અનાજ.[L. *lens*, a lentil]

Leo, *n.* (લી'ઓ) The lion, the fifth sign of the zodiac, a lion. સિંહ; સિંહ રાશિ.

Leonine, *a.* (લી'ઓનાઇન્) Catlike; lionlike; pertaining to the lion. સિંહ જેવા; બિલાડી જેવા; સિંહશીલ, સિંહધર્મી. **Leonine movements or motions**=Noiseless and soft, stealthy movement. અવાજ વગરની, ચોર જેવી હિલચાલ. [L. *les*].

Leopard, *n.* (લે'પર્ડ્) A large carnivorous mammal of the cat genus; a panther. કુતરીઓ વાઘ; ચિત્તો; ચીતારો. [L, *leo*, lion and *pardus*, panther].

Leper, *n.* (લે'પર) A person affected with leprosy. કોઢીઓ; કઢીઅણુ; રગતપિત્તયો.

Leporine, *a* (લે'પોરાઇન્) Pertaining to or having the qualities of a hare. સસલા જેવું-સંબંધી. [L. *leporis*, a hare].

Leprosy, *n.* (લે'પ્રસી) A foul cutaneous disease, characterised by dusky red or livid tubercles on the face, ears and extremities; a thickened state of the skin &c. રક્તપિત્ત; કોઢ. [Gr. *lepra.*]

Leprous, *a.* (લે'પ્રસ્) Pertaining to or affected with leprosy. કોઢ થયેલું; કોઢીયું.

Lesion, *n.* (લી'ઝન્) A wound or injury; a derangement. ઇજા; નુકશાન; હાનિ; ખલેલ; પીડા; ગોટાળો. [L. *lacsio*, I hurt].

Less, *a.* (લેસ્) Not so large or great; smaller. વધારે ન્હાનું,થોડું. *adv.* In a smaller or lower degree. ઓછું; ન્હાનું. [A. S. *lese*].

Lessee, *n.* (લેસી') One to whom a property is leased. મુદતની શરતથી ગણોતે-પટે-ભાડે રાખનાર શખસ; ગણોતીયો; પટેદાર; ઇજારદાર.

Lessen, *vt.* (લે'સન્) To diminish; to reduce; to abate. ઓછું-કમતી કરવું. 2. To disparage or depreciate. કિંમત કમી કરવી; હલકું ગણવું. *vi.* to become less, to decrease.ઓછું-કમી થવું.

Lesser, *a.* (લે'સર્) Smaller.વધારે ઓછું, ન્હાનું.

Lesson, *n.* (લે'સન્) The portion of a book which a pupil recites at one time. પાઠ 2. A portion of scripture read in Divine Serviceશિક્ષા;ઉપદેશ;બોધ;શાસ્ત્રપ્રકરણ.3.A severe lecture, rebuke or reprimand. સખત ઠપકો. 4. A truth or instruction taught by experience. સ્વાનુભવથી જાણેલું સત્ય; પાઠ; અનુભવ. [L. *lego*, I read].

Lessor, *n.* (લે'સૉર્) One who lets or leases a property. ભાડે-ગણોતે-પટે આપનાર ઘરધણી.

Lest, *a.* (લેસ્ટ્) Perhaps કદાચ; રખેને.

Let,*vt.*(લેટ્)To permit;to suffer. રજા આપવી; પરવાનગી આપવી. 2.To abandon;to relinquish. છોડી દેવું; ત્યજી દેવું. 3. To lease; to grant possession and use of for a compensation to hire out.ભાડે આપવું.**To let**=ભાડે આપવાનું છે. **To let alone**=To leave; to cease to interfere. છોડી દેવું; માથું નહિં મારવું; વાળી મુકવું. **To let fly or drive**=જોરથી ફેંકવું. To discharge with force. **To let go**=To allow or suffer to go. જવા દેવું; જવું કરવું. **To let off**=છોડી મુકવું. To allow to escape; to release. 2. To discharge as an arrow; to fire as a gun. તીર છોડવું; બંદુક ફોડવી. **To let loose**=To permit to wander at large. છુટું-રંખડતું મુકી દેવું. **To let blood** =નસ્તર મુકી લોહી વહેવા દેવું. To open a vein. and let blood flow. **To let open**=To reveal or divulge as a secret. છાની વાત ઉઘાડી પાડવી. *n.* Hindrance; obstacle; impediment.અડચણ;અંતરાય.[A.S.*lettan*, to let.]

Lethal, *a.* (લી'થલ્) Deadly; mortal; fatal. પ્રાણનાશક; ઘાતકી; કતલી.

Lethargical, *a.* (લિથા'ર્જીકલ્) Drowsy; pertaining to lethargy; affected with lethargy; morbidly inclined to sleep. ભારે ઉંઘણસી; સુસ્ત; બેભાન; ગાફેલ.

Lethargically, *adv.* (લીથા'ર્જીકલી) In an idle or drowsy manner. અઘોરી, સુસ્ત રીતે.

Lethargy, *n.* (લે'થર્જી) Unnatural drowsiness or sleepiness; profound sleep from which a person can scarcely be awakened; dullness; inaction. સુસ્તી; અતિનિદ્રા; અઘોરીપણું. [L. *lethargia*, oblivion.]

Lethe, *n.* (લી'થી) Death. મોત.2. Oblivion; forgetfulness. વિસ્મૃતિ; ભુલાવો. [Gr. *lethe*, river in Hades or lower world, producing forgetfulness.]

Letter, *n.* (લે'ટર્) One who lets or leases. ભાડે આપનાર. 2. A mark or character used as a representative of sound. અક્ષર;વર્ણ. **A compound letter**=જોડાક્ષર;સંયુક્તાક્ષર. 3.A written or printed communication or message; an epistle. લેખ; પત્રિકા; પત્ર; કાગળ. **Letters patent**=A royal order authorizing some person to do an act or enjoy a right. સનદ; પરવાનો. 4. Verbal expression; literal meaning.શબ્દાર્થ;અક્ષરાર્થ. *pl.*learning. ભણતર; વિદ્યા. **A man of letters**.= A learned man. વિદ્વાન માણસ; સાક્ષર; કેળવણી પામેલો માણસ. *vt.* To impress or form letters on. અક્ષર કોતરવા, લખવા. **Dead letter** = ન ધણીયાતો કાગળ; બંધ પડેલો રિવાજ વગેરે. An unclaimed letter. **Letter-box**=Post-box. ટપાલના કાગળ નાખવાની પેટી. **Letter-carrier**=A postman. ટપાલવાળો;ટપાલી. **Letter-founder**=ટાઇપના અક્ષર ગાળનાર.A type-founder.**Letter book** =A book in which merchants keep copies of their correspondence. પત્ર વેહવારની નકલો રાખવાની ચોપડી. **To the letter**=બરાબર; જરા પણ ભૂલ વગર. **Letter and spirit**= શબ્દાર્થ અને ભાવાર્થ, હેતુ. **L. of attorney** =વતી કામ કરવાનું અખત્યારનામું. **L. of credence** = પ્રમાણપત્ર. **L. perfect**= (નાટકીયો) પાઠમાં પાકો, અક્ષરે અક્ષર તૈયાર. [L. *litera*, a letter.]

Lettered, *pp.* (લે'ટર્ડ્) Educated. ભણેલો. **Unlettered**=અભણ. **Letterless**=Illiterate. અભણ.

Letter-press, *n.* (લે'ટરપ્રેસ્) A copying press. કાગળની નકલ કાઢવાનું યંત્ર. 2. Print; letters and words impressed on paper or other material by types. બીબાવતી છાપેલા અક્ષર, શબ્દ; ચિત્રો ઉપરાંત, સિવાયનું બીજું છાપેલું, લેખ વગેરે.

Letter-writer, *n.* (લે'ટરરાઇટર્) One who writes letters. કાગળ લખનાર. 2. A book teaching the correct way of writing letters. કાગળો લખવાની રીત શીખવનાર પુસ્તક; પત્રલેખન શિક્ષક, શિક્ષિકા.

Letting, *n.* (લે'ટિંગ્) The act of letting. ભાડે આપવું તે; જવા દેવું તે.

Levant, *n.* (લિવૅ'ન્ટ્) Countries east of the Mediterranean Sea. ભૂમધ્ય સમુદ્રની પૂર્વ તરફના દેશો. **Levantine**=આ પ્રદેશમાંથી આવતું એક જાતનું રેશમી કાપડ. 2. One who runs aways or decamps without paying

his debts. નાસી જનાર દેવાળીઓ. *vi.* To run away or decamp without paying one's debts. [L. *levare*, to raise].

Levanter, *n.*(લીવૅ'ન્ટર્) A decamper. નહા-સી જનાર માણસ. 2. The name of a strong wind on the Mediterranean coast. ભૂમધ્ય સમુદ્રમાં વહેતો પ્રચંડ, પૂર્વ તરફનો વાયુ.

Levee, *n.* (લે'વિ) A reception of visitors held by a prince or some other high functionary of state. દરબાર; સભા; મિજલસ. [L. *levare*, to rare].

Level, *n.* (લે'વલ્) A horizontal line or plane; a surface without inequalities. સરખી જમીન; સપાટ પ્રદેશ. 2. A certain status or position or rank in society. ધોરણ; સ્થિતિ; દરજ્જો; ભૂમિકા. 3. An instrument for determining the planeness of a surface. સાધની; આળંબો; ઓળંબો. 4. State of equality. બરોબરી; સમાનતા. **A carpenter's level** = કાટખુણો. **Mason's level** = સાધની; ઓળંબો. **Level of the sea**-Sea-level. દરીયાની સપાટી. *a.* Horizontal; even; flat. સીધો; સપાટ. 2. Having the same height; equal in rank or degree.. ઉંચાઇમાં સરખું; સરખા કુદાનું. *vt.* To make level by removing the inequalities of the surface. સરખું કરવું. 2. To reduce to an equality of condition. એક સરખી સ્થિતિ-દશામાં લાવવું. 3. To point or aim at. તાકવું **To level up** = To raise the level or state of anything. વધારે ઉંચુ કરવું; હોદો વધારવો. **To level down** = To lower to the same status or condition. ઉંચું-નીચું હોય તે એકસરખું કરવું. નહાના મોટાનો ભેદ દૂર કરવો. **To level to dust** = To raze to the ground. જમીન દોસ્ત કરવું. [L. *libella*, dim. of *libra*, a level].

Leveller, *n.* (લે'વલર્) One who levels; anything that destroys social distinctions and reduces all men to equality. સપાટ કરનાર. એકસરખું કરનાર. 2. A believer in common ownership of property (in Economics) સામાન્ય સ્વામિત્વનો મત ધરાવનાર માણસ; સમાજવાદી.

Levelling, *n.* (લે'વલિંગ્) The act of levelling; the act of ascertaining the different elevations of objects from the surface of the earth. એકસરખું કરવું તે; સમીકરણ કરવાની ક્રિયા. **Levelling pole-rod-staff** = An instrument used in levelling in conjunction with a spirit-level and a telescope. સમી-કરણ યંત્ર.

Levelly, *adv.* (લે'વલી) Evenly; in a level manner. એક સરખી રીતે.

Levelness, *n.* (લે'વલનિસ્) Evenness; the state of being level. એકસરખાપણું.

Lever, *n.* (લી'વર્) A bar of metal &c. capable of turning on an axis and used to overcome the resistance at one end by the application of a smaller force at the other. ઉચ્ચાલન યંત્ર. 2. A watch having a vibrating lever to connect the action of the escape wheel with that of the balance. લીવરવાળું ઘડીયાળ. [L. *levare*, to raise].

Leverage, *n.* (લી'વરેજ્) The action of a lever; lever power; the mechanical advantage gained by a lever. ઉચ્ચાલનથી થયેલો ફાયદો: ઉચ્ચાલન ક્રિયા, શક્તિ.

Leveret, *n.* (લે'વરિટ) A hare in the first year of its age. એક વરસનું સસલાનું બચ્ચું.

Leviable, *a.* (લે'વિઅબલ્) Assessable; that may be levied. વસુલ કરાય એવું; ઉઘરાવવા યોગ્ય.

Leviathan, *n.* (લીવા'યથન્) Sea monster; huge ship; powrful person, etc. મચ્છ; મગર; ગંજાવર વ્હાણ; જબરો સત્તાધારી; જબરદસ્ત કંઇક.

Levigate, *vt.* (લે'વિગેટ્) To rub or grind to a fine unpalpable powder; to mix thoroughly. ઝીણું-બારીક કરવું; એકરસ કરવું. *a.* Finely ground. ઝીણું કરેલું.

Levite, *n.* (લી'વાઇટ) One of the tribe or family of Levi, લીવીના કુટુંબ-જાતમાંનો માણસ. 2. A cleric; a priest. પાદરી. [*Levi*, one of the son of Jacob].

Levity, *n.* (લે'વિટી) Lightness of temper or conduct; unsteadiness; giddiness; want of seriousness; fickleness; disposition to trifle; volatility. મનની અસ્થિરતા-ચંચળતા; નાદાની; હલકાઈ; બાલિશતા; ભોકરવાદ-મત; ઠઠ્ઠા, મજાકગીરી [L. *levitas*, lightness].

Levy, *vt.* (લે'વી) To raise or enlist (troops). લશ્કર એકઠું કરવું. 2. To collect (taxes). કર-વેરો બેસાડવો-ઉઘરાવવો. **To levy war** = To raise an army for fighting. લડાઈ માટે લશ્કર એકઠું કરવું. *n.* The act of raising troops. લશ્કર એકઠું કરવું તે. 2. The act of collecting taxes. વેરાઓ વસુલ કરવા તે. 3. The troops raised. એકઠું કરેલું લશ્કર. 4. The taxes collected. વસુલ કરેલા કરો-વેરાઓ. [L. *levare* to raise.]

Lewd, *a.* (લ્યુડ્) Lascivious; sensual; lustful. કામી; લંપટ; કામાંધ. 2. Given to or proceeding from unlawful lust. કામીપણાનું; બદચાલનું; કામી; લંપટ. [A. S. *laewed*, lewd].

Lewdly, *adv.* (લ્યૂ'ડ્લી) In a lustful or sensual manner. બદનજરથી; કામપૂર્ણ નજરથી; કામાંધરીતે

Lewdness, *n.* (લ્યૂ'ડનિસ્) Lustfulness; sensuality; lasciviousness. વ્યભિચાર; શીલભંગતા; કામાસક્તિ.

Lexical, *a.* (લે'ક્સિકલ્) Pertaining to the vocabulary of a language. શબ્દકોશ સંબંધી.

Lexicographer, *n.* (લેક્સિકૉ'ગ્રફર્) The author or compiler of a dictionary. શબ્દકોષકર્તા, સંગ્રાહક.

Lexicography, *n.* (લેક્સિકૉ'ગ્રફી) The act or art of compiling a dictionary; the occupation of compiling dictionaries. શબ્દકોષકરણ; કોષરચના. [L. *lexicon*, a word & *grapho*, I write.]

Lexicologist, *n.* (લેક્સિકૉ'લજીસ્ટ) A skilled dictionary writer. સારો શબ્દકોષકાર.

Lexicology, *n.* (લેક્સિકૉ'લજી) The science or art of words, their derivation, signification &c શબ્દકોષરચનાશાસ્ત્ર; વ્યુત્પત્તિશાસ્ત્ર.

Lexicon, *n.* (લે'ક્સિકન્) A dictionary; a a word-book. શબ્દકોષ; ડિક્શનરી. [Gr. *lego*, I speak.]

Lex talionis, *n.* (લેક્સ્ ટૅલિઓ,નિસ્) Law of retaliation. વૈર ન્યાય; કરણી તેવી પાર ઉતરણી, ભરણી એ ન્યાય, મત [L.]

Liable, *a.* (લા'યબલ્) Answerable for consequences; bound to make good a loss; responsible. જવાબદાર; જોખમદાર. **Liable to err** = Likely to commit mistakes. ભુલ કરે તેવું; દોષપાત્ર. [L. *ligare*, to bind.]

Liableness, Liability, *n.* (લા'યબલનિસ્, લાયૅબિ'લિટી) The state of being liable; that for which one is liable. જવાબદારી; જીમ્મેદારી; જોખમ.

Liaison *n.* (લિએ'યુઝન્) Illicit love affair. પ્રેમચેષ્ટા; નખરૂં; 2. સ્વર પ્હેલાંના અંત્યવ્યંજનનું ઉચ્ચારણ. 3. સંબંધ; દ્રુત સ્થિતિ.

Liar, *n.* (લાયર્) One who knowingly utters a falsehood. અસત્યવાદી; જુઠો.

Libation, *n.* (લાયબે,'શન્) The act of pouring a liquor usually wine either on the ground or on a victim in sacrifice in honour of some deity. સિંચન; તર્પણ; તર્પણદ્રવ્ય; તર્પણોદક; રસ, આસવ. [L. *libatio*.] 2. Drinking. દારૂપાન.

Libel, *n.* (લા'યબલ્) A defamatory writing. આબરૂને નુકસાન પ્હોંચે એવું લખાણ. 2. The crime of issuing a defamatory publication. આબરૂને નુકસાન કરે એવું લખાણ લખવાનો ગુન્હો; બદનક્ષી. *vt.* To defame expose to public hatred or contempt by a writing or picture; to lampoon. આબરૂને નુકસાન પ્હોંચે એવું લખાણ લખવું. **A libel suit** = આબરૂ નુકસાનીનો, બદનક્ષીનો દાવો. [L. *libellus*, a libel].

Libellous, *a.* (લા'યબલસ્) Defamatory; containing a libel. પ્રતિષ્ઠાહારી; આબરૂ લેવાનું; બદનક્ષી ભરેલું, કરતું.

Liberal, *a.* (લિ'બરલ્) Bountiful; generous. દાનશૂર; ઉદાર. 2. Ample; abundant; profuse. મોકળું; મોટું; સંપૂર્ણ; વિપુલ; પુષ્કળ. 3. Not characterised by selfish, narrow or contracted views. ઉદાર, મોટા મનનો. 4. Favourable to civil, political and religious liberty; in favour of social reforms. રાજકીય બાબતોમાં અથવા સામાજીક બાબતોમાં ઉદાર, સુધારક મત ધરાવનાર. 5. Not too literal or strict. વ્હોળો, વિશાલ: ભાવાર્થવાદી. *n.* One who advocates greater freedom from restraint especially in political institutions. રાજકીય બાબતોમાં ઉદાર વિચાર ધરાવનાર માણસ **Liberal arts** = Fine arts. ઉંચી કોટિની વિદ્યા, કળા. **Liberal education** = Higher education which cultivates the mind. ઉંચા પ્રકારની, સજ્જન ગૃહસ્થને છાજે એવી કેળવણી. **Liberal of heart** = Nobleminded. ઉદાર, વિશાળ હૃદયનો. **The Liberals** = ઇંગ્લંડમાંનો એક ઉદાર મત ધરાવતો રાજકીય પક્ષ. [L. *liber* free].

Liberalism, *n.* (લિ'બરલિઝમ્) Liberal principles; the principles of the Liberal party in England. ઉદાર વિચાર; લિબરલ પક્ષના મતો અથવા સિદ્ધાંતો.

Liberality, *n.* (લિબૅરે'લિટી) Generosity; munificient bounty; magnaminity; largeness of mind; width of sympathy. ઉદારતા; દાનવીરતા; મનની મોટાઇ; હૃદયની વિશાલતા.

Liberalize, *vt.* (લિ'બરલાઇઝ્) To render liberal; to enlarge; to render free from narrow views or prejudices. મોટું, ઉંચું, ઉદાર કરવું.

Liberally, *adv.* (લિ'બરલી) Generously; bountifully; large-mindedly. ઉદારતાથી; પ્રચુરપ્રૌઢપણે.

Liberate, *vt.* (લિ'બરે,ટ્) To release from restraint or bondage; to set at liberty; to free. કેદમાંથી છુટા કરવું; સ્વતંત્ર કરવું. [L. *libera*].

Liberation, *n.* (લિબરે,'શન્) Freedom; release; setting at liberty. છુટકારો.

Liberator, *n.* (લિ'બરે,ટર) A rescuer; a deliverer; a saviour. છૂટકારો કરનાર માણસ.

Libertarian, *a.* (લિ'બર્ટેરિયન્) Pertaining to the doctrine of freewill as opposed to that of necessity. પુરૂષાર્થવાદી.

Libertarianism, *n.* (લિબર્ટે'રિયૂનિઝમ્) The doctrine of the free will of mankind. પુરૂષાર્થવાદ.

Libertine, *n.* (લિ'બર્ટિન) A free man; a man without restraint; one unconfined. મન મુખત્યારથી ચાલનાર માણસ. 2. One who indulges in his lust without restraint; a debauchee; a sensualist; a rake. રંડીબાજ; વિષયાસક્ત માણસ. *a.* Licentious; dissolute. વિષયાસક્ત. [L. *liber*, free.]

Libertinism, *n.* (લિ'બર્ટિનિઝમ્) The state of a libertine. બેફેદપણું. 2. A dissolute or licentious life; the conduct of a rake; debauchery. વિષયાસક્તપણું; શીલંપટપણું; રંડીબાજી; બદકર્મ; લુચ્ચાઇ.

Liberty, *n.* (લિ'બર્ટી) Freedom; The state of a free person. છુટ; સ્વતંત્રતા; મનમુખત્યારપણું. 2. Freedom from imprisonment. કેદમાંથી છુટકારો. 3. Privilege; exemption; permission granted. છુટ; રજા. 4. Leave. રજા; પરવાનગી. 5. Freedom of action or speech beyond the bounds of civility or decorum. બેઅદબી; અમર્યાદા. 6. Freedom from occupation or engagements. કામમાંથી છુટકારો, ફારગતી. 7. Choice or selection power. મનગમતું કરવાની રજા; આપમુખત્યારીપણું. **Liberty of individuals**=વ્યક્તિસ્વાતંત્ર્ય **Liberty of speech**, = બોલવાની છુટ; વાકસ્વાતંત્ર્ય. **Liberty of press** = Freedom of publishing anything except what is mischievous or injurious to public interests. છાપવાની છુટ. **Civil and political liberty** = રાજકીય સ્વાતંત્ર્ય. **Liberty of conscience**=વિચારસ્વાતંત્ર્ય; પોતાના અંતરના અવાજ પ્રમાણે વતવાની છુટ. **Liberty of intellect** = બુદ્ધિસ્વાતંત્ર્ય. **At liberty**=Unconfined. છુટો. 2. At leisure. ફુરસદ-નવરાશની વખતે. [L. *liber*, free].

Libra, *n.* (લિ'બ્રા) The seventh side of the Zodiac. તુલારાશિ. [L. *libra*, a balance].

Librarian, *n.* (લાયબ્રે'રિયન્) The keeper of a library or collection of books. પુસ્તકાલયનો અધિકારી.

Library, *n.* (લા'યબ્રરી) A collection of books belonging to any one. પુસ્તકાલય; કીતાબખાના; સંગ્રહ 2. The building or edifice where such collections are gathered. લાયબ્રેરીની જગ્યા-નું મકાન. [L. *libraria*, a bookseller's shop].

Libratory, *a.* (લાયબ્રે'ટરી) Oscillating; moving to and fro like a balance. ત્રાજવાની પેઠે ફરનારૂં. [L. *libra*, a scale.]

Licence, *n.* (લા'યસન્સ) Authority or liberty to do or forbear from doing an act. રજા; પરવાનગી. 2. A certificate or document giving such permission. રજાચિઠ્ઠી; પરવાનો ઇજારો. 3. Undue or excess of liberty or freedom. ગેરવ્યાજબી છુટ; સ્વચ્છંદ. **License**, *v.* છુટ આપવી.

Licensee, *n.* (લાયસન્સી') પરવાનો ધરાવનાર. **Licenser**=પરવાનો આપનાર અમલદાર.

Licentiate, *n.* (લાયસેન્શિએટ્) One who has a licence to practise any art or exercise any profession. સનંદ ધરાવનાર; સનંદી. [L. *licentia*, a licence].

Licentious, *a.* (લાયસે'ન્શસ્) Profligate; dissolute; lawless; immoral. વંઠેલું; લંપટ; વ્યભિચારી.

Licentiousness, *n.* (લાયસે'ન્શસ્નિસ્) Profligacy; sensuality. વ્યભિચાર; લંપટપણું; બદકર્મ. [L. *licentiosus*].

Lick, *vt.* (લિક્) To pass or draw the tongue over the surface of; to lap. જીભથી ચાટવું. 2. To flog; to beat; to overcome. મારવું; હરાવવું. (licking). **To lick into shape**=To give proper form to; to bring back to the right road. બરાબર આકાર આપવો; ખરે રસ્તે ચઢાવવો. 2. To subdue; tame. સીધો કરવો; વશ કરવું. rubbing or drawing over of the tongue. ચાટવું તે. 2. A blow or stroke. ફટકો; માર. [L. *licione*]. **L. spittle**. નીચ; ખુશામદીયો.

Lickerish, *a.* (લિ'કરિશ) Dainty; eager to taste or enjoy. આતુર; ભોગાતુર; શોખીન.–also, **Liquorish**.

Lico(quo)rice, *n.* (લિ'કરિસ્) A kind of plant the root of which abounds in sweet juice. જેઠી મધનો છોડ; જેઠીમધ.

Lid, *n.* (લિડ)That which covers the opening of a vessel. ઢાંકણું. 2. An eye-lid. [A. S. *hlid*, a cover].

Lie, *n.* (લાય) A falsehood; an untruth; a deception. જુઠું; જુઠાણું; અસત્ય. *vi.* To utter falsehood with an intention to deceive. અસત્ય બોલવું; જુઠું બોલવું. **To give the lie to**=To charge with falsehood; to prove

to be false. જુઠ્ઠું બોલવાનો આરોપ મુકવો; જુઠાણું છે એમ સાબીત કરવું.2.To occupy a horizontal position; to rest on a bed or couch. સુવું. 3. To be situated or occupy a certain place. અમુક જગ્યાએ હોવું. 4. To abide or remain. પડી રેહવું. 5. To be present; found in; to exist in.માં હોવું; 6. To be incumbent on; to depend. આધાર હોવો-રાખવો. **To lie at the mercy of**=To be in the power of.ના હાથમાં આવી પડવું;ની સત્તામાં હોવું. **To lie in**= To be in child bed; to bring forth young. સુવાવડમાં હોવું; બાળકને જન્મ આપવો. **To lie in wait**= To wait in ambush or concealment. લાગ ફાવે ત્યાં સુધી સંતાઇ રહેવું; તાકીને બેસી રહેવું. **To Lie over**=To be postponed or deferred.આગળ ઉપર, મુલતવી રહેવું. **To lie on hand**.-**To lie in hand**=પાસે હોવું; સીલક હોવું. **As far as in me lies**=મ્હારી શક્તિ મુજબ. **L.-abed**, મોડો ઉઠનાર. **L. on the bed one has made**=કરેલાં કર્મનાં ફળ ચાખવાં. **L. to**=લંગર નાંખ્યા વગર બને તેટલું સ્થિર થવું, અટકવું. **L. up**= સુઇ જવું; સુસ્ત થઇ જવું; ડૉકમાં, ફારગતીએ હોવું. **L. with**=સંભોગ હોવો. **L. of the land**= વસ્તુ સ્થિતિ; સંજોગ.

Lief, *a* (લીફ્) Beloved. વહાલું. 2. Pleasing. આનંદદાયક. 3. Agreeable; willing. મનગમતું; ખુશ. *adv.* Gladly;willingly;readily. ખુશીની સાથે *n.* A beloved; a sweetheart. માશુક.

Liege, *n.* (લીજ્) A lord; a sovereign. સત્તાધીશ; ઉપરિ; *a.* Superior; sovereign; independent. સત્તાધારી; સત્તાવાન [Gr. *ledie*, free].

Lien, *n.* (લીયન્) A legal claim; a right of the creditor to retain the goods of the debtor until the debt is paid. ખરો હક; કાયદેસર દાવો; પૈસા મળે ત્યાં સુધી દેવાદારની માલ મિલ્કત અટકાવવાનો લેણદારનો હક.[L.*ligo*,I bind].

Lieu, *n.* (લ્યુ) Place; room; stead. બદલો; ઠેકાણું. **In lieu of**=ને બદલે.

Lieutenancy, *n.* (લેફ્ટે'નન્સી) The office or commission of a lieutenant. પતિનિધિપણું.

Lieutenant, *n.* (લેફ્ટે'નન્ટ)An officer who supplies the place of his superior in his absence. પ્રતિનિધિ;ડેપોટી;ડેપ્યુટી. 2. A commissioned officer in the army next below in rank to a captain. કપ્તાનના હાથ નીચેનો અધિકારી. [L. *locus*, place; *tenant*, holding].

Life, *n.* (લાઇફ્) The state of living or being alive. જીંદગી; હયાતી; જીવન. 2. The time from birth to death. જીવન; જન્મારો જીવતર; આવરદા; આયુષ. 3. Vitality; animation. જીવન; જીવનશક્તિ; જીવ. 4. The present state of existence; the manner of living. જીવન ક્રમ; રહેણી; ઐહિક જીવન. 5. Human affairs. વ્યવહાર; સ્થિતિ રીતિ; રહેણી. 6. An exact resemblance(said of a picture or a portrait). આબેહુબ આકાર-ચિતાર;બરાબર નકલ. 7. Conduct or deportment in regard to morals. ચારિત્ર્ય; વર્તણુક. 8. Spirit; briskness; vivacity. દમ; જુસ્સો; પાણી. 9. A history of the acts and events of a life. જીવનવૃત્તાંત; જીવનચરિત. 10. General state of man or of social manners &c. માણસોની સાધારણ સ્થિતિ, રીતભાત અને રહેણી. 11. Course of things in the world. દુનિયાની રીત-રહેણી-વ્યવહાર. 12. Animation. ઉત્સાહ; તેજ. **To lose one's life**=to die. મરી જવું. **Life and soul**= With all one's energies. શક્ય તેટલા ઉત્સાહથી; બને તેટલા પ્રયાસથી; અંતઃકરણપૂર્વક; જીગર;આત્મા. **Vicissitudes of life** = કાળચક્ર; ચડતીપડતી. **The present life**=ઇહલોક; સંસાર; ભવ. **Life's little worries**=સંસારના દુઃખો. **Life of one's life**=Very dear. બહુજ વ્હાલું; આંખની કીકી જેવો. **Active life**= પ્રવૃત્તિ; માર્ગ. **A question of life and death**=અત્યંત મહત્વનો, જીવનમરણનો સવાલ. [A. S. *lif*.]

Life-annuity, *n.* (લા'ઇફ્ઍન્યૂ'ઇટી) The sum of money paid to a person yearly during the person's life. માણસની જિંદગી સુધીજ આપવામાં આવતું વાર્ષિક વેતન-પગાર; વર્ષાશન.

Life-assurance, *n.* (લાઇફ્ઍશ્યૂ'રન્સ્) The insurance of life. જિંદગીનો વિમો.

Life-blood, *n.* (લા'ઇફ્બ્લડ્) Vital blood. જિંદગીને જરૂરનું લોહી; જીવન સર્વસ્વ.

Life-boat, *n.* (લા'ઇફ્બો,ટ્) A boat specially constructed for saving men in danger of drowning in storms at sea. ડુબતા માણસોને બચાવવા માટે બનાવેલી હોડી. **L. belt**=એવે પ્રસંગે તરવાનો પટ્ટો.

Lifegiving, *a.* (લા'ઇફ્ગિવિંગ્) Giving life or spirit; having power to give life; inspirating; invigorating. જીવનદાયક; સ્ફૂર્તિદાયક; ઉત્સાહકારક.

Lifeguard, *n.* (લા'ઇફ્ગાર્ડ્) The body-guard or aid-de-camp of a prince or any other important personage. રાજાનું રક્ષણ કરવા રાખેલો સિપાઈ; અંગરક્ષક.

Life-interest, *n.* (લા'ઇફ્ઇ'ન્ટરિસ્ટ) An estate or interest which lasts during one's lifetime only. હયાતી સુધીનો હક, ની જાગીર.

Lifeless, *a.* (લા'ઇફ્લિસ્) Dead; spiritless; inactive. પ્રાણરહિત; મરી ગએલું; નિર્જીવ; અચેતન; નિસ્તેજ.

Lifelike, *a.* (લા'ઇફ્લાઇક્) Like a living person; true to life. આબેહુબ; જીવતા માણસ જેવી (છબી).

Lifelong, *a* (લા'ઇફ્લૉન્ગ્) Lasting throughout life. જિંદગી સુધીનું; જિંદગીભરનું.

Lifesize, *n.* (લા'ઇફ્સાઇઝ્) Of the size of the object or person represented. અસલ, આખા શરીર જેટલી મોટી છબી અથવા પુતળું.

Lifetime, *n.* (લા'ઇફ્ટાઇમ્) Duration of one's life. જિંદગી; આવરદા; આયુષ.

Lift, *vt.* (લિફ્ટ્) To raise from a lower to a higher position; to raise; to hoist; to elevate. ઉંચકવું-ઉપાડવું; ઉંચે ચ્હડાવવું. **To lift up one's hand against**=To raise one's hand in hostility; to rebel. સ્હામે હાથ ઉપાડવો; સ્હામા થવું. *vi.* To raise or try to raise or be raised or elevated. ઉંચકાવવું; ઉંચું થવું. *n.* The act of raising (either physically or mentally or spiritually). ઉંચા થવું તે; ઉંચકાવવું તે; ઉન્નતિ. 2. An elevator. ઉપરના માળ ઉપર જવા માટે વાપરવામાં આવતું વિજળીથી ચાલતું બેઠકવાળું મશીન; ઉચ્ચાલક. [A. S. *laft*, air or sky.]

Ligament, *n.* (લિ'ગમન્ટ્) A band; that which ties or unites one thing to another. એક વસ્તુને બીજી વસ્તુ સાથે જોડનાર; પાટો; અસ્થિબંધ. [L. *ligs*, I bind].

Ligation, *n.* (લિગે,'શન્) The act of binding or uniting one thing to another. બાંધવું તે. 2. That which binds. બંધારણ. 3. A band. પાટો. [L. *ligo.*]

Ligature, *n.* (લિ'ગચર્) Anything that binds; a band or bandage; a tie; a cord; a string. બાંધવું તે; બંધારણ; પાટો. [L. *ligo*, I bind].

Light, *n.* (લાઇટ્) That agent or force by the action of which upon the organs of sight, objects from which it proceeds are rendered visible. અજવાળું; તેજ; પ્રકાશ. 2. Anything that gives light as a lamp, a taper, a candle, a star &c. અજવાળું આપનાર; દીપક; દિવો. 3. Sun's radiance; day-time; dawn of the day. પ્રભાત; અરૂણોદય; દહાડો. 4. The brightness of the eyes. ચક્ષુતેજ. 5. Knowledge or enlightenment. જ્ઞાન; પ્રકાશ. 6. A firework made by fitting a case with a substance which burns brilliantly with a white flame. દિવાસળી વગેરે; દેવતા; અગ્નિ. 7. **To bring to light**=To reveal or uncover. ખુલ્લું, ઉઘાડું પાડવું. **To see the light**=To come to the public notice. પ્રકાશમાં આવવું; જાણીતા થવું. **To see the light of the day**=To be born. જન્મ થવો. **To stand in one's own light**=To be the means of preventing one's own good. પોતાના પગ પર હાથે રહીને કુહાડી મારવી; પોતાનું પોતેજ નુકશાન કરી લેવું. **Considered in this light** =આ દૃષ્ટિએ જોતાં. *a.* Bright; clear; not deep or intense (as colour). ચકચકિત; તેજોમય; ચોખ્ખું દેખાય એવું; ફીકા, ઝાંખા, આછા, ખુલતા રંગનું. *vt.* To illuminate; to enlighten; to kindle; to ignite. સળગાવવું. *vi.* To brighten. ચોખ્ખું દેખાય એવું અથવા ચકચકિત કરવું (ii) *a.* Not heavy; having little weight. હલકું; હલકા વજનવાળું. 2. Easy to be performed; not difficult. સ્હેલાઈથી થઈ શકે એવું 3. Easy to be digested. હલકું; જલદી પાચન થાય એવું. 4. Not heavily armed. છડું; લઘુસજ્જ. 5. Active; nimble. ચપળ. 6. Slight. નાજુક. 7. Inconsiderate; unsteady; volatile; gay; indulging in levity. અવિચારી; સ્વચ્છંદી. 8. Wanton; unchaste. સ્વચ્છંદી; છેલ. **Light-headedness**=ચિત્તભ્રમ; છોકરમત. **To make light of**=To treat as of no consequence. નજીવું ગણવું. *adv.* Lightly. હલકી રીતે. *vt.* To take off. ઉતારવું. *vi.* To dismount. ઘોડા ઉપરથી, ગાડીમાંથી નીચે ઉતરવું. 2. **To feel light**=હલકું લાગવું, થવું. 3. To descend form flight and rest. ઉડવું બંધ કરી આરામ લેવો; ઉતરવું. (પક્ષીઓ માટે વપરાય છે.) 4. To happen. બનવું; થવું. **The L. in, of one's eyes**=ઉલ્લાસ; ચૈતન્ય; તેજ; પાણી. 2. પ્રેમ, પૂજ્ય, કૃપાપાત્ર. **Acrostic lights**=મળેલા પત્તો, નિશાનીઓ. **According to one's lights.** પોતાની સ્હમજ, બુદ્ધિ પ્રમાણે [L. *luceo*, I shine.]

Light-armed, *a.* (લા'ઇટ્આર્મ્ડ) Armed with light weapons. હલકાં શસ્ત્ર સજેલું, બાંધેલું.

Lighten, *vi.* (લા'ઇટન્) To become brighter; to shine; to flash. ચમકવું, અજવાળું થવું. *vt.* To light. અજવાળું કરવું. 2. To illuminate with knowledge. જ્ઞાનથી પ્રકાશિત, ઉજ્જવળ, શોભાયમાન કરવું. 3. To flash forth. દેવતાની પેઠે એકદમ ઝબુકવું. 4. To reduce or lessen in weight. ભાર, વજન ઓછું કરવું. [Fr. *light*, and *en.*]

Lighter, *n.* (લા'ઇટર્) One who or that which lights or kindles. દિવા કરનાર; ફરાસ; દિવાસળી વગેરે 2. A boat used in unloading. વહાણ ઉપરથી ઉતારવાની મોટી હોડીઓ.

Lighterman, *n.* (લા'ઇટરમન્) A person who manages a lighter. મછવાવાળો.

Light-fingered, *a.* (લા'ઇટફિંગરડે) Thievish; addicted to petty thefts; pilfering. હાથનો ચોર; હાથનો ચાલાક.

Lightfooted, *a.* (લા'ઇટફુટિડ્) Nimble in running or dancing; active. દોડવામાં,નાચવામાં ચપળ; ચાલાક.

Light-hearted, *a.* (લા'ઇટહાર્ટિડ્) Free from grief or anxiety; gay; cheerful; merry. આનંદી; ગમતી; છોકરમતિલું.

Lighthorse, *n.* (લા'ઇટહૉર્સ્) Light armed cavalry. હલકાં શસ્ત્રથી સજ્જ થયેલું ઘોડાવાળું લશ્કર.

Lighthouse, *n.* (લા'ઇટહાઉસ્) A tower or building with a powerful light at the top intended to direct seamen in navigating ships at night; a pharos. દિવાદાંડી.

Light-infantry, *n.* (લા'ઇટઇન્ફન્ટ્રી) Infantry selected and trained for rapid evolutions. હલકાં શસ્ત્રવાળું જલદીથી કુચ કરી શકે એવું પાયદળ.

Light-keeper, *n.* (લા'ઇટકીપર્) One who has charge of the lights in a lighthouse; lightship &c. દિવા સળગાવનાર તથા એની કાળજી રાખનાર; ફરાસ.

Lightly, *adv.* (લા'ઇટ્લી) In a light manner; with little weight; easily; readily; cheerfully; nimbly; gaily. હલકે વજને; ઉડાઉગિરી, છોકરમતથી; સ્હેલાઈથી; તરતજ; ખુશીથી; આનંદથી.

Lightminded, *a.* (લા'ઇટમા'ઇન્ડિડ) Of light mind; unsteady; volatile; unsettled; showing levity. અસ્થિર; ઢંગ વિનાનું; બેફીકર.

Lightning, *n.* (લા'ઇટ્નિંગ્) The sudden and vivid flash that precedes thunder, produced by a discharge of atmospheric electricity. વિજળી; વિદ્યુત્. **L. rod** = A metallic rod to protect buildings or vessels from lightning. મકાનનું વિજળીથી રક્ષણ કરવા માટે મકાનના ટોચ ઉપરથી જમીન સુધી મુકવામાં આવતી પટ્ટી; ધાતુની વિદ્યુત્વાહની.

Lights, *n.* (લા'ઇટ્સ્) The lungs of a bird or animal. પક્ષી અથવા પશુનાં ફેફસાં.

Lightsome, *a.* (લા'ઇટસમ્) Bright; light. પ્રકાશિત; હલકું. 2. Gay; cheering. આનંદી; ખુશમીજાજી; બેફીકર.

Ligneous, *a.* (લિ'ગ્નીઅસ્) Woody; wooden; resembling wood. લાકડાનું; લાકડા જેવું.

Like, *a.* (લાઈક) Equal; of the same kind; similar; resembling. જેવું; સરખું. *adv.* or *prep.* In a like manner, similarly; likely. પેઠે, માફક;જેમ. *n.* A liking. પસંદગી; પ્રેમ;રાગ. 2. An exact counterpart. બરાબર નકલ. *vt.* To be pleased within a moderate degree; to regard with approbation; to approve of. થી ખુશી થવું; પસંદ કરવું; ગમવું. 2. To liken; to compare. બરાબરી કરવી; મુકાબલો, સરખામણી કરવી. *vi.* To be pleased; to choose. ખુશી થવું; પસંદ કરવું. [A. S. *gelic*, take].

Likehood, Likelihood, *n.* (લા'ઇકલિહુડ, લા'ઇકહુડ) Probability; likeliness; appearance of reality. સંભવ; દેખાવ; ડોળ; શક્યતા; સરખાવટ.

Likely, *adv.* (લા'ઇકલી) In all probability. ઘણું કરીને; સોવરસા. *a.* Probable; credible; suitable. માનવા જેવું. 2. Well-adapted or convenient for some propose. કોઈ પણ કામ માટે યોગ્ય-સારી રીતે કરી શકે એવું; બંધબેસતું.

Liken, *vt.* (લા'ઇકન્) To make like. સરખું કરવું. 2. To compare, to represent as resembling or similar. સરખાવવું; મુકાબલો કરવો;ની ઉપમા આપવી.

Likeness, *n.* (લા'ઇકનિસ્) The quality or condition of being like; resemblance; similarity; what exactly resembles something else. સરખાપણું; મળતાપણું; આબેહુબ કાઢેલું ચિત્ર-છબી.

Likewise, *adv* (લા'ઇકવાઇઝ્) In a like manner; moreover; too; also. તેમજ; તેવીજ રીતે; પણ.

Liking, *n.* (લા'ઇકિંગ્) Inclination; pleasure; desire; preference; satisfaction. ઇચ્છા; મરજી; રાગ; ભાવ; પ્રીતિ.

Lilac, *n.* (લા'યલક) A shrub with flowers generally bluish or white. એક જાતનો ફુલ વાળો છોડ.

Lilliputian, *a.* (લિલિપ્યૂ'શન્) Very small; pigmean. બહુજ ન્હાનું; વેંતીયું માણસ. *n.* A member of the diminutive race of beings described in Swift's imaginary kingdom of Lilliput in Gulliver's Travels. લીલીપુટના બેટનો કલ્પિત વેંતીયો માણસ.

Lily, *n.* (લિ'લી) A fragrant flower. કમળ.

Limb, *n.* (લિમ્) An arm or leg of a human being. મનુષ્યનો હાથ; પગ; અવયવ. 2. A branch or bough of a tree. ઝાડની ડાળ;

શાખા;ડાળ.*vt.*To dismember; to tear the limbs from. અવયવછેદન કરવું.

Limbed, *a.* (લિ'મ્ડ્) Having limbs. ગાત્રવાળું; અવયવવાળું.

Limber, *n.* (લિ'મ્બર્) The detachable forepart of a guncarrige. તોપની ગાડીનો દાંડો. *pl.* Poles or shafts of a carriage. ગાડવાના, ગાડીના દાંડા; ઉધ. [Ice. *liner*, a branch]. *a.* વળે એવું; ચપળ; ચાલાક.

Limbo, *n.* (લિ'મ્બો) An imaginary region beyond this world like hell. નરક લોક જેવો એક કલ્પિત પ્રદેશ.

Lime, *n.* (લાઇમ્) An inferior sort of lemon. ખાટું લીંબુ. 2. The linden tree. એક જાતનું ઝાડ. 3. Oxide of calcium. ચુનો. *vt.* To treat with lime; to cement. ચુનો ચોપડવો; સીમેંટ લગાડવી. [L. *limus*, lime].

Lime-burner, *n.* (લા'ઇમ બર્નર) One who burns lime stones &c. ચુનારો; ચુનો પકવનાર.

Lime-juice, *n.* (લા'ઇમજ્યુસ્) The juice of lemon. લીંબુનો રસ.

Lime-kiln, *n.* (લા'ઇમકિલ્ન્-કિલ્) The furnace in which lime is manufactured. ચુનો પકાવવાની ભઠ્ઠી.

Lime-light, *n.* (લા'ઇમલાઇટ્) A very powerful light produced by turning an oxyhydrogen flame on a ball of lime. ચુના ઉપર પાણીની ધાર પડતી રાખી એમાંથી નીકળતા ગૅસનું અજવાળું. 2. Publicity પ્રખ્યાતિ.

Limestone, *n.* (લા'ઇમસ્ટોન્) A rock or stone consisting of calcium carbonate. ચુનાનો પથ્થર.

Lime-water, *n.* (લા'ઇમવૉટર્) Water impregnated with lime. ચુનાની નિવળ, આછ.

Lime-quarry, *n.* (લા'ઇમક્વૉરી) A mine of calcium carbonate. ચુનો જેમાંથી બને તે પથ્થરની ખાણ.

Limit, *n.* (લિ'મિટ્) A boundary; a border; utmost extent. હદ; સીમા; મર્યાદા; અવધિ; 2. The space or thing defined by a boundary. હદની અંદર આવેલી જગ્યા. 3. Restriction; restraint. હાથ; બંધ; નિયમ. *vi.* To set bounds or limit to. હદ-મર્યાદા બાંધવી. 2. To restrain. હાથ રાખવો. 2. To apply exclusively. ફક્ત અમુકનેજ લાગુ પાડવું.] [L. *limes*, a bound.]

Limitable, *a.* (લિ'મિટબલ્) That may be limited, circumscribed or bounded. હદ બાંધી શકાય એવું.

Limitation, *n.* (લિમિટે'શન્) The act of limiting, bounding or circumscribing. સીમા બાંધવી તે. 2. A restriction. બંધન. 3. A certain time fixed by law after the lapse of which the claimant cannot enforce his claim legally. ફરીયાદની, દાવાની મુદત.

Limited, *a.* (લિ'મિટિડ્) Within narrow limits; narrow; circumscribed; confined; restricted. ટુંક; સમર્યાદ; સાંકડું. **Limited Co.**= A company whose shareholders or partners are liable only to the extent of the shares taken by them. જે કંપનીના ભાગીદાર તેમણે લીધેલા શેર જેટલુંજ આપવા જોખમદાર છે એવી કું. **Limited monarchy**=A monarchy in which the king shares the power of supremacy with the nobles or a popular body &c. ઇંગ્લંડ જેવી રાજ્યપદ્ધતિ કે જેમાં રાજાની સત્તા ઉપર અંકુશ હોય છે તે.

Limiter, *n.* (લિ'મિટર્) One who or that which limits or confines. હદ, સીમા બાંધનાર.

Limitery, *a.* (લિ'મિટરી) Placed at the limits. હદ આગળ મુકેલું. 2. Confined within limits. હદની અંદર આવેલું.

Limitless, *a.* (લિ'મિટલિસ્) Boundless; unlimited; unbounded; infinite; immense; vast. અમર્યાદ; બેહદ; અનંત; અપાર; બેસુમાર.

Limner, *n.* (લિ'મ્નર્) A portrait-painter; an artist. ચિત્રકાર; ચિત્ર કાઢનાર. [L. *Illuminare*, to illuminate]

Limp, *n.* (લિમ્પ્) A halt; act of halting. લેંકેં; લંગડાવવું તે. *a.* Easily bent; flexible; pliant; lacking stiffness; flaccid. ઢુલું; સ્હેલાઇથી વાંકું વળી જાય એવું; ઢીલું. *vi.* To halt; to walk lamely. ખોડંગાવું; લંગડાતા ચાલવું. [A. S. *lump-haelt*, lame].

Limpid, *a.* (લિ'મ્પિડ્) Clear; transparent; crystal; pure. સ્વચ્છ; નિતરેલું; નિર્મલ. [Gr. *lampo*, I shine.]

Limpidness, *n.* (લિ'મ્પિડનિસ્) Transparency; clearness; purity. નિતરેલું હોવું તે; સ્વચ્છતા.

Limpingly, *adv.* (લિ'મ્પિંગ્લી) In a halting manner. લંગડતા.

Limy, *a.* (લા'ઇમી) Containing or consisting of lime. ચુનાવાળું. 2. Resembling lime. ચુના જેવું.

Linch-pin, *n.* (લિ'ન્શ્પિન્) An axle; pin. પૈડાની ખીલી; સુથ. [A.S. *lynis*, an axle tree].

Line, *n* (લાઇન્) A small rope or cord. દોરડું; 2. A hawser. વરેડું; નાડો. 3. A long thread-like mark as with a pen. લીટી; લાઇન. 4. A row. હાર; રાંગ. 5. A route or road. માર્ગ; રસ્તો. 6. A straight row of words or figures.

હાર; ઓળ; પંક્તિ. 6. A short epistle or written communication. ટુંકી ચિઠ્ઠી; કાગળ;પત્ર. 7. A verse. પાદ; પાયો; ચરણ; કાવ્ય. 8. Course of procedure of thought; conduct occupation &c.વૃત્તિ; વલણ; ધોરણ. 9. The outline or boundary. હદ; સીમા. 10. Figure; features;lineaments. ચહેરો; આકૃતિ; મુદ્રા; રેખા. 11. Family; race. ઓલાદ; વંશ; પેઢી. 12. The line of the equator. વિષુવવૃત્ત. (ii) Circle of longitude and latitude=અક્ષાંશ કે રેખાંશવૃત્ત. 13. Measuring line or chord. માપવાની દોરી.14.Railroad,રેલવેની લોખંડની સડક;પાટા.*vt* To draw lines upon; to set with men or things in lines. લીટીઓ દોરવી; માણસ અથવા વસ્તુઓની હાર, રાંગ ગોઠવવી. 2. To cover on the inside; to protect by a cover on the inside. અસ્તર કરવું, નાંખવું. [A. S. *linea*, a chord or string.]

Lineage, *n* (લિ'નીએ,જ્) Race; progeny; family; house; descendants in a line from a common progenitor. વંશ; કુળ; વંશાવળી; વંશપરંપરા.

Lineal, *a.* (લિ'નીઅલ્) In a direct line from an ancestor; hereditary. પરંપરાગત; વંશપરંપરા ચાલતું આવેલું.

Lineament, *n.* (લિ'નિઅમન્ટ્) Feature; form; make. સીકલ; રેખા;ચ્હેડાનો સીક્કો; ઘાટ. [L. *linea*, a line.]

Linear, *a.* (લિ'નીયર્) Pertaining to a line; consisting of lines. લીટી સંબંધી.

Lineation, *n.* (લિનીએ,'શન્) Delineation, ચિત્ર. [*Lineatus*, the drawing of a line].

Linen, *n.* (લિ'નન્) Cloth made of flax or cotton. શણનું, સુતરાઉ કાપડ. 2. Under clothing. શરીર નીચે પેહરવાનું કપડું. *a* Made of flax. શણનું. [L. *linum*, flax.]

Linen-draper *n.* (લિ'નનડ્રે,પર્) A person who deals in linen cloth in retail; a clothier; a cloth merchant. શણના, સુતરાઉ કાપડનો વેપારી; કાપડીઓ.

Lines *n.* (લા'ઇન્સ્) Military barracks or camp. લશ્કરની છાવણી; પડું.

Linger, *vi.* (લિ'ન્ગર્) To tarry; to delay; to loiter. ઢીલ કરવી; વિલંબ કરવો; જતાં વાર લગાડવી; ઉભા રહેવું. 2. To hesitate; to be slow in deciding or moving. નિશ્ચયપર આવતાં વાર લગાડવી;આનાકાની કરવી.3.To remain long. ઘણીવાર એકજ જગ્યાએ રહેવું-ચાલવું *vt.* To spend in a wearisome manner.કંટાળા ભરેલીરીતે પસાર કરવું. 2. To protract. લંબાવવું. [A. S. *lingra*, comp. of *lang*=long].

Lingering, *a.*(લિ'ન્ગરિંગ્)Delaying. વિલંબી; ધીમું; મંદમદ. 2. Lasting for a long time; protracted. લાંબી મુદત સુધી ટકનાર; લંબાવેલું.

Linget, *n.* (લિ'ન્ગેટ્) An ingot of any metal. ધાતુની લગડી.

Lingo, *n.* (લિ'ન્ગો) Language; tongue (often used contemptuously for heathen tongues). ભાષા;બોલી;બડબડ.(ખાસ કરીને નીચ પરધર્મી જાતિના લોકોની બોલીને માટે વપરાયછે.)[L.*lingua*,tongue].

Lingua franca, *n.* (લિ'ન્ગ્વા ફ્રેં'ન્કે) A mixed language. ભેળસેળ બોલી; દેડભાષા.

Lingual, *a.* (લિ'ન્ગ્વલ્) Pertaining to the tongue;pronounced chiefly by means of the tongue. જીહ્વાસ્થાની; મૂર્ધસ્થાની. *n.* A letter pronounced by the aid of the tongue (as 'l'). જીહ્વાસ્થાની અક્ષર-વર્ણ. 2.ભાષા, બોલી સંબંધી.

Linguist, *n.* (લિ'ગ્વિસ્ટ્) A person skilled in languages; one knowing several tongues. અનેક ભાષા જાણનાર; ભાષાપ્રવીણ; ભાષાશાસ્ત્રી. [L. *lingua*, tongue].

Linguistic, *a.* (લિંગ્વિ'સ્ટિક્) Relating to language; pertaining to the affinities of language; philological. ભાષા વિષે; ભાષાશાસ્ત્ર વિષે.

Liniment, *n.* (લિ'નિમન્ટ્) A species of soft ointment; an embrocation. ચોપડવાનું ઓસડ, લેપ, તેલ. [L. *lino*, I annoint].

Lining, *n.* (લા'ઇનિન્ગ્) That which covers the inner surface of anything. અસ્તર; પડ.

Link, *n.* (લિન્ક્) A torch made of tow and pitch. શણ અને ડામરની બનેલી મસાલ. 2. Anything connecting. બે વસ્તુને જોડનાર કોઇ પણ વસ્તુ;કડી;સાંકળ. 3. A single ring of a chain. સાંકળની એક કડી. 4.A tie; a bond. સંયોગ;સંબંધ; અન્વય 5.The length of one joint of Guntur's chain, about 7·92 inches. ગંઠો. 6. A connecting rod. સાંકળ, જોડાણ. *vi.* To be connected. સંધાણ, જોડાણ હોવું. *vt.* To join or connect (as by links); to unite. જોડવું; વળગાડવું. [A. S. *hlence*, a link.]

Link-boy, Linkman, *n.* (લિ'ન્કબૉય્-લિ'ન્ક્મન્) A torch-bearer. મશાલચી.

Linseed, *n.* (લિ'નસીડ્) Flax-seed. અળશી.

Linseed cake=અળશીનું તેલ કાઢી લીધા પછી બાકી રહેલો ખોળ, **L meal**=અળશીનો લોટ. **L oil**=અળસીનું તેલ.

Linsey-woolsey, *n.* (લિ'ન્સીવુલ્સી) શણ કે સુતર અને ઉનનું બનેલું કાપડ. -*a.* કાંઈ અરથ મિશ્ર; ખડબચડું; નીચ.

Lin(t)-stock, *n.* તોપ ફોડવાની જામગીરીવાળી લાકડી, વાંસડો.

Lint, *n.* (લિ'ન્ટ્) Flax; linen scraped into a soft substance and used for dressing wounds and sores. અળસીનો છોડ; શણના કાપડની ઘા પર બાંધવાની પટ્ટી. [L. *lentenum,* linen cloth.]

Lintel, *n.* (લિ'ન્ટલ્) બારી કે બારણાંની, પત્થર કે લાકડાની ઉપલી આડસર.

Lion, *n.* (લા'યન્) A well-known carnivorous animal of the cat family. સિંહ;વનરાજ;સાવજ. 2. One of the signs of the Zodiac called Leo. સિંહરાશિ. 3. An object of interest and curiosity. પ્રસિદ્ધ માણસ; જીજ્ઞાસાવિષય. **Lion's share**=Almost the whole share in the advantages of anything. વધુમાં વધુ ભાગ-હિસ્સો. **Lion-hearted**=Brave and magnanimous. શૂર અને ક્ષમાશીલ,ઉદાર. **Lion's provider.** શિયાળ. **Into the L.'s mouth,** મોટા ભયમાં સત્તા નીચે. **To twist the Lion's tail,** ગ્રેટબ્રિટનનું અપમાન કરવું, ના હક ત્રાપ મારવી. [L. *leo,* a lion.]

Lionise, *v.* (લા'યનાઇઝ્) મ્હોટા બનાવવો.

Lip, *n.* (લિપ્) The name of the two fleshly parts covering the front of the teeth. હોઠ, અધર. 2. The edge, border, brink or margin of anything. કોર;કિનારો;અણી;ધાર; નાળચું. **Lip-language** = ઓષ્ઠભાષા (બહેરા તથા મુંગા માણસોને માટે વાપરવામાં આવતી.) **Lip-loyalty**=મુખભક્તિ. કહેવાની વફાદારી,ખરી નહિ. **Lip-service**=કાર્ય વગરના, ખાલી શબ્દ. **L. sympathy**=માત્ર મોઢાનીજ સહાનુભૂતિ. **Stiff upper lip** = ધૈર્ય; હઠીલાઇ. **Hangs on one's lips**=માનથી આતુરતાથી સાંભળે છે, બોલ્યું ઝીલે છે. **L. deep,** મોઢાનું; ખરા દિલનું નહિં. **L. salve,** ઓષ્ઠલેપ; ખુશામત. **Lip-wisdom**=મોઢાનુંજ ડહાપણ. [A. S. *lippa,* Per. *lab.*]

Lip-devotion, *n.* (લિ'પ્ડીવોશ,ન્) Devotion without the performance of actions. મુખભક્તિ.

Lipothymy. *n.* (લિપોથાય્'મી) Fainting; swoon. મૂર્છા; બેશુદ્ધિ.

Liquefaction, *n.* (લિક્વિફૅ'કશન્) The conversion of solids into liquids by the agency of heat. પીગળાવવાની રીત; દ્રવીકરણ. [L. *liquifacere,* to melt.]

Liquefiable, *a.* (લિક્વિફા'યબલ્) Capable of being liquefied. પીગળી શકે એવું;દ્રાવ્ય;દ્રાવણીય.

Liquefier, *n.* (લિ'ક્વીફાયર્) That which liquefies or melts. પીગળાવનાર; દ્રાવક.

Liquefy, *vt.* (લિ'ક્વીફાય્) To melt or dissolve by heat. ઉષ્ણતા લગાડી પીગળાવવું. *vi.* To become liquid; to be melted. પીગળી જવું.

Liquid, *n.* (લિ'ક્વીડ્) Fluid. પ્રવાહી. 2. Smooth and devoid of harshness (as a melody); harmonious. મળતા સ્વરનું; સુસ્વર. *n.* A fluid. પ્રવાહી પદાર્થ. [L. *liquiere,* to be liquid.]

Liquidate, *vt.* (લિ'ક્વીડે,ટ્) To settle; to adjust; to pay; to wind up. આપી, વાળી, સંકેલી દેવું. [L. *liquidus.*]

Liquidation, *n.* (લિક્વીડે,'શન્) The act of settling and adjusting debts. ફડચો; નિકાલ; ફેંસલો; પતાવટ.

Liquidity, *n.* (લિક્વી'ડિટી) The state of being liquid or fluid. પાતળાપણું; રસતા; પ્રવાહીધર્મ.

Liquidator, *n.* (લિ'ક્વીડે,ટર્) A person appointed to wind up the affairs of a company or firm. કંપનીનો ફડચો લાવનાર, કરનાર.

Liquor, *n.* (લિ'કર્) A liquid or fluid substance especially alcoholic liquids. પ્રવાહી પદાર્થ. (ખાસ કરીને) દારૂ; મદિરા; શરાબ; સુરા; મદ્ય. [L. *liqueo,* I melt.]

Liquorice, *n.* (લિ'કરિસ્) A kind of tree. જેઠીમધનું ઝાડ, મૂળીઉં; જેઠીમધ.

Lisp, *vi.* (લિસ્પ્) To pronounce the sibilant tetters (like "s" and "z") imperfectly; to speak imperfectly as a child. તુટક ઉચ્ચાર કરવો; બાળક પેઠે તોતડું, લુસપુસ બોલવું; સસસ કરવું. *vt.* To mispronounce. અશુદ્ધ બોલવું. *n.* The act of pronouncing imperfectly. અશુદ્ધ બોલવું તે;અશુદ્ધ બોલી. [A.S. *wlisp,* lisp.]

List, *n.* (લિસ્ટ્) A roll or catalogue. ટીપ; યાદી; નોંધ; ફેરીસ્ત. 2. A field of combat. રણાંગણ. 3. The woven edge on a cloth. કપડાની કોર. *vt.* To enroll; to enlist. રોલમાં, યાદીમાં નામ દાખલ કરવું. *vi.* To enlist as in the army. લશ્કરમાં દાખલ થવું. 2. To desire; to choose; to be disposed to. પસંદ કરવું; પસંદગી બતાવવી; ઇચ્છા રાખવી. 3. To hearken; to give ear to; to attend. ધ્યાન આપવું; સાંભળવું. [L. *liesem,* thread.]

Listel, *n.* (લિ'સ્ટેલ્) A little square moulding; a fillet. ઝાલર.

Listen, *vt.* (લિ'સન્) To attend; to hear; to give ear to. ધ્યાન દઇ સાંભળવું. *vi.* To hearken; to attend; to give heed; to attend with an intention to hear. લક્ષ આપવું; સાંભળવું.

Listless, *a.* (લિ'સ્ટલિસ્) Indifferent; uninterested; languid; weary; vacant. બેદિલ; કંટાળી ગયેલો; બેફીકર; શૂન્યમનસ્ક; ઉત્સાહ વિનાનો. [A. S. *lyst*, desire; pleasure].

Litany, *n.* (લિ'ટની) A solemn supplication used in public worship. પ્રાર્થના; બંદગી. [L. *litaneuo*; I pray].

Literal, *a.* (લિ'ટરલ્) According to the letter or verbal expression; real; not figurative or metaphorical. મૂળ અર્થ પ્રમાણે; અક્ષરેઅક્ષર;શાબ્દિક. 2. Consisting of or expressed by letters. અક્ષરી;અક્ષરનું. [L. *littera*, a letter].

Literally, *adv.* (લિ'ટરલી) According to the natural import of words. શબ્દાર્થ પ્રમાણે; અર્થાત્; વાસ્તવિક જોતાં.

Literalness, *n.* (લિ'ટરલનિસ્) The state or quality of being literal. શબ્દાર્થ અનુસાર હોવું તે.

Literalize, *vt.* (લિ'ટરલાઇઝ્) To render into a word for word translation; to interpret literally. શબ્દાર્થ અનુસાર, શબ્દે શબ્દ અર્થ કરવો.

Literary, *a.* (લિ'ટરરી) Pertaining to literature or letters. અક્ષરવિદ્યાનું;સાક્ષરી;સાહિત્યવિષયક. 2. Treating of or dealing with learning or learned men. વિદ્યા, વિદ્વાન સંબંધી. 3. Versed in letters. વિદ્યામાં પ્રવીણ; સાક્ષર; વિદ્યાવ્યસની. 4. Engaged in literature. સાહિત્ય કામમાં રોકાયેલો.

Literate, *a.* (લિ'ટરે,ટ્) Lettered; educated; learned. ભણેલો; કેળવણી પામેલો. *n.* An educated person. કેળવણી પામેલો, શિક્ષિત મનુષ્ય.

Literati, *n.* (લિટરે,'ટાઇ) Learned or literary men. વિદ્વાન માણસો. (*pl.* of *literate.*)

Literatim, *a.* (લિટરે'ટિમ્) Word for word. અક્ષરે અક્ષર

Literature, *n.* (લિ'ટરેચર્) Learning; literary knowledge. અક્ષરવિદ્યા; શાસ્ત્ર; વિદ્યા. 2. Literary productions of a country or period collectively. સાહિત્ય; ગ્રંથો; પુસ્તકો. 3. The literary profession. લેખનકલા; ગ્રંથકારનો ધંધો. **Light L.**=નવલકથા, વાર્તા વગેરે. **Polite L.**=વૈજ્ઞાનિક સાહિત્યથી જુદું કાવ્ય, નિબંધ, અદ્ભુત કથા વગેરેનું સાહિત્ય. [L. *litera*, letters.]

Litharge, *n.* (લિ'થાર્જ) Oxide of lead મુડદારશીંગ.

Lithe, *a.* (લાઇધ્) Slender; pliant; flexible. પાતળું; વાળી શકાય, વળાય એવું.

Lithograph, *n.* (લિ'થોગ્રૅફ) A print from a drawing, on stone. શિલાછાપ. *vt.* To trace or engrave on stone and transfer it to paper by printing &c. શિલાછાપ પાડવી, મુદ્રણ કરવું. [Gr. *lithos*, a stone.]

Lithographical, *a.* (લિ'થોગ્રૅફિકલ્) Pertaining to lithography; engraved or printed on stone. શિલાછાપ વિદ્યાનું; શિલાછાપ કરેલું.

Lithography, *n.* (લિથૉ'ગ્રફી) The art of writing or drawing with special pigments on a peculiar kind of stone and of producing impressions of the designs on paper. શિલાછાપ પાડવાની ક્રિયા-હુન્નર. [Gr. *lithos*, stone and *grapho*, I write].

Lithology, *n.* (લિથૉ'લજી) The science of the mineral structure of rocks. પથ્થર નિરૂપણ શાસ્ત્ર. [Gr. *lithos*, stone, *logos*, discourse].

Lithotomy, *n.* (લિથૉ'ટમી) The art of removing a stone in the bladder by operation. પથરી કાઢવાની વિદ્યા.

Litigiant, *n.* (લિ'ટિગંટ્) A person engaged in a lawsuit. મુકરદમો, કેસ લડનાર માણસ. *a.* Engaged in a law-suit. મુકરદમો ચલાવતો-લડતો.

Litigation, *n.* (લિટિગે,'શન્) The proceedings in a suit of law; a lawsuit. દાવો;મુકરદમો.

Litigate, *vt.* (લિ'ટિગે,ટ્) To contest at law; to bring before a court of law for decision. દાવો માંડવો; મુકરદમો ચલાવવો. *vi.* To carry on a suit by judicial process. કાયદેસર, રીત પ્રમાણે મુકરદમો ચલાવવો. [L. *litis*, strife; *ago*, I carry on].

Litigator, *n.* (લિ'ટિગે,ટર્) A party in lawsuit. દાવામાંનો એક પક્ષ.

Litigious, *a.* (લિટિ'જસ્) Contentious; quarrelsome; apt to go to law. કજીયા, દાવાખોર.

Litter, *n.* (લિ'ટર્) A vehicular bed. ડોળી; માફો. 2. The young ones produced at one time by any quadruped. એકજ વખતે જણેલાં બચ્ચાં; વેતર. 3. Articles scattered in a slovenly manner; scattered rubbish. અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓ; પસરાએલો કચરો. [L. *lectus*, couch].

Little, *a, adv.* (લિ'ટલ્) Small in size; not big. નાહાનું; નહિં જેવું. **A little**=In a small quantity થોડે અંશે; થોડુંક. *adv.* In a small degree or quantity. થોડે અંશે; કંઇક.

Liturgy, *n.* (લિ'ટર્જી) A formula for public prayer or devotion. સમાજ પ્રાર્થના સૂક્ત; ભજન પદ્ધતિ; ભજન પોથી. [Gr. *leitos*, public and *ergon*, work.]

Live, *vi.* (લિવ્) To exist. હયાત હોવું. 2. To be alive. જીવવું. 3. To dwell. રહેઠાણ-ઘર હોવું. 4. To pass on as time. રહેવું; દહાડા કાઢવા. 5. To maintain oneself upon; to subsist. ખાવું; ખાઇને રહેવું. *a.* Having life; alive. જીવતું. 2. Burning; ignited. બળતું;

બળતું. 3. Vivid (as coal.) ચળકદાર; તેજ; બળતું.

Live stock=Horses, cattle and other domestic animals. ઘોડા, ગાય, બળદ વગેરે પ્રાણીઓ; ઢોર. [A. S. *liflan.*]

Live coal, *n.* (લા'ઇવ્કોલ)Burning charcoal. અંગારો.

Livelihood, *n.* (લા'ઇવ્લિહુડ) Maintenance; subsistence; sustenance. રોજગારી; ગુજરાન; આજીવિકા; પોષણ. [A. S. *laf-lade.*]

Liveliness, *n.* (લા'ઇવ્લિનિસ્) Vivacity; sprightliness ખુશમિજાજ;આનંદવૃત્તિ;ઉલ્લાસવૃત્તિ.

Livelong, *a.*(લા'ઇવ્લૉન્ગ્) Complete; entire; whole. આખું. 2. Lasting; durable. દીર્ઘકાલિક; દીર્ઘકાલનું.

Lively, *a.* (લા'ઇવ્લી) Vivacious; sprightly; gay. ચપળ;આનંદી;હસમુખું. 2. Lifelike.આબેહુબ.

Liver, *n.* (લિ'વર્) One who lives. જીવનાર. 2. An inhabitant; a dweller. રહેનાર; વાસી. 3. The organ secreting bile. કાળજું; કલેજું; યકૃત્. [A. S. *lifer,* a liver.]

Livery, *n.* (લિ'વરી) A distinctive uniform in which the servants of persons of rank or position are clad. લીબાસ; ઉમરાવના નોકરનો લીબાસ;ડરેસ. 2.Deliverance.છુટકારો.3.The act of delivering possession of lands &c. જમીનનો કબજો છોડવાનું કામ. [Fr. *livree*].

Liveryman, *n.* (લા'ઇવરીમન્) One who wears a livery. લીબાસ પ્હેરનાર નોકર.

Livestock, *n.* (લા'ઇવસ્ટૉક્) Stock of living beings. પશુધન; જીવતી પુંજી.

Livid, *a.* (લિ'વિડ્) Of lead color; black and blue. કાળું અને આસ્માની; ફીકું.

Lividity, *n.* (લિ'વિડિટી) The state or quality of being livid. કાળો લીલો સીસાનો રંગ; ફીકાશ.

Living, *a.* (લિ'વિન્ગ્) Alive. જીવતું; પ્રાણધારી; હયાત. **A living being**=પ્રાણી. 2. Showing action, animation or vigour. ચૈતન્યયુક્ત. 3. Immortal. અવિનાશી. *n.* Manner of life. વર્તન; જીવનક્રમ. 2. Livelihood. આજીવિકા; ગુજરાન; નિર્વાહ. **The living**=Those who are yet alive. જીવતા માણસો.

Lizard, *n.* (લિ'ઝર્ડ્) A kind of reptile. ગરોળી; ઢેઢગરોળી.

Lo, *interj.* (લો,) Behold; see; look. જો; જુઓ; વારુ.

Load, *n.* (લો,ડ) A weighty thing; a burden. ભાર; વજન; બોજો. 2. A gun-charge. બંદુકનો ભાર. *vt.* To lay burden on. લાદવું; ભાર ભરવો. 2. To charge (as a gun). બંદુકમાં ભાર ભરવો.

Loading, *n.* (લો,'ડિન્ગ્) Burdening. ભાર લાદવો તે. 2. A cargo. ભાર.

Loadstar, *n.* (લો,'ડસ્ટાર્) The star that leads or guides especially the pole-star. ધ્રુવનો તારો; આશાસ્થાન. [More correctly, *Lodestar.*]

Load-stone. *n.* (લો,'ડસ્ટો,ન્) A magnet. લોહચુંબક. 2. A magnetic thing. લોહચુંબકના ગુણ ધરાવતી વસ્તુ

Loaf, *n.* (લો,ફ્) Cake. રોટલો; પાઉં. *vt.* To spend lazily. આળસુની રીતે ગાળવો; નકામો ગુમાવવો. *vi.* To idle away one's time. વખત નકામો ગુમાવવો.

Loafer, *n.* (લો,'ફર્) A lazy, disreputable lounger. રખડેલ માણસ.[Dan.*looper*, a loafer.]

Loam, *n* (લો,મ્) A kind of soil. મગરી મટોડી.

Loan, *n.* (લો,ન્) Lending; permission to use. ધીર; આપ. 2. Anything lent or furnished for temporary use on condition of return; a sum of money lent at interest. ધીરેલી ચીજ-કરજ. [A. S. *laen*, a loan.]

Loath, *a.* (લો',થ્) Reluctant; unwilling; averse. નાખુશ; નારાજ; ધિક્કારતું. [A. S. *lath.*]

Loathe, *vt.* (લો,'ધ) To feel disgusted at; to abhor. અરૂચિ-અણગમો હોવો; કંટાળો હોવો.

Loathing, *n.* (લો,'ધિંગ્) Abhorrence; detestation; extreme aversion. અણગમો; અભાવ; કંટાળો.

Loathsome, *a.* (લો,'ધસમ્) Detestable; abhorrent; extremely disgusting. અભાવ-અણગમો ઉપજાવે એવું

Lob, *n.* (લૉબ) A sluggard; a dull and heavy person. પથરા જેવો, બોઘો માણસ. [W. *llob.*]

Lobby, *n.* (લૉ'બી) An entrance hall; a waiting room. પરસાળ; બેસવાનો ઓરડો. 2. A cattle-shed. ઢોર રાખવાની પડાળ.

Lobe, *n.* (લો,બ્) A round division of a leaf. પાંદડાનો ગોળ ભાગ. 2. The lower soft part of the ear. કાનનો નીચલો ભાગ, ની બુટી.

Local, *a.* (લો,'કલ્) Pertaining to a particular place. સ્થાનિક. 2. Confined to a particular spot or organ (in medicine.) શરીરના અમુક ભાગનેજ લગતો. **Local affection**=અંગવ્યાધિ. *n.* A suburban railway. લોકલ ગાડી. [L. *locus*, a place.]

Locality, *n.* (લોકૅ'લિટી) Situation; place; position. જગો; સ્થાન; સ્થળ. 2. A certain area or district. અમુક એક લતો; પરગણું. [L. *locus*, a place.]

Localization, *n* (લોકલાઇઝે,'શન્) The act of localizing. જગ્યા નક્કી કરવી તે.

Localize, *vt.* (લો,'કલાઈઝ્) To discover or detect the place of. જગ્યા, સ્થાન વિષે નક્કી કરવું

Locate, *vt.* (લોકે,'ટ્) To place. મુકવું; રાખવું. 2. To set in a particular spot or position. -ની જગો નક્કી ઠેરવવી. 3. To settle. વસવું. *vi* To reside or adopt a fixed residence. રેહવું; વસવું. [L. *locus*, place.]

Location, *n.* (લોકે,'શન્) Place; situation with respect to a place. ઠેકાણું; સ્થાન; પત્તો.

Loch, *n.* (લૉક્) A lake. સરોવર; તળાવ.

Lock, *n.* (લૉક્) An appliance or mechanism for fastening doors &c. તાળું. 2. Tuft of hair. વાળનો ગુચ્છો. 3. The mechanism for firing a gun. બંદુકનો ઘોડો. 4. A fastening together. સાથે જોડાવવું તે. 5. The state of being closely entangled; grappling. કુસ્તીમાં એક બીજાને ચોંટવું, વળગી પડવું તે; બસાઇ જવું તે. *vt.* To fasten with lock and key. તાળું મારવું 2. To shut or confine. રસ્તો બંધ કરી રાખવો. 3. To join or unite firmly together. ભેગુ જોડી દેવું. 4. To embrace closely. દ્રઢાલિંગન દેવું.

Locker, *n.* (લૉ'કર્) One who locks. તાળું વાસનાર. 2. A drawer or cupboard. કળ જોડેલું ખાનું.

Locket, *n.* (લૉ'કિટ્) A small lock. નાનુ તાળું; ખીલી, પંખીઆરૂં. 2. A little case worn as an ornament, often enclosing a miniature or a lock of hair &c. as a remembrancer. સોનાની નહાની ડાબલી, લટકણીયું.

Lock-jaw, *n.* (લૉ'કર્જો) Tetanus of the jaw. ડાચું બીડાઈ જવુ તે.

Lock-out, *n.* (લૉ'કઆઉટ્) Strike. સંપ; હડતાળ. 2. A place where people under-trial are imprisoned; a guard house. પોલીસ ગેટ.

Locksmith, *n.* (લૉ'કસ્મિથ્) An artificer who makes or mends locks. તાળું બનાવનાર, દુરસ્ત કરનાર.

Lock-up, *n.* (લૉ'કઅપ્) A place where persons under arrest are temporarily imprisoned. કાચી કેદનું ઠેકાણું; પૂરી દેવું તે.

Locomotion, *n.* (લો,કમો,'શન્) The act or power of moving from place to place. ચલનશક્તિ. [L. *locus*, place & *motio*, motion.]

Locomotive, *n.* (લો,'કમો,ટિવ્) A steam-engine used to move railway carriages &c. આગગાડી ચલાવનાર એન્જિન; વરાળયંત્ર. *a.* Pertaining to locomotives. વરાળયંત્ર વિષે. 2. Moving swiftly from place to place. ઝડપબંધ એક જગ્યાથી બીજી જગ્યા પર જતો.

Locust, *n.* (લો,'કસ્ટ્) The name of a crop-destroying insect of the grasshopper type. તીડ. [L. *locus*, a grasshopper.]

Locution, *n* (લૉક્યૂ'શન્) Elocution; speech; discourse; lecture. ભાષણ; વાણી. [L. *loquor*, I speak.]

Locus, *n.* (લો,'કસ્) A path made to fulfil certain condition. અમુક શરત પાળીને ચાલવાનો રસ્તો; ઈચ્છિતાચલનરેખા.

Lodge, *n.* (લૉજ્) A hut; a small country residence. છાપરી; છાપરૂં. 2. An inn; a temporary place of abode. ખાવા રેહવાની સગવડવાળી વિશી; રેહઠાણુ. *vt* To furnish with a temporary place of residence or abode. રેહવાની સગવડ કરી આપવી. *vi.* To dwell; to reside; to abide. રેહવું; રેહઠાણુ રાખવું. **To lodge a complaint** = To carry complaint to any person against another. કોઇ પણ માણસ વિરૂદ્ધ ફરીયાદ, તકરાર કરવી. [L. *lobia*, porch.]

Lodger *n.* (લૉ'જર્) One who lodges. ઉતારૂ.

Lodging, *n.* (લૉ'જીન્ગ) Taking temporary shelter or accommodation. ઉતારો કરવો તે. 2. The place of lodging. ઉતારાનું ઠેકાણું.

Lodgement, *n.* (લૉ'જમન્ટ્) ઉતારો, મુકામ કરવો તે; ઠરેલી વસ્તુ.

Loft, *n.* (લૉફ્ટ્) A space between the roof and the floor immediately below it (used often for storing hay, wood &c) માળીયું; મેડો. *a.* Lofty; high. ગર્વિષ્ઠ; અભિમાની; મહત્તાદર્શક. [A. S. *luft*, sky.]

Lofty, *a.* (લૉ'ફ્ટી) Towering. ઉંચું. 2. High in rank. મોટું; ઉંચું.

Loftiness, *n.* (લૉ'ફ્ટીનિસ્) Elevation; haughtiness. ગર્વ; અભિમાન; પ્રૌઢપણું; મોટાઇ.

Log, *n.* (લૉગ) A hebrew measure of liquids containing nearly a pint. જ્યુ લોકોનું પ્રવાહી પદાર્થનું એક માપ. 2. A bulky piece of timber unhewed. લાકડાનો કકડો. 3. An apparatus for measuring the ships velocity in water. નૌકાગતિમાપક યંત્ર. 4. The log-book of a ship. વહાણની નોંધ બુક. *vt.* To enter a ship's log-book. વહાણની નોંધ બુકમાં લખવું, નોંધવું.

Logarithm *n.* (લૉગરિથ્મ્) The power to which a number must be raised to give another number. લૌગતમ; ઘાતાંકગણન. [Gr. *logos*, ratio, *arithmos*, number.]

Loggerhead, *n.* (લૉ'ગરહેડ્) A blockhead; a dance. ઠોઠ; જડભરત; મૂઢ; મુગ્ધ; જડબુદ્ધિ. **At logger heads**=વિરૂદ્ધ.

Logic, *n.* (લૉ'જિક્) The science and art of reasoning. તર્કશાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર. [Gr. *logos*, reason].

Logical, *a.* (લૉ'જિકલ્) Pertaining to logic; used in logic. તાર્કિક; ન્યાયશાસ્ત્ર વિષયક; તર્કવિદ્યા વિષે.

Logically, *adv.* (લૉ'જિકલી) In a logical manner. ન્યાયશાસ્ત્રરીત્યા; તાર્કિક રીતે.

Logician, *n.* (લૉજિ'શન્) A person well versed in Logic. નૈયાયિક; ન્યાયશાસ્ત્ર વિષારદ; તર્કશાસ્ત્રી.

Log-line, *n.* (લૉ'ગલાઇન્) A string used in measuring the direction of the ship. વહાણની ગતિ દિશા માપવાની દોરી.

Log-wood, *n.* (લૉ'ગવૂડ્) A wood of a dark red colour used extensively as dye-wood. પતંગનું લાકડું.

Loin, *n.* (લૉઇન્) That part of the body from the ribs to the lower limbs. કમર; કટી; મધ્યાંગ; કટિપ્રદેશ. [L. *lumbus*, the lion].

Loiter, *vi.* (લૉ'ઇટર) To hang about; to spend time idly and uselessly; to wander aimlessly and without any purpose. રઝળવું; ભટકવું; રખડવું. [Dan. *lentern*, to loiter].

Loll, *vi.* (લૉલ) To lie at ease; to relieve. સુખે બેસવું. 2. To hang out (as the tongue of a dog). બહાર લટકવું.

Lone, *a.* (લો,ન્) Solitary; unfrequented; alone. એકલું; વસ્તી-આરોશપારોશ વગરનું. [Short form of "alone"].

Lonely, *a.* (લો'નલી) Unfrequented; sequestered; retired. એકાંત; એકલું; નિરાધાર; અનાથ.

Loneliness, *n.* (લો,'નલિનિસ્) Seclusion; solitude; retirement. એકાંત; એકલશરાપણું; નિરાંત.

Long, *a.* (લૉ'ન્ગ) Extended in length. લાંબું; દીર્ઘ. 2. Extended in time or drawn out. ઘણી વારનું, લાંબો વખત ચાલવું. 3. Distant in time. આઘું; દૂર. **In the long run**=પરિણામે; અંતે; આખરે; છેવટે. **To have, a long head**= To have a farseeing mind. દીર્ઘદૃષ્ટિ હોવી. *adv.* To a great extent in space or time. લાંબે સુધી. *vi.* To wish eagerly for or desire something eagerly. આતુરતાથી ઇચ્છવું; ઘણીજ ઇચ્છા રાખવી. [L. *longus*, long].

Long-eared, *a.* (લૉ'ન્ગઇઅર્ડ્) Having long ears. લંબકર્ણું; લાંબા કાનવાળું.

Longer, *a.* (લૉ'ન્ગર્) More extended. વધારે લાંબું. *n.* One who wishes or desires for something eagerly. કંઇક વસ્તુની ઇચ્છા રાખનાર.

Longeval, *a.* (લૉ'ન્જીવલ્) Longlived. દીર્ઘાયુ; લાંબા આયુષ્યવાળો. [L. *longus*, long, *aevus*, life].

Longevity, *n.* (લૉ'ન્જેવિટી) Long life; great length of life. લાંબુ આયુષ્ય; દીર્ઘાયુષ્ય. 2. Length or duration of life. આયુષ્યની લંબાઇ. [L. *longevitus*].

Long-headed, *a.* (લૉ'ન્ગહેડિડ્) Having a long head. લાંબા માથાવાળો. 2. Discerning; shrewd; farsighted. દૂરદર્શી; દીર્ઘદૃષ્ટિવાળો.

Longing, *n.* (લૉ'ન્ગિન્ગ્) An eager desire. આતુર ઇચ્છા; આશા.

Longwise. *a.* (લૉ'ન્ગવાઇઝ્) Length-wise. લાંબુને લાંબુ. [L. *longus*, long+wise, an English suffix].

Look, *vi.* (લુક્) To gaze; to direct one's eyes towards. જોવું; નજર ફેંકવી; નીહાળવું. 2. To consider; to examine. લક્ષ આપવું; ધ્યાન આપવું. 3. To seem; to appear. દેખાવું. 4. To expect; to watch for. આશા રાખવી. 5. To have or assume any air or manner. ડોળ કરવો. 6. જોજો; સંભાળ. **To look to** =To take care. સંભાળ-કાળજી રાખવી. **To look after**=માવજત કરવી. To tend; to care for. 2. To seek; to search. ખોળ-શોધ કરવી. **To look about**=ચારે તરફ દૃષ્ટિ રાખવી. **To look about oneself**=To be on the guard or watch against, થી સાવધ રહેવું. **To look down on or upon**=To despise; to disparage. તિરસ્કાર કરવો; કીંમત ઓછી કરવી. **To look for**=To seek or search. ખોળવું-શોધવું **To look into**=To investigate or examine. તપાસવું. **To look on**=To regard; to consider. સમજવું; લેખવું. **To look out**=To be on the watch. સાવચેતી-ચોકી રાખવી. **To look up**=To search for. શોધવું. **To look up to**=To regard with respect and esteem. માનની દૃષ્ટિએ જોવું; માન આપવું. *n.* Sight; gaze; glance. નજર; દૃષ્ટિ. 2. Aspect; appearance. દેખાવ. 3. Countenance; features. ચ્હેરો; મુખમુદ્રા. *vt.* To see or behold. જોવું; નજરે પડવું. 2. To express or manifest by a look. દૃષ્ટિસંકેત કરવો; આંખથી બતાવવું. [A. S. *locien*, to look].

Looking-glass, *n.* (લુ'કિંગ્ગ્લાસ્) A mirror. દર્પણ; અરીસો.

Looker, *n.* (લુ'કર્) One who looks. જોનાર વ્યક્તિ. **A looker on**=A spectator; an audience. પ્રેક્ષક; જોનાર.

Lookout, *n.* (લુ'કઆઉટ્) A careful looking or watching. નજર; સંભાળ; શોધ; ખોળ 2. Duty or care. કામ; ફરજ; માવજત.

Loom, *n.* (લૂમ્) A machine by which thread is woven into cloth. સાળ; લુગડાં વણવાનો સંચો. *vt.* To appear larger than a thing really is and indistinctly. વધારે મોટું દેખાવું; ઝળકવું.

Loon, *n.* (લૂન્) A rascal; a rogue; a worthless fellow. નકામો, પાજી માણસ. [O. D. *loen*, a stupid man.]

Loop, *n.* (લૂપ્) A fold of a thread. ગાળો; ફાંસો.

Loophole, *n.* (લૂ'પહોલ્) A small opening in the walls of a fortress. બાકું; બારી. 2. An underhand or unfair means of evasion or escape. છુટવાની, નહાસી જવાની બારી.

Loose, *a.* (લૂસ) Unbound; untied. છોડેલું; ખોલેલું; શિથિલ; મોકળું; ઢીલું. 2. Without restraint. છુટું. 3. Unconnected. જોડાણ વગરનું. 4. Lax; careless. નિષ્કાળજી; બેફેદ. *vt.* To unite or unbind. ગાંઠ ઉકેલવી. 2. To liberate; to set free. છુટકારો કરવો. [A. S. *leas.*]

Loosen, *vt.* (લૂ'સન્) To make loose; to untie; to free from tightness &c. છુટું, મોકળું કરવું; ઢીલું કરવું. *vi.* To become loose. છુટું થવું.

Looseness, *n.* (લૂ'સનિસ્) The quality or condition of being loose. ઢીલાપણું 2. Laxity of morals. વ્યભિચાર વગેરે દુષ્કર્મો કરવાં તે; સ્વચ્છંદ.

Lop, *n.* (લૉપ્) The part cut or severed. કાપી કાઢેલો ભાગ. *vt.* To cut off at extremities; to trim by cutting. કાપી સરખું કરવું. [O. D. *lupain*, to maim.]

Lopping, *n.* (લૉ'પિન્ગ્) A cutting off. કાપવું તે. 2. Branches lopped. કાપી નાંખેલી ડાળી, ભાગ.

Loquacious, *a.* (લૉક્વે'શસ્) Talkative; garrulous. બહુ બોલો; વાતુડીઓ; વાચાળ. [L. *loquor*, I speak.]

Loquacity, *n.* (લૉક્વૅ'સિટી) Talkativeness. વાચાળપણું.

Lord, *n.* (લૉર્ડ) A titled nobleman. અમીર; ઉમરાવ. 2. A master; a ruler. સ્વામી; ધણી. 3. A title bestowed upon the members of nobility. ઉમરાવોના નામને લાગતો ખિતાબ. 4. A husband, ધણી; વર. 5. The Almighty. પરમેશ્વર. **Lords spiritual**=પાર્લમેન્ટમાં બેસનાર ધર્માધ્યક્ષો. **Lords temporal**=ઇગ્લંડના અમીરો. **House of Lords**=અમીરી,ઉમરાવ સભા.*vi.*To invest with dignity. હોદ્દો, માન આપવું. **To lord it over others**=બીજા ઉપર આપ ખુદી સત્તા ચલાવવી. [A. S. *hlaford*, a lord.]

Lordliness, *n.* (લૉ'ર્ડ્લીનિસ્) The state or quality of being a lord; inordinate pride. ઉમરાવપદ; અભિમાન; મગરૂબી.

Lordling, *n.* (લૉ'ર્ડ્લિન્ગ્) A little or insignicant lord. નાનો અમીર; ઠાકરડો.

Lordly, *a.* (લૉ'ર્ડ્લી) Magnificient, sumptuous; suitable for a lord. ઉમદા; અમીરી; રાજવિલાસી. 2. Inordinately proud. ગર્વિષ્ઠ.

Lordship, *n.* (લૉ'ર્ડ્શિપ્) The state or condition of being a lord. અમીરી; ઉમરાવપણું.

Lore, *n.* (લૉ,ર) Knowledge; learning. વિદ્યા; કથાવાર્તા; હુનર. 2. Counsel; advice. શિખામણ.

Loricate, *vt.* (લૉ'રિકે,ટ્) To cover with some protecting substance. ઢાળ ચઢાવવો. *a.* Covered with a shell. કાચલીથી ઢાંકેલું. [L. *loricare*, to clothe in mail.]

Lorication, *n.* (લૉરીકે,'શન્) The act of loricating. ઢાળ ચઢાવવો તે; પતરે મઢાવવું તે.

Lorn, *a.* (લૉર્ન) Lost; undone. ભુલું-અખડાઇ પડેલું. 2. Forsaken; abandoned; lonely. નિરાધાર; તજેલું; અટુલું.

Lose, *vt.* (લૂઝ્) To part with unintentionally. ખોવું; ગુમાવવું. 2. To destroy; to ruin. નાશ કરવું. 3. To be deprived of the view of. દેખાતા બંધ થવું. 4. To fail to enjoy or obtain. ન મળવું. **To lose ground,** To fall behind. પાછળ પડી જવું. **To lose heart,** નાહીંમત થવું. **To lose one's self,** બેભાન થવું. **To lose sight of,** To cease to see. નજર આગળથી દૂર થવું. *vi.* **To suffer loss.** ખોટ, જોખમ વેઠવું. [A. S. *losian*, to lose.]

Loss, *n.* (લૉસ્) Failure; destruction. નાશ; હાનિ; ખોટ; તોટો. 2. Casualties of a fight. લડાઇમાં નકામાં થયેલાં, માર્યા ગયેલાં માણસો. **To bear a loss,** To make good a loss. નુકસાન ભરપાઇ કરી આપવું. **To be at a loss,** ગુંચવાવવું; સમજણ ન પડવી. **Profit & loss,** નફોટોટો.

Lost, *a.* (લૉસ્ટ્) Missing; not found. ખોવાયેલું. 2. Abandoned or given up. તજી દીધેલું. 3. Destroyed or ruined. નાશ થયેલું.

Lot, *n.* (લૉટ્) Destiny; fate; chance. નસીબ; દૈવદશા; ભાગ્ય; પ્રારબ્ધ. 2. An allotted part. હીસ્સે પડતો ભાગ. 3. A prize in a lottery.

લોટરીનું ઇનામ. 4. Distinct portion of land. જમીનનો અમુક એક મુકરર ભાગ. **To cast in one's lot with,** To share the fortunes of. ના-નસીબ-ચડતીપડતીમાં ભાગ લેવો; નસીબ સાંકળવું. **To cast lots,** To determine by means of a dice etc.પાસા,ચિઠ્ઠી નાંખી નક્કી કરવું. *vt.* To allot or portion. ભાગ પાડવા; વિભાગ કરવા. [A. S. *hlot,* a lot].

Lotion, *n.* (લો',શન્) An ointment; a liquid for washing the skin. ઓસડનું પાણી; લેપ. [L. *lotum,* I wash.]

Lotus, *a.* (લો',ટસ્) Name of water-lily flower. કમળનું ઝાડ-ફૂલ.

Lottery, *n.* (લૉ'ટરી) A scheme for distribution of prizes by lot or chance. લોટરી.

Loud,*a.*(લાઉડ્) Noisy;vociferous;clamorous. મોટું; અવાજી; ઉચ્ચ. *adv.* Loudly. મોટે અવાજે. [A. S. *hlud,* loud.]

Loudly, *adv.* (લા'ઉડ્લી) In a loud manner. મોટેથી.

Loudness, *n.* (લા'ઉડ્નિસ્) The quality of being-loud. મોટો ઘાંટો; બુમ.

Lough, *n.* (લૉક્) A lake. તળાવ; સરોવર.

Lounge, *vi.* (લાઉન્જ્) To loiter; to spend time lazily. નવરા રઝળતા ફરવું. 2. To loll. આડા પડીને બેસવુ. *n.* A place for lounging. નવરાનો અખાડો; કોચ કે આરામ ખુરશી. [L. *longus,* long.]

Lounger, *n.* (લા'ઉન્જર્) An idler. રખડેલ-રઝળનાર માણસ.

Lousy,*a.*(લા'ઉઝી)Infested with lice. જૂવાળું.

Lovable, *a.* (લ'વબલ્) Amiable; worthy of love. પ્રીતિપાત્ર; ચાહવા લાયક.

Love, *n.* (લવ્) Fondness; tenderness; affection. વ્હાલ; માયા; પ્રેમ; પ્રીતિ; હેત; મમતા; રાગ; ચાહ. **The art of love.** કામ-કોકશાસ્ત્ર. **Love broker,** ભડવો. *vt.* To be strongly attached to; to like. ની ઉપર વિશેષ પ્રીતિ-પ્રેમ હોવો. *vi.* To be in love. પ્યાર કરવો. [A S. *lufian.*]

Loveletter, *n.* (લ'વલેટર્) A letter professing love. પ્રેમપત્રિકા.

Lovely, *a.* (લ'વ્લી) Charming; beautiful. ખુબસુરત; સુંદર; શોભન; રમણીય; લલિત

Lover, *n.* (લ'વર્) One who loves; a suitor; an admirer; a wooer. આશક; પ્રિય; વલ્લભ.

Lovesick, *a.* (લ'વસિક્) Languishing with love or amorous desire. પ્રેમપીડિત; કામાતુર; વિરહવ્યાધિપીડિત.

Loving, *a.* (લ'વિંગ્) Affectionate.પ્રેમ રાખતો.

Lovingly, *adv.* (લ'વિંગ્લી) Affectionately. પ્રેમથી. 2. With love. પ્યારથી

Low, *vi.* (લો) To bellow as an ox or cow. આર કું;ભાંભરવું.2.Not high; unelevated. નીચું. 2. Cheap; moderate. હલકું; સોંઘું. 3. Near the horizon. નીચું. 4. Humble in rank. નીચી પદ્દવીનું. 5. Base; mean. અધમ; ક્ષુદ્ર; હલકું; નીચું. *adv.* Not high. નીચું. 2. At a moderate price. સોંઘું; સસ્તું. 3. With low musical pitch. ધીમે સાદે. *vt.* To lower; to depress. ધીમું-નીચું, હલકું કરવું. [O. E. *taw.*]

Low-born, *a.* (લો'બૉર્ન) Plebian; baseborn. કમજાત; હીનજાતિ.

Lower, *vt.* (લો'અર્) To depress as to direction. નીચું કરવું. 2. To humiliate; to humble. ઉતારવું; તોડવું; માનભંગ કરવો. 3. To let down. ઉતારવું; નીચે પાડવું.*vi* To sink; to fall. પડવું; ઘટવું; ઉતરવું; ઓછું કરવું.-(લા'વર્) *v.* Frown. ગુસ્સે જણાવું:ભ્રુકુટી ચ્હડાવવી;કાળું, ઘનઘોર દેખાવું. *n.* ગુસ્સો; ઘનઘોરતા. also, **Lour.**

Lowermost, *a.* (લો'અરમો,સ્ટ્) Lowest. સૌથી નીચું.

Lowery, *a.* (લા'વરી) Cloudy; gloomy. વાદળાવાળું; મલિન.

Lowland, *n.* (લો,'લૅન્ડ્) A low or level country. નીચો, સપાટ પ્રદેશ.

Lowliness, *n* (લો,'લિનિસ્) Meekness; humility. નમ્રતા; વિનય. 2. Poor condition. ગરીબાઇ; દીનતા.

Lowly, *a.* (લો,'લી) Low; not exalted or high ઉતરતું; હલકું 2. Meek; free from pride. નમ્ર; વિનયશીલ. *adv.* Humbly. નમ્રતાપૂર્વક; વિનયથી.

Lowness, *n.* (લો,'નિસ્)The state or quality of being low હલકાઈ;ઉદાસી;નીચાપણુ; સોંઘવારી.

Lowspirited,*a.* (લો,'સ્પિરિટિડ્) Not lively; dejected; depressed ખિન્ન; ઉદાસ.

Loyal, *a.* (લૉ'યલ્) Faithful in allegiance to the King or established government. રાજભક્ત;રાજનિષ્ઠ.2.Constant;not treacherous. વફાદાર; સત્યવચની. [L. *legalis,* legal].

Loyally, *adv.* (લૉ'યલી) In a loyal manner; faithfully. વફાદારીથી.

Loyalist, *n.* (લૉ'યલિસ્ટ્) A loyal person. વફાદાર રૈયત; રાજનિષ્ઠ; રાજભક્ત.

Loyalty, *n.* (લૉ'યલ્ટી) Fidelity; the quality of being loyal. રાજભક્તિ; વફાદારી; ઇમાનદારી; શુદ્ધતા.

Lozenge, *n.* (લૉ'ઝિન્જ્) A diamond shaped figure. ચતુષ્કોણ. 2. Anything of the shape

of a lozenge. આકૃતિના આકારની કોઈપણ વસ્તુ. 3. ઓષધની ગોળી; ગોટી.

Lubber, *n.* (લ'બર્) A heavy, clumsy or awkward fellow. લઠ્ઠેશ્વર; અડબંગ.

Lubberly, *a.* (લ'બર્લી) Clumsy. અડબંગ જેવું; લઠ્ઠ જેવું.

Lubricate, *vt.*(લુ'બ્રિકે,ટ્)To remove friction; to smoothen. સુંવાળું-લીસું કરવું. 2. To oil. તેલ પુરવું. [L. *lubrico,* I lubricate.]

Lubricious, *a.* (લુ'બ્રિશસ્) Smooth. સુંવાળું; ચીકણું.

Lubricity, *n.* (લુબ્રિ'સિટી) Smoothness. સફાઇ; તૈલગુણ, ધર્મ. [L. *lubricitus*].

Lucent, *a.* (લ્યૂ'સન્ટ્) Bright; shining. ચળકતું; તેજસ્વી; તેજ મારતું.

Lucid, *a.* (લ્યૂ'સિડ્) Clear. ચોખ્ખું;સ્વચ્છ;નિર્મળ. 2. Easily understood. સ્પષ્ટ; સમજણ પડે એવું. 3. Bright; shining. ચકચકિત; તેજસ્વી. [L. *lucis,* light.]

Lucidness, *n.* (લ્યૂ'સિડ્નિસ્) The quality of being lucid. ચળકાટ; સ્વચ્છતા.

Lucifer,*n.* (લ્યૂ'સિફર્) The venus. શુક્રનો તારો. [L. *lux,* light and *fero,* I bear]. શેતાન; દિવાસળી; કાંડી.

Luck, *n.* (લક્) Fortune; fate; destiny. ભાગ્ય; નશીબ; કિસમત. **Good luck**=ભાગ્યોદય. સૌભાગ્ય.

Luckily, *adv.* (લ'કિલી) Fortunately. નશીબના જોરથી; દૈવબળે કરીને; સારે નશીબે.

Luckiness, *n.* (લ'કિનિસ્) Good luck. દૈવયોગ; નશીબદારી; સુભાગ્ય.

Luckless, *a.* (લ'ક્લિસ્) Unfortunate. કમનશીબ; ભાગ્યહીન.

Lucklessness, *n.*(લ'કલિસનિસ્) Bad or ill luck. દુર્દૈવ; દુર્ભાગ્ય.

Lucky, *a.* (લ'કી) Fortunate. નશીબવંત; ભાગ્યશાળી.

Lucrative, *a.* (લ્યૂ'ક્રટિવ્)Profitable;gainful. પૈસા મળે એવું; લાભકારક.

Lucre, *n.* (લ્યૂ'કર્) Profit in money. નફો; લાભ. [L. *lucrum,* gain].

Lucubration, *n* (લ્યૂક્યુબ્રે,'શન્) Nocturnal study; meditation. રાત્રિનું અધ્યયન; નિશાભ્યાસ; વિચારમાલા, નિબંધ.

Ludicrous, *a.* (લુ'ડિક્રસ્) Laughable; ridiculous. હાસ્યજનક; હસવા જેવું; હાસ્યોત્પાદક. [L. *ludus,* play.]

Lug, *n.* (લગ્) The lobe of the ear. કાનની બુટ. 2. A handle. હાથો; દાંડો. 3. The act of lugging. ખેંચવું તે.

Luff, *n.* (લફ્) વહાણને પવન સામી હંકારવું તે.

Luggage, *n.* (લ'ગિજ્) Baggage; goods. સરસામાન; સરંજામ.

Lugubrious, *a.* (લ્યૂગ્યુ'બ્રિઅસ્) Doleful. કલ્પાંતીક; રોદણાં રડનારૂં.

Lukwarm, *a.* (લ્યૂ'કવૉર્મ્) Tepid; a mixture moderately hot and cold. સ્હેજ ઉનું; મળમળું; સ્હેવાતું. 2. Not ardent or zealous. ઢીલું; પોચું; ઉદાસીન.

Lull, *vt.* (લલ્) To quiet; to soothe; to calm. ટાઢું પાડવું; શાંત ક૦. *vi.* To become calm gradually; to subside. શમી જવું; નરમ પડવું. *n.* A temporary cessation. શાંતિ; ઠંડક; પવનનું શમવું તે; અક્ષોભ.

Lullaby, *n.* (લ'લબાઇ) A nursery song. હાલરડું; હાલરૂં.

Lumbago, *n.* (લંબે,'ગો) A kind of rheumatic pain. કટિવાયુ; કેડના ભાગનો સંધિવા, રહી જવું તે, વા.

Lumber, *n.* (લ'મ્બર્) Disorderly and useless things. કચરકુચર. *vt.* To heap together in disorder. ગમે તેમ આડું અવળું ગોઠવવું.

Lumber-room,*n.* (લ'મ્બરરૂમ્) Store-room. સામાન ભરવાની જગ્યા; ગોદાઉં.

Luminary, *n.* (લ્યૂ'મિનરી) A light-radiating body or planet. તેજસ્વી વ્યક્તિ, પદાર્થ; સૂર્ય; સૂર્યચંદ્ર. [L. *luman,* light].

Luminous, *a.* (લ્યૂ'મિનસ્) Radiating light. તેજસ્વી; પ્રકાશમાન; ચળકતું; તેજોમય.

Lump, *n.* (લમ્પ્) Mass of irregular shape. ગઠ્ઠો; ગાંગડો; લોંદો. *vt.* To heap into a mass. એકંદર ક૦; જુમલો, ઢગલો. ક૦. 2. To take altogether. એક કલમે લેવું. ફેંકવું.

Lumpish, *a.* (લ'મ્પિશ્) Like a lump; mest. ગઠ્ઠા જેવું; મંદબુદ્ધિ; જડ; મૂઢ.

Lunacy, *n.* (લ્યૂ'નસી) Madness; insanity. ગાંડપણ; દિવાનાપણું.

Lunar, *a.* (લ્યૂ'નર્) Pertaining to or resembling the moon. ચંદ્રનું; ચંદ્રમાસી; ચંદ્રના જેવું. **L. eclipse**=ચંદ્રગ્રહણ. **L. month**=ચંદ્રમાસ. [L. *luna,* moon.]

Lunated, *a.* (લ્યૂ'નટિડ્) Crescent shaped. અર્ધ ચંદ્રાકાર. [L. *lunatus,* a crescent.]

Lunatic, *a.* (લ્યૂ'નટિક્) Insane; mad. ગાંડો; દિવાનો. 2. Relating to the mad. ગાંડાઓનું. *n.* An insane or mad person. ગાંડો માણસ.

Lunch, *n.* (લન્શ્) A luncheon. બપોરનું ખાણું, નાસ્તો.

Luncheon, *n.* (લ'ન્ચન્) A lunch; food taken between regular meals. નાસ્તો.

Lung, *n.* (લન્ગ્) An organ for respiration. ફેફસું.

Lunt, *n.* (લન્ટ્) A match cord for firing cannon. તોપ સળગાવવાની જામગ્રી.

Lunular, *a.* (લ્યુ'ન્યુલર્) Having the form of a small crescent. બીજના ચંદ્રની કોર જેવું.

Lupine, *a.* (લ્યૂ'પાઇન્) વરૂનું; ના જેવું.

Lurch, *vt.* (લર્ચ્) To roll; sway, or stagger to one side. એક બાજુએ ડોલવું. 2. To play tricks. બનાવવું; છેતરવું. **To leave one in the lurch,** = To abandon in a critical position. ખરા કામને વખતે છોડી જવું; ની પડખે ઉભું ન રહેવું.

Lure, *n.* (લ્યૂર) An allurement; attraction; decoy; or enticement. લાલચ; આકર્ષણ. 2. Anything that attracts. લોભાવનાર, લલચાવનાર વસ્તુ. *vt.* To attract; to entice; to lure. લોભાવવું; લલચાવવું.

Lurid, *a.* (લ્યુ'રિડ્) Faint yellow. છેક ફીકું પીળું.

Lurk, *vi.* (લર્ક) To lie concealed or hid; to lie in wait; to keep out of sight. છુપાઈ, ભરાઇ રેહવું; સંતાતા ફરવું.

Lurking-place, *n.* (લ'ર્કિંગપ્લેસ્) A hiding place. સંતાઇ રેહવાની જગ્યા. 2. A den (of an animal). જાનવરની ગુફા.

Luscious, *a.* (લ'શસ્) Tasty; juicy; delicious; sweet. અતિશય મીઠાશવાળું; ગળ્યું; મીઠું; રસભર્યું; અતિશય શૃંગારિક, આડંબરી, ચિત્તમય.

Lusciousness, *n.* (લ'શસનિસ્) Deliciousness; extreme; sweetness. માધુર્ય; મધુરતા; ગળપણ

Lusary, *a.* (લ'ઝરી) Playful; sportive. આનંદી; ગમતી.

Lust, *n.* (લસ્ટ્) Sexual appetite; sensual craving. વિષયવાસના; કામ; કુબુદ્ધિ; કુવાસના. *vt.* To desire; to like. ઇચ્છા કરવી.

Lustful, *a.* (લ'સ્ટફુલ્) Sensual; voluptuous. કામાંધ; સ્ત્રીલંપટ; કામી.

Lustily, *adv.* (લ'સ્ટિલી) In a vigorous manner. બહાદુરીથી; જીવ તોડીને; જહેમતથી.

Lustral, *a.* (લ'સ્ટ્રલ્) Used in or pertaining to purification. સફાઇનું; શુદ્ધિનું; શુદ્ધિકારક. [L. *lustro*, I purify.]

Lustrate, *vt.* (લ'સ્ટ્રેટ્) To clean or purify as by water. પવિત્ર કરવું; સાફ કરવું; પાણીથી ધોઈ નાંખવું. [L. *lustro*, I purify.]

Lustration, *n.* (લસ્ટ્રે'શન્) Purification. શુદ્ધિકરણ; શુચીકરણ; શુદ્ધિ;શોધ; પાવન; પવિત્રીકરણ.

Lustre, *n.* (લ'સ્ટર્) Brightness, brilliance; splendour. તેજ; કાંતિ; ચળકાટ; શોભા; પાણી. 2. Distinction;fame;glory;renown. પ્રખ્યાતિ; ખ્યાતિ; કીર્તિ; આબરૂ; નામ, પ્રતિષ્ઠા. 3. વર્ષપંચક. *vt.* To make lustrous. તેજસ્વી કરવું; પ્રકાશિત કરવું.

Lustrous, *a.* (લ'સ્ટ્રસ્) Brilliant; bright; shining.તેજસ્વી;પાણીદાર.[L.*lustre*,I illumine].

Lustrum, *n.* (લ'સ્ટ્રમ્) Purification. શુદ્ધિ 2. A period of five years. વર્ષપંચક; પાંચ વરસ. [L. *pl. lustra.*]

Lutanist, *n.* (લ્યુ'ટનિસ્ટ્) A player on the lute; a violinist. વીણાધારી; સતાર વગાડનાર. [L. *lutana*, a lute.]

Lute, *n.* (લ્યૂટ્) A stringed instrument of the guitar kind. વીણા; તંબુર; સારંગી.

Luxuriance-cy, *n.* (લ'ક્શ્યુરિઅન્સ–ન્સી) Exuberance; the state or quality of being luxuriant. ભરભાર; સમૃદ્ધિ; અતિવૃદ્ધિ; બાહુલ્ય.

Luxuriant, *a.* (લક્શ્યુ'રિઅન્ટ્) Exuberant; excessive; very abundant; rank in growth. ભરભાર; ઘેઘટ; બહુ ફાલેલું.

Luxuriate, *vi.* (લક્શ્યુ'રિએટ્) To grow exuberantly or in a rank manner. અતિવૃદ્ધિ થવી; પુરજોસમાં ઉગવું–ખીલવું; ભરભાર–ઘેઘટ થઇ રહેવું.

Luxurious, *a.* (લક્સ્યુ'રિઅસ્) Given to luxury; administering to luxury. મોજશોખ; એશઆરામ, ચેન, ભોગવિલાસમાં મચેલું; વિલાસી.

Luxuriuasly, *adv.* (લક્સ્યુ'રિઅસલી) In a luxurious manner. એશઆરામથી; મોજશોખથી; ચેનથી; વિલાસી રીતે.

Luxury, *n.* (લ'ક્શરી) An indulgence in costly food, dress, furniture &c. મોજશોખ; એશઆરામ; ચેન; ભોગવિલાસ. 2. An article of luxury. મોજશોખનું સાધન. [L. *luxus*, excess.]

Lycanthropy, *n.* (લાયકે'ન્થ્રપી) દરદી પોતાને અમુક જાતનું પ્રાણી માનીને વર્તે તેવું ગાંડપણ, ગાંડાઇ, ઘેલછા.

Lyceum, *n.* (લાઇસિ'અમ્) A literary institute. સાહિત્ય સંસ્થા; ભાષા મંદિર. 2. A company of learned persons. પંડિતોનું મંડળ; સાહિત્ય મંડળ. 3. A place where the learned persons meet. પંડિતોને મળવાની જગ્યા.

Lydian, *a.* (લી'ડિયન્) Soft; effeminate. નામરદ; બાયલો. 2. An ancient Greek mode of music. જુના ગ્રીક લોકોના વખતની એક ગાયનસંગીત પદ્ધતિ.

Lye, *n.* (લાય્) Water impregnated with strong alkaline salts obtaind from ashes of wood. ક્ષારજળ.

Lyke-wake, *n.* (લા'ઇકવે,ક્) શબની ચોકી રાખવા માટેનો ઉજાગરો, આખી રાત બેઠા રહેવું તે.

Lynx, *n.* (લિન્કસ્) તીક્ષ્ણ, ઝીણી નજરવાળું; બિલાડી જાતનું પ્રાણી. **L.-eyed,**બારીક નજરવાળો.

Lymph, *n.* (લિમ્ફ્) Water. પાણી. 2. A colourless fluid inanimal bodies. પ્રાણી; શરીરમાં રહેતો એક રંગહીન પ્રવાહી પદાર્થ. 3. A fluid used in different injections (called Vaccine Lymph). રસી; ચેપ [L. *lymphe.*]

Lyre, *n.* (લાયર્) A stringed U-shaped instrument of the harp kind. સારંગી;તંબુરો; વીણા; એકતારો. [L. *lyra*]

Lyric, *n.* (લિ'રિક્) Poetry referring to the individual emotions of the poet. કવિના મનોવિકાર દેખાડનાર કવિતા; સંગીત, વીણા, ભાવનાકાવ્ય.

Lyrist, *n.* (લા'યુરિસ્ટ્) A player on the lyre. સારંગી વગાડનાર. 2. A lyric writer. કવિતા લખનાર.

M.

M, (એમ્) The 13th letter of the English alphabet. અંગ્રેજી મૂળાક્ષરનો તેરમો અક્ષર. 2. Roman sign for 1000. રોમન આંકડામાં ૧૦૦૦ માટે સંજ્ઞા તરીકે વપરાય છે.

Ma, *n.* (મૅ) Mamma; mother. મા; માને બોલાવવા છોકરૂં જે શબ્દ વાપરે છે તે.

Maam,*n.* (મ'મ્) Madam. બાઇસાહેબ; મડમ.

Mab, *n.* (મૅબ્) Queen of imaginary beings. અપ્સરા રાણી.

Macadamise, *vt.* (મૅકૅ'ડમાઇઝ્) To cover a road with small broken stones. કાંકરા નાખી રસ્તાને પાકો કરવો.

Macaroni, *n.*(મૅકૅરો,'નિ)A paste or dough of fine wheat flour made into slender tubes and used as an article of food. ઘઉંની શેવ. 2. A dandy or a fop. લાલ; ઇશ્કી; છેલ. [Gr. *macaria* happiness].

Mace, *n.* (મે,સ્) A staff with a heavy metal head. ગદા; દંડ; સોટો; ધોકો. 2. A staff usd as an ensign of authority. છડી; નકીબ. 3. A kind of spice. જાયપત્રી; જાવંત્રી.

Mace-bearer, *n.* (મે,'સબે,રર્) An officer who bears or carries the mace before persons of authority. ચોપદાર; છડીદાર; નકીબદાર.

Macerate, *vt.* (મૅ'સરે,ટ્) To make lean or cause to waste away. ક્ષીણ-પાતળું કરવું. 2. To soften by steeping in a liquid. પલાળવું. 3.To subdue one's appetites by self-denial. દેહને કષ્ટવું. [L. *macer*, I make soft].

Maceration,*n.*(મૅસરે,'શન્)The process or act of macerating. દેહ કષ્ટ; દેહ દંડ; દેહ દુઃખ.

Machiavellian,*a.* (મૅકિઅવે'લિઅન્) ખટપટી; કાવત્રાંખોર; ચાણક્ય, કુટિલ નીતિવાળું, સંબંધી.

Machinate, *vt.* (મૅ'કિને,ટ્) To plot; to scheme; to plan. ખટપટ કરવી; કાવત્રું કરવું; કપટ કરવું. [L *machinari*, to devise].

Machination, *n.* (મૅકીને',શન્) Plotting; scheming.રચના;યોજના;ખટપટ. 2. Adevice.ઘાટ.

Machine, *n.* (મશી'ન્) A mechanical contrivance; an engine; an instrument of force.યાંત્રિકશક્તિ;યંત્ર;સાંચાકામ.[L.*machina*, a machine].

Machinery, *n.*(મશી'નરી) The component parts of a complex machine. સાંચાકામ; યંત્ર સાહિત્ય. 2. Machines in general યાંત્રિક શક્તિ; યંત્રો.

Machinist, *a.* (મશી'નિસ્ટ્) A constructor or worker of machines. સાચાંકામ બનાવનાર, ચલાવનાર; યંત્રકાર.

Macrocosm,*n.*(મૅ'ક્રકૉસમ્) The universe; the great world. અખિલ વિશ્વ; સૃષ્ટિ; ત્રિભુવન. [Gr. *makros*, great, *kosmos*; world].

Macula, *n.* (મૅ'કયુલે) A blot; stain; a spot. કલંક; લાંછન; તલ.

Maculate, *vt.* (મૅ'કયુલે,ટ્) To stain; to spot; to defile. લાંછન લગાડવું; બટ્ટો લગાડવો. *a.* Marked with spots; blotted. ડાઘા, તલવાળું. 2. Impare; defiled. લાંછન-બટ્ટો લાગેલું. [L. *maculoe*, I spot].

Maculation, *n.* (મૅકયુલે,'શન્) A stain; spot. ડાઘો; ડૅકો; બટ્ટો; લાંછન.

Mad, *a.* (મૅડ્) Deranged; insane. ગાંડો; ઘેલો; દિવાનો; ચસકેલ; મસ્ત બનેલો.

Madam, *n.*(મૅ'ડમ્) A form of address to a lady. મડમ; શેઠાણી; બાઇ.

Mad-cap,*n.*(મૅ'ડકૅપ્)A flighty or harebrained person; a half-mad person. અવિચારી; ઉદ્ધત; ગાંડો.

Madden *vt.* (મૅ'ડન્) To drive mad; to enrage. ગાંડા કરવું-ઘેલા બનાવી દેવું.

Madder, *a.* (મૅ'ડર્) More insane. વધારે ગાંડો. *n.* A plant of a kind, મજીઠ.

Mad-dog, *n.* (મૅ'ડડૉગ્) A hydrophobiatic dog. હડખાયેલું કુતરૂં; હડકવાવાળું કુતરૂં.

Made, *pp.* (મે,ડ્) Prepared; did. કીધું; કીધેલું.

Mad-house, *n.* (મૅ'ડહાઉસ્) A lunatic asylum; a bedlam. દિવાના, ગાંડાનું ઇસ્પીતાલ.

Madeira, *n.* (મૅડી'રા) A rich wine of Madeira in spain. એક જાતનો ઉંચો દારુ; મદિરા.

Madman, *n.* (મૅ'ડમન્)A deranged person; a lunatic. ગાંડો માણસ.

Madness, *n.* (મૅ'ડનિસ્) Lunacy;insanity. ગાંડપણ; ઘેલછા; દિવાનાપણું.

Madrigal, *n.* (મૅ'ડ્રિગલ્) A love song; a pastoral song. ભરવાડ લોકોનું ગાયન; ગોપ, પ્રેમકાવ્ય [L. *madres*, a herd of cattle.]

Magazine, *n.* (મૅગઝી'ન્) An ammunition store-room. દારૂ, અસ્ત્રશસ્ત્રખાનું. 2. A pamphlet published at fixed periods.ચોપાનીઉં;માસિક વગેરે.

Maggot, *n* (મૅ'ગટ્) A grub. કીડો; ચેળ; એળ; ઇયળ.

Maggoty, *a.*(મૅ'ગટિ) Containing maggots. કીડાવાળું; જંતુવાળું.

Magi, *n.* (મે,'જાઇ) A caste of priests of ancient Egypt. પ્રાચીન મિસર દેશના પાદરી લોકોનો એક વર્ગ. 2. Holy men or sages. જ્ઞાની પુરૂષો.

Magian, *n.* (મે,'જીયન્) A priest of ancient man. માગી; ઇરાન દેશનો પ્રાચીન ધર્મોપદેશક.

Magic, *n.* (મૅ'જીક્) Sorcery; enchantment; necromancy; the art of doing things by superhuman agency. મંત્ર; જાદુ; ઇલમ; મેલી વિદ્યા. [L. *magicus*, magic or sorcery.]

Magical, *a.* (મૅ'જીકલ્) Relating to sorcery. જાદુ સંબંધી; માંત્રિક; જાદુઇ; ઇલમનું.

Magician, *n.* (મૅજી'શન્) A sorcerer; an enchanter. જાદુગર; એલ્મી; ઈલમનું.

Magic-lantern, *n.* (મૅ'જીકલૅન્ટર્ન) A lantern throwing magnified pictures.જાદુઇ, ન્હાના સીનેમાનું ફાનસ.

Magisterial, *a.* (મૅજીસ્ટી'રિયલ્) Pertaining to a magistrate or his office. ફોજદારી કામ સંબંધી. 2.Authoritative; haughty; domineering. સત્તાધારી; ગર્વિષ્ઠ; તોછડો.

Magisterially, *adv.* (મૅજીસ્ટી'રિયલી) In a magisterial manner. ફોજદારી અમલની રૂએ

Magistracy, *n.* (મૅ'જીસ્ટ્રસી) The dignity or office of a magistrate. માજીસ્ટ્રેટનો હોદ્દો.

Magistrate, *n* (મૅ'જીસ્ટ્રેટ્) A judge; any public civil officer invested with judicial powers. માજીસ્ટ્રેટ; ન્યાયાધીશ. [L. *magister*, a master].

Magnanimity, *n.* (મૅગ્નનિ'મિટી)Greatness of mind or soul. ઉદારતા; મનનું મોટાપણું.

Magnanimous, *a.*(મૅગ્નૅ'નિમસ્) Generous; high-minded; exhibiting nobleness of soul; liberal and honourable. મોટા મનવાળો; ઉદાર; મહાત્મા; સખી [L. *magnus*=great and *aimus*, mind.]

Magnate, *n.* (મૅ'ગ્નેટ્) A great man; a noble; a person of rank or wealth. ભારે પદ્વીનો માણસ; ધનાઢ્ય, મ્હોટો માણસ.

Magnet, *n.* (મૅ'ગ્નિટ્) A load-stone.લોહચુંબક.

Magnetical, Magnetic, *a.* (મૅગ્નૅ'ટિકલ્ મૅગ્નૅ'ટિક) Pertaining to the magnet. લોહચુંબક સંબંધી. 2. Attractive. આકર્ષક; મનોહર.

Magnetism, *n.* (મૅ'ગ્નિટિઝમ્)The property of magnets. લોહચુંબકનો ગુણ 2. The power of attraction. ખેંચાણ, આકર્ષણ શક્તિ.

Magnetise, *vt.* (મૅ'ગ્નિટાઇઝ્) To communicate magnetic properties to. લોહચુંબકના ગુણો આપવા. 2. To fascinate or attract strongly. જોસભેર આકર્ષણ કરવું.

Magnific, *a.* (મૅ'ગ્નિફિક્) Illustrious; grand; noble; splendid. મ્હોટું; ભવ્ય. [L. *magnus*, great.]

Magnificence *n.* (મૅગ્નિ'ફિસન્સ્) Grandeur; splendour; pomp. ભપકો; ઠાઠ; શોભા. [L. *magnus*, great & *facio*, I make.]

Magnificent, *a.* (મૅગ્નિ'ફિસન્ટ્) Grand in appearance; splendid. શોભીતું; શોભાયમાન. 2. Pompous. ઠાઠવાળું; પ્રૌઢ; ભવ્ય.

Magnificently, *adv.* (મૅગ્નિ'ફિસન્ટલી) Splendidly; grandly. ઠાઠથી; શોભાથી; ભપકાથી.

Magnifier, *n.* (મૅ'ગ્નિફાયર) A thing that or one who magnifies. હોય તેથી મોટું કરી દેખાડનાર; દુર્બિન.

Magnify, *vt.* (મૅ'ગ્નિફાય્) To amplify; to enlarge; to make great or greater. મ્હોટું કરી બતાવવું. 2. To increase the power, glory, importance &c. of. ની મહત્તા વધારવી. 3 To sound the praises of; to extol. વખાણવું; સ્તુતિ કo. 4. To exaggerate. અતિશયોક્તિ કરવી. [L. *magnus*, great and *facio*, I make.]

Magniloquent, *a.*(મૅગ્નિ'લોકવન્ટ્) Speaking pompously or loftily. ડોળથી બોલનાર; પ્રૌઢભાષી [L. *magnus*, great and *loquor*, I speak.]

Magnitude, *n.* (મૅ'ગ્નિટ્યુડ્) Greatness; size; bulk; extent of dimensions. પરિમાણ. 2. That which has one or more of the three divisions. લંબાઇ, જાડાઇ અથવા પહોળાઇ. 3. Importance; grandeur; greatness; consequence. મોટાપણું; મોટાઈ; ગુરૂત્વ; ગૌરવ; વજન; દબદબો.

Magnum, *n. a.* (મૅ'ગ્નમ્) ચાર પાઇન્ટનો દારૂનો શીશો;મહાન. **M. bonum**. મ્હોટો ઉપકાર; બટાકો, બટેટું; એક જાતનું આલુ. **M. opus**. મહાન્ કાર્ય.

Magpie, *n.* (મૅ'ગ્પાઇ) ચોરી જવાની ટેવવાળુ કાળું અને ધોળું પક્ષી; વાતુડીઓ; બંદુકનો ઘા.

Magyar, *a* (મા'ડ્યર) હંગરીમા વસતી માંહગોર, મૉન્ગોલ જાત સંબંધી; મોડિઅર ભાષા, માણસ.

Mahogany, *n.* (મહૉ'ગની) ફરનીચર માટે વપરાતું લાલ, કાળું લાકડું; તેવો રંગ.

Mohemmedan-tan, *n.* (મહૉ'મિડન-ટન) A Muslim. મુસલમાન.

Maid, *n.* (મે,ડ) Virgin; spinster. કુમારિકા; નહિં પરણેલી યુવતી.

Maiden, *n.* (મે'ડન) A virgin; a maid; an unmarried woman. કુમારી; કન્યા; કુમારિકા. 2. A female servant. ચાકરડી; દાસી. 3. A machine for washing linen. કપડાં ધોવાનો સંચો. *a.* Pertaining to a maiden, virgin. કુમારિકાનું-સંબંધી. 2. Fresh; unpolluted; unused. તાજું; નવીન; ન વપરાયેલું. **A maiden speech,** The first speech made in public (or parliament). પહેલું વહેલુંજ જાહેર ભાષણ.

Maidenhood, *n.* (મે,'ડનહુડ) The state of being a maiden; virginity. કૌમાર્ય; તારુણ્ય; જોબન; કુંવારાપણું.

Maidenly, *a.* (મે',ડનલી) Becoming or like a maiden; modest; coy. કુમારિકા જેવું; શરમાળ; લુચ્ચી; કન્યાયોગ્ય.

Maidenlike, *a.* (મે,'ડનલાઇક) Resembling a maiden. કુમારિકા જેવું; શરમાળ.

Maid-servant, *n.* (મે,'ડસર્વન્ટ) A female domestic servant. ચાકરડી; દાસી.

Mail, *n.* (મે,લ) An armour of chainwork or other material. બખ્તર; કવચ. *vt.* To put on a coat of mail or any other defensive armour. બખ્તર, કવચ પહેરવું. *n.* A wallet; a bag. થેલી; કોથળી. 2. A bag for the conveyance of letters and papers. ટપાલની કોથળી. 3. The letters and papers conveyed by post. ડાક; ટપાલ. *vt.* To post a letter. કાગળો નાંખવા.

Mail-coach, *n.* (મે,'લકો,ચ) A carriage carrying the post. ટપાલગાડી.

Maim, *n.* (મે,મ) An injury; a mutilation; a crippling. ખોડ; ખાપણ; ન્યૂનતા; વ્યંગતા. *vt.* To disable; to cripple; to mutilate. ખોડવાળો-અપંગ-લુલું-લંગડું ક૦.

Maimed, *a.* (મે,'મ્ડ) Crippled; disabled; impaired; mutilated. લુલું; લંગડું; ખોડું; વ્યંગ; અપંગ.

Main, *a.* (મે,ન) Principal; chief; most important. મુખ્ય; અગત્યનું. *n.* Force; strength. જોર; શક્તિ; બળ. 2. Chief or main portion or part. મુખ્ય-પ્રધાન ભાગ. 3. The open sea. સમુદ્ર; મહાસાગર. **With might and main** = With great effort and labour. બહુ પ્રયાસથી; મહામહેનતે. [L. *manus*, the hand].

Mainland, *n.* (મે,'નલૅન્ડ) The principal land; the continent. ભૂખંડ; ભૂમિ.

Mainly, *adv.* (મે,'નલી) Principally; chiefly. મુખ્યત્વે કરીને; ઘણું કરીને.

Mainmast, *n.* (મે,'નમાસ્ટ) The principal mast or ship. વહાણનો વચલો કુવો-ડોલ.

Mainsail, *n.* (મે,'નસે,લ) The principal sail. મુખ્ય સઢ.

Maintain, *vt.* (મેનટે,'ન) To keep; to support; to sustain; to hold or keep in any condition. નભાવવું; પોષવું; પાળવું 2. To keep possession of; to hold and defend. કબજે રાખી રહેવું. 3. To bear the expense of the living of. નો ખર્ચ ચલાવવો; નિર્વાહ કરવો. 4. To uphold; to vindicate; to justify; to affirm or assert. મત આપવું; ખાત્રીપૂર્વક કહેવું; ખરૂં કરવું; સાચું છે એમ સિદ્ધ કરવું. [L. *manus*, the hand and *tenere*, to hold].

Maintainable, *a.* (મેન્ટે,'નબલ)That may be maintained; sustainable; defensible. રાખવા-ચલાવવા યોગ્ય

Maintenance, *n.* (મે,'ન્ટિનન્સ) Livelihood; sustenance. સ્થાપન; રક્ષણ; સંભાળ; પ્રતિપાદન; ગુજરાન; ઉપજીવિકા; પાલણ-પોષણ; નિર્વાહ; ભરણપોષણ.

Maize, *n.* (મે,ઝ) An Indian corn. મકાઈ.

Majestic, *a.* (મજે'સ્ટિક) Splendid; noble; grand. ભપકાદાર; પ્રતાપી; રાજતેજવાળું; પ્રૌઢ.

Majesty, *n.* (મૅ'જીસ્ટી) Grandeur; dignity. ગૌરવ; મ્હોટાપણું; પ્રૌઢતા; ગાંભીર્ય. 2. A title used in addressing Emperors and Kings. મહારાજા; રાજાધિરાજ; જીનાબ. [L. *majus*].

Major, *n.* (મે',જર) A military officer લશ્કરી અમલદાર. 2. Greater in extent; quantity or number. વધારે; મ્હોટું. 3. One who has attained the full legal age. પુખ્ત ઉમરે પોહોંચેલો માણસ. 4. Of more importance or greater dignity. મોટું; પ્રધાન; શ્રેષ્ઠ; મુખ્ય. [L. *major*, greater].

Major-domo, *n.* (મે,'જરડોમો) A steward. ઘરનો કારભારી, વહીવટ કરનાર. [L *major*, greater and *domus*, house].

Major-general, *n.* (મે',જર જનરલ) An army officer. સૈન્યાધિપતિ; લશ્કરનો ઉપરિ.

Majority, *n.* '(મજૉ'રિટી) Competency in matter of age. ઉમરમાં લાયકાત; યોગ્ય-લાયક ઉમ્મર. 2. A greater part; more than half. અર્ધી ઉપરાંત સંખ્યા. 3. Superiority; the quality of being more important. અધિકતા; આધિક્ય. **Majority of votes** = બહુમત,

Make, *n.* (મે,ક્) Form; shape; structure; texture. આકાર; આકૃતિ; બાંધો, ડોળ; રૂપ; ઘાટ.

Make, *vt.*(મે,ક્)To prepare or manufacture from materials.નું બનાવવું; કરવું; ઘડવું. 2. To create some artificial or false thing. બનાવટ ક૦. ખોટું ઉભુ ક૦. **To make account of,** To value; to esteem. ગણકારવું, ગણવું. ધારવું. **To make away**, To dispatch or kill. મારી નાંખવું. **To make, believe,** To feign or pretend. ઢોંગ ક૦. ડોળ ક૦. **To make bold**=To dare or venture. હીમત ચલાવવી;આગળ પડવું.**To make the cards** =To shuffle (cards). પાનાં,ગંજીફો ચીપવો,બાટવો. **To make much of**=To value highly. વધારે કીમત આંકવી; બહુમાન ક૦ **To make anything of**=To understand.સમજણ પડવી. **To make out**=To decipher; to find out. નો અર્થ ક૦; સમજવું; ઉકેલવું; વાંચવું. **To make over**=To transfer the title; to convey. સોંપવું; હવાલો ક૦; સ્વાધીન ક૦. **To make up**=To collect or total; to make ready. એકંદરે, એકઠું-ભેગે-જુમલે ક૦.**To make good** =To compensate. ભરી-વાળી આપવું. **To make up one's mind**=Resolve. નિશ્ચય કરવો. **To make water**=To urinate. પેશાબ ક૦. **To make way or to make one's way**=To push; to advance. આગળ વધવું; વધારો ક૦. **To make away with** =To carry off. નહસાડવું; લઇ જવું. **To make off**=To decamp. પોલ થવું; નહાસી જવું. **To make up**=To be reconciled. નું સમાધાન થવું; મળી જવું. **To make up for**=To compensate for. ભરી આપવું; ખોટ પુરી ક૦. [A. S. *macain*, to make].

Makebate, *n.*(મે,'કબે,ટ્)A quarrel-monger. કજીયાખોર માણસ.

Makebelieve, *n.* (મે,'કબિલીવ્) Pretence; pretext; sham; fiction. બ્હાનું; મિષ; નિમિત્ત. *a.* Unreal; sham; fictitious. કૃત્રિમ; ઢોંગભરેલું.

Maker, *n.* (મે,'કર્) One who makes; a manufacturer. બનાવનાર; તૈયાર કરનાર.

Makeweight, *n.* (મે,'કવે,ટ્) A weight thrown to make the two pans of a balance equally weighty. ધડો,ડોળધાલુ નજીવી દલીલ,મુદ્દો.

Maladminstration, *n.* (મૅલઅડમિનિસ્ટ્રે,'શન્) Bad government; bad management of public offices. અવ્યવસ્થા; અંધાધુંધી.

Malady, *n.* (મૅ'લડી) Disease. વિકાર; રોગ.

Malapert,*a.*(મૅ'લેપર્ટ્)Impertinent,forward; bold. ઉદ્ધટ; અવડો.

Malaria, *n.* (મલે'રિયા) A fever caused by the bites of poisonous mosquitoes. મેલીરીયા; એક જાતનો તાવ.

Malarious-al, *a.* (મલે'રિઅસ્) મેલેરિઆવાળું; મેલેરિઆ સંબંધી.

Malcontent, *a.* (મૅ'લકન્ટેન્ટ્) Unhappy; discontented. નારાજ; અસતોષી. *n.* One who is dissatisfied with the existing state of affairs (especially in politics.) રાજ્યથી નાખુશ થયેલી પ્રજા; રાજદ્રોહી.

Male, *n.* (મે,લ્) A he-animal. નર; પુરૂષ. [L. *mascilus.*]

Malediction, *n.* (મૅલીડિ'ક્શન્) Evil speaking; curse. કદુવા; શાપ. [L. *malus*, ill & *dico*, I say.]

Malefactor, *n.* (મૅ'લીફૅક્ટર્) A criminal; a culprit; an evil-doer. અપરાધી; ગુન્હેગાર.

Malevolence, *n.* (મલે'વલન્સ્) Personal hatred; ill-will; enemity of heart. વેરભાવ; અદાવત; કીનો; દ્વેષભાવ; દ્વેષબુધ્ધિ.

Malevolent, *a.* (મૅલે'વલન્ટ્) Having ill-will; evil-wishing; malicious. દ્વેષભાવ રાખનાર; કીનાખોર. [L. *malus*, bad and *voleo*, I wish.]

Malice, *n.* (મૅ'લિસ્) Spite; ill-will; enmity of heart. અદાવત; કીનો; વેર; દ્વેષભાવ. [L. *malus*, bad].

Malicious, *a.* (મૅલિ'શસ્) Ill-willed; spiteful. અદાવતી; અદેખું; દ્વેષી; કીનાખોર; ખારીલું [L. *malus*, ill]

Malign, *n. a.* (મલા'ઇન્) Malevolent. દ્વેષી; અદાવતી; કીનાખોર; ડંશી. *vt.* To treat with malice; to defame; to traduce; to vilify. ખોટું, નુકશાન, નાલાશી કરવી.

Malignancy, *n.* (મૅલિ'ગ્નન્સી) Bitter enmity; extreme. malevolennce. વેરભાવ; અદાવત; અદેખાઇ; દ્વેષ. [L. *malus*, bad.]

Malignant, *a.* (મૅલિ'ગ્નન્ટ્) Malicious. અદેખું; કીનાખોર; ખારીલું; દ્વેષી.

Malignity, *n.* (મૅલિ'ગ્નિટી) Evil disposition; malice; rancour. ખાર; વેર; દ્વેષ; અદાવત.

Malison, *n.* (મૅ'લિઝન્) Exoration; curse; malediction. શાપ.

Mall, *n.* (મૅાલ) A heavy wooden club. ડાંગ. *vt.* To beat with a club. ખાંડવું; ડાંગ મારવી.

Malleability, *n.* (મૅલીઅબિ'લિટી) Quality of malleableness. ટીપવાથી વધે એવો ગુણ.

Malleable, *a.* (મૅ'લીઅબલ્) Capable of being shaped or beaten out with a hammer (said of metals) ટીપાય એવું; ટોકવાથી લાંબુ થાય એવું. [L. *malleu*, hammer.]

Mallet, *n.* (મૅ'લિટ્) A short-handled small hammer. મોગરી; મેચકી; મેધચું.

Mallow, *n.* (મૅ'લો) Kinds of flowering plant.એક જાતનો ફુલવાળો છોડ.*a.***Malvaceous.**

Malmsey, *n.* (મૅ'મ્ઝી) A kind of grapes and the wine prepared from them. એક જાતની દ્રાક્ષ તથા દારૂ.

Malpractice, *n.* (મૅલપ્રૅ'ક્ટિસ્) Misbehaviour; evil ways. નઠારી ચાલ; ખરાબ રીત; દુરાચાર. [L. *malus*, bad.]

Malt, *n.* (મૉલ્ટ્) Any grain steeped in water till germination. ફણગા ફુટે ત્યાં સુધી પલાળી રાખેલું અનાજ.

Maltese, *a.-n.* (મૉલ્ટી'ઝ્) માલ્ટાનું; માલ્ટાનો રહીશ, તેની ભાષા.

Malthusian, *a.* (મૅલ્થ્યૂ'સ્ઝન્) વસ્તી ઓછી કરવી એ મત સંબંધી; મૅલ્થસનો અનુયાયી.

Maltster, *n.* (મૉ'લ્ટ્સ્ટર્) A man whose occupation is to make malt. જવનો દારૂ બનાવનાર.

Maltreat, *vt.* (મૅલટ્રી'ટ્) Ill-treat; to treat roughly or rudely or with unkindness. દુઃખ દેવું; બેહાલ કરવા.

Maltreatment, *n.* (મૅલટ્રી'ટમન્ટ્) Ill-treatment; ill-usage. પીડા; મારપીટ; અપકાર.

Malversation, *n.* (મૅલવરસે,'શન્) Corruption; misbehaviour. ખરાબ ચાલ; દુષ્ટ વર્તણુંક; અપ્રમાણિકતા.

Mam, Mama, *n.* (મૅમ્-મમા') Mother. મા; બા.

Mammal, Mammalia, (*pl.*) *n.* (મૅમલ્-મૅમે'લિઆ) The highest class in the animal kingdom whose distinguishing characteristic is that the females suckle their young. પોતાના બચ્ચાંને ધવડાવનાર પ્રાણી.

Mammiferous, *a.* (મૅમિ'ફરસ્) Breasted; having breast; suckling. સ્તન, આંચળવાળું; ધવરાવીને ઉછેરનાર.

Mammiform, *a.* (મૅ'મિફૉર્મ) Having the form of a breast. સ્તનના, આંચળના આકારનું. [L. *mamma*, a breast.]

Mammilary, *a.* (મૅ'મિલરી) Pertaining to the breast or nipple. સ્તનનું; આંચળનું.

Mammon, *n.* (મૅ'મન્) God of wealth. કુબેર; ધનદેવતા. 2. Wealth;riches. સંપત્તિ:ધન.

Mammoth *n.* (મૅમથ્) An extinct elephant. એક જાતનો અતિ મોટો હાથી, ગજ.

Mammy, *n.* (મૅ'મી) Mother. માતા; જનની.

Man, *n.* (મૅન્) A human being. માણસ. 2. Mankind. માણસ જાત. 3.An adult male. પુખ્ત ઉમરનો માણસ. 4.Male sex of mankind.જગતનો પુરુષવર્ગ. **Man-of-war**=લડાઇનું વહાણ.**M. in the street**=સાધારણ, રખડતો માણસ.

Manful, હિંમતવાન; બહાદુર.

Manacle, *n.* (મૅ'નકલ્) Hand-cuffs; shackles. હાથકડી; બેડી. [L. *manus*, hand.]

Manage, *vt.* (મૅ'નિજ્) To carry on; to conduct; to guide. ચલાવવું; વહીવટ કરવો. 2. To control and direct. પોતાના ધાર્યા પ્રમાણે ક૦ 3. To train a horse. શિખવવું; પલોટવું. 4. To treat with care. સંભાળ લેવી. *vi.* To carry on a business; to conduct an affair. કારભાર ચલાવવો. [L. *manus*, hand]

Manageable, *a.* (મૅ'નિજબલ્) Governable; tractable; such as can be managed. તાબે થાય એવું; હુકમમાં રહે એવું.

Management, *n* (મૅ'નિજમન્ટ્) Administration; conduct; direction and control. વહીવટ; કારભાર; બંદોબસ્ત. Skilful treatment. હીકમત; યુક્તિ; ચાલાકી. [L. *manus.*]

Manager, *n.* (મૅ'નિજર) Director;governor (of a bank). વહીવટ કરનાર; મુનિમ; અધિકારી.

Mandarin, *n.* (મૅ'નડરિન્) ચિનનો અમલદાર, સુબો.

Mandamus *n.* (મૅન્ડે,'મસ્) Mandate of a superior court. વરિષ્ઠ અદાલતનો હુકમ [L= we command.]

Mandate, *n.* (મૅ'ન્ડટ્) An injunction; an order; an official command. આજ્ઞા; હુકમ; આદેશ; ફરમાન. [L.*manus*, hand and *do*, I give.]

Mandatory, *a.* (મૅ'ન્ડટરી) Containing a command; directory; preceptive. આજ્ઞાકારક.

Mandible, *n.* (મૅ'ન્ડિબલ્) A bird's jaw. પક્ષીનું ડાચું: નીચલું જડબું.

Mane, *n.* (મેન્) Hair growing on the neck of animal like the horse. યાળ; ગરદન ઉપરના વાળ; કેશવાળી. **Maned.** યાળવાળું. [Gr. *mamos*, neck].

Mandolin,*n.*(મૅ'ન્ડલિન્) Kind of lute. વીણા.

Manege, *n.* (મને,'ઝ્) The training of horses or the art of horsemanship. ઘોડાને કેળવવાની કળા; સવારીકળા.

Manes, *n.* (મે,'નીઝ્) Dead ancestors.પિતૃઓ.

Manfully, *adv.* (મૅ'નફુલી) Courageously; boldly. બહાદુરીથી.

Mange, *n.* (મે,ન્જ્) A skin disease of cattle. ઢોરને થતો ખોડો.

Manger, *n.* (મે,'ન્જર્) A trough or box in which fodder is placed for cattle. ગમાણ; ઢોરની ખાવાની જગ્યા; ચાલ્ડ઼ી.

Mangle, *n.* (મૅ'ન્ગલ્) A rolling press. અસ્રી; કુંદી કરવાનું યંત્ર. *vt.* To hack; to cut by repeated blows; to mutilate. ભાંગી નાંખવું; અવયવચ્છેદ કo-પીંખી, ચુંથી નાંખવું. 2. To destroy the symetry or completeness of. બગાડવું; બગાડી નાંખવું.

Mango, *n.* (મૅ'ન્ગો) A tropical sweet juiced fruit. આંબો; કેરી. **Mango grove** = આંબાવાડી.

Manhood, *n.* (મૅ'નહુડ) Manliness; humanity; virility. પુરુષત્વ; પુરુષાતન; શૌર્ય; પ્રૌઢ દશા; માણુસજાત.

Mania, *n.* (મે,'નિઆ) Frenzy; lunacy; madness; insanity. ઘેલાપણું; દિવાનાપણું; ઘેલછા; ઉન્માદ; ગાંડપણ. 2. Rage or eager desire for anything. ઘેલછા; પવન; વા; વ્યસન. [Gr. *mania*, rage]. [ગાંડો.

Maniac-al, *a.* (મે,'નિઅક-અ·કલ્) Mad. દિવાનો;

Manifest, *a.* (મૅ'નિફેસ્ટ) Public; clear; open. ખુલ્લું; સ્પષ્ટ; ઉઘાડું; સાફ. 2. A public notice; a manifesto. જાહેરનામું; ઢંઢેરો. *vt.* To show plainly; to display, to exhibit. પ્રદર્શિત-ખુલ્લું-ઉઘાડું કરવું. [L. *manus*, hand, *ferto*, I dash against].

Manifestation, *n.* (મૅનિફેસ્ટે,'શન્) Display; exhibition. સ્પષ્ટીકરણ; પ્રકાશ; પ્રસિદ્ધિ; ઉઘાડું કરવું તે.

Manifesto, *n.* (મૅ'નિફેસ્ટો) A public declaration or proclamation. જાહેરનામું; ઢંઢેરો.

Manifestly, *adv.* (મૅ'નિફેસ્ટલી) Plainly; evidently; clearly. ખુલ્લી રીતે; ચોકખી રીતે; પ્રત્યક્ષ રીતે.

Manifold, *a.* (મૅ'નિફો,લ્ડ) Many; numerous; various. ઘણા પ્રકારનું; ઘણી જાતિનું; નાનાવિધ.

Mannikin, *n.* (મૅ'નિકિન્) A dwarf. ઠીંગણું માણુસ.

Mankind, *n.* (મૅનકાં'ઇડ) Human race. માણુસ જાત-(મૅ'ન્કાંઇન્ડ). પુરૂષવર્ગ.

Manipulate, *vt.* (મૅનિ'પ્યુલે,ટ) To treat or operate upon with hands; to handle; to operate so as to give a false appearance to. હાથવતી કરવું; હાથવતી બનાવવું; બનાવટ કરવી.

Manipulation, *n.* (મૅનિપ્યુલે,'શન્) The act of manipulating. હાથવતી કરવું તે; હાથચાલાકી.

Manlike, *a.* (મૅ'નલાઇક્) Like man; human; manly. માણુસયોગ્ય; શૂર; મર્દાની; શૂરું; મર્દાની.

Manly, *adv.* (મૅ'નલી) Bold; brave; courageous. હીંમતવાન; બહાદુર; મર્દાની; શૂર. **Manliness**=મર્દાનગી; પુરુષાતન.

Manna, *n.* (મૅ'ના) Heavenly or divine food. અમૃત; ઈશ્વરદત્ત અન્ન; વંસલોચન.

Manner, *n.* (મૅ'નર્) Habit; bearing; conduct. ચાલ; ઢબ; રીત. 2. Mode of doing; way of performance; method. તરાહ; રીત; પ્રકાર. *pl.* Carriage; behaviour; deportment (especially polite), civility. ચાલ; આચાર; રહેણી; આચરણ; સભ્યતા. **Manners of a country** = દેશની રીતભાત. [L. *manus*, the hand; probably meaning the way in which a man handles things].

Mannered, *a* (મૅ'નર્ડ)Showing mannerism. રીતભાતવાળું.

Mannerism, *n.* (મૅ'નરિઝમ્) રીતભાત; ચાલચલગત; આદત; શૈલી.

Mannerless, *a.* (મૅ'નરલિસ્)Unmannerly. રીતભાત નહિં જાણનારું; અવિનયી.

Mannerly, *adj.* (મૅ'નર્લિ) With good manners; civil; polite; respectfuf. સભ્ય; વિનયી; આદરશીલ; યોગ્ય.

Manœuvre, *n.* (મૅનૂ'વર્) Stratagem. યુક્તિ; પેંચ; દાવ; દાવપેંચ. 2. A regular or dexterous movement of ships or soldiers; a military evolution. વ્યૂહ; કવાયત; કૂચબાજી. [L. *manus*, hand and *opera*, work.]

Manor, *n.* (મૅ'નર્) The estate of a lord. અમીરની જાગીર.

Manorial, *a.* (મૅનો'રિઅલ્) Pertaining or belonging to a manor. જાગીરીસંબંધી; વતનસંબંધી.

Mansion, *n.*(મૅ'ન્શન્) A place of residence. રહેવાનું ઘર; હવેલી; મહેલ. 2. Moon's constellation. નક્ષત્ર; ચંદ્રનું ઠેકાણું. [L. *maneo*, I stay.]

Manslaughter, *n.* (મૅ'નસ્લૅાટર્) Killing of men; destruction of human lives. મનુષ્યવધ; કતલ; ખુન

Manslayer, *n.* (મૅ'નસ્લેઅર્) One who kills a man; a murderer. ખુની; માણુસખાઉ.

Mantel, *n.* (મૅ'ન્ટલ્) The finish around a fire place. પેંડલી; બેલ; ચુલા પછવાડેની જગ્યા.

Mantlet, *n.*(મૅ'ન્ટલિટ) Women's short cloak. ઓઢણી; નાનો ઝભ્ભો.

Mantle, *n.* (મૅ'ન્ટલ્) A loose garment worn over the other attire; a cloak. ઝભ્ભો; શાલ. *vt.* To disguise; to cloak. ઢાંકવું; સંતાડવું. [L. *mantelum.*]

Manual, *n.* (મૅ'ન્યુઅલ) A hand-book. લઘુગ્રંથ. *a.* Made by or belonging to the hand. હાથનું; હાથથી બનેલું.

Manufactory, *n.* (મૅન્યુફૅ'ક્ટરી) A place of manufacture; a factory (especially one where human labour is employed). કારખાનું [L. *manus*, the hand and *facio*, I do.]

Manufacture, *n.* (મૅન્યુફૅક્ચર્) The preparation of any raw material into its corresponding finished product. હુનર; કોઇ પણ વસ્તુ બનાવવાની કળા. 2. A finished product. એવી રીતે તૈયાર કરેલી વસ્તુ; બનાવટ. *vt.* To prepare finished products from raw materials. કોઈ પણ વસ્તુ બનાવવાનો હુનર.

Manufacturer, *n.* (મૅન્યુફૅક્ચરર્) One who prepares such finished products. કારખાનાનો ધણી; માલેક; કારીગર.

Manumission, *n.* (મૅન્યુમિ'શન્) Emancipation from slavery. દાસત્વમાંથી છુટકારો; દાસ્યમોચક.

Manumit, *v.* (મૅન્યુમિ'ટ્) To emancipate, free or liberate from slavery. દાસત્વમાંથી મુક્ત ક૦

Manure, *n.* (મન્યૂ'ર્) Any substance added to soil with a view of fertilizing it. ખાતર. *vt.* To enrich by manuring. ખાતર નાંખવું.

Manurial, *a.* (મૅન્યૂ'રિઅલ્) Relating to manures. ખાતર વિષે.

Manuscript, *n.* (મૅન્યુસ્ક્રિપ્ટ્) A hand-written copy. હસ્તલિખિત પ્રત; હસ્તલેખ. *a.* Handwritten. હસ્તલિખિત.

Many, *a.* (મે'ની) Numerous. ઘણું; પુષ્કળ; બહુ. **Many a**=A large number. ઘણું; પુષ્કળ.

Map, *n.* (મૅપ્) A representation of the surface of the earth or any part of it on paper or any other material. નકશો. *vt.* To sketch a map. નકશો દોરવો.

Mar, *vt.* (માર્) To spoil the beauty of; to deface. ખરાબ ક૦; બગાડવું. 2. To ruin. ખરાબી ક૦.

Maple, *n.* (મે'પલ્) Kind of tree. એક જાતનું વૃક્ષ.

Maranthe, *n.* (મૅરૅ'ન્થે) Imprecation; curse. બદદુવા; શાપ.

Marasmus, *n.* (મૅ'રૅસ્મસ્) Consumption; phthisis. ક્ષય.

Maraud, *vt.* (મરૉ'ડ્) To loot; to plunder. લુંટવું; લુંટ ક૦. *n.* A looting expedition. ધાડ; દરોડો; લુંટફાટ.

Marauder, *n.* (મરૉ'ડર્) A highwayman; a robber. લુંટારો; ચોર; ધાડપાડુ.

Marble, *n.* (મા'ર્બલ્) A kind of stone. આરસપહાણનો પત્થર. 2. A small round piece of stone used in the play of children. લખોટો; લખોટી. *a.* Made of marble. આરસપાણનું બનેલું.

Marble-hearted, *a.* (મા'ર્બલ્હાર્ટિડ્)Stone-hearted; cruel. પાષાણ હૃદયી; ક્રૂર; ઘાતકી.

Marcescent, *a.* (મારસે'સન્ટ્) Withering; decaying; fading. કરમાઇ જવું; સુકાવું.

March, *n.* (માર્ચ) The English third month coming after February. ફેબ્રુઆરી માસ પછી આવતો "માર્ચ" માસ. 2. The act of marching; movement of the military. લશ્કરની કુચ. 3. Progress (as of civilization &c.) પ્રગતિ; આગળ વધવું તે; વૃદ્ધિ. *vt.* To move with regular steps. કુચ કરવી. *vi.* To move with regular steps. કુચ ક૦.

Marchioness, *n.* (મા'ર્શનિસ્) The wife of a Marquis. મારકવીસની ઓરત. (મારકવીસ એ ઉમરાવી પદ્દીમાંની એક પદ્દી છે અને બીજા નંબરના સરદારની છે.)

Mare, *n.* (મેઅર્) A she-horse. ઘોડી.

Margin, (મા'ર્જીન્) *n.* An edge; border. કીનારો; કાંઠો; પાળ; કોર. 2. An unwritten space left at the left side of page generally. હાંસીયો; મારજીન. 3. The profit or charge. નફો; ચઢતર. 4. An allowance. ગાળો; શિલક. *vt.* To leave a margin. હાંસીયો, જગ્યા રાખવી.

Marginal, *a.* (મા'ર્જીનલ્) Pertaining to a margin. હાંસીઆ વિષે. 2. Written or printed on margin (as notes &c.) મારજીનમાં લખેલું.

Marine, *a.* (મરીન્) Naval; pertaining to the sea. સમુદ્ર સંબંધી; દરીયાઇ. *n.* A sea-soldier. નૌકા સીપાઇ. 2. The navy of a country. રાષ્ટ્રનું નૌકા સૈન્ય.

Mariner, *n.* (મૅ'રિનર્) A sailor; a sea-man. ખલાસી.

Marital, *a.* (મૅ'રિટલ્) Pertaining to the husband. પતિ-ભરથાર, દંપતી વિષયક. [L. *maritas* husband].

Maritime, *a.* (મૅ'રિટાઈમ્) Near sea-shore. દરીયાના કાંઠાપર આવેલું 2. Naval; pertaining to the sea. દરિયાઇ. **M. supremacy or power,** નૌકાશક્તિ, બલશ્રેષ્ઠતા; જળમાર્ગનું ઉપરિપણું.

Mark, *n.* (માર્ક) A token; a visible sign; a stamp. નિશાન; ચિહ્ન. 2. A coin. સિક્કો. 3. A character written as a substitute for signature. સહીની નિશાની. 4. A trade mark. છાપ; છાપો. 5. A stain; a scratch; a scar. રેખા; ઘસરકો; ઉઝરડો; ડાઘો. 6. Attention. લક્ષ્ય; દરકાર; ધ્યાન. 7. The object of an aim. નિશાન 8. Badge or sign of distinction પ્રતિષ્ઠાસૂચક ચિહ્ન. 9. Boundary; limit. ધોરણ; હદ. 10. Pre-eminence. વિખ્યાતિ, પ્રખ્યાતિ. **To make one's mark**=To sign by a mark. સહીનું નિશાન ક૦. 2. To attain distinction. આબરૂ-ખ્યાતિ મેળવવી. *vt.* To leave a scar

or stamp upon. છાપ મારવી; નિશાની ક૦. 2. Observe or notice. જોવું; ધ્યાનમાં લેવું. [A.S. *meare*, a mark]

Market, *n.* (મા'ર્કિટ્) A place for the purchase and sale of goods. માર્કીટ; બજાર; ગુજરી. 2. Current price or value. ચાલતો ભાવ અથવા કીંમત. *vi.* To deal in a market; to buy or sell. સોદો કરવો; વેંચાણ-ખરીદ ક૦. *vt.* To sell in a market. બજારમાં વેંચાણ ક૦.

Marketting, *n.* (મા'ર્કિટિન્ગ્) The act of buying and selling. સોદો કરવો તે;બજારનું કામ.

Market-price-value, *n.* (મા'ર્કિટપ્રાઇસ-વૅ'લ્યુ) બજાર ભાવ; રૂખ; પીઠ ભાવ.

Marksman, *n.* (મા'ર્કસમન્) One skilled in shooting. નિશાનબાજ માણસ; નિશાન તાકવામાં હોંશીયાર.

Markedly, *adv.* (મા'ર્કિડ્લી)Unmistakably. ભૂલ વગર; સ્પષ્ટ રીતે.

Marker, *n.* (મા'ર્કર્) One who marks. નિશાની કરનાર માણસ.

Marl, *n.* (માર્લ) Quick or quay-mire. ચીકણી માટી. *vt.* To cover or overspread with marl. ચીકણી માટીથી ઢાંકવું.

Marmalade, *n.* (મા'ર્મલેડ) A sugared preserve. મુરબ્બો.

Marmorian,-eal,*a.* (મારમૉ'રીઅન્)Made of marble સંગે મરમર, આરસપાણનું બનાવેલું.

Marmoset *n.* (મા'ર્મોઝેટ) Small bushy-tailed monkey. એક જાતનો વાંદરો.

Maroon, *n.* (મરૂ'ન્) સીદી, હબશી.

Marquee, *n.*(મા'ર્કી)Large tent. મોટો તંબુ.

Marquis,-quess,*n.*(મા'ર્કિવસ્)An English noble-man next in rank to a duke. ડયુકની પદ્વીથી નીચેની પદ્વીનો સરદાર.

Marriage, *n.* (મૅ'રિજ્) Nuptials; matrimony; wedlock. લગ્ન; વિવાહ; શાદી. 2. Vows or contract of marriage. લગ્ન સંબંધ.

Marriageable, *a.* (મૅ'રિજીબલ્) Fit for marriage. પરણવા યોગ્ય.

Marrow, *n.* (મૅ'રો) A soft, half-liquid and oily substance contained in the cavities of bones of most animals. હાડકામાંની ચરબી; મજ્જની; મજ્જા; મેદસ્.

Marrow-bone, *n.* (મૅ'રોબોન્) A bone containing marrow. મજ્જનીવાળું હાડકું.

Marrowy, *a.* (મૅ'રોઈ) Full of marrows. ગરવાળું (હાડકું).

Marry, *vt.* (મૅ'રી) To wed; to unite in matrimony or wedlock. ને પરણવું; ની સાથે લગ્ન કરવું;પરણાવવું.*vi.*To enter into the married state of life. પરણવું, ગૃહસ્થ બનવું.

Mars *n.* (મા'ર્સ) God of war. રણદેવતા; યુદ્ધદેવ. 2. A planet of the solar system. મંગળગ્રહ.

Marsh *n.* (માર્શ) A swamp; a tract of low and wet land. ઘાસવાળી ભીની જમીન; ખાબોચીયું.

Marshal, *n.* (મા'ર્શલ્) A military field officer of the highest rank. સેનાધ્યક્ષ. *vt.* To array; to arrange or dispose of in order. વ્યવસ્થાપૂર્વક ગોઠવવું;રચના ક૦-વ્યૂહ રચવો.

Mart, *n.* (માર્ટ) A market. બજાર; ચૌટું; પીઠું. 2. A bargain; a deal. કરાર; સોદો; સાટું. *vt.* To deal in a market. બજારમાં લેવડદેવડ ક૦

Marten, *n.* (મા'ર્ટીન્) કીંમતી રૂંવાંવાળું એક જાતનું પ્રાણી.

Martin, *n.* (મા'ર્ટિન્) A kind of small bird. એક જાતનું ન્હાનું પક્ષી.

Martial, *a.* (મા'ર્શલ્) Warlike; military. લડાઇનું; યુદ્ધનું; રણસંબંધી. 2. Courageous; brave. શૂરો; રણમર્દ.

Martinet, *n.* (મા'ર્ટિનેટ્) A disciplinarian. સખ્ત બંદોબસ્ત રાખનાર.

Martingal-gale,*n.*(મા'ર્ટિન્ગલ-ગેલ્)A strap forming a pan of the harness of a horse. જેરબંધ; તંગ; બમણા દાવનું જુગાર.

Martyr, *n.* (મા'ર્ટર્) A man who lays down his life for the sake of his religious beliefs; a self sacrificing hero. પોતાના ધર્મ અથવા અંતઃકરણની માન્યતા માટે પોતાનો પ્રાણ અર્પનાર શૂરવીર; આત્મભોગી મહાત્મા. *vt.* To sacrifice for one's beliefs or conscience. પોતાના મત માટે જીવનનો ભોગ આપવો, અર્પણ ક૦

Martyrdom, *n.* (મા'ર્ટરડમ્) The doom or death of a martyr. સ્વધર્મ માટે આત્માર્પણ.

Marvel, *n.* (મા'ર્વલ્) A miraculous or wonderful thing. અચરતી; ચમત્કાર. 2. Wonder; miracle. અજાયબી; આશ્ચર્ય. *vt.* To wonder at; to be astonished at. ને જોઇને અચરજ, આશ્ચર્ય પામવું. *vi.* To cause to wonder; to astonish. આશ્ચર્ય, અચરજ પમાડવું [L. *mirror*, I wonder].

Marvellous, *a.* (મા'ર્વલસ્) Miraculous; astonishing; wonderful. અચરજ પમાડે એવું; આશ્ચર્યકારક; અજાયબ જેવું; ચમત્કારી.

Marvellously, *adv.* (મા'ર્વલસ્લી) In an astonishing manner; wonderfully. આશ્ચર્યકારક રીતે; અજાયબી ભરેલી રીતે; ચમત્કારિક રીતે.

Masculine, *a.* (મૅ'સક્યુલિન્) Male; of the male sex. નર-પુરૂષ જાતિનો. 2. Manly;

robust; strong. પૌરૂષવર્ધક; પુરૂષના જેવું જોરાવર; મર્દાની

Mash, *n.* (મૅશ) A soft beaten pulpy mass. છુંદો; છુંદો; લુગદી. 2. A trouble; a snare. ફાંસો; ફંદો. *vt.* To beat to a pulpy state. છુંદવું; કચરવું.

Mask, *n.* (માસ્ક) A sportive cover for the face with apertures for the eyes &c. મુખવટો; બુરખો; બનાવટી મ્હોડું. 2. Anything disguising; a subterfuge or pretext. મિષ; નિમિત્ત; બ્હાનું. *vt.* To cover with a mask or visit. વેષ બદલવો. 2. To disguise; cover or hide. ઢાંકવું; છુપાવવું.

Mason, *n.* (મે,'સન્) Artisan who works upon stone. કડીઓ; સલાટ. 2. A free mason; a mem ber of the lodge of Freemasons. ફ્રીમૅસનના મંડળમાંનો એક.

Masonic, *a.* (મસૉ'નિક) Petaining to the craft or mysteries of Freemasons. ફ્રીમૅસન, ગુપ્ત સંકેત મંડળની વિધિ સંબંધી.

Masonry, *n.* (મે,'સન્રી) The occupation or art of a stone mason. કડીઆનો ધંધો. 2. A stone work; the work produced by a mason. ચણતર; પત્થરનું કામ.

Masora, *n.* (મૅ'સોરા) A religious book of the Jews. યાહુદીશાસ્ત્ર, ગ્રંથ.

Masquerade, *n.* (મૅસ્કરે,'ડ) A masked ball. વેષ બદલી નાચ-ગાન માટે એકઠી થયેલી ટોળી. 2. A disguise. વેષબદલો કરવો તે. *vi.* To assemble in masks; to go in disguise. વેષ બદલી જવું.

Mass, *n* (માસ્) A lump. ગઠ્ઠો; લોચો; ગોળો; પિંડો. 2. A religious service of the Roman Catholics. રોમન લોકોના ધર્મનો એક વિધિ. 3. An assemblage; a crowd. જથ્થો; સમુદાય; સમૂહ. **The mass**=The common people. સામાન્ય જનસમૂહ. *vt.* To collect; to crowd; to assemble. એકઠું કo

Massacre, *n.* (મૅ'સૅકર્) The murder of a large number of men. કતલ; કાપાકાપી. *vt.* To murdər or kill in large numbers. કતલ કo.

Massiveness, *n.* (મૅ'સિવ્નિસ્) Bulk, ponderousness; the state or quality of being maasy. વજન; ભાર; કદાવરતા.

Massive, Massy, *a.* (મૅ'સિવ્-મૅ'સી) Heavy; weighty; bulky. વજનદાર; ભારવાળું; ભારે; મ્હોટું.

Mast, *n.* (માસ્ટ્) A round long piece of timber set upright in a ship and supporting the rigging, the sails &c. વહાણનો ડોળકુવો. *vt.* To equip with a mast. ડોળ પુરો પાડવો.

Master, *n.* (મા'સ્ટર) The owner; the proprietor. શેઠ; માલેક; ધણી. 2. A title of civility placed before the names of unmarried males. મીસ્તર; કુંવર; નો પુત્ર. 3. A director; a ruler; a governor; a controller. સત્તા-અમલ ચલાવનાર. 4. A teacher; a tutor. ગુરૂ. 5. A person holding authority among the Freemasons. ફ્રીમૅસનની સંસ્થાઓનો કારભારી. 6. An eminently skilled man. ઉસ્તાદ; ખાં; ચતુર. 7. Uncontrolled possessor. ધણી; પતિ; કુલ મુખત્યાર. *vt.* To bring under control; to subdue; to conquer. જીતવું; તાબે કo; વશ કo. 2. To make oneself the master of. માં હોશીયાર-નિપુણ થવું. *a.* Belonging to a master; principal; chief. ધણીનો; મુખ્ય; પ્રધાન. [L. *magister*, a master.]

Masterhand, *n.* (મા'સ્ટર-હૅન્ડ) A person eminently skilful; the hand of a master. અતિકુશળ કારીગર; ચતુર શૈલી.

Masterkey, *n.* (મા'સ્ટરકી) A key fitting many locks. ઘણા તાળાંને લાગુ પડતી ચાવી.

Masterly, *a.* (મા'સ્ટરલી) Suitable to a master. શેઠ-ધણીને છાજે એવું. 2. Most excellent; skilful; formed or executed with a superior skill. સર્વોત્કૃષ્ટ; અત્યુત્તમ.

Mastery, Mastership, *n.* (મા'સ્ટરી-મા'સ્ટરશિપ્) Power or authority of a master; dominion; superiority; command. ધણીપણું; ઉપરિપણું; અખત્યાર. 2. Upper hand or superiority in war. જય; ફતેહ. 3. Superior dexterity; eminent skill. નિપુણતા; કૌશલ્ય; ચતુરાઇ.

Masticate, *vt.* (મૅ'સ્ટિકે,ટ) To grind or chew with the teeth. ખુબ ચાવવું; વાગોળવું. [L. *mastico*, I chew].

Masticatory, *a.* (મૅ'સ્ટિકે,ટરી) Relating to mastication or chewing. ચાવવાને ઉપયોગી; કામનું, સંબંધી. *n.* A substance to be chewed to increase the saliva. ચાવવાની ચીજ-પદાર્થ.

Mastiff, *n.* (મૅ'સ્ટિફ્) A kind of dog. એક જાતનો કુતરો.

Mat, *n.* (મૅટ્) An article of interwoven rushes or straw used to cover the ground. સાદડી; ચટાઇ. *vt.* To cover with mats. સાદડી પાથરવી.

Match, *n.* (મૅચ્) A lucifer; a small wooden chip with a sulphurous composition at one end, igniting itself on friction. દિવાસળી. **M. of a gun** બત્તી; પલીતો; જામગીરી. 2. An equal; a mate. બરોબરીઓ;

સમો વડીઓ; જોડીઓ. 3. A union by marriage. લગ્ન; વિવાહ. 5. A competitive contest. બાજી; દાવ; હરિફાઇ. *vt.* To show an equal to; to set against as equal in contest. બરોબરીઓ શોધી કહાડવો; પૂરૂં પડવું. 2. To marry; to give in marriage. પરણાવવું; લગ્ન કરાવવું. *vt.* To be united in marriage. લગ્ન ક૦.

Matchless, *a.* (મૅ'ચલિસ્) Unequalled; unsurpassed. અનુપમ; સર્વોત્કૃષ્ટ; અપ્રતિમ; અતુલ્ય.

Matchlock, *n.* (મૅ'ચલૉક્) A musket with a lock. તોટાવાળી બંદુક; જામગીરીવાળી બંદુક.

Matchmaker, *n.* (મૅ'ચમે,કર્) A manufacturer of matches. દિવાસળી બનાવનાર; 2. A matrimonial agent or a contriver of matches. લગ્નનો બાંજગડીયો; વેવિશાળ કરાવનાર.

Mate, *n.* (મે,ટ્) An equal; a match. જોડીઓ; બરોબરીઓ. 2. A comrade; a companion. સાથી; સોબતી. 3. An officer on board of a ship. વહાણનો એક અમલદાર. 4. A check-mate in chess. મ્હાત; શેહમાત 5. One of a couple or pair. વહુવરમાંનું એક.

Material, *n.* (મટી'રિઅલ) The substance or matter from which anything is made. ચીજ; વસ્તુ; સાહિત્ય; સામુગ્રી. *a.* Corporeal; worldly; consisting of matter. પંચભૂતનું બનેલું; જડ; પંચભૂતાત્મક. 2. Important. ઉપયોગી; અગત્યનું; ભારે. 3. Pertaining to the physial nature or bodily wants of men. દૈહિક; અધિભૌતિક. **Material cause,** ખરૂં-વાસ્તવિક, ઉપાદાન, કારણ.

Materialism, *n.* (મટી'રીઅલિઝમ્) The doctrine of materialists; the extreme care of our material nature. જડવાદ; અનાત્મ-મતવાદ.

Materialist, *n.* (મટી'રિઅલિસ્ટ્) One who asserts that all existence is material alone. જડવાદી; અનાત્મમતવાદી.–**ic.** *adj.* (લિ').

Materiality, *n.* (મટીરિઍ'લિટી) Coroporeity; material existence. પંચભૌતિકભાવ; પંચભૂતાત્મક ભાવ.

Materially, *adv.* (મટી'રીઅલી) In a natural manner; in the state of matter. વસ્તુતઃ; પ્રકૃતિતઃ; તત્વથી. 2. Essentially; substantially. અવશ્યકરીને; અવશ્ય રીતે; વાસ્તવિક રીતે.

Maternal, *a.* (મૅટ'ર્નલ્) Pertaining or relating to the mother. માતૃક; માતા સંબંધી; મા તરફે.

Maternity, *n.* (મૅટ'ર્નિટી) Motherhood. માતૃપદ.

Mathematical, *a.* (મૅથિમૅ'ટિકલ્) Pertaining to mathematics; precise; exact; accurate. ગણિત શાસ્ત્ર સંબંધી; બરાબર. [L. *mathematicas.*]

Mathematician, *n.* (મૅથિમૅટિ'શન્) One well versed in mathematics. ગણિતશાસ્ત્રી.

Mathematics, *n.* (મૅથિમૅ'ટિક્સ્) The science which treats of magnitude, or number. ગણિતશાસ્ત્ર.

Matin, *n.* (મૅ'ટિન્) Morning prayers or song. પ્રભાતિઉં; પ્રભાત પ્રાર્થના, પાઠ. [L. *matu-rus*, early].

Matrass, *n.* (મૅ'ટ્રસ્) A chemical vessel with a tapering neck used in laboratory experiments. રસાયનના પ્રયોગ કરવાનું વાસણ.

Matrice, Matrix, *n.* (મૅ'ટ્રિસ્–મૅ'ટ્રિક્સ્) A form; a mould; a type. બીબું; ઓઠું. 2. The womb. ગર્ભાશય; ગર્ભસ્થાન.

Matricide, *n.* (મૅ'ટ્રિસાઇડ્) The murder of one's mother. માતૃઘાત. 2. A mother's murderer. માતૃઘાતકી.

Matriculate, *a.* (મૅટ્રિ'ક્યુલે,ટ્) One who has passed in Matric. મૅટ્રીક પાસ થયેલો. *n.* A matric passed man. મૅટ્રીક થયેલ માણસ. *vi.* To pass the matric. મૅટ્રીકની પરીક્ષામાં પાસ થવું.

Matriculation, *n.* (મૅટ્રિક્યુલે,'શન્) The examination for entering the college. મેટ્રીક્યુલેશનની પરીક્ષા.

Matriculator, *n.* (મૅટ્રિ'ક્યુલે,ટર્) One who has passed the matriculation examination. મૅટ્રિક પાસ થએલો; સાત અંગ્રેજી પાસ થયેલો.

Matrimonial, *a.* (મૅટ્રિમો,'નિઅલ્) Relating to marriage; nuptial; connubial. વૈવાહિક; લગ્ન સંબંધી; વિવાહ સંબંધી.

Matrimony, *n.* (મૅ'ટ્રિમની) Nuptials, marriage; wedlock. લગ્ન; વિવાહ.

Matron, *n.* (મે,'ટ્રન્) A lady with a child. પ્રૌઢા. 2. A nurse in charge of a hospital. નર્સ. 3. A lady superintendent of a boarding for girls. છોકરીઓની બોર્ડીંગની ઉપરિ, સ્ત્રીઅધિકારી.

Matronly, *adv.* (મે'ટ્રનલી) Sedate; elderly. પ્રૌઢ; ઉતરતી, પાકી વયનું; પુખ્ત. 3. Motherly. માતૃતુલ્ય; માતા જેવું.

Matross, *n.* (મૅ'ટ્રૉસ્) A gunner. ગોલંદાજ.

Matter, *n.* (મૅ'ટર્) Material substance. પદાર્થ; દ્રવ્ય. 2. The essence; the pith. સાર. 3. That of which the whole sensible universe is composed. પ્રકૃતિ; ઉપાદાન, સાધન. 4. Substance; theme. વિષય; વાત. 5. Significance. અગત્યતા. 6. Concern. વાત; કામ.

7, Pus. પરૂ. **M. of dispute,**=વિવાદ વિષય-વસ્તુ. **M. of fact**=A reality as distinguished from what is fanciful. સત્ય; ખરી પરિસ્થિતિ. *vi.* To signify (used with *it, this, that* or *what*); to be of importance. અગત્યનું હોવું; અર્થ હોવો.

Matter-of-fact, *a.* (મૅ'ટરઑવ્ફૅ'ક્ટ્) Ordinary; unromantic. તદ્દન વ્યવહારૂ; કલ્પના, ઉંચી ભાવના રહિત; સાવ સાધારણ.

Mattery, *a.* (મૅ'ટરી) Full of pus. પરૂવાળું.

Matting, *n.* (મૅ'ટિંગ્) The act of intertwining fabrics to form a mat. સાદડી કરવી તે.

Mattock, *n.* (મૅ'ટક્) A pickaxe with both ends broad used in digging. ખરપી; બે બાજુ ધારવાળો પાવડો.

Matress, *n.* (મૅ'ટ્રિસ્) A quilted bed; a bed stuffed with hair strand &c. સુજની; તળાઇ; ગાદી.

Maturate, *vt.* (મૅ'ટ્યુરેટ્) To ripen. પકવવું. 2. To form or gather pus. માં પરૂ કરવું; પકવવું.

Maturation, *n.* (મૅચ્યુરે'શન્) The process of ripening or coming to maturity; ripening; suppuration. પરિપકવતા; પુખ્તપણું.

Mature, *a.* (મૅચ્યૂ'ર્) Perfected by natural growth; ripe. પુખ્ત; પરિપકવ; પાકું. 2. Brought to completion; prepared; ready. પૂરૂં થયેલું; તૈયાર થયેલું. 3. Past puberty. પુખ્ત ઉમરે આવેલું. 4. Past the date of payment (as a bill). પાકેલી (હુંડી) *vt.* To ripen; to bring to maturity. પકવવું. *vi.* To become ripe. પાકું થવું. 2. To reach the time fixed for payment. નાણાં લેવાનો વખત આવી રહેવો. (L. *maturus*, ripe].

Maturity, *n.* (મૅચ્યુ'રિટી) Full development; ripeness. પરિપકવતા; સિદ્ધિ; પૂર્ણતા.

Maudlin, *a.* (મૉ'ડલિન્) Weakly; sentimental. નબળી, ગેંગેં, રેંઢીપેંઢી લાગણીવાળો; મસ્ત; પીધેલું.

Mauger, *n.* (મૉ'ગર્) છતાંપણ.

Maul, *n.* (મૉલ્) A mall; a shorthanded hammer or club. મોગરી; મેધચુ'. *vt.* To beat with a mall. મોગરીનો માર મારવો.

Maund, *n.* (મૉન્ડ્) An Indian weight varying from one cwt. to three quarters. મણ.

Maulstick, mahl-, *n.* (મૉ'લ્સ્ટિક-મ્હૅ'લ-સ્ટિક્) ચિત્ર કાઢવા વખતે હાથ સ્થિર રાખવા માટે વપરાતું લાકડું, ટેકણ.

Maunder, *v.* (મૉ'ન્ડર) કટકે કટકે અને ભાગ્યે કે અન્ય મનથી, ધ્યાન વગર બોલવું.

Maundy, *n.* (મૉ'ન્ડી) ઈસ્ટર પહેલાંના ગુરૂવારે થતી પાદપ્રક્ષાલન ધર્મક્રિયા; તે દિવસની બાદશાહી સખાવત.

Mauser, *n.* (મા'ઉઝર) એક જાતની બંદુક.

Mausoleum, *n.* (મૉસોલી'અમ્) A stately sepulchral monument; a magnificient; tomb (like the Taj Mahal). બાદશાહી સુંદર કબર ("તાજમહાલ" જેવી); સુશોભિત દરગાહ.

Maw, *n.* (મૉ) The belly of animals. પશુની હોજરી. 2. An ancient game of cards. પત્તાંની અસલી રમત.

Mawkish, *a.* (મૉ'કિશ્) ઉડી ઉડી બદબો, દુર્ગંધવાળું; નબળી, ઉંધી લાગણીવાળું.

Maxillary, *a.* (મૅક્સિ'લરી) Pertaining to the jaw. ડાચા-જડબા સંબંધી.

Maxilla, *n.* (મૅ'ક્સિલા) The upper jaw or the jaw bone. ઉપલું જડબું; જડબાનું હાડકું. [L. *maxilla*, a jaw.]

Maxim. *n.* (મૅ'ક્સિમ્) A proverb; a saying. કહેવત; નીતિવચન; સૂત્ર.

Maximum, *n.a.* (મૅ'ક્સિમમ્) The largest or greatest in number or quantity. સૌથી વધારે; મ્હોટામાં મ્હોટી સંખ્યા, પ્રમાણ. [L. *maximus*, greatest.]

May, *n.* (મે,) The month of the Gregorian calendar immediately following April. મે માસ. 2. An auxilliary verb. સહાયકારી ક્રિયાપદ.

Mayday, *n* (મે,'ડે) The 1st of May. મે માસની પહેલી તારીખ.

Mayor, *n.* (મે'યર્) An alderman; the chief magistrate of a city or the chief of a Municipal Corporation. કોટવાલ; હાકેમ; મ્યુનિસિપાલિટીનો પ્રમુખ.

Mayorality, *n.* (મે'અરલ્ટી) The dignity or office of a mayor. કોટવાલની, શહેરી પ્રમુખ જગ્યા અગર હોદ્દો.

Mayoress, *n.* (મે'યરિસ્) The wife of the mayor. કોટવાલની, પ્રમુખની સ્ત્રી; મ્યુનિસિપલ સ્ત્રી પ્રમુખ.

Mazarine, *n.* (મૅઝરી'ન્) A deep blue colour. ઘેરો વાદળી, ગુઢો રંગ.

Maze, *n.* (મે,ઝ્) A confusing network of paths or passage; a labyrinth. ભુલભુલામણી. 2. Perplexity; bewilderment. ગુંચવણ; ઘોંટાળો. *vt.* To amaze. આશ્ચર્યચકિત કરવું. 2. To bewilder; to perplex. ગુંચવવું; ગુંચવણમાં નાંખવું; આડે રસ્તે લઇ જવું. [L. *mazle*, to wander, perplex].

Mazy, *a.* (મે,ઝી) Winding; intricate. ગલી-ગુંચીવાળું; ગુંચવણભરેલું; ગહન; કુટિલ.

Me, *pro.* (મી) The objective or accusative case of 'I'. મને; મ્હને.

Mead, *n.* (મીડ્) A meadow. ઘાસવાળી જમીન; બીડ. 2. A fermented liquor made from honey and water. મધને પાણીનો દારૂ; મધપાણી.

Meadow, *n.* (મે'ડો) A grassy plain; sward. ઘાસવાળી જમીન; બીડ; ચારણ.

Meagre, *a.* (મી'ગર્) Thin; lean; emaciated. ક્ષીણ; પાતળું; કૃશ. 2. Destitute of richness, fertility; barren; poor. રસ વિનાનું; ફિક્કું; કસહીન. 3. Mean; scanty. હલકું; જુજ.

Meal, *n.* (મીલ્) Occasion or time of taking food. જમવાનો વખત. 2. Dinner or supper; repast. ભોજન; ખાણું; વાળુ.

Mealy, *a.* (મી'લી) Powdery; farinaceous. ભરભર; કોરૂંકટ; લોટ, આટા, કણ, દાણાદાર.

Mealy-mouthed,*a.*(મી'લી-માઉથ્ડ્) Honey-tongued. મીઠી ઝબાનવાળો; મીઠાબોલો. 2. Shy; plausible. શરમાળ; દેખાવમાં ખરૂં.

Mean, *a.* (મીન્) Low; humble; ignoble. હલકા દરજ્જાનો; હલકું. Lowminded; base; spiritless. અધમ; નીચ; ભાવના, જુસ્સાહીન. 3. Despicable; contemptible. હલકું; તુચ્છ; નજીવું. 4 Middle; intermediate; midway between extremes. મધ્યમ; મધ્ય; વચલા પરિમાણનું. *n.* A quantity having an intermediate value between several others મધ્યમ પદ. *pl.* Instrumentality; agency; medium. સાધન; ઉપાય; ઇલાજ; કાર્યસાધક; સાધકતા. 2. Resources; riches; wealth. દ્રવ્ય; શક્તિ; આવક. **By all means**=Certainly. ખચિતજ; સર્વથા. **By every means**=In any way. ગમે તે પ્રકારે. **By no means**=Not at all. જરાએ નહિં. *vt.* To intend; to purpose. ઇરાદો રાખવો; મનમાં હોવું. 2. To indicate; to signify. અર્થ બતલાવવો. *vi.* To have purpose, thought, ideas or meaning. ઇરાદો, અર્થ હોવો. [A. S. *meane,* mean and L. *medius,* middle. A. S. *maenan,* to intend.]

Meander, *n.* (મીઍ'ન્ડર્) A maze; a labyrinth; a crooked and wide course. વાંક; વાંકીચુકી, સર્પાકાર ગલી, વલણ *vt.* To twist; to turn; to wind. ફેરવવું; વાંકુંચુંકું કરવું. *vi.* To be intricate, winding. ગુંચવાએલું હોવું. સર્પાકારે વ્હેવું (નદીને માટે વપરાય છે.)

Meaning, *n.* (મી'નિન્ગ્) Object; intent; purpose; aim. ધારણા; મતલબ; અભિપ્રાય; ઉદ્દેશ; કાર્યભાવ. 2. Import; sense, અર્થ; ભાવ; ખુલાસો.

Meanly, *adv.* (મી'ન્લી) Lowly; basely; unworthily. હલકાઇથી; અધમ બુદ્ધિથી.

Meanness, *n.* (મી'ન્નિસ્) Lowness; unworthiness; baseness. અધમતા; નીચપણું; હલકાઇ; પાજીપણું.

Meantime, Meanwhile, *adv.* (મી'નટાઇમ્-મી'નવ્હાઇલ્) During the interval. તેટલામાં; દરમ્યાન.

Measled, *a.* (મી'ઝલ્ડ્) Affected with measles. ઓરીવાળું; અછબડાવાળું.

Measurable, *a.* (મે'ઝરબલ્) Such as can be measured. માપી શકાય એવું.

Measure, *n.* (મે'ઝર્) A means to an end. ઉપાય; ઉપચાર; સાધન. 2. A standard of dimensions. પરિમાણ; પ્રમાણ; માપ. 3. An instrument of measure. માપવાનું સાધન, યંત્ર. 4 Estimated dimensions. માપ. 5. A boundary or limit. હદ. 6. Degree. દરજ્જો. 7. Course of action; proposed step. આગળ લેવાનું પગલું, રસ્તો, ઇલાજ. 8. A legislative proposal. ઘડવાનો કાયદો; પસાર કરવા ધારેલો નિયમ અથવા બીજો કોઇ પણ કાયદો. **To take measures**=To take means or steps. પગલાં લેવાં. **To take one's measure**=કપડાં શીવડાવવા માટે માપ લેવું. *vt.* To ascertain or judge the dimensions of. નું માપ લેવું. 2. To estimate or value. કિંમત કરવી. 3. To allot or distribute (to measure out). વ્હેંચાણ ક૦. વ્હેંચી આપવું. *vi.* To have measurements taken of; to be in extent. માપ લેવડાવવું; માપમાં હોવું. **To measure one's length**=To be thrown down or to fall down. લાંબા થવું; પડી જવું. **To measure strength**=To compete for supermacy. હરિફાઇ, સામાસામી કરવી. **To measure swords**=To fight with swords. તલવારથી લડવું [L. *mensura,* a measuring.]

Measured, *a.* (મે'ઝર્ડ્) Graduated; uniform; limited. માપેલું; સરખું; એક સરખું; નિયમસર.

Measureless, *a.* (મે'ઝરલિસ્) Limitless; unbounded. હદપાર; બેહદ; અમર્યાદ; બેસુમાર; અપરિમિત; અફાટ

Measurement, *n.* (મે'ઝરમન્ટ્) The act of measuring. માપવું તે. 2. Dimensions. માપ; પરિમાણ

Meat, *n.* (મીટ્) Animal flesh. માંસ 2. Food; living. અન્ન; આજીવિકા.

Mechanic, *n.* (મીકૅ'નિક્) An artisan; an artificer. કારીગર; કસબગાર *pl.* The science which treats of motion and force. વેગ, ગતિ-

શાસ્ત્ર. *n.* An artisan employed in the repairs of machinery. મશીન દુરસ્ત કરનાર કારીગર.

Mechanical, *a.* (મીકૅ'નિકલ્) Relating to mechanics.યંત્ર, કલા સંબંધી;યાંત્રિક. 2. Pertaining to a mechanism or a piece of machinery. યંત્ર વિષે. 3. Done by the mere force of habit; done without any thought or independent judgment. યંત્ર જેવું; પોતાની મેળે ચાલતું; યાંત્રિક.

Mechanically, *adv.* (મીકૅ'નિકલી) In a mechanical manner. યાંત્રિક રીતે; વિચાર કર્યા વગર એની મેળેજ.

Mechanician,Mechanist,*n.*(મેકનિ'શન્-મે'કનિસ્ટ્) A maker of machines. યંત્રો બનાવનાર. 2. One skilled in the theory of mechanics. યંત્રવિદ્યાપ્રવીણ; યંત્રશાસ્ત્રવિશારદ. [Gr. *mechane*, a machine].

Mechanics, *n.* (મીકૅ'નિક્સ્) ગતિશાસ્ત્ર; વક્ષણ, યંત્રવિદ્યા.

Mechanism, *n* (મે'કનિઝમ્) A mechanical contrivance.યાંત્રિક વસ્તુ-રચના. 2. Machinery; the parts collectively or the arrangement and relation of the parts of a machine. યંત્ર; યંત્રના જુદા જુદા ભાગની ગોઠવણ અથવા અંતરરચના.

Medal, *n.* (મે'ડલ્) A piece of metal like a coin stamped with some figure or device to commemorate the memory of some person or to reward some one's merit. ચાંદ. *vt.* To award a medal to. ને ચાંદ આપવો. **A medallist**=The recipient of a medal. ચાંદ લેનાર. [L. *metallum*, metal].

Medallion, *n.* (મીડૅ'લ્યન્) મ્હોટો ચાંદ; શણગાર માટેનું ગોળ ચિત્ર, પાટીયું.

Medallist, *n.* (મે'ડલિસ્ટ્) ચાંદ મેળવનાર.

Meddle, *vt.* (મે'ડ્લ) To mix or concern oneself with. મળવું; ભેગું થવું; ભળવું. 2. To interfere; to interpose or intervene officiously. નિષ્કારણ કોઇના પણ કામમાં માથું મારવું. [L. *misceo*, I mix].

Meddler, *n.* (મે'ડ્લર્) An officious person; an interferer; a busy-body. કામ વગર વચ્ચે માથું મારનાર.

Meddlesome, Meddling,*a.* (મે'ડલસમ્-મેડ્લિંગ્) Given to interfering; officiously intrusive. માથું મારનાર.

Medial, *a.* (મી'ડીઅલ્) Middle; mean; average. વચલું; અડસટ્ટો દેખાડતું. [L. *medius*, middle].

Median, *a.* (મી'ડીઅન્) Situated in the middle; passing through the middle. વચલું; વચ્ચેથી જતું. **M. line**=A vertical line supposed to divide a body into two parts. કોઈ પણ આકૃતિના બે સરખા ભાગ પાડનાર લીટી.

Mediate, *a.* (મી'ડિઅટ્) Between two extremes; middle; interposed. મધ્યમ; વચ્ચે આવેલું. *vt.* To effect by mediation. વચમાં પડી કરાવવું. *vt.* To intercede; to negotiate between contending parties; to intervene. વચ્ચે પડવું; મધ્યસ્થ થવું. [L. *medictus*, to be in the middle].

Mediation, *n.* (મીડિએ,'શન્) Intervention; interposition. વચ્ચે પડવું તે; મધ્યસ્થગીરી.

Mediator, *n.* (મી'ડિઅટર્) A negotiator; an intervener. વચમાં પડનાર; મધ્યસ્થી કરનાર; મધ્યસ્થ; મધ્યવર્તી.

Medical, *a.* (મે'ડિકલ્) About medicine or science of medicine. દવા અથવા વૈદકશાસ્ત્ર સંબંધી; વૈદકવિષયક. 2. Medicinal. ઔષધવાળું.

Medicament, *n.* (મે'ડિકમન્ટ્) Physic; medicine. દવા.

Medicate, *vt.* (મે'ડિકે ટ્) To treat with medicine; to drug. ઓસડ આપવું; ઔષધ સાથે મિશ્ર કરવું.

Medicinal, *a.*(મિડિ'સિનલ્)Having medical properties. રોગહારી; ગુણકારી; ઓસડના ગુણવાળું.

Medicinally, *adv.* (મિડિ'સિનલી) In a medicinal manner. ઔષધના ગુણથી.

Medicine, *n.* (મે'ડ્સિન્) The science or art of preventing, curing and alleviating diseases; the healing art. વૈદકશાસ્ત્ર. 2. A drug with curative properties. ઔષધ; ઓસડ; દવા.

Medieval, *a.* (મેડિઇ'વલ્) Pertaining to the middle ages. મધ્યમકાળ સંબંધી; મધ્યમકાલિક. [L. *medius*, middle and *aevum*, age].

Mediocre, *a.* (મી'ડિઑકર્) Of middle state; middling; of moderate degree. સાધારણ-મધ્યમ *n* middling state or position. સાધારણ-મધ્યમ સ્થિતિ. [L. *medius*, middle].

Mediocrity, *n.* (મીડિઑ'ક્રિટી) Middling state or position. મધ્યમ-સાધારણ સ્થિતિ.

Meditate, *vi.* (મે'ડિટે,ટ્)To turn or resolve any subject in one's mind; to muse. ધ્યાન ધરવું; ખુબ વિચાર કરવો. *vt.* To contemplate; to think on. મનન-ધ્યાન કરવું.

Meditated, *a.* (મે'ડિટે,ડ્)Intended. ધારેલું.

Meditation, *n.* (મેડિટે,'શન્) Deep reflection or thought. ધ્યાન; ચિંતન; મનન.

Meditative, *a.* (મે'ડિટ,ટિવ્) Reflective; thoughtful; musing. ધ્યાની; ચિંતન, મનન કરતું.

Mediterranean, *a.* (મેડિટરે'નીયન્) Of or pertaining to the Mediterranean sea. ભૂમધ્ય સમુદ્રનું. [L. *medius*, middle and *terra*, earth.]

Medium, *n.* (મી'ડિયમ્) Middle; mean. મધ્યપદ 2. Mean to an end. સાધન, ઇલાજ. 3. Intervening body. ઠામ; આવવા જવાની જગ્યા; વાહન,-ક૦. [L. *medius*, middle].

Medlar, *n.* (મે'ડ્લર્) A tree fruit eaten when decayed. એક જાતનું ફળ જે સડી જાય ત્યારે ખવાય છે.

Medley, *n.* (મે'ડ્લી) A jumble;a miscellany; mixture; a hodge-podge. ખીચડો; પંચમેળ; શેળભેળ; મેળવણી.

Meed, *n.* (મીડ્) Recompense; reward. બદલો; ઇનામ.

Meekness, *n.* (મી'કનિસ્)Humility;gentleness; mildness of temper. ભલમનસાઇ; ગરીબી; દીનતા; વિનય.

Meek, *a.* (મીક) Humble; gentle; mild in temper. ગરીબ; સાલસ.

Meerschaum, *n.* (મી'રશમ્) A fine white clay-like mineral substance. ધોળી માટી.

Meet, *a.* (મીટ) Suitable; fit; proper; appropriate. લાયક; યોગ્ય. *vt.* To come face to face or in contact with. સામા મળવું; આવવું; ને મળવું. 2. To come upto. પ્રાપ્ત, અનુકૂળ થવું; કામ લાગવું. **To meet with**=To find. મળવું; જોવું. 2. To encounter,experience or light on suddenly. એકદમ આવી પડવું. *n.* A meeting or the place of meeting as of huntsmen. શીકારીઓનું ટોળું અથવા ભેગા થવાનું સ્થળ.

Meeter, *vt.* (મી'ટર) To suit. યોગ્ય લાયક ક૦.

Meeting, *n.* (મી'ટિન્ગ્) An assembly; a collection of people. સભા; મંડળી; બેઠક; મિજલસ; મેળો.

Meetly,*adv.*(મી'ટ્લી) In a befitting manner. યોગ્ય રીતે; ઠીક.

Meeting-house, *n.* (મી'ટિન્ગ્-હાઉસ) A place where the members are gathered. ભેળા, મળવાની જગ્યા, સ્થાનક, ગૃહ.

Meetness, *n.* (મી'ટ્નિસ્) Fitness. લાયકાત; યોગ્યતા.

Megalomania, *n.* (મેગલમે,'નિઅ) દિવાનો અહંકાર; મોટી મોટી વસ્તુ માટેનું ગાંડપણ.

Megaphone, *n.* (મે'ગફોન્) મોટી બોલવાની ભુંગળી; ભુંગળીમાંથી બોલવું.

Megrim, *n.* (મિ'ગ્રિમ્) A neuralgic headache. અર્ધશિશિ; આધાશીશી. 2. Low spirits; whims or fancies. ઉદાસ મન; ખિન્ન વૃત્તિ.

Melancholy, *a.* (મે'લન્કલી) Depressed in spirits; gloomy; dejected. દિલગીર; ઉદાસ; ખિન્ન. 2. Gloom; dejection; depression of spirits. દિલગીરી; ખિન્નતા; ખેદ; પશ્ચાત્તાપ. [L. *melas*, black and *cho'e*, bile.]-°**lia**, મુંઝીદર્દ.-°**lic**, ઉદાસીન.

Melee, *n.* (મે'લે,) An affray.ઝપાઝપી;ઠઠ;ગિરદી.

Meliorate, *vt.* (મિ'લિઅરે,ટ્) Ameliorate; to alleviate; to improve. સુધારવું; સારૂં-દુરસ્ત ક૦ *vi.* To grow better. સુધરવું; સારૂં થવું. [L. *melior*, better.]

Melliferous, *a.* (મેલિ'ફરસ્) Producing honey. મધ પેદા કરતું

Mellifluous,-ent, *a.* (મેલિ'ફ્લુઅસ્)Sweet; flowing as with honey. અમૃતસ્રાવી;મધુર; મીઠું.

Mellow, *a.* (મે'લો) Soft with ripeness. બરાબર પાકેલું; નરમ; પોચું. 2. Soft and smooth to taste. મીઠું;મધુર;ગળ્યું. 3. Half-topy. પીધેલ. 4. Rich and pleasant to the eye or ear. આંખ અથવા કાનને મધુર અથવા સુંદર લાગતું. *vt.* To make mellow. પકવવું *vi.* To become mellow. પાકવું. [L. *mollis*, soft.]

Mellowness; *n.* (મે'લોનિસ્) The state or quality of being mellow. નરમાશ; પકવતા; પરિપકવતા.

Melodious, *a.* (મિલો,'ડિઅસ્) Harmonious; musical. મધુર; સુસ્વર.

Melodize, *vt.* (મે'લડાઇઝ્) To render or make melodious. મધુર-મીઠું-સુસ્વર ક૦. *vt.* To compose or sing melodies. મધુર ગાયનો રચવાં.

Melodrama, *n.* (મેલોડ્રૅ'મા) નાટકી ખેલ; નાટકીય વર્તન.

Melody, *n.* (મે'લડી) An agreeable and harmonious succession of sounds.sweetness of sounds; મધુર સ્વર; સુસ્વર; મધુર સ્વરનો ક્રમ. [Gr. *melolia*. a tune].

Melon,*n.*(મે'લન્)A fruit of the cucumber family. કાકડી; ખરબુજ. **Musk melon**= સક્કરટેટી; તળીયું. **Water melon**=ખરબુજ; કલીંજર; તડબુચ.

Melt, *vt.* (મેલ્ટ્) To relax. થી પીગળાવવું. પલાળવું. 2. To liquefy with heat. ગાળવું; ઓગાળવું; *vi.* To change from solid to liquid by heat પીગળવું.

Member, *n.* (મે'મ્બર્) A limb; a part of the animal body. અવયવ; શરીરનો ભાગ. 2. A part of a verse; a part of a whole, as

a clause. ભાગ. 3. One of a community or society &c. સભાસદ; સભ્ય; અંગભૂત.

Membership, *n.* (મેંમ્બરશિપ્) The state of being a member. સભાસદપણું.

Membrane, *n.* (મેંમ્બ્રેન્) A thin flexible skin or texture occurring in animal bodies. માંહેલી પાતળી ચામડી; ત્વચા

Membranous, *a.* (મેંમ્બ્રનસ્) Resembling a membrane. અંદરની પાતળી ચામડી જેવું. [L. *membrum*].-also,**'neous** (મેમ્બ્રે'નીઅસ્)

Memento, *n.* (મીમેં'ન્ટો) A suggestion; a hint; a token to awaken memory. સંભારણું; યાદગીરી; સૂચના; નોંધ.

Memoir, *n.* (મેં'મ્વાર્) An account of events or transactions. વૃત્તાંત; વર્ણન. 2. Recollections of one's life; a biography. જીવનચરિત; વૃત્તાંત. [L. *memoria*, memory].

Memorable, *a.* (મેં'મરબલ્) Worthy to be remembered; remarkable; celebrated. famous. પ્રખ્યાત; સુપ્રસિદ્ધ; યાદ રાખવા લાયક; સ્મરણયોગ્ય; ચિરસ્મરણીય; યાદગાર.

Memorandam, *n.* (મેમરૅ'ન્ડમ્) A brief entry as in a diary; a note to help memory; a formal statement. યાદ; ટીપ; નોંધ; રજુઆત. [L. *memoratus*, I bring to remembrance].

Memorial, *n.* (મિમૉ'રિઅલ્)A monument; anything that serves to keep the memory of some person or event. યાદગીરી; સંભારણું; સ્મારક.2.A petition;a written representation. વિનતિપત્ર; અરજી. 3. A species of informal State paper much used in negotiation. રાજ્યપત્ર. [L. *memor*, mindful]. *a.* Commemorative; preservative of memory. સ્મારક; સ્મૃતિજનક,

Memorialist, *n.* (મિમૉ'રિઅલિસ્ટ્) The submitter of a memorial. અરજદાર; અરજ કરનાર. 2. A biographer. જન્મચરિત લખનાર.

Memorialize, *vt.* (મિમૉ'રિઅલાઇઝ્) To submit or address a memorial or petition. અરજી આપવી; કરવી.

Memorize *vt.* (મે'મરાઇઝ્) To make a note of; to record. યાદ ક૦; નોંધવું; ટીપ ક૦; 2. To commit to memory. મોઢે કરવું; ગોખી કાઢવું.

Memory, *n.* (મે'મરી) Remembrance, recollection or retention of past ideas. યાદગીરી; સ્મરણ; સંભારણું. 2. The faculty of remembrance or recollection. સ્મરણશક્તિ; સ્મૃતિ; યાદદાસ્ત. 3 A time in which a person may remember what is past. સ્મરણકાળ; યાદ. 4. What is treasured in the mind and recalled. યાદ; યાદગીરી; સંસ્મરણ. **To commit to memory**,=મોઢે ક૦; પાઠે ક૦. [L. *memoria*. memory].

Men. *n.* (મેન્) Persons, human beings આદમીઓ; માણસો.

Menace, *n.* (મે'નસ્) A threatening or threat. ધમકી; ધાક; દેહશત; બીક; ભય. *vt.* To threaten. ધમકી બતાવવી; ધમકાવવું. *vi.* To act in a threatening manner; ધમકીથી વર્તવું.

Menacing, *a.* (મે'નસિંગ્) Threatening. દેહશતભરેલું; ભયભરેલું; ધમકી આપતું.

Menagerie, *n.* (મિનૅ'જરી) The place of keeping a collection of wild animals for exhibition. જંગલી પશુઓને રાખવાની જગ્યા, પ્રદર્શન બાગ.

Mend, *vt.* (મેન્ડ્) To correct or improve. સુધારવું. 2. To repair. ઠીક ક૦; સમરાવવું-સમારવું. *vt.* To grow better. સુધરવું; વધારે સારું થવું.

Mendacious, *a.* (મેન્ડે'શસ્) False; lying; deceptive. અસત્યવાદી; જુઠો; જુઠાણુ-ખોટું બોલનાર. [L. *mendacis*, lying].

Mendacity, *n.* (મેન્ડૅ'સિટી) Deception; lie; falsehood. જુઠ; જુઠાણુ.

Mendicancy, **Mendicity**, *n.* (મે'ન્ડિકન્સી-મેન્ડિ'સિટી) Begging; beggary. ભિક્ષાવૃત્તિ; કંગાલીયત.

Mendicant, *n.* (મે'ન્ડિકન્ટ્) A beggar. ભિખારી. **A religious mendicant**=A begging friar. સાધુ. *a.* Begging; living on alms. ભિખ માગતું. [L. *mendieo*, I beg].

Menial, *n.* (મી'નિઅલ્) An inferior domestic servant. ઘરનો ચાકર. *a.* Belonging to household servants; performing servile or low office. ચાકર સંબંધી; હલકું; નીચ. [L. *maneo*, I dwell].

Menses, *n.* (મે'ન્સીઝ) The monthly course of women. અટકાવ; ઋતુપ્રાપ્તિ; આભડછેટ; રજ. [L. *mensis*, month.]

Menstrual, *a.* (મે'નસ્ટ્રુઅલ્) Pertaining to the monthly course of women. દસ્તાન-ઋતુપ્રાપ્તિ સંબંધી.

Menstruate, *vi.* (મે'ન્સ્ટ્રુએટ્) To be in the monthly course. ઋતુપ્રાપ્તિ થવી; અટકાવ આવવો; રજસ્વલા થવું. *a.* In her monthly course. અભડાએલી; અટકાવવાળી; રજસ્વલા.

Menstruous, *a.* (મે'ન્સ્ટ્રુઅસ્) Having the monthly flow. અભડાએલી; રજસ્વલા.

Mensurable, *a* (મે'ન્સ્યુરબલ્) Measurable. મપાય એવું; ગણાય એવું.

Mensuration, *n.* (મેન્સ્યુરે,'શન્) The process or art of measuring. માપણી;માપવું તે.

Mental, *a.* (મે'ન્ટ્લ્) Intellectual; pertaining to the mind or intellect. માનસિક; બુદ્ધિનું. [L. *mens*, mind.]

Mentally, *adv.* (મે'ન્ટલી) Intellectually. બુદ્ધિથી; મનમાંથી.

Mentality, *n.* (મેન્ટૅ'લિટી) મનોવૃત્તિ; ખાસ્યત.

Menthol, *n.* (મે'ન્થૉલ) વેદના ઓછી કરવા વપરાતો કપુર જેવો પદાર્થ.

Mention, *n.* (મે'ન્શન્) A cursory remark, a brief notice. કથન; ટુંક વાકય-બોલવું તે. *vt.* To make a mention of; to speak of. કહેવું-બોલવું.

Mentor, *n.* (મે'ન્ટૉર) A wise and faithful adviser. ડાહ્યો સલાહકાર, હિતોપદેશક.

Menu, *n.* (મેનુ) ખાવાની પીવાની વસ્તુનું લિસ્ટ, ની નોંધપોથી.

Mephitis, *n.* (મિફા'યટિસ્) Noxious exhalations. દુર્ગંધ; ઝેરી હવા. [L. *mephitis*].

Mercantile, *a.* (મ'ર્કન્ટાઇલ્) Pertaining to the trade or commerce of a country; commercial; trading.વેપારનું;વેપાર સંબંધી,કરતું. [L. *mercor*, I buy.]

Mercenary, *a.* (મ'ર્સનરી) Hired or obtained by hire; venal; sordid; greedy of gain; actuated by a hope of reward or monetary benefit. ભાડુતી; પૈસા લઇ કામ કરનાર. *n.* A hireling; a soldier that is hired in foreign service. ભાડુતી સીપાઇ.

Mercer, *n* (મ'સ'ર) A linen-draper. કાપડનો વેપારી. [L. *merces*, merchandise].

Merchandise, *n.* (મ'ર્ચનડાઇઝ) Commodities; wares; goods. વેપારની ચીજ; માલ; વેપાર. *vt.* To trade. વેપાર ક૦ *vi* To buy and sell. વેંચાણ-ખરીદ ક૦.[L. *marchaud*,a trader].

Merchant, *n.* (મ'ર્ચ'ટ) A trader; a dealer in goods. વેપારી; સોદાગર. 2. A trading vessel or ship. વેપારી વહાણ.

Merchantable,*a* (મ'ર્ચ'ટબલ્)Marketable. વેંચવા લાયક.

Merchantman, *n.* (મ'ર્ચ'ટમન)A trading vessel. વેપારી વહાણ. 2. A trader. વેપારી.

Merciful, *a.* (મ'સિ'ફુલ્) Clement; full of mercy; compassionate. કૃપાળુ: દયાળુ; ક્ષમાશીલ; દયાવંત.

Mercifully, *adv.* (મ'સિ'ફુલી) Compassionately;in a merciful or clement manner. દયાળુપણે; કૃપાળુ રીતેથી.

Merciless, *a.* (મ'સિ'લિસ્) Hard-hearted; cruel; pitiless. નિર્દય; ક્રૂર; ઘાતકી.

Mercurial, *a.* (મરક્યૂ'રિઅલ્) A man of mercurial qualities; light-hearted; gay. ચપળ; ઉલ્લાસી; આનંદી. 2. Pertaining to or containing mercury. પારા સંબંધી, વાળું.

Mercury, *n.* (મ'ર્ક્યુરી)A latin God. રોમન લોકોનો એક દેવ;ચોર,કારીગર,વેપારી વગેરેનો રક્ષકદેવ. 2. Quicksilver. પારો; રસ. 3. One of the planets of the solar system. બુધનો ગ્રહ,

Mercy, *n.* (મ'ર્સી) Clemency; benevolene; pity; compassion; forbearance; forgiveness. ક્ષમા; રહેમ; દયા. **To be at the mercy of**=ના પૂર્ણ અમલમાં, સત્તામાં હોવું.

Mere, *a.* (મીર્) Absolute; simple; utter; entire; pure; unmixed. કેવળ; માત્ર; ફક્ત; છેક. [L. *merus*, pure].

Merely, *adv.* (મી'ર્લી) Absolutely;entirely; purely. કેવળ; ફક્ત 2. Only. કેવળ;ફક્ત; માત્ર.

Meretricious, *a.* (મેરીટ્રિ'શસ્) Relating to prostitutes. છીનાળ, રાંડો સંબંધી. 2.Showy. આકર્ષક; ભપકાબંધ

Merge, *vt.* (મર્જ) To cause to be swallowed or incorporated. મેળવી દેવું; ગરક કરવું; ડુબાવવું. *vi.* To be sunk, swallowed or lost. ગરક થવું; ડુબી જવું; એકરસ થવું.

Meridian, *n.* (મિરિ'ડિઅન) An imaginary line in the heavens passing through the zenith of any place.મધ્યાહ્ન રેષા 2. Mid-day; noon. મધ્યાહ્ન; ખરા બપોર. 3. Culmination; heyday; zenith. શિખર; ટોચ; પૂર્ણતા; સીમા. *a.* Pertaining to mid-day. મધ્યાહ્નને લગતું.

Merino, *n.* (મરી'નો) A breed of sheep. એક જાતનાં ઘેટાં. 2 A fine fabric of merino wool. મરીનો.

Merit, *n.* (મે'રિટ) Desert; worth; value. ગુણ; યોગ્યતા;લાયકાત *vt.* To deserve or incur; to have a just title to. યોગ્ય, લાયક, પાત્ર થવું.

Merited. *a.* (મે'રિટિડ) Deserved; proper લાયક થયેલું; યોગ્ય

Meirtorious, *a.* (મેરિટો'રિઅસ) Praiseworthy; having merit. ગુણી; ગુણવાન; યોગ્ય [L. *mereor*, I deserve].

Mermaid, *n.* (મ'ર્મેડ્) Fabulous marine creature having the form half of a woman and the lower parts of a fish. મત્સ્યકન્યા; જળસી **Merman**=The male corresponding to a mermaid વરાહરૂપ માણસ.

Merrily, *adv.* (મે'રિલી) Jovially; gaily; in a merry manner. મોજ મઝાથી; આનંદથી.

Merriment, *n.* (મે'રિમન્ટ) Gaiety; mirth; joyousness. આનંદ; મજા; હરખ; રમુજ.

Merriness. *n.*(મે'રિનિસ્) Joviality; jolliness. આનંદ.

Merry, *a.*(મે'રી) Joyous; jovial; mirthful; sportive. આનંદી; ખુશ મીજાજી; ચેની; મોજીલો; ગમતી. 2. Exciting laughter. હાસ્યોત્પાદક; હાસ્યજનક; વિનોદી. **To make merry.** To be jovial. મોજમજા મારવી; ચેન કo. **M. go-round** ચકડોળ. **M. making** ઉત્સવ; મોજ મજા.

Merry-andrew, *n.*(મે'રી અં'ન્ડ્રુ) A clown; a buffoon. વિદૂષક; મશ્કરો.

Mesh, *n* (મેશ્) Net; network. જાળ; જાળગુંથણ. *vt.* To catch in a net; to ensnare. જાળમાં પકડાવવું; સપડાવવું. *vi.* To be entangled with each other. એક બીજામાં ગુંચવાવું; એક બીજા સાથે ભેરવાઈ જવું. [A. S. *mase*, a net.]

Mesmerism, *n.* (મે'ઝ્મરિઝ્મ્) Hypnotism; animal magnetism. મોહિની વિદ્યા; ભુરકી વિદ્યા.

Mesne, *n. adv.* (મીન્) Middle; during the time. મધ્ય; તે દરમ્યાનનું.

Mess, *n.* (મેસ્) A dish of food for one person. એક માણસનું ખાણું. 2. A number of persons who take food at the same table. એક પંક્તિએ જમનારા; એકજ ઠેકાણે જમનારા. 3. The milk given at one time by an animal. એક ટંકે આપેલું દુધ. 4. A disorderly mixture; a state of dirt and disorder. ભેળસેળ; ગડબડગોટો; ખીચડો. 5. A jumble; a muddle. ગડબડ; ગોટાળો. *vt.* To take meals at a mess. એક સાથે બેસીને, કલબ, લૉજમાં, જમવું.

Message, *n.* (મે'સિજ્) An oral or written communication sent from one person to another. પેગામ; કહેણ; સમાચાર; સંદેશો. [L. *mitto*, I send.]

Messenger, *n.* (મે'સિન્જર્) One who bears or carries messages or despatches. દૂત;કાસદ; જાસુસ.

Messiah, *n.* (મેસા'ઇઍ) The saviour of the world; Christ. જગતનો ઉદ્ધાર કરનાર મહાત્મા; ઇશુખ્રિસ્ત

Mess-mate, *n.*(મે'સમેટ્) A companion at dinner. એક સાથે જમનાર;જમવામાં સાથી,સોબતી.

Metal, *n.* (મેટલ્) A name of certain elementary substances as gold, brass &c. ધાતુ. 2. Broken stones used in covering roads. મેટલ; કાંકરી. 3. Spirit;courage. હિમ્મત; પાણી; જુસ્સો; દમ. [L. *metallum*, metal.]

Metallic, *a.* (મિટૅ'લિક્) Of or resembling or pertaining to a metal. ધાતુનું-ધાતુ સંબંધી.

Metalliferous, *a* (મિટૅલિ'ફરસ્)Productive of metals.ધાતૂત્પાદક;ધાતુ જેમાંથી જડી આવે છે એવી.

Metalline, *n.*(મે'ટલાઇન્)An alloy composed of different metals. જુદા જુદા ધાતુઓની બનેલી એક ધાતુ. *a.* Consisting of or pertaining to the metal. ધાતુ સંબંધી; ધાતુનું.

Metallist, *n.* (મે'ટલિસ્ટ્) One skilled in metals; a worker in metals. ધાતુ પરીક્ષક; ધાતુનું કામ કરનાર.

Metallurgy, *n.* (મિટૅ'લર્જી) The art of working metals; the art of separating metals from ores. ધાતુશોધન વિદ્યા; ધાતુપૃથક્કરણવિદ્યા.

Metamorphose, *n.* (મેટમૉ'ર્ફોઝ્) To transform; to change into a different form. રૂપાંતર કo; સ્વરૂપ બદલવું; રૂપભેદ કo.

Metamorphosis, *n.* (મેટમૉ'ર્ફસિસ્) Transformation; change of form or shape. રૂપાંતર; રૂપભેદ. [Gr. *meta*, change and *morphe*, form]

Metaphor, *n.* (મે'ટફર્) A compressed simile. રૂપક.

Metaphorical, *a.*(મેટફૉ'રિકલ્) Figurative; not literal. રૂપકાત્મક.[L *meta*,over and *fero*, I carry.]

Metaphrase, *n.* (મે'ટફ્રેઝ્) A word to word translation. શબ્દેશબ્દ ભાષાંતર; અક્ષરેઅક્ષર તરજુમો. [L. *meta*. beyond & *phrasis* I speak.]

Metaphrast, *n.* (મે'ટફ્રસ્ટ્) A literal translator. અક્ષરેક્ષર તરજુમો કરનાર.

Metaphysical, *a.* (મેટફી'ઝિકલ્) Relating or pertaining to metaphysics. આત્મવિદ્યા વિષે.

Metaphysics, *n.* (મેટફી'ઝિક્સ્) Philosophy of the mind; ontology. આત્મતત્ત્વવિદ્યા;

Metaphysician = One well-versed in metaphysics. અધ્યાત્મવેત્તા; આત્મતત્ત્વવિદ્ઞ; માનસશાસ્ત્રી.

Mete, *n.* (મીટ્) Boundary; limit. સીમા; હદ. *vi.* To meet.મળવા જવું. *vt.* To measure. માપી આપવું.

Metempsychosis, *n.* (મિટેમ્સાયકો'સિસ્ Transmigration of souls. પુનર્જન્મ; જન્માંતર; દેહાંતર. [Gr. *meta;* beyond and *psukhe*, soul.]

Meteor, *n.* (મી'ટીઅર્) A falling star. ખરતો તારો.

Meteoric, *a.* (મીટીઑ'રિક્) Pertaining to or consisting of meteors; proceeding from meteors. ખરતા તારા સંબંધી-માંથી પડતું. 2. Brilliant and transitory. ક્ષણિક ઝળકતી; અચિરોજ્જ્વલ.

Meteor(oli)te, *n.* (મિ'ટીઅરલાઈટ્) A meteoric stone; an aerolite. ખરતા તારામાંથી પડતો પથ્થર.

Meteorological, *a.* (મીટીઅરલૉ'જીકલ્) Pertaining to meteorology. વાયુચક્ર સંબંધી.

Meteorology, *n.* (મિટીઅરૉ'લજી) The science of atmospheric changes. વાયુચક્રશાસ્ત્ર.

Meter, *n* (મી'ટર્) One who or an instrument or apparatus that measures. માપવાનું યંત્ર; માપક.

Methinks, *vi.* (મીથિં'ન્કસ્) It seems to me; I think મને લાગે છે.

Method, *n.* (મે'થડ્) Classification. વર્ગીકરણ. 2 Manner or mode of procedure. પ્રકાર; રીત; તરેહ; પદ્ધતિ; માર્ગ. 3. Systematic or orderly arrangement or mode of procedure. નિયમ; વ્યવસ્થા. [Gr. *meta*, after and *hodos*, way.]

Methodical, *a.* (મિથૉ'ડિકલ્) Systematic; orderly. વ્યવસ્થિત; રીતસર.

Methodist, *n* (મે'થડિસ્ટ)One who observes method. નિયમિત, વ્યવસ્થિત રીતે ચાલનાર. 2. One of the Weslian sect વેસ્લીઅન ધર્મ પ્રમાણે ચાલનાર.

Methodise, *vt.*(મે'થડાઇઝ્)To systematise; to dispose in due order. નિયમિત, વ્યવસ્થિત કરવું.

Methylated, *a.* (મે'થીલેટિડ્) Made undrinkable by mixing with methyl or the base of wood spirit. [Gr. *methu*, wine, *hule*, wood.]

Metonymy *n.* (મેટૉ'નિમી) A figure of speech in which one word is put for another on account of some relation between the things signified. એક શબ્દને બદલે બીજો શબ્દ મુકવાથી થયેલો અલંકાર; અજહલ્લક્ષણા. [Gr. *meta*, beyond and *onoma*, name].

Meticulous, *a.*. (મિટિ'ક્યુલસ્) ડરીને દરેક વિગત આપવું; ગુલામી વૃત્તિથી વ્યાજબી, સાચું, ચોક્કસ રહેવું.

Metre, *n.* (મી'ટર્) Verse; poem. કવિતા. 2. Measure; rhythm. છંદરચના; વૃત્ત.

Metrical, *a.* (મે'ટ્રિકલ્) Consisting of verse; pertaining to rhythm or metre. છંદને લગતું; પદ્યાત્મક; છંદોબદ્ધ. તાલબદ્ધ.

Metropolis, *n.*(મિટ્રૉ'પલિસ્) The chief city or capital of a kingdom. રાજધાની; પાટનગર.

Metropolitan, *a.*(મેટ્રૉપૉ'લિટન્) Pertaining to the capital. રાજધાનીના શહેર વિષેનું. 2. પ્રાંત પાદરી; મુખ્ય ધર્મગુરૂ.

Mettle, *n.* (મે'ટલ્) Stuff, temper; spirit; courage; fire. હીમ્મત; જુસ્સો; પાણી; જીવ;દમ.

To try the mettle of=નું પાણી જોવું.

Mettled, *a.* (મે'ટલ્ડ), **Mettlesome**, *a.* (મેટલસમ્), Fiery; highspirited; ardent. પાણીદાર; જુસ્સેદાર.

Mew, *n.* (મ્યુ) Sea-gull. જળકુકડી, ટીટોડી.

Mew, *n.* (મ્યુ) Cage or coop used for confining birds. પાંજરૂં. 2. The cry of a cat. *vi.*To cry like a cat. મીયાંઉ મીયાંઉ કરવું.

Mewl, *vi.* (મ્યૂલ) To cry as a young child. નાના બાળક જેવું રડવું; માંઉ માંઉ ક૦.

Miasma,*n.* (માઇઍ'ઝમ)Noxious emanation; malaria. કોહી ગયેલી ચીજમાંથી નીકળતી ઝેરી હવા, વરાળ.

Mica, *n.* (મા'યૂકા) Cat-silver, a kind of metal. અબરખ.

Micawberism, *n.* (મિકૉ'બરિઝમ્) અકસ્માત કંઇક સારૂં થઇ જશે એવો આશાવાદ, આશા. [ડિકન્સની એક નવલકથાનું એક પાત્ર, મિકૉબર પરથી].

Michaelmas, *n.* (મિ'કલમસ્). સેઈન્ટ માયકલના માનમાં ૨૯મી સપ્ટેમ્બરે ઉજવાતો તહેવાર.

Mickle, *n.* (મિ'કલ્) મોટો જથ્થો.

Microbe, *n.* (મા'યૂક્રોબ) દરદ કરનાર સૂક્ષ્મ વનસ્પતિ કે પ્રાણી.

Microcosm, *n.* (મા'યૂક્રૉસમ્) સૂક્ષ્મ જીવાત્મા; સૂક્ષ્મ પ્રમાણ. ઉપમા.

Microphome, *n.* (મા'યક્રૉફોન) ન સંભળાય એવા અવાજને સંભળાય તેવા બનાવવાનું યંત્ર; શબ્દશ્રાવક.

Microscope, *n.* (મા'યક્રસ્કોપ) An optical instrument for rendering minute objects visible to the naked eye. સૂક્ષ્મદર્શક યંત્ર. [Gr. *micros*, little and *scopeo*, I look at].

Microscopical, *a.* (માયક્રસ્કૉ'પિકલ્) Pertaining to the microscope. સૂક્ષ્મદર્શક યંત્ર વિષે.

Mid, *a.* (મિડ્) Amidst. વચમાં, માં. 2. Denoting the middle parts. વચલો ભાગ બતાવવું.

Mid-day, *n.* (મિડડે') Noon. બપોર; મધ્યાહ્ન. *a* Pertaining to noon. બપોરને-મધ્યાહ્નને લગતું.

Middle, *a.*(મિ'ડલ્) Intermediate; intervening; occupying the middle place. વચ્ચેનું; વચલું; મધ્યનું.

Middle-aged, *a.* (મિ'ડલએજડ્) Between thirty and fifty years of age. મધ્ય,આધેડ વયનું.

Middle-term, *n.*(મિ'ડલટર્મ)Mean between two extremes. મધ્યપદ.

Middling, *a.* (મિ'ડ્લિંગ્) Medium;mediocre. મધ્યમ; સાધારણ.

Midland, *n.* (મિ'ડલૅન્ડ) The central region of a country. સમુદ્ર કીનારાથી દૂરનો દેશ. 2. Encircled by land. સમધ્ય; જમીનથી વિંટળાએલું.

Midnight, *n.* (મિ'ડનાઇટ્) Middle of the night; twelve o'clock at night. મધ્યરાત્રિ. *a.* Pertaining to midnight; very dark. મધ્યરાત્રિ જેવું; ગાઢ અંધકારભરેલું.

Midoff,-on, *n.* (મિડ્ઑ'ફ્, ઑ'ન્) બૅટસમનની પાસેના ફીલ્ડર્સ; લૅાન્ગ ઑફ, ઑનથી વધારે પાસે.

Midriff, *n.* (મિ'ડ્રિફ) The diaphragm. પેટ માંહેનો પડદો..

Midst, *n.* (મિ'ડ્સ્ટ્) Middle part. મધ્ય. *prep.* In the midst of; amidst. મધ્ય. *adv.* In the middle. વચમાં; મધ્યે.

Midsummer, *n.* (મિ'ડસમર્) The middle of summer. ભર ઉનાળો; દક્ષિણાયન.

Midway, *n.* (મિ'ડ્વે,) The middle of the distance or way. અડધો રસ્તો; અર્ધ માર્ગ. *a.* Being in the middle of the way. અડધા રસ્તામાં. *adv.* Half way. અર્ધે રસ્તે.

Midwife, *n.* (મિ'ડવાઇફ્) A woman that assists other women at child birth. દાઇ; સુયાણી.

Midwifery, *n.* (મિ'ડ્વાઇફ઼્રી–ફ઼્રી) The art or practice of a midwife. દાયણનું કામ; પ્રસવકરણ; ગર્ભમોચનવિદ્યા.

Mid-winter, *n.* (મિડવિ'ન્ટર્) The middle of the winter. ભર શીયાળો.

Mien, *n.* (મીન્) Deportment; bearing; air; carriage. ચેહરો; વર્તણુક; હાવભાવ; ચાલરીત; બોલવું ચાલવું; ડોળ; સીનો.

Might, *n.* (માઇટ્) Strength; power; ability; force. શક્તિ; બળ; જોર; સામર્થ્ય; પરાક્રમ; કૌવત.

Mightiness, *n.* (મા'ઇટિનિસ્) Great power; high dignity. સામર્થ્ય; શક્તિ; જોર; પરાક્રમ; કૌવત.

Mighty, *a.* (મા'ઇટી) Powerful; potent; strong; vast; intellectually eminent. જોરાવર; પરાક્રમી; મ્હોટું; જબરું; પ્રચંડ.

Migrate, *vi.* (માયગ્રે,'ટ્) To emigrate; to remove from one residence to another. દેશાંતર કરવું; ઘર બદલવું.

Migration, *n.* (માયગ્રે,'શન્) Emigration. દેશાંતર કરવું તે.

Migratory, *a.* (મા'યગ્રે,ટરી) Emigrating from time to time. દેશાંતર જઇ રેહનાર.

Milch, *a.* (મિલ્શ્) Giving milk as cow or goats. દુઝણી; દુધ દેતી.

Mild, *a.* (માઇલ્ડ્) Soft; kind; gentle. શાંત; નમ્ર; વિનયી; કોમળ; નરમ; સાલસ; સૌમ્ય.

Mildew, *n.* (મિ'લ્ડ્યુ) A parasitic fungus causing decay. ઉબ, ફુંગ. *vt.* To taint with mildew. ઉબ, ફુગ ચડવી.

Mildness, *n.* (મા'ઇલ્ડનિસ્) Meekness; gentleness. નમ્રતા; સૌમ્યતા; વિનય; આદરશીલતા; નરમાશ; કોમળપણું.

Mile, *n.* (માઇલ્) A distance of 1760 yds. અર્ધો ગાઉ; મૈલ; માઇલ.

Mil(e)age,*n.*(મા'ઇલેજ્)Travelling allowance per mile. દર માઇલે મળતું ભથું. 2. The aggregate of miles run by a carriage &c. કુલ માઇલ.

Milepost-stone, *n.* (મા'ઇલ્પો,સ્ટ્–સ્ટો,ન્) A signpost at the distance of one mile each. મૈલની નિશાનીનો થાંભલો.

Militant, *a.*(મિ'લિટ'ટ્) Serving as a soldier; fighting; combating. લડનાર; કટર વિરોધી, ઝપટદાર.

Military, *n.* (મિ'લિટરી) Army;troops. લશ્કર; સૈન્ય. *a.* Warlike; martial; soldierly. લશ્કરી; યુદ્ધપ્રકરણી.

Militate, *vi.* (મિ'લિટે,ટ્) To combat; to carry on war; to contend; to fight. લડવું; સામા થવું; યુદ્ધ કરવું. 2. Go against. વિરૂદ્ધ જવું

Militia, *n.* (મિલિ'શૅ) A body of men enrolled and trained as military. જરૂર વખતે લડવાની સરતે રાખેલી ફોજ. [L. *miles*, a soldier].

Milk, *n.* (મિલ્ક્) A whitish fluid secreted by certain glands of female animals and used as food. દુધ. 2. The white juice of certain plants. ઝાડનું દુધ. *vt.* To draw or press out milk from the female animals' breast or udder. દોહવું; દુધ કાઢવું. **M. & water**. નબળી, સત્વ, જોસ વગરની.

Milk-maid, *n.* (મિ'લ્કમે,ડ્) A woman who milks the cows &c. દુધ દોહનારી; દુધવાળી; દુધ વેચનારી; મતવી; મહીયારી.

Milk-man, *n.* (મિ'લ્કમૅન્) A male seller of milk. દુધવાળો.

Milk-pail, *n.* (મિ'લ્કપે,લ્) A vessel of milk. દુધની ત્રાંબડી; દુધ દોહવાનું વાસણ.

Milksop, *n.* (મિ'લ્કસૉપ્) A piece of bread sopped in milk. દુધમાં પલાળેલી રોટલી. 2. A soft, effeminate, or feebleminded fellow. બાયલો; દીન, પાણી વગરનો **M. teeth**=દુધીઆ પ્હેલા દાંત.

Milky, *a.* (મિ'લ્કી) Containing or like milk. દુધનું; દુધવાળું; દુધ જેવું; દુધનું કરેલું.

Milkway, *n.* (મિ'લ્કવે,) A constellation of stars; a galaxy. આકાશગંગા.

Mill, *n.* (મિલ્) A grinding or juice extracting machine. ઘંટી; કોલ્હુ; ઘાણી. 2. A weav-

ing and spinning mill. કાપડ વણવાની મિલ. **Sugarcane mill**=શેરડી પીલવાનો કોલ્હુ.

Mill-dam, *n.* (મિ'લડૅમ્) A mound or dam across a water-course. નદીમા પાણી ખાળવાનો બંધ; પુસ્તો.

Mill-stone, *n.* (મિ'લસ્ટોન્) ઘંટીનું પડ. **To see into a M.-s.**=અલૌકિક, બારીક નજર હોવી.

Millenary, *n.* (મિ'લનરી) An aggregate of a thousand years સહસ્ર વર્ષ.

Millenium, *n.* (મિલે'નિઅમ્) A space or time of thousand years. સહસ્ર વર્ષ. [L. *mille*, a thousand]

Miller, *n.* (મિ'લર્) The owner or attendant at a grinding mill. ઘંટીવાળો.

Milliner, *n.* (મિ'લિનર્) A seller of fancy female dresses; a designer and manufacturer of fashionable female ware. સ્ત્રીઓનો પોષાક બનાવનાર માણસ-સ્ત્રી.

Millinery, *n.* (મિ'લિનરી) The articles made or sold by a milliner. સ્ત્રીઓની ભપકાબાજ પોષાકની ચીજો 2. The occupation of a milliner. પોષાક બનાવવાનો ધંધો.

Million, *n.* (મિ'લ્યન્) A thousand times a thousand. દશ લાખની સંખ્યા. 2. A very great number. સંખ્યાબંધ માણસો અથવા ચીજો વગેરે. [L. *mille*, a thousand.]

Millionaire, *n.* (મિલ્યને,'ર્) A man worth a million of pounds, dollars, rupees &c. a very rich man. લક્ષાધિપતિ; લખપતિ; લાખોનો ધણી.

Milt. *n.* (મિલ્ટ્) Spleen. બરોળ.

Milter, *n.* (મિ'લ્ટર્) A male fish. નર માછો

Mimetic-cal, *a.* (માયૂમે'ટિક્-માયૂમે'ટિકલ્) Apt to imitate; characterised by or given to mimicry. નકલી; નકલ કરનાર; અનુકરણશીલ.

Mimic, *n.* (મિ'મિક્) An imitator; one who mimics. નકલખોર; નકલ કરનાર; ટીખળી. *a.* Imitative; imitating. નકલી. *vt.* To imitate or ape especially for fun; to ridicule by imitation. નકલ ક૦; ચાળા પાડવા; અનુકરણ કરવું [L. *mimos*; an actor.]

Mimicry, *n.* (મિ'મિક્રી) Imitation especially for sport or ridicule. ચાળા પાડવા તે; નકલ કરવી તે.

Mimosa, *n.* (મિમો,'ઝ) રીસામણી વગેરે છોડ, ઝાડ.

Minacious, *a.* (મિને'શસ્) Menacing; threatening. ધમકી ભરેલું; ભયસૂચક.

Minaret, *n.* (મિ'નરેટ્) A slender lofty turret, with one or two balconies, attached generally to the Mohomedan mosques. મિનારો; શિખર; બુરજ.

Minatory, *a.* (મિ'નેટરી) Menacing; threatening. ભયસૂચક; ધમકી ભરેલું; ધાસ્તી ભરેલું.

Mince, *vt.* (મિન્સ્) To cut or chop into very small pieces. ઝીણા ઝીણા કકડા કરવા. *vi.* To speak with an air of affected delicacy and softness. લટકામાં, ચુપાવીને બોલવું. **Mincingly,** In an affectedly modest and delicate manner. લટકામાં.

Mincement *n.* (મિ'ન્સમન્ટ) નાના કકડા; કટકા

Mind, *n.* (મા'ઇન્ડ) The understanding; the intellectual power in man. ચિત્ત; બુદ્ધિ; મન. 2. Inclination; choice. વાસના; ઇચ્છા. 3. Belief. વિચાર; સંકલ્પ 4. Purpose; intention. ઇરાદો; ઉદ્દેશ; હેતુ. 5. Remembrance; memory. યાદદાસ્તિ; સ્મૃતિ; સ્મરણશક્તિ. 6. The heart. હૃદય; મન **To put in the mind**=યાદ દેવડાવવું. **To lose one's mind**=To go mad. ગાંડા થઇ જવું. *vt.* To attend to; to fix one's thoughts on. ધ્યાન, લક્ષ આપવું. 2. To attend to with submission. માનવું; ઉપદેશ માથે ચઢાવવો. [Gr. *mencs*, mind.]

Minded, *a.* (મા'યન્ડિડ્) યાદ દેવડાવેલું; સ્મરણ કરાવેલું.

Mindful, *a.* (મા'ઇન્ડફુલ્) Regardful; heedful; observing; attentive. સાવધ; હોશિયાર; સાવચેત; ધ્યાન આપતો.

Mine, *n.* (માઇન્) A pit or excavation in the earth from which ores are dug up. ખાણ. 2. An underground tunnel. ભોંયરૂં; સુરંગ. 3. A rich source or store of wealth; anything highly valued. નિધિ; ભંડાર; સાગર. *adj. p. o.* My; belonging to me. મારૂં; મારી માલકીનું *vt.* To dig a mine or an excavation; to make a tunnel. ખાણ ખોદવી; ભોંયરૂં-સુરંગ ખોદવી.

Miner, *n.* (મા'ઇનર્) A digger for metals; one who mines. ખાણ ખોદનાર; ખેલદાર.

Mineral, *a.* (મિ'નરલ્) Pertaining to minerals; impregnated with mineral matter. ખનિજ પદાર્થવાળુ. *n.* An ingredient forming the earth's crust. ખનિજ; જમીનમાંથી જડી આવતું.

Mineralize, *vt.* (મિ'નરલાઇઝ્) To convert into a mineral; to impregnate with a mineral. ધાતુ શોધવી; ધાતુમય બનાવવું.

Mineralist, Mineralogist, *n* (મિ'નરલિસ્ટ, મિનરૅ'લજીસ્ટ્) One versed in the science of minerals. ખનિજશાસ્ત્રવેત્તા; ધાતુપરીક્ષક.

Mineralogy, *n.* (મિનર'લજી) The science treating of the property of minerals &c. ધાતુ, ખનિજ વિદ્યા.

Mingle, *n.* (મીં'ગલ્) A mixture. મેળ. *vt.* To mix up; to blend; to adulterate by mixing. મેળવવું; ભેળસેળ ક૦. 2. To associate. સંબંધ રાખવો *vi.* To become mixed or blended. મળી જવું.

Miniature,*n* (મિ'નિઅચર)A small portrait. નાની છબી. 2. Red lettering. લાલ અક્ષરો. *a* On a small scale; diminutive. ન્હાનુંસરખું; અસલની નાની નકલ. [L. *miniature*].

Minikin, *n* (મિ'નિકિન્) A favourite; a little darling. ન્હાનકડો છબીલો; લાડકું.

Minim, *n.* (મિ'નિમ્) A dwarf. ઠીંગણો માણસ. 2. A very minute thing. ઘણીજ બારીક ઝીણી વસ્તુ. 3. A single drop.એકજ ટીપું.

Minimum, *n.* (મિ'નિમમ્) The smallest or lowest quantity. ઓછામાં ઓછી સંખ્યા, ભાગ; કનિષ્ઠ સંખ્યા

Minion, *n.* (મિ'ન્યન્) A mere dependant; a darling. નીચ આશ્રયી, આશ્રિત; માનીતું.

Minish, *vt.* (મિ'નિશ્) Bring to low estate. ખરાબ, દીન સ્થિતિમાં મુકવું.

Minister, *n.* (મિ'નિસ્ટર) A pastor of the church. ઉપદેશક; ઉપાધ્યાય; પાદરી. 2. One to whom the sovereign entrusts the direction of the affairs of the state. વજીર; પ્રધાન. 3. An attendant; a servant. નોકર; ખીદમતગાર. *vt.* To perform service. ચાકરી ઉઠાવવી. To give things needful; to afford supplies. પુરૂં પાડવું; આપવું.

Ministerial, *a.* (મિનિસ્ટી'રિઅલ્)Pertaining to the minister. વજીર-પ્રધાન-મંત્રી સંબંધી. 2. Pertaining to the pastors of the church. ઉપાધ્યાય-ઉપદેશક-પાદરી વિષે. 3. Attendant or serving. સેવાચાકરી ઉઠાવનાર. 4. Contributive; tending to advance or promote. કાર્યસાધક; કાર્યનિર્વાહક.

Ministrant, *a.* (મિ'નિસ્ટ્રંટ) Performing service as minister. પ્રધાનપદ ભોગવતો;કામ કરતું.

Ministration, *n* મિનિસ્ટ્રે,'શન્)Attendance or service. સેવા; ચાકરી; કારભારી.

Ministry,*n.*(મિ'નિસ્ટ્રી)Office of a minister. પ્રધાનપદ; વજીરાત. 2.The body of the ministers of state or the chief officers of the executive government. પ્રધાનમંડળ. 3. The administration; the government. કારભાર; અમલ; કારકીર્દી.

Minium, *n.* (મિ'નિઅમ્)Red powder. સિંદુર.

Minor, *n.* (મા'યનર) An infant; a person below the legally competent age. સગીર; કાચી ઉમરનું માણસ; બાળક. *a.* સગીર; કનિષ્ઠ; ગૌણ; નબળું; ન્હાનું.

Minoriy, *n.* (માયનૉ'રિટી) The state of being minor. સગીર ઉમર. 2.A number less than half; the smaller number. થોડો, ન્હાનો ભાગ.

Minster, *n.* (મિ'ન્સ્ટર) A monastery; a cathedral church. દેવળ; મંદિર.

Minstrel, *n.* (મિ'ન્સ્ટ્રલ) A musician; a bard; a player on the harp. કવિ; ભાટ. **Celestial m.**=ગાંધર્વ.

Minstrelsy, *n* (મિ'ન્સ્ટ્રલ્સી) The art and occupation of a minstrel. ગાવા વગાડવાની કલા; ચારણવિદ્યા.

Mint, *n.* (મિન્ટ) Coinage-depot. ટંકશાળ. *vt.* To coin money. સિક્કા પાડવા. 2. *n.* The name of several aromatic plants. ફુદીનો.

Minus, *a.* (મા'યનસ્) Less. ઓછું; ઓછા. *n.* The sign of substraction બાદબાકીનું ચિહ્ન[−].

Minute, *a.* (મિન્યૂ'ટ) Slight; very small; little. ઝીણું; ન્હાનું 2. Precise; particular; exact. ચોકસ. *n.* 2. One sixtieth part of an hour. એક મિનીટ. 3. The sixtieth part of a degree.કળા;અંશ.3. A nautical mile. દરિયાઇ માઇલ. 4. A very small period of time. થોડો વખત. 4.*pl.* A report of the proceedings of a meeting. સભાના કામની નોંધ.

Minute-book, *n.* (મિ'નિટ્ બૂક્) A book in which a note is made of the proceedings of a meeting. સભાના કામની નોંધવહિ.

Minute-hand, *n.* (મિ'નિટ્હૅન્ડ) The hand showing the minutes of the hour in a watch or clock. મિનીટ, મ્હોટો કાંટો.

Minutely, *adv.* (મિન્યૂ'ટલી) In a minute manner, precisely; exactly. બારીકાઈથી; ઝીણી નજરથી.

Minuteness,*n.* (માયન્યૂ'ટનિસ્) The quality of being very small. ઝીણવટ; બારીકાઇ; સુક્ષ્મતા. 2. Preciseness; attention to small particulars. સુક્ષ્મતા; ચોકસાઇ.

Minutiæ, *n.* (મિ'ન્યુશિઅ) Minor or unimportant details or particulars. બારીક, સુક્ષ્મ ઝીણી ઝીણી વાત; સુક્ષ્મ વિચાર, વિગતો.

Minx, *n.* (મિન્ક્સ્) A hussy; an impertinent girl. લુચ્ચી, ઢોંગી છોકરી.

Miracle,*n.* (મિ'રૅકલ્) A marvel; a wonder. આશ્ચર્ય; અદ્ભુત કામ;કૌતુક 2. A prodigy. અદ્વિતીય

ચમત્કાર; ગ્હોટી નવાઇ. 3. A supernatural event. ચમત્કાર; અલૌકિક બનાવ

Miraculous, *a.* (મિરૅ'ક્યુલસ્) Marvellous; prodigous. અદ્ભુત; હેરતભર્યું. [L. *mirus*, wonderful.]

Mirage, *n.* (મિરૅ'ર્ઝ) An optical delusion arising from unequal aerial reflection. મૃગજળ; જલાભાસ

Mire, *n.* (માયર્) Wet muddy soil; deep mud. કાદવ. *vt.* To sink and fix in mire. કાદવમાં ચોંટી જવું. *vi.* To stick fast in the mud. કાદવમાં, ગારામાં ચોંટી રહેવું.

Mirror, *n.* (મિ'રર) A looking glass. અરીસો; દર્પણ; આયનો; ચાટલું; આભલું.

Mirth, *n.* (મર્થ) Jovialness; merriness. આનંદ; રમુજ; ગમ્મત.

Mirthful, *a.* (મ'ર્થફુલ) Jovial, merry. આનંદી; રમુજી; ગમ્મતી.

Mirthless, *a.* (મ'ર્થલિસ્) Sad; not merry. ઉદાસ; રમુજ વિનાનું.

Miry, *a.* (મા'ઇરી) Muddy. કાદવ-કીચડવાળું.

Misadventure, *n.* (મિસ્ઍડવે'ન્ચર્) An unlucky accident; a misfortune; a mischance. કમનશીબ; વિપત્તિ; આપત્તિ.

Misalliance, *n.* (મિસ્અલા'યન્સ્) Any unproper association or marriage. અયોગ્ય સંબંધ.

Misanthropical, *a.* (મિસ્ઍન્થ્રૉ'પિકલ્) Hating mankind. લોકદ્વેષી; જનશત્રુ; સર્વદ્વેષી.

Misanthrope-ist, *n* (મિ'સ્ઍન્થ્રો,પ થ્રો,પિસ્ટ) A hater of mankind લોકદ્વેષી; જનશત્રુ; વિશ્વદ્વેષી

Misanthropy, *n.* (મિસ્ઍ'ન્થ્રપી) Hatred of mankind. વિશ્વદ્વેષ; માણસ જાતનો ધિક્કાર. [Gr. *nusos*, hatred and *anthropes*, non.]

Misapplication, *n.* (મિસ્ઍપ્લિકે,'શન્) A wrong or illegal or unauthorised application or use. ખોટો વ્યય; કુવ્યય; ખોટી રીતે લાગુ પાડવું તે.

Misapply, *vt.* (મિસ્ઍપ્લા'ઇ) To apply to a wrong purpose. અયોગ્ય કામમાં ખરચવું; ખોટે રસ્તે વાપરવું.

Misapprehend, *vt.* (મિસ્ઍપ્રીહે'ન્ડ્) To misunderstand; to take in a wrong sense. ખોટું સમજવું.

Mis-apprehension, *n.* (મિસઍપ્રીહે,'ન્શન્) Misunderstanding; mistake. ખોટી સમજ.

Misbehave, *vt.* or *vi.* (મિસ્બીહે,'વ) To conduct oneself improperly; to behave ill. ખરાબ રીતે, ખોટે રસ્તે ચાલવું.

Misbehaviour, *n.* (મિસ્બીહે'વિયર્) Improper conduct; bad behaviour. કુચાલ; અયોગ્ય વર્તન; નઠારી, ખરાબ ચાલ.

Misbelief, *n.* (મિસ્બીલી'ફ્) Wrong belief. ગેરવિશ્વાસ; અશ્રદ્ધા; કુશ્રદ્ધા; અસત્ય શ્રદ્ધા.

Misbelieve, *vt.* (મિસ્બીલી'વ) To believe erroneously. ખોટો ભરોસો રાખવો; ખોટી રીતે માનવું.

Miscalculate, *vt.* (મિસ્કૅ'લક્યુલે,ટ્) To judge or calculate wrongly. ભુલચુકક૦; ખોટી ગણના કરવી.

Miscalculation, *n* (મિસ્કૅલક્યુલે,'શન્) Wrong judgment or calculation. ખોટી, ભુલ ભરેલી ગણના.

Miscarriage, *n.* (મિસ્કૅ'રિજ્) Bad conduct. કુચાલ; ગેરવર્તન. 2. Failure; unfortunate issue or result. ગેરપરિણામ; નિષ્ફળતા. 3. Abortion. ગર્ભપાત; કસુવાવડ.

Miscarry, *vt.* (મિસ્કૅ'રી) To fail to reach its proper destination (as a letter). ગેરવલ્લે પડવું; ભળતે ઠેકાણે જવું. 2. To fail of the intended effect or success. નિષ્ફળ નિવડવું. 3. To have abortion. ગર્ભપાત, કસુવાવડ થવી.

Miscellaneous, *a.* (મિસેલે'નીઅસ્) Diversified; consisting of several kinds; mixed or mingled. અનેક જાતનું, પ્રકારનું; પરચુરણ.

Miscellany, *n.* (મિ'સલની) A mixture or mass of various kinds or things. સેળભેળ વસ્તુઓનો ભંડાર, સંગ્રહ, સમૂહ; ચોપાનીયું.

Mischance, *n.* (મિસ્ચૅ'ન્સ્) Mishap; an unlucky incident; ill-luck. દુર્ભાગ્ય; કમનશિબ; અકસ્માત્.

Mischief, *n.* (મિ'સ્ચીફ્) Harm; hurt; injury; damage. ઉપદ્રવ; નુકશાન; ખરાબી; હાનિ. 2. A vexatious affair. ત્રાસદાયક વસ્તુસ્થિતિ. 3. Troublesome or annoying conduct. મસ્તી; તોફાન; ગેરવર્તણુક.

Mischievous, *a.* (મિ'સ્ચીવસ્) Given to mischief; damaging; harmful. તોફાની, મસ્તીખોર; નુકશાન કરે એવું.

Miscomputation, *n.* (મિસકૉમ્પ્યુટે'શન્) Miscalculation. ભુલ ભરેલી ગણતરી.

Miscompute, *vt.* (મિસ્કૉમ્પ્યૂ'ટ્) To miscalculate. ખોટી ગણત્રી કરવી; ગણત્રીમાં ભુલ હોવી.

Misconceive, *vt.* (મિસ્કનસી'વ્) To misunderstand; to misapprend. ખોટું, આડું ભુલથી સમજવું.

Misconception, *n.* (મિસ્કનસે'પશન્) Misunderstanding; misapprehension. ખોટી સમજ; ભુલ; ભ્રાંતિ; ભ્રમ.

Misconduct, *n* (મિસ્કૉન્ડક્ટ) Misbehaviour; bad behaviour. ગેરવર્તન; ખરાબ ચાલ; કુચાલ.

Misconjecture, *n.* (મિસ્કનજે'ક્ચર) A wrong guess. ભુલ ભરેલી ધારણા; ખોટી અટકળ. *vt.* To guess wrongly. ખોટી ધારણા, અટકળ કરવી.

Misconstruction, *n.* (મિસ્કનસ્ટ્ર'ક્શન) Mis-interpretation. હલકો-ખોટો અર્થ; ખોટી સમજ.

Misconstrue, *vt.* (મિસકૉ'નસ્ટ્રુ) To misunderstand; to take in the wrong sense. ખોટો અર્થ કરવો; આડો અર્થ લેવો.

Miscreant, *n.* (મિ'સ્ક્રીઅન્ટ) A villain; a ruffian; a misbeliever. ખલ; શઠ; દુર્જન; નાલાયક માણસ; ખરાબ વ્યક્તિ

Misdate, *vt.* (મિસડે'ટ) To put on or write a wrong date. ખોટી તારીખ નાંખવી.

Misdeed, *n* (મિસડી'ડ્) An evil deed; a wicked action. બદકર્મ; ખરાબ કર્મ; કુકર્મ.

Misdemeanant, *n* (મિસ્ડીમી'નન્ટ) A guilty man; a man who has committed evil actions. ખોટું કામ કરનાર; ગુન્હેગાર.

Misdemeanour, *n.* (મિસ્ડીમી'નર) A fault; an offence; a transgression. દુરાચરણ; કુચાલ. 2. A crime. ગુન્હો.

Misdirect, *vt.* (મિસડિરે'ક્ટ્) To direct to a wrong course, person or place. ખોટો રસ્તો રસ્તો બતાવવો 2. To address wrongly as a letter. ખોટે શિરનામે લખવું.

Misdirection, *n.* (મિસડિરે'કશન) A wrong direction. ખોટો રસ્તો બતાવવો તે 2. An error of a judge in charging the jury wrongly. જ્યુરીને ખોટી રીતે સમજાવવામાં સમાયેલી ન્યાયાધીશની ભુલ.

Misdoing, *n.* (મિસડૂ'ઇંગ્) A misdeed. ખરાબ ચાલ; કુકર્મ.

Misemploy, *vt.* (મિસ્ઇમ્પ્લૉ'ય) To misuse; to employ amiss or to no purpose. ખોટી રીતે વાપરવું; નઠારે રસ્તે વાપરવું

Misentry, *n.* (મિસએ'ન્ટ્રી) An erroneous entry as of an account. ખોટી નોંધ; ખોટું લખાણ.

Miser, *n* (મા'ઈઝર) A niggard; a covetous person who only hoards and does not make use of his money. કૃપણ, કંજુસ માણસ.

Miserable, *a.* (મિ'ઝરબલ) Very unhappy; wretched; suffering misery. અતિ દુઃખી. 2. Causing misery. દુઃખદાયક; ત્રાસદાયક 3. Despicable; worthless. નાલાયક.

Miserably, *adv.* (મિ'ઝરબ્લી) Unhappily; in a wretched manner. દુઃખ, દીન, નીચ, ભરેલી રીતે.

Miserly, *adv.* (મા'ઇઝરલી) Mean and covetous; niggardly. કૃપણ.

Misery, *n.* (મિ'ઝરી) Extreme distress; great unhappiness. અતિ દુઃખ; અતિ સંકટ.

Misfortune, *n.* (મિસફૉ'ર્ચુન) Ill-luck; ill-fortune; mishap. કમનશિબ; દુર્દૈવ; દુર્ભાગ્ય.

Misgive, *vt.* (મિસગિ'વ્) To grant or give amiss. ખોટી રીતે બક્ષવું. આપવું. 2. To have a doubt. અંદેશો રહેવો. શક આવવો.

Misgiving, *n.* (મિસ્ગિ'વિન્ગ્) Doubt; distrust. શક; અંદેશો.

Misgovern, *vt.* (મિસગ'વર્ન) To govern ill; to administer ill. અન્યાયી રાજ્ય ક૦; રાજ્યમાં અંધેર ચલાવવું.

Mis-government, *n* (મિસ્ગ'વર્નમન્ટ) Bad administration. અંધેર કારભાર; ગેરબંદોબસ્ત.

Misguide, *vt.* (મિસગા'ઇડ) To lead astray; to direct wrongly ખોટી રીતે દોરવું; આડે રસ્તે લઇ જવું; ભમાવવું.

Mishap, *n.* (મિસહૅ'પ્) An unlucky incident; a mischance; ill-luck. આપદા; આફત.

Misinform *vt.* (મિસઇનફૉ'ર્મ) To give wrong information about. ખોટું કેહવું; ખોટી ખબર આપવી.

Misinterpret, *vt* (મિસઇ'ટરપ્રિટ્) To give a wrong or false meaning to. અવળો, ખોટો અર્થ કરવો.

Misjudge, *vt.* (મિસજ'જ) To give a wrong judgment about. ખોટો વિચાર બાંધવો; ભુલ કરવી.

Misjudgment, *n.* (મિસજ'જમન્ટ) A wrong or false decision or judgment. ખોટો ઠરાવ; ગેર સમજ.

Mislay, *vt.* (મિસલે') To place in a wrong place, to misplace. ખોટી જગ્યાએ, ખોટું મુકવું.

Mislead, *vt.* (મિસલી'ડ્) To misguide; to conduct or lead in a wrong way. ભુલ ખવડાવવી; ભરમાવવું; ભુલમાં પાડવું.

Mismanagement, *n.* (મિસમૅ'નિજમન્ટ) Bad management. ગેરવ્યવસ્થા.

Misname, *vt.* (મિસ્ને'મ્) To give a wrong name to. ખોટું નામ આપવું.

Misnomer, *n.* (મિસ્નો'મર) An inappropriate name. ખોટું, ગેરવાજબી નામ. *vt.* To misname. ખોટું નામ આપવું.

Misogamist, *n.* (મિસૉ'ગમિસ્ટ) A hater of marriage; a hater of women. લગ્નનિંદક; વિવાહને, સ્ત્રી જાતને ધિક્કારનાર.

Misogynist, *n.* (મિસૉ'જીનિસ્ટ) A woman hater. સ્ત્રી જાતિનો ધિક્કારનાર. [Gr. *miseo,* I hate and *gynē,* woman.] *n.* **Misogyny,** સ્ત્રી જાત તરફ તિરસ્કાર.

Misplace, *vt.* (મિસ્પ્લે'સ) To mislay; to place in a wrong place. આડું અવળું મુકી દેવું; ખોટી જગાએ મુકી દેવું.

Misprint, *vt.* (મિસ્પ્રિ'ન્ટ) To print wrongly. ખોટું છાપવું. *n.* A mistake in printing. છાપવામાં ભૂલ.

Misprize, *v.* (મિસપ્રા'ઈઝ) To slight or undervalue. અપમાન કે ઓછી કિંમત કરવી; તિરસ્કારવું.

Mispronounce, *vt.* (મિસપ્રોનાં'ઉન્સ) To pronounce erroneously. અશુદ્ધ-ખોટો ઉચ્ચાર ક૦.

Mispronunciation, *n.* (મિસપ્રોનનન્સીએ,'શન) An incorrect or improper pronunciation. ખોટો ઉચ્ચાર; અશુદ્ધ ઉચ્ચાર.

Misquotation, *n.* (મિસક્વોટે,'શન) An erroneous quotation; the act of quoting wrong. ખોટું ઉતારવું; ઉતારો, અવતરણ કરવામાં ભુલ કરવી

Misquote, *vt* (મિસક્વો,'ટ) To quote erroneously or improperly. ઉતારો કરવામાં ભૂલ કરવી; ખોટું ઉતારવું.

Misrelation, *n.* (મિસરીલે,'શન) A wrong relation or narration. ખોટું કહેવું તે.

Misreport, *n.* (મિસરીપો'ર્ટ) An erroneous report. ખોટી ખબર; ખોટી અફવા. *vt.* To give an incorrect account of. ખોટી ખબર આપવી.

Misrepresentation, *n* (મિસરેપ્રીઝેન્ટે,'શન) A false or incorrect account given. જુઠી વાત; ખોટી રીતે બતાવવું તે.

Misrule, *n.* (મિસરૂ'લ) Misgovernment; bad administration. અંધેર; ગેરવ્યવસ્થા. *vt.* To rule amiss; to govern badly or oppressively. ખોટી રીતે-અન્યાયથી રાજ્ય કરવું. અમલ ચલાવવો.

Miss, *n.* (મિસ) A girl; an unmarried woman. છોકરી; કુંવારી છોકરી. 2 A title of courtesy for unmarried females. કુંવારી બૈરીઓનાં નામ પહેલાં માનાર્થે બોલવાનો શબ્દ; બાઇ, બ્હેન. *vt.* To lack; to need; to feel the want of. ની ખોટ-ઉણપ જણાવી. 2. To fail in getting, seeing &c. ચુકવું; ચુકી જવું. 3 To go without; to omit. પડતું મુકવું; બંધ રાખવું; કર્યા વગર રહેવું *vi.* To fail to hit; to miss aim. ચુકવું 2. To fail in attaining one's object. નિષ્ફળ નિવડવું. 3. To err; to wrong. ભુલ-ચુક કરવી.

Missal. *n.* (મિ'સલ) રોમન કૅથલિક પંથની એક જાતની વિધિનું પુસ્તક.

Mis-shapen. *a.* (મિસશે'પન) Ill-formed; deformed; ugly. વિરૂપ; કદરૂપ; બેડોળ, બદશીકલી.

Missile, *n.* (મિ'સિલ) A weapon or projectile thrown or to be thrown. છુટું ફેંકી મારવાનું હથીયાર; અસ્ત્ર.

Missing, *a.* (મિ'સિંગ) Not to be found; lost; wanting. ખોવાઇ ગયેલું.

Mission, *n.* (મિ'શન) A commission; an errand. દૂતપણાનું કામ; સંદેશો. 2. A diplomatic embassy. એલચી-પ્રતિનિધિ કાર્ય, મંડળ. 3. An organisation for the propagation of Christian religion ખ્રિસ્તી ધર્મપ્રચારક ઉપદેશકોનું મંડળ.

Missionary, *n.* (મિ'શનરી) One sent to propagate religion or doctrines of a certain kind. મિશનરી; ધર્મપ્રચારક. *a.* Of or pertaining to missions. મિશન, પ્રચાર વિષે; જનુની.

Missive, *n.* (મિ'સિવ) An epistle; a communication sent. મોકલેલો કાગળ *a.* Such as is sent. મોકલેલું; ફેંકેલું.

Misspell, *vt.* (મિસસ્પે'લ) To spell wrongly or incorrectly. ખોટી રીતે જોડણી કરવી.

Misspend, *vt.* (મિસસ્પે'ન્ડ) To waste to no purpose; to squander. ખોટે રસ્તે પૈસા ઉડાવવા; કમાર્ગે ખર્ચવા-વાપરવા.

Misstate, *vt* (મિસસ્ટે'ટ) To state wrongly. ખોટી રીતે કહેવું.

Misstatement, *n.* (મિસસ્ટે,'ટમન્ટ) A false or incorrect statement. ખોટું, મિથ્યા ભાષણ; અસત્ય જુબાની, લખાણ.

Mist, *n* (મિસ્ટ) Fog; haze. ધુમર; ધુમસ. 2. Something which dims and obscures the vision ઝાંખ; અંધારી *vt.* To cover with mist; to dim; to cloud. ધુમસથી ઝાંખું કરવું; અંધી આણવી.

Mistake, *n.* (મિસ્ટે'ક) An error. ભુલ. *vt.* To take in the wrong sense. ખોટું સમજવું; ખોટો અર્થ કરવો 2. To misunderstand or misapprehend; to take wrongly; to select wrongly. ભુલવું-ચુકવું. *vi.* To commit an error. ભુલ-ચુક કરવી.

Mistaken, *a.* (મિસ્ટે'કન) Wrong; in the error; judging wrongly. ભુલ કીધી હોય ચુક્યું હોય એવું; ભુલેલું. 2. Incorrect; erroneous; wrong. ખોટું: ભુલ ભરેલું.

Mister, (written in short as Mr.), *n.* (મિ'સ્ટર) A title of courtesy prefixed to the names of gentlemen મીસ્તર; શેઠ; સાહેબ.

Misthink, *vt.* (મિસથિ'ન્ક) To entertain a wrong idea about. ખોટો ખ્યાલ, વિચાર, અટકળ કરવી.

Mistime, *vt.* (મિસટા'ઇમ્) Not to adapt to the time; to time wrongly. અકાળે, કવખતે યોજના કરવી; ખોટે વખતે મેલવું.

Mistranslate, *vt.* (મિસ્ટ્રૅન્ઝલે,'ટ્) To give a wrong translation or interpretation of ભૂલ ભરેલો તરજુમો કરવો; ખોટો અર્થ કરવો.

Mistress, *n.* (મિ'સ્ટ્રિસ્) The female head of a family; the lady of the house. ઘરધણીયાણી. 2. A kept concubine. રખાત; રાખેલી સ્ત્રી. 3. A title of courtesy to married woman. બાઈ સાહેબ; શેઠાણી. 4. A female teacher; lady teacher. અધ્યાપિકા; સ્ત્રીશિક્ષક.

Mistrust, *vt* (મિસ્ટ્ર'સ્ટ્) To suspect; to distrust. અણવિશ્વાસ રાખવો. *n.* Want of confidence; doubt. અવિશ્વાસ; શંકા.

Misty, *a.* (મિ'સ્ટી) Foggy; hazy. ઝાકળવાળું; ઝરમર વરસતું.

Misunderstand, *vt.* (મિસ્અંડરસ્ટૅ'ન્ડ્) To misapprehend; to get a wrong idea of. ખોટું આડું સમજવું; ખોટો, આડો અર્થ લેવો.

Misunderstanding, *n.* (મિસ્અંડરસ્ટૅ'ન્ડિન્ગ્) Misapprehension; mistake in meaning. ગેરસમજુતી; ખોટું-આડું સમજવું તે.

Misusage, *n.* (મિસ્યૂ'ઝિજ્) Bad or ill-treatment; abuse. ખરાબ ચાલ-વર્તણુંક; કુપ્રયોગ; અસત્ પ્રયોગ.

Misuse, *vt* (મિસ્યૂ'ઝ્) To abuse; to maltreat. ખરાબ રીતે વગોવવું. 2. To misapply; to use to a bad purpose. ખોટે રસ્તે, અર્થે વાપરવું.

Mite, *n.* (માઇટ) A very small insect or creature. જીવડું; ઝીણું જીવડું. 2. A small coin. હલકી કિંમતનો એક સિક્કો.

Mitigable, *a.* (મિ'ટિગબલ્) That can be mitigated or alleviated. શાંત-નરમ-ઓછું દુઃખદાયક કરાય એવું.

Mitigate, *vt.* (મિ'ટિગે,ટ) To alleviate; to soften. ઓછું-કમી કરવું; ઓછું દુઃખદાયક કરવું; દુઃખ ઘટાડવું.

Mitigation, *n.* (મિટિગે,'શન્) Relief; alleviation; abatement of anything painful, harsh &c. શાંતિ; ઉપશમન; ઉતાર; સુત્રાણ

Mitre, *n.* (મા'યટર્) A tall cap put on by the Bishops. ધર્મગુરૂની ટોપી. ટોપો.

Mitten, *n.* (મિ'ટન્)આંગળાં વગરનું હાથનું મોજું.

Mittimus, *n* (મિ'ટિમસ્) A warrant of commitment to prison. કેદમાં મોકલવાનું હુકમનામું.

Mix, *vt* (મિક્સ્) To associate; to keep company with. સોબત કરવી. 2. To mingle; to blend. મેળવવું; ભેળવવું; સેળભેળ કરવી; મિશ્રણ કરવું *vt.* To becomed mingled or united in a compound. મિશ્ર થઇ જવું; એકું થઈ જવું.

Mixed, *a.* (મિ'ક્સ્ડ્) Combined. સાથે ભળેલું; મિશ્રિત.

Mixture, *n* (મિ'ક્સ્ચર)Compound; the act of mixing. મેળવણી; મિશ્રણ; ભેગ. 2. A medicine composed of many drugs. ઓસડ; દવા.

Mizzle, *vt.* (મિ'ઝલ) ઝીણું ઝીણું વરસવું; ઝરમર ઝરમર પડવું.

Mnemonics, *n.* (નિમૉ'નિક્સ્) The ... nce of memory-training. સ્મરણશાસ્ત્રવિદ્યા.

Moan, *vt.* (મો,ન્) To bewail audibly. પશ્ચાત્તાપ,વિલાપ કરવો. *vi.* To utter sounds of grief or pain; to groan ધીમે સ્વરે રૂદન ઉંડું, ઓય્, ઓય્ કરવું.

Moan, *n.* (મો,ન્) A low dull sound of pain or grief. વિલાપ; ઉંકારો.

Moat, *n.* (મો,ટ્) A deep trench or ditch full of water around a castle acting as a defence thereof. ખાડી; ખાઈ. *vt.* To dig such a pit. ખાડી-ખાઇ ખોદવી.

Mob, *n.* (મૉબ્) A crowd; a rabble; a throng. હુલ્લડ કરનાર લોકોની ટોળી. 2. The plebians, the lower class of the society. સામાન્ય માણસોનો વર્ગ-ટોળી. *vt.* To crowd; to collect in large numbers with a mischievous intention. હુલ્લડ ક૦. **Mobile**, *a* જલદી ખસેડી શકાય તેવું.

Mobility, *n.* (મોબિ'લિટી) Readiness to move or change. ચપળતા; એક જગ્યાથી બીજી જગ્યા પર જવાની તૈયારી-શક્તિ. 2. The mass. સામાન્ય હલકા માણસોનો વર્ગ.

Moccasin, *n.* (મૉ'કસિન્) A shoe made of deerskin. હરણ, મૃગના ચામડાનો બનાવેલો જોડો, બૂટ.

Mock, *vt.* (મૉક્) Imitation. નકલ;ચાળા 2. An act of ridicule. મજા; મજાક; મશ્કરી. *vt.* To deride; to imitate. ચાળા પાડવા; મશ્કરી કરવી.

Mockery, *n.* (મૉ'કરી) Derisive imitation. ચાળા; મશ્કરી. 2. Butt or object of ridicule. હાસ્યસ્થાન, વિષય; મિથ્યા પ્રપંચ.

Modal, *a.* (મો'ડલ) Pertaining to mode, manner or form. વિધિ-પ્રકાર-વિષયક, સંબંધી.

Mode, *n.* (મો,ડ્) Manners and cutoms. રીતભાત; રીતરિવાજ. 2. Method; manner. રીત; રીતિ; માર્ગ. 3. Condition. હાલત; દશા; અવસ્થા. 4. Fashion or form. રૂપ; આકાર, પ્રકાર.

Model, *n.* (મૉ'ડલ્) A standard. પ્રમાણ;માપ; આદર્શ. 2 Any copy. નમુનો;નકલ;પ્રત.3.A sample or specimen. નમુનો; ફરમો. 4. A mould. બીબું; ભીબું. 5. A pattern. નમુનો; દાખલો. *vt.* To mould; to shape; to plan or form after

some model. ના સરખું ઘડવું, બનાવવું. *vi.* To make a model. નમુનો, નકલ બનાવવી.

Moderate, *n.* (મૉ'ડરેટ્) A liberal-party man. ઇંગ્લંડમાંના મધ્યમ,વિનીત,મવાલ પક્ષમાંનો એક. *a.* Medium; mediocre. મધ્યમ; સાધારણ. 2. Temperate. મધ્યમ, નિયમિત રીતે ચાલનાર. *vt.* To lessen; to allay; to temper; to reduce in intensity (as rage &c.) કાબુમાં રાખવો; કમી, ઓછો કરવો. *vi.* To become less violent, rigorous, intense &c. નરમ, શાંત પડવું; ઓછું થવું.

Moderation, *n.* (મૉડરે,'શન્) The act of moderating; tempering; due restraint; or temperance. વિવેક; મર્યાદશીલતા; નરમાશ; કરકસર; મિતતા. 2. Coolness of judgment; calmness of mind. મનની શાંતતા; ગાંભીર્ય; શાંતતા.

Moderator, *n.* (મૉ'ડરે,ટર) A chairman or president. સભાધ્યક્ષ. 2. That which or one who moderates. નિયમિત, માફકસર રાખનાર.

Modern, *a.* (મૉ'ડર્ન) Belonging to the present time અર્વાચીન. 2. Of recent origin; late; recent હમણાંનું.

Modernize, *vt.* (મૉ'ડર્નાઇઝ્) To bring up-to-date; to render modern. હાલના રીત રીવાજ, આચારવિચારને અનુસરવું,અર્વાચીન, જમાનાનુસાર કરવું

Modest, *a* (મૉ'ડિસ્ટ્) Shy; bashful; unpretending; diffident. શરમાળ; મર્યાદશીલ; નમ્ર; વિનયશીલ; સાદું. 2. Not excessive; moderate. મધ્યમ; સાધારણ.

Modesty, *n.* (મૉ'ડિસ્ટી) Bashfulness; shyness; simplicity. વિનયશીલતા; નમ્રતા; મર્યાદશીલતા; સાદાઇ. 2. Moderation; freedom from excess. મધ્યમતા; સાધારણપણું.

Modification, *n.* (મૉડિફિકે,'શન્) Change, variation or alteration in form, appearance or character; the act of modifying. રૂપાંતર ભેદ; ફેર; વિકૃતિ; સ્વરૂપાંતર.

Modicum, *n.* (મૉ'ડિકમ્) Small quantity. ન્હાનું પ્રમાણ; અંશ, ભાગ.

Modify, *vt.* (મૉ'ડિફાય્) To qualify; to change; to give a new form to. રૂપ ફેરવવું; બદલવું. રૂપાંતર કરવું. 2. To reduce in extent. ઓછું કરવું.

Modish, *a.* (મો,'ડિશ્) Fashionable. ઇશ્કી; ડોળી; તરેહવાર; ફેશનવાળું.

Modishly, *adv.* (મો,'ડિશ્લી) Fashionably. ઇશ્કી રીતે; ડામ ડોળથી; ફેશનથી.

Modulate, *vt.* (મૉ'ડ્યુલે,ટ્) To adjust; to proportion. પ્રમાણસર કરવું; બરાબર કo. બેસતું ગોઠવવું. 2. To inflect [illegible] voice. અવાજ ઉંચો નીચો કરવો. 3. To change the musical key of a piece of music; to transform from one key to another. સુર મેળવવો, ચઢાવવો, બદલવો.

Modulation, *n.* (મૉડ્યુલે,'શન્) Adjustment; inflection or change of voice or the key of music. સુરનું ચઢાવવું ઉતારવું અથવા એક સુરમાંથી બીજા સુરમાં ગાયન ગાવું, વગાડવું તે.

Module, *n.* (મૉ'ડ્યુલ્) A measure; a model. નમુનો, આકાર, ઘાટ.

Mogul, *n.* (મોગ'લ્) Inhabitants of Persia. ઇરાનના લોકો; બાબરના વંશજો.

Mohammedan, *n.* (મોહૅ'મીડન્) A follower of Islam. ઇસ્લામી. મુસલમાની ધર્મ પાળનાર; મુસલમાન. Pertaining to the Islamic people. એ લોકો વીષે, બાબત.-also, **Mahometan, Muhammadan.**

Mohammedanism, *a.* (મોહૅ'મિડનિઝમ્) ઇસ્લામી, મહમ્મદી ધર્મ.

Moiety, *n.* (મૉ'ઇટી) One half. અર્ધો *n.* A portion; a share. હીસ્સો; ભાગ.

Moil. *n.* (મૉઇલ્) Stain; tarnishing; defilement. દૂષણ; કલંક.

Moist, *a.* (મૉઇસ્ટ્) Humid; damp; wet. ભીનું; હવાએલુ *vt.* To moisten; to dampen; to soften by making moist. પલાળીને નરમ, ભેજવાળું કરવું.

Moisten, *vt.* (મૉ'ઇસન્) To dampen; to soften by wetting or dampering. પલાળવું; ભીનું, ભેજાળું કરવું; પલાળીને નરમ કરવું.

Molasses, *n.* (મોલૅ'સીઝ્) Treacle; raw sugar. ગોળ.

Mole, *n.* (મોલ્) A dark spot or mark on the human body. તિળ; તલ; ડાઘો; લાખું. 2. A stain; a spot. ડાઘો. 3. A mound or breakwater formed to protect a harbour. ડક્કો; બંધ. 3. A small animal which burrows underground. છછુંદર. *vt.* To dig and throw up earth in mounds like the mole. ખોદી ઢગલા કરવા.

Molecular *a.* (મૉલે'ક્યુલર) Pertaining or belonging to molecules; consisting of molecules. અણુમય; પરમાણુનું.

Molecule, *n.* (મૉ'લિક્યુલ) An extremely small particle of matter; an atom. પરમાણુ; રજકણ; અણુ. [L. *moles*, a mass.]

Molehill, *n.* (મો,'લહિલ) A hillock of earth formed by the moles. છછુંદરે કીધેલો માટીનો ઢગલો. **To make a mountain of a molehill,** રજનું ગજ કo; તરણાંનો મેરૂ કo.

Molest, *vt* (મૉલે'સ્ટ્) To trouble; to annoy; to disturb. પજવવું; હેરાન કરવું; તસ્દી આપવી; ત્રાસ આપવો.

Molestation, *n*. (મૉલેસ્ટે'શન્) Trouble; annoyance; disturbance. તસ્દી; ઉપદ્રવ; ઈજા; નડતર; દુઃખ; પીડા.

Mollient, *a*. (મૉ'લિઅન્ટ્) Alleviating; assuaging. શાંત કરવું.

Mollifiable, *a*. (મૉ'લિફાયબલ્) Assuagable; alleviable. શાંત થવા લાયક; નરમ થાય એવું.

Mollify, *vt*. (મૉ'લીફાય્) To alleviate; to assuage; to pacify; to soften. સમાવવું; શાંત કરવું; નરમ કરવું.

Mollusk, *n*. (મૉ'લસ્ક્) An animal whose body is soft. નરમ માંસવાળા પ્રાણીઓમાંનું એક પ્રાણી.

Molluscous, *a* (મૉલ'સ્કસ્) નરમ માંસવાળા પ્રાણીનું.

Molten, *a*. (મો'લ્ટન્) Melted. ગાળેલું. 2. Prepared by melting. ગાળીને, ઓગાળી તૈયાર કરેલું-બનાવેલું.

Moment, *n*. (મો,'મન્ટ્) A very small period of time. ક્ષણ; પલક; લેહલો. **Auspicious moment**, શુભ મુહૂર્ત. 2. Impulsive power; momentum. જોર; શક્તિ,બળ. 3.Consequence; importance; weight; gravity. અગત્ય; મહત્વ; પ્રાધાન્ય.

Momentarily, *adv*. (મો,'મન્ટરિલી) For a moment; every moment. ઘડીઘડીએ; ક્ષણેક્ષણે; પલક; થોડી વાર; તત્ક્ષણ.

Momentary, *a*. (મો,'મન્ટરી) Done in or continuing only for a moment; fleeting; temporary. ક્ષણભંગુર; ક્ષણિક; થોડીવાર ટકે એવું; ક્ષણસ્થાયી; તત્ક્ષણ. [L. *moveo*.]

Momentous, *a*. (મોમે'ન્ટસ્) Of great consequence; weighty; important. જરૂરનું; અગત્યનું.

Momentum, *n*. (મોમે'ન્ટમ્) Impetus; force possessed by a body in motion. ચાલવાનું જોર; ગતિવેગ. 2. સારભૂત અંશ.

Monachism, *n*. (મૉ'નકિઝમ્) Monkery; monkish life or system. વાનપ્રસ્થાશ્રમ; વનવાસ; સંન્યાસ; સંસારત્યાગ; મઠજીવન, રીતિ.

Monad, *n*. (મૉનડ્) A unit. પરમાણું; માપ.

Monarch, *n*. (મૉ'નર્ક) A king; a sovereign. રાજા; શહેનશાહ.

Monarchical, *a*. (મૉ'નર્કિકલ્) Relating to monarchy. રાજાનું; રાજસત્તાવાળું, સંબંધી.

Monarchist, *n*. (મૉ'નર્કિસ્ટ) An advocate of monarchy. રાજાની જરૂર છે એમ માનનાર; રાજસત્તાવાદી.

Monarchy, *n*.(મૉ'નર્કી) Kingship; sovereignity. સ્વતંત્ર રાજાની સત્તા; રાજપદ; રાજશાસનપદ્ધતિ.

Monastery, *n*. (મૉ'નૅસ્ટરી) A nunnery; a convent. આશ્રમ; મઠ.

Monastical, *a*. (મૉનૅ'સ્ટિકલ્) Belonging or pertaining to a monastery. મઠ-આશ્રમ સંબંધી.

Monasticism, *n*. (મૉનૅ'સ્ટિસિઝમ્) The life of a monk. મઠવાસ; સંસારત્યાગ; સન્યાસ; વાનપ્રસ્થાશ્રમ.

Monday, *n* (મ'ન્ડિ) The day after Sunday. સોમવાર; ચંદ્રવાર.

Monetary, *a*. (મ'નીટરી) Pecuniary; relating to money પૈસા સંબંધી; નાણાંવિષયક.

Money, *n*. (મ'ની) A coin; a current piece of metal stamped and turned out by the mint. નાણું; પૈસા. 2. Wealth; riches. ધન; સંપત્તિ. **Hard money–ready money** =Cash. રોકડ નાણું. **Money makes the mare go**=દામ કરે કામ ઓર બીબી કરે સલામ.

Money-box, *n*. (મ'નીબૉક્સ્) A box in which money is saved or kept. પૈસા રાખવાની પેટી.

Moneychanger, *n*. (મ'નીચે,ન્જર્) An exchanger of money, bills, &c.નાણાવટી;સરાફ.

Moneyed, *a*. (મ'નીડ્) Possessing wealth; rich; well-to-do. સધન; પૈસાદાર; પૈસેટકે સુખી.

Moneylender, *n*. (મ'નીલેન્ડર્) An usurer; a man who lends money on credit at interest. વ્યાજવટ્ટાંનો ધંધો કરનાર; નાણાં ધીરનાર.

Money-market, *n*. (મ'નીમાર્કિટ) Operations of dealers in stocks and bills. બજાર ભાવ; શેરનો ભાવ.

Money-matter, *n*. (મ'નીમૅટર્) પૈસાની બાબત; સાહુકાર અને આસામી વચ્ચેનો લેવડદેવડનો સંબંધ.

Money-order, *n*. (મ'નીઑર્ડર્) Sending of money. પૈસા મોકલવા તે; ને પૈસા મોકલવા.

Money-spinner, *n*. (મ'નીસ્પિનર્) A kind of small spider. કરોળીઆની એક જાત.

Moneyless, *a*. (મ'નીલિસ્) Destitute; poor; penniless. નિર્ધન; અકિંચન.

Monger, *n*. (મ'ન્ગર્) A trader; a merchant; a dealer. વેચનાર; વેપારી. *vt*. To trade or deal in. વેપાર કરવો.

Monition, *n*. (મૉનિ'શન્) A caution; a warning; indication; intimation. સૂચના; બોધ; તાકીદ; ઉપદેશ; આગાહી; પ્રબોધ.

Monitive, *a*. (મૉ'નિટિવ્) Intimatory; admonitory. ઉપદેશક; સૂચક; પ્રતિબોધક.

Monism, (મૉ'નિસમ્) અદ્વૈતવાદ. **Monist.** અદ્વૈતવાદી. °**tic.** તે વાદને લગતું.

Monitor, *n.* (મૉ'નિટર્) A senior pupil in a school appointed to instruct and look after the junior one. વર્ગરક્ષક; વડો નિશાળીઓ; મૉનીટર. Fem. **Monitress,** બાળાઓમાં વડી છોકરી; ઉપદેશક સ્ત્રી.

Monitorial, *a.* (મૉનિટો'રિઅલ્) Pertaining or belonging to the monitor. વર્ગરક્ષક સંબંધી; વર્ગરક્ષકનું.

Monitory, *a.* (મૉ'નિટરી) Monitive; admonitory. ઉપદેશક; સૂચક.

Monk, *n.* (મન્ક્) One of a community of males inhabiting a monastery and bound by vows to celibacy and religious exercises. મઠનિવાસી; આશ્રમવાસી; સાધુ. *a.* **Monkish.** મઠવાસીનું.

Monkery, *n.* (મ'ન્કરી) The collective body or life of monks. સંન્યાસીઓ, સંસારત્યાગીઓની ટોળી; સંસારત્યાગ; મઠવાસ.

Monkey, *n.* (મ'ન્કી) A long-tailed quadrumanous animal. માકડું; વાનર; મર્કટ; વાંદરું; કપિ. **Monkey-bread** = એક જાતનું ફલ.

Monody, *n* (મૉ'નડી) An ode or poem of lamentation.દુઃખદર્શક,શોકયુક્ત કવિતા;વિલાપકાવ્ય.

Monogamy, *n.* (મૉનૉ'ગમી) Marrying only one person at a time. એક પત્નીવ્રત; એકજ સ્ત્રી કે પુરૂષ સાથે પરણવું એવો ચાલ. [L. *monos,* one & *gamos,* marriage].

Monogamist *n.* (મૉનૉ'ગમિસ્ટ્) એકજ વખત પરણનાર; પતિવ્રત, પત્નીવ્રત રાખનાર.

Monogram, *n.* (મૉ'નોગ્રૅમ્) A character or cipher composed of one, two or more initial letters usually the initials of a name. એક અથવા વધારે અક્ષરનું ટુંકું નામ; એકાક્ષરી; આદ્યાક્ષરી મુદ્રા.

Monograph, *n.* (મૉ'નોગ્રૅફ્) An elaborate description of a single thing. એકજ વસ્તુ ઉપર લખાયેલો નિબંધ; વૃત્તાંત.

Monolith, *n.* (મૉ'નોલિથ્) A pillar or column consisting of a single stone. એકજ પથ્થરનો બનાવેલો થાંભલો-સ્તંભ.

Monologue, *n.* (મૉ'નોલૉગ્) A speech uttered by one person alone; a soliloquy. આત્મગત ભાષણ; એકપાત્રપાઠ.

Monomania, *n.* (મૉનોમે'નીઆ) Insanity in regard to a single subject or a class of subjects; a craze. એકવિષયોન્માદ; એકજ બાબતમાં ઘેલાપણું. [L. *monos,* one and *mania,* madness].

Monomanaic, *n.* (મૉનોમે'નિઍક્) A person affected by monomania. એકજ બાબતમાં ગાંડો માણસ. *a.* Affected with monomania. એકજ બાબતમાં ગાડું, ઘેલું.

Monopolist, *n.* (મનૉ'પોલિસ્ટ્) One who enjoys a monopoly. ઇજારદાર; એકજ જાતનો બધો માલ પોતાની પાસે રાખનાર.

Monopolize, *vt.* (મનૉ'પલાઇઝ્) To obtain a monopoly of. અમુક વસ્તુ વેચવાનો ઇજારો રાખવો. 2. To asume exclusive possession of. અમુક એક જાતની વસ્તુઓનો પૂર્ણ કબજો લેવો. 3. To engross (as a conversation). (પોતાના ભાષણમાં) ગરક, લીન, તલ્લીન કરવું.

Monopoly, *n.* (મૉનૉ'પલી) An exclusive trading privilege; the sole right of manufacturing or selling anything or having the fullest possible command over the sale of it. ઇજારો. 2. That which is to monopolised. એવી જાતનો ઇજારો રખાયલી ચીજ, વસ્તુ. (L. *monos.* one and *polio,* I sell].

Monosyllabic, *a.* (મૉનોસીલૅ'બિક્) Having only one syllable. એકાક્ષરી;એક અક્ષરનું;એકપદી.

Monosyllable, *n.* (મૉનોસી'લબલ્) A word of one syllable only. એકાક્ષરી શબ્દ.

Monotheism, *n* (મૉ'નોથીઇસમ્) The belief or doctrine of the existence of one God only. એકેશ્વરવાદ.

Monotheist, *n.* (મૉ'નોથિઈસ્ટ્) Believer in a single God only. એકઈશ્વરમતવાળો; એક દેવ છે એમ માનનાર. [Gr. *monos,* one and *theos,* God].

Monotonous, *a.* (મનૉ'ટનસ્) Continued in dull uniformity. એક સરખા સુરનું. 2. Unvaried, wanting variety. એક સરખું; એકરૂપ; નહિં બદલાય એવું.

Monotony, *n.* (મનૉ'ટની) A dull or irksome sameness or uniformity in sound or scene &c.; complete want of variety. કંટાળાભરેલું; એકસરખાપણું, એકરૂપ.

Monsieur, *n.* (મોસ્યુ' મસ્યં'ર્) A French title of civility. શેઠ; સાહેબ; ધણી; મેહરબાન; મિસ્તર.

Monsoon, *n.* (મનસૂ'ન્) A tradewind of the Indian and Arabian seas bringing moisture with it; the rainy season. ચોમાસું; વર્ષાઋતુ.

Monster, *n.* (મૉ'ન્સ્ટર્) An animal or plant of abnormal dimension. રાક્ષસી આકારનું પ્રાણી અથવા ઝાડ. 2. A horribly or unnaturally wicked person. રાક્ષસ; દૈત્ય; અતિક્રૂર માણસ.

Monstrous, *a.* (મૉ'ન્સ્ટ્રસ્) Having the qualities of a monster. રાક્ષસી ગુણવાળું; અપૂર્વ. 2. Wonderfully extraordinary. વિકાળ; દારૂણ. 3. Marvellous; strange. અદ્ભુત; અજાયબી ભરેલું; ભયંકર. [L. *moneo*, I warn.]

Monstrosity, *n.* (મૉન્સ્ટ્રૉ'સિટી) Mis-shapenness. રાક્ષસીપણું, વિકાળપણું.

Month, *n.* (મન્થ) One twelfth part of a year; a space of time varying from 28 to 31 days. એક માસ; મહિનો. **Lunar month**=ચાંદ્રમાસ; લગભગ ૨૯½ દિવસ. **Solar month**=સૌર માસ.

Monthly, *n.* (મ'ન્થ્લી) A publication which appears regularly once a month. માસિક; મહિને મહિને નિકળતું ચોપાનીઉં. *a.* Performed, done or happening once every month. માસિક; પ્રતિમાસિક; મહિનાનું. *adv.* Once a month; in every month. દરમાસે; માસિક.

Monument, *n.* (મૉ'ન્યુમન્ટ) An edifice built to preserve the memory of some person or event. સ્મરણસ્તંભ; કીર્તિસ્તંભ. 2. A memorial. યાદગીરી. [L. *moneo*, I warn].

Monumental *a.*(મૉન્યુમે'ન્ટલ્)Commemorating. યાદગીરી દાખલ; સ્મરણાર્થક. 2. Of or pertaining to a monument. સ્મારક; સ્મરણ કરાવનારૂં; સ્મરણસ્તંભ સંબંધી.

Mood, *n.* (મૂડ) A certain form of verbs expressive of contingency, possibility and the like. અર્થ; વાચ્ય વિધિ. 2. Humour; disposition; temper of the mind. મિજાજ; પ્રકૃતિ; મનની સ્થિતિ.

Moodiness, *n.* (મૂ'ડિનિસ્) Sullenness; ill humour. ખેદ; ગુસ્સો; મનની અસ્વસ્થ સ્થિતિ.

Moollah, *n.* (મુ'લ્લાહ્) મુલ્લાં સાહેબ; મીયાંભાઇ.

Moody, *a.*(મૂ'ડી)Ill-humoured.ચીડાક-ચીડખોર.

Moon, *n.* (મૂન્) The celestial orb that revolves round different planets. ચંદ્ર;ચંદ્રમા. **Full moon**=પૂર્ણિમા;પુનેમનો ચાંદો.**Disc of the moon**=ચંદ્રની કોર-નું બિંબ. **Moonlight** = ચાંદની. **Moon blindness** = રતાંધળાપણું. [L. *mensis*, month]. **M. calf** = મૂર્ખ; અક્કલ વગરનો, રહિત. **M. shine**=ચાંદની. **It is all M. shine** =ઢમઢોલ માંહે પોલ. **M. plant**=સોમવલ્લી. **M. stone**=ચંદ્રકાન્ત;ચંદ્રમણિ. **M. struck** =ગાંડું; ઘેલું; અક્કલ બહેર મારી ગઈ હોય એવું;ચસ્કેલ.

Moor, *n.* (મૂર્) A heath. ભીનાશ અને ઘાસવાળી જમીન. 2. A negro. હબસી. *vi.* To cast anchor. નાંગરવું; લાંગર નાંખવું.

Moorage, *n.* (મૂ'રેજ્) Anchorage; anchor-ground. વહાણ નાંગરવાની જગ્યા.

Moorish, Moory, *a.* (મૂ'રિશ્-મૂરી) Of or pertaining to the moor. હબસી લોકો વિષે. 2. Having the character of a moor. ઘાસવાળી જગ્યાને લગતું, ના જેવું.

Moorland, *n.* (મૂ'રલૅન્ડ્) A waste or barren district, a moor. ભીનાશ-ગારાવાળી પડતર જમીન.

Moot, *n.* (મૂટ્) A discussion; a debate. વાદવિવાદ; તકરાર. 2. A meeting for discussion and deliberation. વાદસભા; ન્યાયકચેરી. *a.* Debatable; discussable. તકરારી; વાદગ્રસ્ત. *vt.* To argue for and against; to debate; to discuss. ની ઉપર વાદવિવાદ; ચર્ચા કરવી.

Mootcase, *n.* (મૂ'ટકેસ્) A debatable or disputable point. તકરારી મુકરદમો; વિવાદગ્રસ્ત વિષય. Also, **M. point**.

Mope, *n.* (મોપ્) A dullard; a lowspirited person. ઉદાસ, ખોચો માણસ *vt.* & *vi.* To be spiritless and gloomy. ઉદાસ ખિન્ન હોવું; મનમાં ને મનમાં મુંઝાવવું.

Mopish, *a.* (મો'પિશ્) Sad; dull; spiritless. ખિન્ન; ઉદાસ; શોકાતુર.

Mopet, *n.* (મો'પેટ્) A rag baby. ઢીંગલી.

Mope-eyed, *a.*(મો'પ્-આઇડ્) Short sighted; blind. ઉંધી પુતળીનો; કાણી આંખવાળો.

Moral, *n.* (મૉ'રલ્) The practical lesson inculcated by any story or experience. તાત્પર્ય; સાર; શિખામણ; ભાવાર્થ. *pl.* General conduct & behaviour; principles and mode of life. ચાલચલગત; વર્તણુક; નીતિરીતિ. *a.* Right in conduct; virtuous. નેક; ધાર્મિક; સદાચારી. 2. Ethical; relating to right and wrong. ખરાખોટા કર્મ વિષે; નીતિશાસ્ત્ર સંબંધી-પ્રમાણે. **Moral courage**, મનોબળ. **M. philosophy**; નીતિશાસ્ત્ર. *vi.* To moralize. સાર કાઢવો-તાત્પર્ય કાઢવું નીતિશાસ્ત્ર ચર્ચવું. [L.*moralis*, manner.]

Moralist, *n.* (મૉ'રલિસ્ટ્) One who teaches morals. નીતિશિક્ષક; સદાચારી; નીતિનો ઉપદેશ કરનાર.

Morality, *n.* (મૉરૅ'લિટી) The quality of an action in regard to right and wrong. નીતિ; ગુણ; નીતિરૂપી ગુણ. 2. Ethics. નીતિશાસ્ત્ર. 3. Moral character or quality. આચારવિચાર. 4. Virtue. સદાચાર; સદ્ગુણ.

Moralize, *vt.* (મૉ'રલાઇઝ્) To give a moral quality to. નીતિથી વિચારવું, ચર્ચવું. 2. To apply to a moral purpose. નીતિના કામે

ઘડાવવું. *vi.* To draw a moral or a lesson from some story or experience. કોઇપણ વાત અથવા ઘટનાનો સાર-તાત્પર્ય કાઢવું.

Morally, *adv.* (મૉ'રલી) According to the accepted code of virtue. નીતિશાસ્ત્ર પ્રમાણે; નીતિની રીતે.

Morass, *n.* (મોરૅ'સ) A swamp; a fen; a marsh. પોચી અને ભીની પડતર જમીન.

Morbid, *a.* (મૉ'ર્બિડ્) Unhealthy; sickly; diseased. વિકારી; રોગી. [L. *morbus*, a disease.]

Morbidness, *n.* (મૉ'ર્બિડનિસ્) Morbidity; diseased or sickly state (of mind specially). અસ્વસ્થતા;વિકારી-રોગીપણું;માયકાંગલા, ટાયલાપણું.

Morbose, *a.* (મૉ'ર્બો,સ્)Unhealthy;morbid; diseased; sickly; sullen; gloomy. વિકારી; ખેદી; ઉદાસ; રોગયુક્ત.

Mordacity, *n.* (મૉર્ડૅ'સિટી) The quality of being biting; pungency. આકરાશ; સખ્તાઇ; કરડાપણું.

More, *a.* (મૉ,ર) A larger amount, quantity or number of. વધારે. **More and more.** અધિકાધિક. **To be no more**. To be dead. મરી જવું; નાશ પામવું.

Moreover, *adv.* (મૉરઓ,'વર્) Besides this; further. વળી; વધારામાં.

Morganatic-marriage, *n.* (મૉર્ગૅનૅ'ટિક્-મૅ'રિજ્) કોઈ પણ રાજા કે રાણીનું પોતાનાથી હલકી જાત સાથે કરેલું લગ્ન; પ્રતિલોમ લગ્ન. [L. *morganatica*, a gift from a wife.]

Morgue, *n.* (મૉર્ગ્) A place where dead bodies of persons are exposed to public view for identification (in France). હાથે લાગેલા મડદાં ખુલ્લાં રાખવાની જગ્યા.

Moribund, *a.* (મૉ'રિબન્ડ્) In a dying state; at the last extremity. મરણ પથારીએ; મરવા પડેલું. [L *minor*, I die.]

Morn, Morning, *n.* (મૉર્ન-મૉ'ર્નિંગ્) The first or early part of the day from dawn till forenoon. સવાર-સકાળ; પ્રાતઃકાળ; પ્રભાત. *a.* Pertaining to the morning; taken in the morning (as meals). સવારનું; સવારના પોરમાં લેવામાં આવતું (ખાણું). **Morning ceremonies or ablutions**, શૌચ-મુખમાર્જનાદિ વિધિ. **M. prayer**, પ્રભાત પ્રાર્થના. [A. S. *morgen*, morning.]

Morning-star, *n.* (મૉ'ર્નિંગ્ સ્ટાર્) The planet Venus when it rises before the sun. સવારનો તારો; શુક્રનો તારો.

Morocco, *n.* (મરૉ'કો) બકરાનું સાફ કરેલું ચામડું.

Morose, *a.* (મૅરો,'સ્) Gloomy; sullen. ઉદાસીન; ચીડાએલ.

Morpheus, *n.* (મૉ'ર્ફસ્) God of dreams. સ્વપ્નદેવ **In the arms of M**=નિદ્રાધીન; ઉંઘેલું.

Morphia, *n.* (મૉ'ર્ફીઅ) The narcotic principle of opium. અફીણનો સત્વાંશ,અર્ક. [L *morpheus*, God of Dreams].

Morrow, *n.* (મૉ'રો) The next day. બીજો દિવસ. 2. Morning. પ્રાતઃકાળ; સવાર.

Morsel, *n.* (મૉ'ર્સલ્) A mouthful; a bite. કોળીઓ; ગ્રાસ; બટકું (રોટલો).

Mortal, *a.* (મૉ'ર્ટલ્) Vital. મર્મભેદી. 2. Destroying life. પ્રાણઘાતક નાશકારક. 3. Destined or subject to death. મરણાધીન. 4. Belonging to man who is mortal; human. મરણાધીન માણસ વિષે. *n.* A being subject to death.મરણાધીન માણસ-પ્રાણી;મર્ત્ય.

Mortality, *n.* (મૉર્ટૅ'લિટી) The state of being mortal. મરણાધીનતા 2. Humanity. માણસપ્રકૃતિ, જાત. 3. Death. મરણ; મોત. 4. Human life. માણસની જીંદગી

Mortally, *adv.* (મૉ'ર્ટલી) In a mortal manner. પ્રાણઘાતક રીતે.

Mortar *n.* (મૉ'ર્ટર્) A vessel in which substances are pounded with a pestle ખલ; ખાંડણી. **Pestle mortar**=ખલબત્તો;ખાંડણી-દસ્તો. 2. A building material composed of lime, sand &c. છો; રેતી વગેરે ભેળવીને બનાવેલો ગાળો; કેલ; કોલ; આરો.

Mortgage, *n.* (મૉ'ર્ગિજ્) An assignment or conveyance of land or property as a security for the payment of a debt. ગીરો મુકવું તે. 2. The state of being mortgaged. ગીરો. *vt.* To pledge; to make liable to the payment of any debt. ગીરો, ઘરેણે મુકવું.

Mortgage-deed, *n.* (મૉ'ર્ગિજ ડીડ્) A written agreement by which a thing is pledged. ગીરો ખત.

Mortgagee, *n.* (મૉરગજી') The person to whom an estate is mortgaged. ગીરો રાખનાર; ગીરો લેનાર માણસ.

Mortgagor, *n.* (મૉ'ર્ગજૉર્) A pledger; the person who pledges. ગીરો આપનાર શખસ.

Mortification, *n.* (મૉર્ટિફિકે,'શન્) The subduing of passions and appetites by abstinence, penance &c. ઇન્દ્રિય દમન; નિગ્રહ; સંયમ. 2. Humiliation; vexation; chagrin. માનખંડન; રીસ.[L. *mors*, death and *facio*, I make].

Mortify, *vt.* (મૉ'ટિફાય્) To subdue or bring into subjection by penance &c.ઇંદ્રિય દમન કરવું; મન મારવું;મનોજય કરવો. 2. To cause to become gangrenous. પાકવવું; પાકું, આકું કo. 3. To humiliate or chagrin. માનભંગ કરવો; માનખંડન કરવું: ગર્વખંડન કરવું; રીસ ચઢાવવી. *vt.* To become gangrenous પરૂવાળું થવું; પાકી આવવું; મરેલું પાકું થવું.

Mortifying, *a.* (મૉ'ટિફાઇંગ્) Vexatious; humiliating. ઉતારી પાડતું; માનભંગ કરતું; માન-ભંજક; સંતાપક

Mortise-ce, *n.* (મૉ'ર્ટિસ્) A hole cast in one piece of material to receive the corresponding projecting part of the other. સાલનો વેહ,ખાંચ *vt.* To make mortise in; to join by mortise. સાલ બેસાડવો; સાલ બેસાડવાનો વેહ પાડવો.

Mortmain, *n.* (મૉ'ટ્મન્) છેડવી, વેંચી ન શકાય એવી રીતે, તેવી રીતનો કબજો; માલીકી.

Mortuary, *n.* (મૉ'ટ્યુંઅરી) A dead house. મુડદાં રાખવાની જગ્યા. *a.* Pertaining to a deadhouse. મુડદા રાખવાની જગ્યા વિષે.

Mortuary-returns, *n.* (મૉ'ટ્યુંઅરી રીટર્ન્સ્) A catalogue of the dead persons; mortality-returns. મરણ નોંધ; મરણ પત્રક.

Mosaic, *n.* (મઝે'ઇક્) પથ્થર કે કાચની રંગ બેરંગી તકતી જડીને બનાવેલું ચિત્ર, નમુનો, શણગાર પદ્ધતિ; ચિત્ર વિચિત્ર કામ, પટ.

Mosiem, *n.* (મૉ'સ્લિમ્) A mahommedan. મુસલમાન.

Mosque, *n.* (મૉસ્ક્)A mahommedan place of worship. મસજીદ.

Mosquito, *n.* (મસ્કી'ટો) Gnat. મચ્છર્; ડાંસ. [L. *musca*, a fly].

Moss, *n.* (મૉસ્) A bog. લીલ; શેવાળ 2. A place full of peat or moss.શેવાળવાળી જગ્યા. *vt.* To cover or overgrow with moss.શેવાળ, લીલ ચઢાવવો.

Mossy, *a.* (મૉ'સી) Overgrown or covered with moss; abounding in moss. લીલ, શેવાળથી ઢંકાયેલું; લીલવાળું

Most, *n.* (મો,સ્ટ) The largest number. વધારેમાં વધારે સંખ્યા. *a.* Nearly the whole, all. વધુમાં વધુ; ઘણાખરા. *adv.* In the highest degree. ઘણામાં ઘણું.

Mostly, *adv.* (મો,'સ્ટ્લી) Chiefly. ઘણું કરીને.

Mote, *n.* (મો,ટ્) A place of debate; a debating club or meeting. વાદવિવાદ કરનાર સભા. 2. A small particle; an atom. રજકણ; અણુ.

Moth, *n.* (મૉથ્) A kind of nocturnal insect. પતંગીઉં.

Mother, *n.* (મ'ધર્) A female parent. મા; બા; જનની. 2. An origin; a source; that which has produced anything. મૂળ; ઉત્પત્તિ સ્થાન. **Foster or half mother**=ઉપ-માતા; સાવકી, દુધમાતા. 3. An old woman or a matron. બા; ડોસીમા.

Mother-in-law, *n.* (મ'ધર-ઇન-લૉ) The mother of one's husband or wife (as the case may be). સાસુ.

Motherless, *a.* (મ'ધરલિસ્) Having lost its mother. મા વગરનું.

Motherly, *a.*(મ'ધર્લી) Tender; affectionate; maternal. માતા સરખું; માતા સમાન.

Mother-o'-pearl, *n.* (મ'ધર ઑવ્ પ'ર્લ્)The hard silvery brilliant internal layer of the shells from which pearls are extracted. છીપ.

Mother-tongue, *n.* (મ'ધરટન્ગ) માતૃભાષા.

Mother-wit, *n.*(મ'ધરવિટ્)સામાન્ય,સહજ સમજ.

Motion, *n.* (મો,'શન્) Change in the relative position of the parts of anything. સ્થિતિમાં ફેરફાર; ગતિ. 2. A feeling or movement of mind. મનોવિકાર. 3. A proposal made. દરખાસ્ત. 4. Gait or carriage. ચાલવાની રીત. 5. A process or act of changing place. ગમન; હાલચાલ; ચલનવલન; વ્યાપાર. 6. The power of motion or moving. ચલનશક્તિ. 7. Course. ગતિ; ચાલ. 8. A stool. દસ્ત; ઝાડો. 9. The effect of impulse. વિચાર; બુદ્ધિ; ભાવ. *vt.* To propose. દરખાસ્ત કo. 2. To make a sign. ઈસારત કરવી. **Motionless**=At rest; without motion. નિશ્ચેતન;ગતિહીન;સ્થિર; સ્તબ્ધ. [L. *moveo*, I move].

Motive, *n.* (મો,'ટિવ્) Reason; cause; subject; theme. કારણ; વિષય; નિમિત્ત. 2. Intention; that which invites action. હેતુ; મતલબ; ઉદ્દેશ; ભાવના. *a.* Causing or giving motion to something. ચાલક; ચલનશક્તિ આપનાર.

Motley, *a.* (મૉ'ટ્લી)Of variegated colours. પંચરંગી. 2. Heterogenous; varied; diversified. જુદી જુદી જાતનું. *n.* A dress or any other thing of various colours. ચિત્રવિચિત્ર રંગનો પોષાક અથવા બીજી કોઇ વસ્તુ.

Motor, *n.* (મો,'ટર્) A moving power; a prime mover. ચલાવનાર; ચાલકશક્તિ આપનાર. 2. A machine that drives cars, dynamos &c. મોટર; એન્જીન. 3. A motor car; an automobile. મોટર ગાડી.

Motto, *n.* (મૉ'ટો) A short sentence, phrase or a single word adopted as the guiding idea or principle of one's actions. બોધવચન; જીવનનું ધ્યેય; વચનામૃત; મુદ્રાલેખ.

Mould, *n.* (મો,લ્ડ્) The matrix in which anything is cast. બીબું; ચોકું; સાંચો. 2. Soil, earth. માટી; મટોડી. 3. Shape; form; figure. ડોળ; ઘાટ; આકાર. *vt.* To knead. મસળવું. 2. To shape, form or fashion. ઘડવું. *vi.* To get mouldy. ફુગ, ફુંગ ચઢવી; ખરખર થવું.

Moulder, *vt.* (મો,'લ્ડર્) Decay; crumble away. ખરવું જવું; જરજર થવું જવું

Moult, *v.* (મો,લ્ટ્) Shed feathers. પીછાં ખેરવવાં, ખરી પડવાં.

Mound, *n.* (માઉન્ડ્) A hillock. ટેકરી; ડુંગરી; ટીંબો. 2. A bulwark; a raised bank. પુસ્તો; બંધ. *vt.* To fortify or erect a mound. બંધ કરી લેવો.

Mount, *n* (માઉન્ટ્) A mountain; a hill. ડુંગર; ટેકરી. 2. Anything on which one can ride; a horse. સવારી; ઘોડો અથવા બીજું કોઈ પણ પ્રાણી (ઉંટ, ખચ્ચર વગેરે.) *vt.* To furnish with means of riding as a horse. ઘોડા વગેરે પુરા પાડવા. 2. To lift on high; to raise aloft. ઉંચું કરવું. 3. To bestride. ચઢવું; પલાણવું. 4. To ascend; to get upon. ઉપર ચઢવું; ઉંચે જવું. [L. *montis*, a mountain.]

Mountain, *n.* (મા'ઉન્ટિન્) A high hill. પર્વત; ઉંચો ડુંગર. Anything large. ઘણી મોટી વસ્તુ. *a.* Pertaining to, found on or growing on mountains. પર્વત ઉપર થતું; પર્વત ઉપરનું.

Mountaineer, *n.* (માઉન્ટિની'ર્)A resident of the hills. પર્વત પ્રદેશ નિવાસી; પહાડી માણસ.

Mounte-bank, *n.* (મા ઉન્ટિ બૅન્ક) A quack; a charlaton. ઉંટવૈદ; ઢોંગી વૈદ; પાખંડી વૈદ.

Mounted, *a.* (મા'ઉન્ટિડ્) Riding. સવાર; અશ્વારૂઢ.

Mounting, *n.* (મા'ઉન્ટિન્ગ્) The act of ascending or riding upon horseback. આરોહણ; ચઢવું તે

Mourn, *vt* (મો,'ર્ન્) To grieve for the loss of; to lament, to bewail. શોક, વિલાપ કરવો; હાયહાય કરવું. 2. To wear mourning. શોક પાળવો: શોકદર્શક કપડાં પ્હેરવાં. *vi.* To be sorrowful; to utter in a mournful voice. શોકાતુર થવું; શોકાતુર અવાજે ઉચ્ચારવું.

Mournful, *a.* (મો,'ર્નફુલ્) Sorrowful; lamentable. શોકજનક; ખેદયુક્ત; દિલગીરી ઉપજાવનાર; શોકયુક્ત

Mourning, *n.* (મો,'ર્નિંગ્) Grief; bewailing; lamentation. શોક; વિલાપ; દુઃખ; ઉદ્વેગ. 2. Garb of sorrow. શોકસૂચક પ્હેરવેષ. *a.* Grieving or expressing sorrow. શોક પ્રદર્શિત કરતું.

Mouse, *n.* (માઉસ્) A small rat. ઉંદર; મૂષક. 2. A match used in firing guns. બંદુક, તોપની જામગીરી

Mouser, *n.* (મા'ઉઝર્) A mice destroying cat. ઉંદરખાનાર બીલાડી અથવા બીજું એવુંજ પ્રાણી.

Mousetrap, *n.* (મા'ઉસટ્રૅપ્) A trap for catching mice. ઉંદર પકડવાનું પાંજરૂં.

Moustache, *n.* (મસ્ટૅ'શ્) મુંછ; એક પડખાની મુંછ.

Mouth, *n.* (માઉથ) Orifice. નાકું. 2. Opening or entrance of a well, a river &c. નદીનું, કુવાનું વગેરેનું મુખ. 3. The opening in the animal head through which it takes food &c. મોઢું; મુખ. 4. A leader; a chief. મુખ્ય માણસ; સરદાર. **To make, mouths at**, To mock. ચાળા પાડવા. **Down in the month**, Dejected; depressed. ઉદાસ; દુઃખી. **Mouth-friend**, નામનોજ–મોઢાનોજ મિત્ર. **To be in every one's mouth**, To form a public topic. સર્વને મુખે હોવું; ની ચર્ચા બધે ચાલવી. **To spot the mouth**, To shame. શરમાવવું. *vt.* To chew. ચાવવું. 2. To mock. ચાળા પાડવા.

Mouthful, *n.* (મા'ઉથફુલ્) A quantity enough to fill the mouth; a morsel. કોળીઓ; ગ્રાસ.

Mouthpiece, *n.* (મા'ઉથપીસ્)The part of a wind instrument which is applied to the mouth for playing upon it. વગાડવાના વાજાનો મોઢે લગાડવાનો ભાગ; પીપી; મ્હોરૂં. 2. One who delivers the opinions of others; a spokesman. બીજાની વતી બોલનાર માણસ.

Movable, *a.* (મૂ'વબલ્) Such as can be moved. હલાવી શકાય એવું; જંગમ. **Movable property**, જંગમ મિલ્કત.

Movables, *n.* (મૂ'વબલ્ઝ્) Goods, ware, commodities, furniture &c. which form the part of a man's movable property. જંગમ મિલ્કત.

Move, *n.* (મૂવ્) A step. પ્રારંભ; પગલું; ચાલ. 2. The act of moving. ખસેડવું તે; હિલચાલ. **To make a move**, To take a step. પગલું ભરવું. **To move a piece**, દાવ ખેલવો: ચાલ ચાલવી. *vt.* To touch pathetically. દયા ઉત્પન્ન ક૦. 2. To propose દરખાસ્ત રજુ ક૦. 3. To persuade. મનાવવું. 4. To cause to

change place in any manner. હલાવવું; ખસેડવું. 5. To excite. ઉશ્કેરવું; જાગૃત ક૰. *vi.* To walk. ચાલવું. 2. To change place, residence, posture &c. જગ્યા-મકાન વગેરે બદલવું. [L. *moveo*, I move.]

Moveless, *a.* (મૂ'વલિસ્) Motionless; fixed. સ્થિર; નિશ્ચિત; સ્તબ્ધ. **Movable**, Such as can be moved. ખસેડી શકાય એવું. **Movableness, Movability**, હિલચાલ; ગતી; ખસેડી શકાય તે ગુણ. **Movelessness**, Rigidity; fixedness. સ્થિરતા; નિશ્ચેતતા.

Movement, *n.* (મૂ'વમન્ટ્) Motion; any change of position in a material body; art of moving. હાલચાલ; સ્થલાંતર: ચલનવલન. **Military movement** = કવાયત; કૂચ. 2. Agitation. ગભરાટ; ક્ષોભ. 3. Wheelwork of a clock, a watch &c. ઘડીયાળની મશીનરી. 4. Motion of the mind, &c. મનની ગતિ; ચાલ.

Mover, *n.* (મૂ'વર્) Anything or a person that moves. ગતિ આપનાર; હલાવનાર; ખસનાર. 2. One who proposes a motion in an assembly. દરખાસ્ત રજુ કરનાર. 3. An exciting or pitiable sight of person. હૃદયવેધક કરૂણાજનક દેખાવ-માણસ.

Movingly, *adv.* (મૂ'વિંગલી) Pathetically; in a moving manner. દયા ઉત્પન્ન કરે એવી રીતે.

Mow, *n.* (મો,) A store-house for hay. ઘાસ રાખવાની જગ્યા. *vt.* To reap grass. ઘાસ કાપવું. 2. To cut down; indiscriminately; to slaughter in large numbers. કાપી મારી નાંખવું. [L. *metere*, to reap].

Much, *n.* (મચ્) A great quantity; a great deal. ઘણું; પુષ્કળ; બહુ. **To make much of** = To value highly. બહુ કરીને માનવું: લાખગણું માની લેવું. *a.* Great in quantity. ઘણું: બહુ.

Mucid, *a.* (મ્યૂ'સિડ્) Mouldy; musty. ઉતરી ગયેલું; વાસી

Mucilage, *n.* (મ્યુ'સિલિજ્) A kind of sticky substance. ચીકાશ; ચીકણી વસ્તુ. 2. Gum. ગુંદર,

Muck, *n.* (મક) Money (in contempt). પૈસો. 2. Manure; dung. ખાતર; છાણ. *a.* Like muck. ગંદી રીતે. *vt.* To manure with muck. ખાતર પુરવું

Muck-worm, *n.* (મ'કવર્મ) An insect found in dung. છાણમાંનો કીડો.

Mucus, *a.* (મ્યૂ'કસ્) Slimy. ચીકણું. 2. Secreting cough or other slimy substance. કફ, લીંટ પેદા કરનાર. *n* A viscid fluid secreted by the mucus membranes. આમ; શ્લેષ; જળપ; મળ; લીંટ; સેડા.

Mud, *n.* (મડ્) Mire; wet clay or earth. કીચડ; કાદવ. *vt.* To cover with or bury in mud. કાદવથી છાંટવું.

Muddle, *vt.* (મ'ડલ્) To make muddy. ડહોળી નાંખવું. 2. To make a mess of. ઘોટાળો કરવો; ગડબડ ઘોટાળો વાળવો. 3. To stupefy or intoxicate partially with liquor. કેફી કરવું; નિશો ચઢાવવો. *n.* Dirty confusion; bewilderment; mess. ગડબડ ઘોટાળો; ગુંચવણ ભરેલી સ્થિતિ; ઘોટાળો.

Muddy, *a.* (મ'ડી) Miry; full of mud. કાદવવાળું. 2. Dirty. મેલું. *vt.* To soil with mud. મેલું કરવું.

Mudie's, *n.* (મ્યુ'ડીઝ્)નમુનાદાર ફરતું પુસ્તકાલય.

Muezzin, *n.* (મુએ'ઝિન્) બાંગ પુકારનાર.

Muff, *n.* (મફ્) A stupid fellow. બેવકૂફ-મૂર્ખ માણસ. 2. A hand-glove. હાથનાં મોજાં. *vt.* To fail to hold. ઝીલવામાં નિષ્ફળ જવું-થવું.

Muffle, *n.* (મ'ફલ) A glove. હાથનું મોજું. 2. A pulley block. ગડગડીનું, ગરેડીનું પાટીયું. 3. The bare end of the nose. નાકની અણી. *vt.* To cover close; to wrap. વિંટાળવું. 2. To conceal from view. સંતાડવું. 3. To deaden the sound of something by wrapping a piece of cloth round it. નો અવાજ બુઠ્ઠો કરવો.

Mug, *n.* (મગ) A drinking cup. જામ; પ્યાલો.

Muggish, Muggy, *a.* (મ'ગિશ્-મ'ગી) Damp; moist ભીનું; હવાએલું.

Mulatto, *n.* (મ્યુલૅ'ટો) A half-caste. ગોરો બાપ અને કાળી મા અથવા ગોરાઓમાંની મા અને કાળા લોકોમાંનો બાપ તેનો છોકરો-ની છોકરી.

Mulberry, *n.* (મ'લબરી) A kind of tree on which silk-worms are reared; or its fruit. સેતુરનું ઝાડ-ફળ.

Mulct, *n.* (મલ્કટ) A defect or blemish. વાંક; ભુલ. 2. A fine. દંડ. *vt.* To deprive of. ખુંચી લેવું. 2. To fine. દંડ કરવો.

Mule, *n.* (મ્યૂલ્) The cross between a horse and an ass. ખચ્ચર. 2. A stubborn man. ખચ્ચર જેવો હઠીલો-જીદી માણસ.

Muleteer, *n.* (મ્યુલિટી'ર્) A mule-driver. ખચ્ચર હાંકનાર.

Mulish, *a.* (મ્યૂ'લિશ્) Like a mule. ખચ્ચર જેવું; અડીએલ; જીદી.

Mull, *n.* (મલ્) A kind of muslin. એક જાતની મલમલ. 2 Snuff-box. છીંકણીની દાબડી. 3. A promontory. ઉચી ભૂશિર. *vt.* To dull

or blunt. બુઠું-ખરાબ કરવું. 2. To powder. ભુકો કરવો.

Multifarious-Multiform, *a.* (મલ્ટિફે'રિઅસ્ મ'લ્ટિફૉર્મ્) Manifold; diversified; of various kinds. જાત જાતનું; નાનાવિધ; અનેક પ્રકારનું. [L. *multus*, many & *ferro*, I bear].

Multiformity, *n.* (મલ્ટિફૉ'ર્મિટી) Diversity of forms. બહુરૂપીપણું.

Multimillionaire, *n.* (મલ્ટિમિલ્યને,'ર્) લક્ષાધિપતિ; કરોડપતિ; વીસલાખની અથવા વધારે મુડીવાળો.

Multimonial, *a.* (મલ્ટિમો,'નિઅલ્) Having many names. બહુનામક, બહુ સંજ્ઞક.

Multiped, *n.* (મ'લ્ટિપેડ્) An insect with many feet. બહુપગી જંતુ; કાનખજુરો. *a.* Having many feet. બહુપગું.

Multiple, *n* (મ'લ્ટિપલ્) A quantity containing another a number of times without remainder. ગુણાકાર; ભાજ્ય. **The least common multiple** = લઘુત્તમ. *a.* Having many parts or divisions; manifold. બહુ પ્રકારનું; વધારે સંખ્યાનું. [L. *multus*, many & *plico*, I fold].

Multipliable, *a.* (મ'લ્ટિપ્લાયબલ્) That may be multiplied. ગુણવા જેવું.

Multiplicand, *n.* (મલ્ટિપ્લિકૅ'ન્ડ્) The quantity or number to be multiplied by another. ગુણ્ય; ગુણ્યાંક.

Multiplication, *n.* (મલ્ટિપ્લિકે'શન્) The process of repeating a given quantity or number a certain number of times. ગુણાકાર. 2. Reproduction; the act of multiplying. વૃદ્ધિ; વધારવું તે 3. Augmentation. વૃદ્ધિ, વધારો;

Multiplicity, *n.* (મલ્ટિપ્લિ'સિટી) A great number; multitude; a state of being many. બહુપણું; પુષ્કળતા. [Fr. Latin, *multiplex*, many].

Multiplier, *n.* (મ'લ્ટિપ્લાયર્) One who or that which multiplies or increases the number of something. વધારનાર; વૃદ્ધિ કરનાર. 2. The number by which another is multiplied. ગુણકાંક; પૂરક; ગુણક;

Multiply, *vt.* (મ'લ્ટિપ્લાય્) To make more numerous; to increase in number. ઉમેરો ક૦; વધારો ક૦; વધારવું. 2. To add to itself any given number of times. ગુણાકાર ક૦; ગુણવું. [L. *multus*, many & *plico*, I fold].

Multitude, *n.* (મ'લ્ટિટ્યુડ્) A throng; a crowd; a large assembly. સમુદાય; ટોળું; જથો. 2. A great number indefinitely; numerousness. મોટી સંખ્યા; બહુતા.

Mum, *n.* (મમ્) A species of ale brewed from wheaten malt &c. એક જાતનો (જવનો) દારૂ. *a.* Not speaking; silent. મુગું; ચુપ. *n.* Absence of speech; silence. મુંગાપણું; ચુપકી. **Mum's the word** = આ ખાનગી છે હો; કોઇને કહેતા નહિ.

Mumble, *vi.* (મ'મ્બલ્) To mutter; to speak with lips closed and in an inarticulate manner. અસ્પષ્ટ રીતે બોલવું; ગણગણવું. 2 To chew with lips closed. હોઠ બીડીને ખાવું.

Mumbo-Jumbo, *n.* (મ'મ્બો-જ'મ્બો) આફ્રિકાના મૂળ વતનીઓની એક કલ્પિત મૂર્તિ; ફારસ; અંધપૂજાનો કોઇ પણ વિષય, ફારસ.

Mummery, *n.* (મ'મરી) Buffoonery; farcial show. ખાલી ફારસ, ભપકો. 2. Masquerade; masking. મ્હોરાં પ્હેરીને કરેલો ખેલ.

Mumify, *vt.* (મ'મિફાય્) To embalm. મુડદામાં સુગંધીદાર મસાલો ભરવો.

Mummy, *n.* (મ'મી) An embalmed dead human body ખુશબોદાર મસાલો ભરીને રાખેલું મુડદું. 2. A kind of wax એક જાતનું મીણ.

Mumps, *n.* (મમ્પ્સ) Silent displeasure; sullenness. ચીઢીયાપણું; ખીજ. 2. Parotitis. ગળાના ભાગનો સોજો.

Mundane, *a.* (મ'નડેન્) Temporal; carnal; earthly; worldly. ઐહિક; આ લોકનું; દુન્યવી; દુનિયાનું.

Mungoose, *n.* (મ'ન્ગુસ) A species of ichneumon. નોળીઓ; મંગુસ.

Municipal, *a.* (મ્યુનિ'સિપલ્) Belonging to a corporation or a city. શહેર-કસ્બાનું. [L. *munia*, official duties & *capio*, I take.]

Municipality, *n.* (મ્યુનિસિપૅ'લિટી) A town or city possessed of the right of local self-government. મ્યુનિસિપાલિટી; કચરાપટી; શહેરસુધરાઇ ખાતું.

Munificence, *n.* (મ્યુનિ'ફિસન્સ્) Bounty; liberality; generosity. ઉદારતા.

Munificent, *a.* (મ્યુનિ'ફિસન્ટ્) Generous; lavish; bountiful. ઉદાર; છુટા હાથનો.

Muniment, *n.* (મ્યુ'નિમન્ટ) A stronghold; a fortification. કોટ; કિલ્લો; ગઢ. 2. Support, defence. બચાવ; આધાર. [L. *munio*, I fortify.]

Munition, *n.* (મ્યુનિ'શન્) Ammunition. દારૂગોળો; યુદ્ધસામગ્રી. 2. Military stores; fortification. યુદ્ધસામગ્રી; કિલ્લો; ગઢ.

Mural, *a.* (મ્યૂ'રલ) Resembling or pertaining to a wall. દિવાલ-ભીંત સરખું-વિષે.

Murder, *n.* (મ'ડર્) The act of unlawfully putting a man to death. ખૂન; મનુષ્યહત્યા;

વધ. *vt.* To kill with premeditated malice. ખૂન કરવું. 2. To destroy. નાશ કરવો. 3. To mar the beauty of by bad executing. બગાડવું; ખરાબ કરી નાંખવું.

Murderer, *n.* (મ'ર્ડરર્) One guilty of murder. ખૂની; ખૂન કરનાર

Murderous, *a.* (મ'ર્ડરસ) Meditating murder. ખૂનના હેતુવાળું 2. Bloody; savage; sanguinary; cruel. ઘાતકી; જીવલેણ; ખુની.

Muratic, *a.* (મ્યુરૅ'ટિક્) Hydrochloric. મીઠાના ગુણ ધરાવતું.

Murky, *a.* (મ'ર્કી) Obscure; gloomy; dark. અંધારાવાળું; અંધારૂં; સાફ ન દેખાય એવું. [Sw. *mork,* dark.]

Murmur, *n.* (મ'ર્મર્) A low muttering sound. ગુણગુણ; કલકલ. *vt.* To grumble. કકળાટ કરવો; કકળવું; ગણગણ, ગુંજાર ક૦.

Murrain, *n.* (મ'રિન્) A deadly and infectious disease among the cattle. ઢોરોની મરકી.

Muscle, *n.* (મ'સલ્) A mass or portion of the animal body consisting of fibres suceptible of contraction and relaxation and thus effecting motion. સ્નાયુ; માંસરજ્જુ.

Muscovado, *n.* (મસ્કોવે,'ડો) Molasses, raw sugar. ગોળ; લાલ ખાંડ.

Muscular, *a.* (મ'સ્કયુલર્) Pertaining to or consisting of muscles. સ્નાયુ સંબંધી. 2. Brawny; having strong muscles. જોરાવર; જબરો. 3. Performed by muscles. તંતુ-સ્નાયુથી થયેલું.

Muscularity, *n.* (મસ્ક્યુલૅ'રિટી) The quality or state of being sinewy or muscular. જોરાવરપણું-જબરાપણું.

Muse, *vt.* (મ્યૂ઼ઝ્) To ponder over; to reflect upon. ની ઉપર ઉંડો વિચાર કરવો; નું મનન કરવું. *vi.* To be absent in mind; to be in deep thought. ઉંડા વિચારમાં હોવું; ધ્યાન કરવું. *n.* Godesses of learning, poetry &c. કલાદેવી. 2. Deep thought; meditation. ઉંડો-ગહન વિચાર; ધ્યાન.

Museum, *n.* (મ્યુઝી'અમ્) A repository of interesting objects connected with literature, art or science. સંગ્રહસ્થાન; મ્યુઝીયમ.

Mushroom, *n.* (મ'શરૂમ્) The name of numerous fungii. કુતરાની, બિલાડીની ટોપ, ટોપી; કુતરાના કાન. 2. An upstart; one who springs up suddenly into notice like the mushroom plant. એકદમ પ્રસિદ્ધિમાં આવેલો-એકાએક પૈસાદાર થયેલો માણસ.

Music, *n.* (મ્યુ'ઝિક્) The science of harmonious sounds, the art of combining sounds to please the ear. સંગીતશાસ્ત્ર; ગાયનવિદ્યા. 2. A succession of modulated sounds pleasing the ear; harmony; melody. સુસ્વર; સંગીત. [Greek. *mousike,* music, art, culture &c.]

Musical, *a.* (મ્યુ'ઝિકલ્) Of or pertaining to music. સંગીતશાસ્ત્ર વિષે, પરીક્ષક. 2. Harmonious; melodious. સુસ્વર; મધુર આલાપવાળું.

Musician, *n.* (મ્યુઝિ'શન્) A person skilled in music. ગવૈયો; ગાનાર; સંગીત શાસ્ત્રી સંગીતાચાર્ય; સંગીતરત્ન **Band of musicians** = ગાયક મંડળી.

Musk, *n.* (મસ્ક) A very fragrant substance obtained from the musk-deer and used as a perfume. કસ્તુરી. 2. The musk-deer. કસ્તુરી મૃગ. 3. The fragrance or perfume of the musk. કસ્તુરીની સુવાસ. **Musk melon** ખરબુચ.

Muskdeer, *n* (મ'સ્કડીર્) The deer from whose navel musk is extracted. કસ્તુરીમૃગ.

Musket, *n.* (મ'સ્કિટ્) A gun. બંદુક; પીસ્તોલ. 2. A hawk-sparrow. બાજ પક્ષી.

Musketeer, *n.* (મસ્કિટી'ર્) A soldier with a gun. બંદુકવાળો સીપાઇ; બરક અંદાચ; બંદુક ફોડનાર.

Musketry, *n.* (મ'સ્કિટ્રી) The fire of muskets. બંદુકનો મારો; 2. Troops armed with guns. બંદુકવાળું લશ્કર.

Musky, *a.* (મ'સ્કી) Emitting a musklike perfume. કસ્તુરીમય; કસ્તુરીયુક્ત.

Muslin, *n.* (મ'ઝલિન્) A very fine cotton fabric. મલમલ. *a.* Made of muslin. મલમલનું.

Must, *vt.* (મસ્ટ્) A defective or auxiliary verb expressing obligation or necessity; to be obliged. જરૂર પડવી; જોઈએ; પડવું. *n.* The unfermented juice of grapes. નવો દારૂ.

Mustache, *n.* (મ'સ્ટૅશ) The long hair on the upper lip of men. થોભા; મુંછો; મુંછ.

Mustard, *n.* (મ'સ્ટર્ડ) Kind of plant and and its seeds. રાઇ; રાઇનો છોડ.

Muster, *n.* (મ'સ્ટર્) A crowd; a gathering. ટોળું; જમાવ. 2. The total number of presence in an army &c. હાજરી. 3. The review or assembling of troops. લશ્કરની કવાયત; લશ્કરી તાલીમ. **Muster-book** = લશ્કરી નોંધ. **To pass muster** = To pass without censure; to be allowed to pass. પસાર થઇ જવું, પડવું. *vt.* To collect, assemble or bring

together as troops for service; receive, parade &c. લશ્કર જમાવવું; સૈન્ય ખડું કરવું; લશ્કરની હાજરી લેવી. **To muster up**=To gather up મેળવવું. *vi.* To meet in one place. એક ઠેકાણે એકઠા થવું.

Muster-roll, *n.* (મ'સ્ટરરોલ) A catalogue of presence. હાજરીપત્રક (ખાસ કરીને સૈન્યનું)

Musty, *a.* (મ'સ્ટી) Mouldy. ઉતરી ગયેલું; ફુંગ, ઉબવાળું; જજર.

Mutability, *n.* (મ્યુટેબિ'લિટી) Instability; vicissitude; changeableness; inconstancy. ચંચળતા; અસ્થિરતા; વિકારશીલતા.

Mutable, *a.* (મ્યૂ'ટબલ) Changeable; variable; fickle; unstable; alterable; transformable. બદલાઇ જાય, ફેરવી શકાય એવું. [L. *muto*, I change.]

Mutation, *n.* (મ્યુટે'શન) Alteration; transformation; change. ફેરફાર; બદલાબદલ.

Mute, *a.* (મ્યૂટ) Not having the power of speech; dumb. મુંગું. 2. Silent; not speaking. ચુપ; અવાજ નહિં આપતું. 3. Not pronounced. જે અક્ષરનો ઉચ્ચાર લોપ થતો હોય એવું. *n.* A silent letter. (જે અક્ષરનો) ઉચ્ચાર લોપ થતો હોય એવો અક્ષર. 2. A dumb person. મુંગો માણસ. [L. *mutus*, mute.]

Mutilate, *vt.* (મ્યુ'ટિલેટ) To injure or disfigure by cutting a piece or limb off; to maim. હાથ પગ,અવયવ કાપી નાંખવા.[L.*mutilatus*, I cut or lop.]

Mutilation, *n.* (મ્યુટિલે'શન) Maiming; disfiguring. અંગછેદન; હાથપગ કાપી નાંખવા તે.

Mutineer, *n.* (મ્યુટિની'ર) A person accused of or guilty of mutiny. બળવાખોર; બંડખોર.

Mutinous, *a.* (મ્યુ'ટિનસ) Turbulent; seditious; exciting or promoting mutiny. ફિસાદી; ફીતુરી; બળવાખોર; દગાખોર; બંડખોર.

Mutiny, *n.* (મ્યુ'ટિની) An insurrection of soldiers against their officers and commanders; an open resistance to officers or their authority; a rebellion. ફીતુર; બળવો; બંડ; ફિસાદ. 2. Tumult. શોર; બંડ. *vt.* To rise or revolt against the rightful authority. બંડ કરવું. [L. *motus*, revolt].

Mutter, *n.* (મ'ટર) Murmur; obscure utterance. બડબડ; બડબડાટ. *vi.* To mumble; to murmur. બબડવું; બડબડવું. *vt.* To utter in a low obscure voice. લવવું; ધીમે બોલવું.

Muttering, *n.* (મ'ટરિંગ) Grumbling; mumbling; murmuring. લવલવ; બડબડાટ; અસ્પષ્ટ ઉચ્ચારણ.

Mutton, *n* (મ'ટન) The flesh of sheep (raw or dressed for food). ગોસ; મટન; ગોસ્ત; ઘેટાંનું, બકરાંનું માંસ.

Mutual, *a.* (મ્યૂ'ચ્યુઅલ) Interchanged; reciprocal; common to both. પરસ્પર; અરસપરસનું; અન્યોન્ય.

Mutuality, *n.* (મ્યુચ્યુઍ'લિટી) Reciprocation. પરસ્પર સંબંધ; માંહોમાંહે, અરસપરસપણું.

Mutually, *adv.* (મ્યૂ'ચ્યુઅલી) In the manner of giving and receiving; reciprocal. અરસપરસ, આપસઆપસમાં; માંહોમાંહે; અન્યોન્ય. [L. *muto*, I change].

Muzzle, *n.* (મ'ઝલ) The open end of a gun or pistol. બંદુક-તોપનું મોઢું. 2. A fastening or cover for the mouth of an animal which prevents it from biting. કુતરા-ઘોડા વગેરે જાનવરોને ચાવતાં-કરડતાં અટકાવવા માટે એમના મોંઢાપર બાંધવામાં આવતો પટો અથવા જાળી. 3. The projecting part of the nose of animals. જાનવરોના નાકનો આગલો ભાગ. *vt.* To bind the mouth to prevent the animal from biting or eating. મોઢું બાંધી લેવું. [L. *musus*, mouth].

My, *pro.* (માય) Pertaining or belonging to me મ્હારૂં; મમ.

Myopia, **Myopy**,*n.* (માયો'પિઆ-મા'યપી) Short-sightedness. ટુંકી નજર; દૂરની વસ્તુઓ બરાબર ન દેખાવી તે.

Myriad, *n.* (મી'રિઅડ) The number of ten thousand. દશ હજાર; અયુત. *a.* Multitudinous; innumerable. અસંખ્યાત;અસંખ્ય;અપરિમિત;ઘણું.

Myrobalan, *n.* (મા'યરોબલન) A dried astringent fruit. સુકાં આમળાં. **Beliric myrobalan**, બહેડાં. **Yellow or chebulta myrobalan**, હરડાં. [L.*myrobalan*, the fruit of a palm tree.]

Myrmidon, *n.* (મ'રમિડન) પરિચારક; દૂત; ટોળ અનુયાયી.

Myrrh, *n.* (મ'ર) The gum resin. હીરાબોળ.

Myself, *pro.* (મિસે'લ્ફ) I and not another; I or me in person. મારી મેળે; હું જાતે.

Mysterious,*a.*(મિસ્ટિ'રિઅસ) Enigmatical; unintelligible; beyond human comprehension. ગુહ્ય; અસ્પષ્ટ; ગહન; ગૂઢ; ન સમજાય એવું.

Mystery, *n.* (મિ'સ્ટરી) A kind of secret religious celebration. ધર્મનો એક પ્રકારનો ગુપ્ત વિધિ. 2. A profound secret. ગુપ્ત વાત; મર્મ ભેદ. 3. Something hidden from human knowledge or above human comprehension,

ગુહ્ય વાત; ગહન વાત; ન સમજાય એવી ઘટના [L. *mysterium.*]

Mystic, *n. a.*(મિ'સ્ટિક્) યોગી;ગહન;ગૂઢ તત્ત્વવેત્તા, વાદી. *a.* યોગી, તત્વ સંબંધી; ગહન; ભય, માન ઉપજાવે તેવું.

Mystical, *a.* (મિ'સ્ટિકલ્) Involving some secret meaning or import. ગુહ્ય અર્થવાળું. 2. Obscure; dark; mysterious. ગહન; ગુહ્ય;ગૂઢાર્થક.

Mystify, *vt.* (મિ'સ્ટિફાય્) To bewilder; to perplex intentionally. જાણી જોઇને ગુંચવણમાં નાંખવું; ભમાવવું; ગુંચવવું; ગભરાવવું.

Myth, *n.* (મિથ્) A tradition; a legend. કાલ્પનિક વાત-વાર્તા.

Mythic, *a.* (મિ'થિક્) Legendary;fabulous; imaginary. કલ્પિત; ખોટી; જોડી કાઢેલી; કાલ્પનિક.

Mythological,*a* (માયૂથલૉ'જીકલ્) Fabulous; legendary. પુરાણોક્ત; પુરાણ સંબંધી; કલ્પિત.

Mythologist,*n.* (માયૂથૉ'લજીસ્ટ્)One versed in mythology. પુરાણી; પુરાણમાં કુશળ હોય તે.

Mythology, *n.* (માઇથૉ'લજી) The treatise of myths. દેવાખ્યાન; પુરાણ; દેવતાઓની કથા. [From Greek, *mythos*, a fable or legend]

N.

N, (એન્) The fourteenth letter of the English alphabet. અંગ્રેજી મૂળાક્ષરનો ચૌદમો અક્ષર. ઙ, ઞ, ણ, ન.

Nab,*vt.*(નૅબ્) To grasp. ઝુંટાવી લેવું;ખુંચાવી લેવું.

Nabob, *n.* (ને,'બૉબ્) નવાબ; પૈસાદાર; અહંકારી ઍન્ગ્લો ઈન્ડીઅન.

Nadir, *n.* (ને,'ડિર્) That point of the heavens directly opposite to the zenith. અધોબિંદુ; અધમાધમ સ્થિતિ.

Nag, *n.* (નૅગ્) An animal that neighs; a small horse. ઘોડું; ટટ્ટુ. [Sax. *hnægan*, to neigh.]

Naiad, *n.* (નાયૅડ્) A female deity that presides over rivers and springs. જળદેવી; પતંગીઆનો એક વર્ગ. [Gr. *nao*, to flow.]

Naif, *n.* (નેઇ'ફ્) Naive. સાદું; આણુભોળું.

Nail, *n.* (નેલ્) The claw or talon of a bird or an animal; the horny substance growing at the end of the human fingers or toes. પંજો; નખ; ખીલો; ચુંક; મેખ; સવા બે ઇંચનું એક માપ. **On the nail.** હાથમાં; તરત; રોકડું.**To hit the nail in the head.** બરાબર લાગુ પડે એવી વાત કહેવી; આબાદ મારવું. *vt.* ખીલા મારવા; મારી જડવું.

Nailer, *n.* (ને,'લર્) ખીલા બનાવનાર.

Nailery, *n.* (ને,'લરી) ખીલા બનાવવાનું કારખાનું.

Nainsook, *n* (ને,'ન્સુક્) નેનસુખ; ઝીણું સુતરાઉ કપડ [Sans. નયનસુખ].

Naive, *adj.* (નૅઇ'વ્) Having native simplicity. ભોળો; નિખાલસ.

Naivete, *n.* (નૅઇ'વતે,) ભોળાપણું; અમાયા; સૌજન્ય.

Naked, *adj.* (ને,'કિડ્) Not covered; defenceless; unexaggerated; plain; mere. નાગું; ઉઘાડું; મીઠું મરચું ઉમેર્યા વિનાનું; કેવળ; બિલકુલ. It is the naked truth. તે બિલકુલ સાચી વાત, નર્યું સત્ય છે. With the naked eye. નરી આંખથી. [Sax. *nacod*, naked.]

Nakedly, *adv.* (ને,'કિડ્લી) Without covering, simply, evidently. નગ્નતાથી; ઉઘાડી રીતે; ચોખ્ખી રીતે.

Nakedness *n.* (ને,'કિડ્નિસ્) નગ્નતા; કેવળપણું; અડવાપણું.

Namby-Pamby, કૃત્રિમ અલંકારથી તુચ્છકાર કરવા જેવું થએલું; ટાયલું; ચોવટીયું.

Name, *n.* (ને,'મ્) That by which a person or thing is known; fame; remembrance, memory; behalf. નામ; સંજ્ઞા; આબરૂ; કીર્તિ; સ્મરણ. **In the name of,** in behalf of. ને નામે-ની તરફથી. **To call names.** નું નામ પાડવું; માઠું લાગે એવે નામે બોલાવવું. To blast or sully one's good name. નામ બોળવું. To preserve one's good name. નામ રાખવું. Family name. અટક. To nominatte. નીમવું; ઠેરવવું.

Nameless, *adj.* (ને,'મ્લિસ્) નનામું,અપ્રખ્યાત.

Namely, *adv.* That is to say. એટલે.

Nankeen, *n.* (નૅ'નકીન્) પીળું ખાખી કપડું; એવો રંગ.

Namesake, *n.* (ને',મ્સે,ક્) One that has the same name as another. નામરાશિ;નામેરી.

Nap, *n.* (નૅપ્) A short sleep. ઝોકું; અલ્પનિદ્રા. *vi.* 1. To be careless. ઝોકું ખાવું; પાસું મરડવું; થોડીવાર ઉંઘવું. 2. To be careless. નચિંત હોવું. To be caught napping નચિંત થએલું. અકુશલીમાં સપડાવું.[A.S.*hnœppian*, to bend one's self].

Nap, *n.* (નૅપ્) (on cloth). રૂંઆં; રૂંઆંટી.

Nape, *n.* (ને,પ્) Back of neck. બોચી; બોડ.

Naphtha, *n.* (નૅ'ફ્થા) Nock-oil. નખતેલ. [L. *nafatha*, to boil]. Naphthaline. એક જાતનું જંતુવિનાશક.

Napkin, *n.* (નૅ'પ્કિન્) A little towel. રૂમાલ; હાથ-મ્હોં લુછવાનો રૂમાલ.

Nappy, *adj.* (નૅ'પી) Inclined to sleep; sleepy. ઉંઘ આવે એવું; ઉંઘણશી; ઝોકાં ખાતું.

Narcotic, *n adj* (નારકૉ'ટિક) A drug which produces sleep. નિદ્રાજનક (ઓસડ); દુઃખ નરમ પાડી નિદ્રા આણે એવું. [Gr. *narke,* torpor].

Nard, *n.* (નાર્ડ) (The plant). જટામાસી. 2. (The ointment). જટામાસીવાળું ઉટણું, લેપ.

Narrate, *vt.* (નૅરે,'ટ્) To relate; to describe. નું વર્ણન-નિરૂપણ કરવું. [L. *narro,* to narrate].

Narration, *n.* (નૅરે,'શન્) Rehearsal કથન; નિરૂપણ. 2. A story; history. કથા; વાર્તા; વર્ણન; ઇતિહાસ.

Narrative, *adj.* (નૅ'રટિવ્) Pertaining to narration. કથા સંબંધી; આખ્યાન સંબંધી. *n.* વાર્તા; કથા; વૃત્તાંત; આખ્યાન.

Narrator, *n.* (નૅરે,'ટર્) One who relates a series of events. કથા-વાર્તા-વર્ણન કરનાર.

Narrow, *a.* (નૅ'રો) Of little breadth. સાંકડું. 2. Having but a little margin. મુશ્કેલી ભરેલું. 3. Limited as to means. તંગી, ભીડ, સંકોચવાળું. 4. Not liberal. કૃપણ; કંજુસ. 5. Accurate; close. બારીક; ચાપાચિપથી કરેલું. A narrow escape (from drowning). બુડતાં બુડતાં બચી જવું તે. *vt.* To contract. સાંકડું કરવું. 2. To limit. ઘટાડવું. *vi.* To become less broad. સાંકડું થવું.

Narrowly, *adv.* (નૅ'રોલી) With little breadth; closely; nearly. સંકડાશથી; બારીકાઇથી; માંડમાંડ.

Narrow-minded, *adj.* (નૅરો-માંઇન્ડિડ્) Of narrow mental scope. સાંકડા મનનું.

Narrowness, *n.* (નૅ'રોનિસ્)The condition or quality of being narrow. સાંકડાપણું.

Nasal, *adj.* (ને,'ઝલ્) Pertaining to the nose. નાકનું, સંબંધી; અનુનાસિક. *n.* અનુસ્વાર; અનુનાસિક વર્ણ. [L. *nasus,* the nose.]

Nascency, *n.* (નૅ'સન્સી) Birth; beginning. જન્મ

Nascent, *adj.* (નૅ'સન્ટ્) Beginning to grow. ઉગવા, વધવા માંડવું; ઉઘડવું; ખીલવું; પ્રફુલ્લ થવું. **N. genius.** ખીલી નીકળતી બુદ્ધિ; પ્રતિભા. [L. *nascor,* I am born.]

Nasty. *adj.* (નૅ'સ્ટી) Offensively filthy; very dirty. ઘણુંજ ગંદું; ગલીચ; સૂગ ચડે તેવું. 2. Obscene. બીભત્સ; ભુંડું.

Natal, *adj* (ને,'ટલ્) Pertaining to birth. જન્મનું, સંબંધી. The natal day. જન્મનો દિવસ. [L. *natus,* born.]

Natation, *n.* (નૅટે,'શન્) Swimming. તરવું તે. *a.* **Natatorial, Natatory.**

Nates, *n.* (ને,'ટિઝ્) Buttocks. કુલા; ઢગરા.

Nathless, *adv.* (નૅ'થલિસ્) Nevertheless. તથાપિ; છતાં પણ.

Nation, *n.* (ને,'શન્) A body of people inhabiting the same country. પ્રજા;લોક; એકરાષ્ટ્ર.

National, *a.* (નૅ'શનલ્) Pertaining to a nation. પ્રજા, લોક સંબંધી. **N. anthem,** a popular song or hymn. રાજગીત. **N. congress.** રાષ્ટ્રીય સમાજ; મહાસભા.

Nationalizm, *n.* (નૅ'શનલિઝમ્) The state of being national.રાષ્ટ્રીત્વ,પ્રજાકીય જુસ્સો;ભાવના.

Nationalist, *n.*(નૅ'શનલિસ્ટ્) પ્રજાપક્ષનો માણસ; દેશાભિમાની; રાષ્ટ્રવાદી.

Nationalize, *v.*(નૅ'શનલાઇઝ્)પ્રજા,રાષ્ટ્ર બનાવવી; રાષ્ટ્રિય, પ્રજાકીય કરવું. *n.* **Nationalization.**

Nationality, *n.*(નૅશનૅ'લિટી)Patriotism.સ્વદેશાભિમાન. 2. National character. દેશીયધર્મ; દેશભાવ. 3. Nation. પ્રજા; લોક. 4. National unity and integrity. પ્રજાનો એકસંપ અને શાહવટ; એકરાષ્ટ્રત્વ.

Native, *adj.* (ને,'ટિવ્) Arising by birth. જન્મ-મૂળનું; દેશી. 2 Original. તળપદું;અસલ. 3. Conferred by birth. કુદરતી; સ્વાભાવિક. As, **N.** Talent. સ્વાભાવિક જ્ઞાનશક્તિ.**N.**Disposition. પ્રકૃતિ. **N.** Rights. જન્મથી મળેલા હક. 4.Pertaining to the place of birth. સ્વજન્મ. As, **N.** Country.સ્વદેશ;જન્મભૂમિ. 5.Not artificial. હાથથી ન બનેલું હોય તેવું; કુદરતી. *n.* One who or that which is born in a place or country referred to; a denizen by birth. વતની; રહેવાસી. [L. *natus,* born].

Natively, *adv.* (ને,'ટિવ્લી) By birth, naturally, originally. જન્મથી; મૂળથી.

Nativeness, *n.* (ને,'ટિવ્નિસ્) State of being native,or of being produced by nature. દેશીયતા; સ્વાભાવિકતા.

Nativity, *n.* (નેટિ'વિટિ) The coming into life or the world; birth. જન્મ; ઉત્પત્તિ; ઉદય; ઉદ્ભવ. 2. Time, place &c. of birth. જન્મકાળ-ભૂમિ 3. A horoscope. જન્માક્ષર;જન્મપત્રિકા. To calculate one's **N.**=કોઇના જન્માક્ષર કરવા-માંડવા. 4. The birth day of Christ. ક્રાઇસ્ટનો જન્મ-દિવસ; નાતાલ.

Natron, *n.* (ને,'ટ્રન્) સાજીખાર.

Natty, *a.* (નૅ'ટી) Neat. બધું ઠીકઠાક હોય તેવું.

Natural, *a.* (નૅ'ચરલ્) Fixed by nature. સ્વાભાવિક; સહજ; મૂળનું. 2. Of human reason. સૃષ્ટિ-પ્રકૃતિજન્ય. 3. Springing from true sentiment. ઢોંગ વગરનું; અકૃત્રિમ. 4. True to nature. આબેહુબ. 5. Born out of wedlock. અનૌરસ-રાંડના પેટનું. 6. **N.** History. સ્થાવર-

જંગમવિદ્યા; પ્રાણી,વનસ્પતિવિજ્ઞાન **N**.Philosophy. પદાર્થવિજ્ઞાન **N**.Theology.સૃષ્ટિ-ઇશ્વરજ્ઞાન,ધર્મ.*n* જન્મથી કમઅક્કલ; બેવકુફ; ચકલગંડુ. [L. *natus*, born.]

Naturalist, *n*. (નૅ'ચરલિસ્ટ) One versed in natural history. સ્થાવર જંગમ, સિદ્ધ પદાર્થ વિજ્ઞાની; કુદરતનો ઇતિહાસ, લીલા જાણનાર.

Naturalisation, *n*. (નૅચરલાયઝે,'શન્) પોતાનું કરવું તે; પોતાના દેશમાં ભેળવવું તે; અનુકૂળ આવે તેમ કરવું તે.

Naturalise,*vt*.(નૅ'ચરલાઇઝ)To confer on an alien the rights and privileges of naative.કોઇ પરદેશીને સ્વદેશીના જેવા અધિકાર તથા હકો આપવા. 2. To render easy by habit. થી અનુકૂળ થાય તેમ કરવું;વરો થવો. Custom naturalises labour. મહાવરાથી મહેનત અનુકૂળ થાય છે. 3. To make suitable. ને યોગ્ય, લાયક કરવું. 4. To habituate (a plant) માં ઉછરે તેવું કરવું.

Naturally, *adv* (નૅ'ચરલી) કુદરતી રીતે.

Nature, *n*. (ને,'ચર્) સૃષ્ટિ; જગત્ ;પ્રકૃતિ; સ્વભાવ; કુદરત.

Naught, *n*. (નૉટ) કંઈજ નહિં તે. For naught. મફત; ફોગટ; અમસ્તું. To set at naught. ન ગણકારવું; ધિક્કારવું. You have set at naught all my counsel. *a*. Bad; worthless. ખરાબ; કોડીનું; નકામું. It is naught. તે નકામું છે.

Naughty, *a*. (નૉ'ટી) Bad. ખરાબ; ભુંડું; 2. Mischievous. તોફાની; બદમાસી.

Nausea, *n*. (નૉ'સીઆ) વહાણમાં આવતા ફેર, ચક્કર; ગોળ; ઓકારી; હલ.ળો; મોળ.

Nauseate, *vt*. (નૉ'સીએટ) To reject with disgust. ને કંટાળો આવવો. The patient nauseates his food. દરદીને પોતાના ખોરાકનો કંટાળો આવે છે, થી સુગ ચ્હડે છે.

Nauseous, *a*. (નૉ'સીઅસ્) કંટાળો આવે તેવું; સુગ ચઢે તેવું; ઓકારી, ઉલટી કરવાનું થાય તેવું. *n*. Medicine. [L. *naus*, a ship.]

Nautical, *a* (નૉ'ટિકલ)વહાણ ચલાવવા સંબંધી; નૌકાશાસ્ત્ર સંબંધી. **N**. Skill. વહાણ ચલાવવાનો હુનર

Nautilus, *n*. (નૉ'ટિલસ્) એક જળચર પ્રાણી.

Naval, *a*. (ને,'વલ્) દરીઆઈ. **N**. Force. દરીઆઇ લશ્કર. **N**. Stores. અરમારી,વહાણનો ખજાનો, સાહિત્ય.

Nave. *n*. (ને,વ્) નાભ; નાભિ; ફેરાળનો મધ્ય ભાગ; ડુંટી; નારખું.

Navel, *n*. (ને,'વલ્) ડુંટી; નાભિ; ઉદરાવર્ત; કમળ. **N**. String. નાળ.

Navigable, *a*. (નૅ'વિગબલ્) That may be passed over in ships. વહાણ જઇ શકે તેવું; નૌકાગમ્ય

Navigate, *vi*. (નૅ'વિગે,ટ્) To sail. વહાણમાં બેસીને જવું; સફર કરવી. *vt*. To sail on. દરીઆની પાર જવું. To steer (a ship.) વહાણ હંકારવું.

Navigation, *n*. (નૅવિગે,'શન્) (The act). સફર કરવી તે; નૌકાપર્યટન. 2. (The science or art) નાવિકવિદ્યા; નૌકાશાસ્ત્ર.

Navigator, *n*. (નૅ'વિગે,ટર્) વહાણ ખેડનાર; વહાણવટી; નાવિક; નૌકાશાસ્ત્ર જાણનાર; ટંડેલ.

Navy, *n*. (ને',વી) A fleet of ships. વહાણોનો કાફલો; અરમાર; નૌકાસૈન્ય.

Nay, *adv*. (ને) No. નહિં. 2. Not only so. માત્ર એટલુંજ નહિં;બલ્કે 3 Refusal. ના; નકાર. You will not say me nay. તમે મને ના નહિં કહેશો, કહી શકો.

Nazarene, *n*. (નૅઝરી'ન્) A native of Nazareth in Judea. ખ્રિસ્તી.

Nazarite, *n*. (નૅ'ઝરાઇટ્) યહુદી ધર્મ પ્રમાણે શુદ્ધ રહેવાનું વ્રત પાળનાર; અસલી યાહુદી-ખ્રિસ્તી પંથનો; નૅઝરેથનો વતની.

Nazaritism, *n*. (નૅ'ઝરિટિઝમ્) The vow and practice of a Nazarite.

N. B.-An abbreviation of L. *nota bene*, mark well. બરાબર જુઓ; સૂચના.

Neap, *adj*. (નીપ્) Low; ઓછું; થોડું; As, **N**. Tide. થોડી-ઓછી ભરતી; સાતેમ આઠેમની ઓછી ભરતી.

Neaped, beneaped, *adj*.Left aground by the tide, as a ship. ઓછી ભરતી, ઓટને લીધે અટકેલું.

Near, *adj*. (નીર) પાસે, સમીપ, નજીકનું. 2. Parsimonious. બખીલ, કંજુસ, કૃપણ.*prep*.પાસે. *adv*. Almost. ઘણું કરીને; લગભગ; થોડી વારમાં. As, it is **N**. Twelve o'clock. થોડી વારમાં બાર વાગશે. *vt*. To approach. પાસે આવવું. The ship neared the land.

Near-sighted, *adj*. ટુંકી દ્રષ્ટિવાળું.

Nearly, *adv*. (ની'ર્લી) At no great distance. પાસે-નજદીક. 2. Closely. પાસે; પાસેનું; અડોઅડનું; લગોલગનું; 3. Almost. લગભગ; ઘણું કરીને; સોળસા. To **N**. concern one. કોઇને ઘણી અગત્યનું હોવું.

Neat, *adj*. (નીટ્) ઠીકઠીક; ચોખ્ખું; સ્વચ્છ; સાફ. 2. Net. બારદાન વાળી આપ્યા પછી બાકી રહેલું વજન. As, **N**. Weight. [L. *niteo*, I shine].

Neat, *n*. Cattle. ગોજાતનાં જાનવર. A. Single cow. ગાય.

Neat-herd, *n*. ગોવાળિઓ; ગાયોનો ચરાવનાર.

Neatly, *adv*. (ની'ટ્લી) સફાઇથી; ચોખ્ખી રીતે

Neatness, *n*. (ની'ટ્નેસ્) ચોખ્ખાઇ; સફાઇ; સૌજન્ય.

Neb, *n.* (નેબ્) પક્ષીની ચાંચ. 2. A point. અણી; ટાંક; કન.

Nebula, *n.* (નેબ્યુલા) વાદળ સરખા દેખાતા તારાઓનો સમૂહ. [L. *nephele*, cloud].

Nebulous, *a.* (નેબ્યુલસ્) Cloudy. વાદળાંથી ભરાએલું; ધુમસી; વાદળાના જેવું; વાદળા સરખા દેખાતા તારાઓના સમૂહને લગતું.

Necessary, *a.* (નેસિસરી) Such as must be. આવશ્યક; જરૂરનું. 2. Requisite for. જરૂરનું; જે વગર નિભે નહીં એવું. Air is **N.** to support animal life. 3. Not free. નસીબ-દૈવવશ. 4. Unavoidable.અનિવાર્ય.As,a **N.**Consequence. અનિવાર પરિણામ. *n. pl.* અગત્યની-જરૂરની વસ્તુ. As, the necessaries of life. 2. A privy. સંડાસ; જાજરૂ; વાડો. [L.*ne*,not,*cedo*, I yield.]

Necessarily, *a.* (નેસિસરિલી) અવશ્ય; જરૂરી રીતે.

Necessitate, *vt.* (નિસેસિટેટ્) To make necessary or unavoidable. જરૂર પાડવી; આવશ્યક-અનિવાર્ય કરવું.

Necessitous, *a.* (નિસેસિટસ્) Very needy or indigent. ઘણુંજ કંગાલ-ગરીબ. 2. Pinching. સંકટનું; તંગીવાળું. As, **N**. Circumstances. સંકટની હાલત.

Necessity, *n.* (નિસેસિટી) જરૂર; અગત્યતા; પ્રયોજન; ખપ. 2. Extreme indigence. ઘણીજ ગરીબાઈ. 3. Things requisite for. જરૂરી વસ્તુ. **N**. compels him. તેનાથી (કર્યા) વિના રહેવાતું નથી.

Neck, *n.* (નેક્) ગરદન; ડોકી; બોચી;ગ્રીવા;ગળચી; 2. **N.** of land. સંયોગી ભૂમિ. 3. (Of a vessel). ગળું, કાંઠો. A stiff **N.** હઠ; જીદ; ખેંચપકડ; મમત. 5. To break the **N.** of અટકાવવું 6. To harden the **N.** હઠીલું થવું; મમતી-જીદ્દી થવું. Necklet. ઘરેણું; આભૂષણ.

Neck-cloth, *n.* (નેક્કલૉથ્) ગળેબંધી;ગલપટો; કંઠવસ્ત્ર.

Neck lace, *n.* (નેક્લેસ્) હારમાળા; કાંઠલી;ગંઠો.

Necromancer, *n.* (નેક્રમૅન્સર) જાદુગર; ધંતર મંતર કરનાર; ઇલમી. [Gr. *necros*, dead; *manteia*, divination].

Necromancy, *n.* (નેક્રમૅન્સી) Conjuration. ધંતર મંતર; જાદુ; ભૂતવિદ્યા; પ્રેતસિદ્ધિ.

Nectar,*n.* (નેક્ટર)The drink of the Gods. અમૃત; સુધા; પીયૂષ. 2 A very pleasant drink. જે પીવામાં અમૃત જેવું મીઠું તે.

Nectary, *n.* (નેક્ટરી) પુષ્પમાં મધને રહેવાની જગ્યા.

Need, *n.* (નીડ) Want of. ગરજ; જરૂરી; જોઈતું હોવું તે. As, I have no **N.** of it. મારે તે જોઈતું નથી. 2. Poverty. ગરીબી; નિર્ધનપણું; કંગાલીયત; દળદર In the hour of **N.** તંગીના, દુઃખના વખતમાં. *vi.* To want. ગરજ, જરૂર પડવી; જોઇએ એવું હોવું.

Needful, *adj* (નીડ્ફુલ્) Necessary; requisite. જરૂર, ગરજનું; જોઇએ એવું; ગરજાઉ; જોઇતું.

Needless, *adj.* (નીડલિસ્) વગર જરૂરનું નિષ્કારણ; નકામું. As, **N.** labour. નકામી મેહેનત.

Needy, *adj.* (નીડી) Necessitous, indigent. ગરીબ; કંગાલ; તંગીની હાલતવાળું; દરિદ્રી.

Needle, *n.* (નીડલ) સોય; હોકાયંત્રનો કાંટો **N.** Work. સોયથી થતું કામ; ભરત, ચીકન The eye of a **N.** સોયનું નાકું. Point of a **N.** સોયની અણી.

Needle-work, *n.* (નીડલવર્ક્) Work embroidered by means of a needle. શીવણકામ; ભરત; ગુંથણકામ.

Nefarious, *a.* (નિફેરિયસ્) અતિદુષ્ટ; અઘોર પાપી; બદફેલી; લુચ્ચું. [L. *ne*, not; *fari*, to speak]

Negation, *n.* (નિગેશન્) Denial. નકાર; નામંજુર કo તે; નિષેધ; અસ્વીકાર. ૨. અભાવ; ગેરહાજરી; નાસ્તિત્વ. Universal **N.** સંસર્ગાભાવ. Relative **N.** અન્યોન્યાભાવ. [L. *nego*, I deny].

Negative, *a.* (નેગટિવ્) (Opposite to *affirmative*). નકારનું; નિષેધક; અસ્વીકારસૂચક. 2. (Opposite to *positive*). અભાવસૂચક; ગેરહાજરી દેખાડનાર. As, *a.* **N.** process. અભાવદર્શક રીત. 3. Having the power of stopping. અટકાવવાની શક્તિવાળું. A. **N.** Quantity. જે પરિમાણની આગળ ઓછાનું ચિહ્ન હોય તે. 5 Right of preventing by non-consent. ના કહીને અટકાવવાનો હક. *vt.* To disprove. ખોટું-ઉલટું સાબીત કરી આપવું. To refuse to enact or sanction. મંજુર કરવું નહિં. As, the senate negatived the bill. તે બીલ રાજ્યસભાએ મંજુર કીધું નહિં.

Nagatively, *a.* (નેગટિવલી) In a negative manner. નિષેધ રીતિએ.

Neglect, *vt.* (નીગ્લેક્ટ્) To omit. ન કરવું; ગફલત કરવી; ભૂલી જવું; એક કોરે મૂકીને જવું. As, he neglected his business. તેણે પોતાનું કામ ન કીધું 2. Not to treat with attention or respect. અનાદર કરવો; અપમાન કરવું *n.* Omission of civilities. અપમાન. Negligence. ગફલત: બેખબર; અસાવધપણું.

Neglectful, *a.* (નીગ્લેક્ટ્ફુલ્) Negligent; heedless. ગાફેલ; બેપરવા; બેફીકર. 2. Apt to forget or omit. વિસરભોળું; ભૂલકણું.

Negligence, *n.* (નેગ્લિજન્સ્) Habitual omission. ન કરવાની, ભૂલવાની ટેવ; ગફલત; ભૂલ; કસુર; અનાદર.

Negotiate, *vi.* (નિગો'શિએ,ટ્) (For sale or purchase). વાત, તકરાર ચલાવવી; સાટું કરવું; સોદો કરવો; 2. (For a treaty). ભાંજઘડ કરવી. *vt.* To procure a loan of money. પૈસા ધીરવાનો બંદોબસ્ત કરવો. 2. To sell. વેચવું. [L. *nec*, not; *otium*, leisure.]

Negotiation, *n.* (નિગોશિએ,'શન્) The act of arranging. સોદો; ભાંજઘડ.

Negotiator, *n.* (નિગો'શિએ,ટર્) સોદો, ભાંજગડ કરનાર.

Negotiable, *a.* (નિગો,'શબલ્) That may be passed to another (a note or bill.) માલિકની સહી થઇને બીજા આસામીને અપાય એવું; નું ચલણ થાય એવું.

Negress, *n.* (ની'ગ્રેસ્) હબસણ; સીદણ.

Negro, *n.* (ની'ગ્રો) હબસી; સીદી. [L. *niger*, black.]

Negro-head, કાળી આકરી તમાકુ.

Negus, ઍબીસીનીઆનો રાજા; આકરો દારૂ.

Neigh, *vi.* (ને,) ખોંખારવું; હણહણવું.

Neighing, *n.* (ને,'ઇંગ્) ખોંખારો; હણહણાટ.

Neighbour, *n.* (ને,'બર્) પાડોશી. *a* –°**ing.** પાડોશનું.–°**ly.** પાડોશીને લાયક, મળતાવડું, મિલનસાર.–°**hood.** પાડોશ; નજદીકની જગા.*pl.*આડોશી પાડોશી. They were neighbourly with one another. તેઓ પરસ્પર મળતાવડાં હતાં.

Neighbouring, *a.* (ને,'બરિંગ્) Situated close by. પાસેનું; પડખેનું.

Neighbourhood, *n.* (ને,'બરહુડ્) પડોશ; નજીક.

Neighbourly, *adv.* (ને,'બરલી) Acting like a neighbour. પડોસીની ફરજનું, ધર્મનું.

Neighbourship, *n.* (ને,'બરશિપ્) પડોશી હોવાપણું, ની સ્થિતિ.

Neither, *pro.* (ના'યધર્) બેમાંનું એકે નહિ; *conj.* બેમાંથી એક નહિં; અને પણ નહિં.

Nem-con, *adv.* (નેમકૉન્) Without opposition. કોઈ ના ન પાડતાં; વગર વિરોધે.

Nemesis, *n.* (ને'મિસિસ્) વૈરદેવી; કર્મફલ, વિપાક; વૈર [Gk.]

Nemine, *adv.* (નિ'મિની) વગર વિરોધે; એક મતે. [L.]

Neolithic. *a.* (નિઑલિ'થિક્) Of the later stone age. પાછલા અશ્મ, પત્થરયુગનું.

Neology, *n.* (નીઑ'લજી) નવું મત; ઈશ્વરોક્તશાસ્ત્ર વિરૂદ્ધ મનકલ્પિત મત. [Gr. *neos*, new; *logos*,a word].નવા શબ્દ દાખલ કરવા,બનાવવા તે.

Neophyte, *n.* (ની'ઓફાઇટ્)A new convert. નવો થએલો ખ્રિસ્તિ. 2. A novice, a tyro. શિખાઉ; નવો નિશાળીઓ. [Gr. *neos*; *phuton*, a plant).

Neoteric, *adj.* (નીઓટે'રિક્) New; modern. નવું; અર્વાચીન; હાલનું. [Gr. *neos*, new].

Nephew, *n.* (ને'ફ્યુ) ભત્રીજો; ભાણેજ; ભાણુજો. [L. *nepos*, a grandson].

Nephritic-al, *adj.* (નિફ્રિ'ટિક્) Pertaining to the kidneys or urinary organs; venal. મૂત્રપિંડનું; ગુરદાનું. [Gr.*nephros*, the kidneys].

Nepotism *n.* (ની'પટિઝમ્) Undue preference shown to relations. પોતાના સગાનું કામ પાર પાડવું, તેની ચઢતી કરવી, તેનું ઠેકાણું કરવું તે; સ્વજન પક્ષપાત.

Neptune, *n.* (ને'પ્ટયૂન્) એક ગ્રહ છે. વરૂણદેવ. [L. *neptunus*, the god of the waters].

Nereid, *n.* (ની'રીઇડ્) A daughter of the sea. જળદેવી; દરીયાઇ અપ્સરા. [Gr. *nereis*].

Nerve, *n.* (નર્વ) One of the fibres which convey sensation from all parts of the body to the brain. જ્ઞાનતંતુ; મગજતંતુ; નસ; રગ. 2. શરીરનું બળ-જોમ. *vt.* To give strength or vigour. જોર, જોમ આપવું. To strain every nerve=છાતી તોડવી; જીવ તોડવો; પોતાથી બનતું કરવું. [L. *nervous*, a sinew]

Nerveless,*adj.*(ન'ર્વલિસ્) જોર વગરનું; અશક્ત

Nervine, *adj.* (ન'ર્વાઇન્) Having the quality of acting upon nerves. પૌષ્ટિક; બળ આપતું.

Nervous, *adj.* (ન'ર્વસ્) Sinewy. બળવાન 2. Possessing vigour of mind. હિંમતવાળું; જોમદાર. 3. Pertaining to the nerves. જ્ઞાનતંતુ સંબંધી, માથાનું. 4. Sensitive. બીકણ; સેહેજમાં ગભરાય એવું.

Nescience, *n.* (ને'શ્યન્સ્) Want of knowledge; ignorance. અજાણપણું; અજ્ઞાન; ન જાણવું તે; અવિદ્યા. [L. *ne*, not; *scio*, I know].

Nest, *n.* (નેસ્ટ્) The bed or receptacle prepared by a bird or fowl for holding her eggs and for hatching and rearing her young. પક્ષીનો માળો; જાળું. 2. A snug, comfortable,or cozy residence. આશ્રમ;રહેઠાણ. *vi.* To build and occupy a nest. માળો બાંધીને તેમાં રહેવું. *vt.* To form a nest for. ને માટે માળો બનાવવો. [L. *nidus*, a resting place].

Nest-egg, *n.* (ને'સ્ટ્-એગ્) An egg left in the nest to prevent the hen from forsaking it. પક્ષીની માદા માળો ન છોડે એ માટે માળામાં રાખેલું ઇંડું

Nestful, *adj*; (ને'સ્ટ્ફુલ્) As much or many as will fill a nest.માળામાં એટલું સમાય તેટલું.

Nestle, *vi.* (ને'સલ્) To lie close and snug. સુખ ચેનથી સુઇ રહેવું, ભરાઇ લપાઈ જવું. *vt.* To cherish. પાળી પોષી મ્હોટું ક૦. જતનથી ઉછેરવું.

Nestling *n.* (ને'સ્લિંગ્) A young bird which has not abandoned the nest. ઇંડામાંથી તુરતનું નીકળેલું બચ્ચું. *adj.* Newly hatched. તરતનું સેવેલું.

Net, *n.* (નેટ્) A fabric of twine, thread, or the like wrought or woven into meshes. જાલ; પાશ; જાળી. 2. A snare. ફાંસો; ફંદ. *n.* Work. જાળીદાર કામ. *vt.* જાળ ગુંથવી. **Net income**=ખરચ જતાં વધેલી કમાઇ.*vi.*To form network; to knit. જાળી બનાવી; ગુંથવું. *adj.* Pure;unadulterated. ભેળ વગરતું;નર્યું;અસલ શુદ્ધ.

Nether, *a.* (ને'ધર)Lower. નીચેનું; હેઠેનું;તળેનું.

Netherlander,*n.* (ને'ધરલૅન્ડર્) An inhabitant of the Netherland. નેધરલૅન્ડનો રહેવાસી.

Netherlandish, *a.* (ને'ધરલૅન્ડિશ્) Of the Netherland. નેધરલાન્ડનું; સંબંધી.

Nethermost, *a.* (ને'ધર્મોસ્ટ્) Lowest. છેક તળેનું.

Netsuke=A carved ornament like a button. બટનના ઘાટનું ઘરેણું; આભૂષણ.

Nettle, *n.* (ને'ટલ્) A plant of the genus Urtica. કૌવચ; ખજવાળ આણે એવો છોડ. *vt.* To fret; to irritate. ખીજવવું; ચીડવવું.

Neuralgia, *n.* (ન્યૂરૅ'લ્જૅ) શળનું દરદ; મજ્જાતંતુમાં થતું દરદ. [Gr. *neuron*, nerve; *algos*, pain.]

Neurology, *n.* (ન્યુરૉ'લજી) The branch of science which treats of the nervous system. જ્ઞાનતંતુ વિદ્યા-નું શાસ્ત્ર. [L. *neuron*, nerve; *logos*, doctrine].

Neuter, *a.* (ન્યૂ'ટર) Expressing that which is of neither sex. નાન્યતર જાતિનું. 2. Having no generative organs. નપુંસક. 3. ત્રાહિત; અલગ; મધ્યસ્થ.[L.*ne*, not; *uter*, either of two].

Neutral, *a.* (ન્યૂ'ટ્રલ્) Not engaged on either side. નિષ્પક્ષપાતી; ત્રાહિત; તટસ્થ.

Neutrality, *n.* (ન્યૂટ્રૅ'લિટી) મધ્યસ્થપણું; નિષ્પક્ષપાત.

Neutralize, *vt.* (ન્યૂ'ટ્રલાઇઝ્) To render neutral. રદ-બરબાદ ક૦. 2. To render imperceptible the peculiar properties of a body. કોઇ પદાર્થના ખાસ ગુણો નહિં માલમ પડે તેમ કરવું. 3. To render inoperative. અસર ન થાય તેવું કરવું; નિષ્ફળ-નિરૂપયોગી કરવું.

Neutralization,n.(ન્યૂટ્રલાઇઝે'શન્) બરબાદી.

Never, *adv.* (ને'વર્) At no time. કદી નહિં. 2. Not in the least. બીલકુલ નહિં. 3. **N.** So. ગમે તેમ, ગમે તેવું, તેટલું કદી નહિં થયું હોય. As, ask me **N.** So much. કોઈએ કદી માગ્યું નહિં હોય તેટલું મારી પાસે માગ. Charm he **N.** so wisely. ગમે તેવી ચતુરાઈથી તે મંત્રે.

Never-the-less,adv. & *conj* (નેવર-ધ-લિ'સ્) Notwithstanding; in spite of. તોએ; તોપણ; એમ છતાં પણ; તથાપ; પરંતુ.

New, *adj.* (ન્યૂ) Fresh; recent; modern. નવું; તાજું; હમણાનું; કોરે કડકડતું; અર્વાચીન.

Newly, *adv.* (ન્યૂ'લી) હમણાંજ;થોડીક વાર થયે.

Newness, *n.* (ન્યૂ'નિસ)નવીનતા; નૂતનતા.

New-fangled, *adj.* (ન્યૂ-ફૅં'ન્ગલ્ડ્) Formed with the affection of novelty. નવું બનાવેલું; નવાઇ ભરેલું; નવી વસ્તુપર મગ્ન, મોહિત.

News, *n.* (ન્યૂઝ્) Fresh tidings. સમાચાર. વતમાન; ખબર.

News-monger, *n.* (ન્યૂ'ઝ્-મંગર્) ગપ્પીદાસ; ગપ મારનાર; કાસદ; ખેપીઓ,

New-moon,n.(ન્યુ'મૂન્) બીજનો ચંદ્રમા;બીજ.

News-paper, *n.* (ન્યૂ'ઝ્-પે,પર) વર્તમાન-સમાચાર પત્ર.

News-vendor, *n.* (ન્યૂ'ઝ્-વેન્ડર) વર્તમાન પત્ર વેચનાર.

New-year's day, *n.* (ન્યૂ-યીર્સ-ડે,')બેસતા વર્ષનો પેહેલો દહાડો; નૂતનવર્ષપ્રભાત.

New-year's-gift,n.(ન્યૂ-યીર્સ-ગિ'ફ્ટ્)બોણી બક્ષીસ; નૂતનવર્ષભેટ.

Next, *adj.* (નેક્સ્ટ્) Nearest in place, time or order. પાસેનું; પછીનું; બીજું; જોડેનું;લગોલગનું. *adv.* પછીથી; તે પછી.

Nexus, *n.* (ને'ક્સસ્) Connection; tie. સંબંધ; ગાંઠ.

Nib, *n.* (નિબ્) પક્ષીની ચાંચ; અણી;કલમની ટાંક; કત. *vt.* To furnish with a **N.** ટાંક મારવી; અણી કાઢવી.

Nibble, *vt.* (નિ'બલ્) To bite by little at a time. થોડે થોડે કરડી ખાવું.*vi*, To bite upon something gently.બચકું ભરવું. 2. To carp at. ભૂલ કાઢયા કરવી; હલકી-નજીવી ટીકા ક૦. *n.* A small piece. નહાનો કડકો.

Nice, *adj.* (નાઇસ્) Dainty; delicate. સ્વાદિષ્ટ 2. Fine. બારીક; સૂક્ષ્મ; ઝીણું. 3. Accurate. બરાબર; ચોકસ. 4. Fastidious. ખનખોર; અતિ રસિક; ચાપચીપીયું.

Nicely, *adv.* (નાઈ'સ્લી) સુંદર રીતે; બારીકાઇ-ચોકસાઇ-સંભાળથી.

Nicety, *n.* (નાઈ'સિટી) The quality or state of being nice. બારીક, સૂક્ષ્મ, ઝીણી દૃષ્ટિ, નજર. 2. Squeamishness. ખણખોદપણું; સહેજમાં કંટાળવાની બુદ્ધિ. 3. Minute difference. બારીક

હકીકત. N. of management. યુક્તિ; બારીક હિકમત, ચોકસાઇ.

Niche, *n.* (નિચ્) A cavity. પુતળાં વગેરે મૂકવાને માટે દિવાલમાંનો ગોખલો.

Nick, *n.* (નિક્) Critical time. એન વખત; અડી વેળા, અણી પર વાત આવી હોય એવો વખત. A notch cut in something. ચીરો; ખાંચ. *vt.* To make a nick or nicks in. માં ચીરો, ખાંચ, કાપ પાડવા. 2. Nickname. મશ્કરીના નામથી બોલાવવું; ઉપનામ.

Nick-nacks *n. pl.* (નિ'ક્-નૅક્સ) Small wares; trifles; baubles. આચરકુચર, હલકો સામાન, કચરો, રમકડાં.

Nickname, *n.* (નિ'ક્ નેમ્) A name given in contempt, derision. મશ્કરીનું, ચીડનું નામ.

Nictation, *n.* (નિક્ટે'શન્) The act of winking. આંખનો પલકારો, મચકારો.

Nidget, *n.* (નિ'જીટ્) A fool; an idiot. મૂર્ખ માણસ.

Nidificate, *vt.* (નિ'ડિફિકેટ્) To make a nest. માળો કરવો. [L. *nidus*, nest, *facio*; I make.]

Niece, *n.* (નીસ્) ભત્રીજી; ભાણેજી.

Nid-nod, *v.* (નિ'ડનૉડ્) હલાવ્યા, ધુણાવ્યા કરવું.

Niggard, *a.*(નિ'ગર્ડ) Miserly. કંજુસ; બખિલ; કૃપણ. *n.* A miser. કંજુસ; કરકસરીઓ માણસ. *a. adv.*-°**ly.** કંજુસીયો; કંજુસાઇથી.

Nigger, *n.* (નિ'ગર્) Negro. સીધી; હબસી; કાળો; હલકો.

Niggle, *v.* (નિ'ગલ્) ટાયલું કરવું; ઝીણી ઝીણી ખણખોદ કરવી.

Nigh, *adj.* (નાય્) Not distant. પાસેનું; નજીકનું. *adv.* Near. પાસે; નજીક. *vi.* & *vt.* To approach; to come near. જઈ પહોંચવું; પકડી પાડવું. *prep.* Near to. ની પાસે.

Night, *n.* (નાઈટ્) The time from sunset to sunrise; the time of quiet, rest, sleep. રાત; રજની; નિશા. 2. Darkness. અંધારૂં. 3. Ignorance. અજ્ઞાન. 4. The period after the close of life. મરણોત્તરકાલ. N. Blindness. રતાંધળાપણું. To sit up at N. જાગરણ-ઉજાગરો કરવો.

Night-dress, *n.* (નાઈટ્-ડ્રેસ્) પહેરી સૂવાનાં લુગડાં; શયનવસ્ત્ર.

Night-fall, *n.* (નાઇટ્-ફૉલ્) Evening. સમીસાંજ; સંધ્યાકાળ; દીવા વખત.

Nightingale, *n.*(ના'ઇટિંગેલ્)An European song-bird. બુલબુલ પક્ષી.

Nightly, *a.* (ના'ઈટ્લી) Of the night. રાત્રે [illegible] રાતની વખતનું.

Night-mare, *n.* (ના'ઈટ્-મેર્) A fiend or incubus formerly supposed to cause trouble in sleep. ઓથાર; ખરાબ સ્વપ્નું.

Night-shade, *n.* (ના'ઈટ્-શેડ્) A plant of the genus solanum. ભોંયરીંગણી.

Night-soil, *n* (ના'ઈટ્-સૉઇલ્) The contents of privies. સંડાસોમાંથી કાઢેલાં મળમૂત્ર.

Night-watch, *n.* (ના'ઇટ્-વૉચ્) A watch or guard at night. રાતની ચોકી કરનાર.

Nigrescent, *a.* (નિગ્રે'સન્ટ્) Blackish. કાળાશ પડતું; કાળું.

Nihilism, *n.* (ના'યિલિઝમ્) Rejection of moral principles; doctrine that nothing exists. સર્વ ધાર્મિક તથા નૈતિક સિદ્ધાંતોનો ઈનકાર; ઈનકારવાદ; શૂન્યવાદ; સ્થાપિત રાજ્યસત્તાનો વિરોધી મતવાદ. **Nihilist**=શૂન્યવાદી. **Nihilistic**= શૂન્યવાદને લગતું, ના જેવું.

Nihility, *n.* (નિ'હિલિટી) Nothingness. નાસ્તિત્વ; અભાવ; શૂન્યતા; નહિંપણું. [L. *nihil*, nothing].

Nill, *n.* (નિલ્) ૦ નંબર; શૂન્ય; કંઈ નહિં. **Nil admirari,** (ઍડ્મિરે'રાઈ) કંઇપણ નવાઈ ન લાગે તેવી વૃત્તિવાળું; અભિમાની.

Nimble, *a* (નિ'મ્બલ્) Light and quick in motion; lively. ચપળ; ચંચળ; ચાલાક; હોશીયાર.

Nimbose, *a.* (નિ'મ્બોઝ્) Cloudy, stormy. વાદળવાળું; ઘનઘોર. [L. *nimbus*, cloud].

Nimbus, *n. pl.* **Nimbi,** a halo. વાદળાં; કિરણ; અંશ; માળા

Nimiety, *n.* (નિમા'ઇટી) Too-muchness. અતિશયતા.

Niminy-piminy, *a.* (નિ'મિની-પિ'મિની) પુરૂં બોલે નહિં એવું; ગણગણીયું; ઠકડેટાટ.

Nincompoop, *n.* (નિ'નકૉમ્પૂપ્) મૂર્ખ; અનાડી; ઢોંડો.

Nimmer, *n.* (નિ'મર્) A thief. ચોર.

Nine, *adj.* (નાઇન્) નવ. N. Fold નવગણું.

Nine-pins, *n.* (ના'ઇન-પિન્સ્) લાકડાની નવ ખુંટી સપાટી ઉપર બેસાડીને તેને પાડી નાંખવાને માટે તેણી ગમ લાકડાનો દડો ફેંકવાની રમત.

Nineteen, *adj.* (ના'ઇનટીન્) ઓગણીસ.

Ninety, *adj.* (ના'ઇનટી) નેવું.

Ninth, *adj.* (ના'ઇન્થ) નવમું.

Ninny *n. pl* **Ninnies,** *a* (નિ'ની) A fool; A simpleton. બેવકૂફ; ભોળો.

Nip, *n.* (નિપ્) A sip or small draught. ઘૂંટડો; આચમન; નાનો ઘુંટડો. *vt.* To pinch. ચીમટા દેવા; ચોંટી દેવી. 2. To cut off the end. છેડેથી કાપી નાંખવું; છાંટી કાઢવું. 3. To check the growth. વધતું અટકાવવું. To nip in the

bud=મૂળમાંથીજ નાશ કરવું, ડાંભી દેવું. *n.* A pinching. ચીમટો; ચીંટી.

Nippers, *n. pl.* (નિ'પર્ઝ) Small pincers. નાના ચિપિયા; સાંણસી.

Nipple, *n.* (નિ'પલ) A teat; a pap; the mammila.. કુચાગ્ર; સ્તનાગ્ર; સ્તનનું ટોચકું; દીંટડી.

Nit, *n.* (નિટ્) The egg of a louse. જૂની લીખ.

Nitty, *adj.* (નિ'ટી) લીખોવાળું.

Nitid, *adj.* (નિ'ટિડ્) Bright. ચળકતું.

Nitre, (*n.*) (નાઈટર) Saltpetre. સુરોખાર.

Nitrate, *n.* (ના'યટ્રેટ) A salt formed by the union of the nitric acid with a base. કોઇ મુખ્ય તત્વની સાથે નાઇટ્રિક ઍસિડના મળવાથી થતો ખાર. **N.** of potash. જવખાર. **Nitric**= Having the properties of nitre. જેમાં સુરોખારના ગુણો છે તેવું.

Nitrous, *adj.* (ના'યટ્રસ) સુરાખારનું.

Nitrogen, *n.* (ના'ઈટ્રજીન્) A gas forming nearly four-fifths of common air. નાઇટ્રોજન્ વાયુ.

No, *adj.* (નો,) ના, નહિં; માં; કોઇ નહિં.

Noachian, *adj.* (નોએ,'કિઅન્) Pertaining to Noah, the patriarch or to his time. નોહનું; ના વખતનું.

Nobody, *n.* (નો'બડી) કોઈ નહિં; એકું નહિં; કોડીનો, નકામો માણસ.

Noble, *adj.* (નો,'બલ) Dignified. ઉમદા; પ્રૌઢ; પ્રશસ્ત. 2. Splendid. ભભકાદાર; સુંદર; ઠાઠમાઠવાળું. 3. (Of family.) કુલીન; ખાનદાન. 4. Highest in rank. અમીરમાંનું; નામદાર; આલીશાં; 5. Generous; liberal. ઉદાર. 6. Excellent. ઉત્તમ; ઘણુ સારૂં. A nobleman. અમીર; ઉમરાવ. *interj.* ખાસું; વા વા; શાબાશ; ભલે, [L. *nobilis*, noble].

Nobility, *n.* (નોબિ'લિટી) Greatness. ખાનદાની;કુલીનતા; ઉદારતા; અમીરાઇ. Nobleminded. મોટા, ઉદાર મનનું.

Nocturnal, *adj.* (નૉક્ટ'રનલ) Pertaining to night; done at night. રાતનું; રાત્રે કીધેલું, થએલું. [L. *nox*, night.]

Noctambulist, *n* (નૉક્ટૅ'મ્બ્યુલિસ્ટ) A night-walker, one who rises from bed and walks in his sleep. [L. *nox*, night; *ambulo*, to walk] સ્વપ્ન, નિશાચારી.

Noctilucous, *adj.* (નૉક્ટિલ્યુ'કસ) Shining in the night.[L. *nox*, night; *lucco* to shine.]

Nocturne, *n.* (નૉ'ક્ટર્ન) An office of devotion or religious service at night. પ્રાર્થના ખંડ; રાત્રિકૃત્ય; સંગીત.

Nocturnally, *adv.* (નૉક્ટ'ર્નલી) In the night; nightly. રાત્રિએ.

Nod *vi.* (નૉડ્) To incline the head with a quick motion. માથું ડોલાવવું, ડોલવું, ડોલાં ખાવાં. 2. To be drowsy. ઝુકવું; ઉંઘટું થવું; ડોલાં, ઝોકાં ખાવાં. 3. To make a motion of assent or of salutation. ડોકી ધુણાવવી; સલામ કરવી; કબુલ કરવું. *vt.* ડોલાવવું; હલાવવું. To nod approbation = ડોકું હલાવીને કબુલાત આપવી. *n.* ડોલું; ઝોકું; સલામ; પ્રણામ; ઇશારો; સાન; સંકેત.

Noddle, *n.* (નૉ'ડલ) માથું; ટોચકું. [L. *nodus*, a knot].

Noddy, *n.* (નૉ'ડી) A simpleton; a fool; a sea-fowl; a sort of vehicle. ભોગીયો; જલકુકડી; એક જાતનું વાહન.

Node, *n.* (નોડ) A knot; a protuberance. ગાંઠ; ઢેકો, (જ્યોતિષમાં) ઉપગ્રહ.

Nodule, *n* (નૉ'ડ્યુલ) A mineral mass. કાચી ધાતુ; ચકમક વગેરે ખનિજ પદાર્થનો ગોળો; ગાંઠ. [L. *nodulus*, a little knot].

Nodose, *a.* (નોડો,'સ) Knotty. ગાંઠાવાળું; ટોચકાવાળું.

Nodule, *n.* (નૉ'ડ્યુલ) ગોળી; ગાંઠ; ઢીમચું. *a.* -°**lar**,-°**lose**,-°**ulous**. ગાંઠાવાળું.

Nodus, *n.* (નો,'ડસ) નવલકથા વગેરેની અંદરનો ગુંચવાયેલો પ્રશ્ન, ભાગ. *pl.* **Nodi,** (નો,'ડાય).

Noetic, *a.* (નોએ'ટિક) બુદ્ધિને લગતું; કેવલ બુદ્ધિમય, શુષ્ક.

Noggin, *n.* (નૉ'ગિન્) A small mug or wooden cup. લાકડાનું પ્યાલું.

Noise, *n.* (નૉ'ઇઝ) Sound. અવાજ; શબ્દ; નાદ. 2. Clamour. પોકાર; ઘોંઘાટ; કકલાણ. 3. Frequent talk. પ્રસિદ્ધ વાત; ચર્ચા-વાત ચાલવી તે. To make a **N.** in the world. નામનો ડંકો વાગવો-વગાડવો; નામ-કીર્તિ ગાજવી; ધમાલ ક૦. To make a noise about. બુમાટો-પોકાર-હોકારો ક૦. *vt.* ગવાવું; ચર્ચાવું; લોકમાં પ્રસિદ્ધ-જાણ-મશહૂર ક૦. As, all these sayings were noised abroad. એ સઘળી વાતો લોકોમાં ગવાઇ ગઇ. [L. *noceo*, I hurt].

Noiseless, *a.* (નૉ'ઇઝ્લિસ્) Soundless. અવાજ, ઘોંઘાટ વગરનું; સુનું; ચુપ.

Noisy, *a.* (નૉ'ઇઝી) મોટો અવાજ કરનાર; ચળકતો (રંગ વગેરે.) 2. Clamorous. ઘોંઘાટવાળું; ગાજી હેલું; ધાંધલીક. 3. Full. ખીચોખીચ-ધાડી વસ્તીવાળું.

Noisome, *a.* (નૉ'ઈસમ્) Noxious to health; hurtful; mischievous; unwholesome; offensive to the smell or other senses; disgusting. અપકારક; ઇજા કરે એવું; બાધક; કંટાળો ઉપજે એવું.

Nomad, *n.* (નૉ'મડ્) A roaming or wandering shepherd. ચારાને માટે પશુઓને લઇને ફર-

નાર, રખડનાર; ઢોર ચરાવીને પેટ ભરનાર. [Gr. *nomos*, pasture.]

Nomadic, *adj.* (નમૅ'ડિક્) Pastoral. જનાવરો ઉછેરીને તથા ઢોરો ચરાવીને પેટ ભરતું.

Nomen, *n.* (નો,'મેન્) Clan-name. જાતિ નામ; ટુકડી, પંથ નામ.

Nomenclature, *n.* (નો,'મન્કલે,ચર્) A calling by name; a dictionary of technical terms. શબ્દકોશ, કોઇ વિદ્યા, હુન્નર સંબંધી વપરાતા ખાસ શબ્દો. [L. *nomen*, a name; *calo*, I call].

Nomenclator, *n.* (નો,'મન્કલે,ટર્) One who calls a person or a thing by name; a person who gives names to things. નામ આપનાર.

Nominal, *adj.* (નૉ'મિનલ્) Existing in name only (not real). માત્ર નામનું, દેખાવનું.

Nominally, *adv.* (નૉ'મિનલી) By name or in name only. નામથી; દેખાવ પૂરતું.

Nominate, *vt.* (નૉ'મિને,ટ્) To appoint by name. (નામ લઇને, લખીને) નિમવું, સ્થાપવું. [L. *nomino*, to nominate.]

Nomination, *n.* (નૉમિને,'શન્) The act or power of nominating. નિમણુક, નિમવાની સત્તા.

Nominative, *adj.* (નૉ'મિનટિવ્) (વ્યાકરણમાં) પ્રથમા; કર્તા.

Nominee, *n.* (નૉમિની') નિમેલો પુરૂષ.

Non, *adv.* (નૉન્) ન; અ; અન્; નિ.

Non-acceptance, *n.* (નૉન્ઍક્સે'પ્ટન્સ્) અસ્વીકાર.

Non-age, *n.* Minority. બાલ્યાવસ્થા; સગીરપણું

Non-appearance, *n.* (નૉન્-ઍપી'રન્સ્) Non-attendance. ગેરહાજરી.

Non-chalance, *n.* Indifference. બેફિકરાઈ; બેદરકારી; બેદિલી.

Non-commisioned, *adj.* સનંદ વગરનું.

Non-compos, *a.* (નૉન્-કૉ'મ્પૉસ્) Not of sound mind. ઘેલું; ગાંડું; ખસેલું; ચળેલું; બિનજવાબદાર.

Non-conductor, *n.* (નૉન્-કન્ડ'ક્ટર્) (In physics). ઉષ્ણતા, વિજળીવાહક નહિં તે; અવાહક.

Non-conformist, *n.* (નૉન્-કન્ફૉ'મિસ્ટ્) (કોઇ દેશમાં) સરકાર સ્થાપિત પંથનો અનુસારી નહિં તે; વિરોધી.

Nonce, *n.* (નૉન્સ્) Occasion. અમુકજ વખત; પ્રસંગ.

Nonchalant, *a.* (નૉનશૅ'લન્ટ્) Unmoved. બેદરકારીભર્યું; શાંત.

Nondescript, *a.* (નૉ'નડીસ્ક્રિપ્ટ્) Indeterminate. અકથ્ય; કઇ જાતનું છે એ કહેવું મુશ્કેલ; અનિર્વર્ણનીય વસ્તુ, આદમી.

Non-conformity, *n.* The neglect or refusal to unite with the established church in its rites and mode of worship. પંથવિરોધ; અનનુસરણ.

Non-delivery, *n.* (નૉન્-ડીલિ'વરી) Neglect of delivery. હવાલે ન કરવું તે; અસમર્પણ.

None, *pro.* (નન્) કોઇ નહિં; એક પણ નહિં.

Non-entity, *n.* (નને'ન્ટિટી) Non-existence. નહિંપણું; નાસ્તિત્વ; અભાવ; કિંમત વગરની વ્યક્તિ.

Nones, *n.* (નો,ન્ઝ્) Eighth day before Ides. સાતમી, પાંચમી તારીખ; નવમે કલાકે થતી ધર્મક્રિયા.

Non-essential, *adj.* (નૉન્-ઇસે'ન્શલ્) કોઇ કામને માટે અગત્યનું નહિં; બિનજરૂરી; અનુષંગી.

Non-pareil, *a.* (નૉન્-પરે'લ્) જેની બરોબરી થઈ શકે નહિં તેવું.–*n.* A person or thing having no equal; a nonesuch. અદ્વિતીય; અનુપમ.

Non(e)-such, A thing having no equal, an extraordinary thing.

Non-plus, *n.* (નૉન્પ્લ'સ્) ઘોળ; ગભરાટ; ગુંચવાડો. *vt.* ને ઘોળ પડવો, ને ગભરાટ, ગુંચવાડામાં નાંખવું; ભોઠા, ઝંખવાણા પાડવું.

Non-resident, *adj.* (નૉન્-રે'ઝિડન્ટ્) ઠરાવેલી જગાએ નહિં રહેનાર; અનિવાસી.

Non-resistance, *n.* (નૉન્-રીઝિ'સ્ટન્સ્) The omission of resistance; passive obedience, submission to authority. અવિરોધ; દીનતા.

Non-sense, *n.* (નૉન્-સેન્સ્) વગર અર્થનું બોલવું તે; નકામું; ટાયલું.

Non-sensical, *adj.* અનર્થક; અર્થહીન; અગડબગડ; ખાલી; નકામું; અયોગ્ય.

Non-solvency, *n.* (નૉન-સૉ'લ્વન્સી) Inability to pay debts. દેવાળીઆપણું; ઓગાળવાની અશક્તિ.

Non-solvent, *n.* (નૉનસૉ'લ્વન્ટ્) Not solvent; insolvent. દિવાળીયું; અદ્રાવક; અશિથિલકર.

Non-suit, *vt.* (નૉ'નસૂટ્) વાદીની ગફલતને લીધે અથવા તેના ગેરહાજર રહેવાથી તેનો દાવો નહિં ચાલે એવો ઠરાવ કરવો; દાવો રદ કરવો, દાવો નહિં ચાલે એવો ઠરાવ.

Noodle, *n.* (ન'ડલ્) મૂર્ખ; અનાડી; બોઘલું; બેવકૂફ.

Nook, *n.* (નૂક) ખૂણો; કોણ.

Noon, (નન્) **Noon-day,** (નૂ'ન-ડે) **Noontide,** *n.* (નૂ'નટાઇડ્) બપોર, મધ્યાહ્ન; *a.* બપોરનું.

Noose, *n.* (નૂસ્) A running knot. સરકીઓ ગાંઠ; ગાળો; ફાંસો; આંટી. *vt.* To entrap. ફાંસવું, ફાંસામાં આણવું.

Nor. *conj.* (નૉર્) પણ નહિં; અને નહિં.

Normal, *a.* (નૉ'ર્મલ્) Perpendicular. લમ્બ. 2. Regular. નિયમિત; સાધારણ. 3. Instructing in

the art of teaching (a school). મહેતાજી-બાળ-શિક્ષકનો ધંધો શિખવવું.

North, *n.* (નૉર્થ્) ઉત્તર દિશા. *a.* ઉત્તર દિશાનું; **N.** East, ઈશાન ખૂણો. **N.** West, વાયવ્ય ખૂણો. **N.** Star, ઉત્તર ધ્રુવનો તારો. **N.** Wind, ઉત્તરવાયુ. **N.** Pole, ઉત્તર ધ્રુવ. **N.** ward, *a.* ઉત્તર તરફ. Northerly; northern. ઉત્તરનું. Northernmost. છેક ઉત્તરનું.

Nose, *n.* (નોઝ્) The organ of smell. નાક; નાસિકા; ઘ્રાણેન્દ્રિય. 2. Scent. વાસ લેવાની શક્તિ. To lead by the nose=આંખ મિચાવીને-આંખે પાટા બાંધીને.મરજી મુજબ દોરવવું To be led by the nose=વગર વિચારે કોઈના કહ્યામાં રહેવું; આંખ મિચીને પછવાડે ચાલવું;બેદરકારીથી જવું. To thrust one's nose into=માં માથું મારવું; વચ્ચે પડવું. To blow the nose=નાક નસીંગવું; લીંટ કાઢવી. To put one's **N.** out of joint=ની સાથે (કોઇનો) સ્નેહ તોડવો. To turn up the **N.** at. ને તુચ્છ માનવું. Under one's **N.** ના દેખતાં. Bridge of the **N.** નાકની દાંડી. That speaks through his **N.** ગુંગણું. Nose-bag, તોબરો. Nose-gay, ફુલનો તોરો, ગોટો. Nose-ring, નથ; નથની.

Nostalgia, *n.* (નૉસ્ટૅ'લ્જા) Home-sickness. સ્વદેશ, પોતાને ઘેર જવાની તૃષ્ણા, આતુરતા, તલપાપડ થવું તે; ઘર ઘેલછા.

Nostradamus, *n.* (નૉસ્ટ્રૅડે,'મસ્) Prediction-monger. ભવિષ્યવાણી ભેગા કરનાર; ગ્રહ, જોષઘેલો.

Nosology, *n.* (નસૉ'લજી) રોગનિદાન શાસ્ત્ર.

Nostril, *n.* (નૉ'સ્ટ્રિલ્) નસકોરૂં. Cartilage of the **N.** નાકનો પડદો. To dilate the **N.** (as in anger). નસકોરાં ફુલાવવાં.

Nostrum, *n.* (નૉ'સ્ટ્રમ્)A quack medicine. જડીબુટ્ટી;ગૂઢૌષધ;વડ્ડી;ખાસ દવા. [L.*noster*, ours]

'**Not**, *adv.* (નૉટ્) નહિં; નથી; ના; ન.

Notch, *n.* (નૉચ્) A hollow cut in anything; a nick. કાતરો; ચીરો; ખાંચ. *vt.* To cut into; to cut in small hollows. ખાંચ, ચીરા, સળ, કાતરા પાડવા.

Note, *n.* (નોટ્) A mark; sign or token. નિશાની; ચિહ્ન. 2. A short remark. ટીપ; પાનાના હાંસીઆ પર લખેલો ખુલાસો. 3. Memorandum. ટીપ; યાદી; નોંધ; ટપકાવેલી યાદી. 4. Notice; heed. લક્ષ; ધ્યાન. 5. Reputation આબરૂ; પ્રતિષ્ઠા; ભારબોજ. 6. (Mus.). સૂર. 7. A short letter. ચિઠ્ઠી. 8. Annotation. ટીકા; વ્યાખ્યા; ભાષ્ય. Promisory **N.** દસ્તાવેજ; વ્યાજુ ચિઠ્ઠી; પ્રૉમિસરી નોટ. **N.** of hand. ખત; લેખ *vt.* To observe. લક્ષ; ધ્યાનમાં લેવું. 2, To write down. ટપકાવી લેવું; નોંધ કરી લેવી; ટાંચણ કરવું. Note this in your book. તમારી ચોપડીમાં લખી લો. [L *nota*, a mark.]

Notable, *a.* (નો,'ટબલ્) Remarkable, notorious. લક્ષમાં રાખવા જોગ; મશહૂર; પ્રસિદ્ધ; નામાંકિત.

Notary, *n.* (નો,'ટરી) કરારનામાં-ખત, કબાલા વગેરે કાગળ પર સહી-સિક્કા કરનાર વકીલ, લેખક

Notation, *n.* (નોટે,'શન્) A marking or noting; an act of recording anything by marks; figures or characters; a system of signs or symbols. આંકડા માંડવા તે, પરિમાણ સંખ્યા; અંક; આંકડો.

Noted, *a.* (નો,'ટિડ્) Remarkable. પ્રખ્યાત; પ્રસિદ્ધ.

Nothing, *n.* (ન'થિંગ્) કાંઇ નહિં.

Nothingness, *n.* (ન'થિંગનિસ્) Nihility; non-existence; a thing of no value. અભાવ; કિંમત વગરની વસ્તુ.

Notice, *n.* (નો,'ટિસ્) Observation. લક્ષ; ધ્યાન. 2. Information. ખબર; સૂચના; બાતમી. 3.A paper. પ્રસિદ્ધિપત્ર;જાહેરનામું. 4.Respectful treatment. આદરસત્કાર. *vt.* To observe. જોવું; લક્ષમાં લેવું. 2. To heed. ધ્યાન દેવું; નિધા-નજર રાખવી. 3. To make remarks on. કોઇ વિષય પર બોલવું-લખવું. 4. To treat with civilities. આદરસત્કાર ક૦.

Nothingarian, *n.* (નથિંગે'રિઅન્) Sceptic. સંશયાત્મા; શંકાશીલ; ધર્મમાં નહિં માનનારો.

Noticeable, *a.* (નો,'ટિસબલ્) Worthy of observation. ધ્યાન-લક્ષ આપવા જોગ.

Notification, *n.* (નોટિફિકે,'શન્) જાહેરનામું; સૂચનાપત્ર; ઢંઢેરો; થાળી-દાંડી પીટવી તે.

Notify, *vt.* (નો,'ટિફાઈ) To make known. જાહેર ક૦; જણાવવું; સૂચના આપવી.

Notion, *n.* (નો,'શન્) An idea. કલ્પના; તર્ક; ભાવના. 2. Sentiment; opinion. મત; અભિપ્રાય. 3. Inclination. મનનું વલણ; મનોરથ. I have a notion to go. મારે જવાનો મનોરથ છે. High notions and fancies=મિજાજ; પતરાજી; મગરૂરી; તોર.

Notional, *a.* (નો,'શનલ) Imaginary. કલ્પિત, મનમાં ધારેલું. 2. Fanciful. તરંગી; તર્કબાજ.

Notoriety, *n.* (નોટોરા'યટી) બદકીર્તિ; અનિષ્ટ પ્રસિદ્ધિ.

Notorious, *a.* (નોટો'રિયસ્) Publicly known. પ્રસિદ્ધ; જાણીતું; ખરાબ રીતે પ્રખ્યાત.

Notwithstanding, *conj.* (નૉટ-વિધ્-સ્ટૅ'ન્ડિંગ્) Nevertheless. એમ છતાં પણ; તોયે; તથાપિ; તે છતાંએ.

Nought, *n.* (See *naught*).

Noumenon, *n.* (નુ'મિનૉન્) બુદ્ધિગ્રાહ્ય વિષય; માત્ર મનથીજ સમજાય એવું; અદૃશ્ય.

Noun, *n.* (નાઉન્) નામ. A proper **N.** વિશેષનામ. A common **N.** સામાન્ય નામ. An abstract **N.** ભાવવાચક નામ. A collective **N.** સંઘસૂચક નામ. A verbal **N.** ક્રિયાવાચક નામ.

Nourish, *vt* (ન'રિશ્) To suckle; to feed; to foster. ધવરાવવું; પોષવું; પાલણપોષણ કરવું; પરવરશી ક૦. 2. To encourage. ઉત્તેજન આપવું. 3. વૃદ્ધિ કરવી. [L. *nutrio*, to nourish].

Nourishing, *a.* (ન'રિશિંગ્) Nutritious. પૌષ્ટિક; ધાતુપુષ્ટિ-કૌવત આપનાર; પુષ્ટિકારક.

Nourishment, *n.* (ન'રિશ્મન્ટ્) Nutrition. ખોરાકી; આહાર; જીવન; ખાવાપીવાનું 2. Instruction. પુષ્ટિ આપનારી કેળવણી.

Novel, *a.* (નૉ'વલ્) New; unusual. નવું; હાલનું; અપૂર્વ; અદ્ભુત. *n.* A fictitious tale. કલ્પિત કથા-વાર્તા; નવલકથા. [L. *novus*, new].

Novelist, *n* (નૉ'વલિસ્ટ્) A writer of novels. કલ્પિત-જોડી કાઢેલી કથા-વાત-ઉપાખ્યાન લખનાર-બનાવનાર; નવલકથાકાર.

Novelty, *n.* (નૉ'વલ્ટી) નવાપણું; નવીનતા; અપૂર્વતા; અલૌકિકપણું; નવાઈ; નવાઇની-અજબ જેવી-અપૂર્વ વસ્તુ.

November, *n.* (નવે'મ્બર્) અંગ્રેજી વર્ષનો અગીઆરમો મહિનો. [L. *novem*, nine]

Novice, *n.* (નૉ'વિસ્) A beginner. કોઇ ધંધામાં નવું દાખલ થએલું માણસ; શીખાઉ; નવો નિશાળીઓ. 2. (In a convent). અજમાએશ આપનાર; ઉમેદવાર. 3. A recent convert. તરતનો-નવો ધર્મમાં આવેલો કોઇ પુરૂષ Ever a novice=રોજ નવો; લગને લગને કુંવારો.

Novitiate, *n.* (નૉવિ'શિએટ્) The state of being a novice. શિખાઉપણું; અણુવાકેફગિરી. 2. Period of probation. ઉમેદવારી; અજમાએશનો વખત

Now, *adv.* (નાઉ) હમણાં; સાંપ્રત; અધુના; હવે. 2. Very lately. થોડું થયું; થોડા વખત ઉપર. 3. After this. આ ઉપરથી; આવું છે ત્યારે. 4. At that time. તે વખત. 5. At one time—at another time. એક વખતે; બીજી વખતે. Now high—now low=એક વખત ઉંચું-બીજી વખત નીચું. From now=અતઃપર; આયંદે; આજ પછી. Now and then=કોઇ કોઈ વેળા; કદી કદી; વખત બેવખત. Till now=આજ લગી. *n.* Present time. હાલનો, ચાલતો વખત. An eternal **N.** સનાતન ચાલતો વખત.

Now-a-days, *adv.* આ દહાડાઓમાં; આજકાલ.

No-way,-ways,-wise, કોઇ પણ પ્રકારે નહિં.

Noxious, *a.* (નૉ'ક્શસ્) Hurtful; harmful; unwholesome; corrupting to morals. અપકારક; ઈજા દુઃખ દેનાર; નુકશાનકારક; રોગકારક; દુષ્ટ. [L. *noceo*, I hurt.]

Nozzle, *n* (નૉ'ઝલ્) નાકનું ટેરવું; જનાવરનું લાંબું મ્હોડું

Nubile, *a.* (ન્યુ'બાઈલ્) પરણવા યોગ્ય.

Nucleus, *n.* (ન્યુ'કલીઅસ્) The central part of a body. મધ્ય ભાગ; ગર્ભ. **N.** of a comet. ધૂમકેતુનું માથું.

Nude, *a* (ન્યુડ) Bare. ઉઘાડું; નાગું. 2. (In law) Void. નિરર્થક; પોકળ; બાતલ. **N.** contract. નિરર્થક કોલકરાર. [L. *nudus*, naked].

Nudity, *n.* (ન્યુ'ડિટી) Nakedness. નાગાપણું; નગ્નતા.

Nudge, *vt.* (નજ્) ચેતાવવાને, જણાવવાને ધીમેથી કોણીએથી અડકવું, સ્પર્શ કરવો; ઠોંસો મારવો.

Nugatory, *a.* (ન્યૂ'ગટરી) Trifling. નજીવું; હલકું. 2. (Law). નકામું; વ્યર્થ. Laws rendered **N**=વ્યર્થ થએલા કાયદા. [L *nugos* trifles.]

Nugget, *n.* (ન'ગેટ્) સોનાની લગડી.

Nuisance, *n.* (ન્યૂ'સન્સ્) જેથી કંટાળો ઉપજે તે; ઉપદ્રવકારક; કંટાળો ઉપજાવનારી વસ્તુ; ઈજા; ગંદવાડ. [L *noceo*, I hurt].

Null, *a.* (નલ્) Of no force or worth; void. ફોકટ; વ્યર્થ; રદ.

Nullify, *vt.* (ન'લિફાઇ) નકામું, રદ, બાતલ ક૦.

Nullity, *n.* (ન'લિટી) Nothingness. નહિંપણું; અભાવ; નાસ્તિત્વ. 2. (In law). જેમાં કાયદાનું જોર, ની સત્તા નથી તે.

Numb, *a.* (નમ્) Benumbed, deprived or destitute of the power of sensation and motion. બેશુદ્ધ; બેહેર મારી ગએલું; જડ. *vi* બેશુદ્ધ થવું; સુનકાર મારી જવું, રહી જવું; બેહેર મારી જવું *vt.* અચેતન, બેશુદ્ધ ક૦. (આંગ વગેરેને) જુઠા પાડવું.

Number, *n.* (ન'મ્બર્) That which is dealt out, distributed or assigned; a unit. અંક; આંક; સંખ્યા; નંગ. 2. Many. ઘણાં. Numbers died on the way. રસ્તામાં ઘણાં મરણ પામ્યાં. 3. (In poetry). માત્રા; છંદ; વૃત્ત. 4. Verse. કવિતા; પદબંધ; 5. (In gram.) વચન. 6. Cardinal numbers, 1, 2, 3 &c. Ordinal numbers, 1st, 2nd, 3rd &c. Odd **N.** એકી, વિષમ સંખ્યા. Even **N.** બેકી સંખ્યા. Table of **N.** સંખ્યાનો કોઠો, નું કોષ્ટક. *vt.* To count. ગણવું; ગણતરી ક૦. 2. To reckon as one of. ગણવું. To affix a **N.** to. આંક, આંકડો મારવો, લખવો [L. *numera*, number.]

Numbered, *pp.* Counted; enumerated. આંક માંડેલો; ગણાવેલો.

Numberless, *a.* (નં'બર્‌લિસ્) Countless. અગણિત; અસંખ્ય.

Numerable, *a.* (ન્યૂ'મરબલ્) That may be numbered or counted. ગણી શકાય તેટલાં.

Numeral, *a.* (ન્યુ'મરલ્) સંખ્યાદર્શક-વાચક.

Numerally, *adv.* According to number; in number. ક્રમાંક પ્રમાણે; સંખ્યામાં.

Numeration, *n.* (ન્યુમરે,'શન્) આંકડા માંડવા તે; સંખ્યાપરિમાણ-આંકડા વાંચવા તે.

Numerator, *n.* (ન્યૂ'મરે,ટર્) અપૂર્ણાંકમાંનો ઉપરનો આંકડો; અંશ; ગણનાર.

Numeric, *a.* (ન્યુમે'રિક) Belonging to, denoting number. સંખ્યાદર્શક, સંબંધી.

Numerical, *a.* (ન્યુમે'રિકલ્) સંખ્યા સંબંધી.

Numerically, *adv.* In numbers.

Numerous *a.* (ન્યૂ'મરસ્) મ્હોટી સંખ્યાનું; પુષ્કળ; બહુ; ઘણુંજ.

Numerously, *adv.* In great numbers.

Numismatics, *n.* (ન્યુમિસ્મૅ'ટિક્સ્) સિક્કા વિષેની વિદ્યા. [L. *numisma*, a coin of a state].

Numskull, *n.* (નં'મ્સ્કલ્) A dunce. ગમાર; અડબંગ; ઢ; જડસો.

Nun, *n.* (નન્) બાવી; વેરાગણ; સંન્યાસિની; ગરણીજી; સાધવણ; મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી. [L. *nonna*, a pious woman].

Nuncio, *n.* (નં'નશિઓ) પોપનો કાસદ; પ્રતિનિધિ.

Nuncupate, *v.* (નં'નક્યુપે,ટ્) (વસીયતનામું) મોઢેથીજ કરવું, જણાવવું.

Nunnery, *n.* (નં'નરી) કુંવારી સ્ત્રીઓને રહેવાનો મઠ-ઘર.

Nuncio, *n* (નન્શ્યો) An ambassador from the Pope to a King. ધર્મદૂત. 2. A messenger. દૂત; જાસુસ; સંદેશો લઇ જનાર. [L. *nuncius*, a messenger].

Nuptial, *a.* (નં'પ્શલ્) Pertaining to marriage. લગ્ન વિવાહ, સંબંધી. *n. pl.* લગ્ન; વિવાહ.

Nurse, *n.* (નર્સ્) One who nourishes; a woman who suckles infants or takes care of. છોકરાંને સંભાળનારી-ધવડાવનારી સ્ત્રી; આયા; રોગીની સંભાળ રાખનાર; પુષ્ટિ આપનાર. To put to nurse. બાળકને ધવડાવવાને મૂકવું. Wet **N.** ધાવ. *vi.* To tend as infants. ધવડાવવું; બરદાસ કo. To nurse a feeble plant. નબળા રોપાને ઉધારવો; ઉત્તેજન આપવું; પુષ્ટિ આપવી.

Nursery, *n.* (નં'સરી) છોકરાંઓની સંભાળ રાખવાનો ઓરડો-ની જગ્યા. 2. (Of young trees). ઝાડના રોપાની જગ્યા. 3. (Fig.) જ્યાં પુષ્ટિ મળે છે-વૃદ્ધિ થાય છે-વધે છે તે જગ્યા.

Nursling, *n.* (નં'સ્‌લિંગ્) One who is nursed; an infant; a child. બચ્ચું; બાળક.

Nurture, *n.* (નં'ચર્) That which nourishes; food; diet; that which promotes growth; education; instruction. આહાર; ખોરાક; ભક્ષ; કેળવણી; બોધ. *vt.* To nourish; to feed; to educate. પાલણપોષણ કરવું; પરવશી કo; કેળવણી આપવી; શીખવવું.

Nut, *n.* (નટ) The roundish fruits of certain trees or shrubs. કોટલાંથી ઢંકાએલા ગરવાળું ફળ; સોપારી; મીંજ, મગજ. 2. પેચની માદા જેથી સજ્જડ બેસે છે તે. **N.** cracker. સુડી. **N.** meg. જાયફળ. **N.** shell. કોચલું; કોટલું. [L. *nux*, a nut].

Nutation, *n.* (ન્યુટે,'શન્) A nodding. હલાવવું તે [L. *nus*, to nod, to shake].

Nutmeg, *n.* (નં'ટમેગ્) જાયફળ.

Nut-brown, *a.* (નં'ટ્-બ્રાઉન્) Brown as a nut; long kept and dried. સુકુંસટ; ભુખરક.

Nutriment, *n.* (ન્યુ'ટ્રિમન્ટ્) Nourishment; food. આહાર; ખોરાક; જીવન; પૌષ્ટિક પદાર્થ; ધાતુપુષ્ટિ ગુણ. [L. *nutrio*, I nourish].

Nutritious, **Nutritive**, *a.* (ન્યુટ્રિ'શસ્, ન્યુ'ટ્રિટિવ્) Nourishing. પૌષ્ટિક; કૌવત આપનાર.

Nutrition, *n.* (ન્યુટ્રિ'શન્) Nutriment. પૌષ્ટિક-શરીરના ધાતુને માફક આવે તેવો ગુણ; પૌષ્ટિક પદાર્થ.

Nutting, *n.* (નં'ટિંગ્) Act of gathering nuts. સુકાં ફળ વીણવાં તે.

Nutty, *a.* Abounding in nuts; resembling a nut; flavoured like a nut. મીંજવાળું, જેવું.

Nuzzle, *vi* (નં'ઝલ્) To nestle; to hide the head, as a child in the mother's bosom. *vt.* To nestle; to house as in a nest; to insnare. 2. To work with the nose. લપાઇ, ભરાઇ જવું; ફસાવું; સુંઘવું; નાકથી ઠોસા મારવા.

Nymph, *n.* (નિ'મ્ફ) A fabled goddess of mountains, forests, waters. પર્વતની-વન-જળ દેવી; અપ્સરા. 2. A poetical name for a lady. સુંદરી. [L. *nympha*, a nymph, from *nubs*, to veil.)

Nuxvomica, *n.* (નક્સવૉ'મિકા) ઝેરકચુરો; કોચરૂં-લું. [L. *nux*, nut; *vomicus*, pert. to vomiting.]

O.

O, (ઓ) અંગ્રેજી મૂળાક્ષરનો પંદરમો અક્ષર, ચોથો સ્વર. 2. આયરલેન્ડમાં કુળનામને માટે વપરાતો અક્ષર. 'પુત્ર', 'જ', 'સુત'.

O, Oh, *interj.* (ઓ, ઓહ્) રે; હો; અરે. Exclamation denoting surprise, pain, sorrow or anxiety.

Oaf, *n.* (ઓ,ફ્) An idiot; a dolt; a blockhead મૂર્ખો;મંદ બુદ્ધિવાળો;ઢ. 2. A changeling. અપ્સરાઓએ એક બાળકને બદલે મુકેલું બીજું મૂર્ખ છોકરૂં [Sax. *oelf fairy.*]

Oafish, *a.* (ઓ,'ફિશ્) Foolish. મૂર્ખાઈ ભરેલું; અક્કલ વગરનું.

Oak, *n.* (ઓ,ક્) A name of a tree growing in England and other countries of Europe. વિલાયતમાં અને યુરોપના બીજા દેશોમાં ઉગતાં ઝાડો. [Sax. *ac*] 2. ગ્રીસ દેશમાં પવિત્ર મનાતું ઝાડ. (આ ઝાડ લગભગ ૩૦૦ વર્ષ જીવે છે.) [Gr. *drus* oak.]-**ling,** એકનું નાનું છોડ.

Oaken, *a* (ઓ,'કન્) Made of oak. 'ઓક'ના લાકડાનું બનેલું.

Oakum, *n.* (ઓ,'કમ્) The substance of old ropes untwisted and pulled into loose lump. જુના દોરડાનો કાથો,કુચો,છુછાં. White **O.** ડામર વગરના દોરડાનો કુચો. [Sax. *occumba, occumbe,* a comb.]

Oaky, *a.* (ઓ.'કી) Like oak; hard; strong 'ઓક'ના જેવું; મજબુત, જબર, કઠણુ, ચીકણું.

Oar, *n.* (ઓર) An instrument for rowing. હલેસું; ચાટવો. To lie on one's oars=નવરા બેસવું; થાક ખાવો; આરામ લેવો; વિસામો લેવો.

Oar, *vt.* (ઓર) To impel by rowing હલેસાં મારીને ચલાવવું. *vt.* To row. હલેસાં મારવાં. **-ed,** *a.* Furnished with oars. હલેસાંવાળું. *pp.*Impelled by rowing. હલેસાં મારીને ચલાવેલું.

Oarsman, *n.* (ઓ'ર્સમન્) One who rows at the oar. હલેસાં મારનાર.

Oary, *a.* (ઓ'રી) Having the form or use of an oar. હલેસાંને લગતું; હલેસાં જેવું.

Oasis, *n.* (ઓએ,'સિસ્) A fertile spot in a sandy or barren desert; it is particularly applied to such spots watered by springs in the desersts of Arabia, Egypt and other parts of Africa. રણમાં કે ઉજ્જડ મેદાનમાં ફળદ્રુપ જગ્યા; ઉપવન.

Oat, *n.* (ઓ,ટ) The seed of a plant, the meal of which forms a considerable and very valuable article of food for man in Scotland and the north of England; the grain, or seeds usually called Oats everywhere. એક જાતનું વિલાયતી ધાન,ચણા,અનાજ;એક જાતના સ્કૉટલાંડમાં અને વિલાયતના ઉત્તર વિભાગમાં ઉગતાં ઝાડનાં બીયાં, દાણા. તેના લોટના લોકો રોટલા કરી ખાય છે. ઘોડા અને ઢોર માટેનો સરસ ખોરાક. (Sax. *ate,* oate). He has sown his wild oats=તેણે પોતાની બદફેલી મૂકી દીધી છે.

Oaten, *a.* (ઓ,'ટન્) Made of oatmeal as oaten cakes. 'ઓટ' નામના ધાનનું બનેલું.

Oath, *n.* (ઓ,થ્) A vow;a solemn promise. સમ; કસમ; સોગન; પ્રતિજ્ઞા; એકરાર. To administer an oath, સોગન દેવા, ખવડાવવા. To take an oath, સોગન ખાવા, લેવા. [Sax. *ath.* an oath.]

Oath-breaking, *n.* (ઓ,'થ-બ્રેકિંગ્) The violation of an oath; perjury. સોગન, પ્રતિજ્ઞા ભાંગવી, તોડવી તે; વચનભંગ.

Obduracy, *n.* (ઑબ્ડ્યૂ'રસી) Invincible hardness of heart; obstinacy in wickedness. કઠોરતા; દુરાગ્રહીપણું; કાળજાનું અતિ કઠોરપણું.

Obdurate, *a.* (ઑ'બ્ડ્યુરટ્) Hardened in heart; hardened against good or favour; persisting obstinately in sin. હૈયાનું અતિ કઠોર; દુરાગ્રહી;પાપી;નિષ્ઠુર.2. Incapable of remorse. અતિ પાપ કરનાર; પશ્ચાત્તાપ ન કરે એવું;ઘાતકી;નિર્દય. 3. Stubborn; inflexible; unyielding. જક્કી; જીદ્દી; હઠીલું; સ્વછંદી; નમતું ન આપે એવું. [L. *obduratus,*from *obduro*-ob,*duro*-to harden].

Obedience, *n.* (ઓબી'ડિઅન્સ) Act of obeying; the quality of being obedient. અધીનતા; તાબેદારી; આજ્ઞાધીનપણું; આજ્ઞા, હુકમ, પાળવો, માનવો તે.

Obedient, *a.*(ઓબી'ડિઅન્ટ્) આજ્ઞાંકિત;તાબેદાર; આજ્ઞાનુસાર.

Obeisance, *n.* (ઓબે,'સન્સ) A bow; salutation; an act of reverence made by an inclination of the body or the knee; prostration. નમસ્કાર; પ્રણામ; સલામ; ઘુંટણીએ પડીને અથવા જમીનપર લાંબા પડીને પ્રણામ, સલામથી માન કરવાની રીત; જયજય; જેગોપાળ; સાષ્ટાંગ પ્રણામ; દંડવત્ પ્રણામ.

Obelisk, *n.* (ઑ'બિલિસ્ક્) A tall four-sided pillar, gradually tapering as it rises, and cut off at the top in the form of a flat pyramid; a mark referring the reader to a note in the margin, thus or ÷ used in printing and writing. ઉંચો ચાર પાસાવાળો, ધીમે ધીમે સાંકડો થતો જતો પણ મથાળે ચપટો એવો થાંભલો; વાંચનારનું ધ્યાન ખેંચવા માટે લખવામાં અને છાપવામાં વપરાતું ચિહ્ન; નિશાની ÷ [Gr. *obelos,* a pointed pillar].

Obese, *a.* (ઓબી'સ્) Fat; plump. જાડો;હૃષ્ટપુષ્ટ. **ness.** *n.* Excessive fatness from much eating; fleshiness. ખાધેલપાધેલ, માંસથી ભરેલ શરીર. [L. *ob* & *edo* I eat].

Obesity, *n.* (ઓબિ'સિટી) Encumbrance of flesh. માંસથી ઠસોઠસ,ભરપૂર સ્થિતિ.[L. *ob* & *edo,* I eat.]

Obey, *vt.* (ઓબે,') To comply with, as the commands, orders of. હુકમ માનવો, બજાવવો, ઉઠાવવો. 2. To submit to the instruction, direction, control of. આજ્ઞા પાળવી, માનવી; આજ્ઞામાં રહેવું; કહ્યું માનવું, કરવું; તાબામાં રહેવું; વશ રહેવું; માથે ચઢાવવું. 3. To yield to; to be ruled by; to submit to the government of. સત્તા માનવી; અધિકાર કબુલ કરવો, રાખવો; હકુમત માનવી; તાબે થવું.

Obit, *n.* (ઑ'બિટ્) Death. મોત; મરણ. 2. A funeral ceremony for the dead. અગ્નિસંસ્કાર; મરણક્રિયા. [L. *obitus* from *ob* & *eo* I go, I die].

Obituary, *n. a* (ઑબિ'ટ્યુઅરી) A list or register of the dead; an account of a person or persons deceased. માણસના મોત સંબંધી-નોંધપોથી-રજીસ્ટર-સમાચાર-હેવાલ-હકિકત. [Fr. *obituaire*].

Object, *n.* (ઑ'બ્જિક્ટ્) Goal; end; aim; purpose; intention. હેતુ; ઉદ્દેશ; અર્થ; નેમ; ધારણા; વિચાર. 2. A thing; substance. વસ્તુ; ચીજ; જણસ. 3. (In gram.) કર્મ. 4.-of favour; dislike. કૃપાપાત્ર; અકૃપાપાત્ર. 5.-of thought. મનોવિષય; વિષય. 6.-of sense=That which excites emotion, affection or passion. હેત, લાગણી અને રાગને ઉશ્કેરનાર-ઉત્પન્ન કરનાર વસ્તુ-વિષય; ઇંદ્રિયવિષય. *vt* (ઑબ્જેક્ટ) To oppose. સામે-વિરૂદ્ધ કહેવું-થવું. *vi.* To oppose in words or arguments; to offer reasons against. સામી તકરાર-વાંધો-અડચણ-હરકત હોવી-ઉઠાવવી. [L. *ob* & *jacio*, I throw].

Objection, *n.* (ઑબ્જે'ક્શન્) Act of objecting; adverse argument. વાંધો; હરકત; બાધ; અડચણ; તકરાર.

Objectionable, *a.* (ઑબ્જે'ક્શનબલ્) Liable to be objected; offensive. બાધ્ય; વર્જ્ય; તકરારી; વાંધો, અડચણ, હરકત ઉઠાવે એવું.

Objective, *a.* (ઑબ્જે'ક્ટિવ્) Relating to an object. પદાર્થ, વિષય, વસ્તુ સંબંધી નું વિષે. 2. (In gram.). કર્મ; કર્મવિષયક; બીજી વિભક્તિ.

Objector, *n.* (ઑબ્જે'ક્ટર્) One who objects; one who offers arguments or reasons in opposition to a proposition or measure. વાંધો-હરકત કરનાર, ઉઠાવનાર, લેનાર; તકરારી; દલીલ-રદીયા-કરનાર-આપનાર.

Oblation, *n.* (ઑબ્લે,'શન્) An offering. બળિ, દેવોપહાર; બળિદાન; ભોગ; આહુતિ.

Obligation, *n.* (ઑબ્લિગે,'શન્) An act of obliging; binding. અહેસાન-બંધનમાં લાવવું, આણવું તે. 2. The binding power of a promise, vow, oath, law or contract, civil, political, or moral bond independent of promise. રાજદ્વારી, વ્યવહારી, નૈતિક બંધન, ભાર, ઋણ, કર્તવ્યતા, આવશ્યકતા. 3. External duties imposed by law, promise, or contract. ફરજ; કર્તવ્ય; કામ. 4. The binding force of civility, kindness or gratitude. સામા માણસને ઉપકાર, દયા અને વિવેક અથવા સભ્યતાની લાગણીથી આપણા એહસાન, ઉપકાર, આભાર, ઋણ નીચે, તળે લાવવું, આણવું તે; વિનયધર્મ; પાડ઼સોણું. 5. A bond with a condition annexed and penalty for nonfulfilment. લખેલી સરત ન પળાય તો ગુન્હેગારી આપવી એવી રીતનું લખેલું લખત, દસ્તાવેજ. [L. *ob* & *ligo*, I bind.]

Obligatory, *a.* (ઑબ્લિ'ગેટરી) Implying an obligation; imposing duty. ફરજીયાત; બાધક; કર્તવ્ય; આવશ્યક.

Oblige, *vt.* (ઓબ્લા'ઇજ્) To compel by necessity or physical force. જરૂર, ફરજ પાડવી. 2. To do favour to. આભાર, ઉપકાર, અહેસાન, પાડ કરવો.

Obliging, *a* (ઓબ્લા'ઇજિન્ગ્) Kind; benevolent. ઉપકારી; પરોપકારી; દયાળુ.

Oblique, *a.* (ઑબ્લી'ક) Aslant; not direct. વાંકું; ત્રાંસું; આડું.-'ly. *adv.* (ઑબ્લી'ક્લી) By an illusion. પ્રપંચયુક્ત, ભુલ ભરેલી રીતે. 2. Not in a direct or plain meaning. સીધા અને સરળ અર્થમાં નહિ એવું; આડું; સામું; વક્ર. [L *ob* & *liquis*, away.]

Obliquity, *n.* (ઑબ્લિ'ક્વિટી) Obliqueness; state of being oblique વક્રત્વ; વક્રતા; વાંક. 2. Deviation from ordinary rules. આડાઇ; નિયમવિરૂદ્ધતા; નિયમ ભંગ.

Obliterate, *vt.* (ઑબ્લિ'ટરે.ટ્) To erase; cancel. છેકવું; ભુંસવું. 2. To wear out. ઘસી નાંખવું; થી ઘસાઇ જવું. [L. *oblino*, I daub.]

Obliteration, *n.* (ઑબ્લિટરે'શન્) Act of obliterating. છેકી, ભુસી નાંખવું તે. 2. Extinction. ઘસાઇ ઘસાઇને નાશ થવું તે.

Oblivion, *n.* (ઑબ્લિ'વિઅન્) Forgetfulness. વિસ્મૃતિ; ભુલાવો; વિસ્મરણ. 2. A forgetting of offences. ગુન્હા માત્રની માફી. [L. *ob* & *livio* I forget.]

Oblivious, *a.* (ઑબ્લિ'વિઅસ્) That easily forgets. ભુલકણું; વિસ્મરણશીલ. 2. Causing forgetfulness. ભુલાવે, વિસ્મૃત કરાવે એવું; વિસ્મારક.

Oblong, *a.* (ઑ'બ્લૉન્ગ્) Longer than broad. લંબચોરસ; લાંબું. *n.* A rectangle which has its length greater than its breadth. લંબચોરસ આકૃતિ જેમાં પહોળાઈ કરતાં લંબાઇ વધારે હોય છે. [L. *ob* & *longus*, long.]

Obloquy, *n.* (ઑ'બ્લક્વી) Reproachful language; censure; calumny. ચાડી ચુગલી; નિંદા; બદબોઇ; ભુંડું બોલવું તે; નામોશી લાવે એવું ભાષણ. [L. *ob* & *loquor* I speak.]

Obnoxious, *a.* (ઑબ્નૉ'ક્શસ્) Odious; censurable; offensive. અણગમતો; અળખામણો; અપ્રિય; ધિક્કારવા યોગ્ય; નિંદ્ય; કુપાત્ર.

Obscene, *a.* (ઑબ્સી'ન્) Inauspicious; ominous. અશુભ; અમંગળ; નિષિદ્ધ. 2. Foul; filthy. ગંદું; મેલું; મલિન. 3. Unchaste; lewd. બીભત્સ; ભુંડું; નિર્લજ. [Gr. *skaios* left ill-omened.]

Obscenity, Obsceneness, *n.* (ઑબ્સી'નિટી, ઑબસી'ન્નિસ્) Quality of being obscene. ભુંડા, બીભત્સ, નિર્લજ શબ્દો; ફટાણા; બીભત્સતા.

Obscure, *a.* (ઑબ્સ્ક્યૂ'ર્) Dim; destitute of light. ઝાંખું; નિસ્તેજ; અંધારાવાળું. 2. Unknown; not noted, noticed. અપ્રસિદ્ધ; જાણમાં નહિં એવું. 3. Hidden; remote from observation. છુપું; ખુણામાં પડેલું. 4. Not clear, or legible; unintelligible. અસ્પષ્ટ; ગૂઢ; ગહન; દુર્ગ્રહ્ય. 5. Imperfect; indistinct. અપૂર્ણ; ઉપરચોટિયું. *vt.* To hide; to conceal. સંતાડવું. [L. *ob* & *scuro*, I darken, to give shade.]

Obscurely, *adv.* (ઑબ્સ્ક્યૂ'ર્લિ) Indirectly; not plainly; by hints or allusions. અસ્પષ્ટ, અવ્યક્ત, ગોળગોળ રીતે.

Obscurity, (ઑબ્સ્ક્યુ'રિટી) State or quality of being obscure. નિસ્તેજપણું; અંધકાર. 2. Retirement from the world; privacy. એકાન્તપણું; અપ્રસિદ્ધપણું; વિરક્તપણું. 3. Humility. ગરિબાઇ; અતિનમ્રતા.

Obsequies, *n.* (ઑ'બ્સીક્વીઝ) The last duties or services rendered to a person after his death; funeral rites and solemnities. પ્રેતકર્મ; મરણ, મૃત્યુસંસ્કાર; ઉત્તરક્રિયા. [L. *ob* & *sequor*, I follow.]

Obsequious, *a.* (ઑબ્સી'કિવઅસ્) Subservient; promptly obedient or submissive to the will of another. ખુશામતીયું; વશવર્તી; હાજીહા કરનારૂં.

Obsequially, *adv.* (ઑબ્સી'કિવઅલી) In a manner appropriate to obsequies. ઔર્ધ્વદૈહિક; મરણ, મૃત્યુસંસ્કાર સંબંધીનું; ઉત્તરક્રિયા વિષેનું.

Obsequiousness, *n.* (ઑબ્સી'કિવઅસ્નિસ્) Quality of being obsequious; ready obedience; prompt compliance તાબેદારી; ગુલામગીરી; દાસ્ય; છંદાનુવર્તન; ખિજમત.

Observable, *a.* (ઑબ્ઝ'ર્વેબલ્) Worth seeing; noticeable; remarkable. જોવાલાયક; પ્રેક્ષણીય; જોવા લાયક એવું.

Observance, *n.* (ઑબ્ઝ'ર્વન્સ્) Act of observing. નિરીક્ષણ; અવલોકન. 2. Performance of religious rites and ceremonies. ધર્મના આચારવિચાર પાળવા તે; ધર્મ, વ્રત; ક્રિયા. નિયમ, વિધિ.—of external service. બાહ્ય આચારવિચાર; બહારના નિયમ; વિધિ; ક્રિયા.

Observant, *a.* (ઑબ્ઝ'ર્વન્ટ્) Attentively viewing or noticing. નજરબાજ; બારીકીથી જોનાર; અવલોકન કરનાર. 2. Obedient. આજ્ઞાધીન; વશ; કહ્યું કરનાર; માનનાર, પાળનાર; પાળે એવું.

Observation, *n.* (ઑબ્ઝર્વે'શન્) The act of observing; attentive inspection or view. અવલોકન; નિરીક્ષણ. 2. The expression of what is thought or observed. (*a*) Conclusion, વિચાર; અનુમાન. (*b*) Remark. ટીકા; ટીપ; શેરો. 3. See *observance*.

Observatory, *n.* (ઑબ્ઝર્વે'ટરી) A place or building fitted with instruments for making scientific observations of the heavenly bodies. વેધશાળા; તારાંગણ; આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહ, ઉપગ્રહ વગેરેનું અવલોકન કરવાનું મકાન.

Observe, *vt.* (ઑબ્ઝ'ર્વ્) To watch; to notice ધ્યાન, ચિત્ત દઇને જોવું; નિહાળવું; અવલોકન કરવું. 2. To utter or express as a remark or opinion. બોલવું; કહેવું. 3. To keep religiously. કરવું; પાળવું. To observe a fast = ઉપવાસ કરવો, પાળવો. *vi.* To comment. ટીકા કરવી. 2. To be attentive. ધ્યાન, લક્ષ આપવું, દેવું. [L. *ob* & *servo*, I watch or keep.]

Observer, Observator, *n.* (ઑબ્ઝ'ર્વર્ ઑબ્ઝરવે,'ટર્) One who observes or takes notice. અવલોકનકાર, કર્તા; નિરીક્ષક; બારીકીથી જોનાર. 2. One who conforms to anything in practice. ના પ્રમાણે ચાલનાર; માનનાર. [Fr. *observateur* = L. *observator* = Eng. *observator* or *observer*.]

Observing, *a.* (ઑબ્ઝ'ર્વિંગ્) Attentive to what passes. નજરબાજ; ચારે તરફ નજર રાખનાર; બારીકીથી જોનાર.

Observingly, *a.* (ઑબ્ઝ'ર્વિંગ્લી) Attentively; carefully; minutely. બારીકીથી; ધ્યાનથી; સંભાળથી; ઝીણી નજરેથી; ચોકસાઇથી.

Obsess, *vt* (ઑબ્સે'સ્) To haunt; pre-occupy. ઘેરવું; ઘેરી લેવું; ગ્રસ્ત, મગ્ન કરવું; ભૂત ભરવું; મનમાં દૃઢ વિચાર, વ્હેમ, ભૂત ઘાલવું. [L. *ob* & *sedeo*, I sit].

Obsolescent, *a.* (ઑબ્સોલે'સન્ટ્) Going out of use. અપ્રચલિત; દહાડે દહાડે વ્યવહાર-

ઉપયોગમાંથી નીકળી જવું. [L. *ob* & *soleo*, I use or wear out].

Obsolete, *a.* (ઑ'બ્સોલીટ્) Out of date; antiquated; old; worn out. અપ્રચલિત; રૂઢિભ્રષ્ટ; જુના જમાનાનું; પુરાણું; વ્યવહાર-ઉપયોગમાંથી નીકળી ગએલું. [L. *ob* & *sol. o*, I am accustomed].

Obsoleteness, *n.* (ઑ'બ્સોલીટ્‌નિસ્) Obsolescence; state of being out of date or use, obsolete. ચાલતા જમાનાનું કે રૂઢિનું નહિં તે; પુરાણું; ચાલુ વ્યવહાર-ઉપયોગ-વાપરમાંથી નીકળી ગએલું હોવું તે.

Obstacle, *n.* (ઑ'બ્સ્ટક્લ્) That which stands against or opposes; anything that hinders progress; an obstruction. આડ; હરકત. [L. *ob* & *sto*, I stand].

Obstetric-al, *a.* (ઑબ્સ્ટે'ટ્રિક્-ઑબ્સ્ટે'ટ્રિકલ) Pertaining to midwifery or the delivery of women in child-bed. સોયાણિના ધંધા સંબંધીનું. [L. *ob* & *sto*, *statum*, to stand before].

Obstetrics, *n.* (ઑબ્સ્ટે'ટ્રિક્સ્) The science of midwifery. ગર્ભમોચન વિદ્યા; સુવાવડનું વૈદક શાસ્ત્ર; સાયાણિનું કામ.

Obstinacy, *n.* (ઑ'બ્સ્ટિનસી) Not yielding to reasons, arguments, persuasions or other means; stubbornness. આડાઈ; હઠ; જીદ; જક

Obstinate, *a.* (ઑ'બ્સ્ટિનેટ્) Stubborn; persistent. મમતી; જીદ્દી; જક્કી; હઠીલું; આડું. [L. *ob* & *sto*, I stand].–°**ly**, *adv.* (ઑ'બ્સ્ટિનેટલી) Stubbornly. મમતીપણે; હઠીલાઇથી; જક્કી, જીદ્દીપણે.

Obstruct, *vt.* (ઑબ્સ્ટ્ર'ક્ટ્) To stop; to close; to block. રોકવું; બંધ કરવું; રૂંધવું. 2. To hinder; to come in the way of. ની આડે આવવું. [L. *ob* & *struo*, I build before or against.]

Obstruction, *n.* (ઑબ્સ્ટ્ર'કશન્) An obstacle; a bar or barrier; check; hindrance. હરકત; અડચણ; આડખીલી; ડખલ; અટકાવ; રોકાણ; રૂંધન.

Obstructive, *a.* (ઑબ્સ્ટ્ર'કટિવ્) Presenting obstacles; hindering. રોધક; પ્રતિબંધક; ડખલી; હરકત, અડચણ કરે એવું.

Obtain, *vt.* (ઑબ્ટે'ન્) To win; to earn; to gain; to procure; to attain. જીતવું; ફાવવું; કમાવવું; મેળવવું; પ્રાપ્ત કરવું; લાભ મેળવવો. [L. *ob* & *teneo* I hold.]

Obtainable, *a.* (ઑબ્ટે'નબલ્) Capable of being obtained. મળે એવું; લભ્ય; પ્રાપ્ય.

Obtend, *vt.* (ઑબ્ટે'ન્ડ્) To oppose. સામે થવું; વિરૂદ્ધ થવું. 2. To offer as the reason of anything. કશાનું કારણ બતાવવું. [L. *ob* & *tendo*, I stretch.]

Obtest, *vt.* (ઑબ્ટે'સ્ટ્) To call upon as a witness. સાક્ષી પુરવાને, સાક્ષી તરીકે બોલાવવું. *vi.* To protest. વાંધો ઉઠાવવો; સામે થવું; તકરાર લેવી. [L. *ob* & *testor*, a witness.]

Obtestation, *n.* (ઑબટેસ્ટે,'શન્) An entreaty; supplication. વિનતી; આજીજી; કાલાવાલા. 2. Solemn injunction. સખ્ત હુકમ; ભારે આજ્ઞા; ધર્મની પવિત્ર આજ્ઞા; ફરમાન; તાકીદનો હુકમ. ઈશ્વરસાક્ષી, આજ્ઞા.

Obtrude, *vt.* (ઑબ્ટ્રૂ'ડ્) To offer with unreasonable importunity; to urge upon against the will. સામા માણસની મરજી, ઇચ્છા વગર કરવું; કહ્યા વગર કરવું; વગર બોલાવે જવું; ઘુસવું; ઘુસીને આવવું. *vt.* To enter when not invited. રજા, આમંત્રણ વગર જવું; દાખલ થવું. [L. *ob* & *trudo*, I thrust.]

Obtruder, *n.* (ઑબ્ટ્રૂ'ડર) One who obtrudes. વગર બોલાવે, તેડે, રજાએ વચ્ચે ઘુસનાર, ગોઢો; ઘોઢો.

Obtrusion, *n.* (ઑબ્ટ્રૂ'શ્ઝન્) Act of obtruding. ઘુસણિયા વિદ્યા; પરાણે વચ્ચે આવવું તે; સામાની મરજી-ઈચ્છા વગરનું કામ, કાર્ય.

Obtrusive, *a.* (ઑબ્ટ્રૂ'સિવ્) Pushing; intrusive. ઘુસણીયું; ઘુસે એવું; વચ્ચે માથું મારે એવું; માથામારૂ.

Obtund, *vt.* (ઑ'બ્ટન્ડ્) To quell; to dull. નરમ-ધીમું પાડવું; મંદ જડ કરવું; ઉતારી પાડવું; બુઠું કરવું. [L. *ob* & *tundo*, I strike].

Obtuse, *a.* (ઑબ્ટ્યૂ'સ્) Not pointed; blunt. પહોળું; વિષમ. 2. Angle. કાટખૂણો–૯૦ ડીગ્રી કરતાં મોટો ખૂણો. 3. Dull. જડ, મંદ, સ્થૂલબુદ્ધિ.

Obtuseness, *n.* (ઑબ્ટ્યૂ'સ્નિસ્) The state or quality of being obtuse. મંદતા; જડતા; સ્થૂલતા; વિષમતા.

Obtusion, *n.* (ઑબ્ટ્યૂ'શ્ઝન્) Act of making obtuse જડ-મંદ-બહેર-બુઠું કરવું તે; મૂઢતા.

Obverse, *n.* (ઑ'બ્વર્સ્) The face of a coin. સિક્કાની જે બાજુએ મુખ્ય છાપ, મ્હોરૂં હોય તે બાજુ. *a.* Opposed to reverse. આગળનું; સિક્કાવાળું; ઉપસેલું, બહારપડતું. [L. *ob* & *verto*, I turn].

Obviate, *vt.* (ઑ'બ્વિએ,ટ) To meet in the way. રસ્તામાં મળવું. 2. To prevent. ટાળવું; નિવારણ કરવું; આગળથી દૂર રાખવું; બચવું; ખસેડવું. [L. *ob* & *via* a way].

Obvious, *a.* (ઑ'બ્વિઅસ્) Clear; plain; evident. સાફ; સ્પષ્ટ; ખુલ્લું; ઉઘાડું; દેખીતું.

Obviously, *adv.* (ઑ'બ્વિઅસ્લી) Evidently; plainly, ખુલ્લી રીતે; સ્પષ્ટ રીતે.

Obviousness, *n.* (ઑ'બ્વિઅસનિસ્) State of being obvious, plain, evident to the eye or mind. આંખને અથવા મનને સ્પષ્ટ-ખુલ્લી-સાફ રીતે દેખાઇ અથવા જણાય એવું હોવું તે; સ્પષ્ટતા.

Occasion, *n.* (ઑકે,'શન્) An incident; occurrence. બનાવ; બિના. 2. An opportunity; a favourable time; circumstance. લાગ; તાકડો; ફાવતો પ્રસંગ-અવસર. 3. An accidental or incidental cause. કારણ; નિમિત્ત; પ્રસંગ. 4. Need. ગરજ; જરૂર; પ્રયોજન; કારણ. *vt.* To cause. કરાવવું. [L. *ob* & *cado,* I fall].

Occasional, *a.* (ઑકે,'શનલ્) Casual; occurring at times. કોઇ કોઈ વાર થતું; પ્રાસંગિક; નૈમિત્તિક; અનિત્ય.

Occasionally, *adv.* (ઑકે,'ઝનલી) At times; on occasion not regularly. કદાચિત; કદાચ; પ્રસંગે; કેટલીકવાર.

Occident, *n.* (ઑ'કિસડન્ટ્) The west. પશ્ચિમ; આથમણી દિશા. [L. *occidens,* falling].

Occidental, *adj.* (ઑકિસડે'ન્ટલ્) Western; situated in the west. પશ્ચિમ તરફનું; પશ્ચિમનું; આથમણું; પાશ્ચિમાત્ય.

Occiput, *n.* (ઑ'કિસપટ) The back or hinder part of the head. માથાનો પાછલો ભાગ. [L. *ob* & *caput,* head].

Occult, *a.* (ઑક'લ્ટ) Hidden; concealed; secret; invisible; undetected. છાના; અપ્રસિદ્ધ; ગૂઢ; ગુપ્ત; ગુહ્ય Occult sciences. જાદુઈ અથવા મેલી વિદ્યાઓ; કીમીઓ; ઠગવિદ્યા. [L. *occulo,* I hide.

Occultation, *n.* (ઑકલ્ટે,'શન્) The hiding of a heavenly body from our sight by the intervention of some other heavenly body. આચ્છાદન; સમાગમ; ગ્રહણ; ગ્રાસ.

Occupancy, *n.* (ઑ'કયુપન્સી) An act of taking possession. કબજો;વહિવટ;ભોગવટો;ખેડહક.

Occupant, *n.* (ઑ'કયુપન્ટ્) One who has or takes possession. કબજેદાર; ભોક્તા; ભોગી; કબજો લેનાર-કરનાર.

Occupation, *n.* (ઑક્યુપે,'શન્) Act of occupying. વહીવટ; ભોગવટો; કબજો; કબજો કરવો, લેવો તે. 2. Profession; trade; employment. ધંધા; રોજગાર; ઉદ્યમ.

Occupier, *n.* (ઑ'ક્યુપાયર્) (see Occupant).

Occupy, *vt.* (ઑ'ક્યુપાય્) To hold or take possession of. હાથ-કબજ કરવું-લેવું; કબજો-વહીવટ-ભોગ-ભોગવટો કરવો-લેવો. 2. To cover. [illegible]. 3. To use, to make use of. [illegible] કરવું. 4. To employ or engage. [illegible]. 5. To follow business. કામે વળગવું-કામમાં ગુંથાયલા રહેવું. [L. *ob* & *capio.* I hold or take or seize].

Occur, *vi.* (અ'કર્) To be met with; to take place. જડવું; હોવું; થવું; નજરે પડવું; જોવામાં આવવું. 2. To come to the mind. સુઝવું; સુઝી આવવું; સુઝ પડવી.[L.*ob* & *curro,* I run].

Occurrence, *n.* (અક'રન્સ્) An incident or event. બનાવ; બીના; વૃત્તાંત; વાત.

Ocean, *n.* (ઓ,'શન્) The sea or the great sea. સમુદ્ર; સાગર; દરીયો; મહાસાગર. 2. A heap or expanse e. g. Ocean of misery. ઢગલો; રાશિ; દરીયો; નિધિ. [L. *oceanus.* Fr. *ocian.*] [Sans. स्ना to wash, स्नु to flow.]

Oceanic, *a.* (ઓશીઍ'નિક્) Of or pertaining to the sea. દરીયાનું; દરીયા, સમુદ્ર વિષેનું, સંબંધી. 2. Found or formed in the sea. દરીયાઇ; સમુદ્રમાં થતું, ઉપજતું, નીપજતું, મળતું.

Ochre, *n.* (ઓ,'કર્) A kind of clay of a brownish-red colour. એક જાતની રાતી, ભુખરી પીળી માટી; ગેરૂ [L. *ochra.*]

Octagon, *n.* (ઑ'કટગન્) A plane figure of eight sides and eight angles. અષ્ટકોણ. [Gr. *okto,* eight & *gonia* an angle.]

Octagonal, *a.* (ઑકટૅ'ગનલ્) Having eight sides and eight angles. અષ્ટકોણ આકારનું.

Octahedron, *n.* (ઑકટહે'ડ્રન્) A solid having eight sides or faces. આઠ બાજુવાળી ઘન આકૃતિ. [Gr. *okto,* eight & *hedra* side.]

Octangular, *a.* (ઑકટૅ'ન્ગ્યુલર્) Having eight angles. આઠ ખૂણાનું; અષ્ટકોણ આકારનું. [L. *octo* eight & *angular.*]

Octavo, *n.* (ઑકટે,'વો) A book in which a sheet is folded into eight leaves એક તાવ, કાગળના આઠ પાનાની ચોપડી; અષ્ટપત્રી પુસ્તક. *a.* Having eight leaves to the sheet. એક કાગળ, તાવના આઠ પાનાવાળું. *8vo.*

Octennial, *a.* (ઑકટે'નિઅલ્) Happening every eighth year. આઠ આઠ વર્ષે થતું, આવતું; અષ્ટવર્ષસ્થાયી. [L. *octo* eight & *annus* year.]

October, *n.* (ઑકટો,'બર્) The tenth month of the English year. અંગ્રેજી વરસનો દશમો મહિનો.

Octogenary, *a.* (ઑકટોજી'નરી) Of eighty years of age. એંશી વર્ષનું.-°**genarian,** *n.* (ઑકટોજીને'રિઅન્) One who is eighty years old. એંશી વર્ષનો માણસ. [L. *octogeni,* eighty each.]

Octroi, *n.* (ઑ'કટ્રૉય્,-ટ્રૉ) A tax levied in money or kind at the gate of a city. જકાત, વેરો; નાકું; દાણ; નાકાદાર; જકાતપદ્ધતિ.

Ocular, *a.* (ઑ'ક્યુલર્) Received by actual sight. નજરેનજર, આંખે જોયલું; પ્રત્યક્ષ. 2. Of the eye. આંખનું; આંખ વિષે, સંબંધી. [L. *oculus* the eye.]

Oculist, *n.* (ઑ'ક્યુલિસ્ટ્) One skilled in treating diseases of the eyes. આંખના ડાક્ટર; નેત્રવૈદ્ય.

Odd, *a.* (ઑડ્) Solitary; singular; standing by itself. એખલું; નોખું; જુદું; અલાયદું. 2. Queer; strange; unusual. વિલક્ષણ; વિચિત્ર; તરેહવાર; ઑર; કઢંગુ. 3. Left over after a definite round number has been taken. વધારાનું; ઉપરનું; બાકીનું; પરચુરણ; થોડાં વધારે. 4 Not divisible by two without a remainder; uneven. બેથી ભંગાય નહિં એવું; એકી.

Oddity, *n.* (ઑ'ડિટિ) Peculiarity; strangeness. વિલક્ષણતા; તરેહવારપણું; કઢંગાપણું.

Oddness, *n.* (ઑ'ડનિસ્) State of being odd; not even. એકી. 2. See **Oddity**.

Odds, *n.* (ઑડ્ઝ્) Inequality; the difference in favour of one and against another. ફેર; તફાવત; અંતર. 2. Quarrel; dispute; debate; strife. તકરાર; કજીયો ટંટો. 3. Advantage. ચઢીયાતાપણું; સરસપણું. Odds and ends. બાકી રહેલો ભાગ; કચરપચર; કકડાકકડી. At odds in dispute. સામસામા; વિરુદ્ધ; લડાઈમાં; કજીયામાં.

Ode, *n.* (ઓડ્) A short poem. A lyric poem. ટુંકું, ગાયનમાં ઉતારવા લાયક ઉચ્ચ રસનું કાવ્ય, ગીત, ગાયન; ગઝલ. [L. *ode*, a song.]

Odious, *a.* (ઓ'ડિઅસ્) Disgustive; offensive; hateful; exposed to hatred. અણગમો, ધિક્કાર ઉપજાવે તેવું; નઠારૂં; ભુંડું; અળખામણું; અપ્રિય; દ્વેષપાત્ર; તિરસ્કાર્ય. [L. *odio*, I hate.]

Odium, *n.* (ઓ'ડિઅમ્) Enmity; hatred; dislike. તિરસ્કાર; ફિટકાર; અભાવ; અણગમો; ભુંડાશ; કજીયો; લડાઇ; ટંટો; અદાવત; વેર. [L. *odium*, hatred.]

Odorating, *a.* (ઑડરે'ટિંગ્) Diffusing odour, scent, fragrance. સુગંધ, સુવાસ, ખુશબો, ફેલાવતું.

Odoriferous, *a.* (ઑડરિ'ફરસ્) see *Odorous* below.

Odorous, *a.* (ઓ'ડરસ્) Emitting, giving out; scent; fragrance; perfume. સુગંધી; સુવાસિત; ખુશબોદાર.

Odour, Odor, *n.* (ઓ'ડર્) Scent; fragrance; perfume; any smell. સુવાસ–સુગંધ–ખુશબો. કોઈપણ જાતની વાસ. [L. *odor*, a smell].

Of, *prep.* (અવ્–ઑવ્) Belonging to; relating to. નો–ના–ની–નું; માંનું–નો–ની.માંથી. 2. Indicating; source; origin. નું–નો–ની,થી–માંથી–પાસેથી; થી ઉત્પન્ન થયેલું. *3. It also denotes. (*a*) Cause. થી. (*b*) Identity, (in this case *of* is understood). (*c*) Distance from. થી. (*d*) Relation of subect to attribute. વાન્; વાળું. (*e*) The material of which anything is composed. મય; નું બનેલું. (*f*) Agent. એ; એ–કરીને; એથી. (*g*) The relations of possessor or owner to the thing owned. નો–ની–નું, છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો.

Off, *adv.* (ઑફ્) Denoting distance. આઘે; દુર; વેગળે. 2. Denoting separation. છુટું; વિખુટું. Also after verbs of motion and departure. રહેવું; જવું; દેવું; કાઢવું. *a.* On the farther side. પેલી બાજુ, તરફનું. *prep.* Not on; away from. ખસેલું; બહાર; ઉપર નહિં રહેલું. *interj.* Away; begone. જા; ચાલ; ખસ; ટળ.

Off and on, *adv.* Now and then. ઘડીઘડીએ; છુટક; વારંવાર.

Off and on, *n.* આમ કે આમ; લાભમાં કે વિરૂદ્ધ.

Off-hand, વગર તૈયારીનું; આગળથી તૈયારી કે અભ્યાસ વગરનું.

Offal, *n.* (ઑ'ફલ્) The rejected or waste parts of a butchered animal. કાપી નાખેલાં પ્રાણીના નકામા ભાગ. 2. Carrion. કોહેલું માંસ. 3. Refuse or waste. કચરો; પુંજો; એંઠવાડ; નાંખી દેવાની વસ્તુ.

Offence, *n.* (ઑફે'ન્સ્) A crime; sin; fault. ગુન્હો; અપરાધ; વાંક; નાખુશી; ઇતરાજી. 2. Injury. નુકસાન. [L. *ob* & *fendo*, I strike, dash.]

Offend, *vt.* (ઑફે'ન્ડ્) To displease; to make angry; to affront. નાખુશ કરવું; ગુસ્સે કરવું; માઠું; ખોટું લગાડવું. 2. To commit a crime. વાંક, ગુન્હો, અપરાધ કરવો.

Offender, *n.* (ઑફે'ન્ડર) One wko offends. ગુન્હેગાર; અપરાધી.

Offensive, *a.* (ઑફે'ન્સિવ) Giving offence. ખોટું, માઠું લાગે એવું; ગુસ્સો ઉપજાવે તેવું. 2. Disgusting; disagreeable. ગમે નહિં તેવું; અણગમતું; ખરાબ; દુઃખ કરે તેવું 3. Making the first attack. પહેલો હુમલો કરે તે; લડાઇ કરનાર, જગાવનાર; લડાઈનું મૂળ. *n.* આક્રમણ; મારો; લડાઇની શરૂઆત.

Offer, *vt.* (ઑ'ફર્) To present for acceptance. અંગીકાર કરાવવા મ્હોં આગળ ધરવું, મુકવું; આપવા માંડવું. 2. To propose; to tender; to make a proposal. સુચવવું; દરખાસ્ત કરવી, મુકવી. 3. To sacrifice; to present in prayer or devotion. અર્પવું, નૈવેદ્ય કરવું; હોમવું; ભોગ,

બલિદાન આપવું. 4. To bid as a price, reward, wages. કિંમત, આંકણી આપવા માંડવું; ઠરાવવું. *n.* An act of offering; first advance. માગણી; કહેણ; માગું; માગ. [L. *ob* & *fero*, I bear or bring].

Offering, *n.* (ઑ'ફરિંગ્) A sacrifice. બળિ; બળિદાન; ભોગ. 2. A bidding. કહેણ; માગણી; નિવેદન.

Offertory, (ઑ'ફર્ટરી) પ્રાર્થના વખતે ધર્મદાન ભેળું કરવું તે.

Off-hand, *a.* (ઑ'ફહૅન્ડ્) Instant; ready; done or said at the moment. વગર તૈયારી કે અભ્યાસ સિવાયનું; તત્ક્ષણે-તેજ ઘડીએ કરેલું-કહેવાતું.

Office, *n.* (ઑ'ફિસ્) A special duty; charge conferred by an authority; service. અધિકાર, હોદ્દો, પદ્વી, નોકરી કરવાની જગ્યા. 2. A charge or trust of a sacred nature; duty. ધર્મનું કામ; કાર્ય. 3. A house, a place where public business is transacted. કચેરી; હાફિસ. [L. *ob* & *facio* I do.]

Officer, *n.* (ઑ'ફિસર્) An office-bearer; one who holds office. અમલદાર; અધિકારી; કામદાર; હોદ્દેદાર.

Official, *a.* (ઑફિ'શલ્) Of or pertaining to an office. અધિકારી-અમલદારી વિષયક; હોદ્દાને લગતું-સંબંધી. 2. Made by virtue of an office or authority. અધિકાર, સત્તાની રૂએ કરેલું; સરકારી, અમલદારી; કામદારીને લગતું.

Officially, *adv.* (ઑફિ'શલી) By virtue of the proper authority. અમલદાર-કામદાર તરફથી; અધિકાર-હોદ્દાની રૂએ.

Officiate, *vt.* (ઑફિ'શિએ,ટ્) To act as an officer; to transact appropriate business of an office. કામ કરવું-બજાવવું.

Officinal, *a.* (ઑફિ'સિનલ્) Used in medicine or the arts; belonging to a shop. ઔષધીય;વૈદકોપયોગી;દુકાનમાં મળે તેવું-દુકાનને લગતું. [L. *opificino* or *officina* a workshop from *opus* a work and *facio* I do].

Officious, *a.* (ઑફિ'શસ્) Importunately interposing service; meddlesome. માથું મારનાર; ઘુસણીયું; દોઢડાહ્યું.

Offing, *n.* (ઑ'ફિંગ્) કિનારા કે વ્હાણ પરથી દેખાતો દરિયાનો દૂરનો ભાગ.

Offscouring, *n.* (ઑ'ફ્સ્કાઉરિંગ્) Refuse. નકામી ચીજ; એઠવાડ; કચરો; પુંજો.

Offset, *n.* (ઑ'ફ્સેટ્) A sum; account; value set off against another sum or account as an equivalent. સામું લ્હેણું; દાવો. 2. A sprout; shoot. ફણગો; ફાંટો. *vt.* To balance; to set off; to place over against. વળતર દાખલ મુકવું; સામું વાળવું.

Offshoot, *n.* (ઑ'ફ્શૂટ્) An offset or that which shoots off. ફાંટો; શાખા; અંકુર.

Offspring, *n.* (ઑ'ફ્સ્પ્રિંગ્) A child; descendant issue; posterity. સંતાન; સંતતિ; પ્રજા; વંશજ; ઓલાદ.

Oft, Often, *adv.* (ઑફ્ટ્-ઑ'ફન્) Now and then; again and again; frequently. વારંવાર; વારેઘડીએ; ઘણીવાર; હરવખત.

Oft, Often-times, (ઑ'ફ્ટટાઇમ્ઝ્-ઑ'ફન-ટાઇમ્ઝ્) Same as oft or often. વારંવાર;હરઘડીએ.

Ogle, *vt.* (ઓ,'ગલ્) To cast a glance; to eye. આંખ મારવી; આડું, ત્રાંસું જોવું. *n.* An amorous side glance. નેત્ર કટાક્ષ; ઈચ્છાપૂર્વક જોવું તે. [L. *oculus*, an eye].

Oh, *interj.* (ઓ) An exclamation denoting surprise, pain, sorrow, anxiety. રે! હો! અરેરે! હાય હાય! અરે અરે!

Oil, *n.* (ઑઇલ્) An unctuous inflammable liquid extracted from various animal and vegetable substance. તેલ; ચરબી. Castor oil એરંડીનું તેલ; એરડીયું; Linseed oil. અળશીનું તેલ. To burn the midnight oil=મોડી રાત સુધી દીવો બાળી અભ્યાસ કરવો, ગોખવું To pour oil on burning fire= બળતામાં ઘી હોમવું Oil-cake. ખોળ. [L. *ol a* olive.]

Oil-cloth, *n.* (ઑ'ઈલ ક્લૉથ્) Cloth treated with oil. or paint. મીણીયું; રોગાન ચઢાવેલું કપડું; મીણનું.

Oil-colour, *n.* (ઑ'ઇલકલર્) A paint made by grinding a colouring substance in oil. કોઈ પણ રંગને તેલમાં વાટીને કરેલો રંગ.

Oilman, *n.* (ઑ'ઇલમન્) One who deals in oil. તેલ વેચનાર; ઘાંચી; તેલી.

Oil-painting, *n.* (ઑ'ઇલપે,ન્ટિંગ્) The art of painting in oil-colours. તેલમાં રંગ વાટીને રંગવાની કળા. 2. Any kind of painting of which the pigments are originally ground in oil. તેલમાં રંગ વાટીને તે વડે ચિત્રેલું ચિત્રકામ.

Oily, *a.* (ઑ'ઇલી) Fatty or greasy; consisting of oil. ચીકણું; તેલવાળું; જાડું; સુંવાળું; મસ્કાપાલીસ.

Oint, *vt.* (ઑ'ઇન્ટ્) To anoint; તેલ લગાડવું; ઘસવું; ચોપડવું; લેપ, મર્દન કરવું.

Ointment, *n.* (ઑ'ઇન્ટમન્ટ) An unguent; an ointment. મર્દન; લેપ; મલમ; શરીરે ચોપડવાનું તેલ. [L. *unguo*, I smear.]

Old, *a.* (ઓ,લ્ડ્) Advanced in years; not young. ઘરડું; વૃદ્ધ; અવસ્થાએ પહોંચેલું. 2. Not new or fresh. જુનું 3. Formerly existing; ancient; not modern. પ્રાચીન; પુરાતન. 4. Worn out. જીર્ણ; ઘસાઈ ગયેલું. 5. Long practised. જુનો; રીઢો.

Old-fashioned, *a.* (ઓ,'લ્ડફૅશન્ડ્) Formed according to old or obsolete fashion. જુના ચાલ, વિચારને અનુસરતું; જુના જમાનાનું.

Oldness, *n.* (ઓ,'લ્ડનિસ્) Old age. ઘડપણ; જઇફી.

Oleaginous, *a.* (ઓલીઍ'જિનસ્) Oily. ચીકણું.

Olfactory, *a* (ઑલ્ફૅ'કટરી) Pertaining to the sense of smelling. સુંઘવાની ઇન્દ્રિયનું,-વાળું, સંબંધી; સુંઘવાનું. [L.*oleo*, I smell and *facio* I make.]

Oligarchical, Oligarchic, *a.* (ઑલીગાર્'કીકલ્-ઑલીગા'ર્કીક્) Pertaining to oligarchy. થોડા માણસથી ચાલતા રાજ્ય વિષેનું, સંબંધીનું.

Oligarchy, *n.* (ઑ'લીગાર્કી) A form of government in which the supreme power is placed in a few hands. થોડાં માણસોથી ચાલતું રાજ. પ્રજાના મોટા ભાગનો જેમાં અવાજ, સત્તા હોતી નથી તેવું રાજ્ય, રાજતંત્ર. [L. *oligos* few & *arche* rule, power].

Olive, *n.* (ઑ'લિવ્) A kind of tree and its fruits. જીત વૃક્ષ જીત ફળ.It is an emblem of peace. શાંતિનું, સુલેહના ચિહ્ન તરીકે પણ વપરાય છે

Omen, *n.* (ઓ,'મેન્) A foreboding; a foretoken. શુકન; શુભાશુભ લક્ષણ.

Ominous, *a.* (ઑ'મિનસ્) Inauspicious; portentous. અશુભ-અમંગળ સૂચક; અપશુકનનું; માઠું; અભદ્ર; ખરાબ.

Omissible, *a.* (ઓમિ'સિબલ્) Capable of being omitted. ભૂલી જવાય એવું.

Omission, *n.* (ઓમિ'શન્) An act of omitting. ભૂલચુક; ગફલત; કસુર.

Omit, *vt.* (ઓમિ'ટ્) To leave out. છોડી મૂકવું, દેવું; મૂકી દેવું; વર્જિત કરવું.

Omnibus, *n.* (ઑ'મ્નિબસ્) ભાડુતી ઉતારુ ગાડી; ટપ્પો; ટાંગો.-*a.* અનેક વસ્તુવાહી.

Omnipotence, *n.* (ઑમ્નિ'પોટન્સ્) Almighty power. સર્વશક્તિમાન ઇશ્વર; અનંતશક્તિ, અપાર શક્તિ, સર્વ શક્તિ. [L. *omnis*, all].

Omnipotent, *a.* (ઑમ્નિ'પોટન્ટ્) All powerful. સર્વશક્તિમાન.

Omnipresence, *n.* (ઑમ્નિપ્રે'ઝન્સ્) Universal presence. સર્વવ્યાપીપણું; સર્વવ્યાપકતા; સર્વત્ર ભાવિપણું.

Omnipresent, *a.* (ઑમ્નિપ્રે'ઝન્ટ્) Present in all places at the same time. સર્વવ્યાપક.

Omniscience, *n.* (ઑમ્નિ'શન્સ્) Universal knowledge. સર્વજ્ઞતા; સર્વસાક્ષિત્વ, ત્રિકાળજ્ઞાન.

Omniscient, *a.* (ઑમ્નિ'શન્ટ્) Having universal knowledge. સર્વજ્ઞ; સર્વસાક્ષી; સર્વદર્શી, ત્રિકાલજ્ઞ.

Omnivorous, *a.* (ઑમ્નિ'વરસ્) Eating everything indiscriminately. સર્વભોજી, ભક્ષક; સર્વસ્વાદ, વધુ ખાનારૂં. [L. *omnis* all & *voro*, I eat greedily].

On, *prep.* (ઑન્) ઉપર; પર; 2. Towards and to the surface of. ઉપર; પર. 3. At or near. તરફ; ઉપર. On each side. 4. On that day. એ; માં. 5. At the peril of.-ને સટ્ટે-જોખમે. 6. In consequence of. એટલે; ત્યારે; પછી. On his arrival=તે આવી પહોંચ્યો એટલે-ત્યારે. 7. In reference or relation to. તરફથી. On your part=તમારી તરફથી. To play on. વગાડવું. He plays well on the violin=તે સારંગી સારી વગાડે છે. Heaps on heaps=ઢગના ઢગ; ઉપર,ઉપરી ઢગ. On a sudden=એકાએક;ઓચિન્તું. On fire=સળગતું; બળતું; ક્રોધથી તપી ગએલું. On high=ઉંચે. On the alert=જાગ્રત; ચાક; ચારણાક. On the wing=ઉડતું; અગીઆરા ગણવું; ગચ્છન્તિ કરવું. *adv.* To say on=કહ્યા જવું;કહેતાં રહેવું. Adhering; not off. સ્થિર; વળગેલું; કાયમ. To put on=પહેરવું.

Onager, *n.* (ઑ'નજર્) A wild ass of Central Asia. મધ્ય એશિયાનો જંગલી ગધેડો.

Onward, *a.* (ઑ'નવર્ડ્) આગળનું; આગળ ચાલેલું, ચાલતું; અગ્રગામી. O. course=આગળ ગતિ. *adv.* આગળ. Onwards. *adv.* આગળ.

Once *adv.* (વન્સ્) One time; formerly; immediately. એકવાર;આગળ;પૂર્વે;એકદમ;વારંવાર.

Oncoming, *a.* (ઑ'નકમિન્ગ્) Coming near; approaching. પાસે આવતું; અન્તિકનું; નિકટનું. *n.* પાસે આવવું તે.

One, *a.* (વન્) An individual. એક, કોઇએક. **One-eyed**, કાણો **One-sided**, એક તરફી. **Oneness**, એકપણું;એકત્વ. One Jones, જોન્સ નામનો એક માણસ. Some one, કોઈ. The little ones, બચ્ચાં; છોકરાં. The great ones, મહાપુરૂષો. Closely bound together. એકરૂપ, એકસપી; એકગાંઠવાળું. When all the Hindus shall be one, જ્યારે બધાં હિંદુ લોકો એકસપી થશે. The same, એકનું એકજ. One plague was on them all=તે બધાને એકજ રોગ થયો હતો. Speaking one thing and doing another, બોલવું કંઈ અને કરવું કંઈ. Such a one, ફલાણો

any O., some O., કોઇ. Every O., દરેક, પ્રત્યેક માણસ. One's self, પોતે; જાતે; પંડે. One's own, પોતાનું. All one, એકનું એક. One by one, એકે એકે. At one, મળતા વિચારનું. I am at one with you. હું તમારી જોડે મળતા વિચારનો છું. O. another, એકબીજાને. *adv.* આમણુસામણુ; અરસ્પરસ; પરસ્પર.

Onerous, *a.* (ઑ'નરસ્) Burdensome; heavy; oppressive. ભારે; જુલમ ભરેલું; દુઃખદ. [L. *onus*, a burden.]

Onerously, *adv.* (ઑ'નરસ્લી) So as to oppress. જુલ્મી રીતે; દુઃખ આપે એવી રીતે.

Oneself. *pron.* (વનસે'લ્ફ્) One's own person. પોતાની જાત.

Onion, *n.* (અ'ન્યન્) ડુંગળી; પ્યાજ; કાંદો.

Only, *a. adv.* (ઓ,'ન્લી) એકજ; એકલોજ; માત્ર; ફક્ત. An only child. એકનો એક છોકરો.

Onomatopoeia, *n.* (ઑનૉમૅટપી'ઍ) ઉચ્ચારાનુસારી અર્થવાળો, શબ્દ. જેવાકે, કુકુ; ભડ; ધડ, thud. એ અલંકાર.

Onset, *n.* (ઑ'નસેટ) A setting or rushing upon; a violent attack. હુમલો, હંગામો; ધસારો; ચઢાઈ; હલ્લો.

Onslaught, *n.* (ઑ'ન્સ્લૉટ્) A striking or beating against; attack; assault. [A. S. *on*, against; *slagan*, to strike.]

Ontology, *n.* (ઑન્ટૉ'લજી) A treatise on beings in general. ભૂત, પ્રાણી માત્ર સંબંધી વિચાર; ભૂતતત્ત્વવિદ્યા. [Gr. *ontos*, being; *logos*, discourse.]

Onus, *n.* (ઓ,'નસ્) જુમ્મો; બોજો. O. probandi = પુરાવાનો બોજો.

Onyx, *n.* (L.) (ઑ'નિક્સ્) ગોમેદ; શિવધાતુ.

Ooze, *vi.* (ઊઝ) To flow gently; to percolate. ઝરવું; ગળવું; નિતરવું.

Opal, *n.* (ઓ,'પલ્) A precious stone or gem. એક જાતનો સફેદ કે ભૂરો, ગુઢો પત્થર.

Opacity, *n.* (ઑપૅ'સિટી) Opaqueness. અપારદર્શકતા; નિસ્તેજ, તેજહીનતા.

Opaque, *a.* (ઓપે,'ક્) Not transparent. અપારદર્શક. [L. *opacus*, to overshadow.]

Open, *a.* (ઓ,'પન્) ઉઘાડું; ખુલ્લું; મોકળું; Free to all comers. જેમાં સર્વને આવવાની છુટ હોય એવું. O. to censure = ઠપકાપાત્ર. Expanded. વિકસિત; ખીલેલું. Unreserved. ખુલ્લા દિલનું; નિષ્કપટી. Easily understood. સાવ કળી શકાય તેવું; સાફ. **Open handed** ઘોતાળ; ઉદાર; સખી. **O. hearted** ખુલ્લા દિલનું; નિષ્કપટી વિશ્વાસુ. An open account. ચાલતો હિસાબ. **Wide O.** = ઉઘાડું ફાંક, દોર, ફટાસ. In O. = ઉઘાડે છોગે. *vt.* To lift up or remove a covering from. ઉઘાડવું; ખૂલવું. 2. To break or otherwise divide. માં ચીરો, ફાટ પાડવી. 3. To clear. ઉઘાડું કરવું. 4. To bring to view. ખુલ્લું કરીને દેખાડવું. 5. To explain. સ્પષ્ઠ સમજાવવું. 6. To O. the mind = મન ખોલીને કહેવું; મનની વાત કહેવી. 7. To commence. શરૂ કરવું. *vi.* ઉઘડવું. To open to view. દેખાવું.

Opener, *n.* (ઑ,'પ્નર્) One who opens ઉઘાડનાર; ખુલ્લું મુકનાર; સ્થાપનાર.

Opening, *n.* (ઓ,'પ્નિંગ્) A breach. માર્ગ; બારૂં; છિંડું. 2. A hole. બાકોરૂં. 3. Beginning. શરૂઆત; પ્રારંભ.

Open-hearted, *a.* (ઓ,'પનહા'ર્ટેડ્) Frank; generous. નિષ્કપટી; કપટ વગરનું; રહિત. -°**ness** નિષ્કપટ.

Openness, *n.* (ઓ,'પન્નિસ્) Quality of being open. ઉઘાડાપણું; નિષ્કપટીપણું.

Openly, *adv.* (ઓ,'પનલી) Publicly. ઉઘાડી જાહેર રીતે; સૌના દેખતાં. 2. Without reserve or disguise. ખુલ્લા દિલથી. 3. Plainly. સ્પષ્ઠ રીતે.

Opera, *n.* (ઑ'પરા) A musical performance or drama. સંગીત નાટક. 2. The house. નાટક ગૃહ. [L. *opus*, work].

Opera-glass, *n.* (સંગીતગૃહમાં તમાશો જોવાનું) બે નળીનું ન્હાનું દુરબીન.

Operatic, *a.* (ઑપરૅ'ટિક્) સંગીત નાટકના જેવું, મળતું. સંબંધી.

Operate, *vi.* (ઑ'પરે,ટ્) To work; to act; to exert power or strength. ક્રિયા કરવી. To produce an appropriate effect. (શરીર કે મન ઉપર) ગુણ દાખવવો; અસર ક૦. (Surg.) વાઢકાપ ક૦.

Operation, *n.* (ઑપરે,'શન્) The process of operating. કાર્ય; કામ; વ્યાપાર. 2. Mode of action. ગુણ; અસર. Medicinal drugs of rare O. = વિલક્ષણ ગુણવાળાં ઓસડીઆં 3. Action; movement; a military O. = યુદ્ધવાસ્તે કરેલું કામ. 4 Effect. અસર; ચલણ. 5. (Surg.) વાઢકાપ; શસ્ત્રક્રિયા.

Operative, *a.* (ઑ'પરટિવ) Active in the production of effects. કાર્યસાધક; ગુણકારી. 2. Efficient in work. ઉદ્યુક્ત. *n.* કારીગર.

Operator, *n.* (ઑ'પરે,ટર્) One who operates. કાર્યકર્તા; શસ્ત્રવૈદ્ય.

Operose, *a.* (ઑ'પરો,સ્) Laborious. માથા ફુટવાળું; મેહેનતનું; થકવે એવું.

Ophthalmia, *n.* (ઑફ્થૅ'લ્મિઆ) આંખનો, નેત્રરોગ. [Gr. *oph thalmos*, the eye].

Ophthalmy, *n.* (ઑફ્થૅલ્મી) Inflammation of the eye or its appendages. આંખનો સોજો, રોગ.

Opiate, *n.* (ઓ,'પિએટ્) Any medicine that contains opium and has the quality of inducing sleep or repose. ઉંઘનું ઓસડ *a.* Soporiferous; narcotic. નિદ્રાજનક. *vt.* To ply with opium; to lull to sleep. અફીણ આપવું; ઉંઘ ચ્હડાવવી.

Opine, *vt.* (ઓપાઇન્) ધારવું; લાગવું. [L. *opinor*, to think.]

Opinion, *n.* (ઓપિ'ન્યન્) Belief. મત; અભિપ્રાય; વિચાર.

Opinionated, *a.* (ઓપિ'ન્યનેટિડ્) Stiff in opinion. આપમતિયું; પોતાનુંજ મત ખરૂં છે એમ સમજી તેને વળગી રહેનાર; સ્વમતાગ્રહી; અભિમાની.

Opinionatively, *adv.* Stubbornly. હઠ, જીદ્દ કરીને.

Opium, *n.* (ઓ,'પિઅમ્) અફીણ.[Gr. *opion*, poppy juice.]

Opponent, *n.* (ઑપો,'નન્ટ્) One who opposes; adversary. વેરી;શત્રુ;સામાવાળો;વિરોધી.

Opportune, *a.* (ઑ'પર્ચ્યૂન્) Seasonable; timely. ખરી તકનું.–**ly.** *adv.* ખરે તાકડે; ખરી તકે. [L. *ob*, *portus*, the port.]

Opportunist, *n.* (ઑ'પર્ચ્યુનિસ્ટ્) તક સાંધનાર; વખત પ્રમાણે કામ કરનાર.

Opportunity, *n.* (ઑપર્ચ્યૂ'નિટી) Fit time; favourable occasion. પ્રસંગ; તક; તાકડો.

Oppose *vt.* (ઑપો,'ઝ્) To set or place against. સામે થવું; આડું પડવું; વિરૂદ્ધ થવું; અટકાવવું; નું ચાલવા ન દેવું. [L. *ob*, *pono*, I place.]

Opposite, *a.* (ઑ'પઝિટ્) સામું; સન્મુખ; ઉલટું. *n.* ઉલટી વાત; અટચણ; શત્રુ.

Opposition, *n.* (ઑપઝિ'શન્) સામે થવું તે; અટકાવ.

Oppress, *vt.* (ઓપ્રે'સ્) To press against; to treat with unjust severity. પીડવું; બહુ દુઃખ દેવું; જુલમ કરવો. *n.* **Oppression.** જુલમ; અતિશય સખ્તી. *a.* **Oppressive.** જુલમી; અતિશય ભારે; ઘાતકી. *n.* **Oppressor.** જુલમ કરનાર; દુઃખ દેનાર [L. *ob*, *premo*, I press.]

Opprobrious, *a.*(ઑપ્રો'બ્રિઅસ્) Reproachful and contemptuous. તિરસ્કાર ભરેલું; નિંદ્ય; બદનામી ભરેલું

Opprobrium, *n.* (ઑપ્રો'બ્રિઅમ્) ફિટકાર; ધિક્કાર.

Oppugn, *vt.* (ઑપ્યૂ'ન્) To fight or contend against. ની સામે થવું; ટક્કર લેવી. [L. *ob*, *pugno*, I fight].

Optative, *a.* (ઑપ્ટે,'ટિવ્) Expressing a wish or desire. ઇચ્છાદર્શક, સૂચક. [L. *opto*, I wish.]

Optic, *n.* (ઑ'પ્ટિક્) આંખ.Optics દર્શન, નેત્રશાસ્ત્રવિદ્યા. [Gr. *optomai*, to see.]

Optical, optic, *a.* Relating to vision. દૃષ્ટિ, નજર સંબંધી

Optician, *n.* (ઑપ્ટિ'શન્) દર્શન યંત્ર બનાવનાર, વેચનાર.

Option, *n.* (ઑ'પ્શન્) Free will; choice; the right of choice or election. રાજીખુશી; પસંદગી; પસંદ કરવાનો હક; વિકલ્પ; મરજી.

Optional, *a.* (ઑ'પ્શનલ્) Left to one's wish or choice. ખુશી, મરજી, ઇચ્છા ઉપર રાખેલું, વૈકલ્પિત; મરજીયાત.

Optionally, *adv.* With the privilege of choice. મરજી મુજબ.

Optimist, *n.* (ઑ'પ્ટિમિસ્ટ્) જગતમાં જે જે છે અથવા બને છે તે બધું સારા વાસ્તે છે એવું મત ધરાવનાર; આશાવાદી.

Optimism, *n.* (ઑ'પ્ટિમિઝમ્) The opinion or doctrine that every thing in nature is ordered for the best. જગતમાં જે કંઇ બને છે છે તે બધું સારાને માટે એવું મત; આશાવાદ. [L. *optimus*, the best.]

Opulence, *n.* (ઑ'પ્યુલન્સ્) Wealth; riches. દોલત; દ્રવ્ય; સંપત્તિ. [L. *ops*, power, wealth].

Opulent, *a.* (ઑ'પ્યુલન્ટ્) Wealthy. પૈસાદાર; તાલેવર; માતબર; તવંગર.

Opulently, *adv.* Richly; with abundance or splendour. ભપકાથી.

Or, *conj.* (આર્) અથવા; કે; કિંવા. 2. Otherwise. નહિં તો; નહિંતર.

Oracle, *n.* (ઑ'રેકલ્) An answer spoken by a God. દેવવાણી; ઈશ્વર પાસેથી આવેલો સંદેશો. Any great authority. જે પુરૂષનું મન ઘણું ભોજદાર ગણાતું હોય તે પુરૂષ; આપ્ત પુરૂષ. A wise decision of great authority. મહા બુદ્ધિશાળી પુરૂષનું વચન; આપ્ત વચન. [L. *oro*, I speak].

Oracular, *a.* (ઑરે'ક્યુલર્) દેવવાણી સંબંધી; આજ્ઞારૂપ; બાંધેલા પ્રશ્નના દેવે આપેલા ઉત્તર સંબંધી; પ્રશ્નનો ઉત્તર કહેનાર. Grave. ગંભીરતાવાળું; પ્રૌઢ. Positive. નિશ્ચાયક. Obscure. અસ્પષ્ટ; દ્વિઅર્થી.

Oral, *a.* (ઓ'રલ્) Uttered by the mouth or in words. મોઢાનું; મુખ જુબાનીનું; અલિખિત; મૌખિક. [L. *os*, the mouth.]

Orally, *adv.* (ઓ'રલી) મોઢેથી; મુખ જુબાનીથી.

Orange, *n.* (ઑ'રિન્જ્) A kind of fruit. નારંગી; નારંગીનું ઝાડ. *a.* નારંગીના રંગનું.

Orangery, *n.* (ઑ'રિન્જરી) A plantation of orange trees. નારંગીનો બાગ-કિત્તો.

Oration, *n.* (ઑરે,'શન્) A public speech or address. મોઢેથી કીધેલું ભાષણ; મહેનત લઇને રચેલું વાકયચાતુર્યવાળું ભાષણ. [L. *oro,* I speak].

Orator, *n.* (ઑ'રેટર્) An eloquent public speaker. ચતુર-છટાદાર, બહુ ઉંચી પ્રતિનો વક્તા ભાષણકર્તા.

Oratorial-ical, *a.* (ઑરેટૉ'રિઅલ-ટૉ'રિકલ) ચતુર વક્તા સંબંધી-વિષેનું; વાક્ચાતુર્યયુક્ત; છટાદાર.

Oratorio, *n.* (ઑરેટૉ'રિઓ) ખ્રિસ્તિ ધર્મપુસ્તકમાંના વિષય સંબંધી બનાવેલું સુરતાનવાળું ગાન; મન્દિર; પૂજાગૃહ.

Oratory, *n.* (ઑ'રેટરી) Eloquence. વાક્ચાતુર્ય. A place allotted for prayer. પ્રાર્થનાગાર; ઘરમાં સેવા-પૂજાનું મંદિર; સેવા-પૂજાગૃહ.

Orb, *n.* (ઑર્બ્) A sphere. ગોળ; ગોળો; મંડળ; ચક્ર. The eye. ડોળો; ચક્ષુગોલ. *vt.* To surround; to encircle; to form into a circle. ફરવું; ઘેરવું. [L. *orbis,* a sphere].

Orbed, Orbicular, *a.* ગોળ; ગોળાકાર.

Orbit, *n.* (ઑ'બિટ્) A track; the path described by a heavenly body in its periodical revolution. ગ્રહને ફરવાનો માર્ગ, કક્ષા.

Orchard, *n.* (ઑ'ચર્ડ્) An enclosure of fruit trees. ફળવાડી-બાગ.

Orchestra, *n.* (ઑ'કિસ્ટ્રા) That part of a theatre appropriated to the musicians. નાટકશાળામાં વાજીંત્રભૂમિ. 2. The space between the stage and the audience. નાટકગૃહમાં રંગભૂમિ અને શ્રોતાસ્થાન વચ્ચેની જગ્યા. 3. The body of performers in the orchestra. વાજીંત્ર વગાડનારાઓનું મંડળ; વાજકમંડળ. [Gr. *orkheomai,* dance]

Orchestral, *a.* (ઑર્કે'સ્ટ્રલ) વાજીંત્રસ્થળનું-ને યોગ્ય-માં ગાવાતું.

Ordain, *vt.* (ઑર્ડે,'ન્) To set in order; to regulate. વ્યવસ્થાપૂર્વક ઠરાવવું-ગોઠવવું. 2. To enact; to decree. કાયદો-નિયમ-હુકમ ક૦. 3. To constitute. ઠરાવવું;નીમવું; સ્થાપવું.4. To invest with sacerdotal functions. (ખ્રિસ્તિ) ધર્માધિકારીની દીક્ષા આપવી. [L. *ordo,* I order].

Ordinance, *n.* (ઑ'ર્ડિનન્સ્) A permanent rule of action. નિયમ; ધારો; ઠરાવ; કાયદો. કાનુન. 2. An established rite. નિયમપૂર્વક વિધિ-ક્રિયા.

Ordination, *n.* (ઑર્ડિને,'શન્) નિર્મિત-સ્થાપિતપણું; વ્યવસ્થિતપણું. Tendency. વલણ.

Ordeal, *n.* (ઑર્ડી'અલ્) A parting or dealing out of justice; a form of trial to determine guilt or innocence by fire, water &c; severe trial; accurate scrutiny. ખરા ખોટાની તપાસ; તુલાકોષ; ખરી કસોટી; કઠિન પરીક્ષા. [Sax. *ordal,* sentence, judgment].

Order, *n.* (ઑ'ર્ડર) Methodical arrangement. ક્રમ;વ્યવસ્થા.2.Good condition. સુસ્થિતિ 3.Established procedure.પદ્ધતિ.4. Regular government. સારો બંદોબસ્ત. 5. A regulation. કાયદો; નિયમ; ધારો. 6. A command. હુકમ; આજ્ઞા. 7. A commission. ફરમાશ; વરધી; કામ. 8. To pay money. (નાણાં આપવાનો) રૂક્કો; ચિઠ્ઠી;કાગળ. 9. A separate class. વર્ગ; મંડળ. To take orders = ધર્મગુરુનું પદ લેવું. In order to=વાસ્તે;માટે. Order of the day = કામનો ક્રમ; આજકાલનો રિવાજ. Out of order = બગડેલું;અવ્યવસ્થિત. Made to order = ખાસ ફરમાશથી, વરધીથી બનાવેલું. *vt.* રીતિસર ગોઠવવું. To order domestic afairs with prudence.ઘરખટલો વિવેકથી ચલાવવો.To manage. નિયમસર ચલાવવું; નો વહીવટ કરવો.

Orderly, *adv.* (ઑ'ર્ડરલિ) Conforming to order. ક્રમ પ્રમાણે; યથાક્રમ; નિયમસર ચાલનાર. An O. લશ્કરી અમલદારની હજુરમાં સંદેશા લઇ જનાર તથા હેરાફેરા કરનાર સિપાઇ.

Ordinal, *a.* (ઑ'ર્ડિનલ્) ક્રમવાચક; સંખ્યા પૂર્ણાંક.

Ordinary, *a.* (ઑ'ર્ડિનરિ) Customary common; usual. રીત, દસ્તુર, વહીવટ, શિરસ્તા મુજબ, પ્રમાણે; રોજનું સાધારણ; મધ્યમ.

Ordinarily, *adv.* (ઑ'ર્ડિનરિલી) As a rule. ઘણું કરીને; સાધારણ રીતે.

Ordnance, *n* (ઑર્ડનન્સ્) Cannon or great guns; artillery. તોપખાનું.

Ordure, *n.* (ઑ'ર્ડ્યર્) Dung; excrements. [L. *sordidus,* dirty]. છાણ; મળ.

Ore. *n.* (ઓર્) A mineral substance from which metal is extracted; metal. કાચી ધાતુ; ધાતુ. **Iron-ore** = જ્યારે લોઢું જમીનમાંથી ખોદી કાઢવામાં આવે છે ત્યારે તે બીજા પદાર્થ સાથે મળેલું હોય છે તેવું સેળભેળ લોઢું.

Organ, *n.* (ઑ'ર્ગન્) A natural instrument of action by which some process is carried on. ઇન્દ્રિય; દ્વાર; સાધન; માર્ગ; વાજું. [L *ergo,* to work].

Organic,organical, *a.* (ઑર્ગૅ'નિક્-કલ્) Pertaining to senses. ઇન્દ્રિય સંબંધી. O. structure = જીવસાધન સંબંધી બંધારણ. O. life = જીવસાધનવાળો જીવ, વસ્તુ. Instrumental. સાધનભૂત; અંગભૂત. O. bodies, સેન્દ્રિય, સાંગ પદાર્થ. (પ્રાણી તથા ઝાડ.)

Organism, *n.* (ઑ'ર્ગનિઝમ્) Organic structure. અવયવ રચના.

Organist, *n.* (ઑ'ર્ગનિસ્ટ) One who plays on an organ. વાજું વગાડનાર.

Organise, *vt.* (ઑ'ર્ગનાઇઝ્) To form with suitable organs. સાવયવ, ઇંદ્રિયવાન્ ક૦. To arrange or constitute in parts. યોજવું;યોજના કરી ગોઠવવું, રચવું; સંયોજના કરવી.

Organisation, *n.* (ઑર્ગનાયઝે,'શન્)Scheme. યોજના; રચના; સંયોજના; બંદોબસ્ત.

Orgies, *n.* (ઑ'ર્જીઝ્) દારૂ ઢાંસીને ચેનબાજી, મોજ, મસ્તી કરવી તે.

Oriel, *n.* (ઓ'રિઅલ્) A recessed window in a hall, chapel &c. અટારી; રવેશ, બેઠકવાળી બારી.

Orient, *a.* (ઑ'રિઅન્ટ્) Rising; eastern; bright. ઉદય થતો; ઉગતો; પૂર્વનું, પૂર્વ દેશનું; ચળકતું; *n.* પૂર્વ દિશા. [L. *orior*, to rise.]

Oriental, *a.* (ઑરિએ'ન્ટલ્) Eastern; belonging to the east. પૂર્વ, પૂર્વ દેશ, ઉગમણનું; પૂર્વદેશવાસી.

Orientalism, *n.* (ઑરિએ'ન્ટલિઝમ્) An eastern word, custom, thought etc. પૂર્વદેશવાસીઓનું ખાસ મત, રીતિ, પદ્ધતિ, ની ભાષા, રૂઢિ.

Orientalist, *n.* (ઑરિએ'ન્ટલિસ્ટ્) One versed in the eastern languages and literature. પૂર્વદેશની ભાષા તથા વિદ્યામાં પ્રવીણ; પૂર્વવિદ્વાન્.

Orifice, *n.* (ઑ'રિફિસ્) An opening; a hole. નળીનું મ્હોં,વેહ;બાકું;કાણું. [L. *oris*, the mouth.]

Oriflamme, *n.* (ઑ'રિફ્લૅમ્) A red banner of old French Kings. પૂર્વે ફ્રાન્સના રાજાઓનો વાવટો, નિશાન; પક્ષચિહ્ન; ચળકાળ.

Origin, *n.* (ઑ'રિજિન્) Source; beginning; root; cause. મૂળ; પ્રારંભ; ઉત્પત્તિ; કારણ; નિમિત્ત કારણ; હેતુ. [L. *origo*, I rise.]

Original, *a.* (ઓરિ'જિનલ્) First in order. મૂળનું; અસલ. *n.* મૂળ ગ્રંથ; નવું યોજનાર; નવો વિચાર કાઢનાર; શોધક.

Originality, *n.* (ઓરિજિનૅ'લિટી) Quality or state of being original. અસલ, અસલપણું. (of the mind.) અપૂર્વ યોજક બુદ્ધિ.

Originally, *adv.* (ઓરિ'જિનલી) In the beginning. પહેલાં; શરૂઆતમાં; મૂળે; પ્રારંભે.

Originate, *vt.* (ઓરિ'જિને,ટ) To produce. નવું ઉત્પન્ન કરવું; નવું રચવું *vi.* ઉત્પન્ન થવું; પ્રથમ નીકળવું.

Origination, *n* (ઓરિજિને,'શન્) Production. ઉત્પત્તિ; ઉઠાવ.

Originator, *n.* (ઓરિ'જિને,ટર) Beginner. પ્રથમ કાઢનાર; ઉત્પન્ન, શરૂ કરનાર.

Orison, *n.* (ઑ'રિઝન્) A prayer or supplication. પ્રાર્થના; વિનંતિ. [L. *oro*, I speak, I pray.]

Orlop, *n.* (ઑ'ર્લપ્) The lower deck of a ship on which the cables are stowed. સૌથી નીચેનું તુતક.

Ormolu, *n.* (ઑ'ર્મલુ) Ground gold. સોનાના જેવા રંગનું પિત્તળ.

Ornament, *n.* (ઑ'ર્નમન્ટ્) Trappings; embellishment; decoration; additional beauty. શણગાર; અલંકાર; શોભા; ઘરેણું. *vt.* શણગારવું; શોભાવવું; ઘરેણાં પહેરાવવાં. [L. *orno*, I deck.]

Ornamental, *a.* (ઑર્નમે'ન્ટલ્) Serving to ornament. શોભાનું; શોભા આપે એવું.

Ornamentation, *n.* (ઑર્નમન્ટે,'શન્) શણગારવું તે; શોભાવવું તે.

Ornate, *a.* (ઑર્ને.'ટ્) Decorated. શણગારેલું.

Ornithology, *n.* (ઑર્નિથૉ'લજી)The science of birds. પક્ષીવર્ણન, વિદ્યા. [Gr. *ornithos*, a bird; *logos*, discourse.]

Orphan, *n.* (ઑ'ર્ફન્) A child bereaved of father or mother or both. માબાપ વગરનું છોકરૂં. *a.* માબાપ વગરનું; નમાયું; નબાપું. [Gr. *orphanos*, orphaned].

Orphaned, *a.* (ઑ'ર્ફન્ડ્) Bereft of parents or friends. અનાથ; એકાકી; નમાયું.

Orphanage, *n.* (ઑ'ર્ફનિજ્) The state of an orphan. નબાપાપણું. 2. માબાપ વગરનાં છોકરાંને રહેવાનો આશ્રમ, ગૃહ.

Orpiment, *n.* (ઑ'ર્પિમન્ટ્) Gold-coloured pigment; yellow **O.** હરતાળ. Red **O.** રક્ત ધાતુ. [L. *aurum*. gold; *pigmentum*, paint or colour.]

Orthodox, *a.* (ઑ'ર્થડૉક્સ્) Holding a right opinion or doctrine; according with the doctrines of scripture. જુના ધર્મને માનનાર; ધર્માનુસાર; ધર્મચુસ્ત. [Gr. *orthos*, right; *doxa*, an opinion.]

Orthodoxy, *n.* (ઑ'ર્થડૉક્સી) Right opinion, doctrine or belief; consonance to genuine scriptural doctrines; soundness in the faith. સન્માર્ગીપણું; ધર્માનુસારતા; પુરાણપ્રણાલિકા, જૂના ધર્મમાં આસ્થા.

Orthoepy, *n.* (ઑર્થો'ઇપી) Right speech or pronunciation. શુદ્ધ ઉચ્ચાર; શુદ્ધ ઉચ્ચાર વિદ્યા. [Gr. *orthos*, right; *epos*, a word.]

Orthoepist, *n.* (ઑર્થો'ઇપિસ્ટ્) One who pronunciates properly. શુદ્ધ ઉચ્ચાર કરનાર, જાણનાર.

Orthography, *n.* (ઑર્થૉ'ગ્રફી) Spelling. શુદ્ધ જોડણી. (In gram.) વર્ણવિચાર. [Gr. *orthos*; *grapho*, I write.]

Orthographic-cal, (ઑર્થૉ'ગ્રફિક્-કલ્) શુદ્ધ લખવા-લેખન સંબંધી; જોડણી સંબંધી.

Oscillate, *vi.* (ઑ'સિલે,ટ્) To swing one's self; to move to and fro; to vibrate. ઝુલવું; ઝોલાં ખાવાં. 2. To vary or fluctuate between fixed limits. અમુક હદ વચ્ચે વધઘટ; ચઢ ઉતર થયાં કરવી; બદલાબદલી, આનાકાની ક૦. [L. *oscillo*, I swing.]

Oscillation, *n.* (ઑસિલે,'શન્) ઝોલાં ખાવાં તે; ડોલવું તે; વધઘટ; ઉતરચઢ.

Osier, *n.* (ઓ,'ઝ્અર્) A kind of water-willow. ટોપલા, ટોપલીઓ બનાવવાનું એક જાતનું નેતર; વેનસ; વાંસસળી.

Osculate, *vt.* (ઑ'સ્કયુલે,ટ્) To salute with the mouth; to kiss. [L. *osculum*, a little mouth.] ચુંબન ક૦; મળતા આવવું; અડકવું.

Osculation, *n.* (ઑ'સ્કયુલે,'શન્) Act of kissing; a kiss. ચુંબન; સામ્ય; સ્પર્શ.

Osseous, *a.* (ઑ'સીઅસ્) Bony; composed of bone. હાડકાંવાળું, જેવું; અસ્થિમય. [L. *ossis*, a bone.]

Ossicle, *n.* (ઑ'સિકલ) A small bone. હાડકું.

Ossify, *vt. vi.* (ઑ'સિફાય્) To convert, change into bone. નું હાડકું બનાવવું, થવું.

Ossification, *n.* (ઑસિફિકે,'શન્) નું હાડકું થવું તે, બનાવવું તે.

Ossific, *a.* (ઑ'સિફિક્) Having power to ossify. હાડકું બનાવે એવું.

Ostensible, *a.* (ઑસ્ટે'ન્સિબલ્) That may be stretched or spread out before one; shown; declared; appearing; seeming. દેખાડેલું; કહેલું. Not real. દેખીતું; ઉપરનું; બહારનું. [L. *ob*, *tendo*, I stretch.]

Ostensibly, *adv.* (ઑસ્ટે'ન્સિબ્લિ) Openly. ઉઘાડું; ખુલ્લું; ઉપરથી; બહારથી.

Ostentation, *n.* (ઑસ્ટેન્ટે,'શન્) A presenting to view; outward show; pomp. ડોળ; ડમાક; ઢોંગ; ભપકો; ફૅંકૂ.

Ostentatious, *a.* (ઑસ્ટેન્ટે,'શસ્) Showy. ડોળ કરે એવું; ઢોંગી; તિતાલી; ડમાકનું ભરેલું; ભભકાદાર.

Osteology, *n.* (ઑસ્ટીઑ'લજી) અસ્થિવિદ્યા, શાસ્ત્ર.

Osteography, *n.* (ઑસ્ટીઑ'ગ્રફી) A description of the bones. અસ્થિવર્ણન.

Ostiary, *n.* (ઑ'સ્ટઅરી) The mouth of a river. નદીનું મુખ. [L. *ostium*, a door, entrance.]

Ostracism. *n.* (ઑ'સ્ટ્રસિસમ્) Banishment. દેશનિકાલ; દેશવિવાસન. [Gk. *ostrakon*, potsherd.]

Ostracize, *vt.* (ઑ'સ્ટ્રસાઇઝ્) To exile. દેશનિકાલ-વ્યવહાર બહાર કાઢવું.

Ostrich, *n.* (ઑ'સ્ટ્રિચ્) શાહમૃગ.

Other, *pro. a.* (અ'ધર્) Not the same. બીજું; અન્ય; જૂદું; સામું. Every O. day. એકાન્તરે. The O. world. પરલોક.

Otherwise, *adv.* (અ'ધર્વાઈઝ્) On the contrary. જૂદી રીતે; બીજી રીતે; નહિં તો; નહિંતર.

Ottar, otter, attar, *n.* (ઑ'ટર્) Fragrant oil. અત્તર; ગુલાબનું અત્તર.

Otiose, *a.* (ઓશિઓ,'સ્) Being at leisure; idle; unemployed. [L. *otium*, leisure]. નકામું; બિનઉપયોગી; નવરૂં.

Otter, *n.* (ઑ'ટર) બિલાડી.

Ottoman, *n.* (ઑ'ટમન્) A name of the Turkish Empire. તુર્કી મહારાજ્ય. A sort of cushioned seat or chair without arms or back. ગાદીવાળી બેઠક, ખુરશી.

Ought, *vt.* (ઑટ્) Should. જોઇએ; ઘટે છે.

Ounce, *n.* (આઉન્સ્) અધોળ; અઢી રૂપીઆભારનું તોલ; સવા ત્રણ રૂપીયાભાર; સ્હેજ પ્રમાણ; સાડા ત્રણ પાઉંડ જેટલો અસલી સ્પેઇનનો સિક્કો; બિલાડી જાતનું પ્રાણી.

Our, ours, *a. pro.* (આવર્-આવર્ઝ્) Belonging to us. આપણું; અમારૂં.

Ourself, ourselves. *pro.* અમે પોતે-જાતે-ખુદ; આપણે પોતે.

Oust, *vt.* (આઉસ્ટ્) To take away; to remove; to eject; to expel. લઈ લેવું; ખસેડી લેવું; કાઢી મૂકવું.

Out; *adv.* (આઉટ) બહાર; બહાર ગએલું. *int.* હટ્; ચાલ.

Outer, *a.* (આ'ઉટર્) બહારનું; ઉપરનું.

Outermost, *a.* (આ'ઉટરમો,સ્ટ્) સૌથી બહારનું.

Outward, *a.* બહારનું; દેશાવર જનાર.

Outwardly, *adv.* બહારથી; ઉપરથી.

Outward,-bound, *a.* પરદેશ-દેશાવર જનાર.

Out-balance, *vt.* (આઉટ્-બૅ'લન્સ્) To outweigh; to exceed in weight or effect. વજનમાં, અસરમાં વધી જવું.

Out-bid, *vt.* (આઉટ્-બિ'ડ્) To bid more than another. થી વધારે-મ્હોટી માગણી કરવી, કરતાં વધારે મૂલ આપવા માંડવું.

Out-break, out-burst, *n.* (આ'ઉટ્-બ્રેક્, આ'ઉટ્-બર્સ્ટ્) A breaking or bursting forth. એકદમ બહાર, ફાટી નીકળવું તે; ઉભરો.

Out-cast, *a.* (આ'ઉટ્-કાસ્ટ્) Expelled; degraded. બહાર કાઢી મૂકેલું; બહિષ્કૃત; પતિત; ભ્રષ્ટ *n.* પતિત-ભ્રષ્ટ પુરૂષ.

Out-come, *n.* (આ'ઉટ્-કમ્) Issue. પરિણામ; ફળ.

Out-cry, *n.* (આ'ઉટ્-ક્રાય્) બૂમ; પોકાર.

Out-do, *vt.* (આ'ઉટ્-ડુ) To excel; to surpass. થી ચઢીઆતા નીકળવું; હઠાવવું; પાછું પાડવું.

Out-door, *a.* (આ'ઉટ્-ડોર્) ઘરની બહારનું.

Out-fit, *n.* (આ'ઉટ્-ફિટ્) સફરની-પ્રવાસની બધી સામગ્રી.

Out-flank, *vt.* (આ'ઉટ્-ફ્લૅન્ક્) To go beyond on the flank or side. બાજુએથી આગળ વધવું.

Out-grow, *vt.* (આ'ઉટ્-ગ્રો) To surpass in growth. ફાલીને-પ્રસરીને-ઉગીને (બીજા કરતાં) વધી જવું; અતિશય મ્હોટું થવું.

Out-house, *n.* (આ'ઉટ્-હાઉસ્) ઉપગૃહ, ઘરની પાસેની નાની ઓરડી.

Out-landish, *a.* (આ'ઉટ્-લૅ'ન્ડિશ્) Strange; barbarous; clownish. તરેહવાર; વિલક્ષણ; જંગલી; ગામડીયું.

Out-law, *n.* (આ'ઉટ્-લૉ) બારવટીઓ. *vt.* રાજના રક્ષણમાંથી કાઢી મૂકવું-બહિષ્કાર.

Out-lawry, *n.* (આ'ઉટ્-લૉરી) રાજરક્ષણબહિષ્કાર; બારવટું.

Out-lay, *n.* (આ'ઉટ-લે) A laying out or expending; expenditure. ખરચ; વ્યય; આગળથી ખરચેલી, રોકેલી રકમ.

Out-let, *n.* (આ'ઉટ્-લેટ) A passage outward. બહાર જવાનો-કાઢવાનો રસ્તો-માર્ગ; નિકાલ; બારૂં.

Out-line, *n.* (આ'ઉટ્-લાઇન્) The exterior line. હદ; મર્યાદા; લીટી; સીમાની આકૃતિ-રેખા. 2. A sketch. ખોખું; ડોહોળીઉં. 3. A general indication. સાર; ડોહોળીઉં; ખરડો; રૂપરેખા. *vt.* To draw the exterior. બહારની આકૃતિ-રેખા, ખોખું કાઢવું; ખરડો કાઢવો.

Out-live, *vt.* (આઉટ્-લિ'વ) To live beyond; to survive. પછવાડે જીવવું-રહેવું.

Out-look, *n.* (આ'ઉટ્-લુક) Looking out. ડોકું કાઢીને વાટ જોવી તે. 2. Prospect. દૃષ્ટિ; દેખાવ; નજર. Applause owes its charms to man's short O. માણસની ટુંકી દૃષ્ટિ હોવાને લીધે સ્તુતિમાં મોહ લાગે છે.

Out-lying, *a.* (આઉટ્-લા'ઇંગ્) વેગળું; દૂર; આઘેનું.

Out-number, *vt.* (આઉટ-નં'બર્) સંખ્યામાં ચઢીઆતા થવું, હોવું.

Out-of-the-way, *a.* અસાધારણ; વિષય બહારનું; નવાઇનું; વિચિત્ર.

Out-patient, *n.* હસ્પિતાલમાં નહિં રાખેલો બ્હારનો દર્દી.

Out-post, *n.* (આ'ઉટ્-પોસ્ટ્) ફોજના મુખ્ય સમૂહથી થોડું વેગળું થાણું-મુકામ.

Out-rage, *n* (આ'ઉટ્-રિજ્) Extreme violence or injury. મ્હોટો જુલમ, બળાત્કાર, જબરદસ્તી, મહા અનર્થ, કેર. *vt.* ના ઉપર મ્હોટો જુલમ, જબરદસ્તી ક૦; ગાળના કે તુંકારાના શબ્દ કહી અપમાન ક૦. To outrage decency=જોતાં, સાંભળતાં શરમ લાગે એવું ક૦. [L. *ultra*, beyond; *ago*, I act.]

Out-rageous, *a.* (આઉટ્-રે'જસ્) Excessive; exceeding reason or decency; violent; furious; atrocious. જુલમી; મહા અનર્થ, કેર ભરેલું; ઘોર; મહાપાતકી.

Out-rider, *n.* ગાડીની જોડે ખીજમતમાં રહેનાર સવાર.

Out-right, *adv.* (આ'ઉટ્-રાઇટ્) Immediately; completely. તરતજ; લાગલુંજ; સામટું; પૂરેપૂરૂં.

Out-run, *vt.* (આઉટ-ર'ન્) દોડવામાં પાછળ મૂકવું; દોડવામાં આગળ નીકળવું; ચઢીઆતા થવું.

Out-set, *n.* (આ'ઉટ-સેટ) પ્રારંભ; મંડાણ; શરૂઆત.

Out-shine, *vt.* (આઉટ્-શા'ઇન્) To excel in lustre. થી વધારે ચળકવું.

Out-side, *n.* (આઉટ્-સા'ઇડ) બહારનો ભાગ; ઉપરનો ભાગ. At the O. બહુબહુતો. *a.* બહારનું; ઉપરનું

Out-sider, *n.* પરાયો; પારકો; બહારનો માણસ.

Out-skirt, *n.* (આ'ઉટ્-સ્કર્ટ) Border. સીમા; મર્યાદા; હદ. 2. Suburb. પરૂં; જુવાડું.

Out-standing, *a* (આઉટ્-સ્ટૅ'ન્ડિંગ્) બહાર નીકળતું; મુખ્ય; બાકી રહેલું; અણુપતવેલું. O. balance of dues. ઉધરાણી.

Out-strip, *vt.* (આઉટ્-સ્ટ્રિ'પ્) પાછળ મૂકવું;-થી આગળ નીકળવું.

Out-vie, *vt.* (આઉટ્-વા'ય્) To exceed in vying with or in rivalry. થી ચઢવું, ચઢીઆતા થવું.

Out-vote, *vt.* (આઉટ-વો'ટ્) વધારે મતથી જીતવું;-ના કરતાં વધારે મત હોવાં.

Out-ward, *a.* (આ'ઉટ્-વર્ડ્) બહારનું; ઉપરનું.

Out-wardly, *adv.* (આ'ઉટ્ વર્ડ્લી) બહારથી; જોવામાં.

Out-weigh, *vt.* (આઉટ્ વે,') To exceed in weight. તોલમાં, વજનમાં વધારે હોવું, થવું.

Out-wit, *vt.* (આઉટ્-વિ'ટ્) To surpass in wit or wisdom; to surpass in stratagem-craft. કોઈના માથાના નીકળવું; વધારે ચતુરાઈથી છેતરવું, ફસાવવું, ધાપ મારવી.

Out work, *n.* (આ'ઉટ્-વર્ક્) બહારનો કિલ્લો, વાડ, મકાન.

Oval, *a.* (ઓ'વલ્) ઇંડાકારનું; અંડાકાર. [L. *ovum*, an egg.]

Ovary, *n.* (ઓ'વરી) અંડાશય; બીજાશય.

Ovation, *n.* (ઓવે'શન્) પ્રાચીન રોમન લોકમાં નાની જીત કરી આવનાર સેનાપતિને આપેલી પ્રતિષ્ઠા; લોકસન્માન. [L. *ovo*, I celebrate, I exult.]

Oven, *n.* (અ'વન્) Furnace. ભઠ્ઠી;ચુલો;ખાવાનું શેકવાની લોઢી-તવો. [L. *ignis*, fire.]

Over, *prep.* (ઓ,'વર્) Above. ઉપર; પર. 2. Across. ઉપર થઇને. 3. Upon the surface. ઉપર; બધે. 4. Above in authority. ઉપર; માં ઉપરી દાખલ. Thou shalt be **O.** my house= તારે મારા ઘરમાં ઉપરી દાખલ થવું. 5. Denoting superiority. કરતાં-થી. 6. Above the top of. ઉપર ફરી વળીને. **O.** night=આગલી રાત. *adv.* From side to side. એક છેડાથી બીજા છેડા સુધી; આરપાર. On the opposite side. સામે; પેલેપાર.. Throughout. છેવટ સુધી; છેડા સુધી; પૂર્ણ; બધું. More than the quantity assigned. ઉપર; વધતું; વધારે. To flow over. ઉપરથી વહી જવું. From one country to another. આણીગમ. To bring over to India. હિંદુસ્તાનમાં (પરદેશથી) લાવવું. To be **O.** પુરૂં થવું; થઇ રહેવું; નો પાર આવવો. **O.** again. ફરીને; પાછું બીજીવાર. **O.** against. સામે; સન્મુખ. **O.** and above. એ શિવાય. **O.** and **O.** ફરીફરીને. To give over=To cease from.છોડી દેવું. To consider as hopeless. ની આશા મૂકવી. The physicians have given **O.** the patient. વૈદ્યોએ એ દરદીની આશા મૂકી છે. **O.** (in comp.) ઉપર હોવું; પસરવું; ઉલટાપણું; શ્રેષ્ઠપણું; અતિશયપણું,

Over-act,*vt.*(ઓ,વર્-ઍ'ક્ટ્)To act to excess.

Over-awe, *vt.* (ઓ,વર્-ઑ') To keep too much in awe. ધાકથી-ત્રાસથી દબાવવું; ભયગ્રસ્ત કરી નાંખવું.

Over-balance, *n.* (ઓ,'વર્-બૅ'લ•ન્સ્) તોલમાં -વજનમાં વધારો; વધારાનું વજન-તોલ. *vt.* થી તોલ-વજન ભારે બોજ-અગત્યતામાં વધારે-હોવું થવું.

Over-bear, *vt.* (ઓ,વર્-બે'અર્) To bear over; to over-power; to sub-due; to suppress. દાબી નાંખવું; જોરથી ન ચાલવા દેવું.

Over-bearing,*a.*(ઓ,વર્-બે,'રિંગ્)Haughty and dogmatical; imperious. મીજાજી; તરછોડા-ખોર; અપમાન કરે એવું.

Over-bid, *vt.* (ઓ,વર્-બિ'ડ્) To bid or offer beyond. વધારે આપવું.

Over-board, *adv.* (ઓ,વર્-બોર્ડ્) વહાણની બાજુએ-ઉપરથી-માંથી. To throw O. વહાણમાંથી નાંખી દેવું.

Over-burden, *vt.* (ઓ,વર-બ'ર્ડન્) To load with too much weight. અતિશય ભાર ભરવો.

Over-cast, *a.* (ઓ,વર્-કા'સ્ટ્) Spread over with clouds;darkened;strewed over. ઘેરાએલું; અમઘોર; અંધારાએલું.

Over-charge, *vt.* (ઓ,વર્-ચા'ર્જ્) To overload. ઉપર ઘણો ભાર મૂકવો. 2. To fill to full. ટકોટક-ખીચોખીચ ભરવું. To charge too much. વધારે મૂલ-હિસ્સો-ખરચ કહેવું-લખવું-માંડવું. *n.* વધારે લખેલી-માંડેલી રકમ.

Over-come, *vt.* (ઓ,વર્-ક'મ્) To subdue. જીતવું; વશ-તાબે કરવું.

Over-date,*vt.*(ઓ,વર્-ડે'ટ્)To date beyond the proper period. વધારે ભવિષ્યનીતારીખ નાંખવી.

Over-do, *vt.* (ઓ,વર્-ડૂ') To cause to do too much; to harass. અતિશય-ઘણું કરવું. 2. To boil or roast too much. વધારે રાંધી-બાફી-શેકી નાંખવું.

Over-draw, *vt.* (ઓ,વર્-ડ્રૉ') To draw beyond one's credit or funds. વધારે પૈસા ઉપાડવા.

Over-drive, *vt.* (ઓ,વર્-ડ્રા'ઇવ્) To drive too hard or beyond strength. વધારે પડતા જોરથી હાંકવું.

Over-due, *a.* (ઓ,વર્-ડ્યૂ') Due beyond the proper tima;past the time of payment. ચઢેલું; મુદત વીતેલું.

Over-estimate, *vt.* (ઓ,વર્-એ'સ્ટિમેટ્) To estimate too highly. ઘણો ઉંચો અડસટ્ટો,ગણના ક૦. *n.* ઘણો ઉંચો અડસટ્ટો-ગણના.

Over-feed, *vt.* (ઓ,વર્-ફી'ડ્) To feed too much. અતિશય-ઠાંસીને ખવડાવવું.

Over-flow, *vt. vi.* (ઓ,વર્-ફ્લો') To flow over. ઉપરથી વહી જવું. 2. To overwhelm. ઢાંકી નાંખવું; ઉપર ફરી વળવું. The barbarians overflowed the Roman Empire=જંગલી લોકો રોમન રાજ્ય ઉપર ફરી વળ્યા. *vt.* પૂર; રેળ રેલ; અતિશયપણું.

Over-grow, *vi. vt.* (ઓ,વર્-ગ્રો') To grow beyond; to rise above. હદ કરતાં વધારે ઉગવું; વધતા જવું.

Over-grown, *pp.* (ઓ,વર્-ગ્રો,'ન્) ઢંકાઇ ગએલું; અતિશય મ્હોટું.

Over-hang, *vt.* (ઓ,વર્-હૅ'ન્ગ્) To hang or jut over. ઉપર લટકવું; ઝુલી રહેવું; ઉપર બહાર નીકળતું હોવું.

Over-haul, *vt.* (ઓ,વર્ હૉ'લ્) To examine thoroughly. સમરાવવાના વિચારથી સારી પેઠે તપાસવું ઉથલપાથલ કરી નાંખવું. 2.To re-examine (accounts). ફરીને તપાસવું.

Over-head, *adv.* (ઓ,વર્-હે'ડ્) Aloft. ઉંચે; માથે.

Over-hear, *vt.* (ઓ,વર્-હી,'ર્) To hear what is not addressed to the hearer or nor intended to be heard by him. છાનું માનું સાંભળવું; સાંભળી જવું.

Over-joy, *vt.* (ઓ,વર્-જૉ'યૂ) To give excessive joy to; to transport with gladness.

અતિશય રાજી, ખુશી ક૦; બહુ હરખાવું. *n.* Joy to excess; transport. અતિશય રાજી, ખુશીપણું; ઘણોજ હરખ; અતિહર્ષ.

Over-lay, *vt.* (ઓ,વર્-લે,') To lay too much upon; to cover or spread over the surface of. બહુ લાદવું; મઢવું; ઉપર ચઢાવવું. To **O.** columns with silver=થાંભલા રૂપાથી મઢવા. To smother. ઢાંકપિછોડો કરીને ગુંગળાવી નાંખવું.

Over-leap, *vt.* (ઓ,વર્-લી'પ્) ઉપરથી કુદી જવું; ઓળંગવું.

Over-load, *vt.* (ઓ,વર્-લો,'ડ્) To load too much. ઉપર ઘણો ભાર ભરવો.

Over-look, *vt.* (ઓ,વર્-લુ'ક્) To look over. ઉપર ઉપરથી જોવું. To view from higher place. ઉચે ઠેકાણેથી જોવું. To afford an elevated prospect of. ઉપરથી દેખાવું; નજર પડવી. His mansion over-looks the sea. તેની હવેલી ઉપરથી દરિયા ઉપર નજર પડે છે. To survey. સારી પેઠે તપાસવું. To pass by; to neglect. નજરચુક થવી; ગફલતથી ચૂકવું. They overlooked the fact=તેઓએ તે હકીકત ઉપર ગફલતથી નજર રાખી નહિં. To excuse. માફ કરવું; જોયું ન જોયું કરવું. He over-looked his faults=તેણે તેના વાંક ઉપર નજર ન રાખી. Bewitch. નજર નાંખવી; માઠી, કરડી નજરથી ઈજા કરવી.

Over-lying, *a.* (ઓ,વર લા'ઇંગ્) ઉપર પડેલું.

Over-plus, *n.* (ઓ,'વર-પ્લસ્) વધારો; વધારાનો ફાલતુ ભાગ

Over-match, *vt.* (ઓ,વર્-મૅ'ચ્) To be more than a match for; to be more powerful than. થી ચઢીઆતા હોવું, થવું.

Over-night, *adv* (ઓ,'વર-નાઇટ્) Through the night; in the evening. આગલી રાતે.

Over-paid, *pp.* (ઓ,વર્-પે,'ડ્) Paid more than is due.

Over-power, *vt.* (ઓ.વર-પા'વર) To be too powerful for; to affect with a power or force that cannot be borne; to overcome; to vanquish; to subdue; to crush. ન ખમાય એટલું જોર કરવું; અતિશય બળ કરી હરાવવું-તાબે ક૦;-જીતવું;-નો પરાજય ક૦.

Over-rate, *vt.* (ઓ,વર્-રે,'ટ્) To rate, estimate at too much ની ઘણી ઉચી કીંમત ગણવી.

Over-reach, *vt.* (ઓ,વર્-રી'ચ્) To cheat. છેતરવું; ઠગવું.

Over-rule, *v.* (ઓ,વર્-રૂ'લ્) To control by predominant power. સત્તાને જોરે ચલાવવું; નું ચાલવા ન દેવું. To supersede. નામંજુર-રદ ક૦.

Over-run, *vt.* (ઓ,વર્-ર'ન્) To spread over. ઉપર બધે ફરી વળવું-પસરવું-ફેલાવું. To subdue. વશ-તાબે ક૦.

Over-see, *vt.* (ઓ,વર્-સી') ઉપર દેખરેખ રાખવી. Overseer, *n.* દેખરેખ રાખનાર.

Over-shadow, *vt.* (ઓ,વર્-શૅ'ડો) To throw a shadow over; to shelter; to protect. ઉપર છાયો-અંધારું પાડવું; ઓઠે-આડે રાખવું; નો બચાવ-રક્ષણ ક૦.

Over-shoot, *vt.* (ઓ,વર્-શૂ'ટ્) To shoot, throw beyond the mark. નિશાન-ચોટથી આગળ જવું; ધાર્યા કરતાં વધારે ક૦.-બોલવું વગેરે. To over-shoot one's self=સાબિત કરી શકાય તે કરતાં વધારે બોલવું-કહેવું-હામ ધરવી.

Over-sight, *n.* (ઓ,'વર્-સાઇટ્) Watchful care. ચોકસ દેખરેખ, નાધેમાની, નજર. Mistake. નજરચૂક; ભૂલચાપ.

Over-sleep, *vt.* (ઓ,વર્-સ્લી'પ્) ઘણીવાર લગી ઉંઘવું.

Over-spread, *vt. vi.* (ઓ,વર-સ્પ્રે'ડ્) ઉપર પથરાવું-ફેલાવું.

Over-state, *vt.* (ઓ,વર્-સ્ટે,'ટ્) અતિશય-માં વધારો કરીને કહેવું.

Over-step, *vt.* (ઓ,વર્-સ્ટે'પ્) To step beyond; to exceed. આગળ પગલું ભરવું; નું ઉલ્લંઘન ક૦; થી આગળ વધવું.

Over-stock, *vt.* (ઓ,વર્-સ્ટૉ'ક્) To fill too full. ભરચક ભરવું; ખપ કરતાં અથવા માય તે કરતાં વધારે ભરવું.

Over-strain, *vt.* (ઓ,વર્-સ્ટ્રે',ન્) To strain or stretch too much; to make too violent efforts અતિશય બળ, તાણ કરવું.

Over-strew, *vt.* (ઓ,વર્-સ્ટ્રૂ') To spread or scatter over. ઉપર પસરવું-ફેલાવું.

Overt, *a.* (ઓવ'ર્ટ્) Opened to view; manifest; apparent. ખુલ્લું; ઉઘાડું; સ્પષ્ટ; દેખીતું. [L. *aperio*, I open].

Over-take, *vt.* (ઓ,વર્-ટે'ક્) To catch. પકડી પાડવું To take by surprise. ઉપર અચાનક આવી પડવું.

Over-task, *vt.* (ઓ,વર્-ટા'સ્ક્) To impose too heavy a task or injunction on. ગજા કરતાં વધારે મહેનત કરાવવી-આપવી.

Over-tax, *vt.* (ઓ,વર્-ટૅ'કસ્) To tax too heavily. ગજા કરતાં વધારે વેરો લેવો-કામ કરાવવું.

Over-throw, *vt.* (ઓ,વર-થ્રો') To upset. ઉથલાવી નાંખવું; ઉંધું નાંખવું. To ruin. નો નાશ કરવો; હરાવવું, જીતવું, પરાજય ક૦; *n.* નાશ, પરાભવ, પરાજય; હાર.

Over-time. *n.* (ઓ,'વર્-ટાઇમ) ઠરાવ કરતાં વધારાનો વખત. *adv.* (ઓ,વર્-ટા'ઇમ) વધારે વખત.

Over-top, *vt.* (ઓ,વર્-ટૉ'પ્) To rise above the top of. ના માથા-ટોચ ઉપર આવવું. To excel. થી સરસ-ચઢીઆતા નીકળવું.

Overture, *n.* (ઓ,'વર્ચર)Something offered for consideration, proposal. ભાંજગડમાં થએલી વાત; કહેણું; દરખાસ્ત; માગું.

Over-thwart, *prep.* (ઓ,વર્-થ્વૉ'ર્ટ) On the thwart or cross direction; over across; from side to side. ત્રાંસી, આડી બાજુએ; લગોલગ

Over-turn, *vt.* (ઓ,વર્-ટ'ર્ન) To upset. ઉંધું વાળવું. To ruin. નો નાશ કરવો. To over-power. જીતવું, નો પરાજય ક૦.

Over-value, *vt.* (ઓ,વર્-વૅ'લ્યુ) To value too highly. હોય તે કરતાં વધારે કિંમત કરવી, ગણવી.

Over-weening, *a.* (ઓ,વર્-વી'નિંગ) Thinking too highly or conceitedly. અતિશય ગર્વ, અહંકાર, પતરાજ ભરેલું; અભિમાની.

Over-whelm, *vt.* (ઓ,વર્-હ્વેલ્મ) To cover or spread over; to over-spread or crush beneath something violent and weighty. ઘણા ભારમાં દબાવી નાંખવું. To immerse and bear down. બુડાડી નાંખવું; ગ્રસ્ત, મગ્ન કરી નાંખવું. To be **O.ed** with cares. ફિકરમાં ને ફિકરમાં ગ્રસ્ત હોવું.

Over-weigh, *vt.* (ઓ,વર્-વે,') To exceed in weight. થી વધારે વજનમાં થવું.

Over-wise, *a.* (ઓ,વર-વા'ઇઝ) Wise to affectation. અતિશય ડાહ્યો; દોઢ ડાહ્યો.

Over-work, *vt.* (ઓ,વર-વ'ર્ક) To work to excess. ગજા ઉપરાંત કામ કરાવવું; અતિશય વૈતરું કરવું. *n.* અતિશય મહેનત, વૈતરું, શ્રમ.

Over-worn, *a.* (ઓ,વર્-વૉ'ર્ન) Worn out; subdued by toil. અતિશય થાકી ગએલો.

Over-wrought, *pp. a.* (ઓ,વર્-રૉ'ટ) Laboured to excess; worked all over. થાકેલું; વધારે પડતું કરેલું, શણગારેલું વગેરે; અતિકૃત.

Oviduct, *n.* (ઓ'વિડક્ટ) A duct or passage for the egg in animals.

Oviform, *a.* (ઓ,'વિફૉર્મ) Having the form of an egg. ઇંડાના આકારનું; અંડાકાર.

Oviparous, *a.* (ઓવિ'પરસ્) Bringing forth or producing eggs. ઇંડાં મૂકે એવાં; અંડજનક. [L. *ovum*, an egg; *pario*, I bring forth.]

Owe, *vt.* (ઓ) To possess; to have or hold what belongs or is due to another; to be indebted to. નું દેવું, કરજ હોવું; કરવાનો ધર્મ, ફરજ હોવી. A son owes gratitude to his father = દીકરાનો બાપનો પાડ માનવાનો ધર્મ છે. To be obliged for = ના આભારી, ઉપકૃત હોવું; ને લીધે હોવું. I owe my deliverance to him = મારો છૂટકારો એને લીધે થયો; મારા છૂટકારા માટે હું એનો આભારી છું. [A. S. *agan*, to have debt &c.] I owe (to) you five rupees = મ્હારે તમને પાંચ રૂપૈયા દેવાના છે; તમે મ્હારી પાસે માગો છો.

Owing, *pr.* (ઓ'ઇંગ્) Due. ના માગતા, દેવા, લેણા. Ascribable to. ને લીધે; ના પ્રતાપથી; એ કરીને. Owing to your kindness = તમારી કૃપાને લીધે.

Owl, *n.* (આઉલ્) ઘૂવડ; ઘુડ. **-et,** ઘૂવડનું બચ્ચું.

Own, *a.* (ઓ,ન) Possessed; belonging to. પોતાનું; ખુદનું; પોતાનુંજ. *vt.* To be the proprietor of. ના ધણી, માલેક હોવું. To admit as belonging to as property. ના ધણી થવું. Nobody owns this for his book = આ ચોપડીનો કોઇ ધણી થતો નથી. To confess = માનવું: કબુલ કરવું. To O. a fault = ભૂલચૂક માનવી, કબુલ કરવી.

Owner, *n.* (ઓ,'નર્) ધણી; માલધણી. **-ship,** ધણીપણું; માલીકી.

Ox, *n.* (ઑક્સ) બળદ. A young O. વાછરડો. A dwarfish O. ગેડું.

Oxygen, *n.* (ઑ'ક્સિજન્) પ્રાણવાયુ. [Gr. *oxus*, sharp; *gignomai*, I become.]

Oxyde, oxide, *n.* (ઑ'ક્સાઇડ) ઑક્સિજન અને બીજા અમુક પદાર્થ મળીને થએલો મિશ્ર પદાર્થ.

Oxidate, oxidize, *vt.* (ઑ'ક્સિડે,ટ, ઑ'ક્સિડાઇઝ્) To convert into an oxide.

Oxigenate, oxigenise, *vt.* (ઑક્સિ'જીને,ટ, ઑક્સિ'જીનાઈઝ્) To unite or to cause to combine with oxygen.

Oxymoron, *n.* (ઑક્સિમૉ'રન્) That which is pointedly absurd or foolish; a rhetorical figure. બેહુદું; વિરોધાભાસ અલંકાર, જેમકે Kind cruelty.

Oyer, *n.* (ઑ'યર) A hearing or trial of causes in law. પ્રતિવાદી લેખ વાંચી સંભળાવવાનું માગે તે. [L. *audio*, I hear.]

Oyster, *n.* (ઑ'યુસ્ટર્) A shell-fish. કાલુ માછલી. The shell. મોતીની છીપ.

P.

P, (પી)The sixteenth letter of the English alphabet. અંગ્રેજી મૂળાક્ષરનો સોળમો અક્ષર. Ps & Qs = પૈસો; પક્ષપ્રતિપક્ષ.

Pa, *n.* (પૅ) A shortened form of papa. બાવા; બાપા.

Pabular or Pabulous, *a.* (પૅ'બ્યુલર, પૅ'બ્યુલસ્) Pertaining to food; affording food. ખોરાકનું. [L *pasco* I feed].

Pabulum, *n.*(પૅ'બ્યુલમ્) Food; nourishment. અન્ન; ભોજન; પોષણની (વાંચન વગેરે) વસ્તુ. [L. *pasco*, I pasture].

Pacated, *a.* (પૅકે,'ટિડ્) Pacified; pacate. શાંત પડેલું; પાડી શકાય તેવું [L. *pacare*, to make at peace, *pax* peace.]

Pacable, *a.*(પૅ'કબલ્) That may be calmed or quieted. શાંત પાડી શકાય તેવું. 2. Willing to forgive. ક્ષમા આપ તેવું.

Pacation, *n.* (પૅકે,'શન્) Calmness. શાન્તિ.

Pace, *n.* (પે,સ્) A step. ડગલું; કદમ. 2. A kind of fast amble. રવાલ ચાલ. To keep or hold pace with; to go fast as. સાથેને સાથે ચાલવું. *vi.* To go. જવું. 2. To move quickly. રવાલમાં જવું. To move slowly over. સાધારણ ચાલે ચાલવું 2. To measure by steps or paces. પગલે માપવું. [L. *passus*, a step].

Pace, *prep.*(પે.'સી) રજાથી;માનપૂર્વક;માન છે છતાં.

Pacer,*n.*(પે,'સર્) One who or that which paces. સારો ચાલનારો ઘોડો,

Pacha, *n.* (પાશા') The King of Turkey. તુર્ક લોકોના પાદશાહ.

Pachalic, *n.* (પાશા'લિક્) The jurisdiction of a pacha. પાદશાહની રાજસત્તા.

Pacific, *a.* (પસિ'ફિક્) Pertaining to peace; peaceful. શાન્ત; સલાહ કરે તેવું. [L. *pax*, peace & *facio*, I make].

Pacification, *n.* (પૅસિફિકે,'શન્) The act of process of pacifying. શાન્તિકરણ સલાહ;સંધિ.

Pacificator, *n.* (પૅસિ'ફિકેટર્) One who pacifies; a peace maker. સલાહ-સમાધાની કરાવનાર.

Pacificatory, *a.* (પૅસિ'ફિકે,ટરી) Tending to make peace;conciliatory. સમાધાની કરાવતું.

Pacifier, *n.* (પૅ'સિફાયર્) One who pacifies. સલાહશાન્તિ કરાવનાર.

Pacify, *vt.* (પૅ'સિફાયૃ) To calm; to quiet. સમજાવવું; શાન્ત, ઠંડું પાડવું.

Pack, *n.* (પૅક્) A collection, stock or store of particular kind or quantity. સમૂહ; જથ્થો. 2. A bale. ગાંસડી, પોટલી. 3. A full set of playing cards; a number animals kept together for hunting. ગંજીફો; રમવાનાં પાનાં; પ્રાણીનો સમૂહ;ટોળું. A number of persons combined for bad purposes.ચંડાળ ચોકડી.4.A large extent of floating and broken ice. તરતા અને તૂટેલા બરફનો જથ્થો,વિસ્તાર. *vi.* To store things away anywhere for safe keeping &c. સંરક્ષણ માટે ભેગું કરવું. 2. To depart in haste. જલદીથી ચાલ્યા જવું. 3. To send packing= drive away. રસ્તો મપાવવો; કાઢી મૂકવું. *vt.* To press together and fasten up; to place in order. સાથે સાથે મૂકવું અથવા બાંધવું; બરાબર મૂકવું. 2. To make a pack of. બાંધવું; ગાંસડી બાંધવી. 3. To sort or arrange in a pack so as to secure the game unfairly.લુચ્ચાઇથી ગંજીફાનાં પાનાં ચીપવાં અથવા ગોઠવવાં; પોતાના પક્ષનાં માણસથી ભરી દેવું.

Package, *n.* (પૅ'કિજ્) The act of packing, also something packed. 2. A bundle or bale. બાંધવાનું કામ; ગાંસડી;પોટલી. 3. A charge made for packing. બાંધવાનું ખર્ચ.

Pack-cloth, *n.* (પૅ'ક્-ક્લૉથ્) A cloth in which goods are tied up; pack-sheet. માલ બાંધવાનું કપડું; મીણવું.

Packet, *n.* (પૅ'કિટ્) A small package; a little bundle. બચકી; પોટલી; પાકિટ. 2. A small ship or vessel employed in carrying packets of letters or passengers. કાગળો અથવા ઉતારૂઓને લઈ જવા માટેનું વહાણ. *vt.* To bind in a packet or parcel. ગાંસડી બાંધવી. *vi.* To ply with a packet. ભાર લઈને જવું. [L. *paccus.*]

Pack-horse, *n.* (પૅ'ક્-હૉર્સ્) A horse used in carrying goods. ભાર લાદવાનો ઘોડો.

Pack-man, *n.* (પૅ'ક્-મન્) One who bears a pack; a pedlar. ફેરીઓ; છાબડીવાળો.

Pack-saddle, *n.* (પૅ'ક્-સૅ'ડલ્) A saddle for packs. પલાણ; ઓઠું; કાઠું.

Pack. *a.* (Scot.) (પૅ'ક) Intimate; confidential. દિલોજાન; વિશ્વાસપાત્ર.

Pact, *n.* (પૅક્ટ) That which is agreed on; an agreement; a contract. કોલકરાર. [L. *pactum-pacisi*, *pactus*, to contract.]

Paction, *n.* (પૅ'કશન્) Same as pact. (પૅક્ટ્ જુઓ.)

Pad, *n.* (પૅડ) A robber that infests the road on foot. લુંટારો. 2. A foot-path. રસ્તો. 3. An easy paced horse.ધીમો, સારો ચાલતો ઘોડો. 4. A number of sheets of papers or other soft materials fastened together for writing upon. પુષ્પિપત્ર; લખવા માટે કાગળો ભેગા કરી અથવા બીજી વસ્તુ જડી બનાવેલું ગાદીવાળું પુઠું. 5. A measure for fish. માછલાં ભરવાનું માપ. *vt.* To furnish with a pad. ગાદી જડવી. 2. To travel upon foot. ચાલતા જવું [Du. *pad*=a path.]

Padder, *n.* (પૅ'ડર્) One who pads. પગે ચાલનાર.

Padding, *n.* (પૅ'ડિંગ્) The material with which anything is padded. ગાદલાં વિગેરે ભર-

વાનું કંઇ (રૂ, ઉન વગેરે). 2. The act of making a pad. ગાદલાં, તકીયા વગેરે ભરવાં તે. 3. The matter of less value introduced in a book or article in order to make it of the length desired. લેખમાં અથવા પુસ્તકમાં તેને વધારવા માટે મૂકેલી બીન જરૂરી હકીકત અથવા વિષય.

Paddle, *vt.* (પૅ'ડલ્) To finger with toy; to use the fingers in toying. રમતમાં હાથનો ઉપયોગ કરવો. 2. To dabble in water with hands or feet. છલબલ કરવું; પાણીમાં હાથપગ હલાવવા. To pat or stroke gently. થાબડવું. 3. To propel with a paddle = હલેસાં મારવાં. *n.* An implement used in steering canoes and boats. હલેસું; ચાટવો. [Prob. from *spaddle*; cf. *spade.*]

Paddock, *n.* (પૅ'ડક્) A small field in which horses are kept. તબેલો. A small inclosure for pasture. ઢોરને ચરવાનો વાડો. A small inclosure. રમવાનો અખાડો. 2. A toad, frog. દેડકો.

Padlock, *n.* (પૅ'ડ્લૉક્) A portable lock. તાળું. *vt.* To shut. તાળું વાસવું. [Prob. prov. Eng. *pad* a basket and lock.]

Pæan, *n.* (પી'અન્) A song of triumph; any joyous song; a song in honour of Apollo. જય ગાન; સૂર્યદેવની ભક્તિનું ગીત. [L. *paen,* physician of the Gods]

Pagan, *n.* (પે,'ગન્) One who does not worship the true God; a heathen; an idolator. મૂર્તિપૂજક; વિધર્મી. *a.* Pertaining to the worship of false gods; heathenish. મૂર્તિપૂજા, વિધર્મ સંબંધી. [L. *pagnus,* a rustic, a heathen.]

Paganism, *n.* (પે'ગનિઝમ્) The belief and practices of the heathens; heathenism. અસદ્ધર્મ; મૂર્તિપૂજા.

Paganize, *vt.* (પે,'ગનાઇઝ્) To convert to paganism; to render pagan or heathen. મૂર્તિપૂજક, વિધર્મી બનાવવું.

Page, *n.* (પે,જ્) A boy attending on a person of distinction; a young lad employed as attendant. નોકર; બટુક; બાંડકો. 2. One side of a printed or written leaf. પૃષ્ઠ; પાનું. [L. *pagus,* a village.—L. *pagina,* a thing fastened.] *vt.* To number the pages of a book. પાનાનો નંબર લખવો.

Pageant, *n.* (પૅ'જન્ટ, પે,'જન્ટ) A spectacle; a fleeting show. તમાશો; શોભાનો ક્ષણભંગુર પદાર્થ. 2. An exhibition in general. સામાન્ય પ્રદર્શન; વરઘોડો; સરકસ. [Low L. *pagina,* a stage; *pagina,* a slab. *pangere,* to fix]*a.* Showy; pompous. દંભવાળું; ભભકાદાર.

Pageantry, *n.* (પૅજન્ટ્રી) Pompous; spectacle; splendid display. શોભા; ઠાઠમાઠ; દબદબો; આડંબર; ધામધૂમ.

Pagoda, *n.* (પૅગો,'ડા) An Indian idol; its temple; an idol-house. મૂર્તિ; દેવાલય; દેવમંદિર. 2. A gold coin formerly current in India, so called because the figure of pagoda was stamped upon it. સોનાનો એક જાતનો શીક્કો જેની ઉપર દેવમંદિરની આકૃતિ પાડવામાં આવતી. [Port. a corr. of Pers. *but-kadah,* an idol-temple.]

Pail, *n.* (પે,લ્) An open vessel of wood &c. for holding or carrying liquids; a bucket. ડોળ; ખુલ્લા મ્હોનું વાસણ; તાંબડી. [L. *patella,* a pan.]

Pailful, *a* (પે,'લ્ફુલ્) As much as fills a pail. ડોળથી ભરાય તેટલું.

Pain, *n.* (પે,ન્) Suffering either of body or mind; anguish; great care or trouble taken in doing anything; suffering coming as the punishment of evil doing. આધિ; વ્યાધિ; સંતાપ; દુઃખ; શ્રમ; પરિશ્રમ; કષ્ટ; વ્યથા; પીડા; સજા. *pl.* The threes of child birth; labour; trouble. પ્રસૂતિ વેદના; મહેનત; ચાકરી. *vt.* To torture; to give pain. દુઃખ દેવું; પીડા કરવી; સંતાપવું. [L. *paena,* punishment.]

Painful, *a.* (પે,'ન્ફુલ) Requiring or causing pain. કલેશકારક; દુઃખકારક; દુષ્કર.

Painstaking, *a.* (પે,'ન્સ્ટે,કિંગ્) Diligent; laborious; taking pains or care. ઉદ્યોગી; મહેનતુ; તન તોડીને કામ કરનાર *n.* Diligence; labour. મહેનત; ઉદ્યાગ.

Painim, paynim, *n.* (પે,'નિમ્) A heathen; an infidel; a pagan. મૂર્ત્તિપૂજક; નાસ્તિક; કાફર. [L. *paganismus-paganus,* a pagan.]

Paint, *vt.* (પે,ન્ટ્) To adorn; to colour; to cover over with colour. રંગથી ભભકાદાર કરવું; રંગવું. 2. To describe in words; to depict. આબેહુબ ચિતાર આપવો; વર્ણન કરવું. *vi.* To lay colours; to apply colours on the face. ચિતરવું; મ્હો ઉપર રંગ લગાડવો. *n.* Colouring substance used in painting. રંગ. [L. *pingere, pictum,* to paint.]

Painter, *n.* (પે,'ન્ટર) One who paints. ચિત્રકાર; ચિત્રકલા વિશારદ; ચિતારો. 2. A rope used to fasten a boat. ડામણું; દોરડું; *e. g.* Cut the painter = To set adrift. વહાણ અગ્નિમાં મૂકવું.

Painting, *n.* (પે,'ન્ટિંગ્) A picture; the art or act or employment of laying on colours; the act of representing objects in colours; vivid description in words. ચિત્ર; ચિત્રકલા, વિદ્યા; રંગવું તે; વસ્તુ રંગવાનો અથવા ચિતરવાનો ધંધો; છબી; શબ્દચિતાર; આબેહુબ વર્ણન.

Paintiness, *n.* ચિતરવું તે.

Paintable, *a.* ચિતરી શકાય તેવું.

Paint-box, *n.* રંગ રાખવાની પેટી.

Paint-brush, *n.* ચિત્રકામમાં વપરાતી પીછી.

Pair, *n.* (પેઅર્) Two things used together; a set of like things; a couple; a man and his wife. યુગ્મ; જોડું; વરવધૂ; જોડી. *vi.* To be joined in pairs. જોડું બંધાવું, બાંધવું. To fit as a counter part. જોડ બેસવી, મળવી; બરાબર હોવું. *vt.* To join in couples. બબ્બેની, બબ્બેની જોડી બાંધવી; જોડ કરવી. To pair off = to stand aside in a pair from voting. સભામાં એક ગાંઠ કરી મત ન આપવો. [L. *par*, equal.]

Paired. *a.* Arranged in pairs. જોટામાં; જોટામાં; જોડીમાં.

Pair-wise, *adv.* In pairs. જોડીમાં, બબ્બે.

Pair of colours, *n.* (પે'અર્ ઑવ્ કલર્સ) Two flags carried by a regiment, one the national ensign, the other the flag of the regiment. લશ્કરી ટુકડી એક પ્રજા તરીકેનો અને એક પોતાની ટુકડીનો, એમ બે વાવટા લઈ જાય તે; ધ્વજદ્વય.

Palace, *n.* (પૅ'લસ્) A very large and splendid house; the residence of a king or queen. મહેલ; હવેલી; પ્રાસાદ; રાજમંદિર. [L. *palatium*, the Roman emperor's residence on the Palatine Hill at Rome.]

Palatial, *a.* (પૅલે,'શલ્) Resembling a palace, pertaining to or of a palace; royal; magnificent. રાજમંદિર જેવું; રાજમંદિરને શોભે તેવું; ભવ્ય; મ્હોટું; વિશાલ.

Palatine, *a.* (પૅ'લટિન્) Pertaining to a palace. રાજાના જેવા હક અથવા અધિકાર ધરાવનાર. *n.* An individual or a noble invested with royal privileges and rights. રાજાના હક અથવા અધિકાર ધરાવનાર પુરૂષ અથવા અમીર.

Paladin, *n.* (પૅ'લડિન્) A knight-errant; a paragon of knighthood; a distinguished champion. શૂરવીર; સર્વોત્તમ વીર; સંકટ દૂર કરવા પરિક્રમણ કરતો બહાદૂર નર. [L. *palatinus*, belonging to the palace.]

Palankeen, palanquin, *n* (પૅલન્કી'ન્) A light covered inclosed oblong and boxlike litter for a single person and borne on the shoulders of men. પાલખી; મિયાનો [From Hind. *Palkhi*.]

Palatable, *a.* (પૅ'લટબલ્) Agreeable to the palate or taste; savoury. સ્વાદિષ્ટ; મિષ્ટ; રૂચિકર.

Palatal, *a.* (પૅ'લટલ્) Pertaining to the palate; uttered by aid of the palate. તાલુ, તાળવા સંબંધી; તાલવ્ય; તાલુસ્થાની.

Palate, *n.* (પૅ'લટ્) Taste; relish; the roof of the mouth. સ્વાદ; રૂચિ: તાળવું. *vt.* To taste. સ્વાદ લેવો. [L. *palatum*.]

Palaver, (પલૅ'વર્) Talk; conversation; an idle talk; flattery. વાર્તા; વાત. નકામી કુથલી; નકામી વાતો; ખુશામત. *vi* ખુશામત કરવી. નકામી વાત કરવી. [Port. *palavra*—L. *parabola*, a parable].

Pale, *a.* (પે,લ્) Dim; faint; not ruddy or fresh; wan. ફિક્કું; ઝાંખું; ધોળું; લાલક વિનાનું; પિળાશવાળું. *vt.* To make pale. ઝાખું, નિસ્તેજ કરવું. *vi.* To turn pale. ઝાંખું પડવું; નિસ્તેજ થવું. [L. *pallidus*, pale].

Pale, *n.* (પે,લ્) Any enclosed field or space; limit; district, વાડ; હદ બાંધી લીધેલું ક્ષેત્ર અથવા જગ્યા; સીમા; મર્યાદા. 2. A fence; anything that encloses or fences. કોઈપણ વસ્તુ કે જેનાથી કબજે કરી લેવાય, હદ બાંધી શકાય તે. *vt.* To enclose with stakes. વાડ; હદ કરવી [L. *palus*, a stake]

Pale-face, *n.* A white person. ફિક્કા ચ્હેરા વાળો માણસ.

Palfrey, *n.* (પૉ'લ્ફ્રી) A saddle horse especially for a lady. બૈરાં માટે ખાસ સ્વારી લાયક ઘોડો; ન્હાનો ઘોડો. [L. *vehere*, to draw, *rheda*, a carriage.]

Pale-hearted, *a.* (પે,'લ-હાર્ટિડ્) Dispirited. ઉત્સાહ વગર; ઉમંગ વિનાનો; ઉત્સાહહીન.

Paleography, *n.* (પૅલિઑ'ગ્રફિ) The study of ancient inscriptions and modes of writing. પુરાતન લેખનો અથવા લીપિનો અભ્યાસ; લેખ ઉકેલવાની વિદ્યા. [Gr. *palaios*, ancient & *grapho*, I write.]

Paleology, *n.* (પૅલિઑ'લજી) A treatise on or study of antiquities. પ્રાચીન વસ્તુને ગ્રંથ, નિબંધ; પુરાણુ જ્ઞાન; પ્રાચીન વસ્તુનું જ્ઞાન, ની વિદ્યા. [Gr. *palaios*, ancient, *logos*, speech.]

Paleontology, *n.* (પૅલિઑન્ટૉ'લજિ) Science treating of the ancient life of the earth. પુરાતન કાળનાં પ્રાણી તથા વનસ્પતિઓ જાણવાની વિદ્યા; લુપ્ત પ્રાણી વિદ્યા. [Gr. *palaios* & *on*, *ontos*, being.]

Paleous, *a.* (પૅ'લીઅસ્) Chaffy; like chaff. ફોતરાંવાળું.

Palillogy, *n.* (પૅલિ'લજી) A repetition of a word or phrase. શબ્દ અથવા વાકયની પુનરૂક્તિ. [Gr. *palillogia-paliu*, again, *legein*, to say].

Palimpsest, *n.*(પૅ'લિમ્પસેસ્ટ્) An engraved brass plate with a new inscription on the reverse side; a manuscript which has been written upon twice, the first writing having been rubbed off to make room for the second. બીજી બાજુ ઉપર ફરીથી લખાયેલ તામ્રપત્ર; એક વાર લખાયેલ લેખ ભુંસી નાખી ફરીથી ઉપયોગમાં લેવાતું પત્ર.

Palindrome, *n.* (પૅ'લિનડ્રોમ્) A verse, word or sentence that reads the same either backward or forward. પ્હેલાંથી ને અંતથી જેમ વાંચીયે તેમ તેના તેજ શબ્દ અથવા વાકય થાય તેવો, અનુલોમ વિલોમ, શબ્દ અથવા વાકય. *e. g.* મલમ; સરસ. [Gr. *palindro mia-palin*, back, *dromos*, a running.]

Palisade, *n.* (પૅલિસે'ડ) A fence of pointed pales or stakes. ઉભી વાડ.

Pall, *n.* (પૅાલ્) An outer garment; a mantle; a cloak. ઝભ્ભો; જામો; જભ્ભો. 2. A covering; a curtain; a cloth thrown over a dead body. શબ ઉપર ઓઢાડવાનું કપડું; કફન; ચાદર. [L. *palla*, a mantle.]

Pall, *vi.* To become wearisome or insipid. કંટાળી જવું; વીરસ, અરસિક થવું. *vt.* To depress; to dispirit. ના ઉમેદ કરવું; ઉત્સાહહીન કરવું. [*n. pallu*, to fail, *pall*, failure.]

Palladium, *n.* (પૅલે'ડિયમ્) Safe-guard; a statue of Pallas on the protection of which the safety of Troy depended. રક્ષણ સ્થાન, નિવાસ; પૅલાદેવીની મૂર્તિ. 2. A rare metal. એકજાતની ધાતુ. [L.-Gr. *palladion —pallas, palladas, pallas.*]

Paliet, *n.* (પૅ'લિટ્) A mattress of straw. 2. A Palette. 3. A tool used by potters for shaping their wares. 1 પરાળની, ન્હાની પથારી. 2. ચિત્રકારનું રંગ મેળવવાનું પાટીયું. 3. કુંભારનું પટપટીયું. [Fr. *palette* from L. *pala*, a spade. 2. L. *palea*, chaff.]

Palliate, *vt.* (પૅ'લિએ,ટ્) To extenuate; to cover; to excuse; to mitigate. ગુન્હો ન્હાનો બતાવવા પ્રયત્ન કરવો; ઓછું કરવા પ્રયત્ન કરવો; ન્હાનું બતાવવું;નું સ્વરૂપ ઢાંકવું;ને માટે દલીલ કાઢવી;-કરવી. [L. *palliare,-atum*, to cloak —*pallium* a cloak.]

Palliation, *n.* (પૅલિએ,'શન્) Extenuation; act of palliating; mitigation; abatement. ઉપશમન; શમન; ઘટાડો; સ્વરૂપ ઢાંકવા પ્રયત્ન કરવો તે; દલીલ કાઢવી તે; અપરાધ ઓછો કરવો તે.

Palliative, *a.* (પૅ'લિઅટિવ્) Mitigating; that which palliates. ઉપશામક; અપરાધ ઓછો કરતું; ઘટાડો કરતું. *n.* That which lessens disease, pain etc. દરદ, દુઃખ વગેરે ઓછું કરે તે.

Palliatory, *a.* (પૅ'લિએટરી) Serving to palliate. ઉપશામક; ઓછું કરતું.

Pallid, *a.* (પૅ'લિડ્) Pale; wan. ફિક્કું; નિસ્તેજ; ઝાંખું; તેજહીન [L. *palleo*, I look pale.]

Pallor, *n.* (પૅ'લર્)State or quality of being pale or pallid; paleness. ફિક્કાશ; નિસ્તેજપણું; ઝાંખાપણું. [L. *pallere*, to be pale.]

Palm, *n.* (પામ્) The inner part of the hand; a measure. હથેળી; મૂઠી; મૂઠ. *vt.* To conceal in palm; to stroke with the hand or palm. હાથમાં સંતાડવું; સંતાડી રાખવું; થાબડવું; હથેળીથી થાબડવું. 2. To impose by fraud. છેતરીને, દગાથી આપવું; માથે મારવું, લેવડાવવું. [L. *palma*, the palm of the hand.]

Palm, *n.* (પામ્) A tree of many varieties without branches growing in tropical regions. ઉષ્ણ પ્રદેશમાં ઉગતું એક જાતનું વૃક્ષ; ખજૂરીની-તાડની જાતનું વૃક્ષ. **The areca palm** = સોપારીનું ઝાડ. **The date palm** = ખજૂરીનું ઝાડ. **The cocoa palm** = નાળીયેરી; નાળિએરી. **Palm**, *n.* = A token of superiority or victory. 2. Superiority; triumph; victory. જયચિહ્ન; શ્રેષ્ઠતાનું પ્રમાણ. ૨. શ્રેષ્ઠતા; જય; વિજય. **Palm-christ** = દિવેલો; એરંડો;એક જાતનો છોડ. [A. S. from L. as above].

Palmy, *a.* (પા'મિ) Bearing palms; flourishing; victorious. તાડ-ખજૂરીવાળું; આબાદ; જાહોજલાલીવાળું; ચઢતા દિવસ આવતું; ચઢતી કળાનું.

Palmer, *n.* (પા'મર્) A pilgrim so distinguished by his carrying a branch of palm; a religious votary. ઉપાસક; યાત્રાળુ. 2. One who cheats at cards or dice. ગંજીફા અથવા શેત્રંજ ખેલવામાં ઠગારો; ઠગ.

Palmist-ster, *n.* (પા'મિસ્ટ્ પા'મિસ્ટર્) One who foretells by reading the lines and marks of palm. હસ્તરેખા જોઈ ભવિષ્ય કહેનાર; હાથ જોઈને નશીબ કહેનાર.

Palmistry, *n.* (પા'મિસ્ટ્રી) The art or practice of reading palm. હસ્તરેખા જોવાની વિદ્યા,-કળા.

Palpable, *a.* (પૅ'લ્પબલ્) That which can be felt or touched; easily found (as lies,

mistake, etc.); easily perceptible સ્પર્શજ્ઞેય; સ્પર્શગોચર; સ્પર્શેંદ્રિયથી જ્ઞાન થાય તેવું, જણાય તેવું; જણાઈ; પકડાઇ જાય તેવું. (ભૂલ; જૂઠાણું); પ્રત્યક્ષ; ખુલ્લું; ચોકખું. [L. *palpo*, I touch softly.]

Palpitate, *vi.* (પૅલ્પિટે,ટ્) To pulsate; to throb; to beat rapidly; to move quickly. ધબકવું; ધડકવું; જોસથી ચાલવું; ઉછાળા મારવા. [L. *palpo*, I beat.]

Palpitation, *n.* (પૅલ્પિટે,'શન્) Irregular action of heart caused by disease or excitement. દરદ અથવા જુસ્સાથી હૃદયનું ધડકવું; અંતઃકરણ સ્ફુરણ; ધબકાટ; થડકો.

Palsy, *n.* (પૉ'લ્ઝી) Paralysis; a complete or a partial loss in the motion of the muscles of the body. લકવો; ગાત્રસ્તંભ; પક્ષઘાત; સંપૂર્ણ અથવા અર્ધ અંગનું રહી જવું તે. [Gr. *paralysis.*]

Palter, *vi.* (પૉ'લ્ટર્) To use trickery; to cheat; to equivocate; to shuffle; to dodge. છળ રમવું; કપટ કરવું; ભેદભર્યું બોલવું; દ્વિઅર્થી બોલવું; ફર્યા ફર્યા જવાબ દેવા; ઉડાવવાની કોશીશ કરવી. [Low. Ger. *paltrig*=ragged.]

Paltry, *a.* (પૉ'લ્ટ્રી) Worthless; mean; vile. તુચ્છ; નજીવું; હલકું; ક્ષુદ્ર; પામર.

Pamper, *vt.* (પૅ'મ્પર્) To gratify to the full; to feed with fine food; to glut. ધરાય તેટલું ખવરાવવું; સંતોષ થાય ત્યાં સુધી ખવરાવવું; તૃપ્ત કરવું; યથેચ્છ ખવરાવવું; મીઠું મીઠું ખવડાવી, કહી કરી ખુશ કરવું. [Low. Ger. *pampen.*]

Pamphlet, *n.* (પૅ'મ્ફ્લિટ્) As hort interesting essay; a small book with a paper cover but not bound. ટૂંક રસિક નિબંધ, લેખ, વિષય; ચોપાનીયું.

Pamphleteer, *n.* (પૅમ્ફ્લિટી'ર્) ચોપાનીયાં લખનાર; લઘુ, અલ્પ ગ્રંથલેખક.

Pan, *n.* (પૅન્) A shallow broad vessel. ગરમું; તાંસળું; ત્રાંસળી;વાડકી;લ્હોયું; કુહડાઇ; કોઇપણ જાતનું છાછરૂં તથા પહોળું વાસણ. [L. *patina*, a basin.]

Pan, *vi. vt.* To treat with the panning process; to obtain in any way; to secure. વિજ્ઞાનના નિયમો પ્રમાણે પૃથક્કરણ કરવું;ગમે તેમ મેળવવું; જુદા પાડવું. To cook and serve in a pan. કઢાઇમાં રાંધી પીરસવું. *vi.* To yield gold; to turn out gold as expected. સોનું આપવું; ધારણા પ્રમાણે સોનું નીકળવું.

Panacea, *n.* (પૅનસી'અ) A universal medicine; all-heal; a remedy for all diseases. સર્વવ્યાધિહર, વિનાશક; બધાં દરદો મટાડે તેવું ઓસડ, ઔષધિ;સર્વોપાય.[L.Gr. *pan*, all,*akos*, cure.]

Panary, *a.* (પૅ'નરી) Pertaining to bread. અન્ન સંબંધી; રોટલા સંબંધી. *n.* Store-house for bread; pantry. રોટલા રાખવાનો ભંડાર, કોઠારીયું, કબાટ.

Pancreas, *n.* (પૅ'ન્ક્રીઅસ્) An organ emitting digestive juice. જઠરવાસા; પાચકરસ ઝરનારો અવયવ. [Gr. *pan*, all *kreas*, flesh.] *a.* Pancreatic.

Pandect, *n.* (પૅ'ન્ડેક્ટ્) An exhaustive treatise on any subject; the treatise by Justinian. અમુક એક વિષય ઉપર સર્વગ્રાહી ગ્રંથ. જસ્ટીન્યને કરાવેલો વ્યવહારશાસ્ત્રસંગ્રહ. [L. *pan* all, *dechesihai*, to receive.]

Pandemonium, *n.* (પૅન્ડિમો'નીયમ્) The great hall of evil spirits; a demon house. અસુર,દાનવ સભાસ્થાન;પિશાચગૃહ;જીનમહેલ;ઘોંઘાટગૃહ;નર્ક.[Gr. *pan*, all, *daimon*, a demon.]

Pander, *n.* (પૅ'ન્ડર્) A procurer; a male bawd; one who procures for another the means of gratifying his passion. કુટણો; ભડવો; દુષ્ટ કામનાની સિદ્ધિ કરાવી આપનાર. *vt.* To play the pander for. *vi.* To act as a pander; to minister to the passions. દુષ્ટ કામનાની સિદ્ધિ કરાવી આપવી; ખરાબ ઇચ્છા પરિપૂર્ણ કરાવવી; ભડવાઇ કરવી; દુષ્ટ વાસના પૂર્ણ કરવી.

Pane, *n.* (પેન્) A glass plate. કાચની તકતી [L. *pannus*, a cloth, a rag.]

Panegyric, *n.* (પૅનિજિ'રિક્)An encomium; laudation; an oration or eulogy in the praise of some event or person. સ્તુતિ; વખાણ; તારીફ; પ્રશંસા; ગુણાનુવાદ; ગુણકીર્તન. [L. [Gr. *pan*, all, *agyris* (agora) an assembly.]

Panegyrist, *n.* (પૅને'જરિસ્ટ્) સ્તુતિકાર; કીર્તનકાર; સ્તોતા.

Panegyrise, *vt.* સ્તુતિ કરવી; વખાણ કરવાં; ગુણાનુવાદ ગાવા.

Panel,*n.*(પૅ'નલ્) A flat surface with raised margins; a thin board on which a picture is painted. બારીબારણામાં ખોભણ કાઢી તેમાં જડેલું પાટીયું;તકતી;ચોકઠું.2. The jury. પંચ;સમસ્ત જ્યૂરી [L. *pannus*, a rag.]

Panel-saw, *n.* A saw for cutting very thin wood. ઝીણી, ન્હાની હાથઆરી; કરવતી.

Pang, (પૅન્ગ્) Throe; a temporary but violent pain; bitter feeling of sorrow. તીવ્ર વેદના; મહાવ્યથા; તીવ્ર દુઃખ; અંતઃકરણ ઉપર આઘાત કરે તેવું દુઃખ; કલેજું ચીરી નાખે તેવી

વેદના; *vt.* To torture. દુઃખ દેવું. વેદના ક૦ [L. *pungo*, I prick.]

Panic, *n.* (પૅનિક્). Great terror; sudden or extreme fright. ફાળ; હેબક; એકાએક બ્હીક; ધ્રાસકો; ધાક. (Gr. *pan*. the God, god of the woods.]

Pannel, (પૅનલ્) *n.* Same as **Panel.**

Pannier, *n.* (પૅન્યર) A bread-basket; a basket. કંડીયો; પરાળનો ડબ્બો ટોપલી. [L. *panis*, bread.]

Panoply, *n.* (પૅનપ્લી) A full suit of armour; complete armour. પૂર્ણકવચ; સર્વાંગ-રક્ષણ; આખું બખ્તર. [G.*pan*,all,*hopla*,arms.]

Panorama, *n.* (પૅનરૅ'મા) An exhaustive view; complete and wide view. A picture giving an exhaustive view. પૂર્ણદર્શન; સંપૂર્ણ દેખાવ; કુદરતનું સંપૂર્ણ શોભા દર્શન; મહાદૃશ્ય ચિત્ર; સંપૂર્ણ ચિત્રનો દેખાવ; ફરતાં, ગોળ. અર્ધગોળ ચિત્ર. [Gr. *pan*. all, *horma*, a view.]

Panoramic, *a.* (પૅનરૅ'મિક્) મહાદૃશ્ય, ચિત્રપરિપાટિ, સંબંધી.

Pant, *vi.* (પૅન્ટ્) To breathe hard and quickly; to throb; to gasp; to heave. હાંફવું; ફેં ફેં કરવું; હાંફી જવું; શ્વાસ ભરાઇ જવો. *vt* To long for; to gasp out. ટાંપી રહેવું; ની ઉત્કંઠા કરવી; ઝંખના કરવી; ઝંખવું; આતુરતાથી ઇચ્છા કરવી. [L. *palo*, I beat.]

Pant or Panting, *n.* (પૅન્ટ્-પૅ'ન્ટિંગ્) A quick breathing; palpitation; longing. ઉતાવળો શ્વાસ; ફુંફાટા; ઉત્કંઠા; ઝંખના; આતુરતા.

Pantaloon, *n.* (પૅન્ટલૂ'ન્) A ridiculous character; a buffoon. વિદૂષક; મશ્કરો. *pl.* Pantaloons=A kind of trousers. સુરવાલ; પાટલુન; ચોરણો; પાયજામો.

Pantheism, *n.* (પૅ'ન્થીઇઝમ્) The doctrine that the universe itself is God; the belief that there is no God apart from nature or the universe. આખું વિશ્વ એજ ઈશ્વર એવો મત; જગદીશ્વરમત; સૃષ્ટિ એજ ઈશ્વર એવો મત; સર્વવ્યાપકતાવાદ. [Gr. *pan*, all, *theos*, God.]

Pantheist, *n.* (પૅ'ન્થીઇસ્ટ) A believer in pantheism. જગદીશ્વરમતાશ્રયી, મતવાદી.

Pantheistic-al, *a.* જગદીશ્વર મતનું.

Pantheon, *n.* (પૅન્થી'અન્). A temple dedicated to all the Gods. સઘળા દેવોનું મંદિર, દેવાલય, દહેરૂં. 2. All the gods of a nation taken in a body. વિશ્વેદેવા; દેવસમૂહ.

Panther. *n.* (પૅ'ન્થર) A fierce, carnivorous spotted quadruped of Africa, Asia. આફ્રિકાનો ચિત્રો વાઘ; ચિત્તો.

Pantograph, *n.* (પૅ'ન્ટોગ્રૅફ્) An instrument for copying plans or drawings. ચિત્ર અથવા નકશાની નકલ કરવાનું યંત્ર.

Pantography, *n.* (પૅ'ન્ટોગ્રફિ) General description; process of copying by the pantograph. સામાન્ય વર્ણન; ચિત્ર અથવા નકશાની નકલ કરવી તે. [Gr. *pan*,all, *graphein*, to write.]

Pantology, *n.* (પૅન્ટૉલજિ) A book of Universal information; universal knowledge. અખિલવિશ્વજ્ઞાન ગ્રંથ; સર્વ સમાચાર સંગ્રહ; અખિલજ્ઞાન; વિશ્વજ્ઞાન.

Pantomime, *n.* (પૅ'ન્ટોમાઇમ્)The representation by action without speech; a play or an entertainment in dumb show. મૂકનાટ્ય; બોલ્યા વિના ચાળા કરી નાટક બતાવવું તે.2. One who acts in that way. મૂંગા રહી ચાળા કરી બતાવનાર. [Gr. *pantos*, all, *mimos*, an imitator.]

Pantomimical, *n.* મૂકનાટ્ય સંબંધી.

Pantry, *n.* (પૅ'ન્ટ્રિ) Panary; a store-house for bread. ખાદ્યશાળા; અન્નકોશ; ભક્ષ્યાગાર; રોટલાનો કોઠાર. [L. *panis*, bread.]

Pap, *n.* (પૅપ્) A nipple; a teat. સ્તનમુખ. ડીંટડી; કુચ. 2. Pulp of fruits. ફળનો ગર્ભ. 3. Soft food for infants. છોકરાંઓને ખાવાનો પદાર્થ; માવો; ગર.

Papa, *n.* (પપૅ પૅ'પા) Father; a bishop; a child's word for father. બાવા; બાપા; ધર્મગુરૂ.

Papacy, *n.* (પે,'પસી) Popery; the office of the Pope; the authority of the Pope. પોપની હકુમત, અમલ, અધિકાર, સત્તા; પોપનું આચાર્યપદ. [L. *papa*, a father.]

Papal, *a.* (પે,'પલ્) Pertaining to the Pope of Rome. પોપ સંબંધી.

Papist=પોપને ધર્માચાર્ય માનનાર; પોપ સેવક; રોમન કૅથલિક.

Papaverous, *a.* (પૅપૅ'વરસ્) Pertaining to the poppy. ખસખસના જેવું.

Paper, *n.* (પે.'પર્) A substance made from rags and vegetable fibres on which we write. કાગળ; પત્ર. 2. A document; a writing. દસ્તાવેજ; નિબંધ; લેખ. 3. A newspaper; a journal. વર્તમાન પત્ર. 2. Hangings printed or stamped. ભીંતે ચોંટાડવાના કાગળ. 5. Paper money. કાગળના ચલણમાં ચાલતી નોટ. *vt.* To cover with paper. કાગળોથી ઢાંકવું; કાગળ ચઢાવવા.

Papilionaceous, *a.* (પૅપિલ્યોને,'શસ્) Resembling a butterfly; having a flower shaped somewhat like a butterfly. પતંગીયા

જેવું; પતંગીયા જેવા ફુલવાળું. [L. *papilio,–onis*, a butterfly.]

Papillary-ous, *a.* (પૅપિલરી-પૅપિલસ્) Having a nipple-like protuberance; covered with small eminences (as the tongue, tips of finger etc.) સ્તનાગ્ર જેવા ઉપસેલા ભાગવાળું; ઝીણી ઝીણી ફોલ્લી ફોલ્લાવાળું; ફણુગીવાળું; ખીલથી ભરાઈ ગયેલું; સ્તનાગ્ર જેવું. [L. *papilla*, a nipple.]

Pappus, *n.* (પૅપસ્) The fine hair or down which grows on the seeds of some plants; the first hair on the chin. રૂવાં; પીછાં; પહેલી દાઢી ઉગે તે.

Pappous, *a.* (પૅપસ્) Furnished with a pappus. રૂવાવાળું; પીછાવાળું; પહેલી દાઢી ઉગી હોય તેવું. [L. *pappus*, down.]

Pappy, *a.* Like pap. રસ ભરેલું;નરમ;માવાદાર.

Papyrus, *n.* (પૅપાયરસ્) The material on which the ancient Egyptians and Indians wrote. તાલપત્ર.

Par, *n.* (પાર્) State of equality; equal value. સમાનતા; સરખી કિંમત; બરોબરી,સમાન, સરભર હોવું તે. At a par.સરભર.[L.*par*,equal.]

Parable, *n.* (પૅરૅબલ્) An apologue; proverb. નીતિ કથા; દૃષ્ટાંતને રૂપે કહેવાયલી વાર્તા; સંભવિત અથવા અનુભૂત વાર્તા. [Gr. *para*, beside; *ballo*, I throw.]

Parabolic, *a.* દૃષ્ટાન્તરૂપ.

Parabola, *n.* (પૅરૅબલા) A kind of curve. શંકુ આકૃતિ; પરવલય; સમકલ. [Gr. *parabole*.]

Paraclete, *n.* (પૅરૅક્લીટ) The comforter; advocate. દિલાસો દેનાર; પક્ષ લઈ બોલનાર.

Parade, *n.* (પૅરે,'ડ) The orderly arrangement of troops; a review of troops; the place where such a display takes place; pompous show of any kind. કવાયત;કવાયતનું મેદાન; ઠાઠ; ભપકો. દબદબો; ડોળ. *vt.* To show off; to arrange in Military order. ભપકો બતાવવો;ઠાઠ બતાવવો;કવાયત કરાવવી;વ્યૂહ રચવો. *vi.* To pass in Military order; to march in procession. લશ્કરી ઠાઠથી જવું; સરઘસમાં, ક્રમવાર નીકળવું. [L. *paratum*, to prepare.]

Paradigm, *n.* (પૅરૅડાઇમ્) Model; an example; an example of the inflection of a word. આદર્શરૂપ દાખલો; પ્રમાણ; નમુનો. (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણનું) રૂપાખ્યાન; રૂપાવળી; ધાતુરૂપમાલિકા. [Gr. *para*, beside, *deiknumi*, to show]

Paradise, *n.* (પૅરૅડાઇઝ્) The garden of Eden; heaven; any place of great beauty or state of blissful delights; a place of bliss. ઇંદ્રની વાડી, બાગ; સ્વર્ગ; વૈકુંઠ; પરમાનંદ ભુવન; પરમાનંદ અવસ્થા; ઉત્કૃષ્ટ સુંદર ભૂમિ, અવસ્થા. [L. *paradisus*. a park.]

Paradisaic-al, } *a.* (પૅરૅડિઝે,'ક,-કલ્)
Paradisiac-al, } (પૅરૅડિ'ઝિઅક-કલ)
Pertaining to paradise. સુખધામ સંબંધી; આનંદ લોક સંબંધી.

Paradox, *n.* (પૅરૅડૉક્સ્) That which is apparently absurd but really true; a tenet or proposition seemingly absurd. કોરડો; કોહડો; દુનીયાથી દેખાવમાં વિપરીત વિચાર; દેખાઇતો વિપરીત મત; વિવેકવિરૂદ્ધાભાસ; અસત્યાભાસ;ન્યારી, વિચિત્ર વાત. [Gr. *para*, against, *doxa*, an opinion.]

Paradoxical, *a.* વિપરીતવિચારદર્શી; વિરોધાભાસદર્શક; વિપરીત.

Paragon, *n.* (પૅરૅગન્) A model; a pattern; something supremely excellent. નમુનો; શિરોમણિ; કંઇ પણ ઉત્કૃષ્ટ વસ્તુ. 2. A companion; a rival. બરાબરીયો; હરીફ. *vt.* To compare; to surpass. ની સાથે બરોબરી કરવી; હરીફાઇ કરવી; સરખામણીમાં ઉતરવું;ને ટક્કર મારવી; ચઢીયાતા થવું; ને હરવવું.

Paragraph,*n.* (પૅરૅગ્રૅફ) A distinct part of a writing or discourse; a short passage. પારાગ્રાફ; કલમ;પરિચ્છેદ [Gr.*para*, *graphein*= to write].

Parallax, *n.* (પૅરૅલૅક્સ્) An apparent change in the position of an object resulting from the change of position. દૃક્સૂત્ર તથા ગર્ભસૂત્ર વચ્ચેનો અંતર;લંબન.[L. *para*, beside, *allos*, another].

Parallel, *a.* (પૅરૅલલ્) Running in accordance with;resembling in all essential points; equidistant from another at all points and running in the same direction. મળતું; સરખું; સમ; તુલ્ય; સમાન; સમાંતર. સમાંતર લીટિ. 2. A comparison made. મુકાબલો. 3. Likeness. સમાનતા; સરખાપણું; સમતા; આદૃશ્ય. 4. A counterpart. બદલો; જોડી;બરાબરીયો;ઉપમાન. Without a parallel = અનુપમ; અપ્રતિમ. *vt.* To correspond or to make to correspond. અનુરૂપ, બંધ બેસતું હોવું; કરવું. To compare સરખાવવું; બરોબરી કરવી. [L. *para*, beside, *allos*, another.]

Parallelism, *n.* (પૅરૅલલિઝમ્) સમાનતા; સમાંતરપણું; સરખાપણું; આદૃશ્ય.

Parallelogram, *n.* (પૅરૅલે'લગ્રૅમ્) સમાન્તર ચતુર્ભુજ; સમાન્તર બાજુ ચોખુણુ [Gr.*parallelos*, side by side; *gramma*, a line.]

Parallelepiped, *n.* (પૅરલલે'પિપેડ્) A regular solid, the opposite sides and ends of which form three pairs of equal parallelograms. છ બાજુવાળી ચીજ; સમખાત.

Paralogy, (પૅરૅ'લજી) Paralogism. A reasoning beside the point; a false reasoning. અર્થાભાસ; આભાસ; પક્ષાભાસ; ખોટી તકરાર, અનુમાન. [Gr. *para*, beside, *logos*, discourse.]

Paralysis *n.* (પૅરૅ'લિસિસ્) A loss of function in any part of the body either partial or complete. લકવો કોઇપણ અંગનું સંપૂર્ણ રહી જવું અથવા અર્ધાંગ સ્થિતિ હોવી; ગાત્રજડતા; પક્ષાઘાત; અર્ધાંગવાયુ. [Gr. *para*, beside, *lyein*, loosen]

Paralytic, = પક્ષઘાતવાળું.

Paralyse, *a.* (પૅ'રલાઇઝ્) Paralytic. *vt.* To strike with paralysis or palsy; to make useless; to deaden; to unnerve. (અંગનું) જૂઠું પડી જવું; જડ કરી નાખવું; બહેરૂં કરી નાખવું; નિર્બળ કરી નાખવું; પક્ષઘાત, ગતિનાશ કo.

Paramount, *a.* (પૅ'રમાઉન્ટ્) Supreme; superior to all; chief; of the highest order. શ્રેષ્ઠ; સર્વોપરિ; ઉત્કૃષ્ઠ; ઉત્તમ. *n.* A chief; a superior. સરદાર; મુખ્ય; સર્વોપરિ. [Fr. *paramount.*]

Paramour *n.* (પૅ'રમુર) A lover of either sex now used in bad sense. યાર; જાર; રખેતર; રાંડ; જારિણી. [Fr. *par*, *amour*, by or with love. L. *per amorem.*]

[**Parapet,** *n.* (પૅ'રપિટ્) A low wall; a rampart breast-high. નીચી ભીંત; વંડો; ઘેરો; છાતીપુર ઉંચી ભીંત; કરેઠી; ભીંતડી [L. *pectus*, the breast.]

Paraphernalia, *n.* (પૅરૅફરને'લીયા) That which a bride brings in addition to her dowry; the clothes, jewels, etc possessed by a wife in her own right. પહેરામણી ઉપરાંતના કન્યાના દરદાગીના; કન્યાદાનમાં મળેલું ધન; સ્ત્રી ધન. Means of equipment. સાજ; ઠાઠ; ચિહ્ન વગેરે.

Paraphrase, *n.* (પૅ'રફ્રેઝ્)An explanation; a loose or free translation. વિવરણ;વ્યાખ્યાન; વ્યાન; ટીકા; સરલ રીતે કહેવું તે. *vi.* વિવરણ કરવું;વ્યાખ્યાન કo વિવરણ થવું.[Gr. *para*,beside *phrazein*, to speak.]

Paraphrast. *n.* (પૅ'રફ્રસ્ટ) One who paraphrases. વિવરણકાર; વ્યાખ્યાનકાર.

Paraphrastic-al, (પૅરફ્રૅ'સ્ટિક,–કલ્) વિવરણરૂપ; વિવરણના જેવું.

Paraquito, Paraquet, *n.* (પૅરકી'ટો, પૅ'રૅકવેટ્) A kind of parrot;parrakeet.શુક;પોપટ.

Parasite, *n.* (પૅ'રસાઇટ્) A sycophant; a hanger-on. કકડાખાઉ; ખુશામતીયો, ભોજનભટ; ભાજીઠા કરનાર; પરોપજીવી, જંતુ,વેલ. [Gr. *para*, beside, *sitos*, corn.]

Parasitical, *a.* (પૅરૅસિ'ટિકલ્)Of the nature of parasite Fawning; acting as a sycophant. ખુશામતીયું; પરાવલંબનીય,–ક.

Parasol, *n.* (પૅ'રૅસૉલ) A small umbrella used by women. સ્ત્રીઓ વાપરે તે ન્હાની છત્રી. *vt.* To shelter from the sun. છત્રીથી છાયો કરવો. [L.*parare*, to prepare, *solis*, the sun.]

Parboil, *vt.* (પા'રબૉઇલ્) To boil slightly or in part. અરધું પકવું, કાચું પાકું, રાંધવું, ઉકાળવું. [As if from *part* and *boil.*]

Parcel *n.* (પા'ર્સલ્) A portion; a little part. 2. A number forming a group or a lot; package. ભાગ; ખંડ; કકડો. 2. સમૂહ; જથ્થો; થોક; ઢગલો; બિંદડી; ગાંસડી; પોટલી; પોટલું;પુટકું–*vt.* To divide into portions. કકડા કરી વહેંચવું. 2. To make up into a parcel. પારસલ કરવું. [L. *partis*, a part.]

Parcenary, *n.* (પા'ર્સીનરી) Co-heirship. વારસામાં ભાગીયાપણું; અવિભક્તપણું; મળીયારો ભાગ હોવો તે; સહદાયાદત્વ.

Parcener, *n.* (પૅ'ર્સનર) A co-heir. એકત્ર વારસ; સરખો હિસ્સેદાર, હકદાર.

Parch, *vt.* (પાર્ચ) To scorch; to burn superficially; to burn slightly. શેકવું; ભૂંજવું; ચચણાવી નાંખવું; દઝાડવું; બાળવું. *vi.* To become scorched. ચચણવું; દાઝવું; ઝોળાવું; શેકાવું; ભુંજવું. [Sans. *pari*, *shushka*, dry.]

Parchment, *n.* (પા'ર્ચમન્ટ) The skin of a sheep or goat prepared for writing upon. ચર્મપત્ર; ભોજપત્ર; ઘેટાં અથવા બકરાનું કમાવેલું લખવાના કામમાં આવે તેવુ ચામડું.

Pard, *n.* (પાર્ડ્) A panther; a leopard. ચિત્તો; આફ્રિકાનો ચિત્રો વાઘ [L. *pardus*, the panther; the leopard.]

Pardon, *n.* (પા'ર્ડન્) Forgiveness; the act of pardoning. માફી; ક્ષમા; માફ. *vt.* To forgive; to let off without doing something; to free from penalty. માફી આપવી; ક્ષમા આપવી; માફ કરવું; સજામાંથી મુક્ત કરવું. [L. *per*, through, *donare*, to give].

Pardonable, *a.* (પા'ર્ડનબલ્) Excusable. ક્ષમ્ય; માફી આપવા લાયક; ક્ષમાપાત્ર; ક્ષમાયોગ્ય.

Pardoner, *n.* માફ કરનાર.

Pare, *vt.* (પેઅર્) To trim; to remove by cutting; to cut; to share off. છોલવું; કાતરવું; રહેરવું; તાછવું;કાપવું. **To pare the nails=**

નખ લેવા, કાપવા. 2. To diminish slowly. કાતરતાં કાતરતાં કમી કરતા, થતા જવું. [L. *parare*, to prepare.]

Paring, *n.* છાલ; છોતરું; સ્હોરણ.

Paregoric, *a.* (પૅરીગૉ'રિક્) Mitigating; lessening pain; soothing. દુઃખશામક; વ્યાધિશામક; દરદ નરમ પાડે તેવું. *n.* A medicine which lessens pain. દુઃખશામક ઔષધ; ઓસડ. [L.-Gr. *paregorikos, paregorein*, to exhort.]

Parent, *n.* (પે,'રન્ટ્) A father or mother. 2. An author. 3. A cause. બાપ અથવા મા. પિતા અથવા માતા. 2. જનક; કર્તા. 3. કારણ; હેતુ; ઉત્પાદક.

Parentage, *n.* (પે,'રન્ટેજ્) Pedigree; descent from parents. કુળ; ઓલાદ; ઉત્પત્તિ; બુનીઆત; ખાનદાની.

Parental, *a.* Pertaining to parents. 2. Tender. માતા પિતા સંબંધી; વ્હાલ ભરેલું. [L. *parens*, to bring forth.]

Parentally, *adv.* In a parental manner. વહાલથી; દાઝથી; દયા, વહાલ ભરેલી રીતે.

Parenthesis, *n.* (પૅરે'ન્થિસિસ્) A word, phrase or sentence put in by way of explanation to complete the meaning. કોઇ વાકયના કોઈ અંગનો અર્થ સંપૂર્ણ સમજાય તે ઉદ્દેશથી ટીકારૂપે આપેલો શબ્દ અથવા વાકય;પેટા શબ્દ. 2. The sign to mark off the paranthesis (—).ઉપન્યાસચિહ્ન; ઉપન્યાસ; કૌંસ. [Gr. *para*, beside, *en*, in, *thesis*, a placing.]

Parenthetic, *a.* (પૅરન્થે'ટિક) Of the nature of a parenthesis. ઉપન્યસ્ત; પ્રક્ષિપ્ત. 2. Containing parenthesis કૌંસમાનું;કૌંસવાળું.

Parentless, *a.* (પે,'રન્ટલિસ્) Without a parent; deprived of parents. મા અથવા બાપ વિનાનું; મા બાપ વિનાનું.

Parget, *vt.* (પા'ર્જેટ્) To plaster; to paint. ચોડવું (પથર); રંગવું. [L. *paris*, a wall; *jacio*, I throw.]

Pariah, *n.* (પૅ,'રિઆ) A member of a caste in Southern India; other than the four principal castes. હિંદુમાં હલકામાં હલકી જાતનો માણસ; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર શિવાય જ્ઞાતિનો અંગભૂત; અતિશુદ્ર; નીચ વર્ણનો માણસ; ઢેડ; ભંગી; અંત્યજ.

Parietal, *a.* (પૅરા'ઇટલ) Pertaining to a wall or walls. ભીંત;દિવાલનું; શરીરપડદાનું,બખોલ, દ્વાર સંબંધી. 2. One of the bones of the skull. ખોપરીનું એક હાડકું. [L. *paries*, a wall.]

Parish, *n.*(પૅ'રિશ્) A district under one pastor. વિલાયતના "પાર્સન" કહેવાતા ધર્માધ્યક્ષની સત્તા નીચેનું પરગણું. "પાર્સનનો" તાલુકો; પારિશ. 2. The people of a parish. "પારિશ"ના લોકો. *a.* Supported by the parish. 2. Belonging or relating to a parish. "પારિશ"ની ઉપજમાંથી જેનું પોષણ થાય છે તેવા તું "પારિશ"માનું;નું [Gr. *para*, beside, *oikos*, a dwelling.]

Parishioner, *n.*(પૅરિ'શનર્)One who belongs to a parish; a member of a parish or a church. "પારિશ"માંનું માણસ; તાલુકા દેવળનો સભાસદ.

Parisian, *a.* (પૅરિ'શ્ઝ્યન્)Of Paris. પારિસ શહેરનો રહેવાશી; ની ઢબનું.

Parity, *n.* (પૅ'રિટિ) Resemblance; a state of being equal in rank, quality etc.; equality. આદશ્ય; સમાનતા; સરખાપણું;બરાબરી; તુલ્યતા. [L. *par*, equal.]

Park, *n.* (પાર્ક) A piece of land enclosed for a special purpose, as for wild beasts. 2. A grass field. 3. A place for recreation. મૃગયાવન; શિકારસ્થાન; વન; તૃણાચ્છાદિત સ્થાન; ખડ ઉગેલી જમીનનો કટકો, કકડો; વિહારસ્થાન; આરામસ્થાન; બાગ. 4. (Mil.) A collection of artillery, wagon, etc. in an encampment. છાવણીનું તોપખાનું.

Parlance, (પા'ર્લન્સ) *n.* Conversation; speaking; talk; discourse. વાતચીત; વાત; સંભાષણ. [Fr. *parler*, to speak.]

Parley, *vi.* (પા'ર્લિ) To speak with another to confer on some point. વાતચીત કરવી; અન્યોઅન્યના સ્વાર્થની વાત કરવી; મસ્લેહત કરવી; મસલત ક૦ *n.* Mutual discourse; a conference with an enemy in a war. પ્રરસ્પર ગોષ્ઠી; માંહેમાંહે વાર્તા; યુદ્ધની અંદર સમાધાન વાર્તા; વિષ્ટિ.

Parliament, *n.* (પા'ર્લમન્ટ્) A meeting for deliberation; supreme legislature of Great Britain, also of some of her colonies. વિચારવિષયક સભા; વિલાયતની અને કેટલાક તેના અંગભૂત દેશોની કાયદા ઘડનારી સભા; પ્રતિનિધિ સભા; પારલામેન્ટ. [Fr. *parler*, to speak.]

Parliamentarian, *a* (પાર્લમેન્ટે'રિઅન્) Pertaining to parliament. પ્રતિનિધિ સભા સંબંધીનુ. *n.* One who is well versed in the rules of parliament. સભાના કાયદામાં પ્રવીણ પુરૂષ; મંત્રીસભાના પક્ષનું માણસ.

Parliamentary, *a.*(-મે'-)મંત્રીસભાની રૂઢિ, રીતિ પ્રમાણેનું;પારલામેન્ટે કીધેલું, ની વિષેનું,બનાવેલું, રચેલું, ને યોગ્ય.

Parlour, *n.* (પા'ર્લર્) An ordinary familly sitting room; a room for the reception of

guests. ઘરના માણસને બેસવા ઉઠવાનો ઓરડો; પરસાળ. ૨. દિવાનખાનું;અતિથિસત્કારગૃહ,સ્વાગતમંદિર.

Parlous, *a.* (પા'લૅસ્) Perilous; harmful; dangerous. ભયંકર; ભયભરેલું; જોખમવાળું; સંકટ-પૂર્ણ. 2. Venturesome. છાતીવાળો; પાણીદાર; સાહસિક; હિંમતવાન; ઝંપલાવે તેવો; ચાહોમ કરે તેવો. 3. Notable = પ્રખ્યાત; સુવિખ્યાત; પ્રસિદ્ધ. [Old form of *perilous.*]

Parochial, *a.* (પૅરૉ'કિઅલ) Of the parish; local; not national. 'પારિશ',પરગણાનું;સ્થાનિક; પ્રાંતીય; સાંકડા મનનું.

Parody, *n.* (પૅ'રોડી) A ridiculous imitation of a poem. વિનોદાર્થે કાવ્યનું અનુકરણ; ઉપહાસયુક્ત કાવ્યવિકૃતિ;પ્રતિકાવ્ય; હાસ્યજનક અનુકરણ. *vt.* મૂળ કાવ્યમાં ફેરફાર કરી હાસ્યરસ મૂકવો; મશ્કરી કરવી. [Gr. *para,* beside, *ode,* an ode.]

Parole, (પૅરો,'લ્) Word of mouth; word of honour; 2. The daily pass word in a camp. બોલી; વચન; પ્રતિજ્ઞા; કોલ; જીભાન; સંકેત.

Paronomasia, *n.* (પૅરનૉમે'ઝિઅ) A play upon words in rhetoric. શ્લેષ; વિરોધાભાસ. [Gr. *para,* beside, *onoma,* name.]

Paronymous, *a.* (પૅરૉ'નિમસ્) Having the same sound but different in spelling and meaning; derived from the same root. એકજ ઉચ્ચાર પરંતુ જૂદી જોડણી અને જુદા અર્થવાળું; એક મૂળનું, વ્યુત્પત્તિવાળું; સમોચ્ચાર; સમોત્પન્ન.

Paroquet, *n.* (પૅ'રોકેટ્) A kind of parrot. એક જાતનો પોપટ; શુકની એક જાત; પોપટની જાતનું પક્ષી. [Fr. *perroquet.*]

Paroxysm, *n.* (પૅ'રક્સિઝમ્) A fit of acute pain at intervals. 2. A fit of passion. ૧. જોરથી ઉઠી આવવું તે,વેદના થવી તે.૨.આવેશ;જુસ્સો; જોશ. [Gr. *para,* beside, *oxus,* sharp.]

Parricidal, *a.* (પૅરિસા'યડલ્)Guilty of parricide. પિતૃઘાતક; બાપની હત્યા કરનારૂં; પિતૃઘ્ન.

Parricide, *n.* (પૅ'રિસાઇડ્) The murder of a parent. પિતૃહત્યા; બાપની હત્યા; ગુરૂહત્યા. 2. The murderer of a parent or one to whom reverence is due. પિતૃ, ગુરૂહત્યા કરનાર; ગુરૂ, પિતૃઘ્ન, હિંસક. [L. *pater,* father, *caldere,* to slay.]

Parrot, *n.* (પૅ'રટ) A kind of bird. શુક; પોપટ. 2. One who prepares any thing without understanding. સમજ્યા વગર મોંઢે કરનાર;પોપટીયું જ્ઞાન ધરાવનાર;ગોખણીયો-*v.* પોપટની પેઠે બોલી જવું; યાદદાસ્તથી બોલી જવું; *vt.* ગોખવું; ગોખી જવું; ગોખેલું બોલવું.

Parry, *vt.* (પૅ'રી) To keep aside; off; to turn aside; to avoid; to ward off. ટાળવું; નિવારવું; અટકાવવું; દૂર કરવું. [L. *parare,* to prepare.]

Parse, *vt.* (પાર્સ્) To tell the parts of speech of a sentence and the relations of the various words to each other. નું વ્યાકરણ, પદચ્છેદ, પદભંજન કરવું. [L. *pars,* a part of speech.]

Parsimonious, *a.* (પાર્સિમો'નિઅસ્) Frugal; sparing in the use of money; economical; covetous. કરકસરીયું; કોસરીયું. 2. Niggardly. કંજુસ; લોભીયો; ઘણી ઝીણી કસર કરનાર; કૃપણ; મખ્ખી ચુસ; મખીચો.

Parsimony, *n.* (પા'ર્સિમનિ) Frugality; economy. 2. Niggardliness. કરકસર;મિતવ્યય; યોગ્ય ખર્ચ; કંજુસાઇ; લોભ; કૃપણતા; બખીલાઇ. [L. *parcere,* to spare.] **Low of P.** = અમુક પરિણામ, કાર્ય માટે માત્ર ખરેખરાંજ કારણ સ્વીકારવાને ન્યાય; આવશ્યકકારણન્યાય.

Parsley, *n* (પા'ર્સ્લિ) A bright-green herb, having fine, divided and strongly scented leaves useful in cookery. એક જાતની વનસ્પતિ. [Gr. *petra,* a rock, *selinon,* a kind of parsley.]

Parson, *n.* (પા'ર્સન્) A priest or incumbent of a parish; a clergyman. વિલાયતમાં એક પરગણામાં રહેનાર ખ્રિસ્તી ધર્મ પાળનારાઓના સમૂહનો ધર્મગુરૂ; ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ કરનાર; ખ્રિસ્તી ધર્મોપદેશક; ગ્રામગુરૂ. [L. *persona,* a person.]

Part, *n.* (પાર્ટ્) Something less than the whole; a portion; a fraction. ભાગ; અંશ. 2. *pl.* Talents, qualities. ગુણ; શક્તિ; બુદ્ધિ. *e. g.* "Men of considerable parts." = બુદ્ધિવાળા માણસો. 3. Regions; quarters. (used in pl.) દિશા; મુલક; ભાગ; ઠેકાણું. 4. Side. પક્ષ; બાજુ. 5. Character taken by an actor in a play. વેશ; વેશ ભજવવો તે; પાઠ. *vt,* To divide into parts; to put or keep asunder. ભાગ કરવા; ભાગલા પાડવા; જૂદું કરવું. *vi.* To be separated; to be torn asunder. જૂદું પડવું; જૂદું થવું; છૂટું પડવું. [L. *pars.*]

Partake, *vi* (પાર્ટે,'ક્) To take a part or have a part (with *of* or *in* before the thing shared, as food etc.) *e. g.* He partook of common joy = સામાન્ય આનંદમાં તેણે ભાગ લીધો. 2. "Alfred gladly partook of herdsman's plain fare." = આલ્ફ્રેડે ગોવાળીયાને ત્યાંનું લુખુંપાખું તેની સાથે આનંદથી ખાધું; તેની સાથે ભોજન કર્યું. *vt.* To share; to have a part in. ભાગ લેવો; હિસ્સો લેવો. *pr. p.* partaking; *p. t.* partook. *p. p.* partaken.

Partaker, *n.* (પાર્ટે,'કર્) One who shares in along with others. માં ભાગ લેનાર; મળતીયો; સોબતી; સાથી. [*part* & take.]

Parterre, *n.* (પાર્ટે,'ર્) An arrangement of flower plots. કયારાની રચના; વચમાં વચમાં ચાલવાની જગ્યા રાખી ફુલઝાડની સુંદર ચકાકારમાં અથવા બીજી કોઈ અનુકૂળ રીતમાં રચના. 2. The pit of a theatre, esp. beneath the galleries. નાટકશાળામાં નાટક પાસેની, સ્ટેઇજ પાસેની જમીન ઉપરની જગ્યા. [L. *per terram*, along the ground.]

Partial, *a.* (પા'ર્શલ્) Not total or entire. 2. Prone to favour one person or party. ૧. થોડું; કંઈ. ૨. એકપક્ષી; એકતરફી; પક્ષપાતી; ની તરફ વધારે તાણનારૂં, મહેરબાની રાખનારૂં. 3. Having a predilection for; predisposed. વલણ, ભાવ-વાળું; ની તરફ પ્રવૃત્ત; ની તરફ આગળથી લાગી ગયેલા શોખવાળું; અનુરાગી. [L. *pars*, a part.]

Partiality, *n.* (પાર્શિઍ'લિટી) State or quality of being partial. પક્ષપાત; મમતા; તરફદારી.

Partially, *adv.* (પા'ર્શલી) In part. થોડું; અમુક અંશે; પક્ષપાતથી.

Partible, *a.* (પા'ર્ટિબલ્) Separable. ભાગ થઇ શકે તેવું; વિભાજ્ય. *n.* Partibility.

Participant, *a.* (પાર્ટિ'સિપન્ટ્) Participating; sharing. ભાગ લેતું. *n.* ભાગ લેનાર.

Participate, *vi.* (પાર્ટિ'સિપે,ટ્) To have a share; to partake. માં ભાગ લેવો; સામેલ થવું.—*vt.* To receive a share of. ભાગ મળવો. *n.* **Participation**. [L. *pars*, part, *capere*, to take.]

Participle, *n.* (પા'ર્ટિસિપલ્) A part of speech partaking of the nature of both the verb and adjective; a word having the value of an adjective but regularly formed from a verb. કૃદંત.

Participial, *a.* (પાર્ટિસિ'પિઅલ્) Formed from a participle; having the nature of a participle. કૃદંતનું કામ કરનારૂં; કૃદંત ઉપરથી નીકળેલું, ના સંબંધી; કૃદંતના જેવું.

Particle, *n.* (પા'ર્ટિકલ્) A small portion; a little part. કણ; રજ; લવ; લવલેશ. 2. (*gram.*) An indeclinable word as a preposition, conjunction, etc. અવ્યય. 3. (in *physics*) The minutest part into which a body can be divided; an atom. રજ; કણ; લવ. [L. *particula*, a part.]

Particular *a.* (પર્ટિ'ક્યુલર્) Relating to a part; pertaining to a single person or thing; not general. અમુક; વિશેષ; વ્યક્ત; એકજણ, વસ્તુ, બાબતનું; ચોક્કસ. 2. Special; worthy of special attention; not ordinary; notable; distinctive. ભેદદર્શક; અસાધારણ; વિખ્યાત; વિશિષ્ટ; જૂદું જ. 3. Minute; nice. બારીક; બરાબર. સવિસ્તર. **Particular news**=નવલ, ખાસ સમાચાર.—*n.* Point; a single instance. 2. Detail. વિગત; અમુક બાબત; હકીકત. **In particular.** વિશેષે કરીને. **Particular writer**=ઝીણું ઝીણું બધું કહેનાર; બારીક, ચોક્કસ, વર્ણન કરનાર. [L. *particula*, a part.]

Particularity, *n.* (પર્ટિક્યુલૅ'રિટી) Quality of being particular. 2. Minuteness of detail. 3. Something peculiar or singular. જૂદાપણું; ભિન્નતા; અમુકતા. ૨ સૂક્ષ્મતા; સવિસ્તરતા. ૩. વિલક્ષણતા; વિશેષ લક્ષણ; ખાસ ગુણ; ખાસીયત.

Particularize,-**se**, *vt.* (પર્ટિ'ક્યુલરાઇઝ્) To enumerate in detail; to mention the particulars. ઝીણી ઝીણી બધી વાતનું વર્ણન કરવું; સૂક્ષ્મ વર્ણન કરવું; સવિસ્તર, ખાસ કહેવું. *n.* Particularisation.

Particularly, *adv.* (પર્ટિ'ક્યુલર્લિ) In an especial manner. ખાસ જૂદું પાડી; સ્પષ્ટ રીતે; જૂદું પાડીને; ભાર મૂકીને; વિશેષ કરીને; ઝીણી વિગતથી.

Parting, *a.* (પા'ર્ટિંગ્) Serving to part; separating. જૂદું પાડતું; વિભાગ પાડતું, કરતું; વિભાજક. 2. Departing. જતું; છૂટું પડતું; વિખુટું પડતું. 3. Given when departing. વિખુટા પડે તે વખતે અપાતું; જતી વખતે અપાતું. *e. g.* **Parting salute**=છુટા પડતી વખતે અપાતી સલામ. **Parting words**=ગમન સમયે આપવામાં આવેલી સલાહ, બોલાયેલા બોલ; છુટા પડતી વખતના બોલ. 4. Admitting of division. જૂદું પાડી શકાય તેવું; વિભાજ્ય.

Partisan, *n.* (પા'ર્ટિઝન્) One who is too strongly devoted to his own party or sect; an adherent. ચુસ્ત અનુયાયી; પક્ષનો માણસ; પક્ષધર; પોતાના પક્ષને વળગી રહેનાર; પક્ષાવલંબી—*a.* Adherent to a party. પક્ષનું; પક્ષાભિમાની; પક્ષને વળગી રહેનારૂં. [L. *partiri.*]

Partisanship, *n.* (પા'ર્ટિઝન્શિપ્) The state of being a partisan. પક્ષાવલંબન; તરફદારી; પક્ષપાતી; આપપણું; પક્ષ ધારણ.

Partition, *n.* (પર્ટિ'શન્) Act of parting or dividing. 2. Separate part. 3. That which divides. 4. The place separated. વહેંચવું તે; ભાગ. ૨. વિભાગ. ૩. પડદો; ભીંત; આંતરો. ૪. ઓરડો; આંતરો કરેલી જગ્યા.—*vt.* To divide into shares; to divide into parts by

a wall. ભાગ પાડવા; ભીંત કરી વિભાગ કરવા. [L. *partiri*, divide.]

Partitive, *a.* (પા'ર્ટિટિવ્) Distributive; parting; dividing. ભાગદર્શક; ભાગ બતાવતું; જુદું પાડતું; વિભાજક.

Partlet, *n.* (પા'ર્ટ્લિટ્) A ruff or band worn round the neck or shoulders by women. ગળપટો; ગલપટ્ટો. 2. A hen from its habit of ruffing the feathers round its neck.મરઘી;કુકડી.

Partly, *adv.* (પાર્ટ્લી) Not wholly; partially. થોડું; અલ્પ; અપૂર્ણ; અરધું; અર્ધ. **Partly true.** અમુક અંશે ખરૂં.

Partner, *n.* (પા'ર્ટ્નર્) A sharer; a partaker. ભાગીદાર; ભેરૂ; ભિરૂ 2. One engaged with another in business, etc. વ્યાપાર, ધંધા રોજગારમાં ભાગીયો; પાંતીદાર. 3. A husband or wife. પતિ અથવા પત્ની; ધણી અથવા ધણીયાણી. 4. One who dances with another. નાચવામાં સાથીયો અથવા સાથીપણું; નૃત્યસંગી.

Partnership, *n.* (પા'ર્ટ્નરશિપ્) The state of being a partner; a contract between persons in any business. ભાગિયા-સંગીપણું; ભાગીદારી; પાંતીદારી. ૨. કરાર; ઠરાવ; કંટાક્ટ. **Sleeping partner**=One who has money invested in a business but takes no part in its management. વેપારમાં પોતાના પૈસા નાખનાર પરંતુ વહીવટમાં ભાગ નહિ લેનાર ભાગીયો; તટસ્થ.

Parturient, *a.* (પાર્ટ્યૂ'રિઅન્ટ્) About to bring or bringing forth young; fruitful. જણવાની તૈયારીમાં; જણતું; વિયાતું; ફળદ્રૂપ.

Parturition, *n.* (પાર્ટ્યુરિ'શન્) Delivey; act of bringing forth. પ્રસૂતિ; જણવું તે; પ્રસવ. [L. *parere*, to bring forth.]

Party, *n.* (પા'ર્ટિ) A faction; a part of a greater number. ટુકડી; ટોળી; મંડળી;પક્ષ;તડ; ભાગ. **Party spirit**=પક્ષાપક્ષી; પક્ષાભિમાન; પક્ષનો મત. 2. A company met for a certain purpose as a dinner party, a pleasure party etc. અમુક ઉદ્દેશથી (જમવા, આનંદ કરવા વગેરે) ભેગી મળેલી મંડળી; મજલીસ; મીજલસ; બેઠક; મેળાવડો. 3. Party of troops. ટુકડી; સેનાનો ભાગ. 4. One concerned in the affair. માંહેનાર; સંગી; સામેલ; સામિલ હોનાર. 5. A person or persons on either side in law-suit. પક્ષકાર. **Party suing**=ફરીયાદી; વાદી. Party sued=પ્રતિવાદી;દાદી. [L. *pars*,a part.]

Particoloured, *a.* (પા'ર્ટિ-ક'લર્ડ્) Coloured variously; having a variously coloured skin. વિધવિધ; ભાતભાતના રંગવાળું; કાબરચિતરૂં; ચિત્રવિચિત્ર રંગવાળી ચામડીવાળું;રંગબેરંગી;પચરંગી.

Party wall=A wall that divides house and house. બે ઘર વચ્ચેની ભીંત;ભેતરૂં;પાર્ટિશન.

Pasquinade, *n.* (પૅસ્ક્વિને,'ડ્) A lampoon. નિંદાલેખ; અનીતિ, અનાચારની ભવાઇ; દુર્ગુણ પ્રકાશ; ઉપહાસ લેખ.-*vt.* To lampoon. નિંદા ક૦ ઉપહાસ ક૦.

Pass, *vi.* (પૅસ્) To go; to move; to pace or walk onward; to change; to travel; to circulate. જવું; ચાલવું; બદલાવું; મુસાફરી કરવી; ફરવું. 2. To undergo transition or change. સ્થિતિ બદલાવી; પરિવર્તન થવું. 3. To pass away; to die. મરી જવું; મૃત્યુ પામવું. 4. To go from one person to another વારસામાં કે બદલામાં જવું. 5. To elapse. વ્યતીત થવું. 6. To be succeseful. ફતેહમંદ થવું; પાસ થવું; પરીક્ષા પાસ કરવી 7. To be sanctioned or approved. મંજૂર થવું. **To P. by**=પાસે, પડખે થઇને જવું. **To pass away**=મરી જવું; ગત થવું. **To pass over**=ઓળંગીને જવું; આગળ ચલાવવું. **To pass off**=જતા રહેવું; નીકળી જવું.-*vt.* 1. To go by, beyond, through etc. માં થઇને, ચીરીને, પાસે થઇને, ની ઉપર થઈને જવું. 2. To disregard; to omit attention to. ધ્યાનમાં ન લેવું; પડતું મુકવું. 3. To spend. ગાળવું; કાઢવું; ગુજારવું. 4. To enact. મંજૂર કરવું;પસાર કરવું. 5. To surpass; to excel. ઉપર ટપી જવું; ચઢીયાતા થવું; ને પાછળ મૂકી દેવું; વધારે થવું; વધવું. 5. To transfer; to send. મોકલવું;પહોંચાડવું; ચલાવવું. 6. To thrust. ઘોંચવું; ભોકવું; ખોસવું. **To p. away**=To neglect. ભૂલી જવું; મૂકી દેવું; આંખ આડા કાન કરવા. **To pass off**=ના તરીકે પસાર થઇ આવવું. *n.* A narrow passage. દુર્ઘટ રસ્તો; વિકટ ઘાટ. 2. State or condition. અવસ્થા;સ્થિતિ;દશા; ગતિ. 3. Ticket; passport. ટિકિટ;પરવાનો. 4. A thrust. ઠોસો;ભોંકવું તે. 5. A success in examination without honours. *e.g.* **He was declared pass**=સામાન્ય-રીતે પરીક્ષા ઉત્તીર્ણ કરનારાઓમાં તેનું નામ હતું. 6. A joke. મશ્કરી; ઠઠ્ઠો. 7. A movement of the hand. હાથને હલાવી બોલાવવું તે. [L. *passus*, a step.]

Passable, *a.* (પૅ'સબલ) Capable of being passed.ગમ્ય;ઉતરાય, જવાય તેવું. 2. Tolerable. સહન થઈ શકે તેવું;સાધારણ.3.Bearing inspection. પસાર, મંજૂર થઈ શકે તેવું;તપાસ થઇ શકે તેવું. 4. Current; receivable (bank notes etc.) લેવાય, ચાલે તેવું. 5. Admissible. નક્કી જાય તેવું; કામચલાઉ.

Passade, *n.* (પૅસે,'ડ્) A push or thrust. ધક્કો; પ્રહાર.

Passage, *n.* (પૅ'સિજ્) Act of passing; moving from one place to another. જવું આવવું તે; ગમન; સંચરણ. 2. Course; path. રસ્તો; વાટ; માર્ગ. 3. Travel; journey. મુસાફરી; પ્રવાસ. 4. Price paid for passing or for being conveyed. ભાડું; મુસાફરીમૂલ્ય. 5. Entrance. દ્વાર; દરવાજો; બારણું. 6. A part of a book; paragraph. ફકરો; ઇતેખાબ; પારાગ્રાફ; પારેગ્રાફ.

Pass-book, *n.* (પા'સબુક્) A book that passes between a trader and his customer in which credit and purchases are entered; a bank-book. ખાતાવહી; ચોપડો; પાસબુક.

Passenger, *n.* (પૅ'સિન્જર) One who travels in some conveyance. 2. One who passes; a passer by. ઉતારૂ, મુસાફર. ર. વટેમાર્ગુ; પંથી; રસ્તે જનાર.

Passer-by, *n.* (પા'સરબાઇ) One who goes by. વટેમાર્ગુ; પંથી.

Passible, *a.* (પૅ'સિબલ્) Susceptible of suffering or of impressions from external agents. અસર લાગે તેવું; લાગણીવાળું; દયાળુ; પીગળે તેવું. [L. *passus*, to suffer.]

Passim, *adv.* (પૅ'સિમ્) Here and there. જ્યાં ત્યાં; છૂટાછવાયા.

Passing, *a.* (પૅ'સિંગ્)Going by or through a way. ની પાસેથી, ની અંદરથી જવું. 2. Happening now. અત્યારે બનતું; સમકાલીન. 3. Surpassing. ચઢીયાતું; વધતું, ને પાછળ મૂકી દેવું. *adv.* Exceedingly. અતિશય; બહુ.

Passion, *n.* (પૅ'શન્) Strong feeling or agitation of mind. જુસ્સો; જોશ; ઉભરો; ઉગ્ર ચિત્તવૃત્તિ. 2. The passions. મનના સર્વ વિકારો (કામ, ક્રોધ, મોહ, લોભ ઇત્યાદિ). 3. Anger. ક્રોધ; ગુસ્સો; ઝનૂન; તમોગુણ. 4. Love; devotion. પ્યાર; પ્રીતિ; મોહ; આસક્તિ; અનુરક્તિ. 5, Eager desire. છંદ; હવસ; નાદ. **To fly into a passion,** રાતાપીળા, ધૂંઆંફૂંઆં થઇ જવું; પીત્તો ઉછળવો; તપી જવું. **His passion for her,** સ્ત્રી ઉપરની આસક્તિ. His passion for poetry. કાવ્ય, કવિતા-આદિનો શોખ, ધૂન.

Passionate, *a.* (પૅ'શનેટ્) Easily moved by passion. તામસી; ઝનૂની; ક્રોધી; અનુરાગી; આસક્ત. 2. (Things). અનુરાગ, આસક્તિ, ક્રોધ વગેરે દર્શાવનારૂં. [L. *patior* I suffer.]

Passionless, *a.* (પૅ'શન્લિસ્) Void of passion; calm. ઠંડા, શાંત સ્વભાવવાળું; વિરક્ત; રાગ વગરનું; સૌમ્ય.

Passive, *a.* (પૅ'સિવ્) Suffering; unresisting. ક્રિયાસહ-ક્ષમ; વ્યાપારક્ષમ; નિષ્ક્રિય; સહનશીલ; રાંકડું. 2. Not active but acted upon. કંઈ કરે નહિં પણ પોતાના ઉપર જે થાય તે કરવા દેનાર. 3. (Gram) P. verb or P. voice. સહભેદ; સહભેદ ક્રિયાપદ. [L. *pati*, suffer.]

Passively, *adv.* (પૅ'સિવ્લી) In a passive manner. મુંગે મોઢે; ગુપચુપ; છાનામાના; ચુપાચુપ; ચું કે ચાં કર્યા વિના.

Passiveness, *n.* (પૅ'સિવ્નિસ્) The quality of being passive. ધીરજ; ધૈર્ય; સહનશીલતા.

Passport, *n.* (પૅ'સ્પૉર્ટ્) Permission to pass; a warrant of protection and permission to travel. રજાચિઠ્ઠિ; ઓળખનામાની સનંદ; ઓળખનામું; પરવાનો.

Past, *pa. p.* of **Pass**, *a.* Gone by; elapsed; ended; now retired from service. ગયેલું; ભૂત; વ્યતીત; આરામ ભોગવતું.-*prep.* Farther than; out of reach of. આગળ; મૂકી દઇને; મૂકીને આગળ; રહિત; શૂન્ય; અતીત. **P. remedy** =નિરૂપાય. Beyond in time. *e. g.* half past seven=સાડાસાત. Five minutes past seven= સાતને પાંચ મિનિટ.-*adv.* By. થી; પેલી તરફ.

Paste, *n.* (પે,સ્ટ) A kind of cement made of flour and water etc. લાહી; લહી; મલીદો; ખેળ.-*vt.* To unite with paste. ચહોડવું; ચોટાડવું. [Gr. *paste*, a mess of food.]

Paste-board, *n.* (પે,'સ્ટબોર્ડ્) A stiff board made of sheets of paper pasted together. દોપિસ્તું; પુંઠાનો કાગળ.

Pastern, *n.* (પૅ'સ્ટર્ન્) A part of the foot of a horse. ઘોડાના પગનું કાંડું.

Pastille, *n.* (પૅ'સ્ટીલ્) A small cone of charcoal and aromatic substances burned as incense. 2. A small aromatic confection. અગરબત્તી.

Pastime, *n.* (પૅ'સ્ટાઇમ્) That which serves to pass away the time; recreation; amusement. રમતગમત; વિહાર; સહેલસપાટો; જેનાથી વખત ખુશીમાં જાય તેવી કંઇ વસ્તુ.

Pastor, *n.* (પૅ'સ્ટર) One who takes care of a flock; a shepherd. ભરવાડ; ગોવાળીઓ; આહીર; ગોપ. 2. A clergyman. ધર્મોપદેશક; પાદરી. [L. *pastum*, to feed.] *n.* (પૅ'સ્ટરે,જ્).

Pastoral, *a.* (પૅ'સ્ટરલ્) Pertaining to shepherds or shepherd's life; rustic. ભરવાડ, ભરવાડની જીંદગી સંબંધી; ગામડીયું. 2 Pertaining to the pastor of a church. ખ્રિસ્તિ ધર્મોપદેશક સંબંધી.-*n.* A poem which describes the rural scenery and life. ગ્રામ્ય

સુષિસૌંદર્યતા અને જીવન વર્ણવતું કાવ્ય;ગોપકાવ્ય.2.A letter addressed by a pastor to his people. ધર્મોપદેશકનો નિબંધ.

Pastorate, *n.* (પૅ'સ્ટરે,ટ્) The office of a pastor. ખ્રિસ્તી ધર્મોપદેશકની પદ્દી,અધિકાર,વિષય.

Pastorless, ખ્રિસ્તી પાદરી વિનાનું.

Pastry, *n.* (પે,'સ્ટ્રી) The place where pastry is made; articles made of paste. મિઠાઈ વેચવાની દુકાન; કંદોઇઓળ; મિઠાઇ.

Pasturable, *a.* (પૅ'સ્ટચરબલ્) Fit for pasture. ચરવા લાયક.

Pasturage, *n.* (પૅ'સ્ટચરે,જ્) Pasture-land; grass for feeding or grazing the cattle. ઘાસ; તૃણ. 2. Grazing ground. ગોચર; ઢોરને ચરવાની જગ્યા; ચરો. 3. Business of feeding or grazing the cattle. ચારવાનું, ચરાવવાનું કામ.

Pasture, *n.* (પૅ'સ્ટચર્) Grass; grass-plot. ખડ અથવા ખડ ચરવાની જગ્યા; ઘાસ; ગોચર.–*vt.* To feed on pasture; to supply with grass. ચરાવવું.–*vi.* To graze. ચરવું.

Pat, *vt.* (પૅટ્) To strike gently; to tap; to stroke lightly. થાબડવું; થાપડવું.–*n.* A light blow; a tap. થબડાક;ટપલી;થપ્પડ;તબડાક;લપડાક.

Patch, *vt.* (પૅચ્) To mend by putting in a piece; to make hastily; to repair in a clumsy manner. થીંગડું દેવું, મારવું; જેમતેમ ઉતાવળથી પૂરૂં કરવું; અણઘડ રીતથી સમારવું, સમું કરવું; જેમતેમ ઊભું કરી દેવું; ગોળો પીંડામાં વાળી મૂકવો.–*n.* A small piece of anything put in as a repair. થીગડું; સાંધણ.

Patch-work *n.* (પૅ'ચ્-વર્ક્) Work formed of patches. જુદાજુદા કકડા ભેગા કરી પૂરૂં કરેલ કામ અથવા વસ્તુ.

Pate, *n.* (પે,ટ્) The crown of the head; head. તાલકું; માથું. [Ger. *platte*, a plate]

Pate, *n.* (પે'ટે.) Pie; patty. ખાવાનો પદાર્થ.

Paten, *n.* (પૅ'ટન્) The plate for the bread in the eucharist. પ્રભુભોજન મૂકવાનો બાજોઠ; નૈવેદ્યપાત્ર. [L. *patina*, a plate.]

Patent, *a.* (પે,'ટન્ટ્, પૅ'ટન્ટ્) Conspicuous; public; lying open. ઉઘાડું; ખુલ્લું; જાહેર; પ્રકટ. 2. Appropriated by letters patent. સનંદી; પરવાનો મળ્યો હોય તેવું.–*n.* An official document conferring an exclusive right or privilege. ઇજારાપત્ર; સનંદ; પરવાનો.–*vt.* To grant or secure by patent. સનંદ કરી આપવી, મેળવવી. [L. *patere*, to lie open.]

Patentee, *n.* (પે,'ટન્ટી') One who holds a patent. સનંદદાર.

Paterfamilias, *n.* (પે,ટર્ફૅમિ'લિઍસ્) The father, the head of a family. પિતા; બાપ; કુટુંબનો ભાર વહન કરનાર. [*pater*, a father, *familias*, a household.]

Paternal *a.*(પૅટ'ર્નલ્) Fatherly; affectionate as a father; derived from father; hereditary. પિતાનું; બાપનું; પિતાતુલ્ય; બાપ તરફથી મળેલું; વંશપરંપરાગત. [L. *paternus*, a father.]

Paternity, *n.* (પૅટ'ર્નિટી) Fatherhood; relation of a father; authorship. પિતૃત્વ;બાપપણું; પિતૃસંબંધ; જનકપણું; કર્તૃત્વ.

Paternoster, *n.* (પે,'ટર્નૉસ્ટર્, પેટર્નૉ'સ્ટર્) The Lord's prayer; the whole rosary. ખ્રિસ્તિ લોકની પ્રભુપ્રાર્થના,માળા.[L.*pater noster*, 'Our Father'.]

Path, *n.* (પાથ્) A track; road. 2. A course of action or conduct. વાટ; રસ્તો; માર્ગ; પગથી. ૨. વર્તવા, ચાલવાની રીત; આચરણ; વર્તણુકની રીતિ. *pl.* Paths=કરણી. " He marketh all my paths". તે મારી બધી કરણી ઉપર લક્ષ રાખે છે. [L. *pontis*, a bridge.]

Pathetic,-cal, *a.* (પથે'ટિક્–કલ્) Causing pity, grief, or sorrow; showing passion; touching. મન પીગળી જાય તેવું; કરૂણાજનક; હૃદયાર્દ્રકારી. [Gr. *pathetikos*, subject to suffering,]

Pathless, *a.* (પા'થલિસ્) Having no path. નિષ્પથ; અપથ; રસ્તા વિનાનું; માર્ગ વિનાનું.

Pathmaker, *n.* (પા'થમે,કર્) One who makes a path. રસ્તો કરનાર; માર્ગ કરનાર.

Pathologic,-al, *a.*(પૅથૉલૉ'જીક્–કલ્)Pertaining to pathology.નિદાનશાસ્ત્ર સંબંધી;નિદાનશાસ્ત્રનું.

Pathology, *n.* (પૅથૉ'લૉજી) Science of the nature, causes, and remedies of diseases. રોગનિદાન;નિદાનશાસ્ત્ર;ચિકિત્સાશાસ્ત્ર. [Gr.*pathos*, suffering; *logos*, discourse.]

Pathos, *n.* (પે,'થૉસ્) That which touches the feeling. કરૂણારસ; કરૂણભાવોત્પાદકતા; કરૂણા, ખિન્નતા; દયા વગેરે ભાવોને ઉત્પન્ન કરે તેવો ગુણ. [Gr. *pathos*, suffering.]

Pathway, *n.* (પા'થવે) A footpath. રસ્તો; માણસોને ચાલવાનો માર્ગ.

Patience, *n.* (પે,'શન્સ્) Endurance. ધૈર્ય; સહનશીલતા; સબૂરી; ખામોશ; સહિષ્ણુતા; ક્ષમા. [L. *pati*, to bear.]

Patient, *a.* (પે,'શન્ટ્) Long suffering. સહિષ્ણુ; દુઃખ સહન કરનાર. 2. Not open to provocation. ખામોશવાળું; ક્ષમાવાન. 3. Not hasty. ધૈર્યવાન; સ્થિર મનવાળું. 4. Perservering. ખંતવાળું;ખંતીલું;સબૂરીવાળું.–*n.* A person under

medical treatment. દરદી; રોગી માણસ.-*adv.* Patiently. શાંતિપૂર્વક; ક્ષમાપૂર્વક.

Patriarch, *n.* (પે,'ટ્રિઆર્ક) One who governs by paternal right. કુટુંબનો વડિલ તથા વડિલપણાની સત્તા ભોગવનાર; કુલપતિ; ગુરૂ.

Patriarchal,-archic, *n.* (પૅટ્રિઆ'ર્કલ્,પૅટ્રિઑ'-ર્કિક્) Archic. Belonging or pertaining to a patriarch. વડિલ, કુલપતિ, ગુરૂ સંબંધી, નું. [L. Gr. *pater*, father, *arche*, beginning.]

Patrician, *n.* (પૅટ્રિ'શન્) A nobleman in ancient Rome; a noble man. રોમનો પ્રાચીન કાળનો, અમીર.-*a.* Pertaining to the ancient Senators of Rome or to their descendants; of noble birth. રોમના પ્રાચીન આર્ય, કુલીન પુરૂષ; અમીર સંબંધી; અમીરનું; અમીરના વંશજનું; કુલીન. (As opposed to *plebeians*). [L. *patris*, a father.]

Patricide, *n.* (પૅ'ટ્રિસાઈડ્) The murder or the murderer of one's own father. પિતૃહત્યા અથવા પિતૃઘાતક; પિતૃઘ્ન; બાપનું ખૂન કરનાર. [L. *patris*, father, *caldere*, to kill.]

Patrimonial, *a.* (પૅ'ટ્રિમો'નિઅલ્) Inherited from forefathers; pertaining to a patrimony. વંશપરંપરાગત હક, મિલ્કતનું-ની સાથે સંબંધ ધરાવતું; વૃદ્ધપરંપરાપ્રાપ્ત; બાપદાદાથી ઉતરેલો ગરાસ, હક, મિલ્કત સંબંધી.

Patrimony, *n.* (પૅ'ટ્રિમનિ) A right or estate inherited from a father or forefathers. બાપતરફથી ઉતરેલો વારસો; વંશપરંપરાપ્રાપ્ત હક, મિલ્કત, વતન. [L. *pater*, a father.]

Patriot, *n.* (પૅ'ટ્રિઅટ્-પે,'ટ્રિઅટ્) A lover of one's own country. સ્વદેશભક્ત; સ્વદેશાભિમાની.

Patriotic, *a.* (પૅટ્રિઑ'ટિક્) Actuated by a love for one's own country; directed to the public welfare. દેશાભિમાનવાળું; લોકસુખના ઉદ્દેશવાળું; દેશભક્ત.

Patriotism, *n.* (પે,'ટ્રિઅટિઝ્મ્) Love of one's own country. સ્વદેશભક્તિ; સ્વદેશપ્રીતિ; દેશાભિમાન. [L. *patris*, a father.]

Patrol, *vi.* (પૅટ્રો,'લ્) To watch and protect. રોન ફરવી.-*vt.* To pass round as a sentry. રોન ફરવી; માં ચોકી કરવી.-*n.* The marching round of a guard. રોન; ચોકી. 2. The guard. ચોકીદાર; રોન ફરનાર.

Patron, *n.* (પે,'ટ્રન્) A defender; one who protects; a protector; an advocate; a man of rank or standing who helps a person in an humble position. રક્ષક; વકીલ; આશ્રયદાતા; ભેરૂ; આશ્રય આપનાર. 2. A guardian; a promoter. મુરબ્બી; હિતકર્તા; પાલક.-*a.* Serving as patron; acting as patron. મુરબ્બીવટ કરનાર; રક્ષણ કરનાર; આશ્રય આપનાર. [L. *pater*, a father.]

Patronage, *n.* (પૅ'ટ્રનેજ્, પે,'ટ્રનેજ્) Act of patronizing; support; guardianship. સહાય; આશ્રય; મુરબ્બીગીરી; સંરક્ષણ; રખેવાળી; પાલકતા; અધિષ્ઠાતાપણું. (of a saint). 3. The right of presentation to an office or church benefice. નિમણુક કરવાનો હક; ગોરવૃત્તિ કરવા દેવાની પરવાનગી આપવાનો હક; પુરોહિતવૃત્તિ આપવાનો હક.

Patroness, *n.* (પે',ટ્રનિસ્) A female patron. આશ્રય આપનારી. 2. A female guardian saint. ઇષ્ટદેવી.

Patronization, *n.* (પૅટ્રનાઇઝે,'શન્) Support; act of patronizing. આશ્રય; સહાય; ઓથ.

Patronize, *vt.* (પૅ'ટ્રનાઇઝ્, પે,'ટ્રનાઇઝ્) To support; to act as a patron of; to lend aid. સાહાય આપવી; આશ્રય આપવો. 2. To assume the air of a patron.-ના બાપ, મુરબ્બી, આશ્રયદાતા થઈ બેસવું અથવા તેવો ડોળ કરવો, દંભ કરવો. – *n.* **Patronizer,** One who patronizes. આશ્રયદાતા

Patten, *n.* (પૅ'ટન્) A wooden shoe or sole upon an iron ring and worn to keep the shoes from the dirt or mud. પગની પાવડી; ચાંખડી. [Fr. *patin*, a clay.]

Patter, *vi.* (પૅ'ટર્) To make a sound like that of falling drops of water. વરસાદના છાંટા પડે તેવો અવાજ કરવો. 2. To move with quick steps making light sounds. ચપચપ ચાલવું; ધીમેધીમે ચાલવું. 3. To speakly slowly and quickly. ધીમેથી બબડી જવું; બબડવું; ગણગણવું.-*n.* A quick succession of small sounds. છબછબ; ઝરમર; તડતડાટ.

Pattern, *n.* (પૅ'ટર્ન્) A model; a sample; anything which is to be copied or imitated. જેના જેવું બનાવવું હોય તે મૂળ વસ્તુ; નમુનો; વાનગી; અસલ વસ્તુ. 2. An ornamental design. બુટ્ટો; ભાત. 3. (in moulding). A part showing the figure of the quality of the whole. બીબું; ઓકું. Pattern of beauty = સૌંદર્યનો નમુનો. [Fr. *patron*, a patron, a pattern; same word as *patron*].

Paucity, *n.* (પૉ'સિટી) Scarcity; smallness. અલ્પતા; થોડાપણું. [L. *paucitas*, little, few.]

Paunch, *n.* (પૉન્ચ્) Abdomen. પેટ. 2. The belly and its contents. પેટ તથા પેટનો ભાગ; પેટ તથા પેટનાં આંતરડાં. 3. The first stomach of ruminating quadrupeds. વાગોળનારાં પશુ-

ઓનું પહેલું પેટ.–*a.* Paunchy = Big-bellied. [L. *Pant-x*, the belly.]

Pauper, *n.* (પૉ'પર્) A poor person; one who has to depend on public for maintenance. દરીદ્રી; ભિક્ષોપજીવી; માગીને પેટ ભરનાર; લાચાર માણુસ. [L. *pauper*, poor.]

Pauperism, *n.* (પૉ'પરિઝમ) State of being a poor man; poverty. ભૂખે મરતાપણું; દારિદ્ર; સદાવર્ત-મત લેનારની દશા.

Pauperize, *vt.* (પૉ'પરાઇઝ્) To reduce to pauperism. ભૂખે મરતું કરી નાખવું; ભિખારી બનાવવું.

Pause, *n.* (પૉઝ્) An intermission of action; a temporary cessation or stop. જરા બંધ રહેવું, ઉભા રહેવું, અટકવું તે; વિરામ; અલ્પ વિશ્રામ. 2. A temporary rest in thinking, writing, etc. વિચારમાં, લખવામાં વગેરે અટકી જવું તે. 3. Hesitation. સંકલ્પવિકલ્પ. *vi.* To stop; to make a pause. થોડીવાર થોભવું; વિસામો લેવો. 2. To stop in order to consider. વિચાર કરવા થોભવું; સંકલ્પવિકલ્પ કરવો. [Gr. *pausis*, a stopping.]

Pave *vt.* (પેવ્) To make a hard surface by laying stones. ફરસબંધી કરવી; પત્થર જડવા. **To pave a way**, (fig.) To prepare a way; to remove obstacles before hand. વિઘ્ન દૂર કરવાં. [L. *pavire*, to pave.]

Pavement, *n.* (પે'વમન્ટ) The solid floor; a paved road. ફરશબંદી; ચીરાબંધી; પત્થર જડેલ રસ્તો.

Pavilion, (પવિ'લ્યન્) A canopy; a tent; a small building having a tent-formed roof. છત્ર: તંબુ; ડેરો; તંબુ જેવા છાપરાવાળું ન્હાનું મકાન, બેઠક.

Paw, *n.* (પૉ) The foot of animals having claws. બિલાડી જેવાં નખવાળાં પશુના પગની પાટલી; પંજો; પંઝો. *vt. vi.* To draw the forefoot along the ground; to fawn upon. પગથી ખોતરવું; ટાંપ મારવી; પંપાળવું.

Pawn, *n.* (પૉન્) A piece of the lowest rank at chess. શેતરંજનું પ્યાદું. 2. Something given or deposited as security. ઘરેણે મૂકેલી જણસ, વસ્તુ; ગિરવી, ગિરોનો માલ. 3. A pledge for the fulfilment of a promise. પણ; હોડ. 4. State of being pledged. હોડમાં મુકાવું તે; હોડમાં મુકાયેલી વસ્તુ; હોડમાં મુકાવાની સ્થિતિ.–*vt.* To give or deposit in pledge. ગિરો, ઘરેણે મૂકવું. 2. To wager. હોડમાં મૂકવું; શરતમાં મૂકવું.

Pawn-broker, *n.* (પૉ'ન્બ્રો,કર્) A person who lends on the security of goods, property etc. માલમિલ્કત ઉપર નાણાં ધીરનાર; માલ ગિરો રાખી ધીરનાર.

Pawnee, *n.* (પૉની') માલ ગિરો રાખી ધીરનાર. One to whom a pledge is delivered as security.

Pay, *vt.* (પે,) To remunerate for goods received or services rendered; to reward; to compensate. પગાર આપવો; મજૂરી આપવી; બદલો આપવો. 2. To discharge as a debt. નું કરજ, દેવું પતાવવું. 3. To render or offer without obligation (as attention, respect, visit). ધ્યાન આપવું; માન આપવું; મુલાકાત દેવી; ને ત્યાં જવું (to pay a visit). *vi.* (for) To make a payment or payments. પૈસા, કિમ્મત, ખરચ, નુકશાન આપવું, ભરી આપવું; દંડ ભોગવવો; ગુન્હેગારી આપવી, ભરવી, વેઠવી; બદલો મળવો. *e. g.* To pay dearly for one's own folly. મૂર્ખાઈનો ભારે દંડ ભોગવવો.–*n.* Compensation; reward. પગાર; બદલો; પારિતોષિક. **To pay a debt of kindness**, ઉપકારના ઋણથી છૂટવું; ઉપકારનો બદલો વાળવો. **To pay a debt of honour**, આબરૂનો ખ્યાલ રાખી કર્તવ્ય કરવું. [L. *pecare*, to pay.] To pay in the same coin = To give tit for tat. જેવાને તેવું દેવું.

Payable, *a.* (પે'અબલ્) That may or ought to be paid; justly due. આપી શકાય તેવું; આપવા જોગ; કાયદેસર લેણું થતું.

Payee, *n.* (પેયી') The person to whom money is paid. નાણાં લેનાર.

Paymaster, *n.* (પે,'માસ્ટર્) One who gives pay or wages. પગાર, મજુરી આપનાર અધિકારી; બક્ષી.

Payment, *n.* (પે,'મન્ટ્) Act of paying; discharge of a debt or obligation. 2. What is given for service; wages; reward. ૧. નાણાં, પગાર આપવાનું કામ; બદલો વાળવો તે. ૨. પગાર; કિંમત; બદલો; સાટું.

Pea, *n.* (પી) A well-known plant and the seeds. વટાણાનો છોડ; વટાણાના દાણા; વટાણા. [L. *pisum*, Gr. *pisos*, a pea.]

Peace, *n.* (પીસ્) Quietness; tranquillity. શાન્તિ; સ્વસ્થતા; નિરૂદ્વેગ; ટાઢક. 2. Public tranquillity = freedom from war. સલાહ; સંપ; મેળાપ; સંધિ; સલૂક. [L. *pax*, *pacis*, peace.] 1. **To hold one's peace** = To be silent. શાન્ત રહેવું; ખામોશ પકડવી; પેટમાં સમાવવું; ગળી જવું; મુંગા રહેવું; ચૂપ રહેવું. 2. **Breach of the peace** = Disturbance of public tranquillity. સુલેહનો ભંગ. 3. **Justice of**

the Peace=શાંતિરક્ષક,(written as J. P.). 4. To make peace=સલાહ, સમાધાન થવું;પતાવવું. 5. To be at peace. સલાહશાન્તિ હોવી; સલાહ-સલૂક હોવી. 6. To make one's peace=To reconcile; to be reconciled. સમાધાન કરવું, કરાવવું; સલાહ કરવી, કરાવવી. 7. To be sworn of the peace=શાન્તિ જાળવવાના સોગન લેવા; સુલેહ રાખવાની પ્રતિજ્ઞા લેવી.

Peaceable, *a.* (પી'સબલ્) Peaceful;quiet; tranquil. શાન્ત; અબ્યગ્ર; સ્વસ્થ; શાન્તિપ્રિય; નિશ્ચિંત; ગરીબ; ગરીબડું. 2. Free from war. શાન્તિમય; સ્વસ્થ; સન્ધિયુક્ત. 3. Disposed to peace. શાન્તિપ્રિય; કલહભીરૂ; સન્ધિપ્રિય; કાઇની સાથે કુસંપ ન કરે તેવો, તેવું; તકરાર ન કરે તેવું; કજીયાનું કાયર. 4. Undisturbed; calm; serene; not agitated with passion. ઠરેલ સ્વભાવનું; શાન્ત; ગંભીર; નરમ; ઉશ્કેરાય નહિ તેવું; ક્ષુબ્ધ થાય નહિ તેવો.

Peaceably, *adv.* (પી'સબ્લી) Without quarrel; quietly; peacefully; in a peaceful manner. સલાહસંપથી; સમાધાનીથી.

Peaceful, *a.* (પી'સ્ફુલ) Quiet; full of peace. શાન્ત; સન્ધિપ્રિય.–*n.* Peacefulness.

Peacefully, *adv.* (પી'સ્ફુલી) Quietly; gently. શાન્તિથી; સુલેહસંપથી.

Peacemaker, *n.* (પી'સ્મે,'કર્) One who promotes or makes peace. સલાહ, સન્ધિને ઉત્તેજન આપનાર; સલાહ-સંપ કરનાર.

Peaceofficer, *n.* (પી'સ્ઑફિસર્) An officer in charge of public peace. સુલેહનો અમલદાર; શાન્તિ જાળવનાર અધિકારી.

Peacock, *n* (પી'કૉક્) A kind of bird. મયૂર; મોર.

Peahen, *n.* (પી'હેન્) The hen or female of the peacock. ઢેલ; મયૂરી.

Peak, *n.* (પીક્) The top of a hill or mountain. શિખર; ટાચ; ટૂંક. 2. A point; the end of anything terminating in a point. અગ્ર; અણી; અગ્ર ભાગ. [A. S. *peac.*]

Peal, *n.* (પીલ્) A loud sound or usually succession of loud sounds. મ્હોટો અવાજ, ધ્વનિ. 2. (Of thunder, cannon) કડાકો; ગર્જના; ધડાકો; ભડાકો. 3. (Of shouts or laughter) હોહો; કોલાહલ; નાદ; હસાહસ; હાસ્યઘોષ; 4. A sound of a bell. ઘોષ; નાદ; ઝણકાર; ઘંટનાદ. *vi.* To utter and give out loud sounds; to resound. ગર્જના થવી; મ્હોટો નાદ થવો; પડઘો પડવો; પ્રતિઘોષ થવો. *vt.* To make loud sounds. મ્હોટા અવાજથી બોલવું, કહેવું. 2. To cause to ring. પડઘો પાડવો; પ્રતિધ્વનિ કરવો. 3. To celebrate. મહોત્સવ કરવો; તહેવાર ઉજવવો; ઉજવણી કરવી.

Pæan, *n.* (પી'અન્) A song of praise or triumph. સ્તુતિ; જયગીત.

Pear, *n.* (પેઅર્) A kind of fruit of a tree or the plant or tree itself. એક જાતનું ઘણું સ્વાદવાળું ફળ, છોડ અથવા ઝાડ, વૃક્ષ. [L. *pirum,* a pear, *pirus,* a pear-tree.]

Pearl, *n.* (પર્લ્) A smooth, hard, white shining body found in certain fish. મોતી. 2. A white speck or film growing on the eye મોતીયો. 3. A small printing letter. છાપવાના નાના અક્ષર. 4. (Poetically) something round and clear as a drop of water or dew. મોતીના જેવું ફોરૂં. *vt.* To set or adorn with pearls. મોતીથી જડવું; શોભાવવું; મોતીથી શણગારવું. [A. S.]

Pearl oyster, *n.*(પર્લ્-ઑયસ્ટર્)The oyster which yields pearls. શુક્તિ; જેમાં મોતી પાકે છે તે છીપ.

Pearly, *a.* (પ'ર્લિ) Abounding with pearls. મોતીમય; મોતીનું; જેમાં મોતી ઘણાં થતાં હોય તેવું. 2. Pure; clear. દાણા જેવું;નિર્મળ,સ્વચ્છ; ચોકખું.

Peasant, *n.* (પે'ઝન્ટ્) A country-man. ગામડીયો; ગ્રામવાસી; ખેડુત; ગામડામાં રહેનાર. *a.* Rustic; rural. ગામડીયું; ગ્રામ્ય. [L. *pagus,* a village.]

Peasantry, *n.* (પે'ઝન્ટ્રી) Peasants; the body of country people. ગ્રામ્યજન; ગામડીયા;ખેડુત વર્ગ.

Peat, *n.* (પીટ્) A substance of vegetable origin and forming, when dried, a valuable kind of fuel. 2. A small delicate person. સ્કૉટલૅન્ડ દેશમાં ઉગતી વનસ્પતિ જે બળતણ તરીકે વપરાય છે. ૨. ન્હાનો, નાજુક માણસ; વામન.

Pebble, *n.* (પે'બલ્) A roundish stone of any kind. 2. A transparent and colourless rock-crystal. કાંકરો; કંકર; પત્થર. ૨. પારદર્શક પત્થર. [A. S. *pabob,* pebble stones.]

Pebbly, *a.* (પે'બ્લિ) Abounding with small roundish stones. 2. Full of pebbles. કાંકરા-વાળું; કંકરમય; પત્થરવાળું.

Peccable, *a.* (પે'કબલ્)Subject to transgress the divine law. 2. Liable to sin. જેને હાથે પાપ થાય તેવો. [L. *pecco,* I transgress.]

Peccadillo, *n.* (પેકડિ'લો) A petty fault. 2. A slight offence. અલ્પ અપરાધ; ન્હાનો ગુન્હો;અલ્પ દોષ;નાની કસુર. [L. *peccatum,* a sin.]

Peccancy, *n.* (પે'કન્સી) Offence. 2. Bad quality. દોષ;વાંક;અપરાધ. ૨. વિકાર; બગાડ;વિકૃત.

Peccant, *a.* (પે'કન્ટ્) Guilty of sin; sinning; criminal. પાપિષ્ઠ; પાપી; અપરાધી; ગુન્હેગાર. 2. Bad; not healthy; corrupt. બગડેલું; ખરાબ; વિકારયુક્ત; વિકાર પામેલું. 3. Missing; mistaking. ભૂલી જાય તેવું; ભૂલકણું; ભૂલ કરે તેવું. [L. *pecco*, I miss, go wrong, to sin.]

Peck, *n.* (પેક્) The fourth part of a bushel. એક જાતનું વિલાયતી માપ, બુશલનો ચોથો ભાગ. [Fr. *picotin.*]

Peck, *vt. vi.* (પેક્) To thrust the beak into; to strike with the beak. ચાંચ ઘોંચવી, મારવી, ભોંકવી, લગાડવી. 2, To pick up with the beak. ચાંચથી ઉંચકી, ઉપાડી, લઇ લેવું, વીણી લેવું, વીણી ખાવું; ચણવું. 3. To strike with a pointed instrument. અણી ઘોંચવી, ભોંકવી. *vi.* To strike in a way to make small impression. છિદ્ર, છીંડા, કાણાં પાડવાં. 2. To strike with repeated and small blows. ચાંચ માર્યા કરવી; ટકોરા માર્યા કરવા. To p. at= ચાંચ-ટકોરા માર્યા કરવા. (fig.) છિદ્ર શોધવાં [It. *peccare*, to peck.]

Pectinal, *a.* (પે'કિટનલ્) Resembling a comb; pertaining to a comb. કાંકસી, દાંતીયા જેવું; કાંસકી સંબંધી. [L. *pecten*, a comb.]

Pectoral, *a.* (પે'કટરલ્) Pertaining or relating to the breast. છાતી, વક્ષ, ઉર સંબંધી; છાતીને લગતું. *n.* 1. A medicine which cures the complaints of the breast and lungs. છાતી તથા ફેફસાંની વ્યાધિનો વિનાશ કરે તેવું ઓસડ; છાતીના રોગોને સારા કરવાનું, મટાડવાનું ઓસડ. 2. A breast-plate. છાતીનું કવચ, બખ્તર. [L. *pectus*, the breast.]

Peculate, *vi.* (પે'કયુલે,ટ) To apply to one's private uses by a breach of trust; to misappropriate; to embezzle; to defraud the public of money or goods entrusted. હાથ મારવો; ખાઈ જવું; પચાવી પડવું; ગળી જવું; ઓચ્યાં કરી જવું; સાર્વજનિક ધન અથવા મિલ્કતનો ઉપભોગ કરવો; -નું ઉચાપત કરવું. [L.*peculium*, private property.]

Peculation, *n.* (પેકયુલે,'શન્) Act of peculating; embezzlement; misappropriation. સોંપેલાં નાણાં ખાઇ જવાં તે; ઉચાપત કરી જવું તે; ઉચાપત.

Peculator, *n.* (પેકયુલે,'ટર્) One who peculates. ઉચાપત કરનાર; નાણાં અથવા મિલ્કત ખાઈ જનાર.

Peculiar, *a.* (પીકયૂ'લિઅર્) One's own; individual; belonging to a person; particular; special. વ્યક્તિગત;વ્યક્તિ સંબંધી; સ્વકાય; વિશેષ; વિશિષ્ટ; તરેહવાર. ખાસ; અમુક; વિચિત્ર; વિલક્ષણ; બીજા કોઈનામાં ન હોય તેવું; એકલા, એક જણ અથવા વસ્તુમાં રહેલું; વિચક્ષણ.

Peculiarity, *n* (પીકયૂલિ'ઍરિટી) Quality of being peculiar; something peculiar to a person or thing. વિલક્ષણતા; ખાસીયત; તરેહવારપણું; વિશેષતા; વિચિત્રતા; ખાસ લક્ષણ-ગુણ. [L. *peculium.*]

Pecuniary, *a.* (પીકયૂ'નિઅરી) Consisting of money; relating to money. નાણાંનું; નાણાં સંબંધી; પૈસા સંબંધી; દ્રવ્ય સંબંધી. [L. *pecunia*, money.]

Pedagogic,-al, *a.* (પેડગૉ'જિક્-કલ્) Belonging to a pedagogue or a teacher of children. મહેતાજી સંબંધી.

Pedagogics, *n.* (પેડગૉ'જિકસ્) The art or science of teaching. શિક્ષણકળા; શિક્ષણ-પદ્ધતિ, શાસ્ત્ર.

Pedagogism, *n.* (પે'ડગૉજિઝમ્) The business, character or manners of a pedogogue. મહેતાજીનો ધંધો, ખાસીયત અથવા રીતભાત.

Pedagogue, *n.* (પે'ડગૉગ્)A school-master; a teacher of children. મહેતાજી; શિક્ષક; છોકરાં ભણાવનાર. *vt.* To teach with the air of a pedagogue. મહેતાજીની પેઠે બોધ કરવો; મહેતાજી થવું. [Gr. *pais, paidos*, a child, a boy; *ago*, I lead·]

Pedant, *n.* (પે'ડન્ટ્) A school-master; a pedagogue. મહેતાજી; શિક્ષક. 2. A person who makes a vain and unsuitable display of learning. વિદ્યાનો દંભ કરનાર; મિથ્યા-પંડિત; જ્ઞાનની બડાઇ કરનાર; વિદ્વાનનો ડોળ કરનાર. [Fr. *pedant.*]

Pedantic.-al, *a.* (પિડૅ'ન્ટિક્,-કલ્) Making a show of knowledge; ostentatious of learning; vainly displaying knowledge. જ્ઞાનનો દંભ કરનારૂં; વિદ્યાદંભી; અમથો જ્ઞાનનો ડોળ કરનારૂં; મિથ્યા પાંડિત્યનું; આડંબરી.

Pedantry, *n.* (પે'ડન્ટ્રિ) False show of learning; vain ostentation of learning; bad use of learning unsuitable to the time, place or company; empty display of knowledge. મિથ્યાપાંડિત્ય; વિદ્વત્તાનો દંભ; વિદ્યાનો અપ્રાસંગિક ડોળ, દેખાવ; અસંબંદ્ધ પ્રલાપ; જ્ઞાનનો નકામો દંભ.

Peddle, *vi.* (પે'ડ્લ્) To roam about with wares for sale; to hawk. ઘેરઘેર, શેરીએ શેરીએ ફરીને માલ વેચવો; ફરીફરીને માલ વેચવો; ફેરી કરવી; ફેરીયાનો ધંધો કરવો. 2. To be busy

about trifles or small matters. ચણત કરવા; નકામું કરવું; અમથી રમત કરવી. *vt.* To sell or retail from place to place on foot. ફેરી કરવી. [L. *pes*, sans. *pada*, the foot.]

Peddler, *n.* (પે'ડ્લર્) One who peddles; a travelling foot-trader. ફેરીયો; ફેરી કરનાર; ફરીફરીને માલ વેચનાર.

Peddlery, *n.* (પે'ડ્લરી) The trade or business of a peddler. ફેરીનો ધંધો; ફેરિયાનો ધંધો.

Peddling, *ppr.* (પે'ડ્લિંગ્) Hawking; travelling about to sell small wares; peddlery. ફેરી; ફેરી કરવી તે 2. Unimportant; trifling. નકામું; અમથું; નહિં કામનું.

Pedestal, *n.* (પે'ડિસ્ટલ્) A stand; the part which serves the purpose of a foot; the part which sustains a column, pillar, statue etc. બેમણી; જેના ઉપર કંઈ રહેલું હોય તે; પાયો; તળગટ; પીઠ; સ્તંભપદ; પટધી. [L. *pes*, Sans. *pada*, the foot.]

Pedestrian, *a.* (પીડે'સ્ટ્રિઅન્) Going on foot; walking. પગે ચાલનાર; ચાલતો જનાર. *n* One who walks. પગે ચાલીને જનાર; પગે ચાલનાર; પગે મુસાફરી કરનાર; પાળો. 2. A remarkable walker. અસાધારણ-નામાંકિત-પ્રખ્યાત ચાલનાર. 3. One who walks for a wager. ચાલવાની શરતમાં ઉતરનાર.

Pedestrianism, *n.* (પીડે'સ્ટ્રિઅનિઝમ્) The practice of walking. પગની મુસાફરી; પગે ચાલવું તે.

Pedigree, *n.* (પે'ડિગ્રી) Lineage. વંશ; પ્હેડી; કુળ; ઓલાદ. 2. A genealogy; an account of a line of ancestors. વંશચરિત્ર; વંશાવળી; વંશવર્ણન; પેઢી; વંશ; વંશપરંપરા. 3 An account or register of a line of ancestors. પ્હેડીપ્રત્રક. [Propably from Fr. *per*, through, *degre*, a step.]

Pedobaptism, *n.* (પીડોબૅ'પ્ટિઝમ્) The baptism of infants. ન્હાનાં છોકરાંને ખ્રિસ્તિ ધર્મની દીક્ષા આપવી તે, નામસંસ્કાર.

Pedobaptist, *n.* (પીડોબૅ'પ્ટિસ્ટ્) One who practises the baptism of infants; one who holds to infant baptism. ન્હાનાં છોકરાંને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપનાર-ની દીક્ષા આપવાના મતવાળો. [Gr. *paidos*, a child; *baptizo*, I baptize.]

Peduncle, *n.* (પીડં'ગ્કલ્) The stern or stalk that supports the flower and the fruit. ડાંખળી; દાંડી; મંજરી; વૃન્ત. [L. *pes*, *pedis*, a foot.]

Peel, *vt.* (પીલ્) To strip off or tear off skin or bark without a cutting instrument. ફોલવું; ની છાલ-છોલ ઉતારવી. 2. (In a general sense) to remove the skin or bark even with an instrument. છોલવું; છાલ ઉતારવી. *vi.* (Off). To lose the bark or skin. છોલાવું; ની છોલ, છાલ ઉતરવી.-*n.* The skin or bark. છોતરૂં; છોડું; છાલ; છોલ. [L. *pellis*, skin. Gr. *pella*.]

Peep, *vi.* (પીપ્) To look through a crevice or small opening; to look closely or narrowly. ચોરીથી, છાનામાનાં જોવું; ડોકીયાં કરવાં. 2. To make the first appearance; to begin to appear. દેખાવા મંડવું; દર્શન દેવાં; દેખા દેવી; આવિર્ભાવ થવો; પ્રાદુર્ભૂત થવું. 3. To cry as chickens. (મરઘીનાં બચ્ચાંએ) બોલવું.-*n.* First appearance, as the peep of day. પ્રથમ દર્શન. P. of day. અરૂણોદય. 2. A sly look. ડોકીયું. 3. The cry of a chicken. મરઘીનાં બચ્ચાનું બોલવું-બોલી. [L. *pipo*, to pip, chirp; said to be transferred from the *cry* to the appearance and look of a chicken when it first breaks the shell.]

Peer, *vi.* (પી,ર્) To appear; to peep out; to come forth. દેખાવું; દર્શન થવાં. 2. To peep; to look narrowly. ડોકીયાં કરવાં; નીરખીને-બારીકાઈથી જોવું. [L. *pareo*, to come forth]

Peer, *n.* (પી,ર્) One of the same rank; an equal; a companion; a fellow. બરાબરીયો; સમગુણી; જોડિયો; જોડ; સોબતી; જોડીદાર. 2. A nobleman. અમીર; ઉમરાવ; આર્યજન-પુરૂષ. [L. *par*, equal.]

Peerage, *n.* (પી,'રેજ્)The rank or dignity of a noble. આર્યપદ્વી; અમીરનો દરજ્જો. 2. The body of peers. અમીરમંડળ; આર્યવર્ગ; અમીર ઉમરાવ લોક.

Peeress, *n.* (પી,'રિસ્) The wife of a peer; a noble lady. કુલીન સ્ત્રી; અમીરાણી; અમીરની પત્ની.

Peerless, *a.* (પી,'રલિસ્) Having no peer, or equal; unequalled; matchless. અનનુરૂપ; અનુપમ; અપ્રતિમ; સર્વોત્કૃષ્ટ; ઉત્તમ; જેની જોડજ ન હોય તેવું.

Peevish, *a.* (પી'વિશ્) Apt to mutter and complain; easily vexed; childish; hard to please. પડપડાટ કરે તેવું; બડબડે તેવું; ખીજાય તેવું; જરા જરામાં ચીડાઈ જાય તેવું; ચીડીયું; રીસાળ; મિજાજી; મિજાજથી ભરેલું; ધૂંધવાતું; બાલિશતાપૂર્ણ; બાળકમતવાળું; છોકરાંના સ્વભાવવાળું; માંડમાંડ સમાધાન થઇ શકે તેવું. [Perhaps Sans. *vash*, to cry out; the prefix *pee* is akin to the Sans. *api*.]

Peevishness, *n.* (પી'વિશ્-નિસ્)The state of being peevish; petulance; sourness of temper. રીસ; રીસાળપણું; ચીડીયાપણું.

Peg, *n.* (પેગ્) A wooden nail; a pin on which to hang anything; small pointed piece of wood to hang upon. ખીલી; મેખ; ખીંટી; ખીતી. To take down a peg=એક પાયરી ઉતારવું. To come down a peg=એક પાયરી ઉતરવું. *vt.* To fasten with pegs. ખીલી મારવી, જડવી. [Gr. *pegnumi*, to fix.]

Pelf, *n.* (પેલ્ફ્) Money; riches; wealth. ધન; પૈસો; દોલત. [Probably from *pilfer*; originally the word signified wealth acquired by pilfering.]

Pelisse, *n.* (પિલિ'સ્) A silk coat worn by ladies. સ્ત્રીઓ પહેરે તે રેશમી કોટ An outer garment made of silk worn by ladies. રેશમી કપડું (સ્ત્રીનું). [L. *pellis*, a skin.]

Pell, *n.* (પેલ્) A skin or hide. ચામડું. [L. *pellis*, a skin.]

Pellet, *n.* (પે'લિટ્) A little ball. ગોળી;ગુટિકા. (Of wax or lint.) 2. A bullet; a ball of fire arms. ગોળી; છરા.

Pellicle, *n.* (પે'લિક્લ્) A thin skin. પાતળી ચામડી; છોડું; છોતરૂં; પડ. (Of seeds, stones, fruits etc.) [L. *pellis*, a hide; a skin.]

Pellitory, *n.* (પે'લીટરી) The name of several plants of different genera, sometimes used in medicine. ઔષધિ-દવા તરીકે કોઇ કોઇ વાર વપરાતી અમુક વનસ્પતિ. [L. *paries*.]

Pellmell, *adv.* (પેલ્મે'લ્) With confused violence; in utter confusion. સેળભેળ; ભેળસેળ; અભડગભડ; ખીચડા જેવું; ભીડંભીડા થઇ જઇને, કરી નાંખીને. [Fr. *pele-mele*.]

Pellucid, *a.* (પિલ્'સિડ્) Transparent; perfectly clear. પારદર્શક; સ્વચ્છ; નિર્મળ. [L. *per*, through; *lucidus* from *lux*, light.]

Pelt, *n.* (પેલ્ટ્) A raw hide; the skin of a beast with hair on it. કમાવ્યા વગરનું ચામડું; ખોળ; ખાલ. [Gr. *pella*, a hide.]

Pelt, *vt.* (પેલ્ટ્) To strike with something thrown. સામું ફેંકવું; ને છૂટો માર મારવો; ફેંકીને છૂટું મારવું. *n.* A stroke; a knock; a blow. છૂટો માર; હાથછૂટો માર; છૂટો ઘા; મુક્તપ્રહાર. [Fr. *pelote*, a ball; a pellet.]

Peltry, *n.* (પે'લ્ટ્રી) The skin with the fur. 2. Furs in general. ઉનવાળું ચામડું; રૂવાંવાળું ચામડું; રૂવાં.

Pelvis, *n.* (પે'લ્વિસ્) The large bony cavity at the bottom of the belly. બસ્તિ પ્રદેશ; બસ્તિ; મૂત્રેન્દ્રિય તથા પ્રજનનેન્દ્રિયની સ્થિતિ જ્યાં હોય છે તે શરીરપ્રાંત, જગ્યા.

Pen, *n.* (પેન્) A feather used as an instrument for writing; an instrument for writing, made of any metal. કલમ; લેખણ; લેખિની. 2, A writer. લેખક. 3. Style. લખવાની શૈલી, પદ્ધતિ. *vt.* To commit to paper; to write. લખવું; નવું રચીને લખવું. [L. *penna*.]

Pen, *vt.* (પેન્) To shut up; to confine in a narrow place. ડબામાં પૂરવું; ડબામાં પૂરી દેવું. *n.* A small inclosure. વાડો; ડબો.

Penal, *a.* (પી'નલ્) Inflicting or incurring punishment; subject to a penalty; relating to pain or punishment. દંડ્ય; દંડનીય; શિક્ષાપાત્ર; શિક્ષા, દંડસંબંધી. Penal code.=ફોજદારી કાયદો; દંડનીતિ. P. sufferings.=સજાને પરિણામે ભોગવેલાં દુઃખ.

Penalty, *n.* (પે'નલ્ટી) A fine; pain or punishment. દંડ; સજા; શિક્ષા; શાસન.

Penance, *n.* (પે'નન્સ્) Suffering or pain to which a person voluntarily subjects himself, or which is imposed upon him as an expression of penitence. તપ; તપશ્ચર્યા; પ્રાયશ્ચિત્ત.

Pence, *n.* (પેન્સ્) The plural of penny. એક આનાની કિમતના વિલાયતી પેની સિક્કાનું બહુવચન.

Pencil, *n.* (પે'ન્સિલ્) A small hair brush used by painters; an instrument consisting of black lead or red chalk used for writing and drawiug purposes; any kind of instrument without ink used for writing. પીછી; કલમ; સીસાપેન; પેન્સિલ. 2. An aggregate of rays of light to, or from, the same point. એક કેન્દ્ર-એક બિન્દુ તરફ વળતો જતો, પાસે આવતો જતો, અથવા એક બિન્દુમાંથી નીકળતો કીર્ણ-સમૂહ. [L. *penis*, a tail, from *pendeo*, I hang.] *vt.* ચિતરવું; પેન્સીલથી લખવું.

Pendant, *n.* (પે'ન્ડન્ટ્) Something which hangs; anything hanging, as by way of ornament. આભૂષણ તરીકે ઝુલતી વસ્તુ; લટકતી ચીજ. 2. An ear-ring. કાનફુલ; કર્ણફુલ; કુંડળ; એરીંગ. 3. An ornament of a chandelier. હીરો; લોલક; ઝુમર, ઝુંમરનો શૃંગાર. 4. A long narrow piece of bunting or a small flag of vessels of war. લડાઈના વહાણની પતાકા. [L. *pendeo*, I hang or hang down.]

Pendency, *n.* (પે'ન્ડન્સી) The state of being undecided; suspense. ઉચાટ; મન ડચુપચુ રહે તેવી અવસ્થા; ઉચ્ચાટ; અનિશ્ચય; ઉધરાવો; સંદિગ્ધાવસ્થા; સંદેહ.

Pendent, *a.* (પે'ન્ડન્ટ્) Pendulous; jutting over; hanging. લટકતું; ઝુલતું; બહાર નીકળતું; ઝઝૂમતું; ઝૂમતું.

Pendulous, *a.* (પે'ન્ડ્યુલસ્) Swinging; hanging. ઝુલતું; લંબમાન.

Pending, *prep.* (પે'ન્ડિંગ્) During. ના દરમીઆન;થાય ત્યાં સુધી.-*a.* Remaining undecided; hanging in suspense. ચાલતું; સંદિગ્ધાવસ્થામાં રહેતું; કંઇપણ નિશ્ચયાત્મક પરિણામ વિનાનું; લટકતું.

Pendulum, *n.* (પે'ન્ડ્યુલમ્) The swinging instrument in a clock regulating its motion. ઘડીયાળનું લોલક.

Penetrability, *n.* (પેનીટ્રૅબિ'લિટી) The state of being passed through or entered into by another body. ભેદ્યતા; પ્રવેશ્યતા.

Penetrable, *a.* (પે'નીટ્રબલ્) That may be penetrated; capable of being pierced. ભેદ્ય; પેસાય-ઉતરાય એવું; પ્રવેશ્ય.

Penetrate, *vt.* (પે'નીટ્રેટ્) To pierce or enter; to enter. માં પેસવું; પ્રવેશ કરવો. 2. To affect (the heart.) સચોટ અસર કરવી; અંતઃકરણ ભેદી નાંખવું-ની ઉપર અસર કરવી; મન પીગળાવવું. 3. To understand. મર્મ સમજવો; ઉંડું ઉતરવું. *vi.* To make way intellectually. અંદર પેસવું; સમજણ પડવી. [L. *penetro.*]

Penetration, *n.* (પેનીટ્રે'શન્) Act of penetrating;mental entrance;discrimination; discernment. પ્રવેશ; ભેદ; તીવ્રતા; ઝીણી બુદ્ધિ; કુશાગ્ર બુદ્ધિ; તીક્ષ્ણ બુદ્ધિ; ઉંડા ઉતરવાની શક્તિ.

Penetrating, *a.* (પે'નીટ્રેટિંગ્) Sharp; acute. તીક્ષ્ણ; ભેદક; ભેદી શકે તેવું. 2. Quick to understand. તીવ્રબુદ્ધિવાળું.-*ppr.* **Piercing** understanding. ભેદક; સમજે તેવું; બુદ્ધિવાળું.

Peninsula, *n.* (પેનિ'ન્સ્યુલૅ) A portion of land connected with a continent by an isthmus; a piece of land almost surrounded by water. દ્વીપકલ્પ. [L. *paene*, almost, *insula*, an island.]

Penisular, *a.* (પેનિ'ન્સ્યુલર) Pertaining to a peninsula. દ્વીપકલ્પ સંબંધી. 2. In the form of a peninsula. દ્વીપકલ્પના આકારનું 3. Inhabiting a peninsula. દ્વીપકલ્પમાં રહેનારૂં. નું.

Penitence, *n.* (પે'નિટન્સ્) Remorse; repentance. પ્રાયશ્ચિત્ત પશ્ચાત્તાપ; અનુતાપ; પરિતાપ; પસ્તાવો; પાપકર્મનો શોક. [L. *paeniteo*, I repent]

Penitent, *a.* (પે'નિટન્ટ્) Repentant. અનુતાપ કરે તેવું;પશ્ચાત્તાપ કરતું.-*n.* અનુતાપી,પશ્ચાત્તાપ કરનાર.

Pentential, *a* (પેનિટે'ન્શલ્) Relating to penitence or proceeding from repentance. પશ્ચાત્તાપનું; પશ્ચાત્તાપથી થએલું.

Penitentiary, *a.* (પેનિટે'ન્શરી) Relating to penance; expressive of penitence. પશ્ચાત્તાપ સંબંધી; પરિતાપ, અનુતાપ, પસ્તાવા સંબંધી; પ્રાયશ્ચિત્તને લગતું; પસ્તાવાનું; અનુતાપ દર્શક.-*n.* A house of correction in which offenders are imprisoned for punishment. કેદખાનું; શાસનગૃહ; કારાગૃહ. 2. A state prison. બંધીખાનું; જેલ. 3. A place for penance. તપશ્ચર્યાસ્થાન; તપ કરવા માટેની જગ્યા. 4. An office at the court of Rome to examine the cases of conscience, confession etc. પાપકર્મની કબુલાત લેવાનો એક ઓરડો. [ચાકુ.

Pen-knife, *n.* (પે'નાઇફ્)A small knife. ચપ્પુ;

Penman, *n.* (પે'ન્મન્) One who writes a good hand. લ્હૈયો; લેખક. 2. An author. ગ્રંથકર્તા. 3. One who teaches the art of writing. લેખનકળાનો શિક્ષક; લખવાની કળાનું જ્ઞાન આપનાર. [*pl. penmen.*]

Penmanship, *n.* (પે'ન્મન્શિપ્) The art of writing with pen; manner of writing. લ્હૈયાપણું; લખવાની કળા; લખવાની પદ્ધતિ, રીત, રીતિ. 2. The use of the pen in writing; મુત્સદ્દીપણું; કલમ.

Pen-driver, *n.* A clerk. કારકુન.

Pen-name, *n.* English equivalent of French word **nom de plume**. તખલ્લુસ; ઉપનામ. 2 A name assumed by a writer. લેખકે ધારણ કરેલું નામ.

Pen-and-ink, *a.* (પે'નૅન્ડઇન્ક્) Done with a pen and ink as a sketch or a drawing;literary. શાહી અને કલમથી આલેખાયલું, ચિતરેલું, કરેલું; શાઇ, રૂશનાઇથી આલેખેલું; વિદ્યાવિષયક,-સંબંધી; અક્ષરવિદ્યાનું.

Pennant or **Pennon**, *n.* (પે'નન્ટ્) A small flag; a flag much longer than it is wide. ધ્વજ; વાવટો; પતાકા; ધ્વજ.

Pennate, *a.* (પે'નેટ્) Feathered; winged. પાંખવાળું; સપક્ષ. [L. *pennatus* from *penna*, a feather, wing.]

Penniless, *a.* (પે'નિલિસ્) Without a penny; very poor; destitute of money; moneyless. કંગાલ; નિર્ધન; ગરીબ; પાસે કોડી નહિ હોય તેવું, રાતી પાઇ નહિ હોય તેવું.

Penny, *n.* (પે'ની) An English coin; a bronze coin (value of $\frac{1}{12}$ of a shilling) of which there are twelve in the shilling. એક આનાની કિંમતનો એક વિલાયતી સિક્કો; પેની. 2. An insignificant coin; a small sum. કોડી; દમડી; દોકડો; પાઇ; દામ; બદામ. 3. Money in general. પૈસો.-*n.* **Penny-a-liner**, Any poor writer for hire; any poor news-writer available for poor remuneration.

થોડા પૈસા, મહેનતાણું લઇને લખી દેનાર ગરીબ લેખક; અલ્પ પારિતોષિકથી સંતુષ્ટ રહેનાર લેખક; વૈતરૂં કરનાર. (*pl.* **Pennies,** for number of coins; **Pence,** for amount in value.) [A. S. *pening.*] **Penny-dreadful.** *n.* દુષ્ટ ભાવના ઉત્પન્ન કરનાર માસિક, સમાચારપત્ર. **Penny-wedding.** *n.* જે લગ્નમાં જમણ વગેરેનો ખર્ચ ઉઠાવવા મ્હેમાનો ફાળો આપે તે લગ્ન. **To cost a pretty penny.** બહુ ખર્ચાળ હોવું **To turn an honest penny.** પ્રમાણિકમણે પૈસા મેળવવા; પરસેવાના ટીપાથી, પરસેવો પાડી પૈસો મેળવવો; કરવો.

Penny-weight, *n.* (પે'નિવે,'ટ્) A troy weight equal to the twentieth part of an ounce or twenty-four grains. પેનિવેટ નામનું એક અંગ્રેજી તોલ.

Penny-wise, *a.* (પે'નિવાઈઝ્) Saving in small matters. કોડી માટે લોભ કરે તેવું.–Penny-wise and pound foolish=કોડી દમડી માટે રૂપિયાની ખોટ ખમે તેવું; ખાળે ડુચા અને બારણાં ઉઘાડાં, દરવાજા ખુલ્લા તેવું.

Pensee, *n.* (પાન્સે'યૂ) A reflection; an aphorism. વિચાર, સૂત્ર; વચન.

Penseroso, *a.* (પેન્સરો,'સો) Thoughtful; melancholy. વિચારશીલ; ગંભીર; ગમગીની ભરેલું.

Pensile, *a.* (પે'ન્સાઇલ્) Hanging loosely. લટકતું; લબડતું; ઝુલતું. [L. *pendeo,* I hang.]

Pension, *n.* (પે'ન્શન્) A periodical payment in consideration of past services. પેન્શન; બેઠો પગાર; પરવરશી; આસામી. *vt.* To grant a pension to. પેન્શન, બેઠો પગાર આપવો. –*n.* (Fr.) (પાંસિઓં) A boarding house or school.

Pensionary, Pensioner, *n.* (પે'ન્શનરી,-નર્) One receiving a pension. બેઠોપગાર, પેન્શન, પરવશી ખાનાર; આસામદાર; નીમણૂકદાર. 2. A student at Cambridge paying all his own expenses. પોતાનો તમામ ખર્ચ આપનાર વિદ્યાર્થી. [L. *pendo,* weigh, pay.]

Pensive, *a.* (પે'ન્સિવ્)Seriously thoughtful. ઉંડા વિચારમાં પડી, બુડી ગયેલું, રહેલું; ચિંતાતુર, ગ્રસ્ત; ઉદાસ. 2. Expressing or producing serious thoughtfulness.વિચાર,ચિંતા કરાવે એવું;ચિંતામય્યું. [L. *penso,* I weigh.]

Pensiveness, *n.* (પે'ન્સિવ્-નિસ્) The state of being pensive.વિચારમગ્નતા;ઉદાસીનતા; ગમગીની.

Pentachord, *n.* (પે'ન્ટકૉર્ડ્) An ancient instrument of music with five strings. પાંચતારો તંબુરો. [Gr. *pente,* five; *chorde,* a string.]

Pentagon, *n.* (પે'ન્ટગૉન્) A geometrical figure having five sides and angles. પંચકોણ; પંચાસ્ત્ર [Gr. *pente, gonia,* an angle.]

Pantagonal, *a.* (પે'ન્ટૅગનલ્) Like a pentagon; relating to a pentag n. પંચકોણા-કૃતિવાળું; પાંચ ખુણા અથવા બાજુવાળું; પંચકોણને લગતું.

Pentameter, *n.* (પેન્ટૅ'મિટર્) A line of verse, consisting of five metrical feet. પંચગણની કવિતાની લીટી; પંચગણવાળી કવિતા.

Pentateuch, *n.* (પે'ન્ટટ્યુક્) The first five books of the Old Testament. જુનો કરાર; બાઇબલના પહેલાં પાંચ પ્રકરણો, સ્કંધો. [Gr. *pente, teukhos,* a book.]–*a.* Pentateuchal.

Pentecost, *n.* (પે'ન્ટૅકૉસ્ટ) A festival of the Jews; Whitsuntide, fifty days after pass-over. યાહુદીઓનો એક તહેવાર; પાસ્ઓવર નામના તહેવાર પછીના પચાસમા દિવસનો તહેવાર.

Penthouse, *n.* (પે'ન્ટ્હાઉસ્) A shade with a roof sloping from the main wall or building. ઘર આગળની પડાળી; ઓશરી; રવેશી. 2. A shelter over a door. પજારી; શાહેબાન; વાછંટીયું.

Pentroof, *n.* (પે'ન્ટરૂફ્) A roof having one slope. એક ઢાળીયું, એક પડાળનું છાપરૂં.

Penult,*n.*(પે-પી'-ન'લ્ટ્)The last syllable but one in a word. ઉપાંત્યાક્ષર.

Penultimate, *a.* (પિન'લ્ટિમે,ટ્) The last but one. ઉપાન્ત્ય;છેલ્લાની પહેલાંનું–*n.*ઉપાન્ત્યાક્ષર.

Penumbra, *n.*(પિન'મ્બ્રે)A partial shadow. ઝાંખો ઓળો; અપૂર્ણ છાયા. 2. In painting, the blending of light and shade. અલ્પાભાસ; ચિત્રનો ઝાંખો અને ઝગઝગતો ભાગ ભેળો થાય છે તે છાયા. [L. *pene,* almost, *umbra,* shade.]

Penurious. *a.* (પિન્યૂ'રિઅસ્) Poor;miserly. કંગાલ; દરિદ્રી; ગરીબ; મખ્ખીચૂસ; કૃપણ.

Penury, *n.* (પે'ન્યુરિ) Poverty; want. દરિદ્રતા; નિર્ધનતા; કંગાલીયત.

Peon, *n.* (પી'અન્) (In India) A native policeman or constable; an attendant. સિપાઇ; પટાવાળો; ચપરાશી. 2. A day-labourer; a kind of serf (in Spanish America). મજુર; ગુલામ [L. *pes, pedis,* the foot.]

People, *n.*(પી'પલ્)Masses, as distinguished from persons of authority and rank; a community; those connected with a person as relatives, attendants and others; men in general; the nation or race. અમીરવર્ગ તથા ધર્માધિકારી સિવાયનો સાધારણ લોકવર્ગ; પ્રજાવર્ગ; લોક; જ્ઞાતિ; જાતિ; મંડળ; અનુયાયી તથા

સંબંધી (વ્યક્તિ સાથે સંબંધ ધરાવનારા.) [L. *populus*, people.] *vt.* To populate. વસાવવું; ને વસ્તું કરવું; માં વસવું.

Pepper, *n.* (પે'પર્) A plant and its aromatic pungent seed. પીપરનો છોડ; મરી. [L. *piper.*]

Peppermint, *n.* (પે'પર્-મિન્ટ્) A kind of plant; an aromatic herb. મરી ફુદનો. 2. Its oil used in medicine. મરી ફુદનાનો અરક.

Peppery, *a.* (પે'પરી) Relating to pepper; like pepper; having the qualities of pepper. મરી, પીપર સંબંધી; ના જેવું; ના ગુણવાળું. 2. Pungent. તીખું; તીખું તમતમું. 3. Irritable. તીખું; સ્હેજમાં ચીડાઇ જાય તેવું; તિરસ્કારખાં; થોડા થોડામાં મરચાં લાગે એવું.

Peptic, *a.* (પે'પ્ટિક્) Digestive; relating to digestion; promoting digestion. પાચક; પાચનસંબંધી; પાચનક્રિયા ઉત્તેજક.—*n.* A medicine promoting digestion. પાચનઉત્તેજક ઓષધી, દવા. [Gr. *peptikos*, *pepto*, I cook, I digest.]

Peptics, *n.* The doctrine of digestion. પાચનસિદ્ધાંત, મત, ઉપદેશ. As a plural, the digestive organs. પાચનેંદ્રિય.

Per, *prep.* L. (પર્) A Latin preposition denoting the sense of by, for, through. *e. g.* Per annum, P. centum etc. દર વરસે; પ્રતિવર્ષે. દર સેંકડે. P. Man; p. mensem. માથા દીઠ; માણસ દીઠ. દર માહિને; દર માસે; પ્રતિ માસે. P. bearer. માણસ સાથે, જોડે.

Peradventure, *adv.* (પર-ઍડ-વે'ન્ચર્) By chance; per chance; it may be; if by chance; perhaps. કદાચિત્; કદાચ; દૈવયોગે, જોગે; એમ બને કે; કદાપિ; ભોગજોગે; ન કરે નારાયણ અને, ને; નશીબજોગે. *n.* Doubt; question; possibility of question or mistake. શક; સંદેહ; સવાલ, ભૂલની શકયતા.

Perambulate, *vt.* (પરૅ'મ્બ્યુલે,ટ) To walk through or over; to go about. ફરી વળવું; પ્રદક્ષિણા કરવી; પરિક્રમણ ક૦. 2. To pass through; to survey. તપાસણી સારૂ ફરવું; સીમાડો, હદ નક્કી કરવા ફરવું, [L. *per*, through, *ambulo*, I walk or go.]

Perambulation, *n.* (પરૅમ્બ્યુલે,'શન્) The act of perambulating. પરિક્રમણ; ભ્રમણ. An annual survey of boundaries. હદની માપણી; આંકણી.

Perambulator, *n.* (પરૅ'મ્બ્યુલે,ટર્) One who walks about. માપણી કરનાર. A surveyors' instrument for measuring distances. રસ્તો માપવાનું યંત્ર. A small child's carriage. બાળકોની ફેરવણ ગાડી.

Perceive, *vt.* (પર્સી'વ્) To obtain knowledge of through the senses; to understand. ને જણાવું; માલમ પડવું. To observe. દેખવું; જોવું. To take intellectual cognizance of. સમજવું; ના ધ્યાન, લક્ષમાં આવવું, ઉતરવું; ને ભાન ભાસ થવો. [L. *per*; *capio*, I take.]

Percept, *n.* (પ'ર્સેપ્ટ્) That which is perceived. જ્ઞાન; જ્ઞાનવિષય.

Perceivable, Perceptible, *a.* (પર્સી'વબલ્, પર્સે'પ્ટિબલ્) જણાઇ જાય, માલમ પડે એવું. ઇંદ્રિયગમ્ય; ગોચર; સમજાય; મનમાં ઉતરે એવું; ભાસમાન.

Perceptibility, *n.* (પર્સેપ્ટિબિ'લિટી) જણાય એવું હોવાનો ગુણ, સ્વભાવ; ઇંદ્રિયગમ્યતા; દશ્યતા.

Perception, *n.* (પર્સે'પ્શન્) Knowledge. જાણવું, દેખાવું તે; દર્શન; સમજવું તે; સમજણ; સમજશક્તિ.

Percipient, *a.* (પર્સિ'પિઅન્ટ્) સમજવાની શક્તિવાળું.

Percentage, *n.* (પર્સે'ન્ટિજ્) A certain rate per cent. સેંકડે કેટલું તે: સેંકડા ઉપરનું લવાજમ, દલાલી. દસ્તુરી; સેંકડે સરાસરી.

Perch, *vi.* (પર્ચ્) To sit on a perch, to roost. (પક્ષીએ કોઇ પદાર્થ ઉપર આવીને) બેસવું; વાસો ક૦. *n.* A roosting-stick. સાત પાંચ વારનો દંડ. A roost. પક્ષીઓને ઉડતાં આવીને બેસવાનો ફાંચેલો વાંસ; આડવાંસ; વાસયષ્ટિ.

Perch, *n.* (પર્ચ્) A fresh water fish. મીઠા જળની માછલી; માછલી.

Perchance, *adv.* (પર્ચૅ'ન્સ્) By chance. દૈવયોગે; કદાચિત.

Percolate, *vt.* (પ'ર્કોલે,ટ્) To filter. ગાળવું; છણવું. *vi.* To pass through in small drops. ગળવું; ઝરવું; દડદડવું. [L. *per*; *colo*, I strain].

Percolation, *n.* (પર્કોલે'શન્) The act of percolating. ગાળવું; છણવું તે; ગાલણ. Filtration, straining.

Percussion, *n.* (પર્ક'શન્) Collision; the forcible striking together of two bodies. સામસામા અથડાવું તે: ટક્કર; આઘાત. Vibratory shock. ટક્કરથી લાગેલો આચકો; ઝોકો. (Med.) (રોગ પરીક્ષા સારૂ) છાતી, પેટ, પેડુ, ઠોકી જોવું, ઉપર ટકોરા મારી જોવા તે. **P. cap.** (બંદુકની) ટોટી. **P. lock.** ટોટીની ચાંપ. **P. powder.** જરા ઠોકવાથી સળગી ઉઠે એવો ભૂકો; ટોટીનો દારૂ. [L. *quatio*, I shake.]

Perdition, *n.* (પરડિ'શન્) Utter ruin; destruction; devastation. નાશ; સત્યાનાશ; અસદ્ગતિ. [L. *per*; *do*, I give.]

Perdu,-due, *n.* (પર્ડ્યૂ) One placed on watch or in ambush. ચોકી પરનો, છાનો માનો ભરાઈ બેઠેલો માણસ Abandoned. વહી ગએલું: કલેજું ઝાડ, છાપરા પર મૂકીને ફરનારૂં. *adv.* વહી જઇને; સંતાઇને.

Peregrinate, *vi.* (પેરીગ્રિને,ટ્) To travel. દેશેદેશ ફરતા ફરવું; મુસાફરી કરવી. [L *peri*, abroad; *ager*, land.]

Peregrination, *n.* (પેરીગ્રિને,'શન્) A travelling from one place to another. મુસાફરી.

Peremptory, *a.* (પે'રિમ્ટરી) Positive in opinion or judgment; decisive; absolute; express. સામા બોલાય નહિં એવું: માનવુંજ પડે એવું; રૉફદાર; જરૂરી; ભરેલું; જહાંગીરી (હુમક) સ્પષ્ટ ચોખ્ખે ચોખ્ખી વાત કરનારૂં [L. *per*; *emo*, I buy over.]

Peremptorily, *adv.* (પે'રીમ્ટરિલી) Promptly; all of a sudden. સત્વરે; તાબ:તોબ; તાકીદથી; જલ્દીથી.

Perennial, *a.* (પરે'ન્યલ્) Perpetual. નિરંતર; હમેશનું. 2. Lasting for the whole year. આખું વર્ષ રહોંચે તેવું. [L. *per*; *annus*, a year].

Perennially, *adv.* (પરે'ન્યલી) Continuing; without ceasing. નિરંતર; સદૈવ.

Perfect, *a.* (પ'ર્ફેક્ટ) Complete; not defective. સંપૂર્ણ; ખોડ ખાંપણ વિનાનું, રહિત. 2. Complete in moral excellence. સંપૂર્ણ; સર્વગુણોપેત. **P. tense** = ભૂતકાળ. *vt.* To accomplish; to consummate. સંપૂર્ણ, ખોડખાંપણ વિનાનું કરવું.

Perfection, *n.* (પર્ફે'કશન્) Bringing to perfection. પરિપૂર્ણતા; સંપૂર્ણતા.

Perfectibility, *n* (પર્ફેક્ટિબિ'લિટી) The state or quality of being perfect. સંપૂર્ણતા.

Perfective, *a.* (પર્ફે'ક્ટિવ્) Concluding to bring to perfection. જેનાથી સંપૂર્ણતા મેળવાય એવું.

Perfectly, *adv.* (પ'ર્ફેક્ટ્લી) Completely; in a perfect manner. સંપૂર્ણ રીતે.

Perfectness, *n.* (પ'ર્ફેક્ટ્નિસ્) Completeness; the state or quality of being perfect. સંપૂર્ણતા.

Perfidy, *n.* (પ'ર્ફિડી) Treachery; faithlessness. બેવફાઇ; નિમકહરામતા; બેઇમાની. [L. *perfidia*, faith.]

Perfidious, *a* (પર્ફિ'ડિઅસ્) Faithless; treacherous. કપટી; દગલબાજ; નિમકહરામી.

Perforate, *vt* (પ'ર્ફોરે,ટ્) To make hole or holes by piercing with an instrument. કાણું, બાકું, વિંધ પાડવું; બ્હે પાડવો. **To P. the ears** = કાન વિંધવા. [L. *per*, through & *foro*, I pierce.]

Perforation, *n.* (પર્ફોરે,'શન્) The act of perforating; a hole. કાણું પાડવું તે; કાણું; છિદ્ર; બ્હે; બાકું.

Perforator, *n.* (પ'ર્ફોરે,ટર) One who perforates. કાણું પાડનાર; વિંધનાર.

Perforce, *adv* (પર્ફો'ર્સ) Forcibly. બળાત્કારથી: જોરજુલમથી.

Perform, *vt.* (પર્ફૉ'ર્મ) To execute; to accomplish; to do. કરવું; સાધવું; પાર પાડવું. 2. To discharge a promise, duty or anything else. પાળવું; બજાવવું; અમલ કરવો. **To P. a vow** = માનતા, સોગન. વ્રત પુરૂં કરવું. **To P. on a musical instrument** = નાચવું; નૃત્ય કરવું; ગાવું. [L. *performo*, I form.]

Performance, *n.* (પર્ફૉ'ર્મન્સ્) The act of performing; an action. કાર્ય; કૃતિ; બજાવવું; વગાડવું તે.

Perfomer, *n.* (પર્ફૉ'ર્મર્) One who accomplishes. નટ; નૃત્ય કરનાર; વગાડનાર.

Perfume, *n.* (પ'ર્ફ્યુમ્) Fragrance; incense. સુગંધ; ખુશબો. *a.* ખુશબોદાર; સુગંધીદાર.

Perfumer, *n.* (પ'ર્ફ્યુમર) One who sells fragrant oils, otters etc. સરૈયો; અત્તર કે સુગંધી તેલ વગેરે વેચનાર.

Perfumery, *n.* (પર્ફ્યૂ'મરી) The art of preparing perfumes; perfumes in general. ખુશબોદાર ચીજો બનાવવાનો ધંધો; ખુશબોદાર; સુગંધીદાર પદાર્થો.

Perfunctorily, *adv.* (પર્ફ'ન્ક્ટરિલી) Negligently. દરકાર વગર; બેફિકરાઈથી; વેઠીયાવેઠ.

Perfunctory, *a.* (પર્ફ'ન્ક્ટરી) Careless; negligent. દરકાર વગરનું; બેફિકરવાળું: નિશ્ચિંત.

Perhaps, *adv.* (પરહૅ'પ્સ્) Possibly; fortunately. વખતે; કદાચ. 2. It may be. એમ બને પણ ખરૂં.

Peri, *a.* (પે'રી) આસપાસથી; ઉપર.

Pericardium, *n.* (પેરિકા'ર્ડિઅમ્) The double fold of membrane inclosing the heart. રક્તાશયની આગળ પાછળ વિંટલાએલી પાતળી ચામડી; રક્તાશયાવરણ. [Gr. *peri*, around; *kardia* the heart.] *a.* **Pericardiac**.

Peri-carp, *n.* (પે'રિ કાર્પ) The seed vessel (of a plant). બીજાશય; દાંડી. [Gr, *karpos*, fruit.]

Perigee *n.* (પે'રિજી) That point in the moon's orbit nearest to the earth. ચંદ્રની કક્ષાનો પૃથ્વીની પાસેમાં પાસેનો ભાગ; નીચસ્થાન. [Gr. *peri*; *ge* the earth.]

Perihelion, *n.* (પેરિહી'લ્યન્) *pl.* Perihelia. That point on the orbit of a planet or comet nearest to the sun. ગ્રહ કે કેતુની કક્ષાનો

સૂર્યની પાસેમાં પાસેનો ભાગ. [Gr. *peri*; *helios*, the sun.]

Peril, *n.* (પે'રિલ્) Risk; danger. જોખમ; ભય. *vi.* To be in danger. જોખમ; ભયમાં પડવું. [L. *perilus*, practised.]

Perilous, *a.* (પે'રિલસ્) Dangerous જોખમ, હાનિકારક; ભયકારક.

Perimeter, *n.* (પેરિ'મીટર્) The measure round anything; the sum of all the sides of a figure. આકૃતિ મર્યાદા; પરિમાણ; સીમાસૂત્ર: ઘેર. An instrument for determining the extent and shape of the field of vision. દૃષ્ટિક્ષેત્રનો વિસ્તાર તથા આકાર નિર્ણય કરવાનું યંત્ર. [Gr. *peri*, *metron*, measure.]

Period, *n.* (પી'રિઅડ્) A division of time; term; length of duration. કાળ; વખત; મુદ્દત; અવધિ;સમય.An end.છેવટ;અંત. The full point. પૂર્ણવિરામ. The time of exacerbation and remission of a disease. રોગની અવધિ. A complete musical sentence. ગાયનનું વાક્ય; ચરણ; ટેક. [Gr. *peri*; *hodos*; a way.]

Periodic-al, *a.* (પીરિઑ'ડિક્-કલ્) Happening at regular intervals of time. પરિવર્તનાત્મક; અમુક અંતરે થતું આવતું; તાલબદ્ધ; સામયિક. 2. Pertaining to time. કાળને લગતું, નું –*n.* **Periodicity**.

Peripatetic, *a.* (પેરિપૅટે'ટિક્) Wandering from one one place to another. ભ્રમણ કરતું; ફરતું. 2. Of the school of Aristotle who walked while he taught. ભ્રમણ કરતું, ફરતું; અસ્થાયી; એરીસ્ટોટલના મતનું. *n.* ભટકનાર; એરિસ્ટોટલનો અનુયાયી. [Gk. *pateo*, I tread.]

Periphery, *n.* (પેરિ'ફરી) The surface of a body. પરિધ; ઘેરાવ; ચકાવ. [Gk. *peri*, & *pateo*, I walk.]

Peripheral, *a.* (પેરિ'ફરલ્) Pertaining to periphery. પરિધ, ઘેરાવ, સીમા સંબંધી.

Periphrase,-sis, *n.* (પે'રિફ્રે,-ઝ્-રિ'ફ્રસિસ્) The use of many words to say little. થોડા શબ્દને બદલે ઘણા શબ્દ બોલવા તે;લંબોક્તિ; બહૂક્તિ.

Perish, *vi.* (પે'રિશ્) To breathe last; to die; to be lost. નાશ પામવું, થવું; મરી જવું.–*a.* **Perishable**, નાશવંત; ક્ષણભંગુર; ઘડીમાં ઉડી જાય તેવું.

Perispheric, *a.* (પેરિ'સ્ફેરિક્) Circular; globular. ગોળાકારવાળું; ગોળ.

Periwig, *n.* (પે'રિવિગ્) A cap made up of hair. વાળ, નિમાળાની ટોપી.

Periwinkle, *n.* (પે'રિવિન્કલ્) Any small marine gastropod shell of the genus Littorina. ખાંગડીઓ ગોકળગાય, ખાંગડાઘાટી છીપમાં રહેનારૂં એક જીવડું.

Perjure, *vt.* (પ'ર્જર્) To swear contrary to the truth; to swear and break one's oath; to forswear. જુઠા સોગન-કસમ ખાવા, ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો કo, પ્રતિજ્ઞાભંગ કરવો.

Perjured, *a.* (પ'ર્જર્ડ્) Guilty of perjury.

Perjury, *n.* (પ'ર્જરી) False swearing. જુઠા સોગન-ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો. [L. *per*; *juro*, I swear.]

Perk, *vi.* (પર્ક્) To make smart or trim, to erect. ઠીકઠાક કo; સીધું ઉભું કo. To exalt one's self. માનગુમાનમાં જવું, તોરમાં રહેવું, નખરાં કo; અક્કડ રહેવું.

Permanent, *a.* (પ'ર્મનન્ટ્) Lasting; firmly fixed; durable; fixed; stable. બહાલ જાયુનું; સ્થાવર; સ્થાયી; કાયમ. [L. *per*; *maneo*, I stay.]

Permanence-cy, *n.* (પ'ર્મનન્સ્-ન્સી) The quality or state of being permanent કાયમપણું; સ્થાવરતા.

Permeable, *a.* (પ'ર્મીઅબલ્) Yielding passage; passable. જેમાં આરપાર ઉતરાય એવું; વ્યાપ્ય; ભેદ્ય.

Permeate, *vt.* (પ'ર્મીએ,ટ્) To pass through the pores. આરપાર ઉતરી જવું, પ્રસરી જવું, વ્યાપવું. [L. *per*; *meo*, I go.]

Permeation, *n.* (પર્મીએ,'શન્) The act of permeating વ્યાપ્તિ, પ્રવેશ, ભેદન.

Permit, *vt.* (પર્મિ'ટ્) To allow; to give leave to let pass. પરવાનગી આપવી. To grant leave.રજા આપવી.*n.*(પ'-)Leave;permission. રજા, જકાતી માલ લઈ જવાનો પરવાનો-રજાચિઠ્ઠી. [L. *per*; *mitto*, I send.]

Permiscible, *a.* (પર્મિ'સિબલ્) Capable of being mixed. ભેળાઇ-મળી જાય એવું. [L. *per*; *misco*, I mix.]

Permissible, *a.* (પર્મિ'સિબલ્) Allowable; that may be permitted. રજા, છુટ આપી શકાય એવું; પરવાનગી જોગ.

Permission, *n.* (પર્મિ'શન્) Formal consent, leave; licence. પરવાનગી; રજા; છુટ.

Permissive, *a.* (પર્મિ'સિવ્) Permitting; giving permission; grating leave. રજા, છુટ, આપવાનું, આપતું.

Permutation,*n.* (પર્મ્યુટે'શન્) Interchange. અદલાબદલી; સાટું; અંતર્વિન્યાસ. [L. *per*; *muto*, I change.

Permute, *vt.* (પર્મ્યૂ'ટ્) To interchange; to exchange. અદલો, સાટું કo.

Permuter, *n.* (પરમ્યૂ'ટર્) One that exchanges. અદલબદલ કરનારો; ફેરફાર કરનારો.

Pernicious, *a.* (પનિ'શસ્) Very mischievous; destructive; tending to injure or destroy; noxious. ખરાબ, ખરાબખસ્તે કરનારૂં; ઉખડી જવાય એવું; હાનિકારક. [L. *per*; *neco*, I kill.]

Perniciousness, *n.* (પરનિ'શસ્નિસ્) The state or quality of being injurious or mischievous. હાનિ, નુકશાનકારકતા.

Peroration, *n.* (પેરોરે,'શન્) ભાષણોપસંહાર; છેવટનું ભાષણ. [L. *per*; *oro*, I speak.]

Perpendicular, *a.* (પર્પેન્ડિ'ક્યુલર્) Exactly upright or vertical. ઉભું; ટટાર; પાધરૂંદોર; સીધું. (Geom.) જેથી કાટખુણા થાય એવું; લંબ; સમકોણ પાટી. *n* પાધરીદોર લીટી, લંબરેખા. [L. *per*; *pendeo*, I hang.]

Perpendicularity, *n.* (પર્પેન્ડિક્યુલૅ'રિટી) The quality of being perpendicular. લંબતા; સિદ્ધઈ; ઉભાઈ.

Perpendicularly, *adv.* (પર્પેન્ડિ'ક્યુલર્લી) In a perpendicular manner. સિદ્ધિ રીતે; ઉભી રીતે; લંબપણે

Perpetrate, *vt.* (પ'ર્પીટ્રે,ટ્) To commit; to do or perform. (ઘોર) કર્મ ક૦. [L. *per*; *petro*, I execute.]

Perpetration, *n.* (પર્પીટ્રે,'શન્) The act of perpetrating, an evil action or crime. ઘોર કર્મ કરવું તે; ઘોર, દુષ્ટ કર્મ.

Perpetrator, *n.* (પ'ર્પીટ્રે,ટર્) One who commits evil actions. ઘોર કર્મ કરનાર; દુષ્ટ, પુરૂષ.

Perpetual, *a.* (પર્પે'ચ્યુઅલ્) Everlasting; permanent; endless. અખંડ; જાથુનું. [L. *per*; *peto*, I go towards.]

Perpetually, *adv.* (પર્પે'ચ્યુઅલી) Continually. હમેશ; નિત્ય; નિરંતર; અખંડ.

Perpetuate, *vt.* (પર્પે'ચ્યુએ,ટ્) To eternize; to make perpetual. હમેશ, કાયમ રહે એમ ક૦.

Perpetuity, *n.* (પર્પિચ્યૂ'ઇટી) The quality or state of being perpetual. નિત્યતા;સ્થિરતા; Endless time. અનંતકાળ, ચિરસ્થાયિત્વ. **An estate in p.**=યાવત્ચંદ્રદિવાકરૌ, વંશમાં રહે એવી મિલ્કત.

Perplex, *vt.* (પર્પ્લે'ક્સ્) To involve; to make intricate; to entangle. ગુચવી નાંખવું. To throw into confusion. ગભરાવવું;અકળાવવું; વિચારમાં પરોવી દેવું. [L. *por*; *plecto*, I plait.]

Perplex, *a.* (પર્પ્લે'ક્સ્) Difficult or intricate. અંધારૂં; ગુંચવાડાવાળું; અઘરૂં.

Perplexity, *n.* (પરપ્લે'ક્સિટી) Intricacy; embarrassing;puzzling. ગુંચવણ; આંટી; મુંઝવણ; પંચાયત; કૂટ.

Perpotation, *n.* (પરપોટે,'શન્) The act of drinking largely. બહુ પીવું તે; અતિશય દારૂ પીવો તે.

Perplexing, *a.* (પર્પ્લે'ક્સિંગ્) Embarrassing; puzzling. ગુંચવણ ભરેલું; ગભરાવતું; મોહક.

Perquisite, *n.* (પ'ર્કિવઝિટ્) Something gained over and above the ordinary salary. પગાર ઉપરાંત મળેલું લવાજમ, બાલાઇ, દસ્તુરી. Things gotten by a man's own industry. પોતાના ઉદ્યમથી ઉપાર્જન કરેલો પદાર્થ; પરચુરણ ભેટ. [L. *per*; *quæro*, I seek.]

Persecute, *vt.* (પર્'સીક્યૂ,ટ્) To harass; to tease; to inflict. ની પાછળ મંડવું; નો કેડો, પૂંઠ લેવી; સતાવવું; ને હેરાન ક; ના ઉપર જુલમ ગુજારવો. [L. *per*; *sequor*, I follow.]

Persecuting, *a.* (પ'રસીક્યુટિન્ગ્) Inflicting; harass. સતાવતું; ચીડવતું.

Persecution, *n.* (પર્સીક્યૂ'શન્) જુલમ; પીડન; સતાવણી; ઉપદ્રવ.

Persecutor, *n.* (પ'ર્સીક્યુટર્) Pursuer. પાછળ મંડનાર; સતાવનાર.

Persevere, *vi.* (પર્સીવી,'ર્) To persist in any business. ખંત રાખવી; ખાંમચુ થવું; સદાગ્રહ રાખવો. [L. *per*; *severus*, strict.]

Persevering, *a.* (પર્સીવી,'રિંગ) Persistent. ખંતીલું; ધારેલું, લીધેલું પાર મૂક્યા વગર રહે નહિં એવું.

Persian, *n.* (પ'ર્શન્) Inhabitant of Persia. ઇરાનનો વતની; ફારસી ભાષા; ઈરાનનું. Pertaining to Persia.

Persist, *vi.* (પર્સિ'સ્ટ્) To persever; to stand firm. વળગી રહેવું, આગ્રહ લેવો, ખોટી જિદ-દુરાગ્રહ કરવો. [L. *per*; *sisto*, I stand].

Persistence-cy, *n.* (પર્સિ'સ્ટન્સ્-ન્સી) The qualtity or state of being persistent; contumacy. આગ્રહ, હઠ, જિદ્દ, દુરાગ્રહ; વળગી રહેવું તે.

Persistent, *a.* (પર્સિ'સ્ટન્ટ્) Inclined to persist. આગ્રહી, હઠીલું, જિદ્દી, દુરાગ્રહી; વળગી રહે એવું.

Person, *n.* (પ'ર્સન્) A character in a dialogue. રૂપ, વેષ; પાત્ર. Body. શરીર, દેહ. A humanbeing;a man, woman or child. માણસ, જણ, આસામી. Form. રૂપ, આકાર. (Gram.) પુરૂષ [L. *persona*, a mask.]

Person, *vt.* (પ'ર્સન્) To image. આકૃતિ કરવી; ના જેવું બનાવવું.

Personage, *n.* (પ'સ'નિજ્) Appearance of a person. માણુસનો દેખાવ. A person of rank, a notable or distinguished person. નામીચું માણુસ, સંભાવિત પુરૂષ.

Personal, *a.* (પ'ર્સનલ્)Belonging to persons and not to things. માણુસનું. Relating to an individual. જાત-પોતાનું, ખાસ, અંગત. Pertaining to the external appearance. શરીર-કાયાનું. **P. estate, property**= અંગત, જંગમ મિલ્કત. P. graces. શરીર લાવણ્યતા. **P. experience.** સ્વાનુભવ. *n.* A movable.

Personality, *n.* (પર્સનૅ'લિટી) That which constitutes distinction of person. પોતાપણું, માણુસનો રૂઆબ; વ્યક્તિત્વ. Something said or written which refers to the person, conduct &c. of some individual. કોઇ ઉપર ઉતરી પડીને કંઇ કહેલું-લખેલું તે, ઉદ્દિશ્યનિંદાવાણી; અંગત ટીકા.

Personalty, *n.* (પ'ર્સનૅલ્ટી) Personal property. જંગમ, અંગત મિલ્કત.

Personate, *vt.* (પ'ર્સને,ટ્) To counterfeit; to feign (a virtue.) નું ખોટો ડોળ-દેખાવ રાખવો, નો ઢોંગ ક૦; અનુકરણ કરવું. To act the part of. નો વેષ-સ્વરૂપ ધારણ ક૦, થઈને બેસવું, ફલાણો તે હું એમ કહેતા ફરવું. To personify. નું રૂપ-સ્વરૂપ આપવું.

Personation, *n.* (પર્સને,'શન્) વેષધારણ.

Personify, *vt.* (પર્સૉ'નિફાય્) To regard as a person. ને પ્રાણીનું રૂપ આપવું; ચેતનભાવ આપવો; અચેત વસ્તુને ચેતનવાળીનું રૂપ આપવું; સજીવારોપણ ક૦.

Personification, *n.* (પર્સૉનિફિકે,'શન્) ચૈતન્યરૂપક; ચેતનધર્મારોપ; સજીવારોપણ.

Personnel, *n.* (પર્સનૅ'લ્) Staff or hands. માણસો; જીવંત કાર્યકર્તાઓ, મદદનિશ; પાત્રો.

Perspective, *a.* (પર્સ્પે'ક્ટિવ્) Pertaining to the science of vision. દૃષ્ટિશાસ્ત્ર સંબંધી. A glass through which objects are viewed. આરપાર દેખાય એવો કાચ; દુર્બીન. A drawing in line. આભિમુખ ચિત્ર પાડવાની,સપાટી પર ઘનાકૃતિ દોરવાની વિદ્યા. [L. *per*; *specio*, I look]. ચિત્રભાગપ્રમાણ; દૃશ્ય; ભૂત, ભાવિદર્શન, વિચાર.

Perspicacity, *n.* (પર્સ્પિકૅ'સિટી) The state of being perspicacious. તીક્ષ્ણ નજર; તીવ્ર બુદ્ધિ.

Perspicuity, *n.* (પર્સ્પિક્યૂ'ઇટી) The quality or state of being transparent. પારદર્શકપણું; નિર્મળતા; સ્વચ્છતા. The quality of being prespicuous to the understanding. સરળતા; સ્પષ્ટતા.

Perspicuous, *a.* (પર્સ્પિ'ક્યુઅસ્) Capable of being seen through. પારદર્શક. Clear to the understanding. સરળ; સ્પષ્ટ.

Perspire, *vi.* (પર્સ્પા'યર્) To excrete matter through the skin. પરસેવો થવો. [L. *per*; *spiro*, I breathe through].

Perspirable, *a.* (પર્સ્પા'યરબલ્) Emitting perspiration. પરસેવો છૂટે તેવું.

Perspiration, *n.* (પર્સ્પિરે',શન્) Sweat. પરસેવો; પસીનો; સ્વેદસ્રાવ.

Persuade, *vt.* (પરસ્વે',ડ્) To influence the will of. ની મરજી થાય એમ ક.;-ને સમજાવવું; મનાવવું. To convince by argument. ધ્યાનમાં મેલવું; ના મનમાં ઉતારવું. [L. *per*; *suadeo*, I advise.]

Persuasion, *n.* (પરસ્વે',ઝન્) The act of persuading. સમજાવવું તે;-ની પાસે મનાવવું તે; (the state). સમજાવું તે; (મન સાથે) સમજવું તે; મન સાથે માનેલો સંભવ; ધારણા; સમજણ; ભરોસો; આકીન; પ્રતીતિ. A belief or opinion. મત; વિચાર. Religion. પંથ; માર્ગ; સંપ્રદાય;ધર્મ.

Persuasive, *a.* (પરસ્વે,'સિવ્) Tending to persuade. મનને અસર કરે એવું; મન વળાવનાર.

Pert, *a.* (પર્ટ્) Open, evident. ઉઘાડું; સ્પષ્ટ. Brisk; smart; brisk. ચપળ; ચંચળ; જાગ્રત; Impertinent તોછડાઇ-અવિનય ભરેલું; ચબરાક.[L. *apurtus*, free.]

Pertain, *vi.* (પરટે',ન્) To belong; to have relation to. નું, માં હોવું; To relate.-ને લગતું હોવું. [L. *per*; *teneo*, I hold.]

Pertaining, *a.* (પરટે',નિંગ્) Belonging; relating, ને લગતું, ને વિષે, ના સંબંધનું.

Pertinacious, *a.* (પર્ટિને,'શસ્) Resolute; firm; steady. આપમતીલું;મમતીલું;હઠીલું; દુરાગ્રહી.

Pertinacity, *n.* (પર્ટિનૅ'સિટી) Firmness; steadiness; obstinacy. હઠ; જિદ્દ; આપમતીઆપણું; ચિબ્બડપણું; હઠીલાપણું; આગ્રહીપણું.

Pertinence-cy, *n.* (પ'ર્ટિનન્સ્-ન્સી)Fitness; appositeness; suitableness.યોગ્યતા;પ્રસંગોપાત્તતા.

Pertinent, *a.* (પ'ર્ટિનન્ટ્) Relating;concerning. (ચાલતી વાત સાથે) બરાબર સંબંધ રાખતું; પ્રસ્તુત; સંગત, બદ્ધ-Regarding. લગતું; વિષયક.

Perturbate, *vt.* (પર્ટ'ર્બે,ટ્) To disquiet; to disturb; to agitate. વ્યગ્ર-વ્યાકુલ કરવું; કાયર કરવું;સંતાપ કરાવવો. [L. *per*, *turba*, an uproar.]

Perturbation, *n.* (પર્ટર્બે,'શન્) Agitation; disturbance. વ્યગ્રતા; વ્યાકુલતા.

Perturbed, *a.* (પર્ટ'ર્બ્ડ્) Agitated. વ્યગ્ર; વ્યાકુલ.

Peruse, *vt.* (પરૂ'ઝ્) To read through. વાંચવું; લક્ષથી વાંચવું. [L. *per*; *usus*, to become intimate with.]

Perusal, *n.* (પરૂ'ઝલ્) The act of reading. વાચન; અધ્યયન.

Pervade, *vt.* (પરવે,'ડ્) To pass or flow through; to permeate. ફરી વળવું; બધે ફેલાવું, પસરવું; વ્યાપવું. [*L. per; vado,* I go].

Pervasive, *a.* (પરવે.'સિવ્) Tending to pervade everywhere. બધે પસરી જઇ શકે એવું; વ્યાપક. *n.*–**sion.**

Pervert, *vt.* (પરવ'ર્ટ્) To turn another way. ફેરવવું; ફેરવી નાંખવું, થી અવળું ચાલવું; નું મન, બુદ્ધિ મતિ ફેરવી નાંખવી. To misapply; to misinterpret. ખોટો-અવળો અર્થ ક. To corrupt. બગાડવું; ભ્રષ્ટ કરવું. *vi.* To take the wrong course. આડે રસ્તે જવું. *n.* One who has been perverted. વટલેલ;વંઠેલ [*L. per; verto,* I turn.]

Perverter, *n.* (પરવ'ર્ટર્) One who takes opposite path. ઉંધો, આડો જનારો; અવળે રસ્તે થઈ જનાર; બગાડનાર.

Pervertible, *a.* (પરવ'ર્ટિબલ્) That which may be perverted. આડું ચલવાય એવું.

Pervestigate, *vt.* (પરવે'સ્ટિગે,ટ્) To find out by research. શોધી કાઢવું; ગોતવું.–*n.* **Pervestigation**=શોધ.

Perverse, *a.* (પરવ'ર્સ) Distorted from the right. વાંકું; ઉંધું; અવળું. Disposed to be contrary; obstinate. મમતી,હુજતી,જિદ્દી,અડિયલ.

Perverseness, *n.* (પરવ'ર્સનિસ્)Obstinacy; firmess; stubbornness. હઠ; જિદ્દ; દુરાગ્રહ; ટેક.

Perversion, *n.* (પરવ'ર્શન્) A turning from truth or right. વિકાર; વિકૃતિ; વિપર્યય.

Perversity, *n.* (પરવ'ર્સિટી) The quality of being perverse. વાંકાપણું; કુટિલતા;વૈપરીત્ય.

Pervious, *a.*(પ'ર્વિઅસ્)Admitting passage. Open પ્રવેશ્ય, ભેદનીય; ખુલ્લું; સ્પષ્ટ: [*L. per; via,* a way.]

Perviousness,*n.*(પ'ર્વિઅસ્નિસ્)The quality or state of being pervious. પ્રવેશ્યતા; ભેદ્યતા.

Pessimism. *n.* (પે'સિમિઝમ્) નિરાશાવાદ; નિરાશાવૃત્તિ. *n.* **Pessimist**=આ દુનિયા ખોટી છે, દુઃખથી ભરેલી છે એવો મત ધરાવનાર; નિરાશાવાદી. *a.* **Pessimistic**=નિરાશા ભરેલું. *vt.* **Pessimize**=નિરાશ થવું.

Pest, *n.* (પેસ્ટ) Plague; a fatal disease; pestilence. મરકી; પ્લેગ; રોગ; કડકડીયું. (Fig.) Bane. પીડા;પાપ;શૂળ;ઉપાધિ;લપ. [*L. pestis,* a plague.]

Pester, *vt.* (પે'સ્ટર) To trouble; to harass; to disturb; to annoy. હેરાન કરવું; દુઃખ દેવું; સંતાપવું; પજવવું; પીડા કરવી.

Pesterous, *a.* (પે'સ્ટરસ્) Burdensome; encumbering. બોજારૂપ.

Pest-house, *n.* (પે'સ્ટ-હાઉસ્નિસ્) A hospital for persons infected with any mortal disease. મરકીશાળ. મરકીનું દવાખાનું, ખંડ.

Pestiferous,pestilent,pestilential, *a.* (પેસ્ટિ'ફરસ, પે'સ્ટિલન્ટ, પેસ્ટિલે'ન્શલ્) Causing pestilence. મરકી, રોગ આણનારૂં; માંદા પડાય એવું; રોગિષ્ઠ. Noxious. બગાડે, નીતિ ભ્રષ્ટ કરી નાંખે એવું; દુઃખદાયી; હાનિકારક.

Pestilence, *n.* (પે'સ્ટિલન્સ્) Plague. મરકી. Vice. જેમાંથી વિષ નીકળે એવી વાત;પાપ:ફૂટ;સળો.

Pestle, *n.* (પે'સલ્) An instrument for pounding substances in a mortar. દસ્તો; મૂસળું; સાંબેલું; ઉખળું. *vt.* To pound with a pestle. (દસ્તા વતી) ખાંડવું; વાટવું; છુંદવું. [*L. pesuo,* I beat.]

Pet, *n.* (પેટ) વચકો; માઠું લાગવું તે.

Pettish, *a.* (પે'ટિશ) વચકાખોર; સેહેજમાં માઠું લગાડે એવું; રીસાળ.

Pet, *n.* (પેટ) A little darling. વહાલું; લાડકું જનાવર, પશુ, પક્ષી. A fondling child. લાડકું છોકરૂં, માણુકડું. *a.* લાડ લડાવેલું; લાડકવાયું. *vt.* To fondle. લાડ લડાવવા. *vi.* To be a pet. લાડકવાયું હોવું.

Petal, *n.* (પે'ટલ્) One of the leaves of the corolla. (ફૂલની) પાંખડી: પાંતરી; પાંદડી; પુષ્પદલ; [*Gr. peto,* I expand.]

Petiole, *n.* (પે'ટિઓલ્) A leaf-stalk. ફૂલ કે પાંતરાંનું ડીંટું. [*L. petiolus,* a little foot.]

Petit, *a.* (પતિટ) Small; little. ન્હાનું; હલકું; નીચ: ક્ષુદ્ર. P. maitre, (મે,ત્ર) ફાંકડો; છેલ. –*Fem. petite.*

Petition, *n.* (પીટિ'શન્) A prayer; an application; a supplication. અરજ; વિનંતી; પ્રાર્થના. A formal written request addressed to an official person. અરજી; વિનતીપત્ર. *vt.* To solicit: અરજ કરવી; અરજી કરવી. [*L. peto,* I seek.]

Petitioner, *n.* (પીટિ'શનર) One who presents a petition. અરજદાર; અરજી કરનાર.

Petrify, *vt.* (પે'ટ્રિફાય્) To convert into stone. પથ્થર, પાષાણ કરી નાંખવો. To stupefy. પથ્થર જેવું, વજ્ર જેવુ, પાષાણવત, કઠોર, કઠણ કરી નાંખવુ; થીજવી નાંખવું; જડ ભરત જેવું, દિગ્મૂઢ કરી નાંખવું. *vi.* To become stone. પથ્થર, જેવું સખત, થવું. [*L. petra,* a rock.]

Petrescent *a.* (પે'ટ્રીસન્ટ્) Converting into stone. પથ્થર થવું, કરી નાંખવું.

Petrifaction, *n.* (પેટ્રિફૅ'કશન્) The process of pertifying. પત્થર થઇ જવાની ક્રિયા; કઠિનતા; દિગ્મૂઢતા.

Petroleum, *n.* (પિટ્રો,'લીઅમ્) Rock oil. ભૂમિતેલ;ઘાસતેલ; [L. *petra*,rock;*oleum*, oil.]

Petticoat, *n.* (પે'ટિકો,ટ) A loose under-garment worn by women. ચણીઓ; ઘાઘરો; સ્ત્રીની લાગવગ, અસર, હાજરી. **P.** government. સ્ત્રિયારાજ; સ્ત્રીનું જોર.

Pettifogging,*a.*(પે'ટિફૉગિંગ્)Paltry. હલકું.

Pettifogger, *n.* (પે'ટિફૉગર) ટોપચી-રેંજીપેંજી-ભૂખડો વકીલ; મુખ્તારું કરનાર; મુખ્તાર; [O.Germ. petty; *fogat*, an advocate].

Petty, *a.* (પે'ટી) Small; trifling;little. ન્હાનું; ન્હાનું સરખું; હલકું; જુજ. Inferior. હલકી પંક્તિનું; રેંજીપેંજી; રડભૂખડુ.

Petulant, *a.* (પે'ટયુલન્ટ) Peevish. ખીજાળ; રીસાળ; ટપીપડનારૂં; ઝાંઝ ચઢી આવે એવું; ઝનુની.

Petulance-cy, *n.* (પે'ટયુલન્સ-ન્સિ) Pettishness. રીસાળપણું; ઝાંઝ; ઝનુન.

Pew, *n.* (પ્યૂ) An inclosed seat in a church. ખ્રિસ્તી દેવળોમાં એક જાતની આસપાસ કઠેરાવાળી બેસવાની બેઠક. *vt.* કઠેરા બનાવવા.

Pewit, pee-, *n.* (પી'વિટ્) Lapwing; plover. ટીટોડી; ટિટ્ટિભ.

Pewter, *n.* (પ્યૂ'ટર્) A hard tough alloy consisting of tin with a little lead. જસત; *a.* જસતનું.

Phaeton, *n.* (ફે',ઇટન્) An open, four-wheeled carriage. ચાર પૈડાંની ગાડી;ચારઠ;ફેટીન.

Phalanx, *n.* (ફૅ'લૅન્કસ્)Any body of troops or men formed in close array. જેમાં માણસો ઘણા અને પાસે પાસે એવો નામીચો મજબૂત વ્યૂહ; ઘનવ્યૂહ.

Phantasm, *n.* (ફૅ'ન્ટૅસમ્) That which appears to the mind; a dream. જંખના; માયા; મનોરથસૃષ્ટિ; અસદ્ભાસ; આભાસ; સ્વપ્ન. shine].

Phantastic, *a.* (ફન્ટૅ'સ્ટિક્) Imagined; wrong. ખોટું; કલ્પિત.

Phantom, *n.* (ફૅ'ન્ટમ્) An airy spirit; an apparition;something that appears;a spectre, a ghost. ભૂત; પિશાચ; આભાસ; ઓળો; દેખાવ.

Pharisee, *n.* (ફૅ'રિસી) યાહૂદી પંથમાંનો ડોળ રાખનાર માણસ; "ફારિસી".

Pharisaism, *n.* (ફૅ'રિસેઇઝમ) "ફારિસી" પણું; ધર્મ ઠગપણું.

Pharisaic-cal, *a.* (ફૅરિસે',ઇ-કલ્) "ફારિસી" નું; ધર્મઠગપણાનું.

Pharmacy, *n.* (ફા'ર્મસિ) The art or practice of preparing and preserving drugs. ઔષધક્રિયા. A place where medicines are compounded. ઔષધ કરણશાળા. [Gr, *pharmakon*, a drug.]

Pharmaceutic-al, *a.* (ફાર્મસ્યૂ'ટિક્-કલ્) Pertaining to the knowledge of pharmacy. ઓસડ સંબંધી; વૈદકજ્ઞાન સંબંધી.

Pharmacopœia, *n.*(ફાર્મકોપી'આ) A book describing the drugs, preparations. જુદી જુદી જાતનાં ઓસડ કરવા બાબતનો ગ્રંથ. A chemical laboratory.ઔષધ બનાવવાનું પ્રયોગગૃહ.

Pharos, *n.* (ફે,'રૉસ્) A light-house, a beacon. દીવાદાંડી.

Phase, phasis, *n.* (ફે,ઝ-ફે,'ઝિઝ) બહુરૂપી પદાર્થના જુદે જુદે વખતે થતાં અનેક રૂપમાનું એક રૂપ (Astron.) કળા; **phases of the moon,** ચંદ્રકલા, ભેદ. [Gr. *phaino*, I appear.]

Pheasant, *n.* (ફૅ'ઝન્ટ) A Turkish cock. તુર્કી મરઘો.

Phenix, *n.* (ફી'નિક્સ્) એક કલ્પિત પક્ષી; "ફીનિક્સ". A bird fabled to exist single. 2. A southern constellation. દક્ષિણ તરફનું તારાનું ઝુમખું.

Phenomenon, *n.* (ફીનૉ'મીનન્) An appearance; a sight; anything visible. દેખાતી કોઈપણ ચીજ; દશ્યમાન; કુદરતી બનાવ. That which strikes one as strange; a portent. ઉત્પાત; વિચિત્રતા. [Gr. *phainomai*, I appear.]

Phenomenal,*a*(ફીનૉ'મીનલ્)દશ્યમાન સંબંધી; અસાધારણ.

Phial, *n.* (ફા'યલ) A glass vessel or bottle. (કાચની) પવાલી; શીશી. *vt.* શીશીમાં ભરવું.

Philander, *vi.* (ફિલૅ'ન્ડર) Amuse one's self with love-making. પ્રેમ ચેષ્ટા, લીલા કરી મજા કરવી.

Philanthropy, *n.* (ફિલૅ'ન્થ્રપી) Love to mankind; universal good-will. પરગજુપણું; લોકોપકારબુદ્ધિ; સર્વજનહિતેચ્છા; પરદુઃખભંજનપણું. [Gr. *philos*, loving; *anthropos*, man.]

Philanthropist, *n.* (ફિલૅ'ન્થ્રપિસ્ટ) પરગજુ માણસ; જગન્મિત્ર; દયાળુ.

Philanthropic-cal, *a.* (ફિલન્થ્રૉ'પિક-કલ્) પરગજુ; લોકોપકારશીલ; પરદુઃખભંજન; દયાળુ.

Philately, *n.* (ફિલૅ'ટલી) Stamp-collecting. ટિકીટ ભેળી કરવી તે; ટિકિટ, છાપ સંગ્રહ.

Philharmony, *n.* (ફિલા'ર્મનિ) Loving harmony or music. ગાયન ઉપર પ્રીતિ. [Gr *philos*, love; *harmonia*, harmony.]

Philology, *n.* (ફિલૉ'લજિ) The science of language. ભાષાતત્વશોધન, શાસ્ત્ર; વાક્શાસ્ત્ર. [Gr. *philos*; *logos*, speech.]

Philological, *a.* (ફિલૉલૉ'જિકલ્) ભાષા-શબ્દશાસ્ત્ર સંબંધી.

Philologist, *n.* (ફિલૉ'લજિસ્ટ્) One versed in philology. વૈયાકરણી;શબ્દશાસ્ત્ર વેત્તા;શબ્દશાસ્ત્રી.

Philomel, *n.* (ફિ'લમેલ્) A kind of bird resembling the nightingale. બુલબુલ પક્ષીને મળતું આવતું એક જાતનું પક્ષી. (આ પક્ષી રાત્રે મધુરું ગાય છે).

Philosophy, *n.* (ફિલૉ'સફી) The love of wisdom. તત્ત્વજ્ઞાન. 2.The science of principles and causes.કારણકાર્ય વિદ્યા,વિવેક;દર્શનશાસ્ત્ર;ફિલસુફી. [Gk. *philos,* love & *sophia,* wisdom.]

Philosopher, *n.* (ફિલૉ'સફર્) A person proficient in philosophy. તત્ત્વજ્ઞાન, તત્ત્વવિદ્યા જાણનારો; તત્ત્વજ્ઞ. **P.s' stone** = ચિંતામણિ; પારસમણિ.

Philosophical, *a.*(ફિલસૉ'ફિકલ્) Pertaining to philosophy. તત્ત્વજ્ઞાન સંબંધી.

Philter-re, *n.*(ફિ'લ્ટર્) A potion intended to excite love. પુરૂષે સ્ત્રીને અને સ્ત્રીએ પુરૂષને પોતાના પર પ્રેમાસક્તિ થવાને કીધેલો ટુચકો, પીવા આપેલું પાણી; કામણ; વશીકરણ.-*vt.* To charm to love. વશ થાય એવું કરવું.

Phiz, *n.* (ફિઝ્) Countenance; the face. મુખમુદ્રા; ચ્હેરો; મોઢું.

Phlebotomist, *n.* (ફ્લિબૉ'ટમિસ્ટ્) One that opens veins. નસ, ફસ ખોલનારો, જાણનારો.

Phlebotomy, *n.* (ફ્લીબૉ'ટમી) The act of opening veins for letting blood. નસ, ફસ ખોલવી તે.

Phlegm, *n.* (ફલેમ્) Cold fluid; one of the four humours. કફ; બળખો; શ્લેષ્મ. **To force up a P.** =બળખો કાઢવો.

Phlegmatic, *a.* (ફ્લેગ્મૅ'ટિક્) Watery. પાણીરૂપ-જેવું. Abounding in phlegm. રસ-કફ-શ્લેષ્મવાળું.P.constitution=કફના બંધારણનું શરીર; કફ-પ્રકૃતિ. Generating phlegm (drink, food). રસ થાય એવું. (Fig.) (Temper). જેને ક્ષોભ નહિં એવું, ઢીલું, બહેર. 2. Cold; dull; heavy. ઠંડુ; સુસ્ત; ભારે.

Phonetics, *n.* (ફૉને'ટિક્સ્) The doctrine or science of sounds. માણસના કંઠમાંથી નીકળતા અવાજનું શાસ્ત્ર; સ્વરશાસ્ત્ર. [Gr. *phone,* sound.]

Phonetic, *a.* (ફૉને'ટિક્) Pertaining to the science of voice or sound. સ્વરશાસ્ત્ર સંબંધી,નું.

Phonographist, *n.* (ફૉનૉ'ગ્રફિસ્ટ્) One who explains the laws of phonography. સ્વરશાસ્ત્રી; કંઠના કાયદા જાણનારો; ફોનોગ્રાફ વિષે જાણનાર; લઘુલેખક.

Phonography, *n.* (ફોનૉ'ગ્રફિ) Description of the laws of the human voice. સ્વર-નિયમશાસ્ત્ર. 2. Sond-recording. યંત્રગાયનકલા. 3. A kind of short-hand.લઘુલેખન [Gr.*phone,* sound; *grapho,* I write.]

Phonolite, *n.* (ફો'નોલિટ્) Sounding stone. વાગે એવો પત્થર; અવાજ થાય એવો પત્થર.

Phonology, *n.* (ફોનૉ'લજી) The science of the elementary sounds uttered by the human voice in speech. સ્વરનિયમ;ઉચ્ચારવિદ્યા-શાસ્ત્ર. [Gr. *phone,* sound; *logos,* discourse.] -*n.* **Phonologist**=સ્વરશાસ્ત્રી.

Phosphorus, *n.* (ફૉ'સ્ફરસ્) The morning star. સૂર્યોદય પહેલાં દેખાતો શુક્રનો તારો. 2. A kind of yellowish wax-like substance. એક જાતનો પીળાશ પડતો પદાર્થ; ફાસફરસ;તેજોત્પાદકતત્વ. [Gr. *phos,* light; *phero,* I bring.]

Phosphorescent, *a.* (ફૉસ્ફરે'સન્ટ્) બળે પણ દાઝીએ નહિં એવું; ફાસ્ફૂસિયા ભૂતભડકાવાળું; મંદતેજસ્ક.

Phosphoric, *a.*(ફૉસ્ફૉ'રિક્) ફાસ્ફૂરસનું-ને મળતું-માંથી કાઢેલું.

Photography, *n.* (ફોટૉ'ગ્રફિ) The science which relates to the action of light on sensitive bodies in the production of pictures. સૂરજના અજવાળાની અસરથી ચિત્ર, છબી પાડવાનો હુનર. [Gr. *phos,* light; *grapho,* I write.]

Photogenic, *a.* (ફોટો'જીનિક્) Producing light. રોશની, તેજ ઉત્પન્ન કરતું, કરે એવું.

Photograph, *n.* (ફો,'ટગ્રૅફ્) A picture or likeness obtained by photography. ફોટોગ્રાફ; છબી; તસવીર. *vt.* To take a picture by means of photography. ફોટોગ્રાફ, છબી પાડવી.-*a.* **Photographic**=ફોટોગ્રાફ સંબંધી.

Photographer-ist, *n.* (ફટૉ'ગ્રફર્) One who practises in photography. છબી,તસવીર, ફોટો પાડનાર.

Photometer, *n.*(ફોટૉ'મીટર્) An instrument for measuring the intensity of light. પ્રકાશ માપવાનું યંત્ર.

Phrase, *n.* (ફ્રે,ઝ્) A short sentence or expression. વાક્યનો ભાગ; ઉપવાક્ય. A short saying,expression. કહેણી; કહેવત; રૂઢવાક્ય. *vt.* To call; to express in words; to style. શબ્દમાં સમજાવવું;કહેવું;નામ આપવું.[Gr. *phraso,* I speak.]

Phraseless, *a.* (ફ્રે,'ઝલિસ્) Not to be described; difficult to be expressed. અ-વર્ણનીય; સમજી ન શકાય તેવું.

Phraseology, *n.* (ફ્રે,ઝીઑ'લજી) Manner of expression, style. બોલવાની રીત; વાક્ય રચના; શૈલી; ઇબારત. A collection of phrases. શબ્દો, વાક્ય સમૂહ. [Gr. *phrasis*, a phrase; *logein*, to speak.]

Phrenetic. *a*. (ફ્રિને'ટિક્) Mad. ઘેલું; ઉન્મત્ત. *n*. Lunatic. ગાંડો માણસ; દિવાનો.

Phrenitis,*n*.(ફ્રીના'યુટિસ્) Delirium;frenzy. ઉન્માદ. [Gr. *phrenos*, the heart.]

Phrenology, *n*. (ફ્રિનૉલજી) The science of the special functions of the several parts of the brain. મનશક્તિના જુદા જુદા ધર્મો થવા જવાનાં સાધનરૂપી અંગો મગજમાં છે એમ બતાવનારૂં શાસ્ત્ર; કપાલશાસ્ત્ર; મસ્તકવિદ્યા.[Gr. *phrenos*, the heart; *logos*, discourse.]

Phrenzy, *n*. (ફ્રે'ન્ઝિ) Madness; delirium. ઉન્માદ; ગાંડપણ; ચિત્તવિભ્રમ; આવેશ; ઝનુન. *vt*. To render frantic. ઉન્માદ-ઝનુની ક૦.

Phthisis, *n*. (થા'ઇસિસ્) A wasting or consumption of the tissues. ક્ષયરોગ; કફક્ષય; ધાસણી; શ્વાસાવરોધ.-*a*. **Phthisical**=Consumptive. ક્ષયરોગી, સંબંધી. [Gr. *phthino*, I waste away.]

Phylactery, *n*. (ફિલૅ'કટરિ) Any amulet worn among the Jews. મંત્રેલું માદળીયું; તાવીજ.

Physic, *n*. (ફિ'ઝિક્) The science of medicine. વૈદું; વૈદક ચિકિત્સા. A medicine. ઓસડ; ઔષધ. A purge. જુલાબનું ઓસડ; જુલાબ; રેચ. (*pl*) The science of natural objects. પ્રકૃતિવિવેક-વિજ્ઞાન. *vt*.-ને જુલાબનું, ઓસડ આપવું. [Gr. *physis*, nature.]

Physical, *a*. (ફિ'ઝિકલ્) Pertaining to the nature or natural productions. પ્રાકૃતિક; દૈહિક. **P. strength, p. science**, શરીરબલ; પદાર્થવિજ્ઞાન-શાસ્ત્ર. Pertaining to physics or natural philosophy.પદાર્થોનું-વિષેનું.Pertaining to the art of medicine. દવા સંબંધી.

Physically, *adv*. (ફિ'ઝિકલી) According to nature. કુદરત પ્રમાણે; શારીરિક, ભૌતિક, સ્થૂલ રીતિએ.

Physician, *n*. (ફિઝિ'શન્) A person skilled in the art of healing. વૈદ; હકીમ; તબીબ; ડાક્ટર.

Physiognomy, *n*. (ફિઝિઑ'નમી) The face or countenance. ચ્હેરો; વદન; સુરત. The art of telling fortunes by inspection of the features. ચ્હેરો જોઇને ભવિષ્ય કહેવાની વિદ્યા; મુખરેખા વિદ્યા, સામુદ્રિક. [Gr. *physis*, nature; *gignosko*, I know.]

Physiognomist, *n*. (ફિઝિઑ'નમિસ્ટ્) One skilled in physiognomy. મુખસામુદ્રિક જાણનાર.

Physiologist, *n*. (ફિઝિઑ'લજિસ્ટ્) One skilled in the science of physiology. સર્વેન્દ્રિયશાસ્ત્રી; પ્રાણી તથા વનસ્પતિ ગુણધર્મ શાસ્ત્રવેત્તા.

Physiology, *n*. (ફિઝિઑ'લજી) The science which treats of the phenomena of living organisms; the study of functions of living beings. પ્રાણી તથા વનસ્પતિ ગુણધર્મશાસ્ત્ર. [Gr. *physis*, nature; *logos*, disconrse.]

Physique, *n*. (ફિઝી'ક્) A person's natural constitution. શરીરનો બાંધો; કાઠું.

Piacular,*a*.(પાયૅ'કયુલર્)Criminal,atrociously bad; merciless. દુષ્ટ; પાપી; ચંડાળ; નિષ્ઠુર.

Piano, pianoforte, *n*. (પિઍ'નો, પિઍનોફૉ'ર્તિ) A musical instrument. પિઆનો. (*pl*. Pianos.)

Pianist, *n*. (પી'અનિસ્ટ્) One skilled in playing at a piano. પિઆનો વગાડનાર.

Piazza, *n*. (પિઍ'ટ્ઝા) An open square in a European town. મ્હેરાબ તથા શોભિતા થાંભલાઓ મૂકેલા હોય એવી ચાલ-ચોક. [L. *platea*, street.]

Pick, *vt*. (પિક્) To peck at. ઉપર ચાંચ મારવી; માથું મારવું. To strike at. ને ગોદા મારવા, ઘોંચવું; ઠોસા દેવા. To thrust. ઘોંચવું; ઘાલવું; ઘોંચપરોણો કરવો. To open (a lock) as by a wire. સળીખીલાથી ઉઘાડવું; તોડવું. To remove something with the fingers. ખોતરવું; કોતરવું. To separate (cotton, wool &c.) ટૂંપવું; ગુંદવું. To pull a part or away (fruit.) તોડવું; ચૂંટવું. To pick a pocket=ખીસ્સામાંથી ઉઠાવવું,કાઢી લેવું. To choose. પસંદ કરવું; જોઇને વીણી લેવું. To take up, to collect. ભેગું ક૦. To pick out=to mark out. શોધી કાઢવું. To P. a quarrel=જાણી જોઇને લડાઇ ક૦. To P. up a hole in one's coat. કોઇનાં છિદ્ર જોવાં. *vi*. To nibble. ચગળવું; ચગળી ચગળીને ખાવું. *n*. અણીવાળું ઓજાર; કોસલી; સરસ ભાગ. [Gr. *peko*, I pull.]

Pick-axe, *n*. (પિ'ક્-ઍકસ્) A pick with a point at one end. ચીકમ; ચાંચવો.

Picked, *a*. (પિક્ડ્) Pointed. અણી કાઢેલું. ચુંટેલું.

Pickedness, *n*. (પિ'ક્ડનિસ્) Sharpness. તીક્ષ્ણતા; અણી; ધાર.

Pickeer, *vt*. લુટવું; દગો દેવો, રમવો; છળ, કપટ કરવું.

Picking, *n*. (પિ'કિંગ્) Pickings and stealings. ઉઠાવેલો અને ચોરેલો માલ.

Pick-lock, *n.* (પિ'ક-લૉક) તાળાં ઉઘાડવાની સળી–ખીલો; (*pers.*) તાળાં ઉઘાડુ ચોર.

Pick-pocket, *n.* ગજવામાંથી કાઢી લેનાર ચોર; ગજવાં કાતરનાર.

Pick-thank, *n.* માથાંમારૂ; ડાહ્યો થાય એવો; ચોવટડાહ્યો; અતિ ખુશામતીયો.

Picket, *n.* (પિ'કિટ્) A pointed stake, used in making a fence. અણીદાર ખૂંટો, ગજિઓ, ગરજો. A pale. અણીદાર પકવાસો. A game at cards. પત્તાંની રમત;ગંજીફાની રમત. A detached body of troops serving to guard an army from surprise. દુશ્મનોનો અકસ્માત્ સામે બચાવને માટે પોતાના લશ્કરની આસપાસ રાખેલી ટુકડી. *vt.* To fortify with pointed stakes. અણીવાળા ખીલાથી,ગજીયા,કાઠીથી મજબૂત ક૦. **P.-guard** = રક્ષણ માટે રાખેલો માણસ.

Picketing, *n.* (પિ'કટિન્ગ્) A torture. સતાવણી; પીડા; ચોકી.

Pickle, *n.* (પિ'કલ્) Fruit or vegetable preserved. અથાણું; આથણું; આચાર. **To be in a p.** = મુશીબતમાં હોવું. **To take the p.** = અથાવું-માં આથો ચ્હડવો. *vt.* To treat with some kind of pickle. મીઠાના પાણીમાં,મસાલામાં, નાખવું, આથવું. **P. materials** = અથાણાનો મસાલો; સંભાર. **P. herring** = વિદૂષક; મશ્કરો.

Picnic, *n.* (પિ'કનિક્) A pleasure-party. વાડી–ગામ જઇને કીધેલી ઉજાણી; જિયાફત; મિજબાની; વનભોજન.

Picture, *n.* (પિ'કચર્) A painting or drawing. ચિત્ર; ચિતાર. A representation of any thing. ચિત્ર; આકૃતિ; તસવીર. In P. = ચિતરેલું. A likeness. પ્રતિબિંબ. As, the child is the P. of his father; (mental.) ચિત્ર; વર્ણવેલું સ્વરૂપ. *vt.* To delineate; to represent. તું ચિત્ર–સ્વરૂપ મનમાં લાવવું.

Pictorial, *a.* (પિકટો'રિઅલ્) Pertaining to pictures. ચિત્રનું; ચિતરેલું; ચિત્રમય. Illustrated by pictures. ચિત્ર કાઢીને સમજાવેલું. Forming pictures. ચિત્ર–સ્વરૂપ મનમાં લાવનારૂં.

Picturesque, *a.* (પિકચરે'સ્ક) Picture-like. હઠીને આંખે વળગે એવું; મનોહર; સુંદર; લલિત. Graphic. આબેહુબ; ચિત્રમાં ઉતારવા લાયક.

Pie, *n.* (પાઇ) An article of food consisting of paste baked with something in it, as apple. પૂરણ–ફળ ગલેફીને સેકીને કાઢેલો એક ખાવાનો પદાર્થ; ભજીયું. An Indian coin. પૈ. The service book. ભજન–પોથી. [Gr. *pesso*, I cook.]

Piddle, *n.* (પિ'ડલ્) Potter. કુંભાર;અણઘડ્નત.

Piebald, *a.* (પા'ઇબૉલ્ડ્) Belonging to different colours. પચરંગી; કાબરચીતરૂં; જુદા જુદા રંગનું; અબલખ (ઘોડો).

Pied, *a.* (પાઇડ) બુટ્ટાવાળું; સોગઠાદાર.

Piece, *n.* (પીસ્) A part, a fragment. કકડો; કટકો. Any literary composition. લેખ. A coin. સિક્કો. A cannon. તોપ. A gun; a musket. બંદુક. A patch. થીગડું;સાંધો. A separate performance as in a drama. એક જૂદો અંક, પાઠ. **Of one a p** સળંગ; ના જેવું. To give a piece of one's mind = To speak plainly. ચોખ્ખે ચોખ્ખું કહી દેવું, સંભળાવી દેવું. To take to pieces = વેરણછેરણ કરી નાંખવું; પાયમાલ કરી નાંખવું. *vi* To unite. સાંધવું. *vt.* To enlarge or to mend by the addition of a P. થીગડુ દેવું. [L. *pecia*, a fragment.]

Piecemeal, *adv.* (પી'સમીલ્) In pieces. કકડે કકડે; કકડે કકડા થઇ જઇને.

Pier, *n.* (પાયર) Any detached mass of masonry. કમાન; મહેરાબને ટેકા સારૂ મૂકેલો પત્થરનો થાંભલો. A projecting wharf or landing place. ટક્કો; પુસ્તો.

Pierce, *vt.* (પીર્સ્) To thrust into. ભોંકવું; છેદવું; વીંધવું; ઘોંચવું. To penetrate deeply. –માં ધુસવું; –નું કલેજું ભેદવું. *vi.* To force a way into. –માં પરાણે રસ્તો કરવો, ધુસવું, માથું મારવું. To drive into a secret. –માં પ્રવેશ કરી દેવો, સમજી લેવું. [F. *percer.*]

Piercing, *pp.* (પી'ર્સિંગ્) Perforating; sharp; pointed. તીક્ષ્ણ; અણીદાર; બારીક; ભેદક.

Piety, *n.* (પા'ઇટી) Veneration towards God. ઈશ્વરભક્તિ; ભક્તિભાવ;ધર્મ,આચાર પરાયણતા. [L. *pius*, to venerate.]

Pietist, *n.* (પા'યટિસ્ટ્) એક જાતનો પંથ; ધર્મી.

Pietism = "પાયટિસ્ટ" લોકોનો ધર્મ.

Pig, *n.* (પિગ્) A young sow or boar; a hog; a swine. ડુક્કર–ભુંડનું બચ્ચું. One who is hoggish. લાલચુ, લોભી, ગંદો, જીદ્દી માણસ.

Pig-headed, *a.* (પિગહે'ડિડ્) Obstinate. હઠીલું; મૂર્ખ.

Piggery, *n.* (પિ'ગરી) ડુક્કર રાખવાની જગા; ડુક્કરખાનું.

Pigeon, *n.* (પિ'જન્) A dove. કબૂતર. [L. *pipio*, I chirp.]

Pigeon-hearted, *a.* (પિ'જન્-હાર્ટિડ્) Timid. બીકણ; બાયલો.

Pigment, *n.* (પિ'ગ્મન્ટ્) A paint; a dye. ચિતારા–રંગનારનો રંગ;રંગ. [L. *pingo*, I paint.]

Pigmy, *n.* (પિ'ગ્મિ) A short man;a dwarf. ઠીંગણો માણસ.

Pike, *n.* (પાઈક) A spike or spear. ભાલો; બરછી; હુંડું. A pointed or peaked hill. શિખરવાળી ટેકરી. [L. *spica*, a point.]

Pile, *n.* (પાઇલ) A heap; a mass or collection of things. ઢગલો; ગંજ. A funeral P.=ચિતા, ચહે. An edifice. ઈમારત; હવેલી. Piles.=હરસ. *vt.* To heap; to amass; to fill above the brim or top. ભેગું કરવું; ઢગલો સીંચવું; ગંજ કરવો; ઉભરાતું ભરવું. To drive piles into. થાંભલા, ખૂંટા ઠોકવા. [L. *pila*, a ball.]

Pile, *n.* (પાઇલ) (હરકોઇ ઇમારતનો) થાંભલો; ટેકો; ખૂંટો. Iron piles (of a bridge). ભૂંગળાં. *vi.* થાંભલા, ભૂંગળ દાટવાં. [L. *palus*, a stake.)

Pillfer, *vi.* (પિ'લ્ફર) To steal in small quantities. ન્હાની ચોરી કરવી; હલકી ચોરી કરવી; ચીભડાના ચોર થવું. [L. *pilare*, to plunder or to pillage.]

Piferer, *n.* (પિ'લ્ફરર) One who pilfers. ન્હાની ચોરી કરનાર; ન્હાનો ચોર.

Pilgrim, *n.* (પિ'લગ્રિમ્) One who travels for the purpose of visiting holy or sacred places; one who visits holy places. જાત્રાળુ યાત્રિક; યાત્રા કરનાર; યાત્રાળુ. 2. A traveller or a wanderer. મુસાફર; પંથી; પથિક; ભટકનાર. [L. *peregrinus*, from *per* & *ager* land, a foreigner.]

Pilgrimage, *n.* (પિ'લગ્રિમિજ્) The journey of a pilgrim. જાત્રા; યાત્રા; હજ.

Pill, *n.* (પિલ) A medicine ih the form of a ball. ઓસડ-દવાની ગોળી. *vt.* To deprive of hair. તાલ પાડવી. વળ કાઢી નાંખવા. To rob; to deprive of anything. લૂટવું; હરી લેવું.

Pillage, *n.* (પિ'લિજ્) Stripping or depriving of property by open force or violence; robbery; plunder. લૂટ; લૂટફાટ; બારવટું. 2. Booty. લૂટેલો માલ; લૂંટ. [L. *pileo* to plunder, to pill.]-P.r=A robber. લૂંટારો; બારવટીઓ.

Pillar, *n.* (પિ'લર) A prop; a mainstay. ટેકણ; સ્તંભ; થાંભલો. [L. *pila*. a pillar;]

Pillion, *n.* (પિ'લ્યન્) A low-saddle; a cushion; a pannel for women to ride on horse-back behind men. તકીઓ; ઓશીકું; ઘોડા ઉપર બેસવા માટે મરદની પાછળ બેસવાની ગાદી; ન્હાનું પલાણ, જીન.

Pillory, *n* (પિ'લરી) A frame of wood erected on a post having holes through which the hands and head of an offender were thrust. અપમાનસ્તંભ; અકીર્તિ સ્તંભ; ફજેતી કરવા કરેલો લાકડાનો થાંભલો. *vt.* To punish with the pillory.

Pillow, *n.* (પિ'લો) A cushion. તકીઓ; અસીકું. *vt.* To rest on a pillow. તકીએ પડવું; થાક, વિસામો લેવો. [L. *pulvinus*, a pillow]

Pillowy, *a.* (પિ'લોઇ) Like pillow. ઓસીકા, તકીઆ જેવું.

Pilot, *n.* (પા'યલટ) A guide; one who shows the course. ભોમીઓ; માર્ગ બતાવનાર. ૨. સુકાનીનું કામ કરનાર. *vt.* To indicate one's way. માર્ગ, દિશા, રસ્તો ચિંધવો, બતાવવો.

Pilotage, *n.* (પા'યલટિજ્) The duty of a helmsman. સુકાનીનું કામ. 2. Money paid to a helmsman. સુકાનીને આપવાનો દર, લવાજમ.

Pimp, *n.* (પિમ્પ) A panderer; a procurer. ભડવો.

Pimple, *n.* (પિ'મ્પલ) A small boil; an abscess. ખીલ; ફોલ્લો; ફોલ્લી; ન્હાનું ગુમડું.

Pin, *n.* (પિન્) A sharp pointed needle; a bolt; a small peg. ખીલી; ટાંચણી; મેખ; નકુચી. **Not to care a P.** = રતિભાર દરકાર ન કરવી. *vt.* ખીલી ઠોકવી, ટાંચણી મારવી [L. *pinna*, a feather.] **P. cushion**=ટાંકણી ખોસી મુકવાની ગદેલી. **P. money** = પોતાની ધણીઆણીને આપેલા હાથખરચીના પૈસા.

Pincers, *n.* (પિ'ન્સર્ઝ) An instrument for taking out nails. સાણસી; ચીપીઓ; ખીલી કાઢી નાખવાનું ઓજાર.

Pinch, *vt.* (પિન્ચ) To twist; to squeeze. ચોંટિઓ લેવો, ભરવો, બચકું ભરવું; ચીમટવું. 2. To press. દબાવવું. 3. To take hold of. પકડવું **P.-veck** = વિલાયતી સોનું. *n.* ચપટી; ચીમટ; ડંખ.

Pine, *n.* (પાઇન્) A kind of evergreen tree. વિલાયતી સરળ; દેવદાર. **A pine-apple** = અનનાસ. *vt.* To grieve for; to make to languish. થી ઝુરવું; દુઃખ પામવું; મનમાં દુઃખ, સંતાપ થવો; તલપાપડ, અતિ આતુર થવું.

Pinion, *n.* (પિ'ન્યન્) A bird's wing. પાંખ 2. A feather. પીછું.3 A fetter for the arms. હાથ બાંધવા માટેનો બંધ, પાટો, જાળી. *vt.* To fasten or confine the pinions of. પાંખ બાંધવી. [L. *pinna*, a feather.]

Pink, *n.* (પિન્ક) A ship with a narrow stern. જે વહાણનો પાછળનો ભાગ સાંકડો હોય તેવું વહાણ. 2. A kind of colour. ગુલાબી રંગ. 3. Very excellent. અવધિ; ઘણુંજ સુંદર. **The pink of courtesy** = અતિવિવેક; ખોટો આગ્રહ. *vt.* તરવારથી ઘોંચી દેવું; ચામડા વગેરેને કાણાં કોરી શણગારવું.

Pinnace, *n.* (પિ'નેસ્) A small vessel having generally two sails or 8 oars. બે ઢોળતું, આઠ હલેસી, ન્હાનું વહાણ. [L. *pinus*, a pine tree.]

Pinnacle, *n.* (પિ'નૅકલ્) વિલાયતમાં મોટી ઇમારતો ઉપર પતાસાના પડાના આકારનો જે ભાગ કાઢેલો હોય છે તે, શિખર; કળશ. A pointed summit. શિખર; ટોચ. (Fig.) (of glory, fame &c.) A small turret; peak. ટોચ; શિખર; નાનો ટાવર. *vt.* To build or furnish with a P. ટોચ, શિખરવાળું ક૦. [L. *pina*, pinnacle].

Pinner, *n.* (પિ'નર્) A pin-maker. ટાંચણી બનાવનાર. 2. એક જાતની સ્ત્રીને પ્હેરવાની ટોપી.

Pint, *n.* (પાઇન્ટ્) A measure containing one-eighth of a gallon. અર્ધા ક્વાર્ટનું માપ; એક ગેલનનો ટ્રૈમો ભાગ.

Pioneer, *n.* (પાયોની,'ર્) One who goes before into the wilderness preparing the way for others to follow. લશ્કરને માટે રસ્તો તૈયાર કરવા આગળથી જનાર, પહેલ કાઢનાર, અગ્રેસર; ભોમીઓ. *vi.* To go in advance and prepare a way for. પહેલાં જઈ રસ્તો તૈયાર કરવો; આગળથી તૈયાર કરી મુકવું.

Pious, *a.* (પા'યસ્) Holy; godly; devoted. ધર્મિષ્ઠ; ભક્તિવાળો; આસ્થાવાળો; ધાર્મિક; ધર્મનિષ્ઠ.

Piously, *adv.* (પા'યસ્લી) In a pious way. ભક્તિથી; ભક્તિને રસ્તે.

Pip, *n.* (પિપ્) A seed of an apple or orange. ઍપલ અથવા નારંગીનું બી. A spot on cards. પત્તાં, પાસાનું ચિહ્ન, રમત. *vi.* To cry or warble as a chicken or young one. ચીંચીં ક૦. [L. *pitnita*, slime.]

Pipe, *n.* (પાઈપ્) A wind instrument of music; flute. વાંસળી; બંસી; મુરલી; પાવો. A long and narrow tube. નળી; ભુંગળી. A P. made of leaves. પીપી; પીપોડી. A P. (for smoking tobacco.) ચુંગી; ન્હાનો હુક્કો. A boatswain's whistle to call the crew to their duties. ખલાસીઓને કામે લગાડવાને વગાડેલી સીસોટી. *vt.* To play on a P. વાંસળી વગાડવી. To whistle. સીસોટી વગાડવી. [L. *pipo*, I chirp.]

Pipe-clay, *n.* (પા'ઈપ્-ક્લે) An elastic clay of a grayish white colour. ધોળી મટોડી, ખડી, ભૂતડો. *vt.* To whiten with pipe-clay. ખડીથી ધોળવું.

Piping, *a.* (પા'ઇપિંગ્) Hot; boiling. ગરમ ગરમ; ઉકળતું; સસડતું; ફફળતું. As P. hot. ઉનું સસડતું. 2. Weak; feeble. દુર્બળ; શક્તિહીન.

Piquancy, *n.* (પિ'કન્સિ) The quality or state of being piquant; tartness; pungency; severity. ઝાટકો; કડવાટ; ચણચણાટ; ઝમઝમાટ; તીખાશ; તીવ્રતા.

Piquant, *a.* (પિ'કન્ટ્) Tart;sharp; pricking; stimulating to the tongue. ઝાટકો લાગે એવું; ઝમઝમાટ, મરચાં લાગે એવું; તીખું.

Piquantly, *adv.* (પિ'કન્ટ્લી) Tartly. ઝાટકો લાગે એવી રીતે.

Pique, *n.* (પિક્) Irritation; grudge; an offence taken; a wrong passion. રોષ; માઠું; મરડાટ; અમળાટ; ચટકો; ઝાટકો. A cotton fabric figured in the loom.(પી'કે,)સાળમાં વણેલું કાપડ; પટ્ટીદાર. Point; nicety. અણી; સૂક્ષ્મતા; સરસતા.*vt.*To offend.માઠું લગાડવું.To stimulate; to irritate. ને ચટકો લગાડવો; ઉસ્કેરવું. To pride or value one's self. અભિમાન રાખવું.

Piquet, *n.* (પિ'કેટ્) A sport at cards. એક જાતની પાનાની રમત; ગંજીફાની રમત.

Piracy, *n.* (પા'યૂરસી) The act or practice of a pirate. ચાંચીઆનું કામ, ધંધો. Robbery on the high seas. વહાણ લૂટવું તે.

Pirate, *n.* (પા'યરેટ્) A robber on the high seas. ચાંચીઓ. An armed ship which sails without a legal commission for the purpose of plundering other vessels. વહાણ લૂટનારૂં ચાંચીઆનું વહાણ. One who infringes the law of copy-right. રજા વિના બીજાનું બનાવેલું પુસ્તક છપાવનાર. *vi.* To play the P. ચાંચીઆનો ધંધો કરવો. To publish books without the permission of the author. બનાવનારની રજા સિવાય કોઈ પુસ્તક છપાવવું. [Gr. *peiras*, to try.]

Piratical, *a.* (પાયૂર'ટિકલ્) Pertaining to a pirate. ચાંચીઆનું; બિન પરવાનગીનું.

Piscator, *n.* (પિ'સ્કેટર્) A fisherman.માછી.

Pisces, *n.* (પિસી'ઝ્) The twelfth sign of the Zodiac. બારમી રાશિ; મીન. [L. *piscis*, a fish.]

Piss, *vt.* (પિસ્) To make water. પેશાબ કરવો. *n.* Urine. પેશાબ.

Pistachio, *n.* (પિસ્ટૅ'શિઓ) The nut of the Pistacia vera. પિસ્તાં.

Pistil, *n.* (પિ'સ્ટિલ્) The seed bearing organ of a flower. ફુલનો કેસર.

Pistol, *n.* (પિ'સ્ટલ્) A small fire-arm; a hand gun. નાની બંદુક; પિસ્તોલ; રાઇફલ. [L. *pinso* I pound.]

Pistole, *n.* (પિ'સ્ટોલ્) Spanish coin. સ્પેઈનનો એક જાતનો સિક્કો, નાણું=૧૮ શિ.

Piston, *n.* (પિ'સ્ટન્) A short cylinder of metal or other solid substance which fits exactly the cavity of a pump or a barrel and works up and down so as to press or force some fluid into or out of the tube which it fills. બંબા વગેરે યંત્રોમાં પાણી ખેંચીને લેવી અથવા હડસેલી બહાર કાઢવાને અંદરથી જે નક્કર લઠ્ઠો હોય છે તે; પંપનો દટ્ટો; દાંડો. [L. *pindo*, I press.]

Pit, *n.* (પિટ્) A hole; cavity; hollow in the ground. ખાડો; કાણું; ભેખડ. 2. A grave or hell. કબર; નરક. [L. *puteus*, a well.]

Pit-a-pat, *n.*(પિ'ટ્-અ-પૅટ્) A light, repeated sound. ધીમો, વારેવારે થતો અવાજ. *adv.* In a flutter. ધબકધબક; પટપટ.

Pitch, *n.* (પિચ્)A resinous black substance. (વહાણનો) તાર; ડામર. Degrees of elevation or depression. પ્રમાણ; દરજ્જો. Highest P. ટોચ; શિખર. Height. ઉંચાઈ. Gravity of a tone. સૂર. *vt.* To hurl. ફેંકવું. To fix a tent. તંબુ ઠોકવો. *vi.* To light. ઉડતાં ઉડતાં આવીને બેસવું. To fall headlong. ઉંધે માથે પડવું. (On,upon) to fix choice. પસંદ ક૦; શોધી કાઢવું. To encamp. મુકામ ક૦. Pitched battle. વ્યૂહપૂર્વક થએલું, જામેલું યુદ્ધ. To cover over. ઢાંકવું.

Pitcher, *n.* (પિ'ચર) One who pitches anything. કોઇ ઠોકનાર, બેસાડનાર. A vessel with spout to hold liquors; a jug. નાળચાવાળો ઘડો, કરવડો.

Pitch-dark, *a.* (પિ'ચડાર્ક્) Very dark. શ્યામ; કાળું; ઘોર અંધારૂં.

Pitch-fork *n.*(પિ'ચ્-ફૉર્ક્)A fork or farming utensil used in pitching hay. પંજેઠી; કાંટો; સૂળ. *vt.* To pitch with a pitch-fork. પંજેઠી મારવી.

Pitch-pipe, *n.* (પિ'ચ્-પાઇપ) A musical instrument. સૂર, તાળ મેળવવાનું યંત્ર.

Piteous, *a.* (પિ'ટીઅસ્) Miserable; sad; compassionate. દયાવંત; કંગાલ; દયાજનક; કરૂણ.

Piteously, *adv.* (પિ'ટીઅસ્લી) Mournfully; sorrowfully. કંગાલ રીતે; ગમગીન રીતે.

Pith, *n.* (પિથ્) The spongy interior substance of a feather. ગર્ભ; ગર; ચરબી; મેદ. Force; vigour; essence. બળ; શક્તિ; કસ; તત્વ; સાર; જીવ; માલ; દમ. The spinal cord of an animal. બરડો; વાંસાનું હાડકું.

Pithless, *a.* (પિ'થ્લિસ્) Destitute of pith or strength; feeble. સત્વરહિત; નિર્માલ્ય;રસકસ વિનાનું; નિર્બળ; રસહીણ.

Pithy, *a.* (પિ'થી) Consisting of pith. ગર મેદવાળું. Forcible (word). થોડામાં ઘણો અર્થ રહ્યો હોય એવું;માર્મિક (pers.) થોડામાં ઘણું કહેનાર

Pitiable, *a.* (પિ'ટિઅબલ્) Deserving pity lamentable. દયાપાત્ર; દુઃખી; દીન.

Pitiful, *a.* (પિ'ટિફુલ્) Feeling pity. કૃપાળુ દયાર્દ્ર; દીન.

Pitiless, *a.* (પિ'ટિલિસ્) Incompassionate destitute of pity; hard-hearted. દયારહિત નિષ્કરૂણ; નિર્દય; દયાશૂન્ય; દુષ્ટ.

Pitman, *n.* (પિ'ટમન) A miner. ખાણીએ કડીઓ.

Pitsaw, *n.* (પિ'ટસૉ) એક જાતની કરવત.

Pittance, *n.* (પિ'ટન્સ્) An allowance food bestowed in charity. ભાથું;ભથ્થુ; કં રોટલો; સિધો; A small quantity. અલ્પાં P. of learning=અલ્પવિદ્યા; [L. *pitanti* food in general.]

Pituite, *n.* (પિ'ટ્યુઆઇટ્) Mucus, phlegm બળગમ; કફ; લીંટ. [L. *pituita*, phlegm.]

Pituitous, *a.* (પિટ્યુ'ઈટસ્) Full of, di charging mucus; resembling muc બળગમ-કફવાળું; દમવાળું; દમીઅલ.

Pity, *n* (પિ'ટિ) Fellow-feeling; sympath commiseration; compassion. દયા; કરૂણા. thing to be regretted. અફસોસની વાત. To commiserate.દયા લાવવી; [L. *pius*, piou

Pivot, *n.* (પિ'વટ્) A short axis on t end of which a wheel turns; a pin which anything turns. વચલો ઉભો ખીલો જેમાં પોએલું ચક્કર વગેરે કંઇ ફરતું હોય. turning point or condition. આધાર; મુ વિષય. [L. *palus*, a stake.] *vt.* To pla on a pivot. આધાર દેવો; ધરી બેસાડવી.

Pivotal, *a.* (પિ'વટલ્) Belonging or pe taining to a pivot. આધાર, ધરીસંબંધી, ને લગ

Placability, *n.* (પ્લૅકબિ'લિટિ) The qual or state of being placable. શાંત કરી શક સમજે, માને, વળે એવો ગુણ; ફોસલામણી; વળક પણું [L. *placo*, I appease.]

Placable, *a.* (પ્લૅ'કબલ્) Appeasable; rea to be pacified. રોષ ભૂલાવાય એવું; સા એવું; વળકણું.

Placard, *n.* (પ્લૅ'કાર્ડ) A poster; a writ or printed paper, posted in a public pla જાહેરનામું;પત્રિકા.*vt.* To post placards. જાહેરખ ચોડવી.[Gr, *plakos*, anything flat and broa

Placate, *vt.* (પ્લે'કેટ્) To appease; to paci શાંત પાડવું; સમજાવવું; મ્હેરબાની મેળવવા, વિર મટાડવા, યત્ન કરવો.

Place, *n.* (પ્લે,સ્) A site; ground; spot. જગા; ઠામ. vacated space; room. જગ્યા; ઠેકાણું; સ્થાન. An *open space*; a public place. ચોક; મેદાન; ચોગાન; પાધર. An official post. પાયરી; દરજ્જો; પદ. A dwelling house. મકાન; ઘર. A town ગામ; શેહેર. Out of P.=inappropriate. અનુચિત; કવેળાનું. **To give p.=to make room**-ને જગો કરી આપવી; **To take p.** To come to pass; to happen. બનવું; થવું. To take the P. of=to be substituted for.-ને બદલે આવવું. **Out of place**=વગર નોકરીએ. *vi.* To put or set in a particular rank; office or position. મૂકવું; નીમવું; [L. *platea*, a street. Gr. *platus*, broad.]

Placeman, *n.* (પ્લે,'સ્મન્) One who holds an office. સરકારી કામદાર; હોદ્દેદાર; સત્તાવાળો; અમલદાર; અધિકારી.

Placenta, *n.* (પ્લસે'ન્ટ) ગર્ભમાંથી નીકળતી ઓર, ઓળ; બીજસ્થાન.

Placid, *a.* (પ્લૅ'સિડ્) Calm; peaceful; pleased; contented. સંતુષ્ટ; સંતોષી; શાંત; પ્રસન્ન; સૌમ્ય. [L *placeo*, I please]

Placidity, *n.* (પ્લૅસિ'ડિટિ) The quality or state of being peaceable. સંતોષ; શાંતતા; સૌમ્યતા; અવ્યગ્રતા.

Plafond, *n.* (પ્લફૉ'ન્ડ્) The ceiling of a room. છાપરું; દિવાલની ઉપર ઢાકેલો ભાગ; કાષ્ઠછત. [Fr. *plat*, flat & *fond*, bottom.]

Plagiarize, *vt.* (પ્લે,'જિઅરાઈઝ્) To steal from the writings of another; to copy. લખાણ ચોરી લેવું; તફડંચી કરવી. [L. *plagio*, I kidnap.]

Plagiarism, *n.* (પ્લે,'જીઅરિઝમ્) The passage stolen or copied from a book; literary theft. ચોરી કરીને લખેલો ભાગ; તફડંચી. [L. *plagiarius*, a kidnapper.]

Plague, *n.* (પ્લે,ગ્) A deadly disease. મરકી; કડકડીયું; પલેગ. A great evil or calamity. ગજબ; મોટી આફત; વિપત્તિ A great trial or vexation. જંજાળ; મહાપીડા; ખેન; સાલ; લપ. A P. upon it=એનું સત્યાનાસ જાઓ; એ બળી મરો; એનું નખોદ જાઓ. *vt.* To torment; to vex. ઉપર મરકી મોકલવી; મરકીથી પીડવું. To be plagued. જંજાળમાં પડવું; માથાફોડ ક. **P. spot**=મરકીવાળી જગ્યા. [L. *plaga*, a blow.]

Plaguy, *a.*(પ્લે,'ગી) Troublesome; annoying; vexatious. પીડા-દુઃખવાળું; કિલષ્ટ; કષ્ટદાયી; અહુજ.

Plaice, *n.* (પ્લે,સ્) A kind of flat fish. એક જાતની માછલી.

Plaid, *n.* (પ્લૅડ્) A rectangular garment; a kind of shawl. ઉનનો પચરંગી પટકો; પછેડી, ફાળીયું, દુપટ્ટો. [L. *pellis*, a skin.]

Plain, *a* (પ્લે,ન્) Open; clear; evident; clear (for understanding) ખુલ્લું; ઉઘાડું; સ્પષ્ટ; સફ. Even (ground); level. સરખું; સપાટ. Void of ornament (dress); not decorated. સાદું. Void of beauty (countenance). રૂડું નહિં એવું; સાધારણ રૂપવાળું; ઘઉંવર્ણું. Artless. કાવાદાવા વગરનું; સીધું; ભોળું; નિષ્કપટી Not rich (diet). સાદું. (Pattern of cloth). સાદું; તરેહ વગરનું (A tune.) સાદું; તાનકવાલ, ટપ્પા વગરનું. Candid; honest. નિષ્કપટ; નિખાલસ; સાફ હૃદયવાળો. *n.* Level land. મેદાન; પાધર. A battle-field; an arena. લડાઈનું મેદાન; રણભૂમિ. *vt.* To plane or level. સ્પષ્ટ-સરખું ક૦. **P.-dealer**=ભોળો; સાચો. [L. *planus*, flat.]

Plain-dealing, *a.*(પ્લે,ન-ડી'લિંગ્)Practising plain dealing; artless. સૂધું; નિખાલસ; ભલું. *n.* ભલમનસાઇ; સૂધાઇ.

Plain-hearted, *a.* (પ્લે',ન્-હાર્ટિડ્) Frank. ભોળું; કપટરહિત.

Plainness, *n.* (પ્લે,'ન્નિસ્) The quality or state of being plain. સાદાપણું; ભોળાપણું; નિષ્કપટતા.

Plain-spoken, *a.* (પ્લે.'ન્-સ્પો,કન્) Speaking with plain, unreserved sincerity. ખુલ્લું; સાફ; ચોકખે ચોકખું સંભળાવે તેવું.

Plaint, *n.* (પ્લે,ન્ટ્) Lamentation; complaint. દુઃખ રોવું તે; રોદણું; ફરિયાદ. An accusation. ફરિયાદી; દાવાઅરજી; આરોપ. [L. *plango*, I lament.]

Plaintiff, *n.* (પ્લે,'ન્ટિફ્) One who commences a suit to obtain a remedy for an injury to his right. ફરિયાદી; વાદી.

Plaintive, *a.* (પ્લે,'ન્ટિવ્) Complaining. ફરિયાદી કરતું. Mournful; sad. શોકાતુર; ઉદાસીન; ખિન્ન; કરુણ.

Plait, *n.* (પ્લૅટ્) A flat fold. પાટલી; કલી. A braid. વેણી; લટ. *vt.* To fold. પાટલી, કલી વાળવી; ચૂણવું; સાંકડી ઘડી વાળવી To braid. ચોટલો, વેણી ગુંથવી. [L. *plico*, I fold]

Plan, *n.* (પ્લૅન્) A drawing or sketch; a graphic representation; a draught; a form. નકશો; નમૂનો; આલેખન. A scheme; a design. યોજના; પ્રબન્ધ; રચના; યુક્તિ. A method or way. રીત; રસ્તો; ઘાટ. *vi.* To draught. નમુનો કાઢવો, ચીતરવો. To devise. યુક્તિ કરવી. **P. of campaign**=કંઇ કામની યુક્તિ. [L. *planus*, flat.]

Planch, *n.* (પ્લૅ'ન્શ્) A plank. પાટિયું. *vt.* To cover with planks; to plank. ફરેતાગ ભરવી; પાટિયાં ભરવાં.

Planchette, *n.* (પ્લૅન્શે'ટ) પ્રેતાવાહન યંત્ર: પેન્સિલ આપોઆપ ચાલે અને નીચે મુકેલા કાગળ પર ટીસરડા થઈ કંઇક લખાય એવું પાટીયું.

Plane, *n.* (પ્લે'ન્) Any tree of the genus *platanus.* ઝાડ. A surface real or imaginary. સપાટી; સમતલ. A tool for smoothing boards. રંદો. *a.* Smooth. સીધું; સપાટ. *vt.* To make smooth. ઉપર રંદો ફેરવવો; રંદાવતી સાફ, લીસું કરવું. [Gr. *planus,* broad.]

Planet, *n.* (પ્લૅ'નિટ્) A celestial body which revolves about the sun in an orbit of a moderate degree of eccentricity. ગ્રહ; ખેચર. [Gr. *planao,* I wander.]

Planetary, *a.* (પ્લૅ'નિટરી) Pertaining to or consisting of planets. ગ્રહ સંબંધી. ગ્રહનું.

Planisphere, *n.* (પ્લૅ'નિસ્ફી,ર) The representation of the circle of the sphere upon a plane. ગ્રહનો નકશો.

Plank, *n.* (પ્લૅન્ક્) A broad piece of sawed timber. પાટિયું. That which supports or upholds. આધાર. *vt.* To cover or lay with planks. પાટિયાં જડવાં. [L. *planca,* any thing flat and broad.]

Plant, *n.* (પ્લૅન્ટ્) A vegetable. છોડવો; રોપો. A bush or young tree. છોડ; ઝાડવું. *vt.* To put in the ground and cover as seed for growth. વાવવું; રોપવું. [L. *planta,* a sprout.]

Plantain, *n.* (પ્લૅ'ન્ટિન્) A tree-like perennial herb of topical regions; banana. એક જાતનો બીયાંવાળો ઔષધિ છોડ. કેળ (the fruit.) કેળું.

Plantigrade, *a.* (પ્લૅ'ન્ટિગ્રે,ડ્) Walking on the sole. પગ પર ચાલતું -*n.* એવું પ્રાણી.

Plantation, *n.* (પ્લૅન્ટે',શન્) The act of planting. વાવણી; રોપણી. The place planted. વાડી. A mango P. આંબાવાડી. A colony. નવું સંસ્થાન, થાણું. [L. *planto,* I set.]

Planter, *n.* (પ્લૅ'ન્ટર્) વાવનાર; વાડીનો ધણી; નવી વસ્તી વસાવનાર.

Planticle, *n.* (પ્લૅ'ન્ટિકલ્) A young plant; herb. કુણગો; ઝવેરા.

Plash, *n.* (પ્લૅશ્) A puddle of water; a pond. ખાબોચિયું; નહિં જેવું નહાનું તળાવ. *vi.* To dabble in water. પાણીમાં પટપટ ક૦, પટાકા બોલાવવા. *vt.* To splash, as water. પાણી ઉછાળવું, પચાકવું.-*n.* પટાકો.

Plasmatic, *a.* (પ્લૅઝ્મૅ'ટિક્) Forming. ડોળ આપનારૂં. Pertaining to plasma. ઢાળ પાડવાનાં બીબાં, જીવનતત્વ, દુધ, લોહી, રસીના રંગ રહિત પ્રવાહી રસ, સંબંધી, નું.

Plaster, *n.* (પ્લૅ'સ્ટર) A composition of lime, water and sand used for coating walls. કોલ; સલ્લો; પ્લાસ્ટર; મલમ, આગળી; પટ્ટી. *vt.* To over-lay with P. સલ્લો દેવો; પલાસ્તર ક૦. લગાવવું; ચોપડવું. To cover with a P. પટ્ટી મારવી; ચિપ દેવી. **P. of Paris**=પારિસમાંથી પ્લાસ્ટર માટે નીકળતાં પદાર્થો; એક જાતની રાતી પીળી માટી (જીપ્સમ્).

Plastic, *a.* (પ્લૅ'સ્ટિક્) Having the power to give form or fashion to a mass of matter. નવા નવા ઘાટો બનાવી શકે એવું; ઘટક; આકારદ. Capable of being formed. ઘાટ બનાવા લાયક; વાળી શકાય એવું; ઘટનીય. [Gr. *plasso,* I form.]

Plat, *vt.* (પ્લૅટ્) To braid. to plait. ગુંથવું; વણવું. *n.* Work done by plaiting. ગુંથણકામ; કલ્લી; ઘડી; વેણી; જમીનનો સપાટ કકડો,કિત્તો; પલાટ.

Plate, *n.* (પ્લે,ટ્) A flat piece of metal. જાડું સપાટ પતરૂં. Armour of plates. પતરાંનું બખ્તર. Domestic vessels and utensils wrought in gold and silver. (રકાબી વગેરે) સોના રૂપાનાં વાસણ. A small, shallow and usually circular vessel of metal, wood or earth. વિલાયતી થાળી, રકાબી. A printed picture. ધાતુ, લાકડાના બીબાં ઉપરથી છાપીને પાડેલું ચિત્ર, છાયાચિત્ર; છાયો. *vt.* To adorn with plated metal. પતરાં જડવાં. To cover with silver. નો ઢોળ ચઢાવવો,-થી મઢવું. To cover with plates of metal. બખ્તર પહેરાવવું. To beat into thin, flat pieces. પાતળાં પતરાં ઘડવાં.

Platter, *n.* (પ્લૅ'ટર) વિલાયતી થાળો; મ્હોટી ચીનાઇ રકાબી; વણનાર, કલ્લી કરનાર.

Plate-glass, *n.* (પ્લે,'ટ્-ગ્લાસ્) Very high quality of glass used in mirrors. આરસા-આરસીનો, બારી બારણાંનો જાડો કાચ; હલ્લબી કાચ.

Plate-layer, *n.* (પ્લે,'ટલેયર્) One who fixes the railways. પાટા (આગગાડીના) ઠોકનાર, બેસાડનાર.

Plate-warmer, *n.* (પ્લે,'ટવૉર્મર્) An apparatus for warming the plates. તબકડીને ઉની કરવાનું સાધન.

Plateau, *n* (પ્લૅટો,') A table-land. ઉંચી સપાટ ધરતી; ઉચ્ચ પ્રદેશ.

Platform, *n.* (પ્લૅ'ટ્ફૉર્મ) A sketch upon a plane surface. સપાટી ઉપર કાઢેલો નકશો.

A place for standing outside the car or railway-carriage.ઉંચી કરેલી જગા,તખક,પ્લૅટફૉર્મ, મંડપ; માંચડો. To form a plan of. યોજના ક.

Platina, platinum, *n.*(પ્લૅ'ટિના, પ્લૅ'ટિનમ્) A kind of metal like silver. (It is an old name). રૂપાના જેવી એક ધાતુ.

Platitude, *n.*(પ્લૅ'ટિટ્યુડ) Triteness;dullness; inspidity. રસહીનતા. A truism; a common-place. સ્વતઃસિદ્ધ પ્રમાણ; સાધારણ, ટાયલી વાત.

Platonic, *a.* (પ્લેટૉ'નિક્) Pertaining to Plato, or his philosophy, school or opinion. પ્લેટોના મતનું. A follower of Plato. પ્લેટોના મત પ્રમાણે ચાલનાર; પ્લેટોની ફીલસુફીને માનનાર.

Platting, *n.* (પ્લૅ'ટિંગ) Plaited strips of bark, canestraw &c. ગુંથેલું, વણેલું કામ.

Plaudit, *n.* (પ્લૉ'ડિટ્) Loud praise; a marked expression of applause. (ઘણીવાર) વખાણ, વાહવાહ, શાબાશી. [L. *plaudo*, I clap.]

Plauditory, *a.* (પ્લૉ'ડિટરી) Applauding. વખાણમય.

Plausible, *a.* (પ્લૉ'ઝિબલ્) Specious. દેખીતું ખરૂં; સત્યભાસાત્મક. **P. tale**, ડાહી ડાહી વાત. (persons). ડાહી ડાહી વાત કહેનાર.

Play, *vi.* (પ્લે,) To sport; to frolic. રમવું. (with) to trifle (health &c.) કંઇ બાળવવા, કરવાનો વિચાર ન રાખવો. To P. at a game. રમવું; દાવ ખેલવો. To perform on an instrument of music. વગાડવું. To act. ચલાવવું. To act on the stage. વેષ લેવો, લઇને રમવું. To play into a person's hands=કોઈ માણસને લાભ થાય એવી રીતે, હથીયાર બની વર્તવું. **To play off,** To affect. ઢોંગ ક૦; છળ, પ્રપંચ રમવો. **To play false**=દગો દેવો. To play upon= to deceive. છેતરવું; ઠરકેરવું.To use in a droll manner. રમુજ ક૦. *vt.* To exhibit in action. બજાવવું. To act; perform. વેષ ભજવવો. To behave like. ની માફક વર્તવું. To play off. બનાવવું; વાપરવું. To P. one's cards. યુક્તિ ક૦ **To play the fool.** બેવકુફ બનવું. **To play the woman.** બૈરાંજત કરવી. *n.* Amusement. ક્રીડા; રમત; ખેલ; વિલાસ. A dramatic composition or exhibition. નાટક. Manner of dealing. Room for motion. અવકાશ; લાગ. **A p. upon words.** શબ્દવિનોદ,શ્લેષ.To bring into **P.**=to bring into use. વપરાશમાં લાવવું.. **To hold in p.** To keep occupied ગુંચાયલા રાખવું. Fair **P.**=વાજબી રીતે ચાલવું તે. Foul **P.** ગેરવાજબી રીતે ચાલવું તે; દગો.

Play-actor, *n.* (પ્લે,' ઍક્ટર) An actor; a player. નાટકીઓ; પાઠ ભજવનાર; દંભી. (fem.) **P. actress.** સ્ત્રી પાઠ ભજવનારી.

Play-bill, *n.* (પ્લે,'બિલ્) નાટકપત્ર, ની જાહેરાત.

Player, *n.* (પ્લે'અર્) રમનાર; નટ; વગાડનાર. A gambler. જુગારી.

Play-fellow, *n.* (પ્લે,' ફેલો) A companion in amusements or sports; a play-mate. રમનાર સોબતી.

Playful, *a.* (પ્લે,'ફુલ્) Full of play; sportive. લ્હેરી; આનંદદાયી.

Playfulness, *n.* (પ્લે,'ફુલ્નિસ્) The act or play; sportiveness. રમતીયાળપણું; ક્રીડાશક્તિ; ટોળ; રમુજ; લ્હેર; આનંદ; ગમ્મત.

Play-house, *n.* (પ્લે,' હાઉસ્) A building used for dramatic exhibition. નાટકશાળા. A house for children to play. છોકરાને રમવાનું ઘર; રમતશાળા.

Play-mate, *n.* (પ્લે'મે,ટ્) A play-fellow. સાથે રમનારો દોસ્તાર; મિત્ર; સાથી; જોડીઓ.

Play-thing, *n.* (પ્લે,'થિંગ્) Toy. રમકડું.

Play-wright, *n.* (પ્લે,' રાઇટ્) A maker of plays. નાટક બનાવનાર; રમત શોધનાર.

Plea, *n.* (પ્લી) That which is alleged or pleaded. પ્રતિવાદીનો જવાબ; દલીલ; તકરાર; સબબ; બહાનું. An urgent prayer. અરજ. [L. *placeo*, I please.]

Plead, *vi.* (પ્લીડ્) To urge; to argue; to argue in support of a claim. પક્ષ ખેંચીને બોલવું. To present an answer. જવાબ, રદીયો આપવો. *vt.* To offer in excuse. નું કારણ, સબબ બતાવવું. To plead a cause. ની તરફની તકરાર લેવી; વકીલાત કરવી.

Pleadable, *a.* (પ્લીડબલ્) Capable of being pleaded. તકરાર, જવાબમાં કહેવા, બતાવવા જેવું, ટકે એવું.

Pleader, *n.* (પ્લી'ડર્) One who pleads. વકીલ.

Pleadings, *n.* (પ્લી'ડિંગ્ઝ્) The mutual pleas and replies of the plaintiff and defendant. પક્ષકારોની તકરાર.

Pleasant, *a.* (પ્લે'ઝન્ટ) Pleasing; humorous; sportive. ખુશકારક; મનોહર; ગમ્મતવાળું.

Pleasantly, *adv.* (પ્લે'ઝન્ટલી) In a pleasant manner. સંતોષ, આનંદથી, મનરંજન થાય તેવી રીતે.

Pleasantry, *n.* (પ્લે'ઝન્ટ્રિ) Cheerfulness; merriment; gaiety. રમુજ; મજાક; ટોળ; હાસ્ય વિનોદ; કલ્લોલ; ટીખળ.

Please, *vt.* (પ્લીઝ્) To gratify; to make glad. ખુશી, રાજી ક૦; સંતોષવું; આનંદ આપવો; રીઝવવું. To choose. મરજીમાં આવવું; પસંદ પડવું. To seem good to. ને સારૂં લાગવું, રૂચવું.*vi.* To

afford pleasure. ખુશી ગમ્મત ઉપજાવવી [L. *placeo*, I please.] To condescend. મેહેરબાની, કૃપા કરવી. *adv.* મહેરબાની કરીને; કૃપયા.

Pleasing, *a.* (પ્લી'ઝિંગ) Pleasant; agreeable; giving pleasure. મનોરંજક; રૂચિકર; સુખપ્રદ; લલિત.

Pleasure, *n.* (પ્લે'ઝર) Joy; gladness; the gratification of the mind or senses. ખુશી; આનંદ; સંતોષ; મઝા; Amusement; sport. ગમત; રમત; રમુજ. Frivolous or sensual enjoyment. મોજ; મોજશોક; ભોગવિલાસ; *pl.* ચહેનબાજી; એશઆરામ. Will; wish; choice. મરજી; ખુશી; ઇચ્છા; રૂચિ. Cause of P. ખુશીની વાત, કારણ.

Pleasure-ground, *n.* (પ્લે'ઝર-ગ્રાઉન્ડ) A piece of ground laid out for sports; amusements etc. રમતો રમાય તે જગ્યા; રમતશાળા; વિહારસ્થાન.

Pleasureless, *a.* (પ્લે'ઝરલિસ) Devoid of pleasure. ખિન્ન; ઉદાસી; અરમતીઆળ.

Plebeian, *a.* (પ્લી'બિઅન) Pertaining to the plebs or common people, મધ્યમ, હલકી વડીના લોકનું; અકુલીન; અનાર્ય. The Roman Plebeians. રોમન મધ્યમ, નીચ વર્ગ.

Pledge, *n.* (પ્લેજ) The thing pawned; something given as security. ઘરેણે, ગિરો, સાનમાં મૂકેલો માલ, જંગમ મિલ્કત. A guarantee. ખાતરી, ભરોસો, પ્રતીતિ. Promise. વચન, પ્રતિજ્ઞા. Security; a surety. જામીન. *vt.* To deposit in P. ઘરેણે મૂકવું. To guarantee—ની ખાતરી કરી આપવી, નું વચન, કોલ આપવો. To secure performance of by P. જામીન આપવો, લેવા To bind by promise. વચનથી બાંધવું. [L. *plegium*, surety.] પીને તંદુરસ્તી ચાહવી; આરોગ્ય, શુભેચ્છાપાન.

Pledget, *n.* (પ્લે'જિટ) A small plug. (ગુમડા ઉપર મુકવાનું) પુમડું; ઘડી; પેલ.

Plenary, *a.* (પ્લી'નરી) Entire; full. પૂરેપૂરૂં; સંપૂર્ણ; સદંતર. *n.* A decisive procedure. સંપૂર્ણ રીત; નિકાલ સત્તા, કામ. A P. license = સદર પરવાનગી. [L. *plenus*, full.]

Plenipotence, *n.* (પ્લેનિપોટે'ન્સ) The quality or state of being plenipotent. કુલ અખત્યાર.

Plenipotent, *a.* (પ્લેનિપેટે'ન્ટ) Possessing full power. કુલ અખત્યારધારી.—°**tiary**, (°ટે'ન્શરી) ફેંસલો આપવાની સત્તા ધરાવવું; એવી વ્યક્તિ.

Plenitude, *n.* (પ્લે'નિટ્યૂડ) Fullness; completeness. પુષ્કળતા; અખૂટતા; ભરપૂરપણું; [L. *plenus*, full.]

Plenteous, *a.* (પ્લે'ન્ટીઅસ) Abundant. બહુ; ભરપૂર. Fruitful; productive. ફળદ્રુપ; આબાદ. Abounding; rich. પુષ્કળ; સમૃદ્ધ.

Plentiful, *a.* (પ્લે'ન્ટિફુલ) Copious. પુષ્કળ; અતિશય.

Plenty, *n.* (પ્લે'ન્ટિ) Full supply; abundance. પુષ્કળતા; સુકાળ; આબાદી; રેલછેલ; અતિશયપણું; અખૂટતા.

Pleonasm, *n.* (પ્લી'અનૅસમ) The uses of more words than are necessary. શબ્દાતિશય, શબ્દાધિક્ય.

Pleonastic, *a.* (પ્લીઅનૅ'સ્ટિક) ખપ કરતાં વધારે શબ્દો વાપર્યા જેવું; અધિકશબ્દદોષવાળું.

Plethoric, *a.* (પ્લીથૉ'રિક) Full of excess; having a full habit of body. લોહીએ ભરાવું તે; લોહીવાળું; ઉભરાવું. °**ra** (પ્લે'થરા) પુષ્કળતા.

Pleurisy, *n.* (પ્લૂ'રિસી) An inflammation of the pleura છાતીની અંદર લાકે બળવી તે; કરોટાહ.

Plexiform, *a.* (પ્લે'ક્સિફૉર્મ) Like net-work; complicated. જાળીના કામ જેવું; જાળીદાર.

Pliability, *n.* (પ્લાઍબિ'લિટી) The quality or state of being pliable. વાળીએ તેમ વળે એવો ગુણ.

Pliable, *a.* (પ્લા'યબલ) Flexible; easy to be bent. વળી શકે એવું; સમજી જાય એવું.

Pliancy, *n.* (પ્લા'યન્સિ) The quality or state of being pliant. ઢંગ વિનાના હોવું તે; વળકણતા.

Pliant, *a.* (પ્લા'યન્ટ) That may be easily bent; capable of bending. વળાય એવું નરમ, અદ્દઠ.

Pliers, *n.* (પ્લા'યર્સ) A kind of small pincers with long jaws. ચિપિયો; ચીમટો, પકડ.

Plight, *n.* (પ્લાઇટ) *vt.* To braid. કલ્લી, ઘડી વાળવી; ગુંથવું. To pledge. વચન આપવું. *n.* Net work. જાળી કામ. A security. બ્હાંય; ધરી. Condition; state. હાલત; દશા; દુર્દશા.

Plighter, *n.* (પ્લા'ઇટર) જામીનગીરી આપનાર; ખાતરી આપનાર.

Plinth, *n.* (પ્લિન્થ) કાન્નેસ; વાટો; બેસણી; પાયો; પાટ. [Gr. *plinthos*, a brick.]

Plod, *vi.* (પ્લૉડ) To travel slowly but steadily; to trudge. ધીમે ધીમે ચાલ્યાં જવું. To drudge. વૈતરૂં કર્યાજ કo.

Plot, *n.* (પ્લૉટ) A small extent of ground; a plat ખેતરનો કકડો; ટુકડો; નાનું ખેતર. A plantation laid out. વાવેતર. A conspiracy or a shame. કાવતરૂં; તરકટ; યુક્તિ. Contrivance. યુક્તિ; પ્લાન. The story of a novel or a play. ચોકઠું; બંધારણ; વાર્તાવસ્તુ. *vt.* કાવતરૂં કo.

Plotter, *n.* (પ્લૉ'ટર) A conspirator. કાવતૂં, કારસ્થાન કરનાર; દગાબાજી.

Plotting, *n.* (પ્લૉ'ટિન્ગ્) The act of making a plot. કાવતરૂં રચવું તે; કારસ્થાન.

Plough, *n.* (પ્લાઉ) An instrument for turning up the soil. હળ; સાંતિ. A joiner's plane for making grooves. ખાંચો પાડવાનો રંદો. *vt.* To till with a plough ખેડવું. To furrow.ચાસ પાડવા.

Plough-man, *n* (પ્લાઉ'કમન્) One who ploughs; a peasant. હળ ફેરવનાર; ખેડુત. A rustic. ગામડિયો.

Plough-land, *n.* (પ્લાઉ'લૅન્ડ્) Land that is suitable for tillage. ખેડવા લાયક,ખેડેલી ભોંય, જમીન.

Plough-share, *n.* (પ્લાઉ'શેઅર) That part of a plow which cuts the slice of earth. હળનું ચવડું; હળપૂણી.

Plover, *n* (પ્લ'વર) દરિયાઇ પક્ષી; ટીટોડી.

Plow, *n. vt. vi.* (પ્લાઉ) Plough. હળ; ખેડવું.

Pluck, *vt.* (પ્લક) To pull; to pick; to draw. ખેંચવું; તાણવું. To pull with sudden force. આંચકો, ઝટકો મારવો. To gather. તોડવું; ચુંટવું; વીણવું. To reject at an examination. કાઢી નાંખવું; નાપાસ કરવું. To pluck away=to pull away. ઉખેડી કાઢવું. To P. down=to pull down. તોડવું. To P. off; to tear off. તોડી કાઢવું. To P. up; to tear up by the roots. જડ મૂળથી ઉખેડી નાંખવું. To P. up courage. હિમ્મત ધરવી. *n* A pull. આંચકો. Spirit; courage. હિમ્મત; છાતી. To extort money; ની પાસેથી પૈસા કઢાવવા; મૂંડવું.

Plug, *n.* (પ્લગ્) A stopper; a stopple. ડચ્ચો; ડટ્ટો; દાટો. A flat, oblong cake of pressed tobacco તમાકુનો પડો. A high,tapering silk hat. ઉંચી રેશમી ટોપી. *vt.* To stop with a plug. દાટો દેવો.

Plugger, *n.* (પ્લ'ગર) An instrument for filling a tooth; one who plugs ટુંપણી; ચુંટનાર; ઉખેડી લેવાનું હથીઆર.

Plum, *n.* (પ્લમ્) The edible drupaceous fruit of the **Prunus domestica** વિલાયતી ફળ; આલુ. A grape dried in the sun. સુકી દ્રાક્ષ.

Plumage, *n.* (પ્લૂ'મિજ્) The feathers that cover a bird. પીંછાં; કલગી.

Plumb, *n.* (પ્લમ્) A little mass or weight of lead; a plummet. (કડીઆનો) ઓળંબો. *vt.* To cause to be perpendicular ઓળંબામાં આણવું. To sound with a P. દરિયાની ઉંડાઇ માપવી. [L. *plumbum*, led].

Plumbago, *n.* (પ્લમ્બે'ગો) Graphite. સિસાપેન બનાવવાની ધાતુ; પ્લમ્બેગો; સીસું.

Plumber, *n.* (પ્લ'મર) One who plumbs. સીસાનું કામ કરનાર; સીસાગર; માપ કાઢનાર.

Plummet, see **'Plumb'**

Plumbery, *n.* (પ્લ'મરી) The business of a plumber. સીસા ઘડનારનું કામ; (place.) સીસા કામનું કારખાનું.

Plumb-line, *n.* (પ્લ'મ્-લાઇન્) The string of the plumb. ઓળંબાની દોરી.

Plume, *n.* (પ્લૂ'મ્) Feather of a bird. પીછું. A collection of feathers. પીછાંનો ગુચ્છો; *vt.* To pick and adjust the feathers of. નાં પીછાં સમારવાં. To adorn with feathers. પીછાં પહેરવાં. To pride. પતરાજી, શેખી, બડાઇ ક.

Plumed, *a.* (પ્લૂમ્ડ) Having feathers; crested પીછાંવાળું; પીછાંથી શણગારેલું; કલગીવાર.

Plump, *a.* (પ્લમ્પ) Full; fleshy; fat. ભરેલું; ગોળમટોળ, વટાણા, દરિંગા ભરી સિંગ સરખું. A P. lie.=ઢધાડું, સ્હડેસ્હડિયાન; જૂઠાણું. *vi.* To grow P. ફુલવવું. *vt.* To make P. to fill. ફુલવું; To cause to drop heavily. ધબ્બ દઇને નાંખવું. (in voting) To give as a plumber. એકલાનાજ લાભમાં મત આપવો.

Plumpness, *n.* (પ્લ'મ્પનિસ્) State or quality of being plump.ફુલેલપણું;ભરાવો;ભરાવાપણું.

Plumpy, *a.* (પ્લ'મ્પી) Fat; corpulent. સ્થૂલ; ભરાવદાર.

Plumy *a.* (પ્લૂ'મી) Adorned or covered with plumes.પીછાંથી શોભાયમાન થએલું; પીંછાવાળું.

Plunder, *n.* (પ્લ'ન્ડર) Booty; spoil; robbery. લૂંટ; લુંટી લીધેલો માલ.

Plunder, *vt.* (પ્લ'ન્ડર) To pillage; to spoil. લુંટવું; હરી લેવું; લઇ લેવું. [Gk. *plunclern*, a to pillage.]

Plunderer, *n.* (પ્લ'ન્ડરર) A robber; one who plunders. લુંટારો

Plunge, *vt.* (પ્લન્જ્) To dive or immerse. બોળવું; ડુબકી ખવરાવવી. 2. Thrust (any arm) ભોંકવું; ઘાલવું. *vi.* To dive into water. ઝંપલાવવું; ઝબોળવું. *n.* The act of immersing in. ડુબકી **The p. of a kite**=કનકવાની, પતંગની ગોથ.

Plunger, *n.* (પ્લ'ન્જર) One who plunges in. ડુબકી ખવડાવનાર; બોળી દેનાર.

Pluperfect, *a.* (પ્લૂ'પર્ફિક્ટ) Past perfect. પુર્ણભૂત.

Plural, *a.–n.* (પ્લુ'રલ) Consisting of two or more than two. બહુવચન.

Pluralize, *vt.* (પ્લૂ'રલાઇઝ્) To make plural by applying the termination. બહુવચન કરવું.

Plurality, *n.* (પ્લુરૅ'લિટી) The state or condition of being plural. બહુપણું; અનેકતા; અતિશયતા.

Plus, *a.* (પ્લસ્) In addition to; more. વત્તા. (In arithmetic it is written:- +). [L. *plus,* more.]

Plush, *n.* (પ્લશ્) પ્લશ; એક જાતનું વિલાયતી કાપડ.

Pluto, *n.* (પ્લૂ'ટો) The God of death. યમરાજ; પ્લુટો.

Plutus, *n.* (પ્લૂ'ટસ્) The God of wealth. કુબેર દેવ; લક્ષ્મીના દેવ; પૈસાપતિ.

Pluvial, *a.* (પ્લૂ'વિઅલ્) Rainy; pertaining to rain; humid. વરસાદ સંબંધી, નું.–*n.* A kind of robe. પાદરીનો ઝભ્ભો.

Pluviometer, *n.* (પ્લુવિઑ'મીટર) A rain-gauge. વરસાદ માપવાનું યંત્ર. [L. *pluvia,* rain and Gk. *metron,* measure.]

Pluvious, *a.* (પ્લૂ'વિઅસ્) Pluvial; rainy. વરસાદનું, સબંધી.

Ply, *vt.* (પ્લાઇ) To employ with diligence. ની પાછળ આગ્રહથી મંડયા રહેવું. 2. To be busy with. કર્યાજ કરવું. 3. To urge. બાઝવું; સતાવવું. 4. To punish severely. ઝુડી નાખવું; અતિશય મારવું.–*n.* (*pl.*) **Plies** = A fold; a twist. ચીંટયો; ચીમટી; વળ. [L *plicare,* to fold.]

Plyer, *n.* (પ્લા'યર્) One who plies. ખૂબ માર મારનાર; ચલાવનાર.

Pneumatic, *a.* (ન્યુમૅ'ટિક્) Pertaining to the air, gas. વાયુનું, સંબંધી; વાયુ જેવું.

Pneumatics, *n.* (ન્યુમૅ'ટિક્સ્) That branch of physics which treats of the mechanical properties of air and other elastic liquids. વાયુશાસ્ત્ર, વિદ્યા.

Pneumonia, *n.* (ન્યૂમો'નિઆ) Inflammation of the lungs. ફેફસાંનો સોજો-દાહ; કફજ્વર; નેમોનીઆ.

Poach, *vt.* (પો,'ચ્) To cook softly. જરા જરા બાફવું; ધીમી આંચે સીજવવું. To steal or to pocket. ગજવામાં ઘાલીને લઇ જવું; ચોરી જવું; ઉઠાવવું. *vi.* To steal game. શિકારનું જાનવર–મૃગયા-પશુ ચોરી લઈ જવું.

Poacher, *n.* (પો,'ચર્) મૃગચોર; રાંધવાનું વાસણ

Poachy, *a.* (પો,'ચી) Wet and soft. ભીનું અને પોચું.

Pock, *n.* (પૉક્) Pustule raised on the surface of the body in the disease called the small-pox. (રહેંચડ-શીળી–અછબડાનો) દાણો.

Pocket, *n.* (પૉ'કિટ્) A bag or a pouch; a cavity where anything can lie. ગજવું; ખીસું; ગુંજું. *vt.* To put or conceal in the P. ગજવામાં મૂકવું-સંતાડવું. **Pocket-book** = નહાની ચોપડી. To **P.** an insult = To bear an insult without any resentment. મુંગે મોઢે અપમાન સહન કરવું; પેટમાં સમાવવું; સ્હેવું.

Pocket-book, *n.* (પૉ'કિટ્-બુક્) A small book for carrying papers, notes or money in the pocket; a note-book; a book small enough to be carried in a pocket. ગજવામાં રહે એવી ચોપડી; ખલેચી.

Pocket-money, *n.* (પૉ'કિટ્-મની) Money for the pocket or miscellaneous expenses. ગજવા-હાથ ખરચી; વાપરવાના પૈસા.

Pocket-picking, *n.* (પૉ'કિટ્-પિકિંગ્) An act of picking the pocket. ગજવું કાતરવું તે.

Point, *n.* (પૉઇન્ટ્) The sharp end of a body. અણી; ટોચ. A steel instrument used by engravers. ટાંકણું. A small cape. ભૂશલાકા. (the mark.) ઝીણું-સોયની અણી જેવું કાણું; છિદ્ર; બિંદુ. A mark of punctuation. વિરામ ચિહ્ન; પૂર્ણવિરામ. (of space). અણી જેટલી જગો. (of time) અણુ ભાગ; ક્ષણ. The verge. તૈયારી. As, he is on the P. of death. Degree. અંશ; દરજ્જો. (*pl.*) Characteristics; salient features. લક્ષણ. Important features of argument. પકડેલી વાત; દલીલ; મુદ્દા. **A** single part of a question. મુદ્દો; વાત; બાબત. Aim: object. ચોટ; નિશાન; હેતુ; મુદ્દો. Punctilio (of honour, dress &c.) ઝીણી ઝીણી વાત-બાબત; બારીકી. To carry one's P. = to accomplish one's object. ધારેલી મતલબ પાર પાડવી. To make a point of=to attach special importance to. ને ખરેખરૂં મહત્વનું ગણવું. **P. at issue** વિવાદ-વિષય. *vt.* To give a. **p. to,** ની અણી કાઢવી. To direct the finger at. આંગળીથી બતાવવું. Lie to. તરફ હોવું, ચીંધવું. 4. Stand rigid. થંભી જવું. 5. Fill up with morter. ચીપ દેવી. 6. Punctuate. ચિહ્ન મેલી પસંદ કરવું. 7. અણીદાર કરવું. **At the p. of** = છેડે; અણીને સમયે **P. of war** = લડાઈમાં નગારૂં વગાડવા વખતે અપાતી નિશાની. **To give p. to** = ઉદાહરણ આપી સમજાવવું. [L. *punctum,* a small hole.] **P. blank,** સીધેસીધું **P.-device,** અતિ ચોક્કસ, ચીકણું. **P. of view,** દૃષ્ટિબિંદુ. **Pints-man.** રેલ્વેના પાટા દબાવનાર.

Pointed, *a.* (પૉ'ઇન્ટિડ) Having a sharp point. અણીદાર; તીક્ષ્ણ; સીધું; ટુંકું માર્મિક.

Pointer, *n.* (પૉ'ઈન્ટર્) One who points out. બતાવનાર. The hand of a time-piece. ઘડીઆળનો કાંટો.

Pointless, *a.* (પૉ'ઇન્ટ્‌લિસ્) Not sharp; having no point; blunt. બુઠ્ઠું

Pointedly, *adv.* (પૉ'ઇન્ટિડલી) With direct reference to a subject; explicitly. દંશ-મરોડ પકડીને; ચોખાળીને; ચોખ્ખી રીતે.

Pointedness, *n.* (પૉ'ઇન્ટિડ્‌નિસ્)Smartness. તીક્ષ્ણતા; માર્મિકતા.

Poise, *n.* (પૉ'ઈઝ્) Weight; counterpoise; gravity. ભાર; વજન; તોલ Equipoise. સમતોલ. *vt.* To balance. સમતોલ રાખવું. To counterpoise. ધડો કરવો [L. *pendo*, I weigh.]

Poison, *n.* (પૉ'ઇઝન્) Any substance which when introduced into the animal organism tends to destroy its life. ઝેર; વિષ; ગરલ; ગર. 2.That which taints or destroys moral purity or health. નુકસાન કરનાર પદાર્થ,દુર્ગુણ;બહુ કડવું તે. *vt.* To kill by P. ઝેર દઈ મારી નાંખવું 2.To put P. upon–into. માં ઝેર ભેળવવું. 3. To corrupt. બગાડવું. To P. one's ears=ના કાન ભંભેરવા. **P.-fang**=સાપની ફેણ. [L. *potio*, I drink.]

Poisonous, *a.* (પૉ'ઈઝનસ્) Having the qualities or effects of poison. ઝેરી; બગાડ-ભ્રષ્ટ કરનારૂં; દોષ લગાડનારૂં.

Poke, *vt.* (પો ક્) To thrust with a pointed arm. ભાચ્ચ દઇને ભોંકવું. 2. To thrust with the horns. શીંગડાં મારવાં. 3. To put a P. on=કોટમાં હડો પહેરાવવો. To buy a pig in a P. આંધળા થઇને વેચાતું લેવું.

Poke, *n.*(પો,ક્) A pouch; a pocket.થેલી;કોથળો.

Poker, *n.* (પો,'કર્) One who thrusts. ખોસનાર. 2. An iron bar used in poking or stirring the fire. દેવતા ખોરવાનો લોઢાનો ગજીઓ.

Polar, *a.* (પો,'લર્) Pertaining to one of the poles of the earth. ધ્રુવ સંબંધી-પાસેનું. Situated near a pole. ધ્રુવ પાસનું. 3. વિરૂદ્ધ ગુણ, ક્રિયાવાળું.

Polarize, *vt.* (પો,'લરાઇઝ્) To communicate polarity to. ધ્રુવ તરફ જવાનો ગુણ આપવો.

Polary, *a.* (પો,'લરી) Having a direction towards a pole. ધ્રુવ તરફ ફરતું.

Pole, *n.* (પો,'લ્) A long stick. સોટો; વાંસ; લગુડ; લાકડી; કાઠી. A carriage P. ઉંધ; પોલ. 2. A measuring stick. સાડા પાંચ વારનું માપ. *vt.* To furnish with poles for support. ટેકાને માટે થાંભલા મૂકવા. To impel by a pole, as a boat. વાંસ વતી ધકેલવું. *n.* Either extremity of an axis of a sphere. ધ્રુવ. [L. *palus*, stake. Gk. *polos*, pole. I make fast.]

Pole-axe, *n.* (પો,'લ-ઍકસ્) An axe with a long handle. ભાલો; ફરશી; પરશુ; કુહાડો.

Polemic-cal, *a.* (પૉલે'મિક્-કલ્) Disputative. તકરારી; વિવાદરૂપ. *n.* પ્રતિપક્ષી.

Pole-star, *n.* (પો,'લ-સ્ટાર્) ધ્રુવનો તારો; ગુરૂ-નિશાન; પંથલક્ષ્ય.

Police, *n.* (પલી'સ્) The internal regulation of a city or a town. ગામનો બંદોબસ્ત, વ્યવસ્થા; પોલીસખાતું. **P. station**=ચોકી *n.* સીપાઇથી બંદોબસ્ત રાખવો.[Gk.*polis*,a city.]

Police-magistrate, *n.* (પલી'સ-મૅજીસ્ટ્રેટ) A constable. કોટવાળ; ફોજદાર.

Police-man, *n.*(પલી'સ-મન્) પોલીસ; ચોકીદાર.

Policy, *n.* (પૉ'લિસી) The art of governing a city. રાજ્ય ચલાવવાની રીતિ; રાજ્યનીતિ; પદ્ધતિ. 2. Tricks. યુક્તિ; પેચ. ૩. વીમાની પૉલિસી.

Polish, *vt.* (પૉ'લિશ્) To make smooth and glossy; to burnish. માજવું; ઓપવું; ચકચકિત ક૦; પાલીસ ક૦. 2. To refine. સુધારવું; *vi.* To become smooth. સુંવાળું, લીસું થવું. *n.* A smooth glossy surface. સુંવાળી સપાટી. 2. Anything used to produce a gloss. ઓપ. 3. Refinement. સભ્યતા. [L. *polio*, I smooth]

Polished, *a.* (પૉ'લિશ્ડ્) Refined; polite. સુધરેલું; પાલીસ કરેલું.

Polite, *a.* (પલા'ઇટ્) Courteous; elegant; urbane;well-bred.વિનયી;વિનયશીલ;સભ્યતાવાળું.

Politely, *adv.* (પલા'ઇટ્લી) Courteously. વિનય-સભ્યતાપૂર્વક; શિષ્ટસંપ્રદાયાનુસાર.

Politeness, *n.* (પલા'ઇટ્‌નિસ્) The state or quality of being polite; refinement of manners; courteous behaviour. સભ્યતા; વિનય; વિવેક.

Politic, *a.* (પૉ'લિટિક્) Pertaining to the polity; political. રાજનીતિમાં કુશળ. Well-devised. ચતુર; પ્રૌઢ. 3. Wise. Prudent. ડાહ્યું; ડાહ્યું. 4. Cunning. લુચ્ચું; પહોંચેલું; મકરબાજ; ફેંટિયાલ.

Political, *a.* (પોલિ'ટિકલ્) Having a settled system of administration. રાજ્યકારભાર વિષેનું; રાજકીય. 2. Politic; wise. ડાહાઈ અને દૂરંદેશાનું ભરેલું; ડાહ્યું. **P. affairs**=રાજ્યકાર્ય. **P. science**=રાજનીતિશાસ્ત્ર. **P. economy**=અર્થશાસ્ત્ર.

Politically, *adv.*(પોલિ'ટિકલી) In a political way. પ્રૌઢપણે; ડહાપણથી; લુચ્ચાઇથી.

Politician, *n.* (પૉલિટિ'શન્) One who is very skilful in politics. રાજનીતિમાં પ્રવીણ માણસ;મુત્સદ્દી.2.One primarily devoted to his own advancement in public; a man of deep contrivance. ખટપટિયો; કારસ્થાની.

Politics, *n.* (પૉ'લિટિક્સ્) The science of Government. રાજનીતિશાસ્ત્ર. 2. The management of a political party.રાજખટપટ;પક્ષધમાલ.

Polity, *n.* (પૉ'લિટી) The form or constitution of the civil government of a nation. કોઇ રાજ્ય-ખાતા-કારખાનાનું બંધારણ કે વ્યવસ્થા; વ્યવસ્થિત સંસ્થાન, રાજ્ય.

Poll, *n.* (પો,લ્) The head. માથું; ગરદન; ડોકું. 2. The counting of the votes of registered electors. નોંધાએલા મત આપનારાઓનો આપેલો મત; મત સંખ્યા, મત આપનારની નામ ગણત્રી. 3. The place where the votes are cast. મત લેવાની જગા. *vt.* To remove the poll or head of or to lop (branches of trees.) ટોચ છેાા કાપી નાંખવા. 2. To sheer (hair, wool.) કાતરવું; કલઇ કરી નાંખવી. 3. To impose a tax upon. ઉપર કર, વેરો નાંખવો. 4. To enroll. આસામીવાર યાદીમાં (કોઇનું) નામ લખવું, ચઢાવવું.

Poll, *n.* (પૉલ) Parrot. પોપટ. **P.** parrot= પોપટ; લવરી કરનાર.

Poll-tax, *n.* (પો,'લ્-ટૅક્સ્) A capitation tax. માથાદીઠ લેવાતો કર-વેરો; જજિયો.

Pollard, *n.* (પૉ'લર્ડ્) A clipped coin. કાપેલો સિક્કો; ખોટો સિક્કો. 2. A hornless ox. શીંગડા વગરનો ગોધો.

Pollen, *n.* (પૉ'લિન્) Fine bran or flour. ઝીણો લોટ, ચૂર્ણ, ભૂકો; કેસર; પુષ્પરજ. [L. *pollen*, fine flour.]

Pollute, *vt.* (પલ્યૂ'ટ્) To defile; to make unclean or impure. બગાડવું; ગંદું. મેલું ક૦; વટાળવું. 2. To debauch. ની કાયા ભ્રષ્ટ કરવી. 3. To render ceremonially unclean. અપવિત્ર ક૦. [L. *polluo*, I defile.]

Pollutedness, *n.* (પલ્યૂ'ટિડ્નિસ્) State or quality of being polluted. અભડાવું તે; અપવિત્રતા; આભડછેટ.

Pollution, *n.* (પલ્'શન્) Defilement; uncleanness; impurity. બગાડ; વટાળ; ભ્રષ્ટતા; આભડછેટ; અપવિત્રતા; દૂષિતપણું.

Polo, *n.* (પો,'લો) A kind of game resembling hockey and played on horseback. ઘોડા પર બેસીને રમવાની ગેંડીદડાની રમત.

Poltroon, *n.* (પોલટ્રૂ'ન્) A dastard; an arrant coward; a craven. બાયલો; હીજડો; નામર્દ; ડરકણ; પોતીયાછોડું.

Poltroonery, *n.* (પૉલટ્રૂ'નરી) Cowardice; the conduct of a poltroon; want of spirit or courage. બાયલાપણું; નામર્દાઈ.

Polyandry, *n.* (પૉ'લિઍન્ડ્રિ) The possession by a woman of more than one husband at the same time. એકજ વખતે ઓરતે ઘણા ધણી પરણવાનો ચાલ; અનેક પતિ સ્વીકાર. [Gr. *polys*, many; *andr-s*, man.]

Polygamy, *n.* (પૉલી'ગમી) The practice of having more than one wife or husband. એક કરતાં વધારે સ્ત્રી કે વર પરણવાનો ચાલ. [Gr. *polys*, many; *gamos*, marriage].

Polyglot, *a.* (પૉ'લિગ્લૉટ્) Many tongued. ઘણી ભાષાનું. *n.* બહુભાષાગ્રંથ. [Gr. *polys* & *glotta*, the tongue.]

Polygon, *n.* (પૉ'લિગન્) A plane figure having many angles and sides. બહુકોણાકૃતિ. [Gr. *polys*, many; *gonia*, an angle.]

Polygraphy, *n.* (પૉ'લિગ્રફી) Much writing. ઘણું લખાણ; ટાયલું ટાયલું લંબાણથી લખવું તે. [Gr. *polys*; *grapho*, I write.]

Polyhedron, *n.* (પૉલિહે'ડ્રન્) A body or solid contained by many sides or polyscope or planes. ઘણી બાજુવાળી આકૃતિ. 2. A multiplying glass. એકનું અનેક દેખાય એવો કાચ. [Gr. *polys*; *hedra*. sides.] [ફીડલો; ગડગુમડ.

Polypus, *n.* (પૉ'લિપસ્) A polyp; A tumour.

Polysylable, *n.* (પૉ'લિસિલબલ્) A word consisting of many syllables. બહુ સ્વરવાળો શબ્દ.

Polytechnic, *a.* (પૉલિટે'ક્નિક્) Comprehending many arts and sciences. જ્યાં ઘણી વિદ્યાહુન્નર શીખવાતાં હોય એવું [Gr. *polys*; *techne*, the art].

Polytheism, *n.* (પૉ'લિથીઇઝમ્) The belief in plurality of gods. ઘણા દેવ છે એવો મત; અનેકદેવવાદ. [Gr. *polys*; *theos*, god.]

Pomatum, *n.* (પમે,'ટમ્) A perfumed unguent composition for the hair. ખુશબોદાર પદાર્થ; પોમેટમ.-also, **Pomade.**

Pomegranate, *n.* (પૉ'મગ્રૅનેટ્) The fruit of a tree. **Punica granatum**, દાડમ; અનાર. [L. *pomum*, the fruit; *granum*, a grain.]

Pommel, *n.* (પ'મેલ્) A knob, a ball; any roundish ornament. ગટ્ટો; મોગરો; પિંડો. 2. The high part of the saddle bow. જીનનો ઉંચો ભાગ. *vt.* To beat soundly. મારવું; કુટવું; પીટવું; મેથીપાક જમાડવો; ધુસ્તા, ધુંબા મારવા.

Pommelion, *n.* (પ'મિલ્યન્) The caskabel or hindmost knot of a cannon. તોપનો મોગરો.

Pomology, *n.* (પોમૉ'લજી) The science or knowledge of fruits. ફળવિદ્યા. [L *pomus*, a fruit.] *n.* **Pomologist** = ફળ વિષે જાણનાર.

Pomp, *n.* (પૉમ્પ્) Grandeur; splendour, a splendid show. દબદબો; બ્હારનો ખોટો દેખાવ; દમામ; ઠાઠ. 2. A showy procession. ધામધૂમવાળી સ્વારી, વરઘોડો.

Pompous, *a.*(પૉ'મ્પસ્) Magnificent; showy. ભભકાદાર; દામદમાટવાળું. 2. Showing self-importance; boastful. પતરાજી, ખોટી ફુલવાળું.

Pompousness, *n.* (પૉ'મ્પસ્‌નિસ્) Pomposity; pride. દબદબો; ભભકો; અહંકાર; દર્પ.

Pond, *n.* (પૉન્ડ) A very small lake. ન્હાનું સરોવર, તળાવ; ખાબોચીયું; કુંડ; હોજ.

Ponder, *vt.* (પૉ'ન્ડર) To think about; to weigh mentally. વિચારવું; મનમાં ઘડો, તોલ કાઢવો. [L. *ponderare*, to weigh.]

Ponderability, *n.* (પૉન્ડરૅબિ'લિટી) The state or quality of being ponderable. વિચારવંતતા;તુલના થાય તોળાય એવી સ્થિતિ;વજન.

Ponderable, *a.* (પૉ'ન્ડરબલ્) That may be weighed; capable of being weighed. તોલ, કિંમત થાય એવું.

Pond-lily, *n.* (પૉ'ન્ડ-લિલી) Lotus. કમળ; પદ્મ.

Poniard, *n.* (પૉ'ન્યર્ડ) A small dagger. નાની કટાર, ખંજર.

Pontiff, *n.*(પૉ'ન્ટિફ) The Pope. ધર્માધિકારી; પોપ.

Pontifical, *a.* (પૉન્ટિ'ફિકલ્) Belonging to the pontiff. પોપ વિષે, સંબંધી. *n.* ધર્માધિકારીની ક્રિયાની ચોપડી.

Pontificate, *n.* (પૉન્ટિ'ફિકેટ) Papacy; the high office of the Pope. પોપગીરી; પોપની પદવી.

Pontoon, *n.* (પૉન્ટૂ'ન્) A kind of boat. એક જાતની ન્હાની હોડી. [ન્હાનો ઘોડો.

Pony, *n.*(પો,'ની) A very small horse. ટટ્ટુ; બહુજ

Poodle, *n.* (પૂ'ડલ્) A small dog. કુતરો.

Pooh-pooh, *vt.* (પુપૂ') Ridicule as nonsense.. છિટ્‌કારવું; હડધૂત કરવું.

Poosh, *interj.* (પૂશ્) An exclamation of disdain; nonsense. છટ્; છિટ્. *vt.* To turn aside with a poosh. છટ્ કહી કાઢી નાંખવું; તરછોડવું.

Pool, *n.* (પૂલ) A puddle; a small collection of water. ખાબોચીઉં; ન્હાનો પાણીનો જથ્થો.

Poop, *n.* (પૂપ્) વહાણના સુકાનના ભાગમાંનું તુતક. *vi.* To murmer. બડબડાટ કરવો.

Poor, *a.* (પૂ,ર્) Indigent; needy. દરિદ્ર; નિર્ધન. 2. Barren. ઉજ્જડ. 3. Unimportant. હલકું; નજીવું 4. Deserving pity; pitiable. કરૂણાજનક; રંક. 5. Little. થોડું; ક્ષુદ્ર. 6. Weak; bad. દુર્બળ; ખરાબ. 7. Mean. નીચ; હલકટ. **P. box** = A box to receive money for the poor. ભીખારીની, ધર્માદા પેટી **P. house** = A residence for the poor. આનાથાશ્રમ; ગરીબોને રહેવાની ધર્મ શાળા.

Poorly, *adv.* (પૂ',ર્લી) In a poor condition. ગરીબાઈથી; દરિદ્રતાથી. 2. With no success. ભાગ્યહીનપણે; નફા વગરનું. 3. Meanly. હલકી રીતે.

Poorness, *n.* (પૂ',ર્નિસ્) Poverty. ગરીબાઇ; દરિદ્રતા; નિર્ધનતા. [બ્હીકણું; નિર્માલ્ય.

Poor-spirited, *a.*(પૂ,રસ્પિ'રિટિડ્) Cowardly.

Pop, *n.* (પૉપ્) A small sharp, quick explosive sound or report. ફટ્ દઇને થએલો અવાજ. *vi.* To make a sharp sound. ફટ્ દઇને અવાજ થવો. 2. To dart. એકદમ ધસવું. *vt.* To thrust suddenly. સડપ દઇને ઘાલવું. 2. To put the question; to make an offer of marriage to a lady. તું મારી સાથે પરણશે એમ કોઈ પુરૂષે કેઇ સ્ત્રીને ચપ પુછવું; લગ્નપ્રશ્ન ક૦. 3. (Corn), (ચણા વગેરે સેકીને) ફૂટે એમ ક૦. *adv.* સડપ, સટ્, ફટ્ દઇને.

Pope, *n.* (પો,પ્) The Bishop of Rome. રોમન કૅથોલિક ધર્મનો ઉપરિ પાદરી; પોપ.

Popedom, *n.* (પો,'પ્ડમ્) The office or dignity of Pope. પોપની પદવી. 2. The jurisdiction of the Pope. પોપનો મુલક.

Pop-gun, *n.* (પૉપ્-ગન્) A child's gun. છોકરાંને રમવાની ન્હાની બંદુક; ફટકનળી.

Popish, *a.* (પો,'પિશ્) Pertaining to the Pope. પોપ વિષેનું.

Popinjay, *n.* (પૉ'પિન્જે) The green woodpecker; a parrot. પોપટ. 2. A fop. ફૂલફટાકિયો; વરણાગિયો; છેલ; લાલાલોક.

Poplar, *n.* (પૉ'પ્લર) એક વિલાયતી તથા તુર્કિ ઉંચું, સીધું અને પાતળું, ઝાડ; ધ્રુજતાં પાદડાંવાળું 'પૉપ્લર.'

Poppy, *n.* (પૉ'પી) (Plant). ખસખસનો છોડ. 2. **P.** seeds. ખસખસ.

Poplin, *n.*(પૉ'પ્લિન્) A fabric usually made of silk and worsted. રેશમ અને ઉનનું કાપડ.

Popu'ace, *n.* (પૉ'પ્યુલિસ્) The common people; the vulgar. સાધારણ, અભણ લોક; પ્રજા.

Popular, *a.* (પૉ'પ્યુલર) Pertaining to the common people. લોક, પ્રજાનું. 2. Beloved by the people. લોકપ્રિય; લોકને વહાલું. 3. Prevailing among the people. લોકમાં પ્રચાર-પામેલું; રૂઢ; પ્રાકૃત. P. practices = લોકાચાર, રિવાજ. P. accusation. લોકાપવાદ. [L. *populus*, people.]

Popularity, *n.* (પૉપ્યુલૅ'રિટી) The state of being popular. લોકપ્રિયતા; જનપ્રિયતા; લોકપ્રીતિ.

Popularly, *adv.* (પૉ'પ્યુલર્લી) In a popular way or manner. લોકો ખુશી રહે એવી રીતે; લોકરંજનાર્થે; લોકોથી; સામાન્યતઃ

Populate, *vt.* (પૉ'પ્યુલે,ટ્) To people. વસાવવું; વસ્તી કરવી, વધારવી. *a.* Populous. વસ્તીવાળું. [L. *populas*, people.]

Population, *n.* (પૉપ્યુલે,'શન્) Populousness; inhabitants. વસ્તી; પ્રજા; રહેનારા લોકો.

Populous, *a.* (પૉ'પ્યુલસ્) Thickly populated. ઘીચ વસ્તીવાળું.

Populousness, *n.* (પૉ'પ્યુલસનિસ્) The state or quality of being peopled. વસ્તી હોવી તે.

Porcelain, *n.* (પૉ'ર્સલિન્) Chinese earthen vessels. ચીનાઇ વાસણ **P. clay**=ચીનાઈ માટી; મટોડી. *a.* ચિનાઈ વાસણ સંબંધી.

Porch, *n.* (પૉર્ચ) A portico. બારણા આગળની પરસાળ; આંગણું; પ્રવેશ, મુખમંડપ.

Porcine, *a.* (પો'ર્સઇન્) Belonging to swines. ભૂંડ, ડુક્કર વિષે, સંબંધી.

Porcupine, *n.* (પૉ'ર્કયુપાઇન્) A kind of animal whose back is always covered with quills. સાહુડી.

Pore, *n.* (પો,ર) A very small opening in an animal's membrane. રૂંવાટીનું કાણું; છિદ્ર. *vi.* To look steadily. એકી ટશે જોવું; ધારી ધારીને જોવું.

Poriness, *n.* (પો,'રિનિસ્) The state or condition of being porous; porosity. છિદ્ર હોવાં તે; કાણું; ફુટેલું હોવું તે. [છિદ્રવાળું.

Porous, *a.* (પો,'રસ) Having pores. કાણાં,

Porphyry *n.* (પૉ'ર્ફિરી) સંગે સુમાક.

Porridge, *n.* (પૉ'રિજ્) A food made by boiling some leguminous substance. વિલાયતી કાંજી, રાબડી, ઘેંશ.

Porpoise, *n.* (પૉ'ર્પસ્) A blunt-snouted marine mammal about 5 ft. long. એક જાતનું દરિયાઇ ડુક્કર; સૂકરમત્સ્ય.

Porringer, *n.* (પૉ'રિન્જર્) A porridge dish. વાડકો; કટોરો; પ્યાલો.

Port, *n.* (પૉર્ટ) A haven; a seaport; a harbour. બંદર. 2. A harbour where vessels are admitted to discharge and receive cargoes. ગોદીબારૂં. 3. A port-hole બંદરમાં દાખલ થવાનો માર્ગ. A gate. દરવાજો. 4. Carriage; demeanour; deportment. બાની; ઢબ, રીતભાત. As, majestic in his P. પ્રતાપી બાનીનો. 5. A kind of wine made in Portugal. પોર્ટુગાલમાં થતો પોર્ટ નામનો દારૂ. *vt.* To carry. ફેરવવું; લઇ જવું. 2. To turn to the left side of a ship. ડાબે ખુડદે ફેરવવું. *n.* The larboard side. ડાબું ખુડદું. [L. *porto*, I carry.]

Portable, *a.* (પૉ'ર્ટબલ્) That can be easily carried, transported; carriable. સહેલાઈથી લઇ જવાય એવું; ઉચકાય તેવું.

Portage, *n.* (પૉ'ર્ટિજ્) The act of carrying. ઉચકીને લઇ જવું તે; ભાડું; જરૂરી માલ ભરવો તે; તેની ધમાલ. *vt.* To carry goods &c. માલ વગેરે લઈ જવું.

Portal, *n.* (પૉ'ર્ટલ) A door; an opening. દરવાજો; ખડકી. 2. A prayer book. પ્રાર્થનાપોથી.

Portent, *n.* (પૉ'ર્ટન્ટ) A token of ill-omen. અપશુકન. *vt.* ગભરાવવું; બ્હીવરાવવું.

Portentous, *a.* (પૉ'ર્ટેન્ટસ્) Foreshowing ill; prodigious. અપશુકન, અનિષ્ટ, અશુભ સૂચવનારૂં.

Porter, *n* (પૉ'ર્ટર્) A door-keeper; one who stands at a door to receive messages. દરવાન; દ્વારપાલ. A carrier. વૈતરો; મજુર; હેલકારી; જવદાર.

Porterage, *n.* (પૉ'ર્ટરિજ્) Money paid for the work of carrying. લઇ જવા લાવવાની મજુરી; વૈતરૂં; મજુરી.

Portfolio, *n.* (પૉર્ટ્ફો'લિઓ) A portable case for papers, prints &c.; department. કાગળ રાખવાનું જોસ્તાન; ફાઈલનું પુઠું; ખાતું.

Portico, *n.* (પૉ'ર્ટિકો) A colonnade or covered ambulatory; a porch. દરવાજાના ઉપર થાંભા તળેનો ભાગ, મંડપ; દ્વાર [L. *porticus*.]

Portion, *n.* (પો'ર્શન્) A share; allotment; a part. ભાગ. 2. A part assigned. ભાગ; હિસ્સો. 3. An inheritance. વારસામાં મળેલો ભાગ. 4. A wife's fortune; a dowry. સાસરવાસો; સ્ત્રીધન. *vt.* To parcel. ના ભાગ ક૦.

Portliness, *n.* (પૉ'ર્ટ્લિનિસ્) Stateliness; gracefulness. ભવ્યપણું; ભારાવદાર ઢબ.

Portly, *a* (પૉ'ર્ટ્લિ) Of a noble appearance; imposing. ભવ્ય; ખુબસુરત; કાંતિવાળો; તેજોમય; કદાવર.

Portmanteau, *n.* (પોર્ટમૅ'ન્ટો) A case; bag for carrying wearing apparel. લુગડાં રાખવાની પાકીટ, ખલેચી; પોર્ટફોલિયો; જોસ્થાન; ખડીઓ.

Portrait, *n.* (પૉ'ર્ટ્રિટ્) The likeness of a person painted, drawn or engraved. છબી; તસવીર; ચિત્ર; પ્રતિમા; આબેહુબ વ્યાન, વર્ણન. *vt.* To portray. તસવીર કાઢવી; વર્ણન આપવું.

Portray, *vt.* (પૉર્ટ્રે,') To delineate. ની છબી કાઢવી 2. To describe in words. બ્યાન, વર્ણન ક૦.

Portrayal, *n.* (પૉર્ટ્રે'અલ્) The act or process of portraying; delineation; representation. છબી પાડવાની કળા; વર્ણન.

Portress, *n.* (પૉ'ર્ટ્રિસ) Female porter. મજુરણ; દ્વારપાલિકા; પ્રતિહારિણી.

Portuguese, *a.* (પોર્ચુગી'ઝ્) Belonging or pertaining to Portugal. પોર્ચુગલને લગતું, સંબંધી 2. An inhabitant of Portugal. પોર્ચુગલને રહેવાસી, ફીરંગી. 3. The P language. ફીરંગી ભાષા.

Pose, *vt.* (પો,ઝ) To place in an attitude or fixed position for the sake of effect ઠિકઠાક કરીને ગોઠવવું. To perplex; to puzzle to interrogate. ને સવાલ પૂછીને અકળાવી નાંખવું નું મોં બંધ કરી દેવું. [L. *pausa*, a pause. જવાબ દેતાં અટકી પડે એમ ક૦; ગુંચવી, મુંઝવી દેવું. 3. Exhibit oneself as ડોળ ઘાલવો; લટકો લેવો.

Pose, *n.* (પો,'ઝર્) ઉભા રહેવાની ઢબ; ચાલ. *vi.* ડોળ, વેશ કરવો.

Poser, *n.* (પો,'ઝર્) One who puzzles. જવાબ દેતાં ગુંચવનાર; ડોળઘાલુ.

Position, *n.* (પોઝિ'શન્) The state of being placed. સ્થિતિ. 2. Site. ઠેકાણું; જગો. 3. A thesis. પૂર્વપક્ષ; પક્ષ. 4. Social rank. (લોકોમાં ગણાતી) યોગ્યતા, સ્થિતિ, મોભો; પ્રતિષ્ઠા. 5. Condition. દશા; હાલત. [L. *pono*, I put.]

Positive, *a.* (પૉ'ઝિટિવ્) Actual; existing in fact; real. ખરેખરૂં; વાસ્તવિક; સાક્ષાત્. 2. Not implied; apparent. સ્પષ્ટ; ખુલ્લે ખુલ્લું. 3. Certain; possible. નક્કી; શક્ય. 4. Not circumstantial. પ્રત્યક્ષ; ચોખ્ખું. 5. Compelling obedience. માનવુંજ પડે એવું. 6. Full of confidence. બેધડક-છાતીઠોક કહેનાર-બોલનાર. **P. degree**=અનન્યાપેક્ષરૂપ **P. quantity**=ધનપદ. **P. sign**=વત્તાનું ચિહ્ન. Electro-P. કેવળ, અનન્યસંબદ્ધ વિદ્યુતનું.

Positively, *adv.* (પૉ'ઝિટિવ્લી) Really; absolutely; in a positive manner. સ્પષ્ટરીતે; ખચિત; જરૂર; નક્કીપણે કુદરતી રીતે. *n.* **Positiveness.**

Posse, *n.* (પૉ'સી) Party of police. પોલિસ ટુકડી.

Possess, *vt.* (પઝે'સ્) To occupy in person; to have and to hold. ના કબજામાં હોવું. 2. To own. નું હોવું. 3. To gain. મેળવવું. 4. To put in possession of. ના કબજામાં આપવું; ને આધીન કરવું. 5. To enter into and influence (as an evil spirit). -માં ભરાવું; -માં સંચાર ક૦; -ને ભૂત આવવું. [L. *possideo*, I have]

Possession, *n.* (પઝે'શન્) The act or state of possessing; actual occupancy. કબજો; ભોગવટો. 2. The thing possessed. માલ; તાબાનો મુલક 3. (By an evil spirit) ભૂતસંચાર, વળગાણ. *vt.* To invest with property. વહીવટ સોંપવો.

Possessor, *n.* (પઝે'સર) One who possesses. ની માલીકી ધરાવનાર કબજો લેનાર.

Possessive, *a* (પઝે'સિવ) Pertaining to possession. સંબંધક; સંબંધવાચક. The P. case. ષષ્ઠી, સંબંધકવિભક્તિ A P. pronoun. સંબંધક સર્વનામ.

Possessor, *n.* (પઝે'સર) One who possesses or occupies. કબજેદાર; ભોક્તા.

Posset, *n.* (પૉ'સિટ) A beverage composed of hot milk curdled by some infusion. દુધનું શરબત.-*v.* To curdle. જમાવવું; આખરવું; કણી કણી થઇ જવું. [L. *poto*, I drink.]

Possibility, *n.* (પૉસિબિ'લિટી) The state or quality of being possible; that which is possible. શક્યતા; સંભવ; બની શકે એવી વાત.

Possible, *a.* (પૉ'સિબલ્) That which can be done; able to happen. બની શકે એવું; શક્ય. [L. *potis*, able; *esse*, to be.]

Possibly, *adv.* (પૉ'સિબ્લી) Undoubtedly; in a possible manner. કદાચિત; કદાપિ; શક્યરીતે; સંશય વગર.

Post, *n.* (પો,સ્ટ) A pillar. થાંભલો. 2. A stopping place; a station. મુકામ, થાણું, ચોકી. 3. A place; a public office or employment. નોકરીની જગો; હોદ્દો. 4. (Of letters.) ડાગ; ટપાલ. **p. man,** ડાગ લઇ જનાર; ડાગવાળો; ટપાલી. To ride post=to ride rapidly. તાબડતોબ મજલ ક૦. To travel P.=to travel as a post does. થોડે થોડે અંતરે ઘોડાનો ટપ્પો રાખી મુસાફરી ક૦. *vt.* To set or to fix ચોડવું. 2. To expose. ઉઘાડું પાડવું; ફજેત ક૦. 3. To mail. ટપાલમાં કાગળ નાંખવો. **To p. off,** =To put off; to delay. વાર લગાડવી; ઢીલ ક૦. [L. *postis*; *pono*, I put.]-**P. mark**= ટપાલનો સિક્કો, છાપ.

Postage, *n.* (પો,'સ્ટિજ્) Money paid for the letters. ડાગ, ટપાલ ખર્ચ, લવાજમ.

Postal, *a.* (પો,'સ્ટલ્) Belonging to the post office or mail service. ટપાલ સંબંધીનું.

Post-card, =પત્તું; પોસ્ટ કાર્ડ.

Post-chaise, *n.* (પો,'સ્ટ-શે,ઝ્) A hired carriage with four wheels for the mail. ટપાલ ગાડી; એક્કો; ટપ્પાગાડી.

Post-date, *vt.* (પો,સ્ટ-ડે.'ટ્) To date after the real time. પાછળની તારીખ નાંખવી. *n.* A date put to a bill of exchange later than when it was actually made. પાછલી તારીખ.

Post-diluvian, *a.* (પો,સ્ટ-ડિલ્યૂ'વિઅન્) Happening after the deluge. જગત્-રેલ, પ્રલય પછીનું. *n.* One who lives after the flood. જગત્-રેલ પછી જીવનાર.

Poster, *n.* (પો.'સ્ટર) One who posts bills. જાહેરનામું ચોડનાર. One who travels expeditiously. ડાગવાળાની પેઠે ઝડપથી દોડનાર.

Posterior, *a.* (પૉસ્ટી,'રિઅર્) That comes after or follows; later in time or order. પછી આવતું; પછીના જમાનાનું.

Posteriority, *n* (પૉસ્ટીરિઑ'રિટી) The state of being later in order. પાછળ થવું-હોવું તે.

Posteriors, *n.* (પૉસ્ટી'રિઅર્ઝ્) The hinder parts of an animal body. નિતંબ.

Posterity, *n.* (પૉસ્ટે'રિટી) Descendants. ભવિષ્યની પ્રજા; વંશજો; વારસ; સંતતિ. [L. *posterus*, coming after]

Postern, *n.* (પૉ'સ્ટર્ન્) A back door; a private door; a small gate. પાછલું બારણું; નાનો દરવાજો. 2. A subterraneous passage. જમીનની અંદરનું છાનું બારણું.

Post-fix, *n.* (પો,'સ્ટ્-ફિક્સ્) A letter added to the end. પ્રત્યય; અંત્યાક્ષર. *vt.* To annex. અંતે, છેડે મૂકવું, જોડવું.

Post-haste, *n.* (પો,સ્ટ્-હે,'સ્ટ્) Great haste; speed in travelling.ઝડપ, ઉતાવળ.*adv.* With haste. ઉતાવળે.

Posthumous, *a.* (પૉ'સ્ટ્યુમસ્) Born after the father's death or taken from the dead body of the mother. બાપ મરી ગયા પછી જન્મેલું; સગર્ભા મરી ગયેલી સ્ત્રીને ચીરીને કાઢેલું; આધ્માનનું. 2. Published after the author's death. ગ્રંથકાર મરી ગયા પછી પ્રગટ કરેલું-છાપેલું. [L. *postumus*, coming after.]

Postilion, *n* .(પસ્ટિ'લ્યન્) ગાડીના ઘોડા પર બેસનાર, અને સૌથી આગલી જોડીને ચલાવનાર;સવાર.

Post-mark, *n.* (પો,'સ્ટ્-માર્ક્)The stamp or mark of a post office on a letter. પોસ્ટ ઑફિસની કાગળ ઉપર મારેલી છાપ.

Post-meridiem,*a.* (પો,સ્ટમરિ'ડિએમ)Afternoon બપોર-મધ્યાહ્ન પછીનું.(generally written p. m.) [L. *post*, after; *medius*, middle.]

Post-mortem, *a.* (પો,સ્ટ-મૉ'ર્ટમ્) After death. મુઆ પછીનું; મરણોત્તર.

Postpone, *vt.* (પસ્ટપો,'ન્) To put off to a later or future time; to delay. મુલ્તવી રાખવું. [L. *post*; *pono*, I place,]

Postponement, *n.* (પસ્ટપો,'નમન્ટ્) The act of postponing or putting off. વિચાર પર રાખવું તે, મુલ્તવી રાખવું તે.

Post-script, *n.* (પો,'સ્ટ્-સ્ક્રિપ્ટ)(P. S.) An addition to a letter after it is finished. તાજે કલમ [L. *post*; *scribo*, I write.]

Postulate, *n.* (પૉ'સ્ટ્યુલે,ટ) Something that is sought, demanded or required. સંમાનિત પૂર્વપક્ષ, ઇષ્ટકલ્પના.-*v.* ધારી લેવું; સ્વીકારવું. [L. *postulo*, I demand.] [ઉમેદવાર.

Postulant, *n.* (પૉ,'સ્ટ્યુલન્ટ) A candidate.

Postulated, *a. vt.* (પૉ'સ્ટયુલે ટિડ)Assumed without proof. ધારેલું; અનુમાનિક; કાલ્પનિક

Postulation, *n.* (પૉસ્ટ્યુલે,'શન્) The act of postulating. ધારણા; અરજ; દાવો.

Posture, *n.* (પૉ'સ્ચર) The position of the body. શરીરનું વલણ-ઢબ-લઢણ-સ્થિતિ. 2. Mood રંગ; ઢંગ; ડોળ; સ્થિતિ.

Posy, *n.* (પો,'ઝી) A short sentence. લેખ; કહેણી; દુહો. 2. A nose-gay. ફુલનો તોરો.

Pot, *n.* (પૉટ) A vessel for drinking; a metallic or earthen vessel. ધાતુનું કે માટીનું વાસણ-પાત્ર. Pots and pans=હાલ્લાં ડોબરાં, વાસણ કુસણ. To go to pot=to go to destruction; to be ruined. પાયમાલ થવું; ચુલામાં જવું. [L. *poto*, I drink.]

Potable, *a.* (પો,'ટબલ) Drinkable; fit to be drunk. પીવા લાયક.

Potash, *n.* (પૉ'ટૅશ્) The hydroxide or potassium. એક જાતનો ખાર-ક્ષાર.

Potassium, *n.* (પોટૅ'સિઅમ્) A white metal. એક જાતની સફેદ ધોળી ખનીજ.

Potation, *n.* (પોટે,'શન્) A drinking bout. પીવાનો ગુંકડો; કેટલાક જણે સાથે પીવું તે; પીવાની ખેપ, મિજલસ. 2. A draught. ઘૂંટડો.

Potato, *n.* (પટે,'ટો) A well-known plant and its root. બટાકું; અરબ્બી; અળોકડું; બટેટુ. The sweet P.રતાળુ.P. disease=એક જાતનું દરદ.

Pot-bellied, *n.* (પૉટ-બે'લિડ્) A person who has a protuberant belly. મોટા પેટવાળું; ફાંદવાળું. *a.* મહોદર.

Pot-sherd,*n.*(પૉ'ટ્શર્ડ)A piece of a broken pot. ભાંગેલા વાસણનો કકડો. (Of earth.) ઠીકરૂં.

Pot-herb, *n.* (પૉ'ટ-હર્બ) A herb used in cooking. શાક, ભાજી; એક જાતનો છોડ.

Pot-hook, *n.* (પૉ'ટહૂક) દેવતા ઉપર વાસણ લટકાવવાની હુક, કડી, આંકડી; અક્ષરત્રાંસ.

Potted, *a.* (પૉ'ટિડ) કોઈ વાસણમાં મસાલા સાથે રાખેલું, ભરી રાખેલું.

Pottage, *n.* (પૉ'ટિજ્) A kind of food made by boiling vegetables or meat in water. શાક અગર રાંધેલું માંસ, વિલાયતી ડખું.

Potency, *n.* (પો,'ટન્સી) Power; might; energy; ability. શક્તિ; તાકાત; બળ; સામર્થ્ય; [L. *potens*, powerful.]

Potent *a.* (પો,'ટન્ટ્) Powerful; mighty; efficacious. જલદ; તેજ; રામબાણ. 2 Mighty. બળવાન. પ્રતાપી. 3. Having great influence. બળવાન; મજબૂત.

Potentate,*n* (પો,'ટનટે,ટ્)One who is potent; a prince; a sovereign. પ્રતાપી; સમર્થ રાજા.

Potential, *a.* (પોટૅ'ન્શલ) Being potent. શક્ય; સંભવિત. Existing in possibility. હોઈ શકે એવું; શક્યરૂપ P. mood. શક્યાર્થ.

Pother, *n.* (પૉ'ધર્) Hubbub; bustle. ધાંધલ; ગરબડાટ;ધમચકડ; તોફાન. *vi.* To make abustle. તોફાન, ગરબડાટ, ક૦; *vt.* To harass.ગભરાવવું.

Potion, *n.* (પો,'શન્) A dose; a liquid medicine; a draught. પીવાનું ઓસડ; ઘૂંટડો. *v.* To drug.ઓસડ પીવું,પાવું.[L. *poto*,I drink.]

Potter, *n.* (પૉ'ટર્) One whose occupation is to make earthen vessels. પ્રજાપતિ; કુંભાર; ઓઝો; રસોયો. *vt.* કોઇ કામમાં પરોવાએલા રહેવું.

Pottery, *n.* (પૉ'ટરી) Earthenware; the vessels made by potters. માટીનાં વાસણ. 2. (The place.) વાસણ બનાવવાની જગા.

Pouch, *n.* (પાઉચ્) A small bag or sack. ખલેચી. 2. A protuberant belly. પેટની ફાંદ; ઠૂમ. To put into a pouch. ખલેચીમાં મૂકવું. To pocket. ગજવામાં-ખીસ્સામાં નાંખવું.

Poult, *n.* (પોલ્ટ્) Young fowl; turkey or game bird. નાનું બતક.

Pou-chong, *n.* (પૂ-ચૅાંગ) A superior kind of souchong tea. એક જાતની ઉત્તમ કાળી ચાહ.

Poulterer,*n.*(પો'લ્ટરર) A dealer in poultry. મરઘાં વેચનાર.

Poultice, *n.* (પો,'લ્ટિસ્) A soft composition to be applied to sores; bread. પોટીસ. *vt.* To apply a P. to પોટીસ લગાડવી [L. *pulitis*, a thick pap].

Poultry, *n.* (પો,'લ્ટ્રી) Domestic fowls reared for the table. મરઘાંકૂકડાં. [L. *pullus*, a chicken]

Pounce, *n.* (પાઉન્સ્) A fine powder to prevent ink from spreading on paper. શાહી પસરી ન જાય તેને માટે નાંખવામાં આવે છે તે ભૂકો; વિલાયતી રેતી. 2. Charcoal dust. કોયલા વગેરેનો ભૂકો; બીબામાં ઉતારવાની રેતી. **P. box**=વિલાયતી રેતદાની. **P. paper**=નકશો; ચાર્ટ ચીતરવાનો પારદર્શક કાગળ. *vt.* To spinkle with P. રેતી નાંખવી. [L. *punex*, a volcanic substance.] *n.* [L. *pungo*, I prick] The claw of a bird પંજો; નોર. *vt.* To strike or seize with the talons. નોર ભરવા; પંજાથી પકડવું. *vi.* (On, upon) to seize with the claws. ઝડપ-ઝાપ મારીને પકડવું.

Pound, *n* (પાઉન્ડ) *vt.* To strike repeatedly with some heavy instrument. કુટવું; ભુકો કરી નાંખવો;ખાંડવું;છડવું. 2. ડબામાં ગોંધવું. *n.* A pinfold.રખડતાં ઢોરોને પૂરવાનો ડબો.2.A certain specified weight. (અનાજ વગેરે તોળવાનો) સોળ આઉન્સ, પાઉન્ડ; (વ.) સુરતી શેર ને અઢી રૂપીઆભારનો રતલ; કાચો, ૪૦ રૂા.ભારનો શેર. 3. (સોનું રૂપું તોળવાનો) બાર આઉન્સ અથવા ૫૭૬૦ ગ્રેનનો પાઉન્ડ, (Troy) ૨૭ાા તોલાનો રતલ. 4. A coin of twenty shillings. વિશ શિલીંગનો એક વિલાયતી સિક્કો ૯શ, પંદર રૂ.[L.*pondus*,weight.]

Poundage, *n.* (પા'ઉન્ડિજ્) A certain rate per pound; a commission. લવાજમ, દસ્તુરી. 2. A subsidy of twelve pence in the pound, formerly granted to the crown on all goods expo ted and imported. નાકું, માલ ઉપરની જકાત.*vt.*To collect, as poundage. લવાજમ ઉઘરાવવું-વસુલ ક૦.

Pounder, *n.* (પા'ઉન્ડર્) One who pounds as a stamp in an ore mill. છાપ, બીબું, ચોકઠું ઢાળનાર. 2. An instrument used for pounding. ડાંડો; દસ્તો; સાંબેલું; મૂસળું.

Pour, *vt.* (પો,ર્) To cause to flow in a stream. ધારા ચાલવી-નીકળવી.2.To send forth from, as in a stream. ખુલ્લું-મોકળું મૂકવું. *vt.* To flow-pass in a stream. પુષ્કળ-જથાબંધ વહેવું.

Pout,*n.*(પૂટ્) The young of birds. નાનું બચ્ચું. *vi.* To shoot pouts. પક્ષીનાં બચ્ચાંનો શિકાર ક૦.

Pout, *vi.*(પાઉટ્)To look sullen;to thrust out the lips.મોં ફફડાવવું-મચકોરવું;પીસો તાણવો.*n.* A sullen protrusion of the lips. ઉદાસી દેખાવ; પીસો; તોબરો.

Poverty,*n.*(પૉ'વર્ટી)Indigence;meagreness; need.ગરીબાઈ;નિર્ધનતા;દરિદ્રતા.L.*pauper*,poor.

Poverty-struck, *a.*ગરીબ;નિર્ધન થઈ ગએલું.

Powder, *n.* (પા'ઉડર) Dust. ભૂકો; ચૂરો ચૂર્ણ.2. Gun-powder. બંદુકનો દારૂ *vt.*To pulverize. નો ભૂકો ક૦.2. To sprinkle with salt. મીઠું દેવું. *vi.* To be reduced to powder.ભૂકો થવો.[L.*pulvis*, dust]. P. horn=દારૂ ભરવાની સીંઘડી, શીંગી.

Powdery, *a.* (પા'ઉડરી) Easily crumbling to pieces; friable. જરામાં ભૂકો થઇ જાય એવું; ભગરૂં.2. Resembling powder. ભૂકા જેવું. પાઉડર લગાવેલું, થી મસરકડું.

Power, *n.* (પા'વર્) Potency; mightiness. શક્તિ. 2. Strength; ability. જોર; બળ. 3. Sway; rule. સત્તા; હકુમત. 4. A government which exercises control. સરકાર. 5. An army or navy. (જમીન ઉપરનું કે દરીઆઇ) સૈન્ય. 6. Mental or moral ability to act. ગુણ; શક્તિ; બુદ્ધિ. 7. The degree to which a lens, mirror or any optical instrument magnifies.નરી આંખે દેખાય તે કરતાં મોટું જણાવવાની શક્તિ;સ્થૂલદર્શકતા.8. An authority enabling a person to dispose of an interest vested either in himself or in other person. આપેલો અધિકાર, અખત્યાર, સત્તા.P. of attorney=મુખત્યારનામું. [L *posse*, to be able.]

Powerful,*a.*(પા'વરફુલ) Mighty;efficacious. જોરાવર; બળવાન; મજબુત; કરડું; કૂમ; જબરૂં.

Powerfulness,*n.*(પા'વરફુલનિસ્) The state or quality of being powerful. બળ;સામર્થ્ય.

Powerless, *a* (પા'વરલિસ્) Destitute of power, force or energy; impotent; weak. અશક્ત; દુર્બલ; અસમર્થ.

Power-loom, *n.* (પા'વરલૂમ્) A machine for weaving clothes. યંત્રથી ચાલતો લુગડાં વણવાનો સંચો.

Pox, *n.* (પૉક્સ્) A disease characterized by pustules or eruptions of any kind. શીતળા; ટાંકી; ફોલ્લા. *vt.* To infect with the P. બળીયાકાકા નીકળવા.

Practicable, *a.* (પ્રૅ'ક્ટિકબલ્) Feasible; that may be done, effected or performed by human means. શક્ય; થઇ શકે એવું; બનવાયોગ્ય. 2. Capable of being used. વાપરી શકાય તેવું; વાપરવા યોગ્ય.-*n.* °**cability**.

Practical, *a.* (પ્રૅ'ક્ટિકલ્) Pertaining to practise use or action; not merely theoretical. વ્યવહારોપયોગી; વ્યવહારૂ; પ્રયોગાત્મક. 2. Derived from practice or experience. અનુભવથી પ્રાપ્ત થએલું.*n.* **Practicality** or °**ness**.

Practically, *adv.* (પ્રૅ'ક્ટિકલી) In a practical manner. અભ્યાસથી; અનુભવથી; ખરેખાત.

Practice, *n.* (પ્રૅ'ક્ટિસ્) A doing; effecting. કૃતિ. 2. Custom; habit; usage. મ્હાવરો; ટેવ; અભ્યાસ. 3. Skilful or artful in management. વ્યવસ્થા રાખી શકે એવું; વ્યવસ્થાયી. 4. પાંતીના દાખલા. (in Arith.). 5. વહીવટ.

Practise, *vt.* (પ્રૅ'ક્ટિસ્) To perform customarily or habitually. હમેશાં, નિત્ય કર્યા કરવું. 2. Commit. કરવું. 3. To be accustomed. અનુભવ, મ્હાવરો, ટેવ પાડવી. *vi.* To do actions customarily. અભ્યાસ, ટેવ, મ્હાવરો રાખવો. 2. To learn by practice. ટેવ પડી જવી; મ્હાવરો થઇ જવો. 3. To attempt artificially. યુક્તિ કરવી.

Practiser, *n.* (પ્રૅ'ક્ટિસર્) Practitioner; one who practises. ધંધો કરનાર.

Practitioner, *n* (પ્રૅક્ટિ'શનર્) One who practises. વૃત્તિક; ધંધો કરનાર. **Medicine P.** ડાકટર; ભિષજ; વૈદ્ય. **Legal P.** વકીલ; બારીસ્ટર.

Pragmatic-cal, *a.* (પ્રૅગ્મૅ'ટિક્-કલ્) Practical. અનુભવસિદ્ધ. 2. Ready to intervene. માથામારૂં; બહુ ડ્હાયું થનાર; ચોવટ-ડાહ્યું. 3. Philosophical. ફિલસુફી; તત્વદર્શી.

Prairie, *n.* (પ્રે'રી) Treeless ground. નિર્વૃક્ષ જગ્યા; મેદાન.

Praise, *vt.* (પ્રે'ઝ્) To eulogize; to extol; to appreciate; to applaud. ના વખાણ ક૦; ઉંચે ચડાવવું; ને શાબાશી આપવી; ના ગુણગાવા. *n.* Laudation; admiration; approbation. વખાણ; તારીફ; શાબાશી; સ્તુતિ; પ્રશંસા. 2. Worship. સ્તુતિ; ઈશ્વરસ્તવન. [L. *pretium*, price or reward.]

Praiseworthy, *a.* (પ્રે'ઝ્વર્ધી) Admirable; laudable; deserving applause; worthy of praise. વખાણવા લાયક; સ્તુતિ કરવા યોગ્ય.

Praline, *n.* (પ્રૅ'લિન્) ટોપરાપાક; કોપરાપાક.

Prance, *vi.* (પ્રૅન્સ્) To bap; to jump; to spring. કૂદવું; ઠેકવું; (ઘોડા વગેરેનું) ઝાડ થવું.

Prank, *vt.* (પ્રૅન્ક્) To decorate; to adorn in a showy manner. દેખાવડું ક૦.*vi.* To make ostentatious show. દીપવું; શોભવું. *n.* A sportive gesture. ચાળા; નખરાં; ચેષ્ટા; ટીખળ -*a.* **Prankish**=દેખાવડું; નખરાંબાજ; ટીખળી.

Prate, *vi.* (પ્રે'ટ્) To prattle; to speak foolishly; to chatter; to tattle; to babble. બકબકાટ, લવારી ક૦. *n.* બકવાટ; લવારી. Trifling tatter. કુથલી નકામી વાતો.

Prattle, *vi. vt. n.* (પ્રૅ'ટલ્) Prate.

Pravity, *n* (પ્રૅ'વિટી) Degeneration નીચા, હલકા પડવું તે. Depravity; corruption. બીગાડ; ભ્રષ્ટતા; દુષ્ટપણું [L. *pravus*, crooked.]

Pray, *vi.* (પ્રે) To entreat; to beseech; to beg. કાલાવાલા, અરજ, પ્રાર્થના ક૦; કરગરવું. 2. To address or supplicate the supreme being with solemnity and reverence. ઈશ્વરસ્તુતિ, પ્રાર્થના ક૦.*vt.* To petition. ને કરગરી કહેવું. 2. To ask earnestly for. આતુરતાથી વિનંતિ ક૦. [L. *precor*, I ask.]

Prayer, *n.* (પ્રે,'અર્) The act of praying પ્રાર્થના; વિનંતિ; અરજ; કાલાવાલા; આજીજી; આજીજી કરનાર.

Prayerful, *a.* (પ્રે'અર્ફુલ્) Given to prayer; devotional. ઇશ્વર પ્રાર્થના કરવા ઉપર આસક્તિવાળું; પ્રાર્થનાનિષ્ઠ; ધાર્મિક; આસ્થાવાળું.

Prayerless, *a* (પ્રે'અર્લિસ્) Not given to prayer. પ્રાર્થના નહિ કરનારૂં; નાસ્તિક; અભાવવાળું.

Preach, *vi.vt.* (પ્રીચ્) To pronounce a public discourse on a religious subject. ધર્મનો ઉપદેશ ક૦; ધર્મ વિષે ભાષણો ક૦; ઉપદેશ ક૦. [L. *pro*, before; *dico*, I proclaim.]

Preacher, *n.* (પ્રી'ચર્) One who preaches. ધર્મનો ઉપદેશ કરનાર; ધર્માચાર્ય; બોધ કરનાર.

Preachify, *vi.* (પ્રી'ચિફાય્) To give a long-winded moral, advice. ધર્મ વગેરેનો બોધ કરવો; શિક્ષણ આપવું; નીતિનું લાંબું વ્યાખ્યાન કરી પાડવું.

Preaching, *pp.n.* (પ્રી'ચિંગ્) The act of preaching; a sermon. ધર્મનો બોધ કરવો તે; ઉપદેશ.

Preamble, *n.* (પ્રીઍ'મ્બલ્) Introduction to a writing or discourse; prelude or preface. ઉદ્દેશ; ઉપોદ્ઘાત. [L. *præ*, before, *ambulo*, I walk.] *vt.* To preface.

Prebend, *n.* (પ્રે'બન્ડ્) A stipend. વર્ષાશન.

Prebendal, *a.* (પ્રે'બન્ડલ્) Pertaining to a prebend. વર્ષાશન વિષે, સંબંધી.

Precarious, *a.* (પ્રીકે'રિઅસ્) Uncertain; doubtful; held by no certain tenure; depending upon other's will. અનિશ્ચિત; સંદિગ્ધ. પરાધીન. [L. *precor*, to pray.]

Precaution, *n.* (પ્રીકૉ'શન્) Previous caution or care. આગળથી રાખેલી સાવચેતી; અગમચેતી; ચોકસાઈ; પેરવી. *vt.* To caution beforehand. આગળથી સાવચેતી આપવી. [L. *prœ*, before; *caveo*, I am on my guard.]

Precautionary, *a* (પ્રીકૉ'શનરી) Pertaining to precaution. અગમચેતીપણાનું; પૂર્વોપાયરૂપ.

Precautious *a.* (પ્રીકૉ'શસ્)Taking or using precautions. પૂરતો ઉપાય લેવું-કરવું;સાવચેત.

Precede, *vt.* (પ્રીસી'ડ્)To go before in the order of time. આગળ જવું-બનવું. 2. To preface or introduce. પહેલાં મુકવું-જણાવવું. [L. *prœ*, before; *cedo*, I go.]

Precedence-cy, *n.* (પ્રીસી'ડન્સ્-સી) The act or state of preceding. અગ્રગમન;પૂર્વાગમન. 2. The right to a more honourable place. મ્હોટી જગોનો હક; જ્યેષ્ઠતા. 3. Superiority. (of desires &c.) આગેવાની; મુખ્યતા.

Precedent, *a.* (પ્રે'સિડન્ટ્) Going before. પહેલાંનું;પૂર્વગામી.*n.*An authoritative example. આધાર ગણવા જેવો આગળનો દાખલો.2.A judicial decision which serves as a rule for future determination in similar cases. આધારભૂત ફેંસલો; આગલો દાખલો. [આગળનું.

Preceding, *a.* (પ્રીસી'ડિંગ્) Going before.

Precentor, *n.*(પ્રીસે'ન્ટર્)A leader of a choir. ગવાડનાર;મુખ્ય ગાયક; ગવરાવનાર.[L. *proe*; *cano*, I sing.]

Precept, *n.* (પ્રી'સેપ્ટ્) A command in writing. આજ્ઞા; હુકમપત્ર. *vt.* To teach by precepts. ઉપદેશ દઈ શીખવવું.

Preceptive, *a.* (પ્રીસે'પ્ટિવ્) Containing or giving precepts. જેમાં આજ્ઞા-હુકમ લખેલો છે એવું; ઉપદેશાત્મક. [આચાર્ય; ઉપદેશક.

Preceptor, *n.* (પ્રીસે'પ્ટર્) A teacher. ગુરુ,

Precinct, *n.* (પ્રી'સિંક્ટ્) A boundary. હદ. 2. A district. પ્રગણું.

Precious, *a.* (પ્રે'શસ્) Of great price; costly. કિમતી; અમૂલ્ય; અપૂર્વ. P. stone=A jewel. મણિ; રત્ન; જવાહીર. [L *pretium*, price.] *adv.* **Preciously,** અમૂલ્ય રીતે.

Precipice, *n* (પ્રે'સિપિસ્)A falling headlong; a steep descent of land.એક સિદ્ધો ને ઉંચો ઢોળાવ; કરાડો; ટેકરો. [L. *proe*; *caput*, the head.]

Precipient, *a.* (પ્રેસિ'પિઅન્ટ્)Commanding; directing. હુકમ, ફરમાન આપવું કરવું.

Precipitance-cy, *n.* (પ્રિસિ'પિટન્સ્-સિ) Headlong hurry. અતિશય ઉતાવળ, દોડાદોડ, ધાડધાડિયાપણું.

Precipitant, *a* (પ્રીસિ'પિટન્ટ્) Falling headlong;rushing swiftly;precipitate. એકદમ આંખ મીંચીને; હુડાહુડનું; વગર વિચાર્યું; એકદમ સીધું ઢળતું.

Precipitate, *a.* (પ્રીસિ'પિટ,ટ્) Over-hasty; rash. બહુ ઉતાવળું; ઝડપવાળું. 2. Hurried. ઉતાવળું; વગર વિચારે આંધળિયા કરનારૂં. 3. Headlong. ઉંધે માથે. *n.* A chemical insoluble substance. રસાયણિક મિશ્રણ. *vt.* To throw headlong. ઉંધે માથે નાંખવું; હડસેલી પાડવું. *vi.* To fall headlong. ઉંધે માથે પડવું.

Precipitation, *n.* (પ્રીસિપિટે,'શન્) ઉંધે માથે ઢળી પાડવું તે; અધઃક્ષેપ. 2. Hurry. ઘણીજ ઉતાવળ; ધાડાધાડ; લેદોડ.

Precipitous, *a.* (પ્રિસિ'પિટસ્) Steep. ઢાળું; સિધ્ધું.2.Headlong.ઉંધે માથે.3.Hasty.ઉતાવળિયું.

Precipitously, *adv.* (પ્રિસી'પિટસ્લી) In a precipitous manner. ઉતાવળથી; સીધે સીધું.

Precise, *a.* (પ્રીસા'ઇસ્) Exact. ચોકસાઇથી કીધેલું. (Hour, meaning of a word.) ચોક્કસ; બરોબર; ખરેખરૂં. 2. Excessively nice. ચાપલુસિયું; ચિંધું. He is very **P.** in his dress. તે પહેરવા ઓઢવાની બાબતમાં ઘણો ચાપલુસિયો છે. [L. *prœ*, *cœdo*, I cut.]

Precisely, *adv.* (પ્રીસા'યસ્લી) In a precise manner. ચોક્કસ રીતે; બરોબર; નક્કીપણે.

Precision, *n.* (પ્રીસિ'શ્ઝન્) Exactness. ચોક્કસપણું; યથાર્થતા.

Preclude, *vt.*(પ્રીક્લૂ'ડ્)To stop.ખાળવું;બાધ ક૦; પથરો પડવો,હરકત ક૦. To render ineffectual. ને પ્રતિબંધ ક૦. [—L. *claudo*, I shut.]

Preclusion, *n.* (પ્રીક્લૂ'શ્ઝન્) A shutting out. અટકાવ; નિરોધ; અવરોધ.

Precocious, *a.* (પ્રીકો,'શસ્) Early ripe. (tree, fruit.) વહેલું પાકેલું-મ્હોટું થઇ ગએલું; અકાલ ફલિત. 2. Developed more than is natural or usual at given time. બાળક છતાં પાકી સમજણનું. [—L. *coquo*, I cook.]

Precocity, *n.*(પ્રીકૉ,'સિટી)Untimely ripeness. અકાલ પકવતા; અકાલ ફલિતતા; બાલપ્રૌઢ, પ્રૌઢતા; વ્હેલા પાકી જવું તે.

Precognition, *n.* (પ્રીકૉગ્નિ'શન્) Previous cognition. આગલી માહીતી; પૂર્વજ્ઞાન. [L. *proe*; *con*; *nosco*, I know.]

Preconceive, *vt.* (પ્રીકૉન્સી'વ્) To form a previous notion or idea of. અગાઉથી ધારી મૂકવું;મત બાંધવો. [L *proe*, *con*; *capio*, I take.]

Preconception, *n.* (પ્રીકૉન્સે'પ્શન્) The act of preconceiving. પૂર્વકલ્પના-ધારણા; અગમચેતી.

Preconcert, *vt.* (પ્રીકૉન્સર્ટ્) To concert beforehand. અગાઉથી વિચાર ક૦. *n.* Something

concerted before hand અગાઉથી ગોઠવેલી ધ રણા.

Precursory, *a.* (પ્રીકર્'સરી) Preceding as a precursor. આગળથી જણાએલું; ચિહ્નરૂપ; પૂર્વગામી. As, the P. symptoms of fever. તાવનાં અગાઉથી જણાએલાં ચિહ્નો. *n.* An introduction. ઉપોદ્ઘાત; પ્રસ્તાવના; પ્રારંભ.

Predacious *a.* (પ્રીડે'શસ્) Living by prey, predatory. શિકાર, લૂટ-ચોરી કરીને રહેનારો. [L. *proeda.* prey.]

Predel, *a.* (પ્રીડ'લ્) Pertaining to prey; plundering. શિકાર સંબંધી; લૂટનું.

Predatory, *a.* (પ્રેડેટરી) Plundering; pillaging. લૂટફાટ કરનારૂં.

Predecessor, *n.* (પ્રી'ડીસેસર) One who preceds. પહેલાં થઇ ગયેલો; પૂર્વગામી; માજી અધિકારી.

Predestine,-nate, *vt.* (પ્રીડે'સ્ટિન્-ને,ટ્) To predetermine. આગળથી નીમી મૂકવું; વિધિનિર્મિત. *a.* Preordained. આગળથી ઠેરવેલું નીમેલું; પ્રારબ્ધ. [L. *proe*; *destino*, I determine.]

Predestination, *n.* (પ્રીડેસ્ટને.'શન્) The act of decreeing or fore-ordaining events. નિર્માણ.

Predetermine, *vt.* (પ્રીડીટ'ર્મિન્) To determine beforehand. આગળથી નિશ્ચય ક૦; પ્રારબ્ધમાં લખી મૂકવું.

Predetermination, *n.* (પ્રીડીટર્મિને,'શન્) The act of determining beforehand. પૂર્વ સંકલ્પ, નિર્માણ

Predial, *a.* (પ્રી'ડિઅલ) (An estate) ભોંય-ખેતર રૂપી; સ્થાવર. ૨. ખેતરની સાથે વળગેલું; ક્ષેત્રાંગ.

Predicable, *a.* (પ્રી'ડિકબલ) Affirmable; attributable. છે એમ કહી શકાય એવું; વિધાનયોગ્ય; અસ્તિવાચ્ય.

Predicament, *n* (પ્રીડિ'કેમન્ટ્) Condition; particular situation or state. પદાર્થ; વર્ગ; જાતિ. 2. A trying position. દુર્ઘટ અવસ્થા; દુર્દશા; વિટંબના; આપદા; પીડા; ધર્મસંકટ.

Predicate, *vt.* (પ્રી'ડિકે,ટ્) To assert to belong to something; to affirm. કોઇને વિષે કાંઇ છે એમ કહેવું, નું વિધાન ક૦. *n.* (Gram.) વાકયમાં વિશેષ્યને વિષે જે કંઇ કહ્યું હોય તે; વિશેષક; વાચ્ય; ક્રિયાપદ. That which is affirmed of the subject. [L. *proe*; *dico*, I say or proclaim.]

Predication, *n.* (પ્રિડિકે,'શન્) Affirmation. વિધાન; નિર્દેશ; અભિધાન.

Predict, *vt* (પ્રીડિ'કટ્)To foretell. ભવિષ્ય ભાખવું.

Prediction, *n.* (પ્રીડિ'કશન્) The act of foretelling. ભવિષ્યવાણી; ભાવિકથન; જોષ.

Predictive, *a.* (પ્રીડિ'કિટવ્) Foretelling. આગમસૂચક; ભવિષ્ય કહેનારૂં.

Predictor, *n.* (પ્રીડિ'કટર્) A foreteller. ભવિષ્ય કહેનાર-સૂચવનાર.

Predilection, *n.* (પ્રીડિલે'કશન્) A previous liking. આગળથી લાગી ગએલો શોક, ચોંટી ગએલો ભાવ, પ્રીતિ; પૂર્વની ચિત્તવૃત્તિ; પૂર્વસ્નેહ. [L. *proe*; *de*; *ligo*, I choose.]

Predispose, *vt.* (પ્રીડિસ્પો,'ઝ્) To incline beforehand. નું પહેલાંથી વલણ કરાવવું, વૃત્તિ દોડાવવી, પક્ષપાત થવો. 2. To fit previously. આગળથી તૈયાર કરી મૂકવું, માં આગળથી ઘર કરી આપવું, માં (કશાથી) આગળથી ઘર થઇ રહેવું.

Predisposition, *n.* (પ્રીડિસ્પોઝિ'શન્) Previous inclination. આગળથી થએલી વૃત્તિ; પક્ષપાત.

Predominance-y, *n.* (પ્રીડૉ'મિનન્સ્-ન્સી) Prevalence over others; superiority in strength, power, influence or authority; ascendency. બીજાથી આગળ પડતાં હોવું તે; પ્રાબલ્ય; ઉપરિપણું; અધિકાર; સત્તા.

Predominant, *a.* (પ્રીડૉ'મિનન્ટ્) Having the ascendency over others; prevailing. બીજાથી આગળ પડતું; વિશેષ પ્રાબલ્યવાન; સત્તાધારી.

Predominate, *vi.* (પ્રીડૉ'મિને,ટ) To prevail. પ્રબળ હોવું. *vt.* To rule over. બીજાથી ચઢીઆતા થવું; અમલ ચલાવવો. [L. *dominus*, a ruler.]

Predoom, *vi.* (પ્રીડૂ'મ્) To judge beforehand. આગળથી ચુકાદો આપવો, ઠરાવવો, ભાવિ નિર્માણ ક૦.

Pre-eminence, *n.* (પ્રી-એ'મિનન્સ્) Superiority in prominence. સર્વોપરિપણું; શ્રેષ્ઠતા; ઉત્કર્ષ.

Pre-eminent, *a.* (પ્રી-એ'મિનન્ટ્) Eminent above others; superior in excellence. સર્વોપરિ; મુખ્ય; શ્રેષ્ઠ. [L. *mineo*, I jut out.]

Pre-emption *n.* (પ્રી-એ'મ્શન્) The right of purchasing before others. વેચાતું લેવાનો સૌથી પહેલો હક. [L *emo*; I buy.] Right to first refusal. પ્રથમ ના પાડવાનો હક.

Pre-engage, *vi.* (પ્રી-ઇનગે,'જ્) To preoccupy. અગાઉથી બોલી કરવી; ઠરાવવું, લઇ લેવું, બાંધી લેવું.

Pre-engagement, *n.* (પ્રી ઇન્ગે,'જ્મન્ટ) Prior engagement. અગાઉથી કરેલી બોલી, બંધન. 2. Previous attachment binding the will or affections. પહેલાંની આસકિત; આકૃષ્ટચિત્તતા; પૂર્વ-વ્યવસાય, વ્યગ્રતા.

Pre-establish, *vi.* (પ્રી-એસ્ટૅ'બ્લિશ) To build beforehand અગાઉથી બાંધી લીધેલું.

Pre-exist, *vi.* (પ્રી-ઈગ્ઝિ'સ્ટ્) To exist previously. કોઇનાથી પહેલાં હોવું; પૂર્વે હસ્તિ હોવી.

Pre-existent, *a.* (પ્રી ઇગ્ઝિસ્ટન્ટ્) Existing previously. કશાથી પહેલાં હોનારૂં; ભૂતપૂર્વ.

Pre-existence, *n.* (પ્રી-ઇગ્ઝિ'સ્ટન્સ્) કશાની પહેલાં હોવાપણું, અસ્તિત્વ; પૂર્વદશા, સ્થિતિ.

Preface, *n.* (પ્રે'ફસ્) That which is said beforehand; an introduction. પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; દિબાચો. [L. *fatus*, spoken.]

Prefatory, *a.* (પ્રે'ફેટરી) Pertaining to the nature of a preface. પ્રસ્તાવના વિષે, સંબંધી, ને લગતું.

Prefect, *n.* (પ્રી'ફેક્ટ્) One placed over others; a governor; a superintendent of a department. સુબો; સરદાર; અધ્યક્ષ; કોઇ ખાતાનો ઉપરિ, અધિકારી. [L. *facio*, I make.]

Prefecture, *n.* (પ્રી'ફિક્ચર) The office or jurisdiction of a perfect. સુબાદારી, ગીરી, ની હકૂમત.

Prefer, *vt.* (પ્રીફ'ર્) To set forth (a request, a claim.) કરવું; રજુ, જાહેર, વિદિત ક૦; ગુજારવું 2. To out-rank; to surpass. થી ચઢીયાતા, શ્રેષ્ઠ હોવુ. 3. To regard more than another; to choose. વધારે પસંદ ક૦. [L. *fero*, I bear.]

Preferable *a.* (પ્રે'ફરબલ્) Worthy to be preferred; more desirable. વધારે પસંદ કરવા જેવું.

Preference, *n.* (પ્રેફ'રન્સ્) Choice. પસંદગી.

Preferment, *n.* (પ્રી'ફરમન્ટ્) The act of choosing, promoting. દરજ્જે ચઢાવવુ, વધારવું તે; મોટો દરજ્જો આપવો તે. 2. (The state.) મોટો દરજ્જો મળવો તે. 3. A superior post; a position of honour. મોટી જગો; દરજ્જો; પદ્વી

Prefigure, *vt.* (પ્રીફિ'ગર્) To show by antecedent types and similitudes ડોળ, ચિહ્નથી કશાનું સ્વરૂપ આગળથી જણાવવું; આગળથી બતાવવું. [L. *figura*, a shape.]

Prefigurative, *a* (પ્રીફિ'ગરેટિવ્) Showing by prefiguration. આગળથી ડોળ, ચિહ્ન બતાવી આપવું.

Prefix, *vt.* (પ્રીફિ'ક્સ્) To put before. આગળ મૂકવું; ઉપસર્ગ લગાડવો. *n.* ઉપસર્ગ. That which is prefixed.

Pregnancy, *n.* (પ્રે'ગ્નન્સી) The state of being pregnant. સગર્ભાવસ્થા. 2. ગૌરવ; ભરપૂર; માતબરપણું; બાહુલ્ય. P. of parts. બુદ્ધિ બાહુલ્ય, ગૌરવ. [L. *geno*, I beget.]

Pregnant, *a.* (પ્રે'ગ્નન્ટ્) Being with young, as a female. દહાડાવાળું; ભારેવાઈ; ગર્ભવંતી. 2. Big; fertile; full of promise. ભરપુર; જેમાંથી ભારે પરિણામ નીપજે એવું; અર્થસૂચક; ગંભીર; આશાજનક.

Prehensible, *a.* (પ્રીહે'ન્સિબલ્) Capable of being seized. પકડી, ઝાલી શકાય એવું [L. *prehendo*, I take.]—°**sile**. પકડી શકે એવું.—**sion**. ગ્રહણશક્તિ.

Prejudge, *vt.* (પ્રીજ'જ્) To judge before hearing. પૂરો વિચાર, તપાસ, ચોકસી કર્યા વિના ઠરાવ, નિશ્ચય ક૦; અગાઉથી મત બાંધવો. [L. *proe*; *judico*, I judge.]

Prejudgment, *n.* (પ્રીજ'જ્મન્ટ્) (The act). પૂરો વિચાર કર્યા વિના કરેલો ઠરાવ; પૂર્વનિર્ણય.

Prejudice, *n* (પ્રે'જુડિસ્) An opinion formed without due examination. આગળથી પૂરી તપાસ કર્યા વિના કોઇના વિરૂદ્ધ બંધાઈ ગયેલો વિચાર; અકારણ વિરોધ, સૂગ, ચટ, ભ્રુ. 2. A bias on the part of a judge; jury or witness. ન્યાયાધીશ; પંચ કે સાક્ષીનું એક તરફી વડેમાવું તે. 3. Hurt. નુકશાન; હાનિ; ઇજા; હરકત. *vt.* To cause to have prejudice (for). ના મનમાં સારો વિચાર ભરાવી દેવો; (against.) ના મનમાં માઠો વિચાર બેસાડવો. 2. To injure; to damage. હરકત પહોંચાડવી; નુકશાન ક૦.

Prejudicial, *a.* (પ્રેજુડિ'શલ) Detrimental; harmful. નુકસાન કરે. ધોકો પહોંચે એવું; નુકસાનકારક.

Prelacy, *n.* (પ્રે'લસી) The office of a prelate. (ખ્રીસ્તિ) અધ્યક્ષ પદ્વ. 2. The church government by prelates. ધર્માધ્યક્ષો કરતા હોય એવો વહિવટ, વ્યવસ્થા. 3. The order of prelates taken collectively. ધર્માધ્યક્ષમંડળ.

Prelate, *n.* (પ્રે'લેટ્) A clergyman of a superior order. (ખ્રીસ્તિ) ઉપરિ; અધ્યક્ષ; ધર્માધ્યક્ષ [L. *latus*, carried.]

Prelector, *n.* (પ્રીલે'ક્ટર્) A reader of lectures; a lecturer. ભાષણ વાંચનાર, કર્તા; પાઠક. [L. *lego*, I read]

Prelection, *n* (પ્રીલે'ક્શન્) A public lecture. જાહેર ભાષણ; પાઠ (કરેલો); વિદ્યાપીઠપ્રવચન.

Preliminary, *a.* (પ્રીલિ'મિનરી) Previous; introductory. પ્રાથમિક; શરૂઆતનું; પૂર્વાંગરૂપ; પ્રાસ્તાવિક. *n.* That which precedes the main discourse-work. પહેલાં કરવાનું કામ; પૂર્વાંગ. [L. *limen*, a threshold.]

Prelude, *n.* (પ્રે'લ્યુડ) An introductory performance. પૂર્વગાન, વાદન. 2. Something which indicates a future event એંધાણ; ચિહ્ન; નિશાની *vi.* To play an introduction. શરૂઆતનું ગાયન ક૦. *vt.* To introduce with a previous performance. પ્રથમ દર્શન ક૦; આરંભ ક૦. 2. To serve as prelude to. ના પ્રસ્તાવનારૂપ થવું. [L. *ludo*, I play.]

Premature, *a.* (પ્રે'મ્ચ્યૂ ર્) Ripe before the proper time. વહેલું પાકેલું; અકાલપક્વ; અકાલ. 2. Too early. કાચા દહાડાનું; ઉતા વળ કરીને કીધેલું; બાંધેલું. As, opinions; aspirations; measures &c. 3. (Report, news &c.) કાચું; કાચા પાયાનું; જોઇએ તેવા આધાર વિનાનું. [L. *maturus*, ripe.]

Premeditate, *vt. vi.* (પ્રીમેડિ'ટેટ્) To think on and resolve in the mind beforehand. મનમાં

આગળથી ગોઠવી રાખવું.ઘાટ ગોઠવવો; પૂર્વચિંતન. [L. *meditor*, I meditate.]

Premeditation, *n.* (પ્રીમેડિટે,'શન્) (The act) પક્વ વિચાર; 2. આગળથી ગોઠવેલી યોજના; પૂર્વસંકલ્પ. A design previously formed.

Premices, *n.* (પ્રેમિ'સિઝ્) First fruits. નવો, પહેલો ફાલ.

Premier, *a.* (પ્રે'મિઅર્) First, chief. મુખ્ય. 2. *n.* The first minister of a state. મુખ્ય પ્રધાન, વજીર. [L. *primus*, the first.]

Premiership, *n.* (પ્રે'મિઅર્શિપ્) The office of the premier. પ્રધાનની જગો; પ્રધાનપદ; પ્રધાનની પદ્વી, હોદ્દો.

Premise,-(ss), *n.* (પ્રે'મિસ્) A proposition antecedently supposed. આગળથી કહેવું તે; પ્રતિજ્ઞા; સાધન. Major P. પૂર્વસાધન. Minor P. ગૌણ સાધન. 2. *pl.* A building and its adjuncts. ઘર તથા તેના અંગના ભાગો; મકાન અને તેની હદ; ખત, દસ્તાવેજનો પ્રથમ, નામ વિભાગ.–*vt.* To state beforehand. પ્રથમ, આગળથી કહેવું; તર્કમાં પ્રતિજ્ઞા કરવી, મેલવી. [L. *mitto*, I send.]

Premium, *n.* (પ્રી'મિઅમ્) A prize; a reward. ઇનામ; બક્ષીસ. 2. A sum of money paid to under-writers for insurance. વીમો ઉતરાવનારે આપવાનો હફ્તો, "પ્રીમિઅમ". 3. Value above par or original price. ઉપર ભાવ; વટાવ; ચઢાવો; વધારો. [L. *emo*, I take.]

Premonish, *vt.* (પ્રીમૉ'નિશ્) To forewarn. આગળથી ચેતવવું. [L. *moneo*, I remind.]

Premonition, *n.* (પ્રીમૉનિ'શન્) Previous warning. આગળથી મળેલી ચેતવણી, ખબર.

Premonitory, *a.* (પ્રીમૉ'નિટરી) Giving previous warning, notice. પૂર્વસૂચક; પૂર્વપ્રબોધક.

Prenotion, *n.* (પ્રીનો,'શન્) A notice which precedes something else in time. પૂર્વજ્ઞાન.

Preoccupancy, *n.* (પ્રીઑ'ક્યૂપન્સી) The act or right of taking possession before another. આગળથી કબજો, ભોગવટો, વહીવટ કo. તે.

Preccupation, *n* (પ્રીઑ'કયુપે,'શન્) The act of preoccupying. અગાઉથી કરેલો કબજો, ભોગવટો; પૂર્વવ્યવસાય, વ્યગ્રતા.

Preoccupy, *vt.* (પ્રીઑ'કયુપાઈ) To take possession of beforehand; to prepossess. નો આગળથી કબજો, ભોગવટો કરી લેવો; વ્યગ્ર રાખવું. [L. *capio*, I take.]

Preopinion, *n.* (પ્રીઓપિ'નિઅન્) Opinion previously formed. અગાઉથી બાંધેલો અભિપ્રાય. (L. *opinor*, I think.]

Preordain, *vt.* (પ્રીઑર્ડે,'ન્) To ordain or appoint beforehand. આગળથી મુકરર, નક્કી, નિર્માણ કo, નીમવું.

Preordination, *n.* (પ્રીઑર્ડિને,'શન્) Previous determination. ચોક્કસાઇ; નિર્માણતા.

Prepaid, *a.* (પ્રીપે,'ડ્) Given beforehand. આગળથી આપેલું, ભરેલું; ચૂકવેલું.

Preparation, *n.* (પ્રેપરે,'શન્) State of readiness. તૈયારી; સજ્જતા. 2. Readiness. કમર બંધી. 3. A preparatory act. આગળથી કીધેલો ઉપાય.

Preparative, *a.* (પ્રીપૅ'રટિવ) Preparatory. તૈયાર, લાયક થઇ રહેવાય, કરે એવું. *n.* That which prepares. જેથી તૈયાર થઇ રહેવાય, જવાય એવું કંઈ.

Preparatory, *a.* (પ્રીપૅ'રટરી) Introductory આગળથી કીધેલું, કરવાનું; પ્રથમ; આદ્ય.

Prepare, *vt.* (પ્રીપે,'ર્) To make, get ready. તૈયાર કરી મૂકવું. [L. *paro*, I get ready.]

Prepay, *vt.* (પ્રીપે,') To pay before obtaining possession of. આગળથી આપવું.–*n.*–°**ment**. આગળથી પગાર, ચુકવવું તે.

Prepense, *vt.* (પ્રી પેન્સ્) To weigh or consider beforehand. આગળથી તોલ, વિચાર કરવો. *a.* Premeditated; aforethought. અગાઉથી વિચાર કરીને કરેલું, ગોઠવી રાખેલું. [L. *pendo*, I weigh.]

Preponderance,-tion, *n.* (પ્રીપૉ'ન્ડરન્સ્-રે,'શન્) Superiority of weight, force or power. વધારે ભાર, વજન; પ્રબળ ગૌરવ; પ્રધાનતા.

Preponderate, *vt.* (પ્રીપૉ'ન્ડરે,ટ્) To outweigh; to overbalance. વધારે ભારે થવું; નમવું. 2. To exceed in influence or power. વધારે પ્રબળ હોવું. [L. *pondus*, weight.]

Preposition, *n.* (પ્રેપોઝિ'શન્) A word employed to connect a noun or pronoun. શબ્દયોગી અવ્યય [L. *pono*, I put.]

Prepositional, *a.* (પ્રેપોઝિ'શનલ્) શબ્દયોગીનું, ના જેવું.

Prepositive, *a.* (પ્રીપૉ'ઝિટિવ્) Put before; prefixed. આગળ ઠરાવેલું, લગાવેલું.

Prepossess, *vt.* (પ્રીપઝે'સ્) To possess beforehand; to preoccupy નો આગળથી કબજો, ભોગવટો કo. 2. To preoccupy as the mind so as to preclude other things. ના મનમાં પહેલાંથી અસર કo; વ્યગ્ર, ગ્રસ્ત કo.

Prepossession, *n.* (પ્રીપઝે'શન્) Prior possession. પહેલો કબજો; ભોગવટો. 2. Previous impression, prejudice, bias. પહેલેથી ચોંટી ગએલો ભાવ, આસ્થા, પક્ષપાત.

Preposterous, *a.* (પ્રીપૉ'સ્ટરસ્) Having that first which ought to be last; inverted in order. જેમાં પહેલું તે છેલ્લું અને છેલ્લું તે પહેલું; ઉંધું. Foolish. ઉંધ બુધિયું, મતિહું. 3. Contrary to

nature or reason. વિપરીત;સ્વભાવ,તર્ક વિરૂદ્ધ [L. *posterus*, comingafter.]

Preposterousness, *n.* (પ્રીપૉ'સ્ટરસ્નિસ્) The state or quality of being preposterous. ઉંધું ચતું થવું તે; વિપરીતતા; વિચિત્રતા; મૂર્ખતા.

Prepotency, *n.* (પ્રીપો,'ટન્સી) Superior power. શ્રેષ્ઠતા; ચઢીઆતાપણું; ઇષ્ટતા.

Prerogative, *n.* (પ્રીરૉ'ગટિવ્) An exclusive or peculiar privilege or right. ખાસ હક; વિશેષ સત્તા; અધિકાર. [L. *rogo*, I ask.]

Presage, *n.* (પ્રે'સિજ્) A presentiment. આમ થશે એમ મનમાં ઉઠેલો દુર્વિચાર;અગમસંકેત,ઉત્પાત.2. An outward sign. કંઈ ભાવિની નિશાની; ભાવિ ચિહ્ન.*vt.*-(પ્રીસે,'જ્)ભાવિ છે એમ લાગવું,જણાવું.To foretell,to predict.આગળથી સૂચન, અપશુકન ક૦. [L. *sagio*, I perceive quickly or acutely.]

Presageful, *a.* (પ્રે'સિજફુલ્) Ominous. દુર્વિચારી; અનિષ્ટ;અપશુકન સૂચક.

Presbyterian, *a.*(પ્રેસ્બિટિ'રિઅન્)Pertaining to a presbyter.*n.*ખ્રિસ્તી વડિલ ધર્મગુરૂ,પાદરી સંબંધી. A member of the Presbyterian church. ખ્રિસ્તી મંડળમાંનો એક માણસ.

Presbyterianism *n.*(પ્રેસબીટિ'રીઅનિઝમ્) ખ્રિસ્તી ધર્મ; રોમન કૅથલિક ધર્મનો એક પંથ.

Prescience, *n.* (પ્રે'શ્યન્સ્) Knowledge of events before they take place. ભાવિ,ભવિષ્યજ્ઞાન [L. *scio*, I know.]

Presbytery, *n.* (પ્રે'સ્બિટરી) A body of elders in the early Christian Church. ખ્રિસ્તી પાદરીનું ન્યાયમંડળ;દેવળનો પૂર્વ ભાગ.[Gr.*presbys*, an elder]

Prescribe, *vt.* (પ્રીસ્કા'ઇબ્) To direct; to appoint;to indicate.બતાવવું;કહેવું;ચીંધવું;નીમવું. *vi.*To dictate.(ચાલવા, વર્તવાનો) રસ્તો બતાવવો, કહેવો 2. (Med.)ઓસડ લખી આપવું.[L. *scribo*, I write]

Prescript, *a.* (પ્રીસ્ક્રિ'પ્ટ) Directed; prescribed; indicated. ચિંધાએલું; જણાવેલું. *n.* Direction. સૂચના; ફરમાન.

Prescription, *n.* (પ્રીસ્ક્રિ'પ્શન્) Direction; appointment. નિર્દેશ; વિધાન; આદેશ. 2. (Med.) prescript. આપેલું. કહેલું; લખી આપેલું ઓસડ.

Prescriptive, *a.* (પ્રીસ્ક્રિ'પ્ટિવ્) Acquired by immemorial use and enjoyment. કાયદામાં કહેલી મુદત ઉપરાંતનાં ઘણાં વરસનાં ભોગવટાથી સંપાદન કરેલું; લાંબા ભોગવટા સંબંધી.

Presence, *n.* (પ્રે'ઝન્સ્) The state of being present. હાજરી; વિદ્યમાનતા; મોજુદી. 2. Person; personality હજુર;ખુદ;જાત;વ્યક્તિત્વ.P.chamber-room=દિવાનખાનું. P. of mind=સમયસૂચકતા; સાવધાની.

Present, *a.* (પ્રે'ઝન્ટ) Being at hand; within reach or call. હાજર; મોજુદ. 2.Now existing. હમણાનું; ચાલતું; વિદ્યમાન; પ્રસ્તુત; આધુનિક. 3. Instant. તરતનું. 4.Ready.હાજર;પ્રત્યક્ષ. P. time = ચાલતો, વર્તમાન વખત. 2. P. letters or instruments=લેખ; દસ્તાવેજ. 3. Gift. બક્ષિસ; ભેટ; નજરાણું. P. tense=વર્તમાનકાળ.At P.=now.હાલ. For the P.=for the time being.ચાલતો થોડો વખત. *vt.*(પ્રીઝે'ન્ટ)To introduce formally.કોઇની રૂબરૂ,હજુરમાં તેડી લાવવું;ઓળખ કરાવવી 2.Exhibit, offer to view. મોંઆંખ આગળ મૂકવું; પ્રદર્શન કરવું. 3. To deliver. હાથમાં આપવું, સોંપવું, 4. To make a gift of. બક્ષિસ, ભેટ કરવી. 5. To lay before a public body for consideration. રજુ ક૦. 6. To lay before a court as an object of inquiry. તપાસ માટે રજુ કરવું. 7. To aim, point or direct. ની સામે ધરવું; તાકવું; લક્ષ સાધવો. [L. *esse*, to be.]

Presentable, *a.* (પ્રીઝે'ન્ટબલ્) Capable of being presented. કોઇની રૂબરૂ, હજુરમાં તેડી જવા લાયક; કહેવા, ધરવા યોગ્ય; નિવેદનીય.

Presentation, *n.* (પ્રીઝેન્ટે,'શન્) A setting forth; an offering. નિવેદન; ગુજારણી 2. Exhibition. (તમાશો-રમત) કરી-રમી બતાવવું તે. 3. ઓરૂ કપાતું હોય તે વખત ગર્ભદ્વારને સંબંધે બાળકે રહેલાં, પડેલાં હોવું તે; બાળકની સ્થિતિ. Cross P.=આડું પડી ગએલું હોવું તે; વક્રસ્થિતિ. P. of an oblation= બલિદાન. 4. A present; a gift. બક્ષિસ; ભેટ.

Presentiment, *n.* (પ્રીઝે'ન્ટિમન્ટ) Previous sentiment or apprehension. આમ થશે એમ આગળથી મનમાં આવી ગએલો વિચાર; અગમભાસ.2. Anticipation of evil.માઠી વાત મનમાં આવવી તે; અનિષ્ટસૂચન, સંકેત.

Presently, *adv.* (પ્રે'ઝન્ટલી)Instantly. તરતનું તરત; તરતજ; તત્કાળ. 2. Before long; after a while. થોડી વારમાં; જરા રહીને.

Presentment, *n.* (પ્રી'ઝેન્ટમન્ટ) The act of presenting. ધરવું, રજુ ક૦ તે; નિવેદન; ગુજારણી. P. of a bill of exchange. હુંડીનો દેખાડ.

Preservation, *n.*(પ્રીઝરવે,'શન્) The act of preserving; safety;security.રક્ષણ;જતન;પાલન.

Preservative, *a.* (પ્રીઝ'રૂવેટિવ્) Having the power of preserving. બગડે, કોહે નહિ એવું. *n.* That which preserves; a preservative agent. બચાવ, રક્ષણ કરનાર-નો ઉપાય.

Preserve, *vt.* (પ્રીઝ'ર્વ્) To guard or defend from evil; to protect. બચાવવું; જાળવવું; સંભાળવું. 2. To save from corruption. બગડવા

ન દેવું; બગડતું સમાલવું; મુરબ્બો, અથાણું ક૦. 3. To keep throughout (જ્હેની આકૃતિ) ઠેકાણે રાખવી. *n.* મુરબ્બો, અથાણું [*L. servo*, I keep.]

Preserver, *n.* (પ્રીઝ'વ'ર) One who preserves from destruction. બચાવનાર; તારનાર.

Preside, *vi.* (પ્રીઝા'ઈડ્) To occupy the place of authority. પ્રમુખ, સરનશીનનું કામ ક૦. 2. To watch over. અધ્યક્ષપણું ક૦. દેખરેખ રાખવી. [L. *sideo*, I sit.]

Presidency, *n.* (પ્રે'ઝિડન્સી) The function or condition of one who presides. પ્રમુખતા,પદ 2. The office of a president. પ્રેસિડન્ટ, રાજ્ય નિયંતાપણું. 3. The jurisdiction of a president or governor. ઈલાકો.

President, *n.* (પ્રે'ઝિડન્ટ્) The presiding officer. પ્રમુખ; અધ્યક્ષ; સરનશીન.

Presidential, *a.* (પ્રિઝિડે'ન્શલ્) Presiding or watching over. પ્રમુખ. અધિષ્ઠાતાનું.

Presidentship, *n.* (પ્રે'ઝિડન્ટ્શિપ) The office, also the term of a president. રાજ્યનાયકી; તંત્રી, પ્રમુખપદ; તેનો સમય.

Presignify, *vt.* (પ્રીસિ'ગ્નિફાઇ) To intimate beforehand. આગળથી કહી બતાવવું.

Press, *vt.* (પ્રેસ્) To compress. દાબવું; ચાંપવું; ઠાંસવું-થી દબાતાં જવું. 2. To squeeze. નિચોવવું. (paper or cloth &c.) સાંચા કે બીજા ઓજારથી દાબીને લીસું ક૦. ચપટવું 3. To hug. જોરથી ભેટવું. 4. To distress (with poverty). ભીડાઇ, સપડાઇ જવું. 5. To impulse by importunity. આગ્રહ કરીને આપવું; ગળે ઘાલવું; ભેરવવું. 6. To urge by authority or necessity. સપડાવવું; સપાટામાં લેવું, ઉપર ધાઇ પાડવી. To be pressed. સપડાએલાં હોવું; સપાટા-ઘેરામાં આવવું. 7. To solicit with importunity. ને ભીડ ઘાલવી; વળગવું. આગ્રહ ક૦.8. To urge on (a horse &c.) ખૂબ દાબીને હાંકવું, ચલાવવું. 9. To enforce (a truth, conviction &c.) મનાવવા, મનમાં ઉતારવાનું બહુ ક૦.ઠસાવવું. 10.To force into service વેઠે પકડવું. *vi.* To exert pressure. જોરથી પહોંચવું; દાબવું.2. To crowd.ઘેરવું.3. To bear onward forcibly. ધસ્યાં ચાલ્યાં જવું; બળ કરીને આવવું, આવ્યા કરવું. *n.* An apparatus by which any substance is pressed દાબવાનો સંચો. 2. Printing P.= છાપવાનો સંચો; છાપખાનું; પ્રેસ. 3. The art or business of printing and publishing. છાપવાનું કામ, પ્રગટ કરવાનું. Printed publications; newspapers. લેખ; છાપાં;વર્તમાનપત્રો.4. Urgent demands of business; urgency. ભરાવો; ભીડ;ધાઈ.Liberty of the press=છાપખાનાની છૂટ, સ્વતંત્રતા. [L. *premo*, I press.]

Pressing, *a.* (પ્રે'સિંગ્) Urgent; exacting. અકળાવનારું; તાકીદનું; આગ્રહ ભરેલું.

Pressure, *n.* (પ્રે'શર્) The act of pressing; compression. દાબવું, ચાંપવું તે, ભાર. 2. A constraining force. દબાણ. 3. Affliction. પીડા; ભીડ. 4.Urgency. ઘટતું કામ.5.Impression. છાપ.

Prestige, *n.* (પ્રેસ્ટી'ઝ્) Influence derived from past success. મોભો; ગૌરવ; પ્રતિષ્ઠા; આબરૂ; છાપ. [L. *praestringo*, I dazzle.]

Presto, *adv.* (પ્રે'સ્ટો) Quickly. જલદી; ઉતાવળાં; એકદમ.

Presumable, *a.* (પ્રીઝયૂ'મબલ્) That may be presumed or supposed to be true. અનુમાન કરવા લઇ, જવા યોગ્ય; ખરૂં માનવા લાયક.

Presume, *vt.* (પ્રીઝયૂ'મ્) To assume or to take beforehand. સંભવ ઉપરથી ખરૂં માનવું 2. To infer. અનુમાન ક૦. *vi.* To venture without positive permission. મર્યાદા મૂકીને ચાલવું, બોલવું; આગળ વધીને બોલવું. 2. To be overconfident. અતિશય ભરોસો રાખવો; બહુ બેધડક રહેવું;ફાંકો રાખવો; ઉદ્ધત થવું [L. *sumo*, I take].

Presuming,*a.*(પ્રીઝયૂ'મિંગ્) Presumptuous; unreasonably bold. હદપાર જનાર; મર્યાદા મૂકી ચાલનાર; અભિમાની; ઉદ્ધત.

Presumption, *n.* (પ્રીઝ'મ્શન્) The act of presuming or believing upon probable evidence. અનુમાન; તર્ક 2. Arrogance; affrontery. અહંકાર; શેખી; તોર; ગુમાન. P. of fact.= પુરવાર થએલી હકીકત ઉપરથી તેના સંબંધ બીજી હકીકત ખરી છે એમ માનવું તે.P. of law=કાયદાએ કરેલું અનુમાન.

Presumptive, *a.* (પ્રીઝ'મ્ટિવ્) Grounded on probable evidence. અનુમાનસિદ્ધ P. heir, heir P=સંભાવિત સ્થાનાધિકારી.વારસ ગાદી વારસ.

Presumptuous, *a.* (પ્રીઝ'મ્ચ્યુઅસ્) Arrogant; insolent; rash. ઉદ્ધત; અભિમાની; ગુમાની. 2. Founded on presumption. અમર્યાદ; અભિમાન ભરેલું; અનુમાનિત; માની લીધેલું.

Presuppose, *vt.* (પ્રીસપો'ઝ્) To suppose beforehand. આગળથી કલ્પના, ભાવના ક૦.

Pretence, *n.* (પ્રીટે'ન્સ્) A false or hypocritical appearance. ખોટો દેખાવ; ડોળ 2. An act of pretending. ખોટું બ્હાનું બતાવવું તે.

Pretend, *vt.* (પ્રીટે'ન્ડ) To feign.નો ડોળ ક૦. 2. To plot. પ્રપંચ, કાવતરૂં ક૦. 3. To exhibit as a veil for something hidden. ઢોંગ ક૦. 4. To lay a claim to નો હક, દાવો ક૦. નું અભિમાન ધરાવવું. *vi.* To allege a title. હક, દાવો ક૦. [L. *tendo*, I stretch.]

Pretender, *n.* (પ્રીટે'ન્ડર્) One who pretends. ડોળ, ઢોંગ, દાવો કરનાર.

Pretension, *n.* (પ્રીટે'ન્શન્) The act of pretending. ડોળ, હક, દાવો રાખવો તે. 2. A claim. હક, દાવો.

Pretentious, *a.* (પ્રીટે'ન્શસ્) Full of pretension; assuming. ફાંકો, ફુલ, દાવો.કરનારૂં; ડોળી.

Preterite, *n.* (પ્રે'ટરિટ્) The past tense. ભૂતકાળ; પૂર્ણભૂતકાળ [L. *proter*, beyond; *eo*, I go.] *a.* ભૂતપૂર્વ; થઇ ગએલું.

Preternatural, *a.* (પ્રીટરનૅ'ચરલ્)Different from what is natural; abnormal. અદ્ભુત; વિચિત્ર; તરેહવાર

Pretext, *n.* (પ્રી'ટેક્સ્ટ્) Pretence; excuse બહાનો;ઢોંગ;મિષ;નિમિત્ત;આભાસ.[L.*texo*,I weave.]

Pretty, *a.* (પ્રિ'ટી) Handsome; elegant. સુશોભિત; સુંદર. 2. Small; diminutive. નાનું; નાજુક. 3. અનિષ્ટ; હદપાર. *adv.* In some degree; moderately. થોડુંઘણું; થોડેઘણે અંશે.

Prevail, *vi.* (પ્રીવે'લ્) To be predominant; to extend over with force. અમલમાં હોવું; નું જોર ચાલવું; 2. To overcome; to gain the advantage. ફાવવું. 3. To persuade. મનાવવું; સમજાવવું. [L. *valeo*, I am strong.]

Prevailing,*a.* (પ્રીવે'લિંગ્)Prevalent.ચાલતું; પસરતું. 2.Efficacious. લાગુ થઇ ગએલું;અસરકારક

Prevalence, *n.* (પ્રે'વૅલન્સ્) The state of being prevalent. પ્રબળ ફેલાવો; પ્રચાર; વાવર; વાયરો; ચ્હડીયાતાપણું; સત્તા.

Prevalent, *a.* (પ્રે'વૅલન્ટ્) Prevailing. ચાલુ; જોર પકડનારૂં;પ્રબળ 2. Most generally received. બહુ લોકના માનમાં આવેલું; રૂઢ; ચાલતું.

Prevaricate, *vi.* (પ્રીવૅ'રિકેટ્) To undertake a thing falsely and deceitfully. કંઇ વાત નાબુદ કo; ને માથે જ્હોરી લેવી. *vt.* To equivocate. બે મોઢે બોલવું; બે વચની થવું. [L. *varico*; I straddle]

Prevarication, *n.* (પ્રીવૅરિકે'શન્) A deviation from the truth and fair dealing. જવાબ દેવામાં આડા ફાટવું તે;ગુલાંટ;સંદિગ્ધ વચન.

Prevaricator, *n.* (પ્રીવૅ'રિકેટર્) One who prevaricates. જવાબમાં આડો ફાટનાર. 2. A sham dealer. ફુટી જનાર; તરકટ કરનાર.

Prevent, *vt.* (પ્રીવે'ન્ટ્) To hinder. રોકવું; અટકાવવું; અડચણ કo. [L. *venio*, I come.]

Prevention, *n.* (પ્રીવે'ન્શન્) The act of going before; obstruction. અટકાવ; પ્રતિબંધ; નિવારણ; વારણ.

Preventive, *a.* (પ્રીવે'ન્ટિવ) Tending to defeat. થાશેજ, બનેજ નહિ એવું, ફરીથી ઉભળે નહિં એવું કરતું;નિવારક;અટકાવતું. *n.* That which prevents. નુકસાન, રોગ થાય નહિં, ઉભળે નહિં એવો ઉપાય, ઓસડ.

Previous, *a.* (પ્રી'વિઅસ્) Going before; antecedent. અગાઉનું; પૂર્વનું; પહેલાનું. [L. *via*. the way.]

Previously, *adv.*(પ્રી'વિઅસ્લિ)Beforehand; antecedently. આગળથી; અગાઉ; પૂર્વે.

Prevision,*n.*(પ્રીવિ'ઝ્હન્)Foresight.અગમચેતી.

Prey, *n.* (પ્રે) That which is seized by animals. શિકાર; ભક્ષ્ય. 2. Spoil. લૂટ. *vi.* (On, upon) to take booty; to pillage. લૂટવું;ખાવું; કોરવું. 2. શિકાર કo. [L. *proeda*, plunder.]

Price, *n.*(પ્રાઈસ્) Cost; value. કિંમત;મૂલ્ય;મૂલ. *vt.*To pay the price of. કિંમત આપવી.Market P.=બજારભાવ. P. list=ચાલતા ભાવની યાદી. [L. *pretium*, I buy.]

Priceless,*a.*(પ્રા'ઈસલિસ્)Invaluable.અમૂલ્ય.

Prick, *vt.* (પ્રિક્) To drive a fine point. ભોકવું; કોચવું; વીંધવું. 2. To fix by the point. ખોસી દેવું. 3. To spur. આર, એડી મારવી. 4. To sting, as with remorse. ખટકો, ડંખ લગાડવો. *vi.* To be punctured, pained. દરદ થવું; કળતર, કાણું થવું. *n.* A goad; a point. આર;કાંટો. 2.That which pricks. સસાક; ફાંસ. 3. Remorse. ખટકો, (મનમાં પેસી રહેલું) સાલ, ચટકો;ચણચણાટ.4. (કોચવા-ભોંકાવાથી પડેલું) કાણું; છિદ્ર; જ્હે. **Pin-P.s**=ટાંચણીના ઘોચા; ન્હાનાં ન્હાનાં માઠાંસાઠાં, અપમાન, આપત્તિ.

Prickle, *n.* (પ્રિ'કલ્)A little prick. કાંટો.2.A kind of willow basket એક જાતની વાંસની ટોપલી. *vt.* To prick slightly. ધીમે ઘોચવું.

Prickly, *a.* (પ્રિ'ક્લી) Full of sharp points. કાંટાવાળું; ખૂંચે તેવું.

Pride, *n.* (પ્રાઇડ્) Splendour;splendid show; pomp. ભપકો; ઠાઠ, 2. Inordinate self-esteem; an unreasonably high opinion of one's self. અભિમાન;ગર્વ;મદ;દંભ. 3. A noble selfesteem. સદભિમાન; સ્વમાન; ખુમારી; ખમીર. *vt.* To value one's self; to rate highly. અભિમાન કરવું,ધરાવવું; મ્હોટાઈ માનવી-મારવી, બેડસાઇ, પતરાજી કરવી.

Prideful, *a.* (પ્રા'ઈડ્ફુલ્) Full of pride; insolent; scornful. અહંકારભરેલું; ઉદ્ધત.

Prie-dieu, *n.* (પ્રીડ્યૂ'ર્) Kneeling-dask. ઘુંટણીએ પડવાની, પ્રાર્થના બાજઠ.

Priest, *n.* (પ્રીસ્ટ્) A presbyter or elder; a minister. બિશપથી ઉતરતા અને ડીકનથી ચડતા દરજ્જાનો પાદરી. Family P.=કુલાચાર્ય; કુલગુરૂ; ગોર.

Priest-craft,*n.*(પ્રી'સ્ટ ક્રૅફ્ટ્)Priestly policy. ધર્માધિકારીઓની લુચ્ચાઈ, પ્રપંચ; મંડળ, ધંધો; ધર્મકાપટ્ય.

Priesthood, *n.* (પ્રીʼસ્ટ્હુડ્) The office or character of a priest. ધર્માધિકારીપણું, ની પદ્વી; પુરોહિતવૃત્તિ, મંડળ.

Priestly, *a.* (પ્રીʼસ્ટલી) Pertaining to a priest; sacerdotal. ધર્માધિકારીના જેવું; વિધિ સંબંધી.

Prig, *vi.* (પ્રિગ્) To haggle about the price of a commodity. માલની કિંમત કરાવવામાં રકઝક કo. *n.* A conceited fellow. અહંકારી માણુસ; ચોર; ડોળઘાલુ.

Priggish, *a.* (પ્રિʼગિશ્) Like a prig. તોછડું; ચપઓલો.

Prim, *a.* (પ્રિમ્) Formal; precise. યથાવિધિ ચાલનાર; અતિશય ચોક્કસ; ચાપલુસિયું; સિધું. *vt.* To deck with great nicety. શણગારવું; ટાપટીપ કo. [L. *primus*, first].

Primacy, *n.* (પ્રાʼયુમસી) The office or rank of a primate. મુખ્ય ધર્માધ્યક્ષની જગો.

Primage, *n.* (પ્રાʼયુમિજ્) A charge in addition to a freight. માલના નુર, ભાડા ઉપરાંત માલધણી વહાણના કપ્તાનને આપે છે તે લવાજમ.

Primary, *a.* (પ્રાʼયુમરી) First in order of time. મૂળ; પ્રથમ; પહેલું. 2. First in order; as being preparatory to something higher. પ્રાથમિક; શરૂઆતનું. 3. Chief. મુખ્ય. *n.* A primary meeting. મૂળ, પ્હેલી સભા. [L. *primus*, first.]

Primate, *n.* (પ્રાʼઇમિટ્) The chief ecclesia-

°**macy**. તે પદ.

Prima-donna, *n.* (પ્રિʼમડૉના) મુખ્ય નાયિકા, ગાયન કરનારી.

Prima-facie, *adv. a* (પ્રાʼયુમાફિ,શિઇ) પ્હેલા પુરાવાથી; રીતસરની તપાસ પ્હેલાં; તાત્કાલિક; પ્રાથમિક.

stic in a national church. મુખ્ય ધર્માધ્યક્ષ.

Prime, *a.* (પ્રાઇમ્) The first in order of time. મૂળનું. 2 First in rank. પહેલા વર્ગનું; મુખ્ય. 3. Early blooming. ખીલતું; પ્રથમાવસ્થાનું. P. factor = a factor which is a P. number. મૂલાંક; અન્વય ન પાડી શકાય એવું પદ. P. minister = the responsible head of a ministry. મુખ્ય પ્રધાન. *n.* The first part; the dawn. ઉદયકાળ; પ્રથમાવસ્થા; પ્રાતઃકાલ; સૂર્યોદય વખત. 2. Youth. ભર જુવાની; જોબન; પુર જુવાનીનું જોર. 3. પુર બહાર. 4. The best part. સારામાં સારો ભાગ; ઉત્તમોત્તમ અંશ. 5. પટ્ટા વગેરેના ખેલમાં પ્હેલી બાજી, ઘાઝીલવાની, બચાવની વિધિ. 6. A P. number. મૂલાંક. *vt.* To apply priming to, as a cannon. બંદૂકમાં રંજક પૂરવી. 2. To lay hte first colour, as in painting. રંગનો પીંછો મારવો; પ્હેલો હાથ દેવો.

Primer, *n.* (પ્રાʼઇમર) A small elementary book for teaching children to read and to spell. પ્હેલી ચોપડી; બાળપોથી; પ્રાઇમર. 2. A prayer-book. પ્રાર્થના પોથી; ધર્મનું પુસ્તક.

Primero, *n.* (પ્રાʼઇમરો) A game at cards. ગંજીફા, પાનાંની એક જાતની રમત.

Primeval, *a.* (પ્રાઇમીʼવલ) Primitive; pristine; original. અસલનું; પુરાણું; જુના કાળનું; પ્રથમનું.

Primigenial, *a.* (પ્રાઇમીજીʼનીઅલ્) First born; original. પહેલું જન્મેલું; અગાઉનું; અસલનું.

Priming, *n.* (પ્રાʼઇમિન્ગ્) Powder in the pan of a gun. તોટીનો દારૂ; રંજક જામગીરી.

Primitial, *a.* (પ્રિમિʼશલ્) Belonging to the first production. પહેલા પાક, ઉત્પન્ન, ફળ સંબંધીનું; મૂળનું; આદિનું; શરૂઆતનું.

Primitive, *a.* (પ્રિʼમિટિવ્) Formal; original; primray. શરૂઆત, આરંભનું; અસલ; પુરાણું; અણઘડ. **P. colours** = મૂળ રંગ. *n.* An original word. સિદ્ધ શબ્દ.

Primitiveness, *n.* (પ્રિʼમિટિવનિસ્) Antiquity; the state or quality of being original. પ્રાથમિક, શરૂઆતી. પુરાણું હોવું તે.

Primness, *n.* (પ્રિʼમનિસ્) Stiffness; preciseness. ખુબ ચીપચાપ; ઠીકઠાકપણું; અક્કડતા; ઇસ્કીટાટ.

Primogenial, *a.* (પ્રાઇમોજીʼનિઅલ) Original; first born; primary. પહેલી ઉત્પત્તિનું; પહેલું જન્મેલું.

Primogeniture, *n.* (પ્રાઇમોજેʼનિચર) The right of inheriting to the eldest son વડિલ હક; મોટા દિકરાનો વારસાનો હક.

Primordial, *a.* (પ્રાઇમૉʼર્ડિઅલ્) Original; primary; existing from the beginning. મૂળનું; અસલનું; પુરાણું.

Primus, *a.* (પ્રાʼઇમસ્) પ્હેલો. *n.* Stove. સ્ટવ.

Prince, *n.* (પ્રિન્સ્) The son of a king; the issue of a royal family. શાહજાદો; કુંવર; યુવરાજ; પાટવી પુત્ર. 2. A sovereign; a king. રાજા; પાદશાહ. **Prince of Wales** = અંગ્રેજ પાટવી પુત્ર; યુવરાજ. [L. *primus*, first & *capio*, I take].

Prince, *vi* (પ્રિન્સ્) To take state. રાજ્ય લેવું; ગાદી મેળવવી. *n.* **Princedom** = શાહજાદા, પાટવી પુત્રનો મુલક; રાજ્ય.

Princely, *a.* (પ્રિʼન્સલી) Royal; regal; belonging to a prince. રાજાનું; રાજશાહી; પાદશાહી. 2. August; majestic. ભવ્ય; વૈભવ, પ્રતાપશાળી. 3. Large; munificent. ઉદાર; મ્હોટું.

Princess, *n.* (પ્રિʼન્સિસ્) The daughter of a king; a female prince. રાણી; શાહજાદી; કુંવરી; રાજપુત્રી. 2. The consort of a prince. રાજપત્ની; રાણી; રાજમાતા.

Principal, *a.* (પ્રિʼન્સિપલ્) Chief; highest in rank. મુખ્ય; મોટું; પ્રધાન. 2. The head of a college. પ્રિન્સિપાલ; કૉલેજનો ઉપરિ

મુખી; વડો; આગેવાન. 3. One who employs another for his work; an abettor. શેઠ;ઉપરિ; માલિક, ધણી; ઉશ્કેરનાર; ગુન્હામાં મુખ્ય જોડીઓ. 4. A sum of money. મુદ્દલ; નાણું.

Principality, *n.* (પ્રિન્સિપૅ'લિટી) Sovereignty; supreme power. કુલ સત્તા; હકુમત. 2. The country belonging to a prince. દેશ; મુલક; રાષ્ટ્ર. 3. Superiority. ઉંચાપણું; ઉત્તમતા.

Principally, *adv.* (પ્રિ'ન્સિપલી) In a principal way or manner. વિશેષ; મુખ્યત્વે કરીને; ઘણું કરીને.

Principate, *n.* (પ્રિ'ન્સિપે,ટ) Supreme rule. પૂર્ણ સત્તા; હકુમત; કબજો.

Principle, *n.* (પ્રિ'ન્સિપલ) Primordial substance. હેતુ; બીજ; કારણ. 2. Constituent part. ભાગ; અંગ; વસ્તુ. 3. A source of origin. મૂળ; કારણ; ઉત્પત્તિ. 4. A maxim. સૂત્ર; નિયમ; ધોરણ; સિદ્ધાંત; નીતિ; રીતિ.

Prink, *vi.* (પ્રિન્ક) To dress for show. ખોટો દેખાવ કરવા માટે સારાં કપડાં પ્હેરવાં; શણગારવું.

Print, *vt.* (પ્રિન્ટ) To mark by pressing one thing upon another. છાપવું; સીક્કો, છાપ મારવી. 2. To impress anything. છાપ મારવી. 3. To stamp. દાબવું; ઠોકવું. *vi* To practise the art of typography. છાપવાનો ધંધો કરવો. 2. To publish anything. છાપવું. **P. of a wheel**=ચીલો. [L. *premo*, I press.]

Print, *n.* (પ્રિન્ટ) A newspaper. ચોપાનીઉં; છાપું; વર્તમાનપત્ર. 2. Printed letters. છાપેલા પત્રો. 3. છાપેલું ચિત્ર. **Out of P.** આકૃતિ ભંગ થએલું; છપાતું બંધ થએલું.

Printed, *a.* (પ્રિ'ન્ટિડ) Indented; pressed. છપાએલું; છાપ પડેલું.

Printer, *n.* (પ્રિ'ન્ટર) One who prints. છાપનાર. 2. A compositor. બીબાં ગોઠવનાર.

Printing, *n.* (પ્રિ'ન્ટિંગ) Art or act of printing. છાપવું તે; છાપવાની કળા.

Prior, *a.* (પ્રા'યર) Previous; former; primary. પ્હેલું; આગલું. **P. existene**=પૂર્વ જન્મ. *n.* The superior of a convent of monks. 'અૅબટ'થી ચઢતો મઠાધિકારી.

Priority, *n.* (પ્રાયૉ'રિટી) Precedence in rank. અગ્રતા; ઉંચી પદ્વી; ચઢીઆતાપણું.

Priory, *n.* (પ્રા'યરી) A convent of which a prior is the superior. પ્રાયરનો મઠ; આશ્રમ.

Prism, *n.* (પ્રિ'ઝમ) A solid whose ends are similar and whose sides are parallelograms. સમપાદઘન: હીરાકાચ; ઝુમ્મર કાચ.

Prismatic, *a.* (પ્રિઝમૅ'ટિક) Pertaining to a prism. સમપાદઘન; ત્રિપાર્શ્વ કાચનું; સપ્ત, સાત (જાંબુડો, નીલ કે આસ્માની. ભૂરો કે ગુઢો લીલો,પીળો, નારંગી અને લાલ રંગ); ઝુમ્મર કાચમાંથી દેખાતા.

Prison, *vt.* (પ્રિ'ઝન) To confine;to enchain; to captivate. પુરી દેવું; બંધ કરવું; ગોંધવું. [L. *prehendo*, I captivate.]

Prison, *n.* (પ્રિ'ઝન) Any place of confinement or restraint.તુરંગ; જેલ;બંધીખાનું; કારાગૃહ.

Prisoner, *n.* (પ્રિ'ઝનર) A man who is arrested. કેદી; કારાગૃહવાસી; બંધીવાન. 2. An accused person. ગુન્હેગાર; તહોમતદાર.

Prison-house, *n* (પ્રિ'ઝન-હાઉસ) A jail. કારાગૃહ; બંદીખાનું; જેલ.

Prisonment, *n.* (પ્રિ'ઝનમન્ટ) Imprisonment. કેદ; શિક્ષા; સજા.

Pristine, *a.* (પ્રિ'સ્ટાઇન) Primitive; original; first. પ્રાચીન; અગાઉનું; પુરાણું; અસલ.

Prithee, *interj.* (પ્રિ'ધી) A corruption of **pray thee**=હું તમને (વિનંતપૂર્વક, આજીજીથી) પુછું છું કે:—

Privacy, *n.* (પ્રા'યવસી) Solitude; retirement; retreat. એકાંત વાસ; અરણ્યવાસ. 2. Secrecy. ગુપ્તતા; ખાનગીપણું.

Private, *a.* (પ્રા'ઇવેટ) Not publicly known; not open. ખાનગી; ભેદી; ગુપ્ત. 2. Solitude. એકાંત. **P. aparment**=A harem. અંતઃપુર; સ્ત્રીઓનો ખાનગી ઓરડો. **P. parts**=ઉપસ્થ; ગુહ્યસ્થાન. 3. Not invested with public offices. ખાનગી; એક વ્યક્તિ તરીકેનું; અંગત. *n.* A common soldier. સૈનિક. [L. *privo*, I deprive.]

Privateer, *n.* (પ્રાઇવે,ટી'ર) An armed private vessel which bears the commission of the sovereign power to cruise against the enemy. લડાઇની વખતે શત્રુના વેપારને હરકત કરવાને યુદ્ધ સામગ્રી સાથે ફેરવ્યા કરવાની સરકાર તરફથી રજા મળેલું ખાનગી વહાણ; તેનો કપ્તાન.

Privately, *adv.* (પ્રા'યવટલી) Not publicly. ખાનગી રીતે;છાનામાના. 2. Personally;notofficially. જાત સંબંધી;ખાસ;બિન અમલદારી,અંગત રીતે.

Privation, *n.* (પ્રાઇવે,'શન) The act of taking away. લઇ, ખુંચી, છીનાવી લેવું તે. 2. Destitution; need. તંગી; દરિદ્રતા; અભાવ.

Privative, *a.* (પ્રિ'વેટિવ) Causing privation. તંગી પાડે એવું. 2. Implying privation. અભાવસૂચક,દર્શક. *n.* A term indicating the absence of any quality which might be naturally expected. સ્વાભાવિક રીતે જરૂર છે તેવા ગુણનું નાસ્તિત્વ બનાવનાર સંજ્ઞા; પરોક્ષ વસ્તુ; નકારદર્શક ઉપસર્ગ.

Privilege, *n.* (પ્રિ'વિલિજ) A prerogative; any peculiar benefit or advantage enjoyed

by a person; company or society beyond the common advantages of other citizens. સદર પરવાનગી; ખાસ હક. *vt.* To authorize; to invest with a peculiar right. ખાસ હક, છુટ આપવી. 2. To exempt. ને માફી આપવી. [L. *privus*, private; *lex, legis*, law.]

Privileged *a.* (પ્રિ'વિલિજ્ડ્) Invested with a privilege; granted a peculiar right of. માફી બક્ષેલું;ખાસ હક અપાએલું;સંરક્ષિત;ટીલું લાવેલો.

Privity, *n.* (પ્રિ'વિટી) Privacy; confidence; secrecy.ખાનગી;ભરોસો.A private knowledge. માહીતગારી; ખાનગી ખાતમી.

Privy, *a.* (પ્રિ'વી) Secret; private. ખાનગી. 2. Privately knowing. અંદરખાનેથી વાકેફ. P. seal, signet = રાજાએ પોતે આપેલાં બક્ષીસપત્રો વગેરે ઉપર મારવાની સીલ, મહોર, છાપ. *n.* A part taker. ભાગીદાર; ભાગીઓ. 2. A necessary house. જાજરૂ; પાયખાનું; સંડાસ. **P. council** = રાજમંત્રી, વરિષ્ઠ ન્યાય સભા, મંડળ.

Prize, *n.* (પ્રાઇઝ્) That which is taken from the enemy in war; booty. લૂટ. 2. That which is obtained or offered as the reward of a competitive contest. ઇનામ; બક્ષીસ; ઉપાયન; સરપાવ. *vt.* To price; to set a value to. કિંમત ક૦, ઠરાવવી. 2. To value highly. બહુ કીમતી ગણવું. To make P. of = to capture. પકડવું. [L. *prehendo*, I take.]

Prize-fighter, *n.* (પ્રા'ઇઝ્-ફાઇટર્) One who fights for a prize publicly; a competitor. ઈનામ માટે લડનાર; હરીફ.

Prize-list, *n.* (પ્રા'ઇઝ-લિસ્ટ્) A list of prizes. કિંમતનું, ઇનામનું લિસ્ટ.

Prize-money, *n* (પ્રા'ઇઝ્-મની) A dividend from the proceeds of a captured vessel &c. paid to the captor. લૂટમાં આવેલા નાણાંનો ફાળો; ભાગ, હિસ્સો.

Pros-and-cons, *n.* (પ્રૅાસ્ ઍન્ડ્ કૉન્સ્) The arguments on either side. વિરૂદ્ધાવિરૂદ્ધ; બન્ને પક્ષ; તરફેણમાં અને વિરૂદ્ધ દલીલો, કારણો.

Probability, *n.* (પ્રૅાબૅબિ'લિટી) Likelihood; that which seems to be true. સંભવ; સંભવિતપણું; ભરોસાપાત્રતા. [L. *probo*, I prove.]

Probable, *a.* (પ્રૅા'બબલ્) Capable of being proved. બનવા જેવું; શકય. 2. Having more evidence for than against. શકય; સંભાવ્ય.

Probably, *adv.* (પ્રૅા'બબ્લી) Likely. ઘણું કરીને; સોનવ્વાણું વસા; સંભવ જોતાં.

Probate, *n.* (પ્રો,'બેટ્) Proof; official proof that an instrument purporting to be a will or testament of a person deceased is indeed his lawful act. વસીઅતનામાના ખરાપણા વિષેનો પુરાવો; મૃત્યુલેખનું પ્રમાણપત્ર. *vt.* To obtain the official approval of a will or testament. વસીઅતનામાના ખરાપણાનું કોરટનું સરટીફીકેટ મેળવવું.

Probation, *n.* (પ્રોબે,'શન્) The act of proving; proof. સાબીત કરવું તે; સાબીતી. 2. Any proceeding designed to ascertain truth to determine character &c; trial; testing. અજમાયશ; કસોટી; પરીક્ષા.

Probationary, *a.* (પ્રોબે'શનરી) Relating to probation. અજમાયશી; કામ, વર્તણૂક કસી જોવાને માટે આપેલું, સોંપેલું.

Probationer, *n.* (પ્રોબે,'શનર્) A novice. અજમાયશ ઉપર રાખેલું માણસ; પરીક્ષક.

Probative, *a.* (પ્રો'બટિવ્) Serving for trial or proof; probationary. અજમાયશ તરીકે કામ કરતું.

Probe,*n.*(પ્રો,બ્)An instrument for examining wounds, ulcers &c. (ઘા, નાસુર, પિશાબ વગેરેમાં મૂકવાની) સળી. *vt.* To examine with a probe. સળી મૂકી તપાસવું; કસી-ચકાસી જોવું.

Probity, *n.* (પ્રૅા'બિટી) Honesty; sincerity; uprightness; rectitude. પ્રમાણિકપણું; ચોખ્ખી દાનત; નેકી; ઈમાનદારી.

Problem, *n.* (પ્રૅા'બ્લિમ્) A question proposed for solution or decision. પ્રશ્ન; સવાલ. A matter difficult of solution; dispute; unsettlement.શક ભરેલી,તકરારી વાત;કૂટ પ્રશ્ન;મુશ્કેલી. 2.Anything which is required to be done. કૃત્ય; બીજ, અક્ષરગણિતમાંનો એક જાતનો દાખલો. [Gk. *pro*; *ballo*, I throw.]

Problematic-cal, *a.* (પ્રૅાબ્લિમૅ ટિક્-કલ્) Having the nature of a problem; doubtful; disputable; unsettled. શક, સંદેહ ભરેલું; અનિશ્ચિત; સંદિગ્ધ; કૂટ; કોયડા જેવું.

Problematically, *adv.* (પ્રૅા'બ્લિમૅ'ટિકલી) Doubtfully; uncertainly. અનિશ્ચિતપણે; શકથી; મુશ્કેલીથી.

Problematist, *n.*(પ્રૅા'બ્લિમટિસ્ટ્) One who proposes problem. શંકા, સંદેહ ભરેલી વાતો પુછનાર; કૂટ પ્રશ્ન વિચારનાર, માં હોશીયાર.

Problematize, *vt.* (પ્રૅા'બ્લિમટાઇઝ્) To propose problem. શંકા ભરેલી વાતો પુછવી; કઠણ સવાલ મૂકવા.

Proboscis, *n.* (પ્રબૅા'સ્સિસ્)A hollow organ attached to the head of various animals; a snout. સુંઢ.

Procedure, *n.* (પ્રોસી'ડ્ય-ઝર્) The act of proceeding; progress. ચાલ; ગતિ. 2. (The

manner); operation; management; conduct. કામ ચલાવવાની રીત; વહીવટ; ક્રમ.

Proceed, *vi.* (પ્રોસી'ડ્) To advance; to go forth; to move; to make progress. આગળ ચાલવું; પ્રગતિ કરવી. 2. To issue forth. નીકળવું; ઉત્પન્ન થવું; જન્મવું. 3. To act by method. અનુક્રમે ચાલ્યાં જવું. 4. To begin and carry on a legal process. મુકદ્દમો ચલાવવો. [L. *pro*; *cedo*, I go.]

Proceeding, *n.* (પ્રોસી'ડિંગ્) The act of one who proceeds; moving forward; transacting. કામ; કાર્ય; પ્રગતિ. Progress from one thing to another. કામ; ક્રિયા; ચાલ; વહીવટ. Report of P. હકીકતનામું; રોજનામું; રોજ કામ. 2. The course of procedure in the prosecution of an action or law. કેસ, કામ ચલાવવાની રીત*a* Arising.ઉત્પન્ન થવું; આગળ ચાલવું.

Process, *n.* (પ્રો,'સેસ્)Operations;course;progress.ગતિ; ક્રિયા; ગમન; ક્રમ. 2. Method; management. અનુક્રમ; કાર્યક્રમ. 3. A summons for bringing the defendant into court. પ્રતિવાદીને બોલાવવાનો સમન; હુકમ.

Procession, *n.* (પ્રોસે'શન્) The act of proceeding આગળ ગતિ,ચલણ કરવું તે.2.A ceremonious long train of persons.વરઘોડો;સ્વારી;સરઘસ; ક્રમવાર શરત, હરીફાઇ.

Processional, *a.* (પ્રોસે'શનલ્) Pertaining to a procession. વરઘોડો, સ્વારી સંબંધી. *n.* A book of prayers. પ્રાર્થના પોથી; ધાર્મિક પુસ્તક. 2. A hymn. સ્તોત્ર, ગીત.

Procidence, *n.* (પ્રૉ'સિડન્સ્) A fall down. નીચે પડવું તે; અધોગતિ પામવી તે.

Proclaim, *vt.* (પ્રોક્લે,'મ્) To announce; to publish; to promulgate;to declare. જાહેર કરવું; પ્રસિદ્ધિ ક૦; બ્હાર પાડવું; ઢંઢેરો, ડાંડી પીટવી. [L. *pro clamo*, I cry out.]

Proclaimer, *n.*(પ્રોક્લે,'મર્) One who publishes; declarer. જાહેર કરનાર; ડાંડી પીટનાર

Proclamation, *n.* (પ્રૉક્લમે,'શન્) The act of proclaiming; publication;announcement. ઢંઢેરો; જાહેરાત.

Proclivity, *n.* (પ્રોક્લિ'વિટી) Propensity; tendency; inclination. વૃત્તિ; વલણ; પ્રવૃત્તિ; રૂખ.

Proclivious, *a.* (પ્રોક્લિ'વિઅસ્) Inclined; tending by nature. શીલ; વૃત્તિવાળું; પ્રવૃત્ત.

Procrastinate, *vt.*(પ્રોક્રૅ'સ્ટિને,ટ્) To delay; to put off to future; to postpone. વિલંબ કરવો; વાર લગાડવી; મુલતવી રાખવું. [L. *pro*, forward and *cras*, to-morrow.]

Procrastination, *n.* (પ્રોક્રૅસ્ટિને,'શન્) A putting off to a future time; dilatoriness; delay. લાસરીઆપણું; વિલંબ; દીર્ઘસૂત્રીપણું;

Procrastinator, *n.*(પ્રોક્રૅ'સ્ટિને,ટર્)One who puts off a thing to future time. લાસરીયું માણસ; દીર્ઘસૂત્રી, મુલતવી રાખનાર.

Procreant, *a.* (પ્રો'ક્રીઅન્ટ્)Generating;productive;fruitful. ઉત્પાદક; જનક; શોધક; ગર્ભવંતું. *n.* One who generates. જન્મ આપનાર; જનેતા.

Procreate, *vt.* (પ્રો'ક્રીએ,ટ્) To generate; to beget; to give birth to. જન્મ આપવો;સંતતિ, ઉત્પત્તિ ક૦. [L. *creo*, I create.]

Procreation, *n* (પ્રોક્રીએ,'શન્) The act of begetting; generation; production. ઉત્પત્તિ; ઉત્પાદન; જનન; પ્રજોત્પાદન; જન્મ.

Procreative, *a.* (પ્રો'ક્રીએ,ટિવ્) Generative; having the power to beget. છોકરાં ઉત્પન્ન કરે એવું; ઉત્પાદક; જન્મદાતા

Procrustean, *a.* (પ્રોક્રસ્ટી'અન્) Forcing uniformity પરાણે એકસરખું બનાવવું;સર્વસમાનકારક.

Proctor, *n.* (પ્રૉ'ક્ટર્) An attorney; agent; an official. વકીલ; મુખત્યાર;પ્રતિનિધિ. [L.*curo*,I take care of.]

Proctor, *vi.* (પ્રૉ'ક્ટર્) To manage. ચલાવવું.

Procurable, *a.* (પ્રોક્યૂ'રબલ્) That may be procured; obtainable. મળી શકે એવું; પ્રાપ્ય.

Procuration, *n.* (પ્રૉક્યુરે,'શન્) Act of obtaining. મળી શકે એમ કરવું તે; પ્રાપ્તિ; દલાલી; વતીસત્તા.

Procurator, *n.* (પ્રૉ'ક્યુરેટર્) An agent; an attorney; a manager; a proctor. આડતીઓ; પ્રતિનિધિ; કારભારી; મુનીમ.

Procure, *vt.* (પ્રોક્યૂ'ર્) To get; to obtain; to gain;to bring into possession.મેળવવું;લેવું.2.To effect; to cause. આણવું. 3. To bring. લાવવું; ખેંચી લાવવું. [L. *curo*, I take care of.]

Procurement, *n.*(પ્રોક્યૂ'રમન્ટ્)Obtainment; attainment. પ્રાપ્તિ; સંપાદન;લાભ;ખેંચી લાવવું તે.

Procurer, *n.*(પ્રોક્યૂ'રર્)One who obtains or procures. મેળવી આપનાર. 2. A pimp;a pander. કુટણો; ભડવો.Procuress = a female procurer. કુટણી; દૂતી.

Prod, *v.* (પ્રૉડ્) ઘોંચવુ; ઠોસો, અણી મારવી. *n.* ઠોસો; ભોંક.

Prodigal, *a.*(પ્રૉ'ડિગલ્)Lavish;extravagant. બેક ઉડાઉ;ફટાકાયતું;ખર્ચાળ.*n.* One who expends money extravagantly. ઉડાઉ, ધોતાળ માણસ. [L. *ago*, I drive.]

Prodigality, *n.*(પ્રૉડિગૅ'લિટી)Extravagance in the expenditure;waste;lavishness.બેક ઉડાઉ-

પણું;ઘણો ખરચ ક૦ તે;બહુ સખીપણું;અતિશય ઉદારતા.

Prodigence, *n.* (પ્રૉ'ડિજન્સ્) Waste; prodigality. ઉડાઉપણું: સખાવગીરી.

Prodigious, *a.* (પ્રૉડિ'જસ્) Marvellous. વિચિત્ર; વિલક્ષણ. 2.Extraordinary;vast;ample; very huge. બેસુમાર; બેહદ; ગંજાવર; જબરૂં; મ્હોટું.

Prodigy, *n.*(પ્રૉ'ડિજી)A portent; a prophetic sign;something extraordinary.જે ઉપરથી શુભાશુભ ફળ ગણવામાં આવે એવો અદ્ભુત બનાવ-વાત; ઉત્પાત ચિહ્ન. 2. A marvel (of learning, wisdom&c.) (કોઇ વાતમાં) દિગ્ગજ જેવું,અપૂર્વ કંઇ; ભંડાર; સમુદ્ર; અદ્ભુત શક્તિવાળો માણસ, મનુષ્ય. [L. *dico*, I show.]

Produce, *vt.* (પ્રોડ્યૂ'સ્) To exhibit. દેખાડવું; હાજર, રજુ, રૂબરૂ ક૦.2.To bring forth (young; fruits, corn &c.) ઉત્પન્ન ક૦; માં, ઉપર થવું. 3. To make; to construct. બનાવવું. 4. To originate as an effect; to yield. માંથી ઉપજવું,નીકળવું:પેદા થવું; ઉત્પત્તિ થવી.To extend. વધારવું.*n.*(પ્રૉ'ડયુસ્) Product;proceeds.પેદાશ;ઉપજ.2.Agricultural products. પાક;ઉપજ;નિપજ. [L. *duco*, I lead.]

Producing, *a.*(પ્રોડ્યૂ'સિન્ગ્)Yielding; generating. ઉપજાવવું: ઉત્પન્ન થવું, કરવું.

Product, *n.* (પ્રૉ'ડક્ટ્)Anything that is produced; production; generation. ઉપજ; પેદાશ. 2. The number resulting from the multiplication of two or more quantities. ગુણાકાર.

Production, *n.* (પ્રોડ'ક્શન્) That which is produced; produce; fruit. ઉત્પત્તિ; પેદાશ;ફળ.

Productive, *a.* (પ્રોડ'ક્ટિવ્) Yielding or furnishing results; bearing fruits; fertile. ફળ મળે એવું; ફળદાયક; પ્રાપ્તિકારક. 2. Bringing into being;efficient.ઉત્પન્ન કરનારૂં;સરસ.3.Producing good crops; fertile. સારી પેઠે પાકે એવું; ફળદ્રુપ.

Productiveness, *n.* (પ્રોડ'ક્ટિવનિસ્) The state or quality of being productive. ફળ આપનારૂં હોવું તે; ફળદ્રુપતા.

Proem, *n.* (પ્રો'ઇમ્) A preface; a hint; a direction. પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; સૂચના. *vt.* To preface.પ્રસ્તાવનાલખવી;કરવી.[L *ominos*,way.]

Profanation, *n.*(પ્રૉફને,'શન્) The act of violating holy things; desecration. અપવિત્રકરણ. The act of treating with abuse or disrespect. નિંદા; અપમાન; દેવનિંદા; ભ્રષ્ટાચાર. [L. *fanum*; a temple.]

Profane, *a.* (પ્રોફે,'ન્) (Place, writings, writers) pertaining to things not sacred. ધર્મ વિષયનું નહિં એવું; કેવળ સાંસારિક, પ્રાપંચિક. 2. Not holy or sacred; polluted;desecrated. અપવિત્ર; ધર્મ પ્રકરણથી નિરાળું. 3. Unclean. ભ્રષ્ટ. 4. Irreverent. ઈશ્વરદ્વેષી; ધર્મનિંદક; નાસ્તિક. *vt.* To pollute or to defile. અપવિત્ર ક૦; ભ્રષ્ટ ક૦; અભડાવવું. [L. *fanum*, temple.]

Profanity,-ness, *n.*(પ્રોફૅ,'નિટી-પ્રોફે'ન્નિસ્) The state of being profane; irreverence of sacred things ધર્મ,ઈશ્વરનિંદા;ભ્રષ્ટતા;સાંસારિકતા.

Profess, *vt.* (પ્રોફે'સ્) To avow; to acknowledge; to confess. છચોક જણાવવું; અંગીકાર ક૦; પ્રતિજ્ઞા ક૦. 2. To set up a claim to. કહેવું. 3. To pretend the knowledge of; to proclaim one's self versed. માં પ્રવીણ, પંડિત કહેવડાવવું; ડાહ્યું મનાવવું. *vi.* To confess. કબુલ ક૦. [L. *fateor*, I confess.]

Profession, *n.* (પ્રોફે'શન્) Open declaration. છચોક બોલવું તે; દાવો. 2. An avowal. અંગીકાર; સ્વીકાર. 3. Calling; vocation. (ઉંચો) ધંધો; રોજગાર; (ઉચ્ચ) વૃત્તિ. The learned professions. ધર્મશાસ્ત્ર તથા વ્યવહાર અને વૈદકશાસ્ત્ર.

Professional, *a.* (પ્રોફે'શનલ્) Pertaining to a profession or occupation. ધંધાસંબંધી. 2. Professed. સ્વીકૃત; પ્રવીણ; પાવરધું 3. Engaged in by professionals. ધંધાદારી; ધંધા રોજગારનું. *n.* One who prosecutes anything professionally. ધંધો કરનાર; ધંધાદારી.

Professor, *n.* (પ્રોફે'સર્) A person who teaches any science. પાઠ કહેનાર ગુરૂ; આચાર્ય; પાઠક; અધ્યાપક; ઉસ્તાદ.

Professorship, *n.* (પ્રોફે'સરશિપ) The office or position of a professor.આચાર્યની પદ્વી.

Proffer, *vt.* (પ્રૉ'ફર્) To offer; to give. આપવું. 2. To undertake. કરવાનું કહેવું; સૂચવવું. [L. *pro*, *fero*, I bring.]

Proffer, *n.* (પ્રૉ'ફર્) A offer made for acceptance. વચન; કહેણ; આપવું તે

Proficience-cy, *n.* (પ્રોફિ'શન્સ્--ન્સી) The state or quality of being proficient;improvement; adeptness. હોશીઆરી; ખબરદારી; નિપુણતા; પંડિતાઇ. [L. *facio*, I make.]

Proficient, *a.* (પ્રોફિ'શન્ટ્) Versed. કાબેલ; પ્રવીણ.*n.*An expert.કાબેલ, પ્રવીણ, નિપુણ માણસ.

Profile, *n.* (પ્રો'ફિલ્) An outline or contour traced by a thread-like line. રૂપરેખા. 2. The side face or half face. એકજ બાજુ, અર્ધમુખ જણાય એવી છબી. *vt.* To draw the outline of. છબી કાઢવી; રૂપરેખા દોરવી.

Profit, *n.* (પ્રૉ'ફિટ્) Any addition to value; gain; advantage. નફો; લાભ; ફાયદો.

Profitable, *a.* (પ્રૉ'ફિટબલ્) Causing advantage. લાભકારક; નફાકારક; ફાયદાકારક.

Profitless, *a.* (પ્રૉ'ફિટલિસ્) Without any gain or advantage. અલાભકારક; જેમાંથી લાભ કે નફો ન મળતું હોય તેવું; ફાયદા વગરનું.

Profligate, *a.* (પ્રૉ'ફ્લિગે,ટ્) Very wicked; sinful. દુરાચારી; દુષ્ટ; પાપી –*n.* **Profligacy**. દુરાચાર; દુષ્ટતા; સ્વચ્છંદ; સ્વેચ્છાચાર. [L. *fligo*, I strike down.]

Profound, *a.* (પ્રૉ'ફાઉન્ડ્) Learned; talented. બુદ્ધિવાળું; હોશીઆર; પંડિત. 2. Deep; deeply learned. ગૂઢ બુદ્ધિવાળો; અગાધ બુદ્ધિવાળો; ગંભીર; પ્રવીણ; અતિઊંડું. [L. *fundus*, bottom.]

Profundity, *n.* (પ્રોફ'નડિટી) Knowledge; the state of being profound; cleverness. પ્રવીણતા; હોશીયારી; પંડિતતા; અગાધતા. Also, **Profoundness,** (પ્રોફા'ઉન્ડનિસ્)

Profuse, *a.* (પ્રોફ્યૂ'સ્) Plentiful; bountiful; lavish. બહુ વાપરે તેવું; અતિશય ખરચક. [L. *pro*, forth & *fundo*, I pour.]

Profuseness, *n.* (પ્રોફ્યૂ'સનિસ્) Abundance; plenty. પુષ્કળતા; રેલછેલ. 2. The state of being profuse. ઉડાઉપણું; ખર્ચાળપણું. Also. **Profusion**.

Prog, *vi.* (પ્રૉગ્) To ramble here and there for begging. ભિક્ષા માટે ભટકવું; રખડવું. *n.* Food. ભિક્ષા.

Progenitor, *n.* (પ્રોજે'નિટર્) A fore-father; an ancestor. પૂર્વજ; બાપદાદા; મૂળ પુરૂષ.

Progeny, *n* (પ્રૉ'જની) Descendants; children. બાળબચ્ચાં; સંતાન; પ્રજા.

Prognosis, *n.* (પ્રૉગ્નો,'સિસ્) The act or art of foretelling the course and termination of a disease. ચિકિત્સા; દર્દપરીક્ષા [L. *gignosco*, I know]

Prognostic, *a.* (પ્રગ્નૉ'સ્ટિક) Foreshowing; indicating something future. ભવિષ્યસૂચક. *n.* An indication; a sign; an omen. પુર્વ ભાવિ, ચિહ્ન-લક્ષણ

Prognosticate, *vt.* (પ્રગ્નૉ'સ્ટિકે,ટ) To prophesy; to foreshow; to predict. ભવિષ્ય કહેવું, સૂચવવું.

Prognosticator, *n.* (પ્રગ્નૉ'સ્ટિકે,ટર્) A foreknower. ભવિષ્ય કહેનાર.

Programme, *n.* (પ્રો'ગ્રૅમ્) A public notice or order in writing; a prospectus. કાર્યક્રમ; વ્યવસ્થાપત્રી. [L. *grapho*, I write.]-also, **Program.**

Progress, *n.* (પ્રૉ'ગ્રિસ્) A moving forward by steps. આગળ ચાલવું તે. 2. (In growth). મોટા થવું, વધતા જવું તે. 3. Increase. વધારો. 4. In knowledge or proficiency. વૃદ્ધિ; સંવૃદ્ધિ; અભ્યાસ; પ્રગતિ 5. A journey of state. A circuit. રાજપ્રસ્થાન, પ્રવાસભ્રમણ. In P=ચાલતું. *vi.* -ગ્રે'સ્) To advance. આગળ વધવું. 2. To make improvement. સુધરતા જવું. *vt.* To make progress in. સુધારો કરવો. [L. *gradior*, I step.]

Progressing, *a.* (પ્રોગ્રે'સિંગ્) Advancing; going forward; improving. આગળ જવું; પ્રગતિ કરવું; સુધરવું.

Progression, *n.* (પ્રોગ્રે'શન્) Advance. આગળ જવું તે; ગતિ; 2. Passage; course. ક્રમ. 3. Regular advance in increase or decrease of numbers. શ્રેણી.

Progressive, *a.* (પ્રોગ્રે'સિવ્) Advancing. આગળ વધવું જવું; પ્રગતિ કરવું 2. Improving. સુધરવું જવું; ચઢવું જવું.

Prohibit, *vt.* (પ્રોહિ'બિટ્) To forbid; to interdict; to prevent; to preclude. મનાઈ ક૦; નિષેધ ક૦; અટકાવવું; રોકવું; વારવું; ના કરવાનો હુકમ ક૦. [L. *habeo*, I have.]

Prohibitor, *n.* (પ્રોહિ'બિટર્) One who forbids or prevents. નિષેધ, અટકાવ કરનાર.

Prohibition, *n.* (પ્રોહિબિ'શન્) The act of prohibiting; interdiction. બંધી; મનાઇ; નિષેધ; જાપ્તો; દારૂ નિષેધ, નિષેધક કાયદો.

Prohibitive-tory, *a.* (પ્રોહિ'બિટિવ) Forbidding; implying prohibition. નિષેધક; નિવારક; અટકાવે તેવું; વિઘ્ન નાખે તેવું; અતિશય.

Project, *n.* (પ્રૉ'જેક્ટ) A scheme; a design; a plan. ઉપાય; યુક્તિ; યોજના. 2. An ideal scheme. શેખચલ્લીસાઈ વિચાર; હવાઇ કિલ્લા. *vt* (પ્રોજે'–) To shoot forth; to throw forward; to throw away. પાડવું; નાખવું; ફેંકવું. 2. To contemplate. ને વિષે વિચાર ક૦; યોજના ઘડવી. *vi.* To shoot forward; to jut. આગળ નીકળવું; અણી નીકળવી.

Projectile, *a.* (પ્રોજે'ક્ટાઇલ) Impelling forward. પાછળથી જોર, હડસેલો આપનારૂં 2. (Motion &c.) પાછળથી જોર લાગવાથી આવેલું; પ્રેરિત. *n.* A body projected or impelled forward by force. ફેંકેલું હથીઆર; દૂરવેધી અસ્ત્ર; દારૂગોળો.

Projection, *n.* (પ્રોજે'કશન્) A jutting out; the act of throwing forward. શૃંગ; કાંગરો; આગળ પડતો, બહાર નીકળી આવેલો ભાગ. 2. A plan; design. નકશો; ઘાટ; આલેખન.

Projector, *n.* (પ્રોજે'ક્ટર) One who projects a scheme or design. યોજક; યોજના કરનાર; કલ્પક.

Projecture, *n.* (પ્રોજે'ક્ચર્) A jutting out beyond a surface. શૃંગ; કાંગરો; અણી; ઢેકો.

Prolapse, *n.* (પ્રોલૅ'પ્સ્) The falling down of a part through the orifice with which it is naturally connect e d. ભ્રંશ, ગર્ભાશય ભ્રંશ (Of the

uterus). શિરાભ્રંશ (Of the rectum.) [L. *labor*, I fall, slide.] *vi.* To fall down. ધસવું.

Prolate, *a* (પ્રો'લે.ટ્) Stretched out; extended. સપાટ; ચપટું; વિસ્તૃત. [L. *latus*, carried.]

Prolation, *n.* (પ્રોલે,'શન્) Utterance; pronunciation. ઉચ્ચાર. 2. Delay; act of deferring. વિલંબ; ઢીલ; વાર.

Prolepsis, *n.* (પ્રોલે'પ્સિસ્) An anticipation; an error in chronology. બનેલ વખત કરતાં આગળનો વખત નાંખ્યો હોય એવી ઐતિહાસિક ભૂલ [L. *lambano*, I take.]

Proleptic-cal, *a.* (પ્રોલે'પ્ટિક્-કલ્) Anticipative; previous. આગળથી ધારેલું; અગમચેતીનું; દીર્ઘદૃષ્ટિનું. 2. Anticipating the usual time. વખતધારાની પહેલાનું; અગાઉનું.

Proleptically, *adv.* (પ્રોલે'પ્ટિકલી) By the way of anticipation. આગળથી; ધારેલી રીતે; દીર્ઘદૃષ્ટિથી.

Proletariate, *n.* (પ્રોલિટે,'રિઅટ્) કનિષ્ઠ વર્ગ; સામાન્ય જનસમૂહ; આમવર્ગ.

Prolific, *a.* (પ્રલિ'ફિક્) Generative; productive; fruitful. બહુ છોકરાં-બચ્ચાં જણવાની શક્તિવાળું. **P. tree** = બહુ ફળ લાગે એવું. **P brain** = genius. બહુ તાકિદી; કંઇ બહુ થાય -ઉત્પન્ન થાય-નીપજે એવું. As, a controversy prolific of evil consequences. બહુ માઠાં પરિણામો નીપજે એવી તકરાર. [L. *proles*, offspring; *facio*, I make.]

Prolix, *a.* (પ્રો,'લિકસ્) Extending to a great length; long. ઘણું લાંબું; ગાણું ગાયા જેવું; પુનરૂક્તિથી ભરેલું. 2. Of long duration. ઘણા વખતનું; પુરાણું; જૂનું. [L. *pro*; *laxus*, loose, wide.]

Prolixity, *n.* (પ્રોલિ'ક્સિટી) Lengthiness; long-windedness; tediousness. અતિ વિસ્તાર; લાંબુંલચકપણું; મિથ્યા લંબાણ; વાક્પ્રપંચ.

Prolocutor, *n.* (પ્રો,'લક્યુટર્) Spokesman. પ્રતિનિધિ બોલનાર; અધ્યક્ષ; પ્રમુખ.

Prologue, *n.* (પ્રો,'લૉગ્) Preliminary discourse or poem; first of a series of events. આમુખ; પ્રસ્તાવના; ઉપોદ્ઘાતરૂપ વિવેચન, પ્રવચન, કાવ્ય; પ્હેલો બનાવ.

Prolong, *vt.* (પ્રોલૉં'ગ્) Cause to continue or exist; to make longer. લંબાવવું; વધારે લાંબું કરવું; જારી રખાવવું.

Prolongation, *n.* (પ્રોલૉન્ગે,'શન્) The act of making longer; continuing; extension. વધારે લાંબુ કરવું તે; વિસ્તાર.

Prolusion, *n* (પ્રોલ્યૂ'ઝન્) A preliminary trial. શરૂઆતની તપાસ.

Promenade, *n.* (પ્રૉમિનૅ'ડ્) A going up and down on foot or otherwise. ચલનવિહાર; ફરવું ફરવું તે; હવા ખાવા, આનંદ લેવા આમતેમ આંટા મારવા તે; વિહાર. 2. A place made for thus waking about વિહારસ્થાન; ચલનરંગ; હવા ખાવાની જગ્યા-*v.* Thus go up and down. જવું અને પાછા ફરવું; ચલનવલન કરવું. 2. Lead or convey up and down. દર્શન માટે આમતેમ લઇ જવું, ફેરવવું. [L. *mino*, I drive].

Promethean, *a.* (પ્રૉમી'થીઅન્) પ્રૉમીથીઅસને લગતું, ના જેવું; માટીમાંથી માણસ બનાવી ઑલીમ્પસ પર્વત પરથી અગ્નિ તેમને લાવી આપી, કળા વગેરે તેમને શીખવનાર અને પરિણામે ખડક સાથે સંકળાવાની શિક્ષા પામેલા પ્રૉમીથીઅસ સંબંધી.

Prominence, (પ્રૉ'મિનન્સ્) Conspicuousness; distinguished position. પ્રખ્યાતિ; વિશિષ્ટ, તુરત દેખાઈ આવે, અળગું તરી આવે એવું સ્થાન; પ્રતિષ્ઠા. 2. Salientness. મુખ્યતા; પ્રાધાન્ય 3. Projection; a jutting out. લંબતા; ટેકરી; આગળ, બ્હાર પડતું હોવું તે.

Prominent, *a.* (પ્રૉ'મિનન્ટ્) Conspicuous. તુરત દેખાય એવું; ખાસ; પ્રખ્યાત. 2. Jutting out. આગળ પડતું; ઉપર લટકી રહેલું [L. *mineo*, I project.]

Promiscuous, *a.* (પ્રૉમિ'સ્ક્યુઅસ્) Unsorted; confused. પરચુરણ; ગમડસમડ; સેળભેળ; અવ્યવસ્થિત. 2. Indiscriminate. વિવેક, વિચાર વિહીન; જેમતેમ; ખીચડીરૂ; એકઠું.-**P. bathing** = સ્ત્રી પુરૂષનો એક સાથે સ્નાન વિહાર.-**P. sexual relations**, = લગ્ન કે સહનિવાસ રહિત સ્ત્રીપુરૂષનો સંભોગ વ્યવહાર.-*adv.* Casually; at random. અવાર નવાર; પરચુરણ રીતે; ફાવે તેમ; નિયમ, વિધિ વિના.-*n.*-°**cuity**, (ક્યૂ'ઇટી) સેળભેળતા; એકઠાપણું; નાનાવિધતા. - *adv.* °**cuously**. In confusion. સેળભેળ કરીને; વિચાર, વ્યવસ્થા વગર; જેમ તેમ; પરચુરણ; અવિવિક્ત.

Promise, *n.* (પ્રૉ'મિસ્) A binding declaration of something to be done. વચન; પ્રતિજ્ઞા; કોલ; વાગ્દાન. *vt.* To make a binding declaration. વાયદો; વચન આપવું *vi.* To assure one by a promise. આશા આપવી, દેવી; ભરોસો રખાવવો. [L. *promitto*, I send forward.]
Breach of P. = વચનભંગ **Promisee**, (સ્ત્રી) **Promisor** = વચન લેનાર; આપનાર; કરાર, કોલ લેનાર, લખાવનાર; લખનાર. **Promising** આશાજનક; વચન આપતું; સારું; ખાસ્સું.

Promise-breaker, *n.* (પ્રૉ'મિસ્બ્રેકર્) One who violates a promise. વચન ભંગ કરનાર; વચન પાળે નહિં તે.

Promissory, *a.* (પ્રૉ'મિસરી) Containing a promise; binding. બંધનકારક; પ્રતિજ્ઞાવિશિષ્ટ; વચન આપતું. **P. note** = વ્યાજુચિઠ્ઠિ; કાગળનાણું; ચલણી નોટ.

Promontory, *n.* (પ્રૉ'મન્ટરી) A high point of land or rock.અણી;ઉંચી જમીનનો છેડો; ભૂશિર. [L. *promontis*, a mountain.]

Promote, *vt.* (પ્રમો,'ટ્) To advance; to forward; to raise. ઉપર, ઉંચી પદવીએ ચઢાવવું. [L. *pro moveo*, I move forward.]

Promoter, *n.* (પ્રમો,'ટર) One who forwards or encourages. વૃદ્ધિ કરનાર; વધારનાર; ઉંચે ચઢાવનાર.

Promotion, *n.* (પ્રમો,'શન્) The act of promoting; advancement; encouragement.વૃદ્ધિ; ઉંચે ચઢાવવું તે; વધારો કરવો તે.

Promotive, *a.* (પ્રમો,'ટિવ્) Tending to encourage. વર્ધક; વૃદ્ધિકારક; પ્રવર્તક.

Prompt, *a.* (પ્રૉ'મ્પ્ટ્) Ready; present; quick to act. એકદમ; તાબડતોબવાળું; સત્વરતા, ઝડપવાળું. *vt.* To excite; to encourage. ચઢાવવું;ઉશ્કેરવું; યાદ દેવરાવવું.

Prompter, *n.*(પ્રૉ'મ્પ્ટર)A person stationed to prompt actors;an encourager.નાટકીઆઓને પ્રેરનાર;પાઠ યાદ દેનાર; ઉશ્કેરનાર; ઉત્તેજન આપનાર

Prompting, *a.* (પ્રૉ'મ્પ્ટિન્ગ) Inciting; encouraging.ઉશ્કેરતું;પ્રેરણા કરે એવું;ઉત્તેજન આપનારૂં.

Promptitude,*n.*(પ્રૉ'મ્પ્ટિટ્યુડ) Promptness; briskness; activeness. ચાલાકી; ઝટ દઇને; તૈયારી; ચંચળાઈ; સત્વરતા.

Promptness,*n.*(પ્રૉ'મ્પટ્નિસ્)Promptitude. સત્વરતા; ચંચલતા; ચાલાકી.

Promptly, *adv.* (પ્રૉ'મ્પ્ટલી)Expeditiously; quickly. તાબડતોબ; ચાલાકીથી; ઝટ દઇને.

Promulgate,*vt.* (પ્રૉ'મલગે,ટ) To publish as coming into force. પ્રસિદ્ધ ક૦; ફેલાવવું; વધારવું. [L. *promulgo*, I publish.]

Promulgation,*n* (પ્રૉમલગે,'શન્) Publication;open declaration. પ્રસિદ્ધ કરવું તે; ઢંઢેરો; પ્રસિદ્ધિકરણ; પ્રકટીકરણ.

Prone,*a.*(પ્રો,ન્) Lying face or front downwards; prostrated. ઉંધું મ્હોં રાખીને સુતેલું, પડેલું. 2.Inclined;bending forward.વલણવાળું; વલણશીલ;સ્વભાવવાળું.3.Not erect;sloping.ઢળતું; સીધું નહ હોય એવું.-°**ness,**(નિસ્) Slope;declivity. ઢોળાવ. 2. મનનું વલણ.

Prong, *n.* (પ્રૉન્ગ) One spike of a fork or trident or other instrument having two or more. દાંતો; શળ; ફળું; કાંટો; કાંટો.

Pronoun, *n.* (પ્રો,'નાઉન્) Word serving as substitute for and constructed like a noun. સર્વનામ.

Pronounce,*vt.*(પ્રોના'ઉન્સ્)To utter solemnly or formally. ને કહેવું; ઉચ્ચાર કરવો.

Pronounceable, *a.* (પ્રો'નાઉન્સબલ) Utterable;capable of uttering. વાચ્ય; બોલવા યોગ્ય; ઉચ્ચારવા જેવું; ઉચ્ચારી શકાય તેવું.-*n.* °**nunciation** (એ,') ઉચ્ચાર; વર્ણોચ્ચાર.

Proof, *n.* (પ્રૂફ્) Trial; experiment. પરીક્ષા; કસોટી;સાબીતી;પુરાવો;અજમાયેશ. 2. Firmness of mind; stability not to be shaken. દૃઢ વિચાર, સંકલ્પ; દૃઢતા. 3. The act of proving. સિદ્ધિકરણ; તાળો. (Arith.) ઉપપત્તિ. [L.*probo*, I test.]

Proofless, *a.* (પ્રૂ'ફ્લિસ) Without any proof. પુરાવા વગરનું.

Prop, *vt.* (પ્રૉપ્) To support; to sustain; to prevent from falling. ટેકણ, આધાર, ટેકો આપવો. *n.* That which sustains; a support. ટેકણ, આધાર; ટેકો.

Propganda, *n.* (પ્રૉપગૅ'ન્ડૅ) પ્રચારક મંડળ; પ્રચાર કામ -°**dist.** પ્રચારક.

Propagate, *vt.* (પ્રૉ'પગે,ટ) To generate; to produce. વધારવું; ઉત્પન્ન કરવું.2. To extend; to increase. વૃદ્ધિ કરવી; વધારો કરવો. 3. To spread. વધારવું; પ્રસારવું. 4. To spread from person to person. વંશ વધારવો; વંશનો વિસ્તાર, વેલો વધારવો. [L. *propago*, layer.]

Propagation. *n.* (પ્રૉપગે',શન્) The act of propagating. વિસ્તારવું તે. 2. વંશ વધારવો તે. 3. વિસ્તાર; વધારો; ફેલાવો.

Propagator,*n.*(પ્રૉ'પગે,ટર)One who spreads; a predicter.ભવિષ્ય કહેનારો;ભાખનાર. 2.પેગમ્બર; પ્રચાર કરનાર.

Propel, *vt.* (પ્રોપે'લ્) To move onward. ધક્કો મારી આગળ લઇ જવું; હડસેલવું; ખસેડવું; આગળ ધસાવવું; ઠેલવું. [L, *pro*; forward & *pello*, I drive.]

Propeller, *n.* (પ્રપે'લર) One who propells. હડસેલનાર; આગળ ધસેડનાર; ઠેલનાર

Propend, *vi.* (પ્રોપે'ન્ડ)) To lean forward; to incline આગળ, બહાર લટકવું; વલણ ધરાવવું.

Propendency,*n.*(પ્રોપે'ન્ડન્સી)Inclination;a leaning forward. વલણ;વૃત્તિ.2.Preconsideration. ઇચ્છા; વૃત્તિ;મરજી.[L. *pendeo*, I hang.]

Propendent, *a.* (પ્રોપે'ન્ડન્ટ) Inclining forward. વૃત્તિ, વલણવાળું.

Propense, *a.* (પ્રોપે'ન્સ્) Leaning towards; inclined;disposed. મન વળેલું; શીલ;વલણ પકડેલું.

Propensity, *n* (પ્રોપે'ન્સિટી) Inclination; bent. વલણ.

Proper,*a.*(પ્રૉ'પર) Peculiar;particular. ખાસ કરીને;સહજ.2.Right;suitable.ખરૂં;વ્યાજબી;યોગ્ય. 3. One's own. સ્વકીય; પોતાનું. 4. Accommo-

dated;suitable.ઘટતું;યોગ્ય;બરાબર;જેવું જોઇએ તેવું. 5. Handsome;beautiful.સુંદર;બરાબર. 6.Just; correct. સાચું; ખરેખરૂં.

Properly, *adv.* (પ્રૉ'પર્લી) Suitably; justly. યથાર્થ રીતે;ઘટતી રીતે;વ્યાજબીપણે.

Properness, *n.* (પ્રૉ'પરનિસ્) The state or quality of being proper.ઘટતાપણું;વ્યાજબીપણું.

Property,*n* (પ્રૉ'પર્ટી)An estate; possession; attribute. માલમિલ્કત; માલમતા; ગુણ; ધર્મ. 2. Ownership. ધણીપણું; સ્વામીપણું. 3. Quality or disposition લક્ષણ; વલણ.

Prophecy,*n.*(પ્રૉ'ફિસી) A prediction;a foretelling. ભવિષ્ય કહેવું તે;ભવિષ્યકથન, વાણી; નસીબ ભાખવું તે. [Gk. *pro*, beforehand & *phemi*, I speak.]

Prophesy,*vt.*(પ્રૉ'ફિસાઇ)To predict;to foretell. ભવિષ્ય ભાખવું; કહેવું; આગળથી કહેવું.

Prophet, *n.* (પ્રૉ'ફિટ) One who foretells, propagates. વધારો કરનાર;વંશ ફેલાવનાર; પ્રચાર કરનાર; વૃદ્ધિ કરનાર; પયગમ્બર; પેગંબર.

Prophetess, *n.* (પ્રૉ'ફિટિસ્) A female prophet. ભવિષ્ય, નસીબ ભાખનારી સ્ત્રી;સ્ત્રી પયગમ્બર.

Prophetic·cal, *a.* (પ્રોફે'ટિક્-કલ્) Foretelling. ભવિષ્યસૂચક.

Prophylactic, *a.* (પ્રોફિલૅ'ક્ટિક્)રોગ નિવારક. *n.* તેવું ઔષધ.

Propinquity,*n.* (પ્રોપિ'ન્ક્વિટી) Neighbourhood; nearness of blood; nearness in place. નજીક, સમીપપણું; પાસેનું સગપણ.

Propitiate, *vt.* (પ્રોપિ'શિએટ્) To make propitious; to conciliate; to appease; atone; reconcile. મનાવવું; પ્રસન્ન કo; આરાધવું. *vi.* To make propitiation; to atone. આરાધના, પ્રસાદન કo. [L. *propitius*, favourable.]

Propitiation, *n.* (પ્રોપિશિએ,'શન્) The act of making propitious; conciliation. આરાધના; પ્રસાદન; સાંત્વન.

Propitiator, *n.* (પ્રોપિ'શિએટર) One who propitiates or appeases. આરાધનાર;શાંતિ કરનાર.

Propitiatory, *a.* (પ્રોપિ'શિએટરી) Having the power to make propitious. પ્રસન્ન કરવાનું; શાંતિકર.

Propitious, *a.* (પ્રોપિ'શસ્) Favourable; kind (men) મેહેરબાન; માફક આવે તેવું; અનુકૂળ. ઇ૦ To be P=મેહેરબાની કૃપાદૃષ્ટિ હોવી.2.Auspicious; favourable. કૃપાળુ; પ્રસન્ન; સાનુકૂળ. 3. Auspicious (circumstances; day &c) પાધરૂં પડે એવું; શુભકારી; મંગળ; વરદ.

Proportion, *n.* (પ્રપો'ર્શન્) Comparative relation; ratio; size; symmetry. પ્રમાણ; માપ. 2. Lot; equal share. સરખો ભાગ; ફાળો; વરાડ. 3. The quality of ratios. પ્રમાણ. The rule of three. ત્રિરાશિ Compound P. પંચરાશિ. *vt.* To adjust in a suitable proportion. પ્રમાણમાં રાખવું. 2. To divide into equal shares. સરખા ભાગ કરવા.[L.*pro*;*pars*,*partis*. a part.]

Proportionable, *a.* (પ્રપો'ર્શનબલ્) Capable of being proportioned. પ્રમાણસર; માપસર; યથાપ્રમાણ; વિભાજ્ય.

Proportional, *a.* (પ્રપો'ર્શનલ્) Having a due proportion. સમતોલ; બરાબર વજનવાળું. 2. Relating to proportion. પ્રમાણ સંબંધી. *n.* Any number in a proportion. સમ પ્રમાણ; અંકસંખ્યા.

Proportionate, *a.* (પ્રપો'ર્શનેટ્) Adequate; equal. કશાના પ્રમાણમાં કીધેલું, રાખેલું; પ્રમાણસર. *vt.* To be proportional. પ્રમાણમાં હોવું.

Proposal, *n.* (પ્રપો,'ઝલ્) That which is offered for consideration or acceptance; a scheme or design, terms; intention; offer. બતાવેલો વિચાર; દરખાસ્ત; માગણી; શરત.

Propose, *vt.* (પ્રપો,'ઝ્) To set forth;to offer. (વિષે વિચાર, વાદ કરવાનું, સ્વીકારવાનું) કહેવું, આગળ મૂકવું. 2. To offer, present for consideration or acceptance. દરખાસ્ત કo. 3. To intend. મન સાથે ધારવું; ઇરાદો, વિચાર કo. To offer one's self in marriage. લગ્નની માગણી કo. *vi.* To make a proposal; to purpose. દરખાસ્ત કo; ધારવું; વિચારવું; મનસુબો કo. As, man proposes, but God disposes. ધારે માણસ, પણ કર્તા પ્રભુ. [L. *pro*; *pono*, I place.]

Proposition, *n.* (પ્રૉપોઝિ'શન્) Offer; proposal. દરખાસ્ત. 2. That which is proposed; a proposal. દરખાસ્ત; માગણી; ઉક્તિ; પક્ષ. 3. A statement in terms of a truth to be demonstrated. પ્રતિજ્ઞા; સિદ્ધાંત.

Propound, *vt.* (પ્રોપા'ઉન્ડ્) To exhibit. બતાવવું; દરખાસ્ત કo. 2. To propose as a candidate for admission to communion with a church. પંથમાં દાખલ થવાને માટે ઉમેદવાર તરીકે નામ જણાવવું. [L. *pono*, I put.]

Proprietary,*a.* (પ્રોપ્રા'ઇટરી) Belonging to a proprietor. માલેક-ધણી વિષે, સંબંધી; માલિકીવાળું.-*n.* A proprietor;an owner. ધણી;માલીક.

Proprietor,*n.*(પ્રોપ્રા'ઇટર) An owner; possessor. માલીક; ધણી; સ્વામી.

Proprietorship, *n.* (પ્રોપ્રા'ઇટરશિપ્) The state of being proprietor.સ્વામીપણું;માલીકીપણું.

Propriety, *n.* (પ્રોપ્રા'ઇટી)Property; ownership. માલીકપણું. 2. Suitableness; justness; fitness. યોગ્યતા; લાયકાત.

Prorogation, *n.* (પ્રોરોગે,'શન્) Continuance; prolongation. વિલંબ;ઢીલ;લંબાવી, મુલતવી, બરખાસ્ત રાખવું તે.

Prorogue, *vt.* (પ્રોરો,'ગ્) To prolong; to postpone; to defer; to continue; to protract. મુલતવી, બરખાસ્ત રાખવું;વિલંબ લગાડવો;વિસ્તારવુ.[L. *pro*, forward and *rogo* I ask]

Proruption, *n.* (પ્રોર'પ્શન્) A bursting out. ફૂટી નીકળવુ તે.

Prosaic-cal, *a.* (પ્રોઝે'ઇક-કલ) Pertaining or resembling prose. ગદ્યના જેવું, વિષે. 2. Uninteresting; dull. સુરત;મઝા વગરનું; રસ વગરનું; અગમ્મતી. [ગદ્ય લખનાર.

Prosaist, *n.* (પ્રોઝે'ઇસ્ટ્) A writer of prose.

Proscenium, *n.* (પ્રોસી'નિઅમ્) Stage or theatre. નાટકશાળા; રંગભૂમિ.

Proscribe, *vt.* (પ્રોસ્ક્રા'ઇબ્) To outlaw; to condemn. દેશનિકાલ કo. 2. Forbid. નિષિદ્ધ કo. [L. *pro scribo*, I write.]

Proscription, *n.* (પ્રોસ્ક્રિ'પ્શન્) Outlawry. હદપાર, દેશનિકાલ કરવું તે. 2. Prohibition. અટકાવવું તે; મનાઈ; નિષેધ.

Prose, *n.* (પ્રો,ઝ્) The natural language of men. ગદ્ય;ગાથા. P. & verse. ગદ્યપદ્ય. *a.* ગદ્યરૂપ.

Prosecute, *vt.* (પ્રૉ'સીક્યુટ્) To carry on; to continue. ચલાવ્યાં કરવું. 2. To seek; to obtain by legal process. સરકાર, દરબાર ચઢવું;કોર્ટે ખેંચવું. 3. To pursue with the intention of punishing. ના ઉપર ફરિયાદ કo. *vi.* To follow after. પૂંઠ પકડવી-લેવી.[L. *pro*; *sequor*, I follow.]

Prosecution, *n.* (પ્રૉસીક્યૂ'શન્) The institution and carrying on of a suit in a court of law. દાવો બાંધવો તે, દાવો, દીવાની. The institution and commencement of a criminal suit. ફોજદારીમાં ચાલતું કામ. The party by whom criminal proceedings are instituted. ફરિયાદી.

Prosecutor, *n.* (પ્રૉસીક્યૂ'ટર) The person who institutes and carries on a criminal suit against another. સરકાર તરફથી ગુન્હેગાર ઉપર કામ ચલાવાનાર ફરિયાદી, ફોજદારીમાં કામ ચલાવનાર.

Proselyte, *n.* (પ્રૉ'સિલાઇટ્) A new convert. સ્વધર્મત્યાગી. *vt.* To convert to some religion. એક ધર્મમાંથી બીજા ધર્મમાં લાવવુ. [Gr, *pros*; *erchomai*, I come.]

Proselytize, *vt.* (પ્રૉ'સિલિટાઇઝ્) To convert to some religion. નવા ધર્મમાં આણવું.

Prosodial-cal, *a.* (પ્રૉસૉ'ડિઅલ્) Pertaining to the rules of prosody. પિંગળના નિયમ પ્રમાણેનું, છંદશાસ્ત્રનું, છાંદસ.

Prosody, *n.* (પ્રૉ'સડિ) That part of grammar that treats of the quantity of syllables, of accent, and of the laws of versification. પિંગળ, કવિતાશાસ્ત્ર, છંદશાસ્ત્ર.[L. *prosodia*, the tone of a syllable.]

Prospect, *n.* (પ્રૉ'સ્પેક્ટ્) Survey; view. દેખાવ, નજરગાહ. 2. A landscape. લલિત દૃગ્ભૂમિ. 3. A lookout. દેખાવ-જોવાની જગો. 4. Foresight; anticipation. આશા,ઉમેદ. ભવિષ્ય. *v.*(-પે'-) શોધ કરવી. [L. *pro*; *speceo*, I see.]

Prospective, *a.* (પ્રૉસ્પે'ક્ટિવ્) Pertaining to a prospect; foreseeing; forward. આશા સંબંધી; નજર આગળનું. 2. Acting with foresight; regarding the future. ભવિષ્યના વિચારવાળી. 3. Relating to the future. ભવિષ્યને લગતું; ભાવિ.

Prospectus, *n.* (પ્રૉસ્પે'ક્ટસ્) A summary of something proposed. વિનતિપત્ર; વિજ્ઞાનપત્ર; કંપની વગેરેની જાહેર ખબર.

Prosper, *vt.* (પ્રૉ'સ્પર્) To cause to succeed as one could hope; to favour; to thrive, flourish. સફળ કo; પાર પાડવું; સિદ્ધ કo. *vi.* To be in a desirable state; to be successful. આબાદ હોવું. 2. To grow; to increase. ઉગવું; થવું; આબાદ થવું. (Business, trade &c.) ધમધોકાર ચાલવું. [L. *pro*; *spero*, I hope.]

Prosperity, *n.* (પ્રૉસ્પે'રિટી) Good fortune; attainment of the object desired; happiness; success. આબાદી; ચઢતી દશા; ઉત્કર્ષ.

Prosperous, *a.* (પ્રૉ'સ્પરસ્) Flourishing; lucky; fortunate; successful; gaining or increasing; auspicious. અનુકૂળ; આબાદ; માંગલિક, શુભ; મંગળ.

Prostitute, *n.* (પ્રૉ'સ્ટિટ્યુટ) A harlot; a strumpet. છિનાળ; વેશ્યા; ગુણકા. *vt.* To offer as a woman to a lewd use. છિનાળું.બદકામ કરવા માટે આપવુ; વેડફી નાંખવું. *a.* Openly given up to lewdness. નઠારા કામમાં લાગેલું. [L. *pro*, before; *statuo*, I put.]

Prostitution, *n.* (પ્રૉસ્ટિટ્યૂ'શન્) Common lewdness of a woman. છિનાળું, વેશ્યા, ગુણકાવૃત્તિ.

Prostrate, *vt.* (પ્રોસ્ટ્રે',ટ્) To lay flat. સુવાડી દેવું. 2. To overthrow (honour, law, village &c.). ઉડાવી દેવું;પાયમાલ કરવું. To cause to bow in humble reverence. સાષ્ટાંગ નમસ્કાર કo; લાંબા કરી પાડવું. 3. To cause to sink totally. નરમ કરી નાંખવું. *a.* (પ્રૉ'સ્ટ્રે,ટ્) Stretched out. લાંબુ થઇ પડેલું.

Prostration, *n.* (પ્રોસ્ટ્રે,'શન્) The act of falling down or bowing in humility. સાષ્ટાંગ

દંડવત; નમસ્કાર; પ્રણામ. 2. શક્તિભંગ; બેહોશી. 3. જમીનદોસ્ત કરવું.

Prostyle, *a* (પ્રો'સ્ટાઇલ્) Having columns in front. ઈમારતના આગલા ભાગમાં થાંભલાની હારવાળું. [Gr. *pro*: *stulos*, pillar.]

Prosy, *a*.(પ્રો.'ઝિ) Like prose. ગદ્યજેવું; ગદ્યરૂપ.

Protect, *vt* (પ્રોટે'ક્ટ્) To cover or shield from danger or injury; to defend રક્ષણ કo; બચાવવું; આશ્રય આપવો; રાખવું; પાળવું. સાચવવું; -ની(કોઈ ઉપર) છત્તર છાંયા હોવી; -નો કોઈને જબરો સ્હાયો હોવો. [L. *pro*; *tego*, I cover.]

Protection, *n*. (પ્રોટે'કશન્) Shelter; preservance; defence રક્ષણ; આશ્રય; પાલન; ઓઠ; સંરક્ષણ; બચાવ; હિમાયત.

Protective, *a* (પ્રોટે'ક્ટિવ્) Sheltering; defensive. રક્ષણકારી

Protector, *n*. (પ્રોટે'કટર્) A defender. રક્ષણ કરનાર; પાલક; રક્ષક; આશ્રયદાતા. 2. A regent. રાજા વતી રાજ્ય ચલાવનાર; રાજ્યરક્ષક.

Protectorate, *n*.(પ્રોટે'કટરેટ) Government by a protector. સંરક્ષકસત્તાક રાજ્ય; તેનો અમલ, સમય; રક્ષકની પદ્વી; આશ્રિત પ્રદેશ.

Protege, *n*. (પ્રૅ'ટેશ્ઝે,) One under the care and protection of another. સાહ્યવાન; આશ્રિત.

Protest, *vt*. (પ્રોટે'સ્ટ) To bear witness; to declare solemnly; to avow; to affirm. પ્રતિજ્ઞા કરીને-સત ઉપર કહેવું. સાફ કહેવું; કંઇ બાબત પ્રતિજ્ઞા લઇને બેલવું. 2. (Against). સામાં પડવું; વાંધો લેવો; ખોટું. ગેરવ્યાજબી, અધર્મ્ય છે એમ કટાક્ષીને કહેવું. લખી આપવું; વિરૂદ્ધ મત જણાવવો, લખી આપવો. To call as a witness in affirming. જુબાની આપવી. *n*. A solemn declaration. પ્રતિજ્ઞાપૂર્વક કહેણ. નિષેધ; અસમ્મતિ લેખ. [L. *pro*; *testis*, a witness.]

Protestant, *n*.(પ્રૉ'ટિસ્ટન્ટ) One who protests સામો થનાર, પડનાર. 2. A follower of Luther. પોપના મતથી વિરૂદ્ધ મત આપનાર માણસ; રોમના પોપની સામેના થનાર "પ્રૉટેસ્ટન્ટ"; લ્યુથર ધર્મપંથી.

Protestation, *n*. (પ્રૉટિસ્ટે'શન્) A public avowal. પ્રતિજ્ઞા ઉપર કહેલી વાત; પ્રતિજ્ઞાપૂર્વક નિષેધ.

Proteus, *n*. (પ્રો'ટ્યુસ્) બહુરૂપી.

Prothonotary, *n*. (પ્રોથૉ'નૉટરિ) A chief notary or clerk. શિરસ્તેદાર; ચિટનિસ. 2. One who had the charge of writing the acts of the martyrs ધર્મને માટે પ્રાણાર્પણ કરનારનાં ચરિત. લખનાર. [Gr *prothos*, first; *notarius*, a scribe.]

Protocol, *n*.(પ્રો,'ટકૉલ્) The original copy of any writing. અસલ પ્રત 2 The minutes of an instrument. મુસદ્દો; ખરડો; ટાંચણ. 3. A preliminary document on the basis of which negotiations are carried on. સંધિપત્રનો અસલ ખરડો. *vt*. To make a P. of, નો મુસદ્દો, ખરડો કરવો. [Gr. *protos*, first; *kolla*, glue.]

Prototype, *n*. (પ્રો',ટટાઇપ્) An original model. મૂળ પ્રતિમા. [Gr. *tupos*, type.]

Protract, *vt*.(પ્રોટ્રૅ'કટ) To continue; to prolong. રગસરગસ પ્હોચાડયાં કo; લંબાવ્યાં કo; 2. To delay; to defer (decision of a question.) આઘું, લાંબી મુદત ઉપર નાંખવું. [L. *pro*; *traho*, I draw.]

Protraction, *n*.(પ્રોટ્રૅ'કશન્) Prolongation; delay; deferation. લંબાણ; વિલંબ; ઢીલ.

Protractive, *a*.(પ્રોટ્રૅ'ક્ટિવ્) Prolonging; delaying. લંબાવવું; વિલંબ કરવું.

Protrude, *vt*.(પ્રોટ્રૂ'ડ) To push forward. *vi*. To project. બહાર નીકળવું; ઉપસી આવવું. [L *pro*; *trudo*, I thrust.]

Protrusion, *n*. (પ્રોટ્રૂ'ઝન્) (The act.) બહાર નીકળવું તે. 2. (The state.) ફુટી નીકળવું તે.

Protuberance, *n*.(પ્રોટ્યૂ'બરન્સ્) A prominence; a swelling. ઉપસવું તે; બ્હાર નીકળી આવવું તે; સુઝી જવું તે.

Protuberant, *a*.(પ્રોટ્યૂ'બરન્ટ્) Swelling; prominent. ઉપસેલું; સુઝેલું; બ્હાર નીકળી આવેલું.

Protuberate, *vi*. (પ્રોટ્યૂ'બરેટ્) To bulge out; to swell; to be prominent. ઉપસવું; બ્હાર નીકળવું; સુઝવું.

Protuberation, *n* (પ્રોટ્યુબરે.'શન્) The act of swelling. ઉપસવું; સુઝી જવું તે.

Protuberous, *a* (પ્રોટ્યૂ'બરસ્) Protuberant; swelling. ઉપસેલું; સુઝેલું.

Proud, *a*. (પ્રાઉડ) Arrogant; haughty; vain; supercilious. અભિમાની; મગરૂર; ગર્વિષ્ઠ; અહંકારી; દંભી; ખોટા ડોળવાળું; ફુલ હાંકનારૂં. 2. Daring; presumptuous. હિમ્મતવાળું; ઉદ્ધત. 3. Splendid; magnificent. ગંજાવર; મહાન; અતિ ભભકાવાળું; શોભાયમાન; અતિ દંભી. 4. Very high. ઉંચુ; મોટું.

Proudly, *adv*.(પ્રાઉડ્લી) Haughtily. અભિમાન, અહંકારથી.

Provable, *a*.(પ્રૂ'વબલ્) That can be proved. સાબીત થઈ શકે એવું; સાબીતીવાળું; પ્રતિપાદનીય.

Prove, *vt*. (પ્રૂવ) To experience; to try; to ascertain. પરીક્ષા કરવી; અજમાવવું; પાણી કાઢવું; પારખવું. 2. To verify. સાબીત કરવું; તાળો કાઢવો.

Prove *vi*. (પ્રૂવ) To make trial; to essay. પરીક્ષા કરવી; અજમાવવું 2. To make certain. નક્કી. મુકરર કરવું. 3. સાચા પડવું. [L. *probo*, I prove.]

Provender, *n*.(પ્રૉ'વિન્ડર્) Provisions of food; meat. ચારો; ઢોરનો ખોરાક; દાણો; ભાથું.

Provent, *n*.(પ્રો'વન્ટ્) Eatables. ખાવાની ચીજો.

Proverb, *n.* (પ્રૉ'વર્બ) A maxim of wisdom; a saying; aphorism. કહેવત; કહેણી. 2. A by-word. ઉખાણો; ઉદાહરણ; દાખલો.-(*pl.*) કહેવત બોલતા જવાની રમત.

Proverbial, *a.* (પ્રૉવ'ર્બિઅલ્) Resembling a proverb. કહેવત, કહેણી જેવું. 2. જગપ્રસિદ્ધ; ખાસ.

Provide, *vt.* (With) (પ્રોવા'ઇડ) To furnish; to supply. પૂરૂં પાડવું. કરી આપવું; સારી રીતે આપવું 2. To get. ભરી રાખવું; ભેગું કરી રાખવું. 3. To stipulate previously. શરત કરવી. [L. *video*, I see.]

Provide *vi.* (પ્રોવા'ઇડ્) To stipulate beforehand. માં શરત લખેલી હોવી; પૂરૂં પાડવું.

Provided, *a. conj.* (પ્રોવા'ઇડિડ્) Supplied; furnished. પૂરૂં પાડેલું. 2. On condition; by stipulation. પણ એટલું ખરૂં કે, જો.

Providence, *n.* (પ્રૉ'વિડન્સ્) The act of providing. પૂરૂં પાડવું તે. 2. Foresight; timely care. આગળથી તૈયારી રાખવી તે; દીર્ઘદૃષ્ટિ; દૂરંદેશ. 3. Prudence in management. વ્યવસ્થા; વ્યવસ્થા રાખવાનું ડહાપણ. Care of God or nature. પ્રારબ્ધ; ઈશ્વરી, કુદરતી યોજના.

Provident, *a.* (પ્રૉ'વિડન્ટ્) Forecasting; cautious; foreseeing wants and cares. દીર્ઘદર્શી; દૂરંદેશાવાળું; દૂરંદેશી. 2. Economical. કરકસરીયું.

Providential, *a.* (પ્રૉવિડે'ન્શલ્) Effected by the providence of God. દૈવયોગનું; ઈશ્વરી સત્તાનું.

Providentially, *adv.* (પ્રૉવિડે'ન્શલી) By means of God's providence. ઈશ્વરી સત્તાથી.

Province, *n* (પ્રૉ'વિન્સ) A region of country. મુલક; દેશ; વિષય; પ્રાંત. 2. The proper office or business of a person. વિષય; અધિકાર. 3. પ્રગણું; તાબાનો મુલક. [L. *provinco*, I conquer.]

Provincial, *a.* (પ્રૉવિ'ન્શલ્) Consisting of, pertaining to a province. મુખ્ય સરકારના તાબાનું; પ્રાંત, ઇલાકાનું; પ્રાંતિક. 2. Not polished; rude. ગામડિયું; ગ્રામ્ય; દેશી. *n.* A person belonging to a province. પ્રાંતમાં રહેનાર; પ્રાંતીય.

Provincialism, *n.* (પ્રૉવિ'ન્શલિઝમ્) A peculiar word or manner of speaking in a province or district of country remote from the principal country or from the metropolis. ગામડિયા બોલી; ગામઠી ભાષા, રૂઢિ, શબ્દ, રચના.

Provision, *n.* (પ્રોવિ'ઝન) Preparation; things provided. તૈયારી; બંદોબસ્ત; ગોઠવણ; તજવીજ. 2. (*pl.*) A stock collected; thing provided. સાહિત્ય; સામગ્રી; સંગ્રહ; સંચય. Victuals; provender; food. સીધુંસામાન; અન્નપાણી; ખોરાકી; ખાવાપીવાનું; મોદીખાનું; ભાથું. 3. A condition; a proviso. કરારનામાની શરત, ઠરાવ, યોજના; કલમ. 4. A nomination to a place. નિમણુંક; ગોઠવણ.

Provisional, *a.* (પ્રોવિ'ઝનલ્) Temporary; serving as a provision for the time being. કામચલાઉ; ચાલતા કામનું; અલ્પકાળસ્થાયી; તાત્કાલી.

Proviso, *n.* (પ્રોવા'ઇઝો) Condition; stipulation; caution. શરત; પણવાક્ય; સંકેત.

Provocation, *n.* (પ્રોવકે,'શન્) The act of exciting. ખીજવણી; ચીઢવણી; ચીડવણું. 2. That which provokes; anything that excites anger. ચીડ ચ્હડે એવું કંઇ; છેડખાની, ચીઢવણી; ઉશ્કેરણી. 3. An appeal to a court. અદાલતને કરેલી અપીલ. [L. *pro*; *voco*, I call.]

Provocative, *a.* (પ્રોવૉ'કેટિવ્) Exciting; stimulating; serving to provoke. આણનારૂં; લગાડનારૂં; પ્રકોપક; ઉદ્દીપક *n.* Anything that is P. દીપન; અગ્નિવર્ધન; ક્ષુધાદીપન થાય એવું વસાણું.

Provoke, *vt.* (પ્રોવો,'ક) To call forth; to arouse; to excite; irritate. આણવું. To incite or incense to action; to move; to stir up. સળગાવવું; ચીડવવું; ખીજવવું; છેડવું. *vi.* To cause provocation or anger. ગુસ્સો ક૦. 2. To appeal. અપીલ ક૦.

Provoker, *n.* (પ્રોવો,'કર્) That which excites. ચ્હીડવનાર; (કજીઆ) સળગાવનાર, ઉત્પન્ન કરનાર.

Provost, *n.* (પ્રૉ'વસ્ટ્) A principal of a college. કૉલેજનો પ્રિન્સિપાલ. 2. The chief magistrate in some cities. મુખ્ય ફોજદારી અમલદાર; વડો માજીસ્ટ્રેટ. 3. The keeper of a prison. જેલર; દરોગો. [L. *pro*, *pono*, I put.] (પ્રવો,'સ્ટ્) Police officer.

Prow, *n.* (પ્રાઉ) The forepart of a ship. વહાણનો આગળનો ભાગ; નાળ. 2. એક જાતનો મછવો; પડાઉ. *a.* Brave; gallant; valiant. હિમ્મતવાન; બહાદુર. [Gr. *proira.*]

Prowess, *n.* (પ્રૉ'વ્વિસ્) Bravery; valour; gallantry; intrepidity. શૌર્ય; પરાક્રમ; પ્રતાપ; બહાદુરી; જવાંમર્દી; શૂરાપણું.

Prowl, *vt.* (પ્રાઉલ) To rove over-through-about in a stealthy manner for prey or booty. શિકાર-લૂટને માટે ભટકતા ફરવું. *vi.* To rove and plunder. શિકાર-લૂટને માટે છાનામાના ફરતા ફરવું; શિકાર પકડવો; ભક્ષ ક૦

Proximate, *a.* (પ્રૉ'ક્સિમેટ્) Nearest; next; immediate. છેક પાસે, નજીકનું; સમીપનું; સંસક્ત; નિકટનું; સંનિહિત; લગભગ. P. cause. ઉપાદાન કારણ. [L. *proximus*, the nearest.]

Proximity, *n.* (પ્રૉક્સિ'મિટી) The state of being next; nearness. સમીપતા; સામીપ્ય; સાન્નિધ્ય; છેક નિકટપણું; સંનિધિ; સંસર્ગ.

Proximo, (પ્રૉ'ક્સિમો) Denoting the coming month. આવતો મહીનો, ના ની.

Proxy, *n.* (પ્રૉ'ક્સી) The person who is substituted or deputed to act or vote for another. પ્રતિનિધિ; મુખત્યાર; એજંટ. 2. A writing by which one person authorizes another to vote in his stead. મુખત્યારનામું; પ્રતિનિધિપત્ર. *vi.* To act or vote by proxy. પ્રતિનિધિદ્વારા કામ ક૦, મત આ૦.

Prude, *n.* (પ્રૂડ) A woman of affected modesty or coyness. નખરાંખોર સ્ત્રી; બાહ્યલજ્જાળુકા; ચાગલી; વાયડી.

Prudence, *n.* (પ્રૂ'ડન્સ્) Discretion; wisdom. ડહાપણ. 2. Economy. કરકસર.

Prudent, *a.* (પ્રૂ'ડન્ટ) Practically wise. ડાહ્યું; નીતિનિપુણ; દુનિયાદારીનું ડહાપણ વિચારીને કામ કરનાર. [L. *pro*; *video*, I see.]

Prudential, *a.* (પ્રુડે'ન્શલ્) Prudent; discreet. ડહાપણનું; નીતિનિપુણ; પૂર્વાપર વિચારનું. *n.* (*pl.*) That which relates to the discretion. ડહાપણની વાત.

Prudentiality, *n.* (પ્રુડેન્શૅ'લિટી) The quality of being prudential. ડહાપણ; ડાહ્યું હોવું તે.

Prudery, *n.* (પ્રૂ'ડરી) Stiffness; coyness. નખરાંખોરી; ભારેખમપણું; વિનયાભિમાન; ડાવકાપણું; ચાગલાવેડા.

Prudish, *a.* (પ્રૂ'ડિશ્) Like a prude; very formal. થોડાબોલું; નખરાંબાજ; થોડબોલું; જીદ્દું; ભારેખમ; લજ્જાળુ; ડાવકું.

Prune, *vt.* (પ્રૂન્) To clear of useless material; to trim; to top off the useless branches. ડાળવું; સોરવું; ઝારવું; ખૂંટવું. 2. To cut off, out. ટુંપવું; સમારવું; કાપી નાંખવું.

Pruning-hook, *n.* (પ્રૂ'નિંગ્-હુક્) A cutting instrument used in pruning trees &c ધારેયું; વાંસી.

Prurient, *a.* (પ્રુ'રિઅન્ટ્) Uneasy with desire; itching; lustful તલપી રહેલું; તલપાપડ થઇ રહેલું; રતળવતળ થએલું; વખવખી રહેલું; કામાતુર; લાલપીળું. [L. *prurio*, I itch.]

Pry. *vi* (પ્રાય) To inspect closely; to gaze. સૂક્ષ્મનિરીક્ષા ક૦; ખણખોસ ક૦; ચિકિત્સા લેવી, સાંભળવી. As, to pry into the private affairs of families બીજાના ઘરની ચકચાળ જોવી, સાંભળવી. *n.* Curious inspection. બારીક તપાસ.

Prying, *a.* (પ્રા'ઇંગ્) Looking into curiously. ઝીણું જોનાર; સૂક્ષ્મદર્શી; ચકચાળીયું; ચિકિત્સાખોર.

Psalm, *n.* (સામ્) A sacred song or hymn. ભજન; ઈશ્વર સ્તુતિનું સ્તોત્ર; કીર્તન; ગીત 2. ખ્રિસ્તિ ભજન. [L. *psalmus*, a song.]

Psalmist, *n.* (સા'મિસ્ટ) A writer of holy hymns. ભજન બનાવનાર; સ્તોત્રકાર; કવિ. 2. ખ્રિસ્તિ ભજન બનાવનાર.

Psalmodist, *n.* (સૅ'મડિસ્ટ્) One who sings holy songs. કીર્તનકાર; ભજન ગાનારો.

Psalmody, *n.* (સૅ'મડી) The act of knowing how to sing sacred songs. સ્તોત્રગાન; ભજન વગેરે ગાતાં આવડવાં તે.

Psalter, *n.* (સૉ'લ્ટર્) The book of Psalms. ભજન સંગ્રહની ચોપડી; ભજનનું પુસ્તક; સ્તોત્રાધ્યાય. [Gk. *psalterion*, a string of instrument.]

Pseudo, *n.* (સ્યૂ'ડો) A prefix signifying = counterfeit, falsehood or spurious. ખોટો, મિથ્યા એ અર્થ બતાવનારો પૂર્વગ, ઉપસર્ગ.

Pseudology, *n.* (સ્યુડૉ'લજી) Falsehood of speech. જુઠાણું; કૃત્રિમ વાણી.

Pseudonym, *n.* (સ્યૂ'ડનિમ્) ધારણ કરેલું નામ; ખોટું નામ.

Pshaw, *interj.* (શૉ) An exclamation of contempt, or dislike. છત; છટ્. 2. Pish; pooh. અરે હટ્!; અરે ચલ, જા!

Psychology. (સાયકૉ'લજી) A treatise or study of the human soul or mind. આત્મધર્મશાસ્ત્ર; અધ્યાત્મશાસ્ત્ર; આત્મજ્ઞાનશાસ્ત્ર; માનસશાસ્ત્ર, ગ્રંથ. [Gk. *psuche*, the soul & *logos*, discourse.]

Psychologic-al, *a.* (સાયકૉલૉ'જીક-કલ્) Pertaining to the science of the human soul. આત્મવિવેક સંબંધી, વિષે; માનસધર્મ સંબંધી. 2. બરાબર કટોકટીનું; સચોટ તાકડે

Ptolemaic, *a* (ટૉલીમે'ઇક્) Pertaining to Ptolemy. મીસર દેશના પ્રખ્યાત ટૉલમી નામના ખગોળવેત્તા વિષેનું.

Ptyalism *n.* (ટા'યલિઝમ્) Salivation. લાળ; થુંક

Puberty, *n.* (પ્યૂ'બર્ટી) Ripe age. ભરજુવાની; જોબન; યૌવન. **To arrive at P.** = જુવાની ફુટવી, ખીલવી; મ્હોટા થવું.

Pubescence, *n.* (પ્યુબે'સન્સ્) The state of a youth who has arrived at puberty. ભરજુવાની; જોબન; યૌવન; તરૂણતા.

Pubescent, *a.* (પ્યુબે'સન્ટ્) Arriving at puberty. યુવાની વેષે ચઢવું; જુવાન થતું જવું.

Public, *a.* (પ'બ્લિક્) Pertaining to a nation, state or community. સૌ લોકનું; પ્રજા, દેશ રાજ્યનું, સાર્વજનિક. 2. Notorious; public to all. સૌના લાભનું, ખુલ્લું, ઉઘાડું; જગપ્રસિદ્ધ; જાહેર. **A P. occasion** = સાર્વજનિક અવસર. **P. prosecutor** = ગુન્હેગાર ઉપર કામ ચલાવવા માટેનો સરકારી વકીલ. **To become P.** = જાહેર થવું; પ્રસિદ્ધિમાં આવવું. **P. works** = લોકોપયોગી કામો. **In P.** = છચોક; સૌની દેખતાં **In private and in P.** = ઘરને ખુણે પણ અને જાહેરમાં પણ. **P. house** = ધર્મશાળા; પીઠું. [L. *populus*, the people.]

Publication, *n.* (પબ્લિકે'શન્) The act of publishing; divulgation. ઉદ્ઘાટન; પ્રકાશન; પ્રગટીકરણ. 2. That which is published. ચોપાનીયું; વર્તમાનપત્ર; ગ્રંથ.

Public-house, *n.* (પ'બ્લિક્-હાઉસ્) An inn; a house for the entertainment of travellers. વીશી; મુસાફરખાનું; દારૂનું પીઠું.

Publicity, *n.* (પબ્લિ'સિટી) Notoriety; the quality or state of being published. જાહેરપણું; પ્રગટતા.

Publicly, *adv.* (પ'બ્લિકલી) Openly; without concealment. છચોક રીતે; સૌ દેખે એમ.

Public-spirited, *a.* (પ'બ્લિકસ્પિ'રિટિડ્) Disposed to make private sacrifices for the benefit of the public. જનસમાજને મદદ કરવાની ઇચ્છાવાળું; લોકહિતેચ્છુ.

Publish, *vt.* (પ'બ્લિશ્) To make known to mankind; to make public. જાહેર કરવું; પ્રગટ, ઉઘાડું કરવું. 2. ચોપાનીયાં વગેરે બ્હાર પાડવાં.

Publisher, *n.* (પ'બ્લિશર્) One who publishes or makes known. પ્રગટ કરનાર; પ્રકાશક.

Pucker, *vt.* (પ'કર્) To corrugate (skin) to gather into wrinkles કરચલી, વાટા વાળવા; કલ્લી, ઘડી વાળવી.—*n.* A fold or wrinkle. કરચલી; કલ્લી, વાટો, ઘડી. 2. Confusion; bustle. ગુંચવણ; મુંઝવણ; ધોંધાટ. [L. *pectus.*]

Pudder, *vi.* (પ'ડર્) To make bustle or tumult. ઘોંધાટ, બખબખાટ, ધીંગાણું કરવું; તોફાન મસ્તી કરવી. *vt.* To perplex; to throw into confusion. ગુંચવવું; ગભરાવવું. *n.* Bustle. ઘોંધાટ; ધીંગામસ્તી; હુડીઓ હુડીઓ

Pudding, *n.* (પુ'ડિંગ્) ખીર, દુધપાક જેવું વિલાયતી ખાણું.

Puddle, *n.* (પ'ડલ) A small pool or dirty water; a pond; a muddy plash. ગંદા-મેલા પાણીનું ખાબડું; તળાવડું; ખાબોચિયું. *vt.* To make foul or muddy. ડહોળું કરવું; ગંદું ક૦. *vi.* To make a dirty stir. રગડવું; ડોળવું; ગંદું કરવું.

Puddly, *a.* (પ'ડલિ) Foul; muddy. કાદવવાળું; મેલું; ગંદું; ડહોળું.

Puerile, *a.* (પ્યૂ'અરાઇલ) Boyish; trifling; childish. છોકરવાદ; નાદાનીભરેલું; બાળકબુદ્ધિનું; બાલિશ.

Puerility, *n.* (પ્યુઅરિ'લિટી) The quality of being puerile; boyishness; childishness. બાળકબુદ્ધિ; નાદાની, છોકરમત, છોકરખેલપણું; બાલિશતા.

Puerperal, *a.* (પ્યુઅ'ર્પલ) Pertaining to childbirth. સુવાવડ, પ્રસૂતિકાલ સંબંધી. [L. *puerpera*, a lying in woman & *puer*, a boy.]

Puff, *n.* (પફ્) A sudden and single emission of breath from the mouth. ફૂંક; ફૂત્કાર; ફુંકારો. 2. A slight gust of wind. પવનનો સપાટો; લ્હેર, ઝપાટો. 3. An exaggerated expression of praise. ખોટાં વખાણ, ગાણગા; અતિશયોક્તિ; ધુમાડો. *vi.* To blow in puffs. ફૂંફાટા મારવા; હાંફવું. 2. To swell with air; to inflate. ફૂલવું; ફૂલીને દડો થવું. *vt.* To drive with a puff. પવનના સપાટામાં, ફુંકથી ઘસડાઇ જવું. 2. To repel with words. વઢવું; કાઢી મૂ૦. 3. To inflate with pride. ફૂલાવવું. 4. To praise with exaggeration. નાં વખાણ કરવાં; પ્રશંસા કરવી.

Puffy, *a.* (પ'ફી) Swelled with air. ઉપસેલું; ફૂલેલું. 2. Bombastic. ભભકાદાર, આડંબરી; ધુમાડાના બાચકા જેવું.

Pug, *n.* (પગ્) A little dog with a monkey-like face or nose. વાંદરાના જેવા મ્હોં અથવા નાકવાળું એક જાતનું ન્હાનું કુતરૂં; વાંદરિયું કુતરૂં. 2. Tempered clay. ગારો; ગુંદેલી માટી. 3. An elf. ભૂત; પરી. *vt.* To mix and stir when wet. ગારો કરવો. 2. To fill or stop with clay. ધૂળ-માટીથી બંધ ક૦.

P. nosed = ચીબું; ચપટા નાકવાળું.

Pugh, *interj.* (પૂ) A word used in contempt. છટ; છિટ.

Pugil, *n.* (પ્યુ'જિલ્) As much as is taken up between the thumb and the two fingers. ચપટીભર; ચીમટો; ચપટી.

Pugilism, *n.* (પ્યુ'જિલિઝમ્) The practice of boxing or fighting with the fist. મુક્કાબાજી; ઠોસાબાજી. [Gr. *pugmo*, a fist]

Pugilist, *n.* (પ્યુ'જિલિસ્ટ) A boxer; one who fights with his fist. મુક્કાબાજી કરનાર. [L. *pugil*, a boxer.]

Pugilistic, *a.* (પ્યુજિલિ'સ્ટિક Pertaining to boxing. મુક્કાબાજી વિષેનું.

Pug-mill, *n.* (પ'ગ્ મિલ્) A kind of mill for grinding and mixing clay. ચુનો પીસવાની ચક્કી.

Pugnacious, *a.* (પગ્ને'શસ્) Quarrelsome; disposed to fight. લડાઇખોર; ટંટાખોર; લડવાડિયું. [L. *pugno*, I fight]

Pugnacity, *n.* (પગ્ને'સિટી) Quarrelsomeness. લડકણાપણું; કજીઆખોરી.

Puisne, *a.* (પ્યૂ'ની) Latter in age. નાનું; ઉતરતું; પછીનું. 2. Petty. હલકું; ગૌણ; શુદ્ર. 3. Inferior in rank. ઉતરતું; નીચું. [L. *post*, after; *ne*, born.]

Puissance, *n.* (પ્વિ'સન્સ્) Power; ability; strength; might. બળ; પ્રતાપ; સમર્થ; પરાક્રમ. [L. *posse*, to be able.]

Puissant, *a* (પ્વિ'સન્ટ) Strong; powerful; mighty બળવાન; સમર્થ; પરાક્રમી; જબરદસ્ત. [L. *potens*, powerful.]

Puke, *vi.* (પ્યૂક્) To vomit. ઉલટી ક૦; ઓકવું.

Puke, *n.*(પ્યુક)A vomit; a medicine which excites vomiting.ઉલટી;ઓકવું તે;ઉલટી કરાવવાની દવા.

Puker, *n.* (પ્યૂ'કર) One who vomits. ઉલટી કરનાર; ઓકનાર.

Pule, *vi.* (પ્યૂલ) To cry like a chicken. ઉંઉં કo. (બાળક છોકરાંએ) કજીઓ કo.

Pull, *vt.* (પુલ્લ) To draw. તાણવું; ખેંચવું; આંચકો મારવો. 2. તાણી, ખેંચી, હાથે કરીને માંગી લેવું. 3.To tear; to rend. ફાડવું; ચીરી નાંખવું. 4.To pluck; to gather. (આચકો મારીને)તોડવું;તોડી લેવું. 5.To hold back. અટકાવવું. 6. To make as a proof or impression. ચાંપવું; દાબવું. To P. down; to demolish. તોડી પાડવું. To P. off. ખેંચીને જુદું પાડવું. *vi.* To tug. જોર વાપરવું. To P. up =to stop. ની લગામ ખેંચી રાખવી; દબાવવું. To P. through=to come successfully to the end. પસાર થઈ જવું; ચલાવવું. *n.* The act of drawing with force. આંચકો. 2. The act of rowing. હલેસાં મારવાં તે; હલેસાં.

Pullet, *n.* (પુ'લિટ) A young hen. નાની મરઘી. [L. *pullus*, a young animal.]

Pulley, *n.* (પુ'લિ) A wheel with a broad rim. ગરેડી; ગરગડી; કપ્પી; કપ્પો. *vt.* To raise by means of a P. ઘરેડીથી ઉંચું ચઢાવવું. [Gr. *poleo*, I turn.]

Pulmonary, pulmonic, *a.* (પ'લ્મોનરી-પલ્મૉ'નિક) Pertaining to the lungs; affecting the lungs.ફેફસાનું-માંથી ઉઠેલું.[L.*pulmo*,a lung.]

Pulp, *n.* (પલ્પ) A soft mass; marrow; the soft part of a fruit. ગર; મેંદો; માવો; ગર્ભ. *vt.* To reduce to pulp. માવો કo.

Pulpit, *n.* (પુ'લ્પિટ) An elevated place or inclosed stage in a church on which the clergyman stands when preaching; desk. ભાષણ કર્તાની બેઠક; ગુરૂપીઠ; વ્યાસાસન. 2. A desk or platform for an orator.ભાષણ કરનારનું આસન; માંચડો.[L. *pulpitum*, a platform of boards.]

Pulpous,-pulpy, *a.*(પ'લ્પસ-પ'લ્પી)Consisting of pulp. માવા, ગળદાર; નરમ.

Pulpousness, *n.* (પ'લ્પસ્નિસ) Softness. નરમપણું; પોચાપણું.

Pulsate, *vi.* (પલ્સે,'ટ) To beat or throb as a pulse.નાડી.રક્તાશયનું ધડકવું. [L.*pullo*, I beat.]

Pulsation, *n.* (પલ્સે',શન) The beat of a pulse. નાડીનો ધબકારો. સ્ફુરણ, વેગ.

Pulsative, *a.* (પ'લ્સેટિવ) Beating; throbbing. ધબકતું.

Pulse, *n.* (પલ્સ)The beating or throbbing of the heart and arteries. નાડીનો ધબકારો. To feel one's P. નાડ જોવી, પરીક્ષા કo મનવંતી જોવું. Leguminous plants or their seeds, as beans. કઠોળ, વટાણા, ચણા. [L. *puls*, a thick pap.]

Pulverable, *a.* (પ'લ્વરબલ) That may be reduced to fine powder. ચૂર્ણ,ભૂકો થઈ શકે એવું.

Pulverate, *vt.* (પ'લ્વરેટ) To reduce to fine powder. ભૂકો કરવો; કુટકવું; ખાંડવું.

Pulverization, *n.* (પલ્વરાઇઝે',શન) The act of reducing to powder or dust. ચૂર્ણ કરવું તે; બારીક ભૂકો કરવો તે; સૂક્ષ્મચૂર્ણીકરણ.

Pulverise, *vt.*(પ'લ્વરાઈઝ) To reduce to fine powder. બારીક, ઝીણો ભુકો કરવો. *vi.* ચૂર્ણ થવું. [L. *pulvis*,dust & *ise* to reduce or to make.]

Pump, *n.* (પમ્પ) A machine generally employed for raising water or extracting air. બંબો; પંપ; પાણી સીંચવાનું યંત્ર; હવા ચુસી લેવાનું યંત્ર *vt.* To raise water with a pump. પાણી ચઢાવવું; ઉંફાવવું; વાત કઢાવવી.

Pumpion, *n.* (પ'મ્પિયન) A pumpkin. દુધી.

Pumpkin, *n.* (પ'મ્પકિન) A pumpion. a kind of gourd or vegetable marrow.દુધી;કોળુ; પતકાળું; ચીભડું.

Pun, *n.* (પન) A quibble; a play on words that agree or resemble in sound but differ in meanings. શબ્દવિનોદ, રમુજ, રમત; શબ્દશ્લેષ. *vi.* To make puns. દ્વિઅર્થી શબ્દ કહેવો.

Punch, *n.* (પન્ચ) An instrument of iron used for driving holes in plates or other substances. છેદ,ગાબડી પાડવાનું ઓજાર; વેધ;પન્ચ. *vt.* To hit with the fist.માં ગોદો, ધકકો મારવો.

To P. with the elbow=કોણી મારવી. 2. A kind of wine. પંચદારૂ. 3. A dwarf. ઠીંગણો પુરૂષ;વામન. 4. A buffoon. વિદૂષક; મશ્કરો. 5. લીંબુ અને દારૂનો શરબત; પંચ. [Fr. *poincon*, a punch.]

Puncheon, *n.* (પ'ન્શન)A perforating tool. કાણું, છેદ પાડવાની સારડી 2. A measure of liquids or a cask containing from 84 to 120 gallons. એક જાતનું પ્રવાહી પદાર્થનું માપ; ૮૪ થી ૧૨૦ ગૅલનનું પીપ.

Punctate,-punctated, *a.* (પ'ન્કટેટ,-પ'ન્કટેટિડ) Pointed; maked with dots. અણીવાળું; તીક્ષ્ણ; ડાઘવાળું.

Punchinello, *n.* (પંચિનેલો) A buffoon. મશ્કરો; વિદૂષક; તરકડીઓ.

Punctilio, *n.*(પન્કિટ'લિઓ) A nice point of exactness in conduct. બારીક વર્ત્તનાચાર; સૂક્ષ્મ વર્તનરીતિ; ઝીણવટ.

Punctilious,*a*.(પન્ક્ટિ'લિઅસ્) Attentive to punctilio. સૂક્ષ્મ વર્તનાચારનિષ્ઠ; વાયડો.

Punctual,*a*.(પ'ન્કચુઅલ્) Precise; exact in observing time.સમયસાવધ;બરાબર વખત સાચવનાર; નિયમિત. 2. Made or done at the exact time. વાયદાસર કરેલું; બરાબર વખતે આપેલું.

Punctuality,*n*.(પન્કચુઍ'લિટી)The state or quality of being punctual;exactness.નિયમિતપણું; ચોકસાઈ; સમયસેવન.

Punctuate, *vt*. (પ'ન્કચુએટ્) To make the points or stops were necessary વિરામચિહ્ન કાઢવાં. મુકવાં.

Punctuation,*n* (પન્કચુએ'શન્) The act of punctuating.વિરામચિહ્ન કાઢવાં તે.2.વિરામચિહ્ન.

Puncture,*n* (પ'ન્કચર)A small opening or hole;a prick. છેદ;છિદ્ર;કાણું;અખોલ.–*vt*.To make a hole. કાણું પાડવું. [L. *pungo*, I prick.]

Pundit, *n*. (પ'ન્ડિત્) An Indian scholar; a learned man. વિદ્વાન; પંડિત; પ્રાજ્ઞ

Pungency,*n*.(પ'ન્જન્સી) Keenness; sharpness;causticity. સૂક્ષ્મતા;તીક્ષ્ણતા;તીવ્રતા; તીખાશ; ઝમઝમાટ. 2. Tartness. કલેજાફાડપણું.

Pungent,*a*.(પ'ન્જન્ટ્) Affecting the tongue in a sharp manner. મરચાં લાગે એવું; ઝમઝમૂ થઇ રહે એવું; ઝણઝણાટ. (to the sense of smell). 3. (Pains etc.) કલેજે કાણું પડે એવું; તીવ્ર; સખ્ત. 4. ઝટકો.

Puniness,*n*.(પ્યુ'નિનિસ્)Pettiness;weakness. સૂક્ષ્મતા; નબળાપણું; પામરતા.

Punish,*vt*.(પ'નિશ્) To inflict pain, loss or any evil on as a penalty for a crime or fault. ને સજા કરવી; દંડવું. 2. To inflict pain on. દુઃખ દેવું. 3. To chastise. શિક્ષા કરવી [L. *pœna*, punishment.]

Punishable, *a*. (પ'નિશબલ્) Worthy of punishment;liable to punishment. શિક્ષા કરવા જેવું; શિક્ષણીય; દંડાર્હ; શિક્ષાપાત્ર.

Punishment, *n*. (પ'નિશમન્ટ્) The act of punishing.સજા,દંડ,શાસન કરવું તે. 2. Penalty inflicted for a crime or an offence.નશીયત; દંડ;સજા;શિક્ષા.**Corporal P.**=દેહદંડની, મારવાની, ફટકાની શિક્ષા. **Capital P.**=દેહાંત દંડની શિક્ષા.

Punitive, *a*. (પ્યૂ'નિટિવ્) Pertaining to punishment. દંડ,શિક્ષા વિષેનું; દંડ દાખલ મુકેલું.

Punitory,*a* (પ્યૂ'નિટરી)Punitive; punishing. શિક્ષા આપનારૂં; શિક્ષા ખાતર કરેલું.

Punning,*a*.(પ'નિન્ગ્)Containing puns.શબ્દની રમુજવાળું; શ્લેષવાળું.

Punster,*n*.(પ'ન્સ્ટર્)One who is skilled in punning; a quibbler. શબ્દવિનોદ કરનાર.

Punt, *n*.(પન્ટ્)A square flat-bottomed boat used in fishing etc. થાપડો; થાપડ; હોડી.

Punter, *n*. (પ'ન્ટર્) One who punts.

Puny,*a*.(પ્યૂ'ની)Undersized; feeble; insignificant નબળું;દુબળું;ક્ષુદ્ર.–*n*.A novice.જુવાનીઓ; તરૂણ.

Pup.*n*. (પપ)A puppy. કુરકુરીઉં; ભોટીલું; કુતરાનું બચ્ચું.–*vi*.To bring forth. જણવું; વિયાવું; કુરકુરીઆં આવવાં.

Pupil,*n* (પ્યુ'પિલ્)A learner; a scholar.શિષ્ય; ચેલો;નિશાળીયો,વિદ્યાર્થી. 2. The centre of the iris. કનીનિકા; આંખની કીકી, પુતળી; ડોળો. [L. *pupus*, a boy.]

Pupillage, *n*. (પ્યુ'પિલેજ્) The state of being a pupil. શિષ્યાવસ્થા; શિષ્યત્વ;વિદ્યાર્થિદશા. 2. The state of being under guardianship. બીજાના વાલીપણામાં હોવાની સ્થિતિ.

Pupillary, *a*. (પ્યૂ'પિલરી)Pertaining to the pupil of the eye. આંખની કીકીને લગતું. 2. Pertaining to a stutent. શિષ્યને વિષે.

Puppet, *n*. (પ'પિટ્) A small doll or image. ઢીંગલી; પુતળું; રમકડું. 2. A person completely controlled by another.બીજાની સત્તા,દાબ નીચેનો માણસ; ઠાલો; નામનો **P.-show**=A play in which puppets are moved by wires or strings. પુતળાનો તમાશો, નાચ. [L. *pupa*, a doll.]

Puppy,*n* (પ'પી)A young dog.કુરકુરીયું;ભોટીલું. 2. A conceited youth. તોરી, બડાઈખોર માણસ.

Puppism, *n*. (પ'પિઝમ્) The manners of a dandy; affectation. તોર; મીજાજ; બેડસાઈ

Pur, *vi*. (પર) To speak in a low tone. મ્યાઉં મ્યાઉં કરવું. *n*. The murmuring of a cat. બિલાડીનો અવાજ; મ્યાંઉં મ્યાંઉં.

Purblind, *a*. (પ'ર્બ્લાઇન્ડ્) Nearly blind; dim-sighted. આંધળો; ઝાંખું દેખનારૂં; ટુંકી નજરવાળું. 2. Dull. ઠોઠ; ઓછી બુદ્ધિનું.

Purchase, *vt*. (પ'ર્ચેસ્) To obtain; to acquire at a cost; to buy. ખરીદવું; વેચાતું લેવું. *n*. The act of buying. ખરીદવું તે;ખરીદી;સોદો. 2. A mechanical advantage (as gained by a lever, etc.) બહારથી લાગેલું જોર, ટેકો.

Purchasable, *a*. (પ'ર્ચેસબલ્) That can be purchased. ખરીદી શકાય તેવું.

Purchaser, *n*. (પ'ર્ચેસર્) One who buys. ખરીદનાર; વેચાતું લેનાર.

Pure, *a*. (પ્યૂર્) Without admixture; clean; unadulterated.ભેળસેળવિનાનું;ચોકખું;સ્વચ્છ;નિર્મળ,

2. Chaste. પવિત્ર. 3. Free from stain. નિષ્કલંક. 4. Absolute. એકલું; કેવળ. [L. *purus*, clean.]

Purely, *adv.* (પ્યૂ'રલી) Solely; merely. માત્ર; કેવળ.

Pureness, *n.* (પ્યૂ'રનિસ્) Purity. ચોકખાઇ; પવિત્રતા.

Purfle, *n.* (પ'રફલ્) Ornamented dress or border. ભરેલો પોષાક; ગુંથણકામ.

Purgative, *a* (પ'રગેટિવ્) Having the power of purging. રેચક; જુલાબ લાગે એવું. *n.* A medicine that purges. જુલાબની દવા.

Purge, *vt.* (પર્જ) To make pure or clean. સાફ કરવું; કચરો, કાદવ કાઢી નાંખવો. 2. To clear from guilt or moral defilement. નિર્દોષ ઠેરવવું. 3. જુલાબ લગાડવો *vi.* To produce evacuations by a cathartic. જુલાબ લાગવો; પેટ આવવું. *n.* The act of purging. જુલાબ, પેટ આવે તે. 2. That which purges. જુલાબ; રેચક. [L. *purgare*, to cleanse.]

Purification, *n.* (પ્યુરિફિકે'શન્) The act of purifying. વિશુદ્ધ કરવું તે. 2. A cleansing from guilt. નિર્દોષીકરણ; પાપમુક્તિ; પ્રાયશ્ચિત્ત.

Purifier, *n.* (પ્યૂ'રિફાયર) One who cleanses; a refiner. સાફ, પવિત્ર કરનાર.

Purify, *vt.* (પ્યૂ'રિફાય્) To cleanse; to make pure or clear. ચોખ્ખું, સ્વચ્છ કરવું. 2. To free from moral defilement. નિર્દોષ ઠેરવવું; ગુન્હામાંથી મુક્ત કરવું. *vi.* To become clear. પવિત્ર, પાવન થવું. [L. *purus*. pure & *facio*, I make.]

Purism, *n.* (પ્યૂ'રિઝમ્) Practice of rigid purity. સ્વચ્છતા; પવિત્રતા.

Puritan, *n.* (પ્યૂ'રિટન્) One who is very strict in religious matters. ધર્મમાં ચુસ્ત, મક્કમ. 2. એકલું બાઈબલનેજ માનનાર. *a.* Pertaining to puritans. પ્યુરિટન સંબંધી.

Purity, *n.* (પ્યૂ'રિટી) Cleanness; chastity; innocence. સ્વચ્છતા; નિર્મળતા; શુદ્ધતા; નિર્દોષિતા; પવિત્રતા.

Purl, *n.* (પર્લ) એક જાતનો દારૂ. 2. ભમરો. *vi.* To flow with a murmuring sound. ખળખળ વહ્યા કરવું. 2. ભરતથી શણગારવું.

Purlieu, *n.* (પ'લ્યૂ) The boundaries of a place; neighbourhood. આજુબાજુનો ભાગ; પ્રાંત ભાગ; છેડા ઉપરનો ભાગ; સીમા.

Purling, *n.* (પ'લિંન્ગ્) Sound produced when flowing. ખળખળાટ; નદી કે નાળાનો ખળ ખળ અવાજ.

Purloin, *vt.* (પર્લૉ'ઇન્) To steal; to pilfer; to make off with. છાના માના ચોરવું; હાથ મારવો. *vi.* ચોરી કરવી.

Purparty, *n.* (પ'રૂપાર્ટી) A share. ભાગ; હિસ્સો.

Purple, *n.* (પ'પ્લ્) A blend of blue and red. આબાશાહી, જાંબુડો રંગ-*vt.* જાંબુડો રંગ દેવો. *a.* જાંબુડા રંગવાળું. 2. Imperial. બાદશાહી; રાજાનું. **The P. East**=The Turkish Empire. તુર્કસ્તાનનું રાજ્ય. **Born in the P.**=બાદશાહી કુટુંબમાં જન્મેલું. [Gk. *porphura*, a shell-fish from which a purple dye was obtained.]

Purport, *n.* (પ'ર્પૉર્ટ) Purpose; meaning. મતલબ; અર્થ; ભાવાર્થ.-*vt.*(-પૉ'-) અર્થ હોવો; સૂચવવું.

Purpose, *n.* (પ'રપસ્) Design; intention; object. પ્રયોજન; ઉદ્દેશ; ધારણા. *vt.* Toi ntend. ધારણા હોવી. **Firm of P.**=દૃઢ. [L. *pro*, *poser*, to place.]

Purposeless, *a.* (પ'રપસ્લિસ્) Without any aim or object. નકામું; મતલબ વિનાનું; નિરર્થક.

Purposely, *adv.* (પ'રપસ્લી) With design or intention; not accidently. જાણી જોઇને; ઇરાદાપૂર્વક; મતલબથીજ; વિચારપૂર્વક.

Purr, *vt.* (પર) To murmur like a cat when pleased. બિલાડીની માફક બોલવું; પુર્રપુર્ર ક૦

Purse, *n.* (પર્સ) A small money-bag for the pocket. પૈસાની થેલી; કોથળી; વાંસલી; બટવો. A present of money. પૈસાનું ઇનામ, બક્ષીસ-*vt* To put into the purse; to wrinkle. પૈસા મુકવા; સંઘરવા; કરચલી વાળવી; ખેંચવું. **P.-proud**= પૈસાથી અહંકારી થએલું. **P.-seine**=માછલાં પકડવાની જાળ. **P.-strings**=ખર્ચવાની સત્તા.

Purser, *n.* (પ'ર્સર) A clerk who has charge of provisions; payment of sailors. ખલાસીઓને પગાર ચુકવનાર ભંડારી; હિસાબનીશ.

Pursuance, *n.* (પર્સ્યૂ'અન્સ્) The fulfilment of a purpose. ઇરાદો પાર પાડવો તે; આગ્રહ; ખંત. 2. The act of pursuing. અનુગમન; પાછળ પડવું તે.

Pursuant, *a.* (પર્સ્યૂ'અન્ટ્) In accordance with. પ્રમાણેનું; અનુસરવું.

Pursue, *vt.* (પર્સ્યૂ') To chase. ની પુંઠે પડવું, પાછળ પડવું. 2. To carry on. ચલાવ્યા કરવું. 3. To prosecute. ને હેરાન કરવું 4. To proceed along with a view to some object અમુક ઈરાદાથી ચલાવે જવું. 4. To seek (fame, glory, etc.) ની પાછળ મંડવું; મેળવવાનો ઉપાય કરવો. [L. *pro*, forward & *sequor*, I follow.]

Pursuit, *n.* (પર્સ્યૂ'ટ) Chase. કેડો; પુંઠ પકડવી તે; અનુસરણ. 2. Search. સંપાદન કરવાનો પ્રયત્ન. 3. Prosecution. ચલાવ્યા જવું તે. 4. Perseverance. ખંત.

Pursuivant, *n.* (પ'રસ્વિવન્ટ) A follower. અનુયાયી 2. A state messenger. રાજદૂત; જાસૂસ. એલચી.-*vt.* To follow. ની પાછળ પડવું.

Purulence, *n.* (પ્યુ'રૂલન્સ્) Pus.પરૂ; પરૂ ભરાવું તે.-*a.*-°**nt.** પરૂથી ભરેલું.

Purvey, *vt.* (પરૂવે,') To supply; to furnish with food. ખોરાક પુરો પાડવો; ખાવાની સામગ્રીની યોજના કરવી. [L. *providere,* to supply.]-*vi.* To buy food. ખોરાક વેચાતો લેવો.

Purveyance, *n.* (પરવે'યન્સ્) Act of purveying. વ્યવસ્થા, બંદોબસ્ત કરવો તે. 2. Provisions. ખોરાક; સામગ્રી.

Purveyor,*n.*(પરવે'યર) A caterer;one who purveys; a victualler.ખોરાક પુરો પાડનાર;મોદી.

Purview,*n.* (પ'ર્વ્યુ) The limit of a statute. પરવાનો; હુકમ; સત્તા. 2. The body of a statute as distinguished from preamble.મૂળ કાયદો.

Pus, *n.* (પસ્) The soft yellowish matter formed in suppuration; the matter of a sore. પરૂ; પસ.

Push *vt* (પુશ્)To thrust,to drive.ઘોંચવું;ઘાલવું. 2. To enforce. આગળ કરવું;ધકેલવું:ઘુંસાડવું. 3. To press against forcibly. હડસેલવું; ધકેલવું. *vi.* To drive in. ગોદો, ધક્કો મારવો. *n.* The act of pushing; a thrust.અંદર ઘાલવું તે; ગોદો; છાતીજોર; ધુંસણપટ્ટી. 2. A shove. હડસેલો. [L. *pulsare,* to drive.]

Pushing, *a.* (પુ'શિન્ગ્) Intruding pushing forward. ઘુંસણીઉં; આગળ જાય એવું. 2.Vigorous; enterprising. ઉદ્યમી; જોરવાળું; જોરાવર.

Pusillanimity,*n.*(પ્યુસિલૅનિ'મિટી)Timidity; cowardice; quality of being pusillanimous. બ્હીકણપણું; નામર્દાઈ; બાયલાપણું; શૌર્યહીનતા.

Pusillanimous, *a.* (પ્યુસિલૅ'નિમસ્) Timid; coward; faint-hearted. બ્હીકણુ; નામર્દ; બાયલું; શૌર્યહીન.

Puss, *n.* (પુસ્) A name for the cat and also for the hare. બિલાડી; સસલું. 2. છોકરાંનું હુલામણાંનું નામ.

Pussy, *n.* (પુ'સી) A diminutive of puss. બિલાડીનું ટુંકું નામ; મીનીબાઈ. 2. એક જાતની રમત.

Pustulate, *vi.* (પ'સટ્યુલે,ટ) To form into blisters. ફોલ્લી થવી; ગુમડું થવું. *a.* ગુમડાવાળું; ફોલ્લીવાળું. *n.* ફોલ્લો.

Put, *vt.* (પુટ) To place. મુકવું; સ્થાપવું. 2. To bring. લાવવું; મુકવું. 3. To suppress. દાબવું. 4. To ask (a question) પ્રશ્ન પુછવો. 5. To cast (a stone or shot.) ફેંકવું; નાંખવું. **To P. about**=દુઃખ દેવું, પાછું હંકારવું. **To P. back**=To restore something.પાછું આપવું. **To P. by**=To save money. પૈસા સંઘરવા; પાછું ફેરવવું. **To P. down**=To suppress. દાબી દેવું; બાતલ કરવું. **To P. in**=To insert. દાખલ કરવું. **To P. in for**=To apply (for a vacancy etc.) અરજી કરવી. **To P. off**=To postpone. મુલતવી રાખવું; ધકેલવું. **To P. on**=પ્હેરવું. **To P. out**=કાઢવું; ઠારવું; ભોઠું પાડવું; અજમાવવું; હંકારવું. **To P. in mind of**=To remind. યાદ દેવરાવવું. **To P. through**=પાર ઉતારવું. **To P. up**=બાંધવું. **To P. up to**=To inform about. જાગૃત કરવું: યાદ આપવું. **To P. up with**=સહન કરવું; ખમવું. **To P. upon**= કામ સોંપવું, નાંખવું. (કોઇ બીજા પર)-*n.* ગામડીઓ. 2. પાનાંની રમત.

Putative,*a.*(પ્યૂ'ટેટિવ્)Generally supposed; reputed. જગપ્રસિદ્ધ; લોકોમાં મનાતું, ગણાતું. [L. *puto,* I think.]

Putid,*a.* (પ્યૂ'ટિડ્) Rotten;decayed. સડેલું;હલકું

Putrefaction, *n.* (પ્યુટ્રીફૅ'ક્શન્)The state of being putrified. કોહેલું હોવું તે; બગાડ.

Putrefy, *vt.* (પ્યુ'ટ્રીફાઇ) To decay. કોહી નાંખવું. *vi.* કોહવાઇ જવું. [L *putrifacio,* I make rotten.]

Putrescent,*a.*(પ્યુટ્રી'સન્ટ)Becoming putrid. સડી જવું. કહોવું: ગંધાવું.

Putrid, *a.* (પ્યૂ'ટ્રિડ્) Decayed; corrupt; rotten. સડેલું કોહેલું; બગડેલું.

Putridness, *n.* (પ્યૂ'ટ્રિડનિસ્) Corruption. બગડી જવું તે; કોહવાણ.

Putridity, *n.* (પ્યૂટ્રિ'ડિટી) Corruption; the quality of being decayed. સડેલાપણું; કોહવાણ; કોહેલાપણું.

Putty, *n.* (પ'ટી) A very fine cement made of lime only used by plasterers. કાચ જડવાની, બેસાડવાની મળી.

Putty, *vt.* (પ'ટી) To cement with putty. મળી ચોટાડવી.

Puzzle, *vt.*(પ'ઝલ)To perplex;to embarrass. ગુંચવવું; મુંઝવવું; મુંઝવણમાં મુકવું. 2. To make intricate; to entangle. ગુંચવવું. *vi.* To be awkward.ગુંચવાડામાં પડવું.*n.*Embarrassment. ગુંચવણી.2 That which throws into confusion. ગુંચવણમાં નાંખે એવું કંઇ; સમસ્યા: કોયડો: ઉખાણો. **Puzzle-headed**=ગોટાળીયું; અસ્પષ્ટવિચારક. [L. *pose.*]

Pygmy, *a.*(પિ'ગ્મી)Pertaining or resembling a pygmy. વામનજી, વ્હેંતીઆ, બટાક જેવું, ને મળતું. 2 Dwarfish; very small. બટકું; ઘણુંજ ન્હાનું: ઠીંગણું; વ્હેંતીઉ. *n.* બટકો; ઠીંગણો માણસ; વ્હેંતીઓ માણસ; વામનજી.

Pyramid, *n.* (પિ'રૅમિડ્) A solid figure with a rightlined plane (triangle, square, etc.)

for base and with triangular sides which meet in a point at the top.જેનું તળીયું ત્રણ ખુણીઉં કે ચોરસ હોય તે અને જેની ટોચ અણીવાળી હોય એવો પદાર્થ; ઘાટ, ઇજીપ્તનો મિનારો;પિરામિડ. [Gk. *puramis*, probably of Egyptian origin.]

Pyramidal, *a.* (પીરૅ'મિડલ્) Pyramidical. પિરામીડના આકારનું, ને મળતું આવતું 2. ને વિષે.

Pyramidical, *a.* (પીરૅમિ'ડિકલ્) See. "**Pyramidal.**"

Pyre, *n.*(પાયર્)A pile to be burnt;a funeral pyre. ચિતા; મુડદાં બાળવાની ચ્હે.

Pyrexia, *n.* (પાયરે'ક્સિઍ) Fever. તાવ; જ્વર. (*n. pl.*) Pyrexiae.

Pyrites, *n.* (પિરા'ઈટિઝ્) A kind of mineral containing sulphur. અગ્નિપાષાણ; સુવર્ણમાક્ષિક; એક જાતની ગંધકવાળી ધાતુ.

Pyromancy, *n.* (પાયરૉ'મન્સી) Divination by fire. અગ્નિ ઉપરથી ભવિષ્ય ભાખવાની વિદ્યા.

Pyrometer,*n.*(પાયરૉ'મીટર્) An instrument for measuring temperatures higher than those which can be indicated by the ordinary thermometer. ઉષ્ણતામાપક યંત્ર; ગરમી માપવાનું થરમામીટર.

Pyrotechny,*n.*(પા'યરૉટેકની) ફુલકરણી; મેતાબ; આતશબાજી, હુનર.

Python, *n* (પા'યથન્)A snake that crushes its prey. એક જાતનો અજગર. 2. જાણીતું પ્રેત,દેવ; જેને આવતું હોય તે વ્યક્તિ; ભવિષ્ય કહેનાર; ભૂવો.

Pyx, *n.* (પિક્સ્) The chest at the British Mint in which sample standard coins are kept. બ્રિટિશ ટંકશાળમાં નમુનાના સિક્કા રાખવાની પેટી. 2. A book-case. પુસ્તક રાખવાની પેટી. **The Trial of the Pyx**=ટંકશાળમાંથી સિક્કા આપતાં પહેલાં તેનું તોલ થાય છે તે. [L. *pyxis*, a box.]

Q.

Q, (ક્યૂ) The seventeenth letter of the English alphabet. અંગ્રેજી મૂળાક્ષરનો સત્તરમો અક્ષર-*n.* Reverse.વિરૂદ્ધ,ઉલટી બાજુ **Q-boat**= mystery ship. **Q-departnent**=નૌકા,લશ્કર સંબંધી બાતમી મેળવનાર ખાતું.

Qua, *conj.* (ક્વે.) In the capacity of. તરીકે.

Quack, *n.* (ક્વૅક્) Sound made by ducks. બતકનો તક્તક્ અવાજ. 2.Pretender;charlatan. ઢોંગી; ઉંટવૈદ; ઠગ.-*vi.* Utter quack. બતકની જેમ બોલવું. Talk boastingly. મૂર્ખી વાતો કરવી; બડાઈ હાંકવી,મારવી;ઢોળ કરવો.**Quackery**,-*n.* (ક્વૅ'કરી) ખોટા ઢોંગ; ઉંટ વૈદું.

Quadragenarian, *a.* (ક્વૅાડ્રજીને'રિઅન્) ચાલીસથી ઓગણપચાસ વર્ષનું -*n.*A person from 40 to 49 years old. ૪૦થી ૪૯ વર્ષનું માણસ.

Quadrangle, *n.* (ક્વૅા'ડ્રૅન્ગલ્) Square or rectangle.સમચોરસ;લંબચોરસ;-*a.*ચાર બાજુવાળી આકૃતિનું,ચતુષ્કોણ.2 A courtyard; a compound. ચોરસ, લંબચોરસ મેદાન.-°**gular**,(ક્વૅાડ્રૅ'ન્ગ્યુલર્) ચતુષ્કોણ આકૃતિનું.મેદાન જેવું;ચોખંડું. [L.*quadri*, four.]

Quadrant, *n.* (ક્વૅા'ડ્રન્ટ્) Quarter; fourth part of circumference; circle or sphere. પરિઘ, વર્તુલ કે ગોળનો ચોથો ભાગ, પાદ. 2. An instrument for measuring angles. ખુણા માપવાનું ઓજાર. 3.An instrument for taking elevation. સૂર્યયંત્ર; તારા વગેરેની ઉંચાઈ માપવાનું યંત્ર. [L. *quadrans*, a fourth part.]-*a.*-°**tal**, (ક્વૅાડ્રૅ'ન્ટલ્) તેને લગતું.

Quadrat, *n.* (ક્વૅા'ડ્રિટ્) Small block used by printers in spacing. કોરી જગ્યા રાખવા માટે વપરાતો કટકો, બીબું; ચોરસ, લંબચોરસ ટુકડો, ઓઢું.

Quadrate, *a.* (ક્વૅા'ડ્રિટ) Four-sided.ચોરસ; લંબચોરસ.-*n.* ચોખંડું હાડકું, સ્નાયુ. 2. વર્ગાત્મક; બંધબેસતું-*vi.* To adjust; to suit. બંધબેસતું થવું, કરવું.

Quadratic, *a.* (ક્વૅાડ્રૅ'ટિક્) Involving the square power. વર્ગાત્મક-*n.* વર્ગાત્મક સમીકરણ; વર્ગ. (*pl.*) Algebra dealing with quadratics. વર્ગાત્મક બીજ, અક્ષર ગણિત.

Quadrature, *n.* (ક્વૅા'ડ્રૅચર) The reducing of a figure to a square. અમુક આકૃતિના ક્ષેત્રફળની બરોબર ચોરસ કાઢવો તે.

Quadrennial, *a.* (ક્વૅાડ્રે'નિઅલ્) Coming every fourth year. ચતુર્વાર્ષિક; ચાર ચાર વર્ષે બનતું; થતું [L.*quator*,four & *annus*,a year.]

Quadrilateral,*a* (ક્વૅાડ્રિલૅ'ટરલ્)Four-sided. ચાર બાજુવાળું; ચતુષ્કોણ; ચોખંડું.

Quadrille, *n.* (કડ્રિ'લ્) A square dance or music for it; an old card game. ચોરસનાચ, હીંચ; તેનું સંગીત, નિનાદ; એક જાતની પત્તાંની, ગંજીફાની રમત.

Quadrillion, *n.*(ક્વૅાડ્રિ'લિઅન્)The fourth power of a million. (૧૦૦૦૦૦૦)⁴; મહાપદ્મ× મહાપદ્મ; એક ઉપર ૨૪ મીંડા લગાડવાથી થતી સંખ્યા; પરાર્ધ×એક કોટિ, કરોડ.-°**rinomial**, ચતુષ્પદ.-°**partite**, ચાર ભાગવાળું.-°**reme**, હલેસાંની ચાર હારવાળું વહાણ.

Quadroon, *n.* (ક્વૅાડ્રૂ'ન્) Mulatto. જેના લોહીમાં ¼ સીદી અને બાકી ગોરાનું લોહી હોય તેવું; સીદી અને ગોરાનું સંતાન.

Quadrumanous, (ક્વૉડ્રુ'મનસ્) Four-handed. વાંદરાની જેમ ચાર હાથવાળું; ચતુર્ભુજ.

Quadruped, *n.* (ક્વૉ'ડ્રુપિડ્) Four-footed animal. ચોપગું પ્રાણી; પશુ-*a.* ચોપગા જેવું, ને લગતું-°**dal,** *a.*

Quadruple, *a. n. v.* (ક્વૉ'ડ્રુપલ્) Four-fold. ચોગણું; ચારગણું; ચોગણું; ચાર ભાગ, પક્ષનું; ચોમણી સંખ્યા, જથ્થો.Multiply;increase or exceed by four times. ચારે ગુણવું;ચારગણું વધારે થવું, હોવું, કરવું.

Quadruplicate, *vt.* (ક્વૉડ્રૂ'પ્લિકેટ્) To double twice; to make four-fold. ચોગણું, ચારગણું કરવું. [L. *quatuor*, four & *plico*, I fold.]

Quaff, *vt.* (ક્વૉફ્) To drink; to swallow in large draughts. સ્વાદથી પીવું,ગટગટાવવું;ઠાંસી જવું.-*vi.* To drink luxuriously. મઝેથી પીવું; ગટગટાવવું. [Gk. *quo*, I hold.]

Quaggy, *a.* (ક્વૅ'ગી) Of the nature of a quagmire. પગ પેસી જાય, ખૂંચી જાય એવું નરમ, પોચું.

Quagmire, *n.* (ક્વૅ'ગમાયર)Soft, wet land. પગ પેસી જાય, ખુંચી જાય એવી નરમ જમીન; પોચી જમીન; કાદવ.

Quail, *vt.* (ક્વેલ્) To sink; to subdue; to crush; to depress. કચરી નાંખવું; છુંદી નાંખવું-*vi.* To curdle. ઠરી થવું; જામી જવું. 2. To die or perish. મરી જવું.-*n.* A gallinaceous bird, closely allied to the partridges.લાવરી.

Quaint, *a.* (ક્વેન્ટ્) Nice. સુંદર. 2. Artful. અક્કલદાર; સુંદર; કળાવાળું. 3. Elegant. છટાદાર. 4. Affected. વિચિત્ર [L. *cognitus*, known.]

Quake, *vi.* (ક્વેક) To shake;to tremble; to shudder. ધ્રુજવું; કંપવું-*vt.* To cause to shake. ધ્રુજાવવું; કંપાવવું-*n.* A shake; a trembling. ધ્રુજારો; કંપારી.

Quaker, *n.* (ક્વે'કર) One that quakes. ધ્રુજનાર; કંપનાર. 2. One of the religious sect called *Friends*. ખ્રિસ્તી ધર્મ,ફ્રેન્ડ,નો પંથ.

Quaking, *n.* (ક્વે'કિંગ્) A shaking; a shuddering;a trembling.ધ્રુજારો;કંપારો;થરથરાટ -*a.* Shaking. કંપતું; ધ્રુજતું; થરથરતું; ફ્ફડતું.

Qualification, *n.* (ક્વૉલિફિકે'શન્) The act of qualifying. યોગ્ય કરવું તે.2. Requisite capacity. યોગ્યતા; પાત્રતા; ગુણ; લાયકાત-કી.

Qualified, *a.* (ક્વૉ'લિફાઇડ્) Fitted by accomplishments or endowments. યોગ્ય; ગુણવાળું; લાયકાતવાળું; પાત્ર.

Qualify, *vt.* (ક્વૉ'લિફાય્) To limit by exceptions. સુધારા વધારાથી બાંધી લેવું. 2. To restrict. ફેરફાર, અદલાબદલ કરવું; કમી, ઓછું કરવું. 3. To fit; to make capable. યોગ્યતા આપવી; ગુણ, લાયકી દર્શાવવી. 4. To assuage. ઓછું કરવું; કમી કરવું. [L. *qualis*, such & *facio*, I make.]

Quality, *n.* (ક્વૉ'લિટી) Property. માલમત્તા. 2. Virtue or vice. ગુણદોષ. 3. Disposition; temper. સ્વભાવ. 4. Rank. દરજ્જો; પદ્દવી. 5. Character. ચાલચલગત; ગુણદોષ. 6. Accomplishment. સિદ્ધિ. [L. *qualis*, such.]

Qualm, *n.* (ક્વૉમ્) Uneasiness. બેચેની. 2. Sickness. મંદવાડ. 3. Death. મરણ. 4. Pain. દુઃખ; વેદના. 5. Vomit. ઉલટી; ઓકારો.

Qualmish, *a.* (ક્વૉ'મિશ) Inclined to vomit. ઉલટી કરાવે એવું; હીબકો ખવરાવે એવું. 2. Sick at the stomach; misgiving. પેટમાં દરદ થએલું; પશ્ચાતાપ, આનાકાની કરતું.

Quantity, *n.* (ક્વૉ'ન્ટિટી) A portion or part. ઢગ;ઢગલો;ભાગ 2.Measure. પ્રમાણ; માપ. 3. Amount. જથ્થો. 4. (In math.) રાશિ;મુદ્દલ. Known Q.=વ્યક્ત રાશિ;જાણીતી રકમ.Unknown Q.=અવ્યક્ત રાશિ; અજાણી રકમ. A positive Q.=ધન રાશિ. A negative Q.=ઋણ રાશિ. [L. *quantus*, how great.]

Quantitative, *a.* (ક્વૉ'ન્ટિટે,ટિવ) પરિમાણ, માત્રા પ્રમાણે કાઢેલું, કરેલું; જથ્થાબંધ.

Quantum, *n.* (ક્વૉ'ન્ટમ્) The amount; the quantity. પ્રમાણ; ઇયત્તા; કિયત્તા; રકમ. 2. A definite portion. કલ્પિત,અમુક, જોઇતો,ભાગ.

Quarantine, *vt.* (ક્વૉ'રન્ટિન્) To prohibit from intercourse with a city. શહેરની સાથે સંબંધ અટકાવવો;ચેપ સબબ પેસવા ન દેવું,તપાસવું. *n.*A space of forty days.ચાલીસ દિવસની મુદત. 2. A place where prohibited ships are kept. અટકાવેલાં વહાણો રાખવાનું સ્થળ.

Quarrel, *n.* (ક્વૉ'રલ) A dispute; a contest. લડાઇ; કજીઓ; કંકાસ; ટંટો. 2. Objection. વાંધો; હરકત. 3. An arrow with a square head. ચોરસ અણીવાળું તીર. 4. A diamond-shaped pane of glass. હીરાકણી. *vi.* To dispute. વાંધો, ઝગડો ઉઠાવવો. 2. To squabble. બોલાચાલી કરવી. 3. To find fault. વખોડવું; નિંદા કરવી. *vt.* To quarrel with. ઝઘડો કરવો. **To pick a Q.**= લડાઇ હોરી લેવી.

Quarrelsome, *a.* (ક્વૉ'રલ્સમ્) Irascible; petulant. ટંટાખોર; કજીઆખોર; વઢવાડીઉં; ફીસાદ કરનારૂં.

Quarry, *n.* (ક્વૉ'રી)A place where stones are taken out from the earth. પત્થરની ખાણ. 2. A heap of game killed.મારી નાંખેલાં

પ્રાણીનો ઢમલો.–*vt.*To take out from a quarry. ખોદી કાઢવું.–*vi.* શિકાર કરવો. [L. *quadratus*, a square.]

Quart, *n* (ક્વૉર્ટ્) Two pints; the fourth part of a gallon. બે પાઈન્ટ; એક ગૅલનનો ચોથો ભાગ; આશરે બે સુરતી શેર; બશેર.2.The fourth part. ચોથો ભાગ. [L. *quartus.*]

Quarter, *n.* (ક્વૉ'ટર્) The fourth part. પા; ચોથો ભાગ; હિસ્સો; ચોથીઉ; એક ચતુર્થાંશ. 2. ૨૮ પૌંડ; એક ક્વૉટર. 3. A division of a town or city. પરૂં; મહોલ્લો; લત્તો; ફળીયું. 4. (*pl.*) The place or lodging. ઉતારો; મુકામ; પડાવ. 5. Treatment shown to an enemy. વેરી, શત્રુ તરફનું વર્તન 6. Proper station. મુકામ; રહેવાનું સ્થાનક. 7. A country.દેશ;પ્રદેશ. 8. A point of the compass. દિશા.**To ask Q.**=ને શરણે જવું, તાબે થવું. **Close Q.**= Quite near to each other. તદ્દન પાસે,નજીક. **Q. of a rupee**=પાવલું;પાવલી **To give Qs. to**=જીવતદાન,શરણ આપવું.**Head.Q.**= મુખ્ય સરદારનો તંબુ કે પડાવ;મથક.–*vt.*To divide; to separate into parts. ભાગ પાડવા; નોખું, જુદું પાડવું. 2. મુકામ કરવો–*vi.*To lodge.ઉતરવું; મુકામ કરવો; પડાવ નાંખવો.

Quarterly, *adv.* (ક્વૉ'ટર્લી) Consisting of a fourth part. ચોથા ભાગનું.–*n.* A work published once in a quarter of a year. ત્રિમાસિક ચોપાનીઉં.

Quarter-master, *n.*(ક્વૉ'ટર્-માસ્ટર)One who has to provide the army with quarters. સીપાઇઓનો રહેવા ખાવાપીવા વગેરેનો બંદોબસ્ત રાખનાર અમલદાર.

Quarto, *n.*(ક્વૉ'ટો)A size made by twice folding a sheet, which then makes four leaves. એક તાવનાં ચાર પાનાં (આઠ) કર્યાંથી થએલી ચોપડી. [L. *quartus* the fourth.]

Quartz, (ક્વૉ'ર્ટ્ઝ્) Rock-crystal. કાચમણિ.

Quash, *vt.* (ક્વૅશ્) To crush; to subdue. કચરી, છુંદી નાંખવું. 2. To abate. નામંજુર કરવું; રદ, બાતલ કરવું [L.*quasso*, I shake violently.]

Quasi, (ક્વે,સિ) As if. જાણે કે; સદૃશી; મળતું.

Quassation, *n.* (ક્વૅસે,'શન્) The state of being shaken; concussion. ધ્રુજવું તે; આંચકો; ધ્રુજારો; ધક્કો. [L. *quasso*, I shake.]

Quaternion, *n.*(ક્વૅટર્'નિઅન્)The number of four. ચાર; ચોકડી.2.A file of four soldiers. ચાર સીપાઈની ટુકડી.3.A word consisting of four syllables.ચાર સ્વર,પદનો શબ્દ.-*vt.*ચાર ભાગ પાડવા.

Quatrain,*n.*(ક્વૉ'ટ્રિન્)Four-line stanza.ચાર લીટીવાળી કડી.

Quaver, *vi.* (ક્વે,'વર્)To tremble;to vibrate. થરથરવું; ધ્રુજવું;કંપવું.2.To shake the voice.થરથરતું બોલવું,અવાજ કાઢવો.–*vt.*થરથરતું,ધ્રુજતું બોલવું.

Quay, *n.* (કી) A landing place; a wharf for loading and unloading ships. ડક્કો; બંદર; ઘાટ; ઓવારો; આરો.

Quayage, *n.* (કી'ઇજ્) Wharfage. બંદરનું ભાડું; ડકા, ઓવારા વેરો.

Queachy, *a.* (ક્વી'ચી) Trembling;shaking; shuddering. ધ્રુજતું; થરથરતું; કંપતું.

Queasy, *a.* (ક્વી'ઝી) Inclined to vomit. ઉલટી કરાવે એવું; ઉલટીના દરદવાળું. 2. Delicate. નાજુક; સૂક્ષ્મ; મુલાયમ.

Queen, *n.* (ક્વીન્) The consort of a king. રાજપત્ની; રાણી; રાજ્ઞી. 2. A woman who is the sovereign of a kingdom. રાજ ચલાવનારી સ્ત્રી; રાણી. 3. (Among bees). મધમાખીઓની રાણી. 4. (in chess). પ્રધાન; વજીર; રાણી. 5. A female pre-eminent among others. શિરોમણિ; મુખ્ય.**Q. dowager**=The widow of a king. મૈયત રાજાની રાણી;રાજાની વિધવા રાણી. **Q. mother**=રાજમાતા.**Q.'s-metal**=કાંસું.**Q. of Heaven**=મેરી.*vi.*To play the queen.રાણીની માફક વર્તવું, ચાલવું.

Queenly, *a.* (ક્વી'ન્લી) Suitable to a queen; becoming a queen. રાણીના જેવું; રાણી યોગ્ય; રાણીને શોભે એવું.

Queer, *a.* (ક્વી,ર્) Quaint; odd; singular; open to suspicion. વિલક્ષણ; વિચિત્ર; અદ્ભુત; તરેહવાર; અજાયબ જેવું. [L. *torquio*, I twist.]

Queerness, *n.* (ક્વી,'ર્નિસ્) Peculiarity; oddity. વિચિત્રતા; અદ્ભુતતા.

Quell, *vi.* (ક્વેલ્) To abate; to die. મરી જવું. *vt.* To reduce to peace; to pacify. શાન્ત પાડવું; નરમ કરવું; દબાવી દેવું. 2. To crush; to subdue. સમાવવું; શાન્ત પાડવું. 3. To put to death. મારી નાંખવું.

Quench, *vt.* (ક્વેન્શ્) To put out. હોલવવું; ઓલવવું;ઠારવું. 2. To still;to quiet. શાન્ત પાડવું, કરવું. 3. તરસ મટાડવી, છીપવી.–*vi.* To cool; to become cool. શાન્ત, નરમ થવું. [A. S. *cuencan*, to extinguish.]

Quenchable, *a.* (ક્વે'ન્શબલ્)That may be extinguished. ઓલવાય એવું.

Quencher, *n.* (ક્વે'ન્શર્) That which extinguishes. ઓલવનાર; મટાડનાર.

Querist, *n.* (ક્વી,'રિસ્ટ્) One who inquires. પૂછપરછ કરનાર; સવાલ પુછનાર.

Querulous, *a.* (ક્વે'રૂલસ્) Murmuring. બડબડતું; ગણુગણુતું. 2. Complaining.ચાડીચુગલી ભરતું. [L. *quero*, I complain.]

Query, *n.*(ક્વી,'રી A sign of interrogation. સવાલચિહ્ન. 2.A question;an inquiry તપાસ; પુછપરછ;પ્રશ્ન પુછવો તે. *vi.*To ask a question. સવાલ, પ્રશ્ન પુછવો. *vt.* To examine by questions. સવાલ પુછીને પરીક્ષા કરવી. 2. To doubt of. સંદેહ રાખવો.

Quest, *vt.* (ક્વેસ્ટ) To seek for. નું સંશોધન કરવું.–*vi.* To go in search. શોધ કરવી.–*n.* Search; inquiry; examination. શોધ; તપાસ; પરીક્ષા; ખોળ. 2. Solicitation; request.વિનંતિ; ખેંચ; ઇચ્છા.

Questant,*n.* (ક્વે'સ્ટન્ટ્) A seeker શોધનાર; ખોળ કરનાર.

Question, *n.* (ક્વે'સ્ચન્) The act of asking; an interrogatory. પુછવું તે; પુછપરછ. 2. Inquiry; disquisition. શોધ; પુછપરછ. 3. Trial; examination. પરીક્ષા. 4. Dispute or subject of debate. વાદવિવાદ; તકરાર;વાદવિષય. 5. Doubt. સંદેહ; સંશય; શંકા.–*vi.* To ask a question. તપાસ કરવી; સવાલ પુછવો.–*vt.* To doubt of;to be uncertain of.સંશયમાં નાંખવું. **Out of the Q.** =Not worth considering. અશક્ય;બને નહિં એવું. **To call in Q.** =To express doubt about. સંશય લાવવો; તકરાર ઉઠાવવી **A leading Q** =સૂચક, મુખ્ય સવાલ. [L. *quœstio*, I seek.]

Questionable, *a.* (ક્વે'શ્ચનબલ્) Doubtful; disputable; uncertain. શકભરેલું; વાંધાવાળું; અચોકકસ.

Questionary, *a.* (ક્વે'શ્ચનરી) Inquiring; asking questions. તપાસ કરતું; સવાલ પુછતું.

Questionless, *a.* (ક્વે'સ્ચનલિસ્) Doubtless; beyond any doubt or question. અસંશયવાળું; અતકરારી.

Quibble, n. (ક્વિ'બલ્) A shuffling use of words; an evasion. બ્હાનું; ફાંફાં મારવાં તે; ગલ્લાંતલ્લાં; ખાલી શબ્દચાતુરી. *vi.* To pun. યુક્તિથી ઉડાવી દેવું; આડું બોલવું; દ્વિઅર્થી કહેવું.

Quibbler, *n.* (ક્વિ'બ્લર્) A punster; an evader. આડું બોલનાર; ખોટું બ્હાનું આપીને છટકી જનાર.

Quick, *a.* (ક્વિક્) Swift; active; nimble. ઉતાવળું; ચપળ. 2. Speedy. ઉતાવળું; ત્વરાવાળું. 3. Alive=જીવતું; સચેત; સજીવન. 4. Quick with child=pregnant. ગર્ભવંતું.–*adv.* Hastily; speedily, ઉતાવળથી; ઝડપથી. *n.* A living animal. જીવ જંતુ. 2. Sensible parts. મર્મ સ્થલ. 3. A hedge. વાડ. *vt.* To make alive. સજીવન કરવું.–*vi.* To become alive. સજીવન થવું. **To touch to the Q.**=ઝાળ લગાડવી. **Q. with child**=Pregnant. સગર્ભા.

Quicken, *vt.* (ક્વિ'કન્) To hasten. ઉતાવળ, ઝડપ કરવી. 2. To incite. ઉત્તેજન આપવું; ઉશ્કેરવું. જાગૃત કરવું. 3. To make alive. સજીવન, પ્રદીપ્ત કરવું. *vi.* To become alive. જીવતું થવું. 2. To move with rapidity or activity.ઉતાવળથી ચાલવું.

Quick-lime, *n.* (ક્વિ'ક્-લાઇમ્) Unslaked lime. કળીચુનો.

Quickly, *adv.* (ક્વિ'કલી) Hastily; soon; without delay જલ્દી; ઉતાવળથી; ઝડપથી.

Quickness, *n.*(ક્વિ'કનિસ્)Speed; velocity. ઉતાવળ; ઝડપ; ત્વરા. 2. Activeness; promptness. ચપળતા; ચાલાકી. 3. Acuteness of perception. હોંશીયારી; તીવ્રતા.

Quick-sighted, *a.* (ક્વિ'ક્સાઇટિડ્)Having quick discernment. બારીક, તીવ્ર નજરનું.

Quick-silver, *n.* (ક્વિ'ક-સિલ્વર)Mercury. પારો.

Quick-witted, *a.* (ક્વિ'ક્-વિટિડ્) Having ready wit. તીક્ષ્ણ બુદ્ધિનું; હાજર જવાબી.

Quid, *n.* (ક્વિડ્) પાઉન્ડ; સોના મ્હોર; તમાકુનો લોંદો, ગઠ્ઠો.

Quiddity, *n.* તત્ત્વ; ઉડાઉ જવાબ; ગલ્લાં.

Quidnunc, *n.* સમાચારીયો; ખબરખાં;વાતુડીયો.

Quiescence-cy, *n.* (ક્વાએ'સન્સ–ન્સી) Rest;repose;silence. શાન્તિ; સ્થિરતા. 2. નિશ્ચલતા.

Quiescent, *a.* (ક્વાએ'સન્ટ્)Resting; silent. સ્થિર; શાંત; નિશ્ચલ. *n.* A silent letter, જેનો ઉચ્ચાર ન થતો હોય એવો અક્ષર.

Quiet, *n.* (ક્વા'યટ્) Stillness; rest. સ્થિરતા; અચલપણું. 2. Peace. શાન્તિ; સલાહ. *a.* Still; calm. સ્થિર; અચલ. 2. Smooth. લીસું. 3. Unmolested; undisturbed. શાંત; ગુપચુપ. 4. Gentle. નરમ; ગરીબ. *vt.* To stop motion; to still. સ્થિર કરવું. 2. To calm. છાનામાના કરવું;શાન્ત પાડવું.*vi.*To become calm.શાન્ત થવું.

Quietism, *n.* (ક્વા'અટિઝમ્) Stillness; calmness. સ્થિરતા; અચલતા; વિરાગ.

Quietist, *n.* (ક્વા'યટિસ્ટ્) One of a sect of mystics originated by Molino. નિવૃત્તિ માર્ગ; વેદાન્તી; વિરાગી.

Quietly, *adv.* (ક્વા'યટલી) Without tumult. ઘોંઘાટ વગર; ગુપચુપ; મુંગે મ્હોડે. 2. Peaceably. સલાહશાન્તિથી; સ્વસ્થપણે. 3. Calmly. હળવે હળવે; ઠંડે પેટે; ધૈર્યથી.

Quietude, *n.* (ક્વા'યિટ્યુડ્) Quiet; tranquillity. નિરાંત; શાંતિ.

Quill, *n*. (ક્વિલ્) The large, strong feather of a bird. પીછું; સીસોળીઉં. 2. The instrument of writing. કલમ. 3. A spindle. ત્રાક. 4. The instrument with which the musicians strike the strings of instruments. મનુષ; દાંડી; કામઠું. 2. ભુંગળી. વાંસળી. *vt*. To wind on a quill. ચાક પર વીંટાળવું. **Q.-driver**=One who writes with a quill. લખનાર; કારકુન.

Quilt, *n*. (ક્વિલ્ટ્) A coverlet; padding. ચાદર; ગોદડું; રજાઈ; ગાદલું. *vt*. ગાદી; ગાદલું બનાવવું. [L. *culcita*, a cushion.]

Quinary, *n*. (ક્વા'યૂનરી) Consisting of five. પાંચ પાંચનું; પંચક.

Quince, *n*. (ક્વિન્સ્) A kind of fruit. સફરજન **Q.-seed**=બિહદાણા.

Quincunx, *n*. (ક્વિ'ન્કન્ક્સ્) ચતુષ્કોણ, પાંચ વસ્તુ, વ્યકિતનું મધ્ય અને ચાર ખુણાનાં બિંદુ.

Quinine, *n*. (ક્વિનિ'ન્) A bitter drug got from cinchona bark. કોયલીન; ક્વીનાઈન.

Quinquennial, *a*. (ક્વિન્ક્વે'નિઅલ્) Coming every fifth year. પંચવાર્ષિક-*n*. °**ium**. પંચ વર્ષ; પાંચ વર્ષનો સમય.

Quinsy, *n*. (ક્વિ'ન્ઝી) An inflammation of the tonsils. કંઠમાળ; ગંડમાળ. [L. *cynanche*]

Quintessence, *n*. (ક્વિન્ટે'સન્સ્) Essence. અર્ક; સત્વ; કસ; સાર-*vt*. અર્ક, સત્વ કાઢવું.

Quintuple, *a*. (ક્વિ'ન્ટ્યુપલ્) Fivefold; containing five times the amount. પાંચ ગણું; પાંચપટ; પાંચવડું-*vt*. To make five fold. પાંચગણું, વડું કરવું.

Quip, *n*. (ક્વિપ્) A taunt. મ્હેણું; ટોણું; દાઢમાંથી બોલેલું વચન. *vt*. To taunt. મ્હેણું મારવું; દાઢમાંથી બોલવું.

Quire, *n*. (ક્વાયર્) A body of singers; a chorus. ગાનારાઓનું મંડળ, ટુકડી. 2. A collection of paper containing 24 sheets. એક ઘા; ઘાયો; દસ્તો. 3. The part of a church where prayers are sung. કવિતા ગાવાનો ઓરડો;પ્રાર્થના મંદિર,ખંડ.*vt*.To sing unanimously.સાથે ગાવું.

Quirk, *n*. (ક્વર્ક) A taunt. મ્હેણું; ટોણું; મર્મ વચન 2. A quibble. ઉડાવણી; છટકી જવું તે. 3 A short turn. ફેર; ચક્કર.

Quit, *vt*. (ક્વિટ્) To leave; to free; to clear. માંથી મુક્ત કરવું; છોડી દેવું; ત્યાગ કરવો. 2. To carry through. છેડો, અંત લાવવો; પૂરે કરવું. 3. To requite. બદલો વાળવો. To Q. cost=ખરી આપવું. *vi*. To go away. જતાં રહેવું. *a*. Absolved; free; clear. મોકળું; છૂટું [Fr. *quitter*.]

Quite, *adv*. (ક્વાઈટ્) Completely; entirely; totally. છેક; તદ્દન; બિલકુલ; કેવળ; નરમદ. 2. Very ઘણું; તદ્દન. A rent by which a tenant is discharged from other service. ભાડું.

Quitrent, *n*. (ક્વિ'ટ્રૅન્ટ્) સરકારને ગણોત ભરતાં જાગીરદાર બીજી બધી ચાકરી કરવાથી છુટો થાય એવું ગણોત.

Quits,*n*.(ક્વિટ્ઝ્)Equal terms.બરાબરી;સરખાઈ; બરપાઈ; સરભર.

Quittal, *n*. (ક્વિ'ટલ્) Repayment; return. બદલો; પાછું વાળવું તે.

Quittance, *n*. (ક્વિ'ટન્સ્) Recompense; return. બદલો; દેવામાંથી છુટકારો.

Quiver, *n*. (ક્વિ'વર્) A case or sheath for arrows. બાણનું ભાથું, ગંઢ.-*a*. Active;nimble; smart. ચંચળ; ચાલાક; હોશીઆર; ચપળ.-*vi*. To shake. ધ્રુજવું; તરવરવું.

Quixotic,*a*.(ક્વિક્સૉ'ટિક્)Like Don Quixote; romantic to extravagance. ડૉં ક્વિક્સોટ જેવું; અદ્ભુત વૃત્તિનું; હવાઈ ખ્યાલવાળું.

Quiz,*n*.(ક્વિઝ્) An enigma;a riddle. ઉખાણો.-*vt*. To puzzle.ગુંચવી નાખવું.-*a* **Quizzical**= મશ્કરૂં; મશ્કરી કરનારૂં.

Quoin, *n*. (કૉઇન્) A sharp corner. ઝીણો ખુણો. 2. ફાચર.

Quondam,*a*.(ક્વૉં'ન્ડૅમ્)Sometime; former. માજી; ભૂતપૂર્વ.

Quorum, *n*.(ક્વો'રમ્)A special commission of justice.ન્યાયમંડળી.Necessary number.કામ ચલાવી શકાય એટલા સભાસદોની હાજરી, મંડળી.

Quota, *n*. (ક્વો,'ટા) A proportional part or share. પાંતી; ભાગ; હિસ્સો.

Quotation, *n*. (ક્વો'ટે,શન્) The act of quoting; a passage cited.ઉતારો. **Q.mark**= અવતરણ ચિહ્ન ("–").

Quote, *vt*. (ક્વો,ટ્) To cite. બીજા ગ્રંથકર્તાનું વાક્ય બોલવું, ઉતારી લેવું.

Quoth, *pp*. (ક્વો,થ્)Uttered;said.બોલ્યો; કહ્યું.

Quotidian, *a*. (ક્વોટિ'ડિઅન્) Daily.રોજનું-*n*. રોજ આવતો તાવ.

Quotient,*n*.(ક્વો,'શન્ટ્) The number resulting from the division on one number by another. ભાંગાકાર; ભાંગાકારનું ફળ, જવાબ; ભંજનફળ. [L. *quoties*, how often.]

R

R, (આર્) The eighteenth letter of the English alphabet, is a consonant. અંગ્રેજી મૂળાક્ષરનો અઢારમો અક્ષર; ગુજરાતીમાં એનો

ઉચ્ચાર "ર્" થાય છે. **Three R's**=Reading, writing and arithmetic. વાંચન, લેખન અને ગણિત.

Rabbate, *vt.* (રૅ'બે,ટ્) To lessen ઓછું-કમી ક૦ *n.* Lessening ઘટાડો; ઓછું કરવું તે; ન્યૂનતા.

Rabbet, *vt.* (રૅ'બિટ્) To groove. ખાંચ પાડવી; ખોભણ પાડવા. *n.* A longitudinal groove. ખોભણું; ખાંચ.

Rabbi, *n.* (રૅ'બિ) A learned doctor. (યાહુદી લોકમાં) વિદ્વાન માણસ; શાસ્ત્રી; પંડિત; સ્વામી.

Rabbinic, *a.* (રૅબિ'નિક્) Pertaining to Hebrew language or Jewish scholars. યાહુદી લોકોની ભાષા-તેઓના વિદ્વાન માણસોનું-વિષે.

Rabbit, *n.*(રૅ'બિટ્)A hare. શશક; સસલું; સસો.

Rabble, *n.* (રૅ'બલ્) A disorderly crowd. તોફાની ટોળું-લોકોનું ઝુંડ. **The R.**=હલકા વર્ગના માણસ. *a.* About a mob. હુલ્લડખોર લોકોનું-વિષે. *vt.* To assault in a disorderly crowd. ટોળામાં એકઠા થઈ હુલ્લડ મચાવવું.-*n.* **Rabblement.** તોફાન.

Rabid, *a.*(રૅ'બિડ્) Excessively enthusiastic. હદપાર ઝનુની; દિવાનું; ઘેલું. 2. Affected with rabbies; mad (dog). હડકાયેલું; હડખવાનું. [L. *rabio,* I rave.]

Race, *n.* (રે,સ્) Progeny; descendants. ઓલાદ; વંશ; જાત; કુળ; નસલ; પ્રજા 2. Rapid progress. ઉતાવળી ચાલ; ઝડપદાર ગતિ-વેગ. 3. Running together in competition (as horses). શરત-હોડ. 4. *pl.* The meeting at race-time. શરતોમાં આવેલા માણસ વગેરે. **Race course** શરતનું કુંડાળું, મેદાન. *vi.* To run swiftly, as in a race. ઝડપથી દોડવું; શરતમાં ભાગ લેવો. *vt.* To drive swiftly. ઝડપથી દોડાવવું. [It. *razza,* a rush.]-*a.* **Racial.**

Raceme, *n.* (રૅસી'મ્) Cluster of flowers. ફૂલનો તુરો-ગુચ્છો. ઝુમખો [L. *racemus,* a bunch.]

Racer, *n.* (રે',સર્) A race-horse, yacht or vehicle. શરતનો ઘોડો, હોડી, ગાડી.

Rack, *n.* (રૅક્) An instrument of torture. ગુન્હો કબુલ કરાવવા સારૂ માણસને રીબાવવાનું એક જાતનું યંત્ર. 2. A frame. ચોકઠું; ઘોડી. 3. Anguish અતિવેદના; મહાદુ:ખ. 4. Ruin. પાયમાલી; વિનાશ. **To go to rack and ruin**=નું સત્યાનાશ વળવો. *vt.* To remove the dregs from. માંથી કચરો-કીટ કાઢી નાંખવો. *vi.* To be ruined. પાયમાલી થવી. **To be on the rack**= અતિવેદના સહન ક૦. **To live at rack and manger**=પારકે પૈસે પરમાનંદ ક૦. **To put to the rack**=દુ:ખ દેવું; રીબાવવું. 2. To stretch. ખેંચવું, તાણવું. 3. To oppress. સતાવવું, જુલમ ગુજારવો. **To rack one's brains or wits**=માથું ખંજવાળવું; માથાકુટ કરવી; ખુબ વિચાર કરવો.

Rack-rent, *n.*(રૅ'કરેન્ટ્) વાજબી ભાડા કરતાં જરા વધારે ભાડું, ગણોત.

Racket, *n.* (રૅ'કિટ્) A skate or snow-shoe. બરફ પર ચાલવાનો જોડો. 2. A tennis bat. ટેનિસ રમવાનું બૅટ. *vt.* To strike with a racket. બૅટથી મારવું. *n.* Clamour. ગરબડ; ઘોંઘાટ. *vt.* To make noise. ગરબડ, ઘોંઘાટ કરી મુકવો. *a.* **Rackety.** ઘોંઘાટીઉં; ગડબડીઉં.

Racking, *a.*(રૅ'કિન્ગ્)Very unhappy. પીડિત; અતિદુ:ખી.

Racy, *a.* (રે,'સી) Characteristic; having traces of origin. ખાસ; અસલ; મૂલગામી, ગંધી; રસિક; રસોત્પાદક. 2. Pungent. જોસદાર; તીખું; તમતમું.

Radiance, *n.* (રે'ડિયન્સ્)Lustre; brilliancy; splendour. પ્રભા; તેજ; પ્રકાશ; કાંતિ; દીપ્તિ; ચળકાટ.

Radiant, *a.*(રે'ડિઅન્ટ્) Emitting or darting brilliant rays. કિરણવાળું; પ્રકાશિત; તેજોમય; ચકચકિત; તેજસ્વી. *n.* Point of lustre. તેજ પુંજ; પ્રકાશજનક બિંદુ, સ્થાન.

Radiate, *vi.* (રે'ડિએ,ટ્) To throw out rays. પ્રકાશવું; કિરણ ફુટવાં, પડવાં. *vt.* To diffuse. પ્રસારવું, ચોતરફ ફેલાવવું. 2. To illuminate. પ્રકાશિત, તેજસ્વી કરવું; તેજોમય બનાવવું *a* Diffusing rays. મધ્યબિંદુ-માંથી કિરણ નીસરતાં હોય એવું; પ્રકાશપ્રચારક.

Radiation, *n.* (રેડિએ,'શન્) Emission or diffusion of the rays of light, heat &c. from a body. કિરણોનું ચોતરફ ફેલાવવું તે; પ્રકાશ; બિમ્બ, ઉષ્ણતા પરાવર્તન, પ્રસાર.

Radiator, *n.*(રે,'ડિએટર્) That which emits rays of light, heat &c. કિરણ, ગરમી ફેલાવનાર. 2. A machine in a motor-car. મોટરનો એક યાંત્રિક ભાગ, એન્જિનને ઠંડું પાડવાનો.

Radical, *a.* (રૅ'ડિકલ્) Original. અસલ-મૂળનું. 2. About root ઝાડના મૂળ સંબંધીનું. 3. Origin. મૂળ. **R. quantity**=જેની આગળ, ઘનમુળ; વર્ગમૂળ ઇત્યાદિનાં ચિહ્નો હોય તે સંખ્યા. 4. Fundamental; extreme; thorough-going. મૂળમાંથી-બીજમાંથી; મૂળગામી; અત્યંત; પૂરેપૂરૂં. *n.* A primitive word. મૂળ શબ્દ. 2. An extremist who advocates out and out change. મૂળમાંથી સુધારો-ઉથલ પાથલ કરવી જોઈએ એવો મત ધરાવનાર; ઉચ્છેદક. [L. *radix,* a root.]

Radicalism, *n.* (રૅ'ડિકૅલિઝમ્) Extremist doctrines. છેક મૂળમાથી ઉખેડી નાંખવાનો મત; ઇફ્રામ, ઉચ્છેદક મત, વૃત્તિ.

Radicate, *vt.* (રૅ'ડિકે,ટ) To cause to take root. મૂળ ઘાલવાં. *vi.* To take root. મૂળ ઘાલવાં.

Radish, *n.* (રૅ'ડિશ્) A pungent vegetable root. મુળો.

Radius, *n.* (રે'ડિઅસ્) The St. line drawn from the centre of a circle to any point on its circumference. ત્રિજ્યા; જ્યા.

Radix, *n.* (રે,'ડિક્સ) A root or origin. મૂળ(ઝાડનું, શબ્દનું વગેરે). Basic symbol. મૂલાંક, ચિહ્ન.

Raff, *vi.* (રૅફ્) To remove dust from. વાળવું; સાફ કરવું *n.* Refuse. કચરો; પુંજો. 2. Mob. તોફાની ટોળું.

Raffle, *n.* (રૅ'ફલ) Lottery. સોરટી. 2. Dice. પાસાની રમત. *vi.* To stake in a lottery. સોર્ટીમાં મુકવું. *vt.* To give away by means of a raffle. સોરટી કરી આપી દવું.

Raft, *n.* (રૅફ્ટ્) A float formed by tying logs or plants together. તરાપો. *vt.* To carry on a raft. તરાપામાં લઇ જવું.

Rafter, *n.* (રૅ'ફ્ટર્) A boatsman. તરાપો હાંકનાર. 2. A beam of timber. વળી; મોભ. *vt.* To make rafts. તરાપા બનાવવા.

Rag, *n.* (રૅગ્) A torn piece of cloth; remnant. ચીંથરૂં; ઉતાર. 2. Tattered clothes. ફાટાં તુટાં કપડાં. *vt.* To tear into rags. ના ચીંથરા કરવાં. **R. shop**=ફાટેલાં કપડાં વેચવાની દુકાન. **R school** =ગરીબ છોકરાંને ભણાવવાની નિશાળ.

Ragamuffin, *n.* (રૅ'ગૅમફિન્) A mean fellow. લુચ્ચો, નીચ માણસ. 2. One dressed in rags. ચીંથરાં પ્હેરેલો માણસ; ચીંથરે હાલ.

Rage, *n.* (રે,જ્) Wrath; anger; intense passion. વેગ; ગુસ્સો; ઝનુન; ક્રોધાવેશ; રોષ; ઝાંઝ. *vi.* To be furious. બહુજ ગુસ્સે થવું. 2. To prevail with fatal effects. કેર વર્તાવવો; ઘાણ કાઢી નાંખવો; અતિશય દુઃખદાયક થઇ પડવું; ફાટી નીકળવું. *vt.* To make angry. ગુસ્સો આવે એમ કરવું.

Ragged, *a.* (રૅ'ગિડ) Tattered. ચીંથરા થઇ ગયેલા, તદન ફાટી ગયેલું; ચીંથરે હાલ.

Raging, *a.* (રે,'જીન્ગ્) Furious. અતિ કોપાયમાન; ક્રોધી; ફેલાતું.

Ragman, *n.* (રૅ'ગમન્) Dealer in rags. ચીંથરાનો વેપારી.

Ragout, *n.* (રૅગૂ') A delicious dish. એક જાતની સરસ ખાવાની બનાવટ; શાકમાંસ.

Raid, *n.* (રે,ડ્)A predatory assault; foray. લુંટ કરવા સારુ કરેલો હુમલો; હલ્લો. *vt.* To assault for loot. લુંટવા સારુ એકાએક હુમલો કરવો; જપ્તી લેવી.

Rail, *n.* (રે,લ્)A metal or timber bar used like fence. કઠેરો; ગજ; અરાદ; સળીયો 2. Iron road for locomotives &c. લોખંડની સડક; પાટા. *vt.* To fence with rails. કઠેરા ક૦. *vi.* To reproach sarcastically. નિંદા કરવી; ગાળ દેવી. *vt.* To abuse. ને ગ્હેણું, ગાળ દેવી.

Railer, *n.* (રે,'લર્) A scoffer. ગાળ દેનાર; નિંદા, હાંસી કરનાર.

Railing, *a.* (રે,'લિન્ગ્)Abusive. ગાળથી ભરેલું; અપમાન-નિંદા કરતું. *n.* Rails. કઠેરા-લોખંડના પાટા. 2. Abuse. નિંદા; ગાલિ; હાંસી.

Raillery, *n.* (રે,'લરી) Jesting language. બનાવટ; મશ્કરી; ઉપહાસ.

Rail-road,-way, *n.* (રે,'લરો,ડ-વે)The iron road for trains. લોઢાની સડક; રેલવેના લોખંડના પાટા.

Raiment, *n.* (રે,'મન્ટ્) Dress. વસ્ત્ર, લીબાસ; લુગડાં; પોષાક.

Rain, *n* (રે,ન્)Water falling from clouds. વરસાદ; વૃષ્ટિ; મેઘ; પર્જન્ય **The rains**= ચાતુર્માસ; ચોમાસું; વર્ષાકાળ. *vi.* To fall from clouds as rain. વરસાદ પડવો; વૃષ્ટિ થવી; મેહ વરસવો. *vt.* To shower. નો વરસાદ વરસવો-ની વૃષ્ટિ થવી. [L. *ringo,* I water.]

Rain-bow, *n.* (રે,'ન્-બો,) The arc-like form displaying seven colours often seen in sky in monsoon. મેઘધનુષ્ય; ઇંદ્રધનુષ.

Rain-deer, *n.* (રે,'નડી,ર્) Same as **"Reindeer"** =એક જાતનું સાબર, હરણ.

Rain-fall, *n.* (રે,'નફૉલ્) વૃષ્ટિ; વરસાદ આવે તે.

Rain guage, (રે,'ન-ગે,જ્)An instrument for measuring rain. વૃષ્ટિમાપક-વરસાદ માપવાનું યંત્ર.

Rainy. *a.* (રે,'ની) About rain; abounding in rains. વરસાદનું-વૃષ્ટિનું; ચોમાસાનું; વૃષ્ટિમય; વરસાદવાળું-પરેલું; આપત્તિ, સંકટનું.

Raise, *vt.* (રે,ઝ્) To elevate. ઉંચું કરવું. 2. To make higher in dignity. વધારવું; ચઢાવવું; પદવી-દરજ્જો વધારવો. 3. To resurrect મુએલા માણસને પાછો ઉઠાડવો-જીવતો ક૦. 4. To build or erect. ચણાવવું-ઉભું કરવું; બાંધવું. 5. To gather. એકઠું કરવું. 6. To cause to grow. ઉગાડવું. 7. To create. પેદા-ઉત્પન્ન ક૦; સરજાવવું. 8. To cause to happen. ઉઠાવવું; બનાવવું. **To raise a seige**=(કિલ્લાનો-શહેરનો)ઘેરો ઉઠાવવો. **To raise the wind**=ગમે તેમ પૈસા મેળવવા.

Raisin, (રે,'સિન્)A grape. દરાખ; દ્રાક્ષ. 2. Dried grapes. સુકી દરાખ.

Rajah, *n.* (રા'જાહ્) The King of a Native State. રાજા; નરેશ; પ્રજાપતિ.

Rake, *n.* (રે,ક્)An agricultural instrument. પાવડી; પંઝેટી; દંતી. *vt.* To collect together with rake. પંજેટી વડે એકઠું કરવું. A debaucher; a profligate person. રંગીબાજ; ખરાબ ચાલચ-

લગતનો માણસ. *vi.* To lead a debaucherous life. પેસ્કબાજી–છીનાળી–રંડીબાજી કરવી. To rake up. પાછું લાવવું.

Rake-hell, *n.* (રે,'ક–હેલ્) A lewd man. રંડીબાજ માણસ; વ્યભિચારી

Rakish, *a.* (રે,'કિશ્) Lewd. સ્રી લંપટ; વ્યસની; રંડીબાજ.

Rally, *vt.* (રૅલી) To gather together again. ફરી એકઠું કરવું; ફરીથી ભેગું કરી ગોઠવવું. *vi.* To come together. ફરી એકઠું થવું. 2. To recover strength. સાજું થવું; શક્તિ–તાકાત પાછી આવવી. 3. To have a rise in price. ભાવ તેજ થવો. *vt.* To make fun of. ની અમુક બાબત વિષે મશ્કરી કરવી; ઉધડું લેવું. -*n.* સતેજતા; સંગન; પ્રહાર પરંપરા.

Ram, *n.* (રૅમ્) A male sheep. ઘેટો; મેંઢો. 2. The constellation of Aries. મેષરાશિ. 3. A battering engine. કિલ્લાની દિવાલ ભાંગવાનું યંત્ર. *vt.* To batter with a ram; to drive home. કિલ્લાની દિવાલ ભાંગવા સારુ તેની સામે લાકડાના મોભા વગેરે અફાળવું; અફાળવું; ઠાંસવું.

Ramble, *vt.* (રૅ'મ્બલ્) To wander; roam. રખડવું; ભટકવું; આથડવું; રઝળવું. 2. To stray. આડા ફાટવું, મૂળ વિષય ઉપરથી વાત ઉડાવવી. *n.* A wandering; a walk. સ્હેલ; રખડપટ્ટી; સફર; ફેરો.

Rambler, *n.* (રૅ'મ્બ્લર્)A wanderer. રખડનાર; ફેરીયો; રઝળનાર.

Rambling, *a.* (રૅ'મ્બ્લિન્ગ્) Wandering. રખડતું; રઝળતું; ઉડઉડ; ચપલ.

Ramification, *n.* (રૅમિફિકે,'શન્)A branch. શાખા; ડાળી, ઉપશાખા 2. A sub-division. વિભાગ; ભાગ; ફાંટો.

Ramify. *vt.* (રૅ'મિફાય્) To branch. શાખા પાડવી *vi.* To branch out. શાખા ફુટવી–નીકળવી–થવી. [L. *ramus*, a branch and *facio*, I make.]

Rammer, *n.* (રૅ'મર્) One who or that which rams. ધક્કા મારનાર; અફાળનાર; કિલ્લા ભાંગવાનું યંત્ર.

Ramous, *a.* (રૅ'મસ્) Full of branches. ડાળીઓથી ભરપુર; ડાંખળીવાળું; શાખા, ફાંટાવાળું.

Ramp, *vi.* (રૅમ્પ્) To leap; to walk with leaps. છલંગ મારવી; કુદવું; ઉછળતાં ચાલવું. *n.* A spring. કુદકો; છલંગ.

Rampant, *a.* (રૅ'મ્પન્ટ્) Standing upon the hind-legs, as if attacking. પાછળના પગ પર ઉભું થએલું; કુદતું; ઝાડ થએલું. 2. Rank in growth. હદપાર ઉગતું; ફાટી નીકળેલું. 3. Predominant. ચઢીયાતું. [L. *ram per*, to clamber.]

Rampart, *n.* (રૅ'મ્પાર્ટ્)Castle-wall; bulwark. કિલ્લાની ભીંત, દિવાલ, કોટ. *vt.* To erect a defence. કિલ્લાની દિવાલ ચણવી. [L. *paro*, I prepare.]

Ramrod, *n* (રૅ'મરૉડ્)A rod used in ramming down the charge in a gun, pistol &c. બંદુકનો, તોપનો સળીઓ, ગજ.

Rancid, *a.* (રૅન્સિડ્) Sour; musty. ખોરૂં; ઉબવાળું; બગડી ગયેલું.

Rancidity, rancidness, *n.* (રૅન્સિ'ડિટી–નિસ્) Sourness. ખોરાશ; બગડેલી ખટાશ; વાસી ગંધ.

Rancour, *n.* (રૅ'ન્કર્) Implacable enmity or hatred. અતિદ્વેષ; ખાર; અદાવત; હાડવેર; ખુન્નસ; કીનો.

Rancorous, *a.* (રૅ'ન્કરસ્) Extremely malignant. કીનાખોર; અદાવતી; દ્વેષી; ખારીલું.

Rand, *n.* (રૅન્ડ્)An edge or border. કોર; કીનારી.

Random, *n.* (રૅ'ન્ડમ્)Action or course without any definite object. કોઈપણ ચોકસ હેતુ વગર કરેલું, નિરૂદ્દેશ, નિરર્થક, કાર્ય. 2. Distance. ટપ્પો. **At random**=ફાવે તેમ–ઢંગધડાવગર. *a.* Haphazard. આડું અવળું; રહી રહીને.

Rang, *p. tense.* (રૅન્ગ્) Past tense of "Ring." વગાડયું; વાગ્યું.

Range, *vt.* (રે,ન્જ્) To array. વ્યવસ્થિતરીતે, હારબંધ ગોઠવવું, રચવું. 2. To divide. ના ભાગ પાડવા. 3. To classify. વર્ગ પાડવા. 4. To wander. ભટકવું. *vi.* To roam. રખડવું, રઝળવું. 2. To reach. પ્હોંચી શકવું. 3. To be classified. ગોઠવેલું, વર્ગ પ્રમાણે હોવું. *n.* Line; row. પંક્તિ; હાર; ઓળ. 2. Classification. વર્ગીકરણ. 3. Wandering. ભટકવું તે; ફેરો; પરિભ્રમણ. 4. Distance. ટપ્પો. 5. Spread. ફેલાવો. 6. Reach. વિસ્તાર; પ્હોંચ. [Fr. *ranger*, to range.]

Ranger, *n.* (રે,'ન્જર્) A forest-officer. જંગલ ખાતાનો એક અધિકારી. 2. A sieve. ચાળણી. 3. A wanderer; a rambler. રખડનાર.

Rank, *a.* (રૅન્ક) Exuberant. ખુબ; ભરપૂર. 2. Very much. ભારે; કેવળ; અત્યંત. 3. Growing luxuriantly. અત્યંત, ફાટફાટ, આડે વગડે ઉગતું. 4. Sour. ખાટું, ખોરૂં. *n.* A row of soldiers. સિપાઇઓની હાર–લાઇન. 2. Degree. દરજ્જો–પદ્દવી. 3. Class. વર્ગ. 4. Distinction. માન; ગૌરવ; પ્રતિષ્ઠા. **To take rank of**=થી વધારે દરજ્જાનું હોવું. *vt.* To arrange in row. હારબંધ ગોઠવવું. 2. To classify. વર્ગીકરણ ક૦. 3. To be higher in position. ના કરતા વધારે પદ્ધી–દરજ્જાનું હોવું. *vi.* To have a certain position. ની પદ્ધી, દરજ્જો હોવો. 2. To belong to a particular class, order or division. અમુક વર્ગમાં ગણાવું–લેખાવું. [Fr. *rang*, a row or line.]

Rankle, *vi.* (રૅ'ન્કલ્) To fester painfully. ચણચણવું; દુ:ખવું. 2. To continue to irritate or fester or feel rancour. સાલવું; ખટકવું. *vt.* To cause to fester. ચણચણાવવું–દ્હોવરાવવું,

Ransack, *vt.*(રૅનસૅક્) To enter and search every part of. બધે ફરી વળીને શોધખોળ કરવી; ફૂટ કo. 2. To plunder. લુંટવું.*n.*Plundering. લુંટ; પાકી શોધ. [N. *rann,* house.]

Ransom, *n.*(રૅન્સમ્) Deliverance. છૂટકારો; છૂટકો. 2. Money paid for restoration to liberty. છોડી દેવા સારૂ આપેલા પૈસા;મુક્તિદંડ.*vt.* To deliver. છોડાવવું-છૂટકારો કરવો.2.To pay deliverance-money for.ના છૂટકારા માટે પૈસા ભરવા. [L. *re,* back and *emo,* I buy.]

Rant, *vi.* (રૅન્ટ્) To rave loudly. મોટેથી બડબડવું. *n.* Raving; nonsensical words. લવારો-બડબડાટ.

Rap, *vi.* (રૅપ્) A bundle of yarn 120 yds. long.૧૨૦ વારનું સુતરનું બંડલ. 2. A tap. ટકોરો; થાપ; ઠોક *vi.* To tap. ટકોરો-થાપ મારવી. *vt.* To snatch away. ઝુંટવી લેવું. **Not to care a rap**=લેશમાત્ર પણ દરકાર ન હોવી.

Rapacious, *a.* (રૅપે,'શસ્) Greedy; avaricious; plundering. લુંટારૂં; અપહરણ કરનાર; જોર જુલમથી લુંટી લેનાર; લોભી. 2. Carnivorous. હિંસક; અઘાશી; ખાઉધરૂં. [L. *rapio,* I seize.]

Rapacity, *n.* (રૅપૅ'સિટી) Avarice; greed. લુંટારાપણું; લોભ; અપહરણશીલતા; બળાત્કારથી લુંટી-ખુંચવી લેવું તે. 3. Carnivorousness. હિંસકપણું; ફાડી ખાય એવો સ્વભાવ.

Rape, *n.* (રે,પ્) Sexual intercourse with a woman forcibly and against her will. બળાત્કાર; જોરજુલમથી કરેલો સ્ત્રીસંભોગ. [L. *rapio,* I seize.]

Rapid, *a.* (રૅ'પિડ્) Speedy; swift. શીઘ્ર; શીઘ્રગામી; ઉતાવળું; ઉતાવળે ચાલતું, વ્હેતું.

Rapidity, *n.* (રૅપિ'ડિટી) Speediness; swiftness. શીઘ્રગતિ; ઉતાવળ; ત્વરા; ઝડપ.

Rapidly, *adv.* (રૅ'પિડલી) Hurriedly; hastily; swiftly. ઉતાવળે; ઝડપથી; શીઘ્રતાથી.

Rapier, *n.* (રે'પિઅર્) A straight sword; finely pointed out blade. સીધી તલવાર. ભાલો; બરછી; કટાક્ષ. **R. thrust**=નર્મ કટાક્ષ.

Rapine, *n.* (રૅ'પિન્) Spoliation; plunder. ધાડ; લુંટ; લુંટફાટ. [L. *rapio,* I seize.]

Rapparee, *n.* (રૅપૅરી') An Irish robber. આયર્લૅન્ડનો લુંટારો, ધાડપાડુ.

Rappee, *n.* (રૅપી') Strong snuff. ઉંચી જાતની તપકીર, તમાકુ.

Rapprochement, *n.* (રૅપ્રૉ'શ્માં) રાજ્ય રાજ્ય વચ્ચે સમાધાની; પુનર્વ્યવસ્થા.

Rapt, *a.* (રૅપ્ટ્) Transported; enraptured. નિમગ્ન; પરાયણ; અત્યાનંદી. *vt.* To transport. હર્ષઘેલું કરવું.

Rapture, *n.* (રૅ'પ્ચર્) Transport of joy. અત્યાનંદ; હર્ષાતિરેક; પરમાનંદ; બેહદ ખુશાલી. *vt.* To enrapture. ખુશખુશ-અતિ આનંદી કo.

Rapturous, *a.*(રૅ'પ્ચરસ્) Transported with joy. હર્ષઘેલું-હર્ષજનક.

Rare, *a.* (રે,ર્) Unusual; not frequent. નવાઈ જેવું, દુર્લભ; અસાધારણ. 2. Extraordinarily good or fine. અપૂર્વ; અત્યુત્તમ; અત્યુત્કૃષ્ટ. [L. *rarus,* thin.]

Rarefaction, *n.* (રે,રીફૅ'કશન્) Thinning. પાતળું કરવું તે; સૂક્ષ્મતા.

Rarify, *vt.* (રે,'રિફાય્) To make thin. પાતળું કરવું; સૂક્ષ્મ કo. *vi.* To become thin. સૂક્ષ્મ, પાતળું થવું. [L. *rarus,* thin & *facio,* I make.]

Rarely, *adv.* (રે,'રલી) Unusually; seldom; not often. જવલ્લેજ; કદી; ભાગ્યેજ; કોઇ પ્રસંગે. 2. Finely. અત્યુત્તમ રીતે.

Rarity, rareness, *n.* (રે,'રિટી-રે,'રનિસ્) Thinness. પાતળાપણું. 2. An unusual thing. અસાધારણ, અપૂર્વ, દુર્લભ વસ્તુ; નવાઇ. 3. The quality or state of being rare. વિરલતા; દુર્લભતા; અસાધારણપણું.

Rascal, *n.* (રા'સ્કલ્) A scoundrel or rogue; villian; a dishonest person.ખલ;શઠ;હરામખોર; દુર્જન;ખરાબ માણસ; લુચ્ચો.

Rascally, *a.* (રા'સ્કલી) Roguish. હરામખોર; લુચ્ચું; શઠ. *adv.* Befitting a rascal. ખરાબ રીતે; લુચ્ચી રીતે.

Rascality, *n.* (રૅસ્કૅ'લિટી) Roguishness; wickedness. શઠતા; હરામખોરી; ઠગાઈ; લુચ્ચાઇ. 2. Low class. નીચ વર્ગ.

Rascallion, *n.*(રૅસ્કૅ'લ્યન્)A scoundrelly or roguish fellow. હલકું-નીચ માણસ;શઠ;હરામખોર,

Rase, *vt.* (રે,ઝ્) To erase. છેકવું; ભુસી નાંખવું. 2.To level to ground.પાડી નાંખવું;જમીનદોસ્ત કરવું.*vi.*To be levelled to ground. જમીનદોસ્ત થવું. [L. *rado,* I scrape.] *n.* **Rasure.**

Rash, *n.* (રૅશ્) A very small eruption on skin. અળાઇ. 2. A kind of silk. હલકું રેશમ. *a.* Thoughtless. અવિચારી. 2. Hasty. અધીરૂં; અકળાએલું. [Gr. *rasch,* quick.]

Rasher, *n.* (રૅ'શર્) A piece of bacon. માંસનો કટકો.

Rashness, *n.* (રૅ'શનિસ્) Thoughtlessness. અવિચાર; અધીરાપણું; આકળાપણું.

Rasp, *vi.* (રૅસ્પ્) To file. કાનસથી ઘસવું. *n.* A file. કાનસ.

Raspberry, *n.* (રૅ'ઝબરી) A kind of fruit. એક જાતનું ફળ-ઝાડ.

Rasure, *n.* (રે'ઝ્રર્) Erasure. લીટી; છેકો; [L. *rado,* I scrape.]

Rat, *n.* (રૅટ્) A big mouse. મૂષક; ઉંદર; ઉતળ; કોળ, **To smell a rat**=વાસ-ગંધ-વહેમ આવવો; શક, સંદેહ પડવો.

Ratable, *a.* (રે,'ટબલ્) Capable of being valued. કિંમત-ભાવ આંકવા જોગ.

Ratafia,*n.* (રૅટફિ'એ) Wine;liquor. દારૂ;મદિરા.

Rattan, *n.* (રટૅ'ન્) Cane. નેતરની સોટી-છડી.

Rate, *n.* (રે,ટ્) Fixed price; valuation &c. ભાવ-દર-કિંમત. 2.Established portion.નીમેલો ભાગ. *vt.* To chide soundly. સખ્ત ઠપકો આપવો-ધમકાવવું. 2. To value or assess. ની કિંમત-આંકણી ઠેરવવી; ગણવું 3. To estimate. ગણત્રી-અડસટ્ટો કરવો.*vi.*To belong to a class. અમુક વર્ગ-દરજ્જામાં ગણાવું-ગણત્રી થવી.

Rath, *n.* (રૅથ) A small hill. ટેકરો; ટેકરી. *a.* Early. વહેલું; પહેલું.

Rathe, *a.* (રે,થ્) Early; soon તરતજ; વહેલું.

Rather, *adv.* (રા'ધર્) More early. તરતજ; વધારે વહેલું. 2. Preferably. વધારે ખુશીથી-પસંદગીથી. 3. A little.જરાક.4.More properly. ખરૂં કહીએ તો; ખરી રીતે જોવા જઇએ તો.

Ratification,*n.*(રૅટિફિકે,'શન્)Sanction; the act of ratifying. અનુમતિ;સ્વીકાર;મંજુરી;બહાલી.

Ratify *vt.*(રૅ'ટિફાય્) To sanction or confirm. કબુલ-મંજુર કરવું; બહાલી-મંજુરાત આપવી; વરિષ્ઠ અધિકારીની અનુમતિ મેળવવી-આપવી.

Ratio,*n* (રૅ'શિઓ) The quantitative relation of one quantity to another. પ્રમાણ;પરિમાણ.

Ratiocination, *n.*(રૅટિઓસિને,'શન્)Logic. તર્કવિદ્યા-જ્ઞાન-શાસ્ત્ર; તર્કશાસ્ત્ર.

Ration, *n.* (રે,'શન્) A fixed allowance of food given to soldiers on march. ભથ્થું; સીધું; ભાથું; પેટયું; રાતબ *vt.* To supply with provisions. સીપાહીઓને ભાથું-સીધું પૂરૂં પાડવું.

Rational, *a.* (રૅ'શનલ્) About reason.બુદ્ધિ વિષયક; માનસિક 2. Logical. તર્કજ્ઞ; વિચારવાન. 3. Possessing reason. વિચાર શક્તિ-બુદ્ધિવાળું *n.*A rational being.ડાહ્યો-સમજણવાળો માણસ.

Rationale, *n.* (રૅશને,'લી) A statement of reasons. કારણનું નિરૂપણ; ખુલાસો; ઉપપત્તિ.

Rationality, *n.* (રૅશનૅ'લિટી) Faculty of reasoning. જ્ઞાન-વિચાર શક્તિ; બુદ્ધિ ગ્રાહ્યતા.

Ratsbane, *n.* (રૅ'ટ્ઝ-બે,ન) Rat-killing poison. ઉંદર મારવાનું ઝેર, સોમલ.

Rattle, *vi.* (રૅ'ટલ્) To clatter. ખડખડ કરવું; ખખડવું. 2. To move along rapidly and noisily.ખડખડ અવાજ કરતા જવું. 3.To chatter fluently, ઉતાવળથી વાત કo. *vt,* To cause to clatter. ખડખડ અવાજ કરાવવો. 2. To utter noisily. ગડબડ કo. *n.* A clattering sound. ખડખડાટ-ગડગડાટ. 2. Noisy speech. ગડબડ. 3. An instrument making sound. ઘુઘરો. 4. The death rattle. મરણ વખતનો ઘરેડો.

Rattling, *n.* (રૅ'ટ્લિન્ગ્) Clattering. ખણખણાટ; ખખડાટ.

Rattleheaded, *a.* (રૅ'ટલ-હેડિડ) Giddy; unsteady. ચંચળ; અદઢ; અસ્થિર; લહરો; લ્હેરી.

Raucity, *n.* (રૉ'સિટી) Hoarseness. અવાજની કર્કશતા-કઠોરપણું. [L. *rancus,* hoarse.]

Ravage, *vt.* (રૅ'વેજ્) To devastate or lay waste province &c. પાયમાલી કo; વેરાન ખેરાન કo; લુંટવું. *n.* Devastation. ખરાબી-પાયમાલી-ધુળધાણી. [L. *rapeo,* I carry off.]

Rave, *vi.* (રે,વ્) To talk insanely. ગાંડપણમાં બકવું-લવારો કરવો. *vt.* To talk or utter in madness. ગાંડપણમાં ભસવું. [Old Fr.*raver,* to be delirious.]

Ravel, *vt.* (રૅ'વલ) To disentangle. ઉકેલવું. 2. To solve શોધવું. 3. To entangle or make intricate. ગુંચવવું, વધારે ગુંચવણ ભરેલું કo;ગુંચવી નાંખવું.-*vi.* ગુંચવાઇ જવું; ઉકલવું.

Raven, *n.* (રૅ'વન્) A wild crow. જંગલી કાગડો. *n.* Prey;plunder. લુંટફાટ. *vt.* To prey voraciously. આધાસીની માફક ખાવું.

Ravenous,*a.*(રૅ'વનસ્)Furiously voracious. હિંસક; અતિઆધાસી; ફાડી ખાનારૂં; ઘાતકી.

Ravin, *n.* (રૅ'વિન્) Same as "Raven."

Ravine, *n.* (રૅવી'ન્) A long deep hollow or gorge, formed by water, in mountains &c. કોતર; નાળું; ખીણ; વોધની ખાંચ.

Raving,*a.*(રે,'વિન્ગ્)Talking insanely. લવારો કરતું; ઉન્મત્ત; ગાંડું.

Ravish, *vt.* (રૅ'વિશ્) To seize and carry away by violence. જોરજુલમથી હરણ કo, લઈ જવું. 2. To enrapture. મન હરી લેવું;અતિઆનંદ આપવો 3. To rape. ની ઉપર બળાત્કાર કરવો.

Ravisher, *n* (રૅ'વિશર)One who ravishes. હરણ-બળાત્કાર કરનાર; આનંદઘેલું કરનાર.

Ravishing,*a.* (રૅ'વિશિન્ગ્)Giving exquisite pleasure. અત્યાનંદઆપતું; મન હરી લેતું. 2. Committing a rape. બળાત્કારે સ્ત્રીસંભોગ કરતું.

Ravishment, *n.* (રૅ'વિશમન્ટ્) Rapture. અત્યાનંદ;પરમાનંદ; મન હરણ કરવું તે. 2.Capture by force. હરણ. 3. Rape. બળાત્કાર.

Raw, *a.* (રૉ) Unripe; not cooked. અપક્વ; કાચું. 2. Not manufactured into a finished product. કાચું; કાચો (માલ). 3. Inexperienced. બીનઅનુભવી. 4. Without skin. ચામડી વગરનું.

Rawness, *n.* (રૉ'નિસ્) The quality or state of being raw. કાચાપણું; બીનઅનુભવ; અપક્વતા; કચાશ.

Ray, *n.* (રે) A beam of light &c. પ્રકાશનાં કિરણ-તેજ; રશ્મિ; અંશુ. 2. Understanding. બુદ્ધિ; પ્રકાશ. *vt.* To radiate. પ્રકાશનાં કિરણ ચોમેર ફેલાવવાં. *vi.* To shine. પ્રકાશવું. [L. *radius*, a beam.]

Raze, *vt.* (રેઝ્) Same as "Rase." પાયમાલ કરવું; જમીન દોસ્ત કરવું.

Razor, *n.* (રે'ઝર્) A knife-like instrument used in shaving. અસ્તરો; અસ્ત્રો; સજીઓ. **R. strop**=હજામની ટપટપી.

Reach, *vt.* (રીચ્) To lengthen. લંબાવવું. 2. To give. આપવું. 3. To obtain by extending the hand. હાથ લાંબો કરી પહોંચાડવું. 4. To penetrate. દાખલ થવું. 5. To arrive at. પહોંચવું. 6. To obtain. પ્રાપ્ત કરવું-મેળવવું. *n.* Extent; stretching. ફેલાવો-વિસ્તાર. 2. Power of achievement. પહોંચ-ગ્રહણશક્તિ. **Within the reach,**=લભ્ય; હાથ લાગવાજોગ; મળે એવું. **Beyond the reach**=હાથ-પહોંચ બહાર, અલભ્ય.

React, *vt.* (રી-ઍ'ક્ટ્) To repeat પુનઃ-ફરીથી કરવું. *vi* To act reciprocally or mutually; to return an impulse, impression &c. અરસપરસ ક્રિયા-અસર કરવી-થવી; પ્રતિક્રિયા-પ્રત્યાઘાત થવો. સામી અસર થવી.

Reaction, *n.* (રીઍ'ક્શન્) Action in opposition or resistance. ઉથલો; પ્રત્યાઘાત; પ્રતિક્રિયા.

Reactive, *a.* (રીઍ'ક્ટિવ્) Possessing reacting power. પ્રત્યાઘાતક; પ્રતિકારક; ફરીથી કરતું.

Read, *vt.* (રીડ્) To peruse. વાંચવું. 2. To understand thoroughly. સારી પેઠે સમજવું; અધ્યયન કરવું. **To r. out**=મોટેથી વાંચવું. **To read through**=પારાયણ કરવું. **To read between the lines**=અંદરનો-ગુહ્ય અર્થ ખોળી કાઢવો-સમજવો.

Reader, *n.* (રી'ડર્) One who reads. વાંચનાર માણસ. 2. A text-book for reading. વાંચન ચોપડી.

Readily, *adv.* (રે'ડિલી) At once; willingly. ખુશીથી; તરતજ; વિના વિલંબે; તત્કાળ; શીઘ્ર.

Reading, *n.* (રી'ડિન્ગ્) Study or the act of reading. વાંચન; અધ્યયન; વિદ્યાભ્યાસ; વાંચી બતાવવું તે. *a.* About reading. વાંચન સંબંધી.

Reading-room, *n.* (રી'ડિન્ગરૂમ્) A public place where papers &c. are placed for reading. વાંચનાલય. 2. A study-room. વાંચવાનો ઓરડો.

Readjust, *vt.* (રી-ઍડજ'સ્ટ્) To settle or adjust again. ફરી પાછું ગોઠવવું, સુધારવું; સમાધાન કo.

Re-admit, *vt.* (રી-ઍડમિ'ટ્) To admit again. પાછું-ફરીથી દાખલ કo.

Ready, *a.* (રે'ડી) Prepared. તૈયાર; સજ્જ. 2. Fit for immediate use. તરત ઉપયોગમાં લેવા યોગ્ય, લાયક. 3. Active. ચાલાક; ચપળ. 4. Disposed or inclined. ખુશી; તૈયાર. 5. Near at hand. પાસે, નજદીકનું. 6. On the point, eve or brink of. ની તૈયારીમાં. **Ready at an answer**=હાજર જવાબી. **Ready-money**=રોકડનાણું.

Ready-reckoner, *n.* (રે'ડી-રેકનર્) A book of tabulated calculating. હીસાબ-પગાર વગેરેના કોઠાઓની ચોપડી; જંત્રી.

Ready-witted, *a.* (રે'ડીવિટિડ્) Witty. વિનોદી; હાજર જવાબી; સમયસૂચક.

Real, *a.* (રી'અલ્) Actual or actually existent. સાચું; ખરેખરું; વાસ્તવિક; સત્ય. **Real estate**= સ્થાવર મિલ્કત. [L. *rei*, a thing.]

Reality, *n.* (રીઍ'લિટી) Genuineness; state of being actually existent. સચ્ચાઇ; સત્ય; સત્યતા; અસ્તિત્વ; સત્યવસ્તુ; હયાતી. **In reality**= ખરી રીતે; વસ્તુતઃ; વાસ્તવિક રીતે.

Realization, *n.* (રીયલાઇઝે'શન્) The act of bringing thoroughly home to one's mind. પુરેપુરું જાણવું-સમજવું તે; સંપાદન; સિદ્ધિ. **R. of self**=આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાન.

Realize, *vt.* (રી'અલાઇઝ્) To make real; to bring into reality or action. પૂરું કરવું; સાધવું; પાર પાડવું; વ્યવહારમાં મુકવું. 2. To convert to money. વેચી પૈસા લાવવા-મેળવવા. 3. To believe or consider as true. ખરું વિચારવું-માનવું. 4. To acquire or gain. મેળવવું; સંપાદન કo. *vi.* To turn any kind of property into money. સ્થાવર મિલ્કત વેંચી પૈસા મેળવવા-લેવા.

Realm, *n.* (રેલ્મ્) Domain; kingdom; region. દેશ; પ્રદેશ; રાજ્ય. [L. *regalis*, royal.]

Really, *adv.* (રી'અલી) Truly. ખરી-સાચી રીતે; બરોબર; વાસ્તવિકરીતે; સત્યપણે.

Realty, *n.* (રી'અલ્ટી) Real estate. સ્થાવર મિલ્કત. 2. Truth. સત્ય.

Ream, *n.* (રીમ્) A package of paper, consisting of 20 quires of 24 sheets each. રીમ; વિશ ઘા-દસ્તા

Reanimate, *vt.* (રી-ઍ'નિમેટ્) To infuse new life or energy into. ફરીથી સજીવ કરવું; હિંમત આપવી.

Reannex, *vt.* (રી-અને'ક્સ્) To reunite. ફરીથી જોડવું-ખાલસા કરવું.

Reannexation, *n* (રીઍનેક્સે'શન્) The act of reannexing. ફરી જોડવું, સંધાણ કરવું તે; પુનઃસંધાણ.

Reap, *vt.*(રીપ્) To cut as corn with a sickle. કાપણી કરવી; લણવું; 2. To collect. ભેગું-એકઠું કરવું; મેળવવું. *n.* A heap of reaped corn. લણેલા અનાજનો ઢગલો; ખળું.

Reaping, *n.* (રી'પિન્ગ્)Cutting corn.કાપણી-લણવું તે.**R. hook**=દાતરડું.

Reappear, *vt.* (રી-ઍપી,'ર્) To come into sight again. વળી પાછું-ફરીથી દેખાવવું; બીજી વખત દેખાવવું.

Reappoint, *vt* (રી-ઍપૉ'ઈન્ટ્) To appoint again. ફરીથી નિમવું, નિમણુક કરવી.

Rear, *vi.* (રી,ર્) To raise; to erect; to stand up on hind legs. ઉભું કo; ઉગાડવું,પાછલા પગપર ઉભું રહેવું. 2. To bring up or cherish. ઉછેરી મોટું કરવું; કેળવવું; પાળવું. *n.* The back part. પાછળનો ભાગ. 2. The troops which form the backward part of an army.લશ્કરની પછવાડેની ટુકડી. **Rear guard**=લશ્કરની પાછળની ટુકડી; પૃષ્ઠરક્ષક. *vi.* Use privy. જાજરૂ જવું.

Rear-bat, *n.* (રી,'ર-બૅટ્) A kind of bat. એક જાતનું પક્ષી; ચામાચીડયું.

Reason,*n.* (રી'ઝન્) Cause; motive.મતલબ; કારણ; હેતુ; સબબ; પ્રયોજન. 2. The faculty of understanding. મતિ;બુદ્ધિ;તર્કશક્તિ. 3. Justice. ન્યાય,યોગ્યતા.**By reason of**=ને લીધે;ના કારણથી.**In all reason**=ન્યાયની રીતે જોતાં;ન્યાયસર.**Without reason**=નાહક.**To come to reason**=ઠેકાણે આવવું; સમજવા લાગવું. *vi.* To think of cause and effects. વિચાર, અનુમાન,તર્ક કo.2. To discuss.વાદવિવાદ, વિચાર કરવો. *vt.*To persuade by reasoning.સમજાવવું.

Reasonable, *a.* (રી'ઝનબલ્) Possessing reason. તર્કશકિત, વિચારશક્તિવાળું. 2. Open to reason; thoughtful. સમજુ-બુદ્ધિમાન. 3. Due. રીતસર; નિયમસર.

Reasonableness,*n.*(રી'ઝનબલનિસ્)Moderation; the state or quality of being reasonable. વિચારીપણું;વિવેક; યોગ્યતા;વાજબીપણું.

Reasoning, *n.*(રી'ઝનિંગ્) The arguments employed; the art of employing the faculty of reasoning. વિચાર; ન્યાય; અનુમાન; તર્ક; વિતર્ક. **Art of reasoning** તર્કશાસ્ત્રવિદ્યા.

Reassemble, *vt.* (રીઍસે'મ્બલ્) To collect again. ફરી ભેગું કરવું-*vi.* ભેગું થવું.

Reassume, *vt.* (રીઍસ્યૂ'મ્) To take up once more. ફરી પાછું ધારણ કo. હાથમાં લેવું.

Reassure, *vt.* (રી-ઍશ્યૂ'ર) To convince again. દીલાસો આપવો; ફરી પાછી ખાત્રી આપવી. 2. To reinsure. ફરીથી વિમો ઉતારવો.

Rebate, *n.* (રીબે',ટ્) An allowance. વટાવ-છૂટ; ઘટાડો; વળતર. *vt.* To abate, deduct, or discount from. ઓછું કરવું-ઘટાડવું; વટાવ કાપી લેવો;છૂટ મુકવી. [L. *re* & *batteo*, I beat.]

Rebel, *a.* (રે'બલ્) Revolting. બળવાખોર-હુલ્લડી. *n.* One who revolts. ફીતુરી; બંડ કરનાર; બળવાખોર માણસ. *vi.* (રીબે'લ્) To revolt. બંડ ઉઠાવવું-હુલ્લડ કરવું [L *re* & *bello*, I make war.]

Rebellion *n.* (રેબે',લ્યન્) Insurrection. બંડ; હુલ્લડ; તોફાન; બળવો

Rebellious, *a* (રિબે'લ્યસ્) Revolting. બંડ-બળવાખોર; હુલ્લડી.

Rebound, *vt.* (રીબા'ઉન્ડ્) To recoil or fly back through elasticity. સ્થિતિસ્થાપક હોવું, થવું. 2. To echo. પડઘો પાડવો. 3.To leap back.પાછું કુદવું. *vt.*To send back. પાછું મોકલવું *n.* Recoil. પ્રત્યાઘાત; પાછું આપવું તે.

Rebuff, *n.* (રીબ'ફ્) A repulse; a forcing or driving back. અટકાવ;પ્રતિકાર. 2.Refusal. સાફ ઇન્કાર-ના પાડવી તે.*vt.* To check. અટકાવવું-પ્રતિકાર કરવો. 2. To reject unceremoniously. સાફ ના પાડવી-ઈન્કાર કરવો-અસ્વીકાર કરવો.

Rebuild,*vt.*(રીબી'લ્ડ્)To build again.ફરી બાંધવું.

Rebuke,*vt.*(રીબ્યૂ'ક્)To reproach.ઠપકો આપવો. *n.* A reproach. દાબ; ધમકી; ઠપકો. [L. *re* & *bucca*, the mouth. F. *bucher*, beat.]

Rebut, *vt.* (રીબ'ટ્) To repel. હઠાવવું. 2. To contradict. વાંધો ઉઠાવવો; ઇન્કાર કo. 3. To answer or reply to. નો પ્રત્યુત્તર આપવો;તોડવું. ખેંચી લેવું.

Recall,*vt.* (રી'કૉલ્) To call back. પાછું બોલાવવું; 2. To cancel. રદ બાતલ કરવું. 3. To recollect. સંભારવું-યાદ કo. *n.* A calling back. પાછું બોલાવવું તે; સંભારવું-યાદ આણવું તે.

Recant, *vt.* (રીકૅ'ન્ટ્) To retract or take back; to disavow.ફરી જવું, રદ કરવું, પાછું ખેંચી લેવું. *vi.* To unsay or retract one's words. શબ્દ પાછા ખેંચી લેવા;ભૂલ કબુલ કo.[L.*re*& *canto*, I sing]

Recantation,*n* (રી-કૅન્ટે,'શન્)Retracting. પાછા ખેંચી લેવું તે.

Recapitulate, *vt.* (રી-કૅપિ'ચ્યુલે,ટ્)To narrate in short. ટુંકમાં કહેવું. *vi.* To sum up. સારાંશ કહેવો.[L.*re* & *capitulum*,a small head.]

Recapitulation, *n.* (રી-કૅપિચ્યુલે,'શન્) A summing up. સારાંશ; ઉપસંહાર; સંક્ષેપ; ટુંકસાર.

Recapture *n.* (રી-કૅ'પ્ચર્) A capturing; a gain. ફરીથી પકડવું તે; પાછું લેવું તે. *vt.* To catch again. ફરીથી પકડી લેવું.

Recast, *n.* (રીકા'સ્ટ્) To cast again. ફરીથી બીબું પાડવું. 2. To throw again. બીજીવાર, ફરીથી નાંખવું.

Recede, *vi.* (રીસી'ડ્) To step back. પાછળ હઠવું, પાછાં પગલાં ભરવાં. 2. To desist. પરથી હાથ ઉઠાવવો. છોડવું. *vt.* To return. પાછું આપવું. [L. *re* & *cedo*, I go]

Receipt, *n.* (રીસી'ટ્) Recipe; receiving. ઓસડવિધિ; મેળવવું તે; પ્રાપ્તિ; સંપાદન. 2. A written acknowledgement of money paid. પૈસાની રસીદ, પ્હોંચ, પાવતી. 3. *pl.* Income &c. received. વસુલાત; આવક; આમદાની. *vt.* To give a receipt for. ની પ્હોંચ આપવી.

Receive, *vt.* (રીસી'વ્) To take a thing given; to accept. સ્વીકારવું; માન્ય કરવું; ગ્રહણ કરવું; લેવું. 2. To obtain. પ્રાપ્ત કરવું. 3. To welcome or entertain as a guest. પરોણાચાકરી, આગતાસ્વાગતા કરવી. 4. To take stolen goods from a thief knowing them as such. ચોરીનો માલ રાખવો. [L. *re* & *capeo*, I take.]

Receiver, *n.* (રીસી'વર્) A public official court trustee. (કોરટનો) રક્ષક, રીસીવર. 2. An acceptor. માન્ય કરનાર, લેનાર.

Recency, *n.* (રી'સન્સી) Freshness. (of news &c.); newness. તાજાપણું; નવિનતા; નવાપણું.

Recent, *a.* (રી'સન્ટ્) Fresh; new. તાજું; નવું; નવિન.

Recently, *adv.* (રી'સન્ટલી) Lately; newly. હમણાંજ; તાજી રીતે; થોડા વખત અગાઉ.

Reception, *n.* (રીસે'પ્શન્) Receiving. સ્વીકાર; અંગીકાર; ગ્રહણ. 2. Welcoming; entertaining. સત્કાર; આગતાસ્વાગતા.

Receptive, *a.* (રીસે'પ્ટિવ્) Grasping. ગ્રહણશક્તિવાળું; ગ્રાહક; ગ્રહણશીલ.

Recess, *n.* (રીસે'સ્) Time of intermission. રજા-છુટીનો વખત; વિશ્રામ. 2. A cavity or niche. ગોખલો-ગોખ. *vt.* To make a recess in. મા ગોખ-ગોખલો કરવો-પાડવો. [L. *re* & *cedo*, I go.]

Recharge, *vt.* (રીચા'ર્જ્) To accuse again. ફરીથી દોષ-આરોપ મુકવો. 2. To attack again. ફરીથી હુમલો કરવો. To load again. ફરીથી ભરવું -*n.* ભરવું, સોંપવું તે.

Recheat, *n.* (રી'ચીટ્) A whistle to call back hounds. શિકારી કુતરાઓને પાછા બોલાવવા સારૂ કરેલો પોકાર-શીટી. *vt.* To whistle. શિકારી કુતરાને શીટી વગાડી પાછા બોલાવવા.

Recherche, *a.* (રશે,'રશે) Rare; exquisite. ઉત્તમ; ચુનંદા; સોહામણું.

Recipe, *n.* (રે'સિપિ) A formula or prescription for mixture of ingredients. ઓસડની, ખાણું બનાવવાની વસ્તુઓની યાદી-ટીપ; ઓસડ; ઉપાય, સાધન. [L. = take thou].

Recipiency, *n.* (રીસી'પિઅન્સી) Grasping power; receiving. ગ્રહણશક્તિ; સ્વીકાર.

Recipient, *n.* (રીસી'પિયન્ટ્) One who receives; a receiver. લેનાર; કબુલ કરનાર; ગ્રાહક; પ્રતિગ્રહિતા -*a.* ગ્રહણ કરતું.

Reciprocal, *a.* (રિસિ'પ્રોકલ્) Mutual. અરસપરસ; એક બીજાનું; એક બીજા માટે વપરાય એવું. *n.* A reciprocal thing. અરસ પરસ ઉપયોગી વસ્તુ.

Reciprocate, *vt*, (રિસિ'પ્રોકેટ્) To give in requital. અરસપરસ આપવું. *vi.* To alternate. વારાફરતી થવું.

Reciprocation, *n.* (રિસિપ્રોકે',શન્) Mutual requital. અરસપરસ આપવું તે; દાનપ્રતિદાન.

Reciprocity, *n* (રેસિપ્રૉ'સિટી) Mutual action and reaction; interchange of acts. પરસ્પરતા; પરસ્પરભાવ.

Recision, *n.* (રીસિ'શ્ઝન્) A cutting off. કાપવું તે; કાપણી. [L. *re* & *cædo*, I cut.]

Recital, *n.* (રીસા'યટલ્) Rehearsing; narration. મ્હોડે બોલી જવું તે; ઉચ્ચારણ. 2. Public rehearsal. મ્હોડે કરેલો ભાગ શ્રોતાવર્ગ આગળ ભજવી બતાવવો તે; મુખપાઠ.

Recitation, *n.* (રેસિટે',શન્) Rehearsal; repetition of words. મ્હોડે બોલવું તે; મુખપાઠ.

Recite, *vt.* (રીસા'ઇટ્) To repeat. મ્હોડે ભણી જવું; બોલવું. *vi.* To repeat by heart. બોલી જવું. [L. *re* & *cieo*, I call.]

Reckless, *a.* (રે'કલિસ્) Rash; heedless. બે પરવા; નિષ્કાળજી; બેતમા. અવિચારી.

Reckon, *vt.* (રે'કન્) To number or compute. ગણવું; ગણત્રી કરવી. 2. To esteem. માનવું, માની લેવું. 3. To suppose or think. વિચારવું; લેખવું; ગણવું. *vi.* To enumerate. ગણાવું. **To r. for**=જવાબદાર હોવું. **To r. on or upon**=આધાર રાખવો-કરવો. **To reckon with**-હીસાબ લેવો. **To reckon without one's host**=ગણવામાં ભુલ કરવી-ખાવી.

Reckoning, *n.* (રે'કનિન્ગ) Computing; reputing. ગણના; ગણત્રી; સુમાર. 2. Bill (of a hotel). હોટેલનું બીલ. 3. Esteeming. લેખવું તે; ગણત્રી કરવી તે.

Reclaim, *vi.* (રીક્લે',મ્) To ask back as one's due. હકથી પાછું માગવું. *vt.* To bring to the right path. સન્માર્ગે લાવવું; ઠેકાણે લાવવું. 2. To bring to the original state. અસલ સ્થિતિમાં લાવવું. 3. To improve. સુધારણા કરવી. *vi.* To argue in opposition. સામે દલીલ કરવી..

Reclamation, *n.* (રેક્લમે',શન્) The bringing back of a person from evil

courses. ઉદ્ધારણા; સુધારણા; કુમાર્ગ-ત્યાગ; પાપ વિમોચન. 2. Argument in opposition, સામી દલીલ-ટપકો. 3. Winning from waste state. ખેડવા લાયક, ઉપયોગી બનાવવું તે; પુનઃપ્રાપ્તિ.

Reclination, *n.* (રીક્લાઇને',શન્) The act of bending back or of reclining. અઢેલીને બેસવું તે. 2. A medical eye-operation for cataract. આંખમાંથી મોતીયા કાઢવા તે.

Recline, *vt.* (રીક્લા'ઇન્) To lean upon. ને અઢેલીને બેસવું. *vi.* To lean; to assume a recumbent position. લાંબા થવું; અઢેલવું; આડા થવું; આરામ લેવો. [L. *re* & *clino*, I lean.)

Reclose, *vt.* (રીક્લો',ઝ્) To shut again. ફરીથી બંધ કરવું.

Recluse, *n.* (રીક્લ્યૂ'સ્) A hermit;a sanyasi. સંન્યાસી; સાધુપુરુષ; એકાંતવાસી.2. A hermitage. મઠ; આશ્રમ.

Reclusion, *n.* (રીક્લ્યૂ'ઝ્ન્) Seclusion; a state of seclusion from the world. એકાંતવાસ; સંન્યાસ; સંસારત્યાગ.

Recognition, *n.* (રેકગ્નિ'શન્)A knowing again. ઓળખવું તે. 2. An avowal or acknowledgement.ઓળખવું તે;અંગીકાર;સ્વીકાર.

Recognizable, *a.* (રે'કગ્નાઇઝબલ્) Acknowledgable. સ્વીકારવા યોગ્ય; ઓળખાય એવું; જામીન લેવા લાયક.

Recognizance,*n* (રેકૉ'ગનિઝન્સ્) Acknowledgement. સ્વીકાર;અંગીકાર. 2. A sign. ચિહ્નનિશાન. 3. A bond. જામીનગીરીનું કરારનામું.

Recognize, *vt.* (રે'કગ્નાઇઝ્)To know again. ઓળખવું. 2. To acknowledge. અંગીકાર, સ્વીકાર કરવો.3.To appreciate.કદર કરવી;પ્રસન્નતા જણાવવી. [L.*re*, again and *nosco*, I know.]

Recoil, *vi.* (રી-કૉ'ઇલ્) To rebound or start back.પાછા હઠવું; પ્રત્યાઘાત કરવો. *n.* A starting back. પાછળ હઠવું તે, પ્રત્યાઘાત; પરાવર્તન.

Recoin, *vt.* (રીકૉ'ઇન્)To coin again. ફરીથી નાણું પાડવું.

Recoinage,*n.*(રીકૉ'ઈનિજ્)A coining anew. ફરીથી નાણું પાડવું તે.

Recollect, *vt.* (રી-કલે'ક્ટ્) To recall. ફરીથી યાદ આણવું, કરવું. 2. To recover self-control. પોતાનું મન ઠેકાણે લાવવું; સ્થિર, શાંત થવું. *vt.*To gather again. ફરીથી એકઠું કરવું. [L. *re*, again & *lego*,I gather.]

Recollection, *n.* (રીકલે'કશન્) The act of remembering. યાદદાસ્તી; સ્મરણશક્તિ; સ્મૃતિ; સ્મરણ; ફરી યાદ આણવું તે.

Recommence, *vt.* (રીકમે'ન્સ્) To begin again. ફરીથી શરુ કરવું; નવેસરથી શરુ કરવું. *vi.* To have a new beginning. ફરી શરુ થવું, ફરીથી પ્રારંભ થવો.

Recommend, *vt.* (રેકમે'ન્ડ્) To offer or commend to another's notice, kindness, favour &c. ની ભલામણ કરવી; ને માટે વગ પહોંચાડવી; સારું છે એમ કહેવું.

Recommendation, *n.* (રેકમેન્ડે,'શન્) The act of offering for another's notice, kindness, favour &c.શીફારસ;ભલામણ. 2. A letter of commendation. શીફારસ, ભલામણપત્ર.

Recommendatory,*a.* (રેકમે'ન્ડટરી) Serving to recommend.પ્રશંસાકારી; ભલામણ કરતું.

Recommit,*vt.*(રી-કમિ'ટ્)To give back into keeping. ફરીથી સ્વાધીન કરવું.

Recompense, *vt.* (રે'કમ્પેન્સ્) To remunerate or requite; to give in return for. નો બદલો વાળવો-ને બદલે આપવું-નું સારું વાળવું. *n.*A reward or requital. સારું; અવેજ; બદલો. [L. *re*, *con*, & *penso*, I weigh.]

Recompose,*vt.*(રી-કૉમ્પો,'ઝ્)To tranquillize again. ફરીથી શાંત ક૦. 2. To set types again. ફરીથી ટાઇપ ગોઠવવા, રચવું.

Reconcile, *vt.* (રે'કન્સાઇલ્) To restore to friendship or union after estrangements. સમજુત-સમાધાની કરવી; મેળાપ કરવો. 2. To make consistent. બંધ બેસવું-એક સરખું કરવું. 3. To bring to an end. નિકાલ કરી આપવું-પતાવવું. *vi.* To become friendly. સંપ થવો-સમાધાની થવી.

Reconcilement, Reconciliation *n.* (રે'કન્સાઇલમન્ટ) or (રેકૉનસિલિએ',શન્) Restoration to friendship after estrangement. સમાધાની; સમજુતી.

Recondite, *a.* (રે'કન્ડાઇટ્) Clandestine. ગુપ્ત. 2. Profound. ગહન. [L. *re* & *condo*, I hide.]

Reconditory, *n.* (રી-કૉ'ન્ડિટરી) A storehouse or repository. ભંડાર; કોઠાર; વખાર.

Reconduct, *vt.* (રી-કૉન્ડ'ક્ટ્) To conduct back or again. ફરીથી લઇ જવું.

Reconnaissance,*n.*(રીકૉ'નિસન્સ્) Preliminary examination of a country before the beginning of military operation. લડાઈ શરૂ કરતા પહેલાં કરેલી દેશની તપાસ-સરવે; ખબર કરનાર ટુકડી.

Reconnoitre, *vt.* (રીકૅનૉ'ઇટર) To examine or survey as a tract of land for military purposes. લશ્કરી કામ સારૂ (કોઈપણ મુલકની) તપાસ કરવી. *vi.* To examine. તપાસ કરવી. [L. *re* & *con* & *nosco*, I know.]

Reconquer, *vt.* (રીકૉં'ન્કર્) To conquer again. ફરી જીતવું. 2. To regain. પાછું મેળવવું.

Reconsider, *vt.* (રીકન્સિ'ડર્) To think of again. ફરીથી વિચાર ક૦

Reconvey, *vt.* (રી-કન્વે,') To recarry. ફરીથી લઇ જવું; પ્હોંચાડવું.

Record, *v.* (રીકૉ'ર્ડ્) To note or write down in a record-book. દફતરમાં દાખલ કરવું-લખી રાખવું.*n.*(રે'કૉર્ડ્)An official register.દફતર;નોંધ; રજીષ્ટર. 2. A memorial. સ્મરણ; લખેલી વાત-હકીકત;નોંધ. 3. Anything noted down on a register. વૃત્તાન્ત; હકીકત. 4. Highest result attained. સૌથી ચઢીયાતું-અપૂર્વ પરિણામ. **To break the record**=અપૂર્વ પરાક્રમ કરીબતાવવું

Recorder, *n.* (રીકૉ'ર્ડર્) One who registers. દફતરી; નોંધ લેનાર.

Recount, *vt.* (રીકા'ઉન્ટ્) To relate in details. તપસીલવાર-સવિસ્તર કેહવું. *n.* A counting of votes. મતોની ગણત્રી. [L. *re*, again & *puto*, I reckon.]

Recoup, *vt.* (રીકૂ'પ્) To compensate or recompense. ની ખોટ વાળી આપવી-પૂરી પાડવી; સાટું વાળવું. To indemnify oneself for a loss by a corresponding advantage.ખોટ ભરી આપવી; સાટું વાળી લેવું. 2.To keep back as a set-offer discount વટાવ તરીકે કાપી લેવું. Recover. પાછી તંદુરસ્ત, બરાબર ક૦.

Recourse,*n* (રીકૉ'ર્સ) A resort in difficulty or perplexity. ઉપાય;માર્ગ; રસ્તો: ગતિ; આશ્રયકરણ; આધાર. **To have recourse to**=નો આધાર લેવો. [L. *re*, back & *curro*, I run.]

Recover, *vt.* (રીક'વર્) To restore to health. રોગ મટાડવો. 2. To get back. ફરીથી મેળવવું. 3. To improve. ઠેકાણે આવવું. 4. To obtain. મેળવવું. *vi.* To regain health. તબીયત સુધરવી. 2. To obtain by a judgment. કોરટના હુકમનામાથી મેળવવું.

Recovery, *n.* (રીક'વરી) Restoration to health. આરોગ્ય સાધન;રોગમુક્તિ;આરામ. 2. The obtaining of something by legal procedure. વસુલ-વસુલાત. 3. A getting back. ફરીથી, પાછું મળવું તે; પુનઃપ્રાપ્તિ.

Recreant,*a.* (રે'ક્રીઅન્ટ) Timid; cowardly. બાયલું;બ્હીકણું;નામર્દ. *n.* A cowardly wretch. બ્હીકણુ-નામર્દ માણસ. [L. *re* back & *credo*, I believe.]

Recreate, *vi.* (રીક્રીએ,'ટ્) To create again. ફરીથી-નવેસરથી ક૦; સર્જન કરવું. *vt.* (રે'-) To enliven or amuse. આનંદ-ગમત આપવી; મનોરંજન કરવું.

Recreation,*n.*(રીક્રીએ,'શન્)પુનઃસર્જન.-(રે'-) Enlivenment; amusement. મનોરંજન; ગમત; વિનોદ; આનંદ.

Recreative,*a.* (રીક્રીએ,'ટિવ્) ફરીથી પેદા કરતું. (રે'-)Amusing. મનોરંજક; ગમતી. 1. Creating again. નવેસરથી નબાવતું.

Recrement,*n.*(રે'ક્રીમન્ટ્) Refuse. મેલ; કચરો; કીટું. [L. *re* & *cretum*, I separate.]

Recriminate, *vt.* (રી-ક્રી'મિને,ટ્)To accuse in return. સામો આરોપ મુકવો. *vi.* To retort one charge with another.સામો દોષારોપ મુકવો; ટોણું મારવું [L.*re*,back & *criminor*,I accuse.]

Recriminative,*a.*(રીક્રિ'મિને,ટિવ્)Accusing in return. સામો આરોપ, દોષ મુકતું.

Recruit,*n.*(રીક્રૂ'ટ્)A newly enlisted soldier. નવો સિપાઇ.2. A supply of something new. જમાવ; ભરતી. [L. *re* & *cresco*, I grow.]

Recruit,*vi.* (રીક્રૂ'ટ) To repair or arrange. સમારવું; યથાસ્થિત કરવું. 2.Restore to health. તબિયત દુરસ્ત-સારી કરવી; સાજું કરવું. 3. To enlist new men.નવા માણસોની (લશ્કરમાં) ભરતી કરવી *vt.* To gain health. તંદુરસ્તી મેળવવી. [L. *re* & *cresco*, I grow.]

Rectangle, *n.* (રે'કટૅન્ગલ્) A quadrilateral with all the angles as right angles.કાટખુણાવાળી, ચતુષ્કોણાકૃતિ. [L. *rectus*, right and *angulus*, an angle.]

Rectangular,*a.* (રેકટૅ'ન્ગ્યુલર્)Like a rectangle; of the shape of a rectangle. કાટખુણાવાળી, ચોકોણાકૃતિ જેવું;કાટખુણાકૃતિ હોય તેવું.

Rectifiable, *a.* (રે'કિટફાયબલ્) That can be improved. સુધારવા જોગ.

Rectification,*n.* (રેકિટફિકે,'શન્) Improvement. સુધારો; શુદ્ધિકરણ.

Rectify,*vt.* (રે'કટીફાય્)To improve or correct. સુધારવું, શુદ્ધિકરણ ક૦. 2. To refine by repeated distillation.ગાળવું;શોધવું;શોધી કસ કાઢવો.

Rectilinear, Rectilineal,*a.*(રેકિટલિ'નિઅરઅલ્)Bounded by straight lines.સીધી લીટીથી મર્યાદિત થયેલું, બાંધેલું.

Rectitude, *n.*(રે'કિટટ્યુડ્) Uprightness. નેકી; પ્રમાણિકપણું;સાચવટ;સીધાપણું. [L.*rectus*,right.]

Rector, *n.* (રે'કટર્)A clergyman. પાદરી-ધર્મોપદેશક. 2. The headmaster of a school. નિશાળનો, વિદ્યાપીઠનો, મુખ્ય અધ્યાપક-આચાર્ય.

Rectorship,*n.*(રે'કટરશિપ્) The office;rank &c. of a rector. પાદરીની-હેડમાસ્તરની પદ્વી હોદ્દો.

Rectory,*n.*(રે'કટરી)A clergyman's residence or domain.ધર્માધિકારીનું મકાન-તાબાનો મુલક-સત્તા.

Rectum, *n.* (રે'કટમ્) The terminal part of the large intestine. ગુદા; મલાશય.

Recubation, *n.* (રેક્યુબે',શન્) Rest. વિસામો; આરામ. [L. *re* & *cubo*, I lie down.]

Recumbent, *a.* (રીક'મ્બન્ટ્) Reclining; leaning; resting. અઢેલું; આરામ-વિસામો લેતું; આડું પડેલું; અવલંબિત.

Recuperate, *v.* (રિકયૂ'પરે,ટ્) Recover; restore. પાછું મેળવવું, આપવું; તાજા માજા થવું કરવું.—*a.* °**tive**

Recur, *vt.* (રીક'ર) To occur again. ફરીથી થવું-બનવું-યાદ આવવું. 2. Resort to. ની ઉપર આધાર રાખવો. [L. *re* & *curro*, I run.]

Recurrence-ency, *n.* (રીક'રન્સ-રીક'રન્સી) The act of occurring again. ફરીથી બનવું-યાદ આવવું તે; સ્ફુરણ.

Recurrent, recurring, *a.* (રીક'રન્ટ્, રીક'રિન્ગ્) Occurring at intervals. રહી રહીને-ફરી ફરીથી બનતું, આવતું.

Recuse, *vt.* (રિકયૂ'ઝ્) To reject or refuse. નામંજુર કરવું; ના પાડવી.

Red, *a.* (રેડ્) Of bloody colour. લાલ-લોહીના, રાતા રંગનું. **Red lead** = સિંદુર. *n.* Red colour. લાલ, રાતો રંગ. *vt.* To arrange. ગોઠવવું.

Red-book, *n.* (રે'ડ-બુક્) Service list of England. નોકરોની નોંધની ચોપડી.

Redden, *vt.* (રે'ડન્) To make red. લાલ કરવું. *vi.* To become red. (મ્હો) લાલ-રાતું પીળું, રક્ત થઇ જવું.

Reddish, *a.* (રે'ડિશ્) Somewhat red. રતાશ પડતું; થોડુંક લાલ

Rede, *n.* (રીડ્) Instruction. શિખામણ; શિક્ષા-બોધ; કાયદો; વાત. *vt.* To advise. શિખામણ-ઉપદેશ-બોધ આપવો.

Redeem, *vt.* (રીડી'મ્) To buy back. ફરીથી ખરીદ કરવું. 2. To retake possession of an estate. ઇસ્ટેટનો ફરી કબજો લેવો. 3. To ransom. પૈસા આપી પાછું લેવું; છોડાવવું. 4. To absolve from sin; fulfil. પાપ મુક્ત ક૦; ઉદ્ધારવું; તારવું; પાળવું. **To R. the time** = વખતનો સદુપયોગ કરવો. [L. *re*, back & *emo*, I buy.]

Redeemer, *n.* (રીડી'મર્) Rescuer. બચાવ કરનાર; તારનાર. **The Redeemer** = ઈસુ-ખ્રિસ્તનું એક નામ.

Redemption, *n.* (રીડે'મ્પશન્) Release, liberation or freeing of a person or estate &c. છુટકારો; છોડાવવું તે; છુટકો; ગીરો મુકેલી વસ્તુ છોડાવવી તે. 2. Absolution from sin. પાપ મુક્તિ; ઉદ્ધાર; તારણ. [L. *re*, back & *emo*, I buy.]

Red-hot, *a.* (રે'ડ-હૉટ) Heated to redness. તપીને લાલચોળ થયેલું.

Red-letter-day, *n.* (રેડ-લે'ટરડિ) A day of good fortune. સપરમો દહાડો; નશિબનો દહાડો; તહેવાર; પુણ્ય, સ્મરણીય દિન.

Redolence, *n.* (રે'ડોલન્સ્) Perfume; fragrance. સુવાસ; ખુશબો; પરિમલ; સુગંધ; પીમળ.

Redolent, *a.* (રે'ડોલન્ટ્) Fragrant; perfumed. ખુશબોદાર; સુગંધીદાર. [L. *re* & *oleo*, I smell]

Redouble, *vt.* (રીડ'બલ) To double again; increase. ચોવડું, ચોમણું; કરવું; વધારવું. *vi.* To be doubled. બમણું થવું; વધવું.

Redoubtable, *a.* (રીડા'ઉટબલ્) Formidable. ભયાનક; ભયંકર. 2. Valiant. બહાદુર; પરાક્રમી.

Redound, *vt.* (રીડા'ઉન્ડ) To roll or flow back as a wave. પાછું લોટવું-ગબડવું. 2. To have effect; to contribute. પરિણામ રૂપ થવું; વધારવું. [L. *re*, back & *undo*, I surge or swell.]

Redress, *vt.* (રીડ્રે'સ્) To dress again. ફરીથી કપડાં પ્હેરવાં. 2. To set right or remedy; to relieve or ease. નો ઈલાજ-ઉપાય કરવો; ને સુધારવું-ની દાદ આપવી. [L. *redresser*, to straighten again.] *n.* Remedy; relief. દાદ; સુધારવું તે; ઇલાજ; ઉપાય; સુધારો.

Reduce, *vt.* (રીડયૂ'સ્) To lower. હલકી-નીચી સ્થિતિએ લાવવું. 2. To subdue. વશ કરવું-તાબે ક૦; જીતી લેવું. 3. To grind to powder. નો ભુકો-ચૂર્ણ કરવું. 4. Lessen. ઓછું કરવું-ઘટાડવું. [L. *re*, back & *duco*, I lead]

Reducible, *a.* (રીડયૂ'સિબલ્) That may be reduced. રૂપાંતર ઓછું, થઇ શકે એવું.

Reduction, reducement, *n.* (રીડ'કશન્-રીડયૂ'સમન્ટ્) Lessening. ઓછું કરવું-ઘટાડવું તે. 2. Conquest. જીતવું-પરાભવ કરવો તે. 3. The correction of observations or errors. સુધારણી; છુટ. 4. Copying. નકલ કરવી તે.

Redundance, redundancy. *n.* (રીડ'ન્ડન્સ-ન્ડન્સી) Excess; superfluity. વ્યર્થતા; નકામો વધારો-વધારવું તે; પુનરૂક્તિ.

Redundant, *a.* (રીડ'ન્ડન્ટ્) More than necessary; superfluous. વધારાનું; ફાજલપડતું; ફાલતુ

Reduplicate, *vt.* (રી-ડ્યુ'પ્લિકે'ટ્) To make double again. ફરીથી બમણું-બે નકલ કરવી. બે વાર લેવી. *a.* Repeated; double. ફરીથી બમણું કરેલું; પુનરૂક્ત.

Ree, *vt.* (રી) To sift. ચાળવું-ગાળવું.

Re-echo, *vt.* (રી-એ'કો) To echo back. પાછો પડઘો પાડવો. *vi.* To be echoed back. પાછો પડઘો પડવો. *n.* An echo back. પ્રતિધ્વનિ.

Reed,*n*.(રીડ્) A grasslike plant. નેતર-બરૂ-એક જાતનું ઘાસ; દર્ભ. 2. An arrow made of reed. બરૂનું તીર.

Reef, *n*.(રીફ્) A rocky chain.ખડકોની હાર-રાંગ.

Reefy,*a* (રી'ફી) Rocky. ખડકોવાળું.

Reek,*n*.(રીક્) Steam; smoke. ધુમાડો-બાફ.*vi*. To smoke. વરાળ-ધુમાડો નીકળવો.

Reeky, *a*. (રી'કી) Smoky. ધુમાડાવાળું.

Reel,*n*.(રીલ)A bobbin or machine for winding yarn upon. ફીરકી;રીલ;ચરખ; ચરખો; ગરેડી. *vt*.To wind. વીંટવું-લપેટવું.*vi*. To wind upon a reel.ફીરકી-રીલ ઉપર લપેટવું-વિંટવું.2.To stagger or have a giddy sensation. ફેર-ચક્કર આવવાં; લથડવું. *n*. A giddy sensation. ચક્કર; ફેર; તમર.

Re-elect, *vt*. (રી-ઈલે'ક્ટ્) To elect again. બીજીવાર ચુંટવું-ચુંટી કહાડવું.

Re-election,*n*. (રી-ઇલે'કશન્) New or fresh election. ફરીવાર ચુંટણી.

Re-embark, *vt*. (રી-એમ્બા'ર્ક્) To embark again. ફરીથી વહાણ હંકારવું-વહાણપર લઇ જવું, ચહડવું, જવું. *vi*. To put on board again. ફરીથી વહાણ ઉપર મુકવું.

Re-enact, *vt*. (રી-ઇનૅ'ક્ટ્) To enact again. ફરીથી કાયદો ઘડવો; નવેસરથી કાયદા બાંધવા.

Re-enforce,*vt*.(રી-એનફો'ર્સ્)To reimburse or strengthen.નવા સીપાઈ મોકલવા;કુમક-મદદ મોકલવી

Reenforcement, *n*. (રીએનફો'ર્સમન્ટ્) A strengthening (with new men &c.) પૂરવણી; ભરતી;પૂર્તિ.2. Additional help. મદદ;કુમક; પુષ્ટિ.

Reengage,*vt*.(રીઇન્ગે'જ્)To employ again. ફરીથી કામે લગાડવું; ફરીથી સરત કરવી.

Re-enter,*vt*.(રી-એ'ન્ટર્)To come in again. ફરીથી દાખલ કરવું. *vi*. To enter in again. ફરીથી દાખલ થવું.

Reestablish,*vt*.(રી-ઇસ્ટૅ'બ્લિશ્)To restore or establish again. પુનઃસ્થાપના કરવી; પુનઃસ્થાપન કરવું.

Re-examine,*vt*.(રી-ઇગ્ઝૅ'મિન્)To examine again. ફરીથી પરીક્ષા લેવી, તપાસવું.

Re-export, *vt*. (રી-ઇક્સપો'ર્ટ્) To export imported goods. આવેલો માલ ફરીથી દેશાવર મોકલવો.*n*.Goods re-exported.ફરી મોકલેલો માલ.

Refection,*n*.(રી-ફે'કશન્) Lunch. નાસ્તો.

Refectory, *n*. (રી-ફે'ક્ટરી) A refreshment-hall. ઉપાહારશાળા; નાસ્તો કરવાનો ઓરડો.

Refer,*vt*. (રીફ'ર્)To carry or trace back. ને હવાલે કરવું;પાછું લઈ જવું,મોકલવું. 2.To hand over for treatment.ને હવાલે કરવું,સોપવું. 3.To appeal to. અપીલ કરવી.*vi*.To appeal to a superior officer &c. અપીલ ક૦. 2. To allude to. ને વિષે બોલવું;ઉલ્લેખ, નિર્દેશ ક૦. 3.To have recourse to.ની મદદ લેવી. 4. To direct the attention. ને પુછવું,પુછપરછ કરવી.[L.*re*,back&*fero*,I bear.]

Referee,*n*.(રેફરી')An umpire.મધ્યસ્થ; ત્રાહીત, ત્રીજો માણસ.

Reference, *n*.(રે'ફરન્સ્) Relation; allusion. નીસબત;સંબંધ;સૂચના;ઇસારો;નિર્દેશ;ઉલ્લેખ. 2. A person to whom inquiries may be made as regards conduct &c. ઓળખાણ. 3.Submission for decision to a court &c.કોરટ-ત્રાહિત માણસો પાસે નીવેડો, નિકાલ કરાવવો તે.

Refine,*vt*.(રી-ફા'ઇન)To civilize.શિષ્ટ,સભ્ય ક૦. સુધારવું. 2. To purify. શુદ્ધ, ચોખ્ખું કરવું. *vi*. To become pure. શુદ્ધ, ચોખ્ખું થવું.

Refined,*a*.(રીફા'ઇન્ડ્)Purified.ચોખ્ખું કરેલું;શુદ્ધ 2. Civilized. શિષ્ટ, સભ્ય, સુધરેલું; સંસ્કૃત, સુઘડ.

Refiner, *n*. (રીફા'ઇનર) One who refines metals &c.ધાતુઓ શોધનાર (સાફ ક૦) અને ગાળનાર.

Refinement,*n*.(રીફા'ઇનમન્ટ્)Purity.સ્વચ્છતા; શોધવું-ગાળવું તે. 2. Cultivation or civilizing. સુધારણા-સભ્યતા-સંસ્કૃતિ કરવી તે. 3. Fineness of feeling,etc.મુલાયમતા;સૂક્ષ્મતા;તીવ્રતા;સૂક્ષ્મ ભેદ.

Refit, *vt*. (રીફિ'ટ્) To make fit again.ફરીથી તૈયાર કરવું-સમારવું.

Reflect,*vt*. (રીફ્લે'ક્ટ્) To throw back. પરાવર્તન કરવું; પ્રતિબિંબ પાડવું. *vi*. To be thrown back. પરાવર્તન થવું. 2. To meditate. ધ્યાન દઈને વિચાર, મનન કરવું. **To reflect no credit upon**=નામને લાંછન લગાડવું [L. *re* & *flecto*, I bend.]

Reflection, *n*.(રીફ્લે'કશન્)Thought; meditation. મનન; ધ્યાન; વિચાર. 2. The act of reflecting. પરાવર્તન. 3. An image. પ્રતિબિંબ; પડછાયો.4. Reproach;censure.આક્ષેપ;ઠપકો;લાંછન.

Reflective, *a*. (રીફ્લે'ક્ટિવ્) Thoughful. વિચારશીલ-ધ્યાનશીલ. 2. Throwing back an image &c. પરાવર્તન કરતું; પડછાયો પાડતું.

Reflector, *n*. (રીફ્લે'ક્ટર્) One who reflects. પ્રતિબિંબ પાડનાર. 2. A polished surface for reflecting light. પ્રકાશનું પરાવર્તન કરવા,વધારવા સારુ દીવા પાછળ મુકેલી તખ્તી.

Reflex, *a*. (રીફ્લે'ક્સ્) Directed back or reflected. પ્રતિક્રિયાત્મક; પરાવર્તી.*n*.Reflection. પ્રતિબિંબ. *vt*. To reflect. પરાવર્તન ક૦.

Reflexibility, *n*. (રીફ્લેક્સિબિ'લીટી)Reflex quality. પાછું વળે એવો ગુણ; પ્રતિક્રિયા; સ્વધર્મ; આત્મીયતા.

Reflexive, *a*. (રીફ્લે'ક્સિવ્) Reflecting. પરાવર્તન, પડછાયો કરતું;સ્વકર્મીય;પોતાને લગતું. 2. Censorious. નિંદાયુક્ત;ઠપકા ભરેલું;આળ લગાવતું.

Reflux, *n.* (રીફ્લ'ક્સ્)A flowing back, as of tide. પાણીનો ઉતાર-ઓટ;પાછું વ્હેન. *a.* Flowing back. પાછળ, પાછું ઉતરતું-ઓટવાળું.

Reform, *vt.* (રીફૉ'ર્મ્) To improve.સુધારવું; ઠેકાણે લાવવું;દુરસ્ત કરવું.*vi.* To become improved. સુધરવું. *n.* Improvement. સુધારો. [L. *re* & *forma*, form].

Reformation, *n.* (રેફૉર્મે,'શન્) Change for good.સુધારણા;સુધારો.2.A religious movement started by Martin Luther. ધર્મસુધારક ચળવળ (માર્ટિન લ્યુથરની).

Reformatory, *n.* (રીફૉ'ર્મેટરી)A place for reforming juvenile criminals. બાળગુન્હેગારોને સુધારવાની જગ્યા-જેલ.

Reformer,*n.*(રીફૉ'ર્મર્)One who reforms or favours social or political reform. સુધારો કરનાર;સુધારક.*a.* **Reforming**.સુધારક;વ્યવસ્થાપક.

Refraction, *n.* (રીફ્રૅ'કશન્)The change of direction impressed upon rays, passing from one medium into another, of different density.કિરણનું વક્રીભવન.

Refractory, *a.* (રીફ્રૅ'કટરી) Stubborn.જીદ્દી; હઠીલું; તોફાની; વક્ર.

Refractoriness, *n.* (રીફ્રૅ'કટરીનિસ્) Obstinacy. હઠ; જીદ; તોફાન.

Refrain,*vt.*(રીફ્રે,'ન્)To check.રોકવું,અટકાવવું 2. To abstain from. ન કરવું. *vi.* To forbear. થી અળગા રહેવું.*n.*The burden of a song. ટુંક; ધ્રુવપદ. [L. *re*, back & *frænum*, a bridle.]

Refrangible.*a.*(રીફ્રૅ'ન્જીબલ્) Subject to or capable of refraction. વક્રીભવન થાય એવું; પરાવર્તનીય.

Refresh,*vt.*(રીફ્રે'શ્) To revive or freshen. તાજું કરવું. **To R. oneself**=થાક ખાવો; વીસામો લેવો, આરામ લેવો.

Refreshing,*a.*(રીફ્રે'શિન્ગ્) Reviving. તાજું કરતું; વીસામો, આરામ આપતું; થાક ઉતારતું;મનોહર.

Refreshment,*n.* (રીફ્રે'શમેન્ટ્)Rest. વિસામો, આરામ. 2. *pl.* Food and drink (after fast &c.) નાસ્તો; ઉપાહાર.

Refrigerant-ative, *a.*(રીફ્રી'જરન્ટ્-જરેટિવ્) Allaying heat;cooling. શામક; ઠંડક આપનારું; શાંતિ વાળનારૂં.*n.* A cooling medicine. શામક, ઠંડક આપનાર દવા.

Refuge,*n.*(રે'ફ્યુજ્) Protection. આધાર; રક્ષણ; આશ્રય; શરણ; આસરો; ઓથ.*vt.* To give shelter to.ને આશ્રય આપવો [L.*re*,back & *fugio*,I fly.]

Refugee,*n.*(રેફ્યુજી') One who seeks shelter. શરણાગત માણસ; આશ્રય, આસરો માગનાર માણસ.

Refulgence, *n.* (રીફ'લ્જન્સ્) Brilliancy; splendour. તેજ; પ્રકાશ; ચળકાટ; ઓપ. [L. *re*, *fulgeo*, I shine.]

Refulgent, *a.* (રીફ'લ્જન્ટ્) Shining. ચળકતું, ચળકાટ મારતું હોય એવું; તેજોમય; દેદીપ્યમાન.

Refund,*vt.* (રીફ'ન્ડ્) To pay back. પાછું ભરી વાળી આપવું. 2. To pour back. પાછું રેડવું. [L. *re*, back & *fundo*, I pour.]

Refusal, *n.* (રીફ્યૂ'ઝલ્) Denial. ના પાડવી તે; નકાર; અસ્વીકાર. 2. Pre-emption. લેવા ન લેવાની ખુશી-મરજી, હક્ક; વિકલ્પ.

Refuse, *vt.* (રીફ્યૂ'ઝ્) To reject or decline acceptance of. ના પાડવી; અસ્વીકાર કરવો. 2. To disown. નાકબુલ કરવું-થવું. *vi.* To decline acceptance. ના પાડવી-ન ગણવું. *n.* (રે'ફ્યુસ્) Dross;dirt. કચરો; પુંજો. [L.*recusare*,to refuse.]

Refutable, *a.* (રીફ્યૂ'ટબલ્) Capable of being disproved or refuted. તોડી શકાય-જવાબ આપી શકાય એવું;ખંડનીય;રદીયો આપી શકાય એવું.

Refutation, *n.* (રેફ્યુટે,'શન્) Disproving. રદીયો; ખંડન; તોડવું તે.

Refute, *vt.* (રીફ્યૂ'ટ્) To disprove. રદીયો-જવાબ આપવો; ખંડન કરવું તોડી પાડવું. [L. *re*, back & *futo*, I pour.]

Regain, *vt.* (રીગે,'ન્) To gain back. પાછું મેળવવું-સંપાદન કરવું.

Regal, *a.* (રી'ગલ્) Royal; kingly.બાદશાહી; રાજકીય; રાજાનું-વિષયી. [L. *regis*, a king.]

Regalement, *n.* (રીગે,'લમન્ટ્) The act of regaling. ઉજાણી; ખુશાલી.

Regale, *vt.* (રીગે,'લ્) To gratify. સંતોષ આપવો.*vi.*To enter ain with a feast ઉજાણી-મીજબાની આપવી. *n.* A royal right. રાજાનો હક્ક. [Fr. *regaler*, to treat.]

Regalia, *n.* (રીગે,'લ્યૅ)Ensigns or appendages of royalty—like the crown,the sceptre &c. રાજચિહ્નો-રાજલક્ષણો [L. *regis*, a king.]

Regality,*n.*(રીગૅ'લીટી)Sovereignty; royalty. રાજસત્તા; બાદશાહી; રાજાનો અધિકાર; રાજપણું.

Regard, *vt.* (રીગા'ર્ડ્) To behold or look at. જોવું-સ્હામું જોવું; નિરખવું. 2. To feel for. લાગણી થવી. 3. To honour; respect or care for. ગણકારવું-માન આપવું; ગણવું-માનવું. 4. To reckon or consider. માનવું-ધારવું-ગણવું.5. To lay to heart or mind. ધ્યાનમાં લેવું. 6. To have relation to or connection with.ની સાથે નીસબત-લેવાદેવા હોવી;ની સાથે સંબંધ હોવો. **As regards**=ની બાબતમાં;ને વિષે. *n.* Careful notice or look. ધ્યાન આપવું તે; તાકી તાકીને જોવું તે; નજર; લક્ષ. 2. Estimation or respect,

માન;આદર;ભાવ;લાગણી;સન્માન.3.Consideration. વિચાર. 4. Connection. સંબંધ, નિસબત.[L. *re* & *garder*, to heed.]

Regardful,*a*.(રીગા'ર્ડ્ફુલ્)Careful;attentive. કાળજીવાળું; ચોક્કસ; ધ્યાન, માન આપતું.

Regarding, *prep*.(રીગા'ર્ડીંન્ગ્) About વિષે; બાબતમાં; સંબંધી.

Regency, *n*.(રી'જન્સી) Government by a regent. રાજપ્રતિનિધિરાજ્ય; રાજ્યરક્ષકપણું, તેનો અમલ. 2. A body of persons deputed to conduct government on behalf of a king: રાજપ્રતિનિધિમંડળ; રાજ્યરક્ષકતા.

Regenerate, *vt*. (રીજે'નરેટ્) To reform thoroughly. સારો, સદંતર ફેરફાર કરવો. 2. To recreate.ફરીથી પેદા-ઉત્પન્ન કરવું. 3.To redeem the soul of.આત્મોદ્ધાર કરવો.*a*.Created or born anew or again. ફરીથી જન્મેલું-પેદા થયેલું. [L. *re*, back & *genero*, I create.]

Regeneration,*n*.(રીજેનરે,શન્)Re-creating પુનરૂત્પત્તિ;ફરીથી પેદા ઉત્પન્ન થવું તે. 2.Reformation. સુધારો. 3.Redemption of one's soul.આત્મોદ્ધાર.

Regenerative, *a*. (રીજે'નરેટિવ્) Creating again. ફરી પેદા કરતું; પુનર્વ્યવસ્થાપક.

Regent,*n*.(રી'જન્ટ્)A person who governs the kingdom during the incompetency of the king. રાજપ્રતિનિધિ,રાજ્યરક્ષક.*a*.Governing *vice* the king. રાજાને બદલે રાજ ચલાવતું [L.*rego* I rule.]

Regicide, *n*. (રે'જીસાઇડ્) The murder or murderer of a sovereign. રાજહત્યા; રાજહત્યા કરનાર. [L. *regis* the king & *coedo*, I kill.]

Regime,*n*.(રેસ્ઝી'મ્) Reign (of a king &c.] રાજ્ય;કારકીર્દી; અમલ. [L. *rego*, I govern.]

Regimen,*n*. (રે'જીમન્) Regulation of diet, excercise, &c. પરહેજી;પથ્ય. [L.*rego*,I guide.]

Regiment,*n*.(રે'જીમન્ટ્) A body of troops under the command of a colonel. લશ્કરની ટુકડી-પલટણ.

Regimental, *a*. (રેજીમે'ન્ટલ્) Pertaining to a regiment. લશ્કરની ટુકડી-પલટણ વિષે-નું.

Regina, *n*. (રીજા'ય્ના) Reigning queen. રાજકર્ત્રી; રાણી.

Region, *n*. (રી'જન્) Country. મુલક-દેશ-પ્રાંત-જગ્યા-સ્થાન.

Register, *vt*. (રે'જીસ્ટર્) To note down. નોંધવું-લખી લેવું.*n*.A record for noting down. નોંધવહી;દફતર;ચોપડો.[L.*re*,back &*gero*,I carry.]

Registrar, *n*. (રે'જીસ્ટ્રાર્) An officer who registers. દફતરી; બારનીસ.

Registration, *n*. (રેજીસ્ટ્રે,'શન્) The act of registering. દફતરમાં નોંધી લેવું તે; નોંધણી; પોસ્ટમાં કાગળ "રજીસ્ટર" કરાવવો તે, કરામણ.

Registry,*n*.(રે'જીસ્ટ્રી) Place of registering બારનીસી ખાતું; દફતર રાખવાની જગ્યા.

Regnal, *a*. (રે'ગ્નલ્) Of the reign. રાજ્યનું.

Regnant, *a*. (રે'ગ્નન્ટ્) Reigning.રાજ્ય કરતું.

Regress, *n*. (રી'ગ્રેસ્) Passing back or return; power of returning. પાછું જવું તે; પાછા જવાની સત્તા. *vi*. (રીગ્રે'સ્) To go back. પાછું જવું. *vt*. To retrace. પાછળ પગલાં ભરવાં. [L. *re*, back & *gradior*, I walk.]

Regression, *n*. (રીગ્રે'શન્) A going back. પાછા જવું તે.

Regret, *n*. (રીગ્રે'ટ્) Remorse or sorrow felt for something done or undone. ખેદ-પસ્તાવો દિલગીરી. *vt*. To repent of or be sorry for. ખેદ-પસ્તાવો-દીલગીરી-પશ્ચાત્તાપ થવો.*a*.-°**ttabl** દિલગીર થવા જેવું.-°**tful** દિલગીરી કરતું;પશ્ચાત્તાપી.

Regular,*a*. (રે'ગ્યુલર્)Conforming to a rule, law or principle. રીતસર; નિયમસર-પ્રમાણે. 2. According to an established usage, custom &c. ચાલુ રિવાજ પ્રમાણે.3.Methodical.નિયમિત. નિયમસર ચાલનાર. 4.Out and out; thorough. પૂરેપૂરો;બરાબર; સંપૂર્ણ રીતે.[L. *regula*,a rule.]

Regularity, *n*. (રેગ્યુલૅ'રીટી) Orderliness; method; quality or state of being regular વ્યવસ્થિત-નિયમિતપણું; નિયમિતતા; કાયદેસરપણું; યથાવિધિતા; વ્યવસ્થા.

Regulate, *vt*. (રે'ગ્યુલે,ટ્) To conform to a rule; to control and cause to act properly to put or keep in good order. બરાબર-રીતસર-નિયમિત-નિયમસર ક૦;વ્યવસ્થિત-કાયદા-ધોરણ પ્રમાણે કરવું; કાયદો-નિયમ બાંધવો. [L *regula*, a rule.]

Regulation, *n*. (રેગ્યુલે,'શન્) The act o conforming to a rule. વ્યવસ્થિત-નિયમિત-કાયદેસર કરવું-બનાવવું તે. 2. Law. ધારો-કાયદો-શાસન. [L. *regula*, rule.]

Regulator, *n*. (રે'ગ્યુલે,ટર્) One who o that which regulates.નિયમિત-વ્યવસ્થિતકરનાર 2. An accurate time-piece. બરાબર વખ આપતું ઘડીયાળ.

Regulus, *n*. (રે'ગ્યુલસ્) A petty monarch ઠાકોર; નાનો રાજા. *pl*. **Regulii or reguluses**. [L. *regis*, a king.]

Rehabilitate, *v*. (રીહૅબિ'લિટે,ટ્) Restore સુધારવું; સમારવું; પાછી વ્યવસ્થા કરી દેવી;સોંપવું

Rehash, *v*. (રીહૅ'શ્) સુધારી દેવું; ઠીકઠાક કરી દેવું.-*n*. નવી રીતે બનાવેલી જૂની વસ્તુ.

Rehearsal, *n.* (રીહ'સ઼ૅલ્) A recital; a trial performance as of a dramatic piece. પૂર્વ-પ્રયોગ; નાટકનું રીહર્સલ; મુખપાઠ.

Rehearse, *vt.* (રીહ'સ઼ૅ) To recite; કહી સંભળાવવું-બોલી જવું. *vt.* To hold a trial performance as of a dramatic piece. પૂર્વ પ્રયોગ કરી બતાવવો. [L. *re*, back & *hearse*, same as "hear"].

Reichstrat,-stag, *n.* (રિ'ક્સ્ટ્રૅટ્-સ્ટૅગ્)German or Austrian Parliament. જર્મની કે ઑસ્ટ્રિઆની પ્રજા પ્રતિનિધિ સભા; રાજસભા.

Reign, *n.* (રે'ન્) Regime. કારકીર્દી; રાજ્ય; અમલ. *vi.* To govern or hold sovereignty રાજ્ય કરવું-અમલ ચલાવવો. 2. To be predominant. મુખ્ય હોવું. 3. To prevail (as a disease). પસરવું-પ્રવર્તવું-પર કાબુ મેળવવો. [L. *regis*, a king.]

Reigning, *a.* (રે,'નીન્ગ્) Governing. રાજકરતું-કરનારૂં.

Re-imburse, *vt.* (રી-ઇમ્બ'સ઼ૅ) To repay or replace in treasury. પાછું ભરી દેવું-ભરવું-ભરપાઈ કરવી.

Rein, *n.* (રે,ન્) The bridle-strap. લગામની દોરી; રેન. 2. Control; authority.અંકુશ;અધિકાર. **To take the reins**=અધિકાર હાથમાં લેવો. **To give reins to** = સ્વતંત્ર-નિરંકુશ કરવું; લગામ છોડવી. *vt.* To control with reins. હાથમાં રાખવું. **To rein up**= લગામ ખેંચી ઉભું રાખવું. [L.*re*,back & *teneo*, I hold.]

Reindeer, *n.* (રે,'નડી,ર્) A kind of polar deer. ઉત્તર ધ્રુવવાસી એક જાતનું હરણ.

Reinforce, *v.* (રીઇન્ફો'સ઼ૅ) Strengthen. મદદ, વૃદ્ધિ કરવી.

Reins, *n.* (રે,ન્ઝ્) The kidneys. મૂત્રાશય. [L. *renes.*]

Reinsert, *vt.* (રી-ઈન્સ'ટ્)To insert again. ફરીથી અંદર દાખલ કરવું.

Re-inspection, *n.* (રી-ઇન્સ્પે'કશન્) Re-examination. બીજીવાર તપાસવું-પરીક્ષા લેવી તે.

Re-install, *vt.*(રી-ઇન્સ્ટૉ'લ્)To invest again with a rank or dignity. ફરીથી તેજ પદ્વી-સ્થાન આપવું; ફરીથી સ્થાપવું.

Re-instate, *vt.* (રી-ઈન્સ્ટે,'ટ્) To restore to a former position. ફરીથી બહાલ કરવું-તેજ જગ્યા પર, હોદ્દા પર મુકવું.

Reinsurance, *n.* (રી-ઇન્શ્યુ'રન્સ્) Insuring again of goods &c. already insured. વીમો ઉતરાવેલા માલનો ફરી વીમો ઉતારવો તે.

Re-invest, *vt.* (રી-ઇન્વે'સ્ટ્)To invest again. નાણાં ફરીથી રોકવાં; ફરીથી શણગારવું-પદ્વી વગેરે આપવી.

Re-iterate, *vt.* (રી-ઇ'ટરે,ટ્) To do or say something repeatedly. ફરીફરી વાર તેજ કહેવું-કરવું. [L. *re*, again & *itere*, I repeat.]

Reject, *vt.* (રીજે'કટ્) To give up. વર્જ્ય કર; તજવું; છોડી દેવું. 2. Not to comply with; to refuse. ના પાડવી; ના કબુલ-નામંજુર કરવું. 3. To refuse to accept. લેવાની-સ્વીકાર કરવાની ના પાડવી. [L. *re*, back & *facio*, I throw.]

Rejection, *n.* (રીજે'કશન્) A giving up; a refusal. તજવું-છોડી દેવું તે; ના પાડવી-ના મંજુર કરવું તે; અસ્વીકાર; ઈન્કાર.

Rejoice, *vt.*(રીજૉ'ઈસ્)To gladden.આનંદ-સુખ આપવું. *vi.* To become glad. સુખ-આનંદ અનુભવવો-ભોગવવો; આનંદ થવો. [L. *re*, and *gaude*, I feel joy.]

Rejoicing, *n.* (રીજૉ'ઇસીન્ગ્)Gladness; joy. હર્ષ;આનંદ.**Public r.**=જાહેર ઉત્સવ; મહોત્સવ.

Rejoin, *vt.* (રીજૉ'ઇન્) To unite after separation. ફરીથી જોડવું-સાંધવું-એકઠું કરવું. 2. To reply. નો જવાબ આપવો. *vi.* To give an answer. જવાબ વાળવો (સામાના જવાબનો).

Rejoinder, *n.* (રીજૉ'ઇન્ડર્) An answer to a reply. જવાબનો પ્રત્યુત્તર આપવો. 2.Plaintiff's answer to the defendant's replication. પ્રતિવાદીનો જવાબ-પ્રત્યુત્તર.

Re-juvenate, *vt.* (રી-જુ'વિને,ટ્) To revive or make young again. ફરીથી તાજું, જુવાન કરવું;પ્રાણ રેડવો.[L.*re*,again &*juvenis*,young.]

Relapse, *n.* (રીલૅ'પ્સ્) A falling back into a former bad state. રોગ, દરદ પાછું ઉભળવું તે; અસલની ખરાબ સ્થિતિ પર પાછું આવવું તે. *vi.* To return to a former bad state. અસલની ખરાબ સ્થિતિ પર પાછું આવવું; રોગ, દરદ ઉથળવો, ઉથલો ખાવો. [L. *re*, back & *labor*, I slide.]

Relate, *vt.* (રીલે'ટ્) To tell. કહેવું. 2. To connect. સંબંધ જોડાવવો, જોડવો. **To r. one-self**=બોલી પોતાના વિચાર જણાવવા. 3. To refer. લાગુ પાડવું. *vi.* To be connected with. ની સાથે સંબંધ, નીસબત હોવી. 2. To describe. વર્ણન, બ્યાન કરવું [L. *re*, & *latus*, carried.]

Related, *a.* (રીલે,'ટિડ્) Connected. સંબંધ ધરાવતું. 2. Kindred. સજાતીય, સગું. 3. Described વર્ણન, બ્યાન કરેલું.

Relating, *a.* (રીલે,'ટિન્ગ્) About. સંબંધીતું, તું; વિષે; બાબતમાં.

Relation, *n.* (રીલે,'શન્) Description or narration. બ્યાન; વર્ણન; કથન; નિરૂપણ; વાર્તા. 2. Connection. લેવાદેવા; સંબંધ; નીસબત. 3. Kindredship. સંબંધ, સગાઇ. 4. A relative. સંબંધી, સગો, બાંધવ; સગોત્ર.

Relationship, *n.* (રીલે,'શન્શિપ્) Kindredship; state of being related.સગપણ;સગાઇ;સંબંધ.

Relative, *n.* (રે'લટિવ્) A relation. સગું, સંબંધી. 2. A kind of pronoun. સંબંધી સર્વનામ *a.*Comparative.સંબંધી,સંબંધવાળું;સરખામણીમાંથી નીકળતું-ઉપજતું; સંબંધદર્શી; તુલનાત્મક **Relative importance**=તારતમ્ય. 2. About; respecting; referring. લગતું, સંબંધી, લાગુ.

Relax, *vt.* (રીલૅ'ક્સ્) To make loose or slacken. ઢીલું, શિથિલ કરવું. 2. To lessen the severity or rigour of. ઓછું સખત કરવું. *vi.* To become slackened. ઢીલું, શિથિલ થવું. 2. To lose severity. ઓછું સખત થવું. 3. To unbend. નમતું આપવું. 4. To remit attention. ઓછું ધ્યાન આપવું. [L. *re*, & *laxare*, to loosen.]

Relaxation, *n.* (રીલૅક્સે,'શન્) Recreation. આરામ, વીસામો; મનોરંજન. 2. The act of relaxing or the state of being relaxed. ઢીલું, શિથિલ થવું, પડવું તે.

Relay, *n.* (રીલે,') A supply of horses placed on the road to relieve others. ટપ્પે ટપ્પે બદલવા માટે રાખેલા ઘોડા. [Fr. *relais*.]

Release, *vt.* (રીલી'સ્) To set free. છોડવું, છોડી દેવું, બંધનમુક્ત કરવું. 2. To acquit or let go, as a legal claim. મુક્ત કરવું, છોડવું. *n.* Liberation. છુટકારો, મુક્તિ, છુટકો. 2. An acquitting from a legal claim. ફારગતીની દાવા ચિઠ્ઠી. [L. *re*, back & *laxare*. to loosen.]

Relegation, *n.* (રેલિગે,'શન્) Banishment; exile. દેશનિકાલ; દેશ ત્યાગ; કાઢી મુકવું તે.

Relent, *vi.* (રીલે'ન્ટ) To feel remorse for something. મન પીગળવું; દયા આવવી. *vt.* To regret. ને વિષે મનમાં ખરાબ લાગવું [L. *re*, back & *lentus*, pliant.]

Relentless, *a.* (રીલે'ન્ટલિસ્) Hard-hearted; pitiless. નિર્દય; કઠોર; વજ્ર હૃદયનું.

Relevant, *n.* (રે'લિવન્ટ્) To the purpose; pertinent; applicable to the matter in hand. પ્રસ્તુત; મુદ્દાને લાગુ પડે એવું.

Reliable, *a.* (રીલા'યબલ્)Trustworthy. વિશ્વાસપાત્ર; ભરોસો મુકવા લાયક; ભરોસેદાર; વિશ્વાસુ.

Reliance, *n.* (રીલા'યન્સ્) Confidence; trust. વિશ્વાસ; ભરોસો.

Relic, *n.* (રે'લિક્) That which is left. અવશેષ; શેષભાગ. 2. A keepsake, souvenir or memento. સ્મારક; સંભારણું. [L. *re*, back & *liuquo*, I leave.]

Relict, *n.* (રે'લિક્ટ) A widow. વિધવા;રાંડીરાંડ.

Relief, *n.* (રિલી'ફ્) Ease; alleviation. શાંતિ; શમન; કળ; આરામ; દુઃખમાંથી છુટકારો. 2. Release from duty by a substitute. બદલી; રજા.3. Succour; remedy; redress. દાદ; ઇન્સાફ; વહાર; મદદ. 4. The prominence of figures above a plane surface in sculpture. સપાટ ભોંય પરથી ઉપસેલી આકૃતિ. Prominence or distinctness by contrast. ચોખ્ખી રીતે દેખાવું તે. [L. *relaver*, to lift up.]

Relievable, *a.* (રિલી'વબલ્) That may receive relief; capable of being relieved. મદદ કરી શકાય, દુઃખ ઓછું કરી શકાય, આરામ, શાંતિ, મુક્તિ આપી શકાય એવું.

Relieve, *vt.*(રિલી'વ્) To mitigate; alleviate or ease. આરામ-શાંતિ આપવી; દુઃખમુક્ત કરવું. 2. To succour. અડચણ મટાડવી-મદદ કરવી. 3. To release from duty by substitution.કામ પરથી બદલી કરવી-મુક્ત કરવું. 4. To remove the monotony of.ફેરબદલી કરવી;વિવિધતા આણવી. [L.*re*, back & *levo*, I lift.]

Religion, *n.* (રિલી'જન્) A system of faith and worship. ધર્મ.

Religionist, *n.* (રિલી'જનિસ્ટ્) A religious bigot. સ્વધર્મમતાભિમાની; ધર્મી; પંથી.

Religious, *a.* (રિલી'જસ્) About religion. ધર્મ સંબંધી-નું.2.Pious;scrupulously faithful. ધર્મિષ્ઠ; ધર્મચુસ્ત.

Relinguish, *vt.* (રિલી'ન્ક્વિશ્) To give up. તજવું; છોડવું; મુકવું; પરથી હાથ ઉઠાવવો.

Relish, *vt.* (રે'લિશ્) To like or enjoy the taste of નો સ્વાદ ગમવો-ભાવવો; ગમવું. *n.* An agreeable taste. મનગમતો સ્વાદ.

Relishable, *a.* (રે'લિશબલ્) Of good taste. સ્વાદિષ્ટ; રૂચિકર.

Reluctance, *n.* (રીલ'ક્ટન્સ્)Unwillingness. નામરજી; નાખુશી.

Reluctant, *a.* (રીલ'ક્ટન્ટ) Unwilling.નાખુશ; નારાજ. [L. *re*. back and *luctor*, I strive.]

Rely, *vt.* (રીલા'ય્) To confide in; to trust. ભરોસો-વિશ્વાસ રાખવો-હોવો.

Remain, *vi.* (રીમે'ન્) To stay, abide or continue. પાછળ રેહવું-મુકામ કરવો-રેહવું. *vt.* To be left. બાકી શિલક હોવું-રેહવું.*n. pl.*That which is left. શેષ-બાકી-ખંડીયર-શબ-મુડદું. [L. *re*, back & *maneo*, I stay.]

Remainder, *n.* (રીમે,'ન્ડર્) The residue; anything left after removal; the quantity left after subtraction. બાકી; શિલક; શેષ.

Remaining, *a.* (રીમે,'નિન્ગ્) That which remains. બાકીનું

Remand, *v.* (રીમૅ'ન્ડ્) To send back to gaol, as an accused party. ફરીથી તપાસ કરવા સારૂં કાચી કેદમાં પાછું મોકલવું. *n.* The act of remanding or the state of being so. પાછું કાચી કેદમાં જવું-મોકલવું તે. [L. *re*, back & *mando*, I commit.]

Remark, *vt.* (રીમા'ર્ક્) To observe or note in the mind. ધ્યાનમાં લેવું. 2. To utter by way of comment. બોલવું-કહેવું, ટીકા કરવી. *n.* Observation. ધ્યાન આપવું તે. 2. Comment. ટીકા-ચર્ચા. *vt.* To mark a new or a second time. બીજી વખત નિશાની ક૦. *n.* A mark made second time. ફરી કરેલી નિશાની.

Remarkable, *a.*(રીમા'ર્કબલ્) Conspicuous; wonderful; worthy of notice. અસાધારણ; પ્રખ્યાત;પ્રસિદ્ધ;નામાંકિત;ધ્યાનમાં લેવા લાયક.

Remarriage, *n.* (રીમૅ'રિજ્) A second marriage. નાતરૂં; બીજી વખતનું લગ્ન; પુનર્વિવાહ.

Remarry, *vt.* (રીમૅ'રી) To marry again. નાતરે જવું; પુનર્વિવાહ કરવો.

Remediable, *a.* (રિમિ'ડીઅબલ્) Curable or redressable. ઉપાય કરવા જોગ; દાદ-ઇન્સાફ આપી શકાય એવું; સાધ્ય.

Remediless, *a.* (રિ'મીડીલિસ્)Irreparable; incurable. બેઇલાજ; નિરૂપાય; ઉપાયરહિત; દાદ-ઈન્સાફ વગરનું.

Remedy, *n.* (રે'મીડી) A cure or curative medicine. ઓસડ; ઔષધ; ઈલાજ. 2. Redress; reparation; relief. કાયદાનો ઇલાજ. 3. Legal redress. કાયદાનો ઇલાજ. *vt.* To cure.ઇલાજ-ઓષધ કરવું; મટાડવું [L. *re*, back & *medeor*, I heal.]

Remember, *vt.* (રીમે'મ્બર્) To remind or recollect. સાંભરવું; યાદ-સ્મરણ કરવું; યાદ દેવડાવવું. *vi.* To recollect.યાદ આવવું-સાંભરવું [L.*re*,back & *memorare*,to bring to mind.]

Remembrance, *n.* (રીમે'મ્બ્રન્સ્) Faculty of remembering. સ્મરણશક્તિ; યાદદાસ્તી. 2. Recollection. સ્મૃતિ; યાદ; સ્મરણ; ફોમ. 3. A memento. સંભારણું; યાદગીરી.

Remembrancer, *n.* (રીમે'મ્બ્રન્સર્) One who reminds. યાદ દેવડાવનાર; સ્મરણ કરાવનાર. 2. A legal officer of the court. કોરટનો એક અમલદાર.

Remind, *vt.* (રીમા'ઇન્ડ્) To cause to recollect. યાદ દેવડાવવું; સંભારવું; ને સ્મરણ કરાવવું-દેવું.

Reminder, *n.* (રીમા'ઈન્ડર્) One who reminds. સૂચવનાર; સ્મરણ કરાવનાર; અરજી પછી યાદ દેવડાવવા સારૂ લખેલો કાગળ.

Reminiscence,-scency,*n.*(રેમિનિ'સન્સ-સન્સી) Recollection. સ્મૃતિ; સ્મરણ; યાદદાસ્ત. [L. *reminisco*, I call to mind.]

Remiss, *a.* (રિમિ'સ્) Heedless; negligent. ગાફેલ;બેપરવા. 2. Slack. શિથિલ;મંદ. [L. *re*, & *mitto*, I send.]

Remission,*n.*(રિમિ'શન્) A giving up or abatement.પાછું આપવું,ઓછું કરવું તે. 2. Pardon. ક્ષમા;માફી; સજા ઓછી કરવી તે.

Remissness,*n.* (રિમિ'સનિસ્) Negligence. ગાફેલી; બેપરવાઈ; બેદરકારી.

Remit,*vt* (રિમિ'ટ્)To transmit or send back. પાછું મોકલવું;પૈસા મોકલવા, મોકલી આપવા. 2. To diminish a sentence;to pardon. માફ કરવું;સજા ઘટાડવી, ઓછી કરવી. *vi.*To slacken. નરમ, હલકું કરવું. 2. To send money. પૈસા મોકલવા. [L. *re*, back & *mitto*, I send.]

Remittance,*n.*(રિમિ'ટન્સ્)The sending of money to a distance. પૈસા દૂર મોકલવા તે; મોકલેલા પૈસા.

Remittent,*a.*(રિમિ'ટન્ટ્) Temporarily ceasing. આવતું જતું; ચઢતું ઉતરતું; રોજ આવીને ઉતરી જતું. **R. fever** = વિષમજ્વર.

Remnant,*n.*(રે'મ્નન્ટ્) That which remains. બાકી; અવશેષ;બાકી રહેલી વસ્તુ. 2. Piece-goods. કડકાનો માલ, ખંડ. *a.* Remaining. બાકી રહેલું, શેષ. [L. *re*, back & *maneo*, I remain.]

Remodel,*vt* (રી-મૉ'ડલ્)To shape or fashion again.ફરીથી નમુનો બનાવવો.પાડવું;પુનર્વ્યવસ્થા ક૦.

Remonstrance,*n.*(રીમૉ'ન્સ્ટ્રન્સ્) Expostulatory counsel or advice;strong representation of reasons against. પ્રબોધવચન;ઉપદેશ; બે શબ્દ કહેવા તે; દલીલ; કાન ઉઘાડણી; સાબીતી; દાખલો. [L. *re*, back & *monstro*, I show.]

Remonstrate,*vt.*(રીમૉ'ન્સ્ટ્રેટ્) To expostulate against.ની વિરૂદ્ધ શિખામણ દેવી; સમજાવવું. *vi.* To expostulate. બોધ-ઉપદેશ આપવો. [L. *re* & *monstro*, I show.]

Remordency,Remorse, *n.* (રીમૉ'ર્ડન્સી-રીમૉ'ર્સ્) Stings or reproach of conscience. ખેદ; પરતાવો; પશ્ચાત્તાપ; દયા; કરૂણા. [L. *re*, & *mordeo*, I bite.]

Remorseful, *a.* (રીમૉ'ર્સફુલ્) Regretful. પસ્તાવો-પશ્ચાત્તાપ કરવું.

Remorseless, *a.* (રીમૉ'ર્સલિસ્) Hard-hearted. નિર્દય; ક્રૂર.

Remote, *a.* (રીમો,'ટ્) Distant; far off. દૂરનું; આઘેનું; છેટેનું; વેગળું. 2. Not nearly related. દૂરનું; વેગળેનું.

Remoteness, *n.* (રીમો,'ટનિસ્)Distantness; distance. દૂર હોવું તે; દૂરનું હોવું તે; અંતર.

Remount, *vt.* (રીમા'ઉન્ટ્) To ascend on horseback again. ફરીથી ઘોડાપર સવાર થવું.

Removable, *a.* (રીમૂ'વબલ્) That can be removed. ખસેડી શકાય એવું.

Removal, *n* (રીમૂ'વલ્) Act of removing. ખસેડવું તે; સ્થાનાંતર; બરતરફી.

Remove, *vt.* (રીમૂ'વ્) To move from one place to another. ખસેડવું-જગ્યા બદલવી. 2. To banish. મટાડવું-જગ્યા ઉપરથી બરતરફ કરવું. *vi.* To change position. ખસવું.*n.*A change of place. ફેરફાર.

Remunerate, *vt.* (રેમ્યુ'નરેટ્) To give in return.નો બદલો આપવો-ના બદલામાં આપવું. [L. *re,* & *numus,* a gift.]

Remuneration, *n.* (રેમ્યુનરે,'શન્) Reward; return. ફળ; અવેજ; બદલો; પગાર.

Remunerative, *a.*(રેમ્યુ'નરેટિવ્)Lucrative. મેહનત-બદલો મળે-આપે એવું; સારી પ્રાપ્તિવાળું.

Renal, *a.* (રી'નલ્) About kidneys. મૂત્રપિંડ સંબંધી. [L. *renes.*]

Renard, *n.* (રી'નાર્ડ) Same as "Reynard". કોલ્હું: શિયાળ.

Recounter,*vt.*(રીકા'ઉન્ટર)To meet suddenly. ઓચિંતા-એકદમ-ઓચિંતાપણે મળવું. 2. To fight hand to hand. સામાસામા લડવું.*n.*A meeting. મળવું તે, ભેટ. 2. Fight. લડાલડી.

Rend,*vt.*(રેન્ડ)To tear asunder. તોડવું; ફાડવું; ચીરવું. *vi.* To be torn. ચીરાએલું હોવું, ફાટેલું હોવું.

Render, *vt.* (રે'ન્ડર) To give, furnish or afford. આપવું;કરવું; બનાવવું. 2. To translate. ભાષાંતર, તરજુમો કરવો. **To R. account**= હિસાબ કરવો, આપવો. [L. *re,* back & *do,* I give.] *n.* One who tears. ચીરનાર; ફાડનાર.

Rendering, *n.* (રે'ન્ડરિન્ગ્) Act of giving. આપવું તે; બનાવવું તે. 2. A version or translation. ભાષાંતર; તરજુમો.

Rendezvous, *n.* (રે'ન્ડેવૂ) A place of meeting.એકઠા થવાની જગ્યા;સંકેતસ્થાન.*vt.* To cause to meet in a certain place. અમુક એક જગ્યાએ એકઠા કરવું. કરવા.

Renegade,*n.*(રે'નીગે,ડ)An apostate. સ્વધર્મ, સ્વપક્ષત્યાગી. [L. *re,* & *nego,* I deny.]

Renew, *vt.* (રીન્યૂ') To make new. તાજું, નવું કરવું. 2. To continue. ચાલુ રાખવું. 3. To begin again. ફરીથી પ્રારંભ કરવો.

Renewal, *n.* (રીન્યૂ'અલ્) } The act of
Renovation*n.*(રીનોવે,'શન્) } renewing or making new. તાજું, નવું કરવું તે;ચાલુ રાખવું તે; જારી રાખવું તે;ફરીથી પ્રારંભ કરવો તે.

Renewed, *a.* (રીન્યૂ'ડ્) Made new again. ફરીથી નવું,તાજું કરેલું,બનાવેલું. [દબાણ કરવું.

Renitent, *a.* (રે'નિટન્ટ) Exerting pressure.

Rennet, *n.* (રે'નિટ્) A kind of apple. એક જાતનું સફરજન.

Renounce, *vt.* (રીના'ઉન્સ્) To disown; to forsake. ત્યજવું;વર્જ્ય કરવું. 2. To reject.ના કબુલ કરવું;તજવું; ન માનવું. [L. *re,* back & *nuncio,* I tell.]

Renouncement, *n.* (રીના'ઉન્સમન્ટ) Rejection;renunciation; disowing. ના પાડવી તે, ના કબુલ કરવું તે.

Renovate,*vt* (રી'નોવે,ટ)To renew or revive; to restore.ફરીથી નવું,તાજું કરવું; નવો પ્રાણ રેડવો. [L. *re,* back & *novo,* I make new.]

Renown, *n.* (રીના'ઉન્) Celebrity; reputation; fame. પ્રસિદ્ધિ; પ્રખ્યાતિ; નામ; કીર્તિ; યશ;તારીફ;ખ્યાતિ. [L. *re* & *nomen,* a name]

Renowned, *a* (રીના'ઉન્ડ)Eminent;famous. remarkable. પ્રખ્યાત; પ્રસિદ્ધ; જગજાહેર; નામાંકિત; નામીચું.

Rent, *n.* (રેન્ટ) A hole torn; a breach or rupture. ફાટ; ચીરો; તુટ; ફૂટ; બે બનાવ. 2. A valuable compensation made to the owner of a tenement by the occupier for the right of occupancy. ભાડું-કીરાયું.**Nominal R.**=સલામી;નામનું ભાડું. *vt.*To take on hire. ભાડે-ગણોતે-પટે લેવું-રાખવું-આપવું.

Rental, *a.* (રે'ન્ટલ) A rent roll. વસુલ બાકીની યાદી-આમદાનીની યાદી. 2. Total rent. કુલ ભાડાની ઉપજ.

Renumerate, *vt.* (રીન્યુ'મરેટ) To count again. ફરીથી ગણવું.

Renunciation, *n.* (રીનન્સિએ,'શન્) Renouncement, rejection or disownment. પરિત્યાગ; ત્યાગ; ત્યજવું-વર્જ્ય કરવું તે.

Reoccupy, *vt.* (રીઑ'ક્યુપાય) To occupy anew. ફરી લેવું, દબાવવું.

Reopen, *vt.* (રીઓ,'પન્) To open again. ફરી ખુલ્લું, ઉઘાડું મુકવું; પ્રદર્શિત કરવું

Reorganisation, *n.*(રીઑર્ગનિઝે,'શન્)The act of re-organising. ફરીથી યોજના ઘડવી-વ્યવસ્થા કરવી તે, કરેલી યોજના.

Reorganize-se, *vt.* (રી-ઑર્'ગૅનાઇઝ્) To organize again; to reduce again to an organised condition. ફરીથી યોજના ઘડવી-વ્યવસ્થા કરવી-રચવું; નવેસરથી ગોઠવવું.

Repack, *vt.* (રીપૅ'ક્) To pack again. ફરીથી પોટલું બાંધવું-બાંધવું.

Repair, *vt.* (રીપે,'ર્) To go back; to restore. પાછા જવું, સ્થાપવું. *n.* Returning. પાછા જવું તે. *vt.* To refit or restore to good condition. સમારવું-સારું કરવું; દુરસ્ત કરવું. 2. To redress; to make amends for. ભરી આપવું. *n. pl.* The refitting of a house. મરામત-સમરામણી; રીપેર કરવું તે. [L. *re*, back & *pare*, I get, make ready.]

Repairable, *a.* (રાપે,'રબલ્) Capable of being repaired. દુરસ્ત થઇ શકે એવું. [L. *reparabilis*.]-

Reparable, (રે'પરબલ્) ભરપાઇ થાય એવું.

Reparation, *n.* (રેપરે,'શન્) A making amends of. ભરી આપવું-નુકસાન ભરપાઇ કરવી તે; બદલો; સાટું; અવેજ. 2. Repairing. સુધારો-મરામત.

Repartee, *n.* (રીપાર્ટી') A smart, witty and ready reply. સમયોચિત ઉત્તર; હાજરજવાબી. *vi.* To answer wittily. હાજરજવાબ આપવો. [L. *re*, back & *partis*, a part.]

Repass, *vi.* (રીપા'સ્) To pass again. પાછું જવું. *vt.* To go back again from. પાસેથી પાછું જવું.

Repast, *n.* (રીપા'સ્ટ્) Victuals; meals; food. ભોજન; જમણ; ખાણું; ખોરાક. *vt.* To supply with food. ખોરાક-ભોજન-જમણ આપવું-પૂરું પાડવું. [L. *re*, again & *pastum*, I feed.]

Repay, *vt.* (રીપે,') To pay back; recompense; requite. પૈસા પાછા આપવા. 2. To remunerate. બદલો વાળવો, ની બદલામાં આપવું.

Repayment, *n.* (રીપે,'મન્ટ્) The act of repaying-money &c.; the money so repaid. પૈસા પાછા આપવા, ભરી આપવા તે, પાછા આપેલા પૈસા; મજરે આપેલું નાણું.

Repeal, *vt.* (રીપી'લ્) To revoke; to abolish; to annul. રદ, બાતલ કરવું; પાછું લઈ લેવું. [L. *re*, & *appelo*, I call upon.]

Repeat, *vt.* (રીપી'ટ્) To recite; to rehearse; to do; make or utter again. ફરીથી બોલવું, ફરીથી બોલવું, કરવું; ગ્હોકે બોલી જવું; ફરી ફરીથી કેહવું, બોલવું. [L. *re*, back & *peto*, I seek.]

Repeater, *n.* (રીપી'ટર્) A striking (hours &c.) watch. કલાકના ટકોરા પાડતું હોય એવું ઘડીયાળ. 2. One who repeats. ફરી બોલનાર.

Repel, *vt.* (રીપે'લ્) To repulse or check the advance of. પાછું હઠાવવું, અટકાવવું. [L. *re*, back & *pello*, I drive.]

Repellence, Repellency, *n.* (રીપે'લન્સ્-રીપે'લન્સી) Repulsion; the quality of being repellent. અટકાવવું તે; નિષેધ; કદ્રૂપ; દુઃછાટતા.

Repellent, *a.* (રીપે'લન્ટ્) Repulsing. પાછું હઠાવનાર *n.* Repulsive thing. દુઃછાટ, ઉચાટ કરનાર વસ્તુ *a.* Ugly; repulsive. બેડોળ; કદરૂપું; ન ગમે એવું.

Replant, *vt.* (રીપ્લૅ'ન્ટ્) To plant again; to reinstate. નવેસરથી રોપવું-વાવવું.

Replete, *a.* (રીપ્લી'ટ્) Full of; abounding in. પરિપૂર્ણ; ભરેલું; પૂર્ણ. *vt.* To fill to the brim. પૂરેપૂરૂં ભરવું-પૂર્ણ ભરવું. [L. *re*, back & *pleo*, I fill.]

Repletion, *n.* (રીપ્લી'શન્) Abundance: surfeit; fullness. પરિપૂર્ણતા; ભરેલું હોવું તે. 2. Satiation. સંતોષ; અતિરેક; અભેખ.

Repletive, *a.* (રીપ્લી'ટિવ્) Filling. ભરપૂર થતું-પૂર્ણ થતું; ભરેલું.

Replication, *n.* (રીપ્લિકે,'શન્) An answer. પ્રત્યુત્તર. 2. The answer of the plaintiff to the defendant. વાદીનો જવાબ. [L. *re*, back & *pleco*, I fold.]

Reply, *n.* (રીપ્લા'ય્) An answer. જવાબ. *vt.* To answer; to respond. જવાબ આપવો. [Fr. *replier*, to answer.]

Report, *vt.* (રીપો'ર્ટ્) To give an account of. ની હકીકત કેહવી-લખવી. 2. To narrate. ખબર કેહવી-નું બ્યાન કરવું-હેવાલ જાહેર કરવો. 3. To take down a speech of. નું ભાષણ લખી લેવું *vi.* To make a report. હેવાલ-હકીકત આપવી; છાપાંઓ માટે ભાષણ લખી આપવું. *n.* Statement or account of facts ascertained. હકીકત; હેવાલ; કરેલી તપાસનો રીપોર્ટ. 2. Rumour. ઉડતી ખબર-અફવા. 3. Loud sound. ધડાકો-અવાજ. 4. Reputation. કીર્તિ; નામ. 5. Sketch of a speech. ભાષણની ટુંક નોંધ. [L. *re*, & *porto*, I carry.]

Reporter, *n.* (રીપો'ર્ટર્) A member on the staff of a newspaper whose duty it is to make reports of interesting public event &c. ખબરપત્રી; બાતમીદાર; બાતમી આપનાર અમલદાર.

Reposal, *n.* (રીપો,'ઝલ્) Rest. વિશ્રાંતિ; વિસામો; આરામ.

Repose, *n.* (રીપો,'ઝ્) Rest; sleep; tranquillity. આરામ-વિસામો; વિશ્રાંતિ; આડા થવું તે; સમાધાન; ચેન. *vt.* To take rest. આરામ લેવો-સુવું; આડા થવું. [Fr. *reposere*, to rest.]

Repository, *n.* (રીપૉ'ઝિટરી) A place of deposit; a store-house; a ware-house. કોઠાર ભંડાર-વખાર.-°**ary**. પાત્રવ્યક્તિ.

Repossess, *vt* (રીપઝે'સ્) To possess again. ફરીથી કબજે લેવો. [L. *re*, & *possess*.]

Repent, *vi.* (રીપે'ન્ટ્) To feel remorse for. પસ્તાવો, ખેદ, પશ્ચાત્તાપ થવો. *vt.* To regret. ને માટે ખેદ, પસ્તાવો, પશ્ચાત્તાપ કરવો. [L. *re*, back & *pœna*, pain.]

Repentance, *n* (રીપે'ન્ટન્સ્) Remorse; the act of repenting. ખેદ, પશ્ચાત્તાપ, પસ્તાવો; અનુતાપ; શોક; જીવનો બળાપો.

Repentant, *a.* (રીપે'ન્ટન્ટ) Remorseful; sorrowful; repenting. ખેદ, પશ્ચાત્તાપ, પસ્તાવો કરતું; પશ્ચાત્તાપી. *n.* Penitent. પશ્ચાત્તાપ કરતો માણુસ.

Repercussive, *a.* (રીપરકયૂ'સિવ્) Reverberatory;reacting. પ્રત્યાઘાતી; પાછું મારતું, આવતું; પ્રતિઘાતી.–**ion.** (ક'શન્) ઉછાળો; પ્રત્યાઘાત.

Repetition, *n* (રીપીટિ'શન્) Reiteration; the act of repeating. પુનરાવર્તન; પુનરૂક્તિ; ફરી ફરી વાર બોલવું, કરવું તે; પુનર્વચન. [L. *re*, back & *peto*, I seek.]

Repine, *vt.* (રીપાઈ'ન્) To feel continued inward discontent. ઝુરવું; મનમાં બળ્યા કરવું; બળાપો કરવો; ચણચણવું; તલપાપડ થવું.

Replace, *vt.* (રીપ્લે'સ્) To put again in the former place. અસલની જગ્યા પર મુકી દેવું. 2. To take the place of. ની જગ્યા લેવી, ખોટ પૂરવી. 3. To substitute or be a substitute. ની જગામાં બીજું નવું મુકવું, હોવું.

Reprehend, *vt.* (રેપ્રીહે'ન્ડ) To censure or reprove. ધમકાવવું-ધમકી આપવી; ઠપકો દેવો; ને માથે દોષ દેવો; ખીજવવું. [L. *re* & *prehendo*, I lay hold of.]

Reprehensible, *a.* (રેપ્રીહે'ન્સિબલ્) Blamable. નિંદ્ય; પાત્ર; દૂષણીય; ઠપકો આપવા લાયક.

Reprehension, *n.* (રેપ્રીહે'ન્શન્)Censure; blame. દૂષણ; ઠપકો; નિંદા.

Represent, *vt.* (રેપ્રિઝે'ન્ટ)To show.બતાવવું. 2. To sketch. ચિતરવું; ઓળખાવવું. 3. To act the part of.નો ભાગ-સોંગ, વેષ લેવો-ભજવવો. 4. To speak or act on behalf of. ના પ્રતિનિધિ થવું. 5. To describe. વર્ણન-નિરૂપણ-બ્યાન કo. 6. To exhibit to the mind. મનને દેખાડવું. 7. To serve as a sign or symbol.નિશાની રૂપ હોવું.[L.*re*,again & *presentare*,to present.]

Representation, *n.* (રેપ્રીઝેન્ટે'શન્) The act of representing. વર્ણન-દર્શન; નિરૂપણ. 2. Resemblance. પ્રતિમા; મૂર્તિ; પુતળું; છબી. 3. Delegation.પ્રતિનિધિમંડળ.4.A memorandum. વિજ્ઞાપના; અરજ; યાદી; વિનંતિ.5.Symbolizing. સૂચન; પુનદર્શન; ચિહ્ન.

Representative, *n.* (રેપ્રીઝે'ન્ટેટિવ્) A delegate. પ્રતિનિધિ; મુખત્યાર. *a.* Acting on behalf of.પ્રતિનિધિરૂપ;ની વતી કામ કરતું-બોલતું.

Repress, *vt.* (રીપ્રે'સ્) To press again. ફરીથી દબાવવું. 2. To put down or suppress or quell. સમાવવું-બેસાડી દેવું. *vi.*To suppress, દાબમાં રાખવું-દાબી દેવું.

Repressive, *a.* (રીપ્રે'સિવ્) Having the power to repress. બેસાડી દે-દાબમાં રાખે એવું. નિગ્રહી; જુલમી.

Reprieve, *n.* (રીપ્રી'વ્) The temporary suspension of the execution of a criminal's sentence. દેહાંતશિક્ષા મુલતવી-તહકુબ રાખવી તે. 2. Respite. થોડી વારનો છુટકો-છુટકારો. *vt.* To suspend the punishment of. ની શિક્ષામાં વિલંબ કરવો-મુલતવી રાખવી. *vi.* To suspend temporarily the sentence of a criminal અપરાધીની દેહાંતશિક્ષા મુલતવી રાખવી. [L. *re probo.* I reject.]

Reprimand, *n.* (રે'પ્રીમૅન્ડ)Severe censure; a sharp rebuke. દોષ; ઠપકો. *vi.* To reprove. ઠપકો-દોષ આપવો; ધમકાવવું; દોષ દેવો. [L. *re*, back & *primo* I press.]

Reprint, *vt.* (રીપ્રિ'ન્ટ) To print again. ફરીથી છાપવું-બીજી આવૃત્તિ કાઢવી. *n.* Matter printed second time. બીજી આવૃત્તિ; ફરીથી છાપેલું લખાણ.

Reprisal, *n.* (રીપ્રાયૂ'ઝલ્) Retaliation. વેર લેવું-સાટું વાળવું તે; પ્રત્યપહરણ. [L. *re*, again & *prehendo*, I seize.]

Reproach, *n.* (રીપ્રો'ચ્)Blame or censure. ઠપકો; દોષારોપ; નિંદા. 2. Infamy; disgrace. બદનામી; ધિક્કાર. *vt.* To reprove. ઠપકો દેવો. [L. *re*, back & *prope*, nearer.]

Reproachful, *a.* (રીપ્રો'ચફુલ્) Reproving. તિરસ્કાર-ધિક્કાર ભરેલું; ઠપકા ભરેલું; નિંદક.

Reprobate, *a.* (રે'પ્રોબેટ) Depraved. પાપી; દુષ્ટ; પાપમાં ગરક થઇ ગયેલું. *n.* A profligate. દુષ્ટ-દુરાચારી-પાપી માણસ.*vt.*To condemn strongly. અતિ તિરસ્કાર કરવો; ધિક્કારવું.

Reproduce, *vt.*(રીપ્રોડયૂ'સ્)To create again. ફરીથી પેદા-ઉત્પન્ન કo.2.To bring forward again. ફરીથી આગળ આણવું-યાદ કરવું; ઉપજાવી કાઢવું; લખવું; બોલવું.

Reproof, *n.* (રીપ્રૂ'ફ્) Blame; censure. મેણું; ઠપકો; નિંદા; દોષ.

Reprovable, *a.* (રીપ્રૂ'વબલ્) Condemnable; censurable; blamable. દોષપાત્ર; ઠપકા લાયક.

Reproval, *n.* (રીપ્રૂ'વલ્) Reproof;admonition. ઠપકો; દોષ; મેણું; નિંદા.

Reprove *vt.*(રીપ્રૂ'વ્)To reproach;to censure. ઠપકો આપવો; દોષ દેવો-મુકવો. 2. To disprove. ખંડન કરવું-તોડી પાડવું.

Reptile, *n.* (રે'પ્ટાઈલ) A crawling animal. પેટે ચાલનારું પ્રાણી;સાપ વગેરે પ્રાણી. *a.* Crawling on the belly. પેટે ચાલનારું.

Republic, *n.* (રીપ'બ્લિક) A government of the people, by the people for the people. પ્રજાસત્તાક રાજ્ય.2.Public weal.સાર્વજનિક,જાહેર હિત. [L. *res*, a thing & *publicus*,belonging to the people.]

Republican, *a.* (રીપ'બ્લિકન્) About a republic.પ્રજાસત્તાક રાજ્ય,સાર્વજનિક હિતનું-સંબંધી. *n.* One favouring a republic. પ્રજાસત્તાક રાજ્ય હોવું જોઇએ એમ મત ધરાવનાર માણસ; પ્રજાસત્તાક, સ્વરાજવાદી.

Republish,*vt.*(રીપ'બ્લિશ)To publish again. ફરીથી છપાવી પ્રસિદ્ધ કરવું.

Repudiate. *vt.* (રીપ્યૂ'ડિએ,ટ)To disown or deny. નાકબુલ કરવું; ખોટું છે એમ કહેવું. 2. To divorce. ફારગતી આપવી. [L. *re*, back & *pudor*, shame.]

Repudiation, *n.* (રીપ્યુડિએ,'શન્) Disowning or denying. ત્યાગ; પરિત્યાગ; અસ્વીકાર; સાફ ઇનકાર; તલકનામું; ના પાડવી તે.

Repugnance,-nancy,*n.*(રીપ'ગ્નન્સ-નન્સી) Detestation; opposition. અણગમો, કંટાળો, ત્રાસ, વિરાગ, નાખુશી; પ્રતિકૂળતા.

Repugnant, *a.* (રીપ'ગ્નન્ટ) Detesting; averse; hostile; opposed. વિરોધી; વિપરીત; વાંકું;ઉલટું;સામું;પ્રતિકૂળ;અણગમો, નાખુશી ઉપજાવતું.

Repulse, *vt.* (રીપ'લ્સ) To drive back. પાછા હઠાવવું 2. To deny. ના પાડવી. *n.* Repelling. અટકાવ,પાછા હઠાવવું તે;હડસેલો;સામો અટકાવ;દુ'છાટ.

Repulsive,-sory, *a.* (રીપ'લ્સિવ્-રીપ'લ્સરી) Repellent; forbidding. અણગમો, નાખુશી ઉપજાવે એવું, અપ્રિય, અપ્રીતિજનક; અતડું; પ્રત્યાસારક; પ્રત્યાકર્ષક; દુઃછાટ, ઉચાટ કરે એવું.

Reputable, *a.* (રે'પ્યુટબલ) Esteemable; held in esteem.શિષ્ટ; આબરૂદાર;પ્રતિષ્ઠિત;શાહજોગ.

Reputation, *n.* (રેપ્યુટે,'શન્) Fame; esteem; repute; good name. કીર્તિ; પ્રસિદ્ધિ; યશ; ખ્યાતિ; આબરૂ; ઇજ્જત; પ્રતિષ્ઠા; સાખ; નામ; આંટ. [L. *re* & *puto*, I reckon.]

Reputed, *a.* (રીપ્યૂ'ટિડ) Famous; eminent. આબરૂદાર; પ્રસિદ્ધ; ઇજ્જતવાળું; સાખવાળું; પ્રતિષ્ઠિત; કીર્તિ પામેલું, પ્રખ્યાત થએલું.

Request, *n.* (રીક્વે'સ્ટ) An asking; a petition. અરજ, વિનંતિ, પ્રાર્થના. 2. Thing asked for. માગેલી વસ્તુ. *vt.* To solicit. અરજ, વિનંતિ, પ્રાર્થના કરવી.[L.*re*,again & *quæstium*,I seek.]

Requiem, *n.* (રે'ક્વિએમ) Mass for dead. શાંતિપ્રાર્થના; આત્મશાંત્યર્થવિધિ.**R. I. P.** = Rest in peace.

Require, *vt.* (રીક્વા'યર્) To ask for by right. હકથી માંગવું, હુકમ ફરમાવવો. 2. To lack. જરૂરીયાત હોવી. 3. To request. માગવું, પુછવું. [L. *re*, & *quoero*, I seek.]

Requirement, *n.* (રીક્વા'યરમન્ટ) Need. ગરજ, જરૂરીયાત. 2. Demand. હકની માગણી; સત્તાપૂર્વક માગવું તે.

Requisite, *a.* (રે'ક્વીઝિટ) Needful; necessary. જરૂરનું; અગત્યનું. *n.* A thing necessary. જરૂરીની ચીજ; અગત્યની વસ્તુ.

Requisition, *n.* (રેક્વીઝિ'શન્) A demand. ઉઘરાણી;દાવો.2.A written or formal invitation. નિમંત્રણ; નોતરું.-*vt.* માગણી ક૦; કામે લગાડવું.

Requital,*n.*(રીક્વા'યુટલ) Return.બદલો; સાટું; પ્રતિદંડ; સજા.

Rescind, *vt.* (રીસિ'ન્ડ) To annul or go back upon; to cancel. રદ, બાતલ કરવું.

Rescission, *n.* (રીસિ'સ્ઝન્) Cancellation; annulling. વિલોપ-ખંડન; તોડી પાડવું તે.

Rescribe,*vt.*(રી'સ્ક્રાઇબ્)To reply in writing. પ્રત્યુત્તરમાં લખવું.

Rescript,*n.*(રી'સ્ક્રિપ્ટ)A royal decree. રાજાનો હુકમ (કાયદાની બાબતમાં); આજ્ઞાપત્ર.

Rescue, *n.* (રે'સ્ક્યુ) Protection. બચાવ-રક્ષણ. 2. Liberation by violence. જબરદસ્તીથી-જોર જુલમથી બચાવ-છુટકારો કરવો તે. *vt.*To liberate especially by force.કેદમાંથી છોડવવું-બચાવવું તે.

Research, *v.* (રીસ'ર્ચ) To search again. ફરીથી શોધવું. *n.* Scientific inquiry. વિજ્ઞાનિક શોધખોળ-તલાસ.*vi.*To make scientific inquiries. વૈજ્ઞાનિક શોધખોળ કરવી.

Resemblance, *n.* (રીઝે'મ્બલન્સ) Likeness; similitude; similarity. મળતાપણું-સરખાપણું. 2. A likeness.પ્રતિમા;પ્રતિરૂપ.3.Comparison.ઉપમા.

Resemble, *vt.* (રીઝે'મ્બલ) To liken; to compare. સરખાવવું. *vi.*To be like or similar to.જેવું-સરખું હોવું.[L.*re*,back & *simulus*,like.]

Resent, *vi.* (રીઝે'ન્ટ) To consider as an affront or injury. માઠું લાગવું-ખરાબ લાગવું; ગુસ્સો લાગવો-ચઢવો. *vt.* To feel angry or provoked at.નો ગુસ્સો લાગવો-ચઢવો. [L.*re*, & *sentio*, I feel.]

Resentful, *a.* (રીઝે'ન્ટફુલ) Irritable; angry. તામસી; ક્રોધી; ચીઢ્યું.

Resentment, *n.* (રીઝે'ન્ટમન્ટ) Indignation, displeasure; anger. રોષ; ક્રોધ; દ્વેષ; તામસ; કોપ; ખફગી.

Reservation, *n.* (રીઝર્વે,'શન્)Concealment or withholding from disclosure.દાબી રાખવું તે-દાબી રાખેલી ચીજ.2.A proviso.શરતવાળું વાક્ય.શરત.

Reserve, *vt.* (રીઝ'ર્વ્) To keep in store for future use. રાખી મુકવું. 2. To hold back or retain.દાબી રાખવું; બહાર નહિં પાડવું. *n.* The act of reserving or the thing reserved. રાખી મુકવું તે-રાખેલી વસ્તુ ચીજ; શિલક. 2. Caution in personal behaviour; closeness. સંકોચ-લાજ; ખચકો-પડદો;ગંભીરતા. 3. Troops or money reserved. રાખી મુકેલું સૈન્ય; અનામત અવેજ; સંકોચ; સંઘરી રાખેલો પૈસો વગેરે.

Reserved, *a* (રીઝ'ર્વ્ડ) Kept for future use.ભવિષ્યમાં ઉપયોગ માટે રાખી મુકેલું;અલગ;ખાસ. 2. Shy; not frank.સંકોચશીલ;શરમાળ;થોડબોલું.

Reset, *vt.* (રીસે'ટ્) To set again; to set over again as printed matter. ફરી બેસાડવું, સ્થાપવું.

Reservoir, *n.* (રે'ઝર્વોર્) An artificial lake, cistern &c. for storing water in. પાણીનું તલાવ, ટાંકું, હોજ, કુંજ, જળાશય. [L. *re* & *servo* I keep.]

Reship, *vt.* (રીશિ'પ્) To ship again. ફરીથી વહાણ પર માલ ચઢાવવો.

Reside, *vt.* (રીઝા'ઈડ્) To dwell or inhabit. રેહવું, વસવું, ઘર હોવું, કરવું. [L. *re* & *sideo,* I settle.]

Residence, *n.* (રે'ઝિડન્સ્) Permanent inhabitation or dwelling. ઘર કરવું, રેહવું, વસવું તે; ઘર; રેહઠાણું; નિવાસ; વાસ; વસ્તિ; ઠેકાણું; મકાન; રેહવાની જગ્યા.

Residency, *n.* (રે'ઝિડન્સી) Residence. વાસ; નિવાસ. 2. The official residence of a British Resident at the court of a native prince. બ્રીટીશ રેસીડન્ટનું રેહવાનું સ્થળ, જગ્યા.

Resident, *n.* (રે'ઝિડન્ટ્) A British Political Agent at the court of native princes. રેસિડન્ટ; પરરાજ્યમાં રાખેલો વકિલ, એલચી. *a.* Inhabiting;living permanently. રેહનાર;સ્થાયી.

Residual, *a.* (રિઝિ'ડ્યુઅલ્) Remaining. બાકી રહેલું; શેષ; અવશિષ્ટ.

Residuary, *a.* (રિઝિ'ડ્યુઅરી) Pertaining to the part remaining. બાકીના ભાગ વિષે-નું **R. legatee**=કરજ વગેરે બાદ કર્યા પછી રહેલી મીલ્કતનો વારસ.

Resign, *vt.* (રીસા'ઇન્) To sign again. ફરીથી સહિ કરવી.

Resign, *vt.* (રીઝા'ઈન્) To give up or over; to quit. છોડવું, ત્યજવું; નું રાજીનામું આપવું. 2. To commit to the care of; to submit to providence. સોંપવું; ઈશ્વરેચ્છાને તાબે થવું. [L. *re,* back & *signare,* to sign.]

Resignation, *n.* (રેઝિગ્ને,'શન્) A quitting; a giving up. ત્યાગ; રાજીનામું. 2. Submission to the will of God. ઈશ્વરેચ્છાને સંતોષથી તાબે થવું તે; ધૈર્ય; સમાધાન.

Resigned, *a.* (રીઝા'ઇન્ડ્) Content with one's lot. સંતોષી; ઈશ્વરે આપેલી સ્થિતિમાં સુખ માનતું; ઈશ્વરેચ્છાને સંતોષપૂર્વક તાબે થતું;સમાહિત.

Resilience, *n.*(રીઝિ'લ્યન્સ્)Elasticity.સ્થિતિ-સ્થાપકતા.

Resin, *n.* (રે'ઝિન્) An inflammable, vegetable, gummy substance. રાળ; લાખ; બેરજો.

Resist, *vt.* (રીઝિ'સ્ટ્) To oppose; to withstand. ની સામા થવું; નિવારવું; અટકાવ, પ્રતિબંધ કરવો; સામા બળથી ખાળવું. [L. *re,* & *sistere,* to stand]

Resistance, *n.* (રીઝિ'સ્ટન્સ્) Opposition. પ્રતિબંધ; અવરોધ; અટકાવ; સામા થવું તે, ખાળવું તે.

Resistable, *a.* (રીઝિ'સ્ટબલ્) That can be opposed. નિવાર્ય; અટકાવાય એવું.

Resisting, *a.*(રીઝિ'સ્ટિંગ)Opposing અટકાવતું; હરકત કરનારું; પ્રતિરોધી.

Resoluble, *a.* (રે'ઝોલ્યુબલ્) Soluble. દ્રાવ્ય; ઓગળે એવું.

Resolute, *a.*(રે'ઝોલ્યુટ્)Resolved; determined; firm; unshaken. દૃઢ;અચળ;આગ્રહી;નિશ્ચયી; હિંમતવાન;બહાદુર.

Resolution, *n.* (રેઝોલ્યૂ'શન્) Firmness; set purpose; determination. દૃઢતા; નિશ્ચય; આગ્રહ;અચળ નિર્ણય. 2. Solving. જવાબ કાઢવો તે. 3. A formal decision by a legislative body &c. ઠરાવ.

Resolve, *vt.* (રીઝૉ'લ્વ્)To determine upon. નક્કી-નિશ્ચય કરવો. 2. To solve. જવાબ કાઢવો. 3.To separate. જુદું પાડવું (મૂળતત્વો). 4.(Med.) To scatter. વિખેરી નાંખવું;વિગ્રહ કo. *vi.*To be determined.નિશ્ચય હોવો. 2. To be separated. મૂળતત્વો જુદાં પાડેલાં હોવાં. *n.* Determination. નિશ્ચય;દૃઢતા;નિર્ણય.[L.*re,* back, *solve,* I loosen.]

Resolvent, *a.* (રીઝૉ'લ્વન્ટ્)Separating into elements. પૃથક્કરણ કરનારું; મૂળતત્વો જુદું પાડનારું. *n.*A drug of that property.પૃથક્કરણ કરનાર દવા.

Resonance, *n.* (રે'ઝોનન્સ્) The state or quality of being resonant. પ્રતિધ્વનિ-પાછો પડઘો પડવો તે; ઝણકાર.

Resonant, *a.* (રે'ઝોનન્ટ્)Resounding.પડઘો, પ્રતિધ્વનિ પાડતું.[L.*re,*back & *sono,* I sound.]

Resort, *vt.* (રીઝૉ'ર્ટ્) To have recourse to. ની પાસે જવું, નો આસરો, આશ્રય લેવો. 2. To go

frequently to. ઘડીઘડી જવું. *n.* A place frequented. જવા આવવાની-બેસવા ઉઠવાની જગ્યા. 2. Recourse. ઉપાય; આશરો. [L. *re*, back & *sortir*, to go out.]

Resound, *vi.* (રીઝા'ઉન્ડ્) To echo. મોટેથી અવાજ થવો;પડઘો થવો; ગાજી ઉઠવું;પ્રતિધ્વનિ, શબ્દ થવો, ઉઠવો. 2. To make celebrated.વખાણથી ગાજી ઉઠવું. *n.* Echo. પ્રતિધ્વનિ;પડઘો. [L. *re*, back & *sono*, a sound.]

Resource, *n.*(રીસો'ર્સ્) Expedience;means; device. ઇલાજ;તદબીર; યુક્તિ;સાધન; હુન્નર;આસરો; ઉદ્યમ.2.*pl.* Wealth;means. સંપત્તિ;પુંજી;પૈસાટકા. [L. *re*, again & *soudre*, to rise.]

Respect,*n.*(રીસ્પે'ક્ટ્) Honour; regard.માન. 2. Sign or expression of respect. નમસ્કાર; સલામ;પ્રણામ;રામરામ. 3. Reference; relation. બાબત;વિષય.*vt.* To honour.માન આપવું, રાખવું. [L. *re* & *specio*, I look.]

Respectability, *n.* (રીસ્પેક્ટબિ'લિટી) Good character or repute; state or character of being respectable. ઇજ્જત; આબરૂ; પ્રતિષ્ઠા.

Respectable, *a.* (રીસ્પે'ક્ટબલ્)Esteemable; held in good repute; of good character. સંભાવિત; આબરૂદાર; પ્રતિષ્ઠિત; પૂજ્ય; માન આપવા લાયક.

Respectful, *a.* (રીસ્પે'ક્ટફુલ્) Civil. આદર-મર્યાદાવાળું; વિનયી.

Respecting, *prep.* (રીસ્પે'ક્ટિન્ગ્) About; regarding. સંબંધી; વિષે; બાબતમાં.

Respective, *a.* (રીસ્પે'ક્ટિવ્) Pertaining severally each to each. અન્યોન્ય સંબંધી; સાપેક્ષ; પોતપોતાનું; આપ આપનું.

Respectively,*adv.*(રીસ્પે'ક્ટિવલી)As relatingto each. પોતપોતાને, દરેકને લાગતું.

Respiration, *n.* (રેસ્પિરે'શન્)Breathing; the act of inhaling the air. શ્વાસોચ્છ્વાસ; શ્વાસ લેવો તે.

Respiratory,*a.*(રે'સ્પિરેટરી)About breathing. શ્વાસોચ્છ્વાસ સંબંધીનું.

Respire, *vt.* or *vi.* (રીસ્પા'યર્) To breathe; to inhale. શ્વાસ લેવો [L.*re* & *spiro*,I breathe.]

Respite, *n.* (રે'સ્પાઈટ્)Postponement.તહકુબી; મોકૂફ રાખવું તે; ઢીલ; વિલંબ. 2. Interval of rest અવકાશ; વિસામો; વિશ્રામ. 3. Reprieve. દેહાંત શિક્ષા તહકૂબ રાખવી તે. *vt.* To delay. વિલંબ-ઢીલ કરવી.2.To give a reprieve. દેહાંત શિક્ષા મુલતવી રાખવી.[L.*re* & *specio*, I look.]

Resplendence,-dency, *n.* (રીસ્પ્લે'ન્ડન્સ્-ન્ડન્સી) Lustre; brilliancy. તેજ; તેજી;ચળકાટ; કાંતિ;ઝળહળાટ.[L.*re*,back & *splendeo*, I shine.]

Resplendent, *a.* (રીસ્પ્લે'ન્ડન્ટ્) Lustrous; shining brightly. તેજોમય; ચળકતું; કાંતિમય; ઝાકઝમાળ.

Respond, *vi.*(રીસ્પૉ'ન્ડ્)To reply;to answer. જવાબ આપવો-વાળવો. 2. To be like. ને સાથે મળતા આવવું. 3. To be affected. અસર થવી. *n.* An answer. જવાબ.

Respondent,*n.*(રીસ્પૉ'ન્ડન્ટ્)The defendant. પ્રતિવાદી;પ્રતિપક્ષી;ઉત્તર આપનાર.-*a.* પ્રતિવાદી.

Response, *n.* (રેસ્પૉ'ન્સ્) An answer; a reply. ઉત્તર; પ્રત્યુત્તર; જવાબ.

Responsibility, *n.* (રીસ્પૉન્સિબિ'લિટી) Answerableness. જવાબદારી. 2. Risk. જોખમ; ભાર; બોજો.

Responsible,*a.*(રીસ્પૉ'ન્સિબલ્)Answerable; accountable. જવાબદાર; જુમ્મેદાર. 2. Risky. જોખમદારીનું; જુમ્મેદારીનું; ભારે.

Responsive, *a.* (રીસ્પૉ'ન્સિવ્) Answering. જવાબ આપતું. 2. Suited. બંધ બેસતું-અનુરૂપ-યોગ્ય-મળતું આવતું.

Rest, *vt.* (રેસ્ટ્) To arrest. કેદ કરવું. *n.* Cessation from work. આરામ; વિસામો. 2. Tranquillity. શાંતિ; સમાધાન; આરામ. 3. Sleep. નિદ્રા; ઉંઘ. 4. Death. મરણ. 5. Support. આધાર; ટેકો. **R. house**=ધર્મશાળા. **To set at rest**=શાંત પાડવું. *vi.* To repose. આરામ, વિસામો, વિશ્રાંતિ લેવી. 2. To rely. ઉપર આધાર રાખવો, ટકાવ કરવો. **To rest with**=ના હાથમાં હોવું. *vt.* To cause to lean. ટેકો આપવો, ટેકવી રાખવું. *n.* Remnant. બાકી; વધારો. [Gr. *rasten*, to rest.]

Restaurant, *n.* (રે'સ્ટરાં) Place where meals or refreshments may be had. ઉપાહાર, વિશ્રાંતિગૃહ.

Restiff, *a.* (રે'સ્ટિફ્) See "Restive."

Restitution, *n.* (રેસ્ટિટ્યૂ'શન્) Return. બદલો. 2. Returning to the original state. અસલની સ્થિતિપર આવવું તે;પૂર્વસ્થિતિપ્રાપ્તિ.[L. *restuo*, I restore.]

Restive, *a.* (રે'સ્ટિવ્) Unwilling to move forward. અડીએલ (ઘોડો) 2. Obstinate; impatient. દુરાગ્રહી; હઠીલું; અધીરૂં; ઉતાવળું.

Restless, *a.* (રે'સ્ટલિસ્) Sleepless. નિદ્રા રહિત; ઉંઘ નહિં આવતી હોય એવું. 2. Disturbed; unquiet. અશાંત; અસ્વસ્થ; બેચેન.

Restoration, *n.* (રેસ્ટોરે'શન્) Bringing back to a former state. ફરીથી આપવું તે; ઉદ્ધાર; પુનઃસ્થાપના. 2. Recovery. તંદુરસ્તી થવી તે; તબીયતનો સુધારો.

Restorative, *a.* (રિસ્ટૉ'રેટિવ્) Tonic. બલવર્ધક; શક્તિવર્ધક. *n.* A tonic. શક્તિવર્ધક દવા.

Restore, *vt.* (રીસ્ટો,'ર્) To bring back to the former state or own. પ્હેલી, અસલની સ્થિતિમાં આણવું, લાવવું; માલિકને પાછું આપવું. 2. To make good. બદલો વાળવો. 3. To repair. સમારવું, સાજું કરવું; જીર્ણોદ્ધાર કરવો. [L. *re*, back & *sto*, I stand.]

Restrain, *vt.* (રીસ્ટ્રે,'ન્) To check; to curb; to restrict. દાબમાં રાખવું; ની પર અંકુશ રાખવો; રોકવું. 2. To limit. હદ બાંધવી.

Restraint, *n.* (રીસ્ટ્રે,'ન્ટ) Check; repression; limitation. અટકાવ; મના; ખાળો; દાબ; અંકુશ. 2. Limiting. બંધન; મર્યાદા; સંકોચ.

Restrict, *vt.* (રીસ્ટ્રિ'ક્ટ્) To limit; to restrain. હદ બાંધવી; ધોરણ બાંધવું; નું બંધારણ બાંધવું; મના કરવી.*a.* Limited સંકોચિત-મર્યાદિત

Restriction, *n.* (રીસ્ટ્રિ'કશન્) Limiting; restraining. અટકાવ; દાબ; પ્રતિબંધ; મર્યાદા; હદ. 2. Care in diet &c. પરહેજ; કરી. [L. *re*, back & *stringo*, I draw tight.]

Restrictive, *a.* (રીસ્ટ્રિ'ક્ટિવ) Imposing restraint. નિયામક; અવરોધક; અટકાવ કરે એવું; દાબમાં રાખે એવું; બાધક.

Restringent, *a.* (રીસ્ટ્રિ'ન્જન્ટ) Astringent. અવરોધક; બંધક; કોઠાને મજબુતી આપે એવું; ખારવાળું; તુરૂં; સંકોચક.

Result,*vt.*(રીઝ'લ્ટ)To proceed as a consequence.નું પરિણામ હોવું; માંથી ઉત્પન્ન થવું. [L. *re*, back & *salio*, I leap.] *n.* પરિણામ; ફળ.

Resume,*vt* (રીઝ્યૂ'મ્) To take up or begin again. ફરીથી હાથમાં લેવું, આરંભ કરવો; પાછું લેવું. [L. *re*, back & *sumo*, I take.]

Resume, *n.* (રેં'ઝુમે,) A summary.સારાંશ, સાર; સંક્ષેપ.

Resumption,*n.*(રીઝ'મ્પ્શન્) A beginning again. ફરીથી હાથમાં લેવું, આરંભ.

Resurrect, *vt.* (રીસરે'ક્ટ) To rise again from the dead. મૃત માણસોનું પાછું સજીવન થવું. 2. To disinter. કબર, ઘોરમાંથી ખોદી કહાડવું. [L. *re*, back & *surgo*, I rise.]

Resurrection, *n.* (રીસરે'ક્શન્)The rising again (on the day of Judgment) of the dead. કયામત; પુનરુત્થાન; મુએલામાંથી ઉઠવું તે.

Resuscitate, *vt.*(રીસ'સિટે,ટ્) To recover from apparent death. સજીવન કરવું. *vi.* To come to life again. ફરીથી સજીવન થવું. [L. *re*, again & *susisto*, I rouse up.]

Retail, *a.* (રીટે,'લ્) A sale of commodities in small quantities. છુટક-પરચુરણ વેંચાણ. *vt.* To sell in small quantities.પરચુરણ-છુટક વેંચવું. [L. *re*, again & *tailer*. to cut.]

Retailer, *n.* (રીટે',લર્) A dealer in small quantities. પરચુરણ-છુટક વેંચનાર.

Retain, *vt.* (રીટે,'ન્) To keep in hand. હાથમાં રાખવું;કબજામાં રાખવું;છોડી ન દેવું;રહેવા દેવું. 2.To hire. ભાડે-ચાકરીમાં રાખવું. [L. *re*, & *teneo*, I hold.]

Retainer, *n.* (રીટે,'નર્) One who keeps. રાખનાર. 2. Lawyer's fees. વકીલની ફી. 3. An attendant. ખીજમતગાર; હજુરીઓ.

Retake, *vt.* (રીટે,'ક્)To take or gain back. ફરીથી લેવું, મેળવવું, સંપાદન ક૦.

Retaliate, *vt.* (રીટૅ'લિએ,ટ્) To pay in the same coin. નો બદલો, વેર વાળવું. [L. *re*,back & *talio*, like for like.]

Retaliation, *n.* (રીટૅલિએ,'શન્) Reprisal; vengeance; revenge. વેર;સાટું,બદલો વાળવો તે.

Retaliative, *a.* (રીટૅ'લિએટિવ્) Vindictive. વેર લે એવું; ખુની; વૈરી; વિરોધી.

Retard, *vt.* (રીટા'ર્ડ) To check. અટકાવવું-રોકવું. 2. To postpone. ઢીલ-વિલંબ કરવો. *vi.* To be kept back. પાછળ રેહવું. *n.* Delay. વિલંબ-ઢીલ. [L. *re*, back & *tardus*, slow.]

Retardation, *n.* (રીટાર્ડે,'શન્) The act of retarding.અટકાયત; રોકવું તે;ઢીલ-વિલંબ કરવો તે.

Retch, *vi.* (રેચ્) To strain as in vomiting. ઓકવું-ઉલટી કરવી; ખાલી હીચકો ખાવો.

Retention, *n.* (રીટે'ન્શન્) The act of retaining. ધારણ ક૦ તે; રાખવું તે. 2. The power of grasping. ગ્રહણશક્તિ;અક્કલ;સ્મૃતિ; યાદદાસ્તી. 3. Check. અટકાવ; દાબ; અંકુશ. [L. *re*. back & *teneo*, I hold.]

Retentive, *a.* (રીટે'ન્ટિવ્) Having strong powers of retaining; parts &c. યાદદાસ્તીવાળું; સ્મૃતિવાળું; ધારણા શક્તિવાળું. **R. faculty**= યાદદાસ્તી; ધારણા શક્તિ.

Reticence-cy, *n.* (રે'ટિસન્સ-સન્સી) Reservedness. મૌન; ચુપકી; મૂક ભાવ.

Reticent, *a.* (રે'ટિસન્ટ) Reserved. મીંઢું; મૌનાલંબી; શરમાળ; ચુપ; થોડબોલું. [L. *re*, back & *taceo*, I am silent.]

Reticular, *a.* (રિટિ'ક્યુલર્) Netted. જાળીદાર; જાળીવાળું; જાળીજાળી

Reticulate, reticulated,*a.*(રિટિ'ક્યુલે ટ-લે,ટિડ્) Netted જાળીદાર કળાવાળું;જાળી જાળીવાળું; જાળા જેવું [L. *rete*, a net.]

Reticulation, *n.* (રેટિક્યુલે,'શન્) Network. જાળીનું કામ; જાળું.

Retina, *n.* (રે'ટિનૅ) A delicate sensitive membrane of the eye. આંખની કીકી.

Retinue, *n.* (રે'ટિન્યુ) A suite; the attendants of a prince or great personages. ચાકર નફર; સ્વારી; લવાજમ, પરિચારક.

Retire, *vt.* (રીટા'યર્) To take away or remove from active service. નોકરીમાંથી પેન્શન આપી ઘેર બેસાડવું. **To R. a bill,** = હુંડીનાં નાણાં લેવાં. *vi.* To go back. પાછા જવું-હઠવું. 2. To withdraw from active service or life. પેન્શન લઇ ઘેર બેસવું; વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો; નિવૃત્ત થવું. 3. To go to sleep. સુવા જવું. [L. *re*, back & *traho* I draw.]

Retired, *a.* (રીટા'યર્ડ) Solitary; lonely. એકાંતવાસી; ખાનગી; સુનું; નિર્જન. 2. Having withdrawn from active service or life. પેન્શન લઈ ઘેર બેઠેલું; નિવૃત્ત.

Retirement, *n.* (રીટા'યરમન્ટ) Withdrawal from active life. વાનપ્રસ્થાશ્રમ; વૈરાગ; નોકરીમાંથી પરવારી ઘેર બેસવું તે; નિવૃત્તિ. 2. A solitary place. શાંત-નિર્જન સ્થાન-જગ્યા.

Retiring, *a.* (રીટા'યરિન્ગ્) Shy; reserved. સંકોચશીલ; મર્યાદાવાળું; શરમાળ; ખુણે, એકાંતમાંનું; પાછળ પડતું.

Retort, *vt.* (રીટૉ'ર્ટ) To return as an argument. ને જવાબ વાળવો. *vi.* To return an argument or charge. સખ્ત જવાબ આપવો; સામું બોલવું. *n.* An answer. પ્રત્યુત્તર; સખત સામો આપેલો જવાબ; ટાણું. 2. A chemical vessel with a long bent neck. વક્ર નળીવાળો સીસો. [L. *re* & *torqueo*, I twist.]

Retouch, *vt.* (રીટ'ચ્) To revise or improve. ફેરફાર કરી સુધારવું.

Retrace, *vt.* (રીટ્રે'સ્) To trace back or over again. નું મૂળ શોધવું. 2. To go over or repeat in a reverse direction. પાછું ફરીને જવું. 3. To trace again. ફરીથી કાઢવું, ચિતરવું.

Retract, *vt.* (રીટ્રૅ'ક્ટ્) To withdraw or recall (one's words). શબ્દ, બોલેલું પાછું ખેંચવું, ખેંચી લેવું. *vi.* To withdraw one's words. પોતાના શબ્દ પાછા ખેંચી લેવા; પાછું ખેંચવું, ખેંચી લેવું. [L. *re*, back & *traho*, I draw.]

Retractable, *a.* (રીટ્રૅ'કટબલ્) Capable of being withdrawn. પાછું ખેંચી, વાળી શકાય એવું.

Retraction, *n.* (રીટ્રૅ'કશન્) A going back upon or withdrawing one's words. શબ્દ પાછા ખેંચવા તે; સાફ ઇન્કાર કરવો તે; હઠવું તે.

Retrait, *n.* (રીટ્રે'ટ્) A resemblance. આકૃતિ; પ્રતિમા; છબી; મૂર્તિ.

Retreat, *n.* (રીટ્રી'ટ્) A shelter; a refuge; a place of retirement. એકાંતવાસ; આશ્રમ; એકાંત જગ્યા; આશ્રય સ્થાન. 2. The returning of an army &c. પાછા હઠવું તે; પલાયન; અપસરણ. *vi.* To make a retreat. જવું, પાછું હઠવું. [L. *re*, back & *traho*, I draw.]

Retrench, *vt.* (રીટ્રે'ન્શ્) To cut off. કાપી કાઢવું. 2. To abridge or lessen. કમી કરવું, ઘટાડવું, ઓછું કરવું. *vi.* To diminish the expenses; to economise. ખર્ચ ઓછો કરવો, ઘટાડવો; ખરચમાં કાપકૂપ કરવી.

Retrenchment, *n.* (રીટ્રે'ન્શમન્ટ) Economising. ખર્ચમાં કાપકૂપ. 2. The wall inside a fort. બહારની કોટના અંદરનો કોટ.

Retribute, *vt.* (રેટ્રિ'બ્યુટ) To give in return for. ને બદલો વાળવો. [L. *re*, & *tribuo*, I give.]

Retribution, *n.* (રેટ્રિબ્યૂ'શન્) Return. ફળ; પ્રતિફળ; અવેજ; બદલો. 2. Punishment for a bad deed. શિક્ષા; બદકર્મનો બદલો; વૈરની વસુલાત.

Retributive, *a.* (રેટ્રિ'બ્યુટિવ્) Rewarding or requiting according to one's deserts. કામ પ્રમાણે, ફળ, બદલો આપે તેવું; પ્રતિદાયક; વૈરી.

Retrieve, *vt.* (રિટ્રી'વ્) To recover or get again. ફરીથી મેળવવું. 2. To make amends for. નુકશાન ભરી આપવું. *n.* A getting back. પાછું મળવું તે.

Retrocede, *vt.* (રીટ્રોસી'ડ્) To cede back. પાછું આપવું, સોંપવું.-*n.* °**cession**.

Retrograde, *a.* (રેટ્રો'ગ્રેડ્) Going or moving backward. પાછળ જવું, ખસવું. 2. Declining from a better to a worse state. ઉતરતી દશાવાળું; અવનતિ પામતું. *vi.* To decline; to go backward. પાછું જવું, ઉતરતી દશા આવવી. [L. *retro*, back & *gradior*, I walk.]

Retrogression, *n.* (રીટ્રોગ્રે'શન્) A going back; a decline. પાછું જવું તે; ઉતરતી દશા.

Retrospect-tion, *n.* (રેટ્રૉસ્પે'ક્ટ-સ્પે'કશન્) View or contemplation of the past. ગતકાલાવલોકન; સિંહાવલોકન; મનન. [L. *retro*, back & *specio*, I look.]

Retrospective, *a.* (રેટ્રૉસ્પે'ક્ટિવ્) Contemplating the past. ગતાવલોકી; ગતકાલાપેક્ષી; અંતર્મુખ; મનનશીલ.

Return, *vi.* (રીટ'ર્ન્) To go or come again. પાછું ફરવું; પાછા ફરીને આવવું. 2. To reply. જવાબ આપવો. *vt.* To send or turn back. પાછું મોકલવું. 2. To give back. મજરે-પાછું આપવું. 3. To recompense. ને બદલો આપવો.

4. To make an official report of. નું પત્રક કરી મોકલવું. *n.* A going back. પાછું જવું-આવવું તે. 2. Recompense. બદલો; અવેજ. 3. Payment back. ભરણું-બદલો. 4. Reply. જવાબ. 5. Official report. પત્રક; ચાઠી; નોંધ. [L. *re*, back & *tourner*, to turn.]

Returnable, *a.* (રીટ'ર્નબલ્) Capable of being returned. પાછું લાવવા-આપવા જોગ-લાયક; કાયદા પ્રમાણે પાછું આપી શકાય એવું.

Reunion, *n.* (રીયૂ'ન્યન્) Meeting again after separation. પાછું મળવું તે; પુનર્મિલન; પુનર્યોગ, પુનઃસમાગમ; ફરીથી જોડવું તે.

Reunite, *vt.* (રી'યુનાઇટ્) To unite again. ફરીથી મળવું-જોડવું.

Revalescent, *a.* (રીવૅ'લેસન્ટ્) Recovering. સાજું-સારું થવું. [L. *re*, again & *valo*, I am strong.]

Reveal, *vt.* (રીવી'લ્) To divulge. જાહેર-ઉઘાડું કરવું-જાહેરમાં લાવવું. પ્રગટ કરવું. [L. *re*, back & *velum*, a veil]

Reveille, *n.* (રિવ'લિ) Military waiking-signal. સૈન્યને જગાડવાનો નાદ, નિશાન.

Revel, *n.* (રે'વેલ્) An orgy or feast of wine. દારૂની-મદ્યપાનની મિજમાની-ઉજાણી. *vi.* To eat, drink and be merry. ખાઈપીને મોજમજા મારવી; માણવું;માં મસ્ત રહેવું.

Reveller. *n.* (રે'વલર્) One who revels. ખાઈપીને મોજમજા મારનાર; મસ્ત.

Revelation, *n.* (રેવીલે'શન્) Disclosing. ખુલ્લું પાડવું-સ્પષ્ટીકરણ કરવું તે. 2. Thing revealed. જાહેર કરેલી, ફોડેલી વાત. 3. Revealing of divine truth. ઈશ્વરી સત્ય જાહેર કરવું તે;દર્શન;મંત્ર,શાસ્ત્ર દર્શન. 4. The Bible. બાઇબલ.

Revelry, *n.* (રે'વલ્રી) A noisy feast. ખાનપાન-મોજમજા; લ્હાણી; મસ્તી.

Revenge, *n.* (રીવે'ન્જ્) Retaliation; vengeance. વેર; સુડ. **To give one his revenge**=રમતમાં જીત્યા પછી હારનાર માણસને પાછી જીતવાની તક આપવી. *vt.* To avenge. નો સુડ-નુ વેર લેવું. *vi.* To retaliate, વેર લેવું.

Revengeful, *a.* (રીવે'ન્જફુલ્) Vindictive. ખારીલું; ખુનરી; કિનાખોર; ડંશીલું; વેરીલું.

Revenue, *n.* (રે'વિન્યુ) The annual income of a state from taxes; annual income. વાર્ષિક ઉપજ-પેદાશ-આવક; મેહસુલ; જમાબંધી; વસુલાત. [L. *re*, back & *venio*, I come.]

Reverb, *vt.* (રીવ'ર્બ્) To echo. પડઘો-પ્રતિધ્વનિ પાડવો.

Reverberate, *vt.* (રીવ'ર્બરેટ્) To reflect back as sound. પડઘો પાડવો. *vi.* To resound. પડઘો-પ્રતિધ્વનિ થવો. [L. *re*, back & *verbero*, I beat.]

Reverberation, *n.* (રીવર્બરે'શન્) A resounding or echo. પડઘો; પ્રતિધ્વનિ;પ્રતિશબ્દ.

Revere, *vt.* (રીવી'ર્) To entertain great respect for. અતિશય માન આપવું; પૂજ્ય ગણવું. [L. *re* & *vereor*, I feel awe.]

Reverence, *n.* (રે'વરન્સ) Profound respect. આદર; પૂજ્યભાવ; માન. *vt.* To revere. માન આપવું; પૂજ્ય ગણવું.

Reverend, *a.* (રે'વરન્ડ્) Worthy of reverence. માનનીય; પૂજ્ય ગણવા લાયક. 2. A title of honour applied to clergymen. પાદરી લોકોના નામ આગળ લગાડવામાં આવતો એક ઇલ્કાબ.

Reverent, *a.* (રે'વરન્ટ્) Humble; impressed with reverence. તાબેદાર; આદરશીલ; નમ્ર;ભક્તિમાન્; માનપૂર્વક; ભક્તિપૂર્વક; પૂજ્ય બુદ્ધિથી.

Reverential, *a.* (રેવરે'ન્શલ્) Full of reverence. પૂજ્યભાવ સહિત; શ્રદ્ધાળુ.

Reverie, *n.* (રે'વરી) A fit of mental abstraction. ધ્યાન; વિચારમાં નિમગ્ન-તલ્લીનથવું તે. 2. Visionary projects. શેખચલ્લી જેવા વિચારો; મનસ્વી કલ્પનાઓ.

Reversal, *n.* (રીવ'ર્સલ્) The act of reversing. ઉંધું કરવું તે; ફેરફાર કરવો તે. 2. Change or overthrowing. ફેરફાર; ઉથલપાથલ. *a.* Intended to reverse. ફેરફાર કરવા સારુ કરેલું. [L. *re* back & *verto*, I turn.]

Reverse, *a.* (રીવ'ર્સ્) Opposite; contrary. વિપરીત;ઉલટું. *n.* Contrary or opposite direction. ઉલટી બાજુ. 2. Thorough change. તદન ફેરફાર. 3. *pl.* Calamities. દુઃખો; ઉતરતી દશા. *vt.* To turn in a contrary direction. ઉંધું વાળવું-કરવું. 2. To alter to the opposite. માં તદન ફેરફાર કરવો; ફેરવવું. *vi.* To become reversed. ઉલટું-વિપરીત થવું. [L. *re*, back & *verto*, I turn.]

Reversible, *a.* (રીવ'ર્સિબલ્) That can be reversed. ઉલટું-ઉંધું કરી, ફેરવી શકાય એવું.

Reversion, *n.* (રીવ'ર્શન્) Return. પાછું આવવું તે. 2. The return of an estate to the grantor or his heirs. મિલ્કતનું, પાછું આપનાર અથવા તેના વારસ પાસે. પાછું આવવું તે;પ્રત્યાગમન. 3. Right of succession. મરનારના પછી મળનાર ભોગવટનો, વારસાનો હક. [L. *re*, back & *verto*, I turn.]

Reversionary, *a.* (રીવ'ર્શનરી) About reversion. મરણ પછી મળનાર ભોગવટનો, વારસાના અધિકાર સંબંધી-નું. **R. right**=શેષભોગાધિકાર. **R. heir**=ઉત્તરાધિકારી.

Reversioner, *n.* (રીવ'ર્શનર્) The person who has the reversion of an estate. ઉત્તરાધિકારી; મરનાર શખસ પછી ભોગવટનો હક ધરાવનાર.

Revert, *vt.* (રીવ'ર્ટ્) To reverse. ઉલટું ફેરવવું, કરવું; પાછું બદલવું. *vi.* To return. પાછું આવવું. 2. To return to the possession of the donor or of the former proprietor. અસલના માલીકના કબજામાં ફરીથી આવવું. [L. *re*, back & *verto*, I turn.]

Revertible, *a.* (રીવ'ર્ટિબલ્) That can be reverted. પાછું ફેરવી શકાય તેવું.

Revest, *vt.* (રીવે'સ્ટ્) To reclothe. ફરીથી કપડાં પહેરાવવાં. 2. To invest again with authority. ને ફરીથી સત્તા સોંપવી. *vi.* To vest again. ફરીથી સત્તા સોંપવી-પદવી આપવી. [L. *re*, back & *vestir*, a garment.]

Review, *vt.* (રીવ્યૂ') To see again. ફરીથી જોવું. 2. To write a critical note on (a book &c). અમુક પુસ્તકના ગુણદોષ વિચારવા-નિરીક્ષણ, અવલોકન કરવું. 3. To inspect (as troops &c.) (લશ્કરની) તપાસણી કરવી. *n.* A careful examination; inspection &c. પુનરાવલોકન; તપાસ; ગુણદોષ વિવેચન; તપાસણી. 2. A magazine devoted to criticism; a critic. ટીકાકાર; ગુણદોષનું વિવેચન કરનાર ચોપાનીયું. [L. *re* & *video*, I see]

Reviewer, *n.* (રીવ્યૂ'અર્) A literary critic. પુસ્તકના ગુણદોષ કાઢનાર; ગુણદોષ વિવેચક; અવલોકનકાર.

Revile, *vt.* (રીવા'ઇલ્) To abuse. ગાળ દેવી-નિંદા કરવી. *n.* Reproaches. ગાળ; બદબોઇ; નિંદા.

Reviler, *n.* (રીવા'યલર્) One who abuses. ગાળ દેનાર; નિંદા કરનાર.

Revisal, revision, *n.* (રીવા'યઝલ્; રિવિશ્ઝન્) Reexamination. ફરીથી પરીક્ષા-તપાસ કરવી તે; ફરીથી તપાસી જવું તે; પુનરાવર્તન.

Revise, *vt.* (રીવા'ઇઝ્) To examine again. ફરીથી તપાસવું-સુધારવું; ફરીથી જોઇ જવું-માં સુધારો વધારો કરવો; પુનરાવર્તન ક૦. [L. *re*, again & *video*, I see]

Re-visit, *vt.* (રીવિ'ઝિટ્) To visit again. ફરીથી મુલાકાત લેવી-કરવી.

Re-vival, *n.* (રીવા'યવલ્) Recovery from apparent death. પુનર્જીવન. 2. Return or revival from a state of languor to a state of activity. ચેતના લાભ; પ્રબોધ; જાગૃતિ; ની વૃદ્ધિ-ચઢતી થવી તે; ધર્મસજીવન; ઉદ્ધાર.—*n.* **'ist.** પુનર્જીવન દેનાર, કરવાના મતવાળો.

Revive, *vi.* (રીવા'ઇવ્) To come to life again. ફરીથી સજીવન થવું. 2. To recover new life or vigour. સારી હાલતમાં આવવું-નવજીવન પ્રાપ્ત થવું; ની ચઢતી-વૃદ્ધિ થવી. 3. To recollect. યાદ કરવું-આવવું. *vt.* To bring again to life. ફરીથી સજીવન કરવું. 2. To reanimate. ને ધીરજ-હિમ્મત-ઉત્તેજન આપવું. 3. To recall. યાદ આણવું-કરવું. [L. *re*, again & *vivo*, I live.]

Revivicate, revivify, *vt.* (રીવિ'વિકે, ટ-રીવિ'વિફાય્) Same as "Revive."

Reviviscent, *a.* (રીવિ'વિસન્ટ) Re-animating. ફરીથી જીવ-તેજ આણતું.

Revocable, *a.* (રે'વોકબલ્) Recallable; cancellable. રદ કરી શકાય-ફેરવી શકાય-પાછું ખેંચી શકાય એવું.

Revocation, *n.* (રેવોકે,'શન્) Cancellation or annulment. પાછું ખેંચી લેવું-રદ કરવું તે; ખંડન; રદ બાતલ કરવું તે.

Revoke, *vt.* (રિવો,'ક્) To annul; repeal or cancel; to recall. ફરીથી બોલાવવું-પાછું ખેંચી લેવું; રદબાતલ કરવું; પાછું ખેંચી લેવું [L. *re*, back & *voco*, I call.]

Revolt, *vi.* (રીવો,'લ્ટ્) To rebel. બંડ-બળવો ઉઠાવવો; અધિકાર સામે થવું. 2. To be disgusted. કમકમી આવવી-કમકમાટ ઉપજવો *vt.* To shock or repel with disgust. કમકમાટ, દુઃછાટ ઉપજાવવો. *n.* Rebellion. બળવો-બંડ-દંગો-ફીતુરી-તોફાન. [L. *re*, back & *volvo*, I roll.]

Revolting, *a.* (રીવો,'લ્ટિન્ગ) Shocking; exciting extreme disgust. કમકમાટ ઉપજાવે એવું; ત્રાસદાયક. [L. *re*, again & *volvo*, I roll.]

Revolter, *n.* (રીવો,'લ્ટર્) A rebeller. ફીતુરી; બંડખોર; બળવો ઉઠાવનાર.

Revolution, *n.* (રેવોલ્યૂ'શન્) Rotation. પરિભ્રમણ. 2. Space of rotation. પરિવર્તન; ભ્રમણ; મર્યાદા. 3. A radical change. તદન ફેરફાર. 4. A sudden and violent change in the government or constitution of a country. રાજ્યક્રાન્તિ; રાજ-પરિવર્તન; રાજ્યની ઉથલપાથલ; ઉત્પાત.

Revolutionary, *a.* (રેવોલ્યૂ'શનરી) About or tending to produce a revolution. રાજ્યમાં ઉથલપાથલ સંબંધી; રાજ્યક્રાન્તિ કરે એવું. *n.* A revolter. રાજ્યમાં ઉથલપાથલ કરનાર; ક્રાન્તિવાદી.

Revolutionise, *vt.* (રેવોલ્યૂ શનાઇઝ્) To bring about a complete change or revolution in. તદન-ફેરફાર ઉથલપાથલ કરવી.

Revolve, *vi.* (રીવૉ'લ્વ્) To turn round. પરિભ્રમણ કરવું-ફરવું. 2. To move in a circle. ની આસપાસ-ગોળ ફરતે ફરવું. *vt.* To cause to turn. ફેરવવું. **To R. in the mind**=મનમાં વિચાર કરવો. [L. *re*, & *volvo*, I turn.]

Revolvency. *n.* (રીવૉ'લ્વન્સી) Rotary motion. પરિવર્તન; ચક્રગતિ; પરિભ્રમણ.

Revolver, *n.* (રીવૉ'લ્વર) A six bullet gun. રીવૉલ્વર.2.One who originates revolutions. પરિભ્રમણ કરનાર.

Revulsion, *n.* (રીવ'લ્શન્)A turning back. પાછું ફરવું તે.2.A sudden and violent change, especially in feelings. એકાએક મનોવૃત્તિમાં થયેલો ફેરફાર; પ્રતિક્ષેપ; વૃત્તિભેદ. [L. *re,* back & *vello,* I pull.]

Reward, *n* (રીવૉ'ર્ડ્)A requital or recompense for something good. બક્ષીસ;ફળ;ઇનામ. *vt.*To recompense a person for something good done. ને બક્ષીસ-ફળ-ઈનામ આપવું; બદલો વાળવો.

Reynard, *n.* (રે'નાર્ડ્) A fox. શિયાળ;લોંકડી.

Rhapsodical, *a.* (ર્‌હૅપ્સૉ'ડીકલ્) Consisting of rhapsodies. અસંબદ્ધ; ઉલ્લાસી;ઝનુની.

Rhadamanthus, *n* (ર્‌હૅડમૅ'ન્થસ્) Stern judge. કરડો, નિષ્ઠુર ન્યાયકારી, વિવેચક.

Rhapsody, *n.*(ર્‌હૅ'પસડી)An extravagant and ill-connected outburst of sentiment. અસંબદ્ધ તુટક,લખાણ-ભાષણ 2.An irregular song.સંબંધ વગરનું ગાયન-ભાષણ. High-flown utterance or composition. ઉલ્લાસ, અતિરેક વાણી, નિબંધ;મહા કાવ્ય; લાવણી;ભજન ધૂન: ઝનુન:રમછટ.[Gr.*rhapto,* I stitch, & *aeido,* I sing.]

Rhetoric, *n.*(ર્‌હે'ટરિક) The art of eloquence. સુભાષિત; ભાષણ કરવાની વિદ્યા; સુલેખનશૈલી. 2. Eloquence; oratory છટાદાર ભાષણ; વાક્છટા, ધારા. [Gr. *rheo,* I speak.]

Rhetorical, *a.* (ર્‌હીટૉ'રિકલ્) About the art of oratory છટાદાર ભાષણ કરવાની કળા સંબંધી; છટાદાર; અસરકારક.

Rhetorician, *n.* (ર્‌હેટરિ'શન્) One skilled in the art of oratory. અલંકાર શાસ્ત્ર જાણનાર: છટાદાર ભાષણ,લેખનકલા શીખવનાર,જાણનાર.કરનાર.

Rheumatic, *a.*(રૂમૅ'ટિક)About rheumatism. સંધિવાને લગતું-વિષે, વાળું.

Rheumatism, *n.* (રૂ'મટિઝમ્) A disease consisting of the inflammation of joints and muscles of the body. સંધિવાયુ-સંધિવા.

Rhinoceros, *n.* (ર્‌હાયનૉ'સરસ્) A large hoofed animal like a buffalo, with a horn on the nose. ગેંડો; ગેંડી. [Gr. *rhinos,* the nose and *ceras,* a horn.]

Rhombus, *n.* (ર્‌હૉ'મ્બસ્) An equilateral parallelogram, diamond or lozenge. સમભુજવાળી ચતુષ્કોણ આકૃતિ:સમચતુરસ્ર; એકસરખી બાજુવાળો (કાટખુણ વિનાનો) હીરો, ટીકડી, તકતી. *a.* °**bic.**

Rhomboid, *n.*(ર્‌હૉ'મ્બૉઈડ્)A parallelogram which is neither equilateral nor right-angled. સમાંતર અસમભુજ ચતુષ્કોણ; જેની બે લીટી સમાંતર પરંતુ એકસરખી નથી એવી આકૃતિ; વિષમ દીર્ઘચતુરસ્ર.

Rhubarb, *n.* (રૂ'બાર્બ્) A medicinal plant. રેવંચીનો છોડવો; રેઇબાઝ.

Rhyme, *n.* (ર્‌હાઇમ્) Identity of sound in verse-lines. પ્રાસ; છંદ. 2. Verse. કવિતા;કાવ્ય; કવન; પદ્ય. **Neither R. nor reason**= તાલ કે તંત વગરનું; ઢંગધડા વગરનું. *vt.* To put into rhyme. કાવ્ય,કવિતા કરવી. *vi.* To accord in sound or metre. અનુપ્રાસ-છંદ મળવો-મળતો આવવો.-Also, *rime.*

Rhythmical, *a.* (ર્‌હિ'ધમિકલ્) Having rhythm. તાલવાળું; તાલબદ્ધ; સંગત.

Rib, *n.* (રિબ્) Bone at the back which encircles the chest. પાંસળી. 2. The curved part of the keel of a ship. વહાણનું પેટાળ, લાકડું. 3. The rod of an umbrella. છત્રીનો સળીયો. 4. Ridge; raised line in knitting; arch. કિનાર; સળી; પટ્ટો; લ્હેરીયું; કમાન.-*vt.* સળી, કિનાર મેલવી.

Ribald, *a.* (રિ'બલ્ડ્) Obscene; low. હલકું; નીચ. *n.* A low, mean fellow. નીચ અધમ માણસ. [Fr. *ribaut,* a menial.]

Ribaldry. *n.* (રિ'બલ્ડ્રી) Obscene language. નાગું-હલકું ભાષણ; નાગાપણું; નાગી મશ્કરી.

Ribbon, *n.* (રિ'બન્) A band or narrow strip of some woven fabric. પટ્ટી; કોર; ફીત; કિનાર; દોરી; લીરીયું. Also, *riband.*

Ribibe, *n.* (રીબા'ઇબ્)A guitar.સતાર;સારંગી.

Rice, *n.* (રાઇસ્) A cereal plant whose seed is used as food. ચોખા. **R. in husk**=ડાંગર. **R., pulse & curry**=દાળ ભાત ને કઢી.

Rich, *a.* (રિચ્) Wealthy. ધનવાન; પૈસાદાર; શ્રીમંત.2. Plentiful. પુષ્કળ; ઘણુંજ. 3.Fruitful; fertile.ફળવંત,દ્રુપ. 4. Precious. કીંમતી:મૂલ્યવાન; ભારે. 5. Tasteful. સ્વાદિષ્ટ 6.Melodious.સુસ્વર-મધુર. *n.* (*pl.*) Wealth.ધન:સંપત્તિ;પૈસો:દોલત.

Richly, *adv.* (રિ'ચલી) In a rich manner. અતિઘણું;પુષ્કળ:સારી રીતે:શોભીતી-ઉમદા-પૂરતી રીતે.

Richness, *n.*(રિ'ચનિસ્)Wealthiness.શ્રીમંતાઇ; ધનાઢ્યતા.2.Fertility.રસાળતા;ફળવંતપણું;સરસતા.

Rick, *n.* (રિક) A heap of hay.ઘાસનો ઢગલો *vt.* To heap. ઢગલો કરવો.

Rickets, *n.* (રિ'કિટ્સ) Children's disease. રાંટા પગ વગેરે દરદ.

Rickety. *a.*(રિ'કિટિ)Shaky;insecure.ડગમગતું; લુલું; ખળભળી ગયેલું; અચોક્કસ.

Rictus. *n.*(રિ'કટસ્) The mouth of a bird. પક્ષીનું મ્હોડું.

Rid.*vt*.(રિડ્)To free or disencumber.છોડાવવું-બચાવવું; કાઢીને સાફ કરવું. *a*. Free. છુટું; સાફ. **To be rid of**=માંથી મુક્ત થવું-બચવું. **To get rid of**=ની પીડામાંથી મુક્ત-છુટા થ૰,થવું.

Riddance, *n*. (રિ'ડન્સ્)Release;disencumbrance. મુક્તિ; છુટકારો;બચાવ; સાફ કરી નાંખવું તે.

Ridden,(રિ'ડન્)Past participle of "Ride". સ્વારી કરેલું; આરૂઢ.

Riddle,*vt*.(રિ'ડલ્)To sift coarsely.જાડા વેરની ચાળણીમાં ચાળવું. *n*. A coarse sieve. જાડી ચાળણી.2. An enigma;a puzzling question. સમસ્યા; ઉખાણો. કોયડો. *vt*. To make many little holes in. નાનાં નાનાં કાણાં પાડવા.*vi*.To be perforated with bullets. ગોળીઓથી છિન્ન વિચ્છિન્ન થવું, વિંધાવું.

Ride, *vt*. (રાઈડ્) To travel on the back of an animal like a horse &c. સ્વારી કરવી; સ્વાર થવું;ઘોડાપર બેસવું.**To R.at anchor**= લંગરવું.**To ride easy**=આંચકા વગર લાંગરવું. **To R. a hobby**=પોતાનો મનગમતો વિષય ઉપાડવો-વિષે વાત કરવી. **To ride over**= પરથી(ઘોડો)ફેરવી વાળવો.*n*.A trip on horse-back. ઘોડાપર બેસી ફરવું-સહેલ કરવી તે. [L. *rehda*, a chariot.]

Rider, *n*. (રાઇડર્) One who rides. સવાર.

Ridge, *n*. (રિજ્) A chain of hills. ડુંગરો-પર્વતોની હાર. 2. The angle of a roof.છાપરાનો ખુણો. Line of junction of slopes; narrow elevation. ધાર; કોર; કિનાર. *vt*. To form a chain. ટેકરાની હાર બનાવવી. 2. To wrinkle. કરચલી પાડવી **R. bone** The backbone.પીઠ; વાંસાનું હાડકું.

Ridicule,*n*. (રિ'ડિક્યુલ્) Mockery;derision; satire.હાસ્ય;મશ્કરી;ફજેતી.*vt*. To mock at.ની મશ્કરી કરવી;ને બનાવવું. [L. *ridiculum*,a jest.]

Ridiculous, *a* (રિડિ'ક્યુલસ્)Laughable and contemptible; droll; absurd. હાસ્યજનક; હસી કાઢવા જોગ.

Ridiculously, *adv*. (રિડિ'ક્યુલસ્લી) Preposterously. હાસ્યજનક રીતે; બેડોળ; કઢંગ.

Riding, *a*. (રાઇડિંગ્) Used in travelling સ્વારીનો-સવારી કરતો.*n*.The act of riding.સવારી.

Riding-hood, *n*. (રાઇડિંગ-હુડ) A hood used by women in riding. ઘોડાપર બેસતી વેળાએ સ્ત્રીઓને માથાપર પ્હેરવાનો બુરખો.

Ridotto, *n*. (રિ'ડૉટ્ટો) A favourite Italian song. જલસો; ગઝલ.

Rife, *a*. (રાઇફ્) Abounding in;replete with. પ્રચલિત; ભરેલું.

Riffraff, *n*. (રિ'ફ્રૅફ્) Refuse. કચરો-પુંજો.

Rifle, *n*. (રા'ઇફલ્) A gun. પેચની બંદુક. 2. (*pl.*) Musketry. બંદુકવાળું લશ્કર. *vt*. To rob. લુંટ-ચોરી કરવી.

Rifler, *n*. (રા'ઇફ્લર) A robber.હરણ કરનાર; ચોર; લુંટારો.

Rift, *n*. (રિફ્ટ્) A fissure; crack; split.ચીરો; ફાટ.2 A ford.છાછરા પાણીવાળી જગ્યા;આરો.*vt*. To rend.ચીરા પાડવા.*vi*.To burst open.ઉઘાડું થવું;

Rig, *n*. (રિગ્) Dress. કપડાં. 2. A style of sails &c. વહાણના સઢ વગેરે બાંધવાની વ્યવસ્થા. **To run a rig**=કાવત્રું રચવું. *vi*. To play a trick. યુક્તિ રચવી.

Rigger, *n*. (રિ'ગર્) One who fits the sails &c.of a ship.વહાણના સઢ વગેરે બાંધનાર માણસ.

Rigging, *n*. (રિ'ગિંગ્) The ropes &c. of a ship. વહાણના સઢ બાંધવાનાં દોરડાં વગેરે.Hence 2. Dress. પોષાક; પહેરવેષ; કપડાં લત્તાં.

Right, *a*. (રાઇટ્) Direct; straight. પાધરૂં; સીધું; ઉભું. 2. Equitable. વાજબી; ઇન્સાફની રીતે. 3. Befitting; proper. ઠીક; બરાબર;યોગ્ય. 4. Real. ખરૂં; હકદાર. 5. Correct. સાચું-ખરૂં. 6. Opposite to "left"; dexter. જમણો;દક્ષિણ. **R. angle**=૯૦° ડિગ્રીનો કાટખુણો. *adv*. Properly. વાજબી રીતે બરાબર. 2. Correctly. ખરી રીતે; ભુલવગર; બરાબર રીતે. 3. Righteously. સત્યપૂર્વક;ખરી રીતે;ન્યાયથી.**R.Honourable**= નેકનામદાર.**R.along**=સીધું; અટકયા વિના-વગર. **Right away**=એકદમ; તરતજ; સીધેસીધું. *n*. Claim.દાવો;હક;છુટ;સ્વતંત્રતા.**By right**= હકથી, પૂર્વક.**To set or put right**=દુરસ્ત-બરાબર કરવું.**Might is right**=બળીયાના બે ભાગ.*vt*. To put right. સુધારવું.**To right a wrong**=અન્યાયની દાદ આપવી. *vi*. To resume a vertical position. સીધું થવું.**R. of way**=બીજાની જમીનમાંથી પસાર થવાનો હક. [L. *rectus*, straight.]

Righteous, *a*. (રા'ઇચસ્)Virtuous; godly. ધર્મી; સત્યવાદી; પુણ્યકર્મી; ન્યાયી.

Righteousness,*n*.(રા'ઇચસનિસ્) Virtuousness. સદાચાર; પવિત્રતા, નેકી; ધર્મિષ્ઠપણું; સાધુતા.

Rightful. *a*.(રા'ઇટ્ફુલ્)Lawful; legal.વાજબી. ખરું; હકદાર; દાવાદાર.

Right-handed,*a*.(રા'ઇટ-હૅન્ડિડ્) Working with the right hand.જમણે હાથે કામ કરનાર.

Right-hearted, *a*. (રા'ઇટ-હાર્ટિડ્) Good-natured. સારા સ્વભાવનું; માયાળુ; ભલું.

Rightly, *adv*. (રા'ઇટ્લી) Correctly; justly; properly. બરાબર રીતે; ન્યાયપૂર્વક.

Rightward, *adv*. (રા'ઇટ્વર્ડ) સીધેસીધા; હસા

Rigid, *a.* (રિ'જીડ્) Stiff and inflexible. ટાટ; વળે, મરડાય નહિં એવું. 2. Stern; rigorous. આકરૂં; સખ્ત; કરડું;કડક; કઠણ;કઠિનતા [L. *regio*, I am stiff.]

Rigidity-rigidness,*n*.(રિજી'ડિટિ-રિ'જીડ્નિસ્) Severity. સખ્તાઈ; કઠોરતા; કઠિનતા; કડકપણું; કરડાપણું 2. Stiffness. વળે નહિં એવો ગુણ.

Rigmarole, *n.* (રિ'ગ્મરોલ્) Raving; nonsensical talk; meaningless talk.બકબક;લવારો; બડબડ; અર્થવિનાનું ભાષણ.

Rigor, *n.* (રિ'ગર)Same as "Rigour.". 2. Stiffness. કઠિનતા; કઠોરતા; કઠણપણું **Rigor Mortis**=માણસના મરણ પછી એના શરીરને આવતી કઠણતા, કડકતા; માણસનું શરીર લાકડા જેવું બની જાય છે તે.

Rigorous,*a*.(રિ'ગરસ્) Strict; severe; harsh. કરડું; આકરૂં; ઉગ્ર; કડક.

Rigorously, *adv.* (રિ'ગરસ્લી) Severely; strictly; harshly. બારીકીથી; સખ્તીથી;કરડીરીતે.

Rile, *vt.* (રાઇલ્) To make muddy. મેલું-ગંદુ-કચરાવાળું બનાવવું.2.To raise anger in. ગુસ્સો ચઢાવવો; ખીજવવું.

Rill-let,*n*.(રિ'લ-લેટ્)A very small brook.ઝરો.

Rim, *n.* (રિમ્) The edge or border.કિનારી-કોરણ-કોર-ધાર-કાંઠો.

Rima, *n.* (રા'ઇમ) A rent. ફાટ-ચીરાડો.

Rime, *n.* (રાઇમ્) Hoar-frost. ધોળું-જામેલી ઝાકળ. *vi.* To congeal into frost. જામીને ધોળું ઝાકળ થવું. 2. Same as "Rhyme."

Rimple, *n.* (રિ'મ્પલ્) Wrinkle.કરચલી;કરોચી.

Rind, *n.* (રાઈન્ડ) The skin of a fruit;skin of bacon.ફળની છાલ-છોલ;ભુંડ. ડુક્કરના માંસ પરનો થર; પનીર પરનો પોપડો. *vt.* To remove the rind from the kernel.ની છાલ ઉતારી લેવી.

Ring, *vt.* (રિન્ગ્) To cause to produce a sound. વગાડવું; ઘંટ વગાડવો. *vi.* To sound. અવાજ થવો-વાગવું; ગાજી ઉઠવું. *n.* Anything in the form of a circle; especially a circle of gold worn round the fingers. કુંડાળું; ગોળ; અંગુઠી; વિંટી; મુદ્રિકા; કડું. 2. Arena for shows &c. અખાડો; કુંડાળું **The ring**=મલ્લ લોકોની-કુસ્તી કરવાનો ધંધો *vt.* To circle. ની આસપાસ કુંડાળું કરવું-ઘેરી લેવું. 2. To fit with rings. વિંટી-અંગુઠી પ્હેરાવવી. *n*.Sound. અવાજ; રણકો; ભણકારો. 2. Curls of smoke. ધુમાડાના ગોટેગોટા *vi.* To rise in curls as smoke. ગોટેગોટા નીકળવા.

Ringing, (રિ'ન્ગિન્ગ્) Present participle of "Ring." વાગવું.

Ring-leader, *n.* (રિ'ન્ગ-લીડર્) The arch-conspirator. બંડખોરોની ટોળીનો સરદાર-મુખ્ય મસ્તી ખોર.

Ringlet, *n.* (રિ'ન્ગલિટ્) A small ring. નાની વિંટી-અંગુઠી. 2. Curl of hair. વાળનો ગુચ્છો.

Ringworm, *n.* (રિ'ન્ગવર્મ્) A contagious skin disease, forming rings whose area is slightly discoloured. ગજકર્ણ; ધાધર; દરાજ.

Rinse, *vt.* (રિન્સ્)To wash lightly; to pour water into. વીછળવું; નીચોવવું; ધીમેથી પાણીમાં બોળી ધોવું;ગુડગુડ ક૦;કોગળા ક૦.

Riot, *n.* (રા'યટ્) Tumult; disturbance; disorder. દંગો; હુલ્લડ; તોફાન. 2. Revelry. મસ્તી; મોજમજા. 3. Disturbance of peace. સુલેહ-શાંતિનો ભંગ કરવો તે. **To run r.**= વંઠવું; વંઠી જવું;બગડવું.*vi*.To raise an uproar. તોફાન-હુલ્લડ મચાવવું 2. To revel.ભોગ વિલાસ-મોજમજા કરવી.

Rioter, *n.* (રા'યટર્) A reveller. ભોગ વિલાસી. 2. A rebel. બળવાખોર; તોફાન-હુલ્લડ મચાવનાર; રાજદ્રોહી; ફિતુરી.

Riotous,*a*.(રા'યટસ્) Revelling. ભોગવિલાસી. 2.Tumultuous. તોફાની-હુલ્લડ મચાવવું; ફિતુરી.

Rip, *vt.* (રિપ્) To cut open. ચીરીને કાપી કાઢવું. અંદરથી કાઢવું. 2. To lay bare. પૂરૂં ઉઘાડું પાડવું.3. To saw lengthwise.ઉભું વહેરવું.

Ripe. *a.* (રાઈપ્)Mature; perfect. પાકું; પાકેલું; પરિપકવ; કાબેલ; નિપુણ 2. Ready for action or effect. તૈયાર; સજ્જ. *vt.* To ripen. પાકવું.

Ripen, *vt.* (રા'ઇપન્)To become ripe.પાકું-પરિપકવ-અનુભવી થવું.

Ripeness, *n.* (રા'ઈપનિસ્) Maturity. પાકવું તે; પરિપકવતા; કાબેલીયત; સજ્જતા.

Ripple, *n.* (રિ'પલ્)An agricultural instrument. દાંતો; પાવડો. *vt.* To gather with a ripple. પાવડી-દાંતીથી એકઠા કરવું. 2.To fret or ruffle as water.ધીમેથી ખળખળ એવો અવાજ કરવો. *vi.* To ruffle or be disturbed, as water. ઉપર લ્હેર ઉઠવી-આવવી. *n.* A ruffling of the surface of water. નાના-ઝીણાં મોજાં.

Rip van Winkle, *n.* (રિપ્વૅન્વિ'ન્કલ્) Person far behind the times. રામાવતારી; જુના જમાનાનો, અણઘડ, અજ્ઞાન માણસ.

Ris, *n.* (રિસ્)A twig; a branch. ડાળી; શાખા.

Rise, *vi.* (રાઇઝ્) To go up. ચઢવું-ચાલીને કે ગમે તે રીતે ઉપર જવું; ઉંચે જવું. 2. To float in a fluid. પાણી વગેરેમાં તરી આવવું. 3. To move upward. 4. To grow. ઉંચું વધવું. 5. To become filled with water.માં પાણી ચઢવું, ઉભરાવું. 6. To stand up. ઉભા થવું-ઉઠવું.7.To

seem high. ઉંચું દેખાવું. 8.To appear above the horizon. ઉગવું;ઉદય થવો. *vt.*To originate. માંથી નીકળવું-નું મૂળ હોવું. 2. To increase in size, strength &c. કદ-બળ-કિંમત વગેરેમાં વધવું; નો જોર-જુસ્સો વધવો. 3. To become larger. ઉપસવું-મોટા થવું.4.To become more intense.નું જોર-તીવ્રતા વધવી. 5. To increase in amount. રકમમાં વધવું. 6. To rebel. સામા થવું-બળવો ઉઠાવવો. 7. To occur. મનમાં આવવું. 8. To be resurrected. કબરમાંથી ઉઠવું. 9. To end officially,as a meeting &c.સભા પૂરી-વિસર્જન થવું. *n.* Origin. મૂળ. 2. Appearance above the horizon. ઉદય. 3. Increase;betterment. તેજી; ચઢતી; ઉન્નતિ; ઉત્કર્ષ; વધારો; વૃદ્ધિ; ઉદય; ચઢતી પાયરી-કળા.

Risibility, risibleness,*n* (રિઝિબિ'લિટી-રિ'ઝિબલનિસ્) Proneness to laugh. હાસ્યશીલતા; હસવાની ટેવ; હસનસામર્થ્ય.

Risible, *n.* (રિ'ઝિબલ્)Ludicrous;ridiculous; inclined to laugh. હસવાલાયક; હસી શકે એવું [L. *rideo,* I laugh].

Rising, *a.* (રા'ઈઝિન્ગ)Increasing in wealth, position &c.દોલત-શક્તિ-પ્રખ્યાતિમાં વધતું-ચઢતું; ઉંચી સ્થિતિવાળું. 2. Growing. વધતું જતું. *prep.* More than. ના કરતાં વધારે.

Risk, *n.* (રિસ્ક્) Danger; peril; jeopardy; responsibility. જોખમ-જુમ્મો; ભય. **To run a R.**=જોખમ માથે વ્હોરી લેવું. **At all risks**= ગમે તે થાય તોપણ.*vt.*To put in peril or danger. ને જોખમમાં નાંખવું-નો જુમ્મો માથે લેવો. [L. *reseco,* I cut off.]

Rite, *n.* (રાઇટ્) A religious ceremony. ધર્મક્રિયા-વિધિ.

Ritual, *n.* (રિ'ટ્યુઅલ્) Rite. ધર્મક્રિયા-વિધિ. *a.* About a religious ceremony. ધર્મક્રિયા-વિધિ સંબંધી-નું.

Ritualist, *n.* (રિ'ટ્યુઅલિસ્ટ્) One who observes ceremonies of religion very orthodoxily. ધર્મક્રિયા-વિધિનું બરાબર પાલન કરનાર, પ્રમાણે ચાલનાર, માનનાર.

Rivage, *n.* (રિ'વેજ્) A bank, of a river. કિનારો. 2. A duty on vessels. વહાણો ઉપર નદીઓમાંથી પસાર થવા સારૂ લેવાતો કર. [L. *ripa,* a bank.]

Rival, *n.* (રા'ઇવલ્) One who is in pursuit of the same object as another;a competitor. પ્રતિસ્પર્ધી;બરાબરીઓ. *a.* Competing.અરસપરસ સ્પર્ધા-સરસાઈ કરનાર. *vt.* To compete with. ની સાથે હરિફાઇમાં ઉતરવું,-સ્પર્ધા કરવી,તુલના,સરખામણી, બરોબરી થવી, કરવી. *vi.* To be a competitor. હરિફાઇ હોવી. [L. *rivus,* a brook.]

Rivalry, *n.* (રા'ઇવલ્રી)Emulation; competition. હરિફાઈ; ચડસાચડસી; પ્રતિસ્પર્ધા.

Rive, *vt.* (રાઇવ) To rend. ફાડવું-ચીરવું. *vi.* To be rent. ફડાવું; ચીરાવું.

River, *n.* (રિ'વર્) A very large stream. સરિતા; નદી; નદ. **R. bed**=નદીનું પાત્ર; નદીના તળીયાની જમીન. **R. dragon**=સુસર; મગર,

Rivet,*n.*(રિ'વિટ્) A short pin or bolt. બન્ને તરફથી બેસાડવાનો બે માથાંનો ખીલો. *vt.*To fasten with a rivet. ખીલાથી મજબુત જડવું.

Rivulet *n.* (રિ'વ્યુલિટ્) A small stream. વહેળીયું; નાની નદી; નાળું.

Road, *n.* (રોડ્) A street; road prepared for foot-passengers or riders. રસ્તો; માર્ગ; સડક. **To go on the road**=વેપાર-મુસાફરીના કામમાં રોકાવું. **To take to the road**=રસ્તાપર લુંટફાટ કરવાનો ધંધો લેવો. **Public road.**=સરીયામ-રાહદારી, જાહેર, માર્ગ-રસ્તો; રાજમાર્ગ.

Roadway, *n.* (રો'ડવે) Main part of a road. પ્હોળો ભાગ; મ્હોટો રસ્તો.

Roam, *vt.* or *vi.* (રોમ્) To wander;to ramble. ભટકવું; રખડવું; આથડવું; ફરવું.

Roan,*n.*(રોન) Soft sheepskin leather used in book-binding.ચોપડીઓ બાંધવાનું ઘેટાંનું ચામડું.

Roar, *vi.* (રોર્) To bellow, as a lion &c. બરાડવું-બુમ મારવી; ગર્જના કરવી. 2. To cry out in distress. આરડવું-ચીસ પાડવી. *n.* Loud sound or cry. નાદ; ગર્જના; સ્વાર; શબ્દ;ધ્વનિ. **Roaring**=ગર્જના.

Roast, *vt.* (રો'સ્ટ) To cook by throwing in fire. ભુંજવું-સેકવું.2. To heat excessively. ખુબ તપાવવું. **To rule the roast**= કામકાજના ઉપરિ હોવું.

Rob,*vt.*(રૉબ્)To plunder or strip unlawfully. લુંટવું; ચોરવું. 2. To deprive of property by violence. પડાવી-છીનવી લેવું.

Robber,*n.*(રૉ'બર્) A thief;one who commits robbery. ચોર; લુંટારો; ધાડ પાડનાર.

Robbery,*n* (રૉ'બરી)Forcible theft; pillage. ચોરી-લુંટ-અપહરણ. 2. The crime of pillage. લુંટ-ધાડ પાડવાનો ગુન્હો.

Robe, *n.* (રોબ્) A loose outer garment. જામો;ઝબ્બો. **Robe of honour**=ખીલત. *vt.* To dress. પોષાક પ્હેરાવવો; ઢાંકવું.

Robin, *n.* (રૉ'બિન્) A red singing bird of Europe. રાતી ચકી.

Robust, *a.* (રોબ'સ્ટ) Sturdy; of strong physique. બળકટ; જબરૂં; કદાવર; જોરાવર; સ્હેનતુ; ઘટ્ટકુટ્ટ [*L. robus*, strength]-°**ious.** ધમાલીયું.

Robustness,*n.*(રોબ'સ્ટનિસ્) Vigorousness. જોરાવરપણું; બળકટપણું; જબરાપણું.

Roc, *n* (રૉક્)Gigantic bird of Eastern tales.

Rochealum, *n.* (રૉ'ક્ઍલમ્) Pure alum. ચોકખી ફટકડી.

Rock, *n.* (રૉક્)A large fixed stone or crag &c. ખરાબો; ખડક. *vt.* To swing in a cradle &c. હિંચકા-ઝોલા નાંખવા. 2. To lull to sleep by swinging. હિંચકા નાખી સુવાડવું *vi.* To swing. હિંચકા ખાવા. 2. To reel.ઝુલવું-ડોલવું-ડગવું. **R. crystal**=કાચમણિ-બિલોર.

Rocker, *n.* (રૉ'કર્) One who rocks. હીંચકા નાંખનાર;હીંચકાની ઉપલી થાંભલી.2.A toy-horse. છોકરાંઓને રમવાનો ઘોડો.

Rockery, *n.* (રૉ'કરી) Roughness of stones. ખરબચડી જમીન, પથ્થર.

Rocket, *n.* (રૉ'કિટ્) A fire-work. બાણ; હવાઈ; તારામંડળ.*vi.* To rise straight up. સીધું ઉંચે ચઢવું. [*L.rochetta*, an ignited firework.]

Rockiness, *n.* (રૉ'કિનિસ્) The state of being full of crags. ખડકવાળું હોવું તે.

Rock-oil, *n.* (રૉ'ક-ઑઈલ્) Petrol. પેટ્રોલ.

Rock-salt, *n.* (રૉ'ક-સૉલ્ટ્) A kind of salt. સિંધવ; સિંધાલું.

Rocky, *a.* (રૉ'કી) Craggy; full of stones. ખડકાળ; ખડકવાળું.

Rod,*n.*(રૉડ્)A slender straight round stick or metal bar.સોટી-લાકડી;દંડ-સોટો.2.Punishment. શિક્ષા-સજા-નસીયત.3 Sceptre.રાજદંડ.4.Power. સત્તા-અધિકાર. 5. A measure of length = 16½ feet. સાડાસોળ ફુટનું માપ.**Spare the rod, and spoil the child**=છડી લાગે છમછમ, વિદ્યા આવે ધમધમ.

Rodent, *a.* (રો'ડન્ટ્) Gnawing. કરડી ખાનાર-કાતરી ખાનાર. *n.* An animal which gnaws. કરડી-કાતરી ખાનાર પ્રાણી [L. *rodo*, I gnaw.]

Rodomontade, *n.* (રૉડોમન્ટે',ડ) Vain-gloriousness. ટાયલું; બડાઇ; ફુલણશીપણું.

Roe, *n.* (રો,) A female deer હરણી-મૃગલી. 2. The *eggs* of a fish. માછલીનાં ઇંડાં.

Rogation, *n.* (રોગે,'શન્) A supplication or litany. પ્રાર્થના; અરજ; કાલાવાલા; પોથી.

Rogue, *n.* (રો.'ગ્) A rascal or dishonest person. લુચ્ચો; લબાડ; હરામખોર; રખડેલ માણસ; શઠ. **A pack of rogues**=ચંડાળ ચોકડી. *vi.* To play the vagabond. હરામખોરી કરવી-રખડેલ હોવું.

Roguery,*n* (રો',ગરી)Knavishness;rascality. દગલબાજી; લુચ્ચાઈ; ઠગવિદ્યા.

Roguish,*a.*(રો',ગિશ)Knavish;mischievous. દગલબાજી; લબાડ; કપટી-લુચ્ચું-ધૂર્ત-શઠ.

Roil, *vt.* (રૉઈલ્) To make turbid. ગંદું કરવું.

Roist, *vt.* (રૉ'ઇસ્ટ્) To boast; to be proud of. બડાઈ મારવી; ફુલ મારવી; વધારીને કહેવું.

Roll,*vt.*(રો,લ)To revolve. ગબડાવવું; ફેરવવું. 2. To wind.નો વીંટો વાળવો.3. To wrap. લપેટવું. 4. To move on. આગળ વધવું. 5. To press with a roller. રોલર વડે દબાવવું-સપાટ કરવું. 6. To reflect. વિચારમાં પડવું **To r. oneself**=લોટવું. *vi.* To revolve. ગોળ-ધરી પર ફરવું 2. To be wound. વિંટેલું-લપેટેલું; હોવું. 3. To move circularly. ફરવું. 4. To ripple.મોજાની પેઠે હાલવું; વહેવું.5.To rock. ડોલવું. 6. To wallow. લોટવું. 7. To make a rumbling noise. ગડગડાટ થવો. *n.* The act of rolling. ગબડાવવું તે. 2. A roller. રોલર. 3. Anything rolled up. વિંટો;ભુંગળું. 4. A register. નોંધપત્રક;યાદી. 5. A bundle of tobacco leaves. તમાકુનો પડો. 6. A loud reveberatory sound. (મેઘ) ગર્જના.**To call the roll**=હાજરી પૂરવી-લેવી.

Rollic, *vi.* (રૉ'લિક્) To make merry. રમત-ગમત, મસ્તી, કરવી.

Rollicking,*a.*(રૉ'લિકિન્ગ્) Jolly;humorous; witty. ગમતી; આનંદી; રમતીયાળ.

Rolling, *a.* (રો,'લિન્ગ) Turning round. ગબડતું; પૈડા પર ચાલતું. **R. pin**=વેલણ.

Romaic, *a.* (રોમે,'ક)About Rome and its languages. અર્વાચીન રોમન-ઇટલી સંબંધી અથવા તેમની ભાષાની-નું.

Roman, *a.* (રો',મન્) About Rome or the Romans. રોમન લોકો અથવા રોમ વિષે-*n.* An inhabitant of Rome. રોમવાસી; રોમનો રહેવાસી **R. Catholic**=રોમન કેથલિક ધર્મનો અનુયાયી.માનનારો.**R.fever**=Malaria prevalent at Rome. **R. law**=પ્રાચીન રોમનો કોડ, કાયદો.**R.letters**=વાંકા અક્ષર [L.*Romanus*-*Roma*, Rome.]

Roman, *a.* (રો,'મન્) About Rome or the Romans. રોમન લોકો અથવા તેમની ભાષા વિષે. *n.* An inhabitant of Rome. રોમનો રહેવાસી; રોમન માણસ. [L. *Roma*, Rome.]

Romance, *n.* (રોમૅ'ન્સ્) A kind of novel dealing with extraordinary and often extravagant adventures નવલકથા; અદ્ભુત કલ્પિત વાર્તા; બનાવેલી, કલ્પિત વાત; દાસ્તાન; નૉવેલ વિષેનું.

Roman-cement, *n.* (રો,'મન-સીમેન્ટ્) A kind of cement. એક જાતની ઘણી સરસ સીમેટ-કોલ. 2. સાગોળ.

Romanesque, *a.* (રોમને'સ્ક્) Somewhat Romanish. રોમન રાજ્યની બાંધણી સંબંધી. 2. Imaginary. કલ્પિત.

Romanism, *n.* (રો,'મનિઝમ્) Roman Catholic religion. રોમન કૅથલિક ધર્મ.

Romanize, *vt* (રો,'મનાઇઝ્)To make Roman. રોમન બનાવવું; રોમન કૅથલિક ધર્મના બનાવવું; ભાષામાં લૅટિન શબ્દ ભેળવા, ઉમેરવા.

Romantic, *a.*(રોમૅ'ન્ટિક્) Imaginary. કલ્પિત; વિલક્ષણ; ચમત્કારી; અદ્ભુત. 2. Fanciful. લહેરી; તરંગવાળું 3. Wildly picturesque (as scenery) રમ્ય-અદ્ભુત દેખાવ.

Romish, *a.* (રો,'મિશ્) Roman Catholic. રોમન કૅથલિક ધર્મનું.

Romp, *vi.* (રૉમ્પ) To leap and frisk about in play. કૂદાકૂદ કરી રમવું; ધીંગાણું કરવું. *n.* A boisterous girl. ઉચ્છૃંખલ છોકરી. 2. Boisterous play.તોફાનીરમત,કૂદાકૂદ;ધીંગાણું;ધમાચકડી;ધમસાણ.

Ronion, *n.* (રૉ'ન્યન્) A scurvy person. ફાતમા; કદરૂપી સ્ત્રી.

Rood, *n* (રૂડ્) A cross or crucifix. ક્રૉસનું ચિહ્ન,છબી. 2.Quarter of an acre; a measure equal to 5½ yards.એક એકરનો ચોથો ભાગ;પોલ; સાડા પાંચ વાર.

Roof, *n.* (રૂફ્) The cover on the top of a house. છાપરૂં. **The r. of the mouth**= તાળવું.2. The interior of a vault. ઘુમટ; ઘુમજ. **The r. of heaven**=આકાશ. **Under one's r.** ના ઘરમાં. *vt.* To furnish with a roof. છાપરૂં ચઢાવવું, ક૦.

Roofing, *n.* (રૂ'ફિન્ગ) The act of covering with a roof. છાપરૂં કરવું તે. 2.The materials of a roof. છાપરૂં બનાવવાનો સામાન.

Roof-tree, *n.* (રૂ'ફ-ટ્રી The beam in the angle of a roof. છાપરાના ખુણાનું મોભીયું.

Rook, *n.* (રૂ'ક્) A bird like crow.એક જાતનો કાગડો. 2. **In chess**, the castle or one of the four pieces played from the corner square of the chess-board. શેત્રંજનો હાથી.

Rookery, *n.* (રૂ'કરી) The nests of rooks. કાગડાઓની માળા બાંધવાની જગ્યા. 2. A close assemblage of insanitary houses. નીચ વરતીને રેહવાનાં ઘરોનો સમૂહ; ગંદા ઘરોનો લતો.

Room, *n.* (રૂમ્)A chamber or apartment. ઓરડી; સ્થળ; ઠેકાણું; ખંડ; ઓરડો.2 Place.જગ્યા; ઠેકાણું;બેઠક *vi.* To dwell.વસવું;રહેવું. **In the room of**=ની જગ્યાએ;ઠેકાણે. 2.Place.અવકાશ; જગ્યા; ઠેકાણું; પ્રયોજન; ઇરાદો. **To make r. for**=ને જગ્યા આપવી. **To take up r**= જગ્યા રોકવી. [L. *rue*, a country]

Roominess, *n.* (રૂ'મિનિસ્) Extensiveness. વિશાળતા; મ્હોટાપણું.

Roomy, *a.* (રૂ'મી) Spacious. વિશાળ; મ્હોટું; પૂરતી જગ્યાવાળું.

Roost, *n.*(રૂસ્ટ્) The pole or other support on which the birds rest at night.પક્ષીઓની આરામ લેવાની દાંડી. 2. A collection of fowls. મરઘી વગેરેનું ટોળું-સમૂહ.*vi.*To lodge or perch. માળો બાંધવો; બેસવું.

Root, *n.* (રૂટ્) That part of a plant which has fixed itself in the earth. મૂળીયું;જડ;મૂળ. 2.Roots used as food. કંદમૂળ. 3. The original form of a word. શબ્દનો મૂળ ધાતુ 4. The origin at the cause.કારણ;મૂળ;મૂળ કારણ. **To take root**=ઉગવું. **Root and branch** છેક; તદ્દન; પૂરેપૂરૂં. *vi.* To take root. મૂળ બાઝવું,ઘાલવું.*vt.*To implant or establish firmly. સ્થાપિત-મજબુત પાયાપર લાવવું-કરવું.**To root out**=જડમૂળથી ઉખેડી નાંખવું.

Rooted, *a.* (રૂ'ટિડ્)Fixed; deep. મૂળ બાઝેલું; સ્થાપિત થયેલું; જડિત.

Rope, *n.* (રો,પ્) A big, strong cord.દોરડું; જાડો દોર;નાડો.2.A chain or row. શ્રેણી-માળા. 3. *pl.* The small intestines. નાનાં આંતરડાં. **To give one the rope**=ફાવે તેમ કરવાની છુટ આપવી. *vt.* To fasten with a rope.દોરડા વતી બાંધવું.

Ropy, *a.* (રો,'પી) Capable of being drawn into a thread. તાર-રેસાવાળું.

Roquefort, *n.* (રૉ'કફૉર) એક જાતની પનીર.

Roquet, *n.* (રો,'કી) ક્રોકેની રમતમાં દડાની અથડામણી. *v.* દડો મારવો.

Roral, *a.*(રો'રલ્) About dew. ઝાકળનું-સંબધી. [L. *roris*, dew.]

Rosary, *n.* (રો,'ઝરી) A garden of roses. ગુલાબવાડી. 2. Prayer beads. જપવાની માળા-રૂદ્રાક્ષ વગેરેની માળા.

Roscid, *a.* (રૉ'સિડ) Dewy. ઝાકળવાળું-ઝાકળનું. [L. *roris*, the dew.]

Rose, *n.* (રો,ઝ)A kind of sweet-smelling; beautiful flower, pink in color.ગુલાબનું ફુલ. **Under the rose**=છૂપી-છાની રીતે;ગુપ્તપણે. **The roses on the cheek**=ગાલપરની ગુલાબી. **Wars of the roses**=યૉર્ક અને લૅન્કેસ્ટરના બાદશાહી કુટુંબ વચ્ચેની લડાઈ.

Roseate, *a.* (રો,'ઝીએટ્) Rosy. ગુલાબના ફુલથી ભરેલું-ભરપૂર. 2. Like the rose in colour or

fragrance. વાસ-રંગમાં ગુલાબના ફુલ જેવું. [L. *rosa*, a rose.]

Roset, *n.* (રો,'ઝેટ્) A red paint. ચિતરવામાં વપરાતો લાલ રંગ.

Rosemary, *n.* (રો,'ઝમરી) Ever green fragrant shrub. એક જાતનો બારમાસી જેવો છોડ.

Rose-water, *n.* (રો,'ઝ-વૉટર્) Water tinctured with roses. ગુલાબજળ.

Rose-wood, *n.* (રો',ઝ-વૂડ્) A kind of valuable timber, dark red in colour. એક જાતનું કિમતી ગુલાબી રંગનું ઈમારતી લાકડું; મહોગની, માંગણી જેવું.

Rosin, *n.* (રૉ'ઝિન્) Solid resin. રાળ.

Rosinante, *n.* (રૉઝિનૅ'ન્ટી) સુકલકડી, થાકેલું ઘોડું; ડૉન્ કિવ:સોટનું ઘોડું.

Roster, *n.* (રૉ'સ્ટર) નોકરીનું સમય પત્રક.

Rosiness, *n.* (રો,'ઝિનિસ્) Pinkness. ગુલાબી રંગની છટા; ગુલાબીપણું.

Rosiny, *a.* (રૉ'ઝીની) Full of resin or like it. રાળ જેવું; રાળવાળું.

Ross, *n.* (રૉસ્) The rough skin on the bark of trees. ઝાડની ખડબચડી છાલ. *vt.* To remove the bark. છાલ ઉખેડી લેવી.

Rostral, *n.* (રૉ'સ્ટ્રલ્) Like or about the beak of birds. પક્ષીની ચાંચનું જેવું.

Rostrum, *n.* (રૉ'સ્ટ્રમ્) The head of a ship. વહાણની ચાંચ, મથાળું. 2. An elevated stage or pulpit for speaking. ભાષણ કરવાની ઉંચી જગ્યા; પ્રસિદ્ધિ સ્થાન.

Rosy, *a.* (રો,'ઝી) Pink; blushing. ગુલાબી; લજવાતું; લાલ; સુરખ. 2. Very alluring or hopeful. મનોહર; મન આકર્ષણ કરતું. સરસ; મજેદાર

Rot, *vt* (રૉટ્) To cause to putrefy or decay. કોહવડાવવું; સડાવવું. *vi.* To decay or putrefy. સડવું-કોહવું. *n.* Decay. સડો. Nonsense. બકવાદ.

Rotary, **rotatory**, *a.* (રો,'ટરી-રો,'ટેટરી) Turning round an axis. ચક્રગતિનું સંબંધીવાળું; ગોળ ચક્રની માફક-ફરતું.

Rotate, *vt.* (રોટે,'ટ્) To cause to revolve. ગોળ-ચક્રની પેઠે ફેરવવું. *vi.* To revolve. ગોળ ફરવું. *a.* Wheel-shaped. ચક્રાકાર; વર્તુલાકાર. [L. *rota*, a wheel.]

Rotation, *n.* (રોટે,'શન્) Revolving or revolution. ગોળ ફેરો. 2. Alternation ક્રમ; ગતિ. ચડ ઉતર.

Rote, *n.* (રો,ટ) Repetition of words, without understanding the meaning thereof. પોપટની માફક બોલી જવું તે. **Mere repetition by rote**=પોપટ પંડિતાઈ; ગોખણપટ્ટી. *vt.* To cram. ગોખણપટ્ટી કરવી; ગોખવું. *vi.* To rotate. ચક્રમાં ફરવું. [Fr. *rote*, a way.]

Rotten, *a.* (રૉ'ટન્) Decayed. કોહી ગયેલું; સડેલું. 2. Smelling very bad. ખરાબ ગંધવાળું.

Rotund, *a.* (રોટ'ન્ડ) Circular; round. વર્તુલાકાર; ગોળ; ગોળાકાર. [L. *rotundus*.]

Rotundity-rotundness, *n.* (રોટ'ન્ડિટી-રોટ'ન્ડનિસ્) Circular shape. ગોળાકાર.

Rotunda-o, *n* (રોટ'ન્ડ-ન્ડો) A round building. ગોળ આકારનું મકાન.

Roue, *n.* (રૂ'એ) A profligate. દુરાચારી; લંપટ.

Rouge, *n.* (રૂ'ઝ્) A red toilet powder. કસુંબી રંગનો મ્હોડે લગાડવાનો પાઉડર. *vi.* To apply rouge. મ્હોડાપર પાવડર લગાવવો.

Rough, *a.* (રફ્) Uneven; not smooth. ખડબચડું-ઉંચનીચ; વિષમ. 2. Tempestuous. તોફાની-ઉછળતું. 3. Uncivilized. અણઘડ: અણસુધરેલું. *n.* Storm. દરીયાઈ તોફાન. **In the rough**=સફાઈ વગર. **To rough it**=દુનિયાના સુખદુ:ખ અનુભવવાં-વેઠવાં.

Rough-cast, *vt.* (રફ-કાસ્ટ્) To sketch a draft. ખરડો કરવો. 2. To cement. કોલ દેવો-લગાડવો. *n.* A rude model. બેઢંગો નમુનો 2. Rough cement. દેશી કોલ, ચીમેટ.

Roughen, *vt.* (રફન્) To make rough. ખડબચડું કરવું-બનાવવું. *vi.* To become rough. ખડબચડું થવું.

Rough-hew, *vt.* (રફ્યુ) To saw without smoothing. સાફ કર્યા વગર આરીવતી કાપવું.

Roughly, *adv.* (રફલી) In a rough manner. ખડબચડી, અશુદ્ધ રીતે, જંગલી રીતે; અડસટ્ટે.

Roughish, *a.* (રફિશ) A bit rough. જરાક ખડબચડું.

Roughness, *n.* (રફનિસ્) State or quality of being rough. ખડબચડાપણું.

Rough-rider, *n.* (રફ-રાઇડર્) A horse-trainer. ચાબુક સ્વાર.

Rough-shod, *a.* (રફ-શૅાડ્) Shod with rough shoes. દેશી નાળ જડેલું.

Roulade, *n.* (રૂલેડ્'ડ્) આલાપ.

Rouleau, *n.* (રૂલો,') નાણાંની થોકડી, ઢગલી; ગુંચળું; ભુંગળું.

Round, *a.* (રાઉન્ડ) Globular; spherical. વર્તુલાકાર; ગોળ. 2. Perfect. પૂર્ણ. 3. Plain. સ્પષ્ટ વક્તા; ચોકખું. **At a round rate**=ઝડપથી-ઉતાવળથી. **Round hand**=ગોળ-મોતીના દાણા જેવા અક્ષર. **To bring up with a round turn**=એકદમ અટકવું. *n.* Alternating duty; rotation as in office. વારો; ક્રમ; આંટો 2. [Military.] The beat of a sentry &c. રોન; પ્હેરો. 3. A volley of shots. એક સામટો બંદુકનો બાર. *adv.* Everywhere. સઘળી

બાજુએ. 2. In a round manner. ગોળ-સંપૂર્ણ રીતે. **To bring one round**=ઠેકાણાપર લાવવું. 2. કોઇની પણ તબિયત ઠેકાણાપર લાવવી. *prep.* About, around. આસપાસ **Round about** =ગોળ ફરતે; આસપાસ; મુદ્દા વગર; લાંબું લાંબું. *vt.* To make circular. ગોળ કરવું, બનાવવું. To encircle or cut off. ઘેરી લેવું-ની આસપાસ ફરી વળવું; પ્રદક્ષિણા કરવી. *vi.* To become round. ગોળ થવું. 2. To go around, as a guard. ચોકી કરવી; પ્હેરો ભરવો.

Roundel, *n.* (રા'ઉન્ડેલ) A small disk. નાની તક્તી, ચાંદ.

Roundelay, *n.* (રા'ઉન્ડિલે) Bird's song. પક્ષીઓનું ગાયન, ગીત; ધ્રુવપદવાળું ટુંકું ગીત.

Round-head, *n.* (રા'ઉન્ડ-હેડ્) A nick-name given to the followers of Oliver Cromwell. પ્યુરિટન લોકોનું એક નામ.

Round-house, *n.* (રા'ઉન્ડ-હાઉસ્) A guard-house. ગેટ, ચોકી.

Roundlet, *n* (રા'ઉન્ડલિટ્) A small circle. નાનું વર્તુળ; ઘેરો; ગોળ.

Roundly, *adv.* (રા'ઉન્ડ્લી) In a round manner. ચકાકાર; ગોળ રીતે; તદ્દન; સંપૂર્ણ રીતે. 2. Plainly. ખુલ્લી રીતે; ચોખ્ખી રીતે.

Roundness *n.* (રા'ઉન્ડનિસ્) Circular shape. ગોળાકાર; વર્તુલાકાર. 2. Plainness. ખુલ્લેખુલ્લી રીતે કહી દેવું તે.

Roup, *v. n.* (રૂપ્) હરાજ કo; હરાજી; લીલામ.

Rouse, *vi.* or *vt.* (રાઉઝ્) To haul. દોરડાથી ખેંચવું; પકડવું. *vt.* To awaken. જાગૃત, સતેજ કરવું; જગાડવું. *vi.* To get up. ઉઠવું. 2. To be excited. ઉશ્કેરાવું.

Rout, *vi.* (રાઉટ્) To shout. બુમ પાડવી. *n.* A shout. ચીસ; બુમ. **To rout out**=શોધવું; જોર જુલમથી કાઢી મુકવું. 2. A rabble. તોફાની-અધમ લોકોની ટોળી. 3. Disorganised state. ભંગાણ; અવ્યવસ્થા. 4. Disturbance. સુલેહભંગ. **To put to rout**=હરાવીને નસાડવું. *vt.* To cause to flee in disorder. હરાવીને વિખેરી નાંખી નસાડવું. [L. *rumpo*, I break.]

Route, *n.* (રૂટ્) A way, road or course. માર્ગ; વાટ; રસ્તો. **R. by land**=જમીન, સ્થલ માર્ગ. **R. by sea**=જલમાર્ગ.-(રાઉટ્) કુચ હુકમ.

Routine, *n.* (રૂટી'ન્) A daily practice or course in business &c. નિત્યક્રમ; પાઠ; પરિપાઠ; હંમેશની ટેવ.

Rove, *vt.* (રો'વ્) To wander over. રખડવું. *vi.* To stroll or wander. રખડવું-રઝળવું. 2. To spin. કાંતવું. 3. To twist. વાળવું. *n.* A sliver of cotton. રૂની પુણી; ઉનની કોકડી. *vi.* To practise piracy. લુટવું; ચાંચીયાનો ધંધો કo.

Rover, *n.* (રો'વર્) A wanderer. રખડનાર-રઝળનાર; ભટકનાર. 2. A sea-robber; a pirate. ચાંચીઓ.

Row, *n.* (રો,) A brawl; a disturbance. તોફાન; ટંટો; કજીઓ. 2. A line or chain. હાર; રાંગ; ઓળ. *vt.* To drive through water with oars. હલેસાં મારીને ચલાવવું *vi.* To use the oar. હલેસું મારવું.

Rowdy, *a.* (રા'ઉડી) Tumultous; disreputable. તોફાની; હુલ્લડખોર. *n.* A ruffian. તોફાની માણસ; હરામખોર.-*n.* °**yism**=તોફાન: જંગલીવેડા.

Rowel, *n.* (રૉ'ઉવિલ્) મારવાની એડીના છેડા પરની ચકરડી.

Rowen, *n.* (રૉ'વિન્) Untilled field. પડતર-વગર ખેડેલું ખેતર.

Rower *n.* (રો,'અર્) One who rows. નાવિક; હલેસાં મારનાર; ખલાસી.

Royal, *a.* (રૉ'યલ્) Regal; kingly. શહેનશાહી; રાજકીય; રાજાનું. **R. metal**=સોનું. 2. A particular size of paper. અમુક એક સાઇઝનો કાગળ. [L. *rex*, a king.]

Royalist. *n.* (રૉ'યલિસ્ટ) A partisan of the king. રાજાના પક્ષનો માણસ.

Royalty, *n.* (રૉ'યલ્ટી) Authority &c. of the king. રાજાધિકાર; બાદશાહી; રાજચિહ્ન 2. A share in the profit or product. નફાનો-પેદાશનો અમુક ભાગ; રાજકર.

Rub, *vt.* (રબ્) To apply friction. ચોળવું-ઘસવું; ના ઉપર લગાડવું, ઘસવું. **To r. down**= ઘસીને સાફ કરવું. **To rub off**=ઘસીને કાઢી નાંખવું. **To rub out**=છેકી-કાઢી નાંખવું. *n.* Rubbing. ઘસારો. 2. Obstruction. હરકત-વાંધો. **R.-a-dub**=ઢોલનું ઢીંચાંગ ઢીંચાંગ.

Rubber, *n.* (ર'બર્) India rubber. રબર. 2. A game at cards. પત્તાની રમત. 3. Anything that rubs. છેકનાર; છેકી નાંખનાર વસ્તુ.

Rubbish, *n.* (ર'બિશ્) Refuse; waste. છારું; મેલ; કચરો; પુંજો.

Rubble, *n.* (ર'બલ્) Worn out stones. પાણીથી ઘસાઈ ગએલા પથ્થર.

Rubify, *vt.* (રુ'બિફાય્) To make red, like ruby. લાલ કરવું-બનાવવું.

Ruble, *n.* (રુ'બલ્) A rouble of Russia. રશીયાનો એક સીક્કો-રૂબલ. (અગાઉ ૨ શિ. ૧½ પે.ની કિંમતનો)

Rubric, *n.* (રુ'બ્રિક્) Heading or title. મુખપૃષ્ઠ; ટાઇટલપેજ; મથાળું; શીર્ષક. 2. Directions as to worship contained in the prayer book. પ્રાર્થના કરવાની રીત વિષે સૂચનાઓ. [L. *ruber*, red.]

Rubstone, *n.* (રબ્સ્ટોન) A whet-stone. ધાર ચઢાવવાની પથરી-સરાણ; સલ્લી.

Ruby, *n.* (રુબી) A beautiful and highly polished gem, reddish in colour. માણેક *a.* Red. લાલ.

Ruche, *n.* (રૂશ) ફોરની ઝાલર.

Ruck, *vt.* & *vi.* (રક્) To wrinkle. કરચલી વાળવી-વળવી. *n.* A wrinkle. કરચલી. 2. A heap. ઢગલો.-Also, **ruckle.**

Ructation, *n.* (રક્ટે,'શન્) The act of belching wind. વા છુટવો તે.

Rudder, *n.* (રંડર) The steering mechanism of a ship &c વહાણનું સુકાન 2.Sieve.ચાળણી.

Ruddy, *a.* (રંડી) Red. લાલ; રાતું.

Rude, *a.* (રુડ્) Unrefined;impolite. અણઘડ; જંગલી; રીતભાત વગરનું. 2. Raw; unpolished. કાચું; બિનઅનુભવી; સફાઇ વગરનું.

Rudely, *adv.*(રુ'ડલી)Impolitely. અસભ્યતાથી.

Rudeness, *n.* (રુ'ડનિસ્) Incivility.અસભ્યતા; અણઘડપણું, તોછડાઇ.

Rudiment, *n.* (રુ'ડીમન્ટ્) Fundamental principle. મૂળતત્ત્વ. 2. Elementary knowledge. મૂળ પીઠિકા-આરંભ.

Rudimental, rudimentary, *a.*(રુડીમે'-ન્ટલ-મે'ન્ટરી)Fundamental;elementary.પ્રાથમિક; મૂળ; આરંભનું પ્રારંભનું; મૂળારંભનું; પ્રથમ.

Rue, *n.* (રૂ) Lamentation. શોક-વિલાપ. *vt.* To repent of.નો પસ્તાવો થવો. 2. To cause to grieve. દુઃખ દેવું.*vi.* To pity. દયા આવવી. *n.* Grief. પસ્તાવો-ખેદ- દિલગીરી-દુઃખ. [Gr. *ruen,* to repent.]

Rueful, *a.* (રુ'ફુલ્) Repentent.પસ્તાતું-દીલગીર થતું; દુઃખી.

Ruff, *n.* (રફ્) A game of cards. પત્તાની એક રમત. 2. A muffler. ગળાની આસપાસ વીંટવાનું મફલર.3. The beat of a drum. ઢોલનો અવાજ. *vt.* To disarrange. અવ્યવસ્થિત કરી મુકવું.

Ruffian, *n.* (રંફયન્) A rascal. હરામખોર-લુચ્ચો માણસ;ઘાતકી માણસ *vt.*To act wickedly. ક્રૂર કર્મ કરવું.

Ruffianism, *n.* (રંફયનીઝમ્) Rascality. ક્રૂરતા; ઘાતકીપણું; હરામખોરી.

Ruffle, *vt.*(રંફલ્)To wrinkle. કરચલી વાળવી-પાડવી. 2. To cause to ripple. હલાવી મુકવું; પીછાં હલાં-ઉંચાં કરવાં. 3. To discompose or put out. ગભરાટમાં નાંખવું; ખીજવવું.**To ruffle the feathers**=ને ચીડવવું; ગુસ્સે કરવું. *vi.* To put on airs; to swagger. નો ડોળ,દમામ રાખવો. *n.* A frill. લુગડાની કોરણ.

Rug, *n.* (રગ્) A coarse blanket. કામળો. *vt.* To loot. લુંટવું.

Ruga, *n.* (રંગે) A wrinkle. કરચલી.

Rugged, *a.* (રંગિડ્) Rough. ખડબચડું;તોફાની; આકરૂં; કરડું. 2.Rude; uncivil. અસભ્ય; જંગલી.

Rugose,rugous, *a.*(રુગો,'સ-રુ'ગસ્) Wrinkled. કરચલીવાળું-થી, ભરેલું.

Ruin, *n.* (રુ'ઈન્) Overthrow; destruction. ખરાબી;નાશ. 2. Bane; pest. પાયમાલી; વિનાશનું કારણ. 3. *pl.* The remains of a decayed building &c. ખંડેર; ભાંગી ગયેલાં ઘર વગેરે. *vt.* To destroy or overthrow.સત્યાનાશ, પાયમાલી કરવી,લાવવી;અંત,નાશ આણવો. 2.To impoverish. ને ભીખ માંગતું, ભીખારી કરવું;પાયમાલ કરવું; ધુળ મેળવવું.*vi.* To go to dogs;to be destroyed. પાયમાલી,ખરાબી થવી. 2. To fall into ruins. ઘર પડી-ભાંગી જવું. [L. *ruo,* I fall.]

Ruinous, *a.* (રુ'ઈનસ્) Dilapidated. પડી ગયેલું; ખંડેર. 2. Baneful; destructive. હાનિ નાશકારક; પાયમાલી કરનારૂં.

Rule, *n.* (રુલ્) Statute or law. કાયદો-ધારો. 2. Order. વ્યવસ્થા-ક્રમ. 2. Established mode, method.રીત-રિવાજ-નિયમ.3.Ordinary state of thing. સામાન્ય વિધિ, સ્થિતિ.. 4.Government. સત્તા; રાજ્ય.5.Legal regulation. કાયદાનો ઠરાવ. 6.A ruler. આંકણી. **R.of three**=ત્રિરાશિ-ત્રિરાશિક.**Double rule of three**=પંચરાશિ. *vt.* To direct; to govern.ની ઉપર હુકમ રાજ્ય સત્તા ચલાવવી,થી-ને દોરવું-ચલાવવું.2.To regulate. ધારાથી નક્કી કરવું. 3. To mark with lines. આંકવું. *vi.* To excercise supreme authority. પૂરેપૂરો-કુલ અખ્ત્યાર ચલાવવો. હાથમાં સત્તા હોવી. [L. *rego,* I rule.] **Ruling.** હુકમ; સત્તાવાર સૂચના, પ્રમાણ.

Ruler, *n.* (રુ'લર્) A governor. સત્તાધીશ-અમલ ચલાવનાર;રાજા.2. A straight or curved strip of wood used in marking papers &c. with lines. આંકણી-રુલર-ફૂટપટ્ટી.

Rum, *n.*(રમ્) Wine made from cane-juice. એક જાતનો દારૂ. સરકો *a.* [Old English] Queer; strange. વિચિત્ર.

Rumble, *vi.* (રંમ્બલ્) To make a dull, low, heavy, continued sound. ગડગડવું; ગર્જવું; ગર્જના થવી. *n.* A rumour. અફવા; ગપાટા. 2. A loud and continued noise. ગડગડાટ; ગર્જના.

Rumbling, *n.* (રંમ્બલીન્ગ્) A low, heavy, continued sound. ગડગડાટ;ગર્જના;ઘરઘરાટ;ઘોષ.

Ruminant, *a.* (રુ'મિનંટ્)Chewing the cud. વાગોળનારૂં. *n.* An animal which ruminates. વાગોળનારૂં પ્રાણી.

Ruminate, *vt.* (રૂમીનેટ્) To chew the cud. વાગોળવું. 2. To reflect. વિચાર કરવો. [L. *ruman*, the throat.]

Rumination, *n.* (રૂમીને'શન્) The act of ruminating. વાગોળવું તે. 2. Pondering. ફરીફરીને વિચાર કરવો તે; મનન; ચિંતન.

Rummage, *n.* (રં'મેજ્) The hold (of a ship). વહાણમાં માલ ભરવાની જગ્યા. 2. A thorough search. પૂરેપૂરી તપાસ-શોધખોળ *vi.* To search a place narrowly. બારીકાઇથી તપાસ કરવી. *vt.* To ransack. માં પૂરેપૂરી શોધખોળ કરવી.

Rumour, *n.* (રુ'મર્)A popular flying report. અફવા; ગપ; ગપાટા; લોકવાત. *vt.* To circulate a report. અફવા ફેલાવવી. [L. *rumor.*]

Rump, *n.* (રમ્પ્)The buttock. કુલ્લા;ગાંડ;ઢગરો

Rumple, *vt.* (રં'મ્પલ્) To crumple. કરચલી વાળવી-પાડવી. *n.* A wrinkle. કરચલી. [Gr. *rumfen*, to wrinkle.]

Run, *vi.*(રન્) To walk speedily. દોડવું. 2. To flow. વહેવું. 3. To fly away through fear. બ્હીક-ભયથી -ન્હાસી છૂટવું. 4. To pack off. છૂપી રીતે ન્હાસી છૂટવું.**To run away with**=ની સાથે ન્હાસી જવું. **To run out** (as a watch &c.)=પૂરૂં થવું-બંધ પડવું.**To be run down**=અશક્ત નબળું થવું. **To run down**=કામ બંધ કરવું. **To run for an office**=જગા માટે ઉમેદવાર તરીકે ઉભા રહેવું. **To run in trust**=કરજ-દેવું કરવું. **To run mad**-ગાંડા થવું. **To run over**= ઉભરાઇ જવું; રેલ-પૂર આવવું. **To run through**=(૧) તરવાર વગેરે હથીયાર શરીરમાં ભોંકવું. (૨) પૈસા ખર્ચી નાખવા-ઉડાવવા. **To run riot**=હદપાર જવું. **To run to seed**=ઉગતાં અટકવું. **To run through a book**=ઉતાવળથી ચોપડીમાંથી નજર ફેરવી જવી-ઉપર ઉપરથી જોઇ જવું **To run up**= ચઢી જવું-વધવું. **To run counter**=ની વિરૂદ્ધ ઉલટાં જવું. *vt.* To cause to run. દોડાવવું. 2. To reflect. વિચારવું. 3. To pierce with. ભોંકવું. 4. To emit. બહાર કાઢવું-માંથી નીકળવું-ઝરવું; ગળવું **To run out**=લંબાવવું **To run a chance of**=જોખમ વ્હોરવું-નશીબ અજમાવવું. **In the long run**=અંતે-છેવટે-પરિણામે **The run or the common run**=સાધારણ લોકો-આમવર્ગ.

Runagade, runaway,*n.*(રં'નગેડ્-રનઅવે) A refugee. ન્હાસી છૂટનાર.

Rundel, *n.* (રં'ન્ડેલ્) A streamlet. વહેળો. 2. A circle. વર્તુળ; ગોળ; ચક્કર.

Rune, *n.*(રુન્) ટયુટૉનિક પ્રાચીન મૂળાક્ષર, લેખ; ગહન, જાદુઈ ચિહ્નો.

Runlet,*n.*(રં'નલેટ્)A streamlet.વેહળો;ન્હોકળો.

Runnel, *n.*(રં'નલ્) A streamlet. નાળું; વેહળીયું.

Runner, *n.* (રં'નર્) One who runs. દોડનાર; જાસુસ; નાસનાર. 2. A creeper. વેલો.

Running, *n.* (રં'નિન્ગ્) The act of moving speedily. દોડવું તે. *a.* Moving speedily. દોડતો. 2. Coming one after another. વારાફરતી-એક પછી એક આવતું.

Rupee, *n.* (રુપી') An Indian coin=1*s.* 4*d.* (એક) રૂપીયો; રૂપૈયો; રૂા.

Ruption,rupture,*n.*(રં'પ્શન્-રં'પ્ચર્)Breaking asunder. ભંગાણ; તુટ; ફાટ. 2. Ill-feeling; quarrel.અણબનાવ 3.Hernia.અંતર્ગળ;સારણ. 4. An explosion. સ્ફોટ-સ્ફોટન;ભડાકો.*vt.*To rend. ભાંગવું; ફાડવું. *vi.* To be rent. ભાંગેલું-ફાટેલું હોવું. [L. *rumpo*, I break.]

Rural, *a.* (રુ'રલ્) Pertaining to the country; rustic. ગામડાનું; ગામડીયું. 2. About agriculture.ખેતીવાડી વિષે.[L.*rus*,the country.]

Ruse, *n.* (રુઝ) A strategem; an artifice or trick. યુક્તિ; કાવતરૂં; પ્રપંચ; પેચ.

Rush, *n.* (રશ્) A kir ...ss. એક જાતનો દર્ભ-છોડ-ધાસ; બરૂ.*vi.* To act ... with impetuousity, force, violence ... ટુટી પડવું. 2. To enter upon rasl. ... કોઇપણ કામ કરવું. *n.* A ... ધસારો. 2. An eager ... ખપ (માલનો) ઘરાકોનો ધસ.

Rush-light, *n.*(રં'શ-લ... flickering light.ઝાંખો પ્રકાશ.2.A ru... ...e.તૃણપ્રકાશ

Rusk, *n.* (રસ્ક્) Sweetened bread or biscuit. એક જાતની ગળી રોટલી.

Russet, *a.* (રં'સિટ્) Red brown. રાતુંભુરૂં-કીરમજી રંગનું *n.*Red brown colour.રાતોભુરો રંગ.

Russia, *n.* (રં'શ) A country of Europe. રૂશીયા.

Russian, *a.* (રં'શન્) Pertaining to Russia or its language. રુસ દેશ અથવા રુસ ભાષાસંબંધી-નું. *n.* An inhabitant of Russia. રશીયા દેશનો રહેવાસી.

Rust *n.* (રસ્ટ્) Oxide of iron. લોઢાનો કાટ. **R. of copper**=જંગાલ. *vi.* To become oxidized. કાટ ખાવો-ચઢવો. *vt.* To make rusty. કાટવાળું કરવું. 2. To impair by time and inactivity. ને કટાવા-સડવા દેવું. [L. *russus*, redd'sh.]

Rustic, *a.* (રં'સ્ટિક્) Homely; not polished or refined; rural. દેશી; ગામડીયું; ગ્રામ્ય;

અસભ્ય; અણુઘડ; જંગલી, *n.* A clown.ગામડીયો. [L. *rus*, the country.]

Rusticate, *vt.* (રસ્ટિકેટ્) To banish from a university or college. થોડા વખત સુધી નિશાળમાંથી-કૉલેજમાંથી કાઢી મુકવું. *vi.* To reside in the country. ગામડામાં રહેવું.

Rustication, *n.* (રસ્ટિકે,'શન્) Expulsion from college. કૉલેજમાંથી કાઢી મુકવું તે. 2. Homely work. ગામડીયું કામ.

Rusticity, *n.* (રસ્ટિ'સીટિ) Homeliness. ગામડીયાપણું; અણુઘડપણું.

Rustle, *vi.* (ર'સલ્) To make a noise like something (as silk, dry leaves); rub. ખડખડવું-ખખડવું. *n.*સળવળાટ.*vt* To cause to rustle.ખડખડાવવું-ખણખણાવવું.સરસરવું;સળવળવું.

Rustling, *n.* (ર'સ્લિન્ગ્)A quick succession of small sounds, like dried leaves rubbing together. ખડખડાટ-ખખડાટ. *a.* Making a rustling noise. ખડખડતું.

Rusty, *a.* (ર'સ્ટી) Eaten away by rust. કટાએલું-કટાઇ ગયેલું.

Rut, *n.* (રટ્) The breeding time of animals. જાનવરોમાં કામ-મદ ઉભરાવાનો વખત. 2. Sound of waves. મોજાંનો અવાજ. 3. The track of a wheel. પૈડાની ખાંચ-કાપો-ચીલો.*vi.* To feel the sexual desire like animals. જાનવરોમાં કામોન્મત્ત થવો. *vt.* To copulate. મૈથુન કરવું. 2. To make grooves. ખાંચ-કાપો-ચીલો પાડવી.

Ruth, *n.* (રુથ્) Compassion; pity; tenderness. દયા; સહાનુભૂતિ.

Ruthful, *a.* (રુ'થફુલ્) Compassionate.દયાળુ-માયાળુ; સહાનુભૂતિવાળું.

Ruthless, *a.* (રુ'થલિસ્) Merciless. નિર્દય; ઘાતકી; ક્રૂર; કઠોર.

Ruthlessness, *n.* (રુ'થલિસનિસ્)Mercilessness. નિર્દયતા; ઘાતકીપણું.

Ruttish, *a.* (ર'ટિશ્) Lustful. વિષયલંપટ; કામી; વ્યભિચારી.

Rye, *n.* (રાઇ) A cereal plant whose seed is used as food. નાગલી; એક પ્રકારનું અનાજ.

Ryot, *n.* (રા'યટ્) A Hindu cultivator of the soil. હિંદુ ખેડુત. 2. Subjects. પ્રજા; રૈયત.

S.

S,(એસ્) The nineteenth letter of the English Alphabet, is a consonant, called a sibilant. It has two uses; one to express a mere hissing as in "this"; the other a vocal hissing or buzzling, like that of "z" as in "wise". અંગ્રેજી મૂળાક્ષરનો ૧૯મો અક્ષર તથા વ્યંજન છે. "સ" અને "સ્ઝ." 2. The suffix used to form the plural of most words. ઘણા શબ્દોનું બહુવચન કરવાને વપરાતો પ્રત્યય. 3. The suffix used to form the 3rd person singular of English verbs, in the present tense. વર્તમાનકાળ ત્રિજા પુરૂષના એકવચનાર્થ સૂચક ક્રિયાપદ બતાવવાના કામમાં આવતો પ્રત્યય.

Sabaoth, *n. pl.* (સૅ'બેઑથ્) Armies; hosts. લશ્કર; ટોળું; ધાડું; ઝુંડ; જથો; સૈન્યદેવ.

Sabbath, *n.* (સૅ'બથ્) A day of rest. થાક, આરામ લેવાનો દિવસ; વિશ્રામ દિવસ. 2. A day in each week for rest or worship.અઠવાડીઆમાં એક છુટી અથવા ધર્મનો દિવસ; રવિવાર. 3. A time of rest or repose. હડતાલ; પાકી; અણોજો; વિસામાનો દિવસ.

Sabbath-breaker, *n.* (સૅ'બથ્-બ્રેકર્) One who profanes the Sabbath. વિશ્રામવાર પાકી, અણોજો, નહિં પાળનાર.

Sabbatarian, *n.* (સૅબટે',રિઅન્) A very strict or rigid observer of Sabbath રવિવારને દિવસે ચુસ્તપણે પાકી પાળનાર. *a.* પાકી પાળવાના દિવસ સંબંધી.

Sable, *n.* (સે',બલ્) A carnivorous animal of the weasel family, found in northern Europe and Asia. નોળીઆની જાતનું પ્રાણી. 2. A mourning garment; a funeral robe. શોકમાં-સ્મશાન જતી વખતે પહેરવાનું લુગડું-કપડું-*a.* Dark; dusky; black. ઝાંખું; કાળું;શામળું-*vt.* To render black. કાળું બનાવવું.

Sabre, (સે,'બર્) A curved broadsword; a falchion. પહોળી-વાંકી-જાડા ફળવાળી તલવાર; કટાર; ખડ્ગ; શમશેર. અંગ્રેજોમાં ઘોડેસ્વારની તલવાર. *vt.* To strike; to kill; to cut with a sabre. વાંકી તલવારથી ઘા કરવો-મારી નાખવું-કાપી નાખવું.

Sac, *n.* (સૅક્) A bag or receptacle for a liquid. પ્રાણીઓના શરીરમાંની રસની ન્હાની કોથળી.

Saccharine, *a.* (સૅ'કરાઈન્) Pertaining to sugar; having the qualities of sugar; sweet; producing sugar. સાકર-ખાંડવાળું,ઉત્પન્ન કરનારૂં; ગળ્યું; શર્કરાયુક્ત; મિષ્ટ; મધુર. [L. *saccharon*,sugar.]-°**rin** એક બહુજ ગળ્યો પદાર્થ.

Sacerdotal, *a.* (સૅસર્ડો,'ટલ્) Priestly; pertaining to priests. યાજ્ઞિક; બ્રાહ્મણસંબંધી; યજ્ઞકર્મનું; પુરોહિત-પાદરીસંબંધી; યાજકસંબંધી. [L. *sacer*, sacred; holy. *sacerdos*, a priest.]

Sacerdotalism, *n.*(સૅસર્ડો,'ટલિઝમ્)Devotion to the interests of priesthood. ગોર, પાદરી-ધર્મક્રિયા કરનાર લોકના પક્ષની ખેંચ-ઉપર મમતા; વિધિ ચુસ્તતા.

Sachel, *n.* (સૅ'ચલ્) A small bag, in which children carry papers and books. જુગદાન; દફતર; થેલી; નાની કોથળી.

Sack, *n.* (સૅક) A large bag. કોથળો; ગુણ; થેલો. 2. A loosely hanging garment, with sleeves, worn by women. બાયડીઓનું પહેરવાનું બાંયવાળું કપડું-વસ્ત્ર. 3. A spanish wine; sherry. સ્પેઇન દેશનો દારૂ; શેરી નામનો દારૂ. 4. A measure of varying capacity. કોથળા પૂર; કોથળામાં માય તેટલું એક જાતનું માપ.-*vt.* To bag; to put in a sack; કોથાળા-થીમાં મુકવું-ભરવું. 2. To plunder; to devastate; to pillage. લુંટવું; લુંટફાટ કરવી; ખેદાન મેદાન કરવું. [L. *saccus*, a sack.]

Sackcloth, *n.* (સૅ'કક્લૉથ્) Cloth for sacks; coarse cloth. ગુણપાટ; કંતાન; ટાટ; તાટ. 2. A garment worn in mourning distress or penance. શોક-સંતાપનાં લુગડાં, કપડાં; પ્રાયશ્ચિત્તવસ્ત્ર.

Sacking, *n.* (સૅ'કિન્ગ્) A coarse, stout cloth for sacks, bags, bed bottoms, etc. ગુણ પાટ; કોચ, ખાટલા ઉપર જડવાનું ટાટ.

Sacrament, *n*, (સૅ'ક્રમન્ટ) A solemn oath, taken by Roman soldiers. રોમના લડવૈયાઓએ લીધેલા વફાદાર-રાજભક્ત-રહેવાના કસમ સોગન-સમ-પ્રતિજ્ઞા. 2. A solemn religious ceremony. પ્રતિજ્ઞા; સંસ્કાર; ધર્મવિધિ. 3. An oath. કસમ; સોગન. 4. The Lord's supper or eucharist. ખ્રિસ્તી લોકોનો પ્રભુ ભોજન નામનો પ્રસાદ-*vt.* To bind by an oath. કસમથી બાંધવું; સોગનથી બાંધવું. [L. *sacer*, sacred.]

Sacramental, *a.* (સૅક્રમે'ન્ટલ્) Constituting a sacrament; pertaining or belonging to a sacrament. પવિત્ર સંસ્કારનું, સંબંધી, વિષે. 2. Bound by a sacrament. પવિત્ર સંસ્કારથી બંધાએલો; વિધિબદ્ધ.

Sacred, *a.* (સે',ક્રિડ્) Holy; consecrated. પવિત્ર; પ્રતિષ્ઠા કરેલું; ધર્માદા કરેલું. 2. Inviolable; not to be profaned. અલંઘ્ય; અવધ્ય; નહિં તોડવા-ભ્રષ્ટ કરવા જેવું. 3. Dedicated to; devoted to. અર્પણ કરેલું; અર્પિત; નિર્માણ 4. Reverend; venerable. પૂજ્ય; પવિત્ર; માન આપવા યોગ્ય. 5. Religious; not secular. ધાર્મિક; ઈશ્વરી; અલૌકિક; અસંસારિક; વૈદિક. 6. Accursed. નાશકારક; દુઃખદાયક **Sacred to Shiva**. શિવાર્પણ; શિવનિર્માણ.-°**ly**. *adv.* Religiously. ધાર્મિકપણે.

Sacredness, *n.* (સે,'ક્રિડ્નિસ્) Quality of being sacred; reverence; inviolableness. પવિત્રતા; ધર્મીપણું; ઈશ્વરીસંબંધનું; અલંઘનીયતા.

Sacrifice, *n.* (સૅ'ક્રિફાઇસ્) The offering of anything to God or to a god; anything, consecrated to a divinity. પરમેશ્વર કે દેવને બળિદાન આપવું તે; હોમ કરવો તે; હવન; યજ્ઞ. 2. Destruction of anything for the sake of something else. આહૂતિ; ભોગ; વ્યય; ઉત્સર્ગ; સમર્પણ; આપભોગ. 3. The sale at a price less than the actual value. એટેલી કિંમત કરતાં ઓછી કિંમતે વેચવું તે.-*vt.* To make an offering to a divinity; consume. ચઢાવવું; અર્પણ કરવું; ભોગ આપવો; મુકી દેવું. 2. To destroy; to surrender; to kill. વધેરવું; મારી નાખવું; વધ કરવો; ભોગ આપવો.-*vi.* To make an offering to God. બળિદાન આપવું. [L. *sacer*, sacred & *facio*, I make.]

Sacrificer, *n.* (સૅ'ક્રિફાઇસર્) One who sacrifices or immolates. યાજ્ઞિક; યજમાન; ભોગ આપનાર.

Sacrificial, *adj* (સૅક્રિફિ'શલ્) Relating to or concerned with sacrifice. યાજ્ઞિક; યજ્ઞસંબંધી. S.-pit. વેદિ; યજ્ઞકુંડ. S.-thread. જનોઇ, કસ્તિ; યજ્ઞોપવીત. S. grass. દર્ભ; કુશ.

Sacrilege, *n.* (સૅ'ક્રિલિજ્) The crime of violating or profaning sacred things. પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવાનો અપરાધ; ધર્મદાનની ચોરી; ધર્મલોપ. [Fr. *secrilegus*, one who steals sacred things. L. *sacer*, sacred & *lego*, I gather.]

Sacrilegious, *a.* (સૅક્રિલી'જસ્) Violating sacred things; impious; profane. અધર્મી; પાપી; દુષ્ટ; અપવિત્ર; પુણ્યદ્રવ્ય દ્વેષી.

Sacristan, *n.* (સૅ'ક્રિસ્ટન્) An officer of the church, who has the care of its utensils or movables; a sexton. ખ્રિસ્તી દેવળમાં વાસણ વગેરે જંગમ મિલકત સાચવનાર અધિકારી; કિલેદાર.

Sacristy, *n.* (સૅ'ક્રિસ્ટિ) Vestry; an apartment in a church, where sacred vessels are kept. ખ્રિસ્તી દેવળમાં પૂજાનાં વાસણ વગેરે રાખવાની ઓરડી.

Sad, *a.* (સૅડ્) Gloomy; melancholy; dull; grave; mournful. દિલગીર; ઉદાસ; શોકાતુર; ગમગીન; મ્લાન; ઉતરી ગએલું. 2. Dark. કાળાશ પડતો. 3. Serious; grave. ગંભીર; ભારેખમ. 4. Heavy; weighty. ભારે; વજનદાર. 5. Weary; tired. કંટાળેલું; થાકી જવાય તેવું. 6. Troublesome; bad; naughty. નઠારૂં; તોફાની; લાંડીયું; મસ્તીખોર. 7. Causing sorrow; afflictive. ખેદકારક; દુઃખદ; કલેશકર; શોચનીય. *vt.* To make melancholy; to sadden. શોકાતુર કરવું. ખિન્ન કરવું. [L. *sat*, *satis*, enough.]

Sadden, *vt.* (સૅ'ડન્) To make sad or gloomy. શોકાતુર કરવું; ઉદાસ કરવું; થી ઉદાસ થવું. *vi.* To become sad. શોકાતુર થવું. દિલગીર થવું;

Saddle, *n.* (સૅ'ડલ્) A seat to be placed on a horse's back. જીન; ખોગીર; પુઠનો તંગ. 2. The threshold of a door. ઉમરો; ઉંબર. 3. A part of horse's harness, worn on his back. ગાડીએ જોડતી વખતે ઘોડાને બાંધવામાં આવતું નાનું જીન. 4. A piece of meat, containing the back bone with ribs on each side. પાંસળાં સાથેની ઘોડાની કરોડવાળો માંસનો કટકો.-*vt.* To put a saddle on; to equip for riding. જીન બાંધવું; ઘોડા પર સામાન મૂકવો; જીન સજવું. 2. To encumber; to load. બોજો લાદવો; ભાર મૂકવો; માથે નાખવું. **To saddle with costs.** મુકરદમા-કામનું ખર્ચ માથે નાખવું. [L. *sedeo*, I sit.]

Saddle-bags, *n. pl.* (સૅ'ડલ્બૅગ્ઝ્) Leather bags, united by straps. ઘોડા ઉપર બે તરફ નાખવાની ચામડાની કોથળી.

Saddle-bow, *n.* (સૅ'ડલ્બો) The arch in front part of the saddle. મોર; આગલો કમાનદાર જીનનો ભાગ.

Saddle-cloth, *n.* (સૅ'ડલ્ક્લૉથ્) A housing. ઘાશીઓ; દલી; જીનપોશ.

Saddle-girth, *n.* (સૅ'ડલ્ગર્થ્) A band, passing round the horse's body. ઘોડબંધ, તંગ, કમ્મરબંધ.

Saddler, *n.* (સૅ'ડલર્) One who makes saddles &c. જીનગર; ઘોડાનાં જીન બનાવનાર.

Saddlery, *n.* (સૅ'ડલરિ) Articles for sale in a saddler's shop. જીનગરની દુકાનમાં વેચાતો બધો સામાન. 2. The trade of a saddler. જીનગિરી; જીન બનાવવાનો ધંધો. 3. The materials for making saddles and harness. જીન બનાવવાનો સામાન.

Sadiron, *n.* (સૅ'ડાઇરન્) An instrument for ironing clothes; a flat iron. અસ્રી-અસ્રી કરવાનો સાંચો.

Sadness, *n.* (સૅ'ડ્નિસ્) Gloominess; heaviness. દિલગીરી; ભારેપણું; ભારેખમપણું.

Safe, *adj.* (સે,ફ્) Free from harm, injury or risk; whole; secure. સહી સલામત; સાંગોપાંગ; નિર્વિઘ્ન; નુકસાન થયા વગરનું; સાજું; તાજું; સુખથી. 2. Sure; secure; in secure care or custody. સાબુત; સહીસલામત; સારા જાપ્તામાં રાખેલું; કબજામાં રાખેલું. 3. Secure from harm; free from danger. ભો વગરનું; બીક વગરનું; નિર્ભય; જોખમ વગરનું. **Safe and sound,** આરોગ્ય; કુશળ; સાજો; તાજો.-*n.* A fire proof chest for containing money. લોઢાની તીજોરી; મજુસ; પટારો; આગમાં ન બળે તેવી પેટી 2. A chest or cupboard for meals. ભંડારીયું; કોઠારીઓ; ખાવાની ચીજો રાખવાનું પાંજરૂં. *vt.* To make safe. નિર્ભય કરવું; રક્ષિત કરવું. [L *salvus*, safe; whole.]

Safe-conduct, *n.* (સે,ફ્-કૉ'ન્ડક્ટ્) That which gives a safe passage; a convoy; guard. વળાવો; રખવાળ; વળાવું. 2. A warrant or pass of security; a writing. પરવાનો; અભયદાન; કોલ; અભયપત્ર.

Safe-guard, *n.* (સે,'ફ્-ગાર્ડ્) That which defends or protects; a convoy. બચાવ કરનાર; રક્ષણ કરનાર; રખેવાળ; રક્ષક; વળાવો. 2. Defence; protection. રક્ષણ; બચાવ; આશ્રય.

Safely, *adv.* (સે,'ફ્લી) In a safe manner; without danger or injury. નિર્ભયપણે; ક્ષેમ-કુશળતાથી; બીન હરકતે; સહીસલામત. 2. In close custody. સખત જાપ્તામાં; ચોકી-પહેરા સાથે; સંભાળપૂર્વક.

Safety, *n.* (સે',ફ્ટી) Exemption from hurt, injury, or loss. ક્ષેમકુશળતા; સલામતી; બીનહરકત. 2. State of being safe. અભયપણું; નિર્ભયપણું; 3. Insuring against loss; close custody. જાપ્તાબંધ; બંદોબસ્ત; ચોકી; વીમો.

Safety-lamp, *n.* (સે,'ફ્ટી-લૅમ્પ્) A lamp, covered with wire-gauge, to give light in mines, without the danger of setting fire to inflammable gases. ખાણોમાં લઇ જવાનો આગ નહિં લાગે તેવો દીવો.

Safety-valve, *n.* (સે,'ફ્ટિ-વાલ્વ્) A valve, fitted to the boiler of a steam engine, which yields and lets the steam escape. વરાળ નીકળવાનું અને હવા આવવાનું બાકું; કાણું.

Safflower, *n.* (સૅ'ફ્ફ્લાવર્) An annual plant, the flowers of which are used as a dye stuff and in making rouge. કસુંબી. 2. The red dyestuff obtained from the flowers. જોઠો; જોઠો. **The dried flowers of the plant,** કસુંબો; **the seeds of the plant,** કાબરી.

Saffron, *n.* (સૅ'ફ્રન્) A bulbous plant, with a deep yellow flower. કેસર વૃક્ષ 2. The dried stigmas of the plant. કેસર. *a.* Deep yellow. કેસરી; કેસરીઆ; જાફરાન.

Sag, *vi.* (સૅગ્) To lean; incline. લચવું; નમવું; વાંકા થવું. 2. To bend; to yield. વાંકા વળવું; નમવું; તાબે થવું. 3. To wander; to loiter idly. રઝળવું; ભટકવું; નકામા રખડવું. *vt.* To cause to bend or give way, લચાવવું; નમાવવું; વળાવવું.

Saga, *n.* (સૅ'ગા) A northern European, popular historical tale of olden time. નોર્વે કે ડેન્માર્ક દેશની દંતકથા; વાર્તા

Sagacious, *a.* (સૅગે,'શસ્) Quick of scent; of keen judgment. ચપળ; ચાલાક; ઝટ પારખી

કાઢનાર. 2. Judicious; shrewd; quick; wise. બુદ્ધિવાળું;ચતુર; હોશિઆર; તીક્ષ્ણ;ઝીણી અક્કલવાળું; ડાહ્યું. [L. *sagio*, I perceive quickly by the senses.]

Sagacity, *n* (સગૅ'સિટિ) Acuteness of scent; quickness of sense; shrewdness. ચતુરાઈ; ડહાપણ; શાણાપણું; ચાતુર્ય; તીવ્રબુદ્ધિ.

Sage, *n.* (સે,જ્) A plant of many species. એક જાતનો છોડ *a.* Acute; grave; prudent. બુદ્ધિશાળી; ડાહ્યું; ગંભીર; પુખ્ત; વિચક્ષણ;આરેખમ. *n.* A wise man; a grave philosopher; a man of wisdom. જ્ઞાનીપુરૂષ; સાધુ; મુનિ; ગુરૂજન; મુમુક્ષુ; પંડિત. [L. *sapio*, I have savour, am wise.]

Sagittarius, *a* (સૅજિટે,'રિઅસ્) The ninth of the twelve signs of the zodiac, which the sun enters about Nov. 22; the archer. ધનુરાશિ; ધનરાશિ.

Sago, (સૅ,'ગો) *n.* A nourishing eatable; a dry, granulated starch. સાબુચોખા; સાબુદાણા; વાંસદાણા; વાંસીઆચોખા.

Said, *Imp. & p. p.* **of Say,** (સેડ)બોલ્યો;કહ્યું. *a.* Uttered; aforesaid; before-mentioned. સદરહુ; કહેલું; ઉપર પ્રમાણે; પૂર્વોક્ત; મજકૂર.

Sail, *n.* (સે,લ) A canvas, spread to the wind to assist the progress of vessel in water. શઢ;નૌકાવસ્ત્ર. 2. A sailing vessel; ship of any kind. સઢવાળું વહાણ;જહાજ;ખારક્સ.3.A van; a wing.પાંખ. 4.Journey or excursion upon the water. સફર; જળપ્રવાસ; પાણીની મુસાફરી. **To loose sails,** to unfurl sails. શઢ ઉકેલવાં; શઢ છુટાં કરવા. **To set sails,** શઢ નીચે ઉતારવાં; શઢ ફેલાવવાં; હંકારવું; મુસાફરી શરૂ કરવી. Sail-yard. શઢ જે સાકડી ઉપર પછાડે છે તે સાકડી, પરબાણું.-*vi.* To be driven forward by the action of the wind upon sails. શઢને પવન લાગવાથી આગળ ચાલવું તે 2. To swim. પાણીમાં તરવું. 3. To set sail. હંકારવું; સફર કરવી. 4. To move through the air. હવામાં ઉડવું.-*vt.* To move in a ship with sails. સફર શરૂ કરવી; દરિયા ઉપર હંકારવું. 2. To direct the motion of the ship. હંકારવું,ચલાવવું. 3. To fly through. હવામાં ઉડવું.

Sail-cloth, *n.* (સે,'લ્-ક્લૉથ્) Canvas or duck used in making sails. કંતાન; તાટ;જીન.

Sailing, *n* (સે,'લિંગ્) Art of directing a ship's way on the ocean; navigation, seamanship. વહાણ ચલાવવાનો હુન્નર-કળા; નૌકાશાસ્ત્ર. 2. Act of one, who or which sails. હંકારવું તે;પ્રયાણ.

Sailor, *n.* (સે,'લર્) A mariner, a seafarer, a sea-man. ખારવો; ખલાસી; નાવિક.

Saint, *n.*(સે,ન્ટ્)A godly or holy person.સાધુ; મુનિ;સન્ત;ઋષિ;મહાત્મા;પુણ્યજન.2 One canonized by the church. રોમન કૅથોલિક મત પ્રમાણે સાધુની પંક્તિમાં-પદ્વીમાં દાખલ કરેલો માણસ. 3. One of the blessed in heaven. સ્વર્ગવાસ પામેલો પુણ્યશાળી પુરૂષ; સ્વર્ગવાસી પુણ્યાત્મા -*vt.* To canonize; to make a saint of. સાધુ બનાવવો; સાધુની પંક્તિમાં દાખલ કરવું. [L. *sanctus*, sacred.]

Sainted, *a.* (સે,'ન્ટિડ્)Consecrated;sacred; pious; holy. ભક્ત; પવિત્ર; પુણ્યાત્મા; સાધુ; ધર્માત્મા; પાવન. 2, Gone to heaven.સ્વર્ગવાસી.

Saint-like,Saintly, *a.*(સે,'ન્ટ્લાઇક્,સે,'ન્ટ્લિ) Like a saint; becoming a holy person. સાધુ જેવું; ઋષિ જેવું; પાવન; પવિત્ર; ચોકખું;વિમલ.

Saintliness, *n.* સાધુત્વ;સાધુપણું; સંતપણું.

Sake, *n.* (સે,ક્) Purpose; cause; motive; account. હેતુ; કારણ; પ્રયોજન; નિમિત્ત; કામ; અર્થ; ખાતર. **For one's sake,** ને માટે-કાજે-વાસ્તે-સારૂ; આત્માર્થે. 2. Japanese liquor made from rice. જાપાન દેશનો એક જાતનો દારૂ.

Sal, *n.* (સૅલ્) Salt; a word used in chemistry. મીઠું; ખાર; ક્ષાર. **Sal ammoniac,** ammonium chloride. નવસાર;નવસાગર.

Salaam, *n.* (સલા'મ) Oriental salutation. સલામ; કુર્નિસ; જમણી હથેળી કપાળ ઉપર મૂકી માથું નમાવવું તે.

Salacious, *a.*(સૅલે',શસ્) Lecherous; lusty; passionate. કામી; વિષયી; લંપટ; કાછડી છુટું. [L. *salio*, I leap.]

Salad, *n.* (સૅ'લડ્) Uncooked herbs, dressed with salt, oil, vinegar; or spices, and eaten as a relish. મીઠું, રાઇ, તેલ, સરકો વગેરેની સાથે મેળવેલી ભાજી; કચુંબર; ચટણી; ચટાકો.

Salamander, *n.* (સૅ'લમૅન્ડર્) A small lizard-like animal, supposed to live in fire. એક જાતની ધીરોડી; ઘરોળી. 2. A large poker. તજેથો; તાવેથો;તવેતો.3. A utensil of metal for frying or roasting. લોઢી; તાવો; તવો; કઢઇ. A lover of heat. ઉષ્ણતાપ્રેમી.

Sal-ammoniac, *n.* (સૅ'લ્ ઍમ્મો'નિઍક્) Ammonium chloride. નવસાર, નવસાગર.

Salary, *n.* (સૅ'લરિ) Pay; wages; stipend; hire; a stated allowance. દરમાયો; પગાર; વેતન; મહિનો; અવેજ; તનખો; વર્ષાશન; સાલીયું; વરસુંત.-*vt.* To pay a salary to one. ને પગાર-દરમાયો આપવો. **Salaried,** *a.* From

salary.પગાર ખાનાર;દરમાયો ખાનાર;બાંધ્યા પગારનું. [L. *salarium*, Fr. *salaire*, salt money.]

Sale, *n.* (સે,લ્) The exchange of a commodity for money; act of selling. વકરો; વિક્રય; વેંચાણ. 2. Public transfer to the highest bidder; exposure of goods in a market; auction. લીલામ; હરાજી. 3. Demand; opportunity of selling. ઉઠાવ; ઉપાડ; ઘરાકી, ખપ; ખપત. **Bill of sale**. વેંચાણ કબાલો.–°**able**, *a.* Fit for selling. વેંચાય તેવું: જલદી વેંચાઇ જાય તેવું.

Salep, *n.* (સૅ'લપ્) Nutritive meal from dried tubers of some orchidaceous plants. સાલમ, સાલેમિશ્રિ. [Ar. *saleeb.*]

Salesman, *n.* (સે,'લ્સમન્) A person engaged in selling goods in a shop; one who sells anything. વેંચનાર; મારફતીયો;દલાલ; આડતિયો; વેંચાણ કરનાર.

Salic, *a.* (સૅ'લિક્) A term applied to a law in France, which excludes females from the throne. પુરૂષોનેજ રાજગાદી મળે તેવો (ફ્રાન્સ દેશનો કાયદો.) [Fr. *salique.*]

Salient, *a.* (સે',લિઅન્ટ્) Jumping; leaping. કૂદકા મારતું; કૂદતું; ઠેકડા મારતું; છલંગ મારતું. 2. Conspicuous; prominent; forcing itself on the notice. મુખ્ય; પ્રમુખ; પ્રધાન; વિશિષ્ટ,બહાર પડતું. 3. Shooting out; projecting; springing. બહાર પડતું-નિકળતું; દેખાઈ આવતું; મુખ્ય.

Salient angle, બહાર પડતો ખુણો. [L. *salio*, I leap.]

Salify, *vt.* (સૅ'લિફાઇ) To form into a salt by combining an acid with a base. નું મીઠું બનાવવું; ખાર બનાવવો. 2. To mix with a salt. મીઠા સાથે મેળવવું; આથવું. [L. *sal*, salt.]

Salimeter, *n.* (સૅ'લિમિટર્)An instrument for measuring the amount of salt present in any given solution. કોઇપણ મિશ્રણમાં કેટલું મીઠું છે તે માપવાનું યંત્ર. [Gr. *metron*, a measure.]

Saline, *a.* (સે,'લાઇન્) Impregnated with salt; containing salt. મીઠાવાળું;ખારૂં;લવણયુક્ત; નિમકવાળું. *n.* A salt spring. ખારો ઝરો; ખારા પાણીનો ઝરો.

Saliva, *n.* (સલા'ઇવ) Fluid, secreted by certain glands of the mouth; spittle. થૂંક; લાળ; અમી; મુખરસ.

Salivary, *a.* (સૅ'લિવરિ) Pertaining to saliva. થૂંક-મુખરસ-લાળ-સંબંધી.

Salivate, *vt.*(સૅ'લિવે,ટ) To produce unusual secretion of saliva. મ્હોં આણવું; મ્હોં લેવું; લાળ છૂટવી.

Salivation, *n.* (સૅલિવે,'શન્) An excessive flow of saliva. ઘણું થૂંક આવે તે;લાળ ગળવી તે.

Sallow, *n.* (સૅ'લો,) A shrub of the willow kind. એક જાતનું ઝાડ. *a.* Of a pale, sickly colour; of a yellowish colour. પીળાશ પડતું; ફિક્કું; પીળું; પાંડુ વર્ણનું.

Sally, *vi.* (સૅ'લિ) To burst forth; to issue suddenly; to leap or rush out. એકદમ કુદકો મારીને, ધસારો કરીને નિકળવું તે. ધસી આવવું તે. *n.* A leaping forth.કુદકો; છલંગ. 2.A sudden bursting forth from a besieged place.શત્રુએ ઘેરેલી જગ્યામાંથી કરેલો એકદમ ધસારો;છાપો.3. A flight of fancy.મનનો તરંગ;તોર.4. Digression; range.આડે રસ્તે મારેલો આંટો; વિષયાંતર. 5. A going beyond the limits of soberness.રંગની લહેરમાં મર્યાદાની બહાર જવું તે; અતિવિલાસ; આવેગ; વિભ્રમ. [L. *salio*, I leap.]

Sally-port, *n.* (સૅ'લિપોર્ટ્) A postern or passage, to afford egress to troops in making a sally. છાપો મારવા નિકળવાની ચોર બારી; છુપો રસ્તો; નિર્ગમદ્વાર.

Salmon, *n.* (સૅ'મન્) A large fish, with excellent flesh of a pinkish-orange colour. એક જાતની માછલી. [L. *salio*, I leap.]

Saloon, *n.* (સૅલૂ'ન્) A spacious apartment for the reception of company or for works of art. ભપકાદાર દિવાનખાનું; રંગ મહેલ. 2. Luxurious railway carriage. આગગાડીમાં તાલમેલ કરેલ સુશોભિત ડબ્બો. 3.A large cabin in a ship. આગબોટમાં સગવડવાળી ઓરડી. [L. *solum*, ground. Fr. *salon*, a hall.]

Salt,*n* (સૉલ્ટ્) A substance, used for seasoning and preserving meat &c. the sodium chloride.મીઠું;લવણ;નિમક;ક્ષાર; લુણ; ખાર; રામરસ; સબરસ 2.Piquancy; wit. મીઠું મરચું; સ્વાદ; તમતમાટ.3.Marshes flooded by the tide.ખારોપાટ. ખાજણ. 4. Flavour; taste. સ્વાદ; રસ;લ્હેજત. 5. An old sailor. ઘડાએલો, કસાએલો ખારવો. 6.A salt cellar. મીઠાખાનું; નિમકદાની. **Rock salt** સિંધવ; સૈંધવ; સિંધવલુણ. **Sachal salt** સંચળ; સંચળખાર. **Salt, formed into large crystals**, વડાગડું, વડાગરૂં મીઠું. **Salt formed into small crystals**, ઘસીયું મીઠું -*a.* Impregnated with salt; abounding in or containing salt. ખારૂં; ખારવાળું; મીઠું દીધેલું; મીઠામાં આથેલું 2. Pungent; sharp; bitter. તીખું; સખત. 3. Salacious. અતિ વિષયી; કામી. *vt.* To sprinkle or season with salt.

મીઠું ભભરાવવું; મીઠામાં આથવું; મીઠામાં નાખવું. **To be worth one's salt,** to be worthy of one's hire. મહેનતાણાને છાજે તેવું થવું; યોગ્ય થવું-લાયક,નિમકહલાલ થવું. **To salt a mine,** to sprinkle it with a little of the precious metal, in order to obtain a high price. અજાણ્યા માણસ પાસેથી વધારે કીમત મેળવવાને ખાણમાં થોડી કીમતી ધાતુ નાખવી તે.-નું મીઠું બંધાવું [L. *sal*, salt.]

Saltation, *n.* (સૅલ્ટે,'શન્) A jumping; a dancing; a leaping. છલંગ; કુદકો; છલંગ મારવી તે. 2. Sudden transition or movement. એકાએક-ઓચિંતો-અણધાર્યો ફેરફાર. 3. Palpitation or beating. ધબકારો; ધડકવું તે. *L. salio*, I leap.]

Salt cellar, *n.* (સૉ'લ્ટ-સેલર્) A vessel to hold salt at table. નિમકદાની; મીઠાખાનું.

Salted, *a.* (સૉ'લ્ટિડ્) Seasoned with salt. આથેલું; મીઠું દીધેલું.

Salter, *n.* (સૉ'લ્ટર્) One who salts; one who sells salt. મીઠું પાનાર; મીઠાનો વેપારી; અગરીઓ

Saltish, Salty, *a.* (સૉ'લ્ટિશ સૉ'લ્ટિ) Somewhat salt. થોડું ખારૂં; ખારાશ પડતું.

Salt-mine, *n.* (સૉ'લ્ટ્ માઇન્) A mine which yields rock-salt. સિંધવની ખાણ.

Salt-pan,pit, *n.* (સૉલ્ટ્-પૅન્,-પિટ્) A pit yielding salt. મીઠા અગર; મીઠાનો અગર.

Saltpetre, *n.* (સૉલ્ટપી'ટર્) Nitre; potassium nitrate. સુરોખાર; યવખાર.

Salt-work, Saltern, *n.* (સૉ'લ્ટ વર્ક-સૉ'લ્ટર્ન્) A place where salt is made. મીઠું બનાવવાનું કારખાનું-જગ્યા-ઠેકાણું; અગર.

Salubrious, *a.* (સૅલ્યૂ'બ્રિઅસ્) Healthy, healthful, promoting health. નિરોગી; શરીરને ગુણકારી; આરોગ્યવર્ધક; તંદુરસ્તી વધારે તેવું; પથ્યકર; પૌષ્ટિક; તંદુરસ્ત. [L. *salus*, health.]

Salutary, *a.* (સૅ'લ્યુટરિ) Wholesome; healthful. શરીરને ગુણકારી; આરોગ્યવર્ધક. 2. Beneficial; profitable; advantageous. સુખકારી; હિતકારી; ફાયદાવાળું; લાભકારી. [L. *salus*, health.]

Salutation, *n.* (સૅલ્યુટે,'શન્) The act of saluting; a greeting. સલામ; રામરામ; જુવાર; નમસ્કાર; સાહેબજી; જેગોપાળ; પ્રણામ; અભિવંદન; જયગુરૂ.

Salute, *n.* (સૅલ્યૂ'ટ) A greeting; a bow; a kiss. સલામ; નમસ્કાર; જુવાર; જેગોપાળ, રામરામ; તોપના અવાજથી સત્કાર; બોકી; બચ્ચી.-*vt.* To address with expression of kind wishes; to hail; to greet. ક્ષેમ-કુશલ સહીસલામતી પુછવી; જુવાર, રામરામ કહેવા. 2. To show honour to by discharge of cannon. તોપ છોડી માન આપવું; તોપ છોડી સલામી આપવી. 3. To kiss. બોકી દેવી; બચ્ચી કરવી; બક્કીભરવી. 4. To greet by some act. મુબારકબાદી આપવી; સત્કારકરવો; અભિવંદન કરવું.-*vi.* To perform a salutation; to greet each other. સલામ કરવી; એકબીજાને નમન કરવા-રામરામ કરવા-જુવાર કરવા. [L. *salutis*, health.]

Salvage, *n.* (સૅ'લ્વેજ્) Saving of a ship or its cargo, from loss by wreck or capture. વહાણને અથવા તેમાંના સરસામાનને-માલને, દરિયાના સરસામાનને-માલને, સંકટમાંથી બચાવવું તે. 2. A reward allowed by law for the saving of a ship or goods from loss at sea. દરિયામાં ડુબતા જાનમાલનું રક્ષણ કરનારને ઇનામ. 3. Property saved from peril. વહાણનો નાશ થતાં ઉગરેલો માલ. [L. *salvus*, safe.]

Salvation *n.* (સૅલ્વે,'શન્) The saving of the soul; preservation from destruction, danger or calamity. મુક્તિ; મોક્ષ; બચાવ; રક્ષણ; પરિમાણ; સંરક્ષણ. 2. That which saves, the cause of saving. બચાવનાર; તારકશક્તિ; બચાવનારી શક્તિ. 3. Deliverance from sin and its consequences and admission to heaven brought about by Christ. ઉદ્ધાર; સદ્ગતિ; છુટકો; પરમપદ. **Salvation army,** મુક્તિફોજ. [L. *salvus*, safe.]

Salve, *n.* (સાવ્-સૅલ્વ્) A healing ointment for sores and wounds. મલમ; મલમપટ્ટો; લેપ; અંજન. 2. A remedy. ઉતાર; વારણ; ઉપાય; ઇલાજ; શાંતિ. *vt.* To apply salve to. ને મલમપટ્ટી લગાડવી. 2. To remedy; to cure. ને મલમપટ્ટી કરી રૂઝવવું; મટાડવું; લેપ કરી મટાડવું; શાંતિ આપવી. 3. To save a ship or cargo from destruction. સમુદ્રના સંકટમાંથી વહાણ તથા માલનું રક્ષણ કરવું.

Salver, *n.* (સૅ'લ્વર્) A kind of tray or waiter for table service. કથરોટ; થાળ; તબક; છાબડી.

Salvo, *n.* (સૅ'લ્વો,) An excuse; a reservation; an exception. અપવાદ; બહાનું; માફીનું સબબ; શરત; બારી. 2. A military or naval salute; a volley લશ્કરી અથવા દરિયાઈ સલામીને માટે તોપોના સાથે લાગા અવાજ કરવા તે; વૉલી; બહાર.

Sal volatile, *n.* (સૅલ વૉ'ટિલિ) ભાનમાં લાવવાની દવા; નવસાર.

Salvor, *n.* (સૅ'લ્વર્) દરિયા પર બચાવનાર માણસ કે વહાણ.

Samaritan, *n.* (સમૅ'રિટન્) પરગજુ, પરોપકારી જણ; સમેરિયાનું.

Sambo, *n.* (સૅ'મ્બો) The offspring of a Negro and Indian parents. જેનાં માબાપ એકજ જાતનાં ન હોય તે માણસ; સીદી અને હિંદી માબાપથી જન્મેલો માણસ.

Same, *a.* (સે,મ્) Not different or other; identical. એજ; તેજ; એકનું એક; એનું એ; તેનું તે; અભિન્ન. 2. Similar; like. સરખું; એવું ને એવું; એનું એ; તેવુંજ. 3. Just mentioned or denoted. સદરહુ; મજકુર; એ; આગળ કહેલું તે; પૂર્વોક્ત. Always preceded by "the", "this" or "that" &c. **Of the same kind,** સમરૂપ. **Of the**

same age, એકવયનું; બરોબરીનું. [L. *similis*, like.]

Sal volatile, *n.* (સૅલ્વલૅ'ટિલિ) ભાનમાં લાવવાની દવા; નવસાર.

Salvor, *n.* (સૅ'લ્વર) દરિયાપર બચાવનાર માણસ કે વ્હાણ.

Samaritan, *n.* (સમૅ'રિટન્) પરગજુ, પરોપકારી જણ; સમેરિયાનું.

Sameness, *n.* (સે,'મ્નિસ્) Similarity; want of variety; the state of being perfectly alike. એકજપણું; સરખાપણું; અનન્યતા; તદ્રુપતા; સમભાવ; સમતા; સામ્ય.

Samite. *n.* (સૅ'માઇટ) An old rich silk stuff, interwoven with gold or embroidered. મધ્ય કાળના વખતનું સોનાના તાર સાથે વણેલું અથવા સોનાના તારથી ભરેલું રેશમી કપડું.

Samphire, *n.* (સૅ'મ્ફાયર) A cliff-plant, with fleshy leaves, used in pickles. એક જાતની દરિયાઈ વનસ્પતિ; મર્યાદ, હદવેલ.

Sample, *n.* (સૅ'મ્પલ) A specimen. નમુનો; વાનગી; માસલો; ચાસણી. 2. A pattern; example. દાખલો; ઉદાહરણ; દૃષ્ટાંત.–*vt.* To take or give a sample. વાનગી-નમુનો લેવો-આપવો. 2. To equal. ની બરોબર બનાવવું; સરખું કરવું. [Fr. *essample*, example.]

Sampler, *n.* (સૅ'મ્પ્લર) A collection of needle-work patterns. ભરતકામના નમુના. 2. One who samples. કાઢનાર-બનાવનાર-તપાસનાર-બતાવનાર. 3. Young tree left standing, when others are cut down. ઝાડ કાપી નાંખતાં બાકી રહેલું કુમળું ઝાડ.

Sampson's-post, *n.* (સૅ'મ્પ્સન્સ-પો,સ્ટ) A strong pillar, used in a ship for various purposes. વહાણમાં ઉપયોગમાં આવતો એક મજબુત થાંભલો-ડોળ.

Sanative, } *a.* (સૅ'નેટિવ્. (સૅ'નેટરિ) Healing; curing; conducive
Sanatory, } to health. રોગ મટાડે એવું; આરોગ્યવર્ધક; રોગ નાશક; તંદુરસ્તીને લગતું; શરીરસંરક્ષક; શરીરસંબંધી સારૂં-ફાયદાકારક. **Sanitary,** *a.* લોકોની આરોગ્યતાનું રક્ષણસંબંધી. **Sanitation,** *n.* આરોગ્યવ્યવસ્થા; આરોગ્ય. **Sanatorium,** સારાં હવાપાણીની જગ્યા; અરોગ્યસ્થળ; આરોગ્યવર્ધક સ્થળ. [L. *sanus*, healthy.]

Sanctifier, *n.* (સૅ'ન્ક્ટિફાયર) One who makes holy. પવિત્ર, શુદ્ધ; નિર્મળ, પાવન કરનાર; પવિત્રાત્મા.

Sanctify, *vt.* (સૅ'ન્ક્ટિફાઇ) To make holy or sacred. પવિત્ર, પાવન કરવું; ગણવું; ઇજવું. 2. To set apart for holy purpsoes. ધર્મના કામને વાસ્તે જુદું કાઢવું, નિર્માણ કરવું. 3. To make free from sin; to purify. પાપમુક્ત, પાપહીન કરવું; પાપધ્વંશ કરવો. 4. To consecrate. યોગ્ય સંસ્કારવિધાનથી પવિત્ર કરવું-ની પ્રતિષ્ઠા કરવી. 5. To impart inviolableness to. અલંઘ્ય કરવું; કાયમ-મંજુર કરવું; રાખવું. 6. To make the means of holiness. પુણ્યકર્મ તરીકે નિયોજવું; પવિત્ર થવાનું સાધન કરવું. [L. *sanctus*, holy & *facio*, I make.]

Sanctimonious, *a.* (સેન્કટિમો,'નિઅસ્) Possessing sanctity. પવિત્ર; પવિત્રતાવાળું; સાધુ; પરમ પવિત્ર. 2. Having the appearance of sanctity; affecting saintliness. પાકી ભક્તિનો ડોળ ઘાલનારૂં; દંભી; ડોળી; ઢોંગી; કપટ ધર્મી; બગભગત; બકધ્યાની –°**ness,** *n.* Devoutness. ભક્તાઈ; પવિત્રતાનો ડોળ, ઢોંગ.

Sanction, *n.* (સૅ'ન્ક્શન્) Confirmation; ratification; authority. આધાર; રજા; મંજુરી; બહાલી; પરવાનગી; આશ્રય; મંજુરીઆત; અનુમોદન. 2. Penalty incurred by the breach of a command. કાયદા વગેરેને અમલમાં લાવવા ઠરાવેલા ઉપાય-શિક્ષા. *vt.* To ratify; to approve; to confirm. મંજુર-બહાલ-કાયમ કરવું; રાખવું; અનુમોદન આપવું. [L. *sanctum*, sacred.]

Sanctitude-Sanctity, *n.* (સૅ'ન્ક્ટિટ્યુડ્-સૅ'ન્કટિટિ) Holiness; godliness. પવિત્રતા; અંતઃશુદ્ધિ; શુદ્ધવૃત્તિ; સાધુતા. 2. Sacredness; inviolability; saintliness. પવિત્રતા નિર્મલતા. અનુલ્લંઘનીયતા. [L. *sanctus*, holy.]

Sanctuary, *n.* (સૅ'ન્ક્ચ્યુઅરિ) A sacred or consecrated place. પવિત્ર, દેવાર્પિત જગ્યા; દેવળનો ગભાર; દેવ, નિજમંદિર; દેવાલય. 2. A church. દેવળ; મંદિર; પૂજાગૃહ. 3 A place of shelter or refuge. નિર્ભયસ્થાન; આશ્રયસ્થાન; રણભૂમિ. 4. The most retired part of the temple at Jerusalem. જેરૂસલેમ શહેરમાં યાહુદી લોકોના દેવળમાંનો અતિ પવિત્ર ભાગ. ગભાર. 5. The part of the church, where altar is placed. રોમન કૅથલિક દેવળમાં યજ્ઞભૂમિ; વેદિ. 6. The temple at Jerusalem. જેરૂસલેમ શહેરમાં યાહુદી લોકોનું દેવળ. [L. *sanctus*, holy.]

Sanctum, *n.* (સૅ'ન્ક્ટમ્) A sacred place. પવિત્ર જગ્યા, સ્થાન. 2. A private retreat or room. એકાંત સ્થળ; એકાંત જગ્યા, વાસ.

Sand, *n.* (સૅન્ડ) Any mass or collection of fine particles of stone. રેત; રેતી; વાલુ; વાલુકા; વેળુ. 2. Period of life. આયુષ્ય; આવરદા. આયુષ્. 3. A measured interval. ટુંકો અંતર. 4. A moment. પળ; ક્ષણ. 5. (*pl.*) Sandy tracks of land. રેતીનાં મેદાન; રણ. *vt.* To sprinkle with sand. રેતી ભભરાવવી, નાંખવી.

2. To drive upon a sand-bank. રેતીના ખડક, ઢગ ઉપર વહાણ ચઢાવી દેવું [L. *sabulum*, grave.]

Sand-bank, *n.* (સૅ'ન્ડ્-બૅંક્) A bank of sand, formed by tides or currents. દરિયામાં રેતીનો ખડક, ટેકરો, ખરાબો.

Sandal, *n.* (સૅ'ન્ડલ્) A shoe or slipper worn by monks &c. પાવડી; ચંપલ; પાદુકા; એક જાતનો માત્ર તળીઆવાળો જોડો.[L. *sandalium.*]

Sandal-Sandalwood, *n.*(સૅ'ન્ડલ્-સૅ'ન્ડલ્-વુડ્) Kinds of scented wood (white, red, yellow, S. W.) સુખડ; ચંદન; મલયાગર; સુખડનું ઝાડ; ચંદનવૃક્ષ. **Red Sandalwood** રતાંજળી.

Sanda-rach, *n.* (સૅ'ન્ડ-રૅક્) A kind of resin, used in preparing spirit, varnish and pounce. વાર્નીસ વગેરે બનાવવામાં વપરાતી રાળ. 2. Red sulphide of arsenic. ચંદ્રરસ.

Sand-box, *n.* (સૅ'ન્ડ્-બૉક્સ્) A box with perforated top for sprinkling sand over wet ink. રેતદાની; રજીઉં; રેતીઉં.

Sand-fly, *n.* (સૅ'ન્ડ્-ફ્લાઇ) A minute insect, whose bite is painful. એક જાતનું રેતીવાળા પ્રદેશમાં થતું મગતરા જેવું બહુ પીડાકારક જંતુ-જીવડું.

Sand-glass, *n.* (સૅ'ન્ડ-ગ્લાસ) A glass that measures time, by the running of sand, from one division of it to the other. ઘડીઆળની શીશી; રેતીનું ઘડીઆળ; કલાકની શીશી.

Sand-paper, *n.* (સૅ'ન્ડ-પે,પર) A paper, stuck with sand for polishing. એક બાજુ રેતી ચોટાડેલી એવો કાગળ; રેતીઓ કાગળ; પાલીસ કાગળ.–*vt.* To polish with sand paper. રેતીઆ કાગળથી સાફ કરવું, પાલીસ કરવું.

Sand-stone, *n.* (સૅ'ન્ડ્-સ્ટો,ન્) A stone composed of compressed grains of sand. અડદીઓ પથ્થર.

Sandwich, *n.* (સૅ'ન્ડ્વિચ્) [From the Earl of Sandwich.] Two thin slices of bread with meat, fish or the like between. માખણ ચોપડેલી રોટલીના બે કકડાની વચ્ચે મીઠું દીધેલો માંસનો કકડો; માંસ પોળી, વેડમી, ભજીયું.

Sandy, *a.* (સૅ'ન્ડિ) Consisting of or abounding in sand. રેતાળ;રેતીવાળું;રેતીનું. 2.Resembling sand. રેતી જેવું; રેતીના રંગનું.

Sane, *a* (સે,ન્)Healthy; not deranged.નિરોગી; સાજું; તનદુરસ્ત. 2. Sound in mind; not disordered. સાબુત મનવાળું; અક્કલ, હોંશિયારીવાળું;સાવચેત; શુધબુધ ઠેકાણે હોય તેવું;સાબુત; ડાહ્યું. [L. *sanus*, sound.]

Sang-froid, *n.* (સ્હાંફ્રૉ') Composure; coolness in danger or under agitating circumstances. શાન્તતા; શાન્તપણું; સહનશીલતા; નરમાશ; બેપરવાઈ.

Sanguiferous, *a.* (સૅ'ન્ગ્વિફ઼રસ્)Conveying blood. રક્તવાહક; રક્તવાહિની; લોહી લઈ જનારું. [L. *sanguis*, blood & *fero*, I carry.]

Sanguify, *vt.* (સૅ'ન્ગ્વિફ઼ાઇ) To produce blood. લોહી પેદા કરવું. [L. *sauguis*, blood.]

Sanguine,*a.*(સૅ'ન્ગ્વિન્)Blood-red.રાતું;લોહીના રંગનું; લાલચોળ. 2. Ardent; warm. હોંશીલું; ઉમંગી. 3. Abounding in blood.ઘણા ઉતાવળા લોહીવાળું.4.Anticipating the best; confident. ભારે ઉમેદવાળું; આશાભર્યું; સારા ફળની આશા રાખનાર; આશાપૂર્ણ. *n.*Blood-colour. રાતો રંગ; લોહીનો રંગ.2.Blood-stone.રાતો પથ્થર. *vt.* To stain with blood.લોહીઆળું કરવું; લોહીથી ખરડવું.

Sanguineous,*a.* (સૅન્ગ્વિ'નીઅસ્) Full-blooded;abounding with blood. ઘણા લોહીવાળું. 2. Of the colour of blood. લોહી જેવું લાલ. 3. Constituted of blood. રક્તજન્ય; લોહીમાંનું. 4. Of blood. લોહી વિષે, સંબંધી.

Sanhedrim, *n.* (સૅ'નહિડ્રિમ્) Highest court of justice among the Jews in Jerusalem. યાહુદી લોકની મોટી ધર્મ, ન્યાય સભા.

Sanies,*n.*(સૅ'નિઇઝ્)A thin reddish discharge from wounds or sores. ગુમડા-ચાંદા ઉપર ભરાતો પાતળો રસ-રસી.

Sanitary, *a.* (સૅ'નિટરિ) Pertaining to or designed to secure health; hygienic.લોકની આરોગ્યતાનું રક્ષણ કરે એવું; તનદુરસ્ત રાખે એવું; આરોગ્યકર. [L. *sanitus*, health.]

Sani(a)torium,*n.*(સૅ'નિટો'રિઅમ્)A health retreat; a sanatorium. આરોગ્યવર્ધક સ્થળ; શાન્તિભવન; સારાં હવાપાણીની જગ્યા. (Amer. forms).

Sanitation, *n.* (સૅનિટે,'શન્) The improving of sanitary conditions;hygiene.આરોગ્ય; આરોગ્યવ્યવસ્થા; તનદુરસ્તીની સાચવટ-જાળવણી; આરોગ્યવર્ધન.

Sanity, *n.* (સૅ'નિટિ) The state of being sane or of sound mind; saneness. મનનું સાબુતપણું, શુદ્ધિ; ચપળતા; ચાલાકી; સાબુતી; સાવચેતી; અક્કલહોંશિઆરી.

Sanskrit, } *n.* & *a.* (સૅન્સ્ક્રિટ્) The ancient
Sanscrit, } and sacred language of India. સંસ્કૃત ભાષા; ગીર્વાણભાષાનું.

Sap, *n.* (સૅપ્) The vital juice, circulating in plants. વનસ્પતિ રસ; ઝાડનો રસ-દુધ; ઝાડનું સત્વ. 2. A sap-wood. ઝાડની છાલ નીચેની ખાલ.–°**less**. *a.*Dry; withered. નીરસ; સુકું; નિર્માલ્ય; અસાર.–°**ling**. *n.* A young tree full of sap. રોપ; રોપો; નાનું કુમળું ઝાડ. [L. *sapo*, I taste.]

Sap, *vt.* (સૅપ્) To undermine; to make insecure by removing foundations.થી નીચે

ખોદવું; નીચેથી ખોદીને પાડવું; ખોદી નાંખવું; જડમૂળથી ઉખેડી નાખવું. 2. To mine. સુરંગ પાડવી-ખોદવી. 3. To subvert by removing foundation. (Fig.) નું મૂળ ખોદવું; ઉંધુ વાળવું; ની ખોદણી કરીને નુકસાન લગાડવું.-*vi.* Be studious at books. વિદ્યાભ્યાસી થવું. [L. *sapp*, juice.]

Sapid, *a.* (સૅ'પિડ્) Tasteful; savoury; palatable. સ્વાદિષ્ટ; સુરસ; મિષ્ટ; લહેજતદાર; સ્વાદવાળું.-*ns.* Sapidity; sapidness. સ્વાદ; લહેજત; રસ. [L. *sapio*, I taste.]

Sapience, *n.* (સે,'પિઅન્સ્) Sageness; wisdom. બુદ્ધિશાળીપણું; ચતુરાઇ; અક્કલ; દાનાઇ; બુદ્ધિ.

Sapient, *a.* (સૅ'પિઅન્ટ્) Sagacious; sage; wise. શાણો; ડાહ્યો; ચતુર; અક્કલમંદ; વિવેકી; બુદ્ધિશાળી 2. Overwise. દોઢડાહ્યું.

Saponaceous, *a.* (સૅપને,'શસ્) Having the qualities of soap; soapy. સાબુ જેવું; સાબુવાળું; સાબુજેવું ચીકણું. [L. *sapo*, soap.]

Saponify, *vt.* (સૅપો'નિફાઇ) To turn into soap by combination with alkali. ખારની સાથે ચરબી, તેલ વગેરે ભેળવીને સાબુ બનાવવો.-(*n.*) Saponification.

Sapor, *n.* (સૅ'પોર્) Taste; relish; savour. સ્વાદ; લહેજત; રસ. [L. *sapere*, to taste.]

Sapper, *n.* (સૅ'પર્) One who digs a trench. ખોદનાર; સુરંગ પાડનાર.-ખોદનાર-°**ment.** A German oath. (corrupt. of sacrament.) જર્મનલોકોનો.-સમ-સોગન.

Sapphic, *a.* (સૅ'ફિક્) Pertaining to Sappho, a Grecian poetess. સૅફો નામની ગ્રીસ દેશની કાવ્ય કારિણી-કર્ત્રીનું *n.* A Sapphic verse. સૅફો નામની કાવ્ય કર્ત્રીએ શોધી કહાડેલી કવિતાની કડી.

Sapphire, *n.* (સૅ'ફાયર્) A transparent blue precious stone. ઇંદ્રનીલ; નીલમણિ; નીલમ; શનિશ્વર-શનિ. 2. A bright blue colour; azure. પ્રકાશિત; વાદળીરંગ; હીરા માણેકનો રંગ.-*a.* Resembling sapphire; blue. નીલમાણના જેવું; શનિના જેવું. **Green Sapphire,** The emerald. લીલમ-નીલમ; પાનું. **Red S.** The ruby. માણેક; પદ્મરાગ. **Violet S.** The amethyst. યાકુત. **Yellow S.** The topaz. પોખરાજ; પુષ્પરાગ-રાજ [L. *sapphirus.*]

Sappy, *a.* (સૅ'પિ) Abounding with sap; juicy. રસભર્યું; રસમય; રસવાળું; લીલું. 2. Weak; young. નાનું; કુમળું; કાચું; અશક્ત; નબળું. 3. Hard-working; weak in intellect. સખ્ત મ્હેનતુ; મંદબુદ્ધિ; કમ અક્કલ-બુદ્ધિનું વાળું.

Saraband, Sarabande, *n.* (સૅરૅબૅન્ડ્) A slow Spanish dance in triple time. એક જાતનો સ્પેન દેશનો નાચ.

Saracen, *n.* (સૅ'રસન્) One of Arabic race. આરબ; મુસલમાન; અરબસ્તાનથી પશ્ચિમના મુલકમાંનો કોઈપણ મુસલમાન. [L. *saracenus.*]

Sarcasm, *n.* (સા'ર્કૅઝ્મ્) Bitter, or wounding remark; a taunt; a cutting jest. કઠોર-કરડું; સખત-આકરૂં વચન; મર્મવચન; આક્ષેપ; ટોક; ટપ્પો. [L. *sarkazo*, to tear flesh like dogs.]

Sarcastical, } *a.* (સાર્કૅ'સ્ટિકલ્) Bittorly
Sarcastic, } (સાર્કૅ'સ્ટિક્)
cutting; taunting. કડુ; કરડું; આકરૂં; કોવાડાના, કુહાડાના ઘા જેવું; મરડાટનું; ઉગ્ર; તીક્ષ્ણ.-°**ly,** *adv.* (સાર્કૅ'સ્ટિકલિ) In a sarcastic manner. કરડાશથી; ઘણા મરડથી.

Sarc(s)enet, *n.* (સા'ર્સૅનિટ્) A fine soft silk-cloth, used for lining &c. એક જાતનું ઝીણું રેશમી કપડું-લુગડું. [L. *saracenicum*, cloth made by Saracens.]

Sarcophagus, *n.* (સાર્કૉ'ફગસ્) A stone coffin; a tomb. પત્થરની બનાવેલી શબપેટી, કબર; એક જાતનો પત્થર. 2. *a.* Flesh-eating; carnivorous. માંસ ખાનારૂં, ભક્ષી; માંસાહારી. [Gr. *sarkos*, flesh, & *phagein*, eating.]

Sardine, *n.* (સાર્ડી'ન્) A small fish of the herring family. એક પ્રકારની ભૂમધ્ય સમુદ્રની માછલી. [Gr. *sarda*, from Sardinia.]

Sardonic, *a.* (સાર્ડૉ'નિક્) Denoting a kind of forced, bitter laugh; scornful; mocking. ઉપર-ઉપરનું ખાલી; બળાત્કારનું; વગરમનનું; પરાણે; પિશાચી. **Sardonic laugh**, પરાણે, પિશાચી હાસ્ય [Gr. *sardanios*, grinning.]

Sardonyx, *n.* (સારડૉ'નિક્સ્) An onyx with white layers, alternating with sard. પોખરાજ; ગોમેદ.

Sark, *n.* (સાર્ક્) A shirt; a chemise. ખમીસ; પહેરણ.

Sarsaparilla, *n.* (સાર્સપરી'લ) The roots of several plants of tropical America and East Indies, yielding a medicine. સારસાપરિલા નામનો છોડ તેનું મૂળ. સાલસ.

Sash, *n.* (સૅશ્) A silk band; a girdle; a scarf worn over the shoulder for ornament. સુશોભિત પટ્ટો; કમ્મર બંધ; ખેસ; સેલું; અંગવસ્ત્ર -*vt.* To dress or adorn with sash. ખેસ ઓઢવો; કમ્મરબંધ પહેરવો; ખેસ ઓઢાડીને સુશોભિત કરવું. [Per *shash*, a scarf.]

Sash, *n.* (સૅશ્) A frame of wood holding a pane of glass. બારીમાં કાચ જડવાનું લાકડાનું ચોકઠું.-*vt.* To furnish with sash windows. બારીમાં કાચ જડવાનું ચોકઠું કરવું ઘડવું; ચોકઠાદાર બારી કo. [Fr, *chasse*, a frame.]

Sassenach, *n.* (સૅ'સનક્) A Saxon; an Englishman. અંગ્રેજ-અંગ્રેજ-ઇંગ્રેજી-લોક.

Sat, *imp.* of *sit.* (સૅટ્) બેઠો; બેઠી; બેઠું.

Satan, *n.* (સે,'ટન્) The devil or the prince of darkness. સેતાન; ઇબલીસ; પાપી પુરુષ; કળિ.

Satanic, } *a.* (સૅટૅ'નિક-સટૅ'નિકલ્) Having the qualities of satan; wicked; devilish. સેતાનના જેવું; પાપી પુરુષ સંબંધી; સેતાની. [Heb. *satan*, an adversary.]
Satanical, }

Satchel, } *n.*(સૅ'ચલ્) A little sack or bag, hung from shoulder with a strap. નાની કોથળી; જોસ્તાન; જુગદાન; દફતર.[L. *sachus*, a bag.]
Sachel, }

Sate, *vt.* (સે,ટ્) To gratify to the full; to feed beyond natural desire; to glut; to satiate. ધરાય તેમ કરવું; તૃપ્ત કરવું;ભરપૂર કરવું; ધરાય ઓકાય (ઓચાય) જાય તેમ કરવું. 2. *imp.* of *sit.* બેઠો-બેઠી-બેઠું. [L. *satis*, enough.]

Sateen, *n.* (સૅટી'ન) A kind of glossy fabric resembling satin. સાટીન, અતલસના જેવું એક જાતનું કપડું.

Satellite, *n.* (સૅ'ટલાઇટ્) An obsequious dependant; underling. ખુશામતીયું માણસ; પુંછડું; આશ્રિત જન. 2. A planet revolving round another. ઉપગ્રહ.[L.*satelles*,a guard.]

Satiate,*a.* (સે,'શિએ,ટ્) Sated;glutted. ધરાઈ, ઓકાઈ ગએલું; તૃપ્ત થએલું. તૃપ્ત. *vt.* To satisfy the appetiteof; to feed to the full.સંતોકવું; તૃપ્ત કરવું.ભુખ મટાડવી.પોષવું(તોષવું.)2.To surfeit; to glut.ધરાઇ,ઓકાઇ(ઓચાઇ)જાય તેમ કરવું;ભરપૂર કરવું. **Men sated with the business of great cities.** મોટા શહેરોના ધંધાની ધમાલથી ધરાઈ ગએલાં માણસ.[L.*satis*,enough.]

Satin, *n.* (સૅ'ટિન્) A species of glossy silk. સાટી; સાટીન; અતલસ; જાડું રેશમી લુગડું. [L. *seta*, silk.]

Satire, *n.* (સૅ'ટાયર) A poem aimed at prevalent vices or follies. દુરાચરણ ઉપહાસક કવિતા; નિંદાત્મક કવિતા. 2. Sarcastic ridicule; trenchant wit; keen remark. કરડી-સખત-ટીકા; ઉપહાસ; મ્હેણું; નિંદા; આક્ષેપ; ઠોક. [L. *satur*, full.]

Satirical, } *a.* (સૅ'ટિરિકલ્) (સૅટી'રિક્) Belonging to satire. ઉપહાસક; નિન્દાત્મક; સાક્ષેપ; કરડું. 2. Severe in language; censorious. સખત; કરડું; નિન્દાખોર; નિંદક; માર્મિક; છિદ્ર-દૂષણદર્શક-નિંદક.
Satiric, }

Satirist, *n.* (સૅ'ટિરિસ્ટ્) A writer of satires. ઉપહાસકાવ્ય રચનાર; નિંદક, કરડું બોલનાર-લખનાર.

Satirize, *vt.* (સૅ'ટિરાઇઝ્) To assail with satire; to censure with keenness. નિંદક કવિતા લખવી; સખત ટીકા કરવી; ની ધુળ કાઢવી.

Satisfaction, *n.* (સૅટિસ્ફૅ'ક્શન્) Contentment;gratification. સંતોષ;તૃપ્તિ; મનનું સમાધાન; પતીજ; ખાતરી. 2. Compensation;atonement. નુકસાન ભરી આપવું તે; નુકસાનીનો બદલો-અવેજ. 3. Settlement of claim due; payment. ચુકાદો; ફડચો; નિકાલ; પતાવટ; બદલો; અવેજ. 4. That which satisfies. સંતોષ કરનાર પદાર્થ, મન વાળવાનું કારણ; સંતોષ. [L. *satis*,enough, & *facio*, I make.]

Satisfactory, *a.* (સૅટિસ્ફૅ'ક્ટરિ) Giving content; producing satisfaction. સંતોષકારક; મનમાનતું; સમાધાનકારક, ખાતરીલાયક. 2. Relieving the mind from doubt. સંશયભંજક; સંદેહભંજન; મનનું સમાધાન કરે તેવું.-**Satisfactorily,** *adv.* (સૅટિસ્ફૅ'ક્ટરિલિ) With satisfaction. સંતોષપૂર્વક; સંતોષકારક રીતે.

Satisfy, *vt.*(સૅ'ટિસ્ફાય)To gratify fully the wants, wishes or desires of; to content. તૃપ્ત-સંતુષ્ટ કરવું; સંતોકવું; ખુશ રાજી રાખવું-કરવું. 2. To free from doubt; to convince. ખાતરી કરી આપવી; શંકા વગેરેને દૂર કરવી; ખુલાસો કરવો. 3. To give what is due to; to comply with the rightful demands of.નું મન મનાવવું; રાજી રાખવું; સંતોકવું. 4. To discharge as a debt, or claim. પતાવવું; ચુકવવું;આપવું;વાળવું; ફડચો-તોડ-નિકાલ કરવો-લાવવો-કાઢવો.5.To clear as doubts.નું સમાધાન કરવું. (શંકા વગેરે) દૂર કરવી. [L. *satis*, enough & *facio*, I make.] *vi.* To give satisfaction or content. તૃપ્ત; સંતુષ્ટ કરવું.

Satrap,*n.*(સે,'ટ્રૅપ્) A holder of provincial governorship. સુબો, નવાબ [L. *satrapes.*]

Satrapy, *n.* (સે,'ટ્રપિ) The government or jurisdiction of a satrap. સુબાના તાબાનો મુલક; સુબાગીરી.

Saturate, *vt.* (સૅ'ચ્યુરે,ટ્) To impregnate, to soak thoroughly; to satiate. સારી પેઠે પલાળવું; ભીંજવવું. સારી પેઠે ભરવું; તરબોળ કરવું. *a.* Being full; saturated. ભીંજવેલું; પલાળેલું. [L. *satur*, full of food.]

Saturation, *n.* (સૅચ્યુરે,'શન્) The state of being saturated. સારી પેઠે ભીંજવાએલું તે; પરિપૂરણ.

Saturday, *n.* (સૅ'ટર્ડિ) The seventh or last day of the week. શનિવાર, મંદવાસર-વાર.

Saturn,*n.*(સૅ'ટર્ન્)Italic god of agriculture. પ્રાચીન રોમન લોકનો એક દેવ. 2. One of the planets smaller than Jupiter. શનિ;શનિશ્ચર. 3.The metal lead.સીસું.[L.*saturnus*,to sow.]

Saturnalia, *n.* (સૅટર્ને,'લિઍ) An ancient roman festival of Saturn in December.રોમન

લોકનો ડિસેમ્બર મહિનામાં હોળીના જેવો બીભત્સ ઓચ્છવ-પર્વ; શનિ મહોત્સવ. Any period of noisy licence and revelry. મોઝમઝા તથા બીજી જાતની ગમતો કરવાનો વખત-સમય.

Saturnalian, *a.* (સૅટર્ને,'લિઅન્) Pertaining to the saturnalia. રોમન લોકના ઓચ્છવને લગતું; સંબંધી. 2. Merry; loose; dissolute. રમતીઆળ; રમુજી; ગમતી; તોફાની; વિષયી.

Saturnian, *a.* (સૅટ'ર્નિઅન્) Pertaining to Saturn, whose age or reign was called, "The golden age." શનિદેવતાસંબંધી. રામરાજ્ય જેવું; સત્યયુગ જેવું-સંબંધી.

Saturnine, *a.* (સૅ'ટર્નાઇન્) Supposed to be under the influence of the planet Saturn. શનિની દશાગ્રસ્ત. 2. Dull; heavy; grave. મંદ; જડ; ભારે; ધીમું; થંડું. [L. *saturnus*, the god Saturn.]

Satyr, *n.* (સૅ'ટર્) A mythological demi-god, in human form with goat's ears and tail and legs. એક કલ્પિત વનદેવતા (જેનો ઉપલો ભાગ માણસ જેવો અને નીચલો ભાગ બકરા જેવો હોય તેવો). 2. Lustful or beastly minded man. માતેલો અથવા પશુ-ઢોરના જેવી બુદ્ધિવાળો માણસ. [L. *satyrus*, a kind of monkey.]

Sauce, *n.* (સૉસ્) A mixture to be eaten with food, for improving its relish. મુખ્ય ભોજનની સાથે સ્વાદને માટે ખાવાનું શાક-ભાજીયું-ચટણી-પાપડ-અથાણું વગેરે; ચટાકો; મુરબ્બો. 2. Insolence; pertness. અવિનયતા; ઉદ્ધતાઇ; આડાપણું.-*vt.* To supply with appetising condiments. જોડે સ્વાદની ચીજો રાખવી-મૂકવી. 2. To season. મસાલો નાંખવો; સ્વાદિષ્ટ કરવું; લહેજતદાર કરવું; તીખુંતમતમું કરવું. 3. To render attractive. સ્વાદવાળું કરવું; રસિક કરવું; દીપાવવું. 4. To treat with pert language. અવિનય-ઉદ્ધત વર્તન રાખવું; બેઅદબ-બેશરમ થવું -**boat.** શાક-ચટણી વગેરે રેડવાનું, નાખવાનું વાસણ; ઝારી; બદનો; કમંડલું. [L. *salsus*, salted.]

Sauce-pan, *n.* (સૉ'સ્-પૅન્) A metal vessel, to make sauce in. વાડકી; તપેલી; નાની કડાઇ; ગરમું.

Saucer, *n.* (સૉ'સર્) A small China plate, to hold the tea cup. રકાબી; તબકડી. 2. Something resembling a saucer. કથરોટ; ટાટ, તાસક, નાની થાળી; ઢાંકણું.

Sauciness, *n.* (સૉ'સિનિસ્) Impudence; pertness. ઉદ્ધતાઇ; બેઅદબી; ફાટેલ, બેમરજાદપણું; ચઢાઉપણું.

Saucy, *a.* (સૉ'સિ) Impudent. ઉદ્ધત; ચઢાઉ; ફાટેલ. 2. Rude, pert. ફાટેલ, બેમરજાદ; નિર્લજ્જ; ચબરાક; ચબાબલું.

Saunter, *vi.* (સૉ'ન્ટર્) To walk in a leisurely way; to loiter; ભમવું; રખડવું; રઝળવું; આળસાયા કરવું. *n.* A sauntering place. રઝળવાની જગ્યા.

Saunterer, *n.* (સૉ'ન્ટરર્) A wanderer. રખડનાર; રઝળનાર; આળસ્યા કરનાર.

Saurian, *n.* (સૉ'રિઅન્) One of the order of scaly reptiles of which the lizard is a type. ધીરોળીની જાતનાં પ્રાણી. [Gr. *sauros*, a lizard.]

Sausage, *n.* (સૉ'સેજ્) An article of food, made of minced or chopped meat. જનાવરના આંતરડાંના કટકાની કરેલી કોથળીમાં, ગુંદી અને તેમાં મસાલો નાંખી ભરેલું માંસ; કુલમો.

Sauve-qui-peut, *n.* (સો,વ્કીપ'ર્) આપ આપકી સમાલીયોનો વિગ્રહ, લડાઈ; સ્વાર્થતંત. [Fr. = Let him find safety who can.]

Savage, *a.* (સૅ'વિજ્) Pertaining to the forest; wild; uncultivated. જંગલી; વગડાઉ; રાની; જંગલી. 2. Uncivilized; rude. અણઘડ; ગમાર જેવું; અસભ્ય. 3. Cruel; brutal. ક્રૂર; વિકરાળ; ઘાતકી; નિર્દય; દારૂણ, *n.* A human being in his native state of rudeness. જંગલી; અણઘડ, અસલ માણસ. અસભ્ય; ગમાર જેવું માણસ; ક્રૂર, નિર્દય માણસ. 2. A brutally cruel or barbarous person. રાક્ષસ; દૈત્ય; નિર્દય-ક્રૂર માણસ. [L. *silva*, a wood.]

Savanna, } *n.* (સેવૅ'નૅ) A treeless
Savannah, } grassy plain. ઝાડ વગરનું ઘાસવાળું મેદાન-પાધર.

Savant, *n.* (સ્હૅ'વાં) A man of learning. A man of science. પંડિત; વિદ્વાન; મહાપંડિત; વિદ્વજ્જન. [L. *sapere*, to be wise.]

Save, *vt.* (સેવ્) To protect, to bring out of danger. બચાવવું; રક્ષણ કરવું; ઉગારવું; સલામત રાખવું. 2. To rescue from sin and eternal death. પાપ અને તેની સજા શિક્ષામાંથી મુક્ત કરવું; મોક્ષ આપવો. 3. To obviate. અટકાવવું; ન થવા દેવું. 4. To reserve; to hoard. ઉગારવું; બચાવવું સંગ્રહ કરવો; સંઘરી રાખવું "**Money saved, is money got.**" પૈસો બચ્યો એ પૈસો મળ્યો. 5. To be in time for. જાળવવું; સાધવું; સાચવવું. **He saved the tide,** તેણે ભરતીનો વખત જાળવ્યો. 6. To prevent. અટકાવવું; વારવું; ન થવા દેવું. **To save appearances,** દેખાવ જાળવવા; પોતાની શોભા રાખવી; બહારથી પોકળ (પોગળ) ઉઘાડું પડવા ન દેવું. *vi.* To be economical; to hinder expense. નુકસાન થવું અટકાવવું; કરકસર કરવી.-*prep.* or *con.* Except; not including; saving. સિવાય; વિના; વગર [L. *salvus*, safe.]

Saveloy, *n.* (સૅ'વ્લૉય) મસાલેદાર કુલમો.

Savoir faire, *n.* (સૅ'વ્વૉર્ફે,ર્) વિચક્ષણતા; કળ; હુશીયારી; સચોટતા.

Savoir vivre, *n.* (–વી'વ્ર) શિષ્ટાચાર નિપુણતા; સૌજન્ય; મળતાવડાપણું.

Saving, *a.* (સે,'વિન્ગ્) Avoiding loss; frugal; preserving from evil. કરકસરીયું; કસરીયું; નીતિથી ખરચનારૂં; સંગ્રહ-સંઘરો કરનારૂં; ઉગારનારૂં; બચાવનારૂં. 2. Bringing back the sum expended. ઘરનાં નાણાં પાછાં ફરે-વળે એવું; સરભરનું; બેઠાબેઠનું. 3. Exceptional. નિયમ બ્હાર; અપવાદરૂપી. 4. Securing salvation. મોક્ષ આપે એવું; મુક્તિપ્રદ. *n.* Something hoarded-up. ઉગારો; બચાવ; સંઘરો; બચત. **Savings bank.** સંઘરેલું નાણું જમે કરાવવાની પેઢી. *prep.* Excepting, but. સિવાય; વગર; વિના; બાતલ કરતાં.

Saviour, *n.* (સે,'વ્યર્) One who saves, preserves, or delivers from danger or destruction. ભય, નાશમાંથી તારનાર; બચાવનાર; ઉદ્ધાર કરનાર; મોક્ષ આપનાર. 2. Jesus Christ, the Redeemer. માણસનો તારનાર જીસસ ક્રાઈસ્ટ. [L. *salvo*, I save.]

Savour, } *n.* (સે,'વર્) Taste, relish, odour.
Savor, } સ્વાદ; રસ; ગંધ; વાસ; સોરમ. 2. Distinctive temper; taint. અસર; પાસ; ગુણ. *vi.* To have a particular taste or smell. ની વાસ હોવી; નો સ્વાદ હોવો. 2. To smack. ના જેવું લાગવું; પાસ, અસર, હોવી; ની અસર લાગવી. **This talk savours of distraction** આ વાતચીત ગાંડપણ જેવી લાગે છે. *vt.* To like; to relish. રૂચિ લાગવી; ચાખવું; પસંદ કરવું. [L. *sapor*, taste.]

Savoury, *a.* (સે,'વરિ) With appetizing taste or smell. સ્વાદિષ્ટ; મઝેદાર; લહેજતદાર; સુગંધવાળું; મિષ્ટ.

Saw, *imp.* of **See,** (સૉ) જોયું; દીઠું. An instrument to cut boards or stones. કરવત; આડી; આરી. 2. A proverb; a maxim; a saying. કહેવત; કહેણી. *vt.* To cut with a saw. કરવત–આરીથી કાપવું-વહેરવું. 2. To form by cutting with a saw. કરવતથી વહેરીને કરવું, બનાવવું. *vi.* To use a saw. વહેરવું; વહેરાવું. **Saw-dust,** વહેર; લાકડાનો વહેર; **Saw-pit,** વહેરવાનું લાકડું ઉભું કરવાનો ખાડો. [L. *seco*, I cut.]

Saw-mill, *n.* (સૉ'મિલ્) A mill for sawing. વહેરવાનો સંચો.

Sawyer, *n.* (સૉ'યર્) One whose occupation is to saw. વહેરણીઓ; વહેરનાર; કરાઈ.

Say, *vt.* (સે,) To utter; to speak. કહેવું; બોલવું; ભાખવું. 2. To recite; to repeat; to rehearse. કહી–બોલી–ભણી જવું; ફરીથી કહેવું. 3. To take for granted; to suppose. આશરેથી કહેવું; માની લેવું; ધારવું; ગ્રહણ કરવું. **Say, three hundred** = ધારોકે ત્રણસો; એમ માનો કે ત્રણસો. *v.* To be determined in mind as to. નક્કી કહેવું; જણાવવું; નિશ્ચય કરવો; ઠરાવ કo. **To say nay,** = to refuse. ના પાડવી. **That is to say,** in other words. મતલબ કે, એટલે કે, કહેવાનું કે; બીજી રીતે કહીએ તો. *vi.* To answer; to reply. જવાબ-ઉત્તર દેવો આપવો. કહેવું *n.* What one has to say; a speech. ભાષણ; કહેવાનું; બોલવાનું; વાત; કહેવત; વચન.–°**er,** *n.* (સે'યર્) કહેનાર; ભાષણ કરનાર. [A Sax *secgan*, to say.]

Saying, *n.* (સે'ઇંગ્) A proverb; a maxim; moral. કહેણ; વચન; કહેવત; કહેલું; વાત; ઉખાણું.

Scab, *n.* (સ્કૅબ્) A sort of crust formed over a sore in healing. ગુમડાં, જખમ વગેરે ઉપર વળેલી કપોટી-પોપડી; ભીંગડું; કોપડું. 2. A mean dirty fellow. અધમ–પાજી, હલકો–માણસ; નબળો માણસ. 3. Mange; itch or similar skin-disease. ખરજ–ખુજલી, ખસ વગેરેની જાતનો ચામડીનો રોગ. [L. *scabo.* I scratch.]

Scabbard, *n.* (સ્કૅ'બર્ડ્)A sheath of sword; bayonet. મ્યાન; મેન; કોશ.–*vt.* To put in a sheath. મ્યાનમાં મૂકવું–ઘાલવું.

Scabby, *a.* (સ્કૅ'બિ) Abounding with scabs. કપોટી–પોપડીવાળું; ભીંગડાંવાળું; ખુજલીવાળું.

Scabies, *n.* (સ્કે,'બિઝ્) The mange, the itch. ખસ; ખુજલી; ઉદરી.

Scaffold, *n.* (સ્કૅ'ફલ્ડ્) A temporary stage or platform. પાલખ; માંચડો. 2. An elevated platform for execution of criminals. ફાંસી બાંધેલી પાલખ–માંચડો; વધસ્થળ; ફાંસી.–°**ing,** *n.* (સ્કૅ'ફોલ્ડિંગ્) પાલક-ખોખું-ફાંસીનાં લાકડાં.

Scalade, *n.* (સ્કૅ'લે,ડ્) A escalade; scaling of walls with ladders. ના ઉપર નીસરણી મૂકી હુમલો કરવો તે. [*scala*, a ladder.]

Scald, *vt.* (સ્કૅાલ્ડ્) To injure or burn with hot liquid or vapour. ઉના પાણીથી કે બીજા પ્રવાહીથી દઝાડવું; બાળવું. 2. To raise to near boiling point ખૂબ ગરમ કરવું; ઉકાળવું; બાફવું.–*n.* An injury to skin by scalding. ઉકળતા, ઉના પાણીથી દાઝવું તે; ડામ. 2. Poor, paltry. હલકું; ક્ષુદ્ર.–°**head.** માથામાં થતી ઉદરી-ખોડો. [L. *ex*, intense, & *caldus*, hot.]

Scald; Skald, *n.* (સ્કૉલ્ડ્) An ancient Scandinavian poet. પ્રાચીન નૉર્વે તથા સ્વીડન દેશનો કવિ–ભાટ.

Scale, *n.* (સ્કે,લ્) The dish of a simple balance; a balance. (કાંટાનું) તરાજવું; પલ્લું; કાંટો; જોખવાનું ત્રાજવું.-*vt.* To weigh. તોળવું;

જોખવું; માપવું.-**beam,** (સ્કેલ્-બીમ્) દાંડી. [A. Sax. *scalu,* the dish of a balance.] (*pl.*) A sign of the Zodiac. તુલારાશિ

Scale, *n.* (સ્કેલ્) Crusty covering of a fish. ભીંગડું; છારી; પાતળું પડ. 2. Any thin layer. કપોટી; ભીંગડું; ધાતુનું પાતળું પડ; વરખ. *vt.* To strip or clear of scales. ભીંગડાં કાઢી નાખવાં ઉખેડવાં. 2. To clean the inside of a cannon. (થોડો દારૂ નાખીને) બંદુકને, તોપને ફોડીને સાફ કરવી. 3. To take off in thin layers. પડે પડે ઉખેડવું; છોલવું; ઘસી નાખવું. *vi.* To come off in thin layers. પાતળાં પડ થઇને-ઉખડી-ખરી જવું. 2. To separate. વિખેરાઇ જવું-જુદું પડવું. [A.Sax. *scealu,* a shell.]

Scale, *n.* (સ્કેલ) Series of degrees; a ladder. નિસરણી; સીડી; દાદરો-દાદર; પગથિયાં. 2. Regular gradation. પાયરી; ચઢતો-ઉતરતો ક્રમ; પંક્તિ. 3. Anything graduated. સરખા અંતરે આંકા પાડેલી કોઇપણ વસ્તુ. A mathematical instrument. સમાન અંતરના આંકાવાળું ઇજનેરી કામનું ઓજાર. A succession of notes arranged in order of pitch. ગ્રામ; સારી ગમ. A basis for a numeral system. અંકગણિતમાં અંક ગણવાનું ધોરણ; અંકધોરણ; પ્રમાણ. (*d*) A series of spaces marked by lines નકશાના માપનું પરિમાણ-પ્રમાણ. **On a large scale,** મોટા પાયા ઉપર; ઘણું.- *vt.* To climb by a ladder. નીસરણીએ ચઢવું; પગથીએ ચઢવું. 2. To ascend by steps. પગથીએ ચઢવું. [L. *scala,* a ladder.]

Scalene, *a.* (સ્કલીન્) Unequal sided. વિષમ બાજુવાળું; વિષમ બાજુ-*n.* A scalene triangle. વિષમકોણ. [L. *skalenos,* unequal.]

Scall, *n.* (સ્કૉલ્) Scurf; scald. ખોડો.

Scallop, *n.* (સ્કૅલપ્) A genus of shell-fish. એક જાતની ગોળ કાંગરાવાળી માછલી.-*vt.* To cut into segments. ની કોર કાપીને ગોળ કાંગરા પાડવા; એ માછલીની છીપમાં રાંધવું.

Scalp, *n.* (સ્કૅલ્પ) The outer covering of the head. માથા ઉપરની વાળવાળી ખાલ-ચામડી. (Fig.) The top; the summit. શિખર; ટોચ.- *vt.* To take scalp of. માથા ઉપરથી વાળવાળી ચામડી ઉખાડી નાખવી.

Scaly, *a.* (સ્કે'લિ) Covered with scales. ભીંગડાંવાળું.

Scamp, *n.* (સ્કૅમ્પ્) A knave; a rogue, a rascal. લુચ્ચો; બદમાસ; ધુતારો; ઢોંગી; શઠ; ખલ.- *vt.* To work inadequately. ઉપરચોટિયું-હરામ હાડકાંથી કામ કરવું; ઉપરઉપરથી કામ કરવું. [L. *campus,* a field.]

Scamper, *vi.* (સ્કૅમ્પર્) To run with speed. સટકી જવું; સટકવું; દોડી જવું; નાસવું.-*n.* A hasty flight. વેગ; પલાયન; રપુ ચક્કર; પોબારા.

Scampish, *a.* (સ્કૅમ્પિશ્) Knavish. લુચ્ચાઇ ઠગાઇ, હરામખોરી, ઢોંગાઇથી ભરેલું.

Scan, *vt.* (સ્કૅન્) To read or recite metrically. માત્રા, તાલ, વિરામ જણાય એવી રીતે કવિતા વાંચવી; બોલવી. માત્રા ગણવી; માત્રા, ગણ-માંડવા. 2. To examine critically બારીકીથી તપાસવું; રજેરજ તપાસવું; ધારી ધારીને જોવું. [L. *scando,* I climb.] -°**sion,** *n.* માત્રા, ગણ, ચિહ્ન ગણના, પરીક્ષા.

Scandal, *n.* (સ્કૅન્ડૅલ્) Offence, disgrace. બેઆબરૂ; ફીટકાર; અપવાદ; દૂષણ. 2. Censure; public reproach. નિંદા; કલંક; બદનામી; આરોપ. *vt.* To slander; to defame. કોઇની આબરૂને એબ લાગે એવું જુઠું બોલવું; ઇજ્જત લેવી; ની બદનક્ષી કરવી; આરોપ મૂકવો. [L. *scandalum,* a snare.]

Scandalize, *vt.* (સ્કૅન્ડલાઈઝ્) To offend moral feelings; to disgrace. ને માઠું, ખોટું લગાડવું; ઉપર આળ મુકવું; આબરૂ ઇજ્જત લેવી; એબ લગાડવી.

Scandalous, *a.* (સ્કૅન્ડલસ્) Shameful; disgraceful. લાજ ઉપજાવનારૂં; માઠું લાગે તેવું; હલકું; કલંકિત; ઇજ્જત વગરનું; નીચું ઘાલવા જેવું.

Scandent, *a.* (સ્કૅન્ડન્ટ્) Climbing. ચઢતું; ચઢાવ હોય તેવું.

Scant, *a* (સ્કૅન્ટ્) Barely sufficient; deficient. ઓછું; થોડું; કમી; અધુરૂં; જોઇએ તેવું; અલ્પ. 2. Sparing. કરકસરીયું; કંજુસ. *vt.* To limit; to stint. હદ બાંધવી; સંકોચ પાડવો; પેટ બાળવું. 2. Curtail. ઓછું કરવું; ટાંચ પાડવી.-**ly,-ily**. *adv.* (સ્કૅન્ટલિ-સ્કૅન્ટિલિ) Sparingly; not fully. કરકસરથી; થોડું.

Scantiness, *n.* (સ્કૅન્ટિનિસ્) The state of being scanty. ન્યૂનતા; તંગાસ; ખોટ.

Scantling, *n.* (સ્કૅન્ટ્લિંગ્) A specimen, a sample; a small piece. નાનો ટુકડો; નમુનો; દાખલો; કકડો (લાકડાનો) 2. A rough draught. ડોળિયું; ખોખું; ચિત્રનું ખોખું. 3. The measure of anything. માપ; પરિમાણ.

Scanty, *a.* (સ્કૅન્ટિ) Wanting; barely sufficient. અલ્પ; સાંકડું; નાનું; થોડું; જોઇએ તેટલું નહિ. 2. Sparing. કરકસરીયું; કંજુસ.

Scape, *n.* (સ્કેપ્) A radical stem, bearing fructification without leaves. ફુણગો; શાખો. *vt.* & *vi.* To escape. નાશીજવું; સટકી જવું; અગિઆરા ગણવા. [L. *scapus,* a stem.]

Scape-goat, *n.* (સ્કે'પ્-ગોટ્) A goat allowed to escape when Jewish chief priest had laid sins of people upon it. ચાહુદી લોકો

પોતાનાં પાપ એક બકરા ઉપર મૂકી જંગલમાં જવા દેતા તે બકરો. 2. A person bearing blame due to others. બીજાઓને બદલે ઠપકો વેઠનાર. જેને માથે બીજાનાં પાપ પડે તે.

Scape-grace, *n.* (સ્કે,'પ્-ગ્રે,સ્) A careless, idle, or harebrained person. ભ્રષ્ટ-છકેલ-વહી-વંઠી ગએલો માણસ; ઢંગ-ધડા વગરનો માણસ.

Scapula, *n.* (સ્કૅપ્યુ'લૅ)The shoulder-blade. ખભા-વાંસાનું હાડકું.

Scar, *n.* (સ્કાર્) The mark of a wound; a cicatrix. ચાઠું; ડાઘ; ચાંદું; ચકામું. 2. A blemish. એબ; કલંક. 3. A cliff. ટેકરો; ટીંબો; ઉંચો ખડક. 4. The mark on a plant left by fall of a leaf. પાંદડું ખર્યા પછી ઉપર પડેલો ડાઘ. [*L. eschara*, a scar.]

Scaramouch, *n.* (સ્કૅ'ર-માઉ) A braggart, a buffoon. વિદૂષક; ભાંડ; જાુઠણુ; રંગલો.

Scarce, *a.* (સ્કે,ર્સ) Insufficient for the demand, rare. કમી;ઓછું;થોડું;મોઘું. 2 Scanty; deficient. ખપ કરતાં ઓછું; તાણ, ખીડવાળું; થોડી છતનું; દુર્લભ. **To make oneself scarce.** to get out of the way. સટકી જવું; પલાયન કરી જવું; નહિં દેખાય એવું; ગેપ થઈ જવું. [*L. excerptus*, to pluck out.]

Scarce, } *adv.* (સ્કે,ર્સ-સ્કે,'ર્સ્લિ)Hardly;
Scarcely, } with difficulty. ભાગ્યેજ; મુશ્કેલીથી; પરાણે; બળાત્કારથી. 2. Scantly; frugally. કંજુસાઇથી; કૃપણતાથી.

Scarcity, } *n.* (સ્કે,'ર્સિટિ-સ્કે,'ર્સ્નિસ્)
Scarceness, } Deficiency, want, famine. તાણ; ભીડ; અછત; દુકાળ; મોઘવારી; તંગાશ.

Scare, *vt.* (સ્કે,ર્) To terrify suddenly; to frighten; to alarm. ભડકાવવું; બીવડાવવું; ચમકાવી નસાડવું; ચમકીને નાસવું.*n.* Unreasoning terror; a sudden fright. એકદમ લાગેલી ભડક-બીક.

Scare-crow, *n.* (સ્કે,'ર્ક્રો) Anything set up in field to keep birds away from crops. અનાજ વગેરેના ખેતરોમાં પંખીઓ ચમકાવી નસાડવા કરેલું વાંદરૂં; ચાડીઓ; ભડકામણુ. 2. A person meanly clad. ચીંથરે હાલ માણસ; ચાડીઆ જેવો કંગાલ માણસ.

Scarf, *n.* (સ્કાર્ફ) A piece of dress that hangs loose over the shoulders.ખેસ;પીછોડી; અંગવસ્ત્ર; છેડી; દુપટ્ટો; ચલોઠો; શેલું. **A girl's scarf.** ઓઢણી; હોઇણી Scarf-skin. ખાલ. *vt.*To dress with a scarf.ખેસ-પીછોડી ઓઢાડવી.

Scarf, *vt.* (સ્કાર્ફ) To join ends of timber. સાગના છેડા સરખા કદના કરીને સમાન્તર થઈ જાય તેમ જોડવા. *n.*A joint made by scarfing.સરખા કદના લાકડાના છેડાનો સાંધો.

Scarify,*vt.*(સ્કૅ'રિફાઇ) To make superficial incisions in; to cut off skin from. નસ્તર મારવું મૂકવું; વહેતુર મૂકવું. 2. To stir the soil. જમીન ખેડવી; ઉથલ પાથલ કરવું; ખોતરવું.

Scarlet, *n.* (સ્કા'ર્લેટ્) Brilliant red colour inclining to orange. લાલચટક રંગ; લાલચોળ રંગ. 2. A cloth of scarlet colour. લાલ ચટક રંગનું લુગડું *a.* Of the colour scarlet. કીરમજી; કસુંબી; સિંદુરીઉં; ચણોઠીઉં.

Scarp, *n.* (સ્કાર્પ) The inner wall or slope of a ditch in fortification; a steep slope. ખાડીનો ઢોળાવ-ત્રાંસ-ઢાળ; ઉભો ઢોળાવ *vt.* To cut down like a scarp. સીધો-ઉભો ઢોળાવ, ઢાલ કરવો.

Scath, } *n.* (સ્કૅધ્)Harm; injury; damage.
Scathe, } નુકસાન; ઇજા; હાનિ; ન્યાન *vt.* To injure. હાનિ નુકસાન કરવું; ઇજા કરવી-**less.** *a* (સ્કૅ'ધ્-સ્કે,'ધલિસ્)Unharmed.અણિશુદ્ધ;અક્ષત; ઈજા-નુકસાન ખમ્યા વગરનું.

Scatter, *vt.* (સ્કૅ'ટર્) To throw here and there, to strew; to sprinkle around. વેરવું; છુટું છુટું નાખવું; વિસ્તારવું. 2. To separate; to disperse.વિખેરવું; છુટા પાડવું. 3. To disappoint and overthrow. નાઉમેદ, નાસીપાસ કરવું; બર ન આવવા દેવું.-*vi.* To separate from each other. વિખેરાઇ જવું; વેરાઇ જવું;જુદા પડવું.-°**ing,** *n.* (સ્કૅ'ટરિંગ્) વેરાણ;વેરાએલી વસ્તુ;વિયોગ.

Scavenge, *vt.* (સ્કૅ'વિન્જ) To cleanse from filth. વાળવું; ઝારવું; કચરો કહાડવો-વાળવો.

Scavenger, *n.* (સ્કૅ'વિન્જર્) One who cleans streets. ઝાડુ કહાડનાર; કચરો વાળનાર; ભંગી, ઢેડો; મહેતર.

Scene, *n.* (સીન્) A stage; a place on which something is exhibited. તમાસો-ખેલ-નાટક કરી દેખાડવાની જગ્યા, રંગભૂમિ;રંગ;અખાડો; તકતો. 2. Subdivision of an act. અંક;પ્રવેશ; અંકભાગ. 3. A theatrical display. વેષ; નાટકનો ભજવેલો વેષ; તમાસો, ખેલ; નાટક. 4. A spectacle.દેખાવ;દૃગ્વિષય;દૃશ્ય. 5. A landscape. દેખાવ; રચના. 6. The place of occurrence, action or exhibition. ભૂમિ; સ્થળ. 7. An exhibition of strong feelings between two or more persons. જોવા જેવો વેષ-તમાસો; બોલાચાલીજંગ;ધમસાણ. **One behind the scenes**, one acquainted with the secrets. અંદરખાનાની વાત જાણનાર. [*L.scena*, a stage.]

Scenery, *n.* (સી'નરિ) The appearance of a place or of paintings, presented to view. દેખાવનો સમૂહ; સ્થળનું ચિત્ર; નાટકની, રંગભૂમિની ગોઠવણ. 2. The general appearance or natural features of a place. સૃષ્ટિ, પદાર્થનો સામાન્ય-સમગ્ર દેખાવ; દૃશ્ય.

Scenic, } *a.* (સી'નિક્-સી'નિકલ્)Theatrical.
Scenical, } વેષ; નાટક,ભવાઇ વિષેનું 2.Pertaining to scenery. સમગ્ર દેખાવ-રંગચિત્રની રચનાસંબંધી.

Scent, *n.*(સેન્ટ્)Odour;smell.વાસ;સુગંધ;ખુશબો; સોરમ;ગન્ધ. **Good scent.** સુગંધ;સ્હેક;સોઢમ, ખુશબો. **Bad scent,** દુર્ગંધ; બદબો; ગન્ધ. 2. Course of pursuit; track. ભાળ જડવી તે;પગલે પગલે જવું તે;પાછળ ગન્ધે ગન્ધે જવું તે.3.The sense of smell. નાક; ઘ્રાણેન્દ્રિય.-*vt.* To smell; to discern by smell. સુંઘવું; વાસ લેવી; વાસથી જાણવું. 2. To make fragrant. ખુશબોદાર-સુવાસિત-સુગંધીવાળું કરવું.-*vi.* To have a smell. વાસ આવવી. [L. *sentio,* I feel.]

Sceptic, *n.* (સ્કે'પ્ટિક્) One who doubts the truth, and reality of any principle. સંદેહમાં ગુંચવાએલો માણસ; નાસ્તિક; ખ્રિસ્તિ ધર્મ નહિં માનનારો. 2. An enquirer after facts. શંકાશીલ માણસ; સંશયાત્મા; શોધક. [Gr. *skeptikos,* thoughtful.]

Sceptical, *a.* (સ્કે'પ્ટિકલ્) Inclined to suspense. સંદેહ-સંશય-લાવનાર-વાળું. 2. Holding the opinions of a sceptic. ખ્રિસ્તિ મત નહિં માનનાર; સંશયવાદી.

Sceptre, *n.* (સે'પ્ટર્) A royal staff.રાજદંડ; છડી. 2. Royal authority.રાજ્યપદ;રાજ્યાધિકાર. [Gr. *skuptron,* a sceptre.]

Schedule, *n.* (શે'ડ્યુલ્) Tabulated statement of details. વિગતવાર નોંધ; યાદી, પત્રક, પરિશિષ્ટ. 2. A written or printed scroll of papers. કાગળનો વીંટો-ભુંગળું-*vt.* To place in a schedule. વીંટો બનાવવો; પત્રકમાં લખવું. [L. *scheda,* a leaf of paper.]

Scheme, *n.* (સ્કીમ્) A systematic arrangement. યુક્તિ; ઘટના;રચના.2.A plan; a design. યોજના; તદબીર; વિચાર; મનસુબો; ઘાટ; બુટ્ટો. 3. A diagram. ચિત્ર; આકૃતિ; નકશો; રૂપરેખા.-*vt.* & *vi.* To plan; to make plans.યુક્તિ-યોજના કરવી-રચવી; મનસુબો-ઘાટ કરવો-ઘડવો.-°**er.** *n.* (સ્કી'મર્) A contriver; a plotter. યોજનાર; ઘાટ-મનસુબો ઉઠાવનાર, ઘડનાર; કાવત્રાં કરનાર. [L. *schema,* a form.]

Scheming, *a.* (સ્કી'મિન્ગ્) Intriguing; artful. તરકટી;કાવત્રાં કરનાર;ખટપટીયું:પ્રપંચી;પેચી.

Schism, *n.*(સિ'ઝ્મ્)Division of a community into factions. ફાટ; જુદાઇ; તડ; ભેદ. 2. Permanent division in the Christian church. ખ્રિસ્તિ મંડળમાં કાયમની તુટફાટ; તડ; ધર્મભેદ; મતભેદ.3.Offence of causing such separation. યોગ્ય કારણ સિવાય ખ્રિસ્તિ મંડળમાં ફાંટા પાડવાનો અપરાધ;ધર્મ, બુદ્ધિભેદદોષ.[L. *schisma,* a split.]

Schismatic-cal, *n.* & *a.* (સિઝ્મૅ'ટિક્-કલ્) Pertaining to schism. ચાલતા ધર્મથી જુદો પડેલો; ભેદ-તુટ-ફાટ-સંબંધી. *n.* ભેદ પાડનાર.

Schist *n.* (શિસ્ટ્) થરવાળો ખડક.

Scholar, *n.* (સ્કૉ'લર્) A student; a pupil શિષ્ય; વિદ્યાર્થી; નિશાળીઓ; સાગીત; ભણનાર; ચેલો. 2. A learned person. પંડિત; વિદ્વાન્ માણસ; ભટ્ટ. 3. A student who receives a portion of the revenues of a college or school. પગાર, શિષ્યવૃત્તિ લઇને ભણનાર વિદ્યાર્થી; સ્કૉલર. —°**ly,** *a.* (સ્કૉ'લર્લિ) Like a scholar. વિદ્વાન્ માણસને ઘટતું, યોગ્ય; વિદ્વતાવાળું; પંડિત; વિદ્યાવાન્.

Scholarship, *n.* (સ્કૉ'લર્શિપ્) Eruditior; learning. જ્ઞાન; વિદ્વત્તા;પાંડિત્ય. 2. Maintenance for a scholar. વિદ્યાર્થીનો પગાર; શિષ્યવૃત્તિ;વેતન.

Scholastic, *a.* (સ્કલૅ'સ્ટિક્) Pertaining to a scholar or a school. પંડિત જેવું; શાળા-પાઠશાળા સંબંધી; વિદ્વાન્; સાક્ષર. 2. Formal; pedantic. અતિશય પંડિતાઈ-જ્ઞાનના ડોળવાળું; દાંભિક. 3. Pertaining to the schoolmen of the middle ages. યુરોપના મધ્ય યુગના વિદ્વાન સંબંધી વિષે.

Scholasticism, *n.* (સ્કલૅ'સ્ટિસિઝ્મ્) The philosophy of the schoolmen of the middle ages. યુરોપના મધ્ય યુગના પંડિતોની પદ્ધતિ-બારીકી-પ્રણાલિકા. 2. Scholastic philosophy. "સ્કુલમૅન" નામના પંડિતોનું મત.

Scholiast, *n.* (સ્કો',લિ ઍસ્ટ્)A commentator. ટીકાકાર; ભાષ્ય કરનાર; ખુલાસો કરનાર.

Scholium, *n* (સ્કો,'લિઅમ્)(*pl.*) A marginal note, or annotation. ટીકા; ખુલાસો; ભાષ્ય; ટીપ. 2. An explanatory comment. સિદ્ધાન્તની સિદ્ધતા પુરી થયા પછી કરેલી ટીકા. [Gr. *schole,* leisure.]

School, *n.* (સ્કૂલ્)An institution of educating children; an educational establishment. વિદ્યાલય; પાઠશાળા; શાળા; નિશાળ; મદ્રેસા 2. The exercise of instruction. નિશાળનો વખત; નિશાળ બેસવાનું; નિશાળનું કામ. As, **There is no school to-day.** આજે નિશાળે બેસવાની નથી. 3. A hall, in which university examinations are held. વિદ્યાલયોમાં વિદ્યાપદ્દવીની પરીક્ષા આપવાની જગ્યા. 4. One of the medieval universities and its teaching. યુરોપના મધ્ય યુગમાં હતી તે (ન્યાય, આત્મવિદ્યા અને તત્ત્વજ્ઞાન શિખવાની) પાઠશાળા-વિદ્યાપીઠ. 5. A body of pupils. વિદ્યાર્થીઓ; નિશાળીઆ. 6. The followers of a teacher. આચાર્યના શિષ્યો;

અનુયાયીઓ; એક મત અનુચારી. 7. A band of persons, devoted to some cause or principle. મત; પંથ; સંપ્રદાય; શાખા. **School of Philosophy**. દર્શન.–*vt*. To instruct; to teach. ભણાવવું; શિખવવું; કેળવવું. 2. To reprove. વઢવું; ઠપકો દેવો; ધમકાવવું; શિક્ષા; શિખામણ આપવી. [L. *schola*, leisure.] Shoal of fish. મચ્છીઓ.

School-book, *n*. (સ્કૂ'લ-બુક્) A book used in schools. શાળાપોથી; નિશાળમાં ચાલતી ચોપડી.

School-boy, *n*.(સ્કૂ'લ બૉય્) A boy attending school.નિશાળીઓ;વિદ્યાર્થી;નિશાળમાં ભણનાર શિષ્ય

School-fellow,-mate, *n*. (સ્કૂ'લ્ફેલો-મે,ટ્) An associate in school. સહાધ્યાયી; ગુરૂભાઇ; નિશાળનો ગોઠીઓ; સોબતી.

Schooling, *n*. (સ્કૂ'લિન્ગ્) Instruction in school; tuition. શિક્ષણ; કેળવણી; ભણાવવું તે. 2. Reproof. ઠપકો; શાસન

School master, *n*. (સ્કૂ'લમૈસ્ટર્) A male teacher of a school. શિક્ષક; આચાર્ય; ઉપાધ્યાય; શાળાધ્યક્ષ; મહેતાજી; ગુરૂ; આકનજી.–**School mistress**, *n*. (સ્કૂ'લ–મિસ્ટ્રિસ) A female school teacher. મહેતીજી; સ્ત્રી શિક્ષક.

Schooner, *n*. (સ્કૂ'નર્) Fore-and-aft-rigged vessel. એક પ્રકારનું સાંકડું બે ડોળવાળું વહાણ. 2. A tall glass. લાંબો, ઉંચો કાચનો પ્યાલો; ઉંચો ગલાસ.

Schottische, *n*. (શૉટી'શ) એક જાતનો નાચ.

Sciatic, *a*. સાઍ'ટિક્) Of the hip-nerve. સાથળ તથા પગની મોટી નસના રોગ સંબંધી; રાંઝણનું.

Sciatica, *n*. (સાઍ'ટિક) A pain in the hip. રાંઝણું; શ્રોણીવેદના.

Science, *n*. (સા'યન્સ) Knowledge. જ્ઞાન; વિજ્ઞાન;વિદ્યા. 2. Pursuit of pure knowledge. વિદ્યામાત્રનો અભ્યાસ. 3. Any branch of systematized knowledge. વિદ્યા; વિજ્ઞાન; શાસ્ત્ર; વિદ્યામાત્ર; હુન્નર. 4. Special skill. ચતુરાઇ; કુશળતા; નિપુણતા; કળા. [L. *scio*, I know.]

Scientific-cal, *a*. (સાય'ન્ટિફિક્-કલ) According to rules laid down in science. શાસ્ત્રાનુસારી; સશાસ્ત્ર; શાસ્ત્રીય; વૈજ્ઞાનિક. 2. Systematic; accurate. પાંડિત્યવાળું; વિદ્વત્તાવાળું. વિદ્વાન; પંડિત. 3. Used in science. શાસ્ત્રમાં વપરાતું, ઉપયોગી; શાસ્ત્રીય. [L. *scientia*, knowledge & *facio*, I make.]

Scientist, *n*. (સા'યન્ટિસ્ટ્) A person versed in or devoted to science. શાસ્ત્રજ્ઞ; શાસ્ત્રવેત્તા; વિજ્ઞાનવિત્.

Scil icet, *adv*. (સા'ઇલ્ઇસેન્)Sc.; scil. That is to say. એટલેકે; અર્થાત્.

Scimitar, *n*. (સિ'મિટર્) An oriental curved sword. કટાર; નાની તરવાર; તેગો; બરછી.–Also, -°**metar**.

Scintillate, *vi*. (સિ'ન્ટિલે,ટ) To sparkle; to twinkle. ચકચકવું; ઝમકવું; પ્રકાશવું; ચળકવું. 2. To emit sparks. માંથી તણખા નિકળવા; દેવતા ઝરવો. [L. *scintilla*, a spark.]

Sciolism, *n*. (સા'યલિઝમ્) Superficial knowledge. ઉપરચોટિયું જ્ઞાન; વેદીઉં, પોથીજ્ઞાન; પોપટિયું જ્ઞાન.

Sciolist, *n*. (સા'યલિસ્ટ્) A smatterer; a superficial pretender. વેદીયું ઢોર; વિદ્વત્તાનો ડોળ કરનાર; પોથી પંડિત.

Scion, *n*. (સા'યન્) A shoot of a plant. ફણગો; અંકુર; ઝાડની કલમ; ફાંટો. 2. An heir or descendant. વારસ; વંશજ; નબીરો; પુત્ર. [L. *seco*, I cut.]

Scirrhus,*n*.(સ્કિ'રસ્-સિ'રસ્)A hard tumour in the flesh. માંસની બંધાએલી ગાંઠ; વરસોળી; દડમ.-°**hous**.*a*.(સ્કિ'રસ્) Indurated; knotty. વસોળીવાળું; માંસની બંધાએલી ગાંઠ જેવું. [L. *scirrus*, hard.]

Scissors, *n*. (સી'ઝર્ઝ્) A cutting instrument. કાતર; કેંચી. [L. *cædo*, I cut.]

Scoff, *n*. (સ્કૉફ્) Mocking words; taunt; gibe. હાંસિ; તિરસ્કારયુક્ત મશ્કરી; ફિટકાર; તિરસ્કાર. *vi*. To treat with scorn. હસી કહાડવું; મઝા કરવી; મશ્કરી કરવી. *vt*. To mock at. ની હાંસી, મશ્કરી કરવી; તિરસ્કારવું.

Scold, *vi*. & *vt*. (સ્કો,લ્ડ્) To rail; to rebuke; to find fault noisily.ટકટક કરવી;તાણીને ધમકાવવું; ગાળ દેવી; ની ધૂળ કાઢવી; ખખડાવવું; ખીજવવું.–*n*. One who scolds. ધમકાવનાર. 2. A brawl. કજીઓ; બોલાબોલી; વઢવાડ; ટપ્પાટપ્પી.3.A noisy woman.વઢકણી;કર્કશા.[Ger.*schelden*,to scold].

Sconce,*n*. (સ્કૉન્સ્) A hanging candle stick. દિવાલગિરી; વાલસાટ. 2. A socket of a candle stick. મીણબત્તી ઘાલવાનું બાકું. 3. A bulwark. બચાવનો કિલ્લો. 4. A helmet. ટોપ; શિરસ્ત્રાણ. 5. A person's head. માથું; ખોપરી; મગજ. 6. Fine imposed for trivial offence. નજીવા ગુન્હાને માટે નાખેલો દંડ. *vt*. To fine. દંડ કરવો; દંડવું. 2 To shelter. આશ્રય આપવો; ઢાંકવું; છાયા નીચે રાખવું. [L *abscondo*, I hide.]

Scoop, *n*. (સ્કૂપ્) A large ladle. મોટો કડછો; ડોઈ. 2.A spoon-shaped surgical instrument. ચમચાના આકારનું નશ્તર મૂકવાનું હથિયાર. 3. A coal scuttle. ઉંડો પાવડો; કોયલા ભરવાનો તાવડો. 4. A hollow. પોલાણ;ખોલ;પોલ. *vt*. To lade out. કડછા, ડોલવતી લેવું. 2. To empty with a scoop. ડોલથી, કડછાથી ખાલી કરવું; ઉલેચવું. 3.

To make hollow. ખોદી કાઢવું; પોલાણ કરવું; ખોદવું. [Dut. *schop*, a shovel.]

Scone, *n.* (સ્કોન) જવ કે ઘઉંના આટાની શેકેલી રોટલી, પાઉં.

Scope, *n.* (સ્કોપ) Aim; space or extent viewed. લક્ષ્ય; તકાવેલી વસ્તુ; ચોટ; નિશાન; હેતુ; મતલબ; ઇરાદો. 2. Ultimate design. મનસુબો; ઈરાદો. 3. Space. અવકાશ;મોકળાશ;પૂરતો પ્રસંગ. 4. Length, extent. લંબાઇ;વિસ્તાર. [L. *scopus*, a mark.]

Scorbutic,-cal, *a.*(સ્કોર્બ્યુ'ટિક્-કલ્)Affected with scurvy. ખોડાવાળું.

Scorch, *vt.* (સ્કૉર્ચ્) To burn superficially. શેકવું; ઉપરથી બાળવું. 2. To parch; to affect painfully, as with heat. બાળવું; દઝાડવું; શેકી નાખવું; બળ્યા બળ્યા થઇ જવું. 3. To burn. બાળી મૂકવું; સળગાવી મૂકવું. *vi.* To be burnt on the surface. ઉપરથી બળવું; શેકવું; દાઝવું. [L. *ex* & *cortex*, bark.]

Score, *n.* (સ્કોર) A notch cut or a line cut or drawn; a tally mark. કાપો; આંકો; લિસોટો;નિશાન;ચિહ્ન; લસરકો;ઉઝરડો. 2. Twenty; a set of twenty.કોડી;કુડી;વીસ 3.The number of points made by a player. રમત, દાવમાં મળેલા ગુણ; દાવ; હાથ **To quit scores,** ચૂકવું વાળવું; સાટું વાળવું; ચુકતે હિસાબ કરવો. 4. An account; bill. હિસાબ; દેવું-લેણું, આંકડો; બિલ; દેવું. 5. Reason; account. બાબત;સબબ; હેતુ; કારણ. **On the same score,** એજ બાબત વાસ્તે. *vt.* To make scratches on; to furrow. આંકા, લીસોટા,કાપા પાડવા, કરવા;નિશાની કરવી. 2. To record. હિસાબ રાખવો; નોંધવું. 3. To engrave. ખોતરવું; કોતરવું; ખોદવું;પોલાણ કરવું. 4. To set down or charge. ને ખાતે-નામે લખવું. [A. Sax. *scor*, a notch.] **Scorer,** *n.* રન નોંધનાર; ગણનાર; લઈ જનાર.

Scoria, *n.*(સ્કૉ'રિઅ)The recrement of metals in fusion. ધાતુમાંથી નિકળેલો કચરો-મેલ. 2. The volcanic lava or cinders. જવાળામુખી ફાટવાથી નિકળેલા લાવા-અંગારા

Scorn, *n.* (સ્કૉર્ન) Disdain,contempt.અતિશય તિરસ્કાર; ધિક્કાર; ફિટકાર; 2. An object of derision.અતિશય તિરસ્કારની,ધિક્કારની, ફિટકારની વસ્તુ-વાત-વિષય. **To laugh to scorn,** to make a mock of.ની હાંસી કરવી;નો તિરસ્કાર કરી હસી કાઢવું.*vt.*To hate,to disdain.ધિક્કારવું; ધૂતકારવું; તરછોડવું; તુચ્છકારવું; અવગણના કરવી. 2. To make a mock of.ની મશ્કરી કરવી; ને હસવું. *vi.* To show scorn. તિરસ્કારથી વર્તવું; ધિક્કાર કરવો, તરછોડવું.**-ful,** *a.* (સ્કૉ'ર્નફુલ્) Contemptuous; full of scorn. તિરસ્કારી; ધિક્કારવા લાયક; ધિક્કારેલું; નિંદાત્મક.

Scorpio, *n.* (સ્કૉ'ર્પિઓ) A scorpion. વીંછી 2. The zodiacal constellation and eighth sign. વૃશ્ચિક રાશિ.

Scorpion, *n.* (સ્કૉ'ર્પિઅન્) A venomous reptile,with lobster-like claws and jointed tail. વીંછી; વિંછુ. 2. A painful whip. એક પ્રકારની ઘણું દુઃખ થાય તેવી ચાબુક-સાટકો-જોરબંદ. 3. The eighth sign of the zodiac. વૃશ્ચિક રાશિ. [L. *scorpio*, a scorpion]

Scot, *n.* (સ્કૉટ) A payment;a contribution. ફાળે પડતો, ભાગે પડતો વેરો-દંડ-કર. 2. A native of Scotland. સ્કૉટલૅન્ડ દેશનો રહેવાસી. **Scot and lot,** ગજા પ્રમાણેનો ફાળો. **Scot-free,** *a.* ફાળા-વેરામાંથી બચી-ઉગરી ગએલું. 2. Unhurt; safe. સહીસલામત; ક્ષેમકુશળ; સાંગોપાંગ; આંચ આવ્યા વગર.

Scotch, } *a.* { સ્કૉચ- } Pertaining to
Scottish, } { સ્કૉ'ટિશ } Scotland. સ્કૉટલૅન્ડ દેશનું. સ્કૉચ લોકનું.

Scoundrel, *n.* (સ્કાઉન્ડ્રલ્) A villain, a rascal. હરામખોર; લુચ્ચો; પાજી; ઠોંગો; બદમાશ; શઠ; ધૂતારો; ખલ. *a.* Base. નીચ; અધમ; હરામખોર; પામર.

Scour, *vt.* (સ્કાવર) To cleanse or brighten by friction. માંજવું; અજવાળવું; ઘસવું; સાફ કરવું; ઉટકવું; સાજવું. 2. To purge violently. સખત રેચ આપવો જુલાબ આપવો. 3. To brush along. ફરીને તપાસ કરવી; ઉપરથી જલદી જવું; ઉસરડી જવું; ખેંચી લઇ જવું. *vi.* To clean by rubbing. ઘસી ઘસીને સાફ કરવું-મેલ કાઢવો. 2. To rove or range. રખડવું-ભટકવું-આથડવું. 3.To be purged freely.અતિશય ખુલાસાથી રેચ લાગવો-ઝાડો થવો [L.*ex* & *curo*,I take care.]

Scourge, *n.* (સ્કર્જ) A lash; a whip. સાટકો; ચાબુક; કોરડો; જોરબન. 2. One who greatly harasses or destroys. ત્રાસ આપનાર; પીડનાર. 3. A punishment. સજા-શિક્ષા. દુઃખ; વેરનું સાધન.-*vt.* To whip severely. સખત ફટકા, કોરડા મારવા; સખત શિક્ષા કરવી. To torment. દુઃખ દેવું; પીડવું; ઇજા કરવી; ત્રાસ આપવો. [L. *ex* & *corrigia*, a rein.]

Scout, *n.* (સ્કાઉટ) A man sent out to get information about enemy or surroundings. બાતમીદાર; જાસુસ; ચાર; ગુપ્ત દૂત. 2. A college servant or a waiter. કૉલેજમાં શિખનારાનો ચાકર-નોકર.-*vt.* To act as a scout. જાસુસ તરીકે જવું-અનુસરવું 2. To watch closely.

બારીકીથી (શત્રુની) તપાસ રાખવી. *vi.* To go to seek information. ભેદ લેવા જવું; ખબર-બાતમી લેવા જવું. [L. *ausculto*, I listen.]

Scout, *vt.* (સ્કાઉટ્) To reject with scorn or ridicule. ધિક્કારવું; તુચ્છકારી કાઢવું; ધૂતકારવું; તુચ્છકારવું.

Scow, *n.* (સ્કાઉ) A kind of flat-bottomed boat. પહોળા તળીઆવાળું એક જાતનો મછવો.

Scowl, *vi.* (સ્કાઉલ્) To wear sullen look; to look sour. ગુસ્સે, નાખુશ દેખાવું; ભમર ચઢાવવાં; ડોળા કાઢવા; ઘુરકવું. 2. To look gloomy or tempestuous. તોફાની, ભયંકર દેખાવું.–*n.* A deep angry frown. કટાક્ષ; કોપમુદ્રા; ક્રોધમુદ્રા. 2. Gloom. તોફાની, ભયભીત, બિહામણો દેખાવ.

Scrabble, *vi.* (સ્ક્રૅબલ્) Scrawl; scramble; grope; scratch. સરસર, લસરતું જવું; દરોડો, દોડ કરવી; ફાંફાં મારવાં; ખણવું; ખંજવાળવું.

Scraggy, Scragged, *a.* (સ્ક્રૅગિ–સ્ક્રૅગિડ્) Having an irregular broken surface. ખરબચડું; ખાડા–ખઇઆવાળું. 2. Lean; bony. પાતળું; હાડકાવાળું–દેખાય તેવું.

Scramble, *vi.* (સ્ક્રૅમ્બલ્) To move or climb by the aid of hands; to move on all fours. હાથ પગ ટેકવી ચાલવું, ચઢવું, જવું; ઘુંટણીએ ચાલવું. 2. To snatch eagerly at anything; to struggle to get before others. ઝડપી, તલપીને ઝાલવું; પકડવું, ખુંચવવું; અસભ્ય રીતે બહાર નીકળીને પકડવા જવું, ઝડપવા જવું.–*vt.* To gather by scrambling. ધીરેધીરે એકઠું કરવું.–*n.* An eager contest for something. કોઇ વસ્તુ લેવાને માટે મારામારી, તરફડીઆં, ખેંચાખેંચ. દરોડો, દોડ, ધાડ. 2. The act of scrambling. ટેકીટેકીને ચાલવું તે; મંદમંદ આરોહણ.

Scrannel, *a.* (સ્ક્રૅનલ્) Weak; feeble. નબળો; પાતળો; અશક્ત; રોગી.

Scrap, *n.* (સ્ક્રૅપ્) A fragment; remnant. ટુકડો; કકડો; ખંડ; અવશેષ. 2. A picture. ચિત્ર; છબી. 3. A short or unconnected extract. સંબંધ વગરનો, ટુંકો ઉલ્લેખ; ફકરો. **Scrap-book.** ચોપડીઓ તથા વર્તમાનપત્રોમાંથી કાઢેલા ઉતારા-ઉલ્લેખ ચોઢવાની કોરી ચોપડી. **Scrap-iron.** લોઢાનો ભંગાર; ગાળવાનું જુનું લોઢું.

Scrape, *vt.* (સ્ક્રેપ્) To level surface; to remove or take off by rubbing. ઘસવું; છોલી કહાડવું; ઉપરથી છોલવું; તાસવું. 2. To collect by laborious effort. કરકસર, કષ્ટથી ઉગારવું, બચાવવું, ભેગું કરવું. **To scrape acquaintance with a person.** બીજા માણસની સાથે ઓળખાણ કાઢવી, શોધવી. To condemn by rubbing feet. પગ ઘસીને નાપસંદ કરવું, તરછોડી કાઢવું. *vi.* To remove a surface by rubbing. ઘસીને દૂર કરવું, કાઢી નાખવું. 2. To rub the feet on the ground. જમીન ઉપર ઘસવા; ખરખર અવાજ કરવો. 3. To make an awkward bow. બેઢંગી સલામ કરવી. 4. To play awkwardly. બેસુરું વગાડવું. *n.* A rubbing with something hard. ઘસવું, છોલવું તે; છોલ; ઘસારો. 2. An awkward bow. બેઢંગી સલામ. 3. Perplexity. મુંઝવણ; મુશ્કેલી; મુશીબત; આપદા; ધર્મ-સંકટ; ગુંચવણ.

Scraper, *n.* (સ્ક્રે'પર્) An instrument, with which anything is scraped. છીણી; છોલણી; તાસણી. 2. A miser. કંજુસ; કૃપણ; બખિલ માણસ.

Scratch, *vt.* (સ્ક્રૅચ્) To rub, to tear or to mark the surface of, with something sharp. ખોતરવું; ખણવું; ઉઝરડવું; વલોરવું; ખજવાળવું. 2. To excavate with the claws. કોતરવું; ખોતરવું. 3. To erase. છેકવું; ચહેરવું; ઘસી નાખવું; નું નામ કાઢી નાખવું. 4. To write or draw awkwardly. ઉતાવળથી, બેઢંગી રીતે લખી કહાડવું; ઘસડી કાઢવું. *vi.* To make scratches. ખણવું; ખોદવું; ખોતરવું. *n.* A mark; a slight wound. ઉઝરડો; લીસોટો; નખોરીઉં. 2. A line from which competitors in race start. શરતના કુંડાળાની આસપાસની લીટી. **To scratch out.** ઘસી નાખવું; ખોતરી નાખવું. *a.* Taken at random. અલેલ ટપ્પે લીધેલું; જેમ તેમ.

Scrawl, *vt. vi.* (સ્ક્રૉલ્) To draw or mark irregularly. જેવું તેવું ઉતાવળથી લખી કાઢવું, ચિતરી નાખવું; ઘસડી કહાડવું; અસ્પષ્ટ લખવું; અગડં બગડં લખવું; લીસોટા, ટીસરડા કાઢવા. *n.* A piece of unskilful, hasty writing. ખરડો; ઉતાવળથી ચિતરી કાઢેલા અક્ષર; ઉતાવળું બેઢંગું લખત.

Scream, Screech, *vi.* (સ્ક્રીમ્–સ્ક્રીચ્) To give out a shrill sound; to shriek. ચીસ પાડવી; તીણા અવાજથી બૂમ પાડવી, ચીસેચીસ પાડવી. *n.* A shriek; a sharp shrill cry. ચીસ; ચીચીઆરી; આક્રંદ; તીની બૂમ.

Screen, *n.* (સ્ક્રીન્) A partition; a curtain; a shield. પડદો; ઓઠું; આંતરો; બચાવ; રક્ષણ. 2. A wire sieve. મોટી ચાળણી; ડોળ ચાળણી. *vt.* To shelter or protect from danger or injury. નું રક્ષણ–બચાવ કરવો; છુપાવવું; બચાવવું; આશ્રય આપવો. 2. To sift. ચાળવું.

Screw, *n.* (સ્ક્રૂ) A cylinder with spiral ridge called the thread, running round it. પેચ; પેચનો ખીલો. 2. One who makes a sharp bargain. કસીને સોદો કરનાર; કંજુસ, ચીકણો, માણસ. 3. A strict examiner or instructor. સખ્ત, હઠીલો, પરીક્ષક-શિક્ષક; અઘરી પરીક્ષા લેનાર. 4. An importunate beggar. ચીકણો, જૂડ જેવો

માણસ, ભિખારી. 5.A persistent questioner. જોડની માફક પાછળ લાગીને પૂછપૂછ કરનાર. 6. A screw-steamer. પેચથી ચાલનારી આગબોટ. 7. An unsound or worn-out horse. ઘસાઈ ગએલો-રદ્દડ ઘોડો; જુનો ભારદારીનો ઘોડો. **A screw-loose**.ચૂક;ખોડ;ખામી; ભૂલ.**To put on the screw,** to force. દબાણ કરવું; બળાત્કાર-જોર-જુલમ કરવો. **To put under the screw,** to press. ઉપર દબાણ કરવું; પરાણે તાણી તૂષીને કઢાવવું. **Male screw,** નરપેચ. **Female screw,** માદા પેચ.-*vt.*To apply a screw to. પેચ ફેરવવો; ઇસ્કૂ ઘાલવો; પેચ વડે સજ્જડ કરવું-બરોબર બેસાડવું. 2. To press;to force.પરાણે-તાણી તુષીને કાઢવું, કઢાવવું, ચઢાવવું, ઠેકાણે રાખવું. 3. To twist. આમળવું; આમળી, મચડીને વાંકુચૂકું કરવું. 4. To oppress by exactions. કરવેરો નાખી નીચોવી, ચુસી લેવું. **To screw out,**to press out.નીચોવી દાબી કાઢવું **To screw up,** to force. બળાત્કારે, પરાણે લાવવું, રાખવું. **To screw in,** to force in. મારી મચડીને અંદર ઘાલવું,પેસાડવું.

Screw-driver, *n.*(સ્ક્રૂ'-ડ્રાઈવર્) A tool for turning screws. પેચીઉં; ઇસ્કુ ફેરવવાનું ઓજાર.

Screw-piles, *n.* (સ્ક્રૂ'પાઇલ્ઝ્) A wooden structure with a screw at the lower end. દીવાદાંડી; પૂલ વગેરેના આધાર સારૂ ભોંયમાં ઠોકી ઘાલેલા ખીલાના આકારનાં લાકડાં.

Scribble, *vt.* (સ્ક્રિ'બલ્) To write with haste or without care. બેફિકરાઈથી, ઉતાવળથી લખી નાખવું, ચિતરી કાઢવું. 2. To fill with worthless writing. નજીવા લખાણથી ભરવું; દમ, માલ વગરનું લખવું.-*vi.* To scrawl. ઉતાવળથી લખવું; બેદરકારીથી લખવું.-*n.* Careless handwriting. અમથું, ગડબડીયું, નજીવું લખાણ. **-°er,***n* (સ્ક્રિ'બ્લર્)A writer of no reputation. બેફિકરાઈથી લખી,ચિતરી કાઢનાર;લેભાગુ લેખક,ગ્રંથકર્તા.

Scribe *n.* (સ્ક્રાઇબ્) One who writes; a penman. લહીઓ; લખનાર; કારકુન; લેખક. 2. A Jewish writer or the doctor of the law. યાહુદી ધર્મશાસ્ત્રી-પંડિત; પંડિત.-*vt.* To mark; લખવું;નિશાની કરવી;કોતરવું. [L. *scribo*,I write.]

Scrimmage, Scru-, *n.*(સ્ક્રિ'મિજ્) Tussle. ખેંચતાણ; દરોડો; ધાડ; ઘોંઘાટ; કજીઓ; ધમાલ. 2. ફુટબૉલની રમતમાં દડો વચમાં મેલી ઉભેલા આગળના રમનારનો સમૂહ-*v.* ધમાલ કરવી; દડો વચમાં મેલવો.

Scrip, *n.* (સ્ક્રિપ્) A small bag; a satchel. નાની કોથળી;ઝોળી. 2. A certificate or schedule. ચીઠ્ઠી; સર્ટિફિકેટ; ટુંકો લેખ. 3. A certificate of stock or share. શેરનું સર્ટિફિકેટ કાચું; અરધા કૉલ ભરેલું હોય તેવું સર્ટિફિકેટ.

Script, *n.* (સ્ક્રિપ્ટ્)A hand-writing; original document. લિપિ; લખાણ; દસ્તાવેજ; લેખ. 2.Printed types, resembling hand-writing. લખવાના જેવા અક્ષર છાપવાના બીબાં.

Scriptural, *a.* (સ્ક્રિ'પ્ચુરલ્) Contained in the scriptures; Biblical. ધર્મપુસ્તક અનુસાર; ધર્મપુસ્તકમાંનું, શાસ્ત્રીય; ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમાંનું-પ્રમાણે; શાસ્ત્રોક્ત.

Scripture, *n.* (સ્ક્રિ'પ્ચર્) A document. લેખ; દસ્તાવેજ; લખાણ. 2. The Bible. ધર્મશાસ્ત્ર-પુસ્તક. 3. A quotation from the Bible. ધર્મશાસ્ત્ર-પુસ્તકમાંનું બાઇબલનું વાકય. 4. A sacred book of non-Christian community. શાસ્ત્ર;વેદ;ધર્મગ્રંથ;ધર્મપુસ્તક. [L.*scribo*. I write.]

Scrivener, *n.* (સ્ક્રિ'વનર્) A writer or drafter of documents. દસ્તાવેજ, ખત લખનાર; મુત્સદ્દી. 2. A money-broker. વ્યાજુ દલાલ; નાણાં ધીરનાર; આડતીઓ. [L. *scribo*, I write.]

Scrofula,*n.*(સ્ક્રૉ'ફ્યુલે)A disease consisting of tumors in the neck. કંઠમાળ; ગંડમાળ; ગળે થતું એક જાતનું દરદ. [L.*scrofa*,a breeding sow.]

Scrofulous, *a.* (સ્ક્રૉ'ફ્યુલસ્) Pertaining to scrofula. કંઠમાળ સંબંધી-ને લગતું.2. Affected with scrofula. કંઠમાળના રોગવાળું.

Scroll, *n.* (સ્ક્રોલ્) A roll of paper or parchment. વીંટો; ભૂંગળું; લખોટો.

Scrotum, *n.*(સ્ક્રો'ટમ્) A bag containing testicles. અંડકોશ (ગુહ્યાંગની) કોથળી; વૃષણ.

Scrub, *vt.* (સ્ક્રબ્) To rub hard. ઘસવું; ચળકતું કરવું; ઉટકવું; વાળા કુંચી વગેરેથી ધોઇને સાફ કરવું -*vi.*To be diligent and penurious. મહેનત છતાં કૃપણ, દરિદ્રી હોવું; દહાડો ન વળવો -*n.* A worn-out brush. ઘસાઈ ગએલી નકામી સાવરણી; કુચો. 2. A mean fellow. પાજી માણસ; કૃપણ-ગુગળીપણે રહેનાર માણસ; મહેનતુ પણ અકર્મી માણસ.3. Something small and mean. હલકી ચીજ-પદાર્થ-વસ્તુ. 4. A brush-wood or forest. જંગલ; ઝાડી. *a.* Mean. હલકું; તુચ્છ; દોઢલું; પામર; અધમ. **°-by,** *a.* (સ્ક્ર'બિ) Small and mean. ઠીંગણું; ટુંકું ને નીચું; નીચ; હલકું; હીમાએલું.

Scruple, *n.* (સ્ક્રુ'પલ્) A weight of twenty grains; the third part of a dram. વીસ ગ્રેન ભાર વજન; એક ડ્રાગનો ત્રીજો ભાગ. 2. Any small quantity. ઘણોજ થોડો જથો; રજકણ; રતી; વાલ. 3. Doubt; hesitation; perplexity.શંકા; આનાકાની; સંદેહ; ખટકો; ખચકો; અચકાવું તે **To make scruple,** to hesitate. ખેંચાવું;

અટકવું; ખમચાવું. *vi.* & *vt.* To hesitate, to doubt. ખમચાવું; અટકવું; આનાકાની કરવી; બ્હીને પાછું હઠવું.[L. *scrupulus*, a small sharp stone.]

Scrupulosity, *n.* (સ્ક્રુપ્યુલૉ'સિટિ) A hesitation from fear of acting wrongly. કાળજી; ફિકર; ચોકસપણું; સંદેહ; શંકા; આનાકાની.

Scrupulous, *a.* (સ્ક્રુ'પ્યૂલસ્) Nicely doubtful; full of scruples. ખેંચાઇ ખેંચાઈને-અનીતિથી બ્હી બ્હીને ચાલનાર-વર્તનાર; સંશયી. 2. Cautious; careful. કાળજી-ફિકર-સંભાળવાળું; ચોકસ. **With scrupulous care**, બહુ સંભાળથી.

Scrutinize, *vt.* (સ્કુ'ટિનાઈઝ) To examine closely; to search carefully. બારીક-ઝીણી; ચોકસ રીતે તપાસવું; ચોકસાઇથી નજર રાખવી; તપાસ -ચોકસી કરવી.-°**tator**. શોધક.

Scrutineer, *n.* (સ્ક્રુટિની'ર્) One who scrutinizes. ઝીણી-બારીક તપાસ કરનાર. 2. An examiner of votes. મતની તપાસ, ગણત્રી કરનાર.

Scrutiny, *n.* (સ્ક્રુ'ટિનિ) A critical examination; a minute inquiry. ચોકસ-ઝીણી-બારીક તપાસ. 2. An examination of the votes given at an election. સભાસદ પસંદ કરવાના મત અપાયા હોય તેની તપાસ. [L. *scrutor*, to search carefully.]

Scud, *vi.* (સ્કડ્) To run quickly. ઘણા વેગથી-નાસી, સટકી જવું; જોસબંધ, ઝપાટાબંધ ચાલવું; એકદમ સટકી, નાસી, જવું. 2. To run before the wind without sail. સઢ ચઢાવ્યા વગર પવન આગળ હંકાયા તણાયા જવું.-*vt.* To pass over quickly. ના ઉપર થઈને જલદીથી જવું.– *n.* Vapoury driving clouds. છુટી દોડતી વાદળીઓ. 2. The act of scudding. જોસબંધ-નાસી-સટકી જવું તે; ધસડાવું, ઘસડવું તે; પ્રવહન.

Scuff *vi.* (સ્કફ્) Walk with dragging feet. ઘસડપસડ ચાલવું.

Scuffle, *vi.* (સ્ક'ફલ્) To struggle with close grapple. બાથંબાથા આવી જવું; ઝપાઝપી કરવી, બાઝંબાઝા કરવું. 2. To fight disorderly. મારામાર-બાઝંબાઝ, બાથંબાથ-ધક્કા ધકી-ઝપા ઝપી કરવી. *n.* A struggle with close embrace. બાઝંબાઝા; બાથંબાથા. 2. A tumultuous contest. મારામાર; લડવાડ; ટંટો; ઝપાઝપી.

Sculk, *vi.* (સ્કલ્ક્) To skulk, to lurk. સંતાવું; ભરાઈ બેસવું; છુપાવું; કામ કરવામાં લુચ્ચાઇ કરવી-ખુણે ભરાવું.

Scull, *n.* (સ્કલ્) The skull. ખોપરી; તાલકું; કપાળ. 2. A boat. નાવડું; હોડી; મછવો. 3. An oar. ચાટવો; હલેસું.-*vt.* & *vi.* To propel a boat with sculls. હલેસું પાણીમાં ફેરવીને હોડીને આગળ ચલાવવી; હલેસવું.

Scullery, *n.* (સ્ક'લરિ) A back kitchen; a room for washing up dishes. રસોઇનાં વાસણ રાખવાની અને ધોવાની ઓરડી. [L. *scutella*, a dish.]

Scullion, *n.* (સ્ક'લ્યન્) A cook's boy; a washer of dishes and pots. રસોઇનાં વાસણ માંજનાર-ઘસનાર; એઠવાડ કાઢનાર.

Sculptor, *n.* (સ્ક'લ્પ્ટર્) A carver or engraver કોતર કામ કરનાર; શિલ્પી; નકશીગર; ખોદનાર. [L. *sculpo*, I engrave.]

Sculpture, *n.* (સ્ક'લ્પ્ચર્) The art of engraving or carving. કોતરવાની કળા; શિલ્પકળા; નકશી; કોરણી; કોતરકામ. 2. Carved work. પ્રતિમા; મૂર્તિ; બાવલું. *vt.* & *vi.* To engrave કોતરવું; ખોદવું; નકશી કામ કરવું.[L. *sculpo*, I engrave.]

Scum, *n.* (સ્કમ્) Dross. પ્રવાહી પદાર્થ ઉપર બાઝેલો કચરો, મેલ, કીટું; ફીણ; બગરી. 2. Recrement; refuse. કચરો; નિતરામણ; ગળામણ. *vt.* To take the scum from; to skim. પ્રવાહી પદાર્થના ઉપરથી કચરો, આછ, મેલ જુદો કાઢવો, તારવી કાઢવો. 2. To sweep or range over the surface of. ઉપર ઉપરથી જોઇ લેવું; નજર ફેરવવી. *vi.* To throw up scum. ના ઉપર મેલ, કચરો થવો; ફીણ આવવું.-°**my**. ફીણ જેવું, વાળું.

Scumble, *vt.* (સ્કમ્બલ્) Soften colour, etc. રંગ આછો, ખુલતો, સ્હેજ ઝાંખો કરવો -*n.* છાયા રંગ; આછો, ઝાંખો ભાગ, અસર, દશ્ય.

Scupper, *n.* (સ્ક'પર્) A hole in the side of a ship, to carry off water from the deck. તુતક ઉપરથી પાણી લઇ જવાને વહાણની એક બાજુએ પાડેલું કાણું, બાકું.

Scurf, *n.* (સ્કર્ફ્) A dry scab on the body. ખોડો; મેલ; ખસ. 2. Any scaly matter on the surface. પડ; પોપડો; થર; છારી. 3. Stain. એબ; કલંક; ડાઘ.

Scurfy, *a.* (સ્ક'ર્ફિ) Covered with scurf. ખોડાવાળું; ખોડાના જેવું.

Scurrility, *n.* (સ્કરિ'લિટી) Low, vulgar, abusive language. બેફાટ, નાગા, નિર્લજપણું; ભાંડવેડા; મૂર્ખતા. 2. Vulgar abuse. અપશબ્દ; ભાંડપણું; ભાંડ; દુર્વચન. [L. *scurra*, a buffoon.]

Scurrilous, *a.* (સ્ક'રિલસ્) Containing low abuse; foul; vile. નાગું; નિર્લજ્જ; ભાંડ જેવું; અધમ; નીચ; બેફાટ.

Scurvy, *a.* (સ્ક'ર્વિ) Paltry; low; mean. તુચ્છ; હલકું; નીચ; અધમ; તિરસ્કાર્ય. *n.* A disease characterized by livid spots. આગરૂ; પુષ્ટિકારક ખોરાક અને તાજાં શાકભાજી ખાવા ન મળવાથી થતો એક જાતનો મોં આવવાનો, નબળાઇ તથા ખોડાનો રોગ.

Scutch, *vt.* (સ્કચ્) To dress by beating. ઝપેટવું; ખંખેરવું; જાડા દાંતાવાળા ઓજારથી ઝુંડી કચરો કાઢીને સાફ કરવું. *n.* A wooden instrument, used in scutching. કચરો સાફ કરવાનું દાંતાવાળું ઓજાર. 2. The refuse of the scutched flax. સાફ કરેલા શણનો કચરો; શુથા. [Same as *scotch*, to cut slightly.]

Scut, *n.* (સ્કટ્) સસલા કે હરણના જેવી ટુંકી પુંછડી.

Scutcheon,*n.*(સ્ક'ચન્)A shield for armorial bearings.નામની, કુલચિહ્નની ચકતી.2. The ornamented cover to a key-hole. કુંચી ઘાલવાના બાકોરા ઉપર મઢવાનું બાકોરાવાળું પિત્તળનું ચકતું.

Scuttle,*n.* (સ્ક'ટલ્)A broad shallow basket. પહોળી છાબડી; કરંડીઓ. 2. A pan for holding coals. કોલસા ભરવાનું પહોળા મ્હોંનું વાસણ. [L. *scutra*, a dish.]

Scuttle, *n.* (સ્ક'ટલ્) A hole with a lid in the wall or roof. છાપરામાં અગર ભીંતમાં નાનું બારણાવાળું જાળીયું. 2. A hole in the side of a ship. વહાણના તુતકમાં પાડેલું બાકું. *vt.* To sink by making holes through the bottom. (વહાણના તળીઆમાં) બાકાં-કાણાં પાડીને વહાણને ડુબાડવું. *vi.* To hurry. ઉતાવળ બતાવી-નાસી છટકી જવું.

Scythe, *n.* (સાઇધ્) An instrument used in mowing and reaping. દાતરડું; ઉભા રહી વાઢવાનું લાંબા હાથાવાળું દાતરડું. 2.The curved blade used anciently in war chariots.પ્રાચીન યુદ્ધરથમાં વાંકી તલવાર રાખતા તે. *vt.* To cut with a scythe. દાતરડા વડે કાપવું; લણવું. [L. *seco*, I cut.]

Scythian, *a.* (સિ'થિઅન્) Pertaining to Scythia. કાળા સમુદ્રની ઉત્તર-પૂર્વે આવેલા પ્રાચીન સીથીઆને લગતું. *n.* An inhabitant of Scythia. સીથીઆનો રહીશ-રહેવાશી.

Sea, *n.* (સી) An expanse of salt water, that covers most of the earth's surface. દરિઓ; સાગર; સમુદ્ર; સિંધુ. 2. The ocean. મહાસાગર; મહાસમુદ્ર; ઉદધિ; અર્ણવ; દર્યાવ. 3. Some special portion of the ocean. જમીનમાંનો પાણીનો ભાગ; સમુદ્ર. 4. A surge; a wave. ઘણું ઉંચું મોજું; દરિઆનો ઉછાળો. **At sea,** વહાણમાં; દરિઆ ઉપર. **A heavy sea,**તોફાની દરિઓ. **On the high seas,** ભર દરિઆમાં.ત્રણ માઈલથી દૂર.**To go to sea,** ખલાસીનો ધંધો લેવો.**To be at sea,**ગોળગોળ, મોઘમ, ગોથાં ખાવાં. **At full sea,** રેલની ભરતી વખતે; ભર દરીએ **Sea-farer,** ખારવો; ખલાસી; નાવિક; વહાણવટીઓ. **Sea-horse,** એક પ્રકારનું દરિઆઇ પ્રાણી, જળઘોડો. **Sea-king,** નૉર્વે દેશનો ચાંચીઓ. **Sea-level,** સિંધુતલ. **Sea-side,** દરિઆ કાંઠો, ઉતારો. **Sea-worthy,** દરિએ સફર કરવા લાયક. (વહાણ) [A Sax. *sae*, sea.]

Sea-board, *n.* (સી'બૉર્ડ્) The sea shore. દરિઆ કિનારો, કાંઠો; સમુદ્રતીર, તટ, કાંઠો. 2. The coast region. દરિઆ કાંઠે આવેલો પ્રદેશ.

Sea-born, *a.* (સી'બૉર્ન્) Born of the sea or born at sea. દરિઆમાંથી જન્મેલું, ઉત્પન્ન થએલું. દરિઆની મુસાફરી વખત જન્મેલું.

Sea-green, *a.* (સી'ગ્રીન્) Being of faint green colour. દરિઆ જેવા ઘેરા લીલા રંગનું; સાગરવર્ણનું.

Sea-gull, *n.* (સી'ગલ્) A gull living on the sea-coast. સમુદ્ર કુકકુટ-કુકટ; ટીટોડી.

Seal, *n.* (સીલ્) A marine carnivorous mammal. એક પ્રકારનું દરિઆઈ, માંસાહારી, આંચળવાળું પ્રાણી. 2. A piece of stone or metal, engraved with some figure or inscription.સિક્કો; મ્હોર; મુદ્રા; મુદ્રિકા. 2. The impression of a seal. પાડેલો સિક્કો; છાપ; મ્હોર; સક્કો. 3. The wax or other substance so impressed. બીડવા ચાંપવાની લાખ, મીણ કે તેવો ચિકણો પદાર્થ. 4. Assurance. ખાત્રી; નિશ્ચય. *vt.* To mark with a stamp. ઉપર મ્હોર, નિશાન મારવું; છાપવું; કબુલ મંજુર કરવું. 2. To fasten and mark with a seal. બીડવું; ઉપર મ્હોર કરવી; લાખ વગેરેથી બંધ કરવું. 3. To shut or keep close. સજ્જડ બંધ કરવું; બીડવું;છુપુ રાખવું;છાનું રાખવું.4.To confine. જાપ્તામાં રાખવું; કેદ કરવું. 5. To destine; decide. નિર્માણ થવું; આવી બનવું; ચોક્કસ થવું. **To seal weights,** કાટલાં છાપવાં. **Great seal.** A seal in charge of Lord Cancellor. મુખ્ય ન્યાયાધીશની મ્હોર, સિક્કો. [L. *signum*, a sign.]

Sealer, *n.* (સી'લર્) One who seals. છાપગર; સિક્કો મારનાર, કરનાર; છાપનાર.

Sealing-wax, *n.* (સી'લિંગ-વૅકસ્) A pigment used for seals. મ્હોર કરવાની લાખ.

Seam, *n.* (સીમ્) The uniting of two edges of cloth &c. together. બે કટકા સાંધવા તે; સીવણ; ઓડણ;ફાટ;ફાંક;સાંધ. 2.A scar. ચાઠું; ચકામું; ડાઘ. 3. A thin layer. પાતળું પડ; થર. 4. A line of junction. સાંધો; સાંધ -*vt.* To unite with a seam. સીવવું; સાંધી, જોડી લેવું; ટોલટવું. 2. To scar. ચકામું-ચાઠું-ડાઘ-પાડવો; નિશાન કરવું; શળ પાડવો.. 3. To knit. ગુંથવું.-°**er,** *n.* (સી'મર) One who seams. દરજી; સઇ; મેરઇ.-°**stress,** *n.* (સી'મ્સ્ટ્રિસ) A sewing woman; a sempstress. દરજણ; સીવનારી સ્ત્રી; સમણ; પેરણ. [A. Sax. *seam.*]

Sea-man, *n.* (સી'મન્)A sailor; a mariner. ખલાસી; ખારવો; નાવિક; વહાણવટીઓ.-**-ship,** *n.* (સી'મૅન્-શિપ્) The skill of a good-seaman. વહાણ ચલાવવાની ચતુરાઈ-કુશળતા; નૌકાચાતુર્ય; વહાણવટીઆપણું.

Seance, *n.* (સ'ચાં) મંડળીની બેઠક;આધ્યાત્મિક તત્ત્વ પ્રદર્શન, પરીક્ષા.

Seaplane, *n.*:(સી'પ્લે'ન્)Hydro-aeroplane. પાણી પર ચાલતું બલુન.

Sea-port, *n.* (સી'પોર્ટ્) A harbour on the coast. દરિઆ કાંઠાનું બંદર; બંદર; નૌકાશ્રય સ્થાન.

Sear, *a.* (સી'ર્) Withered; dry. સુકું; કરમાએલું; ચીમળાઇ ગએલું. *vt.* To wither; to dry. ચીમળાવવું; સુકાવવું; કરમાવવું. 2. To burn; to scorch. ડામવું; ઉપરથી ખાલ-સપાટી બાળી નાંખવી. [A Sax. *searian*, to parch.]

Search, *vt.* (સર્ચ્) To explore, to examine. શોધવું; ખોળવું; તપાસવું; ઢુંઢવું;નો ઝાડો-જપ્તી લેવી;ની ભાળ કાઢવી. 2. To prove. માંહે બોનર ઘાલી તપાસ કરવી-તપાસવું. 3. To seek. શોધવું; ની તલાસ-ખોળ કરવી-તપાસવું. 4. To put to the test. કસી જોવું, કસવું; બારીકાઇથી તપાસવું- *vi.* To make inquiry. ખોળવું; શોધવું.-*n.* Inquiry; quest. શોધ; તપાસ; ખોળ; તલાશ; ઝાડો; જડતી. **To search out,**-શોધી,ખોળી ઢુંઢી કાઢવું. [L. *circus*, a circle.]

Search-light, *n.* દુશ્મન, વિઘ્ન, વગેરે પારખવાનો વીજળીનો દીવો; શોધક; પ્રકાશક.

Search-warrant, *n.* (સ'ર્ચ-વૉરન્ટ્) A warrant granted by a judge, to enter premises, in search of the stolen goods. ઝાડો; જડતી લેવાનું અખત્યારપત્ર; વારંટ.

Sea-sick, *a.* (સી'સિક્) Affected with sickness. વહાણમાં બેસવાથી જેને ઓકારી-ફેર આવતા હોય તેવું; દરિયો લાગ્યો, ચ્હડયો હોય તેવું.

Season, *n.* (સી'ઝન્) One of the divisions of the year. ઋતુ; મોસમ; રત. **Hot season,** ઉનાળો; **Cold season,** શિઆળો; **Rainy season,** ચોમાસું. 2. A convenient or suitable time. સમય; અવસર; પ્રસંગ; સંધિ; તાકડો; તક; જોગ. 3. That which gives a relish to food. મસાલો; વધાર. 4. A while; a time. વેળા; કાળ; વખત; અવસર. **Out of season,** કવેળા;વગર પ્રસંગે. **In season,** in good time. ખરે, યોગ્ય પ્રસંગે; વેળાસર; સવેળા.-*vt.* To render suitable. યોગ્ય, લાયક, તૈયાર કરવું. 2. To render palatable. મીઠું, મરચું વગેરે મસાલો નાંખવો; માં વધાર કરવો; સ્વાદિષ્ટ કરવું. 3. To habituate. સદે, માફક આવે તેમ કરવું; અનુકૂળ પડે તેમ કરવું; કાળે કરીને આદત, ટેવ પાડવી. **To season one to a climate,** કોઇને કોઇ દેશની હવા માફક આવે, સદે એમ કરવું. 4. To prepare by drying or hardening. સુકવી કરી વાપરવા લાયક કરવું; પાકું, રીઢું કરવું; બે ત્રણ મોસમ ખવડાવવી. 5. To render pleasant. રસ મૂકવો; રસિક કરવું. **To season justice with mercy.** દયા ભેળવી ન્યાયને ઓછો કડક કરવો.-*vi.* To become suitable by time. પાકવું; કામ લાયક થવું; રીઢું થવું; માફક થવું. 2. To become dry and hard. કઠણ, પાકું, રીઢું, સુકું થવું. [L. *sero*, I sow.]

Seasonable, *a.* (સી'ઝનબલ્) Opportune; timely. ખરા ટાંકણા, પ્રસંગનું;સવેળાનું;વખતસરનું.

Seasonably, *adv.*(સી'ઝનબ્લિ) In due time. વેળાસરનું; સવેળા; ખરે તાકડે-પ્રસંગે.

Seasoning, *n.* (સી'ઝનિંગ્) Something added to enhance enjoyment. સ્વાદ કરવા નાંખેલી વસ્તુ; વધાર; મરી મસલો; મીઠું મરચું.

Seat, *n.* (સીટ્) The place or thing on which one sits. બેઠક;આસન;બેસણી;ઠામ;પાટલી; પાટલો; ખુરશી; બેસણું. 2. A manner of sitting. બેસવાની તરેહ, રીત, ઢબ, બેઠક. 3. A station, an abode. જગ્યા;સ્થળ;રહેઠાણ;ઠામ;ઠેકાણું. 4. A right to sit. બેસવાનો હક; બેસવાની ખાસ જગ્યા. *vt.* To place on a seat. બેસાડવું;આસન આપવું; ઠેરવીને બેસાડવું;થાપવું. 2. To supply with seats. આસન, પાટલા માંડવા, મૂકવા. 3. To fix; to set firm. બેસાડવું; ઠેરવવું; મજબુત ગોઠવવું. 4. To establish in position.માં બેઠક જડવી; ની જગાઠેકાણે મૂકવું. [L. *sedeo*, I sit.]

Seater, *n.* (સી'ટર્) Car, plane, with a certain number of seats. અમુક બેઠકવાળી મોટરકાર, એરોપ્લેઇન. **Two seater**=બે બેઠકવાળી ગાડી વગેરે.

Sebaceous, *a.* (સિબે'શસ્) Fatty. ચીકણું; ચરબી જેવું; ચરબીદાર; ચરબી વધ્યાથી થએલું. [L. *sebum*, tallow.]

Secant, *a.* (સે'કન્ટ્) Cutting; dividing into two parts. છેદે એવું; કાપે એવું; છેદનારૂં;બે ભાગ કરનાર. *n.* A line that cuts another. છેદન રેષા, લીટી. [L. *seco*, I cut.]

Secateurs, *n.* (સે'કેટર્ઝ્) Pruning-shears. છોડ સમારવાની કાતર.

Secede, *vi.* (સિસી'ડ્) To withdraw from fellowship; to retire. અલગ, જુદું, નોખું પડવું, થવું; નો સંસર્ગ, પક્ષ છોડવો; સોબત છોડવી, ત્યાગ કરવો. [L. *se*, apart; & *cedo*, I go.]

Secession, *n.*(સિસે'શન્) The act of withdrawing. ત્યાગ; અલગ, નોખું, જુદું પડવું, થવું તે.

Seclude, *vt.* (સિક્લ્લૂ'ડ્) To keep retired or away from the company. વેગળું, અલાયદું રાખવું, રહેવું; એકાંત રહેવું; પડદામાં રાખવું; એકાંત વાસમાં લઈ જવું. 2. To exclude. દૂર રાખવું, વેગળું, નિરાળું રાખવું; બાતલ કરવું.[L. *se*, aside, & *claudo*, I shut.]

Seclusion, *n.* (સિક્લ્લ્'શ્ઝન્) Retirement; privacy. બધાથી નોખું, નિરાળું રહેવું તે; પડદામાં રાખવું તે.

Second, *a.* (સે'કન્ડ્) Next to the first; another. બીજું; અન્ય; દ્વિતીય. 2. Inferior. ઉતરતું; બીજા નંબરનું; ઉતરતા પ્રકારનું. **He is second to none,** તે કોઈથી ઉતરતો નથી. **Second estate,** વિલાયતમાં ઉમરાવોની સભા; "હાઉસ ઑવ લૉર્ડ્ઝ."**Second cousin,** મોળાઈ, પિત્રાઈ, ફોઇઆત ભાઇ, બેનનું છોકરૂં. *n.* One next to the first.ઉતરતા, બીજા દરજ્જાનું પ્રાણી, વસ્તુ. 2. An assistant. પીઠ ઠોકનાર; સાથ; સોબતી; દ્વન્દ્વ યુદ્ધમાં બીજાને મદદ કરનાર; સહકારી. 3. The sixtieth part of a minute or a degree. મિનિટ; અંશનો સાઠમો ભાગ; ક્ષણ; વિપળ;વિકલા. 4. Goods of inferior quality. હલકી જાતની, બીજા દરજ્જાની વેપારની વસ્તુ. 5. Coarse flour. થૂલા-ભરડા જેવો જાડો આટો. *vt.* To assist; to back. ને આશ્રય-પુષ્ટિ મદદ-ઉત્તેજન આપવું; ઉપરાણું તાણવું; ટેકો, અનુમોદન આપવું. 2. To support. તે ટેકો, પુષ્ટિ આપવી. 3. To succeed.ની પાછળ આવવું; બીજું આપવું, હોવું. [L. *sequor*, I follow.]

Secondary, *a.* (સે'કન્ડરિ) Subordinate; not primary. ઉતરતા દરજ્જાનું-પાયરીનું; ગૌણ; ઉતરતું; અમુખ્ય. 2. Acting by deputation. મુખ્ય ધણીનું નહિ એવું; પારકા હાથનું; અપ્રધાન. **Secondary evidence.** ઉતરતા દરજ્જાનો પુરાવો.**Secondary education,**પ્રાથમિકથી ચઢતી, માધ્યમિક, અંગ્રેજી ધોરણ ૭ સુધીની કેળવણી. **Secondary planet,**ચંદ્રમા; ઉપગ્રહ. 3. Of second place,origin,rank or importance.બીજા દરજ્જાના ગુણવાળું;મધ્યમ; સામાન્ય;ઉત્પત્તિમાં બીજું. —*n.* A deputy; a delegate. ઉતરતો-તાબાનો અધિકારી;મુખત્યાર;પ્રતિનિધિ.2. A satellite.ઉપગ્રહ; **Secondary circle,** ગૌણવર્તુલ.

Seconde, *n.* (સીકૉ'ન્ડ્) પટ્ટાબાજીમાં બચાવનો બીજો દાવ.

Second-hand,*a.* (સે'કન્ડ-હૅન્ડ્)Not original or primary; received from another. બીજાની મારફત-હાથે-દ્વારે મળેલું. 2. Not new. ઉતરેલું; જુનું; વાપરેલું; એંઠું-*n.* Extra hand in a watch. ઘડીઆળમાં સેકન્ડ બતાવનારો કાંટો. 2. Possession received from the first possessor. આગળના ધણી પાસેથી મળેલો કબજો. **At second-hand,** બીજાની પાસે થઇને; મૂળ માણસ પાસેથી નહિ તેવું; જૂનું. **A second-hand report.** બીજાને મોઢે થઈને આવેલી વાત.

Secondly, *adv.* (સે'કન્ડ્લિ) In the second place. બીજું; બીજું એ કે.

Second-rate,*a.*(સે'કન્ડ્-રે,ટ્)Of the second order, size, rank, quality or value. મધ્યમ દરેજ્જા-કદ-ગુણ-કિંમતનું; મધ્યમ; સામાન્ય.

Second-sight, *n.*(સે'કન્ડ્-સાઇટ્) The Poetic vision. દીર્ઘ દૃષ્ટિ; દિવ્યચક્ષુ; દૂર અંદેશી.

Secrecy, *n.* (સી'ક્રસિ) The state of being secret or hidden. ગુહ્યતા; ભેદ; પડદો; મર્મ. 2.Retiremnt; privacy. છાની, ગુપ્ત જગ્યા, સ્થિતિ; છાના-ગુપ્તપણું; ભેદ. 3. Fidelity to a secret. છાની વાત ગુપ્ત રાખવી તે; મૌન; ગોપન.4. Concealment. સંતાડેલી-છુપાવેલી ચીજ-વાત; ગુહ્ય; રહસ્ય.

Secret, *a.* (સી'ક્રિટ્) Concealed; hidden. છાનું;ગુપ્ત;ઢાંકેલું; ગૂઢ; અવિદિત; ગૂઢાર્થ.2.Affording privacy. છાની વાત મનમાં, ગુપ્ત રાખે તેવું. 3. Secluded. એકાંતમાં રહેલું; નિર્જન. *n.* Something studiously concealed. છુપો ભેદ; મર્મ; રહસ્ય; ગુપ્ત વાત. 2. A mystery. છુપો ભેદ; મર્મ; અજાણી, ગૂઢ વસ્તુ, વાત. 3. (*pl.*) The secret parts of the body. ગુહ્યાંગ; ગુહ્ય અંગ. **Secret instruction,** ગુરૂમંતર. **In secret,** ખાનગી, છુપી રીતે; છાનામાના; ચુપકીથી.-*adv.* (સી'ક્રિટ્લિ) Privately; inwardly.ખાનગી રીતે; અંદરખાનેથી; છાનામાના; છુપી રીતે. [L. *se*, aside; & *cerno*, I sift.]

Secretariat,-ate, *n.* (સેક્રિટે,'રિઅટ્-સેક્રિટે,'રિએ,ટ્)The official position of a secretary. મંત્રીનો હોદ્દો-જગ્યા.The office of a secretary. સેક્રેટરીની ઑફીસ.

Secretary, *n.* (સે'ક્રીટરિ) An official scribe or writer. મંત્રી; દફતરી; ચિટનીસ. 2. An officer in charge of a particular department of government. કોઈપણ ખાતાનો મુખ્ય અધિકારી; સચિવ; પ્રધાન; અમાત્ય. 3. An escritoire. કલમદાન;ઈસ્કોતરો.-°**taire,**ઈસ્કોતરો.

Secrete, *vt.* (સિક્રી'ટ્) To separate. જુદું પાડવું; કોરે મૂકવું; ખસેડવું; જુદું પડી ઝરવું. 2. To hide, to conceal. સંતાડવું; છુપાવવું; ગુપ્ત જગાએ મૂકવું, 3. To separate as substances from the blood in animals. લોહી-વૃક્ષના રસમાંથી પ્રવાહીરૂપે જુદું પડવું-ઝરવું. [L. *se*, aside & *cerno*, I sift.]

Secretion,*n.*(સિક્રી'શન્)The act of concealing. સંતાડવું-છુપાવવું તે. 2. The matter

secreted. લોહી-વૃક્ષરસ વગેરેમાંથી જુદો પડેલો-ઝરેલો પદાર્થ-રસ; સ્રાવ; નિસ્સરણ; મળમૂત્ર; લાળ.

Secretive, *a.* (સી'ક્રિટિવ્) Causing secretion. રસ કાઢતું; માંથી રસ જુદો નિકળે એવું; ધાતુવર્ધક.2. Given to secrecy.ગુપ્ત-છાનું રાખનાર.

Secretory, *a.*(સિક્રી'ટરિ)Secreting.ધાતુવર્ધક; રસ કાઢનાર; સ્રાવ સબંધી.

Sect, *n.* (સેક્ટ્) A school; dissenters from an established church. પંથ, મત; ધર્મમાર્ગ, ધર્મનો ફાંટો; શાખા; પક્ષ. [L. *seco*, I cut.]

Sectarian. Sectary, *a.* (સેક્ટે'રિઅન્-સે'કટરિ) Pertaining to a sect.જુદાજુદા-અમુક મત-પંથ-માર્ગ-સંપ્રદાયસંબંધી. 2. Bigotedly devoted to a sect. પોતાના મત-ધર્મને અંધપણે વળગી રહેનાર; સાંપ્રદાયિક;સાંકડા મનવાળું;અનુદાર. *n.* One of a sect.અમુક-ધર્મ-સંપ્રદાય પાળનાર; પંથી; શાખામાર્ગી; પક્ષપાતી.

Section,*n.*(સે'કશન્)Separation by cutting. છેદન;છેદ;કાપવું,વાઢવું તે. 2.A portion, a division. ભાગ; વિભાગ; કકડો; પક્ષ; છેદ. 3.A distinct part or portion as of a book. કલમ;પ્રકરણ;અધ્યાય; પર્વ; કાંડ; સુંધ; ભાગ. 4. A distinct part of a country. દેશનો જુદો ભાગ, વર્ગ.5. A representation of a building, showing the internal structure. છેદ ચિત્ર; છેદ આકૃતિ.[L.*seco*, I cut.]

Sectional, *a.* (સે'કશનલ્) Pertaining to a section. પાક્ષિક; પક્ષ, ભાગનું, સંબંધી, વિષે. 2. Composed of several independent sections. જુદા જુદા ભાગ એકઠા મૂકીને કરેલું. **Sectional interests,** એક પક્ષવાળાનું હિત.

Sector,*n.*(સે'ક્ટર)A plane figure enclosed between two radii of a circle or ellipse and the arc cut off by them. વૃત્તખંડાભાસ; વર્તુલની બે ત્રિજ્યા અને તેની વચ્ચેના પરિઘના ભાગ સાથેની આકૃતિ.2.A mathematical instrument. ખુણા માપવાનું યંત્ર; ખગોળનું યંત્ર. [L.*seco*,I cut.]

Secular,*a.*(સે'ક્યુલર) Occurring once in an age or century. સૈકામાં, પેઢીમાં એકવાર બનતું, થતું, આવતું. 2. Accomplished in a very long period of time. બહુ વર્ષે બનનાર, થનાર. 3. Not monastic. મઠવાસીના નિયમ નહિ પાળનાર.4. Not spiritual; worldly. ધર્મ સંબંધી નહિ તેવું; વ્યવહારિક; સંસારી; ઐહિક; લૌકિક.*n.* One not bound by monastic rules, a layman. મઠવાસીના નિયમ નહિ પાળનાર પાદરી; ગૃહસ્થ;સંસારી. [L. *saeculum*, an age.]

Secularity,Secularness *n.*(સેક્યુલૅ'રિટિ-સે'ક્યુલરનિસ્) Worldliness.વ્યવહારમાં મગ્ન રહેવું તે; સંસારાસક્તપણું; માયામગ્નપણું; ઐહિક દૃષ્ટિ.

Secularize, *vt.* (સી'ક્યુલરાઇઝ્) To make secular;to convert from religious to secular or common use.સંસારી કરવું;આશ્રમ કે મઠમાંથી કાઢીને વ્યવહારમાં નાખવું;વ્યવહારના ઉપયોગમાં લેવું. **To secularize a church,** દેવળને વ્યવહારના ઉપયોગમાં લેવું. 3. To make worldly. સંસારી બનાવવું. 4. To make separate from religion.ધર્મોપદેશ રહિત કરવું.**To secularize oneself,** ધર્મકર્મ મૂકી સંસારમાં ગરક થઇ જવું.

Secure, *a.* (સીક્યૂ'ર) Free from fear or danger; safe. નિર્ભય; સલામત; નિશ્ચિન્ત;સ્વસ્થ; ભરોસાદાર. 2. Confident; sure. ખાતરીવાળું; ખાતર જમા. 3.Careless;unsuspecting. બેફિકરૂં; નિભ્રાન્ત; પ્રમાદી. 4. Not exposed to danger. નિર્ભય;બીનજોખમી;સલામત.*vt.* To make secure. નિર્ભય-બેફિકર કરવું. 2. To protect;to guard. રક્ષણ-બચાવ કરવો. 3. To seize and confine. પાકા જાપ્તા-બંદોબસ્તમાં રાખવું. 4. To assure. ખાતરી કરી લેવી; તારણ-બાંહેધરી રાખવી. 5. To get possession of.નો કબજો લેવો-મેળવવો. **To make oneself secure of.** નો પાકો કબજો કરવો; કબજામાં લેવું; નક્કી કરવું. [L. *se*, without, & *cura*, care.]

Securely, *adv.* (સીક્યૂ'ર્લિ) Safely. નિર્ભયપણે; નિર્વિઘ્ને; બિન જોખમે; વગર હરકતે.

Security, *n.* (સીક્યૂ'રિટિ) Freedom from fear, care or anxiety. નિર્ભયપણું; નિરાંત; નિશ્ચિન્તપણું; નિભ્રાન્તપણું. 2. Negligence; carelessness. બેફિકરાઈ;ગફલત; બેદરકારી. 3.Freedom from risk. સલામતી; બીન જોખમપણું. 4. An evidence of property. ખત;લેણદેણનો દસ્તાવેજ-લેખ.5.A pledge. બાંહેધરી; જામીનગીરી. 6. A surety. જામીન, ખોળાધર; હામી; બાંહેધરી. **–bond,** *n.* (સિક્યૂ'રિટિ-બૉન્ડ) A bond for security anything. જામીન ખત.

Sedan, *n.* (સિડૅ'ન્) A covered chair or vehicle, borne on poles by two men. ખુરશી જેવી બેઠકવાળો મિઆનો; પાલખી; તાવદાન; મેનો.

Sedate, *a.* (સીડે'ટ્) Calm, tranquil. શાન્ત; ગંભીર; વિચારશીલ; ધીરૂં. [L. *sedeo*, I sit.]

Sedative, *a.* (સે'ડટિવ્)Tending to calm. શાન્તિકારક-જનક; દુઃખશામક.–*n.* A medicine which allays irritation or pain. ઝાળ-લાય, દુઃખ ઓછું કરનાર–મટાડનાર ઔષધ-દવા;ઉપશામન.

Sedentary, *a.* (સે'ડન્ટરિ) Accustomed to sit much.ઘણીવાર સુધી બેસી રહેનાર;બેઠાગરૂ; બેસી રહે તેવું. 2. Requiring much sitting. ઘણું બેસી રહેવું પડે તેવું; બેઠાં બેઠાં કરવાનું; બેઠું. 3. Inactive; sluggish. સ્થિર; હાલે ચાલે નહિ તેવું; નિરૂદ્યોગી. 4. Caused by long sitting.

ઘણીવાર બેસી રહેવાથી થએલું; અવ્યવસ્થાયી. [L. *sedeo*, I sit.]

Sedge, *n.* (સેજ્) A grass-like plant. દર્ભની જાતનું ઘાસ. [L. *seco*, I cut.]

Sedilia, *n. pl.* (સીડિ'લિઍ)Stone seats for priests.પાદરીઓની ચંદરવાવાળી (ત્રણ) બેઠક,આસન; ધર્માસનો.

Sediment, *n.* (સે'ડિમન્ટ્) Dregs; lees; matter that settles to the bottom or liquid. મેલ; કીટું; નીચે બેઠેલો કચરો; ગાળ; મળ. [L. *sedeo*, I sit.]

Sedimentary, *a.* (સે'ડિમેન્ટરિ) Formed by sediment. નીચે બેઠેલા કચરા-ગાળ-વાળું,સંબંધી.

Sedition, *n.* (સિડિ'શન્)Agitation directed against the government સરકારના સામું હુલ્લડ, તોફાન; બેદિલી કરાવવી તે; રાજદ્રોહ; ફિતુર; દંગો; બળવો. 2. Conduct or speech tending to rebellion. હુલ્લડ-તોફાન-બેદિલી ફેલાવનારી વર્તણુંક-સંભાષણ-ભાષણ [L. *se*, aside, & *eo*, I go.]

Seditious, *a.* (સીડિ'શસ્) Pertaining to sedition. રાજદ્રોહનું; દંગાખોરનું; દંગા-હુલ્લડનું. 2. Riotous. દંગો-બળવો રાજદ્રોહ ઉઠાવે, કરાવે તેવું. 3. Turbulent; factious. રાજદ્રોહી; બળવાખોર; દંગાખોર; ફીતુરી; તોફાની; હુલ્લડી.

Seduce, *vt.* (સિડયૂ'સ્) To lead astray; to entice to evil; to corrupt. ખોટે રસ્તે-કુમાર્ગે ચઢાવવું; બગાડવું; ભ્રષ્ટ કરવું. 2. To persuade (woman) into surrender of chastity; to debauch. ફોસલાવી-લાલચ આપી અનીતિ-કુમાર્ગે લઇ જવું;પતિવ્રતનો ભંગ કરાવવો; ભોળવીને બગાડવું; કાઢી જવું. [L. *se*, aside & *duco*, I lead.]

Seduction, *n.* (સિડ'કશન્) The act of seducing. સતીપણાનો ભંગ; શીલપાતન 2.Thing that tends to seduce. ફોસલાવી કુમાર્ગે દોરવાનાં સાધન; પ્રલોભન; ફોસલામણી.

Seductive, *a.* (સિડ'ક્ટિવ)Tempting;leading astray. મોહક; આકર્ષક; કુમાર્ગે લઇ જાય એવું, ભોળવે તેવું; ભૂલથાપ ખવડાવે તેવું.

Sedulous, *a.* (સે'ડયુલસ્)Diligent; persevering; assiduous. ઉદ્યોગી; ખંતીલું; અભ્યાસી; સરખા આગ્રહથી ઉદ્યોગ કરનાર. [L. *sedeo*, I sit.]

See, *vt.* (સી)[*imp.*saw,(સૉ) *p.p.*,seen,(સીન)]To perceive by the eye; to behold. જોવું;દેખવું; ભાળવું; દ્રષ્ટિએ પડવું. 2. To understand; to comprehend. સમજવું; જાણવું; જોવું. 3. To visit. મળવું; મુલાકાત લેવી. 4. To attend. જોડે જઇ પહોંચાડવું. **To see a lady home**, કોઇ બાઇને ઘેર પહોંચાડવી. 5. To take care of. ફિકર રાખવી; સાચવવું; સંભાળ રાખવી. 6. To meet or associate with.ના સમાગમ,સંગમાં,સોબતમાં રહેવું. નાં દર્શન કરવાં. 7. To experience. અનુભવવું; જાત અનુભવથી જાણવું. **To see service, death** અનુભવી હોવું,મરણને જાત અનુભવથી જાણવું. *vi* To perce to have the power of vision.ને દેખાવું;સુઝવું;જોવું;ભાળવું.2.(through or into).To discern.સમજવું;જાણવું.3.To take care.ધ્યાનમાં; લક્ષમાં રાખવું;જોવું;ચિત્ત રાખવું. **See to this,** આ વાત ઉપર ધ્યાન રાખજો.**Let us see,** જોઇએ; વારુ. **To see one's way.** ને સુઝવું; સુઝ પડવી. **To see to,** જોવું; તપાસવું. [L. *sequor*, I follow.]

See, *n* (સી) The seat of episcopal power. ધર્માધ્યક્ષની ગાદી. પોપની ગાદી-નું ઠેકાણું. 2. A diocese of a bishop. ધર્માધ્યક્ષના તાબાનો મુલક, તાલુકો, હકુમત. [L. *sedeo*, I sit.]

Seed, *n.*(સીડ્) A matured ovule of a plant. બી; બીજ; બીયું. 2. Semen; milt.વીર્ય; ધાતુ;રેતસ; શુક્ર. 3. Progeny; offspring. પ્રજા; વંશ;સંતાન; ફરજંદ; છોકરાં.4.Germ; prime cause; original. બી; તત્ત્વ; મૂળ;પાયો;અસલ. 5.Race; generation. જાત;પેઢી;મૂળ;જન્મ. *vi.*To produce seed.પાકવું; ને દાણો બેસવો; આવવો. 2. To shed the seed. બી પાડવું *vt.* To sow. વાવવું; વેરવું; પેરવું.

Seediness,*n.* (સી'ડિનિસ્)Shabbiness.ચિંથરેહાલપણું; નિર્માલ્ય, નિર્વીર્યપણું; તનાયલાપણું.

Seedling, *n.* (સી'ડલિંગ્) A plant reared from the seed. બીજમાંથી ઉછરેલો છોડ; રોપો.

Seed-plot, *n.* (સી'ડ્-પ્લૉટ) A piece of nursery-ground. રોપવા-વાવવાની જગ્યા; કયારો.

Seedsman, *n.* (સી'ડ્ઝમન્) A person who deals in seeds. બી વેચનાર 2. A sower. બી વાવનાર, વિખેરનાર.

Seed-time, *n.* (સી'ડ્-ટાઇમ્)Sowing season. વાવવાની મોસમ-વેળા; ઓરણીની મોસમ.

Seedy, *a.* (સી'ડિ) Full of seeds. બહુ બીજવાળું. 2. Shabby; worn out. જુનું; ફાટેલું; જીર્ણ; ઉતરેલું; દમ વિનાનું; હોંસ-જુસ્સા વગરનું.

Seeing, *conj.* (સી'ઇન્ગ્) Considering; since; because. કારણ કે, ત્યારે, જોતાં; જોઇને; માટે.

Seek, *vt.* (સીક્) [*imp.* & *p. p.* sought.] (સૉટ) To make search or inquiry. ખોળવું; શોધવું; ઢુંઢવું; ગોતવું. 2. To solicit. માંગવું; પ્રયત્ન કરવો; યાચવું; યાચના કરવી. 3. To try or to be anxious to find. શોધવાને-મેળવવાને માટે યત્ન કરવો-ઇચ્છા કરવી-ચિન્તા કરવી –*vi.* To make search or inquiry. શોધવું; ખોળવું; ઢુંઢવું. 2. To strive. ભારે પ્રયત્ન કરવો. **To seek after**=ની પાછળ લાગવું; મેળવવા પ્રયત્ન કરવો. **To seek for,** શોધવું; ખોળવું. **To seek to,** નો આશ્રય-આધાર લેવો. [A. Sax. *secan*, to seek.]

Seem, *vi.* (સીમ્) To appear. દેખાવું; જણાવું; દીસવું. 2. To be taken as. લાગવું; ભાસવું. **It seems to me that,** મને લાગે છે કે.–**°ing,** *a.* (સી'મિંગ્) Apparent. ઉપરનું; દેખીતું;કહેવાતું; બતાવવાનું.**Seeming friendship,** કહેવાની દોસ્તી.–*n.* Appearance. દેખાવ.–**ingly,** *adv.*(સી'મિંગ્લિ) Apparently. ઉપરઉપરથી; બહારથી; દેખીતી રીતે; કહેવામાં. [A. Sax. *seman,* to adjust.]

Seemly, *a.* (સી'મ્લિ) Becoming; fitting; suitable. લાયક; યોગ્ય; ઘટિત; જુગતું; ઉચિત; છાજતું.–*adv.* In a suitable manner. યોગ્ય રીતે; યથાથ; ઉચિત.

See-saw, *n.* (સી'સૉ) A game in which two persons sit one at each end of long board, balanced in the centre and move alternately up and down. ચીંચવો; ચીચુડો; ચાકુરીઓ; હચરક દાંડીયો.–*a.* Moving up and down. ઉંચાનીચું થતું.

Seethe, *vt.* (સીધ્) To boil. ઉના પાણીમાં બાફવું-ઉકાળવું-રાંધવું–ચડાવવું.–*vi.* To be hot. ઉકળવું; ખળભળવું; ખદખદવું.[A. Sax. *seothan,* to boil.]

Segment,*n.*(સે'ગ્મન્ટ્)A section, a portion cut off rom a figure.ખંડ,અંશ; ભાગ;કકડો;ફાડ. 2. The part of a circle, contained by an arc and its chord.ધનુષ્ય આકૃતિનો કટકો;ગોળાનો ખંડ; વૃત્તખંડ. *vi.* To divide or become divided up into segments. વૃત્તખંડમાં ભાગવું; ભાગલા પાડીને વૃત્તખંડ બનાવવા. [L. *seco,* I cut.]

Segregate,*a.*(સે'ગ્રિગે,ટ્)Set apart;separate. બીજાથી જુદું–નોખું ઈલાયદું રાખેલું–મૂકેલું, કાઢેલું; પાડેલું; નિરાળું.*vt.* To separate. બીજાથી છુટું-જુદું પાડવું;ઈલાયદું રાખવું.[L.*se,*apart &*grex,*a flock.]

Segregation, *n.* (સીગ્રીગે,'શન્) The act of separating from others.બીજાથી જુદું પાડવું તે; અલગવાસ.

Seignior, Seigneur,*n.* (સે,ન્ય'ર્)A lord; a lord of manor. શેઠ; જાગીરદાર; નામદાર;મહેરબાન. 2. A title of honour in the south of Europe. [Similar to "*Sir*", or "*Mr.*" in English.] અંગ્રેજીમાં "સર" કે "મીસ્ટર"ના જેવો દક્ષિણ યૂરોપમાં વપરાતો સન્માનનો શબ્દ, ઇલકાબ; શેઠ. [L. *senior,* elder.]

Seignorage,Seigniorage,*n.*(સે,'ન્યરિજ્) Something claimed by a sovereign as a prerogative on bullion for coining. સરકારી ટંકશાળમાં નાણું છાપવા બદલ થોડો નગદી કર;નાણું છપામણી. 2. A royalty payable to an author for his copy-right. કૉપીરાઈટના હકની કિંમત; છપામણીનો હિસ્સો.

Seigniory Seignory, *n.* (સે,'ન્યરિ) A lordship; sovereign authority. અમીરની સત્તા અધિકાર–હકુમત–રાજ્ય–મુલક.

Seize, *vt.*(સીઝ્) To lay hold on suddenly, to catch.એકદમ ધસીને પકડવું–ઉપર હાથ નાંખવો; ઝડપવું; પકડી–પડાવી લેવું; ત્રાપ મારવી. 2. To take hold of. પકડવું; નો કબજો કરવો;ને ચઢવું; આવવું. (fever, તાવ) 3. To take possession by force. લુંટાવી, પડાવી, ખુંચાવી, છીનવી લેવું; બળાત્કારે લઇ લેવું; પચાવી પડવું. 4. To take possession of by legal authority or a warrant. જપત કરવું; જડતીમાં લેવું; કાયદેસર સત્તાથી જપ્ત કરવું. 5. To grasp with the mind. સમજવું; મનમાં જાણવું. 6. To fasten. દાબવું; ચાંપવું; જડવું. **To seize on,** ઝડપી ખુંચવી લેવું; કબજ કરવું. **To be seiz(s)ed of.** નો કબજો હોવો–નો હક હોવો; પૂરૂં જાણવું.

Seizure, *n.* (સી'ઝ્ર) The act of seizing; capture. કબજો; પકડવું, ઝાલવું, જડતીમાં લેવું તે. 2. Ownership, possession. કબજો; માલીકી; સ્વામિત્વ. 3.That which is possessed. લુંટાવી, બચાવી, પડાવી લીધેલી વસ્તુ; પદાર્થ.

Sejant, *a.* (સી'જન્ટ્) Sitting with forelegs upright. આગલા પગ ઉંચા લઇને બેઠેલું. [L. *sedeo,* I sit.]

Seldom,*adv.* (સે'લ્ડમ્) Rarely; not often. ભાગ્યેજ; કોઇજવાર; જવલ્લે; કવચિત્; ઘણું કરીને નહિં. *a.* Rare; unfrequent. કોઇજવાર, ભાગ્યે થતો, આવતો.

Select, *vt.* (સિલે'કટ્) To choose and take from a number; to pick out. અમુક સંખ્યામાંથી પસંદ કરવું; ચુંટી, વીણી કાઢવું; પસંદ કરવું. *a.* Nicely chosen; picked out. પસંદ કરેલું; ચુંટી કાઢેલું; વીણી કાઢેલું; ઉંચી જાતનું. (L. *se* & *lego,* I gather.]

Selection, *n.* (સિલે'કશન્) A taking by preference from a number. પસંદગી; ચુંટણી; સાર, છાંટ. 2. A number of things selected. પસંદ કરેલી,ચુંટી કાઢેલી-વસ્તુ,વસ્તુસંગ્રહ.**Natural selection,** પ્રાકૃતિક ગ્રહણ.

Selenite,*n.*(સિલી'નાઈટ્)Crystallized sulphate of lime. ચળકતા પાસા પડેલો ચુનાનો ખાર. 2.A moon-stone.ચંદ્રકાન્ત.[Gr. *selene,* the moon.]

Selenography, *n.* (સેલીનૉ'ગ્રફિ) The science that treats of the physical features of the moon. ચંદ્રનીસપાટીનું વર્ણન હોય તેવું શાસ્ત્ર; ચંદ્રદેશશાસ્ત્ર. [Gr. *selene,* the moon & *grapho,* I write.]

Self, *n.* (સેલ્ફ) [*pl.* selves.] A person's or thing's own individuality or essence. પંડ; જાત; આત્મ; સ્વ; ખુદ. 2. One's own private

interest (**"he is always for self."**) સ્વાર્થ; મતલબ; એકલપેટાપણું. 3. A flower of a uniform colour. એક સરખા રંગનું ફુલ;એકજ જાતના રંગનું ફુલ. 4.Personification; embodiment. સજીવારોપણ; મૂર્તિ; ચૈતન્ય. *a.* Same; very same; identical. તેજ;આત્મ;પોતેજ;સ્વીય; અમુક. **To come to one's self,** ને ભાન આવવું; શુદ્ધિમાં આવવું. **One's better self,** પોતાના સારા ગુણ-પ્રકૃતિ-સ્વભાવ. **To spare one's self,** લુચ્ચાઈ કરવી; હાડકાં ચોરવાં. **I myself,** હું પોતે જાતે-પંડે; મારો પંડ. **Thou thyself**, તારો પંડ, તું જાતે-પોતે-પંડે. **He himself,** તે જાતે-પોતે; પંડે.

Self-acting, *a.* (સે'લ્ફ્-ઍક્ટિંગ્) Acting of itself. પોતાની મેળે કરનાર-ચાલનાર.

Self-conceit, *n.* (સે'લ્ફ્-કન્સીટ્) Vanity; pride. ગર્વ; મગરૂરી; અહંકાર;આપવડાઇ;અભિમાન.

Self-control, *n.* (સેલ્ફ્-કન્ટ્રો,'લ્) Control exercised over one's self. આત્મસંયમ;ઇંદ્રિયો વશ રાખવી તે; દમન.

Self-defence, *n.* (સેલ્ફ્-ડીફે'ન્સ્) Defence of one's own person or property. પોતાની જાત-પંડ-માલમિલ્કતનું રક્ષણ; આત્મરક્ષણ.

Self-denial, *n.* (સેલ્ફ્-ડીના'યલ્) The denial of one's self. આત્મસંયમ; સ્વાર્થત્યાગ; મન મારવું-વશ રાખવું તે.

Self-destruction, *n.* (સેલ્ફ્-ડીસ્ટ્ર'કશન્) Self-murder; suicide. આત્મહત્યા; આપઘાત.

Self-esteem, *n.* (સેલ્ફ્-ઇસ્ટી'મ્)The good opinion of one's self. પોતાના પંડ-જાત વિષે સારો વિચાર; અહમ્મતિ; અભિમાન; અહંકાર.

Self-evident, *a.* (સેલ્ફ્-એ'વિડન્ટ્) Evident without proof or reasoning.એની મેળે જણાય તેવું; સ્પષ્ટ; પ્રત્યક્ષ; સ્વયંપ્રકાશ, પ્રમાણ. સિદ્ધ.

Self-existent, *a.* (સેલ્ફ્-ઇગ્ઝિ'સ્ટન્ટ્)સ્વયંભૂ; આત્મભૂ, સ્વતઃસિદ્ધ.

Self-government, *n.* (સેલ્ફ્-ગ'વર્ન્મન્ટ્) Self-command; self-control. આત્મસંયમ; આત્મશાસન. 2. Democracy; સ્વરાજ્ય;લોકરાજ્ય; પ્રજા પોતે પોતાનું રાજ કરે તે. પ્રજાસત્તાક રાજ્ય.

Self-help, *n.* (સેલ્ફ્-હે'લ્પ્) Assistance by one's self. જાતમહેનત; સ્વાશ્રય; જાત ઉપર આધાર રાખવો તે.

Self-importance, *n.* (સેલ્ફ્-ઇમ્પૉ'ર્ટન્સ્) Pride; high opinion of one's self.અભિમાન; ગ્હોટમ; મગરૂરી; બડાઈ.

Self-indulgent, *a.*(સેલ્ફ્-ઇન્ડ'લજન્ટ)Gratifying one's own passions or desires. અસંયમી; સ્વચ્છંદી; વિષયી; ભોગી.

Self-interest, *n.* (સેલ્ફ્-ઇ'ન્ટરિસ્ટ્) Private advantage. સ્વાર્થ; સ્વહિત; પોતાની મતલબ; આત્મહિત.

Selfish, *a.* (સે'લ્ફિશ્) Caring only for self. મતલબી; સ્વાર્થી; એકલપેટું; આપગરજુ. **Selfish philosophy**. સ્વાર્થ એજ બધાનો પાયો છે એવું મત; સ્વાર્થદર્શન.

Self-knowledge, *n.*(સેલ્ફ્નૉ'લિજ્) Knowledge of one's real character.આત્મજ્ઞાન;પોતાની લાયકાત, શક્તિ કે ચારિત્ર્યનો ખ્યાલ; સ્વપરિમાણ.

Self love, *n.* (સે'લ્ફ્-લવ્) The love of one's own person or happiness. આત્મપ્રીતિ; મમતા; અહંભાવ; પોતાના પંડ ઉપર પ્રીતિ, વહાલ.

Self-made, *a.* (સે'લ્ફ્-મે'ડ્) Made by one's self. આપકર્મી; પોતાના પ્રયત્નથી મોટાઇને પામેલો.

Self-opinionated, *a.*(સેલ્ફ્-ઓપિ'ન્યને,ટિડ્) Valuing one's own opinion highly. આપમતીલું; દુરાગ્રહી.

Self-possessed, *a* (સેલ્ફ્-પઝે'સ્ડ્)Composed, cool. સ્વસ્થ; સાવધ; અવ્યાકુળ; મનમાં સ્વસ્થ.

Self-possession, *n.* (સેલ્ફ્-પઝે'શન્) Presence of mind;calmness.મનનું સાવધપણું;સમય સૂચકતા; દેહભાન; ચિત્તનું સ્વસ્થપણું-અવ્યાકુળતા.

Self-praise, આત્મસ્તુતિ;આપવખાણ,વડાઇ,બડાઈ.

Self-registering,-recording, આપોઆપ દર્શાવવું;નોંધવું.

Self-reliance, *n.* (સેલ્ફ્-રીલા'યન્સ્) Dependence on one's own power; self-help. સ્વાશ્રય; પોતાની જાત ઉપર આધાર રાખવો તે; આત્માશ્રય; આત્મસહાય.

Self-respect, *n.* (સેલ્ફ્-રીસ્પે'ક્ટ્) Regard for one's character. સ્વાભિમાન; ટેક; પોતાની આબરૂની દરકાર; સ્વમાન.

Self-restraint, *n.* (સેલ્ફ્-રીસ્ટ્રે,'ન્ટ્) Self control. દમ; આત્મસંયમ; આત્મનિગ્રહ.

Self-sacrifice, *n.*(સેલ્ફ્-સૅ'ક્રિફાઈસ્) Sacrifice of one's own interest. આત્મભોગ; સ્વાર્પણ; જાતે નુકશાન વેઠવું તે.

Self-same, *a.* (સેલ્ફ્-સે,'મ્) The very same; identical. તેજ; એજ; એનું એજ;અનન્ય.

Self-sufficient, *a.* (સેલ્ફ્-સફિ'શન્ટ્) Independent of the aid of others. આપ બળથી પૂરો; સ્વનિષ્ઠ; પોતાનું બધું કામ સહાય વગર કરી શકે તેવો; પગભર; આત્મસંતોષી. 2.Overbearing; proud. અભિમાની; મગરૂર; મનપૂરો.

Self-willed, *a.* (સેલ્ફ્-વિ'લ્ડ્) Wilful; obstinate. હઠીલું;જીદ્દી; આપમતીયું; મમતી;જકકી;સ્વચ્છંદી.

Sell, *n.* (સેલ્) A saddle. ઘોડાનું જીન. [L. *sedeo*, I sit.]

Sell, *vt.* (સેલ્) [*imp.* & *p. p.* sold.] To transfer to another for an equivalent. વેચવું; વેચાતું આપવું; સાટવું. 2. To betray for money. પૈસા ખાઇને નિમકહરામીથી પારકાને આપવું; ફૂટી જઈ દગો દેવો. **To sell a person up,** દેણદારોને પૈસા આપવાને માણસનો સરસામાન વેચવો. To sell one's life dearly. મારી નાખનારને ઘણું નુકશાન કરવું. *vi.* To practise selling. વેચવું. 2. To be sold. વેચાવું; ખપવું. [A. Sax. *sellan,* to give.]

Selvage, Selvedge, *n.* (સે'લ્વિજ્) A woven border. લુગડાની કોર-કિનારી.

Semaphore, *n.* (સે'મફોર) A machine for facilitating telegraphic signals. વેગળેથી ઈસારત કરવાનો સંચો-જુક્તિ-હાથ. [Gr. *sema,* sign & *phero,* I bear.]

Semblance, *n.* (સે'મ્બ્લન્સ્) Similarity; likeness. સરખાપણું; મળતાપણું. 2. A form; image. રૂપ; દેખાવ; આકાર, ડોળ. [L. *similis,* like.]

Semen, *n.* (સી'મેન્) The generative fluid of male animals. વીર્ય; ધાતુ; રેતસ; શુક્ર; તુખમ. 2. The seed of plants. છોડવાનાં બી; બીજ. [L. *sero,* I sow.]

Semester, *n.* (સિમે'સ્ટર) A term of six months; half-year course. પાઠશાળામાં કામ કરવાનું અર્ધું વર્ષ; છ મહિના. [L. *sex,* six & *mensis* month.]

Semi, (સેમિ) A prefix signifying **half.** અર્ધ; અરધું દર્શાવનારો ઉપસર્ગ; નીમ; અર્ધ. [L. *semi,* half.]

Semi-circle, *n.* (સે'મિ-સર્કલ્) The half of a circle. ગોળાર્ધ; અર્ધગોળ; અર્ધવર્તુલ. 2. An instrument for measuring angles. ખુણા માપવાનું યંત્ર; કોણમાપક યંત્ર.

Semi-colon, *n.* (સેમિ-કો,'લન્) The punctuation mark (;) અર્ધવિરામ; ટાંપમિસલો.

Seminal, *a.* (સે'મિનલ) Pertaining to seed or semen. બીજ, ધાત સંબંધી, વાળું-વિષેનું. 2. Germinal. મૂળનું; પ્રાથમિક; આદિનું. [L. *semen,* seed.]

Seminary, *n.* (સે'મિનરિ) A seed plot, a nursery. બીજરોપણ સ્થળ; ઝાડના છોડની જગ્યા. 2. A school or a college. નિશાળ; શાળા; વિદ્યાલય; પાઠશાળા [L. *semen,* seed.]

Seminate, *vt.* (સે'મિને,ટ) To sow, to spread. રોપવું; વાવવું; ફેલાવવું; વધારવું.

Semi-official, *a.* (સેમિઑફિ'શલ) અર્ધસત્તાવાર; અમલદારી પરંતુ ખાનગી; વિધિ, રીતસરનું નહિ.

Semite, *n.* (સી'માઈટ્) શેમ, હીબ્રુ, આરામિઅન, ફિનિશિઅન, આરબ, કે ઍસિરિઅન વંશનો.—*a.* °**Semitic,**—*n.* Semitism. યાહુદી વિચાર, લાગવગ.

Semi-tone *n.* (સે'મિટો,ન) Half a tone. બે સુરોની વચ્ચેનો સુર; મૂર્છના; અર્ધસુર.

Semi-vowel, *n.* (સે'મિ-વૉવિલ્) A sound intermediate between a vowel and a consonant. અર્ધસ્વર; અંતઃસ્થ અક્ષર.

Sempiternal, *a.* (સેમ્પિટ'રનલ) Everlasting; endless. અનંત; અખંડ; સનાતન; શાશ્વત. 2. Eternal. હંમેશનું; અંત અથવા શરૂઆત વિનાનું. [L. *semper.* always.]

Senate, *n.* (સે'નટ) A council of distinguished citizens. પ્રતિષ્ઠિત, પૌર મંડળી; રાજમંડળી. 2. A legislative body in ancient Roman republic. પ્રજાસત્તાક વગેરે રાજ્યોમાં કાયદા બનાવનારી મંડળી-ધારાસભા. 3. The governing body of a University. વિદ્યાલયોનું કારભાર ચલાવનારૂં મંડળ. નિયામક સભા. [L. *senex,* old.]

Senator, *n.* (સે'નટર) A member of a senate. રાજ્યમંડળીનો સભાસદ. 2. A king's councillor. રાજાનો સલાહકારી; સચિવ; મંત્રી.—°**ial,** *a* (સેનટો'રિઅલ્) Pertaining to a senate or a senator. વ્યવસ્થાપક મંડળી કે તેના સભાસદ સંબંધી-ને લગતું. 2. Entitled to elect a senator. વ્યવસ્થાપક મંડળીનો સભાસદ ચુંટી કાઢવાને હક મળેલો હોય તેવું. [L. *senex,* old man.]

Send. *vt.* (સેન્ડ્) [*imp.* & *p. p.* sent.] To bid go; to dispatch. મોકલવું; રવાને કરવું. 2. To throw; to cast. ફેંકવું; નાખવું; છોડવું; મારવું. 3. To cause to be conveyed; to impel. ની સાથે મોકલવું-વિદાય કરવું. 4. To inflict; to grant. કરવું; આવવા દેવું; પાડવું; નાખવું *vi.* To despatch a message or a messenger. આડતીઆ-કાસદ-દૂતની સાથે સંદેશો-કહેણ મોકલાવવું. **To send for** બોલાવા-તેડવા-લેવા મોકલવું; નિમંત્રણ કરવું. **To send forth,** માંથી નીકળવું; ફુટવું; પસરવું; ફેલાવું. To send word. કહાવવું; સંદેશો મોકલવો. [A Sax. *sendan,* to send.]

Senescene, *n.* (સિને'સન્સ્) The state of growing old. ઘડપણ; વૃદ્ધાવસ્થા; જરા; ઘરડાપો.

Seneschal, *n.* (સે'નિશલ્) A steward. કારભારી; વહીવટ કરનાર; મુનીમ; (રાજદરબારમાં) ઘોડાઘરને; જમણવાર તથા ઘર વ્યવહારની ક્રિયાનું કામ કરનાર અધિકારી. [L. *senex,* old.]

Senility, *n.* (સિની'લિટિ) Feebleness of old age. ઘડપણની અશક્તિ; જરા; ઘરડાપો. [L. *senilis,* old.]

Senior, *a.* (સી'નિઅર) More advanced in age; elder. જ્યેષ્ઠ; વડિલ; ઉમરે-હોદ્દે, પાયરીએ મોટું; પહેલી નિમણુકનું. 2. Superior. પાયરીમાં, નોકરીમાં, હોદ્દે, ચઢતું; પહેલાંનું; મુરબ્બી; વડું; ઉંચી પદ્દીનું. ઉપરિ. *n.* A person of advance age. બીજા કરતાં મોટી

ઉમરનો માણસ; વડિલ; જ્યેષ્ઠ. 2. One prior in rank or office. પાયરી, પદ્વીએ મોટું હોય તેવું માણસ. 3. An aged person. વૃદ્ધ, ઘરડો માણસ. [L. *senex*, old.]

Seniority, *n.* (સિનિઑ'રિટિ) The state of being senior. ઉપરિપણું; વડિલ, વડા, જ્યેષ્ઠપણું. 2. Priority in rank.હોદ્દા, પાયરીમાં ચઢતાપણું; જ્યાયાન્પણું; જ્યેષ્ઠતા.

Senna,*n.*(સે'ને)The leaves of various species of Cassia. સોનામુખી; મીંઢીઆવળ; સેનામક્કાઇ.

Sen-night,*n.* (સે'ન્નાઇટ્) A week.અઠવાડીયું; સપ્તરાત્ર.

Sensation, *n.* (સેન્સે,'શન્) An impression through the organs of sense; a feeling. ઇન્દ્રિયજન્ય ભાન, જ્ઞાન; ઇન્દ્રિયબોધ; કલના; બોધ; જ્ઞાન;અનુભવ;લાગણી;સંવેદના.2.A state of some excitement. મનની વ્યાકુળતા; સંક્ષોભ; આકુળતા; આવેગ; વિકાર. [L. *sentio*, I feel.]

Sensational, *a.* (સેન્સે,'શનલ્) Relating to sensation.સંવેદના,ઇન્દ્રિયજ્ઞાન,ભાન,સંબંધી, વિષેનું. 2.Producing sensation,emotional.મનનેવ્યાકુળ, ક્ષુબ્ધ કરે તેવું; ઘણો રસ પડે તેવું; હાહાકાર થાય તેવું; રૂચિકર; સનસનીજનક, ફેલાવતું.

Sense, *n.*(સેન્સ્)Any of the special bodily faculties by which the sensation is roused. પ્રાણીની જ્ઞાનેન્દ્રિય; ઇન્દ્રિય; બુદ્ધિ; ઈન્દ્રિ. 2. Perception, sensation. ઇન્દ્રિયદ્વારા જ્ઞાન; ભાન; બોધ; લાગણી; સંવેદન. 3. Understanding; rationality. સમજણ; સમજ; અક્કલ; બુદ્ધિ; મતિ. 4. Apprehension through the intellect. બુદ્ધિથી ભાન; બોધ; સમજ; જાણપણું. 5. Moral perception.સારાનરસાની સમજ; અનુભવ; વિવેક.6. Meaning; import. ભાવ; અર્થ; માયનો; તાત્પર્ય. 7. An opinion. મત; અભિપ્રાય; વિચાર. **Common sense,** સાધારણ બુદ્ધિ-સમજ; વિવેક. **Moral sense,**અન્તર્યામી.**The internal sense,** અન્તર-આત્મજ્ઞાન-બોધ. **Pleasures of sense,** વિષય-ઇન્દ્રિયસુખ. **To come to senses,** શુદ્ધિમાં-ભાન આવવું.-*vt.* To perceive by the senses.લાગવું;ઓળખવું; જાણવું. [L. *sentio*, I feel.]

Senseless, *a.* (સે'ન્સ્લિસ્) Unconscious; incapable of feeling. બેશુદ્ધ; બેભાન; અચેતન; બેહોશ. 2. Foolish, stupid. જડ; મૂર્ખ; બેવકુફ; હૈયાફુટું; કમઅક્કલ; નાદાન; અણસમજુ.

Sensibility, *n.* (સેન્સિબિ'લિટિ) Capacity to feel. ચેતના; શુદ્ધિ; હોશ; ભાન; દેહભાન. 2. Delicacy of feeling; capacity of emotion or feeling. હૃદયનું કોમળપણું; ચેતના; ગ્રહણ સામર્થ્ય; કાળજાના તીખા-ઉતાવળાપણું.**Sensibility to pain,** દુઃખ લાગવામાં તીખાપણું. 3. Delicacy, as of an instrument. બારીકપણું; નાજુકી, શીઘ્રસૂચકતા; કોમળપણું.

Sensible, *a.* (સે'ન્સિબલ્) Perceptible by the senses. ઇન્દ્રિયગોચર; લાગે-જણાય તેવું; બાહ્ય. 2.Aware,not unmindful.ચેતના-શુદ્ધિ-ભાનવાળુ; સચેતન; જાણીતું; વાકેફગાર. 3. Wise, intelligent. સુજ્ઞ; સમજુ; ડાહ્યું; વિવેકી;શાણું;અક્કલવાન-બાજ; બુદ્ધિશાળી. 4. Cognizant; persuaded. જાણુ; વાકેફ; માહિતગાર. 5. Delicate. બારીક; તીણું; શીઘ્રસૂચક. **To be sensible,** જાણવું; માહિતગાર હોવું.

Sensibly, *adv.* (સે'ન્સિબ્લિ) Sensitively. કોમળતાથી; જણાય-ખબર પડે તેમ; પ્રત્યક્ષ રીતે. 2. Judiciously.સમજ-ડહાપણ-વિવેકથી;જ્ઞાનપૂર્વક.

Sensitive, *a.* (સે'ન્સિટિવ) Having sense or feeling. સચેતન; ભાન-શુદ્ધિ-ચેતનાવાળું. 2. Of keen sensibility; easily affected બારીક લાગણીવાળું; તીખું; ખારૂં; તરત ઘણું લાગે એવું; હૃદયવાન. 3. Delicate. કોમળ; શીઘ્રસૂચક;સુગ્રાહક. **Sensitive plant,** લજામણી; રીસામણી.

Sensorial, Sensory, *a.* (સેન્સો'રિઅલ્-સે'ન્સરિ) Conveying sensation. જ્ઞાનતંતુ સમૂહ સંબંધી-નું વિષે; જ્ઞાન, સંવેદનાવાહક.

Sensorium,*n.* (સેન્સો'રિઅમ્) The seat of sensation; the brain. જ્ઞાનસ્થળ; જ્ઞાનાગાર;જ્ઞાનતંતુસમૂહ; મગજ. [L. *sensus*, sense.] [*pl.* sensoria.]

Sensual,*a.*(સે'ન્શુઅલ્)Of sense or sensation. શારીરિક;ઇન્દ્રિયોનું;ઈન્દ્રિયજન્ય. 2. Carnal;fleshy; lewd. વિષયી; ઇન્દ્રિયાદિક; વિષયલંપટ; લંપટ; વિલાસી; કામાસકત; છિનાળવું; કાછડી છુટું.-**ism,** *n.* (સેન્સ્યૂઅ'લિઝમ્) Sensuality. વિષયીપણું; લંપટપણું; છિનાળું;વિષયાસકિત. ઇન્દ્રિયાદિક સુખમાં મગ્ન રહેવું તે. 2. Sensationalism. ઇન્દ્રિયાદિક ભોગ એ મુખ્ય સુખ છે એવો મત; સઘળા વિચાર અને અનુભવ, સમજણ, ઇન્દ્રિયજ્ઞાનથીજ ઉત્પન્ન થાય છે એવો મત.

Sensualist, *n.* (સે'ન્સ્યુઅલિસ્ટ્) One who is sensual. લંપટ; વિષયી પુરૂષ; કામી; ઇન્દ્રિયાદિક સુખ એ મુખ્ય સુખ છે એમ માનનાર.

Sensuality, *n.* (સે'ન્સ્યુઅ'લિટિ) Lewdness; indulgence in lust. લંપટપણું; વિષયીપણું; ઇન્દ્રિયાદિક સુખમાં મગ્ન રહેવું તે; કામાસક્તિ.

Sensuous, *a.*(સે'ન્સ્યુઅસ્) Pertaining to the senses. ઇન્દ્રિય વિષયક;ઇન્દ્રિય જન્ય;બાહ્ય પદાર્થનું, ને લગતું, સૂચક.

Sent, (સેન્ટ્) [*Imp. & p. p.* of *send.*] મોકલ્યું; મોકલેલું.

Sentence, *n.* (સે'ન્ટન્સ્) An opinion. મત; વિચાર; અભિપ્રાય. 2.A judgment, a decision.

ફોજદારી મુકદ્દમામાં શિક્ષાનો ઠરાવ; શિક્ષા; સજા; નશીઅત. 3. A maxim. નીતિવચન; સૂત્ર; વચન. 4. A number of words containing complete sense, and followed by a full point. વાક્ય. **A dark sentence,** ગૂઢ વચન. *vt.* To doom, to condemn.ને શિક્ષા કરવી; શિક્ષાનો ઠરાવ કરવો; સજા કરવી.[L. *sentio*, I perceive.]

Sententious, *a.* (સેન્ટે'ન્શસ્) Abounding in maxims; pithy; terse. જેમાં કહેવતો હોય તેવું; થોડામાં ઘણું કહેનાર; ટુંકું ને માર્મિક; માર્મિક; અસરકારક; સૂત્ર જેવું; ડાહીડમરી.

Sentient, *a.* (સે'નશિઅન્ટ) Having the power of sense or perception. ચેતનાવાળું; સચેતન; ઇન્દ્રિયજ્ઞાનયુક્ત. [L. *sentio*, I feel.]

Sentiment, *n.* (સે'ન્ટિમન્ટ) A mental feeling; a thought prompted by feeling. તર્ક; મનોભાવ; લાગણી; ભાવના; કલ્પના. 2.Emotion; sensibility. હૈયાનું હૃદયનું કોમળપણું; ભાવ, રસ; સ્નેહ;રંગીપણું;નરમાશ. 3.A thought or opinion. અભિપ્રાય;મત;વિચાર;ઠરાવ;આશય. 4. A saying;a maxim. વચન; વાક્ય; સૂત્ર. [L.*sentio*,I feel.]

Sentimental, *a.* (સેન્ટિમે'ન્ટલ્) Having sentiment. સુવાક્યવાળું;બોધવાળું-કારક;નીતિવચન ભરેલું.2.Showing excess of sensibility.અતિશય કોમળપણું બતાવનાર;ભાવ-અભાવસૂચક;લાગણીવાળું; માંદીયલ; રગશીયું. 3. Appealing to sentiment rather than to reason. કલ્પના, લાગણી, તરંગ ઉશ્કેરાવું; ખોટું આડંબરી; ભભકવાળું.

Sentimentalist, *n.* (સેન્ટિમે'ન્ટલિસ્ટ) One who affects sentiment. અતિશય કોમળપણું-બારીક મનોભાવ વગેરે બતાવનાર; રડતી સુરત.

Sentimentality, *n.* (સેન્ટિમેન્ટે'લિટિ) Affectation of fine feeling. અતિશય કોમળ હૃદય બતાવવું તે; સુકુમારપણાનો ખોટો વેષ-ઢોંગ; માંદીયલ, રડતી લાગણી; દંભ.

Sentinel, *n.* (સે'ન્ટિનલ્)A sentry; a guard, a watch. પ્હેરો કરનાર; પહેરેગીર; ચોકીઆત,પગી; રખેવાળ; રખો.-*vt.* To watch over as a sentry. ચોકી કરવી-તપાસ રાખવી. [L. *semita*, a path.]

Sentry, *n.* (સે'ન્ટ્રિ) A sentinel; a soldier placed on guard. સંત્રી; પહેરેગીર; ચોકીઆત. 2.Watch,duty of a sentinel.ચોકી;પહેરો;તપાસ.

Sentry-box, *n.* (સે'ન્ટ્રિ-બૉક્સ્) A small shed to cover a sentry. પહેરેગીરને ઉભા રહેવાની ઓરડી-છાપરી; ચોકી.

Separable, *a.* (સે'પરબલ્) Capable of being divided or disjoined. જુદું પાડી શકાય એવું; વિભાજ્ય; ભેદ્ય.

Separate. *vt.* (સે'પરેટ્) To divide; to disunite. જુદું-વિખુટું-નિરાળું-નોખું પાડવું-કરવું; ભાગલા પાડવા; ભાગ કરવા. 2. To lie between. ની વચ્ચે આવવું; પડવું; જુદું પાડવું. 3. To set apart from a number. વીણી-ચુંટી કાઢવું;પસંદ કરવું. *vi.* To go apart; to split. જુદું, વિખુટું પડવું; થવું. [L. *se*, apart, & *paro*, I get.]

Separate, *a.* (સે'પરેટ) Disjoined; divided. જુદું; વિખુટું; ઈલાયદું; નોખું; નિરાળું. 2.Alone; without company. એકલું; વિખુટું; અળગું. 3. Disunited; distinct. અળગું; ન્યારૂં; અલગ; પૃથક; સાફ; ખુલ્લું. *n.* A copy of a single article reprinted from a magazine.કોઈ પણ માસિકમાંના એક લેખની છાપેલી જુદી નકલ; માસિકમાંના એક લેખનો ઉતારો.[L.*se*, apart & *paro*,I get.]

Separately, *adv.* (સે'પરેટલિ) Apart; distinctly. જુદું જુદું; પૃથકપૃથક; ભિન્ન;નિરાળું;ઇલાયદું.

Separation, *n.* (સેપરે'શન્) The act of separating.જુદું-વિખુટું પાડવું તે;વિયોગ;વિપ્રયોગ; તુટ; ફાટ; ભેદ; કુસંપ. 2. Divorce.છુટા છેડા;તલ્લાક; ફારગતી. 3. Disunion of married persons. ધણી ધણીઆણીને જુદાં રાખવાં તે. 4. Chemical analysis. પૃથક્કરણ.

Sepoy, *n* (સી'પય્) A native Indian soldier in the British service.અંગ્રેજ રાજ્યમાં નોકરી કરતો પાયદલનો દેશી સીપાઈ; સીપાઈ. [Pers. *sipah*, army.]

Sepsis, *n.*(સે'પ્સિસ્)Septic state or agency. સડો; કહોવાણ; પાચપરૂ થવું તે; સડો કરે તે.

Septangular, *a.* (સેપ્ટે'ન્ગ્યુલર્) Heptagonal. સપ્તકોણી. [L. *septem*, seven & *angulus*, an angle.]

September, *n.* (સપ્ટે'મ્બર) The ninth month of the year. અંગ્રેજી વર્ષનો નવમો માસ; શ્રાવણ-ભાદરવો. [L. *septem*, seven.]

Septenary, *n.* (સેપ્ટી'નરી)સપ્તવાર્ષિક ઉત્સવ.

Septennial, *a.* (સેપ્ટે'નિઅલ્) Lasting for seven years. સાત વર્ષ સુધી ચાલતું; સપ્તવર્ષી. 2. Returning once in every seven years.સાત વર્ષે એકવાર આવતું-થતું; સપ્તવાર્ષિક. [L. *septem*, seven & *annus*, year.]

Septic, *a.* (સે'પ્ટિક્) Causing putrefaction. કહોવાણ કરે તેવું;જલદી કહોવડાવી નાખે તેવું;સડાવી નાખે તેવું; સડાવી નાખતું. [Gr. *sepo*, rot.]

Septilateral, *a.*(સેપ્ટિલૅ'ટરલ્)Having seven sides. સપ્તબાજુ; સાતબાજુનું. [L. *septem* & *latus*, a side.]

Septuagint, *n.* (સે'પ્ટયુઅજીન્ટ્) A Greek version of the Old Testament. (સિત્તેર માણસોએ કરેલું) ખ્રિસ્તિ જુના કરારનું એક ભાષાન્તર. [L. *septuaginta*, seventy.]

Septum, *n.* (સે'પ્ટમ્) A partition, a wall. પડદો; અંતરાય; ભીંત. [*L. sepio*, I fence.]

Sepulchre, *n.* (સે'પલ્કર્)A tomb, a grave. કબર; રોજો; દેવડી; ઘોર; દરઘા; દેવડી; સમાધિ; છત્રી.-*vt.* To entomb; to bury. દાટવું; ની ઘોર કરવી. [*L. sepelio*, I bury.] *a* –°**hral.**

Sepulture, *n.* (સે'પલ્ચર્)Interment,burial. દાટવું તે; દફન; ભૂમિદાહ. 2. A tomb; a burial place. કબર; ઘોર. [L. *sepelio*, I bury.]

Sequacious, *a.* (સિક્વે,'શસ્) Inclined to follow; attendant. નીચેનું;બીજું;પછીનું;અનુગામી; આવતું. 2. Servile. પાળી શકાય એવું; દાબમાં રાખી શકાય એવું; વળે એવું. 3.Coherent.સંબંધ રાખતું; સુઘટ્ટ. [*L. sequor*, I follow.]

Sequel, *n.* (સી'ક્વલ્) A succeeding part. પાછળનો ભાગ; ઉત્તર ભાગ; ઉત્તરાર્ધ;શેષ.2.Result; consequence. છેવટ; પરિણામ; અંત; ફળ; છેડો. [*L. sequor*, I follow.]

Sequence, *n.*(સી'ક્વન્સ્) Succession;series અનુક્રમ; પૂર્વાપર સંબંધ; પરંપરા;અન્વય.2.Result; consequence. પરિણામ; અંત; છેવટ. 3. Order. ક્રમ;નિયમિત ક્રમ;પરિપાટિ. 4. A series of things following in a certain order. ક્રમપ્રમાણે સાથે આવતી વસ્તુઓ; શ્રેણી; સાંકળ.

Sequent, *a.* (સી'ક્વન્ટ) Following. પછીનું; ચાલતું;`પૂર્વાપર. 2. Following by logical consequence. પરિણામી;છેવટનું;અનુમાન્ય;નિગામી.

Sequester, Sequestrate,*vt.*(સિક્વે'સ્ટર્-સી'ક્વિસ્ટ્રે,ટ) To set apart; to separate.જુદું-નોખું-ઈલાયદું મૂકવું-રાખવું. 2. To confiscate. જપ્ત કરવું; ટાંચ મારવી; ની કલમબંધી કરવી; જપ્ત કરી ત્રીજા સખસના હાથમાં રાખવું.3.To seclude one's self; to retire. એકાંત વાસ કરવો; સંસાર છોડવો. [L. *sequor*, I follow.]

Sequestration, *n.* (સીકિવસ્ટ્રે,'શન્)Retirement. એકાંત વાસ; સંસાર ત્યાગ; જુદું-નોખું રહેવું તે. 2. The act of taking property from the owner for a time.જપ્તી;ટાંચ;કલમબંધી.

Sequestrator, *n.* (સી'કિવસ્ટ્રે.ટર્)One who sequesters. જપ્તી કરનાર-કરાવનાર; ટાંચ મારનાર, જપ્ત થએલો માલ રાખનાર-જાળવનાર.

Seraglio,*n.*(સર'લ્યો,) A harem. જનાનખાનું; અંતઃપુર; ઓઝલ; રંગમહેલ;રણવાસ. 2.The palace of the Turkish Sultan. તુર્કસ્તાનના સુલતાનનો રાજમહેલ. [L. *sera*, a bar.]

Serai,*n.*(સેરા'ઇ)A palace. રાજમહેલ;મહેલ.2.A caravansary;an inn.ધર્મશાળા;સિરાઈ;મુસાફરખાનું.

Seraph,*n.* (સે'રફ્) [*pl.* seraphs; seraphim] An angel of the highest order. સૌથી ચઢતા દરજ્જાનો દેવદૂત,ફિરસ્તો [Heb. *seraph*,to burn.]

Seraphic,*a.* (સરૅ'ફિક્) Angelic. દેવદૂત જેવું; યોગ્ય. 2. Sublime; pure. ઉત્કૃષ્ટ; નિષ્કલંક;સ્વચ્છ. 3 Inflamed with holy love or zeal. અત્યુત્સુક; પ્રીતિ, હોંસનું ભરેલું; જાજ્વલ્યમાન; ઝળહળતું.

Sere, *a.* (સી,ર) [see *sear.*] Dry; withered. સુકું; સુકાએલું; શુષ્ક; કરમાએલું; ચીમળાએલું.

Serenade, *n.* (સેરિને,'ડ્)An evening song or instrumental piece, sung or played by a lover, at his lady's window. રાત્રે આશક પોતાની માશુકને ખુશ કરવાને તેણીના મકાન આગળ ગાનતાન કરવું, વાજીંત્ર વગાડવું તે.2. Music sung or performed in the open air at night. રાત્રે હવામાં ગાએલું ગાયન.*vt.*To entertain with a serenade. ગાવું બજાવવું; ગાનતાન કરવું. [L. *serus*, late.]

Serene,*a.* (સિરી'ન્) Clear and calm.સ્વચ્છ; નિર્મળ; નિતરૂં; શુદ્ધ. 2. Placid; tranquil.શાન્ત; સ્વસ્થ; અવ્યગ્ર; સ્થિર. *n.* Clearness. નિર્મળતા; સ્વચ્છતા; શાન્તિ. *vt.* To make serene.સ્વચ્છ, નિર્મળ કરવું. [L. *serenus*, calm.]

Serenity,*n.* (સિરે'નિટિ)Clearness;calmness. સ્વચ્છ, નિર્મળપણું; શાન્તિ; પ્રસન્નતા; સ્વચ્છતા. 2. Peace; coolness. શાન્તિ; સ્વસ્થપણું; નિવૃત્તિ; અવ્યગ્રતા; ગંભીરતા, ભાવ.

Serf,*n.* (સર્ફ્) A slave; a villain employed in husbandry. ખેતીના કામમાં લગાડેલો ગુલામ; હુંડો; દાસ. [L. *servus*, a slave.]

Serfdom, *n.* (સ'ર્ફડમ્) The state of a serf. ગુલામી; દાસત્વ; ખેતીના અંગનું દાસ્ય; દાસવૃત્તિ.

Serge, *n.* (સર્જ)A kind of woolen twilled stuff.એક જાતનું ઉનનું કપડું.[*L.sericus*,silken.]

Sergeant, Serjeant, *n.* (સા'ર્જન્ટ) A lawyer of the highest rank. સર્વથી ઉંચી પદવીનો વકીલ-બારીસ્ટર-કાયદાશાસ્ત્રી. 2. A non-commissioned officer in the army.હવાલદાર; નાયક; જમાદાર; કવાયત શિખવનાર હવાલદાર. 3. A police-officer of superior rank. સારજન્ટ, હવાલદાર; જમાદાર. [L. *servio*, I serve.]

Serial, *a.* (સી'રિઅલ્)Pertaining to a series. અનુક્રમનું; હારમાં આવતું; ક્રમવાર; હારબંધ. 2. Appearing in successive parts. અંકવાર નિકળતું –*n.* A periodical, a tale running through successive numbers of a periodical. અંકવાર નીકળતી નોવેલ કાઢેલી વાત-વિષય; મુદતે મુદતે નીકળતું ચોપાનીયું-વર્તમાનપત્ર.

Seriatim, *adv.* (સેરિએ,'ટિમ્) Point by point; in regular order. અનુક્રમે; ક્રમ પ્રમાણે; હારબંધ; પરંપરાગત; સિલસિલાવાર; મુદ્દાસર.

Series, *n.* (સી,'રીઝ્) Succession; row; set; sequence. ક્રમ; હાર; માળા; પરંપરા;શ્રેણી;સાંકળ;

પંક્તિ. 2. (Math.) An infinite number of terms succeeding one another. અનંત શ્રેણી; વહી. 3. A set of the successive issues of a periodical. કોઇપણ માસિક-વર્તમાન પત્રની ક્રમવાર નકલો-પ્રતો-અંક. **A series of vessels arranged conically,** ઉતરડ; ઉતરાણ. **A series of events,** કેટલાએક બનાવ. [L. *sero*, I join.]

Serio-comic, *a.* (સિરિઓ-કૉ'મિક) Serious and comical. હાસ્ય તથા ગાંભીર્યના મિશ્રણવાળું; હાસ્યગાંભીર્યયુક્ત; ઠાવકું.

Serious, *a.* (સી'રિઅસ્)Thoughtful;earnest; solemn. ગંભીર; ઠાવકું; ભારેખમ; ઓજવાળું; હાસ્ય-મશ્કરી વગરનું. 2. Weighty; important; not trifling. અગત્યનું; ભારે; મોટું; મહાન; મહાભારત; નાનુંસુનું નહિં એવું; વિચાર કરવા જેવું. 3. Not jesting. મશ્કરી વગરનું; ખરેખરૂં; ખરૂં. 4. Responsible; attended with danger. જોખમ ભરેલું; ભયંકર; ભારે; હાનિકારક.

Seriously, *a.* (સી'રિઅસ્લિ) Earnestly; gravely. ગંભીરતાથી; ભારેખમ થઇને; ખરા દિલથી; ખરેખર; બહુ; ઘણું; સખત **He is seriously wounded.** તેને ઘણું વાગ્યું છે [L.*serius*,grave.]

Seriousness, *n.* (સી'રિઅસ્નિસ્) Gravity; solemnity. ગંભીરતા; ઠાવકાઈ; ઠાવકાપણું; ધીરતા; ધૈર્ય; ગૌરવ; ખરો ભાવ; જોખમ; ભય.

Sermon, *n.* (સ'મન્) A discourse, a talk, a writing.વાતચિત;લખાણ. 2.A homily.ઉપદેશ; શિખામણ;બોધ. 3. A discourse delivered in public by a clergyman. ધર્મસંબંધી ભાષણ; ઉપદેશ; વ્યાખ્યાન;ધર્મોપદેશ. *vt.* To lecture, to lesson.ની આગળ ભાષણ, વાતચીત કરવી; ભાષણ કરવું. [L. *sero*, I join.]

Sermonize, *vi.* (સ'મનાઇઝ્)To preach; to discourse. બોધ કરવો; શિખામણ આપવી, દેવી; ને ઉપદેશ કરવો. *vt.* To preach a sermon to. ને બોધ આપવો; શિખામણ દેવી.

Serous,*a.*(સી'રસ્) Like serum;thin;watery. પાણી જેવું પાતળું;લોહીના પાતળા અંશનું, સંબંધી વિષે; મેદસ્વી.

Serpent,*n.*(સ'ર્પન્ટ) A snake.સાપ;સર્પ; એરૂ; અજગર; નાગ; ભુજંગ. 2. (Fig.)A treacherous person. કપટી;ઝેરીલો; ખુનસવાળો માણસ; ડંશીલો માણસ. 3. A wooden tube with several bends.સાપના જેવા આકારનું એક વાજીંત્ર,ભુંગળું.**A small flying serpent,**તણુસીઉ; તણુછ. **A small serpent,** સાપોલીયું; પૈડવું. [L. *serpo*, I creep. San. સર્પ.]

Serpentine, *a.* (સ'ર્પન્ટાઇન્) Winding; zigzag; resembling a serpent. વાકુંચુકું; વક્ર; કુટિલ; લહેરીઆ જેવું; સર્પાકાર; સાપના જેવું.

Serpigo,*n.*(સ'ર્પીગો) A name for ring-worm or similar skin-disease.એક પ્રકારની દરાજ;ખરજવું.

Serrate, Serrated, *a.*(સે'રેટ્, સેરે,'ટિડ્) Toothed; notched like a saw. દાંતાવાળું; કરવત જેવા દાંતાવાળું;કરવત જેવું.[L.*serra*,a saw.]

Serried, *a.* (સે'રિડ્) Compacted, crowded, without gaps.ધાડું; પાસે પાસે; ખીચોખીચ;ઢાળે મળેલું; ભેગું થએલું; ઘનઘટ્ટ.

Serum, *n.* (સી,'રમ્)Whey; the thin transparent part of the blood; watery animal fluid. છાશ; લોહીનો પ્રવાહી અથવા પાતળો અંશ; મેદ; વપા. [L. *serum*, whey.]

Servant,*n.*(સ'ર્વન્ટ્)One who is employed to wait on another or to labour for him; a subordinate assistant. ચાકર; નોકર; સેવક; કિંકર; ભૃત્ય; પરિજન. 2. One in a state of subjection. દાસ્ય વૃત્તિવાળો માણસ; ગુલામ. **-°girl,** *n.*(સ'ર્વન્ટ્-ગર્લ્) ચાકરડી, દાસી; આયા. [L. *servio*, I serve.]

Serve,*vt.*(સર્વ) To work for;to do service to.ની ચાકરી, નોકરી-સેવા કરવી, બજાવવી;ની મરજી ઉઠાવવી. **One cannot serve two masters,** કોઇ બે ધણીની નોકરી ન કરી શકે. 2. To minister to.ના હાથ નીચે-તાબામાં-હેઠે કામ કરવું. 3. To worship. ની ઉપાસના, સેવા કરવી; પૂજવું; આજ્ઞા પાળવી. 4. To be of use to. કામમાં આવવું; ચાલવું; ને ઉપયોગી-ખપના થવું. 5. To attend at meals.નું ભાણું પીરસવું; ખાણું આપવું; પીરસવા રહેવું; ખાવાનું આપવું. 6. To conduce to; to be sufficient for; to satisfy. સારવું;થી ચાલવું; સાધવું; પૂરૂં થવું; પાર પડવું;થી સરવું. **This will serve my purpose,** આથી મારૂં કામ સરસે 7. To treat; to behave towards.જોડે વર્તવું-ચાલવું. 8.To bring to notice;to deliver. બજાવવું;ની બજાવણી કરવી. 9. To profess love to ની સાથે પ્રીતિ કરવી; પોતાનો પ્રેમ-પ્યાર જણાવવો. 10. To regulate one's conduct in accordance with the time. વખત પ્રમાણે પોતાનું વર્તન રાખવું; વખતને અનુસરવું. 11. To handle; to manage. વાપરવું; વ્યવસ્થા કરવી; ચલાવવું. **The guns were well served,** તોપો સારી ચલાવી હતી. **To serve out,** વહેંચવું; આપવું; ખાવાનું પીરસવું. **To serve the time.** વખત પ્રમાણે ઢોલકી બજાવવી; સમય પ્રમાણે ગીતો ગાવાં; ચાલતે ગાડે બેસી જવું; **To serve one out,**ને ઘટતો બદલો આપવો; સાટું-વેર વાળવું; પૂરૂં કરવું; ઠેઠ પહોંચાડવું. **To serve one right**.ના ગુણ પ્રમાણે બદલો આપવો;નો ઠીક ઘાટ ઘડવો. **To serve a writ**(law.)પ્રતિવાદીની આગળ વાંચવું.

To serve a warrant, વારંટ બજાવવો. *vi.* To act as a servant. ની સેવા, ચાકરી ખીજમત કરવી; બજાવવી;ના ચાકર; નોકર રહેવું થવું. 2. To do duty. માં-નું કામ કરવું 3.To answer a purpose. કામમાં-ખપમાં લાગવું-આવવું; ઉપયોગના થઇ પડવું; થી ચાલવું. 4. To perform domestic offices.ઘરનું કામકાજ કરવું-*n.*(Tennis &c.) The first stroke of the round. ટેનિસની રમતમાં પહેલો ફટકો. **Whose serve is it?**કોનો પહેલો ફટકો-દાવ છે?[L.*servio*,I serve.]

Service, *n.* (સ'ર્વિસ)The act of serving; menial duties. નોકરી; ચાકરી; ખીજમત; સેવા; મદદ. 2. Office of devotion.ઉપાસના;આરાધના; પૂજા; ભક્તિ; ભજન. 3. Assistance. સેવા; વૃત્તિ. ભક્તિ. 4. Official function. નોકરી; ચાકરી; સિપાઈગીરી; સૈનિકવૃત્તિ. 5. A musical composition. ગાન; સંગીત; ભજન. 6. Useful office. ઉપયોગ; કામ; ફાયદો; હિત; અર્થ. 7. A set of vessels or things used at table. જમતાનાં વાસણ; જમણ વખત મેજ ઉપર પાથરવાની વસ્તુઓ (ચાદર-રૂમાલ વગેરે). 8.Profession of respect. નમસ્કાર; પ્રણામ; બંદગી; વંદન. 9. (Law).The act of bringing to notice. બજાવણી.

Serviceable, *a.* (સ'ર્વિસબલ્) Useful; of use; beneficial.ગુણકારી;ઉપયોગી;ફાયદા-નફાકારક; ઉપકારી; કામનું. 2. Durable. (લાંબા વખત સુધી) ચાલે તેવું; માફક. 3. Diligent; active. ઉદ્યોગી; ચાલાક; ચંચળ; ખંતીલું.

Service-book, *n.*(સ'ર્વિસ્-બુક્) A prayer book; a missal. ભજનમાળા; પ્રાર્થનામાળા; ભજનાવલી; નિત્ય કર્મની પોથી.

Servient, *a.* (સ'ર્વિઅન્ટ) Subordinate. તાબાનું; હાથ નીચેનું; હલકું; ગૌણ.

Servile, *a.* (સ'ર્વાઇલ્) Slavish. ગુલામ જેવું-નું-સંબંધી; દાસોચિત; અધમ; હલકું. 2.Dependent. પરવશ; પરતંત્ર; પરાધીન. 3. Meanly submissive. ખુશામતીયું; હાજીહા કરનારૂં;મરજીરખું; નો હુકમ બોલનારૂં.

Servility, *n.* (સર્વિ'લિટિ)Mean submission; slavishness. ગુલામગિરિ; દાસ્ય; અધમપણું; પરાધીનતા; ખુશામતીઆપણું; ખુશામત.

Servitor, *n.* (સ'ર્વિટર્) A male servant. ચાકર; હજુરીઓ; અનુચર; ખીજમતદાર; સેવક; પરિવાર. 2. (Oxford University.) A student aided by college funds,and doing menial duties. થોડો પગાર ખાનાર વિદ્યાર્થી.

Servitude,*n.*(સ'ર્વિટ્યુડ્) Slavery;bondage. ગુલામી; દાસત્વ; ચાકરી;હુંડાપણું; બંધન;સેવાધર્મ. 2. Compulsory labour. બળાત્કારનું વૈતરૂં; વેઠ. **Penal servitude,** સજા કરી મહેનત-વૈતરૂં કરાવે તે. 3. (Law). The subjection of the tenement to an easement. બીજાની સ્થાવર મિલકત ઉપર કામ ચલાવવાનો હક. 4. Servants (collectively). ચાકર-નફર; સેવકગણ; નોકરચાકર.

Sesame, *n.* (સે'સમિ) An annual herbaceous tropical plant.તલ; તિલ. **Open sesame,** તાવિજ; મંત્ર;ચાવી; કુંચી[અલિબાબાની વાત પરથી] [L. *sesamum*]

Session, *n.* (સે'શન્) A sitting; the act of sitting. બેઠેલા હોવું તે;બેસવું તે; બેસણી;આસન. 2. The sitting of a court or council.કોરટ; મંત્રીસભા વગેરેની બેઠક; દરબાર; સભાની બેઠક. 3. The time or term during which a court or a council and the like meet daily for business. જ્યાં સુધી મંત્રીસભા, કોરટ વગેરે નિયમસર મળ્યાં જાય તે, બેઠકની મુદત-કાળ; સભા મળવાનો વખત; બેઠક. **Court of sessions,** ફોજદારી કોરટ. [L. *sedeo*, I sit.]

Set, *vt.*(સેટ્) [*Imp.* & *p.p.* set. સેટ્]To put; to lay; to place; to fix. મૂકવું; આધારે રાખવું; ગોઠવવું;સ્થાપવું;બેસાડવું;ચોઢવું;માંડવું;જગ્યા આપવી. 2. To attach to.રાખવું;બેસાડવું;ચોઢવું;વળગાડવું; મૂકવું. 3. To appoint; to assign. મુકરર કરવું; ઠેરવવું; બેસાડવું; આપવું; નીમવું. **To set a time for a journey,** મુસાફરીનો વખત ઠરાવવો. **To set an example,** દાખલો બેસાડવો. 4. To make or cause to be. અમુક સ્થિતિ-દશામાં લાવવું; મૂકવું. **To set a person right,** કોઈને ઠેકાણે લાવવો. When followed by the present participle it means, કરવું or નાખવું. **To set agoing,** ચાલતું કરવું. **To set a person athinking,** કોઇને વિચારમાં નાખવો. 5. To fix firmly; to make fast. દૃઢ, સ્તબ્ધ,જડ કરવું. (*a*)To embarrass. ગુંચવવું; ગુંચવાવવું; સપડાવું; મુઝવવું. They are hard set to decide the matter. =સ્થિતિ નક્કી કરવાને તેઓ ગુંચવાયા કરે છે. (*b*) To fix beforehand. ચોઢવું; મૂકવું; રાખવું. **To set one's mind.** મન ચોંટાડવું. (*c*) To make firm. જડ-સ્તબ્ધ કરવું. (*d*) To plant. દાટવું; ઘાલવું; રોપવું;વાવવું.**To set a tree,** ઝાડ રોપવું. (*e*) To fix (ornament). જડવું; બેસાડવું. (*f*) To curdle. આખરવું; મેળવવું; જમાવવું; ઠારવું. 6. To appoint. ઠરાવવું;નીમવું; નક્કી કરવું.**To set a time,** મળવાનો વખત ઠરાવવો. 7. Adjust; to regulate.પ્રમાણે ચલાવવું; કરવું; ઠીકાઠીક કરવું; ગોઠવવું. (*a*) To sharpen. ઘસીને તૈયાર કરવું ધાર ચઢાવવી.(*b*) To regulate. (a clock). ચલાવવું;મૂકવું (*c*)To spread(a sail). ઉકેલવું; પસારવું; ચઢાવવું. (*d*) To fit with music. (ગાયનમાં) ઉતારવું; બેસાડવું. (*e*) To replace (a bone). (હાડકું ચઢાવવું; બેસાડવું;

ઠેકાણે લાવવું. 8. To stake at play. દાવમાં હોડમાં મૂકવું. 9. To adorn by fixing something. જડિત કામથી શોભાવવું; દીપાવવું; મઢવું; જડિત કરવું. 10. To point out position of (to a hunter &c.) દેખાડવું;ની જગા બતલાવવી; છોડી મૂકવું. **To set against**, સામે મૂકવું; લાવવું; મુકાબલે લાવવું; મુકાબલો કરવો. **To set about**, to begin. આરભવું; શરૂ કરવું; માંડવું. **To set apart,** જુદું-નોખું કાઢવું; મૂકવું; રાખવું; વેગળું કાઢી મૂકવું. **To set aside,** કોરે મૂકવું; બાજુએ રાખવું; હિસાબમાં ન લેવું; જુદું રાખવું; મૂકવું, **To set at defiance,** સામું થવું. **To set at ease,**સમાધાન કરવું; નિરાંત વાળવી. **To set at naught,** તુચ્છકારવું. **To set to work,** કામે વળગાડવું;ની પાસે કામ લેવું. **To set before,** (*a*) To show; to exhibit. દેખાડવું; બતાવવું. (*b*) To offer to. આગળ ધરવું;પસંદ કરવાને આગળ મૂકવું; ધરવું. **To set by,** to reject;to set apart. જુદું મૂકવું; કોરે મૂકી દેવું; નામંજુર કરવું. (*c*)To consider.લેખવું;ગણવું;માનવું. **To set forth,** બતલાવવું;દર્શાવવું;પ્રસિદ્ધ કરવું.**To set down,** (*a*) To register. લખવું; નોંધવું; માંડવું.(*b*) To fix.નિયમિત કરવું;સ્થાપવું;બાંધવું. **To set fire,** દેવતા મૂકવો; સળગાવવું; આગ લગાડવી. **To set forward,** ધપાવવું; આગળ વધે તેમ કરવું;ની ઉન્નતિ કરવી; વધારવું. **To set free,**છુટું મુકવું છોડવું. **To set in order,** વ્યવસ્થિત કરવું; બરાબર ગોઠવવું. **To set in,** to begin. શરૂ કરવું; આરંભવું; બેસવું. **To set off** (*a*) To separate. જુદું કાઢવું-રાખવું; નોખું રાખવું. (*b*) To adorn.શણગારવું;શોભાવવું;દીપાવવું.(*c*)To counter-claim. સામો અવેજ માગવો-વાસવો-દેખાડવો, **To set on or upon,** (*a*) To excite. ઉશકેરવું; ચઢાવવું; આંગળી-સલી કરવી. (*b*) To employ. વળગાડવું; બેસાડવું. (*c*) To fix upon. ચોઢવું; રાખવું; નિરતર રાખવું; ધાલવું. **To set on fire,** સળગાવવું; ચેતાવવું; લગાડવું; ને આગ લગાડવી. **To set on foot**, to start. શરૂ કરવું; ચલાવવું;ઉભું કરવું; શરૂ કરવું.**To set out,** (*a*) To start. ચાલવું; ઉપડવું. (*b*) To allot. નક્કી નિર્માણ ક૦; જુદું કાઢવું; કાઢી મૂકવું. (*c*) To adorn.શણગારવું;શોભાવવું; દીપાવવું. (*d*) To state at large.વિગતવાર કહેવું;વિસ્તારપૂર્વક કહેવું;અથેતિ કહેવું.(*e*)To prove to;show. સાબીત કરી આપવું; બતાવવું. (*f*) To mark as boundaries. ની હદ-નિશાન કરવાં; ખુંટ નક્કી કરવા. (*g*) To equip.સજ્જ તૈયાર કરી મોકલવું.**To set over,** (*a*) To appoint or constitute as supervisor or ruler, ના ઉપરિ-રક્ષક; પરીક્ષક-નિધેબાની રાખનાર તરીકે નીમવું. (*b*) To convey. વેચાતું આપવું-ને સોંપવું. **To set right**. સુધારવું; દુરસ્ત કરવું. **To set to,** ઉપર લગાડવું;મારવું. **To set spurs to a horse**. ઘોડાને એડી મારવી. **To set up**. (*a*) To erect. ઉભું કરવું; બાંધવું; સ્થાપવું. (*b*) To enable to commence a new business.ધંધામાં વળગાડવું-નાખવું; રસ્તે પાડવું. (*c*) To begin. માંડવું; કાઢવું; સ્થાપવું. (*d*) To utter loudly. બૂમ પાડીને-તાણીને-મોટેથી કાઢવું. (*e*) To propose. કાઢવું; ઉઠાવવું; આગળ ધરવું. **To set up a doctrine,** મત કાઢવો. (*f*) To raise from depression. તારવું;ખાતુંપીતું કરવું (*g*) To place in view. દેખાય તેમ મૂકવું-રાખવું-કરવું; ચોઢવું. (*h*) To put in type. નાં બીબાં ગોઠવવાં. [A. Sax. *sattan*, to set.]

Set, *vi.* (સેટ) [*Imp.* & *p. p.* set. (સેટ્)] To sink; to decline. આથમવું; અસ્ત પામવું;ડુબવું. 2. Solidify. નક્કર-ઘટ્ટ-કઠણ થવું; બાઝવું; બંધાઇ જવું. 3. To tend; to flow. વહેવું; ની તરફ વલણ હોવું. 4. To point out game. શિકારનું સ્થળ સૂચવવું-બતલાવવું; કુતરાની સહાયતાની શિકાર કરવો. 5. To undertake earnestly. મંડવું; લાગવું; મચવું. 6. To plant. રોપવું વાવવું. 7. To face one's partner in dancing. નાચમાં કોઇ સાથીની સામે રહેવું. **To set about,** શરૂ કરવું; માંડવું; લાગવું; આરંભવું **To set forth, or forward**. આગળ ચાલવું; વધવું; મુસાફરી કરવી.**To set in** (*a*) To begin (Winter sets in). બેસવું. (*b*) To flow towards the shore. કિનારા તરફ વહેવું. **To set off,** to start. મુસાફરીએ જવું; ઉપડવું; નિકળવું.**To set on or upon,** (*a*) To begin. મુસાફરીએ જવું; ઉપડવું; નિકળવું.**To set on or upon,**(a) To begin. શરૂ કરવું; આરંભવું.(*b*) To assault. ઉપર હુમલો-ચઢાઇ કરવી; ઉપર ધસી આવવું; તુટી પડવું.**To set out**. મુસાફરીએ જવું; ઉપડવું; નીકળવું. **To set out in life,** ધંધે પડવું. **To set to,**પાછળ પડવું:મચવું;મંડવું.**To set up,** (*a*) To profess openly. નો ઉઘાડો ડોળ ઘાલવો; નો પક્ષ લેવો. (*b*) To begin business. ધંધો માંડવો; વળગવું.[A.Sax. *sattan*, to set.]

Set, *a.* (સેટ) Fixed; placed. દ્રઢ; સ્થિર; ખસે નહિ તેવું; નિશ્ચિત;આગ્રહી. 2. Regular.નિયમસર; નિયમિત;રીતસર;રૂઢ. 3. Well arranged.અનુકૂળ; ગોઠવેલું. 4. Determined; firm.દ્રઢ; નિશ્ચિત. 5. Established. સ્થાપિત: ચાલતું; પ્રચલિત; કાયદા-કાનુન પ્રમાણેનું. [A. Sax. *sattan*, to set.]

Set, *n.* (સેટ) A group; a collection. જુથ; મંડળ; ટોળું; જમાત; ઝુંડ; સંઘ. 2, An assort-

ment. સટ;ગંજ;જોડ;સમૂહ; એક જાતના બધા પદાર્થોનો સમૂહ. 3. The act of setting, descent. આથમવું; અસ્ત પામવું તે; અસ્ત. 4. An attitude or position વલણ; ઝોક. 5. A direction or course. માર્ગ; રસ્તો; દિશા; પ્રવાહ; ગતિ. **To be at a dead set**, આગળ વધી ન શકાય એવી સ્થિતિમાં આવવું, હોવું. **To make a dead set on**,ના ઉપર જુસ્સાથી હુમલો કરવો. **A set of vessels arranged conically**,ઉતરાણ;ઉતરેડ. [A. Sax.*sattan*,to set.]

Set-off,*n.* (સેટ્-ઑફ્) An offset.સામો પડછો. 2. An ornament;a decoration.શણગાર;આભૂષણ; અલંકાર. 3. A counter claim.સામો દાવો; મજરે આવવું તે.**-out**, *n.* પ્રદર્શન; સાજ.**-square**. T આકારનું ખુણા કાઢવાનું ઓજાર. **-to.** *n.* દાવ.

Seton, *n.* (સીટ્ન્) A few horse hairs, or a twist of silk or fine linen. પોત; વાટ;કાકડો; બત્તી; આંટલી. [L. *seta*, a thick hair.]

Settee,*n.*(સેટી') A long seat with a back. એક જાતનું પીઠવાળું આસન; તાવદાન.

Setter,*n.*(સે'ટર) One, who, or that which sets. બેસાડનાર; પ્રતિષ્ઠા કરનાર; પ્રતિષ્ઠાપક. 2. A sporting dog of the hound kind. એક જાતનો શિકારી કુતરો.

Settle, *vt.* (સે'ટલ્) To make firm, steady, or stable; to fix. દૃઢ બેસાડવું;ઠેરવવું;નક્કી,સ્થિર, ખરૂં કરવું. 2. To establish in business or in situation. ધંધે, રોજગારે વળગાડવું; ઠેકાણે, રસ્તે, ઠામ પાડવું; રહેવાનું ઠામ પાડવું. 3. To establish in pastoral office. કોઈ દેવળના અધ્યક્ષ તરીકે નીમવું. 4. To render pure or clear. નિર્મળ, સ્વચ્છ, ચોકખું કરવું; કચરો નીચે બેસાડવો; ઠરવા દેવું. 5. To calm; to still. શાન્ત-નરમ-ઠંડા પાડવું; ઠેકાણે લાવવું. 6. To determine; to free from wavering.નો ઠરાવ કરવો; ફેસલો-નિવેડો કરવો; નક્કી કરવું; સમાધાન કરવું. 7. To lower. તળીએ-નીચે બેસાડવું. 8. To adjust(accounts); to balance. ચૂકવવું; પતવવું; તોડ-નિકાલ કરવો; હિસાબ ચોકખો કરવો.9.To colonize;to people. માં વાસ કરાવવો-વસાવવું; માં વસ્તી કરવી.-*vi.*To establish one's self;to become fixed.,સ્થિર-કાયમ-થવું; દૃઢ થવું; ઠામ-ઠેકાણે પડવું. 2.To fix one's residence. ઘર માંડીને-ઠામ પડીને રહેવું; વસવું. 3. To sink and rest on the bottom. તળીએ-નીચે બેસવું-ઉતરવું; જામવું-ઠરવું. 4. To enter into the married state.ગૃહસ્થાશ્રમ માંડવો; માંડીને રહેવું;ઘર સંસાર માંડવો. 5. To become calm. શાન્ત, સ્વસ્થ થવું. 6. To become quiet, firm, dry or hard.સુકકું-કઠણ-દૃઢ થવું;પાકું થવું 7. To be established in a profession.ધંધામાં જામી જવું.8.To adjust differences or accounts. હિસાબ કરવો; નો નિકાલ-તોડ કાઢવો; સમજવું; પતવણી-સમાધાન-કરવું.

Settlement, *n.* (સે'ટલ્મન્ટ્) The act of settling or the state of being settled.થાણું; વાસ; વસતિ; નિવાસ. 2. Establishment in business, condition etc. ધંધે-રોજગારે-રસ્તે પડવું તે; ધંધામાં જામી જવું તે. 3. The act of adjusting or determining. સ્થાપના; ઠરાવ; ફેંસલો; ફડચો;નિકાલ;તોડ;નિર્ણય.4.Colonization. વસાત; નિવાસ; વસવું-વસાવવું તે. 5.Disposition of property. મિલ્કતની ગોઠવણ, વ્યવસ્થા. 6. That which settles or is settled. (*a*) Dregs; lees. મેલ; કચરો; નિતરામણ. (*b*) A colony new established. વસાત; વસતિ; સંસ્થાન. (*c*) A jointure made to a woman at her marriage. કન્યાને તેના લગ્ન વખતે આપેલી રકમ; જીવાઇ; પલ્લું; સ્ત્રીધન; શુલ્ક. 7. A settled place, a residence.ઠામ; કાયમ રહેઠાણું; વાસ નિવાસ.

Settler, *n.* (સે'ટ્લર) A colonist વસનાર; વસતિ-વાસ કરનાર; રહીશ; વાસી.

Seven, *a.* (સે'વન્) One more than six. સાત; સપ્ત-*n.* The number greater by one than six. સાતનું જૂથ. સાતકલું. 2. A symbol representing seven unit as '7" or "VII" સાત દર્શાવનારૂં ચિહ્ન જેવું કે "૭"

Seven-fold, *a.* (સે'વન્-ફોલ્ડ્) Repeated seven times. સાતગણું; સાતપટ. [L. *septem.*]

Seventeen, *a.* (સેવન્ટીન્) One more than sixteen or less than eighteen. સત્તર. *n.* The sum of ten and seven. સત્તરની રકમ, સમૂહ; 2. A symbol representing seventeen units, as "17" or "XVII." સત્તર દર્શાવનારૂં ચિહ્ન જેવું કે "૧૭"

Seventeenth, *a.* (સેવન્ટીન્થ્) One next in order after the sixteenth. સત્તરમું.-*n.* One of seventeen equal parts. સત્તરમા ભાગનું. 2. The next in order after the sixteenth. સત્તરમું.

Seventh, *a.* (સે'વન્થ્) One next in order after the sixth. સાતમું.- *n.* One of seven equal parts. સાતમો અંશ, ભાગ.

Seventieth, *a.* (સે'વન્ટિઈથ્) One next in order after the sixty-ninth. સિત્તેરમું.-*n.* One of seventy equal parts. સિત્તેરમા ભાગનું.

Seventy, *a.* (સે'વન્ટિ) Seven times ten. સિત્તેર.-*n.* The sum of seven times ten. સિત્તેરની રકમ-સંખ્યા. 2. A symbol repre-

senting seventy units as "70" or "LXX". સિત્તેર દર્શાવનારૂં ચિહ્ન-નિશાની જેવી કે.' ૭૦".

Sever, *vt.* (સે'વર્) To separate; to part. જુદું કરવું કાપીને જુદું પાડવું; કરવું; ભાગ કરવા; છુટું-નોખું પાડવું. 2. To keep distinct or apart; to exempt. જુદું, નોખું રાખવું; બાતલ કરવું; છુટું પાડવું. 3. To disconnect. જુદું-નોખું કરવું.-*vi.* To distinguish. ઓળખવું. 2. To be parted or rent asunder. ફાટવું; ચિરાઈ જવું; કપાઇને-ફાટીને જુદું પડવું. [L. *separo*, I separate.]

Several, *a.* (સે'વરલ્) Separate; distinct. જુદું; ઇલાયદું; નોખું; આગલું; છુટું. 2. Single; diverse. જુદુંજુદું; ભિન્નભિન્ન. 3. More than two but not very many; sundry. કેટલાંક; અનેક. **A joint and several bond**, એકા એકા મતેજ તેવું ખત. [L. *separo*, I separate.]

Severally, *adv.* (સે'વરલિ) Separately, distinctly; individually. જુદુંજુદું; એકએક; નિરાળું; આસાદીવાર.

Severalty, *n.* (સે'વરલ્ટિ) A holding by individual right. આગવાપણું;જેમાં બીજા કોઈનો ભાગ ન હોય તેવી સ્થિતિ.

Severance, *n.* (સે'વરન્સ્) Separation. જુદાપ; અલગપણું; વિયોગ; વિચ્છેદ,પૃથક્કરણ.

Severe, *a.* (સિવી'ર્) Serious; sedate.ગંભીર; કઠોર; કરડું. 2. Stern; morose; rigid. કઠણ; સખત; નિષ્ઠુર. 3.Harsh; rigorous. સખત;કઠોર; નિષ્ઠુર; બારીક. 4. Sarcastic; cutting. અલંકાર સહિત; તાત્પર્ય સર. 5 Sharp;cruel.કરડું; જાલીમ; તીવ્ર. [L. *severus*, severe.]

Severity, *n.* (સિવે'રિટિ) The quality of being severe; harshness.સખ્તાઇ;ઉગ્રતા;કઠોરતા; કરડાકી; તીવ્રતા. 2. Cruel treatment. સખ્તાઈ; નિર્દયપણું.3. Strictness; rigorousness.સખ્તતા; કઠીણાઇ; અતિશય ચોકકસપણું.

Sew, *vt.*(સો,) To unite or fasten together with a needle and thread; to stitch.સીવવું; સાંધવું. સીવીને બંધ કરવું;ટાંકી લેવું.*vi.* To practice sewing સીવતા-સાંધતાં શિખવું. [*p. p. sewd*, rarely *sewn*.]

Sewage, *n.* (સો,'વિજ્) The contents of a sewer or a drain. ગાર-મોરીનું પાણી-કચરો. 2. Sewerage. ગટરકામ; મેલું પાણી લઈ જવાની મોરીઓ-નીકો-ખાઇઓ.

Sewer,*n.*(સો,'અર્)A drain or passage to convey off water and filth under ground મોરી;ગટર; નળ; નીક. [L. *ex*, out & *uaqa*, water.]

Sewing, *n.* (સો,'ઇંગ્) The act of using a needle. સીવણ; સીવવાનો ધંધો; રોજગાર. 2. That which is sewed with the needle.સીવણ કામ; સીવણ; સીવેલી ચીજ, પદાર્થ.

Sex, *n.* (સેક્સ્) The physical difference between male and female.સ્ત્રી પુરૂષભેદ; જાતિ; લિંગભેદ; જાત. **The sex**; the fair, gentle, softer, weaker sex = womankind, females. સ્ત્રી જાતિ;અબળા જાતિ.**Hard,sterner Sex**= પુરૂષવર્ગ; મરદ જાત; ભાયડા. [L. *seco*, I cut.]

Sexagenarian, *n.* (સેક્સજીને'રિઅન્) A person sixty years old. સાઠ વરસનું માણસ.

Sexagenary, *a.*(સેક્સજી'નરિ) Sixty years old; pertaining to the number sixty. સાઠ વર્ષની ઉમરનું; સાઠની સંખ્યા સંબંધી, વિષે, દર્શાવનારૂં. [L. *sexageni*, sixty each.]

Sexennial,*a.*(સેક્સે'ન્યલ્)Lasting six years; or happening once in six years.છ વર્ષ ચાલે એવું; છ છ વર્ષે આવતું, થતું, બનતું; ષટ્ વાર્ષિક. [L. *sex* & *annus*, a year.]

Sextant, *n.* (સે'ક્સ્ટન્ટ્) (Math.) The sixth part of a circle.વર્તુલનો ષષ્ઠાંશ-છઠ્ઠો ભાગ;વૃત્તષટ્ ભાગ. 2. An instrument for measuring angular distances, between objects. પદાર્થો વચ્ચેના કોણ, અંતર માપવાનું યંત્ર; સૂર્ય-યંત્ર;ષષ્ઠાંશ યંત્ર. [L. *sex*, six.]

Sexton,*n.*(સે'ક્સ્ટન્) An under officer of a church. ખ્રિસ્તી દેવળમાં પરચુરણ સંભાળવાનું, કબર ખોદવાનું વગેરે કામ કરનાર નોકર.

Sextuple,*a*(સે'ક્સ્ટ્યુપલ્)Sixtimes as much; sixfold. છ ગણું; છ પટ. 2. Having six parts. છ ભાગવાળું;છથી ભાગી શકાય એવું [L.*sextus*,sixth.]

Sexual, *a.* (સે'ક્સ્યુઅલ્)Pertaining to sex, distinguishing sex.(સ્ત્રી પુરૂષની) જાતિ સંબંધીનું; વિષે; સ્ત્રી પુરૂષના ગુહ્યાંગ સંબંધીનું;નરમાદા,લિંગનું. **Sexual intercourse,** મૈથુન; સંગમ; સંભોગ; [L. *sexus*, sex.]

Shabbiness, *n.* (શૅ'બિનિસ્) The quality or state of being shabby. કૃપણતા; કંજુસાઇ; મલિનતા; જીર્ણતા; અધમતા; હાલહવાલી; બેડોળ, કઢંગાપણું.

Shabby, *a.* (શૅ'બિ) Ragged; mean; poor. ફાટું તુટું; ફાટેલું; તુટેલું; જુનું; પુરાણું; ચિંથરેહાલ; ભીખારી; હલકું; મલિન. 2. Paltry; despicable તુચ્છ; હલકું; અધમ; નીચું; તિરસ્કાર જેવું; પાજી; કૃપણ. 3. Clothed with ragged or soiled garments. ચિંથરેહાલ;ચિંથરીઉં;બેડોળ.

Shackle, *vt* (શૅ'ક્લ્) To put in fetters; to chain. બેડી ઠોકવી-નાખવી; હાથકડી કરવી-પહેરાવવી; ના હાથ પગ બાંધવા; ને કેદમાં પૂરવું-નાંખવું. 2. To join by a link or chain, as railroad cars. આગગાડી જોડવાવેની સાંકળ-હુક

નાખવી-ભરાવવી. 3. To impede; to cumber. આડ-અડચણ નડવી; ને વિઘ્ન, ડખલ કરવી.-*n.* A fetter; a gyve. બેડી; હેડ; ઝાંઝરીઆં; સાંકળી; પાશ; બંધન. 2. That which obstructs free action. અડચણ; આડ; ખીલી; નડતર; ડખલ. 3. A link for connecting railroad cars. ડબા-ગાડીઓ જોડવાનો આંકડો; સાંકળ; હૂક. 4. A fetter-like ornament. સાંકળું; તોડો; સાંકળના જેવું પહેરવાનું ઘરેણું.

Shad, *n.* (શૅડ્) A food fish.એક જાતની માછલી.

Shade, *n.* (શેડ્) Comparative obscurity, owing to interception of the rays of light. છાયા; છાંયડો; ઓળો; પડદો. 2. Darkness; dimness. અંધારૂં; અંધકાર; તિમિર. 3. Cover; protection; shelter. ઢાંકણુ; પડદો; આશ્રય; આશરો; રક્ષણ; છાયા; ઓઠું. 4. A spirit; a ghost. પ્રેત; જીન; ભૂત; મુએલા માણસનો જીવ. 5. A shadow. પડછાયો; ઓળો. 6. An obscure place. એકાન્ત જગ્યા; ઘટા. 7. The darker portion of a picture. ચિત્રનો છાયાવાળો ઝાંખો ભાગ; છાયા. 8. A minute difference. મનફેર; તફાવત; સૂક્ષ્મ ભેદ.-*vt.* To shelter; to cover. પડછાયો,છાંયડો કરવો;ઉપર ઓઢું-પડદો નાંખવો-૦ક. 2. To protect. રક્ષણ કરવું;સંતાડવું; વેપાળવું. 3. To paint in obscure colours. ઘેરૂં કરવું; ઘેરા રંગે રંગવું-ચિતરવું. 4. To obscure. અંધકાર કરવો; ઝાંખું કરવું; ઓળો પાડવો. 5. To mark with gradations of light or colour. ચઢતા ઉતરતા રંગ પાડવા.ક્રમ પાડવા. **The shades,** પ્રેતભૂમિ. [A Sax. *sceadu*, a shadow.]

Shading, *n.* (શેડિંગ) Different gradations of colour.ચિત્રમાં ચઢતા ઉતરતા રંગ જે રીતે પડે તે; છાંયડો.

Shadow, *n.* (શૅડો,)Shade within defined limits, representing the form of a body. પડછાયો; ઓળો; છાયા. 2. Obscurity;darkness. અંધારૂં; અંધકાર; તિમિર. 3. Shelter, protection. છાંયડાવાળી જગ્યા; એકાન્ત જગ્યા; આશ્રય; રક્ષણ; છાંયડો; ઓઠું.4.An inseparable companion. સાથી; અનુયાયી; પડછાયો; પુંછડું. 5. An indistinct image; adumbration. આભાસ; ભ્રાન્તિ; ઝાંખો પ્રકાશ; આછીઆછી છાયા. 6. A spirit; a ghost. ભૂત; પ્રેત; જીન; પિશાચ;ઓળો. 7. A reflection; an image.પ્રતિબિંબ;પડછાયો; પડછો; પ્રતિમૂર્તિ. 8. Mockery. ચાળા પાડવા-નકલ કરવી તે; ચાળા; ચેષ્ટા.-*vt.* To cut off light from; to shade. ઉપર છાંયડો-છાયા કરવી. 2. To protect; to hide. રક્ષણ કરવું; બચાવ કરવો; છુપાવવું; સંતાડવું; ઢાંકવું. 3.To paint in obscure colours. ઝાંખા રંગથી ચિતરવું-રંગવું. 4. To shade. આભાસ આપવો; ચઢતો ઉતરતો રંગ કરવો. 5. To cloud; to darken. અંધારૂં કરવું; ઉદાસીન કરવું. 6. To follow closely. ની પાછળપાછળ જવું-ચાલવું; ની પુંઠ પકડવી. 7. To represent faintly or imperfectly.આભાસ બતાવવો; અપૂર્ણ દર્શાવવું; ના રૂપમાં દેખાડવું-આણવું. **Shade of death,** ઘોર અંધકાર; મોતની વેળા; ભારે સંકટ.

Shadowy, *a.* (શૅડોઇ) Full of shade. છાયા-છાંયડાવાળું; શીતલ. 2. Dark; gloomy; obscure. ઘોર; અંધકારવાળું; ઝાંખું; અજાણ્યું. 3. Faintly light. ઝાંખું; આછું; મંદ; તેજ વગરનું. 4. Unreal; unsubstantial. કલ્પિત; મિથ્યા; અસાર; ભ્રમભરેલું; આભાસમય.

Shady, *a.* (શે'ડિ) Abounding with shade; overspread with shade. છાયા-છાંયડાવાળું;ઘણી છાયા હોય તેવું. 2. Sheltered from the glare of light or sultry heat. શીળું હોય એવું; તેજ કે ગરમી વગરનું-રહિત-થી રક્ષણ થયેલું; ટાઢું; શીતળ; છાયાવાળું. 3.Equivocal.શકમંદ; દ્વિઅર્થી; શંકાત્મક; સંદિગ્ધ. **To keep shady,** to conceal. સંતાઇ-ભરાઈ રહેવું.

Shaft,*n.*(શૅફ્ટ)A body of a long cylindrical shape. દાંડો; થંભ. 2. The stem of an arrow. તીરનું રાડું. 3. An arrow. તીર; બાણ, શર 4. The body of a column. કુંભીથી સરણા ભરણા સુધીનો થાંભલાનો ભાગ. 5. The part of a chimney above the roof. ધુમાડીઆનો છાપરાથી ઉપરનો ભાગ. 6. The handle of a weapon. શસ્ત્ર હથિયારનો દાંડો-હાથો, મુઠ. 7.The stem of feather. પીછાની કરોડ; પીંછાનો થોડો 8. The pole of a carriage.ગાડીની ઉંધ; ધોરીયો;ધુંસરી-ઝુંસરી.9.A well-like excavation in the earth. પૃથ્વીમાં કુવાના જેવું પોલાણ;કુવો. [L. *scapus*, a staff.]

Shafting, *n.* (શૅફ્ટિંગ) The system of shafts in factories. (કારખાનામાં)ગોળ સળીઆની ગોઠવણ, ગરેડી, ગરગડીઓવાળો ગોળાકાર લોઢાનો-લાકડાનો સળીઓ-દાંડો.

Shaggy, *a.* (શૅગી)Rough with long hair or wool. જાડા-બરછટ-ગુચ્છાવાળા વાળવાળું. 2. Rugged; rough. બરછટ, ખડબચડું; રૂક્ષ.

Shake, *vt.*(શેક્)[*Imp.*shook, *p. p.* shaken.] To cause to move with quick vibrations. ડોલાવવું; ડગમગાવવું; ડગડગાવવું; ડામાડોળ કરવું; ની દઢતા ડગાવવી. 2. To agitate;to make to tremble. હલાવવું; હલાવી નાખવું;ડોલાવવું.કંપાવવું; ધ્રુજાવવું.3. To remove by agitating. હલાવીને ખસેડવું; ઝાટકી નાખવું; ખંખેરી નાખવું; દૂર કરવું; ત્યજવું. 4. To trill. થરડાવવું. **To shake**

hands, હાથ મેળવીને સલામ કરવી. હસ્તધુનન ક૦ **To shake off** ખંખેરવું; ખંખેરી નાખવું. **To shake hands with,** સલામ કરી વિખુટું પડવું.–*vt.* To move. હાલવું. 2. To tremble; to shiver. ધ્રૂજવું; ડોલવું; ઝોકાખાવા; કંપવું; ધ્રુજવું 3. To totter.ડગવું; ડોલવું; ડગમગવું. *n.* A wavering motion; a trembling. ધ્રુજારી; કંપારો :થરથરાટ; કંપ. 2. A crack in timber or in a rock. ખડકોમાં પડેલી ફાટ–ચીરા, ચિરાડો. 3. A trill. થરથરાટ; ડગડગાટ. **The shakes,** તાવનો ધ્રુજારો; ટાઢીઓ તાવ.

Shaky, *a.* (શે,'કી) Trembling or shaking. ધ્રુજતું; કંપતું. 2. Full of clefts. ચીરાવાળું; ચીરાડા—ફાટોવાળું 3. Tottering; unsound. ડગમગતું; ડોલતું; નબળું; ડામાડોળ; અસ્થિર.

Shall,*vi* (શૅલ્) [Auxiliary verb,*imp.*should.] To owe; to be under obligation.ના આભારી હોવું. 2. As an auxiliary *shall* indicates a duty or necessity, whose obligation is derived from the person speaking; it expresses,in the second and third persons, a command, threat or promise; and in the first person it only expresses, the future action. સહાયકારક ક્રિયાપદ તરીકે બીજા અને ત્રીજા પુરૂષમાં "શૅલ્" હુકમ, મરજી, આજ્ઞા બતાવે છે;અને પહેલા પુરૂષમાં માત્ર ભવિષ્ય બતાવે છે.

Shallow,*a* (શૅ'લો,) Not deep; shoal. છાછરૂં; છાલકું; છબછબીઉં, 2. Superficial; ignorant. અલ્પજ્ઞ; ઉપરચોટીઉં; ઉપર ટપકેલું; છાછરૂં. 3. Not of loud or penetrating sound. ટુંકા સાદવાળું. *n.* A shoal; a flat. ભાઠું; છાછરા પાણીની જગ્યા. *vt.* To make shallow. છાછરૂં કરવું.

Shallow-brained,*a* (શૅ'લો,-બ્રે,ન્ડ)Foolish; of weak intellect.જડબુદ્ધિનું; જડ; મૂર્ખ.

Shalt, (શૅલ્ટ્) Second person singular of **shall,** "શૅલ્"નું બીજો પુરૂષ એકવચન.

Sham *n.* (શૅમ્) Deception; imposture; delusion. ઢોંગ; પાખંડ; છળભેદ; પ્રપંચ; ઠગાઈ; છેતરપંડી-બાજી; વેશ; છળ. 2. An impostor; a deceiver.ઠગારો; ધુતારો. **Pillow sham,** ઉશીકાનું અસ્તર; ગલેફ. *a.* False; pretended. ઢોંગી; જુઠું; દેખાડવાનું; બનાવટી.*vt.* To deceive expectation;to obtrude by fraud. માથે મારવું; આશા આપી છળવું; ઠગવું; છેતરવું. To imitate; to ape.નકલ કરવી;ચાળા પાડવા-નો ઢોંગ,વેશ કરવો.

Shamble,*vi.*(શૅ'મ્બલ્) To walk awkwardly and unsteadily; to shuffle along. બેઢંગુ ચાલવું; લથડતા પગે ચાલવું.

Shambles, *n.* (*pl*) (શૅ'મ્બલ્ઝ્) A place where butcher's meat is sold. ખાટકીવાડો; મચ્છી બજાર; કસાઇવાડો; માછી બજાર. 2.A place for slaughtering animals for meat.કતલખાનું; કસાઈખાનું. [L. *scamnum*, a stool.]

Shame, *n.* (શે,મ્) Sense of disgrace; a painful sensation, excited by a consciousness of guilt. લાજ; લજ્જા; શરમ; સંકોચ; 2. The cause or reason of shame. શરમ; લાજ; શરમની વાત; લજ્જા કારણ-હેતુ. 3. Dishonour. અપકીર્તિ; કલંક; અપમાન; ફિટકાર. 4. The secret parts. ગુહ્યાંગ; છુપા–એબ લાગે એવા ભાગ. **To put to shame,** To disgrace. શરમાવવું; નીચું ઘલાવવું; લાજ લગાડવી. **What a shame,** કેવી શરમની વાત છે. **For shame!** શરમાઓ; નીચું ઘાલો; શરમ તને-તમને. *vt.* To make ashamed. શરમાવવું. લજાવવું; નીચું ઘલાવવું; ઓશિયાળુ કરવું. 2. To disgrace; to dishonour. ને એબ લગાડવી; કલંકિત કરવું; ની બેઆબરૂ કરવી.

Shame-faced,*a.*(શે,'મ્ફે,સ્ડ્)Bashful;modest; diffident. શરમાળ; લજ્જાળુ; લાજાળુ; સંકોચશીલ.

Shameful, *a.* (શે,'મ્ફુલ્) Bringing shame or disgrace. લાજવા જેવું; શરમભરેલું;નિંદાપ્રદ; લાજ લાગવા જેવું. 2. Indecent; degrading. બેશરમ; નાગું; નિર્લજ; બીભત્સ; અમર્યાદ.

Shameless, *a.* (શે,'મ્લિસ્) Destitute of shame; wanting modesty. નિર્લજ્જ; શરમ વિનાનું; અસભ્ય; નફટ. 2. Indecent. અમર્યાદ; બેશરમ; બીભત્સ; ભાંડ.

Shampoo, *vt.* (શૅમ્પૂ') To rub and press the limbs, and at the same time to rack the joints after warm bathing. ચંપાવવું; ચંપી કરાવવી; ગુંદવું; 'મસળવું; દબાવવું. 2. wo wash thoroughly and rub the head of a person, with a soap. નવરાવીને માથું ચોળવું. *n.*The act of shampoosing.ચંપી;દિલ ચાંપવું તે.

Shank, *n.* (શૅન્ક્) The whole joint from the knee to the ankle. ઢીંચણથી ઘુંટી લગીનું પગનું હાડકું; નળો. 2. The whole leg. પગ. 3. A handle.હાથો;દાંડો. **To ride shanks's mare,** To walk.પગે ચાલીને જવું; પગપાળા જવું.

Shanty, *n.* (શૅ'ન્ટિ) A hut; cottage.ઝુંપડી; મઢુલી; છાપરી.

Shape, *vt* (શે,પ્) [*p. p* **Shaped** or **Shapen**] To form or create; to mould or make into a particular form. ઘડવું; આકાર આપવો; ઘાટ બનાવવો; ઉત્પન્ન કરવું. 2. To direct; to regulate. ચલાવવું; વર્તાવવું; ની વ્યવસ્થા કરવી. 3. To conceive; to

image. કલ્પવું; ધારવું; અનુમાન કરવું; ગોઠવવું; રચવું; ઉભું કરવું.-*vi.* To suit. ચાલવું; લાયક થવું;બંધ બેસતું થવું; બરાબર આવવું.-*n.*External form or figure. રૂપ; આકાર; ઘાટ; ડોળ. 2. A figure, a model. આકૃતિ; મૂર્તિ; નમુનો, રૂપ; સ્વરૂપ. 3.Guise. વેશ;પોષાક-°**less**,*a.*(શે,'પ્લેસ્). Destitute of shape.બેડોળ;કદરૂપું;બદશિકલ;નિરાકાર.

Shapely, *a.* (શે,'પ્લિ) Well formed; symmetrical. ઘાટદાર; રૂપાળું; સુંદર; દેખાવડું;અવયવ શુદ્ધ; ડોળદાર.

Share, *n.* (શેઅર્) A part; a division; a portion. ભાગ; અંશ; લેશ. 2. A dividend; an allotment. પાંતી ભાગ; ફાળો; હિસ્સો, વાંટો. 3.One of a certain number of equal portions into which any property is dividend.હિસ્સો; વાંટો.-*vt.* To divide; to part. વહેંચી લેવું;ના ભાગ કરવા.2. To partake; to enjoy.માં ભાગ હોવો;ની જોડે ભોગવવું. To part among two or more. ભાગ પાડવા; વહેંચી લેવું.-*vi.*To have part.નો ભાગ હોવો-મેળવવો.**To go shares**; to partake.માં ભાગ હોવો; સરખો હક હોવો.

Share-broker,*n* (શે'અર્-બ્રો,કર્) A broker who deals in shares. શેરનો દલાલ; શેર દલાલ.

Share-holder,*n.*(શે'અર્-હો,લ્ડર્) One who holds or owns a share in a joint fund or property. ભાગીઓ; ભાગીદાર;પાંતીદાર; શેરહોલ્ડર.

Shark, *n.* (શાર્ક) A voracious fish. સમુદ્રનું એક જબરૂં માછલું; મગર મચ્છ;શાર્ક.2.A sharper, an artful fellow. ઠગ; લુચ્ચો; ખલ; ધૂતારો. *vt.* To pick up hastily. ગમે તેમ-આડાઅવળું વીણવું.-*vi.* To swindle. ઠગવું; ધુતવું; મંતરવું. [L. *carcharus*, a dog-fish.]

Sharp, *a.* (શાર્પ્) Having a very thin edge; keen. અણીદાર; ધારવાળું-દાર; તીક્ષ્ણ; પાણીદાર; બારીક; ઝીણું તેજદાર. 2. Sarcastic, severe. કરડું; કઠોર; સખ્ત; હાડોહાડ લાગે એવું. 3. Shrewd; ingenious. તર્કબાજ; હોશિઆર; ચતુર; પક્કું; બારીક બુદ્ધિવાળું; પહોંચેલું; ચાલાક. 4. Biting; sour; pungent. તમતમાટવાળું; તીવ્ર; ખાટું 5. Eager in pursuit; impatient for gratification.ભૂખ્યું;કડકડતું;તલ્પી રહેલું.6.Fierce, violent. ગુસ્સાદાર; જબરૂં; ભારે. 7. High in pitch. ઉંચું; તીણું; ઉદાત્ત.*n.* An acute sound. ઉદાત્ત સૂર. 2. A needle with a sharp point. ઘણીજ બારીક સીવવાની સોય. 3. A sharp tool or weapon. અણીવાળું; ધારદાર હથિયાર 4. An expert. કાબેલ;ચતુર;નિપુણ.*vt.* To make keen; to sharpen.ધાર કહાડવી; ઝીણું, બારીક બનાવવું. 2. To raise above the proper pitch. સૂર ઉંચો લેવો.-*adv.* Piercingly; eagerly. લાગે એવું; આતુરતાથી. 2. Precisely; exactly; ચોકસ રીતે; સખ્તાઈથી; બારીકાઈથી. **Look sharp**, Alert. ધ્યાન આપો;ચંચળ થાઓ;ચાલો; ઝડપ કરો. **Sharp practice**, પેચ; પહોંચેલાના જેવો ગેરવાજબી વહેવાર; છેતરપીંડી.

Sharpen, *vt.* (શાં'પ઼ન્) To make sharp; to edge.ધાર ચઢાવવી-કહાડવી; તીણું-ઝીણું કરવું. 2. To render more quick or acute in perception. સતેજ કરવું; લાગે-જણાય તેવું કરવું. 3. To make more pungent and painful. તીક્ષ્ણ-તીવ્ર-કડક-તમતમું કરવું; વધારવું. 4. To render more shrill or piercing. તીણું કરવું; કાન ફોડી નાખે એવું તીણું કરવું. 5. To make sour. ખાટું કરવું. 6. To make biting or severe.હાડોહાડ લાગે એવું, કરવું, સખત કરવું; માર્મિક કરવું. 7. (Mus.)To apply a sharp to.રાગ ઉંચે ચઢાવવો.

Sharper, *n.* (શાં'પર્) A cheat, a swindler. લુચ્ચો; ધુતારો; ઢોંગી; પ્રપંચી; મારવાડી; છકેલ-પંજેબાજ; સોદો.

Sharpness,*n.* (શા'ર્પ્નિસ્) Keenness;acuteness બારીકાઈ; તીવ્રપણું; તીવ્રતા; પાણી; ધાર;તેજ; હોશિઆરી; ચતુરાઈ.

Sharp-set, *a.* (શાર્પ્-સે'ટ્) Eager in appetite; ravenous. તલ્પિ રહેલું; ભૂખ્યું ડાંસ; ખાઉ ખાઉ કરતું; ક્ષુધાતુર.

Sharp-sighted, *a.*(શાર્પ્-સા'ઇટિડ્) Having quick or acute sight.તેજ નજરવાળું;સૂક્ષ્મદષ્ટિ; નજરબાજ; કુશાગ્રબુદ્ધિનું.

Sharp-witted,*a.* (શાર્પ્-વિ'ટિડ્) Sagacious. તેજ અક્કલ-હાજરજવાબીવાળું; શીઘ્ર બુદ્ધિવાળું; હાજરજવાબી.

Shatter, *vt.* (શૅ'ટર્) To break at once into pieces; to crack. ભાંગી ભુકો-ચુરેચુરો કરી નાખવું; કકડેકકડા કરી નાખવું; કચરઘાણ કરી નાખવું. 2. To derange; to disorder. ગડબડ સડબડ કરવું; અવ્યવસ્થિત કરવું; ધુળધાણી કરવું.3. To scatter about.આમતેમ વેરવું-પાથરવું-નાખવું. *vi.* To be broken into fragments. ચુરેચુરા થઈ જવા; કકડેકકડા થવા; કચરઘાણ વળવો-*n.* A fragment of anything forcibly rent or broken. ચુરો; કકડો; કકડી; ભાગ.

Shave, *vt.* (શેવ્) To make smooth by paring off slices. છોલવું; રંદો ફેરવવો; પાતળી ચીપો-ચીરીઓ ઉતારવી. 2. To cut off from the surface of a body by an edged instrument. હજામત કરવી; બોડવું; વતું કરવું. 3. To strip; to fleece. ખંખેરવું; લુંટી લેવું; પડાવી લેવું; ઠગવું; મુંડવું. 4. To skim along the surface of. ને ઘસાઇને જવું; ની પાસે લગોલગ થઇને જવું.-*vi.* To use a razor,

હજામત કરવી; મુંડવું; વતું કરવું. 2. To cheat. છેતરવું; ઠગવું; ધુતવું.–*n.* A thin slice. છોલ; કાતરી; કરચ; કાપલી. 2. Operation of shaving. વતું; હજામત; મુંડન. 3. An exorbitant discount on a note. હુંડીનો હદ ઉપરાંતનો વટાવ. . A tool with a long blade and handle for shaving wood. એક જાતનું પટ્ટાના જેવા આકારનું લાકડાં છોલવાનું હથિઆર; રંદો.

Shave-ling, *n.*(શે,'વ્-લિંગ્)A man shaved, a monk or other person of a religious order. હજામત કરાવેલો માણસ; સાધુ; જતિ;ઓડકો;મુંડીઓ.

Shaving, *n.* (શે,'વિંગ્) The act of shaving. હજામત;મુંડન;વતું;ક્ષુરકર્મ.2.A thin slice pared off with a cutting instrument.છોતરાં;છોડાં; છોલ.

Shawl *n.*(શૅાલ્)A kind of mantle.શાલ; દોશાલા.

She, *pron.* (શી) This or that female; the woman understood or referred to. આ–તે સ્ત્રી; તેણી. 2. A woman, a female–used humourously as a noun.બાયડી;સ્ત્રી;ઓરત;નારી.

Sheaf, *n. pl.* Sheaves (શીફ્) A number or quantity of things pressed or put together; a bundle of stalks. પૂળો;પૂળી;ભારો; ભાથો.-*vt.* To collect and bind. એકઠું કરવું અને પુળો બાંધવો. [A. S. sceaf.]

Shear, *vt.* (શી,ર્) [*imp.* Sheared or Shore; *p. p.* Sheared or Shorn.] To cut or clip from a surface. ની ઉપરથી કાતરવું; કાતરી લેવું-નાખવું;લણવું;કાપી લેવું; કાપણી કરવી. *n. pl.* A cutting instrument, consisting of two blades; scissors. કાતર; કાતરણી 2. An instrument for raising heavy weights, as the lower masts of ships. ભારે વજન ઉપાડવાનું યંત્ર.

Shearer, *n.*(શી,'રર્)One who shears.કાતરનાર; હજામ; લણનાર.

Shearling, *n.* (શ'લિંગ્) A sheep that has been but once sheared.એક વખત કાતરેલું ઘેટું.

Sheath, *n.*(શીથ્) A case, a scabbard.મ્યાન; મેણ;તલવારનું ઘર;ગલેફ. 2. Any thin covering for defence or protection.રક્ષણ-બચાવનું ઢાંકણ.

Sheathe, *vt.* (શીધ્) To put into a sheath, case or scabbard. મ્યાન કરવું; મ્યાનમાં ઘાલવું. 2. To cover or line, to cover with boards or sheets of copper.મઢાવવું;ઉપરથી પતરાં-પાટીયાં જડવાં; માંહેથી અસ્તર દેવું-નાખવું; ઢાંકણ દેવું. 3. To fit or furnish with a sheath. નું ઢાંકણ કરવું; ઉપર મ્યાન-ઘર-ઢાંકણ કરવું-બેસાડવું. **To sheathe the sword** લડાઈ બંધ કરવી; સુલેહ કરવી; વેરભાવ મૂકી દેવો; સમાધાન કરવું.

Sheathing, *n.* (શી'ધિંગ્) That which sheathes. મઢાણ; મઢેલાં પત્રાં; ઢાંકણ; અસ્તર.

Shed, *vt.*(શેડ્) To cause or suffer to flow out.પ્રસારવું;વહેવા દેવું. 2. To throw off;to let fall. નાખવું; પડવા દેવું; ખેરવવું; ઉતારવું. 3, To diffuse; to emit. પસરવું; બહાર કાઢવું; માંથી નીકળવું; ખરી પડી; ગરી જવું. 4. To cause to fall off without penetrating. વહી જવું; પરથી ખરી પડવું. *vi.* To let fall the parts. ટપકવું; ખરવું; નાં ટપકાં પડવાં; ટપકાંરૂપે પડવું.2. To throw off a covering or envelope. ઢાંકણ-પડવું, પડખરી-નીકળી જવું.–*n.* A hut;an out-building. છાપરી; ઝુંપડી; મઢુલી; માંડવી; મડુી; ઓસરી; ઢાળીયું. **Sheds for cattle,** કોઢ;કોડ. 2. A division; a parting. જુદાઈ; જુદું પડવું તે; ભિન્નતા. 3. The act of shedding. સ્રાવ. [L. *scindo*, I cleave, cut.]

Sheen, *vi.*(શીન્) To shine.ચળકવું;પ્રકાશવું.-*a.* Bright;glittering. પ્રકાશિત;ચળકતું.–*n.* Brightness; splendour. ચળકાટ; ભપકો; શોભા; પ્રકાશ.

Sheep, *n. sing.* & *plu.*(શીપ્)A ruminant quadruped of many species. ઘેટું; મેઢું; ગડરું; મેષ. 2. The people of God. માણસ–આદમ–મનુષ્ય જાત.**Sheep run,** ઘેટાંને ચરવાનું ચોગાન–મેદાન–ચરો. **Sheep-cot, fold,** A pen. ઘેટાં-ગેઢાં રાખવાનો વાડો–નેસડો.

Sheep-headed, *a.* (શીપ્-હે'ડિડ્) Silly; stupid. મૂર્ખ; જડસો; ઢેઢો.

Sheepish, *a.* (શી'પિશ્) Like a sheep; bashful; timorous to excess. બકરી જેવું; ગરીબ; શરમાળ; બીકણ; લાજાળું; રાંકડું;દમ વગરનું; નિસ્તેજ. 2. Foolishly imitating. બાદરીયું; બીજું કર્યું કરનાર; નકલ કરનાર.3. Embarrassed. સાંગું; જડસું; ભદંભદ.

Sheep's eye, *n.* (શીપ્સ્ આ'ઇ) A modest look; a loving glance. પ્રેમી, મીઠી નજર; રહેમનજર; નેત્રકટાક્ષ.

Sheer, *a.* (શી,ર્) Unmixed; pure; clear. ચોકખું; ચળકતું; નિર્મળ; સ્વચ્છ. 2. Simple; mere; clear. શુદ્ધ; સ્પષ્ટ; ઉઘાડું; માત્ર; ફક્ત; કેવળ. 3. Perpendicular. ઉભી; ઉભા ઢોળાવવાળી. 4. Thin. પાતળું; આરપાર દેખાય તેવું; બારીક. [L. *scir*, bright.]

Sheer, *vi.* (શી,ર) To turn aside, to move away. આઘા ખસવું; કોરે ખસવું; આડું વળવું–ફાટવું-જવું; આઘાપાછા થઇ જવું. **To sheer up,** આડકતરા પહોંચવું;ત્રાંસી રીતે જવું.–*n.* The longitudinal curve. ગતિમાંનો ફેર-ફેરફાર-વલણ-વાંક. 2. (*pl.*) Shears. કાતર.

Sheet, *n.* (શીટ્) A broad piece of cloth. ચોફાળ; ચાદર; પલંગપોશ. 2. A broad piece of paper, a newspaper.વર્તમાનપત્ર; (કાગળનો)

તા,તાવ-તાર. 3. A broad expanso of water. પાણીનો પહોળો પટ; જલવિસ્તાર. 4. Broad piece of metal. પતરૂં.5. A single signature of a book or a pamphlet.પાનું; પત્ર; ચોપડીનાં પાનાં.6. A sail.શઢ.7.A rope fastened to the lower corner of a sail. શઢનાં દોરડાં; શઢનું નીચલું દોરડું. **Sheet in the wind,** Half drunk અધ નિશામાં;અરધો પિધેલ-ચઢેલો.**Both sheets in the wind**. નિશામાં ચકચુર;ઘણોજ પીધેલો;લટ્ટુ. **In sheets**,લાંબો;સપાટ;દંડવત્.-*vt.* To fold in a sheet. ચાદરમાં વિંટાળવું;લપેટવું.2.To draw or expand, as a sheet. બિછાવવું; પાથરવું; વિસ્તારવું. [A. S. *scete*, a sheet.]

Sheet-anchor,*n.* (શીટ્-ઍ'ન્કર) The chief anchor. વહાણમાંની સૌથી મોટી બિલાડી; લંગર. 2.The last refuge for safety.છેલ્લો-મુખ્ય આધાર.

Sheik,*n.* (શે,ક્)The chief of an Arab tribe or clan. શેખ; આરબ; ટોળાનો સરદાર.

Shekel, *n.* (શે'કલ્) An ancient weight and coin, among the jews.એક જાતનું યાહુદી લોકનું વજન; કાટલું; સિક્કો.

Sheldrake,*n.*(શે'લ્ડ્રે,ક્) A large,handsome, fish-eating duck, a goosander. એક જાતનું માછલી ખાઇને રહેનાર બતક.

Shelf, *n.* (શેલ્ફ્) [*pl.* Shelves.] A board or platform, elevated above the *floor* and *fixed horizontally* on a frame, to hold objects of use.અભરાઈ; છાજલી; છાજ; અવરાઇ. 2. A sand-bank in the sea, or a rock or ledge of rocks.ભાઠું;ખરાબો; રેતીના ખડકો. **To lay on the shelf,**to dismiss.કામ વગરનું; નકામું ગણીને ઉંચું મુકવું; કોરે મુકવું; આઘું મુકવું; કાઢી મુકવુ.

Shell, *n.* (શેલ) A hard outside covering, of a fruit.કાચલી; કોચલું; ખપોટી;છોડું. -Of an egg. ઇંડાનો કઠણ આગલો ભાગ; અંડકોશ. -Of mollusks.છીપ; શીપ; શંખ; કવચ; કચકડો; કાચબા જેવા પ્રાણીઓનું આવરણ. 2.A pod.શિંગ;મગફળી; 3. A bomb.છરાનો ગોળો;બાંબ; ગરભછાંટ. 4 A frame-work.ખોખું;ચોકઠું.5.An instrument of music as a lyre વાજીંત્ર;તંબુરો. 6.A light boat. સફરી હોડી.7.(*pl.*)The husks of the coconut. છોડાં; ફોતરાં; છોતરાં-*vt.* To strip or break off the shell of. ની કાચલી ફોડવી; ને ફોડવું; ભાગવું-છોડા કહાડવા. 2. To separate (corn) from the ear. કણસલાં-છોડાંમાંથી અનાજ જુદું પાડવું; ઉપણવું; મસળવું. 3. To bombard, to throw shells upon.ઉપર ગોળાનો મારો ચલાવવો; છરાવાળા ગોળા નાંખવા. **To shell out,** છુટથી વહેંચવું; ઉડાવવું; છુટે હાથે વાપરવું-આપવું. *vi.* To fall off as a shell. માંથી નીકળી પડવું;ખરી પડવું. 2. To cast the shell or exterior covering.છોડાં-કણસલાં-છાલાંમાંથી છુટું પડી જવું.

Shellac, Shell-lac, *n.* (શેલૅ'ક્-શેલ્-લૅક્) The resin lac spread into thin plates. લાખનાં પતરાં.

Shelter, *n.* (શે'લ્ટર્) That which protects. રક્ષણ; બચાવ; છત્ર; આશ્રય, છાયો-છાંયડો; ઓથ. 2. An asylum;a refuge.આશ્રય;રક્ષણ,ધર્મશાળા; અનાથાશ્રમ. 3. A guardian. વાલી;રક્ષક;બચાવ-રક્ષણ કરનાર.-*vt.* To defend; to protect. બચાવવું; રક્ષણ કરવું; આશ્રય આપવો.2.To cover from notice; to disguise. સંતાડવું; છુપાવવું. 3. To betake to cover or to a safe place (used reflexively.) આશ્રય આપવો;નો આશ્રય-ઓથ લેવી.-*vi.* To take shelter. આશ્રય-ઓઠું લેવું-બચાવ થવો.-°**less,** *a.* Destitute of shelter or protection. નિરાધાર; આશ્રય વગરનું; અશરણ.

Shelve, *vt.* (શેલ્વ્) To furnish with sheives. અભરાઇ-છાજલીઓ જડવી-બેસાડવી-કરવી. 2. To place on a shelf. અભરાઇ ઉપર મૂકવું. 3. To put aside.કોરે મૂકવું;ઉંચું મૂકવું.-*vi.*To incline, to be sloping.નમતું-ઢળતું-ઢોળાવવાળું હોવું;ઢળવું.

Shelvy, *a.* (શે'લ્વિ) Full of rocks or sand banks; shallow. રેતીના ઢગથી ભરેલું;છાછરૂં;રેતાળ.

Shepherd, *n.* (શે'પર્ડ્) One who tends sheep; one in charge of sheep. ભરવાડ; રબારી; મેષપાલ. 2. The pastor of a parish or church. દેવળનો ધર્મોપદેશક; પાદરી; ગુરૂ. [A Sax. *Sceap*, sheep & *hydre*, a herd.]

Shepherdess, *n.* (શે'પર્ડિસ્) A woman who tends sheep. રબારણ; ભરવાડણ. 2. A rustic lass. ગામડીઅણ; ગામડાની છોકરી.

Sherbet, *n.* (શ'રબટ્) A kind of drink used in the East. પૂર્વ તરફના દેશમાં વપરાતું એક જાતનું પીણું; શરબત.

Sherd,*n.* (શ'ર્ડ્)A fragment. કકડો; ટુકડો; ખંડ.

Sheriff, *n.* (શે'રિફ્) The chief officer of a shire or county. શેરીફ; નાજર; આખા પ્રગણાનો નાજર.

Sherry, *n.* (શે'રિ) A Spanish white wine. એક જાતના સ્પેન દેશનો દારૂ-મદ્ય.

Shew, *vt.* & *i.* (શો,) See **Show.**

Sinapism, *n.* (સિનૅ'પિઝમ્) Mustard seed pulverized. રાઇની ભૂકી-બારીક ચૂર્ણ; લેપ કરવાને માટે વપરાતો રાઇનો બારીક ચૂરો.

Since, *adv.* (સિન્સ્) Before this or now; ago. ઉપર; થયાં;થી 2. After; from the time of. જ્યારથી; ત્યારપછી; ત્યારથી આજસુધી, આજ લગી. 3. When or that. કયારે;જ્યારે; કે.*prep.* From the time of; after. પછી; થી; વખતથી. *con.* Seeing that; since the time when; because; considering. તેથી;કારણકે;તેટલા માટે; એમ છે તેથી.

Sincere, *a.* (સિન્સી'ર્) Unmixed; pure; unadulterated. ચોખ્ખું;સાફ;શુદ્ધ;નિર્મળ;અમિશ્રિત. 2. Hearty; honest; unfeigned; frank.સરળ;

નિખાલસ; દંભ વગરનું; ખરા દિલ-ભાવનું;દિલોજાન; નિષ્કપટી;ખરૂં. 3. Perfect; uninjured;unhurt. પૂર્ણ; અખંડિત; આખું. [L. *sine*, without, & *cera*, wax.]

Sincerely,*adv.*(સિન્સી'લિ)Honestly;purely. ખરા દિલથી-મનથી; હૃદયથી;નિષ્કપટપણે; અંતઃકરણ પૂર્વક; સ્પષ્ટ-ખુલ્લી રીતે.

Sincerity,*n.*(સિન્સે'રિટિ) Honesty of mind or intention. નિષ્કપટીપણું;નિખાલસપણું;સચ્ચાઇ; શુદ્ધ ભાવ; ખરો ભાવ; સરળતા.

Sinciput, *n.* (સિ'ન્સિપટ) The fore part of the head from forehead to the coronal suture. માથાની આગલી, ખોપરી; માથાનું તાળવું.

Sine,*n.*(સા'ઇન્)The length of a perpendicular drawn from one extremity of an arc to the diameter, drawn through the other extremity.જ્યા(ભૂમિતિમાં)2.The perpendicular itself. ઉપર દર્શાવેલી લંબરેખા.-*prep.* Without. સિવાય;વગરનું;વિનાનું. [L. *sinus*,a bosom.]

Sinecure, *n.* (સા'ઈનિક્યૂર)An ecclesiastical benefice without care of souls.કામકાજ વગરની ઉપાધ્યાય વૃત્તિ; કર્મશૂન્યાધિકાર. 2. An office which requires no active service or labour. કામ વગરની-બેઠી ચાકરી; બેઠો રોજગાર-ધંધો;ટાઢા લોહીની-સાહેબીની, પેન્શન જેવી નોકરી.-*vt.* To put in a sinecure.બેઠી ચાકરી આપવી.[L.*sine*, without, & *cura* care.]

Sinecurist, *n.* (સા'ઇનિક્યૂરિસ્ટ્)One who has a sinecure. વગર કામે-બેઠો પગાર ખાનાર-લેનાર.

Sinew, *n.* (સી'ન્યુ) A tendon. રગ; સ્નાયુ; નસ. 2. Nerve; muscle. સ્નાયુ; જ્ઞાનેન્દ્રિય. 3.That which supplies strength or power. બળ આપનાર; વીર્ય; શક્તિ; બળ;સામર્થ્ય.-*vt.*To knit as by sinews.સ્નાયુથી જોડવું; મજબૂત કરવું.

Sinews, *n. pl.* (સિ'ન્યુઝ્) Strength; power. કૌવત; બળ;શક્તિ. 2.Chief means. મુખ્ય સાધન.

Sinewy,*a.*(સી'ન્યુઇ)Pertaining to, consisting of or resembling a sinew,or sinews. સ્નાયુ વિષે-સંબંધી-ના જેવું. સ્નાયુમય. 2. Strong; nervous, firm;vigorous.જોરાવર;બળીયું;બળવાન; જોરવાળું; જબરૂં.

Sinful, *a.* (સિ'ન્ફુલ્) Wicked; unholy; full of sin; criminal. પાપી; ઘાતકી;પાપકર્મી; અધર્મી પાપિષ્ઠ; અપવિત્ર.

Sing, *vi.* (સિન્ગ્) [*Imp.* sung or sang; *p. p.* sung.] To utter sounds with musical inflections or melodious modulations of voice. ગાન-ગાયન કરવું; ગાવું; મધુર સ્વર કરવો. 2. To utter sweet or melodious sounds as birds. (પક્ષીનું) ગાવું; ટોકા-ટ્હોકડા-ગુંજારવ કરવા; મધુર શબ્દ ગાવા. 3. To celebrate something in poetry. કવિતામાં-પદ્યમાં વર્ણવવું-કહેવું; કવન કરવું; ની કવિતા કરવી. 4. To make a small shrill sound. સણસણવું; સુસવાટાના જેવો અવાજ કરવો. *vt.* To utter with musical modulations of voice. ગાવું; ગાનતાન કરવું. 2. To celebrate in song. કવિતા-પદ્યમાં વર્ણવવું-કહેવું; વખાણ કરવાં; બણગાં ફૂંકવાં; કવન કરવું. 3. To lull by singing. ગાઇને શાન્ત કરવું; ઉઘાડવું. 4. To repeat in chorus what is sung. ઝીલવું.

Singe, *vt.* (સિન્જ્) To burn slightly or superficially. ઉપરની સપાટી બાળવી-શેકવી; શેક કરવો; ઉપરથી સહેજ બાળવું; દઝાડવું. 2. To burn off hair, etc. from the surface of. રૂવાં-વાળ બાળી નાંખવા; પૂં બાળવી.-*n.* A slight burn; a burning of the surface. શેકવું-દઝાડવું તે.

Singer, *n.* (સિ'ન્ગર્) One whose profession is to sing. ગાનાર; ગાન કરનાર; ગવૈયો.

Singing, *a.* & *n.* (સિ'ન્ગિગ્) *pr. p.* from *sing.* ગાનારૂં; ગાયન કરનારૂં.-*n.*ગાયન;ગાનતાન;ગીત.

Single, *a.* (સિં'ગલ્) One only; individual; separate. એક; એકજ; નોખું; નિરાળું; એકલું. 2. Alone; having no companion. એકલું; કુંવારૂં; વિધુરૂં; છડું; એકાકી. 3. Not twisted or combined with others. એકવડું; એકવટું. 4. Uncompounded; unmixed;pure.અમિશ્રિત; શુદ્ધ; ચોકખું. 5. Sincere. પ્રામાણિક; નિખાલસ મનનું; નિષ્કપટી.6. Performed by one man or one on each side. દ્વંદ્વ; એકલત; એકલા; એકએકનું. 7. Simple; not wise. મૂર્ખ; મંદ બુદ્ધિનું. *vt.* To select from, among a number; to separate. બીજામાંથી ચુંટી કાઢવું. જુદું પાડવું-કાઢવું; કાઢી લેવું; પસંદ કરવું; નિરાળું કાઢવું.2. To take alone or one by one.એક પછી એક લેવું. *vi.* To take the irregular gait called single-foot. (horse.) ખદડક-ખદડક, ઉછળતા ચાલવું.*n.*A unit;one.એક.2. A handful of gleaned grain. વીણેલા દાણાની મુઠી. [L. *singulus*, separate.]

Single-handed,*a.*(સિં'ગલ્-હૅન્ડિડ્) Alone, unassisted; by one's self. એકલો; એકલી જાતે; છડું; મદદ વિનાનું; જાતે.

Single-hearted, minded, *a.* (સિં'ગલ્-હાર્ટિડ્-માઇન્ડિડ્) Having a single or honest heart without duplicity. નિખાલસ;ભોળું;ખરા-ભાવવાળું; સાફ દિલનું નિષ્કપટી; એકનિષ્ઠ; ચોકખા ભાવવાળું.

Singleness, *n.* (સિં'ગલ્નિસ્) The state of being single or separate from all others.

એકલાપણું;કુંવારાપણું;છડાપણું.2. Freedom from duplicity; simplicity; sincerity.ખરો-એકભાવ; સાફ દીલી; નિખાલસપણું; ચોકખું દિલ.

Singly,*adv*.(સિં'ગ્લિ)Individually;separately. એકેક;પ્રત્યેક; દરેક; નોખું નોખું;જુદું જુદું;છુટું છુટું. 2. Without partners. જુદું; નોખું; ભાગીઆ વિનાનું. 3. Only by one's self; alone. એકલું; પોતાની મેળે; ફક્ત. 4. Honestly. પ્રમાણિકપણે; ખરા દિલથી-ભાવથી.

Sing-song,*n*. (સિં'ગ્-સૉંગ) A bad singing or poetry. ખરાબ ગાયન-કવિતા-ગીત; રસ તાલ વગરનું ગાણું; નીરસગાણું; ગદ્ધા મલ્હાર. 2. A drawling or monotonous tone. એક સરખા અવાજનો રાગ-રાગડો.

Singular,*a*. (સિં'ગ્યુલર્) (Logic.) Standing by itself; single; individual. વ્યક્તિવાચક; અપ્રતિમ; અપૂર્વ;અનન્ય; અનુપમ; સાધારણ; પ્રત્યેક; દરેક;એક. 2. (Gram.) Denoting one person or thing. એકવચન.3. Single; distinct. એકલું; જુદું; નોખું; નિરાળું; એકાકી.4. Extraordinary; rare. પ્રખ્યાત; અનાયબ જેવું; અસાધારણ;અનુપમ. 5. Strange; peculiar; odd. વિચિત્ર; ઓર; તરેહવાર; વિલક્ષણ. 6. Out of the ordinary course or things. અપૂર્વ; અસાધારણ; ઓર; તરેહવાર; વિશેષ; અનન્ય. 7. Being alone; unique. એકલું; જોડાવગરનું; એકજ; અનુપમ. 8. Fantastic. વિલક્ષણ; વિચિત્ર; અવનવું; તરેહવાર. *n*. The singular number, એકવચન. 2. An individual instance. દૃષ્ટાંત; એક-અમુક દાખલો. [L. *singulus*, single.]

Singularity. *n*. (સિંગ્યુલૅ'રિટિ)Peculiarity; the state of being singular.વિશેષતા;વિલક્ષણતા; અપ્રતિમતા; તરેહવાર-વિચિત્ર ગુણ; અસાધારણપણું. 2. Possession of a particular or exclusive privilege or distinction. ખાસ-અમુક હક હોવો તે; ખાસ ગુણ હોવો તે. 3. Anything singular, rare, or curious. કોઈ વિચિત્ર-ભાગ્યે મળે તેવી ચીજ-પદાર્થ. 4. Celibacy. કુંવારાપણું; વાંઢાપણું.

Sinister, *a*. (સિ'નિસ્ટર્) Left; on the left hand or the side of the left hand. ડાબું; ડાબી તરફનું;ડાબા હાથનું 2.Unlucky;unauspicious; evil; injurious. દુઃખી; દુઃખી કરે તેવું; અમંગળ; અશુભ; દુષ્ટ; અપશકુનનું; અભદ્ર. 3. Corrupt; dishonest. બગડેલું; અપ્રમાણિક; બદ;ખોટું;ખરાબ; દુષ્ટ. 4. Indicative of lurking harm or evil or danger.અશુભ થશે તેવું દર્શાવનારું. અપશુકનીયું. [L.*sinister* unlucky.]

Sinistrorsal,*a*.(સિનિસ્ટ્રૉ'સૅલ)Rising from left to right.ડાબીથી જમણી બાજુ તરફ જતું, નિકળતું.

Sink, *vi*. (સિંક્) [*Imp*. Sank or Sunk; *p. p*. Sunk]. To fall by the force of gravity; to descend lower and lower; to subside. નીચે ઉતરવું-પડવું-બેસવું; ડુબવું; બુડવું; તળીએ બેસવું; અસ્ત પામવું; ધીમે ધીમે ઉતરતા જવું.2.To penetrate; to enter deeply. ભોંકાવું; ઘોંચાવું; ઉંડું પેસવું; ઉતરવું; ઠસવું; ચોંટવું. 3. To enter so as to make an abiding impression. મનમાં ઉતરવું; ચોંટવું; ઠસવું. 4. To become submerged; to subside. સુકાઈ-સોસાઇ જવું; ઉતરી જવું; ઓસરી જવું. 5. To decline; to decay; to decrease; to be overwhelmed or depressed. ગળવું;નરમ પડવું;લોથ થઈને પડવું;કમી થવું;ઘટવું;સમવું;ભારથી દબાઇ-ચગદાઈ જવું;માં ડુબવું; માં ગરીને રહેવું.-*vt*. To immerse in a fluid; to cause to sink. તળીએ બેસાડવું; બુરાડવું; ડુબાવવું;ડુબાવી દેવું. 2. To depress;to degrade. ઘટાડવું; ડુબાવીને નાશ કરવો;થી હલકું-નીચું પાડવું-ઉતારવું. 3. To make by digging or delving. ખોદાવીને ખાડો કરાવવો;ખોદાવવું;કોતરાવવું;માં ઉંડાણ-પોલાણ કરવું. 4. To lower in value or amount; to reduce in amount. કમી-ઓછું કરવું;ઘટાડવું; વાળવું. 5. To reduce in quantity. ઘટાડવું;વાળવું; ખુટાડવું; કમી કરવું; ઓછું કરવું; નકામું ગુમાવવું. 6. To keep out of sight;to suppress. ખાઇ જવું; ગળી જવું; ઉચાપત કરવું; ઉડાવવું; છાનામાના પોતાના કામમાં લેવું; નજરમાં ન લેવું; ન ગણવું-ગણકારવું.

Sinking fund. કરજ કમી કરવાનું-વાળવાનું ભંડોળ. **Sinking hole**, કચરો જવાનો રસ્તો; ખાળનું મ્હો.-*n*. A drain to carry off filthy water. મોરી; ખાળ; ગટર; નીક. 2. A shallow box, connected with a drain. ખાળકુંડી; ખાળકુવો. [A. S. *sincan*, to sink.]

Sinless, *a*. (સિ'ન્લિસ્) Free from sin;pure; perfect. પાપ વગરનું; નિષ્પાપી; નિષ્પાપ; નિર્દોષ; નિરપરાધી; પવિત્ર.

Sinner, *n*. (સિ'નર્) One who has sinned. પાપીઓ; પાપ કરનાર; પાપી; કુકર્મી.

Sinic, *a*. (સિ'નિક્) Chinese. ચીનનું;ચીન દેશનું.

Sinology,*n*.(સિનૉ'લજિ) One versed in the Chinese language. ચીની ભાષા જાણનારો માણસ.

Sinuous, *a* (સિ'ન્યુઅસ્)Bending in and out; winding;crooked. વાકુંચુંકું; પેચદાર; સર્પાકાર.

Sinus,*n*.(સાઇ'નસ્)An opening or hollow.બાકું; કાણું; દર; ગાબચું; પોલાણ; ખાડો. 2. A venous canal. નસ; નળી; સ્નાયુ.

Sinuate, *vt*. (સિ'ન્યુએટ્) To bend in and out; to wind; to turn. વાંકુંચુકું વળવું; લપેટાવું; ગોળ ફરવું; સાપનાજેવું વળવું.

Sip, *vt.*(સિપ્)To drink in small quantities. ઘુંટડે ઘુંટડે પીવું; જરા જરા મ્હોમાં લઇને પીવું; બચકે બચકે પીવું; આચમન કરવું. 2. To suck up; to draw into the mouth. ચુસવું; મ્હોમાં લેવું; ચુસી લેવું. 3. To drink out of;to taste. ચાખવું; પીવું.–*vi.*To drink a small quantity. જરા પીવું; મ્હોં અજીઠવું; મ્હોએ અડાડવું.–*n.*The taking of a liquid with the lips.ઘુંટડો; હોઠથી જરા પીધેલો ઘુંટડો; આચમન.

Siphon, *n.* (સા'ઇફન્) A bent tube with arms of unequal length, for transferring a liquid, from one vessel to another, by atmospheric pressure. પીપમાંથી પ્રવાહી વસ્તુ કાઢવાની નળી;વક્ર નળી–નાલી; સાઇફન.[*L. sipho,* a siphon, from *siphlos,* empty.]

Sir, *n.* (સર્)A master; a gentleman; a lord. શેઠ; સાહેબ; મહારાજ; ખુદાવંદ. 2. A title of courtesy, fixed to a Christian name of a knight or a baronet. નાઇટ અથવા બૅરોનેટના મૂળ નામને લગાડેલો ખિતાબ. 3. A title used in addressing a man,without being prefixed to his name. મહરબાન; સાહેબ; ખુદાવંદ;આર્ય; ભગવન્; જી; હાજી; જી સાહેબ; શેઠ; બાપજી. [L. *senior,* elder.]

Sire, *n.*(સાયર્)A father; an elderly person; husband. બાપ; શેઠ; માસ્તર; ધણી;વડીલ;મુરબ્બી; મહારાજ;સત્તાધારી–ધીશ.2.A title of courtesy, now used in addressing a sovereign.મહારાજ; ખુદાવિંદ.3.An author;an originator.બનાવનાર; કર્તા; સરજનહાર; સ્રષ્ટા. 4. The male parent of the beast. પશુએનો નર.

Siren, *n.* (સા'ઇરિન્) One of the three sea-nymphs. દરિયાઇ ત્રણ દેવીમાંની એક દેવી.2.An enticing or alluring woman. મોહિની; મોહ પમાડનાર સ્ત્રી; માયા; મોહક–લલચાવે એવી સ્ત્રી–બાયડી. 3. Something deceptive. ભૂલમાં નાખે એવી ચીજ;મોહ પમાડે એવી વસ્તુ.4.A mermaid. જલસી;મચ્છ કન્યા. 5.An instrument for producing musical tones.વાજું;વાજીંત્ર.–*a* Pertaining to siren, fascinating; alluring. મોહક; લલચાવનારૂં; મોહિની જેવું–નું; મોહ પમાડનારૂં. [L. *seiren,* to sing.]

Sirius, *n.* (સિ'રિઅસ્) (Astro.) The large and bright star called the dog-star. લુબ્ધકનોતારો.

Sirloin, *n.* (સ'ર્લૉઈન્) A loin of beef. બળદ–ગોધાની કટી–કમર.

Sirname *n.* (સ'ર્નેમ્) See **surname.**

Sirocco, *n.* (સિરૉ'કો,) An oppressive, hot wind from the Libyan deserts, felt in Italy. લિબિઆના રણનો કમતાકાત કરે એવો ઇટાલીમાં વાતો પવન. [L. *saracenus,* eastern.]

Sirrah, *n.* (સિ'રૅ)A word of reproach and contempt or of familiarity. અરે ઓ; દોંગો; હરામખોર;લબાડ;લુચ્ચા;માણસના જણ્યા બેટા;બચ્ચા.

Sirup, Syrup, *n* (સિ'રપ્) A saturated solution of sugar, simple, flavoured or medicated.made with water;fruit or juice. ફળ ફળાદિનો–ખાંડનો વનસ્પતિ સહિત ઉકાળેલો રસ; શરબત; ચાસણી. 2. Any sweetened liquid.

Sister, *n.* (સિ'સ્ટર્) A female born of the same parents. બ્હેન; ભગિની. 2. A female closely allied to, or associated with another person, as in the same faith or society. ધર્મભગિની;જોડીએણ; સાથી;ધર્મબ્હેન;મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી;જોડની વસ્તુ;બહેન.–*a.*Closely related. પાસેના સંબંધવાળું;પાસે પાસેનું;જોડાજોડનું –*vt.* To resemble closely. ને આબેહુબ–બરાબર મળતા આવવું; ની બેન થવું. [L. *soror,* a sister.]

Sisterhood, *n.* (સિ'સ્ટરહુડ્) A society of sisters. સ્ત્રીસમાજ; એકજ ધર્મ–આશ્રમ–માર્ગનું સ્ત્રીમંડળ; મહિલા મંડળ. 2. The state of being a sister. બેનપણું; બેનનું સગપણ; બેનની ફરજ.

Sister-in-law, *n.* (સિ'સ્ટર્–ઇન્–લૉ) [*pl.* Sisters-in-law.] The husband's or wife's sister; a brother's wife. નણંદ; નણદી; સાળી; ભાભી; ભોજાઈ; દેરાણી; જેઠાણી.

Sisterly, *a.* (સિ'સ્ટર્લિ) Like a sister; affectionate. બેનના જેવું; બેનને લાયક; ખરા હેતવાળું; પ્રેમાળ.

Sit, *vi.* (સિટ્) [*Imp.* Sat; *p. p.* Sat.] To rest upon the haunches; to repose upon a seat. બેસવું; પર આસન લેવું–કરવું; બેસી જવું. 2. To perch. પક્ષીનું બેસવું. 3. To fit; to be adjusted. બંધ બેસવું; બેસવું; બંધ બેસતું આવવું. 4. To lie, rest or bear. આરામ લેવો; ચોસવું; બેસી રહેવું; રહેવું; બેઠેલા હોવું. 5. To brood. સેવવું; ઉપર બેસીને સેવવું; નું સેવન કરવું. 6. To befit. લાયક થવું,યોગ્ય હોવું. 7. To be officially engaged in public business, as judges. ના મેમ્બર તરીકે–સભાસદ તરીકે બેસવું;માં સભાસદ હોવું. 8. To hold a session for. બેસવું;ઉઘડવું; ની બેઠક હોવી–થવી. 9. To hold a relative position. અમુક સ્થિતિ ધારણ કરવી.–*vt.* To keep one's seat upon. ના ઉપર બેસવું; સવારી કરવી. 2. To cause to be seated. બેસાડવું. **To sit down,** બેસી જવું; હેઠે બેસવું; થાક ખાવા બેસવું; ધરાઇને નિરાંતે બેસવું; ઘેરો ઘાલી બેસવું **To sit up.** બેઠા રહેવું; જાગવું; રાત્રે અહુવાર જાગવું. **To**

sit out, to be without employment or engagement. ઘેર બેસવું; નવરા હોવું; માંખો મારવી;કામ વગરના હોવું **To sit up,** ટટાર બેસવું; ઉજાગરો કરવો;બેઠા રહેવું.-ની તપાસ,સંભાળ રાખવી; -ની સારવાર કરવી. [L. *sedeo*, I sit]

Site, *n.* (સાઇટ્) Local position; situation. જગા;ઠેકાણું;સ્થળ;બેઠક;સ્થાન;સ્થાનક. 2. A place for an edifice. કાઇપણ ચીજ-ઘર-મકાન મહેલની ભૂમિ-સ્થળ; જગા: મકાનને યોગ્ય સ્થળ-ભૂમિ. [L. *situs*, placed.]

Sitting, *n.*(સિ'ટિંગ્) The posture of being on a seat. બેસવું તે;બેઠેલા હોવું તે;આસન;બેઠક. 2. A seat or space, occupied by a person in a church. આસન; બેઠક; બેસવાની જગા. 3. A session. બેઠક; બેસવાનો વખત. 4. A brooding over eggs for hatching. સેવન; સેવવું તે. ઇંડાં સેવવાં તે.5. A time during which one sits. અમુક કામ-વખત સુધી કામમાં રોકાઈ રહેવું તે. *a.* Being in a state of one who sits. બેઠેલું; બેઠું; બેઠું બેઠું.

Situate; Situated, *a* (સિ'ચ્યુઅટ્-સિચ્યુએટિડ) Permanently fixed;placed;residing; seated. સ્થિર; ઉપર આવેલું; બેસાડેલું; મૂકેલું; રહેલું; આવેલું.

Situation, *n* (સિચ્યુએ,'શન્) Site; position; location.સ્થાન;જગા; ઠેકાણું;સ્થિતિ. 2. Position, as regards the conditions and circumstances; relative position. દશા;સ્થિતિ; હાલત; હકીકત;ભાવ. 3. Situation; place; office. નોકરી; જગા;અધિકાર; પદવી; ચાકરી. 4. Circumstances. દશા; હાલત; અવસ્થા; સ્થિતિ; હાલ; આપદા.

Sitz-bath, *n.*(સિ'ટ્ઝ-બાથ્) A tub in which, one may bathe in sitting position. બેસીને નહાવાનું પીપ-કુંડું. 2. A bath taken in a tub, &c. બેસીને નહાવાના પીપમાં નહાવું તે.

Sivan, *n.*(સિ'વન્) The third month of the Hebrew year. હિબ્રુ-યાહુદી લોકોનો ત્રિજો મહિનો.

Six, *a.*(સિક્સ)Twice three; one more than five. ૬; છ; ષટ્; ખટ. *n.* The sum of three and three.છની રકમ;છ એકમ-પદાર્થ-વસ્તુ.2.A symbol, representing six units, as 6 or VI. છ એકમ દર્શાવનારૂં; જેવું કે "૬". **To be at six and seven, at sixes and sevens,** to be in disorder. ગેરવ્યવસ્થામાં હોવું; બેતાલ થઇ જવું. [L. *sex*.]

Six-fold, *a.* (સિ'ક્સ્-ફો,લ્ડ્) Six times as much or many. છગણું; ષટ્પટ;છ પડવાળું;છવડું.

Sixteen, *a* (સિક્સ્ટી'ન્)Six and ten; consisting of six and ten. સોળ, ૧૬.-*n.* The sum of ten and six. સોળની રકમ; સોળ પદાર્થ-વસ્તુઓ. 2 A symbol representing sixteen units as "16" or XVI. સોળ એકમ દર્શાવનાર ચિહ્ન-નિશાની જેવી કે '૧૬'.

Sixteenth, *a.* (સિક્સ્ટી'ન્થ્) Sixth after the tenth;next in order after the fifteenth. સોળમું; ષોડશ. 2. Being one of sixteen equal parts,into which anything is divided. સોળાંશ. *n.* One of sixteen equal parts. સોળમો ભાગ.

Sixth, *a.* (સિ'ક્સ્થ્) First after the fifth. છઠ્ઠો;છઠ્ઠું.-*n.*One of six equal parts.છઠ્ઠો ભાગ.

Sixtieth, *a.* (સિ'ક્સ્ટિએથ્) Next in order after the fifty-ninth. સાઠમું 2. Being one of sixty equal parts into which anything is divided. કોઈપણ ચીજના સાઠ સરખા ભાગ કર્યા હોય તેમાંનું એક હોય તેવું; સાઠાંશ.-*n.* One of sixty equal parts. સાઠમો ભાગ; સાઠમું.

Sixty, *a.* (સિ'ક્સ્ટિ) Six times ten; three score. સાઠ; ૬૦.-*n.* The sum of six times ten. સાઠની રકમ; સાઠ એકમ-પદાર્થ-વસ્તુ. 2. A symbol, representing sixty units, as "60" or LX. સાઠ એકમ દર્શાવનારૂં ચિહ્ન-નિશાની જેવી કે ૬૦.

Sizar, *n.* (સા'ઇઝર્)A student of the lowest rank,at the University of Cambridge,who eats at the public table after the fellows, free of expense. કેમ્બ્રીજ યુનીવર્સિટિમાં સૌથી નીચી પાયરી વિદ્યાર્થી જેને રોજ ભણવાનો અને જમવાનો હક હોય છે.

Size, *n.* (સાઈઝ્) A glutinous substance. એક જાતનો પાતળો પદાર્થ-રસ; ખેળ; આર.-*vt.* To cover or prepare with size. ખેર, આરદેવો-ચઢાવવો [L. *ad* & *sedeo*, I sit.]

Size, *n.* (સાઈઝ્) An extent of volume, a settled quantity or allowance. અમુક જથ્થો. 2. An allowance of food and drink from the buttery (Cam. Univer.) નાસ્તો, હાજરી આપવી તે. 3. Bulk; magnitude; greatness. કદ; પરિમાણ; આકાર;મહત્વ. 4. Figurative bulk. આકાર; આકૃતિ; પરિમાણ; મોભો;દરજ્જો; મરતબો; ઇજ્જત; ગૌરવ; પ્રતિષ્ઠા;માન. 5. A conventional relative measure of dimension. કદ;પરમાણું; માપ;ભરત;ભરતર.-*vi.* To arrange according to size. કદ પ્રમાણે ગોઠવવું; નાના મોટા પ્રમાણે ગોઠવવું. 2. To sift through a wire sieve. ચાળવું.ચાળણી-હવાલાથી ગેરવવું. 3. To fix the standard of. -નું માપ મુકરર કરવું-ઠેરવવું. 4. To swell. ફુલાવવું; -નું કદ વધારવું.

Sizing, *n.* (સા'ઇઝિંગ્) The act of covering with size. ખળ ચઢાવવી તે; આર-કાંજી-ચઢાવવી તે. 2. Size. આર; ખેળ; કાંજી.

Sizy, *a.* (સા'ઈઝિ) Size-like;ropy;glutinous. આર-ખેળ કાંજીના જેવું;દોરડા જેવું.

Skain, } *n* (સ્કે'ન્) A knot or number of
Skein, } knots of thread, yarn or silk. આંટી; દોરાની કોકડી; પીલ્લું; દડી; ગોટી; ગુંડીયું; ફાળુ. 2. A metallic band or thimble. ધાતુનો પટ્ટો-અંગુઠી; ખોળી.

Skate, *n.* (સ્કેટ્) A kind of sandal or frame of wood on a steel blade for moving rapidly on ice or other smooth surface. એક પ્રકારનો બરફ ઉપર ચાલવાનો જોડો-પાવડી.-*vt.* To slide or move on skates. એવા જોડાથી સરકવું-ચાલવું-ખસવું.

Skeleton, *n.* (સ્કે'લિટન્) The bones of an animal, in their natural position, without flesh. હાડપિંજર; શરીરનું ખોખું; હાડકાનો માળો. 2. A very thin or lean person. પાતળો માણસ; દુબળો માણસ; સુકલકડી; હાડકેહાડકું દેખાય તેવો માણસ.3. The general structure or frame of anything. ખોખું;આકાર;ડોળી. 4. The heads and outline of a literary performance.ટાંચણ;ખરડો; ટીપણ; ખોખું;રૂપરેખા-*a.* Consisting of or resembling a skeleton. હાડપિંજરના જેવું-વાળું-ને મળતું આવતું; ખરડા-ટાંચણ જેવું. [L. Gr. *skelton*, a mummy.]

Skeleton-key, *n.* (સ્કે'લિટન્ કી) A master-key. બીજા તાળાંને બેસે તેવી કરેલી ચોરકુંચી;જાળી જોઇને ઘસી નાંખેલી કુંચી; માસ્ટરકી.

Skeptic, } *n.* (સ્કે'પ્ટિક્) An inquirer after
Sceptic, } facts or reason; one who is yet undecided as to what is true. શંકાશીલ માણસ; ખરૂં શું છે તે વિષે જેની ખાતરી ન થતી હોય તેવો શંકાશીલ માણસ. 2. An infidel;an unbeliever. નાસ્તિક; ધર્મને નહિ માનનાર માણસ. 3.A universal doubter.દરેક બાબતમાં જેને શંકા થતી હોય તેવો માણસ; સંશયાત્મા. [L. *scepticus*, inquiring.]

Sketch, *n.* (સ્કેચ્) An outline;rough draft; delineation. હદ બતાવતી લીટીઓથી જે આકાર બતાવવો તે; નકશો; ચિત્ર; ખોખું; ખરડો; મુસદ્દો; ચિત્રનું ડોળીયું.-*vt.* To draw or make a rough draft of. નું ખોખું-ખરડો-ડોળીયું કરવું-કાઢવું-ચિતરવું. 2.To plan by giving the principal points. મુખ્ય બાબતો આપીને યોજના કરવી; મુખ્ય બાબતો કહેવી-જણાવવી; રૂપરેખા દોરવી.

Sketch-book, *n* (સ્કેચ બુક) A book of sketches or for sketches. ખરડાની ચોપડી; ખરડાપોથી; ખરડો.

Skewer, *n.* (સ્કયૂ'અર્) A pointed rod for fastening meat to a spit or for keeping it in form while roasting. સોયો; સળીઓ.

Skid, *n.* (સ્કિડ્) A piece of timber to protect the side of a vessel from injury. વહાણને નુકશાનમાંથી બચવા માટે તેની બાજુએ મુકવામાં આવતો લાકડાનો કકડો. 2. A chain for fastening the wheel of a wagon. પૈડાને ફરતું અટકાવવાને બાંધવામાં આવતી સાંકળ. *vt.* To check (a wheel) with a skid.સાંકળથી પૈડાને અટકાવવું, ફરતુ બંધ કરવું. 2.To support or roll on skids. લાકડાના કકડાનો ટેકો દેવો-આપવો; લાકડાના કકડા ઉપર મૂકીને કોઇ ચીજને ખસેડવી; ગબડાવવું.

Skiff, *n.* (સ્કિફ્) A small light boat. નાનો મછવો; હોડી; હોડકું; હલકી હોડી.

Skill, *n.* (સ્કિલ્) Knowledge;understanding. જ્ઞાન;બુદ્ધિ;સમજ;સમજણ; અક્કલ. 2. Discrimination; judgment. વિવેક; અક્કલ; ડહાપણ;સમજણ. 3. Dexterity;expertness; ability to perceive and to perform.યુક્તિ;ચતુરાઈ;હાથ કસબ ચાલાકી; ચાતુર્ય; કળા; કરામત; કારીગરી; ઉસ્તાદી. 4. Any particular art. હુન્નર; કળા; કૌશલ્ય; કસબ.

Skillet, *n* (સ્કિ'લિટ્) A small vessel with a handle. હાથા, ડેચાવાળું નાનું વાસણ.

Skilled, Skilful, *a.* (સ્કિ'લ્ડ-સ્કિ'લ્ફુલ્) Expert; masterly; clever. ચતુર; કુશળ; હુન્નરબાજ; કાબેલ;પ્રવીણ;નિપુણ;હોશિઆર;કરામતી;હુન્નરી;કસબી 2. Judicious; discerning. વિવેકી;ડાહ્યું; સમજુ.

Skim, *vt* (સ્કિમ્) To clear (a liquid) from cream. ની મલાઈ-તર કાઢી લેવી, ઉપર ઉપરથી તારવી કાઢવું 2. To pass near the surface of. ની સપાટી ઉપર થઇને જવું; ઉપર ઉપરથી અડકીને જવું; સરી પડવું. 3. To examine or read superficially. ઉપર ઉપરથી તપાસવું-જોઇ જવું-વાંચી જવું; ઉપર ટપકે જોઇ લેવું *vi.* To pass lightly; to glide along near the surface. ઉપર ઉપરથી ધીમે ધીમે ચાલવું; ની સપાટીની લગોલગ ચાલવું-જવું. 2.To hasten along superficially. ઉપર ચોટીયું જોઇ જવું; આંખ ફેરવવી;સરસર જવું.

Skimmer, *n.* (સ્કિ'મર્) A utensil for skimming liquids. મલાઇ તારવી લેવાનું વાસણ; ઝારો. 2. A kind of aquatic bird. પાણીમાં સરસર તરનારૂં એક જાતનું પક્ષી.

Skim-milk, *n* (સ્કિ'મ્-મિલ્ક્) Milk from which the cream has been taken. મલાઇ-તોર ઉતારેલું દૂધ; પીલેલું દૂધ; સાપરેટ

Skimp, *vt* (સ્કિમ્પ્) To slight;to do carelessly. મન ન આપવું;અવગણના કરવી; બેદરકારીથી કરવું.

*vi.*To save;to be niggardly. બચાવવું; કંજુસાઇ કરવી; કસર કરવી.–*a.* Scanty. કંજુસ; કૃપણ; કરકસર કરે તેવું.

Skin, *n.* (સ્કિન્) The external membranous envelope of animal bodies. ચામડી; ચામડું; ચર્મ;ખોળીયું:કાંચળી. 2. The hide of an animal separated from the body. લીલું-સુકું ચામડું; ખાલ; ચામડી; પકવેલું ચામડું. 3. A bark or husk of a plant or a fruit. છોતરૂં;છોડું;છાલ. 4.A vessel made of skin.કુલ્લું;કુપ્પી;કુલ્લી;ચંબુ. *vt.* To flay; to peel. ચામડી ઉતારવી–ઉખાડવી; છાલ-છોતરાં ઉખેડવાં. 2. To cover with skin. ચામડેથી મઢવું; પર ચામડી લાવવી–ને રૂઝવવું; ને અંગુર લાવવું -*vi.*To be covered with skin. રૂઝાવું; ખાલ–ચામડી આવવી; અંગુર આવવું; ખાલથી ઢંકાવું.

Skin-deep, *a.* (સ્કિ'ન્-ડીપ્) Superficial; slight.ચામડીપૂર ઉંડું;ઉપર ઉપરનું–ચોટીયું;જરાક;લગીર.

Skin-flint, *n.* (સ્કિ'ન્-ફ્લિન્ટ્)A miser. કૃપણ; કંજુસ; મખ્ખીચુસ.

Skinny, *a.* (સ્કિ'નિ) Consisting of skin; wanting flesh. એકલી ચામડીવાળું; દુબળું;ચામડી ચોટી ગએલું; પાતળું.

Skip, *vi.* (સ્કિપ્) To leap lightly;to bound; to spring. કુદવું; ઠેકડો-છલંગ મારવી; ઉટવું. 2. To pass without notice; to make omissions. જોયા વગર જવા દેવું; કુદાવી જવું;મૂકી દેવું; ધ્યાનમાં ન લેવું; મુંગા મુંગા જવું.–*vt.* To pass over or by. ના ઉપર થઇને જવું; પાસે થઇને જવું; જોયા વગર જવું. 2. To omit; to miss. જવા દેવું; મૂકી દેવું; નજર ચૂક થવી. 3. To leap over. ઠેકડો મારવો; કુદવું.–*n.* A leap;bound;spring. કુદકો; છલંગ; ઠેકડો. 2. An omission of a part. કોઈપણ ભાગ પડતો મૂકવો તે.

Skipper, *n.* (સ્કિ'પર્) A dancer. નાચનાર; કુદકો, ઠેકડો મારનાર; કુદનાર. 2. A young thoughtless person. મૂર્ખ–અવિચારી જુવાન માણસ. 3. The master of a small trading vessel. ન્હાના વેપારી વહાણનો માલીક. 2. A ship-boy. વહાણમાં કામ કરનાર છોકરો-ચાકર.

Skirmish, *n.* (સ્કર્'મિશ્) A slight combat or fight, in war. ઝપાઝપી–મારામારી–*vi.* To fight slightly or in small numbers. ઝલ-ઘેર મૂકવી-કરવી;ઝપાઝપી થવી, કરવી –*vi.* To be on the border or live near the extremity. કિનારે-કાંઠે આવવું-હોવું;ની હદ-સીમા પર રહેવું.

Skirmisher. *n.* (સ્કર્'મિશર્) One who skirmishes,ઝપાઝપી કરનાર;લડનાર;લડવૈયો;સીપાઈ;

Skirt, *n.* (સ્કર્ટ્) The lower and loose part of a coat, or other garment. ઝુલ; ચાળ; ઘેર; પાલવ. 2. Edge; border; margin. સીમા; કોર; કાંઠો; કિનારો; સીમાડો, હદ. 3. The grinding surface on a mill-stone. ઘંટીના ઉપલા પડની ગાળાની આજુબાજુની સપાટી. 4. A petticoat. ઘાઘરો; ચણિયો. *vt.* To border. સામાપર આવવું; ની હદ પર આવવું. 2. To form a border. સીમા તરીકે હોવું; હદ ઉપર હોવું.

Skittish, *a.* (સ્કિ'ટિશ્) Easily frightened; shy. સહેજમાં બ્હીએ તેવું;ભડકણ; બીકણ; શરમાળ. 2. Wanton; volatile; hasty. ઢંગ વગરનું; વાએલ, અસ્થિર; ચપળ; ચંચળ; પળપળમાં ફરે એવું.

Skit, *vt.* (સ્કિટ્) To cast reflections on; to asperse on. એબ-બટ્ટો લગાડવો; આળ ચઢાવવું.–*n.* A reflection, a jeer or jibe, an oblique taunt. એબ; બટ્ટો; આળ; તહોમત; મજાક; મશ્કરી; મેણું; ટોણું, 2. A wanton girl. વેશ્યા; છિનાળ; રંડા; પાતર.

Skiver, *n.* (સ્કા'ઈવર્)An inferior quality of leather. એક જાતનું ચામડું.

Skulk, } *vi.* To lurk; to get out of the
Sculk, } way. ભટકવું; ભરાઈ બેસવું; છુપાવું; સંતાવું; કામ કરવામાં હરામી કરવી.–*n.* One who skulks. હરામી કરનાર; ભરાઈ બેસનાર.

Skull, *n.* (સ્કલ્) The bony case which incloses the brain. ખોપરી; માથાનું તાલકું; કપાળ; લલાટ; માથાની કાચલી. 2. Mind; the seat of intelligence. મન; મગજ; બુદ્ધિનું સ્થાન. 3.An empty brainless head.ખોપરી;વડ.

Skull-cap, *n.* (સ્ક'લ્-કૅપ્) A close-fitting cap. તાલકાટોપી; ટોપી.

Sky, *n.* (સ્કાઇ) The firmament; heavens. આકાશ; ગગન; આસમાન; આભ.2.The weather; climate.ઋતુ; હવા;આબોહવા.3.Cloud; shadow. વાદળું; છાયા; પડછાયો; છાંયડો. [A. Sax.*sua*, shadow.]

Sky-blue, *a.* (સ્કા'ઇબ્લ્યૂ) Blue like the sky; azure. આસમાની; વાદળી; આકાશના રંગ જેવું; નીલવર્ણ.

Sky-coloured, *a* (સ્કા'ઈ-કલર્) Having the colour of the sky. વાદળી; આસમાની; નીલવર્ણ; આકાશવર્ણ

Sky-larking, *n.* (સ્કા'ઇ-લાર્કિંગ્) An act of running about the rigging of a vessel in sport;frolicking.વહાણના દોરડાં ઉપરની રમતગમત

Sky-light,*n.*(સ્કા'ઈ-લાઈટ્)A window in the roof of a building. છાપરામાં ઉપરથી અજવાળું આવવાને મૂકેલી બારી;જાળીયું;આકાશબારી;અજવાળીયું.

Sky-rocket, *n.* (સ્કા'ઈ-રૅકિટ્) A rocket that ascends high and burns as it flies. હવાઈ; એક જાતની અતશબાજી; ગુબારો; કોકમાણું; તારામંડળ.

Slab, *n.* (સ્લૅબ્) A thin piece of anything especially of marble or other stone. શિલા; પત્થરની પાટ-છાટ; નિસા; ગચ્છીયું. 2. An outside piece of sawed timber. વ્હેરવાના લાકડાના ઉપરનું પાટીયું; ચીપ; પુઠીયું.-*a.* Thick; viscous. જાડું; ઘટ્ટ.

Slabber, *vi.* (સ્લૅ'બર્) To let the saliva or other liquid fall from the mouth carelessly. મોંઢામાંથી લાળ-અથવા એવો કોઈ પદાર્થ પડવા દેવો; થૂંકવું. *vt.* To wet and foul by the saliva. લાળ અથવા થૂંકવાણું કરીને બગાડવું-ગંદું કરવું. 2. To shed; to spill. ખરડવું; બગાડવું; ઢોળવું. *n.* Slaver; saliva; spittle. લાળ; થુંક.

Slabberer, *n.* (સ્લૅ'બરર) One who slabbers; an idiot. થૂંકનાર; જંગલી માણસ; બેવકુફ; જંગલી.

Slack, *a* (સ્લૅક્) Not holding fast; not tense; not hard drawn. ઢીલું; પોચું; શિથિલ; નરમ. 2. Loose; relaxed; not rapid. નબળું; પોચું; અશક્ત; શિથિલ. 3. Slow; tardy. ધીમું; મંદ; ટાઢું; ઠંડું. 4. Remiss; inactive. ઢીલું; ગાફેલ; સુસ્ત; મંદ.

Slacken, Slack, *vi* (સ્લૅ'કન્) To become slack; to decrease in tension. નરમ-પોચું-ઢીલું થવું-પડવું; શિથિલ થવું. 2. To be remiss or backward. ઢીલા થવું; પછાત રહેવું; ગાફેલ રહેવું; પાછું હઠવું. 3. To lose solidity with water. પાણીમાં પીગળી જવું; પ્રવાહી થવું; પીગળવું; નો ભૂકો થવો. 4. To languish. નબળા પડવું; પાતળા થવું; ધીમા પડવું. 5. To abate. મંદ-નરમ પડવું-થવું. 6. To become less violent નું જોર ધીમું પડવું-ઓછું થવું. *vt.* To render slack. નરમ-ઢીલું-પોચું પાડવું-કરવું 2. To neglect. ભુલવું; ગાફેલ થવું. 3. To change from a solid form to a powder. પાણીની સાથે મેળવી ભૂકો કરવો; ઓગાળવું. 4. To abate. નરમ-ઢીલું; ધીમું પડવું; ઘટાડવું. 5. To check; to repress. નરમ પાડવું; અટકાવવું; ધીમું-ઓછું કરવું; ઘટાડવું.

Slackness, *n.* (સ્લૅ'કનિસ) The quality or state of being slack. ઢીલાપણું; ઠંડાઈ; ધીમાશ; આળસ; બેકાળજી; ગાફેલી; મંદી; મંદપણું; નિર્બળતા.

Slag, *n* (સ્લૅગ્) The dross or recrement of a metal. ધાતુનો કચરો; મેલ-કાટ. 2. The scoria of a volcano. જ્વાળામુખી પર્વતમાંથી નિકળતો છિદ્રમય પદાર્થ.

Slake, *vt.* (સ્લેક્) To quench; to extinguish; to cool છિપાવવું; બુઝવવું; હોલવવું; મટાડવું; છાંટવું; શાંત કરવું. 2. To mix with water; to slack. પાણીમાં ઓગાળવું; પાણી નાખીને ભૂકો કરવો.-*vi.* To go out; to become extinct. હોલવાઈ-બુઝાઇ જવું; છીપવું; બુઝાવું. 2. To slacken. નરમ-પોચું-ઢીલું થવું; શિથિલ પડવું.

Slam, *vt.* (સ્લૅમ્) To shut with violence and noise. અફાળી-પછાડીને બંધ કરવું; ભટકાવવું; ધબોધબ, ભડદઈને બંધ કરવું. 2. To bang. ઠોકવું; મારવું; પ્રહાર કરવો.-*vi.* To strike violently and noisily. ભટકાવવું; ધબ લઈને પછાડવું-બંધ કરવું.-*n.* A violent driving and dashing against. ધબકારો; ધબધબ અવાજ; ઠોકાઠોક. 2. The violent shutting of a door. બારણાને ધબ લઇને-પછાડીને-અફાળીને બંધ કરવાં તે.

Slander, *n.* (સ્લૅ'ન્ડર્) A false tale or report maliciously uttered and tending to injure the reputation of another. ચુગલી; અપવાદ; નિંદા; બગદોઈ; આળ; નાલેશી; ફજેતી; અપમાન; બટ્ટો.-*vt.* To asperse; to defame. ને માથે આળ ચઢાવવું; ની બગદોઇ, નિંદા કરવી; ની ચાડી-ચુગલી કરવી. 2. To vilify. નું બદનામ કરવું; [L. *scandalum*, a scandal.]

Slanderous, *a.* (સ્લૅ'ન્ડરસ્) Disposed or given to slander. નિંદાખોર; ખોટી બગદોઈ કરનાર; ચુગલીખોર. 2. Containing slander; calumnious. નિંદા-બગદોઈ ભરેલું-વાળું; કુભાંડી; નિંદાત્મક.

Slang, *n.* (સ્લૅન્ગ) Low, vulgar language. હલકી-નીચ વર્ણની બોલી; બીભત્સ બોલી. 2. A fetter worn on the leg by a convict. પગની બેડી-*vt.* To insult with low, vulgar language. હલકા. નીચ શબ્દ બોલી અપમાન કરવું; ગાળાગાળી કરવી; ગાળ દેવી.

Slant, *a.* (સ્લૅન્ટ્) Oblique; sloping; inclined. તિરકસ; આડું; વાંકું; ત્રાંસુ; નમતું; ઢળતું.-*v.* To turn from a direct line; to slope. તિરકસ-વાંકું કરવું; ત્રાંસુ, આડું, ઢાળ પડતું થવું; નમતું કરવું.-*n.* A slope. ઢાળ; ઢોળાવ; ત્રાંસી બાજુ.

Slanting, *a.* (સ્લૅ'ન્ટિંગ્) Sloping. નમતું; ઢાળ પડતું; વાંકું; ત્રાંસુ; ઢળતું.

Slap, *n.* (સ્લૅપ્) A blow given with the open hand or with something broad. ધોલ; લપડાક; તમાચો; થપ્પડ; છક્કડ. *vt.* To strike with the open hand or with something broad. થપ્પડ મારવી; તમાચો-ધોલ મારવી-લગાવવી; કોઇપણ પહોળા પદાર્થથી ઝાપટ મારવી; ઝાપટવું.-*adv.* Quickly; instantly. ધડ લઇને; તરતજ; ઉતાવળે.

Slap-dash, *adv.* (સ્લૅ'પ ડૅશ્) In a careless manner; at random. બેદરકારપણે; નીડરપણે. 2. All at once. ઓચિંતો; એકદમ; એક સપાટે.

Slap-jack, *n.* (સ્લૅ'પ-જૅક્) A griddle cake. તવા, કડઈ-તાવડી ઉપર શેકેલી રોટલી.

Slash, *vt.* (સ્લૅશ્) To cut at random; to cut with long cuts. જોરથી આમતેમ મારી કાપી

નાખવું; કાપીને લાંબા વાઢ-ચીરા કરવા. 2. To whip; to lash. ચાબુક-ફટકા મારવા; ચાબુકનો સટકો બોલાવવો.-*vi.* To strike violently and at random. ઉતાવળથી-બેદરકારીથી ફટકારવું-કાપવું -*n.* A long cut. લાંબો કાપો-ચીરો-વાઢ; કાપ. 2. A large slit in the garment. કાપ; ચીરો; ફાડ.

Slat, *n.* (સ્લૅટ્) A thin, narrow wooden strip. લાકડાની પાતળી ચીપટ-ચીપ-સળીઓ.-*vt.* To slap; to strike. તમાચો; ધોલ મારવી;મારવું; લાકડી મારવી.

Slate, *n.* (સ્લેટ્) A stone, which readily splits into plates. ચીપો ઉતરે એવી જાતનો એક પથ્થર; એક જાતનો ભુરો પથ્થર. 2. Any stone or rock having a slaty structure. સ્લેટના જેવો પથ્થર. 3. A tablet for writing upon. પથ્થર; પાટી; સ્લેટ. 4. A thin, flat piece for roofing. છાપરા પર જડવાની છાટ-તકતી; પથ્થરની પાતળી કાપેલી ચીર. 5. A list of candidates for nomination. પત્રક; રજીસ્ટર; કૅટલૉગ -*vt* To cover with slate. સ્લેટની પાતળી છાટ જડવી. 2. To register. પત્રકમાં નોંધવું.

Slater, *n.* (સ્લે'ટર્) One who slates buildings. છાપરા ઉપર સ્લેટનો પથ્થર જડનાર-બેસાડનાર;સલાટ.

Slaty, *a.* (સ્લે'ટી) Resembling slate.સ્લેટના પથ્થર જેવું. 2. Composed of thin, parallel plates. પાતળાં સમાન્તર પડવાળું; છુટાં પડે તેવાં પાતળાં પડવાળું.

Slattern, *n.* (સ્લૅ'ટર્ન્) A woman negligent of her dress or house. ગંદી-ફુવડ સ્ત્રી; શરીર તથા ઘર સાફસુફ ન રાખે તેવી બાયડી.

Slatternly, *a.* (સ્લૅ'ટર્નલી) Sluttish; dirty. મેલી; ગંદી; ફુવડ.

Slaughter, *n.* (સ્લૉ'ટર્) Murder; massacre; carnage. ખુનરેજી; કાપાકાપી; કતલ;સંહાર;નિકંદન. 2. The act of killing cattle &c. વધ; ઘાત; હત્યા; હિંસા.-*vt.* To slay; to kill કતલ કરવી; સંહાર કરવો; કાપી નાખવું; ઘાણ કાઢી નાખવો. 2. To butcher. (ખાવા માટે) વધ-હત્યા-હલાલ કરવું; મારી નાખવું.

Slaughterous, *a.* (સ્લૉ'ટરસ્) Destructive; murderous. ખુની; ઘાતકી; નાશકારક.

Slaughter-house, *n.* (સ્લૉ'ટર્-હાઉસ્) A house where beasts are butchered for the market. પ્રાણી-પશુ મારવાની જગ્યા; કસાઇખાનું; વધસ્થાન.

Slave, *n.* (સ્લે,વ્) A bond-man; one wholly subject to the will of another. દાસ; ભુંડો; ગુલામ. 2. A drudge. વૈતરો; વેઠીઓ; મજુર. 3. One who has lost the power of resistance. આધીન; વશ; દાસ; હજુરીઓ. 4. Captive; vassal. કેદી; બંદીઓ રાજા. 5. One who labours like a slave. મજુર; હેલકરી; ભુંડો.-*vi.* To drudge; to toil as a slave. ગુલામગીરી કરવી;વૈતરું-મહેનત-ચાકરી કરવી.

Slaver, *n.* (સ્લૅવર્) A ship employed in a slave-trade. ગુલામો વેચવા માટે એક દેશથી બીજે દેશ જનારૂં વહાણ. 2. A person engaged in the purchase and sale of slaves. ગુલામનો વેપારી.

Slaver, *n.* (સ્લૅ'વર્) Saliva drivelling from the mouth. મોંમાંથી નિકળતી લાળ-થુંક; લબ.-*vi.* To suffer the spittle to issue from the mouth. મોંમાંથી લાળ; થુંક પડવા દેવી. 2. To be besmeared with saliva. લાળ-થુંક-લબથી ખરડાવું-બગડવું; પલળવું.

Slavery, *n.* (સ્લે',વરિ) Condition of a slave; servitude ગુલામગીરી; દાસત્વ; ભુંડાપણું; પરાધીનતા. 2. The state of entire subjection; પરતંત્રતા; પરવશતા; પરાધીનતા.

Slavish, *a.* (સ્લે',વિશ્) Abject; servile. ભુંડા-ગુલામ જેવું; દાસત્વ; ગુલામી.

Slaw, *n.* (સ્લૉ) Sliced cabbage. કાપેલી-મોળેલી કોબી-કોબીજ; સમારેલી કોબી-કરમ કલ્લો.

Slay, *vt.* (સ્લે) [*Imp.* slew, *p. p.* slain.] To kill; to murder; to destroy. કાપી નાખવું; મારી નાખવું;નો વધ,ઘાત કરવો; નો જીવ લેવો.

Slayer, *n.* (સ્લે'અર્) One who slays. મારી નાખનાર; ખુની; ઘાતકી.

Sledge, *n.* (સ્લેજ્) A vehicle or runners, used for conveying heavy loads over the snow. બરફ ઉપર ચાલવાની ગાડી. 2. A light seat, mounted on runners for sliding on snow. નાનાં છોકરાંની બરફ ઉપર ચલાવવાની ગાડી.

Sledge, *n.* (સ્લેજ્) A vehicle on runners or on low wheels.બરફ ઉપર ચલાવવાની ન્હાના કે વગર પૈડાની ગાડી. 2. A hurdle for carrying traitors to the place of execution. રાજદ્રોહી ને વધસ્થાને લઇ જવાની ગાડી. 3. A large, heavy hammer. મોટો, ભારે હથોડો.

Sleek, *a.* (સ્લીક્) Smooth; glossy. સુંવાળું; લીસું; સાફ; ચળકી વાળું; ઓપદાર. *vt.* To render smooth, soft and glossy. સાફ-સુંવાળું, ચળકી વાળું બનાવવું-કરવું.

Sleek-ness, *n.* (સ્લી'ક-નિસ્) Smoothness. સુંવાળાપણું; સફાઈ; ચળકી; લીસાપણું.

Sleep, *vi.* (સ્લીપ) [*imp.* & *p. p.* slept.] To rest; to slumber. ઉંઘવું; નિદ્રા લેવી; સુઇ જવું; આરામ લેવો; સુવું. 2. To be careless or inattentive. બેદરકાર-ગાફેલ રહેવું; આંખ મિંચવી.

2. To be dead. મરી ગએલું હોવું. 3. To be unagitated. સ્વસ્થ રહેવું; શાંત રહેવું; ઉંઘવું. *vt.* To give sleep to.ઉંઘાડવું;સુવાડવું. *n.* Slumber; repose; rest. નિદ્રા; ઉંઘ; નીંદ. **Dead sleep,** અઘોર નિદ્રા-ઉંઘ; ગાઢ નિંદ્રા.

Sleeper, *n.*(સ્લીʼપર્) One who sleeps. ઉંઘનાર. 2. A drone; a lazy person.ઉંઘણસી; આળસુ. 3. One of a set of timbers supporting a floor. સલેપાટ; પાટડો;સ્લીપર;રેલ્વેના પાટાનીચેની આડસર.

Sleeping, *a.* (સ્લીʼપિંગ્) Occupied with sleep or for sleeping. ઉંઘતું; ઉંઘમાં પડેલું;શાંત. 2. Dormant. બહાર નહિ પડેલું; શાન્ત; અપ્રગટ

Sleeping partner.છુપો-કામ કર્યા વગર ભાગ લેનાર, ભાગીદાર.

Sleep-less, *a.* (સ્લીʼપ્-લિસ્) Having no sleep; wakeful. ઉંઘ-નિદ્રા વગરનું; જાગતું; આરામ, ચેન વગરનું.2. Having no rest.અસ્વસ્થ; બેચેન.

Sleepy, *a.*(સ્લીʼપિ)Drowsy;inclined to sleep. ઉંઘણસી;નિંદ્રાળુ; ઉંઘરાટું. 2. Dull; lazy. આળસુ; મંદ; સુસ્ત; એદી; ધીમું. 3. Soporiferous. ઉંઘ-નિદ્રા આવે તેવું; નિંદ્રાજનક.

Sleet, *n.* (સ્લીટ્) A fall of hail or snow mingled with rain. ઝીણા હિમ કે કરા ભેગો વરસાદ; ઝરમર; તુષાર વૃષ્ટિ. To snow or hail with a mixture of rain. વરસાદ સાથે કરા કે હિમ પડવું.

Sleeve, *n.*(સ્લીવ્)The part of the garment fitted to cover the arm.બાંય;બ્હાં.2.A narrow channel of water.પાણીની સાંકડી નહેર. *vt.* To furnish with sleeves.બાંય મૂકવી-ચોટાડવી.**To laugh in the sleeve,**to laugh privately. મોંમાં, ગાલમાં;છાનુંમાનું હસવું. To pin or hang on the sleeve of. બાયને આધારે રહેવું; આસરે રહેવું; ના આધારે રહેવું.

Sleigh, *n.* (સ્લે,) A vehicle or runners, for carrying persons or goods on snow or ice. બરફ ઉપર ચલાવવાની ગાડી.

Sleight, *n.* (સ્લાઈટ્) An artful trick. હાથ ચાલાકી; ચતુરાઇનો ખેલ; ઇંદ્રજાળ; જાદુ; માયા 2. Dexterity.(હાથ) ચાલાકી;હોશિયારી. 3.Cunning; craft. લુચ્ચાઈ; પ્રપંચ; ઠગાઈ.

Slender, *a.* (સ્લેʼન્ડર્) Thin or narrow in proportion to length. પાતળું; સાંકડું; નબળું; કૃશ. 2. Feeble; weak. નાજુક; નબળું; નાનકડું; કુમળું. 3. Small; meagre; inadequate. થોડું; જુજ; અલ્પ; પૂરતું નહિ. 4. Trivial; moderate. હલકું; જુજ; અલ્પ. 5. Spare; simple. થોડું, પેટ ન ભરાય તેવું.

Sleuth, *n.* (સ્લૂથ્) The track of a man or beast as known by the scent. વાસ ઉપરથી-સુંઘીને માણસનો અથવા પશુનો જાણેલો રસ્તો; સુંઘીને ખોળી કાઢેલાં પગલાં.

Sley, *n.* (સ્લે,) A weaver's reed. વણકરની ફણી; ફણો.

Slice, *n.* (સ્લાઇસ્) A thin broad piece cut off. ફાટ; ચીર; કાતરી; કાપલી; પહોળો, પાતળો કાપીને કરેલો કકડો. 2. A salver; platter or tray. કુંડું; કથરોટ; તાંસળું. 3. A broad thin knife. પહોળું પાતળા ફળવાળું ચપ્પુ-છરી-કાતું. 4. A kind of chisel. ફરસી.-*vt.* To cut into thin pieces. કાપલી-ચીર-કકડા-ટુકડા કરવા;કાતરી ઉતારવી. 2. To cut into parts. ભાગલા પાડવા-કરવા; ભાગ કરવા.

Slide, *vi.*(સ્લાઈડ્) [*Imp.* Slid; *p. p.* Slidden] To slip, to glide. લપસવું; લપસી જવું. 2. To move over snow or ice with an uninterrupted motion. બરફ ઉપર લપસીને સરળ રીતે ચાલ્યા જવું 3. To move gently onward. પસાર થઇ જવું. 4. Slip; to fall. પગ લપસી જવો; ખસી પડવું; લપસી પડવું.-*vt* To thrust along; to thrust by slipping. ધકેલવું; લપસવા દેવું; સરકાવવું. 2. To pass or put imperceptibly. ધીમે રહીને મૂકવું; આસ્તેથી ખસેડવું-મૂકવું. -*n.* A smooth and easy passage. લપસણો-લીસો રસ્તો. 2. A slider.લપસનાર;ઘસણી કરનાર; ખસીને દેવું-દેવાનું ઢાંકણું. 3. The descent of a mass of earth or rock down a declivity. માટી કે ખડકનો ધસી પડેલો ભાગ. 4. A place for sliding. ઢાળાવ. 5. A slip of glass for microscope. સૂક્ષ્મદર્શકથી જોવાને માટે વપરાતી કાચની કાપલી. [A. Sax. *slidor,* slippery.]

Slight, *n.* (સ્લાઇટ્) Disdain; scorn. અનાદર; અવધીરણા; તુચ્છકાર; અવગણના; ઉપેક્ષા; ધિક્કાર. -*vt.* To disregard as of little value. અનાદર કરવો; નહિં ગણકારવું; અવગણના-તિરસ્કાર કરવો. -*a.* Faint; trifling; negligent. ઓછું; હલકું; સહેજ; જરા; થોડું. 2. Slender; weak;gentle. નાજુક; કોમળ; પાતળું; બારીક; જબરૂં નહિં; કાગદી.

To slight off. તિરસ્કારમાં કાઢી નાખવું.

Slightly, *adv.* (સ્લાʼઈટ્લિ) In a slight manner લગાર;જરા;સહેજ;જુજ. 2. Negligently. બેદરકારપણે; હળવે રહીને.

Slily, *adv.* (સ્લાʼઈલિ) Craftily; in a sly manner. લુચ્ચાઇથી; પ્રપંચથી; નજર ચૂકાવીને.

Slim, *a.* (સ્લિમ્) Slender; weak. પાતળું; ખાલી; નબળું; નજીવું; નાજુક; બારીક.

Slime, *n.* (સ્લાઇમ્) Any soft, glutinous substance. કાદવ; કચરો. 2. Viscous mud. કાંપ; પોચી-ભીની-ચીકણી માટી. 3. Bitumen.રાળ; શિલાજીત. [L. *limus,* mud.]

Slimy, *a.* (સ્લા'ઇમિ) Glutinous; viscous. ચીકણું; ચીકણી માટીવાળું; ચીકટવાળું.

Sling. *n.* (સ્લિ'ંગ્) An instrument for throwing stones or other missiles. ગોફણ. 2. A throw; a stroke. સપાટો; ઝપાટો. 3. A kind of hanging bandage, put round the neck, in which a wounded arm is sustained. જખમાએલો હાથ રાખવાની ઝોળી. 4. A rope with hooks for suspending an object. સીંકું; છીંકું. 5. A rope or iron band for securing the centre of a yard to the mast. ગાળો; હૂક. *vt.* [*Imp.* & *p. p.* slunk.] To throw with a sling. ગોફણ ફેંકવી; ગોફણમાં ઘાલી ફેંકવું-છોડવું-મારવું. 2. To throw; to hurl. ફેંકવું; નાખવું. 3. To hang, so as to swing; to suspend. ટાંગી મૂકવું; લટકતું-ઝુલતું રાખવું; લટકાવવું; ટાંગવું.

Slink, *vi.* (સ્લિંક્) [*Imp.* & *p. p.* slunk.] To steal away; to sneak. ચોરીથી સંતાઇને જતા રહેવું; છટકી જવું; નજર ચૂકાવીને જતા રહેવું. 2. To miscarry as a beast. અધુરે જવું-જણવું; તરવાઈ જવું.-*vt.* To cast prematurely. તરવાઇ જઇને બચ્ચું આવવું; અધુરે જણવું.-*a.* Thin; lean. પાતળું; નબળું; બારીક. 2. Produced prematurely. અધુરે જન્મેલું, આવેલું; અધુરા દહાડાનું.-*n.* The young of a beast, brought forth prematurely. અધુરે જણેલું બચ્ચું. 2. A thief; a sneak. ચોર; દોંગો; ઠગ; સંતાતો ફરે તેવો માણસ.

Slip, *vi.* (સ્લિપ્) [*Imp.* & *p. p.* slipped.] To slide; to glide. લપસી જવું; સરી, ખસી જવું; સરવું; લપસવું; ખસવું. 2. To move, start or fly out of the place. ખસી જવું. 3. To sneak or depart secretly ચોરીથી, સંતાઇને જતા રહેવું; સટકી જવું. 4. To err. ચૂકવું; ભૂલવું; ગોથું ખાવું; ભૂલ કરવી 5. To enter by oversight. જવું; નજર ચૂકથી આવવું. 6. To escape as if by sling. અચાનક જવું; સરકી જવું. *vt.* To convey secretly. સરકાવવું; છાનામાના કાઢવું-નાંખવું. 2. To cut slips from (a plant); to take off. કાપવું; કાપી નાખવું. 3. To let loose. જવા દેવું; છોડવું; છુટું મૂકવું. 4. To throw off; to disengage one's self from. કાઢી નાખવું; થી છુટું થવું. **To slip on**, to put on in haste. ઉતાવળથી પહેરી લેવું; વહેલાં વહેલાં પહેરી લેવું. *n.* The act of slipping. પતન; લપસવું તે. 2. An unintentional mistake. નજરચૂક; ગોથું; શરતચૂક; દોષ. 3. A leash by which a dog is held. કુતરાને પકડવાની દોરી-સાંકળ. 4. A cutting; a twig. કાપેલી સોટી; ડાળ; કલમ; શાખા. 5. An escape. સટકી જવું તે; પલાયન થવું તે. 6. A long narrow piece. ચીપ; ચીર. 7. A loose garment worn by a woman. બુરખો; જલ્બો. 8. A child's pinafore. છોકરાને પહેરવાનો જલ્બો-સદરો. 9. An outside covering. ગલેફ; તરવારનું મ્યાન; ઢાંકણ. 10. An opening or space left in a dock. ગોદીમાં વહાણને રહેવાની જગા-સ્થળ. **To give one the slip**, કોઇથી છટકી-નાસી જવું. [A. Sax. *slipan*, to pass away.]

Slip-knot, *n.* (સ્લિ'પ્-નૉટ્) A knot which slips along a rope or line around which it is made. સરકા ગાંઠ; સરકીયું.

Slipper, *n.* (સ્લિ'પર્) One who or that which slips. ખસનાર; લપસનાર. 2. A kind of light shoe. સપાટ; સલીપર; તરત પહેરાય તેવા જોડા. 3. A kind of brake or shoe for a wagon wheel. ગાડીના પૈડાનું અટકણ.-*a.* Smooth; unstable. લપસણું; લીસું; અસ્થિર; ફરી જાય તેવું.

Slippery, *a.* (સ્લિ'પરિ) Smooth; glib. સરી, લપસી જવાય તેવું. 2. Changeable, uncertain. ડગે-ફરે તેવું; ક્ષણિક; નાશવાન; અસ્થિર; ચળ. 3. Liable to slip away. સરી-લપસી જાય તેવું. 4. Not affording firm footing or confidence. ફરી જાય તેવું; સરકી જવાય તેવું. 5. Unchaste. ખરાબ ચાલનું; વિષયી; લંપટ; વંઠેલ; લફંગું.

Slip-shod, *a.* (સ્લિ'પ્-શૉડ્) Wearing shoes like slipper. સપાટની પેઠે જોડા પહેરનાર; ખડા વગરનું. 2. Careless in manners, style etc. રીતભાત-ઢંગધડા વગરનું; જથરપથર; રીતભાતમાં બેફિકર.

Slip-slop, *n.* (સ્લિપ્-સ્લૉપ્) Bad or insipid liquor. ખરાબ દારૂ; ઉતરતી જાતનો દારૂ. 2. Weak, profitless writing. દમ-માલ વગરનું, નિર્માલ્ય લખાણ.

Slit, *vt.* (સ્લિટ્) [*Imp.* & *p. p.* slit or slitted. To cut lengthwise. કાપીને લાંબા કકડા કરવા. 2. To cut or make a long fissure in or upon. માં, ઉપર લાંબો ચીરો ફાટ-કાપ કરવો-મૂકવો; ચીરવું. 3. To split; to rend. ફાડવું; ચીરવું; કાપવું.-*n.* A long cut; narrow opening. ચીર; ફાટ; કાપ; લાંબો ચીરો.

Sliver, *vt.* (સ્લિ'વર્, સ્લા'ઇવર્) To cut or divide into long, thin pieces. પાતળા-ઘણા ઝીણા કકડા કરવા.—*n.* A long piece cut or rent off. કકડો; ચીરો. 2. A loose untwisted strand of fibre, ready for slubbing or roving. ચીંદરડો; કાપલો; પુણી.

Sloat, *n.* (સ્લોટ્) A narrow piece of timber which holds together large pieces; a slat. ટેકણને માટે આડા જડેલા લાકડાના કકડા-ચીપો.

Slogan, *n.* (સ્લો,'ગન્) The war-cry or gathering word. લડાઈની બૂમ અથવા એકઠા થવાનો શબ્દ.

Sloop, *n.* (સ્લૂપ્)A vessel having one mast only. એકજ સઢવાળું વહાણ-જહાજ; ન્હાનું વહાણ.

Slop, *n.* (સ્લૉપ્) Liquid carelessly spilled or thrown about. ઢોળાએલું પાણી; મેલા-ગંદા ખરડાએલા પાણીનું ખાબોચીયું; મેલી જગા. 2. *pl.* Dirty water. મેલું-ગંદું-ગંધાતું પાણી. 3. Poor or weak drink or liquid food. હલકી જાતનો ખાવાનો પ્રવાહી પદાર્થ; ઘેંસ; ભડકું; કાંજી.—*vt.* To spill. ઢોળવું. 2. To spill liquid upon. ઉપર પ્રવાહી પદાર્થ ઢોળવો. 3. To form with a slope. ઢાળ પડતું કરવું; ઢાળ કરવો; ઢળતું કરવું-*vi.* To overflow or to be spilled as a liquid. છલકાઈ ઢોળાઇ જવું. 2. To be sloping. ઢાળ પડતું-ઢળતું હોવું.

Slop, *n.* (સ્લૉપ્) A lower garment as breeches, trousers. સુરવાળ; મોટો ઓચણો; સુંથણું.2.*pl.*Ready-made clothes. તૈયાર લુગડાં. 3. Policeman. સિપાઇ.

Slope, *a.* (સ્લો,પ્) Inclined or inclining. ઉતરતું; ઢાળ પડતું; ઢળતું.-*n.* A declivity. ઢોળાવ; ઢાળ; ઢળતી જગા; ઉતરણ; ઉતાર.-*vt.* To form with a slope. ઢળતું કરવું; ઢાળ કરવો. *vi.* To be inclined. ઢળતું હોવું; ઉતરતું-ઢાળ પડતું હોવું.

Sloping, *a.* (સ્લો,'પિંગ્) Slanting; oblique. ઢાળ પડતું; ઢળતું; ઉતરતું.

Sloppy, *a.* (સ્લૉ'પિ) Muddy; plashy. કાદવ વાળું; મેલું; ગંદું; ભીનું; કચરાવાળું.

Slot, *n.* (સ્લૉટ્) The track of a deer.હરણના જવાથી પડેલી નિશાની-પગલું. *vt.* To groove. કોરણ-ખોભણ-પાડવી, ખસરકો કરવો;કાપવું; ચીરવું.

Sloth, *n.* (સ્લો,થ્) Laziness; idleness. આળસ; સુસ્તી; પ્રમાદ; એદીપણું.2.Tardiness; slowness. ઠંડાશ; ધીમાપણું; ધીમાશ. 3. A slow-moving animal. મંદ જનાવર. *vi.* To be idle or slow. સુસ્ત-આળસુ હોવું-થવું; ઠંડા હોવું.

Slothful,*a.* (સ્લો,'થ્-ફુલ્) Inactive;lazy;idle. આળસુ; પ્રમાદી; એદી; મંદ; સુસ્ત.

Slouch, *n.* (સ્લાઉચ્) A depression of the head or some other part of the body. માથું નીચું ઘાલવું-નમાવવું તે. 2. An awkward clownish fellow. રેંચો; ગમાર; ગામડીઓ; ભુસો.-*vi.* To hang down. નીચું ઘાલવું-રાખવું. 2. To have a clownish gait or manner. સુસ્તાઇમાં ચાલવું; અનાડી-ગમાર ચાલે ચાલવું. *vt.* To depress. નીચું દાબવું-નમાવવું-ઘાલવું.

Slough, *n.* (સ્લાઉ) A place of deep mud or mire. ઉંડા કાદવ-કાંપવાળી જગા; ઉંડો કાદવ, કાંપ-પંક. 2.A wet place.ભીની, કાદવવાળી જગા.

Slough, *n.* (સ્લફ્) The cast skin of a serpent. સાપની ઉતારેલી કાંચળી. 2. The part that separates from a foul sore.ગુમડાં ઉપરનું મરેલું ચામડું-મુડદાલ, નકામું માંસ. To separate from the sound flesh. ઉખડી જવું-પડવું; ઉતરી જવું.

Sloughy, *vi.* (સ્લ'ફિ) Resembling a slough. કાંચળીના જેવું. 2. Miry. કાદવ-કાંપવાળું.

Sloven, *n.*(સ્લવન્) A person careless of dress and cleanliness.ગલીચ; ફુવડ; ગંદો-મેલો. માણસ; ઢંગધડા વગરનો માણસ.

Slovenly, *a.* (સ્લ'વન્લિ) Negligent of dress or neatness. ગંદો; ફુવડ; મેલો; મલિન. 2. Disorderly; not neat. મેલું; ગંદું;અવ્યવસ્થિત-અસ્વચ્છ.-*adv.* In a slovenly manner. ગંદી-મેલી રીતે; ફુવડપણે.

Slow, *a.* (સ્લો,) Not quick in motion; not swift. ધીમું; હળવું; મંદ; ધીમે ધીમે થતું.2.Late. મોડું; ધીમું ધીમું. 3. Not prompt. ચકોર-ચંચળ નહિ હોય એવું; ધીમું; મંદ; 4. Dull; tardy; inactive. સુસ્ત; ઠંડું;વિચારશીલ; તરત ન કરે તેવું. 5. Behind the time. વખતસર નહિ એવું;મોડું; પાછળ.-*vt.* To render slow; to retard. ધીમું કરવું; ઢીલ કરવી.-*vi.* To go slowly. ધીમે ધીમે જવું; ધીમું પડીને ચાલવું-જવું.-*adv.* Slowly. ધીમેથી; આસ્તેથી.

Slowness, *n.* (સ્લો,'નિસ્) The quality or state of being slow. ધીમાશ; ઠંડાશ; વિલંબ; જડતા; મંદ ચાલ; આસ્તાપણું.

Slubber, *vt.* (સ્લ'બર્) To do lazily or imperfectly, આળસાઇથી કરવું; બરાબર નહિ ક૦; વેઠ કરવી.

Sludge, *n.* (સ્લજ્) Mud; mire. કીચડ;કાદવ; કાંપ. 2. Small floating piece of ice.બરફનો ન્હાનો તરતો કટકો.

Slue, *vt.* (સ્લ્યુ) To turn about; to twist. ફેરવવું; આમળવું; વળ ચઢાવવો; ગબડાવવું.

Slug, *n.* (સ્લગ્) A drone; a slow lazy fellow. આળસુ-પ્રમાદી માણસ. 2. A kind of snail. એક જાતની ગોકળ ગાય; ગોકળ ગાય જેવું પ્રાણી. 3. A small bullet discharged from a gun. સીસા-લોઢાનો નાનો કકડો, ગોળી. 4. A ship that sails slowly. ધીમેથી ચાલતું વહાણ.

Sluggard, *n.* (સ્લ'ગર્ડ્) A person habitually lazy; a drone. પ્રમાદી-આળસુ-સુસ્ત માણસ; એદી, ઉંઘણસી માણસ.

Sluggish, *a.* (સ્લ'ગિશ્)Dull, stupid.આળસુ; બેવકુફ; જડ; મંદ. 2. Slothful;inactive.પ્રમાદી; એદી; આળસુ. 3. Inert; slow. ધીમું; ઠંડું; જડ; મંદ; સુસ્ત; ટાઢું.

Sluice, *n.* (સ્લુસ્) An artificial passage of water. પાણી આવવા જવાનો દરવાજો, રસ્તો, માર્ગ. 2. An opening, a flood-gate. રસ્તો; દ્વાર;બાકું;ભરતીનો દરવાજો. 3. A stream which flows through a flood-gate. ભરતીમાં દરવાજામાં થઈને વહેતો ઝરો.-*vt.* To wet copiously as by opening a sluice. રસ્તો ખુલ્લો કરીને પાણીથી રેલાઈ-લદબદ થઈ જાય તેમ કરવું. 2. To emit by. નીકળવું; બહાર આવવું.

Slum, *n.* (સ્લમ્) A back street of the city, filled with vicious population. નીચ-વિષયી વસ્તીનો મહોલ્લો-શેરી-પોળ-લત્તો.

Slumber, *vi.* (સ્લ'મ્બર્) To sleep; to doze. ઝોકાં ખાવાં; ઉંઘવું; સ્હેજ ઉંઘવું. 2. To be in the state of negligence. બેદરકાર રહેવું;ભૂલમાં હોવું; ની તરફ ધ્યાન-નજર ન કરવી.-*n.* Light sleep;repose. નિદ્રા;ઉંઘ;સહેજ ઝોકું ખાવું તે;આરામ.

Slump,*vi.*(સ્લમ્પ્) To fall or sink suddenly through or in, while walking on snow. બરફમાં ડુબવું, કળી જવું.

Slur, *vt.* (સ્લર્) To soil;to sully;to disgrace. બટ્ટો, કલંક, એબ લગાડવી; દૂષિત કરવું. 2. To conceal. છુપાવવું; ઢાંકવું. **He slurs his crimes.** તે પોતાના અપરાધ છુપાવે છે.-*n.* A mark;a stain. એબ;કલંક;કાળીટીલી. 2. A trick played upon a person. કોઇપણ માણસ ઉપર કરેલું કપટ, છળ. 3. A mark, thus.-[⌣ or ⌢] એક પ્રકારનું સંગીતમાં વપરાતું ચિહ્ન.

Slush, *n.* (સ્લશ્) Sludge; soft mud. કચરો; કાદવ;કાંપ. 2. A mixture of snow and water. બરફ અને પાણીનું મિશ્રણ. 3. The refuse grease and fat from salt meat. કાઢી નાખેલી નકામી ચરબી. - *vt.* To smear with slush or grease. ચરબી લગાડવી. 2. To paint with a mixture of white lead and lime. સફેતા અને ચુનાનું મિશ્રણ લગાડવું.

Slut, *n.* (સ્લટ્) An untidy woman. ગંદી.-ફુએડ સ્ત્રી. 2. A bitch. કુતરી.

Sluttish, *a.* (સ્લ'ટિશ્) Like a slut;untidy. ગંદી-ફુએડ સ્ત્રી. 2. A bitch. કુતરી,

Sly, *a.* (સ્લાય્) Cautious; shrewd; artful; cunning. પક્કું; પેચવાળું; કાવાદાવાવાળું; પ્રપંચી. **On the sly or by the sly,** in a sly or secret manner. છુપી રીતે; છાનામાના.-°**ly,** *adv.* Craftily. નજર ચુકવીને; લુચ્ચાઈથી.

Sly-boots, *n.* (સ્લા'ઈ-બૂટ્સ્) A sly, cunning person. લુચ્ચું-બદમાસ માણસ.

Slyness, *n.*(સ્લા'ઇનિસ્)The state of being sly. પ્રપંચ; પેચ; યુક્તિ; લુચ્ચાઈ; પક્કાઈ; ખંધાઇ.

Smack, *vi.* (સ્મૅક્) To kiss with a loud sound. બચકારો-અવાજ કરીને બોકી-બચી કરવી; ચુંબન કરવું-*vt.* To make a noise with lips in kissing and tasting. બચી-ચુંબન કરતી વખતે બચકારો બોલાવવો; બચબચ બોલાવવું.-*n.*A loud kiss; a buss. અવાજ કરીને લીધેલી બોકી-બચી-ચુંબન. 2. A quick sharp noise. બચકારો; બચબચ; સડાકો. 3. A slap.લપડાક;તમાચો; ધોલ.

Smack, *vi.* (સ્મૅક્) To be tinctured with any particular taste. સ્વાદવાળું હોવું;માં પાસ-સ્વાદ હોવો.-*n.* Taste, flavour. સ્વાદ; પાસ; ગંધ; વાસ. 2. A small sailing vessel. એક પ્રકારનું ન્હાનું વહાણ.

Smacking, *n.* (સ્મૅ'કિંગ્) A sharp quick noise; a smack. બચબચ; બચકારો; સડાકો.-*a.* Making a sharp noise. સુસવાટો કરવું; સણસણાટ કરવું.

Small, *a.* (સ્મૉલ્) Little; not great; diminutive; minute. ન્હાનું; થોડું;તુચ્છ; ઝીણું; લઘુ; અલ્પ.-*n.* The small or slender part of a thing. કોઇપણ ચીજનો નાનો અગર નાજુક ભાગ. **Small talk,** Chit-chat. ગપ્પાં; તડાકા **Small hours,** મધરાત પછીથી ૩ થી ૪ વાગ્યા સુધીનો વખત. **Small arms.** પિસ્તોલ, બંધુક-તમંચા જેવાં નાનાં હથીયાર.

Small-clothes, *n.* (સ્મૉ'લ્-ક્લોધઝ્) Breeches. સુરવાળ; તંગીઓ.

Small-pox, *n.* (સ્મૉ'લ-પૉક્સ્) An eruptive febrile disease. સહિએડ; શીતળા માતા; કાકાબળિયા; બળિયા; ઓરી.

Smart, *n.* (સ્માર્ટ્) A quick, pungent, lively pain. બળતરા; ચરચરાટ; અગન; શૂળ; લહાય.-*vi.* To feel pain of mind. ખિન્ન થવું; ખેદ થવો; ને દુઃખ લાગવું. 2. To feel a lively, pungent pain. ચણચણવું; લાય બળવી.-*a.* Severe; keen. આકરૂં; બારીક; તીવ્ર. 2. Clever; sharp; active. ચતુર; ચાલાક; હોંશિયાર;ચપળ.3. Witty; shrewd. માર્મિક; ટોળ;મશ્કરી,ખોર,-રીઉં. 4. Brisk; fresh. તાજો; સપાટાબંધ. 5. Showy. ફક્કડ; દેખાવ; ભપકાવાળું. [L. *mordeo,* I bite.]

Smartness, *n.* (સ્માર્ટનિસ્) The quality or state of being smart. ચાલાકી; હોંશીઆરી; ચપળતા; તીવ્રતા; શોભા.

Smash, *vt.* (સ્મૅશ્) To dash to pieces; to crush. કચરી નાખવું; ચુરેચુરો કરવો.-*n.* A breaking to pieces. કચ્ચરઘાણ; ચુરેચુરા.

Smatter, *vi.* (સ્મૅ'ટર્) To talk superficially or ignorantly. વગર સમજે બકવું-બરડવું; લવવું. 2. To have a superficial knowledge. ઉપરચોટીયું જ્ઞાન હોવું.-*n.* Superficial knowledge. ઉપર ચોટીયું જ્ઞાન; બાંડું જ્ઞાન.

Smatterer, *n.* (સ્મૅ'ટરર્) A sciolist. ઉપરચોટીયા જ્ઞાનવાળા.

Smattering, *n.* (સ્મૅ'ટરિંગ્) A slight, superficial knowledge. ઉપર ટપકેનું જ્ઞાન-માહિતગારી; ઉપર ચોટીયું જ્ઞાન.

Smear, *vt.* (સ્મી,ર્) To overspread with anything adhesive; to soil. ચોપડવું; લગાડવું. *n.* Blot; stain. ડાઘો; કલંક; એબ. 2. An ointment. મલમ; અંજન.

Smell, *vt.* (સ્મેલ્) To perceive by the nose. સુંઘવું; વાસ સોડમ લેવી. 2. To perceive as if by the smell. વાસથી જાણવું; જાણી જવું. *vi.* To have an odour or scent. ગંધ આવવી; વાસ આવવી. *n.* The power of smelling. વાસ ઇંદ્રિ; ઘ્રાણેન્દ્રિય 2. Odour; perfume. ગંધ; બો; વાસ; સુવાસ. **To smell out,** ચતુરાઇથી ખોળી કહાડવું-જાણી જવું. **To smell a rat,** વહેમનું કારણ હોવું, સંદેહથી જોવું; વહેમ લાવવો.

Smelt, (સ્મેલ્ટ્) [*imp.* & *p. p.* of smell.] સુંઘ્યું; વાસ લીધી. *n.* A kind of fish. એક જાતની માછલી.-*vt.* To melt or fuse as ore. ધાતુનો રસ કરવો; ધાતુ ગાળવી.

Smicker, *vi.* (સ્માઇકર્) To look amorously or wantonly. વિષય વાસનાથી જોવું.

Smile, *vi.* (સ્માઇલ્) To laugh slightly. જરા હસવું; મંદમંદ હસવું; મોં મલકાવવું; ગાલમાં-મૂછમાં હસવું. 2. To favour. પ્રસન્ન થવું; મહેરબાની કરવી. 3. To sneer. હસી કાઢવું; તુચ્છકારવું. 4. To look gay and joyous. ખુશકારક-આનંદી હોવું.-*vt.* To express by a smile. હસીને જણાવવું.-*n.* An act of smiling. મોં મલકાવવું-હસવું તે. 2. Favour. અનુગ્રહ; મહેરબાની, મહેર.

Smirk, *vi.* (સ્મર્ક) To look affectedly soft or kind. ઢોંગ કરી ઘણી મહેરબાની દેખાડવી. *n.* An affected smile. ઢોંગ અથવા ડોળથી હસવું તે.

Smite, *vi.* (સ્માઇટ્) [*imp.* smote, & *p. p.* smitten.] To strike, to inflict a blow with the hand. મારવું; પ્રહાર કરવો; ઠોકવું. 2. To kill. મારી નાખવું. 3. To beat in a battle. પરાજય કરવો; હરાવવું. 4. To strike with passion or with fear. મોહ પમાડવું; બીવડાવવું; ચકિત કરવું. 5. To afflict. દુઃખ દેવું. **To smite off,** કાપી નાખવું.

Smith, *n.* (સ્મિથ્) One who forges with the hammer. લુહાર; સોની; હથોડાથી ઘડનાર.

Smithery, *n.* (સ્મિ'થરિ) The work-shop of a smith. ઘડનારનું કારખાનું. 2. Work done by a smith. ઘડનારનું કામ; કરેલું કામ.

Smithy, *n.* (સ્મિ'થિ) The shop of a smith. લુહાર-સોની-કંસારાની કોઢ-દુકાન-કારખાનું.

Smock, *n.* (સ્મૉક્) A woman's under garment; a shirt. સ્ત્રીઓને અંદર પહેરવાનું લુગડું.

Smock-frock, *n.* (સ્મૉ'ક્-ફ્રૉક્) A coarse linen frock, worn by farm-labourers. ઝભ્ભો; કુરતો; કફીયું.

Smoke, *n.* (સ્મો,ક્) The exhalation from burning bodies; visible vapour. ધુમાડો; ધુણી; વરાળ; ધુમાડા જેવો પદાર્થ. 2. Idle talk. માલ વગરની વાત; નકામી વાત.-*vi.* To emit smoke. માંથી ધુમાડો-ધુણી નીકળવી. 2. To use tobacco in a pipe. બીડી, ચુંગી પીવી. *vt.* To apply smoke to. ધુમાડો દેવો; ધુમાડામાં સુકવવું. 2. To scent with smoke. ધુમાડાનો પાસ દેવો; વરાળથી ભરવું. 3. To inhale and puff out the smoke of. બીડી પીને ધુમાડો કહાડવો.

Smoker, *n.* (સ્મો,'કર્) One who smokes tobacco or the like. તમાકુ, બીડી, હુક્કો પીનાર.

Smoky, *a.* (સ્મો,'કિ) Emitting smoke. ધુમાડું; ગોટાવું. 2. Resembling smoke. ધુમાડા જેવું; ધૂમવાળું.

Smolder, Smoulder, *vi.* (સ્મો,'લ્ડર્) To waste away by a slow and suppressed combustion. ધીમે ધીમે બળીને નાશ પામવું. 2. To suffocate. ગુંગળાવવું; ધુંધવાવું.

Smooth, *a.* (સ્મૂધ્) Even on the surface; not rough. લીસું; સુંવાળું; સાફ. 2. Mild; bland. નરમાસ ભરેલું; ધીમું; મીઠું. 3. Uttered without hesitation; fluent. અટકયા સિવાય બોલાતું; સરસરાટ; એકધારૂં. 4. Flattering. ખુસામદીયું; મસ્કાવાળું.-*vt.* To make smooth. સુંવાળું-લીસું-સરખું-સપાટ કરવું. 2. To make easy. સહેલું-સરળ કરવું. 3. To make flowing. મધુર-મીઠું કરવું.

Smoothen, *vt.* (સ્મૂ'ધન્) To make smooth. લીસું-સુંવાળું કરવું.

Smoothly, *adv.* (સ્મૂ'ધ્લિ) In a smooth manner. સરળતાથી; વગર હરકતે; ધીમેથી.

Smoothness, *n.* (સ્મૂ'ધ્નિસ્) The quality or state of being smooth. મીઠી બોલી; લીસાપણું; સુંવાળાપણું.

Smooth-tongued, *a.* (સ્મૂ'ધ્-ટંગ્ડ્) Flattering. ખુશામતીયું; મીઠા બોલું; હાજી હા કરનાર.

Smother, *vt.* (સ્મ'ધર્) To destroy the life of by suffocation. ગુંગળાવીને મારી નાખવું; ગુંગળાવવું. 2. To suppress. છુપાવવું; ઢાંકવું; દાબી રાખવું.-*vi.* To be suffocated or stifled. ગુંગળાવવું.

Smoulder, See *Smolder*.

Smug, *a.* (સ્મગ્) Studiously neat or nice. ટાપટીપીયું; વરણાગીયું; દેખાવડું.

Smuggle, *vt.* (સ્મ'ગલ્) To export or import secretly, without paying the duties imposed

by the law. દાણચોરી કરવી; જકાત-દાણ આપ્યા વગર લાવવુ-મોકલવું. 2. To convey or introduce secretly. ખાનગી રીતે-છળથી-છુપી રીતે લઈ જવું-દાખલ કરવું.

Smuggler, *n*.(સ્મ'ગ્લર્)One who smuggles. દાણ-જકાત ચોરનાર. 2. A vessel employed in smuggling. દાણચોરી કરનાર વહાણ.

Smuggling, *n*. (સ્મ'ગ્લિંગ્) Offence of importing goods, without paying the legal duties. દાણચોરી.

Smut, *n*. (સ્મટ્) Foul matter, like soot or coal-dust. મેશનો ડાઘ; કાજળ; મેંશ; કોયલાની ભૂકી જેવો ખરાબ પદાર્થ. 2. A disease in grain of a dirty black colour. ફુંગ; ઉબ. 3. Obscene or filthy language. ફટાણાં; બેફાટ, નિર્લજ ભાષણ. 4. Bad, soft coal.માટીવાળો પોચો કોયલો. *vt*. To stain or mark with smut. ડાઘ પાડવો; કાળું કરવું. 2. To blacken. કાળું-ધુમાડાવાળું કરવું.3.To taint with mildew as grain. ફુગ ચઢવી. *vi*. To gather smut. મેંશ એકઠી થવી. મેંશવાળું થવું. 2. To crock. સાફ કરી નાખવું.

Smutty, *a*. (સ્મ'ટિ) Soiled with smut. કાજળ-મેંશવાળું-ના ડાઘવાળું.

Snack, *n*. (સ્નૅક્) A share; an equal part or portion. ભાગ; હિસ્સો; ફાળો. 2. A lunch. નાસ્તો; ઉતાવળો નાસ્તો.

Snaffle, *n*. (સ્નૅ'ફલ્) A nose-band; a bridle with a bit-mouth without branches. જેર કડીવાળી એક જાતની લગામ.-*vt*. To bridle. ના મોંમાં લગામ ઘાલવી.

Snag, *n*. (સ્નૅગ્) A short, rough branch. ઝાડનો ઠુંઠો-ઠોયો-ડાળી. 2. A broken or decayed tooth. ભાગી-સડી ગએલો ખરાબ દાંત. *vt*. To injure or destroy by a snag. ખડબચડી રીતે કાપવું.

Snaggy, *a*. (સ્નૅ'ગિ) Full of snags. ઠેકાવાળું; ગાંઠોવાળું.

Snail, *n*.(સ્નેલ્)A slimy, creeping animal. ગોકળગાય. 2. A drone. એદી, આળસુ માણસ.

Snake, *n*. (સ્નેક્) A serpent. સાપ; નાગ; સર્પ.*vt*. To drag or draw, as a snake from the hole.કાણા-દરમાંથી સાપને ખેંચી કાઢવો.2.To wind round spirally.ના ઉપર ગોળ વિંટાળવું.

Snake-charmer, *n*. (સ્નેક,'-ચાર્મર્) One who charms a serpent. વાદી; ગારૂડી; મદારી.

Snaky, *a*. (સ્ને,'કિ) Resembling a snake. સાપના જેવું; સાપને મળતું 2. Sly; cunning. કપટી; લુચ્ચું; ખંધું; કમારૂં. 3.Having serpents. સાપથી ભરેલું.

Snap, *vt*.(સ્નૅપ્) To break at once. એકદમ, કડાક લઇને ભાંગવું. 2. To bite or seize suddenly. કરડવું; એકદમ બચકું લેવું. 3. To crack. ફટકારો બોલાવવો. 4. To strike with a sharp sound. સડાક દઇને મારવું,-*vi*. To break short. તુટી જવું; વચ્ચેથી ભાંગી જવું. 2. To part asunder suddenly. કડાક લઈને એકદમ ભાંગી જવું. 3. To make a sharp cracking sound. કડકડ બોલવું. 4. To make an effort to bite. કરડવા જવું-આવવું.-*n*. A crack; a sudden breaking. એકદમ ભાંગી જવું તે. 2. A crack of a whip. ચાબુકનો ફટકારો;સાકટાનો ફટકો; 3. A sudden eager bite. દાંતથી બચકું ભરવું તે; લોચરૂં. **To snap one up**=એકદમ ઉતારી પાડવુ-ખંખેરવું; ઉપલું લેવું.

Snappish, *a*. (સ્નૅ'પિશ્) Eager to bite. કરડકણું; કરડવા જાય તેવું. 2. Peevish. ચીડીયું; વાંધાખોર; ડાચીયું.

Snap-shot, *n*. (સ્નૅ'પ્-શૉટ્) An instantaneous photograph. એકદમ લીધેલી છબી.

Snare, *n*. (સ્નેઅર્) A noose; a trap. પાશ; ફાંદો; જાળ. *vt*. To entangle. ફાંસા-જાળમાં પકડવું-પકડાવવું.

Snarl, *vt*. (સ્નાર્લ્) To entangle. ગુંચવવું; ગુંચવાડો કરવો. 2. To form raised work upon the surface of. ઉપસાવવું; ઉપસણીનું કામ કરવું-*n*. A knot. ગાંઠ; ગુંચ.

Snarl, *vi*. (સ્નાર્લ્) To growl. ઘુરકવું; બડબડવું. **-ing**,*n*.(સ્નાર'લિંગ્) Talking in rude, surly terms. બડબડાટ; ડાચી; ઘુરકી; ગરકી.

Snatch, *vt*. (સ્નૅચ્) To seize hastily, or abruptly. ઝડપથી લેવુ; ખુંચવી લેવું; ઝુંટાવી લેવું. *n*. A hasty catch or seizing. એકદમ ખુંચાવી, લેવું તે. 2. A short period of vigorous action. થોડાજ વખતનું ધમધોકાર, તડામાર કામ.

Snath, *n*. (સ્નૅથ્) The handle of a scythe. દાતરડાનો હાથો.

Sneak, *vi*. (સ્નીક્) To creep or steal away privately. છાનામાના-સંતાઈને સટકી જવું. 2. To behave with meanness. નીચપણે વર્તવું.-*n*. A mean, sneaking fellow. નીચ-હલકો માણસ; ટેક મૂકીને ચાલનાર માણસ.

Sneaking, *a*. (સ્ની'કિંગ્) Mean; servile. ચાપલુસીખોર; બાયલો; ટેક મૂકીને ચાલનાર.

Sneakingly,*adv*. (સ્ની'કિંગ્લિ) In a mean manner. ખંધાઇથી; હલકાઇથી.

Sneer, *vi*. (સ્નીર્) To show contempt by turning up the nose, or by a particular cast of countenance. નાક ચઢાવીને કે બીજી રીતે મોઢાથી તિરસ્કાર જણાવવો, કરવો;મ્હોં ચઢાવવું.

vt. To utter with a sneer. ધિક્કારથી-ફિટકારથી બોલવું.-*n.* A look of contempt, a jeer. તિરસ્કાર;હાંસી;મરડાટ. 2. The act of sneering. તિરસ્કાર-હાંસી કરવી તે; છણકો.

Sneeze, *vi.* (સ્નીઝ્) To emit air forcibly through the nose. છીંકવું. 2. A sudden, audible sound through the nose. છીંક.

Sniff, *vi.* (સ્નિફ્) To draw air audibly up the nose. નાક વાટે દમ લેવો; નસકોરાં બોલે એ રીતે શ્વાસ લેવો -*vt.* To scent; to smell. સુંઘવું. 2. To draw in with the breath, through the nose. નાક માર્ગે શ્વાસ જોરે લેવું.-*n.* Perception by sniffing. સુંઘવું તે; નાક માર્ગે શ્વાસ લેવો તે.

Snip, *vt.* (સ્નિપ્) To cut off; to nip. વેતરી નાખવું; કાપી નાખવું.-*n.* A single cut.કાપલો; કાપ; છાંટ. 2. A bit cut off. કાપેલો કકડો.

Snip-snap, *n.* (સ્નિ'પ્-સ્નૅપ્) A lively dialogue. ખુશકારક સંવાદ.-*a.* Quick; sharp. કડક; મર્મવેધી; જલદ.

Snivel, *n.*(સ્નિ'વલ્) Mucus running through the nose. નીંટ; લીંટ;સેડા.-*vi.*To run at the nose. નાકે લીંટ વહેવી-નીકળવી.

Snob. *n.* (સ્નૉબ્) An affected and pretentious person. સારા લોકાની સ્હોબત છે એવો ઢોંગ કરનાર હલકો માણસ;મોટાની બરોબરી કરનાર.

Snooze, *n.* (સ્નૂઝ્) A short sleep;slumber. ઝોકું; થોડી ઉંઘ.-*vi.* To doze. ઝોકું ખાવું;ઉંઘવું.

Snore, *vi.* (સ્નો,ર્) To breathe with a rough sound. ઘોરવું; નસકોરાં બોલાવવાં.-*n.* A breathing with a harsh sound. નસકોરાં બોલાવવાં તે.

Snort, *vi.* (સ્નૉર્ટ્) To force the air with violence through the nose. સુસવાટો કરવો; ફુંફાટા મારવા.-*n.* The act of snorting. ફુંફાટા મારવા તે; હાંફવુ તે; હણહણાટ.

Snot, *n.* (સ્નૉટ્) Mucus discharged through the nose. લીંટ; સેડા.

Snotty, *a.* (સ્નૉ'ટિ) Foul with snot; dirty. લીંટવાળું; ફુવડ; ગંદું.

Snout, *n.* (સ્નાઉટ્) The long projecting nose of a beast. જનાવરોનું લાંબુ મોંઢું-નાક; સુંઢ. 2.The end of a pipe.પોલી સુંગળી-નળીનો છેડો; નાળચું.

Snow, *n.* (સ્નો,) Frozen vapour. બરફ;હિમ. *vi.* To fall in as snow. બરફ પડવો.-*vt.* To scatter like snow. બરફની માફક પાથરવું [L. *nix, nivis*, to snow].

Snow-drift, *n.*(સ્નો,'-ડ્રિફ્ટ્)A bank of snow, driven together by the wind. પવનથી ખેંચાઈ આવેલા બરફનો ઢગલો.

Snowy, *a.* (સ્નો'ઇ) White like snow.બરફ જેવું સફેદ. 2. Abounding with snow. બરફથી ઢંકાઈ ગએલું. 3. Pure. ચોકખું; સફેદ.

Snub, *vt.* (સ્નબ્) To nip; to clip. છેડો કાપી નાખવો; અણી કાપવી. 2 To slight designedly. જાણીજોઇને તરછોડવું-ધિક્કારવું-અપમાન કરવું; પાછું, ભોંઠું પાડવું. 3.To rebuke. ઠપકો આપવો.-*n.*A cheak or rebuke. ઠપકો; ધમકી; ભોંઠામણ.2. A knot. ગાંઠ; ઢેકો.

Snub-nose, *n.* (સ્ન'બ્-નો,ઝ્) A short or flat nose. બુચું-ચપટું નાક; ચીબું નાક.

Snuff, *n.* (સ્નફ્)A part of the candle-wick charred by the flame. ગુલ; મોગરો.-*vt.* To crop a snuff. મોગરો કાતરવો-કાપવો.

Snuff, *n.* (સ્નફ્)Pulverized tobacco.તપખીર; છીંકણી. 2. The act of snuffing. સુંઘવું તે.-*vt.* To inhale. શ્વાસ લેવો; સુંઘવું.-*vi.* To inhale air with violence. જોરથી અને સુસવાટથી શ્વાસ લેવો. **To snuff at,** રોષે ભરાવું.

Snuffle, *vi.* (સ્ન'ફ્લ્) To speak through the nose. નાકમાંથી બોલવું; ગુંગણું બોલવું. 2. To breathe through the nose. નાકવાટે શ્વાસ લેવો.-*n.*The act of snuffling.ગુંગણું બોલવું તે 2. An affected nasal twang.ગુંગણો ઉચ્ચાર.

Snug, *a.* (સ્નગ્)Closely pressed;concealed; compact. લપાઇ, ચંપાઈ, દબાઈ રહેલું; સંતાએલું; છુપાએલું. 2. Convenient and comfortable. સગવડ-સોઇવાળું; સુતરાઈવાળું.-*vi.* To lie close. લપાઈ-છુપાઇ રહેવું.

Snuggle, *vi.* (સ્ન'ગલ્) To lie close.ચંપાઇને પાસે સુવું;ભરાઇ, લપાઈ બેસવું.

Snugly, *adv.* (સ્ન'ગ્લિ) Closely; safely. છેક પાસે સુઈને; સુખેથી; બીક વગર.

So, *adv.* (સો) In that manner or degree. એવી રીતે; એવું; તેવું; આમ; આટલું; તેટલું; એટલું. 2. In like manner or degree; thus. આ પ્રમાણે; એવું; આમ; તેમ. 3 For this reason. આને લીવં; આટલા માટે; આથી. 4. In such a degree. આવો; આટલો બધો. 5. In high degree; very. એટલું બધું; ઘણો. 6 Therefore. તેથી; તેને લીધે. **So far,** આટલે સુધી. **So and so,** અમુક. **So, so,** ઠીકા ઠીક; ઠીક ઠીક; **So that,** જેથી; એટલે કે-*conj.* Provided that; on condition that. જો; અગરજો.

Soak, *vt.* (સો,ક્) To drench; to wet thoroughly. પલાળવું; બોળવું; ભીનું કરવું; પાણીમાં ઝબોળવું. 2. To penetrate by wetting thoroughly.છિદ્ર વાટે શોષી લેવું;છિદ્રમાં પેસી રસ્તો કરવો. *vi.*To lie steeped. ભીંજેલું,તરબોળ રહેવું.

Soap, *n.* (સો,પ્) A substance used as a cleaning agent. સાબુ.-*vt.* To rub or wash

over with soap. સાબુ ઘસવો; સાબુથી ધોવું; સાબુ લગાડવો.

Soap-boiler, *n.* (સો.'પ-બૉઇલર્)One who makes soap. સાબુ બનાવનાર.

Soapy, *a.* (સો,'પિ) Resembling soap. સાબુ જેવું; નરમ અને લીસું.

Soar, *vi.* (સો,ર્) To fly aloft as a bird. ઉંચે ઉડવું; ઉડીને ઉંચે ચઢવું. 2. To rise in thought or imagination. વિચારમાં ઉંડા ઉતરવું; મનન કરવું; ઉત્કટ કલ્પના, વિચાર ક૦.–*n.* A towering flight.ઉંચે ઉડવું તે; ઉડ્ડયન. [L. *ex*, out, *aura*, air.]

Sob, *vi.* (સોબ્) To sigh with deep sorrow or with tears. ડુસકાં ખાઇ ખાઇને રડવું; ડચકાં ખાવાં.–*n.* The act of sobbing. ડચકું; ડુસકું.

Sobbing, *n.* (સૉ'બિંગ્) A convulsive drawing in of the breath. ડસકું.

Sober, *a.* (સો,બર્) Having habits of temperance; not intoxicated. દારૂ નહિ પીધેલ; ખાવા પીવામાં અંદાજે રાખનાર;કેફથી સાવધ;સાવચેત. 2. Calm; solemn; serious. ગંભીર; શાન્ત;ડાહ્યું; અપ્રમાદી.

Soberly,*adv.*(સો,'બર્લિ)In a sober manner; temperately. સાવધપણે; ગંભીરાઈથી; વિચારથી; મન ઠેકાણે રાખીને.-*a.* Grave. દિલગીર; ગંભીર.

Sobriety,*n.*(સો,બ્રા'ઇટિ)Habitual soberness or temperance. દારૂ પિવામાં નીતિ, પરેજી; મિતપાન. 2. Steadiness; calmness. ભારેખમ પણું; શાન્તિ; સ્થિરતા. ડંડાશ; ધીમાશ. [L. *sobrietas.*]

Sobriquet, *n.* (સો,'બ્રીકે) An assumed name; a nick name. ઉપનામ; મશ્કરીનું નામ; ધારણ કરેલું નામ.

Sociability, *n.* (સો,શબિ'લિટિ)The quality of being sociable. મળતાવડાપણું;મિલનસારપણું.

Sociable, *a.* (સો,'શબ્લ્)Friendly; conversable; familiar. મિલનસાર; મળતાવડું; મેળાપી; હળીમળી જાય તેવું. [L. *socius*, a companion.]

Sociableness, *n.* (સો,'શબલ્નિસ) The quality of being sociable. મળતાવડાપણું; મિલનસારપણું.

Social, *a.* (સો,'શલ્) Pertaining to society. દુનીઆ-સંસાર સંબંધી-વિષે;સામાજીક. 2.Familiar; companionable. મિલનસાર; મળતાવડું **Social intercourse,** પરસ્પર સંસર્ગ; વ્યવહાર.

Socialism, *n.* (સો,'શલિઝમ્) Communism. દુનીઆના બધા લાભનો મજીઆરો ઉપયોગ;સામાન્ય સ્વામિત્વ, સમવાદ.

Socialist,*n.*(સો'શલિસ્ટ્)One who advocates socialism. સામાન્યસ્વામિત્વવાદી; સામાન્યસ્વામિત્વનો મત પ્રસારનાર.

Society,*n.*(સોસા'ઇટિ)A number of persons associated for any temporary or permanent objects. ટોળી; મંડળી; સમાજ; મંડળ. 2. A partnership. ભાગ; સંબંધ. 3. Company; fellowship. મંડળ; મંડળી. 4. The persons, collectively considered. સંસાર; દુનિયા; લોક; મહાજન; સમાજ.

Sock, *n.* (સૉક્) A covering for the foot; a stocking. મોજું; પગનું મોજું. 2. A comedy. હાસ્યરસ નાટક; હાસ્ય નાટક.

Socket, *n.* (સૉ'કિટ્) Any hollow thing or place which receives and holds something else.ખાનું;ઘર; ગાળો; મીણબત્તી ખોસવાનું ઘરઘરૂં; ખામણું.

Sod, *n.* (સૉડ્) Sward; turf. ઘાસની જમીન; ઘાસવાળું જમીનનું ઉપલું પડ.–*vt.* To turf. ના ઉપર મટોડી નાખવી.

Soda, *n.* (સો,'ડ) A caustic alkali. સોડા નામનો ખાર-ક્ષાર. 2. Sodium carbonate. પાપડીઓ ખારો; સંચોરો. **Impure carbonate of Soda,**સાજીખાર. [*solidus*, solid.]

Sodality, *n.* (સો,'ડલિટિ) A fellowship or fraternity. દોસ્તી; ભાઇબંધી; સોબત. 2. A lay association for charitable purpose. મહાજન. [L. *sodalis*, a comrade.]

Sodium, *n.*(સો,'ડિઅમ્)A yellowish-white metallic element. એક જાતનું પીળું ધાતુમય તત્વ.

Sodomite, *n.* (સૉ'ડમાઇટ્) One guilty of sodomy. સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન કરનાર; ગુદમૈથુન કર્તા.

Sodomy, *n.* (સૉ'ડમિ) Carnal copulation in an unnatural manner. ગુદામૈથુન.

Sofa, *n.* (સો,'ફા) A long seat, with a stuffed bottom. કોચ; લાંબો ગાદીવાળો બેસવાનો કોચ; માંચી.

Soft, *a.* (સૉફ્ટ્) Not rough; smooth. સુંવાળું; લીસું. 2. Mild; gentle. પોચું; નરમ. 3. Easily yielding to pressure. પોચું; નરમ. 4.Pleasing to the eye; not harsh. મધુર; મૃદુ; ખુશકારક. 5 Not courageous. બાયલું; પોચું. 6. Not pronounced with an explosive utterance. ઘોષ. *adv.* Gently. ધીમેથી; નરમાશથી-*interj.* Be quiet; stop. મુંગા રહો; ઉભા રહો; થોભો.

Soften, *vt.*(સૉ'ફ્ન્) To make soft or more soft. ઢીલું, પોચું, નરમ કરવું;પીગળાવું; સ્વસ્થ કરવું. *vi.* To become soft. નરમ થવું; ઓગળવું.

Softness, *n.* (સૉફ્ટનેસ્) Quality of being soft. પોચાશ; નરમાશ. 2. Mildness;kindness. દયાળુપણું; કોમળતા; ધીમાશ.

Soggy, *a.* (સૉ'ગી)Wet; filled with water પલળેલું; ભીનું.

Soho, *n.* (સહો,') પરદેશી હોટિલોવાળો લંડનનો લત્તો. *int.* બસ મળ્યું, જડયું !

Soidisant,(સ્વૉદી'ઝાં)Self-styled;pretended. પોતાની મેળે લઇ લીધેલું; દંભી; ખોટું; નામનું.

Soil, *vt.* (સૉઇલ્) To make dirty on the surface. ડાઘ પાડવા; ડાઘા લગાડવો; મેલું કરવું.–*vi.* To become soiled. મેલું થવું.–*n.* A spot; dirt. ડાઘ; મેલ; કલંક.

Soil, *vt.* (સૉઇલ્) To feed as cattle or horses. ચરાવવું.–*n.* A mould: the upper stratum of the earth. જમીન; ભોંય; પૃથ્વી ઉપરનું પડ. 2. Country. દેશ; મુલક. 3. Dung; manure. ખાતર; છાણ. **Rocky soil**,ખરાબો.

Soiree, *n.* (સ્વા'રે,) An evening party. સંધ્યાકાળ પછીનો રાતનો મેળાવડો.[L *serus*,late.]

Sojourn, *vi.*(સ'જર્ન)To dwell for a time. થોડો વખત મુસાફર તરીકે રહેવું–વાસો મુકામ કરવો.–*n.* A temporary residence. થોડા વખત માટે વાસ; મુસાફર તરીકે વાસો–ઉતારો. [L. *sub*, under, & *diurnus*, daily.]

Solace, *n.* (સૉ'લેસ્) Comfort in grief; consolation. આશ્વાસન; દિલાસો; કલેશશાન્તિ. 2. Relief; rest આરામ;સુખ.–*vt.*To console; to comfort. દિલાસો–હિંમત આપવી; આશ્વાસન કરવું. 2. To soothe. નરમ પાડવું; ઘટાડવું.–*vi.* To take comfort. ધીરજ રાખવી; દિલાસો લેવો. [L. *solor*, comfort.]

Solar, *n.* (સો,'લર્) Pertaining to the sun. સૂર્યનું–વિષે. 2. Measured by the progress or revolution of the sun. સૂર્યમાન; સૌર. 3. Produced by means of the sun. સૂર્યના તાપથી બનેલું–થએલું. **Solar system**. સૂર્યમંડળ. [L. *solaris* from *sol*, the sun.]

Solder; **Soder**,*vt.* (સૉ'ડર્;સોડર્)To unite by metallic alloy. ઝાળવું; રેણુ દેવું; ઝાવણ કરવું, *n.* A metallic cement. ઝાળણ; શળ; રેણ. [L. *solidare*, to make solid.]

Soldier, *n.* (સો,'લ્જર્) A warrior;one who is engaged in military service.યોદ્ધો;લડવૈયો; સિપાઇ; સૈનિક.2.A brave warrior.શૂરો સિપાઈ; જોદ્ધો. [L. *solidus*, a piece of money.]

Soldiery, *n.* (સો,'લ્જરિ) The military; a body of soldiers. લશ્કર; સેના; સિપાઇ સમસ્ત.

Sole, *n.* (સો,લ્)The bottom of the foot or a shoe. પગનું, જોડાનું તળીયું. 2. The bottom of anything. કોઈપણ ચીજનું તળીયું *a.* Single; alone; only. એકલું; એકજ; કેવળ·*n.* A kind of flat-fish.એક જાતની ચપટી માછલી.[L. *solea*, ground.]

Solecism, *n.* (સૉ'લિસિઝમ્) Impropriety in language; barbarism. અશુદ્ધ વાક્ય; અશુદ્ધ પ્રયોગ; ખોટા પ્રયોગ.[L.*soloi*, a town in Cilicia.]

Solecistic, *a.* (સૉલિસિ'સ્ટિક્) Barbaric. બોલવા ચાલવામાં જંગલી; અસભ્ય; અશુદ્ધ.

Solecist, *n.*(સૉ'લિસિસ્ટ્) One who commits a solecism. અશુદ્ધ શબ્દ બોલનાર; ભૂલ કરનાર.

Solely, *adv.*(સોલ્લિ) Alone, singly. એકલું; કેવળ; માત્ર; ફક્ત.

Solemn,*a.*(સૉ'લમ્)Marked with religious rites and pomps. ધર્મનું; પવિત્ર; ધર્મ સંબંધી. 2. Formal; grave. ગંભીર; ભારે. 3. Festive. માંગલિક; શુભ. 4. Ceremonial. વિધિપૂર્વક-યુક્ત; રીતિ પ્રમાણે કરેલું. 5. Grand. દબદબા ભરેલું; મોટું. [L. *sollus*, all; and *annus*, a year.]

Solemnity, *n.* (સૉલે'મ્નિટિ) A ceremony performed with religious reverence. ધર્મ સંસ્કાર; વિધિ. 2. Gravity, seriousness. ગંભીરતા; ગંભીરપણું. 3. Affected seriousness. દંભ; ડોળ; આડંબર. 4. An awe-inspiring ceremony. સમારંભ; સાનંદાશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી ભવ્ય વિધિ.

Solemnize, *vt.* (સૉ'લમ્નાઇઝ્) To perform with religious ceremonies. ધર્મવિધિ પ્રમાણે કરવું; ધર્મ સંસ્કાર-રીત પ્રમાણે કરવું;યથાશાસ્ત્ર કરવું.

Soleness, *n.* (સો,'લિનસ્) The state of being alone. એકલાપણું, કેવળતા.

Solicit, *vt.* (સૉલિ'સિટ્) To entreat; to ask earnestly; to beseech અરજ–વિનંતિ કરવી; કાલાવાલા કરી માગવું. 2. To plead. વકીલાત કરવી. 3. To invite; to summon. નિમંત્રણ કરવું; બોલાવવું[L. *sollus*,whole & *citus*,move.]

Solicitation, *n.* (સૉલિસિટે',શન્) The act of soliciting; earnest request. પ્રાર્થના, અરજ; આજીજી; વિનંતિ; યાચના; માગણું.

Solicitor, *n.* (સૉલી'સિટર્) One who asks earnestly. યાચક; કાલાવાલા કરનાર. 2. An advocate; an attorney. વકીલ; મુકદ્દમો તૈયાર કરનાર; વકીલ.

Solicitous, *a.* (સૉલિ'સિટસ્) Disposed to solicit. ફિકરમંદ; આતુર; કાળજીવાળું; ચિંતાયુક્ત.

Solicitude, *n.* (સૉલિ'સિટ્યુડ્) Trouble; anxiety. ફિકર; કાળજી; ચિંતા; આતુરતા.

Solid, *a.* (સૉ'લિડ્) Hard; full of matter; dense. કઠણ; ઘટ્ટ; નક્કર; ઘન; સંગીન. 2. Cubic. ઘન. 3. Compact; strong. મજબુત; દૃઢ; સખ્ત; જીવદાર. 4. Worthy of credit. સદ્ધર. 5. Impenetrable. અભેદ્ય.–*n.* A compact body. ઘન પદાર્થ; નક્કર પદાર્થ. 2. A magnitude which has length, breadth and thickness. ઘન; ઘનાકૃતિ. [L. *sollus*, whole.]

Solidarity, *n.* (સૉલિડૅ'રિટિ) Community; fellowship. એકયતા; ઐક્ય; એક ભાવ.

Solidify, *vt.* (સૉલિ'ડિફાઈ) To make solid or compact. નક્કર-કઠણ-સંગીન કરવું; ઘટ્ટ કરવું. *-vi.* To become solid. કઠણ, નક્કર થવું.

Solidity,*n.*(સૉલિ'ડિટિ)Hardness;denseness. કઠિણપણું; નક્કર, ઘનપણું. 2. Volume.*ઘનફળ; ઘનત્વ. 3. Moral firmness or soundness. દઢતા; સાચાઇ; વાજબીપણું.

Soliloquise, *vi.* (સૉ'લિ'લોક્વાઈઝ્) To talk to one's self.આત્મભાષણ;પોતાના મન સાથે બોલવું.

Soliloquy. *n.* (સૉ'લિલોક્વી) A talking to one's self. આત્મભાષણ;સ્વગત ભાષણ.[L.*solus*, alone and *loquor*, I speak.]

Solitaire, *n.* (સૉલિટૅર્) A game which one person can play alone. એકજ માણસ રમી શકે તેવી રમત. 2. A person who lives in solitude, a hermit. એકાંતવાસી માણસ; સાધુ.

Solitary, *a.* (સૉ'લિટરિ) Inclined to be alone; single. એકાંતવાસી; એકલું; અલગ; સુનકાર જેવું; એકાંત. 2.Dismal;gloomy. ઉદાસ;શોકાતુર; નિર્જન. 3. Retired. એકાંત.*-n.* A hermit; a recluse. સંન્યાસી; વિરાગી; એકાન્તવાસી. [L. *solus*, alone.]

Solitude, *n.* (સૉ'લિટ્યુડ્) A lonely life; loneliness. એકાંતવાસ; એકલાપણું. 2. A desert. વગડો; જંગલ.

Solo, *n.* (સો,'લો) A tune sung by a single voice.એક માણસે ગાએલો-એક વાજીંત્રે વગાડેલો રાગ.

Solomon, *n.* (સૉ'લોમન્)A very wise man. ડાહ્યો પુરૂષ; બુદ્ધિશાળી માણસ. [*solomon*, a king of Israel.]

Solstice, *n.* (સૉ'લ્સ્ટિસ્) A point in the ecliptic at which the sun is furthest from the equator, north or south. અયન; ઉત્તર અથવા દક્ષિણ તરફ સૂર્યની ગતિ; અયનકાલ. 2. A stopping of the sun. અયનાન્ત. **Summer solstice**,કર્ક-સંક્રાન્તિ. **Winter solstice**, ઉત્તરાયણ; મકરસંક્રાન્તિ. [L. *sol*, the sun; and *sisto*, I cause to stand.]

Solsticial, *a.* (સૉલ્સ્ટિ'શલ્) Pertaining to a solstice. અયનનું-સંબંધી. 2. Happening at a solstice. ઉત્તરાયણ-દક્ષિણાયન સંબંધી, કાલનું.

Solubility, *n.* (સૉલ્યુબિ'લિટિ) Quality of being soluble. દ્રવ્યતા; ઓગળવાનો ગુણ.

Soluble, *a.* (સૉ'લ્યુબલ્) Capable of being dissolved in a fluid. ઓગળે એવું; પીગળી શકે તેવું; દ્રાવ્ય. [L. *solvo*, I loosen.]

Solution, *n.* (સોલ્યુ'શન્) Diffusion of the particles of a solid body throughout a liquid. દ્રવણ; પ્રવાહી; રસ; મિશ્રણ. 2. Explanation. ખુલાસો;નિરાકરણ; ફડચો;સમાધાન. 3.Disintegration.પૃથક્કરણ;વિભાગ;વિચ્છેદ;વિગ્રહ.

Solvable, *a.* (સૉ'લ્વબલ્) Capable of being solved. નિરાકરણ-ખુલાસો થાય તેવું.

Solve, *vt.* (સૉલ્વ્) To unfold; to clear; to explain. છોડવવું; છોડવું; સમીકરણ કરવું;સમજાવવું; તોડ કાઢવો. [L. *solvo*, I loosen.]

Solvency, *n.* (સૉ'લ્વન્સિ) State of being solvent; ability to pay all debts. કરજ ફેડવાની શક્તિ; પૈસાદારપણું.

Solvent, *a.* (સૉ'લ્વન્ટ્) Having the power of dissolving. પિગળાવનાર. 2. Able to pay debts. કરજ આપવાને લાયક; પૈસાદાર.*-n.* A fluid that dissolves any substance. બીજા પદાર્થને પિગળાવે તેવો પ્રવાહી પદાર્થ; દ્રાવક.

Somatics, *n.* (સૉ'મૅટિક્સ્) Science of the general properties of matter. પદાર્થના ગુણને લગતું શાસ્ત્ર; પદાર્થ શાસ્ત્ર-વિજ્ઞાન.

Somber, Sombre, *a.* (સૉ'મ્બર્) Cloudy; dull. ઘેરૂં; ઉદાસ; ઝાંખું; કાળું.*-vt.* To make dark. ઝાંખું કરવું. [L. *sub*, under, *umbra*, shade.]

Sombrous, *a.* (સૉ'મ્બ્રસ્) Gloomy; somber. ઝાંખું; ઘેરૂં; ઉદાસ; ઘોર.

Some, *a.* (સમ્) Consisting of a greater or less portion or sum. કેટલાએક; થોડાક; કેટલુંક. 2. Near, about. સુમારે; આશરે; અડસટ્ટે. 3. Certain. અમુક. 4. Little; not much. થોડું; કંઈ; સ્હેજ.

Somebody, *n.* (સ'મબડિ) A person unknown or uncertain. કોઈ એક માણસ; કોઇ માણસ;એકજણ.2.A person of consideration. કંઈક વકરવાળો માણસ; લેખમાં-ગણતરીમાં લેવા લાયક માણસ; વગદાર, મ્હોટો માણસ.

Some-how, *adv.* (સ'મહાઉ) In one way or the other.જેમ તેમ,ગમેતેમ કરીને;કંઈબી કરીને.

Somersault, Somerset, *n.* (સ'મરસૉલ્ટ્; સ'મરસેટ્) A leap and overturning. ગુલાંટ; ગોળમટું,ઉલગુલાંટીયું.

Something,*n.*(સ'મથિન્ગ્)A thing unknown or undetermined.કંઈ વાતચીત;કંઇ ચીજ. 2. A part; a little.કંઈક;થોડું.*-adv.*Somewhat.કંઈક.

Sometime,*adv.*(સ'મટાઇમ્)Once;formerly. અગાઉ; પહેલાં; એક વખત. 2. At one time or other.કોઇવાર;કોઇ વેળા, આગળ ઉપર.*-a.*Former. આગળનું; આગલું.

Sometimes, *adv.* (સમટા'ઈમ્ઝ્) At times; at intervals.કોઇ કોઈ વેળા;વારેવારે.2.Formerly. અગાઉ; કોઇ વખત.

Somewhat, *n.* (સ'મ્વૉટ્) More or less; something. લગારેક; કંઈક; થોડુંક.–*adv.* In some degree or quantity. કેટલુંક; કંઇક.

Somewhere, *adv.* (સ'મ્હ્વેર્) In one place or another. કેયે; કોઈ ઠેકાણે; કહીં; ક્યાંક.

Somnambulism, *n.* (સૉમ્નૅ'મ્બ્યુલિઝમ્) Act of walking in sleep. ઉંઘમાં ફરવું-ચાલવું તે; મૂર્છા અવસ્થા.[L.*simnus*, sleep & *ambulo*, I walk.]

Somnambulist, *n.* (સૉમ્નૅ'મ્બ્યુલિસ્ટ્) One who walks in sleep. ઉંઘમાં ચાલનાર-ફરનાર.

Somniferous;Somnific, *a.* (સૉમ્નિ'ફરસ્-સૉમ્નિ'ફિક્)Causing or inducing sleep.નિદ્રાજનક; ઉંઘ લાવનાર; ઉંઘ આવે તેવું. [L. *somnus*,,sleep & *fero*, I bring.]

Somniloquism, *n.* (સૉમ્નિ'લોકિવઝમ્) Act of talking in one's sleep. નિદ્રા લાવ; ઉંઘમાં વાતો કરવાની ટેવ; બકવાદ; ઉંકરાટી.

Somniloquist,*n.*(સૉમ્નિ'લોકિવસ્ટ્)One who talks in his sleep. ઉંઘમાં વાત કરનાર. [L. *loquor*, I speak.]

Son, *n.* (સન્) A male child; the male issue of a parent. પુત્ર; દિકરો; છોકરો. **The Son**, ઈશુખ્રિસ્ત. [A. S. *sunu.*]

Song, *n.* (સૉંગ્) A ballad;a tune;a hymn. ગાયન; ગીત; સરોદ; રાગ. 2. Poetry; verse. કવિતા; કાવ્ય. **Old song**, નજીવી-જુજ વાત.

Song-craft, *n.* (સૉ'ગ્ ક્રૅફ્ટ્) The art of making song. કાવ્યકળા; કવિતા રચવાની કળા.

Songster, *n.* (સૉ'ગ્સ્ટર્) One who sings. ગવૈયો; ગાનાર; ગાનાર પક્ષી.

Songstress, *n.* (સૉ'ગ્સ્ટ્રિસ્)A woman who sings. ગાનારી સ્ત્રી; ગવૈયણ; રામજણી.

Son-in-law, *n.* (સ'ન્-ઇન્ લૉ) One married to one's daughter. જામાત્ર; જમાઈ.

Sonnet, *n.* (સૉ'નિટ્) A short poem of 14 lines; a short song or poem. ચૌદ લીટીનો એક અમુક પ્રકારનો છંદ; લઘુકવિતા; ટપ્પા.–*vi.* To compose sonnets. ટપ્પા બનાવવા, રચવા. [L. *sonus*, sound.]

Sonorous, *a.* (સોનૉ'રસ્) High-sounding. ઉંચા અવાજવાળું; ઉંચા સ્વરનું. 2. Resonant. રણકાદાર; ખણખણ વાગતું; બુલંદ અવાજનું. [L. *sonus*, sound.]

Son-ship, *n.* (સ'ન્શિપ્)The state of being a son; filiation. વારસપણું; દિકરાપણું.

Soon, *adv.* (સૂન્)Shortly;in a short time. જલદી; થોડીવારમાં; તરત; ઝટ. 2. Quickly. તરતજ; ઝટપટ. **As soon as**,તરતજ;તત્કાળ.**Sooner or later**, વહેલામોડા.

Soot, *n.* (સૂટ્) A black substance formed by combustion. મેશ; કાજળ.–*vt.* To cover with soot. મેશવાળું કરવું.

Sooth, *a.* (સુથ્) True; real. સત્ય; ખરૂં.–*n.* Truth; reality. સત્ય; સાચું.

Soothe, *vt.* (સુધ્) To flatter; to please with soft words. ખુશામત કરવી; મીઠી વાતથી ખુશ કરવું. 2. To calm; to quiet. શાન્ત પાડવું; સમાધાન કરવું.

Sooth-say, *vi.* (સૂ'થ-સે,) To foretell. ભવિષ્ય કહેવું.–*n.* A proverb. કહેવત.

Sooth-sayer, *n.* (સૂ'થ્સેયર્) A predictor. જોષી; ભવિષ્યવેત્તા.

Sooty, *a.* (સૂ'ટિ) Producing soot, dark; dusky. મેસવાળું; કાળું; ઝાંખું.

Sop, *n.*(સૉપ્) Anything dipped and softened in any liquid. પ્રવાહી પદાર્થમાં બોળી મૂકેલો પદાર્થ; ખીર.–*vt.* To dip in any liquid. કોઈ પ્રવાહી પદાર્થમાં પલાળવું-બોળવું.

Sophism, *n.* (સૉ'ફિઝમ્) The doctrine of reasoning practised by a sophist; any fallacy designed to deceive.હેત્વા, ભાસ; ખરી દેખાતી ખોટી તકરાર, દલીલ; ખોટું ડહાપણ. [Gr. *sophos*, wise.]

Sophist, *n.* (સૉ'ફિસ્ટ્)A captious reasoner. સુફી; વિદ્વાન; આભાસવાદી;મિથ્યા, સિદ્ધાન્ત કરનાર; અસલ ગ્રીસ દેશમાં અમુક તત્વવેત્તાઓના ગંમાંનો વયુરૂપ; ટાયલો.

Sophistical, *a.* (સૉફિ'સ્ટિકલ) Fallaciously subtle. આભાસ રૂપ, ભ્રમ, ભૂલવાળું; ખોટું.

Sophisticate, *vt.*(સૉફિ'સ્ટિકે,ટ્)To corrupt; to debase. બગાડવું; ભેગવાળું કરવું; ખોટું કરવું–*a.* Adulterated; not pure. ભેગવાળું; બગડેલું; મિશ્રિત.

Sophistry, *n.* (સૉ'ફિસ્ટ્રિ)Fallacious reasoning. ખોટો તર્ક; આભાસયુક્ત તર્ક. 2. The practice of a sophist. વાક્છલ; આભાસ.

Soporiferous; **Soporific**, *a.* (સોપૉરિ'ફરસ્; સોપૉરિ'ફિક્) Causing sleep; anodyne. નિંદ્રાજનક; ઉંઘ લાવનારૂં; બહુ ઉંઘ-ઘેન આવે તેવું. [L. *sopor*, a heavy sleep & *fero*, I bring.]

Sorcerer, *n.* (સૉ'સરર્) A magician.જાદુગર; ઇલમી; વીર મંત્રી.

Sorcerous, *a.* (સૉ'સરસ્) Pertaining to sorcery. જાદુ સંબંધી-વિષે; જાદુઇ.

Sorcery,*n.* (સૉ'સરિ) Enchantment;magic. જાદુ; વીરમંત્ર; નજરબંધી; માયા; ઇંદ્રજાલ.

Sordid, *a.* (સૉ'ર્ડિડ્) Base;mean;vile. નીચ. હલકું; પાજી; અધમ; તુચ્છ. 2. Covetous. અતિ લોભી; ખખિલ; કંજુસ. [L. *sordidus*, dirty.]

Sore, *n.* (સોર્) A boil; an ulcer. ગુમડું; દુખાતી જગા; ઘા; શરીર ઉપર છોલાએલી ચામડી. *a.* Painful; inflamed. દુખાતું; ભારે પીડાવાળું; અડવાથી દુઃખ થાય તેવું; સુજેલું *-adv.* Severely; with pain. ભારે; દુઃખ થાય તેવી રીતે

Sorely, *adv* (સો'ર્લિ)Painfully. દુઃખદાયકરીતે.

Soreness, *n.* (સો'ર્નિસ) Painfulness. દુઃખદાયકપણું.

Sorites, *n.* (સોરા'યુટિઝ્) Chain-syllogism. પક્ષ,હેતુ પરંપરા;ક્રમબદ્ધ દલીલ.[Gr. *soros*,heap.]

Sororicide, *n.* (સૉ'રરિસાઇડ્)The murderer of a sister. બેનનું ખુન કરનાર. [L. *soror*, a sister, & *caedo*, I kill.]

Sorrel,*a.*(સૉ'રલ્) Of reddish brown colour. બદામી રંગનું. *n.* A plant of sour or acid taste. ખાટી ભાજી. 2. A reddish brown colour. બદામી રંગ.

Sorrily, *adv.* (સૉ'રિલિ)In a sorry manner; poorly. દુઃખી રીતે; ગરીબાઈથી; પાજીપણાથી.

Sorrow, *n.* (સૉ'રો) Grief; sadness.શોક,ખેદ; બળાપો.*-vi.* To be sad; to grieve. દુઃખ લાગવું; ખેદ પામવો; દિલગીર થવું.

Sorrowful,*a.*(સૉ'રોફુલ્)Sad;dismal; mournful. ખિન્ન; દુઃખી; ઉદાસ; શોકાતુર.

Sorry, *a.* (સૉ'રિ) Grieved; pained; at loss. નાખુશ; દિલગીર; ખિન્ન; ઉદાસ. 2. Worthless. હલકું; તુચ્છ; પાજી.

Sors, *n.* (સૉર્સ્) [*pl.* sortes.] A lot. નસીબ.

Sort. *n.* (સૉર્ટ્) A kind or species. પ્રકાર; જાત; તરેહ. 2. Manner. રીત.**Of first sort,** પહેલા નંબરનું; ધીજ. **Out of sorts**; out of order; unwell. અસ્વસ્થ; બેચેન.*-vt.* To assort; to conjoin; to reduce to order; to select. વર્ગ કરવા; વ્યવસ્થિત કરવું; જુદું જુદું કાઢવું;જોડવું;ચુંટી કાઢવું.*-vi.* To agree;to associate. મળી જવું; એકરાગ થવું. 2. To suit; to fit. બેસતું આવવું; મળતું આવવું; માફક આવવું. [L. *sors*, a lot.]

Sortable, *a.* (સૉ'ટબલ્) Capable of being sorted. વર્ગ પાડી શકાય તેવું. 2. Suitable. બંધ બેસતું; માફક.

Sortie, *n.* (સૉ'ર્ટિ) A sally; a sudden sally out of a place besieged. ઘેરાએલી જગ્યામાંથી એકદમ ઘેરો ઘાલનાર ઉપર કરેલો છાપો;ધસારો;હલ્લો.

So so, *a.* (સો,સો) Tolerable; indifferent; passable. મધ્યમ સ્થિતિનું; વચલા વાંગાનું; ઠીકઠીક; સાધારણ.

Sot, *n.* (સૉટ્) A habitual drunkard. છાકટો; કેફી; દારૂડીઓ; પીધેલ.

Sottish, *a.* (સૉ'ટિશ્) Stupid; senseless; infatuate. મૂર્ખ;છાકટો; જડબુદ્ધિ; પીધેલ; દારૂડીઓ.

Souchong, *n.* (સૂ'શૅાંગ્) A kind of black tea. એક જાતની કાળી ચાહ.

Soul, *n.* (સો,લ્) The spiritual and immortal part of life. આત્મા;ચૈતન્ય;જીવાત્મા. 2. Energy; spirit. ચેતન; ઉલટ; હોંસ; ઉત્સાહ. 3. Life. પ્રાણ; જીવ. 4. The leader. સંચાલક; દોરનાર;આગેવાન. 5. A person માણસ;આદમી. 6.A disembodied spirit. પ્રેતાત્મા; ભૂત; વિદેહી આત્મા. 7. The seat of real life. પ્રાણ; જીવ; ચેતન. The supreme soul. પરમાત્મા.

Soulless, *a.* (સો,લ્લિસ્) Without a soul; mean. જીવ વગરનું; હલકું; નીચ; તુચ્છ; નિર્દય.

Sound, *a.* (સાઉન્ડ્) Entire; unbroken. આખું; અખંડ; સાજું; અભિશુદ્ધ 2. Healthy. તંદુરસ્ત; નિરોગી; સાજું. 3. Heavy. ભારે; વજનદાર; નક્કર. 4. Profound; undisturbed.ગાઢ;ઘોર; ઘસઘસાટ. 5 Strong; firm મજબુત;દૃઢ; સલામત. 6. Just. ન્યાય અનુસાર;સકારણ; સંગીન.*-adv.* **Soundly,** heartily. બરોબર; સારી પેઠે; નીતિથી.

Sound, *n.* (સાઉન્ડ્) A narrow passage of water. સાંકડી ખાડી; સામુદ્રધુની. *vt.* To measure the depth of. ની ઉંડાઇ માપવી; દોરી વતી ઉંડાઇ માપવી. 2. To test; to examine. પરીક્ષા કરવી; તપાસવું; નું મન જોવું; દાણો ચાંપી જોવો.

Sound, *n.* (સાઉન્ડ્) That which is heard; noise. શબ્દ; અવાજ; સૂર; ઘોંઘાટ.*-vi.* To make a noise. વગાડવું; અવાજ કાઢવો. 2. To be conveyed in sound. નો અવાજ થવો; ગાજી ઉઠવું. *vt.* To cause to make a noise; to play on. વગાડવું; સ્વર કહાડવો. 2. To spread by sound. ગાઇને પ્રસિદ્ધ કરવું; ડંકો વગાડી જણાવવું, જાહેર કરવું.

Sounding, *a.* (સા'ઉન્ડિંગ્) Sonorous. વાગે એવું; અવાજ-રણકો નીકળે એવું.

Sounding-board, *n.* (સા'ઉન્ડિંગ્-બોર્ડ્) A thin board which propogates the sound in an organ etc. અવાજ પસરીને આઘે સાંભળી શકાય માટે વાજીંત્રને જડેલું પાતળું પાટીયું; નાદપત્ર.

Soundly, *adv.* (સા'ઉન્ડ્લિ)In a sound manner. સારી પેઠે; ખૂબ.

Soup, *n.* (સુપ) Broth; a liquid food of any kind.સેરવો; માંસ, ભાજી વગેરેનો સેરવો-રસો.

Sour, *a.* (સાવર્) Acid; sharp to taste. ખાટું; આંબટ. 2. Turned (as milk.) અખરાઇ ગએલું; ખાટું થઇ ગએલું; ફાટી ગએલું; મળી ગએલું. 3. Harsh of temper. ચીઢીયું; વાંકું; મીજાજી.*-n.* An acid. ખાટો પદાર્થ; તેજાબ.*-vt.* To make acid. ખાટું થાય તેમ કરવું; આખરવું; ખાટું કરવું.*-vi.* To become acid or tart. અખરાઇ જવું; ખાટું થવું; જામી જવું.

Source, *n.* (સોર્સ્) That from which anything proceeds; origin. મૂળ; મુખ; ઉદ્ભવ. 2. A spring. ઝરો. 3. The first cause. મૂળ કારણ; બીજ, હેતુ; ઉત્પત્તિ. [L. *surgo*, I rise.]

Souse, *n.* (સાઉસ્) Pickle made with salt. મીઠામાં કરેલું અથાણું. 2. Something kept in pickle. અથાણામાં રાખી મૂકેલો પદાર્થ. 3. A sudden plunging into water. ઝબોળવું તે; ડુબકી મારવી તે.–*vt.* To plunge into water. પાણીમાં ડુબાડવું;ઝબોળવું.2.To steep in pickle. અથાણામાં નાખવું; આથવું.

South, *n.* (સાઉથ્) The point of compass opposite to the north. દક્ષિણ; દક્ષિણ દિશા. 2. The southern part of a country.કોઇપણ દેશનો દક્ષિણ ભાગ.–*a.* Lying toward the south. દક્ષિણનું; દક્ષિણમાં આવેલું.–*adv.*Toward the south. દક્ષિણ તરફ-ભણી-ગમ.

South-east, *n.* (સા'ઉથ્-ઇસ્ટ્) The point of the compass equally distant from the south and the east. અગ્નિકોણ; અગ્નિદિશા–*a.* Pertaining to the south–east.અગ્નિકોણ,દિશાનું.

Southernly, *a.* (સ'ધર્નલિ) Pertaining to the south. દક્ષિણ દિશાસંબંધી–વિષે-નું.

Southern, *a.* (સ'ધર્ન્) Pertaining to or proceeding from the south. દક્ષિણ દિશાનું-સંબંધી.–*n.*–°**er.** દક્ષિણનિવાસી.

Southron, *n.* (સા'ઉથ્રન્) An inhabitant of the more southern part of the country. દક્ષિણી; દક્ષિણમાં રહેનાર.

Southward, *adv.* (સા'ઉથ્વર્ડ્) Toward the south. દક્ષિણ ભણી–તરફ–ગમ.–*n.*The southern countries. દક્ષિણમાં આવેલા દેશો.

South-west, *n.* (સા'ઉથ્-વેસ્ટ્) The point of the compass, equally distant from the south and the east.નૈઋત્યકોણ–*a.*Pertaining to the south-west.નૈઋત્યકોણ તરફનું;નૈઋત્ય દિશાનું.

Souvenir, *n.* (સૂ'વની,ર્) A keepsake; a remembrancer. સંભારણું; સ્મરણ ચિહ્ન;યાદગીરીની ચીજ; ઓળખ. [L. *subvenire*, to come to mind.]

Sovereign,*n.*(સૉ'વરિન્)One who exercises supreme control;a monarch:મહારાજા;અધિરાજ; રાજા;રાજકર્તા; રાણી.2.A gold coin of England. આશરે દશ રૂપીઆની કિંમતનો સોનાનો સિક્કો–નાણું; પાઉન્ડ; ગીની.–*a* Chief; superior to all others. મુખ્ય; શ્રેષ્ઠ. 2. Effectual. ગુણકારી; રામબાણ જેવું. 3. Paramount.–સર્વોપરિ. 4 Royal. બાદશાહી; રાજકીય; દરબારી [L. *super*, above.]

Sovereignty, *n.* (સૉ'વરિન્ટિ) Supremacy; dominion. મુખ્ય સત્તા; હકુમત; સર્વાધિકાર.

Sow, *n.* (સાઉ) The female of the hog kind. ભુંડણી; ડુક્કરી.

Sow, *vt.* (સો)To scatter (seed) upon the earth.વાવવું;રોપવું;નું વાવેતર કરવું; વાવણી કરવી.

Sowing, *n.*(સો'ઇંગ્) The act of scattering seeds upon the earth વાવણી;વાવેતર;બીજારોપણ.

Space, *n.* (સ્પે,સ્) Room;place.જગા;અવકાશ; માર્ગ. 2. Duration; quantity of time. કાળ; વખત; અવધિ.3.The distance between lines as in books.છાપેલી ચોપડીઓમાં લીટીઓ કે શબ્દ વચ્ચે મૂકેલો ભાગ, જગા. 4. Interval between two or more objects. અંતર; લંબાણ. 5. Path; track. ચાલ;રસ્તો;માર્ગ. [L. *spatium*, a space.]

Spacious, *a.* (સ્પે,'શસ્) Having large or ample room; extensive. વિશાળ; મોટું;વિસ્તારવાળું; પહોળું.

Spade,*n.*(સ્પે,ડ્)An instrument for digging or cutting the ground. કોદાળી; **To call a spade a spade**.કાણાને કાણું કહેવું;તડને ફડ કહી દેવું; મોઢેમોઢ કહેવું.

Span, *n.* (સ્પૅન્) The space from the end of the thumb to the end of the little finger when extended; nine inches. વ્હેંત; બિલસ; નવ ઇંચ. 2. A brief extent or portion of time. અવધિ; ગાળો; ઘણી ટુંકી મુદત. 3. A pair of horses driven together. ઘોડાનું જોડું; જોડ.–*vt.* To measure by the span of the hand. વેંતથી માપવું-ભરવું. 2. To compass. ઉપર પસારવું–ચક્કર મારવું. 3. To hobble. (ઘોડાને) પગે દોરડું બાંધવું.

Spangle, *n.* (સ્પૅંગલ્) A small boss; something brilliant used as an ornament. ટીલડી; ચાંદલો; તારા ટપકી; ટીકડી.–*vt.* To set with spangles. ટીલડી ચોંટાડવી-લગાડવી.

Spaniard, *n.* (સ્પૅ'ન્યર્ડ) An inhabitant or native of Spain. સ્પેનનો રહેવાશી-વતની.

Spaniel, *n.* (સ્પૅ'ન્યલ્) A dog used in sports of the field, remarkable for its sagacity and obedience. એક પ્રકારનો તીવ્ર બુદ્ધિવાળો ને કહ્યાગરો કુતરો. 2. A fawning person. ખુશામતિયું માણસ.

Spanish, *a.* (સ્પૅ'નિશ્) Of or pertaining to Spain.સ્પેન દેશને લગતું–વિષે.*n.*The language of Spain. સ્પેન દેશની ભાષા.

Spank, *vt.* (સ્પૅન્ક્) To slap. તમાચો મારવો; ધોલ-લપડાક મારવી.–*n.* A blow with the open hand; a slap. તમાચો; ધોલ; લપડાક.

Span-new,*a.*(સ્પૅ'ન-ન્યુ) Quite new;brand-new. નવુંનકોર; કોરૂં કડકડતું.

Spar, *n.* (સ્પાર્) A beam or rafter; a round piece of timber. લાકડાનો ગોળ સોટો; વહાણનો ડોલ; સાગના લાકડાનો ગોળ કકડો. 2. The bar of a gate or door. દરવાજાનો સળીઓ-ભોગળ;આડ.*vi.* To quarrel;to contend with the fists. કજીઓ કરવો; લડવું; મુક્કામુક્કી કરવી.-*n.* A contest at sparring or boxing. મુક્કામારીની લડાઈ.

Spare,*vt.*(સ્પેઅર્) To save; to use frugally. બચાવવું; કરકસર કરવી; રાખી મૂકવું; ઉગારવું. 2. To save or gain. કરકસરથી ઉગારવું-બચાવવું. 3. To save from danger or punishment. ભય અથવા સજામાંથી બચાવવું-રક્ષણ કરવું.7. To do without; to omit. ના વિના ચલાવવું-ચલાવી લેવું; આપી દેવું.-*vi.* To be frugal; to live frugally. કરકસરીઆ થવું; કસર કરવી; કસરથી રહેવું. 2. To use mercy. ક્ષમા કરવી; ના ઉપર દયા આણવી.-*a.* Scanty. ઓછું; થોડું; કમી. 2. Superfluous. વધારાનું; ફાજલ; ફાલતુ; નવરાશનું. 3. Frugal. કસરીયું; કૃપણ. 4.Lean;thin.પાતળું; દુબળું; સુકું. **To spare one's self,** અદબથી, દિલચોરીથી વર્તવું.

Sparing, *a.*(સ્પે'અરિંગ્)Scarce;little;scanty; frugal. થોડું; ઓછું; કસરીયું; બચાવતું.

Sparingly, *adv.* (સ્પૅરિંગ્લિ) Frugally; not abundantly. કરકસરથી; કંજુસાઇથી; હાથ રાખીને.

Spark, *n.* (સ્પાર્ક) A small particle of fire. ચિણગારી; તણખો. 2. A feeble germ. રજ; કણ; ચિનગારી.-*vt.* To shine with; to sparkle. ઝગઝગવું; ચળકવું; પ્રકાશવું.

Spark, *n.* (સ્પાર્ક) A gay man; a lover. ઇશકી; છેલ; યાર; વલ્લભ; રમણ.

Sparkish, *a.* (સ્પા'ર્કિશ્)Airy; gay;showy. તણખા જેવું; આનંદી; દેખાવડું; ડોળઘાલુ.

Sparkle, *n.* (સ્પા'ર્કલ્) A little spark. નાની ચિણગારી-તણખો.-*vi.* To emit sparks. નાની ચિણગારી નીકળવી-ઉડવી; તણખા નિકળવા. 2. To flash. ચળકવું; ઝળકવું.-*vt.* To shine with; to emit as light or fire. તણખા-ચીણગારીના રૂપમાં નિકળવું-ઝરવું.

Sparkling,*a.*(સ્પા'ર્કલિંગ્) Emitting sparks; shining. ઝગઝગતું; ચળકતું; તેજદાર; પ્રકાશતું.

Sparrow, *n.* (સ્પૅ'રો) A small bird noted for its sharp beak. ચકલી; ચલ્લી; ચટક.

Sparry, *a.* (સ્પા'રિ) Resembling a spar. સફેદ; કાચના જેવું સફેદ.

Sparse, *a.* (સ્પાર્સ) Thinly scattered.આછું; થોડું; વિખરાએલું.

Spasm, *n.* (સ્પૅ'ઝમ્) A convulsive fit. તાણ; ગોટલો; આંકડી; ખેંચ;ઝોલો.2.A fruitless effort. નિષ્ફળ પ્રયત્ન; આવેશ [Gr. *spasin,* to draw.]

Spasmodic, *a.* (સ્પૅઝ્મૉ'ડિક્) Relating to spasm.ખેંચ-તાણ-ગોળા સંબંધી.2.Soon relaxed. થોડીવારમાં નરમ પડી જાય તેવું. 3. Sudden and violent; irregular. અનિયમિત; તોરી; જોસદાર.

Spatter, *vt.* (સ્પૅ'ટર્) To sprinkle on; to scatter a liquid substance on.પર છાંટા પાડવા, ઉડાડવા; છાંટવું. 2. To defame. ગેર ઇજ્જત-બદનામી કરવી.

Spatula, *n.*(સ્પૅ'ટ્યુલા)A thin broad-bladed knife,usedfor spreading plasters etc. પાતળા પહોળા પાનાનો મલમ વગેરે પાથરવાનો ચપ્પુ. [L. *spatha.*]

Spavin, *n.*(સ્પૅ'વિન્)A swelling in or near some of the joints of a horse's leg.ઘોડાના પગ ઉપરનો સોજો.

Spawn, *n.* (સ્પૅાન્) The eggs of fishes or frogs. માછલી, દેડકીનાં ઇંડાં. 2. Any product or offspring. ગરભ; ઓલાદ; વંશ; બચ્ચું; સંતતિ; પ્રજા.-*vt.* & *vi.* To produce or deposit, as fishes do their eggs. ઈંડાં મૂકવાં; ઇંડાં કરવાં. 2. To generate; to bring forth. જણવું; જન્મ આપવો; વિઆવું.[L. *expendo,* I spread.]

Spawner, *n.* (સ્પૅા'નર્) The female fish. માછલી; માછલાંની માદા.

Spay *vt.* (સ્પે,)To castrate. નામરદ કરવું; ખસી કરવી. [L. *spado,* an eunuch.]

Speak,*vi.*(સ્પીક્)[*Imp.* spoke,*p.p.* spoken.] To utter words as human beings. કથવું; બોલવું; વદવું; કથન કરવું. 2. To discourse; to utter a speech. ભાષણ કરવું; સભામાં બોલવું. 3. To pronounce; to tell; to make mention. કહેવું; જણાવવું; કહી લખી જણાવવું. 4. To express thoughts by words. કહેવું; બોલવું. *vt.* To utter with the mouth; to pronounce. બોલવું; ઉચ્ચારવું 2. To declare; to proclaim. જાહેર કરવું; કહેવું; જણાવવું. **To speak out,** to speak loudly and distinctly. મોટેથી સ્પષ્ટ બોલવું. **To speak a ship,** to hail and speak to her commander. સલામ કરીને કપ્તાનની સાથે બોલવું.

Speaker, *n.* (સ્પી'કર્) One who speaks; a chairman. બોલનાર; ભાષણ કરનાર; વક્તા; પ્રમુખ; અધિપતિ.

Spear, *n.* (સ્પી,ર્) A lance; a long pointed weapon, used in war. ભાલો; નેજો; બરછી. 2. A shoot, as of grass. ઘાસનું તણખલું-તરણું; ઘાસની સળી.-*vt.* To kill with a spear. ભાલો મારવો-ભોંકવો; ભાલાથી મારી નાખવું.-*vi.* To shoot into a long stem. ફણગો ફૂટવો [L. *sparus.*]

Spear-man, *n.* (સ્પી,'ર્મૅન્) One armed with a spear. ભાલો રાખનાર.

Spear-head, *n.* (સ્પી,'ર્-હેડ્) The pointed end of a spear. ભાલાનો અણીદાર છેડો; ભાલાની અણી.

Special, *a.* (સ્પે'શલ્) Particular; pertaining to a species. ખાસ; વિશેષ; અમુક જાતનું; જાતીય; અમુક જાતિ વિષેનું. 2. Designed for a particular purpose. ચોકસ કારણસર ઠરાવેલું-યોજેલું; ખાસ. 3. Uncommon; extraordinary. ખાસ; વિશેષ; અસાધારણ; ઉદ્દામ. 4. Excellent. શ્રેષ્ઠ; મુખ્ય. **Special characteristic,** નીતિ, ધર્મ લક્ષણ. **In special,** specially. મુખ્યત્વે કરીને; ખાસ કરીને. **Special pleading.** નવી તકરાર. [L. *species*, a particular so t.]

Specialist, *n.* (સ્પે'શલિસ્ટ્) One who devotes himself to a speciality. અમુક બાબતમાં શ્રેષ્ઠ જ્ઞાન ધરાવનાર.

Speciality, *n* (સ્પેશિઍ'લિટિ) Particularity; a particular case. અમુક બાબત; ખાસીઅત. 2. An object of special attention. ખુબીની બાબત; ખાસ બાબત. 3. A contract by deed. મ્હોર સાથેનો લેખી કરાર; દસ્તાવેજ; લેખ. 4. A quality peculiar to a species. જાતીયત્વ; જાતપણું.

Specially, *adv.* (સ્પે'શલિ) Chiefly; particularly. ખાસ; વિશેષે કરીને; મુખ્યત્વે કરીને

Specie, *n.* (સ્પી'સિ) Coin; hard money. નગદી; રોકડ.

Species, *n. sing. & pl.* (સ્પી'શિઈઝ્) Sort; kind; class. જાત; પ્રકાર; તરેહ. 2. A component part of a compound. મિશ્રિત પદાર્થનું એક અંગ-ભાગ-અંશ.

Specific, *a.* (સ્પિસિ'ફિક્) Pertaining to a species; distinguishing from one another. અસાધારણ; વિશેષ 2. Having the property of curing some particular disease. રામબાણ; અવશ્ય ગુણકારી; ખાસ. 3. Particular or definite. અમુક; ખાસ.–*n.* A certain remedy. ચોકકસ ઉપાય; રામબાણ ઉપાય [L. *species*, a particular sort and *facio*, I make.]

Specifically, *adv.* (સ્પિસિ'ફિકલિ) Definitely; particularly. નિયમિત; ચોકકસ રીતે; યથાજાતિ; જાતિના ગુણ પ્રમાણે.

Specification, *n.* (સ્પેસિફિકે,'શન્) The act of specifying or determining by a mark or limit. હદ બતલાવવી તે; લક્ષણ-ચિહ્ન બતાવવું તે. 2. A written statement in detail. ચોકકસ, વિગતવાર લખેલી, ખાસ હકીકત. 3. Particular mention. ચોક્કસ, વિગતવાર કરેલું બયાન-હકીકત.

Specify, *vt.* (સ્પે'સિફાય્) To mention or name as a particular thing. વિશેષ કરીને, ખાસ કહેવું; નામ દેવું, બતલાવવું.

Specimen, *n.* (સ્પે'સિમિન્) A sample, a proof; a model. નમુનો; વાનગી. [L. *specio*, I look.]

Specious, *a.* (સ્પી'શસ્) Apparently right. દેખીતું સાબીત; ઉપરથી સત્ય દેખાતું. 2. Showy; obviously fair. દેખાવડું; દેખામણું; સારું.

Speck, *n.* (સ્પેક્) A spot; a stain. ડાઘ; ટપકું; ચાઠું; કલંક; ડબકો; ડાઘો. A very small thing. રજ; કણ.–*vt.* To stain in spots or drops; to spot. ડાઘ પાડવા; ટપકાં કરવાં.

Speckle, *n.* (સ્પે'કલ્) A little spot or speck. નાનો ડાઘ; છાંટ.–*vt.* To variegate with spots. ચિત્ર વિચિત્ર કરવું; ટપકાંદાર છાપવું; ડાઘા પાડવા.

Spectacle, *n.* (સ્પે'કટકલ્) A show; a sight; a pageant. ખેલ; તમાસો; દેખાવ. 2. *pl.* Glasses to assist the sight. ચશ્માં 3. A sight. દૃષ્ટિવિષય; દેખાવ. [L. *specto*, I look.]

Spectator, *n.* (સ્પેકટે,'ટર્) A looker on; a beholder. જોનાર; તમાસગીર; પ્રેક્ષક.

Specter; Spectre, *n.* (સ્પે'કટર્) A ghost; an apparition. ભૂત; શેતાન; પ્રેત. [L. *spectrum*, an image.]

Spectral, *a.* (સ્પે'કટ્રલ્) Pertaining to specter; ghostly. ભૂત-શેતાન સંબંધ-નું-વિષે; ફીક્કું; બિહામણું.

Speculate, *vi.* (સ્પે'કયુલે,ટ્) To meditate. તર્ક-વિચાર કરવો; કલ્પના કરવી. 2. To buy in expectation of a rise in price. સટ્ટો કરવો. [L. *specula*, a look out.]

Speculation, *n.* (સ્પેકયુલે,'શન્) Mental view; contemplation. કલ્પના; તર્ક; વિચાર; મનન. 2. View; conjecture. અટકળ; તર્ક; કલ્પના. 3. Act of buying land or goods etc. in expectation of a rise in price. સટ્ટો; વાયદો.

Speculatist, *n.* (સ્પે'કયુલટિસ્ટ્) A speculator, a theorist. તર્ક-કલ્પના કરનાર; સટોરીયો; સટ્ટો કરનાર.

Speculative, *a.* (સ્પે'કયુલે,ટિવ્) Ideal; contemplative. વિચારશીલ; તર્કબાજ; કાલ્પનિક. 2. Pertaining to speculation in land, goods etc. સટ્ટા સંબંધી-વિષે. 3. Pertaining to vision.

Speculator, *n.* (સ્પે'કયુલે,ટર્) One who speculates or forms theories. અટકળબાજ; કલ્પના કરનાર; તર્કબાજ. 2. One who engages in speculation. સટ્ટાબાજ; સટોરીયો.

Speech, *n.* (સ્પીચ્) The faculty of speaking. ભાષા; વાચા. 2. Language. ભાષા; બોલી. 3. What is spoken; talk. બોલેલું વચન; વાત; આલાપ. 4. Address. ભાષણ.

Speed, *vi.* (સ્પીડ્) To make haste. ઉતાવળ કરવી. 2. To prosper; to succeed. સફળ થવું; આબાદ થવું; ફતેહ પામવું. 3. To fare; to have any condition good or ill. ની દશા-વલે-હાલ હોવી, થવી.-*vt.* To cause to make haste. ઉતાવળ કરાવવી. 2. To bring to a result. નો જલદી અંત છેડો લાવવો.-*n.* Haste; swiftness; rapidity. ઝડપ; ઉતાવળ; જલદી વેગ; ત્વરા. 2. Success. ફતેહ; આબાદી; સફળતા.

Speedily, *adv.* (સ્પી'ડિલિ) Quickly. ઝડપથી; ઉતાવળથી; જલદીથી.

Speedy, *a.* (સ્પી'ડિ) Swift; hasty; quick. ઉતાવળું; વેગવાળું; ચાલાક.

Spell, *vt.* (સ્પેલ્) To name letters for the pronunciation of a word. જોડણી કરવી-કહેવી. 2. To take a turn; to relieve. વારો બદલવો; ની જગાએ થોડીવાર સુધી આવવું.-*n.* Turn at work. વારો બદલવો તે. 2. Time devoted or taken સમય; વખત. To spell out=ખોળી કાઢવું; શોધી કાઢવું.

Spell, *n.* (સ્પેલ્) Any charm. મોહની; મંત્ર; જાદુ.-*vt.* To charm. મંત્ર-મોહની લગાડવી-કરવી. 2. To bode. સૂચવવું.

Spell-bound, *a.* (સ્પે'લ-બાઉન્ડ્) Arrested or bound as by a spell or charm. મંત્રથી સ્તબ્ધ થઈ ગએલું; મંત્રથી બાંધેલું; અંજાઇ ગયેલું; મુગ્ધ.

Spelling, *n.* (સ્પે'લિંગ) Manner of forming words with letters; orthography. જોડણી; પદાક્ષર.

Spelt, *n.* (સ્પેલ્ટ્) An inferior species of wheat. હલકી જાતના ઘઉં.

Spelter, *n.* (સ્પે'લ્ટર્) Zinc. જસત; કાંસું.

Spence, *n.* (સ્પેન્સ્) A place where provisions are kept; a buttery. ખોરાકની ચીજો મુકવાની કોટડી; અન્નશાળા; કોઠાર.

Spencer, *n.* (સ્પે'ન્સર્) An over-jacket. ઉપર પહેરવાની નાની બંડી. (A jacket introduced by Lord Spencer.)

Spend, *vt.* (સ્પેન્ડ્) To part with; to dispose of. ખરચવું; વાપરવું. 2. To pass as time. વખત કાઢવો-ગાળવો. 3. To exhaust. ખપી જવું; ખલાસ થવું; નું જોર નીકળી જવું. 4. To waste; to consume. ખરચી દેવું; ઉડાવવું.-*vi.* To make expense. વાપરી નાખવું; ખરચી નાખવું; ઉડાવી દેવું.

Spender, Spend-thrift, *n.* (સ્પે'ન્ડર્; સ્પે'ન્ડ-થ્રિફ્ટ્) A prodigal; one who spends money profusely. ઉડાઉ માણસ.

Sperm, *n.* (સ્પર્મ્) Animal seed; semen. ધાતુ; બીજ; રેતસ.

Spermaceti, *n.* (સ્પર્મૅસિ'ટિ) A fatty matter obtained from the sea-whale. એક પ્રકારની મીણબત્તી બનાવવાની ચરબી.

Spermatic, *a.* (સ્પર્મૅ'ટિક્) Consisting of semen. બીજવાળું; ધાતુ-રેતસ-બીજસંબંધી.

Spew, *vt.* (સ્પ્યૂ) To vomit. ઉલટી કરવી; ઓકવું. 2. To cast forth with abhorrence. ધિક્કારથી ફેંકી-નાખી દેવું; નાખવું.

Sphenoidal; Sphenoid, *a.* (સ્ફીનૉ'ઇડલ્-સ્ફી'નૉઇડ્) Resembling a wedge. છીણીના આકારનું; ફાચર જેવું.

Sphere, *n.* (સ્ફીઅર્) An orb; a globe. ગોળો; કોઈપણ ગોળાકાર પદાર્થ; વર્તુલાકાર પદાર્થ. 2. Province. પ્રકરણ; વિષય. 3. Employment. કામ 4. Order of society; rank. પાયરી; દરજ્જો; ક્રમ. 5. Circuit of action; knowledge or influence. વિચાર-ધારણાનો વિસ્તાર-*vt.* To place in a sphere; to form into roundness. ગોળાકાર કરવું-બનાવવું [L. *sphaera,* a ball].

Spherical, *a.* (સ્ફે'રિકલ્) Round; globular. ગોળાકાર. 2. Relating to the heavenly orbs. આકાશમાંના ગોળા સંબંધી; ગ્રહ સંબંધી. 3. Pertaining to a sphere. ગોળા સંબંધી.

Sphericity, *n.* (સ્ફેરિ'સિટિ) Roundness. ગોળાઈ.

Spherics, *n.* (સ્ફે'રિક્સ્) The science of the properties and relations of the circles, figures and other magnitudes of a sphere, produced by planes, intersecting it. ગોળ વિદ્યા; ગોળ શાસ્ત્ર.

Spheriod, *n.* (સ્ફી'રૉઇડ્) A body nearly spherical. ગોળકલ્પ આકૃતિ; ઇંડા આકૃતિ; અંડાકાર. **Oblate S.** ચપટ ગોળ. **Prolate S.** લંબગોળ.

Spheroidal, *a.* (સ્ફીરૉ'ઇડલ્) Having the form of a spheroid. ગોળ કલ્પ; ગોળ સદૃશ, જેવું.

Spherule, *n.* (સ્ફે'રુલ્) A little sphere or spherical body. લઘુ ગોળ; નાનો ગોળો; ગોળી.

Sphinx, *n.* (સ્ફિન્ક્સ્) A monster, having the body of a lion, and face and breast of a woman. સિંહના જેવાં શરીરવાળો અને સ્ત્રીના જેવાં સ્તન અને ચહેરાવાળો એક જાતનો કલ્પિત રાક્ષસ.

Spice, *n.* (સ્પાઇસ્) A fragrant and aromatic vegetable production. ગરમ મસાલો; તેજાનો; મસાલાની ચીજ.-*vt.* To season with spice. મસાલો નાખવો; મસાલાદાર કરવું-બનાવવું. [*species,* a particular sort or kind.]

Spicery, *n.* (સ્પા'ઇસરિ) Spices in general. મસાલા માત્ર; તેજાનો; મસાલા. 2. Repository of spices. મસાલા રાખવાની જગા-વખાર.

Spick, *n.* (સ્પિક્) A nail; a spike. ખીલો. **Spick and span,** quite new. તદ્દન નવું; તાજું; કોરૂં કકડતું; નવું નકોર.

Spicular, *a.* (સ્પિ'ક્યુલર્) Having sharp points. અણીદાર; તીક્ષ્ણ; દાંતાવાળું.

Spiculate, *vt.* (સ્પિ'ક્યુલેટ) To sharpen to a point. અણીદાર કરવું; અણી કાઢવી.

Spicy, *a.* (સ્પા'ઇસિ) Fragrant; pungent. મસાલાદાર; તીખું; ઘમઘમાટ. 2. Abounding with spices. મસાલો પેદા કરતું; ઘણો મસાલો હોય તેવું મસાલેદાર.

Spider, *n.* (સ્પા'ઇડર્) An animal of many genera of the class Arachnida. કરોળીઓ. 2. Frying pan. એક પ્રકારનું તળવાનું વાસણ.

Spigot, *n.* (સ્પિ'ગૉટ્) A pin or peg used to close the opening in a cask. પીપનો દાટો; નાનો ખીલો.

Spike, *n.* (સ્પાઈક્) A large nail. એક જાતનો મોટો ખીલો. 2. A pointed pin of iron or wood. મેખ; આર; આરી. 3. An ear of corn. કણસલું; ડૂંડું. 4. A shoot. ફણગો.–*vt.* To fasten with spikes. ખીલા ઠોકી બેસાડવો; લાંબા ખીલા ઠોકી મજબુત કરવું. 2. To stop the vent of with a spike. લાંબો ખીલો મારીને જહોં બંધ કરવું. [L. *spica,* an ear of corn.]

Spiky, *a.* (સ્પા'ઇકિ) Having a sharp point or points. અણીદાર-વાળું; ધારદાર. 2. Like a spike. ખીલા જેવું.

Spile, *n.* (સ્પાઇલ્) A small peg or wooden pin, used to stop a hole. દાટો; પીપનો દાટો.

Spill, *n.* (સ્પિલ્) A spile. દાટો. 2. A little pin or bar of iron. નાની ટાંકણી; રેખ; ચુંક; ખીલી.

Spill, *vt.* (સ્પિલ્) To suffer to fall or run out of a vessel; to suffer to be scattered. ઢોળાવા દેવું; વેરાવા દેવું; વેરવું; ઢોળવું; પાડવું. 2. To shed. પાડવું; કાઢવું.-*vi.* To run over; to be shed. વેરાવું; ઢોળાવું.

Spin, *vt.* (સ્પિન્) To draw out and twist into threads. કાંતવું; સુતર કાઢવું; નો તાગડો-દોરો કાઢવો. 2. To whirl; to shape as metal. ફેરવવું;ચાક ઉપર ઉતારવું;ફરવું. **To spin a yarn,** to tell a long fabulous story. લાંબી જોડી કાઢેલી વાત કહેવી; ગપ્પાં હાંકવાં. **To spin street yarn,** ગપ્પાં મારતા ભટકતા ફરવું.-*vi.* To practise spinning. કાંતવું; રેંટીઓ ફેરવવો.

Spinal, *a.* (સ્પા'ઇનલ્) Pertaining to the backbone. બરડાની કરોડને લગતું; વાંસાની કરોડ સંબંધી.

Spindle, *n.* (સ્પિ'ન્ડલ્) An axis in a spinning machine to hold a bobbin; the long rod on which the thread is twisted. ત્રાક; તરાક.

Spindle-shanked, *a.* (સ્પિ'ન્ડલ્-શૅન્કડ્) Having long slender legs. પાતળા લાંબા પગવાળું.

Spine, *n.* (સ્પાઇન્) The back-bone of an animal. કરોડ; બરડાનું હાડકું. 2. A rigid, jointed, spike upon any part of an animal. પ્રાણીના શરીર ઉપરનો ઢેકો; ખાંધ. 3. A thorn. કાંટો. [L. *spina,* a thorn.]

Spinet, *n.* (સ્પિનિ'ટ્) A virginal. એક જાતનું વાજું.

Spinner, *n.* (સ્પિ'નર્) One who spins. કાંતનાર. 2. A spinning machine; spinning wheel. કાંતવાનો સંચો; રેંટીઓ. 3. A spider. કરોળીઓ.

Spinning, *a.&n.* (સ્પિ'નિંગ્) કાંતનારૂં; કાંતવું તે.

Spinning-jenny, *n.* (સ્પિ'નિંગ-જેનિ) A machine for spinning a number of threads simultaneously. કાંતવાનો સંચો.

Spinning-wheel, *n.* (સ્પિ'નિંગ-વ્હીલ્) A machine for spinning yarn. રેંટીઓ; ચરખો.

Spinosity, *n.* (સ્પાઇનૉ'સિટિ) The state of being thorny. કાંટાદારપણું.

Spinous; Spiny, *a.* (સ્પા'ઇનસ્; સ્પા'ઇનિ) Thorny. કાંટાવાળું; કાંટા જેવું.

Spinster, *n.* (સ્પિ'ન્સ્ટર્) A woman who spins. રેંટીઓ કાંતનારી બાયડી, બૈરી, સ્ત્રી. 2. A maiden; an unmarried woman. કુંવારી; નહિ પરણેલી બાયડી, સ્ત્રી.

Spiracle, *n.* (સ્પા'યૅરકલ્) A small aperture in animal or vegetable bodies, by which air or other fluid is exhaled or inhaled. નસકોરૂં; નાક; બાંકું; કાણું. [L. *spiro,* I breathe.]

Spiral, *a.* (સ્પા'ઇરલ્) Winding like a screw. પેચદાર; ઇસ્કુના જેવું; ભમરીઆ કુવા જેવું; વળદાર.

Spire, *n.* (સ્પાયર્) A coil; a winding like a screw. લપેટો; ગુંછળું; પેચ. 2. A shoot. ફણગો. 3. A steeple. શિખર; ટોચ; મથાળું; મોખરો; અણીવાળો મિનારો. *vi.* To shoot forth. ફણગા ફુટવા; ફાંટા ફુટવા. [L. *spira,* a coil.]

Spirit, *n.* (સ્પિ'રિટ્) Breath; life itself. પ્રાણ; જીવ; ચૈતન. 2. The soul. જીવાત્મા; આત્મા. 3. A ghost; a specter. પિશાચ; ભૂત; જીન. 4. Temper or disposition of mind. પ્રકૃતિ; મિજાજ. 5. Vigour of intellect. પાણી; હિંમત; હોંશ; ઉત્સાહ. 6. Essence. અર્ક; સત્વ. 7. Any liquid produced by distillation; alcohol. દારૂ. 8. Intent; real meaning. સારાંશ. 9. One who is active and lively. ચંચળ-ચકોર માણસ.-*vt.* To encourage; to excite. હિંમત આપવી; પાણી ચઢાવવું. **Holy Spirit**

or the Spirit, The Spirit of God or the third person of the Trinity; the Holy Ghost. પવિત્રાત્મા. **Animal spirits,** લોહીનું ચૈતન્ય; ખુશમિજાજ. [L. *spiro*, I breathe.]

Spirited, *a.* (સ્પિ'રિટિડ્)Animated; lively; bold;ardent;active. પાણીદાર;જુસ્સાદાર;હિમ્મતદાર.

Spirit-lamp, *n.* (સ્પિ'રિટ્-લૅમ્પ્) A lamp in which alcohol is burned. દારૂથી બળતો દીવો.

Spiritless, *a.* (સ્પિ'રિટ્-લિસ્) Destitute of spirits; dejected; wanting life. દમ, જોર હોંસ વગરનું; બેદિલ; ઉદાસ; હિંમત વગરનું;નિર્જીવ.

Spiritual, *a.* (સ્પિ'રિચ્યુઅલ્) Consisting of spirits; incorporeal. જીવરૂપી;પ્રાણરૂપી,આત્મરૂપી. 2. Mental; intellectual. માનસિક; બુદ્ધિનું. 3. Pure;holy. ધર્મસંબંધી; જ્ઞાનમાર્ગનું. 4. Ecclesiastical. ધર્મ સંબંધી; જ્ઞાનમાર્ગનું.5.Pertaining to the moral feelings or states of the soul. આત્મસંબંધી-વિષે; મનોભાવસંબંધી; આધ્યાત્મિક. **Spiritual father,** ધર્મપિતા. **Spiritual preceptor.** ઉપાધ્યાય; ગુરૂ.

Spiritualism, *n.*(સ્પિરિચ્યુઍ'લિઝમ્)State of being spiritual. ધાર્મિકપણું-હોવાપણું; આધ્યાત્મિકતા. 2.The rialism,doctrine in opposition to mate that all which exists is spirit or soul. સૃષ્ટિમાં આત્મા સિવાય બીજું કાંઇ નથી એવો મતવાદ; બ્રહ્મવાદ; ચૈતન્ય, આત્મવાદ. 3. A belief in the reception of communications from departed spirits, by means of physical phenomena. વિદેહી આત્મા આત્માનો સંબંધ રાખી કંઇ દૃષ્ય ચમત્કારો કરે છે એવો મત; પ્રેતાવાહનવિદ્યા, વાદ.

Spiritualist, *n.* (સ્પિ'રિચ્યુઅલિસ્ટ્) One who professes a regard for spiritual things only. ધર્મોપદેશક; ધર્માધ્યક્ષ. 2. One who maintains the doctrine of spiritualism. બ્રહ્મવાદી; આત્માવાદી. 3. One who believes in direct intercourse with departed spirits, through the agency of mediums. વિદેહી આત્માનો સંસર્ગ માનનાર; પ્રેત સંબંધવાદી, જ્ઞાની.

Spirituality, *n.* (સ્પિરિચ્યુઍ'લિટિ) State of being spiritual; that which belongs to the church. આત્મસ્વરૂપતા; અધ્યાત્મિકપણું; પરમાર્થનિષ્ઠા.

Spirituous, *a.*(સ્પિ'રિચ્યુઅસ્) Pure; immaterial. ચોકખું;કેવલ ચેતન;અશરીર. 2.Ardent; like spirit; alcoholic. તીવ્ર; જલદ; કેફ લાવનાર; નિશો ચઢાવનારૂં; તેજ. **Spirit:** Same as **spurt.**

Spiry, *a.*(સ્પા'યરિ)Of a spiral form;curled. પેચદાર; વળદાર; વાંકવાળું.

Spissitude, *n.* (સ્પિસિ'ટયુડ્) Thickness of soft substances; denseness. ઘટ્ટપણું; જાડાપણું; ઘટ્ટપણું.

Spit, *n.* (સ્પિટ્)A pointed iron bar on which meat is roasted. માંસ સેકવાનો લોઢાનો સળીઓ. *vt.* To put upon a spit. સેકવાના લોઢાના સળીઆ ઉપર ચઢાવવું.

Spit, *vt.* (સ્પિટ્) To eject saliva from the mouth. થુંકવું; કોગળો કરવો. 2.To eject or throw out with violence. કાઢી નાખવું; બહાર કાઢવું; ઓકવું.-*vi.* To throw out saliva from the mouth. થુંકવું;-*n.* Saliva. થુંક;લાળ;ગળફો;બળખો.

Spit-box; Spittoon, *n.* (સ્પિ'ટ્-બૉક્સ્; સ્પિ'ટ્ન) A vessel to receive spittle. થુંકદાની; પિચદાની.

Spite, *n.* (સ્પાઇટ્) Hatred;malice; grudge; contempt. ખાર; અંટસ; દ્વેષ; અદેખાઈ.-*vt.* To hate; to be angry at. ના ઉપર ગુસ્સે થવું; ક્રોધ ચઢવો. 2. To injure; to thwart. હેરાન કરવું; દુઃખી કરવું. **In spite of,** notwithstanding. છતાં પણ; તોપણ. **To owe one a spite.** ના ઉપર ખાર-અંટસ રાખવો.

Spiteful, *a.* (સ્પાઇ'ટ્ફુલ્) Filled with spite; malignant; malicious. ખારીલું; દ્વેષી; ખુનસી.

Spittle, *n.* (સ્પિ'ટલ્) Saliva. થુંક; લાળ. 2. A small spade. નાની કોદાળી.

Splash, *vt.* (સ્પ્લૅશ્)To spatter with water or with water and mud. પાણી-કાદવ વગેરેના છાંટા ઉડાડવા.-*vi.* To strike and dash about water. પાણી સાથે અફળાવું.-*n.* A noise made by striking upon or in a liquid. છાંટા ઉડાડવાથી થતો અવાજ; પલપલ; છબ; ધબ.

Splashy, *a.* (સ્પ્લૅ'શિ)Full of dirty water; wet and muddy. કાદવ-કચરાવાળું, પાણીવાળું; મેલું; ડહોળું.

Splay, *a.* (સ્પ્લે) Displayed; spread. ખુલ્લું કરેલું; પાથરેલું.-*n.* A slanted or sloped surface. ઢાળ પડતી સપાટી.

Splay-foot, *n.* (સ્પ્લે'-ફૂટ્)A flat foot. ચપટા તળીઆવાળો પગ.

Spleen, *n.* (સ્પ્લીન્)The milt. બરોળ;પાણથરી; તાપાતલ્લી. 2. Anger; melancholy. રોષ; ચીઢ; ચિત્ત ઉદાસ રહે તેવો રોગ. [L. *splen.*]

Spleeny, *a* (સ્પ્લી'નિ)Angry;peevish. ચીઢીયું.

Splendent, *a.* (સ્પ્લે'ન્ડન્ટ્) Illustrious; shining. ચળકતું; પ્રકાશિત;ચળકાટવાળું.[L. *splendeo*, I shine.]

Splendid, *a.* (સ્પ્લે'ન્ડિડ્) Showy; very bright; magnificent પ્રકાશિત; ઝગઝગતું;શોભીતું; ભપકાદાર; ચકચકિત. 2. Famous; illustrious. પ્રખ્યાત; નામીચું.

Splendidly, *adv.*(સ્પ્લે'ન્ડિડ્લિ)Magnificently. ભપકાબંધ રીતે.

Splendour, *n*.(સ્પ્લે'ન્ડર્)Great brightness; brilliancy; lustre; pomp. ચળકાટ;તેજ; ભપકો; શોભા; દમામ; પ્રકાશ.

Splenetic,*a*.(સ્પ્લીને'ટિક્) Peevish; spiteful. ચીઢિયું; ચીડખોર; રોષી.

Splice,*vt*.(સ્પ્લાઇસ્) To unite by interweaving the strands. સાંધવું; જોડવું; ગાંઠ દીધા વગર બાંધવું. *n*. The union of ropes. સાંધો.

Splint, Splinter, *n*. (સ્પ્લિન્ટ્, સ્પ્લિ'ન્ટર્) A piece split off.કામઠું; કામઠી;ફાટ–ચીર પાડેલો કકડો. 2. A thin piece of wood used to hold a broken bone when set.ભાંગેલું હાડકું બેસાડવાને વપરાતી લાકડાની ચીપટ-પાતળી કાપલી. *vt*. To fasten with splints. કામઠીથી બાંધવું. 2. To shiver. ફાડવું; ચીરવું.

Split, *vt*. (સ્પ્લિટ્) [*Imp*. & *p*. *p*. split.] To rive; to divide lengthwise;to cleave. ફાડવું; ચીરવું;નો ફાડો-ચીરો કરવો. 2. To burst. ફુટવું. *vi*. To part asunder.ચીરાવું;ફાટવું;ચીરો પડવો. 2. To break faith. વિશ્વાસનો ભંગ કરવો; દગો દેવો. 3. To separate into parties. તડ પાડવું; પક્ષ બંધાવા;ભાગલા પડવા.*n*.A crack;a breach; a rent. ફાટ;ચીરો; ફાટફુટ; તડ.

Splutter,*n*.(સ્પ્લ'ટર્) To speak hastily and confusedly.લપલપ બોલવું; ઝડપથી અસ્પષ્ટ બોલવું.

Spoil, *vt*.(સ્પૉઈલ્) To rob; to plunder.લુંટવું; છીનવી લેવું. 2.To take by force. ઝુંટાવી લેવું; ખુંચી લેવું; લુંટી લેવું. 3. To ruin; to corrupt; to destroy. નાશ કરવો; બગાડવું; ખરાબ કરવું. *vi*. To practise plunder or robbery. લુંટ કરવી;છીનવી લેવું.2. To decay.સડી જવું; બગડવું; ખરાબ થવું. *n*. Booty; pillage; plunder. લૂંટ; જબરાઈ; ચોરી; ધાડ; દરોડો.

Spoiler, *n*.(સ્પૉ'ઇલર્) A robber; a pillager. લુંટારો; ચોર; ઠેગો; ધાડપાડુ; બગાડનાર.

Spoke, [*Imp*. speak] *n* (સ્પોક્) One of the radial arms of a wheel.આરો; દાંતો; રવો. *vt*. To furnish with spokes. પૈડાને દાંતા-આરા બેસાડવા; ચક્રરના આરા કરવા To put a spoke in one's wheel=કોઈના કામમાં દખલ-વિઘ્ન કરવું; ખલેલ કરવી.

Spokesman, *n*. (સ્પો'કસ્મન્) One who speaks for another or others. કોઇની વતી બોલનાર; વક્તા; પ્રતિનિધિ.

Spoliate,*vt*. & *vi*. (સ્પો'લિએટ્) To plunder; destroy.લુંટવું,નાશ કરવો; ચોરી કરવી; છીનવી લેવું.

Spoliation, *n*. (સ્પોલિએ'શન્) The act of plundering; robbery. લુંટફાટ; લુંટવું તે; ચોરી. 2. Robbery in war. લડાઈમાં લુંટફાટ.

Spondaic, *a*. (સ્પૉન્ડે'ઇક્) Pertaining to a spondee.બે ગુરૂ અક્ષરના ગણ સંબંધી.2.Composed of spondees in excess. બે ગુરૂ અક્ષરનો ગણ વધારે હોય તેવું.

Spondee, *n*. (સ્પૉ'ન્ડી) A poetic foot of two long syllables. બે ગુરૂ અક્ષરનો ગણ. [L. *spondeus*.]

Spondyl, *n*. (સ્પૉ'ન્ડિલ) A joint of the back-bone. વાંસાના હાડકાનો સાંધો.

Sponge, *n*. (સ્પન્જ્) A porous marine substance which imbibes liquids. વાદળી. 2. A hanger-on. ખુશામત કરીને બીજાના રોટલા ખાનાર;આશ્રિત.3.An instrument for cleaning a cannon after a discharge. તોપ છોડયા પછી તેની નળી સાફ કરવાનો કુચડો.*vt*. To wipe out with a sponge; to efface. વાદળી વડે ધોવું-સાફ કરવું; લુસી નાખવું. *vi*. To suck in or imbibe as a sponge.ચુસી લેવું; પી જવું; શોષી લેવું; ધુતી ખાવું. [L. *spongia*.]

Sponge-cake, *n*. (સ્પ'ન્જ્-કેક્) A kind of sweet cake. પુડો; એક જાતની ગળી રોટલી.

Sponger, *n*. (સ્પ'ન્જર્) One who uses a sponge.વાદળીનો ઉપયોગ કરનાર; વાદળી લગાડનાર.

Spongy, *a*. (સ્પ'ન્જિ) Soft and full of cavities. વાદળી જેવું; પાણી ચુસે તેવું; વાદળી જેવું નરમ અને કાણાંવાળું.

Sponsal,*a*.(સ્પૉ'ન્સલ્)Relating to marriage. લગ્ન-વિવાહ સંબંધી. [L. *spondeo*, I betroth.]

Sponsion, *n*.(સ્પૉ'ન્શન્) Act of becoming surety for another. બીજાનો જામીન થવું તે.

Sponsor, *n*.(સ્પૉ'ન્સર્)A surety.જામીન;હામી. 2. A God-father or god-mother. ધર્મપિતા; ધર્મમાતા. [L. *spondeo*, I promise.]

Spontaneous, *a*.(સ્પૉન્ટે'નિયસ્)Voluntary; proceding from natural feeling. આપોઆપનું; સ્વાભાવિક; સહજ. 2.Produced without human labour; willing. વાવ્યા સિવાય ઉત્પન્ન થએલું; પોતાની મેળે થએલું; ખુશીથી. [L. *sponte*, of free will.]

Spontaneously, *adv*. (સ્પૉન્ટે'નિયસ્લિ) Of one's own accord. આપોઆપ; પોતાની ખુશીથી.

Spontoon, *n*. (સ્પૉન્ટૂ'ન્) A kind of half-pike. એક જાતનો અરધો ભાલો, ભાલું.

Spool, *n*. (સ્પૂલ્)A piece of cane or reed, with a knot at each end, or a hollow cylinder of wood with a ridge at each end, to wind thread or yarn upon. ફરકડી; ફિરકુ; ગરગડી.–*vt*. To wind on spools. ફીરકી પર લપેટવું-ચઢાવવું.

Spoom, *vi.* (સ્પૂમ્) To be driven steadily and swiftly, as before a strong wind. પવનથી-વાવાઝોડાથી ઘસડાઇ જવું.

Spoon, *n.* (સ્પૂન્) An instrument consisting of a small bowl with a handle. ચમચો; પળી.

Spoonful, *n* (સ્પૂ'ન્ફુલ્) The quantity which a spoon contains. ચમચામાં માય તેટલું; ચમચાપુર; ચમચો.

Spoony; **Spooney**, *a.* (સ્પૂ'ની) Weak-minded; silly; love-sick. નબળા મનનો; મૂર્ખ; કામાતુર; વિહ્વળ.

Sport, *n.* (સ્પૉર્ટ્) Game; play; pastime. ખેલ; રમત; ગમત; મઝા; ક્રીડા. 2. Diversion of the field. શિકાર; મૃગયા. 3. A toy. રમકડું. 4. Jest; mock. મશ્કરી; મજાક; ઠઠ્ઠો; હાસ્ય.-*vt.* To divert; to make merry. રમત-ગમત-હાસ્ય કરવું.-*vi.* To play. ગમત-મઝા-રમત કરવી. 2. To practise the diversions of the field. મૃગયા-શિકાર કરવા જવું. 3. To bring out in public. દેખાતા ફરવું.

Sportful, *a.* (સ્પૉ'ર્ટ્-ફુલ્) Full of sport; merry; froliesome; done in jest; playful. આનંદી; ગમતી; હસવા જેવું; ખુશમીજાજી

Sporting, *a.* (સ્પૉ'ર્ટિંગ્) Pertaining to a sport, or sports. શિકાર-રમત-ગમત સંબંધી-વિષે; રમતીયાળ.

Sportive, *a.* (સ્પૉ'ર્ટિવ્) Playful; merry; froliesome; gay. મોજી; ગમતી; રમતીયાળ; આનંદી.

Sportiveness, *n.* (સ્પૉ'ર્ટિવ્નિસ્) Playfulness. મોજીલાપણું; રમતીયાળપણું.

Sportsman, *n.* (સ્પૉ'ર્ટ્સ્મન્) One who pursues the sports of the field; one fond of hunting. પારધી; શિકારી; શિકાર, રમતગમતનો શૉખીન, માં હુશીયાર.

Spot, *n.* (સ્પૉટ્) A speck; a blot. ડાઘ; ડબકો; ચાંદું; ટપકું; ચાઠું; લાંછન; બિંદુ. 2. A small extent of space. જગા; સ્થળ; સ્થાન. 3. Blemish; disgrace. એબ; કલંક; લાંછન. *vt.* To mark; to stain. ડાઘ લગાડવો; ટપકું-છાંટા-ડાઘ પાડવો. 2. To blemish. ને એબ લગાડવી. **On the spot** = immediately before moving. ત્યાંના ત્યાંજ.

Spotless, *a.* (સ્પૉ'ટ્લિસ્) Without a spot; pure; immaculate. ડાઘ વગરનું; નિષ્કલંક; નિર્દોષ; પાક.

Spotted, *a* (સ્પૉ'ટિડ્) Marked with spots. છાંટ-ટપકાંવાળું; છુટુંછવાયું આવેલું.

Spotty *a.* (સ્પૉ'ટિ) Full of spots. ડાઘવાળું; દોષિત; કલંકિત.

Spousal, *a.* (સ્પા'ઉઝલ્) Matrimonial; nuptial. લગ્ન-વિવાહ સંબંધી; સાદી સંબંધી. *n.* Marriage. વિવાહ; લગ્ન; સાદી; પાણિગ્રહણ.

Spouse, *n.* (સ્પાઉઝ્) A married person; husband or wife. ધણી-ધણીઆણી; જોડું; વહુ કે વર; વધૂ; ભાર્યા. *vt.* To wed. પરણાવવું; લગ્ન-સાદી કરવી. [L. *sponsus*, to promise.]

Spout, *n.* (સ્પાઉટ્) A pipe; a tube for conducting a fluid. નળી; નાળચું; પરનાળ; ઝારી. *vt.* To throw out; to issue out of a narrow orifice. ફાગળો કરીને બહાર કાઢવું; ધાર ફુટી નીકળવી; સાંકડા મ્હોંમાંથી જોરથી નીકળવું.

Sprain, *vt.* (સ્પ્રેન્) To overstrain; to weaken by sudden and excessive exertion. મરડાવું; કરમોડાવું; મરડાઈ-લચકાઈ જાય તેવું કરવું; લચકાવવું. *n.* An excessive strain of the ligaments of the joints, without dislocation. મોચ; કરમોડ; લચક.

Sprawl, *vi.* (સ્પ્રૉલ્) To lie with limbs stretched out. લાંબા થઈને સુવું; હાથપગ પસારીને સુવું. 2. To spread irregularly. આમતેમ ફેલાવું. 3. To move when lying down. સુતાં સુતાં ચાલવું-ખસવું-ગબડવું.

Spray, *n.* (સ્પ્રે) A twig; a small shoot or branch. ડાળી; ફણગો.-*n.* Water flying in small drops or particles. વાછંટ; પાણીના ઉડતા છાંટા; વરાળનો ભભૂકો.

Spread, *vt.* (સ્પ્રેડ્) To extend in length and breadth. પાથરવું; વિસ્તારવું; પસારવું; લંબાવવું; ફેલાવવું. 2. To extend so as to cover something. કંઇપણ ઢંકાય તેવી રીતે પાથરવું-વિસ્તારવું. 3 To scatter. વેરવું-પાથરવું. 4. To publish. પ્રસિદ્ધ કરવું; બહાર પાડવું.-*vi.* To be stretched or extended. પ્રસરવું; ફેલાવું.-*n.* Extent; expansion. ફેલાવો; વિસ્તાર; પ્રસાર. 2. A coverlet. ચાદર; પાથરણું.

Spree, *n.* (સ્પ્રી) A merry frolic; a debauch. મઝા; મોજશોખ; ગમત; દારૂ પીવાની મઝા; પાનોત્સવ.

Sprig, *n.* (સ્પ્રિગ્) A small shoot or twig of a tree. ડાંખળી; નાની ડાળી; શાખા. 2. A youth; a lad. બાળક; છોકરું; બચ્ચું.

Spright, *n.* (સ્પ્રાઇટ્) A spirit; a soul. આત્મા; જીવ. 2. An apparition; a ghost. ભૂત; પ્રેત; પિશાચ.

Sprightly, *a.* (સ્પ્રા'ઇટ્લિ) Active; brisk; lively; merry. ચકોર; ચંચળ; મોજી; ઉલ્લાસી; આનંદી.

Spring, *vi.* (સ્પ્રિંગ્) To leap; to bound; to jump. કુદકો-છલંગ-ફલંગ મારવી; 2. To issue with speed and violence. જોરથી એકદમ નીકળવું. 3. To shoot up. ફુટી નીકળવું; ફુટવું. 4. To grow; to thrive. ઉગવું. 5. To result as from a cause, or motive. નીપજવું; ઝરી નીકળવું; જન્મ પામવું.-*vt.* To cause to spring up. કુદકો મરાવવો; ફુટવા દેવું; ઉગવા દેવું. 2. To

cause to explode. ફોડવું. 3. To bend by force. બળ કરીને જોરથી વાળવું. 4.To start or rouse (game). ચમકાવીને સંતાવાની જગામાંથી બહાર કાઢવું.-*n.* A jump; a leap.છલંગ; કુદકો; ઠેકડો. ફલંગ; કુદકારો. 2. A fountain. ઝરો; પાણીનો ઝરો; મુખ. 3. An elastic power or force. સ્થિતિસ્થાપકપણું-તા. 4. An elastic body. કોઇ પણ જાતનો સ્થિતિસ્થાપક પદાર્થ; કમાન; ચાંપ. 5. Cause; origin. હેતુ; મૂળ; ઉદ્ગમ. 6. The vernal season.વસંત;વસંત ઋતુ. **Spring tide**,વસંતકાળ,પૂર્ણિમાની ભારે ભરતી. **To spring in**, એકદમ ધસી આવવું.

Springe, *n.* (સ્પ્રિન્જ્) A noose; a snare. ફાંસો; જાળ.-*vi.* To catch in a springe. જાળમાં પકડવું; ફસાવવું.

Spring-head, *n.* (સ્પ્રિ'ન્ગ્હેડ્) A fountain or source. ઝરો; મૂળ; યોનિ; આદિકારણ.

Spring-tide, *n.* (સ્પ્રિં'ગ્ટાઇડ્)The time of spring. વસંતકાળ.

Springy, *a.* (સ્પ્રિ'ન્ગિ) Elastic; light.કમાન જેવું; સ્થિતિસ્થાપક; હલકું; 2. Wet; spongy. ભેજવાળું; ભીનું.

Sprinkle, *vt.*(સ્પ્રિ'ન્કલ્)To scatter in small drops or particles. છાંટવું. 2. To scatter on. ભભરાવવું; વેરવું. 3. To purify; to cleanse. સ્વચ્છ કરવું; શુદ્ધ કરવું; જળસંસ્કાર કરવો; જળ સિંચન કરવું.-*n.* A small quantity scattered. વિખરાએલો થોડો પદાર્થ. 2. A utensil for sprinkling. છાંટવાનું વાસણ; ઝારી.

Sprinkling, *n.*(સ્પ્રિ'ન્ક્લિંગ્)Act of scattering in small drops;a small quantity falling in distinct drops. ફરફર; છાંટવું-વેરવું તે;ઝરમર.

Sprite, *n.* (સ્પ્રાઇટ્) A spirit;an apparition ભૂત; પ્રેત.

Sprout, *vi.* (સ્પ્રાઉટ્) To shoot as the seed of a plant. ફુટવું; ફણગો ફુટવો. 2. To germinate. ના ફણગા-ફાંટા ફુટવા.-*n.* The shoot of a plant. ફણગો; ફાંટો; અંકુર; પિલો; સણગો.

Spruce, *n.* (સ્પ્રૂસ્) A large coniferous tree. એક જાતનું ઝાડ.-*a.* Neat, without dignity; trim. અલબેલું; ટાપટીપીયું; વરણાગીયું; ચંચળ.-*vi.* To dress one's self with affected neatness. ટાપટીપ કરવી.

Sprue, *n.* (સ્પ્રૂ) Tropical disease with ulcerated mouth etc. સંગ્રહણી; ગ્હોઢું આવી જવું; ઝાડા વગેરેનું દરદ.

Spry, *a.* (સ્પ્રાય્) Having great power of leaping or running; nimble. દોડવાની-કુદવાની ઝડપવાળું; ચાલાક.

Spud, *n.* (સ્પડ્) A sharp narrow spade. એક જાતની સાંકળી કોદાળી.

Spume, *n.* (સ્પ્યૂમ્) Frothy matter; foam; scum. ફીણ; ફેમ.

Spun.(સ્પન્)*Imp.& p.p.*of *spin*.કાંત્યું;કાંતેલું.

Spunge, *n.* (સ્પન્જ્) A sponge. વાદળી.

Spunk, *n.* (સ્પંક્) Wood that readily takes fire; touch-wood. સુકું-સડેલું લાકડું; જલદીથી સળગી ઉઠે તેવું લાકડું. 2. Spirit; pluck. પાણી; દમ; જુસ્સો; હિંમત.

Spur, *n.* (સ્પર્) An instrument, having a little wheel, with sharp points, worn on horseman's heels. એડી; એડ; ભમરેજ. 2. Incitement. ઉત્તેજન. 3. A brace; a strut. ટેકો; થાંભલો; લાકડાની કુંભી. 4. A mountain that shoots from any other mountain. પર્વતની શાખા-ફાંટો. 5 The hard, pointed projection on a cock's leg. મરઘાંની ધુંટી પાછળનો નખ. *vt.* To prick with spurs. એડ-એડી મારવી. 2. To incite; to instigate. ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; ઉશું કરવું. *vi.* To press forward. ઘોડાને એડી મારી આગળ ચલાવવો. **On the spur of the moment**, એકદમ.

Spurious, *a.* (સ્પ્યુ'રિઅસ્) False; not genuine; adulterate. ખોટું; બનાવટી; નકલી; તર્કટી. 2.Bastard.રાંડના પેટનું; હરામજાદું.[L. *spurius.*]

Spuriousness,*n.*(સ્પ્યુ'રિઅસ્નિસ્)Adulteration; falseness. નકલીપણું; તર્કટ; બનાવટ.

Spurn, *vt.* (સ્પર્ન્) To kick. લાત મારવી. 2. To hate; to treat with contempt. ધિક્કારવું; તિરસ્કાર કરવો; તરછોડી કાઢવું.-*vi.* To kick or toss up the heels. પગ ઉંચા કરવા-ઉછાળવા.-*n.* Contemptuous treatment. ધિક્કાર; તિરસ્કાર. 2. A kick. લાત.

Spurrier, *n.* (સ્પ'રિઅર્) One who makes spurs. એડી બનાવનાર.

Spurt, *vt.* (સ્પર્ટ્) To throw out as a liquid with force from a pipe. પિચકારી ઉડાડવી; જોરથી દદુડીની ધારે બહાર કાઢવું.-*vi.* To gush out in a stream. જોરથી બહાર નિકળવું. *n.* A jet; a small quick stream. ધાર; દદુડી; દદુડો. 2. A sudden exertion. એકદમ જાગૃત થઈને કરેલો પ્રયત્ન; ભભુકો. 3. A shoot. ફણગો.

Sputter, *vi.* (સ્પ'ટર્) To emit saliva from the mouth, as in rapid speaking. થુંક ઉડાડવું; લાળ પડવી. 2. To utter words hastily. તડ તડ બોલવું; બહુ ઉતાવળું બોલવું.-*n.* Saliva. થુંક; લાળ.

Sputum, *n.* (સ્પ્યુ'ટમ્) [*pl. sputa.*] Saliva; Spittle. થુંક; લાળ.

Spy, *n.* (સ્પાઇ) One who observes the conduct of the others. જાસુસ; ગુપ્તદૂત

ચાર; જાસુસ. 2. A scout. દૂત; જાસુસ; હેરૂ.-*vt.* To gain sight of; to see. જોવું; દેખવું. 2. To discover by close search. બારીક તપાસ કરી શોધી કાઢવું-જોઇ કાઢવું. 3. To examine secretly. બારીકાઇથી છુપી રીતે તપાસવું-તપાસ રાખવી. બારીક તપાસથી જોઇ કાઢવું-*vi.* To search narrowly. બારીકાઇથી તપાસ-શોધ કરવી. [L. *specio*, I see.]

Spy-glass, *n.*(સ્પા'ઈ-ગ્લાસ્)A small telescope. નાનું દુરબિન.

Squab, *a.* (સ્કવૉબ્) Thick; plump; fat. જાડું; માતેલું; કદાવર. 2. Unfeathered. પીછાં વિનાનું.-*n.* A young pigeon or dove. કબુતરનું તરતનું જન્મેલું બચ્ચું. 2. A person of short fat figure. ઠીંગણો, જાડો માણસ.

Squabby, *a.*(સ્કવૉ'બિ)Short and thick. જાડું.

Squabble, *n.*(સ્કવૉ'બલ્)A scuffle; a brawl; a wrangle. કજીઓ; તકરાર; ઝડાઝડી; રકઝક.-*vi.* To quarrel; to scuffle. લડાઇ-રકઝક-કજીઓ કરવો. 2. To debate peevishly. તકરાર-બોલાચાલી કરવી.-*vt.* To disarrange. અવ્યવસ્થિત કરવું.

Squad, *n.* (સ્કવૉડ્) A small party of men assembled for drill or inspection. કવાયત માટે ભેગી કરેલી ટુકડી. 2. Any small party. ન્હાની ટોળી. [L. *ex* & *quadra*, a square.]

Squadron, *n.* (સ્કવૉ'ડ્રન્) A square body of troops. ચોરસ આકારમાં ઉભી કરેલી લશ્કરની ટુકડી. 2. A body of cavalry. ઘોડે સ્વારની ટુકડી. [L. *quadra*, a square.]

Squalid, *a.* (સ્કવૉ'લિડ્) Filthy; foul. ગંદું; ગંધાતું;મેલું;કચરાવાળું.[L.*squalere*,to be dirty.]

Squall, *n.* (સ્કવૉલ)A loud scream or cry. ચીસ; બુમ. 2.A sudden gust of wind. પવનનો ઝપાટો-તોફાન;વંટોળીયો; વાવાઝોડું.-*vi.*To scream or cry violently બુમ-ચીસ પાડવી; બરાડા પાડવા.

Squally, *a.* (સ્કવૉ'લિ) Abounding with squalls. તોફાની; વાવંટોળીઆવાળું.

Squalor, *n.* (સ્કવૉ'લર્) Filthiness;foulness. ગંદવાડ; મલિનતા.

Squander, *vt.* (સ્કવૉ'ન્ડર્) To spend lavishly or profusely. લખલુટ ખરચ કરવો; ઉડાડી દેવું; ગુમાવવું; ખરચવું.

Squanderer, *n.* (સ્કવૉ'ન્ડરર્) One who squanders. છુટા હાથનો; લખલુટ ખરચ કરનાર; ઉડાઉ; ખરચાળ.

Square, *n.* (સ્કવેઅર્) A rectilineal figure, having four equal sides and four right angles. સમચોરસ; ચોખંડી આકૃતિ; ચોકડી. 2. An instrument used to lay out or test square work. કાટખુણો. 3. The area; four sides with houses on each side. ચોક; ચોગાન. 4. A square piece or fragment. ચોરસ કકડો. 5. The product of a number or quantity multiplied by itself. વર્ગ; દ્વિઘાત. 6. A square body of troops. ચોકડી, ચોરસ આકારમાં ઉભેલી લશ્કરની ટુકડી.-*a.* Having four equal sides and four right angles. સમચોરસ; ચોખંડું. 2. Forming a right angle. કાટખુણો બનાવતું. 3. True; just. સાચું; વ્યાજબી. 4, Fair; honest. ઠીક; સારૂં; પ્રમાણિક.-*vi.* To form with four equal sides and four right angles. ચોરસ, ચોખુણુ કરવું. 2. To multiply by itself. નો વર્ગ કરવો. 3. To make even. બરોબર કરવું; મેળવવું.-*vi.* To suit; to fit. ને બેસતું હોવું-થવું. **On or upon the square** honestly. પ્રમાણિકપણે; વાજબીપણે. **Square root,** વર્ગ મૂળ. **To be on the square with,** ની બરોબર થવું.-હોવું. **To square accounts**, હિસાબ પતાવવો. **To square one's shoulders**. ખભા ચઢાવવા. **To break no squares**. To give no offence. ને ખોટું-માઠું ન લગાડવું. **To be at square,** ની સાથે અણબનાવ-અણુરાગ હોવો. [L. *ex* & *quadrus*, a square.]

Squarrose, *a.* (સ્કવૉ'રોઝ્)Ragged; rough. ફાટુતુટું; ચીંથરેહાલ; ખરબચડું.

Squash, *vt.* (સ્કવૉશ) To crush;to shatter; to beat or press into pulp or a flat mass. કચરી નાખવું; છુંદવું; વાટીને લુગદી કરવી.-*n.*Something soft and easily crushed નરમ અને જલદી કચરાય તેવો પદાર્થ.

Squat, *vi.* (સ્કવૉટ) To sit down upon the heels. પલાંઠી વાળી, અધુકડા બેસવું.2. To sit close. સંકોચાઈ, લપાઇને બેસવું. 3.To settle on another's land without a title. પરાઈ જમીન પચાવી પાડવી.-*a.* Sitting on one's heels; sitting close to the ground. લપાઈ બેઠેલું; ચપટ. 2. Short and thick. ટુંકું અને જાડું -*n.*The posture of one that sits on his heels or close to the ground. પલાંઠી.

Squaw, *n.* (સ્કવૉ) A wife; a woman. સ્ત્રી; પત્ની; બૈરી; બાયડી.

Squeak, *vi.* (સ્ક્વીક) To utter a sharp, shrill cry. તીણો અવાજ કરવો-કાઢવો; ચૂંચૂં-ચીંચીં કરવી.-*n.* A sharp shrill sound. તીણો અવાજ; ચીચીઆરી; કીકીઆરી.

Squeal, *vi.* (સ્કવીલ્) To cry with a sharp, shrill, prolonged sound. લાંબો તીણો અવાજ કાઢવો-કરવો.-*n.* A shrill. લાંબો તીણો અવાજ.

Squeamish, *a.* (સ્ક્વી'મિશ્) Having a stomach that is easily turned. સ્હેજમાં ઉછાળો-ઉલટી આવે એવા પેટવાળું.2.Dainty; over-nice. સ્વાદિષ્ટ; મધુર; લહેજતદાર; ચાપચીપિયું; અતિ મુલાયમ.

Squeeze, *vt.* (સ્ક્વીઝ્) To press closely; to press between two bodies. નીચોવવું; બે પદાર્થની વચ્ચે દાબવું; દબાવવું. 2. To oppress with hardships, burdens and taxes. (ઉપર) જુલમ ગુજારવો. 3. To compress. પિલવું; નીચે દબાવીને કાઢવું.-*vi.* To pass by pressing. દાબવું; દબાઇ-ચંપાઇને જવું.

Squelch, *vi.* (સ્ક્વેલ્ચ્) To crush; to put down. કચરી નાંખવું; દાબી દેવું.

Squib, *n.* (સ્કિવબ્) A little pipe, filled with powder, or combustible matter. પલીનો ફટાકો; ફટાકીઓ; જામગીરી; ટેટો. 2.A sarcastic speech; a petty lampoon. નિંદાનું લખાણ. *vi.* To throw squibs. નિંદાનું લખાણ લખીને તકરાર કરવી.

Squill, *n.* (સ્કિવલ) The sea-onion used in medicine. રાની કાંદો, ડુંગળી.

Squint, *a.*(સ્કિવન્ટ) Looking obliquely or askance. ત્રાંસું;આડું;અવળું; ઢાળ પડતું;*vi.*To look obliquely. ત્રાંસું જોવું; આડું જોવું. 2. To slope. ઢાળ પડતું હોવું. *n.* The act or habit of squinting. ત્રાંસું-આડું આડું જોવાની ટેવ. *vt.* To turn to an oblique position.ત્રાંસુ જવું;આડું જોવું.

Squint-eyed, *a.* (સ્કિવ'ન્ટ-આઇડ્) Oblique; indirect. આડું; ત્રાંસું.

Squire, *n.* (સ્કવાયર્) A shield-bearer or armour-bearer, who attended a knight. "નાઇટ"ના ઈલ્કાબવાળા માણસની સાથે રહેનારો ઢાલ-બખ્તરવાળો માણસ. 2. A title of respect in addressing letters.શેઠ;મહેરબાન; ખાનસાહેબ ઇત્યાદિ ખેતાબ. *vt.* To attend as a squire. સ્કવાયર તરીકે સેવા કરવી. [L.*scutum*,a shield].

Squirrel, *n.* (સ્કિવરલ) A small rodent, having a bushy tail, and very nimble in running and leaping on trees.ખીસકોલી;ખલેરી.

Squirt, *vt.* (સ્કવર્ટ્) To eject or drive out of a narrow pipe in a stream. પીચકારી મારવી, છોડવી *vi.* To throw out liquid from a narrow pipe in a rapid stream. ન્હાની-ઉતાવળી દદુડી-ધાર નીકળવી. *n* An instrument with which a liquid is ejected in a stream with force.પીચકારી; ઉતાવળી દદુડી-ધાર.

Stab, *vt.* (સ્ટૅબ્) To pierce with a pointed weapon.ભોકવું;ઘોચવું; (કટારી) ઘોચી મારી નાખવું; ઘાયલ કરવું. 2 To impugn maliciously બખટ્ટો લગાડવો. *vi.* To give a wound with a pointed weapon. કટારીથી ઘા કરવો-ઘાયલ કરવું; અણીવાળા હથિયારથી ઘાયલ કરવું.*n.*The thrust of a pointed weapon. અણીવાળા હથિયારનો ઘા.2. An injury given in the dark છાનામાના કરેલું નુકસાન-ઘા.

Stabiliment, *n.* (સ્ટૅબિ'લિમન્ટ્) Firm support. પકકો આધારો-આધાર.[L. *stabilis*, stable.]

Stability, *n.* (સ્ટૅબિ'લિટિ) State of being stable or firm, immovability. મજબુતી; દ્દઢતા; સ્થિરતા. 2. Firmness of resolution or purpose. આગ્રહ; નિશ્ચય; દ્દઢતા.

Stable, *n.* (સ્ટે,'બલ્) A shed for beasts; a building with stalls for horses. તબેલો; ઠહેલું; ઘોડાર; ઘોડશાળ. *vt.* To put or keep in a stable. તબેલામાં મૂકવું-રાખવું.-*vi.* To dwell in a stable. તબેલામાં રહેવું.-*a.* Fixed; constant. કાયમ; સ્થાયી; અચળ. 2. Firm in resolution. આગ્રહી; નિશ્ચયી. 3. Durable. ટકાઉ; કાયમ. [L. *sto*, I stand]

Stack, *n.* (સ્ટૅક્) A large pile of hay, grain or straw. ઢગલો; ગંજી; ગંજ; ઓઘો; ઢગ. 2. The chimney of a locomotive. વરાળયંત્રનું ભૂંગળું.-*vt.* To make into a large pile. ખડકવું; ઢગલો-ગંજ-ઓઘો કરવો.

Stack yard, *n.* (સ્ટૅ'ક-યાર્ડ્) A yard for stacks of hay. ગંજી-ઓઘો ખડકવાનો વાડો.

Staddle, *n.* (સ્ટૅ'ડલ) Anything which serves for a support. સોટો; લાકડી; ઠુંઠું; ડાંગ. 2. The frame or support of a stalk of hay or grain. ઘાસની ગંજી ખડકવાનો ટેકો, ઘર.

Stadium, *n.* (સ્ટે'ડિઅમ્) [*pl. stadia*]. A Greek measure of length=606 ft. 9 in. ફરલાંગ જેટલું ગ્રીસ દેશનું લંબાઇનું માપ. 2. A race-course. શરતનું મેદાન.

Stadt-holder, *n.* (સ્ટૅ'ટ હોલ્ડર્) The chief magistrate of Holland. હૉલંડ દેશનો મુખ્ય ન્યાયાધીશ. Viceroy or lieutenant governor.

Staff, *n.* (સ્ટાફ્) A pole or stick. લાકડી; ડાંગ; દંડૂકો; સોટી. 2. A pole erected in a ship, to hoist a flag upon. વાવટો બનાવવાની લાકડી-વાંસ; વાવટો ચઢાવવાનો વાંસ. 3. A pole or stick, borne as an ensign of authority. રાજદંડ; છડી. 4. A corps of executive officers. કામદાર મંડળ. 5. An establishment of officers in various departments attached to an army. લશ્કરની ટુકડી કે લશ્કરના અંગના માણસો; સેનાપતિની હજુરનો કામદાર.**The staff of life**, bread. રોટલો; આજીવિકા.

Stag, *n.* (સ્ટૅગ્) A male red deer. સાબર; હરણ; કલિયાર. 2. A colt or filly. વછેરો; વછેરી.

Stage, *n.* (સ્ટે'જ્) Raised floor; an elevated platform. ઉંચી બેઠક સ્થાન. 2. A scaffold. પાલખ; ફાંસી દેવાનો માંચડો. 3. The theatre; drama. નાટકશાળા; નાટક; રંગભૂમિ. 4. The distance between two places of rest on a road. મજલ; ટપ્પો; ઇડમજલ. 5. A degree of advancement in any pursuit. અમુક હાલત સ્થિતિ. 6. A coach, that runs by stages. ડાગની ગાડી; ડાગડાઇ. 7. One of several marked phases or periods. ક્રમ; પાયરી; ભૂમિકા. **By full stage,** ભરમજલ. **Stage after stage.** મજલ દરમજલ; ક્રમેક્રમે. [L. *sto*, I stand.]

Stage-coach, *n.* (સ્ટે,'જ્-કોચ્) A coach that runs regularly from one stage to another. ડાગગાડી.

Stage-play, *n* (સ્ટે,'જ્-પ્લે) A dramatic or theatrical entertainment. નાટક; ખેલ.

Stage-player, *n.* (સ્ટે,'જ્-પ્લેઅર્) An actor on the stage. નાટકમાં વેષધારી; નટ; પાત્ર.

Stager, *n.* (સ્ટે,'જર્) A person of experience. જ્ઞાનવૃદ્ધ; અનુભવી; માહિતગાર.

Stagger, *vi.* (સ્ટૅ'ગર્) To reel; to cease to stand firm; to totter. લથડવું; ડોલવું; લથડીયાં ખાવાં; ડગવું; પાછું હઠવા માંડવું. 2. To hesitate. શકમાં પડવું; મનમાં શંકા લાવવી; ડગમગવું; આનાકાની કરવી.—*vt.* To cause to reel. ભમાવવું; લથડીયું ખવાડવું. 2. To cause to doubt. ઢચુપચુ· આનાકાની કરાવવી; શકમાં પાડવું.—°**er,** *n* લથડીયું, ધ્રાસ્કો ખવરાવનાર બનાવ, દલીલ, વગેરે.

Staggers, *n.* (સ્ટૅ'ગર્સ્) A disease of horses, attended by reeling. ઘોડાને થતું ફેફરૂં-વાયુનો રોગ.

Stagnant, *a.* (સ્ટૅ'ગ્નન્ટ્) Motionless; impure from want of motion; inactive. બંધિયાર; સ્થિર; મંદ; ધીમું; જડ; સુસ્ત. [L. *stagnum*, a piece of standing water.]

Stagnate, *vi.* (સ્ટૅગ્ને,'ટ) To be motionless; to cease to flow. સ્થિર રહેવું; વહેતું બંધ પડવું. 2 To become impure by want of motion. વહેતું, બંધ પડવાથી મલિન થવું. 3. To become dull or inactive. મંદ પડવું; બંધ પડવું; ધીમું પડવું. *a* Stagnant. સ્થિર; મલિન; મેલું. [L. *stagnura*, a piece of standing water.]

Stagnation, *n.* (સ્ટૅગ્ને,'શન્) Condition of being stagnant. વહેતું બંધ પડવું તે. 2 State of being dull. મંદતા; મંદપણું.

Staid, (સ્ટે,'ડ્) [*Imp.* & *p.p.* of stay.] થોભ્યું; રહ્યું; થોભેલું; રહેલું. *a.* Sober; grave. શાન્ત; ગંભીરતાવાળું; ઠાવકું; પુખ્ત.

Stain, *vt.* (સ્ટે,ન્) To blot; to spot. ડાઘ પાડવો; ડબકા પાડવા. 2. To colour; to dye. રંગ દેવો; રંગવું. 3. To impress with figures. ફુલ વગેરેની આકૃતિ છાપવી. 4. To spot with guilt or infamy. ને બટ્ટો-કલંક-એબ-લાંછન લગાડવું. *n.* A blot; a spot. ડાઘ; ડબકો; ચાંદુ. 2. Infamy; disgrace. એબ; બટ્ટો; કલંક; લાંછન. 3 Cause of reproach. શરમ; કલંક-બટ્ટાનું કારણ.

Stainless, *a.* (સ્ટે,'ન્લેસ્) Spotless; free from stain. ડાઘ વગરનું; ચોકખું; શુદ્ધ; નિષ્કલંક; નિર્દોષ.

Stair, *n.* (સ્ટેઅર્) One step of a series, for passing to different level. પગથિયું. 2. A series of steps. સીડી; દાદર; નિસરણી. **Below stairs,** નીચે; હેઠળ **Upstairs,** ઉપર; મેડે.

Stair-case, *n.* (સ્ટે'અર્-કે,સ્) A flight of stairs, with their supporting frame-work સીડી; દાદર.

Stake, *n.* (સ્ટે,ક) A small piece of wood, sharpened at one end. મેખ; ખીલો; અણીવાળી લાકડી-ખુંટી-ખીંટી; અડું. 2. A wager; a pledge. શરત-હોડમાં મૂકેલી વસ્તુ. 3. Martyrdom by fire. ધર્મને માટે અગ્નિમાં પ્રાણભોગ. 4. The piece of timber, to which a martyr was affixed while he was burning. પોતાના મત સારૂ જીવ આપનારને, સત્યાગ્રહીને બાળી મૂકવા બાંધવામાં આવતું લાકડું; દાહસ્તંભ. *vt.* To fasten to support or defend with stakes. લાકડી-ખીંટીને આધારે ઉભું કરવું-રાખવું 2. To wager. હોડ-શરતમાં મૂકવું; શરત બકવી. **At stake,** In danger. ભયમાં; જોખમમાં.

Stale, *a.* (સ્ટે,લ્) Vapid or tasteless from age. ટાઢું; વાસી; જુનું; બેસ્વાદ. 2. Decayed; worn out. સડી ગએલું; બગડી ગએલું.—*vt.* To make vapid or tasteless. ટાઢું-વાસી કરવું.—*n.* That which is worn out. ઘણા વખત સુધી પડી રહેલો પદાર્થ-વસ્તુ. **Stale-diamond.** લાંબા વખત સુધી નહિ કરેલી માગણી.

Stalk, *n.* (સ્ટૉક્) A stem or main axis of a plant. સાંઠો; રાડું; થડ.—*vi.* To walk with high and proud steps. મોટા ડોળથી છાતી કાઢી ચાલવું; મોટી ફલંગે ચાલવું.—*vt.* To approach stealthily. ચોરીથી પાસે જવું; ધીમે ધીમે, સાવચેતીથી જવું.

Stalking-horse, *n.* (સ્ટૉ'કિંગ્-હૉર્સ્) A horse, behind which, a fowler conceals himself, from the sight of the game, which he is aiming to kill; a mere pretext. પક્ષીનો શિકાર કરવા માટે, પારધીએ પોતાને સંતાઈ રહેવા કરેલો ઘોડો; બ્હાનું; મુશવટો.

Stall, *n.* (સ્ટૉલ્) A station; a stand. થોભવાની-ઉભા રહેવાની જગા. 2. A small shed

for merchandise. માલ વેચવાનો નાનો માંડવો-દુકાન. 3. A stable; a place for cattle. કુહોડ; ગાય-ઢોર બાંધવાની જગા. 4. A reserved seat in a theatre. નાટકમાં રાખી મૂકેલી જગા. *vt.* To put in a stall or stable. તબેલામાં બાંધવું-મૂકવું.

Stallage, *n.* (સ્ટૉ'લિજ્) Right of erecting stalls. દુકાન બાંધવાનો હક. 2. Rent paid for a stall. દુકાનનું ભાડું.

Stallion, *n.* (સ્ટૅ'લ્યન્) A horse not castracted.વાલી ઘોડો;તુખમ વધારવાને રાખેલો ઘોડો

Stalwart, *a.* (સ્ટૉ'લ્વર્ટ્) Stout; bold; brave. બહાદુર; જોરાવર; મજબુત; જુસ્સાદાર.

Stamen, *n.* (સ્ટૅ',મેન્) A thread. દોરો; તાંતણો. 2. The male organ of flowers. પુંકેસર; કેસર; ફુલોની અંદરના દોરા; ફુલમાં નરતંતુ. [*stamen*, a warp]

Stamina, *n. pl.* (સ્ટૅ'મિના) The fixed, firm part of a body; whatever constitutes the principal strength or support. દમ; કસ; આધાર; પાણી; બળહેતુ; જીવ; જોર; તાકાત.

Stammer, *vi.* (સ્ટૅ'મર્)To hesitate or falter in speaking. તોતડું-બોબડું બોલવું; અટકીને બોલવું; જીભ અટકવી.-*vt.* To utter or pronounce with hesitation. તોતડું બોલવું.-*n.* Defective utterance. તોતડું બોલવું, ફેંફેં તે.

Stamp, *vt.* (સ્ટૅમ્પ્) To strike or press forcibly with the bottom of the foot. પગ ઠોકવો; ચગદી નાખવું; પગ પછાડવો.2.To impress with some mark or figure.સિક્કો-બિમ્બ-છાપ પાડવી. 3. To coin; to fix deeply. સિક્કો પાડવો. 4. To impress; to imprint. મહોર પાડવી. 5. To stamp on as for postage. ટપાલની ટીકીટ ચોડવી.-*vi.* To strike the foot forcibly downward. જોરથી પગ પછાડવો-ઠોકવો.-*n.* An act of stamping. પ્રહાર; લાત; પગ પછાડવો તે. 2. An instrument for making impressions on other bodies. મહોર; છાપ; સિક્કો. 3. Mark made by stamping;impression. પડેલી-પાડેલી છાપ-મુદ્રા-સિક્કો.4.A stamped or printed device, issued by the government. સરકારી ટીકીટ; સ્ટૅમ્પનો કાગળ; છાપનો કાગળ. 5. An official mark. સરકારી છાપ; મહોર; સિક્કો. 6. A character or reputation. ગુણ; કીર્તિ; આબરૂ. 7. Form. ઘાટ; આકાર. 8. An instrument for cutting out materials into various forms. અમુક આકારમાં કોઇપણ પદાર્થ કાપવાનું ઓજાર-હથિયાર **Stamp Act.** સ્ટૅમ્પનો કાયદો.

Stanch, *vt.* (સ્ટૅન્ચ્) To stop the flowing of blood. અટકાવવું; બંધ પાડવું.-*vi.* To cease to flow. થોભવું; બંધ પડવું.-*a.* Strong and tight; firm.મજબુત;નક્કર;સંગીન;કઠણ.2.Hearty; steady. ખરૂં; દૃઢ; આગ્રહી; ડગે નહિ તેવું; સ્થિર.

Stand,*vi.*(સ્ટૅન્ડ્)To rest on the feet,neither lying nor sitting.ઉભું રહેવું-હોવું.2.To last; to be permanent;to endure.ટકવું;જાથુ રહેવું-હોવું.3. To be fixed or steady.કાયમ-સ્થિર-દૃઢ રહેવું.4. To maintain one's ground.નીભવું;ટક્કર ઝીલવી; ઉભી આબરૂએ રહેવું. 5. To stop;to cease from progress. અટકવું; આગળ નહિ વધવું; થોભવું 6. To be situated or located. આવેલું હોવું; આવી રહેવું.7.To be.થવું; હોવું. 8. To stagnate. સ્થિર થઈ જવું. 9. To offer one's self as a candidate. ઉમેદવાર થવું, હોવું. *vt.* To endure; to bear. ટકવું; નભવું; ખમવું; ઉભું રહેવું. 2. To withstand. સામા થવું;બચાવ કરવો. 3. To wait. થોભવું; રાહ જોવી. *n.* A place where one stands. ઉભા રહેવાની જગા. 2. A station for carriages. ગાડીને ઉભી રહેવાની-થોભવાની જગા-સ્થળ-સ્થાન.3.An act of opposing;resistance. સામા થવું તે; ટક્કર; સામો ટકાવ. 4. Something on which a thing rests.કોઇ પણ વસ્તુ મૂકવાને આસન. **To stand by,** to be near; to defend; to support.પાસે, જોડે હોવું;રક્ષણ-બચાવ કરવો; મદદ આપવી; ટેકો આપવો. **To stand for,** To be in the place of. ની જગા લેવી; ઉમેદવાર તરીકે બહાર પડવું.**To stand with,** મળતું આવવું. **To stand out,** To project, to persist in opposition or resistance.બહાર પડવું-નીકળવું; ટક્કર ઝીલવી લેવી. **To stand to,** To remain fixed. પકડી રહેવું; વળગ્યા રહેવું.**To stand fire.** To receive the fire of arms from an enemy without giving way. ડગ્યા વગર શત્રુનો દારૂ ગોળીનો માર ખમવો. **To be at a stand,**To be perplexed. મુંઝાઇ જવું; સ્થિર, ગતિ વિનાના હોવું **To make a stand,** to halt. ઉભા રહેવું; સ્તબ્ધ થવું. **To stand a trial.**પોતાના ઉપર કામ ચાલવા દેવું [L. *sto*, I stand.]

Standard, *n.* (સ્ટૅન્ડર્ડ્) A flag;an ensign; a banner. વાવટો; ઝુંડો; નિશાન; ધ્વજ. 2. That which is established as a rule or model. પ્રમાણ; ધોરણ. 3. A specimen weight or measure, sanctioned by the government. સરકારે નક્કી કરેલું તોલ અથવા માપનું પ્રમાણ. 4. The proportion of weight of fine metal and alloy, established by authority. ચલણના સિક્કામાં સરકારે નક્કી કરેલી મિશ્ર ધાતુ. *a.*

Having a fixed or permanent value. પ્રમાણભૂત; આધારભૂત; વજનદાર.

Standard-bearer, *n.* (સ્ટૅ'ન્ડર્ડ-બેઅર્) A officer who bears a standard. વાવટો-નિશાન ઝુંડો ઉંચકનાર.

Standing, *a.* (સ્ટૅ'ન્ડિંગ્) Established by law; settled. કાયમ; ચાલુ; સ્થાયી; રૂઢ. 2. Stagnant. સ્થિર; બાંધ્યું. 3. Fixed; not movable. કાયમ; ખસેડાય નહિ એવું. 4. Remaining erect. ઉભું; કાપી નહિં નાખ્યું હોય તેવું; ઉભું રહેલું.-*n.* The act of stopping or coming to a stand. ઉભું હોવું તે; ઉભું રહેવું તે. 2. Rank; condition in society. હાલત; સ્થિતિ; દરજ્જો; માન; પ્રતિષ્ઠા. 3. Duration. કાળ; અવધિ; મુદત.

Standish, *n.* (સ્ટૅ'ન્ડિશ્) A stand or case for pen and ink. કલમદાન; દવાત, કલમ મૂકવાનું ખાનું.

Stand-point, *n.* (સ્ટૅ'ન્ડ-પૉઇન્ટ્) A fixed point or station; a basis or fundamental principle. કાયમ જગા; નજર; દૃષ્ટિ; વિચાર; સમજ.

Stand-still, *n.* (સ્ટૅ'ન્ડ-સ્ટિલ્) A stop. અટકવું તે; ગતિસ્થંભ.

Stannary, *a.* (સ્ટૅ'નરિ) Of or pertaining to tin-mines. કલાઈની ખાણ સંબંધી-વિષે-નું.-*n.* A tin-mine or tin works કલાઇની ખાણ-કારખાનું.

Stannic, *a.* (સ્ટૅ'નિક્) Of or pertaining to or obtained from tin. કલાઈસંબંધી-વિષે-નું.

Stanza, *n.* (સ્ટૅ'ન્ઝા) A verse. શ્લોક; કડવું; બહુપદી છંદ; કવિતાની કડી, પારા.

Staple, *n.* (સ્ટે,'પલ્) A settled mart or market. બજાર; વેપારનું મથક. 2. Raw material. કાચો માલ. 3 The thread of wool or cotton. તાણો; દોરો. 4. A loop of metal. લોઢાનો મરડેલો નકુચો. 5. A principal commodity or production of a country. કોઇપણ દેશનો, વેપારનો મુખ્ય માલ.-*a.* Chief; principal. ઘોરી; મુખ્ય. 2. Pertaining to commodities. માલ-વેપારની જણસસંબંધી. 3. Fit to be sold. વેચવા લાયક.

Star, *n.* (સ્ટાર્) One of the innumerable luminous bodies seen in the heavens. તારો. 2. An asterisk [thus *]. ફુદડી; ફટોરી; તારા જેવી આવી * નિશાની. 3. A person of brilliant and attractive qualities. ગુણવાળો દીપે એવો પુરૂષ; હીરો; મણિ. 4. A planet. ગ્રહ; તારો. [L. *stella*, a star.]

Star-board, *n.* (સ્ટા'ર્-બોર્ડ્) The right hand side of a ship, to a person looking forward. વહાણમાં આગળ નજર કરનારની જમણી બાજુ.

Starch, *n.* (સ્ટાર્ચ્) A substance used to stiffen cloth. કાંજી; ખેર; આર; 2. Rigidness. અતડાપણું; અતડાઇ. *a.* Stiff. અક્કડ; અતડું. *vt.* To stiffen with starch. આર ભરવો; ખેળ નાખવી; કાંજી પાવી

Starched, *a.* (સ્ટા'ર્ચ્ડ્) Stiffened with starch. આર દીધેલું-ચઢાવેલું. 2. Formal. અક્કડ; અતડું.

Starchy, *a.* (સ્ટા'ર્ચિ) Stiff; precise. અક્કડ; ચિપાસિયું; ચોકસ.

Stare, *vi.* (સ્ટેઅર્) To look with fixed eyes wide open. તાકીને જોઇ રહેવું; તાકવું. *vt.* To gaze at; to look earnestly at. સામું ટગર ટગર જોવું-જોઇ રહેવું *n.* The act of staring; gaze. સ્થિર દૃષ્ટિ-નજર; તાકીને જોવું તે.

Star-gazer *n* (સ્ટા'ર્-ગે,ઝર્) An astronomer. જોષી; શુકન જોનાર; ભવિષ્ય જોનાર.

Stark, *a.* (સ્ટાર્ક્) Stiff; strong. અક્કડ; મજબુત. 2. Mere, sheer. કેવળ; ફક્ત. 3. Severe. સખ્ત. *adv.* Entirely; wholly. સાફ; તદન; બિલકુલ; ઠીક.

Starry, *a.* (સ્ટા'રિ) Abounding with stars. તારાવાળું; તારાથી ભરપૂર; તારાથી શોભિત. 2. Resembling stars. તારાના જેવું-મળતું; પ્રકાશિત.

Start, *vi.* (સ્ટાર્ટ્) To set out; To shrink. ઉપડવું; નીકળવું; ચમકવું.-*vt.* To alarm; to rouse. ભડકાવવું; ચમકાવવું. 2 To bring into a sudden spring or motion. એકદમ ઉઠાડવું; ઉભું કરવું; ચલાવવું. 3. To invent. શોધી કાઢવું, આણવું.-*n.* A sudden fit. ચમક; ઝપાટો. 2. The outset. શરૂઆત; મંડાણ. **To start after,** ની પાછળ પડવું. **To start against,** ની સામા ઉમેદવાર થવું. **To start up,** ઝબકી-ચમકી ઉઠવું; એકદમ નજરે ચઢવું-પડવું.

Startle, *vi.* (સ્ટા'ર્ટલ્) To shrink; to move suddenly, on feeling a sudden alarm. ચમકવું; ભડકવું; એકદમ પાછા હઠવું.-*vt.* To surprise; to alarm. ચમકાવવું; ભડકાવવું; આશ્ચર્ય પમાડવું.-*n.* A sudden motion or shock. ઝબક; ચમક.

Start-up, *n.* (સ્ટા'ર્ટ-અપ્) An upstart. નવો શ્રીમંત; ચઢતી; આજકાલનો; નવોસવો; અલેલ ખલેલ.

Starvation, *n.* (સ્ટાર્વે,'શન્) State of being starved. ભૂખે મરવું તે; ઉપવાસ; ભૂખમરો; અનાહાર.

Starve, *vi.* (સ્ટાર્વ્) To perish or die with cold. ટાઢથી મરી જવું; મરવું; પ્રાણ છોડવા. 2. To perish with hunger. ભૂખથી મરી જવું; ભૂખે મરવું; ખાવા પીવા ન મળવું.-*vt.* To kill with hunger. ભૂખે મારી નાખવું; નિર્બળ-કમ જોર કરવું.

Starveling, *a.* (સ્ટા'ર્વ્લિંગ્) Hungry; lean. ભૂખ્યું; નિર્બળ; કમજોર -*n.* An animal or plant made thin. પાતળું-નિર્બળ પ્રાણી; ચીમળાએલો છોડ.

State, *n.* (સ્ટે,ટ્) Estate; possession. જાગીર; રાજ્ય; સંસ્થાન. 2. Condition or rank. પદ્વી; દરજ્જો; મરતબો. 3. Dignity; pomp. ઠાઠ; ડોળ.

4. Circumstances or condition of a being or a thing, at any given time. દશા; હાલત; સ્થિતિ; હાલ; અવસ્થા. 5. Republic. પ્રજાસત્તાક રાજ્ય; પ્રજાગણ રાજ્ય. 6. A nation. પ્રજા. 7. A community of a particular character. મંડળ; સભા. 8. The bodies, constituting the legislature of a country. ધારાસભા; કાયદા કરનાર મંડળ. 9. Condition of prosperity. આબાદાની; આબાદ સ્થિતિ.–*a.* Pertaining to the government or the public affairs of a state. સરકારી.–*vt.* To narrate; to express in words. કહેવું; વર્ણવવું;બોલવું;વિગતવાર કહેવું; હકીકત કહેવી; બ્યાન કરવું; નિવેદન કરવું. **State prison,** public prison. સાર્વજનિક કેદખાનું. **State affairs,** રાજકાર્ય. [L. *status*, a standing position.]

State-craft, *n.* (સ્ટે,'ટ-ક્રૅફ્ટ્)State management. રાજ ચલાવવાની યુક્તિ-કળા-કૌશલ્ય-પ્રપંચ; રાજનીતિ.

Stated, *a.* (સ્ટે',ટિડ્) Settled; established. નિમેલું; મુકરર કરેલું; ઠરાવેલું; અમુક. 2. Occurring at regular times. અમુક વખતે થતું; વખતસર.

Stately, *a.* (સ્ટે',ટ્લિ) Majestic; grand; lofty. ભવ્ય; દમામદાર; ઠાઠવાળું; પ્રૌઢ; મોટું; ડોળવાળું.

Statement, *n.* (સ્ટે',ટમૅન્ટ્) Act of stating; reciting or presenting, verbally or on paper. વર્ણવવું તે; નિવેદન; હકીકત; હેવાલ; વર્ણન.

Statesman, *n.* (સ્ટેટ્,'સ્મન્) A politician; one skilled in the art of government. રાજમંત્રી; રાજનીતિમાં કુશળ પુરૂષ.

Statesmanship, *n.* (સ્ટે,'ટસ્મન્શિપ્) The qualifications or employments of a statesman. રાજકૌશલ્ય; રાજદરબારી કામ; કારભાર.

Statics, *n.* (સ્ટૅ'ટિક્સ્) That branch of mechanics, which treats of the equilibrium of forces, or relates to bodies as held at rest by the forces acting on them. ગુરૂત્વવિદ્યા.

Station, *n.* (સ્ટે,'શન્) A stand. મુકામ; સ્થાન; સ્થળ; મુકામની જગા. 2. A place on a railway where trains make halt. આગગાડીને ઉભા રહેવાની જગા;સ્ટેશન. 3. The head-quarters of the police force of any precinct. ચોકી; ગેટ; ચબુતરો. 4. Assigned post. નીમેલું ઠામ; હોદ્દો; ગેટ; ચબુતરો. 5. Rank; condition of life. પદ્દવી; દરજ્જો; હાલત. 6. Position. સ્થિતિ; સ્થાન.-*vt.* To place; to set. મૂકવું; બેસાડવું; રાખવું; નીમવું. [L. *sto*, I stand.]

Stationary, *a.* (સ્ટે,'શનરિ) Fixed; not moving; stable. કાયમ; સ્થિર; અચળ; હાલે નહિ તેવું. 2. Not improving; not growing wiser. હોય તેવું ને તેવું, કાયમ.

Stationer, *n.* (સ્ટે,'શનર્) One who sells paper, pens and other furniture for writing. કાગદી; કાગળ, કલમ; ખડીયા વગેરે લખવાનો સામાન વેચનાર.

Stationery, *n.*(સ્ટે,'શનરિ) The articles sold by stationers. કાગળ,કલમ વગેરે લખવાનો સામાન.-*a.* Belonging to a stationer. કાગળ, કલમ વગેરે વેચનારસંબંધી.

Statist, *n.*(સ્ટે,'ટિસ્ટ્)A statesman. રાજનીતિમાં કુશળ પુરૂષ.

Statistics, *n.* (સ્ટૅટિ'સ્ટિક્સ્) A collection of facts, respecting the state of society and the civil condition of people. દેશસ્થિતિ વિષેની હકીકતનો સંગ્રહ; આંકડા; ગણતરી 2. The science, concerning the classification of such facts. દેશસ્થિતિવિદ્યા.

Statuary, *n.*(સ્ટૅ'ચ્યુઅરિ)The art of carving statues or images. પુતળાં કોતરવાની કળા; બાવલું કોતરવાની કળા. 2. One who practices the art of carving images. પુતળું કોતરનાર; મૂર્તિકાર-કોતરનાર. [L. *statua*, statue.]

Statue, *n.*(સ્ટૅ'ચ્યુ)An image. બાવલું;મૂર્તિ,પુતળું.

Stature, *n.*(સ્ટૅ'ચ્યર્)The natural height of an animal body. શરીરની ઉંચાઇ-કદ-કાઠું. [L. *statura*, an upright posture.]

Status, *n.* (સ્ટે,'ટસ્) Condition; state; rank. હાલત; સ્થિતિ; દશા; દરજ્જો; પદ્દવી; મરતબો. [L. *status*.]

Statute, *n.*(સ્ટૅ'ચ્યુટ્) A law enacted by a legislature. લેખિત કાયદો; ધારો; કાનુન.

Statutory, *a.* (સ્ટૅ'ચ્યુટરિ) Enacted by a statue; depending on a statute for its authority. કાયદા પ્રમાણે થએલું;કાયદાનું;નિયમ સ્થાપિત.

Stave, *n.* (સ્ટે,વ્) A thin narrow pieceo f wood of which casks are made. સાંકડું-પાતળું પીપ બનાવવાનું પાટીયું; પાતળી લાકડાની ચીપ. 2. A verse; a stanza. પદ; કડવું; કડી.–*vt.* To burst; to break a hole in. ફોડવું; નાકું-છિદ્ર પાડવું; માં શાર પાડવો. 2. To push as with a staff. આગળ ધકેલવું; વેગળું-દૂર કરવું.

Stay, *vi.* (સ્ટે.) To stop; to stand still. અટકવું; ઠરવું; ઉભા રહેવું. 2. To wait; to attend. વાટ-રાહ જોવી. 3. To dwell; to tarry. મુકામવાસ કરવો; વાર લગાડવી. 4. To continue in a state. અમુક સ્થિતિમાં રહેવું.-*vt.* To withhold; to restrain. અટકાવવું; પકડી રાખવું;ઉભું રાખવું; થંભાવવું. 2. To wait for. ને માટે રાહ-વાટ જોવી; થોભવું; ઉભા રહેવું. 3. To obstruct, અ-

કાવવું; રોકવું; ખાળવું. 4. To prop. ટેકો દેવો; ટેકવી રાખવું. 5. To stop from motion or falling. અટકે-બંધ પડે તેમ કરવું.-*n.* Abode for a time. મુકામ; વાસ. 2. Support. ટેકો; આધાર. 3. *pl.* A bodice; a corset. કાંચળી; ચોળી; કાપડું; કબજો. 4. A strong rope employed to support a mast. વહાણના ડોળને ટેકવી રાખવાને મજબુત દોરડું.

Stead, *n.* (સ્ટેડ્) Place; room. જગા; ઠેકાણું. 2. The place or room which another, had, has or might have. બીજાની જગ્યા-ઠેકાણું. 3. A bedstead. ખાટલો; પલંગ. **In stead of,** in place of. ને બદલે-ઠેકાણે. **To stand in stead,** to be of use. ઉપયોગી-ફાયદા કારક હોવું-થવું.

Steadfast, *a.* (સ્ટેડ્-ફાસ્ટ્) Firmly fixed; firm; resolute. દૃઢ; અચળ; ડગે નહિ એવું; સજ્જડ.

Steadfastly, *adv.* (સ્ટેડ્-ફાસ્ટ્લિ) Firmly. દૃઢતાથી; આગ્રહથી.

Steadily, *adv.* (સ્ટે'ડિલિ) In a steady manner. દૃઢતાથી; નિશ્ચયથી.

Steady, *a.* (સ્ટે'ડિ) Firm; fixed. સજ્જડ; અચળ; દૃઢ. 2. Constant; regular. એકધોરણી; નિરંતર; એકસરખું; પાયાદાર. 3. Constant in feeling. ડગે-હચે નહિ એવું; દૃઢ. *vt.* To support; to hold or keep firm. ઠેરવી રાખવું; સ્થિર રાખવું; દૃઢ રાખવું. *vt.* To be firm. સ્થિર; અચળ-દૃઢ થવું.

Steal, *vt.* (સ્ટીલ્) To take without right or leave; to take away secretly, or silently. ચોરવું; ચોરી લઇ જવું; ચોરી કરવી; હરવું; છાનામાના ચોરીથી લઈ જવું. 2. To accomplish in a concealed manner. ગુપ્ત રીતે કે છાનામાના ચોરીથી કરવું.-*vi.* To practise theft ચોરી કરવી; તસ્કરવું; ચોરીથી જતા રહેવું-આવવું. **To steal a march,** ધાપ મારવી; આગળ થઇ જવું.

Stealing; Stealth, *n.* (સ્ટી'લિંગ; સ્ટેલ્થ) Theft; the act of stealing. ચોરી; ચોરી કરવી તે. 2. The thing stolen. ચોરાએલી વસ્તુ.

Stealthy, *a.* (સ્ટે'લ્થી) Done by stealth; secret; private. ચોરીથી કરેલું; છુપું; છાનું; ખાનગી; ગુપ્ત; ચોરીનું.

Steam, *n.* (સ્ટીમ્) The vapour of water; visible vapour. વરાળ; બાફ; બાષ્પ.-*vi.* To rise or pass off in vapour. બાફ-વરાળ છૂટવી-નીકળવી.-*vt.* To emit steam or vapour. વરાળ બહાર કાઢવી. 2. To move or travel by the agency of steam. વરાળની સહાયથી ચાલવું. 3. To apply steam. વરાળનો બાફ દેવો; વરાળથી ગરમ કરવું.

Steam-boat, *n.* (સ્ટી'મ-બોટ્) A boat, propelled by steam. આગબોટ; વરાળથીચાલતું વહાણ.

Steam-engine, *n.* (સ્ટી'મ્-એન્જીન્) An engine moved by steam. વરાળયંત્ર; બાષ્પયંત્ર.

Steamer, *n.* (સ્ટી'મર્) A vessel propelled by steam. આગબોટ. 2. A steam-engine. વરાળયંત્ર.

Steam-tug *n.* (સ્ટી'મ્-ટગ્) A steam-vessel used in towing ships. ગ્રાઝ ખેંચવાની આગબોટ.

Steamy, *a.* (સ્ટી'મિ) Full of steam. વરાળથી ભરેલું. 2. Resembling steam. વરાળ બાફ જેવું-વાળું.

Steed, *n.* (સ્ટીડ્) A horse, esp. a spirited horse for state or war. લડાયક ઘોડો; પાણીવાળો ઘોડો.

Steel, *n.* (સ્ટીલ્) Iron combined with a small portion of carbon. પોલાદ; ગજવેલ. 2. An instrument made of steel. પોલાદનું બનાવેલું હથિયાર-ઓજાર-શસ્ત્ર. (તરવાર; કટાર વગેરે) 3. Extreme hardness. સખતપણું; કઠિનતા.-*vt.* To overlay, point or edge with steel; to harden. ઉપર પોલાદ ચઢાવવું; કઠણ કરવું.

Steel-yard, *n.* (સ્ટી'લ્-યાર્ડ્) An implement for weighing. કંપાણ.

Steep, *a.* (સ્ટીપ્) Precipitous; elevated. ઉભા ચડાવવાળું; ઉભું; ઘણુંજ ઉંચું.-*n.* A precipitous place. ઉભો ચઢાવ-ટેકરો.-*vt.* To soak in a liquid. ઝબોળવું; પલાળવું; બોળવું; ભીંજવવું.

Steeple, *n.* (સ્ટી'પલ્) A tower or turret of a church. શિખર; મિનારો; ખ્રિસ્તી દેવળનો અણિવાળો મિનારો; કંગુરો.

Steer, *n.* (સ્ટીર્) A young male of the bovine genus. વાછડો; ગોધો.-*vt.* To castrate. ખસી કરવી.

Steer, *vt.* (સ્ટીર્) To direct the course of; to guide; to control. હંકારવું; ચલાવવું; રસ્તો લેવો; પકડવો.-*vi.* To direct a vessel in its course. વહાણ ચલાવવું. 2. To conduct one's self. વર્તવું; ચાલવું. 3. To be directed or governed. હંકાવું; ચાલવું.

Steersman, *n.* (સ્ટીર્સમૅન્) The helmsman of a ship. સુકાની; સુકાન ફેરવનાર.

Stellar, *a.* (સ્ટે'લર્) Starry; full of stars. તારાથી ભરપૂર-ભરેલું. 2. Pertaining to the stars. તારાસંબંધી-વિષે-નું.

Stellate, *a.* (સ્ટે'લેટ્) Resembling a star; arranged in the form of a star. તારા જેવું; તારાના આકારમાં ગોઠવેલું.

Stem, *n.* (સ્ટેમ્) The main stock; the main body of a tree. થડ; ઝાડનો મુખ્ય ભાગ; ડીંચકું. 2. The stock of a family; progeny. સંતતિ;

પ્રજા; વંશ; થડ. 3. The forward part of a vessel. વહાણનો મોખરાનો ભાગ.4.The leading position.અગ્રેસરપણું.-*vt.*To oppose; to check. સામા થવું; ની ગતિ અટકાવવી. 2. To remove the stems from. નાં થડ કાપી- ઉખેડી નાખવાં. 3. To resist; to make progress against as a current. સામે પાણીએ જવું; સામા થવું; પાણી વહેતું બંધ રાખવું.

Stench,*n.*(સ્ટેન્શ)A bad smell;an offensive smell. દુર્ગંધ; બદબો.

Stencil,*n.*(સ્ટે'ન્સિલ્)A thin plate of metal, used in painting, marking etc. ચિતારા- છિપા વગેરેનું બીબું.

Stenography, *n.* (સ્ટીનૉ'ગ્રફી) The art of writing in short-hand. ટુંકમાં લખવાની કળા; લઘુલીપી.[Gr.*stenos*,narrow,& *grapho*,I write.]

Stentorian, *a.* (સ્ટેન્ટો'રિઅન્) Extremely loud; able to utter a very loud sound મોટા અવાજ-ઘાંટાવાળું.

Step, *vi.* (સ્ટેપ્) To move the foot slowly. કદમ-ડગલું ભરવું.2.To walk a little distance. ચાલવું. 3. To advance. આગળ જવું.-*vt.* To set as the foot. ચાલવું; પગ મૂકવો.-*n.* A pace; a gait. કદમ; ડગલું. 2. A footprint. પગની નિશાની; પગલું. 3. A stair. દાદર; સીડી; નિસરણી. 4. The space passed by the foot in walking or running. બે પગલાં વચ્ચેનું અંતર; ડગલું. 5. One remove in ascending or decending. પગથિયું. **Step by step,** પગલે પગલે **To step in or into,** અંદર જવું. **To step aside,**જરા બાજુએ જવું;ખસી જવું. **To step off.** પગલાંથી માપવું-ભરવું. **To take step,**to take action.ઉપાય-ઈલાજ કરવો.

Step-brother, *n.* (સ્ટે'પ્-બ્રધર્) A brother by a marriage of one's father with the mother of another, or of one's mother with the father of another.ઓરમાન-સાવકો ભાઇ.

Step-daughter,*n* (સ્ટે'પ્-ડૉટર્)A daughter of one's wife or husband by a former marriage. સ્ત્રીની અથવા ધણીની પહેલા લગ્નની, આંગળીયાત છોકરી.

Step-father, *n.* (સ્ટે'પ્-ફાધર્) A man married to one's mother after the death of one's own father. ઓરમાન-સાવકો બાપ.

Step-mother,*n.*(સ્ટે'પ્-મધર્) The wife of one's father by a subsequent marriage. સાવકી-ઓરમાન મા.

Stepping-stone, *n.* (સ્ટે'પિંગ્-સ્ટોન્) A raised stone to keep the feet above the water or mud. પગથીયું. 2. A means of progress.પાયરી-વૃદ્ધિનું સાધન; પ્રથમ પગથિયું.

Step-son, *n.* (સ્ટે'પ્-સન્) A son of one's husband or wife by a former marriage. ઓરમાન-સાવકો છોકરો.

Stere, *n.* (સ્ટર્)The metric unit for solid measure. મેટ્રીકસીસ્ટમ્ પ્રમાણે ઘનમાપ.

Stereoscope,*n.*(સ્ટે'રીઓસ્કો,પ્) An optical instrument for viewing small pictures.ચિત્રને આબેહુબ જોવાનું બે નળીવાળું એક દર્શકયંત્ર. [Gr. *stereos*, firm, & *skopeo*, I look at.].

Stereotype, *n.* (સ્ટે'રીઓટાઇપ્) A plate of fixed or solid metallic types for printing books. ચોપડીઓ છાપવાનાં બીબાંનાં પતરાં.*vt.*To make the stereotype plates for. ચોપડીઓ છાપવાનાં બીબાંના પતરાં બનાવવાં. [Gr. *stereos* firm & *tupos*, type.]

Sterile, *a.* (સ્ટે'રાઈલ્) Unfruitful; barren. ફળ નહિ આપે એવું; ઉજ્જડ; વેરાન; અફળ. 2. Producing no young. વાંઝણી; વંધ્યા. [L. *sterilis*, barren.]

Sterility,*n.* (સ્ટરિ'લિટિ) Barrenness. ઉજ્જડ- પણું. 2. Unproductiveness. વાંઝીયાપણું.

Sterling, *n.* (સ્ટ'ર્લિંગ્) An English coin of value. અંગ્રેજી સિક્કાનું નામ.-*a.* Belonging to the British coinage. અંગ્રેજી નાણાનું-સંબંધી 2. Pure; genuine. ચોકખું; સિક્કાઈ; શુદ્ધ; ખરૂં.

Stern, *a.* (સ્ટર્ન્) Severe of manner; harsh; austere. સખત; આકરૂં; કરડું; કઠોર; અતિ દૃઢ. *n.*The hind part of a ship or vessel.વહાણ નાવનો પાછલો ભાગ. 2. A rudder. સુકાન.

Sternum, *n.* (સ્ટ'ર્નમ્) The breast-bone. છાતીનું ચપટું, વચલું હાડકું.

Sternutation, *n.* (સ્ટર્ન્યુટે,'શન્) The act of sneezing. છીંક; છીંકવું તે. [L. *sternuto*, I sneeze.]

Stern-way, *n.*(સ્ટ'ર્ન્-વે,) The movement of a ship backward. વહાણનું પાછું ફરવું તે.

Stertorous, *a.* (સ્ટ'ર્ટરસ્) Snoring; hoarsely breathing. ઘોરવું; નસ્કોરાં બોલાવવું. [L. *sterteo*, I snore.]

Stethoscope, *n.* (સ્ટે'થોસ્કો,પ્) An instrument for ascertaining the state of the chest and lungs. છાતી તપાસવાની ડાકટરની ભુંગળી. [Gr.*stethos*,the chest & *skopein*,to examine.]

Steve,*vt.* (સ્ટીવ્) To stow in a ship's hold. વહાણમાં મૂકવું-ગોઠવવું-ખડકવું.

Stevedore, *n.* (સ્ટી'વીડોર્) One who loads and unloads vessels in a port. વહાણમાં માલ લઈ જનાર-બહાર કાઢનાર મજુર.

Steven, *n.* (સ્ટે'વન્) Speech; voice. સાદ; અવાજ. 2. A loud call. મોટો ઘાંટો-અવાજ. **To set steven,** વાયદો કરવો.

Stew, *vt.* (સ્ટ્યુ) To boil slowly; to seethe. ધીમે તાપે ઉકાળવું; સીઝવવું.–*vi.* To be cooked or seethed. ધીમે તાપે ઉકળવું; સીઝવું.–*n.* A house for baking. ધીમે તાપે પકવવાની જગા. 2. A brothel. છિનાળખાનું; વેશ્યાવાડો. 3. The meat stewed. ધીમે તાપે સીજવેલું ભોજન. 4. The state of excitement. ગભરાટ; મુંઝવણ.

Steward, *n.* (સ્ટ્યુ'અડ્) One employed to manage domestic concerns. ઘરનો કારભારી; વહીવટ કરનાર. 2. A person employed in a hotel or on board a ship, હૉટલ-વીશી-વહાણ વગેરેમાં રસોડાની દેખરેખ રાખનાર માણસ.

Stewardship, *n.* (સ્ટ્યુ'અડ્-શિપ્) The office of a steward. કારભારીપણું; વહીવટદારી.

Stick, *n.* (સ્ટિક્) A rod; a staff. લાકડી; સોટી; ડાંગ; 2. A thrust; a stab. ગોદો; મચકો.–*vt.* To pierce; to cause to enter. ગોદો મારવો; ઘોંચવું. 2. To attach by causing to adhere to the surface. ચોટવું; વળગાડવું; ચોટાડવું. 3. To kill by piercing. ઘોંચીને-ખોસીને મારી નાખવું.–*vi.* To adhere. ચોંટવું; વળગી રહેવું. 2. To stop; to hesitate. અટકવું; ગુંચવાવું. 3. To cling. વળગી, ચોંટી રહેવું. **To stick at**, આનાકાની કરવી; ગુંચવાવું. **To cut one's stick**, to run away. નહાસી જવું. **To stick to**, દૃઢ-મજબુત થવું; પકડી રહેવું. **To stick out**, બહાર નિકળવું.

Stickle, *vi.* (સ્ટિ'કલ્) To take part with one side. એકનો પક્ષ પકડવો-ઝાલવો. 2. To contend pertinaciously on insufficient grounds. ખોટી તકરાર-જક કરવી. 3. To stand for one's rights. પોતાના હકને માટે લડવું.

Stickler, *n.* (સ્ટિ'કલર્) An umpire; a contender. પંચ; મધ્યસ્થ; ખોટી તકરાર કરનાર; ચીંકણો; ચપચપીયો.

Sticky, *a.* (સ્ટિ'કી) Adhesive; viscous; inclined to stick. ચીકણું; ચીકટ.

Stiff, *a.* (સ્ટિફ્) Inflexible; not easily bent. મરડાય-વળે નહિ એવું; અક્કડ; કઠણ; ચીકણું. 2. Stubborn; obstinate. હઠીલું; અતડું; જક્કી; દુરાગ્રહી. 3. Thick and tenacious. જાડું, રગડ જેવું. 4. Violent. જોરનું; ભારે. 5. Affected; formal in manner. ઢોંગી; અક્કડપણાવાળું. [L. *stipes*, a stem.]

Stiffen, *vt.* (સ્ટિ'ફન્) To make stiff. અક્કડ-કઠણ-વળે નહિ એવું કરવું; ઘટ કરવું.–*vi.* To become stiff. ટાટ થવું; જાડું કઠણ-અક્કડ થવું.

Stiff-necked, *a.* (સ્ટિ'ફ્-નેક્ડ્) Stubborn, unyielding. હઠીલું; નમે નહિ તેવું; જક્કી.

Stiff-ness, *n.* (સ્ટિ'ફ્-નિસ્) The quality or state of being stiff. હઠીલાઇ; કઠણતા; ઘટ્ટપણું,

Stifle, *vt.* (સ્ટા'ઇફલ્) To suffocate; to choke. શ્વાસ રોકવો-ગુંગળાવવું; ગુંગળાવી નાખવું. 2. To extinguish; to quench. હોલવવું; બુઝવવું. 3. To conceal; to destroy. છુપાવવું; સંતાડવું; છાનું રાખવું; ઉડાવવું.–*vi.* To die by reason of the obstruction of the breath. ગુંગળાવાથી-શ્વાસ બંધ પડવાથી મરી જવું.

Stigma, *n.* (સ્ટિ'ગ્મા) A mark with a burning iron; a brand. ડામ. 2. Any mark of infamy. લાંછન; કલંક. 3. A red speck on the skin. લાખું; ચામડી પરનું લાલ ચાઠું. 4. A small spot. છિદ્ર; બાંકું,

Stigmatize, *vt.* (સ્ટિ'ગ્મટાઈઝ્) To mark with a brand. ડામ દેવો. 2. To set a mark of disgrace on. બટ્ટો એબ-કલંક લગાડવું.

Stile, *n.* (સ્ટાઈલ્) A step or set of steps for passing a fence or wall. વાડ કે કોટ ઉપરથી જવા આવવાનાં પગથિયાં.

Stilletto, *n.* (સ્ટિલે'ટો) A small dagger with a pointed blade. અણીદાર કટારી.–*vt.* To pierce with a stilletto. અણીદાર કટારી ભોંકી મારી નાખવું.

Still, *a.* (સ્ટિલ્) Silent; calm. શાન્ત; ચુપ; છાનું. 2. Quiet; motionless. સ્થિર; ગતિ વિનાનું; શાન્ત.–*n.* Silence; freedom from noise. ચુપકી; સ્થિરતા; શાન્તિ. 2. A boiler used in the distillation of liquors; a distillery. દારૂ ગાળવાની ભઠ્ઠી-યંત્ર -*vt.* To silence; to make quiet. છાનું રાખવું; ઠંડું પાડવું; શાંત રાખવું-પાડવું-કરવું -*adv.* To this time. હજી, હજુ સુધી-લગી; આ વખત સુધી. 2. Always; ever. હંમેશાં; નિરંતર. 3. Notwithstanding. તેમ છતાં પણ; છતાં પણ. 4. By an additional degree. તોએ; હજીપણ વધારે; જેમ જેમ. 5. Nevertheless. તથાપિ. 6. After that. તે પછી. **Still and anon** = વારંવાર.

Still-born, *a.* (સ્ટિ'લ-બૉર્ન્) Dead at the birth. પેટમાંજ મરણ પામી નીકળેલું; મુએલું જન્મેલું.

Stillness, *n.* (સ્ટિ'લ્નિસ્) Silence, quietness. ચુપકી; શાન્તપણું.

Stilt, *n.* (સ્ટિલ્ટ્) A piece of wood constructed to raise the foot above the ground in walking. ચાલતાં પગ ઉંચો રાખવાને ખોભણવાળી લાકડી-ઘોડી; કાખ લાકડી. *vt.* To raise on stilts; to elevate.

Stilted, *a.* (સ્ટિ'લ્ટિડ્) Artificially elevated; pompous. ઉંચું; ડોળવાળું.

Stimulant, *a.* (સ્ટિ'મ્યુલન્ટ્) Serving to stimulate. ચેતન આણે તેવું; ઉત્તેજક; હોંશ-જોમ

આણે તેવું.—*n.* That which stimulates. ઉત્તેજક પદાર્થ-વસ્તુ; ઉદ્દીપક ઓસડ.

Stimulate, *vt.* (સ્ટિ'મ્યુલેટ્) To excite, rouse, or animate to action. ઉશ્કેરવું; ઉલટ-ઉત્તેજન આપવું; ચેતનમાં આણવું; ઉદ્દીપ્ત કરવું. [L. *stimulare,* to goad.]

Stimulation, Stimulus, *n.* (સ્ટિમ્યુલે,'શન્-સ્ટિ'મ્યુલસ્) The act of exciting; something that rouses the mind or spirits. હોશ-ચેતન જાગૃતિ આણે તેવી વસ્તુ; ઉત્તેજન.

Sting, *n.* (સ્ટિંગ્) A sharp-pointed, poison-bearing weapon in the head or hinder part of the body of certain insects and animals. કાંટો.2.The thrust of a sting into the flesh. ડંખ મારવો તે; ચટકો 3. Sarcastic saying. મર્મવાક્ય; મહેણું-*vt.* To pierce with a sting. ડંખ મારવો.

Stinginess, *n.* (સ્ટિ'ન્જીનિસ્) The quality or state of being stingy. કંજુસપણું; બખીલાઈ; મખ્ખીચુસપણું.

Stingy, *a.* (સ્ટિ'ન્જિ) Stinging. ડંખતું; ડંખ મારતું; દંશતું.2.Extremely covetous; niggardly. મખ્ખીચુસ; કંજુસ; બખીલ.

Stink, *vi* (સ્ટિંક્) To emit an offensive smell. ગંધ આવવી-મારવી; બદબો નીકળવી.—*n.* A strong smell. ગંધ; બદબો.

Stinkard, *n.* (સ્ટિં'ન્કર્ડ્) A mean, paltry fellow. નીચ-પાજી માણસ.

Stint, *vt.* (સ્ટિન્ટ્) To confine; to bound; to limit. પૂરવું; હદ બાંધવી.*n.* Limit; bound. હદ, મર્યાદા; સંકોચ. 2. Proportion allotted. નસીબમાં આવેલો ભાગ.

Stipend, *n.* (સ્ટા'યપેન્ડ) Settled pay or compensation for services. પગાર; મુસારો; નિમણુક. [L. *stipis,* a gift & *pendo,* I weigh.]

Stipendiary, *a.* (સ્ટાયપે'ન્ડિઅરિ) Receiving wages or salary. પગારી; પગાર લેનાર-લેતું. *n.* One who receives a stipend. પગાર-બદલો લઇ નોકરી કરનાર.

Stipple, *vt.* (સ્ટિ'પલ) To engrave by means of dots. ટપકાં ટપકાં કરી કોતરવું-નકશી કરવી.*n.* A mode of engraving in dots. ટપકાંવાળું નકશી કામ-કોતર કામ.

Stipulate, *vi* (સ્ટિ'પ્યુલેટ્) To contract; to bargain. સરત-ઠરાવ-કરાર-બોલી કરવી. [L *stipulus,* fast.]

Stipulation, *n* (સ્ટિપ્યુલે,'શન્) An agreement, a contracting or bargaining. બોલી; સરત; કરાર; ઠરાવ. 2. Bargain, સાટું.

Stir, *vt* (સ્ટર્) To agitate; to move. હલાવવું; ખળભળાવવું; ક્ષોભ ઉત્પન્ન કરવો. 2. To change the place of in any manner. ચલાવવું; ફેરવવું; હલાવવું. 3. To bring into debate. ચર્ચામાં ઉતારવું; ઉભું કરવું.4. To prompt; to instigate. ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; જાગૃત કરવું.*vi.* To move one's self; to be in motion. ખસવું; હાલવું; ચાલવું. *n.* Tumult; agitation. હાલચાલ; ગડબડાટ; ધામધુમ.

Stirk, *n.* (સ્ટર્ક્) A young ox or heifer. વછેરો; વછેરી.

Stirring, *a.* (સ્ટ'રિંગ્) Active in business; active. ચપળ; ચકોર; ધમાધમતું.

Stirrup, *n.* (સ્ટિ'રપ્) An iron ring for a horseman's foot. પિગડું; ઘોડાના જીનનું પિગડું-પેગડું.

Stitch, *n.* (સ્ટિચ્) A single pass of a needle in sewing. ટાંકો; શિવણ; ઓટણ; બખીઓ.2. A furrow. ખોભણ; ખાંચ. 3.A twist. વળ; આમળો. *vt.* To form stitches in. બખીઓ દેવો-મારવો. 2. To sew or unite together. ઓટવું; સીવવું; સાંધવું. *vi.* To practise stitching. સીવવું; ઓટવું; ટાંકો મારવો.

Stithy, *n.* (સ્ટિ'થિ) An anvil. એરણ, 2. A smith's shop. લુહારની દુકાન-કોઢ.

Stock, *n.* (સ્ટૉક્) The trunk of a tree or a plant. ઝાડ-છોડનું થડ. 2. A post. થંભ; થાંભલો; કુળી.3.A stem or branch in which a graft is inserted. જે ઉપર કલમ કરવામાં આવે છે તે થડ-ડાળી. 4. A senseless person. બુડથલ; જડ બુદ્ધિનો માણસ. 5. Family; race. વંશ; કુળ; ઓલાદ; કુટુંબ. 6. Capital. ભંડોળ; થાપણ; પુંજી; સિલક; મુડી.7.Domestic animals; cattle. ઢોરઢાંખર; ઢોર-પ્રાણીઓ. 8. The wood to which the barrel of musket is fixed. કુંદો; ડીમચું. 9. *pl.* A frame for punishment. હેડ. 10. The original progenitor. મૂળ પુરૂષ; આદિ પુરૂષ. 11. Store; raw material; supply provided. જથો; વેચવાની ચીજો; વખાર; ભંડાર; કોઠાર. 12. Broth. માંસની કઢી; સેરવો.—*vt.* To lay up. ભરી મુકવું.—*a.* Standing. ચાલતું; જ્યારે ખપ પડે ત્યારે લેવાતું. **Dead stock,** The implements of husbandry and produce stored up for use. ખેતીવાડીના ઓજારો અને ઉપયોગ માટે ભેગી કરી મૂકેલી પેદાશ. **Stock company,** An incorporated company, the capital of which is represented by marketable shares. સ્ટૉક કંપની; નોંધાવેલી કંપની. **To take stock,** સિલક તપાસવી; નોંધ-ટીપ કરવી; કુલ ગણતરી કરવી. **To take stock in,** To accept as truth. સાચું માનવું; માં વિશ્વાસ હોવો-રાખવો.

Stockade, *n.* (સ્ટૉકે,'ડ્) An inclosure or pen made with posts and stakes. લાકડાંકોટ

સ્તંભાવળી; રક્ષણને માટે કરેલો લાકડાનો કોટ.-*vt.* To surround or fortify with posts fixed in the ground. થાંભલાનો ફરતો કોટ બાંધવો; લાકડાની વાડ-કોટ કરવો.

Stock-blind, *a.* (સ્ટૉ'ક્-બ્લાઈન્ડ) Blind as a stock. તદ્દન આંધળું; સંપૂર્ણ આંધળું.

Stock-exchange, *n.* (સ્ટૉ'ક્-એક્સ્ચેન્જ્) Stock-market.શેરબજાર;શેરની લેવડદેવડની જગા,2. An association or body of stock-brokers.શેરના દલાલોની મંડળી.

Stock-holder,*n.*(સ્ટૉ'ક્-હોલ્ડર્)A proprietor of stock in the public funds. જેની પાસે શેર કે લોન હોય તે, શેરનો ભાગીદાર.

Stocking, *n.* (સ્ટૉ'કિંગ્) A close-fitting covering for the foot and leg, પગનું મોજું.

Stock-jobber, *n.* (સ્ટૉ'ક્-જૉબર્) One who speculates in stocks for gain.શેરનો સટ્ટો કરનાર.

Stock-still, *a.* (સ્ટૉક્-સ્ટિ'લ્) Still as a fixed post. લાકડા જેવો સ્થિર; થાંભલા જેવો.

Stoic, *n.* (સ્ટો'ઇક્) A disciple of the philosopher Zeno. ઝેનો નામના તત્વજ્ઞાનીનો ચેલો; પ્રાચીન યુનાન દેશનો એક તત્વજ્ઞાની. 2. A person not easily excited. શાન્ત પ્રકૃતિનો માણસ.-*a.* Unfeeling; gloomy. ઉદાસીન; વિરક્ત; વિરાગી.

Stoical, *a.* (સ્ટો'ઇકલ્)Of or pertaining to stoics. ઝેનોના ચેલા સંબંધી-વિષે.

Stoicism, *n.* (સ્ટો'ઇસિઝમ્) The opinions and maxims of the stoics. ઝેનોના ચેલાઓનો મત-સિદ્ધાંત; વૈરાગ્યવાદ.

Stoker, *n.* (સ્ટો,'કર્) One who looks after the fire in a steam-engine. વરાળ યંત્રની ભઠ્ઠી ઉપર રહીને તેમાં બળતણ પૂરનાર;અગ્નિ સંકોરનાર.

Stole, *imp.* of steal. (સ્ટો,લ્) ચોર્યું; ચોરી કરી. *n.*A long loose garment.લાંબો ઢીલો જામો,ઝભ્ભો.

Stolen,*p.p.*of steal.(સ્ટો,'લન્)ચોરેલું;ચોરી કરેલું.

Stolid, *a.* (સ્ટૉ'લિડ્) Dull; foolish. જડ; મૂખ; મૂઢ.

Stolidity, *n* (સ્ટૉલિ'ડિટિ) Dullness of intellect; stupidity. મૂઢપણું; જડપણું;જડબુદ્ધિ.

Stomach, *n.* (સ્ટ'મક્) The organ of digestion. પેટ; જઠર; હોજરી; ઉદર; કોઠો. 2. Appetite; desire. ભૂખ; ઇચ્છા.-*vt.* To brook. સાંખી રહેવું; પેટમાં રાખવું. [Gr. *stoma*, an outlet.]

Stomacher, *n.* (સ્ટ'મચર્) An ornament for the breast worn by women. કંઠી;તનમનિયું; સુશોભિત કાંચળી.

Stomp,*vi.*(સ્ટૉમ્પ્)To stamp with the foot. પગ ઠોકવો, પછાડવો; ચગદી નાખવું.

Stone,*n.*(સ્ટો,ન્) A mass of concreted earthy or mineral matter. પથ્થર;પાષાણ;પહાણો;શલ્યા-શિલા.2. A statue; a monument.મૂર્તિ;બાવલું; પાળીઓ; મરી ગયેલા માણસના સ્મરણાર્થે ઉભો કરેલો પત્થર. 3. A gem; a precious stone. રત્ન; માણેક; હીરો. 4. A weight of 14 lbs. ચૌદ શેરનું વજન.5. The nut of a stone-fruit. ઠળીઓ;ગોટલો;ઠળીઓ.6.A calculous concretion in the kidneys or a bladder.પથરી.7.Testicle. પેળવો; વૃષ્ણ; અંડ.**Philosopher's stone.** પારસમણિ. **To leave no stone unturned**.To use all practicable means. ચાલે તેટલા ઉપાય કરવા; ઉપાય કરવામાં બાકી ન રાખવી.*vt.* To pelt with stones. પથ્થર મારવા. 2. To free from stones ફોલવું;ઠળીઆ કહાડવા.

Stone-blind,*a.*(સ્ટો'ન્ બ્લા'ઇન્ડ્)Completely blind;as blind as stone. આંધળું; આંધળું ભીંત.

Stone-cutter,*n.* (સ્ટો,'ન્-કટર્) One whose occupation is to cut or hew stones.સલાટ; પથ્થર કાપનાર.

Stone-hearted, *a.* (સ્ટો,'ન્-હાર્ટેડ્) Hard-hearted; cruel; unfeeling. ઘાતકી; ક્રૂર; કઠણ હૈયાનું; નિર્દય.

Stony, *a.* (સ્ટો,'નિ) Relating to or made of stone. પત્થરનું-સંબંધી-ના જેવું; પાષાણમય. 2. Hard; cruel. સખત;નિર્દય;ઘાતકી.3.Converting into stone. બદલીને પથ્થર બનાવે એવું. 4. Inflexible. વાળ્યું વળે નહિ એવું.

Stood, *Imp.* & *p. p.* of *stand.* (સ્ટુડ્) ઉભું રહ્યું; ઉભું રહેલું.

Stook, *n.* (સ્ટૂક્) A small collection of sheaves set up in the field. એકઠી ભરીને ઉભી રાખેલી ઝુંડી;નાની ગંજી;ઓઘલી.*vt.*To set up in stooks. પુળીઓ એકઠી કરીને ઉભી કરવી-રાખવી.

Stool,*n.* (સ્ટૂલ્)A seat without a back,પીઠ વગરની ત્રણ અગર ચાર પાયાની બેઠક; બાજ; પાટલો. 2.A seat used in evacuating the contents of the bowels. ઝાડે ફરવાનો બાજઠ. 3. A discharge from the bowels. દસ્ત;ઝાડો;અધાર. **Loose stool,** જુલાબ; રેચ, **Window stool,** બારીનો ઉમરો.

Stoop,*vi.*(સ્ટૂપ્)To bend the body downward and forward. વાંકા વળવું; નમવું. 2.To submit. શરણ થવું. 3. To sink, to alight from the wing. ઉતરવું; ઉડતાં ઉડતાં ઉતરવું. 4. To come down on prey. ઉપર તરાપ મારવી; ઉપર તુટી પડવું. 5. To descend from rank or dignity. પોતાની પદવીથી હલકું કામ કરવું; હલકા પડવું. 6.To bend by compulsion.વાંકા વાળવું;નમાવવું. *n.* The act of stooping. નમવું-વાંકા વળવું

તે; નમન. 2. The steps of a door. બારણાંનાં દરવાજાનાં પગથીયાં. 3. A flagon. સિરોઈ; ચંબુ.

Stop, *vt.* (સ્ટૉપ્) To close (an aperture). બંધ કરવું; પૂરવું. 2. To hinder from acting or moving. અટકાવવું; જવા ન દેવું; રોકવું. 3. To obstruct. રોકવું; બંધ કરવું. 4. To cause to cease; to interrupt. થોભાવવું; બંધ પડે તેમ કરવું.–*vi.* To cease to go forward. ઉભા રહેવું; અચકાવું. 2. To cease from any motion. કોઈપણ જાતની ગતિમાંથી અટકવું 3. To tarry; to stay. થોડી વાર રહેવું; થોભવું; સબુર કરવી.–*n.* The act of stopping. અડચણ; અટકાવ; વિરામ; બંધ કરવું–ઉભું રહેવું–થોભવું તે. 2. A mark of punctuation. વિરામ ચિહ્ન. [L. *stupa*, flax.]

Stop-cock, *n.* (સ્ટૉ'પ્-કૉક્) A cock or valve for checking the flow of a liquid from a pipe. વાસવા, ઉઘાડવાની ટોટીવાળી નળી.

Stoppage, *n.* (સ્ટૉ'પિજ્) The act of stopping progress, motion, or action; the state of being stopped. રોકાણ; અટકાવ; બંધી; પ્રતિબંધ.

Stopper, *n.* (સ્ટૉ'પર્) That which stops or closes. બંધ કરનાર; ઉભું રાખનાર; રોકનાર; દાટો.

Storage, *n* (સ્ટો'રિજ્) The safe-keeping of goods in a ware-house. વખારમાં ભરવું–ભરી મૂકવું તે 2. The price for keeping goods in a store. ભરી મૂકામણ ભાડું; વખારનું ભાડું.

Storax, *n.* (સ્ટો'રૅક્સ) A fragrant resin from the liquid-amber and styrax. શિલારસ.

Store, *n.* (સ્ટોર્) A great quantity. સંગ્રહ; ભંડોળ. 2. A source from which supplies may be drawn. સંગ્રહ; ભંડાર; સંઘરો. 3. A store-house. વખાર; ભંડાર; કોઠાર; કોઠી. 4. A shop. દુકાન; હાટ. 5. *pl* Necessary articles laid up for use. ખોરાકીનો સંઘરો–સંગ્રહ–*vt.* To collect as a reserved supply. ભરવું; ભરી મૂકવું; સંગ્રહ કરવો. 2. To deposit in a store. ભંડારમાં–વખારમાં મૂકવું. 3. To furnish against a future time. ભવિષ્યને માટે સંઘરો કરવો. **In store**, In a state of readiness. પાસે તૈયાર; ભેગું કરી મૂકેલું. **To set store by**, To value greatly. ભારે કીંમત આંકવી; ઉંચો મત ધરાવવો.

Store-house, *n.* (સ્ટો'ર્-હાઉસ્) A warehouse; a repository. વખાર; કોઠી; ભંડાર.

Store-keeper, *n.* (સ્ટો'ર્-કીપર્) A man in charge of stores or goods. કોઠારી; ભંડારી; સાહિત્ય સંભાળનાર.

Stork, *n.* (સ્ટૉર્ક્) A large wading bird of the heron kind. જળકુકડી; બગલું; શાહમૃગ.

Storm, *n.* (સ્ટૉર્મ) A tempest. તોફાન; વાવંટોળ 2. A fall of rain or snow. વરસાદનું તોફાન. 3. A violent agitation of human society. બખેડો; બળવો. 4. Violent calamity. મ્હોટી આફત. 5. A violent assault on a fortified place. હલ્લો; છાપો.–*vt.* To attack with violence. ઉપર હલ્લો, હંગામો કરવો–*vi.* To raise a tempest. તોફાન કરવું–ઉઠાવવું. 2. To rage. ગુસ્સે, ક્રોધાયમાન થવું.

Stormy, *a.* (સ્ટૉ'ર્મિ) Subject to storms. તોફાની; વરસાદ–વા વંટોળવાળું; તોફાનનું. 2. Violent; rough; passionate. સખત; જુસ્સાવાળું; ધમધમાટવાળું.

Story, *n.* (સ્ટો'રિ) A tale; a fable; a fiction; history. કહાણી; વાત; ઇતિહાસ; વૃત્તાંત; બયાન; કથા. 2. A falsehood. જોડી કાઢેલી વાત; બનાવટી વાત. 3. A floor of a house. માળ; મેડો; મજલો.–*vt.* To narrate or describe. વર્ણન–બયાન–વાર્તા કહેવી.

Story-teller, *n.* (સ્ટો'રિ-ટેલર્) One who tells stories. વાત કહેનાર; વહિવંચો; કથા કહેનાર. 2. A historian. ઇતિહાસકર્તા.

Stoup, *n.* (સ્ટૂપ્) A flagon. સિરોઇ; ચંબુ; પાણીનું કુંડું.

Stout, *a.* (સ્ટાઉટ્) Lusty; strong; robust. બળવાન; લઠ; જબરો; જોરાવર; મજબુત; જાડું; ભરેલું.

Stoutness, *n.* (સ્ટા'ઉટ્નિસ્) The state of being stout. બળ; જોર; જોમ; મજબુતી.

Stove, *n.* (સ્ટો'વ્) A hot-house. ગરમ ઓરડી. 2. An apparatus in which fire is made. સગડી; ચુલો; ભઠ્ઠી.–*vt.* To keep warm. ગરમ રાખવું.

Stover, *n.* (સ્ટો'વર્) Fodder. ઘાસ; ચારો.

Stow, *vt.* (સ્ટો) To fill by packing closely; to place or arrange in a compact mass. ખડકવું; પાસે પાસે પકડીને ભરવું–ગોઠવવું; કોઇ જગાએ ખડકીને મૂકવું.

Straddle, *vi* (સ્ટ્રૅડલ્) To stand or walk with the legs far apart. પગ પહોળા કરીને ઉભા રહેવું–ચાલવું; પગ પહોળા રાખવા. *vt.* To stand or sit astride of. ઘોડો પલાંગીને ઉભા રહેવું–બેસવું; ઉપર ઘોડો પલાણીને બેસવું.– *n.* The act of standing or walking with the legs far apart. પગ પહોળા રાખીને ઉભા રહેવું–ચાલવું–બેસવું તે. 2. The position or distance between the feet of one who straddles. પહોળા રાખેલા પગ વચ્ચેનું છેટું.

Straggle, *vi.* (સ્ટ્રૅ'ગલ્) To wander aside; to rove. રખડવું; ભટકવું; ભમવું. 2. To be dispersed. વેરાઇ જવું; આડા અવળા જવું; હાર તોડવી; છુટું પડવું. 3. To wander at large. ઘણું ભટકવું.

Straggler, *n.* (સ્ટ્રૅ'ગ્લર્) A vagabond. ભટકતો માણસ; ભટકનાર; રખડનાર.

Straight, *a.* (સ્ટ્રે,ટ્) Direct; right. સીધું; સરખું; પાધરૂં; બરાબર. 2. Upright; just; honest. ઉભું; ટટાર; ન્યાયી; વાજબી; નેક; પ્રામાણિક. *adv.* Directly; immediately. સીધી રીતે; તરતજ. **A straight face,** સુખ દુઃખ, હર્ષ-શોક વગરનો ચહેરો–ચ્હેરો.

Straighten, *vt.* (સ્ટ્રે,'ટન્) To make straight સીધું-પાંસરૂં કરવું.

Straight-forward, *a.* (સ્ટ્રે,ટ્-ફૉ'વર્ડ્)Not deviating; honest; frank. સીધું; પાધરૂં; પ્રમાણિક; ઈનસાફી

Straight-way. *adv.* (સ્ટ્રે,'ટ-વે) Immediately. તરતજ; એકદમ.

Strain, *vt.* (સ્ટ્રે,ન્) To draw with force; to stretch. જોરથી ખેંચવું-તાણવું. 2. To exert to the utmost. થાય એટલું બળ-જોર કરવું; હોય તેટલું બળ-જોર કાઢવું-વાપરવું.3.To make tighter. તંગ કરવું. 4. To filter. ગાળવું. 5. To injure by drawing or stretching. ઘણું જોર-બળ આવવાથી મરડાઇ–મોચાઇ-તડકાઇ જવું.6.To force. પરાણે કરાવવું; ના ઉપર દબાણ કરવું; તાણીતુષીને કરાવવું.7.To press closely. સરસું, સખત દબાવવું. 8. To make uneasy બેચેન કરવું. *vi.* To make violent efforts. બને તેટલું જોર-મહેનત કરવી.2. To be filtered. ગળાવું. *n.* A violent effort. અતિશય જોર-મહેનત-તાણાતુસ. 2. Tendency. સ્વભાવ;પ્રકૃતિ;વલણ.3.Family;family blood.વંશ; કુળ. 4. A song. ગાયન;ગીત. 5. A particular portion of a tune. રાગ; તાન; ઝમક; સૂર. 6. Style. શૈલી;છટા;લખવાની ઢબ. 7. An injurious tension of the muscles. લચક; તાણ; આંચકો. [L. *stringo*, I bind tight.]

Strainer, *n.* (સ્ટ્રે,'નર્) One who strains. ખેંચનાર. 2. A sieve or filter. ગળણી; ચાળણી.

Strait, *n.*(સ્ટ્રે,ટ્) A narrow pass or passage. સાંકડો માર્ગ-રસ્તો. 2. A narrow pass in the ocean. સામુદ્રધુની. 3. Distress; difficulty. વિપત્તિ; સંકટ; દુઃખ; ઘણી તંગી; સંકડામણ. *a.* Narrow; close. સાંકડો; નાનો. 2. Distressful. સંકટમય; દુઃખી.

Straiten, *vt.*(સ્ટ્રે,'ટન્) To make tense or tight. તંગ-સખત-સજ્જડ-મજબુત કરવું. 2. To make narrow. સાંકડું કરવું. 3. To distress. તંગીમાં નાંખવું; ભીડ-મુશીબત-સંકડામણ-સંકટમાં નાંખવું.

Straitness, *n.*(સ્ટ્રે,'ટ્નિસ્)Narrowness; want; scarcity; difficulty. સંકડામણ; અડચણ; તંગાશ; ભીડ.

Strand, *n.* (સ્ટ્રૅન્ડ્) The shore. કિનારો; કાંઠો. *vt.* To drive or run aground on a shore. કિનારા ઉપર-ભોંય ઉપર ચઢાવી દેવું. *vi.* To drift or to be driven on shore. કિનારા, જમીન ઉપર ચઢી જવું; લાધવું; લાધી જવું.

Strand, *n.*(સ્ટ્રૅન્ડ્) One of the twists of which a rope is composed. દોરડાની એક સેર; આમળો. *vt* To break one of the strands of a rope. દોરડાની શેર, આમળો ભાંગવો.

Strange, *a.* (સ્ટ્રે,ન્જ્) Foreign; belonging to another country. પરદેશનું, સંબંધી. 2. Wonderful; astonishing. ચમત્કારી; આશ્ચર્ય ભરેલું. 3. Odd; queer. વિચિત્ર; તરેહવાર. 4. Not before known, heard or seen. પહેલાં નહિ જણાએલું, સાંભળેલું, જોએલું; અજાણ્યું; અપૂર્વ. 5. Belonging to other persons. પારકું; બીજાનું. [L. *extra* outside.]

Stranger, *n.* (સ્ટ્રે,'ન્જર્) A foreigner. પરદેશી. 2. One who is unknown or unacquainted. અજાણ્યો; પારકો; ઓળખાણ વગરનો માણસ; ત્રાહિત. 3. A guest; a visitor. પરોણો; અતિથિ.

Strangle, *vt.* (સ્ટ્રૅ'ન્ગલ્) To suffocate; to choke; to suppress. ગુંગળાવીને, ગળું દાબી મારી નાંખવું; દાબી નાખવું; શ્વાસ રૂંધી મારી નાખવું; બહાર ન આવવા દેવું. [L. *strangulo*, I bind tight.]

Strangulation, *n.* (સ્ટ્રૅન્ગ્યુલે,'શન્)The act of strangling. ગુંગળાઇ જવું તે; ગુંગળાવવું તે.

Strangury, *n.*(સ્ટ્રૅ'ન્ગ્યુરિ) A painful discharge of urine, drop by drop. મૂત્રકૃચ્છ્ર; મૂત્રાવરોધ.

Strap, *n.* (સ્ટ્રૅપ્) A long, narrow slip of cloth or leather. ચામડાનો પાટો; સાટ; પટો. 2. A strop. ટાપટીપીયું. 3. A band or strip of metal. ચાપડો; ચાંપ.-*vt.* To beat or chastise with a strap. પટાથી, ચીપથી મારવું. 2. To fasten or bind with a strap. પટા, ચીપથી બાંધવું, કસવું.

Strappado, *n.* (સ્ટ્રૅપે,'ડો) A military punishment which consisted in letting an offender fall from the top of a beam. થાંભલાની ટોચેથી ગુન્હેગારને પાડી નાખવાની એક પ્રકારની લશ્કરી શિક્ષા.

Strapping *a.* (સ્ટ્રૅ'પિંગ્) Lusty; tall. ઉંચું મોટું; જબરૂં; લટ્ટ.

Strategem, *n.* (સ્ટ્રૅ'ટજિમ્) An artifice, a plan; a scheme for deceiving an enemy. યુક્તિ; પેચ; ઉપાય; લડાઇનો કાવો; દાવો-છળ-પેચ. [Gr. *stratos*, an army; & *agein*, to lead.]

Strategetics, *n.* (સ્ટ્રૅટજે'ટિક્સ્) Science of military movement; generalship. લશ્કરી વિદ્યા; લડાયકશાસ્ત્ર; સેનાપતિત્વ; સેનાપતિનો હોદ્દો.

Strategy, *n.* (સ્ટ્રૅ'ટિજી) Generalship. સેનાપતિત્વ; સેનાપતિનો હોદ્દો; યુદ્ધચલન, દાવપેચ.

Stratify, *vt.* (સ્ટ્રૅ'ટિફાઇ) To form or deposit in layers. થર-પડ બઝાડવાં.

Stratum, *n.* (સ્ટ્રે,'ટમ્) [*pl.* strata.] A layer of earth or rock. પૃથ્વી-ખડકમાંનું માટી વગેરેનું વડ-થર. [L. *sterno*, I spread out.]

Straw, *n.* (સ્ટ્રૉ) The stalk or stem of certain species of grain; hay. પરાળ; ઘાસ; તણુખલું. 2. Anything proverbially worthless. નકામું; તલસાર; હલકું. **Man of straw**, An imaginary person. પરાળનું પુતળું. **To be in the straw**; to be brought to bed. સુવાવડને ખાટલે સુવું. માં હોવું.

Straw-colour, *n.* (સ્ટ્રૉ'-કલર્) A delicate, yellowish colour. સુંદર પીળચટો રંગ.

Strawy, *a.* (સ્ટ્રૉ'ઇ) Pertaining to, made of, or like straw. પરાળને લગતું-વિષે; પરાળનું બનેલું જેવું.

Stray, *vi.* (સ્ટ્રે,) To wander; to deviate. આડા ભમવું; ભટકવું; રખડવું. 2. To ramble; to rove at large. વિખુટું પડીને છુટું પડવું. 3. To err. ભૂલ કરવી. 4. To wander from the path of duty. આડે માર્ગે જવું. -*a.* Strayed; wandering. આડે રસ્તે ગએલું; રખડતું; રખડેલ. -*n.* Any domestic animal that wanders at large. રખડેલ-રઝળેલ ઢોર-પ્રાણી [L. *strata*, a street.]

Streak, *n.* (સ્ટ્રીક્) A stripe. લીટી; લીસોટા; રેષા; રેખા; જમીનથી જુદા રંગનો પટા-લીટી. -*vt.* To stripe. જુદા જુદા રંગના લીસોટા કાઢવા-લીટા કરવા.

Streaky, *a.* (સ્ટ્રી'કી) Having streaks; striped. જુદા જુદા રંગના લીસોટાવાળું-પટાવાળું.

Stream, *n.* (સ્ટ્રીમ્) A river or brook; a current of fluid. નદી; વહેળો; ઝરો; ધાર; વહેળિયું; પ્રવાહ. 2. A beam or ray of light. તેજનું કિરણ. 3. Tendency; drift. પ્રવાહ; વલણ -*vi.* To issue or flow in a stream. વહેવું; ધાર છુટવી; ની ધારા વહેવી-ચાલવી; ધાર પાડવી. 2. To pour out or emit. ભડભડ છુટવું; નો પ્રવાહ ચાલવો. 3. To radiate. નાં કિરણ પડવાં; ચોતરફ વહેવું. *vt.* To send forth in a current or stream. નો પ્રવાહ ચાલવો; ધાર છુટવી.

Streamer, *n.* (સ્ટ્રી'મર્) An ensign or flag; a pennon. વાવટો; નિશાન; ધજા.

Streamlet, *n.* (સ્ટ્રી'મ્લેટ્) A rivulet; a small stream. ન્હાનું વહેળિયું; ઝરો; વહેળો.

Streamy, *a.* (સ્ટ્રી'મિ) Abounding with streams. ઝરાવાળું; ઝરણવાળું.

Street, *n.* (સ્ટ્રીટ્) A city road; a way. માર્ગ; રસ્તો; ગલી. 2. A lane. મહોલ્લો; ફળીયું; શેરી; પોળ. [L. *strata*, to pave.]

Street-walker, *n.* (સ્ટ્રી'ટ્-વૉકર્) A prostitute.. વેશ્યા; કિસબણ.

Strength, *n.* (સ્ટ્રેન્થ્) Quality or state of being strong; power; capacity. જોર; કૌવત; બળ; શક્તિ; તાકાત; સામર્થ્ય. 2. Power of resisting attacks. મજબુતી; જીવ; કસ; જોર. 3. Force. જોર; શક્તિ. 4. Legal or moral force. પ્રભાવ; ઓજ; ઉત્તમતા. 5. Support. આધાર; આશ્રય. On or upon the strength of = ના ઉપર વિશ્વાસ રાખીને.

Strengthen, *vt.* (સ્ટ્રે'ન્થન્) To make strong or stronger. મજબુત-જોરાવર કરવું; પુષ્ટિ આપવી; બળ આપવું. *vi.* To grow strong or stronger. મજબુત-વધારે મજબુત-જબરૂં થવું.

Strenuous, *a.* (સ્ટ્રે'ન્યુઅસ્) Eagerly pressing or urgent; zealous. ઘણો આગ્રહી; શૂરો; ઉદ્યોગી; ઉદ્યમી; જબરૂં.

Stress, *n.* (સ્ટ્રેસ્) Pressure. દબાણ; ભાર; વજન. 2. Force or weight. જોર; ભાર; બળ. 3. Importance; urgency. અગત્યતા; જરુરીયાત. 4. Force exerted in utterance. દબાણ; ભાર. 5. Distress. દુઃખ; સંકટ; મુશીબત; અડચણ; અવગડ. To lay stress upon = ભાર મૂકવો. [L. *strictus*.]

Stretch, *vt.* (સ્ટ્રેચ) To draw out; to extend. લંબાવવું; તાણવું; લાંબું કરવું. 2. To extend in breadth. વિસ્તારવું; પહોળું કરવું. 3. To strain. ખેંચવું; તંગ કરવું. 4. To spread; to expand. ફેલાવવું; ખેંચીને લાંબુ કરવું. 5. To exaggerate. અતિશય લંબાવીને, વધારીને કહેવું. -*vi.* To be extended. તણાવું; ખેંચાવું; લાંબુ થવું, 2. To spread; to be extended. લાંબુ કરવું; ખેંચવું. 3. To strain beyond the truth. વધારીને-તાણી તુષીને મ્હોટું કરવું -*n.* Effort; strain; struggle. પ્રયત્ન; મહેનત; શ્રમ. 2. Extent to which anything may be stretched. પ્રસાર; વિસ્તાર.

Stretcher, *n.* (સ્ટ્રે'ચર્) A litter or frame for carrying sick or wounded. ઝોળી; માંચી; ખાટલો; ઠાઠડી; ડોળી.

Strew, *vt.* (સ્ટ્રુ) To scatter; to spread by scattering. વેરવું; ભભરાવવું; પાથરવું; વિખેરવું. 2. To throw loosely. આમતેમ વેરવું. 3. To cover by scattering something over. ઉપર વેરીને ઢાંકી નાંખવું; આચ્છાદન કરવું. [L. *sterno*, I spread.]

Striate, Striated, *a.* (સ્ટ્રા'એટ્, સ્ટ્રા'એટિડ્) Formed with small channels. જુદા જુદા રંગના લીટાવાળું. [L. *stria*, a furrow.]

Strict, *a.* (સ્ટ્રિક્ટ્) Drawn close; strained. ઘણુંજ ખેંચેલું. 2. Severe; rigorous. સખત; કરડું; કઠણ; આકરૂં. 3. Exact; accurate. બરોબર;

ચોકસ; બારીક; તીવ્ર. 4. Rigidly interpreted. અક્ષરશઃ [L. *stringo*, I draw tight.]

Strictness, *n.* (સ્ટ્રિક્ટનિસ્) Quality or state of being strict. સખ્તાઈ; કઠોરતા; સાચાઇ; ચોકસાઇ; ચોકસપણું.

Stricture, *n.* (સ્ટ્રિક્ચર) Censure, a touch of adverse criticism. સખત ટીકા. 2. Strictness. સખ્તાઈ; ચોકખાઇ.

Stride, *n.* (સ્ટ્રાઇડ્)A step; a long step. ફલંગ; લાંબુ કદમ; મોટું ડગલું; ડાંફ.–*vi.* To walk with long steps. મોટી ફલંગ-ડગલાં ભરવાં-ભરીને ચાલવું. 2. To straddle. પગ પહોળા કરીને ઉભા રહેવું; પલાણવું. *vt.* To pass over at a step. ઓળંગવું.

Strife, *n.* (સ્ટ્રાઈફ્) Contention in battle; quarrel; struggle. કજીઓ; લડાઇ; ઝઘડો; હરીફાઇ; સ્પર્ધા; તકરાર.

Strike, *vt.* (સ્ટ્રાઇક્) To hit with some force; to smite મારવું; લગાવવું; ઘા કરવો. 2. To collide with. ની સાથે અથડાવું. 3. To give as a blow. ઘા મારવો-કરવો. 4. To stamp or impress with a strike. છાપવું; ઝીણુ પાડવું. 5. To chastise; to punish; to inflict punishment; to afflict. સજા મારવી–કરવી. 6. To trust in; to set in the earth (as the roots of trees.) નીચે ઉતારવું; ઘાલવું (મૂળ ઘાલવાં). પાડવું. To strike a ledger or an account to balance it=બાકી કાઢી હિસાબ નક્કી કરવો. To strike the flag=નીચે પાડવું; ઉતારી લઈ જવું. To strike hands with=ની સાથે હાથ મિલાવટ કરવી; હાથ સલામી કરવી. To strike off=to erase from an account; to deduct. કાઢી નાખવું; છેકી નાખવું; ભૂસી કહાડવું. To strike on luck=to shake hands with one and wish him good luck. ની સાથે હાથ મિલાવી તેની ફત્તેહ ઇચ્છવી, ભાગ્યશાળી નીવડો એવું કહેવું. To strike out=to produce by collision. ઠોકીને, સામા અથડાવીને કહાડવું. To force out. (*b*) To blot out; to erase. પર ચેરો મૂકવો; છેકવું; પર લીસરડો કહાડવો. To strike up=to cause to sound. વગાડવું; વગાડવા માંડવું. (*b*)To begin to sing or play. ગાવા અથવા વગાડવા માંડવું, To strike work=to quit work. કામ છોડી દેવું; હડતાળ પાડવી; અણુંજો પાળવો; બેકાર થવું. To go on a strike. *vi* To give blows. ઝપાટો કરવો; ઘા કરવો; લગાવવો; ફટકાવવું. 2. To hit or collide; to clash. ની સાથે અથડાવું; અફળાવું; ઠોકાવું; પછડાવું; ની સાથે વાગવું 3. To make an attack. હુમલો કરવો; હલ્લો કરવો; પર નિશાન મારવું; નેમ-ચોટ મારવી. 4. To touch; to act by impulse. અડકવું; થવું; ઉગવું (મનમાં). 5. To be struck; to sound. વાગવું; નો અવાજ થવો. 6. To lower as a flag. વાવટો નીચે ઉતારવો. 7. To quit work in order to have an increase in wages. હડતાળ પાડવી; બંધી કરવી. To strike at=ની સામે નેમ-ચોટ માંડવી પર નિશાન તાકવું. To strike up=to commence to play. ગાવા વગાડવા માંડવું. *n.* The act of quitting work; an act by a body of workmen done as a means of compelling their master to give an increase in wages or salary. કારીગરોની હડતાલ. 2. Black mailing. ધમકીથી નાણું કહાડવવાં તે. [L. *stringo*, I touch lightly.]

Striking, *a.* (સ્ટ્રાઈકીંગ્) Surprising; forcible; very noticeable; very impressive. બહુજ અસરકારક, અચંબો પમાડે એવું-આશ્ચર્યકારક; આબેહુબ.

String, *n.* (સ્ટ્રિંગ્) A cord or a line. તંતુ; દોરો; દોરી; રજ્જુ. નાડું. *a.* Thread by which small things are tied together or strung, or arranged. દોરો; લટ; સેર. 3. A stripe, as of leather. ચામડાની પટી; અથવા પટા; બંધ. 4. The chord of musical instrument. વાજીંત્રનો તાર; દોરી; તાંત. 5. The line or a cord of a bow. કામઠાની પણછ; કામઠાની દોરી. 6. Any concatenation; a chain. હાર; માળ; સંકલના. *vt.* To furnish with strings. તારવાળું કરવું; તાર બાંધવા, ચઢાવવા. 2. To put on a string; to file. પરોવવું. [L. *stringo*, I draw, tight.]

Stringed, *a.* (સ્ટ્રિંગ્ડ) Having stings. તંતુયુક્ત; તારવાળું; તારયુક્ત. 2. Produced by strings. તારથી ઉત્પન્ન થતું.

Stringy, *a.* (સ્ટ્રિંગી) Fibrous; endowed with filaments; filamentous. તંતુમય; રેસાવાળું; સૂત્રયુક્ત.

Strip, *vt.* (સ્ટ્રિપ્) To deprive of. છિનવી લેવું, ખુંચાવી લેવું. To bereave; to make destitute; to deprive of a covering. નીચોવી લેવું-વિનાનું કરવું; વસ્ત્રહીન કરવું. To deprive of all milk. નું બધું દુધ કાઢી-દોહી લેવું. 3. To tear off the thread from a bolt. ઇસ્કૂનો પેચ ઉતારી લેવો. *vi.* To undress. નગ્ન કરવું; નાગું કરવું. *n.* A narrow piece or one comparatively long. કકડો; ચીંદરડો, પટો; પટી.

Stripe, *n.* (સ્ટ્રાઇપ) A line on long narrow division of any thing of a different colour or structure from the ground. જમીનથી જુદા રંગ-આકારનો પટો. 2. A pattern produced by arranging the warp threads in sets of alternating colours. ચટાપટાદાર નમુનો. 3. A stripe or a long narrow piece attached

to something of a different colour. જુદા રંગની ચોટેલી ચીંદરડી. *vt.* To variegate with stripes. જુદા જુદા રંગનાં થીંગડાં ચ્હોડવાં.

Striped, *a.* (સ્ટ્રાઇપ્ડ) Having stripes of different colours. પટાપટી, ચટાપટાવાળું.

Stripling, *n.* (સ્ટ્રિ'પ્લિંગ્) A youth in state of adolescense; a lad. છોકરો.

Stripping, *n.* (સ્ટ્રિ'પીંગ્) Act of one who strips. ખુંચવી લેવું તે; ઉતારી લેવું તે.

Strive, *vt.* (સ્ટ્રાઇવ્) To make efforts. યત્ન કરવા; કોશીશ કરવી; જોર મારવું. 2. To struggle in opposition. લઢવું; મારવું. To vie; to compete. હરીફાઈ કરવી.

Stroke, *n.* (સ્ટ્રો,ક) A knock; a hit; a blow. ઝપાટો; ફટકો; ઘા; ઠોક. 2. Striking of a clock to tell the hour. ઘડીઆળનો અવાજ–ટકોરો. 3. A mark or dash in writing or printing a line. ચેરો; છેકો; લીસરડો; લીંટો. 4. Sudden attack of diseases; a fatal attack. ઝપાટો; સપાટો; ઝડી. 5. A bunch. હાથ; હથોડી હાથ કરાબ. *vt.* To rub gently in one direction; to coax, to caress. પંપાળવું; હાથ ફેરવવો.

Stroll, *vi.* (સ્ટ્રો,લ્) To wander on foot; to ramble or roam idly; to walk leisurely. રઝળવું. *n.* A wandering on foot; a ramble. સહેલ; રખડપટી.

Strong, *a.* (સ્ટ્રૉંગ્) Having power of exerting great force or bodily exertion. મજબૂત; જબરૂં; બળવાન; જોરાવર; બળવાળું. 2. Powerful. શક્તિવાન્; બલિષ્ઠ. 3. Full of spirit; intoxicating. ઘણા કેફવાળું; માદક. 4. Violent; forcible, impeutous. પ્રચંડ; તમાખી; ઘણા જોરાવાળું; ઉગ્ર. 5. Affecting any sense powerfully. કોઈપણ ઇંદ્રિયને ઘણું અસર કરતું. 6. Vigorous, effective; forcible. અસરકારક; બળવાન્; બલિષ્ઠ.

Strong-hold, *n.* (સ્ટ્રૉં'ગ્-હોલ્ડ) A fastness, a fortified place of security. ગઢ; કિલ્લો; સુરક્ષિત જગ્યા.

Strongly, *adv.* (સ્ટ્રૉં'-ગ્લી) In a strong manner; powerfully; firmly. જોરથી; મજબુતીથી;

Strop, *n.* (સ્ટ્રૉપ) A strap. ટપટપી ટાપટીપીયું; લટપટીયું. *vt.* To draw over; to rub upon; a strop; sharper. લટપટીયા પર ઘસીને ધાર ચઢાવવી; વધારવી.

Structure, *n.* (સ્ટ્ર'ક્ચર્) Manner of organization, constitution. રચના; નિર્માણ; વિધાન. 2. That which is built; manner of building. ઇમારત, મકાન, મંદિર, ભવન, બાંધવાની રીત, ઘાટ, બંધારણ.

Struggle, *vi.* (સ્ટ્ર'ગલ્) To strive; to make efforts to; endeavour with vigour. તરફડીયાં મારવાં. To use great efforts અતિશય પ્રયત્ન કરવો; ફાંફાં માર્વાં. 3. To labour in pain or anguish; to be in agony. તરફડવું. *n.* A violent effort. તરફડાટ; પ્રયત્ન, તરફડીયાં. 2. Great labour. માથાકુટ. 3. Contest. લઢાઇ, કજીયો. Struggle for existence. જીવનકલહ. *n.* Great effort to save one' life. જીવન–પ્રતિવાદીના જીવનને માટે પ્રયાસ; જીવન નભાવવા માટે પ્રયાસ.

Struggler, *n* (સ્ટ્ર'ગ્લર્)One who struggles. તરફડીયાં મારનાર; કજીયો લઢાઇ કરનાર.

Strumpet, *n.* (સ્ટ્ર'મ્પેટ) A prostitute. વારસ્ત્રી; વેશ્યા; કિસબણ, પાતર, રંડા, માલજાદી. *a.* Of or pertaining to a strumpet. રંડી વિષેનું. *vt.* To debauch. રંડીબાજી કરવી; જારકર્મ, કરકી, છિનાળું કરવું. 2. To dishonour with the reputation of being a strumpet. વેશ્યા ગણી બેઆબરૂ કરવી. To slander. ની બદબોઇ કરવી; નિન્દા કરવી. [L. *stup-rum,* debauchery.]

Strut, *vi.* (સ્ટ્રટ) To walk in a lofty, proud gait and erect head. ઠમકાથી ચાલી નખરાં કરવાં. *n.* A pompous step or walk. ઠમકો; ઠસ્સો; નખરાં; આડંબર ભરેલી ચાલ. *vt.* To hold; apart. ઇલાયદું રાખવું; જુદું, અલગ રાખવું.

Strychnine, *n.* (સ્ટ્રિક્નાઈત્)A very fatal and poisonous alkaloid resembling bruchine. ઝેર કોચલું.

Stub, *n.* (સ્ટબ્) The stump of a tree stalk. ઝાડનું મૂળ, રાડું, થડ. 2. Log or a block. લાકડાનું ઠીમચુ. The part of a leaf left in a check-book after the check is torn out. અડધીયું, હુંડી ફાડી લીધા પછી રહેલો ભાગ. 4. A pen with a short blunt nib. ઠુંઠી, બુઠી, જીભવાળી, ટાંકવાળી કલમ. *vt.* To extirpate. નાં મૂળ ઉખાડવાં ની જડ ઉખાડવી-નું જડમૂળ કહાડવું. To strike as the toes against a stub, or stone. ઠેસ મારવી; પગે ચઢાવવું; ઠોકર મારવી.

Stubborn, *a.* (સ્ટ'બર્ન) Stiff; obstinate unbending; unyielding. અક્કડ, જીદ્દી; હઠીલું; જક્કી.

Stubbornness, *n.* (સ્ટ'બર્નનિસ્)Obstinacy; state of being stubborn. હઠ; મમત; આગ્રહ; જીદ.

Stubby, *a.* (સ્ટ'બી) Abounding with stubs. 2. Short and strong. ઠુંઠું ને મજબૂત. રાંડા, થડીયાંવાળું.

Stucco, *n.* (સ્ટ'કો) Plaster of any kind used as a coating for walls. ઝીણો સાગોળ, ચુનાનો ઝીલાવો. 2. Work made of stucco. ઝીણા સાગોળથી ભરેલું નકસી કામ. *vt.* To overlay

or decorate with stucco. ચીણુ સાગોળનો લેપ કરવો.

Stuck-up, *a.* (સ્ટ'ક્-અપ્) Self important and supercilious. અહંકારી, અભિમાની, અહંતાવાળો.

Stud, *n.* (સ્ટડ્) A collection of breeding horses and mares or the place where they are kept. અશ્વશાળા, ઘોડા અને ઘોડીઓ રાખવાની જગા. *vt.* To adorn with shining stubs or knobs. શોભીતા કોબાવાળા ખીલાથી શણગારવું.

Student, *n.* (સ્ટ્યુ'ડન્ટ્) A person engaged in study; a learner, a pupil; a scholar. શિખનાર, ભણનાર, વિદ્યાર્થી, અભ્યાસી, શિષ્ય. [L. *studeo*, I study.]

Studied, *a.* (સ્ટ'ડિડ્) Closely examined. તૈયાર કરેલું; અભ્યાસિત; પૂર્વપઠિત. 2. Well-versed in any branch of learning; learned. નિષ્ણાત; નિપુણ, કુશળ, પ્રવીણ. 3. Premeditated; designed. પૂર્વ કલ્પિત, પૂર્વ રચિત; જાણીબુઝીને કરેલું.

Studio, (*pl.* studios) *n.* (સ્ટ્યુડીઓ) Working room of an artist. ચીતારી, કારીગરની દુકાન.

Studious, *a.* (સ્ટ્યુ'ડીઅસ્) Given to study; absorbed in it. ઉદ્યોગી; વિદ્યાવ્યસની. 2. Contemplative. વિચારવંત. 3. Attentive; diligent; observant; industrious. ઉદ્યોગી, ખંતીલું, તત્પર, ઉદ્યમી; વ્યવસાયી; આસક્ત.

Study, *n.* (સ્ટ'ડી) Application of mind to books, arts or science. વિદ્યાભ્યાસ, અધ્યયન. 2. Any particular branch of learning that is studied. વિદ્યા; શાસ્ત્ર. 3. A room set apart for study or literary work. અભ્યાસ કરવાની ઓરડી; ગૃહ. *vi.* To muse; to ponder. મનન કરવું; વિચાર કરવો. To apply mind to books or learning. ભણવું, શીખવું. *vt.* To apply the mind to. શિખવું; ભણવું. [L. *studeo*, I study.]

Stuff, *n.* (સ્ટફ્) Material which is to be worked up in any process of manufacture; raw material. કાચો માલ; વસ્તુ. 2. Woven material made into garments; fabric of any kind. લુગડું; કાપડ; પટ. 3. Furniture or goods. સરસામાન; રાચરચીલું. 4. Refuse or worthless matter. કચરો, પુંજો. કુચા. *vt.* To fill by crowding something into. ઠાંસવું; ઠાંસીને ભરવું; કૂચા મારવા. દાબીને ભરવું. 2. To press. દાબવું; ભરવું. 3. To fill the skin of for the purpose of keeping a specimen. ચામડાંમાં મસાલો ભરવો. 4. To crowd with facts; to pack the mind of. મન, મગજ ખીચોખીચ ભરવું; ગોખી રાખવું. 5. To put fraudulent votes into (Ballot box). જુઠા મત નાંખવા.

Stuffing, *n.* (સ્ટ'ફિન્ગ્) That which is used for the purpose of filling anything. (માં) ભરવાની વસ્તુ-પૂરણ, ભારણ. ભરણ-મસાલો. 2. A mixture of oil and dressing leather. ચામડુ સુંવાળું કરવાને માટે કરેલું તેલ ને ચરબીનું મિશ્રણ.

Stultify, *vt.* (સ્ટ'લ્ટીફાય) To befool; to make fool of. ને બેવકુફ બનાવવો; બેવકુફ જણાય તેમ કરવું. [L. *stultus*, foolish & *faceo* I make.]

Stumble, *vi.* (સ્ટ'મ્બલ્) To trip in walking; to move or walk with faltering steps. લથડવું; લથડીયાં ખાઇ ચાલવું. ઠેસ ખાવી. 2. To walk in an unsteady or clumsy manner. ડોલાં ખાતા ચાલવું; લથડવું; ડોલતા ડોલતા ચાલવું. 3. To fall into crime or to commit a mistake. ભૂલચૂકમાં પડવું; પાપી થવું; પાપમાં પડવું; ગોથાં ખાવાં; સ્ખલનમાં પડવું. *vt.* To cause to stumble or trip. ઠોકર ખવડાવવી ગોથું ખવરાવવું. *n.* A trip in walking. ઠોકર; ઠેસ; છકકડ; અડબડીયું; ડોલું.

Stumbling-block, stone, *n* (સ્ટ'મ્બ્લિન્ગ બ્લૉક્, સ્ટૉન્) Any cause of stumbling; perplexity or error. ગોથાં ખવડાવનાર; ગોથું ખાવાનું કારણભૂત.

Stump, *n.* (સ્ટમ્પ્) The stub. ઝાડનું રહેલું થડ. 2. *pl.* Legs. પગ; પાય. 3. One of three pointed rods stuck in the ground to form a wicket and support the bails. ક્રીકેટની રમતમાં ભોંયમાં રોપાતી થાંભલી. *vt.* To cut the part of. ઠુંઠું કરવું. To stump it = to go afoot, hence to run away. નાસી જવું; પોબારા ગણવા; સટકી જવું. *vt.* To walk clumsily. ધબધબ હીંડવું, ચાલવું.

Stumpy, *a.* (સ્ટમ્પી) Hard; strong; stubby tall of stumps. 2. Short and thick. ઠુંકું અને જાડું ધીંગું.

Stun, *vt.* [Compare skt. *stan* to thunder.] (સ્ટન્) To make senseless or dizzy, by violence by blow on the head; to overpower the sense of. બેભાન, અચેત કરવું, બેશુદ્ધ કરવું; બ્હેરૂં, ઠુંઠ બનાવી દેવું; કાનના પડદા ફોડી નાખવા; બહેરૂં કરવું. (Stunned-Stunning) **Stung**, *vt.* [*Imp.* & *p.p.* of *sting*.] ડંખ માર્યા, મારેલો.

Stunt, *n.* (સ્ટન્ટ્) To prevent the growth; to hinder the growth of. મોટું થવા ન દેવું વૃદ્ધિ પામતા અટકાવવું. *n.* A dwarf; a check in growth. ઠીમાઇ, ઠીંગરાઇ ગયેલું પ્રાણી; દબાવી દેવું તે; ભોઠામણ.

Stunted. *pp.* (સ્ટ'ન્ટિડ્) Dwarfed. ઠીંગરાઇ ગયેલું ગઠ્ઠું રહી ગયેલું; ઠીંગણું; પૂરેપૂરૂં; નહિ વધેલું; ઠીમાઈ ગયેલું.

Stupefaction, *n.* (સ્ટ્યુપીફૅક્શન્) The act of stupefying or state of being stupefied.

બેભાની, બેશુદ્ધતા, જડતા, જડત્વ; મોહ. (Infatuation.) બેસાવધપણું.

Stupefy, *vt.* (સ્ટ્યુ'પીફાય્) To make stupid. બેહોશ કરવો-બેશુદ્ધ કરવો;દિંગ્મૂઢ ક૦ 2.To deprive of material mobility.અચેતન કરવું. [L. *stupeo*, I am stupefied and *facio*, I make.]

Stupendous, *a.* (સ્ટ્યુપે'ન્ડસ્) Astonishing; wonderful; surprising. અદ્ભૂત; આશ્ચર્યજનક; વિસ્મય પમાડે એવું; અચંબો ઉત્પન્ન કરે તેવું [L. *stupeo*, I am astonished.]

Stupid, *a.* (સ્ટ્યુ'પિડ્) Insensible; very dull; heavy; senseless; foolish. અક્કલહીન; જડભરત; મૂર્ખ; જડ.

Stupidity, *n.* (સ્ટ્યુપિ'ડિટિ) Folly; insensibility; dullness; sluggishness. મૂર્ખતા; બેવકુફાઈ; જડતા; મંદબુદ્ધિપણું; જડબુદ્ધિ.

Stupor, *n.*(સ્ટ્યુ'પૉર)Dazed state; torpidity; lethargy. બેહોશી; અસાવધપણું [L. *stupeo*, I am struck senseless.)

Sturdy, *a.* (સ્ટ'ર્ડી) Robust; hardy; vigorous; lusty; strongly built. હૃષ્ટપુષ્ટ; મજબુત. 2.Foolishly obstinate; unbending; resolute. જક્કી; હઠીલો. 3. Resolute (in good sense). પ્રબળ; મક્કમ. 4. Stiff; stout. મજબુત.

Stutter, *vt.* & *vi.*(સ્ટ'ટ્ટર્) To stammer.તોતડું બોલવું; જીભ લથડવી. *n.* Art of stutting. જીભ અટકવી તે. 2. A man who stammers. તોતડો. [L. *tundo*, I trust.]

Sty, *n.* (સ્ટાઇ) An enclosure for keeping pigs and swine. ડુક્કરખાનું;ડુક્કરોને પૂરવાનો વાડો. *vt.* To shut up pigs in a S. ડુક્કરને પૂરવાં; ગોંધવાં. *vi.* To climb; ascend; soar. ઉંચે ઉડવું; ઉપર ચઢવું. *n* An inflamed swelling or boil on the edge of the eyelid. ઓજણી; આંજણી. [L. *vestium* footstep.]

Stygian, *a.* (સ્ટિ'જીઅન્)Of or pertaining the river Styx. નરકની વૈતરણી નદી સંબંધે. 2. Gloomy. શોકજનક.

Style, *n.* (સ્ટાઇલ્) Mode of expressing or giving out thoughts in language whether on paper or orally; collective characteristics of the writing, diction or artistic expression or the way of presenting things. બોલવા તથા લખવાની ધાટી, શૈલી; ઢબ; છટા. 2. Mode of presentation. બોલવા-ગાવાની ઢબ. 3. Fashion; impressing manner. રીત; ધાટી; ચાલ. 4. The mode of address; title. સંજ્ઞા; ખ્યાતિ-રીતિ-ખિતાબ. *vt.* To denominate. નું નામ પાડવું; તરીકે લેખવું. [L. *stilus*, a style.]

Stylist, *n.* (સ્ટા'ઇલિસ્ટ્) Person aiming at good literary style. સરસ શૈલી, છટાવાળો.

Styptic, *a.* (સ્ટિ'પ્ટિક્) That checks bleeding;producing contraction;astringent.લોહીનો પ્રવાહ બંધ કરે તેવું; સંકોચક. Styptic medicine. બંધ કરે તેવી દવા. [L. *stupho*, I contract.]

Styx, *n.* (સ્ટાઇ સ્) The main river of the nether worlds. વૈતરણી; પ્રેતનદી.

Suability, *n.* (સ્યુઍબિ'લિટિ) The state of being the subject to be sued for. દાવો થઇ શકે એવી જોખમદારી.

Suant, *a.* (સ્યૂ'અન્ટ્) Even;levelled;uniform. એક સરખું; ખાડા ખાબડા સિવાયનું; સપાટ.

Suasion, *n.* (સ્વે,'શ્ઝન્) Persuasion as opposed to force; act of persuading. સમજુતી; પતાવટ. [L. *studio*, I advise.]

Suasive, *a.* (સ્વે,'ઝિવ્) Having power to persuade; persuasive. સમજાવે તેવું. મન પર અસર કરે તેવું.

Suavity, *n.* (સ્વૅ'વિટિ) State of being mollifying; state of being soothing. મિષ્ટતા; મિઠાશ; સ્વાદિષ્ટપણું; મધુરતા; મનોરંજકતા.

Sub-acid, *n.* (સબઍ'સિડ્) Somewhat acid; acidic. કાંઈક ખાટું; ખટુમડું. [L. *subacidus*.]

Sub-agency, *n.* (સબ્-એ,'જન્સિ) An agency under some higher agency;a subordinate one. આડી; હાથ નીચેનો કારોબાર, પેટાઆડત.

Subah, *n.* (સુ'બાહ્) A province. પરગણું; પાની. A subahdar. પરગણાનો ધણી-સુબો; સુબેદાર; ગવર્નર.

Subaltern,*a.*(સૅબ'લ્ટર્ન) Of inferior rank. હાથ નીચેનું.*n.* A person holding an inferior office. હાથ નીચેનો અમલદાર [L. *sub* & *alter* one or the other of the two.)

Sub audition, *n.* (સબ ઑડિ'શન્) Mental applying of omitted words; understanding of what is not expressed. અધ્યાહાર વસ્તુ સમજ; મનમાં સમજી લેવું તે.

Sub-committee, *n.* (સબ્કમિ'ટિ) A subordinate committee. પેટા મંડળી-ઉપસભા.

Subdivide, *vt.* (સબડિવા'ઈડ્) To split into smaller parts. ભાગના ભાગ કરવા. નહાના નહાના ભાગ કરવા. *vi.* To be come subdivided. છુટા થઇ જવું. નહાના નહાના ભાગ થઇ જવા.

Sub-division, *n.* (સબ્ડિવિ'શ્ઝન્) Act of subdividing. વિભાગ કરવા તે. 2. A part of a thing made by subdividing. ભાગ;પેટાભાગ. [*sub* & *divido*, I divide.]

Subdue,*vt.*(સબ્ડ્યૂ')To conquer; subjugate; to suppress; overcome. જીતવું, હાથ તળે

લાવવું; હઠાવવું; પરાજય કરવો. 2. Vanquish; render submissive. તાબે રહેતાં શીખવવું. To soften, make gentle. 3. To overcome as by persuasion. જીતી લેવું; મન ફેરવવું. [L. *sub* & *duco*, I lead.]

Subjacent, *a.* (સબ્જે,'સન્ટ) Under government; lying under. તાબાનું; તળે પડેલું, તળેનું; હેઠળનું. [*sub* & *jaceo*, I throw.]

Subject, *n.* (સ'બ્જિક્ટ) That which is placed under authority. તાબા-હુકમ સત્તા નીચેનું. 2. One who is under authority of a ruler. પ્રજા-રૈયત. 3. That which is subjected to any physical operation or process. અધિષ્ઠાન, પાત્ર; ભાજન. 4.That which is brought under discussion or examination. વિષય, બાબત. 5. Hero of a piece; the main personage. પુરૂષનાયક પ્રધાનપુરૂષ. 6. Theme of a proposition. મુખ્ય વસ્તુ.Principal theme. મુખ્ય વસ્તુ. *a.* That which is under the power of another.ને તાબે હોય તે;સત્તા નીચેનું. *vt.* To make subject. તાબામાં લાવવું. 2. To expose. પાત્ર કરવું. To make servile. તાબે કરવું નમ્ર બનાવવું. [*sub* & *jaceo*, I throw.]

Subjection, *n.* (સબ્જે'કશન્) The act of subjecting; act of overcoming.તાબે કરવું તે. 2. State of being subject to or under control of another. તાબેદારી;અધીનતા;પરતંત્રતા.

Subjective, *a.* (સબ્જે'કિટવ્) Relating to mind. માનસિક. Pertaining to a subject. બાબત; વિષય સંબંધે.

Subjoin, *vt.* (સબ્-જૉ'ઇન્) To add at the end; append; to annex. જોડવું;વધારવું;સાંધવું.

Subjugate, *vt.* (સ'બ-જ્યુગે,ટ) To bring under control; subdue; to bring under the yoke of power. હરાવીને વશ કરવું. [*sub* & *jugum*, a yoke.]

Subjugation, *n.* (સબ્જ્યુગે',શન્) Act of subjugating; vanishing. પરાભવ; દમન; જય; નિગ્રહ; તાબે કરવું તે.

Subjunctive, *a.* (સબ્-જ'ન્કટિવ્) Added to something that is written above or spoken before **S.** *mood*; a verbal mood named as being used chiefly in subordinate clauses. સંશયાર્થ; સંકેત વાચક અર્થ. [*sub* & *jungo*, I join.]

Sublet, *v.* (સબ્લે'ટ્) To underlet. પેટા ભાડે, ગણોતે આપવું.

Sublimate, *n.* (સબ્લિમે'ટ્) A thing that is left after sublimation; a product as a residue after sublimation. વરાળના રૂપમાં ફેરવાયા પછી બનેલી ચીજ. *vt.* Convert from solid state to vapour by heat and then allow to solidify again. વરાળ બનાવી પાછું ઠારવું. [*sub limus*, high.]

Sublime, *a.* (સબ્લા'ઇમ્) Of most exalted kind. ઘણું ઉચું. So distinguished by elevation or size or nobility or grandeur or other impressive quality as to inspire awe and wonder. ઉમદા; ઉત્કૃષ્ટ;ભવ્ય. *vi.* To sublimate; to go from solid state to vapour. વરાળરૂપ થવું. *vt.* To convert from solid state to vapour.

Sublimity, *n.* (સબ્લિ'મિટિ) State of being sublime. ઉત્કૃષ્ટપણું; ગૌરવ; ઉચ્ચતા. **S.** of meaning અર્થ ગૌરવ; *n.* A thing that is sublime. પ્રૌઢ વસ્તુ-ઉચ્ચ કોટિની વસ્તુ.

Sublunary, *n.* (સબ્લ્યુ'નરી) A thing that is existing under the moon; terrestrial; earthly. ઐહિક વસ્તુ-આ દુનીઆનું-ને લગતું.

Submarine, *n.* (સ'બ-મરીન્) A ship that travels under water. *a.* Being or growing under water. સમુદ્ર તળે રહેવું-વૃદ્ધિ પામવું.

Submerge, *vt.* (સબમ'ર્જ) To place below water; flood with water; innundate. તરબોળ કરવું; પાણીમાં ઝબોળવું. *vi.* To jump into water or any other fluid. ઝંપલાવવું; પાણીમાં ડુબવું.

Submerse, *vt.* & *a.* (સબમ'ર્સ) To submerge. ડુબાડવું; ડુબેલું.

Submersion, *n.* (સબ્મ'ર્શન્) Act of submerging or plunging into water. નિમજ્જન; મજ્જન.

Submission, *n.* (સબ્મિ'શન્) The act of submitting; humility; meekness;acceptance of authority. અધીનતા; આજ્ઞામાં રહેવું તે; આજ્ઞાપાલન. [*sub* & *mitto*, I send.]

Submit, *vi.* & *vt.* (સબ્-મિ'ટ્) Surrender one's self for control. ને વશ રહેવું; ની આજ્ઞામાં રહેવું 2. To hand over; offer (to **S.** accounts); to present for consideration or decision. રજુ કરવું; અગાડી ધરવું; મૂકવું; નમ્રતાથી કહેવું. 3. To give way; to yield; to make submission. ને તાબે થઈ જવું; શરણે જવું. 4. To give up efforts. યત્ન છોડી દેવો;અધીન, નિરાશ થઈ જવું. 5. To be in humility. બીજાની આગળ નમવું; બીજાના કહ્યામાં રહેવું. 6. To be obedient without any murmuring. બોલ્યા ચાલ્યા સિવાય તાબે થવું.

Submissive. *a.* (સબ્મિસિવ્) Meek;obedient; yielding. આજ્ઞાધીન; તાબેદાર; આજ્ઞાંકિત; આજ્ઞાપાલક.

Submissively, *adv.* (સબમિ'સિવ્લી) Humbly; obediently. નમ્રતાપૂર્વક; આજ્ઞાપૂર્વક; અધીનતાથી.

Submultiple, *n.* (સબમ'લ્ટિપલ્) A number which bears to another a ratio which is a whole number—integral number or is an aliquot part of it. શેષભાજક; દૃઢભાજક.

Subordinate, *a.* (સબૉ'ર્ડિનેટ્) Of inferior importance or rank; sub-servient; secondary. ઉતરતા દરજ્જાનું; ઉતરતી પંક્તિનું; ગૌણ; અપ્રધાન; હાથ નીચેનો, ઉતરતા દરજ્જાનો માણસ.

Subordination, *n.* (સબૉર્ડિને,'શન્) Inferiority of rank. ઉતરતી સ્થિતિ; તાબેદારી. 2. Place of inferior rank or grade. નિચલા દરજ્જાની જગ્યા; ઉતરતી પંક્તિની પદ્વી. [L. *sub* & *ordinus*; I arrange.]

Suborn, *vt* (સબૉ'ર્ન્) To induce by bribery. લાંચ રૂશ્વત્ આપીને સમજાવવું.

Subpœna, *n.* (સબપિ'ના) Writ commanding persons presence in court; a summons over a person for penalty. કોર્ટનું તેડું; સાક્ષીસમન; સમન.

Subscribe, *vt.* (સબસ્ક્રા'ઈબ્) To write one's name at foot of document. નામ લખવું. (2) પોતાની સહિ કરવી. To sign one's name. 3. To enter one's name in the list of contributors. ભરતીમાં નામ લખવું; ટીપમાં નામ લખવું; ભરવું. [L. *sub* & *scribo*, I write.]

Subscriber, (સબસ્ક્રા'ઈબર્) One who subscribes. કબુલ રાખનાર; મતુ કરનાર; ટીપમાં ભરનાર; ગ્રાહક; અગાઉનો ગ્રાહક.

Subscription, *n.* (સબસ્ક્રિ'પ્શન્) A paper or document to which a signature is attached. સહી કરેલો દસ્તાવેજ—કાગળ. 2. Act of subscribing. સહી કરવી તે. 3. The sum subscribed. રકમ; ટીપની રકમ. લવાજમ.

Subsequent, *a.* (સ'બસીક્વન્ટ્) That follows. પાછળનું. 2. Posterior in time or succeeding. પછીનું; પાછળથી બનેલું.

Subservient, *a.* (સબ્સ'ર્વિઅ ન્ટ્) A man serving under a higher authority. હાથ નીચેનો માણસ—ઉતરતા દરજ્જાનો માણસ. 2. Useful as means; having merely instrumental relation. સાધનભૂત; મદદગાર; સહાયભૂત.

Subside, *vi.* (સબસા'ઇડ્) Sink on level; to fall to a bottom. તળીએ બેસવું. 2. To be calmed; to dwindle. ઢીલું પડવું; શાન્ત પડવું; નરમ પડવું. [*sub* & *sideo*, I sit.]

Subsidiary, *a.* (સબસિ'ડિઅરી) Supplement; serving to assist. મદદગાર; સહાયકારી; મદદ કરનાર. Auxiliary. *n.* An accessory. [*subsi*, thing or person.]

Subsidiarily, *adv.* (સબસિ'ડિઅરીલી) In a subsidiary way. મદદગાર તરીકે; બીજી પંક્તિમાં, તાબે રહીને.

Subsidy, *n.* (સ'બસીડી) Money grant from one state to another in return for military or naval aid or other equivalent. 2. Sum paid by one king to another to get the cooperation by way of alliance. કોઇ રાજાએ બીજાને નાણાંરૂપે આપેલી મદદ. 2. Aid; succour. મદદ; ટેકો; સહાય. [*subsideo*, I lie in want.]

Subsist, *vi.* (સબસિ'સ્ટ્) To continue to exist; to remain. હયાત, હસ્તીમાં હોવું; રહેવું. 2. To feed; to maintain. ખવરાવવું; સંભાળવું; ગુજરાન ચલાવવું. 3. To support life; to find sustenance. ગુજરાન મેળવવું; ભરણ પોષણ મેળવવું; ગુજરાન કરવું. [*sub* & *sisto*, I stand]

Subsistence, *n.* (સબસિ'સ્ટન્સ્) Means of supporting life; livelihood. નિર્વાહ; ગુજરાન, ભરણપોષણ. 2. Existence. અસ્તિત્વ.

Subsoil, *n.* (સ'બ-સૉઇલ્) Crust which lies just below the outer surface; the bed or stratum or earth immediately below the external surface. સપાટી ને તળીઆ વચ્ચેનીજમીન.

Substance, *n.* (સ'બસ્ટન્સ્) Matter; body. વસ્તુ; દ્રવ્ય પદાર્થ. 2. Main part; purport; real meaning; pith. તત્વ; સાર; તાત્પર્ય.

Substantial, *a.* (સબ્સ્ટૅ'ન્શલ્) Full of substance; full of purport; not illusionary. દમવાળું—અર્થવાળું, તત્વવાળું; નક્કર; કસ, રસદાર. 2. Strong; stout મજબૂત; દમવાળું. 3. Actually existing. હયાત, અસ્તિત્વ ધરાવતું. 4. Possessed of property; well-to-do; commercially sound. કાંઈક જીવવાળું; ખાદુંપીદું; સમધારણ પૈસાદાર.

Substantially, *adv.* (સબસ્ટૅ'ન્શલ્લી) In a substantial manner; essentially. ખરું જોતાં, વાસ્તવિક રીતે; સારી, સધર રીતે.

Substantials, *n.* (સબ્સ્ટૅ'ન્શલ્ઝ્) Essential parts. સાર.

Substantiate, *vt.* (સબ્-સ્ટૅ'ન્શયેટ્) To establish the existence or truth by proof; give good grounds for. ને સાબીત કરવું. ખરું કરી દેવું; કારણ આપી સાબીત કરવું.

Substantive, *a.* (સબ-સ્ટૅ'ન્ટિવ્) Having a separate and independent existence. પોતાનાજ પાયા પર ઉભા રહેલા; અસલ; સ્વાશ્રયી. 2. Expressing existence. હયાતી દર્શાવનારૂં. 3. Substantial; enduring-lasting. સંગીન; વાસ્તવિક. *n.* (Gram.) A noun. નામ; વિશેષ્ય

Substitute, *n.* & *vt.* (સ'બ-સ્ટિટ્યુટ્) Person or thing performing some function instead

of another. પ્રતિનિધિ; અવેજી માણસ; અવેજમાં મૂકેલી વસ્તુ. *vt.* To place in place of another. નેબદલે,ની અવેજીમાંમૂકવું.[*sub* & *statuo*, I place.]

Substitution, *n.* (સબસ્ટિટ્યુ'શન્) State of being substituted. બીજાને બદલે મૂકાવું તે; અવેજી મુકવું તે. 2. Act of placing one in exchange of another. બદલી; અદલા બદલી; અવેજી. 3. Office or place of one acting for another. પ્રતિનિધિત્વ.

Substract, *vt.* (સબસ્ટ્રૅ'ક્ટ્) To deduct; to take back; to withdraw. કમી કરવું; બાદ કરવું ઓછું કરવું. [*sub* & *traho*, I draw.]

Substratum, *n.* (સબસ્ટ્રે'ટમ્) Permanent subject of qualities. પદાર્થ; આધાર; અધિકરણ. 2. The thing placed under. નીચે મૂકાયલું; ભોંય નીચેનો થર.

Subtenant, *n.* (સબટે'નન્ટ્) An undertenant. પેટા ભાડુત; આડ ભાડુત.

Subterfuge, *n.* (સ'બ્ટરફ્યુજ્) An attempt to escape censure; evasion; defeat in argument by evading the issue; a shift. પ્રપંચ; યુક્તિ; પેચ, ખેલ, છળ, કપટ;બ્હાનું.

Subterranean, *a.* (સબ્ટેરે'નીઅન્)Situated within the crust of earth. ભોંય તળીયે. જમીનની તળે આવેલું. [*sub* & *terra*, earth.]

Subtile, *a.* (સ'બ્ટિલ્) Finely woven. ઝીણું વણેલું; ઝીણું; પાતળું; બારીક. Diaphanous.

Subtle, *a.* (સ'ટલ્) Evasive; mysterious; difficult of apprehension. નજરમાં ન આવે તેવું. ખ્યાલમાં ન આવે તેવું; ગહન. 2. Having delicate perception; acute; sly. સૂક્ષ્મદર્શી; ચતુર; સૂક્ષ્મ. 3.Crafty; sly. ખાંટ; કપટી; પેચી. 4. Sly. પક્કુ; ખંધુ.

Subtlety, *n.* (સ'ટ્લ્ટી) Craftiness; cunning. ખંદાઇ; પેચ; દાવ; સૂક્ષ્મતા.

Subtract, *vt.* (સબ્ટ્રૅ'ક્ટ્) To withdraw; to take away; to deduct. બાદ કરવું; કમી કરવું. [*sub* & *traho*, I draw.]

Subtraction, *n.* (સબ્ટ્રૅ'કશન્) The act or operation of subtracting or taking away. કમી કરવું તે. 2. A mathematical process of subtraction. બાદબાકી.

Suburb, *n.* (સ'બર્બ) Any outlying part of a city. પરું.

Suburban, *a.* (સ'બર્બન્) Pertaining to a suburb. પરાને લગતું. *n.* One who dwells in a suburb. પરાનવાસી.

Subversion, *n.* (સબ્વ'ર્શન્) Complete overturn; complete upset; overthrow. પૂર્ણ નાશ; પાયમાલી; ઉથલપાથલ; પરિવર્તન.

Subversive, *a.* (સબ્વ'ર્સિવ્) Tending to complete ruin. પાયમાલ કરે તેવું; નાશ પમાડે તેવું.

Subvert, *vt.* (સબ્વ'ર્ટ્) To upset;overturn. ખેદાનમેદાન કરવું; પાયમાલ કરવું. 2. To corrupt. બગાડવું; પાપી કરવું; ભ્રષ્ટ કરવું. 3. To be subverted. પાયમાલ થવું.

Succeed, *vt.* & *vi.* (સક્સી'ડ્) To take the place previously filled by; follow. ને ઠેકાણે આવવું. 2. To be an heir. ના વારસ થવું. 3. To follow in succession; to follow in order. અનુક્રમવાર,પછી આવવું.4.To ascend the throne after the death of the former ruler. ના ગયા પછી ગાદીએ આવવું.5.To get prosperity; to have success. જયવંત,સફળ થવું;ફતેહમંદ નીવડવું.

Success, *n.* (સક્સે'સ્) Victory; favourable issue; accomplishment of end aimed at. ફતેહ; વિજય; સફળતા.

Successful, *a.* (સક્સે'સ્ફુલ) Prosperous. ફતેહમંદ; સફળ; વિજયી.

Succession, *n.* (સક્સે'શન્) A following in order. ઉત્તરોત્તર અનુક્રમ. 2. Lineage; pedigree. વંશ; ઓલાદ; કુળ. 3. Ascending throne after the death of the previous ruler. ની પાછળ ગાદીએ બેસવું તે; વારસો.

Successive, *a.* (સક્સે'સિવ્) Following one after another without interruption. એક પછી એક અનુક્રમવાર આવતું; ઉત્તરોત્તર. 2. Hereditary. વંશપરંપરા ઉતરી આવતું.

Successor,*n.*(સક્સે'સર)One who succeeds. એક પછી એક આવનાર; વારસ. [L. *sub* & *cedo*, I go.]

Succinct, *a.* (સક્સિ'ન્ક્ટ્) Terse; concise; briefly expressed. ટુંકું. 2. Girded tucked up. બાંધેલું. [L. *sub* & *cinct*, tuck up.]

Succour, *vt.* (સ'કર્) To come to the assistance of; to run to the help of. ની મદદે દોડી આવવું; મદદ કરવી. *n.* Help; aid. મદદ; સહાય. [*sub* & *curro*, I run.]

Succuba,-bus, [*pl.* -°**bae** or -°**bi.**] Female demon having sexual intercourse with sleeping men. ઉંઘતા માણસ જોડે સંભોગ કરનારી રાક્ષસી.

Succulent, *a.* (સ'ક્યુલન્ટ્) Juicy. રસવાળું; રસભર્યું.

Succumb, *vi.* (સક'મ્) To be overcome and to give way to. ને તાબે થઇ જવું; ને વશ થઇ જવું. [*sub* & *cubo*, I lie down.]

Such, *a.* (સચ્) Of the same kind or degree; as. એવું; તેજ; તેના જેવું.

Suchwise, *adv.* (સ'ચ્વાઇઝ્) In such a fashion or mode. એવી રીતે; તે પ્રમાણે.

Suck, *vt. vi.* & *n.* (સક્) To draw milk or liquid into mouth by making vacuum with muscles of lips. ધાવવું; સ્તનપાન કરવું. 2. To absorb. ચૂશી લેવું; શોષી લેવું. 3. To draw. ખેંચી લેવું. 4. To **s.** in=to draw in the mouth. મોંમાં લેવું. 5. **s.** out=to draw by suction; to exhaust the contents by suction. ચૂશી લેવું; શોષી લેવું 6. Sucked orange. ચૂશાઈ ગયેલું નારંગી. Having no goodness left. 7. Sucking barrister=unpractised barrister.

Suckle, *vt.* & *vi.* (સ'કલ્) To give suck to; to foster at the breast. ધવડાવવું; સ્તનપાન કરાવવું.

Suckling, *n.* (સ'ક્લિંગ્) An infant yet sucking. ધાવતું બાળક; ધાવણું બાળક.

Suction, *n.* (સ'કશન્) Process of sucking. શોષી લેવું તે, ચૂસી લેવું તે. [*sugo*, I suck.]

Sudden, *a.* (સ'ડન્) Occurring unexpectedly; abrupt; abnormally rapid. અણુચિન્તવ્યું; ઓચિંતું-અચાનક; 2. Hurried. ઉતાવળથી કરેલું.

Suddenly, *adv.* (સ'ડન્લી) Unexpectedly. અણુચિન્તવી રીતે; ઓચિન્તી રીતે; એકાએક; આકસ્મિક.

Sudorific, *a.* (સ્યૂડૉરિ'ફિક્) Sweat producing. પરસેવો કહાડે તેવું. 2. **s.** medicine. પરસેવો કરે તેવી દવા. [*sudor* sweat.]

Suds, *n. pl.* (સડ્ઝ્) Soap-froth. સાબુનાં ફીણ.

Sue, *vt.* & *vi.* (સ્યૂ) To prosecute (a person) in law court. ની સામે ફરીયાદી કરવી. 2. To make application. અરજ કરવી. 3. To woo. સંવનન કરવું; કોઇ સ્ત્રીની પ્રીતિ મેળવવા યત્ન કરવા.

Suede, *n.* (સ્વેડ્) વગર કમાવેલું બકરાંનું ચામડું.

Suent, *a.* (સ્યૂ'અન્ટ્) Levelled; even. સપાટ.

Suet, *n.* (સ્યૂ'ઇટ્) બળદ વગેરેના મૂત્રાશય આસપાસની ચરબી.

Suffer, *vt.* & *vi.* (સ'ફર) To undergo; to be subjected to; to submit with grief. વેઠવું; સહન કરવું. 2. To be damaged. ધોકો પહોંચવો; નુકસાન થવું. 3. Allow. રજા દેવી. થવા દેવું. *vi.* To feel pain. દુઃખ થવું. 2. To undergo chatisement. સજા ખમવી.

Sufferable, *a.* (સફરબલ) Able to endure; able to suffer; patient. ખમતી (આસામી); સહનશીલ. 2. Allowable; such as could be endured. ચલવી શકાય તેવું; સહ્ય.

Sufferance, *n.* (સ'ફરન્સ્) Submissiveness; state of suffering; loss; patience. સહનશીલતા; નુકશાન; ખાંમોસ. 2. પરવાનગી; રજા; મ્હેરબાની.

Sufferer, *n.* (સ'ફરર્) A man who suffers. દુઃખ ભમનાર; વેઠનાર; સહન કરનાર.

Suffering, (સ'ફરિન્ગ્) *a.* Being in agony or misery. દુઃખી; કષ્ટ પામનાર. *n.* Pain or loss. દુઃખ, આધિ; કષ્ટ; નુકસાન; સંકટ.

Suffice, *vt.* & *vi.* (સફા'ઇસ્) To be enough. બસ હોવું; પૂરતું હોવું. 2. To gratify. સંતોષ આપવો. તુષ્ટ કરવો. [*sub* & *faceo*, I make.]

Sufficiency, *n.* (સફિ'શન્સી) Being sufficient. યથેષ્ટતા; પર્યાપ્તિ. 2. Efficiency; ability. કાબેલપણું; લાયકાત; શક્તિ. 3. Adequate resources. જોઇએ તેટલી વસ્તુ; જોઇએ તેટલી, ઠીકઠાક આવક. 4. Supply equal to wants. જરૂરિઆત જેટલી વસ્તુ.

Sufficient, *a* (સફિ'શન્ટ) Sufficing; adequate; ample. જોઈએ તેટલું; પૂરતું; યથેષ્ટ.

Sufficiently, *adv.* (સફિ'શન્ટલી) To an adequate degree. જોઇએ તેટલું; પૂરતું; બસ.

Suffix, *n.* (સ'ફિક્સ્) An appendage in word formation; A postfix. પ્રત્યય. *vt.* To add; append in word formation. પ્રત્યય લગાડવો. [L. *sub* & *figo*, I fix.]

Suffocate, *vt.* & *vi.* (સ'ફકેટ્) To stifle; to choke; to kill by stopping respiration. ગુંગળાવી નાખવું; ગુંગળાઇ જવું. To be suffocated.

Suffocation, *n.* (સફોકે'શન્) The act of suffocating or state of being choked. પ્રાણરોધ; શ્વાસાવરોધ; ગુંગળાટ.

Suffragan, *n.* (સ'ફ્રગન્) Assistant Bishop. મદદનીશ ધર્માધ્યક્ષ, પાદરી.

Suffrage, (સ'ફ્રિજ્) Vote or approval; consent expressed by voting. મત; અનુમોદન. અનુમતિ. 2. Right of voting in political elections. મત આપવાનો હક. 3. Aid. મદદ; સહાય. 4. Short petition of congregation especially said in response to priest. ટુંકી અરજ; પ્રાર્થના; ચરણ પ્રતિચરણ; પ્રતિઘોષ. *vi.* To vote. મત આપવો.

Suffragette, *n.* (સફ્રજે'ટ્) A woman who agitates for woman-suffrage. સ્ત્રી મતાધિકાર માટે ઝુંબેશ ચલાવનાર સ્ત્રી.

Suffragist, (સ'ફ્રજીસ્ટ) One who attaches great importance to the suffrage.

Suffuse, *vt.* (સફ્યૂ'ઝ્) To fill or to cover with something fluid. પ્રસરાવવું; ફેલાવવું; વ્યાપ્ત કરવું; -થી ઢાંકી લેવું. [*sub fundo*, I pour.]

Sugar, *n* (શુ'ગર્) Kind of sweet crystalline substance prepared from various plants. ખાંડ; સાકર; શર્કરા. *vt.* To mix sugar with. માં ખાંડ ભેળવવી.

Sugar-candy, *n.* (શુ'ગરકૅન્ડિ) Crystallised sugar. સાકર.

Sugar-cane, *n.* (શુ'ગરકે,ન્) A tall grass from which sugar is made. શેરડી.

Sugar-mill, *n.* (શુ'ગરમિલ્) A machine for extracting sugar juice. શેરડી પીલવાનો કોલુ.

Sugary, *n.* (શુ'ગરિ) Containing sugar; bearing semblance with sugar. ખાંડવાળું: ગળ્યું; ખાંડ જેવું.

Suggest, *vt.* (સજે'સ્ટ્) To introduce indirectly to the thoughts. સૂચવવું; સુઝાડવી. 2. To give hints. સૂચના કરવી. 3. To inform privately. છાનામાના ખબર કહેવી.

Suggestion, *n.* (સજે'સ્ચન્) Thing that is suggested. સલાહ. A hint; 2. Act of suggesting. સુઝાડવું તે. [*sub* & *gero*, I carry.]

Suggestive, *a.* (સજે'સ્ટિવ્) Containing a suggestion. સુઝાડે તેવું; સૂચના આપે તેવું.

Suicidal, *a.* (સ્યુઈસા'ઇડલ) Of the nature of a suicide; partaking of the crime of suicide. પોતાનોજ વધ કરે તેવું; આત્મનાશી; આત્મઘાતી.

Suicide, *n.* (સ્યુ'ઇસાઇડ્) Self-annihilation. આત્મઘાત; આપઘાત; આત્મહત્યા. *n.* One guitly of self-murder. આત્મહત્યા કરનાર. [L. *sui*, of one's self *cœdo*, I kill.]

Suit, *n.* (સ્યૂટ્) A petition in court. દાવો. 2. Seeking a woman's hand in marriage. સંવનન. Wooing. પરણવાના વિચારથી સ્ત્રીનો પ્યાર મેળવવાનો ઉદ્યોગ;માગાં. 3.A company of attendants or menials. ખવાસો. 4. Set of man's clothes.એક જોડાની,જાતની ચીજો;જોડ. 5.Regular order. ક્રમ. 6. **s.** yourself=do as you please. 7. Out of **s.**=having no correspondence. કાંઇ પણ સમાનતા વિનાનું. *vt.*To fit. ને લાયક કરવું.

Suitable, *a.* (સ્યૂ'ટબલ્) Fitting; proper. લાયક; ઘટતું; છાજતું.

Suitably, *adv.* (સ્યૂ'ટબ્લિ) Agreeably; properly. યોગ્ય રીતે; યથાયોગ્ય.

Suite, *n.* (સ્વીટ્) A retinue. ચાકર નોકર વગેરે.

Suitor, *n.* (સ્યૂ'ટર્) An applicant. અરજદાર. 2. One who woos; a lover. પ્રીતિ મેળવવાનો યત્ન કરનાર.

Sulks, *n. pl.* (સલ્ક્સ્) A sulky mood or humour. રોષ; ક્રોધ; રીસ.

Sulky, *a.* (સ'લ્કિ) Obstinate;sullen;morose; silent or inactive. ચીઢીયું; બબીએલ; તોબરો ચઢાવેલું; હઠીલું; ગુસ્સાવાળું.

Sullen, *a.* (સ'લન્) Cross; sour; gloomy. ઉદાસી; ચીઢીયું. 2. Heavy; dull. ભારેખમ; જડ.

Sulliage, *n.* (સ'લીએજ્) Filthiness. ગંદકી. Dirtiness.

Sully, *vt.*(સ'લી)To soil or to make dirty. મેલુ કરવું; કચરાવાળું કરવું; ડાઘ કરવો. (Sullied fame.) *vi.* To become tarnished. મલિન થવું; ઝાંખું થવું. *n. pl.* Tarnish; blemish. ડાઘ; કલંક; કચરો; મેલ.

Sulphur,*n.*(સ'લ્ફર્)Pale-yellow non-metallic element occurring in crystalline or amorphous condition; chiefly occurring in sulphides. ગંધક.–**Sulphate,** (સ'લ્ફે,ટ્) ગંધક ક્ષાર–**Sulphide.** ગંધકમિશ્રણ.

Sulphureous or Sulphurous, (સલ્ફ્યૂ'રીઅસ્) or (સ'લ્ફ્યુરસ્) Consisting of sulphur; containing sulphur. ગંધકવાળું; ગંધકમય, જેવું, સંબંધી.

Sulphury, *a.*(સ'લ્ફરિ) Bearing semblance with sulphur. ગંધક જેવું.

Sultan, *n.* (સ'લ્તન્) (સુ'લ્ટૅન્) A ruler of Mahomedan state.મુસલમાની બાદશાહનો ખિતાબ; સુલતાન.–°**ate** સુલ્તાનની પદ્ગી.

Sultana, *n.* (સુલ્ટા'ના) Wife of a sultan. સુલતાના બેગમ, સુલતાનની બીબી.

Sultriness, *n.* (સ'લ્ટ્રિનિસ્) The quality of being sultry. ગરમી; ધખારો.

Sultry, *a.* (સ'લ્ટ્રિ) Hot; scorching; burning. ધગધગતું; ગરમ; ઉષ્ણતાવાળું.

Sum, *n.* (સમ્) An arithmetical process of adding together two numbers. સરવાળો. The total amount of individuals or things. જુમલો; સંગ્રહ; એકંદર સરવાળો.2.Any amount indefinitely.રકમ;અવેજ.3.Essence; substance. સારાંશ.*vt.*To add together;to bring together into one lump. સરવાળો કરવો. 3. To condense anything. નો સાર ગ્રહવો; એકંદર, સંક્ષિપ્ત કરવું.

Summary, *a.* (સ'મરિ) Short; condensed; brief. સંક્ષેપમાં કહેલું;ટુંકું. 2. *n.* Compendium. સારાંશ; ટુંક સાર.

Summer, *n.* (સ'મર્) A season of heat. ગ્રીષ્મઋતુ; ઉન્હાળો. 2. One who sums.સરવાળો કહાડનાર. *vi.* To spend the summer.ઉન્હાળો વ્યતીત કરવો–વીતાડવો.*vt.*To sustain in summer. ઉન્હાળામાં ભરણપોષણ કરવું.

Summerhouse, *n.* (સ'મર્-હાઉસ્) An apartment in a park where artificial cold is made in summer. ઉન્હાળા માટે ઠંડો બગીચો; ઉદ્યાન.

Summersault,-set, *n.* અધર ઉલગુલાંટીયું, ગુલાંટ.–also,**so**°–.

Summit, *n.* (સ'મિટ્) *n.* The pinnacle; the topmost place.સાનુ;શિખર;ટોચ. (Summit of glory.) [L. *summus*, highest.]

Summon, *vt.* (સ'મન્)To order a man to present himself in the court. કોર્ટમાં હાજર થવા સૂચના આપવી. 2. To call for; to give notice to come. ને તેડું મોકલવું. 3. To give notice to surrender as a fort. કિલ્લો આપી દેવા બોલાવવું; શરણે આવવા કહેવું. To **s.** up; to congregate. એકઠું થવું; ભેગું કરવું. [*sub*& *moneo* I cut.]

Summons, *n.* (સમન્ઝ્) A notice from authority to present. આવાહન પત્ર; તેડું. *vt.* To send summons. સમન મોકલવો.

Sumpter, *n.* (સ'મ્પ્ટર્) Load; a pack. વજન; ભાર. 2. Horse for conveyance. ભાર વહેનાર ઘોડો. 3. Driver of a baggage horse. ઘોડો હાંકનાર.

Sumptuary,*a.*(સ'મ્પ્ચ્યુઅરી) વિલાસનિયામક; મોજશોખની વસ્તુ પર અંકુશ મૂકતું;ખ્હેમાનીવિષયક.

Sumptuous, *a.* (સ'મ્પ્ચ્યુઅસ્) Gorgeous; ostentatious; splendid; grand. ભભકાદાર; દબદબાવાળું. 2. Luxurious; expensive;lavish. ભારે; ઘણી કિંમતનું. [*sumptus*, expense.]

Sun, *n.* (સન્) A self-luminous disc which causes day and leaves darkness when absent. સૂર્ય; દિવાકર; રવિ, સૂરજ. 2. The light from the sun. તડકો; તાપ; ગરમી.-તડકો ખવરાવવો; ખાવો.

Sun-beam, *n.* (સ'ન્બીમ્) A beam or ray of the sun. સૂરજનું કિરણ;સૂર્યગભસ્તિ.**s.**-bath. સૂર્યકિરણસ્નાન; આરોગ્યકિરણ. **s.**-blind. બારીનું બાછંટીયું. બ્હારનું બારણું; સાયબાન.-**s.**-burnt. ગરમીથી કાળાશ પર આવેલું.

Sunday, *n.* (સ'ન્-ડિ)The first day of the week; a day on which God kept the sabbath.રવિવાર;આદિત્યવાર;દિતવાર.**Sundew**, એક જાતનો છોડ;-**Sundog**,માથાવી,દેખાતો સૂર્ય.

Sunder, *vt.* & *vi.* (સ'ન્ડર્) To divide; to separate. જુદું પાડવું; નોખું પાડવું. *n.* A part; a division. જુદો ભાગ.

Sundial, *n.* (સ'ન્ડાયલ્) A gnomon; an instrument by which time can be known with the help of the knowledge of its shadow. શંકુછાયાયંત્ર; સૂર્યઘટિકા યંત્ર.

Sundries, *n. pl.* (સ'ન્ડ્રીઝ્)Many different small things. પરચુરણ, ન્હાની વસ્તુઓ.

Sundown, *n.* સૂર્યાસ્ત.

Sundry, *a.* (સ'ન્ડ્રિ) Several; various. કેટલીક; જુદી જુદી; ભિન્નભિન્ન.

Sunflower, *n.* (સ'ન્ફ્લાવર્)A plant of the genus. *Heliathus.* સુરજમુખી ફુલ; સૂર્યપુષ્પ.

Sunk, [*Imp. & p. p.* of *sink.*](સન્ક્) ડુબેલું. Submerged. **S. fence** = A ditch with a retaining wall. ઉંચી ભીંતવાળી ખાઇ.

Sunless, *a.* (સ'ન્લિસ) Bereft of the sun; covered; shaded. આચ્છાદિત; છાંયાવાળું; સૂર્ય વગરનું; સૂર્ય રહિત.

Sunny, *a.* (સ'નિ) Shining; glossy; illumined by the sun. ચળકતું; ઝગઝગતું; પ્રકાશવંત, 2. Pertaining the sun. સૂર્ય સંબંધે. 3. Coy; joyous. આનંદી; મોજીલું.

Sunrise or Sunrising, *n.* (સ'નરાઇઝ્) The first appearance of the sun above the horizon. ક્ષિતિજ ઉપર પ્રથમ સૂર્યાગમ-સૂર્યોદય.

Sunset-sunsetting, (સ'નસેટ્) The descent of **s.** below the western horizon. સૂર્યાસ્ત.

Sunshade, *n.* છત્તર; છત્ર; છતરી.

Sunshine, *n.* (સ'નશાઇન્) Light of the sun or the place where the **s.** shines. સૂર્યનું અજવાળું-સૂર્યનો પ્રકાશ. 2. ગરમી. 3. હુંફ. Favour. કૃપા. [*snnshine* of royal favour Macaulay.] 4.તેજ;પ્રકાશ;ચળકાટ. **Sunspot**, સૂર્યમાંનો દેખાતો ડાઘો.

Sunstroke, *n.* (સ'નસ્ટ્રોક્) An affection brought about by the excessive heat of the sun. લુ; સૂર્યની ઝાળ. **Sunwise**, *adv.* ઘડીયાળ માફક.

Sup, *vi.* (સપ્) To take into mouth; to eat. પદાર્થ ખાવો. 2. To take the evening meal. વાળુ કરવું. *vt.* To give the supper; to treat with supper; to entertain with supper. વાળુ પીરસવું.

Superable, *a.* (સ્યૂ'પરબલ્) [L. *super*, above.] That can be overcome. હરાવાય તેવું; જીતી શકાય તેવું.

Superabound, *vi.* સ્યુ'પરૅબાઉન્ડ્) To be excessively filled with; to be abundant with. થી ચિકાર હોવું; થી ભરપૂર હોવું. 2. To be sufficient. પૂરતું હોવું.

Super-abundance, *n.* (સ્યુપરૅબ'ન્ડન્સ્) State of being superabundant. અધિકતા; પુષ્કળ હોવું તે.

Superabundant, *a* (સ્યુપરૅબ'ન્ડન્ટ્) Excessive; sufficient. અધિક; પુષ્કળ; જોઇએ તે કરતાં વધારે.

Super-add, *vt.* (સ્યુપર્-ઍ'ડ્) To add once again; to add to what has been added. અધિકાધિક કરવું; વધારવું.

Super-annuated, *a.* (સ્યુપર્-ઍ'ન્યુએ,ટિડ્) Worn out due to years; infirm on account of old age. ઘડપણથી નબળું બની ગયેલું; જરીરત.

Superb, *a.* (સ્યુપ'ર્બ્) Majestic; gorgeous; stately; grand. ભવ્ય; ભભકાવાળું; મહાન. 2. Richly decorated; elegant. ભારે; નકશીદાર.

Supercargo, *n.* (સ્યુ'પર્કાર્ગો) વહાણનો માલ વેચવા વગેરેનો વહીવટ કરનાર.

Superciliary, *a.* (સ્યુપસિ'લિઅરી) ભમર સંબંધી; આંખની ઉપરનું.

Supercilious, *a.* (સ્યુપરસિ'લિઅસ્) Arrogant; proud. મગરૂરીવાળો; અહંકારી; પતરાજીખોર.

Super-eminent, *a.* (સ્યુપર્–એ'મિનન્ટ્) Excessively eminent. બહુજ ઉત્તમ; સર્વોપરિ; અત્યંત વિખ્યાત.

Supererogation, *n.* ફરજ, ધર્મ કરતાં વધારે કામ કરવું તે; અતિવિધિ; અનુવિધિ.

Superexcellent, *a.* (સ્યુપરઇ'કસેલન્ટ્) Excessively excellent; excellent to an extraordinary degree. અત્યંત ઉત્કૃષ્ટ; અતિશય ઉત્તમ.

Superficial, *a.* (સ્યુ'પર્ફિ'શલ્)Pertaining to surfaces. સપાટીને લગતું; સપાટીનું. 2. Hollow; not profound. ઉપર ચોટીયું. 3. Of or pertaining to superfices. જમીન પર પહેલું.

Superfices, *n.* (સ્યુપરફિ'શીઝ્) The superficial area, or face of a thing. સપાટી. [L. *super* & *facio*, I make.]

Superfine, *a.*(સ્યુ'પર્ફાઇન્)Excessively fine. ઘણુંજ બારીક; અતિસૂક્ષ્મ, સરસ.

Superfluity, *n.* (સ્યુપર્ફ્લુ'ઇટી) State or quality of being superfluous. નકામાપણું. 2. A thing that is superfluous; a thing beyond the necessities. જ્યાસ્તે રાખેલી ચીજ; ફાલતુ રાખેલી ચીજ. 3. Quality greater than required. ઉપયોગ કરતાં વધારાનો ભાગ; વધારો.

Superfluous, *a.*(સુપ'ર્ફ્લુઅસ્)Unnecessary. ફાલતુ; જ્યાસ્તે; ફાજલ;વધારાનું. [L. *super* & *fluo*, I flow.]

Superhuman, *a.* (સ્યુપર્હ્યુ'મન્) Divine; above what is human. અમાનુષ; દેવતાઈ.

Superincumbent, માથે, ઉપર રહેલું, પડેલું.

Superinduce, બાહ્ય અસરથી આણવું.

Superintend, *vt.* (સ્યુપરિન્ટે'ન્ડ્) To watch over; to have a look over. ની દેખરેખ રાખવી.

Superintendence, *n.* (સ્યુપરિન્ટે'ન્ડન્સ્) Watch; oversight for the purpose of guidance. દેખરેખ; પ્રેક્ષણ; નિરીક્ષણ.

Superintendent, *n.* (સ્યુપરિન્ટે'ન્ડન્ટ્) One who superintends; one who looks over the things for the purpose of guidance.દેખરેખ રાખનાર; તપાસણી કામદાર; નિરીક્ષક.

Superior, *n.* (સુપી,'રિઅર્) One who is above another in gradation or rank. ઉપરિ; ચઢીઆતા દરજ્જાનો. One who is above in age, station, office. *a.* Of higher rank; more elevated. ઉપરનું, ઉપલા દરજ્જાનું.

Superiority, *n.* (સુપી,રિઑ'રિટિ)The state or condition or quality of being a superior. આધિક્ય; ઉચ્ચપણું; શ્રેષ્ઠતા; વડિલપણું.

Superlative, *a.*(સુપ'ર્લટિવ્)Of the highest degree;supreme;surpassing all.સર્વોત્કૃષ્ટ; સૌથી સરસ. 2. (in grammar) a degree expressing supremeness or the highest or the lowest degree of quality, manner etc.etc.શ્રેષ્ઠતાવાચક. *n.* That which is superlative. સર્વોત્કૃષ્ટ ચીજ.

Superhuman, *n.* નિત્સેકલ્પિત આદર્શજન; અલૌકિક, સામાન્ય નીતિથી પર મનુષ્ય.

Supernatural, *a.* (સ્યુપર્નૅ'ચુરલ્) Above the forces of nature. અદ્ભુત.

Super-numerary, *a.*(સ્યુપર્ન્યુ'મરરિ)Being in excess of a normal number. ઉપલગ;ફાલતુ; વધારાનું.2 Exceeding the number stated.કહ્યા કરતાં વધારે.*n.*A person or a thing in excess of the normal number. ઉપલગ, વધારાનો માણસ. [L.*super* & *numeris* number.]

Superscribe, *vt.* (સ્યુપર્સ્કા'ઇબ્) To write or engrave at the top or outside of some thing; to write inscription over or on (something.) ઉપર શિરણામું લખવું; પત્તો લખવો ની ઉપર કોતરવું.

Superscription, *n.*(સ્યુપર્સ્કિ'પ્શન્) That which is written at the top etc.સપાટી.પર,ઉપર લખેલું.2. Act of super-scribing. ઉપર લખવું તે. [*super* & *scribo*, I write.]

Supersede, *vt.* (સ્યુપરસી'ડ્) To set aside; to cease to employ; to adopt another thing or person in place of. મૂકી દેવું; ને બદલે રાખવું–નીમવું. 2. To come in place of. ને બદલે આવવું. 3. To make void. નિર્બલ, રદબાતલ બનાવી મૂકવું

Superstition, *n.* (સ્યુપરસ્ટિ'શન્)Credulity regarding the supernatural. મૂઢ વિશ્વાસ. 2. Irrational fear of the unknown or mysterious. વહેમ. 3. Misdirected reverence; the worship of a false God. પાખંડી ધર્મમત;ખોટા દેવની ભક્તિ.[L. *super* & *sto*, I stand.]

Superstitious, *a.* (સ્યુપર–સ્ટિ'શસ્) Of or pertaining to superstition. વહેમ સંબંધે. 2. Evincing false credulity. વહેમી;મિથ્યા;ભોળું.

Superstructure,પાયાપરનું બાંધકામ; સિદ્ધાંત ઉપરથી પ્રતિપાદિત જ્ઞાન, વિગત. **Supertax**, વધારાનો કર.

Supervene, *vi.* (સ્યુપર્–વી'ન્) To occur as an interruption to; to change from

some condition. બનવું; આવવું નીપજવું. [L. *super* & *veneo*, I come.]

Supervise, *vt.* (સ્યુપરવા'ઈઝ્) To direct or watch with authority the work of. દેખરેખ રાખવી. 2. Oversee; to look over so as to read. ઉપર ઉપર વાંચી જવું. [L. *super* & *video*, I see.]

Supervision, *n.* (સ્યુપરવિ'ઝન્) Superintendence; act of supervising; inspection. દેખરેખ; નિધેખાની; ચોકી.

Supervisor, *n.* (સ્યુ'પરવાઈઝર્) One who inspects; superintendent; one who supervises. દેખરેખ રાખનાર; તહતાસ રાખનાર.

Supine, *n.*(સ્યુ'પાઈન્)Verbal noun. કૃદંતનામ.

Supine, *a.* (સ્યુપા'ઇન્) Lying with face upward; lying on the back. છતું; ચત્તુ; ચત્તાપાટ. 2. Disinclined for exertion; indolent. આળસુ; બેદરકાર; નિશ્ચેતન; બેઠડુક.

Supper. *n.* (સ'પર્) Evening meal. રાતનું ખાણું; વાળુ.

Supperless, *a.* (સ'પર્-લિસ્) Bereft or deprived of supper. વાળુ વગરનો; વાળુ કર્યા વગર-વિના.

Supplant, *vt.* (સપ્લૅ'ન્ટ્) To oust or take the place of by underhand means. દાવ-યુક્તિ-કપટ-થી દૂર ખસેડવું. 2. To overthrow. ઉથલાવી નાખવું; ઉખેડી નાખવું.[L.*sub* & *plant*, the sole of the foot.]

Supple, *a.* (સ'પલ્) Easily bent, pliant; flexible given to compliance; artfully submissive; fawning. જલદીથી વળે તેવું; સુંવાળું; નરમ; હાજીહા કહેનાર. *vi.* To turn supple. નરમ થવું; નમે તેવું થવું.[L.*supplex*,suppliant.]

Supplement, *n.* (સ'પ્લીમન્ટ્)Thing added to supply the defect of something else. સાંધણ; ઉમેરો; પૂરવણી. *vt.*To make additions. ઉમેરો કરવો;સાંધણ ઉમેરવું.(in Mathe.)The angle that added to another will make the sum two right angles.[L.*sub* & *pleo*, I stand.]

Supplementary, **Supplemental**, *a.* (સપ્લિમે'ન્ટલ્-પ્લિમે'ન્ટરિ) વધારાનું;બીજું;અનુષંગી.

Suppliant, *a.* (સપ્લા'યન્ટ્) Supplicating; entreating. કાલાવાલા કરતું; આજીજી કરતું. *n.* A humble petition.શરણાર્થી; કાલાવાલા કરનાર.

Supplicate,*vt.*(સ'પ્લિકે,ટ્)To make humble petition. કાલાવાલા કરવા; આજીજી કરવી.

Supplication, *n.* (સપ્લિકે,'શન્) An act of entreating. કાલાવાલા; પ્રાર્થના.2.An earnest entreaty. કાલાવાલા; અરજ પ્રાર્થના.

Supplicatory, *a.* (સપ્લિકે,'ટરિ) Accompanied with supplication.કાલાવાલાવાળું;નમ્ર;દીન.

Supply, *vt.*(સપ્લા'ય્)To furnish;to provide. (with the thing needed.) ને પૂરૂં પાડવું. 2. To fill.(place;vacancy; pulpit) as substitute. ને ઠેકાણે આવવું;વતી બેસવું.3.To provide.પૂરૂં પાડવું. *n.* Act of supplying. પૂરૂં પાડવું તે. 2. That which provides with the necessary things. તંગી પૂરી પાડનાર. *a.* Auxiliary troops. મદદનીશ લશ્કર; મદદ માટે આવી પહોંચેલું લશ્કર. (*b*) Food; store. ખોરાકનો ભંડાર. [L. *sub* & *pleo*, I fill.]

Support, *vt.*(સપૉ'ર્ટ્)To keep from falling; to hold up; carry the weight of. ને ટેકવી રાખવું; નો ભાર ઝીલવો. 2. To help.ને મદદ આપવી. 3. To carry. નીભાવી રાખવું. 4. To get livelihood. ગુજરાન ચલાવવું. *n.* State or act of upholding. નો ભાર ઝીલવો તે; આધાર. 2.Sustenance; maintenance. ગુજરાન; નિભાવ. 3. That which upholds or sustains. ટેકો; આધાર; સ્તંભ. [*sub* & *porto*, I carry.]

Supportable, *a.* (સપૉ'ર્ટબલ્) Capable of being supported. નીભાવી શકાય તેવું.

Suppose, *vt.* (સપો,'ઝ્) Assume as a hypothesis. ધારી લેવું. 2. To imagine. ધારવું; કલ્પવું. 3. To believe. માનવું *vi.* To think; to hold the opinion. ના મતનું હોવું; ધારવું. [L. *sub* & *pono*,]

Supposition, *n.* (સપોઝિ'શન્) Act of supposing. ધારવું તે; ધારણા. 2. Hypothesis; conjecture. કલ્પના; અટકળ.

Suppositious, *a.* (સપોઝિ'શસ્)Substituted for real. ધારી લીધેલું; મૂકી દીધેલું; પ્રક્ષિપ્ત. [*spurious* child, or writings.]

Suppress, *vt.* (સપ્રે'સ્) Put down; quell; put an end to activity or existence of (rebellion, sedition; agitation, etc.) ને દબાવી દેવું.2. Restrain; to keep in; not to give bent to. દબાવી રાખવું; ખાળવું. મનમાં રાખવું. 3. To keep secret; not to reveal.છાનું રાખવું. 4. To stop. અટકાવવું.

Suppression, *n.* (સપ્રે'શન્) Act of suppressing. દમન; સ્તંભન; છુપામણી. 2. Complete stoppage of a natural secretion.અટકાવ,અવરોધ

Suppurate, *vi.* (સ'પ્યુરે,ટ્) To form pus; to generate pus; fester.માં પરૂ ભરાવું તે. 2. To cause to suppurate.માં પરૂ ભરાય તેમ કરવું; પકવવું [L. *sub* & *pus*, puris matter.]

Suppuration, *n.* (સપ્યુરે,'શન્)Act of suppurating. પરૂ ભરાવું તે. 2. Matter produced by suppuration. પાચ; પરૂ.

Supremacy, *n.* (સુપ્રે'મસિ) The state of being supreme or exalted or the state of

being in the highest station of power.સર્વોપરિપણું; સર્વોત્કૃષ્ટપણું; સર્વાધિકય; શ્રેષ્ઠતા.

Supreme, *a.* (સુપ્રીમ્) Highest; greatest; uttermost. સર્વથી મોટું-વધારે; ઘણુંજ;અતિશય; ભારે. 2. Highest in authority. શ્રેષ્ઠ;સર્વોપરિ; પરમ; વરિષ્ઠ. **Supreme court**, સદર અદાલત. **Supreme monarch, The supreme**, પ્રભુ; પરમેશ્વર. [L. *super*, above.]

Surcharge, *vt.* (સર્ચાર્જ) To overload; to overburden. ગજા ઉપરાંત ભાર મૂકવો;માં-ઉપર વધારે ભાર મૂકવો-ભરવો. 2. To overstock. ચરામાં પહોંચી શકે તે કરતાં વધારે ઢોર ચરવા છોડવાં; વધારે ભરવું. 3. To show an omission in, for which credit ought to have been given. ઉધારવાની રકમ નહિ ઉધારેલી બતાવવી. *n.*(સ'ર્ચાર્જ) An excessive load or burden. ગજા ઉપરાંત બોજો; વધારે-જાસ્તી ભાર.2.An extra charge. વધારેલું ખર્ચ-નૂર, કિંમત.

Surcingle, *n.* ઘોડાનો તંગ.

Surcoat, *n.* બખ્તર પરનો ડગલો, ઝભ્ભો,જામો,

Surd, *n.* (સર્ડ) A quantity which cannot be expressed by rational numbers.કરણી.2.A surd element of speech.અનુચ્ચારિત વર્ણ.*a.*Deaf બહેરૂં. 2. Unheard.ન સંભળાતું હોય તેવું;અશ્રુત. 3. Toneless. અનુચ્ચારિત; અવાજ વિનાનું. 4. Involving surds. કરણીવાળું.[L. *surdus*, deaf.]

Sure, *a.* (શૂર્) Certainly knowing and believing; confident beyond doubt. નિઃસંદેહ; ખાતરી, ભરોસાવાળું; સંશયહીન. 2. Firm; steady; strong. મજબુત; જબરો; ભરોસો કરવા લાયક. 3. Certain to find or retain. ખચિત; નક્કી; નિશ્ચિત. 4. Safe. સહીસલામત; નિર્ભય. **To be sure** or **be sure**, Certainly. ખાત્રીથી; ખચિત; ખરેખર; બેશક; નક્કી. [L. *se*, aside & *cura*, care.]

Surely,*adv.* (શૂર્લિ) Certainly; assuredly. નક્કી; ખચિત; ખરેખર; બેશક; નિઃસંશય; ખસુસ.

Surety, *n.* (શૂર્ટિ) Certainty; security. ખાત્રી; નિર્ણય; નિશ્ચય. 2. Security against loss or damage. નુકસાની બદલ બાંહેધરી; અવેજ. 3. (Law.) A bondsman; a bail. હામી, જામીન.

Surf, *n.* (સર્ફ્) The swell of the sea. દરિયાનું મોજું; લહેર; તરંગ; કલ્લોલ.

Surface, *n.* (સર્ફિસ્) Superficies. ઉપરની બાજુ; સપાટી; તળ; પૃષ્ઠ; બહારનો ભાગ. 2. External appearance. બહારનો દેખાવ. [L. *super* & *facies*, face.]

Surfeit, *vt.* (સર્ફિટ્) To overfeed. અકરાંતિયાની પેઠે ખવડાવવું. *vi.* To eat to excess. ઠાંસી ઠાંસીને ખાવું; અતિશય, અકરાંતિયું ખાવું. *n.* Excess in eating and drinking. અકરાંતિયું ખાવું તે; આફરો; અતિશય ખાનપાન. [L. *sur* & *faceo*, I make.]

Surge, *n.* (સર્જ્) A large wave or billow. મોટું મોજું. 2. A spring; a fountain. ઝરો; ફુવારો. *vt.* To swell; to rise high and roll. મોજું આવવું; ઘણું ઉછળીને વહેવું. [L. *sub* & *rego*, I direct.]

Surgeon, *n.* (સ'ર્જન્) One whose profession is to cure diseases of the body by manual operation. શસ્ત્રવૈદ્ય; વાઢકાપનું કામ જાણનાર. [Gk. *kheir*, hand, *ergo*, work.]

Surgery,*n.*(સ'ર્જરિ)The art of healing by manual operation. શસ્ત્રવિદ્યા; વાઢકાપ;શસ્ત્રવૈદક.

Surgical, *a.* (સ'ર્જિકલ્) Pertaining to surgery. શસ્ત્રવૈદ્ય-નું-સંબંધી, વિષે; વાઢકાપનું; શસ્ત્રીના ઉપચારનું.

Surly, *a.* (સ'ર્લિ) Abrupt;rude;ill-natured. ચીઢીયું; તોરી; ખરાબ સ્વભાવનું. 2. Gloomily morose; proud. મગરૂર; અહંકારી; ગર્વિષ્ઠ.

Surmise, *vt.* (સર્માઇઝ્) To suppose; to guess; to imagine.કલ્પના કરવી;ધારવું; અનુમાન કરવું; વિચારવું;વહેમ-સંદેહ આણવો.-*n.*Imagination; thought. વિચાર; કલ્પના તર્ક.2. Doubt; suspicion. શક; વહેમ; સંદેહ.[L. *sur* & *mitto*, I send.]

Surmount, *vt.* (સર્માઉન્ટ્) To surpass; to exceed. ના કરતાં ચઢવું; થી ચઢિયાતા હોવું. 2. To subdue; to conquer.વશ તાબે કરવું;જીતવું. 3. To rise above. થી ઉંચે ચઢવું-જવું. [L. *sur* & *monter*, to mount.]

Surmountable, *a.* (સર્માઉન્ટબલ્)Capable of being surmounted.જીતી, વશ કરી શકાય તેવું.

Surname,*n.*(સ'ર્નેમ્) A name or appellation added to or over and above, the baptismal or Christian name. ઉપનામ; અટક; કુળનામ.-*vt.* To give a surname to. ને અટક-ઉપનામ આપવું.

Surpass, *vt.* (સર્પાસ્) To exceed; to go beyond in anything good or bad.થી ચઢિયાતા થવું;હઠાવવું;પાછળ મૂકવું;ના કરતાં સરસ થવું-નિવડવું.

Surpassing, *a.* (સર્પાસિંગ્) Exceeding others; excellent. ઉત્તમ-શ્રેષ્ઠ; સર્વોપરિ; સરસ.

Surplice, *n.* (સ'ર્પ્લિસ્) A white garment worn over another dress by the clergy. પાદરીઓને ધોળો ઝભ્ભો. [L. *super*, above & *pellicium*, a robe of fur.]

Surplus, *n.* (સ'ર્પ્લસ્) Excess; overplus. ફાલતુ ભાગ; ઉપરનો વધારો; શેષ; બાકીનો ભાગ-*a.* More than sufficient. ફાલતુ; વધારાનું; ઉપરનું; બાકીનું. [L. *sur* & *plus*, more.]

Surprise, *vt.* (સપ્રાઇ'ઝ્) To strike with wonder or astonishment. વિસ્મય કરવું;અચંબો પમાડવો; દંગ કરવું. 2. To come or fall upon suddenly and unexpectedly. છાપો મારવો; અચાનક હુમલો કરવો. 3. To confuse. ગભરાવવું. *n.* Wonder; astonishment; amazement. આશ્ચર્ય; અચંબો; વિસ્મય. 2. The act of coming upon unawares. છાપો; ઉપર હુમલો,ધસારો કરવો તે.[L.*sur* &*prehendo*,I take.]

Surprising, *a.* (સપ્રાઇ'ઝિંગ્) Wonderful; extraordinary. અજબ પમાડે એવું; અદ્દભુત; ચમત્કારિક; આશ્ચર્યકારક.

Surrebutter, *n.* (સરિ'બટર્) ફરિયાદી, વાદી પક્ષનો ત્રીજો જવાબ. **Surrejoinder,** વાદીનો બીજો જવાબ.

Surrender,*vt.* (સરે'ન્ડર્) To yield; to give up; to resign. છોડવું; છોડી દેવું; શરણ–તાબે–આધીન થવું. 2. To give the possession of. નો કબજો સોંપી દેવો; ને હવાલે કરવું 3. To yield to the power of another. શરણ થવું; તાબે થવું–*vi.* To yield; to give up one's-self into the power of another. શરણ-તાબે થવું.–*n.* The act of surrendering. તાબે, વશ, આધીન કરવું તે.

Surreptitious, *a.* (સરેપ્ટિ'શસ્) Done, produced or obtained by stealth. ચોરીનું; કપટનું; દગાથી કરેલું; છાનુંમાનું; ખોટું; કપટથી કરેલું. [L. *sub* & *rapeo*, I snatch.]

Surrogate *n.* (સ'રોગેટ્) A deputy; a delegate; substitute. અવેજી; પ્રતિનિધિ; મુખત્યાર. 2. The deputy of an ecclesiastical judge.ધર્મ સંબંધી ન્યાયાધીશનો મદદગાર-પ્રતિનિધિ [L. *sub* & *rogo*, I ask.]

Surround, *vt.* (સરા'ઉન્ડ્) To inclose on all sides. ઘેરી લેવું; પાછળ આવી રહેવું; ચારે પાસ ફરી વળવું. 2. To lie or be on all sides of. ની પાછળ ફરવું હોવું; ચારે પાસ ફરવું આવવું. [L. *super* & *unda*, wave.]

Surrounding,*a.* (સરા'ઉન્ડિંગ્) Encompassing; inclosing. ફરતું; આસપાસનું; ઘેરી લેતું.–*n.* An encompassing. ઓવરણ. 2.*pl.* Things or conditions which surround. આસપાસ–આજુબાજુની હકીકત–બીના–વસ્તુ–વાત; વાતાવરણ; સંજોગ.

Surtax, વધારાનો કર.

Surtout *n.* (સ'ર્ટુટ્) Overcoat.

Surveillance, *n.* (સર્વે,'લન્સ્) Inspection; watch. દેખરેખ; જાપ્તો; ચોકસી; તપાસ; ચોરી; પહેરો [L. *super* & *vigilo*, I watch.]

Survey, *vt.* (સર્વે,') To take view of; to inspect. ઉપર નજર ફેંકી જોવું; તપાસવું; તપાસી જોવું. 2. To determine the form, extent, position etc. મોજણી કરવી; માપવું; ફુટ–સીમ નક્કી કરવા સર્વે કરવી. 3. To examine. અવલોકવું; તપાસવું; નિહાળવું; નિરખવું; લક્ષ પૂર્વક જોવું. *n.* (સ'ર્વે) A general view. બધે આંખ ફેરવી જોવું તે; તપાસ. 2. Examination. તપાસ; નિરીક્ષણ; નિરીક્ષા.3.The operation of finding the contour, dimensions, position or other particulars of any part of the earth's surface. મોજણી; પાણી; માપણી; સર્વેકામ.[L. *super* & *video*, I see.]

Surveying, *n.* (સર્વે'ઇંગ્) The act or occupation of making survey. મોજણી; માપણી; પાણી; સર્વેકામ.

Surveyor, *n.* (સર્વે'અર્) An overseer; a superintendent; an inspector. મોજણીદાર; તપાસ રાખનાર; ઉપર તલાસ રાખનાર; સર્વેઅર.

Survival, *n.* (સર્વા'ઇવલ્)An outliving. એક મુઆ પછી બીજાએ જીવતા રહેવું તે; અતિ, પુનર્જીવન.

Survive, *vt.* & *vi.* (સર્વા'ઇવ્)To outlive; to live longer than.ના મુવા પછી જીવતા–હયાત રહેવું–હોવું; ના કરતાં વધારે જીવવું. [L. *super* & *vivo*, I live.]

Survivor, *n.* (સર્વા'ઇવર્)One who survives or outlives another person or anything. મુઆપછી પછવાડે રહેનાર–જીવનાર; વધારે, પાછળ જીવનાર; હકદાર.

Susceptibility, *n.* (સસેપ્ટિબિ'લિટિ) The quality of receiving impressions;sensibility. ગ્રહણ શક્તિ; ગ્રાહકત્વ; ગ્રહણ શીલતા.

Susceptible, *a.* (સસ્સે'પ્ટિબલ્) Capable of admitting anything additional, or any change, affection or influence. થવા જેવું; થઈ શકે એવું; માં, ઉપર ચઢાવી–વધારી શકાય તેવું. 2.Impressible;tender.અસર થાય તેવું;કોમળ;ગ્રહણ સમર્થ;ગ્રાહી;લાગણીવાળું.[L.*sub* & *capio*,I take.]

Suspect, *vt.* (સસ્પે'ક્ટ્) To imagine to be guilty. ગુન્હેગાર ધારવો; વહેમ, અંદેશો આણવો. 2. To doubt; to distrust. નો અણવિશ્વાસ આણવો. 3. To mistrust; to suppose. વહેમ, અંદેશો આણવો; અટકળ કરવી, બાંધવી. *vi.* To imagine guilty; to have a suspicion. ના વિષે શક, વહેમ હોવો, આણવો. *n.* A suspected or doubtful person. શકદાર. 2. Suspicion. શંકા; વહેમ; સંદેહ. [L. *sub* & *specio*, I look.]

Suspend, *vt.* (સસ્પે'ન્ડ્) To attach to something above; to hang. લટકાવવું; ટાંગવું. 2. To interrupt; to stay; to delay. અટકાવવું; રહેવા દેવું; બંધ–મોકુફ રાખવું. 3. To hold in an undetermined state. મોકુફ–મુલ

રાખી મૂકવું; અનિશ્ચિત-ઠરાવવામાં રાખવું; બાકી રાખવું. 4. To debar from the execution of an office. નોકરીથી દૂર-મોકૂફ કરવું; સસ્પેન્ડ કરવું. 5. To cause to cease for a time. થોડા વખત સુધી બંધ રાખવું,-*vi.* To cease from operation or activity. મોકુફ રહેવું; થોડી મુદત સુધી બંધ રહેવું; **To suspend payment,** દેવાળું કાઢવું; નાદાર થવું [L. *sub* & *pendo*, I hang.]

Suspense, *n.* (સસ્પે'ન્સ્) Indecision; indetermination. અનિશ્ચય; ઉચ્ચાટ; સંદેહ. 2. A cessation of time; a stop. મોકુફી. **Suspense account,** કાચું નામું; કાચો મેળ.

Suspension, *n.* (સસ્પે'ન્શન્) The act of suspending or state of being suspended. લટકણ; લટકાવું-ટાંગવું-ટંગાવું તે. 2. Temporary delay or cessation. થોડી મુદત બંધ રાખવું-અટકાવવું તે; વિલંબ; આરામ; મોકુફી; બંધી. 3. Cessation of payment of what is due. દેવાળું કાઢવું તે; દેવાળું; નાદારી. 4. A keeping in doubt. ઉચો જીવ; ઉચાટ. **Suspension bridge,** ઝુલતો પૂલ; ઝોલા પૂલ.

Suspicion, *n.*(સસ્પિ'શન્)Mistrust; doubt; diffidence. શક; વ્હેમ; અંદેશો; સંશય; શંકા; અણવિશ્વાસ.

Suspicious, *a.* (સસ્પિ'શસ્) Inclined to suspect. વહેમી; શંકાશીલ; સંશયી; વહેમ-શક-અંદેશો પડતું

Suspire, *vi.* (સસ્પા'યર્) To fetch a long, deep breath; to sigh. દીર્ઘનિશ્વાસ નાખવો; ઉંચો શ્વાસ લેવો.

Sustain,*vt.*(સસ્ટે'ન્)To keep from falling; to support.નો ભાર ઝીલવો-ખમવો;ટેકવી રાખવું. 2. To keep from sinking or despondence. હોશીઆરીમાં રાખવું; ખુશીમાં રાખવું;ધીરજ આપવી. 3. To maintain; to nourish.ગુજરાન ચલાવવું-કરવું; જીવતું રાખવું. 4. To bear. ખમવું; નભાવવું; વેઠવું. 5. To prove. સાબીત કરવું. 6.To sanction. મંજુરી આપવી; કાયમ રાખવું.7. To help. મદદ-સહાય કરવી. [L. *sub*, & *teneo*, I hold.]

Sustenance, *n.* (સ'સ્ટેનન્સ્) The act of sustaining; support; maintenance. નિર્વાહ; ભરણપોષણ; પોષણ; ટેકો; ગુજારો; વૃત્તિ; જીવન. 2. Food. ખોરાક; અન્ન.

Sustentation, *n.* (સસ્ટેન્ટે'શન્) Support; the act of sustaining. નિભાવ;ગુજરાન;પોષણ; ટેકવી રાખવું તે.

Sutler, *n.* (સ'ટ્લર્) One who follows an army to sell provisions, liquors etc. લશ્કર જોડે ખરસામાન, દારૂ વગેરે વેચવા જનાર.

Suture, *n.* (સ્યુ'ચર્) The act of sewing. સીવણ; સાંધવું તે; સાંધો. 2. A stitch to hold together the edges of the wound. ટેભો; ઘા ઉપર ટેભા દઇને સીવવું તે.3.The joint of the skull. ખોપરીના હાડકાનો સાંધો. [L. *suo*, I sew]

Suzerain, *n.* (સ્યુ'ઝરે,ન્) A superior lord, to whom fealty is due.મુખ્ય સરદાર;પટાવતોનો રાજા;મોટો જમીનદાર; સર્વોપરિ. [L.*sub* & *verto*, I turn.]

Swab, *n.* (સ્વૅાબ્) A mop for cleaning desks etc. ભોંય વાળવાની-ઝાડવાની સાવરણી; કુચડો; કુચો.-*vt.* To clean with a mop or swab. સાવરણી-ઝાડુથી સાફ કરવું.

Swaddle, *n.* (સ્વૅા'ડલ્) A swarding band. લુગડાનો પટો;નાના છોકરાને વીટવાનાં લુગડાં-*vt.*To bind;as with a bandage.લુગડાનો પાટો બાંધવો.

Swag, *vi.* (સ્વૅગ્) To swing; to sink down by its weight; to lean. ઝોલો ખાવો; ભારથી ઝુલવું-ઝુલી પડવું; ભારથી નમવું.-*n.* A swaying; irregular motion, as of a heavy body. ઝોલાની અનિયમિત ગતિ.2.A burglar's booty. ચોરની લુંટ.

Swagger, *vi.* (સ્વૅ'ગર્) To walk with a swaying motion. લપકામાં-લપકાબંધ ચાલવું. 2. To boast; to brag; to bully. બડાઇ-ફુલાસ મારવી;ફુલ હાંકવી; અભિમાન કરવું.-*n.*Boastfulness or insolence of manner. બડાઈ; ફુલ; ફુલાશ; અભિમાન.

Swain, *n.* (સ્વે,ન્) A rustic. ગામડીઓ; ગામડાનો આસાક.

Swallow, *n.* (સ્વૅા'લો) A kind of sparrow. ચકલો; ચકલી.

Swallow,*vt.*(સ્વૅા'લો)To take into stomach. ગળી જવું; ગટગટાવી જવું;ગટ્ટ કરવું.2.To absorb. શોષી લેવું. 3. To engross. પચાવી-દબાવી લઇ પડવું;ઓઈઆં કરી જવું.4.To receive or embrace (opinions) without examination. વગર તપાસે સ્વીકારવું.-ગ્રહણ કરવું; એકદમ માનવું.-*n.* The throat. ગળું; ગળાની નળી. 2. As much as is, or can be, swallowed at once. કોળીઓ; ઘુંટડો. 3. A whirl-pool. ખાબોચીયું; મેલું પાણી ભરાયું હોય તેવો ખાડો.

Swam, (સ્વૅમ્) *Imp.* of *swim.* તર્યું.

Swamp, *n.* (સ્વૅામ્પ્) Low ground filled with water; wet; soft; spongy ground કાંપ-કાદવ-પાણીવાળી જગ્યા.-*vt.* To plunge or sink in a swamp. ભીની કાદવવાળી જગામાં ખોળવું-રગદોળવું. 2. To overwhelm; to ruin. ને ઉંધા પાડી દેવું; ના ટાંટીઆ, હાથપગ ભાગવા.-*vi.* To sink or stick in a swamp. ભીની-કાદવવાળી જગામાં પડવું-ચોટવું.

Swampy, *a.* (સ્વૉ'મ્પિ) Consisting of a swamp. કંપ, કાદવ-કચરાવાળું;પાણીવાળું.2.Like a swamp. કાદવ જેવું; પાણી જેવું.

Swan, *n.*(સ્વૉન્) A large migratory web footed bird of several species,like the goose. રાજહંસ. 2. A flock of swans. રાજહંસનું ટોળું.

Swap, *vt.* (સ્વૉપ્) To exchange;to barter. સાટું; અદલાબદલ; બદલો.

Sward, *n.* (સ્વૉર્ડ્) An exchange.સાટું-બદલો કરવો તે.-*n.* Turf;the grassy surface of land. ઘાસવાળી જમીન-ભોંય. 2. Skin; covering. ચામડી; પડ.-*vt.* To cover with sward. ના ઉપર ઘાસ ઉગાડવું.

Swarm, *n.* (સ્વૉર્મ્) A large number of small animals or insects, especially when in motion.નાનાં ચાલતાં-ઉડતાં જીવજંતુનું ટોળું.2. A great number of honey bees.મધમાખીઓનું ટોળું. 3. Any great number or multitude. ટોળું; ઝુંડ; જમાવ.-*vi.* To collect and depart from a hive by flight in a body. ટોળું થઇને જવું-ઉડવું-આવવું-ઉડી જવું. 2. To appear or collect in a crowd. ટોળાબંધ થવું-મળવું.

Swarthy, *a.* (સ્વૉ'ર્ધિ) Of a dark blue; tawny. કાળું; આછા કાળા રંગનું; શામળું.

Swash, *n.* (સ્વૉશ) A swaggering fellow. ડંફાશમાર; તડાકામાર; ધાંધલીઓ. 2. A dashing of water. પાણીનું જુસ્સાભેર ઉડવું-છંટાવું તે. 3. A narrow channel of water, lying within a sand-bank. રેતીના કીનારાની અંદરની બાજુએ આવેલી પાણીની સાંકડી નહેર.-*vi.* To splash. પાણીનું જોરથી અથડાવું-છંટાવું. To bluster.ગડબડ કરવી; ડંફાસ મારવી. **S. buckler**=ડંફાસીયો; તડાકીઓ. **Swastika**, *n.* (સ્વ'સ્ટિક્) Fylfot. [Sk. स्वस्तिक]. સાથીયો.

Swath, *n.* (સ્વૉથ્)A band or fillet.ફીત;પટી; કિનારી;પાટી.2.The whole sweep of a scythe. લાંબા હાથાવાળા દાતરડાથી એકે સપાટે જેટલું કાપ્યું હોય તેટલી જગ્યા. 3. A line of grass or grain cut and thrown together by a scythe. દાતરડાથી કાપી નાખેલા છુટા દાણા કે ઘાસની હાર.

Swathe, *vt.* (સ્વે,ધ્)To bind with a band. વિંટાળવું; પાટા વતી બાંધવું.-*n.* A bandage.પાટો; પટા, બળોતીયું.

Sway, *vt.*(સ્વે,)To move or wield with the hand.ચાલવું;ફેરવું;ધારણ કo;ગ્રહણ કo;વાપરવું.2.To direct; to influence; to govern. દોરવું;સત્તા અમલ-રાજ્ય ચલાવવું; રાજ કરવું. 3. To swing; to cause to incline to one side.ઝોલા ખાવા; એક બાજુએથી બીજી બાજુએ હાલવું.4.To hoist; to raise. ઉંચે ચઢાવવું. *vi.* To bear rule; to govern. સત્તા, અધિકાર, અમલ ચલાવવો; રાજ કરવું.-*n.* Power; influence; weight. સત્તા; અમલ; અધિકાર; શાસન; વજન. 2. Turn of a balance. ત્રાજવાનો ઝોક. 3. A sweep of a weapon. શસ્ત્રનો ઝપાટો-લસરકો.

Swear, *vi.* (સ્વેઅર્) To affirm or utter a solemn declaration, with an appeal to God, for the truth of what is affirmed. સોગન-કસમખાવા; પ્રતિજ્ઞા કરવી. 2. To give evidence on oath. સોગન ઉપર જુબાની-પુરાવો આપવો.3.To curse; to use the name of God profanely. ખોટા-નકામા પરમેશ્વરના કસમ-સોગન, સમ ખાવા-લેવા-નું નામ લેવું. 4. To promise on oath. સોગન ખાઈને વચન આપવું. *vt.* To utter or affirm with a solemn appeal to God for the truth of the declaration. કસમ સોગન ખાવા-લેવા; સોગન ખાઈ કહેવું. 2. To cause to take an oath. સોગન ખવડાવવા; પ્રતિજ્ઞા કરાવવી. 3. To declare or charge upon oath. સોગન કસમ ઉપર કહેવું. **To swear off**, નું જળ મૂકવું; ની બાધા લેવી.

Sweat, *n.* (સ્વેટ્) The fluid or moisture excreted from the skin of an animal. પરસેવો; પસીનો; નીતાર; ઝરણ. 2. Toil; labour. ભારે મહેનત-શ્રમ; વૈતરૂં.-*vi.* To perspire. ને પરસેવો છુટવો.-*vt.* To cause to perspire. પરસેવો, પસીનો આણવો. 2. To flow from the pores. માંથી ઝરવું; નીતરવું.

Sweaty, *a.* (સ્વે'ટિ) Moist with sweat. પરસેવાથી ભીનું થએલું; પરસેવાવાળું. 2. Toilsome. પરસેવાવાળું; માથાકુટ-મહેનતનું; ઘણું ભારે.

Sweep, *vt.* (સ્વીપ્) To brush with a broom; to rub over with a broom for removing loose dirt. વાળવું; ઝાડવું; સાફ કરી નાખવું; વાસીદું વાળવું; પુંજો-કચરો કાઢવો. 2. To rub lightly along. ઘસીને લઇ જવું. 3. To draw or drag over. ના ઉપર ખેંચવું-ખેંચી લઇ જવું. 4. To pass over; to traverse. ને જોઇ જવું; પર દોડયા જવું. 5. To carry with a long swinging or dragging motion. ઝોળથી આગળ ચાલવું; ફલંગે ચાલવું. 6. To propel. હડસેલવું; ધકેલવું. 7. To strike with a long stroke. વગાડવું;રણકાર કરવો;ઝણઝણાવવું.-*vi.*To clean with a brush. વાળવું. 2. To pass with swiftness. જોરથી-સપાટાબંધ જવું.-*n.* The act of sweeping. વાળવું કે ઝાડવું તે. 2. The compass of a stroke. સપાટો; ઝપાટો; ફેર; લસરકો. 3. Violent destruction. ખાનું; સંહાર; કચ્ચરઘાણ. 4. A sweeper. વાળનાર; ઝાડુ કાઢનાર. 5. A long pole or piece of timber. વળગણી; ફરકડી;

ચાકળી. 6. *pl.* The sweepings of workshops. કારખાનાનો કચરો પૂંજો.

Sweeper, *n.* (સ્વી'પર્) One who sweeps. વાળનાર; ઝાડનાર; ઝાડુ કાઢનાર; ઢેરો.

Sweepings, *n.* (સ્વી'પિંગ્સ્) Things collected by sweeping. વાસીદું; કચરો; પૂંજો; એંઠવાડો; ઝાડુ.

Sweep-stakes, *n.* (સ્વીપ-સ્ટે,ક્સ્) The whole money staked or won at a race. શરતમાં હારજીત થવાનાં નાણાંની બધી રકમ. 2. One who wins all. બધું જીતનાર.

Sweet, *a.* (સ્વીટ્) Having the taste of honey or sugar. મીઠું; ગળ્યું; મિષ્ઠ; મધુર. 2. Fragrant. ખુશબોદાર; સુગંધીદાર. 3. Pleasing to the ear. મીઠું; મધુર; કર્ણપ્રિય; સુસ્વર 4. Pleasing to the eye. ખુબસુરત; મનોહર; સુંદર; રમણીય.–*n.* Confectionery; sweetmeats. મીઠાઇ; મીઠું મીઠું ખાવાનું; મિષ્ટાન્ન; પકવાન. 2. A perfume. સુગંધી; સુવાસ. 3. A darling. વલ્લભ; પ્રિયતમ; વહાલું; પ્રિય માણસ; રમણ, પ્રિયા.

Sweeten, *vt.* (સ્વી'ટન્) To make sweet to the taste. મીઠું–ગળ્યું કરવું. 2. To make pleasing to the mind. માં સુખ–આનંદ મૂકવો; માં મીઠાશ મૂકવી–વધારવી; પ્રિય કરવું.–*vi.* To become sweet. ગળ્યું થવું.

Sweet-heart, *n.* (સ્વી'ટ્-હાર્ટ્) A lover or mistress. રમણ; પ્રિયતમ; વલ્લભ; પ્યારી; પ્રિયા; લલના; વલ્લભા.

Sweet-meat, *n.* (સ્વી'ટ્-મીટ્) Any article of confectionery; fruit preserved with sugar. મીઠાઈ; ખાંડ પાએલો મેવો–ફળ. **S.-scented,** સુગંધી. **S.-tempered,** સુંવાળા, મીઠા સ્વભાવનો. **S.-tooth,** દાઢચસ્કો; સારૂંસારૂં, ગળ્યું ખાવાનો શોખ.

Sweetness, *n.* (સ્વી'ટ્નિસ્) Agreeableness; the quality or state of being sweet. મીઠાશ; મધુરતા; ગળપણ.

Swell, *vi.* (સ્વેલ્) To grow larger by matter added within, or by expansion of the inclosed substance. ફુલવું; સુઝવું; ઉપસવું; માં સોજો આવવો–ચઢવો. 2. To increase in size. કદમાં વધવું; પાણી ભરાવું; પાણી ચઢવાં. 3. To rise or be driven into waves or billows. નાં મોજાં ઉછળવાં–ચઢવાં. 4. To be elated. અહંકારી–મગરૂબ થવું. 5. To bulge out. ફુલી, ઉપસીને બહાર નીકળવું. 6. To become larger in amount. રકમ–સંખ્યામાં મોટું થવું; વધી જવું. 7. To be puffed up. ફુલાઈ જવું. 8. To strut. મ્હોટાઈ–ઢોંગ કરવો; ફુલાવું. *vt.* To increase the size, bulk, or dimensions of. વધારવું; મ્હોટું કરવું; નું કદ વધારવું. *n.* The act of swelling. વધવું, મોટું થવું, કરવું તે; વૃદ્ધિ; સોજો. 2. A wave; a billow. મોજું; છોળો; તરંગ; મોજાં. 3. Gradual increase. ધીમો ધીમો ચઢાવ, વધારો. 4. A showy, boastful person. વરણાગીઓ; લાલ સાહેબ; અક્કડબાજ માણસ. *a.* Stylish; fashionable. ડોળી; ભપકા–ડોળવાળું; પતરાજીખોર.

Swelling, *n.* (સ્વે'લિંગ્) Protuberance. સુઝવું–વધવું તે; ઉપસવું, ફુલવું તે; સોજો.

Swelter, *vi.* (સ્વે'લ્ટર્) To be overcome and faint with heat. તાપથી મરણતોલ થઈ જવું; બફાઈ જવું. *vt.* To oppress with heat. તાપમાં મૂર્છા–વિકાર કરવો.

Swerve, *vi.* (સ્વર્વ્) To wander; to deviate. આડું–આડુંપાડું જવું; હઠવું; આડું જવું. 2. To bend. વાંકું થવું; વળવું. *vt.* To turn aside. વાંકું કરવું; ફેરવવું.

Swift, *a.* (સ્વિફ્ટ્) Quick; rapid; fleet. ઉતાવળું; વેગ–ઝડપવાળું; ચાલાક–*n.* A reel for winding yarn. ફિરકું; દોરો વિંટવાની ફરકી.

Swiftly, *adv.* (સ્વિ'ફ્ટ્લિ) With quick motion; fleetly. ઝડપથી; જલદીથી; સત્વર; વેગથી.

Swiftness, *n.* (સ્વિ,ફ્ટ્નિસ્) Speed; quickness. ઉતાવળ; ઝડપ; ત્વરા; જલદી.

Swill, *vt.* (સ્વિલ્) To drink grossly or greedily. ઢીંચવું; અતિશય પી–હોઇઆં કરી જવું.

Swim, *vi.* (સ્વિમ્) To float; to be supported by water or other fluid. તરવું; પ્રવાહી પદાર્થ ઉપર રહેવું. 2. To glide along. સરીલસી જવું. 3. To be dizzy. તમ્મર–ચક્કર–ફેર આવવા. 4. To be overflowed or drenched. પલળી જવું; રેલાવું; ભિંજાઈ જવું.–*vt.* To pass or move over or on by swimming. તરીને જવું; તરવું. 2. To compel or cause to swim. તરાવવું; તરતું રાખવું.–*n.* The act of swimming. તરવું તે.

Swimmingly, *adv.* (સ્વિ'મિંગ્લિ) Smoothly; successfully; without obstruction. સહેલથી; નિર્વિઘ્ન; સફાઈથી; અડચણ વગર.

Swindle, *vt.* (સ્વિ'ન્ડલ્) To cheat and defraud grossly. ધુતવું; ઠગવું; દગો કરવો.

Swindler, *n.* (સ્વિ'ન્ડ્લર્) A cheat; a sharper. ચોર; ધુતારો; ઠગ; હરામખોર.

Swine, *n.* (સ્વાઇન્) [*sing.* & *pl.*] An animal of the hog kind; a hog. ભુંડ; સુવર; ડુક્કર.

Swing, *vi.* (સ્વિંગ્) To move to and fro; to wave; to oscillate; to vibrate. હીંચકવું; ઝોલા ખાવા; ઝુલવું; લટકવું. 2. To use a swing. ઝોલો–હિંચકો ખાવો.–*vt.* To cause to swing.

હીંચોળવું; ઝુલાવવું; હીંચકો નાખવો.-*n.* The act of swinging.ઝોલા-હીંચકા ખાવા તે; ઝોલો;હીંચકો. 2. Free course.મોકળો માર્ગ; છુટ.3.Influence or power of a body put in motion. વેગ; સપાટો. 4. An apparatus for recreation by swinging. હિંચકો; ઝુલો; હિંડોળો; પાટીયું.

Swinge, *vt.*(સ્વિન્જ)To beat soundly;to whip. ખુબ મારવું; ફટકા-ચાબુક મારવો. 2. To move as a lash. ફટકા માફક હલાવવું; ચાબુખ ટીંઝવી.-*n* A swinging motion. ઝુલતી ગતિ.

Swingle, *n.* (સ્વિંગલ્) A wooden instrument like a large knife.પીંજણ.-*vt.* To clean with a swingle. પીંજણથી સાફ-ચોકખું કરવું.

Swinish, *a.*(સ્વા'ઇનિશ્)Resembling a swine. ભુંડના જેવું; જનાવર જેવું.

Swipe, જોયા વગર જોરથી ફટકો, ફટકો લગાવવો - (*pl.*) હલકી જાતનો દારૂ.

Swirl, *v.* ઘુમરી ખાવી.-*n.* ઘુમરી.

Swish, *v.* સોટી વગેરેનો સપકારો બોલાવવો -*n.* સપકારો; સફ, સસ, અવાજ.

Swiss, *a.* સ્વિટ્ઝર્લેન્ડનું.

Switch, *n.* (સ્વિચ્) A small flexible twig or rod. નાની ડાળી, સોટી. 2. A shunt. વિજળીનો પ્રવાહ એક જગાએથી બીજે સ્થળે લઇ જવાની યાંત્રિક યુક્તિ; ઇલેક્ટ્રિકનું બટન. 3. A movable part of a rail.રેલ્વેનો ખસેડી શકાય એવો ભાગ.-*vt.*To strike with a switch. નાની સોટીથી મારવું.2.To shunt; to transfer by a switch. એક ઉપરથી બીજી રેલ્વે પર લઈ જવું;બીજા ભાગમાં લઈ જવું;મરડવું;બટન દબાવવું.

Swivel, *n.* (સ્વિ'વલ્) A fastening which allows the thing fastened; to turn freely on its axis; a ring; a link;a staple.નકુચો; આંકડો; કડી; ફરકી. 2. A small cannon fixed in a swivel. નકુચા ઉપર ફરે એવી તોપ.-*vi.*To turn on a staple, pin or pivot. નકુચા-આંકડા ઉપર ફરવું.

Swollen, *a.* (સ્વો,'લન્)Enlarged by swelling. સુજવાથી મોટું થએલું;

Swoon, *vi.* (સ્વૂન્) To faint; to sink into a fainting fit. બેશુદ્ધ-બેભાન થવું; મૂર્છા આવવી.-*n.* A fainting fit. મૂર્છા; બેશુદ્ધિ; બેભાન.

Swoop, *vt.* (સ્વૂપ્) To fall on at once and seize. એકદમ પકડીને ઝડપી લેવું;તરાપ મારવી.2.To catch. પકડવું.-*vi.* To descend with closed wings from a height upon prey. શિકાર ઉપર ઉંચેથી એકદમ પાંખ બંધ કરીને ઉતરવું.-*n.* A falling on and seizing.ઝપટ;ઝડપી લેવું તે.

Sword, *n.*(સૉર્ડ્)A weapon, having a long, strong and sharp pointed blade,for cutting or thrusting. તરવાર; સમશેર. 2. The military power of a country. લશ્કર; સેના. **Sword-cane,** ગુપ્તિ. **To put to the sword,** મારી નાખવું. **To draw sword,**લડાઇ કરવી.

Swordsman, *n.* (સૉ'ર્ડ્ઝ્મન્) A soldier; a fighting man. યોદ્ધો; સિપાઇ; લડવૈયો;સૈનિક. -°**ship,** તલવારબાજી.

Swore, (સ્વો,ર્) *Imp. of* **swear.** સમ-સોગન ખાધા.

Swot, *n.* ભણવાનું વૈતરું; માથાકુટ; *v.* વૈતરું કરવું.

Sworn, (સ્વૉર્ન્) *p. p. of* **swear.** સમ, સોગન ખાધેલા.

Sybarite, *n.* (સિ'બરાઇટ્) A person devoted to luxury and pleasure. મોજશોખ કરનાર માણસ; બાયલો વિલાસી; ફાતડી.

Sycophancy, *n.* (સિ'કોફન્સિ) Flattery; servility. ખુશામત; નીચ મરજી ઉઠાવવી તે; ગધ્ધા વૈતરું કરવું તે. 2. False accusation.ખોટું આળ. [L. *sycophanta*, a fig-shower.]

Sycophant, *n.*(સિ'કોફન્ટ્)A base parasite; a mean flatterer. નીચ-ખુશામતખોર માણસ; ખુશામતખોર.

Sycophantic, *a.* (સિકોફૅ'ન્ટિક્) Meanly flattering. ખુશામત કરતું-વાળું, ભરેલું.

Syllabic,-cal, *a.*(સિલૅ'બિક્-કલ્) Pertaining to a syllable; containing a syllable. અક્ષર સંબંધી; વર્ણ સંબંધી; એકપદી. [Gr. *syn* & *lambano*, I take together.]

Syllabification, *n.* (સિલૅબિફિકે,'શન્) Formation of syllables. જોડણી બનાવવી તે; વર્ણી કરવી તે; પદચ્છેદ.

Syllable, *n.* (સિ'લેબલ્) An elementary sound or a combination of elementary sounds, uttered together. એક સ્વર; અક્ષર; વર્ણ;એક સ્વરયુક્ત વ્યંજન;પદ. 2.In writing and printing, a part of a word separated from the rest, as capable of being pronounced by a single impulse of the voice. લખાણ કે છાપવામાં જુદો પડેલો ભાગ; વર્ણી.3. A small part of a sentence or discourse. વાક્યનો ભાગ-વિભાગ; અક્ષર; કાંઇપણ ટુકો ભાગ.

Syllabus, *n* (સિ'લેબસ્)An abstract.ટિપ્પણ; ટાંચણ; સંક્ષેપ; સારાંશ; સાર.

Syllogism, *n.* (સિ'લજિઝ્મ્) The regular logical form of argument, consisting of three propositions, of which the first two are called the **premises,** and the last the **conclusion.** અવયવ ઘટિત વાક્ય; તર્કશાસ્ત્રમાં આપેલી બે દલીલ ઉપરથી નક્કી કરેલી દલીલ; ન્યાય; અવયવોપેત વાક્ય. [Gr. *syn* & *lego*, I gather.]

Sylph, *n.* (સિલ્ફ્) A fairy. વનદેવી; પરી; વિદ્યાધરી; દિવ્યાંગના. [Gr. *silphe*, a grub.]

Sylvan, *a.* (સિ'લ્વન્) Rural;rustic;forest-like. જંગલ-રણુ જેવું;રાની;વન્ય 2. Abounding in forests. જંગલવાળું-જંગલથી ભરપૂર.-*n.* A fabled deity of the wood; a satyr. વનદેવી; વનદેવતા. [L. *sylva*, wood.]

Symbol, *n.* (સિ'મ્બલ્) An emblem; a visible sign of an idea. નિશાની;લક્ષણ;નમુનો; ચિહ્ન; નિશાન 2. Figure; type. સંજ્ઞા; અક્ષર; ચિહ્ન. 3. Any character used to represent a quantity. અક્ષર;ચિહ્ન;સંજ્ઞા. 4. A summary of the articles of religion. ધર્મ-સિદ્ધાંતસાર; ધર્મ; ફરજ. [Gr. *syn* & *ballo*, I throw.]

Symbolic,-al, *a.* (સિમ્બૉ'લિક,-કલ્) Of or pertaining to a symbol.લક્ષણ-ચિહ્નરૂપ;ચિહ્નવાળું; સાંકેતિક.

Symbolism, *n.* (સિ'મ્બલિઝમ્) Representation by symbols. ચિહ્ન-લક્ષણ રચના. 2. The science of creeds. ધર્મ-મતશાસ્ત્ર.

Symbolize, *vi.* (સિ'મ્બલાઇઝ્) To have a resemblance of qualities or properties. મળતુ આવવું; ના ગુણ સરખા હોવા. 2 To agree. મળતા આવવું; એક મતના હોવું.-*vt.* To make to agree in properties or qualities. ગુણમાં મેળવવું-સરખાવવું 2. To represent by a symbol. સંજ્ઞાથી જણાવવું;મૂર્તિરૂપ બનાવવું.

Symmetrical,*a.* (સિમે'ટ્રિકલ્) Proportional in its parts; involving or exhibiting symmetry. આકાર-સાંગશુદ્ધ; પરિપૂર્ણ; ઘાટદાર;ડોળદાર; યથાપ્રમાણ. 2. Having corresponding parts or relations.સરખા માપનું;સરખા અવયવ-ભાગવાળું

Symmetrize, *vt.* (સિ'મિટ્રાઇઝ્) To make proportion in its parts. સપ્રમાણ કરવું; આકાર-શુદ્ધ કરવું.

Symmetry, *n.* (સિ'મિટ્રિ)A due proportion of the several parts of a body to each other. આકારશુદ્ધિ; આકારસાંગતા; યથા પ્રમાણતા; અવયવ સંજોગ. [Gr. *syn* & *metron*, a measure.]

Sympathetic, *a.* (સિમ્પથે'ટિક્) Inclined to or exhibiting sympathy. બીજાની દયા જાણનાર; સમદુઃખી; પરદુઃખી; સહૃદય; દિલસોજી.

Sympathize, *vi.* (સિ'મ્પથાઈઝ્) To have a common feeling. બીજાનું દુઃખ જાણવું-લાગવું; બીજાના દુઃખથી દુઃખી અને સુખથી સુખી થવું; દાઝ જાણવી; દયા લાવવી; સહાનુભૂતિ, દિલસોજી ધરાવવી. *vt.* To experience together.સાથે અનુભવ કરવો.

Sympathy. *n.* (સિ'મ્પથિ) Fellow-feeling; feeling corresponding to that which another feels. એકેકની દયા-દાઝ; બીજાના દુઃખની દયા; અનુકંપા; દિલસોજી;સહાનુભવ, ભૂતિ. 2. Pity.દયા; મમતા; દાઝ; માયા. [Gr. *syn*, with & *pathos*, feeling.]

Symphonious, *a.* (સિમ્ફૉ'નિઅસ્) Harmonious; agreeing in sound. એક રાગવાળું; મધુર; સુસ્વર. [Gr. *syn* & *phone*, a sound.]

Symphony, *n.* (સિ'મ્ફનિ) Accordance of sounds. એક રાગ; સુસ્વરતા.

Symptom, *n.* (સિ'મ્પટમ્) Mark; sign; token. ચિહ્ન; નિશાની; લક્ષણ. 2. An affection which attends a disease. રોગ લક્ષણ; લક્ષણ. [L. *syn* with & *pipto*, I fall.]

Symptomatic, *a.* (સિમ્પ્ટમૅ'ટિક્) Of or pertaining to symptoms. લક્ષણભૂત-સૂચક; લાક્ષણિક.

Synagogue, *n.* (સિ'નગૉગ્) An assembly of Jews for worship. યાહુદી લોકોનો ધર્મ સમાજ-મંડળી-સભા. 2. A Jewish place of worship. યાહુદી લોકોનું ધર્મ મંદિર. [Gr. *syn*, with & *ago*, I lead.]

Synchronal, *a.* (સિ'ન્ક્રનલ્)Simultaneous; happening at the same time. સમકાલીન; એક કાળે બને એવું; સમકાલિક. [Gr. *syn* & *chronos*, time.]

Synchronism,*n.*(સિ'ન્કનિઝમ્) Simultaneousness;the concurrence of events in time. સમકાલીનતા; એક કાળે બનવા-હોવાપણું;સમકાળતા. 2. The tabular arrangement of historical events, according to their dates. સાલવારી ઇતિહાસ; તારીખ પ્રમાણે ઇતિહાસના બનાવને કોઠામાં ગોઠવવા તે.

Synchronize, *vi.* (સિ'ન્કનાઇઝ્) To agree in time. વખત-કાળમાં મળતા આવવું.-*vt.* To assign to the same date or period of time. એકજ સમયનું બતાવવું,

Syncopate, *vt.* (સિ'ન્કપે,ટ્) To contract (a word) by taking one or more letters from the middle. શબ્દના વચલા મધ્યાક્ષરનો લોપ કરવો; સંકોચવું.

Syncope,*n.* (સિ'ન્કપી) An elision or retrenchment of one or more letters or syllables from the middle of a word. વચલા અક્ષરનો લોપ;મધ્યાક્ષરલોપ. 2.A fainting or swooning. મૂર્છા; બેભાન; બેશુદ્ધિ.[Gr. *syn* & *kopto*, I cut.]

Syndic,*n.*(સિ'ન્ડિક્)An advocate or patron. કારભારી; મુનીમ; વહીવટદાર; વહીવટ કરનાર. [Gr. *syn* & *dike*, justice.]

Syndicate, *n.* (સિ'ન્ડિકે,ટ્) A council or body of syndic. અધિકારીમંડળ 2. The office or jurisdiction of a syndic. અધિકારી-

અમલદારનો હોદ્દો.3.An association of persons, authorized to transact a business.કારોબારી-વહીવટ કરનાર મંડળ; કામ ચલાવનાર મંડળી.

Syne,*adv* (સાઇન્)Afterwards; since. પછીથી; પાછળથી. 2. Late. પછી; તેથી મોડા.

Synecdoche, *n.* (સિને'ક્ડકી) A figure or trope, by which the whole of a thing is put for a part, or a part for the whole. ઉપલક્ષણ; લક્ષણા. [Gr. *syn-ek* & *dechomai*, I receive.]

Synod, *n.*(સિ'નડ્)An ecclesiastical council to consult on matters of religion. ધર્મસંબંધી મસલત માટે મળેલી ધાર્મિક મંડળી;ધર્માધિકારીઓની મંડળી. [Gr. *syn*, with & *hodols*, a way].

Synonym, *n.*(સિ'નોનિમ્) A word which has the same signification. સમાનાર્થી શબ્દ; શબ્દાર્થ ભેદ;પર્યાય [Gr.*syn*,& *onoma*, a name.]

Synonimous, *a.* (સિનૉ'નિમસ્)Expressing the same thing or idea. એકાર્થી; એક અર્થનું; સમાનાર્થક.-°**mity,**-નિ'-°**nymy**, (સિનૉ'નિમી) સમાર્થતા; અતિ શબ્દતા.

Synopsis, *n.* સિનૉ'પ્સિસ્) [*pl. synopses.*] A brief general view.બધાનો સાર;ટુંક,સંક્ષિપ્ત હકીકત;સારાંશ;સાર ગ્રંથ.[Gr.*syn* & *opsis.* view.]

Syntax, *n.* (સિ'ન્ટૅક્સ્) The construction of sentences; due arrangement of words in sentences. વાકયરચના; વાકયવિચાર; પદાન્વય. [Gr. *syn* & *tasso*, I arrange.]

Synthesis, *n.* (સિ'ન્થિસિસ્) [*pl.syntheses.*] Composition; the putting of two or more things together. એકીકરણ; સંયોજન; મિશ્રણ; વસ્તુના જુદા જુદા ભાગો એકઠા કરવાની રીત;મિલન. [Gr. *syn* & *thesis*, a placing.]

Synthetical, *a.* (સિન્થે'ટિકલ્) Pertaining to synthesis. સયોજન-એકીકરણ સંબંધી, વિષે.

Sytony, *n.* (સિ'ન્ટની) વગર દોરડાના તારની પ્રસારક શક્તિ સમાન ગોઠવવી.

Syphilis, *n.* (સિ'ફિલિસ્) A dangerous, venereal disease. ચાંદી; ટાંકી; વિસ્ફોટિક;ગરમી. [Gr. *sin* & *phis.*]

Syphilitic, *a.* (સિફિલિ'ટિક્) Pertaining to syphilis; infected with syphilis.ચાંદી સંબંધીનું; ચાંદીવાળું.

Syren, એક જળાશયમાંથી બીજામાં પાણી,પ્રવાહી, લઇ જવા માટેની ભુંગળી.

Syren, *n.* (સા'યરન્) Same as "siren". નાવિક વિનાશક સ્ત્રી; પ્રલોભન; પ્રલોભક, મોહક સ્ત્રી, વસ્તુ; વ્હાણમાંનું સ્વર યંત્ર.

Syriac, *a* (સિ'રિઍક્) Of or pertaining to Syria, its language સીરીઆ અથવા ત્યાંની ભાષા લિપિ-*n.*The language of Syria.સીરીઆની ભાષા.

Syringe, *n.* (સિ'રિન્જ્) A small hand-pump for injecting liquids. પીચકારી;બસ્તિ;-*vt.* To inject by means of a syringe; to wash and cleanse by injections from a syringe. માં પીચકારી મારવી; પીચકારી મારીને સાફ કરવું-ધોવું; પીચકારીથી ઘાલવું-દાખલ કરવું.[Gr.*syrinx*,a tube.]

Syrup, *n.* (સિ'રપ્) શરબત; જાડું પ્રવાહી ચાટણ; ચાસણી; મુરબ્બો; ઢીલો ગોળ.

System, *n.* (સિ'સ્ટિમ્) A regular union of principles or parts forming one entire thing. રીતિ; પદ્ધતિ; વ્યવસ્થા; રચના; ગોઠવણ. 2. The universe.જગત;દુનીઆ; સૃષ્ટિ રચના તંત્ર.

Systematic,-cal, *a.* (સિસ્ટમૅ'ટિક્-કલ્) Methodical;proceeding according to system. પદ્ધતિ,નિયમસરનું;નિયમિત.-°**tism,** *n.*(સિ'સ્ટમટિઝમ્) પદ્ધતિ, શાસ્ત્ર પ્રમાણે ગોઠવવું તે;શાસ્ત્રરચના.-°**tist,** *n.* (સિ'સ્ટમટિસ્ટ્) શાસ્ત્ર, પદ્ધતિ રચનાર; નિયમાનુરાગી; શાસ્ત્રી.-°**tization,** (સિસ્ટમટાય્ઝે',શન્) પદ્ધતિ, શાસ્ત્રરચના.

Systematize,*vt.* (સિ'સ્ટમટાઇઝ્) To reduce to system or regular method. નિયમિત, શાસ્ત્રીય બનાવવું.-°**zer,** *n.*-°બનાવનાર.

Systematology,*n.*(સિસ્ટમટૉ'લજી) Knowledge about systems. શાસ્ત્ર, પદ્ધતિજ્ઞાન.

Systole, *n.*(સિ'સ્ટલી)હૃદય તથા નસને સંકોચાવી લોહી ફેરવવું તે; રક્તભ્રમણક્રિયા; ગુરૂ અક્ષરને લઘુ બનાવવો તે.-°**tolic,** (સિસ્ટૉ'લિક્) *a.*

Syzygy, *n.* (સિ'ઝિજી) કોઇ નક્ષત્રનો સૂર્ય-સંયોગ, પ્રતિરોધ.

T.

T, (ટી) The twentieth letter of the English alphabet *is a nonvocal consonant.* અંગ્રેજી મૂળાક્ષરનો વીસમો અક્ષર. એનો ઉચ્ચાર ત્, અને ટ્ જેવો થાય છે.

Tab, *n.* (ટૅબ્) A shoe-flap or latchet. બુટનો કાન; બુટની દોરી.

Tabasher, Tabasheer, *n.* (ટ'બૅશર્-ટ'બૅશીર્) A concretion found in the joints of the bamboo tree. વાંસકપુર.

Tabby, *n.* (ટૅ'બી) A kind of rich silk. એક જાતનું લેહરીવાળું રેશમી કાપડ. *a.* Appearing wavy. લ્હેર-ભાતનું, વાળું. *vt.* To calendar; to water. લ્હેર પાડવી.

Tabernacle, *n.* (ટૅ'બર્નૅકલ્) A Hebrew Temple; a place of worship. યાહુદી લોકોનું દેવળ; દેવળ. 2. The human body as a temporary abode of the soul. દેહ; પિંડ. [L. *taberna*, a hut.]

Table, *n.* (ટે,બલ્) The presentation of many items in one group. [illegible]

A synopsis; an index. સારાંશ; સાર; તકતો; પત્રક; અનુક્રમણિકા. 3. The arrangement of the lines on the palm. હસ્તરેખાનો આકાર. 4. An article of furniture. મેજ; ટેબલ. 5. Entertainment; fare; food set before a party. ખાણું; જમણ. 6. A flat piece of wood supported on pegs. લખવા ચીતરવાને બનાવેલી પાટી. **To turn the tables**=To have a change in fortune. નશીબ ફરવું; ફેરવવું. **To serve tables**=ગરીબોને ખાણું આપવું. **To lay on the table**=To postpone the consideration of, by the common vote. બધાનું મત લઈ કામ મુલતવી રાખવું.

Tableau, *n.* (ટેબ્લો',) A representation or picture. છબી; પ્રતિમા; મૂર્તિ; આબેહુબ છબી. 2. Persons grouped together in a dramatic scene. નાટકમાં એક સીનના પાત્રો; ચિત્રદૃશ્ય.

Tableland, *n.* (ટે',બલલૅન્ડ) A level piece of land; a plateau. ઉચી સપાટ જમીન; સમસ્થળ; ઉચ્ચ સમભૂદેશ.

Tablet, *n.* (ટૅ'બ્લિટ્) A flat piece of anything for drawing or writing upon. લખવાનો ચોરસપાટ કકડો; પાટી; પટ. 2. A small table. નાનું ટેબલ-મેજ્.3.A cake.*pl.*A diary. નોંધવહી. ગોટી; ચપટી ગોળી. diary. નોંધવહી.

Taboo, *n.* (ટેબૂ') Boycott; interdiction. મનાઈ; બંધી. *vt.* To boycott or interdict. મનાઈ કરવી; સોગન દેવા.

Tabour, *n.* (ટે'બુર્) A little drum. ઢોલકી; પખાજ. *vi.* To play on a drum. ઢોલકી વગાડવી; ઢોલક વગાડવું.

Tabret, *n.* (ટૅ'બ્રિટ્) A small drum. ઢોલકી; નાનું ઢોલક.

Tabular, *a.*(ટૅ'બ્યુલર્)Arranged in squares. ખાનાવાળું. 2. In a schedule form. કોઠકરૂપ; પત્રકરૂપ; કોઠારૂપ. 3. Flat-surfaced. સપાટ. 4. Having layers. પડવાળું.

Tabulation, *n.* (ટૅબ્યુલે,'શન્) કોષ્ટક, કોઠો.

Tache, *n.* (ટૅક)A blemish;a stain; a spot. ડાઘો; કલંક. 2. A loop; a catch. ગાળો; આંકડો; પકડ; ચાંપ.

Tachygraphy, *n.* (ટૅકિગ્રફી)Stenography; shorthand. લઘુલેખન;ઝડપથી લખવાની કળા.[Gr. *tachus,* short & *grapho,* I write.]

Tacit, *a.* (ટૅ'સિટ્) Understood; complied; done or made in silence. ગુપ્ત; માનસી; મુંગું; સમજી લીધેલું.

Taciturn, *a.* (ટૅ'સિટર્ન) Not given to; conversation; silent and quiet by nature. મિતભાષી; અલ્પભાષી; અબોલ.

Taciturnness, *n.*(ટૅ'સિટર્નનિસ્) or **Taciturnity,** *n.* (ટેસીટ'ર્નીટી)Silence by nature; reservedness. અબોલપણું; મૌનત્વ; ચુપકીદી.

Tack,*n.*(ટૅક)A peculiar savour or flavour. સોરમ; સ્વાદ. 2. A blemish; a spot. એબ; કલંક; ડાઘ.

Tack, *n.* (ટૅક) A flat-headed nail. ખીલી; મેખ; ચુંક. 2. A rope used to pull the sails of a ship. ગોહ-ગોસ-ઘોસ. *vt.* To attach or fasten. સાંધવું. 2. To secure hastily by nailing. જોડી મુકવું.

Tackle, *n.*(ટૅ'કલ્)An instrument of action; a gear. દાંતાવાળું હથીયાર; સાહિત્ય; સરંજામ.2. Pulley-block apparatus.ગરેડી; બે અથવા વધારે ગરેડીવાળું યંત્ર. 3. The ropes &c. that keep the sails upright. વહાણના ડોલ તથા સઢને મજબુત રાખનાર દોરડાઓ વગેરે. *vt.* To furnish or supply the tackles and other nautical equipment. વહાણનો સામાન પૂરો પાડવો. 2. To work vigorously at or upon. બરાબર હાથમાં, સકંજામાં લેવું; પકડવું.

Tact,*n.*(ટૅક્ટ)Nice perception or discernment; sensitive mental touch. ઉંડી પહોંચ; કળવકળ; અક્કલ; ચાતુર્ય. [L. *tango,* I touch.] *adv.* Tactfully. કળથી; ચાલાકીથી.

Tactful, *a.* (ટૅ'ક્ટફુલ્) Talented. અક્કલવાળો, ચાલાકી, હુશીયારીવાળો.

Tactless, *a.* (ટૅ'ક્ટલિસ) અક્કલ વગરનો; ઠોઠ.

Tactical, *a.* (ટૅ'ક્ટિકલ્) Pertaining to military evolutions or tactics. સેના કવાયત-વ્યૂહરચના વિષે.

Tactician, *n.*(ટૅક્ટિ'શન્) A master of military evolutions. વ્યૂહરચનામાં કુશળ; લશ્કરી કવાયત પારંગતમાં માણસ.

Tactics, *n.* (ટૅ'ક્ટિક્સ્)The science and art of military evolutions. વ્યૂહ, સૈન્ય રચના.

Tactile, *a.* (ટૅ'કટાઇલ્) Pertaining to the organs or sense of touch. સ્પૃશ્ય; સ્પર્શનીય; સ્પર્શેન્દ્રિય વિષે.

Taction, *n.* (ટૅ'ક,શન્) Contact; touch. સ્પર્શ; અડકવું તે.

Tactual, *a.* (ટૅ'ક્ટ્યુઅલ્) Pertaining to, derived from or consisting of the sense of touch. સ્પર્શ મૂલક; સ્પર્શરૂપ.

Tadpole, *n.* (ટૅ'ડપો,લ્) A very young frog. દેડકાનું બચ્ચું.

Taff-rail, *n.* (ટૅ'ફરે,લ્) The upper stern of a ship. ડબુસાનો ઉપલો ભાગ-કઠેરો

Tag, *n.* (ટૅગ્) Rabble. તોફાની ટોળું. 2. The direction of a card or label. સરનામું લખવાની

ચિઠ્ઠી. 3. The catchword of an actor. નાટકના પાત્રને છેલ્લો બોલવાનો ખુબીદાર શબ્દ. **Tag and rag**=People of the lowest class. અતિનીચ વર્ણના લોક. 4. One year old sheep. પ્હેલા વર્ષનું ઘેટું. *vt.* To attach a tag to; to fit with. ચિઠ્ઠી લગાડવી.

Tail, *n.* (ટે,લ)Abridgment;entail;limitation. કોઈ અમુક વારસનેજ મળે એવા મીલ્કત સંબંધી પ્રતિબંધ. **Estate an tail**=Entailed property. સપ્રતિબંધદેય મીલ્કત. 2. The projecting flexible part of the body of an animal behind. પુંછડું; દુમ; પુંછ. 3. The hindermost,lower or back part of anything છેડો;પીઠ;પૃષ્ઠભાગ.**T.of a loch**=તળાવના નીચલા ભાગમાં જવાનો રસ્તો. **Tail spindle**=સંધાડાની ગાદ. **To turn tail**=To run away.નહાસી જવું; ભાગી જવું; પોલ થવું. *vi.* To hold by the tail. પુંછડાથી પકડવું. *vt.* To hang behind or follow like a tail. પુંછડાની માફક-ની પાછળ ફર્યા કરવું; પુછડાની માફક લટકવું.

Tailor,*n.*(ટે,'લર)One who makes garments from cloth. દરજી; સઈ.

Tailor-bird,*n.*(ટે,'લરબર્ડ)A small singing bird. એક જાતનો ગાનાર પક્ષી; સુગ્રીવ; સુગરી.

Taint, *n.* (ટે,'ન્ટ) Blemish; spot;stain.ડાઘો; એબ; કલંક. 2. Hue; tincture. રંગ; પાસ. *vt.* To contaminate;to pollute; to defile.બગાડવું; માઠું કરવું; માં વિકાર પેસાડવો. 2. To tarnish; sully or stain. કલંક-એબ-દૂષણ-ડાઘ લગાડવો.*vi.* To be corrupted, defiled or tarnished. બગડેલું હોવું; એબ લાગેલું-કલંકિત હોવું.

Taintless, *a.*(ટે,'ન્ટલિસ)Pure;untarnished; unspotted. દોષ-વિકારરહિત; નિષ્કલંક; કલંકરહિત.

Take, *vt.* (ટે,ક) To accept;to admit.માનવું; કબુલ રાખવું. 2. To eat; to partake of. લેવું-ગ્રહણ-પ્રાશન કરવું; જમવું, 3. To withdraw or remove from. પાન કરવું;કાઢી લેવું.4.To guide; to lend. લેવું; લઇ જવું. 5. To portray; to delineate; to copy; to picture. લેવું; ઉતારવું; ચિત્ર-છબી કાઢવી-લેવી; ની છબી ઉતારવી. 6. To capture; to catch hold of; to grasp.પકડવું; લેવું;ઝાલવું.**To take to arms**=To begin fighting.લડાઈ શરૂ કરવી.**To take breath**=To invigorate or freshen up oneself.આરામ-દમ લેવો. **To take aim**=તાકવું; નીશાન માંડવું. **To take along**=To guide દોરવું. **To take away**=To remove; to carry off.લઇ જવું;કુદી લેવું.**To take care**=To be careful. કાળજી લેવી; સંભાળ લેવી. **To take down**=ઉતારવું;લખવું.2. To swallow.ગળી જવું. 3.To reduce.નીચે ઉતારવું.**To take heart**=to be encouraged; to take courage. હીંમત આવવી. **To take effect**=To have effect. અસર કo; ગુણ કo. **To take heed**=To be cautious. કાળજી રાખવી.**To take heed to**=To be careful of. સંભાળ-કાળજી રાખવી. **To take hold of**=To grasp or catch. પકડવું; ઝાલવું. **To take to horse**=ઘોડા પર સવાર થવું. **To take in**=To cheat or deceive. છેતરવું; ઠગવું; ઠસાવવું. **To take in hand,**=To undertake. હાથમાં લેવું; માથે રાખવું. **To take in vain**=નું નામ નકામું લેવું. **To take leave**=To bid good-bye to. રજા લેવી; સલામ કo. **To take notice**=To note with care. ધ્યાન દઈને જોવું. **To take off**=To destroy. લઈ જવું; નાશ કo. 2. To remove; to carry off. ખસેડવું; નહસાડવું; **To take one**=To assume oneself. ઓઢારવું; માથે લેવું; ધારણ કo. **To take orders**=To be ordained as a clergyman. કોઈ ધર્માધિકારીની પદ્વી લેવી. **To take part**=To share. ભાગ લેવો. **To take part with** = To side or unite with. સાથે સામેલ થવું; ભળવું. **To take air** = છતું થઈ જવું **To take the air** = હવા ખાવા જવું. **To take the field**=To commence war. મેદાને પડવું; લડાઇ શરૂ કo. **To take to heart**=To feel sensitively. લાગવું-હૃદયને ખુંચવું. **To take up arms**=શસ્ત્ર લઇ સજ્જ થવું. **To take upon oneself**=To assume; to undertake. માથે લેવું. **To take advice**=To consult. ની સલાહ લેવી. **To take a leaf out of another's book.**=To follow in the footsteps of. નુ અનુકરણ કરવું; ને પગલે પગલે ચાલવું. **To take to flight**=To run away. નહાસી જવું. **To take into one's head**=To think of; to be seized with the idea of doing. કંઈ પણ કરવાની મગજમાં ધુન ભરાવી. **To take off from**=ઘટાડવું; ઓછું કo. **To take one's chance**=To risk; to play for. માં ઝુકાવવું; નશીબ અજમાવવું. **To take one's way**=રસ્તો કાપવો. **To take sight**=To aim. નિશાન તાકવું. To reprove or reprimand severely. સખ્ત લેવડાવવો; ખખડાવવું; ઠપકો દેવો. **To take to heels** To fly away. નહાસી જવું. **To take umbrage**=To be angry.ગુસ્સે થવું. **To take after**=To copy; to imitate. અનુકરણ-નકલ કરવી;ના જેવું ઉતરવું-હોવું. **To take wind**=To be out; to be generally known. પ્રગટ-પ્રસિદ્ધ થવું; ફુટવું **To**

take on=To be violently affected; to express grief. ઘણું મુંઝાવું-ગભરાવું. **To take up**=To lift or raise. ઉંચકવું. 2. To enter upon. બાબત ઉપાડવી-વાત ચલાવવી. **To take to**=To be fond of; to resort to. લત લાગવી; ગમતું; નાદ-ટેવ લાગવી. *n* Anything taken or caught at one time (as fish). એક વખત પકડાએલી માછલી; પકડાએલી-સપડાએલી કોઇપણ વસ્તુ. [Dan. *tage*, to take.]

Taking, *a*. (ટે,'કિંગ્) Alluring; attractive; deceiving. લોભાવે-લલચાવે-લાલચમાં પાડે એવું.

Talc, *n*. (ટૅલ્ક્) Mica. અબરખ.

Tale, *n*. (ટે,લ્) A coin. એક (ચીનમાં વપરાતું) નાણું. 2. A story, narration or discourse. કથા; વાત.

Tale-bearer, *n*. (ટે,'લબેઅરર્) One who carries stories officiously and brings others into mischief; a back-biter. ચાડીઓ; ચુગલીખોર.

Talent, *n*. (ટૅ'લન્ટ્) Genius; intellectual ability; skill. અક્કલ; શક્તિ; બુદ્ધિ; મતિ.

Talented, *a* (ટૅ'લન્ટિડ્) Of high intellectual ability; skilled. હોંશીયાર; હુન્નરમંદ; બુદ્ધિવંતમાન; સંસ્કારી.

Talisman, *n*. (ટૅ'લિસ્મન્) A charm. તાવીજ. માદળીયું; દોરો; ચિઠ્ઠી (માંત્રિક).

Talismanic, *a*. (ટૅ'લિસમનિક્) Acting like a charm; magical. તલીસ્માટી; જાદુનું; માયાવી; જાદુ જેવું.

Talk, *vi*. (ટૉક્) To speak; to utter words; to converse. બોલવું; વાતચીત કરવી. **To talk of**=To relate about. ની વાતો ક૦. *vt*. To speak freely. બોલવું **To talk a person into**=વાતો કરીને કોઇપણ માણસનો મત બદલવો. *n*. Speech; conversation. વાતચીત; ગપાટા.

Talkative, *a*. (ટૉ'કેટિવ્) Loquacious; given to much talking. લવારીખોર; વાતુડીઓ; બોલકો.

Talker, *n*. (ટૉ'કર્) One who speaks or converses. બોલનાર.

Talking, *a*. (ટૉ'કિંગ્) Given to talk; able to utter words or speak. બોલકો; વાતુડીઓ; બોલી શકે એવું; વાત કરે એવું.

Tall, *a*. (ટૉલ્) High in stature. ઉંચું; ઉન્નત; લંબુસ.

Tallness, *n*. (ટૉ'લનિસ્) Height. ઉંચાઇ; લાંબાપણું.

Tallow, *n*. (ટૅ'લૅા) Animal or vegetable fat. ઝાડ અથવા પ્રાણીઓની-માંથી કાઢેલી ચરબી. *vt*. To fatten. લઠ્ઠ કરવું. 2. To smear or oil with tallow. ચરબી લગાડવી.

Tally, *vt*. (ટૅ'લી) To make to correspond; to cause to fit. નો મેળ મેળવવો; સાથે મળતું બનાવવું. *vi*. To agree exactly; to correspond. મેળતું-મળતું આવવું; સરખું ઉતરવું. 2. To score. તાળો-મેળ લખવો.

Talon, *n*. (ટૅ'લન્) The claw of a bird of prey. શિકારી પક્ષીનો પંજો; નખોરીયાં. [L. *talone*, heel.]

Talus, *n*. (ટે',લસ્) A sloping ground ઢોળાવ.

Tamable, *a*. (ટે',મબલ્) Capable of being domesticated. પાળી શકાય એવું; વશ્ય; હેલવાય.

Tamarind, *n* (ટૅ'મેરિંડ્) A kind of shady tree and its fruit. આમલીનું ઝાડ; આંબલી.

Tambour, *n*. (ટૅ'મ્બુર્) A drum. ડફ; તબલો; ખંજરી. 2. A circular frame on which silk or other stuff is stretched for being embroidered upon. ભરત ભરવાનું ચોકઠું.

Tambourine, *n*. (ટૅ'મ્બુરિન) A musical instrument of the drum species. ખંજરી; વાડકાનું ડફ.

Tame, *a*. (ટે,મ્) Subdued; servile; spiritless. દબેલ ને દબેલ રહેનાર; ધપ્પાખાઉ; પાણી વગરનું. 2. Domestic; domesticated. પાળીવ; પાળેલું. *vt*. To subdue; to crush; to depress. વશ કરવું; તાબે ક૦. 2. To domesticate. પાળવું; હેળવવું.

Tameness, *n*. (ટે,'મનિસ્) Domesticity; unresisting submission. નામર્દી; પરાક્રમહીનતા; ગરીબી; સાધારણ, લુખાપણું.

Tamper, *vi*. (ટૅ'મ્પર્) To interfere or meddle with. છેડવું; માથું મારવું. 2. To influence secretly or in an underhand way. છુપી રીતે વગ-વસીલો લગાડવો. *n*. A tamping iron. એક લોખંડનું હથીયાર. 2. One who tamps. સુરંગનું મોઢું પુરનાર.

Tan, *vt*. (ટૅન્) To convert into leather by chemical process. ચામડું કેળવવું-કમાવવું. 2. To beat, flog or thrash. કુટવું; માર મારવો. *vi*. To become tanned or sunburnt. કેળવાવું; સૂર્યકિરણની અસરથી શામળુ-બદારંગી રંગનું થવું.

Tang, *n*. (ટૅન્ગ્) Characteristic relish or taste or flavour. સ્વાદ; પાશ; રંગ. *vt*. & *vi*. To make a ringing sound; to ring. વગાડવું; ખણખણતો અવાજ થવો.

Tangency, *n*. (ટૅ'ન્જન્સી) Contact or touching; the state of being a tangent. સ્પર્શ; સ્પૃશ્યતા; સ્પૃશતા.

Tangent, *n*. (ટૅ'ન્જન્ટ્) A line which touches a circle or a curve in one place only. સ્પર્શરેખા-લીટી. *a* Coming in contact with; touching. સ્પર્શ કરતું, અડકતું.

Tangibility, *n*. (ટૅન્જિબિ'લિટી) Palpability; the state of being tangible. સુસ્પષ્ટતા; સ્પર્શજ્ઞેયતા; વેદ્યતા.

Tangible, *a*. (ટૅ'ન્જિબલ્) That which may be felt by touch; palpable; tactile. સ્પર્શજ્ઞેય; સ્પર્શેન્દ્રિયથી જણાય એવું. 2. That may

be possessed or realized;substantial; real; evident. વાસ્તવિક; સ્પષ્ટ; સાફ લાગે-દેખાય એવું.

Tangle, *n.* (ટૅ'ન્ગલ્) A knot of hair,threads &c. in a state of entanglement. આંટી;ગાંઠ. *vi.* To be entangled. ગુંચવાઈ જવું. *vt.* To interlock or interweave so as to make it difficult to unravel ગુંચવી નાખવું. 2. To involve or embroil or ensnare ફસાવવું; ભેરવવું. 3. To complicate matters. વધારે ગુંચવણ ભરેલું કરવું.

Tank, *n.* (ટૅન્ક) A measure equal to 240 grains. ટાંક 2. A reservoir; a large cistern. બાંધેલું તળાવ; મોટી ટાંકી; હોજ; ટાંકુ.

Tankard, *n.* (ટૅ'ન્કાર્ડ) A pitcher; a large vessel for drinking. ઢાંકણવાળું પીવાનું પવાલું-વાસણ.

Tanner, *n.* (ટૅ'નર્) One who tans hides. ચામડું કેળવનાર-કમાવનાર.

Tannery, *n.* (ટૅ'નરી) A factory where hides are tanned. ચામડા કમાવવાની જગ્યા-ફૅક્ટરી. 2. The art of tanning. ચામડા કમાવવાનો હુનર-ની કળા.

Tanpit, *n.* (ટૅ'નપિટ્) A pit for tanner. ચામડીયાનો કુંડ; ખાલપાની-ચમારની કુંડી.

Tantalize, *vt.* (ટૅ'ન્ટલાઇઝ્) To torment by presenting something desirable to the view which however is unobtainable by the person who sees it; to excite hopes and fears which are unrealizable; to tease. ટગમગાવવું; ટીટળાવવું; ટીમટીમાવવું; ટગાવવું.

Tantalizing, *a.* (ટૅ'ન્ટલાઇઝિંગ્) Alluring yet unattainable. મૃગજળ સમાન-બતાવતું; લાલચ આપી ટમટમાવતું.

Tantamount, *a.* (ટૅ'ન્ટમાઉન્ટ્) Equal in signification, value or effect. બરોબર; સરખું. *vi.* To be equivalent to. સરખું-બરાબર હોવું.

Tanyard, *n.* (ટૅ'નયાર્ડ) Tannery. ચામડાં કેળવવાની જગ્યા-કારખાનું.

Tantrum, *n.* (ટૅ'ન્ટ્રમ્) Outburst of petulance. ચીડ; આવેશ; આડાઇ.

Tap, *n.* (ટૅપ્) A pat; a gentle blow. ટપલી; ટકોરો. *vi.* To strike a gentle blow. ધીમે રહીને ટકોરો મારવો. *vt.* To touch gently; to pat. ને કચાનો કચકો-ટકોરો મારવો. 2. To put on a new heel or sole. નવું તળીયું મુકાવવું. *n.* A hole or pipe through which a liquor is drawn. દારૂ અગર પાણી જવાનો નળ. *vt.* To pierce or broach a cask. અંદરનો પ્રવાહી પદાર્થ નિકળે એટલા માટે કાણું પાડવું.

Tape, *n.* (ટેપ્) A tape-line. માપવાની રીત 2 A narrow band. પાટી; નાડું; ફીત.

Taper, *n.* (ટે'પર્) A candlet; a small candle or light. નહાની મીણબત્તી-દીવો. *a.* Long and becoming gradually slenderer towards a point; conical. છેડે અણીવાળું થતું. *vi.* To become gradually slenderer or less in diameter. એક છેડેથી પાતળું થવું. *vt.* To cause to taper. એક છેડેથી પાતળું કરવું.

Tapering, *a.* (ટે'પરિંગ્) Conical. શંકુના કાર; શંકુના આકારનું.

Tapestry, *n.* (ટે'પિસ્ટ્રી) Decorated curtain-cloth. બુટ્ટાદાર ભીંતના પડદા-કાપડ. *vt.* To decorate with tapestry. ઉપર પીછવાઈ નાંખવી-જડવી.

Tapster, *n.* (ટૅ'પસ્ટર્) One whose business is to broach or tap casks. દારૂ પીપમાંથી કાઢનારો.

Tar, *n.* (ટાર્) Pitch; ડામર; કોલતાર. 2. A sailor. ખલાસી; ખારવો. *vt.* To spread or cover with pitch. વિલાયતી ડામર લગાડવો.

Tardiness, *n.* (ટા'ર્ડિનિસ્) Sluggishness; slowness; dullness. મંદપણું;ધીમાપણું;સુસ્તપણું.

Tardy, *a.* (ટા'ર્ડી) Sluggardly; slow; dull. મંદ; ધીમું; ઠંડું. 2. Late. મોડું; વિલંબી. [L. *tardus*, slow.]

Tare, *n.* (ટેઅર્) An abatement or deduction made from the gross weight of commodity. કપાત; બારદાન; વળતર; બાદ છુટ. *vt.* To mark the tare of the goods. બારદાન નક્કી ક.

Target, *n.* (ટા'ર્જેટ્) A mark or butt to shoot at for practice. લક્ષ; નિશાન. 2. A small shield. નાની ઢાલ.

Targum, *n.* (ટા'ર્ગમ્) A translation of the Hebrew Scriptures in the Chaldee language. બાઈબલનું કાલ્ડી ભાષામાં કરેલું ભાષાંતર.

Tariff, *n.* (ટૅ'રિફ્) A system of duties upon goods going out or coming into the country imposed by the government. દાણ, જકાત દરની યાદી. 2. The duty so levied. કર; જકાત.

Tarnish, *vt.* (ટા'ર્નિશ્) To sully; to dim; to lessen or destroy the lustre of. ને એબ-ડાઘ કલંક લગાડવો. *vi.* To lose lustre; to become dim or dull. ચળકાટ-તેજ જતું રહેવું. *n* Blemish; stain. કલંક; ઝાંખ; ડાઘો.

Tarpaulin, *n.* (ટારપૉ'લિન્) Tarred canvas. તારપત્રી; ડામર લગાડેલું કૅનવેસ

Tarry, *a.* (ટૅ'રી) Pitchy; covered with tar; like tar. ડામરવાળું; ડામર ચઢાવેલું. *vt.* To wait for. -ની રાહ જોવી. 2. To stop; to remain behind; to stay. ઉભા રહેવું-રાહ જોવી.

Tart, *a.* (ટાર્ટ્) Snappish; severe; keen. આકરો; આકરું. 2. Sour; acid. ખાટું.

Tartar, *n.* (ટા'ર્ટર્) A native of Tartary. ટાર્ટરી પ્રદેશનો રહેવાસી.2. The reddish sedument or crust in a wine-cask.દ્રાક્ષના દારૂના પીપને ચોંટી રહેલો પોપડો.

Task, *n.* (ટાસ્ક્)Irksome labour or study imposed upon a person by another.કંટાળા-ભરેલું કામ;વેઠ. 2.Work;employment;business. કામ. *vt.* To oppress with severe labour; to impose a task upon. ને કંટાળાવાળું-ભારે કામ આપવું.**To take to task**=To reprimand or reprove severely. ઝાટકવું;ઝડતી લેવી; ખખડાવવું; ઠપકો દેવો.

Tassel, *n.* (ટૅ'સલ્)The flower or head of some plant. ઝાડનું ફૂલ; ટોચ; ચમરી. 2. A pendent ornament consisting of a sort of boss or knob with a thread hanging down. ઝુમખો; ઝુલ. *vt.* To decorate with tassels. ઝુલ મુકીને શણગારવું.

Tastable, *a.* (ટે,'સ્ટબલ્) Relishable; such as can be tasted. સ્વાદ લેવા જેવું.

Taste, *n.* (ટે,'સ્ટ્)Gustation;act of tasting. ચાખવું તે; સ્વાદ. 2. Savour; relish; flavour. રસ; લહેજત; મજા. 3. A particular sensation excited by certain bodies when applied to the tongue &c. and moistened by the saliva. રસેંદ્રિય. 4. Intellectual relish or discernment. રસિકતા; માર્મિકતા. 5. Liking. ચાટ; રૂચિ; શોખ. *vt.* To try the flavour or relish of. સ્વાદ લેવો; ચાખવું; ચાખી જોવું. 2. To undergo, experience or feel. નો અનુભવ-લેહજત લેવી. *vi.* To try food with one's mouth. ચાખવું. **Devoid of taste** અરસિક.

Tasteful, *a.* (ટે,'સ્ટફુલ્)Flavoury; savoury; relishing. સ્વાદિષ્ટ; રૂચિકર; રસિક; મિષ્ટ; સરસ.

Tasteless, *a.* (ટે',સ્ટલિસ્) Insipid; flavourless; unsavoury. ફીકું; સ્વાદ વગરનું; બે સ્વાદ; મોળું મચક.

Tatter, *n.* (ટૅ'ટર્) A manufacturer of cotton tape. સુતરાઉ દોરાની ફીત બનાવનાર. 2. Rags. ચીંથરાં; ફાટેલાં કપડાં. *vt.* To tear or rend into pieces. ચીથરા કરવાં; ફાડી નાખવું.

Tattle *vi.* (ટૅ'ટલ્) To tell tales. છાની વાત કરી દેવી; ઉઘાડી પાડવી. 2. To talk idly; to prattle. લવારો કરવો. *n.* Gossip; idle talk; chat. ગપસપ; ગપાટા.

Tatler *n.* (ટૅ'ટ્લર્) One who tells tales; an idle talker; a gossip. ચાડીઓ; લવારો કરનાર ગપ્પી માણસ.

Tattoo, *n.* (ટટૂ') A beat of drums and bugle-call at night calling upon the soldiers to repair to their quarters. સીપાઈઓને પાછો ફરવાનો ઇસારો કરતો પડઘમ તથા તતુડીનો અવાજ. 2. An indelible impression, usually in form of artistic pictures upon hands, made by puncturing the skin. છુંદણું;ત્રાજવાં. *vt.*To make such impressions, છુંદણાં છુંદવાં; ત્રાજવાં કાઢવાં, પાડવાં.

Taunt, *n.* (ટૅન્ટ) A bitter, scornful, sarcastic reproach; insulting invective. ટોણું; મ્હેણું. *vt.* To jeer at; to reproach in bitter and sarcastic words; to upbraid. ટોણા મારવા; મ્હેણાં મારવાં.

Taurus, *n.* (ટૉ'રસ્) One of the signs of the zodiac. વૃષભરાશિ. [Gr. word meaning, a bull.]

Tautological, *a.* (ટૉટોલૉ'જીકલ્)With the same meaning or signification. પુનરૂક્ત; એકજ અર્થરૂપ-વાળુ.

Tautology, *n.* (ટટૅ'લજી) Expression of the same meaning in different words.અનુવાદ; પુનરૂક્તિ; તેનો તે અર્થ જુદા જુદા શબ્દમાં કહ્યા કરવો તે. [Gr. *tautos*, same and *lego*, I speak.]

Tavern, *n.* (ટૅ'વર્ન) A liquor-shop. દારૂની દુકાન; પીઠું.

Taw, *vt.* (ટૉ) To crush by beating. કચરી-ઠોકીને તૈયાર ક૦. 2.To beat. માર મારવો. 3. To dress and prepare. સફેદ ચામડું રંગવું. 4. To tug; to push. ધકેલવું; ખેંચવું; ખસેડવું.

Tawdryness, *n.* (ટૉ'ડ્રીનિસ્) The state or quality of being tastelessly ornamental. તડકેદીપણું; ઢંગધડાવગરનું દેખાવું તે; છકેલીયત.

Tawdry,*a.*(ટૉ'ડ્રી) Tastelessly ornamental; fine and showy without elegance. મિથ્યા શોભાયુક્ત; તડકેદી. 2. Bought at the festival of St. Andrey. સાધુ ઍન્ડ્રીના મેળા વખતે વેચાતું લીધલું-ખરીદેલું.

Tawny, *a.* (ટૉ'ની) Of yellowish brown colour. બદામી; કપિલ રંગનો; પિંગલ; પીળચટું.

Tax, *n.* (ટૅક્સ્) A contribution levied or imposed upon persons by some authority as government, municipality &c. કરવેરો. 2. Octroi duties upon goods &c.જકાત;દાણ. *vt.* To collect or levy a tax upon. ઉપર કર બેસાડવો.

Taxable, *a.* (ટૅ'ક્સબલ્) Such as can be taxed; a commodity or person on which a tax can rightfully be levied. વેરો ઉઘરાવવા લાયક; દાણપાત્ર; કર-વેરા લાયક.

Taxation, *n.* (ટૅક્સે,'શન્) The act of levying a tax upon. કરવેરો બેસાડવો તે. 2. The amount in toto levied as tax upon the people of a country. જકાત-કર-વેરાની રકમ.

Taxi, *n.* (ટૅ'ક્સી) ભાડુતી મોટર વગેરે.

Taxidermy, *n.* (ટૅ'ક્સિડર્મી) મરેલાં પ્રાણીની અંદર મસાલો ભરીને તેને જીવતાં જેવાં રાખવાની કળા, રીતિ.

Taximeter, *n.* (ટૅક્સિ'મીટર) Automatic fare indicator આપોઆપ ભાડું દર્શાવનારૂં યંત્ર.

Tea, *n.* (ટી) ચાહ; ચાય. **Early Tea** = સવારના નાસ્તાની પહેલાંનો લીધેલો ચાહ. **Afternoon** or **five o'clock tea** = બપોર, સાંજના ખાણાની વચમાં લીધેલો ઉપાહાર; ચાહ નાસ્તો **High** or **meat tea** = મુખ્ય જમણ પછી લીધેલું રાતનું ભોજન. **Take, come** or **go to tea with** = કોઇને ઘેર મ્હેમાન તરીકે (બપોરનો) નાસ્તો કરવા જવું. **Tea cloth**, ચ્હાના મેજપર પાથરવાનું સુશોભિત, સુંદર કપડું; પ્યાલા વગેરે લુછવાનું કપડું. 2. Decoction of tea leaves used as drink. ચા; પીવાની ચ્હા.

Teach, *vt.* (ટીચ્) To instruct; to impart knowledge or learning to. શિખવવું; ભણાવવું; જ્ઞાન-ઉપદેશ આપવો. *vi.* To give instruction or tuition. ભણાવવું; શિખવવું.

Teachable, *a.* (ટી'ચબલ્) Capable of being taught or instructed. શીખવવા લાયક; જલદી શીખે એવું.

Teacher, *n.* (ટી'ચર્) A tutor; an instructor. શિખવનાર; ગુરૂ; શિક્ષક. 2 A religious preacher. ધર્મોપદેશક.

Teaching, *n.* (ટી'ચિંગ્) The act of imparting knowledge. શિખવવું તે, 2. Instruction. કેળવણી; શિક્ષણ.

Teak, *n.* (ટીક્) A tree of East Indies which furnished hard and valuable timber. સાગનું ઝાડ. 2 The timber obtained from that tree. સાગનું લાકડું.

Teal, *n.* (ટીલ્) A small fresh water duck. જળ કુકડી-કુકડો.

Team, *n.* (ટીમ્) A number of persons playing together in a game પાર્ટી; ટીમ; કોઈપણ રમતમાં સાથે રમતા માણસોની ટોળી. 2. A number of animals yoked together. બળદ અથવા બીજા પ્રાણીઓની જોડ. 3. A herd or flock. પશુઓનું ટોળું.

Teamster, *n.* (ટી'મ્સ્ટર્) One who drives a team. ગાડીવાન-ગાડી હાંકનાર.

Tear, *n.* (ટી,ર્) A drop of watery fluid secreted by the eyes. અશ્રુ; આંસુ. *vt.* (ટેઅર) To rend; to pull in pieces; to lacerate. વિદારવું; ચીરવું; કટકા કરવા, 2. To revenue or force by violence. જોર જુલમથી કાઢી લેવું-ખસેડવું, 3. To pull with violence. જોરથી ખેંચવું. *vi.* To be torn or rent. ફાટી જવું. **To tear off** = ઉખેડી નાંખવું.

Tease, *vt.* (ટીઝ્) To harass; to trouble; to annoy. ને ખીજવવું; ચીડવવું; પજવવું; સતાવવું.

Teat, *n.* (ટીટ્) A nipple. આંચળ; ડીંટી.

Teleology, *n.* (ટલીઑ'લજી) અમુક કાર્ય સિદ્ધ કરવા માટેજ દરેક વસ્તુનો તે પ્રમાણે વિકાસ થાય છે તેવો મત; કાર્ય પરિણામ વાદ.

Telepathy, *n.* (ટીલે'પથી) માનસિક આંદોલન, વિચાર સંદેશા; ઇંદ્રિયની મદદ વગર એક મન બીજા મન ઉપર અસર કરે છે તે.

Technical, *a.* (ટૅ'ક્નિકલ્) Pertaining to mechanical or chemical arts. હુન્નર-કળા વિષયક; હસ્તક્રિયા વિષે.

Technicality, *n.* (ટૅક્નિકૅ'લિટી) Quality or state of being technical; a technical feature or expression. અમુક ધંધા, વિદ્યાશાસ્ત્રનો ખાસ શબ્દ અથવા બીજી કોઈ વસ્તુ; પરિભાષા. [Gr. *techne*, art.]

Technology, *n.* (ટૅક્નૉ'લજી) The science or systematic knowledge of industrial arts. કળાજ્ઞાન; હુન્નરજ્ઞાન.

Ted, *vt.* (ટેડ્) To spread out in the sun for drying. વિખરાવું-છુટું નાંખવું; વિખેરી નાખવું.

Tedious, *a.* (ટી'ડિયસ્) Tiresome; wearisome. કંટાળવાળું; કંટાળા ભરેલું.

Teem, *vt.* (ટીમ્) To produce or bring forth. જણવું; ઉત્પન્ન કરવું. *vi.* To bring forth young ones. બચ્ચું જણવું; ફળ ઉત્પન્ન કરવું. 2. To be overflowingly full; to be prolific. પૂર્ણ-ભરપૂર હોવું.

Teens, *n.* (ટીન્સ્) Age from 13 to 19 years. તેરથી ઓગણીસ સુધીની ઉમર.

Teeth, *n.* (ટીથ્) *pl.* of *tooth*. દાંત. *vt.* (ટીધ્) To grow or breed teeth. દાંત ફુટવા-આવવા.-also, **Teethe**.

Teetotaller, *n.* (ટીટો,'ટલર્) One pledged to entire abstinence from all intoxicating liquors. માદક પાન વર્જ્ય કરી બેસેલો માણસ; દારૂતાડી અથવા કોઇપણ માદક પદાર્થને નહિ અડકે એવો માણસ; મદ્યનિષેધક.

Teetotum, *n.* (ટીટો,'ટમ્) A toy like a top. ચકરડી; ભમરડી.

Tegument, *n.* (ટે'ગ્યુમન્ટ્) A lid; a covering; a cover. ઢાકણું; આચ્છાદન.

Telegram, *n.* (ટે'લીગ્રૅમ્) A telegraphic message; a wire. તારથી મોકલેલો સંદેશો.

Telegraphy, *n.* (ટિલૅ'ગ્રફી) The art or science of signalling messages on a telegraph machine. તારપર સંદેશો મોકલવાની, કળા; વિદ્યા.

Telegraph, *n.* (ટૅ'લીગ્રૅફ્) An electrical apparatus for rapidly communicating messages. તારનો સાંચો; તારકામ.

Telephone, *n.* (ટૅ'લીફો,ન્) An electrical apparatus for conveying words over a long distance. ટેલીફોન;સ્વરવાહક યંત્ર. *vt.* To convey a message on telephone. ટેલીફોન ઉપરથી વાત કહેવી–કરવી. [Gr. *teles*, distance and *phones*, sound.]

Telephotography, *n.* (ટેલીફટૉ'ગ્રફી) બરાબર ન દેખાય તેવા પદાર્થોની છબી, લેવાની કળા; ચિત્ર કે દૃશ્યની છબી વિજળીના બળથી દૂર પાડવી, પડાવવી તે.

Telescope, *n.* (ટૅ'લીસ્કો,પ્) An optical instrument used in getting a clear sight of distant objects and heavenly bodies. *a.* દૂરદર્શકયંત્ર; દુરબિન.

Telescopic, *a.* (ટેલીસ્કૉ'પિક્) Belonging to, of, or pertaining to a telescope. દુરબિન સંબંધી.2.Seen only by a telescope.દુરબિનથીજ દેખાતું.

Tell, *vt.* (ટેલ્) To utter. ઉચ્ચાર ક૦. 2. To recount. હેવાલ આપવો; ગણવું. 3. To relate; to narrate; to make known. જણાવવું; કહેવું. 4. To bid; to give an order or to request. હુકમ–આજ્ઞા–વિનંતિ કરવી. **To tell off**=to count off. ગણી નાંખવાં.

Telling, *a.* (ટૅ'લિંગ્) Efficacious;effective; impressive. અસરકારક; ઘણીજ અસર કરે એવું.

Tell-tale, *n.* (ટૅ'લટે,લ્) A backbiter; one who mischievously carries tales of another. ચાડી ચુગલી ખાનાર;ચાડી-ચુગલીખોર. *a.* Showing; serving to betray. કહી દેનારું; દર્શક; સૂચક.

Telpherage, *n.* (ટૅ'લ્ફરિજ્) માલ, સામન વગેરેને વિજળીને બળે મોકલી આપવો તે.

Temerity, *n.* (ટમે'રિટી) Extreme boldness; recklessness;rashness. સાહસ; હીંમત; ઉદ્ધતાઈ.

Temper, *n.* (ટૅ'મ્પર્) Constitution or disposition of the mind. સ્વભાવ; મિજાજ. 2. The state of a metal as to its hardness. પાણી. *vt.* To mix or combine in due proportion. મિશ્ર કરીને જોઇએ તેવું બનાવવું. 2. To calm; to moderate; to soften. નરમ, શાંત કરવું. 3. To form to a proper degree of hardness. ને પાણી, પાવું–ચઢાવવું.

Temperament, *n.* (ટૅ'મ્પરામન્ટ્) Constitution or disposition of the mind or body. શરીર પ્રકૃતિ; સ્વભાવ; મીજાસ. 2. Internal constitution. બંધારણ. 3. Temperature; the state of a body with regard to heat or cold. ઉષ્ણતા.

Temperance, *n.* (ટૅ'મ્પરન્સ્) Avoiding excess; moderation; moderate indulgence. સંયમ;નિગ્રહ. **T. in eating or drinking**= મિતાહારીપણું પરિમિતપાન.

Temperate, *a.* (ટૅ'મ્પરિટ્) Abstentious; moderate in the indulgence of passions &c., moderate. સંયમી; મિતાહારી; મિતપાની. 2. Sober; calm; cool; measured. શાંત;નરમ; ધંડા મીજાસનો. 3. Not excessive; moderate (as heat or cold). સમશીતોષ્ણ, માફક; જોઈએ તેવું; પરિમિત. **Temperate zone**=સમશીતોષ્ણ કટિબંધ. *vt.* To moderate; to calm. મીજાજનું સાંત્વન કરવું; ચિત્ત સ્વસ્થ ક૦; મીજાજ કાબુમાં રાખવો.[L. *temperatura*, proportion.]

Temperature, *n.* (ટૅ'મ્પરચ્યૂર્) Compound; mixture. મેળવણી; મિશ્રતા. 2. State in regard to heat or cold. શીતોષ્ણ પ્રમાણ;હવા, ઉષ્ણતા માન–પ્રમાણ; તાઢ, તાવનું પ્રમાણ.

Tempered, *a.* (ટૅ'મ્પર્ડ્) Disposed; having a certain kind of disposition. સ્વભાવવાળું. 2. Ground sharp or watered as a sword. પાણી ચઢાવેલું; બરોબર પાણી પાયેલું.

Tempest, *n.* (ટૅ'મ્પિસ્ટ્) A violent storm at sea, specially a cyclone. પવનનું મોટું–ભારે તોફાન. [L. *tempus*, time.]

Tempestuous, *a.* (ટમ્પે'સ્ટ્યુઅસ્) Stormy; violent; turbulent. તોફાની; મહાભારત તોફાનનું; ઘણા ગરમ મીજાજવાળું.

Templar, *n.* (ટૅ'મ્પ્લર્) A candidate for the London bar who has rooms in Temple at London. લન્ડનમાં ટેમ્પલ નામના મકાનમાં રહીને કાયદાનો અભ્યાસ કરતો વીદ્યાર્થી. 2. One of the order of "Knights-Templars." "નાઈટ્સ ટેમ્પ્લર્સ"માંનો એક માણસ.

Temple, *n.* (ટૅ'મ્પલ્) An edifice or building devoted to the worship of some God. દેવળ; દેવસ્થાન; મંદિર. 2. The space on either side of the head just in front of the ears. લમણો. [L. *tempus*, a temple; also *tempum*, a temple.]

Temporal, *a.* (ટૅ'મપરલ્) Wordly; secular; subject to the vicissitudes of time. લૌકિક; ઐહિક; આ લોકનું. *n.* Wordliness; secularity; a secular possession. સંસારિક પદાર્થ, વસ્તુ.

Temporality, *n.* (ટેમ્પરૅ'લિટિ) The state of being temporal or secular. ક્ષણભંગુરતા. 2. Material interests or secular possessions.

આ લોકની-ઐહિક-સાંસારિક વસ્તુ. 3. Ecclesiastical revenue. દેવળ-ધર્મ સંબંધીના મીલ્કતની ઉપજ; ધર્માંનય.

Temporary, *a.* (ટેમ્પરરિ) Existing or continuing for a time only; fleeting; transitory; provisional. ક્ષણિક; ક્ષણભંગુર; થોડો કાળ પ્હોંચે એવું; હંગામી.

Temporize, *vt.* (ટેમ્પરાઇઝ઼) To comply with the time; to yield to the circumstances or to the current opinion; to bow to the public opinion &c. દેશ-કાળ-રંગ સમયને અનુસરીને રાખવું; જમાના પ્રમાણે ચાલવું.

Tempt, *vt.* (ટેમ્પ્ટ્) To allure or entice generally towards a bad thing; to seduce. લલચાવવું; મોહ લગાડવો; લોભાવવું.

Temptation, *n.* (ટેમ્પ્ટે,શન્) An act likely to seduce; an allurement; an enticement; trial. લોભ; લાલચ. 2. That which tempts; that which is presented to the mind as an inducement to evil. લોભ; વિષય; પ્રલોભન; લાલચ; મોહજાળ.

Ten, *n.* (ટેન્) A number twice five. દશ. 2. A figure or symbol standing for nine plus one. દશનો આંકડો અથવા દશની સંજ્ઞા. (X)ના જેવી. *a.* Twice five; nine and one. દશ.

Tenable, *a.* (ટે'નબલ્) That which may be held or defended against an assailant; that which can be maintained or that which is justifiable (as an argument.) રક્ષણ થઇ શકય; રક્ષણીય; સપ્રમાણ; સચોટ.

Tenacious, *a.* (ટિને,'શસ્)Tough; cohesive. ચીકણું; વળગીજ રહે એવું. 2. Retentive; apt to retain. જેમાંથી કદી ખસે નહિં એવી, સંધારક (યાદદાસ્તી).3. Inclined to retain what is in its possession; apt to hold fast. કદાપિ છોડી ન દે એવું; જીદ્દી.

Tenacity, *n.* (ટિનૅ'સિટી) The quality or state of being tenacious. કદાપિ છોડી ન દે એવું હોવું તે; જીદ્દ. 2. Adhesiveness. ચીકાશ. Cohesiveness. ચીકણાસ.

Tenancy, *n.* (ટે'નન્સી)Tenure of an estate ભોગવટો; વહીવટ. 2. An estate hired or rented from another. ભાડા-કબજાનું ઘર. [L. *tenso*, I hold.]

Tenant, *n.* (ટે'નન્ટ્) One who has leased a house or an estate. આસામી; ભાડુત; ગણોતી; ખાતેદાર. 2. To rent, hire or occupy as a tenant. ભાડે રહેવું; જમીન ગણોતે-પટે રાખવી.

Tenantable, *a.* (ટે'નન્ટબલ્) In a state suitable for a tenant; fit to be rented; habitable. ગણોત સાથે આપવા જેવું; ભાડેઆઉ.

Tenantry, *n.* (ટે'નન્ટ્રી) Possession as a tenant. ભાડીકી; કબજો. 2. Agricultural or peasant class collectively. ખેડુતવર્ગ.

Tend, *vt.* (ટેન્ડ્) To guard; to look after; to take care of; to watch. રાખવું; જતન કo; સંભાળ રાખવી; કોઇપણ જાનવરના ઘાસપાણીની ખબર રાખવી. *vi.* To subscribe or contribute. સાધનભૂત થવું. 2. To attend, wait upon or serve. ચાકરી ઉઠાવવી; બરદાસ કo. 3. To move in a certain direction. અમુક એક દિશામાં જવું.

Tend, *v.* (ટેન્ડ્)To have a certain motion, inclination. વલણ હોવું; ની તરફ ગતિ હોવી. 2. To take care of. સંભાળ રાખવી; સારવાર કરવી. —*n.* **Tendency,** વલણ; અમુક પરિણામ લાવવાનું વલણ. **Tendentious,** *a.* (ટેન્ડે'ન્શસ્)અમુક કામ ધપાવવા, આગળ કરવા યોજેલું, કરે એવું.

Tender, *v.-a.* (ટે'ન્ડર) Make offer. આપવું; ધરવું; અડસટ્ટો મોકલવો. 2. Delicate; loving. સુંવાળું; મુલાયમ; કોમળ; નાજુક; પ્રેમી.—*n.* કંટ્રાકટનો અડસટ્ટો; રકમ. An offer for acceptance. ટેન્ડર. *vt.* To offer in words for the acceptance of the opposite party. નિવેદન-હાજર, રજુ કo. *a.* Expressive of softer passions or finer feelings of the heart. રસિક; કોમળ; માર્મિક. 2. Physically weak; delicate. કોમળ; નાજુક; કુમળું. 3. Exciting compassion; pitiable. દયા આવે એવું. [L. *tendo*, I stretch.]

Tendency, *n.* (ટે'ન્ડન્સી)Causal influence; likelihood; inclination; drift. મનનું વલણ; ઇચ્છા; પ્રવૃત્તિ; સ્વભાવ.

Tenderhearted, *a.*(ટે'ન્ડરહાર્ટિડ્)Having a soft heart; compassionate. હેતાળ; દયાળુ; કોમળ હૃદયનું.

Tenderness, *n.* (ટે'ન્ડરનિસ્) Delicacy. નાજુકતા; કુમળાસ 2. Fondness; affection. માયા; હેત; પ્રેમ. 3. Compassion; pathos. દયા; કરૂણા.

Tendinous, *a.* (ટે'ન્ડિનસ્)'Resembling or pertaining to a tendon. નસના જેવું; સ્નાયુ સંબંધી.

Tenden, *n.* (ટે'ન્ડન્) A sinew. સંધિબંધન; શીર; સ્નાયુ.

Tendril, *n.* (ટે'ન્ડ્રિલ્) A slender twining growth by which a plant attaches itself to something. વેલો; તંતુ.

Tenebrous, *a.*(ટે,'નિબ્રસ્)Gloomy; dark. નિસ્તેજ; કાળું.

Tenement, *n.*(ટે'નિમન્ટ્)A place of residence or a dwelling house. રેહઠાણ; રેહવાનું ઘર. 2. A property or anything held on lease. ભાડે-ગણોતે-પટે રાખેલી મીલ્કત.

Tenet, *n.* (ટે'નિટ્) A religious doctrine a person believes to be true. વિચાર; મત (ધર્મસંબંધી ખાસ કરીને)

Tenfold,*a.*(ટે'નફો,'લ્ડ્)Ten *times* as much. દશગણું-પટ.

Tennis,*n.*(ટે'નિસ્)A kind of game played with a ball and racket in an open place. જાળી દડાની રમત.

Tenon, *n.* (ટે'નન્) A specially shaped end of a piece of wood or the like to be inserted or fitted into a corresponding cavity in another part of the structure corresponding to it. ખીલ માંકડી. *vt.* To fit or cut for insertion into the mortise. સાલ બેસવું ક૦; લાકડાનું સાલ કાઢવું.

Tenor, *n.* (ટે'નર્) Career;course;tendency or general mode. વલણ; સાધારણ રીત. 2. Meaning;import; purport. ભાવાર્થ; ભાવ. 3. Stamp. આકાર; રૂપ; છાપ.

Tense, *n.* (ટેન્સ્) That modification of verbs which shows whether the action connoted by it has taken place in the past, is taking place at present or will take place in future.કાળ. *a.* Rigid; tightly stretched; drawn tight. તંગ;મજબુત ખેંચાએલું.

Tension, *n.* (ટે'નશન્) Tightness, the act or state of being tightly strained. તાણ; ખેંચાએલું હોવું તે. 2. Mental strain. *a.* મનની અસ્વસ્થ સ્થિતિ.

Tensive, *a.* (ટે'ન્સિવ્) Feeling or looking stretched or tight. ખેંચાય-તણાય એવું.

Tent, *n.* (ટેન્ટ્) A pavilion; a portable canvas hut. રાવટી; ડેરો; તંબુ. *vt.* To put up in a tent. તંબુમાં રહેવું.

Tentage, *n.* (ટે'ન્ટિજ્) An encampment or camp consisting of tents.તંબુઓની છાવણી.

Tentative, *a.* (ટે'ન્ટેટિવ્) Done by the way of trial; empirical; experimental. અજમાયશ તરીકે. *n.* An experiment; a trial. પરીક્ષા; કસોટી; પ્રયોગ; અજમાયશ.

Tenter,*n.*(ટે'ન્ટર્)A machine for stretching cloth on hooks for drying. કાપડ તણાઈને સુકાય એવો સંચો. **To be on the tenters or tenter hooks**=To be in a dilemma or distress. દુઃખમાં હોવું. *vi.* To be capable or admit extension. ખેંચાવું; લાંબા થવું. *vt.* To stretch or hang an tenters. કાપડને આંકડીપર તાણવું.

Tenth, *a.* (ટેન્થ્) As much part of a whole as taken ten times would equal the whole; one-tenth. એક દશાંશ. 2.Just after the ninth in order or rank. દશમું.

Tenuity, *n.* (ટિન્યૂ'ઇટિ) Rarity. પાતળાપણું. 2. Slenderness; thinness. ઝીણાશ; પાતળાપણું; સૂક્ષ્મતા. 3. Delicacy; refinement. કોમળતા; નાજુકાઈ; સુધરેલપણું.

Tenuous, *a.* (ટે'ન્યુઅસ્) Not dense; rare; minute; thin; slender. આછું; પાતળું; બારીક; સૂક્ષ્મ; ઝીણું.

Tenure, *n.* (ટે'ન્યુઅર્) Consideration given to the landlord for a lease. જમીનના પટાની-ગણોતપટાની ભરેલી રકમ. 2. The right or manner of holding real estate. ભોગવટ; વહિવટ; સત્તાપ્રકાર 3. The duration or time of occupation of an office. કોઈપણ જગ્યા, નોકરી ઉપર એક માણસ હોય તે અરસો; નોકરી દરમ્યાનની મુદત. [સ્હેવાટું.

Tepid,*a.* (ટે'પિડ્) Lukewarm. મંદોષ્ણ;નવસકુ;

Term. *n.* (ટર્મ્) Duration; time for which anything has lasted. વખત; મુદત. 2. Boundary; limit. હદ; સીમા. (In Universities, schools, &c.) 3. A definite number of days during which the presence of a student is required by the rules to complete his year. કૉલેજમાં ભરવા પડતા દિવસ-ટર્મ 4. The time during which the work of the school or college is going on. સત્ર; કૉલેજ ચાલુ હોય તે દિવસો. 5. An expression or word. સંજ્ઞા; શબ્દ. 6. Conditions. શરતો, **Good terms**=બનાવ; મિત્રભાવ; મૈત્રી. **Bad terms**=અણબનાવ; અપ્રીતિ. **To bring to terms**=To compel negotiations. સલાહ કરાવવી. **To make terms**=To make an agreement or treaty. કોલકરાર ક૦ *vt.* To denominate; to name to call. સંજ્ઞા-નામ આપવું; કહેવું; બોલવું. [L. *terme*].

Termagancy, *n.* (ટ'મેંગન્સી) Quarrelsomeness; outrageousness; tumultuousness; turbulence. કુલ્લક; તોફાન; બંડ; બખેડો.

Termagant, *n.* (ટ'મેંગન્ટ) A shrew; a virago. કજીયા ખોર સ્ત્રી; કર્કશા. *a.* Quarrelsome; scolding; turbulent; tumultuous. કજીયાખોર; ટંટાખોર.

Terminable, *a.* (ટ'ર્મિનબલ્) Capable of being limited. સીમા બંધાય,અંત લાવી શકાય એવું.

Terminal, *a.* (ટ'ર્મિનલ્) Forming an end or extremity.અંત્ય;છેડાનું;સત્રાન્તિક;ટર્મ આખરની. *n.* Termination; end. અંત; છેડો.

Terminate, *vt.* (ટ'ર્મિનેટ્) To put a limit or set a boundary to. હદ-સીમા,બાંધવી-કરવી.

2. To complete; finish or end.નો અંત-છેડો આણવો; પૂર્ણ કરવું.

Termination, *n.*(ટર્મિને,'શન્)The suffix at the end of a word. પ્રત્યય; અંત્યાક્ષર-અંત્યવર્ણ. 2. The act of terminating. છેડો; પાર; અંત. 3. End or close of a period of time or of existence. આખર; અવધિ; અંત.

Terminator, *n.* (ટ'ર્મિને,ટર) One who or a thing which terminates or bounds. સીમા બાંધનાર; અંત લાવનાર.

Terminology, *n.* (ટર્મિનૉ'લજી) Nomenclature; the terms used in any particular science, art &c. નામ;સંજ્ઞા;શબ્દાવલિ;પરિભાષા. 2. The science or theory of technical terms. શબ્દ, સંજ્ઞા, પરિભાષાશાસ્ત્ર.

Terminus, *n.* (ટ'ર્મિનસ્) Limit; border; boundary. હદ;સીમા;પરિસીમા. 2.A boundary or border sign or post. સીમાસ્તંભ.3.Either end of a railway or tram or omnibus line. છેવટનું સ્ટેશન.

Termite,*n.*(ટ'ર્માઇટ્)A species of destructive insects. ઉધાઇ; કંસારો.

Termless, *a.* (ટ'ર્મલિસ્) Indescribable; inexpressible. અવર્ણનીય. 2. Unbounded or unlimited. બેહદ; સીમા વગરનું.

Ternary, *a.* (ટ'ર્નરી)Consisting of three. ત્રણત્રણથી થતું.2.Composed of three different parts. ત્રણ જુદા જુદા ભાગવાળું. *n.* A group or number of three.ત્રણ;ત્રણનું ટોળું;ત્રયી;ત્રિપુટિ.

Terrace, *n.* (ટે'રિસ્) The flat roof of a house.ધાબું;અગાશી. 2.A gallery or balcony. ગોખ; છજું; અટારી.

Terracotta, *n.* (ટે'રાકૉટા) Baked clay. ચુનો ને રેતીની કરેલી મેળવણી.

Terraqueous,*a.*(ટૅરે'ક્વુઇઅસ્) Half-land half-water; amphibious. જળસ્થળમય; જલ-સ્થલાત્મક, વાસી.

Terrene,Terrestrial,*a.*(ટરી'ન-ટૅરે'સ્ટ્રીઅલ્) Earthly;pertaining to the earth.પૃથ્વીસંબંધી; પૃથ્વીનું; પૃથ્વી ઉપરનું. 2. Confined;pertaining to or living on land. જમીનનું-જમીન ઉપર રહેતું. 3. Mundane; sublunary; earthly. ભૂલોકનું; ઐહિક; આ મૃત્યુલોકનું.

Terrible, *a.* (ટે'રિબલ્) Horrible; fearful; formidable;dreadful. ભયાનક;ભયંકર;ત્રાસદાયક.

Terribly, *adv.* (ટે'રિબ્લી) Horribly; in a terrible manner; formidable. ભયાનક-ભયંકર ત્રાસદાયક રીતે; ઉગ્રતાથી; ઘોરતાથી.

Terrier, *n.* (ટે'રિઅર્) A small hunting dog. એક જાતનો શિકારી કુતરો.2.A borer. સારડી.

Terrific, *a.* (ટરિ'ફિક્) Terrible; dreadful; terrifying. ભયાનક; ક્રૂર;વિકટ; ત્રાસજનક; ભયાનક; ભયંકર લાગતું; બ્હીવડાવતું; ભય પમાડવો.

Terrify, *vt.* (ટે'રિફાય્) To frighten terribly; to appal; to cause terror in the mind of. ભયાનક-ભયંકર લાગતું; ભયભીત કરવું; બ્હીવરાવવું.

Territorial, *a.* (ટરિટો'રિયલ્) Confined to a certain part of the country. કોઇ અમુક પ્રદેશ સંબંધી. 2. Concerning or pertaining to land. જમીન સંબંધી.

Territory,*n.*(ટે'રિટરી)A region;a country; a district. પ્રદેશ; મુલક; દેશ; વિષય.

Terror, *n.* (ટે'રર્) Extreme fear or dread; fright;excess of alarm. ધાસ્તી; બ્હીક;ઘણો ભય. **King of terrors**=Death.મોત. **Shock of terror**=હેબક; ધાસ્તી.

Terrorism, *n.* (ટે'રરિઝમ્) Intimidation; coercion through fear. થરથરી ગયેલા-ત્રાસ પામેલા હોવું તે. 2. A system of Government by terror; a reign of terror; a regime of repression. લોકોને ભયથી દબાવી રાજ્ય કરવું તે. રાવણરાજ્ય.

Terse, *a.* (ટર્સ્) Elegantly brief or concise. સંક્ષિપ્ત; શબ્દની ખુબી સાથે ટુંકું. 2. Refined. સુધરેલું. 3. Rubbed. ઘસેલું

Terseness,*n.* (ટ'ર્સનિસ્) Elegant brevity; the quality of being to the point; polish; refinement. શોભા; ઠીકઠાકપણું; સફાઈ.

Tertian, *a.* (ટ'ર્શન્) Happening or occuring at the interval of one day. એકાંતરીયું; ત્રિજે દિવસે આવનાર. *n.* A kind of Malaria attacking the person suffering from it on every third day. એકાંતરીઓ તાવ.

Tertiary, *a.* (ટ'ર્શિઅરિ) Being third in order on formation; third. ત્રિજું. **T. colour**=બે ગૌણ રંગના મિશ્રણથી થયેલો રંગ, *pl.* An officer of the third rank in order of a religious society. ધર્મ મંડળમાં ત્રિજા દરજ્જાનો અધિકારી.

Tesseraic, Tesseleated, *a.* (ટૅસ્સેરે,ક-ટૅસ્સેલે,ટિડ્) Checkered; formed of little squares. અટાપટાદાર; જાળીદાર; ખાનાંખાનાંવાળું, ચોકીદાર.

Test, *n.* (ટૅસ્ટ્) A touchstone. કસોટી; કસ કાઢવાનો પથ્થર. 2. A crucial trial or examination. પરીક્ષા; કસોટી; પારેખ. 3. Standard; criterion; means of trial. કસોટી કરવાનું સાધન; ઉપાય; કસોટી. *vt.* To refine as gold or silver; to cupellate. નું શોધન, સાફ કરવું; શોધવું. 2. To put to a list or trial; to bring to trial and examination. પરીક્ષા કરવી; પારખવું.

3. To compare with some fixed standard or to examine by means of some reagent. પારખથી તપાસવું; કસ કાઢવો. *vi.* To will or make a testament. વશિયતનામું કo. *n.* A witness. શાહેદ; સાક્ષી.

Testacious, *n.* (ટસ્ટે',શિસ્) Relating to or consisting of shells. છીપનું–છીપ વિષે;શંખનિવિષ્ટ.

Testament, *n.* (ટે'સ્ટમન્ટ્) One of the new or old Bibles. બાયબલ 2. A will. વસીયતનામું.

Testamentary, *a.* (ટેસ્ટા'મન્ટરી) Pertaining to a will; given by, bequeathed by a testament.વશીયત નામાની રૂએ મળેલું-આપેલું.

Testate, *a.* (ટે'સ્ટે,ટ્) Leaving a will behind him. રીતસર વશિયતનામું થએલું.

Testator, *n.*(ટે'સ્ટેટર્)One who dies after leaving a valid will behind him. વશીયતનામું, મુત્યપત્ર કરનાર–કરી મરી જનાર.

Testatrix, *n.* (ટેસ્ટે,'ટ્રિક્સ્) A woman testator. મૃત્યપત્ર કરી મરી જનાર–કરનાર સ્ત્રી.

Testicle, *n.* (ટે'સ્ટિકલ્) One of the two glands which secrete the seminal fluid in males. વૃષણ; અંડ; આંડવો.

Toothless, *a.* (ટૂ'થલિસ્) Without teeth. દાંત વગરનું.

Tooth-powder, *n.*(ટૂ'થપાઉડર્) A dentifrice; a powder for cleaning the teeth. દંતમંજન.

Top, *n.* (ટૉપ્) The summit; the highest part. શિખર; ટોચ; મથાળું. 2. Height; zenith; the utmost degree. શિખર; સીમા; અવધિ. 3. The highest or most respected dignity, rank, position &c. ઉંચો દરજ્જો. 4. A toy made to whirl on a point by a string. ભમરડો *vt.* To cap; to tip; to cover (as with a string.) મથાળું ઢાંકવું;ને મથાળે મુકવું; ઉપર આવવું.

Topaz, *n.* (ટો',પૅઝ્) A kind of precious stone or gem. પોખરાજ. [L. *topazon.*]

Tope, *n.* (ટો,પ્) A clump of bushes; a grove. ઝાડી; ઝાડોની ઘટા.

Toper, *n.* (ટો'પર્) A sot; a drunkard. દરૂબાજ; દારૂડીઓ.

Topful, *a.* (ટૉ'પફુલ્) Full to the brim. કાંઠા-કોર સુધી ભરેલું; ઠઠોઠઠ ભરેલું.

Topheavy, *a.*(ટૉ'પહેવી)Having the upper part more than proportionately heavy.ભારે મથાળાવાળું; ઉપરથી ભારે.

Tophet, *n.* (ટો'ફેટ્) Hell. દોઝખ; નરક.

Topic,*n.*(ટૉ'પિક) A head; a subject-matter. પ્રકરણ;બાબત;વિષય. 2. A reason or argument. તકરાર. *a.* Local. અમુક સ્થળ-જગ્યા વિષેથી.

Top-knot, *n.* (ટૉ'પનૉટ્) The crest of a bird. તોરો; કલગી; અંબોડો.

Topmast, *n.* (ટૉ'પમાસ્ટ્) The second mast. વહાણના તળીયાના ડોલ પરનો કુવો.

Topmost,*a.*(ટૉ'પમો,સ્ટ્)Uppermost; highest. સર્વોત્કૃષ્ટ; ઉંચા માં ઉંચું; સૌથી ઉંચું.

Topography, *n.* (ટૉપૉ'ગ્રફી) The local geography; the description of a particular town as regards its locality, streets &c. અમુક જગ્યાનું સવિસ્તર બ્યાન; સ્થાનિક ભૂગોળ.

Topsail,*n.* (ટૉ'પસે,લ્)The sail next above the one on the mast. તળીયાના કુવાપરના ડોલ પર ચઢાવેલો સઢ.

Topsy-turvy,*a.* (ટૉ'પ્સી-ટર્વી) Top undermost; with upside down; in an inverted position. ઉંધું; ઉલટું.

Torch,*n.*(ટૉર્ચ)A flambeau; a light consisting of a piece of stick round which is wrapped a cloth soaked in some inflammable substance or oil. મશાલ.

Torch-bearer *n.* (ટૉ'ર્ચબેઅરર્) One who carries a torch at the time of a procession. મશાલચી.

Torch-light, *n.* (ટૉ'ર્ચલાઈટ્) Light of a flambeau. મશાલમાંથી નીકળતું અજવાળું.

Torment, *n.* (ટૉ'મેન્ટ્) Torture; extreme misery,pain or anguish(mental or physical). અતિ દુઃખ-વેદના;સંતાપ. *vt.* (ટૉમે'ન્ટ્) To put to torture; to cause to suffer extreme mental or physical pain.અતિવેદના-પીડાથી દમવું;જર્જર કરવું; ટગાવવું. **Tormenter,**=પીડનાર; દુઃખ દેનાર.

Torpedo, *n.* (ટૉ'પિંડો) A destructive engine concealed in and propelled under water and exploded against an enemy's ship with deadly effect. વહાણ ડુબાવવાનું યંત્ર. 2. A kind of fish. એક જાતનો માછો. 3. A shell buried in ground.જમીનમાં દાટેલો દારુગોળો-ગોળો *vt.*To blow up with a torpedo. ટોરપેડોના ઉપયોગથી વહાણ ડુબાવવું.

Torpid, *a.* (ટૉ'રપિડ્) Stupefied; sluggish; inactive; benumbed. ખ્હેર મારી ગયેલું; સુસ્ત; મુડદાલ; સુપ્ત; શૂન્ય; બધિર;બેશુદ્ધ; કામ નહિં કરતું.

Torpidity, Torpor,*n.* (ટૉરપિ'ડિટિ-ટૉ'રપર્) Inactivity; sluggishness; numbness. જડતા; ખ્હેરાપણું; સુસ્તી.

Torrefy, *vt.* (ટૉ'રીફાય્) To roast or dry by fire. શેકવું; ભુંજવું.

Torrent,*n.*(ટૉ'રન્ટ્)A violent rushing stream of water &c. running with great force down a slope નદીનો જોસભેર પ્રવાહ-વેગ; ધોધ.

Torrid, *a.* (ટૉરિડ્) Dry; parching. વધારે ગરમ-સુકું;બળી જવાય એવું.**T. zone**=ઉષ્ણકટિબંધ.

Tort, *n.* (ટૉર્ટ્) A legal term for any wrong or injury to a person or property. નુકશાન; ઇજા. *a.* Tight. ખેંચાયેલું.

Tortious, *a.*(ટૉ'રશંસ્) Wrongful;injurious; harmful. નુકશાન કારક; ઇજા કારક.

Tortoise, *n.* (ટૉ'રટિઝ્) A turtle, especially one living on land. કુર્મ; કાસવો; કાચબો.

Tortuous,*a.*(ટૉ'ર્ચ્યુઅસ્)Winding;crooked; twisted. આમળાવાળું; વાંકુંચુકું; વક્ર; વાંકવાળું.

Torture, *n.* (ટૉ'ર્ચર્) Torment; extreme mental or physical anguish or pain &c. ઘણું દુઃખ; અસહ્ય વેદના. *vt.* To torment or put to to extreme pain. અસહ્ય વેદના થાય એમ કરવું. 2. To punish with torture. દુઃખ દેવાના ઓજારનો ઉપયોગ કરી રીબાવવું. 3. To give a crooked and wrong meaning to. અવળો અર્થ ક૦.

Tory, *n.* (ટૉ'રી) A royalist; a conservative. રાજપક્ષ-કૉનઝરવેટીવ પક્ષનો માણસ.

Toss, *n.* (ટૉસ્) A throwing upward with a jerk. ફેંકવું-નાંખવું તે. *vt.* To raise or lift up violently and suddenly. એકદમ ઉંચું કરી દેવું. 2. To throw upward with the hand. ઉપર ઉછાળવું. 3. To make something rise and fall. ઉંચુ નીચું કરવું. **Toss and off** = To drink at one gulp in haste. એકદમ એકજ ઘુંટડે પી જવું. *vi.* To move from side to side (as a ship). હાલવુ ડોલવુ થવું; આમતેમ ગબડવું. **Tosspot**="છાપ કે કાંટો" રમવું. To win the toss (in cricket)=To have the option of batting or fielding at one's disposal. બૅટીંગ કે ફીલ્ડીંગ જે ફાવે તે પ્હેલું કરવાનો હક જીતવો-મેળવવો; હીલ સુક જીતવું.

Tosspot, *n.* (ટૉ'સપૉટ્)A sot. દારૂડીઓ; છાકટ.

Total, *n.* (ટો,'ટલ્) Sum. સરવાળો. 2. The whole. આખો-કુલ ભાગ; સમગ્રતા. *a.* Entire; whole. પૂર્ણ; કુલ. *v.* (ટો'ટલ્) કુલ કરવું.

Totally, *adv.* (ટો'ટલી) In its entirety; wholly. પૂર્ણ; કુલ; એકંદર રીતે.

Totter, *vi.* (ટૉ'ટર્) To stagger or vacillate; to appear as if about to fall. લથડવું; લથડતાં લથડતાં ચાલવું.

Touch, *n.* (ટચ્) The act of touching; contact. સ્પર્શ; અડકવું તે. 2. Communication. સંબંધ. 3.Power of exciting emotion. લાગણી, ભાવ ઉત્પન્ન કરવો તે. 4. A single stroke of the pen or brush. એકજ વખત ફેરવેલો હાથ. 5. The set of playing on a musical instrument. વગાડવું-બજાવવું તે 2. Musical notes =રાગ; સૂર. *vt.* To perceive by feeling. સ્પર્શેન્દ્રિયથી જાણવું. 2. To come in contact with. અડકવું; સ્પર્શ કરવો. 3. To treat of; to speak; write or deal with. ની બાબત ઉહાપોહ કરવો-વાદવિવાદ કરવો-લખાણ-ભાષણ કરવું. 4. To move to compassion or pity. હૃદય પીગળે-પલળે એવું કરવું. 5. To delineate with the brush or pen. કલમ-હાથ-બ્રશ ફેરવવું. 6. To impress. અસર કરવી. *vi.* To take effect. અસર થવી-લાગવી. 2. To come or be in contact. અડકવું, અડવું; નો સ્પર્શ થવો. 3. To treat of or deal with anything in a discourse, lecture or essay &c. ની વાત કાઢવી; ને અડકવું; ની બાબત ભાષણ લખાણ કરવું. **To touch at a port**=કોઇ પણ બંદર ઉપર થોડા વખતને માટે થોભવું; લાંગરવું. **Touch and go**=A narrow escape. મરતા મરતા બચવું તે.

Touch-hole, *n.* (ટ'ચહો,લ્) The hole of a cannon through which fire is applied to the charge. કાન (તોપનો); રંજક મુકવાનો જ્હે.

Touching, *a.* (ટ'ચિંગ્)Calculated to excite compassion;pitiable;piteous. હૃદય પીગળાવી નાંખે એવું-અંતઃકરણ ગદ્ગદિત કરે એવું.From; with respect to; about લગતું; સંબંધી.

Touch-stone, *n.* (ટ'ચસ્ટો,ન્) A compact; dark colored;smoat stone used to ascertain the purity of gold and silver.કસોટીનો પથ્થર. 2.Any crucial test or cretorian.કસોટી;પરીક્ષા.

Touch-wood,*n.* (ટ'ચવુડ્)A kind of wood. મોરવણ; ચેતવણ.

Tough, *a.* (ટફ્) Able to endure hardship; strong;firm. મજબુત; દ્દઢ. 2.Flexible without brittleness. ચીકણું; ચીકટ.

Tour, *n.* (ટુર્) An excursion or journey in circuit. પર્યટન;દેશાટન;સફર.*vi.*To journey or travel in circuit. સફર-મુસાફરી કરવી.

Tournament, *n.* (ટુ'ર્નમેન્ટ્) A contest of skill at arms; a tilting match. ખોટી-અમથી અમથી લડાઇ; બાલાબાજી.

Tow,*n.*(ટો,) The coarser part of the hemp or flax. શણનો ચુંથો. 2. Dragging through water. ખેંચવું તે (વહાણ). *vt.* To drag or pull through water by means of a rope.વહાણને દોરડાવતી પાણીમાં ખેંચી લઈ જવું.*n.*A rope used for towing. એવી રીતે ખેંચવા સારૂ વપરાતો દોર.

Toward, Towards, *adv.* (ટૉ'વર્ડ-ટૉ'વર્ડસ્) At hand; near. લગભગ; પાસે. *prep.* About, near. નજીકમાં; પાસે. 2. With reference or respect to.ની બાબતમાં;પ્રતિ.3.To;in the direction of. સામું;ની તરફ. *a.* Apt. લાયક.2. Forward; impertinent. આગળ પડનાર; વચમાં માથું મારનાર. 3. Coming nearer and nearer every day; approaching. પાસે પાસે આવવું; નજદીક આવવું.

Towel, *n.* (ટૅ'વેલ્) A wiping cloth for use after bath. ટુવાલ; રૂમાલ.

Tower, *n.* (ટા'વર્) A citadel. કીલ્લો. 2. A projection from a line of wall. બુરજ. 3. A building, tall and having minarets મિનારો.

Towering, *a.* (ટા'વરિંગ્) Elevated; lofty; very high; transcendent.ઉન્નત;ઘણુંજ ઉંચું;પ્રૌઢ.

Town, *n.* (ટાઉન્) A big village smaller than a city. મ્હોટો કસબો; શહેર. 2. The residents of a town. નગરવાસીઓ. **Town talk**=ગામગપાટા; લોકવાર્તા.

Town-hall, *n.* (ટા'ઉન-હૅ'લ્) A big hall belonging to a public corporation and used for public functions. ટાઉન હૉલ;શહેરની વાડી; સર્વ લોકોને એકઠા થવા માટે બાંધેલો હૉલ; જાહેર નગર મંદિર.

Towns-folk,*n.*(ટા'ઉન્સ્ફો,ક્)The inhabitants of a town. નગરવાસીઓ; શહેરીઓ.

Township. *n.* (ટા'ઉનશિપ્) પ્રાંત.

Townsman, *n.* (ટા'ઉન્સમન્)An inhabitant of a town. નગરવાસી; શહેરીજન; નાગરિક.

Townspeople, *n.* (ટા'ઉન્સપીપલ્) Inhabitants of a town. શહેરીઓ;શહેરમાં રહેનારા,વસતા.

Town talk, *n.* (ટા'ઉન્ ટૉક્) General discussion in a town. નગરચર્ચા; શહેરમાં ચાલતું વાતાવરણ; ગામગપાટા.

Toxin,*n.* (ટૅ'કિસન્) A poisonous substance in an animal's body. ઝેરી પદાર્થ. (જાનવરના શરીરનો.)

Toy, *n.* (ટૅાય્) A plaything for children. રમકડું. *vt.* To play or sport with. રમવું; રમત કરવી.

Toyear *n.* (ટુ'યી,ર) This year. આ વર્ષ; સાલ મજકુર; ચાલુ સાલ.

Trace, *n*.(ટ્રે,સ્)Remnants; remains; vestige; track; footstep. નિશાની; નામ; પત્તો; પગલું. *vt.* To copy or imitate from an original. અસલ ઉપરથી ચિતરવું. 2. To follow step by step; to track out. ને પગલે પગલે ચાલ્યા જવું; પત્તો મેળવવો. 3. To delineate or draw out with marks. નીશાનીથી ઓળખવું.

Trachea, *n*. (ટ્રે'કીઆ)Windpipe.શ્વાસનલિકા; પ્રાણમાર્ગ.

Tracing, *n*. (ટ્રે',સિંગ્) Delineation.આભાસ ઉપરથી ચિતરવું તે; રૂપરેખા દોરવી તે. 2. Track or regular path. રસ્તો.

Tracing-paper, *n*.(ટ્રે,'સિંગ્-પે,પર્)Transparent paper for tracing designs, ચિત્રપત્ર; મિણપાયેલ, પાતળો કાગળ.

Track, *n*. (ટ્રૅક્) A vestige or mark left in passing. પગથી; ચીલો; કોઈના જવાથી પડી રહેલી નિશાની. 2. A beaten path. પગવટ; રસ્તો. 3. A trace. ડગલું; પગલું; પત્તો.

Trackless,*n*.(ટ્રૅ'ક્લિસ્)Having no track or mark whereby one may follow; untrodden. ઉજ્જડ; જ્યાં કોઇપણ રસ્તો-પગવાટ નહિં હોય એવું.

Tract, *n*. (ટ્રૅક્ટ્) Trace; track. પગલું; નામ ઠામ.2.The footprint of a wild beast.શિકારના પશુનું પગલું. 3. An extended piece of land or water. પ્રદેશ; જમીન અથવા પાણીનો ભાગ.

Tractability, *n*. (ટ્રૅક્ટબિ'લિટિ) The state or quality of being manageable or tractable. જેમ કહે તેમ કરવું એવો ગુણ; આજ્ઞાધારીપણું; કહ્યાગરાપણું; વળકણો સ્વભાવ.

Tractable, *a*. (ટ્રૅ'કટબલ્) Governable; docile; manageable. હુકમી; હુકમ બરદાર; વશ વર્તી; કહ્યાગરૂ.

Traction, *n*. (ટ્રૅ'કશન્) Attraction આકર્ષણ; ખેંચાવું-ખેંચવું તે,

Trade, *n*. (ટ્રે,ડ્) Occupation. ધંધો; કસબ. 2. Traffic of commerce. વ્યાપાર; આપલે; વેપાર. 3. *pl*. The trade winds. ઇશાન કોણનો વા; વ્યાપારને અનુકૂળ પવન. *vi*. To deal in; to buy and sell; to barter. વેપાર-વેંચાણ કo. આપલે કરવી; વેચવું. *vt*. To deal or traffic in. નો વેપાર કરવો.

Trade-mark, *n*. (ટ્રે,'ડમાર્ક્) A distinctive sign, of the manufacturer of a commodity, which is a monopoly and cannot be imitated. ટ્રેડમાર્ક; વેપારીની વસ્તુની ખાસ નીશાની.

Trader, *n*, (ટ્રે',ડર્) A merchant on a small scale; an ordinary or retail dealer in a commodity. વેપારી-વેપાર ચલાવનાર. 2. A vessel engaged in import, export trade. બારકસ; વેપારી વહાણ.

Tradesman,*n*. (ટ્રે',ડ્સમન્)A shopkeeper; one who trades. વેપારી.

Trade-wind, *n*. (ટ્રે',ડવિન્ડ્) A wind on the open seā always blowing in one direction for at least six months and thus helping trading vessels. વ્યાપારાનુકૂલ વાયુ; ઈશાનકોણનો વ્યાપારી વહાણોને ઉપયોગી થઇ પડતો વાયુ.

Tradition, *n*. (ટ્રૅડિ'શન્) That which is handed down from age to age by means of oral communication; a statement; story &c. so handed down. દંતકથા; સંપ્રદાય.

Traditional,-ary,*a*.(ટ્રૅડિ'શનલ્-ટ્રૅડિ'શનરી) Transmitted from age to age by oral communication only. દંતકથા સંબંધી.

Traduce, *vt*. (ટ્રૅડ્યૂ'સ્) To wilfully misrepresent; defame, villify or calumniate. જાણી જોઇને કોઇની આબરૂને નુકશાન થાય એવું ભાષણ-લખાણ કરવું; કોઈની બેઆબરૂ કરવી.

Traffic, *vi*.(ટ્રૅ'ફિક્) To deal in goods. વેપાર કરવો. 2. To trade mercenarily or meanly. પૈસાની દૃષ્ટિથીજ ફક્ત, નીચ, વેપાર ચલાવવો. *vt*. To deal in; to carry on commerce in; to trade in. નો વેપાર-ની લેવડદેવડ કરવી. 2. Trade; commerce. વેપાર. 3. Goods and persons passing along a means of communication as a railway (thought of collectively). ઉતારૂ, વાહન, માલ વગેરેની આવજાવ.

Trafficker, *n*. (ટ્રૅ'ફિકર્) A trador (in contempt). વેપલો કરનાર.

Tragedian, *n*. (ટ્રૅ'જીડિયન્) An actor or a writer of tragedy. કરૂણારસ નાટકો લખનાર અથવા ભજવનાર.

Tragedy, *n*. (ટ્રૅ'જીડી) A dramatic play with an elevated diction, having a mournful strain rnnning through it, and ending with a catastrophe.કરૂણારસપ્રધાન,આપત્તિ નાટક. 2.A catastrophe;an event having a mournful end. વિનાશક બનાવ; ભયંકર બનાવ; પરિવર્તક.

Tragical, *a*. (ટ્રૅ'જીકલ્) Pertaining to a tragedy. કરૂણાજનક. 2. Dire; catastrophical. જીંદગીને નુકસાનકારક; ભયંકર; જીવલેણ. 3. Mournful or sorrowful or lamentable. શોકાતુર; શોકજનક; વિલાપ કરવા લાયક.[Gr. *tragos*, goat.]

Trail, *n*. (ટ્રે,'લ) Track;smell or any other vestige left by a hunted animal and followed by the hunters and hunting dogs. શિકારના પ્રાણીની નાસી જતાં રહી ગયેલી ગંધ.2.Something drawn or dragged behind. સેર; લર. 3. A

path made by animals or men simply by passing along. પગરસ્તો. પગવાટ.

Trail, *vt.* (ટ્રે'લ્) To draw behind or along the ground. જમીન ઉપર ઘસડતાં જવું. 2.To hunt by following the scent left by an animal.ને પગલે પગલે જઇને શિકાર કરવો.*vi.*To hang down loosely behind something.ની પાછળ લટકતું હોવું.

Train, *n.* (ટ્રેન્) Railway train. આગગાડી; અગ્નિરથ. 2. A series; a succession of connected things. માલા; હાર. 3. A number of followers. ઘટેલો; અનુયાયી વર્ગ; પરિચારક. 4. That part of a dress which hangs loosely on the ground behind. દામણું; છેડો; ઝુલ; ચાળ. *vt.* To form to any practice by excercise; to drill; to subject to proper excercise and regimen or diet &c. for accomplishing some feat; to discipline. ને શિક્ષણ આપવું; કેળવવું; ને તરબીયત આપવી; ને યોગ્ય ખોરાક આપી અને કસરત વગેરે કરાવી અમુક એક કામ માટે તૈયાર કરવું; ઉછેરી શિખવવું. **To train upto**=To teach. શિખવવું. *vi.* To be drilled in military excersises; to be under training. કવાયત શિખવી; તાલીમ લેવી.

Trainer, *n.*(ટ્રે'નર્) An instructor; one to be trained or subjected; a person to excercise or discipline. કેળવનાર; તરબીયત આપનાર; તરબેજ કરનાર.

Training,*n.*(ટ્રે'નિંગ્) Education; the act of being in the state of preparation for something. કવાયત; શિક્ષણ; કેળવણી; શિક્ષા.

Trait, *n.* (ટ્રેટ્) A characteristic; a peculiarity. ખોડ; ગુણ; લક્ષણ; વિશેષગુણ; ચિહ્ન. **Bad trait**=દુર્ગુણ; ખરાબ ખોડ. **Good trait** સુલક્ષણ; સારી ટેવ.

Traitor, *n.* (ટ્રે'ટર્) One who betrays his cause or his country; a treasonable or treacherous fellow. દેશ શત્રુ; ફીતુરી; દગાખોર; બંડખોર; દેશદ્રોહી; રાજદ્રોહી; ફુટેલો માણસ. [L. *trado*, I deliver into foreign hands.]

Traitorous, *a.* (ટ્રે'ટરસ્) Disloyal; faithless; treacherous; guilty of treason. રાજ-કાર્ય-દેશ દ્રોહી.

Tralation, *n.* (ટ્રેલે'શન્) A metaphor or transferred epithet. રૂપક, શબ્દાંતર.

Tram, *n.* (ટ્રૅમ્) ટ્રામ ગાડી; ટ્રામ.

Trammel, *n.* (ટ્રૅ'મલ્) A long bird or fish net. માછલી અથવા પક્ષીઓ પકડવાનું મોટું જાળું. 2. Shackles; bonds; chains. બેડી; પાશ; બંધન. *vt.* To catch in the meshes of a net. જાળમાં પકડવું. 2. To trap, confine or shackle. બેડીમાં-બંધનમાં સપડાવવું; ગોંધવું.

Tramontane,*a.*(ટ્રમૉ'ન્ટેન્) Lying beyond the mountains. પર્વત પરનું, ની પેલી પારનું. 2. foreign. પરદેશી; પારકા દેશનું; અણુઘડ. *n.* One barbarous or who lives in foreign lands; an alien. પરદેશી માણસ. [L. *trans*, beyond and *mons*, mountain.]

Tramp, *n.* (ટ્રૅમ્પ્) A vagrant; a strolling beggar. રખડેલ માણસ; ભિખારી. 2. A tread; the sound made by a number of feet marching together. ચાલતો અવાજ-ધબકારો. *vt.* To journey through or travel through. માં થઇને મુસાફરી કરવી. 2. To trample by the feet. પગથી છુંદવું; ચાલીને જવું; પગ ઢસડવા. 3. To beat the dirt out of clothes by stamping over them after weltering. કપડાં ઉપર પાણી છાંટીને તેને પગથી દબાવીને સાફ કરવાં. [L. *trampen*, to tramp.]

Trample, *vt.* (ટ્રૅ'મ્પલ્) To stamp under foot. પગથી છુંદી નાંખવું. *n.* The act of stamping. સમ્મર્દન; મર્દન.

Tramway-road, *n.* (ટ્રૅ'મવે-રોડ્) The track or path along which a train passes, made of iron rails &c.ટ્રામનો રસ્તો; ટ્રામનાપાટા.

Trance, *n.* (ટ્રૅન્સ્) A state of insensibility to one's surroundings; a state in which the soul seems to have passed out of the body; an ecstasy. સમાધિ; એકાગ્ર ચિત્ત; ગાઢ ઉંઘ. *vt.* To throw into deep sleep; to entrance. સમાધિસ્થ-ગાઢ નિદ્રામાં નાંખવું.

Tranquil, *a.* (ટ્રૅ'ન્કવિલ્) Peaceful; calm; quiet; undisturbed; still. શાંત; સ્થિર; સ્વસ્થ; ગંભીર; ટાઢું.

Tranquillity, *n.* (ટ્રૅન્કવી'લિટિ) Peace or composure of mind; calmness. સ્વસ્થચિત્તતા; સ્થિરતા; થંડાપણું.

Tranquilize, *vt.* (ટ્રૅ'ન્કવીલાઈઝ્)To pacify; to compose oneself; to quiet; to allay when agitated. શાંત-સ્થિર-સ્વસ્થ કરવું.

Transact, *vt.* (ટ્રૅન્સૅ'ક્ટ્) To despatch; to complete or carry through; to manage; to perform. કામ કo. *vi.* To conduct matters. કામ કરવું-ચલાવવું; પાર પાડવું.

Transaction, *n.* (ટ્રૅન્સૅ'ક્શન્) The business performed or completed. કામકાજ; મામલો; કીસ્સો. 2. The act of performance, completion &c. of a work. કરવું તે; કાર્ય.

Transactor, *n.* (ટ્રૅન્સૅ'ક્ટર્) One who completes or manages an affair. કાર્યકર્તા-

કામ પૂરું કરનાર-વહીવટ જોનાર માણસ. [L.*trans*, beyond & *ago*, I carry.]

Transatlantic, *a.*(ટ્રેન્સ્ઍટ્લૅ'ન્ટિક)Situated beyond the Atlantic Ocean. ઍટ્લૅન્ટીક મહાસાગરની પેલી પારનું.

Transcend, *vt.* (ટ્રૅન્સે'ન્ડ) To exceed; to pass over.ને ઓળંગીને-ની પેલી તરફ જવું.2. To rise above. ઉંચે ચઢવું.3.To mount or climb. ઉપર ચઢવું.4.To surpass or excel or outgo. ના કરતા વધારે સારું-ની કરતાં ચઢીયાતું હોવું. [L. *trans*, beyond & *scando*, I climb.]

Trancendent-al,*a* (ટ્રૅન્સે'ન્ડન્ટ-ડે'ન્ટલ)Very excellent; surpassing all others. સૌથી ઉત્તમ-બીજા બધા કરતાં ચઢીયાતું. 2. Going beyond human experience. અનુભવાતીત; મનુષ્યજાતિના અનુભવની બહાર.

Transcribe, *vt.* (ટ્રૅન્સક્રા'ઇબ્) To copy from an original. અસલ પ્રત ઉપરથી નકલ-ઉતારો કરવો.

Transcription, *n.* (ટ્રેન્સક્રી'પશન્)The act of transcribing. ઉતારો-નકલ કરવી તે. 2. Transcript or copy. નકલ; ઉતારો.

Transfer, *vt.* (ટ્રૅન્સફ'ર્) To pass or make over the control or possession of.ના હવાલામાં આપવું; સ્વાધીન કરવું; બીજાને આપવું. 2. To transport or remove to another place or person. સ્થલાંતર કરવું; એક માણસ પાસેથી બીજા માણસ પાસે લઈ જવું-મોકલવું. *n.* Transport; the act of transferring. સ્થલાંતર; બદલી; ફેરફાર.2.Conveyance of a right or claim from one person to another.પરહસ્તદ.ન.3. Anything transferred. સ્થલાંતર કરેલી કોઇપણ વસ્તુ.

Transferable, *a* (ટ્રૅન્સફ'રબલ્) Transportable; mobile. એક જગ્યાએથી બીજી જગ્યા પર-એક માણસ પાસેથી બીજા માણસ પાસે જઇ શકે એવું; બીજાના નામ પર ચઢાવી શકાય એવું.

Transferability,*n.* (ટ્રૅન્સફરૅબિ'લીટી)Quality of being transferable. બદલી; ફેરફાર; સંક્રમણીયતા; અતિ વાહ્યતા.

Transferee, *n.* (ટ્રૅન્સફરી')The person in whose favour something is transferred. જે માણસના નામ ઉપર ચઢાવવું હોય તે માણસ.

Transference, *n.* (ટ્રૅ'ન્સફરન્સ્)Transfer; the act of removing from one person or place to another. બદલી; ફેરફાર.

Transfiguration, *n.*(ટ્રૅન્સફિગરે,'શન્)An alteration in appearance or form. રૂપાંતર; આકાર-દેખાવમાં ફેરફાર.

Transfigure, *vt.* (ટ્રૅન્સફિ'ગ્યર્) To alter or change the shape or form of; to transform. નુ રૂપ બદલવું; માં રૂપાંતર કરવું. [L. *trans.* beyond & *figuro*, figure.]

Transfix, *vt.* (ટ્રૅન્સફિ'ક્સ્) To pierce through as with a pointed weapon. જડી દેવું; વિંધવું [L. *trans*, beyond & *figo*, I fix.]

Transform, *vt.* (ટ્રૅન્સફૉ'ર્મ્) To alter or convert. સ્વભાવ, અંતઃકરણ વગેરેમાં ફેરફાર કરવો. 2. To transfigure; to metamorphose. રૂપાંતર કરવું; સ્વરૂપ બદલવું. 4. To transmute. બદલવું; ફેરવવું; રૂપાંતર કરવું. *vi.* To be altered in mind, form &c. નું રૂપાંતર થવું.

Transformation, *n.* (ટ્રૅન્સફૉર્મે',શન્) A conversion or alteration in disposition, character &c. સ્વભાવ, અંતઃકરણ, વિચાર વગેરેમાં ફેરફાર થવો 2. Transmutation. ધાતુનું રૂપાંતર; બદલી. 3. Any change in a substance &c. દેહાંતર; આકારભેદ; રૂપાંતર.

Transfuse, *vt.* (ટ્રૅન્સફ્યૂ'ઝ્) To transfer by pouring as the blood of one animal into the sinews of another. માં નાંખી ફેર બદલ કરવો. એક પ્રાણીનું લોહી બીજા પ્રાણીની નસોમા લઈ જવું.

Transgress *vt.* (ટ્રૅન્સગ્રે'સ્) To break or violate any law. નો ભંગ કરવો; નું અતિક્રમણ કરવું; નું ઉલ્લંઘન કરવું. 2. To tease or vex or offend against. ચીઢવવું. *vi.* To offend by violating some law civil or moral. હુકમ તોડવો; આજ્ઞાભંગ કરવો.

Transgression, *n.*(ટ્રૅન્સગ્રે'શન્) Violation of a law or breach of a rule. આજ્ઞાભંગ; આજ્ઞા ઉલ્લંઘન; ગુન્હો.

Transgressor, *n.* (ટ્રૅન્સગ્રે'સર્) One who violates or breaks a law; an offender or sinner. આજ્ઞા તોડનાર; હુકમ નહિં માનનાર,

Tranship, *vt.* (ટ્રૅન્શિ'પ્) To transfer from one ship to another. એક વહાણમાંથી બીજા વહાણમાં લઇ જવું.

Transient, *a.* (ટ્રૅ'ન્જિયંટ્) Transitory; fleeting. ક્ષણિક; ક્ષણભંગુર; ભાસરૂપ. 2. Lasting for a short time; temporary. ઘડી બે ઘડીનું; ક્ષણિક; ચાલચલાઉ.

Transit, *n.* (ટ્રૅ'ન્ઝિટ્)A passage or route. રસ્તો; માર્ગ. 2. Passage through or over. સંક્રાંતિ; અવસ્થાંતર. 3. The act of passing. ઉપરથી જવું તે. 4. Conveyance.લઇ જવું-આવવું તે. *vt.* To traverse or pass over the disk of some bigger planet. સંક્રમણ કરવું.

Transit-duty, *n.* (ટ્રૅ'ન્ઝિટ્ડયુટી) Duties or taxes on exported commodities. જકાત; શહેરની જકાત હાંસલ.

Transition, *n.* (ટ્રૅન્ઝિ'શન્) The transformation from one state or place to another. ફેરફાર; સ્થલાંતર; ગમન. 2. Trans-figuration; change of form. આકારબદલ; સ્વરૂપાંતર.

Transitive, *a.* (ટ્રૅ'ન્ઝિટિવ્) Having an object. સકર્મક.

Transitory, *a.* (ટ્રૅ'ન્ઝિટરી) Evanescent; transient; brief; fleeting. ક્ષણભંગુર; ક્ષણિક; અસ્થાયી.

Translate, *vt.* (ટ્રૅ'ન્ઝ્લે,ટ) To transfer. સ્થલાંતર કરવું. 2. To render into another language. ભાષાંતર-તરજુમો કરવો. *vi.* To render into a translation. તરજુમો-ભાષાંતર થવું.

Translation, *n.* (ટ્રૅન્ઝ્લે,'શન્) Removal; transference. સ્થલાંતર; બદલી; સ્થાનાંતર. 2. A version in another language. તરજુમો-ભાષાંતર. 3. The act of rendering into another language. ભાષાંતર-તરજુમો કરવો તે.

Translator, *n.* (ટ્રૅન્ઝ્લે,'ટર્) One who renders a book or piece from one language into another. ભાષાંતરકાર; અનુવાદક; તરજુમો કરનાર. **Transliterate,** *v.* (ટ્રૅ'ન્ઝ્લિટરે,ટ) અમુક ભાષાનો શબ્દ બીજી ભાષાની લિપિમાં લખવો. -*n.*°**tion,** અક્ષર,વર્ણાંતર.

Transluscent, *a.* (ટ્રૅ'ન્ઝ્લૂસન્ટ) Half transparent. અર્ધપારદર્શક. [L. *trans*, beyond & *lucao*, I shine.]

Transmigrate, *vt.* (ટ્રૅ'ન્સમાઇગ્રે,ટ) To emigrate. દેશાંતર કરવું. 2. To pass from one animal body into another (said of the soul.) એક દેહમાંથી બીજા દેહમાં જવું; બીજો જન્મ-અવતાર ધારણ કરવો. [L. *trans*, beyond & *migro*, I migrate.]

Transmigration, *n.* (ટ્રૅન્સમાઈગ્રે,'શન્) Emigration. દેશાટન; દેશાંતર. 2. Passage of the soul from one animal body into another. પુનર્જન્મ ધારણ-દેહાંતર.

Transmission, *n.* (ટ્રૅન્સમિ'શન્) The act or state of being transmitted. રવાનગી; સંચારણ. 2. Transference or handing down as of a right or claim. હકનું એક માણસ પાસેથી બીજા માણસ પાસે જવું; પરંપરાગમન.

Transmit, *vt.* (ટ્રૅન્સમિ'ટ) To cause to be carried or conveyed from one person or place to another; to hand down or transfer (as a right). પાઠવવું; પ્હોંચાડવું; રવાના કરવું; ઉતર્યાં આવવું; બીજા તરફ-ઉપર મોકલવું; વંશ પરંપરા ચાલતા આવવું.

Transmutable, *a.* (ટ્રૅન્સમ્યૂ'ટબલ્) Such as can be transferred or changed. રૂપ બદલી નંખાય એવું; રૂપાંતર કરી શકાય એવું.

Transmutation, *n.* (ટ્રૅન્સમ્યુટે,'શન્) Change or conversion of one substance into another or a change in the nature thereof. આકારભેદ; રૂપાંતર.

Transmute, *vt.* (ટ્રૅન્સમ્યૂ'ટ) To transform; to alter the form or nature of. રૂપાંતર-ગુણાંતર કરવું.

Transparence, *n.* (ટ્રૅન્સપે'રન્સ્) Transparency. પારદર્શકતા.

Transparency, *n.* (ટ્રૅન્સપે'રન્સી) The quality or state of being transparent. પારદર્શકપણું-પારદર્શકતા.

Transparent, *a.* (ટ્રૅન્સપે,'રન્ટ) Allowing the rays of light to pass through; pellucid; pervious to light. પારદર્શક; આરપાર દેખાય એવું; સ્વચ્છ. [L. *trans*, beyond & *pareo*, I appear.]

Transpire, *vi.* (ટ્રૅન્સપા'યર) To take place; happen or occur. થવું; બનવું. 2. To become an open secret or to become public. અજાણી જાણમાં આવવું; જણાવવું; ખુલ્લું થવું; જાહેર થવું. *vt.* To perspire or exhale. પરસેવો થવો; મ્હોંડામાંથી બહાર હવા નિકળવી.

Transplant, *vt.* (ટ્રૅન્સપ્લૅ'ન્ટ) To remove and reside in another place. જગ્યા બદલવી. 2. To take out from the mother-soil and plant in another place. એક જગ્યાએથી ઉખેડી બીજી જગ્યાએ વાવવું.

Transport, *vt.* (ટ્રૅન્સપૉ'ર્ટ) To banish. દેશપાર કરવો. Transportation for life=કાળા પાણીની સજા. 2. To convey or carry from one place to another. સ્થલાંતર કરાવવું; એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવું. 3. To hurry or carry away by the violence of one's emotion; to ravish with pleasure; to absorb. હર્ષાતિરેક કરાવવો; બહુજ આનંદ થાય એવું કરવું. **To be transported with joy**=અત્યાનંદ થવો. *n.* Ecstasy; rapture; violent; emotion. હર્ષાતિરેક; અત્યાનંદ. 2. A banished criminal. દેશપાર કરેલો ગુન્હેગાર. 3. Conveyance; means of moving from one place to another. વાહન; ગાડી; સ્થલાંતર સાધન.

Transportation, *n.* (ટ્રૅન્સપૉર્ટે,'શન્) The punishment of banishment or exile. દેશનિકાલની સજા. 2. Conveyance; movement from one place to another. સ્થલાંતર-એક જગ્યાએથી બીજે જગ્યે જવું તે.

Transpose, *vt.* (ટ્રૅન્સપો,'ઝ) To alter the place or order of. સ્થાનાંતર કરવું; શબ્દની જગ્યાની અરસપરસ ફેરબદલ કરવી.

Transposition, *n.* (ટ્રૅન્સપોઝિ'શન્) The act of transposing or the state of being transposed. સ્થાનાંતર;શબ્દની જગ્યાની અરસપરસ ફેરબદલ (વ્યાકરણમાં).

Transubstantiate,*vt.*(ટ્રૅનસબ્સ્ટૅ'નશિએટ્) To change to another substance. કોઇપણ પદાર્થનો રૂપાંતર અથવા ગુણાંતર થવું-કરવું.

Transubstantiation,*n.*(ટ્રૅનસબસ્ટૅનશિએ,'શન્)Transmutation or alteration of one substance into another. રૂપગુણાંતર; એક પદાર્થનો બીજો પદાર્થ કરવો-થવો તે.2.In theology, the doctrine of the conversion of the bread and wine in the eucharist into the body and blood of the Christ according to the belief of many christians. ભોજન વિધિમાં રોટલી તથા દારૂ ઇસુખ્રિસ્તનાં દેહ અને લોહી રૂપ છે એવી માન્યતા; અંતર્બહિરંગ પ્રસાદી.

Transverse, *a.* (ટ્રૅ'ન્સવર્સ્) Lying in a cross direction. તિરકસ; આડું. *n.* A thing lying in cross direction. આડી પડેલી વસ્તુ. [L. *trans & verto*, I turn.]

Trap, *n.* (ટ્રૅપ) A contrivance that shuts suddenly with a spring used for capturing animals &c. પાશ; જાળ; પાંજરૂં. 2. A net or snare. પેચ, જાળ; ફાંસો. *vt.*To entrap. પાંજરામાં, ફાંસામાં પકડવું. *vi.* To be entrapped. સપડાવવું (પાંજરામાં) 2. To set traps. શિકાર પકડવા માટે પાંજરાં ગોઠવવાં.

Trapan, *n.* (ટ્રૅપ'ન્) A strategem; a snare. જાળ; ફાંસો. *vt.* To entrap or ensnare. જાળમાં પકડવું-સપડાવવું.

Trapdoor, *n.* (ટ્રૅ'પડોર્) A small door in the floor or roof of a house shutting fast with the floor when closed; a secret door. ચોરબારણું; ગલી દરવાજો.

Trapezium, *n.* (ટ્રૅપી'ઝિયમ્) A quadrilateral having no two sides parallel. વિષમ ચતુર્ભુજ; વિષમ ચતુરસ્ર.

Trapezoid, *n.* (ટ્રૅ'પિઝૉઇડ્)A quadrilateral having any two opposite sides parrellel. સમલંબ ચતુર્ભુજ.

Trapper, *n.* (ટ્રૅ'પર્) One who traps animals for getting their furs. પ્રાણીઓનાં રૂવાં મેળવનાર.

Trappings, *n.* (ટ્રૅ'પિંગ્સ્) Ornaments and decorative dress &c. put upon a horse.ઘોડાનો સાજ-ઘોડા ઉપરના ઘરેણાં; લટકણીયાં; બાહ્યાડંબર.

Trash, *n.* (ટ્રૅશ્) Waste or worthless matter; rubbish; refuse. કચરો; નકામી વસ્તુ. 2. A good-for-nothing or worthless fellow. નકામો માણસ.

Trashy, *a.* (ટ્રૅ'શી) Of no use; worthless. નકામું.

Trass, *n.* (ટ્રૅસ્) જ્વાળામુખી પર્વતોમાંથી સીમેન્ટ જેવો નીકળતો ભૂકો.

Travail, *n.* (ટ્રૅ'વે,લ્) Pains of child birth; labour. પ્રસુતિ વેદના, કષ્ટ. *vi.* To be suffering from the pangs of labour. પ્રસુતિ વેદનાથી પીડાવું.

Travel, *n.* (ટ્રૅ'વલ્) A journey. પ્રવાસ; દેશાટન; મુસાફરી. 2.An account of the happenings &c. of a journey by a traveller. પ્રવાસ વર્ણન *vi.* To journey; to visit different places or foreign countries. પ્રવાસ કરવો; મુસાફરી કરવી.

Traveller, *n.* (ટ્રૅ'વેલર્) One who goes on a journey. પ્રવાસી.

Traverse, *a.* (ટ્રૅ'વર્સ) Transverse. આડું; તિરકસ. *adv.* Lying across. આડું પડેલું. *vt.* To journey through; to cross [illegible] નાખી [illegible]g. મુસાફરી કરવી; માં થઇને-ઓ[illegible] જવું.

Tray, *n.* (ટ્રે,) A dish, [illegible]કાબી; થાળી; કથરોટ. *vt.* To betray or deceive. ને છેતરવું-નો વિશ્વાસઘાત કરવો.

Treacherous, *a.* (ટ્રે'ચરસ્) Faithless; disloyal; full of treachery. દગલબાજ; દગાખોર; છેતરનાર.

Treachery, *n.* (ટ્રે'ચરી) Faithlessness; disloyalty; treason. દગલબાજીપણું; છેતરવું-ઠગવું તે; વિશ્વાસઘાત; છળ; કપટ.

Treacle, *n.* (ટ્રિ'કલ્) Raw sugar. ગોળ.

Tread, *n.* (ટ્રેડ) Path; track; way. પગરસ્તો. 2. Footstep; stepping or the act of stepping. પગલાં; ચાલવું તે. *vi.* To walk or stamp with the feet. પગલાં મુકવાં-ભરવાં. **To tread on or upon**=ઉપર પગલાં મુકવાં, ભરવાં;ની પાછળ પાછળ ચાલવું-અનુકરણ કરવું **To tread upon the heels of**= To follow closely. ને પગલે પગલે ચાલવું. *vt.* To trample with the feet upon or to walk upon something. પગવતી ખુંદવું, ઉપર પગવતી ચાલવું. **To tread a measure**= To dance. નાચવું. **To tread down**= પાયમાલ-જમીન દોસ્ત-કમજો કરવું; દબાવી દેવું.

Treader, *n.* (ટ્રે'ડર્) One who treads. પગે ચાલનારો; પાયદળ; ખુંદનાર.

Treadle or Treaddle, *n.* (ટ્રે'ડલ્) That part of the machine like a pressmachine

which is operated with the feet. સાળ કે બીજા કોઇ સાંચાના જે ભાગને પગવતી દાબે છે તે ભાગ; પગું; હલાળીઉં.

Treason, *n.* (ટ્રી'ઝન્) Treachery; disloyalty; faithlessness. કપટ; દગો; નિમકહરામી; બે વફાઈ.

Treasonable, *a.* (ટ્રી'ઝનબલ્) Treacherous; faithless; disloyal; betraying. નિમકહરામ; રાજદ્રોહી; રાજદ્રોહકર્તા; દગાખોર.

Treasure, *n.* (ટ્રે',ઝરૢ) Plenty; abundance; coffers. ખજાનો; ભંડાર; નિધિ. 2. Riches hoarded; wealth accumulated. થાપણ; દોલત; ડલ્લો.

Treasurer, *n.* (ટ્રે',ઝરરૢ) A person in charge of treasury; a person who has the charge of the moneys of a society &c. ખજાનચી.

Treasury, *n.* (ટ્રે'ઝરી) A Government department which has the charge and control of the public revenue. સરકારી તીજોરીનું ખાતું. 3. A place where a treasure is deposited. તીજોરી; જામદારખાનું; ખજાનો; ધનકોશ.

Treat, *n.* (ટ્રીટ્) A feast, or an entertainment. મીજબાની. 2. A thing that pleases or affords enjoyment &c. વિનોદ; રમત; ગમત. *vt.* To use; to manage; to handle. સાથે વર્તવું-ચાલવું. 2. To deal with or discourse upon (in a speech or essay.) ઉપર બોલવું-વ્યાખ્યાન કરવું; ની ઉપર નિબંધ લખવો. 3. To give a feast to; to entertain. મેજબાની આપવી; ખવાડી પીવાડી ખુશ કરવું. 4. To have under medical or surgical care. ને ઓસડ કરવું; દવા પાણી આપવું. *vi.* To debate or discuss. વાદવિવાદ કરવો; ચર્ચા કરવી. 2. To entertain at table. ખવડાવવું પીવડાવવું.

Treatise, *n.* (ટ્રિ'અટાઈઝ્) A written dissertation or discourse on a subject. પ્રબંધગ્રંથ; ચર્ચાનિબંધ.

Treatment, *n.* (ટ્રી'ટમન્ટ) Act or manner of treating. વર્તન; વર્તણુક. 2. Manipulation; usage; management; handling. ચિકિત્સા; વિધિ; ક્રિયા; દવાદારૂ; આચરણ; આચાર; વિવેચન; વર્ણન. 2. Entertainment at table. આતિથ્ય; આગતસ્વાગત.

Treaty, *n.* (ટ્રી'ટિ) An agreement, contract or league between two or more nations. તહ; કરારનામું; તહનામું; કોલકરાર. 2. The act of negotiating; negotiation. શિષ્ટાઈ; વિષ્ટિ; બોલી; કહેણ.

Treble, *a.* (ટ્રે'બલ્) Triple; thrice; threefold. ત્રણગણું; ત્રણપટ; તેવડું. *adv.* Triply; trebly. ત્રણગણું. *vt.* To make thrice the original number. ત્રણગણું કરવું. *vi.* To become three fold. ત્રણગણું થવું; ત્રણગણું-ત્રેવડું થવું.

Tree, *n.* (ટ્રી) A perennial plant having a woody trunk and branches springing therefrom. ઝાડ; વૃક્ષ; તરૂવર. **A genealogical tree**=પેઢીપત્ર; પેઢી નામું.

Treeless, *a.* (ટ્રીલિસ્) Having no trees or without trees. વૃક્ષહીન; વેરાન; ઉજ્જડ; અરણ્ય જેવું.

Trefoil, *a.*(ટ્રિ'ફૉઇલ્) Having three leaves. ત્રણ પાંદડાવાળું *n.* A three-leaved plant. ત્રણ પાંદડાંવાળું ઝાડ.

Trellis, *n.* (ટ્રે'લિસ્) A structure or frame of cross-barred work; a reticulated panning or lattice-work of wood or metal. જાળીવાળું ચોકઠું; જાળીદાર ચોકઠું.

Tremble, *vi* (ટ્રે'મ્બલ્) To shake; to quiver; to quake. કાંપવું; કંપવું; ધ્રુજવું; થરથરવું. 2. To totter; to vibrate. હાલવું; હાલ્યાકરવું; તરવરવું.

Trembling, *a.* (ટ્રે'મ્બ્લિંગ્) Quivering or shaking; tottering. કંપમાન; ધ્રુજતું; કાંપતું; કયારીવાળું.

Tremendous, *a.* (ટ્રીમે'ન્ડસ્) Fearful; dreadful; terrible. ભયંકર; ભય ઉપજાવે તેવું. [L. *tremo*, I tremble.]

Tremor, *n.* (ટ્રે'મર્) Shaking of the limbs; quivering; quavering; trembling. કંપ; ધ્રુજારી, કંપારી; ધ્રુજવું તે.

Tremulous, *a.* (ટ્રે'મ્યુલસ્) Trembling; quivering; shaking; shivering. કંપાયમાન; ધ્રુજતું; હાલતું; અસ્થિર.

Trench, *n.* (ટ્રેન્શ) A long narrow pit or ditch. ખાઈ; મોરી. 2. A ditch dug during war for concealing soldiers from the fire of the enemy or during a seige. *vi.* & *vt.* To dig or conceal in trenches. ખંદક ખોદવો; ખડકમાં છુપાવવું.

Trencher, *n.* (ટ્રે'ન્શર) A big wooden plate.(લાકડાની થાળી;મોટી રકાબી. **Trencher-man**=A great eater. ઘણું ખાનાર માણસ. 2. A cook. રસોઇયો.

Trepan, *n.* (ટ્રીપૅ'ન્) A surgical instrument for relieving brain-congestion. ખોપરી કાપવાનું ડાક્ટરી કામમાં વપરાતું ગોળ કરવત. *vt.* To operate upon the brain with a trepan. ગોળ કરવતથી ખોપરી કાપવી.

2. To lay a trap for; to entrap or capture by strategem. છેતરવું;ઠગવું;દાવપેચથી હસ્તગત કo.

Trepidation, *n.* (ટ્રેપિડે,'શન્) 1. Trembling. ધ્રુજારો. 2. Alarm; confusion; fear. બ્હીક; ભય; ગભરાટ.

Trespass, *vt.* (ટ્રે'સપસ્)To encroach upon the land of others. પારકી જમીન ઉપર વગર પરવાનગીએ જવું. 2. To transgress or violate a law. આજ્ઞાનું ઉલ્લંઘન કરવું 3. To pass beyond the limits or boundaries of. ની હદ બહાર જવું.*n.*An offence against some rule or law. કાયદા સામે અપરાધ,નો ભંગ 2. An encroachment upon the land of another. પારકી જમીન ઉપર. પારકી હદ ઉપર વગર રજાએ જવું તે. [L. *trans*, beyond.]

Tresspasser, *n.* (ટ્રે'સપસર્) A transgressor; one who tresspasses. કાયદાનું ઉલ્લંઘન કરનાર; વગર રજાએ ઘુસી જનાર.

Tress, *n.*(ટ્રેસ્)A ringlet or lock of hair. વાળનો ગુચ્છો-લટ.

Trestle, *n.* (ટ્રે'સલ્)A frame for supporting things. કોઇપણ ચીજ રાખવાનું ચોકઠું [L. *transtum*, a cross beam.]

Trevet or Trivet, *n.* (ટ્રે'વેટ-ટ્રિ'વેટ) A threelegged stool. ત્રણ પગવાળું સ્ટૂલ-માંચડી; ત્રણ પાયાવાળું ચોકઠું.

Triable, *a.* (ટ્રા'યબલ્) Such as may be put to test. અજમાવવા લાયક. 2. As can be subjected to legal proceedings. અદાલતમાં કામ ચલાવવા લાયક.

Triad, *n.* (ટ્રા'યડ્) A trinity; three united. ત્રણનું જોડું; ત્રેખડું; ત્રય [L. *trias*, three.]

Trial, *n.* (ટ્રા'યલ્) Test;proof;examination. કસોટી; કસણી; સાબિતી; અખતરો; અજમાયશ. 2. Competition. હરીફાઇ; સ્પર્ધા. 3. Temptation; affliction; suffering tests. કસોટી; તાવણી; આપત્તિ;વિપત્તિ. 4.The legal examination in a suit by a court of law. સુણાવણી;તપાસણી.

Triangle, *n.*(ટ્રા'યૅન્ગલ્)A space or figure bounded by three finite straight lines. ત્રિકોણ; ત્રિભુજ. **Equilateral triangle**= સમબાજુ ત્રિકોણ. **Isosceles triangle** = સમદ્વિબાજુ ત્રિકોણ. **Acute-angled triangle** = અંતર્લંબ ત્રિકોણ.**Abtuse angled triangle**=મ્હોટખુણ ત્રિકોણ.**Right angled triangle** = કાટખુણ ત્રિકોણ.**Scalene triangle**=વિષમભુજ ત્રિકોણ.

Triangular, *a.* (ટ્રાઍં'ન્ગ્યુલર્)Having three sides and three angles.ત્રિકોણાકાર;ત્રણ ખુણાવાળું.

Triangulation,*n.*(ટ્રાઍન્ગ્યુલે,'શન્)The act of triangulating ત્રિકોણ, ત્રણ ખૂણાવાળું કરવું તે.

Tribe, *n.* (ટ્રાઇબ્) A distinct community of savages or uncivilized people.અણસુધરેલ-જંગલી લોકો. 2. A distinct class or distinct portion of the people; a family or race. કોમ; વર્ગ; જાત. [L. *truis.*]

Tribesman, *n.* (ટ્રા'ઇબ્ઝમન્) A member of a tribe. ટોળીમાંનો માણસ.

Triblet,*n.*(ટ્રિ'બ્લેટ્)The tool of a goldsmith used in fashioning rings. સોનાની વીંટી બનાવવાનું ઓજાર.

Tribulation, *n.* (ટ્રિબ્યુલે,'શન્) Distress; calamity;severe trouble or affliction undergone. ભોગવેલું સંકટ; આપત્તિ; ત્રાસ; તાવણી. [L. *tribulum.*]

Tribunal, *n.* (ટ્રિ'બ્યુનલ્) Court of justice. અદાલત; ન્યાયમંદિર; કોરટ.

Tribune, *n.* (ટ્રિ'બ્યુન્) A tribunal.અદાલત. 2. An officer of justice chosen by the people. લોકોએ ચુંટી કહાડેલો મૅજીસ્ટ્રેટ-જજ. [L. *tribus*, a tribe.]

Tributary, *n.* (ટ્રિ'બ્યુટરી) Subject or subordinate; paying tribute to another. ખંડણી આપતું; માંડલિક. 2. Paid as tribute; contributive.ખંડણીમાં ભરેલું;ભાગી. 3. *pl.*Small rivers pouring their water into a big river, a sea or the like. મોટી નદીને મળનાર નાની નદીઓ; ઉપનદીઓ; શાખાઓ.

Tribute, *n.* (ટ્રિ'બ્યુટ) Anything done or given or a personal contribution given, as being due or deserved. આપવાનું કંઈ, તર્પણ; ભાગ; નજરાણું.

2.An annual toll paid by subject nations to the conquering nation. ખંડણી.

Trice, *n.* (ટ્રા'ઈસ્) A moment or an instant. પળ; નિમિષ; ક્ષણ; પળ; પલકારો. *vt.* To drag or pull by means of a rope. ખેંચવું; ખેંચી ખસડીને દોરડીવતી બાંધવું.

Trick, *n.* (ટ્રિક) A crafty device; a strategem; an artifice; a piece of cheatery or fraud. યુક્તિ; દાવપેચ *vt.* To deceive or take in. છેતરવું; ઠગવું.

Trickery, *n.*(ટ્રિ'કરી)Fraud;deceit; artifice. છેતરપીંડી.

Trickish, *a.* (ટ્રિ'કિશ્) Knavish; cunning; artful. પેચી-કપટવાળું-મય.

Trickishness, *n.* (ટ્રિ'કિશનિસ્)Artfulness; knavery. દગો; કપટ.

Trickle, *vt.* (ટ્રિ'કલ્) To leak out in drops. પાતળી ધાર ચાલવી; ઝરવું; ગળવું.

Tricycle, *n.* (ટ્રા'ઈસિકલ્) A three-wheeled cycle. ત્રણ પૈંડાવાળી બાઈશીકલ; સાયકલ.

Tricyclist, *n.* (ટ્રા'ઇસિક્લિટ્) One who rides on a tricycle. ટ્રાઈસીકલ પર બેસનારો.

Trident, *n.* (ટ્રા'ઇડન્ટ્) A forkshaped instrument with three prongs or spears. ત્રિશૂળ. *a.* Having three prongs. ત્રણ ફળ, દાંતાવાળું.

Tridentate, *a.* (ટ્રાઈડે'ન્ટે,ટ્) Threetoothed; three-pronged. ત્રણ ફળ, ત્રણ દાંતાવાળું.

Triennial, *a.* (ટ્રાયે'નિયલ્) Lasting, happening, or appearing every three years. ત્રિવાર્ષિક; ત્રણસાલી.

Trier, *n.* (ટ્રા'યર્) An experimenter. અજમાયશ કરનાર; પ્રયોગ કરનાર.

Trifle, *n.* (ટ્રા'ઈફ્લ્) A paltry thing or affair; something of no importance. નકામી-બહુ ઓછી કીંમતની, નજીવી વસ્તુ. *vt.* To think or act lightly or frivolously. હલકાઇથી બોલવું-કાર્ય કરવું. **To trifle with**=To play or toy with; to mock; to play the fool with. મશ્કરી કરવી; મજાક કરવી. 2. To squander or waste to no good purpose. ગુમાવી-વેડફી મારવું.

Trifler, *n.* (ટ્રા'ઈફ્લર્) One who talks or acts with levity. છોકરવાદી-કમ અક્કલનું માણસ.

Trifling, *a.* (ટ્રા'ઇફ્લિંગ્) Insignificant or of no value or moment. નકામું-નજીવું; કોડી કીંમતનું.

Trifle, *n.* (ટ્રા'યફ્લ) A thing of little value or importance. નજીવી-વું; કિંમત વગરનું.

Trifoliate, *a.* (ટ્રાઈ ફો'લિએ,ટ્) Three-leafed. ત્રણ પાંદડાવાળું.

Triform, *a.* (ટ્રા'યુફૉર્મ્) Triple shaped. ત્રણરૂપ-આકારનું.

Trig, *n.* (ટ્રિગ્) A skid; a scotch. ગાડીનુ પૈંડું અટકાવવા નીચે રાખેલો પદાર્થ; આડ; અટકણ. *vt.* To fill or stuff. ભરવું; દાબીને ભરવું. *a.* Full. ભરેલું.

Trigger, *n.* (ટ્રિ'ગર્) The catch or lever which being pulled back liberates the hammer of the lock of a gun and fires it off; anything similar in purpose and construction. બંદુકનો ચાંપ-ઘોડો; એના જેવીજ બીજી કંઇપણ વસ્તુ.

Trigonal, *a.* (ટ્રા'યુગનલ્) Three-angled; triangular. ત્રિકોણ; ત્રણ ખુણાવાળું.

Trignometrical, *a.* (ટ્રિગ્નૉમે'ટ્રિકલ્) Pertaining to trigonometry. ત્રિકોણમિતિ સંબંધી.

Trignometry, *n.* (ટ્રિ'ગ્નૉમિટ્રિ) The part of mathematics dealing with the mutual relation of the sides and angles of a triangle. ત્રિકોણમિતિ. 2 A treatise on the same. ત્રિકોણમિતિનો ગ્રંથ. Also, **Trigono°-**.

Trilateral, *a.* (ટ્રિલૅ'ટરલ્) Having three sides; three sided. ત્રિકોણ; ત્રિભુજ; સમત્રિભુજ.

Trilingual, *a.* (ટ્રિલિ'ન્ગ્વલ્) Consisting of three languages; speaking three languages. ત્રિભાષિક; ત્રણ ભાષામાં લખેલું-માંડું.

Triliteral, *a.* (ટ્રિલિ'ટરલ્) Three-lettered. ત્રણ અક્ષરનું.

Trill, *n.* (ટ્રિ'લ્) A rapid trembling or shaking sound. ધ્રુજતો-કંપાયમાન થતો ઝડપી આવાજ;ટહેરાટી. *vi.*To sing with quavers. ધ્રુજતા અવાજે ગાવું. *vt.* To sing clearly or sweetly. મધુર કંપાતે અવાજે ગાવું.

Trim, *vt.*(ટ્રિમ્)To adjust or put in order or to put right (for some definite purpose); to clip; prune; lop; pare or shave or the like.છાટવું;કાપવું;સોરવું.**To trim up**=To put in order for something. જોઇએ તેવું, ઠીકઠાક બનાવવું; નિયમમાં મુકવું. *n.*Condition;disposition; mood. મનની-શારીરિક સ્થિતિ. 2. Garb; dress. પોષાક.

Trimmer, *n.* (ટ્રિ'મર્) One who trims or an instrument that trims. ગોઠવનાર;કાપનાર; કાતરણી;કાતર.2.One who fluctuates between parties or tries to keep on good terms with both. દહીં અને દુધમાં પગ રાખનાર; હાજીહાજી કરનાર.

Trimming, *n.* (ટ્રિ'મિંગ્) The act of one who trims. છાટવું તે; કાતરવું તે; કાતરણી. 2. Ornamental appendages to a garment. સારા દેખાવ માટે કાપડ ઉપર કરેલી નકશી; ઝુલ વગેરે; કાનારી; પાલવ; કોર.

Trimness, *n.* (ટ્રિ'મનિસ્) Tidiness; neatness; smugness. નિયમિતપણું; ઠીકાઠીકપણું; સાફસુફી; સ્વચ્છતા; ઠોળ ડમાક.

Trinity, *n.* (ટ્રિ'નિટી) The union of three in one. ત્રણનું ચોકડું. 2. The union of three gods in one in the Christian religion. વ્યક્તિત્રયાત્મક ધર્મ. (ખ્રિસ્તી).

Trinket, *n.* (ટ્રિ'ન્કેટ્)A trifling decoration; a small ornament. થોડી કિંમતનાં ઘરેણાં; નાના નાના દાગીના. *vi.* To intrigue; to traffic. મસલત ચલાવવી-કાવત્રા કરવાં.

Trinomial, *a.* (ટ્રિનો'મીઅલ્) Consisting of three terms. ત્રણ પદ, રકમવાળું.*n.*A quantity consisting of three terms, ત્રણરકમવાળી સંખ્યા; ત્રિપદી.

Trinominal, *a.* (ટ્રાઇનૉ'મિલ્) Trinomial or consisting of three terms. ત્રણ રકમ-પદવાળું; ત્રિપદી.

Trio, *n.* (ટ્રા'યો) A set of three; three together or united. ત્રણની જોડ; સાથે કામ કરનાર અથવા રહેનાર ત્રણ; ત્રિપુટિ.

Trip, *n.*(ટ્રિપ્)A tour; a short journey. ટુંકી મુસાફરી;સફર.2.A small piece. નાનો કટકો. *vi.* To make a short tour. ટુંકી મુસાફરી કરવી. 2. To lose one's footing; to stumble. પગ ચુકવો; લથડવું. *vt.* To cause to make a false step and fall. ને ઠેસ લાગી પડે એવું કરવું. 2. To haul up an anchor. લંગર ઉપાડી લેવું.

Tripedal, *a.* (ટ્રા'ઇપેડલ્) Having three legs (as a stool)ત્રણપગવાળું.[L.*trius*,three.]

Triple, *a.* (ટ્રિ'પલ્) One of three. ત્રિજું; ત્રણમાંનુ એક. 2. Three-fold; three united. ત્રણ જોડાઈને થયેલું; ત્રિગુણાત્મક. *vt.* To make three-fold. ત્રણગણું કરવું.

Triplet, *n.*(ટ્રિ'પ્લેટ્)An aggregate of three. ત્રણનું મળીને બનેલું. 2. A kind of verse with three feet rhyming. ત્રિપાદ. 3. *pl.* Three children born at a time. એકજ વખ્તે જન્મેલા ત્રણ છોકરાં.

Triplicate, *a.* (ટ્રિ'પ્લિકે,ટ્) Thrice-fold; made of three as much. ત્રિગુણુ; તેવડું; ત્રણ ગણું. *n.* A third thing corresponding to a pair. એના જોડની ત્રીજી ચીજ-વસ્તુ.

Tripod, *n.* (ટ્રિ'પૉડ્) A three-legged vessel or utensil. તરિપાઈ; ત્રિપાઈ; ઘોડી. [Gr. *tri*, three &*podos*, feet.]

Tripping, *a.* (ટ્રિ'પિંગ્) Active; quick; nimble. ઝડપથી ચાલનારાં; ભોંયે પગ ન અડે એવું. *n.* The act of walking quickly or trippingly. ઉચાલ; ભોંય ઉપર પગ ન અડે એવી રીતે ચાલનાર; સરસરતું; ઠમકતું.

Trisect, *vt.* (ટ્રાયસેક્ટ્) To divide in three equal parts. ત્રિભાગવું; નાં ત્રણ સરખા ભાગ-ભાગલા પાડવા.

Trisection, *n.* (ટ્રાઇસે'કશન્) Cutting or division in three equal parts. ત્રણ સરખા ભાગલા પાડવા તે.

Trisyllable, *a.* (ટ્રિ'સિલેબલ્) Having three syllables. ત્રણ પદનો-*n.* એવો શબ્દ.

Trite, *a.* (ટ્રા'ઈટ્) Common place; thread-bare; hackneyed. સોંઘુ; જીર્ણ; સાધારણ; જુનું.

Tritheism, *n.* (ટ્રિ'થિઇઝમ્) The opinion in Christian religion that the Father,the son and the Holy Ghost are three distinct Gods. દેવત્રયવાદ; ત્રણ દેવ છે એવું મત.

Trituration, *n.* (ટ્રિટ્યુરે,'શન્)Levigation; the act of reducing to very fine powder. દળી વાટીને ઝીણું મેંદા જેવું કરવું તે; ચૂર્ણીકરણ.

Triumph, *n.* (ટ્રા'યંફ્) Victory; conquest; achievement. ફતેહ; ફળ; પ્રાપ્તિ; જીત; યશ. 2. Rejoicing; joy or exultation for success. વિજયહર્ષ; વિજયનાદ. *vi.* To prevail upon; to be successful; to obtain a victory. જીત મેળવવી; હરાવવું; ફતેહ મેળવવી. 2. To rejoice on account of success;to celebrate a victory with pomp. જયસમારંભ, જયોત્સવ કરવો.*vt.*To defeat;to obtain a victory over. ને હરાવવું; ની ઉપર જીત મેળવવી.

Triumphal, *a.* (ટ્રાય'મ્ફલ્) Pertaining to a triumph; serving to commemorate a triumph. ફતેહ વિષયી; ફતેહના સ્મારક તરીકે *n.* A memorial of victory. વિજય ચિહ્ન.

Triumphant, *a.* (ટ્રાય'મ્ફન્ટ્) Successful; victorious; graced with conquest. વિજયી; જય-જીત પામેલું. 2. Feeling triumphant; rejoicing for success or victory. જય-હર્ષનું ભરેલું;જયકાર કરતું.3.Expressing joy.જયહર્ષસૂચક.

Triumvire, *n.* (ટ્રાય'મ્વર્) One of the triumvirate. રાજ્યના વડામાં વડા ત્રણ અધિ-કારીઓમાંનો એક.

Triumvirate. *n.* (ટ્રાય'મ્વરે,ટ્)Dictatorship of three. ત્રણ માણસનું રાજ્ય. 2. Government by three men in coalition. ત્રિજનસત્તાક રાજ્ય; જે રાજ્યનો મુખ્ય અધિકાર ફક્ત ત્રણ માણસોના હાથમાં હોય એવું રાજ્ય.

Trivet, *n.* (ટ્રિ'વેટ્) A table or stool with three legs. ત્રણ પગવાળી માંચી-બેસણી.

Trivial, *a.* (ટ્રિ'વિઅલ્)Insignificant; trifling; of little worth. હલકું; તુચ્છ, નજીવું; દમ-માલ વગરનું; ક્ષુલ્લક. 2. Vulgar; trifling; ordinary. સાધારણ; નજીવું; નકામું.

Trivialty, *n.* (ટ્રિ'વિઍલ્ટી) Insignificance; the state or quality of being trifling. નજીવાપણું; નકામાપણું.

Trochee, *n.* (ટ્રો',કી) A foot of two syl-lables first long and second short. પહેલા ગુરુ અને પછી લઘુ ઉચ્ચારના અક્ષરોનું પદ; અથવા જેનું પહેલું પદ સ્વરચિહ્ન (ઍક્સન્ટ) વાળું અને બીજું તે વિનાનું હોય એવો પાદ, ચરણ.

Trod, *pp.* (ટ્રૉ'ડ્) Walked or trampled. કચર્યું; ખુંધું; ચાલ્યું.

Trodden, *a* (ટ્રૉ'ડન્) Trampled over; stamped over. કચરેલુ; ખુંદેલું.

Troll, *vt.* (ટ્રોલ્) To circulate or roll. ફેરવવું. *vi.* To go round; move round. ફરવુ

ફરવું; ઝડપથી–જલદીથી જવું. *n.* The act of going round. ફેરવવું; ફરવું તે–ગબડવું તે. 2. A hand-cart or trolley. નાની ગાડી.

Trollop, *n.* (ટ્રૉ'લ્લોપ્) A loosely dressed woman; a drab; a slattern. છિનાળ; વેશ્યા

Tromp, *n.* (ટ્રૅમ્પ્) A blowing machine. ભઠ્ઠી ફૂંકવાનું ધમણ જેવું યંત્ર.

Troop, *n.* (ટ્રુપ્) A small body of cavalry, infantry &c. રસાલો, ઘોડેસ્વારની ટુકડી. 2. A body of soldiers; an army collectively. લશ્કર; સેના. 3. A multitude; a collection of people; a company. ફોજ; ઝાડું; ઝુંડ; ટોળું.

Trooper, *n.* (ટ્રુ'પર્) A soldier; dragoon. ઘોડસ્વારના લશ્કરનો સિપાઇ.

Trope, *n.* (ટ્રો'પ્) The figurative use of a word. કોઈપણ શબ્દનો અલંકાર અર્થે ઉપયોગ. 2. A word so used. અલંકાર અર્થે વાપરેલો શબ્દ.

Trophy, *n.* (ટ્રૉ',ફી) Memorial of conquest; anything taken and preserved as a memorial of victory such as arms &c. જયચિહ્ન; યુદ્ધમાં ફતેહ મેળવેલી હોય તેની નિશાની. 2. A medal forming such a memorial. ચાંદ વગેરે ઉપર કાઢેલું ચિત્ર.

Tropic, *n.* (ટ્રૉ'પિક્) Either of the two corresponding parallels of latitude on the globe including between them the torrid zone.દક્ષિણોત્તરાયણવૃત્ત.**Tropic of Cancer**=કર્કવૃત્ત. **Tropic of Capricorn**=મકરવૃત્ત. *pl.* The regions lying between the tropics, ક્રાંતિમંડળ; ઉષ્ણકટિબંધ; ઉષ્ણદેશ *a.* Tropical. ઉષ્ણકટિબંધમાંનું–વિષે.

Tropical, *a* (ટ્રૉ'પિકલ્)Incident to or being within or pertaining to the tropics.ક્રાંતિવૃત્ત વિષયક; દક્ષિણોત્તરસીમાંતર્ગત;ઉષ્ણકટિબંધસબંધી.

Trot, *n.* (ટ્રૉટ્) The pace of a horse or quadruped more rapid than a walk.ખડ્ડુક ખડ્ડુક ચાલ. *vi.* To move at a pace faster than a walk (as a horse). ખડ્ડુક ખડ્ડુક ચાલવું. 2. To move fast or run.દોડવું;ઉતાવળે ચાલવું. *vi.* To ride at a trot.ઉતાવળે દોડાવવું.

Troth, *n.* (ટ્રૉ'થ્) Veracity; fidelity; faith; belief. કોલ; વફાદારી; નિમકહલાલી. 2. Truth. સચ્ચાઈ; સાચવટ; સત્ય. **To plight one's troth**=To pledge one's faith. વચન આપવું. 2. To betroth oneself. સગાઇ, વિવાહ કરવા; લગ્ન કરવાનું વચન આપવું.

Trotter, *n.* (ટ્રૉ'ટર્)One who trots.ખૂદખૂદખડ્ડુક ખડ્ડુક ચાલનાર જાનવર.

Trottingly, *a.*(ટ્રૉ'ટિંગ્લી)With a trotting pace. ખડ્ડુક ખડ્ડુક ચાલતું; ઘોડાની પેઠે કૂદતું.

Trouble, *n.* (ટ્ર'બલ્)Vexation; uneasiness; agitation. હેરાનગતી; સંતાપ; ઉચાટ; ગભરાટ.2. Calamity or affliction. સંકટ; પીડા; દુઃખ. 3. Labour or exertion. ત્રાસ; મહેનત.**To get into trouble**=સંકટમાં આવી પડવું. **To take the trouble**=તસ્દી લેવી-ઉઠાવવી.*vt.* To vex, molest, annoy, fret or distress. પજવવું; દુઃખ દેવું. 2. To put to some slight trouble; to give occasion for some slight exertion. ને તસ્દી આપવી-શ્રમ આપવો.

Troubler, *n.* One who disturbs.

Troublesome, *a.* (ટ્ર'બલસમ્) Vexatious; annoying; distressing; wearisome; burdensome. દુઃખદાયક; હેરાન કરનારું; દુઃખદાયી.

Troublous, *a.* (ટ્ર'બ્લસ્) Disquieting; full of trouble or disorder; unsettled. નઠારું;નેષ્ટ; કષ્ટ ભરેલું; દુઃખદાયક; સંકટ ભરેલું.

Trough, *n.* (ટ્રફ્) A goodsized vessel for holding water, foodstuff &c. for animals. પરાત;કથરોટ;થાળી.**-Water-T.**=હવાડો; અવેડો.

Trousers, *n.* (ટ્રા'ઉઝર્સ) A garment of men, covering the lower part of the trunk and each leg separately. સુરવાળ; પાયજામો; ચોરણો.

Trover, *n.* (ટ્રો'વર્) The gaining possession of goods by finding them or otherwise than by purchase. જડવાથી અથવા ખરીદ કર્યા સિવાય માલ ઉપરનો હક, દાવો. 2. An action at law to recover such goods or damages. જડેલો માલ પાછો લેવા બદલનો દાવો.

Trow, *n* (ટ્રો) A kind of boat. એક જાતની હોડી. *vt.* & *vi.* To think, suppose. માનવું; લાગવું. 2. To trust or believe. વિશ્વાસ રાખવો.

Trowel, *n.* (ટ્રૉ'વેલ્) The tool of a stone cutter. કડીયાનો લેલો.

Troyweight, *n.*(ટ્રૉ'યવેટ્) A weight used for gold and silver. સોના ચાંદીના વજન માટે વાપરવામાં આવતું વજન.

Truant, *n.* (ટ્રુ'અન્ટ્) A loiterer; an idler; one who shirks a duty; one who absents himself from school without leave. ભટકેલ–રખડેલ છોકરો; ન્હાસી ગયેલો માણસ. *a.* Idle; loitering; shirking duty. કામનું ચોર; આળસુ. *vi.* To idle away time વખત નકામો ગુમાવવો.

Truce, *n.* (ટ્રુસ્) A temporary suspension of hostilities; an armistice. થોડા દહાડા સારૂ કરેલી સલાહ–સંધિ; તાત્પુરતો તહ.

Truck, *n.* (ટ્રક્) A small wheeled carriage used generally for the transport of luggage, goods &c. નાના પૈંડાની ભારગાડી; લૉરી; ખટારો.

vt. To transport by means of a truck. ભારગાડીમાં ભરી લઇ જવું.*vt.& vi.*To exchange or barter. બદલો-સાટું કરવું. *n.* Barter or exchange.બદલો-સાટું. 2. Small commodities વેપારની ન્હાની જણસો.

Truckle, *n.* (ટ્રકલ્) A small wheel. ન્હાનું પૈંડું. *vi.* To cringe; to submit obsequeously to the will of another.બીજાની મરજી સાચવવી; હાજી હાજી કરવી.

Truculence-cy,*n.*(ટ્રકયુલન્સ-ન્સિ)Ferocity; rudeness; savageness; fierceness. ક્રૂરતા; વિક્રાળતા; જંગલીપણું.

Truculent, *a.* (ટ્રકયુલન્ટ) Rude; ferocious; savage; fierce. ભયંકર; જંગલી; ક્રૂર.

True, *a.* (ટ્રૂ) Genuine;real; pure; actual. ખરૂં; સાચું. 2. Accurate; exact; lifelike (picture). યથાપ્રત; બરાબર; અસલ પ્રમાણે. 3. Not false; conformable to facts; correct. ખરૂં; સાચું; સત્ય.

True-hearted,*a.*(ટ્રૂહાર્ટિડ્)Sincere;loyal; honest. સાફ દિલનું; પ્રમાણિક; પ્રતિષ્ઠિત.

Truism, *n.* (ટ્રુઇઝમ્) A self-evident or undoubted truth.ખુલ્લી દેખાતી ખરી બાબત;ટાયલું.

Trull, *n.* (ટ્રલ્) A harlot;a strumpet.પાતર; વેશ્યા.

Undiscerning, *a* (અનડિ'સર્નિંગ્)Wan[t]in discrimination or judgment. વિવેક[હીન]; આગળ પાછળનો બરાબર નહિં વિચાર કરી શકે[...]

Undisciplined, *a.* (અનડિ'સિપ્લિન્ડ્) Raw; not properly trained or disciplined. નહિ કેળવાયેલું; અશિક્ષિત.
Undiscriminating, *a.* (અન્ડિસ્ક્રિ'મિનેટિંગ્) અવિચારી;ભેદ,તફાવત નહિ પારખતું;અવિવેકી.
Undisguised, *a.* (અનડિસગા'ઇઝ્ડ્) Bare; not coloured; without any disguise or mask; naked. છચોક;અકૃત્રિમ;વેષ વિનાનું;ઉઘાડું.
Undisputed, *a.*(અનડિસ્પ્યુ'ટિડ્)Uncontested; absolute. નિર્વિવાદ; વાદીત; કોઇપણ જાતના વાંધા વગરનું.
Undisturbed, *a.* (અનડિસ્ટ'બ્ર્ડ્)Cool and calm; tranquil. શાંત; સ્થિર; સ્વસ્થ.
Undivided, *a.* (અનડિવા'ઇડેડ્) Complete; entire. આખું; ભાગ વિનાનું. 2. Joint;not set off. અવિભક્ત; મળ્યારૂં; સહીયારૂં. 3. Whole without division. આખું; અખંડિત;ભાગ વિનાનું
Undo, *vt.* (અનડૂ') To untie or loosen.ગાંઠ છોડવી–ઢીલી કરવી. 2. To bring to naught; to annul or reverse. રદ કરવું; કર્યા ઉપર પાણી ફેરવવું. 3. To ruin or impoverish; to reduce to extremity.પાયમાલ કરવો;નાશ કરવો.
Undoing, *n.* (અનડૂ'ઇંગ્) Cancellation or annulment. રદ કરવું તે. 2. Destruction or ruin. નાશ; કાળ; પાયમાલી.
Undoubted, *a.* (અનડા'ઉટિડ્)Sure; certain. શંકારહિત; નિ:સંશય; શક વિનાનું.
Undress, *vt.* (અનડ્રે'સ્) To put off one's clothes. કપડાં ઉતારવાં. 2. To remove the dressing from. પાટો છોડી દેવો.
Undue, *a.* (અનડ્યૂ') Improper. ગેરવાજબી; અયોગ્ય; વાજબી કરતાં વધારે. 2. Excessive; immoderate.ઘણુંજ;અતિશય. 3. Not ripe for payment; not due. મુદત નહિં થયેલું; નહિં પાકેલું
Undulate, *vt.* (અ'નડ્યુલે,ટ્) To move to and fro; to vibrate. આમતેમ હલવું–ડોલવું–ડોલા ખાવા; હીચકા ખાવા.
Undulated, *a.* (અ'નડ્યુલે,ટિડ્) Wavy; vibrating. ચઢઉતર; ઉંચુંનીચું થતું.
Undulation, *n.* (અનડ્યુલે,'શન્) Vibration or wavy motion. ઝોલા; હીંચકા; લહરની પેઠે ગમન કરવું તે.
Undulatory, *a.* (અ'નડ્યુલે,ટરી) Vibrating; moving with a wavelike motion. ડોલતું; હલ્યા કરતું.
Unduly, *a* (અનડ્યૂ'લી) Improperly; in an undue manner. ગેરવાજબી રીતે;અયોગ્ય રીતે; અતિશય; ઘણું.
Undutiful *a.* (અનડ્યૂ'ટિફુલ્) Disobedient. બેહુકમી; આજ્ઞા ભંગ કરનાર; સ્વધર્મવિમુખ.
Undying, *a.* (અનડા'ઇંગ્) Everlasting; perennial;imperishable.અજરામર; અમર;સ્થાયી.
Unearth, *vt.* (અનઅ'ર્થ્) To dig out from the bowels of the earth. પૃથ્વીમાંથી ખોદી કહાડવું.
Unearthly, *a.* (અનઅ'ર્થ્લી) Ghostly;supernatural.અલૌકિક;આ દુનીઆનું-મૃત્યલોકનું નહિં એવું.
Uneasily, *adv.*(અનઇ'ઝીલી) In an uneasy or painful manner. અસ્વસ્થપણે; બેચેનથી; અસ્વસ્થતાથી.
Uneasiness, *n.* (અનઇ'ઝિનિસ્) Disquiet; anxiety. બેચેની; નહિં ગમવું તે.
Uneasy, *a.* (અનઈ'ઝી)Disquiet; disturbed; perturbed. અસુખી; બેચેન. 2. Difficult;hard. કઠણ; અઘરૂં.
Uneducated, *a.* (અનએ'ડ્યુકે,ટિડ્) Illiterate or not educated. અભણ; કેળવણી નહિં પામેલા; અશિક્ષિત; નિરક્ષર.
Unembarrassed, *a.* (અનએમ્બૅ'રસ્ડ્) Unperplexed; not confused or embarassed. નહિં ગભરાયેલું; ઘોટાળામાં નહિં પડેલું.
Unemotional, *a.* (અનઇમો,'શનલ્) લાગણી વગરનું; શાંત; ભાવનાહીન.
Unencumbered, *a.*(અનએનક'મ્બર્ડ્)Free; disencumbered; having no burden or encumbrance. બોજા વિનાનું; છુટું; છડું; એકલું. 2. Not mortgaged as an estate. ગીરો નહિં મુકાએલું.
Unengaged, *a.* (અનઈન્ગે',જડ્) Free; unemployed. નવરૂં; છુટું.
Unenvious, *a.* (અનએ'ન્વિઅસ્) Not jealous. અદેખાઇ નહિં કરતું.
Unequal, *a.* (અનઈ'ક્વલ્) Partial. એકપક્ષી; ગેરવાજબી. 2. Not of the same size; not equal. અસમાન; વિષમ; કમી જાસ્તી. 3. Disproportionate; inadequate; insufficient. અતુલ્ય.
Unequalled, *a.* (અનઇ'ક્વલ્ડ્) Matchless; unrivalled; transcendant. અતુલ્ય; અનુપમ; નિરૂપમ; વિષમ.
Unequivocal, *a.* (અનઇક્વી'વોકલ્) Plain; unambiguous; evident; clear. ખુલ્લું; સ્પષ્ટ; સાફ; સંદેહરહિત.
Unerring, *a.* (અનએ'રિંગ્) Correct; precise; exact; infallible; certain; sure. ચોકસ; નિર્ભ્રાન્ત; અચુક.
Unessential, *a.* (અનઈસે'ન્શલ્) Not important. અનાવશ્યક; ગૌણ.
Uneven, *a.* (અનઇ'વન્) Not level. સરખું નહિં; ઉંચું નીચું હોય એવું. 2. Unequal. વિષમ; અસમાન. 3. Not divisible by two; odd. એકી.

Unevenness, *n.* (અનઇ'વનનિસ્) Want of uniformity; inequality of surface; variableness. વિષમતા; ઉંચાનીચાપણું.

Unexceptionable, *a.* (અનઇક્સે'પ્શનબલ્) Not liable to objection; admirable; excellent. અબાધિત; સુંદર; તકરાર વિનાનું; દોષ, અપવાદરહિત.

Unexpected, *a.* (અનઈક્સ્પે'કટિડ્)Unlooked for; sudden. ઓચીંતુ; એકદમ આવેલું; અકલ્પિત; અકસ્માત; એકાએક; અણુધારેલું.

Unexpectedly, *adv.* (અનઇક્સ્પે'કટેડલી) Suddenly; in an unlooked for manner. અચાનક; અકસ્માત; ઓચીંતુ; એકાએક.

Unexpressed, *a.* (અનઈક્સ્પ્રે'સ્ડ્) Understood; implied. અધ્યાહૃત; અધ્યાહાર; અસૂચિત; નહિં બતાવેલું.

Unexperienced, *a.* (અનઇકસપિ'રીઅન્સડ્) Raw; inexperienced. અનુભવ વગરનું; અનાણ્યું.

Unfading, *a.* (અનફે,'ડિંગ્) Not withering; always new or fresh. અજર; અક્ષય; કરમાઇ-સુકાઈ ન જાય એવું.

Unfailing, *a.* (અનફે,'લિગ્) Certain; sure. નક્કી; ખચિત; ભુલ્યા વગર. 2. Not capable of being exhausted; boundless. અખુટ; અક્ષય; આબાદ; અમોઘ.

Unfair, *a.* (અનફે'અર) Unjust;partial;dishonest; underhand. અપ્રમાણિક; ગેરવ્યાજબી; ખોટું; બેઈમાનદાર.

Unfaithful, *a.* (અનફે,'થફૂલ્) Faithless; perfidious; treacherous. બેઇમાન; અપ્રમાણિક; નિમકહરામ; બેવફા

Unfairness, *n.* (અનફે,'રનિસ્) Dishonesty; injustice. ગેરવાજબીપણું; અપ્રમાણીકતા; અન્યાયીપણું.

Unfairly, *adv.* (અનફે'અરલી) Partially;unjustly. અયોગ્ય-અન્યાયી રીતે; ગેરવાજબી-અપ્રમાણિક રીતે.

Unfaithfulness, *n.* (અનફે,'થ્ફુલનિસ્) Faithlessness; infidelity; treachery; perfidy. દગો; નિમકહરામી; બેવફાઇ.

Unfaltering, *a.* (અનફૉ'લ્ટરિંગ્) Firm; unwavering; constant; not hesitating or failing. અડગ; નિ:શંક; નીડર; દ્દઢ;અચકયા વગરનું

Unfashionable, *a.* (અનફૅ'શનબલ્)Out of fashion; plain; simple; ચાલ,ધારા પ્રમાણે નહિં એવું; ફેશનવાળું નહિં એવું; સાદું; જૂનું.

Unfasten. *vt.* (અનફૅ'સન્) To untie or unbind. છુટું કરવું.

Unfathomable, *a.* (અનફૅ'ધમબલ્) Incomprehensible; inscrutable; too deep to be sounded or measured. અથાગ; અગાધ; અગમ્ય; ગહન; અપરંપાર.

Unfavourable, *a.* (અનફે,'વરબલ્) Contrary; adverse. ઉલટું; પ્રતિકૂળ; વિષમ; અનનુકૂળ.

Unfeeling, *a.* (અનફી'લિંગ્) Cruel;harsh; hard-hearted; brutal; devoid of feelings or sympathy for others. લાગણી વિનાનું; નિર્દય; ક્રૂર; દયાહીન.

Unfeigned, *a.* (અનફે,'ન્ડ્)Not pretended; real; genuine. વાસ્તવિક; ખરેખરું.

Unfilial, *a.* (અનફિ'લિયલ્) Undutiful; not becoming a child. પુત્રધર્મને અછાજતું નહિં છાજતું.

Unfinished, *a.* (અનફિ'નિશ્ડ્) Imperfect; not accomplished; not completed. અપૂર્ણ; અસમાપ્ત; કાચું; અધુરૂં.

Unfit, *a.* (.અનફિ'ટ્) Not fit; unsuitable; improper; incompetent. અયોગ્ય; અનુચિત, નાદુરસ્ત; નાલાયક. *vt.*To disqualify or disable some person. કોઈ પણ માણસને અમુક કામ માટે નાલાયક-અયોગ્ય ઠેરવવું-કરવું.

Unfitness, *n.*(અનફિ'ટ્નિસ્)Incompetency; unsuitableness; the state of being not fit. અયોગ્યતા; લાયકાતમાં ખામી; અનુચિતતા.

Unfix, *vt* (અનફિ'ક્સ્)To loosen or detach from anything that holds. ઉખેડવું;છુટું કરવું.

Unfixed, *a* (અનફિ'ક્સ્ડ્)Instable;unsettled. ડામાડોળ; ચલિત; અસ્થિર.

Unflinching, *a.*(અનફ્લિ'ન્શીન્ગ્)Not shrinking from some painful task; resolute. નીડર; અડગ; દ્દઢ; હટે નહિં એવું.

Unfold, *vt.* (અનફો,'લ્ડ્) To open. ઉઘાડું કરવું. 2. To spread out or expand. ઘડી છુટી કરવી; ઉકેલવું. 3. To release from a fold. વાડામાંથી બહાર કાઢવું.

Unforeseen, *a.*(અનફોરસી'ન્) Unexpected; sudden. અચાનક; ઓચીંતું; અણુધાર્યું.

Unforgiving, *a.*(અનફરગિ'વિંગ્)Not disposed to pardon; implaceable. વેર રાખે એવું; માફ નહિં કરે એવું; અક્ષમાશીલ.

Unfortunate, *a.* (અનફૉ'ર્ચુનેટ્) Luckless; having ill-fortune; unhappy. કમનશીબ; અભાગીઉં; દુર્ભાગી.

Unfounded, *a.* (અનફા'ઉન્ડિડ્) Not established or built. નિરાધાર; અસ્થાપિત;પાયા વગરનું.

Unfrequented, *a.* (અનફ્રિક્વ'ન્ટિડ્)Solitary; rarely visited or seldom resorted to by human beings. નિર્જન; જ્યાં કોઇપણ માણસ નહિં આવે એવું; શૂન્ય.

Unfriendly, *a.* (અનફ્રે'ન્ડ્લિ) Hostile; inimical. પ્રીતિરહિત; મિત્રને ન છાજે એવું.

Unfruitful, *a.* (અનફ્રુ'ટફૂલ્) Infertile; barren; unproductive. નિષ્ફળ; વાંઝીયું.
Unfruitfulness, *n.* (અનફ્રુ'ટફુલનિસ્) Unproductiveness; infertility. ફળહીનતા; વાંઝીયાપણું; નિષ્ફળતા.
Unfurl, *vt.* (અનફ'ર્લ્) To unfold. ઉકેલવું; ખોલવું.
Ungenerous, *a.* (અનજ'નરસ્) Not liberal or generous. અનુદાર; હલકું; નીચ મનવાળું; હલકા મનવાળું; કૃપણ.
Ungenial, *a.* (અનજી'નિયલ્) Uncongenial; not favourable to nature or natural growth. પ્રકૃતિ પ્રતિકૂળ; માફક નહિં એવું.
Ungentle, *a.* (અનજે'ન્ટલ્) Harsh; rude; unkind. અસભ્ય.
Ungentlemanly, *a.* (અનજે'ન્ટલમનલી)Not befitting a gentleman.સદ્ગૃહસ્થોને નહિં છાજતું; અસભ્ય.
Ungird, *vt.*(અનગ'ર્ડ)To unbind.કમરપટા છોડવો.
Ungodliness, *n.* (અનગૉ'ડ્લિનિસ્) Godlessness; wickedness; impiety. અધર્મ; દેવનિંદા; નાસ્તિકપણું.
Ungodly, *a.* (અનગૉ'ડ્લી) Impious અધર્મી; દેવનિંદક.
Ungovernable, *a.*(અનગ'વર્નબલ્)Unruly; wild; unbridled; licentious. બેફેદ; બે-લગામ; વશ થાય નહિં એવું.
Ungraceful, *a.* (અનગ્રે'સફુલ્) Clumsy; awkward; graceless.બેઢબ;કદરૂપ;અસુંદર;અનાડી.
Ungracious, *a* (અનગ્રે'શસ્)Disagreeable; rude; impolite. અસભ્ય; કૃપા નહિં કરે એવું.
Ungrammatical, *a.*(અનગ્રમૅ'ટિકલ્)Contrary to the rules of grammar.વ્યાકરણના નિયમ વિરુદ્ધ.
Ungrateful, *a.* (અનગ્રે'ટફૂલ્) Thankless; not acknowledging any obligations. કૃતઘ્ન; નગણું; નિમકહરામ.
Ungrounded, *a.* (અનગ્રા'ઉન્ડિડ્) Baseless; groundless; without support.નિરાધાર;નિર્મૂળ; પાયા વગરનું.
Unguarded, *a.* (અનગા'ર્ડિડ્) Undefended; without protection. અસાવધ; ગાફેલ; ગફલતી.
Unguent, *n.* (અ'ન્ગ્વેન્ટ્) An ointment. મલમ; પટી; લેપ.
Unguentous, *a.* (અ'ન્ગ્વેન્ટસ્) Anointed. લેપવાળું.
Unhallowed, *a.*(અનહૅ'લો,ડ્)Not sanctified; impure. નાપાક; કુકર્મી.
Unhandsome, *a.* (અનહૅ'ન્ડસમ્) Not beautiful. સુંદર નહિં એવું;બદસુરત; કુરૂપ; બેડોળ. 2. Mean; unfair. હલકું; નાલાયક.

Unhandy, *a.*(અનહૅ'ન્ડી) Awkward; clumsy. અણઘડ; અણકસબી; હતોટી વગરનું.
Unhappily, *adv.* (અનહૅ'પીલી) Sadly; unfortunately. હીનભાગ્યે; કમનશીબે.
Unhappiness, *n.* (અનહૅ'પિનિસ્) Misery; ill-luck; calamity. કમનશીબ; દુ:ખ; સંકટ; અક્ષેમ; અશુભપણું.
Unhappy, *a.* (અનહૅ'પી) Miserable; ill-lucked. કમનશીબવાળું; દુર્ભાગી; અશુભ.
Unharness, *vt.* (અનહા'ર્નિસ્) To remove the harness from.ઘોડાનો સામાન-સાજ ઉતારીલેવો.
Unhealthy, *a.* (અનહે'લ્થી) Sickly; wanting health. સદારોગી; રોગિષ્ટ; નબળું; બીમાર. 2. Insalubrious; not favourable to health. રોગિષ્ટ; ખરાબ.
Unheard, *a.* (અનહ'ર્ડ) Disregarded; unheaded. દાદ નહિં દીધેલું એવું. 2. Not heard. અશ્રુત;નહી સાંભળેલું. **Unheard of** = Unprecedented. અદ્વિતીય; કોઈના સાંભળવામાં નહી આવ્યું હોય એવું. 2. Not famous or celebrated. અપ્રસિદ્ધ; અપ્રખ્યાત.
Unheeded, *a.* (અનહી'ડિડ્) Unminded; not attended to. ઉપેક્ષિત; અનપેક્ષિત; ધ્યાન-લક્ષમાં નહિં રાખેલું એવું.
Unheeding, *a.* (અનહી'ડિન્ગ્) Regardless; careless; thoughtless. અવિચારી; ગાફેલ; અસાવધ; ઉપેક્ષી.
Unhesitating, *a.*(અનહે'ઝિટેટિન્ગ્)Decided; prompt; confident. નિભ્રન્તિ; બેધડક; નિ:શંક.
Unholiness, *n.* (અનહો,'લિનિસ્) Impiety. અધર્મ; નાપાકી; અપવિત્રતા; અશુદ્ધિ.
Unholy, *a.* (અનહો,'લી) Impure; profane. અપવિત્ર; અશુદ્ધ.
Unhorse, *vt.* (અનહૉ'ર્સ્) To dismount a person. ઘોડા ઉપરથી નીચે ઉતારવો, પડવું.
Unhumbled, *a.* (અનહ'મ્બલ્ડ્) Arrogant; proud. ગર્વિષ્ઠ.
Unhurt, *a.* (અનહ'ર્ટ્) Unharmed; not wounded. સહીસલામત; સાબુત; બેનુકસાન.
Unhurtful, *a.* (અનહ'ર્ટફુલ્)Mild; not injuring others. બીજાને નુકસાન નહિં કરે એવું; અવિકારી; અબાધક.
Unicorn, *n.* (યૂ'નિકૉર્ન્)A fabulous animal with one horn and the body of a horse.ઘોડા જેવું શરીર અને એક શીંગડાવાળું દંતકથામાંનું જાનવર.
Unidiomatical, *a.* (અનઇડિઓમૅ'ટિકલ્) Not according to the idiom of a language. ભાષાસંપ્રદાય, રીતિ વિરુદ્ધ.
Uniflorous, *a.*(યુનિફ્લો'રસ્)One-flowered. એકજ ફૂલવાળું.[L.*unis*,one & *florus*,flower.]

Uniform, *n.*(યૂ'નિફૉર્મ્)A dress of a general kind having distinctive appearance. એક સરખો પોષાક; યુનીફૉર્મ. *a.*Invariable;constant; not varying in shape, size, character &c. એક જાતનું, તરેહનું; એકસરખું.

Uniformity,*n.*(યુનીફૉ'ર્મિટી) Invariableness; sameness; the state of being uniform. એકસરખાપણું.

Uniformly, *adv.* (યૂ'નિફૉર્મ્લિ)Invariably. એક સરખી રીતે. 2. Always; at all times. હમેશાં.

Uniliteral, *a.* (યુનિલિ'ટરલ્) One-lettered. એકાક્ષરી.

Unilluminating, *a.* (અનઇલ્યુ'મિને,ટિંગ્) Not enkindling.પ્રકાશ,જ્ઞાન નહિં આપતું;અપ્રકાશક.

Unimaginable,*a.* (અનઇમૅ'જીનબલ્) Inconceivable; capable of being imagined.અકલ્પનીય; કલ્પના કરી નહિં શકાય એવું.

Unimpaired, *a.* (અનઈમ્પે'અર્) Uninjured; not impaired. નહિં બગડેલું; નુકસાન નહિં થયેલું.

Unimpassioned, *a.* (અનઈમ્પૅ'શન્ડ)Unimpetuous; cool. શાંત; રોષહીન; મનોવિકાર રહિત.

Unimpeachable, *a.* (અનઇમ્પી'ચબલ્) Not blameworthy; with whom fault cannot be found. દોષરહિત; નિષ્કલંક.

Unimportant, *a.* (અનઇમ્પૉ'ર્ટન્ટ)Trifling; insignificant; not of much moment હલકું; નજીવું; બીન જરૂર-અગત્યનું.

Unimproving, *a.* (અનઈમ્પ્રૂ'વિંગ્) Not being made better. નહિં સુધરતું; વધારે સારૂં નહિં થતું

Uninformed, *a.* (અનઇનફૉ'ર્મ્ડ્) Ignorant; illiterate. અભણ; અજાણ્યો; નહિં જાણતો; અજ્ઞાન; બે ખબર.

Uninhabited, *a.*(અનઇનહૅ'બિટિડ્)Solitary; having no inhabitants.વેરાન; નિર્જન; વસ્તીહીન; ઉજ્જડ; વસ્તી વગરનું.

Uninitiated, *a.* (અનઇનિ'શિએ,ટિડ્) Not initiated. અસંસ્કારી; સંસ્કારહીન; અસંસ્કૃત; અદીક્ષિત; દીક્ષા નહિં લીધેલું.

Uninjured, *a.* (અનઇ'ન્જર્ડ્) Unharmed. સહીસલામત; સાબુત.

Uninspired,*a.*(અનઈન્સ્પા'યર્ડ્) Uninfluenced by inspiration. અપ્રેરીત; પ્રેરણારહિત.

Uninstructed,*a.*(અનઈન્સ્ટ્ર'ક્ટિડ્) Unlearnt; uninformed; illiterate, ignorant. અભણ; અજ્ઞાન; અશિક્ષિત.

Unintelligent, *a.* (અનઈન્ટે'લિજન્ટ્) Dull; not clever. હોસ્યાર નહિં; જડ; મૂઢ.

Unintelligible, *a.*(અનઈન્ટે'લિજીબલ્)Meaningless; not capable of being understood. સમજાય નહિં તેવું.

Unintentional,*a.*(અનઇન્ટે'ન્શલ્) Not done purposely. અણધાર્યું; જાણીબુઝીને નહિં કરેલું; નહિં ધારેલું.

Unintentionally,*adv.*(અનઇન્ટે'ન્શલી)Done without purpose. અબુદ્ધિપૂર્વક; અજાણતાં; અણધારેલી રીતે.

Uninterested, *a.*(અનઇ'ન્ટ્રિસ્ટિડ્)Having no personal concern or interest. લેવાદેવા વિનાનું;બિનસ્વાર્થી 2.Not having the mind or feelings engaged. ઉદાસીન; બેપરવા.

Uninteresting, *a.* (અનઇ'ન્ટરિસ્ટિન્ગ્)Dull; monotonous. અરસિક; રસહીન; રસ નહિં પડે એવું; અમનોરંજક.

Uninterrupted,*a.*(અનઇ'ન્ટરપ્ટિડ્)Incessant; unintermitted.અખંડિત;અખંડ;વચમાં અટક્યા વગર.

Uninvited, *a.* (અનઈનવા'ઇટિડ્) Uncalled. વગર તેડે આવેલું; નોતર્યા વિનાનું.

Uninviting, *a.* (અનઇનવા'ઇટિંગ્) Unattractive;rather repellent. અપ્રલોભક; નહિં લલચાવે એવું; અનાકર્ષક.

Union, *n.* (યૂ'ન્યન્) Concord; harmony. સંપ; મેલાપ. 2. Combination;coalition;junction. સંજોગ; સંધિ; સંયોગ; જોગ. 3. Anything united or a collective body.ટાળી;એકસંપી;સમૂહ.

Unionist, *n.* (યૂ'ન્યનિસ્ટ્) A member of the Trade Union. વ્યાપારી સભાસદ. 2. A prmoter of union. સંપ ઇચ્છનાર.

Union-jack, *n.* (યૂ'નિઅનજૅક્) A name given to the Union flag. બ્રિટિશ એમ્પાયરના વાવટાનું નામ.

Unique, *a.* (યુની'ક્) Matchless;unrivalled. અપૂર્વ; અસાધારણ. *n.* A matchless object. અપ્રતિમ વસ્તુ.

Unison, *n.* (યુ'નિસન્) Concord; harmony. એકરાગ; મેલાપ; સંપ.

Unit, *n.* (યુ'નિટ્) Any definite amount adopted as a standard.એકમ પ્રમાણ,માપ.2.A single person or thing. એક એક વ્યક્તિ-પદાર્થ.

Unitarian, *n.* (યુનિટે'રિયન્) A monist. અદ્વૈતવાદી. **Unitarianism**=અદ્વૈતવાદ.

Unite, *vt.* (યુના'ઇટ્) To associate; to cause to agree; to attach. સંયોગ કરવો. 2. To wed or marry. લગ્ન-પ્રીતિ કરવી. 3. To connect; to combine. સાંધવું; મેળવી દેવું; જોડવું. *vi.* To join in an act. સામેલ-એકસંપ થવું; એક થવું.

United, *a.* (યુના'ઈટિડ્) Combined together; joined together. એકમત; સંયુક્ત; સંપેલું.

Unitedly, *adv.* (યુના'ઇટિડલિ) In a united manner. એકમતે; એકઠા થઇને-ગળીને.

Unity, *n.* (યૂ'નિટિ) Concord. મળતાપણું. 2. Oneness of sentiments and affection. સંપ; ઐકય; એકમનતા.

Universal, *a.* (યુનિવ'ર્સલ્) Omnipresent; general;all-reaching;all-pervading.સાર્વત્રિક; સર્વવ્યાપક; સર્વસંમત. 2. Total. આખું; સર્વ.

Universal spirit,=સર્વાત્મા.

Universalism, *n.* (યુનિવ'ર્સલિઝમ્) The doctrine that all men will ultimately attain absolution. સર્વમુક્તિવાદ.

Universality, *n.*(યુનિવર્સૅ'લિટિ) The state or quality of being universal.સર્વ,-વિશ્વવ્યાપકતા.

Universally, *adv.* (યુનિવ'ર્સલિ) In an universal manner. સઘળે ઠેકાણે; સામાન્ય રીતે.

Universe, *n.* (યુ'નિવર્સ્) The creation; the general system of things; the world. આલમ; ત્રિભુવન; સંસાર; સૃષ્ટિ; વિશ્વ; જગત [L. *unus*, one & *ve to*, I turn.]

University, *n.*(યુનિવ'ર્સિટિ) An institution or corporation for the purpose of instruction in all or some of the most important branches of science, literature &c. and having the power to confer degrees therein. વિશ્વવિદ્યાલય; વિદ્યાપીઠ.

Univocal, *a.* (યુનિ'વોકલ્) Having one meaning. એક અર્થી. 2. Having a unison of sounds. એકસૂરી; એકરાગી. *n.* A word with but one meaning. એકજ અર્થવાળો શબ્દ.

Unjust, *a.* (અનજ'સ્ટ્) Unfair; not equitable. અન્યાયી; ગેરઇન્સાફી; ગેરવાજબી; અધર્મી.

Unjustifiable, *a.* (અનજ'સ્ટીફાયબલ્) Incapable of vindication or defence. જેનો બચાવ નહિં થઇ શકે એવું; અયોગ્ય.

Unjustly, *adv.* (અનજ'સ્ટલી) Dishonestly; wrongfully;inequitably. અન્યાયથી-ગેરવાજબી-ગેરઇન્સાફની રીતે.

Unkind, *a.*(અનકા'ઇન્ડ્) Unjust;harsh;cruel ગેરમેહરબાન; અકૃપાળુ; દયાહીન; કૃપાહીન.

Unkindly, *adv.* (અનકા'ઇન્ડલી) Harshly; without kindness. ગેરવાજબી રીતે; ઘાતકી રીતે.

Unkindness, *n.*(અનકા'ઇન્ડનિસ્) Harshness; cruelty. ઈતરાજી; કરડાકી; ગેરમેહરબાની; અવકૃપા.

Unknowingly, *adv.* (અનનો'ઇંગ્લી) Unintentionally. અજાણતાં; અણસમજે;અજ્ઞાનતાથી.

Unknown, *a.* (અનનો,'ન) Not famous. અપ્રસિદ્ધ.

Unlace, *vt.* (અ'નલે,સ્) To remove the lace from.લેસ,દોરીઉતારી નાંખવી;બંધ છોડવા (ચોળીના).

Unlatch, *vt.* (અનલૅ'ચ્) To unbar. આગળી કાઢવી; ઉઘાડવું.

Unlawful, *a.* (અનલૉ'ફુલ્) Illegal.ગેરકાયદેસર; કાયદા વિરૂદ્ધ.

Unlawfully, *adv.* (અનલૉ'ફુલી) Illegally. ગેરકાયદેસર રીતે; કાયદા વિરૂદ્ધ.

Unlearn *vt.* (અનલ'ર્ન્) To fail to learn or to forget. ના શીખવું; શીખેલું ભૂલી જવું.

Unlearned, unlettered, *a.*(અનલ'ર્નિડ્-અનલે'ટર્ડ્) Ignorant;uneducated. અજ્ઞાન;અભણ.

Unless, *conj.* (અનલે'સ્) Except; were it not that; if it be not. જો નહિંતો;વગર;સિવાય.

Unleavened, *a.* (અન્લી'વન્ડ્) Without leaven. બેખમીર; ખમીર વગરનું.

Unlicensed, *a.* (અનલા'યસન્સ્ડ્) Without due or formal permission, without license. બિનસનંદી; સનંદ-પરવાના-રજા વગરનું.

Unlike, *a.* (અનલા'ઈક્) Dissimilar; different; not like or resembling. ભિન્ન; જુદું; સરખું નહિં હોય એવું.

Unlikely, *a.* (અનલા'ઇકલિ) Improbable. અસંભવિત; ન થવા જોગ *adv.* In an improbable manner. અસંભવિત રીતે.

Unlikeness, *n.* (અનલા'ઇકનિસ્) Dissimilarity; want or absence of resemblance. ભિન્નતા; જુદાપણું; પૃથક્તા.

Unlimited, *a.* (અનલિ'મિટિડ્) Boundless. અમર્યાદ; બેહદ; અપાર; અનંત; નિ:સીમ.

Unload, *vt.* (અનલો',ડ) To disburden or remove the load from. માંથી માલ ઉતારી લેવો; બોજો ઉતારવો. 2. To remove the charge from a gun. બંદુક ફોડી દેવી.

Unlock, *vt.* (અનલૉ'ક્) To unfasten; to remove or open the lock of. તાળું ખોલવું, ઉઘાડવું.

Unloose, *vi.* (અનલૂ'સ્) To loose; to untie. છૂટું કરવું; રજા આપવી; મુકત કરવું.

Unloveliness, *n.* (અનલ'વ્લિનિસ્)Unattractiveness; want of beauty; repulsiveness. અસૌન્દર્ય; અલાવણ્ય; કદ્રુપ.

Unlovely *a.* (અનલ'વ્લિ) Unattractive; repellent. અણગમતું; પ્યારૂં નહિં લાગે એવું.

Unluckily, *adv.*(અનલ'કિલિ)Unfortunately. દુર્દૈવે; દુર્ભાગ્યે; માઠા ભાગ્યે; કમનશીબથી.

Unlucky, *a.*(અનલ'કિ)Ill-fated;unfortunate. કમનશીબ; અભાગી. 2. Ill-omened; inauspicious. અમંગળ; અશુભ.

Unmake, *vt.* (અનમે',ક્) To cause to cease to exist; to destroy the form &c. of. ભાંગવું; નાશ કરવો; રદ કરવું.

Unman, *vt* (અનમૅ'ન્) To depopulate. વસ્તીહીન કરવું. 2. To dishearten or discourage. નાહિમ્મત કરવું. 3. To make effeminate; to emasculate. નામર્દ-નપુંસક કરવું.

Unmanageable, *a.* (અનમૅ'નજબલ્) Not governable. બે લગામ, ઉચ્છૃંખલ; તાબામાં ન રખાય એવું.

Unmanly, *a.* (અનમૅ'ન્લી) Base; mean. હલકું;નીચ. 2. Effeminate;cowardly.બાયલું;નામર્દ.

Unmannerly, *a.* (અનમૅ'નરલી) Impolite; rude. અસભ્ય.

Unmarried, *a.* (અનમૅ'રિડ્) Not married; virgin (said of ladies only). કુંવારૂં.

Unmask, *vt.* (અનમા'સ્ક્) To remove the disguise from. મુખવટો, ચ્હોરૂં કાઢી નાંખવું. 2. To lay open or reveal something concealed. કોઇપણ ગુપ્ત રાખેલી-છાની વાત બહાર પાડવી. *vi.* To put off a mask. વેષ ઉતારવો.

Unmatched, *a.* (અનમૅ'ચ્ડ્) Matchless; unequalled. અપ્રતિમ; અદ્વિતીય.

Unmeaning, *a.* (અનમી'નિન્ગ્) Senseless; meaningless. મતલબ-અર્થ વિનાનું; ખાલી; નિરર્થક; પોકળ.

Unmeasured, *a.*(અનમે,'ઝર્ડ) Plentiful; excessive; immoderate. બેહદ.

Unmeet, *a.* (અન્મી'ટ્) Not fit. બંધ બેસતું ન હોય તેવું.

Unmelodious, *a.* (અનમેલો'ડિઅસ્) Harsh. કઠણ; શુષ્ક.

Unmerciful, *a.* (અનમ'ર્સિફુલ) Unkind; cruel;merciless.દયાહીન;નિર્દય;ક્રૂર;નિષ્કરૂણ;ઘાતકી.

Unmerited, *a.* (અનમે'રિટિડ્)Undeserved; unjust. ગેરવાજબી; ગુણને યોગ્ય નહિં એવું;અયોગ્ય.

Unmindful, *a.* (અનમા'ઈન્ડફૂલ્) Inattentive; careless. કાળજી વગરનું; અસાવધ; બેફીકર.

Unmingled, *a.*(અનમીં'ગલ્ડ)Unadulterated; unmixed. નર્યું; નરદમ; શુદ્ધ; ચોખ્ખું; અમિશ્રિત.

Unmixed, *a.* (અનમિ'ક્સ્ડ) Pure. ચોખ્ખું.

Unmolested, *a* (અનમૉલે'સ્ટિડ્)Unharmed. ઇજા વગરનું. 2. Undisturbed; tranquil. કલેશ રહિત; નિરૂપદ્રવી; ઉપદ્રવરહિત.

Unmoor, *vt.* (અનમૂ'ર્) To haul anchor. લંગર ઉપાડીને વહાણ ચલાવવું.

Unmoved, *a.* (અનમૂ'વ્ડ્) Calm; cool; undisturbed. શાંત; સ્થિર; ગંભીર; અચળ; દૃઢ; રસહીન. 2. Not moved to pity. દયાહીન; રસહીન.

Unmusical, *a.* (અનમ્યૂ'ઝિકલ) Harsh; unmelodious. બેસૂર; સ્વરશૂન્ય, રહિત.

Unmuzzle, *vi.* (અનમ'ઝલ્) To free from restraint. મુક્ત કરવું; છોડવું.

Unnamed, *a* (અન્ને,'મ્ડ્)Having no name. નામ વગરનો; નનામો.

Unnatural, *a.* (અનનૅ'ચરલ્) Contrary to nature. કુદરતના નિયમ વિરુદ્ધ; અસ્વાભાવિક. 2. Forced; affected;unusual.અસ્વાભાવિક; કૃત્રિમ.

Unnecessarily, *adv.* (અનને'સિસરિલી)In an unnecessary manner;uselessly.નિરૂપયોગી; નકામું; ફોકટ; વિનાકારણે; મિથ્યા; અમસ્તું.

Unnecessary, *a.* (અનને'સિસરી)Needless; useless. અકારણ; ફોકટ; નિરૂપયોગી; વૃથા;મિથ્યા.

Unnerve, *vt.* (અનન'ર્વ્) To cause to lose one's nerve;to weaken. બળહીન કરવું; ગભરાવવું.

Unnoticed, *a.* (અનનો,'ટિસ્ડ) Unobserved; unseen. ધ્યાન નહિં આપેલું; અલક્ષિત.

Unnumbered, *a.* (અનન'બર્ડ્)Innumerable. અગણિત; અસંખ્ય; અનંત.

Unobserved, *a.* (અનઑબ્ઝ'ર્વ્ડ્) Unseen. અનવલોકિત; કોઈના જેવામાં નહિં આવેલું.

Unobserving, *a.*(અનઑબ્સ'ર્વિન્ગ્)Heedless; not noticing carefully.બેભાન; અસાવધ; ગાફેલ.

Unobstructed, *a.* (અનઑબસ્ટ્ર'કિટડ) Unhindered. નિર્વિઘ્ન; અપ્રતિબંધ; બીનહરકતે.

Unobtainable, *a.* (અનઑ'બ્ટે,નબલ્) Unavailable; not be had or got. અલભ્ય; દુર્લભ; મેળવી શકાય નહિં એવું.

Unoccupied, *a.* (અનઑ'કયુપાઇડ્) Empty; not engaged by any one (as a seat).ખાલી. 2.Not employed in business &c;at leisure (time). નવરૂં; નકામું.

Unoffending, *a.*(અનઑ ફે'ન્ડિંગ્)Inoffensive; harmless; innocent. નિરાપરાધી;ભલું;બેગુન્હેગાર.

Unopposed, *a.* (અનઅપો'ઝડ્) Unresisted; not meeting with any opposition or obstruction.અનિવારિત;અપ્રતિબાધિત;બીનહરકત;વાંધા વગર.

Unorganised, *a.* (અનઑ'ર્ગનાઇઝ્ડ) Inorganic. ઇન્દ્રિયો વિનાનું; ઇન્દ્રિય રહિત. 2. Unsystematised. યોજના વગર રચેલું.

Unorthodox, *a.* (અનઑ'ર્થૉડૉકસ્) Heterdox; heretical; impious; pretender. ઢોંગી; અધર્મી; નાસ્તિક; પાખંડી.

Unostentatious, *a.* (અનઑ'સ્ટેનટે,શસ્) Not glaring or showy;modest; simple. ડોળ-આડંબર વિનાનું; ભભકા વગરનું; સાદું.

Unpack, *vi.*(અનપૅ'ક્)To unload. ભાર લઈ લેવો; છોડવું.

Unpaid, *a.* (અનપે,'ડ્)Not paid. નહિં આપેલું-પહોંચેલું.
Unpalatable, *a.* (અનપૅ'લેટબલ્) Not agreeable to the taste;tasteless;untasteful બેસ્વાદ; અરૂચિકર.
Unparelleled, *a.* (અનપૅ'રલલ્ડ્) Matchless. અસાધારણ; અનુપમ;અતુલ્ય; અતુલ; અપ્રતિમ;અપૂર્વ.
Unpardonable, *a.*(અનપા'ર્ડનબલ્)Incapable of being forgiven.અક્ષમ્ય;માફ નહિં કરાય એવું.
Unperceivable, *a.* (અન્પરસી'વબલ્) That cannot be seen or perceived. દેખી શકાય નહિં એવું; અગોચર.
Unperceived, *a.* (અન્પરસી'વ્ડ્) Unseen. અદર્શિત; અલક્ષિત; જોવામાં નહિં આવે એવું.
Unperformed, *a.* (અનપરફૉ'ર્મ્ડ્) Not executed; unfulfilled. અમલમાં નહિં મુકાયું હોય એવું; અપૂર્ણ.
Unphilosophic, unphilosophical *a.* (અન્ફિલૉસૉ'ફિક્-કલ્) Not according to the principles of sound philosophy. તત્વજ્ઞાન, શાસ્ત્રવિરૂદ્ધ.
Unpitying, *a.*(અનપિ'ટિઈંગ્)Merciless.નિર્દય-દયાહીન.
Unpleasant,unpleasing, *a.*(અનપ્લે'ઝન્ટ્-અનપ્લી'ઝીંગ્)Offensive; displeasing; disagreeable. ન ગમે એવું; કંટાળાવાળું.
Unpoetic-cal, *a.* (અનપોએ'ટિક્-કલ્) Defective in poetical qualities. કાવ્યમાં નહિં ગણી શકાય એવું; કવિતા નિયમથી હલકું.
Unpolished, *a.* (અનપૉ'લિશ્ટ્) Wanting polish; not polished. સાદું; સફાઇદાર નહિં કરેલું. 2. Unrefined; rude; barbarous. અસભ્ય; જંગલી.
Unploughed, *a.*(અનપ્લા'ઉડ્)Untilled.વેરાન; પડતર; ખેડેલી નહિં એવી.
Unpolite, *a* (અનપોલા'ઇટ્) Incivil; rude. અસભ્ય; વિનયહીન; અશિષ્ટ.
Unpolluted, *a* (અનપોલ્યૂ'ટિડ્) Undefiled; pure. શુદ્ધ; અભ્રષ્ટ; અદૂષિત; નિર્મળ.
Unpopular, *a.* (અનપૉ'પ્યુલર્) Generally disliked;not popular. લોકોને અપ્રિય-અણગમતું.
Unpopularity, *n.* (અનપૉપ્યુલૅ'રિટી) State of being unpopular. લોકોને અણગમતું હોવું તે.
Unprecedented, *a.* (અનપ્રે'સીડેન્ટિડ્) New; novel;un-exampled.અપૂર્વ;અજ્ઞાતપૂર્વ; અજાતપૂર્વ.
Unprejudiced, *a.*(અનપ્રે'જ્યુડિસ્ડ્)Impartial. સમદર્શી; નિષ્પક્ષપાતી.
Unpremeditated, *a.* (અનપ્રીમે'ડિટ,ટિડ્) Not planned or thought of before-hand. અકલ્પિત; અચિંતિત.
Unprincipled, *a.* (અનપ્રિ'ન્સિપલ્ડ્) Profligate;wicked;unscrupulous.દુરાચારી;ઢંગ વગરનું.
Unproductive, *a.* (અનપ્રોડ'ક્ટિવ્)Barren. વેરાન; ફળદ્રુપ નહિં એવું. 2 Unprofitable. લાભ-હીન; નિષ્ફળ
Unprofessional, *a.* (અનપ્રોફે'શનલ્) Amateur. ધંધો નહિં લઈ બેઠેલું.
Unprofitable, *a.* (અનપ્રૉ'ફિટબલ) Gainless; unproductive. લાભ-નફા વગરનું.
Unpromising, *a.* (અનપ્રૉ'મિસિંગ્) Not promising; not affording a good prospect of success, profit &c. સારૂં નહિં નિવડે એમ જણાવતું; નિરાશાજનક.
Unpropitious, *a* (અનપ્રોપિ'શસ્) Inauspicious; unfavourable. વિપરીત; પ્રતિકૂળ.
Unprotected, *a.* (અનપ્રોટે'ક્ટિડ્) Defenceless; unsheltered. અનાથ; અરક્ષિત, અનાશ્રિત.
Unpublished, *a.* (અનપ'બ્લિશ્ડ્) Not made public; not made public through the press (as books). અપ્રકટ; છાનું; ગુપ્ત; અપ્રસિદ્ધ; બહાર નહિં પડેલું.
Unpunished, *a.* (અનપ'નિશ્ડ્) Not punished. શિક્ષા નહિં કરેલું; સજા નહિં પામેલું;અદંડિત; અશાસિત.
Unqualified, *a.* (અનક્વૉ'લિફાઈડ્) Not duly qualified; incompetent; unsuitable; unfit. અયોગ્ય; અનધિકારી. 2. Absolute; unconditional. બીન શરતી; શરત વગરનું.
Unquenchable, *a.* (અનક્વે'ન્શબલ્) Unappeasable. આગ હોલવાય નહિં તરસ છીપે નહિં એવું; તૃષ્ણાનું સમાધાન ન થાય એવું.
Unquestionable, *a.* (અનક્વે'સ્ચનબલ્) Certain; indubitable. નિઃસંશય; નિઃસંદેહ.
Unravel, *vt.* (અનરૅ'વલ્) To unfold. ઉઘાડું કરવું. 2. To disentagle. છુટું પાડવું-ઉકેલવું.
Unread, *a.* (અનરે'ડ) Unstudied; unlearnt. નહિં વાંચેલું; અભણ; અજ્ઞાન; નિરક્ષર.
Unreal, *a.* (અનરિ'અલ્) Fictitious; not true to facts. નામનું; ખોટું; ખાલી; અમસ્તું; અવાસ્તવિક.
Unreasonable, *a.* (અનરિ'ઝનબલ્) Not agreeable to reason; immoderate; excessive. અયોગ્ય; વિવેક વિરૂદ્ધ; ગેરવાજબી.
Unrefuted, *a.* (અનરિફ્યૂ'ટિડ્)Unanswered; unreplied to. રદ નહિં કરેલું; અખંડિત; જવાબ નહિં વાળેલો એવું.
Unregarded-ful, *a.* (અનરિગા'ર્ડિડ-અનરિગા'ર્ડફુલ)Heedless; disregarded-ful; neglected-ful;slighted-ful. અસાવધ; બેદરકાર; ગાફેલ.

Unrelenting, *a.*(અનરીલે'ન્ટિંગ્) Merciless. નિર્દય; દયાહીન; કરડું.

Unremitting,*a.*(અનરિમિ'ટિંગ્) Persevering; continued. ચાલુ; અખંડ; જારી રાખેલું.

Unreserve, *n.* (અનરીઝ'ર્વ્) Openness of mind; frankness. નિખાલસતા; નિષ્કપટપણું; સીધાપણું. **Unreserved,** = Frank; open. નિષ્કપટ; નિખાલસ.

Unresolved, *a.* (અનરીઝૉ'લ્વડ્) Wavering; hesitating. અનિશ્ચિત; ડગમગતું; ઢચુપચુ.

Unrestrained,*a.*(અનરીસ્ટ્રે'ન્ડ્)Unbridled; uncontrolled. બે લગામ; બેફેદ; નિરંકુશ.

Unrevealed, *a.* (અનરીવી'લ્ડ્) Not laid open; not disclosed (as a secret). અપ્રકટ; અપ્રસિદ્ધ; બહાર નહિં પાડેલું.

Unriddle, *vt.* (અનરિ'ડ્લ્) To unravel or solve a problem. છોડવું; જવાબ આપવો. **To unriddle a dilemma or a puzzle**= ઉખાણો છોડવવો;કોયડો ઉકેલવો.

Unrighteous, *a.* (અનરા'ઈચસ્) Wicked; evil. પાપી; અધર્મી; દુષ્ટ.

Unrivalled, *a.* (અનરા'ઈવલ્ડ્) Peerless; matchless. અદ્વિતીય; અપ્રતિમ; અનુપમ, અપૂર્વ; નિરુપમ; અતુલ્ય.

Unripe,*a* (અનરા'ઇપ્)Not mature or ripe.કાચું; પૂરેપૂરું પકવ નહિં થયેલું; પુખ્ત નહિં એવું; અપૂર્ણ.

Unroll, *vt.* (અનરો,'લ) To unwind. લપેટેલું ઉકેલી નાખવું 2. To unfold; display. બતાવવું-ઉઘાડું પાડવું.

Unruffled, *a.* (અનર'ફ્લ્ડ્) Calm; tranquil; not disturbed. શાંત; સ્થિર; અક્ષુબ્ધ.

Unruly, *a.*(અનરૂ'લી)Turbulent; ungovernable. તોફાની; છકી ગયેલું; ફાટેલ.

Unsafe, *a.* (અનસે'ફ્) Full of danger. ધાસ્તીભરેલું; બીનસલામત.

Unsaid, *a.* (અનસે'ડ્) Not uttered or spoken, અકથિત; નહિં બોલાયેલું; અભાષિત.

Unsaleable, *a.*(અનસે,'લબલ્)Not meeting with a ready sale. અવિક્રેય; વેચાય નહિં એવું.

Unsanctified, *a* (અનસૅ'ન્કિટફાઇડ્) Unholy. અશુદ્ધ; નાપાક, અપવિત્ર.

Unsatiable,*a* (અનસે,'શબલ્) Unappeasable; insatiate. અતર્પણીય; અતોષણીય; અતૃપ્ત; સંતોષ ન પામે એવું.

Unsatisfactorily,*adv.* (અનસૅટિસ્ફૅ'કટરીલી) In an unsatisfactory manner. સંતોષ નહિં આપે એવી રીતે.

Unsatisfactory, *a.* (અનસૅટિસ્ફૅ'ક્ટરી) Not giving satisfaction. અસંતોષકારક; અનિશ્ચયાત્મક; અનિર્ણાયક.

Unsatisfied, *a.* (અનસૅ'ટિસ્ફાઈડ્) N[ot] satisfied. ઉણું; અતૃપ્ત; નહિં ધરાએલું; સંતે[ોષ] નહિં પામેલું.

Unsavoury, *a.* (અનસૅ,'વરી) Not tastef[ul] અસ્વાદિષ્ટ; બેસ્વાદ; મોળું સ્વાદ વગરનું.

Unsay, *vt.* (અનસે,') To retract; to ta[ke] back. બોલીને ફરી જવું; શબ્દ પાછા ખેંચી લે[વા]

Unscriptural, *a.* (અનસ્ક્રિ'પ્ચરલ્) N[ot] according to the scriptures. ધર્મશાસ્ત્ર વિરુ[દ્ધ]

Unscrupulous,*a.*(અનસ્ક્રુ'પ્યુલસ્)Regardl[ess] of principles.ખોટું કામ કરતાં અચકાય નહિં એ[વું]

Unseal, *vt.* (અનસી'લ્) To remove t[he] seal from. સીલ તોડવી.

Unsearchable, *a.* (અનસ'ર્ચબલ્) Secr[et] hidden. છુપું; અતર્ક્ય; અકળ; દુર્જ્ઞેય.

Unseasonable, *a.* (અનસી'ઝનબલ્) O[ut] of time or season.અકાલિક;કવખતનું;મોડું;અકા[ળે]

Unseasoned,*a.*(અનસી'ઝન્ડ્)Not flavour[ed] with condiments. વઘાર-મસાલા વગરનું. Not experienced; not inured.અનુભવ વિના કાચું; નહિં ઘડાએલું.

Unseemly, *a.* (અનસી'મ્લી) Unbecomin[g] અયોગ્ય,ખરાબ દેખાય એવું.*adv.*In an unseem[ly] manner. અઘટિત રીતે.

Unselfish,*a.*(અનસે'લ્ફિશ્)Selfless;thinki[ng] of or regarding others more than on[e]self. નિઃસ્વાર્થી; મહાત્મા.

Unserviceable, *a.* (અનસ'ર્વિસબલ્)Of [no] use; unsuitable. અનુપયોગી; નિરૂપયોગી; નકા[મું]

Unsettle, *vt.* (અનસે'ટલ્) To displace unfix. અવ્યવસ્થિત; અસ્થિર; રદ કરવું; ઘોટાળા[માં] નાંખવું. *vi.* To become unfixed. ડગમગવું.

Unsettled, *a.* (અનસે'ટલ્ડ્) Having [no] fixed habitation; unfixed. અસ્થિર.

Unsevered, *a* (અનસે'વર્ડ્) Not separate[d] જુદું નહિં પાડેલું.

Unshackle, *vt.* (અનશૅ'કલ્) To unfett[er] or set free. સ્વતંત્ર-મુક્ત કરવું; બેડી કાઢવ[ી] બંધન તોડવું.

Unshackled, *a.* (અનશૅ'કલ્ડ્) Unfettere[d] બેડી વગરનું; સ્વતંત્ર.

Unshaken, *a.* (અનશે,'કન્) Steadfa[st] resolute. દૃઢ; સ્થિર.

Unsheathe, *vt.* (અન્શી'ધ્) To draw o[ut] from the sheath. ખેંચવું; મ્યાનમાંથી બ[હાર] કાઢવું; નાગી કરવી (તરવાર).

Unsheltered, *a.* (અનશે'લ્ટર્ડ્) Defencele[ss] without shelter; unprotected. અરક્ષિત; અ[ના]શ્રય; ઉઘાડું; નિરાશ્રયી.

Unship, *vt.* (અનશિ'પ્) To remove from a ship. વહાણમાંથી ઉતારી લઇ લેવું.

Unshod, *a.* (અનશૉ'ડ્) Without shoes on (as a horse). નાળ નહિં જડેલું; જોડા વગરનું; ઉઘાડુંપગું.

Unshrinking, *a.* (અનશ્રિ'ન્કિંગ્) Unflinching. અચકચા વગરનું; શાંત; સંકોચાય નહિં એવું.

Unsightly, *a.* (અનસા'ઇટલિ)Ugly-looking. બેડોળ

Unskilled-unskilful, *a.* (અનસ્કિ'લ્ડ-સ્કિ'લ્ફૂલ)Awkward; indexeterous. અણુકસબી; હુન્નર બરાબર નહિં જાણુતો; અચતુર.

Unskilfulness, *n.* (અનસ્કિ'લ્ફુલનિસ્) Want of dexeterity; ignorance. અકુશળતા; અકસબીપણું, અકૌશલ્ય; અદક્ષતા.

Unsociable, unsocial,*a.*(અનસો,'શબલ - અનસો,'શલ) Not caring to mix with one's fellows;solitude-loving.અતડું; મળતાવડુંનહિં એવું.

Unsolicited, *a.*(અનસૉલિ'સિટિડ્)Unrequested or unasked for. વગર માગ્યું; નહિં માંગેલું; માગ્યા વગર આપેલું.

Unsolicitous, *a.* (અનસૉલિ'સિટસ્) Not anxious; unconcerned; regardless. નિશ્ચિંત; ચિંતા-ફીકર વિનાનું.

Unsophisticated, *a.* (અનસૉફિ'સ્ટિકે,ટિડ્) Pure; innocent. અસલ; અમિશ્રિત; દોષરહિત. 2. Simple; artless. સાદું; નિષ્કપટી.

Unsorted, *a.* (અનસૉ'ર્ટિડ્) Not selected or classified; at random. જુદું નહિં પાડેલું; બરાબર નહિં કરેલું.

Unsound,*a.*(અનસા'ઉન્ડ્)Unhealthy; infirm. રોગિષ્ઠ; અશક્ત. 2. Invalid. અનર્થક; ખોટું. 3. Hollow; baseless. પોકળ; ખોટું.

Unsoundness,*n.*(અનસા'ઉન્ડનિસ્) Weakness; defectiveness. નબળાઇ;એબદારી;રોગ;ખોડ.

Unsparing, *a.* (અનસ્પે'અરિન્ગ્) Liberal; not sparing. કરકસર ન કરે એવું. 2. Unpitying; merciless. નિર્દય; દયાહીન.

Unspeakable, *a.* (અનસ્પી'કબલ)Unutterable; that cannot be spoken of. અકથ્ય; અવાચનીય; નહિં કહેવાય એવું.

Unspotted, *a.* (અનસ્પૉ'ટિડ્) Unstained; untarnished. અકલંકિત; ડાઘ વગરનું;એબ વગરનું; ચોખ્ખું; નિર્મળ.

Unstable, unstaid, *a.* (અનસ્ટે,'બલ-અનસ્ટે,'ડ્)Unfixed;wavering. ડગમગતું;અસ્થિર; ચલિત; ચંચળ.

Unstained, *a.* (અનસ્ટે,'ન્ડ્) Stainless. નિષ્કલંક, ડાઘરહિત; એબહીન.

Unsteady, *a.* (અનસ્ટે'ડી) Wavering; unstable. ચંચળ; ચલિત; અદૃઢ; અસ્થિર; વિચાર બદલ્યા કરે એવું.

Unstring, *vt.* (અનસ્ટ્રિ'ન્ગ્) To remove the string from. દોરી છોડી નાંખવી.

Unstrung, *a.* (અનસ્ટ્ર'ન્ગ્) Loosened ઢીલું-નરમ કરેલું. 2. Having the nerves shaken. ગભરાઈ-અકળાઈ ગયેલું.

Unstudied, *a.* (અનસ્ટ'ડિડ્) Natural; inartificial; not laboured અકલ્પિત; આગળથી તૈયાર નહિં કરેલું; સ્વાભાવિક. 2. Unskilled નહિં શીખેલું; અચતુર. 3. Not studied. અભ્યાસ વિનાનું.

Unsubdued, *a.* (અનસબ્ડ્યૂ'ડ્) Victorious; undefeated; unvanquished. અજીત; અવશ; અશાંત; નહિં વશ કરેલું; નહિં જીતેલું.

Unsubstantial, *a.* (અનસબસ્ટૅ'ન્શલ) Not real;not substantial;not nutritive(as food). નિઃસાર; દમવિનાનું; ખાલી; ખોટું.

Unsuccessful, *a.* (અનસકસે'સફુલ) Unfortunate; meeting with failure everywhere; unlucky. કમનશીબ; નિષ્ફળ; હીણભાગી.

Unsuit, *vt.* (અનસ્યૂ'ટ્) To be unfit for. ને વાસ્તે અયોગ્ય હોવું.

Unsuitable, unsuited, *a.* (અનસ્યૂ'ટબલ-અનસ્યૂ'ટિડ્) Unfit for. નિરૂપયોગી.2.Improper. નાલાયક, અઘટિત; અયોગ્ય; યુક્ત.

Unsullied, *a.* (અનસ'લીડ્)Unspotted.નિર્દોષ; નિર્મલ.

Unsupporatable, *a.* (અનસપો'ર્ટબલ)That cannot be supported. અસહનીય; અસહ્ય;નહિં ખમી શકાય તેવું.

Unsurmoutnable, *a.* (અનસરમા'ઉન્ટબલ) That cannot be overcome. ઓળંગી શકાય નહિં એવું; દુસ્તર; અનિવાર્ય.

Unsurpassed,*a.*(અનસરપા'સ્ડ્)Unexcelled અપૂર્વ;અપ્રતિમ;જેનાથી બીજુ ચઢીયાતું નહિં હોય એવું.

Unsuspected, *a.* (અનસસ્પે'ક્ટિડ્) Sudden;not suspected.અણધાર્યું;શંકાહીન;સંશયરહિત.

Ususpecting,*a.* (અનસસ્પે'કિટંગ્)Confide reliant; credulous. નિખાલસ; ભરોસો રાખતું.

Unsuspicious, *a.* (અનસસ્પિ'શસ્) Undoubting; not entertaining any doubt or suspicion. અશંકી; અસંશયી; અકુતર્કી.

Unsymmetrical,*a* (અનસીમે'ટ્રિકલ)Wanting due proportion of parts. બેબંધ; બેડોળ પ્રમાણ વિનાનું; કદરૂપું.

Unsystematical, *a.* (અનસીસ્ટમૅ'ટિકલ) Not in due order. બેબંધ; અવ્યવસ્થિત.

Untainted, *a.* (અનટે,'ન્ટિડ) Not stained or tainted. ડાધ-કલંક વગરનું; નહિં બગડેલું.

Untamable, *a.* (અનટે,'મબલ) Ferocious; that cannot be domiciled. હેળી નહિં જાય; વશ નહિં થાય એવું.

Untame, *a.* (અનટે,'મ) Undomesticated; wild. જંગલી; નહિં પાળેલું.

Untarnished, *a.*(અનટા'રનિશ્ડ)Unspotted; clear; unstained. નિર્મળ; ચોખ્ખું; નિષ્કલંક.

Untaught, *a.* (અનટૉ'ટ) Ignorant. અભણ.

Unteachable, *a.* (અનટી'ચબલ) Such as cannot be taught.શિખવાય નહિં-શિખવી નહિં શકાય એવું; દુઃશિક્ષણીય.

Untenable, *a.* (અનટી'નબલ) Not tenable. અસ્થાપનીય. 2. Indefensible. સાબીત નહિં થઇ શકે એવું; ખોટું.

Untenanted, *a.* (અનટે'નન્ટિડ) Tenantless. ભાડૂત વગરનું. 2. Desolate. ઉજ્જડ; વેરાન; નિર્જન; સુનું.

Unthankful, *a.* (અનથૅ'ન્કફૂલ)Ungrateful. કૃતઘ્ન; અકૃતજ્ઞ; ઉપકારને બદલે અપકાર કરે એવું

Unthankfulness, *n.*(અનથૅ'ન્કફૂલનિસ) Ingratitude. કૃતઘ્નતા; નિમકહરામતા.

Unthinking, *a.* (અનથી'ન્કીંન્ગ) Thoughtless. અવિચારી; વિવેકહીન.

Unthoughtof, *a.*(અનથૉ'ટઑવ)Unexpected, sudden; accidental. અકસ્માત થયેલું;આકસ્મિક.

Untidy, *a.* (અનટા'ઇડી) Not neat and clean. ગંદું; મેલું.

Untie, *vt.* (અનટા'ય) To loosen. ઢીલું કરવું.

Until, *adv.*(અનટિ'લ)So long as.........not; till; upto. લગણ; જ્યાં સુધી-ત્યાં સુધી.

Untilled, *a.* (અનટિ'લ્ડ) Uncultivated. પડતર-નહિં ખેડાયલી (જમીન).

Untime, *n.* (અનટા'ઇમ)Improper time or occasion. કવેળા; કવખત,

Untimely, *adv.* (અનટા'ઇમલી) Done at the improper time; inopportune. કવખતનું; અકાલીન, કવેળાનું.

Untiring, *a.* (અનટા'યરીંન્ગ) Indefatigable; incessantly busy or working. અશ્રાંત; થાકી ન જાય એવું.

Unto, *prep.* (અ'નટુ) Till; until. પર્યંત;જ્યાં સુધી-લગી; પર્યંત. 2. To. લગી; સુધી.*conj.*Till; until. જ્યાં સુધી; લગી.

Untouched, *a.* (અનટ'ચ્ડ) Not touched. નહિં અડકેલું. 2. Not moved to compassion. અસર નહિં થઇ હોય એવું.

Untoward, untractable, *a.* (અનટૉ'વર્ડ-અનટ્રૅ'કટબલ) Perverse; forward. હઠીલું; આડું. 2. Difficult; inconv[enient.] અઘરું; અગવડ ભરેલું.

Untrained, *a.* (અનટ્રે',ન્ડ) Not p[roperly] trained or prepared to dischar[ge the] duties of a particular office. નહિં કે[ળવાયેલું;] અભણ.

Untrue, *a.* (અનટ્રુ) Fictitious; no[t true.] ખોટું; જુઠું; અસત્ય. 2. Treacherous; de[ceitful;] breaking one's promise. નિમકહરામ; શબ્દ તોડે એવું; બેવફા.

Untruism, *n.* (અનટ્રુ'ઈઝમ) What [is not] a universal truth. અસત્ય; હમેશાં [સત્ય નહિં] હોય એવું કથન.

Untrust, *n.* (અનટ્ર'સ્ટ)Want of conf[idence.] અવિશ્વાસ; ભરોસો નહિં હોવો તે.

Untruth, *n.* (અનટ્રુ'થ) Lie; fal[sehood.] જુઠાણું; અસત્ય.

Untwine, *vt.*(અનટ્વા'ઇન)To untwi[st.]

Unused, *a.* (અનયૂ'ઝડ) Not habitu[ally] used. નહિં વપરાએલું-મ્હાવરા વગરનું.

Unusual, *a.* (અનયૂ'શ્અલ) Extraor[dinary;] not happening every day. અપૂર્વ; અ[સાધારણ;] હમેશા નહિં બનતું-થતું એવું.

Unutterable, *a.* (અનઅ'ટરબલ) [Un]speakable. બોલાય નહિં-કહી નહિં શક[ાય એવું.]

Unvanquished, *a.* (અનવૅ'ન્કવીશ્ડ) [Unde]feated; unsubdued. અજીત; વશ નહિ[ં થયેલું;] અપરાજીત.

Unvalued, *a.* (અનવૅ'લ્યુડ) Inv[aluable;] valueless. અમૂલ્ય; કીંમત વગરનું. 2[. Not] appreciated. કદર નહિં થયેલું.

Unvaried, *a.* (અનવે'રિડ) Unch[anged;] monotonous. નહિં બદલાએલું; એક સરખુ[ં; ફેરફાર] વિક રહિત.

Unvarying, *a.* (અનવે',રીઇંગ) Mono[tonous;] not changing; without variety. [એ]કરૂપ; સરખું.

Unvariable, *a.* (અનવે'રિઅબલ)Inv[ariable;] not changing. નહિં બદલાતું; હમે[શા] સરખું રહેતું.

Unveil, *vt.* (અનવે,'લ) To uncove[r.] ખોલવો; ખુલ્લું મુકવું.

Unversed, *a.*(અનવ'ર્સ્ડ)Unskilful;i[gnorant;] unknowing. અજ્ઞાન; અનિપુણ; અપ્રવી[ણ.]

Unvisible, *a.*(અનવિ'ઝિબલ)Not perc[eived] by the eyes. અદૃશ્ય; નહિં દેખાતું.

Unvitiated, *a.*(અનવી'શિએટિડ)Not [im]pure. પવિત્ર; અદૂષિત; અભ્રષ્ટ; નહિં બ[ગડેલું.]

Unwariness, *n.* (અનવે'રિનિસ) W[ant of] caution; carelessness અસાવધપણું; [...] પ્રમાદ.

Unwarlike, *a.* (અનવૉ'રલાઇક્) Effeminate; unmanly. નિર્વીર્ય; વીર્યહીન; લઢાઇને માટે અયોગ્ય. 2. Peace-loving. શાંતિપ્રિય.

Unwarned, *a.* (અનવૉ'ર્ન્ડ્) Not cautioned or warned. સૂચના નહિં આપેલું; અણચેતવ્યું; સૂચના નહિં મળેલું.

Unwarped, *a.* (અનવૉ'ર્પ્ડ્) Unbiassed; impartial. નિષ્પક્ષપાતી; સમપક્ષી.

Unwarrantable, *a.* (અનવૉ'રન્ટબલ્) Unjust; indefensible. અનુચિત; અયોગ્ય; ગેરવાજબી.

Unwarranted, *a.* (અનવૉ'રન્ટિડ્) Not guaranteed as to quality. ખાત્રી નહિં આપેલું. 2. Improper; not justifiable by the facts of the case. ગેરવાજબી; અનુચિત; સાબીતી વગરનું.

Unwearied, *a.* (અનવી'અરીડ્)Not fatigued or exhausted. નહિં થાકેલું; પરિશ્રમી; મેહનત કરતું.

Unwary, *a.* (અનવે,'રી) Incautious. ગાફેલ; અસાવધાન; અસાવધ; બેભાન.

Unwavering, *a.* (અનવે,'વરિંગ્) Firm; not hesitating; resolved. દૃઢ; નિશ્ચયી; અડગ; નિશ્ચિત.

Unweaned, *a.* (અનવિ'ન્ડ્) Suckling. ધાવતું; માનું દૂધ પીતું.

Unweave, *vt.* (અનવી'વ્)To undo or unfold. ઉકેલી નાંખવું.

Unweighed, *a.* (અનવે,'ડ્) Not weighed. વજન નહિં કરેલું. 2. Not deliberately considered and examined. બરાબર નહિં વિચારેલું.

Unwelcome, *a.* (અનવે'લકમ્) Not pleasing or welcome; not well received. નાખુશ કરે એવું; નાખુશીથી ભરેલું; અનિષ્ટ.

Unwell, *a.* (અનવે'લ્) Indisposed. અસ્વસ્થ; તબીયત બગડેલું

Unwholesome, *a.* (અનહો,'લસમ્) Insalubrious; not good (for moral or physical well-being). માઠું; અલાભકારક; રોગકારક; રોગિષ્ટ; રોગી.

Unwieldy, *a* (અનવી'લ્ડી)Bulky; ponderous. ઘણી મુશ્કેલીથી ઉંચકાય એવું; ઘણુંજ ભારે; સ્થૂલ.

Unwilling, *a.* (અનવિ'લીંગ્) Not ready to do; not willing. નાખુશ.

Unwillingly, *adv.* (અનવિ'લીંગ્લી) Not in a willing manner. નાખુશીથી.

Unwillingness, *n.* (અનવિ'લીંગનિસ્) The state of not being ready or willing to do. ગેરખુશી; અસંતોષ; કષ્ટ; શ્રમ; કંટાળો.

Unwind, *vt.* (અનવા'ઇન્ડ્) To untwist or wind off. વીંટાળેલું ઉકેલી નાખવું. 2. To unravel or disentangle. છોડવું. *vi.* To be unwound. ની ગુંચ છુટવી; ઉકેલવું.

Unwise, *a.* (અનવા'ઇઝ્) Indiscreet; not well-advised; not wise. અણસમજુ; અજ્ઞાન; ડહાપણ વગરનું; અવિચારી.

Unwisdom, *n.* (અનવિ'ઝડમ્) Ignorance; folly. મૂર્ખતા; અવિચાર; અજ્ઞાનતા; ભોળાપણું.

Unwitty, *a.* (અનવિ'ટિ) Wanting humour or wit. અવિનોદી; જડ; ભુસો.

Unwonted, *a.* (અનવો,'ન્ટિડ્) Unused; unaccustomed. મહાવરા વગરનું. 2. Unusual; uncommon. અપૂર્વ; અસાધારણ.

Unworthiness, *a.* (અનવ'ર્ધિનિસ્) Worthlessness. અયોગ્યતા; નાલાયકી, બીનલાયકાત.

Unworthy, *a.* (અનવ'ર્ધી) Worthless; mean. નાલાયક; બીનલાયક અઘટિત; અણઘટતું.

Unwritten, *a.* (અનરિ'ટન્)Oral; not written. નહિં લખેલું; મ્હોડાનું. Blank. કોરૂં.

Unyielding, *a.* (અનયી'લ્ડીંગ્) Obstinate; stubborn. જીદ્દી; મમતી; હઠીલું; અડીએલ.

Unyoke, *vt.* (અનયો,'ક્)To free or loosen from a yoke. ધુસરીએથી છોડવું; છોડવું. 2. To release from a responsibility. છુટું કરવું.

Up, *adv.* (અપ્) On high; above; aloft. ઉંચે; ઉપર. 2. Not short of. જેટલું પર્યંત; સુધી. 3. Wholly; completely; quite. સંપૂર્ણ; બધું; આખું; પૂરેપૂરૂં. 4. Aside. દૂર; વેગળું. **It is all up with him** = He is ruined, lost or dead. એ મરી ગયો છે; એની પાયમાલી થઈ છે. **The time is up**=વખત થઈ ગયો છે. **To be up to**= To be competent for or equal to. લાયક-યોગ્ય-બરોબર હોવું. **To blow up**=To expand or inflate. ઉપસાવવું; ફૂલાવવું. *prep.* From a lower to higher place. ઉપર. 2. From the mouth towards the source of. મુખથી મૂળ તરફ. **Ups and downs** = ચડતી પડતી.

Upbear, *vt.* (અપ્બે,'ર)To lift up; to raise aloft. ઉંચું કરવું.

Upbraid, *vt.* (અપ્બ્રે,'ડ્) To reproach or revile. દોષ મુકવો; ઠપકો દેવો. 2. To treat with contempt. ધમકાવવું; ઝાટકવું; તિરસ્કાર કરવો.

Upbraiding = Reproof or reproach. નિંદા; ધમકી; ઠપકો; દોષ.

Upbreathe, *vi.* (અપ્બ્રી'ધ્) To exhale. શ્વાસ બહાર કાઢવો.

Upheaval, *n.* (અપ્હી'વલ્)A lifting up of a portion of the earth's crust. ઉછાળો; ખળભળાટ. 2. Agitation; tumult; revolution. ખળભળાટ; ક્રાંતિ; ઉત્ક્ષેપ.

Uphill, *a.* (અ'પ્હિલ્)Upward (said of roads &c.) ઉંચે. 2. Ascending or difficult. કઠણ; દુર્ઘટ; ઉંચું; અઘરૂં.

Uphoard, *vt.* (અપ્હો,'ર્ડ્) To hoard up; to store up. સંગ્રહ-સંચય-એકઠું કરવું.

Uphold, *vt.* (અપ્હો,'લ્ડ્) To elevate or hold up.ઉંચકવું;ઉંચકી ધરી રાખવું.2.To support, sustain, defend &c.આશ્રય-ટેકો-આપવો;નભાવી-ટકાવી રાખવું; કાયમ-બહાલ રાખવું.

Upholder,*n.*(અપ્હો,'લ્ડર્)One who upholds; a supporter or defender. આશ્રયદાતા;કોઇપણ સંસ્થા વગેરે ટકાવી-નભાવી રાખનાર માણસ. 2. A provider for funerals. મરણક્રિયાનો સામાન પૂરો પાડનાર.

Upholster, *n.* (અપહો',લ્સ્ટર્) A broker. દલાલ. *vt.* To furnish somebody with upholstery. ઘરના પડદા, ફરનીચર વગેરે પૂરાં પાડવાં.

Upholsterer, *n.* (અપહો' લ્સ્ટરર્) A dealer in upholstery. ઘરના પડદા, બીછાનાં, તકીયા વગેરે સામાન પૂરો પાડનાર.

Upholstery, *n.* (અપહો',લ્સ્ટરિ) Articles like bedding, tapestry, curtains, furniture &c. required for setting up a new home. ગાદી, તકીયા, બીછાનાં, પડદા વગેરે, નવું ઘર માંડવા માટે જોઇતું સામાન.

Uplift, *vt.* (અપલિ'ફ્ટ્) To raise or lift up. (physically, mentally, morally or spiritually). શારીરિક; માનસિક અથવા આત્મિક ઉન્નતિ કરવી-પ્રગતિ કરાવવી; ઉચકવું; ઉંચું કરવું.

Uplook, *vt.* (અપલુ'ક્) To lift up one's eyes to. ઉપર જોવું.

Uplock, *vt.* (અપલૉ'ક્) To lock up.તાળું દેવું.

Upmost, *a.* (અ'પમો,સ્ટ્) Topmost; highest. ઉંચામાં ઉંચું; આખેરનું.

Upon, *prep.* (અપૉ'ન્) On. ઉપરથી-ઉપર. **To assume upon** (in law.)=વચન આપવું; કબુલ કરવું; માથે લેવું.

Upper, *a.* (અ'પર્) Superior; higher. શ્રેષ્ઠ; ઉપલું; પ્રધાન; મુખ્ય. **Upper world**,=1. ઉપલું વાતાવરણ. 2. સ્વર્ગ. **To have or get the upper hand**=To get ascendency or superiority over. ની ઉપર જીત મેળવવી; વધારે ચાલવું.

Uppermost,=Highest; most superior. બધા કરતાં ઉંચું; ચઢીઆતું.

Uppish, *a*, (અ'પિશ્) Arrogant; proud. મગરૂબ; મગરૂર; ગર્વિષ્ઠ.

Upraise, or uprear, *vt.* (અપરે,'ઝ-અપરીર્) To erect or raise. ઉંચુ, ઉભું કરવું.

Upright, *a.* (અ'પ્રાઇટ્) Pointing upward; perpendicular. ટટાર; સીધું; ઉભું. 2. Just; honest. ન્યાયી; નેક; પ્રમાણિક.

Uprightly,*adv.*(અ'પરાઈટલિ)In an upright manner. ન્યાયની રીતે; પ્રમાણિકપણે.

Uprightness, *n.* (અ'પ્રાઇટનિસ્) The state or quality of being upright.પ્રામાણિકપણું; ન્યાય; નેકી; ન્યાયીપણું.

Uprise, *vi.* (અપરા'ઇઝ્) To get up or rise up. ઉઠવું; ઉભું થવું.

Uproar, *n.* (અ'પ્રો,ર) Disturbance; tumult. કોલાહલ; ઘોંઘાટ, શોરબકોર.

Uproarious, *a.* (અપ્રો'રિઅસ્) Noisy; tumultuous. ગડબડવાળું; ઘોંઘાટ કરતું.

Uprun, *vt.* (અપર'ન્) To mount up or ascend. ની ઉપર ચઢવું.

Uprush, *vt.* (અપ્ર'શ્) To rush upwards. ઉપર ધસારો કરવો.-*n.* (અ'-). ધસારો.

Upset, *vt.* (અપ્સે'ટ્)To overturn. ઉંધું વાળવું; ઉથલાવવું. 2. To set up. સીધું-ઉભું મુકવું. *vi.* To become upset. વ્યર્થ થવું; ઉંધું વળવું. *n.* A revolution;an overturning.પરિવર્ત્તન;પર્યાસ.

Upshot, *n.* (અ'પ્શૉટ) End; result; finale. છેવટ; અંત; પરિણામ.

Upside-down, *adv.* (અ'પ્સાઇડડાઉન્) Topsy-turvy; the lowest side uppermost. ઉલટપાલટ; ઉલટાસુલટી.

Upspear, *vt.* (અપ્સ્પી'અર્) To grow like a spear. ભાલાની પેઠે ઉગવું.

Upspring, *vi.*(અપ્સ્પ્રી'ન્ગ્) To spring up. ઉગવું; નીકળી આવવું. *n.* A leap in the air. છલંગ; કુદકો. 2. An upstart. નવો-તાજો શ્રીમંત થયેલો માણસ; આગન્તુક; અલેલ.

Upstairs, *adv.* (અ'પ્સ્ટેઅર્સ્) On the next floor; up the stairs. મેડા ઉપર; મેડીએ; ઉપર.

Upstand, *vi.* (અપસ્ટૅ'ન્ડ્)To rise or stand up. ઉઠવું; ઉભા થવું.

Upstart, *n.*(અ'પસ્ટાર્ટ્)One who suddenly rises to wealth,power,position or consequence (generally without merits or deserts and by a mere freak of fortune);a parvenue. એકદમ ભાગ્યચક્ર ફરવાથી એકાએક-શ્રીમંત-પૈસાદાર-હોદ્દાવાળો થયેલો માણસ; અલેલ; આજકાલનો. *a.* Suddenly become wealthy or influential &c. એકાએક પૈસાદાર અથવા હોદ્દાવાળું થયેલું. આગન્તુક.*vt.* To spring up or start suddenly into prominence, wealth &c. એકદમ નીકળી આવવું; એકદમ પૈસાદાર વગેરે થવું.

Upstir,*n.*(અ'પસ્ટર્)Disturbance;insurrection; tumult. હુલ્લડ; તોફાન; દંગો; બળવો; બંડ.

Upswell, *vi.* (અપસ્વે'લ્) To rise up or swell. સુજવું; સોજો આવવો-ચઢવો.

Upthrow, *vt.*(અપથ્રો,')To throw up. ફેંકી દેવું.

Upthunder, *vi.* (અપથ'ન્ડર્) To make a thundering noise. ગર્જનાની પેઠે અવાજ કરવો.

Upward, *adv.* (અ'પ્વર્ડ્) Upwards; towards a higher place. ઉપરની તરફ; ઉપર. 2. Towards God, heaven. ઈશ્વર, સ્વર્ગ તરફનું. *a.* Ascending; directed to a higher place. ચઢતું; ઉંચેનું; ઉપરનું.

Upwards of, *adv.* (અ'પવર્ડ્સ ઑ'વ્) Above; more than. અધિક; ઉપરાંત; કરતાં વધારે.

Uranography, *n.* (યુરનૉ'ગ્રફિ) The description of heavenly bodies &c. આકાશ વર્ણન. [Gr. *uranos,* heaven & *grapho,* I write.]

Uranus, *n.* (યૂ'રનસ્) The name of the planet farthest from the sun. યુરેનસ નામનો એક ગ્રહ (સૂર્યમાલિકાથી દૂરમાં દૂર.)

Urban, *a.* (અ'ર્બન્) Belonging to or of a town or city. (as opposed to *rural*). નાગરિક; શહેરી. 2. Courteous; elegant in manners; polite. સુસભ્ય; નમ્ર; સુજન. [L. *urbanus.*]

Urbane, *a.* (અરબે'ન્) Suave; polite; courteous; elegant in manners. સભ્ય; વિનયશીલ; વિવેકી.

Urbanity, *n.* (અરબૅ'નિટિ) Refinement; politeness; polished manners. ભલમનસાઈ; માણસાઈ; સુજનતા; સુશીલતા; વિવેક; સભ્યતા; વિનયશીલપણું; મર્યાદાશીલપણું.

Urbanize, *vt.* (અ'રબનાઇઝ્) To polish or refine; to teach elegant manners. ને સારા સંસ્કાર આપવા; ને સુધારવું-શિષ્ટ કરવું.

Urchin, *n.* (અ'ર્ચિન્) A child or small boy (used in contempt or joke). છોકરું; પોયરો.

Ureter, *n.* (યુરિ'ટર્) The tube leading out from the bladder. મૂત્રાશયની નળી.

Urethra, *n.* (યુરિ'થ્રા) The urinary canal. પિશાબની નળી.

Urge, *vt.* (અર્જ્) To insist upon; to press. નો આગ્રહ કરવો; ખેંચતાણ કરવી.2.To provoke; to lead to. ચડાવવું; ઉશ્કેરવું. *vi.* To insist. આગ્રહ કરવો.

Urgency, *n.* (અ'ર્જન્સી)Importunity;state of being urgent or requiring immediate performance. જરુર; અગત્ય.

Urgently, *adv.* (અ'ર્જન્ટલી) Immediately; pressing. તાકીદે; અગત્યે કરી.

Urgent, *a.* (અ'ર્જન્ટ્) Calling for immediate action; pressing. અગત્યનું; જરુરી.

Urinal, *n.* (યુ'રિનલ્)A place where urine is made;place for making water.મુતરડી;મોરી.

Urinary, *n.* (યુ'રિનરી) Pertaining to or about the urine. મૂત્રસંબંધી. **Urinary affection**=મૂત્રદોષ;પ્રમેહ. *n.* A urinal.મુતરડી.

Urinate, *vt.* (યૂ'રિને,ટ્) To make water. પેશાબ કરવો; મુતરવું.

Urine, *n.* (યૂ'રિન) A watery excretion from the kidneys. લઘુશંકા; પેશાબ; મૂત્ર.

Urn, *n.* (અર્ન્) A vessel. વાસણ; લોટો; ચંબુ. 2. A liquid measure. પ્રવાહી પદાર્થો માપવાનું સાધન.

Ursa, *n.* (અ'ર્સા) The constellation which contains the pole-star. રીંછ જેવા આકારનું તારામંડળ.**Ursa major**=સપ્તર્ષિ.

Us, *prep.* (અસ્) Ourselves; the persons speaking. આપણને; અમને.

Usage, *n.* (યૂ'ઝિજ્) Custom; habit. ટેવ; ભાત; ચાલ; રીત.**Conventional usage**= રૂઢિ. **Family usage**=કુલાચાર.2. Method; custom. ધારો; ચાલ; રીવાજ.

Use, *n.* (યુસ્) Application; employment. ઉપયોગ; વાપર; ખપ. 2. Usefulness; utility. જરુરીયાત; ઉપયોગ. **Out of use**=પડી રહેલું; નકામું. *vt.* (યુઝ્) To employ or apply to some purpose.નો ઉપયોગ કરવો.2.To habituate; accustom. ટેવ-મહાવરો પાડવો.3. To practise. મહાવરો પાડવો. 4. To treat. સાથે વર્તન ચલાવવું; વર્તવું. **To use up**=To consume. વાપરી નાંખવું-ખપાવવું. *vi.* To be accustomed or habituated. ટેવ હોવી.

Useful,*a.*(યુ'સફુલ્)Advantageous;beneficial; affording service or utility. ખપનું; કામનું; ઉપયોગી; જરુરનું.

Usefulness, *n.* (યૂ'સફુલ્નિસ્) The act of affording service; utility. ઉપયોગીપણું; ખપ; કામ; જરુર.

Useless, *a.* (યુ'સલિસ્) Of no utility; of no service; unsuitable. નિરૂપયોગી; ખપમાં-કામમાં નહિ આવે એવું. 2. Worthless. નકામો; નાલાયક (માણસ). 3. Fruitless; unavailing. નિષ્ફળ; વ્યર્થ.

Usher, *n.* (અ'શર્)A servant or an officer who introduces other people at a ceremony; a door-keeper. દ્વારપાળ; છડીદાર; પ્રવેશક; ચોપદાર; નકીબ. 2. A lecturer. ઉપશિક્ષક; આસિસ્ટંટ માસ્તર. *vt.* To introduce or bring in. દાખલ કરવું.

Usual, *a.* (યૂ'ઝ્યુઅલ્) Customary;ordinary; common. સાધારણ; રીતમુજબ, હમેશ મુજબનું. **An usual**=હમેશ મુજબ.

Usually, *adv.*(યૂ'ઝ્યુઅલી) Customarily;commonly; ordinarily. સાધારણ રીતે; હમેશાં.

Usufruct, *n.* (યૂ'ઝ્યુફ્રક્ટ્) *In law,* the use and enjoyment of lands or tenements of others. ઉપભોગ; ભોગવટો.

Usurer, *n.* (યૂ'શ્યુરર) One who charges exorbitant interest for the use of his money; a money-lender. વ્યાજખાઉ; ધીરેલા પૈસા માટે કાબુલી વ્યાજ લેનાર.

Usurious, *a.* (યૂ'સ્યુરીઅસ્) Practising usury. કાબુલી વ્યાજ વસુલ કરતો; બહુજ વ્યાજ લેતો; વ્યાજ ખોરીયું.

Usurp, *vt.* (યુઝ'ર્પ્) To appropriate wrongfully; to seize and hold by force. બળાત્કારે છીનવી લેવું; પચાવી પાડવું.

Usurpation, *n.* (યુઝર્પે,'શન્) Wrongful appropriation. પચાવી પાડવું તે; છીનવી લેવું તે; બળાત્કાર; અપહરણ.

Usurper, *n.* (યુઝ'ર્પર) One who usurps. પચાવી પાડનાર માણસ; ઝુંટવી લેનાર માણસ.

Usury, *n.* (યુ'શ્યુરી) Exorbitant interest. ગેરવાજબી-કાબુલી વ્યાજ. 2. The profession of a money-lender. પૈસા ધીરવાનો ધંધો.

Utensil, *n.* (યુટે'ન્સિલ્) A vessel used for cooking purpose. રાંધવાના કામમાં વાપરવામાં આવતું વાસણ.

Uterine; *a.* (યુટ'રાયન્) Pertaining to the uterus. ગર્ભાશય સંબંધી.

Uterus, *n.* (યુટ'રસ્) The organ of the female where the embryo develops; the womb. ગર્ભાશય; ગર્ભસ્થાન.

Utilitarian, *a.* (યુટિલિટે',રિઅન્) Pertaining to utility. ઉપયોગી; ઉપયોગને લગતું; વધારેમાં વધારે સંખ્યાને સુખ મળે એવી નીતિ; સિદ્ધાંત સંબંધી.—*n.* એવો સિદ્ધાંત વધારેમાં ધરાવનાર. —°**ism** (યુટિલિટે'રિયનિઝમ્) નીતિ રીતિ વગેરે સર્વ બાબત તેના ઉપયોગીપણા પરથી સારી ને નરસી ઠરે એવો મત; વધારેમાં વધારે માણસો વગેરેને વધારેમાં વધારે સુખ મળે એવી નીતિ એજ ખરી નીતિ એવો મત; બહુદયવાદ; અધિકસુખવાદ.

Utility, *n.* (યુટિ'લિટિ) The state or quality of being useful. ઉપયોગિતા; ગુણ; ફાયદો; ઉપયોગ; ઉપયોગીપણું.

Utilize, *vt.* (યૂ'ટિલાઇઝ્) To put to use; to enjoy for some useful purpose. ને ઉપયોગમાં લેવું; ને કામે લગાડવું; કામમાં લેવું.

Utmost, *a.* (અ'ટમો,સ્ટ) Highest; best; greatest. બેહદ; અપરંપાર; ઘણુંજ. *n.* The greatest possible. બને તેટલું; પરાકાષ્ઠા.

Utopian, *a.* (યુટો',પિયન્) Impracticable; imaginary; ideal. માનસિક; કલ્પિત; અશક્ય. Utopian schemes & thoughts = શેખચલ્લી જેવા વિચારો.

Utter, *a.* (અ'ટર) Perfect; complete. સંપૂર્ણ; કેવળ. *vt.* To give utterance to; to speak. બોલવું; ઉચ્ચાર કરવો.

Utterable, *a.* (અ'ટરબલ્) That can be uttered. વચનીય; ઉચ્ચારણીય; કહી શકાય એવું.

Utterance, *n* (અ'ટરન્સ્) Style or fashion of speaking. બોલવાની ઢબ-રીત. 2. Speech; articulation. ઉચ્ચાર; ઉચ્ચારણ; વાણી.

Utterly, *adv.* (અ'ટરલિ) Totally; completely; fully. બીલકુલ.

Uttermost, *a.* (અ'ટરમો,સ્ટ) Utmost; extreme. છેવટનું; બેહદ; આખરનું. *n.* The utmost. પરાકાષ્ઠા.

Uvula, *n* (યૂ'વ્યુલ) The soft fleshy body which hangs from the palate. પડજીભ; લાળી; કાકડો.

Uxorious, *a.* (અક્સો'રિઅસ્) Hen-pecked; completely ruled or under the thumb of his wife. ભાર્યાસક્ત; સ્ત્રીવશ; બાયલો.

Uxoriousness, *n.* (અક્સો'રિયસનિસ્) The state of being henpecked or uxorious. સ્ત્રીવશપણું; બાયલાપણું; ભાર્યાસક્તિ.

V.

V, (વી) The twenty-second letter of the alphabet, is a vocal consonant and has the sound of વ્. અંગ્રેજી મૂલાક્ષરનો વીસમો અક્ષર છે અને એનો ઉચ્ચાર "વ્" થાય છે.

Vacancy, *n.* (વે'કન્સી) Empty space; an open or occupied space between bodies or things. શૂન્યતા; પોલાણ; ખાલી જગ્યા; પોલ; બાખો 2. An unoccupied office; a post unfilled. ખાલી પડેલી જગ્યા. Emptiness. શૂન્યતા; પોકળતા.

Vacant, *a.* (વે,'કન્ટ) Not filled by an incumbent. ખાલી. 2. Empty of thought. સુનકાર; ખાલી; વિચાર વગરનું. 3. Empty; not filled. સુનું; ઠાલું; શૂન્ય; ખાલી. [L. *vaco*, I am empty.]

Vacate, *vt.* (વેકે,'ટ્) To leave empty; to quit possession or occupancy of. છોડવું; ખાલી કરવું; છોડીને ચાલ્યા જવું.

Vacation, *n.* (વેકે,'શન્) The days of leave between two terms in a school or college. છુટી; રજા; વેકેશન્ 2. (*Law*), An intermission in judicial proceedings; recess. વિશ્રામકાળ; રજા.

Vaccinate, *vt.* (વૅ'ક્સિને,ટ્) To inoculate with cowpox. સૈયડ-શીતળા-બળીયા કાઢવા.

Vaccination, *n.* (વૅ'ક્સિને,'શન્) Inoculation with cowpox. સૈયડ; શીતળા કાઢવા તે.

Vaccinator, *n.* (વૅક્સિને,'ટર) Inoculator. સૈયડ, શીળી કાઢનાર.

Vaccine, *n.*(વૅ'ક્સિન્)Pertaining to cows. ગવ્ય; ગાયનું.2.The lymph used in vaccination. ગાયનો ચેપ.

Vacillate, *vi.* (વૅ'સિલે,ટ્) To stagger or reel; to move this way and that. આમતેમ ફરવું; લથડવું; ઝોકા ખાવા. 2.To waver; to be unsteady or inconstant;to fluctuate in mind or opinion.વિચાર ફેરવવો;ઢચુપચુ હોવું; અચકાવું.

Vacillating, *a.* (વૅ'સિલે,ટિંગ્)Inclined to fluctuate in mind; wavering. ધોરણ વગરનું; અદૃઢ; ઢચુપચુ.

Vacillation, *n.* (વૅસિલે,'શન્)The act of wavering. અસ્થિરતા; અદૃઢતા; ઢચુપચુપણું; સંકલ્પવિકલ્પ; અનિશ્ચય.

Vacuum, vacuity,*n.* (વૅ'ક્યુઅમ્-વૅક્યૂ'ઇટી) Space; void; emptiness; vacancy. અવકાશ; શૂન્યતા; ખાલીપણું; ખાલી જગ્યા.

Vacuous, *a.* (વૅ'ક્યુઅસ્) Void of anything; empty; vacant. ખાલી; શૂન્ય.

Vademicum, *n.* (વૅ'ડીમિકમ્) A manual or handbook. ન્હાનું પુસ્તક, ચોપડી.

Vagabond, *n.* (વૅ'ગેબૉન્ડ્) A scamp; a wanderer;a vagrant. વંઠેલ;ભટકનાર; રખડનાર. *a* Having no fixed habitation; wandering. ભમ્યા કરવું; રખડવું; ભટકવું [L.*vago*,I wander.]

Vagary, *n.* (વે,'ગરી) A fancy;a freak of imagination; a whim. ભ્રમ;વિભ્રમ;લેહર;તરંગ

Vagabondage, *n.* (વેગૅબૉન્ડિજ્) The state of a vagabond. લુંટ; લુટવું તે.

Vagina, *n.*(વૅજા'ઇના)The canal of females leading inwards to the womb. યોનિ.

Vagrancy, *n.* (વે,'ગ્રન્સી) The state of being a vagrant; the life and conduct of wandering beggars;the habit of wandering purposelessly. ભટકવાની-રઝળવાની ટેવ;ભટકનાર, રખડેલ હોવું તે.

Vagrant, *n.* (વે,'ગ્રન્ટ્) A wanderer; a strolling-beggar.રખડનાર-રઝળનાર;રખડેલ ભીખારી.*a.*Given to wandering.રઝળનાર;ભટકવું;વંઠેલ.

Vague,*a.*(વે,'ગ્)Hazy; uncertain; doubtful. અનિશ્ચિત; જેનો અર્થ અથવા ભાવાર્થ નક્કી નહિં કરી શકાય એવું; અધ્ધર.

Vail, *n.* (વે,'લ્) Avail; casual advantage; return; profit. ફાયદો-લાભ-નફો; અણધાર્યો ઓચિંતો લાભ.*vt.*To avail; to be of use or advantage. કામ લાગવું; ખપ આવવું. *vi.* To yield.ને જગ્યા આપવી.

Vain, *a.* (વે,'ન્) Light-minded; conceited; proud of petty things or trifling achievements; having an unduly high idea of one's attainments &c. બડાઇખોર; ડંફાસ મારનાર;ફંફો રાખનાર. 2. Worthless; empty; void.મિથ્યા; પોકળ;નકામું;ખાલી;નિરર્થક.3.False;unsubstantial જુઠું;ખોટું;બનાવટી. **In vain**=To no purpose. ફોકટ; નાહક; અમથું; નકામું; વ્યર્થ; વૃથા.

Vain-glorious, *a* (વે,ન-ગ્લૉ'રિઅસ્) Bragging; boastful. ગુમાની; બડાઇખોર; પતરાજીયું; શેખીખોર; અહંકારી; બડાઇખોર.

Vain-glory,*n.*(વે,ન-ગ્લૉ'રી)Undue exaltation;tendency to unduly exalt one's self or one's own performances. બડાઈ;ડંફાસ;શેખી.

Vainly, *a.* (વે,'નલી) Ineffectually;in vain. નિરર્થક રીતે; મિથ્યા.

Vainness, *n.* (વે,'નનિસ્) The state of vanity. શેખી; બડાઇ; ખોટો;ડોળ; મિથ્યાભિમાન.

Vale, *n.* (વે,'લ્) A valley. ખીણ બે પહાડ-ટેકરા વચ્ચેની જગ્યા. 2. A channel. કનાલ.

Valediction, *n.* (વૅલીડિ'ક્શન્) A bidding farewell. છેલ્લી સલામ. [L. *vale*, farewell & *dico*, I say].

Valedictory, *a.* (વૅલીડિ'ક્ટરી) Bidding farewell; pertaining to leave-taking. છેલ્લી સલામ વિષે; રજા લેવું.

Valet, *n.* (વૅ'લિટ્) A personal attendant. ખિદમતગાર; હુજુરીઓ. 2. A goad. પરોણી;આર.

Valetudinarian, valetudinary, *a.* (વૅલિટયૂડિને'રિઅન્-વૅલેટ્યુ'ડિનરી)In a poor state of health; infirm; sickly. રોગીયું; રોગિષ્ઠ. *n.* A sickly person. સદારોગી માણસ.

Valiant, *a.* (વૅ'લિઅન્ટ્) Heroic; brave; intrepid; courageous. બહાદુર; પરાક્રમી; જબરો; હિમ્મતવાન; ધૈર્યવાન. 2. Bravely conducted; performed with valour (as an action &c.) મરદાનીનું; હિંમ્મતનું; બહાદુરીથી. [L. *valeo*, I am strong].

Valid, *a.* (વે'લિડ્) Good; sound, tenable. ખરૂં; વાજબી; વાસ્તવિક. 2. Powerful; strong. સારૂં;બળવાન મજબુત.3.Having legal strength or force; enforceable as law.કાયદેસર; પાકું.

Validity, *n.*(વૅલિ'ડિટી) The state of being valid. વાસ્તવિકપણું; વાજબીપણું; ખરાપણું; કાયદેસરપણું; પાકાપણું.

Valise, *n.*(વૅલા'ઇઝ્)A travelling hand-bag. મુસાફરીનાં લુગડાં ભરવા સારુ ચામડાની હેંન્ડ-બૅગ-પોર્ટમૅન્ટો.

Vallation, *n.* (વૅલે,'શન્) Intrenchment, rampart. કિલ્લાની ભીંત.

Valley, *n.* (વૅ'લી)The low-land between two mountains; a plateau. ખો; ખીણ.

Valorous, *n.* (વૅ'લરસ્)Courageous;brave; intrepid. શૂરવીર; બહાદુર; હિંમતવાન; મર્દ.

Valour, *n.*(वॅलर्) Prowess in war; personal bravery; courage; intrepedity. હિમ્મત;બહાદુરી; શુરાતન; પરાક્રમ.[L.*valeo*, I am strong.]

Valuable, *a.* (वॅल्युअबल्) Precious;costly; estimable; worthy. મૂલ્યવાન; કિમતી; ભારે; વખાણવા-કદર કરવા લાયક (ગુણ વગેરે).

Valuation,*n.* (वॅल्युए,'शन्)Appraisement; the art or act of setting a price upon. ની કિમત આંકવી તે-આંકવાની ક્રિયા-હુન્નર વગેરે; નિરૂપણ;આંકણી.2. Estimated worth or value. (આંકેલી) કિંમત, મૂલ્ય, મુલ.

Value, *n.* (वेल्यु) Price; cost. મૂલ્ય; કિંમત. 2. Excellence; worth. ગુણ; ઉપયોગ;ફાયદેમંદપણું. 3. Regard; esteem. માન; ગણના; વજન; લેખું; ભાર, ભુજ; દરકાર. *vt.* To set a price upon; to estimate the worth of. કિંમત-(મુલ) આંકવી-ઠરાવવી; મૂલ્ય કરવું 2. To hold in high esteem; to prize.ની કિંમત વધારવી; વધારે કિંમતી લેખવું.

Valued,*a.*(वॅ'ल्युड) Prized; esteemed;highly regarded. કિંમતી મૂલ્યવાન; પૂજ્ય.

Valueless, *a.* (वॅल्युलिस्) Worthless; of no worth. નાલાયક; કોડીનું; નજીવું; દમ-માલ વગરનું; નકામું.

Valve, *n.* (वॅल्व्) A lid. જીભાળી; ઢાંકણું. 2. One of the leaves of a folding door. બે પડવાળા બારણાનું એક પડ.

Valvular, *a.* (वॅ'ल्व्युलर्) Having valves. જીભાળીવાળું; બે પડવ ળા બારણાવાળું.

Vampire, *n.* (वॅ'म्पायर्) A blood-sucking ghost. જીવતા પુરૂષનું લોહી ચુસી જનાર ભૂત.2.A vampire-bat.એક જાતની ચામાચીડ,છાપું. 3. An extortioner. લોકોનું લોહી ચુસી લેનાર માણસ (વ્યાજવટ્ટાનો ધંધો બહુજ વ્યાજ લઇને કરનાર માણસ) ફસાવનાર સ્ત્રી.

Vamp, *n.* (वॅम्प्) The upper leather of a boot or shoe for fashion. અંગુઠા આગળનો બુટનો ચકચકિત ભાગ.

Van, *n.* (वॅन्) A light goods wagon. માલ લઇ જવાની હલકી ગાડી. 2. A luggage-car of a railway. ગુડસ ગાડીનો ડબ્બો. 3. The leading line or the front of an army; the foremost portion or front of any movement. લશ્કરનો મોખરો; કોઇપણ ચળવળનો અગ્રગણ્ય ભાગ-આગળ પડતો ભાગ લેનાર માણસ.

Vandal, *n.* (वॅ'न्डल्) One who wilfully destroys any work of art. વિઘ્ન નાંખનારો; છેદન કરનાર; જંગલી; જડભરત.

Vandalic,*a.*(वॅन्डॅ'लिक्)Wilfully destructive; unnecessarily cruel; merciless (from the name of the **Vandals** a tribe who looted Rome and who were distinguished by these characteristics). અતિ ક્રૂર; ઘાતકી.

Vandalism,*n.*(वॅन्ड्'लिज़्म्)Wilful cruelty or destruction. અતિક્રૂરતા; ઘાતકીપણું; વિકાળતા.

Vandyke, *n.* (वॅ'न्डाइक्) A small collar. નાનો ગલપટો.

Vane, *n.* (वे,न्) A weather-cock or similar other device to show which way the wind blows. વાયુગતિદર્શક ફિરકી; મોર.

Vanguard, *n.* (वे'न्गार्ड) The advance guard or the leading line of an army. લશ્કરના મોખરાની ટુકડી.

Vanish, *vt.* (वॅ'निश्) To disappear;to go out of sight. અદૃશ્ય થવું; ઉડી જવું; જતા રહેવું; નજરમાંથી ગુપ્ત થઇ જવું. [L. *vanus*, empty.]

Vanity,*n* (वॅ'निटी)Conceit;pride;arrogance; emptiness. બડાઈ; ડંફાસ; ફાંકો; ખાલીપણું. [L. *vanus*, empty.]

Vanquish, *vt.* (वॅ'न्क्वीश्) To defeat; overwhelm or conquer. જીતવું; હરાવવું; પરાજીત કરવું. *n.* A kind of disease of the sheep. ઘેટાંનો એક જાતનો રોગ.

Vanquishable, *a.* (वॅ'न्क्वीशबल्) Conquerable; that can be defeated. જીતી શકાય-હરાવી શકાય એવું; જય્ય.

Vantage, *n.* (वॅ'न्टिज्) Advantage; gain; profit. લાભ; ફાયદો; નફો. **To have at vantage**=નો લાભ મેળવવો.

Vantage-ground, *n.* (वॅ'न्टिज्-ग्रा'उन्ड्) Superiority of position or place(especially in military tactics). ચઢીયાતી-કંઈ સામા કરતાં વધારે સારી જગ્યા; ગુણ થાય એવી જગ્યા.

Vapid, *a.* (वॅ'पिड्)Spiritless; dull; insipid. નીરસ; ફિકું; રસહીન; દમ-જીવ વિનાનું.

Vapidity, *n.* (वॅपि'डिटी) Dullness; spiritlessness. નીરસતા; રસહીનતા; નિઃસત્વતા.

Vaporation, *n.* (वॅपोरे,'शन्) Conversion into steam or vapour. વરાળના રૂપમાં ઉડી જવું તે.

Vaporous, *n.* (वे,'परस्) Full of having the form of steam or vapour. વરાળવાળું; વરાળના જેવું.

Vapoury, *a.* (वे,'परी) Full of steam or vapour. બાષ્પમય, રૂપ; બાફ-વરાળવાળું.

Vapour, *n.* (वे,'पर्) The gaseous state of a substance. વરાળ; બાફ. *vi.* To give out vapour. માંથી વરાળ, ધુમાડો નિકળવો. *vt.* To cause to emit vapour. વરાળરૂપે ઉરાડી દેવું.

Vapourer, *n.* (वे,'परर्) A boastful person; a braggart. ફુલણજી; બડાઇખોર; શેખીખોર.

Vaporise, *vt.* (વે,'પરાઇઝ્) To transform into the gaseous form. વરાળના રૂપમાં લાવવું; ની વરાળ કરવી. *vi.* To pass off in vapour. વરાળરૂપે ઉડી જવું.

Variable, *a.* (વે'રિઅબલ્) Changeable; alterable. જુદા પ્રકારનું થાય એવું; બદલાય એવું; બદલાય એવું. 2. Fickle; mutable. ચલિત; ચંચલ; પરિવર્તનશીલ; અનિત્ય. **Variable stars**=અસ્થાયી તારાઓ. *n.* An alterable thing. બદલી જાય એવો પદાર્થ.

Variableness, Variability, *n.* (વે'રિઅબલનિસ્, વેરિઅબિ'લિટી) The state or quality of being changeable or alterable. બદલાઇ જઈ શકે એવી સ્થિતિ, એવો ગુણ; ચંચળતા; અસ્થિરતા; અસ્થિરપણું.

Variance, *n.* (વે'રિઅન્સ્) Variation; disagreement; dissension; discord. ફેરફાર; ફરક; બેબનાવ; ફૂટ; અણબનાવ; વિરોધ; અણરાગ.

Variation, *n.* (વેરિએ,'શન્) Modification; alteration; the act of varying. ફરક; ફેરફાર; તફાવત. 2. The extent or degree of difference. ભિન્નતા; ફેર; તફાવત. 3. The change of the termination of words. રૂપાંતર; શબ્દમાં ફેરફાર.

Varicose, *a.* (વૅ'રિકો,સ્) Permanently and abnormally dilated. સદંતર મ્હોટું; પ્હોળુ થઇ ગએલું; અતિવિકસિત.

Variegate, *vt.* (વે'રિએગે,ટ્) To diversify in external appearance; to mark with different colours. ચિત્રવિચિત્ર-રંગબેરંગી-તરેહતરેહનું બનાવવું.

Variegated, *a.* (વે'રિએગેટિડ્) Marked with diverse colours. રંગબેરંગી; ચિત્રવિચિત્ર; તરેહતરેહનું.

Variegation, *n.* (વે'રિએગે,'શન્) Diversity of colours. રંગબેરંગીપણું; ચિત્રવિચિત્રપણું; તરેહતરેહનું હોવું તે.

Variety, *n.* (વેરા'ઇટી) Differentness; multifariousness; many-sidedness; diversity. તફાવત; ફેર; જુદાપણું; એકસરખાપણું ન હોવું તે. 2. A kind; sort; sub-species. જુદી જાત; પેટા જાત; ઉપજાત.

Variform, *a.* (વે'રિફૉર્મ) જુદી જાતનું, રંગનું, આકારનું.

Variorum, *a.* (વેરિઑ'રમ્) કોઈપણ પુસ્તકની આવૃત્તિ બહાર પાડવા માટે લેખકની લીધેલી મંજુરી.

Various, *a.* (વે'રિયસ્) Diverse; different; manifold; several. નાનાવિધ; જાતજાતનું; તરેહતરેહનું; જુદું જુદું.

Variously, *adv.* (વે'રિઅસ્લી) In various ways. જુદીજુદી રીતે.

Varlet, *n.* (વા'રલેટ્) A servant. ચાકર; નોકર. 2. A rogue; a base rascal. હરામખોર; ધુતારો; ઠગ.

Varletry, *n.* (વા'રલેટ્રી) The rabble; crowd. સમૂહ; ટોળું; જથ્થો.

Varnish, *n* (વા'રનિશ્) A viscous liquid generally mixed with oil and used in polishing furniture &c. વારનીશ; રોગાન. 2. A lustrous or glossy appearance. ચળકતો દેખાવ. 3. Outside show, gloss or polish. બહારનો ભપકો-દેખાવ-ડોળ-ટાપટીપ *vt.* To polish with; varnish. વારનિસ-રોગાન ચઢાવવું. 2. To whitewash or gloss over some defect &c. પર ઢાંકણ દેવું; ઢાંકવું. **V. tree**=એક જાતનું ઝાડ.

Varun, *n.* (વ'રુન્) The Neptune of the Indian mythology. વરૂણદેવ; દરિયાઇ દેવતા.

Varnisher, *n.* (વા'રનિશર્) One who varnishes furniture and other articles. ફરનીચરને પૉલીશ કરી સફાઇદાર બનાવનાર.

Varnishing, *n.* (વા'રનિશિન્ગ્) The act of applying varnish to furniture. રોગાન લગાડવું તે.

Vary, *vt.* (વે,'રી) To modify; to change the aspect of. તરેહમાં ફેરફાર કરવો. 2. To exchange or transform. રૂપાંતર કરવું; પલટવું; બદલવું. 3. To variegate or diversify. વિચિત્ર તરેહવાર, કરવું. *vi.* To change or alter. બદલાવું; બદલાઇ જવું. 2. To become different or to differ. થી જુદા પડવું-જુદા પ્રકારના હોવું. 3. To alternate. એકપછી એક આવવું. [L. *varius*, various.]

Vascular, *a.* (વૅ'સ્કયુલર્) Consisting of animal or vegetable vessels. રસવાહિનીથી ભરપુર; રસવાહિનીનું બનેલું; નાડી સંબંધી. [L. *vas*, a vessel.]

Vase, *n.* (વે,'સ્, વ્હાઝ્) An ornamental vessel of glass &c. used as a decoration. શોભીતુ-શોભા માટે રાખેલું વાસણ પ્યાલું.

Vaseline, *n.* (વૅ'સલિન્) એક જાતનો મલમ જેવો પદાર્થ.

Vassal, *n.* (વૅ'સલ્) A slave; a servant; a serf. નોકર; ચાકર; ગુલામ. 2. A feudatory. માંડલિક; જાગીરદાર; ખંડીયો. *vt.* To enslave. ગુલામ કરવું.

Vassalage, *n.* (વૅ'સલિજ્) Political slavery or want of liberty; enslavery. વશતા; તાબેદારી; ગુલામી; ખંડીયાપણું. 2. A territory held as a feudatory. માંડલિકનું સંસ્થાન; તાબાનો મુલક. 3. ખંડણી.

Vast, *a.* (વાસ્ટ્) Very large or spacious; immense; very great in force; mighty. વિસ્તારવાળું; વિશાળ; મોટું; અફાટ; ઘણા જોરવાળું; જબરૂં. 2. Very great in amount, number, bulk, importance &c. ભારે; બ્હોળું; ઘણું મોટું. [L. *vastus*, empty].

Vastly,*adv.* (વા'સ્ટ્લી) In a vast manner. અતિશય; બહુજ.

Vastness, *n.* (વા'સ્ટનિસ્) The state or quality of being vast. વિશાળતા; વિસ્તાર.

Vastation, *n.* (વૅસ્ટે,'શન્) Devastation; lying waste; depopulation. પાયમાલી; નાશ.

Vastity, *n.* (વૅ'સ્ટિટી) Vastness. વિસ્તાર; વિશાળતા.

Vat,*n.* (વૅટ્) A large tub; a wooden tank or cistern. કુંડું; મ્હોટું પીપ-ટાંકી; હોડકું. 2. A liquid measure. પ્રવાહી પદાર્થનું એક માપ.

Vaticide,*n.*(વૅ'ટિસાઈડ્)A prophet murderer; the murder of a prophet. પયગંબરનું ખુનખુન કરનાર. [L. *vates,* a prophet, and *cædo,* I kill].

Vaticinal, *a.* (વૅ'ટિસિનલ્) Prophetic.જેમાં ભવિષ્યવાણી રહેલી છે એવું;ભવિષ્યસુચક;ભવિષ્યદર્શક. **Vaticination**=ભવિષ્ય કહેવું તે.

Vault,*n.*(વૉલ્ટ્) An arched dome. કમાનવાળો ઘુમટ. 2. An underground cell. ભોંયરૂં; જમીન નીચેનો ઓરડો. 3. The canopy of the sky. આભ; આકાશ.

Vaulted,*a.*(વૉ'લ્ટિડ્)Covered with a vault; concave; arched.કમાનદાર;મહેરાબદાર;ઘુમટવાળું.

Vaulting, *n.*(વૉ'લ્ટિંગ)Tumbling; leaping. કુદવાની કસરત; કુદકા; ઠેકડાબાજી.

Vaunt, *vi.* (વૉન્ટ્)To talk with ostentation; to brag; to boast. બડાઈ મારવી; શેખી મારવી. *vt.*To boast of;to make a vain display of. ની બડાઇ-મોટાઇ-શેખી મારવી. *n.* A boast; a brag. ફિશયારી; બડાઈ; ડફાંસ; મ્હોટાઇ; શેખી; ફુલ. [L. *vanus,* empty].

Vauntingly, *adv.* (વૉ'ન્ટિન્ગ્લી) In a vaunting manner. બડાઇ-મોટાઇ-ફીશયારી-ડંફાસથી.

Veda, *n.* (વે'ડ) The scriptures of the ancient Hindus. હિંદુઓનું પવિત્ર શાસ્ત્ર; વેદ. *pl.* **Vedas.**

Veal, *n.* (વીલ્) The flesh of a dead calf. ગોવત્સમાંસ; વાછરડાંનું માંસ.

Veer, *vi.* (વીર્) To change the direction or alter the course of. ફરવું; દિશા બદલવી. *vt.* To alter the course of. (વહાણની) દિશા બદલવી;ને ફેરવવું.**To veer away or out**= to let out. મુકવું; છોડવું.

Vegetable, *a.* (વે'જીટબલ્) Comprising or pertaining to plants. છોડનું; છોડ વિષેનું; છોડ વિષેનું; છોડસંબંધી; શાકજન્ય.*n.*Plants used as food after cooking. શાકભાજી. 2. A plant. ભાજીપાલો; વનસ્પતિ; ઔષધી.

Vegetate, *vi.* (વે'જીટે,ટ્)To germinate or grow. ફણગા ફુટવા; ઉગવું. 2. To luxuriate; to grow in plenty.ફૂલવું-વધવું. 3. Be stationary or without ideas. નકામું સડવું. [L. *vegeto,* I enliven].

Vegetation, *n.* (વેજીટે,'શન્) Vegetables or plants collectively or in general.શાકભાજી; વનસ્પતિ; ઝાડપાન.2. The process of vegetating or growing. અંકુર-પીલો ફૂટવો તે;ઉગવું તે.

Vegetative, *a.* (વે'જીટે,ટિવ્) Promoting the growth of plants; growing. ઝાડપાનની વૃદ્ધિ કરે એવું; વર્ધમાન; વૃદ્ધિ પામતું; ઉગતું.

Vehemence, *n.* (વી'ઈમન્સ્) Fury;violence; boisterousness; impetuousness; farvour; ardour. જોર; વેગ; ઝપાટો; તડાકો; પ્રાબલ્ય;ઝનુન; શૂર; જોસ; જોર; આવેગ. [L. *veho,* I carry, & *mentis,* the mind].

Vehement, *a.* (વી'ઈમન્ટ્) Violent; very ardent; boisterous; eager. આવેશી; ઝનુની; આવેશમાં આવેલું; પ્રચંડ; ભારે;જબરૂં;વેગ-જોરવાળું.

Vehicle,*n.*(વી'ઇકલ્) A means of transport or conveyance as a carriage &c. વાહન; ગાડી;રથ. **Horse vehicle**=ઘોડાગાડી.**Man-vehicle**=પાલખી. 2. Medium; means of transmission or communication. સાધન; ઉપાય; મારફત.

Veil, *n.* (વેલ્) A curtain or cover.પડદો; આંતરો. 2. A screen for the face. બુરખો; ઘુમટો. 3. Disguise;mask; pretence; cover. વેશ; ઢાંકણ; પડદો. *vt.* To throw a veil over; to draw a curtain over.બુરખો નાંખવો;સંતાડવું; નજરથી દૂર કરવું.

Vein, *n.* (વેન્) A vessel in animal body which carry blood to the heart.નસ; નાડી; ધમની. 2. Disposition; cast of mind; particular mood; humour or temper for the time being.વૃત્તિ; મનોવૃત્તિ; ભાવ 3.A dike. નળી; સેર; નેર.

Veined,*a.*(વે'ન્ડ્)Full of veins; streaked; variegated. જુદાજુદા રંગોની રગો-ટસરો-દોરાથી રંગબેરંગી દેખાતું.

Veiny,*a.*(વે'ની) Full of veins. નસોથી ભરપુર.

Vellum, *n.* (વે'લમ) A polished fine parchment made of calf's skin.સૂક્ષ્મ ચર્મપત્ર; ઉંચી જાતનું ચામડું.

Velocipede, *n.* (વિલૉ'સિપિડ્) A light foot-propelled carriage.પગેથી ચલાવવાની ગાડી. [L. *velosis,* swift & *pedis,* foot.]

Velocity, *n.* (વેલૉ'સિટી) Rapidity; speed; swiftness. ઝડપ; વેગ; ત્વરા. 2. Speed or rate of motion. ગતિનો વેગ; વેગ; ગતિ. [L. *velosis,* swift.]

Velvet, *n* (વે'લ્વેટ્) A rich silk stuff covered on the outside with a close, short, fine, soft pile or nap. મખમલ. *a.* Made of velvet; soft and delicate like velvet. મખમલનું; મખમલ જેવું. [L. *villus*, shaggy hair.]

Velveteen, *n.* (વે'લ્વેટીન્) A kind of cloth. એક જાતનું ચકચકિત કપડું.

Velvety, *a.* (વે'લવેટી) Made of velvet; smooth and soft like velvet. મખમલનું-મખમલ જેવું.

Venal, *a.* (વી'નલ્) About veins. નસોનું; શિરાસંબંધી; વિષયક. [L. *vena*, a vein.]

Venal, *a.* (વી'નલ્) Mercenary; purchaseable; done with sordid motives. વેચણીયું; પૈસાની આશા રાખી કરેલું; લોભી.

Venality, *n.* (વેનૅ'લિટી) Mercenariness. લાંચલુચપત; લોભ; લાંચખોરી; પૈસા લઇને કામ કરવાની ચાલ.

Vend, *vt.* (વેન્ડ્) To sell to; to make a sale of. વેચવું; વેચાણ કo; વકરો કરવો; વેચી નાખવું.

Vendace. *n.* (વે'ન્ડેસ્) એક જાતની બ્રિટિશ સમુદ્રમાં મળી આવતી માછલી.

Vendee, *n.* (વેન્ડી') The buyer of a thing sold. ખરીદનાર.

Vender, vendor, *n.* (વે'ન્ડર્-વે'ન્ડર્) The seller of a thing. વેચનાર.

Vendue, *n.* (વે'ન્ડ્યુ) An auction or public sale. વેચાણ; લીલાંઉ; હરાજી.

Veneering, *n.* (વીની',રિંગ્) The act of one who veneers; the material laid on. પાટીયાં જડવાની ક્રિયા; ઉપર જડેલું કિમતી લાકડાનું પાટીયું.

Venerable, *a.* (વે'નરબલ્) Respectable; worthy of reverence; deserving respect from age and character; sacred on account of associations. પવિત્ર; પૂજ્ય; માનનીય; પુજનીય; માન્ય.

Venerate, *vt.* (વે'નરેટ્) To reverence; to hold in great respect or sacred; to hold in awe. પૂજ્ય-માનનીય ગણવું; પ્રત્યે પૂજ્યબુદ્ધિ ધરાવવી. [L. *venoror*, I worship.]

Veneration, *n.* (વેનરે.'શન્) Reverence; respect mingled with awe. પૂજ્યબુદ્ધિ; આદરબુદ્ધિ; માનનીય ગણવું તે.

Venerator, *n.* (વે'નરેટર્) One who reverences. પૂજ્ય ગણનાર.

Venereal, *a.* (વીની'રીઅલ્) About coition or sexual intercourse. મૈથુનસંબંધી; સ્ત્રીસંભોગ સંબંધી. 2. (Medicine). Proceeding from sexual intercourse. ગરમીથી થતું; ચાંદી-ટાંકીનું. 3. Adopted to the cure of sexual diseases. ગરમીના રોગ મટાડવાને કામ લાગતું. 4. Of copper. ત્રાંબાનું.

Venery, *n.* (વે'નરી) Sexual intercourse; coition. રતિસુખ; મૈથુન; સ્ત્રીસંભોગ; સંભોગ; સંગ. 2. Hunting. શિકાર. [L. *venus*, the goddess of l ove.]

Venesection, *n.* (વીનીસે'ક્શન્) Letting out of blood; opening a vein. શિરાચ્છેદ; નસ ખોલવી તે.

Venetian, *n.* (વેની'શ્યન્) A native of Venice. વેનીસવાસી. *a.* Pertaining to or of Venice વેનીસ સંબંધી. **Venetian blind**= વેનિસની ફરેરી પડદા.

Vengeance, *n.* (વે'ન્જન્સ્) Revenge; retaliation; retribution. સુડ; ખાર; કીનો; ઝેર; વેર. [L. *vindico*, I avenge.]

Vengeful, *a* (વે'ન્જફુલ્) Revengeful; vindictive. ખારીલું; ખુની; ઝેરીલું; કીનાખોર; વેર રાખતું.

Venial, *a.* (વી'નિયલ્) Excusable; that may be passed over; pardonable. માફ કરવા યોગ્ય-જેવું; નજીવો (અપરાધ)

Venison, *n.* (વે'નિસન-વે'નિઝન્) Flesh of the deer. મૃગમાંસ.

Venom, *n.* (વે'નમ્) Poison, deadly matter. ઝેર; વિષ; હાલાહલ. 2. Spite; ill-will; malice. કીનો; ઝેર; વેર.

Venomous, *a.* (વે'નમસ્) Poisonous. ઝેરી; વિષમય; પ્રાણઘાતક.

Venous, *a.* (વી'નસ્) About or pertaining to the veins. શિરાવિષયક; નસો સંબંધી. [L. *venu*, vein.]

Vent, *vt.* (વેન્ટ્) To give passage to; to emit; to let out; to make manifest. પ્રગટ-પ્રસિદ્ધ કરવું; બહાર કાઢવું; ઉભરો કાઢવો; કાણા-બાકામાંથી બહાર કાઢવું. *n.* An aperture or outlet. જ્હે; છિદ્ર; બાકું; બારી; માર્ગ; રસ્તો. 2. Utterance or expression. ઉદ્ગાર; પ્રગટ કરવું-બતાવવું-કહી દેવું તે.

Ventage, *n* (વે'ન્ટિજ્) A small hole. નાનું બાકું.

Vent-hole, *n.* (વે'ન્ટ-હો,લ) Touch-hole. તોપનો કાન.

Ventiduct, *n.* (વે'ન્ટિડક્ટ્) Ventilator. પવનનો રસ્તો; જાળીયું; બારી.

Ventilate, *vt.* (વે'ન્ટિલે,ટ્) To make free for the ingress and egress of air. પવનના આવજાવ માટે રસ્તો ખુલ્લો કરવો; પવન માટે માર્ગ કરવો. 2. To make public. પ્રસિદ્ધ-જાહેર કરવું.

Ventilation, *n.* (વેન્ટિલે,'શન્) A giving vent to. ઉભરો; ચર્ચા; ઉદ્ગાર; ઉચ્ચારણ 2. Free exposure to air. પવન આવે જાય તેમ કરવું; પવનની છુટ.

Ventral, *a.* (વે'ન્ટ્રલ્) Belonging or pertaining to belly. હોજરી સંબંધી.

Ventricle, *n* (વે'ન્ટ્રિકલ્) Stomach પેટ; હોજરી.

Ventriloquism, *n.* (વેન્ટ્રિ'લક્વિઝમ્) The art of the projection of sound from any place so as to make it appear to proceed from any other desired place. ગારૂડી, ચાળા, વાણી.

Venture, *n.* (વે'ન્ચર્) A risk; a hazard. જોખમ; સાહસ. 2. Accident; chance. અણધાર્યો બનાવ; નશીબ; સંભવ; દૈવ. *vt.* To dare; to hazard one's self. છાતી ચલાવવી; હીંમત ધરવી. 2. To bide one's time; to risk; to take one's chance. ઝોકાવવું; જોખમ માથે લેવું. **To on or upon**=To undertake some responsibility. કોઈપણ જોખમ ઉઠાવવાની–જોખમી કામ કરવાની હીંમત-છાતી કરવી; જોખમ ખેડવું.

Venturesome, venturous, *a* (વે'ન્ચરસમ–વે'ન્ચરસ્) Daring; risky; brave; bold. સાહસિક; હીંમતવાન; બહાદુર; જોખમવાળું; ભારે.

Venue, *n.* (વે'ન્યુ) The scene of action. બનાવ બન્યાની જગ્યા; કાર્યની રંગભૂમિ. 2. A near place. પાસેની જગ્યા.

Venus, *n.* (વી'નસ્) The Goddess of Love and the incarnation of feminine beauty. કામદેવી; રતિ. 2. One of the planets શુક્રનો તારો.

Veracious, *a.* (વેરે'શસ્) Truthful; sticking closely to facts. સાચું બોલનાર; સાચો.

Veracity, *n.* (વેરે'સીટી) Truthfulness; agreement with facts. સત્યતા; ખરાપણું; સચ્ચાઇ.

Veranda, verandah, *n.* (વરૅ'ન્ડા) Open portico along side of house. ઘરના બારણા. બાર આગળનો ઓટલો; ઓટલો; લૉબી.

Verb, *n.* (વર્બ) A word which says or asserts something about some person or thing. ક્રિયાપદ. **Transitive verb**=સકર્મક ક્રિયાપદ. **Intransitive verb**=અકર્મક ક્રિયાપદ **Auxiliary verb**=સહાયક ક્રિયાપદ. 2. Vocal; a word. શબ્દ; બોલ. [L. *verbum*, a word.]

Verbal, *a.* (વ'ર્બલ્) Oral; spoken; consisting of words only; not written. શબ્દનું; શાબ્દિક; મ્હોડાનું; બોલેલું. 2. Derived from a verb. ધાતુમાંથી-ક્રિયાપદમાંથી બનેલું. **Verbal noun**= ધાતુસાધિત નામ [ખરૂં જોતાં આનો અર્થ 'શાબ્દિક' એટલોજ થાય. 'મ્હોડાનું' એ પ્રચલિત પરંતુ ખોટો અર્થ છે.]

Verbally, *adv.* (વ'ર્બલી) In a verbal manner. મ્હોડેથી; મુખથી; વાણીથી; શબ્દોથી.

Vebatim, *a.* (વર્બે'ટીમ્) Word for word. શબ્દેશબ્દ; શબ્દશઃ; અક્ષરશઃ [L. *verbum*, a word.]

Verbiage, *n.* (વ'ર્બિએ,જ્) Bombast; verbosity. શબ્દવિસ્તાર; વાક્પ્રપંચ.

Verbose, *a.* (વર્બો'ઝ્) Full of words; many-worded. શબ્દથીભરપુર; શબ્દવિસ્તારનું; વાક્પ્રપંચવાળું.

Verboseness, verbosity, *n.* (વર્બો'ઝનિસ–વર્બો'સિટી) Bombast; verbiage. વાક્વિસ્તાર; વાક્પ્રપંચ; શબ્દવિસ્તાર; જોઇએ તે કરતાં અધિક શબ્દો વાપરવા તે.

Verdancy, *n* (વ'ર્ડન્સી) Verdure; greenness due to grass &c. લીલોત્રી; લીલાપણું; હરીયાળી.

Verdant, *a.* (વ'ર્ડન્ટ્) Green with foliage; covered with green growing plants or grass. હરીયાળું; લીલું; તાજું. 2. Raw or green in knowledge on account of inexperience (used colloquially only). કાચું; નવું; અજાણ્યું.

Verdict, *n.* (વ'ર્ડિક્ટ્) The decision of the Jury. જ્યુરીનો નિકાલ–ચુકાદો–ફેંસલો.

Verdigris, *n.* (વ'ર્ડિગ્રિસ્) Copper-rust; green vitriol. મોરથુથુ; તાંબાનો કાટ; જંગાલ. [L. *viridis*, green & *aeris* brass.]

Verdure, *n.* (વ'ર્જ્યર્)(વ'ર્ડ્યર) Green vegetation; freshness of vegetation; greenness. લીલોત્રી; હરીયાળી.

Verge, *n.* (વર્જ) A margin; an edge. કાંઠો; ધર; કીનારો; કાનો; કોર. **On the verge of death**=મરણોન્મુખ. *vt.* To incline, tend, approach or border upon. કીનારે-છેડે આવી રહેવું. [L. *verga*, a sprout.]

Verifiable, *a.* (વે'રિફાયબલ્) That can be verified; confirmable. સાબીત થઈ શકે એવું; સાબીત કરી આપવા જોગ.

Verification, *n.* (વેરિફિકે'શન્) Authentication; confirmation. સાબીતી આપવી તે; સત્યસ્થાપ.

Verify, *vt.* (વે'રિફાય્) To authenticate; to establish the truth or correction of; to confirm. પ્રમાણ આપવું; ખરૂં કરી આપવું; બતાવવું. [L. *veres*, true & *facio*, I make or do.]

Verily, *adv.* (વે'રિલી) Certainly; really; in fact. ખરેખર; બેશક; ખચિત; નિઃસંશય; વાસ્તવિક રીતે; ખચીત.

Veritable, *a.* (વે'રિટબલ્) Genuine; actual; agreeable to fact. ખરેખર; સત્ય.

Verity, *n.* (વે'રિટી) Fact; reality; actuality; truth. સાચવટ; સચ્ચાઈ; ભૂતાર્થ; ખરી વાત.

Verjuice, *n.* (વ'ર્જુસ્) જંગલી સફરજનમાંથી નીકળતો દારૂ.

Vermeil, *n.* (વ'ર્મીલ્) સોના રૂપાનો ગીલીટ. 2. Vermilion. સિંદુર.

Vermicelli, *n.* (વર્મિસે'લિ) An eatable peparation made of the dough of soft

wheat in the form of small tubes &c. ખાવાની શેવ; શેવ; સેવી.

Vermicide, *n.* (વ'ર્મિસાઇડ્) A substance which destroys worms. જંતુ, જીવડાંને મારી નાંખવાનો પદાર્થ.

Vermicular, *a.* (વર્મિ'ક્યુલર) Worm shaped. કૃમિના, જીવડાના જેવા આકારનું.

Vermiculate, *vt.* (વર્મિ'ક્યુલે,ટ) To make into a worm-like form. શેવ જેવો આકાર કરવો; કૃમિ જેવો આકાર કરવો. *a.* Worm-like; crawling. કૃમિના આકારનું; કૃમિની માફક પેટે ચાલતું.

Vermicule, *n.* (વ'ર્મિક્યુલ્) A small worm or insect. કીડો; કૃમિ; ન્હાનો જીવડો.

Vermifuge, *n.* (વ'ર્મિફ્યુજ્) A worm-killing medicine. કૃમિનું ઓસડ; કૃમિની દવા.

Vermilion, *n.* (વર્મિ'લ્યન્) A beautiful red colouring matter artificially prepared from sulphur and mercury; any beautiful red colour resembling this. હીંગળોક; સુંદર લાલ રંગ. 2. Bright red colour got from cinnabar.

Vermin, *n.* (વ'ર્મિન્) Noxious insects; pest. જીવજંતુ; જીવાત. [L. *verminus*, a worm.]

Vermivorous. *a.* (વર્મિ'વરસ્) Preying or feeding on worms. કીડા ખાનારૂં.

Vernacular, *n.* (વરનૅ'ક્યુલર) One's mother-tongue માતૃભાષા. *a.* Belonging to the country or place of one's birth (especially one's language.) સ્વદેશી; દેશી; માતૃ, જન્મ, ભૂમિનું. [L. *vernaculus*, born in one's house.]

Vernal, *a* (વ'નલ્) Appearing in or pertaining to the spring. વસંતઋતુમાં આવતું; વસંતઋતુનું. 2. Youthful; in the spring of life. તારૂણ્યાવસ્થાનું; તરૂણપણાનું; જુવાનીનું. **Vernal equinox** = મેષવિષુવ; મહાવિષુવ.

Versatile, *a.* (વ'સટાઇલ્) Readily turning; capable of being turned round. ગોળ ફરે તેવું. 2. Inconstant; unsteady. અદ્દડ; ચંચળ; અસ્થિર. 3. Many-sided; all-round; having different kinds of accomplishments; readily appliable to different branches of knowledge. બધા કામમાં પૂરો હોશિયાર-સર્વગ્રાહી. [L. *verto* I turn.]

Versant, *n.* (વ'સૅન્ટ) Slope. ઢોળા; ઢળાવ, સરતો ભાગ.

Versatility, *n.* (વર્સટિ'લિટી) The quality of being versatile. ચપળતા; ચંચળતા; બધા વિષયમાં સરખી રીતે કામ કરી શકે એવો ગુણ; સર્વ બહુ-ગ્રાહીપણું.

Verse, *n.* (વર્સ) Poetry; poem. છંદ; કવિતા; ચરણ; પાદ; ટુંક; કડી; શ્લોક; વચન. *vt.* To narrate in poetry form. કવિતાના રૂપમાં કહેવું. *vi.* To versify. કવિતાઓ કરવી. [L. *verto*, I turn.]

Versed, *a.* (વ'ર્સ્ડ) Practised; skilled; dexterous; accomplished in. પ્રવીણ; નિપુણ; પારંગત; કાબેલ; વાકેફગાર.

Versification, *n.* (વર્સિફિકે,'શન્) Poetical metre and construction &c. પદ્યરચના; કાવ્યરચના.

Versifier, *n.* (વ'સિંફાયર) A poet or poetastor; one who makes verses. કવિ; કાવ્ય રચનાર; જોડકણાં રચનાર.

Versify, *vt.* (વ'સિંફાય) To render into poetical form. ને કવિતાનું રૂપ આપવું. *vi.* To make verses. કવિતાઓ કરવી; કાવ્ય રચવું; શ્લોક કરવા.

Version, *n* (વ'ર્શન્) The act of translating or translation; a rendering. ભાષાંતર; તરજુમો; તરજુમો-ભાષાંતર કરવું તે. 2. An account of some incident or proceeding from some particular point of view. બ્યાન. હેવાલ; વર્ણન; હકીકત.

Verso, *n.* (વ'સો) A left hand page; the second page of a leaf. ડાબા હાથ તરફનું પાનું.

Versus, *prep.* (વ'ર્સસ્) As against; as opposed to. વિરૂદ્ધની સામે.

Vertebra, *n.* (વ'ર્ટિબ્રે) The spinal column. પીઠના બરડાની કરોડ; પીઠના હાડકાનો મણકો.

Vertebral-vertebrate, *a.* (વ'ર્ટિબ્રલ્-વ'ર્ટિબ્રેટ્) Possessing the spinal column. બરડાની કરોડ હોય એવા; પીઠના હાડકા વિષે.

Vertex, *n.* (વ'ર્ટેક્સ્) Apex; turning point. અગ્ર; શિખર; ટોચ; માથું. 2. The crown of the head; the top. માથાનું તાળવું. 3. The zenith; the point most distant from the base. ઉર્ધ્વ; ઉર્ધ્વ દશા; ઉંચામાં ઉંચો ભાગ.

Vertical, *a.* (વ'ર્ટિકલ્) About the vertex; perpendicular; directly over head. ટોચ-શિખર સંબંધી; માથા ઉપરનું; પાધરૂં દોર-સીધું-ઉભું.

Vertigo, *n.* (વ'ર્ટિગો) Light-headedness; giddiness. ચક્કર; તમર; માથું ફરવું તે; ભમરી; ભોવળ.

Verve, *n.* (વર્વ) Spirits; energy. લાગણી, ભાવ.

Very, *adv.* (વે'રી) Exceedingly; extremely. ઘણુંજ; ભારે; અતિશય *a.* Real; actual; same. ખરેખરૂં; સત્ય; તેજ; એજ.

Verily, *adv.* (વે'રિલી) Truly; really; actually. નક્કી; બેશક.

Vesicate, *vt.* (વે'સિકે,ટ) To blister. ફોલ્લા ઉઠે તેમ કરવું.

Vesicle, *n.* (વે'સિકલ્) A small blister. ઝીણી ફોલ્લી. 2. A cavity full of fluid. પ્રવાહી પદાર્થથી ભરેલી ઝીણી કોથળી. 3. A cell; a bladder-like vessel. પોલ-પોલાણ.

Vesiculous,*a*.(વેસિ'ક્યુલસ્)Blistery.ફોલ્લાવાળું.

Vesper, *n*. (વે'સ્પર્) Venus, the evening star. શુક્રનો તારો. 2. Evening; sunset-time. સાંજ; સંધ્યાકાળ. 3.*pl*.The evening prayers. સાંજની પ્રાર્થના; સાયં સંધ્યા.

Vessel, *n*. (વે'સલ્) A boat or ship.જહાજ; વહાણ. 2. A hollow utensil. વાસણ; રાંધવાનું તપેલું વગેરે.

Vest, *n*. (વેસ્ટ્)Robe;dress;outer garment. ઝભો;જામો;અંગરખો.2.Garb; array.વેષ;પોષાક.3. Jacket or waist-coat. જાકીટ. બદન;પ્હેરણ. *vt*. To put on a dress of. પોષાક પહેરાવવો. 2. To give possession of or title to some right,property &c,ભોગવટાનો-માલીકીનો-કબજાનો હક્ક આપવો. *vi*. To descend or come down. ને ઉતરવું; મળવું; પહોંચવું; પ્રાપ્ત થવું.

Vestal, *a*. (વે'સ્ટલ્) Dedicated to Vesta; the Roman Goddess of the home and the hearth, hence, pure; chaste.શુદ્ધ;પવિત્ર. *n*. One of the virgins dedicated to Vesta, the Roman Goddess.વેસ્ટા દેવીને અર્પણ કરેલી કુમારી.

Vested, *a*. (વે'સ્ટિડ્) Robed; clothed; clad. વસ્ત્ર-લુગડાં પહેરેલું. 2. Established or well-settled;fixed.નક્કી;કરેલું;સ્થાપિત;કાયમ,નક્કી ઠરાવેલું.

Vestibule, *n*. (વે'સ્ટિબ્યુલ્) A passage, hall or antechamber inside the outer door of a house. દેવડી; પરસાળ.

Vestige, *n*. (વે'સ્ટિજ્)Mark, trace,appearance or remnant of something that has passed; a foot-print. નામનિશાન; પત્તો; ચિહ્ન; નિશાની; પગલું.

Vestament, *n*. (વે'સ્ટામન્ટ્)A garment or robe. પહેરાવ; વસ્ત્ર; વેષ; પોષાક; જામો.

Vesture, *n* (વે'સ્ચર્)Apparel; dress; robe; covering; envelope. પોષાક;જામો;ઝભો;પહેરવેશ. ઢાંકણ.

Veteran, *a*. (વે'ટરન્)Thoroughly experienced; having been long exercised (especially in war.) અનુભવી; લાંબા વખતના અનુભવવાળું; ઘડાઇને પાકું થયેલું *n*.One who has got a long experience in something, especially war. કસાએલો લડવૈયો.

Veterinary, *a*. (વે'ટરિનરી) Pertaining to the disease of animals like horses, cows &c. પશુ ચિકિત્સા સંબંધી, વિષયક; જનાવરોના રોગો સંબંધી.નું.

Veto,*n* (વી'ટો) Prohibition or negation.નામંજુરી; મનાઈ;નિષેધ;ના પાડવી તે. 2. The power of negation or interdiction exercised generally by the highest official like the governor or governor-general to the resolutions passed by the legislative bodies or that exercised by one department over another subordinate to it. મનાઇ, રદ,કરવાનો અધિકાર.*vt*.To interdict or prohibit or to forbid. મનાઇ કરવી. [L. *veto*, I forbid.]

Vex, *vt*. (વેક્સ્) To tease; to torment or harass. સતાવવું; દુ:ખ દેવું; ચીઢવવું. 2. To disquiet; agitate or disturb. અસ્વસ્થ, ક્ષુબ્ધ કરવું. *vi*. To be unquiet, ill at ease or irritated. ચીડાવું; ખીજાવું; ચીડાવું.

Vexation, *n*. (વેક્સે,'શન્) Irritation; disquiet; trouble; agitation. હેરાનગતિ; કલેશ; દુ:ખ; સંતાપ; ચીડ.

Vexatious, *a* (વેક્સે,'શસ્) Irritating; troublesome; afflicting; agitating.ચીડ ચ્હડાવે એવું; દુ:ખદાયક.

Via, *prep*. (વા'યા) Through; by the way of. ને માર્ગે; થઇને, રસ્તે.

Viaduct, *n*. (વા'યડક્ટ) A kind of long bridge or similar structure. નાળા, ખીણ ઉપર બાંધેલો રસ્તો; પુલ.

Vial, *n*. (વા'યલ્) A phial; a small bottle. કુપ્પી; બાટલી. *vt*. To put in a phial. બાટલી, શીશીમાં મુકવું.

Viands, *n*. (વા'યન્ડ્ઝ્) Eatables; provisions; food. ખાનપાન;ખાવાની વસ્તુ;ખાવાના પદાર્થ.

Viaticum, *n*. (વાઍ'ટીકમ્) Travelling-allowance; provisions for a journey. ભથ્થું; રસ્તાની ખરચી, ભાતું.

Vibrancy, *n*. (વા'યબ્રન્સી) Resonance; tremulousness. સ્ફુરણ; અવાજ; તન્મનાટ; રણકો.

Vibrant,*a* (વા'યબ્રન્ટ્)Resonant; tremulous; vibrating. અવાજ કરતું; હાલતું; દોલાયમાન;ઝુલતું; થનથનતું.

Vibrate, *vt*. (વા'યબ્રે,ટ્) To move to and fro; to swing; to brandish. આમતેમ હલાવવું-ફેરવવું. 2. To cause to ride to and fro. ઝોલા ખાતું કરવું *vi*.To move with a wavelike rapid motion; to quaver or tremble.ધ્રુજવું; સ્ફુરવું; કંપવું; કંપાયમાન અવાજ આપવો;થનથનવું.

Vibration,*n*.(વાઇબ્રે,'શન્)Oscillation; rapid and wavelike motion. ઝોલા; સ્ફુરણ; આંદોલન; સ્ફુર્તિ. 2. Tremulous motion or oscillations produced in a body, કંપન; કંપાયમાન થવું તે; સ્ફુરણ; થનથનાટ.

Vibrating, vibratory, *a*. (વા'યબ્રેટીન્ગ-વા'યબ્રેટરી) Moving to and fro rapidly;oscillating. દોલાયમાન; આમતેમ હાલતું; ઝોલા ખાતું,

Vicar, *n.* (વિ'કર્) The priest of a parish. અમુક ગામડાનો ધર્મોપાધ્યાય. 2. A representative; a deputy. નાયબ; પ્રતિનિધિ; અવેજી.

Vicarage, *n.* (વિ'કરિજ્) The benefice or house of a vicar. ધર્મ ઉપાધ્યાયના તાબાનો ગામનો ભાગ; ધર્મોપાધ્યાયનું ઘર-રહેઠાણ.

Vicarious, *a.* (વિકે'રિઅસ્) Delegated or deputed; acting for or in the place of another. બીજાને વતી કામ કરનાર; પ્રતિનિધિ; અવેજી; બદલાનું; બીજાને બદલે. [L. *vicis*, change.]

Vicarship, *n.* (વિ'કરશિપ્) The office of a vicar. પાદરીનો હોદ્દો; પાદરીપણું.

Vice, *n.* (વાઇસ્) Immorality; wickedness; depravity. પાપ; અધર્મ, અન્યાય; અનીતિ; દુષ્ટતા; ભ્રષ્ટતા; દુર્ગુણ. 2. Blemish; imperfection; defect; fault. ખોડ; એબ; દૂષણ. 3. A kind of instrument like a jack for firmly catching hold of things. સેગડો; એક જાતનું સુતારી કામમાં વપરાતું યંત્ર-ઓજાર. 4. Lewdness; profligacy. કુકર્મ; દુરાચાર; લંપટતા. *a.* Next in authority or rank to (as vice-president). ઉપ-નહાનું. *prep.* In the stead or place of. સ્થાને; ને બદલે.

Vice-admiral, *n.* (વાઈસ્-ઍ'ડ્મિરલ્) Rear-admiral; the officer next in rank to an admiral. નાયબનૌકાધિપતિ. **Vice-admiralty**=એ હોદ્દા-પદ્વી.

Vice-chancellor, *n.* (વાઇસચે'ન્સેલર્) (Law). The officer next in rank to the Lord Chancellor. મુખ્ય ન્યાયાધીશથી ઉતરતો અમલદાર. 2. The next highest officer of a University to its Chancellor. કુલનાયક; વાઇસચૅન્સેલર.

Vice-regent, *n.* (વાઈસ્રી'જન્ટ્) Deputy-regent. વાઇસરીજન્ટ; ઉપરક્ષક.

Vice-gerent, *n.* (વાઇસજી'રન્ટ્) A Deputy; a lieutenant. નાયબ; પ્રતિનિધિ.

Vice-president, *n.* (વાઇસ્પ્રે'ઝિડન્ટ્) The officer of an institution next to the president. ઉપપ્રમુખ; ઉપાધ્યક્ષ. **Vice-presidency**=ઉપાધ્યક્ષપણું; ઉપપ્રમુખપણું.

Vice-regal, *a.* (વાઇસ્રી'ગલ્) Pertaining to the vice-roy or vice-royalty. વાઈસરૉય અથવા તેના હોદ્દા-પદ્વી વિષે.

Vice-roy, *n.* (વા'ઇસ્રૉય્) A representative of the crown in a conquered country. વાઇસરૉય; બડા લાટ સાહેબ; સરસુબો. [L. *vice*, instead & *rex*, a king.]

Vice-royalty, *n.* (વા'ઇસ્રૉયલ્ટી) The office or dignity of a vice-roy. વાઈસરૉયનો હોદ્દો અથવા પદ્વી; રાજ્યપ્રતિનિધિની જગ્યા-પદ્વી.

Vicety, *n.* (વા'ઇસિટી) Defect; fault; imperfection. ખોડખાપણ; એબ.

Vice versa, *adv.* (વા'ય્સીવ'ર્સા) ઉલટસુલટ; ઉંધું.

Vicinage, vicinity, *n.* (વિ'સિનિજ-વિસિ'નિટી) Neighbourhood; proximity; nearness in place or distance. પાડોશ; નિકટતા; સમીપતા; સન્નિધિ; પાસેપણું; આસપાસ-પડોશમાં હોવું તે.

Vicious, *a.* (વિ'શસ્) Full of vice; immoral; wicked. દુષ્ટ; દુરાચારી; દુર્ગુણી. 2. Bad; foul. નુકસાનકારક; નઠારૂં; દુષ્ટ; ખરાબ. 3. Addicted to bad tricks or not well-broken (as a horse &c.) તોફાની; બે-લગામ; અડીયલ. 4. Faulty; defective. એબીયલ; અપૂર્ણ.

Vicissitude, *n.* (વિસિ'સિટ્યુડ્) Change or alternation from one state in life to another. અનુક્રમે ફેરફાર; નિયમિત ફેરફાર. 2 The ups and downs of life. લીલાસુકી-તડકો છાંયડો; ઉથલપાથલ; ફેરફાર. **Vicissitudes of time**= કાળચક્ર; ભાગ્યચક્ર. [L. *vicis*, change.]

Victim, *n.* (વિ'ક્ટિમ્) A living sacrifice. બલિદાન; બળી; ભોગ; યજ્ઞપશુ. 2. The animal so sacrificed. યજ્ઞપશુ; બળી આપેલો પશુ. 3. The person sacrificed in pursuit of an object; the sufferer from a definite course planned by a person. ભોગ; ભક્ષ; બળી.

Victimize, *vt.* (વિ'ક્ટિમાઇઝ્) To cheat or deceive. છેતરવું. 2. To make a play or victim of. નો ભોગ-ભક્ષ કરવો.

Victor, *n.* (વિ'ક્ટર્) Conqueror; winner. જીતનાર; હરાવનાર; વિજેતા. [L. *vinco*, I conquer.]

Victoriously, *a.* (વિક્ટોરિઅસ્લી) In a victorious manner. ફતેહમંદ રીતે.

Victress, *n.* (વિ'ક્ટ્રેસ્) A female that conquers. જીત મેળવનારી સ્ત્રી; વિજેત્રી.

Victory, *n.* (વિ'ક્ટરી) Success; triumph; conquest; gaining of superiority. વિજય; ફતેહ; જય; જીત. **Victorious**=Successful; triumphant; winning. જીત મેળવેલું; જયવંત; વિજયી; ફતેહમંદ.

Victual, *n.* (વિ'ટલ્) Provisions; food provided. ખોરાક; અનાજ; ખોરાકપાણી. *vt.* To provision. ખોરાકપાણી પૂરાં પાડવા; ખાવાનું પૂરું પાડવું.

Victualage=Food. અન્નોદક; અન્નપાણી. **Victualler**=One who supplies provisions. અન્નોદક પૂરે પાડનાર-ખોરાક ખાવાની વસ્તુઓ પૂરી પાડનાર માણસ અથવા વહાણ.

Vide, *v.* (વા'ઈડી) Refer to; see above. જુઓ; એ બાબતમાં વાંચો. [L. *video*, I see.]

Videlicet, *adv.* (વિડી'લિસેત્) Namely, *viz.* એટલે કે; નામે; અર્થાત્.

Viduaje, viduity, *n.*(વિ'ડયુઇજ્-વિડયૂ'ઇટી) Widow-hood.રંડાપો;વિધવાપણું;વિધવાની અવસ્થા.

Vie, *vt.* (વાયૂ) To compete or strive for superiority.હરીફાઇ-બરાબરી-સામાસામી કરવી.2. To stake.સરત બકવી-બીટ બિડ્ મુકવી.*n.*A match or contest of superiority. હરીફાઇ; મેચ; સામાસામી સરત. [L. *invitare*, to invite.]

View, *n.* (વ્યુ) Look; sight. દેખાવ;દ્દષ્ટિ; નજર. 2. Mental outlook or survey. અવલોકન; મનની તપાસ. 3. The sweep of the eye. દૃષ્ટિગોચરતા; એકી વખતે દેખાવમાં આવે એટલો પ્રદેશ. 4. Opinion; conclusion. અભિપ્રાય; મત; વિચાર. 5. Representation of a scene on canvas. ચિત્રમાંનો ચીતરેલો દેખાવ. 6. Aim; object. ઉદ્દેશ; હેતુ: ઇરાદો. **To have in view**= To aim at. ધ્યેય, લક્ષ હોવું; મનમાં હોવું. 2. To behold or see. જોવું; નજર ફેંકવી. 3.To inspect or mark carefully. લક્ષ, ધ્યાનપૂર્વક જોવું; તપાસ રાખવી. 4. To think of or consider. વિચાર કરવો.

Viewless, *a.* (વ્યૂ'લિસ્) Invisible. દેખી, જોઈ નહિં શકાય એવું.

Viewpoint, *n.* (વ્યૂ પૉઈન્ટ્) Point of view. નિશાન; દૃષ્ટિબિંદુ; કોણ.

Vigil, *n.* (વિ'જીલ્) Devotional watching. જાગરણ; ઉજાગરો. 2. The act or time of keeping awake. જાગરણ કરવું તે; જાગરણનો વખત. [L. *vigil*, watchful.]

Vigilance-cy, *n.*(વિ'જીલન્સ-ન્સી)Caution; wakefulness; care. સાવધાની; કાળજી; જાગરણ;

Vigilant, *a.* (વિ'જીલન્ટ) Cautious; careful; wakeful. સાવધાન; કાળજી રાખનાર; હોશીયાર; સાવચેત; જાગૃત; સાવધ.

Vigorous, *a.* (વિ'ગરસ્) Strong;full of vein and vigour. પ્રબળ; જોરાવર; બળવાન; ભારે, ધમધોકાર (ચાલતી ચળવળ વગેરે).

Vigour, *n.* (વિ'ગર્) Physical-intellectual force or energy; strength of the mind or body; activity. બળ; કૌવત; સામર્થ્ય; ઉત્સાહ; જોર. [L. *vegeo*, I am lively or strong.]

Vile, viled, *a.* (વાઇલ્-વા'ઇલ્ડ્) Low; base-minded; mean; wicked; worthless. દુર્જન; પાપી; દુષ્ટ; હલકું; અધમ; નીચ; નઠારૂં. [L. *vilis*, cheap.]

Vileness, *n.* (વા'ઈલનિસ્) Wickedness; baseness. નીચતા; અધમતા.

Vilify, *vt.* (વિ'લીફાઇ) To defame; to degrade; to despise; to disparage; to debase. હલકું, નીચ ઠેરવવું; માન ખંડન કરવું; આબરૂ પર પાણી ફરી વળે એવું કરવું; વગોવવું; બદનામ કરવું; ધિક્કારવું.

Villipend, *vt.* (વિ'લિપન્ડ્) To hold in contempt; to despise. ધિક્કારવું; તિરસ્કાર કરવો.

Villa, *n* (વિ'લા)A rural house; a country seat or country house. હવા ખાવાનો શહેર બહારનો બંગલો; વીલા; વાડી.

Village, *n.* (વિ'લિજ્) An assemblage of houses smaller than a town and bigger than a hamlet. ગામ; ગામડું.*a.* Rustic;pertaining to a village. ગામડીયું; ખેડનું. **V. divinity**=ગ્રામદેવી. **Village accountant**=મહેતાજી; કુળકર્ણી; તલાટી.

Villager, *n.* (વિ'લિજર્) The resident of a village. ગામડીઓ; ખેડુત.

Villain, *n.* (વિ'લન્) A wicked person; a rogue or rascal. લુચ્ચો; હરામખોર; શઠ. 2. A low-born man. અધમ માણસ

Villainous, *a.* (વિ'લનસ્) Wicked; vile; mean;immoral.દુષ્ટ;પાપિષ્ઠ;નીચ;અધમ;દુરાચરણી.

Villainy, *n.* (વિ'લની)Wickedness;crime;an action of deep depravity; rascality. શઠતા; ખળતા; લુચ્ચાઈ; હરામખોરી;કુકર્મ;ચોરકર્મ;દુરાચરણ.

Villanelle, *n.* (વલને'લ્) Form of poem in 19 lines on two rhymes. બે પ્રાસવાળી ૧૯ લીટીની કવિતા.

Ville(i)nage, *n.* (વિ'લનિજ્) Serfdom; servility. ભાડુતપણું; ચાકરી; ગુલામી; અધમતા; હાજીહાપણું; પાજીપણું.

Vincible, *a.* (વિ'ન્સિબલ્) Defeatable; conquerable. જીતી શકાય એવું; જય્ય.

Viniculum, *n.* (વિ'નિકયુલમ્)A tie; a bond; a bundle. પટો,દોરો;ગાંઠ [L.*vinicum*,bound.]

Vindicable, *a.* (વિ'ન્ડીકબલ્) Justifiable; maintainable.સાબીત-ખરૂં ઠરાવી શકાય એવું;યોગ્ય.

Vindicate, *vt.* (વિ'ન્ડિકેટ્) To maintain the right, claim or truth of something or someone; to defend; to justify; to prove to be just or valid. સાબીત કરવું; સાચું એમ પુરવાર કરી આપવું; બચાવવું; નિર્દોષ ઠેરવવું; નિર્દોષ છે એમ સિદ્ધ કરવું;હકનો પૂરાવો આપી તે સાબીત કરવો. [L. *vindicus*, justification]

Vindication,*n* (વિન્ડીકે'શન્)Proof of being true;defence;the act of supportingby proof. રક્ષણ; દોષનિવારણ; પ્રતિપાદન; દોષ મોચન;નિર્દોષ-સાચું છે એમ સાબીત કરવું તે.

Vindicator, *n* (વિ'ન્ડિકેટર્) One who defends or justifies. રક્ષક; દોષ નથી એમ સિદ્ધ કરી આપનાર; દોષનિવારક.

Vindicatory, *a.* (વિન્ડિકેટરી) Proving or establishing the truth or innocence of. નું નિર્દોષપણું-સત્ય-સચ્ચાઈ સાબીત કરવું;દોષનિવારક.

Vindictive, *a.* (વિન્ડિ'ક્ટિવ્) Malicious; spiteful; revengeful; given to revenge. ઝેરીલું; કીનાખોર; વેરીલું.

Vine, *n.* (વાઈન્)The creeper of the grapes. દ્રાક્ષનો વેલ; દ્રાક્ષલતા. 2. Creepers. વેલ.

Vinegar, *n.* (વિ'નિગર્) A sour liquid prepared from grapes, sugar &c. સરકો. 2. Anything sour; sourness of temper. ખાટો પદાર્થ; તેડી મીજાસ; ચીડીયાપણું.

Vinery, *n.* (વા'ઇનરી) A vineyard દ્રાક્ષલતા-કુંજ; દરાખના ઝાડોની ઘટા.

Vineyard, *n.* (વિ'ન્યાર્ડ) A yard where grapes are grown. દરાખની વાડી; દ્રાક્ષવાટિકા.

Vinous, *a.* (વા'ઇનસ્) Pertaining to or about the vine. દ્રાક્ષરસના ગુણનું; દ્રાક્ષમય.

Vintage, *n.* (વિ'ન્ટિજ્) Crop of grapes or the season of gathering grapes. દ્રાક્ષનો પાક; અથવા તે વણવાની મોસમ-ઋતુ.

Vinter, *n.* (વિ'ન્ટર્) A wine-merchant; a grapier. દ્રાક્ષનો, દારૂનો વેપારી.

Viol, *n* (વા'યલ્)A stringed musical instrument. એક જાતનું છતારી વાજીંત્ર.

Violable, *a.* (વા'યલબલ્) That may be violated. ઉલ્લંઘનીય; તોડવા જેવું; ભંગ કરી શકાય તેવું.

Violate, *vt.* (વા'યલેટ) To transgress or tresspass. ઉલ્લંઘન કરવું 2. To profane; desecrate, or sin against. દૂષિત-ભ્રષ્ટ કરવું; બગાડવું; ખરાબ કરવું. 3. To ravish or commit rape upon. ની આબરૂ લેવી; ની ઉપર બળાત્કાર કરવો.

Violation, *n.* (વાયલે.'શન્) Transgression or tresspass. ઉલ્લંઘન; ભંગ; લોપ. 2. Profanation or desecration. અપવિત્ર, ભ્રષ્ટ કરવું તે.

Violator, *n.* (વા'યલેટર્) One who violates. ઉલ્લંઘન કરનારો. Ravishing or raping. બળાત્કાર, આબરૂ ઉપર હાથ નાંખનાર.

Violence, *n* (વા'યલન્સ્) Intensity of action or motion; vehemence; physical oppression or harassment; coming to blows. વેગ; બળ; જુસ્સો; આવેશ; જોરાવરી; મારામારી. 2. Rape; ravishment. બળાત્કાર, સંભોગ. 3. Violation; profanation. જબરજસ્તી; ઉલ્લંઘન; જુલમ. **To do violence on** = To come to blows; to kill. મારામારી કરવી; ખુન કરવું.

Violent, *a.* (વા'યલન્ટ) Impetuous; vehement; furious; intense; moving or acting with force. જબરૂં; જોરાવર; ભારે; પ્રબળ. 2. Passionate; fierce; severe; outrageous. કડક; ઉગ્ર; જબરૂં; કરડું; જાલીમ. 3. Not natural or brought about by natural means. કુદરતી નહિં એવું; બલાત્કારથી થએલું 4. Acute; extreme or sharp (as pain) તીવ્ર; અતિશય; ઘણીજ.

Violet, *n.* (વા'યેલેટ્) A kind of flowering plant; its flower. એક જાતનું ફૂલનું ઝાડ; એનું ફૂલ.

Violin, *n.* (વા'યોલિન્) A four stringed musical instrument. વિલાયતી; વીણા; સારંગી; બિન.

Violoncello, *n.* (વા'યલૉન્સલો)A stringed musical instrument. સારંગી.

Viper, *n.* (વા'ઇપર્) A poisonous kind of snake. ઝેરી સાપ. 2. A malignant, malicious or revengeful person. ઝેરીલું-કીનાખોર માણસ.

Viperous, *a.* (વા'ઇપરસ્) Having snakely qualities; malignant; revengeful. ખારીલું; ઝેરીલું; સાપના ગુણવાળું.

Virent, *a* (વિ'રન્ટ્) Fresh; green; unwithering. તાજું; લીલું.

Virgin, *n.* (વ'ર્જિન્) A maiden; a woman who has no carnal knowledge of man. કન્યા; કુમારિકા. 2. The name of a sign of the zodiac called Virago. કન્યારાશિ. *a.* Pure; chaste; unalloyed; unmixed; unadulterated. શુદ્ધ; ચોકખું; નિર્મળ. **Virgin gold** = શુદ્ધ-નઁવાણું ટચનું સોનું. *vt.* To keep chaste. નિર્મળ-પવિત્ર-કુમારિકાપણું જાળવવું.

Virago, *n.* (વિરે,"ગો) A termagant; a bold, turbulent woman; a quarrelsome lady. કર્કશા.

Virginal, *a* (વ'જીનલ્) Pertaining to or of a virgin. કુમારીનું-કન્યા વિષે 2. Maidenly; virgin. કુમારિકા જેવું કોમળ; શરમાળ વગેરે; કુમારીના ગુણવાળું.

Virginity, *n.* (વર્જી'નિટી) Chastity; purity; maidenhood. કૌમાર્ય-કુમારિકાપણું; શુદ્ધતા. 2. Unmarried state or celebacy of women. સ્ત્રીની કુંવારી જીંદગી-આજન્મ બ્રહ્મચર્યવ્રત.

Virgo, *n.* (વ'ર્ગો) The zodiacal sign of "the Virgin." કન્યારાશિ.

Viridity, viriditness, (વિરિ'ડિટી, વિરિ'ડિટ્નિસ્) Freshness; greenness. લીલાશ; તાજાપણું; હરીયાળી.

Virile, *a.* (વિ'રાઇલ્) Masculine; strong; exhibiting strength or energy. પુરૂષત્વ-મર્દાનગી-જોરવાળું; પુરુષનું; મર્દનું 2. (In medicine) Possessing the sexual powers in full strength. વીર્યવાન; જનનશક્તિ-કામશક્તિ ધરાવતું.

Virility, *n.* (વિ'રિલિટી) Masculine vigour or strength; manhood. મર્દાનગી; પુરુષત્વ; પુરુષાતન. 2. The genital powers; power of procreation. જનનશક્તિ; કામશક્તિ. [L. *vir*, a man].

Viripotent, *a.* (વિરિ'પોટન્ટ્) Adult. યુવાન; વિવાહ-પરણવા યોગ્ય.

Virose, *a.* (વિ'રો,ઝ્) Emitting a fetid odour; poisonous. દુર્ગંધયુક્ત; ઝેરી.

Virtual, *a.* (વ'ર્ચુઅલ્) Being in essence or effect but not in fact; not actual or real but equivalent or nearly so. સાચું નહિ તોપણ લગભગ ખરાના જેવુંજ;ગુણવાળું. **Virtually** = For all practical purposes. વસ્તુત: વાસ્તવિક રીતે; ખરેખર જોતાં.

Virtue, *n.* (વર્ચ્યુ')Moral goodness;uprightness; righteousness; merit. સદાચાર; સદ્દગુણ; નેકી; પુણ્યકર્મ; ગુણ. 2. Virginity; chastity; purity. શિયળ-સ્ત્રીઓનું પતિવ્રત. 3. Merit; good quality or effect. (as medicine). ગુણ; ધર્મ. **By virtue of** = Through the efficiency or authority of. ગુણને લીધે-ના પ્રતાપે; ના લીધે.

Virtuoso, *n.* (વર્ચુઓ,'સો)A man of fine arts. હુન્નરકળા વિશારદ માણસ; કળાપ્રવીણ માણસ.

Virtuous, *a.* (વ'ર્ચુઅસ્) Efficacious. ગુણવાળું. 2. Possessing or exhibiting virtue. સદાચારી; નેકકર્મી; પુણ્યવાળું. 3. Uprighteous. નીતિમાન; સદાચરણી; નેક. 4. Pure; chaste. સતી; સાધ્વી; શુદ્ધ; પતિવ્રતા.

Virulence-cy, *n.* (વિ'રુલન્સ્-લન્સિ) Malignity; malignancy; rancour; the quality of being extremely noxious or poisonous. ઝેર; કરડાપણું; કટ્ટો દ્વેષ.

Virulent, *a.* (વિ'રુલન્ટ્) Deadly; fatal to life. પ્રાણઘાતક; જીવલેણ; પ્રાણનાશક; જાન લે એવું.

Virus, *n.* (વિ'રસ્) Poisonous matter. ઝેરી પદાર્થ.

Visa, vise, *n.* (વી'ઝ઼, વી'ઝે.)પાસ તપાસ્યાનો શેરો.

Visage, *n.* (વિ'સે,જ્) Facial expression, lineaments or countenance of a person. શિકલ; મ્હોં; સુરત; ચેહરો.

Visard, *n.* (વિ'ઝાર્ડ્) A mask. બુરખો. *vt.* To mask. ની ઉપર બુરખો નાંખવો.

Viscera, *n.* (વિ'સરા) The entrails or bowels. આંતરડાં.

Viscidity, Viscosity, *n.* (વિસિ'ડિટિ-વિસ્કૉ'સિટિ) Adhesiveness; glutinousness; tenaciousness. સ્નિગ્ધતા; ચિકાસ; ચિકણાપણું.

Viscount, (વા'યકાઉન્ટ્) A nobleman with the title just above a baron and just below an earl. વાઈકાઉન્ટ.

Visibility, *n.* (વિઝિબિ'લિટિ) The state or quality of being visible. દ્રષ્ટીગોચરતા; દૃશ્યતા; ઉઘાડપણું.

Visible, *a.* (વિ'ઝિબલ્) Perceptible; capable of being seen. દૃષ્ટિગોચર; નજરે પડતું; પ્રગટ દૃશ્ય. 2. Open; public. પ્રગટ; પ્રત્યક્ષ; ઉઘાડું;ખુલ્લું.

Vision, *n.* (વિ'ઝ્ઝન) Faculty of sight. નજરશક્તી. 2. Actual sight; beholding. દર્શન; નજરે પડવું તે. 3. Anything seen. દૃષ્ટિમાં આવેલી વસ્તુ; આંખ; નજર. 4. A spectre; an apparition. ઓળો; આભાસ;છાયા. 5. Something imaginary. તરંગ; લ્હેર.

Visionary, *n* (વિ'ઝ્ઝનરી)A day-dreamer. શેખચલ્લી. 2. One haunted by hallucinations. મનના તરંગોમાં મગ્ન રહેનાર. *a.* About a dream or vision. સ્વપ્નદર્શિત;સ્વપ્નને લગતું 2. Imaginary. આભાસમય; કાલ્પનિક; મનોકલ્પિત.

Visit, *vt.* (વિ'ઝિટ્) To call upon; to go to meet. ની મુલાકાત લેવી; ને મળવા જવું. 2. To inspect or examine. જોવા-તપાસવા જવું. *vi.* To make visits. મુલાકાત લેવી. *n.* The act of going to meet someone; a calling upon. મુલાકાત; બીજાને મળવા જવું તે.

Visitant, *n.* (વિ'ઝિટન્ટ્) A visitor; a guest. મળવા જનાર; પરોણો; આગન્તુક.

Visitation, *n.* (વિઝિટે,'શન્) The act of visiting or the state of being visited. મળવા જવું તે; કોઇ મળવા આવે તે. 2. The inspection of a superior. તપાસ; તપાસણી. 3. Divine dispensation or retribution. ઇશ્વરનો કોપ; આફત; સંકટ; અનર્થ; વિપત્તિ.

Visitor, *n.* (વિ'ઝિટર્) One who goes to visit; a guest; an inspector. જોવા આવનાર; મુલાકાત લેવા આવનાર.

Visor, visard, *n.* (વા'યઝર્-વિ'ઝર્ડ્) The movable face-guard of a helmet. બખ્તરનો મુખવટો. Also,–*Vizard.*

Vista, *n.* (વિ'સ્ટા) A view or prospect; an extended view; an expectation or prospect for the future. કુંજમાંથી દેખાતો દેખાવ-દૃશ્ય; આગળની આશાઓ; આગળ આવનાર વસ્તુઓનો-બીનાઓનો મનોચિતાર. [L. *video,* I see.]

Visual, *a.* (વિ'શ્ઝુઅલ્) Of or pertaining to sight; used in sight. દૃષ્ટિ-જોવાની ઇન્દ્રિય સંબંધી. **V. plane** = દૃષ્ટિબિંદુમાંથી પસારથતી સપાટી

Vital, *a.* (વા'યટલ્) Contributing to or necessary for life. પ્રાણરક્ષક, જીવનોપયોગી; જીવન રક્ષક. 2. Of life. માર્મિક. 4. Of greatest moment or importance. અગત્યનું. **Vital breath** = પ્રાણવાયુ. **Vital statistics** = જન્મમરણની નોંધના આંકડા. *n.* A vital part. મર્મસ્થળ; મર્મસ્થાન; પ્રાણસ્થાન.

Vitality, *n.* (વાઈટૅ'લિટી) The principle of life; animation; vital force. જીવ ચેતના-જીવનશક્તિ.

Vitals, *n.* (વા'ઈટલ્સ્) Indispensable organs; organs necessary to life. મર્મસ્થાન; પ્રાણસ્થાન. 2. A delicate part. કુમળી-નાજુક જગ્યા.

Vitiate, *vt.* (વિ'શિએ,ટ) To contaminate, pollute or defile. દૂષિત-મલિન-ખરાબ-ભ્રષ્ટ કરવું; ખરાબ કરવું.

Vitiation, *n.* (વિશિએ,'શન્) Corruption; contamination; defilement. ભ્રષ્ટ કરવું તે; બગાડવું તે; કલંકિત કરવું તે.

Vitreous, *a.* (વિ'ટ્રીઅસ્) Derived from glass or glassy. કાચનું; કાચના જેવું; કાચના વિષે; કાચની બાબતમાં; કાચમાનું. [L. *vitrum*, glass].

Vitrify, *vt.* (વિ'ટ્રિફાઈ) To transform into glass.નો કાચ બનાવવો. *vi.* To become glassy. કાચ જેવું થવું.

Vitriol, *n.* (વિ'ટ્રિઅલ) Sulphuric acid or one of its compounds. સલફ્યુરિક ઍસિડ; ગંધકનો તેજાબ; **White v.** = ખાપરીયું; ભસ્મ. **Blue v.**=મોરથુથુ. **Green v.** = હીરાકશી.

Vituperate, *vt.* (વાયૂટયૂ'પરે,ટ) To scold or abuse; to take to task. ઠપકો દેવો-ગાળ ભાંડવી-દોષ દેવો; નિંદા કરવી. **Vituperation**= Blame. ઠપકો; આળ; આક્ષેપ; નિંદા; અપવાદ; ગાળ.

Vituperative, *a.* (વાયૂટયુ'પરેટિવ્) Abusive; scolding. આક્ષેપક; ઠપકા ભરેલું; ગાળ ભાંડનાર; અપવાદાત્મક.

Viva, *int.* (વી'વા) ઘણું જીવો.

Vivacious, *a.* (વાઇવે',શસ્) Lively. ચંચળ; ચાલાક; ચપળ; ઉત્સાહી; પ્રફુલ્લ; ઉલ્લાસી: ઉત્સાહી. 2. Long-lived. દીર્ઘાયુષી; લાંબા આયુષવાળું.

Vivacity, *n.* (વાઈવૅ'સિટિ) Animation; liveliness. ઉત્સાહ; ઉલ્લાસ; તેજી; ચકોરતા; ચાલાકી; ચપળતા; નૂર. 2. Vital force; tenacity of life. જીવનશક્તિ; દીર્ઘાયુ. [L. *viveo*, I live].

Vivid, *a.* (વિ'વિડ્) Bright; animated. ઝપાટાવાળું; જુસ્સાવાળું; ભપકાદાર; તેજ; ચકોર.

Vividly, *adv.* (વિ'વિડ્લી) In a vivid manner. યથાર્થ રીતે; યથાર્થપણે; આબેહુબ.

Vividness, *n.* (વિ'વિડ્નિસ્) Brightness; sprightliness. ચળકાટ; સુસ્પષ્ટતા; ભભક; આબેહુબપણું.

Vivificate, *vt.* (વિ'વિફિકેટ્) To animate or revive. સજીવન કરવું; પ્રાણ ઉત્પન્ન કરવો; જીવ લાવવો. 2. To reduce to. માં-ના રૂપમાં લાવવું-આણવું.

Vivify, *vt.* (વિ'વિફાય્) To endow with life or animate. સજીવ કરવું; જીવ ઘાલવો. સજીવન કo.

Vivification, *n.* (વિવિફિકે,'શન્) Restoration to life; revival. ચેતના; ચૈતન્ય; સજીવન કરવું તે.

Vixen, *n.* (વિ'ક્સન્) A quarrel-some woman. શંખણી. 2. A she-fox. શિયાળણી.

Viz. *adv.* Namely; that is. એટલે; તે એ કે.

Vizier, *n.* (વઝી'ર્) Prime minister. વડો પ્રધાન.

Vocable, *n.* (વો,'કબલ્) A name; a term; a word. નામ; શબ્દ; બોલ.

Vocabulary, *n.* (વૉ'કૅબ્યુલરી) A dictionary; a word-book; a lexicon. શબ્દકોશ.

Vocal, *a.* (વો,'કલ્) Voiced; intonated. કંઠ્ય. 2. Vowel. સ્વરનું. 3. Melodious or sonant. મધુર. 4. Oral. મોઢાનું. 5. Endowed with or pertaining to speech or voice. વર્ણનું-યુક્ત; બોલતું; બોલી વિષે. [L. *voco*, I call].

Vocalist, *n.* (વો,'કલિસ્ટ) One skilled in vocal music. ગાનારો; ગવૈયો.

Vocalize, *vt* (વો,'કલાઈઝ્) To make sound or to practise singing. બોલવું-સ્વરયુક્ત કરવું; ગાવું.

Vocally, *adv.* (વો,'ક લી) Orally. મોઢેથી; વાણીથી.

Vocation, *n.* (વોકે',શન્) Occupation; calling. રોજગાર; ધંધો; ઉદ્યમ; કામ. 2. Summons; call. નિમંત્રણ; તેડું.

Vocative, *n.* (વૉ'કટિવ) The vocative case. આઠમી, સંબોધ વિભક્તિ. *a.* Exclamatory; appellative. સંબોધક.

Vociference, *n.* (વોસિ'ફરન્સ્) Clamour; noise. અવાજ; ધાંધલ; બુમ; ઘોંઘાટ; કલકલાટ; શોરબકોર.

Vociferent, *a.* (વૉસિ'ફરન્ટ્) Clamorous; noisy. ધાંધલીયું; ઘોંઘાટવાળું.

Vociferate, *vt.* (વૉસિ'ફરે,ટ્) To call out with a loud voice. બુમાબુમ પાડવી; ગડબડાટ કરવો. બુમાબુમ કરી મુકવી.

Vociferation, *n.* (વૉસિફરે,'શન્) Tumult; outcry. ઘોંઘાટ; કોલાહલ; બુમાબૂમ.

Vociferous, *a.* (વૉસિ'ફરસ્) Noisy; clamorous. કોલાહલ, બુમાબુમ કરતું.

Vogue, *n.* (વો,ગ્) Popular fashion or mode. ફેશન; વેહવાર-ચાલ; રીતિ. **Such a thing is in vogue** = અમુક એક વસ્તુ ફૅશન થઇ પડી છે-ટુંક વખતથી લોકપ્રિય થઇ પડી છે.

Voice, *n.* (વૉઇસ્) Note or sound. કંઠ; અવાજ; સાદ; સ્વર; ઘાંટો. **Change of voice**= સ્વરભેદ. **Broken or hoarse voice**= ખોખરો અવાજ. 2. Sound emitted by anything. ધ્વનિ; વાણી; અવાજ. 3. The power of speech. વાચા; વાણી. 4. Judgment or vote; right of the expression of an opinion. ચલણ; મતાધિકાર; મત આપવાનો-સલાહ આપવાનો.

રૂપ.5.(Grammar) Inflection of verbs. ક્રિયાપદના ભેદ-રૂપાંતર. **With one voice**=All agreeing. સર્વાનુમતે. *vt.* To speak or utter. બોલવું.

Voiceful, *a.* (વૉ'ઇસફુલ) Vocal. ગડબડાટ; ઘોંઘાટવાળુ.

Void, *a.* (વૉઇડ્) Vacant; empty. ઠાલું; શૂન્ય; ખાલી. 2. Wanting; destitute. વગરનું; રહિત. 3. Not to be enforced; null. રદ; બાતલ *n.* A place vacant; a vacuum. ખાલી જગ્યા; શૂન્ય; આકાશ. *vt.* To leave or quit. મુકી-છોડી દેવું. *vi.* To be evacuated or empty. ખાલી થવું; બહાર નિકળવું.

Voidable, *a.*(વૉ'ઇડબલ્)Capable of being emptied. ખાલી-શૂન્ય થાય એવું.2. Capable of being cancelled or avoided. રદ થઇ શકે એવું.

Volent, *a.* (વો,'લન્ટ્)Nimble; rapid; flying. ઉડતું; ચપળ; ચંચળ. 2. Current. ચાલુ;ચલણમાં. [L. *olo*, I fly.]

Volatile, *a.* (વૉ'લેટાઇલ્) Evaporable. હવામાં ઉડી જાય એવું. 2. Inconstant; fickle. ચંચળ વૃત્તિનું; ચલિત. 3. Flying. ઉડતું [L.*volo*, I fly.]

Volatiliy, *n.* (વૉલેટિ'લિટી) Volatileness. હવામાં ઉડી જાય એવો ગુણ; ચલિતપણું.

Volcanic, *a.* (વૉલ્કૅ'નિક્) Of or pertaining to a volcano. જ્વાલામુખીનું;જ્વાલામુખી પર્વતમાંથી ઉત્પન્ન થયેલું. 2. Very hot (temper). અતિશય તેજી (મીજાસ); ઉંડો; ટેડો; ક્રોધી.

Volcano, *n.*(વૉલ્કે,'નો)A mountain emitting fire; a burning mountain. જ્વાળામુખી પર્વત; બળતો પહાડ.

Volition, *n.*(વૉલિ'શન્)The act of willing; the power of will; purpose. ઇચ્છાશક્તિ;મનનો સંકલ્પ; મરજી; ઇચ્છા.

Volley, *n.* (વૉ'લી) A flight or discharge together of a number of missiles. બાણનો-સામટો માર; ગોળીબાર. *vi.* To be discharged at once. એકી સાથે છુટવું-ફૂટવું *vt.*To discharge with a volley. એકી સાથે છોડવું.

Volplane, *v.* (વૉ'લ્પ્લે,ન) એન્જીન ચલાવ્યા વગર બહુન નીચે ઉતારવું.—*n.* એવી ઉતર.

Volte-face, *n.* (વૉલ્તફૅ'સ) પલટો;બાજી તદ્દન બદલી નાંખવી તે.

Vollubility,*n.*(વૉલ્યુબિ'લિટી)Talkativeness. વાક્ચાપલ્ય;બોલકણું હોવું તે;વાક્પટુતા;શબ્દાડંબર.

Voluble, *a.* (વૉ'લ્યુબલ્) Rolling. ગબડતું. 2. Loquacious;talkative. વાચાળ;બોલનારૂં;છુટી જીભનું.

Volume, *n.* (વૉ'લ્યુમ્) Part of a book. ગ્રંથનો ભાગ; પુસ્તક. 2. A roll or scroll. ઓટો; વિંટો.

Voluminous, *a* (વૉલ્યૂ'મિનસ્) Of or pertaining to a volume. ગ્રંથનું-ગ્રંથ વિષે-લગતું. 2. Large; capacious. વિસ્તીર્ણ; બહોળું. 3. Consisting of many books. બહુ પુસ્તકોવાળું.

Voluntary, *a.* (વૉ'લંટરી) Willingly undertaken; spontaneous; of one's own choice. સ્વેચ્છાનું; પોતાની પસંદગી પ્રમાણે; મરજી પ્રમાણેનું;ઐચ્છિક.2.Free.સ્વેચ્છાધીન;સ્વતંત્રતા પૂર્વક કરેલું. 3. Done purposely; intended. જાણી જોઈને કરેલું.

Volunteer, *vt.* (વૉલન્ટી,'ર્) To put oneself voluntarily at the service of somebody for some work. પોતાની મેળે રાજીખુશીથી નોકરીમાં રહેવું. *vi.* To enter into any service of one's own accord. સ્વયંસેવક થવું. રહેવું. *n.* One who offers his services free of all return and of his own accord. વોલન્ટીઅર; મોબદલાની આશા વગર પોતાની મેળે કામ કરનાર; સ્વયંસેવક.

Voluptuary, *n.* (વૉલ'પ્ચુઅરી) A sensual person; a profligate. શ્રીલંપટ; વિષયી માણસ; ભોગી-વિલાસી પુરૂષ. [L. *volo*, I wish.]

Vomit, *v.* (વૉ'મિટ્) To eject the contents of the stomach by the mouth. ઉલટી થવી, કરવી. *n.* Matter so ejected. ઉલટી; વમન.

Vomitive, vomitory, *a.* (વૉ'મિટિવ્-વૉ'મિટરી) Emetic. વાંતિકારક; ઉલટી કરાવે એવું.

Voracious, *a.* (વૉરે',શસ્) Devouring; rapacious;ravenous. ફાડી ખાનારૂં;ખાઘાડ;ખાઘોડકું.

Voracity, *n.* (વૉરે'સિટી) Greediness; rapacity; ravenousness. ખાઉધરીયાપણું; ખાઘોડપણું;લોભ.

Vortex, *n.* (વૉ'ર્ટેક્સ્) An eddy or whirlpool. ભમરી-વમળ.

Votary, *n.* (વો,'ટરી) A devotee. ઉપાસક; દાસ. *a.* One devoted or dedicated to some goddess &c. ઉપાસક-ના ધ્યાનમાં નિમગ્ન રહેનાર. [Fr. Latin, *votum*, a vow.]

Vote, *n.* (વો,ટ્) Opinion, choice or wish of a person; suffrage. મતાધિકાર;મત; સંમતિ; અનુમોદન; અભિપ્રાય. 2. A ballot; a voice. મતની ચીઠ્ઠી-ટીકીટ. *vt.* To express one's preference for. ને મત-અભિપ્રાય આપવો. *vi.*To vote at an election. ચુંટણીમાં મત આપવો.

Voter, *n.* (વો,'ટર) One who has a right to vote; an elector. મત આપવાનો હક ધરાવનાર; ચુંટનાર.

Voting-paper *n.*(વો,'ટિંગ-પે,પર) A paper by which a person can give a vote. મત આપવા માટેનો કાગળ, ચીઠ્ઠી.

Votive, *a.*(વો'ટિવ)Devoted.માનતાનું ચઢાવેલું.

Vouch, *vt.* (વાઉચ્) To summon or call. તેડાવવું; બોલાવવું. 2. To summon as witness or evidence of.ના સાક્ષી–સાહેદ તરીકે બોલાવવું. 3. To warrant or answer for. ખાત્રી આપવી. *vi.* To give testimony or bear witness. સાક્ષી પૂરવી.

Voucher, *n.* (વા'ઉચર્) A document or paper attesting some account or facts. પ્રમાણપત્ર; પ્રમાણ; વાઉચર.2. A witness.સાક્ષી.

Vouch-safe,*vt.*(વાઉચસે,'ફ્)To condescend, concede or bestow. મહેરબાની કરીને–કૃપા કરીને દાખલ કરી આપવું. *vi.*To show condescension. મહેરબાની–કૃપા કરવી.

Vow, *n.* (વાઉ) A solemn engagement or promise;an oath made to God. બાધા;માનતા; સંકલ્પ; પ્રતિજ્ઞા; પ્રણ; વચન; કોલ. *vt.* To make or take an oath to some God &c. ની બાધા રાખવી 2.To make a solemn assertion. ખાત્રીપૂર્વક કહેવું–જણાવવું.

Vowel, *n.* (વૉ'વિલ્) A sound that can be uttered without a consonant. સ્વરવર્ણ. *a.* Vocal. સ્વરસંબંધી.

Voyage, *n.* (વૉ'યિ,જ્) A journey by sea. સમુદ્રનો પ્રવાસ; જળપર્યટન; દરીયાની મુસાફરી. *vt.* To journey or travel.સફર–મુસાફરી કરવી.

Vulcan, *n.* (વ'લ્કન્) The God of fire. અગ્નિદેવ; લુહારદેવ.

Vulcanize,*vt.*(વ'લ્કનાઇઝ઼)To harden India-rubber by adding sulphur and other chemical ingredients. રબર કઠણ કરવું. 2 To repair rubber goods like tyres &c. ટાયર બાંધવા. **Vulcanization**=The process of vulcanizing. ગંધક મેળવીને રબરને કઠણ કરવું તે.

Vulgar, *a.* (વ'લ્ગર્) Indescent;base;mean; low. અસભ્ય; અધમ;નીચ;ગામડીયું;પ્રાકૃત.*n.* One who is base or indecent. અણઘડ, અનાડી, જંગલી, ગ્રામ્ય, સામાન્ય માણસ.

Vulgarism, *n.* (વ'લ્ગરિઝ઼મ્) Rudeness; grossness; want of manners &c. નીચપણું; ગામડીયાપણું; ગ્રામ્યતા. 2. A vulgar phrase. નીચ લોકોની બોલી.

Vulgarity, *n.* (વલ્ગૅ'રિટી)Rudeness; want of manners and refinement. અણઘડપણું; અનાડીપણું; અસભ્યતા, અશિષ્ટાચાર.2.The lowest condition of life.ઉતરતામાં ઉતરતા દરજ્જાની સ્થિતિ.

Vulnerable, *a.* (વ'લ્નરબલ્) Liable to be wounded; weak at some particular point or points. ભેદનીય; ભેદ્ય; જખમ વાગી શકે એવું. **Vulnerable point**=મર્મસ્થાન.

Vulnerary, *a.* (વ'લ્નરરી) Possessing the quality of healing wounds. ઘા રૂઝાવે એવું–ઘા મટાડે એવું (ઓસડ–દવા).

Vulpine, *a.* (વ'લ્પાઇન્) Crafty; cunning. શિયાળ જેવું; ધૂર્ત–લુચ્ચું.

Vulture, *n.*(વ'લ્ચર્)A kind of carnivorous big bird. ગીધ.

W.

W, (ડ'બ્લ્યુ) The twenty third letter of the English alphabet has the sound of વ; વ્વ. ઇંગ્રેજી મૂળાક્ષરનો તેવીસમો અક્ષર, ગુજરાતીમાં તેનો ઉચ્ચાર "વ્વ" થાય છે.

Wabble, *vt.* (વૉ'બલ્) To vacillate; to move staggeringly. ડોલતા ડોલતા ફરવું; ડોલતા ચાલવું; ડોલવું. *n.* A staggering to and fro. ડોલો; ઝોલો; ડોલું.

Wad, *n.* (વૉડ્) A soft mass. ડુચો–લુંદો; ડુચો ઘાલવાનો નરમ પદાર્થ; પરાળ. *vt.* To form into a mass or wad. ડુચો કરવો 2. To put a wad into a gun. બંદુકમાં ડુચો ભરવો.

Waddle, *vi.* (વૉ'ડલ્) To walk with a rolling gait (like a very fat person). ડોલવું; ડોલતા, ઝુલતા ચાલવું. *vt.* To tread down or trample. ચગદી નાંખવું.

Wade, *vi.* (વે,ડ્) To move with labour or difficulty. જેમ તેમ કરી, મહા મુશીબતે પસાર કરવું. 2. To move forward; to go. આગળ વધવું. *vt.* To cross by walking through knee-deep water. ઓળંગીને જવું; પાણીમાંથી ચાલીને જવું.

Wafer, *n.* (વે,'ફર્) An adhesive disk. ચોંટાડવાની ચકતી. 2. A thin cake. પાતળી રોટલી. **W. cake**=એક જાતની પાતળી અને મીઠી રોટલી. *vt.* To seal. સીલ કરવી; વેફર લગાડી બીડવું.

Waferer, *n.* (વે,'ફરર્) A sweet-meat seller.

Waffle, *n.* (વૅ'ફલ્) અમેરિકામાં ખવાતી એક જાતની રોટલી, રોટલો.

Waft, *vt.* (વૉફ્ટ) To buoy; to cause to float. તરાવવું; તરતું રાખવું. To float. હવામાં, પાણીમાં તરવું. 2. To impel or make to move through water or air. વહેવું; વહન કરી જવું. *n.* A current of wind. પવનનો સુસવાટો; લહરી.

Wag, *n.* (વૅગ્) Shaking. હલાવવું તે. *vt.* To move to and fro; to shake. હલાવવું–ઝુલાવવું. *vi.* To move to and fro. હાલવું.

Wage, *n.* (વે,જ્) Prize; pay. ઇનામ; પગાર; વેતન; મજુરી. *vt.* To bet; to wager. શરત બકવી. 2. To engage in, undertake or carry on (a war &c.) (લડાઇ) કરવી–ચલાવવી. 3. To

hire. પગાર-પૈસા આપી કામે લગાડવું. *vi.* To engage or bind oneself.ની સાથે શરત-બોલી કરવી.

Wager, *n.* (વે,'જર્) A stake; a bet. શરત-શરતમાં મુકેલો પદાર્થ; હોડ. *vt.* To shake or lay a bet of. ની શરત બકવી. *vi.* To bet or stake. હોડ મારવી-શરત કરવી.

Wages, *n.* (વે,'જીઝ્)Pay;hire;recompense. મહેનતાણું; પગાર; મજુરી; રોજી.

Waggery, *n.* (વૅ'ગરી) Braggartness; jocularity. ઠઠ્ઠાબાજી; મશ્કરી; બડાઈ.

Waggish, *a.* (વૅ'ગિશ્) Frolicsome;playful. વિનોદી; નકલી; ઠઠ્ઠાખોર.

Waggle, *vt.* (વૅ'ગલ્) To wag,move. હલાવવું.

Waggon, Wagon, *n.* (વૅ'ગન્) Four-wheeled vehicle or carriage (especially one used in the transport of luggage). બોજો ઉપાડવાની ચાર પૈડાંવાળી ગાડી; ખટારો; રેલવેમાંનું લગેજનું વૅગન.

Waggoner, *n.* (વૅ'ગનર્) A wagon driver. ખટારો-ગાડું હાંકનાર.

Waif, *n.* (વે,'ફ્) A stray child; a stray or ownerless article. ભુલું પડેલું છોકરૂં;અનાથ; ન ધણીયાતો-બીન વારસી માલ.

Wail, *vt.* (વે,લ્) To lament or mourn for. નો પશ્ચાત્તાપ-શોક કરવો. *vi.* To grieve, weep or be sorroy. વિલાપ કરવો; રડવું. *n.* Lamentation; weeping; mourning. શોક; આક્રંદ; રડારોળ.

Wailing, *a.* (વે,'લિન્ગ્) Mournful. શોકગ્રસ્ત; શોકાતુર. *n.* Loud lamentation. વિલાપ; આક્રંદ; પોક; શોક; હાહાકાર; રડારોળ.

Wailful, *a.* (વે,'લફુલ્) Sorrowful;lamenting. વિલાપયુક્ત; શોકયુક્ત; દીલગીરી ભરેલું.

Wailment, *n.* (વે,'લમન્ટ્) Loud weeping; lamentation. રડારોળ; શોક; આક્રંદ; હાહાકાર; વિલાપ; રડાપીટ.

Wain, *n.* (વે,ન્) A goods-wagon. ગાડું-ખટારો-ભારની ગાડી.

Wainscot, *n* (વે,'ન્સ્કૉટ્)The timber-work that lines the walls of a room. પડદી;પાટીયાની ફરતાલ વગેરે. 2. Oak-timber. ઓકનું લાકડું.

Waist, *n.* (વે,સ્ટ્) Part of the human body immediately below the ribs. કમર-કટિ-કેડ.

Waist-band, *n.* (વે,'સ્ટબૅન્ડ્) A girdle. કમરપટ્ટો.

Waist-coat, *n.* (વે,'સ્ટકો,ટ્) A short, sleeveless undergarment worn generally immediately below the coat. જાકીટ; વાસ્કુટ; બંડી; સ્ત્રીઓની ચોળી.

Wait, *vi.* (વે,ટ્) To rest in patience or expectation; to await;to stay. સબુરી પકડવી; વિલંબ-ઢીલ કરવી; ઉભા રહેવું; વાર કરવી; થોભવું. **To wait on or upon**=To attend to, as a servant. ની સેવાચાકરી કરવી-બરદાસ ઉઠાવવી. 2. To go to see or attend. ની મુલાકાતે જવું. 3. To attend to.નું કામ બજાવવું. *vt.* To await or stay for. વાટ-રાહ જોવી.2. To accompany or to attend upon.ની સાથે રહેવું. *n.* Delay; waiting વાર-વિલંબ-ઢીલ. 2. Ambush. લપાઇ-સંતાઇ રહેવાની જગ્યા.

Waiter, *n* (વે,'ટર્)An attendant; a servant who supplies the needs of those who visit hotels. નોકર; ચાકર; સેવક; વેટર; હોટલમાંનો ચાકર. **Waitress** (Fem. of *waiter*)= ચાકરડી; દાસી.

Waive, *n.* (વે,વ્) A cast-away; ownerless goods. ન ધણીયાતો માલ; રૂખડેલ છોકરૂં-માબાપ વગરનું છોકરૂં *vt.*To give up or set aside of one's own accord; to relinquish. ઉપરથી હાથ ઉઠાવવો; નો ત્યાગ કરવો; છોડવું; હક્ક ઉઠાવી લેવો. *vi.* To recede or turn aside. ત્યજવું; થી દૂર થવું; નો ત્યાગ કરવો.

Wake, *vi* (વે,ક્) To abstain from sleep. જાગરણ કરવું-જાગવું; મોડા વખત સુધી જાગતા રહેવું. *vt.* To awaken or rouse up from sleep. ઉંઘમાંથી જગાડવું. 2. To watch. ની ઉપર ચોકી-પહેરો રાખવો. *n.* Vigil; awakening;the act of abstaining from sleep.જાગરણ;ઉજાગરો.

Wakeful, *a.* (વે,'કફુલ્) Vigilant or not-sleeping. હોશીયાર; ચાલાક; જાગૃત; સાવધ; સાવધાન; જાગતું.

Waken, *vt.* (વે,'કન્)To rouse from sleep. ઉંઘમાંથી જગાડવું. *vi.* To get up from sleep. ઉંઘમાંથી જાગવું.2.To rouse up or encourage. ઉત્તેજન આપવું.

Wake-robin, *n.* (વે'કરૉબિન્) A plant. એક જાતનો બ્રિટનમાં થતો છોડ.

Wald-grave, *n.* (વૉ'લ્ડ-ગ્રે,વ્) The head-forester (in Germany). જંગલ અધિકારી.

Wale, *n.* (વે,લ્)A stripe; a streak or mark made on the skin by a rod or whip.સોળ. *vt.* To mark with stripes. ચાબુક-સોટી મારીને સોળ ઉઠાડવા.

Walk, *vi.* (વૉક્)To ramble; to take one's excercise. પગે ચાલી સ્હેલ કરવી. 2.To advance by steps or to move along with steps. પગે ચાલવું-પગલાં ભરવાં. 3. To go abroad; to be stirring હરવું ફરવું; બહાર નીકળવું; ફરવા જવું. 4. To conduct or behave oneself. ચાલવું; ચાલ ચાલવી. 5. To depart or move off. ચાલ્યા જવું; જુદા પડવું. **To walk after**

the spirit=ઈશ્વરની પ્રેરણા પ્રમાણે વર્તવું. **To walk in**=અંદર દાખલ થવું. **To walk in the flesh**=To pass the life of a human being with all its surroundings &c. આધિ વ્યાધિ અને ઉપાધિવાળી મનુષ્યની જીંદગી ગાળવી. *n.* The act of stopping; the act of moving out for excercise. ચાલ; સ્હેલ; વિહાર.2. Gait; manner of walk. ચાલવાની ઢબ; ચાલ. 3. Frequented path; road; way. માર્ગ; રસ્તો; પ્રદેશ; બાબત; પ્રકરણ. 4. Behaviour; conduct.વર્તણુક; ચાલ. **In all the walks of life** = જીંદગીની દરેક સ્થિતિમાં. **Walks and talks** =Social intercourse. એક બીજા સાથેની વાતચીત -સંબંધ; વ્હેવાર.

Walker, *n.* (વૉ'કર) One who walks; a pedestrian. ફરનાર; ચાલનાર.

Walking, *n.* (વૉ'કિંગ્) The act of taking a walk. સ્હેલ કરવી-ફરવું તે. **W. stick**= ફરવા જતી વખતે હાથમાં રાખવાની લાકડી.

Walking-leaf, *n* (વૉ'કિંગલીફ્) એક જાતનું પાંદડાના આકારનું જીવડું; જંતુ.

Wall, *n.* (વૉલ્) A structure of stone, bricks or other materials enclosing a space. કરો; ભીંત; દિવાલ.2.Fortification or rampart. કોટ. **To go to the wall**=To get the worst of a contest; to be overpowered. હારવું; પરાજીત થવું; દબાઇ જવું; મુશીબતમાં આવી પડવું. *vt.*To fortify a place or build or raise up a wall in it. કોટ બાંધવો; દિવાલ ચણી લેવી.

Wallet, *n.* (વૉ'લિટ્) A knap-sack; a hand-bag; a bundle or pack. મુસાફરીની બચકી; પાકીટ; ભાથાનું પોટલું; બૅગ.

Walled, *a.* (વૉ'લ્ડ્) Having ramparts or wall. દિવાલ-કોટવાળું.

Wall-eyed, *a.* (વૉ'લઆઇડ્) Having eyes in which the irisis of light gray or whitish colour. માંજરી આંખવાળું.

Wall-flower. *n.* (વૉ'લફ્લાવૂર્) A kind of flowering creeper or its flower. સુગંધીદાર ફૂલવાળો એક રોપો-વેલ.

Wallop, *vi.* (વૉ'લપ્) To boil with a bubbl-

Walnut, *n.* (વૉ'લનટ્) A kin રોટ; અખોડ.

Walnut-oil, *n.* (વૉ'લ્નટ્ ઑઇ from walnut and used by કારથી વપરાતું અખરોટના ફળમાં

Walrus, *n.* (વૉ'લરસ્) A of the seal family known sea-horse." દરીયાઈ ઘોડો

Walter, *vt.* (વૉ'લ્ટર્) To we wallow in. રગદોળાવું; માં ગબડ

Waltron, *n.* (વૉ'લટ્રન્)A wal

Waltz, *n.* (વૉલ્ટ્ઝ્) A danc a whirling motion perform sons together. એક જાતનો ગે strain or tone of music su a dance. એવા નાચની સાથે ગ

Waltzing, *n.* (વૉ'લ્ટ્ઝિંગ્ waltz dance. કુદડીનો નાચ.

Wampum, *n.* (વૉ'મ્પમ્) S used as money or ornam Americans. એક જાતના મણકા રીકાના વતનીઓ પૈસા અથવા ઘરેણા

Wan, *a.* (વૅન્)Colourless;pal ફીકું; પીળું; *n.* Paleness. ફીકા *vi.* To turn colourless. પીળ

Wand, *n.* (વૅન્ડ્) A rod; sceptre or other staff of au stick. દંડ; લાકડી; છડી; રાજદં જાદુગરની લાકડી.

Wander, *vi.* (વૉ'ન્ડર્) To રખડવું; ભમવું; રઝળવું. ભટકવું. ઘર છોડી પરદેશ જવું; પરદેશ stray. ભમી જવું; પરથી આ lose oneself or to go astr ચુકવું. 5. To stray from th be delirious. ચળી જવું; લવા

Wanderer, *n.*(વૉ'ન્ડરર્)On a stroller. રખડનાર; રઝળનાર

Wandering, *a.* (વૉ'ન્ડ ભટકતું; રખડતું.

Wanderoo, *n.*(વૉન્ડરૂ')A in the East Indies. ઇસ્ટઇ

Wang, *n.* (વૅન્ગ્) The bone of the jaw or the cheek. દાઢ; જડબું; ડાચું. 2. A blow or a slap. તમાચો.

Wanger, *n.* (વૅન્ગર) A cushion or a pillow. તકીયો; ઉશીકું.

Wan-hope, *n.* (વૅનહો,પ્) Delusion; want of expectation; false or untrue expectation. ખોટી આશા; ભ્રમ; ભ્રાંતિ; નિરાશા.

Wankle, *a.* (વૅન્કલ્) Unstable; weak. અદઢ; અસ્થિર; નબળા મનનું.

Wanion, *n.* (વૅન્યન્) Ill-luck. કમનસીબ; ભાગ્યહીનતા.

Want *n.* (વૉન્ટ્) Lack; deficiency. અછત; અભાવ; ખોટ; ઓછાપણું; ન્યૂનતા. 2. Want of means; poverty. ગરીબી; તંગી; કંગાલીયત; તોટો; અગત્ય; જરૂર. 3. A necessary thing. જોઇતી-ખપની-કામની વસ્તુ. 4. Desire; wish. કામના; ઇચ્છા. *vt.* To lack in; to be deficient or without. ઘટતું હોવું-વગર-રહિત હોવું; જરૂર હોવી. 2. To need or require. જરૂર હોવી. *vi.* To fail, lack or be absent. માં કમતી, ઓછું, નહિં હોવું.

Wanting, *a.* (વૉ'ન્ટિંગ્) Lacking; missing; absent. કમી; ઉણું; અધુરૂં; બાકી; ન્યૂન; જરૂરનું; ગેરહાજર.

Wanton, *n.* (વૉ'ન્ટન્) Sensuous; unrestrained; untrained. વિલાસી; મનસ્વી; નિરંકુશ; વંઠેલ; કુકર્મિ. 2. Dissolute, sensuous, gratifying the senses. વિષયબુદ્ધિનું; વિલાસભરેલું 3. Heedless; reckless. બેફીકર; નિષ્કાળજી. 4. Sportive; gay; frolicsome. રમતીયું. 5. Rank; luxuriant (as growth). અતિશય ઉગવું તે; અતિશયોક્તિ. *n.* A sensuous, or lewd person; one given to unrestrained and heedless indulgence in the pleasures of the sense. વંઠેલ; વ્યભિચારી; અતિશય લાડ કરવાથી બગડી ગયેલું છોકરૂં. *vi.* To revel unrestrainedly or lewdly. કામ વિલાસ કરવો; લ્હેર કરવી.

Wantonly, *adv.* (વૉ'ન્ટનલી) Sportively; loosely; without cause or provocation. લંપટ પણે; જાણીજોઇને; મોજમાં; લહેરમાં; ગમતમાં.

Wantonness, *n.* (વૉ'ન્ટનનિસ્) Playfulness; dissoluteness. વિષયાસક્તપણું; વિષય વિલાસ; વ્યભિચાર; વંઠેલપણું; લુચ્ચાઇ.

Wantrust, *n.* (વૅન્ટ્રસ્ટ્) Want of confidence. અણભરોસો; કવિશ્વાસ.

Want-wit, *n.* (વૉ'ન્ટ-વિટ્) A fool. મૂર્ખરાજ; અક્કલહીન.

Wap, *vt.* (વૅપ્) To whip or flog. ફટકો લગાવવો; મારવું. *n.* A whip; a beating or blow. મારવું તે.

Waped, *a.* (વે,'પ્ડ્) Dejected; crushed down by calamity. નાસીપાસ; ઉદાસ; દિલગીર; ના-ઉમેદ થયેલો.

War, *n.* (વૉર્) A contest carried on by the force of arms between nations; the profession of arms or the art of war. રણ; વિગ્રહ; લડાઇ; યુદ્ધ; રમખાણ; સંગ્રામ 2. Hostility; opposition; enmity. દુશ્મનાવટ; શત્રુવટ; અણબનાવ. **At war**=લડતાં. **Civil war**= આંતર વિગ્રહ; એકજ પ્રજાના બે પક્ષો વચ્ચે થયેલી લડાઇ *vt.* To make war or declare hostilities. યુદ્ધ કરવું-લડાઇ ચલાવવી.

Warble, *vi.* (વૉ'ર્બલ્) To sing or carol melodiously; to trill. મધુર-મીઠા સ્વરથી-ગાવું; રાગબંધ-લ્હેકાવીને ગાવું (ખાસ કરીને પક્ષીનાં ગાયનો માટે આ શબ્દ વપરાય છે). *n.* The melodious carol (of singing birds). પક્ષીઓનું સુમધુર-સુસ્વર ગાયન; કોયલનો મધુર ટહુકાર.

Warbler, *n.* (વૉ'ર્બ્લર) A singer; a song-bird. ગાનારો; ગાતું પક્ષી.

War-cry, *n.* (વૉ'રક્રાય્) A shout consisting of some particular name of a person, a deity &c., used to urge on the fighting parties and rally them *e. g.* "St. George to the rescue &c.) રણગર્જના; વીરહાક; રણપોકાર; રણહાક; લડાઇનો પોકાર; યુદ્ધનાદ.

Ward, *n.* (વૉર્ડ્) Defender; garrison. રક્ષણ કરનાર; રક્ષક. 2. Guard; watch. પ્હેરો; ચોકી; સંભાળ રાખવી તે. 3. The state of being under the guardianship of somebody. સગીરપણું, દેખરેખ; સંભાળ; નજર. 4. The person or minor under the guardianship of somebody. સગીર. 5. A definite part of a city, town, a forest &c. વાડ; શહેરનો લત્તો-જીલ્લો; જંગલનો, દરદીઓનો, ભાગ. *vt.* To guard or to watch. રક્ષણ કરવું; ચોકી કરવી. *vi.* To be vigilant. ચોકી-પ્હેરો કરવો; કાળજી રાખવી. 2. To defend oneself from a blow (followed by "off"); to protect. પોતાનું રક્ષણ-બચાવ કરવો; નિવારવું; પાછું વાળવું.

Warden, *n.* (વૉ'ર્ડન્) A guardian; a keeper; an officer who keeps guard. વાલી; કાળજી-સંભાળ લેનાર; ચોકસી રાખનાર અધિકારી.

Warder, *n.* (વૉ'ર્ડર્) One who guards the prisoners in a gaol. વાર્ડર; રક્ષક; સંભાળ રાખનાર.

Ward-robe, *n.* (વૉ'ર્ડરો,બ્) A portable closet, a room &c. used for keeping clothes. કપડાં મુકવાની જગ્યા; તોશાખાનું; જામદારખાનું; પોશાક મુકવાની ઓરડી-પેટી. 2. Dress; apparel. પોષાક પ્હેરવાનાં લુગડાં લત્તાં.

Ward-room, *n.* (વૉ'ર્ડરૂમ્) Officer's mess and drawing room on board of a vessel. વહાણોના અમલદારોની ખાવા બેસવાની ઓરડી.

Ware, *n.*(વે,અર્)Commodities; merchandise; goods (for sale.) માલ; માલમત્તા; વેચવાનો સામાન વગેરે. **Hard-ware**=લોખંડી સામાન. **China-ware**=ચીની માટીનું સામાન. **Glass-ware**=કાચનું સામાન. 2. સંભાળજો; સાવધાન 3. ત્હેવાર બંધ કરવો.

Ware-house, *n.* (વે'અર-હાઉસ્) A store-room. કોટડી; વખાર; કોઠાર. *vt.* To deposit at a store-room, વખારમાં-કોઠારમાં ભરવું.

Warehouseman, *n.*(વે'અ'રહાઉસમન્)One who is employed in a warehouse. કોઠારી; વખાર સાચવનાર.

Warfare, *n.* (વૉ'રફેઅર્) Hostilities; war; military service. યુદ્ધસંગ્રામ; વિગ્રહ; લડાઈ.

Warily, *adv* (વે,'રિલી)Cautiously. વિચારીને; ચોકસીપૂર્વક; ચોકસાઈથી.

Wariness, *n.* (વે,'રિનિસ્) Cautiousness. હોંશિયારી; સાવચેતી.

Wark-loom, *n.* (વૉ'ર્કલૂમ્)An instrument or tool. ઓજાર; હથીયાર.

Warlike, *a.* (વૉ'રલાઇક) Martial; deposed to or fit for war. લડવૈયું; રણધીર; લડાયક; રણશૂર.

Warm, *a.* (વૉર્મ્) Moderately heated. ગરમ; ઉનું. 2. Having a sensation of heat. ગરમીવાળું; ઉનું. 3. Exposed or subject to heat. ગરમ; જ્યાં તડકો પડતો હોય એવું. 4. Ardent; zealous. ઉત્સાહી; ખંતીલું; હોંસીલું. *vt.* To render moderately hot. ગરમ કરવું. *vi.* To become moderately hot. ગરમ થવું; તપવું. 2. To show zeal. ઉત્સાહ, હોંસ, ખંત બતાવવી.

Warm-ful, *a.* (વૉર્મફુલ્) Hot. ગરમ.

Warm-hearted, *a.*(વૉર્મહા'ર્ટિડ્) Hearty; cordial; sincere. પ્રેમાળ; માયાળુ; સ્નેહી; મમતાવાળું.

Warmly, *adv.*(વૉ'ર્મ્લી)Zealously; ardently. ઉત્સાહથી; હોંસથી; આતુરતાથી.

Warmth, *n.* (વૉ'ર્મ્થ્) Moderate degree of heat. ગરમી, ઉષ્ણતા.

Warmthless, *a.* (વૉ'ર્મ્થ્લિસ્) Cold. ઠંડું; ટાઢું; સ્નેહ વગરનું.

Warn, *vt.* (વૉર્ન્) To caution or give a notice of some danger &c. to. આગળથી ચેતવવું; સાવધ, ખબરદાર રહેવાનું કહેવું

Warner, *n.* (વૉ'ર્નર્) An admonisher; one who cautions. સૂચના-ચેતવણી આપનાર-ચેતાવનાર.

Warning, *n.* (વૉર્નિંન્ગ્) Caution; previous notice of some danger or evil. ચેતવણી; તાકીદ. *a.* Giving caution. ચેતવણી-તાકીદ આપતું.

Warp, *vt.* (વૉર્પ્) To throw; to utter; to speak. ઉચ્ચારવું; કાઢવું; બોલવું 2. To deform or twist out of shape. મરડવું. 3. To misguide or turn aside. ભમાડવું; ફેરવવું; ભ્રષ્ટ કરવું. 4. To fabricate or weave. વણવું. 5. To arrange as a warp beam. તાણાના યંત્ર પર ગોઠવવું. *vi.* To be reformed or twisted out of shape. મરડાવવું. 2. To go astray. આડા ફાટવું. 3. To roll up the yarn for warp. તાણાને માટે સુતર ઉકેલવું *n.* A twist; threads extended lengthwise on a loom. મરડ; વાંક તાણો; ઉભો દોરો.

Warped, *a* (વૉ'ર્પ્ડ્) Twisted; unnatural. મરડાએલું; વાંકવાળું; કૃત્રિમ.

Warrant, *n.* (વૉ'રન્ટ્)A magisterial order authorising a police officer to arrest some person. વારંટ. 2. Any other similar authorising document. સનંદ; પરવાનો; અખત્યારનામું. 3. Authority; that which authorises. અધિકાર; સત્તા; પરવાનો; સનંદ. 4. Security; guarantee. જામીનગીરી-સલામતી, 5. Legality; right. અધિકાર; હક. **Dock-warrant**=જકાત, રજાચીઠ્ઠી. *vt.* To assure protection. સહીસલામત કરવું. 2. To maintain or justify. વાજબી છે એમ કહેવું-જણાવવું. 3. To guarantee or give a warranty for the quality &c. of. ની ખાત્રી આપવી. 4. To promise to make good any loss. નુકસાન ભરપાઇ કરવાનું માથે રાખવું.

Warrantable, *a.* (વૉ'રન્ટબલ્)Defensible; justifiable. યોગ્ય; ઉચિત; લાજમ; માન્ય; વાજબી.

Warranty, *n.*(વૉ'રન્ટી)Guarantee; security; warrant. જામીનગીરી; જોખમદારી; પ્રમાણપત્ર; ખાત્રી.

Warray, *vt.* (વૉ'રે) To war. યુદ્ધમાં ઉતરવું; ની સાથે લડાઇ કરવી.

Warren, *n.* (વૉ'રિન્) A piece of ground appropriated to the breeding and preservation of rabbits. સસલાંઓને ઉછેરવાની-રાખવાની જગ્યા. 2. The sole right of hunting given by the crown to some person in some forests &c. પોતાની જમીનમાં ફક્ત પોતાનેજ શિકાર કરવાનો રાજ્ય તરફથી મળેલો હક.

Warrior, *n.* (વૉ'રિયર્)A hero; a fighter; a soldier. લડવૈયો; યોદ્ધો; શુરવીર.

Wart, *n.* (વૉર્ટ્) A small hard tumour. માંસાકુર; મસો; મસ; તલ.

Warty, *a.* (વૉ'ર્ટી) Having warts. મસાવાળું.

Wary, *a.* (વે,'રી) Cautious. સાવધ; હોશીયાર.

Was, *p. tense.* (વૉઝ્) Past tense of *is*. હતો; હતું; હતી.

Wash. *vt.* (વૉશ્) To clean with water. સાફ કરવું; ધોવું; પ્રક્ષાલન કરવું. 2. To moisten or wet. ભીંજવવું; ભીનું કરવું.3. To flow over with water. ઉપર પાણી ફરી વળવું. *vi.* To take a bath. ન્હાવું; અંગ ધોવું; સ્નાન કરવું. *n.* A bath; the act of cleaning with water. કપડાં ધોવાં-અંગ ધોવું તે; સ્નાન કરવું તે;ન્હાવું તે. Dirt and mud deposited by the water of a river. નદીના પાણીથી ખેંચાઈ આવેલો કચરો. 3. Flow, sweep or dash of water. મોજું; પાણીનો પ્રવાહ.

Washable, *a.*(વૉ'શબલ્) Capable of being washed. ધોવા લાયક, જેવું.

Wash-board, *n.* (વૉ'શબો,ર્ડ) A plank on which clothes are rubbed while washing. ધોવાનું પાટીયું.

Washerman, *n.*(વૉ'શરમન્)A professional cleanser of clothes ધોબી; કપડાં ધોનાર; પરીટ.

Washern, *n.* (વૉ'શર્ન) Place of washing clothes. કપડાં ધોવાનો ઘાટ-ની જગ્યા.

Washy, *a.* (વૉ'શી) Damp; watery; soft. પોચું; નરમ; પાણીવાળું.

Wasp, *n.*(વૉસ્પ્)A stinging insect.ભમરો;ભ્રમર

Waspish, *a.* (વૉ'સ્પિશ્)Like a wasp. ભ્રમર જેવું-ભમરા જેવું.

Waste, *a.* (વે,સ્ટ) Devastated; desolate. ઉજ્જડ. નિર્જન; વેરાન; જંગલ. 2. Worthless; lying unused; unproductive *hence* dismal; gloomy; dreary. નજીવું; નકામું; રદ્દી;વગર ખેડેલું; પાડેયાણ; પડતર. *vt.* To devastate, desolate or destroy. વેરાન કરવો. (મુલક); ક્ષય-નાશ કરવો. 2. To consume by degrees; to gradually reduce in strength,vigour and bulk.નબળું કરવું. 3.To squander or spend extravagantly.ઉડાવી દેવું-વેડફી મારવું;ગુમાવવું.4.To spoil or damage knowingly. જાણીજોઇને બગાડવું-નુકસાન-ખલેલ પહોંચાડવી. *vi.*To be consumed;to decrease in strength, vigour &c. કમજોર-ક્ષીણ-નબળું થવું. 2. To become emaciated. ઓછું-પાતળું-ક્ષીણ થવું; ઘટવું. 3. To pine away. ઝુરવું; મુંઝાવું. *n.* Prodigality; destruction or consumption to no purpose. ઉડાઉપણું; ક્ષય; નાશ; બગાડ; ખરાબી. 2. A desert; a lonely or uninhabited place; a wilderness. વેરાન જમીન; ઉજ્જડ પ્રદેશ; નિર્જન દેશ-ભૂમિ. 4. Untilled soil. પડતર જમીન. [L. *vastus.*]

Wastebasket, *n.*(વે,'સ્ટબાસ્કિટ)A basket used for throwing away rubbish. નકામા કાગળો નાંખવાની ટોપલી.

Waste-book, *n.* (વે,'સ્ટ-બુક) An account book in which rough entries of the transactions are made. કાચો મેળ, ખરડો.

Wasteful, *a.* (વે,'સ્ટફુલ) Extravagant; lavish. ઉડાઉ. 2. Untilled; not cultivated. પડતર; વગર ખેડેલું. 3. Ruinous; destruction; full of waste. નકામું; નુકશાનકારક.

Waste-thrift, *n.* (વે,'સ્ટથ્રિફ્ટ) A spendthrift; a prodigal. ઉડાઉ; પૈસા વેડફી દેનાર માણસ.

Waster, *n.* (વે,'સ્ટર) One who wastes; a thief. ઠગારો;ચોર; નકામું વેડફી દેનાર;ખરાબ કરનાર.

Watch, *n.* (વૉચ્) A guard; a sentry; a watchman. પ્હેરેગીર; ચોકીદાર. 2. The office, post or work of a guard or sentry.પેહરો; ચોકી; પેહરેગીર-ચોકીદારનું કામ. 3. Guard;vigil; outlook; preventive vigilance; keeping awake for the sake of guarding something. પેહરો; ચોકી; ચોકશી; સંભાળ; તપાસ; ઉજાગરો. 4. The time of mounting guard. પેહરાનો, ચોકીનો વખત 5. A pocket time-piece. ગજવામાં રાખવાનું ન્હાનું ઘડીયાળ. **To be on the watch for**=To expect vigilantly. કંઇપણ બનાવની વાટ-રાહ જોવી. **Watch-night**= Last night of the year. વરસની છેલ્લી રાત. *vt.* To guard;to wait for;to keep a sharp look out on. નજર-ચોકસાઈ રાખવી. *vi.* To awake; to keep guard; to keep a sharp look-out;to give heed to;to exercise vigilance; to act as a sentry. ચોકી રાખવી; નજર રાખવી; ધ્યાન-લક્ષ આપવું; ચોકીદાર થવું; ઉજાગરો કરવો. 2. To anticipate or expect. રાહ-વાટ જોવી.

Watcher, *n.* (વૉ'ચર) One who keeps a watch; a guard or sentinel. ચોકી રાખનાર; પેહરેગીર; ચોકીદાર.

Watchet, *n.* (વૉ'ચિટ) Light or pale blue colour. ઝાંખો આસ્માની રંગ.

Watchful, *a.*(વૉ'ચફુલ) Vigilant; attentive; observant. જાગૃત;સાવધ;હોશીયાર; ચોકસ; જાગતું. **To be w. for**=સાવધ-હોશીયાર રહેવું; રાહ-વાટ જોવી.

Watch-house, *n.* (વૉ'ચ-હાઉસ્) A guard-house; a lock-up; a police station. ચોકી-ચાવડી-જેલ; પ્હેરાનું સ્થળ.

Watch-maker, *n.* (વૉ'ચ-મે,કર)A manufacturer or repairer of watches. ઘડિયાળ બનાવનાર-દુરસ્ત કરનાર; ઘડિયાળી.

Watch-man, *n.* (વૉ'ચમન્) A sentinel; a guard. પહેરેગીર; ચોકીદાર.

Watch-word, *n.* (વૉ'ચવર્ડ)A pass-word; a counter-sign.સંકેત-વચ્ચીનો શબ્દ.2. A motto or sentiment. નિશાની; જીવનનો આદર્શ;મુદ્રાલેખ,

Water, *n.*(વૉ'ટર્)A well-known transparent fluid consisting of hydrogen and oxygen and essential to all life. જળ; પાણી;ઉદક. 2. The lustre or limpidity of a precious stone; the temper of a sword &c. જવાહીરનું તેજ-પાણી-ઝલેહ;તલવારનું પાણી. (Fig.) કસ;તેજ; જીવ;પાણી;દમ.**Gems of the first water** =અત્યુત્તમ, શ્રેષ્ઠ જવાહીર; પાણીદાર મોતી વગેરે. Mineral water=ઔષધિ ગુણવાળું પાણી. **To make water** or **To ease oneself**= પેશાબ કo. *vt.*To supply with water;to moisten or wet. પાણી પુરૂં પાડવું;પાણી છાંટવું. સીંચવું. *vi.* To secrete or shed or fill with water. પાણી ઝરવું-પડવું **His mouth watered** = એના મ્હોંમાં પાણી છુટયું.

Water-bearer, *n.*(વૉ'ટરબેઅરર્) The sign of the zodiac called *aquarius.* કુંભરાશિ. 2. A menial who fetches water. ભિસ્તી.

Water-cement, *n.*(વૉ'ટર-સીમેન્ટ્)Hydraulic cement. પાણીમાં કઠણ થાય એવી સીમેંટ.

Water-closet, *n.* (વૉ'ટરક્લૉઝિટ્)A privy-room. પાયખાનું; સંડાસ; જાજરૂ; પેશાબખાનું; મુતરડી.

Water-colour, *n.* (વૉ'ટરકલર્) Colour mixed with gum and water. પાણી અને ગુંદરથી બનાવેલો રંગ.

Water-course. *n.* (વૉ'ટરકૉર્સ્) A river or brook; a stream of water. પાણીનો ઝરો, પ્રવાહ. 2. A water-way; a canal. નીક;મોરી; પાણી જવાનો રસ્તો-જળમાર્ગ.

Water-craft, *n.*(વૉ'ટરક્રૅફ્ટ્)Ships;vessels, boats &c. વહાણો વગેરે; નૌકાસમૂહ.

Water-cure, *n.* (વૉ'ટર-ક્યુર) The science or art of curing diseases by the use of water; hydropathy. જલોપચાર; પાણીથી રોગ મટાડવા તે.

Water-fall, *n.* (વૉ'ટર ફૉલ્) A cataract; a fall of water. પાણીનો ધોધ; ધબધબો; ધોધવો.

Water-fowl, *n.* (વૉ'ટર-ફાઉલ્) An aquatic fowl. જળકુકડી.

Water-gruel, *n* (વૉ'ટર-ગ્રુએલ્)Liquid food composed of meal and water. રાબડી;ઘેંસ;ઘેંશ

Waterish, *a.* (વૉ'ટરિશ્) Watery; thin. પાતળું; પાણી જેવું; જળમય.

Water-lily, *n.* (વૉ'ટરલિલી) Aquatic lotus plant or flower. જળ કમળ.

Water-man, *n.* (વૉ'ટરમન્) A ferry-man; a boat-man. નાવિક; ખલાસી; ખારવો.

Water-mark, *n.* (વૉ'ટરમાર્ક્) Some mark or device made in the paper during its manufacture. કાગળ બનાવતી વખતે અંદર ઉઠાડેલા અક્ષરો. 2. A mark indicating the rise and fall of water. ભરતી-રેલની મર્યાદા-હદ-નિશાની.

Water-melon, *n.* (વૉ'ટર-મેલન્) A fruit of the cucumber family.ખડબુચ;કલીંગડું;તરબુચ.

Water-mill, *n.* (વૉ'ટરમિલ્) A mill driven or propelled by water. પાણીની ચક્કી; પાણીના જોસથી ચલાવવામાં આવતું કારખાનું.

Water-pipe, *n.* (વૉ'ટર પાઇપ્) A pipe for conveying water. પાણી લઇ જવાનો નળ.

Water-plant, *n.* (વૉ'ટર પ્લૅન્ટ્) Acquatic plant-growths. જળમાં, પાણીમાં ઉગતો છોડ વગેરે.

Water-pot, *n.* (વૉ'ટર પૉટ્) A vessel for holding or conveying water.ઘડો;જળપાત્ર;કુંડું.

Water-proof, *n.* (વૉ'ટર પ્રૂફ્) Impenetrable by water or rain. જલાભેદ્ય; જેની અંદર પાણી પેસી શકે નહિં એવું. *n.* Cloth or any other substance made water-proof. પાણી પેસી નહિં શકે એવું લુગડું-વસ્તુ. *vt.* To make impentrable by or impervious to water. પાણી અંદર ન પેસી શકે એવું કરવું-બનાવવું.

Water-shed, *n.* (વૉ'ટર-શેડ્) The part of the country which contributes to the supply of a lake or river. જળાશય; નદીઓની મૂળભૂમિ.

Water-spout, *n.*(વૉ'ટર-સ્પાઉટ્) A violent whirlwind occurring over a sea or a lake, consisting in a column of water rising to meet a whirlwind. ગાંધર્વનગર; સમુદ્રમાં થતો સ્તંભ.

Water-thief, *n.* (વૉ'ટર-થીફ્) A pirate. ચાંચીઓ.

Watery, *a.* (વૉ'ટરી) Resembling or consisting of water.પાણી જેવું-પાણીમય;પાતળું.

Wattle, *n.* (વૉ'ટલ્) A beam supporting the thatch. મોભ. 2. A flexible rod;a twig. તટ્ટી; ત્રાંપો; તાટું. *vt.* To bind with twigs. ડાળી સાથે બાંધવું.

Waul or **wawl,** *vi.* (વૉલ્) To mew. મીયાંવ મીયાંવ કહેવું.

Wave, *n.* (વેવ્) A to and fro movement or undulation. મોજું;તરંગ;લહેર; છોળ;હીલકારો. *vi.* To float; to be moved to and fro; to waver to fluctuate. હાલવું; હાલ્યા કરવું; ફરફરવું; નિશાન-સંકેત તરીકે ઉડવું; હાલવું: ઝુલવું. *vt.* To move to and fro; to move like a wave. આમતેમ-મોજાની પેઠે હલાવવું.

Waveless, *a.*(વે'વલિસ્) Having no waves; calm. સ્થિર; શાંત; મોજાં વગરનું.

Wavér, *vi.* (વે,'વર્) To fluctuate, vacillate or be undecided. આનાકાની કરવી; ચળી જવું; ડગવું; માં ઢચુપચુ થવું. 2. To move to and fro, to swing or reel. આમતેમ હાલવું; ડોલવું.

Wavering, *a.* (વે,'વરિન્ગ્) Moving to and fro; undecided; vacillating. આમતેમ ડોલતું-હાલતું; ઢચુપચુ; અનિશ્ચિત; અદૃઢ; અસ્થિર.

Wax, *vi.* (વૅક્સ્) To grow (in size &c.) મોટું થવું; વધવું. *n.* Tallow. મીણ. 2. Ear wax. કાનનો મેલ. **Wax-candle**=મિણબત્તી. *vt.* To apply wax to. ઉપર મીણ ચોપડવું.

Waxed-cloth, wax-cloth, *n.*(વૅ'ક્સ્ડ્-ક્લૉથ્) A cloth coated with wax. મીણકાપડ; મીણિયું.

Waxen, *a.* (વૅ'ક્સન્) Resembling, made of, covered with wax. મીણનું; મીણ પાએલું; મીણ જેવું.

Wax-end, *n.* (વૅ'ક્સએન્ડ્) Waxed thread used by cobblers. જોડા શીવવામાં વાપરવામાં આવતો મીણ પાએલો દોરો.

Wax-light, *n.* (વૅ'ક્સ્લાઈટ્) A taper made of wax. મીણબત્તી.

Wax-work, *n.* (વૅ'ક્સવર્ક્) Articles made of wax. મીણનાં પુતળાં; મીણનું કામ.

Waxy, *a.* (વૅ'ક્સી) Soft; adhesive; viscid; resembling wax. નરમ; મૃદુ; ચીકણું; મીણ જેવું પોચું.

Way, *n.* (વે,) Manner. પ્રકાર; રીત; તરેહ. 2. Device; scheme. કળા; યુક્તિ; ઉપાય. 3. Passage; road; that by, along or upon which one passes. મુસાફરીનો રસ્તો; વાટ; માર્ગ; પંથ; રસ્તો. **By the way**=During the course of the journey. મુસાફરીના રસ્તામાં. 2. Parenthetically. દરમિયાન; કહેતાં કહેતાં; વાતમાં વાત તરીકે. **By way of**=As; for the purpose of. ની રૂએ; વાસ્તે; ને માટે. **Covert way**=ચોરવાટ; ગુપ્ત રસ્તો. **In the way**=On the road. રસ્તામાં. **In family way**=સગર્ભા; ગર્ભવતી. **Milk-way**=આકાશગંગા. **On the way**=રસ્તામાં. **Out of the way**=Not directly in the path. આડે માર્ગે; ખરા રસ્તાથી દૂર. **To go one's way**=To mind one's own business. પોતાને રસ્તે જવું. **To make one's way**=To come to the front by pushing. સ્વપ્રયત્નથી ઉંચું ચઢવું-ફતેહ પામવું. **Ways and means**=Resources; methods. સાધનો; રસ્તા. **Ways of God**=ઈશ્વરલીલા; પ્રભુની રચના. **Right-way**=સન્માર્ગ; નીતિનો રસ્તો. **Water-way**=જળમાર્ગ. **Way by land**=જમીનમાર્ગ. [L. *veho*, I carry.]

Way-faring, *a.* (વે'ફેઅરિન્ગ્) Passing; travelling. પાંથિક; માર્ગસ્થ; રાહગીર; મુસાફરી કરતું; જતું. **Way-fareer**=મુસાફર; જનાર.

Way-lay, *vt.* (વે,લે',) To lie in ambush for; to watch insidiously in the way with a view to sieze, rob, murder &c. સંતાઇ રહીને રસ્તામાં લુંટવું. **Way-layer**=A highway man. વાટપાડુ; રસ્તામાં લુટનાર.

Wayless, *a.* (વે,'લિસ્) Pathless; trackless; having no road. રસ્તા વિનાનું-ભુલું પડેલું.

Way-mark, *n.* (વે,'માર્ક) Land-mark. રસ્તો જડવા માટે-યાદ રાખવા માટે કરેલી નિશાની.

Way-ward, *a.*(વે,'વર્ડ) Wilful; disobedient. સ્વચ્છંદી; હઠીલું; જીદ્દી.

Way-worn, *a.* (વે.વૉ,ર્ન) Fatigued by travelling. મુસાફરી કરી થાકી ગયેલું.

We, *pro.* (વી) First person plural number nominative case of "I". અમે; આપણે; આપણ.

Weak, *a.* (વીક્) Infirm; sickly; feeble. કમતાકાત; દુર્બળ; અશક્ત; નબળું. 2. Unable to sustain burden. પોચું; નરમ. 3. Not forceful; defective; not effective. નિર્જીવ; નિરર્થક; નબળું; કમજોર. 4. That form their past tense by the addition of "ed" or "d", (said of verbs). નિયમિત. **Weak-side**=નબળી-પડતી બાજુ; અશક્તિ **A weak point**=દૂષણ; ખોડ; એબ; છિદ્ર; દોષ.

Weaken, *vt.* (વી'કન્) To debilitate or make weak. અશક્ત-કમજોર-દુર્બળ-નિર્બળ કરવું. 2. To decrease in quality, strength, spirit &c. ફીકું-મોળું કરી નાંખવું; આશાભંગ-નિરાશા કરવી. *vi.* To decrease in strength, spirit, quality &c. નરમ થવું.

Weak-hearted, *a.* (વી'કહાર્ટિડ) Faint-hearted; timid; coward. નબળા મનનું; નિરાશા પામેલું; દમવિનાનું.

Weakness, *n.* (વી'કનિસ્) Lack or want of strength, spirit; resolution &c. દુર્બળતા; અશક્તિ; કમકૌવતી; કમજોરી; દૌર્બલ્ય; નબળાઈ. 2. A defect or fault. ખામી; ખોડ; દોષ.

Weal *n.*(વીલ્) Welfare; prosperity. આબાદાની; કલ્યાણ; સુખ; શ્રેય, ભરભરાટ. **Weal or woe**=શુભાશુભ 2. The mark of a stripe. સોળ. *vt.* To mark with stripes. સોળ પાડવા.

Weak-side, *n.*(વી'કસાઇડ્) Infirmity; weakness; defeat. દોષ; ખામી; એબ; ખરાબ ખોડ-ગુણ.

Weald, *n.* (વીલ્ડ્) A piece of open forest land. રાન; જંગલ; મેદાન.

Weals-man, *n.* (વી'લ્સમન્) A politician or statesman. રાજનીતિજ્ઞ-રાજદ્વારી પુરુષ.

Wealth, *n.* (વેલ્થ્) Opulence; riches; estate; money. ધનદોલત; સમૃદ્ધિ; પૈસા ટકા; સમૃદ્ધિ.

Wealthy, *a.* (વે'લ્થી) Opulent; rich; having wealth. ધનવાન, પૈસા ટકાવાળું; દ્રવ્યવાન; સંપત્તિવાળું.

Wealthiness, *n.* (વે'લ્થિનિસ્) State of being wealthy; richness. તવંગરી; પૈસાદારી.

Wean, *vt* (વીન્) To disengage from the habit of suckling. ધાવણ મુકાવવું. 2. To reconcile to the loss of anything. ઉપરથી મન ઉઠાડવું.

Weanling, *n.* (વી'ન્લિંગ્) A newly weaned child or animal. ધાવણ છોડાવેલું-મુકાવેલું છોકરું, બચ્ચું.

Weapon, *n.* (વે'પન્) Any instrument or implement of offence or defence. હથીયાર; શસ્ત્ર; અસ્ત્ર.

Wear, *vt.* (વેઅર્) To put on or bear upon one's person. પહેરવું-ઓઢવું-શરીરે ધાલવું. 2. To exhibit or show outwardly. ધારણ કરવું-ચહેરા ઉપર જણાઈ આવવું. **To wear away** = To consume or use up. ધીમે ધીમે ઘસી નાંખવું-વાપરી નાંખવું. **To wear out** = To wear till useless. જુનું-જીર્ણ કરી નાંખવું. 2. To grow tired or fatigued. થાકી જવું-લોથ પોથ થઈ જવું. *vi.* To be used up or consumed. ધીમે ધીમે ઘસાઈ-વપરાઇ જવું. **To wear off** = To consume by degrees. ધીમું ધીમું ઘસાઈ જવું-વપરાઇ જવું. **To wear on** = To elapse or pass. ચાલ્યા જવું. *n.* The state of being worn or the act of wearing. વાપરથી ફાટી જવું તે; ઘસારો. **Wear and tear** = Deterioration or impairment in efficiency by ordinary use. વપરાસનો ઘસારો.

Weariness, *n.* (વી'રિનિસ્) Fatigue; tired feeling; exhaustion. થાક; ખેદ; શ્રાંતિ. 2. Boresomeness; the state of being tired. કંટાળો.

Wearisome, *a.* (વે'રિસમ્) Tedious; fatiguing; tired. થાકેલું; કંટાળો આપે એવું; શ્રમ; ખેદજનક થકવી નાંખે એવું.

Weary, *a.* (વી'રી) Fatigued; tired. થાકેલું. 2. Tedious; tiresome. કંટાળેલું. 3. Sick; tired. ત્રાસદાયક; કંટાળા ભરેલું. *vt.* To tire or fatigue. થકવી નાંખવું-થકવવું. 2. To weary or harass. હેરાન કરવું-ને કંટાળો આપવો. *vi.* To grow fatigued. થાકવું.

Weasand, weazand, *n.* (વી'ઝૅન્ડ્) The wind-pipe. શ્વાસ લેવાની નળી.

Weasel, *n.* (વી'ઝલ્) A mungoose. નોળીયો. 2. A mean, sneaking fellow. નાલાયક-અધમ નીચ માણસ.

Weather, *n* (વે'ધર્) The general atmospheric condition at any one time; the vicissitudes of weather. ઋતુ; હવા; ઋતુમાં ફેરફાર. **To make fair weather** = To flatter. ની સ્તુતી-ના વખાણ કરવાં. **Under the weather** = Ill. માંદો. (also) Strained in circumstances. પૈસા સંબંધી તંગીવાળું. *vt.* To unhood and let loose (as a hawk). છુટું મેલવું-હવામાં ઉડાડવું (બાજને) **To weather a storm** = મુશ્કેલીમાંથી પસાર થવું-સંકટ સ્હામે ટક્કર ઝીલવી. *vi.* To suffer or be exposed to the action of the wind. હવાની અસરથી ફેરફાર થવા.

Weather-beaten, *a.* (વે'ધરબીટન્) Inured or hardened by exposure. પવનના ઝપાટા સહન કરેલું; પવનને ટેવાએલું; ઘડાએલું.

Weather-board, *n.* (વે'ધર-બો,ર્ડ્) A plank on the port-holes; the lee side of the ship. વહાણમાંનું એક પાટીયું; પવન તરફથી વહાણની બાજુ.

Weather-cock, *n.* (વે'ધર-કૉક્) Any device for ascertaining the direction of the weather. હવાની દિશા બતાવનાર યંત્ર. 2. A fickle-minded person. ચંચળવૃત્તિનો-અસ્થિર ઠરેલ નહિં એવો, માણસ.

Weather-fend, *vt.* (વે'ધર-ફેન્ડ) To protect from inclement weather (as sheep &c.) હવાથી રક્ષણ કરવું.

Weather-glass, *n.* (વે'ધરગ્લાસ્) An instrument to indicate the state of the atmosphere. હવાનું માપ બતા-વવાનું યંત્ર.

Weather-prophet, *n.* (વે'ધરપ્રૉફેટ) One skilled in foreseeing the changes of the weather. હવાની અદલીબદલી કરનાર, આગળથી કહેનાર.

Weave, *vt.* (વીવ્) To interlace or entwine a fabric. વણવું. *vi.* To work a weaving-loom. સાળ ઉપર કામ કરવું.

Weaver, *n.* (વી'વર્) A professional worker on the loom. વણકર.

Weaving, *n.* (વી'વિંગ્) Interlacing or entwining of fabrics for the formation of cloth. વણાટ; વણતર; વણવું તે.

Weazen, *a.* (વી'ઝન્) Withered; sharp; emaciated; thin. પાતળું; ક્ષીણ; લાંબુ; તીણું; આગળ આવેલું.

Web, *n.* (વેબ્) Woven texture; textile fabric. વણાટ; વણતર; વણેલી વસ્તુ. 2. A whole piece of linen &c. woven. થાન; તાકો. 3. A cobweb. બાવું; જાળું. 4. The membrane uniting the toes of water-fowl. પક્ષીઓના (જળચર)

આંગળા વચ્ચેની ત્વચા-ચામડી. *vi.* To entangle; to surround with or to spin a web &c. જાળમાં ફસાવવું; પકડાવવું; જાળું બાંધવું.

Webbed, *a.*(વે'બ્ડ્)Having webs.જાળાવાળું; પાતળી ચામડીથી જેના આંગળાઓ વચ્ચેનો ભાગ જોડાએલો છે તેવું.

Web-footed, *a.* (વે'બ-ફૂટિડ્) Having its toes connected by a thin membrane (as a water-fowl). જેના પગના આંગળા ચામડીથી જોડાએલા છે એવું.

Webster, *n.* (વે'બસ્ટર્)A female weaver. વણનારી સ્ત્રી.

Wed, *vt.* (વેડ્) To marry or espouse. ના સાથે વિવાહ-લગ્ન કo; ને પરણવું; ને વરવું. *vi.* To be married. પરણેલા-લગ્ન થયેલા હોવું.

Wedding, *n.* (વે'ડિંગ્)Nuptials; marriage. લગ્નસમારંભ; વિવાહઉત્સવ; લગ્ન; વિવાહ.**Wedding-favour**=લગ્ન વખતે પહેરાતી પટ્ટી;વરમાળા.

Wedge, *n.* (વેજ્) A tapering piece of wood, metal &c. used in split wood.ખિલો; ફાચર. *vi.* To force or drive a wedge; to fasten or split open with a wedge. ફાચર મારવી-ખીલો મારવો. 2. To crowd or press closely. દાબીને-ઠાસીને ભરવું.

Wedlock, *n.* (વે'ડ્લૉક્) Matrimony; the married state; the marriage-ceremony. લગ્નસમારંભ; વિવાહોત્સવ; વિવાહ; લગ્ન.

Wednesday, *n.* (વે'ન્ઝ્ડિ) The fourth day of the week. બુધવાર.

Wee, *a.* (વી) Little; very small. ઝીણું;નાનું; અલ્પ; થોડું *n.* A little;a bit.કકડો;થોડી જગો.

Weed, *n.* (વીડ્) Apparel (specially the mourning apparel worn by widows). શોકની નિશાની તરીકે વિધવા બાઈને પહેરવાનું લુગડું. 2. The general name of any plant that is regarded as positively troublesome and of no use.નકામા-પાકને હાન કરતાં ઝાડવાં. **Wedding-hook,-tough**=ખરપડી; નકામાં ઝાડવાં કાપવાનું ઓજાર. *vi.* To cut off the useless shrubs from a field &c. ખેતરમાંના નકામા છોડવા કાપી નાંખવા.**Weeding**=નકામા છોડવા ખેતરમાંથી કાપી નાખવાની ક્રિયા.

Weedy, *a.* (વી'ડી) Full of, overgrown with weed. નકામા છોડોથી ભરપૂર.

Week, *n.* (વીક્) The period of seven days (collectively). અઠવાડીયું; સાત દિવસ [L. *vicis*, turn].

Week-day, *n.* (વી'કડિ) All days or any-one of them except sunday. રવિવાર-રેસ સિવાયનો દિવસ; રવિવાર સિવાયનો દિવસ.

Weekly, *a.* (વી'કલી) Occurring, happening &c. every week or at the interval of seven days. દર અઠવાડીયે થતું-બહાર પડતું વગેરે. *n.* A pamphlet published every seven days. દર સાત દિવસે બહાર પડતું ચોપાનીયું વગેરે; અઠવાડિક. *adv.* Once a week. દર અઠવાડીએ.

Weel, *n.* (વીલ્) A trap of twigs. માછલા પકડવાની જાળ.

Ween, *vt.* (વીન્) To consider or think. વિચાર કરવો; ધારવું.

Weep, *vi.* (વીપ્) To cry or shed tears. રૂદન કરવું; રોવું. 2. To complain or lament. પોતાનું દુઃખ રડવું; શોક કરવો; દિલગીરી બતાવવી; આંસુ ઢાળવાં.

Weeper, *n.* (વી'પર્) One who weeps; a bewailer. વિલાપ કરનાર; રડનાર; શોક કરનાર; આંસુ ઢાળનાર.

Weeping, *n.* (વી'પિંગ્) The act of shedding tears or of lamenting. શોક, વિલાપ, રૂદન કરવું તે; આંસુ ઢાળવાં તે.

Weft, *n.* (વેફ્ટ) The woof of a cloth. કાપડનું આડું સુતર; વાણો. **Weftage**=કુમાશ;પોત.

Weigh, *vt.* (વે,) To ascertain the weight of. તોલ કરવો; જોખવું; તોલથી આપવું. 2. To think deeply or ponder over; to examine. મનમાં તુલના કરવી; તોલ કરવો; ગૂઢ વિચાર કરવો; સરખામણી કરવી; વસ્તુઓની કીંમત આંકવી. **To weigh down**=વજનમાં ભારે હોવું. *vi.* To measure in weight. વજનમાં હોવું. 2. To judge. વિચાર કરવો.

Weighage, *n.* (વે,'ઇજ્) Charge for weighing goods. જોખામણ; હાંસલ.

Weigh-bridge, *n.* (વે,' બ્રિજ્) A machine for weighing carts, wagons etc. with their load. ગાડા વગેરેનો માલ જોખવાનું યંત્ર; કાંટો.

Weigh-house, *n.* (વે,' હાઉસ્) A public building for keeping goods. માલ વગેરે રાખવાનું સ્થાનક; ગોદાઉં.

Weight, *n.* (વે,ટ્) Moment; importance. ભાર; વજન. 2. The quality or quantity of having weight. ભાર; વજન; તોલ. 3. A mass used as a standard in weighing. કાટલું; વજન;તોલું.4.A sensation of oppression or heaviness. ભારે દિલ હોવું તે; ઉદાસીનતા; ગમગીની.

Weightless, *a.* (વે,'ટ્લિસ્) Having no weight. વજનહીન; હલકું.

Weighty, *a.* (વે,'ટી) Burdensome,ponderous.ભારે;વજનદાર. 2. Of moment; important. ગંભીર; વજનદાર; અગત્યનું.

Weird, *n.* (વીર્ડ) Fate or destiny. દૈવ; ભાગ્ય; નશીબ. *a.* Unearthly; partaking of the super-natural. દૈવી,સ્વર્ગલોકનું;આ દુનિયાનું નહિ એવું; મંત્ર-તંત્ર વિષે; અદ્ભુત; અલૌકિક.

Welcome, *a. n.* (વે'લ્કમ્) Received with gladness; entertainment. ભલે પધાર્યા; સારી આગતાસ્વાગતા.

Wele, *n.* (વી'લે) Weal. આબાદાની; ચઢતી; કલ્યાણ; સુખ.

Welfare,*n.*(વે'લ્ફેર્) Happiness;prosperity; weal. આબાદી; સમૃદ્ધિ; હિત;ચઢતી;કલ્યાણ; સુખ. **Welfaring**=તેજ; ચઢતી પડીએ પહોંચવું; ભાગ્યનો ઉદય થવું.

Welk, *vi.* (વેલ્ક્) To fade or wither.કરમાઇ-સુકાઇ જવું.

Welkin, *n.* (વે'લ્કિન્) Sky or the vault of heaven. આકાશ; ગગન.

